ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۛ فِيْهِ ۛ

આ અલ્લાહનો ગ્રંથ છે, એમાં કોઈ શંકા નથી.

દિવ્ય કુર્આન

(ગુજરાતી ભાષાંતર)



-: ઉર્દૂ અનુવાદ :-

મૌલાના સૈયદ અબુલઆ'લા મૌદૂદી

Divya Qur'an (Gujarati)

દિવ્ય કુર્આન

(ગુજરાતી ભાષાંતર)

-: ઉર્દૂ અનુવાદ :-

મૌલાના સૈયદ અબુલઆ'લા મૌદૂદી

: ગુજરાતી અનુવાદ :

ઝહીરૂદ્દીન શેખ

: પુનરવલોકન અને પ્રૂફ :

મુહમ્મદ જમાલ પટીવાલા

મુહમ્મદ અમીન શેઠ

નિસારઅહમદ મલેક

ગુરુચાવી (Master Key)

અજ્ઞાન અવસ્થામાં મેં ઘણું વાંચ્યું છે, પ્રાચીન અને અર્વાચીન દર્શનશાસ્ત્ર, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, રાજનીતિ વગેરે વિષય ઉપર સારી-એવી એક લાયબ્રેરી મગજમાં ઉતારી ચૂક્યો છું, પરંતુ જ્યારે આંખ ખોલીને કુર્આનનું અધ્યયન કર્યું તો, અલ્લાહ જાણે છે, એવું લાગ્યું કે જે કંઈ વાંચ્યું હતું, બધું તુચ્છ અને નગણ્ય હતું, જ્ઞાનનું મૂળ તો હવે હાથ લાગ્યું છે. કાન્ટ, હીગલ, નટ્શે, માર્કસ અને જગતના તમામ મોટા-મોટા વિચારકો-ચિંતકો હવે મને બાળક દેખાવા લાગ્યા છે. બિચારાઓ ઉપર દયા આવે છે કે જીવનભર જે ગૂંચોને ઉકેલવામાં ઊલઝતા રહ્યા અને જે સમસ્યાઓ ઉપર મોટા-મોટા ગ્રંથો—પુસ્તકોની રચના કરી નાખી, છતાં પણ ઉકેલી ન શક્યા, તેને આ ગ્રંથે એક-એક, બે-બે વાક્યો (આયતો)માં ઉકેલીને મૂકી દીધી છે. જો આ નિરુપાય અને લાચાર લોકો આ ગ્રંથથી અનભિજ્ઞ ન હોત તો કેમ પોતાનું આયુષ્ય આ રીતે નષ્ટ કરતા ! મારો વાસ્તવિક ઉપકારક તો માત્ર આ ગ્રંથ છે, એણે મને બદલી નાખ્યો, પશુથી મનુષ્ય બનાવી દીધો, અંધકારોમાંથી કાઢીને પ્રકાશમાં લઈ આવ્યો. એવો પ્રદીપ મારા હાથમાં આપી દીધો કે જીવનના જે મામલા તરફ દૃષ્ટિપાત કરું છું, વાસ્તવિકતા એ રીતે પ્રગટ રૂપે મને દેખાઈ જાય છે કે જાણે, તેના ઉપર કોઈ આવરણ જ નથી ! અંગ્રેજી ભાષામાં તે ચાવીને Master Key (ગુરુચાવી) કહે છે, જેનાથી પ્રત્યેક તાળું ખૂલી જાય; તો મારા માટે આ કુર્આન 'Master Key' છે, જીવનની સમસ્યાઓના જે તાળા ઉપર તેને લગાવું છું, તે ખૂલી જાય છે. જે અલ્લાહે—ઈશ્વરે આ ગ્રંથ પ્રદાન કર્યો છે તેને આભાર-પ્રદર્શન માટે મારી જીભ ખરેખર અસમર્થ છે.

—મૌલાના સૈયદ અબુલઆ'લા મૌદૂદી

સૃષ્ટિના સર્જનહાર અને પાલનહાર

ની

અદ્વિતીય કૃતિ

યશસ્વી, ગૌરવશાળી અને પ્રતિષ્ઠિત

કુર્આન-મજીદ

નો ગુજરાતી અનુવાદ

સમર્પણ

તે મનુષ્યને

જે શોધી રહ્યો છે

સત્ય માર્ગ !

—: સાંકેતિક શબ્દાર્થ :—

સંક્ષિપ્ત રૂપમાં પ્રયુક્ત કેટલાક એવા શબ્દો આ પુસ્તકમાં આવશે, જેનું પૂર્ણ સ્વરૂપ અને અર્થ પહેલાંથી જાણી લેવા જરૂરી છે, જેથી અધ્યયન દરમ્યાન કોઈ પરેશાની ન રહે. તે શબ્દો નિમ્નલિખિત છે :

અલૈ. પૂર્ણ રૂપ 'અલૈહિસ્સલામ' અર્થાત્ 'તેમના ઉપર અલ્લાહ શાંતિ અને સલામતી ઉતારે.' પયગંબરો અને ફરિશ્તાઓના નામના સાથે આદર અને પ્રેમ દર્શાવવા દુઆના આ શબ્દ વધારી દેવામાં આવે છે.

સલ્લ. પૂર્ણ રૂપ 'સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ' અર્થાત્ 'તેમના ઉપર અલ્લાહ શાંતિ અને સલામતીની વર્ષા કરે.' અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)નું નામ લખતાં, બોલતા કે વાંચતા આદર અને પ્રેમ દર્શાવવા દુઆના આ શબ્દ વધારી દેવામાં આવે છે.

રદિ. પૂર્ણ રૂપ 'રદિયલ્લાહુ અન્હુ' અર્થાત્ 'અલ્લાહ તેમનાથી પ્રસન્ન થાય.' 'સહાબી'ના નામ સાથે આદર અને પ્રેમ દર્શાવવા દુઆના આ શબ્દ વધારી દેવામાં આવે છે. 'સહાબી' તે ભાગ્યશાળી મુસલમાનને કહે છે, જેને પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)થી મુલાકાતની તક મળી હોય. 'સહાબી'નું બહુવચન 'સહાબા' છે. સ્ત્રીલિંગ 'સહાબિયઃ' છે. જો 'રદિ.' કોઈ 'સહાબિયઃ'ના નામ સાથે પ્રયુક્ત થાય તો 'રદિયલ્લાહુ અન્હા' તેનું પૂર્ણ રૂપ થાય છે. જો 'સહાબા' માટે પ્રયુક્ત થાય તો 'રદિયલ્લાહુ અન્હુમ' તેનું પૂર્ણ રૂપ થાય છે.

—: અરબી - ઉર્દૂ અને ગુજરાતી અંકો :—

અરબી	ઉર્દૂ	ગુજરાતી
١	۱	૧
٢	۲	૨
٣	۳	૩
٤	۴	૪
٥	۵	૫
٦	۶	૬
٧	۷	૭
٨	۸	૮
٩	۹	૯
١٠	۱۰	૧૦

અનુક્રમણિકા

- બે શબ્દો 11
- પ્રસ્તાવના 14
- કુર્આનના પારિભાષિક શબ્દોની ટૂંક-સમજૂતિ 1557

સૂરઃક્રમ	સૂરઃ નું નામ	પાન નં.
૧.	ફાતિહા (પ્રસ્તાવના)	41
૨.	બકરહ (ગાય)	44
૩.	આલે ઈમરાન (ઇમરાનની સંતાન)	138
૪.	નિસા (સ્ત્રીઓ)	194
૫.	માઈદા (ભોજન-સામગ્રીથી ભરેલું દસ્તરખાન)	254
૬.	અનઆમ (પશુઓ)	300
૭.	આ'રાફ (શિખર—જન્નત અને જહન્નમ વચ્ચેની એક જગ્યા)	348
૮.	અનૂફાલ (યુદ્ધમાં પ્રાપ્ત થયેલ માલ)	402
૯.	તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ)	428
૧૦.	યૂનુસ (એક પયગંબરનું નામ)	472
૧૧.	હૂદ (એક પયગંબરનું નામ)	502
૧૨.	યૂસુફ (એક પયગંબરનું નામ)	532
૧૩.	રઅ્દ (વાદળોની ગર્જના)	562
૧૪.	ઈબ્રાહીમ (એક પયગંબરનું નામ)	578
૧૫.	હિજ્ર (સમૂદ જાતિનું કેન્દ્રીય નગર)	595
૧૬.	નહ્લ (મધમાખી)	608
૧૭.	બની ઈસરાઈલ-ઈસરા (ઇસરાઈલની સંતાન)	640
૧૮.	કહફ (ગુફા)	664
૧૯.	મરયમ (હઝરત ઈસા અલૈ.ની માતાનું નામ)	690
૨૦.	તા-હા (અરબી ભાષાના અક્ષરો)	708
૨૧.	અંબિયા (ઈશદૂત – પયગંબરનું બહુવચન)	730
૨૨.	હજ્જ (ઇસ્લામની એક ઇબાદત, કા'બાની તીર્થયાત્રા)	752
૨૩.	મુ'મિનૂન (ઈમાનવાળા)	776
૨૪.	નૂર (પ્રકાશ)	794
૨૫.	ફુરકાન (કસોટી, પ્રભેદન—ભેદ કરનાર)	821
૨૬.	શુ'અરા (શાયર અર્થાત્ કવિનું બહુવચન)	836

૨૭.	નમ્લ (કીડીઓ)	858
૨૮.	કસસ (કિસ્સા અર્થાત્ પ્રસંગોનું બહુવચન)	878
૨૯.	અનકબૂત (કરોળિયો)	902
૩૦.	રૂમ (રોમ દેશ)	920
૩૧.	લુકમાન (પ્રાચીન સમયના એક વિદ્વાનનું નામ)	936
૩૨.	સજદહ (સિજદો, દંડવત્ પ્રણામ)	946
૩૩.	અહઝાબ (સૈનિકોની ટુકડી)	954
૩૪.	સબા (આરબ પ્રદેશની એક પ્રાચીન જાતિ)	957
૩૫.	ફાતિર (સૃષ્ટા)	990
૩૬.	યા-સીન (અરબી ભાષાના અક્ષરો)	1004
૩૭.	સાફ્ફાત (કતારબદ્ધ ઊભા રહેનારાઓ)	1016
૩૮.	સૉદ (અરબી ભાષાનો અક્ષર)	1032
૩૯.	ઝુમર (જૂથો, ટોળાં)	1045
૪૦.	મોમિન – ગાફિર (ઈમાનવાળો વ્યક્તિ)	1062
૪૧.	હા-મીમ સજદહ – ફુસ્સિલાત (હા, મીમ અરબી ભાષાના બે અક્ષરો છે અને સજદહ અર્થાત્ સિજદો–દંડવત્ પ્રણામ)	1082
૪૨.	શૂરા (પરામર્શ, સલાહ-મસલત, વિચાર-વિમર્શ)	1098
૪૩.	ઝુખરુફ (સોના-ચાંદીનો શણગાર)	1114
૪૪.	દુખાન (ધુમાડો)	1130
૪૫	જાસિયહ (ઘૂંટણિયે પડેલ)	1138
૪૬.	અહકાફ (હવાના પ્રવાહ દ્વારા રચાયેલ મરુભૂમિ)	1148
૪૭.	મુહમ્મદ (અંતિમ પયગંબરનું નામ, જેમના ઉપર કુર્આન અવતરિત થયું)	1160
૪૮.	ફત્હ (વિજય)	1172
૪૯.	હુજુરાત (વ્યક્તિગત કક્ષ, ઓરડાઓ)	1186
૫૦.	કૉફ (અરબી ભાષાની એક અક્ષર)	1194
૫૧.	ઝારિયાત (ધૂળ ઉડાવનાર હવાઓ)	1202
૫૨.	તૂર (પર્વત)	1210
૫૩.	નજમ (તારો)	1218
૫૪.	કમર (ચંદ્ર)	1228
૫૫.	રહમાન (પરમ્ કૃપાળુ અલ્લાહ, અલ્લાહનું એક નામ)	1236
૫૬.	વાકિઆ (ઘટિત થનાર અર્થાત્ ઘટના)	1244
૫૭.	હદીદ (લોખંડ)	1254

૫૮.	મુજાદલા (ઝઘડો કરનાર)	1266
૫૯.	હશ્ર (દેશનિકાલ)	1276
૬૦.	મુમ્તહિના (જેની તપાસ થાય)	1290
૬૧.	સફ્ફ (કતારબદ્ધ)	1298
૬૨.	જુમુઆ (સપ્તાહમાં એક દિવસ એકઠા થવાનો દિવસ)	1304
૬૩.	મુનાફિકૂન (દંભી, કપટાચારી)	1310
૬૪.	તગાબુન (એક-બીજાની વિરુદ્ધ હાર-જીત)	1318
૬૫.	તલાક (લગ્ન-સંબંધનો વિચ્છેદ, છૂટાછેડા)	1324
૬૬.	તહરીમ (હરામ અર્થાત્ અવૈધ ઠરાવવું)	1333
૬૭.	મુલ્ક (રાજ્ય)	1342
૬૮.	કલમ (કલમ, લેખણ)	1350
૬૯.	હાક્કા (ઘટીને રહેનાર, અભિપ્રેત કયામત)	1358
૭૦.	મઆરિજ (ઉચ્ચ દરજ્જાઓ)	1366
૭૧.	નૂહ (એક પયગંબરનું નામ)	1372
૭૨.	જિન્ન (એક અદૃશ્ય જીવધારી જેની ઉત્પત્તિ અગ્નિથી કરવામાં આવી છે)	1378
૭૩.	મુઝ્ઝમ્મિલ (કપડામાં લપેટાયેલ, સંકેત હ. મુહમ્મદ સલ્લ. તરફ)	1384
૭૪.	મુદસ્સિર (ચાદરમાં લપેટાયેલ, સંકેત હ.મુહમ્મદ સલ્લ. તરફ)	1390
૭૫.	કિયામહ (કયામત અર્થાત્ મહાપ્રલય)	1396
૭૬.	દહ્ર (સમય)	1402
૭૭.	મુરસલાત (હવાઓ જે નિરંતર મોકલવામાં આવે છે)	1408
૭૮.	નબા (સમાચાર, ખબર)	1414
૭૯.	નાઝિઆત (ડૂબીને ખેંચનારા)	1420
૮૦.	અબસ (ભવાં ચઢાવ્યા તેણે)	1426
૮૧.	તકવીર (લપેટી કે સમેટી લેવું)	1432
૮૨.	ઇન્ફિતાર (ફાડી નાખવું)	1433
૮૩.	મુતફ્ફિફીન — અત્-તત્ફીફ્ (નુકસાન કે ઓછું આપવું)	1438
૮૪.	ઇન્શિકાક (ફાટી જવું)	1444
૮૫.	બુરૂજ (નક્ષત્ર સમૂહ, તારામંડળ)	1448
૮૬.	તારિક (રાત્રિએ પ્રગટ થનાર)	1452
૮૭.	આ'લા (સર્વોચ્ચ)	1456
૮૮.	ગાશિયહ (છવાઈ જનાર, અભિપ્રેત કયામત)	1460
૮૯.	ફજ્ર (પરોઢ, અરુણોદય)	1464

૯૦.	બલદ (નગર, શહેર)	1470
૯૧.	શમ્સ (સૂર્ય)	1474
૯૨.	લૈલ (રાત્રિ)	1478
૯૩.	ઝુહા (પ્રકાશિત કે ચઢતો દિવસ)	1482
૯૪.	અલમ્ નશ્રહ—ઈન્શિરાહ (ખોલવું, તંગી અને નુકસાનને દૂર કરવું)	1484
૯૫.	તીન (અંજીર)	1488
૯૬.	અલક (થીજેલું લોહી)	1492
૯૭.	કદ્ર (ગૌરવ)	1498
૯૮.	બૈયિનહ (સ્પષ્ટ પ્રમાણ)	1502
૯૯.	ઝિલઝાલ (ભૂકંપ, ધરતીકંપ)	1506
૧૦૦.	આદિયાત (હાંફતા, ફુંફાડા મારતા અર્થાત્ ઘોડાઓ)	1508
૧૦૧.	કારિઅહ (ખખડાવવાવાળી, મહાન દુર્ઘટના, અભિપ્રેત કયામત)	1512
૧૦૨.	તકાસુર (સ્પર્ધા, હોડ લગાવવી)	1513
૧૦૩.	અસ્ર (કાળ, સમય, પસાર થઈ રહેલો સમય)	1516
૧૦૪.	હુમઝહ (ઈશારાબાજ, મહેણાં મારનાર)	1517
૧૦૫.	ફીલ (હાથી)	1518
૧૦૬.	કુરૈશ (આરબોના એક મોટા કબીલાનું નામ)	1526
૧૦૭.	માઊન (સામાન્ય જરૂરિયાતની ચીજ-વસ્તુઓ)	1529
૧૦૮.	કૌસર (વિપુલતા, જન્નતની એક હોજ)	1530
૧૦૯.	કાફિરૂન (અકૃતજ્ઞ કે અપકારી વ્યક્તિઓ, અશ્રદ્ધાળુઓ, ઈન્કાર કરનારાઓ)	1534
૧૧૦.	નસ્ર (મદદ, સહાય)	1536
૧૧૧.	લહબ (જ્વાળા, પ્રજ્વલિત આગ)	1538
૧૧૨.	ઈખ્લાસ (નિષ્કપટતા, ઋજુતા, નિઃસ્વાર્થ)	1544
૧૧૩.	ફલક (તડકો, પરોઢ)	1547
૧૧૪.	નાસ (મનુષ્ય)	1547
	કુર્આનના પારિભાષિક શબ્દોની ટૂંક-સમજૂતી	1553

કુર્આનમજીદની અધિકાંશ સૂરઃઓના નામ આગળ 'અલ', 'અન્' વગેરે Article લાગેલા છે, તેનું સ્થાન તે જ છે, જે અંગ્રેજી ભાષામાં The નું હોય છે. અનુક્રમણિકામાંથી સૂરઃઓના નામ આગળ આવતા આવા અલ, અન્ વગેરેને કાઢી નાખવામાં આવ્યા છે, જેથી સૂરઃઓને શોધવામાં સરળતા રહે.

...બે શબ્દો...

કુર્આન આકાશી ગ્રંથ છે અને તેનું અવતરણ અલ્લાહના અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ. પર સમગ્ર માનવ-જાતના માર્ગદર્શન માટે થયું છે. તેથી જેમ હવા, પાણી, પ્રકાશ વગેરે માનવ-જાતની સંયુક્ત ભૌતિક સંપત્તિ છે, તે જ પ્રમાણે કુર્આન માનવ-જાતની એક સંયુક્ત આધ્યાત્મિક સંપત્તિ છે. મનુષ્યના માલિક અને પાલનહારે પ્રદાન કરેલ આ એક ઉપહાર છે. તેના પર ન કોઈ વ્યક્તિનું સ્વામિત્વ છે, ન કોઈ દેશ કે ન કોઈ વિશેષ જાતિનું. નિઃશંક, તે અરબી ભાષામાં છે, પરંતુ માત્ર તેના લીધે તેને પારકું સમજી શકાય નહીં. સ્વાભાવિક જ તેને કોઈને કોઈ ભાષામાં તો અવતરિત થવાનું જ હતું.

આમ તો સૃષ્ટિના સર્જનહારની પ્રદાન કરેલ જેટલી પણ વસ્તુઓ છે, તેનાથી લાભાન્વિત થવું કે નહીં, નિઃસંદેહ મનુષ્યના અધિકારમાં છે. પરંતુ સૃષ્ટિમાં જોવા મળતી ભૌતિક ચીજ-વસ્તુઓના ઉપયોગના સંદર્ભે આપણે ક્યારેય પણ આપણા લાભ કે નુકસાનની અવગણના કરતા નથી, એટલા માટે કે તેનાથી આપણું ભૌતિક જીવન પ્રભાવિત થાય છે. બસ, તે જ નીતિ આપણે આપણા પાલનહારે પ્રદાન કરેલ આદેશ અને માર્ગદર્શન સંદર્ભે અપનાવવી જોઈએ, જે મનુષ્ય-માત્રના આત્મિક જીવનના કલ્યાણ માટે છે અને જેનાથી આપણું આત્મિક અને આધ્યાત્મિક જીવન, જેનો પ્રત્યક્ષ સંબંધ માનવ-જીવનના દુન્યવી આચાર-વિચાર સાથે છે, પ્રભાવિત થાય છે. અલ્લાહે અર્પણ કરેલ તે વસ્તુને પોતાની સમજીને તેનાથી લાભાન્વિત થવાનું વલણ આપણા આલોકને પણ કલ્યાણકારી બનાવી શકે છે અને પરલોકના જીવનને પણ સફળતાના શિખરે પહોંચાડી શકે છે. આ વાતને ધ્યાનમાં રાખીને કોઈ પણ વ્યક્તિ, ચાહે તે કુર્આન પર આસ્થા ધરાવતી હોય કે ન ધરાવતી હોય, પૂર્વગ્રહોથી મુક્ત થઈને માત્ર ન્યાયોચિત અને નિષ્ઠાપૂર્વક તેનું અધ્યયન કરશે તો તે તેની વ્યાપક, સર્વકાલીન અને સાર્વભૌમિક કલ્યાણકારી શિક્ષાઓને સ્વીકાર્યા વિના નહીં રહી શકે:

કુર્આનની ભાષાથી બિનમુસ્લિમો તો અપરિચિત છે જ, પણ તેના પર આસ્થા ધરાવનાર ઘણાં મુસલમાનો પણ અનભિજ્ઞ છે. કુર્આનના હાર્દ, તેના વિષય-વસ્તુ અને સંદેશને સમજવા માટે તેના પારિભાષિક શબ્દો અને રુઢિપ્રયોગોની જાણકારી સાથે ઇસ્લામે આણેલ રચનાત્મક આંદોલનને સમજવા અને તેના આદેશો અને નિર્દેશોને જાણવા તેના ગહન અને પૂર્ણ અધ્યયનની આવશ્યકતા હંમેશા રહે છે. તેથી જ કુર્આનના વિભિન્ન ભાષાંતરો અને તેની ટીકા-સમજૂતીઓ વિશ્વભરમાં અનેક ભાષાઓમાં કરવામાં આવેલ છે અને તે હવે સરળતાથી ઉપલબ્ધ પણ છે. પવિત્ર કુર્આન નિઃસંદેહ અરબી ભાષામાં છે, પ્રત્યેક વ્યક્તિ માટે અરબી ભાષા શીખવી-સમજવી શક્ય નથી. જે લોકો અરબી ભાષા જાણે

ને સમજે છે, તેમનું કર્તવ્ય છે કે તેઓ કુર્આનને બોધગમ્ય અને લોકપ્રિય બનાવે.

આ જ જવાબદારીની અનુભૂતિ સાથે સને ૧૯૮૧માં 'ઇસ્લામી સાહિત્ય પ્રકાશને' ૨૦મી સદીના વિશ્વ-પ્રસિદ્ધ ઇસ્લામી વિદ્વાન અને ચિંતક મૌલાના સૈયદ અબુલઆ'લા મૌદૂદીએ કરેલ કુર્આનના ઉર્દૂ અનુવાદ 'તરજુમ-એ-કુર્આનમજીદ'નું ગુજરાતી રૂપાંતર 'દિવ્ય કુર્આન'ના નામથી પ્રકાશિત કર્યું હતું. તે પછી તેની આઠ આવૃત્તિઓમાં ૧૭૦૦૦ પ્રતો પ્રસિદ્ધ થઈ ચૂકી છે. તે પહેલાં કુર્આનમજીદની ઉત્કૃષ્ટ અને લોકપ્રિય સમજૂતી 'તફહીમુલ્-કુર્આન'માંથી ત્રીસમા પારાનું ગુજરાતી ભાષાંતર પણ સને ૧૯૭૭માં પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આ બંને પ્રકાશનોને ગુજરાતી ભાષી લોકો તરફથી સારો આવકાર મળ્યો છે.

'દિવ્ય કુર્આન'માં પ્રયુક્ત ગુજરાતી ભાષાના વાચકોએ ખૂબ પ્રશંસા કરી છે અને સાચે જ મૂળ અનુવાદક જનાબ ઝહીરૂદ્દીન શેખ તથા તેમના સાથી-મિત્રોએ ખૂબ જહેમત ઉઠાવીને ચીવટપૂર્વક ઉર્દૂ ભાષાની વર્ણન-શૈલીને અનુરૂપ ગુજરાતી ભાષાંતર કર્યું હતું, જે આજે પણ એટલું જ પ્રસ્તુત છે. તેમ છતાં આપણે જાણીએ છીએ કે ભાષા-વિકાસ ખૂબ ઝડપથી થતો હોવાને કારણે અને અન્ય ભાષાઓના પ્રભાવને કારણે સમયાંતરે નવા-નવા શબ્દોનો ઉમેરો થતો રહે છે અને તેની વર્ણન-શૈલી, વાક્ય-રચના અને રુઢિ-પ્રયોગો વગેરેમાં પણ પરિવર્તન આવતું રહે છે. તદુપરાંત ટેકનોલૉજીના વિકાસને લઈને હવે તો પુસ્તકના રૂપ-રંગમાં, પ્રિન્ટિંગ ગુણવત્તામાં પણ ફેરફાર શક્ય બન્યો છે. તેનાથી તેની સુંદરતા પણ વધે છે તથા દળદાર અને મોટા પુસ્તકો-ગ્રંથોની સાઈઝ પણ બદલી શકાય છે.

'દિવ્ય કુર્આન'માં આવા કેટલાક ફેરફારોની સાથે બિનમુસ્લિમ દેશબંધુઓ અને કંઈક અંશે મુસલમાનોને પણ ઇસ્લામી પરિભાષાને સમજવામાં જે મુશ્કેલીઓ અનુભવાતી હતી, તેને ધ્યાનમાં રાખવાની આવશ્યકતા હતી. તદુપરાંત ઘણાં સમયથી પ્રત્યેક આયતના અનુક્રમ નંબર પ્રમાણે ગુજરાતી ભાષાંતરની જરૂરત વર્તાતી હતી, જે અંગે ઘણાં વાચકોની માગણી પણ હતી. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને જમાઅતે ઇસ્લામી હિંદ, ગુજરાતે 'દિવ્ય કુર્આન'ને પુનરવલોકન કર્યા પછી તેને નવા સંસ્કરણના રૂપે પ્રસિદ્ધ કરવાનું નિર્ધારિત કર્યું, જેની જવાબદારી મુહમ્મદ જમાલ પટીવાલાના સાથે મુહમ્મદ અમીન શેઠ અને નિસારઅહમદ મલેકને સોંપવામાં આવી. એમના સંયુક્ત પ્રયાસોથી 'દિવ્ય કુર્આન' હવે એક નવા રૂપ-રંગ અને સ્વરૂપે આપના હાથોમાં છે. તેની આરંભથી લઈને અંત સુધીની સમગ્ર પ્રક્રિયામાં વિભિન્ન કાબેલિયતો ધરાવતા લોકોનો સક્રિય સહયોગ મળ્યો છે. તે સાથે સામાન્ય મુસ્લિમોથી લઈને સંપન્ન સખી-દાતાઓએ પણ આ મહત્ત્વના કામમાં ઉત્તમ પ્રકારનું યોગદાન આપ્યું છે. આ તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

મૂળ ગુજરાતી અનુવાદને એમ જ રાખીને તેની ભાષા અને વર્ણન-શૈલીમાં થોડાંક સુધારા કરવામાં આવ્યા છે. તે સાથે ઇસ્લામી પરિભાષાઓની સમજૂતી શુદ્ધ ગુજરાતી ભાષામાં કૌંસમાં આપેલ છે. ગુજરાતીમાં પણ પ્રત્યેક આયતના નંબર આપી દેવામાં આવ્યા છે, જેના અરબી અને ઉર્દૂ ૧ થી ૧૦ અંકની ગુજરાતી અંકોની લિપિ આગળના પાના પર દર્શાવેલ છે, જેથી ગુજરાતી ભાષી વાચકો તેને સમજી શકે. 'દિવ્ય કુર્આન'માં આપવામાં આવેલ ફૂટ-નોટ સ્થાન-અભાવને કારણે મહદ્અંશે કાઢી નાખવામાં આવી છે. તેની વધુ માહિતી 'કુર્આનમાં પ્રયુક્ત ઇસ્લામી પરિભાષાઓની ટૂંક-સમજૂતી' રૂપે પુસ્તકના અંતમાં આપવામાં આવી છે, જે અગ્રણી વિદ્વાન મૌલાના ફારૂકખાં અને ડૉ. મુહમ્મદ અહમદના 'પવિત્ર કુર્આન-સુગમ હિન્દી અનુવાદ'માંથી સાભાર લીધેલ છે, જે વાચકોને ઉપયોગી થઈ પડશે. પ્રત્યેક સૂરઃનો પરિચય સૂરઃના આગળ મૂકવામાં આવ્યો છે, જેથી સૂરઃના અભ્યાસ વખતે જે-તે સૂરઃનું વિષય-વસ્તુ, ઐતિહાસિક પશ્ચાદભૂમિ વગેરે વાચકની દૃષ્ટિ સમક્ષ રહે અને સૂરઃને સમજવામાં સરળતા રહે. અનુક્રમણિકામાં પ્રત્યેક સૂરઃના નામનો અર્થ આપવામાં આવ્યો છે, જે વાચકની જાણકારી માટે છે. આમ તો કુર્આનની સૂરઃઓના નામના સંદર્ભે એ જ્ઞાત રહે કે સૂરઃઓના નામો સામાન્ય રીતે તેના વિષય-વસ્તુને વ્યક્ત કરતા નથી, બલ્કે આ નામો માત્ર સાંકેતિક રૂપે રાખવામાં આવ્યા છે.

આરંભમાં જ મૌલાના સૈયદ અબુલઆ'લા મૌદૂદીએ 'તફહીમુલ્-કુર્આન'માં લખેલ પ્રસ્તાવનાનું ગુજરાતી ભાષાંતર પણ સામેલ કરવામાં આવેલ છે. તેનાથી વાચક કુર્આન-વાંચન વખતે અધ્યયનનો હેતુ અને તે અંગે ધ્યાનમાં રાખવાની જરૂરી બાબતોથી વાકેફ થવા સાથે દિવ્ય-ગ્રંથ કુર્આનના સંદેશને સમજવા અને તેને ગ્રહણ કરવા માનસિક રીતે તૈયાર થઈ શકશે.

'દિવ્ય કુર્આન'ના અનુવાદના પુનરવલોકન અને પ્રુફ રીડિંગમાં દરેક તબક્કે પૂરતી કાળજી અને ચોકસાઇ રાખવામાં આવી છે, તેમ છતાં ભાષાંતર કે પ્રૂફ કે મુદ્રણમાં કોઈ ભૂલ વાચકોની નજરમાં આવે તો તેનું ધ્યાન દોરવા સહૃદય નિવેદન છે, જેથી પછીના સંસ્કરણમાં તેને સુધારી શકાય.

સૃષ્ટિના માલિક અને પાલનહાર, અલ્લાહનો અંતઃકરણપૂર્વક આભાર કે તેણે આ ભારે અને મહત્ત્વની જવાબદારીને અદા કરવાની પ્રેરણા આપી, શક્તિ પ્રદાન કરી. તેની જ સહાયતા અને કૃપાથી જ આ કામ પૂર્ણતાએ પહોંચ્યું છે. આ સંદર્ભે રહી ગયેલ મનુષ્ય-સહજ નાની-મોટી ભૂલો-ત્રુટિઓને અલ્લાહ તેની કૃપા અને દયાથી ક્ષમા કરે, નિઃશંક તે ક્ષમાશીલ અને દયાળુ છે, અને આ કામમાં સહયોગી તમામ લોકોના નાના-મોટા પ્રયાસોને અલ્લાહતઆલા કબૂલ કરે. આ કામ પાછળ પ્રેરણારૂપ તેની જ પ્રસન્નતા હતી, જે તેનાથી અપેક્ષિત છે. ●

પ્રસ્તાવના

'પ્રસ્તાવના' શબ્દ જોઈને કોઈને એવી ગેરસમજ ન થવી જોઈએ કે હું કુર્આનની પ્રસ્તાવના લખી રહ્યો છું. આ કુર્આનની નહીં, પણ 'તફહીમુલ કુર્આન' (કુર્આન-બોધ)ની પ્રસ્તાવના છે અને તેના લખવા પાછળ મારા બે ઉદ્દેશ્યો છે :

પ્રથમ એ કે, કુર્આનનો અભ્યાસ શરૂ કરતાં પહેલાં એક સામાન્ય વાચક તે વાતોને સારી રીતે જાણી લે, જે આરંભમાં જ સમજી લેવાથી કુર્આનને સમજવાનો માર્ગ સરળ બની જાય છે. નહિં તો આ બાબતો અભ્યાસ દરમ્યાન વારંવાર ખૂંચતી રહે છે અને ક્યારેક તે ન સમજવાને કારણે તે વર્ષો સુધી કુર્આનના શબ્દોના અર્થની સપાટી ઉપર જ ફર્યા કરે છે અને તેના ઊંડાણમાં જવાનો માર્ગ તેને મળતો નથી.

બીજો એ કે, તે પ્રશ્નોના ઉત્તર પહેલાથી જ આપી દેવામાં આવે, જે કુર્આનને સમજવાના પ્રયાસમાં સામાન્ય રીતે લોકોના મનમાં ઊભા થાય છે. હું આ પ્રસ્તાવનામાં માત્ર તે જ પ્રશ્નોના ઉત્તર આપીશ, જે સ્વયં મારા મનમાં પ્રથમ ઉદ્ભવ્યા હતા કે પછી પાછળથી મારા સામે ઉપસ્થિત થયા. તે સિવાય કેટલાક અન્ય પ્રશ્નોનાં પણ ઉત્તર આપવાના બાકી રહી ગયા હોય, તો માહિતગાર કરવામાં આવે, જેથી આગામી સંસ્કરણ વખતે કે અન્ય કોઈ રીતે તેને, જો અલ્લાહે ચાહ્યું તો સામેલ કરી દેવામાં આવશે.

કુર્આનની વર્ણન-શૈલી અને અભિવ્યક્તિ :

સામાન્ય રીતે આપણે જે પુસ્તકો વાંચવા ટેવાયેલા છીએ, તેમાં એક નિર્ધારિત વિષય ઉપર સંબંધિત માહિતીઓ, વિચારો અને દલીલો એક વિશેષ ક્રમના સાથે લખી દેવામાં આવે છે. તેના કારણે કોઈ એવો વ્યક્તિ, જે કુર્આનથી હજુ સુધી અપરિચિત રહ્યો છે, પ્રથમવાર એના અભ્યાસનો ઇરાદો કરે છે, તો તે એ અપેક્ષા સાથે આગળ વધે છે કે 'પુસ્તક' હોવાની હેસિયતે તેમાં પણ સામાન્ય પુસ્તકોની જેમ પહેલાં વિષયનું નિર્ધારણ હશે, પછી મૂળ વિષયોને ભાગો તથા પ્રકરણોમાં વહેંચીને ક્રમવાર એક-એક પાસા ઉપર ચર્ચા કરવામાં આવશે અને આ જ રીતે જીવનના એક-એક પાસાને પણ અલગ-અલગ લઈને તેના વિશે આદેશો અને નિર્દેશો લખ્યા હશે. પરંતુ જ્યારે તે આ ગ્રંથ ખોલીને અભ્યાસ શરૂ કરે છે, તો અહીં તેને પોતાની અપેક્ષાથી તદ્દન વિપરીત એક જુદી જ વર્ણનશૈલી જોવા મળે છે, જેનાથી તે હજુ સુધી તદ્દન અપરિચિત હતો. અહીં તે જૂએ છે કે આસ્થાથી સંબંધિત બાબતો, નૈતિક આદેશો, શરઈ હુકમો (ધર્મ-વિધાન સંબંધે આદેશો), સંદેશ, ઉપદેશ, બોધપાઠ, આલોચના, ઠપકો, ચેતવણીઓ, શુભ-સૂચના, સાંત્વના, દલીલો, સાક્ષીઓ, ઐતિહાસિક ઘટનાઓ અને સૃષ્ટિમાં ફેલાયેલ નિશાનીઓ તરફ સંકેત વગેરે વારંવાર એક-બીજા પછી આવી રહ્યા છે. એક જ

વિષય જુદી-જુદી રીતે, વિભિન્ન શબ્દોમાં પુનરાવર્તન કરવામાં આવી રહ્યો છે. એક વિષય પછી બીજો, બીજા પછી ત્રીજો એકાએક શરૂ થઈ જાય છે, બલ્કે એક વિષયના વચ્ચે બીજો વિષય એકાએક આવી જાય છે. સંબોધિત વ્યક્તિ અને સંબોધન કરનાર વારંવાર બદલાય છે અને સંબોધનનું રુખ થોડી-થોડીવારે વિવિધ દિશાઓમાં ફરે છે. ભાગો તથા પ્રકરણોની વહેંચણીમાં કોઈપણ પ્રકારનું વિભાજન નથી. ઇતિહાસ છે તો ઇતિહાસની શૈલીમાં નથી. તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મશાસ્ત્ર (Metaphysics) છે તો તર્ક અને દર્શનશાસ્ત્રની ભાષામાં નથી. મનુષ્ય અને ભૌતિક જગતનો ઉલ્લેખ છે તો ભૌતિક વિજ્ઞાનની પદ્ધતિ પ્રમાણે નથી. સભ્યતા અને સંસ્કૃતિ, રાજકારણ, આર્થિક અને સામાજિક વાતો છે તો સમાજ વિજ્ઞાનની રીત પ્રમાણે નથી. કાનૂન અને તેના હુકમોનું વર્ણન છે તો કાયદાશાસ્ત્રીઓની રીતથી તદ્દન અલગ. નૈતિકતાનું શિક્ષણ છે તો નીતિશાસ્ત્રને લગતા સમગ્ર સાહિત્યથી તેની શૈલી ભિન્ન. આ બધું પુસ્તક વિષેની પોતાની અગાઉની કલ્પનાઓથી વિપરીત જોઈને વ્યક્તિ પરેશાન થઈ જાય છે અને તેને એવું લાગે છે કે જાણે આ એક અક્રમબદ્ધ, અસંબદ્ધ અને વિખરાયેલી વાણી છે, જે આરંભથી લઈને અંત સુધી અસંખ્ય નાની-મોટી નોંધો અને ટિપ્પણીઓ પર આધારિત છે, પરંતુ તેને ક્રમવાર વાક્યો રૂપે લખી દેવામાં આવેલ છે. વિરોધી દૃષ્ટિકોણથી જોવાવાળો તેના ઉપર જાત-જાતના વાંધાઓ અને સંદેહોની બુનિયાદ ઊભી કરી લે છે અને હિમાયતી દૃષ્ટિકોણ રાખનાર ક્યારેક અર્થથી આંખમિંચામણાં કરીને સંદેહોથી બચવાનો પ્રયાસ કરે છે: ક્યારેક આ પ્રત્યક્ષ અસંગતતાના કેટલાક કારણો બતાવીને પોતાના મનને મનાવી લે છે. ક્યારેક કૃત્રિમ રીતે તેની સંગતતા શોધીને વિચિત્ર પરિણામો તારવે છે, અને ક્યારેક કુર્આન કોઈ ક્રમબદ્ધતા, નિયમ કે સુસંગતતા વગર વિભિન્ન વિષયો અંગે નિર્ધારણ કરે છે એવા સિદ્ધાંતોનો સ્વીકાર કરી લે છે. પરિણામે દરેક આયત તેના સંદર્ભ અને પશ્ચાદભૂમિથી અલગ થઈને એવા અર્થોનો યોગ બની જાય છે, જે કહેનારના હેતુથી વિપરીત હોય છે.

વળી, એક પુસ્તકને સારી રીતે સમજવા માટે એ જરૂરી છે કે વાચકને તેનો વિષય ખબર હોય, તેનો ઉદ્દેશ્ય અને ધ્યેય તથા કેન્દ્રીય વિષયવસ્તુનું જ્ઞાન હોય, તેની વર્ણન-શૈલીની જાણકારી હોય, તેની પરિભાષા અને અર્થઘટન કરવાની તેની ખાસ રીતથી તે પરિચિત હોય, અને તેના વર્ણનો પોતાના સ્પષ્ટ વાક્યોના પાછળ જે પરિસ્થિતિ અને મામલાઓથી સંબંધ રાખતા હોય, તે પણ દૃષ્ટિની સામે રહે. સામાન્ય રીતે જે પુસ્તકો આપણે વાંચીએ છીએ, તેમાં આ વસ્તુઓ સહેલાઈથી મળી જાય છે. તેથી તેના વિષયોના ઊંડાણ સુધી પહોંચવામાં આપણને બહુ મુશ્કેલી નથી પડતી. પણ કુર્આનમાં આ વસ્તુઓ એવી રીતે નથી મળતી, જેવી રીતે બીજા પુસ્તકોમાં તેને મેળવી લેવા આપણે ટેવાયેલાં છીએ.

તેથી એક સામાન્ય વાચક જેવી માનસકિતાની સાથે આપણામાંથી કોઈ વ્યક્તિ જ્યારે કુર્આનનો અભ્યાસ શરૂ કરે છે, ત્યારે તેને પુસ્તકના વિષય, ઉદ્દેશ્ય અને કેન્દ્રીય વિષયવસ્તુઓ જોવા નથી મળતા. તેની વર્ણનશૈલી અને અર્થઘટનની રીત પણ તેને થોડીક અપરિચિત લાગે છે અને ઘણે ઠેકાણે એના વર્ણનની પશ્ચાદ્ભૂમિ પણ તેની નજરોથી ઓઝલ રહે છે. પરિણામે વિવિધ આયતોમાં તત્ત્વદર્શિતાના જે મોતીઓ વિખેરાયેલાં હોય છે, વ્યક્તિ તેનાથી થોડે-ઘણે અંશે લાભાન્વિત થવા છતાં અલ્લાહની વાણીનો હાર્દ સમજવાથી વંચિત રહી જાય છે અને આ ગ્રંથનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાના બદલે તેને માત્ર તેના કેટલાક છૂટાછવાયા મુદ્દાઓ અને લાભોથી જ સંતોષ માની લેવો પડે છે; બલ્કે મોટા ભાગના લોકો, જેઓ કુર્આનનો અભ્યાસ કરીને સંદેહોમાં ગ્રસ્ત થઈ જાય છે, તેમના મુંઝવણમાં મૂકાવાનું કારણ એ પણ છે કે કુર્આનને સમજવા માટેની આ પ્રાથમિક જરૂરી વાતોથી અનભિજ્ઞ રહીને જ્યારે તેઓ કુર્આનને વાંચે છે, તો તેના પાનાંઓ પર વિભિન્ન વિષયો તેમને વિખેરાયેલાં જોવા મળે છે. મોટા ભાગની આયતોનો અર્થ તેમના સામે સ્પષ્ટ થતો નથી. ઘણી આયતોને જૂએ છે કે તે તત્ત્વદર્શિતાના પ્રકાશથી ઝગમગે છે, પણ વર્ણનના સંદર્ભમાં તે તદ્દન અસંગત લાગે છે. ઘણી જગ્યાએ અર્થ-બોધ અને વર્ણન-શૈલીથી અનભિજ્ઞતા તેમને મૂળ અર્થથી દૂર હટાવીને કોઈ બીજી જ બાજુ લઈ જાય છે અને ઘણી વખતે પશ્ચાદ્ભૂમિનું સાચું જ્ઞાન નહીં હોવાથી ગંભીર ગેરસમજો ઊભી થઈ જાય છે.

કુર્આન કેવા પ્રકારનો ગ્રંથ છે ? તેના અવતરિત થવાનું વિવરણ અને તેના ક્રમનું રૂપ કેવું છે ? તેની ચર્ચાનો વિષય શું છે ? તેની ચર્ચાઓનો મૂળ ઉદ્દેશ્ય શું છે ? કયા કેન્દ્રીય વિષય સાથે તેના આ અસંખ્ય અને વિવિધ પ્રકારના વિષયો સંકળાયેલા છે ? પોતાના વિચાર વ્યક્ત કરવાની દલીલોની તેની રીત કેવી છે અને તેના માટે તેણે કેવી વર્ણનશૈલી અપનાવી છે ? આ અને આવા પ્રકારના જરૂરી પ્રશ્નો છે, જેનો સીધો અને સ્પષ્ટ જવાબ વ્યક્તિને આરંભમાં જ મળી જાય, તો તે ઘણાં ભયસ્થાનોથી બચી શકે છે અને તેના માટે વિચારવા-સમજવાનો અને ચિંતન-મનન કરવાનો માર્ગ ખૂલી શકે છે. જે વ્યક્તિ કુર્આનમાં લેખન-ક્રમ શોધે છે અને ત્યાં તેને ન જોઈને ગ્રંથના પાનાંઓમાં ભટકવા લાગે છે, તેની આ પરેશાનીનું મૂળ કારણ એ જ છે કે તે કુર્આનના અભ્યાસની જરૂરી આરંભિક વાતોથી અજાણ હોય છે. તે એવું વિચારીને અભ્યાસ શરૂ કરે છે કે તે 'ધર્મના વિષય પર એક પુસ્તક' વાંચી રહ્યો છે. 'ધર્મનો વિષય' અને 'પુસ્તક' વિશે તેના મગજમાં ધારણા એ જ હોય છે, જે સામાન્યતઃ 'ધર્મ' અને 'પુસ્તક' વિષે લોકોના મગજમાં હોય છે. પણ જ્યારે ત્યાં તેને પોતાની ધારણાથી તદ્દન ભિન્ન એક વસ્તુ મળે છે, ત્યારે તે પોતાનામાં તેના પ્રત્યે રુચિ ઉત્પન્ન નથી કરી શકતો અને વિષય હાથ નહીં લાગવાને કારણે લીટીઓમાં એ રીતે ભટકવાનું શરૂ કરી દે છે, જાણે

તે એક અજનબી પ્રવાસી છે, જે કોઈ નવા શહેરની ગલીઓમાં ભૂલો પડી ગયો છે. તેને આ રીતે ભટકવાથી અને દુર્માર્ગથી ત્યારે જ બચાવી શકાય છે, જો તેને પહેલાથી જ એ જણાવી દેવામાં આવે કે જે ગ્રંથનો તે અભ્યાસ કરવા જઈ રહ્યો છે, તે આખી દુનિયાના સાહિત્યમાં પોતાના પ્રકારનો એક અદ્વિતીય ગ્રંથ છે. તેની રચના જગતના તમામ પુસ્તકોથી તદ્દન ભિન્ન રીતે થઈ છે. પોતાના વિષય અને ક્રમની દૃષ્ટિએ પણ તે એક નિરાળી વસ્તુ છે. તેથી તમારા મગજમાં અંકિત તે 'પુસ્તકીય-ઢાંચો' જે અત્યાર સુધીના પુસ્તકોના વાચનથી બન્યો છે, આ ગ્રંથને સમજવામાં તમારી સહાયતા નહીં કરે, બલ્કે તેનાથી વિપરીત અવરોધરૂપ બનશે. તેને સમજવા ઇચ્છતા હોવ તો પોતાની અગાઉથી બનાવેલી પરિકલ્પનાઓને મગજમાંથી કાઢીને આની અનોખી વિશેષતાઓથી પરિચય પ્રાપ્ત કરો.

આ સંદર્ભમાં વાચકે સૌ પ્રથમ કુર્આનની વાસ્તવિકતાથી પરિચિત થવું જોઈએ. તે ચાહે તેના પર ઈમાન લાવે કે ન લાવે, પણ આ ગ્રંથને સમજવા માટે તેણે આરંભ-બિંદુના રૂપે તેની એ જ વાસ્તવિકતાને માનવી પડશે, જે સ્વયં આ ગ્રંથે અને એના પ્રસ્તુત-કર્તા (અર્થાત્ ઈશદૂત હઝરત મુહમ્મદ સલ્લ.)એ દર્શાવેલ છે, અને તે આ પ્રમાણે છે :

(૧) સૃષ્ટિના સ્વામીએ, જે સંપૂર્ણ સૃષ્ટિનો સર્જનહાર, માલિક અને શાસક છે, પોતાના અસીમ રાજ્યના આ ભાગમાં, જેને પૃથ્વી કહે છે, મનુષ્યને પેદા કર્યો. તેને જાણવા અને વિચારવા-સમજવાની શક્તિઓ આપી. ભલાઈ અને બૂરાઈ વચ્ચે ભેદ કરવાની યોગ્યતા આપી. પસંદગી અને નિર્ણય કરવાની સ્વતંત્રતા આપી. ચીજ-વસ્તુઓના ઉપયોગનો અધિકાર આપ્યો અને બધી રીતે એક પ્રકારની સ્વાયત્તતા (Autonomy) આપીને પૃથ્વી પર તેને પોતાનો 'ખલીફા' (નાયબ, પ્રતિનિધિ) બનાવ્યો.

(૨) આ હોદ્દા પર મનુષ્યને નિયુક્ત કરતી વખતે સૃષ્ટિના માલિકે સારી રીતે તેના કાન ખોલીને એ વાત તેના મગજમાં નાખી દીધી હતી કે તમારો અને સમગ્ર વિશ્વનો માલિક, ઉપાસ્ય અને શાસક હું જ છું. મારા આ રાજ્યમાં ન તમે સ્વાધીન છો, ન કોઈ બીજાના દાસ છો અને ન મારા સિવાય કોઈ તમારી ભક્તિ, આજ્ઞાપાલન અને ઉપાસનાનો અધિકારી છે. આલોક (દુનિયા)નું આ જીવન જેમાં તમને અધિકાર આપીને મોકલવામાં આવી રહ્યા છે, વાસ્તવમાં તમારા માટે એક પરીક્ષાની મુદ્દત છે. તેના પછી તમારે મારા પાસે પાછા ફરવું પડશે અને હું તમારા કર્મોને તપાસીને ફેંસલો કરીશ કે તમારામાંથી કોણ પરીક્ષામાં સફળ રહ્યું છે અને કોણ નિષ્ફળ. તમારા માટે સાચો માર્ગ એ છે કે મને પોતાનો એક માત્ર ઉપાસ્ય અને શાસક માનો. જે માર્ગદર્શન હું મોકલું તે પ્રમાણે જગતમાં કામ કરો અને જગતને પરીક્ષા-સ્થળ સમજીને, એ સભાનતા સાથે જીવન વિતાવો કે તમારો મૂળ ઉદ્દેશ્ય મારા અંતિમ નિર્ણયમાં સફળ થવાનો હોય. આનાથી

વિપરીત તમારા માટે પ્રત્યેક એ માર્ગ ખોટો છે, જે આનાથી ભિન્ન હોય. જો પ્રથમ માર્ગ અપનાવશો (જેને અપનાવવા માટે તમે સ્વતંત્ર છો) તો તમને જગતમાં શાંતિ-સંતોષ પ્રાપ્ત થશે અને જ્યારે તમે મારા પાસે પરત ફરશો તો હું તમને શાશ્વત સુખ-ચેનનું તે ઘર આપીશ, જેનું નામ 'જન્નત' (સ્વર્ગ) છે; અને જો બીજા કોઈ માર્ગ પર ચાલશો (જેના પર ચાલવાની પણ તમને સ્વતંત્રતા પ્રાપ્ત છે) તો જગતમાં તમને બગાડ અને અશાંતિની મજા ચાખવી પડશે અને આલોકથી કૂચ કરીને પરલોક (આખિરત)માં જ્યારે જશો ત્યારે શાશ્વત દુઃખ અને કષ્ટના ખાડામાં ફેંકી દેવામાં આવશો, જેનું નામ 'દોજખ' કે 'જહન્નમ' (નર્ક) છે.

(૩) આ સમજાવ્યા પછી સૃષ્ટિના માલિકે માનવ-જાતને પૃથ્વી પર જગ્યા આપી અને આ જાતિની સૌથી પ્રથમ બે વ્યક્તિઓ (આદમ અને હવ્વા)ને તે માર્ગદર્શન પણ આપી દીધું, જે અનુસાર તેમને તથા તેમના સંતાનોને પૃથ્વી પર કામ કરવાનું હતું. આ પ્રથમ માનવ અજ્ઞાનતા અને અંધકારની સ્થિતિમાં જન્મ્યા નહોતા, પણ અલ્લાહે પૃથ્વી પર તેમના જીવનનો આરંભ પૂર્ણ પ્રકાશમાં કર્યો હતો. તેઓ સત્યથી પરિચિત હતા. તેમને તેમના જીવનનો કાનૂન બતાવી દેવામાં આવ્યો હતો. તેમની જીવન જીવવાની પદ્ધતિ અલ્લાહનું આજ્ઞાપાલન (અર્થાત્ ઈસ્લામ) હતી અને તેઓ પોતાના સંતાનોને આ જ વાત શીખવીને ગયા કે તેઓ અલ્લાહના આજ્ઞાંકિત (મુસ્લિમ) બનીને રહે. પરંતુ પછીની સદીઓમાં ધીમે-ધીમે મનુષ્ય તે સાચી જીવન-વ્યવસ્થાથી ચલિત થઈને વિભિન્ન પ્રકારના ખોટા માર્ગો તરફ વળી ગયો. તેમણે બેદરકારીથી તેને ખોઈ પણ નાખી અને દુષ્ટતાથી તેનું રૂપ પણ બદલી નાખ્યું. તેમણે અલ્લાહ સાથે ધરતી અને આકાશની વિવિધ માનવીય અને અમાનવીય, કાલ્પનિક અને ભૌતિક ચીજોને અલ્લાહની ભાગીદાર ઠરાવી લીધી. તેમણે અલ્લાહે આપેલ સત્ય-જ્ઞાનમાં જાત-જાતની અંધશ્રદ્ધાઓ, ધારણાઓ અને સિદ્ધાંતો ભેળવીને અસંખ્ય ધર્મો પેદા કરી લીધા. તેમણે અલ્લાહની નિર્ધારિત સંસ્કૃતિ અને સભ્યતાના સર્વથા સંતુલિત અને કલ્યાણકારી નિયમો (શરીઅત)ને છોડીને કે તેને વિકૃત કરીને પોતાની મનેચ્છાઓ અને અનુચિત પક્ષપાતોને અનુરૂપ જીવનના એવા નિયમો ઘડી લીધા, જેનાથી અલ્લાહની ધરતી અન્યાય અને અત્યાચારથી ભરાઈ ગઈ.

(૪) અલ્લાહે જે સીમિત સ્વંત્રતતા મનુષ્યને આપી હતી, તેના સાથે એ વાત અનુરૂપ નહોતી કે તે સૃષ્ટા હોવાના અધિકારનો ઉપયોગ કરીને બગડેલા મનુષ્યોને બળજબરીપૂર્વક સાચા માર્ગે વાળી દેતો; અને તેણે જગતમાં કામ કરવા માટે જે મહેતલ એમના માટે અને એમની વિભિન્ન જાતિઓ માટે નક્કી કરી હતી, તેના સાથે પણ એ વાત અનુરૂપ નહોતી કે આ વિદ્રોહ ઊભો થવાના સાથે જ તે મનુષ્યોને વિનષ્ટ કરી દેતો. વળી જે કામ આદિકાળથી તેણે પોતાના શિરે લીધું હતું કે મનુષ્યની સ્વતંત્રતાને બાકી રાખીને, તેના કાર્ય-કાળમાં તેમના

માર્ગદર્શનનો પ્રબંધ તે કરતો રહેશે, તેને જોતાં પોતાની આ જવાબદારીને પૂરી કરવા માટે તેણે મનુષ્યોમાંથી જ એવા મનુષ્યોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું, જેઓ તેના પર ઈમાન રાખનારા અને તેની ઇચ્છાનું પાલન કરનારા હતા. તેણે તેમને પોતાના પ્રતિનિધિ બનાવ્યા, પોતાના સંદેશાઓ તેમના પાસે મોકલ્યા, તેમને સત્ય-જ્ઞાન આપ્યું, તેમને સાચું જીવન-વિધાન આપ્યું અને તેમને એ કામ પર નિયુક્ત કર્યા કે આદમના સંતાનોને એ જ સન્માર્ગ તરફ પરત ફરવાનું આમંત્રણ આપે, જેનાથી તેઓ દૂર થઈ ગયા હતા.

(૫) આ ઈશદૂતો વિવિધ જાતિઓ તથા દેશોમાં આવતા રહ્યા, હજારો વર્ષ સુધી તેમના આગમનનો ક્રમ ચાલુ રહ્યો, હજારોની સંખ્યામાં તેમને મોકલવામાં આવ્યા. તે બધાનો એક જ ધર્મ (દીન) હતો, અર્થાત્ તે જ સાચો માર્ગ, જે પ્રથમ દિવસે જ મનુષ્યને બતાવી દેવામાં આવ્યો હતો. તેઓ સૌ એક જ આદેશનું પાલન કરનારા હતા, અર્થાત્ નૈતિકતા અને સંસ્કૃતિના એ જ અનાદિકાલીન અને શાશ્વત નિયમો, જે આરંભમાં જ મનુષ્યો માટે નિશ્ચિત કરી દેવામાં આવ્યા હતા અને આ સૌનું એક જ મિશન હતું; અર્થાત્ એ કે આ ધર્મ અને માર્ગદર્શન તરફ પોતાની જાતિવાળાઓને બોલાવે, પછી જે લોકો આ આમંત્રણનો સ્વીકાર કરી લે, તેમને સંગઠિત કરીને એક એવો સમૂહ બનાવે, જે સ્વયં અલ્લાહના કાનૂનનો પાબંદ હોય અને દુનિયામાં ઈશ્વરીય કાનૂનની સ્થાપના કરવા અને તેના નિયમોના ઉલ્લંઘનને રોકવા માટે સંઘર્ષ કરે. ઈશદૂતોએ પોત-પોતાના કાળમાં પોતાના આ મિશનને સારી રીતે પાર પાડ્યું. પરંતુ હંમેશા એવું થતું રહ્યું છે કે મનુષ્યોની એક મોટી સંખ્યા તેમના આહવાન્‌ને સ્વીકારવા તૈયાર જ ન થઈ, અને જેમણે એનો સ્વીકાર કરીને આજ્ઞાંકિત (મુસ્લિમ) સમુદાયનું રૂપ ધારણ કરી લીધું, તેઓ કાળાંતરે ધીમે-ધીમે સ્વયં બગડતા ગયા, ત્યાં સુધી કે તેમાંથી કેટલાક સમૂહો ઈશ્વરીય માર્ગદર્શનને તદ્દન ભૂલી ગયા અને કેટલાકે ઈશ્વરીય-આદેશોને પોતાના સંશોધનો અને ભેળસેળથી બગાડીને મૂકી દીધા.

(૬) અંતે, સૃષ્ટિના માલિકે અરબ ભૂભાગ પર હઝરત મુહમ્મદ સલ્લ.ને એ જ કામ માટે મોકલ્યા, જેના માટે અગાઉના ઈશદૂતો આવતા રહ્યા હતા. તેઓ જનસાધારણને પણ સંબોધિત કરતા હતા અને અગાઉના પયગંબરોના બગડેલા અનુયાયીઓને પણ. તેમનું કામ હતું - સૌને સન્માર્ગ તરફ બોલાવવા, બધાને ફરીથી અલ્લાહનું માર્ગદર્શન પહોંચાડવું અને જેઓ આ આહવાન્ અને માર્ગદર્શનનો સ્વીકાર કરે, તેમનો એક એવો સમૂહ બનાવી દેવો, જે એક તરફ સ્વયં પોતાના જીવનની વ્યવસ્થા અલ્લાહના આદેશાનુસાર સ્થાપિત કરે અને બીજી તરફ જગતની સુધારણા માટે સંઘર્ષ કરે.

આ આહવાન્ અને માર્ગદર્શનનો ગ્રંથ આ કુર્આન છે, જે અલ્લાહે હઝરત મુહમ્મદ સલ્લ. ઉપર અવતરિત કર્યો.

કુર્આનની આ વાસ્તવિકતા જાણી લીધા પછી વાચકો માટે એ સમજવું સરળ બની જાય છે કે આ ગ્રંથનો વિષય શું છે ? તેનો કેન્દ્રીય વિષય શું છે ? અને તેનો ઉદ્દેશ્ય શું છે ?

કુર્આનનું વિષય-વસ્તુ :

કુર્આનનો વિષય 'મનુષ્ય' છે, એ દૃષ્ટિથી કે વાસ્તવમાં મનુષ્યનું હિત અને અહિત કઈ વસ્તુમાં છે તેનું તેમાં મુખ્યત્વે વર્ણન છે.

મનુષ્યએ બાહ્ય રૂપને જોઈને કે અનુમાનના આધારે જે મત બનાવી લીધો કે પછી મનેચ્છાના આધીન થઈ જવાને કારણે અલ્લાહ અને સૃષ્ટિ-વ્યવસ્થા, પોતાના અસ્તિત્વ અને પોતાના સાંસારિક જીવન વિષે જે ધારણાઓ સ્થાપિત કરી છે અને આ ધારણાઓના આધારે જે માર્ગ અપનાવી લીધો છે, તે તમામ વાસ્તવિકતાની દૃષ્ટિએ ખોટાં અને પરિણામની દૃષ્ટિએ સ્વયં મનુષ્ય માટે વિનાશકારી છે. વાસ્તવિકતા એ છે, જે મનુષ્યને 'ખલીફા' (પ્રતિનિધિ) બનાવતી વખતે અલ્લાહે પોતે જ તેને બતાવી દીધી હતી અને આ વાસ્તવિકતા અનુસાર મનુષ્ય માટે એ જ માર્ગ સાચો અને સફળ છે, જેનો પાછળના પૃષ્ઠોમાં અમે 'સન્માર્ગ'ના નામથી ઉલ્લેખ કરી ગયા છીએ.

કુર્આનનો ઉદ્દેશ્ય મનુષ્યને તે સન્માર્ગ તરફ બોલાવવો અને અલ્લાહના તે માર્ગદર્શનને સ્પષ્ટ રૂપે પ્રસ્તુત કરવાનો છે, જેને મનુષ્ય પોતાની બેદરકારીથી ગૂમ અને પોતાની દુષ્ટતાથી તેનું રૂપ વિકૃત કરતો રહ્યો છે.

આ ત્રણ પાયાની બાબતોને મગજમાં રાખીને જો કોઈ વ્યક્તિ કુર્આનને જુએ તો તેને સ્પષ્ટ દેખાશે કે આ ગ્રંથ પોતાના વિષય, પોતાના ઉદ્દેશ્ય અને કેન્દ્રીય વિષયથી કોઈ-પ્રકારે સહેજ પણ ચલિત થતો નથી. આરંભથી અંત સુધી તેના વિવિધ પ્રકારના વિષયો તેના કેન્દ્રીય વિષય સાથે એવી રીતે સંકળાયેલા છે જેવી રીતે નાના-મોટા રંગબેરંગી મોતી એક હારમાં પરોવાયેલા હોય છે. તે ધરતી અને આકાશની રચના પર, મનુષ્યના સર્જન પર, સૃષ્ટિની નિશાનીઓના નિરીક્ષણ પર અને પુરોગામી જાતિઓની ઘટનાઓ પર ચર્ચા કરે છે. વિવિધ જાતિઓની માન્યતાઓ અને ધારણાઓ, ચરિત્ર અને આચરણ પર ટિપ્પણી કરે છે. અપ્રાકૃતિક મામલાઓ અને સમસ્યાઓની વ્યાખ્યા કરે છે અને બીજી ઘણી વસ્તુઓનો ઉલ્લેખ પણ કરે છે. પરંતુ એટલા માટે નહિં કે તેને ભૌતિકશાસ્ત્ર કે ઇતિહાસ કે દર્શનશાસ્ત્ર કે કોઈ અન્ય વિદ્યાકળાનું શિક્ષણ આપવું છે, બલ્કે એટલા માટે કે તેને સત્ય અંગે મનુષ્યની ગેરસમજો દૂર કરવી છે, મૂળ હકીકત લોકોના મનમાં બેસાડવી છે, સત્ય-વિરોધી માર્ગની અસત્યતા અને તેના દુષ્પરિણામને સ્પષ્ટ કરવું છે અને તે માર્ગ તરફ આમંત્રણ આપવું છે જે સત્યને અનુરૂપ અને સારા પરિણામવાળો છે. આ જ કારણ છે કે તે દરેક વસ્તુનો ઉલ્લેખ માત્ર તે સીમા સુધી અને તે શૈલીમાં કરે છે, જે તેના ઉદ્દેશ્ય માટે આવશ્યક છે. હંમેશા આ

વિષયોનું વર્ણન આવશ્યકતા અનુસાર કર્યા પછી, બિનજરૂરી વિગતોને છોડી દઈને પોતાના ઉદ્દેશ્ય અને કેન્દ્રીય વિષય તરફ પરત આવે છે અને તેનું સમગ્ર વર્ણન ખૂબ જ એકરૂપતા સાથે 'આહવાન્'ની ધરી ઉપર જ ફરતું રહે છે.

પૃષ્ઠભૂમિ :

પરંતુ કુર્આનની વર્ણન-શૈલી, તેનો ક્રમ અને તેના ઘણાંખરા વિષયોને મનુષ્ય ત્યાં સુધી સારી રીતે નથી સમજી શકતો જ્યાં સુધી તે તેના અવતરણની સ્થિતિને પણ સારી રીતે ન સમજી લે.

આ કુર્આન એવો ગ્રંથ નથી કે અલ્લાહે એક જ સમયમાં તેને લખીને હઝરત મુહમ્મદ સલ્લ.ને આપી દીધો હોય અને કહી દીધું હોય કે તેને પ્રકાશિત કરીને લોકોને એક વિશેષ જીવન-પદ્ધતિ તરફ બોલાવે. તે સાથે આ એવા પ્રકારનો ગ્રંથ પણ નથી કે એમાં વિશિષ્ટ લેખન-શૈલીમાં ગ્રંથના વિષય અને કેન્દ્રીય વિષય અંગે ચર્ચા કરવામાં આવી હોય. આ જ કારણ છે કે એમાં ન લેખન-ક્રમ જોવા મળે છે અને ન પુસ્તકો જેવી શૈલી. વાસ્તવમાં તેનું સ્વરૂપ એ છે કે અલ્લાહે અરબસ્તાનના શહેર મક્કામાં પોતાના એક બંદાને પયગંબરી (ઈશદૂતત્વ)ની સેવા માટે પસંદ કર્યો અને તેને હુકમ આપ્યો કે પોતાના શહેર અને કબીલા (કુરૈશ)થી સંદેશ પહોંચાડવાનો આરંભ કરે. આ કામ શરૂ કરવા માટે આરંભમાં જે નિર્દેશોની જરૂર હતી, માત્ર તે જ આપવામાં આવ્યા અને તે મહદ્અંશે ત્રણ વિષયો પર આધારિત હતા :–

એક, પયગંબરને એ વાતની શિક્ષા કે તે સ્વયં પોતાની જાતને આ મહાન કામ માટે કેવી રીતે તૈયાર કરે અને કેવી પદ્ધતિથી કામ કરે.

દ્વિતીય, સત્ય અંગેની પ્રારંભિક જાણકારીઓ અને તેના વિષે તે ગેરસમજોનું સારરૂપ ખંડન, જે આજુબાજુના લોકોમાં જોવા મળતી હતી જેના કારણે તેમનું વલણ ખોટું થતું જતું હતું.

તૃતીય, સન્માર્ગ તરફ આહવાન્ અને ઈશ્વરીય સન્માર્ગના તે મૂળ નૈતિક સિદ્ધાંતોનું વર્ણન જેના અનુસરણમાં મનુષ્યનું કલ્યાણ અને સૌભાગ્ય છે.

આરંભિક પરિસ્થિતિમાં કુર્આન :

શરૂ-શરૂમાં આ સંદેશાઓ આહવાન્ની આરંભિક સ્થિતિને અનુરૂપ થોડા નાના-નાના સંક્ષિપ્ત વચનો પર આધારિત હતા; જેની ભાષા ખૂબ જ અલંકારિક, અત્યંત મધુર, અને અસરકારક અને સંબોધિત જાતિની રુચિને અનુરૂપ અત્યંત સાહિત્યિક રંગમાં હતી; જેથી હૃદયોમાં આ શબ્દો તીર અને તીક્ષ્ણ હથિયારની જેમ ઊતરી જાય, કાન સ્વતઃ તેના સ્વર-માધુર્યથી આકૃષ્ટ થાય અને જબાનો તેના સુસંતુલિત હોવાને કારણે સહસા તેનું પુનરાવર્તન કરવા લાગે. તદ્દુપરાંત, તેમાં સ્થાનિક વાતાવરણનો પ્રભાવ પણ અધિક હતો. જો કે વર્ણન

તો થઈ રહ્યું હતું વિશ્વવ્યાપી તથ્યોનું, પણ તેમના માટે દલીલો, પુરાવાઓ અને દૃષ્ટાંતો નિકટતમ્ વાતાવરણમાંથી લેવામાં આવ્યા હતા, જેનાથી સંબોધિત લોકો સારી રીતે પરિચિત હતા. તેમનો જ ઈતિહાસ, તેમની જ પ્રણાલિકાઓ, તેમના જ રોજબરોજના અનુભવોમાં આવતી નિશાનીઓ અને તેમના જ વિશ્વાસ સંબંધિત દુર્ગુણો પર તેમજ નૈતિક અને સામૂહિક બૂરાઈઓ પર સમગ્ર ચર્ચા થતી હતી, જેથી તેઓ તેનાથી પ્રભાવિત થઈ શકે.

આહવાન્નો આ તબક્કો આશરે ચાર-પાંચ વર્ષ સુધી ચાલતો રહ્યો અને આ તબક્કામાં પયગંબર સલ્લ.ના પ્રચારની પ્રતિક્રિયા ત્રણ રૂપે પ્રગટ થઈ :–

(૧) કેટલાક સદાચારી લોકો આ આહવાન્નો સ્વીકાર કરીને 'મુસ્લિમ' (આજ્ઞાંકિત) સમુદાય બનવા તૈયાર થઈ ગયા.

(૨) એક મોટી સંખ્યા અજ્ઞાનતા કે સ્વાર્થવશ કે બાપ-દાદાઓના રીત-રિવાજોથી લગાવના કારણે વિરોધ કરવા તત્પર થઈ ગઈ.

(૩) મક્કા અને કુરૈશની સીમાઓમાંથી નીકળીને આ નવા સંદેશનો અવાજ અપેક્ષાનુસાર વધારે વિસ્તૃત ક્ષેત્રમાં પહોંચવા લાગ્યો.

મક્કામાં અવતરિત સૂર:ઓ (પ્રકરણો)ની પશ્ચાદભૂમિ :

અહીંથી તે આહવાન્નો બીજો તબક્કો શરૂ થાય છે. આ તબક્કામાં ઈસ્લામના આ આંદોલન અને પુરાણી અજ્ઞાનતા વચ્ચે એક કઠોર પ્રાણઘાતક સંઘર્ષ શરૂ થયો, જેનો ક્રમ આઠ-નવ વર્ષ સુધી ચાલતો રહ્યો. ન માત્ર મક્કામાં, ન માત્ર કુરૈશના કબીલામાં, બલ્કે અરબસ્તાનના મોટા ભાગોમાં પણ જે લોકો પુરાણી અજ્ઞાનતાને બાકી રાખવા માગતા હતા, તેઓ આ આંદોલનને બળપૂર્વક કચડી નાખવા તૈયાર થઈ ગયા. તેમણે તેને દબાવી દેવા માટે બધી ચાલબાજીઓ ચાલી, ખોટો પ્રચાર કર્યો; આક્ષેપો, શંકાઓ અને વાંધાઓની ઝડી વરસાવી, સામાન્ય લોકોના હૃદયોમાં જાત-જાતના ભ્રમ પેદા કર્યા, અજાણ્યા લોકોને નબી સલ્લ.ની વાત સાંભળવાથી અટકાવવાનો પ્રયાસ કર્યો, ઈસ્લામ સ્વીકાર કરનારાઓ પર ખૂબ પાશવી અત્યાચારો કર્યા, તેમનો આર્થિક અને સામાજિક બહિષ્કાર કર્યો અને તેમને એટલા તંગ કર્યા કે તેમનામાંથી ઘણાં લોકો બે વખત પોતાના ઘરબાર છોડીને હબ્શા (એબીસીનિયા) તરફ હિજરત કરવા વિવશ બની ગયા અને છેવટે ત્રીજી વખત તે બધાને મદીના તરફ હિજરત કરવી પડી. પરંતુ આ ઉગ્ર અને રોજબરોજ વધતા વિરોધો છતાં આ આંદોલન જોર પકડતું ગયું. મક્કામાં કોઈ કુટુંબ અને કોઈ ઘર એવું ન રહ્યું, જેના કોઈ-ને-કોઈ સભ્યએ ઈસ્લામનો સ્વીકાર ન કરી લીધો હોય. ઈસ્લામના અધિકાંશ વિરોધીઓના વિરોધ અને શત્રુતામાં ઉગ્રતા અને કટુતા જન્મવાનું કારણ એ જ હતું કે તેમના પોતાના ભાઈ, ભત્રીજા, પુત્રો, પુત્રીઓ, બહેનો અને બનેવીઓ ઈસ્લામી સંદેશના ન

માત્ર માનવાવાળા,બલ્કે પ્રાણ સુદ્ધાં ન્યોછાવર કરવાવાળા અને સમર્થક બની ગયા હતા. તેમના પોતાના હૃદયના ટુકડાઓ જ તેમનાથી સંઘર્ષ કરવા તૈયાર થઈ ગયા હતા. પછી જે લોકો પુરાણી અજ્ઞાનતાથી તૂટી-તૂટીને આ નવ-અંકુરિત આંદોલન તરફ આવી રહ્યા હતા, તેઓ પહેલાં પણ પોતાના સમાજના સૌથી સારા લોકો સમજવામાં આવતા હતા અને આ આંદોલનમાં સામેલ થયા પછી તો એટલા સારા, સત્યનિષ્ઠ અને સદ્ચરિત્ર બની જતા હતા કે જગત એ સંદેશની શ્રેષ્ઠતા અનુભવ્યા વગર રહી શકતું નહોતું, જે આવા લોકોને પોતાના તરફ આકર્ષિત કરી રહ્યો હતો અને તેમને આવા ચારિત્ર્યશીલ બનાવી રહ્યો હતો.

આ દીર્ઘકાલીન અને પ્રબળ સંઘર્ષ દરમ્યાન મહાન અલ્લાહ પ્રસંગ અને આવશ્યકતાનુસાર પોતાના પયગંબર સલ્લ. પર એવા ઉત્સાહપૂર્ણ અને જોશીલા પ્રવચનો અવતરિત કરતો રહ્યો, જેમાં નદી જેવો પ્રવાહ, પૂર જેવી શક્તિ અને ધગધગતી આગ જેવો પ્રભાવ હતો. આ પ્રવચનોમાં એક તરફ ઈમાનવાળાઓને તેમના આરંભિક કર્તવ્યો બતાવવામાં આવ્યા. તેમનામાં સામૂહિક ચેતના ઉત્પન્ન કરવામાં આવી. તેમને સંયમ, ચરિત્રનું મહત્ત્વ અને આચરણની શુદ્ધતાનું શિક્ષણ આપવામાં આવ્યું. તેમને સત્ય-ધર્મના પ્રચારની પદ્ધતિઓ બતાવવામાં આવી. સફળતાના વાયદાઓ અને જન્નતની શુભ-સૂચનાઓથી તેમને હિંમત આપવામાં આવી. તેમને મક્કમતા, ધીરજ અને ઉત્સાહના સાથે અલ્લાહના માર્ગમાં સંઘર્ષ કરવા ઉત્તેજન આપવામાં આવ્યું અને પ્રાણ ન્યોછાવર કરવાનો એવો પ્રબળ જુસ્સો અને ઉમંગ તેમનામાં પેદા કરવામાં આવ્યો કે તેઓ દરેક કષ્ટને સહન કરવા અને વિરોધની મોટામાં મોટી આંધીનો મુકાબલો કરવા તૈયાર થઈ ગયા. બીજી બાજુ વિધર્મીઓ, સન્માર્ગથી વિમુખ થવાવાળા અને ગફલતની નિદ્રામાં પોઢેલાઓને તે જાતિઓના દુષ્પરિણામોથી ડરાવવામાં આવ્યા, જેનો ઈતિહાસ તેઓ પોતે સારી રીતે જાણતા હતા. એ નષ્ટ-વિનષ્ટ થઈ ગયેલ વસ્તીઓના ચિહ્નોથી બોધ લેવાનું કહેવામાં આવ્યું, જેમના ખંડેરો પરથી રાત-દિવસ પોત-પોતાના પ્રવાસોમાં તેઓ પસાર થતા હતા. તૌહીદ (એકેશ્વરવાદ) અને આખિરત (પરલોક)ની દલીલો તે સ્પષ્ટ દેખાતી નિશાનીઓથી આપવામાં આવી, જે રાત-દિવસ ધરતી તથા આકાશમાં તેમની આંખો સામે મોજૂદ હતી અને જેને તેઓ પોતાના જીવનમાં પણ હંમેશા જોતા અને અનુભવતા હતા. શિર્ક (અનેકેશ્વર-વાદ), સ્વચ્છંદતાનો દાવો, આખિરતથી ઈન્કાર અને પૂર્વજોની પ્રણાલિકાઓના અનુકરણ જેવી ભૂલો એવી ખુલ્લી દલીલોથી સ્પષ્ટ કરવામાં આવી, જે હૃદયમાં બેસી જવાવાળી અને મગજમાં ઊતરી જાય તેવી હતી. વળી તેમના એક-એક ભ્રમનું નિવારણ કરવામાં આવ્યું, એક-એક વાંધાનો ઉચિત ઉત્તર આપવામાં આવ્યો. એક-એક મૂંઝવણ, જેમાં તેઓ પોતે અટવાયેલા હતા, કે બીજા લોકોને મૂંઝવણમાં નાખવાનો પ્રયાસ કરતા હતા, દૂર કરવામાં આવી અને બધી બાજુથી

ઘેરીને અજ્ઞાનતાને એટલી સખ્તાઈથી પકડવામાં આવી કે બુદ્ધિ અને વિવેકના ક્ષેત્રમાં તેના ટકી રહેવાની કોઈ જગ્યા બાકી ન રહી. તેના સાથે પછી તેમને અલ્લાહના પ્રકોપ, કયામત (મહાપ્રલય)ની ભયાનકતા અને જહન્નમના અઝાબ (યાતના)થી ડરાવવામાં આવ્યા. તેમના દુરાચારો, ખોટી જીવન-રીતિઓ, અજ્ઞાનતાભર્યા રિવાજો, સત્યની શત્રુતા અને અલ્લાહ પ્રતિ સમર્પિત લોકો અર્થાત્ મુસ્લિમોને કષ્ટ આપવા અંગે તેમની નિંદા કરવામાં આવી. સંસ્કૃતિ અને સભ્યતાના તે મોટા-મોટા સિદ્ધાંતો તેમના સામે પ્રસ્તુત કરવામાં આવ્યા, જેના પાયા પર હંમેશાથી અલ્લાહને પ્રિય શુદ્ધ સભ્યતાઓનું નિર્માણ થતું આવ્યું છે.

આ તબક્કો સ્વયં વિભિન્ન મંજિલો પર આધારિત હતો, જેમાં પ્રત્યેક મંજિલમાં ઈસ્લામનું આહવાન્ વધુને વધુ વિસ્તૃત થતું ગયું. સંઘર્ષના સાથે-સાથે વિરોધમાં પણ તીવ્રતા આવી ગઈ. વિવિધ માન્યતાઓ, ધારણાઓ અને જુદા-જુદા પ્રકારની કાર્ય-પદ્ધતિઓ રાખનારા જૂથોનો સામનો થતો રહ્યો અને તદનુસાર જ અલ્લાહ તરફથી આવનારા સંદેશાઓમાં વિષયોની વિવિધતા વધતી ગઈ — આ છે મક્કામાં અવતરિત કુર્આનની સૂરઃઓની પશ્ચાદ્ભૂમિ.

મદીનામાં અવતરિત સૂરઃઓની પશ્ચાદભૂમિ :–

મક્કામાં આ આંદોલનને પોતાનું કામ કરતાં તેર વર્ષ વીતી ગયા હતા કે એકાએક મદીનામાં તેને એક એવું કેન્દ્ર મળી ગયું, જ્યાં તેના માટે એ સંભવ બની ગયું કે અરબસ્તાનના બધા ભાગોમાંથી પોતાના અનુયાયીઓને સમેટીને એક જ સ્થળે પોતાની શક્તિ ભેગી કરી લે. તેથી પયગંબર સલ્લ. અને ઈસ્લામના મોટા ભાગના અનુયાયીઓ હિજરત કરીને મદીના પહોંચી ગયા. આમ આ આહવાન્ ત્રીજા તબક્કામાં દાખલ થઈ ગયું.

આ તબક્કામાં પરિસ્થિતિનું સ્વરૂપ તદ્દન બદલાઈ ગયું. મુસ્લિમ સમુદાય વિધિવત રૂપે એક રાજયનો પાયો નાખવામાં સફળ થઈ ગયો. પુરાણી અજ્ઞાનતાના ધ્વજવાહકોથી સશસ્ત્ર મુકાબલો શરૂ થયો. અગાઉના પયગંબરોની ઉમ્મતો (યહૂદીઓ તથા ઈસાઈઓ)નો પણ સામનો કરવો પડ્યો. સ્વયં મુસ્લિમ સમુદાયની આંતરિક વ્યવસ્થામાં વિભિન્ન પ્રકારના દંભી-કપટાચારી (મુનાફિક) ઘૂસી આવ્યા અને તેમનાથી પણ નિપટારો કરવો પડ્યો અને દસ વર્ષના ભયંકર સંઘર્ષમાંથી પસાર થઈને અંતે આ આંદોલન સફળતાની તે મંજિલ પર પહોંચ્યું કે આખું અરબસ્તાન તેના આધીન બની ગયું અને વિશ્વવ્યાપી આહવાન્ અને સુધારણાના દ્વાર તેના સામે ખુલી ગયા. આ તબક્કાની પણ વિવિધ મંજિલો હતી અને પ્રત્યેક મંજિલમાં આ આંદોલનની વિશિષ્ટ આવશ્યકતાઓ હતી. આ આવશ્યકતાઓ અનુસાર અલ્લાહ તરફથી એવા પ્રવચનો પયગંબર સલ્લ. પર અવતરિત થતાં રહ્યા, જેની શૈલી ક્યારેક જોશીલા વક્તાઓની, ક્યારેક રાજકીય

આદેશોની, કયારેક શિખામણ આપવાની, કયારેક સુધારકોની સમજવા-સમજાવવાની રહેતી હતી. એમાં દર્શાવવામાં આવ્યું કે સમાજ, રાજય અને શુદ્ધ સંસ્કૃતિનું નિર્માણ કેવી રીતે કરવામાં આવે. જીવનના વિવિધ ક્ષેત્રોને કયા નિયમો અને સિદ્ધાંતો પર વ્યવસ્થિત કરવામાં આવે. દંભીઓ (મુનાફિકો)થી કેવો વ્યવહાર કરવામાં આવે. રાજયના બિન-મુસ્લિમોથી કેવું વર્તન કરવું, ગ્રંથવાળાઓ (યહૂદીઓ અને ઈસાઇઓ)થી સંબંધોનું સ્વરૂપ શું હોય, લડી રહેલા શત્રુઓ અને સંધિ કરી લેનારી જાતિઓ સાથે કેવી નીતિ અપનાવવામાં આવે અને ઈમાનવાળાઓનું આ સુસંગઠિત જૂથ દુનિયામાં અલ્લાહના પ્રતિનિધિત્વ (ખિલાફત)ના કર્તવ્યો નિભાવવા માટે સ્વયં પોતાને કેવી રીતે તૈયાર કરે. આ પ્રવચનોમાં એક તરફ મુસલમાનોને શિક્ષિત-પ્રશિક્ષિત કરવામાં આવતા હતા. તેમની નબળાઈઓ પર તેમને સચેત કરવામાં આવતા હતા. તેમને અલ્લાહના માર્ગમાં જાન-માલથી સંઘર્ષ કરવા ઉત્તેજન આપવામાં આવતું હતું. તેમને વિજય અને પરાજય, સુખ-દુ:ખ, સંપન્નતા અને દુર્દશા, શાંતિ અને ભય, તાત્પર્ય એ કે દરેક પરિસ્થિતિમાં અનુકૂળ નૈતિકતા અને સદાચારનો પાઠ ભણાવવામાં આવતો હતો અને એ રીતે તેમને તૈયાર કરવામાં આવતા હતા કે તેઓ પયગંબર સલ્લ. પછી આપના ઉત્તરાધિકારી બનીને આહવાન્ અને સુધારણાના આ કામને પૂરું કરી શકે. બીજી બાજુ તે લોકોને જેઓ ઈમાનવાળા નહોતા — ગ્રંથવાળાઓ, મુનાફિકો (દંભીઓ), અધર્મીઓ, અનેકેશ્વરવાદીઓ (મુશ્રિકો) એમ બધાને જુદી-જુદી પરિસ્થિતિ અનુસાર સમજાવવાનો, નમ્રતાપૂર્વક ઈસ્લામ તરફ આમંત્રણ આપવાનો, કઠોરતાથી નિંદા કરવાનો અને ઉપદેશ આપવાનો, અલ્લાહના અઝાબ (યાતના)થી ડરાવવાનો તથો બોધપ્રદ ઘટનાઓ અને સ્થિતિઓથી શિખામણ આપવાનો પ્રયાસ કરવામાં આવતો હતો, જેથી દરેક પાસાથી સ્પષ્ટ થઈને વાત તેમના સામે આવી જાય.

આ છે કુર્આનની તે સૂર:ઓની પશ્ચાદ્દભૂમિ જે મદીનામાં અવતરિત થઈ છે.

કુર્આનની પોતાની વિશિષ્ટ શૈલીની સાર્થકતા :—

ઉપરોક્ત વર્ણનથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે કુર્આન એક આહવાન્ સાથે અવતરિત થવાનું શરૂ થયું અને તે આહવાન્ પોતાના આંરભથી અંત સુધી ર૩ વર્ષની મુદતમાં જે-જે તબક્કાઓ અને મંજિલોમાંથી પસાર થતું રહ્યું, તેની વિવિધ આવશ્યકતાઓ અનુસાર કુર્આનના વિવિધ ભાગો અવતરિત થતા રહ્યા. સ્પષ્ટ છે કે આવા ગ્રંથમાં તે લેખકીય-ક્રમ નથી હોઈ શકતો, જે ડૉક્ટરેટની પદવી લેવા માટે કોઈ શોધ-નિબંધમાં અપનાવવામાં આવે છે. વળી આ આહવાન્ના પ્રસારના સાથે-સાથે કુર્આનના જે નાના અને મોટા ભાગો અવતરિત થયા, તે પણ લેખોના રૂપે પ્રકાશિત કરવામાં આવતા નહોતા, બલ્કે પ્રવચનોના રૂપમાં

તેનું વર્ણન કરવામાં આવતું અને તે જ રૂપમાં પ્રસારિત થતા હતા. આથી તેમની શૈલી પણ લેખ જેવી નહોતી, બલ્કે પ્રવચનની શૈલી હતી. વળી આ પ્રવચનો પણ કોઈ પ્રાધ્યાપકના વ્યાખ્યાનો જેવા નહીં, બલ્કે એક આવાહકના પ્રવચનો જેવા હતા, જેને મનોમસ્તિષ્ક, બુદ્ધિ અને ભાવના, પ્રત્યેકથી અપીલ કરવાનું હોય છે, જેને દરેક પ્રકારની મનોવૃત્તિઓ ધરાવતા લોકોનો સામનો કરવો પડે છે, જેને પોતાના સંદેશના પ્રસાર અને પ્રચાર અને વ્યવહારૂ આંદોલનના સંદર્ભમાં વિભિન્ન પ્રકારની અસંખ્ય પરિસ્થિતિઓમાં કામ કરવાનું હોય છે. યથા-સંભવ પોતાની વાત હૃદયોમાં ઊતારવી, વિચારોની દુનિયા બદલવી, ભાવનાઓને પ્રજ્વલિત કરવી, વિરોધીઓનું જોર તોડવું, સાથીઓની સુધારણા કરવી અને તેમને પ્રશિક્ષિત કરવા તથા તેમનામાં ઉત્સાહ ભરવો અને નિર્ધારનો જુસ્સો રેડવો, દુશ્મનોને દોસ્ત અને ઇન્કાર કરનારાઓને સ્વીકાર કરનારા બનાવવા, વિરોધીઓના તર્કોનો તોડ કરવો, તેમની નૈતિક શક્તિનું ઉન્મૂલન કરવું; તાત્પર્ય એ કે તેને તે સમ-વિષમ સંજોગોનો સામનો અને સંઘર્ષ કરવો પડે છે. આથી અલ્લાહે આ કામના સંબંધે પોતાના પયગંબર પર જે પ્રવચનો અવતરિત કર્યા તેમની શૈલી એ જ હતી, જે એક આવાહક માટે ઉપયુક્ત હોય છે, તેમાં કૉલેજના વ્યાખ્યાનો જેવી શૈલી શોધવી સાચું નથી.

વિષયોના પુનરાવર્તનનું ઔચિત્ય :–

અહીંથી એ વાત પણ સારી રીતે સમજમાં આવી શકે છે કે કુર્આનમાં વિષયોનું આટલી હદે પુનરાવર્તન શા માટે છે? એક આંદોલન અને તેના પ્રસારનો સ્વાભાવિક તકાદો એ છે કે તે જે સમયે જે તબક્કામાં હોય, તેમાં તે જ વાતો કહેવામાં આવે, જે તે તબક્કા સાથે સંબંધ ધરાવતી હોય, અને જ્યાં સુધી આંદોલન એક તબક્કામાં હોય, પછીના તબક્કાઓની વાત શરૂ કરવામાં ન આવે, બલ્કે એ જ તબક્કાની વાતોનું પુનરાવર્તન કરવામાં આવતું રહે, ભલે તેમાં થોડા મહિના લાગે કે કેટલાય વર્ષો લાગી જાય. પછી જો એક જ પ્રકારનું પુનરાવર્તન એક જ શૈલી અને એક જ પદ્ધતિથી કરવામાં આવે તો કાન તેને વારંવાર સાંભળીને થાકી જાય છે અને મન અકળાવા લાગે છે. તેથી એ પણ જરૂરી છે કે દરેક મામલામાં જે વાત વારંવાર કહેવાની હોય, તેને દરેક વખતે નવા શબ્દો, નવી શૈલી અને નવા રૂપ-રંગથી કહેવામાં આવે, જેથી સુંદર રીતે તે હૃદયોમાં બેસી જાય અને આંદોલનની પ્રત્યેક મંજિલ સારી રીતે દૃઢ બનતી જાય. તે સાથે એ પણ જરૂરી છે કે આહવાન્‌નો આધાર જે વિશ્વાસો અને સિદ્ધાંતો પર હોય, તેને પ્રથમ ડગથી અંતિમ મંજિલ સુધી કોઈ પણ સમયે અને કોઈ પણ સ્થિતિમાં આંખોથી ઓઝલ થવા દેવામાં ન આવે, બલ્કે તેનું પુનરાવર્તન આહવાન્‌ના દરેક તબક્કામાં થતું રહે. આ જ કારણ છે કે ઇસ્લામી આંદોલનના

એક તબક્કામાં કુર્આનની જેટલી સૂરઃઓ (અધ્યાયો) ઊતરી છે, તે બધામાં સામાન્યતઃ એક જ જેવા વિષયો, શબ્દો અને વર્ણન-શૈલીઓ બદલી-બદલીને આવ્યા છે, પરંતુ તૌહીદ (એકેશ્વરવાદ), અલ્લાહના ગુણો, આખિરત (પરલોક) અને તેની પૂછપરછ, જઝા અને સજા (પુરસ્કાર અને દંડ), રિસાલત (ઈશદૂતત્વ), આકાશી ગ્રંથ પર ઈમાન, સંયમ, સબ્ર (ધૈર્ય), અલ્લાહ પર ભરોસો અને આ જ પ્રકારના અન્ય મૌલિક વિષયોનું પુનરાવર્તન સમગ્ર કુર્આનમાં જોવા મળે છે, કેમ કે આંદોલનના કોઈ તબક્કામાં પણ તેનાથી દુર્લક્ષ કરી શકાય તેમ નહોતું. આ મૌલિક ધારણાઓ જો સહેજ પણ નબળી થઈ જાય તો ઈસ્લામનું આ આંદોલન તેની મૂળ આત્મા સાથે આગળ ધપી શકતું નહોતું.

કુર્આનનું સંકલન અવતરણ-ક્રમ અનુસાર ન હોવાનું કારણ :—

જો વિચાર કરવામાં આવે તો આ જ વાતથી તે પ્રશ્નનો પણ ઉકેલ આવી જાય છે કે પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.એ કુર્આનને તે જ ક્રમના સાથે કેમ સંપાદિત ન કરી દીધું, જેના સાથે તે અવતરિત થયું હતું ?

ઉપર તમને માહિતી મળી ગઈ છે કે ૨૩ વર્ષ સુધી કુર્આનનું અવતરણ એ જ ક્રમથી થતું રહ્યું, જે ક્રમથી આંદોલનનો પ્રારંભ અને તેનો પ્રસાર થયો. હવે એ સ્પષ્ટ છે કે આંદોલનના પૂર્ણ થઈ ગયા પછી આ અવતરિત અંશો માટે તે ક્રમ કોઈ પણ રીતે યોગ્ય રહી શકતો નહોતો, જે માત્ર સંદેશ-પ્રસાર સાથે જ અનુકૂળ હતો. હવે તો તેના માટે એક બીજો જ ક્રમ આવશ્યક હતો, જે આંદોલનની પૂર્ણતા પછીની પરિસ્થિતિઓ માટે વધુ ઉપયુક્ત હોય; કેમ કે આરંભમાં તે લોકોને સંબોધિત કરવામાં આવ્યા હતા, જેઓ ઈસ્લામથી તદ્દન અનભિજ્ઞ હતા. તેથી તે વખતે તદ્દન આરંભથી શિક્ષા-ઉપદેશ આપવાનું શરૂ કરવામાં આવ્યું. પરંતુ આંદોલન પૂર્ણ થઈ ગયા પછી હવે તેના પ્રથમ સંબોધિત લોકો તે પક્ષના લોકો બની ગયા, જેઓ તેના પર ઈમાન લાવીને એક 'ઉમ્મત' (સમુદાય) બની ગયા હતા અને તે કાર્યને ચાલુ રાખવા માટે જવાબદાર ઠર્યા હતા, જે પયગંબરે વિચાર અને વ્યવહાર બંને રીતે પૂર્ણ કરીને તેમને સુપ્રત કર્યું હતું. હવે નિશ્ચિત રૂપે પ્રથમ બાબત એ બની ગઈ કે પહેલાં આ લોકો સ્વયં પોતાના કર્તવ્યોથી, પોતાના જીવન-સિદ્ધાંતોથી અને તે બગાડથી જે અગાઉના પયગંબરોના અનુયાયીઓમાં પેદા થતો રહ્યો છે, સારી રીતે પરિચિત થઈ જાય, પછી ઈસ્લામથી અપરિચિત જગત સામે અલ્લાહનો સન્માર્ગ સ્પષ્ટ કરવા આગળ વધે.

તદુપરાંત, કુર્આન જે પ્રકારનો ગ્રંથ છે, તે જો માણસ સારી રીતે સમજી લે તો તેના સામે સ્વયં એ વાસ્તવિકતા પ્રગટ થઈ જશે કે એક જ પ્રકારના વિષયોનું એક જ જગ્યાએ એકત્ર કરવું, આ ગ્રંથની પ્રકૃતિથી જ સંબંધિત નથી. આ ગ્રંથની પ્રકૃતિનો તકાદો તો એ જ છે કે તેના વાચક સામે આંદોલનના મદીના કાળના

તબક્કાની વાતો મક્કા કાળના તબક્કાના શિક્ષણમાં અને મક્કા કાળના તબક્કાની વાતો મદીના કાળના તબક્કાના પ્રવચનોમાં અને આરંભિક કાળની શિક્ષાઓ અંતના ઉપદેશોના વચ્ચે અને અંતિમ કાળના આદેશો આરંભિક કાળની શિક્ષાઓના સાથે વારંવાર આવતા રહે, જેથી ઈસ્લામનું પૂર્ણ દશ્ય અને સર્વવ્યાપી રૂપ તેની દષ્ટિમાં રહે અને કોઈ પણ સમયે તે એકપક્ષીય ન બની રહે.

વળી, જો કુર્આનને તેના અવતરણ-ક્રમ અનુસાર સંપાદિત કરવામાં આવ્યું હોત તો તે ક્રમ પછીના લોકો માટે માત્ર એ જ સ્થિતિમાં સાર્થક બની શકતો હતો, જ્યારે કે કુર્આનના સાથે તેના અવતરણનો સમગ્ર ઈતિહાસ અને તેના એક-એક ભાગના સાથે તેના અવતરણનું વિવરણ અને કારણ પણ લખીને લગાવી દેવામાં આવતા અને તે અનિવાર્ય રૂપે કુર્આનનું એક પરિશિષ્ટ બનીને રહી ગયું હોત. આ બાબત તે ઉદ્દેશ્યના વિરુદ્ધ હતી, જેના માટે અલ્લાહે પોતાની વાણીનો આ સંગ્રહ સંપાદિત અને સુરક્ષિત કરાવ્યો હતો. ત્યાં તો એ વસ્તુ સામે હતી કે અલ્લાહની વિશુદ્ધ વાણી કોઈ બીજી વાણી સાથે ભેળસેળ કે મિશ્રણ વગર પોતાના સંક્ષિપ્ત રૂપે સંકલિત થાય; જેને બાળકો, યુવાનો, વૃદ્ધો, સ્ત્રીઓ, પુરુષો, શહેરીજનો, ગ્રામવાસીઓ, જન-સાધારણ, વિદ્વાનો બધા વાંચે; દરેક યુગમાં અને દરેક સ્થળે, દરેક સ્થિતિમાં વાંચે તથા બુદ્ધિ અને વિવેકના પ્રત્યેક સ્તરની વ્યક્તિ ઓછામાં ઓછી એ વાત અવશ્ય જાણી લે કે તેનો સ્વામી—પ્રભુ તેનાથી શું અપેક્ષા રાખે છે અને શું નથી રાખતો. સ્પષ્ટ છે કે જો ઈશ-વાણીના આ સંકલન સાથે લાંબો-પહોળો ઈતિહાસ પણ લાગેલો હોત અને તેને વાંચવું પણ અનિવાર્ય કરી દેવામાં આવ્યું હોત, તો આ ઉદ્દેશ્ય વિલુપ્ત થઈ જતો.

સાચું તો એ છે કે કુર્આનના વર્તમાન ક્રમ ઉપર જે લોકો વાંધો ઉઠાવે છે, તેઓ તેના ધ્યેય અને ઉદ્દેશ્યથી ન કેવળ અનભિજ્ઞ છે, બલ્કે કેટલાક એ ભ્રમમાં ગ્રસ્ત હોય છે કે આ ગ્રંથ માત્ર ઈતિહાસ, દર્શન અને સામાજિક વિજ્ઞાનના અભ્યાસુઓ માટે જ અવતરિત થયો છે.

કુર્આનમાં વર્ણિત વિષય-વસ્તુના ક્રમ-સ્થાપન વિષે એ વાત પણ વાચકોએ જાણી લેવી જોઈએ કે આ ક્રમ પછીના લોકોએ બનાવેલ નથી, બલ્કે સ્વયં અલ્લાહના આદેશાનુસાર પયગંબર (સલ્લ.)એ જ કુર્આનને આ રૂપમાં સંકલિત કર્યું હતું. નિયમ એ હતો કે જ્યારે કોઈ સૂરઃ અવતરિત થતી તો આપ સલ્લ. તે જ સમયે પોતાના કાતિબો (લહિયાઓ)માંથી કોઈને બોલાવતા અને તેને બરાબર લખાવ્યા પછી સૂચના આપી દેતા કે આ સૂરઃ ફલાણી સૂરઃ પછી અને ફલાણી સૂરઃથી પહેલાં મૂકવામાં આવે. એ જ રીતે જો કુર્આનનો કોઈ એવો ભાગ અવતરિત થતો, જેને સ્થાઈ સૂરઃ બનાવવાનું લક્ષ્ય નહોતું, તો પયગંબર (સલ્લ.) સૂચના આપી દેતા હતા કે તેને ફલાણી સૂરઃમાં ફલાણી જગ્યાએ લખી લેવામાં આવે. પછી તે જ ક્રમથી આપ સલ્લ. પોતે પણ નમાઝમાં અને અન્ય પ્રસંગોએ

કુર્આનનું પઠન કરતા અને તે જ ક્રમાનુસાર આપના સાથીઓ (રદી.) પણ તેને યાદ કરતા હતા. તેથી આ એક પ્રમાણિત ઐતિહાસિક તથ્ય છે કે કુર્આન-મજીદનું અવતરણ જે દિવસે પૂર્ણ થયું, તે જ દિવસે તેનું ક્રમ-સ્થાપન પણ થઈ ગયું. જે તેને અવતરિત કરી રહ્યો હતો તે જ તેને સંકલિત પણ કરી રહ્યો હતો. જે વ્યક્તિ પર તે અવતરિત કરવામાં આવ્યું, તેના હસ્તે જ તેને સંકલિત પણ કરી દેવામાં આવ્યું. કોઈ બીજો તેની ક્ષમતા ધરાવતો નહોતો કે તેમાં હસ્તક્ષેપ કરતો.

કુર્આનની સુરક્ષા :–

મુસલમાનો પર નમાઝ તો આરંભથી જ ફર્ઝ (અનિવાર્ય) હતી અને કુર્આનનું પઠન નમાઝનું એક આવશ્યક અંગ સમજવામાં આવ્યું હતું. તેથી કુર્આનના અવતરણના સાથે જ મુસલમાનોમાં કુર્આન કંઠસ્થ કરવાની પરંપરા શરૂ થઈ ગઈ અને જેમ-જેમ કુર્આન અવતરિત થતું ગયું, મુસલમાનો તેને યાદ પણ કરતા ગયા. આ રીતે કુર્આનની સુરક્ષા ખજૂરના તે પાંદડાઓ અને હાડકાં અને ચર્મપત્રના તે ટુકડાઓ ઉપર જ નિર્ભર નહોતી, જેના ઉપર પયગંબર (સલ્લ.) પોતાના કાતિબો (કુર્આન લખનારાઓ) પાસે તેને લખાવ્યા કરતા હતા, બલ્કે તેના અવતરણના સાથે જ પહેલાં થોડાંક, પછી સેંકડો, પછી હજારો, પછી લાખો હૃદય-પટલો પર અંકિત થઈ જતું હતું અને કોઈ શેતાન માટે એ સંભવ રહેતું નહોતું કે તેમાં એક શબ્દની પણ હેર-ફેર કરી શકે.

પયગંબર (સલ્લ.)ના દેહાવસાન પછી જ્યારે અરબસ્તાનમાં ધર્મ-વિમુખતા (ઇરતિદાદ)નું તોફાન ઉઠ્યું અને તેનો સામનો કરવા માટે સહાબા (પયગંબરના સાથીદારો રદી.)ને ભારે ઘમાસાણના યુદ્ધો કરવા પડ્યા, તો આ યુદ્ધોમાં એવા સહાબીઓની એક મોટી સંખ્યા શહીદ થઈ ગઈ, જેમને સંપૂર્ણ કુર્આન કંઠસ્થ હતું. તેનાથી પયગંબર (સલ્લ.)ના સાથી હઝરત ઉમર (રદી.)ના મનમાં વિચાર આવ્યો કે કુર્આનની સુરક્ષાના મામલામાં માત્ર એક જ સાધન પર ભરોસો કરી લેવો ઉચિત નથી, બલ્કે હૃદય-પટલ પર અંકિત હોવાના સાથે-સાથે કાગળના પાનાંઓ પર પણ તેને સુરક્ષિત કરવાનો પ્રબંધ કરી લેવો જોઈએ. આમ, આ કામની જરૂરત તેમણે (ખલીફા) હઝરત અબૂબક્ર (રદી.) સમક્ષ દર્શાવી અને વિચાર-વિમર્શ કર્યા પછી હઝરત ઝૈદ બિન સાબિત અન્સારી (રદિ.)ને, જેઓ પયગંબર (સલ્લ.)ના કાતિબ રહી ચૂક્યા હતા, આ સેવા માટે નિયુક્ત કર્યા. નિયમ એ બનાવવામાં આવ્યો કે એક બાજુ તો લખેલા તે તમામ ભાગો એકત્ર કરી લેવા, જે નબી (સલ્લ.)એ પાછળ છોડેલા છે. બીજી બાજુ સહાબીઓ (રદી.)માંથી જેના-જેના પાસે કુર્આન કે તેનો કોઈ ભાગ લખેલો મળે, તે તેનાથી લઈ લેવામાં આવે. પ્રમાણભૂત નોંધોથી જ્ઞાત થાય છે કે પયગંબર (સલ્લ.)ના જીવનમાં અનેક સહાબીઓ (રદિ.)એ કુર્આનને કે તેના વિભિન્ન ભાગોને પોતાના

પાસે લખી રાખ્યા હતા. આમ, આ સંબંધે હઝરત ઉસ્માન, હઝરત અલી, હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ, અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ, સાલિમ મૌલા હુઝૈફા, ઝૈદ બિન સાબિત, મુઆઝ બિન જબલ, ઉબઈ બિન કઅબ અને અબૂ ઝૈદ કૈસ બિન સુક્કન (રદિ.)ના નામોનો ઉલ્લેખ મળે છે. પછી કુર્આનના હાફિઝોથી પણ મદદ લેવામાં આવે અને આ ત્રણેય સાધનોની સર્વસંમત સાક્ષી ઉપર, તદ્દન સાચું હોવાનો સંતોષ થયા પછી કુર્આનનો એક-એક શબ્દ ગ્રંથમાં અંકિત કરી લેવામાં આવે. આ પ્રસ્તાવ પ્રમાણે કુર્આન-મજીદની એક પ્રમાણિત પ્રત તૈયાર કરીને ઉમ્મુલ-મુમિનીન (પયગંબર સલ્લ.ના પુનિત પત્ની) હઝરત હફસા (રદી.)ના પાસે મૂકી દેવામાં આવી અને લોકોને જાહેર અનુમતિ આપી દેવામાં આવી કે જે કોઈ ઇચ્છે તેની નકલ કરે અને જે ઇચ્છે તેનાથી સરખામણી કરીને પોતાની પ્રત ઠીક-ઠાક કરી લે.

કુર્આનના પાઠનું એકત્વ :–

અરબસ્તાનના વિભિન્ન ક્ષેત્રો અને કબીલાઓની બોલીઓમાં પણ સામાન્ય રીતે ભેદ જોવા મળતો હતો, જેમ કે આપણા દેશમાં ગામે-ગામે બોલી અને જિલ્લા-જિલ્લાની બોલીમાં ભેદ છે, જો કે બધાની ભાષા તે જ એક હિન્દી કે ઉર્દૂ કે પંજાબી કે બંગાળી વગેરે છે. કુર્આન જો કે અવતરિત થયું હતું તે ભાષામાં, જે મક્કાના કુરૈશના લોકો બોલતા હતા, પરંતુ આરંભમાં એ બાબતની પરવાનગી આપી દેવામાં આવી હતી કે બીજા ક્ષેત્રો અને કબીલાઓના લોકો પોત-પોતાની શૈલી અને રૂઢિપ્રયોગ અનુસાર તેને પઢતા રહે, કેમ કે આ રીતે અર્થમાં કોઈ ફરક પડતો નહોતો, માત્ર શબ્દ અને વાક્ય તેમના માટે સરળ બની જતા હતા. પરંતુ ધીમે-ધીમે જ્યારે ઇસ્લામ ફેલાયો અને અરબસ્તાનના લોકોએ પોતાના રણમાંથી નીકળીને જગતના એક મોટા ભાગ ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો અને બીજી જાતિઓના લોકો પણ ઇસ્લામમાં દાખલ થવા લાગ્યા અને મોટા પ્રમાણમાં આરબ અને બિનઆરબના મેળ-મેળાપથી અરબી ભાષા પર પણ પ્રભાવ પડવા લાગ્યો તો એ ભય પેદા થયો કે જો હજુ પણ બીજી શૈલીઓ અને રૂઢિપ્રયોગો અનુસાર કુર્આન પઢવાની અનુમતિ ચાલુ રાખવામાં આવશે તો જાત-જાતના ઉપદ્રવો ઊભા થઈ જશે, જેમ કે એક વ્યક્તિ બીજી વ્યક્તિને અપરિચિત પદ્ધતિથી અલ્લાહની વાણીનું પઠન કરતા સાંભળશે અને એવું સમજીને તેના સાથે ઝઘડી પડશે કે તે જાણી-જોઈને અલ્લાહની વાણીમાં ફેરફાર કરી રહ્યો છે, અથવા એ કે શબ્દોના આ મતભેદ ધીરે-ધીરે વાસ્તવમાં કુર્આનમાં ફેરફારના દ્વાર ખોલી નાખશે, અથવા એ કે આરબ અને બિનઆરબ વચ્ચેના મેળ-મેળાપથી જે લોકોની ભાષા બગડશે, તેઓ પોતાની બગડેલી ભાષા અનુસાર કુર્આનમાં હેર-ફેર કરીને તેના વાણી-સૌંદર્યને વિકૃત કરી નાખશે. આ કારણોસર હઝરત ઉસ્માન (રદિ.)એ

સહાબીઓ (રદિ.)ની સલાહ-મસલતથી એવું નક્કી કર્યું કે બધા ઈસ્લામી દેશોમાં માત્ર કુર્આનની તે જ પ્રમાણિત પ્રતને પ્રસિદ્ધ કરવામાં આવે જે હઝરત અબૂબક્ર (રદિ.)ના આદેશથી લિપિબદ્ધ કરવામાં આવી હતી અને શેષ તમામ બીજી શૈલી અને રૂઢિપ્રયોગ અનુસાર લખવામાં આવેલ ગ્રંથો કે ભાગોના પ્રકાશનને પ્રતિબંધિત ઠરાવી દેવામાં આવે.

આજે જે કુર્આન આપણા હાથોમાં છે, એ બરાબર તે જ ગ્રંથ અનુસાર છે જે હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ તૈયાર કરાવ્યો હતો અને જેની નકલ હઝરત ઉસ્માન (રદિ.)એ સરકારી વ્યવસ્થા-તંત્રમાં તમામ ક્ષેત્રોમાં મોકલાવી હતી. અત્યારે પણ દુનિયાના અનેક સ્થળોએ કુર્આનની તે પ્રમાણિત પ્રતો મોજૂદ છે. જો કોઈને કુર્આનના સુરક્ષિત હોવા અંગે સહેજ પણ શંકા હોય તો તે પોતાના સંતોષ માટે એવું કરી શકે છે કે પશ્ચિમ આફ્રિકામાં કોઈ પુસ્તક-વિક્રેતાથી કુર્આનની એક પ્રત ખરીદે અને ઇન્ડોનેશિયાના જાવામાં કોઈ હાફિઝથી મૌખિક કુર્આન સાંભળીને તેની સરખામણી કરે અને પછી વિશ્વના જે મોટા-મોટા પુસ્તકાલયોમાં હઝરત ઉસ્માન (રદી.)ના સમયથી લઈને આજ સુધી વિભિન્ન સદીઓ દરમ્યાન લખવામાં આવેલ જે ગ્રંથો (કુર્આન) મૂકવામાં આવ્યા છે, તેનાથી તેને સરખાવી લે. જો કોઈ અક્ષર કે કોઈ ટુકડાનો ભેદ તેને જોવા મળે તો તેનું કર્તવ્ય છે કે જગતને આ 'સૌથી મોટા ઐતિહાસિક રહસ્યોદ્‌ઘાટન'થી અવશ્ય માહિતગાર કરે. કોઈ શંકાશીલ સ્વભાવનો માણસ કુર્આનને અલ્લાહ તરફથી આવેલ ગ્રંથ હોવામાં શંકા કરવા ઇચ્છે, તો કરી શકે છે, પરંતુ એ વાત કે - જે કુર્આન આપણા હાથોમાં છે તે કોઈ પણ જાતના વધારા-ઘટાડા વગરનું બરાબર તે જ કુર્આન છે, જે અલ્લાહના નબી હઝરત મુહમ્મદ (સલ્લ.)એ દુનિયા સમક્ષ પ્રસ્તુત કર્યું હતું, એ એક એવું ઐતિહાસિક તથ્ય છે જેમાં કોઈ શંકાને અવકાશ જ નથી. માનવ-ઇતિહાસમાં કોઈ અન્ય પુસ્તક એવું જોવા નથી મળતું, જે આટલું પ્રમાણિત હોય. જો કોઈ માણસ તેના સાચા હોવામાં શંકા કરે છે તો પછી, તે તેની પણ શંકા કરી શકે છે કે રોમન ઍમ્પાયર નામનું સામ્રાજ્ય પણ ક્યારેક જગતમાં હતું ! ક્યારેક મોગલો પણ ભારત ઉપર શાસન કરી ચૂક્યા છે ! અને નેપૉલિયન નામનો કોઈ માણસ પણ દુનિયામાં જન્મ્યો હતો ! આવા ઐતિહાસિક તથ્યો વિષે શંકાઓ પ્રગટ કરવી જ્ઞાનનું નહીં, અજ્ઞાનતાનું પ્રમાણ છે.

કુર્આનથી લાભાન્વિત થવા માટે કેટલાક જરૂરી સૂચનો

કુર્આન એક એવો ગ્રંથ છે, જેના તરફ દુનિયાના અસંખ્ય માણસો અનેક હેતુઓ માટે આકૃષ્ટ થાય છે. આ બધાની જરૂરતો અને ઉદ્દેશ્યોને સામે રાખીને કોઈ સલાહ-સૂચન કરવું માણસ માટે શક્ય નથી. આવા લોકોના ટોળામાં મને માત્ર તે લોકોથી જ અભિરુચિ છે, જેઓ તેને સમજવા માગે છે અને એ જાણવાના

ઇચ્છુક છે કે આ ગ્રંથ માનવ-જીવનની સમસ્યાઓમાં શું માર્ગદર્શન કરે છે. આવા લોકોને હું અહીં કુર્આનના અધ્યયનની પદ્ધતિ અંગે કેટલાક સલાહ-સૂચન આપીશ અને કેટલીક તે મુશ્કેલીઓને દૂર કરવાનો પ્રયાસ કરીશ, જે સામાન્ય રીતે આ મામલામાં પાઠક સમક્ષ ઉપસ્થિત થાય છે.

પૂર્વગ્રહોથી મુક્ત થઈને કુર્આનને વાંચો :—

કોઈ માણસ ભલે કુર્આન પર ઈમાન (આસ્થા) રાખતો હોય કે ન રાખતો હોય, જો તે આ ગ્રંથને વાસ્તવમાં સમજવા ઇચ્છતો હોય તો સૌ પ્રથમ કામ તેણે એ કરવું જોઈએ કે પોતાના મસ્તિષ્કને અગાઉથી બનાવેલ ધારણાઓ અને દૃષ્ટિકોણોથી તેમજ પક્ષ કે વિપક્ષના સ્વાર્થોથી યથાસંભવ ખાલી કરી લે અને સમજવાના વિશુદ્ધ ઉદ્દેશ્યને લઈને ખુલ્લા મનથી તેનું વાંચન શરૂ કરે. જે લોકો કેટલાક વિશિષ્ટ વિચારોને મનમાં લઈને આ ગ્રંથનું વાંચન કરે છે, તેઓ તેની પંક્તિઓમાં પોતાના જ વિચારો વાંચતા જાય છે, કુર્આનની હવા પણ તેમને સ્પર્શતી નથી. અધ્યયનની આ પદ્ધતિ કોઈ પણ પુસ્તક વાંચવા માટે સાચી નથી, પરંતુ વિશેષ રૂપે કુર્આન તો આ રીતે વાંચન કરવાવાળાઓ માટે પોતાના ગૂઢાર્થોના દ્વાર ખોલતું જ નથી.

કુર્આનનું અધ્યયન વારંવાર કરો :—

વળી જે વ્યક્તિ માત્ર ઉપરછલ્લી જાણકારી મેળવવા ઇચ્છતો હોય, તેના માટે તો કદાચ એક વખતનું વાંચી લેવું પૂરતું થઈ જાય, પરંતુ જે તેના ઊંડાણમાં ઊતરવા માગતો હોય તેના માટે બે-ચાર વખત વાંચવું પણ પૂરતું નથી હોઈ શકતું. તેણે વારંવાર વાંચવું જોઈએ, દરેક વખતે એક ખાસ પદ્ધતિથી વાંચવું જોઈએ અને એક વિદ્યાર્થીની જેમ પેન્સિલ અને નોટબુક સાથે લઈને બેસવું જોઈએ, જેથી જરૂરી બાબતો નોંધતો જાય. આ રીતે જે લોકો વાંચન કરવા તૈયાર હોય તેમણે ઓછામાં ઓછું બે વખત આખા કુર્આનને માત્ર એ ધ્યેયથી વાંચવું જોઈએ કે તેમના સામે સમગ્રપણે આચાર-વિચારની તે સંપૂર્ણ વ્યવસ્થા આવી જાય, જેને આ ગ્રંથ પ્રસ્તુત કરવા માગે છે. આ આરંભિક અધ્યયનની મુદ્દતમાં તેઓ કુર્આનના સમગ્ર પરિદૃશ્ય ઉપર એક વ્યાપક દૃષ્ટિ નાખવાની કોશિશ કરે અને એ જોતા જાય કે આ ગ્રંથ કઈ મૌલિક ધારણાઓને પ્રસ્તુત કરે છે? અને પછી આ ધારણાઓ ઉપર કયા પ્રકારની જીવન-વ્યવસ્થાનું નિર્માણ કરવા ચાહે છે? આ દરમ્યાન જો કોઈ ઠેકાણે કોઈ પ્રશ્ન મનમાં ખટકે તો તે અંગે ત્યાં તે જ સમયે કોઈ નિર્ણય ન કરી બેસે, બલ્કે તેની નોંધ કરી લે અને ધીરજપૂર્વક આગળ અધ્યયન ચાલુ રાખે. વધુ સંભાવના એની જ છે કે આગળ ક્યાંક-ને-ક્યાંક તેમને એનો ઉત્તર મળી જશે. જો ઉત્તર મળી જાય તો પોતાના પ્રશ્નની સાથે તેની નોંધ કરી લે, પણ જો પ્રથમ અધ્યયન વખતે તેમને

પોતાના કોઈ પ્રશ્નનો ઉત્તર ન મળે, તો ધીરજપૂર્વક તે બીજી વખત વાંચે. હું મારા અનુભવ પરથી એ કહું છું કે બીજી વખતના ગહન અધ્યયનમાં એકાદ જ એવો પ્રશ્ન રહી જશે, જેનો ઉત્તર અપેક્ષિત હોય.

કુર્આનથી પૂર્ણ માર્ગદર્શન હેતુસર આવું પણ કરો :–

આ રીતે કુર્આન ઉપર એક વ્યાપક દૃષ્ટિ નાખી લીધા પછી વિસ્તૃત અધ્યયનનો આરંભ કરવો જોઈએ. આ સંદર્ભમાં વાચકે કુર્આનની શિક્ષાઓનું એક-એક પાસું હૃદયમાં બેસાડીને નોંધ કરતા જવું જોઈએ, જેમ કે તે એ વાત સમજવાનો પ્રયાસ કરે કે માનવતાનો આદર્શ કયો છે, જેને કુર્આન પ્રિય સમજે છે અને કેવા પ્રકારના લોકો તેના સમીપ અપ્રિય અને તિરસ્કૃત છે. આ બાબતને સારી રીતે સમજવા માટે જરૂરી છે કે તે પોતાની નોટબુકમાં એક તરફ 'પ્રિય-વ્યક્તિ' અને બીજી તરફ 'અપ્રિય-વ્યક્તિ'ની વિશિષ્ટતાઓ સામ-સામે નોંધ કરતો જાય; અથવા જેમ કે તે એ જાણવાનો પ્રયાસ કરે કે કુર્આનના નજીક મનુષ્યનું કલ્યાણ અને મુક્તિ કઈ બાબતો પર નિર્ભર છે અને કઈ વસ્તુઓ છે જેને તે મનુષ્ય માટે નુકસાન, વિનાશ અને બરબાદીનું કારણ સમજે છે. આ વિષયને પણ સવિસ્તાર જાણવાની સાચી રીત એ છે કે મનુષ્ય પોતાની નોટબુકમાં 'લાભના કારણો' અને 'નુકસાનના કારણો' જેવા બે શીર્ષકો એક-બીજાના સાપેક્ષમાં લખી લે અને કુર્આનના અધ્યયન વખતે દરરોજ બંને પ્રકારની બાબતોની નોંધ કરતો જાય. આ જ રીતે ધારણાઓ, નૈતિકતા, અધિકાર, કર્તવ્ય, સામાજિકતા, સંસ્કૃતિ, અર્થશાસ્ત્ર, રાજનીતિ, કાનૂન, અનુશાસન-પ્રબંધ, સંધિ, યુદ્ધ અને જીવન અંગેની બીજી સમસ્યાઓમાંથી એક-એક વિશે કુર્આનના આદેશની વ્યક્તિ નોંધ કરતો જાય અને એ સમજવાની કોશિશ કરે કે એમાંથી પ્રત્યેક વિભાગનું સામૂહિક રૂપ કેવું તૈયાર થાય છે અને પછી આ બધાને જોડી દેવાથી પૂર્ણ જીવનનું ચિત્ર કેવું બને છે.

પછી જ્યારે મનુષ્ય કોઈ ખાસ જીવન-સમસ્યા અંગે શોધ કરવા માગે કે કુર્આનનો દૃષ્ટિકોણ તેના વિશે શું છે, તો તેના માટે સૌથી સારી રીત એ છે કે પહેલાં તે આ સમસ્યા વિશે પ્રાચીન અને અર્વાચીન સાહિત્યનું ગહન અધ્યયન કરીને સ્પષ્ટ રીતે એ જાણી લે કે આ સમસ્યાની મૌલિક બાબતો કઈ છે, મનુષ્યએ અત્યાર સુધી તેના ઉપર શું વિચાર્યું અને સમજ્યું છે, કઈ બાબતો તેમાં હલ કરવાની છે અને ક્યાં જઈને માનવ-ચિંતનની ગાડી અટકી જાય છે ? તે પછી આ જ ઉકેલ-યોગ્ય સમસ્યાઓને દૃષ્ટિમાં રાખીને મનુષ્યએ કુર્આનનું અધ્યયન કરવું જોઈએ. મારો અનુભવ છે કે આ રીતે જ્યારે માણસ કોઈ સમસ્યાની શોધ-ખોળ માટે કુર્આન વાંચવા બેસે છે, તો તેને એવી-એવી આયતોમાં પોતાના પ્રશ્નોના જવાબ મળી જાય છે, જેને તે આનાથી પહેલાં ઘણી વખત વાંચી ગયો હતો અને ક્યારેય તેના મનમાં પણ આ વાત આવી નહોતી કે અહીં આ વિષય પણ છુપાયેલો છે.

કુર્આનના હાર્દથી પરિચિત થવાની રીત :–

પરંતુ કુર્આન સમજવાના આ ઉપાયો છતાં મનુષ્ય કુર્આનની આત્માથી સંપૂર્ણપણે પરિચિત થઈ શકતો નથી જ્યાં સુધી તે વ્યવહારિક રૂપે તે કામ ન કરે જેના માટે કુર્આન આવ્યું છે. આ માત્ર સિદ્ધાંતો અને વિચારોનું પુસ્તક નથી કે તમે આરામ-ખુરશીમાં બેસીને તેને વાંચો અને તેની બધી વાતો સમજી જાઓ. જગતની પ્રચલિત ધાર્મિક ધારણાઓ અનુસાર આ માત્ર એક ધાર્મિક પુસ્તક પણ નથી કે મદ્રસાઓ (વિદ્યાપીઠો) અને ખાનકાહો (રહસ્યજ્ઞાનના કેન્દ્રો)માં તેના બધા રહસ્યો ઉકેલાઈ જાય. જેમ કે આરંભમાં દર્શાવી દેવામાં આવ્યું છે કે આ એક આહવાન્ અને આંદોલનનો ગ્રંથ છે. તેણે આવતાના સાથે જ એક મૌન પ્રકૃતિના અત્યંત સુશીલ વ્યક્તિને એકાંતમાંથી બહાર કાઢીને અલ્લાહથી વિમુખ થયેલા જગતના સામે લાવીને ઊભો કરી દીધો, અસત્ય વિરુદ્ધ તેનાથી અવાજ બુલંદ કરાવ્યો અને તત્કાલીન વિધર્મીઓ અને અવજ્ઞાકારીઓ તથા અજ્ઞાનતાના ઝંડાધારીઓથી તેને ટકરાવી દીધો. ઘરે-ઘરથી એક-એક પવિત્ર આત્માઓ અને વિશુદ્ધ અંતર-મનવાળાઓને ખેંચી-ખેંચીને લાવ્યો અને સત્યનું આહવાન્ કરવાવાળાના ધ્વજ હેઠળ આ સૌને એકત્ર કર્યા. ખૂણે-ખૂણેથી એક-એક ઉપદ્રવી અને વિદ્રોહીને પડકાર આપીને ઊભો કર્યો અને સત્યના પક્ષકારોથી તેમનો સંઘર્ષ કરાવ્યો. એક જ વ્યક્તિની પોકારથી પોતાનું કામ શરૂ કરીને અલ્લાહની 'ખિલાફત' (શાસન)ની સ્થાપના સુધી પૂરાં ૨૩ વર્ષ સુધી આ જ ગ્રંથ તે મહાન આંદોલનની દોરવણી કરતો રહ્યો અને સત્ય-અસત્યના આ દીર્ઘકાલીન અને પ્રાણઘાતક સંઘર્ષ દરમ્યાન એક-એક મંજિલ અને એક-એક તબક્કામાં એણે જ વિનાશના કારણ અને નિર્માણની રીત બતાવી. હવે તે કેવી રીતે સંભવ છે કે તમે મૂળથી જ 'કુફ્ર' (ઇન્કાર) અને ધર્મની અથડામણ તથા ઈસ્લામ અને અજ્ઞાનતા (જાહિલિય્યત)ના સંઘર્ષની રણભૂમિમાં કદમ જ ન મૂકો અને આ સંઘર્ષની કોઈ મંજિલથી પસાર થવાનો તમને સંયોગ જ ન થયો હોય અને પછી માત્ર કુર્આનના શબ્દો વાંચી-વાંચીને તેની તમામ હકીકતો તમારા સામે ખુલીને આવી જાય. તેને તો તમે સંપૂર્ણપણે ત્યારે જ સમજી શકો છો જ્યારે તમે એને લઈને ઊભા થાઓ અને અલ્લાહ તરફ આહવાન્‌નું કામ શરૂ કરો અને જે-જે રીતે આ ગ્રંથ તમારી દોરવણી કરતો જાય, તે-તે રીતે કદમ ઉઠાવતા જાઓ. ત્યારે તે બધા અનુભવો તમને થશે, જે કુર્આનના અવતરણ વખતે થયા હતા. મક્કા, હબ્શા અને તાઇફની મંજિલો પણ તમે જોશો અને બદ્ર અને ઉહદથી લઈને હુનૈન અને તબૂક સુધીના તબક્કાઓ તમારા સામે આવશે. અબૂ જહલ અને અબૂ લહબ જેવા ઈસ્લામ-વિરોધીઓથી પણ તમને પનારો પડશે. મુનાફિકો (દંભી મુસલમાનો) અને યહૂદીઓ પણ તમને મળશે અને સૌ પ્રથમ ઈસ્લામ અંગીકાર કરનારાઓથી

લઈને એવા લોકો જેઓ ઈસ્લામમાં નથી આવ્યા, તે બધા પ્રકારના માનવીય નમૂનાઓ પણ તમે જોઈ પણ લેશો અને તેવા લોકોનો સામનો પણ કરશો. આ એક અનન્ય પ્રકારનો 'સુલૂક' (વિશિષ્ટ પ્રકારનો શિષ્ટાચાર, પ્રેમ-માર્ગ) છે, જેને હું 'સુલૂકે કુર્આની' કહું છું. આ 'સુલૂક'નું ગૌરવ એ છે કે તેની જે-જે મંજિલથી તમે પસાર થતા જશો, કુર્આનની કેટલીક આયતો અને સૂરઃઓ સ્વયં સામે આવીને તમને બતાવતી જશે કે તેનું આ જ મંજિલમાં અવતરણ થયું હતું અને આવું માર્ગદર્શન લઈને આવી હતી. તે સમયે સંભવ છે કે શબ્દ, વ્યાકરણ અને ભાવાર્થ સંબંધે કેટલીક સૂક્ષ્મ ખૂબીઓ કદાચ આવા શિષ્ટચારી (સાલિક)ની નજરથી છૂપી રહી જાય, પરંતુ એ સંભવ નથી કે કુર્આન પોતાના પ્રાણતત્ત્વને તેના સામે ખુલ્લું કરવામાં કૃપણતા (કંજૂસાઈ) દાખવે.

પછી આ જ મૂળ સિદ્ધાંત પ્રમાણે કુર્આનના આદેશો, તેની નૈતિક શિક્ષાઓ, તેના આર્થિક અને સાંસ્કૃતિક નિર્દેશો અને જીવનના વિભિન્ન પાસાઓ વિષે તેણે બતાવેલા નિયમો અને સિદ્ધાંતો પૂર્ણતઃ તે સમય સુધી મનુષ્યની સમજમાં આવી જ શકતા નથી, જ્યાં સુધી તે વ્યવહારિક રૂપે તેને આચરણમાં ન મૂકે; ન તે વ્યક્તિ આ ગ્રંથને પૂર્ણ રૂપે સમજી શકે છે, જેણે પોતાના વ્યક્તિગત જીવનને તેના અનુસરણથી સ્વતંત્ર રાખ્યું હોય અને ન તે કોમ—સમુદાય તેનાથી પૂર્ણ રૂપે પરિચિત થઈ શકે છે, જેના બધા જ સામૂહિક એકમો-ક્ષેત્રો તેણે દર્શાવલ માર્ગને ત્યજીને ચાલી રહ્યા હોય.

કુર્આનની શિક્ષાઓ સર્વકાલીન છે :—

કુર્આનના એ દાવાને પ્રત્યેક વ્યક્તિ જાણે છે કે તે સમગ્ર માનવ-જાતના માર્ગદર્શન માટે આવ્યું છે. પરંતુ જયારે કોઈ વ્યક્તિ તેને વાંચવા બેસે છે તો તે જુએ છે કે તેનું સંબોધન મહદ્અંશે તેના અવતરણ-કાળના આરબવાસીઓ તરફ છે. જો કે ક્યારેક-ક્યારેક તે માનવ-જાત અને જન-સાધારણને પણ પોકારે છે, પરંતુ મોટા ભાગની વાતો તે એવી કહે છે જે આરબોના સ્વભાવ, આરબોના જ વાતાવરણ, આરબોના જ ઈતિહાસ અને આરબોના રીત-રિવાજો સાથે સંબંધ ધરાવે છે. આ બધી વસ્તુઓને જોઈને તે વિચારવા લાગે છે કે જે વસ્તુ જન-સાધારણના માર્ગદર્શન માટે અવતરિત કરવામાં આવી હતી, તેમાં સામયિક, સ્થાનિક અને રાષ્ટ્રીય તત્ત્વો આટલા વધુ કેમ છે ? વાસ્તવિકતાને ન સમજવાના કારણે કેટલાક લોકો એવી શંકામાં પડી જાય છે કે કદાચ આ વસ્તુ મૂળભૂત રીતે તો પોતાના સમકાલીન આરબોની જ સુધારણા માટે હતી, પરંતુ પાછળથી બળજબરીપૂર્વક ખેંચી-તાણીને તેને તમામ મનુષ્યો માટે અને હંમેશ માટે 'માર્ગદર્શનનો ગ્રંથ' ઠરાવી દેવામાં આવ્યો.

જે વ્યક્તિ આ વાંધો માત્ર વાંધા ખાતર નથી ઉઠાવતો, બલ્કે વાસ્તવમાં તેને

સમજવા માગે છે, તેને હું એવી સલાહ આપીશ કે તે પહેલાં સ્વયં કુર્આનને વાંચીને જરા તે સ્થાનો ઉપર નિશાન કરે જ્યાં તેણે કોઈ એવી માન્યતા કે વિચાર કે ધારણા પ્રસ્તુત કરી હોય અથવા કોઈ એવો નૈતિક સિદ્ધાંત કે વ્યવહારિક નિયમનું વર્ણન કર્યું હોય જે માત્ર અરબસ્તાન માટે જ વિશેષ હોય અને જેને સમય, યુગ કે સ્થળે વાસ્તવમાં સીમિત કરી રાખેલ હોય. માત્ર એ વાત કે તે એક ચોક્કસ સ્થળ અને યુગના લોકોને સંબોધિત કરીને તેમની અનેકેશ્વરવાદી ધારણાઓ અને રિવાજોનું ખંડન કરે છે અને તેમના જ આસપાસની વસ્તુઓને પોતાની તર્ક-સામગ્રીના રૂપમાં લઈને તૌહીદ (એકેશ્વરવાદ)ની દલીલો સાબિત કરે છે, એ નિર્ણય કરી દેવા માટે પૂરતું નથી કે તેનું આહવાન્ અને તેની અપીલ પણ સામયિક અને સ્થાનિક છે. જોવું એ જોઈએ કે શિર્ક (અનેકેશ્વરવાદ)ના ખંડનમાં જે કંઈ તે કહે છે, શું તે દુનિયાના દરેક પ્રકારના શિર્ક માટે સાચું ઠરતું નથી, જે રીતે અરબસ્તાનના મુશ્રિકો માટે સાચું ઠરતું હતું ? શું આ જ દલીલોને આપણે દરેક યુગ અને દરેક દેશના મુશ્રિકોના વિચારોની સુધારણા માટે પ્રયુક્ત કરી શકતા નથી ? અને શું તૌહીદ સાબિત કરવા માટે કુર્આનની તર્ક-પદ્ધતિનો થોડાઘણાં ફેરફાર સાથે દરેક સમયે દરેક સ્થળે ઉપયોગ કરી શકાય તેમ નથી ? જો જવાબ હકારમાં છે તો પછી કોઈ કારણ નથી કે એક વિશ્વવ્યાપી શિક્ષાને માત્ર એ કારણે સામયિક અને સ્થાનિક સમજી લેવામાં આવે કે એક ખાસ યુગમાં એક વિશેષ જાતિને સંબોધિત કરીને તે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

જગતની કોઈ ફિલસૂફી અને કોઈ જીવન-વ્યવસ્થા અને કોઈ વિચાર-ધારા એવી નથી, જેની બધી વાતો આદિથી અંત સુધી ભાવાત્મક (Abstract) વર્ણન-શૈલીમાં રજૂ કરવામાં આવી હોય અને કોઈ નિશ્ચિત દશા અથવા રૂપ ઉપર તેને લાગુ પાડીને તેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય. આવી વર્ણન-શૈલી એક તો સંભવ નથી અને જો સંભવ પણ હોય તો જે વસ્તુ આ રીતે પ્રસ્તુત કરવામાં આવશે તે માત્ર કાગળના પૃષ્ઠો પર જ રહી જશે, મનુષ્યોના જીવનમાં તેનો સમન્વય થઈને એક વ્યવહારિક જીવન-વ્યવસ્થામાં ફેરવાઈ જવું કઠિન છે.

વળી કોઈ વૈચારિક, નૈતિક અને સાંસ્કૃતિક આંદોલનને જો આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાવવું હોય તો તે માટે પણ અનિવાર્યપણે એ જરૂરી નથી, બલ્કે સાચું તો એ છે કે લાભપ્રદ પણ નથી કે શરૂથી જ તેને તદ્દન આંતરરાષ્ટ્રીય બનાવવાની કોશિશ કરવામાં આવે. વાસ્તવમાં તેનું સાચું વ્યવહારૂ રૂપ માત્ર એક જ છે અને તે એ છે કે જે વિચારો, સિદ્ધાંતો અને નિયમો ઉપર તે આંદોલન માનવ-જીવનની વ્યવસ્થાને સ્થાપિત કરવા માગે છે, તેને પૂરી શક્તિથી સ્વયં તે દેશના સામે પ્રસ્તુત કરવામાં આવે જ્યાંથી તેનું આહવાન્ થઈ રહ્યું હોય, તે લોકોના મનમાં બેસાડવાનો પ્રયત્ન કરવામાં આવે જેની ભાષા, સ્વભાવ અને પ્રવૃત્તિઓ તેમજ

વલણોથી તે આંદોલનને ચલાવવાવાળા સારી રીતે પરિચિત હોય અને પછી પોતાના જ દેશમાં તે સિદ્ધાંતોને વ્યવહારિક રૂપમાં લાવીને અને તેના ઉપર એક સફળ જીવન-વ્યવસ્થા ચલાવીને જગતના સામે નમૂનો પ્રસ્તુત કરવામાં આવે, ત્યારે જ બીજી જાતિઓ તેના તરફ ધ્યાન આપશે અને તેના બુદ્ધિજીવી લોકો સ્વયં આગળ વધીને તેને સમજવા અને પોતાના દેશમાં પ્રચલિત કરવાનો પ્રયત્ન કરશે. તેથી કેવળ તે વાત કે કોઈ આચાર-વિચાર સંબંધિત વ્યવસ્થાને શરૂમાં એક જ જાતિ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી હતી અને તર્કનું બધું જોર તેને જ સમજાવવા અને સંતુષ્ટ કરવા માટે લગાવી દેવામાં આવ્યું હતું, એ વાતની દલીલ નથી કે તે આચાર-વિચાર સંબંધિત વ્યવસ્થા માત્ર રાષ્ટ્રીય છે. વાસ્તવમાં જે વિશેષતાઓ એક રાષ્ટ્રીય વ્યવસ્થાને એક આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાથી અને એક સામયિક વ્યવસ્થાને એક સર્વકાલીન વ્યવસ્થાથી જુદી પાડે છે, તે એ છે કે રાષ્ટ્રીય વ્યવસ્થા કાં તો એક રાષ્ટ્ર કે જાતિની શ્રેષ્ઠતા અને તેના અધિકારોની દાવેદાર હોય છે અથવા પોતાના ભીતર કેટલાક એવા સિદ્ધાંતો અને ધારણાઓ ધરાવે છે જે બીજી જાતિઓમાં પ્રચલિત બની શકતા નથી. તેનાથી વિપરીત જે વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય હોય છે, તે તમામ મનુષ્યોને સમાન દરજ્જો અને બરાબરના અધિકારો આપવા તૈયાર હોય છે અને તેના સિદ્ધાંતોમાં પણ વિશ્વવ્યાપકતા જોવા મળે છે. તે જ રીતે એક સામયિક વ્યવસ્થા અનિવાર્યપણે પોતાનો પાયો કેટલાક એવા સિદ્ધાંતો ઉપર મૂકે છે, જે કેટલાક સમય પછી અવ્યવહારિક બની જાય છે અને તેનાથી વિપરીત એક સર્વકાલીન વ્યવસ્થાના સિદ્ધાંતો તમામ બદલાતી જતી પરિસ્થિતિઓ ઉપર લાગુ થતા જતા હોય છે. આ વિશેષતાઓને દૃષ્ટિમાં રાખીને કોઈ વ્યક્તિ સ્વયં કુર્આન વાંચે અને તે વસ્તુઓ નિર્ધારિત કરવાનો સહેજ પ્રયત્ન કરે, જેના આધારે વાસ્તવમાં એ અનુમાન કરી શકાતું હોય કે કુર્આન દ્વારા પ્રસ્તુત કરેલ વ્યવસ્થા સામયિક અને રાષ્ટ્રીય છે.

કુર્આન અંગે એ વાત પણ એક સામાન્ય વાચકના કાનમાં પડેલી હોય છે કે આ એક વિસ્તૃત આદેશ-પત્ર અને કાનૂનનું પુસ્તક છે. પરંતુ જ્યારે તે તેને વાંચે છે તો તેમાં સમાજ, સંસ્કૃતિ, અર્થતંત્ર અને રાજનીતિ વગેરેથી સંબંધિત વિસ્તૃત આદેશો અને નિયમો તેને જોવા નથી મળતા, બલ્કે તે જુએ છે કે નમાઝ અને ઝકાત જેવી અનિવાર્ય ઇબાદત અંગે પણ, જેના ઉપર કુર્આન વારંવાર આટલો ભાર મૂકે છે, તેણે કોઈ એવો નિયમ નથી બનાવ્યો જેમાં તમામ આવશ્યક આદેશોનું સવિસ્તાર વર્ણન હોય. આ બાબત પણ મનુષ્યના મનમાં મૂંઝવણ પેદા કરે છે કે છેવટે આ કયા અર્થમાં આદેશ-પત્ર (હિદાયતનામુ) છે.

આ મામલામાં બધી મૂંઝવણો માત્ર એટલા માટે પેદા થાય છે કે મનુષ્યની દૃષ્ટિથી વાસ્તવિકતાનું એક પાસું તદ્દન ઓઝલ રહી જાય છે; અર્થાત્ એ કે અલ્લાહે માત્ર ગ્રંથ જ અવતરિત નથી કર્યો, બલ્કે એક પયગંબર પણ મોકલ્યો હતો. જો

મૂળ યોજના એ હોય કે માત્ર નિર્માણનો એક નકશો લોકોને આપી દેવામાં આવે અને લોકો તે મુજબ સ્વયં એક ઇમારત બનાવી લે, તો આ સ્થિતિમાં નિઃસંદેહ નિર્માણના એક-એક ભાગનું સવિસ્તાર વિવરણ આપણને મળવું જોઈએ. પરંતુ જ્યારે નિર્માણ-સંબંધે આદેશના સાથે એક એન્જિનીયર પણ સત્તાવાર રીતે નિયુક્ત કરી દેવામાં આવે અને તે આદેશો પ્રમાણે તે એક ઇમારત બનાવીને ઊભી કરી દે, તો પછી એન્જિનીયર અને તેણે બનાવેલ ઇમારતને છોડીને નકશામાં જ તમામ નાની-મોટી વસ્તુઓ શોધવી અને પછી તે ન મળતા નકશાની અપૂર્ણતાની ફરિયાદ કરવી ખોટું છે. કુર્આન ઝીણી-ઝીણી વિગતો દર્શાવતું પુસ્તક નથી, બલ્કે તે સિદ્ધાંતો-નિયમોનો તથા સર્વસાધારણ અને સમગ્રલક્ષી ગ્રંથ છે. તેનું અસલ કામ એ છે કે તે ઇસ્લામી વ્યવસ્થાના વૈચારિક અને નૈતિક આધારોને સંપૂર્ણ વ્યાખ્યા સાથે ન માત્ર રજૂ કરે, બલ્કે બૌદ્ધિક તર્ક અને ભાવનાત્મક અપીલ, બંને રીતે ખૂબ દૃઢ કરે. હવે રહ્યું ઇસ્લામી જીવનનું વ્યવહારૂ રૂપ, તો આ બાબતમાં તે મનુષ્યની દોરવણી એ રીતે નથી કરતો કે જીવનના એક-એક પાસા અંગે વિસ્તૃત નિયમો અને કાયદાઓ બનાવે, બલ્કે તે જીવનના દરેક વિભાગની મુખ્ય સીમાઓ બતાવી દે છે અને સ્પષ્ટ રૂપે કેટલાક સ્થાનો ઉપર સીમાચિહ્નો મૂકી દે છે, જે એ વાત નિશ્ચિત કરી દે છે કે અલ્લાહની ઇચ્છા પ્રમાણે આ વિભાગોની સ્થાપના અને નિર્માણ કઈ રેખાઓ ઉપર થવું જોઈએ. આ આદેશો પ્રમાણે વ્યવહારૂ રૂપે ઇસ્લામી જીવનની રૂપ-રેખા તૈયાર કરવી પયગંબર (સલ્લ.)નું કામ હતું. તેમને નિયુક્ત જ એટલા માટે કરવામાં આવ્યા હતા કે દુનિયાને તે વ્યક્તિગત ચરિત્ર અને આચરણ તથા તે સમાજ અને તે રાજ્યનો આદર્શ દર્શાવી દે, જે કુર્આને આપેલા સિદ્ધાંતોની વ્યવહારૂ વ્યાખ્યા હોય.

કુર્આનના આદેશોની વિભિન્ન વ્યાખ્યાઓ :—

એક અન્ય પ્રશ્ન જે સામાન્ય રીતે લોકોના મનમાં ખટકે છે, તે એ છે કે એક તરફ તો કુર્આન તે લોકોની અત્યંત નિંદા કરે છે, જેઓ અલ્લાહના ગ્રંથના આવી ગયા પછી જૂથવાદ (ફિરકાબંદી) અને મતભેદોમાં પડી જાય છે અને પોતાના ધર્મ (દીન)ના ટુકડા-ટુકડા કરી નાખે છે અને બીજી તરફ કુર્આનના આદેશોના અર્થઘટન અને વ્યાખ્યામાં માત્ર પછીના લોકોમાં જ નહીં, ઇમામો અને સહાબીઓના પછીના લોકો (તાબેઈન) અને સ્વયં સહાબીઓ (રદિ.) સુદ્ધાં વચ્ચે એટલા મતભેદો જોવા મળે છે કે કદાચ આદેશ-સંબંધિત કોઈ એક પણ આયત એવી નહીં મળે જેની, વ્યાખ્યા સર્વમાન્ય હોય. તો શું આ તમામ લોકો નિંદાને પાત્ર છે જે કુર્આનમાં ઉલ્લેખિત છે ? જો નહીં, તો પછી તે કયો જૂથવાદ (ફિરકાબંદી) અને મતભેદ છે, જેનાથી કુર્આન રોકે છે ?

આ એક અત્યંત વ્યાપક સમસ્યા છે, જેની વિસ્તૃત ચર્ચાનું આ સ્થાન નથી.

અહીં કુર્આનના એક સામાન્ય અભ્યાસુની મૂંઝવણ દૂર કરવા માટે માત્ર એટલો ઇશારો પૂરતો છે કે કુર્આન તે તંદુરસ્ત મતભેદનો વિરોધી નથી, જે ધર્મ (દીન)માં એકમત અને ઇસ્લામી સમાજ-વ્યવસ્થામાં સંગઠિત રહીને માત્ર આદેશો અને નિયમોનું વિસ્તૃત રૂપ નિર્ધારિત કરવાના ઉદ્દેશ્યથી નિષ્ઠાપૂર્ણ શોધના આધારે કરવામાં આવે, બલ્કે કુર્આન નિંદા તે મતભેદની કરે છે, જે સ્વાર્થપૂર્ણ હોય અને વક્ર-દૃષ્ટિથી શરૂ થાય અને સ્થિતિને જૂથવાદ અને પરસ્પરના ઝઘડાઓ સુધી પહોંચાડી દે. આ બંને પ્રકારના મતભેદો ન પોતાની વાસ્તવિકતામાં સમાન છે અને ન પોતાના પરિણામોમાં એક-બીજાથી સરખી છે કે બંનેને એક જ લાકડીથી હાંકવામાં આવે. પહેલા પ્રકારનો મતભેદ તો પ્રગતિ અને ઉન્નતિની જાન અને જીવનનો આત્મા છે. તે પ્રત્યેક એવા સમાજમાં જોવા મળશે, જે બુદ્ધિ અને વિવેક ધરાવનારા લોકો પર આધારિત હોય. તેનું અસ્તિત્વ જીવનની નિશાની છે અને તેનાથી ખાલી કેવળ એ જ સમાજ હોઈ શકે છે, જે બુદ્ધિજીવીઓથી નહીં, બલ્કે લાકડાના ઢીમચાંથી બનેલ હોય. રહ્યો બીજા પ્રકારનો મતભેદ, તો સમગ્ર વિશ્વ જાણે છે કે એણે જે સમૂહમાં પણ માથું ઊંચકયું, તેને ટુકડે-ટુકડા કરીને મૂકી દીધો, તેનું પ્રગટ થવું સ્વાસ્થ્યની નહીં, રોગની નિશાની છે અને તેના પરિણામો ક્યારેય કોઈ ઉમ્મત (સમુદાય)ના પક્ષમાં પણ લાભપ્રદ નથી હોઈ શકતા. આ બંને પ્રકારના મતભેદોનો તફાવત સ્પષ્ટ રીતે આમ સમજો :

એક સ્થિતિ તો એ છે, જેમાં અલ્લાહ અને રસૂલ (સલ્લ.)ના આજ્ઞાપાલન ઉપર સમુદાયના બધા લોકો સંમત હોય, અને આદેશોનો સ્રોત પણ કુર્આન તથા 'સુન્નત' (ઈશદૂત હઝરત મુહમ્મદ સલ્લ.ની પ્રણાલી)ને માનવામાં આવે, પછી બે આલિમો (ઇસ્લામી વિદ્વાનો) કોઈ આંશિક સમસ્યાના ઉકેલમાં, અથવા બે કાઝીઓ (ઇસ્લામી ન્યાયાધીશો) કોઈ મુકદ્દમાના ફેંસલામાં એક-બીજાથી મતભેદ કરે, પરંતુ એમાંથી કોઈ પણ ન તો તે સમસ્યાને અને તેમાં પોત-પોતાના અભિપ્રાયને ધર્મ (દીન)નો આધાર બનાવે અને ન તેનાથી મતભેદ કરનારને વિધર્મી કહી દે, બલ્કે બંને પોતાની દલીલો આપીને પોતાની હદ સુધી ઉકેલનો હક અદા કરી દે અને એ વાત જનમત ઉપર કે જો અદાલતી મામલો હોય તો દેશના ઉચ્ચતમ ન્યાયાલય ઉપર કે સાર્વજનિક મામલો હોય તો સમાજ-વ્યવસ્થા ઉપર છોડી દે કે તે બંને અભિપ્રાયોમાંથી જેનો ઇચ્છે તેનો સ્વીકાર કરે અથવા બંનેને ઉચિત ઠેરવે.

બીજી સ્થિતિ એ છે કે મતભેદ મૂળથી જ ધર્મ (દીન)ના પાયાના સિદ્ધાંતોમાં જ હોય અથવા એ કે કોઈ આલિમ કે સૂફી કે મુફતી કે પ્રવક્તા કે નેતા કોઈ એવી સમસ્યા વિશે, જેને અલ્લાહ અને રસૂલ (સલ્લ.)એ ધર્મ (દીન)નો પાયાનો પ્રશ્ન દર્શાવ્યો નહોતો, એક મત અપનાવે અને અમસ્તું જ ખેંચી-તાણીને તેને ધર્મનો

પાયાનો પ્રશ્ન બનાવી નાખે અને પછી તેનાથી જે કોઈ મતભેદ કરે તેને ધર્મ અને સમુદાય (મિલ્લત)માંથી નીકળી ગયેલો કહી દે અને પોતાના સમર્થકોનું એક જૂથ બનાવીને કહે કે મૂળ 'ઉમ્મતે મુસ્લિમા' (મુસ્લિમ સમુદાય) આ જ છે અને શેષ બધા જહન્નમી (નર્કમાં જનારા) છે અને હાંક-પોકાર કરીને કહે કે મુસ્લિમ છે તો આ જૂથમાં આવી જા, નહિં તો તું મુસ્લિમ નથી.

કુર્આને જ્યાં પણ મતભેદ અને જૂથવાદનો વિરોધ કર્યો છે, તેનાથી તેનો અભિપ્રાય આ બીજા પ્રકારનો મતભેદ જ છે. રહ્યો પહેલા પ્રકારનો મતભેદ, તો એના અનેક ઉદાહરણો સ્વયં પયગંબર (સલ્લ.) સમક્ષ પ્રસ્તુત થઈ ચૂક્યા હતા અને આપ (સલ્લ.)એ કેવળ એટલું જ નહીં કે તેને માન્ય રાખ્યા, બલ્કે તેને બિરદાવ્યા પણ ખરા, એટલા માટે કે આ મતભેદો તો એવું દર્શાવે છે કે સમાજમાં વિચાર અને ચિંતન, સંશોધન અને તપાસ તથા વિવેક-બુદ્ધિ અને સૂઝ-બૂઝની ક્ષમતાઓ મોજૂદ છે અને તેના બુદ્ધિશાળી લોકોને પોતાના ધર્મ (દીન)થી અને તેના આદેશોથી રુચિ છે તેમજ તેમની પ્રતિભાઓ જીવનની સમસ્યાઓનો ઉકેલ ધર્મ (દીન)ના બહાર નહીં, બલ્કે તેના ભીતર જ શોધે છે અને સમાજ સમગ્રપણે સ્વર્ણિમ્ નિયમો પર અમલ કરી રહ્યો છે કે સિદ્ધાંતોમાં એકમત રહીને પોતાની એકતા પણ ટકાવી રાખે અને પછી પોતાના વિદ્વાનો તથા ચિંતકોને સાચી સીમાઓમાં રહીને શોધ અને સંશોધન તેમજ અનુસંધાનની સ્વતંત્રતા આપીને વિકાસની તકો પણ જાળવી રાખે.

''આ તો મારો મત છે અને જાણવાવાળો તો અલ્લાહ જ છે, તેના જ ઉપર મારો ભરોસો છે અને તેના જ તરફ હું રજૂ થાઉં છું.''

આ પ્રસ્તાવનામાં તે તમામ સમસ્યાઓ અને બાબતોને સમેટવાનો મારો ઉદ્દેશ્ય નથી, જે કુર્આનના અધ્યયન કરતાં એક વાચકના મસ્તિષ્કમાં ઊભી થાય છે. એટલા માટે કે આવા પ્રશ્નોનો અધિકાંશ હિસ્સો એવો છે જે કોઈને કોઈ આયત કે સૂરઃ સામે આવતા મનને ખટકે છે, અને તેનો જવાબ 'તફહીમુલ્-કુર્આન'માં જે તે અવસરે આપી દેવામાં આવ્યો છે. તેથી આવા પ્રશ્નોને છોડીને મેં અહીં માત્ર તે જ વ્યાપક સમસ્યાઓ ઉપર ચર્ચા કરી છે, જે સમગ્રતયા આખા કુર્આનથી સંબંધ ધરાવે છે. સુજ્ઞ વાચકોથી મારું નિવેદન છે કે માત્ર આ પ્રસ્તાવના જોઈને જ તેના 'અપૂર્ણ' હોવાનો નિર્ણય ન કરી લે, બલ્કે સમગ્ર પુસ્તક (તફહીમુલ્-કુર્આન) જોયા પછી જો તેમના મનમાં કેટલાક પ્રશ્નો 'જવાબ આપવા-યોગ્ય' બાકી રહી જાય અથવા તે અપર્યાપ્ત લાગે તો તેની જાણ કરે. ●

અલ-ફાતિહા

પરિચય

નામ :

આ સૂરઃનું નામ 'અલ-ફાતિહા' તેના વિષયને અનુરૂપ છે. 'ફાતિહા' તે વસ્તુને કહે છે, જેનાથી કોઈ વિષય અથવા પુસ્તક અથવા કોઈ વસ્તુની શરૂઆત થાય. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે આ નામ 'પ્રસ્તાવના'નું સમાનાર્થી છે.

ઉતરાણકાળ :

આ હઝરત મુહમ્મદ (સલ્લ.)ની નુબૂવ્વત (ઈશદૂતત્વ)ના તદ્દન આરંભકાળની સૂરઃ છે, બલ્કે વિશ્વસનીય નોંધોથી જણાય છે કે સૌપ્રથમ સંપૂર્ણ સૂરઃ, જે હઝરત મુહમ્મદ (સલ્લ.) પર અવતરિત થઈ, તે આ જ છે. આ પહેલાં કેટલીક અલગ-અલગ આયતો ઊતરી હતી, જે સૂરઃ અલક, સૂરઃ મુઝ્ઝમ્મિલ અને સૂરઃ મુદ્દસ્સિર વગેરેમાં સામેલ છે.

વિષય :

વાસ્તવમાં આ સૂરઃ એક દુઆ (પ્રાર્થના) છે, જે અલ્લાહે તે દરેક મુનષ્યને શીખવી છે, જે આ ગ્રંથનો અભ્યાસ શરૂ કરી રહ્યો હોય. ગ્રંથના આરંભમાં આને રાખવાનો અર્થ એ છે કે જો તમે વાસ્તવમાં આ ગ્રંથથી લાભ પ્રાપ્ત કરવા માગતા હોવ, તો પહેલાં સૃષ્ટિના સ્વામીથી આ દુઆ કરો.

મનુષ્ય સ્વાભાવિક રીતે દુઆ એ જ વસ્તુની કરતો હોય છે, જેની આકાંક્ષા-અભિલાષા અને ઇચ્છા તેના હૃદયમાં હોય છે, અને એ જ સ્થિતિમાં કરે છે જ્યારે કે તેને એ અહેસાસ હોય કે તેની અપેક્ષિત વસ્તુ તે હસ્તીના અધિકારમાં છે, જેનાથી તે દુઆ કરી રહ્યો છે. તેથી કુર્આનના આરંભમાં આ દુઆ શિખવાડીને જાણે મનુષ્યને એ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે કે તે આ ગ્રંથ સન્માર્ગની ખોજ માટે પઢે, સત્યના અભિલાષી જેવી મનોભાવના સાથે પઢે, અને એ જાણી લે કે જ્ઞાન (ઇલ્મ)નો સ્રોત સૃષ્ટિનો સ્વામી છે, તેથી તેનાથી જ માર્ગદર્શનનું નિવેદન કરીને પઢવાની શરૂઆત કરે.

આ વિષયને સમજી લીધા પછી એ વાત સ્વયં સ્પષ્ટ થઈ જાય છે કે કુર્આન અને સૂરઃ ફાતિહા વચ્ચે વાસ્તવિક સંબંધ પુસ્તક અને તેની પ્રસ્તાવના જેવો નહીં, બલ્કે દુઆ અને દુઆના જવાબ જેવો છે. સૂરઃ ફાતિહા એક દુઆ છે બંદા તરફથી, અને કુર્આન તેનો જવાબ છે અલ્લાહ તરફથી. બંદો દુઆ કરે છે કે હે પાલનહાર ! મારું માર્ગદર્શન કર. જવાબમાં પાલનહાર સંપૂર્ણ કુર્આન તેના સામે મૂકી દે છે કે આ છે તે સન્માર્ગ અને માર્ગદર્શન, જેની માગણી તેં મારાથી કરી છે.

آيَاتُهَا ٧ — سُوْرَةُ الْفَاتِحَةِ مَكِّيَّةٌ — رُكُوْعَاتُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ﴿١﴾ الرَّحْمٰنِ
الرَّحِيْمِ ۙ﴿٢﴾ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ﴿٣﴾
اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ ؕ﴿٤﴾
اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ﴿٥﴾ صِرَاطَ
الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ﴿٦﴾ غَيْرِ
الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ﴿٧﴾ ع

રૂકૂઅ ૧ | સૂરઃ અલ-ફાતિહા (મક્કામાં અવતરિત થઈ) | આયતો ૭

بِسۡمِ ٱللَّهِ ٱلرَّحۡمَٰنِ ٱلرَّحِيمِ

અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

(૧) પ્રશંસા અલ્લાહ માટે જ છે, જે સમગ્ર સૃષ્ટિનો રબ (માલિક અને પાલનહાર) છે, (૨) અત્યંત કૃપાળુ અને દયાળુ છે, (૩) બદલા (ન્યાય)ના દિવસનો માલિક છે.

(૪) અમે તારી જ ઈબાદત કરીએ છીએ અને તારી જ મદદ માગીએ છીએ.

(૫) અમને સીધો માર્ગ બતાવ, (૬) એ લોકોનો માર્ગ જેમના ઉપર તેં કૃપા કરી, (૭) જે પ્રકોપના ભોગ ન બન્યા, જે પથભ્રષ્ટ નથી. (રૂકૂઅ ૧)

(૨) અલ-બકરહ

પરિચય

નામ :

આ સૂરઃનું નામ 'બકરહ' એટલા માટે છે કે તેમાં એક જગ્યાએ 'બકરહ'નો ઉલ્લેખ થયો છે. 'બકરહ'નો અર્થ થાય છે – ગાય. કુર્આન-મજીદની દરેક સૂરઃમાં એટલા વ્યાપક વિષયોનો ઉલ્લેખ થયો છે કે તેમના માટે વિષયાનુસાર વ્યાપક શીર્ષકો આપી શકાતા નથી. એટલા માટે પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)એ અલ્લાહના માર્ગદર્શન મુજબ કુર્આનની મોટાભાગની સૂરઃઓ માટે વિષયાનુસાર શીર્ષક આપવાને બદલે નામો નક્કી કર્યા છે, જે માત્ર ઓળખના હેતુ માટે છે. આ સૂરઃને 'બકરહ' કહેવાનો અર્થ એ નથી કે તેમાં ગાયની સમસ્યા વિષે ચર્ચા કરવામાં આવી છે, બલ્કે તેનો અર્થ માત્ર એ છે કે તે સૂરઃ જેમાં ગાયનો ઉલ્લેખ થયેલ છે.

ઉતરાણકાળ :

આ સૂરઃનો મોટો ભાગ હઝરત મુહમ્મદ (સલ્લ.) અને આપના સાથીઓના મદીના હિજરત કરી ગયા પછી મદીનાના આરંભકાળમાં ઊતર્યો છે. અલબત્ત, થોડો હિસ્સો એવો છે જેનું ઉતરાણ પછીથી થયું, પરંતુ વિષયની અનુરૂપતાના કારણે તે ભાગને પણ આ સૂરઃમાં સામેલ કરી દેવામાં આવ્યો છે.

ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ :

આ સૂરઃને સમજવા માટે સૌ પ્રથમ તેના ઉતરાણકાળની ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ સમજી લેવી જરૂરી છે.

(૧) હિજરત અગાઉ મક્કામાં જ્યાં સુધી ઈસ્લામનું આમંત્રણ આપવામાં આવતું રહ્યું, સંબોધન મહદ્અંશે અરબસ્તાનના મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)થી હતું, જેમના માટે ઈસ્લામનો સંદેશ તેમના માટે નવો અને અપરિચિત હતો. હવે હિજરત પછી મદીનાના આસપાસના વિસ્તારોમાં

રહેતા યહૂદીઓને ઇસ્લામનું આમંત્રણ આપવાનું શરૂ થયું. તે લોકો તૌહીદ (એકેશ્વરવાદ), રિસાલત (ઈશદૂતત્વ), આખિરત (પરલોક), વહ્ય અને ફરિશ્તાઓના અસ્તિત્વમાં માનતા હતા અને સૈદ્ધાંતિક રૂપે તેમનો દીન (ધર્મ) તે જ ઇસ્લામ હતો, જેનું શિક્ષણ હઝરત મુહમ્મદ (સલ્લ.) આપી રહ્યા હતા. પરંતુ સદીઓથી થઈ રહેલા નિરંતર અધઃપતને તેમને પોતાના સાચા ધર્મ (મૂસા-ધર્મ)થી ખૂબ જ દૂર કરી દીધા હતા. જ્યારે અલ્લાહના અંતિમ પયગંબર (સલ્લ.) મદીના પહોંચ્યા, તો અલ્લાહે આપને માર્ગદર્શન આપ્યું કે તેમને મૂળભૂત ધર્મ તરફ બોલાવવામાં આવે. આ સંદર્ભમાં આ સૂરઃની આરંભની ૧૪૧ આયતો આ જ આહવાન્ ઉપર આધારિત છે.

(૨) મક્કામાં ઇસ્લામના પ્રચારનું કાર્ય ધર્મના સિદ્ધાંતોનું શિક્ષણ અને ઇસ્લામનો સ્વીકાર કરનારાઓના ચરિત્ર-ઘડતર સુધી મર્યાદિત હતું. પરંતુ મદીનામાં આ ઇસ્લામી આહવાન્ એક નવા તબક્કામાં પ્રવેશી ચૂક્યું હતું. આરબ દેશોના વિભિન્ન વિભાગોમાં જે આરબોએ ઇસ્લામનો સ્વીકાર કર્યો હતો તેઓ હિજરત પછી દરેક દિશામાંથી સમેટાઈને મદીનામાં એકત્ર થઈ ગયા હતા. મદીનાના સ્થાનિક અન્સારના સહયોગથી અહીં એક નાનકડા ઇસ્લામી રાજ્યનો પાયો પણ નંખાઈ ગયો તો આ પાંગરતા મુસ્લિમ સમાજને અલ્લાહે નબી (સલ્લ.) દ્વારા સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય અને કાનૂની પ્રશ્નો વિષે સૈદ્ધાંતિક માર્ગદર્શન આપવાનો આરંભ કર્યો. ઇસ્લામના વર્તુળમાં રહીને જીવનની નવતર વ્યવસ્થાનું નિર્માણ કરવાની રૂપરેખા પણ સમજાવવામાં આવી. આ સૂરઃ આયત ૧૪૨ થી અંત સુધી આ જ દિશા-માર્ગદર્શન ઉપર આધારિત છે.

(૩) હિજરત પહેલા લોકોને ઇસ્લામ તરફ તેમના પોતાના ઘરમાં (અર્થાત્ મક્કામાં) જ આમંત્રણ આપવામાં આવતુ રહ્યું અને વિભિન્ન કબીલાઓમાંથી જેઓ ઇસ્લામનો સ્વીકાર કરતા હતા, તેઓ પોત-પોતાની જગ્યાએ રહીને ધર્મનો પ્રસાર કરતા અને પ્રત્યુત્તરમાં મુસીબતો અને અત્યાચારો સહન કરતા હતા. પરંતુ હિજરત પછી જ્યારે આ વિખેરાયેલા મુસલમાનો મદીનામાં એકત્ર થઈને એક સમૂહ બની ગયા અને તેમણે એક નાનકડું સ્વતંત્ર રાજ્ય સ્થાપિત કરી દીધું તો પરિસ્થિતિ એ થઈ ગઈ કે એક તરફ નાનકડી

વસ્તી હતી અને બીજી તરફ શેષ તમામ આરબ જગત તેને વિનષ્ટ કરવા તલપાપડ બની ગયું હતું. હવે આ અલ્પસંખ્યક સમૂહની સફળતા જ નહીં, બલ્કે તેના સ્થાયિત્વ અને અસ્તિત્વનો આધાર એ વાત ઉપર હતો કે તેઓ પૂરેપૂરા ઉત્સાહ અને ઉમંગ સાથે પોતાના દષ્ટિકોણનો પ્રચાર કરીને વધુમાં વધુ લોકોને પોતાના વિચારોનો સ્વીકાર કરનારા બનાવવાના પ્રયત્નો કરે. બીજું તે વિરોધીઓનું અસત્ય પર હોવું એવી રીતે દલીલોથી અને સંપૂર્ણપણે સ્પષ્ટ કરી દેવામાં આવે કે કોઈ પણ સમજદાર વ્યક્તિને તેમાં શંકા ન રહે. ત્રીજું એ કે જે આપત્તિમાં તેઓ ચોતરફથી ઘેરાઈ ગયા છે, તેમાં હતાશ ન થાય, બલ્કે પૂરેપૂરા ધૈર્ય અને અડગતા સાથે આ સંજોગોનો સામનો કરે. ચોથી વાત એ કે તેઓ બહાદૂરીપૂર્વક દરેક તેવા સશસ્ત્ર અવરોધોનો સશસ્ત્ર મુકાબલો કરવા તૈયાર થઈ જાય, જે તેમના આહવાન્‌ને નિષ્ફળ બનાવવા કોઈ પણ સમૂહ કે શક્તિ તરફથી કરવામાં આવે. પાંચમી વાત એ કે તેમનામાં એટલું સાહસ પેદા થઈ જાય કે જો આરબો આ નવીન જીવન વ્યવસ્થાને, જે ઇસ્લામ સ્થાપિત કરવા માંગે છે, સમજાવવા છતાં અપનાવવા તેયાર ન થાય, તો તેમની અજ્ઞાનતાની દૂષિત જીવન વ્યવસ્થાને શક્તિ વડે દૂર કરી દેવામાં પણ સંકોચ ન કરે. અલ્લાહે આ સૂરઃમાં આ પાંચ બાબતો વિષે પ્રારંભિક માર્ગદર્શન આપ્યું છે.

(૪) ઈસ્લામી આહવાન્‌ના આ તબક્કામાં એક નવો સમૂહ પણ પ્રગટ થવાનો શરૂ થઈ ગયો હતો અને આ મુનાફિકો (દંભીઓ, કપટાચારીઓ)નો સમૂહ હતો. જો કે નિફાક (દંભ)ની શરૂઆતના લક્ષણો મક્કાના અંતિમ દિવસોમાં જ જાહેર થવા લાગ્યા હતા. પરંતુ ત્યાં માત્ર તે પ્રકારના જ દંભીઓ જોવા મળતા હતા, જેઓ ઈસ્લામની સત્યતાને તો માનતા હતા અને ઈમાનનો સ્વીકાર પણ કરતા હતા, પરંતુ તેના માટે કોઈ પણ પ્રકારનો ભોગ આપવા તૈયાર ન હતા. મદીના પહોંચીને આ પ્રકારના મુનાફિકો સિવાય અમુક બીજા પ્રકારના મુનાફિકો પણ ઈસ્લામી સમૂહમાં દેખાવા લાગ્યા, એટલે તેમના વિષે પણ માર્ગદર્શન આવવું જરૂરી હતું.

સૂરઃ બકરહની આયતોના ઉતરાણ કાળમાં આ વિવિધ પ્રકારના દંભીઓ મુસ્લિમ સમાજમાં પહેલી વખત દેખાયા હતા, તેથી તેમને પારખી શકાય તે હેતુથી અલ્લાહતઆલાએ આ દંભી મુસલમાનો તરફ ટૂંકાણમાં નિર્દેશ

કર્યો છે. પાછળથી જેમ-જેમ આ દંભીઓના ગુણો અને હરકતો જાહેર થવા લાગી તેમ-તેમ પછીની સૂરઃ ઓમાં દરેક પ્રકારના દંભીઓ વિષે તેમની સ્થિતિ અનુસાર જુદા-જુદા આદેશો અને વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું.

اٰيَاتُهَا ٢٨٦ (٢) سُوْرَةُ الْبَقَرَةِ مَدَنِيَّةٌ (٨٧) رُكُوْعَاتُهَا ٤٠

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓ ۝١ ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۛ فِيْهِ ۛ
هُدًى لِّلْمُتَّقِيْنَ ۝٢ الَّذِيْنَ يُؤْمِنُوْنَ
بِالْغَيْبِ وَيُقِيْمُوْنَ الصَّلٰوةَ وَمِمَّا
رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ۝٣ وَالَّذِيْنَ
يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ
مِنْ قَبْلِكَ ۚ وَبِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ۝٤

રૂકૂઅ ૪૦

સૂર: અલ-બકરહ

(મદીનામાં અવતરિત થઈ)

આયતો ૨૮૬

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

(૧) અલિફ-લામ-મીમ, (૨) આ અલ્લાહનો ગ્રંથ છે, એમાં કોઈ શંકા નથી, માર્ગદર્શન છે તે સંયમી લોકો માટે (૩) જેઓ અદૃશ્ય ઉપર ઈમાન લાવે છે, નમાઝ કાયમ કરે છે, જે રોઝી અમે તેમને આપી છે, તેમાંથી ખર્ચ કરે છે, (૪) જે ગ્રંથ તમારા ઉપર અવતરિત કરવામાં આવ્યો છે (અર્થાત્ કુર્આન) અને જે ગ્રંથો તમારા અગાઉ અવતરિત કરવામાં આવ્યા હતા તે સૌના ઉપર ઈમાન લાવે છે, અને આખિરત ઉપર શ્રદ્ધા રાખે છે.

اُولٰٓئِكَ عَلٰى هُدًى مِّنْ رَّبِّهِمْ ۙ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ۝٥
اِنَّ الَّذِيْنَ كَفَرُوْا سَوَآءٌ عَلَيْهِمْ ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ
تُنْذِرْهُمْ لَا يُؤْمِنُوْنَ ۝٦ خَتَمَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ وَعَلٰى
سَمْعِهِمْ ؕ وَعَلٰٓى اَبْصَارِهِمْ غِشَاوَةٌ ۫ وَّلَهُمْ عَذَابٌ
عَظِيْمٌ ۝٧ ع وَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ اٰمَنَّا بِاللّٰهِ وَ
بِالْيَوْمِ الْاٰخِرِ وَمَا هُمْ بِمُؤْمِنِيْنَ ۝٨ ۘ يُخٰدِعُوْنَ اللّٰهَ وَ
الَّذِيْنَ اٰمَنُوْا ۚ وَمَا يَخْدَعُوْنَ اِلَّآ اَنْفُسَهُمْ وَمَا يَشْعُرُوْنَ ۝٩ ؕ
فِىْ قُلُوْبِهِمْ مَّرَضٌ ۙ فَزَادَهُمُ اللّٰهُ مَرَضًا ۚ وَلَهُمْ عَذَابٌ
اَلِيْمٌ ۙ بِمَا كَانُوْا يَكْذِبُوْنَ ۝١٠ وَاِذَا قِيْلَ لَهُمْ لَا
تُفْسِدُوْا فِى الْاَرْضِ ۙ قَالُوْٓا اِنَّمَا نَحْنُ مُصْلِحُوْنَ ۝١١
اَلَآ اِنَّهُمْ هُمُ الْمُفْسِدُوْنَ وَلٰكِنْ لَّا يَشْعُرُوْنَ ۝١٢ وَاِذَا
قِيْلَ لَهُمْ اٰمِنُوْا كَمَآ اٰمَنَ النَّاسُ قَالُوْٓا اَنُؤْمِنُ
كَمَآ اٰمَنَ السُّفَهَآءُ ؕ اَلَآ اِنَّهُمْ هُمُ السُّفَهَآءُ وَلٰكِنْ
لَّا يَعْلَمُوْنَ ۝١٣ وَاِذَا لَقُوا الَّذِيْنَ اٰمَنُوْا قَالُوْٓا اٰمَنَّا ۚ وَ
اِذَا خَلَوْا اِلٰى شَيٰطِيْنِهِمْ ۙ قَالُوْٓا اِنَّا مَعَكُمْ ۙ اِنَّمَا نَحْنُ
مُسْتَهْزِءُوْنَ ۝١٤ اَللّٰهُ يَسْتَهْزِئُ بِهِمْ وَيَمُدُّهُمْ فِىْ طُغْيَانِهِمْ
يَعْمَهُوْنَ ۝١٥ اُولٰٓئِكَ الَّذِيْنَ اشْتَرَوُا الضَّلٰلَةَ بِالْهُدٰى
فَمَا رَبِحَتْ تِّجَارَتُهُمْ وَمَا كَانُوْا مُهْتَدِيْنَ ۝١٦
مَثَلُهُمْ كَمَثَلِ الَّذِى اسْتَوْقَدَ نَارًا ۚ فَلَمَّآ اَضَآءَتْ

ع٧ - وقف لازم

૫. આવા લોકો પોતાના રબ તરફથી સીધા માર્ગ ઉપર છે અને તેઓ જ સફળતા પ્રાપ્ત કરવાવાળા છે.

૬. જે લોકોએ (આ વાતોને માનવાનો) ઈન્કાર કરી દીધો, તેમના માટે એક સરખું છે કે તમે તેમને ચેતવો કે ન ચેતવો, કોઈ પણ સંજોગોમાં તેઓ માનવાના નથી.

૭. અલ્લાહે તેમના હૃદયો અને કાનો પર મહોર મારી દીધી છે અને તેમની આંખો ઉપર પડદો પડી ગયો છે. તેઓ સખત સજાને પાત્ર છે. (રુકૂઅ-૧)

૮. કેટલાક લોકો એવા પણ છે જેઓ કહે છે કે અમે અલ્લાહ ઉપર અને આખિરત (પરલોક)ના દિવસ ઉપર ઈમાન લાવ્યા છીએ, જો કે હકીકતમાં તેઓ મોમિન (Believers) નથી.

૯. તેઓ અલ્લાહ અને ઈમાન લાવનારાઓ સાથે છેતરપિંડી કરી રહ્યા છે. પરંતુ ખરેખર તો તેઓ સ્વયં પોતાની જાતને જ છેતરી રહ્યાં છે અને તેમને તેનું ભાન નથી.

૧૦. તેમના હૃદયમાં એક રોગ છે જેને અલ્લાહે ઓર વધારી દીધો, અને જે જૂઠ તેઓ બોલે છે તેના બદલામાં તેમના માટે પીડાકારી સજા છે.

૧૧. જ્યારે પણ તેમને કહેવામાં આવ્યું કે ધરતી ઉપર બગાડ ન ફેલાવો, તો તેમણે એમ જ કહ્યું : અમે તો સુધારણા કરનારા છીએ.

૧૨. સાવધાન ! હકીકતમાં આ જ લોકો બગાડ ફેલાવનારા છે, પણ તેમને ભાન નથી.

૧૩. અને જ્યારે તેમને કહેવામાં આવ્યું કે જેવી રીતે બીજા લોકો ઈમાન લાવ્યા છે તેવી રીતે તમે પણ ઈમાન લાવો, તો તેમણે એ જ જવાબ આપ્યો : શું અમે મૂર્ખ લોકોની જેમ ઈમાન લાવીએ ? સાવધાન ! સાચું તો એ છે કે તેઓ પોતે જ મૂર્ખ છે, પરંતુ તેઓ જાણતા નથી.

૧૪. જ્યારે તેઓ ઈમાનવાળાઓને મળે છે તો કહે છે કે અમે ઈમાન લાવ્યા છીએ, અને જ્યારે એકાંતમાં પોતાના શેતાનોને મળે છે, તો કહે છે કે ખરેખર તો અમે તમારા સાથે છીએ અને આ લોકો સાથે કેવળ મજાક કરી રહ્યા છીએ.

૧૫. અલ્લાહ તેમના સાથે મજાક કરી રહ્યો છે, તે એમને ઢીલ આપ્યે જાય છે અને તેઓ પોતાની ઉદ્દંડતામાં આંધળાઓની જેમ ભટકતા જાય છે.

૧૬. આ તે લોકો છે જેમણે માર્ગદર્શનના બદલામાં પથભ્રષ્ટતા ખરીદી લીધી છે, પરંતુ આ સોદો તેમના માટે નફાકારક નથી અને તેઓ કદાપિ સીધા માર્ગ ઉપર નથી.

૧૭. આ લોકોનું ઉદાહરણ એવું છે જેમ કે એક વ્યક્તિએ આગ સળગાવી,

مَا حَوْلَهٗ ذَهَبَ اللّٰهُ بِنُوْرِهِمْ وَتَرَكَهُمْ فِیْ ظُلُمٰتٍ
لَّا یُبْصِرُوْنَ ﴿۱۷﴾ صُمٌّۢ بُكْمٌ عُمْیٌ فَهُمْ لَا یَرْجِعُوْنَ ﴿۱۸﴾ ۙ
اَوْ كَصَیِّبٍ مِّنَ السَّمَآءِ فِیْهِ ظُلُمٰتٌ وَّرَعْدٌ وَّبَرْقٌ ۚ
یَجْعَلُوْنَ اَصَابِعَهُمْ فِیْۤ اٰذَانِهِمْ مِّنَ الصَّوَاعِقِ حَذَرَ
الْمَوْتِ ؕ وَاللّٰهُ مُحِیْطٌۢ بِالْكٰفِرِیْنَ ﴿۱۹﴾ یَكَادُ الْبَرْقُ
یَخْطَفُ اَبْصَارَهُمْ ؕ كُلَّمَاۤ اَضَآءَ لَهُمْ مَّشَوْا فِیْهِ ۙۗ وَاِذَاۤ
اَظْلَمَ عَلَیْهِمْ قَامُوْا ؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَذَهَبَ بِسَمْعِهِمْ
وَاَبْصَارِهِمْ ؕ اِنَّ اللّٰهَ عَلٰی كُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿۲۰﴾ یٰۤاَیُّهَا ع ۲
النَّاسُ اعْبُدُوْا رَبَّكُمُ الَّذِیْ خَلَقَكُمْ وَالَّذِیْنَ مِنْ
قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿۲۱﴾ ۙ الَّذِیْ جَعَلَ لَكُمُ الْاَرْضَ
فِرَاشًا وَّالسَّمَآءَ بِنَآءً ۪ وَّاَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَخْرَجَ
بِهٖ مِنَ الثَّمَرٰتِ رِزْقًا لَّكُمْ ۚ فَلَا تَجْعَلُوْا لِلّٰهِ اَنْدَادًا وَّ
اَنْتُمْ تَعْلَمُوْنَ ﴿۲۲﴾ وَاِنْ كُنْتُمْ فِیْ رَیْبٍ مِّمَّا نَزَّلْنَا عَلٰی
عَبْدِنَا فَاْتُوْا بِسُوْرَةٍ مِّنْ مِّثْلِهٖ ۪ وَادْعُوْا شُهَدَآءَكُمْ
مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ﴿۲۳﴾ فَاِنْ لَّمْ تَفْعَلُوْا
وَلَنْ تَفْعَلُوْا فَاتَّقُوا النَّارَ الَّتِیْ وَقُوْدُهَا النَّاسُ وَ
الْحِجَارَةُ ۖۚ اُعِدَّتْ لِلْكٰفِرِیْنَ ﴿۲۴﴾ وَبَشِّرِ الَّذِیْنَ اٰمَنُوْا وَ
عَمِلُوا الصّٰلِحٰتِ اَنَّ لَهُمْ جَنّٰتٍ تَجْرِیْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ ؕ كُلَّمَا رُزِقُوْا مِنْهَا مِنْ ثَمَرَةٍ رِّزْقًا ۙ قَالُوْا

અને જ્યારે તેણે સમગ્ર વાતાવરણને પ્રકાશિત કરી દીધું, તો અલ્લાહે તેમની આંખની જોવાની દૃષ્ટિ છીનવી લીધી અને તેમને એ હાલતમાં છોડી દીધા કે અંધકારમાં તેમને કશું દેખાતું નથી.

૧૮. આ લોકો બહેરા છે, મૂંગા છે, આંધળા છે, તેઓ હવે પાછા નહીં ફરે.

૧૯. અથવા પછી તેમનું દૃષ્ટાંત એમ સમજો કે આકાશમાંથી ધોધમાર વર્ષા થઈ રહી છે અને તેના સાથે ઘનઘોર વાદળો અને ગર્જના અને વીજળી પણ છે, આ લોકો વીજળીના કડાકા સાંભળીને પોતાના જીવના ભયથી કાનોમાં આંગળીઓ ખોસી લે છે અને અલ્લાહે આ સત્યના ઇન્કાર કરનારાઓને દરેક બાજુથી ઘેરામાં લઈ લીધા છે.

૨૦. વીજળીના ચમકારાથી એમની હાલત એવી થઈ રહી છે કે જાણે હમણાં જ વીજળી એમની આંખોની દૃષ્ટિ આંચકી લેશે. જ્યારે થોડો પણ પ્રકાશ એમને દેખાય છે તો તેમાં થોડે દૂર ચાલી લે છે અને જ્યારે એમના ઉપર અંધારું છવાઈ જાય છે તો ઊભા થઈ જાય છે. અલ્લાહ ઇચ્છતો તો તેમની સાંભળવાની અને જોવાની શક્તિ જ છીનવી લેતો, નિઃશંક તે દરેક વસ્તુ ઉપર સામર્થ્ય ધરાવે છે. (રુકૂઅ-૨)

૨૧. લોકો ! બંદગી અપનાવો, પોતાના તે રબ (માલિક અને પાલનહાર)ની જે તમારો અને તમારા અગાઉ જે લોકો થઈ ગયા છે, તે સૌનો સર્જનહાર છે. તમારા બચાવની આશા આ જ રીતે થઈ શકે છે.

૨૨. તે જ તો છે જેણે તમારા માટે ધરતીનું પાથરણું પાથર્યું, આકાશની છત બનાવી, ઉપરથી પાણી વરસાવ્યું અને તેના દ્વારા દરેક પ્રકારના ખાદ્ય પદાર્થો ઉત્પન્ન કરીને તમારા માટે જીવિકા પૂરી પાડી. પછી જ્યારે તમે આ જાણો છો તો બીજાઓને અલ્લાહના સમકક્ષ ન ઠેરવો.

૨૩. અને જો તમને એ બાબતમાં શંકા છે કે આ ગ્રંથ જે અમે અમારા બંદા પર અવતરિત કર્યો છે, તે અમારો છે કે નહીં, તો આના જેવી એક જ સૂરઃ બનાવી લાવો, પોતાના સૌ સમર્થકોને બોલાવી લો, એક અલ્લાહ સિવાય બાકી જેની ચાહો મદદ મેળવી લો, જો તમે સાચા છો તો આ કામ કરીને બતાવો.

૨૪. પરંતુ જો તમે આવું ન કર્યું, અને નિઃશંક ક્યારેય નથી કરી શકતા, તો ડરો તે આગથી, જેનું ઈંધણ બનશે મનુષ્ય અને પથ્થર, જે તૈયાર કરવામાં આવી છે સત્યનો ઇન્કાર કરનારાઓ માટે.

૨૫. અને હે પયગંબર ! જે લોકો આ ગ્રંથ ઉપર ઈમાન લઈ આવે અને (તેના અનુરૂપ) કર્મો ઠીકઠાક કરી લે, તેમને ખુશખબર આપી દો કે તેમના માટે એવા બગીચા છે, જેમના નીચે નહેરો વહેતી હશે, આ બગીચાઓના ફળો દેખાવમાં દુનિયાના ફળોને મળતા હશે. જ્યારે કોઈ ફળ એમને

هٰذَا الَّذِیْ رُزِقْنَا مِنْ قَبْلُ ۙ وَاُتُوْا بِهٖ مُتَشَابِهًا ؕ وَلَهُمْ
فِیْهَاۤ اَزْوَاجٌ مُّطَهَّرَةٌ ۙۗ وَّهُمْ فِیْهَا خٰلِدُوْنَ ﴿۲۵﴾ اِنَّ اللّٰهَ
لَا یَسْتَحْیٖۤ اَنْ یَّضْرِبَ مَثَلًا مَّا بَعُوْضَةً فَمَا فَوْقَهَا ؕ
فَاَمَّا الَّذِیْنَ اٰمَنُوْا فَیَعْلَمُوْنَ اَنَّهُ الْحَقُّ مِنْ رَّبِّهِمْ ۚ وَاَمَّا
الَّذِیْنَ كَفَرُوْا فَیَقُوْلُوْنَ مَاذَاۤ اَرَادَ اللّٰهُ بِهٰذَا مَثَلًا ۘ وقف لازم
یُضِلُّ بِهٖ كَثِیْرًا ۙ وَّیَهْدِیْ بِهٖ كَثِیْرًا ؕ وَمَا یُضِلُّ بِهٖۤ اِلَّا
الْفٰسِقِیْنَ ۙ﴿۲۶﴾ الَّذِیْنَ یَنْقُضُوْنَ عَهْدَ اللّٰهِ مِنْ بَعْدِ
مِیْثَاقِهٖ ۪ وَیَقْطَعُوْنَ مَاۤ اَمَرَ اللّٰهُ بِهٖۤ اَنْ یُّوْصَلَ وَ
یُفْسِدُوْنَ فِی الْاَرْضِ ؕ اُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿۲۷﴾ كَیْفَ
تَكْفُرُوْنَ بِاللّٰهِ وَكُنْتُمْ اَمْوَاتًا فَاَحْیَاكُمْ ۚ ثُمَّ یُمِیْتُكُمْ ثُمَّ
یُحْیِیْكُمْ ثُمَّ اِلَیْهِ تُرْجَعُوْنَ ﴿۲۸﴾ هُوَ الَّذِیْ خَلَقَ لَكُمْ مَّا
فِی الْاَرْضِ جَمِیْعًا ۗ ثُمَّ اسْتَوٰۤى اِلَى السَّمَآءِ فَسَوّٰىهُنَّ
سَبْعَ سَمٰوٰتٍ ؕ وَهُوَ بِكُلِّ شَیْءٍ عَلِیْمٌ ﴿۲۹﴾ وَاِذْ قَالَ رَبُّكَ ع ۳
لِلْمَلٰٓئِكَةِ اِنِّیْ جَاعِلٌ فِی الْاَرْضِ خَلِیْفَةً ؕ قَالُوْۤا اَتَجْعَلُ
فِیْهَا مَنْ یُّفْسِدُ فِیْهَا وَیَسْفِكُ الدِّمَآءَ ۚ وَنَحْنُ نُسَبِّحُ
بِحَمْدِكَ وَنُقَدِّسُ لَكَ ؕ قَالَ اِنِّیْۤ اَعْلَمُ مَا لَا تَعْلَمُوْنَ ﴿۳۰﴾
وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَى الْمَلٰٓئِكَةِ ۙ
فَقَالَ اَنْۢبِـُٔوْنِیْ بِاَسْمَآءِ هٰۤؤُلَآءِ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ﴿۳۱﴾
قَالُوْا سُبْحٰنَكَ لَا عِلْمَ لَنَاۤ اِلَّا مَا عَلَّمْتَنَا ؕ اِنَّكَ اَنْتَ الْعَلِیْمُ

ખાવા માટે આપવામાં આવશે તો તેઓ કહેશે કે આવા જ ફળો આનાથી પહેલાં દુનિયામાં અમને આપવામાં આવતા હતા. તેમના માટે ત્યાં પુનિત (પાક) પત્નીઓ હશે અને તેઓ ત્યાં હંમેશાં રહેશે.

૨૬. હા, અલ્લાહ એનાથી કદાપિ શરમાતો નથી કે મચ્છર કે તેનાથી પણ વધુ નાની કોઈ વસ્તુનું દષ્ટાંત આપે. જે લોકો સત્ય વાતને સ્વીકારનારા છે, તેઓ આ જ દષ્ટાંતોને જોઈને જાણી લે છે કે આ સત્ય છે, જે એમના રબના જ તરફથી આવ્યું છે, અને જે લોકો માનવાવાળા નથી, તેઓ આને સાંભળીને કહેવા લાગે છે કે આવા દષ્ટાંતોથી અલ્લાહનો શું સંબંધ ? આવી રીતે અલ્લાહ એક જ વાતથી ઘણાંને પથભ્રષ્ટતામાં નાખી દે છે અને ઘણાંને સીધો માર્ગ દેખાડી દે છે; અને તેનાથી તે એ લોકોને જ પથભ્રષ્ટતામાં નાખે છે, જેઓ 'ફાસિક' (અવજ્ઞાકારી) છે,

૨૭. અલ્લાહ સાથે પાકો કરાર કર્યા પછી તોડી નાખે છે, અલ્લાહે જેને જોડવાનો હુકમ આપ્યો છે તેને તોડે છે, અને ધરતી ઉપર બગાડ પેદા કરે છે. હકીકતમાં આ જ લોકો નુકસાન ઉઠાવનારા છે.

૨૮. તમે અલ્લાહ સાથે કુફ્ર (ઇન્કાર)નું વલણ કઈ રીતે અપનાવો છો, જ્યારે કે તમે નિર્જીવ હતા, તેણે તમને જીવન પ્રદાન કર્યું, પછી તે જ તમારા પ્રાણ લઈ લેશે, પછી તે જ ફરીવાર જીવન પ્રદાન કરશે, પછી તેના જ તરફ તમારે પાછા ફરીને જવાનું છે.

૨૯. તે જ તો છે, જેણે તમારા માટે ધરતીની બધી વસ્તુઓ પેદા કરી, પછી ઉપરની તરફ ધ્યાન આપ્યું અને સાત આકાશો વ્યવસ્થિત રીતે બનાવ્યા, અને તે દરેક વસ્તુનું જ્ઞાન ધરાવનાર છે. (રુકૂઅ-૩)

૩૦. પછી જરા તે સમયની કલ્પના કરો, જ્યારે તમારા રબે ફરિશ્તાઓને કહ્યું હતું કે "હું ધરતી પર એક ખલીફા (પ્રતિનિધિ, નાયબ) બનાવવાનો છું." તેમણે અરજ કરી, "શું આપ ધરતી પર કોઈ એવાને નિયુક્ત કરવાના છો, જે તેની વ્યવસ્થાને બગાડી મૂકશે અને ખૂનામરકી કરશે ? આપની સ્તુતિની સાથે-સાથે તસ્બીહ (ગુણગાન) અને આપની પવિત્રતાનો જાપ તો અમે કરી જ રહ્યા છીએ." ફરમાવ્યું, "હું જાણું છું, જે કંઈ તમે નથી જાણતા."

૩૧. ત્યારપછી અલ્લાહે આદમને બધી વસ્તુઓના નામ શીખવાડ્યા, પછી તેમને ફરિશ્તાઓ સમક્ષ રજૂ કર્યા અને ફરમાવ્યું, "જો તમારો વિચાર સાચો છે (કે કોઈ ખલીફાની નિમણૂકથી તંત્ર બગડી જશે) તો જરા આ વસ્તુઓના નામ બતાવો."

૩૨. તેમણે નિવેદન કર્યું, "ખામીરહિત તો આપની જ હસ્તી છે. અમે તો માત્ર

الْحَكِیْمُ ﴿٣٢﴾ قَالَ یٰۤاٰدَمُ اَنْۢبِئْهُمْ بِاَسْمَآىِٕهِمْ ۚ فَلَمَّاۤ اَنْۢبَاَهُمْ
بِاَسْمَآىِٕهِمْ ۙ قَالَ اَلَمْ اَقُلْ لَّكُمْ اِنِّیْۤ اَعْلَمُ غَیْبَ السَّمٰوٰتِ
وَ الْاَرْضِ ۙ وَ اَعْلَمُ مَا تُبْدُوْنَ وَ مَا كُنْتُمْ تَكْتُمُوْنَ ﴿٣٣﴾ وَ اِذْ
قُلْنَا لِلْمَلٰٓىِٕكَةِ اسْجُدُوْا لِاٰدَمَ فَسَجَدُوْۤا اِلَّاۤ اِبْلِیْسَ ؕ اَبٰى
وَ اسْتَكْبَرَ ۗ وَ كَانَ مِنَ الْكٰفِرِیْنَ ﴿٣٤﴾ وَ قُلْنَا یٰۤاٰدَمُ اسْكُنْ
اَنْتَ وَ زَوْجُكَ الْجَنَّةَ وَ كُلَا مِنْهَا رَغَدًا حَیْثُ شِئْتُمَا ۪ وَ لَا
تَقْرَبَا هٰذِهِ الشَّجَرَةَ فَتَكُوْنَا مِنَ الظّٰلِمِیْنَ ﴿٣٥﴾ فَاَزَلَّهُمَا
الشَّیْطٰنُ عَنْهَا فَاَخْرَجَهُمَا مِمَّا كَانَا فِیْهِ ۪ وَ قُلْنَا اهْبِطُوْا
بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ۚ وَ لَكُمْ فِی الْاَرْضِ مُسْتَقَرٌّ وَّ مَتَاعٌ
اِلٰى حِیْنٍ ﴿٣٦﴾ فَتَلَقّٰۤى اٰدَمُ مِنْ رَّبِّهٖ كَلِمٰتٍ فَتَابَ عَلَیْهِ ؕ
اِنَّهٗ هُوَ التَّوَّابُ الرَّحِیْمُ ﴿٣٧﴾ قُلْنَا اهْبِطُوْا مِنْهَا جَمِیْعًا ۚ
فَاِمَّا یَاْتِیَنَّكُمْ مِّنِّیْ هُدًى فَمَنْ تَبِعَ هُدَایَ فَلَا خَوْفٌ
عَلَیْهِمْ وَ لَا هُمْ یَحْزَنُوْنَ ﴿٣٨﴾ وَ الَّذِیْنَ كَفَرُوْا وَ كَذَّبُوْا
بِاٰیٰتِنَاۤ اُولٰٓىِٕكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِیْهَا خٰلِدُوْنَ ﴿٣٩﴾ ع
یٰبَنِیْۤ اِسْرَآءِیْلَ اذْكُرُوْا نِعْمَتِیَ الَّتِیْۤ اَنْعَمْتُ عَلَیْكُمْ
وَ اَوْفُوْا بِعَهْدِیْۤ اُوْفِ بِعَهْدِكُمْ ۚ وَ اِیَّایَ فَارْهَبُوْنِ ﴿٤٠﴾ وَ
اٰمِنُوْا بِمَاۤ اَنْزَلْتُ مُصَدِّقًا لِّمَا مَعَكُمْ وَ لَا تَكُوْنُوْۤا اَوَّلَ
كَافِرٍۭ بِهٖ ۪ وَ لَا تَشْتَرُوْا بِاٰیٰتِیْ ثَمَنًا قَلِیْلًا ۫ وَّ اِیَّایَ
فَاتَّقُوْنِ ﴿٤١﴾ وَ لَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ وَ تَكْتُمُوا

એટલું જ જ્ઞાન ધરાવીએ છીએ, જેટલું આપે અમને પ્રદાન કરી દીધું છે. હકીકતમાંસર્વજ્ઞ અને બધું જ સમજવાવાળો આપના સિવાય કોઈ નથી."

૩૩. પછી અલ્લાહે આદમને કહ્યું, "તમે આમને એ વસ્તુઓના નામ બતાવો." જ્યારે તેણે એમને તે બધાના નામ બતાવી દીધા, તો અલ્લાહે ફરમાવ્યું, "મેં તમને કહ્યું ન હતું કે હું આકાશો અને ધરતીની તે સમગ્ર હકીકતો જાણું છું જે તમારાથી છુપાયેલી છે. જે કંઈ તમે જાહેર કરો છો, તેની પણ મને ખબર છે અને જે કંઈ તમે છુપાવો છો, તેને પણ હું જાણું છું."

૩૪. પછી જ્યારે અમે ફરિશ્તાઓને આદેશ આપ્યો કે આદમ સામે ઝૂકી જાઓ, ત્યારે સૌ ઝૂકી ગયા, પરંતુ ઇબ્લીસે ઇન્કાર કર્યો. તે પોતાની મોટાઈના ઘમંડમાં પડી ગયો અને અવજ્ઞાકારીઓમાં સામેલ થઈ ગયો.

૩૫. પછી અમે આદમને કહ્યું, "તમે અને તમારી પત્ની, બંને જન્નતમાં રહો, અને અહીં મુક્તપણે જે ચાહો તે ખાઓ, પરંતુ તે વૃક્ષની નજીક ન જશો, નહીં તો જાલિમોમાં ગણાશો.

૩૬. છેવટે શેતાને તે બંનેને તે વૃક્ષનું પ્રલોભન આપીને અમારા આદેશ-પાલનમાંથી ચલિત કરી દીધા અને તેમને તે સ્થિતિમાંથી કઢાવીને રહ્યો, જેમાં તેઓ હતા. અમે આદેશ આપ્યો કે, "હવે તમે બધા અહીંથી ઊતરી જાઓ, તમે એકબીજાના શત્રુ છો અને તમારે એક નિશ્ચિત મુદત સુધી ધરતી ઉપર મુકામ અને ત્યાં જ નિર્વાહ કરવાનો છે."

૩૭. તે વખતે આદમે પોતાના રબ (પ્રભુ) પાસેથી કેટલાક શબ્દો શીખીને તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) કરી, જે તેના રબે સ્વીકારી લીધી, કારણ કે તે મોટો ક્ષમાશીલ અને દયાળુ છે.

૩૮. અમે કહ્યું, "તમે સૌ અહીંથી ઊતરી જાઓ, પછી જો મારા તરફથી કોઈ માર્ગદર્શન તમારા પાસે આવે, તો જે લોકો મારા તે માર્ગદર્શનનું અનુસરણ કરશે, તેમના માટે કોઈ ભય અને દુઃખનો અવસર નહીં હોય,

૩૯. અને જેઓ તેને સ્વીકારવાનો ઇન્કાર કરશે અને અમારી આયતોને ખોટી ઠેરવશે, તેઓ આગમાં જનારા લોકો છે, જ્યાં તેઓ હંમેશાં રહેશે. (રુકૂઅ-૪)

૪૦. હે ઈસરાઈલની સંતાન! જરા વિચાર કરો મારી તે નેઅમત (કૃપા)નો જે મેં તમને પ્રદાન કરી હતી. મારા સાથે તમારો જે કરાર હતો તેને તમે પૂરો કરો તો મારો જે કરાર તમારા સાથે હતો તેને હું પૂરો કરૂં, અને મારાથી જ તમે ડરો.

૪૧. અને મેં જે ગ્રંથ મોકલ્યો છે તેના પર ઈમાન લાવો. આ તે ગ્રંથના સમર્થનમાં છે જે તમારા પાસે અગાઉથી મોજૂદ હતો, એટલા માટે સૌપ્રથમ તમે જ તેનો ઇન્કાર કરનારા ન બની જાઓ. નજીવી કિંમતમાં મારી આયતોને વેચી ન નાખો અને મારા પ્રકોપથી બચો.

الْحَقَّ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ۝٤٢ وَاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا
الزَّكٰوةَ وَارْكَعُوْا مَعَ الرّٰكِعِيْنَ ۝٤٣ اَتَاْمُرُوْنَ النَّاسَ
بِالْبِرِّ وَتَنْسَوْنَ اَنْفُسَكُمْ وَاَنْتُمْ تَتْلُوْنَ الْكِتٰبَ ؕ اَفَلَا
تَعْقِلُوْنَ ۝٤٤ وَاسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ؕ وَاِنَّهَا
لَكَبِيْرَةٌ اِلَّا عَلَى الْخٰشِعِيْنَ ۝٤٥ۙ الَّذِيْنَ يَظُنُّوْنَ
الربع ع ٥ ٧ اَنَّهُمْ مُّلٰقُوْا رَبِّهِمْ وَاَنَّهُمْ اِلَيْهِ رٰجِعُوْنَ ۝٤٦ؑ يٰبَنِيْٓ
اِسْرَآءِيْلَ اذْكُرُوْا نِعْمَتِيَ الَّتِيْٓ اَنْعَمْتُ عَلَيْكُمْ وَاَنِّيْ
فَضَّلْتُكُمْ عَلَى الْعٰلَمِيْنَ ۝٤٧ وَاتَّقُوْا يَوْمًا لَّا تَجْزِيْ نَفْسٌ
عَنْ نَّفْسٍ شَيْــًٔا وَّلَا يُقْبَلُ مِنْهَا شَفَاعَةٌ وَّلَا يُؤْخَذُ
مِنْهَا عَدْلٌ وَّلَا هُمْ يُنْصَرُوْنَ ۝٤٨ وَاِذْ نَجَّيْنٰكُمْ مِّنْ
اٰلِ فِرْعَوْنَ يَسُوْمُوْنَكُمْ سُوْٓءَ الْعَذَابِ يُذَبِّحُوْنَ
اَبْنَآءَكُمْ وَيَسْتَحْيُوْنَ نِسَآءَكُمْ ؕ وَفِيْ ذٰلِكُمْ بَلَآءٌ مِّنْ
رَّبِّكُمْ عَظِيْمٌ ۝٤٩ وَاِذْ فَرَقْنَا بِكُمُ الْبَحْرَ فَاَنْجَيْنٰكُمْ
وَاَغْرَقْنَآ اٰلَ فِرْعَوْنَ وَاَنْتُمْ تَنْظُرُوْنَ ۝٥٠ وَاِذْ وٰعَدْنَا
مُوْسٰٓى اَرْبَعِيْنَ لَيْلَةً ثُمَّ اتَّخَذْتُمُ الْعِجْلَ مِنْۢ بَعْدِهٖ
وَاَنْتُمْ ظٰلِمُوْنَ ۝٥١ ثُمَّ عَفَوْنَا عَنْكُمْ مِّنْۢ بَعْدِ ذٰلِكَ
لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ۝٥٢ وَاِذْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ وَ
الْفُرْقَانَ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ۝٥٣ وَاِذْ قَالَ مُوْسٰى
منزل ١ لِقَوْمِهٖ يٰقَوْمِ اِنَّكُمْ ظَلَمْتُمْ اَنْفُسَكُمْ بِاتِّخَاذِكُمُ الْعِجْلَ

૪૨. અસત્યનો રંગ ચઢાવીને સત્યને શંકાસ્પદ ન બનાવો અને જાણી-બૂઝીને સત્યને છુપાવવાનો પ્રયત્ન ન કરો.

૪૩. નમાઝ કાયમ કરો, ઝકાત આપો, અને જે લોકો મારા સમક્ષ ઝૂકી રહ્યા છે તેમના સાથે તમે પણ ઝૂકી જાઓ.

૪૪. તમે બીજાઓને તો સદાચારનો માર્ગ અપનાવવા માટે કહો છો, પરંતુ પોતાની જાતને જ ભૂલી જાઓ છો ? જો કે તમે ગ્રંથનો પાઠ કરો છો. શું તમે બુદ્ધિથી સહેજ પણ કામ લેતા નથી ?

૪૫. ધૈર્ય અને નમાઝથી મદદ લો, નિઃશંક નમાઝ એક ખૂબ જ કઠિન કામ છે, પરંતુ તે આજ્ઞાકારી બંદાઓ માટે કઠિન નથી,

૪૬. જેઓ સમજે છે કે છેવટે તેમને પોતાના રબને મળવાનું છે અને તેના જ તરફ પાછા ફરીને જવાનું છે.(રુકૂઅ-૫)

૪૭. હે ઈસરાઈલની સંતાન ! યાદ કરો મારી તે નેઅમત (કૃપા)ને જેનાથી મેં તમને નવાજ્યા હતા અને તે વાતને કે મેં તમને દુનિયાની બધી કોમો (જાતિઓ) પર શ્રેષ્ઠતા પ્રદાન કરી હતી.

૪૮. અને ડરો તે દિવસથી, જ્યારે કોઈ કોઈના સહેજ પણ કામમાં નહીં આવે, ન તો કોઈના તરફથી ભલામણ સ્વીકારવામાં આવશે, ન કોઈને 'ફિદયા' (મુક્તિ-દંડ) લઈને મુક્ત કરવામાં આવશે, અને ન ગુનેગારોને ક્યાંયથી મદદ મળી શકશે.

૪૯. યાદ કરો તે સમય, જ્યારે અમે તમને ફિરઔનવાળાઓની ગુલામીમાંથી મુક્તિ આપી—તેમણે તમને સખત યાતનામાં નાખી રાખ્યા હતા, તમારા પુત્રોને કતલ કરતા હતા અને તમારી પુત્રીઓને જીવતી રહેવા દેતા હતા અને એ સ્થિતિમાં તમારા રબ તરફથી તમારી મોટી કસોટી હતી.

૫૦. યાદ કરો તે સમય, જ્યારે અમે સમુદ્રને ફાડીને તમારા માટે રસ્તો બનાવ્યો, પછી તેમાંથી તમને સકુશળ પસાર કરાવી દીધા, પછી ત્યાં જ તમારી આંખો સામે ફિરઔનવાળાઓને ડૂબાડી દીધા.

૫૧. યાદ કરો, જ્યારે અમે મૂસાને ચાળીસ દિવસ અને રાત્રિની નિયત મુદત માટે બોલાવ્યો, તો તેની ગેરહાજરીમાં તમે વાછરડાને પોતાનો ઉપાસ્ય બનાવી બેસ્યા. તે વખતે તમે ભારે અત્યાચાર કર્યો હતો,

૫૨. તેમ છતાં પણ અમે તમને માફ કરી દીધા કે કદાચ હવે તમે કૃતજ્ઞ બનો.

૫૩. યાદ કરો કે (બરાબર તે સમયે જ્યારે તમે આ અત્યાચાર કરી રહ્યા હતા) અમે મૂસાને ગ્રંથ અને 'ફુરકાન' (કસોટી) પ્રદાન કર્યા, જેથી તમે તેના દ્વારા સીધો માર્ગ પામી શકો.

૫૪. યાદ કરો જ્યારે મૂસા (આ નેઅમત લઈ પાછો ફર્યો ત્યારે તેણે) પોતાની

فَتُوْبُوْٓا اِلٰى بَارِئِكُمْ فَاقْتُلُوْٓا اَنْفُسَكُمْ ؕ ذٰلِكُمْ خَيْرٌ
لَّكُمْ عِنْدَ بَارِئِكُمْ ؕ فَتَابَ عَلَيْكُمْ ؕ اِنَّهٗ هُوَ التَّوَّابُ
الرَّحِيْمُ ﴿٥٤﴾ وَاِذْ قُلْتُمْ يٰمُوْسٰى لَنْ نُّؤْمِنَ لَكَ حَتّٰى نَرَى
اللّٰهَ جَهْرَةً فَاَخَذَتْكُمُ الصّٰعِقَةُ وَاَنْتُمْ تَنْظُرُوْنَ ﴿٥٥﴾
ثُمَّ بَعَثْنٰكُمْ مِّنْۢ بَعْدِ مَوْتِكُمْ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٥٦﴾ وَ
ظَلَّلْنَا عَلَيْكُمُ الْغَمَامَ وَاَنْزَلْنَا عَلَيْكُمُ الْمَنَّ وَالسَّلْوٰى ؕ
كُلُوْا مِنْ طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ ؕ وَمَا ظَلَمُوْنَا وَلٰكِنْ كَانُوْٓا
اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿٥٧﴾ وَاِذْ قُلْنَا ادْخُلُوْا هٰذِهِ الْقَرْيَةَ
فَكُلُوْا مِنْهَا حَيْثُ شِئْتُمْ رَغَدًا وَّادْخُلُوا الْبَابَ سُجَّدًا
وَّقُوْلُوْا حِطَّةٌ نَّغْفِرْ لَكُمْ خَطٰيٰكُمْ ؕ وَسَنَزِيْدُ الْمُحْسِنِيْنَ ﴿٥٨﴾
فَبَدَّلَ الَّذِيْنَ ظَلَمُوْا قَوْلًا غَيْرَ الَّذِيْ قِيْلَ لَهُمْ فَاَنْزَلْنَا
عَلَى الَّذِيْنَ ظَلَمُوْا رِجْزًا مِّنَ السَّمَآءِ بِمَا كَانُوْا
يَفْسُقُوْنَ ﴿٥٩﴾ وَاِذِ اسْتَسْقٰى مُوْسٰى لِقَوْمِهٖ فَقُلْنَا ع ٦ ١٣
اضْرِبْ بِّعَصَاكَ الْحَجَرَ ؕ فَانْفَجَرَتْ مِنْهُ اثْنَتَا عَشْرَةَ
عَيْنًا ؕ قَدْ عَلِمَ كُلُّ اُنَاسٍ مَّشْرَبَهُمْ ؕ كُلُوْا وَاشْرَبُوْا مِنْ
رِّزْقِ اللّٰهِ وَلَا تَعْثَوْا فِى الْاَرْضِ مُفْسِدِيْنَ ﴿٦٠﴾ وَاِذْ
قُلْتُمْ يٰمُوْسٰى لَنْ نَّصْبِرَ عَلٰى طَعَامٍ وَّاحِدٍ فَادْعُ لَنَا
رَبَّكَ يُخْرِجْ لَنَا مِمَّا تُنْۢبِتُ الْاَرْضُ مِنْۢ بَقْلِهَا وَ
قِثَّآئِهَا وَفُوْمِهَا وَعَدَسِهَا وَبَصَلِهَا ؕ قَالَ اَتَسْتَبْدِلُوْنَ

કોમને કહ્યું કે, ''લોકો ! તમે વાછરડાને ઉપાસ્ય બનાવીને પોતાના ઉપર ભારે અત્યાચાર કર્યો છે, એટલા માટે તમે લોકો પોતાના સર્જનહાર સમક્ષ તૌબા (ક્ષમા-યાચના) કરો અને પોતાના પ્રાણોને કતલ કરો (અર્થાત્ પોતાના તે માણસોને કતલ કરો જેમણે વાછરડાને પૂજ્ય બનાવીને તેની પૂજા કરી), આમાં જ તમારા સર્જનહારના નજીક તમારી ભલાઈ છે.'' તે વખતે તમારા સર્જનહારે તમારી તૌબા સ્વીકારી લીધી, કારણ કે તે મોટો ક્ષમા આપનાર અને દયાળુ છે.

૫૫. યાદ કરો જ્યારે તમે મૂસાને કહ્યું હતું કે અમે તમારો કદાપિ વિશ્વાસ કરીશું નહીં, જ્યાં સુધી પોતાની આંખોથી ખુલ્લી રીતે અલ્લાહને (તમારા સાથે વાત કરતાં) ન જોઈ લઈએ. તે જ વખતે તમારા જોતાં-જોતાં એક ભયંકર વીજળી કડાકા સાથે તમારા ઉપર પડી.

૫૬. તમે નિર્જીવ થઈને પડી ગયા હતા, પરંતુ પછી અમે તમને જીવતા કર્યા કે કદાચ આ ઉપકાર પછી તમે આભારી બની જાઓ.

૫૭. અમે તમારા ઉપર વાદળનો છાંયડો કર્યો, 'મન્ન અને સલવા'નો ખોરાક તમને પૂરો પાડ્યો અને તમને કહ્યું કે જે શુદ્ધ અને સ્વચ્છ વસ્તુઓ અમે તમને પ્રદાન કરી છે તે ખાઓ, પરંતુ (તમારા પૂર્વજોએ) જે કંઈ કર્યું, તે અમારા પર તેમનો જુલ્મ ન હતો, બલ્કે તેમણે પોતે જ પોતાના પર જુલ્મ કર્યો.

૫૮. પછી યાદ કરો જ્યારે અમે કહ્યું હતું, ''આ વસ્તી જે તમારા સામે છે, તેમાં દાખલ થઈ જાઓ, તેની પેદાશ જે રીતે ઇચ્છો મજાથી ખાઓ, પરંતુ વસ્તીના દરવાજામાં નતમસ્તક થઈને દાખલ થજો અને 'હિત્તતુન, હિત્તતુન'★ કહેતા જજો, અમે તમારા કસૂર માફ કરીશું અને સદાચારીઓને વધુ કૃપા અને મહેરબાનીથી નવાજીશું.''

૫૯. પરંતુ જે વાત તેમને કહેવામાં આવી હતી, જાલિમોએ તેને બદલી નાખીને કંઈ બીજી બનાવી દીધી. છેવટે અમે જાલિમો ઉપર આકાશમાંથી યાતના ઉતારી. આ સજા હતી તે અવજ્ઞાકારીઓની, જે તેઓ કરી રહ્યા હતા. (રુકૂઅ-૬)

૬૦. યાદ કરો, જ્યારે મૂસાએ પોતાની કોમ માટે પાણીની પ્રાર્થના કરી તો અમે કહ્યું કે ફલાણા ખડક ઉપર તમારી લાઠી મારો. તો તેમાંથી બાર ઝરણાં ફૂટી નીકળ્યાં અને દરેક કબીલાએ જાણી લીધું કે કઈ જગા તેને પાણી લેવા માટેની છે. (તે વખતે આ આદેશ આપી દેવામાં આવ્યો હતો કે) અલ્લાહે આપેલ રોજી ખાઓ-પીઓ અને ધરતી ઉપર બગાડ ફેલાવતા ન ફરો.

૬૧. યાદ કરો, જ્યારે તમે કહ્યું હતું, ''હે મૂસા ! અમે એક જ જાતના ખોરાક ઉપર સંતોષ માની શકતા નથી. તમે પોતાના રબને દુઆ કરો કે અમારા

★ 'હિત્તતુન'ના બે અર્થ હોઈ શકે છે—એક એ કે અલ્લાહથી પોતાની કસૂરો અને ભૂલચૂકની માફી માગતા જાઓ. બીજો અર્થ એ કે લૂટફાટ અને કત્લેઆમના બદલે વસ્તીમાં રહેનારાઓમાં જાહેર માફીનું એલાન કરતા જાઓ.

الَّذِیْ هُوَ اَدْنٰی بِالَّذِیْ هُوَ خَیْرٌ ؕ اِهْبِطُوْا مِصْرًا فَاِنَّ
لَكُمْ مَّا سَاَلْتُمْ ؕ وَضُرِبَتْ عَلَیْهِمُ الذِّلَّةُ وَالْمَسْكَنَةُ ۗ
وَبَآءُوْ بِغَضَبٍ مِّنَ اللّٰهِ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ كَانُوْا یَكْفُرُوْنَ
بِاٰیٰتِ اللّٰهِ وَیَقْتُلُوْنَ النَّبِیّٖنَ بِغَیْرِ الْحَقِّ ؕ ذٰلِكَ بِمَا
ع عَصَوْا وَّكَانُوْا یَعْتَدُوْنَ ﴿٦١﴾ اِنَّ الَّذِیْنَ اٰمَنُوْا وَ
الَّذِیْنَ هَادُوْا وَالنَّصٰرٰی وَالصّٰبِـِٕیْنَ مَنْ اٰمَنَ بِاللّٰهِ
وَالْیَوْمِ الْاٰخِرِ وَعَمِلَ صَالِحًا فَلَهُمْ اَجْرُهُمْ عِنْدَ
رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَیْهِمْ وَلَا هُمْ یَحْزَنُوْنَ ﴿٦٢﴾ وَاِذْ
اَخَذْنَا مِیْثَاقَكُمْ وَرَفَعْنَا فَوْقَكُمُ الطُّوْرَ ؕ خُذُوْا مَآ
اٰتَیْنٰكُمْ بِقُوَّةٍ وَّاذْكُرُوْا مَا فِیْهِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿٦٣﴾
ثُمَّ تَوَلَّیْتُمْ مِّنْۢ بَعْدِ ذٰلِكَ ۚ فَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَیْكُمْ
وَرَحْمَتُهٗ لَكُنْتُمْ مِّنَ الْخٰسِرِیْنَ ﴿٦٤﴾ وَلَقَدْ عَلِمْتُمُ
الَّذِیْنَ اعْتَدَوْا مِنْكُمْ فِی السَّبْتِ فَقُلْنَا لَهُمْ كُوْنُوْا
قِرَدَةً خٰسِـِٕیْنَ ﴿٦٥﴾ فَجَعَلْنٰهَا نَكَالًا لِّمَا بَیْنَ یَدَیْهَا
وَمَا خَلْفَهَا وَمَوْعِظَةً لِّلْمُتَّقِیْنَ ﴿٦٦﴾ وَاِذْ قَالَ مُوْسٰی
لِقَوْمِهٖۤ اِنَّ اللّٰهَ یَاْمُرُكُمْ اَنْ تَذْبَحُوْا بَقَرَةً ؕ قَالُوْۤا
اَتَتَّخِذُنَا هُزُوًا ؕ قَالَ اَعُوْذُ بِاللّٰهِ اَنْ اَكُوْنَ مِنَ
الْجٰهِلِیْنَ ﴿٦٧﴾ قَالُوا ادْعُ لَنَا رَبَّكَ یُبَیِّنْ لَّنَا مَا هِیَ ؕ قَالَ
منزل ۱ اِنَّهٗ یَقُوْلُ اِنَّهَا بَقَرَةٌ لَّا فَارِضٌ وَّلَا بِكْرٌ ؕ عَوَانٌۢ

માટે જમીનની પેદાશો, લીલી વનસ્પતિ, શાકભાજી, ઘઉં, લસણ, ડુંગળી, દાળ વગેરે પેદા કરે." તો મૂસાએ કહ્યું, "શું તમે એક વધુ સારી વસ્તુના બદલે ઊતરતી કક્ષાની વસ્તુઓ મેળવવા માંગો છો? સારું, કોઈ શહેરી વસ્તીમાં જઈને રહો. જે કંઈ તમે માંગો છો, ત્યાં મળી જશે." છેવટે સ્થિતિ ત્યાં સુધી પહોંચી કે અપમાન અને દરિદ્રતા તથા પતન અને દુર્દશા તેમના પર છવાઈ ગયાં અને તેઓ અલ્લાહના પ્રકોપમાં ઘેરાઈ ગયા. આ પરિણામ હતું તેનું કે તેઓ અલ્લાહની આયતોનો ઇન્કાર કરવા લાગ્યા અને પયગંબરોને નાહક કતલ કરવા લાગ્યા. આ પરિણામ હતું તેમની અવજ્ઞાઓનું અને તે વાતનું કે તેઓ અલ્લાહના કાનૂનની સીમાઓનું ઉલ્લંઘન કર્યે જતા હતા. (રુકૂઅ-૭)

૬૨. વિશ્વાસ રાખો કે નબી-એ-અરબી (હઝરત મુહમ્મદ સલ્લ.)ના માનનારાઓ હોય કે યહૂદી, ઈસાઈ હોય કે સાબીઓ (Sabaeans), જે કોઈ અલ્લાહ અને આખિરત (પરલોક)ના દિવસ ઉપર ઈમાન લાવશે અને સદ્કાર્યો કરશે, તેનો બદલો તેના રબ (માલિક અને પાલનહાર) પાસે છે અને તેના માટે ભય અને રંજનું કોઈ કારણ નથી.

૬૩. યાદ કરો તે સમય, જ્યારે અમે તૂરને તમારા ઉપર ઉઠાવીને તમારા પાસેથી પાકું વચન લીધું હતું અને કહ્યું હતું, "જે ગ્રંથ અમે તમને આપી રહ્યાં છીએ તેને દૃઢતાપૂર્વક પકડી રાખજો અને જે આદેશો તેમાં લખેલાં છે તે યાદ રાખજો. આના જ વડે આશા રાખી શકાય છે કે તમે તકવા (ધર્મપરાયણતા અને સંયમ)ના માર્ગ પર ચાલી શકશો."

૬૪. પરંતુ તે પછી તમે પોતાના વચનમાંથી ફરી ગયા, તેમ છતાં પણ અલ્લાહની કૃપા અને તેની દયાએ તમારો સાથ ન છોડ્યો, નહીં તો તમે ક્યારનાય બરબાદ થઈ ગયા હોત.

૬૫. અને તમે પોતાની કોમના તે લોકોની વાત તો જાણો જ છો, જેમણે 'સબ્ત'નો કાનૂન★ તોડ્યો હતો. અમે તેમને કહી દીધું કે વાંદરા બની જાઓ અને એવી સ્થિતિમાં રહો કે દરેક બાજુથી તમારા પર ધિક્કાર અને ફિટકાર પડે.

૬૬. આ રીતે અમે તેમના પરિણામને તે જમાનાના લોકો અને પછીની આવનારી પેઢીઓ માટે બોધપાઠ અને (અલ્લાહથી) ડર રાખનારાઓ માટે શિખામણ બનાવી દીધું.

૬૭. પછી તે ઘટનાને યાદ કરો, જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું કે અલ્લાહ તમને એક ગાય ઝબેહ કરવાનો આદેશ આપે છે. કહેવા લાગ્યા, "શું

★ સબ્ત અર્થાત્ શનિવારનો દિવસ, ઇસરાઈલના વંશજો માટે એ નિયમ નિર્ધારિત કરવામાં આવ્યો હતો કે તેઓ શનિવારનો દિવસ આરામ અને ઉપાસના માટે રાખે. તે દિવસે કોઈ પણ પ્રકારનું સાંસારિક કામ, ત્યાં સુધી કે ભોજન બનાવવાનું કામ પણ ન સ્વયં કરે, ન પોતાના સેવકો પાસે આ કામ કરાવે.

بَيْنَ ذٰلِكَ ؕ فَافْعَلُوْا مَا تُؤْمَرُوْنَ ﴿۶۸﴾ قَالُوا ادْعُ لَنَا
رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا لَوْنُهَا ؕ قَالَ اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا
بَقَرَةٌ صَفْرَآءُ ۙ فَاقِعٌ لَّوْنُهَا تَسُرُّ النّٰظِرِيْنَ ﴿۶۹﴾ قَالُوا
ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا هِيَ ۙ اِنَّ الْبَقَرَ تَشٰبَهَ عَلَيْنَا ؕ
وَاِنَّآ اِنْ شَآءَ اللّٰهُ لَمُهْتَدُوْنَ ﴿۷۰﴾ قَالَ اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا
بَقَرَةٌ لَّا ذَلُوْلٌ تُثِيْرُ الْاَرْضَ وَلَا تَسْقِي الْحَرْثَ ۚ
مُسَلَّمَةٌ لَّا شِيَةَ فِيْهَا ؕ قَالُوا الْـٰٔنَ جِئْتَ بِالْحَقِّ ؕ
فَذَبَحُوْهَا وَمَا كَادُوْا يَفْعَلُوْنَ ﴿۷۱﴾ ع وَاِذْ قَتَلْتُمْ نَفْسًا ع ۸/۱۰
فَادّٰرَءْتُمْ فِيْهَا ؕ وَاللّٰهُ مُخْرِجٌ مَّا كُنْتُمْ تَكْتُمُوْنَ ﴿۷۲﴾ ۚ
فَقُلْنَا اضْرِبُوْهُ بِبَعْضِهَا ؕ كَذٰلِكَ يُحْيِ اللّٰهُ الْمَوْتٰى ۙ
وَيُرِيْكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿۷۳﴾ ثُمَّ قَسَتْ
قُلُوْبُكُمْ مِّنْۢ بَعْدِ ذٰلِكَ فَهِيَ كَالْحِجَارَةِ اَوْ اَشَدُّ
قَسْوَةً ؕ وَاِنَّ مِنَ الْحِجَارَةِ لَمَا يَتَفَجَّرُ مِنْهُ الْاَنْهٰرُ ؕ
وَاِنَّ مِنْهَا لَمَا يَشَّقَّقُ فَيَخْرُجُ مِنْهُ الْمَآءُ ؕ وَاِنَّ مِنْهَا
لَمَا يَهْبِطُ مِنْ خَشْيَةِ اللّٰهِ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا
تَعْمَلُوْنَ ﴿۷۴﴾ اَفَتَطْمَعُوْنَ اَنْ يُّؤْمِنُوْا لَكُمْ وَقَدْ
كَانَ فَرِيْقٌ مِّنْهُمْ يَسْمَعُوْنَ كَلٰمَ اللّٰهِ ثُمَّ يُحَرِّفُوْنَهٗ
مِنْۢ بَعْدِ مَا عَقَلُوْهُ وَهُمْ يَعْلَمُوْنَ ﴿۷۵﴾ وَاِذَا لَقُوا
الَّذِيْنَ اٰمَنُوْا قَالُوْٓا اٰمَنَّا ۖۚ وَاِذَا خَلَا بَعْضُهُمْ اِلٰى بَعْضٍ

તમે અમારા સાથે મશ્કરી કરો છો ?" મૂસાએ કહ્યું, "હું તેનાથી અલ્લાહનું શરણ માગું છું કે હું અજ્ઞાનીઓ જેવી વાતો કરૂં."

૬૮. બોલ્યા, "સારું, તમારા રબને વિનંતી કરો કે તે અમને આ ગાય વિશે વિસ્તારથી બતાવે." મૂસાએ કહ્યું, "અલ્લાહ તો કહે છે કે તે એવી ગાય હોવી જોઈએ જે ન ઘરડી હોય, ન વાછરડી, પણ મધ્યમ ઉંમરની હોય. તેથી જે આદેશ આપવામાં આવે છે તેનું પાલન કરો."

૬૯. પછી કહેવા લાગ્યા કે તમારા રબને એ પણ પૂછી બતાવો કે તેનો રંગ કેવો હોવો જોઈએ?" મૂસાએ કહ્યું, "તે ફરમાવે છે કે પીળા રંગની ગાય હોવી જોઈએ, જેનો રંગ એવો ઘેરો હોય કે જોનારાઓનું મન ખુશ થઈ જાય."

૭૦. પછી બોલ્યા, "પોતાના રબને સ્પષ્ટ રીતે પૂછી બતાવો કે કેવી ગાય જોઈએ છે ? અમને તેના નિર્ધારણમાં સંદેહ થઈ ગયો છે. અલ્લાહે ચાહ્યું તો અમે તેને શોધી કાઢીશું."

૭૧. મૂસાએ જવાબ આપ્યો, "અલ્લાહ કહે છે કે તે એવી ગાય છે, જેના પાસેથી કામ નથી લેવામાં આવતું, ન જમીન ખેડે છે, ન પાણી ખેંચે છે, સાજી-સમી અને ખોડ-ખાંપણ રહિત છે." આ સાંભળી તેઓ બોલી ઉઠ્યા, "હા, હવે તમે ચોક્કસ બતાવ્યું છે." પછી તેમણે એને ઝબેહ કરી, નહીં તો તેઓ આવું કરતા જણાતા ન હતા. (રુકૂઅ-૮)

૭૨. અને તમને યાદ છે તે પ્રસંગ, જયારે તમે એક માણસને મારી નાખ્યો હતો, પછી તેના વિષે ઝઘડવા અને એકબીજાના ઉપર હત્યાનો આરોપ મૂકવા લાગ્યા હતા અને અલ્લાહે નિર્ણય કરી લીધો હતો કે જે કંઈ તમે છુપાવો છો, તેને જાહેર કરીને મૂકી દેશે.

૭૩. તે વખતે અમે આદેશ આપ્યો કે કતલ થનારની લાશને તેના એક ભાગ વડે ફટકો મારો. જુઓ, આવી રીતે અલ્લાહ મડદાંઓને જીવન આપે છે અને તેમને પોતાની નિશાનીઓ દેખાડે છે જેથી તમે સમજો

૭૪. —પરંતુ આવી નિશાનીઓ જોયા પછી પણ છેવટે તમારા હૃદય કઠોર થઈ ગયા, પથ્થરો જેવા કઠોર, બલ્કે કઠોરતામાં તેનાથી પણ વધારે, કારણ કે પથ્થરોમાંથી તો કોઈ એવો પણ હોય છે, જેમાંથી ઝરણાં ફૂટીને વહી નીકળે છે, કોઈ ફાટે છે અને તેમાંથી પાણી નીકળી આવે છે, અને કોઈ અલ્લાહના ડરથી ધ્રુજીને પડી પણ જાય છે. અલ્લાહ તમારા કરતૂકોથી અજાણ નથી.

૭૫. હે મુસલમાનો ! હવે શું તમે આ લોકો પાસે એ આશા રાખો છો કે તેઓ તમારા આમંત્રણ પર ઈમાન લઈ આવશે ? જો કે તેમનામાંના એક જૂથની રીત એ રહી છે કે અલ્લાહની વાણી સાંભળી અને

قَالُوْٓا اَتُحَدِّثُوْنَهُمْ بِمَا فَتَحَ اللّٰهُ عَلَيْكُمْ لِيُحَآجُّوْكُمْ
بِهٖ عِنْدَ رَبِّكُمْ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿۷۶﴾ اَوَلَا يَعْلَمُوْنَ
اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا يُسِرُّوْنَ وَمَا يُعْلِنُوْنَ ﴿۷۷﴾ وَمِنْهُمْ
اُمِّيُّوْنَ لَا يَعْلَمُوْنَ الْكِتٰبَ اِلَّآ اَمَانِيَّ وَاِنْ هُمْ اِلَّا
النصف يَظُنُّوْنَ ﴿۷۸﴾ فَوَيْلٌ لِّلَّذِيْنَ يَكْتُبُوْنَ الْكِتٰبَ بِاَيْدِيْهِمْ ۗ
ثُمَّ يَقُوْلُوْنَ هٰذَا مِنْ عِنْدِ اللّٰهِ لِيَشْتَرُوْا بِهٖ ثَمَنًا قَلِيْلًا ؕ
فَوَيْلٌ لَّهُمْ مِّمَّا كَتَبَتْ اَيْدِيْهِمْ وَوَيْلٌ لَّهُمْ مِّمَّا
يَكْسِبُوْنَ ﴿۷۹﴾ وَقَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّآ اَيَّامًا مَّعْدُوْدَةً ؕ
قُلْ اَتَّخَذْتُمْ عِنْدَ اللّٰهِ عَهْدًا فَلَنْ يُّخْلِفَ اللّٰهُ عَهْدَهٗٓ
اَمْ تَقُوْلُوْنَ عَلَى اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿۸۰﴾ بَلٰى مَنْ كَسَبَ
سَيِّئَةً وَّاَحَاطَتْ بِهٖ خَطِيْٓئَتُهٗ فَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ
هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۸۱﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
ع ۹ ۱۱ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۸۲﴾ وَاِذْ
اَخَذْنَا مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ لَا تَعْبُدُوْنَ اِلَّا اللّٰهَ قف وَ
بِالْوَالِدَيْنِ اِحْسَانًا وَّذِي الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ
وَقُوْلُوْا لِلنَّاسِ حُسْنًا وَّاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ ؕ
ثُمَّ تَوَلَّيْتُمْ اِلَّا قَلِيْلًا مِّنْكُمْ وَاَنْتُمْ مُّعْرِضُوْنَ ﴿۸۳﴾
وَاِذْ اَخَذْنَا مِيْثَاقَكُمْ لَا تَسْفِكُوْنَ دِمَآءَكُمْ وَلَا تُخْرِجُوْنَ
منزل ۱ اَنْفُسَكُمْ مِّنْ دِيَارِكُمْ ثُمَّ اَقْرَرْتُمْ وَاَنْتُمْ تَشْهَدُوْنَ ﴿۸۴﴾

ત્યારપછી બરાબર સમજી-વિચારીને ઇરાદાપૂર્વક તેમાં ફેરફારો કર્યા.
૭૬. (તેઓ પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ. ઉપર) ઈમાન લાવનારાઓને મળે છે તો કહે છે કે અમે પણ તેમને માનીએ છીએ અને જ્યારે એકબીજા સાથે એકાંતમાં વાતચીત કરે છે તો કહે છે કે મૂર્ખ થઈ ગયા છો ? આ લોકોને તે વાતો જણાવો છો જે અલ્લાહે તમારા પર જાહેર કરી છે, જેથી તમારા રબ સમક્ષ તમારા સામે તેને પુરાવારૂપે રજૂ કરે ?
૭૭. — અને શું તેઓ જાણતા નથી કે જે કંઈ તેઓ છુપાવે છે અને જે કંઈ જાહેર કરે છે, અલ્લાહને બધી વાતોની ખબર છે ?
૭૮. —તેમનામાંથી એક બીજું જૂથ તે અભણ લોકોનું છે, જેઓ ગ્રંથનું તો જ્ઞાન ધરાવતા નથી, માત્ર પોતાની નિરાધાર આશાઓ અને ઇચ્છાઓને લઈને બેઠાં છે અને ફક્ત અટકળો ઉપર ચાલી જઈ રહ્યાં છે.
૭૯. પછી વિનાશ અને તબાહી છે તે લોકો માટે જેઓ પોતાના હાથે ધાર્મિક વિધાન લખે છે, પછી લોકોને કહે છે કે આ અલ્લાહ તરફથી આવેલ છે, જેથી તેના બદલામાં થોડોક ફાયદો મેળવી લે. તેમના હાથોનું આ લખાણ પણ તેમના માટે વિનાશની સામગ્રી છે અને તેમની આ કમાણી પણ તેમના માટે વિનાશનું કારણ.
૮૦. તેઓ કહે છે કે દોજખ (નર્ક)ની આગ અમને કદાપિ સ્પર્શશે નહીં, સિવાય કે થોડા દિવસની સજા મળે તો મળે. તેમને પૂછો, શું તમે અલ્લાહ પાસેથી કોઈ વચન લઈ લીધું છે, જેનું ઉલ્લંઘન તે કરી શકતો નથી ? કે પછી વાત એમ છે કે તમે અલ્લાહના નામે એવી વાતો કહી દો છો જેના વિષે તમને જ્ઞાન નથી કે તેણે તે વાતો કહી છે ? છેવટે તમને દોજખની આગ કેમ સ્પર્શશે નહીં ?
૮૧. જે કોઈ પાપ કમાશે અને પોતાના પાપ-કર્મોના ચક્કરમાં ઘેરાયેલો રહેશે તે દોજખી છે અને દોજખમાં જ તે હંમેશા રહેશે.
૮૨. અને જે લોકો ઈમાન લાવશે અને સદકાર્ય કરશે તેઓ જ જન્નતી છે અને જન્નતમાં તેઓ હંમેશા રહેશે. (રુકૂઅ-૯)
૮૩. યાદ કરો, ઈસરાઈલની સંતાન પાસેથી અમે પાકું વચન લીધું હતું કે અલ્લાહ સિવાય કોઈની બંદગી (ઉપાસના) ન કરશો અને માતા-પિતા સાથે, સગાઓ સાથે, અનાથો અને ગરીબો સાથે સદ્વર્તન કરશો, લોકોને ભલી વાત કહેશો, નમાઝ કાયમ કરશો અને ઝકાત આપશો, પરંતુ થોડાક લોકો સિવાય તમે સૌ આ વચનમાંથી ફરી ગયા અને અત્યાર સુધી ફરેલા છો.
૮૪. પછી જરા યાદ કરો, અમે તમારા પાસેથી પાકું વચન લીધું હતું કે પરસ્પર એકબીજાનું લોહી ન વહાવજો અને ન તો એકબીજાને ઘરથી બેઘર કરજો. તમે આનો એકરાર કર્યો હતો, તમે પોતે તેના સાક્ષી છો.

ثُمَّ اَنْتُمْ هٰٓؤُلَآءِ تَقْتُلُوْنَ اَنْفُسَكُمْ وَتُخْرِجُوْنَ فَرِيْقًا
مِّنْكُمْ مِّنْ دِيَارِهِمْ ز تَظٰهَرُوْنَ عَلَيْهِمْ بِالْاِثْمِ
وَالْعُدْوَانِ ط وَاِنْ يَّاْتُوْكُمْ اُسٰرٰى تُفٰدُوْهُمْ وَهُوَ
مُحَرَّمٌ عَلَيْكُمْ اِخْرَاجُهُمْ ط اَفَتُؤْمِنُوْنَ بِبَعْضِ الْكِتٰبِ
وَتَكْفُرُوْنَ بِبَعْضٍ ج فَمَا جَزَآءُ مَنْ يَّفْعَلُ ذٰلِكَ
مِنْكُمْ اِلَّا خِزْيٌ فِي الْحَيٰوةِ الدُّنْيَا ج وَيَوْمَ الْقِيٰمَةِ
يُرَدُّوْنَ اِلٰٓى اَشَدِّ الْعَذَابِ ط وَمَا اللّٰهُ بِغَافِلٍ
عَمَّا تَعْمَلُوْنَ ﴿٨٥﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ اشْتَرَوُا الْحَيٰوةَ
الدُّنْيَا بِالْاٰخِرَةِ ز فَلَا يُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ
ع وَلَا هُمْ يُنْصَرُوْنَ ﴿٨٦﴾ ع وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ
وَقَفَّيْنَا مِنْ بَعْدِهٖ بِالرُّسُلِ ز وَاٰتَيْنَا عِيْسَى ابْنَ
مَرْيَمَ الْبَيِّنٰتِ وَاَيَّدْنٰهُ بِرُوْحِ الْقُدُسِ ط اَفَكُلَّمَا
جَآءَكُمْ رَسُوْلٌ بِمَا لَا تَهْوٰٓى اَنْفُسُكُمُ اسْتَكْبَرْتُمْ ج
فَفَرِيْقًا كَذَّبْتُمْ ز وَفَرِيْقًا تَقْتُلُوْنَ ﴿٨٧﴾ وَقَالُوْا
قُلُوْبُنَا غُلْفٌ ط بَلْ لَّعَنَهُمُ اللّٰهُ بِكُفْرِهِمْ فَقَلِيْلًا
مَّا يُؤْمِنُوْنَ ﴿٨٨﴾ وَلَمَّا جَآءَهُمْ كِتٰبٌ مِّنْ عِنْدِ اللّٰهِ
مُصَدِّقٌ لِّمَا مَعَهُمْ لا وَكَانُوْا مِنْ قَبْلُ يَسْتَفْتِحُوْنَ عَلَى
الَّذِيْنَ كَفَرُوْا صلے فَلَمَّا جَآءَهُمْ مَّا عَرَفُوْا كَفَرُوْا بِهٖ ز
فَلَعْنَةُ اللّٰهِ عَلَى الْكٰفِرِيْنَ ﴿٨٩﴾ بِئْسَمَا اشْتَرَوْا بِهٖٓ

૮૫. પરંતુ આજે તમે જ છો કે પોતાના ભાઈ-બંધુઓની હત્યા કરો છો, પોતાની બિરાદરીના કેટલાક લોકોને ઘરવિહોણાં કરી દો છો, અત્યાચાર અને અતિરેકપૂર્વક તેમના વિરુદ્ધ જૂથબંધીઓ કરો છો અને જ્યારે તેઓ યુદ્ધમાં પકડાઈને તમારા પાસે આવે છે, તો તેમની મુક્તિ માટે ફિદયા (પ્રતિદાન)ની રકમની લેવડ-દેવડ કરો છો, જો કે તેમને તેમના ઘરોમાંથી કાઢવું જ તમારા માટે હરામ (અવૈધ) હતું. તો શું તમે ગ્રંથના એક ભાગ પર ઈમાન લાવો છો અને બીજા ભાગનો ઈન્કાર કરો છો ? પછી તમારામાંથી જે લોકો આવું કરે, તેમની સજા એના સિવાય બીજી શું છે કે દુનિયાના જીવનમાં અપમાનિત અને તિરસ્કૃત બનીને રહે અને આખિરત (પરલોક)માં અત્યંત કઠોર યાતનામાં નાખી દેવામાં આવે ? અલ્લાહ તે કામોથી અજાણ નથી જે તમે કરી રહ્યા છો.

૮૬. આ તે લોકો છે, જેમણે આખિરત વેચીને દુનિયાનું જીવન ખરીદી લીધું છે, એટલા માટે ન તેમની સજામાં કોઈ ઘટાડો થશે અને ન તેમને કોઈ મદદ મળી શકશે. (રુકૂઅ-૧૦)

૮૭. અમે મૂસાને ગ્રંથ આપ્યો, ત્યારબાદ નિરંતર પયગંબરો મોકલ્યાં, છેવટે મરયમના પુત્ર ઈસાને સ્પષ્ટ નિશાનીઓ આપીને મોકલ્યો અને પવિત્ર આત્મા★થી તેની મદદ કરી. પછી તમારું આ કેવું વર્તન છે કે જ્યારે પણ કોઈ પયગંબર તમારી મનેચ્છાઓ વિરુદ્ધ કોઈ વસ્તુ લઈને તમારા પાસે આવ્યો, તો તમે તેના સામે વિદ્રોહ જ કર્યો, કોઈને જૂઠો ઠેરવ્યો અને કોઈની હત્યા કરી નાખી !

૮૮. તેઓ કહે છે કે અમારા હૃદય સુરક્ષિત છે. નહીં, સાચી વાત એ છે કે તેમના કુફ્ર (ઇન્કાર)ના કારણે તેમના પર અલ્લાહની ફિટકાર પડી છે, એટલા માટે તેઓ ભાગ્યે જ ઈમાન લાવે છે

૮૯. — અને હવે જ્યારે એક ગ્રંથ અલ્લાહ તરફથી તેમના પાસે આવ્યો છે, તેના સાથે તેમનો શું વ્યવહાર છે ? તેમ છતાં કે તે એ ગ્રંથની પુષ્ટિ કરે છે જે તેમના પાસે અગાઉથી મોજૂદ હતો. તેમ છતાં કે તેના આગમન અગાઉ તેઓ સ્વયં કાફિરો (વિધર્મીઓ) વિરુદ્ધ વિજય અને મદદની પ્રાર્થનાઓ માગ્યા કરતા હતા, પરંતુ જ્યારે તે વસ્તુ આવી ગઈ, જેને તેઓ ઓળખી પણ ગયા, ત્યારે તેમણે તેને માનવાનો ઇન્કાર કરી દીધો. અલ્લાહનો ધિક્કાર આ ઇન્કાર કરવાવાળાઓ ઉપર.

૯૦. કેવી ખરાબ રીત છે જેના વડે તેઓ પોતાના મનનો સંતોષ મેળવે છે કે જે

★ રૂહ (પવિત્ર આત્મા) અર્થાત્ વહી—દિવ્ય પ્રકાશના પણ છે અને જિબ્રઈલ નામે ફરિશ્તો પણ જે દિવ્ય પ્રકાશના લઈને આવતો હતો અને સ્વયં હઝરત ઈસા મસીહ અલૈ.ની પોતાની આત્મા પણ, જેમને અલ્લાહે પવિત્ર ગુણોથી આભૂષિત કર્યા હતા.

اَنْفُسَهُمْ اَنْ يَّكْفُرُوْا بِمَآ اَنْزَلَ اللّٰهُ بَغْيًا اَنْ يُّنَزِّلَ
اللّٰهُ مِنْ فَضْلِهٖ عَلٰى مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ ۚ فَبَآءُوْ
بِغَضَبٍ عَلٰى غَضَبٍ ؕ وَلِلْكٰفِرِيْنَ عَذَابٌ مُّهِيْنٌ ﴿۹۰﴾ وَ
اِذَا قِيْلَ لَهُمْ اٰمِنُوْا بِمَآ اَنْزَلَ اللّٰهُ قَالُوْا نُؤْمِنُ بِمَآ
اُنْزِلَ عَلَيْنَا وَيَكْفُرُوْنَ بِمَا وَرَآءَهٗ ۗ وَهُوَ الْحَقُّ
مُصَدِّقًا لِّمَا مَعَهُمْ ؕ قُلْ فَلِمَ تَقْتُلُوْنَ اَنْۢبِيَآءَ اللّٰهِ
مِنْ قَبْلُ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿۹۱﴾ وَلَقَدْ جَآءَكُمْ مُّوْسٰى
بِالْبَيِّنٰتِ ثُمَّ اتَّخَذْتُمُ الْعِجْلَ مِنْۢ بَعْدِهٖ وَاَنْتُمْ
ظٰلِمُوْنَ ﴿۹۲﴾ وَاِذْ اَخَذْنَا مِيْثَاقَكُمْ وَرَفَعْنَا فَوْقَكُمُ
الطُّوْرَ ؕ خُذُوْا مَآ اٰتَيْنٰكُمْ بِقُوَّةٍ وَّاسْمَعُوْا ؕ قَالُوْا
سَمِعْنَا وَعَصَيْنَا ۗ وَاُشْرِبُوْا فِيْ قُلُوْبِهِمُ الْعِجْلَ بِكُفْرِهِمْ ؕ
قُلْ بِئْسَمَا يَاْمُرُكُمْ بِهٖۤ اِيْمَانُكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿۹۳﴾
قُلْ اِنْ كَانَتْ لَكُمُ الدَّارُ الْاٰخِرَةُ عِنْدَ اللّٰهِ خَالِصَةً
مِّنْ دُوْنِ النَّاسِ فَتَمَنَّوُا الْمَوْتَ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۹۴﴾
وَلَنْ يَّتَمَنَّوْهُ اَبَدًاۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ
بِالظّٰلِمِيْنَ ﴿۹۵﴾ وَلَتَجِدَنَّهُمْ اَحْرَصَ النَّاسِ عَلٰى
حَيٰوةٍ ۛۚ وَمِنَ الَّذِيْنَ اَشْرَكُوْا ۛۚ يَوَدُّ اَحَدُهُمْ لَوْ يُعَمَّرُ
اَلْفَ سَنَةٍ ۚ وَمَا هُوَ بِمُزَحْزِحِهٖ مِنَ الْعَذَابِ اَنْ
يُّعَمَّرَ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿۹۶﴾ ع قُلْ مَنْ كَانَ

معانقة ١ منزل ١ =ع ١٠=

માર્ગદર્શન અલ્લાહે મોકલ્યું છે, તેને સ્વીકારવાથી માત્ર એ હઠાગ્રહને કારણે ઇન્કાર કરી રહ્યા છે કે અલ્લાહે પોતાની કૃપા (વહ્ય–દિવ્યપ્રકાશના અને રિસાલત–ઈશદૂતત્વ) દ્વારા પોતાના જે બંદાને પોતે ઇચ્છ્યું, નવાજી દીધો. એટલા માટે હવે આ પ્રકોપ-ઉપર-પ્રકોપને પાત્ર થઈ ગયા છે અને આવા કાફિરો (વિધર્મીઓ) માટે સખત અપમાનજનક સજા નિશ્ચિત છે.

૯૧. જ્યારે તેઓને કહેવામાં આવે છે કે જે કંઈ અલ્લાહે અવતરિત કર્યું છે, તેના પર ઈમાન લાવો, તો તેઓ કહે છે, ''અમે તો માત્ર તે વસ્તુ ઉપર ઈમાન લાવીએ છીએ, જે અમારા ત્યાં (અર્થાત્ ઇસરાઈલના વંશજોમાં) અવતરિત થઈ છે.'' આ વર્તુળની બહાર જે કંઈ આવ્યું છે, તેને માનવાનો તેઓ ઇન્કાર કરે છે, જો કે તે સત્ય છે અને તે શિક્ષણનું સમર્થન કરી રહ્યું છે જે તેઓના ત્યાં પહેલાથી મોજૂદ હતું. સારું, તો તેમને કહો, ''જો તમે તે શિક્ષણ ઉપર જ ઈમાન ધરાવનારા છો, જે તમારા ત્યાં આવ્યું હતું, તો તેના અગાઉ અલ્લાહના તે પયગંબરોને (જેઓ પોતે ઇસરાઈલના વંશજોમાં જન્મ્યા હતા) શા માટે કતલ કરતા રહ્યા ?

૯૨. તમારા પાસે મૂસા કેવી-કેવી સ્પષ્ટ નિશાનીઓ સાથે આવ્યો. છતાં પણ તમે એવા અત્યાચારી હતા કે તેની પીઠ ફરતાં જ વાછરડાને ઉપાસ્ય બનાવી બેઠાં.

૯૩. પછી જરા તે કરારને યાદ કરો, જે તૂરને તમારા ઉપર ઉઠાવીને અમે તમારા પાસેથી લીધો હતો. અમે તાકીદ કરી હતી કે જે માર્ગદર્શન અમે આપી રહ્યા છીએ તેનું ચુસ્તપણે પાલન કરો અને ધ્યાનપૂર્વક સાંભળો. તમારા પૂર્વજોએ કહ્યું કે અમે સાંભળી લીધું, પરંતુ માનીશું નહીં અને તેમના કુફ્ર (ઇન્કાર)ની સ્થિતિ એ હતી કે તેમના હૃદયમાં વાછરડું જ વસી ગયું હતું. કહો, ''જો તમે ઈમાનવાળા છો, તો આ વિચિત્ર ઈમાન છે, જે આવાં ખરાબ કૃત્યોનો તમને આદેશ આપે છે.''

૯૪. તેમને કહો કે જો હકીકતમાં અલ્લાહ પાસે આખિરત (પરલોક)નું ઘર તમામ મનુષ્યોને છોડીને માત્ર તમારા માટે જ વિશિષ્ટ હોય, ત્યારે તો તમારે મૃત્યુની ઇચ્છા કરવી જોઈએ, જો તમે તમારા આ વિચારમાં સાચા છો.

૯૫. વિશ્વાસ રાખો કે તેઓ આ ઇચ્છા ક્યારેય નહીં કરે, એટલા માટે કે પોતાના હાથો વડે જે કંઈ કમાવીને તેમણે ત્યાં મોકલ્યું છે, તેનો તકાદો એ જ છે (કે તેઓ ત્યાં જવાની ઇચ્છા ન કરે), અલ્લાહ આ અત્યાચારીઓની સ્થિતિથી સારી રીતે વાકેફ છે.

૯૬. તમે જોશો કે આ લોકો જીવવાની સૌથી વધુ લાલસા ધરાવે છે, બલ્કે આ બાબતમાં તેઓ મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) કરતાં પણ આગળ છે. તેમનામાંથી એકેએક વ્યક્તિ એવું ઇચ્છે છે કે કોઈ પણ રીતે હજાર વર્ષ

عَدُوًّا لِّجِبْرِيْلَ فَاِنَّهٗ نَزَّلَهٗ عَلٰى قَلْبِكَ بِاِذْنِ اللّٰهِ
مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ وَهُدًى وَّبُشْرٰى لِلْمُؤْمِنِيْنَ ﴿٩٧﴾
مَنْ كَانَ عَدُوًّا لِّلّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَرُسُلِهٖ وَجِبْرِيْلَ
وَمِيْكٰىلَ فَاِنَّ اللّٰهَ عَدُوٌّ لِّلْكٰفِرِيْنَ ﴿٩٨﴾ وَلَقَدْ
اَنْزَلْنَآ اِلَيْكَ اٰيٰتٍۢ بَيِّنٰتٍ ۚ وَمَا يَكْفُرُ بِهَآ اِلَّا
الْفٰسِقُوْنَ ﴿٩٩﴾ اَوَكُلَّمَا عٰهَدُوْا عَهْدًا نَّبَذَهٗ فَرِيْقٌ
مِّنْهُمْ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿١٠٠﴾ وَلَمَّا جَآءَهُمْ
رَسُوْلٌ مِّنْ عِنْدِ اللّٰهِ مُصَدِّقٌ لِّمَا مَعَهُمْ نَبَذَ
فَرِيْقٌ مِّنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ ۙ كِتٰبَ اللّٰهِ وَرَآءَ
ظُهُوْرِهِمْ كَاَنَّهُمْ لَا يَعْلَمُوْنَ ﴿١٠١﴾ ز وَاتَّبَعُوْا مَا تَتْلُوا
الشَّيٰطِيْنُ عَلٰى مُلْكِ سُلَيْمٰنَ ۚ وَمَا كَفَرَ سُلَيْمٰنُ
وَلٰكِنَّ الشَّيٰطِيْنَ كَفَرُوْا يُعَلِّمُوْنَ النَّاسَ السِّحْرَ ۗ وَمَآ
اُنْزِلَ عَلَى الْمَلَكَيْنِ بِبَابِلَ هَارُوْتَ وَمَارُوْتَ ؕ
وَمَا يُعَلِّمٰنِ مِنْ اَحَدٍ حَتّٰى يَقُوْلَآ اِنَّمَا نَحْنُ فِتْنَةٌ
فَلَا تَكْفُرْ ؕ فَيَتَعَلَّمُوْنَ مِنْهُمَا مَا يُفَرِّقُوْنَ بِهٖ بَيْنَ
الْمَرْءِ وَزَوْجِهٖ ؕ وَمَا هُمْ بِضَآرِّيْنَ بِهٖ مِنْ اَحَدٍ اِلَّا
بِاِذْنِ اللّٰهِ ؕ وَيَتَعَلَّمُوْنَ مَا يَضُرُّهُمْ وَلَا يَنْفَعُهُمْ ؕ
وَلَقَدْ عَلِمُوْا لَمَنِ اشْتَرٰىهُ مَا لَهٗ فِى الْاٰخِرَةِ مِنْ
خَلَاقٍ ۫ وَلَبِئْسَ مَا شَرَوْا بِهٖٓ اَنْفُسَهُمْ ؕ لَوْ كَانُوْا

જીવે, જો કે લાંબું આયુષ્ય તેમને સજાથી તો દૂર રાખી શકતું નથી. જે કંઈ કૃત્યો તેઓ કરી રહ્યા છે, અલ્લાહ તો તેને જુએ જ છે. (રુકૂઅ-૧૧)

૯૭. તેમને કહો કે જે કોઈ જિબ્રઈલ સાથે દુશ્મની રાખતો હોય, તેને ખબર હોવી જોઈએ કે જિબ્રઈલે અલ્લાહના જ હુકમથી આ કુર્આન તમારા હૃદય પર અવતરિત કર્યું છે, જે અગાઉ આવેલા ગ્રંથોની પુષ્ટિ કરે છે અને ઈમાન લાવનારાઓ માટે માર્ગદર્શન અને સફળતાની ખુશખબર બનીને આવ્યું છે.

૯૮. (જો જિબ્રઈલ સાથે તેમની દુશ્મનીનું કારણ આ જ છે, તો કહી દો કે) જેઓ અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને તેના પયગંબરો અને જિબ્રઈલ અને મીકાઈલના દુશ્મનો છે, અલ્લાહ તે કાફિરોનો દુશ્મન છે.

૯૯. અમે તમારા તરફ એવી આયતો અવતરિત કરી છે જે સ્પષ્ટપણે સત્યને જાહેર કરનારી છે અને તેના અનુસરણથી માત્ર તે જ લોકો ઈન્કાર કરે છે, જેઓ અવજ્ઞાકારી છે.

૧૦૦. શું હંમેશાથી એવું નથી બનતું રહ્યું કે જ્યારે તેમણે કોઈ કરાર કર્યો તો તેમનામાંથી કોઈ-ને-કોઈ જૂથે તેને જરૂરથી પીઠ પાછળ નાખી દીધો ? બલ્કે તેમનામાંથી ઘણાંખરા એવા જ છે, જેઓ સાચા દિલથી ઈમાન લાવતા નથી.

૧૦૧. અને જ્યારે તેમના પાસે અલ્લાહ તરફથી કોઈ પયગંબર તે ગ્રંથની પુષ્ટિ અને સમર્થન કરતો આવ્યો જે તેમને ત્યાં અગાઉથી મોજૂદ હતો, ત્યારે આ ગ્રંથવાળાઓમાંથી એક જૂથે અલ્લાહના ગ્રંથને એવી રીતે પીઠ પાછળ નાખ્યો, જાણે કે તેઓ કશું જાણતા જ નથી.

૧૦૨. અને તે વસ્તુઓનું અનુસરણ કરવા લાગ્યા, જે શેતાનો સુલેમાનના રાજ્યના નામે રજૂ કરતા રહેતા હતા, જો કે સુલેમાને ક્યારેય કુફ્ર નથી કર્યું, કુફ્ર કરવાવાળા તો તે શેતાનો હતા, જેઓ લોકોને જાદુનું શિક્ષણ આપતા હતા. તેઓ પાછળ પડ્યા તે વસ્તુની જે બેબિલોનમાં બે ફરિશ્તાઓ, હારૂત અને મારૂત ઉપર ઉતારવામાં આવી હતી, જો કે તેઓ (ફરિશ્તાઓ) જ્યારે પણ કોઈને તેનું શિક્ષણ આપતા હતા, તો પહેલાં સ્પષ્ટપણે ચેતવી દેતા હતા કે "જુઓ, અમે તો માત્ર એક પરીક્ષા છીએ. તું કુફ્રમાં ન પડ." તેમ છતાં પણ તે લોકો તેમના પાસેથી તે વસ્તુ શીખતા હતા, જેનાથી પતિ અને પત્નીને વિખૂટા પાડી દેવાય. સ્પષ્ટ હતું કે અલ્લાહની મરજી વિના તેઓ તેના દ્વારા કોઈને પણ નુકસાન પહોંચાડી શકતા ન હતા, તેમ છતાં તેઓ એવી વસ્તુ શીખતાં હતા જે સ્વયં તેમના માટે લાભદાયક નહીં, બલ્કે હાનિકારક હતી અને તેઓ સારી રીતે જાણતા હતા કે જે આ વસ્તુનો ખરીદનાર બન્યો, તેના માટે આખિરત (પરલોક)માં કોઈ હિસ્સો નથી. કેટલી ખરાબ પૂંજી હતી, જેના બદલામાં તેમણે પોતાના પ્રાણોને વેચી નાખ્યા, કદાચ તેઓ જાણતા હોત !

يَعْلَمُوْنَ ۝١٠٢ وَلَوْ اَنَّهُمْ اٰمَنُوْا وَاتَّقَوْا لَمَثُوْبَةٌ مِّنْ
عِنْدِ اللّٰهِ خَيْرٌ ؕ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ۝١٠٣ ع يٰٓاَيُّهَا الَّذِيْنَ (ع ١٢)
اٰمَنُوْا لَا تَقُوْلُوْا رَاعِنَا وَقُوْلُوا انْظُرْنَا وَاسْمَعُوْا ؕ
وَلِلْكٰفِرِيْنَ عَذَابٌ اَلِيْمٌ ۝١٠٤ مَا يَوَدُّ الَّذِيْنَ
كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ وَلَا الْمُشْرِكِيْنَ اَنْ يُّنَزَّلَ
عَلَيْكُمْ مِّنْ خَيْرٍ مِّنْ رَّبِّكُمْ ؕ وَاللّٰهُ يَخْتَصُّ بِرَحْمَتِهٖ
مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ۝١٠٥ مَا نَنْسَخْ مِنْ
اٰيَةٍ اَوْ نُنْسِهَا نَاْتِ بِخَيْرٍ مِّنْهَآ اَوْ مِثْلِهَا ؕ اَلَمْ تَعْلَمْ
اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِيْرٌ ۝١٠٦ اَلَمْ تَعْلَمْ اَنَّ
اللّٰهَ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَمَا لَكُمْ مِّنْ
دُوْنِ اللّٰهِ مِنْ وَّلِیٍّ وَّلَا نَصِيْرٍ ۝١٠٧ اَمْ تُرِيْدُوْنَ اَنْ
تَسْـَٔلُوْا رَسُوْلَكُمْ كَمَا سُىِٕلَ مُوْسٰى مِنْ قَبْلُ ؕ وَمَنْ
يَّتَبَدَّلِ الْكُفْرَ بِالْاِيْمَانِ فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيْلِ ۝١٠٨
وَدَّ كَثِيْرٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ لَوْ يَرُدُّوْنَكُمْ مِّنْ بَعْدِ اِيْمَانِكُمْ
كُفَّارًا ۚۖ حَسَدًا مِّنْ عِنْدِ اَنْفُسِهِمْ مِّنْ بَعْدِ مَا
تَبَيَّنَ لَهُمُ الْحَقُّ ۚ فَاعْفُوْا وَاصْفَحُوْا حَتّٰى يَاْتِیَ اللّٰهُ
بِاَمْرِهٖ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِيْرٌ ۝١٠٩ وَاَقِيْمُوا الصَّلٰوةَ (الثلثة)
وَاٰتُوا الزَّكٰوةَ ؕ وَمَا تُقَدِّمُوْا لِاَنْفُسِكُمْ مِّنْ خَيْرٍ تَجِدُوْهُ
عِنْدَ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ۝١١٠ وَقَالُوْا

૧૦૩. જો તેઓ ઈમાન અને તકવા (ધર્મપરાયણતા અને સંયમ) અપનાવતા, તો અલ્લાહને ત્યાં તેનો જે બદલો મળતો, તે તેમના માટે વધુ સારો હતો, કદાચ તેઓ જાણતા હોત ! (રુકૂઅ-૧૨)

૧૦૪. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! 'રાઈના' ન બોલ્યા કરો, બલ્કે 'ઉન્ઝૂર્ના' કહો અને ધ્યાનપૂર્વક વાતને સાંભળો,★ આ ઇન્કાર કરવાવાળાઓ તો દુઃખદાયક સજાને પાત્ર છે.

૧૦૫. આ લોકો, જેમણે સત્યને સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો છે, ચાહે ગ્રંથવાળાઓમાંથી હોય કે મુશ્રિક (અનેકેશ્વરવાદી) હોય, તેમને કદાપિ તે પસંદ નથી કે તમારા રબ (માલિક અને પાલનહાર) તરફથી તમારા પર કોઈ ભલાઈ ઉતરે, પરંતુ અલ્લાહ જેને ઈચ્છે છે, પોતાની કૃપા માટે પસંદ કરી લે છે અને તે મોટો મહેરબાન છે.

૧૦૬. અમે અમારી જે આયતને નિરસ્ત કરી દઈએ છીએ કે ભૂલાવી દઇએ છીએ, તેના સ્થાને તેનાથી વધુ સારી લાવીએ છીએ અથવા ઓછામાં ઓછી તેવી જ. શું તમે જાણતા નથી કે અલ્લાહ દરેક વસ્તુનું સામર્થ્ય ધરાવે છે?

૧૦૭. શું તમને ખબર નથી કે ધરતી અને આકાશોનું શાસન અલ્લાહ માટે જ છે અને તેના સિવાય કોઈ તમારો સંરક્ષક અને મદદ કરનાર નથી ?

૧૦૮. પછી શું તમે પોતાના પયગંબર પાસે તે પ્રકારના પ્રશ્નો અને માંગણીઓ કરવા ઇચ્છો છો, જે આ અગાઉ મૂસા પાસે કરવામાં આવ્યા હતા? જ્યારે કે જેણે ઈમાનના વલણને કુફ્રના વલણથી બદલી નાખ્યું તે સીધા માર્ગથી ભટકી ગયો.

૧૦૯. જેમને અગાઉ ગ્રંથ આપવામાં આવ્યો હતો તેમનામાંથી ઘણાં લોકો એવું ઇચ્છે છે કે કોઈપણ રીતે તમને ઈમાનથી ફેરવીને ફરી કુફ્ર (ઇન્કાર) તરફ પાછા લઈ જાય. જો કે સત્ય તેમના ઉપર પ્રગટ થઈ ચૂક્યું છે, પરંતુ પોતાના મનની ઈર્ષ્યાના કારણે તમારા માટે તેમની આ ઇચ્છા છે. તેના જવાબમાં તમે ક્ષમા અને દરગુજરથી કામ લો, ત્યાં સુધી કે અલ્લાહ પોતે જ તેનો નિર્ણય લાગુ કરી દે. ખાત્રી રાખો કે અલ્લાહ દરેક વસ્તુનું સામર્થ્ય ધરાવે છે.

૧૧૦. નમાઝ કાયમ કરો અને ઝકાત આપો. તમે તમારી આખિરત માટે જે સદ્કાર્ય કમાવીને આગળ મોકલશો, અલ્લાહને ત્યાં તમે તેને મોજૂદ જોશો. જે કંઈ તમે કરો છો, તે બધું અલ્લાહની નજરમાં છે.

★ યહૂદીઓ જ્યારે પયગંબર સલ્લ.ની સભામાં વાતચીત દરમ્યાન ક્યારેક એવું કહેવાની જરૂર પડતી કે સહેજ થોભો, અમને આ વાત સમજી લેવાદો, તો 'રાઈના' કહેતા. આ શબ્દનો સ્પષ્ટ અર્થ તો એ હતો કે અમને થોડીક છૂટછાટ આપો અથવા અમારી વાત સાંભળી લો, પરંતુ કેટલીક રીતે તેના ખરાબ અર્થો પણ થતા હતા. તેથી મુસલમાનોને એવો આદેશ આપવામાં આવ્યો કે તમે આ શબ્દનો પ્રયોગ ન કરો અને તેના બદલે 'ઉન્ઝૂર્ના' કહો, અર્થાત્ અમારા તરફ સહેજ ધ્યાન આપો અથવા જરા અમને સમજી લેવા દો.

لَنْ يَّدْخُلَ الْجَنَّةَ اِلَّا مَنْ كَانَ هُوْدًا اَوْ نَصٰرٰى ؕ
تِلْكَ اَمَانِيُّهُمْ ؕ قُلْ هَاتُوْا بُرْهَانَكُمْ اِنْ كُنْتُمْ
صٰدِقِيْنَ ﴿۱۱۱﴾ بَلٰى ۗ مَنْ اَسْلَمَ وَجْهَهٗ لِلّٰهِ وَهُوَ
مُحْسِنٌ فَلَهٗۤ اَجْرُهٗ عِنْدَ رَبِّهٖ ۪ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا
ع ۱۳ هُمْ يَحْزَنُوْنَ ﴿۱۱۲﴾ وَقَالَتِ الْيَهُوْدُ لَيْسَتِ النَّصٰرٰى عَلٰى
شَیْءٍ ۪ وَّقَالَتِ النَّصٰرٰى لَيْسَتِ الْيَهُوْدُ عَلٰى شَیْءٍ ۙ
وَّهُمْ يَتْلُوْنَ الْكِتٰبَ ؕ كَذٰلِكَ قَالَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ
مِثْلَ قَوْلِهِمْ ۚ فَاللّٰهُ يَحْكُمُ بَيْنَهُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا
كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿۱۱۳﴾ وَمَنْ اَظْلَمُ مِمَّنْ مَّنَعَ مَسٰجِدَ
اللّٰهِ اَنْ يُّذْكَرَ فِيْهَا اسْمُهٗ وَسَعٰى فِیْ خَرَابِهَا ؕ اُولٰٓئِكَ
مَا كَانَ لَهُمْ اَنْ يَّدْخُلُوْهَاۤ اِلَّا خَآئِفِيْنَ ؕ۬ لَهُمْ فِی
الدُّنْيَا خِزْیٌ وَّلَهُمْ فِی الْاٰخِرَةِ عَذَابٌ عَظِيْمٌ ﴿۱۱۴﴾
وَلِلّٰهِ الْمَشْرِقُ وَالْمَغْرِبُ ۗ فَاَيْنَمَا تُوَلُّوْا فَثَمَّ وَجْهُ
اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ وَاسِعٌ عَلِيْمٌ ﴿۱۱۵﴾ وَقَالُوا اتَّخَذَ
اللّٰهُ وَلَدًا ۙ سُبْحٰنَهٗ ؕ بَلْ لَّهٗ مَا فِی السَّمٰوٰتِ وَ
الْاَرْضِ ؕ كُلٌّ لَّهٗ قٰنِتُوْنَ ﴿۱۱۶﴾ بَدِيْعُ السَّمٰوٰتِ وَ
الْاَرْضِ ؕ وَاِذَا قَضٰۤى اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ
فَيَكُوْنُ ﴿۱۱۷﴾ وَقَالَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ لَوْلَا يُكَلِّمُنَا
منزل ۱ اللّٰهُ اَوْ تَاْتِيْنَاۤ اٰيَةٌ ؕ كَذٰلِكَ قَالَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ

૧૧૧. તેમનું કહેવું છે કે કોઈ વ્યક્તિ જન્નતમાં નહીં જાય, જ્યાં સુધી તે યહૂદી ન હોય કે (ખ્રિસ્તીઓના મતાનુસાર) ખ્રિસ્તી ન હોય. આ તેમની કામનાઓ છે. તેમને કહો, પોતાની દલીલો રજૂ કરો, જો તમે તમારા દાવામાં સાચા છો.

૧૧૨. (હકીકતમાં ન તમારી કોઈ વિશિષ્ટતા છે, ન કોઈ બીજાની) સાચી વાત તો એ છે કે જે પણ પોતાની જાતને અલ્લાહના આજ્ઞાપાલનમાં સમર્પિત કરી દે અને વ્યવહારમાં ઉત્તમ વલણ અપનાવે, તેના માટે તેના રબ પાસે તેનો બદલો છે અને આવા લોકો માટે કોઈ ભય કે દુઃખની કોઈ શક્યતા નથી. (રુકૂઅ-૧૩)

૧૧૩. યહૂદીઓ કહે છે : ખ્રિસ્તીઓ પાસે કશું નથી. ખ્રિસ્તીઓ કહે છે : યહૂદીઓ પાસે કશું નથી – જો કે બંને ગ્રંથ વાંચે છે – અને આ જ પ્રકારના દાવા તે લોકોના પણ છે, જેમના પાસે ગ્રંથનું જ્ઞાન નથી. આ વિવાદ જેમાં આ લોકો પડ્યા છે, તેનો નિર્ણય અલ્લાહ કયામત (પ્રલય)ના દિવસે કરી દેશે.

૧૧૪. અને તે વ્યક્તિથી વધુ જાલિમ કોણ હશે જે અલ્લાહના ઉપાસનાની જગ્યાઓમાં તેના નામના સ્મરણથી રોકે અને તેને વેરાન કરી દેવા માટે તૈયાર હોય ? આવા લોકો એ લાયક છે કે આ ઉપાસનાગૃહોમાં પગ ન મૂકે અને જો ત્યાં જાય તો પણ ડરતા-ડરતા જાય. તેમના માટે દુનિયામાં નામોશી છે અને આખિરતમાં મોટી યાતના.

૧૧૫. પૂર્વ અને પશ્ચિમ સર્વ અલ્લાહના છે. જે તરફ પણ તમે મુખ કરશો, તમે અલ્લાહ સંમુખ હશો. અલ્લાહ સર્વવ્યાપી અને સર્વજ્ઞ છે.

૧૧૬. તેઓ કહે છે કે અલ્લાહે કોઈને પુત્ર બનાવ્યો છે. અલ્લાહ પવિત્ર છે આવી વાતોથી. ખરી હકીકત એ છે કે ધરતી અને આકાશોમાં રહેલી તમામ વસ્તુઓનો તે માલિક છે. તમામે તમામ તેની જ આજ્ઞાની પાબંદ છે.

૧૧૭. તે આકાશો અને ધરતીનો નિર્માતા (પ્રથમ વાર પેદા કરનાર) છે અને જે વાતનો તે ફેંસલો કરે છે, તેના માટે માત્ર આ હુકમ આપે છે કે 'થઈ જા' અને તે થઈ જાય છે.

૧૧૮. અજ્ઞાનીઓ કહે છે કે અલ્લાહ પોતે કેમ અમારા સાથે વાત નથી કરતો અથવા કોઈ નિશાની અમારા પાસે કેમ નથી આવતી ? આવી જ વાતો તેમના પહેલાંના લોકો પણ કર્યા કરતા હતા. આ બધા (આગળ-પાછળના પથભ્રષ્ટ લોકો)ની મનોવૃત્તિઓ એકસરખી છે. વિશ્વાસ

مِّثْلَ قَوْلِهِمْ ؕ تَشَابَهَتْ قُلُوْبُهُمْ ؕ قَدْ بَيَّنَّا الْاٰيٰتِ
لِقَوْمٍ يُّوْقِنُوْنَ ﴿۱۱۸﴾ اِنَّاۤ اَرْسَلْنٰكَ بِالْحَقِّ بَشِيْرًا
وَّنَذِيْرًا ۙ وَّلَا تُسْـَٔلُ عَنْ اَصْحٰبِ الْجَحِيْمِ ﴿۱۱۹﴾ وَلَنْ
تَرْضٰى عَنْكَ الْيَهُوْدُ وَلَا النَّصٰرٰى حَتّٰى تَتَّبِعَ
مِلَّتَهُمْ ؕ قُلْ اِنَّ هُدَى اللّٰهِ هُوَ الْهُدٰى ؕ وَلَئِنِ
اتَّبَعْتَ اَهْوَآءَهُمْ بَعْدَ الَّذِىْ جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ
مَا لَكَ مِنَ اللّٰهِ مِنْ وَّلِىٍّ وَّلَا نَصِيْرٍ ﴿۱۲۰﴾ اَلَّذِيْنَ
وقف منزل
اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَتْلُوْنَهٗ حَقَّ تِلَاوَتِهٖ ؕ اُولٰٓئِكَ
يُؤْمِنُوْنَ بِهٖ ؕ وَمَنْ يَّكْفُرْ بِهٖ فَاُولٰٓئِكَ هُمُ
الْخٰسِرُوْنَ ﴿۱۲۱﴾ ع ٩ يٰبَنِىْۤ اِسْرَآءِيْلَ اذْكُرُوْا نِعْمَتِىَ
الَّتِىْۤ اَنْعَمْتُ عَلَيْكُمْ وَاَنِّىْ فَضَّلْتُكُمْ عَلَى الْعٰلَمِيْنَ ﴿۱۲۲﴾
وَاتَّقُوْا يَوْمًا لَّا تَجْزِىْ نَفْسٌ عَنْ نَّفْسٍ شَيْـًٔا وَّلَا
يُقْبَلُ مِنْهَا عَدْلٌ وَّلَا تَنْفَعُهَا شَفَاعَةٌ وَّلَا هُمْ
يُنْصَرُوْنَ ﴿۱۲۳﴾ وَاِذِ ابْتَلٰٓى اِبْرٰهٖمَ رَبُّهٗ بِكَلِمٰتٍ فَاَتَمَّهُنَّ
قَالَ اِنِّىْ جَاعِلُكَ لِلنَّاسِ اِمَامًا ؕ قَالَ وَمِنْ ذُرِّيَّتِىْ ؕ
قَالَ لَا يَنَالُ عَهْدِى الظّٰلِمِيْنَ ﴿۱۲۴﴾ وَاِذْ جَعَلْنَا
الْبَيْتَ مَثَابَةً لِّلنَّاسِ وَاَمْنًا ؕ وَاتَّخِذُوْا مِنْ
مَّقَامِ اِبْرٰهٖمَ مُصَلًّى ؕ وَعَهِدْنَاۤ اِلٰٓى اِبْرٰهٖمَ وَ
اِسْمٰعِيْلَ اَنْ طَهِّرَا بَيْتِىَ لِلطَّآئِفِيْنَ وَالْعٰكِفِيْنَ
منزل ١

કરનારાઓ માટે તો અમે સ્પષ્ટ નિશાનીઓ પ્રગટ કરી ચૂક્યા છીએ.

૧૧૯. (તેનાથી વધીને નિશાની શું હશે કે) અમે તમને સત્ય જ્ઞાનના સાથે શુભ-સૂચના આપનાર અને ડરાવનાર બનાવીને મોકલ્યા. હવે જે લોકો જહન્નમ સાથે સંબંધ બાંધી ચૂક્યા છે, તેમના તરફથી તમે જવાબદાર અને ઉત્તરદાયી નથી.

૧૨૦. યહૂદીઓ અને ખ્રિસ્તીઓ તમારાથી કદાપિ રાજી નહીં થાય, જ્યાં સુધી તમે તેમની પદ્ધતિ પર ચાલવા ન લાગો. સ્પષ્ટ કહી દો કે માર્ગ કેવળ તે જ છે જે અલ્લાહે બતાવ્યો છે. નહીં તો તે જ્ઞાન પછી જે તમારા પાસે આવી ચૂક્યું છે, જો તમે તેમની ઇચ્છાઓનું અનુસરણ કર્યું, તો અલ્લાહની પકડથી બચાવનાર કોઈ મિત્ર અને સહાયક તમારા માટે નથી.

૧૨૧. જે લોકોને અમે ગ્રંથ આપ્યો છે, તેઓ તેને એવી રીતે પઢે છે જેવું કે તેને પઢવાનો હક છે. તેઓ આના (કુર્આન) પર સાચા હૃદયથી ઈમાન લાવે છે, અને જેઓ તેના સાથે ઇન્કારનું વલણ અપનાવે, તેઓ જ વાસ્તવમાં નુકસાન ઉઠાવનારા છે. (રુકૂઅ-૧૪)

૧૨૨. હે ઈસરાઈલની સંતાન ! યાદ કરો મારી તે નેઅમત (કૃપા), જે મેં તમને આપી હતી અને એ કે મેં તમને દુનિયાની બધી કોમો પર શ્રેષ્ઠતા આપી હતી.

૧૨૩. અને ડરો તે દિવસથી જ્યારે કોઈ કોઈના સહેજ પણ કામમાં નહીં આવે, ન કોઈના પાસેથી ફિદયા (મુક્તિ પ્રતિદાન)ની રકમ સ્વીકારવામાં આવશે, ન કોઈ ભલામણ વ્યક્તિને ફાયદો પહોંચાડશે અને ન ગુનેગારોને ક્યાંયથી કોઈ મદદ મળી શકશે.

૧૨૪. યાદ કરો કે જ્યારે ઇબ્રાહીમની તેના પાલનહારે કેટલીક વાતોમાં પરીક્ષા કરી અને તે બધામાં તે સફળ નીવડ્યો, તો તેણે કહ્યું, ''હું તને સૌ લોકોનો સરદાર બનાવવાનો છું.'' ઇબ્રાહીમે કહ્યું, ''અને શું મારા સંતાનથી પણ આ જ વચન છે ?'' તેણે જવાબ આપ્યો, ''મારું વચન જાલિમો માટે નથી.''

૧૨૫. અને એ કે અમે આ ઘર (કા'બા)ને લોકો માટે કેન્દ્ર અને શાંતિનું સ્થળ ઠેરવ્યું હતું અને લોકોને આદેશ આપ્યો હતો કે ઇબ્રાહીમ જ્યાં બંદગી માટે ઊભો રહે છે, તે સ્થળને સ્થાઇ રૂપે નમાઝની જગ્યા બનાવી લો, અને ઇબ્રાહીમ અને ઇસ્માઈલને તાકીદ કરી હતી કે મારા આ ઘરને તવાફ (પરિક્રમા) અને એતિકાફ (એકાંતમાં અલ્લાહની તપશ્ચર્યા) અને રુકૂઅ અને સિજદો કરનારાઓ માટે પવિત્ર રાખો.

وَالرُّكَّعِ السُّجُوْدِ ﴿١٢٥﴾ وَاِذْ قَالَ اِبْرٰهٖمُ رَبِّ اجْعَلْ
هٰذَا بَلَدًا اٰمِنًا وَّارْزُقْ اَهْلَهٗ مِنَ الثَّمَرٰتِ مَنْ
اٰمَنَ مِنْهُمْ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ قَالَ وَمَنْ كَفَرَ
فَاُمَتِّعُهٗ قَلِيْلًا ثُمَّ اَضْطَرُّهٗۤ اِلٰى عَذَابِ النَّارِ ؕ وَ
بِئْسَ الْمَصِيْرُ ﴿١٢٦﴾ وَاِذْ يَرْفَعُ اِبْرٰهٖمُ الْقَوَاعِدَ
مِنَ الْبَيْتِ وَاِسْمٰعِيْلُ ؕ رَبَّنَا تَقَبَّلْ مِنَّا ؕ اِنَّكَ
اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿١٢٧﴾ رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَيْنِ
لَكَ وَمِنْ ذُرِّيَّتِنَاۤ اُمَّةً مُّسْلِمَةً لَّكَ ۪ وَاَرِنَا
مَنَاسِكَنَا وَتُبْ عَلَيْنَا ۚ اِنَّكَ اَنْتَ التَّوَّابُ الرَّحِيْمُ ﴿١٢٨﴾
رَبَّنَا وَابْعَثْ فِيْهِمْ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِكَ
وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَيُزَكِّيْهِمْ ؕ اِنَّكَ اَنْتَ
الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿١٢٩﴾ ع وَمَنْ يَّرْغَبُ عَنْ مِّلَّةِ اِبْرٰهٖمَ ع ١٥ ٨
اِلَّا مَنْ سَفِهَ نَفْسَهٗ ؕ وَلَقَدِ اصْطَفَيْنٰهُ فِي الدُّنْيَا ۚ
وَاِنَّهٗ فِي الْاٰخِرَةِ لَمِنَ الصّٰلِحِيْنَ ﴿١٣٠﴾ اِذْ قَالَ لَهٗ
رَبُّهٗۤ اَسْلِمْ ۙ قَالَ اَسْلَمْتُ لِرَبِّ الْعٰلَمِيْنَ ﴿١٣١﴾ وَوَصّٰى
بِهَاۤ اِبْرٰهٖمُ بَنِيْهِ وَيَعْقُوْبُ ؕ يٰبَنِيَّ اِنَّ اللّٰهَ اصْطَفٰى
لَكُمُ الدِّيْنَ فَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ ﴿١٣٢﴾ ؕ اَمْ
كُنْتُمْ شُهَدَآءَ اِذْ حَضَرَ يَعْقُوْبَ الْمَوْتُ ۙ اِذْ قَالَ
لِبَنِيْهِ مَا تَعْبُدُوْنَ مِنْ بَعْدِيْ ؕ قَالُوْا نَعْبُدُ اِلٰهَكَ

૧૨૬. અને એ કે ઈબ્રાહીમે દુઆ કરી, " હે મારા માલિક ! આ શહેરને શાંતિનું શહેર બનાવી દે અને તેના રહેવાસીઓમાંથી જેઓ અલ્લાહ અને આખિરત (પરલોક)ને માને, તેમને દરેક પ્રકારના ફળોની રોજી આપ." જવાબમાં તેના માલિકે ફરમાવ્યું, "અને જે નહીં માને, દુનિયાની ટૂંકી જિંદગી માટેનો સામાન તો હું તેને પણ આપીશ, પરંતુ અંતે તેને જહન્નમની સજા તરફ ઢસડી જઈશ, અને તે સૌથી ખરાબ ઠેકાણું છે."

૧૨૭. અને યાદ કરો ઈબ્રાહીમ અને ઈસ્માઈલ જ્યારે તે ઘરની દીવાલો ઊભી કરી રહ્યા હતા, તો દુઆ કરતા જતા હતા, "હે અમારા માલિક ! અમારી આ સેવા સ્વીકારી લે, તું બધું જ સાંભળનાર અને બધું જ જાણનાર છે.

૧૨૮. હે માલિક ! અમને બંનેને પોતાના મુસ્લિમ★ બનાવ, અમારા વંશમાંથી એક એવી ઉમ્મત (સમુદાય) ઊભી કર, જે તારી મુસ્લિમ (આજ્ઞાંકિત) હોય, અમને તારી બંદગી (પ્રાર્થના)ની પદ્ધતિઓ બતાવ અને અમારી ખામીઓને માફ કર, તું મોટો ક્ષમાશીલ અને દયાળુ છે.

૧૨૯. અને હે માલિક ! આ લોકોમાં સ્વયં તેમના જ સમુદાયમાંથી એક પયગંબર ઉઠાવજે, જે તેમને તારી આયતો સંભળાવે, તેમને ગ્રંથ અને હિકમત (બુદ્ધિમત્તા અને તત્ત્વદર્શિતા)નું શિક્ષણ આપે અને તેમના જીવન શુદ્ધ કરે. તું મોટો પ્રભુત્વશાળી અને ડહાપણવાળો છે. (રુકૂઅ-૧૫)

૧૩૦. હવે કોણ છે, જે ઈબ્રાહીમની પદ્ધતિ (દીન)થી નફરત કરે ? જેણે સ્વયં પોતાની જાતને મૂર્ખતા અને અજ્ઞાનતામાં નાખી દીધી હોય, તેના સિવાય કોણ આવી ચેષ્ટા કરી શકે છે ? ઈબ્રાહીમ તો તે વ્યકિત છે જેને અમે દુનિયામાં અમારા કામ માટે પસંદ કરી લીધો હતો અને આખિરતમાં તેની ગણત્રી સદાચારીઓમાં થશે.

૧૩૧. તેની સ્થિતિ એ હતી કે જ્યારે તેના રબે તેને કહ્યું કે, "મુસ્લિમ થઈ જા" તો તેણે તરત જ કહ્યું, "હું સૃષ્ટિના માલિકનો 'મુસ્લિમ' થઈ ગયો."

૧૩૨. આ જ પદ્ધતિનું અનુસરણ કરવાનો ઉપદેશ તેણે પોતાના સંતાનને આપ્યો હતો અને આની જ વસિયત યાકૂબ પોતાના સંતાનને કરી ગયો હતો. તેણે કહ્યું હતું કે, "મારા બાળકો ! અલ્લાહે તમારા માટે આ જ દીન (ધર્મ) પસંદ કર્યો છે, તેથી મૃત્યુપર્યંત મુસ્લિમ જ રહેજો."

૧૩૩. પછી શું તમે તે વખતે હાજર હતા, જ્યારે યાકૂબ આ દુનિયાથી વિદાય થઈ રહ્યો હતો ? તેણે મૃત્યુ વખતે પોતાના પુત્રોને પૂછ્યું, "બાળકો !

★ 'મુસ્લિમ' અર્થાત્ તે વ્યક્તિ જે અલ્લાહના આજ્ઞાપાલનમાં પોતાને સમર્પિત કરી દે.

وَاِلٰهَ اٰبَآئِكَ اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ اِلٰهًا وَّاحِدًا ۚۖ
وَّنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿١٣٣﴾ تِلْكَ اُمَّةٌ قَدْ خَلَتْ ۚ لَهَا مَا
كَسَبَتْ وَلَكُمْ مَّا كَسَبْتُمْ ۚ وَلَا تُسْئَلُوْنَ عَمَّا كَانُوْا
يَعْمَلُوْنَ ﴿١٣٤﴾ وَقَالُوْا كُوْنُوْا هُوْدًا اَوْ نَصٰرٰى تَهْتَدُوْا ؕ
قُلْ بَلْ مِلَّةَ اِبْرٰهٖمَ حَنِيْفًا ؕ وَمَا كَانَ مِنَ
الْمُشْرِكِيْنَ ﴿١٣٥﴾ قُوْلُوْٓا اٰمَنَّا بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْنَا وَمَآ
اُنْزِلَ اِلٰٓى اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ
وَالْاَسْبَاطِ وَمَآ اُوْتِيَ مُوْسٰى وَعِيْسٰى وَمَآ اُوْتِيَ
النَّبِيُّوْنَ مِنْ رَّبِّهِمْ ۚ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ ۖ
وَنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿١٣٦﴾ فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَآ اٰمَنْتُمْ بِهٖ
فَقَدِ اهْتَدَوْا ۚ وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا هُمْ فِيْ شِقَاقٍ ۚ
فَسَيَكْفِيْكَهُمُ اللّٰهُ ۚ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿١٣٧﴾ ؕ صِبْغَةَ
اللّٰهِ ۚ وَمَنْ اَحْسَنُ مِنَ اللّٰهِ صِبْغَةً ز وَّنَحْنُ لَهٗ
عٰبِدُوْنَ ﴿١٣٨﴾ قُلْ اَتُحَآجُّوْنَنَا فِي اللّٰهِ وَهُوَ رَبُّنَا وَ
رَبُّكُمْ ۚ وَلَنَآ اَعْمَالُنَا وَلَكُمْ اَعْمَالُكُمْ ۚ وَنَحْنُ لَهٗ
مُخْلِصُوْنَ ﴿١٣٩﴾ لا اَمْ تَقُوْلُوْنَ اِنَّ اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ
وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطَ كَانُوْا هُوْدًا اَوْ
نَصٰرٰى ؕ قُلْ ءَاَنْتُمْ اَعْلَمُ اَمِ اللّٰهُ ؕ وَمَنْ اَظْلَمُ مِمَّنْ
كَتَمَ شَهَادَةً عِنْدَهٗ مِنَ اللّٰهِ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا

મારા પછી તમે કોની બંદગી કરશો ?" તે બધાએ ઉત્તર આપ્યો, "અમે તે જ એક અલ્લાહની બંદગી કરીશું જેને આપે અને આપના વડવાઓ ઈબ્રાહીમ, ઈસ્માઈલ અને ઈસ્હાકે ખુદા માન્યો છે અને અમે તેના જ મુસ્લિમ છીએ."

૧૩૪. તેઓ કેટલાક લોકો હતા, જેઓ વિતી ગયા. જે કંઈ તેમણે કમાવ્યું, તે તેમના માટે છે અને જે કંઈ તમે કમાશો, તે તમારા માટે છે. તમને એ પૂછવામાં નહીં આવે કે તેઓ શું કરતા હતા.

૧૩૫. યહૂદીઓ કહે છે, "યહૂદી હશો તો સન્માર્ગ પામશો." ખ્રિસ્તીઓ કહે છે, "ખ્રિસ્તી હશો તો માર્ગદર્શન મળશે." તેમને કહો, "નહીં, સૌને ત્યજીને ઈબ્રાહીમની પદ્ધતિ, અને ઈબ્રાહીમ મુશ્રિકો પૈકીનો ન હતો."

૧૩૬ મુસલમાનો ! કહો, "અમે ઈમાન લાવ્યા અલ્લાહ પર અને તે માર્ગદર્શન પર જે અમારા તરફ અવતરિત થયું છે અને જે ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક, યાકૂબ અને યાકૂબના સંતાનો પર અવતરિત થયું હતું અને જે મૂસા અને ઈસા અને બીજા તમામ પયગંબરોને તેમના માલિક (રબ) તરફથી આપવામાં આવ્યું હતું. અમે તેમના વચ્ચે કોઈ ભેદ નથી કરતા, અને અમે અલ્લાહના મુસ્લિમ (આજ્ઞાંકિત) છીએ."

૧૩૭. પછી જો તેઓ એવી જ રીતે ઈમાન લાવે, જેવી રીતે તમે લાવ્યા છો, તો તેઓ સાચા માર્ગ ઉપર છે, અને જો તેનાથી મોઢું ફેરવે તો સ્પષ્ટ વાત છે કે તેઓ હઠાગ્રહમાં પડેલા છે. એટલા માટે ખાત્રી રાખો કે તેમના વિરુદ્ધ અલ્લાહ તમારી સહાયતા માટે પૂરતો છે. તે બધું જ સાંભળે અને જાણે છે.

૧૩૮. કહો, "અલ્લાહનો રંગ અપનાવો. તેના રંગથી સારો બીજા કોનો રંગ હશે ? અને અમે તેની જ બંદગી કરનારા લોકો છીએ."

૧૩૯. હે નબી ! તેમને કહો, "શું તમે અલ્લાહ વિષે અમારા સાથે વાદવિવાદ કરો છો ? જો કે તે જ અમારો રબ (માલિક અને પાલનહાર) પણ છે અને તમારો રબ પણ. અમારા કર્મો અમારા માટે છે, તમારા કર્મો તમારા માટે, અને અમે અલ્લાહ માટે જ પોતાની બંદગી વિશિષ્ટ કરી ચૂક્યા છીએ.

૧૪૦. કે પછી તમારું કહેવું એમ છે કે ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક, યાકૂબ અને યાકૂબના સંતાનો સૌ કોઈ યહૂદી અથવા ખ્રિસ્તી હતા ?" કહો, "તમે વધારે જાણો છો કે અલ્લાહ ?" તે વ્યકિત કરતાં વધારે જાલિમ કોણ હશે, જેના પાસે અલ્લાહ તરફથી એક સાક્ષી હોય અને તે તેને છુપાવે ? તમારા કૃત્યોથી અલ્લાહ અજાણ તો નથી.

تَعۡمَلُوۡنَ ﴿۱۴۰﴾ تِلۡكَ اُمَّةٌ قَدۡ خَلَتۡ ۚ لَهَا مَا كَسَبَتۡ
وَلَكُمۡ مَّا كَسَبۡتُمۡ ۚ وَلَا تُسۡـَٔلُوۡنَ عَمَّا كَانُوۡا يَعۡمَلُوۡنَ ﴿۱۴۱﴾ ع

سَيَقُوۡلُ السُّفَهَآءُ مِنَ النَّاسِ مَا وَلّٰىهُمۡ عَنۡ
قِبۡلَتِهِمُ الَّتِىۡ كَانُوۡا عَلَيۡهَا ؕ قُلۡ لِّلّٰهِ الۡمَشۡرِقُ وَ
الۡمَغۡرِبُ ؕ يَهۡدِىۡ مَنۡ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ﴿۱۴۲﴾
وَكَذٰلِكَ جَعَلۡنٰكُمۡ اُمَّةً وَّسَطًا لِّتَكُوۡنُوۡا شُهَدَآءَ
عَلَى النَّاسِ وَيَكُوۡنَ الرَّسُوۡلُ عَلَيۡكُمۡ شَهِيۡدًا ؕ وَمَا
جَعَلۡنَا الۡقِبۡلَةَ الَّتِىۡ كُنۡتَ عَلَيۡهَآ اِلَّا لِنَعۡلَمَ مَنۡ
يَّتَّبِعُ الرَّسُوۡلَ مِمَّنۡ يَّنۡقَلِبُ عَلٰى عَقِبَيۡهِ ؕ وَاِنۡ
كَانَتۡ لَكَبِيۡرَةً اِلَّا عَلَى الَّذِيۡنَ هَدَى اللّٰهُ ؕ وَمَا كَانَ
اللّٰهُ لِيُضِيۡعَ اِيۡمَانَكُمۡ ؕ اِنَّ اللّٰهَ بِالنَّاسِ لَرَءُوۡفٌ رَّحِيۡمٌ ﴿۱۴۳﴾
قَدۡ نَرٰى تَقَلُّبَ وَجۡهِكَ فِى السَّمَآءِ ۚ فَلَنُوَلِّيَنَّكَ
قِبۡلَةً تَرۡضٰٮهَا ۖ فَوَلِّ وَجۡهَكَ شَطۡرَ الۡمَسۡجِدِ الۡحَرَامِ ؕ
وَحَيۡثُ مَا كُنۡتُمۡ فَوَلُّوۡا وُجُوۡهَكُمۡ شَطۡرَهٗ ؕ وَاِنَّ
الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ لَيَعۡلَمُوۡنَ اَنَّهُ الۡحَـقُّ مِنۡ
رَّبِّهِمۡ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا يَعۡمَلُوۡنَ ﴿۱۴۴﴾ وَلَئِنۡ
اَتَيۡتَ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ بِكُلِّ اٰيَةٍ مَّا تَبِعُوۡا
قِبۡلَتَكَ ۚ وَمَاۤ اَنۡتَ بِتَابِعٍ قِبۡلَتَهُمۡ ۚ وَمَا بَعۡضُهُمۡ
بِتَابِعٍ قِبۡلَةَ بَعۡضٍ ؕ وَلَئِنِ اتَّبَعۡتَ اَهۡوَآءَهُمۡ مِّنۡ

૧૪૧. તે કેટલાક લોકો હતા, જે વિતી ગયા. તેમની કમાણી તેમના માટે હતી અને તમારી કમાણી તમારા માટે, તમને તેમના કર્મો વિષે પૂછવામાં નહીં આવે. (રૂકૂઅ-૧૬)

૧૪૨. મૂર્ખ લોકો જરૂર કહેશે, "આમને શું થયું કે પહેલાં તેઓ જે કિબ્લા (ઉપાસના-દિશા) તરફ મુખ કરીને નમાઝ પઢતા હતા, તેનાથી અચાનક ફરી ગયા ?" હે નબી ! એમને કહો, "પૂર્વ અને પશ્ચિમ સર્વ અલ્લાહના છે. અલ્લાહ જેને ચાહે છે, સીધો માર્ગ દેખાડી દે છે."

૧૪૩. અને આવી રીતે તો અમે તમને (મુસલમાનોને) એક 'ઉમ્મતે વસત' (ઉત્તમ સમુદાય) બનાવેલ છે, જેથી તમે દુનિયાના લોકો ઉપર સાક્ષી રહો અને પયગંબર તમારા ઉપર સાક્ષી રહે.

પહેલાં જે તરફ તમે મુખ કરતા હતા તેને તો અમે કેવળ એ જોવા માટે કિબ્લા ઠેરવ્યો હતો કે કોણ પયગંબરનું અનુસરણ કરે છે અને કોણ પાછા પગે ફરી જાય છે. આ બાબત હતી તો ખૂબ કઠિન, પણ તે લોકો માટે સહેજ પણ કઠિન સાબિત ન થઈ, જેમને અલ્લાહનું માર્ગદર્શન મળ્યું હતું. અલ્લાહ તમારા આ ઈમાનને કદાપિ વ્યર્થ નહીં કરે, વિશ્વાસ રાખો કે લોકો માટે તે અત્યંત માયાળુ અને દયાળુ છે.

૧૪૪. હે નબી ! તમારું વારંવાર આકાશ તરફ મુખ કરવું અમે જોઈ રહ્યા છીએ. લો, અમે તે જ કિબ્લા તરફ તમને ફેરવી દઈએ છીએ, જેને તમે પસંદ કરો છો. પ્રતિષ્ઠિત મસ્જિદ (કા'બા) તરફ મુખ ફેરવી દો. હવે તમે ગમે ત્યાં હોવ, તેના તરફ મુખ કરીને નમાઝ પઢજો.

આ લોકો, જેમને ગ્રંથ આપવામાં આવ્યો હતો, સારી રીતે જાણે છે કે (કિબ્લાને ફેરવવાનો) આ આદેશ તેમના રબ તરફથી જ છે અને સત્ય ઉપર આધારિત છે, પરંતુ આમ છતાં જે કંઈ આ લોકો કરી રહ્યા છે, અલ્લાહ તેનાથી અજાણ નથી.

૧૪૫. તમે આ ગ્રંથવાળાઓ સમક્ષ ગમે તે નિશાની લઈ આવો, સંભવ નથી કે તેઓ તમારા કિબ્લાનું અનુસરણ કરવા લાગે, અને ન તો તમારા માટે એ શક્ય છે કે તેમના કિબ્લાનું અનુસરણ કરો, અને તેમના પૈકી કોઈ જૂથ પણ બીજાના કિબ્લાના અનુસરણ માટે તૈયાર નથી, અને જો તમે તે જ્ઞાન પછી પણ, જે તમારા પાસે આવી ચૂક્યું છે, તેમની ઇચ્છાઓનું અનુસરણ કર્યું, તો ચોક્કસ જ તમારી ગણના અત્યાચારીઓમાં થશે.

بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ اِنَّكَ اِذًا لَّمِنَ الظّٰلِمِيْنَ ۝١٤٥
اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ ؕ
وَاِنَّ فَرِيْقًا مِّنْهُمْ لَيَكْتُمُوْنَ الْحَقَّ وَهُمْ يَعْلَمُوْنَ ۝١٤٦
اَلْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُوْنَنَّ مِنَ الْمُمْتَرِيْنَ ۝١٤٧ ع
وَلِكُلٍّ وِّجْهَةٌ هُوَ مُوَلِّيْهَا فَاسْتَبِقُوا الْخَيْرٰتِ ؕ
اَيْنَ مَا تَكُوْنُوْا يَاْتِ بِكُمُ اللّٰهُ جَمِيْعًا ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ
شَيْءٍ قَدِيْرٌ ۝١٤٨ وَمِنْ حَيْثُ خَرَجْتَ فَوَلِّ وَجْهَكَ
شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ؕ وَاِنَّهٗ لَلْحَقُّ مِنْ رَّبِّكَ ؕ وَمَا
اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ۝١٤٩ وَمِنْ حَيْثُ خَرَجْتَ
فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ؕ وَحَيْثُ مَا
كُنْتُمْ فَوَلُّوْا وُجُوْهَكُمْ شَطْرَهٗ ۙ لِئَلَّا يَكُوْنَ لِلنَّاسِ
عَلَيْكُمْ حُجَّةٌ ۗ اِلَّا الَّذِيْنَ ظَلَمُوْا مِنْهُمْ ۗ فَلَا
تَخْشَوْهُمْ وَاخْشَوْنِيْ ۗ وَلِاُتِمَّ نِعْمَتِيْ عَلَيْكُمْ وَلَعَلَّكُمْ
تَهْتَدُوْنَ ۝١٥٠ كَمَآ اَرْسَلْنَا فِيْكُمْ رَسُوْلًا مِّنْكُمْ يَتْلُوْا
عَلَيْكُمْ اٰيٰتِنَا وَيُزَكِّيْكُمْ وَيُعَلِّمُكُمُ الْكِتٰبَ وَ
الْحِكْمَةَ وَيُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ ۝١٥١
فَاذْكُرُوْنِيْٓ اَذْكُرْكُمْ وَاشْكُرُوْا لِيْ وَلَا تَكْفُرُوْنِ ۝١٥٢ ع
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ؕ اِنَّ
اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ ۝١٥٣ وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِيْ سَبِيْلِ

وقف لازم
وقف منزل ١٢
وقف النبي صلى الله عليه وآله وسلم ١٢
معانقة ٢
منزل ١

૧૪૬. જે લોકોને અમે ગ્રંથ આપ્યો છે, તેઓ આ સ્થળને (જેને કિબ્લા બનાવવામાં આવેલ છે) એવી રીતે ઓળખે છે, જેવી રીતે પોતાના સંતાનોને ઓળખે છે, પરંતુ તેમનામાંથી એક જૂથ જાણી-સમજીને સત્યને છુપાવી રહ્યું છે.

૧૪૭. આ ચોક્કસપણે એક સત્ય વાત છે તમારા રબ તરફથી, તેથી તેના વિષે કદાપિ તમે કોઈ શંકામાં ન પડો. (રુકૂઅ-૧૭)

૧૪૮. દરેકને માટે એક દિશા છે જેના તરફ તે મુખ કરે છે, પછી તમે સદ્‌કાર્યો તરફ આગળ વધો. તમે ગમે ત્યાં હશો અલ્લાહ તમને સૌને શોધી કાઢશે. કોઈ વસ્તુ તેની શક્તિ બહાર નથી.

૧૪૯. તમે જે જગ્યાએથી પણ પસાર થાઓ, તમારું મુખ (નમાઝ વખતે) 'મસ્જિદે-હરામ' (પ્રતિષ્ઠિત મસ્જિદ) તરફ ફેરવી દો, કેમ કે આ તમારા રબનો તદ્દન સત્ય પર આધારિત નિર્ણય છે અને અલ્લાહ તમારા લોકોના કાર્યોથી અજાણ નથી.

૧૫૦. અને જ્યાંથી પણ તમે પસાર થાઓ, તમારું મુખ મસ્જિદ-હરામ તરફ જ ફેરવી દવાનું રાખો, અને જ્યાં પણ તમે હોવ, તેના જ તરફ મુખ રાખીને નમાઝ પઢો, જેથી લોકોને તમારા વિરુદ્ધ વાદવિવાદ માટે કોઈ દલીલ ન મળે – હા, તેમના પૈકી જેઓ જાલિમ છે તેમની જબાન કોઈ હાલતમાં બંધ નહીં થાય, તો તેમનાથી તમે ન ડરો, બલ્કે મારાથી ડરો – અને એટલા માટે કે હું તમારા પર મારી નેઅમત (કૃપા) પૂર્ણ કરી દઉં અને એ આશાએ કે મારા આ આદેશના પાલનથી તમે એવી જ રીતે સફળતાનો માર્ગ પામશો,

૧૫૧. જેવી રીતે (તમને આ વસ્તુથી સફળતા મળી કે) અમે તમારા વચ્ચે સ્વયં તમારામાંથી એક રસૂલ (પયગંબર) મોકલ્યો, જે તમને અમારી આયતો સંભળાવે છે, તમારા જીવન શુદ્ધ કરે છે, તમને ગ્રંથ અને તત્ત્વદર્શિતા (સમજ, વિવેકબુદ્ધિ)નું શિક્ષણ આપે છે, અને તમને એ વાતો શીખવાડે છે જે તમે જાણતા ન હતા.

૧૫૨. એટલા માટે તમે મને યાદ રાખો, હું તમને યાદ રાખીશ, અને મારો આભાર માનો, કૃતઘ્ન ન બનો. (રુકૂઅ-૧૮)

૧૫૩. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! ધૈર્ય અને નમાઝથી મદદ લો. અલ્લાહ ધૈર્યવાન લોકોના સાથે છે.

૧૫૪. અને જે લોકો અલ્લાહના માર્ગમાં મૃત્યુ પામે તેમને મૃત ન કહો,

اللّٰهِ اَمْوَاتٌ ؕ بَلْ اَحْيَآءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ ﴿۱۵۴﴾ وَلَنَبْلُوَنَّكُمْ
بِشَیْءٍ مِّنَ الْخَوْفِ وَالْجُوْعِ وَنَقْصٍ مِّنَ الْاَمْوَالِ وَ
الْاَنْفُسِ وَالثَّمَرٰتِ ؕ وَبَشِّرِ الصّٰبِرِیْنَ ﴿۱۵۵﴾ۙ الَّذِیْنَ اِذَآ
اَصَابَتْهُمْ مُّصِیْبَةٌ ۙ قَالُوْٓا اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَیْهِ
رٰجِعُوْنَ ﴿۱۵۶﴾ؕ اُولٰٓئِكَ عَلَیْهِمْ صَلَوٰتٌ مِّنْ رَّبِّهِمْ وَ
رَحْمَةٌ ۫ وَاُولٰٓئِكَ هُمُ الْمُهْتَدُوْنَ ﴿۱۵۷﴾ اِنَّ الصَّفَا وَ
الْمَرْوَةَ مِنْ شَعَآئِرِ اللّٰهِ ۚ فَمَنْ حَجَّ الْبَیْتَ اَوِ اعْتَمَرَ
فَلَا جُنَاحَ عَلَیْهِ اَنْ یَّطَّوَّفَ بِهِمَا ؕ وَمَنْ تَطَوَّعَ خَیْرًا ۙ
فَاِنَّ اللّٰهَ شَاكِرٌ عَلِیْمٌ ﴿۱۵۸﴾ اِنَّ الَّذِیْنَ یَكْتُمُوْنَ مَآ
اَنْزَلْنَا مِنَ الْبَیِّنٰتِ وَالْهُدٰی مِنْۢ بَعْدِ مَا بَیَّنّٰهُ
لِلنَّاسِ فِی الْكِتٰبِ ۙ اُولٰٓئِكَ یَلْعَنُهُمُ اللّٰهُ وَیَلْعَنُهُمُ
اللّٰعِنُوْنَ ﴿۱۵۹﴾ۙ اِلَّا الَّذِیْنَ تَابُوْا وَاَصْلَحُوْا وَبَیَّنُوْا
فَاُولٰٓئِكَ اَتُوْبُ عَلَیْهِمْ ۚ وَاَنَا التَّوَّابُ الرَّحِیْمُ ﴿۱۶۰﴾
اِنَّ الَّذِیْنَ كَفَرُوْا وَمَاتُوْا وَهُمْ كُفَّارٌ اُولٰٓئِكَ عَلَیْهِمْ
لَعْنَةُ اللّٰهِ وَالْمَلٰٓئِكَةِ وَالنَّاسِ اَجْمَعِیْنَ ﴿۱۶۱﴾ۙ خٰلِدِیْنَ
فِیْهَا ۚ لَا یُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ یُنْظَرُوْنَ ﴿۱۶۲﴾
وَاِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ الرَّحْمٰنُ
الرَّحِیْمُ ﴿۱۶۳﴾ ع اِنَّ فِیْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَ ع ۱۹
اخْتِلَافِ الَّیْلِ وَالنَّهَارِ وَالْفُلْكِ الَّتِیْ تَجْرِیْ منزل ۱

આવા લોકો તો હકીકતમાં જીવંત છે, પરંતુ તમે તેમની જિંદગીને જાણી શકતા નથી.

૧૫૫ અને અમે અવશ્ય તમને ભય અને ડર, ભૂખ, પ્રાણ અને ધન-સંપતિના નુકસાન અને આમદાનીઓની ખોટમાં નાખીને તમારી પરીક્ષા કરીશું. તેમને ખુશખબર આપી દો,

૧૫૬ આ સંજોગોમાં જે લોકો ધીરજ રાખે અને જ્યારે કોઈ મુસીબત આવી પડે તો કહે કે, ''અમે અલ્લાહના જ છીએ અને અલ્લાહના જ તરફ અમારે પાછા ફરવાનું છે.''

૧૫૭. તેમના ઉપર તેમના રબ તરફથી મોટી કૃપાઓ થશે, તેની દયા તેમના ઉપર છાંયડો કરશે અને આવા જ લોકો સન્માર્ગે ચાલનારા છે.

૧૫૮. નિઃશંક સફા અને મરવા અલ્લાહની નિશાનીઓ પૈકી છે. તેથી જે વ્યક્તિ બયતુલ્લાહ (અલ્લાહના ઘર, કા'બા)ની હજ્જ કે ઉમરા કરે તેના માટે આ બંને ટેકરીઓ વચ્ચે સઈ કરવું (ઝડપથી દોડવું) કોઈ ગુનો નથી અને જે સ્વેચ્છાએ અને રુચિથી કોઈ ભલાઈનું કામ કરશે, અલ્લાહને તેની ખબર છે અને તે તેની કદર કરનાર છે.

૧૫૯. જે લોકો અમારા ઉતારેલા સ્પષ્ટ શિક્ષણ અને માર્ગદર્શનને છુપાવે છે, તે પછી પણ કે અમે તેને તમામ મનુષ્યોના માર્ગદર્શન માટે અમારા ગ્રંથમાં વર્ણવી ચૂક્યા છીએ, વિશ્વાસ રાખો કે અલ્લાહ પણ તેમના પર ફિટકાર કરે છે અને બધા ફિટકાર કરનારાઓ પણ તેના પર ફિટકાર કરે છે.

૧૬૦. અલબત્ત, જેઓ આ વર્તન છોડી દે અને પોતાનું વર્તન સુધારી લે અને જે કંઈ છુપાવતા હતા, તેને વર્ણવવા લાગે, તેમને હું માફ કરી દઈશ અને હું મોટો ક્ષમાશીલ અને દયાળુ છું.

૧૬૧. જે લોકોએ કુફ્ર (ઇન્કાર)નું વલણ અપનાવ્યું અને કુફ્રની અવસ્થામાં જ મૃત્યુ પામ્યાં, તેમના પર અલ્લાહ અને ફરિશ્તાઓ અને સૌ મનુષ્યોની ફિટકાર છે.

૧૬૨. આ જ ફિટકારની અવસ્થામાં તેઓ હંમેશા રહેશે, ન તેમની સજામાં ઘટાડો કરવામાં આવશે અને ન તેમને ફરી બીજી મહેતલ આપવામાં આવશે.

૧૬૩. તમારો ખુદા એક જ ખુદા છે, તે રહમાન (પરમ્ કૃપાળુ) અને રહીમ (પરમ્ દયાળુ) સિવાય બીજો કોઈ ખુદા નથી. (રુકૂઅ-૧૯)

૧૬૪. (આ હકીકતને ઓળખવા માટે જો કોઈ નિશાની અને ઓળખ જોઈતી હોય તો) જે લોકો બુદ્ધિથી કામ લે છે, તેમના માટે આકાશો અને ધરતીની રચનામાં, રાત અને દિવસના નિરંતર એકબીજા પછી આવવામાં, તે હોડીઓમાં જે મનુષ્યોના લાભની વસ્તુઓ લઈને નદીઓ અને સમુદ્રોમાં

فِي الْبَحْرِ بِمَا يَنْفَعُ النَّاسَ وَمَآ اَنْزَلَ اللّٰهُ مِنَ
السَّمَآءِ مِنْ مَّآءٍ فَاَحْيَا بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا
وَبَثَّ فِيْهَا مِنْ كُلِّ دَآبَّةٍ ۪ وَّتَصْرِيْفِ الرِّيٰحِ وَ
السَّحَابِ الْمُسَخَّرِ بَيْنَ السَّمَآءِ وَالْاَرْضِ لَاٰيٰتٍ
لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿۱۶۴﴾ وَمِنَ النَّاسِ مَنْ يَّتَّخِذُ مِنْ
دُوْنِ اللّٰهِ اَنْدَادًا يُّحِبُّوْنَهُمْ كَحُبِّ اللّٰهِ ؕ وَالَّذِيْنَ
اٰمَنُوْٓا اَشَدُّ حُبًّا لِّلّٰهِ ؕ وَلَوْ يَرَى الَّذِيْنَ ظَلَمُوْٓا اِذْ يَرَوْنَ
الْعَذَابَ ۙ اَنَّ الْقُوَّةَ لِلّٰهِ جَمِيْعًا ۙ وَّاَنَّ اللّٰهَ شَدِيْدُ
الْعَذَابِ ﴿۱۶۵﴾ اِذْ تَبَرَّاَ الَّذِيْنَ اتُّبِعُوْا مِنَ الَّذِيْنَ اتَّبَعُوْا
وَرَاَوُا الْعَذَابَ وَتَقَطَّعَتْ بِهِمُ الْاَسْبَابُ ﴿۱۶۶﴾ وَقَالَ
الَّذِيْنَ اتَّبَعُوْا لَوْ اَنَّ لَنَا كَرَّةً فَنَتَبَرَّاَ مِنْهُمْ كَمَا
تَبَرَّءُوْا مِنَّا ؕ كَذٰلِكَ يُرِيْهِمُ اللّٰهُ اَعْمَالَهُمْ حَسَرٰتٍ
عَلَيْهِمْ ؕ وَمَا هُمْ بِخٰرِجِيْنَ مِنَ النَّارِ ﴿۱۶۷﴾ يٰٓاَيُّهَا النَّاسُ ع
كُلُوْا مِمَّا فِي الْاَرْضِ حَلٰلًا طَيِّبًا ۖ وَّلَا تَتَّبِعُوْا
خُطُوٰتِ الشَّيْطٰنِ ؕ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿۱۶۸﴾ اِنَّمَا
يَاْمُرُكُمْ بِالسُّوْٓءِ وَالْفَحْشَآءِ وَاَنْ تَقُوْلُوْا عَلَى
اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿۱۶۹﴾ وَاِذَا قِيْلَ لَهُمُ اتَّبِعُوْا
مَآ اَنْزَلَ اللّٰهُ قَالُوْا بَلْ نَتَّبِعُ مَآ اَلْفَيْنَا عَلَيْهِ
اٰبَآءَنَا ؕ اَوَلَوْ كَانَ اٰبَآؤُهُمْ لَا يَعْقِلُوْنَ شَيْـًٔا وَّلَا

منزل ۱

ચાલે-ફરે છે, વરસાદના તે પાણીમાં જેને અલ્લાહ ઉપરથી વરસાવે છે, પછી તેના વડે મૃત ધરતીને જીવન પ્રદાન કરે છે અને (પોતાની આ જ વ્યવસ્થાને કારણે) ધરતીમાં દરેક પ્રકારના સજીવોને ફેલાવે છે, હવાંઓના પરિભ્રમણમાં, અને તે વાદળોમાં જે આકાશો અને ધરતી વચ્ચે આજ્ઞાને આધીન બનાવીને રાખવામાં આવ્યા છે, અસંખ્ય નિશાનીઓ છે.

૧૬૫. (પરંતુ ખુદાના એક હોવા પર દલીલ કરનારી આ તદ્દન સ્પષ્ટ નિશાનીઓ હોવા છતાં પણ) કેટલાક લોકો એવા છે જેઓ અલ્લાહ સિવાય બીજાઓને તેના સમકક્ષ અને પ્રતિદ્વંદ્વી બનાવે છે, અને તેઓ તેમને એટલા ચાહે છે, જેટલું અલ્લાહને ચાહવું જોઈએ, જો કે ઈમાનવાળા લોકોને સૌથી વધુ અલ્લાહ પ્રિય હોય છે. કદાચ, જે કંઈ સજાને સામે જોઈને તેમને સૂઝવાનું છે, તે આજે જ આ જાલિમોને સૂઝી જાય કે તમામ શક્તિઓ અને બધા અધિકારો અલ્લાહના જ કબજામાં છે અને એ કે અલ્લાહ સજા આપવામાં પણ ઘણો સખત છે.

૧૬૬. જ્યારે તે સજા આપશે, તે વખતે હાલત એ હશે કે તે જ આગેવાનો અને નેતાઓ, જેમનું દુનિયામાં અનુસરણ કરવામાં આવ્યું હતું, પોતાના અનુયાયીઓ સાથે સંબંધનો ઇન્કાર કરશે, પરંતુ સજા પામીને રહેશે અને તેમના તમામ માધ્યમો અને સંસાધનોનો સિલસિલો તૂટી જશે.

૧૬૭. અને તે લોકો જેઓ દુનિયામાં તેમનું અનુસરણ કરતા હતા, કહેશે કે કદાચ, અમને ફરી એક તક આપવામાં આવતી તો જેવી રીતે આજે આ અમારા સાથે વિમુખતાનું પ્રદર્શન કરી રહ્યા છે, એવી જ રીતે અમે પણ તેમનાથી વિમુખ થઈને દેખાડી દેતા. આમ, અલ્લાહ આ લોકોના તે કર્મો જે તેઓ દુનિયામાં કરી રહ્યા છે, તેમના સમક્ષ એવી રીતે લાવશે કે તેઓ પશ્ચાતાપ અને શરમ-સંકોચથી હાથ મસળતા રહેશે, પરંતુ આગમાંથી નીકળવાનો કોઈ રસ્તો મેળવી નહીં શકે. (રુકૂઅ-૨૦)

૧૬૮. લોકો! ધરતી ઉપર જે હલાલ (વૈધ) અને પાક (શુદ્ધ) વસ્તુઓ છે તે ખાઓ અને શેતાનના બતાવેલા રસ્તાઓ પર ન ચાલો. તે તમારો ખુલ્લો શત્રુ છે,

૧૬૯. તમને બૂરાઈ અને અશ્લીલતાની આજ્ઞા આપે છે અને એવું શીખવાડે છે કે તમે અલ્લાહના નામે એવી વાતો કહો, જેમના વિષે તમને જ્ઞાન નથી (કે તે અલ્લાહે ફરમાવેલી છે).

૧૭૦. તેમને જ્યારે કહેવામાં આવે છે કે અલ્લાહે જે આદેશો ઉતાર્યા છે તેનું પાલન કરો, તો જવાબ આપે છે કે અમે તો તે જ પદ્ધતિનું અનુસરણ કરીશું જેના ઉપર અમે અમારા બાપ-દાદાઓને જોયા છે. ભલે, જો તેમના બાપ-દાદાઓએ બુદ્ધિથી સહેજ પણ કામ ન લીધું હોય અને સાચો માર્ગ ન પામ્યા હોય તો શું તે પછી પણ તેઓ તેમનું જ અનુસરણ કર્યે જશે?

يَهْتَدُوْنَ ۝١٧٠ وَمَثَلُ الَّذِيْنَ كَفَرُوْا كَمَثَلِ
الَّذِيْ يَنْعِقُ بِمَا لَا يَسْمَعُ اِلَّا دُعَآءً وَّنِدَآءً ؕ صُمٌّۢ
بُكْمٌ عُمْيٌ فَهُمْ لَا يَعْقِلُوْنَ ۝١٧١ يٰۤاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوْا كُلُوْا مِنْ طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ وَ اشْكُرُوْا
لِلّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ۝١٧٢ اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ
الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيْرِ وَمَاۤ اُهِلَّ بِهٖ لِغَيْرِ
اللّٰهِ ۚ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَلَاۤ اِثْمَ
عَلَيْهِ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝١٧٣ اِنَّ الَّذِيْنَ
يَكْتُمُوْنَ مَاۤ اَنْزَلَ اللّٰهُ مِنَ الْكِتٰبِ وَ يَشْتَرُوْنَ بِهٖ
ثَمَنًا قَلِيْلًا ۙ اُولٰٓئِكَ مَا يَاْكُلُوْنَ فِيْ بُطُوْنِهِمْ اِلَّا
النَّارَ وَلَا يُكَلِّمُهُمُ اللّٰهُ يَوْمَ الْقِيٰمَةِ وَلَا يُزَكِّيْهِمْ ۚۖ
وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ۝١٧٤ اُولٰٓئِكَ الَّذِيْنَ اشْتَرَوُا الضَّلٰلَةَ
بِالْهُدٰى وَالْعَذَابَ بِالْمَغْفِرَةِ ۚ فَمَاۤ اَصْبَرَهُمْ عَلَى
النَّارِ ۝١٧٥ ذٰلِكَ بِاَنَّ اللّٰهَ نَزَّلَ الْكِتٰبَ بِالْحَقِّ ؕ وَاِنَّ
الَّذِيْنَ اخْتَلَفُوْا فِي الْكِتٰبِ لَفِيْ شِقَاقٍۢ بَعِيْدٍ ۝١٧٦ ع — الربع ع ٢١ ٩ ٥
لَيْسَ الْبِرَّ اَنْ تُوَلُّوْا وُجُوْهَكُمْ قِبَلَ الْمَشْرِقِ وَ
الْمَغْرِبِ وَلٰكِنَّ الْبِرَّ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَ
الْمَلٰٓئِكَةِ وَالْكِتٰبِ وَالنَّبِيّٖنَ ۚ وَاٰتَى الْمَالَ عَلٰى
حُبِّهٖ ذَوِي الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنَ وَابْنَ — منزل ١

૧૭૧. આ લોકો જેમણે અલ્લાહે બતાવેલ માર્ગ ઉપર ચાલવાનો ઈન્કાર કરી દીધો છે, તેમની સ્થિતિ તદ્દન એવી છે જેમ કે ભરવાડ પશુઓને બોલાવે છે અને તેઓ હાકોટા સિવાય કંઈ પણ સાંભળતા નથી. તેઓ બહેરા છે, મૂંગા છે, આંધળા છે, આથી કોઈ વાત તેમની સમજમાં આવતી નથી.

૧૭૨. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જો તમે ખરેખર અલ્લાહની જ બંદગી કરવાવાળા છો, તો જે પાક (શુદ્ધ અને પવિત્ર) વસ્તુઓ અમે તમને પ્રદાન કરી છે તે વિના સંકોચે ખાઓ અને અલ્લાહનો આભાર માનો.

૧૭૩. અલ્લાહ તરફથી જો કોઈ મનાઈ તમારા ઉપર છે તો તે એ છે કે મુડદાલ ન ખાઓ, લોહીથી અને ભૂંડના માંસથી બચો, અને કોઈ એવી વસ્તુ ન ખાઓ જેના ઉપર અલ્લાહ સિવાય બીજા કોઈનું નામ લેવામાં આવ્યું હોય. હા, જે વ્યક્તિ મજબૂરીની સ્થિતિમાં હોય અને તે આમાંથી કોઈ વસ્તુ ખાઈ લે, પણ તે કાનૂન-ભંગનો ઈરાદો ધરાવતી ન હોય અથવા આવશ્યકતાની સીમાથી આગળ ન વધે, તો તેના ઉપર કોઈ ગુનો નથી, અલ્લાહ ક્ષમાશીલ અને દયાળુ છે.

૧૭૪. સાચું તો એ છે કે જે લોકો તે આદેશોને છુપાવે છે જે અલ્લાહે પોતાના ગ્રંથમાં અવતરિત કર્યા છે અને દુનિયાના નજીવા ફાયદા માટે તેમને વેચી દે છે, તેઓ હકીકતમાં પોતાના પેટ આગથી ભરી રહ્યા છે. કયામત (પ્રલય)ના દિવસે અલ્લાહ કદાપિ તેમના સાથે વાત નહીં કરે, ન તેમને પવિત્ર કરશે, અને તેમના માટે દુઃખદાયી યાતના છે.

૧૭૫. આ તે લોકો છે જેમણે માર્ગદર્શનના બદલે પથભ્રષ્ટતા ખરીદી અને મગફિરત (મુક્તિ, ક્ષમા)ને બદલે સજા વહોરી લીધી. કેવી વિચિત્ર છે તેમની હિંમત કે જહન્નમની સજા સહન કરવા તૈયાર છે !

૧૭૬ આ બધું એટલા માટે થયું કે અલ્લાહે તો તદ્દન સત્ય અનુસાર ગ્રંથ અવતરિત કર્યો હતો, પરંતુ જે લોકોએ ગ્રંથમાં મતભેદ ઊભા કર્યા તેઓ પોતાના વાદવિવાદમાં સત્યથી ઘણાં દૂર નીકળી ગયા. (રુકૂઅ-૨૧)

૧૭૭. નેકી (સદાચાર) એ નથી કે તમે તમારા ચહેરા પૂર્વ તરફ કરી લીધા કે પશ્ચિમ તરફ, બલ્કે નેકી એ છે કે મનુષ્ય અલ્લાહને અને આખિરત (પરલોક)ના દિવસને અને ફરિશ્તાઓને અને અલ્લાહે અવતરિત કરેલ ગ્રંથને અને તેના પયગંબરોને હૃદયપૂર્વક માને અને અલ્લાહના પ્રેમમાં પોતાનું પ્રિય ધન સગાઓ અને અનાથો પર, નિર્ધનો અને મુસાફરો પર, મદદ માટે હાથ લંબાવનારાઓ પર અને ગુલામોની મુક્તિ પર

السَّبِيْلِ ۙ وَالسَّآئِلِيْنَ وَفِي الرِّقَابِ ۚ وَاَقَامَ الصَّلٰوةَ
وَاٰتَى الزَّكٰوةَ ۚ وَالْمُوْفُوْنَ بِعَهْدِهِمْ اِذَا عٰهَدُوْا ۚ
وَالصّٰبِرِيْنَ فِي الْبَاْسَآءِ وَالضَّرَّآءِ وَحِيْنَ الْبَاْسِ ؕ
اُولٰٓئِكَ الَّذِيْنَ صَدَقُوْا ؕ وَاُولٰٓئِكَ هُمُ الْمُتَّقُوْنَ ﴿۱۷۷﴾
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الْقِصَاصُ فِي
الْقَتْلٰى ؕ اَلْحُرُّ بِالْحُرِّ وَالْعَبْدُ بِالْعَبْدِ وَالْاُنْثٰى
بِالْاُنْثٰى ؕ فَمَنْ عُفِيَ لَهٗ مِنْ اَخِيْهِ شَيْءٌ فَاتِّبَاعٌ
بِالْمَعْرُوْفِ وَاَدَآءٌ اِلَيْهِ بِاِحْسَانٍ ؕ ذٰلِكَ تَخْفِيْفٌ
مِّنْ رَّبِّكُمْ وَرَحْمَةٌ ؕ فَمَنِ اعْتَدٰى بَعْدَ ذٰلِكَ
فَلَهٗ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۷۸﴾ وَلَكُمْ فِي الْقِصَاصِ حَيٰوةٌ
يّٰٓاُولِي الْاَلْبَابِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿۱۷۹﴾ كُتِبَ عَلَيْكُمْ اِذَا
حَضَرَ اَحَدَكُمُ الْمَوْتُ اِنْ تَرَكَ خَيْرًا ۚۖ الْوَصِيَّةُ
لِلْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ بِالْمَعْرُوْفِ ۚ حَقًّا عَلَى
الْمُتَّقِيْنَ ؕ ﴿۱۸۰﴾ فَمَنْۢ بَدَّلَهٗ بَعْدَ مَا سَمِعَهٗ فَاِنَّمَآ
اِثْمُهٗ عَلَى الَّذِيْنَ يُبَدِّلُوْنَهٗ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ؕ ﴿۱۸۱﴾
فَمَنْ خَافَ مِنْ مُّوْصٍ جَنَفًا اَوْ اِثْمًا فَاَصْلَحَ
ع ۲۲ / ۶ بَيْنَهُمْ فَلَآ اِثْمَ عَلَيْهِ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۸۲﴾ ع
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا
منزل ۱ كُتِبَ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿۱۸۳﴾ ۙ

ખર્ચ કરે, નમાઝ કાયમ કરે અને ઝકાત આપે અને નેક (સદાચારી) એ લોકો છે કે જ્યારે વચન આપે તો તેને પૂરૂં કરે અને તંગી તથા મુસીબતમાં તથા સત્ય અને અસત્યની લડાઈમાં ધૈર્યથી કામ લે. આ છે સાચા લોકો, અને આ જ લોકો સંયમી (મુત્તકી) છે.

૧૭૮. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તમારા માટે હત્યાના ખટલાઓમાં કિસાસ★નો હુકમ લખી દેવામાં આવ્યો છે. આઝાદ (ગુલામ ન હોય તે) મનુષ્યએ હત્યા કરી હોય તો તે આઝાદ મનુષ્યથી જ બદલો લેવામાં આવે, ગુલામ હત્યારો હોય તો તે ગુલામની જ હત્યા કરવામાં આવે અને સ્ત્રી આ ગુનાનું આચરણ કરી બેસે તો તે સ્ત્રી પાસેથી જ કિસાસ લેવામાં આવે. હા, જો કોઈ હત્યારાની સાથે તેનો ભાઈ કંઈક નરમી કરવા માટે તૈયાર હોય, તો સામાન્ય નિયમ પ્રમાણે 'ખૂંબહા' (હત્યાનું નાણાકીય વળતર, Blood Money)નો પરસ્પર સમજીને નિર્ણય કરવો જોઈએ અને હત્યારા માટે અનિવાર્ય છે કે પ્રમાણિકતાપૂર્વક 'ખૂંબહા' અદા કરે. આ તમારા રબ તરફથી છૂટછાટ અને મહેરબાની છે. આમ છતાં પણ જો કોઈ અતિરેક કરે, તો તેના માટે પીડાકારી સજા છે.

૧૭૯. બુદ્ધિ અને સમજબૂઝ રાખનારાઓ ! તમારા માટે કિસાસમાં જીવન છે. આશા છે કે તમે આ કાયદાના ભંગથી બચશો.

૧૮૦. તમારા પર ફરજિયાત કરવામાં આવ્યું છે કે જ્યારે તમારામાંથી કોઈના મૃત્યુનો સમય આવે અને તે પોતાના પાછળ સંપત્તિ મૂકી જઈ રહ્યો હોય, તો માતા-પિતા અને સગાઓ માટે સામાન્ય નિયમાનુસાર વસિયત કરે. આ હક્ક છે, અલ્લાહથી ડરનારા લોકો માટે.

૧૮૧. પછી જેમણે વસિયત સાંભળી અને પાછળથી તેને બદલી નાખી, તો તેનો ગુનો બદલી નાખવાવાળાઓ ઉપર છે. અલ્લાહ બધું જ સાંભળે અને જાણે છે.

૧૮૨. અલબત્ત, જેને એ ડર હોય કે વસિયત કરનારે અજાણતામાં અથવા ઈરાદાપૂર્વક હક્ક માર્યો છે, અને પછી પક્ષકારો વચ્ચે તે સુમેળ કરાવે, તો તેના પર કોઈ ગુનો નથી, અલ્લાહ ક્ષમાશીલ અને દયાળુ છે. (રુકૂઅ-૨૨)

૧૮૩. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તમારા માટે રોઝા ફરજિયાત કરી દેવામાં આવ્યા, જેવી રીતે તમારા પહેલાં પયગંબરોના અનુયાયીઓ માટે ફરજિયાત કરી દેવામાં આવ્યા હતા. તેનાથી આશા છે કે તમારામાં તકવા (સંયમ અને ઈશભય)નો ગુણ પેદા થશે.

★ 'કિસાસ' અર્થાત્ હત્યાનો બદલો, એટલે કે વ્યક્તિ સાથે તે જ કરવામાં આવે જે તેણે બીજા માણસ સાથે કર્યું, પરંતુ તેનો અર્થ એ નથી કે હત્યારાએ જે રીતે કોઈની હત્યા કરી હોય તે જ રીતે તેની હત્યા કરવામાં આવે, બલ્કે તેનો અર્થ માત્ર એ છે કે પ્રાણ લેવાનું જે કૃત્ય તેણે આચર્યું છે, તે જ તેના સાથે કરવામાં આવે.

اَيَّامًا مَّعْدُوْدٰتٍ ؕ فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِيْضًا اَوْ
عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ ؕ وَعَلَى الَّذِيْنَ
يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ ؕ فَمَنْ تَطَوَّعَ خَيْرًا
فَهُوَ خَيْرٌ لَّهٗ ؕ وَاَنْ تَصُوْمُوْا خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ
تَعْلَمُوْنَ ﴿۱۸۴﴾ شَهْرُ رَمَضَانَ الَّذِيْٓ اُنْزِلَ فِيْهِ
الْقُرْاٰنُ هُدًى لِّلنَّاسِ وَبَيِّنٰتٍ مِّنَ الْهُدٰى وَ
الْفُرْقَانِ ۚ فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ ؕ وَمَنْ
كَانَ مَرِيْضًا اَوْ عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ ؕ
يُرِيْدُ اللّٰهُ بِكُمُ الْيُسْرَ وَلَا يُرِيْدُ بِكُمُ الْعُسْرَ ۫ وَلِتُكْمِلُوا
الْعِدَّةَ وَلِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا هَدٰىكُمْ وَلَعَلَّكُمْ
تَشْكُرُوْنَ ﴿۱۸۵﴾ وَاِذَا سَاَلَكَ عِبَادِيْ عَنِّيْ فَاِنِّيْ
قَرِيْبٌ ؕ اُجِيْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ ۙ فَلْيَسْتَجِيْبُوْا
لِيْ وَلْيُؤْمِنُوْا بِيْ لَعَلَّهُمْ يَرْشُدُوْنَ ﴿۱۸۶﴾ اُحِلَّ لَكُمْ
لَيْلَةَ الصِّيَامِ الرَّفَثُ اِلٰى نِسَآئِكُمْ ؕ هُنَّ لِبَاسٌ
لَّكُمْ وَاَنْتُمْ لِبَاسٌ لَّهُنَّ ؕ عَلِمَ اللّٰهُ اَنَّكُمْ
كُنْتُمْ تَخْتَانُوْنَ اَنْفُسَكُمْ فَتَابَ عَلَيْكُمْ وَعَفَا عَنْكُمْ ۚ
فَالْـٰٔنَ بَاشِرُوْهُنَّ وَابْتَغُوْا مَا كَتَبَ اللّٰهُ لَكُمْ ۠ وَكُلُوْا
وَاشْرَبُوْا حَتّٰى يَتَبَيَّنَ لَكُمُ الْخَيْطُ الْاَبْيَضُ مِنَ
الْخَيْطِ الْاَسْوَدِ مِنَ الْفَجْرِ ۠ ثُمَّ اَتِمُّوا الصِّيَامَ اِلَى

૧૮૪. કેટલાક નિયત દિવસોના રોઝા છે. જો તમારામાંથી કોઈ બીમાર હોય કે મુસાફરીમાં હોય, તો બીજા દિવસોમાં આટલી જ સંખ્યા પૂરી કરી લે અને જે લોકો રોઝા રાખવાની શક્તિ ધરાવતા હોય (છતાં ન રાખે) તો તેઓ ફિદયો (પ્રતિદાન) આપે. એક રોઝાનો ફિદયો એક જરૂરતમંદને ભોજન કરાવવું છે અને જે કોઈ સ્વેચ્છાએ કંઈક વધુ ભલાઈ કરે, તો તે તેના માટે જ વધુ સારું છે. પરંતુ જો તમે સમજો, તો તમારા હિતમાં વધુ સારું એ છે કે તમે રોઝા રાખો.

૧૮૫. રમઝાન એ મહિનો છે, જેમાં કુર્આન અવતરિત કરવામાં આવ્યું, જે માનવ-જાત માટે સંપૂર્ણ માર્ગદર્શન છે અને એવું સ્પષ્ટ શિક્ષણ ધરાવે છે, જે સીધો માર્ગ દેખાડનારું તથા સત્ય અને અસત્યનો ભેદ સ્પષ્ટ કરી દેનારું છે. એટલા માટે હવેથી જે વ્યક્તિ આ મહિનો પામે, તેના માટે ફરજિયાત છે કે આ આખા મહિનાના રોઝા રાખે, અને જો કોઈ બીમાર હોય અથવા મુસાફરીમાં હોય તો તે બીજા દિવસોમાં રોઝાની સંખ્યા પૂરી કરે. અલ્લાહ તમારા માટે સરળતા કરવા માગે છે, સખતાઈ કરવા નથી માંગતો. એટલા માટે આ પદ્ધતિ તમને બતાવવામાં આવી રહી છે, જેથી તમે રોઝાની સંખ્યા પૂરી કરી શકો અને જે માર્ગદર્શનથી અલ્લાહે તમને નવાજ્યા છે, તેના માટે અલ્લાહની મહિમાની અભિવ્યક્તિ અને એકરાર કરો અને આભારી બનો.

૧૮૬. અને હે નબી ! મારા બંદાઓ જો તમને મારા વિષે પૂછે, તો તેમને જણાવી દો કે હું તેમના નજીક જ છું. પોકારનાર જ્યારે મને પોકારે છે, હું તેની પોકાર સાંભળું છું અને જવાબ આપું છું. આથી તેઓ મારા આમંત્રણને વધાવી લે અને મારા પર ઈમાન લાવે. (આ વાત તમે તેમને સંભળાવી દો) કદાચ તેઓ સન્માર્ગ પામી લે.

૧૮૭. તમારા માટે રોઝાની રાત્રિઓમાં પોતાની પત્નીઓ પાસે જવાનું 'હલાલ' (વૈધ) કરી દેવામાં આવ્યું છે. તેઓ તમારા માટે પોશાક છે અને તમે એમના માટે પોશાક છો. અલ્લાહને ખબર પડી ગઈ કે તમે છૂપી રીતે પોતાની જાત સાથે અપ્રમાણિકતા કરી રહ્યા હતા, પરંતુ તેણે તમારો ગુનો માફ કરી દીધો અને તમારા સાથે દરગુજર કરી. હવે તમે તમારી પત્નીઓ સાથે સહવાસ કરો અને જે સુખ અલ્લાહે તમારા માટે વૈધ ઠેરવી દીધું છે તે ભોગવો. ઉપરાંત રાત્રિ દરમ્યાન ખાઓ-પીઓ ત્યાં સુધી કે તમને રાતના અંધકારની ધારીમાંથી પ્રભાતની સફેદીની ધાર સ્પષ્ટ દેખાઈ આવે. ત્યારે આ બધા કામો છોડી દઈ રાત્રિ સુધી પોતાનો રોઝો પૂરો કરો અને જ્યારે તમે મસ્જિદોમાં એઅ્તિકાફ (અલ્લાહના સ્મરણ માટે એકાંતવાસ)માં હોવ તો પત્નીઓ

الَّیۡلِ ۚ وَلَا تُبَاشِرُوۡهُنَّ وَاَنۡتُمۡ عٰكِفُوۡنَ ۙ فِی
الۡمَسٰجِدِ ؕ تِلۡكَ حُدُوۡدُ اللّٰهِ فَلَا تَقۡرَبُوۡهَا ؕ كَذٰلِكَ
یُبَیِّنُ اللّٰهُ اٰیٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمۡ یَتَّقُوۡنَ ﴿۱۸۷﴾ وَلَا
تَاۡكُلُوۡۤا اَمۡوَالَكُمۡ بَیۡنَكُمۡ بِالۡبَاطِلِ وَتُدۡلُوۡا بِهَاۤ اِلَی
الۡحُكَّامِ لِتَاۡكُلُوۡا فَرِیۡقًا مِّنۡ اَمۡوَالِ النَّاسِ بِالۡاِثۡمِ
ع ٢٣ وَاَنۡتُمۡ تَعۡلَمُوۡنَ ﴿۱۸۸﴾ یَسۡـَٔلُوۡنَكَ عَنِ الۡاَهِلَّةِ ؕ قُلۡ هِیَ
مَوَاقِیۡتُ لِلنَّاسِ وَالۡحَجِّ ؕ وَلَیۡسَ الۡبِرُّ بِاَنۡ تَاۡتُوا
الۡبُیُوۡتَ مِنۡ ظُهُوۡرِهَا وَلٰكِنَّ الۡبِرَّ مَنِ اتَّقٰی ۚ وَاۡتُوا
الۡبُیُوۡتَ مِنۡ اَبۡوَابِهَا ۪ وَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمۡ تُفۡلِحُوۡنَ ﴿۱۸۹﴾
وَقَاتِلُوۡا فِیۡ سَبِیۡلِ اللّٰهِ الَّذِیۡنَ یُقَاتِلُوۡنَكُمۡ وَلَا
تَعۡتَدُوۡا ؕ اِنَّ اللّٰهَ لَا یُحِبُّ الۡمُعۡتَدِیۡنَ ﴿۱۹۰﴾ وَاقۡتُلُوۡهُمۡ
حَیۡثُ ثَقِفۡتُمُوۡهُمۡ وَاَخۡرِجُوۡهُمۡ مِّنۡ حَیۡثُ اَخۡرَجُوۡكُمۡ
وَالۡفِتۡنَةُ اَشَدُّ مِنَ الۡقَتۡلِ ۚ وَلَا تُقٰتِلُوۡهُمۡ عِنۡدَ
الۡمَسۡجِدِ الۡحَرَامِ حَتّٰی یُقٰتِلُوۡكُمۡ فِیۡهِ ۚ فَاِنۡ قٰتَلُوۡكُمۡ
فَاقۡتُلُوۡهُمۡ ؕ كَذٰلِكَ جَزَآءُ الۡكٰفِرِیۡنَ ﴿۱۹۱﴾ فَاِنِ انۡتَهَوۡا
فَاِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِیۡمٌ ﴿۱۹۲﴾ وَقٰتِلُوۡهُمۡ حَتّٰی لَا تَكُوۡنَ
فِتۡنَةٌ وَّیَكُوۡنَ الدِّیۡنُ لِلّٰهِ ؕ فَاِنِ انۡتَهَوۡا فَلَا
عُدۡوَانَ اِلَّا عَلَی الظّٰلِمِیۡنَ ﴿۱۹۳﴾ اَلشَّهۡرُ الۡحَرَامُ بِالشَّهۡرِ
منزل ١ الۡحَرَامِ وَالۡحُرُمٰتُ قِصَاصٌ ؕ فَمَنِ اعۡتَدٰی عَلَیۡكُمۡ

સાથે સહવાસ ન કરો. આ અલ્લાહની ઠરાવેલી સીમાઓ છે, તેના નજીક ન ફરકશો. આવી રીતે અલ્લાહ પોતાના આદેશો લોકો માટે સ્પષ્ટતાપૂર્વક વર્ણવે છે, આશા છે કે તેઓ ખોટા વલણથી બચશે.

૧૮૮. અને તમે લોકો ન તો પરસ્પર એક-બીજાની સંપત્તિ અનુચિત રીતે ખાઓ અને ન અધિકારીઓ સમક્ષ તેને એ આશયથી રજૂ કરો કે તમને બીજાઓની સંપત્તિનો કોઈ ભાગ ઇરાદાપૂર્વક અન્યાયી રીતે ખાઈ જવાની તક મળી જાય. (રુકૂઅ-૨૩)

૧૮૯. હે નબી ! લોકો તમને ચંદ્રના વધતાં-ઘટતાં સ્વરૂપ વિષે પૂછે છે. કહો : લોકો માટે તારીખો-તિથિઓના નિર્ધારણની અને હજ્જની નિશાનીઓ છે. એ પણ તેમને કહો : આ કોઈ સદ્‌કાર્ય નથી કે તમે પોતાના ઘરોમાં પાછળની બાજુથી પ્રવેશ કરો છો. સદ્‌કાર્ય તો ખરેખર એ છે કે વ્યક્તિ અલ્લાહની નારાજગીથી બચે. તેથી તમે પોતાના ઘરોમાં દરવાજામાંથી જ પ્રવેશ કરો. અલબત્ત, અલ્લાહથી ડરતા રહો, કદાચ તમને સફળતા મળી જાય.

૧૯૦. અને તમે અલ્લાહના માર્ગમાં તે લોકો સાથે લડો, જેઓ તમારા સાથે લડે છે, પરંતુ અતિરેક ન કરો, કેમ કે અલ્લાહ અતિરેક કરનારાઓને પસંદ કરતો નથી.

૧૯૧. તેમના સાથે લડો જ્યાં પણ તમારે તેમનો સામનો કરવાનો આવે અને તેમને કાઢી મૂકો જ્યાંથી તેમણે તમને કાઢી મૂક્યા છે, કારણ કે હત્યા જો કે ખરાબ છે, પરંતુ ફિત્નો (ઉપદ્રવ) તેના કરતાં પણ વધુ ખરાબ છે. અને 'મસ્જિદે-હરામ' (પ્રતિષ્ઠિત મસ્જિદ કા'બા)ના પાસે જ્યાં સુધી તેઓ તમારા સાથે ન લડે, તમે પણ ન લડો, પરંતુ જ્યારે તેઓ ત્યાં પણ લડવાથી ન અટકે, તો તમે પણ વિના સંકોચે તેમને મારો, કારણ કે આવા કાફિરો (અધર્મીઓ)ની આ જ સજા છે.

૧૯૨. પછી જો તેઓ અટકી જાય તો જાણી લો કે અલ્લાહ માફ કરનાર અને દયાળુ છે.

૧૯૩. તમે તેમના સાથે લડતા રહો, ત્યાં સુધી કે ફિત્નો (ઉપદ્રવ) નાબૂદ થઈ જાય અને દીન (ધર્મ) અલ્લાહ માટે થઈ જાય. પછી જો તેઓ અટકી જાય, તો સમજી લો કે અત્યાચારીઓ સિવાય અન્ય કોઈના વિરુદ્ધ હાથ ઉઠાવવો યોગ્ય નથી.

૧૯૪. હરામ (પ્રતિષ્ઠિત) મહિનાને બદલે હરામ મહિનો જ છે અને સર્વ પ્રતિષ્ઠાઓનો સમાનપણે આદર થશે. તેથી જે તમારા પર અત્યાચાર

فَاعْتَدُوْا عَلَيْهِ بِمِثْلِ مَا اعْتَدٰى عَلَيْكُمْ ص
وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ مَعَ الْمُتَّقِيْنَ ﴿١٩٤﴾
وَاَنْفِقُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ وَلَا تُلْقُوْا بِاَيْدِيْكُمْ اِلَى
التَّهْلُكَةِ ۛ وَاَحْسِنُوْا ۛ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿١٩٥﴾
وَاَتِمُّوا الْحَجَّ وَالْعُمْرَةَ لِلّٰهِ ط فَاِنْ اُحْصِرْتُمْ فَمَا
اسْتَيْسَرَ مِنَ الْهَدْيِ ۚ وَلَا تَحْلِقُوْا رُءُوْسَكُمْ حَتّٰى
يَبْلُغَ الْهَدْيُ مَحِلَّهٗ ط فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِيْضًا
اَوْ بِهٖٓ اَذًى مِّنْ رَّاْسِهٖ فَفِدْيَةٌ مِّنْ صِيَامٍ اَوْ
صَدَقَةٍ اَوْ نُسُكٍ ۚ فَاِذَآ اَمِنْتُمْ ۣ فَمَنْ تَمَتَّعَ بِالْعُمْرَةِ
اِلَى الْحَجِّ فَمَا اسْتَيْسَرَ مِنَ الْهَدْيِ ج فَمَنْ لَّمْ
يَجِدْ فَصِيَامُ ثَلٰثَةِ اَيَّامٍ فِي الْحَجِّ وَسَبْعَةٍ اِذَا
رَجَعْتُمْ ط تِلْكَ عَشَرَةٌ كَامِلَةٌ ط ذٰلِكَ لِمَنْ لَّمْ يَكُنْ
اَهْلُهٗ حَاضِرِي الْمَسْجِدِ الْحَرَامِ ط وَاتَّقُوا اللّٰهَ
وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ﴿١٩٦﴾ اَلْحَجُّ اَشْهُرٌ
مَّعْلُوْمٰتٌ ج فَمَنْ فَرَضَ فِيْهِنَّ الْحَجَّ فَلَا رَفَثَ
وَلَا فُسُوْقَ ۙ وَلَا جِدَالَ فِي الْحَجِّ ط وَمَا تَفْعَلُوْا مِنْ
خَيْرٍ يَّعْلَمْهُ اللّٰهُ ؔ وَتَزَوَّدُوْا فَاِنَّ خَيْرَ الزَّادِ
التَّقْوٰى ز وَاتَّقُوْنِ يٰٓاُولِي الْاَلْبَابِ ﴿١٩٧﴾ لَيْسَ عَلَيْكُمْ
جُنَاحٌ اَنْ تَبْتَغُوْا فَضْلًا مِّنْ رَّبِّكُمْ ط فَاِذَآ اَفَضْتُمْ

عند المتقدمين مع
ع ۲۴ منزل ۱
وقف النبي صلى الله عليه وآله وسلم ۱۲

કરે તમે પણ એવી જ રીતે તેના ઉપર હાથ ઉઠાવો. અલબત્ત, અલ્લાહથી ડરતા રહો અને એ ધ્યાનમાં રાખો કે અલ્લાહ તે જ લોકોના સાથે છે, જેઓ તેની મર્યાદાઓના ઉલ્લંઘનથી બચે છે.

૧૯૫. અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો અને પોતાના હાથે પોતાને વિનાશમાં ન નાખો. સારામાં સારી રીત અપનાવો, કારણ કે અલ્લાહ સારામાં સારી રીત અપનાવનારાઓને પસંદ કરે છે.

૧૯૬. અલ્લાહની પ્રસન્નતા માટે જ્યારે હજ્જ અને ઉમરાનો ઇરાદો કરો, તો તેને પૂરો કરો, અને જો ક્યાંક ઘેરાઈ જાઓ તો જે કુરબાની (નું જાનવર) ઉપલબ્ધ હોય, અલ્લાહની હજૂરમાં રજૂ કરો અને પોતાના માથાં ન મુંડાવો જ્યાં સુધી કુરબાની (નું જાનવર) પોતાના સ્થાને ન પહોંચી જાય. પરંતુ જે વ્યક્તિ બીમાર હોય અથવા જેના માથામાં કોઈ તકલીફ હોય અને એ કારણે પોતાનું માથું મુંડાવી લે, તો તે ફિદયા (બદલા)માં રોઝા રાખે અથવા દાન આપે અથવા કુરબાની કરે. પછી જો તમને શાંતિ પ્રાપ્ત થાય (અને તમે હજ્જ પહેલા મક્કા પહોંચી જાઓ), તો તમારા પૈકી જે વ્યક્તિ હજ્જનો સમય થાય ત્યાં સુધી ઉમરાનો લાભ ઉઠાવે, તે પોતાની શક્તિ અનુસાર કુરબાની કરે, અને જો કુરબાની ન કરી શકતી હોય, તો ત્રણ રોઝા હજ્જના સમયમાં અને સાત ઘરે પહોંચીને, એ રીતે કુલ દસ રોઝા રાખે. આ છૂટ તે લોકો માટે છે, જેમના ઘર 'મસ્જિદે -હરામ' (પ્રતિષ્ઠિત મસ્જિદ કા'બા)ની નજીક ન હોય. અલ્લાહના આ આદેશોનો ભંગ કરવાથી બચો અને સારી રીતે જાણી લો કે અલ્લાહ સખત સજા આપનાર છે. (રુકૂઅ-૨૪)

૧૯૭. હજ્જના મહિના સૌ જાણે છે. જે વ્યક્તિ આ ઠરાવેલા મહિનાઓમાં હજ્જનો ઇરાદો કરે, તેણે સાવધાન રહેવું જોઈએ કે હજ્જના સમય દરમ્યાન તેનાથી કોઈ જાતીય કૃત્ય, કોઈ દુષ્કૃત્ય અને કોઈ લડાઈ-ઝઘડો ન થાય, અને જે સદ્કાર્ય તમે કરશો, તે અલ્લાહની જાણમાં હશે. હજ્જની મુસાફરી (યાત્રા) માટે ભાથું સાથે લઈ જાવ, અને સૌથી સારું ભાથું પરહેઝગારી (ઈશભય અને સંયમ) છે. પછી હે બુદ્ધિશાળીઓ અને સમજદારો ! મારી અવજ્ઞાથી બચો.

૧૯૮. અને જો હજ્જના સાથે-સાથે તમે પોતાના રબની કૃપા પણ શોધતા જાઓ, તો તેમાં કોઈ વાંધો નથી. પછી જ્યારે અરફાતથી નીકળો, તો મશ્અરે-હરામ (મુઝદલ્ફહ) પાંસે થોભીને અલ્લાહનું સ્મરણ કરો

مِّنْ عَرَفٰتٍ فَاذْكُرُوا اللّٰهَ عِنْدَ الْمَشْعَرِ الْحَرَامِ ص
وَاذْكُرُوْهُ كَمَا هَدٰىكُمْ ۚ وَاِنْ كُنْتُمْ مِّنْ قَبْلِهٖ لَمِنَ
الضَّآلِّيْنَ ﴿١٩٨﴾ ثُمَّ اَفِيْضُوْا مِنْ حَيْثُ اَفَاضَ
النَّاسُ وَاسْتَغْفِرُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٩٩﴾
فَاِذَا قَضَيْتُمْ مَّنَاسِكَكُمْ فَاذْكُرُوا اللّٰهَ كَذِكْرِكُمْ
اٰبَآءَكُمْ اَوْ اَشَدَّ ذِكْرًا ؕ فَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ
رَبَّنَآ اٰتِنَا فِى الدُّنْيَا وَمَا لَهٗ فِى الْاٰخِرَةِ مِنْ
خَلَاقٍ ﴿٢٠٠﴾ وَمِنْهُمْ مَّنْ يَّقُوْلُ رَبَّنَآ اٰتِنَا فِى
الدُّنْيَا حَسَنَةً وَّفِى الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ
النَّارِ ﴿٢٠١﴾ اُولٰٓئِكَ لَهُمْ نَصِيْبٌ مِّمَّا كَسَبُوْا ؕ
وَاللّٰهُ سَرِيْعُ الْحِسَابِ ﴿٢٠٢﴾ وَاذْكُرُوا اللّٰهَ فِىْٓ اَيَّامٍ النّصف
مَّعْدُوْدٰتٍ ؕ فَمَنْ تَعَجَّلَ فِىْ يَوْمَيْنِ فَلَآ اِثْمَ
عَلَيْهِ ۚ وَمَنْ تَاَخَّرَ فَلَآ اِثْمَ عَلَيْهِ ۙ لِمَنِ اتَّقٰى ؕ
وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّكُمْ اِلَيْهِ تُحْشَرُوْنَ ﴿٢٠٣﴾
وَمِنَ النَّاسِ مَنْ يُّعْجِبُكَ قَوْلُهٗ فِى الْحَيٰوةِ
الدُّنْيَا وَيُشْهِدُ اللّٰهَ عَلٰى مَا فِىْ قَلْبِهٖ ۙ وَهُوَ اَلَدُّ
الْخِصَامِ ﴿٢٠٤﴾ وَاِذَا تَوَلّٰى سَعٰى فِى الْاَرْضِ لِيُفْسِدَ
فِيْهَا وَيُهْلِكَ الْحَرْثَ وَالنَّسْلَ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ
الْفَسَادَ ﴿٢٠٥﴾ وَاِذَا قِيْلَ لَهُ اتَّقِ اللّٰهَ اَخَذَتْهُ الْعِزَّةُ منزل ١

અને એવી રીતે સ્મરણ કરો, જે રીતે તેણે તમને આદેશ આપ્યો છે, નહીં તો આ અગાઉ તમે લોકો ભટકી ગયેલા હતા.

૧૯૯. પછી જયાંથી બીજા બધા લોકો પાછા ફરે છે, ત્યાંથી તમે પણ પાછા ફરો અને અલ્લાહ પાસે ક્ષમા માગો, નિઃશંક તે ક્ષમા આપનાર અને દયા કરવાવાળો છે.

૨૦૦. પછી જયારે પોતાની હજ્જના કાર્યો પૂરા કરી લો, ત્યારે જે રીતે અગાઉ પોતાના બાપ-દાદાઓનું સ્મરણ કરતા હતા, એવી રીતે હવે અલ્લાહનું સ્મરણ કરો, બલ્કે એનાથી પણ વધુ. (પરંતુ અલ્લાહનું સ્મરણ કરનારાઓ વચ્ચે પણ ઘણો તફાવત છે) તેમનામાંથી કોઈ તો એવો છે, જે કહે છે કે હે અમારા રબ ! અમને દુનિયામાં જ બધું આપી દે. આવી વ્યક્તિ માટે આખિરત (પરલોક)માં કોઈ હિસ્સો નથી.

૨૦૧. અને કોઈ કહે છે કે હે અમારા રબ ! અમને દુનિયામાં પણ ભલાઈ આપ અને આખિરત (પરલોક)માં પણ ભલાઈ આપ અને આગ (નર્ક)ની સજાથી અમને બચાવી લે.

૨૦૨. આવા લોકો પોતાની કમાણી અનુસાર (બંને જગ્યાએ) હિસ્સો મેળવશે અને અલ્લાહને હિસાબ ચૂકવવામાં કંઈ વાર લાગતી નથી.

૨૦૩. આ ગણત્રીના કેટલાક દિવસો છે, જે તમારે અલ્લાહના સ્મરણમાં પસાર કરવા જોઈએ. પછી જો કોઈ ઉતાવળ કરીને બે જ દિવસમાં પાછો ફરે તો કોઈ દોષ નથી, અને જો કોઈ થોડો વધુ સમય રોકાઈને પાછો ફરે તો પણ કોઈ દોષ નથી. શરત એ છે કે તેણે આ દિવસો તકવાના સાથે (અલ્લાહથી ડરીને સંયમપૂર્વક) પસાર કર્યા હોય – અલ્લાહની અવજ્ઞાથી બચો અને સારી રીતે જાણી લો કે એક દિવસે તેના સમક્ષ તમારે હાજરી આપવાની છે.

૨૦૪. મનુષ્યો પૈકી કોઈ તો એવો છે જેની વાતો સાંસારિક જીવનમાં તમને ઘણી સારી લાગે છે, અને પોતાના શુભ આશય માટે તે વારંવાર અલ્લાહને સાક્ષી ઠેરવે છે, પરંતુ હકીકતમાં તે સત્યનો સૌથી ખરાબ દુશ્મન હોય છે.

૨૦૫. જ્યારે તેને સત્તા મળી જાય છે તો ધરતી ઉપર તેની સમગ્ર દોડધામ એટલા માટે હોય છે કે બગાડ ફેલાવે, ખેતીઓને ઉજાડી નાખે અને માનવવંશને તબાહ કરે – જો કે અલ્લાહ (જેને તે સાક્ષી ઠેરવતો હતો) બગાડને કદાપિ પસંદ કરતો નથી.

૨૦૬. – અને જ્યારે તેને કહેવામાં આવે છે કે અલ્લાહથી ડર, તો પોતાની પ્રતિષ્ઠાનો ખ્યાલ તેને પાપ ઉપર જમાવી દે છે. એવી વ્યક્તિ માટે તો માત્ર

بِالْاِثْمِ فَحَسْبُهٗ جَهَنَّمُ ؕ وَلَبِئْسَ الْمِهَادُ ﴿٢٠٦﴾ وَمِنَ
النَّاسِ مَنْ يَّشْرِيْ نَفْسَهُ ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ ؕ
وَاللّٰهُ رَءُوْفٌ بِالْعِبَادِ ﴿٢٠٧﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا ادْخُلُوْا
فِي السِّلْمِ كَآفَّةً ۪ وَّلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ؕ
اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿٢٠٨﴾ فَاِنْ زَلَلْتُمْ مِّنْ بَعْدِ مَا
جَآءَتْكُمُ الْبَيِّنٰتُ فَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٠٩﴾
هَلْ يَنْظُرُوْنَ اِلَّآ اَنْ يَّاْتِيَهُمُ اللّٰهُ فِيْ ظُلَلٍ مِّنَ
الْغَمَامِ وَالْمَلٰٓئِكَةُ وَقُضِيَ الْاَمْرُ ؕ وَاِلَى اللّٰهِ
تُرْجَعُ الْاُمُوْرُ ﴿٢١٠﴾ سَلْ بَنِيْٓ اِسْرَآءِيْلَ كَمْ اٰتَيْنٰهُمْ ع
مِّنْ اٰيَةٍۭ بَيِّنَةٍ ؕ وَمَنْ يُّبَدِّلْ نِعْمَةَ اللّٰهِ مِنْۢ
بَعْدِ مَا جَآءَتْهُ فَاِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ﴿٢١١﴾
زُيِّنَ لِلَّذِيْنَ كَفَرُوا الْحَيٰوةُ الدُّنْيَا وَيَسْخَرُوْنَ
مِنَ الَّذِيْنَ اٰمَنُوْا ۘ وَالَّذِيْنَ اتَّقَوْا فَوْقَهُمْ يَوْمَ وقف لازم
الْقِيٰمَةِ ؕ وَاللّٰهُ يَرْزُقُ مَنْ يَّشَآءُ بِغَيْرِ حِسَابٍ ﴿٢١٢﴾
كَانَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً ۣ فَبَعَثَ اللّٰهُ النَّبِيّٖنَ
مُبَشِّرِيْنَ وَمُنْذِرِيْنَ ۪ وَاَنْزَلَ مَعَهُمُ الْكِتٰبَ
بِالْحَقِّ لِيَحْكُمَ بَيْنَ النَّاسِ فِيْمَا اخْتَلَفُوْا فِيْهِ ؕ
وَمَا اخْتَلَفَ فِيْهِ اِلَّا الَّذِيْنَ اُوْتُوْهُ مِنْۢ بَعْدِ
مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ بَغْيًاۢ بَيْنَهُمْ ۚ فَهَدَى اللّٰهُ

જહન્નમ (નર્ક) જ પર્યાપ્ત છે અને તે ઘણું ખરાબ ઠેકાણું છે.

૨૦૭. બીજી બાજુ મનુષ્યો પૈકી કોઈ એવો પણ છે જે અલ્લાહની પ્રસન્નતાની ચાહનામાં પોતાના પ્રાણ ખપાવી દે છે અને આવા બંદાઓ ઉપર અલ્લાહ ઘણો મહેરબાન છે.

૨૦૮. હે ઈમાન લાવનારાઓ ! તમે સંપૂર્ણપણે ઇસ્લામમાં આવી જાઓ અને શેતાનનું અનુસરણ ન કરો, કેમ કે તે તમારો ખુલ્લો શત્રુ છે.

૨૦૯. જે સ્પષ્ટ માર્ગદર્શન (આદેશો) તમારા પાસે આવી ગયું છે, જો તેને મેળવી લીધા પછી ફરી તમે વિચલિત થઈ ગયા, તો બરાબર જાણી લો કે અલ્લાહ સૌના ઉપર પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી અને જ્ઞાતા છે.

૨૧૦. (આ બધા ઉપદેશો અને માર્ગદર્શન પછી પણ લોકો સીધા ન થાય તો) શું હવે તેઓ તેની રાહ જુએ છે કે અલ્લાહ વાદળોનું છત્ર લગાવીને ફરિશ્તાઓના રસાલા સાથે પોતે સામે આવી જાય અને ફેંસલો જ કરી નાખવામાં આવે ? — છેવટે બધા મામલાઓ રજૂ તો અલ્લાહ સમક્ષ જ થવાના છે. (રુકૂઅ-૨૫)

૨૧૧. ઈસરાઈલની સંતાનને પૂછો : કેવી-કેવી ખુલ્લી નિશાનીઓ અમે તેમને દેખાડી છે (અને પછી તે પણ તેમને જ પૂછી લો કે) અલ્લાહની નેઅમત (બક્ષિસ) મેળવ્યા પછી જે કોમ તેને દુર્ભાગ્યથી બદલી નાખે છે, તેને અલ્લાહ કેવી કઠોર સજા કરે છે.

૨૧૨. જે લોકોએ કુફ્ર (ઇન્કાર)નો માર્ગ અપનાવ્યો છે, તેમના માટે દુનિયાનું જીવન અત્યંત પ્રિય અને મનમોહક બનાવી દેવામાં આવ્યું છે. આવા લોકો ઈમાનનો માર્ગ અપનાવનારાઓની ઠેકડી ઉડાવે છે, પરંતુ કયામત (પ્રલય)ના દિવસે પરહેજગાર (સંયમી) લોકો જ તેમની સરખામણીમાં ઉચ્ચ સ્થાને હશે. રહી દુનિયાની રોજી, તો અલ્લાહને અધિકાર છે, જેને ચાહે બેસુમાર આપે.

૨૧૩. આરંભમાં સૌ લોકો એક જ પદ્ધતિ ઉપર હતા. (પછી આ સ્થિતિ બાકી રહી નહીં અને મતભેદ ઊભા થયા) ત્યારે અલ્લાહે નબીઓ (પયગંબરો) મોકલ્યા જે સન્માર્ગ પર ચાલવા માટે ખુશખબર આપનારા અને ખોટા માર્ગ પર ચાલવાના પરિણામોથી ડરાવનારા હતા, અને તેમના સાથે સત્ય-ગ્રંથ અવતરિત કર્યો, જેથી સત્ય વિષે લોકો વચ્ચે જે મતભેદો ઊભા થયા હતા, તેનો નિર્ણય કરે — (અને આ મતભેદો ઊભા થવાનું કારણ એ ન હતું કે આરંભમાં લોકોને સત્ય બતાવવામાં આવ્યું ન હતું. નહીં), મતભેદ તે લોકોએ કર્યો જેમને સત્યનું જ્ઞાન આપી દેવામાં આવ્યું હતું. તેમણે સ્પષ્ટ આદેશો મેળવી લીધા પછી માત્ર એટલા માટે સત્યને ત્યજીને

الَّذِيْنَ اٰمَنُوْا لِمَا اخْتَلَفُوْا فِيْهِ مِنَ الْحَقِّ بِاِذْنِهٖ ؕ
وَاللّٰهُ يَهْدِيْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۲۱۳﴾
اَمْ حَسِبْتُمْ اَنْ تَدْخُلُوا الْجَنَّةَ وَلَمَّا يَاْتِكُمْ مَّثَلُ
الَّذِيْنَ خَلَوْا مِنْ قَبْلِكُمْ ؕ مَسَّتْهُمُ الْبَاْسَآءُ وَ
الضَّرَّآءُ وَ زُلْزِلُوْا حَتّٰى يَقُوْلَ الرَّسُوْلُ وَالَّذِيْنَ
اٰمَنُوْا مَعَهٗ مَتٰى نَصْرُ اللّٰهِ ؕ اَلَاۤ اِنَّ نَصْرَ اللّٰهِ
قَرِيْبٌ ﴿۲۱۴﴾ يَسْــَٔلُوْنَكَ مَاذَا يُنْفِقُوْنَ ؕ۬ قُلْ مَاۤ اَنْفَقْتُمْ
مِّنْ خَيْرٍ فَلِلْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ
وَابْنِ السَّبِيْلِ ؕ وَمَا تَفْعَلُوْا مِنْ خَيْرٍ فَاِنَّ اللّٰهَ
بِهٖ عَلِيْمٌ ﴿۲۱۵﴾ كُتِبَ عَلَيْكُمُ الْقِتَالُ وَهُوَ كُرْهٌ لَّكُمْ ۚ
وَعَسٰۤى اَنْ تَكْرَهُوْا شَيْــًٔا وَّهُوَ خَيْرٌ لَّكُمْ ۚ وَ
عَسٰۤى اَنْ تُحِبُّوْا شَيْــًٔا وَّهُوَ شَرٌّ لَّكُمْ ؕ وَاللّٰهُ
ع يَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿۲۱۶﴾ يَسْــَٔلُوْنَكَ عَنِ الشَّهْرِ
الْحَرَامِ قِتَالٍ فِيْهِ ؕ قُلْ قِتَالٌ فِيْهِ كَبِيْرٌ ؕ وَصَدٌّ
عَنْ سَبِيْلِ اللّٰهِ وَكُفْرٌۢ بِهٖ وَالْمَسْجِدِ الْحَرَامِ ۗ
وَاِخْرَاجُ اَهْلِهٖ مِنْهُ اَكْبَرُ عِنْدَ اللّٰهِ ۚ وَالْفِتْنَةُ
اَكْبَرُ مِنَ الْقَتْلِ ؕ وَلَا يَزَالُوْنَ يُقَاتِلُوْنَكُمْ حَتّٰى
يَرُدُّوْكُمْ عَنْ دِيْنِكُمْ اِنِ اسْتَطَاعُوْا ؕ وَمَنْ
يَّرْتَدِدْ مِنْكُمْ عَنْ دِيْنِهٖ فَيَمُتْ وَهُوَ كَافِرٌ

જુદી-જુદી પદ્ધતિઓ ઉપજાવી કાઢી, કારણ કે તેઓ પરસ્પર અતિરેક કરવા માગતા હતા. તો જે લોકો પયગંબરો પર ઈમાન લઈ આવ્યા, તેમને અલ્લાહે પોતાની અનુમતિથી તે સત્યનો માર્ગ દેખાડી દીધો, જેમાં લોકોએ મતભેદ કર્યો હતો. અલ્લાહ જેને ઇચ્છે છે સીધો માર્ગ દેખાડી દે છે.

૨૧૪. પછી શું તમે લોકોએ એમ સમજી લીધું છે કે આમ જ જન્નત (સ્વર્ગ)માં તમને પ્રવેશ મળી જશે, જો કે હજુ તમારા ઉપર તે બધું વીત્યું નથી, જે તમારા અગાઉ ઈમાન લાવનારાઓ ઉપર વિતી ચૂકયું છે ? તેમના ઉપર સખ્તાઈઓ આચરવામાં આવી, મુસીબતો આવી, હચમચાવી નાખવામાં આવ્યા, ત્યાં સુધી કે તે વખતના રસૂલ અને તેના સાથી ઈમાનવાળાઓ પોકારી ઉઠ્યા કે અલ્લાહની મદદ કયારે આવશે ?- (તે વખતે તેમને આશ્વાસન આપવામાં આવ્યું કે) હા, અલ્લાહની મદદ નજીક છે.

૨૧૫. લોકો પૂછે છે, અમે શું ખર્ચ કરીએ ? જવાબ આપો કે જે ધન પણ તમે ખર્ચ કરો, પોતાના માતા-પિતા પર, સગાઓ પર, અનાથો અને મિસ્કીનો (નિર્ધનો) અને મુસાફરો પર ખર્ચ કરો. અને જે કંઈ સદ્કાર્ય તમે કરશો, અલ્લાહ તેને જાણતો હશે.

૨૧૬. તમને યુદ્ધનો આદેશ આપવામાં આવ્યો છે અને તે તમને અપ્રિય છે — બની શકે છે કે એક વસ્તુ તમને અપ્રિય હોય અને તે જ તમારા માટે વધુ સારી હોય અને બની શકે કે એક વસ્તુ જે તમને પસંદ હોય અને તે જ તમારા માટે ખરાબ હોય. અલ્લાહ જાણે છે, તમે નથી જાણતા. (રુકૂઅ-૨૬)

૨૧૭. લોકો પૂછે છે કે હરામ (પ્રતિષ્ઠિત) મહિનામાં લડવું કેવું છે ? કહો : એમાં લડાઈ કરવી ઘણું ખરાબ છે, પરંતુ અલ્લાહના માર્ગથી લોકોને રોકવા અને અલ્લાહનો ઇન્કાર કરવો અને મસ્જિદે-હરામ (કા'બા)નો રસ્તો અલ્લાહવાળાઓ (ઈશભક્તો) માટે બંધ કરી દેવો અને હરમ (મક્કા)ના રહેવાસીઓને ત્યાંથી કાઢી મૂકવા અલ્લાહના નજીક તેનાથી પણ વધુ ખરાબ છે અને ફિત્નો (ઉપદ્રવ) રક્તપાત કરતાં પણ વધુ સંગીન છે. તેઓ તો તમારા સાથે લડતા જ રહેશે, ત્યાં સુધી કે જો તેમનું ચાલે તો તમારા દીન (ધર્મ)થી તમને ફેરવી નાખે. (અને એ સારી રીતે સમજી લો કે) તમારામાંથી જે કોઈ પોતાના દીન (ધર્મ)થી ફરી જશે અને કુફ્ર (ઇન્કાર)ની સ્થિતિમાં મૃત્યુ પામશે, તેના કર્મ આલોક

فَاُولٰٓئِكَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِی الدُّنْيَا وَالْاٰخِرَةِ ۚ
وَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢١٧﴾
اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَالَّذِيْنَ هَاجَرُوْا وَجٰهَدُوْا
فِیْ سَبِيْلِ اللّٰهِ ۙ اُولٰٓئِكَ يَرْجُوْنَ رَحْمَتَ اللّٰهِ ؕ وَاللّٰهُ
غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢١٨﴾ يَسْـَٔلُوْنَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِ ؕ قُلْ
فِيْهِمَآ اِثْمٌ كَبِيْرٌ وَّمَنَافِعُ لِلنَّاسِ ۫ وَاِثْمُهُمَآ اَكْبَرُ
مِنْ نَّفْعِهِمَا ؕ وَيَسْـَٔلُوْنَكَ مَاذَا يُنْفِقُوْنَ ۬ قُلِ
الْعَفْوَ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ لَعَلَّكُمْ
تَتَفَكَّرُوْنَ ﴿٢١٩﴾ ۙ فِی الدُّنْيَا وَالْاٰخِرَةِ ؕ وَيَسْـَٔلُوْنَكَ
عَنِ الْيَتٰمٰى ؕ قُلْ اِصْلَاحٌ لَّهُمْ خَيْرٌ ؕ وَاِنْ
تُخَالِطُوْهُمْ فَاِخْوَانُكُمْ ؕ وَاللّٰهُ يَعْلَمُ الْمُفْسِدَ مِنَ
الْمُصْلِحِ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَاَعْنَتَكُمْ ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٢٠﴾
وَلَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ حَتّٰى يُؤْمِنَّ ؕ وَلَاَمَةٌ مُّؤْمِنَةٌ
خَيْرٌ مِّنْ مُّشْرِكَةٍ وَّلَوْ اَعْجَبَتْكُمْ ۚ وَلَا تُنْكِحُوا
الْمُشْرِكِيْنَ حَتّٰى يُؤْمِنُوْا ؕ وَلَعَبْدٌ مُّؤْمِنٌ خَيْرٌ مِّنْ
مُّشْرِكٍ وَّلَوْ اَعْجَبَكُمْ ؕ اُولٰٓئِكَ يَدْعُوْنَ اِلَى النَّارِ ۖۚ
وَاللّٰهُ يَدْعُوْٓا اِلَى الْجَنَّةِ وَالْمَغْفِرَةِ بِاِذْنِهٖ ۚ
ع ٢٧ / ٥ وَيُبَيِّنُ اٰيٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿٢٢١﴾ ع
منزل ١ وَيَسْـَٔلُوْنَكَ عَنِ الْمَحِيْضِ ؕ قُلْ هُوَ اَذًى ۙ فَاعْتَزِلُوا

(દુનિયા) અને પરલોક (આખિરત) બંનેમાં વ્યર્થ જશે. આવા સૌ લોકો દોજખી (નર્કવાસી) છે અને હંમેશા દોજખમાં જ રહેશે.

૨૧૮. આનાથી વિપરીત જે લોકો ઈમાન લાવ્યા છે અને જેમણે અલ્લાહના માર્ગમાં પોતાના ઘરબાર છોડ્યા અને જિહાદ★ કરી છે, તેઓ અલ્લાહની કૃપાના યોગ્ય ઉમેદવાર છે, અને અલ્લાહ તેમની ભૂલોને માફ કરવાવાળો અને પોતાની કૃપાથી તેમને પ્રદાન કરવાવાળો છે.

૨૧૯. પૂછે છે : દારૂ અને જુગારનો શું આદેશ છે ? કહો : આ બંને વસ્તુઓમાં મોટી ખરાબી છે. જો કે આમાં લોકો માટે થોડાંક ફાયદા પણ છે, પરંતુ તેમનો ગુનો તેમના ફાયદા કરતાં ઘણો વધારે છે. પૂછે છે : અમે અલ્લાહના માર્ગમાં શું ખર્ચ કરીએ ? કહો : જે કંઈ તમારી જરૂરિયાતથી વધારે છે. આ રીતે અલ્લાહ તમારા માટે સ્પષ્ટ આદેશો વર્ણવે છે. કદાચ તમે આલોક (દુનિયા) અને પરલોક (આખિરત) બંનેનો વિચાર કરો.

૨૨૦. પૂછે છે : અનાથો સાથે શું મામલો કરવામાં આવે ? કહો : જે વર્તનમાં તેમના માટે ભલાઈ હોય, તે જ અપનાવવું વધારે સારું છે. જો તમે પોતાનો અને તેમનો ખર્ચ અને રહેવું-વસવું ભેગું રાખો, તો તેમાં કોઈ વાંધો નથી, અંતે તેઓ તમારા ભાઈબંધો જ છે. બૂરાઈ કરનારા અને ભલાઈ કરનારા, બંનેની સ્થિતિ અલ્લાહ સમક્ષ સ્પષ્ટ છે. અલ્લાહ ઈચ્છતો તો આ મામલામાં તમારા પર સખતાઈ કરતો, પરંતુ તે પ્રભુત્વશાળી હોવાના સાથે-સાથે તત્ત્વદર્શી પણ છે.

૨૨૧. તમે મુશ્રિક (અનેકેશ્વરવાદી) સ્ત્રીઓ સાથે કદાપિ નિકાહ (લગ્ન) ન કરજો, જ્યાં સુધી તેઓ ઈમાન ન લઈ આવે. એક ઈમાનવાળી ગુલામ સ્ત્રી ખાનદાની મુશ્રિક સ્ત્રી કરતાં વધુ સારી છે, ભલે તે તમને ખૂબ જ પસંદ હોય; અને પોતાની સ્ત્રીઓના નિકાહ (લગ્ન) મુશ્રિક પુરુષો સાથે કદાપિ ન કરજો, જ્યાં સુધી તેઓ ઈમાન ન લઈ આવે. એક ઈમાનવાળો ગુલામ પુરુષ ખાનદાન મુશ્રિક પુરુષ કરતાં વધુ સારો છે, ભલે તે તમને ઘણો પસંદ હોય. આ લોકો તમને આગ તરફ બોલાવે છે અને અલ્લાહ પોતાની આજ્ઞાથી તમને જન્નત (સ્વર્ગ) અને મગફિરત (મુક્તિ, ક્ષમા) તરફ બોલાવે છે, અને તે પોતાના આદેશો સ્પષ્ટપણે લોકો સમક્ષ વર્ણવે છે, આશા છે તેઓ બોધપાઠ ગ્રહણ કરશે અને જે સમજાવવામાં આવી રહ્યું છે તેનો સ્વીકાર કરશે. (રુકૂઅ-૨૭)

૨૨૨. પૂછે છે : માસિક સ્રાવ (Menses)નો શું આદેશ છે ? કહો : તે અસ્વચ્છતાની એક સ્થિતિ છે. તેમાં સ્ત્રીઓથી દૂર રહો અને તેમના

★ કોઈ ઉદ્દેશ્ય માટે ભરપૂર કોશિશ કરવી, આ શબ્દ માત્ર યુદ્ધનો સમાનાર્થી નથી, તેને માટે 'કિતાલ' શબ્દ અરબી ભાષામાં છે. જિહાદ તેના કરતાં વ્યાપક અર્થ ધરાવે છે.. તેમાં યુદ્ધ સહિત દરેક પ્રકારના સંઘર્ષનો સમાવેશ થાય છે.

النِّسَآءَ فِي الْمَحِيضِ ۙ وَلَا تَقْرَبُوهُنَّ حَتّٰى
يَطْهُرْنَ ۚ فَإِذَا تَطَهَّرْنَ فَأْتُوهُنَّ مِنْ حَيْثُ أَمَرَكُمُ
اللّٰهُ ؕ إِنَّ اللّٰهَ يُحِبُّ التَّوَّابِينَ وَيُحِبُّ الْمُتَطَهِّرِينَ ﴿۲۲۲﴾
نِسَآؤُكُمْ حَرْثٌ لَّكُمْ ۖ فَأْتُوا حَرْثَكُمْ أَنّٰى شِئْتُمْ ز
وَقَدِّمُوا لِأَنْفُسِكُمْ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوٓا أَنَّكُمْ
مُّلٰقُوهُ ؕ وَبَشِّرِ الْمُؤْمِنِينَ ﴿۲۲۳﴾ وَلَا تَجْعَلُوا اللّٰهَ عُرْضَةً
لِّأَيْمَانِكُمْ أَنْ تَبَرُّوا وَتَتَّقُوا وَتُصْلِحُوا بَيْنَ
النَّاسِ ؕ وَاللّٰهُ سَمِيعٌ عَلِيمٌ ﴿۲۲۴﴾ لَا يُؤَاخِذُكُمُ اللّٰهُ
بِاللَّغْوِ فِيٓ أَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا كَسَبَتْ
قُلُوبُكُمْ ؕ وَاللّٰهُ غَفُورٌ حَلِيمٌ ﴿۲۲۵﴾ لِلَّذِينَ يُؤْلُونَ
مِنْ نِّسَآئِهِمْ تَرَبُّصُ أَرْبَعَةِ أَشْهُرٍ ۚ فَإِنْ فَآءُوْ
فَإِنَّ اللّٰهَ غَفُورٌ رَّحِيمٌ ﴿۲۲۶﴾ وَإِنْ عَزَمُوا الطَّلَاقَ
فَإِنَّ اللّٰهَ سَمِيعٌ عَلِيمٌ ﴿۲۲۷﴾ وَالْمُطَلَّقٰتُ يَتَرَبَّصْنَ
بِأَنْفُسِهِنَّ ثَلٰثَةَ قُرُوٓءٍ ؕ وَلَا يَحِلُّ لَهُنَّ أَنْ
يَّكْتُمْنَ مَا خَلَقَ اللّٰهُ فِيٓ أَرْحَامِهِنَّ إِنْ كُنَّ
يُؤْمِنَّ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ وَبُعُولَتُهُنَّ أَحَقُّ
بِرَدِّهِنَّ فِي ذٰلِكَ إِنْ أَرَادُوٓا إِصْلَاحًا ؕ وَلَهُنَّ
مِثْلُ الَّذِي عَلَيْهِنَّ بِالْمَعْرُوفِ ۠ وَلِلرِّجَالِ عَلَيْهِنَّ
دَرَجَةٌ ؕ وَاللّٰهُ عَزِيزٌ حَكِيمٌ ﴿۲۲۸﴾ ع الطَّلَاقُ مَرَّتٰنِ ۖ

પાસે ન જાઓ, જ્યાં સુધી તેઓ પાક-સાફ (શુદ્ધ અને સ્વચ્છ) ન થઈ જાય. પછી જ્યારે તેઓ પાક-સાફ થઈ જાય, ત્યારે તેમના પાસે જાઓ, એવી રીતે જે રીતે અલ્લાહે તમને આદેશ આપ્યો છે. અલ્લાહ તે લોકોને પસંદ કરે છે, જેઓ બૂરાઈથી બચે અને પવિત્રતા અપનાવે.

૨૨૩. તમારી સ્ત્રીઓ તમારા માટે ખેતીઓ છે. તમને અધિકાર છે, જેવી રીતે ઇચ્છો, પોતાની ખેતીમાં જાઓ, પરંતુ પોતાના ભવિષ્યની ચિંતા કરો અને અલ્લાહની નારાજગીથી બચો. બરાબર જાણી લો કે તમારે એક દિવસ તેનાથી મળવાનું છે, અને હે નબી ! જે તમારા આદેશોને માની લે તેમને (સફળતા અને સૌભાગ્યની) ખુશખબર આપી દો.

૨૨૪. અલ્લાહના નામનો એવા સોગંદ લેવા માટે ઉપયોગ ન કરો, જેનો ઉદ્દેશ્ય સદાચાર અને તકવા (ધર્મપરાયણતા અને સંયમ) અને અલ્લાહના બંદાઓની ભલાઈના કાર્યોથી રોકાઈ રહેવાનો હોય. અલ્લાહ તમારી બધી વાતો સાંભળી રહ્યો છે અને બધું જ જાણે છે.

૨૨૫. જે નિરર્થક સોગંદો તમે ઇરાદા વિના ખાઈ લો છો, તે માટે અલ્લાહ પકડતો નથી, પરંતુ જે સોગંદો તમે ખરા હૃદયથી ખાઓ છો, અલ્લાહ તેની પૂછપરછ જરૂર કરશે. અલ્લાહ ઘણો ક્ષમાશીલ અને સહનશીલ છે.

૨૨૬. જે લોકો પોતાની સ્ત્રીઓ સાથે સંબંધ ન રાખવાના સોગંદ ખાઈ બેસે છે, તેમના માટે ચાર મહિનાની મહેતલ છે, જો તેઓ 'રુજૂ' (સંબંધ પુનઃસ્થાપિત) કરી લે, તો અલ્લાહ ક્ષમા આપનાર અને દયાળુ છે.

૨૨૭. અને જો તેમણે તલાકનો જ નિર્ધાર કરી લીધો હોય તો ધ્યાનમાં રાખે કે અલ્લાહ બધું જ સાંભળે અને જાણે છે.

૨૨૮. જે સ્ત્રીઓને તલાક આપવામાં આવી હોય, તેઓ ત્રણ વખત માસિક સ્રાવની મુદ્દત આવી જાય ત્યાં સુધી પોતાને રોકી રાખે, અને તેમના માટે એ ઉચિત નથી કે અલ્લાહે તેમના ગર્ભાશયમાં જે કંઈ પેદા કર્યું છે તેને છુપાવે. તેમણે કદાપિ આવું ન કરવું જોઈએ, જો તેઓ અલ્લાહ અને આખિરતના દિવસ ઉપર ઈમાન રાખતી હોય. તેમના પતિઓ સંબંધ સુધારી લેવા માટે તૈયાર હોય, તો તેઓ આ ઇદ્દત (મુદ્દત) દરમિયાન તેમને પત્ની તરીકે પાછા રાખી લેવાના હક્કદાર છે. સ્ત્રીઓ માટે પણ સામાન્ય નિયમ અનુસાર એવા જ અધિકારો છે, જેવા પુરુષોના અધિકારો તેમના ઉપર છે. અલબત્ત, પુરુષોને તેમના ઉપર એક દરજ્જો પ્રાપ્ત છે, અને સૌના ઉપર અલ્લાહ પ્રભુત્વશાળી, વર્ચસ્વ ધરાવનાર અને તત્ત્વદર્શી અને જ્ઞાતા મોજૂદ છે. (રુકૂઅ-૨૮)

૨૨૯. તલાક બે વાર છે. પછી સીધી રીતે સ્ત્રીને રોકી લેવામાં આવે અથવા

فَاِمْسَاكٌۢ بِمَعْرُوْفٍ اَوْ تَسْرِيْحٌۢ بِاِحْسَانٍ ؕ وَلَا يَحِلُّ
لَكُمْ اَنْ تَاْخُذُوْا مِمَّاۤ اٰتَيْتُمُوْهُنَّ شَيْئًا اِلَّاۤ اَنْ
يَّخَافَاۤ اَلَّا يُقِيْمَا حُدُوْدَ اللّٰهِ ؕ فَاِنْ خِفْتُمْ اَلَّا
يُقِيْمَا حُدُوْدَ اللّٰهِ ۙ فَلَا جُنَاحَ عَلَيْهِمَا فِيْمَا
افْتَدَتْ بِهٖ ؕ تِلْكَ حُدُوْدُ اللّٰهِ فَلَا تَعْتَدُوْهَا ۚ
وَمَنْ يَّتَعَدَّ حُدُوْدَ اللّٰهِ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿۲۲۹﴾
فَاِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنْۢ بَعْدُ حَتّٰى تَنْكِحَ
زَوْجًا غَيْرَهٗ ؕ فَاِنْ طَلَّقَهَا فَلَا جُنَاحَ عَلَيْهِمَاۤ
اَنْ يَّتَرَاجَعَاۤ اِنْ ظَنَّاۤ اَنْ يُّقِيْمَا حُدُوْدَ اللّٰهِ ؕ وَتِلْكَ
حُدُوْدُ اللّٰهِ يُبَيِّنُهَا لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿۲۳۰﴾ وَاِذَا طَلَّقْتُمُ
النِّسَآءَ فَبَلَغْنَ اَجَلَهُنَّ فَاَمْسِكُوْهُنَّ بِمَعْرُوْفٍ
اَوْ سَرِّحُوْهُنَّ بِمَعْرُوْفٍ ۪ وَلَا تُمْسِكُوْهُنَّ ضِرَارًا
لِّتَعْتَدُوْا ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَقَدْ ظَلَمَ نَفْسَهٗ ؕ
وَلَا تَتَّخِذُوْۤا اٰيٰتِ اللّٰهِ هُزُوًا ز وَّاذْكُرُوْا نِعْمَتَ
اللّٰهِ عَلَيْكُمْ وَمَاۤ اَنْزَلَ عَلَيْكُمْ مِّنَ الْكِتٰبِ
وَالْحِكْمَةِ يَعِظُكُمْ بِهٖ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْۤا اَنَّ
الثلثة ٣٠ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿۲۳۱﴾ ع وَاِذَا طَلَّقْتُمُ النِّسَآءَ
فَبَلَغْنَ اَجَلَهُنَّ فَلَا تَعْضُلُوْهُنَّ اَنْ يَّنْكِحْنَ
منزل ١ اَزْوَاجَهُنَّ اِذَا تَرَاضَوْا بَيْنَهُمْ بِالْمَعْرُوْفِ ؕ ذٰلِكَ

ભલાઈપૂર્વક તેને વિદાય કરી દેવામાં આવે; અને વિદાય કરતી વખતે એવું કરવું તમારા માટે ઉચિત નથી કે જે કંઈ તમે તેને આપી ચૂક્યા છો, તેમાંથી કેટલુંક પાછું લઈ લો, સિવાય કે પતિ-પત્નીને અલ્લાહની નિર્ધારિત સીમાઓ પર અડગ ન રહી શકવાનો ભય હોય. આવી સ્થિતિમાં જો તમને એ ભય હોય કે તેઓ બંને અલ્લાહની નિર્ધારિત સીમાંઓ ઉપર અડગ રહેશે નહીં, તો એ બંનેના વચ્ચે આ મામલો કરી લેવામાં વાંધો નથી કે સ્ત્રી પોતાના પતિને કંઈક બદલો ચૂકવી દઈ પોતે છૂટી થઈ જાય. આ અલ્લાહે ઠરાવેલી મર્યાદાઓ છે, તેનું ઉલ્લંઘન ન કરો અને જે લોકો અલ્લાહની મર્યાદાઓનું ઉલ્લંઘન કરે તેઓ જ અત્યાચારી છે.

૨૩૦. પછી જો (બે વાર તલાક આપ્યા પછી પતિએ સ્ત્રીને ત્રીજી વાર) તલાક આપી દીધી, તો તે સ્ત્રી પછી તેના માટે હલાલ (વૈધ) રહેશે નહીં, સિવાય કે તેના નિકાહ (લગ્ન) કોઈ બીજા પુરુષ સાથે થાય અને તે તેને તલાક આપી દે. ત્યારે જો પહેલો પતિ અને આ સ્ત્રી બંને એમ વિચારે કે અલ્લાહના કાનૂન ઉપર અડગ રહેશે, તો તેમના એક-બીજા સાથે ફરી મળી જવામાં કોઈ દોષ નથી. આ અલ્લાહે નિર્ધારિત કરેલી સીમાઓ છે, જે તે એ લોકોના માર્ગદર્શન માટે સ્પષ્ટ કરી રહ્યો છે, જેઓ (આ મર્યાદાઓના ઉલ્લંઘનનું પરિણામ) જાણે છે.

૨૩૧. અને જ્યારે તમે સ્ત્રીઓને તલાક આપી દો અને તેમની ઇદ્દત (મુદ્દત) પૂરી થવા આવે ત્યારે ભલી રીતે તેમને રાખી લો અથવા ભલી રીતે તેમને વિદાય કરી દો. માત્ર હેરાન કરવા માટે તેમને ન રોકી રાખજો કેમ કે તે અતિરેક હશે અને જે આવું કરશે તે હકીકતમાં પોતાના પર જ અત્યાચાર કરશે. અલ્લાહની આયતોને ખેલ-તમાશો ન બનાવો. એ ન ભૂલી જાઓ કે અલ્લાહે કેટલી મહાન કૃપાથી તમને નવાજ્યા છે. તે તમને શિખામણ આપે છે કે જે ગ્રંથ અને 'હિકમત' (તત્ત્વદર્શિતા અને બુદ્ધિમત્તા) તેણે તમારાં ઉપર અવતરિત કર્યા છે, તેના આદર-સન્માનનું ધ્યાન રાખો. અલ્લાહથી ડરો અને બરાબર જાણી લો કે અલ્લાહને દરેક વાતની ખબર છે. (રુકૂઅ-૨૯)

૨૩૨. જ્યારે તમે તમારી સ્ત્રીઓને તલાક આપી દો અને તેઓ તેમની ઇદ્દત (મુદ્દત) પૂરી કરી લે, તો પછી એમાં અવરોધરૂપ ન બનો કે તેઓ પોતાના પ્રસ્તાવિત પતિઓ સાથે નિકાહ કરી લે, જ્યારે કે તેઓ ભલી રીતે એક-બીજા સાથે નિકાહ (લગ્ન) કરવા માટે રાજી હોય. તમને શિખામણ આપવામાં આવે છે કે આવું કૃત્ય કદાપિ ન કરજો, જો તમે

يُوْعَظُ بِهٖ مَنْ كَانَ مِنْكُمْ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ
الْاٰخِرِؕ ذٰلِكُمْ اَزْكٰى لَكُمْ وَاَطْهَرُؕ وَاللّٰهُ يَعْلَمُ وَاَنْتُمْ
لَا تَعْلَمُوْنَ ﴿٢٣٢﴾ وَالْوَالِدٰتُ يُرْضِعْنَ اَوْلَادَهُنَّ
حَوْلَيْنِ كَامِلَيْنِ لِمَنْ اَرَادَ اَنْ يُّتِمَّ الرَّضَاعَةَؕ
وَعَلَى الْمَوْلُوْدِ لَهٗ رِزْقُهُنَّ وَكِسْوَتُهُنَّ بِالْمَعْرُوْفِؕ
لَا تُكَلَّفُ نَفْسٌ اِلَّا وُسْعَهَاۚ لَا تُضَآرَّ وَالِدَةٌۢ
بِوَلَدِهَا وَلَا مَوْلُوْدٌ لَّهٗ بِوَلَدِهٖۗ وَعَلَى الْوَارِثِ
مِثْلُ ذٰلِكَۚ فَاِنْ اَرَادَا فِصَالًا عَنْ تَرَاضٍ مِّنْهُمَا
وَتَشَاوُرٍ فَلَا جُنَاحَ عَلَيْهِمَاؕ وَاِنْ اَرَدْتُّمْ اَنْ
تَسْتَرْضِعُوْٓا اَوْلَادَكُمْ فَلَا جُنَاحَ عَلَيْكُمْ اِذَا سَلَّمْتُمْ
مَّآ اٰتَيْتُمْ بِالْمَعْرُوْفِؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ
اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٢٣٣﴾ وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ
مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا يَّتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ
اَرْبَعَةَ اَشْهُرٍ وَّعَشْرًاۚ فَاِذَا بَلَغْنَ اَجَلَهُنَّ
فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا فَعَلْنَ فِيْٓ اَنْفُسِهِنَّ
بِالْمَعْرُوْفِؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿٢٣٤﴾ وَلَا
جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا عَرَّضْتُمْ بِهٖ مِنْ خِطْبَةِ النِّسَآءِ
اَوْ اَكْنَنْتُمْ فِيْٓ اَنْفُسِكُمْؕ عَلِمَ اللّٰهُ اَنَّكُمْ سَتَذْكُرُوْنَهُنَّ
وَلٰكِنْ لَّا تُوَاعِدُوْهُنَّ سِرًّا اِلَّآ اَنْ تَقُوْلُوْا قَوْلًا

અલ્લાહ અને આખિરતના દિવસ ઉપર ઈમાન ધરાવતા હોવ. તમારા માટે શિષ્ટ અને શુદ્ધ પદ્ધતિ આ જ છે કે તમે તેનાથી બચો. અલ્લાહ જાણે છે, તમે નથી જાણતા.

૨૩૩. જે પિતાઓ ઇચ્છતા હોય કે તેમના સંતાનો દૂધ પીવડાવવાની પૂરી મુદ્દત માટે દૂધ લે, તો માતાઓ પોતાના બાળકોને પૂરા બે વર્ષ દૂધ પીવડાવે. આ સ્થિતિમાં બાળકના પિતાએ સામાન્ય નિયમાનુસાર તેમને ખોરાક-પોશાક આપવાં પડશે, પરંતુ કોઈના ઉપર તેની શક્તિથી વધુ બોજ ન નાખવો જોઈએ. ન માતાને એ કારણે તકલીફમાં મૂકવામાં આવે કે બાળક તેનું છે, અને ન પિતાને એ કારણે તંગ કરવામાં આવે કે બાળક તેનું છે — દૂધ પીવડાવનારીનો આ હક્ક જેમ બાળકના પિતા ઉપર છે, તેવો જ તેના વારસદારો ઉપર પણ છે — પરંતુ જો પક્ષકારો પરસ્પર સંમતિ અને સલાહ-મસ્લતથી દૂધ છોડાવવા ઇચ્છે, તો તેમ કરવામાં કોઈ દોષ નથી અને જો તમારો વિચાર પોતાના સંતાનને કોઈ બીજી સ્ત્રી પાસે દૂધ પીવડાવવાનો હોય, તો તેમાં પણ કોઈ દોષ નથી, માત્ર શરત એ છે કે તેનું જે કંઈ વળતર નક્કી કરો, તે સામાન્ય પદ્ધતિથી ચૂકવો. અલ્લાહથી ડરો અને જાણી લો કે જે કંઈ તમે કરો છો, બધું અલ્લાહની નજરમાં છે.

૨૩૪. તમારામાંથી જે લોકો મૃત્યુ પામે, તેમના પાછળ જો તેમની પત્નીઓ હયાત હોય, તો તેઓ પોતાને ચાર મહિના અને દસ દિવસ રોકી રાખે. પછી જ્યારે તેમની ઇદ્દત પૂરી થઈ જાય, તો તેમને અધિકાર છે, પોતાના માટે સામાન્ય પદ્ધતિએ જે ઇચ્છે તે કરે. તમારા ઉપર તેની કોઈ જવાબદારી નથી. અલ્લાહ તમારા સૌના કાર્યોની ખબર રાખે છે.

૨૩૫. ઇદ્દતના સમયમાં ચાહે તમે તે વિધવા સ્ત્રીઓ માટે માગું મોકલવાનો ઈરાદો પરોક્ષ રીતે-સંકેતમાં જાહેર કરી દો, ચાહે હૃદયમાં છૂપાવી રાખો, બંને સ્થિતિમાં કોઈ દોષ નથી. અલ્લાહ જાણે છે કે તેમનો ખ્યાલ તો તમારા હૃદયમાં આવશે જ. પરંતુ જુઓ, ગુપ્ત કોલ-કરાર ન કરજો. જો કોઈ વાત કરવી હોય તો સામાન્ય પદ્ધતિ અનુસાર કરો, અને નિકાહ (લગ્ન)નો સંબંધ બાંધવાનો નિર્ણય ત્યાં સુધી ન કરો, જ્યાં સુધી ઇદ્દત પૂરી ન થઈ જાય. બરાબર સમજી લો કે અલ્લાહ તમારા હૃદયોની

مَّعْرُوْفًا ؕ وَلَا تَعْزِمُوْا عُقْدَةَ النِّكَاحِ حَتّٰى
يَبْلُغَ الْكِتٰبُ اَجَلَهٗ ؕ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا فِيْٓ
اَنْفُسِكُمْ فَاحْذَرُوْهُ ۚ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ غَفُوْرٌ حَلِيْمٌ ﴿٢٣٥﴾ ع
لَا جُنَاحَ عَلَيْكُمْ اِنْ طَلَّقْتُمُ النِّسَآءَ مَا لَمْ تَمَسُّوْهُنَّ
اَوْ تَفْرِضُوْا لَهُنَّ فَرِيْضَةً ۖۚ وَّمَتِّعُوْهُنَّ ۚ عَلَى
الْمُوْسِعِ قَدَرُهٗ وَعَلَى الْمُقْتِرِ قَدَرُهٗ ۚ مَتَاعًا بِالْمَعْرُوْفِ ۚ
حَقًّا عَلَى الْمُحْسِنِيْنَ ﴿٢٣٦﴾ وَاِنْ طَلَّقْتُمُوْهُنَّ مِنْ
قَبْلِ اَنْ تَمَسُّوْهُنَّ وَقَدْ فَرَضْتُمْ لَهُنَّ فَرِيْضَةً
فَنِصْفُ مَا فَرَضْتُمْ اِلَّآ اَنْ يَّعْفُوْنَ اَوْ يَعْفُوَا
الَّذِيْ بِيَدِهٖ عُقْدَةُ النِّكَاحِ ؕ وَاَنْ تَعْفُوْٓا
اَقْرَبُ لِلتَّقْوٰى ؕ وَلَا تَنْسَوُا الْفَضْلَ بَيْنَكُمْ ؕ
اِنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٢٣٧﴾ حٰفِظُوْا عَلَى
الصَّلَوٰتِ وَالصَّلٰوةِ الْوُسْطٰى ۚ وَقُوْمُوْا لِلّٰهِ قٰنِتِيْنَ ﴿٢٣٨﴾
فَاِنْ خِفْتُمْ فَرِجَالًا اَوْ رُكْبَانًا ۚ فَاِذَآ اَمِنْتُمْ
فَاذْكُرُوا اللّٰهَ كَمَا عَلَّمَكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ ﴿٢٣٩﴾
وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا ۖۚ
وَّصِيَّةً لِّاَزْوَاجِهِمْ مَّتَاعًا اِلَى الْحَوْلِ غَيْرَ
اِخْرَاجٍ ۚ فَاِنْ خَرَجْنَ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْ مَا
فَعَلْنَ فِيْٓ اَنْفُسِهِنَّ مِنْ مَّعْرُوْفٍ ؕ وَاللّٰهُ عَزِيْزٌ

સ્થિતિ સુદ્ધાં જાણે છે, તેથી તેનાથી ડરો અને એ પણ જાણી લો કે અલ્લાહ સહનશીલ છે, (નાની-નાની વાતોને) ક્ષમા કરી દે છે. (રુકૂઅ-૩૦)

૨૩૬. તમારા ઉપર કોઈ ગુનો નથી, જો તમે તમારી સ્ત્રીઓને તલાક આપી દો, તે પહેલાં કે તેમને હાથ લગાવવાનો પ્રસંગ આવે કે તેમની મહેર નક્કી કરી હોય. આ સ્થિતિમાં તેમને કંઈ-ને-કંઈ જરૂર આપવું જોઈએ. સંપન્ન વ્યક્તિ પોતાની શક્તિ મુજબ અને ગરીબ વ્યક્તિ પોતાની શક્તિ મુજબ સામાન્ય નિયમ પ્રમાણે આપે. આ ફરજ છે સત્કર્મીઓ ઉપર.

૨૩૭. અને જો તમે હાથ લગાવતાં પહેલાં તલાક આપી હોય, પરંતુ મહેર નક્કી થઈ ગઈ હોય, તો આ સ્થિતિમાં અડધી મહેર આપવી પડશે. એ જુદી વાત છે કે સ્ત્રી નરમાશ બતાવે (અને મહેર ન લે) અથવા તે પુરુષ, જેના અધિકારમાં નિકાહ (લગ્ન)ની લગામ છે, નરમાશ બતાવે (અને પૂરેપૂરી મહેર આપી દે) અને તમે (અર્થાત્ પુરુષો) નરમાશથી કામ લો, તો તે તકવા (ઈશપરાયણતા અને સંયમ) સાથે વધુ સુસંગત છે. પરસ્પરના વ્યવહારમાં ઉદારતા અને વિશાળ-હૃદયતાને ન ભૂલો. તમારા કર્મોને અલ્લાહ જોઈ રહ્યો છે.

૨૩૮. પોતાની નમાઝોની કાળજી રાખો, ખાસ કરીને એવી નમાઝની, જે નમાઝની તમામ ખૂબીઓ ધરાવતી હોય. અલ્લાહ સમક્ષ એવી રીતે ઊભા રહો, જેવી રીતે આજ્ઞાંકિત દાસ ઊભા રહે છે.

૨૩૯. અશાંતિની સ્થિતિ હોવ, તો ચાહે પગપાળા હોવ કે સવારી ઉપર, જે રીતે સંભવ હોય, નમાઝ અદા કરો અને જ્યારે શાંતિ પ્રાપ્ત થાય, તો અલ્લાહને એ રીતે યાદ કરો, જે રીતે તેણે તમને શીખવાડી દીધું છે, જે પહેલાં તમે જાણતા ન હતા.

૨૪૦. તમારામાંથી જે લોકોનું મૃત્યુ થઈ જાય અને પાછળ પત્નીઓ મૂકી જઈ રહ્યા હોય, તેમને જોઈએ કે પોતાની પત્નીઓ માટે વસિયત કરી જાય કે એક વર્ષ સુધી તેમને ભરણ-પોષણ આપવામાં આવે, અને તેમને ઘરમાંથી કાઢી મૂકવામાં ન આવે. પછી જો તેઓ પોતે જ નીકળી જાય, તો પોતાની જાત માટે સામાન્ય નિયમાનુસાર તેઓ જે કંઈ પણ કરે, તેની કોઈ જવાબદારી તમારા ઉપર નથી, અલ્લાહ સૌના ઉપર વર્ચસ્વ ધરાવનાર, પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી અને જ્ઞાતા છે.

حَكِيْمٌ ﴿۲۴۰﴾ وَلِلْمُطَلَّقٰتِ مَتَاعٌۢ بِالْمَعْرُوْفِ ؕ حَقًّا
عَلَى الْمُتَّقِيْنَ ﴿۲۴۱﴾ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ
لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿۲۴۲﴾ ع اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ خَرَجُوْا ع ۳۱
مِنْ دِيَارِهِمْ وَهُمْ اُلُوْفٌ حَذَرَ الْمَوْتِ ص
فَقَالَ لَهُمُ اللّٰهُ مُوْتُوْا قف ثُمَّ اَحْيَاهُمْ ؕ اِنَّ اللّٰهَ
لَذُوْ فَضْلٍ عَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ
لَا يَشْكُرُوْنَ ﴿۲۴۳﴾ وَقَاتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ وَاعْلَمُوْٓا
اَنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۲۴۴﴾ مَنْ ذَا الَّذِيْ يُقْرِضُ
اللّٰهَ قَرْضًا حَسَنًا فَيُضٰعِفَهٗ لَهٗٓ اَضْعَافًا كَثِيْرَةً ؕ
وَاللّٰهُ يَقْبِضُ وَيَبْصُۜطُ ص وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿۲۴۵﴾ اَلَمْ
تَرَ اِلَى الْمَلَاِ مِنْۢ بَنِيْٓ اِسْرَآءِيْلَ مِنْۢ بَعْدِ مُوْسٰى م وقف لازم
اِذْ قَالُوْا لِنَبِيٍّ لَّهُمُ ابْعَثْ لَنَا مَلِكًا نُّقَاتِلْ
فِيْ سَبِيْلِ اللّٰهِ ؕ قَالَ هَلْ عَسَيْتُمْ اِنْ كُتِبَ
عَلَيْكُمُ الْقِتَالُ اَلَّا تُقَاتِلُوْا ؕ قَالُوْا وَمَا لَنَآ اَلَّا
نُقَاتِلَ فِيْ سَبِيْلِ اللّٰهِ وَقَدْ اُخْرِجْنَا مِنْ دِيَارِنَا
وَاَبْنَآئِنَا ؕ فَلَمَّا كُتِبَ عَلَيْهِمُ الْقِتَالُ تَوَلَّوْا
اِلَّا قَلِيْلًا مِّنْهُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ ﴿۲۴۶﴾
وَقَالَ لَهُمْ نَبِيُّهُمْ اِنَّ اللّٰهَ قَدْ بَعَثَ لَكُمْ طَالُوْتَ
مَلِكًا ؕ قَالُوْٓا اَنّٰى يَكُوْنُ لَهُ الْمُلْكُ عَلَيْنَا وَنَحْنُ منزل ۱

૨૪૧. આવી જ રીતે જે સ્ત્રીઓને તલાક આપવામાં આવી હોય, તેમને પણ યોગ્ય રીતે કંઈ-ને-કંઈ આપીને વિદાય કરવામાં આવે. આ કર્તવ્ય છે 'મુત્તકીઓ' (ઈશભય રાખનારા અને સંયમી લોકો) પર.

૨૪૨. આવી રીતે અલ્લાહ પોતાના આદેશો તમને સ્પષ્ટ બતાવે છે. આશા છે કે તમે સમજી-વિચારીને કામ કરશો. (રુકૂઅ-૩૧)

૨૪૩. તમે તે લોકોની સ્થિતિ વિષે પણ કંઈ વિચાર કર્યો, જેઓ મૃત્યુના ભયથી પોતાના ઘરબાર છોડી નીકળ્યા હતા અને હજારોની સંખ્યામાં હતા ? અલ્લાહે તેમને ફરમાવ્યું : મરી જાવ, પછી તેણે તેમને ફરીવાર જીવન પ્રદાન કર્યું. હકીકત એ છે કે અલ્લાહ મનુષ્ય ઉપર મોટી કૃપા કરવાવાળો છે, પરંતુ ઘણાં લોકો કૃતજ્ઞતા દર્શાવતા નથી.

૨૪૪. — મુસલમાનો ! અલ્લાહના માર્ગમાં યુદ્ધ કરો અને બરાબર જાણી લો કે અલ્લાહ સાંભળનાર અને જાણનાર છે.

૨૪૫. તમારામાંથી કોણ છે જે અલ્લાહને સારું ઋણ આપે, જેથી અલ્લાહ તેને અનેકગણું વધારીને પરત કરે ? ઘટાડવાનું પણ અલ્લાહના અધિકારમાં છે અને વધારવાનું પણ, અને તેના જ તરફ તમારે પાછા જવાનું છે.

૨૪૬. પછી તમે તે મામલા ઉપર પણ વિચાર કર્યો, જે મૂસા પછી બની ઈસરાઈલના આગેવાનો સાથે બન્યો હતો ? તેમણે પોતાના નબી (પયગંબર)ને કહ્યું : અમારા માટે એક બાદશાહ નીમી આપો, જેથી અમે અલ્લાહના માર્ગમાં યુદ્ધ કરીએ. નબીએ પૂછ્યું : એવું તો નહીં થાય ને કે તમને યુદ્ધનો આદેશ આપવામાં આવે અને પછી તમે ન લડો ? તેઓ કહેવા લાગ્યા : એ કેવી રીતે બની શકે કે અમે અલ્લાહના માર્ગમાં ન લડીએ, જ્યારે કે અમને અમારા ઘરોમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે અને અમારા બાળ-બચ્ચાં અમારાથી વિખૂટા પાડી દેવામાં આવ્યા છે. પરંતુ જ્યારે તેમને યુદ્ધનો આદેશ આપવામાં આવ્યો તો થોડાંક લોકો સિવાય બધા જ પીઠ ફેરવી ગયા, અને અલ્લાહ તેમાંના એકે-એક જાલિમને જાણે છે.

૨૪૭. તેમના નબીએ તેમને કહ્યું કે અલ્લાહે તાલૂતને તમારા માટે બાદશાહ નીમ્યો છે. આ સાંભળીને તેઓ બોલ્યા : અમારા ઉપર બાદશાહ થવાનો તે કેવી રીતે હક્કદાર થઈ ગયો ? તેની સરખામણીમાં બાદશાહીના અમે વધુ હક્કદાર છીએ. તે તો કોઈ મોટો ધનવાન

اَحَقُّ بِالْمُلْكِ مِنْهُ وَلَمْ يُؤْتَ سَعَةً مِّنَ الْمَالِ ؕ
قَالَ اِنَّ اللّٰهَ اصْطَفٰىهُ عَلَيْكُمْ وَزَادَهٗ بَسْطَةً
فِى الْعِلْمِ وَالْجِسْمِ ؕ وَاللّٰهُ يُؤْتِىْ مُلْكَهٗ مَنْ
يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿۲۴۷﴾ وَقَالَ لَهُمْ نَبِيُّهُمْ
اِنَّ اٰيَةَ مُلْكِهٖۤ اَنْ يَّاْتِيَكُمُ التَّابُوْتُ فِيْهِ
سَكِيْنَةٌ مِّنْ رَّبِّكُمْ وَبَقِيَّةٌ مِّمَّا تَرَكَ اٰلُ مُوْسٰى
وَاٰلُ هٰرُوْنَ تَحْمِلُهُ الْمَلٰٓئِكَةُ ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً
ع ٣٢ لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿۲۴۸﴾ ع فَلَمَّا فَصَلَ
طَالُوْتُ بِالْجُنُوْدِ ۙ قَالَ اِنَّ اللّٰهَ مُبْتَلِيْكُمْ
بِنَهَرٍ ۚ فَمَنْ شَرِبَ مِنْهُ فَلَيْسَ مِنِّىْ ۚ وَمَنْ
لَّمْ يَطْعَمْهُ فَاِنَّهٗ مِنِّىْۤ اِلَّا مَنِ اغْتَرَفَ غُرْفَةً ۢ
بِيَدِهٖ ۚ فَشَرِبُوْا مِنْهُ اِلَّا قَلِيْلًا مِّنْهُمْ ؕ فَلَمَّا جَاوَزَهٗ
هُوَ وَالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ ۙ قَالُوْا لَا طَاقَةَ لَنَا الْيَوْمَ
بِجَالُوْتَ وَجُنُوْدِهٖ ؕ قَالَ الَّذِيْنَ يَظُنُّوْنَ اَنَّهُمْ
مُّلٰقُوا اللّٰهِ ۙ كَمْ مِّنْ فِئَةٍ قَلِيْلَةٍ غَلَبَتْ فِئَةً
كَثِيْرَةًۢ بِاِذْنِ اللّٰهِ ؕ وَاللّٰهُ مَعَ الصّٰبِرِيْنَ ﴿۲۴۹﴾
وَلَمَّا بَرَزُوْا لِجَالُوْتَ وَجُنُوْدِهٖ قَالُوْا رَبَّنَاۤ اَفْرِغْ
عَلَيْنَا صَبْرًا وَّثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى
منزل ١ الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿۲۵۰﴾ ؕ فَهَزَمُوْهُمْ بِاِذْنِ اللّٰهِ ۛ قف

વ્યક્તિ નથી. નબીએ ઉત્તર આપ્યો, ''અલ્લાહે તમારી સરખામણીમાં તેને પસંદ કર્યો છે અને તેને બૌદ્ધિક અને શારીરિક બંને પ્રકારની લાયકાતો ભરપૂર પ્રમાણમાં પ્રદાન કરી છે અને અલ્લાહને અધિકાર છે કે પોતાનું રાજ્ય જેને ચાહે આપે, અલ્લાહ ખૂબ વિશાળતા ધરાવે છે અને સર્વજ્ઞ છે.''

૨૪૮. તેના સાથે તેમના નબીએ તેમને એ પણ બતાવ્યું કે ''અલ્લાહ તરફથી તેના બાદશાહ નીમાયા હોવાની નિશાની એ છે કે તેના જમાનામાં તે સંદૂક તમને પાછી મળી જશે, જેમાં તમારા રબ તરફથી તમારા માટે હૃદયની શાંતિનો સામાન છે, જેમાં મૂસાના લોકો અને હારૂનના લોકોએ પાછળ મૂકેલ બરકતવાળી વસ્તુઓ છે, અને જેને અત્યારે ફરિશ્તાઓએ સંભાળીને રાખેલ છે. જો તમે ઈમાનવાળા હોવ તો આ તમારા માટે મોટી નિશાની છે. (રુકૂઅ-૩૨)

૨૪૯. પછી જ્યારે તાલૂત લશ્કર લઈને નીકળ્યો, ત્યારે તેણે કહ્યું, ''એક નદી ઉપર અલ્લાહ તરફથી તમારી કસોટી થવાની છે. જે તેનું પાણી પીશે, તે મારો સાથીદાર નથી. મારો સાથીદાર માત્ર તે છે, જે તેનાથી તરસ ન છિપાવે; હા, એકાદ ખોબા જેટલું કોઈ પી લે, તો પી લે.'' પરંતુ એક નાના જૂથ સિવાય તેમણે બધાએ જ તે નદીનું ખૂબ પાણી પીધું.

પછી જ્યારે તાલૂત અને તેના સાથીદાર મુસલમાનો નદી ઓળંગીને આગળ વધ્યા, તો તેમણે તાલૂતને કહી દીધું કે આજે અમારામાં જાલૂત અને તેની સેનાઓનો મુકાબલો કરવાની શક્તિ નથી, પરંતુ જે લોકો એ સમજતા હતા કે એક દિવસે તેમને અલ્લાહને મળવાનું છે, તેમણે કહ્યું, ''ઘણીવાર એવું બન્યું છે કે એક નાનું જૂથ અલ્લાહના આદેશથી એક મોટા જૂથ ઉપર વિજયી થયું છે. અલ્લાહ ધૈર્ય રાખનારાઓનો સાથી છે.''

૨૫૦. અને જ્યારે તેઓ જાલૂત અને તેની સેનાઓનો મુકાબલો કરવા નીકળ્યા, તો તેમણે દુઆ કરી, ''હે અમારા માલિક ! અમારા ઉપર ધૈર્યની વર્ષા કર, અમારા કદમ જમાવી દે અને અમને આ ઈન્કાર કરવાવાળા જૂથ ઉપર વિજય પ્રદાન કર.''

૨૫૧. અંતે અલ્લાહના આદેશથી તેમણે ઈન્કાર કરવાવાળા લોકોને મારી ભગાડ્યા, અને દાઊદે જાલૂતને મારી નાખ્યો, અને અલ્લાહે તેને રાજ્ય અને તત્ત્વદર્શિતા પ્રદાન કરી, અને જે-જે ચીજોનું ઈચ્છ્યું, તેને જ્ઞાન

وَقَتَلَ دَاوٗدُ جَالُوْتَ وَاٰتٰىهُ اللّٰهُ الْمُلْكَ وَ
الْحِكْمَةَ وَعَلَّمَهٗ مِمَّا يَشَآءُ ؕ وَلَوْلَا دَفْعُ اللّٰهِ
النَّاسَ بَعْضَهُمْ بِبَعْضٍ ۙ لَّفَسَدَتِ الْاَرْضُ وَ
لٰكِنَّ اللّٰهَ ذُوْ فَضْلٍ عَلَى الْعٰلَمِيْنَ ﴿٢٥١﴾ تِلْكَ اٰيٰتُ
اللّٰهِ نَتْلُوْهَا عَلَيْكَ بِالْحَقِّ ؕ وَاِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ ﴿٢٥٢﴾
تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ ۘ
مِنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ ؕ
وَاٰتَيْنَا عِيْسَى ابْنَ مَرْيَمَ الْبَيِّنٰتِ وَاَيَّدْنٰهُ بِرُوْحِ
الْقُدُسِ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ مَا اقْتَتَلَ الَّذِيْنَ مِنْ
بَعْدِهِمْ مِّنْ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ وَلٰكِنِ
اخْتَلَفُوْا فَمِنْهُمْ مَّنْ اٰمَنَ وَمِنْهُمْ مَّنْ كَفَرَ ؕ وَلَوْ
شَآءَ اللّٰهُ مَا اقْتَتَلُوْا ۫ وَلٰكِنَّ اللّٰهَ يَفْعَلُ مَا يُرِيْدُ ﴿٢٥٣﴾ ع
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَنْفِقُوْا مِمَّا رَزَقْنٰكُمْ مِّنْ
قَبْلِ اَنْ يَّاْتِيَ يَوْمٌ لَّا بَيْعٌ فِيْهِ وَلَا خُلَّةٌ وَّلَا شَفَاعَةٌ ؕ
وَالْكٰفِرُوْنَ هُمُ الظّٰلِمُوْنَ ﴿٢٥٤﴾ اَللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّا
هُوَ ۚ اَلْحَيُّ الْقَيُّوْمُ ۚ لَا تَاْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ ؕ
لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ مَنْ ذَا
الَّذِيْ يَشْفَعُ عِنْدَهٗۤ اِلَّا بِاِذْنِهٖ ؕ يَعْلَمُ مَا بَيْنَ
اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ ۚ وَلَا يُحِيْطُوْنَ بِشَيْءٍ مِّنْ

الجزء الثالث (٣) وقف لازم
ع ٥
منزل ١

આપ્યું – જો આવી રીતે અલ્લાહ મનુષ્યોના એક જૂથને બીજા જૂથ વડે હટાવતો રહ્યો ન હોત, તો ધરતીનું વ્યવસ્થા-તંત્ર બગડી જાત, પરંતુ દુનિયાના લોકો ઉપર અલ્લાહની મોટી કૃપા છે (કે તે આવી રીતે બગાડને દૂર કરવાની વ્યવસ્થા કરતો રહે છે.)

૨૫૨. આ અલ્લાહની આયતો છે જે અમે સત્યપૂર્વક તમને સંભળાવી રહ્યા છીએ અને (હે મુહમ્મદ !) નિશ્ચિતપણે તમે તે લોકોમાંથી છો, જેઓ રસૂલ (ઈશદૂત) બનાવીને મોકલવામાં આવ્યા છે.

૨૫૩. આ રસૂલો, (જેઓ અમારા તરફથી મનુષ્યોના માર્ગદર્શન માટે નીમાયા) અમે તેમને એક-બીજાથી વધીને દરજ્જા આપ્યા. તેઓમાંથી કોઈ એવો હતો, જેના સાથે અલ્લાહે પોતે વાર્તાલાપ કર્યો, કોઈને તેણે બીજી હેસિયતોથી ઉચ્ચ દરજ્જાઓ આપ્યા અને પછી મરયમના પુત્ર ઈસા (અલૈ.)ને સ્પષ્ટ નિશાનીઓ પ્રદાન કરી અને પવિત્ર આત્મા વડે તેની મદદ કરી. જો અલ્લાહ ચાહતો તો આ પયગંબરો પછી જે લોકો સ્પષ્ટ નિશાનીઓ જોઈ ચૂક્યા હતા, શક્ય ન હતું કે તેઓ એક-બીજા સાથે લડતા. પરંતુ (અલ્લાહની ઇચ્છા એ ન હતી કે તે લોકોને બળજબરીપૂર્વક મતભેદોથી રોકે, આ કારણે) તેમણે એક-બીજા સાથે મતભેદ કર્યો, પછી કોઈ ઈમાન લાવ્યો અને કોઈએ ઇન્કારનો માર્ગ અપનાવ્યો. હા, અલ્લાહ ઇચ્છતો હોત તો તેઓ કદાપિ એક-બીજા સાથે લડ્યા ન હોત, પરંતુ અલ્લાહ જે ચાહે છે, કરે છે. (રુકૂઅ-૩૩)

૨૫૪. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જે કંઈ ધન-સામગ્રી અમે તમને પ્રદાન કરી છે, તેમાંથી ખર્ચ કરો, તે પહેલાં કે તે દિવસ આવી પહોંચે, જેમાં ન ખરીદ-વેચાણ થશે, ન મિત્રતા કામ આપશે અને ન ભલામણ ચાલશે અને જાલિમો હકીકતમાં તેઓ જ છે, જેઓ કુફ્ર (ઇન્કાર)નું વલણ અપનાવે છે.

૨૫૫. અલ્લાહ, તે શાશ્વત જીવંત-સત્તા, જે સમગ્ર સૃષ્ટિને સંભાળી રહી છે, તેના સિવાય કોઈ ખુદા (પૂજ્ય) નથી. તે ન સૂવે છે અને ન તેને ઝોકું આવે છે. ધરતી અને આકાશોમાં જે કંઈ છે, તેનું જ છે. કોણ છે જે તેની હજૂરમાં તેની પરવાનગી વગર ભલામણ કરી શકે ? જે કંઈ બંદાઓના સામે છે, તેને પણ તે જાણે છે અને જે કંઈ તેમનાથી ઓઝલ છે, તેનાથી પણ તે વાકેફ છે અને તેના જ્ઞાનમાંથી કોઈ વસ્તુ તેમની સમજ અને પકડમાં આવી શકતી નથી, સિવાય કે કોઈ વસ્તુનું જ્ઞાન તે પોતે જ તેમને આપવા ચાહે. તેની 'હકુમત' (શાસન) આકાશો

عِلۡمِهٖۤ اِلَّا بِمَا شَآءَ ۚ وَسِعَ كُرۡسِيُّهُ السَّمٰوٰتِ وَ
الۡاَرۡضَ ۚ وَلَا يَـُٔوۡدُهٗ حِفۡظُهُمَا ۚ وَهُوَ الۡعَلِىُّ
الۡعَظِيۡمُ ﴿۲۵۵﴾ لَاۤ اِكۡرَاهَ فِى الدِّيۡنِ ۙ قَدْ تَّبَيَّنَ الرُّشۡدُ
مِنَ الۡغَىِّ ۚ فَمَنۡ يَّكۡفُرۡ بِالطَّاغُوۡتِ وَيُؤۡمِنۡۢ بِاللّٰهِ
فَقَدِ اسۡتَمۡسَكَ بِالۡعُرۡوَةِ الۡوُثۡقٰى لَا انْفِصَامَ لَهَا ؕ
وَاللّٰهُ سَمِيۡعٌ عَلِيۡمٌ ﴿۲۵۶﴾ اَللّٰهُ وَلِىُّ الَّذِيۡنَ اٰمَنُوۡا ۙ
يُخۡرِجُهُمۡ مِّنَ الظُّلُمٰتِ اِلَى النُّوۡرِ ؕ وَالَّذِيۡنَ كَفَرُوۡۤا
اَوۡلِيٰٓـئُهُمُ الطَّاغُوۡتُ ۙ يُخۡرِجُوۡنَهُمۡ مِّنَ النُّوۡرِ
اِلَى الظُّلُمٰتِ ؕ اُولٰٓـئِكَ اَصۡحٰبُ النَّارِ ۚ هُمۡ فِيۡهَا
خٰلِدُوۡنَ ﴿۲۵۷﴾ اَلَمۡ تَرَ اِلَى الَّذِىۡ حَآجَّ اِبۡرٰهٖمَ فِىۡ
رَبِّهٖۤ اَنۡ اٰتٰٮهُ اللّٰهُ الۡمُلۡكَ ۘ اِذۡ قَالَ اِبۡرٰهٖمُ رَبِّىَ
الَّذِىۡ يُحۡىٖ وَيُمِيۡتُ ۙ قَالَ اَنَا اُحۡىٖ وَاُمِيۡتُ ؕ
قَالَ اِبۡرٰهٖمُ فَاِنَّ اللّٰهَ يَاۡتِىۡ بِالشَّمۡسِ مِنَ الۡمَشۡرِقِ
فَاۡتِ بِهَا مِنَ الۡمَغۡرِبِ فَبُهِتَ الَّذِىۡ كَفَرَ ؕ وَ
اللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ ﴿۲۵۸﴾ اَوۡ كَالَّذِىۡ مَرَّ
عَلٰى قَرۡيَةٍ وَّهِىَ خَاوِيَةٌ عَلٰى عُرُوۡشِهَا ۚ قَالَ اَنّٰى
يُحۡىٖ هٰذِهِ اللّٰهُ بَعۡدَ مَوۡتِهَا ۚ فَاَمَاتَهُ اللّٰهُ مِائَةَ
عَامٍ ثُمَّ بَعَثَهٗ ؕ قَالَ كَمۡ لَبِثۡتَ ؕ قَالَ لَبِثۡتُ يَوۡمًا
اَوۡ بَعۡضَ يَوۡمٍ ؕ قَالَ بَلۡ لَّبِثۡتَ مِائَةَ عَامٍ

ع ۳۴ وقف لازم

અને ધરતી ઉપર વ્યાપ્ત છે અને તેમની દેખભાળ (સુરક્ષા) તેના માટે કોઈ થકવી નાખનારૂં કાર્ય નથી. બસ, તે જ એક મહાન અને સર્વોપરી હસ્તી છે.

૨૫૬. દીન (ધર્મ)ના મામલામાં કોઈ બળજબરી નથી. સાચી વાતને ખોટા વિચારોથી અલગ છાંટીને મૂકી દેવામાં આવી છે. હવે જો કોઈ તાગૂતનો★ ઇન્કાર કરીને અલ્લાહ ઉપર ઈમાન લઈ આવ્યો, તેણે એક એવો મજબૂત સહારો પકડી લીધો, જે કયારેય તૂટવાનો નથી, અને અલ્લાહ (જેનો તેણે સહારો લીધો છે) બધું જ સાંભળનાર અને જાણનાર છે.

૨૫૭. જે લોકો ઈમાન લાવે છે, તેમનો સમર્થક અને સહાયક અલ્લાહ છે અને તે તેમને અંધકારમાંથી પ્રકાશમાં કાઢી લાવે છે અને જે લોકો ઇન્કારનો માર્ગ અપનાવે છે, તેમના સમર્થકો અને સહાયકો તાગૂત છે અને તેઓ તેમને પ્રકાશમાંથી અંધકાર તરફ ખેંચી લઈ જાય છે. આ આગમાં જનારા લોકો છે, જ્યાં તેઓ હંમેશાં રહેશે. (રૂકૂઅ-૩૪)

૨૫૮. શું તમે તે વ્યક્તિની દશા ઉપર વિચાર કર્યો નથી, જેણે ઇબ્રાહીમ સાથે વિવાદ કર્યો હતો ? વિવાદ તે વાત માટે કે ઇબ્રાહીમનો રબ કોણ છે, અને તે કારણે કે તે વ્યકિતને અલ્લાહે શાસન આપેલું હતું. જયારે ઇબ્રાહીમે કહ્યું, "મારો રબ (માલિક અને પાલનહાર) તે છે, જેના અધિકારમાં જીવન અને મૃત્યુ છે." તો તેણે જવાબ આપ્યો, "જીવન અને મૃત્યુ મારા અધિકારમાં છે." ઇબ્રાહીમે કહ્યું, "સારું, અલ્લાહ સૂર્યને પૂર્વમાંથી કાઢે છે, તું જરા તેને પશ્ચિમમાંથી કાઢી લાવ." આ સાંભળી તે સત્યનો ઇન્કાર કરનાર ચકિત થઈ ગયો, પરંતુ અલ્લાહ જાલિમોને સીધો માર્ગ દેખાડતો નથી.

૨૫૯. કે પછી ઉદાહરણ તરીકે તે મનુષ્યને જુઓ, જે એક એવી વસ્તીમાંથી પસાર થયો, જે પોતાની છતો ઉપર ઊંધી પડી હતી. તેણે કહ્યું, "આ વસ્તી, જે નાશ પામી છે, તેને અલ્લાહ ફરી વાર કેવી રીતે સજીવન કરશે ?" આ જ સમયે અલ્લાહે તેના પ્રાણ લઈ લીધા અને તે સો વર્ષ સુધી મૃતાવસ્થામાં પડી રહ્યો. પછી અલ્લાહે તેને ફરી વાર જીવન પ્રદાન કર્યું અને તેને પૂછ્યું, "બતાવો, કેટલી મુદત સુધી પડી રહ્યા છો ?" તેણે કહ્યું, "એક દિવસ અથવા કેટલાક કલાકો રહ્યો હોઈશ."

★ એવી વ્યક્તિ, જે પોતાની ઠરાવેલ હદોથી આગળ વધી ગઈ હોય. કુર્આન અનુસાર તાગૂત એટલે એવો બંદો, જે બંદગીની હદ ઓળંગીને પોતે જ માલિક અને ખુદાઈનો દાવો કરે અને અલ્લાહના બંદાઓને પોતાની બંદગી કરવાની ફરજ પાડે.

فَانْظُرْ اِلٰى طَعَامِكَ وَشَرَابِكَ لَمْ يَتَسَنَّهْ ۚ وَانْظُرْ
اِلٰى حِمَارِكَ ۫ وَلِنَجْعَلَكَ اٰيَةً لِّلنَّاسِ وَانْظُرْ اِلَى
الْعِظَامِ كَيْفَ نُنْشِزُهَا ثُمَّ نَكْسُوْهَا لَحْمًا ؕ
فَلَمَّا تَبَيَّنَ لَهٗ ۙ قَالَ اَعْلَمُ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ
قَدِيْرٌ ﴿٢٥٩﴾ وَاِذْ قَالَ اِبْرٰهٖمُ رَبِّ اَرِنِيْ كَيْفَ تُحْيِ
الْمَوْتٰى ؕ قَالَ اَوَلَمْ تُؤْمِنْ ؕ قَالَ بَلٰى وَلٰكِنْ
لِّيَطْمَئِنَّ قَلْبِيْ ؕ قَالَ فَخُذْ اَرْبَعَةً مِّنَ الطَّيْرِ
فَصُرْهُنَّ اِلَيْكَ ثُمَّ اجْعَلْ عَلٰى كُلِّ جَبَلٍ
مِّنْهُنَّ جُزْءًا ثُمَّ ادْعُهُنَّ يَاْتِيْنَكَ سَعْيًا ؕ وَاعْلَمْ
اَنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٦٠﴾ مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ ع ٣٥
اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ
سَنَابِلَ فِيْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ ؕ وَاللّٰهُ يُضٰعِفُ
لِمَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿٢٦١﴾ اَلَّذِيْنَ يُنْفِقُوْنَ
اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ لَا يُتْبِعُوْنَ مَاۤ اَنْفَقُوْا
مَنًّا وَّلَاۤ اَذًى ۙ لَّهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا
خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٢٦٢﴾ قَوْلٌ مَّعْرُوْفٌ
وَّمَغْفِرَةٌ خَيْرٌ مِّنْ صَدَقَةٍ يَّتْبَعُهَاۤ اَذًى ؕ وَاللّٰهُ
غَنِيٌّ حَلِيْمٌ ﴿٢٦٣﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُبْطِلُوْا
صَدَقٰتِكُمْ بِالْمَنِّ وَالْاَذٰى ۙ كَالَّذِيْ يُنْفِقُ منزل ١

ફરમાવ્યું, ''તારા ઉપર સો વર્ષ આ જ સ્થિતિમાં પસાર થઈ ચૂક્યા છે. હવે જરા તારા ખોરાક અને પાણીને જો, કે તેમાં સહેજ પણ ફેરફાર થયો નથી. બીજી તરફ જરા તારા ગધેડાને પણ જો (કે તેના હાડકાંનો ઢાંચો પણ જર્જરિત થઈ ગયો છે), અને આ અમે એટલા માટે કર્યું છે કે અમે લોકો માટે તને એક નિશાની બનાવી દેવા માગીએ છીએ. પછી જો, આ હાડપિંજરને કેવી રીતે ઊભું કરીને તેના ઉપર માંસ-ચામડું ચઢાવીએ છીએ.'' આવી રીતે જ્યારે હકીકત તેના સામે તદ્દન સ્પષ્ટ થઈ ગઈ, તો તેણે કહ્યું, ''હું જાણું છું કે અલ્લાહને દરેક વસ્તુ ઉપર સામર્થ્ય પ્રાપ્ત છે.''

૨૬૦. અને તે ઘટના પણ ધ્યાનમાં રહે, જ્યારે ઈબ્રાહીમે કહ્યું હતું કે, ''મારા માલિક ! મને દેખાડી દે, તું મડદાંને કેવી રીતે સજીવન કરે છે.'' ફરમાવ્યું, ''શું તું ઈમાન રાખતો નથી ?'' તેણે કહ્યું, ''ઈમાન તો રાખું છું, પરંતુ દિલને સંતોષ જોઈએ છે.'' ફરમાવ્યું, ''સારું, તો ચાર પક્ષીઓ લે અને તેમને તારા સાથે હળાવી-મળાવી લે. પછી તેમનો એક-એક ટૂકડો એક-એક પર્વત ઉપર મૂકી દે. પછી તેમને પોકાર, તે તારા પાસે દોડતાં ચાલ્યા આવશે. બરાબર જાણી લે કે અલ્લાહ અત્યંત પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે. (રુકૂઅ-૩૫)

૨૬૧. જે લોકો પોતાનું ધન અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે, તેમના ખર્ચનું ઉદાહરણ એવું છે, જેમ કે એક દાણો વાવવામાં આવે અને તેમાંથી સાત ડુંડા નીકળે અને દરેક ડુંડામાં એકસો દાણા હોય. આવી જ રીતે અલ્લાહ જેના કાર્યને ઇચ્છે છે, અનેકગણા વધારી આપે છે. તે ઉદાર પણ છે અને સર્વજ્ઞ પણ.

૨૬૨. જે લોકો પોતાનું ધન અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે અને ખર્ચ કર્યા પછી ઉપકારનો દેખાડો કરતા નથી, ન દુઃખ આપે છે, તેમનો બદલો તેમના રબના પાસે છે અને તેમના માટે કોઈ દુઃખ અને ભયની શકયતા નથી.

૨૬૩. એક મીઠો બોલ અને કોઈ અણગમતી વાત તરફ સહેજ જોયું-ન-જોયું કરી દેવું તે એ દાન કરતાં વધુ સારું છે, જેના પાછળ દુઃખ હોય. અલ્લાહ બેનિયાઝ (નિસ્પૃહ, અનપેક્ષિત, તમામ જરૂરિયાતોથી મુકત) છે અને સહનશીલતા તેનો ગુણ છે.

૨૬૪. હે ઈમાનવાળાઓ ! તમારા દાનને ઉપકારનો દેખાડો કરીને અને દુઃખ આપીને તે વ્યક્તિની જેમ વ્યર્થ ન કરો, જે પોતાનું ધન માત્ર લોકોને દેખાડવા માટે ખર્ચ કરે છે અને ન અલ્લાહ ઉપર ઈમાન ધરાવે છે, ન

مَالَهٗ رِئَآءَ النَّاسِ وَلَا يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ
فَمَثَلُهٗ كَمَثَلِ صَفْوَانٍ عَلَيْهِ تُرَابٌ فَاَصَابَهٗ
وَابِلٌ فَتَرَكَهٗ صَلْدًا ؕ لَا يَقْدِرُوْنَ عَلٰى شَيْءٍ
مِّمَّا كَسَبُوْا ؕ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الْكٰفِرِيْنَ ۝٢٦٤
وَمَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمُ ابْتِغَآءَ مَرْضَاتِ
اللّٰهِ وَتَثْبِيْتًا مِّنْ اَنْفُسِهِمْ كَمَثَلِ جَنَّةٍۭ بِرَبْوَةٍ
اَصَابَهَا وَابِلٌ فَاٰتَتْ اُكُلَهَا ضِعْفَيْنِ ۚ فَاِنْ لَّمْ
يُصِبْهَا وَابِلٌ فَطَلٌّ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ۝٢٦٥
اَيَوَدُّ اَحَدُكُمْ اَنْ تَكُوْنَ لَهٗ جَنَّةٌ مِّنْ نَّخِيْلٍ وَّ
اَعْنَابٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۙ لَهٗ فِيْهَا
مِنْ كُلِّ الثَّمَرٰتِ ۙ وَاَصَابَهُ الْكِبَرُ وَلَهٗ ذُرِّيَّةٌ
ضُعَفَآءُ ۖۚ فَاَصَابَهَآ اِعْصَارٌ فِيْهِ نَارٌ فَاحْتَرَقَتْ ؕ
ع ٣٦ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ لَعَلَّكُمْ تَتَفَكَّرُوْنَ ۝٢٦٦ ع
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَنْفِقُوْا مِنْ طَيِّبٰتِ مَا كَسَبْتُمْ
وَمِمَّآ اَخْرَجْنَا لَكُمْ مِّنَ الْاَرْضِ ۪ وَلَا تَيَمَّمُوا
الْخَبِيْثَ مِنْهُ تُنْفِقُوْنَ وَلَسْتُمْ بِاٰخِذِيْهِ اِلَّآ اَنْ
تُغْمِضُوْا فِيْهِ ؕ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ غَنِىٌّ حَمِيْدٌ ۝٢٦٧
اَلشَّيْطٰنُ يَعِدُكُمُ الْفَقْرَ وَيَاْمُرُكُمْ بِالْفَحْشَآءِ ۚ
منزل ١ وَاللّٰهُ يَعِدُكُمْ مَّغْفِرَةً مِّنْهُ وَفَضْلًا ؕ وَاللّٰهُ

આખિરત (પરલોક) ઉપર. તેના ખર્ચનું ઉદાહરણ એવું છે, જાણે એક ખડક હતો, જેના ઉપર માટીનું પડ જામેલું હતું. તેના ઉપર જ્યારે ભારે વરસાદ વરસ્યો તો બધી માટી વહી ગઈ અને કોરો ખડકનો ખડક રહી ગયો. આવા લોકો પોતે દાન કરીને જે પુણ્ય કમાય છે, તેનાથી તેમના હાથમાં કંઈ પણ આવતું નથી, અને કાફિરો (ઇન્કાર કરનારાઓ)ને સીધો માર્ગ દેખાડવો એ અલ્લાહની રીત નથી.

૨૬૫. તેનાથી વિપરીત જે લોકો પોતાનું ધન માત્ર અલ્લાહની પ્રસન્નતા માટે હૃદયપૂર્વક અને હૃદયની પૂરેપૂરી દૃઢતાના સાથે ખર્ચ કરે છે, તેમના ખર્ચનું ઉદાહરણ એવું છે, જાણે કોઈ ઊંચા પ્રદેશમાં એક બગીચો હોય. જો વરસાદ જોરદાર વરસે તો બમણા ફળ આપે, અને જો વરસાદ જોરદાર ન પણ વરસે તો એક હળવો વરસાદ જ તેના માટે પૂરતો થઈ રહે. તમે જે કંઈ કરો છો, બધું જ અલ્લાહની નજરમાં છે.

૨૬૬. શું તમારામાંથી કોઈ તે પસંદ કરે છે કે તેના પાસે એક લીલોછમ બગીચો હોય, નહેરોથી સિંચીત, ખજૂર અને દ્રાક્ષ અને દરેક પ્રકારના ફળોથી લદાયેલ, અને તે બરાબર એ જ સમયે એક તીવ્ર આગ સાથેના વાવંટોળની લપેટમાં બળી જાય જ્યારે તે પોતે વૃદ્ધ હોય અને તેના નાના બાળકો હજુ કોઈ કામ કરવા માટે લાયક ન હોય ? આવી રીતે અલ્લાહ પોતાની વાતો તમારા સમક્ષ વર્ણવે છે, કદાચ તમે વિચાર કરો. (રુકૂઅ-૩૬)

૨૬૭. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જે ધન તમે કમાવ્યું છે અને જે કંઈ અમે ધરતીમાંથી તમારા માટે કાઢ્યું છે, તેમાંથી શ્રેષ્ઠ ભાગ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો. એવું ન થાય કે તેના માર્ગમાં આપવા માટે ખરાબમાં ખરાબ વસ્તુ છાંટવાની કોશિશ કરવા લાગો, જો કે તે જ વસ્તુ જો કોઈ તમને આપે, તો તમે તેને લેવાનું કદાપિ પસંદ નહીં કરો, સિવાય કે તેનો સ્વીકાર કરતી વખતે તમે આંખમિંચામણા કરી લો. તમારે જાણી લેવું જોઈએ કે અલ્લાહ બેનિયાઝ (નિસ્પૃહ, તમામ જરૂરતોથી મુકત) છે અને શ્રેષ્ઠ ગુણોથી વિભૂષિત છે.

૨૬૮. શેતાન તમને ગરીબીથી ડરાવે છે અને શરમજનક વર્તન અપનાવવા માટે પ્રેરે છે, પરંતુ અલ્લાહ તમને પોતાની ક્ષમા અને કૃપાની આશા આપે છે. અલ્લાહ મોટો ઉદાર અને સર્વજ્ઞ છે.

وَاسِعٌ عَلِيْمٌ ﴿۲۶۸﴾ يُّؤْتِي الْحِكْمَةَ مَنْ يَّشَآءُ ۚ وَمَنْ
يُّؤْتَ الْحِكْمَةَ فَقَدْ اُوْتِيَ خَيْرًا كَثِيْرًا ؕ وَمَا
يَذَّكَّرُ اِلَّآ اُولُوا الْاَلْبَابِ ﴿۲۶۹﴾ وَمَآ اَنْفَقْتُمْ
مِّنْ نَّفَقَةٍ اَوْ نَذَرْتُمْ مِّنْ نَّذْرٍ فَاِنَّ اللّٰهَ
يَعْلَمُهٗ ؕ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿۲۷۰﴾ اِنْ تُبْدُوا
الصَّدَقٰتِ فَنِعِمَّا هِيَ ۚ وَاِنْ تُخْفُوْهَا وَتُؤْتُوْهَا
الْفُقَرَآءَ فَهُوَ خَيْرٌ لَّكُمْ ؕ وَيُكَفِّرُ عَنْكُمْ مِّنْ
سَيِّاٰتِكُمْ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿۲۷۱﴾ لَيْسَ
عَلَيْكَ هُدٰىهُمْ وَلٰكِنَّ اللّٰهَ يَهْدِيْ مَنْ يَّشَآءُ ؕ
وَمَا تُنْفِقُوْا مِنْ خَيْرٍ فَلِاَنْفُسِكُمْ ؕ وَمَا تُنْفِقُوْنَ
اِلَّا ابْتِغَآءَ وَجْهِ اللّٰهِ ؕ وَمَا تُنْفِقُوْا مِنْ خَيْرٍ
يُّوَفَّ اِلَيْكُمْ وَاَنْتُمْ لَا تُظْلَمُوْنَ ﴿۲۷۲﴾ لِلْفُقَرَآءِ
الَّذِيْنَ اُحْصِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ لَا يَسْتَطِيْعُوْنَ
ضَرْبًا فِي الْاَرْضِ ۫ يَحْسَبُهُمُ الْجَاهِلُ اَغْنِيَآءَ مِنَ
التَّعَفُّفِ ۚ تَعْرِفُهُمْ بِسِيْمٰهُمْ ۚ لَا يَسْـَٔلُوْنَ النَّاسَ اِلْحَافًا ؕ
وَمَا تُنْفِقُوْا مِنْ خَيْرٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيْمٌ ﴿۲۷۳﴾
اَلَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ بِالَّيْلِ وَالنَّهَارِ سِرًّا وَّ
عَلَانِيَةً فَلَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿۲۷۴﴾ اَلَّذِيْنَ يَاْكُلُوْنَ

الربع — منزل ۱ — وقف منزل

૨૬૯. જેને ચાહે છે હિકમત (તત્ત્વદર્શિતા) પ્રદાન કરે છે અને જેને 'હિકમત' મળી, તેને હકીકતમાં મોટી દોલત મળી ગઈ. આ વાતો પરથી માત્ર તે જ લોકો બોધપાઠ ગ્રહણ કરે છે, જેઓ બુદ્ધિશાળી છે.

૨૭૦. તમે જે કંઈ પણ ખર્ચ કર્યો હોય અને જે નજૂર (માનતા) પણ માની હોય, અલ્લાહ તેને જાણે છે, અને જાલિમોનો કોઈ મદદગાર નથી.

૨૭૧. જો તમારા દાન જાહેરમાં આપો, તો આ પણ સારું છે, પરંતુ જો છુપાવીને જરૂરતમંદોને આપો, તો તે તમારા માટે વધુ સારું છે, તમારી ઘણી બૂરાઈઓ આ રીતે દૂર થઈ જાય છે અને જે કંઈ તમે કરો છો, વાસ્તવમાં અલ્લાહને તેની જાણ છે.

૨૭૨. હે નબી ! લોકોને માર્ગદર્શન પ્રદાન કરવાની જવાબદારી તમારા ઉપર નથી. માર્ગદર્શન તો અલ્લાહ જ જેને ચાહે છે, પ્રદાન કરે છે અને ભલાઈના કાર્યોમાં જે ધન તમે ખર્ચ કરો છો તે તમારા પોતાના માટે સારું છે. છેવટે તમે એટલા જ માટે તો ખર્ચ કરો છો કે અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત થાય, તો જે કંઈ ધન તમે ભલાઈના કાર્યોમાં ખર્ચ કરશો, તેનો પૂરેપૂરો બદલો તમને આપવામાં આવશે અને તમને તમારા હક્કથી કદાપિ વંચિત રાખવામાં નહીં આવે.

૨૭૩. વિશેષ રૂપે મદદના હક્કદાર તે નિર્ધન લોકો છે, જેઓ અલ્લાહના માર્ગમાં એવા ઘેરાઈ ગયા છે કે સ્વયં પોતાના રોજગાર માટે ધરતી ઉપર કોઈ દોડધામ કરી શકતા નથી. તેમના સ્વાભિમાનને જોઈને અજાણી વ્યક્તિ વિચાર કરે છે કે તેઓ સુખ-સંપન્ન છે. તમે તેમના ચહેરા ઉપરથી તેમની આંતરિક સ્થિતિ ઓળખી શકો છો. પરંતુ તેઓ એવા લોકો નથી કે લોકોના પાછળ પડી જઈને કંઈક માગે. તેમની સહાયતા માટે તમે જે કંઈ ધન ખર્ચ કરશો તે અલ્લાહથી છૂપું રહેશે નહીં. (રુકૂઅ-૩૭)

૨૭૪. જે લોકો પોતાનું ધન રાત-દિવસ જાહેરમાં અને છૂપી રીતે ખર્ચ કરે છે, તેમનો બદલો તેમના માલિક અને પાલનહાર (રબ)ના પાસે છે અને તેમના માટે કોઈ ભય અને દુઃખની શકયતા નથી.

૨૭૫. પરંતુ જે લોકો વ્યાજ ખાય છે, તેમની સ્થિતિ તે વ્યક્તિ જેવી હોય છે,

الرِّبٰوا لَا يَقُوْمُوْنَ اِلَّا كَمَا يَقُوْمُ الَّذِيْ يَتَخَبَّطُهُ
الشَّيْطٰنُ مِنَ الْمَسِّ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْٓا اِنَّمَا
الْبَيْعُ مِثْلُ الرِّبٰوا ۘ وَاَحَلَّ اللّٰهُ الْبَيْعَ وَحَرَّمَ الرِّبٰوا ؕ وقف لازم
فَمَنْ جَآءَهٗ مَوْعِظَةٌ مِّنْ رَّبِّهٖ فَانْتَهٰى فَلَهٗ مَا
سَلَفَ ؕ وَاَمْرُهٗٓ اِلَى اللّٰهِ ؕ وَمَنْ عَادَ فَاُولٰٓئِكَ
اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۲۷۵﴾ يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا
وَيُرْبِي الصَّدَقٰتِ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ اَثِيْمٍ ﴿۲۷۶﴾
اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاَقَامُوا الصَّلٰوةَ
وَاٰتَوُا الزَّكٰوةَ لَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿۲۷۷﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا
اتَّقُوا اللّٰهَ وَذَرُوْا مَا بَقِيَ مِنَ الرِّبٰوٓا اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ﴿۲۷۸﴾ فَاِنْ لَّمْ تَفْعَلُوْا فَاْذَنُوْا بِحَرْبٍ مِّنَ
اللّٰهِ وَرَسُوْلِهٖ ۚ وَاِنْ تُبْتُمْ فَلَكُمْ رُءُوْسُ اَمْوَالِكُمْ ۚ
لَا تَظْلِمُوْنَ وَلَا تُظْلَمُوْنَ ﴿۲۷۹﴾ وَاِنْ كَانَ ذُوْ
عُسْرَةٍ فَنَظِرَةٌ اِلٰى مَيْسَرَةٍ ؕ وَاَنْ تَصَدَّقُوْا خَيْرٌ
لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿۲۸۰﴾ وَاتَّقُوْا يَوْمًا تُرْجَعُوْنَ
فِيْهِ اِلَى اللّٰهِ ۟ ثُمَّ تُوَفّٰى كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ
وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿۲۸۱﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا ع ٣٨
تَدَايَنْتُمْ بِدَيْنٍ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى فَاكْتُبُوْهُ ؕ منزل ١

જેને શેતાને સ્પર્શ કરીને પાગલ કરી દીધી હોય, અને આ સ્થિતિમાં તેમના ફસાઈ જવાનું કારણ એ છે કે તેઓ કહે છે, ''વેપાર પણ છેવટે તો વ્યાજ જેવી જ વસ્તુ છે;'' જો કે અલ્લાહે વેપારને હલાલ (વૈધ) કરેલ છે અને વ્યાજને હરામ (અવૈધ). તેથી જે વ્યક્તિને તેના રબ તરફથી આ ઉપદેશ પહોંચે અને ભવિષ્યમાં તે વ્યાજખોરીથી દૂર રહે, તો જે કંઈ તે પહેલા ખાઈ ચૂકયો, તે ખાઈ ચૂક્યો, તેનો મામલો અલ્લાહને હવાલે છે; અને જે આ આદેશ પછી ફરી આ જ કૃત્યનું પુનરાવર્તન કરે તે જહન્નમી છે, જ્યાં તે હંમેશા રહેશે.

૨૭૬. અલ્લાહ વ્યાજને તમામ બરકતો (વૃદ્ધિ, ઉન્નતિ અને સમૃદ્ધિ)થી વંચિત કરે છે અને દાનને વૃદ્ધિ આપે છે, અને અલ્લાહ કોઈ અપકારી અને દુરાચારી વ્યક્તિને પસંદ કરતો નથી.

૨૭૭. હા, જે લોકો ઈમાન લઈ આવે અને સદ્કાર્યો કરે અને નમાઝ કાયમ કરે અને ઝકાત આપે, તેમનો બદલો નિઃસંદેહ તેમના રબ પાસે છે અને તેમના માટે કોઈ ભય અને દુઃખની શકયતા નથી.

૨૭૮. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહથી ડરો અને જે કંઈ તમારું વ્યાજ લોકો પાસે બાકી રહી ગયું છે તેને જતું કરો, જો તમે સાચે જ ઈમાન લાવ્યા છો.

૨૭૯. પરંતુ જો તમે આમ ન કર્યું, તો તમને ચેતવણી આપવામાં આવે છે કે અલ્લાહ અને તેના રસૂલ તરફથી તમારા સામે યુદ્ધનું એલાન છે. હજુ પણ તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) કરી લો (અને વ્યાજને જતું કરો) તો તમારું મુદલ (મૂળ ધન) લેવા માટે તમે હક્કદાર છો. ન તમે અત્યાચાર કરો, ન તમારા ઉપર અત્યાચાર કરવામાં આવે.

૨૮૦. તમારો દેવાદાર તંગીમાં હોય, તો તેનો હાથ છૂટો થાય ત્યાં સુધી તેને મહેતલ આપો, અને દાન કરી દો તો તે તમારા માટે વધુ સારું છે, જો તમે સમજો.

૨૮૧. તે દિવસની ફજેતી અને મુસીબતથી બચો જ્યારે તમે અલ્લાહ તરફ પાછા ફરશો, ત્યાં દરેક વ્યક્તિને તેણે કમાયેલા સત્કર્મો કે દુષ્કર્મોનો પૂરેપૂરો બદલો મળી જશે અને કોઈના ઉપર કદાપિ અન્યાય નહીં થાય. (રુકૂઅ-૩૮)

૨૮૨. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે કોઈ નક્કી કરેલી મુદત

وَلْيَكْتُبْ بَّيْنَكُمْ كَاتِبٌ بِالْعَدْلِ ۪ وَلَا يَاْبَ
كَاتِبٌ اَنْ يَّكْتُبَ كَمَا عَلَّمَهُ اللّٰهُ فَلْيَكْتُبْ ۚ وَلْيُمْلِلِ
الَّذِىْ عَلَيْهِ الْحَقُّ وَلْيَتَّقِ اللّٰهَ رَبَّهٗ وَلَا يَبْخَسْ
مِنْهُ شَيْـــًٔا ؕ فَاِنْ كَانَ الَّذِىْ عَلَيْهِ الْحَقُّ سَفِيْهًا
اَوْ ضَعِيْفًا اَوْ لَا يَسْتَطِيْعُ اَنْ يُّمِلَّ هُوَ فَلْيُمْلِلْ
وَلِيُّهٗ بِالْعَدْلِ ؕ وَاسْتَشْهِدُوْا شَهِيْدَيْنِ مِنْ
رِّجَالِكُمْ ۚ فَاِنْ لَّمْ يَكُوْنَا رَجُلَيْنِ فَرَجُلٌ وَّامْرَاَتٰنِ
مِمَّنْ تَرْضَوْنَ مِنَ الشُّهَدَآءِ اَنْ تَضِلَّ اِحْدٰٮهُمَا
فَتُذَكِّرَ اِحْدٰٮهُمَا الْاُخْرٰى ؕ وَلَا يَاْبَ الشُّهَدَآءُ
اِذَا مَا دُعُوْا ؕ وَلَا تَسْـَٔـمُوْۤا اَنْ تَكْتُبُوْهُ صَغِيْرًا اَوْ كَبِيْرًا
اِلٰٓى اَجَلِهٖ ؕ ذٰلِكُمْ اَقْسَطُ عِنْدَ اللّٰهِ وَاَقْوَمُ
لِلشَّهَادَةِ وَاَدْنٰٓى اَلَّا تَرْتَابُوْۤا اِلَّاۤ اَنْ تَكُوْنَ
تِجَارَةً حَاضِرَةً تُدِيْرُوْنَهَا بَيْنَكُمْ فَلَيْسَ
عَلَيْكُمْ جُنَاحٌ اَلَّا تَكْتُبُوْهَا ؕ وَاَشْهِدُوْۤا اِذَا تَبَايَعْتُمْ ۪
وَلَا يُضَآرَّ كَاتِبٌ وَّلَا شَهِيْدٌ ؕ۬ وَاِنْ تَفْعَلُوْا
فَاِنَّهٗ فُسُوْقٌ بِكُمْ ؕ وَاتَّقُوا اللّٰهَ ؕ وَيُعَلِّمُكُمُ اللّٰهُ ؕ
وَاللّٰهُ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ ﴿۲۸۲﴾ وَاِنْ كُنْتُمْ عَلٰى سَفَرٍ
وَّلَمْ تَجِدُوْا كَاتِبًا فَرِهٰنٌ مَّقْبُوْضَةٌ ؕ فَاِنْ اَمِنَ
بَعْضُكُمْ بَعْضًا فَلْيُؤَدِّ الَّذِى اؤْتُمِنَ اَمَانَتَهٗ

માટે તમે એક-બીજા સાથે કરજની લેવડ-દેવડ કરો તો તેને લખી લો. બંને પક્ષો વચ્ચે ન્યાયપૂર્વક એક વ્યક્તિ દસ્તાવેજ લખી આપે. જેને અલ્લાહે લખવા-વાંચવાની કાબેલિયત પ્રદાન કરી હોય, તેણે લખવાનો ઈન્કાર ન કરવો જોઈએ. તે લખે અને લખાવે તે વ્યકિત જેના ઉપર તેનો હક્ક બને છે (અર્થાત્ કરજદાર), અને તેણે અલ્લાહ, પોતાના રબથી ડરવું જોઈએ કે જે મામલો નક્કી થયો હોય તેમાં કોઈ વધારો-ઘટાડો ન કરે. પરંતુ જો કરજ લેનાર પોતે ઓછી સમજવાળો અથવા કમજોર હોય, અથવા લખાવી શકતો ન હોય, તો તેનો સંરક્ષક ન્યાયપૂર્વક લખાવે. પછી પોતાના પુરુષો પૈકી બે પુરુષોની આના ઉપર સાક્ષી લઈ લો. જો બે પુરુષો ન હોય તો એક પુરુષ અને બે સ્ત્રીઓ હોય, જેથી એક ભૂલી જાય તો બીજી તેને યાદ દેવડાવી દે. આ સાક્ષીઓ એવા લોકોમાંથી હોવા જોઈએ જેમની સાક્ષી તમારા વચ્ચે સ્વીકાર્ય હોય. સાક્ષીઓને જ્યારે સાક્ષી થવા માટે કહેવામાં આવે તો તેમણે ના ન પાડવી જોઈએ. વ્યવહાર ચાહે નાનો હોય કે મોટો, મુદ્દત ઠરાવીને તેનો દસ્તાવેજ લખાવી લેવામાં આળસ ન કરો. અલ્લાહના નજીક આ પદ્ધતિ તમારા માટે વધુ ન્યાયસંગત છે, આનાથી સાક્ષી સાબિત કરવામાં વધુ સુવિધા થાય છે, અને તમારા શક અને સંદેહમાં પડવાની શક્યતા ઓછામાં ઓછી રહી જાય છે. હા, જે કારોબારી લેવડ-દેવડ હાથો-હાથ તમે લોકો એક-બીજા સાથે કરો છો, તેને ન લખવામાં આવે તો કોઈ દોષ નથી, પરંતુ વેપારી સોદા નક્કી કરતી વખતે સાક્ષી કરી લો. લખનાર અને સાક્ષીને સતાવવામાં ન આવે. આવું કરશો તો ગુનો કરશો. અલ્લાહના પ્રકોપથી બચો. તે તમને સાચી કાર્ય-પદ્ધતિનું શિક્ષણ આપે છે અને તેને દરેક વસ્તુનું જ્ઞાન છે.

૨૮૩. જો તમે મુસાફરીમાં હોવ અને દસ્તાવેજ લખવા માટે કોઈ લખનાર ન મળે, તો (વસ્તુ) ગીરો રાખી વ્યવહાર કરો. જો તમારામાંથી કોઈ વ્યક્તિ બીજા ઉપર ભરોસો રાખીને તેના સાથે કોઈ વ્યવહાર કરે, તો જેના ઉપર ભરોસો કરવામાં આવ્યો છે, તેને જોઈએ કે તે અમાનત અદા કરી દે અને પોતાના પાલનહાર અલ્લાહથી ડરે, અને સાક્ષી

وَلْيَتَّقِ اللّٰهَ رَبَّهٗ ؕ وَلَا تَكْتُمُوا الشَّهَادَةَ ؕ وَمَنْ
يَّكْتُمْهَا فَاِنَّهٗۤ اٰثِمٌ قَلْبُهٗ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ عَلِيْمٌ ﴿۲۸۳﴾ ع ۳۹ / ۷
لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ ؕ وَاِنْ تُبْدُوْا
مَا فِىْۤ اَنْفُسِكُمْ اَوْ تُخْفُوْهُ يُحَاسِبْكُمْ بِهِ اللّٰهُ ؕ
فَيَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى
كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿۲۸۴﴾ اٰمَنَ الرَّسُوْلُ بِمَاۤ اُنْزِلَ
اِلَيْهِ مِنْ رَّبِّهٖ وَالْمُؤْمِنُوْنَ ؕ كُلٌّ اٰمَنَ بِاللّٰهِ
وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ ۫ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ
مِّنْ رُّسُلِهٖ ۫ وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا ۗ غُفْرَانَكَ
رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ﴿۲۸۵﴾ لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا
وُسْعَهَا ؕ لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ ؕ
رَبَّنَا لَا تُؤَاخِذْنَاۤ اِنْ نَّسِيْنَاۤ اَوْ اَخْطَاْنَا ۚ رَبَّنَا
وَلَا تَحْمِلْ عَلَيْنَاۤ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى الَّذِيْنَ
مِنْ قَبْلِنَا ۚ رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ۚ
وَاعْفُ عَنَّا ۫ وَاغْفِرْ لَنَا ۫ وَارْحَمْنَا ۫ اَنْتَ مَوْلٰىنَا منزل ۱
فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿۲۸۶﴾ ع ۴۰ / ۸

કદાપિ ન છૂપાવો. જે સાક્ષી છૂપાવે છે, તેનું હૃદય ગુનાથી લથપથ છે અને અલ્લાહ તમારા કાર્યોથી અજાણ નથી. (રુકૂઅ-૩૯)

૨૮૪. આકાશો અને ધરતીમાં જે કંઈ છે, બધું અલ્લાહનું છે. તમે પોતાના હૃદયની વાતો ચાહે જાહેર કરો, ચાહે છુપાવો, અલ્લાહ ચોક્કસપણે તેનો હિસાબ તમારા પાસેથી લઈ લેશે. પછી તેને અધિકાર છે, જેને ચાહે માફ કરી દે અને જેને ચાહે સજા આપે. તેને દરેક વસ્તુ ઉપર સામર્થ્ય પ્રાપ્ત છે.

૨૮૫. રસૂલ (ઈશદૂત) તે માર્ગદર્શન ઉપર ઈમાન લાવ્યો છે જે તેના રબ તરફથી તેના ઉપર અવતરિત થયું છે અને જે લોકો આ રસૂલના માનવાવાળા છે, તેમણે પણ તે માર્ગદર્શનને હૃદયપૂર્વક સ્વીકારી લીધું છે. આ સૌ અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને તેના ગ્રંથો અને તેના રસૂલોને માને છે અને તેમનું કહેવું એ છે કે "અમે અલ્લાહના રસૂલોમાં એક-બીજાથી તફાવત કરતા નથી, અમે આદેશ સાંભળ્યો અને આજ્ઞાપાલન સ્વીકાર્યું. માલિક ! અમે તારા પાસે ગુનાહોની ક્ષમા-યાચના કરીએ છીએ અને અમારે તારા જ તરફ પાછા ફરવાનું છે."

૨૮૬. અલ્લાહ કોઈ પણ વ્યક્તિ પર તેની શક્તિથી વધુ જવાબદારીનો બોજ નાખતો નથી. દરેક વ્યક્તિએ જે સત્કર્મો કમાવ્યા છે, તેનું ફળ તેના માટે જ છે અને જે દુષ્કર્મો સમેટ્યા છે, તેની મુસીબત અને જંજાળ પણ તેના જ ઉપર છે. (ઈમાન લાવનારાઓ ! તમે આવી રીતે પ્રાર્થના કરતા રહો) હે અમારા રબ ! અમારાથી ભૂલે-ચૂકે જે કસૂર થાય તેના પર પકડ ન કર. માલિક ! અમારા ઉપર તે બોજ ન નાખ, જે તેં અમારા અગાઉના લોકો ઉપર નાખ્યા હતા. પાલનહાર ! જે બોજ ઉપાડવાની શક્તિ અમારામાં નથી, તે અમારા ઉપર ન મૂક. અમારા સાથે નરમાશ કર, અમને ક્ષમા કરી દે, અમારા ઉપર દયા કર, તું અમારો માલિક છે, કાફિરો (ઇનકાર કરનારાઓ)ના મુકાબલામાં અમારી મદદ કર. (રુકૂઅ-૪૦)

(૩) આલે ઈમરાન

પરિચય

નામ :

આ સૂરઃમાં એક જગ્યાએ 'આલે ઈમરાન' (ઈમરાનના ઘરવાળા)નો ઉલ્લેખ આવ્યો છે. તેની જ ઓળખ રૂપે આ સૂરઃનું નામ રાખવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આ સૂરઃમાં ચાર પ્રવચનો છે. પ્રથમ પ્રવચન સૂરઃના આરંભથી આયત ૩૨ સુધી છે અને તે સંભવતઃ બદ્રના યુદ્ધ પછી નજીકના સમયે અવતરિત થયું છે. બીજું પ્રવચન આયત ૩૩ ''અલ્લાહે આદમ અને નૂહ અને ઈબ્રાહીમના સંતાનો અને ઈમરાનના સંતાનોને સમગ્ર દુનિયાના લોકો ઉપર પસંદગી આપીને (પોતાની રિસાલત–પયગંબરી માટે) ચૂંટી લીધા હતા.''થી શરૂ થાય છે અને આયત ૬૩ પર પૂરૂં થાય છે. તે હિજરી ૯માં નજરાનના પ્રતિનિધિમંડળના આગમનના પ્રસંગે અવતરિત થયું. ત્રીજું પ્રવચન આયત ૬૪થી શરૂ થાય છે અને આયત ૧૨૦ સુધી ચાલે છે અને તેનો સમયગાળો પ્રથમ પ્રવચનના સમયગાળાથી મળતો આવે છે. ચોથું પ્રવચન આયત ૧૨૧થી શરૂ થઈને સૂરઃના અંત સુધી ચાલે છે. તે ઉહદના યુદ્ધ પછી અવતરિત થયું હતું.

સંબોધન અને વિષયો :

આ વિભિન્ન પ્રવચનોને મેળવીને જે વસ્તુ ક્રમબદ્ધ વિષય બનાવે છે, તે ઉદ્દેશ્ય, અભિપ્રાય અને કેન્દ્રીય વિષયની એકરૂપતા છે. સૂરઃનું સંબોધન પ્રવચનો મુખ્ય રૂપે બે જૂથો તરફ છે : એક છે એહલે કિતાબ (યહૂદીઓ અને ખ્રિસ્તીઓ), બીજા તે લોકો જેઓ હઝરત મુહમ્મદ (સલ્લ.) પર ઈમાન લાવ્યા હતા.

પહેલા જૂથને તે જ પદ્ધતિથી વધારે આગળની વાત પહોંચાડવામાં આવી છે, જેનો સિલસિલો સૂરઃ-૨ (અલ-બકરહ)માં શરૂ કરવામાં આવ્યો હતો. બીજા જૂથને, જે હવે સર્વોત્તમ સમુદાય હોવાની હેસિયતે સત્યનું ધ્વજવાહક અને દુનિયાની સુધારણા માટે જવાબદાર બનાવી દેવામાં આવ્યું હતું, તે જ સંદર્ભમાં કેટલાક વધુ આદેશો આપવામાં આવ્યા છે, જે સૂરઃ-૨ (અલ-બકરહ)માં શરૂ થયા હતા. તેમને પહેલાંના સમુદાયોના ધાર્મિક અને નૈતિક પતનનું બોધપ્રદ દશ્ય બતાવીને સચેત કરવામાં આવ્યા છે કે તેમના પદ-ચિહ્નો પર ચાલવાથી બચે. તેમને બતાવવામાં આવ્યું છે કે એક સુધારક જૂથ હોવાની હેસિયતે તેઓ કેવી રીતે કામ કરે.

પશ્ચાદ્ભૂમિ :

આ સૂરઃની ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ આ પ્રમાણે છે :

(૧) સૂરઃ-૨ (અલ-બકરહ)માં આ સત્ય-ધર્મ પર ઈમાન લાવનારાઓને જે કસોટીઓ, મુસીબતો અને મુશ્કેલીઓથી સમય પહેલાં સચેત કરી દેવામાં આવ્યા હતા, તે પૂરેપૂરી તીવ્રતાથી સામે આવી ગઈ હતી. બદ્રના યુદ્ધમાં જો કે ઈમાનવાળાઓને વિજય મળ્યો હતો, પરંતુ આ લડાઈ મધપૂડા પર પથ્થર ફેંકવા સમાન હતી. (પરિણામે તે પછી દરેક બાજુ તોફાનના લક્ષણો દેખાવા લાગ્યા અને મુસલમાનો સતત ભય અને અવિરત અશાંતિમાં ગ્રસ્ત થઈ ગયા.)

(૨) હિજરત પછી પયગંબર (સલ્લ.)એ મદીનાના આસપાસના યહૂદી કબીલાઓ સાથે જે સંધિઓ કરી હતી, તે લોકોએ તે સંધિઓની જરા પણ દરકાર ન કરી (અને સતત તેનું ઉલ્લંઘન કરવા લાગ્યા). છેવટે તેમની દુષ્ટતાઓ અને વચનભંગની હરકતો અસહ્ય બની ગઈ તો પયગંબર (સલ્લ.)એ બદ્રના કેટલાક મહિનાઓ પછી બની કૈનૂકાઅ પર, જે આ બધા યહૂદી કબીલાઓમાં સૌથી વધુ ઉદ્દંડ અને નિરંકુશ હતા, હુમલો કરી દીધો અને તેમને મદીનાના આસપાસથી બહાર કાઢી મૂક્યા, પરંતુ તેનાથી બીજા યહૂદી કબીલાઓની દુશ્મનીની આગ વધુ ભડકી ઉઠી. તેમણે મદીનાના મુનાફિક (દંભી) મુસલમાનો અને હિજાજના મુશ્રિક કબીલાઓ સાથે સાંઠગાંઠ કરીને ઈસ્લામ અને મુસલમાનો માટે દરેક બાજુએથી મુશ્કેલીઓ ઊભી કરી દીધી.

(૩) બદ્રના પરાજય પછી મક્કાના કુરૈશીઓના દિલોમાં આપોઆપ પ્રતિશોધની આગ ભડકી રહી હતી અને એમાં વળી યહૂદીઓએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું. પરિણામ એ આવ્યું કે એક જ વર્ષ પછી ૩૦૦૦ના ભારે સૈન્યએ મદીના પર હુમલો કરી દીધો અને ઉહદ પહાડની તળેટીમાં તે યુદ્ધ થયું જે ઉહદના યુદ્ધ તરીકે પ્રસિદ્ધ છે.

(૪) ઉહદના યુદ્ધમાં મુસલમાનોનો જે પરાજય થયો, તેમાં આમ તો મુનાફિકો (દંભીઓ)ની ખૂબ મોટી ભૂમિકા હતી, પરંતુ તેના સાથે મુસલમાનોની પોતાની નબળાઈઓનો હિસ્સો કાંઈ ઓછો ન હતો, તેથી જરૂરી એ હતું કે યુદ્ધ પછી યુદ્ધના સંપૂર્ણ વૃત્તાંતની એક વિસ્તૃત સમીક્ષા કરવામાં આવે અને તેમાં ઈસ્લામી દૃષ્ટિકોણથી જે નબળાઈઓ મુસલમાનોના અંદર જોવા મળી હતી, તેમાંથી એક-એક તરફ અંગૂલીનિર્દેશ કરીને તેની સુધારણાના આદેશો આપવામાં આવે. આ સંબંધે એ વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે આ યુદ્ધ પર કુર્આનની સમીક્ષા તે તમામ સમીક્ષાઓથી કેટલી ભિન્ન છે, જે જગતના સેના-નાયકો પોતાના યુદ્ધો પછી કરતા હોય છે.

اٰیَاتُهَا ٢٠٠ — (٣) سُوْرَةُ اٰلِ عِمْرٰنَ مَدَنِيَّةٌ (٨٩) — رُكُوْعَاتُهَا ٢٠

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

الٓمّٓ ۚ﴿١﴾ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ الْحَيُّ الْقَيُّوْمُ ؕ﴿٢﴾ نَزَّلَ
عَلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ
وَاَنْزَلَ التَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ ۙ﴿٣﴾ مِنْ قَبْلُ هُدًى
لِّلنَّاسِ وَاَنْزَلَ الْفُرْقَانَ ؕ۬ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِ
اللّٰهِ لَهُمْ عَذَابٌ شَدِيْدٌ ؕ وَاللّٰهُ عَزِيْزٌ ذُو انْتِقَامٍ ﴿٤﴾
اِنَّ اللّٰهَ لَا يَخْفٰى عَلَيْهِ شَيْءٌ فِي الْاَرْضِ وَلَا فِي
السَّمَآءِ ؕ﴿٥﴾ هُوَ الَّذِيْ يُصَوِّرُكُمْ فِي الْاَرْحَامِ كَيْفَ
يَشَآءُ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٦﴾ هُوَ
الَّذِيْٓ اَنْزَلَ عَلَيْكَ الْكِتٰبَ مِنْهُ اٰيٰتٌ مُّحْكَمٰتٌ
هُنَّ اُمُّ الْكِتٰبِ وَاُخَرُ مُتَشٰبِهٰتٌ ؕ فَاَمَّا الَّذِيْنَ
فِيْ قُلُوْبِهِمْ زَيْغٌ فَيَتَّبِعُوْنَ مَا تَشَابَهَ مِنْهُ ابْتِغَآءَ
الْفِتْنَةِ وَابْتِغَآءَ تَاْوِيْلِهٖ ۚ۫ وَمَا يَعْلَمُ تَاْوِيْلَهٗٓ اِلَّا
اللّٰهُ ۘ م وَالرّٰسِخُوْنَ فِي الْعِلْمِ يَقُوْلُوْنَ اٰمَنَّا بِهٖ ۙ
كُلٌّ مِّنْ عِنْدِ رَبِّنَا ۚ وَمَا يَذَّكَّرُ اِلَّآ اُولُوا الْاَلْبَابِ ﴿٧﴾
رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَهَبْ
لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ﴿٨﴾

وقف النبی صلی اللہ علیہ وآلہ وسلم — وقف منزل — وقف لازم

(૩) સૂર : આલે ઇમરાન

(મદીનામાં અવતરિત થઈ – રુકૂઅ : ૨૦ – આયતો : ૨૦૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧-૨. અલિફ-લામ-મીમ. અલ્લાહ, તે શાશ્વત જીવંત સત્તા, જે સૃષ્ટિની વ્યવસ્થાને સંભાળી રહી છે, હકીકતમાં તેના સિવાય કોઈ ખુદા નથી.

૩-૪. હે નબી ! તેણે તમારા ઉપર આ ગ્રંથ અવતરિત કર્યો, જે સત્ય લઈને આવ્યો છે અને તે ગ્રંથોનું સમર્થન કરી રહ્યો છે જે પહેલાથી આવેલા હતા. આના પહેલાં તે મનુષ્યોના માર્ગદર્શન માટે તૌરાત અને ઇંજીલ અવતરિત કરી ચૂકયો છે, અને તેણે તે કસોટી ઉતારી છે (જે સત્ય-અસત્યનો ભેદ દર્શાવનારી છે). હવે જે લોકો અલ્લાહના આદેશોને માનવાનો ઇન્કાર કરે, તેમને ચોક્કસપણે કઠોર સજા મળશે. અલ્લાહ અસીમ શક્તિશાળી અને બૂરાઈનો બદલો આપનાર છે.

૫. ધરતી અને આકાશની કોઈ પણ વસ્તુ અલ્લાહથી છૂપી નથી,

૬. તે જ તો છે જે તમારી માતાઓની કૂખમાં તમારાં રૂપ જેવા ચાહે છે, બનાવે છે. તે પ્રભુત્વશાળી તત્ત્વદર્શી સિવાય કોઈ બીજો ખુદા નથી.

૭. હે નબી ! તે જ ખુદા છે, જેણે આ ગ્રંથ તમારા ઉપર અવતરિત કર્યો છે. આ ગ્રંથમાં બે પ્રકારની આયતો છે : એક મુહકમાત,★ જે ગ્રંથનો મૂળ આધાર છે અને બીજી મુતશાબિહાત.★ જેમના હૃદયમાં વક્રતા છે, તેઓ ફિત્ના (ઉપદ્રવ)ની શોધમાં હંમેશાં 'મુતશાબિહાત'ની પાછળ લાગેલા રહે છે અને તેમનું (મનમાન્યું) અર્થઘટન કરવાના પ્રયત્નો કર્યા કરે છે, જો કે તેમના સાચા અર્થ અલ્લાહ સિવાય કોઈ જાણતું નથી. તેનાથી વિપરીત, જે લોકો જ્ઞાનમાં પરિપકવ છે, તેઓ કહે છે કે 'અમારું તેમના પર ઈમાન છે, આ બધું અમારા રબ (માલિક) તરફથી જ છે, અને સાચું એ છે કે કોઈ વસ્તુમાંથી સાચો બોધ કેવળ સમજુ (માણસો) જ પ્રાપ્ત કરે છે.

૮. તેઓ અલ્લાહ પાસે પ્રાર્થના કરતા રહે છે કે, ''પાલનહાર ! જ્યારે તું અમને સીધા માર્ગે લગાવી ચૂક્યો છે, તો પછી ક્યાંક અમારા હૃદયોને વિકૃતિમાં ન નાખી દેજે, અમને પોતાના કૃપાભંડારમાંથી દયા પ્રદાન કર, કારણ કે તું જ સાચો દાતા છે.

★ 'મુહકમાત' અર્થાત્ અટલ, Basic or Fundamental અર્થાત્ એવી આયતો જેની ભાષા તદ્દન સ્પષ્ટ છે, જેનો અર્થ અને ભાવ નિશ્ચિત કરવામાં કોઈ સંદેહને અવકાશ નથી, જેના શબ્દોનો અર્થ સ્પષ્ટ હોય છે.

★ 'મુતશાબિહાત' અર્થાત્ Allegorical-રૂપકાત્મક, દૃષ્ટાંત્મક, સૂચક કે ગર્ભિત અર્થમાં વપરાયેલ, Figurative-લાક્ષણિક, જેમાં ઉપમેયને ઉપમાન સાથે તંદુપ બતાવીને વર્ણન કરેલ હોય તે, Metaphorical-અર્થાલંકારિક, અર્થાત્ જેના અર્થ અને ભાવને નિશ્ચિત કરવામાં શંકા અને સંદેહને અવકાશ રહે છે.

رَبَّنَآ اِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ؕ
اِنَّ اللّٰهَ لَا يُخْلِفُ الْمِيْعَادَ ۝٩ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا عٓ ٩
لَنْ تُغْنِيَ عَنْهُمْ اَمْوَالُهُمْ وَلَآ اَوْلَادُهُمْ مِّنَ
اللّٰهِ شَيْـًٔا ؕ وَاُولٰٓئِكَ هُمْ وَقُوْدُ النَّارِ ۝١٠ كَدَاْبِ اٰلِ
فِرْعَوْنَ ۙ وَالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۚ
فَاَخَذَهُمُ اللّٰهُ بِذُنُوْبِهِمْ ؕ وَاللّٰهُ شَدِيْدُ الْعِقَابِ ۝١١
قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْا سَتُغْلَبُوْنَ وَتُحْشَرُوْنَ اِلٰى
جَهَنَّمَ ؕ وَبِئْسَ الْمِهَادُ ۝١٢ قَدْ كَانَ لَكُمْ اٰيَةٌ
فِيْ فِئَتَيْنِ الْتَقَتَا ؕ فِئَةٌ تُقَاتِلُ فِيْ سَبِيْلِ اللّٰهِ
وَاُخْرٰى كَافِرَةٌ يَّرَوْنَهُمْ مِّثْلَيْهِمْ رَاْيَ الْعَيْنِ ؕ
وَاللّٰهُ يُؤَيِّدُ بِنَصْرِهٖ مَنْ يَّشَآءُ ؕ اِنَّ فِيْ ذٰلِكَ
لَعِبْرَةً لِّاُولِي الْاَبْصَارِ ۝١٣ زُيِّنَ لِلنَّاسِ حُبُّ
الشَّهَوٰتِ مِنَ النِّسَآءِ وَالْبَنِيْنَ وَالْقَنَاطِيْرِ الْمُقَنْطَرَةِ
مِنَ الذَّهَبِ وَالْفِضَّةِ وَالْخَيْلِ الْمُسَوَّمَةِ وَ
الْاَنْعَامِ وَالْحَرْثِ ؕ ذٰلِكَ مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا ۚ
وَاللّٰهُ عِنْدَهٗ حُسْنُ الْمَاٰبِ ۝١٤ قُلْ اَؤُنَبِّئُكُمْ
بِخَيْرٍ مِّنْ ذٰلِكُمْ ؕ لِلَّذِيْنَ اتَّقَوْا عِنْدَ رَبِّهِمْ
جَنّٰتٌ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا
وَاَزْوَاجٌ مُّطَهَّرَةٌ وَّرِضْوَانٌ مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ منزل١

૯. પાલનહાર ! તું ચોક્કસપણે બધા લોકોને એક દિવસ એકઠાં કરવાનો છે, જેના આવવામાં કોઈ શંકા નથી. તું કદાપિ તારા વચનથી ફરી જનારો નથી.'' (રુકૂઅ-૧)

૧૦. જે લોકોએ કુફ્ર (ઇન્કાર)નું વલણ અપનાવ્યું છે, તેમને અલ્લાહના મુકાબલામાં ન તો તેમનું ધન કોઈ કામ આપશે, ન સંતાન. તેઓ દોજખનું ઇંધણ બનીને રહેશે.

૧૧. તેમનું પરિણામ એવું જ હશે, જેવું ફિરઔનના સાથીઓ અને તેમના પહેલાંના અવજ્ઞાકારીઓનું આવી ચૂક્યું છે, કારણ કે તેમણે અલ્લાહની આયતો (નિશાનીઓ)ને ખોટી ઠેરવી હતી. પરિણામ એ આવ્યું કે અલ્લાહે તેમના ગુનાઓ માટે તેમને પકડી લીધા અને સાચું એ છે કે અલ્લાહ સખત સજા આપનાર છે.

૧૨ તેથી હે નબી ! જે લોકોએ તમારા આમંત્રણને સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો છે, તેમને કહી દો કે નજીક છે તે સમય, જ્યારે તમે પરાજિત થશો અને જહન્નમ તરફ ધકેલવામાં આવશો, અને જહન્નમ અત્યંત ખરાબ ઠેકાણું છે.

૧૩. તમારા માટે તે બે જૂથોમાં એક બોધપ્રદ નિશાની હતી, જેઓએ (બદ્રમાં) એક-બીજાથી યુદ્ધ કર્યું. એક જૂથ અલ્લાહના માર્ગમાં લડી રહ્યું હતું અને બીજું જૂથ કાફિર (અધર્મી) હતું. જોવાવાળા પોતાના માથાની આંખોથી જોઈ રહ્યા હતા કે કાફિર જૂથ ઈમાનવાળાઓના જૂથથી બમણું છે. પરંતુ (પરિણામે સાબિત કરી દીધું કે) અલ્લાહ પોતાના વિજય અને સહાયતા વડે જેને ચાહે છે, મદદ કરે છે. આંખો ખુલ્લી રાખનારાઓ માટે તેમાં મોટો બોધપાઠ છુપાયેલો છે.

૧૪. લોકો માટે મનગમતી વસ્તુઓ — સ્ત્રીઓ, સંતાનો, સોના-ચાંદીના ઢગલા, ચુનંદા ઘોડા, ચોપગાં પશુઓ અને ખેડાઉ જમીનો ઘણી લોભામણી બનાવી દેવામાં આવી છે, પરંતુ આ બધી વસ્તુઓ દુનિયાની થોડા દિવસની જિંદગીની સામગ્રી છે. હકીકતમાં જે વધુ સારું ઠેકાણું છે, તે તો અલ્લાહ પાસે છે.

૧૫. કહો, 'હું તમને બતાવું કે આનાથી વધુ સારી વસ્તુ કઈ છે? જે લોકો તકવા (ઈશભય અને સંયમ)નો વ્યવહાર અપનાવે તેમના માટે તેમના રબના પાસે બાગ છે, જેના નીચે નહેરો વહેતી હશે, ત્યાં તેમને શાશ્વત જીવન પ્રાપ્ત થશે, પવિત્ર પત્નીઓ તેમની સંગિની હશે અને અલ્લાહની પ્રસન્નતા તેમને પ્રાપ્ત થશે. અલ્લાહ પોતાના બંદાઓના આચરણ ઉપર ઊંડી નજર રાખે છે.

بَصِيْرٌۢ بِالْعِبَادِ ﴿١٥﴾ اَلَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَآ اِنَّنَآ اٰمَنَّا
فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَقِنَا عَذَابَ النَّارِ ﴿١٦﴾ اَلصّٰبِرِيْنَ وَ
الصّٰدِقِيْنَ وَالْقٰنِتِيْنَ وَالْمُنْفِقِيْنَ وَالْمُسْتَغْفِرِيْنَ
بِالْاَسْحَارِ ﴿١٧﴾ شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَ
الْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ لَآ اِلٰهَ اِلَّا
النّصف هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿١٨﴾ اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ قف
وَمَا اخْتَلَفَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ
مَا جَآءَهُمُ الْعِلْمُ بَغْيًۢا بَيْنَهُمْ ؕ وَمَنْ يَّكْفُرْ
بِاٰيٰتِ اللّٰهِ فَاِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿١٩﴾ فَاِنْ
حَآجُّوْكَ فَقُلْ اَسْلَمْتُ وَجْهِيَ لِلّٰهِ وَمَنِ اتَّبَعَنِ ؕ
وَقُلْ لِّلَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ وَالْاُمِّيّٖنَ ءَاَسْلَمْتُمْ ؕ
فَاِنْ اَسْلَمُوْا فَقَدِ اهْتَدَوْا ۚ وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا
ع ١٠ عَلَيْكَ الْبَلٰغُ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِالْعِبَادِ ﴿٢٠﴾ اِنَّ
الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ النَّبِيّٖنَ
بِغَيْرِ حَقٍّ ۙ وَّيَقْتُلُوْنَ الَّذِيْنَ يَاْمُرُوْنَ بِالْقِسْطِ
مِنَ النَّاسِ ۙ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ﴿٢١﴾ اُولٰٓئِكَ
الَّذِيْنَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ز وَمَا لَهُمْ
مِّنْ نّٰصِرِيْنَ ﴿٢٢﴾ اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا
منزل ١ مِّنَ الْكِتٰبِ يُدْعَوْنَ اِلٰى كِتٰبِ اللّٰهِ لِيَحْكُمَ بَيْنَهُمْ

૧૬. આ તે લોકો છે જેઓ કહે છે કે, ''માલિક, અમે ઈમાન લાવ્યા, અમારી ભૂલોને માફ કર અને અમને જહન્નમની આગથી બચાવી લે.''

૧૭. આ લોકો ધૈર્યવાન, સત્યનિષ્ઠ, આજ્ઞાંકિત અને દાનશીલ છે અને રાત્રિના અંતિમ પહોરમાં અલ્લાહ પાસે મગફિરત (ક્ષમા અને મુક્તિ) માટે દુઆઓ માંગ્યા કરે છે.

૧૮. અલ્લાહે પોતે આ વાતની સાક્ષી આપી છે કે તેના સિવાય કોઈ ખુદા નથી અને ફરિશ્તાઓ અને સૌ જ્ઞાન ધરાવનારાઓ પણ સચ્ચાઈ અને ન્યાયપૂર્વક તેના ઉપર સાક્ષી છે કે તે વર્ચસ્વશાળી તત્ત્વદર્શી સિવાય વાસ્તવમાં કોઈ ખુદા નથી.

૧૯. અલ્લાહના નજીક દીન (ધર્મ) માત્ર ઇસ્લામ જ છે. આ દીન (ધર્મ)થી વિચલિત થઈને જે વિવિધ પદ્ધતિઓ તે લોકોએ અપનાવી, જેમને ગ્રંથ આપવામાં આવ્યો હતો. તેમના આ વર્તન માટેનું કારણ માત્ર તે જ હતું કે તેમણે જ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી પરસ્પર એક-બીજા ઉપર અત્યાચાર કરવા માટે આવું કર્યું અને જે કોઈ અલ્લાહના આદેશો અને માર્ગદર્શનનું પાલન કરવાનો ઈન્કાર કરી દે, અલ્લાહને તેના પાસેથી હિસાબ લેતાં વાર લાગતી નથી.

૨૦. હવે જો હે નબી ! આ લોકો તમારા સાથે વાદ-વિવાદ કરે, તો તેમને કહો, ''મેં અને મારા અનુયાયીઓએ તો અલ્લાહ સમક્ષ માથું ઝૂકાવી દીધું છે'', પછી ગ્રંથવાળા અને જેમના પાસે ગ્રંથ નથી બંનેને પૂછો, ''શું તમે પણ તેનું આજ્ઞાપાલન અને બંદગી સ્વીકારી ?'' જો સ્વીકારી, તો તેઓ સન્માર્ગ પામી ગયા, અને જો તેનાથી વિમુખ થયા તો તમારા પર માત્ર સંદેશો પહોંચાડી દેવાની જવાબદારી હતી. આગળ અલ્લાહ પોતે પોતાના બંદાઓના મામલાઓ જોવાવાળો છે. (રૂકૂઅ-૨)

૨૧. જે લોકો અલ્લાહના આદેશો અને માર્ગદર્શનને માનવાનો ઈન્કાર કરે છે અને તેના પયગંબરોને નાહક કતલ કરે છે અને એવા લોકોના જીવ પાછળ પડી જાય છે, જેઓ ખુદાના સર્જનોમાંથી ન્યાય અને સત્યનો આદેશ આપવા માટે ઊઠે, તેમને પીડાકારી સજાની ખુશખબર સંભળાવી દો.

૨૨. આ તે લોકો છે જેમના કર્મ દુનિયા અને આખિરત (પરલોક) બંનેમાં વ્યર્થ થઈ ગયા, અને તેમનો મદદગાર કોઈ નથી.

૨૩. તમે જોયું નહીં કે જે લોકોને ગ્રંથના જ્ઞાનમાંથી કેટલોક ભાગ મળ્યો

ثُمَّ يَتَوَلّٰى فَرِيْقٌ مِّنْهُمْ وَهُمْ مُّعْرِضُوْنَ ۝٢٣
ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّآ اَيَّامًا
مَّعْدُوْدٰتٍ ۪ وَّغَرَّهُمْ فِيْ دِيْنِهِمْ مَّا كَانُوْا
يَفْتَرُوْنَ ۝٢٤ فَكَيْفَ اِذَا جَمَعْنٰهُمْ لِيَوْمٍ لَّا رَيْبَ
فِيْهِ ۣ وَوُفِّيَتْ كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا
يُظْلَمُوْنَ ۝٢٥ قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ
مَنْ تَشَآءُ وَتَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ ۡ وَتُعِزُّ
مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ ۭ بِيَدِكَ الْخَيْرُ ۭ اِنَّكَ
عَلٰي كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝٢٦ تُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَ
تُوْلِجُ النَّهَارَ فِي الَّيْلِ ۡ وَتُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ
وَتُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ ۡ وَتَرْزُقُ مَنْ تَشَآءُ
بِغَيْرِ حِسَابٍ ۝٢٧ لَا يَتَّخِذِ الْمُؤْمِنُوْنَ الْكٰفِرِيْنَ
اَوْلِيَاۗءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ
فَلَيْسَ مِنَ اللّٰهِ فِيْ شَيْءٍ اِلَّآ اَنْ تَتَّقُوْا مِنْهُمْ
تُقٰىةً ۭ وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهٗ ۭ وَاِلَى اللّٰهِ الْمَصِيْرُ ۝٢٨
قُلْ اِنْ تُخْفُوْا مَا فِيْ صُدُوْرِكُمْ اَوْ تُبْدُوْهُ يَعْلَمْهُ
اللّٰهُ ۭ وَيَعْلَمُ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۭ
وَاللّٰهُ عَلٰي كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝٢٩ يَوْمَ تَجِدُ كُلُّ
نَفْسٍ مَّا عَمِلَتْ مِنْ خَيْرٍ مُّحْضَرًا ۚۖ وَّمَا عَمِلَتْ

منزل ١

معانقة عند المتأخرين

છે, તેમની દશા શું છે? તેમને જ્યારે અલ્લાહના ગ્રંથ તરફ બોલાવવામાં આવે છે જેથી તેઓ તેમના વચ્ચે ફેંસલો કરે, તો તેમનામાંથી એક પક્ષ તેને ટાળે છે અને આ ફેંસલા તરફ આવવાથી મોઢું ફેરવી લે છે.

૨૪. તેમનું આવું વર્તન એ કારણે છે કે તેઓ કહે છે, ''જહન્નમની આગ તો અમને સ્પર્શ સુદ્ધાં નહીં કરે અને જો અમને જહન્નમની સજા મળશે તો પણ ફક્ત થોડા દિવસ જ.'' તેમની પોતાની ઉપજાવી કાઢેલી ધારણાઓએ તેમને પોતાના દીન (ધર્મ)ની બાબતમાં મોટા ભ્રમમાં નાખી રાખ્યા છે.

૨૫. પરંતુ શું વીતશે તેમના ઉપર જ્યારે અમે તેમને તે દિવસે એકત્ર કરીશું જેનું આવવું નિશ્ચિત છે ? તે દિવસે દરેક વ્યક્તિને તેની કમાણીનો પૂરેપૂરો બદલો આપી દેવામાં આવશે અને કોઈના ઉપર અત્યાચાર નહીં થાય.

૨૬. કહો, હે ખુદા ! રાજ્યના માલિક ! તું જેને ચાહે રાજ્ય-સત્તા આપે અને જેના પાસેથી ચાહે છીનવી લે, જેને ચાહે ઇજ્જત આપે અને જેને ચાહે અપમાનિત કરે. ભલાઈ તારા જ અધિકારમાં છે. નિઃસંદેહ તને દરેક વસ્તુ ઉપર સામર્થ્ય પ્રાપ્ત છે.

૨૭ રાતને દિવસમાં પરોવીને લઈ આવે છે અને દિવસને રાતમાં. નિર્જીવમાંથી સજીવને કાઢે છે અને સજીવમાંથી નિર્જીવને, અને જેને ચાહે છે, અઢળક રોજી આપે છે.

૨૮ ઈમાનવાળાઓ, ઈમાનવાળાઓને છોડીને કાફિરો (અધર્મીઓ)ને પોતાના મિત્ર અને સહાયક કદાપિ ન બનાવે. જે આવું કરશે, તેનો અલ્લાહથી કોઈ સંબંધ નથી. હા, તે માફ છે કે જો તમે તેમના અત્યાચારથી બચવા માટે દેખીતી રીતે, ઉપર-ઉપરથી આવું વર્તન કરો. પરંતુ અલ્લાહ તમને પોતાનાથી ડરાવે છે અને તમારે તેના તરફ પાછા જવાનું છે.

૨૯. હે નબી ! લોકોને ચેતવી દો કે તમારા હૃદયોમાં જે કંઈ છે, તેને તમે ચાહે છૂપાવો કે જાહેર કરો, અલ્લાહ દરેક હાલમાં તેને જાણે છે. ધરતી અને આકાશોની કોઈ વસ્તુ તેના જ્ઞાનની બહાર નથી અને તેનું પ્રભુત્વ દરેક વસ્તુ ઉપર છવાયેલું છે.

૩૦. તે દિવસ આવવાનો છે જ્યારે દરેક મનુષ્ય પોતાના કર્મોના ફળ

مِنْ سُوْٓءٍ ۚ تَوَدُّ لَوْ اَنَّ بَيْنَهَا وَبَيْنَهٗٓ اَمَدًاۢ بَعِيْدًا ؕ
وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهٗ ؕ وَاللّٰهُ رَءُوْفٌۢ بِالْعِبَادِ ﴿٣٠﴾ ع ١٠ / ١١
قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ
وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٣١﴾
قُلْ اَطِيْعُوا اللّٰهَ وَالرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ
لَا يُحِبُّ الْكٰفِرِيْنَ ﴿٣٢﴾ اِنَّ اللّٰهَ اصْطَفٰٓى اٰدَمَ وَ
نُوْحًا وَّاٰلَ اِبْرٰهِيْمَ وَاٰلَ عِمْرٰنَ عَلَى الْعٰلَمِيْنَ ﴿٣٣﴾ ۙ
ذُرِّيَّةًۢ بَعْضُهَا مِنْۢ بَعْضٍ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٣٤﴾ ۚ
اِذْ قَالَتِ امْرَاَتُ عِمْرٰنَ رَبِّ اِنِّيْ نَذَرْتُ لَكَ
مَا فِيْ بَطْنِيْ مُحَرَّرًا فَتَقَبَّلْ مِنِّيْ ۚ اِنَّكَ اَنْتَ
السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٣٥﴾ فَلَمَّا وَضَعَتْهَا قَالَتْ رَبِّ
اِنِّيْ وَضَعْتُهَآ اُنْثٰى ؕ وَاللّٰهُ اَعْلَمُ بِمَا وَضَعَتْ ؕ وَ
لَيْسَ الذَّكَرُ كَالْاُنْثٰى ۚ وَاِنِّيْ سَمَّيْتُهَا مَرْيَمَ وَاِنِّيْٓ
اُعِيْذُهَا بِكَ وَذُرِّيَّتَهَا مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ﴿٣٦﴾
فَتَقَبَّلَهَا رَبُّهَا بِقَبُوْلٍ حَسَنٍ وَّاَنْۢبَتَهَا نَبَاتًا
حَسَنًا ۙ وَّكَفَّلَهَا زَكَرِيَّا ؕ كُلَّمَا دَخَلَ عَلَيْهَا زَكَرِيَّا
الْمِحْرَابَ ۙ وَجَدَ عِنْدَهَا رِزْقًا ۚ قَالَ يٰمَرْيَمُ اَنّٰى
لَكِ هٰذَا ؕ قَالَتْ هُوَ مِنْ عِنْدِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ يَرْزُقُ
مَنْ يَّشَآءُ بِغَيْرِ حِسَابٍ ﴿٣٧﴾ هُنَالِكَ دَعَا زَكَرِيَّا

પોતાના સામે હાજર જોશે, ચાહે તેણે ભલાઈ કરી હોય કે બૂરાઈ. તે દિવસે મનુષ્ય અભિલાષા કરશે કે કદાચ ! હજુ આ દિવસ તેનાથી ઘણો દૂર હોત ! અલ્લાહ તમને પોતાનાથી ડરાવે છે, અને તે પોતાના બંદાઓનું ખૂબ ભલું ચાહનારો છે. (રુકૂઅ-૩)

૩૧. હે નબી ! લોકોને કહી દો, ''જો તમે ખરેખર અલ્લાહને પ્રેમ કરતા હોવ તો મારું અનુસરણ કરો, અલ્લાહ તમારા સાથે પ્રેમ કરશે અને તમારી ભૂલોને માફ કરી દેશે. તે મોટો ક્ષમા આપનાર અને દયાળુ છે.''

૩૨. તેમને કહો, ''અલ્લાહ અને રસૂલનું આજ્ઞાપાલન સ્વીકારી લો.'' પછી જો તેઓ તમારું આ આમંત્રણ ન સ્વીકારે તો ચોક્કસપણે તે સંભવ નથી કે અલ્લાહ એવા લોકોને પ્રેમ કરે, જેઓ તેનું અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરવાનો ઈન્કાર કરતા હોય.

૩૩. અલ્લાહે આદમ અને નૂહ અને ઈબ્રાહીમના સંતાનો અને ઈમરાનના સંતાનોને સમગ્ર દુનિયાના લોકો ઉપર પસંદગી આપીને (પોતાની રિસાલત—પયગંબરી માટે) ચૂંટી લીધા હતા.

૩૪. તેઓ એક સિલસિલાના લોકો હતા જેઓ એક-બીજાના વંશથી પેદા થયા હતા. અલ્લાહ બધું જ સાંભળે અને જાણે છે.

૩૫. (તે વખતે તે સાંભળી રહ્યો હતો) જ્યારે ઈમરાનની સ્ત્રી કહી રહી હતી કે, ''મારા પાલનહાર ! હું આ બાળકને, જે મારા ગર્ભમાં છે, તને અર્પણ કરું છું, તે તારા જ કામ માટે વકફ (સમર્પિત) હશે. મારી આ ભેટનો સ્વીકાર કર. તું સાંભળનાર અને જાણનાર છે.''

૩૬. પછી જ્યારે તે બાળકી તેને ત્યાં જન્મી તો તેણે કહ્યું, ''માલિક ! મારે ત્યાં તો પુત્રી જન્મી છે – જો કે જે કંઈ તેણે જણ્યું હતું, અલ્લાહને તેની ખબર હતી – અને પુત્ર, પુત્રી જેવો હોતો નથી. ભલે, મેં તેનું નામ મરયમ રાખી દીધું છે અને હું તેને અને તેના પછી આગળના વંશને તિરસ્કૃત-ધુત્કારી દીધેલ શેતાનના ઉપદ્રવથી તારા શરણમાં આપું છું.''

૩૭. છેવટે તેના રબે આ બાળકીને સહર્ષ સ્વીકારી લીધી, તેને ખૂબ સારી છોકરી બનાવીને મોટી કરી, અને ઝકરિય્યાને તેનો પાલક-સંરક્ષક બનાવી દીધો. ઝકરિય્યા જ્યારે પણ તેના પાસે મેહરાબ (અંતરખંડ)માં જતો તો તેના પાસે કંઈ-ને-કંઈ ખાવા-પીવાની વસ્તુઓ જોતો. પૂછતો, ''મરયમ ! આ વસ્તુઓ તારા પાસે ક્યાંથી આવી ?'' તે જવાબ આપતી, ''અલ્લાહ પાસેથી આવી છે, અલ્લાહ જેને ચાહે છે, પુષ્કળ રોજી આપે છે.''

رَبَّهٗ ۚ قَالَ رَبِّ هَبْ لِيْ مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً
طَيِّبَةً ۚ اِنَّكَ سَمِيْعُ الدُّعَآءِ ﴿۳۸﴾ فَنَادَتْهُ الْمَلٰٓئِكَةُ
وَهُوَ قَآئِمٌ يُّصَلِّيْ فِي الْمِحْرَابِ ۙ اَنَّ اللّٰهَ يُبَشِّرُكَ
بِيَحْيٰى مُصَدِّقًۢا بِكَلِمَةٍ مِّنَ اللّٰهِ وَسَيِّدًا وَّ
حَصُوْرًا وَّنَبِيًّا مِّنَ الصّٰلِحِيْنَ ﴿۳۹﴾ قَالَ رَبِّ اَنّٰى
يَكُوْنُ لِيْ غُلٰمٌ وَّقَدْ بَلَغَنِيَ الْكِبَرُ وَامْرَاَتِيْ عَاقِرٌ ؕ
قَالَ كَذٰلِكَ اللّٰهُ يَفْعَلُ مَا يَشَآءُ ﴿۴۰﴾ قَالَ رَبِّ
اجْعَلْ لِّيْٓ اٰيَةً ؕ قَالَ اٰيَتُكَ اَلَّا تُكَلِّمَ النَّاسَ
ثَلٰثَةَ اَيَّامٍ اِلَّا رَمْزًا ؕ وَاذْكُرْ رَّبَّكَ كَثِيْرًا وَّ
سَبِّحْ بِالْعَشِيِّ وَالْاِبْكَارِ ﴿۴۱﴾ وَاِذْ قَالَتِ الْمَلٰٓئِكَةُ ع ١١ ١٢
يٰمَرْيَمُ اِنَّ اللّٰهَ اصْطَفٰكِ وَطَهَّرَكِ وَاصْطَفٰكِ
عَلٰى نِسَآءِ الْعٰلَمِيْنَ ﴿۴۲﴾ يٰمَرْيَمُ اقْنُتِيْ لِرَبِّكِ
وَاسْجُدِيْ وَارْكَعِيْ مَعَ الرّٰكِعِيْنَ ﴿۴۳﴾ ذٰلِكَ
مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهِ اِلَيْكَ ؕ وَمَا كُنْتَ
لَدَيْهِمْ اِذْ يُلْقُوْنَ اَقْلَامَهُمْ اَيُّهُمْ يَكْفُلُ مَرْيَمَ ۪
وَمَا كُنْتَ لَدَيْهِمْ اِذْ يَخْتَصِمُوْنَ ﴿۴۴﴾ اِذْ قَالَتِ
الْمَلٰٓئِكَةُ يٰمَرْيَمُ اِنَّ اللّٰهَ يُبَشِّرُكِ بِكَلِمَةٍ مِّنْهُ ۖۗ
اسْمُهُ الْمَسِيْحُ عِيْسَى ابْنُ مَرْيَمَ وَجِيْهًا فِي
الدُّنْيَا وَالْاٰخِرَةِ وَمِنَ الْمُقَرَّبِيْنَ ﴿۴۵﴾ وَيُكَلِّمُ

૩૮. આ સ્થિતિ નિહાળી ઝકરિય્યાએ પોતાના રબને પોકાર્યો, ''પાલનહાર! પોતાના સામર્થ્યથી મને નેક (સુશીલ) સંતાન આપ. તું જ દુઆ સાંભળનાર છે.''

૩૯. જવાબમાં ફરિશ્તાઓએ સાદ પાડ્યો, જ્યારે તે મેહરાબમાં ઊભો રહી નમાઝ પઢી રહ્યો હતો કે, ''અલ્લાહ તને યાહ્યાની ખુશખબર સંભળાવે છે. તે અલ્લાહ તરફથી એક ફરમાન★નો સમર્થક બનીને આવશે. તેનામાં નેતૃત્વ અને મોટાઈની શાન હશે. ખૂબ જ આત્મસંયમી હશે. નબૂવ્વત (ઈશદૂતત્વ)થી નવાજવામાં આવેલ હશે અને સદાચારીઓમાં ગણાશે.''

૪૦. ઝકરિય્યાએ કહ્યું, ''પાલનહાર ! મારે ત્યાં પુત્ર ક્યાંથી થશે વળી ? હું તો ઘણો વૃદ્ધ થઈ ચૂકયો છું અને મારી પત્ની વાંઝણી છે.'' ઉત્તર મળ્યો, ''આવું જ થશે, અલ્લાહ જે ચાહે છે કરે છે.''

૪૧. નિવેદન કર્યું, ''માલિક ! પછી કોઈ નિશાની મારા માટે નક્કી કરી દે.'' કહ્યું, ''નિશાની એ છે કે તું ત્રણ દિવસ સુધી લોકો સાથે સંકેત સિવાય કોઈ વાતચીત નહીં કરે (અથવા નહીં કરી શકે). આ દરમ્યાન પોતાના રબ (માલિક)ને પુષ્કળ યાદ કરજે અને સવાર-સાંજ તેની તસ્બીહ (તેની પવિત્રતાનું રટણ અને તેના ગુણગાન) કરતો રહેજે. (રુકૂઅ-૪)

૪૨. પછી તે સમય આવ્યો જ્યારે મરયમને ફરિશ્તાઓએ આવીને કહ્યું, ''હે મરયમ ! અલ્લાહે તને પસંદ કરી લીધી અને પવિત્રતા પ્રદાન કરી અને દુનિયાની તમામ સ્ત્રીઓની સરખામણીમાં તને પ્રાધાન્યતા આપીને તેની સેવા માટે પસંદ કરી.

૪૩. હે મરયમ ! પોતાના રબની આજ્ઞાંકિત બનીને રહે, તેના સામે સિજદો કર (માથું ઝૂકાવી દે) અને જે બંદાઓ તેના સામે ઝૂકનારાઓ છે તેમના સાથે તું પણ ઝૂકી જા.''

૪૪. હે નબી ! આ અદૃશ્યની વાતો છે, જે અમે તમને વહી મારફતે બતાવી રહ્યા છીએ, નહીં તો તમે તે વખતે ત્યાં ઉપસ્થિત ન હતા, જ્યારે હૈકલ (ઉપાસના-ગૃહ)ના સેવકો એવો નિર્ણય કરવા માટે કે મરયમનો વાલી કોણ થાય, પોત-પોતાની કલમો ફેંકી રહ્યા હતા, અને ન તમે તે વખતે હાજર હતા જ્યારે તેમના વચ્ચે ઝઘડો થઈ રહ્યો હતો.

૪૫. અને જ્યારે ફરિશ્તાઓએ કહ્યું, ''હે મરયમ ! અલ્લાહ તને પોતાના એક ફરમાનની ખુશખબર આપે છે. તેનું નામ મસીહ ઈસા ઈબ્ને મરયમ (મરયમનો પુત્ર ઈસા મસીહ) હશે, આલોક (દુનિયા) અને પરલોક (આખિરત)માં સન્માનિત હશે, અલ્લાહના સમીપવર્તી

★ તાત્પર્ય હઝરત ઈસા અલૈ. છે, કેમ કે તેમનો જન્મ અલ્લાહના એક અસાધારણ ફરમાનથી ચમત્કાર-રૂપ થયો હતો. તેમને કુર્આનમાં 'કલિમતુમ્-મિનલ્લાહ' અર્થાત્ 'અલ્લાહનું ફરમાન' કહેવામાં આવ્યા છે.

النَّاسَ فِي الْمَهْدِ وَكَهْلًا وَّمِنَ الصّٰلِحِيْنَ ﴿٤٦﴾
قَالَتْ رَبِّ اَنّٰى يَكُوْنُ لِيْ وَلَدٌ وَّلَمْ يَمْسَسْنِيْ
بَشَرٌ ؕ قَالَ كَذٰلِكِ اللّٰهُ يَخْلُقُ مَا يَشَآءُ ؕ اِذَا قَضٰٓى
اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٤٧﴾ وَيُعَلِّمُهُ
الْكِتٰبَ وَالْحِكْمَةَ وَالتَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ ﴿٤٨﴾ وَرَسُوْلًا
اِلٰى بَنِيْٓ اِسْرَآءِيْلَ ۙ۬ اَنِّيْ قَدْ جِئْتُكُمْ بِاٰيَةٍ
مِّنْ رَّبِّكُمْ ۙ اَنِّيْٓ اَخْلُقُ لَكُمْ مِّنَ الطِّيْنِ كَهَيْـَٔةِ
الطَّيْرِ فَاَنْفُخُ فِيْهِ فَيَكُوْنُ طَيْرًاۢ بِاِذْنِ اللّٰهِ ۚ وَ
اُبْرِئُ الْاَكْمَهَ وَالْاَبْرَصَ وَاُحْيِ الْمَوْتٰى بِاِذْنِ اللّٰهِ ۚ
وَاُنَبِّئُكُمْ بِمَا تَاْكُلُوْنَ وَمَا تَدَّخِرُوْنَ ۙ فِيْ
بُيُوْتِكُمْ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لَّكُمْ اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ۚ﴿٤٩﴾ وَمُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيَّ مِنَ
التَّوْرٰىةِ وَلِاُحِلَّ لَكُمْ بَعْضَ الَّذِيْ حُرِّمَ عَلَيْكُمْ
وَجِئْتُكُمْ بِاٰيَةٍ مِّنْ رَّبِّكُمْ ۟ فَاتَّقُوا اللّٰهَ وَ
اَطِيْعُوْنِ ﴿٥٠﴾ اِنَّ اللّٰهَ رَبِّيْ وَرَبُّكُمْ فَاعْبُدُوْهُ ؕ
هٰذَا صِرَاطٌ مُّسْتَقِيْمٌ ﴿٥١﴾ فَلَمَّآ اَحَسَّ عِيْسٰى مِنْهُمُ
الْكُفْرَ قَالَ مَنْ اَنْصَارِيْٓ اِلَى اللّٰهِ ؕ قَالَ الْحَوَارِيُّوْنَ
نَحْنُ اَنْصَارُ اللّٰهِ ۚ اٰمَنَّا بِاللّٰهِ ۚ وَاشْهَدْ بِاَنَّا مُسْلِمُوْنَ ﴿٥٢﴾
رَبَّنَآ اٰمَنَّا بِمَآ اَنْزَلْتَ وَاتَّبَعْنَا الرَّسُوْلَ فَاكْتُبْنَا

બંદાઓમાં ગણવામાં આવશે,

૪૬. લોકો સાથે પારણામાં પણ વાતચીત કરશે અને મોટી વયે પહોંચીને પણ, અને તે એક સદાચારી પુરુષ હશે."

૪૭. આ સાંભળી મરયમે કહ્યું, "પાલનહાર ! મારે ત્યાં બાળક ક્યાંથી થશે, મને તો કોઈ પુરુષે હાથ સુદ્ધાં નથી લગાવ્યો." ઉત્તર મળ્યો, "આવું જ થશે, અલ્લાહ જે ચાહે છે પેદા કરે છે. તે જ્યારે કોઈ કામ કરવાનો નિર્ણય કરે છે, તો માત્ર કહે છે કે 'થઈ જા' અને તે થઈ જાય છે."

૪૮. (ફરિશ્તાઓએ પછી પોતાની વાત આગળ વધારતાં કહ્યું) "અને અલ્લાહ તેને ગ્રંથ અને તત્ત્વદર્શિતાનું શિક્ષણ આપશે, તૌરાત અને ઇંજીલનું જ્ઞાન પ્રદાન કરશે.

૪૯. અને ઈસરાઈલની સંતાન તરફ પોતાનો રસૂલ (સંદેશવાહક) નિયુક્ત કરશે." (અને જ્યારે તે રસૂલની હેસિયતથી ઈસરાઈલની સંતાન પાસે આવ્યો તો તેણે કહ્યું), "હું તમારા રબ તરફથી તમારા પાસે નિશાની લઈને આવ્યો છું. હું તમારા સામે માટીમાંથી પક્ષીના રૂપનું એક પૂતળું બનાવું છું અને તેમાં ફૂંક મારું છું, તે અલ્લાહની આજ્ઞાથી પક્ષી બની જાય છે. હું અલ્લાહના આદેશથી જન્મજાત આંધળા અને કુષ્ઠ-રોગીને સાજા કરું છું અને તેના આદેશથી મડદાંને જીવતો કરું છું. હું તમને બતાવું છું કે તમે શું ખાઓ છો અને શું તમારા ઘરોમાં સંગ્રહ કરી રાખો છો. આમાં તમારા માટે પૂરતી નિશાની છે જો તમે ઈમાન લાવનારા હોવ.

૫૦. અને હું તે શિક્ષણ અને માર્ગદર્શનનું સમર્થન કરનારો બનીને આવ્યો છું જે તૌરાતમાંથી અત્યારે મારા જમાનામાં મોજૂદ છે, અને એટલા માટે આવ્યો છું કે તમારા માટે કેટલીક તે વસ્તુઓને હલાલ (વૈધ) કરી દઉં જે તમારા માટે હરામ (અવૈધ) કરી દેવામાં આવેલ છે. જુઓ, હું તમારા રબ તરફથી તમારા પાસે નિશાની લઈને આવ્યો છું, એટલા માટે અલ્લાહથી ડરો અને મારું અનુસરણ કરો.

૫૧. અલ્લાહ મારો રબ પણ છે અને તમારો રબ પણ, તમે તેની જ બંદગી અપનાવો, આ જ સીધો માર્ગ છે."

૫૨. જ્યારે ઈસાને લાગ્યું કે બની ઈસરાઈલ અધર્મ અને ઇન્કાર જ કરવા માગે છે તો તેણે કહ્યું, "કોણ અલ્લાહના માર્ગમાં મારો મદદગાર બને છે?" હવારીઓએ (મદદગારોએ) જવાબ આપ્યો, "અમે અલ્લાહના મદદગાર છીએ. અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા, આપ સાક્ષી રહો કે અમે મુસ્લિમ (અલ્લાહના સામે આજ્ઞાપાલનમાં માથું ઝૂકાવી દેનારા) છીએ.

مَعَ الشّٰهِدِيْنَ ﴿٥٣﴾ وَمَكَرُوْا وَمَكَرَ اللّٰهُ ؕ وَاللّٰهُ خَيْرُ
الْمٰكِرِيْنَ ﴿٥٤﴾ ع اِذْ قَالَ اللّٰهُ يٰعِيْسٰۤى اِنِّىْ مُتَوَفِّيْكَ النصف ع ٥ / ١٣
وَرَافِعُكَ اِلَىَّ وَمُطَهِّرُكَ مِنَ الَّذِيْنَ كَفَرُوْا
وَجَاعِلُ الَّذِيْنَ اتَّبَعُوْكَ فَوْقَ الَّذِيْنَ كَفَرُوْۤا
اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ۚ ثُمَّ اِلَىَّ مَرْجِعُكُمْ فَاَحْكُمُ
بَيْنَكُمْ فِيْمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿٥٥﴾ فَاَمَّا
الَّذِيْنَ كَفَرُوْا فَاُعَذِّبُهُمْ عَذَابًا شَدِيْدًا فِى
الدُّنْيَا وَالْاٰخِرَةِ ۫ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٥٦﴾ وَاَمَّا
الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيْهِمْ اُجُوْرَهُمْ ؕ
وَاللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿٥٧﴾ ذٰلِكَ نَتْلُوْهُ عَلَيْكَ
مِنَ الْاٰيٰتِ وَالذِّكْرِ الْحَكِيْمِ ﴿٥٨﴾ اِنَّ مَثَلَ عِيْسٰى
عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ ؕ خَلَقَهٗ مِنْ تُرَابٍ ثُمَّ قَالَ
لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٥٩﴾ اَلْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُنْ مِّنَ
الْمُمْتَرِيْنَ ﴿٦٠﴾ فَمَنْ حَآجَّكَ فِيْهِ مِنْ بَعْدِ مَا
جَآءَكَ مِنَ الْعِلْمِ فَقُلْ تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَ
اَبْنَآءَكُمْ وَنِسَآءَنَا وَنِسَآءَكُمْ وَاَنْفُسَنَا وَاَنْفُسَكُمْ قف
ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَلْ لَّعْنَتَ اللّٰهِ عَلَى الْكٰذِبِيْنَ ﴿٦١﴾
اِنَّ هٰذَا لَهُوَ الْقَصَصُ الْحَقُّ ۚ وَمَا مِنْ اِلٰهٍ اِلَّا
اللّٰهُ ؕ وَاِنَّ اللّٰهَ لَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٦٢﴾ فَاِنْ

૫૩. માલિક ! જે આદેશ તેં અવતરિત કર્યો છે અમે તેને માની લીધો અને રસૂલનું અનુસરણ સ્વીકારી લીધું, અમારા નામ સાક્ષી આપનારાઓમાં લખી લે.''

૫૪. પછી બની ઈસરાઈલ (મસીહના વિરુધ્ધ) ગુપ્ત યોજના કરવા લાગ્યા. જવાબમાં અલ્લાહે પણ પોતાની ગુપ્ત યોજના કરી અને આવી યોજનાઓમાં અલ્લાહ સૌથી ચઢિયાતો છે. (રૂકૂઅ-૫)

૫૫. (તે અલ્લાહની છૂપી યોજના જ હતી) જ્યારે તેણે કહ્યું, ''હે ઈસા ! હવે હું તને પાછો લઈ લઈશ અને તને મારા તરફ ઊઠાવી લઈશ, અને જેમણે તારો ઈન્કાર કર્યો છે તેમનાથી (અર્થાત્ તેમની સંગતથી અને તેમના ગંદા વાતાવરણમાં તેમના સાથે રહેવાથી) તને મુક્ત કરી દઈશ અને તારું અનુસરણ કરનારાઓને કયામત સુધી તે લોકો ઉપર વર્ચસ્વ આપી રાખીશ, જેમણે તારો ઈન્કાર કર્યો છે. પછી તમને સૌને અંતે મારા પાસે ફરવાનું છે, તે વખતે હું તે વાતોનો ફેંસલો કરી દઈશ જેમાં તમારા વચ્ચે મતભેદ થયો છે.

૫૬. જે લોકોએ કુફ્ર અને ઈન્કારની નીતિ અપનાવી છે, તેમને આલોક (દુનિયા) અને પરલોક (આખિરત) બંનેમાં સખત સજા કરીશ અને તેઓ કોઈ મદદગાર નહીં મેળવી શકે,

૫૭. અને જેમણે ઈમાન અને સદાચરણનું વલણ અપનાવ્યું છે તેમને તેમના પૂરેપૂરા વળતર આપી દેવામાં આવશે અને (બરાબર જાણી લો કે) અત્યાચારીઓથી અલ્લાહ કદાપિ પ્રેમ કરતો નથી.''

૫૮. હે નબી ! આ આયતો (નિશાનીઓ, પ્રમાણો) અને તત્ત્વજ્ઞાનથી ભરપૂર વર્ણનો છે જે અમે તમને સાંભળાવી રહ્યા છીએ.

૫૯. અલ્લાહના સમીપ ઈસાનું દૃષ્ટાંત આદમ જેવું છે કે અલ્લાહે તેને માટીમાંથી પેદા કર્યો અને આજ્ઞા આપી કે 'થઈ જા' અને તે થઈ ગયો.

૬૦. આ મૂળ હકીકત છે જે તમારા રબ તરફથી બતાવવામાં આવી રહી છે અને તમે તે લોકોમાં સામેલ ન થાઓ જેઓ તેમા સંદેહ કરે છે.

૬૧. આ જ્ઞાન આવી ગયા પછી હવે જો કોઈ આ મામલામાં તમારા સાથે વાદ-વિવાદ કરે તો હે નબી ! તેને કહો, ''આવો, અમે અને તમે પોતે પણ આવી જઈએ અને પોત-પોતાના બાળ-બચ્ચાઓને પણ લઈ આવીએ અને અલ્લાહને પ્રાર્થના કરીએ કે જે જૂઠો હોય તેના ઉપર અલ્લાહની ફિટકાર થાય.''

૬૨. આ તદ્દન સાચી ઘટનાઓ છે, અને હકીકત એ છે કે અલ્લાહ સિવાય કોઈ ખુદા નથી, અને તે અલ્લાહની જ હસ્તી છે જેની શક્તિ સર્વોપરી

تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِالْمُفْسِدِيْنَ ﴿۶۳﴾ ع قُلْ يٰۤاَهْلَ ع ۹/۱۴
الْكِتٰبِ تَعَالَوْا اِلٰى كَلِمَةٍ سَوَآءٍۢ بَيْنَنَا وَبَيْنَكُمْ
اَلَّا نَعْبُدَ اِلَّا اللّٰهَ وَلَا نُشْرِكَ بِهٖ شَيْـًٔا وَّلَا يَتَّخِذَ
بَعْضُنَا بَعْضًا اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ ؕ فَاِنْ تَوَلَّوْا
فَقُوْلُوا اشْهَدُوْا بِاَنَّا مُسْلِمُوْنَ ﴿۶۴﴾ يٰۤاَهْلَ الْكِتٰبِ
لِمَ تُحَآجُّوْنَ فِيْۤ اِبْرٰهِيْمَ وَمَاۤ اُنْزِلَتِ التَّوْرٰىةُ
وَالْاِنْجِيْلُ اِلَّا مِنْۢ بَعْدِهٖ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿۶۵﴾
هٰۤاَنْتُمْ هٰۤؤُلَآءِ حَاجَجْتُمْ فِيْمَا لَكُمْ بِهٖ عِلْمٌ فَلِمَ
تُحَآجُّوْنَ فِيْمَا لَيْسَ لَكُمْ بِهٖ عِلْمٌ ؕ وَاللّٰهُ يَعْلَمُ وَ
اَنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿۶۶﴾ مَا كَانَ اِبْرٰهِيْمُ يَهُوْدِيًّا
وَّلَا نَصْرَانِيًّا وَّلٰكِنْ كَانَ حَنِيْفًا مُّسْلِمًا ؕ وَمَا
كَانَ مِنَ الْمُشْرِكِيْنَ ﴿۶۷﴾ اِنَّ اَوْلَى النَّاسِ بِاِبْرٰهِيْمَ
لَلَّذِيْنَ اتَّبَعُوْهُ وَهٰذَا النَّبِيُّ وَالَّذِيْنَ اٰمَنُوْا ؕ
وَاللّٰهُ وَلِيُّ الْمُؤْمِنِيْنَ ﴿۶۸﴾ وَدَّتْ طَّآئِفَةٌ مِّنْ
اَهْلِ الْكِتٰبِ لَوْ يُضِلُّوْنَكُمْ ؕ وَمَا يُضِلُّوْنَ اِلَّاۤ
اَنْفُسَهُمْ وَمَا يَشْعُرُوْنَ ﴿۶۹﴾ يٰۤاَهْلَ الْكِتٰبِ لِمَ
تَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَاَنْتُمْ تَشْهَدُوْنَ ﴿۷۰﴾ يٰۤاَهْلَ
الْكِتٰبِ لِمَ تَلْبِسُوْنَ الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوْنَ الْحَقَّ منزل ۱
وَاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿۷۱﴾ ع وَقَالَتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ ع ۸/۱۵

અને જેની તત્ત્વદર્શિતા આખા જગતની વ્યવસ્થામાં કાર્યરત છે.

૬૩. પછી જો આ લોકો (આ શરતે મુકાબલામાં આવવાથી) મોઢું ફેરવે તો (તેમનું બગાડ ફેલાવનાર હોવું સ્પષ્ટપણે ખુલ્લું પડી જશે) અને અલ્લાહ બગાડ ફેલાવનારાઓની હાલતથી વાકેફ જ છે. (રુકૂઅ-૬)

૬૪. હે નબી ! કહો, "હે ગ્રંથવાળાઓ ! આવો એક એવી વાત તરફ જે તમારા અને અમારા વચ્ચે સમાન છે, એ કે આપણે અલ્લાહ સિવાય કોઈની બંદગી ન કરીએ, તેના સાથે કોઈને ભાગીદાર ન ઠેરવીએ અને આપણામાંથી કોઈ અલ્લાહ સિવાય કોઈ બીજાને પોતાનો રબ (પ્રભુ) ન બનાવી લે." — આ આમંત્રણનો સ્વીકાર કરવાથી જો તેઓ મોઢું ફેરવે તો સ્પષ્ટ કહી દો કે "સાક્ષી રહો, અમે તો મુસ્લિમ (માત્ર અલ્લાહની બંદગી અને આજ્ઞાપાલન કરનારા) છીએ."

૬૫. હે ગ્રંથવાળાઓ ! તમે ઈબ્રાહીમના (દીન, ધર્મ) વિષે શા માટે વાદ-વિવાદ કરો છો ? તૌરાત અને ઇંજીલ તો ઈબ્રાહીમ પછી જ અવતરિત થયેલ છે. પછી શું તમે આટલી વાત પણ નથી સમજતા ?

૬૬. — તમે લોકો જે બાબતોનું જ્ઞાન ધરાવો છો તેમાં તો ઘણી ચર્ચાઓ કરી ચૂક્યા, હવે તે બાબતોમાં શા માટે ચર્ચાઓ કરવા નીકળ્યા છો જેનું તમારા પાસે કંઈ પણ જ્ઞાન નથી. અલ્લાહ જાણે છે, તમે નથી જાણતા.

૬૭. ઈબ્રાહીમ ન યહૂદી હતો ન ખ્રિસ્તી, પરંતુ તે તો એક એકાગ્ર મુસ્લિમ (આજ્ઞાંકિત) હતો. અને તે કદાપિ મુશ્રિકોમાંથી ન હતો.

૬૮. ઈબ્રાહીમ સાથે સંબંધ રાખવાનો સૌથી વધુ અધિકાર જો કોઈને પહોંચે છે, તો તે એ લોકોને પહોંચે છે જેમણે તેનું અનુસરણ કર્યું અને હવે આ નબી અને તેના અનુયાયીઓ આ સંબંધના વધુ હક્કદાર છે. અલ્લાહ માત્ર તેમનો જ સમર્થક અને સહાયક છે જેઓ ઈમાન ધરાવતા હોય.

૬૯. (હે ઈમાન લાવનારાઓ !) ગ્રંથવાળાઓમાંથી એક જૂથ ચાહે છે કે કોઈ રીતે તમને સીધા માર્ગેથી હટાવી દે, જો કે હકીકતમાં તેઓ પોતાના સિવાય કોઈને ભટકાવી રહ્યા નથી, પરંતુ તેમને તેનું ભાન નથી.

૭૦. હે ગ્રંથવાળાઓ ! શા માટે અલ્લાહની નિશાનીઓનો ઈન્કાર કરો છો, જો કે તમે પોતે તેમને જોઈ રહ્યા છો ?

૭૧. હે ગ્રંથવાળાઓ ! શા માટે સત્ય ઉપર અસત્યનો રંગ ચઢાવીને શંકાસ્પદ બનાવો છો ? કેમ જાણી-બૂઝીને સત્યને છુપાવો છો ? (રુકૂઅ-૭)

الْكِتٰبِ اٰمِنُوْا بِالَّذِیْٓ اُنْزِلَ عَلَی الَّذِیْنَ اٰمَنُوْا وَجْهَ
النَّهَارِ وَاكْفُرُوْٓا اٰخِرَهٗ لَعَلَّهُمْ یَرْجِعُوْنَ ﴿٧٢﴾ۚۖ وَلَا تُؤْمِنُوْٓا
اِلَّا لِمَنْ تَبِعَ دِیْنَكُمْ ؕ قُلْ اِنَّ الْهُدٰی هُدَی اللّٰهِ ۙ
اَنْ یُّؤْتٰۤی اَحَدٌ مِّثْلَ مَاۤ اُوْتِیْتُمْ اَوْ یُحَآجُّوْكُمْ
عِنْدَ رَبِّكُمْ ؕ قُلْ اِنَّ الْفَضْلَ بِیَدِ اللّٰهِ ۚ یُؤْتِیْهِ مَنْ
یَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِیْمٌ ﴿٧٣﴾ۚۙ یَّخْتَصُّ بِرَحْمَتِهٖ مَنْ
یَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِیْمِ ﴿٧٤﴾ وَمِنْ اَهْلِ الْكِتٰبِ
مَنْ اِنْ تَاْمَنْهُ بِقِنْطَارٍ یُّؤَدِّهٖۤ اِلَیْكَ ۚ وَمِنْهُمْ مَّنْ
اِنْ تَاْمَنْهُ بِدِیْنَارٍ لَّا یُؤَدِّهٖۤ اِلَیْكَ اِلَّا مَا دُمْتَ
عَلَیْهِ قَآىٕمًا ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لَیْسَ عَلَیْنَا فِی
الْاُمِّیّٖنَ سَبِیْلٌ ۚ وَیَقُوْلُوْنَ عَلَی اللّٰهِ الْكَذِبَ وَهُمْ
یَعْلَمُوْنَ ﴿٧٥﴾ بَلٰی مَنْ اَوْفٰی بِعَهْدِهٖ وَاتَّقٰی فَاِنَّ اللّٰهَ
یُحِبُّ الْمُتَّقِیْنَ ﴿٧٦﴾ اِنَّ الَّذِیْنَ یَشْتَرُوْنَ بِعَهْدِ اللّٰهِ
وَاَیْمَانِهِمْ ثَمَنًا قَلِیْلًا اُولٰٓىٕكَ لَا خَلَاقَ لَهُمْ فِی
الْاٰخِرَةِ وَلَا یُكَلِّمُهُمُ اللّٰهُ وَلَا یَنْظُرُ اِلَیْهِمْ یَوْمَ
الْقِیٰمَةِ وَلَا یُزَكِّیْهِمْ ۪ وَلَهُمْ عَذَابٌ اَلِیْمٌ ﴿٧٧﴾ وَاِنَّ
مِنْهُمْ لَفَرِیْقًا یَّلْوٗنَ اَلْسِنَتَهُمْ بِالْكِتٰبِ لِتَحْسَبُوْهُ
مِنَ الْكِتٰبِ وَمَا هُوَ مِنَ الْكِتٰبِ ۚ وَیَقُوْلُوْنَ هُوَ مِنْ
عِنْدِ اللّٰهِ وَمَا هُوَ مِنْ عِنْدِ اللّٰهِ ۚ وَیَقُوْلُوْنَ عَلَی اللّٰهِ

૭૨. ગ્રંથવાળાઓમાંથી એક જૂથ કહે છે કે આ નબીના અનુયાયીઓ ઉપર જે કંઈ અવતરિત થયું છે, તેના પર સવારે ઈમાન લાવો અને સાંજે ઇન્કાર કરી દો, કદાચ આ યુક્તિથી આ લોકો પોતાના ઈમાનથી ફરી જાય.

૭૩. ઉપરાંત, આ લોકો પરસ્પર કહે છે કે પોતાના સહધર્મીઓ સિવાય કોઈની વાત ન માનો. હે નબી ! આ લોકોને કહી દો કે, ''ખરેખર માર્ગદર્શન તો અલ્લાહનું જ માર્ગદર્શન છે અને આ તેની જ દેણ છે કે કોઈને તે જ આપી દેવામાં આવે જે ક્યારેક તમને આપવામાં આવ્યું હતું, અથવા એ કે બીજાઓને તમારા રબ સમક્ષ રજૂ કરવા માટે તમારા વિરુધ્ધ મજબૂત દલીલ મળી જાય.'' હે નબી ! તેમને કહો, ''કૃપા અને બહુમાન અલ્લાહના અધિકારમાં છે, જેને ચાહે આપે. તે વિશાળ દૃષ્ટિવાળો છે અને બધું જ જાણે છે.

૭૪. પોતાની કૃપા માટે જેને ચાહે છે વિશિષ્ટ કરી લે છે અને તે મોટો કૃપાવાન છે.''

૭૫. ગ્રંથવાળાઓમાં કોઈ તો એવો છે કે જો તમે તેના ઉપર ભરોસો કરીને ધન-દોલતનો એક ઢગલો પણ આપી દો તો તે તમારું ધન તમને પાછું ચૂકવી દેશે અને કોઈની સ્થિતિ એવી છે કે જો તમે એક દીનારના મામલામાં પણ તેના ઉપર ભરોસો કરો તો તે પરત નહીં આપે, સિવાય કે તમે તેના માથા ઉપર સવાર થઈ જાઓ. તેમની આ નૈતિક દશાનું કારણ એ છે કે તેઓ કહે છે, ''ઉમ્મીઓ (બિનયહૂદી લોકો)ના મામલામાં અમારા પાસે કોઈ જવાબ માંગવામાં નહીં આવે.'' અને આ વાત માત્ર જૂઠ ઘડી કાઢીને અલ્લાહના નામે ચઢાવે છે, જો કે તેઓ જાણે છે (કે અલ્લાહે આવી કોઈ વાત કહી નથી).

૭૬. છેવટે શા માટે તેમની પૂછપરછ નહીં થાય ? જે કોઈ પણ પોતાના કરારનું પાલન કરશે અને બૂરાઈથી બચીને રહેશે તે અલ્લાહનો પ્રિય બનશે, કેમ કે પરહેજગાર (સંયમી) લોકો અલ્લાહને પસંદ છે.

૭૭. રહ્યા તે લોકો જેઓ અલ્લાહ સાથેના કરાર અને પોતાની સોગંદોને થોડી કિંમતમાં વેચી નાખે છે, તો તેમના માટે આખિરતમાં કોઈ હિસ્સો નથી, અલ્લાહ કયામતના દિવસે ન તેમના સાથે વાત કરશે, ન તેમના તરફ જોશે અને ન તેમને વિશુધ્ધતા પ્રદાન કરશે, બલ્કે તેમના માટે તો કઠોર દુઃખદાયી સજા છે.

૭૮. તેમનામાં કેટલાક લોકો એવા છે જેઓ ગ્રંથ વાંચતી વખતે એવી રીતે જીભને ઉલટ-સુલટ કરે છે કે તમે એવું સમજો કે જે કંઈ તેઓ વાંચી રહ્યા છે તે ગ્રંથનો જ ભાગ છે, જો કે તે ગ્રંથનો ભાગ નથી હોતો. તેઓ કહે છે કે જે કંઈ અમે વાંચી રહ્યા છીએ, તે અલ્લાહ તરફથી છે, જો કે તે અલ્લાહ તરફથી નથી

الْكَذِبَ وَهُمْ يَعْلَمُوْنَ ۝٧٨ مَا كَانَ لِبَشَرٍ اَنْ يُّؤْتِيَهُ
اللّٰهُ الْكِتٰبَ وَالْحُكْمَ وَالنُّبُوَّةَ ثُمَّ يَقُوْلَ لِلنَّاسِ
كُوْنُوْا عِبَادًا لِّيْ مِنْ دُوْنِ اللّٰهِ وَلٰكِنْ كُوْنُوْا رَبّٰنِيّٖنَ
بِمَا كُنْتُمْ تُعَلِّمُوْنَ الْكِتٰبَ وَبِمَا كُنْتُمْ تَدْرُسُوْنَ ۝٧٩ لا
وَلَا يَاْمُرَكُمْ اَنْ تَتَّخِذُوا الْمَلٰٓئِكَةَ وَالنَّبِيّٖنَ اَرْبَابًا ط
اَيَاْمُرُكُمْ بِالْكُفْرِ بَعْدَ اِذْ اَنْتُمْ مُّسْلِمُوْنَ ۝٨٠ ع وَاِذْ ع ٨ ٩ ١٦
اَخَذَ اللّٰهُ مِيْثَاقَ النَّبِيّٖنَ لَمَآ اٰتَيْتُكُمْ مِّنْ كِتٰبٍ
وَّحِكْمَةٍ ثُمَّ جَآءَكُمْ رَسُوْلٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ
لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ ط قَالَ ءَاَقْرَرْتُمْ وَاَخَذْتُمْ
عَلٰى ذٰلِكُمْ اِصْرِيْ ط قَالُوْٓا اَقْرَرْنَا ط قَالَ فَاشْهَدُوْا
وَاَنَا مَعَكُمْ مِّنَ الشّٰهِدِيْنَ ۝٨١ فَمَنْ تَوَلّٰى بَعْدَ
ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ۝٨٢ اَفَغَيْرَ دِيْنِ اللّٰهِ
يَبْغُوْنَ وَلَهٗٓ اَسْلَمَ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ
طَوْعًا وَّكَرْهًا وَّاِلَيْهِ يُرْجَعُوْنَ ۝٨٣ قُلْ اٰمَنَّا بِاللّٰهِ
وَمَآ اُنْزِلَ عَلَيْنَا وَمَآ اُنْزِلَ عَلٰٓى اِبْرٰهِيْمَ وَاِسْمٰعِيْلَ
وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطِ وَمَآ اُوْتِيَ مُوْسٰى
وَعِيْسٰى وَالنَّبِيُّوْنَ مِنْ رَّبِّهِمْ ص لَا نُفَرِّقُ بَيْنَ
اَحَدٍ مِّنْهُمْ ز وَنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ۝٨٤ وَمَنْ يَّبْتَغِ
غَيْرَ الْاِسْلَامِ دِيْنًا فَلَنْ يُّقْبَلَ مِنْهُ ج وَهُوَ فِي منزل ١

હોતું, તેઓ જાણી-બૂઝીને જૂઠી વાતોને અલ્લાહ સાથે જોડી દે છે.

૭૯. કોઈ મનુષ્યનું એ કામ નથી કે અલ્લાહ તો તેને ગ્રંથ અને હુકમ (વિવેકપૂર્ણ નિર્ણય-શક્તિ) અને નબૂવ્વત (ઈશદૂતત્વ) પ્રદાન કરે અને તે લોકોને કહે કે અલ્લાહના બદલે તમે મારા બંદા બની જાવ. તે તો એમ જ કહેશે કે સાચા રબ્બાની★ બનો, જેમ કે આ ગ્રંથની શિક્ષાનો તકાદો છે, જેને તમે વાંચો અને વંચાવો છો.

૮૦. તે તમને કદાપિ એમ નહીં કહે કે ફરિશ્તાઓને અથવા પયગંબરોને પોતાનો રબ (પ્રભુ) બનાવી લો. શું તે શકય છે કે એક નબી તમને કુફ્ર (અવજ્ઞા)નો આદેશ આપે, જ્યારે તમે મુસ્લિમ (આજ્ઞાંકિત) હોવ? (રુકૂઅ-૮)

૮૧. યાદ કરો, અલ્લાહે પયગંબરોથી વચન લીધું હતું કે, ''આજે મેં તમને ગ્રંથ અને તત્ત્વજ્ઞાન અને બુદ્ધિમત્તા પ્રદાન કર્યા છે, કાલે જો કોઈ બીજો પયગંબર તમારા પાસે એ જ શિક્ષણનું સમર્થન કરતો આવે, જે પહેલાંથી તમારા પાસે મોજૂદ છે, તો તમારે તેના પર ઈમાન લાવવું પડશે અને તેની મદદ કરવાની રહેશે.'' આ વાત કહીને અલ્લાહે પૂછ્યું, ''શું તમે આનો સ્વીકાર કરો છો અને આ બાબત પર મારા તરફથી પ્રતિજ્ઞાની ભારે જવાબદારી ઉપાડો છો?'' તેમણે કહ્યું, ''હા, અમે સ્વીકારીએ છીએ.'' અલ્લાહે ફરમાવ્યું, ''સારું તો સાક્ષી રહો અને હું પણ તમારા સાથે સાક્ષી છું.

૮૨. આ પછી જે પોતાની પ્રતિજ્ઞામાંથી ફરી જાય તે જ અવજ્ઞાકારી છે.''

૮૩. હવે શું આ લોકો અલ્લાહના આજ્ઞાપાલનનો માર્ગ (ઈશ્વરીય ધર્મ) છોડીને કોઈ બીજો માર્ગ ઇચ્છે છે? જો કે આકાશ અને ધરતીની સમગ્ર વસ્તુઓ સ્વેચ્છાએ કે લાચારીપૂર્વક અલ્લાહની જ આજ્ઞાંકિત (મુસ્લિમ) છે અને તેના તરફ જ સૌને પાછા ફરવાનું છે?

૮૪. હે નબી! કહો, ''અમે અલ્લાહને માનીએ છીએ, તે શિક્ષાને માનીએ છીએ જે અમારા પર અવતરિત કરવામાં આવી છે, તે શિક્ષાઓને પણ માનીએ છીએ જે ઇબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક, યાકૂબ અને યાકૂબના સંતાનો પર અવતરિત થઈ હતી, અને તે માર્ગદર્શન પર પણ ઈમાન ધરાવીએ છીએ જે મૂસા અને ઈસા અને બીજા પયગંબરોને તેમના રબ તરફથી પ્રદાન કરવામાં આવ્યું. અમે તેમના વચ્ચે ભેદ કરતા નથી અને અમે અલ્લાહના આજ્ઞાંકિત (મુસ્લિમ) છીએ.''

૮૫. આ આજ્ઞાપાલન (ઇસ્લામ) સિવાય જે વ્યક્તિ બીજી કોઈ રીત (દીન)

★ યહૂદીઓના ત્યાં જે ધાર્મિક વિદ્વાનો પદાધિકારી હતા અને જેમનું કામ ધાર્મિક મામલાઓમાં લોકોનું માર્ગદર્શન કરવાનું અને ઉપાસનાઓનું આયોજન કરવાનું અને ધાર્મિક આદેશોને લાગુ કરવાનું હતું, તેમના માટે 'રબ્બાની' શબ્દ પ્રયોજાતો હતો.

الْاٰخِرَةِ مِنَ الْخٰسِرِيْنَ ۝٨٥ كَيْفَ يَهْدِى اللّٰهُ قَوْمًا
كَفَرُوْا بَعْدَ اِيْمَانِهِمْ وَشَهِدُوْٓا اَنَّ الرَّسُوْلَ حَقٌّ وَّ
جَآءَهُمُ الْبَيِّنٰتُ ۭ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ۝٨٦
اُولٰۗىِٕكَ جَزَاۗؤُهُمْ اَنَّ عَلَيْهِمْ لَعْنَةَ اللّٰهِ وَالْمَلٰۗىِٕكَةِ
وَالنَّاسِ اَجْمَعِيْنَ ۝٨٧ۙ خٰلِدِيْنَ فِيْهَا ۚ لَا يُخَفَّفُ عَنْهُمُ
الْعَذَابُ وَلَا هُمْ يُنْظَرُوْنَ ۝٨٨ۙ اِلَّا الَّذِيْنَ تَابُوْا مِنْۢ
بَعْدِ ذٰلِكَ وَاَصْلَحُوْا ۣ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٨٩ اِنَّ
الَّذِيْنَ كَفَرُوْا بَعْدَ اِيْمَانِهِمْ ثُمَّ ازْدَادُوْا كُفْرًا لَّنْ
تُقْبَلَ تَوْبَتُهُمْ ۚ وَاُولٰۗىِٕكَ هُمُ الضَّاۗلُّوْنَ ۝٩٠ اِنَّ
الَّذِيْنَ كَفَرُوْا وَمَاتُوْا وَهُمْ كُفَّارٌ فَلَنْ يُّقْبَلَ مِنْ
اَحَدِهِمْ مِّلْءُ الْاَرْضِ ذَهَبًا وَّلَوِ افْتَدٰى بِهٖ ۭ
اُولٰۗىِٕكَ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ وَّمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ۝٩١ ع

لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ ۭ

وَمَا تُنْفِقُوْا مِنْ شَيْءٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيْمٌ ۝٩٢ كُلُّ
الطَّعَامِ كَانَ حِلًّا لِّبَنِيْٓ اِسْرَاۗءِيْلَ اِلَّا مَا حَرَّمَ
اِسْرَاۗءِيْلُ عَلٰي نَفْسِهٖ مِنْ قَبْلِ اَنْ تُنَزَّلَ التَّوْرٰىةُ ۭ
قُلْ فَاْتُوْا بِالتَّوْرٰىةِ فَاتْلُوْھَآ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ۝٩٣
فَمَنِ افْتَرٰى عَلَي اللّٰهِ الْكَذِبَ مِنْۢ بَعْدِ ذٰلِكَ
فَاُولٰۗىِٕكَ هُمُ الظّٰلِمُوْنَ ۝٩٤ۧ قُلْ صَدَقَ اللّٰهُ ۣ

અપનાવવા માંગે તેની તે રીત કદાપિ સ્વીકારવામાં નહીં આવે અને પરલોક (આખિરત)માં તે નિષ્ફળ નીવડશે.

૮૬. કેવી રીતે બની શકે કે અલ્લાહ તે લોકોને માર્ગદર્શન આપે જેમણે ઈમાનની કૃપા (નેઅમત) પામ્યા પછી ફરીથી કુફ્ર (ઇન્કાર) અપનાવ્યું, જો કે તેઓ પોતે આ વાતની સાક્ષી આપી ચૂકયા છે કે આ રસૂલ સત્ય ઉપર છે અને તેના પાસે સ્પષ્ટ નિશાનીઓ પણ આવી ચૂકી છે. અલ્લાહ અત્યાચારીઓને તો માર્ગદર્શન આપતો નથી.

૮૭. તેમના અત્યાચારોનો સાચો બદલો આ જ છે કે તેમના ઉપર અલ્લાહ અને ફરિશ્તાઓ અને તમામ મુનષ્યોની ફિટકાર છે.

૮૮. આ જ દશામાં તેઓ હંમેશાં રહેશે, ન તેમની સજામાં ઘટાડો થશે અને ન તેમને મહેતલ આપવામાં આવશે.

૮૯. અલબત્ત, તે લોકો બચી જશે જેઓ આ પછી તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) કરીને પોતાનું વર્તન સુધારી લે, અલ્લાહ ક્ષમા આપનાર અને દયાળુ છે.

૯૦. પરંતુ જે લોકોએ ઈમાન લઈ આવ્યા પછી કુફ્ર (ઇન્કાર) અપનાવ્યું, પછી પોતાના કુફ્રમાં વધતા ચાલ્યા ગયા, તેમની તૌબા કદાપિ સ્વીકારવામાં આવશે નહીં, એવા લોકો તો તદ્દન પથભ્રષ્ટ છે.

૯૧. વિશ્વાસ રાખો, જે લોકોએ કુફ્ર અપનાવ્યું અને કુફ્રની સ્થિતિમાં મૃત્યુ પામ્યા તેમનામાંથી કોઈ જો પોતાને સજામાંથી બચાવવા માટે ધરતીભર સોનું ફિદયા (બદલા) તરીકે આપે તો તે સ્વીકારવામાં આવશે નહીં. એવા લોકો માટે પીડાકારી સજા તૈયાર છે અને તેઓ પોતાના કોઈ મદદગાર નહીં મેળવી શકે. (રુકૂઅ-૯)

૯૨. તમે નેકી (ઉચ્ચતમ્ સદાચાર)ને પહોંચી શકતા નથી જ્યાં સુધી તમારી તે વસ્તુઓ (અલ્લાહના માર્ગમાં) ખર્ચ ન કરો જેને તમે પ્રિય રાખો છો, અને જે કંઈ તમે ખર્ચ કરશો અલ્લાહ તેનાથી અજાણ નહીં હોય.

૯૩. આ બધી ખાદ્ય વસ્તુઓ (જે શરીઅતે મુહમ્મદી અર્થાત્ ઈસ્લામી કાનૂનમાં હલાલ છે) ઈસરાઈલના સંતાનો માટે પણ હલાલ (વૈધ) હતી, અલબત્ત કેટલીક વસ્તુઓ એવી હતી જેને તૌરાતના અવતરણ પહેલાં ઈસરાઈલે (હઝરત યાકૂબે) પોતે પોતાના માટે હરામ કરી લીધી હતી. તેમને કહો, જો તમે (તમારા વાંધામાં) સાચા હોવ તો લાવો તૌરાત અને રજૂ કરો તેનું લખાણ –

૯૪. આના પછી પણ જે લોકો તેમની જૂઠી ઘડી કાઢેલી વાતો અલ્લાહના સાથે જોડતા રહે, તેઓ જ હકીકતમાં અત્યાચારીઓ છે.

فَاتَّبِعُوۡا مِلَّةَ اِبۡرٰهِيۡمَ حَنِيۡفًا ؕ وَمَا كَانَ مِنَ
الۡمُشۡرِكِيۡنَ ﴿۹۵﴾ اِنَّ اَوَّلَ بَيۡتٍ وُّضِعَ لِلنَّاسِ لَلَّذِىۡ
بِبَكَّةَ مُبٰرَكًا وَّهُدًى لِّلۡعٰلَمِيۡنَ ﴿۹۶﴾ فِيۡهِ اٰيٰتٌ
بَيِّنٰتٌ مَّقَامُ اِبۡرٰهِيۡمَ ۚ وَمَنۡ دَخَلَهٗ كَانَ اٰمِنًا ؕ
وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الۡبَيۡتِ مَنِ اسۡتَطَاعَ اِلَيۡهِ
سَبِيۡلًا ؕ وَمَنۡ كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِىٌّ عَنِ الۡعٰلَمِيۡنَ ﴿۹۷﴾
قُلۡ يٰۤاَهۡلَ الۡكِتٰبِ لِمَ تَكۡفُرُوۡنَ بِاٰيٰتِ اللّٰهِ ۖۗ
وَاللّٰهُ شَهِيۡدٌ عَلٰى مَا تَعۡمَلُوۡنَ ﴿۹۸﴾ قُلۡ يٰۤاَهۡلَ
الۡكِتٰبِ لِمَ تَصُدُّوۡنَ عَنۡ سَبِيۡلِ اللّٰهِ مَنۡ اٰمَنَ
تَبۡغُوۡنَهَا عِوَجًا وَّاَنۡتُمۡ شُهَدَآءُ ؕ وَمَا اللّٰهُ
بِغَافِلٍ عَمَّا تَعۡمَلُوۡنَ ﴿۹۹﴾ يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا
اِنۡ تُطِيۡعُوۡا فَرِيۡقًا مِّنَ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ يَرُدُّوۡكُمۡ
بَعۡدَ اِيۡمَانِكُمۡ كٰفِرِيۡنَ ﴿۱۰۰﴾ وَكَيۡفَ تَكۡفُرُوۡنَ وَ
اَنۡتُمۡ تُتۡلٰى عَلَيۡكُمۡ اٰيٰتُ اللّٰهِ وَفِيۡكُمۡ رَسُوۡلُهٗ ؕ
وَمَنۡ يَّعۡتَصِمۡ بِاللّٰهِ فَقَدۡ هُدِىَ اِلٰى صِرَاطٍ
مُّسۡتَقِيۡمٍ ﴿۱۰۱﴾ يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ حَقَّ ع ١٠
تُقٰتِهٖ وَلَا تَمُوۡتُنَّ اِلَّا وَاَنۡتُمۡ مُّسۡلِمُوۡنَ ﴿۱۰۲﴾ وَاعۡتَصِمُوۡا
بِحَبۡلِ اللّٰهِ جَمِيۡعًا وَّلَا تَفَرَّقُوۡا ۖ وَاذۡكُرُوۡا نِعۡمَتَ
اللّٰهِ عَلَيۡكُمۡ اِذۡ كُنۡتُمۡ اَعۡدَآءً فَاَلَّفَ بَيۡنَ قُلُوۡبِكُمۡ

૯૫. કહો, અલ્લાહે જે કંઈ ફરમાવ્યું છે, સાચું ફરમાવ્યું છે. તમારે એકાગ્ર થઈને ઈબ્રાહીમની પદ્ધતિનું અનુસરણ કરવું જોઈએ અને ઈબ્રાહીમ શિર્ક કરનારાઓમાંથી (અનેકેશ્વરવાદીઓમાંથી) ન હતો.

૯૬. નિઃશંક સૌપ્રથમ ઉપાસના-ગૃહ, જે મનુષ્યો માટે બનાવવામાં આવ્યું, તે એ જ છે જે મક્કામાં આવેલું છે. તેને ભલાઈ અને બરકત (સમૃધ્ધિ અને ઉન્નતિ) આપવામાં આવી હતી અને સમગ્ર વિશ્વના લોકો માટે માર્ગદર્શનનું કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું.

૯૭. તેમાં સ્પષ્ટ નિશાનીઓ છે, મકામે ઈબ્રાહીમ (ઈબ્રાહીમનું બંદગીનું સ્થળ) છે, અને તેની સ્થિતિ એ છે કે જેણે તેમાં પ્રવેશ કર્યો સુરક્ષિત થઈ ગયો. લોકો પર અલ્લાહનો એ હક્ક છે કે જે આ ઘર સુધી પહોંચવાનું સામર્થ્ય ધરાવતો હોય તે આ ઘરની હજ્જ કરે, અને જે કોઈ આ આદેશનું પાલન કરવાનો ઈન્કાર કરે તો તેણે જાણી લેવું જોઈએ કે અલ્લાહ તમામ જગતવાસીઓથી બેનિયાઝ (નિરપેક્ષ) છે.

૯૮. કહો, હે ગ્રંથવાળાઓ ! તમે શા માટે અલ્લાહની વાતો માનવાનો ઈન્કાર કરો છો ? જે કૃત્યો તમે કરી રહ્યો છો, અલ્લાહ બધું જ જોઈ રહ્યો છે.

૯૯. કહો, હે ગ્રંથવાળાઓ ! આ તમારું કેવું વર્તન છે કે જે અલ્લાહની વાત માને છે તેને પણ તમે અલ્લાહના માર્ગથી રોકો છો અને ઈચ્છો છો કે તે આડ-માર્ગે ચાલે, જો તમે પોતે (તેના સીધા માર્ગ હોવા વિષે) સાક્ષી છો ? તમારા કૃત્યોથી અલ્લાહ અજાણ નથી.

૧૦૦. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જો તમે આ ગ્રંથવાળાઓમાંથી એક જૂથની વાત માની તો તેઓ તમને ઈમાનથી ફરી કુફ્ર (અધર્મ) તરફ ફેરવીને લઈ જશે.

૧૦૧. હવે તમારા માટે કુફ્ર તરફ જવાનો શું મોકો બાકી રહ્યો છે, જ્યારે કે તમને અલ્લાહની આયતો સંભળાવવામાં આવી રહી છે અને તમારા વચ્ચે તેનો પયગંબર મોજૂદ છે ? જે અલ્લાહના દામન (શરણ)ને મજબૂતીથી પકડીને રહેશે, તે ચોક્કસ સન્માર્ગ પામી લેશે. (રુકૂઅ-૧૦)

૧૦૨. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહથી ડરો, જે પ્રમાણે તેનાથી ડરવાનો હક છે. તમને મૃત્યુ ન આવે, પરંતુ એ હાલતમાં કે તમે મુસ્લિમ (આજ્ઞાંકિત) હોવ.

૧૦૩. સૌ ભેગા મળીને અલ્લાહની રસ્સી (ઈસ્લામ)ને દૃઢતાપૂર્વક પકડી લો અને વિભાજિત ન થઈ જાવ. અલ્લાહના તે ઉપકારને યાદ રાખો જે

فَاَصۡبَحۡتُمۡ بِنِعۡمَتِهٖۤ اِخۡوَانًا ۚ وَكُنۡتُمۡ عَلٰى شَفَا حُفۡرَةٍ
مِّنَ النَّارِ فَاَنۡقَذَكُمۡ مِّنۡهَا ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمۡ
اٰيٰتِهٖ لَعَلَّكُمۡ تَهۡتَدُوۡنَ ﴿۱۰۳﴾ وَلۡتَكُنۡ مِّنۡكُمۡ اُمَّةٌ
يَّدۡعُوۡنَ اِلَى الۡخَيۡرِ وَيَاۡمُرُوۡنَ بِالۡمَعۡرُوۡفِ وَيَنۡهَوۡنَ
عَنِ الۡمُنۡكَرِ ؕ وَاُولٰٓئِكَ هُمُ الۡمُفۡلِحُوۡنَ ﴿۱۰۴﴾ وَلَا تَكُوۡنُوۡا
كَالَّذِيۡنَ تَفَرَّقُوۡا وَاخۡتَلَفُوۡا مِنۡۢ بَعۡدِ مَا جَآءَهُمُ
الۡبَيِّنٰتُ ؕ وَاُولٰٓئِكَ لَهُمۡ عَذَابٌ عَظِيۡمٌ ﴿۱۰۵﴾ ۙ يَّوۡمَ
تَبۡيَضُّ وُجُوۡهٌ وَّتَسۡوَدُّ وُجُوۡهٌ ۚ فَاَمَّا الَّذِيۡنَ
اسۡوَدَّتۡ وُجُوۡهُهُمۡ ۚ اَكَفَرۡتُمۡ بَعۡدَ اِيۡمَانِكُمۡ
فَذُوۡقُوا الۡعَذَابَ بِمَا كُنۡتُمۡ تَكۡفُرُوۡنَ ﴿۱۰۶﴾ وَاَمَّا
الَّذِيۡنَ ابۡيَضَّتۡ وُجُوۡهُهُمۡ فَفِىۡ رَحۡمَةِ اللّٰهِ ؕ
هُمۡ فِيۡهَا خٰلِدُوۡنَ ﴿۱۰۷﴾ تِلۡكَ اٰيٰتُ اللّٰهِ نَتۡلُوۡهَا
عَلَيۡكَ بِالۡحَـقِّ ؕ وَمَا اللّٰهُ يُرِيۡدُ ظُلۡمًا لِّلۡعٰلَمِيۡنَ ﴿۱۰۸﴾
وَلِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ ؕ وَاِلَى اللّٰهِ
تُرۡجَعُ الۡاُمُوۡرُ ﴿۱۰۹﴾ ع كُنۡتُمۡ خَيۡرَ اُمَّةٍ اُخۡرِجَتۡ ع ۸
لِلنَّاسِ تَاۡمُرُوۡنَ بِالۡمَعۡرُوۡفِ وَتَنۡهَوۡنَ عَنِ الۡمُنۡكَرِ
وَتُؤۡمِنُوۡنَ بِاللّٰهِ ؕ وَلَوۡ اٰمَنَ اَهۡلُ الۡكِتٰبِ لَكَانَ
خَيۡرًا لَّهُمۡ ؕ مِنۡهُمُ الۡمُؤۡمِنُوۡنَ وَاَكۡثَرُهُمُ الۡفٰسِقُوۡنَ ﴿۱۱۰﴾
لَنۡ يَّضُرُّوۡكُمۡ اِلَّاۤ اَذًى ؕ وَاِنۡ يُّقَاتِلُوۡكُمۡ يُوَلُّوۡكُمُ منزل ۱

તેણે તમારા ઉપર કર્યો છે. તમે એક-બીજાના શત્રુ હતા, તેણે તમારા હૃદય જોડી દીધા અને તેની કૃપાથી તમે ભાઈ-ભાઈ બની ગયા. તમે આગથી ભરેલા એક ખાડાના કિનારે ઊભા હતા, અલ્લાહે તમને તેનાથી બચાવી લીધા. આવી રીતે અલ્લાહ પોતાની નિશાનીઓ તમારા સામે સ્પષ્ટ કરે છે. કદાચ આ નિશાનીઓથી તમને પોતાની સફળતાનો સીધો માર્ગ દેખાઈ આવે.

૧૦૪. તમારામાંથી કેટલાક લોકો તો એવા જરૂર હોવા જોઈએ જેઓ નેકી (સદાચાર) તરફ બોલાવે, ભલાઈની આજ્ઞા આપે અને બૂરાઈઓથી રોકતા રહે. જે લોકો આ કામ કરશે, તેઓ જ સફળતા પામશે.

૧૦૫. ક્યાંક તમે તે લોકોના જેવા ન થઈ જતા જેઓ પંથોમાં વહેંચાઈ ગયા અને સ્પષ્ટ આદેશો મેળવ્યા પછી ફરી મતભેદોમાં પડી ગયા. જેમણે આ વલણ અપનાવ્યું, તેઓ તે દિવસે સખત સજા પામશે,

૧૦૬. જ્યારે કે કેટલાક લોકોના ચહેરા ઉજ્જવળ હશે અને કેટલાક લોકોના મોઢાં કાળા હશે. જેમના મોઢાં કાળા હશે (તેમને કહેવામાં આવશે કે) ઈમાનની કૃપા (નેઅમત) પામ્યા પછી પણ તમે કુફ્ર (કૃતઘ્નતા, ઈન્કાર)નું વલણ અપનાવ્યું ? સારું, તો હવે આ કુફ્રના બદલામાં સજાની મજા માણો.

૧૦૭. રહ્યા તે લોકો જેમના ચહેરા ઉજ્જવળ હશે, તો તેમને અલ્લાહની કૃપાની છત્ર-છાયામાં જગ્યા મળશે અને તેઓ હંમેશાં એ જ સ્થિતિમાં રહેશે.

૧૦૮. આ અલ્લાહના આદેશો છે જે અમે તમને ચોક્સાઈપૂર્વક સંભળાવી રહ્યા છીએ, કેમ કે અલ્લાહ જગતવાસીઓ ઉપર અત્યાચાર કરવાનો કોઈ ઇરાદો ધરાવતો નથી.

૧૦૯. ધરતી અને આકાશોની સર્વ વસ્તુઓનો માલિક અલ્લાહ છે અને બધા જ મામલાઓ અલ્લાહ સમક્ષ જ રજૂ થાય છે. (રુકૂઅ-૧૧)

૧૧૦. હવે દુનિયામાં તે ઉત્તમ સમુદાય તમે છો, જેને મનુષ્યોના માર્ગદર્શન અને સુધારણા માટે મેદાનમાં લાવવામાં આવેલ છે. તમે ભલાઈની આજ્ઞા આપો છો, બૂરાઈથી રોકો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો. આ ગ્રંથવાળાઓ ઈમાન લાવ્યા હોત તો તેમના જ હિતમાં વધુ સારું હતું. જો કે તેમનામાંથી કેટલાક લોકો ઈમાનદાર પણ જોવા મળે છે, પરંતુ તેમના મોટા ભાગના લોકો અવજ્ઞાકારી છે.

૧૧૧. આ તમારું કશું બગાડી શકતા નથી, વધુમાં વધુ માત્ર થોડી સતામણી

الْاَدْبَارَ قف ثُمَّ لَا يُنْصَرُوْنَ ﴿۱۱۱﴾ ضُرِبَتْ عَلَيْهِمُ
الذِّلَّةُ اَيْنَ مَا ثُقِفُوْٓا اِلَّا بِحَبْلٍ مِّنَ اللّٰهِ وَحَبْلٍ
مِّنَ النَّاسِ وَبَآءُوْ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَضُرِبَتْ
عَلَيْهِمُ الْمَسْكَنَةُ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ كَانُوْا يَكْفُرُوْنَ
بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ الْاَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ ؕ ذٰلِكَ
بِمَا عَصَوْا وَّكَانُوْا يَعْتَدُوْنَ ﴿۱۱۲﴾ لَيْسُوْا سَوَآءً ؕ مِنْ
اَهْلِ الْكِتٰبِ اُمَّةٌ قَآئِمَةٌ يَّتْلُوْنَ اٰيٰتِ اللّٰهِ اٰنَآءَ
الَّيْلِ وَهُمْ يَسْجُدُوْنَ ﴿۱۱۳﴾ يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ
الْاٰخِرِ وَيَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ
الْمُنْكَرِ وَيُسَارِعُوْنَ فِى الْخَيْرٰتِ ؕ وَاُولٰٓئِكَ مِنَ
الصّٰلِحِيْنَ ﴿۱۱۴﴾ وَمَا يَفْعَلُوْا مِنْ خَيْرٍ فَلَنْ يُّكْفَرُوْهُ ؕ
وَاللّٰهُ عَلِيْمٌۢ بِالْمُتَّقِيْنَ ﴿۱۱۵﴾ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا لَنْ
تُغْنِىَ عَنْهُمْ اَمْوَالُهُمْ وَلَآ اَوْلَادُهُمْ مِّنَ اللّٰهِ
شَيْـًٔا ؕ وَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۱۱۶﴾
مَثَلُ مَا يُنْفِقُوْنَ فِىْ هٰذِهِ الْحَيٰوةِ الدُّنْيَا كَمَثَلِ
رِيْحٍ فِيْهَا صِرٌّ اَصَابَتْ حَرْثَ قَوْمٍ ظَلَمُوْٓا
اَنْفُسَهُمْ فَاَهْلَكَتْهُ ؕ وَمَا ظَلَمَهُمُ اللّٰهُ وَلٰكِنْ
اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿۱۱۷﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا
بِطَانَةً مِّنْ دُوْنِكُمْ لَا يَاْلُوْنَكُمْ خَبَالًا ؕ وَدُّوْا

કરી શકે છે. જો આ તમારા સાથે લડે તો મુકાબલો કરતી વખતે પીઠ દેખાડશે, પછી એવા લાચાર હશે કે ક્યાંયથી એમને મદદ નહીં મળે.

૧૧૨. તેઓ જ્યાં પણ જોવા મળ્યા, અપમાનની માર પડી, ક્યાંક અલ્લાહનો આશરો અથવા મનુષ્યોનું શરણ મળી ગયું તો તે બીજી વાત છે. તેઓ અલ્લાહના પ્રકોપમાં ઘેરાઈ ચૂક્યા છે, તેમના ઉપર લાચારી અને પરાધીનતા થોપી દેવામાં આવેલ છે અને આ બધું માત્ર તે કારણસર થયું કે તેઓ અલ્લાહની આયતોનો ઈન્કાર કરતા રહ્યા અને તેમણે પયગંબરોને નાહક કતલ કર્યા. આ તેમની અવજ્ઞાઓ અને અત્યાચારોનું પરિણામ છે.

૧૧૩. પરંતુ બધા ગ્રંથવાળા સરખાં નથી. તેમનામાં કેટલાક લોકો એવા પણ છે જેઓ સીધા માર્ગ ઉપર કાયમ છે, રાત્રિઓમાં અલ્લાહની આયતો પઢે છે અને તેના સમક્ષ સિજદો કરે છે,

૧૧૪. અલ્લાહ અને આખિરત (પરલોક)ના દિવસ પર ઈમાન ધરાવે છે, ભલાઈની આજ્ઞા આપે છે, બૂરાઈઓથી રોકે છે અને ભલાઈના કામોમાં સક્રિય રહે છે. આ સદાચારી લોકો છે,

૧૧૫. અને જે સત્કર્મ પણ તેઓ કરશે તેની ઉપેક્ષા નહીં કરવામાં આવે. અલ્લાહ સંયમી લોકોને સારી રીતે જાણે છે.

૧૧૬. રહ્યા તે લોકો જેમણે કુફ્રનું વલણ અપનાવ્યું તો અલ્લાહ સામે તેમને ન તેમનું ધન કોઈ કામ આપશે, ન સંતાન, તેઓ તો આગમાં જનારા લોકો છે અને આગમાં જ હંમેશાં રહેશે.

૧૧૭. જે કંઈ તેઓ પોતાના આ દુનિયાના જીવનમાં ખર્ચ કરી રહ્યા છે તેનું ઉદાહરણ તે હવા જેવું છે જેમાં હિમ હોય અને તે એ લોકોના ખેતરો ઉપરથી પસાર થાય, જેમણે પોતાના ઉપર પોતે અત્યાચાર કર્યો છે અને તેને નષ્ટ કરી મૂકે. અલ્લાહે તેમના ઉપર અત્યાચાર નથી કર્યો, હકીકતમાં તેઓ પોતે જ પોતાના ઉપર અત્યાચાર કરી રહ્યા છે.

૧૧૮. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તમારા પોતાના લોકો સિવાય બીજાઓને તમારા રહસ્યમાં ભાગીદાર ન બનાવો. તેઓ તમને

مَا عَنِتُّمْ ۚ قَدْ بَدَتِ الْبَغْضَآءُ مِنْ اَفْوَاهِهِمْ ۖۚ
وَمَا تُخْفِيْ صُدُوْرُهُمْ اَكْبَرُ ؕ قَدْ بَيَّنَّا لَكُمُ
الْاٰيٰتِ اِنْ كُنْتُمْ تَعْقِلُوْنَ ﴿۱۱۸﴾ هٰۤاَنْتُمْ اُولَآءِ
تُحِبُّوْنَهُمْ وَلَا يُحِبُّوْنَكُمْ وَتُؤْمِنُوْنَ بِالْكِتٰبِ
كُلِّهٖ ۚ وَاِذَا لَقُوْكُمْ قَالُوْۤا اٰمَنَّا ۖۚ وَاِذَا خَلَوْا عَضُّوْا
عَلَيْكُمُ الْاَنَامِلَ مِنَ الْغَيْظِ ؕ قُلْ مُوْتُوْا بِغَيْظِكُمْ ؕ
اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿۱۱۹﴾ اِنْ تَمْسَسْكُمْ
حَسَنَةٌ تَسُؤْهُمْ ۫ وَاِنْ تُصِبْكُمْ سَيِّئَةٌ يَّفْرَحُوْا
بِهَا ؕ وَاِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا لَا يَضُرُّكُمْ كَيْدُهُمْ
شَيْـًٔا ؕ اِنَّ اللّٰهَ بِمَا يَعْمَلُوْنَ مُحِيْطٌ ﴿۱۲۰﴾ وَاِذْ غَدَوْتَ ع ۱۲ ۲
مِنْ اَهْلِكَ تُبَوِّئُ الْمُؤْمِنِيْنَ مَقَاعِدَ لِلْقِتَالِ ؕ
وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۱۲۱﴾ اِذْ هَمَّتْ طَّآئِفَتٰنِ مِنْكُمْ
اَنْ تَفْشَلَا ۙ وَاللّٰهُ وَلِيُّهُمَا ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ
الْمُؤْمِنُوْنَ ﴿۱۲۲﴾ وَلَقَدْ نَصَرَكُمُ اللّٰهُ بِبَدْرٍ وَّ
اَنْتُمْ اَذِلَّةٌ ۚ فَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿۱۲۳﴾
اِذْ تَقُوْلُ لِلْمُؤْمِنِيْنَ اَلَنْ يَّكْفِيَكُمْ اَنْ يُّمِدَّكُمْ
رَبُّكُمْ بِثَلٰثَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُنْزَلِيْنَ ﴿۱۲۴﴾ ؕ
بَلٰۤى ۙ اِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا وَيَاْتُوْكُمْ مِّنْ فَوْرِهِمْ
هٰذَا يُمْدِدْكُمْ رَبُّكُمْ بِخَمْسَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ منزل ۱

નુકસાન પહોંચાડતી કોઈ તકનો લાભ લેવાનું ચૂકતા નથી. તમને જે વસ્તુથી નુકસાન થાય તે જ તેમને પ્રિય છે. તેમના હૃદયનો દ્વેષ તેમની વાતોમાંથી છતો થાય છે, અને જે કંઈ તેઓ તેમના હૃદયમાં છુપાવી રહ્યા છે તે તેનાથી વધુ (ખરાબ) છે. અમે તમને તદ્દન સ્પષ્ટ આદેશો આપી દીધા છે. જો તમે સમજો તો (તમે તેમના સાથે સંબંધ રાખવામાં સાવચેતી દાખવશો).

૧૧૯. તમે તેમની સાથે પ્રેમ રાખો છો, પરંતુ તેઓ તમારા સાથે પ્રેમ રાખતા નથી, જો કે તમે બધા જ આકાશી ગ્રંથોમાં માનો છો. જ્યારે તેઓ તમને મળે છે તો કહે છે કે અમે પણ (તમારા રસૂલ અને તમારા ગ્રંથને) માની લીધા છે, પરંતુ જ્યારે છૂટા પડે છે તો તમારા વિરુધ્ધ તેમનો ક્રોધ અને પ્રકોપ એવો હોય છે કે પોતાના આંગળા ચાવવા લાગે છે – તેમને કહી દો કે પોતાના ગુસ્સામાં પોતે બળી મરો. અલ્લાહ હૃદયોમાં છુપાયેલા રહસ્યો સુધ્ધાં જાણે છે.

૧૨૦. – તમારું ભલું થાય છે તો તેમને ખરાબ લાગે છે, અને તમારા ઉપર કોઈ આફત આવે છે તો તેઓ ખુશ થાય છે, પરંતુ તેમની કોઈ યુક્તિ તમારા વિરુધ્ધ સફળ થઈ શકતી નથી, એ શરતે કે તમે ધૈર્ય દાખવો અને અલ્લાહથી ડરીને કામ કરતા રહો. જે કંઈ તેઓ કરી રહ્યા છે, અલ્લાહ તેના ઉપર કાબૂ ધરાવે છે. (રુકૂઅ-૧૨)

૧૨૧. (હે પયગંબર ! મુસલમાનો સમક્ષ તે પ્રસંગનું વર્ણન કરો) જ્યારે તમે વહેલી સવારમાં પોતાના ઘરેથી નીકળ્યા હતા અને (ઉહદના મેદાનમાં) મુસલમાનોને યુદ્ધ માટે ઠેર-ઠેર નિયુક્ત કરી રહ્યા હતા. અલ્લાહ બધી વાતો સાંભળે છે અને તે ખૂબ માહિતગાર છે.

૧૨૨. યાદ કરો જ્યારે તમારામાંથી બે જૂથો કાયરતા દર્શાવવા પર આવી ગયા હતા, જો કે અલ્લાહ તેમની મદદમાં મોજૂદ હતો અને ઈમાનવાળાઓએ અલ્લાહ પર જ ભરોસો રાખવો જોઈએ,

૧૨૩. છેવટે આ પહેલાં બદ્રના યુદ્ધમાં અલ્લાહ તમારી મદદ કરી ચૂક્યો હતો, જો કે તે વખતે તમે ખૂબ નિર્બળ હતા, આથી તમારે અલ્લાહના કૃતઘ્ન થવાથી બચવું જોઈએ, આશા છે કે હવે તમે કૃતજ્ઞ બનશો.

૧૨૪. હે નબી ! યાદ કરો જ્યારે તમે ઈમાનવાળાઓને કહી રહ્યા હતા, ''શું તમારા માટે આ વાત પૂરતી નથી કે અલ્લાહ ત્રણ હજાર ફરિશ્તાઓ ઉતારીને તમારી મદદ કરે ?''

૧૨૫. –નિઃશંક, જો તમે ધૈર્ય રાખો અને ખુદાનો ડર રાખીને કામ કરો તો જે ક્ષણે શત્રુઓ તમારા ઉપર હુમલો લઈ આવશે, તે જ ક્ષણે તમારો રબ (ત્રણ હજાર

الربع

مُسَوِّمِيْنَ ۝١٢٥ وَمَا جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى لَكُمْ
وَلِتَطْمَئِنَّ قُلُوْبُكُمْ بِهٖ ؕ وَمَا النَّصْرُ اِلَّا مِنْ
عِنْدِ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ۝١٢٦ لِيَقْطَعَ طَرَفًا مِّنَ
الَّذِيْنَ كَفَرُوْٓا اَوْ يَكْبِتَهُمْ فَيَنْقَلِبُوْا خَآئِبِيْنَ ۝١٢٧
لَيْسَ لَكَ مِنَ الْاَمْرِ شَيْءٌ اَوْ يَتُوْبَ عَلَيْهِمْ اَوْ
يُعَذِّبَهُمْ فَاِنَّهُمْ ظٰلِمُوْنَ ۝١٢٨ وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ
وَمَا فِي الْاَرْضِ ؕ يَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ
ع ١٣ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝١٢٩ يٰٓاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوْا لَا تَاْكُلُوا الرِّبٰوٓا اَضْعَافًا مُّضٰعَفَةً ۠ وَّاتَّقُوا
اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝١٣٠ وَاتَّقُوا النَّارَ الَّتِيْٓ اُعِدَّتْ
لِلْكٰفِرِيْنَ ۝١٣١ وَاَطِيْعُوا اللّٰهَ وَالرَّسُوْلَ لَعَلَّكُمْ
تُرْحَمُوْنَ ۝١٣٢ وَسَارِعُوْٓا اِلٰى مَغْفِرَةٍ مِّنْ رَّبِّكُمْ
وَجَنَّةٍ عَرْضُهَا السَّمٰوٰتُ وَالْاَرْضُ ۙ اُعِدَّتْ
لِلْمُتَّقِيْنَ ۝١٣٣ الَّذِيْنَ يُنْفِقُوْنَ فِي السَّرَّآءِ وَ
الضَّرَّآءِ وَالْكٰظِمِيْنَ الْغَيْظَ وَالْعَافِيْنَ
عَنِ النَّاسِ ؕ وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ۝١٣٤ وَالَّذِيْنَ
اِذَا فَعَلُوْا فَاحِشَةً اَوْ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ ذَكَرُوا
اللّٰهَ فَاسْتَغْفَرُوْا لِذُنُوْبِهِمْ ۠ وَمَنْ يَّغْفِرُ
منزل ١ الذُّنُوْبَ اِلَّا اللّٰهُ ۫ وَلَمْ يُصِرُّوْا عَلٰى مَا فَعَلُوْا

નહીં) પાંચ હજાર નિશાનીવાળા ફરિશ્તાઓ વડે તમારી મદદ કરશે.

૧૨૬. આ વાત તમને અલ્લાહે એટલા માટે બતાવી દીધી છે કે તમે ખુશ થઈ જાઓ અને તમારા હૃદયો સંતુષ્ટ થઈ જાય. વિજય અને મદદ જે કંઈ પણ છે અલ્લાહ તરફથી છે, જે અત્યંત શક્તિશાળી અને તત્ત્વદર્શી છે.

૧૨૭. (અને આ મદદ તે તમને એટલા માટે આપશે) જેથી કુફ્રના રસ્તે ચાલનારાઓની એક બાજુ કાપી નાખે, અથવા તેમને એવો અપમાનજનક પરાજય આપે કે તેઓ નિષ્ફળ થઈ પીછેહઠ કરે.

૧૨૮. (હે પયગંબર !) નિર્ણય કરવાના અધિકારોમાં તમારો કોઈ હિસ્સો નથી, અલ્લાહને અધિકાર છે, ચાહે તેમને માફ કરે, ચાહે સજા આપે. કારણ કે તેઓ અત્યાચારીઓ છે.

૧૨૯. ધરતી અને આકાશોમાં જે કંઈ છે તેનો માલિક અલ્લાહ છે, જેને ચાહે માફી પ્રદાન કરે અને જેને ચાહે સજા આપે, તે ક્ષમા આપનાર અને દયાળુ છે. (રુકૂઅ-૧૩)

૧૩૦. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આ બમણું અને ચોગણું વ્યાજ ખાવાનું છોડી દો અને અલ્લાહથી ડરો, આશા છે કે સફળતા પામશો.

૧૩૧. તે આગથી બચો જે કાફિરો (ઇન્કાર કરનારાઓ) માટે તૈયાર કરવામાં આવી છે.

૧૩૨. અલ્લાહ અને રસૂલનું આજ્ઞાપાલન કરો, આશા છે કે તમારા ઉપર દયા કરવામાં આવશે.

૧૩૩. દોડી પડો તે માર્ગ ઉપર જે તમારા રબની બક્ષિસ (ક્ષમા અને મુક્તિ) અને તે જન્નત (સ્વર્ગ) તરફ જાય છે, જેની વિશાળતા ધરતી અને આકાશો જેવી છે અને તે એ અલ્લાહથી ડરનારા લોકો માટે તૈયાર કરવામાં આવી છે

૧૩૪. જેઓ દરેક હાલતમાં પોતાનું ધન ખર્ચ કરે છે, ચાહે ખરાબ હાલતમાં હોય કે સારી હાલતમાં, જેઓ ગુસ્સાને પી જાય છે અને બીજાઓની ભૂલોને માફ કરી દે છે – આવા નેક (સદાચારી) લોકો અલ્લાહને ખૂબ પ્રિય છે.

૧૩૫. અને જેમની હાલત એ છે કે જો ક્યારેક કોઈ અશ્લીલ કામ તેમનાથી થઈ જાય છે અથવા કોઈ ગુનાનું આચરણ કરી પોતાના ઉપર અત્યાચાર કરી બેસે છે તો તરત અલ્લાહ તેમને યાદ આવી જાય છે અને તેના પાસે તેઓ પોતાની ભૂલોની માફી માગે છે – કેમ કે અલ્લાહ સિવાય

وَهُمْ يَعْلَمُوْنَ ﴿١٣٥﴾ اُولٰٓئِكَ جَزَآؤُهُمْ مَّغْفِرَةٌ
مِّنْ رَّبِّهِمْ وَجَنّٰتٌ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ
خٰلِدِيْنَ فِيْهَا ؕ وَنِعْمَ اَجْرُ الْعٰمِلِيْنَ ﴿١٣٦﴾ قَدْ
خَلَتْ مِنْ قَبْلِكُمْ سُنَنٌ ۙ فَسِيْرُوْا فِي الْاَرْضِ
فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ ﴿١٣٧﴾ هٰذَا
بَيَانٌ لِّلنَّاسِ وَهُدًى وَّمَوْعِظَةٌ لِّلْمُتَّقِيْنَ ﴿١٣٨﴾
وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ﴿١٣٩﴾ اِنْ يَّمْسَسْكُمْ قَرْحٌ فَقَدْ مَسَّ الْقَوْمَ
قَرْحٌ مِّثْلُهٗ ؕ وَتِلْكَ الْاَيَّامُ نُدَاوِلُهَا بَيْنَ النَّاسِ ۚ
وَلِيَعْلَمَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَيَتَّخِذَ مِنْكُمْ شُهَدَآءَ ؕ
وَاللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿١٤٠﴾ ۙ وَلِيُمَحِّصَ اللّٰهُ الَّذِيْنَ
اٰمَنُوْا وَيَمْحَقَ الْكٰفِرِيْنَ ﴿١٤١﴾ اَمْ حَسِبْتُمْ اَنْ تَدْخُلُوا
الْجَنَّةَ وَلَمَّا يَعْلَمِ اللّٰهُ الَّذِيْنَ جٰهَدُوْا مِنْكُمْ
وَيَعْلَمَ الصّٰبِرِيْنَ ﴿١٤٢﴾ وَلَقَدْ كُنْتُمْ تَمَنَّوْنَ الْمَوْتَ
مِنْ قَبْلِ اَنْ تَلْقَوْهُ ۠ فَقَدْ رَاَيْتُمُوْهُ وَاَنْتُمْ
ع تَنْظُرُوْنَ ﴿١٤٣﴾ ع وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ ۚ قَدْ خَلَتْ
مِنْ قَبْلِهِ الرُّسُلُ ؕ اَفَا۟ئِنْ مَّاتَ اَوْ قُتِلَ انْقَلَبْتُمْ
عَلٰٓى اَعْقَابِكُمْ ؕ وَمَنْ يَّنْقَلِبْ عَلٰى عَقِبَيْهِ فَلَنْ
يَّضُرَّ اللّٰهَ شَيْئًا ؕ وَسَيَجْزِي اللّٰهُ الشّٰكِرِيْنَ ﴿١٤٤﴾

બીજો કોણ છે જે ગુના માફ કરી શકતો હોય – અને તેઓ જાણી-સમજીને પોતાના આચરણ ઉપર દુરાગ્રહ કરતા નથી.

૧૩૬. આવા લોકોનો બદલો તેમના રબના પાસે એ છે કે તે તેમને ક્ષમા કરી દેશે અને એવા બાગોમાં તેમને દાખલ કરશે જેમની નીચે નહેરો વહેતી હશે અને ત્યાં તેઓ હંમેશા રહેશે. કેવો સુંદર બદલો છે સદ્કાર્યો કરનારાઓ માટે !

૧૩૭. તમારા પહેલાં ઘણાં યુગો પસાર થઈ ચૂક્યા છે. ધરતી ઉપર હરી-ફરીને જોઈ લો કે તે લોકોનું શું પરિણામ આવ્યું જેમણે (અલ્લાહના આદેશો અને માર્ગદર્શનને) ખોટા ઠેરવ્યાં.

૧૩૮. લોકો માટે આ એક સ્પષ્ટ ચેતવણી છે અને જેઓ અલ્લાહથી ડરતા હોય તેમના માટે માર્ગદર્શન અને શિખામણ.

૧૩૯. નાસીપાસ ન થાવ, દુઃખી ન થાવ, તમે જ વર્ચસ્વ પ્રાપ્ત કરશો જો તમે ઈમાનવાળા હોવ.

૧૪૦. અત્યારે જો તમને ઘા લાગ્યો છે તો આ પહેલાં આવો જ ઘા તમારા વિરોધી પક્ષને પણ લાગી ચૂકયો છે. આ તો જમાનાની ચડતી-પડતી છે જેમને અમે લોકોની વચ્ચે ફેરવ્યા કરીએ છીએ. તમારા ઉપર આ સમય એટલા માટે લાવવામાં આવ્યો કે અલ્લાહ જોવા માગતો હતો કે તમારામાંથી સાચા ઈમાનવાળા કોણ છે, અને તે લોકોને ચૂંટી કાઢવા માગતો હતો જેઓ હકીકતમાં (સત્યના) સાક્ષી હોય – કેમ કે અત્યાચારી લોકો અલ્લાહને પસંદ નથી.

૧૪૧. અને તે આ કસોટી દ્વારા ઈમાનવાળાઓને જુદા તારવીને કાફિરો (શત્રુઓ)ને કચડી નાખવા માગતો હતો.

૧૪૨. શું તમે એમ સમજી લીધું છે કે આમ જ જન્નત (સ્વર્ગ)માં જતા રહેશો, જો કે અલ્લાહે હજુ એ તો જોયું જ નથી કે તમારામાં કોણ એવા છે, જેઓ તેના માર્ગમાં પ્રાણ ન્યોછાવર કરી દેનારા અને તેના માટે ધૈર્ય દાખવનારા છે.

૧૪૩. તમે તો મૃત્યુની કામનાઓ કરી રહ્યા હતા ! પરંતુ આ તે વખતની વાત હતી, જ્યારે મૃત્યુ સામે આવ્યું ન હતું. લો, હવે તે તમારા સામે આવી ગયું અને તમે તેને આંખોથી જોઈ લીધું. (રુકૂઅ-૧૪)

૧૪૪. મુહમ્મદ તે સિવાય કંઈ નથી કે માત્ર એક રસૂલ છે. તેમના પહેલાં બીજા રસૂલો પણ થઈ ગયા છે, પછી શું જો તેઓ મૃત્યુ પામે અથવા કતલ કરી નાખવામાં આવે તો તમે લોકો ઊલટા પગે પાછા ફરશો ? યાદ રાખો ! જે પાછો ફરશે તે અલ્લાહનું કંઈ બગાડશે નહીં, અલબત્ત જે અલ્લાહના કૃતજ્ઞ બંદા બનીને રહેશે, તેમને તે તેનો બદલો આપશે.

وَمَا كَانَ لِنَفْسٍ اَنْ تَمُوْتَ اِلَّا بِاِذْنِ اللّٰهِ كِتٰبًا
مُّؤَجَّلًا ؕ وَمَنْ يُّرِدْ ثَوَابَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا ۚ
وَمَنْ يُّرِدْ ثَوَابَ الْاٰخِرَةِ نُؤْتِهٖ مِنْهَا ؕ وَسَنَجْزِى
الشّٰكِرِيْنَ ﴿۱۴۵﴾ وَكَاَيِّنْ مِّنْ نَّبِىٍّ قٰتَلَ ۙ مَعَهٗ
رِبِّيُّوْنَ كَثِيْرٌ ۚ فَمَا وَهَنُوْا لِمَاۤ اَصَابَهُمْ فِىْ
سَبِيْلِ اللّٰهِ وَمَا ضَعُفُوْا وَمَا اسْتَكَانُوْا ؕ وَاللّٰهُ
يُحِبُّ الصّٰبِرِيْنَ ﴿۱۴۶﴾ وَمَا كَانَ قَوْلَهُمْ اِلَّاۤ اَنْ
قَالُوْا رَبَّنَا اغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَاِسْرَافَنَا فِىْۤ
اَمْرِنَا وَثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى الْقَوْمِ
الْكٰفِرِيْنَ ﴿۱۴۷﴾ فَاٰتٰىهُمُ اللّٰهُ ثَوَابَ الدُّنْيَا وَ
حُسْنَ ثَوَابِ الْاٰخِرَةِ ؕ وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿۱۴۸﴾ ع ١٥ ٥
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنْ تُطِيْعُوا الَّذِيْنَ كَفَرُوْا
يَرُدُّوْكُمْ عَلٰۤى اَعْقَابِكُمْ فَتَنْقَلِبُوْا خٰسِرِيْنَ ﴿۱۴۹﴾ بَلِ
اللّٰهُ مَوْلٰىكُمْ ۚ وَهُوَ خَيْرُ النّٰصِرِيْنَ ﴿۱۵۰﴾ سَنُلْقِىْ فِىْ
قُلُوْبِ الَّذِيْنَ كَفَرُوا الرُّعْبَ بِمَاۤ اَشْرَكُوْا بِاللّٰهِ
مَا لَمْ يُنَزِّلْ بِهٖ سُلْطٰنًا ۚ وَمَاْوٰىهُمُ النَّارُ ؕ وَ
بِئْسَ مَثْوَى الظّٰلِمِيْنَ ﴿۱۵۱﴾ وَلَقَدْ صَدَقَكُمُ اللّٰهُ
وَعْدَهٗۤ اِذْ تَحُسُّوْنَهُمْ بِاِذْنِهٖ ۚ حَتّٰۤى اِذَا فَشِلْتُمْ وَ
تَنَازَعْتُمْ فِى الْاَمْرِ وَعَصَيْتُمْ مِّنْۢ بَعْدِ مَاۤ

૧૪૫. કોઈ જીવધારી અલ્લાહના આદેશ વિના મરી નથી શકતો. મૃત્યુનો સમય તો લખાયેલો છે. જે વ્યક્તિ દુનિયામાં બદલો મેળવવાના ઈરાદાથી કામ કરશે, તેને અમે દુનિયામાંથી જ આપીશું અને જે આખિરત (પરલોક)ના બદલાના ઈરાદાથી કામ કરશે, તે આખિરતનો બદલો પામશે અને કૃતજ્ઞ (આભારી) લોકોને અમે તેમનો બદલો જરૂર આપીશું.

૧૪૬. આ અગાઉ કેટલાય પયગંબરો એવા થઈ ગયા છે જેમના સાથે મળીને ઘણાં ખુદાપરસ્તો (ઈશ-ભક્તો)એ યુદ્ધ કર્યું. અલ્લાહના માર્ગમાં જે મુશ્કેલીઓ તેમના ઉપર પડી તેનાથી તેઓ હતાશ ન થયા, તેમણે કમજોરી ન દેખાડી, તેમણે (અસત્ય વિરુધ્ધ) નમતું આપ્યું નહીં. આવા જ ધૈર્યવાન લોકોને અલ્લાહ પસંદ કરે છે.

૧૪૭. તેમની દુઆ માત્ર એ જ હતી, ''હે અમારા રબ ! અમારી ભૂલો અને ખામીઓથી દરગુજર કર, અમારા કાર્યમાં તારી સીમાઓનું જે કંઈ ઉલ્લંઘન થઈ ગયું હોય તેને ક્ષમા કરી દે. અમારા કદમ જમાવી દે અને કાફિરો (અધર્મીઓ)ના મુકાબલામાં અમારી મદદ કર.''

૧૪૮. છેવટે અલ્લાહે તેમને દુનિયાનો બદલો પણ આપ્યો અને તેનાથી વધુ સારો આખિરત (પરલોક)નો બદલો પણ આપ્યો. અલ્લાહને આવા જ સદાચારી લોકો પસંદ છે. (રુકૂઅ-૧૫)

૧૪૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જો તમે તે લોકોના ઈશારાઓ ઉપર ચાલશો જેમણે કુફ્ર (અધર્મ)નો માર્ગ અપનાવ્યો છે, તો તેઓ તમને પાછા ફેરવી લઈ જશે અને તમે નિષ્ફળ થઈ જશો.

૧૫૦. (તેમની વાતો ખોટી છે) સાચું તો એ છે કે અલ્લાહ તમારો સમર્થક અને સહાયક છે અને તે સૌથી સારો મદદગાર છે.

૧૫૧. ખૂબ જ જલ્દી તે સમય આવવાનો છે જ્યારે અમે સત્યનો ઈન્કાર કરનારાઓના હૃદયોમાં ધાક બેસાડી દઈશું, એટલા માટે કે તેમણે અલ્લાહ સાથે તેમને ખુદાઈ (ઈશ્વરત્વ)માં ભાગીદાર ઠેરવ્યા છે જેમના ભાગીદાર હોવા અંગે અલ્લાહે કોઈ સનંદ ઉતારી નથી. તેમનું અંતિમ ઠેકાણું જહન્નમ (નર્ક) છે અને ઘણું જ ખરાબ છે તે રહેઠાણ જે તે અત્યાચારીઓને મળશે.

૧૫૨. અલ્લાહે (સમર્થન અને સહાયનું) જે વચન તમને આપ્યું હતું તે તો તેણે પૂરૂં કરી દીધું. શરૂઆતમાં તેના આદેશથી તમે જ તેમને કતલ કરી રહ્યા હતા. પરંતુ જ્યારે તમે નબળાઈ દાખવી અને પોતાના કાર્યમાં પરસ્પર મતભેદ કર્યો, અને જેવી તે વસ્તુ અલ્લાહે તમને દેખાડી જેના

اَرٰىكُمْ مَّا تُحِبُّوْنَ ؕ مِنْكُمْ مَّنْ يُّرِيْدُ الدُّنْيَا وَ
مِنْكُمْ مَّنْ يُّرِيْدُ الْاٰخِرَةَ ۚ ثُمَّ صَرَفَكُمْ عَنْهُمْ
لِيَبْتَلِيَكُمْ ۚ وَلَقَدْ عَفَا عَنْكُمْ ؕ وَاللّٰهُ ذُوْ فَضْلٍ
عَلَى الْمُؤْمِنِيْنَ ﴿١٥٢﴾ اِذْ تُصْعِدُوْنَ وَلَا تَلْوٗنَ
عَلٰۤى اَحَدٍ وَّ الرَّسُوْلُ يَدْعُوْكُمْ فِيْۤ اُخْرٰىكُمْ
فَاَثَابَكُمْ غَمًّاۢ بِغَمٍّ لِّكَيْلَا تَحْزَنُوْا عَلٰى مَا فَاتَكُمْ
وَلَا مَاۤ اَصَابَكُمْ ؕ وَاللّٰهُ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿١٥٣﴾ ثُمَّ
اَنْزَلَ عَلَيْكُمْ مِّنْۢ بَعْدِ الْغَمِّ اَمَنَةً نُّعَاسًا
يَّغْشٰى طَآئِفَةً مِّنْكُمْ ۙ وَطَآئِفَةٌ قَدْ اَهَمَّتْهُمْ
اَنْفُسُهُمْ يَظُنُّوْنَ بِاللّٰهِ غَيْرَ الْحَقِّ ظَنَّ الْجَاهِلِيَّةِ ؕ
يَقُوْلُوْنَ هَلْ لَّنَا مِنَ الْاَمْرِ مِنْ شَيْءٍ ؕ قُلْ اِنَّ
الْاَمْرَ كُلَّهٗ لِلّٰهِ ؕ يُخْفُوْنَ فِيْۤ اَنْفُسِهِمْ مَّا لَا
يُبْدُوْنَ لَكَ ؕ يَقُوْلُوْنَ لَوْ كَانَ لَنَا مِنَ الْاَمْرِ
شَيْءٌ مَّا قُتِلْنَا هٰهُنَا ؕ قُلْ لَّوْ كُنْتُمْ فِيْ بُيُوْتِكُمْ
لَبَرَزَ الَّذِيْنَ كُتِبَ عَلَيْهِمُ الْقَتْلُ اِلٰى مَضَاجِعِهِمْ ۚ
وَلِيَبْتَلِيَ اللّٰهُ مَا فِيْ صُدُوْرِكُمْ وَلِيُمَحِّصَ مَا
فِيْ قُلُوْبِكُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿١٥٤﴾
اِنَّ الَّذِيْنَ تَوَلَّوْا مِنْكُمْ يَوْمَ الْتَقَى الْجَمْعٰنِ ۙ
اِنَّمَا اسْتَزَلَّهُمُ الشَّيْطٰنُ بِبَعْضِ مَا كَسَبُوْا ۚ

મોહમાં તમે ગ્રસ્ત હતા (અર્થાત્ માલે ગનીમત – યુદ્ધમાં મેળવેલ માલ), તમે તમારા નાયકના આદેશનો અનાદર કરી બેસ્યા – એટલા માટે કે તમારામાંથી કેટલાક દુનિયાની ઈચ્છા ધરાવતા હતા અને કેટલાક આખિરત (પરલોક)ની ઈચ્છા ધરાવતા હતા – ત્યારે અલ્લાહે તમને કાફિરો (અધર્મીઓ)ના મુકાબલામાં પરાસ્ત કરી દીધા, જેથી તમારી પરીક્ષા કરે અને સત્ય એ છે કે અલ્લાહે ત્યારપછી પણ તમને માફ કરી દીધા, કેમ કે ઈમાનવાળાઓ ઉપર અલ્લાહની ઘણી કૃપાદૃષ્ટિ હોય છે.

૧૫૩. યાદ કરો જયારે તમે ભાગતા જઈ રહ્યા હતા, કોઈના તરફ પાછા ફરીને જોવા સુધ્ધાંનું ભાન તમને ન હતું, અને પયગંબર તમારા પાછળ તમને પોકારી રહ્યો હતો. તે વખતે તમારા આ વર્તનનો બદલો અલ્લાહે તમને એ આપ્યો કે તમને દુઃખ-ઉપર-દુઃખ આપ્યા, જેથી ભવિષ્ય માટે તમને એ બોધપાઠ મળે કે જે કંઈ તમારા હાથમાંથી જતું રહે અથવા જે મુસીબત તમારા ઉપર ઊતરી આવે તેના માટે દુઃખી ન થાવ. અલ્લાહ તમારા બધા કાર્યોની ખબર રાખે છે.

૧૫૪. આ દુઃખ પછી અલ્લાહે તમારામાંથી કેટલાક લોકો ઉપર એવી શાંતિ અને નિશ્ચિંતતાની સ્થિતિ પેદા કરી દીધી કે તેઓ ઝોકાં ખાવા લાગ્યા, પરંતુ એક બીજું જૂથ, જેના માટે સઘળું મહત્ત્વ પોતાની જાતનું જ હતું, અલ્લાહ વિષે જાત-જાતની અજ્ઞાનતાપૂર્ણ ધારણાઓ કરવા લાગ્યું, જે સત્યથી તદ્દન વિપરીત હતી. આ લોકો હવે કહે છે કે, ''આ કાર્યને ચલાવવામાં અમારો પણ કોઈ હિસ્સો છે ?'' એમને કહો, ''(કોઈનો કોઈ હિસ્સો નથી) આ કાર્યના બધા અધિકારો અલ્લાહના હાથમાં છે.'' હકીકતમાં આ લોકો પોતાના હૃદયોમાં જે વાત છુપાવી રાખે છે તેને તમારા ઉપર પ્રગટ કરતા નથી. તેમનો મૂળ આશય એ છે, ''જો (નેતૃત્વના) અધિકારોમાં અમારો કોઈ હિસ્સો હોત તો અહીં અમે માર્યા ન જાત.'' તેમને કહી દો, ''જો તમે પોતાના ઘરોમાં પણ હોત તો જે લોકોનું મૃત્યુ લખાયેલું હતું, તેઓ પોતે પોતાના મૃત્યુના સ્થળો તરફ નીકળી આવત.'' અને આ મામલો જે બન્યો, તે એ માટે હતો કે જે કંઈ તમારા અંતઃકરણમાં છૂપાયેલું છે અલ્લાહ તેને અજમાવી લે અને જે ખોટ તમારા હૃદયોમાં છે તેને દૂર કરી દે, અલ્લાહ હૃદયોની સ્થિતિ સારી રીતે જાણે છે.

૧૫૫. તમારામાંથી જે લોકો મુકાબલાના દિવસે પીઠ ફેરવી ગયા હતા, તેમની આ ચૂકનું કારણ એ હતું કે તેમની કેટલીક નબળાઈઓના કારણે

وَلَقَدْ عَفَا اللّٰهُ عَنْهُمْ ۗ اِنَّ اللّٰهَ غَفُوْرٌ حَلِيْمٌ ﴿١٥٥﴾ ع
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَكُوْنُوْا كَالَّذِيْنَ كَفَرُوْا
وَقَالُوْا لِاِخْوَانِهِمْ اِذَا ضَرَبُوْا فِى الْاَرْضِ اَوْ
كَانُوْا غُزًّى لَّوْ كَانُوْا عِنْدَنَا مَا مَاتُوْا وَمَا
قُتِلُوْا ۚ لِيَجْعَلَ اللّٰهُ ذٰلِكَ حَسْرَةً فِىْ قُلُوْبِهِمْ ۗ وَ
اللّٰهُ يُحْىٖ وَيُمِيْتُ ۗ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿١٥٦﴾
وَلَئِنْ قُتِلْتُمْ فِىْ سَبِيْلِ اللّٰهِ اَوْ مُتُّمْ لَمَغْفِرَةٌ
مِّنَ اللّٰهِ وَرَحْمَةٌ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ ﴿١٥٧﴾ وَلَئِنْ مُّتُّمْ
اَوْ قُتِلْتُمْ لَاِلَى اللّٰهِ تُحْشَرُوْنَ ﴿١٥٨﴾ فَبِمَا رَحْمَةٍ مِّنَ
اللّٰهِ لِنْتَ لَهُمْ ۚ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ
لَانْفَضُّوْا مِنْ حَوْلِكَ ۠ فَاعْفُ عَنْهُمْ وَاسْتَغْفِرْ
لَهُمْ وَشَاوِرْهُمْ فِى الْاَمْرِ ۚ فَاِذَا عَزَمْتَ فَتَوَكَّلْ
عَلَى اللّٰهِ ۗ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَوَكِّلِيْنَ ﴿١٥٩﴾ اِنْ
يَّنْصُرْكُمُ اللّٰهُ فَلَا غَالِبَ لَكُمْ ۚ وَاِنْ يَّخْذُلْكُمْ فَمَنْ
ذَا الَّذِىْ يَنْصُرُكُمْ مِّنْۢ بَعْدِهٖ ۗ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ
الْمُؤْمِنُوْنَ ﴿١٦٠﴾ وَمَا كَانَ لِنَبِىٍّ اَنْ يَّغُلَّ ۗ وَمَنْ
يَّغْلُلْ يَاْتِ بِمَا غَلَّ يَوْمَ الْقِيٰمَةِ ۚ ثُمَّ تُوَفّٰى كُلُّ
نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿١٦١﴾ اَفَمَنِ
اتَّبَعَ رِضْوَانَ اللّٰهِ كَمَنْۢ بَآءَ بِسَخَطٍ مِّنَ اللّٰهِ

શેતાને તેમના કદમ ડગમગાવી દીધા હતા. અલ્લાહે તેમને માફ કરી દીધા, અલ્લાહ મોટો ક્ષમાશીલ અને સહનશીલ છે. (રુકૂઅ-૧૬)

૧૫૬. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! કાફિરો જેવી વાતો ન કરો જેમના સગાં-વહાલા જો ક્યારેક મુસાફરીમાં જાય છે અથવા યુદ્ધમાં ભાગ લે છે (અને ત્યાં કોઈ અકસ્માતનો ભોગ બને છે) તો તેઓ કહે છે કે જો તેઓ અમારા પાસે હોત તો ન તો મૃત્યુ પામતા, ન કતલ કરવામાં આવતા. અલ્લાહ આ પ્રકારની વાતોને તેમના હૃદયોમાં અફસોસ અને દુઃખનું કારણ બનાવી દે છે, નહિંતર વાસ્તવમાં મારનાર અને જીવાડનાર તો અલ્લાહ જ છે અને તમારા બધા કાર્યોની તે જ દેખરેખ રાખી રહ્યો છે.

૧૫૭. જો તમે અલ્લાહના માર્ગમાં માર્યા જાવ અથવા મરી જાવ તો અલ્લાહની જે કૃપા અને માફી તમારા હિસ્સામાં આવશે તે તમામ વસ્તુઓ કરતાં વધુ સારી છે જે આ લોકો એકઠી કરે છે,

૧૫૮. અને ચાહે તમે મૃત્યુ પામો અથવા માર્યા જાવ, છેવટે તમને સૌને સમેટાઈને જવાનું તો અલ્લાહના જ તરફ છે.

૧૫૯. (હે પયગબર !) આ અલ્લાહની મોટી કૃપા છે કે તમે આ લોકો માટે ઘણાં વિનમ્ર સ્વભાવના છો, નહીં તો જો તમે કઠોર સ્વભાવના અને પાષાણ-હૃદયી હોત તો આ સૌ તમારા પાસેથી વિખેરાઈ જતા. તેમની ભૂલો માફ કરી દો, તેમના માટે મગફિરત (ક્ષમા અને મુક્તિ)ની પ્રાર્થના કરો, અને દીન (ધર્મ)ના કાર્યમાં તેમને પણ વિચાર-વિમર્શમાં સામેલ રાખો, પછી જ્યારે કોઈ અભિપ્રાય ઉપર તમે દૃઢ નિશ્ચય કરી લો તો અલ્લાહ પર ભરોસો કરો, અલ્લાહને તે લોકો પસંદ છે જેઓ તેના જ ભરોસે કામ કરે છે.

૧૬૦. અલ્લાહ તમારી મદદે હોય તો કોઈ તાકાત તમારા ઉપર વર્ચસ્વ મેળવી શકશે નહીં, અને તે તમને છોડી દે, તો તેના પછી કોણ છે જે તમારી મદદ કરી શકતો હોય ? તો જે સાચા ઈમાનવાળા છે તેમણે અલ્લાહ પર જ ભરોસો રાખવો જોઈએ.

૧૬૧. કોઈ પયગંબરનું એ કામ હોઈ શકતું નથી કે તે અપ્રમાણિકતા આચરે — અને જો કોઈ અપ્રમાણિકતા આચરે તો તે પોતાની અપ્રમાણિકતા સહિત કયામત (પ્રલય)ના દિવસે હાજર થઈ જશે, પછી દરેક મનુષ્યને તેની કમાણીનું પૂરેપૂરૂં વળતર મળી જશે અને કોઈના સાથે અન્યાય નહીં થાય.

૧૬૨. — વળી એવું કઈ રીતે બની શકે છે કે જે વ્યક્તિ હંમેશાં અલ્લાહની પ્રસન્નતા મુજબ ચાલવાવાળો હોય તે એ વ્યક્તિ જેવા કામ કરે જે

وَمَاْوٰىهُ جَهَنَّمُ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿۱۶۲﴾ هُمْ دَرَجٰتٌ عِنْدَ
اللّٰهِ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿۱۶۳﴾ لَقَدْ مَنَّ اللّٰهُ
عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ
يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ
النصف وَالْحِكْمَةَ ۚ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۱۶۴﴾
اَوَلَمَّآ اَصَابَتْكُمْ مُّصِيْبَةٌ قَدْ اَصَبْتُمْ مِّثْلَيْهَا ۙ
قُلْتُمْ اَنّٰى هٰذَا ؕ قُلْ هُوَ مِنْ عِنْدِ اَنْفُسِكُمْ ؕ اِنَّ
اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿۱۶۵﴾ وَمَآ اَصَابَكُمْ يَوْمَ
الْتَقَى الْجَمْعٰنِ فَبِاِذْنِ اللّٰهِ وَلِيَعْلَمَ الْمُؤْمِنِيْنَ ﴿۱۶۶﴾ ۙ
وَلِيَعْلَمَ الَّذِيْنَ نَافَقُوْا ۖۚ وَقِيْلَ لَهُمْ تَعَالَوْا
قَاتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اَوِ ادْفَعُوْا ؕ قَالُوْا لَوْ نَعْلَمُ
قِتَالًا لَّا اتَّبَعْنٰكُمْ ؕ هُمْ لِلْكُفْرِ يَوْمَئِذٍ اَقْرَبُ
مِنْهُمْ لِلْاِيْمَانِ ۚ يَقُوْلُوْنَ بِاَفْوَاهِهِمْ مَّا لَيْسَ
فِيْ قُلُوْبِهِمْ ؕ وَاللّٰهُ اَعْلَمُ بِمَا يَكْتُمُوْنَ ﴿۱۶۷﴾ ۚ اَلَّذِيْنَ
قَالُوْا لِاِخْوَانِهِمْ وَقَعَدُوْا لَوْ اَطَاعُوْنَا مَا قُتِلُوْا ؕ
قُلْ فَادْرَءُوْا عَنْ اَنْفُسِكُمُ الْمَوْتَ اِنْ كُنْتُمْ
صٰدِقِيْنَ ﴿۱۶۸﴾ وَلَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ
اللّٰهِ اَمْوَاتًا ؕ بَلْ اَحْيَآءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ ﴿۱۶۹﴾ ۙ
منزل ۱ فَرِحِيْنَ بِمَآ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ۙ وَيَسْتَبْشِرُوْنَ

અલ્લાહના પ્રકોપમાં ઘેરાઈ ગયો હોય અને જેનું અંતિમ ઠેકાણું જહન્નમ (નર્ક) હોય, જે સૌથી ખરાબ ઠેકાણું છે ?

૧૬૩. અલ્લાહના સમીપ બંને પ્રકારની વ્યક્તિઓમાં અત્યધિક તફાવત છે અને અલ્લાહ બધાના કાર્યો ઉપર નજર રાખે છે.

૧૬૪. હકીકતમાં ઈમાનવાળાઓ પર તો અલ્લાહે ઘણો મોટો ઉપકાર કર્યો છે કે તેમના વચ્ચે સ્વયં તેમનામાંથી જ એવો રસૂલ (સંદેશવાહક) મોકલ્યો જે તેની (અલ્લાહની) આયતો તેમને સંભળાવે છે, તેમના જીવન શુધ્ધ કરે છે અને તેમને ગ્રંથ અને તત્ત્વદર્શિતા અને બુદ્ધિમત્તાનું શિક્ષણ આપે છે, જો કે આ પહેલાં આ લોકો સ્પષ્ટ પથભ્રષ્ટતાઓમાં પડેલા હતા.

૧૬૫. અને આ તમારી શું સ્થિતિ છે કે જ્યારે તમારા ઉપર મુસીબત આવી તો તમે કહેવા લાગ્યા કે આ કયાંથી આવી ? જો કે (બદ્રના યુદ્ધમાં) આનાથી બમણી મુસીબત તમારા હાથે (સામા પક્ષ ઉપર) પડી ચૂકી છે. હે નબી ! આમને કહો, આ મુસીબત તમે પોતે આણેલી છે, અલ્લાહને દરેક વસ્તુનું સામર્થ્ય પ્રાપ્ત છે.

૧૬૬. જે નુકસાન યુદ્ધના દિવસે તમને પહોંચ્યું તે અલ્લાહના આદેશથી હતું અને એ માટે હતું કે અલ્લાહ જોઈ લે કે તમારામાંથી ઈમાનવાળા કોણ છે અને મુનાફિક (દંભી, કપટાચારી) કોણ ?

૧૬૭. તે દંભીઓને જ્યારે કહેવામાં આવ્યું, ''આવો, અલ્લાહના માર્ગમાં યુદ્ધ કરો અથવા ઓછામાં ઓછું (પોતાના શહેરનું) રક્ષણ જ કરો,'' તો કહેવા લાગ્યા, ''જો અમને ખબર હોત કે આજે યુદ્ધ થશે તો અમે ચોક્કસ તમારા સાથે આવ્યા હોત.'' આ વાત જ્યારે તેઓ કહી રહ્યા હતા તે વખતે તેઓ ઈમાનની સરખામણીમાં કુફ્ર (અધર્મ)ના વધુ નજીક હતા. તેઓ પોતાના મોઢેથી તે વાતો કહે છે જે તેમના હૃદયોમાં નથી હોતી, અને જે કંઈ તેઓ હૃદયોમાં છુપાવે છે અલ્લાહ તેને સારી રીતે જાણે છે.

૧૬૮. આ તે જ લોકો છે જેઓ પોતે તો બેસી રહ્યા અને તેમના જે બાંધવો લડવા ગયા અને માર્યા ગયા તેમના વિષે તેમણે કહી દીધું કે જો તેમણે અમારી વાત માની લીધી હોત તો માર્યા ન જતા. તેમને કહો કે જો તમે પોતાના આ કથનમાં સાચા છો તો સ્વયં તમારું મૃત્યુ આવે ત્યારે તેને ટાળીને દેખાડી દેજો.

૧૬૯. જે લોકો અલ્લાહના માર્ગમાં માર્યા ગયા છે તેમને મૃત ન સમજો, તેઓ તો હકીકતમાં જીવંત છે, પોતાના રબને ત્યાં રોજી મેળવી રહ્યા છે,

૧૭૦. જે કંઈ અલ્લાહે પોતાની કૃપાથી તેમને પ્રદાન કર્યું છે, તેના ઉપર ખુશ

بِالَّذِيْنَ لَمْ يَلْحَقُوْا بِهِمْ مِّنْ خَلْفِهِمْ ۙ اَلَّا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿١٧٠﴾ يَسْتَبْشِرُوْنَ بِنِعْمَةٍ
مِّنَ اللّٰهِ وَ فَضْلٍ ۙ وَّاَنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ
الْمُؤْمِنِيْنَ ﴿١٧١﴾ ۚ اَلَّذِيْنَ اسْتَجَابُوْا لِلّٰهِ وَ الرَّسُوْلِ
مِنْۢ بَعْدِ مَآ اَصَابَهُمُ الْقَرْحُ ۛ لِلَّذِيْنَ اَحْسَنُوْا
مِنْهُمْ وَ اتَّقَوْا اَجْرٌ عَظِيْمٌ ﴿١٧٢﴾ ۚ اَلَّذِيْنَ قَالَ لَهُمُ
النَّاسُ اِنَّ النَّاسَ قَدْ جَمَعُوْا لَكُمْ فَاخْشَوْهُمْ
فَزَادَهُمْ اِيْمَانًا ۖ وَّقَالُوْا حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ ﴿١٧٣﴾
فَانْقَلَبُوْا بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَ فَضْلٍ لَّمْ يَمْسَسْهُمْ
سُوْٓءٌ ۙ وَّاتَّبَعُوْا رِضْوَانَ اللّٰهِ ؕ وَاللّٰهُ ذُوْ فَضْلٍ عَظِيْمٍ ﴿١٧٤﴾
اِنَّمَا ذٰلِكُمُ الشَّيْطٰنُ يُخَوِّفُ اَوْلِيَآءَهٗ ۪ فَلَا تَخَافُوْهُمْ
وَخَافُوْنِ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١٧٥﴾ وَلَا يَحْزُنْكَ
الَّذِيْنَ يُسَارِعُوْنَ فِي الْكُفْرِ ۚ اِنَّهُمْ لَنْ يَّضُرُّوا
اللّٰهَ شَيْـًٔا ؕ يُرِيْدُ اللّٰهُ اَلَّا يَجْعَلَ لَهُمْ حَظًّا فِي
الْاٰخِرَةِ ۚ وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿١٧٦﴾ اِنَّ الَّذِيْنَ اشْتَرَوُا
الْكُفْرَ بِالْاِيْمَانِ لَنْ يَّضُرُّوا اللّٰهَ شَيْـًٔا ۚ وَ لَهُمْ
عَذَابٌ اَلِيْمٌ ﴿١٧٧﴾ وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ كَفَرُوْٓا اَنَّمَا
نُمْلِيْ لَهُمْ خَيْرٌ لِّاَنْفُسِهِمْ ؕ اِنَّمَا نُمْلِيْ لَهُمْ
لِيَزْدَادُوْٓا اِثْمًا ۚ وَلَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ﴿١٧٨﴾ مَا كَانَ

وقف لازم

عند المتقدمین مع

منزل ١

છે, અને સંતુષ્ટ છે કે જે ઈમાનવાળાઓ તેમના પાછળ દુનિયામાં રહી ગયા છે અને હજુ ત્યાં પહોંચ્યા નથી તેમના માટે પણ કોઈ ભય અને દુઃખનું કારણ નથી.

૧૭૧. તેઓ અલ્લાહના ઈનામ અને તેની કૃપા ઉપર આનંદિત અને ખુશ છે અને તેમણે જાણી લીધું છે કે અલ્લાહ ઈમાનવાળાઓના બદલાને વ્યર્થ જવા દેતો નથી. (રુકૂઅ-૧૭)

૧૭૨. (આવા ઈમાનવાળાઓના બદલાને) જેમણે ઘા ખાધા પછી પણ અલ્લાહ અને રસૂલની પોકારનો સ્વીકાર કર્યો – તેમનામાંથી જે વ્યક્તિઓ સદાચારી અને સંયમી છે, તેમના માટે મોટો બદલો છે.

૧૭૩. – જેમને લોકોએ કહ્યું, ''તમારા વિરુધ્ધ મોટી સેનાઓ એકઠી થઈ છે, તેમનાથી ડરો.'' તો આ સાંભળી તેમનું ઈમાન ખૂબ વધી ગયું અને તેમણે જવાબ આપ્યો, ''અમારા માટે અલ્લાહ પૂરતો છે અને તે જ સર્વોત્તમ કાર્યસાધક છે..''

૧૭૪. છેવટે તેઓ અલ્લાહની બક્ષિસ અને કૃપા સાથે પાછા આવ્યા, તેમને કોઈ પ્રકારનું નુકસાન પણ ન થયું અને અલ્લાહની મરજી મુજબ ચાલવાનું શ્રેય પણ તેમને પ્રાપ્ત થઈ ગયું, અલ્લાહ મોટો કૃપાવાન છે.

૧૭૫. હવે તેમને ખબર પડી ગઈ કે તે ખરેખર શેતાન હતો જે પોતાના મિત્રોથી અમસ્તો ડરાવી રહ્યો હતો, એટલે ભવિષ્યમાં તમે મનુષ્યોથી ન ડરશો, મારાથી ડરજો, જો તમે ખરેખર ઈમાનવાળા છો.

૧૭૬. (હે પયગંબર !) જે લોકો આજે કુફ્ર (ઇન્કાર)ના માર્ગમાં ભારે દોડધામ કરી રહ્યા છે તેમની પ્રવૃતિઓ તમને દુઃખી ન કરે, તેઓ અલ્લાહનું કંઈ પણ બગાડી શકશે નહીં. અલ્લાહનો ઇરાદો એ છે કે તેમના માટે આખિરત (પરલોક)માં કોઈ હિસ્સો ન રાખે, અને છેવટે તેમને કઠોર સજા મળવાની છે.

૧૭૭. જે લોકો ઈમાનને છોડીને કુફ્ર (ઇન્કાર)ના ખરીદનારા બન્યા છે, તેઓ નિશ્ચિતપણે અલ્લાહને કોઈ નુકસાન નથી પહોંચાડી રહ્યા, તેમના માટે પીડાકારી સજા તૈયાર છે.

૧૭૮. આ મહેતલ જે અમે તેમને આપી રહ્યા છીએ, તેને આ કાફિરો (અધર્મીઓ) પોતાના હિતમાં સારી ન સમજે, અમે તો તેમને એટલા માટે મહેતલ આપી રહ્યા છીએ કે તેઓ ગુનાઓનો ભારે બોજ ભેગો કરી લે, પછી તેમના માટે કઠોર અપમાનજનક સજા છે.

اللّٰهُ لِيَذَرَ الْمُؤْمِنِيْنَ عَلٰى مَآ اَنْتُمْ عَلَيْهِ حَتّٰى
يَمِيْزَ الْخَبِيْثَ مِنَ الطَّيِّبِ ط وَمَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ
عَلَى الْغَيْبِ وَلٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ مِنْ رُّسُلِهٖ مَنْ
يَّشَآءُ ص فَاٰمِنُوْا بِاللّٰهِ وَ رُسُلِهٖ ج وَاِنْ تُؤْمِنُوْا وَ
تَتَّقُوْا فَلَكُمْ اَجْرٌ عَظِيْمٌ ﴿١٧٩﴾ وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ
يَبْخَلُوْنَ بِمَآ اٰتٰهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ هُوَ خَيْرًا لَّهُمْ ط
بَلْ هُوَ شَرٌّ لَّهُمْ ط سَيُطَوَّقُوْنَ مَا بَخِلُوْا بِهٖ يَوْمَ
الْقِيٰمَةِ ط وَلِلّٰهِ مِيْرَاثُ السَّمٰوٰتِ وَ الْاَرْضِ ط وَ
اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿١٨٠﴾ ع لَقَدْ سَمِعَ اللّٰهُ
قَوْلَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ فَقِيْرٌ وَّ نَحْنُ اَغْنِيَآءُ م
سَنَكْتُبُ مَا قَالُوْا وَقَتْلَهُمُ الْاَنْبِيَآءَ بِغَيْرِ حَقٍّ لا
وَّ نَقُوْلُ ذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿١٨١﴾ ذٰلِكَ بِمَا قَدَّمَتْ
اَيْدِيْكُمْ وَ اَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ﴿١٨٢﴾
اَلَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ عَهِدَ اِلَيْنَآ اَلَّا نُؤْمِنَ
لِرَسُوْلٍ حَتّٰى يَاْتِيَنَا بِقُرْبَانٍ تَاْكُلُهُ النَّارُ ط قُلْ
قَدْ جَآءَكُمْ رُسُلٌ مِّنْ قَبْلِيْ بِالْبَيِّنٰتِ وَ بِالَّذِيْ
قُلْتُمْ فَلِمَ قَتَلْتُمُوْهُمْ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿١٨٣﴾
فَاِنْ كَذَّبُوْكَ فَقَدْ كُذِّبَ رُسُلٌ مِّنْ قَبْلِكَ جَآءُوْ
بِالْبَيِّنٰتِ وَالزُّبُرِ وَ الْكِتٰبِ الْمُنِيْرِ ﴿١٨٤﴾ كُلُّ نَفْسٍ

ع ١٩ وقف لازم

૧૭૯. અલ્લાહ ઈમાનવાળાઓને તે સ્થિતિમાં કદાપિ નહીં રહેવા દે જેમાં તમે લોકો અત્યારે જોવા મળો છો. તે પાક (પવિત્ર) લોકોને નાપાક (અપવિત્ર) લોકોથી જુદા કરીને રહેશે. પરંતુ અલ્લાહની આ રીત નથી કે તમને ગેબ (અદૃષ્ય)ની વાતો જણાવી દે. (ગેબની વાતો બતાવવા અંગે તો) અલ્લાહ પોતાના રસૂલો (સંદેશવાહકો) પૈકી જેને ચાહે છે પસંદ કરી લે છે, તેથી (ગેબની વાતોની બાબતમાં) અલ્લાહ અને તેના રસૂલો ઉપર વિશ્વાસ રાખો. જો તમે ઈમાન અને તકવા (ઈશભય અને સંયમ)ના માર્ગે ચાલશો તો તમને મોટું વળતર મળશે.

૧૮૦. જે લોકોને અલ્લાહે પોતાની કૃપા પ્રદાન કરી છે અને પછી તેઓ કંજૂસી કરે છે તેઓ એ ભ્રમમાં ન રહે કે આ કંજૂસી તેમના માટે સારી છે. નહીં, આ તેમના માટે અત્યંત ખરાબ છે. જે કંઈ તેઓ પોતાની કંજૂસી વડે એકઠું કરી રહ્યા છે તે કયામત (પુનર્જીવન)ના દિવસે તેમના ગળાની તોક બની જશે. ધરતી અને આકાશોનો વારસો અલ્લાહ માટે જ છે અને તમે જે કંઈ કરો છો અલ્લાહ તેને જાણે છે. (રુકૂઅ-૧૮)

૧૮૧. અલ્લાહે તે લોકોની વાત સાંભળી, જેઓ કહે છે કે અલ્લાહ નિર્ધન છે અને અમે ધનવાન છીએ. તેમની આ વાતો પણ અમે લખી લઈશું, અને આ પહેલાં જે તેઓ પયગંબરોને નાહક કતલ કરતા રહ્યા છે તે પણ તેમની કાર્યનોંધમાં અંકિત છે, (જ્યારે ન્યાયનો સમય આવશે તે વખતે) અમે તેમને કહીશું કે લો, હવે જહન્નમની સજાની મજા માણો,

૧૮૨. આ તમારા પોતાના હાથોની કમાણી છે, અલ્લાહ પોતાના બંદાઓ માટે જાલિમ (અન્યાયી) નથી.

૧૮૩. જે લોકો કહે છે કે, "અલ્લાહે અમને આદેશ આપી રાખ્યો છે કે અમે કોઈને રસૂલ ન માનીએ, જ્યાં સુધી તે અમારા સમક્ષ એવી કુરબાની ન કરે જેને (અદૃશ્યમાંથી આવી) આગ ખાઈ જાય." આમને કહો, "તમારા પાસે મારા પહેલા ઘણાં રસૂલો આવી ગયા છે જેઓ ઘણી સ્પષ્ટ નિશાનીઓ લાવ્યા હતા અને એ નિશાનીઓ પણ લાવ્યા હતા જેનો તમે ઉલ્લેખ કરો છો, પછી જો (ઈમાન લાવવા માટે એ શરત મૂકવામાં) તમે સાચા છો તો તે રસૂલોને તમે શા માટે કતલ કર્યા ?"

૧૮૪. હવે હે નબી ! જો આ લોકો તમને ખોટા ઠેરવે છે તો તમારા પહેલાં ઘણાં રસૂલો ખોટા ઠેરવવામાં આવી ચૂક્યા છે, જેઓ સ્પષ્ટ નિશાનીઓ

ذَآئِقَةُ الْمَوْتِ ؕ وَاِنَّمَا تُوَفَّوْنَ اُجُوْرَكُمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ
فَمَنْ زُحْزِحَ عَنِ النَّارِ وَاُدْخِلَ الْجَنَّةَ فَقَدْ فَازَ ؕ
وَمَا الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا مَتَاعُ الْغُرُوْرِ ﴿١٨٥﴾ لَتُبْلَوُنَّ
فِيْۤ اَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ ۫ وَلَتَسْمَعُنَّ مِنَ الَّذِيْنَ
اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَمِنَ الَّذِيْنَ اَشْرَكُوْۤا
اَذًى كَثِيْرًا ؕ وَاِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا فَاِنَّ ذٰلِكَ
مِنْ عَزْمِ الْاُمُوْرِ ﴿١٨٦﴾ وَاِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ
الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ لَتُبَيِّنُنَّهٗ لِلنَّاسِ وَلَا
تَكْتُمُوْنَهٗ ۫ فَنَبَذُوْهُ وَرَآءَ ظُهُوْرِهِمْ وَاشْتَرَوْا بِهٖ
ثَمَنًا قَلِيْلًا ؕ فَبِئْسَ مَا يَشْتَرُوْنَ ﴿١٨٧﴾ لَا تَحْسَبَنَّ
الَّذِيْنَ يَفْرَحُوْنَ بِمَاۤ اَتَوْا وَّيُحِبُّوْنَ اَنْ يُّحْمَدُوْا
بِمَا لَمْ يَفْعَلُوْا فَلَا تَحْسَبَنَّهُمْ بِمَفَازَةٍ مِّنَ الْعَذَابِ ۚ
وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿١٨٨﴾ وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَ
ع ١٩ / ٩ الْاَرْضِ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ع ﴿١٨٩﴾ اِنَّ فِيْ
خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ
لَاٰيٰتٍ لِّاُولِي الْاَلْبَابِ ۚۙ ﴿١٩٠﴾ الَّذِيْنَ يَذْكُرُوْنَ
اللّٰهَ قِيٰمًا وَّقُعُوْدًا وَّعَلٰى جُنُوْبِهِمْ وَيَتَفَكَّرُوْنَ
فِيْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ رَبَّنَا مَا خَلَقْتَ
هٰذَا بَاطِلًا ۚ سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ ﴿١٩١﴾

અને સહીફાઓ (દિવ્ય પુસ્તિકાઓ) અને પ્રકાશ આપનારા પુસ્તકો લાવ્યા હતા.

૧૮૫. છેવટે દરેક વ્યક્તિને મરવાનું છે અને તમે સૌ પોત-પોતાનું પૂરેપૂરૂં વળતર કયામત (પુનર્જીવન)ના દિવસે પામવાના છો. સફળ ખરેખર તે છે જે ત્યાં દોજખ (નર્ક)ની આગથી બચી જાય અને જન્નત (સ્વર્ગ)માં દાખલ કરી દેવામાં આવે. રહી આ દુનિયા, તો આ માત્ર છેતરામણી વસ્તુ છે.

૧૮૬. મુસલમાનો ! તમને ધન અને પ્રાણ બંને પરીક્ષાઓમાંથી પસાર થવું જ પડશે અને તમે ગ્રંથવાળાઓ (યહૂદીઓ અને ખ્રિસ્તીઓ) અને મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) પાસેથી ઘણી દુઃખદાયક વાતો સાંભળશો. જો આ તમામ સંજોગોમાં તમે ધૈર્ય અને તકવા (સંયમ અને ઈશભય)ના માર્ગ ઉપર અડગ રહો તો તે ભારે હિંમતનું કામ છે.

૧૮૭. આ ગ્રંથવાળાઓને તે વચન પણ યાદ દેવડાવો જે અલ્લાહે તેમના પાસેથી લીધું હતું કે તમારે ગ્રંથની શિક્ષાઓને લોકોમાં ફેલાવવી પડશે, તેને છૂપાવી રાખવાની નથી. પરંતુ તેમણે ગ્રંથને પીઠ પાછળ નાખી દીધો અને થોડી કિંમતમાં તેને વેચી નાખ્યો. કેવો ખરાબ સોદો છે જે તેઓ કરી રહ્યા છે.

૧૮૮. તમે તે લોકોને સજાથી મુક્ત ન સમજો જેઓ પોતાના કરતૂકો પર ખુશ છે અને ઇચ્છે છે કે એવા કાર્યોની પ્રશંસા તેમને મળે જે ખરેખર તેમણે નથી કર્યા. હકીકતમાં તેમના માટે પીડાકારી યાતના તૈયાર છે.

૧૮૯. ધરતી અને આકાશોનો માલિક અલ્લાહ છે અને દરેક ઉપર તેને વર્ચસ્વ પ્રાપ્ત છે.(રુકૂઅ-૧૯)

૧૯૦. ધરતી અને આકાશોની રચનામાં અને રાત અને દિવસના વારાફરતી આવવામાં તે બુદ્ધિશાળી વ્યક્તિઓ માટે ઘણી નિશાનીઓ છે

૧૯૧. જેઓ ઉઠતાં-બેસતાં અને સૂતાં, દરેક સ્થિતિમાં અલ્લાહને યાદ કરે છે અને આકાશો અને ધરતીની સંરચનામાં ચિંતન-મનન કરે છે, (તેઓ સહસા બોલી ઉઠે છે) ''પાલનહાર ! આ બધું તે નિરર્થક અને નિરુદ્દેશ્ય

رَبَّنَآ اِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ اَخْزَيْتَهٗ ؕ وَمَا
لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿۱۹۲﴾ رَبَّنَآ اِنَّنَا سَمِعْنَا مُنَادِيًا
يُّنَادِيْ لِلْاِيْمَانِ اَنْ اٰمِنُوْا بِرَبِّكُمْ فَاٰمَنَّا ۖۗ رَبَّنَا
فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَكَفِّرْ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا
مَعَ الْاَبْرَارِ ﴿۱۹۳﴾ رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ
وَلَا تُخْزِنَا يَوْمَ الْقِيٰمَةِ ؕ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ﴿۱۹۴﴾
فَاسْتَجَابَ لَهُمْ رَبُّهُمْ اَنِّيْ لَآ اُضِيْعُ عَمَلَ
عَامِلٍ مِّنْكُمْ مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى ۚ بَعْضُكُمْ مِّنْ
بَعْضٍ ۚ فَالَّذِيْنَ هَاجَرُوْا وَاُخْرِجُوْا مِنْ دِيَارِهِمْ
وَاُوْذُوْا فِيْ سَبِيْلِيْ وَقٰتَلُوْا وَقُتِلُوْا لَاُكَفِّرَنَّ
عَنْهُمْ سَيِّاٰتِهِمْ وَلَاُدْخِلَنَّهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ ۚ ثَوَابًا مِّنْ عِنْدِ اللّٰهِ ؕ وَاللّٰهُ عِنْدَهٗ
حُسْنُ الثَّوَابِ ﴿۱۹۵﴾ لَا يَغُرَّنَّكَ تَقَلُّبُ الَّذِيْنَ
كَفَرُوْا فِي الْبِلَادِ ﴿۱۹۶﴾ مَتَاعٌ قَلِيْلٌ ۫ ثُمَّ مَاْوٰىهُمْ
جَهَنَّمُ ؕ وَبِئْسَ الْمِهَادُ ﴿۱۹۷﴾ لٰكِنِ الَّذِيْنَ اتَّقَوْا رَبَّهُمْ
لَهُمْ جَنّٰتٌ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ
فِيْهَا نُزُلًا مِّنْ عِنْدِ اللّٰهِ ؕ وَمَا عِنْدَ اللّٰهِ خَيْرٌ
لِّلْاَبْرَارِ ﴿۱۹۸﴾ وَاِنَّ مِنْ اَهْلِ الْكِتٰبِ لَمَنْ يُّؤْمِنُ بِاللّٰهِ
وَمَآ اُنْزِلَ اِلَيْكُمْ وَمَآ اُنْزِلَ اِلَيْهِمْ خٰشِعِيْنَ لِلّٰهِ ۙ

નથી બનાવ્યું, તું પવિત્ર અને મહાન છે એનાથી કે વ્યર્થ કામ કરે. પછી હે રબ ! અમને દોજખ (નર્ક)ની યાતનાથી બચાવી લે.

૧૯૨. તેં જેને નર્કમાં નાખ્યો, તેને હકીકતમાં ભારે અપમાનિત અને ફજેત કર્યો, અને પછી આવા અત્યાચારીઓનો કોઈ મદદગાર નહીં હોય.

૧૯૩. માલિક ! અમે એક પોકારનારને સાંભળ્યો જે ઈમાન તરફ બોલાવતો હતો અને કહેતો હતો કે પોતાના રબ (માલિક અને પાલનહાર)ને માનો. અમે તેના આહવાન્ (સંદેશ)ને સ્વીકારી લીધું, તો હે અમારા રબ ! જે ભૂલો અમારાથી થઈ છે તેને માફ કરી દે, જે બૂરાઈઓ અમારામાં છે તેમને દૂર કરી દે અને અમારો અંત નેક (સદાચારી) લોકો સાથે કર.

૧૯૪. હે અમારા રબ ! જે વાયદાઓ તેં પોતાના રસૂલો (ઈશદૂતો) મારફતે કર્યા છે તેમને અમારા સાથે પૂરા કર અને કયામતના દિવસે અમને ફજેત ન કર, નિઃશંક તું પોતાના વાયદાથી વિપરીત કરવાવાળો નથી.''

૧૯૫. જવાબમાં તેમના રબે ફરમાવ્યું, ''હું તમારામાંથી કોઈનું કર્મ વ્યર્થ જવા દેવાનો નથી. ચાહે પુરુષ હોય કે સ્ત્રી, તમે સૌ એક-બીજા જેવા છો. તેથી જે લોકોએ મારા માટે પોતાના વતન છોડ્યા અને જેમને મારા માર્ગમાં પોતાના ઘરોમાંથી કાઢી મૂકવામાં આવ્યા અને પજવવામાં આવ્યા અને મારા માટે લડ્યા અને માર્યા ગયા, તેમની બધી ભૂલો હું માફ કરી દઈશ અને તેમને એવા બાગોમાં દાખલ કરીશ જેની નીચે નહેરો વહેતી હશે. આ તેમનો બદલો (ઇનામ) છે અલ્લાહને ત્યાં, અને સૌથી શ્રેષ્ઠ બદલો અલ્લાહના જ પાસે છે.''

૧૯૬. હે નબી ! દુનિયાના દેશોમાં અલ્લાહના અવજ્ઞાકારી લોકોની ગતિવિધિઓ તમને કોઈ ભ્રમમાં ન નાખી દે.

૧૯૭. આ માત્ર ટૂંકા જીવનનો થોડો આનંદ છે, પછી આ બધા જહન્નમ (નર્ક)માં જશે, જે સૌથી ખરાબ ઠેકાણું છે.

૧૯૮. તેનાથી વિપરીત જે લોકો પોતાના રબ (પ્રભુ)નો ડર રાખીને જીવન વિતાવે છે, તેમના માટે એવા બાગો છે જેમની નીચે નહેરો વહે છે, તે બાગોમાં તેઓ હંમેશાં રહેશે, અલ્લાહ તરફથી આ મિજબાનીનો સામાન છે તેમના માટે, અને જે કંઈ અલ્લાહ પાસે છે સદાચારી લોકો માટે તે જ સર્વશ્રેષ્ઠ છે.

لَا يَشْتَرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ثَمَنًا قَلِيْلًا ؕ اُولٰٓئِكَ لَهُمْ
اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ؕ اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿۱۹۹﴾
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اصْبِرُوْا وَصَابِرُوْا وَرَابِطُوْا قف
وَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۲۰۰﴾ ع

منزل ۱ ع ۲۰

૧૯૯. ગ્રંથવાળાઓમાં પણ કેટલાક લોકો એવા છે જેઓ અલ્લાહને માને છે, તે ગ્રંથ ઉપર ઈમાન લાવે છે જે તમારા તરફ મોકલવામાં આવ્યો છે અને તે ગ્રંથ ઉપર પણ ઈમાન ધરાવે છે જે આ પહેલાં સ્વયં તેમના તરફ મોકલવામાં આવ્યો હતો. અલ્લાહ સમક્ષ ઝૂકેલા છે, અને અલ્લાહની આયતોને થોડી કિંમતમાં વેચી નથી નાખતા. તેમનો બદલો તેમના રબના પાસે છે અને અલ્લાહ હિસાબ ચૂકવી આપવામાં વાર નથી લગાડતો.

૨૦૦. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! ધૈર્યથી કામ લો, સત્ય-વિરોધીઓના મુકાબલામાં દૃઢતા દાખવો, સત્યની સેવા માટે કટિબદ્ધ રહો, અને અલ્લાહથી ડરતા રહો. આશા છે કે સફળતા પ્રાપ્ત કરશો. (રુકૂઅ-૨૦)

(૪) અન્-નિસા

પરિચય

ઉતરાણકાળ અને વિષયો :

આ સૂરઃમાં ઘણા પ્રવચનો છે, જે સંભવતઃ હિજરી સન ૩ના અંતથી લઈને હિ.સ.૪ના અંત અથવા હિ.સ. ૫ના આરંભ સુધી જુદા-જુદા સમયે અવતરિત થયા છે. જો કે એ નક્કી કરવું મુશ્કેલ છે કે આ સૂરઃની કયાંથી ક્યાં સુધીની આયતો એક સળંગ પ્રવચન તરીકે ઊતરી હતી અને તેનો ચોક્કસ ઉતરાણકાળ કયો છે. આમ છતાં કેટલાક આદેશો અને ઘટનાઓ અંગે કેટલાક સંકેતો એવા છે જેના ઉતરાણના સમયની રિવાયતો દ્વારા ખબર પડી જાય છે. તેનાથી આપણે તે જુદા-જુદા પ્રવચનોની એક આછી ભેદરેખા દોરી શકીએ છીએ, જેમાં આ આદેશો અને સંકેતો મળે છે.

જેમ કે આપણે જાણીએ છીએ કે વારસાની વહેંચણી અને અનાથોના અધિકારો અંગેના આદેશો ઉહદના યુદ્ધ પછી આવ્યા હતા, જયારે કે આ યુદ્ધમાં મુસલમાનોના સિત્તેર માણસો શહીદ થયા હતા. આ કારણસર આપણે વિચારી શકીએ છીએ કે શરૂઆતના ચાર રુકૂઅ અને પાંચમાં રુકૂઅની પહેલી ત્રણ આયતો આ જ સમયમાં અવતરિત થઈ હશે. રિવાયતો (વૃત્તાંતો, લખાણો)માં 'સલાતે ખૌફ' (બરાબર યુદ્ધની સ્થિતિમાં પઢાતી નમાઝ)નો ઉલ્લેખ આપણને 'ઝાતુર્રિકાઅ'ના યુદ્ધમાં મળે છે, જે હિ.સ. ૪માં થયું હતું. તે જોતાં અનુમાન કરી શકાય છે કે તેના જ નજીકના સમયમાં તે પ્રવચન અવતરીત થયું હશે, જેમાં આ નમાઝની રીત બતાવવામાં આવી છે. (રુકૂઅ ૧૫) મદીનાથી બની નઝીરને દેશનિકાલ કરવાનો પ્રસંગ રબીઉલ અવ્વલ હિ.સ. ૪માં બન્યો હતો, તેથી પ્રબળ સંભાવના એ છે કે તે પ્રવચન તેનાથી પહેલાંના નજીકના સમયમાં અવતરિત થયું હશે, જેમાં યહૂદીઓને છેલ્લી ચેતવણી આપવામાં આવી છે કે 'ઈમાન લઈ આવો, તે પહેલાં કે અમે ચહેરા બગાડીને પાછળના તરફ ફેરવી દઈએ.'

પાણી ન મળવાના સંજોગોમાં 'તયમ્મુમ' (પવિત્ર અને સ્વચ્છ માટીથી વુઝૂ કરવાની પદ્ધતિ)ની પરવાનગી 'બની અલ-મુસ્તલિક'ના યુદ્ધ વખતે આપવામાં આવી હતી, જે હિ.સ. ૦૫માં થયું હતુ. તેથી તે પ્રવચન જેમાં 'તયમ્મુમ'નો ઉલ્લેખ છે, તેના નજીકના જ ગાળાનું સમજવું જોઈએ.

પશ્ચાદભૂમિ અને ચર્ચા :

આમ, સમગ્રપણે સૂરઃના ઉતરાણકાળને જાણી લીધા પછી આપણે તે વખતના ઈતિહાસ ઉપર એક દૃષ્ટિપાત કરી લેવો જોઈએ, જેથી સૂરઃના વિષયો સમજવામાં મદદરૂપ થાય.

પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.) સમક્ષ તે સમયે જે કામ હતું, તેને ત્રણ મોટા-મોટા વિભાગોમાં વહેચી શકાય છે. એક, તે નવીન સંગઠિત ઈસ્લામી સમાજનો વિકાસ, જેનો પાયો હિજરતની સાથે જ મદીના-તૈયબા અને તેના આસપાસના ક્ષેત્રોમાં નંખાઈ ચૂક્યો હતો. દ્વિતીય, તે સંઘર્ષનો સામનો, જે અરબસ્તાનના મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ), યહૂદી કબીલાઓ અને મુનાફિકો (દંભીઓ)ના સમાજ-સુધારણાના વિરોધી બળોની સાથે જોરશોરથી ચાલી રહ્યો હતો.તૃતીય, ઈસ્લામની દાવત (આમંત્રણ અને આહવાન્)ને આ વિરોધી બળોના વિરોધ છતાં ફેલાવવું. અલ્લાહ તરફથી આ પ્રસંગે જેટલાં પ્રવચનો અવતરિત થયા, તે બધા આ જ ત્રણ વિભાગોમાં વહેંચાયેલા છે.

ઈસ્લામી સમાજને સંગઠિત કરવા માટે સૂરઃ બકરહમાં જે આદેશો આપવામાં આવ્યા હતા, હવે આ સમાજ તેનાથી વધુ આગળના આદેશોની માંગ કરી રહ્યો હતો. તેથી સૂરઃ નિસાના આ પ્રવચનોમાં વિસ્તારપૂર્વક બતાવવામાં આવ્યું કે મુસલમાનો પોતાના સામૂહિક જીવનને ઈસ્લામી રીતથી કેવી રીતે બરાબર કરે. ગ્રંથવાળાઓ (યહૂદીઓ અને ખ્રિસ્તીઓ)ના નૈતિક અને ધાર્મિક વલણ પર આલોચના કરીને મુસલમાનોને સચેત કરવામાં આવ્યા કે પોતાના પહેલાંની ઉમ્મતો (સમુદાયો)ના પદચિહ્નો પર ચાલવાથી બચે. મુનાફિકો (દંભીઓ)ના વર્તનની ટીકા કરીને સાચી ઈમાનદારી (ધર્મપરાયણતા)ના તકાદાઓ સ્પષ્ટ કરવામાં આવ્યા.

સુધારણા-વિરોધી બળોથી જે સંઘર્ષ ચાલી રહ્યો હતો તેણે ઉહદના યુદ્ધ પછી ગંભીર રૂપ ધારણ કરી લીધું હતું. આ પરિસ્થિતિમાં અલ્લાહે એક તરફ ઉત્સાહજનક પ્રવચનો દ્વારા મુસલમાનોને મુકાબલા માટે ઉભાર્યા અને બીજી તરફ યુદ્ધની સ્થિતિમાં કામ કરવા માટે તેમને વિભિન્ન આવશ્યક આદેશો આપ્યા. મુસલમાનોને વારંવાર યુદ્ધો અને નાની-નાની લડાઈઓમાં જવું પડતું હતું અને મોટાભાગે એવા રસ્તે જવું પડતું હતું, જ્યાં પાણી મળી શકતું ન હતું, ત્યારે પરવાનગી આપવામાં આવી કે પાણી ન મળે તો સ્નાન અને વુઝૂ બંનેના બદલે 'તયમ્મુમ' કરી લેવામાં આવે. સાથે-સાથે આવા સંજોગોમાં નમાઝને ટૂંકી કરવાની પણ છૂટ આપી દેવામાં આવી અને જ્યાં જોખમ માથા

પર હોય, ત્યાં 'સલાતે ખૌફ' અદા કરવાની રીત બતાવવામાં આવી. અરબસ્તાનના જુદાજુદા પ્રદેશોમાં જે મુસલમાનો વિરોધી કબીલાઓના વચ્ચે વિખરાયેલા હતા (તેમના વિશે) સવિસ્તાર આદેશો આપવામાં આવ્યા.

યહૂદીઓના અત્યંત દુશ્મનીભર્યા અને કાવત્રોખોર વલણ અને તેમના વચનોને વારંવાર તોડવાના વર્તન પર તેમની સખત પકડ કરવામાં આવી અને તેમને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી દેવામાં આવી.

મુનાફિકોના જુદા-જુદા જૂથો જુદી-જુદી રીતે વર્તી રહ્યા હતા. તે બધાને અલગ-અલગ વર્ગોમાં વહેંચીને દરેક વર્ગના મુનાફિકો વિશે બતાવી દેવામાં આવ્યું કે તેમના સાથે આવો વ્યવહાર કરવો જોઈએ.

એવા તટસ્થ કબીલાઓ, જેમના સાથે સંધિ થઈ હતી, તેમના સાથે મુસલમાનોનો જે વ્યવહાર હોવો જોઈતો હતો, તેને પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું. સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ હતી કે મુસલમાનોનું પોતાનું ચરિત્ર નિષ્કલંક હોય, કેમ કે આ સંઘર્ષમાં આ નાનકડું જૂથ જો જીતી શકતું હતું, તો પોતાના ઉત્તમ ચરિત્રના આધારે જ જીતી શકતું હતું. તેથી મુસલમાનોને સારામાં સારા ચરિત્રની શિક્ષા આપવામાં આવી અને જે ઊણપો કે નબળાઈઓ આ જૂથમાં દેખાઈ આવી, તેની આકરી પકડ કરવામાં આવી. ઇસ્લામી સુધારણાના આહવાન્‌ને સ્પષ્ટ કરવા ઉપરાંત, યહૂદીઓ, ખ્રિસ્તીઓ અને મુશ્રિકો, ત્રણેય જૂથોના ખોટાં ધાર્મિક વિચારો અને ખરાબ ચરિત્ર અને આચરણ પર આ સૂરઃમાં આલોચના કરીને તેમને સાચા દીન (ધર્મ) તરફ આમંત્રણ આપવામાં આવ્યું.

اٰیاتها ۱۷۶ (٤) سُوْرَةُ النِّسَآءِ مَدَنِيَّةٌ (٩٢) رکوعاتها ٢٤

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰۤاَيُّهَا النَّاسُ اتَّقُوْا رَبَّكُمُ الَّذِيْ خَلَقَكُمْ مِّنْ
نَّفْسٍ وَّاحِدَةٍ وَّخَلَقَ مِنْهَا زَوْجَهَا وَبَثَّ مِنْهُمَا
رِجَالًا كَثِيْرًا وَّنِسَآءً ۚ وَاتَّقُوا اللّٰهَ الَّذِيْ تَسَآءَلُوْنَ
بِهٖ وَالْاَرْحَامَ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلَيْكُمْ رَقِيْبًا ۝١
وَاٰتُوا الْيَتٰمٰۤى اَمْوَالَهُمْ وَلَا تَتَبَدَّلُوا الْخَبِيْثَ
بِالطَّيِّبِ ۪ وَلَا تَاْكُلُوْۤا اَمْوَالَهُمْ اِلٰۤى اَمْوَالِكُمْ ؕ
اِنَّهٗ كَانَ حُوْبًا كَبِيْرًا ۝٢ وَاِنْ خِفْتُمْ اَلَّا تُقْسِطُوْا
فِي الْيَتٰمٰى فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَآءِ مَثْنٰى
وَثُلٰثَ وَرُبٰعَ ۚ فَاِنْ خِفْتُمْ اَلَّا تَعْدِلُوْا فَوَاحِدَةً
اَوْ مَا مَلَكَتْ اَيْمَانُكُمْ ؕ ذٰلِكَ اَدْنٰۤى اَلَّا تَعُوْلُوْا ۝٣ ع
وَاٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحْلَةً ؕ فَاِنْ طِبْنَ لَكُمْ عَنْ
شَيْءٍ مِّنْهُ نَفْسًا فَكُلُوْهُ هَنِيْٓـًٔا مَّرِيْٓـًٔا ۝٤ وَلَا تُؤْتُوا
السُّفَهَآءَ اَمْوَالَكُمُ الَّتِيْ جَعَلَ اللّٰهُ لَكُمْ قِيٰمًا
وَّارْزُقُوْهُمْ فِيْهَا وَاكْسُوْهُمْ وَقُوْلُوْا لَهُمْ قَوْلًا
مَّعْرُوْفًا ۝٥ وَابْتَلُوا الْيَتٰمٰى حَتّٰۤى اِذَا بَلَغُوا النِّكَاحَ ۚ فَاِنْ
اٰنَسْتُمْ مِّنْهُمْ رُشْدًا فَادْفَعُوْۤا اِلَيْهِمْ اَمْوَالَهُمْ ۚ وَلَا
تَاْكُلُوْهَاۤ اِسْرَافًا وَّبِدَارًا اَنْ يَّكْبَرُوْا ؕ وَمَنْ كَانَ

(૪) સૂર : અન્-નિસા

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨૪ ● આયતો : ૧૭૬)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. લોકો ! પોતાના રબ (માલિક)થી ડરો, જેણે તમને એક જીવથી પેદા કર્યા અને તે જ જીવથી તેનું જોડું બનાવ્યું અને આ બંનેથી ઘણા પુરુષો અને સ્ત્રીઓ દુનિયામાં ફેલાવી દીધા. તે અલ્લાહથી ડરો જેના નામે તમે એકબીજાથી પોતાના હક્કો માગો છો, અને રિશ્તા-નાતાઓના સંબંધો બગાડવાથી દૂર રહો. વિશ્વાસ રાખો કે અલ્લાહ તમારા ઉપર દેખરેખ રાખી રહ્યો છે.

૨. અનાથોનો માલ તેમને પાછો આપો, સારા માલને ખરાબ માલથી બદલી ન નાખો, અને તેમના માલ પોતાના માલના સાથે ભેળવી દઈને ખાઈ ન જાઓ, આ ખૂબ મોટું પાપ છે.

૩. અને જો તમને ડર હોય કે અનાથો સાથે ન્યાય નહીં કરી શકો, તો જે સ્ત્રીઓ તમને પસંદ પડે તેમાંથી બબ્બે, ત્રણ-ત્રણ, ચાર-ચાર સાથે નિકાહ (લગ્ન) કરી લો, પરંતુ જો તમને ડર હોય કે તેમના સાથે ન્યાય નહીં કરી શકો તો પછી એક જ પત્ની રાખો, અથવા તે સ્ત્રીઓને પત્નીઓ બનાવી લો જે તમારા કબ્જામાં આવી છે, અન્યાયથી બચવા માટે આ વધુ યોગ્ય છે.

૪. અને સ્ત્રીઓની મહ્ર★ રાજી-ખુશીથી (અનિવાર્ય સમજીને) અદા કરો. અલબત્ત, જો તેઓ પોતે પોતાની મરજીથી મહ્રનો કોઈ ભાગ તમને માફ કરી આપે તો તેને તમે મજેથી ખાઈ શકો છો.

૫. અને પોતાના તે માલ જેમને અલ્લાહે તમારા માટે જીવન-નિર્વાહ માટેના સાધનો બનાવ્યા છે, નાસમજ લોકોને ન સોંપો. અલબત્ત, તેમને ખોરાકી-પોશાકી (ખાવા-પહેરવાનો ખર્ચ, નિર્વાહનો ખર્ચ) આપો અને તેમને સારી શિખામણ આપો.

૬. અને અનાથોની પરીક્ષા કરતા રહો, જ્યાં સુધી તેઓ લગ્ન (નિકાહ) કરવા યોગ્ય ઉંમરે પહોંચી જાય. પછી જો તમને તેમનામાં યોગ્યતા દેખાય તો તેમના માલ તેમને સોંપી દો. એવું કદાપિ ન કરશો કે ન્યાયની સીમાઓનું ઉલ્લંઘન કરીને એવા ડરથી તેમનો માલ ઝડપથી ખાઈ

★ નિકાહના બદલામાં નવવધુને આપવામાં આવતી રકમ.

غَنِيًّا فَلْيَسْتَعْفِفْ ۚ وَمَنْ كَانَ فَقِيْرًا فَلْيَاْكُلْ
بِالْمَعْرُوْفِ ؕ فَاِذَا دَفَعْتُمْ اِلَيْهِمْ اَمْوَالَهُمْ
فَاَشْهِدُوْا عَلَيْهِمْ ؕ وَكَفٰى بِاللّٰهِ حَسِيْبًا ۝٦ لِلرِّجَالِ
نَصِيْبٌ مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ ۖ وَ
لِلنِّسَآءِ نَصِيْبٌ مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ
مِمَّا قَلَّ مِنْهُ اَوْ كَثُرَ ؕ نَصِيْبًا مَّفْرُوْضًا ۝٧ وَاِذَا
حَضَرَ الْقِسْمَةَ اُولُوا الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنُ
فَارْزُقُوْهُمْ مِّنْهُ وَقُوْلُوْا لَهُمْ قَوْلًا مَّعْرُوْفًا ۝٨
وَلْيَخْشَ الَّذِيْنَ لَوْ تَرَكُوْا مِنْ خَلْفِهِمْ ذُرِّيَّةً ضِعٰفًا
خَافُوْا عَلَيْهِمْ ۖ فَلْيَتَّقُوا اللّٰهَ وَلْيَقُوْلُوْا قَوْلًا سَدِيْدًا ۝٩
اِنَّ الَّذِيْنَ يَاْكُلُوْنَ اَمْوَالَ الْيَتٰمٰى ظُلْمًا اِنَّمَا
يَاْكُلُوْنَ فِيْ بُطُوْنِهِمْ نَارًا ؕ وَسَيَصْلَوْنَ سَعِيْرًا ۝١٠ ع
يُوْصِيْكُمُ اللّٰهُ فِيْٓ اَوْلَادِكُمْ ۗ لِلذَّكَرِ مِثْلُ حَظِّ
الْاُنْثَيَيْنِ ۚ فَاِنْ كُنَّ نِسَآءً فَوْقَ اثْنَتَيْنِ فَلَهُنَّ
ثُلُثَا مَا تَرَكَ ۚ وَاِنْ كَانَتْ وَاحِدَةً فَلَهَا النِّصْفُ ؕ
وَلِاَبَوَيْهِ لِكُلِّ وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ مِمَّا تَرَكَ
اِنْ كَانَ لَهٗ وَلَدٌ ۚ فَاِنْ لَّمْ يَكُنْ لَّهٗ وَلَدٌ وَّ وَرِثَهٗٓ
اَبَوٰهُ فَلِاُمِّهِ الثُّلُثُ ۚ فَاِنْ كَانَ لَهٗٓ اِخْوَةٌ فَلِاُمِّهِ
السُّدُسُ مِنْۢ بَعْدِ وَصِيَّةٍ يُّوْصِيْ بِهَآ اَوْ دَيْنٍ ؕ

જાઓ કે તેઓ મોટા થઈને પોતાના અધિકારની માગણી કરશે. અનાથનો જે સંરક્ષક ધનવાન હોય, તે તકવા (સંયમ)થી કામ લે અને જે ગરીબ હોય તે સામાન્ય નિયમ પ્રમાણે ભલી રીતે ખાય. પછી જ્યારે તેમના માલ તેમને સોંપો ત્યારે લોકોને તેના ઉપર સાક્ષી બનાવી લો, અને હિસાબ લેવા માટે અલ્લાહ પૂરતો છે.

૭. પુરુષો માટે તે માલમાં હિસ્સો છે જે માતા-પિતા અને નજીકના સગાઓએ પાછળ મૂક્યો હોય, અને સ્ત્રીઓ માટે પણ તે માલમાં હિસ્સો છે જે માતા-પિતા અને નજીકના સગાઓએ પાછળ મૂક્યો હોય, ચાહે થોડો હોય કે વધારે, અને આ હિસ્સો (અલ્લાહ તરફથી) નિર્ધારિત કરેલો છે.

૮. અને જ્યારે વહેંચણીના સમયે કુટુંબના લોકો અને અનાથો અને નિર્ધનો આવે તો તે માલમાંથી તેમને પણ થોડું આપો અને તેમના સાથે સજ્જનોની જેમ ભલા માણસો જેવી વાત કરો.

૯. લોકોએ તે વાતનો વિચાર કરીને ડરવું જોઈએ કે જો તેઓ પોતે પોતાના પાછળ લાચાર સંતાન મૂકી ગયા હોત તો મૃત્યુ વખતે તેમને પોતાના બાળકો વિષે કેટલી આશંકાઓ ઘેરી લેતી. તેથી તેમણે અલ્લાહથી ડરવું જોઈએ અને ન્યાયોચિત વાત કરવી જોઈએ.

૧૦. જે લોકો અન્યાયપૂર્વક અનાથોનો માલ ખાય છે, હકીકતમાં તેઓ પોતાના પેટ આગથી ભરે છે, અને તેઓ ચોક્કસ જહન્નમ (નર્ક)ની ભડકે બળતી આગમાં ઝોકવામાં આવશે.(રુકૂઅ-૧)

૧૧. તમારા સંતાનો અંગે અલ્લાહ તમને આદેશ આપે છે કે પુરુષનો હિસ્સો બે સ્ત્રીઓ બરાબર છે. જો (મૃત્યુ પામનારની વારસદાર) બેથી વધુ પુત્રીઓ હોય તો તેમને છોડવામાં આવેલ સંપત્તિનો બે-તૃતિયાંશ આપવામાં આવે, અને જો એક જ પુત્રી વારસદાર હોય તો છોડવામાં આવેલ સંપત્તિનો અડધો ભાગ તેનો છે. જો મરનાર બાળકો ધરાવતો હોય તો તેના માતા-પિતામાંથી પ્રત્યેકને છોડવામાં આવેલ સંપત્તિનો છઠ્ઠો હિસ્સો મળવો જોઈએ, અને જો તે નિઃસંતાન હોય અને માતા-પિતા જ તેના વારસદાર હોય તો માતાને ત્રીજો હિસ્સો આપવામાં આવે, અને જો મૃત્યુ પામનારના ભાઈ-બહેન પણ હોય તો માતા છઠ્ઠા ભાગની હક્કદાર થશે. (આ બધા હિસ્સા તે વખતે કાઢવામાં આવશે) જ્યારે વસિયત, જે મૃત્યુ પામનારે કરી હોય તે પૂરી કરી દેવામાં આવે અને દેવું, જે તેના માથે હોય તે ચૂકવી દેવામાં આવે.

اٰبَآؤُكُمْ وَاَبْنَآؤُكُمْ لَا تَدْرُوْنَ اَيُّهُمْ اَقْرَبُ لَكُمْ
نَفْعًا ؕ فَرِيْضَةً مِّنَ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا
حَكِيْمًا ﴿۱۱﴾ وَلَكُمْ نِصْفُ مَا تَرَكَ اَزْوَاجُكُمْ اِنْ لَّمْ
يَكُنْ لَّهُنَّ وَلَدٌ ۚ فَاِنْ كَانَ لَهُنَّ وَلَدٌ فَلَكُمُ
الرُّبُعُ مِمَّا تَرَكْنَ مِنْۢ بَعْدِ وَصِيَّةٍ يُّوْصِيْنَ بِهَاۤ
اَوْ دَيْنٍ ؕ وَلَهُنَّ الرُّبُعُ مِمَّا تَرَكْتُمْ اِنْ لَّمْ يَكُنْ لَّكُمْ
وَلَدٌ ۚ فَاِنْ كَانَ لَكُمْ وَلَدٌ فَلَهُنَّ الثُّمُنُ مِمَّا
تَرَكْتُمْ مِّنْۢ بَعْدِ وَصِيَّةٍ تُوْصُوْنَ بِهَاۤ اَوْ دَيْنٍ ؕ وَ
اِنْ كَانَ رَجُلٌ يُّوْرَثُ كَلٰلَةً اَوِ امْرَاَةٌ وَّلَهٗۤ اَخٌ
اَوْ اُخْتٌ فَلِكُلِّ وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ ۚ فَاِنْ كَانُوْۤا
اَكْثَرَ مِنْ ذٰلِكَ فَهُمْ شُرَكَآءُ فِى الثُّلُثِ مِنْۢ بَعْدِ
وَصِيَّةٍ يُّوْصٰى بِهَاۤ اَوْ دَيْنٍ ۙ غَيْرَ مُضَآرٍّ ۚ وَصِيَّةً
مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَلِيْمٌ ﴿۱۲﴾ تِلْكَ حُدُوْدُ اللّٰهِ ؕ
وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ يُدْخِلْهُ جَنّٰتٍ تَجْرِىْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ وَذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿۱۳﴾
وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيَتَعَدَّ حُدُوْدَهٗ
ع يُدْخِلْهُ نَارًا خَالِدًا فِيْهَا ۪ وَلَهٗ عَذَابٌ مُّهِيْنٌ ﴿۱۴﴾ ع
وَالّٰتِىْ يَاْتِيْنَ الْفَاحِشَةَ مِنْ نِّسَآئِكُمْ فَاسْتَشْهِدُوْا
منزل ۱ عَلَيْهِنَّ اَرْبَعَةً مِّنْكُمْ ۚ فَاِنْ شَهِدُوْا فَاَمْسِكُوْهُنَّ

તમે નથી જાણતા કે તમારા માતા-પિતા અને તમારા સંતાનોમાંથી કોણ લાભની દૃષ્ટિએ તમારાથી વધુ નિકટ છે. આ હિસ્સા અલ્લાહે નિર્ધારિત કરી દીધા છે, અને અલ્લાહ નિઃસંદેહ બધી હકીકતોથી વાકેફ છે અને તમામ હિતો અને ભલાઈઓને જાણવાવાળો છે.

૧૨. અને તમારી પત્નીઓએ જે કંઈ પાછળ મૂક્યું હોય તેનો અડધો હિસ્સો તમને મળશે જો તેઓ નિઃસંતાન હોય, નહીં તો સંતાન હોવાની સ્થિતિમાં છોડવામાં આવેલ સંપત્તિનો એક-ચતુર્થાંશ હિસ્સો તમારો છે, જ્યારે કે વસિયત જે તેમણે કરી છે તે પૂરી કરી દેવામાં આવે, અને દેવું જે તેઓ મૂકી ગઈ હોય તે ચૂકવી આપવામાં આવે, અને તેઓ તમારી છોડવામાં આવેલ સંપત્તિમાંથી એક-ચતુર્થાંશ હિસ્સાની હકદાર થશે જો તમે નિઃસંતાન હોવ, નહીં તો સંતાન હોવાની સ્થિતિમાં તેમનો હિસ્સો આઠમો હશે, તે પછી કે વસિયત જે તમે કરી હોય તે પૂરી કરી દેવામાં આવે અને જે દેવું તમે મૂકી ગયા હોવ તે ચૂકવી આપવામાં આવે.

અને જો તે પુરુષ અથવા સ્ત્રી (જેનો વારસો વહેંચણીપાત્ર છે) નિઃસંતાન પણ હોય અને તેના માતા-પિતા પણ જીવતા ન હોય, પરંતુ તેનો એક ભાઈ કે એક બહેન મોજૂદ હોય તો ભાઈ અને બહેન પ્રત્યેકને છઠ્ઠો હિસ્સો મળશે, અને ભાઈ-બહેન એક કરતાં વધુ હોય તો કુલ છોડવામાં આવેલ સંપત્તિના એક-તૃતિયાંશમાં તેઓ સૌ ભાગીદાર હશે, જ્યારે કે વસિયત જે કરવામાં આવી હોય તે પૂરી કરી દેવામાં આવે અને દેવું જે મરનારે મૂક્યું હોય તે ચૂકવી આપવામાં આવે, તે શરતે કે તે નુકસાનકારક ન હોય. આ હુકમ છે અલ્લાહ તરફથી અને અલ્લાહ સર્વજ્ઞ બધું જોવાવાળો અને સહનશીલ છે.

૧૩. આ અલ્લાહની નિર્ધારિત કરેલ સીમાઓ છે. જે અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરશે તેને અલ્લાહ એવા બાગોમાં દાખલ કરશે જેના નીચે નહેરો વહેતી હશે અને તે બાગોમાં તે હંમેશાં રહેશે અને આ જ મોટી સફળતા છે.

૧૪. અને જે અલ્લાહ અને તેના રસૂલની અવજ્ઞા કરશે અને તેણે ઠરાવેલી સીમાઓનું ઉલ્લંઘન કરશે તેને અલ્લાહ આગમાં નાખશે જેમાં તે હંમેશાં રહેશે અને તેના માટે અપમાનજનક સજા છે. (રુકૂઅ-૨)

૧૫. તમારી સ્ત્રીઓમાંથી જે બદકારી (વ્યભિચાર) કરે તેમના ઉપર તમારામાંથી ચાર પુરુષોની સાક્ષી લો, અને જો ચાર પુરુષો સાક્ષી આપી

فِي الْبُيُوْتِ حَتّٰى يَتَوَفّٰهُنَّ الْمَوْتُ اَوْ يَجْعَلَ اللّٰهُ
لَهُنَّ سَبِيْلًا ﴿١٥﴾ وَالَّذٰنِ يَاْتِيٰنِهَا مِنْكُمْ فَاٰذُوْهُمَا ج
فَاِنْ تَابَا وَاَصْلَحَا فَاَعْرِضُوْا عَنْهُمَا ط اِنَّ اللّٰهَ
كَانَ تَوَّابًا رَّحِيْمًا ﴿١٦﴾ اِنَّمَا التَّوْبَةُ عَلَى اللّٰهِ لِلَّذِيْنَ
يَعْمَلُوْنَ السُّوْٓءَ بِجَهَالَةٍ ثُمَّ يَتُوْبُوْنَ مِنْ قَرِيْبٍ
فَاُولٰٓئِكَ يَتُوْبُ اللّٰهُ عَلَيْهِمْ ط وَكَانَ اللّٰهُ
عَلِيْمًا حَكِيْمًا ﴿١٧﴾ وَلَيْسَتِ التَّوْبَةُ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ
السَّيِّاٰتِ ج حَتّٰٓى اِذَا حَضَرَ اَحَدَهُمُ الْمَوْتُ قَالَ
اِنِّيْ تُبْتُ الْـٰٔنَ وَلَا الَّذِيْنَ يَمُوْتُوْنَ وَهُمْ كُفَّارٌ ط
اُولٰٓئِكَ اَعْتَدْنَا لَهُمْ عَذَابًا اَلِيْمًا ﴿١٨﴾ يٰٓاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْا لَا يَحِلُّ لَكُمْ اَنْ تَرِثُوا النِّسَآءَ
كَرْهًا ط وَلَا تَعْضُلُوْهُنَّ لِتَذْهَبُوْا بِبَعْضِ مَآ
اٰتَيْتُمُوْهُنَّ اِلَّآ اَنْ يَّاْتِيْنَ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ ج
وَعَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ ج فَاِنْ كَرِهْتُمُوْهُنَّ
فَعَسٰٓى اَنْ تَكْرَهُوْا شَيْـًٔا وَّيَجْعَلَ اللّٰهُ فِيْهِ خَيْرًا
كَثِيْرًا ﴿١٩﴾ وَاِنْ اَرَدْتُّمُ اسْتِبْدَالَ زَوْجٍ مَّكَانَ
زَوْجٍ لا وَّاٰتَيْتُمْ اِحْدٰىهُنَّ قِنْطَارًا فَلَا تَاْخُذُوْا مِنْهُ
شَيْـًٔا ط اَتَاْخُذُوْنَهٗ بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا ﴿٢٠﴾ وَكَيْفَ
تَاْخُذُوْنَهٗ وَقَدْ اَفْضٰى بَعْضُكُمْ اِلٰى بَعْضٍ وَّ

દે તો તેમને ઘરોમાં બંધ રાખો ત્યાં સુધી કે તેમને મૃત્યુ આવી જાય અથવા અલ્લાહ તેમના માટે કોઈ રસ્તો કાઢી આપે.

૧૬. અને તમારામાંથી જે આ કૃત્ય કરી બેસે તે બંનેને પીડા આપો, પછી જો તેઓ તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) કરે અને પોતાને સુધારી લે તો તેમને છોડી દો કે અલ્લાહ મહાન તૌબા સ્વીકારનાર અને દયાળુ છે.

૧૭. હા, એ જાણી લો કે અલ્લાહ ઉપર તૌબાના સ્વીકારનો હક્ક તે લોકો માટે જ છે જેઓ અજાણતામાં કોઈ ખરાબ કૃત્ય કરી બેસે છે અને તે પછી તરત જ તૌબા કરી લે છે. આવા લોકો તરફ અલ્લાહ પોતાની કૃપાદૃષ્ટિથી ફરી ધ્યાન આપે છે, અને અલ્લાહ બધી જ વાતોની ખબર રાખનાર અને તત્ત્વદર્શી અને ઊંડી સમજ ધરાવનાર છે.

૧૮. પરંતુ તૌબા તે લોકો માટે નથી જેઓ ખરાબ કૃત્યો કરતા જ રહે છે, ત્યાં સુધી કે જ્યારે તેમનામાંથી કોઈના મૃત્યુનો સમય આવી જાય છે તે વખતે તે કહે છે કે હવે મેં તૌબા કરી, અને તે જ રીતે તૌબા તે લોકો માટે પણ નથી જેઓ મૃત્યુ-પર્યંત કાફિર (ઈન્કાર કરનાર બની) રહે. આવા લોકો માટે તો અમે દુઃખદાયી યાતના તૈયાર કરી રાખી છે.

૧૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તમારા માટે એ હલાલ (વૈધ) નથી કે બળજબરીપૂર્વક સ્ત્રીઓના વારસદાર બની બેસો, અને એ પણ હલાલ નથી કે તેમને પજવીને તે મહ્રનો કેટલોક ભાગ પડાવી લેવાની કોશિશ કરો જે તમે તેમને આપી ચૂક્યા છો. હા, જો તેઓ કોઈ ખુલ્લી બદકારીનું કામ કરે (તો ચોક્કસ તેમને તંગ કરવાનો હક્ક છે.) તેમના સાથે ભલી રીતે જીવન વિતાવો. જો તેઓ તમને પસંદ ન હોય તો બની શકે છે કે એક વસ્તુ તમને પસંદ ન હોય પરંતુ અલ્લાહે તેમાં જ ઘણીબધી ભલાઈઓ મૂકી દીધી હોય.

૨૦. અને જો તમે એક પત્નીની જગ્યાએ બીજી પત્નીને લઈ આવવાનો ઈરાદો જ કરી લીધો હોય તો ચાહે તમે તેને ધનનો ઢગલો જ કેમ ન આપ્યો હોય, તેમાંથી કંઈ પણ પાછું ન લેશો. શું તમે તેને ખોટું કલંક લગાવીને અને ખુલ્લો અન્યાય કરીને પાછું લેશો ?

૨૧. અને તમે તે કેવી રીતે લઈ લેશો જ્યારે કે તમે એકબીજાથી આનંદ પ્રાપ્ત કરી ચૂક્યા છો અને તેણીઓ તમારા પાસેથી પાકું વચન લઈ ચૂકી છે ?

اَخَذْنَ مِنْكُمْ مِّيْثَاقًا غَلِيْظًا ﴿٢١﴾ وَلَا تَنْكِحُوْا
مَا نَكَحَ اٰبَآؤُكُمْ مِّنَ النِّسَآءِ اِلَّا مَا قَدْ سَلَفَ ؕ
اِنَّهٗ كَانَ فَاحِشَةً وَّمَقْتًا ؕ وَسَآءَ سَبِيْلًا ﴿٢٢﴾ ع
حُرِّمَتْ عَلَيْكُمْ اُمَّهٰتُكُمْ وَبَنٰتُكُمْ وَاَخَوٰتُكُمْ وَ
عَمّٰتُكُمْ وَخٰلٰتُكُمْ وَبَنٰتُ الْاَخِ وَبَنٰتُ الْاُخْتِ وَ
اُمَّهٰتُكُمُ الّٰتِيْۤ اَرْضَعْنَكُمْ وَاَخَوٰتُكُمْ مِّنَ الرَّضَاعَةِ
وَاُمَّهٰتُ نِسَآئِكُمْ وَرَبَآئِبُكُمُ الّٰتِيْ فِيْ حُجُوْرِكُمْ
مِّنْ نِّسَآئِكُمُ الّٰتِيْ دَخَلْتُمْ بِهِنَّ ز فَاِنْ لَّمْ تَكُوْنُوْا
دَخَلْتُمْ بِهِنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ ز وَحَلَآئِلُ اَبْنَآئِكُمُ
الَّذِيْنَ مِنْ اَصْلَابِكُمْ ۙ وَاَنْ تَجْمَعُوْا بَيْنَ الْاُخْتَيْنِ
اِلَّا مَا قَدْ سَلَفَ ؕ اِنَّ اللّٰهَ كَانَ غَفُوْرًا رَّحِيْمًا ﴿٢٣﴾ ۙ
وَّالْمُحْصَنٰتُ مِنَ النِّسَآءِ اِلَّا مَا مَلَكَتْ اَيْمَانُكُمْ ج
كِتٰبَ اللّٰهِ عَلَيْكُمْ ج وَاُحِلَّ لَكُمْ مَّا وَرَآءَ ذٰلِكُمْ
اَنْ تَبْتَغُوْا بِاَمْوَالِكُمْ مُّحْصِنِيْنَ غَيْرَ مُسٰفِحِيْنَ ؕ
فَمَا اسْتَمْتَعْتُمْ بِهٖ مِنْهُنَّ فَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ
فَرِيْضَةً ؕ وَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا تَرٰضَيْتُمْ بِهٖ
مِنْ بَعْدِ الْفَرِيْضَةِ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا حَكِيْمًا ﴿٢٤﴾
وَمَنْ لَّمْ يَسْتَطِعْ مِنْكُمْ طَوْلًا اَنْ يَّنْكِحَ الْمُحْصَنٰتِ
الْمُؤْمِنٰتِ فَمِنْ مَّا مَلَكَتْ اَيْمَانُكُمْ مِّنْ فَتَيٰتِكُمُ

૨૨. અને જે સ્ત્રીઓ સાથે તમારા પિતાઓ નિકાહ (લગ્ન) કરી ચૂક્યા હોય તેમના સાથે કદાપિ નિકાહ ન કરો, પરંતુ જે પહેલાં થઈ ગયું તે થઈ ગયું. હકીકતમાં આ એક અશ્લીલ કૃત્ય છે, અપ્રિય છે અને ખરાબ પ્રથા છે. (રુકૂઅ-૩)

૨૩. તમારા માટે હરામ (અવૈધ) કરવામાં આવી તમારી માતાઓ, પુત્રીઓ, બહેનો, ફોઈઓ, માસીઓ, ભત્રીજીઓ, ભાણીઓ અને તમારી તે માતાઓ જેમણે તમને દૂધ પીવડાવ્યું હોય, અને તમારી દૂધ-બહેનો, અને તમારી પત્નીઓની માતાઓ, અને તમારી પત્નીઓની પુત્રીઓ જેઓ તમારા ખોળામાં ઉછરી છે. – તે પત્નીઓની પુત્રીઓ જેમના સાથે તમારો પતિ-પત્ની તરીકેનો સંબંધ સ્થાપિત થઈ ચૂકયો હોય, અન્યથા જો (માત્ર નિકાહ થયા હોય અને) પતિ-પત્નીનો સંબંધ ન થયો હોય તો (તેમને છોડીને તેમની પુત્રીઓ સાથે નિકાહ કરી લેવામાં) તમારી કોઈ પકડ નથી – અને તમારા તે પુત્રોની પત્નીઓ જેઓ તમારા વીર્યથી હોય. અને તમારા માટે તે પણ હરામ (અવૈધ) કરવામાં આવ્યું છે કે એક સાથે બે બહેનોથી નિકાહ કરો, પરંતુ જે અગાઉ થઈ ગયું તે થઈ ગયું, અલ્લાહ માફ કરનાર અને દયાળુ છે.

૨૪. અને તે સ્ત્રીઓ પણ તમારા માટે હરામ (અવૈધ) છે જેઓ કોઈ બીજાના દામ્પત્ય-જીવનમાં હોય (મુહસનાત), અલબત્ત એવી સ્ત્રીઓ આમાં અપવાદરૂપ છે જે (યુદ્ધમાં) તમારા હાથ લાગે. આ અલ્લાહનો કાનૂન છે જેનુંપાલન કરવું તમારા પર અનિવાર્ય કરી દેવામાં આવ્યું છે. આ સિવાય જેટલી સ્ત્રીઓ છે તેમને પોતાના ધન દ્વારા પ્રાપ્ત કરવાનું તમારા માટે હલાલ (વૈધ) કરી દેવામાં આવ્યું છે, એ શરતે કે નિકાહના બંધનમાં તેમને સુરક્ષિત કરો, ન કે સ્વછંદતાપૂર્વક કામવાસના સંતોષવા લાગો. પછી દાંપત્ય-જીવનનો જે આનંદ તમે તેમનાથી મેળવો તેના બદલામાં તેમની મહ્ર અનિવાર્ય સમજીને અદા કરો. અલબત્ત, મહ્ર નક્કી થઈ ગયા પછી પરસ્પર રાજીખુશીથી તમારા વચ્ચે જો કોઈ સમજૂતી થઈ જાય તો તેમાં કોઈ દોષ નથી, અલ્લાહ સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે.

૨૫. અને તમારામાંથી જે માણસ એટલી શક્તિ ન ધરાવતો હોય કે ખાનદાન મુસલમાન સ્ત્રીઓ (મુહસનાત) સાથે નિકાહ કરી શકે, તે તમારી તે દાસીઓમાંથી કોઈના સાથે નિકાહ કરી લે, જે તમારા કબ્જામાં હોય અને મોમિન (ઈમાનવાળી) હોય. અલ્લાહ તમારા સૌના ઈમાનની

الْمُؤْمِنٰتِ ؕ وَاللّٰهُ اَعْلَمُ بِاِيْمَانِكُمْ ؕ بَعْضُكُمْ مِّنْۢ
بَعْضٍ ۚ فَانْكِحُوْهُنَّ بِاِذْنِ اَهْلِهِنَّ وَ اٰتُوْهُنَّ
اُجُوْرَهُنَّ بِالْمَعْرُوْفِ مُحْصَنٰتٍ غَيْرَ مُسٰفِحٰتٍ
وَّلَا مُتَّخِذٰتِ اَخْدَانٍ ۚ فَاِذَآ اُحْصِنَّ فَاِنْ اَتَيْنَ
بِفَاحِشَةٍ فَعَلَيْهِنَّ نِصْفُ مَا عَلَى الْمُحْصَنٰتِ مِنَ
الْعَذَابِ ؕ ذٰلِكَ لِمَنْ خَشِيَ الْعَنَتَ مِنْكُمْ ؕ وَاَنْ
تَصْبِرُوْا خَيْرٌ لَّكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٥﴾ يُرِيْدُ
اللّٰهُ لِيُبَيِّنَ لَكُمْ وَيَهْدِيَكُمْ سُنَنَ الَّذِيْنَ مِنْ
قَبْلِكُمْ وَيَتُوْبَ عَلَيْكُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿٢٦﴾ وَاللّٰهُ
يُرِيْدُ اَنْ يَّتُوْبَ عَلَيْكُمْ ۟ وَيُرِيْدُ الَّذِيْنَ يَتَّبِعُوْنَ
الشَّهَوٰتِ اَنْ تَمِيْلُوْا مَيْلًا عَظِيْمًا ﴿٢٧﴾ يُرِيْدُ اللّٰهُ
اَنْ يُّخَفِّفَ عَنْكُمْ ۚ وَخُلِقَ الْاِنْسَانُ ضَعِيْفًا ﴿٢٨﴾
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَاْكُلُوْۤا اَمْوَالَكُمْ بَيْنَكُمْ
بِالْبَاطِلِ اِلَّاۤ اَنْ تَكُوْنَ تِجَارَةً عَنْ تَرَاضٍ مِّنْكُمْ ۟
وَلَا تَقْتُلُوْۤا اَنْفُسَكُمْ ؕ اِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِيْمًا ﴿٢٩﴾
وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ عُدْوَانًا وَّظُلْمًا فَسَوْفَ نُصْلِيْهِ
نَارًا ؕ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ﴿٣٠﴾ اِنْ تَجْتَنِبُوْا
كَبَآئِرَ مَا تُنْهَوْنَ عَنْهُ نُكَفِّرْ عَنْكُمْ سَيِّاٰتِكُمْ وَنُدْخِلْكُمْ
مُّدْخَلًا كَرِيْمًا ﴿٣١﴾ وَلَا تَتَمَنَّوْا مَا فَضَّلَ اللّٰهُ بِهٖ

સ્થિતિથી સારી રીતે વાકેફ છે, તમે સૌ એક જ જૂથના લોકો છો, આથી તેમના વાલીઓની પરવાનગીથી તેમના સાથે નિકાહ કરી લો અને ભલી રીતે તેમની મહ્ર ચૂકવી દો, જેથી તેઓ નિકાહના બંધનમાં સુરક્ષિત બનીને રહે, સ્વછંદતાપૂર્વક કામવાસના પૂરી કરતી ન ફરે અને ગુપચુપ અવૈધ સંબંધો ઊભા ન કરે. પછી જ્યારે તેઓ નિકાહના બંધનમાં સુરક્ષિત થઈ જાય અને ત્યારબાદ કોઈ બદકારી (વ્યભિચાર) કરી બેસે તો તેમના માટે તે સજાની સરખામણીમાં અડધી સજા છે જે ખાનદાન સ્ત્રીઓ★ માટે ઠરાવેલી છે. આ સુવિધા તમારામાંથી તે લોકો માટે ઊભી કરવામાં આવી છે જેમને નિકાહ ન કરવાથી સંયમ ન જાળવી શકવાનો ભય હોય. પરંતુ જો તમે ધૈર્ય રાખો તો આ તમારા માટે વધુ સારું છે, અને અલ્લાહ માફ કરનાર અને દયાળુ છે (રુકૂઅ-૪)

૨૬. અલ્લાહ ચાહે છે કે તમારા ઉપર તે માર્ગો સ્પષ્ટ કરે અને તે જ માર્ગો ઉપર તમને ચલાવે જેનું પાલન તમારા પહેલાં થઈ ગયેલા સદાચારીઓ કરતા હતા. તે પોતાની કૃપાની સાથે તમારા તરફ પલટવા ચાહે છે, અને તે બધું જાણનાર પણ છે અને ઊંડી સમજ રાખનાર પણ છે.

૨૭. હા, અલ્લાહ તો તમારા તરફ દયાળુતાની સાથે પલટવા ઇચ્છે છે, પરંતુ જે લોકો સ્વયં પોતાની મનેચ્છાઓના પાછળ ચાલી રહ્યા છે, તેઓ ચાહે છે કે તમે સીધા માર્ગથી ચલિત થઈને દૂર નીકળી જાઓ.

૨૮. અલ્લાહ તમારા પરથી પાબંદીઓને હળવી કરવા ઇચ્છે છે, કારણ કે મનુષ્ય નિર્બળ પેદા કરવામાં આવ્યો છે.

૨૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! પરસ્પર એકબીજાનો માલ અનુચિત રીતે ન ખાઓ, લેવડદેવડ થવી જોઈએ એકબીજાની સંમતિથી, અને પોતે પોતાની હત્યા ન કરો. વિશ્વાસ રાખો કે અલ્લાહ તમારા ઉપર મહેરબાન છે.

૩૦. જે વ્યક્તિ અત્યાચાર અને અતિરેકપૂર્વક આવું કરશે તેને અમે ચોક્કસ આગમાં ઝોંકીશું અને અલ્લાહ માટે આ કોઈ મુશ્કેલ કાર્ય નથી.

૩૧. જો તમે તે મોટા-મોટા ગુનાઓથી બચતા રહો, જેનાથી તમને રોકવામાં આવી રહ્યા છે, તો તમારી નાની-નાની બૂરાઈઓ અમે તમારા હિસાબમાંથી કાઢી નાખીશું અને તમને પ્રતિષ્ઠાપૂર્ણ સ્થાનમાં દાખલ કરીશું.

૩૨. અને અલ્લાહે તમારામાંથી કોઈને બીજાઓની સરખામણીમાં જે કંઈ

★ 'મુહસનાત' શબ્દ રૂકૂઅમાં બે જુદા-જુદા અર્થોમાં પ્રયોજાયો છે. એક, 'વિવાહિત સ્ત્રીઓ' જેમને લગ્ન દ્વારા પતિનું રક્ષણ પ્રાપ્ત છે. દ્વિતીય, 'ખાનદાની સ્ત્રીઓ' જેમને કુટુંબ કે પરિવારનું રક્ષણ પ્રાપ્ત છે, પણ વિવાહિતા ન હોય. છેલ્લે 'મુહસનાત' શબ્દ એવી સ્ત્રીઓ માટે વપરાયો છે, જેમને ખાનદાનની અને લગ્ન-સંબંધની બંને પ્રકારની સુરક્ષા પ્રાપ્ત છે.

بَعْضَكُمْ عَلٰى بَعْضٍ ؕ لِلرِّجَالِ نَصِيْبٌ مِّمَّا
اكْتَسَبُوْا ؕ وَلِلنِّسَآءِ نَصِيْبٌ مِّمَّا اكْتَسَبْنَ ؕ وَسْـَٔلُوا
اللّٰهَ مِنْ فَضْلِهٖ ؕ اِنَّ اللّٰهَ كَانَ بِكُلِّ شَیْءٍ عَلِيْمًا ﴿٣٢﴾
وَلِكُلٍّ جَعَلْنَا مَوَالِیَ مِمَّا تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ ؕ
وَالَّذِيْنَ عَقَدَتْ اَيْمَانُكُمْ فَاٰتُوْهُمْ نَصِيْبَهُمْ ؕ
اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ شَیْءٍ شَهِيْدًا ﴿٣٣﴾ ع اَلرِّجَالُ
قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ بِمَا فَضَّلَ اللّٰهُ بَعْضَهُمْ عَلٰى
بَعْضٍ وَّبِمَاۤ اَنْفَقُوْا مِنْ اَمْوَالِهِمْ ؕ فَالصّٰلِحٰتُ
قٰنِتٰتٌ حٰفِظٰتٌ لِّلْغَيْبِ بِمَا حَفِظَ اللّٰهُ ؕ وَالّٰتِیْ
تَخَافُوْنَ نُشُوْزَهُنَّ فَعِظُوْهُنَّ وَاهْجُرُوْهُنَّ فِی
الْمَضَاجِعِ وَاضْرِبُوْهُنَّ ۚ فَاِنْ اَطَعْنَكُمْ فَلَا تَبْغُوْا
عَلَيْهِنَّ سَبِيْلًا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيًّا كَبِيْرًا ﴿٣٤﴾
وَاِنْ خِفْتُمْ شِقَاقَ بَيْنِهِمَا فَابْعَثُوْا حَكَمًا مِّنْ
اَهْلِهٖ وَحَكَمًا مِّنْ اَهْلِهَا ۚ اِنْ يُّرِيْدَاۤ اِصْلَاحًا
يُّوَفِّقِ اللّٰهُ بَيْنَهُمَا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا خَبِيْرًا ﴿٣٥﴾
وَاعْبُدُوا اللّٰهَ وَلَا تُشْرِكُوْا بِهٖ شَيْـًٔا وَّبِالْوَالِدَيْنِ
اِحْسَانًا وَّبِذِی الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ
وَالْجَارِ ذِی الْقُرْبٰى وَالْجَارِ الْجُنُبِ وَالصَّاحِبِ
بِالْجَنْۢبِ وَابْنِ السَّبِيْلِ ۙ وَمَا مَلَكَتْ اَيْمَانُكُمْ ؕ

વધારે આપ્યું છે તેની કામના ન કરો. જે કંઈ પુરુષોએ કમાવ્યું છે, તે મુજબ તેમનો હિસ્સો છે અને જે કંઈ સ્ત્રીઓએ કમાવ્યું છે, તે મુજબ તેમનો હિસ્સો. હા, અલ્લાહ પાસે તેની કૃપા માટે પ્રાર્થના કરતા રહો, નિઃસંદેહ અલ્લાહ દરેક વસ્તુનું જ્ઞાન ધરાવે છે.

૩૩. અને અમે તે દરેક વારસાના હક્કદાર નિયત કરી દીધા છે, જે માતા-પિતા અને નજીકના સગાઓ પાછળ મૂકે. હવે રહ્યા તે લોકો જેમના સાથે તમારા વાયદાઓ અને કરારો હોય તો તેમનો હિસ્સો તેમને આપો, નિઃસંદેહ દરેક વસ્તુ અલ્લાહની નજરમાં છે. (રુકૂઅ-૫)

૩૪. પુરુષો સ્ત્રીઓના કવ્વામ★ છે, એ આધારે કે અલ્લાહે તેમનામાંથી એકને બીજા ઉપર ફઝીલત (વિશિષ્ટતા) આપી છે, અને એ આધારે પણ કે પુરુષ પોતાનું ધન ખર્ચ કરે છે. તેથી જે સદાચારી સ્ત્રીઓ છે તેઓ આજ્ઞાંકિત હોય છે અને પુરુષોની ગેરહાજરીમાં અલ્લાહની સુરક્ષા અને દેખરેખ હેઠળ તેમના હિતોની રક્ષા કરે છે. અને જે સ્ત્રીઓ તરફથી તમને ઉદ્દંડતા અને અવજ્ઞાનો ભય હોય તેમને સમજાવો, શયનખંડોમાં તેમનાથી જુદા રહો અને મારો, પછી જો તેઓ તમારી વાત માનવા લાગે તો અકારણ તેમના પર હાથ ઉઠાવવાના બહાના ન શોધો, વિશ્વાસ રાખો કે ઉપર અલ્લાહ મોજૂદ છે જે મહાન અને ઉચ્ચતર છે.

૩૫. અને જો તમને પતિ-પત્નીના સંબંધો બગડી જવાનો ભય હોય તો એક લવાદ પુરુષના સગામાંથી અને એક સ્ત્રીના સગામાંથી નિયુક્ત કરો, તેઓ બંને સંબંધો સુધારવા ચાહશે તો અલ્લાહ તેમના વચ્ચે સુમેળનો રસ્તો કાઢી આપશે. અલ્લાહ બધું જ જાણે છે અને ખબર રાખવાવાળો છે.

૩૬. અને તમે સૌ અલ્લાહની બંદગી કરો, તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવો, માતા-પિતા સાથે સારો વ્યવહાર કરો, સગા-સંબંધીઓ અને અનાથો અને જરૂરતમંદ લોકો સાથે સદ્‌વર્તન દાખવો, અને પાડોશી સગા સાથે, અજાણ્યા પાડોશી સાથે, સાથે બેસનારા સંગાથીઓ અને મુસાફરો સાથે, અને તે દાસ-દાસીઓ સાથે જેઓ તમારા કબજામાં હોય ભલાઈનું વર્તન દાખવો, વિશ્વાસ રાખો કે અલ્લાહ કોઈ એવા માણસને પસંદ નથી કરતો જે પોતાના અહંકારમાં ગળાડૂબ હોય અને

★ અર્થાત્ તે માણસ જે કોઈ વ્યક્તિ કે સંસ્થા કે વ્યવસ્થાના મામલાઓને સારી રીતે ચલાવવા, તેની સુરક્ષા અને દેખરેખ રાખવા અને તેની જરૂરતોને પૂરી કરવાનો જવાબદાર હોય.

إِنَّ اللّٰهَ لَا يُحِبُّ مَنْ كَانَ مُخْتَالًا فَخُوْرًا ۙ ﴿٣٦﴾
الَّذِيْنَ يَبْخَلُوْنَ وَيَاْمُرُوْنَ النَّاسَ بِالْبُخْلِ
وَيَكْتُمُوْنَ مَآ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ؕ وَاَعْتَدْنَا
لِلْكٰفِرِيْنَ عَذَابًا مُّهِيْنًا ۚ ﴿٣٧﴾ وَالَّذِيْنَ يُنْفِقُوْنَ
اَمْوَالَهُمْ رِئَآءَ النَّاسِ وَلَا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَلَا
بِالْيَوْمِ الْاٰخِرِ ؕ وَمَنْ يَّكُنِ الشَّيْطٰنُ لَهٗ قَرِيْنًا
فَسَآءَ قَرِيْنًا ﴿٣٨﴾ وَمَاذَا عَلَيْهِمْ لَوْ اٰمَنُوْا بِاللّٰهِ وَ
الْيَوْمِ الْاٰخِرِ وَاَنْفَقُوْا مِمَّا رَزَقَهُمُ اللّٰهُ ؕ وَكَانَ
اللّٰهُ بِهِمْ عَلِيْمًا ﴿٣٩﴾ اِنَّ اللّٰهَ لَا يَظْلِمُ مِثْقَالَ ذَرَّةٍ ۚ
وَاِنْ تَكُ حَسَنَةً يُّضٰعِفْهَا وَيُؤْتِ مِنْ لَّدُنْهُ
اَجْرًا عَظِيْمًا ﴿٤٠﴾ فَكَيْفَ اِذَا جِئْنَا مِنْ كُلِّ اُمَّةٍۢ بِشَهِيْدٍ
وَّجِئْنَا بِكَ عَلٰى هٰٓؤُلَآءِ شَهِيْدًا ۭ ﴿٤١﴾ يَوْمَئِذٍ يَّوَدُّ
الَّذِيْنَ كَفَرُوْا وَعَصَوُا الرَّسُوْلَ لَوْ تُسَوّٰى بِهِمُ الْاَرْضُ ؕ
وَلَا يَكْتُمُوْنَ اللّٰهَ حَدِيْثًا ﴿٤٢﴾ ع يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا
لَا تَقْرَبُوا الصَّلٰوةَ وَاَنْتُمْ سُكٰرٰى حَتّٰى تَعْلَمُوْا
مَا تَقُوْلُوْنَ وَلَا جُنُبًا اِلَّا عَابِرِيْ سَبِيْلٍ حَتّٰى
تَغْتَسِلُوْا ؕ وَاِنْ كُنْتُمْ مَّرْضٰٓى اَوْ عَلٰى سَفَرٍ اَوْ جَآءَ
اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَآئِطِ اَوْ لٰمَسْتُمُ النِّسَآءَ فَلَمْ
تَجِدُوْا مَآءً فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا فَامْسَحُوْا

وقف النبي صلى الله عليه وآله وسلم
ع ٦/٧
منزل ١

પોતાની મોટાઈનું ઘમંડ કરે.

૩૭. અને એવા લોકો પણ અલ્લાહને પસંદ નથી જેઓ કંજૂસી કરે છે અને બીજાઓને પણ કંજૂસીની શિખામણ આપે છે અને જે કંઈ અલ્લાહે પોતાની કૃપાથી તેમને પ્રદાન કર્યું છે તેને છૂપાવે છે. આવા નેઅમતો (કૃપાઓ)નો ઈન્કાર કરનારા (કૃતઘ્ન) લોકો માટે અમે અપમાનપૂર્ણ યાતના તૈયાર કરી રાખી છે.

૩૮. અને તે લોકો પણ અલ્લાહને પસંદ નથી, જેઓ પોતાનું ધન માત્ર લોકોને દેખાડવા માટે ખર્ચ કરે છે અને હકીકતમાં ન તો અલ્લાહ પર ઈમાન રાખે છે, ન આખિરત (પરલોક)ના દિવસ પર. સાચું એ છે કે શૈતાન જેનો સાથી થયો, તેને ખૂબ જ ખરાબ સંગાથ મળ્યો.

૩૯. છેવટે આ લોકો ઉપર શું આફત તૂટી પડી હોત, જો તેઓ અલ્લાહ અને આખિરતના દિવસ પર ઈમાન રાખતા અને જે કંઈ અલ્લાહે આપ્યું છે તેમાંથી ખર્ચ કરતા. જો તેમણે આવું કર્યું હોત તો અલ્લાહથી તેમની નેકી (ભલાઈ)ની સ્થિતિ છૂપી ન રહેતી.

૪૦. અલ્લાહ કોઈના ઉપર રજભાર પણ અત્યાચાર નથી કરતો, જો કોઈ એક નેકી (ભલાઈ) કરે તો અલ્લાહ તેને બમણી કરે છે અને પછી પોતાના તરફથી મોટો બદલો પ્રદાન કરે છે.

૪૧. પછી વિચારો કે તે વખતે આ લોકો શું કરશે જ્યારે અમે દરેક ઉમ્મત (સમુદાય)માંથી એક સાક્ષી લાવીશું અને લોકો માટે તમને (અર્થાત્ મુહમ્મદ સલ્લ.ને) સાક્ષીની હેસિયતથી ઊભા કરીશું.

૪૨. તે વખતે તે સૌ લોકો જેમણે પયગંબરની વાત ન માની અને તેની અવજ્ઞા કરતા રહ્યા, ઈચ્છશે કે ખુદા કરે, ધરતી ફાટી જાય અને તેઓ તેમાં સમાઈ જાય. ત્યાં આ લોકો પોતાની કોઈ વાત અલ્લાહથી છૂપાવી શકશે નહીં. (રુકૂઅ-૬)

૪૩. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે તમે નશાની હાલતમાં હોવ તો નમાઝના નજીક પણ ન જાઓ. નમાઝ તે વખતે પઢવી જોઈએ જ્યારે તમે જાણતા હોવ કે શું કહી રહ્યા છો અને આવી જ રીતે નાપાકીની સ્થિતિમાં★ પણ નમાઝના નજીક ન જાઓ જ્યાં સુધી ગુસ્લ (સ્નાન) ન કરી લો, એના સિવાય કે માર્ગમાંથી પસાર થતા હોવ, અને ક્યારેક એવું બને કે તમે બીમાર હોવ, કે મુસાફરીમાં હોવ, કે તમારામાંથી કોઈ જરૂરત પૂરી કરીને આવે, કે તમે સ્ત્રીઓને સ્પર્શ કર્યો

★ એવી સ્થિતિ કે જે મૈથુનક્રિયા પછી કે સ્વપ્નદોષ અથવા કોઈ રીતે વીર્ય સ્ખલનથી ઊભી થાય છે. ઈસ્લામી કાનૂનની દૃષ્ટિએ આવો માણસ પવિત્રતાથી દૂર હોય છે. ★ એક મતાનુસાર મૈથુન-ક્રિયા છે અને બીજા મતાનુસાર કામવાસનાથી હાથ લગાવવું છે.

بِوُجُوْهِكُمْ وَاَيْدِيْكُمْ ۭ اِنَّ اللّٰهَ كَانَ عَفُوًّا غَفُوْرًا ﴿٤٣﴾
اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا مِّنَ الْكِتٰبِ
يَشْتَرُوْنَ الضَّلٰلَةَ وَيُرِيْدُوْنَ اَنْ تَضِلُّوا السَّبِيْلَ ﴿٤٤﴾ۭ
وَاللّٰهُ اَعْلَمُ بِاَعْدَاۗىِٕكُمْ ۭ وَكَفٰى بِاللّٰهِ وَلِيًّا ڎ وَّكَفٰى
بِاللّٰهِ نَصِيْرًا ﴿٤٥﴾ مِنَ الَّذِيْنَ هَادُوْا يُحَرِّفُوْنَ
الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ وَيَقُوْلُوْنَ سَمِعْنَا وَعَصَيْنَا
وَاسْمَعْ غَيْرَ مُسْمَعٍ وَّرَاعِنَا لَيًّۢا بِاَلْسِنَتِهِمْ وَطَعْنًا
فِي الدِّيْنِ ۭ وَلَوْ اَنَّهُمْ قَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا
وَاسْمَعْ وَانْظُرْنَا لَكَانَ خَيْرًا لَّهُمْ وَاَقْوَمَ ۙ وَ
لٰكِنْ لَّعَنَهُمُ اللّٰهُ بِكُفْرِهِمْ فَلَا يُؤْمِنُوْنَ اِلَّا قَلِيْلًا ﴿٤٦﴾
يٰٓاَيُّهَا الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اٰمِنُوْا بِمَا نَزَّلْنَا
مُصَدِّقًا لِّمَا مَعَكُمْ مِّنْ قَبْلِ اَنْ نَّطْمِسَ
وُجُوْهًا فَنَرُدَّهَا عَلٰٓي اَدْبَارِهَآ اَوْ نَلْعَنَهُمْ كَمَا
لَعَنَّآ اَصْحٰبَ السَّبْتِ ۭ وَكَانَ اَمْرُ اللّٰهِ مَفْعُوْلًا ﴿٤٧﴾
اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ
ذٰلِكَ لِمَنْ يَّشَاۗءُ ۚ وَمَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَقَدِ افْتَرٰٓى
اِثْمًا عَظِيْمًا ﴿٤٨﴾ اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ يُزَكُّوْنَ اَنْفُسَهُمْ ۭ
بَلِ اللّٰهُ يُزَكِّيْ مَنْ يَّشَاۗءُ وَلَا يُظْلَمُوْنَ فَتِيْلًا ﴿٤٩﴾
اُنْظُرْ كَيْفَ يَفْتَرُوْنَ عَلَي اللّٰهِ الْكَذِبَ ۭ وَكَفٰى

હોય★ અને પછી પાણી ન મળે તો શુદ્ધ માટીનો ઉપયોગ કરો અને તેનાથી પોતાના ચહેરા અને હાથો ઉપર મસહ કરી લો (હાથ ફેરવી લો), નિઃશંક અલ્લાહ નરમીથી કામ લેનાર અને માફ કરનાર છે.

૪૪. તમે તે લોકોને પણ જોયા જેમને ગ્રંથના જ્ઞાનનો કેટલોક ભાગ આપવામાં આવ્યો છે ? તેઓ સ્વયં પથભ્રષ્ટતાના ખરીદનાર બનેલા છે અને ચાહે છે કે તમે પણ પથભ્રષ્ટ થઈ જાઓ.

૪૫. અલ્લાહ તમારા શત્રુઓને બરાબર જાણે છે અને તમારી હિમાયત અને મદદ માટે અલ્લાહ જ પૂરતો છે.

૪૬. જે લોકો યહૂદી બની ગયા છે તેમાં કેટલાક લોકો છે, જેઓ શબ્દોને તેના મૂળ સ્થાનેથી ફેરવી દે છે, સત્ય ધર્મને હાનિ પહોંચાડવા માટે પોતાની જીભને તોડી-મરોડીને કહે છે, 'સમિઅના વ અસૈના' (અમે સાંભળ્યું, પણ અમે માનતા નથી) અને 'ઇસ્મઅ્ ગૈર-મુસ્મઇન★ અને રાઈના.★ જો કે તેઓ કહેતા 'સમિઅના વ અતઅ્ના' (અમે સાંભળ્યું અને માન્યું) અને 'ઈસ્મઅ્' (સાંભળો) અને 'ઉન્ઝૂર્ના' (અમારા તરફ ધ્યાન આપો) તો તે તેમના જ માટે વધુ સારું હતું અને વધુ ઉચિત પદ્ધતિ હતી. પરંતુ તેમના ઉપર તો તેમના કુફ્ર (ઇન્કાર)ના કારણે અલ્લાહની ફિટકાર પડેલી જ છે, આથી તેઓ ભાગ્યે જ ઈમાન લાવે છે.

૪૭. હે તે લોકો, જેમને ગ્રંથ આપવામાં આવ્યો હતો ! માની લો તે ગ્રંથને જે અમે હવે અવતરિત કર્યો છે અને સમર્થન કરે છે તે ગ્રંથનું જે તમારા પાસે અગાઉથી મોજૂદ હતો. તેના પર ઈમાન લઈ આવો, તે પહેલાં કે અમે તમારા ચહેરા બગાડીને પાછળની તરફ ફેરવી દઈએ અથવા તમને એવી રીતે હડધૂત કરી દઈએ જેવી રીતે 'સબ્ત' (શનિવાર) વાળાઓ સાથે અમે કર્યું હતું, અને યાદ રાખો કે અલ્લાહનો આદેશ લાગુ થઈને જ રહે છે.

૪૮. અલ્લાહ માત્ર શિર્ક (અનેકેશ્વરવાદ)ને જ માફ નથી કરતો. આ સિવાય બીજા જેટલા પણ ગુનાઓ છે, તે જેના માટે ચાહે છે માફ કરી દે છે. અલ્લાહના સાથે જેણે કોઈ બીજાને ભાગીદાર ઠેરવ્યો તેણે તો ઘણું જ મોટું જૂઠ ઘડી કાઢ્યું, અને ખૂબ જ સખત ગુનાનું કામ કર્યું.

૪૯. તમે તે લોકોને પણ જોયા જેઓ પોતાના મનની પવિત્રતાનો ખૂબ દાવો કરે છે ? જો કે પવિત્રતા તો અલ્લાહ જ જેને ચાહે છે પ્રદાન કરે છે, અને (તેમને જો પવિત્રતા પ્રાપ્ત થતી નથી તો વાસ્તવમાં) એમના ઉપર લેશમાત્ર પણ અત્યાચાર નથી કરવામાં આવતો.

★ વાતચીત કરતી વખતે જ્યારે તેઓ હ. મુહમ્મદ સલ્લ.ને કંઈ કહેવા ઇચ્છે છે તો કહે છે, 'ઇસ્મઅ' અર્થાત્ સાંભળો, પણ તે પછી તરત જ કહે છે 'ગૈર-મુસ્મઇન'; આ દ્વિઅર્થી શબ્દ છે : એક, તમે એટલા આદરણીય છો કે તમને તમારી મરજી વિરૂદ્ધ કોઈ વાત સંભળાવી શકાતી નથી, અને બીજો અર્થ છે, તમે તેના યોગ્ય જ નથી કે કોઈ વાત સંભળાવવામાં આવે. એક અન્ય અર્થ એ પણ છે કે અલ્લાહ કરે તમે બહેરા થઈ જાઓ.

★ અર્થાત્ અમને થોડીક છૂટછાટ આપો. પણ આ શબ્દના પણ ઘણા અન્ય ખરાબ અર્થ થતા હતા.

بِهٖٓ اِثْمًا مُّبِيْنًا ۝٥٠ع اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا ع ٨
نَصِيْبًا مِّنَ الْكِتٰبِ يُؤْمِنُوْنَ بِالْجِبْتِ وَالطَّاغُوْتِ
وَيَقُوْلُوْنَ لِلَّذِيْنَ كَفَرُوْا هٰٓؤُلَآءِ اَهْدٰى مِنَ
الَّذِيْنَ اٰمَنُوْا سَبِيْلًا ۝٥١ اُولٰٓئِكَ الَّذِيْنَ لَعَنَهُمُ
اللّٰهُ ۭ وَمَنْ يَّلْعَنِ اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ نَصِيْرًا ۝٥٢ۭ
اَمْ لَهُمْ نَصِيْبٌ مِّنَ الْمُلْكِ فَاِذًا لَّا يُؤْتُوْنَ
النَّاسَ نَقِيْرًا ۝٥٣ۙ اَمْ يَحْسُدُوْنَ النَّاسَ عَلٰى
مَآ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ۚ فَقَدْ اٰتَيْنَآ اٰلَ
اِبْرٰهِيْمَ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَاٰتَيْنٰهُمْ مُّلْكًا عَظِيْمًا ۝٥٤
فَمِنْهُمْ مَّنْ اٰمَنَ بِهٖ وَمِنْهُمْ مَّنْ صَدَّ عَنْهُ ۭ
وَكَفٰى بِجَهَنَّمَ سَعِيْرًا ۝٥٥ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِنَا
سَوْفَ نُصْلِيْهِمْ نَارًا ۭ كُلَّمَا نَضِجَتْ جُلُوْدُهُمْ
بَدَّلْنٰهُمْ جُلُوْدًا غَيْرَهَا لِيَذُوْقُوا الْعَذَابَ ۭ اِنَّ
اللّٰهَ كَانَ عَزِيْزًا حَكِيْمًا ۝٥٦ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الربع
الصّٰلِحٰتِ سَنُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ۭ لَهُمْ فِيْهَآ اَزْوَاجٌ
مُّطَهَّرَةٌ ۡ وَّنُدْخِلُهُمْ ظِلًّا ظَلِيْلًا ۝٥٧ اِنَّ اللّٰهَ
يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰٓى اَهْلِهَا ۙ وَاِذَا
حَكَمْتُمْ بَيْنَ النَّاسِ اَنْ تَحْكُمُوْا بِالْعَدْلِ ۭ اِنَّ منزل ١

૫૦. જુઓ તો ખરા, તેઓ અલ્લાહ માટે પણ જૂઠી વાતો ઘડવાનું ચૂકતા નથી, અનેતેમનાસ્પષ્ટગુનેગારહોવામાટેઆજએકગુનોપૂરતોછે. (રુકૂઅ-૭)

૫૧. શું તમે તે લોકોને નથી જોયા જેમને ગ્રંથના જ્ઞાનમાંથી થોડોક ભાગ આપવામાં આવ્યો છે અને તેમની દશા એ છે કે જિબ્ત★ અને તાગૂત★ ને માને છે અને કાફિરો (અધર્મીઓ) વિષે કહે છે કે ઈમાન લાવનારાઓથી તો આ જ વધુ સાચા માર્ગ ઉપર છે.

૫૨. આવા જ લોકો છે જેમના ઉપર અલ્લાહે ફિટકાર કરી છે અને જેના ઉપર અલ્લાહ ફિટકાર કરી દે પછી તમે તેનો કોઈ મદદગાર નહીં જુઓ.

૫૩. શું (અલ્લાહના) રાજ્યમાં તેમનો કોઈ હિસ્સો છે ? જો આવું હોય તો તેઓ બીજાઓને ફૂટી કોડી પણ ન આપતા.

૫૪. પછી શું તેઓ બીજાઓની ઈર્ષ્યા એટલા માટે કરે છે કે અલ્લાહે તેમને પોતાની કૃપા પ્રદાન કરી છે ? જો આ વાત છે તો તેમને જાણ થાય કે અમે તો ઈબ્રાહીમની સંતાનને ગ્રંથ અને ઊંડી સમજ-બૂઝ આપ્યાં અને મહાન રાજ્ય પ્રદાન કરી દીધું,

૫૫. પરંતુ તેમનામાંથી કોઈ તેના ઉપર ઈમાન લાવ્યો અને કોઈ મોઢું ફેરવી ગયો, અને મોઢું ફેરવી જનારાઓ માટે તો જહન્નમ (નર્ક)ની ભડકે બળતી આગ જ પૂરતી છે.

૫૬. જે લોકોએ અમારી આયતોને માનવાનો ઈન્કાર કરી દીધો છે તેમને ચોક્કસપણે અમે આગમાં ઝોંકીશું અને જ્યારે તેમના શરીરની ચામડી ગળી જશે તો તેની જગ્યાએ બીજી ચામડી પેદા કરી દઈશું, જેથી તેઓ બરાબર સજાનો સ્વાદ ચાખે, અલ્લાહ ખૂબ સામર્થ્ય ધરાવે છે અને પોતાના નિર્ણયોને અમલમાં મૂકવાની હિકમત (વિવેક અને બુદ્ધિમતા) ખૂબ સારી રીતે ધરાવે છે.

૫૭. અને જે લોકોએ અમારી આયતોને માની લીધી અને સદ્‌કાર્યો કર્યા, તેમને અમે એવા બાગોમાં દાખલ કરીશું જેમના નીચે નહેરો વહેતી હશે, જ્યાં તેઓ હંમેશાં રહેશે અને તેમને પવિત્ર પત્નીઓ મળશે અને તેમને અમે ઘનિષ્ટ છાંયડામાં રાખીશું.

૫૮. મુસલમાનો ! અલ્લાહ તમને હુકમ આપે છે કે અમાનતો અમાનતદાર લોકો (Worthy of Trust)ને સોંપો, અને જ્યારે લોકો વચ્ચે ફેંસલો

★ અર્થાત્ અવાસ્તવિક, તથ્યહીન અને નિરર્થક. ઈસ્લામમાં જાદુ, જ્યોતિષ, જંતર-મંતર, શુકન-અપશુકન, મુહુર્ત અને તેના જેવી અન્ય અંધશ્રદ્ધાઓ અને કાલ્પનિક વાતોનું કોઈ સ્થાન નથી.

★ પ્રત્યેક તે વ્યક્તિ જે પોતાની વૈધ સીમાઓથી આગળ વધી ગયેલ હોય. કુર્આન અનુસાર તાગૂતથી તાત્પર્ય તે બંદો છે, જે અલ્લાહના આજ્ઞાપાલનની હદોને ઓળંગીને સ્વયં માલિક અને ખુદા હોવાનો દમ ભરે અને લોકોને અલ્લાહના બદલે પોતાની બંદગી કરાવે.

اللّٰهَ نِعِمَّا يَعِظُكُمْ بِهٖ ؕ اِنَّ اللّٰهَ كَانَ سَمِيْعًا

بَصِيْرًا ﴿۵۸﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَطِيْعُوا اللّٰهَ وَ

اَطِيْعُوا الرَّسُوْلَ وَ اُولِى الْاَمْرِ مِنْكُمْ ۚ فَاِنْ

تَنَازَعْتُمْ فِىْ شَىْءٍ فَرُدُّوْهُ اِلَى اللّٰهِ وَ الرَّسُوْلِ

اِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ ؕ ذٰلِكَ

ع ٨ ٩ ٥ خَيْرٌ وَّ اَحْسَنُ تَاْوِيْلًا ﴿۵۹﴾ ع اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ

يَزْعُمُوْنَ اَنَّهُمْ اٰمَنُوْا بِمَاۤ اُنْزِلَ اِلَيْكَ وَمَاۤ اُنْزِلَ

مِنْ قَبْلِكَ يُرِيْدُوْنَ اَنْ يَّتَحَاكَمُوْۤا اِلَى الطَّاغُوْتِ

وَقَدْ اُمِرُوْۤا اَنْ يَّكْفُرُوْا بِهٖ ؕ وَيُرِيْدُ الشَّيْطٰنُ

اَنْ يُّضِلَّهُمْ ضَلٰلًاۢ بَعِيْدًا ﴿۶۰﴾ وَاِذَا قِيْلَ لَهُمْ

تَعَالَوْا اِلٰى مَاۤ اَنْزَلَ اللّٰهُ وَاِلَى الرَّسُوْلِ رَاَيْتَ

الْمُنٰفِقِيْنَ يَصُدُّوْنَ عَنْكَ صُدُوْدًا ﴿۶۱﴾ۚ فَكَيْفَ اِذَاۤ

اَصَابَتْهُمْ مُّصِيْبَةٌۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ ثُمَّ

جَآءُوْكَ يَحْلِفُوْنَ ۖۗ بِاللّٰهِ اِنْ اَرَدْنَاۤ اِلَّاۤ اِحْسَانًا

وَّتَوْفِيْقًا ﴿۶۲﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ يَعْلَمُ اللّٰهُ مَا فِىْ قُلُوْبِهِمْ ۗ

فَاَعْرِضْ عَنْهُمْ وَعِظْهُمْ وَقُلْ لَّهُمْ فِىْۤ اَنْفُسِهِمْ قَوْلًاۢ

بَلِيْغًا ﴿۶۳﴾ وَمَاۤ اَرْسَلْنَا مِنْ رَّسُوْلٍ اِلَّا لِيُطَاعَ

بِاِذْنِ اللّٰهِ ؕ وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْۤا اَنْفُسَهُمْ جَآءُوْكَ

منزل ١ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا

કરો તો ન્યાયપૂર્વક કરો, અલ્લાહ તમને સર્વોત્તમ શિખામણ આપે છે અને ચોક્કસપણે અલ્લાહ બધું જ સાંભળે અને જુએ છે.

૫૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આજ્ઞાપાલન કરો અલ્લાહનું અને આજ્ઞાપાલન કરો રસૂલનું અને તે લોકોનું જે તમારા પૈકી જવાબદાર (આદેશ આપવાના અધિકારી) હોય, પછી જો કોઈ મામલામાં તમારા વચ્ચે ઝઘડો પડે તો તેને અલ્લાહ અને રસૂલના તરફ રજૂ કરો જો તમે ખરેખર અલ્લાહ અને આખિરતના દિવસ ઉપર ઈમાન ધરાવતા હોવ. આ જ એક સાચી કાર્ય-પદ્ધતિ છે અને પરિણામની દૃષ્ટિએ પણ વધુ સારી છે. (રુકૂઅ-૮)

૬૦. હે નબી ! તમે જોયા નહીં તે લોકોને જેઓ દાવો તો કરે છે કે અમે ઈમાન લાવ્યા છીએ તે ગ્રંથ પર જે તમારા તરફ અવતરિત કરવામાં આવ્યો છે અને તે ગ્રંથો પર જે તમારા પહેલાં અવતરિત કરવામાં આવ્યા હતા, પરંતુ તેમની ઇચ્છા એ છે કે પોતાના મામલાઓના ફેંસલા કરાવવા માટે તાગૂત પાસે જાય, જો કે તેમને તાગૂતનો ઇન્કાર કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો – શેતાન તેમને ભટકાવીને સીધા માર્ગથી ઘણે દૂર લઈ જવા માગે છે.

૬૧. અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે આવો તે વસ્તુ તરફ જે અલ્લાહે અવતરિત કરી છે અને આવો રસૂલ તરફ તો આ મુનાફિકો (દંભીઓ)ને તમે જુઓ છો કે તેઓ તમારા તરફ આવવાથી કતરાય છે.

૬૨. પછી તે વખતે શું થાય છે જ્યારે તેમના પોતાના હાથોએ આણેલી મુસીબત તેમના ઉપર આવી પડે છે ? તે વખતે તેઓ તમારા પાસે સોગંદો ખાતા આવે છે અને કહે છે કે ખુદાના સોગંદ ! અમે તો માત્ર સારું થાય તેમ ઇચ્છતા હતા અને અમારો આશય તો એ હતો કે બંને પક્ષોમાં કોઈ રીતે સુમેળ થઈ જાય.

૬૩. અલ્લાહ જાણે છે જે કંઈ તેમના હૃદયોમાં છે, તેમની ઉપેક્ષા ન કરો, તેમને સમજાવો અને એવી શિખામણ આપો જે તેમના હૃદયમાં ઉતરી જાય.

૬૪. (તેમને બતાવો કે) અમે જે રસૂલ પણ મોકલ્યો છે એટલા જ માટે મોકલ્યો છે કે અલ્લાહના આદેશના આધારે તેનું આજ્ઞાપાલન કરવામાં આવે. જો તેમણે આ પદ્ધતિ અપનાવી હોત કે જ્યારે તેઓ પોતાની જાત પર અત્યાચાર કરી બેસ્યા હતા તો તમારા પાસે આવી ગયા હોત અને અલ્લાહથી માફી માગી લીધી હોત, અને રસૂલે પણ તેમના માટે માફીની અરજ કરી હોત, તો ચોક્કસ તેમણે અલ્લાહને ક્ષમા કરનાર

اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا ﴿٦٤﴾ فَلَا وَ رَبِّكَ لَا يُؤْمِنُوْنَ
حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوْا فِيْٓ
اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَ يُسَلِّمُوْا تَسْلِيْمًا ﴿٦٥﴾ وَلَوْ
اَنَّا كَتَبْنَا عَلَيْهِمْ اَنِ اقْتُلُوْٓا اَنْفُسَكُمْ اَوِ اخْرُجُوْا
مِنْ دِيَارِكُمْ مَّا فَعَلُوْهُ اِلَّا قَلِيْلٌ مِّنْهُمْ ؕ وَلَوْ
اَنَّهُمْ فَعَلُوْا مَا يُوْعَظُوْنَ بِهٖ لَكَانَ خَيْرًا لَّهُمْ وَاَشَدَّ
تَثْبِيْتًا ﴿٦٦﴾ ۙ وَّاِذًا لَّاٰتَيْنٰهُمْ مِّنْ لَّدُنَّآ اَجْرًا عَظِيْمًا ﴿٦٧﴾ ۙ
وَّلَهَدَيْنٰهُمْ صِرَاطًا مُّسْتَقِيْمًا ﴿٦٨﴾ وَمَنْ يُّطِعِ اللّٰهَ
وَ الرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ
مِّنَ النَّبِيّٖنَ وَ الصِّدِّيْقِيْنَ وَالشُّهَدَاۗءِ وَالصّٰلِحِيْنَ ۚ
وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا ﴿٦٩﴾ ذٰلِكَ الْفَضْلُ مِنَ اللّٰهِ ؕ
وَكَفٰى بِاللّٰهِ عَلِيْمًا ﴿٧٠﴾ ۧ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا خُذُوْا ع ١١
حِذْرَكُمْ فَانْفِرُوْا ثُبَاتٍ اَوِ انْفِرُوْا جَمِيْعًا ﴿٧١﴾ وَاِنَّ
مِنْكُمْ لَمَنْ لَّيُبَطِّئَنَّ ۚ فَاِنْ اَصَابَتْكُمْ مُّصِيْبَةٌ قَالَ
قَدْ اَنْعَمَ اللّٰهُ عَلَيَّ اِذْ لَمْ اَكُنْ مَّعَهُمْ شَهِيْدًا ﴿٧٢﴾
وَلَئِنْ اَصَابَكُمْ فَضْلٌ مِّنَ اللّٰهِ لَيَقُوْلَنَّ كَاَنْ لَّمْ
تَكُنْ بَيْنَكُمْ وَبَيْنَهٗ مَوَدَّةٌ يّٰلَيْتَنِيْ كُنْتُ مَعَهُمْ
فَاَفُوْزَ فَوْزًا عَظِيْمًا ﴿٧٣﴾ فَلْيُقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ
الَّذِيْنَ يَشْرُوْنَ الْحَيٰوةَ الدُّنْيَا بِالْاٰخِرَةِ ؕ وَمَنْ

અને દયાળુ જોયો હોત.

૬૫. નહીં, હે મુહમ્મદ ! તમારા રબના સોગંદ ! આ લોકો કદાપિ મોમિન (ઈમાનવાળા) થઈ શકશે નહીં જ્યાં સુધી પોતાના પરસ્પરના ઝઘડાઓમાં તેઓ તમને ફેંસલો કરવાવાળા ન માને, પછી તમે જે કંઈ ફેસલો કરો તેના માટે પોતાના હૃદયમાં સહેજ પણ સંકોચ ન અનુભવે, બલ્કે તેને સંપૂર્ણપણે માની લે.

૬૬. જો અમે તેમને આદેશ આપ્યો હોત કે પોતાને મારી નાખો અથવા પોતાના ઘરોમાંથી નીકળી જાઓ, તો તેમનામાંથી થોડાક જ માણસોએ તેના ઉપર અમલ કર્યો હોત. જો કે જે શિખામણ તેમને આપવામાં આવે છે તેના પર જો તેમણે અમલ કર્યો હોત તો તેમના માટે વધારે સારું અને વધારે મક્કમતાનું કારણ બની હોત

૬૭. અને જો આ લોકોએ આવું કર્યું હોત તો અમે તેમને પોતાના તરફથી ઘણો મોટો બદલો આપતા

૬૮. અને તેમને સીધો માર્ગ દેખાડી દેતા.

૬૯. જે લોકો અલ્લાહ અને રસૂલનું આજ્ઞાપાલન કરશે તેઓ તે લોકો સાથે હશે જેમને અલ્લાહે ઇનામથી નવાજ્યા છે એટલે કે નબીઓ અને સિદ્દીકો (સત્યનિષ્ઠો) અને શહીદો અને સાલેહીન (સદાચારીઓ). કેવા ઉત્તમ છે આ સાથીઓ જે કોઈને પ્રાપ્ત થાય !

૭૦. આ સાચી કૃપા છે જે અલ્લાહ તરફથી મળે છે, અને હકીકત જાણવા માટે માત્ર અલ્લાહનું જ જ્ઞાન પૂરતું છે. (રુકૂઅ-૯)

૭૧. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! મુકાબલો કરવા માટે હરપળ તૈયાર રહો, પછી પરિસ્થિતિ અનુસાર જુદી-જુદી ટુકડીઓના રૂપમાં નીકળો અથવા એકત્ર થઈને.

૭૨. હા, તમારામાંથી કોઈ-કોઈ માણસ એવો પણ છે જે લડાઈથી છટકી જાય છે, જો તમારા ઉપર કોઈ મુસીબત આવે તો કહે છે અલ્લાહે મારા ઉપર મોટી કૃપા કરી કે હું તે લોકો સાથે ન ગયો,

૭૩. અને જો અલ્લાહ તરફથી તમારા ઉપર કૃપા થાય તો કહે છે — અને એવી રીતે કહે છે કે જાણે તમારા અને તેના વચ્ચે પ્રેમનો તો કોઈ સંબંધ હતો જ નહીં — કે કદાચ, હું પણ તેમના સાથે હોત તો મોટું કામ બની જતું !

૭૪. (આવા લોકોએ જાણી લેવું જોઈએ કે) અલ્લાહના માર્ગમાં લડવું જોઈએ

يُّقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ فَيُقْتَلْ اَوْ يَغْلِبْ فَسَوْفَ
نُؤْتِيْهِ اَجْرًا عَظِيْمًا ﴿٧٤﴾ وَمَا لَكُمْ لَا تُقَاتِلُوْنَ فِيْ
سَبِيْلِ اللّٰهِ وَالْمُسْتَضْعَفِيْنَ مِنَ الرِّجَالِ وَالنِّسَآءِ
وَالْوِلْدَانِ الَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَآ اَخْرِجْنَا مِنْ
هٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ اَهْلُهَا وَاجْعَلْ لَّنَا مِنْ
لَّدُنْكَ وَلِيًّا وَّاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ نَصِيْرًا ﴿٧٥﴾
اَلَّذِيْنَ اٰمَنُوْا يُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ وَالَّذِيْنَ كَفَرُوْا
يُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِ الطَّاغُوْتِ فَقَاتِلُوْٓا اَوْلِيَآءَ
ع الشَّيْطٰنِ اِنَّ كَيْدَ الشَّيْطٰنِ كَانَ ضَعِيْفًا ﴿٧٦﴾ اَلَمْ تَرَ
اِلَى الَّذِيْنَ قِيْلَ لَهُمْ كُفُّوْٓا اَيْدِيَكُمْ وَاَقِيْمُوا
الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ فَلَمَّا كُتِبَ عَلَيْهِمُ
الْقِتَالُ اِذَا فَرِيْقٌ مِّنْهُمْ يَخْشَوْنَ النَّاسَ كَخَشْيَةِ
اللّٰهِ اَوْ اَشَدَّ خَشْيَةً وَقَالُوْا رَبَّنَا لِمَ كَتَبْتَ
عَلَيْنَا الْقِتَالَ لَوْلَآ اَخَّرْتَنَآ اِلٰٓى اَجَلٍ قَرِيْبٍ قُلْ
مَتَاعُ الدُّنْيَا قَلِيْلٌ وَالْاٰخِرَةُ خَيْرٌ لِّمَنِ اتَّقٰى
وَلَا تُظْلَمُوْنَ فَتِيْلًا ﴿٧٧﴾ اَيْنَ مَا تَكُوْنُوْا يُدْرِكْكُّمُ
الْمَوْتُ وَلَوْ كُنْتُمْ فِيْ بُرُوْجٍ مُّشَيَّدَةٍ وَاِنْ تُصِبْهُمْ
حَسَنَةٌ يَّقُوْلُوْا هٰذِهٖ مِنْ عِنْدِ اللّٰهِ وَاِنْ تُصِبْهُمْ
سَيِّئَةٌ يَّقُوْلُوْا هٰذِهٖ مِنْ عِنْدِكَ قُلْ كُلٌّ مِّنْ عِنْدِ

તે લોકોએ જેઓ આખિરત (પરલોક)ના બદલે દુનિયા(આલોક)ના જીવનને વેચી દે. પછી જે અલ્લાહના માર્ગમાં લડશે અને માર્યો જશે અથવા વિજયી રહેશે તેને ચોક્કસપણે અમે મહાન બદલો આપીશું.

૭૫. છેવટે શું કારણ છે કે તમે અલ્લાહના માર્ગમાં તે વિવશ પુરુષો, સ્ત્રીઓ અને બાળકો માટે ન લડો જેમને નબળા જોઈને દબાવી દેવામાં આવ્યા છે અને જેઓ ફરિયાદ કરી રહ્યા છે કે હે અલ્લાહ ! અમને આ વસ્તીમાંથી બહાર કાઢ જેના રહીશો જાલિમ છે, અને પોતાના તરફથી અમારો કોઈ સમર્થક અને સહાયક પેદા કરી દે.

૭૬. જે લોકોએ ઈમાનનો માર્ગ અપનાવ્યો છે, તેઓ અલ્લાહના માર્ગમાં લડે છે અને જેમણે કુફ્ર (અધર્મ)નો માર્ગ અપનાવ્યો છે, તેઓ તાગૂતના માર્ગમાં લડે છે, તેથી શેતાનના સાથીઓ સાથે લડો અને વિશ્વાસ રાખો કે શેતાનની ચાલબાજીઓ તદ્દન કમજોર છે. (રુકૂઅ-૧૦)

૭૭. તમે તે લોકોને પણ જોયા જેમને કહેવામાં આવ્યું હતું કે પોતાના હાથ રોકી રાખો અને નમાઝ કાયમ કરો અને ઝકાત આપો ? હવે જ્યારે તેમને લડાઈનો હુકમ આપવામાં આવ્યો તો તેમનામાંથી એક જૂથની હાલત એવી છે કે લોકોથી એવી રીતે ડરી રહ્યું છે જેવી રીતે ખુદાથી ડરવું જોઈએ, બલ્કે થોડું તેનાથી પણ વધુ. કહે છે હે અલ્લાહ ! અમારા માટે આ લડાઈનો હુકમ કેમ લખી દીધો ? શા માટે અમને હજુ થોડી મહેતલ ન આપી ? તેમને કહો, દુનિયાની જીવન-સામગ્રી થોડી છે, અને આખિરત એક ઈશપરાયણ વ્યક્તિ માટે વધારે સારી છે, અને તમારા ઉપર લેશમાત્ર પણ અત્યાચાર કરવામાં નહીં આવે.

૭૮. રહ્યું મૃત્યુ, તો જ્યાં પણ તમે હશો તે અનિવાર્યપણે તમને આવીને રહેશે, ચાહે તમે ગમે તેવી મજબૂત ઇમારતોમાં હોવ. જો તેમને કોઈ લાભ થાય છે તો કહે છે કે અલ્લાહ તરફથી છે, અને જો કોઈ નુકસાન

اللّٰهِ ؕ فَمَالِ هٰٓؤُلَآءِ الْقَوْمِ لَا يَكَادُوْنَ يَفْقَهُوْنَ
حَدِيْثًا ۝٧٨ مَآ اَصَابَكَ مِنْ حَسَنَةٍ فَمِنَ اللّٰهِ ز وَمَآ
اَصَابَكَ مِنْ سَيِّئَةٍ فَمِنْ نَّفْسِكَ ؕ وَ اَرْسَلْنٰكَ
لِلنَّاسِ رَسُوْلًا ؕ وَكَفٰى بِاللّٰهِ شَهِيْدًا ۝٧٩ مَنْ يُّطِعِ
الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ ۚ وَمَنْ تَوَلّٰى فَمَآ اَرْسَلْنٰكَ
عَلَيْهِمْ حَفِيْظًا ۝٨٠ ؕ وَيَقُوْلُوْنَ طَاعَةٌ ز فَاِذَا بَرَزُوْا مِنْ
عِنْدِكَ بَيَّتَ طَآئِفَةٌ مِّنْهُمْ غَيْرَ الَّذِىْ تَقُوْلُ ؕ
وَاللّٰهُ يَكْتُبُ مَا يُبَيِّتُوْنَ ۚ فَاَعْرِضْ عَنْهُمْ وَ تَوَكَّلْ
عَلَى اللّٰهِ ؕ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ۝٨١ اَفَلَا يَتَدَبَّرُوْنَ
الْقُرْاٰنَ ؕ وَلَوْ كَانَ مِنْ عِنْدِ غَيْرِ اللّٰهِ لَوَجَدُوْا فِيْهِ
اخْتِلَافًا كَثِيْرًا ۝٨٢ وَاِذَا جَآءَهُمْ اَمْرٌ مِّنَ الْاَمْنِ
اَوِ الْخَوْفِ اَذَاعُوْا بِهٖ ؕ وَلَوْ رَدُّوْهُ اِلَى الرَّسُوْلِ وَ
اِلٰٓى اُولِى الْاَمْرِ مِنْهُمْ لَعَلِمَهُ الَّذِيْنَ يَسْتَنْۢبِطُوْنَهٗ
مِنْهُمْ ؕ وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَرَحْمَتُهٗ لَاتَّبَعْتُمُ
الشَّيْطٰنَ اِلَّا قَلِيْلًا ۝٨٣ فَقَاتِلْ فِىْ سَبِيْلِ اللّٰهِ ۚ لَا
تُكَلَّفُ اِلَّا نَفْسَكَ وَحَرِّضِ الْمُؤْمِنِيْنَ ۚ عَسَى اللّٰهُ
اَنْ يَّكُفَّ بَاْسَ الَّذِيْنَ كَفَرُوْا ؕ وَاللّٰهُ اَشَدُّ بَاْسًا وَّ
اَشَدُّ تَنْكِيْلًا ۝٨٤ مَنْ يَّشْفَعْ شَفَاعَةً حَسَنَةً يَّكُنْ لَّهٗ
نَصِيْبٌ مِّنْهَا ۚ وَمَنْ يَّشْفَعْ شَفَاعَةً سَيِّئَةً يَّكُنْ

થાય છે તો કહે છે કે હે નબી ! આ તમારા કારણે છે. કહો, બધું જ અલ્લાહ તરફથી છે. છેવટે આ લોકોને શું થઈ ગયું છે કે કોઈ વાત તેમની સમજમાં નથી આવતી.

૭૯. હે મનુષ્ય ! જે ભલાઈ પણ તને પ્રાપ્ત થાય છે અલ્લાહની કૃપાથી પ્રાપ્ત થાય છે, અને જે મુસીબત તારા ઉપર આવે છે તે તારા પોતાના દુષ્કૃત્યોના કારણે છે.

હે મુહમ્મદ ! અમે તમને લોકો માટે રસૂલ (સંદેશવાહક) બનાવીને મોકલ્યા છે અને આ માટે ખુદાની સાક્ષી પૂરતી છે.

૮૦. જેણે રસૂલનું આજ્ઞાપાલન કર્યું તેણે હકીકતમાં અલ્લાહનું આજ્ઞાપાલન કર્યું અને જેણે મોઢું ફેરવી લીધું, તો અમે તમને તે લોકો ઉપર કોઈપણ રીતે રક્ષક બનાવીને તો મોકલ્યા નથી.

૮૧. તેઓ મોઢા ઉપર કહે છે કે અમે આજ્ઞાપાલક છીએ, પરંતુ જ્યારે તમારા પાસેથી જાય છે તો તેમનામાંથી એક જૂથ રાત્રે એકત્ર થઈને તમારી વાતો વિરુધ્ધ સલાહ-મસલત કરે છે. અલ્લાહ તેમની આ બધી ગુસપુસ લખી રહ્યો છે. તમે તેમની પરવા ન કરો અને અલ્લાહ ઉપર ભરોસો રાખો, તે જ ભરોસો કરવા માટે પૂરતો છે.

૮૨. શું આ લોકો કુર્આન ઉપર વિચાર નથી કરતા ? જો આ અલ્લાહ સિવાય કોઈ બીજા તરફથી હોત તો આમાં ઘણા વિરોધાભાસી વર્ણનો જોવા મળતા.

૮૩. આ લોકો જ્યાં કોઈ શાંતિ કે ભયના સમાચાર સાંભળી લે છે તો તેને ફેલાવી દે છે, પરંતુ જો આ લોકો તેને રસૂલ અને પોતાના સમૂહની જવાબદાર વ્યક્તિઓ સુધી પહોંચાડે તો તે એવા લોકોની જાણમાં આવી જાય જેઓ તેમના વચ્ચે તેમાંથી સાચું તારણ કાઢવાની યોગ્યતા ધરાવે છે. તમારા ઉપર અલ્લાહની મહેરબાની અને કૃપા ન હોત તો (તમારી નબળાઈઓ એવી હતી કે) ગણ્યા-ગાંઠયા લોકો સિવાય તમે સૌ શેતાનની પાછળ લાગી ગયા હોત.

૮૪. તેથી હે નબી ! તમે અલ્લાહના માર્ગમાં લડો, તમે પોતાની જાત સિવાય બીજા કોઈના માટે જવાબદાર નથી. અલબત્ત, ઈમાનવાળાઓને લડવા માટે ઉત્તેજન આપો, અશક્ય નથી કે અલ્લાહ કાફિરો (અધર્મીઓ)નું જોર તોડી નાખે. અલ્લાહની શક્તિ સૌથી વધુ ભારે અને તેની સજા સૌથી વધારે સખત છે.

لَّهٗ كِفْلٌ مِّنْهَا ؕ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ مُّقِيْتًا ﴿٨٥﴾
وَاِذَا حُيِّيْتُمْ بِتَحِيَّةٍ فَحَيُّوْا بِاَحْسَنَ مِنْهَآ اَوْ رُدُّوْهَا ؕ
اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ شَىْءٍ حَسِيْبًا ﴿٨٦﴾ اَللّٰهُ لَآ اِلٰهَ
اِلَّا هُوَ ؕ لَيَجْمَعَنَّكُمْ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ لَا رَيْبَ فِيْهِ ؕ
وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ حَدِيْثًا ﴿٨٧﴾ ع فَمَا لَكُمْ فِى
الْمُنٰفِقِيْنَ فِئَتَيْنِ وَاللّٰهُ اَرْكَسَهُمْ بِمَا كَسَبُوْا ؕ
اَتُرِيْدُوْنَ اَنْ تَهْدُوْا مَنْ اَضَلَّ اللّٰهُ ؕ وَمَنْ يُّضْلِلِ
اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ سَبِيْلًا ﴿٨٨﴾ وَدُّوْا لَوْ تَكْفُرُوْنَ
كَمَا كَفَرُوْا فَتَكُوْنُوْنَ سَوَآءً فَلَا تَتَّخِذُوْا مِنْهُمْ
اَوْلِيَآءَ حَتّٰى يُهَاجِرُوْا فِىْ سَبِيْلِ اللّٰهِ ؕ فَاِنْ تَوَلَّوْا
فَخُذُوْهُمْ وَاقْتُلُوْهُمْ حَيْثُ وَجَدْتُّمُوْهُمْ ۪ وَلَا
تَتَّخِذُوْا مِنْهُمْ وَلِيًّا وَّلَا نَصِيْرًا ﴿٨٩﴾ اِلَّا الَّذِيْنَ
يَصِلُوْنَ اِلٰى قَوْمٍ بَيْنَكُمْ وَبَيْنَهُمْ مِّيْثَاقٌ اَوْ جَآءُوْكُمْ
حَصِرَتْ صُدُوْرُهُمْ اَنْ يُّقَاتِلُوْكُمْ اَوْ يُقَاتِلُوْا
قَوْمَهُمْ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَسَلَّطَهُمْ عَلَيْكُمْ فَلَقٰتَلُوْكُمْ ۚ
فَاِنِ اعْتَزَلُوْكُمْ فَلَمْ يُقَاتِلُوْكُمْ وَاَلْقَوْا اِلَيْكُمُ
السَّلَمَ ۙ فَمَا جَعَلَ اللّٰهُ لَكُمْ عَلَيْهِمْ سَبِيْلًا ﴿٩٠﴾
سَتَجِدُوْنَ اٰخَرِيْنَ يُرِيْدُوْنَ اَنْ يَّاْمَنُوْكُمْ وَ
يَاْمَنُوْا قَوْمَهُمْ ؕ كُلَّمَا رُدُّوْٓا اِلَى الْفِتْنَةِ اُرْكِسُوْا

النصف
ع ١١
منزل ١

૮૫. જે ભલાઈની ભલામણ કરશે તે તેમાંથી હિસ્સો મેળવશે અને જે બૂરાઈની ભલામણ કરશે તે તેમાંથી હિસ્સો મેળવશે, અને અલ્લાહ દરેક વસ્તુ ઉપર નજર રાખે છે.

૮૬. અને જ્યારે કોઈ આદરપૂર્વક તમને સલામ કરે તો તેને તેનાથી વધારે સારી રીતે જવાબ આપો અથવા ઓછામાં ઓછું તેવી જ રીતે, અલ્લાહ દરેક વસ્તુનો હિસાબ લેવાનો છે.

૮૭. અલ્લાહ તે છે જેના સિવાય કોઈ ખુદા નથી, તે તમને સૌને તે કયામત (પુનર્જીવન)ના દિવસે એકઠા કરશે જેના આવવામાં કોઈ શંકા નથી અને અલ્લાહની વાતથી વધુ સાચી વાત બીજા કોની હોઈ શકે છે ? (રુકૂઅ-૧૧)

૮૮. પછી આ તમને શું થઈ ગયું છે કે મુનાફિકો (દંભીઓ) વિષે તમારા વચ્ચે બે મત પ્રવર્તે છે, જો કે જે બૂરાઈઓ તેમણે આચરી છે તેના કારણે અલ્લાહે તેમને ઊલટા ફેરવી દીધા છે. શું તમે ચાહો છો કે જેને અલ્લાહે માર્ગદર્શન નથી આપ્યું, તેને તમે માર્ગદર્શન આપો ? જ્યારે કે જેને અલ્લાહે પથભ્રષ્ટ કરી દીધો તેના માટે તમે કોઈ માર્ગ નથી શોધી શકતા.

૮૯. તેઓ તો એમ ઇચ્છે છે કે જેવી રીતે તેઓ પોતે કાફિર (ઇન્કાર કરનારા) છે એવી જ રીતે તમે પણ કાફિર થઈ જાઓ, જેથી તમે અને તેઓ સૌ સરખા થઈ જાય. તેથી તેમનામાંથી કોઈને પોતાના મિત્ર ન બનાવો જ્યાં સુધી તેઓ અલ્લાહના માર્ગમાં હિજરત કરીને આવી ન જાય, અને જો તેઓ હિજરત ન કરે તો તેમને જ્યાં જુઓ ત્યાં પકડો અને કતલ કરો અને તેમનામાંથી કોઈને પોતાનો મિત્ર અને સહાયક ન બનાવો.

૯૦. અલબત્ત તે મુનાફિકો (ઈમાન લાવવાનો ઢોંગ કરનારાઓ) આ આદેશમાં અપવાદરૂપ છે જેઓ કોઈ એવી જાતિ સાથે જઈ મળે જેના સાથે તમારી સંધિ છે. તે જ રીતે તે દંભીઓ પણ અપવાદરૂપ છે જેઓ તમારા પાસે આવે છે અને લડાઈથી ઉદાસીન છે, ન તમારા સાથે લડવા માગે છે, ન તો પોતાની જાતિ સાથે. અલ્લાહ ઇચ્છતો તો તેમને તમારા ઉપર પ્રભુત્વ આપી દેતો અને તેઓ પણ તમારા સાથે લડ્યા હોત. તેથી જો તેઓ તમારાથી અળગા રહે અને લડવાથી દૂર રહે અને તમારા તરફ સુલેહ અને સુરક્ષાનો હાથ લંબાવે તો અલ્લાહે તમારા માટે તેમના ઉપર આક્રમણ કરવાનો કોઈ માર્ગ રાખ્યો નથી.

૯૧. એક બીજા પ્રકારના દંભીઓ તમને એવા મળશે જેઓ ઇચ્છે છે કે

فِيْهَا ؕ فَاِنْ لَّمْ يَعْتَزِلُوْكُمْ وَيُلْقُوْٓا اِلَيْكُمُ السَّلَمَ
وَيَكُفُّوْٓا اَيْدِيَهُمْ فَخُذُوْهُمْ وَاقْتُلُوْهُمْ حَيْثُ
ثَقِفْتُمُوْهُمْ ؕ وَاُولٰٓئِكُمْ جَعَلْنَا لَكُمْ عَلَيْهِمْ سُلْطٰنًا
مُّبِيْنًا ﴿٩١﴾ وَمَا كَانَ لِمُؤْمِنٍ اَنْ يَّقْتُلَ مُؤْمِنًا اِلَّا ع
خَطَـًٔا ۚ وَمَنْ قَتَلَ مُؤْمِنًا خَطَـًٔا فَتَحْرِيْرُ رَقَبَةٍ
مُّؤْمِنَةٍ وَّدِيَةٌ مُّسَلَّمَةٌ اِلٰٓى اَهْلِهٖٓ اِلَّآ اَنْ
يَّصَّدَّقُوْا ؕ فَاِنْ كَانَ مِنْ قَوْمٍ عَدُوٍّ لَّكُمْ وَهُوَ
مُؤْمِنٌ فَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ ؕ وَاِنْ كَانَ
مِنْ قَوْمٍۢ بَيْنَكُمْ وَبَيْنَهُمْ مِّيْثَاقٌ فَدِيَةٌ
مُّسَلَّمَةٌ اِلٰٓى اَهْلِهٖ وَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ ۚ
فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ ۫ تَوْبَةً
مِّنَ اللّٰهِ ؕ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿٩٢﴾ وَمَنْ
يَّقْتُلْ مُؤْمِنًا مُّتَعَمِّدًا فَجَزَآؤُهٗ جَهَنَّمُ خٰلِدًا
فِيْهَا وَغَضِبَ اللّٰهُ عَلَيْهِ وَلَعَنَهٗ وَاَعَدَّ لَهٗ عَذَابًا
عَظِيْمًا ﴿٩٣﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا ضَرَبْتُمْ
فِيْ سَبِيْلِ اللّٰهِ فَتَبَيَّنُوْا وَلَا تَقُوْلُوْا لِمَنْ اَلْقٰٓى
اِلَيْكُمُ السَّلٰمَ لَسْتَ مُؤْمِنًا ۚ تَبْتَغُوْنَ عَرَضَ
الْحَيٰوةِ الدُّنْيَا ۫ فَعِنْدَ اللّٰهِ مَغَانِمُ كَثِيْرَةٌ ؕ كَذٰلِكَ
كُنْتُمْ مِّنْ قَبْلُ فَمَنَّ اللّٰهُ عَلَيْكُمْ فَتَبَيَّنُوْا ؕ اِنَّ

તમારાથી પણ સુરક્ષિત રહે અને પોતાની જાતિથી પણ, પરંતુ જયારે પણ ફિત્ના (ઉપદ્રવ)ની તક મેળવશે, તેમાં કૂદી પડશે. આવા લોકો જો તમારો મુકાબલો કરવાથી દૂર ન રહે અને સુલેહ અને સુરક્ષાની વાત તમારા સમક્ષ ન મૂકે અને પોતાના હાથ ન રોકે, તો તેઓ જ્યાં પણ મળે તેમને પકડો અને મારો, તેમના ઉપર હાથ ઉપાડવા માટે અમે તમને ખુલ્લો અધિકાર આપી દીધો છે. (રુકૂઅ-૧૨)

૯૨. કોઈ મોમિન (ઈમાનવાળા)નું એ કામ નથી કે તે બીજા મોમિનને કતલ કરે, સિવાય એ કે તેનાથી ચૂક થઈ જાય, અને જે વ્યકિત કોઈ મોમિનને ભૂલથી કતલ કરી નાખે તો તેનો કફ્ફારો (પ્રાયશ્ચિત) એ છે કે એક મોમિનને ગુલામીમાંથી મુક્ત કરે અને કતલ થનારના વારસોને ખૂંબહા (ખૂનના બદલામાં ધન, Blood Money) આપે, એ સિવાય કે તેઓ ખૂંબહા માફ કરી દે. પરંતુ જો કતલ થનાર તે મુસલમાન કોઈ એવી કોમમાંથી હતો જેના સાથે તમારી શત્રુતા છે, તો તેનો કફ્ફારો એક મોમિન ગુલામને મુક્ત કરવો છે અને જો તે કોઈ એવી બિનમુસ્લિમ કોમનો માણસ હતો જેના સાથે તમારી સંધિ હોય તો તેના વારસોને ખૂંબહા આપવામાં આવશે અને એક મોમિન ગુલામને મુક્ત કરવો પડશે. પછી જેને ગુલામ ન મળે તો તે સતત બે મહિનાના રોઝા રાખે. આ તે ગુના માટે અલ્લાહ પાસે તૌબા કરવાની પદ્ધતિ છે અને અલ્લાહ બધું જાણનાર અને ડહાપણવાળો છે.

૯૩. રહી તે વ્યક્તિ જે કોઈ મોમિનને જાણી-બૂઝીને કતલ કરે તો તેનો બદલો જહન્નમ છે જેમાં તે હંમેશાં રહેશે. તેના ઉપર અલ્લાહનો પ્રકોપ અને તેનો ધિક્કાર છે અને અલ્લાહે તેના માટે સખત યાતના તૈયાર કરી રાખી છે.

૯૪. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જયારે તમે અલ્લાહના માર્ગમાં જિહાદ માટે નીકળો તો મિત્ર-શત્રુમાં ભેદ કરો અને જે તમારા તરફ સલામ કરીને આગળ આવે તો તેને તરત જ ન કહી દો કે તું ઈમાનવાળો નથી. જો તમે દુનિયાનો ફાયદો ચાહતા હોવ તો અલ્લાહ પાસે તમારા માટે ઘણો માલે ગનીમત છે. છેવટે તો તમે પોતે પણ આ જ પરિસ્થિતિમાં આ પહેલા રહી ચૂક્યા છો, પછી અલ્લાહે તમારા ઉપર

اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ﴿٩٤﴾ لَا يَسْتَوِي
الْقٰعِدُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ غَيْرُ اُولِي الضَّرَرِ وَ
الْمُجٰهِدُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِهِمْ وَ اَنْفُسِهِمْ ؕ
فَضَّلَ اللّٰهُ الْمُجٰهِدِيْنَ بِاَمْوَالِهِمْ وَ اَنْفُسِهِمْ
عَلَى الْقٰعِدِيْنَ دَرَجَةً ؕ وَكُلًّا وَّعَدَ اللّٰهُ
الْحُسْنٰى ؕ وَفَضَّلَ اللّٰهُ الْمُجٰهِدِيْنَ عَلَى الْقٰعِدِيْنَ
اَجْرًا عَظِيْمًا ﴿٩٥﴾ دَرَجٰتٍ مِّنْهُ وَمَغْفِرَةً وَّ رَحْمَةً ؕ
ع ١٣ ٥ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿٩٦﴾ اِنَّ الَّذِيْنَ تَوَفّٰىهُمُ
الْمَلٰٓئِكَةُ ظَالِمِيْٓ اَنْفُسِهِمْ قَالُوْا فِيْمَ كُنْتُمْ ؕ
قَالُوْا كُنَّا مُسْتَضْعَفِيْنَ فِي الْاَرْضِ ؕ قَالُوْٓا اَلَمْ
تَكُنْ اَرْضُ اللّٰهِ وَاسِعَةً فَتُهَاجِرُوْا فِيْهَا ؕ
فَاُولٰٓئِكَ مَاْوٰىهُمْ جَهَنَّمُ ؕ وَسَآءَتْ مَصِيْرًا ﴿٩٧﴾
اِلَّا الْمُسْتَضْعَفِيْنَ مِنَ الرِّجَالِ وَ النِّسَآءِ وَ
الْوِلْدَانِ لَا يَسْتَطِيْعُوْنَ حِيْلَةً وَّلَا يَهْتَدُوْنَ
سَبِيْلًا ﴿٩٨﴾ فَاُولٰٓئِكَ عَسَى اللّٰهُ اَنْ يَّعْفُوَ عَنْهُمْ ؕ
وَكَانَ اللّٰهُ عَفُوًّا غَفُوْرًا ﴿٩٩﴾ وَمَنْ يُّهَاجِرْ فِيْ
سَبِيْلِ اللّٰهِ يَجِدْ فِي الْاَرْضِ مُرٰغَمًا كَثِيْرًا
وَّسَعَةً ؕ وَمَنْ يَّخْرُجْ مِنْۢ بَيْتِهٖ مُهَاجِرًا اِلَى
اللّٰهِ وَرَسُوْلِهٖ ثُمَّ يُدْرِكْهُ الْمَوْتُ فَقَدْ وَقَعَ

ઉપકાર કર્યો, એટલા માટે ખાત્રી કરી લો, જે કંઈ તમે કરો છો અલ્લાહ તેનાથી સુમાહિતગાર છે.

૯૫. મુસલમાનોમાંથી તે લોકો જેઓ કોઈ લાચારી વિના ઘરમાં બેસી રહે છે અને જેઓ અલ્લાહના માર્ગમાં પ્રાણ અને ધન વડે જિહાદ કરે છે, બંનેનો દરજ્જો સમાન નથી. અલ્લાહે બેસી રહેવાવાળાઓની સરખામણીમાં પ્રાણ અને ધન વડે જિહાદ કરનારાઓનો દરજ્જો ઊંચો રાખ્યો છે. જો કે દરેકને માટે અલ્લાહે ભલાઈનું જ વચન આપ્યું છે, પરંતુ તેને ત્યાં જિહાદ કરનારાઓની સેવાઓનો બદલો બેસવાવાળાઓથી ઘણો વધારે છે.

૯૬. તેમના માટે અલ્લાહ તરફથી ઊંચા દરજ્જાઓ છે અને ક્ષમા અને દયા છે, અને અલ્લાહ મોટો ક્ષમાશીલ અને દયાળુ છે. (રુકૂઅ-૧૩)

૯૭. જે લોકો સ્વયં પોતાના ઉપર અત્યાચાર કરી રહ્યા હતા તેમની આત્માઓ જ્યારે ફરિશ્તાઓએ કાઢી તો તેમને પૂછ્યું કે આ તમે કેવી સ્થિતિમાં હતા ? તેમણે જવાબ આપ્યો કે અમે ધરતી ઉપર નિર્બળ અને વિવશ હતા. ફરિશ્તાઓએ કહ્યું, ''શું અલ્લાહની ધરતી વિશાળ ન હતી કે તમે તેમાં હિજરત કરતા ?'' આ તે લોકો છે જેમનું ઠેકાણું જહન્નમ છે, અને તે ઘણું જ ખરાબ ઠેકાણું છે.

૯૮. હા, જે પુરુષો, સ્ત્રીઓ અને બાળકો ખરેખર લાચાર છે અને નીકળવાનો કોઈ માર્ગ અને સાધન મેળવી શકતા નથી,

૯૯. અશક્ય નથી કે અલ્લાહ તેમને માફ કરી દે. અલ્લાહ મોટો માફ કરનાર અને દરગુજર કરનાર છે.

૧૦૦. જે કોઈ અલ્લાહના માર્ગમાં હિજરત કરશે, તે ધરતી ઉપર શરણ મેળવવા માટે ઘણી જગ્યા અને ગુજરાન માટે ઘણી ગુંજાશ મેળવશે, અને જે પોતાના ઘરથી અલ્લાહ અને રસૂલ તરફ હિજરત કરવા માટે નીકળે, પછી રસ્તામાં

اَجْرُهٗ عَلَى اللّٰهِ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿۱۰۰﴾ ع
وَاِذَا ضَرَبْتُمْ فِي الْاَرْضِ فَلَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ
اَنْ تَقْصُرُوْا مِنَ الصَّلٰوةِ ۖ اِنْ خِفْتُمْ اَنْ يَّفْتِنَكُمُ
الَّذِيْنَ كَفَرُوْا ؕ اِنَّ الْكٰفِرِيْنَ كَانُوْا لَكُمْ عَدُوًّا
مُّبِيْنًا ﴿۱۰۱﴾ وَاِذَا كُنْتَ فِيْهِمْ فَاَقَمْتَ لَهُمُ الصَّلٰوةَ
فَلْتَقُمْ طَآئِفَةٌ مِّنْهُمْ مَّعَكَ وَلْيَاْخُذُوْٓا اَسْلِحَتَهُمْ ۫
فَاِذَا سَجَدُوْا فَلْيَكُوْنُوْا مِنْ وَّرَآئِكُمْ ۪ وَلْتَاْتِ
طَآئِفَةٌ اُخْرٰى لَمْ يُصَلُّوْا فَلْيُصَلُّوْا مَعَكَ
وَلْيَاْخُذُوْا حِذْرَهُمْ وَاَسْلِحَتَهُمْ ۚ وَدَّ الَّذِيْنَ
كَفَرُوْا لَوْ تَغْفُلُوْنَ عَنْ اَسْلِحَتِكُمْ وَاَمْتِعَتِكُمْ
فَيَمِيْلُوْنَ عَلَيْكُمْ مَّيْلَةً وَّاحِدَةً ؕ وَلَا جُنَاحَ
عَلَيْكُمْ اِنْ كَانَ بِكُمْ اَذًى مِّنْ مَّطَرٍ اَوْ كُنْتُمْ
مَّرْضٰٓى اَنْ تَضَعُوْٓا اَسْلِحَتَكُمْ ۚ وَخُذُوْا حِذْرَكُمْ ؕ
اِنَّ اللّٰهَ اَعَدَّ لِلْكٰفِرِيْنَ عَذَابًا مُّهِيْنًا ﴿۱۰۲﴾ فَاِذَا
قَضَيْتُمُ الصَّلٰوةَ فَاذْكُرُوا اللّٰهَ قِيٰمًا وَّقُعُوْدًا وَّ
عَلٰى جُنُوْبِكُمْ ۚ فَاِذَا اطْمَاْنَنْتُمْ فَاَقِيْمُوا الصَّلٰوةَ ۚ
اِنَّ الصَّلٰوةَ كَانَتْ عَلَى الْمُؤْمِنِيْنَ كِتٰبًا مَّوْقُوْتًا ﴿۱۰۳﴾
وَلَا تَهِنُوْا فِي ابْتِغَآءِ الْقَوْمِ ؕ اِنْ تَكُوْنُوْا تَاْلَمُوْنَ
فَاِنَّهُمْ يَاْلَمُوْنَ كَمَا تَاْلَمُوْنَ ۚ وَتَرْجُوْنَ مِنَ اللّٰهِ

જતેને મૃત્યુ આવી જાય તો તેનો બદલો આપવો અલ્લાહ માટે અનિવાર્ય થઈ ગયો. અલ્લાહ મોટો ક્ષમાશીલ અને દયાળુ છે. (રુકૂઅ-૧૪)

૧૦૧. અને જ્યારે તમે લોકો મુસાફરીએ નીકળો ત્યારે કોઈ વાંધો નથી, જો નમાઝમાં કસ્ર (સંક્ષિપ્ત) કરો (ખાસ કરીને) જ્યારે તમને ભય હોય કે કાફિરો (વિરોધીઓ) તમને સતાવશે કેમ કે તેઓ તદ્દન ખુલ્લી રીતે તમારી દુશ્મની ઉપર ઉતરી આવેલા છે.

૧૦૨. અને હે નબી ! જ્યારે તમે મુસલમાનો વચ્ચે હોવ અને (યુદ્ધની સ્થિતિમાં) તેમને નમાઝ પઢાવવા માટે ઊભા હોવ તો તેમાંથી એક જૂથ તમારા સાથે ઊભું રહે અને પોતાના શસ્ત્રો સાથે રાખે, પછી જ્યારે તે સિજદો કરી લે તો પાછળ જતું રહે અને બીજું જૂથ જેણે હજુ નમાઝ નથી પઢી, આવીને તમારા સાથે પઢે અને તે પણ સાવધ રહે અને પોતાના શસ્ત્રો સાથે રાખે, કેમ કે કાફિરો (વિરોધીઓ) એ લાગમાં છે કે તમે પોતાના શસ્ત્રો અને પોતાના સામાન તરફથી સહેજ બેદરકાર થાવ તો તેઓ તમારા ઉપર ઓચિંતા તૂટી પડે. અલબત્ત, જો તમે વરસાદના કારણે તકલીફ અનુભવો અથવા બીમાર હોવ તો શસ્ત્રો બાજુએ રાખી દેવામાં વાંધો નથી, પરંતુ તે પછી પણ ચેતતા રહો. વિશ્વાસ રાખો કે અલ્લાહે કાફિરો માટે નામોશીભરી યાતના તૈયાર કરી રાખી છે.

૧૦૩. પછી જ્યારે નમાઝ પૂરી કરી લો તો ઊભા અને બેઠાં અને સૂતાં, દરેક હાલતમાં અલ્લાહને યાદ કરતા રહો. અને જ્યારે શાંતિ પ્રાપ્ત થઈ જાય તો પૂરેપૂરી નમાઝ પઢો. નમાઝ હકીકતમાં એવું અનિવાર્ય કાર્ય છે જે સમયની પાબંદી સાથે ઈમાનવાળાઓ માટે ફરજિયાત બનાવવામાં આવેલ છે.

૧૦૪. આ જૂથનો પીછો કરવામાં નબળાઈ ન દાખવો. જો તમે તકલીફ ઉઠાવી રહ્યા છો તો તમારા જેમ તેઓ પણ તકલીફ ઉઠાવી રહ્યા છે

مَا لَا يَرْجُوْنَ ؕ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ۟ؒ ۱۰۴ اِنَّاۤ (ع ۱۵ ۳ ۱۲)
اَنْزَلْنَاۤ اِلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ لِتَحْكُمَ بَيْنَ النَّاسِ
بِمَاۤ اَرٰىكَ اللّٰهُ ؕ وَلَا تَكُنْ لِّلْخَآئِنِيْنَ خَصِيْمًا ۙ ۱۰۵
وَّاسْتَغْفِرِ اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ كَانَ غَفُوْرًا رَّحِيْمًا ۚ ۱۰۶
وَلَا تُجَادِلْ عَنِ الَّذِيْنَ يَخْتَانُوْنَ اَنْفُسَهُمْ ؕ اِنَّ
اللّٰهَ لَا يُحِبُّ مَنْ كَانَ خَوَّانًا اَثِيْمًا ۙ ۱۰۷ يَّسْتَخْفُوْنَ
مِنَ النَّاسِ وَلَا يَسْتَخْفُوْنَ مِنَ اللّٰهِ وَهُوَ مَعَهُمْ
اِذْ يُبَيِّتُوْنَ مَا لَا يَرْضٰى مِنَ الْقَوْلِ ؕ وَكَانَ
اللّٰهُ بِمَا يَعْمَلُوْنَ مُحِيْطًا ۱۰۸ هٰۤاَنْتُمْ هٰۤؤُلَآءِ جٰدَلْتُمْ
عَنْهُمْ فِى الْحَيٰوةِ الدُّنْيَا قف فَمَنْ يُّجَادِلُ اللّٰهَ
عَنْهُمْ يَوْمَ الْقِيٰمَةِ اَمْ مَّنْ يَّكُوْنُ عَلَيْهِمْ وَكِيْلًا ۱۰۹
وَمَنْ يَّعْمَلْ سُوْٓءًا اَوْ يَظْلِمْ نَفْسَهٗ ثُمَّ يَسْتَغْفِرِ
اللّٰهَ يَجِدِ اللّٰهَ غَفُوْرًا رَّحِيْمًا ۱۱۰ وَمَنْ يَّكْسِبْ
اِثْمًا فَاِنَّمَا يَكْسِبُهٗ عَلٰى نَفْسِهٖ ؕ وَكَانَ اللّٰهُ
عَلِيْمًا حَكِيْمًا ۱۱۱ وَمَنْ يَّكْسِبْ خَطِيْٓئَةً اَوْ اِثْمًا ثُمَّ
يَرْمِ بِهٖ بَرِيْٓئًا فَقَدِ احْتَمَلَ بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا ۠ ۱۱۲ (ع ۱۶ ۸ ۱۳)
وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكَ وَرَحْمَتُهٗ لَهَمَّتْ
طَّآئِفَةٌ مِّنْهُمْ اَنْ يُّضِلُّوْكَ ؕ وَمَا يُضِلُّوْنَ اِلَّاۤ
اَنْفُسَهُمْ وَمَا يَضُرُّوْنَكَ مِنْ شَيْءٍ ؕ وَاَنْزَلَ اللّٰهُ

અને તમે અલ્લાહ પાસે તે વસ્તુની અપેક્ષા રાખો છો જેની તેઓ અપેક્ષા રાખતા નથી. અલ્લાહ બધું જ જાણે છે અને તે તત્ત્વદર્શી છે. (રુકૂઅ-૧૫)

૧૦૫. હે નબી ! અમે આ ગ્રંથ સત્ય સાથે તમારા તરફ અવતરિત કર્યો છે, જેથી જે સીધો માર્ગ અલ્લાહે તમને દેખાડ્યો છે તે મુજબ લોકો વચ્ચે ફેંસલો કરો. તમે વિશ્વાસઘાતી લોકો તરફથી વાદ-વિવાદ કરનારા ન બનો,

૧૦૬. અને અલ્લાહ પાસે દરગુજર માટે યાચના કરો, તે મોટો દરગુજર કરનાર અને દયાળુ છે.

૧૦૭. જે લોકો સ્વયં પોતાના સાથે જ વિશ્વાસઘાત કરે છે તમે તેમનો પક્ષ ન લો. અલ્લાહને એવી વ્યક્તિ પસંદ નથી જે વિશ્વાસઘાતી અને પાપી હોય.

૧૦૮. આ લોકો મનુષ્યોથી પોતાના કરતૂકો છૂપાવી શકે છે, પરંતુ અલ્લાહથી નથી છૂપાવી શકતા. તે તો તે વખતે પણ તેમના સાથે હોય છે જયારે તેઓ રાત્રે સંતાઈને તેની મરજી વિરુધ્ધ મસલતો કરે છે. તેમના બધા કાર્યો અલ્લાહના ઘેરામાં છે.

૧૦૯. હા, તમે લોકોએ આ ગુનેગારો વતી દુનિયાના જીવનમાં તો તકરાર કરી લીધી, પરંતુ કયામત (પુનર્જીવન)ના દિવસે તેમના માટે અલ્લાહ સામે કોણ તકરાર કરશે ? છેવટે ત્યાં કોણ તેમનો વકીલ થશે ?

૧૧૦. જો કોઈ વ્યક્તિ ખરાબ કૃત્ય કરી નાખે અથવા પોતાની જાત ઉપર અત્યાચાર કરી બેસે અને ત્યારપછી અલ્લાહ પાસે દરગુજર માટે યાચના કરે તો અલ્લાહને દરગુજર કરનાર અને દયાળુ જોશે.

૧૧૧. પરંતુ જો કોઈ બૂરાઈ કમાવી લે તો તેની આ કમાણી તેના જ માટે જંજાળ બનશે, અલ્લાહને બધી વાતોની ખબર છે અને તે જાણવાવાળો અને ઊંડી સમજ ધરાવે છે.

૧૧૨. પછી જેણે કોઈ ભૂલ અથવા ગુનો કરીને તેનો આરોપ કોઈ નિર્દોષના માથે ધરી દીધો તેણે તો મોટા દોષારોપણ અને સ્પષ્ટ ગુનાનો બોજ ઉપાડી લીધો. (રુકૂઅ-૧૬)

૧૧૩. હે નબી ! જો અલ્લાહની કૃપા તમારા ઉપર ન હોત અને તેની મહેરબાની તમારા સાથે ન હોત તો આમાંથી એક જૂથે તો તમને ભ્રમમાં નાખી દેવાનો નિર્ણય કરી જ લીધો હતો, જો કે હકીકતમાં તેઓ સ્વયં

عَلَيْكَ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ
تَعْلَمُ ؕ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ﴿۱۱۳﴾ لَا خَيْرَ الثلثة
فِيْ كَثِيْرٍ مِّنْ نَّجْوٰىهُمْ اِلَّا مَنْ اَمَرَ بِصَدَقَةٍ اَوْ
مَعْرُوْفٍ اَوْ اِصْلَاحٍۭ بَيْنَ النَّاسِ ؕ وَمَنْ يَّفْعَلْ
ذٰلِكَ ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ فَسَوْفَ نُؤْتِيْهِ اَجْرًا
عَظِيْمًا ﴿۱۱۴﴾ وَمَنْ يُّشَاقِقِ الرَّسُوْلَ مِنْۢ بَعْدِ مَا
تَبَيَّنَ لَهُ الْهُدٰى وَيَتَّبِعْ غَيْرَ سَبِيْلِ الْمُؤْمِنِيْنَ
نُوَلِّهٖ مَا تَوَلّٰى وَنُصْلِهٖ جَهَنَّمَ ؕ وَسَآءَتْ مَصِيْرًا ﴿۱۱۵﴾ ع ١٦/١٢
اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ
ذٰلِكَ لِمَنْ يَّشَآءُ ؕ وَمَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَقَدْ ضَلَّ
ضَلٰلًاۢ بَعِيْدًا ﴿۱۱۶﴾ اِنْ يَّدْعُوْنَ مِنْ دُوْنِهٖۤ اِلَّاۤ اِنٰثًا ۚ
وَاِنْ يَّدْعُوْنَ اِلَّا شَيْطٰنًا مَّرِيْدًا ﴿۱۱۷﴾ لا لَّعَنَهُ اللّٰهُ ۘ وقف لازم
وَقَالَ لَاَتَّخِذَنَّ مِنْ عِبَادِكَ نَصِيْبًا مَّفْرُوْضًا ﴿۱۱۸﴾ لا
وَّلَاُضِلَّنَّهُمْ وَلَاُمَنِّيَنَّهُمْ وَلَاٰمُرَنَّهُمْ فَلَيُبَتِّكُنَّ
اٰذَانَ الْاَنْعَامِ وَلَاٰمُرَنَّهُمْ فَلَيُغَيِّرُنَّ خَلْقَ اللّٰهِ ؕ
وَمَنْ يَّتَّخِذِ الشَّيْطٰنَ وَلِيًّا مِّنْ دُوْنِ اللّٰهِ فَقَدْ
خَسِرَ خُسْرَانًا مُّبِيْنًا ﴿۱۱۹﴾ ؕ يَعِدُهُمْ وَيُمَنِّيْهِمْ ؕ وَمَا
يَعِدُهُمُ الشَّيْطٰنُ اِلَّا غُرُوْرًا ﴿۱۲۰﴾ اُولٰٓئِكَ مَاْوٰىهُمْ
جَهَنَّمُ ۫ وَلَا يَجِدُوْنَ عَنْهَا مَحِيْصًا ﴿۱۲۱﴾ وَالَّذِيْنَ

પોતાના સિવાય કોઈને ભ્રમમાં નાખી રહ્યા ન હતા અને તમારું કોઈ નુકસાન કરી શકતા ન હતા. અલ્લાહે તમારા પર ગ્રંથ અને તત્ત્વદર્શિતા ઉતાર્યા છે અને તમને તે સઘળું બતાવ્યું છે જે તમે જાણતા ન હતા અને તેની તમારા ઉપર ઘણી કૃપા છે.

૧૧૪. લોકોની ગુપ્ત મસલતોમાં મોટા ભાગે કોઈ ભલાઈ નથી હોતી. હા, જો કોઈ છૂપી રીતે દાન કરવા માટે શિખામણ આપે અથવા કોઈ ભલાઈના કામ માટે અથવા લોકોમાં મેળાપ કરાવી આપવા માટે કોઈને કંઈ કહે તો તે અલબત્ત સારી વાત છે, અને જે કોઈ અલ્લાહની પ્રસન્નતા મેળવવા માટે આમ કરશે તેને અમે મોટો બદલો આપીશું.

૧૧૫. પરંતુ જે માણસ રસૂલનો વિરોધ કરવા ઉપર ઉતરી આવ્યો હોય અને ઈમાનવાળાઓના માર્ગ સિવાય બીજો કોઈ માર્ગ અપનાવે, જ્યારે કે સીધો માર્ગ તેના સામે સ્પષ્ટ થઈ ચૂક્યો હોય, તો અમે તેને તે જ તરફ ચલાવીશું જે દિશામાં તે પોતે વળી ગયો અને તેને જહન્નમ (નર્ક)માં ઝોંકીશું, જે સૌથી ખરાબ ઠેકાણું છે. (રુકૂઅ-૧૭)

૧૧૬. અલ્લાહને ત્યાં માત્ર શિર્ક (અનેકેશ્વરવાદ) માટે જ માફી નથી, આના સિવાય બીજુ બધું જ માફ થઈ શકે છે, જેને તે માફ કરવા ચાહે. જેણે અલ્લાહના સાથે કોઈને ભાગીદાર ઠેરવ્યો તે તો પથભ્રષ્ટતામાં ઘણો આગળ નીકળી ગયો.

૧૧૭. તેઓ અલ્લાહને છોડીને દેવીઓને ઉપાસ્ય બનાવે છે. તેઓ તે વિદ્રોહી શેતાનને ઉપાસ્ય બનાવે છે

૧૧૮. જેના ઉપર અલ્લાહે ફિટકાર કરેલી છે. (તેઓ તે શેતાનનું આજ્ઞાપાલન કરી રહ્યા છે) જેણે અલ્લાહને કહ્યું હતું, ''હું તારા બંદાઓ પાસેથી એક ચોક્કસ ભાગ લઈને રહીશ.

૧૧૯. હું તેમને બહેકાવીશ, હું તેમને ઇચ્છાઓમાં ગૂંચવીશ, હું તેમને આદેશ આપીશ અને તેઓ મારા આદેશ મુજબ પ્રાણીઓના કાન ચીરશે અને હું તેમને આદેશ આપીશ અને તેઓ મારા આદેશાનુસાર અલ્લાહની રચનામાં ફેરફાર કરશે.'' જેણે અલ્લાહના બદલે આ શેતાનને પોતાનો મિત્ર અને વાલી બનાવી લીધો તે સ્પષ્ટ નુકસાનમાં પડી ગયો.

૧૨૦. તે આ લોકો સાથે વાયદાઓ કરે છે અને તેમને આશાઓ અપાવે છે, પરંતુ શેતાનના બધા જ વાયદાઓ છેતરપિંડી સિવાય બીજું કંઈ નથી.

૧૨૧. આ લોકોનું ઠેકાણું જહન્નમ (નર્ક) છે જેનાથી મુક્તિનો કોઈ માર્ગ તેઓ

اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ سَنُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِیْ
مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِیْنَ فِیْهَاۤ اَبَدًا ؕ وَعْدَ اللّٰهِ
حَقًّا ؕ وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ قِیْلًا ﴿۱۲۲﴾ لَیْسَ
بِاَمَانِیِّكُمْ وَلَاۤ اَمَانِیِّ اَهْلِ الْكِتٰبِ ؕ مَنْ یَّعْمَلْ
سُوْٓءًا یُّجْزَ بِهٖ ۙ وَلَا یَجِدْ لَهٗ مِنْ دُوْنِ اللّٰهِ وَلِیًّا
وَّلَا نَصِیْرًا ﴿۱۲۳﴾ وَمَنْ یَّعْمَلْ مِنَ الصّٰلِحٰتِ مِنْ ذَكَرٍ
اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَاُولٰٓىِٕكَ یَدْخُلُوْنَ الْجَنَّةَ
وَلَا یُظْلَمُوْنَ نَقِیْرًا ﴿۱۲۴﴾ وَمَنْ اَحْسَنُ دِیْنًا مِّمَّنْ
اَسْلَمَ وَجْهَهٗ لِلّٰهِ وَهُوَ مُحْسِنٌ وَّاتَّبَعَ مِلَّةَ
اِبْرٰهِیْمَ حَنِیْفًا ؕ وَاتَّخَذَ اللّٰهُ اِبْرٰهِیْمَ خَلِیْلًا ﴿۱۲۵﴾
وَلِلّٰهِ مَا فِی السَّمٰوٰتِ وَمَا فِی الْاَرْضِ ؕ وَكَانَ
ع ۱۸ ۱۱ ۱۵ اللّٰهُ بِكُلِّ شَیْءٍ مُّحِیْطًا ﴿۱۲۶﴾ ع وَیَسْتَفْتُوْنَكَ فِی
النِّسَآءِ ؕ قُلِ اللّٰهُ یُفْتِیْكُمْ فِیْهِنَّ ۙ وَمَا یُتْلٰی عَلَیْكُمْ
فِی الْكِتٰبِ فِیْ یَتٰمَی النِّسَآءِ الّٰتِیْ لَا تُؤْتُوْنَهُنَّ
مَا كُتِبَ لَهُنَّ وَتَرْغَبُوْنَ اَنْ تَنْكِحُوْهُنَّ وَ
الْمُسْتَضْعَفِیْنَ مِنَ الْوِلْدَانِ ۙ وَاَنْ تَقُوْمُوْا لِلْیَتٰمٰی
بِالْقِسْطِ ؕ وَمَا تَفْعَلُوْا مِنْ خَیْرٍ فَاِنَّ اللّٰهَ كَانَ
بِهٖ عَلِیْمًا ﴿۱۲۷﴾ وَاِنِ امْرَاَةٌ خَافَتْ مِنْۢ بَعْلِهَا
منزل ۱ نُشُوْزًا اَوْ اِعْرَاضًا فَلَا جُنَاحَ عَلَیْهِمَاۤ اَنْ یُّصْلِحَا

પામશે નહીં.

૧૨૨. રહ્યા તે લોકો જેઓ ઈમાન લઈ આવે અને સદ્કાર્યો કરે, તો તેમને અમે એવા બાગોમાં દાખલ કરીશું જેના નીચે નહેરો વહેતી હશે અને તેઓ ત્યાં હંમેશાં રહેશે. આ અલ્લાહનો સાચો વાયદો છે અને અલ્લાહથી વધીને કોણ પોતાની વાતમાં સાચો હશે.

૧૨૩. પરિણામ ન તમારી ઈચ્છાઓ પર નિર્ભર છે, ન તો ગ્રંથવાળાઓની ઈચ્છાઓ પર. જે કોઈ બૂરાઈ કરશે તેનું ફળ પામશે અને અલ્લાહના મુકાબલામાં પોતાના માટે કોઈ સમર્થક અને સહાયક નહીં મેળવી શકે.

૧૨૪. અને જે ભલા કાર્યો કરશે, ચાહે પુરુષ હોય કે સ્ત્રી, પણ હોય તે મોમિન (ઈમાનવાળા), તો આવા જ લોકો જન્નત (સ્વર્ગ)માં દાખલ થશે અને તેમને રજમાત્ર અન્યાય નહીં થવા પામે.

૧૨૫. તે વ્યક્તિથી વધુ સારી બીજી કોની જીવન-પદ્ધતિ હોઈ શકે છે જેણે અલ્લાહ સામે આજ્ઞાપાલનમાં માથું ઝૂકાવી દીધું અને પોતાનું આચરણ ઉત્તમ રાખ્યું અને એકાગ્ર થઈને ઈબ્રાહીમની પદ્ધતિનું અનુસરણ કર્યું, તે ઈબ્રાહીમની પદ્ધતિનું જેને અલ્લાહે પોતાનો મિત્ર બનાવી લીધો હતો.

૧૨૬. આકાશો અને ધરતીમાં જે કંઈ છે અલ્લાહનું છે અને અલ્લાહે દરેક વસ્તુને પોતાના ઘેરામાં લઈ રાખી છે. (રૂકૂઅ-૧૮)

૧૨૭. લોકો તમારા પાસેથી સ્ત્રીઓ વિષે ફતવો (ધર્માદેશ) પૂછે છે. કહો, અલ્લાહ તમને તેમના વિષે ફતવો આપે છે અને સાથે-સાથે તે આદેશો પણ યાદ દેવડાવે છે જે પહેલાથી તમને આ ગ્રંથમાં સંભળાવવામાં આવી રહ્યા છે. અર્થાત્ તે આદેશો જે તે અનાથ છોકરીઓ વિષે છે જેમના હક્ક તમે ચૂકવતા નથી અને જેમના નિકાહ (લગ્ન) કરવાથી તમે દૂર રહો છો (અથવા લોભના કારણે તમે પોતે તેમના સાથે લગ્ન કરવા ઈચ્છો છો), અને તે આદેશો જે તે બાળકો વિષે છે જેઓ બિચારા કંઈ પણ કરવા માટે અશક્ત છે. અલ્લાહ તમને આદેશ આપે છે કે અનાથો સાથે ન્યાય ઉપર કાયમ રહો, અને જે ભલાઈ તમે કરશો તે અલ્લાહની જાણ બહાર રહેશે નહીં.

૧૨૮. જો કોઈ સ્ત્રીને પોતાના પતિ તરફથી દુર્વ્યવહાર કે ઉપેક્ષાનો ભય હોય તો કોઈ વાંધો નથી કે પતિ અને પત્ની (હક્કોમાં થોડી છૂટછાટ મૂકીને)

بَيْنَهُمَا صُلْحًا ؕ وَالصُّلْحُ خَيْرٌ ؕ وَاُحْضِرَتِ الْاَنْفُسُ
الشُّحَّ ؕ وَاِنْ تُحْسِنُوْا وَتَتَّقُوْا فَاِنَّ اللّٰهَ كَانَ بِمَا
تَعْمَلُوْنَ خَبِيْرًا ﴿۱۲۸﴾ وَلَنْ تَسْتَطِيْعُوْۤا اَنْ تَعْدِلُوْا بَيْنَ
النِّسَآءِ وَلَوْ حَرَصْتُمْ فَلَا تَمِيْلُوْا كُلَّ الْمَيْلِ فَتَذَرُوْهَا
كَالْمُعَلَّقَةِ ؕ وَاِنْ تُصْلِحُوْا وَتَتَّقُوْا فَاِنَّ اللّٰهَ
كَانَ غَفُوْرًا رَّحِيْمًا ﴿۱۲۹﴾ وَاِنْ يَّتَفَرَّقَا يُغْنِ اللّٰهُ كُلًّا
مِّنْ سَعَتِهٖ ؕ وَكَانَ اللّٰهُ وَاسِعًا حَكِيْمًا ﴿۱۳۰﴾ وَلِلّٰهِ مَا
فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَلَقَدْ وَصَّيْنَا الَّذِيْنَ
اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَاِيَّاكُمْ اَنِ اتَّقُوا اللّٰهَ ؕ
وَاِنْ تَكْفُرُوْا فَاِنَّ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ
وَكَانَ اللّٰهُ غَنِيًّا حَمِيْدًا ﴿۱۳۱﴾ وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ
وَمَا فِي الْاَرْضِ ؕ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ﴿۱۳۲﴾ اِنْ يَّشَاْ
يُذْهِبْكُمْ اَيُّهَا النَّاسُ وَيَاْتِ بِاٰخَرِيْنَ ؕ وَكَانَ
اللّٰهُ عَلٰى ذٰلِكَ قَدِيْرًا ﴿۱۳۳﴾ مَنْ كَانَ يُرِيْدُ ثَوَابَ
الدُّنْيَا فَعِنْدَ اللّٰهِ ثَوَابُ الدُّنْيَا وَالْاٰخِرَةِ ؕ وَكَانَ
اللّٰهُ سَمِيْعًا بَصِيْرًا ﴿۱۳۴﴾ ع يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْا ع ١٩ ٨ ١٦
قَوّٰمِيْنَ بِالْقِسْطِ شُهَدَآءَ لِلّٰهِ وَلَوْ عَلٰۤى اَنْفُسِكُمْ
اَوِ الْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ ۚ اِنْ يَّكُنْ غَنِيًّا اَوْ فَقِيْرًا
فَاللّٰهُ اَوْلٰى بِهِمَا ۫ فَلَا تَتَّبِعُوا الْهَوٰۤى اَنْ تَعْدِلُوْا ۚ

પરસ્પર સુલેહ કરી લે. સુલેહ દરેક રીતે સારી છે. મન તંગદિલી તરફ જલ્દી ઝૂકી જાય છે, પરંતુ જો તમે 'એહસાન' (ઉપકાર)નો વ્યવહાર કરો અને અલ્લાહનો ડર રાખો તો વિશ્વાસ રાખો કે અલ્લાહ તમારી આ વર્તણૂંકથી અજાણ નહીં હોય.

૧૨૯. પત્નીઓ વચ્ચે પૂરેપૂરો ન્યાય કરવો તમારી શક્તિની વાત નથી. તમે ઇચ્છો તો પણ આમ નથી કરી શકતા, તેથી (અલ્લાહના કાનૂન પાછળનો આશય પૂરો કરવા માટે એ પૂરતું છે કે) એક પત્ની તરફ એવી રીતે ન ઝૂકી જાઓ કે બીજીને લટકતી છોડી દો. જો તમે પોતાની વર્તણૂંક સારી રાખો અને અલ્લાહથી ડરતા રહો તો અલ્લાહ દરગુજર કરનારો અને દયાળુ છે.

૧૩૦. પરંતુ પતિ-પત્ની એકબીજાથી છૂટા જ થઈ જાય તો અલ્લાહ પોતાના વ્યાપક સામર્થ્યથી પ્રત્યેકને બીજાની જરૂરતથી મુક્ત કરી દેશે. અલ્લાહનું દામન ખૂબ વિશાળ છે અને તે તત્ત્વદર્શી છે.

૧૩૧. આકાશો અને ધરતીમાં જે કંઈ છે તે બધું અલ્લાહનું જ છે. તમારા પહેલા જેમને અમે ગ્રંથ આપ્યો હતો, તેમને પણ આ જ આદેશ આપવામાં આવ્યો હતો અને હવે તમને પણ આ જ આદેશ આપીએ છીએ કે અલ્લાહનો ડર રાખીને કામ કરો, પરંતુ જો તમે ન માનતા હોવ તો ન માનો, આકાશ અને ધરતીની બધી જ વસ્તુઓનો માલિક અલ્લાહ જ છે અને તે બેનિયાઝ (નિરપેક્ષ, નિઃસ્પૃહ) છે, સર્વ પ્રશંસાનો અધિકારી.

૧૩૨. હા, અલ્લાહ જ માલિક છે તે તમામ વસ્તુઓનો જે આકાશોમાં છે અને જે ધરતીમાં છે અને કામ પાર પાડવા માટે માત્ર તે જ પૂરતો છે.

૧૩૩. જો તે ચાહે તો તમને ખસેડીને તમારી જગ્યાએ બીજાઓને લઈ આવે અને તે આમ કરવા માટે સંપૂર્ણ શક્તિ ધરાવે છે.

૧૩૪. જે માણસ માત્ર દુનિયાનો બદલો ચાહતો હોય તેણે જાણી લેવું જોઈએ કે અલ્લાહ પાસે દુનિયાનો બદલો પણ છે અને આખિરતનો બદલો પણ, અને અલ્લાહ બધું સાંભળનાર અને જોનાર છે. (રુકૂઅ-૧૯)

૧૩૫. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! ન્યાયના ધ્વજવાહક બનો અને અલ્લાહ માટે સાક્ષી આપનારા બનો, ભલે તમારા ન્યાય અને તમારી સાક્ષીની વિરુધ્ધ અસર સ્વયં તમારા પર અથવા તમારા માતા-પિતા અને સગાઓ પર જ કેમ ન પડતી હોય. મામલાથી સંબંધ ધરાવનાર પક્ષ ચાહે ધનવાન હોય કે ગરીબ, અલ્લાહ તમારાથી વધુ તેમનો

وَاِنْ تَلْوٗۤا اَوْ تُعْرِضُوْا فَاِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ
خَبِيْرًا ﴿١٣٥﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اٰمِنُوْا بِاللّٰهِ وَ
رَسُوْلِهٖ وَالْكِتٰبِ الَّذِيْ نَزَّلَ عَلٰى رَسُوْلِهٖ وَالْكِتٰبِ
الَّذِيْۤ اَنْزَلَ مِنْ قَبْلُ ؕ وَمَنْ يَّكْفُرْ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ
وَكُتُبِهٖ وَرُسُلِهٖ وَالْيَوْمِ الْاٰخِرِ فَقَدْ ضَلَّ ضَلٰلًۢا
بَعِيْدًا ﴿١٣٦﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا ثُمَّ اٰمَنُوْا ثُمَّ
كَفَرُوْا ثُمَّ ازْدَادُوْا كُفْرًا لَّمْ يَكُنِ اللّٰهُ لِيَغْفِرَ لَهُمْ
وَلَا لِيَهْدِيَهُمْ سَبِيْلًا ؕ ﴿١٣٧﴾ بَشِّرِ الْمُنٰفِقِيْنَ بِاَنَّ لَهُمْ
عَذَابًا اَلِيْمَا ۙ ﴿١٣٨﴾ الَّذِيْنَ يَتَّخِذُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ
مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ؕ اَيَبْتَغُوْنَ عِنْدَهُمُ الْعِزَّةَ
فَاِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا ؕ ﴿١٣٩﴾ وَقَدْ نَزَّلَ عَلَيْكُمْ فِي
الْكِتٰبِ اَنْ اِذَا سَمِعْتُمْ اٰيٰتِ اللّٰهِ يُكْفَرُ بِهَا وَ
يُسْتَهْزَاُ بِهَا فَلَا تَقْعُدُوْا مَعَهُمْ حَتّٰى يَخُوْضُوْا فِيْ
حَدِيْثٍ غَيْرِهٖۤ ۖ اِنَّكُمْ اِذًا مِّثْلُهُمْ ؕ اِنَّ اللّٰهَ جَامِعُ
الْمُنٰفِقِيْنَ وَالْكٰفِرِيْنَ فِيْ جَهَنَّمَ جَمِيْعًا ۙ ﴿١٤٠﴾ الَّذِيْنَ
يَتَرَبَّصُوْنَ بِكُمْ ۚ فَاِنْ كَانَ لَكُمْ فَتْحٌ مِّنَ اللّٰهِ قَالُوْۤا
اَلَمْ نَكُنْ مَّعَكُمْ ۖ وَاِنْ كَانَ لِلْكٰفِرِيْنَ نَصِيْبٌ ۙ قَالُوْۤا
اَلَمْ نَسْتَحْوِذْ عَلَيْكُمْ وَنَمْنَعْكُمْ مِّنَ الْمُؤْمِنِيْنَ ؕ فَاللّٰهُ
يَحْكُمُ بَيْنَكُمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ وَلَنْ يَّجْعَلَ اللّٰهُ لِلْكٰفِرِيْنَ

શુભેચ્છક છે, આથી પોતાની મનેચ્છાઓનું અનુસરણ કરીને ન્યાયથી હટો નહીં અને જો તમે અધૂરી અને પક્ષપાતપૂર્ણ વાત કહી અથવા સાચી વાત કહેવાનું ટાળ્યું તો જાણી લો કે જે કંઈ તમે કરો છો અલ્લાહને તેની ખબર છે.

૧૩૬. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! ઈમાન લાવો અલ્લાહ પર અને તેના રસૂલ પર અને તે ગ્રંથ પર જે અલ્લાહે પોતાના રસૂલ ઉપર અવતરિત કર્યો છે અને તે દરેક ગ્રંથ પર જે આ પહેલાં તે અવતરિત કરી ચૂક્યો છે. જેણે અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને તેના ગ્રંથો અને તેના રસૂલો અને આખિરતના દિવસને માનવાનો ઇન્કાર કર્યો તે પથભ્રષ્ટતામાં ભટકીને ખૂબ દૂર નીકળી ગયો.

૧૩૭. રહ્યા તે લોકો જેઓ ઈમાન લાવ્યા, પછી કુફ્ર (ઇન્કાર) કર્યું, ફરી ઈમાન લાવ્યા, ફરી કુફ્ર કર્યું, પછી પોતાના કુફ્રમાં વધતા ગયા તો અલ્લાહ કદાપિ તેમને માફ નહીં કરે અને ક્યારેય તેમને સીધો માર્ગ નહીં દેખાડે.

૧૩૮-૧૩૯. અને જે મુનાફિકો (દંભીઓ) ઈમાનવાળાઓને છોડીને કાફિરોને પોતાના મિત્રો બનાવે છે, તેમને આ શુભ સમાચાર સંભળાવી દો કે તેમના માટે પીડાકારી સજા તૈયાર છે. શું આ લોકો પ્રતિષ્ઠાની ચાહનામાં તેમના પાસે જાય છે ? જો કે પ્રતિષ્ઠા તો સંપૂર્ણપણે અલ્લાહ જ માટે છે.

૧૪૦. અલ્લાહ આ ગ્રંથમાં તમને પહેલાથી જ આદેશ આપી ચૂક્યો છે કે જ્યાં તમે સાંભળો કે અલ્લાહની આયતો વિરુધ્ધ કુફ્ર (અધર્મ)ની બકવાસ કરવામાં આવી રહી છે અને તેની હાંસી ઉડાવવામાં આવી રહી છે તો ત્યાં ન બેસો, જ્યાં સુધી લોકો કોઈ બીજી વાતમાં ન લાગી જાય. હવે જો તમે આવું કરી રહ્યા છો તો તમે પણ એમના જ જેવા છો. વિશ્વાસ રાખો કે અલ્લાહ મુનાફિકોને (દંભીઓને) અને કાફિરોને જહન્નમ (નર્ક)માં એક જગ્યાએ એકઠા કરવાનો છે.

૧૪૧. આ દંભીઓ તમારા મામલામાં રાહ જોઈ રહ્યા છે (કે ઊંટ કઈ તરફ બેસશે). જો અલ્લાહ તરફથી વિજય તમારો થયો તો આવીને કહેશે કે શું અમે તમારા સાથે ન હતા ? જો કાફિરોનું પલ્લુ ભારે રહે તો તેમને કહેશે કે શું અમે તમારા વિરુધ્ધ લડવા માટે સમર્થ ન હતા, અને છતાં પણ અમે તમને મુસલમાનોથી બચાવ્યા ? બસ, અલ્લાહ જ તમારા અને તેમના મામલાનો નિર્ણય કયામતના દિવસે કરશે અને

عَلَى الْمُؤْمِنِيْنَ سَبِيْلًا ۝١٤١ اِنَّ الْمُنٰفِقِيْنَ يُخٰدِعُوْنَ ع ١٧/٧
اللّٰهَ وَهُوَ خَادِعُهُمْ ۚ وَاِذَا قَامُوْۤا اِلَى الصَّلٰوةِ قَامُوْا
كُسَالٰى ۙ يُرَآءُوْنَ النَّاسَ وَلَا يَذْكُرُوْنَ اللّٰهَ اِلَّا
قَلِيْلًا ۝١٤٢ ۙ مُّذَبْذَبِيْنَ بَيْنَ ذٰلِكَ ۖ لَاۤ اِلٰى هٰۤؤُلَآءِ
وَلَاۤ اِلٰى هٰۤؤُلَآءِ ۗ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ
سَبِيْلًا ۝١٤٣ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا
الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ۗ اَتُرِيْدُوْنَ
اَنْ تَجْعَلُوْا لِلّٰهِ عَلَيْكُمْ سُلْطٰنًا مُّبِيْنًا ۝١٤٤ اِنَّ
الْمُنٰفِقِيْنَ فِى الدَّرْكِ الْاَسْفَلِ مِنَ النَّارِ ۚ وَلَنْ
تَجِدَ لَهُمْ نَصِيْرًا ۝١٤٥ ۙ اِلَّا الَّذِيْنَ تَابُوْا وَاَصْلَحُوْا
وَاعْتَصَمُوْا بِاللّٰهِ وَاَخْلَصُوْا دِيْنَهُمْ لِلّٰهِ فَاُولٰٓئِكَ
مَعَ الْمُؤْمِنِيْنَ ۗ وَسَوْفَ يُؤْتِ اللّٰهُ الْمُؤْمِنِيْنَ
اَجْرًا عَظِيْمًا ۝١٤٦ مَا يَفْعَلُ اللّٰهُ بِعَذَابِكُمْ اِنْ
شَكَرْتُمْ وَاٰمَنْتُمْ ۗ وَكَانَ اللّٰهُ شَاكِرًا عَلِيْمًا ۝١٤٧
لَا يُحِبُّ اللّٰهُ الْجَهْرَ بِالسُّوْٓءِ مِنَ الْقَوْلِ اِلَّا مَنْ الجزء السادس (٦)
ظُلِمَ ۗ وَكَانَ اللّٰهُ سَمِيْعًا عَلِيْمًا ۝١٤٨ اِنْ تُبْدُوْا خَيْرًا
اَوْ تُخْفُوْهُ اَوْ تَعْفُوْا عَنْ سُوْٓءٍ فَاِنَّ اللّٰهَ كَانَ عَفُوًّا
قَدِيْرًا ۝١٤٩ اِنَّ الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاللّٰهِ وَرُسُلِهٖ وَ
يُرِيْدُوْنَ اَنْ يُّفَرِّقُوْا بَيْنَ اللّٰهِ وَرُسُلِهٖ وَيَقُوْلُوْنَ منزل ١

(આ નિર્ણયમાં) અલ્લાહે કાફિરો (અધર્મીઓ) માટે મુસલમાનો ઉપર વિજયી થવાનો કદાપિ કોઈ માર્ગ રાખ્યો નથી. (રુકૂઅ-૨૦)

૧૪૨. આ દંભીઓ અલ્લાહ સાથે છેતરપિંડી કરી રહ્યા છે, જો કે હકીકતમાં અલ્લાહે જ તેમને ભ્રમમાં નાખી રાખ્યા છે. જ્યારે આ લોકો નમાઝ માટે ઊભા થાય છે, તો ક-મને માત્ર લોકોને દેખાડવા માટે ઊઠે છે, અને અલ્લાહને ભાગ્યે જ યાદ કરે છે.

૧૪૩. કુફ્ર (ઇન્કાર) અને ઈમાનની દ્વિધામાં છે, ન તો પૂરા આ તરફ છે, ન પૂરા તે તરફ. જેને અલ્લાહે પથભ્રષ્ટ કરી દીધો હોય તેના માટે તમે કોઈ માર્ગ પામી શકતા નથી.

૧૪૪. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! ઈમાનવાળાઓને છોડીને કાફિરો (ઇન્કાર કરનારાઓ)ને પોતાના મિત્ર ન બનાવો. શું તમે ઇચ્છો છો કે અલ્લાહને પોતાના વિરુધ્ધ સાફ-સાફ પુરાવો આપી દો ?

૧૪૫. નિઃશંક દંભીઓ જહન્નમના સૌથી નીચલા ભાગમાં જશે અને તમે કોઈને તેમનો સહાયક નહીં જુઓ.

૧૪૬. અલબત્ત, તેમનામાંથી જેઓ તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) કરી લે અને પોતાની વર્તણૂંક સુધારી લે અને અલ્લાહનું દામન મજબૂત પકડી રાખે અને પોતાના દીન (ધર્મ)ને અલ્લાહ માટે જ વિશિષ્ટ કરી દે, આવા લોકો ઈમાનવાળાઓની સાથે છે અને અલ્લાહ ઈમાનવાળાઓને જરૂર મોટો બદલો આપશે.

૧૪૭. અલ્લાહ શા માટે તમને અમસ્તી જ સજા આપે જો તમે શકગુજાર (કૃતજ્ઞ) બંદા થઈને રહો અને ઈમાનના માર્ગ ઉપર ચાલો. અલ્લાહ મોટો કદરદાન છે અને સૌની સ્થિતિથી વાકેફ છે.

૧૪૮. અલ્લાહ તેને પસંદ કરતો નથી કે કોઈ વ્યક્તિ અપશબ્દોની સાથે પોતાનું મોઢું ખોલે, સિવાય એ કે કોઈના સાથે અન્યાય કરવામાં આવ્યો હોય, અને અલ્લાહ બધું સાંભળનાર અને જાણનાર છે.

૧૪૯. (અત્યાચારનો ભોગ બન્યા હોય તેવી સ્થિતિમાં જો કે તમને અપશબ્દો કહેવાનો અધિકાર છે) પરંતુ જો તમે જાહેર અને ખાનગીમાં ભલાઈ જ કર્યે જાવ અથવા ઓછામાં ઓછું બૂરાઈને દરગુજર કરો, તો અલ્લાહ (નો ગુણ પણ આ જ છે કે તે) મોટો ક્ષમાશીલ છે, (જો કે તે સજા આપવાનું) સંપૂર્ણ સામર્થ્ય ધરાવે છે.

૧૫૦. જે લોકો અલ્લાહ અને તેના રસૂલો સાથે ઇન્કારનું વલણ અપનાવે

نُؤْمِنُ بِبَعْضٍ وَّنَكْفُرُ بِبَعْضٍ ۙ وَّيُرِيْدُوْنَ اَنْ
يَّتَّخِذُوْا بَيْنَ ذٰلِكَ سَبِيْلًا ۙ﴿۱۵۰﴾ اُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ
حَقًّا ۚ وَاَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ عَذَابًا مُّهِيْنًا ﴿۱۵۱﴾ وَالَّذِيْنَ
اٰمَنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖ وَلَمْ يُفَرِّقُوْا بَيْنَ اَحَدٍ مِّنْهُمْ
اُولٰٓئِكَ سَوْفَ يُؤْتِيْهِمْ اُجُوْرَهُمْ ؕ وَكَانَ اللّٰهُ
غَفُوْرًا رَّحِيْمًا ﴿۱۵۲﴾ يَسْـَٔلُكَ اَهْلُ الْكِتٰبِ اَنْ تُنَزِّلَ ع ٢١
عَلَيْهِمْ كِتٰبًا مِّنَ السَّمَآءِ فَقَدْ سَاَلُوْا مُوْسٰٓى اَكْبَرَ
مِنْ ذٰلِكَ فَقَالُوْٓا اَرِنَا اللّٰهَ جَهْرَةً فَاَخَذَتْهُمُ
الصّٰعِقَةُ بِظُلْمِهِمْ ۚ ثُمَّ اتَّخَذُوا الْعِجْلَ مِنْۢ بَعْدِ
مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ فَعَفَوْنَا عَنْ ذٰلِكَ ۚ وَاٰتَيْنَا
مُوْسٰى سُلْطٰنًا مُّبِيْنًا ﴿۱۵۳﴾ وَرَفَعْنَا فَوْقَهُمُ الطُّوْرَ
بِمِيْثَاقِهِمْ وَقُلْنَا لَهُمُ ادْخُلُوا الْبَابَ سُجَّدًا وَّقُلْنَا
لَهُمْ لَا تَعْدُوْا فِى السَّبْتِ وَاَخَذْنَا مِنْهُمْ مِّيْثَاقًا
غَلِيْظًا ﴿۱۵۴﴾ فَبِمَا نَقْضِهِمْ مِّيْثَاقَهُمْ وَكُفْرِهِمْ بِاٰيٰتِ
اللّٰهِ وَقَتْلِهِمُ الْاَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ وَّقَوْلِهِمْ قُلُوْبُنَا
غُلْفٌ ؕ بَلْ طَبَعَ اللّٰهُ عَلَيْهَا بِكُفْرِهِمْ فَلَا يُؤْمِنُوْنَ
اِلَّا قَلِيْلًا ﴿۱۵۵﴾ وَّبِكُفْرِهِمْ وَقَوْلِهِمْ عَلٰى مَرْيَمَ
بُهْتَانًا عَظِيْمًا ۙ﴿۱۵۶﴾ وَّقَوْلِهِمْ اِنَّا قَتَلْنَا الْمَسِيْحَ
عِيْسَى ابْنَ مَرْيَمَ رَسُوْلَ اللّٰهِ ۚ وَمَا قَتَلُوْهُ وَمَا

છે, અને ચાહે છે કે અલ્લાહ અને તેના રસૂલો વચ્ચે ભેદભાવ કરે અને કહે છે કે અમે કોઈને માનીશું અને કોઈને નહીં માનીએ અને કુફ્ર તથા ઈમાન વચ્ચે એક રસ્તો કાઢવાનો ઈરાદો રાખે છે,

૧૫૧. તે બધા કટ્ટર કાફિરો (પાકા અધર્મીઓ) છે અને આવા કાફિરો માટે અમે તે સજા તૈયાર કરી રાખી છે, જે તેમને અપમાનિત અને ફજેત કરનારી છે.

૧૫૨. તેનાથી વિપરીત જે લોકો અલ્લાહ અને તેના તમામ રસૂલોને માને, અને તેમના વચ્ચે ભેદભાવ ન કરે, તેમને અમે ચોક્કસ તેમના બદલા આપીશું, અને અલ્લાહ ઘણો ક્ષમાશીલ અને દયાળુ છે. (રુકૂઅ-૨૧)

૧૫૩. હે નબી ! આ ગ્રંથવાળા જો આજે તમારા પાસે માંગણી કરી રહ્યા છે કે તમે આકાશમાંથી કોઈ લખાણ તેમના ઉપર અવતરિત કરાવો તો તેનાથી પણ વધુ ગુનાહિત માંગણીઓ તેઓ પહેલાં મૂસા (અલૈ.) પાસે કરી ચૂક્યા છે. તેને તો આ લોકોએ કહ્યું હતું કે અમને ખુદાને જાહેરમાં દેખાડી દો અને આ જ દુષ્ટતાના કારણે તેમના ઉપર અચાનક વીજળી ત્રાટકી હતી, પછી તેમણે વાછરડાને પોતાનો ઉપાસ્ય બનાવી લીધો, જો કે તેઓ ખુલ્લી નિશાનીઓ જોઈ ચૂક્યા હતા. તેમ છતાં પણ અમે તેમને માફ કરી દીધા. અમે મૂસા (અલૈ.)ને સ્પષ્ટ આદેશ આપ્યો,

૧૫૪. અને આ લોકો ઉપર તૂર (પહાડ)ને ઉઠાવીને એમના પાસેથી (આ આદેશના પાલનનું) વચન લીધું. અમે તેમને હુકમ આપ્યો કે દરવાજામાં સિજદો કરતાં (નતમસ્તકે) પ્રવેશ કરો. અમે તેમને કહ્યું કે 'સબ્ત' (શનિવાર)નો નિયમ ન તોડો અને તે માટે તેમના પાસેથી પાકું વચન લીધું.

૧૫૫. છેવટે તેમના વચન-ભંગના કારણે અને એ કારણે કે તેમણે અલ્લાહની આયતોને ખોટી ઠેરવી અને ઘણા પયગંબરોને નાહક કતલ કર્યા અને ત્યાં સુધી કહ્યું કે અમારા હૃદયો આવરણોમાં સુરક્ષિત છે, જો કે હકીકતમાં તેમના કુફ્ર (અધર્મ)ના કારણે અલ્લાહે તેમના હૃદયો ઉપર મહોર મારી દીધી છે, અને આ જ કારણે તેઓ ભાગ્યે જ ઈમાન લાવે છે.

૧૫૬. પછી તેઓ પોતાના કુફ્ર (અધર્મ)માં એટલા આગળ વધ્યા કે મરયમ પર ભારે તહોમત મૂકી,

૧૫૭. અને પોતે કહ્યું કે અમે મસીહ, મરયમના પુત્ર ઈસા, અલ્લાહના રસૂલને

صَلَبُوْهُ وَلٰكِنْ شُبِّهَ لَهُمْ ؕ وَاِنَّ الَّذِيْنَ اخْتَلَفُوْا
فِيْهِ لَفِيْ شَكٍّ مِّنْهُ ؕ مَا لَهُمْ بِهٖ مِنْ عِلْمٍ اِلَّا
اتِّبَاعَ الظَّنِّ ۚ وَمَا قَتَلُوْهُ يَقِيْنًا ۙ ﴿١٥٧﴾ بَلْ رَّفَعَهُ اللّٰهُ
اِلَيْهِ ؕ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ﴿١٥٨﴾ وَاِنْ مِّنْ اَهْلِ
الْكِتٰبِ اِلَّا لَيُؤْمِنَنَّ بِهٖ قَبْلَ مَوْتِهٖ ۚ وَيَوْمَ الْقِيٰمَةِ
يَكُوْنُ عَلَيْهِمْ شَهِيْدًا ۚ ﴿١٥٩﴾ فَبِظُلْمٍ مِّنَ الَّذِيْنَ هَادُوْا
حَرَّمْنَا عَلَيْهِمْ طَيِّبٰتٍ اُحِلَّتْ لَهُمْ وَبِصَدِّهِمْ عَنْ
سَبِيْلِ اللّٰهِ كَثِيْرًا ۙ ﴿١٦٠﴾ وَّاَخْذِهِمُ الرِّبٰوا وَقَدْ نُهُوْا
عَنْهُ وَاَكْلِهِمْ اَمْوَالَ النَّاسِ بِالْبَاطِلِ ؕ وَاَعْتَدْنَا
لِلْكٰفِرِيْنَ مِنْهُمْ عَذَابًا اَلِيْمًا ﴿١٦١﴾ لٰكِنِ الرّٰسِخُوْنَ
فِي الْعِلْمِ مِنْهُمْ وَالْمُؤْمِنُوْنَ يُؤْمِنُوْنَ بِمَاۤ اُنْزِلَ
اِلَيْكَ وَمَاۤ اُنْزِلَ مِنْ قَبْلِكَ وَالْمُقِيْمِيْنَ الصَّلٰوةَ
وَالْمُؤْتُوْنَ الزَّكٰوةَ وَالْمُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ
الْاٰخِرِ ؕ اُولٰٓئِكَ سَنُؤْتِيْهِمْ اَجْرًا عَظِيْمًا ۧ ﴿١٦٢﴾ اِنَّاۤ اَوْحَيْنَاۤ ع ٢٢
اِلَيْكَ كَمَاۤ اَوْحَيْنَاۤ اِلٰى نُوْحٍ وَّالنَّبِيّٖنَ مِنْ بَعْدِهٖ ۚ
وَاَوْحَيْنَاۤ اِلٰۤى اِبْرٰهِيْمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ
وَالْاَسْبَاطِ وَعِيْسٰى وَاَيُّوْبَ وَيُوْنُسَ وَهٰرُوْنَ
وَسُلَيْمٰنَ ۚ وَاٰتَيْنَا دَاوٗدَ زَبُوْرًا ۚ ﴿١٦٣﴾ وَرُسُلًا قَدْ
قَصَصْنٰهُمْ عَلَيْكَ مِنْ قَبْلُ وَرُسُلًا لَّمْ نَقْصُصْهُمْ

કતલ કરી દીધા છે – જો કે હકીકતમાં તેમણે ન તો તેને કતલ કર્યો, ન તો સલીબ (ક્રોસ, સૂળી) ઉપર ચઢાવ્યો, બલ્કે મામલો તેમના માટે સંદિગ્ધ બનાવી દેવામાં આવ્યો, અને જે લોકોએ આ અંગે મતભેદ કર્યો છે તેઓ પણ ખરેખર શંકામાં પડેલા છે, તેમના પાસે આ અંગે કોઈ જ્ઞાન નથી, માત્ર અટકળનું જ અનુસરણ છે. તેમણે મસીહને નિશ્ચિતપણે કતલ નથી કર્યો,

૧૫૮. બલ્કે અલ્લાહે તેને પોતાના તરફ ઉઠાવી લીધો, અલ્લાહ પ્રબળ શક્તિશાળી અને તત્ત્વદર્શી છે:

૧૫૯. અને ગ્રંથવાળાઓમાંથી કોઈ એવો નહીં હોય જે તેના મૃત્યુ પહેલા તેના પર ઈમાન ન લઈ આવે અને કયામત (પુનર્જીવન)ના દિવસે તે તેના ઉપર સાક્ષી આપશે,

૧૬૦-૧૬૧. – તાત્પર્ય એ છે કે, આ યહૂદીઓના આ જ અત્યાચારપૂર્ણ વલણના કારણે અને એ કારણે કે તેઓ મોટાભાગે અલ્લાહના માર્ગથી રોકે છે, અને વ્યાજ લે છે જેનાથી તેમને મનાઈ કરવામાં આવી હતી, અને લોકોનું ધન અનુચિત રીતે ખાય છે, અમે ઘણી પવિત્ર તે વસ્તુઓ તેમના માટે હરામ (અવૈધ) કરી દીધી જે પહેલાં તેમના માટે હલાલ (વૈધ) હતી, અને જે લોકો તેમના પૈકી કાફિર (ઇન્કાર કરનારા) છે તેમના માટે અમે પીડાકારી યાતના તૈયાર કરીને રાખી છે,

૧૬૨. પરંતુ તેમનામાંથી જે લોકો પરિપક્વ જ્ઞાન ધરાવે છે અને ઈમાનવાળા છે, તે સૌ તે શિક્ષણ પર ઈમાન લાવે છે જે (હે નબી !) તમારા તરફ અવતરિત કરવામાં આવ્યું છે અને જે તમારા પહેલા અવતરિત કરવામાં આવ્યું હતું. આ રીતે ઈમાન લાવનારાઓ અને નમાઝ અને ઝકાતની પાબંદી કરવાવાળા અને અલ્લાહ અને આખિરત (પરલોક)ના દિવસ પર સાચી શ્રદ્ધા ધરાવનારા લોકોને અમે જરૂર મહાન બદલો આપીશું. (રુકૂઅ-૨૨)

૧૬૩. હે નબી ! અમે તમારા તરફ એવી જ રીતે વહી (દિવ્ય પ્રકાશના) મોકલી છે જેવી રીતે નૂહ અને તે પછીના પયગંબરો તરફ મોકલી હતી. અમે ઇબ્રાહીમ, ઇસ્માઈલ, ઇસ્હાક; યાકૂબ અને યાકૂબના સંતાનો, ઈસા, ઐયૂબ, યૂનુસ, હારૂન અને સુલેમાનના તરફ વહી મોકલી. અમે દાઊદને ઝબૂર (અલ્લાહ તરફથી અવતરિત કરવામાં આવેલ ગ્રંથ) આપી.

૧૬૪. અમે તે રસૂલો ઉપર પણ વહી અવતરિત કરી જેમનો ઉલ્લેખ અમે

عَلَيْكَ ؕ وَكَلَّمَ اللّٰهُ مُوْسٰى تَكْلِيْمًا ۚ﴿۱۶۴﴾ رُسُلًا
مُّبَشِّرِيْنَ وَمُنْذِرِيْنَ لِئَلَّا يَكُوْنَ لِلنَّاسِ عَلَى اللّٰهِ
حُجَّةٌۢ بَعْدَ الرُّسُلِ ؕ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ﴿۱۶۵﴾
لٰكِنِ اللّٰهُ يَشْهَدُ بِمَاۤ اَنْزَلَ اِلَيْكَ اَنْزَلَهٗ بِعِلْمِهٖ ۚ
وَالْمَلٰٓئِكَةُ يَشْهَدُوْنَ ؕ وَكَفٰى بِاللّٰهِ شَهِيْدًا ؕ﴿۱۶۶﴾
اِنَّ الَّذِيْنَ كَفَرُوْا وَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ قَدْ
ضَلُّوْا ضَلٰلًاۢ بَعِيْدًا ﴿۱۶۷﴾ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا وَظَلَمُوْا
لَمْ يَكُنِ اللّٰهُ لِيَغْفِرَ لَهُمْ وَلَا لِيَهْدِيَهُمْ طَرِيْقًا ۙ﴿۱۶۸﴾
اِلَّا طَرِيْقَ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَاۤ اَبَدًا ؕ وَكَانَ
ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ﴿۱۶۹﴾ يٰۤاَيُّهَا النَّاسُ قَدْ
جَآءَكُمُ الرَّسُوْلُ بِالْحَقِّ مِنْ رَّبِّكُمْ فَاٰمِنُوْا خَيْرًا
لَّكُمْ ؕ وَاِنْ تَكْفُرُوْا فَاِنَّ لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَ
الْاَرْضِ ؕ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿۱۷۰﴾ يٰۤاَهْلَ
الْكِتٰبِ لَا تَغْلُوْا فِىْ دِيْنِكُمْ وَلَا تَقُوْلُوْا عَلَى اللّٰهِ
اِلَّا الْحَقَّ ؕ اِنَّمَا الْمَسِيْحُ عِيْسَى ابْنُ مَرْيَمَ رَسُوْلُ اللّٰهِ
وَكَلِمَتُهٗ ۚ اَلْقٰهَاۤ اِلٰى مَرْيَمَ وَرُوْحٌ مِّنْهُ ز فَاٰمِنُوْا بِاللّٰهِ
وَرُسُلِهٖ ۫ وَلَا تَقُوْلُوْا ثَلٰثَةٌ ؕ اِنْتَهُوْا خَيْرًا لَّكُمْ ؕ اِنَّمَا
اللّٰهُ اِلٰهٌ وَّاحِدٌ ؕ سُبْحٰنَهٗۤ اَنْ يَّكُوْنَ لَهٗ وَلَدٌ ۘ لَهٗ مَا
فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ ؕ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ۧ﴿۱۷۱﴾

منزل ١
وقف لازم
ع ٢٦

આ પહેલાં તમારા સમક્ષ કરી ચૂક્યા છીએ અને તે રસૂલો પર પણ જેમનો ઉલ્લેખ તમારા સમક્ષ નથી કર્યો. અમે મૂસા સાથે એવી રીતે વાતચીત કરી જેવી રીતે વાતચીત કરવામાં આવે છે.

૧૬૫. આ તમામ રસૂલોને ખુશખબર આપનારા અને ડરાવનારા બનાવીને મોકલવામાં આવ્યા હતા, જેથી તેમને મોકલી દીધા પછી લોકો પાસે અલ્લાહ સામે કોઈ દલીલ બાકી ન રહે અને અલ્લાહ દરેક સંજોગોમાં પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૧૬૬. (લોકો નથી માનતા તો ન માને) પરંતુ અલ્લાહ સાક્ષી આપે છે કે હે નબી ! જે કંઈ તેણે તમારા ઉપર અવતરિત કર્યું છે, પોતાના જ્ઞાનમાંથી અવતરિત કર્યું છે અને તેના પર ફરિશ્તાઓ પણ સાક્ષી છે, જો કે અલ્લાહનું સાક્ષી હોવું તદ્દન પૂરતું છે.

૧૬૭. જે લોકો તેને માનવાનો સ્વયં ઇન્કાર કરે છે અને બીજાઓને અલ્લાહના માર્ગથી રોકે છે, તેઓ વાસ્તવમાં પથભ્રષ્ટતામાં સત્યથી ઘણે દૂર નીકળી ગયા છે.

૧૬૮-૧૬૯. આ રીતે જે લોકોએ કુફ્ર (ઇન્કાર) અને વિદ્રોહનું વર્તન અપનાવ્યું અને અન્યાય અને અત્યાચાર કરવા પર ઉતરી આવ્યા, અલ્લાહ તેમને કદાપિ માફ નહીં કરે અને તેમને જહન્નમના માર્ગ સિવાય કોઈ અન્ય માર્ગ દેખાડશે નહીં, જેમાં તેઓ હંમેશાં રહેશે. અલ્લાહ માટે આ કોઈ મુશ્કેલ કામ નથી.

૧૭૦. લોકો ! આ રસૂલ તમારા પાસે તમારા રબ તરફથી સત્ય લઈને આવી ગયો છે, ઈમાન લઈ આવો, તમારા જ માટે સારું છે, અને જો ઇન્કાર કરો છો તો જાણી લો કે આકાશો અને ધરતીમાં જે કંઈ છે, બધું જ અલ્લાહનું છે અને અલ્લાહ સર્વજ્ઞ પણ છે અને તત્ત્વદર્શી પણ.

૧૭૧. હે ગ્રંથવાળાઓ ! પોતાના દીન (ધર્મ)માં હદથી ન વધો અને અલ્લાહ તરફ સત્ય સિવાય કોઈ વાત ન જોડો, મરયમનો પુત્ર ઈસા મસીહ તે સિવાય કંઈ ન હતો કે અલ્લાહનો એક રસૂલ (પયગંબર) હતો અને એક ફરમાન હતો જે અલ્લાહે મરયમ તરફ મોકલ્યો અને એક રૂહ હતી અલ્લાહ તરફથી (જેણે મરયમના ગર્ભાશયમાં બાળકનું રૂપ ધારણ કર્યું) તેથી તમે અલ્લાહ અને તેના રસૂલો (પયગંબરો) પર ઈમાન લાવો અને ન કહો કે 'ત્રણ' છે, અટકી જાઓ, આ તમારા જ માટે સારું છે. અલ્લાહ તો માત્ર એક જ ઈશ્વર છે. તે પવિત્ર અને મહાન છે તેનાથી કે કોઈ તેનો પુત્ર હોય. ધરતી અને આકાશોની સમગ્ર વસ્તુઓ તેની મિલ્કત છે અને તેમના ગુજરાન અને દેખરેખ

لَنْ يَّسْتَنْكِفَ الْمَسِيْحُ اَنْ يَّكُوْنَ عَبْدًا لِّلّٰهِ وَلَا
الْمَلٰٓئِكَةُ الْمُقَرَّبُوْنَ ؕ وَمَنْ يَّسْتَنْكِفْ عَنْ
عِبَادَتِهٖ وَيَسْتَكْبِرْ فَسَيَحْشُرُهُمْ اِلَيْهِ جَمِيْعًا ﴿۱۷۲﴾
فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيْهِمْ
اُجُوْرَهُمْ وَيَزِيْدُهُمْ مِّنْ فَضْلِهٖ ۚ وَاَمَّا الَّذِيْنَ اسْتَنْكَفُوْا
وَاسْتَكْبَرُوْا فَيُعَذِّبُهُمْ عَذَابًا اَلِيْمًا ۙ۬ وَّلَا يَجِدُوْنَ
لَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ وَلِيًّا وَّلَا نَصِيْرًا ﴿۱۷۳﴾ يٰۤاَيُّهَا
النَّاسُ قَدْ جَآءَكُمْ بُرْهَانٌ مِّنْ رَّبِّكُمْ وَاَنْزَلْنَاۤ
اِلَيْكُمْ نُوْرًا مُّبِيْنًا ﴿۱۷۴﴾ فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَاعْتَصَمُوْا
بِهٖ فَسَيُدْخِلُهُمْ فِيْ رَحْمَةٍ مِّنْهُ وَفَضْلٍ ۙ وَّيَهْدِيْهِمْ
اِلَيْهِ صِرَاطًا مُّسْتَقِيْمًا ﴿۱۷۵﴾ ؕ يَسْتَفْتُوْنَكَ ؕ قُلِ اللّٰهُ
يُفْتِيْكُمْ فِي الْكَلٰلَةِ ؕ اِنِ امْرُؤٌا هَلَكَ لَيْسَ لَهٗ
وَلَدٌ وَّلَهٗۤ اُخْتٌ فَلَهَا نِصْفُ مَا تَرَكَ ۚ وَهُوَ يَرِثُهَاۤ
اِنْ لَّمْ يَكُنْ لَّهَا وَلَدٌ ؕ فَاِنْ كَانَتَا اثْنَتَيْنِ فَلَهُمَا
الثُّلُثٰنِ مِمَّا تَرَكَ ؕ وَاِنْ كَانُوْۤا اِخْوَةً رِّجَالًا وَّنِسَآءً
فَلِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ ؕ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ
اَنْ تَضِلُّوْا ؕ وَاللّٰهُ بِكُلِّ شَیْءٍ عَلِيْمٌ ﴿۱۷۶﴾ ع

منزل ۱ ع ۲۴ ۵

માટે માત્ર તે જ પૂરતો છે. (રુકૂઅ-૨૩)

૧૭૨. મસીહે ક્યારેય આ વાતને પોતાના માટે શરમ અને માનહાનિ નથી સમજી કે તે અલ્લાહનો બંદો હોય અને ન તો સૌથી નિકટના ફરિશ્તાઓ તેને પોતાના માટે શરમ અને માનહાનિ સમજે છે. જો કોઈ અલ્લાહની બંદગીને પોતાના માટે શરમ અને માનહાનિ સમજે છે અને ઘમંડ કરે છે, તો એક સમય આવશે જ્યારે અલ્લાહ સૌને એકઠા કરીને પોતાના સામે હાજર કરશે.

૧૭૩. તે વખતે તે લોકો, જેમણે ઈમાન લાવીને સદ્‌વર્તન અપનાવ્યું છે, પોતાના બદલા પૂરેપૂરા મેળવશે અને અલ્લાહ પોતાની કૃપાથી તેમને વધારે બદલો આપશે અને જે લોકોએ બંદગીને શરમ અને માનહાનિ સમજી અને ઘમંડ કર્યું, તેમને અલ્લાહ દુઃખદાયી યાતના આપશે, અને અલ્લાહ સિવાય જેના-જેના વાલીપણા અને મદદ પર તેઓ ભરોસો રાખતા હતા, તે પૈકી કોઈને પણ ત્યાં જોશે નહીં.

૧૭૪. લોકો ! તમારા રબ તરફથી તમારા પાસે સ્પષ્ટ દલીલ આવી ગઈ છે અને અમે તમારા તરફ એવો પ્રકાશ મોકલી દીધો છે જે તમને સાફ-સાફ રસ્તો દેખાડનારો છે.

૧૭૫. હવે જેઓ અલ્લાહની વાત માની લેશે અને તેનું શરણ શોધશે તેમને અલ્લાહ પોતાની દયા અને પોતાની કૃપામાં દાખલ કરી લેશે અને પોતાના તરફ આવવાનો સીધો માર્ગ તેમને દેખાડી દેશે.

૧૭૬. હે નબી ! લોકો તમને કલાલા★ના મામલા અંગે ફતવો (ધર્માદેશ) પૂછે છે. કહો, અલ્લાહ તમને હુકમ આપે છે. જો કોઈ વ્યક્તિ નિઃસંતાન મરણ પામે અને તેની એક બહેન હોય તો તે તેના વારસામાં અડધું મેળવશે અને જો બહેન નિઃસંતાન મરણ પામે તો ભાઈ તેનો વારસ થશે, અને જો મૃત્યુ પામનારની વારસદાર બે બહેનો હોય તો તેઓ વારસામાંથી બે-તૃતિયાંશની હક્કદાર થશે અને જો અનેક ભાઈ-બહેનો હોય તો સ્ત્રીઓનો એક અને પુરુષોનો બમણો ભાગ હશે, અલ્લાહ તમારા માટે આદેશોને સ્પષ્ટ કરે છે જેથી તમે ભટકતા ન ફરો, અને અલ્લાહ દરેક વસ્તુનું જ્ઞાન ધરાવે છે. (રુકૂઅ-૨૪)

★ કલાલાના અર્થમાં મતભેદ છે. કેટલાકના મતાનુસાર કલાલા તે વ્યક્તિ છે, જે નિઃસંતાન હોય અને જેના પિતા અને દાદા પણ જીવંત ન હોય અને કેટલાકના મતે કલાલા તે મરનાર વ્યક્તિને કહે છે, જે નિઃસંતાન રહ્યો હોય. શરીઅતના નિષ્ણાતોની બહુમતિએ પ્રથમ અભિપ્રયાને માન્ય રાખ્યો છે, જેને કુર્આનમાંથી પણ સમર્થન મળે છે, તદનુસાર 'કલાલા'ની બહેનને અડધા વારસાની વારસદાર ઠરાવવામાં આવી છે, જો કે જ્યારે કલાલાનો બાપ જીવતો હોય તો બહેનને કોઈ હિસ્સો મળશે નહીં.

(૫) અલ-માઈદહ

પરિચય

નામ :

આ સૂરઃનું નામ પંદરમી રુકૂઅની આયત (નં. ૧૧૨) 'હલ્ યસ્તતીઉ રબ્બુક અન્-યુનઝ્ઝિલ અલઈના માઈદતમ્-મિનસ્સમાઅ્'માં આવતા શબ્દ 'માઈદહ'થી લેવામાં આવેલ છે.

ઉતરાણકાળ :

સૂરઃના વિષયોથી સ્પષ્ટ થાય છે અને રિવાયતોથી તેની પુષ્ટિ થાય છે કે આ 'હુદૈબિયહ'ની સંધિ પછી હિ.સ. ૦૬ના અંતમાં કે પછી હિ.સ. ૦૭ની શરૂઆતમાં અવતરિત થઈ છે. ઝિલ્કદ હિ.સ. ૦૬ની ઘટના છે કે પયગંબર સલ્લ. ચૌદસો મુસલમાનો સાથે 'ઉમરાહ' કરવા માટે મક્કા તશરીફ લઈ ગયા. પરંતુ સત્યના વિરોધી કુરૈશીઓએ દુશ્મનીના જોશમાં અરબસ્તાનની પ્રાચીન ધાર્મિક પરંપરાઓથી વિપરીત આપને 'ઉમરાહ' કરવા ન દીધા અને ખૂબ વાદ-વિવાદ પછી એ વાત સ્વીકારી કે આગામી વર્ષે આપ સલ્લ. 'ઝિયારત' (દર્શન) માટે આવી શકે છે. આ પ્રસંગે આવશ્યકતા એ પડી કે મુસલમાનોને એક તરફ કાબાની ઝિયારત માટેના શિષ્ટાચાર બતાવવામાં આવે અને બીજી તરફ તેમને તાકીદ કરવામાં આવે કે કાફિર (અધર્મી) દુશ્મનોએ તેમને 'ઉમરાહ'થી રોકીને જે અન્યાય કર્યો છે, તેના જવાબમાં તેઓ સ્વયં કોઈ અતિરેકનો માર્ગ ન અપનાવે, એટલા માટે કે ઘણા વિરોધી કબીલાઓનો 'હજ્જ'નો માર્ગ ઈસ્લામી પ્રદેશોમાંથી પસાર થાય છે અને મુસલમાનો માટે એ સંભવ હતું કે જે રીતે તેમને કાબાની ઝિયારતથી રોકવામાં આવ્યા છે, તે રીતે તેઓ પણ તેમને રોકી દે.

પશ્ચાદભૂમિ :

સૂરઃ આલે ઈમરાન અને સૂરઃ નિસાના ઉતરાણ-કાળથી આ સૂરઃના અવતરણ સુધી પહોંચતા-પહોંચતા પરિસ્થિતિઓમાં ખૂબ મોટું પરિવર્તન આવી ગયું હતું. એક તે સમય હતો કે ઉહદના યુદ્ધના આઘાતે મુસલમાનો માટે મદીનાના આસપાસના વાતાવરણને પણ ખતરનાક બનાવી દીધું હતું, અને હવે સમય એ આવી ગયો છે કે અરબસ્તાનમાં ઈસ્લામ એક અજેય શક્તિ દૃષ્ટિગોચર થતી હતી અને ઈસ્લામી રાજ્ય એક તરફ નજ્દ સુધી, બીજી તરફ સીરિયાની સીમાઓ સુધી, ત્રીજી તરફ રાતા સમુદ્રના તટ પર અને ચોથી તરફ મક્કાના

આસપાસ સુધી ફેલાઈ ગયું હતું. હવે ઇસ્લામ કેવળ એક આસ્થા અને દૃષ્ટિકોણ જ ન હતો, જેનું શાસન માત્ર મનો-મસ્તિષ્ક સુધી સીમિત હોય, બલ્કે તે એક રાજ્ય પણ હતું, જેની સત્તા વ્યવહારૂ રૂપે પોતાની સીમાઓમાં વસનારા તમામ લોકોના જીવન પર છવાયેલ હતી.

તદુપરાંત, આ કેટલાક વર્ષોમાં ઇસ્લામી સિદ્ધાંતો અને ધારણાઓ અનુસાર મુસલમાનોની પોતાની એક સ્થાયી સભ્યતા બની ગઈ હતી, જે જીવનના તમામ ક્ષેત્રોમાં બીજાઓથી ભિન્ન પોતાનું એક વિશિષ્ટ ગૌરવ ધરાવતી હતી. નૈતિકતા, રહેણી-કરણી, સંસ્કૃતિ, દરેક બાબતોમાં હવે મુસલમાનો બિનમુસ્લિમોથી તદ્દન અલગ ઓળખાતા હતા. ઇસ્લામી જીવનનું આવું પૂર્ણ સ્વરૂપ બની ગયા પછી બિનમુસ્લિમ જગત આ તરફથી તદ્દન નિરાશ થઈ ચૂક્યું હતું કે આ લોકો, જેમની પોતાની એક અલગ સંસ્કૃતિ બની ચૂકી છે, હવે ફરી તેમનામાં આવીને ભળી જશે. હુદૈબિયહની સંધિથી પહેલાં સુધી મુસલમાનોના માર્ગમાં એક મોટો અવરોધ એ હતો કે તેઓ કુરૈશ-વિરોધીઓ સાથે એક અવિરત સંઘર્ષમાં અટવાયેલા હતા અને તેમને પોતાના આહવાનના ક્ષેત્રને વિસ્તૃત કરવાની છૂટ મળતી ન હતી. આનાથી તેમને ન માત્ર એ કે પોતાના રાજ્યની સીમાઓમાં શાંતિ ઉપલબ્ધ થઈ ગઈ, બલ્કે એટલો અવકાશ અને તક પણ મળી ગયા કે આસપાસના પ્રદેશોમાં ઇસ્લામના આમંત્રણને લઈને ફેલાઈ જાય.

વિષયો :

આ સંજોગો હતા, જ્યારે આ સૂરઃ માઇદહનું અવતરણ થયું. આ સૂરઃ નિમ્નલિખિત ત્રણ મોટાં-મોટાં વિષયો પર આધારિત છે :

૧. મુસલમાનોના ધાર્મિક, સાંસ્કૃતિક અને રાજકીય જીવન વિશે વધુ આદેશો અને માર્ગદર્શન :

આ સંબંધે હજ્જના સફરના શિષ્ટાચાર નિર્ધારીત કરવામાં આવ્યા. અલ્લાહની નિશાનીઓના સન્માનના તેમજ કાબાની ઝિયારત કરનારાઓને પરેશાન ન કરવાના આદેશો આપવામાં આવ્યા. ખાવા-પીવાની ચીજ-વસ્તુઓમાં હરામ (અવૈધ) અને હલાલ (વૈધ)ની સ્પષ્ટ સીમાઓ નિર્ધારીત કરવામાં આવી અને અજ્ઞાનતાકાળના કપોળ-કલ્પિત બધંનોને તોડી નાખવામાં આવ્યા. એહલે કિતાબ (ગ્રંથવાળાઓ)ના સાથે ખાવા-પીવા અને તેમની સ્ત્રીઓ સાથે લગ્ન કરવાની પરવાનગી આપવામાં આવી. વુઝૂ અને તયમ્મુમ અને ગુસ્લ (સ્નાન)ની રીત નિશ્ચિત કરવામાં આવી. વિદ્રોહ કરવા, બગાડ અને ઉપદ્રવ પેદા કરવા તથા ચોરી કરવાની સજાઓ નક્કી કરવામાં આવી. મદ્યપાન

અને જુગારને પૂર્ણ રૂપે હરામ કરી દેવામાં આવ્યા. સોગંદો તોડવાનો 'કફ્ફારો' (પ્રાયશ્ચિત) નિર્ધારીત કરવામાં આવ્યો અને ગવાહીના કાયદામાં કેટલીક વધુ કલમોને વધારવામાં આવી.

૨. મુસલમાનોને શિખામણ :

હવે મુસલમાનો એક શાસક સમુદાય બની ગયા હોવાથી તેમને સંબોધિત કરતાં વારંવાર શિખામણ આપવામાં આવી કે ન્યાય પર અડગ રહે, પોતાનાથી પહેલાંના ગ્રંથવાળાઓ જેવા આચરણથી બચે. અલ્લાહના અનુસરણ અને આજ્ઞાપાલન અને તેના આદેશોના પાલનનું જે વચન તેમણે આપ્યું છે તેના પર અટલ રહે.

૩. યહૂદીઓ અને ખ્રિસ્તીઓને તાકીદ :

યહૂદીઓનું વર્ચસ્વ હવે તૂટી ગયું હતું અને ઉત્તર અરબસ્તાનની લગભગ તમામ યહૂદી આબાદીઓ મુસલમાનોના આધીન થઈ ગઈ હતી. આ પ્રસંગે તેમને ફરી એક વાર તેમની ખોટી નીતિઓ પર સચેત કરવામાં આવ્યા છે અને સન્માર્ગ પર આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. તદુપરાંત હુદૈબિયહની સંધિને કારણે અરબસ્તાન અને પાડોસી દેશોની જાતિઓમાં ઈસ્લામના પ્રચાર-પ્રસારની તક મળી ગઈ હતી, તેથી ખ્રિસ્તીઓને પણ સવિસ્તાર સંબોધિત કરીને તેમની આસ્થાઓ અને માન્યતાઓની ભૂલો બતાવવામાં આવી છે અને તેમને નબી-એ-અરબી હઝરત મુહમ્મદ (સલ્લ.) પર ઈમાન લાવવાનું આહવાન્ આપવામાં આવ્યું છે.

اٰیَاتُهَا ١٢٠ (٥) سُوْرَةُ الْمَآئِدَةِ مَدَنِيَّةٌ (١١٢) رُكُوْعَاتُهَا ١٦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَوْفُوْا بِالْعُقُوْدِ ۬ؕ اُحِلَّتْ لَكُمْ
بَهِيْمَةُ الْاَنْعَامِ اِلَّا مَا يُتْلٰى عَلَيْكُمْ غَيْرَ مُحِلِّى
الصَّيْدِ وَاَنْتُمْ حُرُمٌ ؕ اِنَّ اللّٰهَ يَحْكُمُ مَا يُرِيْدُ ①
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُحِلُّوْا شَعَآئِرَ اللّٰهِ وَ لَا
الشَّهْرَ الْحَرَامَ وَلَا الْهَدْىَ وَلَا الْقَلَآئِدَ وَلَاۤ
آٰمِّيْنَ الْبَيْتَ الْحَرَامَ يَبْتَغُوْنَ فَضْلًا مِّنْ رَّبِّهِمْ
وَرِضْوَانًا ؕ وَاِذَا حَلَلْتُمْ فَاصْطَادُوْا ؕ وَلَا يَجْرِمَنَّكُمْ
شَنَاٰنُ قَوْمٍ اَنْ صَدُّوْكُمْ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ اَنْ
وقف لازم تَعْتَدُوْا ۘ وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى ۠ وَلَا تَعَاوَنُوْا
عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ ۠ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ شَدِيْدُ
الربع الْعِقَابِ ② حُرِّمَتْ عَلَيْكُمُ الْمَيْتَةُ وَالدَّمُ وَلَحْمُ
الْخِنْزِيْرِ وَمَاۤ اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ وَ الْمُنْخَنِقَةُ
وَالْمَوْقُوْذَةُ وَ الْمُتَرَدِّيَةُ وَ النَّطِيْحَةُ وَمَاۤ اَكَلَ
السَّبُعُ اِلَّا مَا ذَكَّيْتُمْ ۫ وَمَا ذُبِحَ عَلَى النُّصُبِ وَ
اَنْ تَسْتَقْسِمُوْا بِالْاَزْلَامِ ؕ ذٰلِكُمْ فِسْقٌ ؕ اَلْيَوْمَ يَئِسَ
الَّذِيْنَ كَفَرُوْا مِنْ دِيْنِكُمْ فَلَا تَخْشَوْهُمْ وَاخْشَوْنِ ؕ

(૫) સૂરઃ અલ-માઈદહ

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧૬ ● આયતો : ૧૨૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! પ્રતિબંધોનું પૂરેપૂરૂં પાલન કરો. તમારા માટે ઢોરના પ્રકારના બધા પશુઓ હલાલ (વૈધ) કરવામાં આવ્યા, સિવાય તેના જે આગળ તમને બતાવવામાં આવશે, પરંતુ એહરામ★ની હાલતમાં શિકારને પોતાના માટે હલાલ ન કરી લો, નિઃશંક અલ્લાહ જે ચાહે છે આદેશ આપે છે.

૨. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! ખુદાપરસ્તી (અલ્લાહના આજ્ઞાપાલન)ની નિશાનીઓનો અનાદર ન કરો – હરામ (પ્રતિષ્ઠિત) મહિનાઓમાંથી કોઈને હલાલ (વૈધ) ન કરી લો, કુરબાનીના પશુઓ પર હાથ ન નાંખો, ન તો તે પશુઓ પર હાથ નાખો જેમની ડોકમાં અલ્લાહને સમર્પણની નિશાની તરીકે પટ્ટાઓ નાખેલા હોય, ન તે લોકોને સતાવો જેઓ પોતાના રબ (માલિક)ની કૃપા અને પ્રસન્નતાની શોધમાં પ્રતિષ્ઠિત ઘર (કા'બા) તરફ જઈ રહ્યા હોય. હા, જ્યારે એહરામની હાલત સમાપ્ત થઈ જાય તો તમે શિકાર કરી શકો છો – અને જુઓ, એક જૂથે જે તમારા માટે પ્રતિષ્ઠિત મસ્જિદ (કા'બા)નો માર્ગ બંધ કરી દીધો છે, તો આ બાબતે તમારો ગુસ્સો તમને એટલા ઉત્તેજિત ન કરી દે કે તમે પણ તેમના મુકાબલામાં અનુચિત અતિરેક કરવા લાગો. નહીં, જે કાર્યો સદાચાર અને તકવા (ઈશપરાયણતા અને સંયમ)ના છે તેમાં સૌના સાથે સહયોગ કરો અને જે ગુના અને અત્યાચારના કાર્યો છે તેમાં કોઈના સાથે સહયોગ ન કરો. અલ્લાહથી ડરો, તેની સજા ઘણી આકરી છે.

૩. તમારા માટે હરામ (અવૈધ) કરવામાં આવ્યું મુડદાલ, લોહી, ડુક્કરનું માંસ, તે પશુ જે અલ્લાહ સિવાય કોઈ બીજાના નામે ઝબેહ કરવામાં આવ્યું હોય, તે જે ગળું ટૂંપાઈને કે પ્રહારથી કે ઊંચેથી પડી જવાથી કે ટકરાઈને મૃત્યુ પામ્યું હોય, અથવા જેને કોઈ હિંસક પશુએ ફાડી ખાધું હોય – સિવાય એ કે જેને તમે જીવતું જોઈને ઝબેહ કરી લીધું, – અને તે જે કોઈ વેદી ઉપર ઝબેહ કરવામાં આવ્યું હોય. સાથે તે પણ તમારા માટે હરામ છે કે પાસાઓ વડે તમારું ભાગ્ય જાણો, આ બધા ફિસ્ક (અવજ્ઞાના) કાર્યો છે. આજે કાફિરો (વિરોધીઓ)ને તમારા દીન (ધર્મ)થી સંપૂર્ણ નિરાશા થઈ ગઈ છે, તેથી તમે તેમનાથી ન ડરો,

★ હજ્જ પ્રસંગે શરીર ઢાંકવા માટે હાજીઓ પહેરે છે તે સિલાઈ વગરના વસ્ત્રો.

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَ اَتْمَمْتُ عَلَيْكُمْ
نِعْمَتِيْ وَ رَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا ؕ فَمَنِ اضْطُرَّ
فِيْ مَخْمَصَةٍ غَيْرَ مُتَجَانِفٍ لِّاِثْمٍ ۙ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ
رَّحِيْمٌ ﴿٣﴾ يَسْـَٔلُوْنَكَ مَاذَآ اُحِلَّ لَهُمْ ؕ قُلْ اُحِلَّ لَكُمُ
الطَّيِّبٰتُ ۙ وَمَا عَلَّمْتُمْ مِّنَ الْجَوَارِحِ مُكَلِّبِيْنَ تُعَلِّمُوْنَهُنَّ
مِمَّا عَلَّمَكُمُ اللّٰهُ ۫ فَكُلُوْا مِمَّآ اَمْسَكْنَ عَلَيْكُمْ وَاذْكُرُوا
اسْمَ اللّٰهِ عَلَيْهِ ۠ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿٤﴾
اَلْيَوْمَ اُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ ؕ وَطَعَامُ الَّذِيْنَ اُوْتُوا
الْكِتٰبَ حِلٌّ لَّكُمْ ۠ وَطَعَامُكُمْ حِلٌّ لَّهُمْ ۫ وَالْمُحْصَنٰتُ
مِنَ الْمُؤْمِنٰتِ وَ الْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ اُوْتُوا
الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ اِذَآ اٰتَيْتُمُوْهُنَّ اُجُوْرَهُنَّ مُحْصِنِيْنَ
غَيْرَ مُسٰفِحِيْنَ وَلَا مُتَّخِذِيْٓ اَخْدَانٍ ؕ وَمَنْ يَّكْفُرْ
بِالْاِيْمَانِ فَقَدْ حَبِطَ عَمَلُهٗ ۫ وَهُوَ فِي الْاٰخِرَةِ مِنَ
الْخٰسِرِيْنَ ﴿٥﴾ ع يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا قُمْتُمْ اِلَى ع ٥
الصَّلٰوةِ فَاغْسِلُوْا وُجُوْهَكُمْ وَ اَيْدِيَكُمْ اِلَى الْمَرَافِقِ
وَ امْسَحُوْا بِرُءُوْسِكُمْ وَ اَرْجُلَكُمْ اِلَى الْكَعْبَيْنِ ؕ وَاِنْ
كُنْتُمْ جُنُبًا فَاطَّهَّرُوْا ؕ وَاِنْ كُنْتُمْ مَّرْضٰٓى اَوْ عَلٰى
سَفَرٍ اَوْ جَآءَ اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَآئِطِ اَوْ لٰمَسْتُمُ
النِّسَآءَ فَلَمْ تَجِدُوْا مَآءً فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا منزل ٢

પરંતુ મારાથી ડરો. આજે મેં તમારા દીન (જીવન-વ્યવસ્થા)ને તમારા માટે સંપૂર્ણ કરી દીધો છે અને પોતાની કૃપા તમારા ઉપર પરિપૂર્ણ કરી દીધી છે અને તમારા માટે ઇસ્લામને તમારા દીન (ધર્મ) તરીકે પસંદ કરી લીધો છે. (એટલા માટે હરામ-અવૈધ અને હલાલ-વૈધના જે પ્રતિબંધો તમારા ઉપર મૂકવામાં આવ્યા છે તેનું પાલન કરો). અલબત્ત, જે વ્યક્તિ ભૂખથી વિવશ થઈને આ પૈકી કોઈ વસ્તુ ખાઈ લે, સિવાય એના કે તે ગુનો કરવા તરફ તેની અભિરુચિ હોય, તો નિઃશક અલ્લાહ માફ કરવાવાળો અને દયાળુ છે.

૪. લોકો પૂછે છે કે તેમના માટે શું હલાલ (વૈધ) કરવામાં આવ્યું છે, કહો, તમારા માટે બધી જ સારી અને શુદ્ધ વસ્તુઓ હલાલ કરી દેવામાં આવી છે. અને જે શિકારી જાનવરોને તમે કેળવ્યા હોય – જેમને અલ્લાહે આપેલા જ્ઞાનના આધારે તમે શિકારનું પ્રશિક્ષણ આપો છો – તેઓ જે જાનવરને તમારા માટે પકડી રાખે, તેને પણ તમે ખાઈ શકો છો, અલબત્ત તેના ઉપર અલ્લાહનું નામ લઈ લો અને અલ્લાહના કાનૂનનું ઉલ્લંઘન કરવાથી ડરો, અલ્લાહને હિસાબ લેતા વાર લાગતી નથી.

૫. આજે તમારા માટે બધી શુદ્ધ વસ્તુઓ હલાલ કરી દેવામાં આવી છે. ગ્રંથવાળાઓનો ખોરાક તમારા માટે હલાલ છે અને તમારો ખોરાક તેમના માટે. અને સુરક્ષિત સ્ત્રીઓ (મુહસનાત) પણ તમારા માટે હલાલ છે, ચાહે તેઓ ઈમાનવાળાઓના જૂથમાંથી હોય કે તે જાતિઓમાંથી જેમને તમારા પહેલાં ગ્રંથ આપવામાં આવ્યો હતો, શરત માત્ર એ છે કે તમે તેમની મહ્ર અદા કરીને નિકાહ (લગ્ન)માં તેમના રક્ષક બનો, એવું નહીં કે સ્વચ્છંદ કામવાસનામાં પડી જાવ અથવા ચોરી-છૂપીથી અનુચિત સંબંધો બાંધો, અને જેણે ઈમાનના માર્ગ ઉપર ચાલવાનો ઇન્કાર કર્યો તો તેના જીવનના બધા કર્મો વ્યર્થ થઈ જશે અને તે આખિરત (પરલોક)માં દેવાળિયો હશે. (રુકૂઅ-૧)

૬. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે તમે નમાઝ માટે ઉઠો તો પોતાનાં મોઢા અને કોણીઓ સુધીના હાથ ધોઈ લો, માથા ઉપર હાથ ફેરવી લો અને પગ ઘૂંટીઓ સુધી ધોઈ લો. જો નાપાકી (અપવિત્રતા)ની હાલતમાં હોવ તો ગુસ્લ (સ્નાન) કરીને પવિત્ર થઈ જાઓ. જો બીમાર હોવ કે મુસાફરીની હાલતમાં હોવ કે તમારામાંથી કોઈ વ્યક્તિ જરૂરત પૂરી કરીને આવે કે તમે સ્ત્રીઓને હાથ લગાડ્યો હોય*, અને પાણી ન મળે, તો શુદ્ધ માટીનો ઉપયોગ કરો, બસ તેના

★ એક મતાનુસાર મૈથુન-ક્રિયા છે અને બીજા મતાનુસાર કામવાસનાથી હાથ લગાવવું છે.

فَامْسَحُوْا بِوُجُوْهِكُمْ وَاَيْدِيْكُمْ مِّنْهُ ؕ مَا يُرِيْدُ اللّٰهُ
لِيَجْعَلَ عَلَيْكُمْ مِّنْ حَرَجٍ وَّلٰكِنْ يُّرِيْدُ لِيُطَهِّرَكُمْ
وَلِيُتِمَّ نِعْمَتَهٗ عَلَيْكُمْ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ۝٦ وَاذْكُرُوْا
نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ وَمِيْثَاقَهُ الَّذِيْ وَاثَقَكُمْ بِهٖۤ ۙ
اِذْ قُلْتُمْ سَمِعْنَا وَاَطَعْنَا ؗ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ
عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ۝٧ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا
كُوْنُوْا قَوّٰمِيْنَ لِلّٰهِ شُهَدَآءَ بِالْقِسْطِ ؗ وَلَا يَجْرِمَنَّكُمْ
شَنَاٰنُ قَوْمٍ عَلٰۤى اَلَّا تَعْدِلُوْا ؕ اِعْدِلُوْا ۫ هُوَ اَقْرَبُ
لِلتَّقْوٰى ؗ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ۝٨
وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ ۙ لَهُمْ
مَّغْفِرَةٌ وَّاَجْرٌ عَظِيْمٌ ۝٩ وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا
بِاٰيٰتِنَاۤ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ ۝١٠ يٰۤاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوا اذْكُرُوْا نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ هَمَّ قَوْمٌ
اَنْ يَّبْسُطُوْۤا اِلَيْكُمْ اَيْدِيَهُمْ فَكَفَّ اَيْدِيَهُمْ عَنْكُمْ ۚ
ع ٣ وَاتَّقُوا اللّٰهَ ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ۝١١
وَلَقَدْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ بَنِيْۤ اِسْرَآءِيْلَ ۚ وَبَعَثْنَا
مِنْهُمُ اثْنَيْ عَشَرَ نَقِيْبًا ؕ وَقَالَ اللّٰهُ اِنِّيْ مَعَكُمْ ؕ
لَئِنْ اَقَمْتُمُ الصَّلٰوةَ وَاٰتَيْتُمُ الزَّكٰوةَ وَاٰمَنْتُمْ
بِرُسُلِيْ وَعَزَّرْتُمُوْهُمْ وَاَقْرَضْتُمُ اللّٰهَ قَرْضًا حَسَنًا

ઉપર હાથ મારીને પોતાના મોઢા અને હાથો ઉપર ફેરવી લો. અલ્લાહ તમારા ઉપર જીવનને મુશ્કેલ બનાવવા નથી ઈચ્છતો, પરંતુ તે ઇચ્છે છે કે તમને પવિત્ર કરે અને પોતાની નેઅ્મત (કૃપા) તમારા ઉપર પરિપૂર્ણ કરી દે, કદાચ તમે કૃતજ્ઞ બનો.

૭. અલ્લાહે તમારા ઉપર જે કૃપા કરી છે તેનું ધ્યાન રાખો અને તે પાકા વચન અને પ્રતિજ્ઞાને ન ભૂલો જે તેણે તમારા પાસેથી લીધેલ છે, એટલે કે તમારું આ કથન કે, ''અમે સાંભળ્યું અને આજ્ઞાપાલન સ્વીકાર્યું.'' અલ્લાહથી ડરો, અલ્લાહ હૃદયના ભેદ સુધ્ધાં જાણે છે.

૮. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહ માટે સચ્ચાઈ ઉપર કાયમ રહેવાવાળા અને ન્યાયની સાક્ષી આપવાવાળા બનો, કોઈ જૂથની દુશ્મનાવટ તમને એટલા ઉત્તેજિત ન કરી દે કે તમે ન્યાયથી ફરી જાઓ. ન્યાય કરો, આ તકવા (અલ્લાહથી ડરવા) સાથે વધુ સુસંગત છે. અલ્લાહનો ડર રાખીને કામ કરતા રહો, જે કંઈ તમે કરો છો અલ્લાહ તેનાથી પૂરેપૂરો વાકેફ છે.

૯. જે લોકો ઈમાન લાવે અને સદ્કાર્યો કરે, અલ્લાહે તેમનાથી વાયદો કર્યો છે કે તેમની ભૂલોને માફ કરવામાં આવશે અને તેમને મોટો બદલો મળશે.

૧૦. રહ્યા તે લોકો જેઓ કુફ્ર (ઇન્કાર) કરે અને અલ્લાહની આયતોને ખોટી ઠેરવે, તો તેઓ દોજખ (નર્ક)માં જવાવાળા છે.

૧૧. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહના તે ઉપકારને યાદ કરો જે તેણે (હજુ હમણાં જ) તમારા ઉપર કર્યો છે, જ્યારે એક જૂથે તમારા પર હાથ ઉગામવાનો નિશ્ચય કરી લીધો હતો, પરંતુ અલ્લાહે તેમના હાથ તમારા પર ઉઠતા રોકી લીધા. અલ્લાહથી ડરીને કામ કરતા રહો, ઈમાન ધરાવનારાઓએ અલ્લાહ ઉપર જ ભરોસો કરવો જોઈએ. (રુકૂઅ-૨)

૧૨. અલ્લાહે બની ઈસરાઈલ (ઇસરાઈલના સંતાનો)થી પાકું વચન લીધું હતું અને તેમનામાં બાર નકીબ (દેખરેખ રાખનાર અને નિરીક્ષણ કરનાર) નીમ્યા હતા અને તેમને કહ્યું હતું, ''હું તમારા સાથે છું, જો તમે નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો અને મારા રસૂલો (ઈશદૂતો)ને માનો અને તેમની મદદ કરો અને પોતાના અલ્લાહને

لَاُكَفِّرَنَّ عَنْكُمْ سَيِّاٰتِكُمْ وَلَاُدْخِلَنَّكُمْ جَنّٰتٍ
تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۚ فَمَنْ كَفَرَ بَعْدَ ذٰلِكَ
مِنْكُمْ فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيْلِ ﴿۱۲﴾ فَبِمَا نَقْضِهِمْ
مِّيْثَاقَهُمْ لَعَنّٰهُمْ وَجَعَلْنَا قُلُوْبَهُمْ قٰسِيَةً ۚ
يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ ۙ وَنَسُوْا حَظًّا مِّمَّا
ذُكِّرُوْا بِهٖ ۚ وَلَا تَزَالُ تَطَّلِعُ عَلٰى خَآئِنَةٍ مِّنْهُمْ
اِلَّا قَلِيْلًا مِّنْهُمْ فَاعْفُ عَنْهُمْ وَاصْفَحْ ۭ اِنَّ اللّٰهَ
يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿۱۳﴾ وَمِنَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّا نَصٰرٰٓى
اَخَذْنَا مِيْثَاقَهُمْ فَنَسُوْا حَظًّا مِّمَّا ذُكِّرُوْا بِهٖ ۠ فَاَغْرَيْنَا
بَيْنَهُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ۭ وَسَوْفَ
يُنَبِّئُهُمُ اللّٰهُ بِمَا كَانُوْا يَصْنَعُوْنَ ﴿۱۴﴾ يٰٓاَهْلَ الْكِتٰبِ
قَدْ جَآءَكُمْ رَسُوْلُنَا يُبَيِّنُ لَكُمْ كَثِيْرًا مِّمَّا كُنْتُمْ
تُخْفُوْنَ مِنَ الْكِتٰبِ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ ۭ قَدْ جَآءَكُمْ
مِّنَ اللّٰهِ نُوْرٌ وَّكِتٰبٌ مُّبِيْنٌ ﴿۱۵﴾ ۙ يَّهْدِيْ بِهِ اللّٰهُ
مَنِ اتَّبَعَ رِضْوَانَهٗ سُبُلَ السَّلٰمِ وَيُخْرِجُهُمْ
مِّنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ بِاِذْنِهٖ وَيَهْدِيْهِمْ اِلٰى
صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۱۶﴾ لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ
اللّٰهَ هُوَ الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ ۭ قُلْ فَمَنْ يَّمْلِكُ
مِنَ اللّٰهِ شَيْـًٔا اِنْ اَرَادَ اَنْ يُّهْلِكَ الْمَسِيْحَ ابْنَ

ઉત્તમ ઋણ આપતા રહો તો વિશ્વાસ રાખો કે હું તમારી બૂરાઈઓ તમારામાંથી દૂર કરી દઈશ અને તમને એવા બાગોમાં દાખલ કરીશ જેના નીચે નહેરો વહેતી હશે, પરંતુ આ પછી જેણે તમારામાંથી કુફ્રનું વલણ અપનાવ્યું તે હકીકતમાં સીધો માર્ગ ગુમાવી બેસ્યો."

૧૩. પછી આ તેમનું પોતાના વચનને તોડી નાખવું હતું જેને કારણે અમે તેમને પોતાની કૃપાથી દૂર ફેંકી દીધા અને તેમના હૃદય કઠણ બનાવી દીધા. હવે તેમની હાલત એવી છે કે શબ્દોને ઉલટ-ફેર કરીને વાતને ક્યાંથી ક્યાં લઈ જાય છે, જે શિક્ષણ તેમને આપવામાં આવ્યું હતું તેનો મોટો ભાગ ભૂલી ચૂક્યા છે અને વારંવાર તમને તેમના કોઈને કોઈ વિશ્વાસઘાતની જાણ થતી જ રહે છે. તેમનામાંથી ઘણાં ઓછા માણસો એવા છે જે આ દુર્ગુણથી બચેલા છે. (તો જયારે તેઓ આ સ્થિતિએ પહોંચી ચૂક્યા છે તો જે દુષ્ટતાઓ પણ તેઓ આચરે તેમનાથી એ જ અપેક્ષિત છે) તેથી તેમને માફ કરી દો અને તેમની હરકતોને ધ્યાનમાં ન લો, અલ્લાહ તે લોકોને પસંદ કરે છે જેઓ પરોપકાર અને ભલમનસાઈનું વલણ ધરાવે છે.

૧૪. આ જ રીતે અમે તે લોકો પાસેથી પણ પાકું વચન લીધું હતું જેમણે કહ્યું હતું કે અમે 'નસારા' (ખ્રિસ્તી) છીએ, પરંતુ જે પાઠ યાદ કરાવવામાં આવ્યો હતો તેનો એક મોટો ભાગ તેમણે ભૂલાવી દીધો, છેવટે અમે તેમના વચ્ચે કયામત (પુનર્જીવન) સુધી શત્રુતા, પારસ્પરિક દ્વેષ અને વૈમનસ્યના બીજ વાવી દીધા અને અવશ્ય એક સમય આવશે, જ્યારે અલ્લાહ તેમને બતાવશે કે તેઓ દુનિયામાં શું બનાવતા રહ્યા છે.

૧૫-૧૬. હે ગ્રંથવાળાઓ ! અમારો રસૂલ તમારા પાસે આવી ગયો છે જે અલ્લાહના ગ્રંથની ઘણી તે વાતોને તમારા સમક્ષ ખોલી રહ્યો છે જેના ઉપર તમે પડદો નાખ્યા કરતા હતા, અને ઘણી વાતોને દરગુજર પણ કરતો જાય છે. તમારા પાસે અલ્લાહ તરફથી પ્રકાશ આવી ગયો છે અને એક એવો સત્ય-દર્શક ગ્રંથ જેના વડે અલ્લાહ તે લોકોને જેઓ તેની પ્રસન્નતાની પ્રબળ ઈચ્છા રાખે છે, સલામતીના માર્ગો બતાવે છે અને પોતાના હુકમથી તેમને અંધકારમાંથી કાઢીને અજવાળા તરફ લાવે છે અને સન્માર્ગ તરફ તેમનું માર્ગદર્શન કરે છે.

૧૭. નિ:શંક કુફ્ર કર્યું તે લોકોએ જેમણે કહ્યું કે મરયમનો પુત્ર મસીહ જ ખુદા છે. હે પયગંબર ! તેમને કહો કે જો અલ્લાહ મરયમના પુત્ર

مَرْيَمَ وَاُمَّهٗ وَمَنْ فِى الْاَرْضِ جَمِيْعًا ؕ وَ لِلّٰهِ
مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ؕ يَخْلُقُ
مَا يَشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿١٧﴾ وَ قَالَتِ
الْيَهُوْدُ وَالنَّصٰرٰى نَحْنُ اَبْنٰٓؤُا اللّٰهِ وَاَحِبَّآؤُهٗ ؕ قُلْ
فَلِمَ يُعَذِّبُكُمْ بِذُنُوْبِكُمْ ؕ بَلْ اَنْتُمْ بَشَرٌ مِّمَّنْ
خَلَقَ ؕ يَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَ
لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ز وَاِلَيْهِ
الْمَصِيْرُ ﴿١٨﴾ يٰۤاَهْلَ الْكِتٰبِ قَدْ جَآءَكُمْ رَسُوْلُنَا
يُبَيِّنُ لَكُمْ عَلٰى فَتْرَةٍ مِّنَ الرُّسُلِ اَنْ تَقُوْلُوْا مَا
جَآءَنَا مِنْ بَشِيْرٍ وَّلَا نَذِيْرٍ ز فَقَدْ جَآءَكُمْ بَشِيْرٌ
وَّنَذِيْرٌ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿١٩﴾ وَاِذْ قَالَ ع ٨
مُوْسٰى لِقَوْمِهٖ يٰقَوْمِ اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ
اِذْ جَعَلَ فِيْكُمْ اَنْۢبِيَآءَ وَجَعَلَكُمْ مُّلُوْكًا ۖۗ وَّاٰتٰىكُمْ
مَّا لَمْ يُؤْتِ اَحَدًا مِّنَ الْعٰلَمِيْنَ ﴿٢٠﴾ يٰقَوْمِ ادْخُلُوا
الْاَرْضَ الْمُقَدَّسَةَ الَّتِىْ كَتَبَ اللّٰهُ لَكُمْ وَلَا
تَرْتَدُّوْا عَلٰۤى اَدْبَارِكُمْ فَتَنْقَلِبُوْا خٰسِرِيْنَ ﴿٢١﴾ قَالُوْا
يٰمُوْسٰۤى اِنَّ فِيْهَا قَوْمًا جَبَّارِيْنَ ۖۗ وَاِنَّا لَنْ نَّدْخُلَهَا
حَتّٰى يَخْرُجُوْا مِنْهَا ۚ فَاِنْ يَّخْرُجُوْا مِنْهَا فَاِنَّا
دٰخِلُوْنَ ﴿٢٢﴾ قَالَ رَجُلٰنِ مِنَ الَّذِيْنَ يَخَافُوْنَ اَنْعَمَ منزل ٢

મસીહને અને તેની માતા અને તમામ ધરતીવાસીઓને નષ્ટ કરી દેવા ચાહે તો કોની મજાલ છે કે તેને આ ઇરાદાથી રોકી શકે ? અલ્લાહ તો ધરતી અને આકાશોનો અને તે બધી વસ્તુઓનો માલિક છે જે ધરતી અને આકાશો વચ્ચે જોવા મળે છે, જે કંઈ ચાહે છે પેદા કરે છે, અને તેનું પ્રભુત્વ દરેક વસ્તુ ઉપર છવાયેલું છે.

૧૮. યહૂદીઓ અને ખ્રિસ્તીઓ કહે છે કે અમે અલ્લાહના પુત્રો અને તેના વહાલાં છીએ. તેમને પૂછો, પછી તે તમારા ગુનાઓ માટે તમને કેમ સજા આપે છે ? હકીકતમાં તમે પણ એવા જ મનુષ્ય છો જેવા બીજા મનુષ્યો ખુદાએ પેદા કર્યા છે. તે જેને ચાહે છે, માફ કરે છે અને જેને ચાહે છે, સજા આપે છે. ધરતી અને આકાશો અને તેમાં મોજૂદ તમામ વસ્તુઓ તેની માલિકીની છે અને તેના જ તરફ સૌને જવાનું છે.

૧૯. હે ગ્રંથવાળાઓ ! અમારો આ રસૂલ એવા સમયે તમારા પાસે આવ્યો છે અને દીન (ધર્મ)નું સ્પષ્ટ શિક્ષણ તમને આપી રહ્યો છે, જ્યારે કે રસૂલો (પયગંબરો)ના આગમનનો ક્રમ એક મુદ્દતથી બંધ હતો, જેથી તમે એમ ન કહી શકો કે અમારા પાસે કોઈ ખુશખબર આપનાર અને ડરાવનાર નથી આવ્યો. તો જુઓ, હવે તે ખુશખબર આપનાર અને ડરાવનાર આવી ગયો – અને અલ્લાહને દરેક વસ્તુનું સામર્થ્ય પ્રાપ્ત છે. (રુકૂઅ-૩)

૨૦. યાદ કરો જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું હતું, ''હે મારી કોમના લોકો ! અલ્લાહની તે નેઅ્મત (કૃપા)ને યાદ કરો જે તેણે તમને આપી હતી. તેણે તમારામાં પયગંબરો પેદા કર્યા, તમને શાસક બનાવ્યા અને તમને તે બધું આપ્યું જે દુનિયામાં કોઈને આપ્યું ન હતું.

૨૧. હે મારી કોમના લોકો ! આ પવિત્ર ભૂમિમાં પ્રવેશ કરો જે અલ્લાહે તમારા માટે લખી નાખી છે, પીછેહઠ ન કરો, નહીં તો નિષ્ફળ અને નિરાશ પાછા ફરશો.''

૨૨. તેમણે જવાબ આપ્યો, ''હે મૂસા, ત્યાં તો ભારે બળવાન લોકો રહે છે, અમે ત્યાં કદાપિ જઈશું નહીં જ્યાં સુધી તેઓ ત્યાંથી નીકળી ન જાય. હા, જો તેઓ નીકળી જાય તો અમે દાખલ થવા માટે તૈયાર છીએ.''

اللّٰهُ عَلَيْهِمَا ادْخُلُوْا عَلَيْهِمُ الْبَابَ ج فَاِذَا دَخَلْتُمُوْهُ
فَاِنَّكُمْ غٰلِبُوْنَ ۬ وَعَلَى اللّٰهِ فَتَوَكَّلُوْٓا اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ﴿٢٣﴾ قَالُوْا يٰمُوْسٰٓى اِنَّا لَنْ نَّدْخُلَهَآ اَبَدًا
مَّا دَامُوْا فِيْهَا فَاذْهَبْ اَنْتَ وَرَبُّكَ فَقَاتِلَآ اِنَّا
هٰهُنَا قٰعِدُوْنَ ﴿٢٤﴾ قَالَ رَبِّ اِنِّىْ لَآ اَمْلِكُ اِلَّا
نَفْسِىْ وَاَخِىْ فَافْرُقْ بَيْنَنَا وَبَيْنَ الْقَوْمِ الْفٰسِقِيْنَ ﴿٢٥﴾
قَالَ فَاِنَّهَا مُحَرَّمَةٌ عَلَيْهِمْ اَرْبَعِيْنَ سَنَةً ج
يَتِيْهُوْنَ فِى الْاَرْضِ ط فَلَا تَاْسَ عَلَى الْقَوْمِ
وقف لازم ع ٧/٨ الْفٰسِقِيْنَ ﴿٢٦﴾ وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ ابْنَىْ اٰدَمَ بِالْحَقِّ م
اِذْ قَرَّبَا قُرْبَانًا فَتُقُبِّلَ مِنْ اَحَدِهِمَا وَلَمْ يُتَقَبَّلْ
مِنَ الْاٰخَرِ ط قَالَ لَاَقْتُلَنَّكَ ط قَالَ اِنَّمَا يَتَقَبَّلُ
النصف اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ ﴿٢٧﴾ لَئِنْۢ بَسَطْتَّ اِلَىَّ يَدَكَ
لِتَقْتُلَنِىْ مَآ اَنَا بِبَاسِطٍ يَّدِىَ اِلَيْكَ لِاَقْتُلَكَ ج
اِنِّىْٓ اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِيْنَ ﴿٢٨﴾ اِنِّىْٓ اُرِيْدُ
اَنْ تَبُوْٓاَ بِاِثْمِىْ وَاِثْمِكَ فَتَكُوْنَ مِنْ اَصْحٰبِ
النَّارِ ج وَذٰلِكَ جَزٰٓؤُا الظّٰلِمِيْنَ ﴿٢٩﴾ فَطَوَّعَتْ لَهٗ
نَفْسُهٗ قَتْلَ اَخِيْهِ فَقَتَلَهٗ فَاَصْبَحَ مِنَ الْخٰسِرِيْنَ ﴿٣٠﴾

૨૩. તે ડરનારાઓ પૈકી બે વ્યક્તિઓ એવી પણ હતી જેમને અલ્લાહે પોતાની નેઅ્મતો (કૃપાઓ) આપી રાખી હતી. તેમણે કહ્યું, ''આ શક્તિશાળી લોકોના મુકાબલામાં દરવાજામાં ઘૂસી જાઓ, જ્યારે તમે અંદર પહોંચી જશો તો તમે જ વિજયી થશો, અલ્લાહ ઉપર ભરોસો રાખો જો તમે ઈમાનવાળા (મોમિન) હોવ.''

૨૪. પરંતુ તેમણે ફરી આ જ કહ્યું, ''હે મૂસા ! અમે તો ત્યાં હરગિજ જઈશું નહીં જ્યાં સુધી તેઓ ત્યાં મોજૂદ છે. બસ, તમે અને તમારો રબ (પ્રભુ) બંને જાઓ અને લડો, અમે અહીં બેસ્યા છીએ.''

૨૫. તેના ઉપર મૂસાએ કહ્યું, ''હે મારા માલિક ! મારા કાબૂમાં કોઈ નથી, પરંતુ વ્યક્તિગત રીતે કાં હું અથવા મારો ભાઈ, તેથી તું અમને આ અવજ્ઞાકારી લોકોથી અલગ કરી દે.''

૨૬. અલ્લાહે જવાબ આપ્યો, ''સારું તો તે દેશ ચાળીસ વર્ષ સુધી તેમના પર વર્જિત છે, તેઓ ધરતી ઉપર માર્યા-માર્યા ફરશે, આ અવજ્ઞાકારીઓની હાલત ઉપર કદાપિ દયા ન ખાઓ.'' (રુકૂઅ-૪)

૨૭. અને જરા તેમને આદમના બે પુત્રોનો કિસ્સો પણ શબ્દસઃ સંભળાવી દો, જ્યારે તે બંનેએ કુરબાની કરી તો તેમના પૈકી એકની કુરબાની કબૂલ કરવામાં આવી અને બીજાની (સ્વીકાર) ન કરવામાં આવી. તેણે કહ્યું, ''હું તને મારી નાંખીશ.'' તેણે જવાબ આપ્યો, ''અલ્લાહ તો પોતાના ડરવાવાળા (સંયમી) લોકોના જ અર્પણનો સ્વીકાર કરે છે.

૨૮. જો તું મને મારી નાખવા માટે હાથ ઉઠાવીશ તો હું તને મારી નાખવા માટે હાથ નહીં ઉઠાવું, હું અલ્લાહ, સૃષ્ટિના માલિકથી ડરૂં છું.

૨૯. હું ઇચ્છું છું કે મારો અને તારો ગુનો તું જ તારા માથે લઈ લે અને દોજખી બનીને રહે. જાલિમોના જુલ્મનો આ જ યોગ્ય બદલો છે.''

૩૦. છેવટે તેના મન (મનેચ્છા)એ પોતાના ભાઈની હત્યા તેના માટે સરળ કરી દીધી અને તે તેને મારીને તે લોકોમાં સામેલ થઈ ગયો જેઓ નુકસાન ભોગવનારા છે.

فَبَعَثَ اللّٰهُ غُرَابًا يَّبْحَثُ فِي الْاَرْضِ لِيُرِيَهٗ
كَيْفَ يُوَارِيْ سَوْءَةَ اَخِيْهِ ؕ قَالَ يٰوَيْلَتٰۤى اَعَجَزْتُ
اَنْ اَكُوْنَ مِثْلَ هٰذَا الْغُرَابِ فَاُوَارِيَ سَوْءَةَ
اَخِيْ ۚ فَاَصْبَحَ مِنَ النّٰدِمِيْنَ ۝۳۱ مِنْ اَجْلِ ذٰلِكَ ۛ
كَتَبْنَا عَلٰى بَنِيْۤ اِسْرَآءِيْلَ اَنَّهٗ مَنْ قَتَلَ نَفْسًۢا
بِغَيْرِ نَفْسٍ اَوْ فَسَادٍ فِي الْاَرْضِ فَكَاَنَّمَا قَتَلَ
النَّاسَ جَمِيْعًا ؕ وَمَنْ اَحْيَاهَا فَكَاَنَّمَاۤ اَحْيَا
النَّاسَ جَمِيْعًا ؕ وَلَقَدْ جَآءَتْهُمْ رُسُلُنَا بِالْبَيِّنٰتِ ۫
ثُمَّ اِنَّ كَثِيْرًا مِّنْهُمْ بَعْدَ ذٰلِكَ فِي الْاَرْضِ
لَمُسْرِفُوْنَ ۝۳۲ اِنَّمَا جَزٰٓؤُا الَّذِيْنَ يُحَارِبُوْنَ اللّٰهَ
وَرَسُوْلَهٗ وَيَسْعَوْنَ فِي الْاَرْضِ فَسَادًا اَنْ يُّقَتَّلُوْۤا
اَوْ يُصَلَّبُوْۤا اَوْ تُقَطَّعَ اَيْدِيْهِمْ وَاَرْجُلُهُمْ مِّنْ
خِلَافٍ اَوْ يُنْفَوْا مِنَ الْاَرْضِ ؕ ذٰلِكَ لَهُمْ
خِزْيٌ فِي الدُّنْيَا وَلَهُمْ فِي الْاٰخِرَةِ عَذَابٌ
عَظِيْمٌ ۝۳۳ اِلَّا الَّذِيْنَ تَابُوْا مِنْ قَبْلِ اَنْ تَقْدِرُوْا
عَلَيْهِمْ ۚ فَاعْلَمُوْۤا اَنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝۳۴ يٰۤاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَابْتَغُوْۤا اِلَيْهِ الْوَسِيْلَةَ
وَجَاهِدُوْا فِيْ سَبِيْلِهٖ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝۳۵ اِنَّ
الَّذِيْنَ كَفَرُوْا لَوْ اَنَّ لَهُمْ مَّا فِي الْاَرْضِ جَمِيْعًا

وقف النبي صلى الله عليه وآله وسلم ۱۲ معانقة عند المتاخرين

ع ٥

منزل ٢

૩૧. પછી અલ્લાહે એક કાગડો મોકલ્યો જે જમીન ખોદવા લાગ્યો જેથી તેને બતાવે કે પોતાના ભાઈની લાશ કેવી રીતે છૂપાવે. આ જોઈને તે બોલ્યો, ''અફસોસ છે મારી જાત પર ! હું આ કાગડા જેવો પણ ન થઈ શક્યો કે પોતાના ભાઈની લાશ છૂપાવવાનો ઉપાય શોધી કાઢતો.'' તે પછી તે પોતાની કરણી પર ખૂબ પસ્તાયો.

૩૨. આ જ કારણે ઈસરાઈલના સંતાનો માટે અમે તે કાનૂન લખી દીધો હતો, ''જેણે કોઈ વ્યક્તિના ખૂનના બદલે કે ધરતી પર બગાડ ફેલાવવા સિવાય કોઈ અન્ય કારણસર હત્યા કરી, તેણે જાણે કે સમગ્ર માનવ-જાતની હત્યા કરી અને જેણે કોઈને જીવન પ્રદાન કર્યું, તેણે જાણે કે સમગ્ર માનવ-જાતને જીવન પ્રદાન કર્યું.'' પરંતુ તેમની હાલત એ છે કે અમારા રસૂલો (પયગંબરો) નિરંતર તેમના પાસે સ્પષ્ટ માર્ગદર્શન લઈને આવ્યા, તો પણ તેમાંના બહુમતિ લોકો ધરતી પર અત્યાચાર કરનારા છે.

૩૩. જે લોકો અલ્લાહ અને તેના રસૂલ સાથે લડાઈ કરે છે અને ધરતીમાં એટલા માટે દોડ-ધૂપ કરતા ફરે છે કે બગાડ પેદા કરે, તેમની સજા એ છે કે તેમને કતલ કરવામાં આવે કે શૂળીએ ચઢાવવામાં આવે કે તેમના હાથ અને પગ સામ-સામી બાજુએથી કાપી નાખવામાં આવે કે તેમને દેશનિકાલ કરવામાં આવે. આ અપમાન અને અનાદર તો તેમના માટે દુનિયામાં છે અને આખિરત (પરલોક)માં તેમના માટે આનાથી મોટી સજા છે,

૩૪. સિવાય તે લોકોના જેઓ તૌબા (ક્ષમા અને પ્રાયશ્ચિત) કરી લે, તે પહેલાં કે તમે તેમના પર કાબૂ મેળવો – તમને ખબર હોવી જોઈએ કે અલ્લાહ ક્ષમાશીલ અને દયાળુ છે. (રુકૂઅ-૫)

૩૫. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહથી ડરો અને તેનું સામિપ્ય પ્રાપ્ત કરવાનું માધ્યમ શોધો અને તેના માર્ગમાં સંઘર્ષ કરો, કદાચ તમને સફળતા પ્રાપ્ત થાય.

૩૬. બરાબર જાણી લો કે જે લોકોએ કુફ્ર (અધાર્મિકતા)નું વલણ અપનાવ્યું છે, જો તેમના કબ્જામાં સમગ્ર દુનિયાનું ધન હોય અને એટલું જ બીજું

وَّمِثْلَهٗ مَعَهٗ لِيَفْتَدُوْا بِهٖ مِنْ عَذَابِ يَوْمِ الْقِيٰمَةِ
مَا تُقُبِّلَ مِنْهُمْ ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۳۶﴾ يُرِيْدُوْنَ
اَنْ يَّخْرُجُوْا مِنَ النَّارِ وَمَا هُمْ بِخٰرِجِيْنَ مِنْهَا ۫
وَلَهُمْ عَذَابٌ مُّقِيْمٌ ﴿۳۷﴾ وَالسَّارِقُ وَالسَّارِقَةُ
فَاقْطَعُوْۤا اَيْدِيَهُمَا جَزَآءًۢ بِمَا كَسَبَا نَكَالًا مِّنَ
اللّٰهِ ؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿۳۸﴾ فَمَنْ تَابَ مِنْۢ بَعْدِ
ظُلْمِهٖ وَاَصْلَحَ فَاِنَّ اللّٰهَ يَتُوْبُ عَلَيْهِ ؕ اِنَّ اللّٰهَ
غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۳۹﴾ اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ لَهٗ مُلْكُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ يُعَذِّبُ مَنْ يَّشَآءُ وَيَغْفِرُ
لِمَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿۴۰﴾ يٰۤاَيُّهَا
الرَّسُوْلُ لَا يَحْزُنْكَ الَّذِيْنَ يُسَارِعُوْنَ فِى الْكُفْرِ
مِنَ الَّذِيْنَ قَالُوْۤا اٰمَنَّا بِاَفْوَاهِهِمْ وَلَمْ تُؤْمِنْ
قُلُوْبُهُمْ ۛۚ وَمِنَ الَّذِيْنَ هَادُوْا ۛۚ سَمّٰعُوْنَ
لِلْكَذِبِ سَمّٰعُوْنَ لِقَوْمٍ اٰخَرِيْنَ ۙ لَمْ يَاْتُوْكَ ؕ
يُحَرِّفُوْنَ الْكَلِمَ مِنْۢ بَعْدِ مَوَاضِعِهٖ ۚ يَقُوْلُوْنَ
اِنْ اُوْتِيْتُمْ هٰذَا فَخُذُوْهُ وَاِنْ لَّمْ تُؤْتَوْهُ
فَاحْذَرُوْا ؕ وَمَنْ يُّرِدِ اللّٰهُ فِتْنَتَهٗ فَلَنْ تَمْلِكَ
لَهٗ مِنَ اللّٰهِ شَيْـًٔا ؕ اُولٰٓئِكَ الَّذِيْنَ لَمْ يُرِدِ
اللّٰهُ اَنْ يُّطَهِّرَ قُلُوْبَهُمْ ؕ لَهُمْ فِى الدُّنْيَا خِزْيٌ ۚۖ

معٓ عند المتقدمين الوقوف على الاول اجوز ۱۲

તેના સાથે, અને તેઓ ચાહે કે તેને ફિદયા (પ્રતિદાન) તરીકે આપીને કયામત (પુનર્જીવન)ના દિવસની સજાથી બચી જાય, તો પણ તે તેમના પાસેથી સ્વીકારવામાં નહીં આવે અને તેમને પીડાકારી સજા મળીને જ રહેશે.

૩૭. તેઓ ઇચ્છશે કે જહન્નમ (નર્ક)ની આગમાંથી નીકળી ભાગે, પરંતુ નહીં નીકળી શકે અને તેમને કાયમી યાતના આપવામાં આવશે.

૩૮. અને ચોર ચાહે સ્ત્રી હોય કે પુરુષ, બંનેના હાથ કાપી નાખો, આ તેમની કમાણીનો બદલો છે અને અલ્લાહ તરફથી શિક્ષાપ્રદ સજા. અલ્લાહનું સામર્થ્ય બધા ઉપર છવાયેલું છે અને તે સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે.

૩૯. અને જે અત્યાચાર કર્યા પછી તૌબા કરે અને પોતાને સુધારી લે તો અલ્લાહની કૃપાદૃષ્ટિ ફરી તેના તરફ થઈ જશે, અલ્લાહ મોટો ક્ષમાશીલ અને દયાળુ છે.

૪૦. શું તમે જાણતા નથી કે અલ્લાહ આકાશો અને ધરતીના રાજ્યનો માલિક છે ? જેને ચાહે સજા આપે અને જેને ચાહે માફ કરી દે, તે દરેક વસ્તુ ઉપર વર્ચસ્વ ધરાવે છે.

૪૧. હે પયગંબર ! તમારા માટે દુઃખનું કારણ ન બને, તે લોકો જેઓ કુફ્રના માર્ગમાં ખૂબ સક્રિય છે, ચાહે તેઓ એમાંથી હોય જેઓ ઈમાન લાવ્યાનો મૌખિક એકરાર કરે છે પરંતુ તેમના હૃદય ઈમાન નથી લાવ્યા, અથવા એમના પૈકી હોય જેઓ યહૂદી છે જેમની સ્થિતિ એ છે કે જૂઠ માટે કાન લગાવે છે, અને બીજા લોકો માટે જેઓ તમારા પાસે ક્યારેય નથી આવ્યા, બાતમી લેતા ફરે છે, અલ્લાહના ગ્રંથના શબ્દોને તેમનો સાચો સંદર્ભ નક્કી હોવા છતાં વાસ્તવિક અર્થથી ફેરવે છે અને લોકોને કહે છે કે જો તમને આ આદેશ આપવામાં આવે તો માનો, નહીં તો ન માનો. જેને અલ્લાહે જ અજમાયશ (ફિત્ના)માં નાખવાનો નિશ્ચય કરી લીધો હોય તેને અલ્લાહની પકડમાંથી બચાવવા માટે તમે કશું કરી શકતા નથી, આ તે લોકો છે જેમના હૃદયોને શુદ્ધ કરવાનું અલ્લાહે ન ઇચ્છ્યું, તેમના માટે દુનિયામાં નામોશી છે અને

وَّلَهُمۡ فِى الۡاٰخِرَةِ عَذَابٌ عَظِيۡمٌ ﴿۴۱﴾ سَمّٰعُوۡنَ
لِلۡكَذِبِ اَكّٰلُوۡنَ لِلسُّحۡتِ ؕ فَاِنۡ جَآءُوۡكَ فَاحۡكُمۡ
بَيۡنَهُمۡ اَوۡ اَعۡرِضۡ عَنۡهُمۡ ۚ وَاِنۡ تُعۡرِضۡ عَنۡهُمۡ
فَلَنۡ يَّضُرُّوۡكَ شَيۡــًٔا ؕ وَاِنۡ حَكَمۡتَ فَاحۡكُمۡ بَيۡنَهُمۡ
بِالۡقِسۡطِ ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الۡمُقۡسِطِيۡنَ ﴿۴۲﴾ وَكَيۡفَ
يُحَكِّمُوۡنَكَ وَعِنۡدَهُمُ التَّوۡرٰٮةُ فِيۡهَا حُكۡمُ اللّٰهِ
ثُمَّ يَتَوَلَّوۡنَ مِنۡۢ بَعۡدِ ذٰلِكَ ؕ وَمَاۤ اُولٰٓـئِكَ بِالۡمُؤۡمِنِيۡنَ ﴿۴۳﴾ ع ٦ ٩
اِنَّاۤ اَنۡزَلۡنَا التَّوۡرٰٮةَ فِيۡهَا هُدًى وَّنُوۡرٌ ۚ يَحۡكُمُ
بِهَا النَّبِيُّوۡنَ الَّذِيۡنَ اَسۡلَمُوۡا لِلَّذِيۡنَ هَادُوۡا
وَالرَّبّٰنِيُّوۡنَ وَالۡاَحۡبَارُ بِمَا اسۡتُحۡفِظُوۡا مِنۡ كِتٰبِ
اللّٰهِ وَكَانُوۡا عَلَيۡهِ شُهَدَآءَ ۚ فَلَا تَخۡشَوُا النَّاسَ
وَاخۡشَوۡنِ وَلَا تَشۡتَرُوۡا بِاٰيٰتِىۡ ثَمَنًا قَلِيۡلًا ؕ
وَمَنۡ لَّمۡ يَحۡكُمۡ بِمَاۤ اَنۡزَلَ اللّٰهُ فَاُولٰٓـئِكَ هُمُ
الۡكٰفِرُوۡنَ ﴿۴۴﴾ وَكَتَبۡنَا عَلَيۡهِمۡ فِيۡهَاۤ اَنَّ النَّفۡسَ
بِالنَّفۡسِ ۙ وَالۡعَيۡنَ بِالۡعَيۡنِ وَالۡاَنۡفَ بِالۡاَنۡفِ
وَالۡاُذُنَ بِالۡاُذُنِ وَالسِّنَّ بِالسِّنِّ ۙ وَالۡجُرُوۡحَ
قِصَاصٌ ؕ فَمَنۡ تَصَدَّقَ بِهٖ فَهُوَ كَفَّارَةٌ لَّهٗ ؕ
وَمَنۡ لَّمۡ يَحۡكُمۡ بِمَاۤ اَنۡزَلَ اللّٰهُ فَاُولٰٓـئِكَ هُمُ
الظّٰلِمُوۡنَ ﴿۴۵﴾ وَقَفَّيۡنَا عَلٰٓى اٰثَارِهِمۡ بِعِيۡسَى ابۡنِ منزل ٢

આખિરતમાં સખત સજા.

૪૨. આ લોકો જૂઠ સાંભળવાવાળા અને હરામનો (અવૈધ) માલ ખાનારા છે. તેથી જો આ લોકો તમારા પાસે (પોતાના મુકદમાઓ લઈને) આવે તો તમને અધિકાર આપવામાં આવે છે કે ઇચ્છો તો તેમનો ફેંસલો કરો, નહીં તો ઇન્કાર કરી દો. ઇન્કાર કરી દો તો આ લોકો તમારું કશું બગાડી શકતા નથી, અને ફેંસલો કરો તો પછી બરાબર ન્યાયપૂર્વક કરો, કેમ કે અલ્લાહ ન્યાય કરનારાઓને પસંદ કરે છે –

૪૩. અને તેઓ તમને કેવી રીતે મધ્યસ્થી બનાવે છે જ્યારે કે તેમના પાસે તૌરાત મૌજૂદ છે, જેમાં અલ્લાહનો આદેશ લખેલો છે અને પછી તેઓ તેનાથી મુખ ફેરવી રહ્યા છે ? સાચી વાત એ છે કે આ લોકો ઈમાન જ ધરાવતા નથી. (રુકૂઅ-૬)

૪૪. અમે તૌરાત અવતરિત કરી જેમાં માર્ગદર્શન અને પ્રકાશ હતા. બધા જ પયંગંબરો, જેઓ મુસ્લિમ હતા, તેના જ અનુસાર આ યહૂદીઓના મામલાઓનો ફેંસલો કરતા હતા અને આવી જ રીતે રબ્બાની (ધાર્મિક વિદ્વાનો) અને અહબાર (ધાર્મિક કાયદાશાસ્ત્રીઓ) પણ (આના જ ઉપર ન્યાયનો આધાર રાખતા હતા) કારણ કે તેમને અલ્લાહના ગ્રંથની રક્ષા માટે જવાબદાર બનાવવામાં આવ્યા હતા અને તેઓ તેના પર સાક્ષી હતા. તો (હે યહૂદીઓ !) તમે લોકોથી ન ડરો, બલ્કે મારાથી ડરો અને મારી આયતોને થોડી કિંમત લઈને વેચવાનું છોડી દો. જે લોકો અલ્લાહના અવતરિત કરેલા કાનૂન મુજબ ન્યાય ન કરે તેઓ જ કાફિરો (અધર્મીઓ) છે.

૪૫. તૌરાતમાં અમે યહૂદીઓ માટે આ આદેશ લખી દીધો હતો કે પ્રાણના બદલે પ્રાણ, આંખના બદલે આંખ, નાકના બદલે નાક, કાનના બદલે કાન, દાંતના બદલે દાંત અને તમામ ઈજાઓ માટે સમાન બદલો. પછી જે કિસાસ (ખૂનનો બદલો) દાન કરી દે તો તે તેના માટે કફ્ફારો (પ્રાયશ્ચિત) છે, અને જે લોકો અલ્લાહના અવતરિત કરેલા કાનૂન મુજબ ન્યાય ન કરે તેઓ જ અત્યાચારી છે.

૪૬. ત્યારબાદ અમે તે પયગંબરો પછી મરયમના પુત્ર ઈસાને મોકલ્યો. તૌરાતમાંથી જે કંઈ તેના સામે મોજૂદ હતું, તે તેનું સમર્થન કરનારો

مَرْيَمَ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ التَّوْرٰىةِ ص
وَاٰتَيْنٰهُ الْاِنْجِيْلَ فِيْهِ هُدًى وَّنُوْرٌ ۙ وَّمُصَدِّقًا
لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ التَّوْرٰىةِ وَهُدًى وَّمَوْعِظَةً
لِّلْمُتَّقِيْنَ ۝٤٦ وَلْيَحْكُمْ اَهْلُ الْاِنْجِيْلِ بِمَآ اَنْزَلَ
اللّٰهُ فِيْهِ ۗ وَمَنْ لَّمْ يَحْكُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ
هُمُ الْفٰسِقُوْنَ ۝٤٧ وَاَنْزَلْنَآ اِلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ
مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ الْكِتٰبِ وَ
مُهَيْمِنًا عَلَيْهِ فَاحْكُمْ بَيْنَهُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ
وَلَا تَتَّبِعْ اَهْوَآءَهُمْ عَمَّا جَآءَكَ مِنَ الْحَقِّ ۗ لِكُلٍّ
جَعَلْنَا مِنْكُمْ شِرْعَةً وَّمِنْهَاجًا ۗ وَلَوْ شَآءَ اللّٰهُ
لَجَعَلَكُمْ اُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ لِّيَبْلُوَكُمْ فِيْ مَآ
اٰتٰىكُمْ فَاسْتَبِقُوا الْخَيْرٰتِ ۗ اِلَى اللّٰهِ مَرْجِعُكُمْ جَمِيْعًا
فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ۝٤٨ وَاَنِ احْكُمْ
بَيْنَهُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ وَلَا تَتَّبِعْ اَهْوَآءَهُمْ
وَاحْذَرْهُمْ اَنْ يَّفْتِنُوْكَ عَنْۢ بَعْضِ مَآ اَنْزَلَ اللّٰهُ
اِلَيْكَ ۗ فَاِنْ تَوَلَّوْا فَاعْلَمْ اَنَّمَا يُرِيْدُ اللّٰهُ
اَنْ يُّصِيْبَهُمْ بِبَعْضِ ذُنُوْبِهِمْ ۗ وَاِنَّ كَثِيْرًا مِّنَ
النَّاسِ لَفٰسِقُوْنَ ۝٤٩ اَفَحُكْمَ الْجَاهِلِيَّةِ يَبْغُوْنَ ۗ
وَمَنْ اَحْسَنُ مِنَ اللّٰهِ حُكْمًا لِّقَوْمٍ يُّوْقِنُوْنَ ۝٥٠ ع

منزل ٢ ع ٧

હતો અને અમે તેને ઇંજીલ (ગ્રંથ) પ્રદાન કરી, જેમાં માર્ગદર્શન અને પ્રકાશ હતા અને તે પણ, જે કંઈ તૌરાતમાં તે વખતે મોજૂદ હતું, તેનું સમર્થન કરવાવાળો હતો અને અલ્લાહથી ડરનારા લોકો માટે સંપૂર્ણપણે માર્ગદર્શન અને શિખામણ હતો.

૪૭. અમારો આદેશ હતો કે ઇંજીલવાળાઓ તે કાનૂન મુજબ ન્યાય કરે જે અલ્લાહે તેમાં અવતરિત કર્યો છે અને જે લોકો અલ્લાહના અવતરિત કરેલા કાનૂન મુજબ ફેંસલો ન કરે તેઓ જ ફાસિક (અવજ્ઞાકારીઓ) છે.

૪૮. પછી હે નબી ! અમે તમારા તરફ આ ગ્રંથ મોકલ્યો જે સત્ય લઈને આવ્યો છે અને અલ-કિતાબ★ માંથી જે કંઈ તેના સામે મોજૂદ છે તેનું સમર્થન કરનાર અને તેનું રક્ષણ કરનાર અને દેખરેખ રાખનાર છે. તેથી તમે અલ્લાહના અવતરિત કરેલા કાનૂન મુજબ લોકોના મામલાઓનો નિર્ણય કરો અને જે સત્ય તમારા પાસે આવ્યું છે, તેનાથી વિમુખ થઈને તેમની ઇચ્છાઓનું અનુસરણ ન કરો — અમે તમારા(મનુષ્યો)માંથી દરેક માટે એક શરીઅત (કાનૂન) અને કાર્ય-પ્રણાલી નિશ્ચિત કરી. આમ તો તમારો અલ્લાહ ઇચ્છતો તો તમને સૌને એક ઉમ્મત (સમુદાય) પણ બનાવી શકતો હતો, પરંતુ આવું તેણે એટલા માટે કર્યું કે જે કંઈ તેણે તમને આપ્યું છે તેમાં તમારી પરીક્ષા કરે. તેથી ભલાઈઓમાં એકબીજાથી આગળ વધી જવાનો પ્રયાસ કરો. છેવટે તમને સૌને અલ્લાહ તરફ પાછા ફરીને જવાનું છે, પછી તે તમને તે સાચી હકીકત બતાવી દેશે જેમાં તમે મતભેદ કરતા રહ્યા છો —

૪૯. પછી હે નબી ! તમે અલ્લાહના અવતરિત કરેલા કાનૂન મુજબ આ લોકોના મામલાઓનો ફેંસલો કરો અને તેમની ઇચ્છાઓનું અનુસરણ ન કરો. સાવધાન રહો કે આ લોકો તમને ભ્રમમાં નાખીને તે માર્ગદર્શનથી તસુ બરાબર પણ ચલિત કરવા ન પામે જે અલ્લાહે તમારા તરફ અવતરિત કર્યું છે, પછી જો તેઓ આનાથી વિમુખ થાય, તો જાણી લો કે અલ્લાહે તેમના કેટલાક ગુનાઓના બદલામાં તેમને મુસીબતમાં નાખવાનો નિર્ધાર જ કરી લીધો છે અને આ હકીકત છે કે તે લોકોમાંથી ઘણાં ખરા ફાસિક (અવજ્ઞાકારી) છે.

૫૦. (જો આ લોકો અલ્લાહના કાનૂનથી વિમુખ બને છે) તો શું પછી જાહિલિય્યત (અજ્ઞાનતા)નો ફેંસલો ઇચ્છે છે ? જો કે જે લોકો અલ્લાહ ઉપર ઈમાન રાખે છે તેમના સમીપ અલ્લાહથી વધુ સારો નિર્ણય કરનાર બીજો કોણ હોઈ શકે છે ? (રુકૂઅ-૭)

★ અલ-કિતાબ શબ્દ-પ્રયોગનો અર્થ એ છે કે કુર્આન અને તમામ તે ગ્રંથો અને પુસ્તકો, જે વિભિન્ન યુગો અને જુદી-જુદી ભાષાઓમાં અલ્લાહ તરફથી અવતરિત થયા, તમામ-તમામ વાસ્તવમાં એક જ ગ્રંથ છે, એક જ તેનો રચયિતા છે, એક જ તેમનો આશય અને ઉદ્દેશ્ય છે, એક જ તેની શિક્ષા છે અને એક જ જ્ઞાન છે જે માનવ-જાતને પ્રદાન કરવામાં આવ્યું. જો તેમાં અંતર છે તો માત્ર વર્ણનોનું છે, જે એક જ ઉદ્દેશ્ય માટે વિભિન્ન શ્રોતાઓ અનુસાર અલગ-અલગ રીતથી અપનાવવામાં આવ્યું.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الْيَهُوْدَ وَالنَّصٰرٰۤى
اَوْلِيَآءَ ؔ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ط وَمَنْ يَّتَوَلَّهُمْ
مِّنْكُمْ فَاِنَّهٗ مِنْهُمْ ط اِنَّ اللّٰهَ لَا يَهْدِى الْقَوْمَ
الظّٰلِمِيْنَ ﴿٥١﴾ فَتَرَى الَّذِيْنَ فِىْ قُلُوْبِهِمْ مَّرَضٌ
يُّسَارِعُوْنَ فِيْهِمْ يَقُوْلُوْنَ نَخْشٰۤى اَنْ تُصِيْبَنَا
دَآئِرَةٌ ط فَعَسَى اللّٰهُ اَنْ يَّاْتِىَ بِالْفَتْحِ اَوْ اَمْرٍ
مِّنْ عِنْدِهٖ فَيُصْبِحُوْا عَلٰى مَاۤ اَسَرُّوْا فِىْۤ اَنْفُسِهِمْ
نٰدِمِيْنَ ﴿٥٢﴾ ط وَيَقُوْلُ الَّذِيْنَ اٰمَنُوْۤا اَهٰۤؤُلَآءِ
الَّذِيْنَ اَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ ۙ اِنَّهُمْ
لَمَعَكُمْ ط حَبِطَتْ اَعْمَالُهُمْ فَاَصْبَحُوْا خٰسِرِيْنَ ﴿٥٣﴾
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا مَنْ يَّرْتَدَّ مِنْكُمْ عَنْ دِيْنِهٖ
فَسَوْفَ يَاْتِى اللّٰهُ بِقَوْمٍ يُّحِبُّهُمْ وَيُحِبُّوْنَهٗۤ ۙ
اَذِلَّةٍ عَلَى الْمُؤْمِنِيْنَ اَعِزَّةٍ عَلَى الْكٰفِرِيْنَ ز
يُجَاهِدُوْنَ فِىْ سَبِيْلِ اللّٰهِ وَلَا يَخَافُوْنَ
لَوْمَةَ لَآئِمٍ ط ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ
يَّشَآءُ ط وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿٥٤﴾ اِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ
وَرَسُوْلُهٗ وَالَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ
وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ رٰكِعُوْنَ ﴿٥٥﴾ وَمَنْ يَّتَوَلَّ
اللّٰهَ وَرَسُوْلَهٗ وَالَّذِيْنَ اٰمَنُوْا فَاِنَّ حِزْبَ

وقف غفران ۱۲ وقف منزل عند البعض ۱۲
وقف لازم
الثلثة
منزل ۲

૫૧. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! યહૂદીઓ અને ખ્રિસ્તીઓને પોતાના મિત્રો ન બનાવો, આ લોકો એક-બીજાના જ મિત્રો છે, અને જો તમારામાંથી કોઈ તેમને પોતાનો મિત્ર બનાવે છે તો તે પણ તેમનામાંનો જ છે, નિઃશંક અલ્લાહ અત્યાચારીઓને પોતાના માર્ગદર્શનથી વંચિત કરી દે છે.

૫૨. તમે જુઓ છો કે જેમના હૃદયમાં નિફાક (દંભ, કપટાચાર)ની બીમારી છે, તેઓ તેમાં જ દોડધામ કરતા ફરે છે. કહે છે, ''અમને ડર લાગે છે કે ક્યાંક અમે કોઈ મુસીબતના ચક્કરમાં ન ફસાઈ જઈએ.'' પરંતુ દૂર નથી કે જ્યારે અલ્લાહ તમને નિર્ણાયક વિજય આપશે અથવા પોતાના તરફથી કોઈ બીજી વાત પ્રગટ કરશે તો આ લોકો પોતાના આ દંભ માટે, જે તેમણે હૃદયોમાં છૂપાવી રાખ્યું છે, શરમ અનુભવશે.

૫૩. અને તે વખતે ઈમાનવાળાઓ કહેશે, ''શું આ તે જ લોકો છે જેઓ અલ્લાહના નામની મોટી-મોટી સોગંદો ખાઈને વિશ્વાસ અપાવતા હતા કે અમે તમારા સાથે છીએ ?'' — તેમના બધા કર્મો વ્યર્થ થઈ ગયા અને છેવટે તેઓ નિષ્ફળ અને નિરાશ થઈને રહ્યા.

૫૪. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જો તમારામાંથી કોઈ વ્યક્તિ પોતાના દીન (ધર્મ)થી ફરી જાય છે (તો ફરી જાય), અલ્લાહ એવા બીજા ઘણાં લોકો પેદા કરી દેશે જે અલ્લાહને પ્રિય હશે અને અલ્લાહ તેમને પ્રિય હશે, જેઓ ઈમાનવાળાઓ સાથે નરમ અને કાફિરો (વિરોધીઓ, શત્રુઓ) માટે કઠોર હશે, જેઓ અલ્લાહના માર્ગમાં સંઘર્ષ (શક્ય તમામ પ્રયત્નો) કરશે અને કોઈ નિંદા કરનારની નિંદાથી ડરશે નહીં. આ અલ્લાહની મહેરબાની છે, જેને ચાહે છે પ્રદાન કરે છે. અલ્લાહ વિશાળ સાધનોનો માલિક છે અને બધું જ જાણે છે.

૫૫. તમારા મિત્રો તો હકીકતમાં માત્ર અલ્લાહ અને અલ્લાહનો રસૂલ અને તે ઈમાનવાળાઓ છે જેઓ નમાઝ કાયમ કરે છે, ઝકાત આપે છે અને અલ્લાહ આગળ ઝુકનારા છે.

૫૬. અને જે અલ્લાહ અને તેના રસૂલ અને ઈમાનવાળાઓને પોતાનો મિત્ર બનાવી લે તેને જાણ થાય કે અલ્લાહનો પક્ષ જ વિજયી રહેનાર છે. (રુકૂઅ-૮)

ع ٨ ٦ ١٢

اللّٰهِ هُمُ الْغٰلِبُوْنَ ﴿۵۶﴾ ع يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا
لَا تَتَّخِذُوا الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَكُمْ هُزُوًا وَّ
لَعِبًا مِّنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ
وَ الْكُفَّارَ اَوْلِيَآءَ ۚ وَ اتَّقُوا اللّٰهَ اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ﴿۵۷﴾ وَ اِذَا نَادَيْتُمْ اِلَى الصَّلٰوةِ اتَّخَذُوْهَا
هُزُوًا وَّ لَعِبًا ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْقِلُوْنَ ﴿۵۸﴾
قُلْ يٰۤاَهْلَ الْكِتٰبِ هَلْ تَنْقِمُوْنَ مِنَّاۤ اِلَّاۤ
اَنْ اٰمَنَّا بِاللّٰهِ وَمَاۤ اُنْزِلَ اِلَيْنَا وَمَاۤ اُنْزِلَ
مِنْ قَبْلُ ۙ وَ اَنَّ اَكْثَرَكُمْ فٰسِقُوْنَ ﴿۵۹﴾ قُلْ هَلْ
اُنَبِّئُكُمْ بِشَرٍّ مِّنْ ذٰلِكَ مَثُوْبَةً عِنْدَ اللّٰهِ ؕ
مَنْ لَّعَنَهُ اللّٰهُ وَ غَضِبَ عَلَيْهِ وَ جَعَلَ مِنْهُمُ
الْقِرَدَةَ وَ الْخَنَازِيْرَ وَعَبَدَ الطَّاغُوْتَ ؕ اُولٰٓئِكَ
شَرٌّ مَّكَانًا وَّ اَضَلُّ عَنْ سَوَآءِ السَّبِيْلِ ﴿۶۰﴾ وَ
اِذَا جَآءُوْكُمْ قَالُوْۤا اٰمَنَّا وَ قَدْ دَّخَلُوْا بِالْكُفْرِ
وَهُمْ قَدْ خَرَجُوْا بِهٖ ؕ وَاللّٰهُ اَعْلَمُ بِمَا كَانُوْا
يَكْتُمُوْنَ ﴿۶۱﴾ وَتَرٰى كَثِيْرًا مِّنْهُمْ يُسَارِعُوْنَ فِى الْاِثْمِ
وَ الْعُدْوَانِ وَ اَكْلِهِمُ السُّحْتَ ؕ لَبِئْسَ مَا كَانُوْا
يَعْمَلُوْنَ ﴿۶۲﴾ لَوْلَا يَنْهٰىهُمُ الرَّبّٰنِيُّوْنَ وَ الْاَحْبَارُ
عَنْ قَوْلِهِمُ الْاِثْمَ وَ اَكْلِهِمُ السُّحْتَ ؕ لَبِئْسَ مَا

૫૭. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તમારા પુરોગામી ગ્રંથવાળાઓ પૈકી જે લોકોએ તમારા દીન (ધર્મ)ને મજાક અને મનોરંજનની વસ્તુ બનાવી લીધી છે, તેમને અને બીજા કાફિરોને પોતાના મિત્ર ન બનાવો. અલ્લાહથી ડરો જો તમે ઈમાનવાળા છો.

૫૮. જ્યારે તમે નમાઝ માટે પોકાર કરો છો તો તેઓ તેની મજાક ઉડાવે છે અને તેના સાથે રમત કરે છે. તેનું કારણ એ છે કે તેઓ બુદ્ધિહીન છે.

૫૯. તેમને કહો, ''હે ગ્રંથવાળાઓ ! તમે જે વાત પર અમારાથી નાખુશ છો તે એ સિવાય બીજું શું છે કે અમે અલ્લાહ ઉપર અને દીનના તે શિક્ષણ ઉપર ઈમાન લઈ આવ્યા છીએ જે અમારા તરફ અવતરિત થયું છે, અને અમારા પહેલાં પણ અવતરિત થયું હતું, અને તમારામાંથી મોટા ભાગના લોકો અવજ્ઞાકારી છે.''

૬૦. પછી કહો, ''શું હું તે લોકોની નિશાની બતાવું જેમનું પરિણામ અલ્લાહને ત્યાં અવજ્ઞાકારીઓના પરિણામથી પણ ખરાબ છે ? તેઓ જેમના ઉપર અલ્લાહની ફિટકાર પડી, જેમના ઉપર તેનો પ્રકોપ ઊતર્યો, જેમનામાંથી વાનરો અને ડુક્કર બનાવવામાં આવ્યા, જેમણે તાગૂત (અલ્લાહ સિવાય અન્ય)ની બંદગી કરી, તેમનો દરજ્જો હજુ પણ વધુ ખરાબ છે અને તેઓ સીધા માર્ગથી ભટકીને ઘણે દૂર નીકળી ગયેલા છે.''

૬૧. જ્યારે તેઓ તમારા પાસે આવે છે તો કહે છે કે અમે ઈમાન લાવ્યા, જો કે કુફ્ર (અધર્મ) લઈને આવ્યા હતા અને કુફ્ર (અધર્મ) જ લઈને પાછા ગયા અને અલ્લાહ સારી રીતે જાણે છે જે કંઈ તેમણે હૃદયોમાં છૂપાવી રાખ્યું છે.

૬૨. તમે જુઓ છો કે તેમનામાંથી પુષ્કળ લોકો ગુનાહ અને અત્યાચારના કાર્યોમાં દોડધામ કરતા ફરે છે અને હરામના (અવૈધ) માલ ખાય છે. ઘણાં ખરાબ કૃત્યો છે જે આ લોકો કરી રહ્યા છે !

૬૩. શા માટે તેમના વિદ્વાનો અને ધર્મ-ગુરુઓ તેમને ગુનાની વાતો કરવાથી અને હરામનું ખાવાથી રોકતા નથી ? નિઃશંક જીવનની ઘણી જ ખરાબ

كَانُوْا يَصْنَعُوْنَ ﴿٦٣﴾ وَقَالَتِ الْيَهُوْدُ يَدُ اللّٰهِ مَغْلُوْلَةٌ ؕ
غُلَّتْ اَيْدِيْهِمْ وَلُعِنُوْا بِمَا قَالُوْا م بَلْ يَدٰهُ مَبْسُوْطَتٰنِ ۙ وقف لازم
يُنْفِقُ كَيْفَ يَشَآءُ ؕ وَلَيَزِيْدَنَّ كَثِيْرًا مِّنْهُمْ مَّآ
اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ طُغْيَانًا وَّكُفْرًا ؕ وَاَلْقَيْنَا
بَيْنَهُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ؕ
كُلَّمَآ اَوْقَدُوْا نَارًا لِّلْحَرْبِ اَطْفَاَهَا اللّٰهُ ۙ وَيَسْعَوْنَ
فِى الْاَرْضِ فَسَادًا ؕ وَاللّٰهُ لَا يُحِبُّ الْمُفْسِدِيْنَ ﴿٦٤﴾
وَلَوْ اَنَّ اَهْلَ الْكِتٰبِ اٰمَنُوْا وَاتَّقَوْا لَكَفَّرْنَا عَنْهُمْ
سَيِّاٰتِهِمْ وَلَاَدْخَلْنٰهُمْ جَنّٰتِ النَّعِيْمِ ﴿٦٥﴾ وَلَوْ اَنَّهُمْ
اَقَامُوا التَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ وَمَآ اُنْزِلَ اِلَيْهِمْ
مِّنْ رَّبِّهِمْ لَاَكَلُوْا مِنْ فَوْقِهِمْ وَمِنْ تَحْتِ اَرْجُلِهِمْ ؕ
مِنْهُمْ اُمَّةٌ مُّقْتَصِدَةٌ ؕ وَكَثِيْرٌ مِّنْهُمْ سَآءَ مَا
يَعْمَلُوْنَ ﴿٦٦﴾ ع يٰۤاَيُّهَا الرَّسُوْلُ بَلِّغْ مَآ اُنْزِلَ اِلَيْكَ
مِنْ رَّبِّكَ ؕ وَاِنْ لَّمْ تَفْعَلْ فَمَا بَلَّغْتَ رِسَالَتَهٗ ؕ
وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِى
الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿٦٧﴾ قُلْ يٰۤاَهْلَ الْكِتٰبِ لَسْتُمْ عَلٰى
شَىْءٍ حَتّٰى تُقِيْمُوا التَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ وَمَآ اُنْزِلَ
اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ ؕ وَلَيَزِيْدَنَّ كَثِيْرًا مِّنْهُمْ مَّآ اُنْزِلَ
اِلَيْكَ مِنْ رَّبِّكَ طُغْيَانًا وَّكُفْرًا ۚ فَلَا تَاْسَ

કાર્યનોંધ છે જે તેઓ તૈયાર કરી રહ્યા છે.

૬૪. યહૂદીઓ કહે છે અલ્લાહના હાથ બંધાયેલા છે. —બાંધી દેવામાં આવ્યા તેમના હાથ, અને ધિક્કાર તેમના ઉપર તે બકવાસના બદલામાં જે તેઓ કરે છે. —અલ્લાહના હાથ તો ખુલ્લા છે, જે રીતે ચાહે છે, ખર્ચ કરે છે. હકીકત એ છે કે જે વાણી તમારા રબ તરફથી તમારા પર અવતરિત થઈ છે, તે ઉલ્ટાનું તેમના પૈકી મોટા ભાગના લોકોના વિદ્રોહ અને અસત્ય-પ્રિયતામાં વધારાનું કારણ બની ગઈ છે અને (તેના પરિણામે) અમે તેમના વચ્ચે કયામત (પુનર્જીવન) સુધી દ્વેષ અને વૈમનસ્ય નાખી દીધા છે. જ્યારે પણ તેઓ યુદ્ધની આગ ભડકાવે છે, અલ્લાહ તેને ઠંડી કરી દે છે. તેઓ ધરતીમાં બગાડ ફેલાવવાના પ્રયત્નો કરી રહ્યા છે, પરંતુ અલ્લાહ બગાડ ફેલાવનારાઓને કદાપિ પસંદ કરતો નથી.

૬૫. જો (આ વિદ્રોહના બદલે) આ ગ્રંથવાળાઓ ઈમાન લઈ આવ્યા હોત અને અલ્લાહથી ડરવાનો માર્ગ અપનાવ્યો હોત તો અમે તેમની બૂરાઈઓ તેમનામાંથી દૂર કરી દેતા અને તેમને નેઅ્મતો (બક્ષિસો)થી ભરપૂર જન્નતોમાં દાખલ કરતા.

૬૬. કદાચ, તેમણે તૌરાત અને ઇંજીલ અને તે અન્ય ગ્રંથોને પ્રસ્થાપિત કર્યા હોત, જે તેમના રબ (પ્રભુ) તરફથી તેમના પાસે મોકલવામાં આવ્યા હતા ! આવું કરતા તો તેમના માટે ઉપરથી રોજી વરસતી અને નીચેથી ઉભરાતી. જો કે તેમનામાંથી કેટલાક સીધા રસ્તે ચાલનારા પણ છે, પરંતુ તેમાંથી મોટાભાગના દુરાચારી છે.(રુકૂઅ-૯)

૬૭. હે પયગંબર ! જે કંઈ તમારા રબ તરફથી તમારા પર અવતરિત કરવામાં આવ્યું છે, તે લોકો સુધી પહોંચાડી દો. જો તમે આમ ન કર્યું તો તેના તરફથી પૈગામ પહોંચાડવાનો હક્ક અદા ન કર્યો. અલ્લાહ તમને લોકોના ઉપદ્રવથી બચાવનાર છે. વિશ્વાસ રાખો કે તે કાફિરોને (તમારા મુકાબલામાં) સફળતાનો માર્ગ કદાપિ નહીં દેખાડે.

૬૮. સ્પષ્ટપણે કહી દો, ''હે ગ્રંથવાળાઓ ! તમે કદાપિ કોઈ બુનિયાદ ઉપર નથી, જ્યાં સુધી તૌરાત અને ઇંજીલ અને તે બીજા ગ્રંથોનું સંપૂર્ણપણે પાલન ન કરો, જે તમારા તરફ તમારા રબ તરફથી અવતરિત કરવામાં આવ્યા છે.'' નિઃસંદેહ આ ફરમાન જે તમારા પર અવતરિત કરવામાં આવ્યું છે, તેમનામાંથી ઘણાંખરાના વિદ્રોહ

عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٦٨﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَ
الَّذِيْنَ هَادُوْا وَالصّٰبِئُوْنَ وَالنَّصٰرٰى مَنْ اٰمَنَ
بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَعَمِلَ صَالِحًا فَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٦٩﴾ لَقَدْ اَخَذْنَا
مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ وَاَرْسَلْنَآ اِلَيْهِمْ رُسُلًا ط
كُلَّمَا جَآءَهُمْ رَسُوْلٌۢ بِمَا لَا تَهْوٰٓى اَنْفُسُهُمْ لا
فَرِيْقًا كَذَّبُوْا وَفَرِيْقًا يَّقْتُلُوْنَ ﴿٧٠﴾ وَحَسِبُوْٓا اَلَّا
تَكُوْنَ فِتْنَةٌ فَعَمُوْا وَصَمُّوْا ثُمَّ تَابَ اللّٰهُ
عَلَيْهِمْ ثُمَّ عَمُوْا وَصَمُّوْا كَثِيْرٌ مِّنْهُمْ ط وَاللّٰهُ
بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿٧١﴾ لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْٓا
اِنَّ اللّٰهَ هُوَ الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ ط وَقَالَ الْمَسِيْحُ
يٰبَنِيْٓ اِسْرَآءِيْلَ اعْبُدُوا اللّٰهَ رَبِّيْ وَرَبَّكُمْ ط
اِنَّهٗ مَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَقَدْ حَرَّمَ اللّٰهُ عَلَيْهِ
الْجَنَّةَ وَمَاْوٰىهُ النَّارُ ط وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿٧٢﴾
لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ ثَالِثُ
ثَلٰثَةٍ م وَمَا مِنْ اِلٰهٍ اِلَّآ اِلٰهٌ وَّاحِدٌ ط وَاِنْ وقف لازم
لَّمْ يَنْتَهُوْا عَمَّا يَقُوْلُوْنَ لَيَمَسَّنَّ الَّذِيْنَ كَفَرُوْا
مِنْهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٧٣﴾ اَفَلَا يَتُوْبُوْنَ اِلَى
اللّٰهِ وَيَسْتَغْفِرُوْنَهٗ ط وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٧٤﴾ منزل ٢

અને ઈન્કારને ઓર વધારી દેશે. પરંતુ ઈન્કાર કરનારાઓની હાલત ઉપર સહેજ પણ અફસોસ ન કરો.

૬૯. (વિશ્વાસ કરો કે અહીં ઈજારો કોઈનો પણ નથી) મુસલમાન હોય કે યહૂદી, સાબી હોય કે ખ્રિસ્તી, જે કોઈ પણ અલ્લાહ અને પરલોક (આખિરત)ના દિવસ પર ઈમાન લાવશે અને સદ્‌કાર્યો કરશે, નિઃશંક તેના માટે કોઈ ભય અને દુઃખનું કારણ નથી.

૭૦. અમે ઈસરાઈલના સંતાનો પાસેથી પાકું વચન લીધું અને તેમના તરફ ઘણાં સંદેશવાહકો મોકલ્યા, પરંતુ જયારે પણ તેમના પાસે કોઈ સંદેશવાહક તેમની મનેચ્છાઓ વિરુધ્ધ કંઈ લઈને આવ્યો તો કોઈને તેમણે ખોટો ઠેરવ્યો અને કોઈને કતલ કરી દીધો,

૭૧. અને પોતે એમ સમજી બેઠાં કે કોઈ આફત આવશે નહીં, તેથી તેઓ આંધળા અને બહેરા બની ગયા. પછી અલ્લાહે તેમને માફ કરી દીધા તો તેમના પૈકી મોટા ભાગના લોકો વધુ આંધળા અને બહેરા બનતા ગયા. અલ્લાહ તેમના આ બધા કૃત્યો જોતો રહ્યો છે.

૭૨. નિઃશંક કુફ્ર (ઇન્કાર) કર્યું તે લોકોએ જેમણે કહ્યું કે અલ્લાહ મરયમનો પુત્ર મસીહ જ છે. જો કે મસીહે કહ્યું હતું, ''હે ઈસરાઈલના સંતાનો ! અલ્લાહની બંદગી કરો, જે મારો રબ (પ્રભુ) પણ છે અને તમારો રબ પણ.'' જેણે અલ્લાહ સાથે કોઈને ભાગીદાર બનાવ્યો, તેના માટે અલ્લાહે જન્નત હરામ (વર્જિત) કરી દીધી અને તેનું ઠેકાણું જહન્નમ છે, અને આવા અત્યાચારીઓનો કોઈ મદદગાર નથી.

૭૩. નિઃશંક કુફ્ર કર્યું તે લોકોએ જેમણે કહ્યું કે અલ્લાહ 'ત્રણ'માંનો એક છે, જો કે એક અલ્લાહ સિવાય કોઈ ખુદા નથી. જો આ લોકો પોતાની આવી વાતો કરવાનું નહીં છોડે તો તેમના પૈકી જેણે-જેણે કુફ્ર કર્યું છે, તેને દુઃખદાયી યાતના આપવામાં આવશે.

૭૪. પછી શું આ લોકો અલ્લાહ આગળ તૌબા (ક્ષમા અને પ્રાયશ્ચિત) નહીં કરે અને તેના પાસે માફી નહીં માગે ? અલ્લાહ મોટો ક્ષમાશીલ અને દયાળુ છે.

مَا الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ اِلَّا رَسُوْلٌ ۚ قَدْ خَلَتْ
مِنْ قَبْلِهِ الرُّسُلُ ؕ وَاُمُّهٗ صِدِّيْقَةٌ ؕ كَانَا
يَاْكُلٰنِ الطَّعَامَ ؕ اُنْظُرْ كَيْفَ نُبَيِّنُ لَهُمُ الْاٰيٰتِ
ثُمَّ انْظُرْ اَنّٰى يُؤْفَكُوْنَ ﴿۷۵﴾ قُلْ اَتَعْبُدُوْنَ
مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَمْلِكُ لَكُمْ ضَرًّا وَّلَا نَفْعًا ؕ
وَاللّٰهُ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿۷۶﴾ قُلْ يٰۤاَهْلَ
الْكِتٰبِ لَا تَغْلُوْا فِيْ دِيْنِكُمْ غَيْرَ الْحَقِّ وَلَا
تَتَّبِعُوْۤا اَهْوَآءَ قَوْمٍ قَدْ ضَلُّوْا مِنْ قَبْلُ وَ
اَضَلُّوْا كَثِيْرًا وَّضَلُّوْا عَنْ سَوَآءِ السَّبِيْلِ ﴿۷۷﴾ ع
لُعِنَ الَّذِيْنَ كَفَرُوْا مِنْۢ بَنِيْۤ اِسْرَآءِيْلَ عَلٰى لِسَانِ
دَاوٗدَ وَعِيْسَى ابْنِ مَرْيَمَ ؕ ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوْا
يَعْتَدُوْنَ ﴿۷۸﴾ كَانُوْا لَا يَتَنَاهَوْنَ عَنْ مُّنْكَرٍ
فَعَلُوْهُ ؕ لَبِئْسَ مَا كَانُوْا يَفْعَلُوْنَ ﴿۷۹﴾ تَرٰى كَثِيْرًا
مِّنْهُمْ يَتَوَلَّوْنَ الَّذِيْنَ كَفَرُوْا ؕ لَبِئْسَ مَا قَدَّمَتْ
لَهُمْ اَنْفُسُهُمْ اَنْ سَخِطَ اللّٰهُ عَلَيْهِمْ وَفِي الْعَذَابِ
هُمْ خٰلِدُوْنَ ﴿۸۰﴾ وَلَوْ كَانُوْا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالنَّبِيِّ
وَمَاۤ اُنْزِلَ اِلَيْهِ مَا اتَّخَذُوْهُمْ اَوْلِيَآءَ وَلٰكِنَّ
كَثِيْرًا مِّنْهُمْ فٰسِقُوْنَ ﴿۸۱﴾ لَتَجِدَنَّ اَشَدَّ النَّاسِ
عَدَاوَةً لِّلَّذِيْنَ اٰمَنُوا الْيَهُوْدَ وَالَّذِيْنَ اَشْرَكُوْا ۚ

منزل ٢

منزل ٢

૭૫. મરયમનો પુત્ર મસીહ એક ઈશદૂત (રસૂલ) હતો, તે સિવાય કંઈ ન હતો, તેના પહેલાં બીજા પણ ઘણાં રસૂલો થઈ ગયા હતા, તેની માતા એક સત્યનિષ્ઠ સ્ત્રી હતી અને તેઓ બંને ભોજન કરતા હતા. જુઓ, અમે કેવી રીતે તેમના સામે હકીકતની નિશાનીઓ સ્પષ્ટ કરીએ છીએ, પછી જુઓ, તેઓ ક્યાં અવળા જઈ રહ્યા છે ?

૭૬. એમને કહો, ''શું તમે અલ્લાહને છોડીને તેની ઉપાસના કરો છો, જે તમારા માટે ન તો નુકસાનનો અધિકાર ધરાવે છે, ન નફાનો ? જો કે સૌનું સાંભળનાર અને બધું જ જાણનાર તો અલ્લાહ જ છે.''

૭૭. કહો, ''હે ગ્રંથવાળાઓ ! પોતાના ધર્મમાં નાહક હદથી આગળ ન વધો અને તે લોકોની કલ્પનાઓનું અનુસરણ ન કરો, જેઓ તમારા પહેલાં પોતે પથભ્રષ્ટ થઈ ગયા અને ઘણાને પથભ્રષ્ટ કરી દીધા અને સીધા માર્ગથી ભટકી ગયા.'' (રુકૂઅ-૧૦)

૭૮. ઈસરાઈલના સંતાનો પૈકી જે લોકોએ કુફ્ર (અધર્મ)નો માર્ગ અપનાવ્યો, તેમના પર દાઊદ અને મરયમના પુત્ર ઈસાના મુખેથી ધિક્કાર કરવામાં આવ્યો, કારણ કે તેઓ વિદ્રોહી થઈ ગયા હતા અને અતિરેક કરવા લાગ્યા હતા.

૭૯. તેમણે એક-બીજાને દુષ્કૃત્યોથી રોકવાનું છોડી દીધું હતું. ખરાબ વર્તન હતું જે તેમણે અપનાવ્યું.

૮૦. આજે તમે તેમનામાં અધિકાંશ એવા લોકો જુઓ છો જેઓ (ઈમાનવાળાઓના મુકાબલામાં) કાફિરો (અધર્મીઓ)નું સમર્થન અને મિત્રતા કરે છે. નિઃશંક ઘણું ખરાબ પરિણામ છે જેની તૈયારી તેમણે સ્વયં પોતાના માટે કરી છે, અલ્લાહ તેમના ઉપર ક્રોધિત થયો છે અને તેઓ સ્થાયી રહેનારી યાતનામાં પડવાના છે.

૮૧. જો હકીકતમાં આ લોકો અલ્લાહ અને પયગંબર અને તે વસ્તુના માનનારા હોત જે પયગંબર પર અવતરિત થઈ હતી, તો કદાપિ (ઈમાનવાળાઓના મુકાબલામાં) કાફિરો (અધર્મીઓ)ને પોતાના મિત્ર ન બનાવતા, પરંતુ તેમનામાંથી તો ઘણાંખરા લોકો અલ્લાહના આજ્ઞાપાલનથી નીકળી ચૂક્યા છે.

૮૨. તમે ઈમાનવાળાઓની શત્રુતામાં સૌથી વધુ કટ્ટર યહૂદીઓ અને મુશ્‌રિકો (અનેકેશ્વરવાદીઓ)ને જોશો અને ઈમાન લાવનારાઓ માટે

وَلَتَجِدَنَّ اَقْرَبَهُمْ مَّوَدَّةً لِّلَّذِيْنَ اٰمَنُوا
الَّذِيْنَ قَالُوْٓا اِنَّا نَصٰرٰى ؕ ذٰلِكَ بِاَنَّ مِنْهُمْ
قِسِّيْسِيْنَ وَ رُهْبَانًا وَّ اَنَّهُمْ لَا يَسْتَكْبِرُوْنَ ﴿۸۲﴾
الجزء السابع (٧) وَاِذَا سَمِعُوْا مَآ اُنْزِلَ اِلَى الرَّسُوْلِ تَرٰٓى اَعْيُنَهُمْ
تَفِيْضُ مِنَ الدَّمْعِ مِمَّا عَرَفُوْا مِنَ الْحَقِّ ۚ يَقُوْلُوْنَ
رَبَّنَآ اٰمَنَّا فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ ﴿۸۳﴾ وَمَا لَنَا
لَا نُؤْمِنُ بِاللّٰهِ وَمَا جَآءَنَا مِنَ الْحَقِّ ۙ وَنَطْمَعُ اَنْ
يُّدْخِلَنَا رَبُّنَا مَعَ الْقَوْمِ الصّٰلِحِيْنَ ﴿۸۴﴾ فَاَثَابَهُمُ
اللّٰهُ بِمَا قَالُوْا جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ
خٰلِدِيْنَ فِيْهَا ؕ وَذٰلِكَ جَزَآءُ الْمُحْسِنِيْنَ ﴿۸۵﴾ وَالَّذِيْنَ
ع ٩ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ ﴿۸۶﴾ ع
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُحَرِّمُوْا طَيِّبٰتِ مَآ
اَحَلَّ اللّٰهُ لَكُمْ وَلَا تَعْتَدُوْا ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ
الْمُعْتَدِيْنَ ﴿۸۷﴾ وَكُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ حَلٰلًا طَيِّبًا ۠
وَّاتَّقُوا اللّٰهَ الَّذِيْٓ اَنْتُمْ بِهٖ مُؤْمِنُوْنَ ﴿۸۸﴾ لَا يُؤَاخِذُكُمُ
اللّٰهُ بِاللَّغْوِ فِيْٓ اَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا
عَقَّدْتُّمُ الْاَيْمَانَ ۚ فَكَفَّارَتُهٗٓ اِطْعَامُ عَشَرَةِ
مَسٰكِيْنَ مِنْ اَوْسَطِ مَا تُطْعِمُوْنَ اَهْلِيْكُمْ اَوْ كِسْوَتُهُمْ
منزل ٢ اَوْ تَحْرِيْرُ رَقَبَةٍ ؕ فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ ثَلٰثَةِ اَيَّامٍ ؕ

મિત્રતામાં વધુ નજીક તે લોકોને જોશો જેમણે કહ્યું હતું કે અમે 'નસારા' (ખ્રિસ્તી) છીએ. આ તે કારણે કે તેમનામાં ઉપાસનામાં વ્યસ્ત વિદ્વાનો અને સંસાર-ત્યાગી સંતો જોવા મળે છે અને તેમનામાં અહંકાર નથી.

૮૩. જ્યારે તેઓ આ વાણીને સાંભળે છે જે અલ્લાહના પયગંબર ઉપર અવતરિત થઈ છે, તો તમે જુઓ છો કે સત્ય ઓળખવાના કારણે તેમની આંખો અશ્રુભીની થઈ જાય છે. તેઓ બોલી ઉઠે છે, "પાલનહાર! અમે ઈમાન લાવ્યા, અમારા નામ સાક્ષી આપનારાઓમાં લખી લે."

૮૪. અને તેઓ કહે છે, "છેવટે શા માટે અમે અલ્લાહ પર ઈમાન ન લાવીએ અને જે સત્ય અમારા પાસે આવ્યું છે, તેને શા માટે ન માની લઈએ જ્યારે કે અમે તે વાતની ઇચ્છા રાખીએ છીએ કે અમારો રબ અમને સદાચારી લોકોમાં સામેલ કરે?"

૮૫. તેમની આ વાત પર અલ્લાહે તેમને એવી જન્નતો પ્રદાન કરી, જેના નીચે નહેરો વહે છે, અને તેઓ તેમાં હંમેશાં રહેશે. આ બદલો છે સદ્‌વર્તન અપનાવનારાઓ માટે.

૮૬. રહ્યા તે લોકો જેમણે અમારી આયતોને માનવાનો ઇન્કાર કરી દીધો અને તેમને ખોટી ઠેરવી, તો તેઓ જહન્નમને પાત્ર છે. (રુકૂઅ-૧૧)

૮૭. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! જે શુદ્ધ અને પવિત્ર વસ્તુઓ અલ્લાહે તમારા માટે હલાલ (વૈધ) કરી છે તેમને હરામ (અવૈધ) ન કરી લો અને હદથી આગળ ન વધો, અલ્લાહને અતિરેક કરનારા લોકો અત્યંત અપ્રિય છે.

૮૮. જે કંઈ હલાલ અને પવિત્ર વસ્તુઓ અલ્લાહે તમને પ્રદાન કરી છે તે ખાઓ-પીઓ, અને તે ખુદાની અવજ્ઞાથી બચતા રહો જેના પર તમે ઈમાન લાવ્યા છો.

૮૯. તમે લોકો જે નિરર્થક સોગંદો ખાઈ લો છો તેના માટે અલ્લાહ પકડતો નથી, પરંતુ જે સોગંદો તમે ઇરાદાપૂર્વક ખાઓ છો તેના માટે તે તમારી જરૂર પકડ કરશે. (આવી સોગંદ તોડવાનો) કફ્ફારો (પ્રાયશ્ચિત) એ છે કે દસ ગરીબોને એવું મધ્યમસરનું ખવડાવો જેવું તમે પોતાના બાળ-બચ્ચાઓને ખવડાવો છો, અથવા તેમને કપડાં પહેરાવો, અથવા એક

ذٰلِكَ كَفَّارَةُ اَيْمَانِكُمْ اِذَا حَلَفْتُمْ ؕ وَاحْفَظُوْٓا
اَيْمَانَكُمْ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ
تَشْكُرُوْنَ ﴿٨٩﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّمَا الْخَمْرُ
وَالْمَيْسِرُ وَالْاَنْصَابُ وَالْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ
الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٩٠﴾ اِنَّمَا يُرِيْدُ
الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ فِي
الْخَمْرِ وَالْمَيْسِرِ وَيَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَعَنِ
الصَّلٰوةِ ۚ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ ﴿٩١﴾ وَاَطِيْعُوا اللّٰهَ
وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاحْذَرُوْا ۚ فَاِنْ تَوَلَّيْتُمْ
فَاعْلَمُوْٓا اَنَّمَا عَلٰى رَسُوْلِنَا الْبَلٰغُ الْمُبِيْنُ ﴿٩٢﴾ لَيْسَ
عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ جُنَاحٌ فِيْمَا
طَعِمُوْٓا اِذَا مَا اتَّقَوْا وَّاٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
ثُمَّ اتَّقَوْا وَّاٰمَنُوْا ثُمَّ اتَّقَوْا وَّاَحْسَنُوْا ؕ وَاللّٰهُ
يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿٩٣﴾ ع يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَيَبْلُوَنَّكُمُ ع ١٢ ٧
اللّٰهُ بِشَيْءٍ مِّنَ الصَّيْدِ تَنَالُهٗٓ اَيْدِيْكُمْ وَرِمَاحُكُمْ
لِيَعْلَمَ اللّٰهُ مَنْ يَّخَافُهٗ بِالْغَيْبِ ۚ فَمَنِ اعْتَدٰى بَعْدَ
ذٰلِكَ فَلَهٗ عَذَابٌ اَلِيْمٌ ﴿٩٤﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْتُلُوا
الصَّيْدَ وَاَنْتُمْ حُرُمٌ ؕ وَمَنْ قَتَلَهٗ مِنْكُمْ مُّتَعَمِّدًا
فَجَزَآءٌ مِّثْلُ مَا قَتَلَ مِنَ النَّعَمِ يَحْكُمُ بِهٖ ذَوَا عَدْلٍ منزل ٢

ગુલામને આઝાદ કરો, અને જે આમ કરવા સમર્થ ન હોય તે ત્રણ દિવસના રોઝા રાખે. આ તમારી સોગંદોનો કફ્ફારો છે, જ્યારે કે તમે સોગંદ ખાઈને તોડી નાખો. પોતાની સોગંદોની કાળજી રાખો. આવી રીતે અલ્લાહ પોતાના હુકમો તમારા માટે સ્પષ્ટ કરે છે, કદાચ તમે આભાર વ્યક્ત કરો.

૯૦. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આ દારૂ અને જુગાર, વેદીઓ અને પાસાં, આ તમામ ગંદા શેતાની કાર્યો છે, તેમનાથી બચો. આશા છે કે તમને સફળતા પ્રાપ્ત થશે.

૯૧. શેતાન તો એવું ઈચ્છે છે કે દારૂ અને જુગાર દ્વારા તમારામાં વૈમનસ્ય અને દ્વેષ નાખી દે અને તમને અલ્લાહના સ્મરણથી અને નમાઝથી રોકે. પછી શું તમે આ વસ્તુઓથી રોકાઈ જશો ?

૯૨. અલ્લાહ અને તેના રસૂલની વાત માનો અને અટકી જાઓ, પરંતુ જો તમે આદેશનો અનાદર કર્યો તો જાણી લો કે અમારા પયગંબર પર માત્ર સ્પષ્ટપણે આદેશ પહોંચાડી દેવાની જવાબદારી હતી.

૯૩. જે લોકો ઈમાન લઈ આવ્યા અને સદ્‌કાર્યો કરવા લાગ્યા, તેમણે પહેલાં જે કંઈ ખાધું-પીધું હતું, તેના માટે કોઈ પકડ નહીં થાય, બસ શરત એ છે કે તેઓ ભવિષ્યમાં તે વસ્તુઓથી દૂર રહે જે હરામ (અવૈધ) કરવામાં આવી છે અને ઈમાન પર અડગ રહે અને સદ્‌કાર્યો કરે, પછી જે-જે વસ્તુથી રોકવામાં આવે તેનાથી રોકાઈ જાય અને અલ્લાહનો જે આદેશ હોય તેને માને, પછી અલ્લાહનો ડર રાખીને સદ્‌વર્તન અપનાવે. અલ્લાહ સદ્-ચરિત્ર લોકોને પસંદ કરે છે. (રુકૂઅ-૧૨)

૯૪. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહ તમને તે શિકાર દ્વારા ભારે કસોટીમાં નાખશે જે બિલકુલ તમારા હાથો અને ભાલાઓના લક્ષ્ય પર હશે, એ જોવા માટે કે તમારામાંથી કોણ તેનાથી જોયા વિના ડરે છે, પછી જેણે આ ચેતવણી છતાં અલ્લાહની ઠરાવેલી હદ ઓળંગી તેના માટે દુઃખદાયી યાતના છે.

૯૫. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! એહરામની હાલતમાં શિકાર ન કરો, અને જો તમારા પૈકી કોઈ જાણી-બૂઝીને આમ કરી બેસે તો જે જાનવર તેણે માર્યું હોય તેના બરાબર એક જાનવર તેણે ઢોરમાંથી અર્પણ કરવું પડશે, જેનો નિર્ણય તમારામાંથી બે ન્યાયી વ્યક્તિઓ કરશે, અને આ અર્પણ

مِّنْكُمْ هَدْيًاۢ بٰلِغَ الْكَعْبَةِ اَوْ كَفَّارَةٌ طَعَامُ مَسٰكِيْنَ
اَوْ عَدْلُ ذٰلِكَ صِيَامًا لِّيَذُوْقَ وَبَالَ اَمْرِهٖ ؕ عَفَا
اللّٰهُ عَمَّا سَلَفَ ؕ وَمَنْ عَادَ فَيَنْتَقِمُ اللّٰهُ مِنْهُ ؕ وَ
اللّٰهُ عَزِيْزٌ ذُو انْتِقَامٍ ۝٩٥ اُحِلَّ لَكُمْ صَيْدُ الْبَحْرِ
وَطَعَامُهٗ مَتَاعًا لَّكُمْ وَلِلسَّيَّارَةِ ۚ وَحُرِّمَ عَلَيْكُمْ
صَيْدُ الْبَرِّ مَا دُمْتُمْ حُرُمًا ؕ وَاتَّقُوا اللّٰهَ الَّذِيْۤ
اِلَيْهِ تُحْشَرُوْنَ ۝٩٦ جَعَلَ اللّٰهُ الْكَعْبَةَ الْبَيْتَ
الْحَرَامَ قِيٰمًا لِّلنَّاسِ وَالشَّهْرَ الْحَرَامَ وَالْهَدْيَ
وَالْقَلَآئِدَ ؕ ذٰلِكَ لِتَعْلَمُوْۤا اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا فِي
السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ وَاَنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ
عَلِيْمٌ ۝٩٧ اِعْلَمُوْۤا اَنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ وَاَنَّ
اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٩٨ ؕ مَا عَلَى الرَّسُوْلِ اِلَّا الْبَلٰغُ ؕ وَ
اللّٰهُ يَعْلَمُ مَا تُبْدُوْنَ وَمَا تَكْتُمُوْنَ ۝٩٩ قُلْ لَّا يَسْتَوِي
الْخَبِيْثُ وَالطَّيِّبُ وَلَوْ اَعْجَبَكَ كَثْرَةُ الْخَبِيْثِ ۚ فَاتَّقُوا
ع ١٣ ٧ ١٢ اللّٰهَ يٰۤاُولِي الْاَلْبَابِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝١٠٠ ع يٰۤاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْا لَا تَسْـَٔلُوْا عَنْ اَشْيَآءَ اِنْ تُبْدَ لَكُمْ
تَسُؤْكُمْ ۚ وَاِنْ تَسْـَٔلُوْا عَنْهَا حِيْنَ يُنَزَّلُ الْقُرْاٰنُ
تُبْدَ لَكُمْ ؕ عَفَا اللّٰهُ عَنْهَا ؕ وَاللّٰهُ غَفُوْرٌ حَلِيْمٌ ۝١٠١
منزل ٢ قَدْ سَاَلَهَا قَوْمٌ مِّنْ قَبْلِكُمْ ثُمَّ اَصْبَحُوْا بِهَا

કા'બામાં પહોંચાડવામાં આવશે અથવા તો આ ગુનાના કફ્ફારા તરીકે કેટલાક ગરીબોને ખવડાવવાનું રહેશે અથવા તેના પ્રમાણમાં રોઝા રાખવા પડશે, જેથી તે પોતાની કરણીનો સ્વાદ ચાખે. પહેલાં જે કંઈ થઈ ગયું તેને અલ્લાહે માફ કરી દીધું, પરંતુ હવે જો કોઈએ આ જ કૃત્યનું પુનરાવર્તન કર્યું તો તેનાથી અલ્લાહ બદલો લેશે, અલ્લાહ સૌના ઉપર વર્ચસ્વ ધરાવે છે અને બદલો લેવાની શક્તિ ધરાવે છે.

૯૬. તમારા માટે સમુદ્રનો શિકાર અને તેનો ખોરાક હલાલ (વૈધ) કરી દેવામાં આવ્યો, જ્યાં તમે રોકાણ કરો ત્યાં પણ તેને ખાઈ શકો છો અને કાફલા માટે ભાથું પણ બનાવી શકો છો, અલબત્ત જમીનનો શિકાર, જ્યાં સુધી તમે એહરામની હાલતમાં હોવ, તમારા માટે હરામ (અવૈધ) કરવામાં આવ્યો છે, તેથી બચો તે અલ્લાહની અવજ્ઞાથી જેની હજૂરમાં તમને સૌને ઘેરીને હાજર કરવામાં આવશે.

૯૭. અલ્લાહે પ્રતિષ્ઠિત ઘર કા'બાને લોકો માટે (સામૂહિક જીવનની) સ્થાપનાનું માધ્યમ બનાવ્યું અને પવિત્ર મહિનાઓને અને કુરબાનીના જાનવરો અને એવા જાનવરો જેમના ગળામાં પ્રતીક તરીકે પટ્ટાઓ નાખવામાં આવેલા છે તેમને પણ (આ કાર્યમાં સહાયક બનાવી દીધા), જેથી તમને જાણ થઈ જાય કે અલ્લાહ આકાશો અને ધરતીની બધી બાબતોથી વાકેફ છે અને તેને દરેક વસ્તુનું જ્ઞાન છે.

૯૮. સાવધાન થઈ જાઓ, અલ્લાહ સજા આપવામાં પણ સખત છે અને તેના સાથે-સાથે ઘણો દરગુજર કરનાર અને દયા કરવાવાળો પણ છે.

૯૯. રસૂલ પર તો માત્ર સંદેશ પહોંચાડી દેવાની જવાબદારી છે, આગળ તમારી જાહેર અને છૂપી તમામ સ્થિતિને જાણવાવાળો અલ્લાહ છે.

૧૦૦. હે પયગંબર ! તેમને કહી દો કે પાક (વિશુદ્ધ) અને નાપાક (અશુદ્ધ) કોઈ પણ સંજોગોમાં સમાન નથી, ચાહે નાપાકની વિપુલતા તમને ગમે તેટલી મુગ્ધ કરનારી હોય. તેથી હે લોકો, જેઓ બુદ્ધિ ધરાવો છો ! અલ્લાહની અવજ્ઞાથી બચતા રહો, આશા છે કે તમને સફળતા પ્રાપ્ત થશે. (રુકૂઅ-૧૩)

૧૦૧. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! એવી વાતો ન પૂછ્યા કરો જે તમારા પર સ્પષ્ટ કરી દેવામાં આવે તો તમને અપ્રિય લાગે, પરંતુ જો તમે તેને એવા સમયે પૂછશો જ્યારે કે કુર્આન અવતરિત થઈ રહ્યું હોય તો તે તમારા પર સ્પષ્ટ કરી દેવામાં આવશે. અત્યાર સુધી તમે જે કંઈ કર્યું તેને અલ્લાહે માફ કરી દીધું, તે દરગુજર કરનાર અને સહનશીલ છે.

૧૦૨. તમારા પહેલાં એક જૂથે આવા જ પ્રશ્નો કર્યા હતા, પછી તે લોકો આ

كٰفِرِيْنَ ﴿١٠٢﴾ مَا جَعَلَ اللّٰهُ مِنْۢ بَحِيْرَةٍ وَّلَا سَآئِبَةٍ

وَّلَا وَصِيْلَةٍ وَّلَا حَامٍ ۙ وَّلٰكِنَّ الَّذِيْنَ كَفَرُوْا

يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ ؕ وَاَكْثَرُهُمْ لَا يَعْقِلُوْنَ ﴿١٠٣﴾

وَاِذَا قِيْلَ لَهُمْ تَعَالَوْا اِلٰى مَآ اَنْزَلَ اللّٰهُ وَاِلَى

الرَّسُوْلِ قَالُوْا حَسْبُنَا مَا وَجَدْنَا عَلَيْهِ اٰبَآءَنَا ؕ

اَوَلَوْ كَانَ اٰبَآؤُهُمْ لَا يَعْلَمُوْنَ شَيْئًا وَّلَا يَهْتَدُوْنَ ﴿١٠٤﴾

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا عَلَيْكُمْ اَنْفُسَكُمْ ۚ لَا يَضُرُّكُمْ

مَّنْ ضَلَّ اِذَا اهْتَدَيْتُمْ ؕ اِلَى اللّٰهِ مَرْجِعُكُمْ جَمِيْعًا

فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿١٠٥﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا

شَهَادَةُ بَيْنِكُمْ اِذَا حَضَرَ اَحَدَكُمُ الْمَوْتُ حِيْنَ

الْوَصِيَّةِ اثْنٰنِ ذَوَا عَدْلٍ مِّنْكُمْ اَوْ اٰخَرٰنِ مِنْ غَيْرِكُمْ

اِنْ اَنْتُمْ ضَرَبْتُمْ فِى الْاَرْضِ فَاَصَابَتْكُمْ مُّصِيْبَةُ

الْمَوْتِ ؕ تَحْبِسُوْنَهُمَا مِنْۢ بَعْدِ الصَّلٰوةِ فَيُقْسِمٰنِ بِاللّٰهِ

اِنِ ارْتَبْتُمْ لَا نَشْتَرِىْ بِهٖ ثَمَنًا وَّلَوْ كَانَ ذَا قُرْبٰى ۙ وَلَا

نَكْتُمُ شَهَادَةَ اللّٰهِ اِنَّآ اِذًا لَّمِنَ الْاٰثِمِيْنَ ﴿١٠٦﴾ فَاِنْ عُثِرَ

عَلٰٓى اَنَّهُمَا اسْتَحَقَّاۤ اِثْمًا فَاٰخَرٰنِ يَقُوْمٰنِ مَقَامَهُمَا

مِنَ الَّذِيْنَ اسْتَحَقَّ عَلَيْهِمُ الْاَوْلَيٰنِ فَيُقْسِمٰنِ بِاللّٰهِ

لَشَهَادَتُنَآ اَحَقُّ مِنْ شَهَادَتِهِمَا وَمَا اعْتَدَيْنَآ ۖ اِنَّآ

اِذًا لَّمِنَ الظّٰلِمِيْنَ ﴿١٠٧﴾ ذٰلِكَ اَدْنٰٓى اَنْ يَّاْتُوْا بِالشَّهَادَةِ

منزل ٢

જ વાતોના કારણે કુફ્ર (ઇનકાર)માં પડી ગયા.

૧૦૩. અલ્લાહે ન કોઈ બહીરા ઠેરવ્યો છે, ન સાઈબા, ન વસીલા, ન હામ,★ પરંતુ આ કાફિરો અલ્લાહ પર જૂઠું તહોમત મૂકે છે અને તેમના પૈકી ઘણાંખરા બુદ્ધિહીન છે (કે આવી અંધશ્રદ્ધાઓમાં માને છે)

૧૦૪. અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે આવો, તે કાનૂન તરફ જે અલ્લાહે ઉતાર્યો છે અને આવો પયગંબર તરફ, તો તેઓ જવાબ આપે છે કે અમારા માટે તો બસ તે જ પદ્ધતિ પૂરતી છે જેના પર અમે અમારા બાપદાદાને જોયા છે. શું તેઓ બાપદાદાનું જ અનુસરણ કર્યે જશે, ચાહે તેઓ કંઈ પણ જાણતા ન હોય અને સાચા માર્ગની તેમને ખબર જ ન હોય?

૧૦૫. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! પોતાની ચિંતા કરો, કોઈ બીજાની પથભ્રષ્ટતાથી તમારું કંઈ બગડતું નથી જો તમે પોતે સન્માર્ગ પર હોવ, અલ્લાહ તરફ તમને સૌને પાછા ફરવાનું છે, પછી તે તમને બતાવી દેશે કે તમે શું કરતા રહ્યા છો.

૧૦૬. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે તમારામાંથી કોઈના મૃત્યુનો સમય આવી જાય અને તે વસિયત કરી રહ્યો હોય તો તેના માટે સાક્ષીનું પ્રમાણ આ છે કે તમારામાંથી બે ન્યાયી વ્યક્તિઓને સાક્ષી બનાવવામાં આવે; અથવા જો તમે મુસાફરીની હાલતમાં હોવ અને ત્યાં મૃત્યુની મુસીબત આવી જાય તો અન્ય વ્યક્તિઓમાંથી જ બે સાક્ષી લઈ લેવામાં આવે. પછી જો શંકા પડે તો નમાઝ પછી બંને સાક્ષીઓને (મસ્જિદમાં) રોકી રાખવામાં આવે અને તેઓ અલ્લાહના સોગંદ ખાઈને કહે કે, ''અમે કોઈ અંગત ફાયદાના બદલામાં સાક્ષી વેચવાવાળા નથી, અને ચાહે કોઈ અમારો સગો જ કેમ ન હોય (અમે તેના તરફ પક્ષપાત દાખવીશું નહીં), અને ન તો અમે અલ્લાહ માટેની સાક્ષીને છૂપાવનારા છીએ, જો અમે આવું કર્યું તો ગુનેગારોમાં ગણાઈશું.''

૧૦૭. પરંતુ જો ખબર પડી જાય કે આ બંનેએ પોતાને ગુનામાં નાખી દીધા છે, તો પછી તેમની જગ્યાએ બીજી બે વ્યક્તિઓ જે તેમની સરખામણીમાં સાક્ષી આપવા માટે વધુ લાયક હોય, તે લોકોમાંથી ઊભી થાય જેમનો હક્ક માર્યો ગયો હોય અને તેઓ અલ્લાહના સોગંદ ખાઈને કહે કે, ''અમારી સાક્ષી એમની સાક્ષી કરતાં વધુ સાચી છે અને અમે અમારી સાક્ષીમાં સહેજ પણ હદથી વધી ગયા નથી, જો અમે આવું કરીએ તો જાલિમોમાંથી હોઈશું.''

૧૦૮. આ પદ્ધતિ દ્વારા વધુ અપેક્ષા રાખી શકાય છે કે લોકો સાચી સાક્ષી

★ 'બહીરા' તે ઊંટણીને કહે છે જે પાંચ વખત બચ્ચાં જણી ચૂકી હોય અને છેલ્લે તેણે નર બચ્ચું જણ્યું હોય. તેના કાન ચીરીને તેને આઝાદ છોડી દેવામાં આવતી હતી, પછી ન કોઈ તેની સવારી કરતું, ન તેનું દૂધ પીવામાં આવતું, ન તેને ઝબેહ કરવામાં આવતું, ન તેનું ઉન ઉતારવામાં આવતું. તેને અધિકાર હતો (આગળના પાના પર)

عَلٰى وَجْهِهَآ اَوْ يَخَافُوْٓا اَنْ تُرَدَّ اَيْمَانٌۢ بَعْدَ اَيْمَانِهِمْ ؕ
وَاتَّقُوا اللّٰهَ وَاسْمَعُوْا ؕ وَاللّٰهُ لَا يَهْدِی الْقَوْمَ
ع الْفٰسِقِيْنَ ۠﴿۱۰۸﴾ يَوْمَ يَجْمَعُ اللّٰهُ الرُّسُلَ فَيَقُوْلُ مَاذَآ
اُجِبْتُمْ ؕ قَالُوْا لَا عِلْمَ لَنَا ؕ اِنَّكَ اَنْتَ عَلَّامُ الْغُيُوْبِ ﴿۱۰۹﴾
اِذْ قَالَ اللّٰهُ يٰعِيْسَى ابْنَ مَرْيَمَ اذْكُرْ نِعْمَتِیْ
وقف لازم عَلَيْكَ وَعَلٰى وَالِدَتِكَ ۘ اِذْ اَيَّدْتُّكَ بِرُوْحِ
الْقُدُسِ ۣ تُكَلِّمُ النَّاسَ فِی الْمَهْدِ وَكَهْلًا ۚ وَاِذْ
عَلَّمْتُكَ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَالتَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ ۚ وَاِذْ
تَخْلُقُ مِنَ الطِّيْنِ كَهَيْئَةِ الطَّيْرِ بِاِذْنِیْ فَتَنْفُخُ فِيْهَا
فَتَكُوْنُ طَيْرًۢا بِاِذْنِیْ وَتُبْرِئُ الْاَكْمَهَ وَالْاَبْرَصَ
بِاِذْنِیْ ۚ وَاِذْ تُخْرِجُ الْمَوْتٰى بِاِذْنِیْ ۚ وَاِذْ كَفَفْتُ بَنِیْٓ
اِسْرَآءِيْلَ عَنْكَ اِذْ جِئْتَهُمْ بِالْبَيِّنٰتِ فَقَالَ الَّذِيْنَ
كَفَرُوْا مِنْهُمْ اِنْ هٰذَآ اِلَّا سِحْرٌ مُّبِيْنٌ ﴿۱۱۰﴾ وَاِذْ
اَوْحَيْتُ اِلَى الْحَوَارِيّٖنَ اَنْ اٰمِنُوْا بِیْ وَبِرَسُوْلِیْ ۚ قَالُوْٓا
اٰمَنَّا وَاشْهَدْ بِاَنَّنَا مُسْلِمُوْنَ ﴿۱۱۱﴾ اِذْ قَالَ الْحَوَارِيُّوْنَ
يٰعِيْسَى ابْنَ مَرْيَمَ هَلْ يَسْتَطِيْعُ رَبُّكَ اَنْ يُّنَزِّلَ
عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَآءِ ؕ قَالَ اتَّقُوا اللّٰهَ اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ﴿۱۱۲﴾ قَالُوْا نُرِيْدُ اَنْ نَّاْكُلَ مِنْهَا وَتَطْمَئِنَّ
منزل ۲ قُلُوْبُنَا وَنَعْلَمَ اَنْ قَدْ صَدَقْتَنَا وَنَكُوْنَ عَلَيْهَا

આપશે અથવા ઓછામાં ઓછું એ વાતનો જ ડર રાખશે કે તેમની સોગંદો પછી બીજી સોગંદો વડે કયાંક તેમનું ખંડન ન થઈ જાય. અલ્લાહથી ડરો અને સાંભળો, અલ્લાહ અવજ્ઞાકારીઓને પોતાના માર્ગદર્શનથી વંચિત કરી દે છે. (રુકૂઅ-૧૪)

૧૦૯. જે દિવસે અલ્લાહ તમામ પયગંબરોને એકઠા કરીને પૂછશે કે તમને શું જવાબ આપવામાં આવ્યો, તો તેઓ કહેશે કે અમને કશી ખબર નથી, આપ જ તમામ છૂપી હકીકતો જાણો છો.

૧૧૦. પછી કલ્પના કરો તે સમયની જ્યારે અલ્લાહ ફરમાવશે કે, ''હે મરયમના પુત્ર ઈસા ! યાદ કર મારી તે કૃપાને જે મેં તારા પર અને તારી માતા પર કરી હતી, મેં પવિત્ર રૂહ વડે તારી મદદ કરી, તું પારણામાં પણ લોકો સાથે વાત કરતો હતો અને મોટી વયે પહોંચીને પણ, મેં તને ગ્રંથ અને તત્ત્વદર્શિતા અને તૌરાત અને ઈંજીલનું શિક્ષણ આપ્યું, તું મારી આજ્ઞાથી પક્ષીના આકારનું માટીનું પૂતળું બનાવતો અને તેમાં ફૂંક મારતો હતો અને તે મારી આજ્ઞાથી પક્ષી બની જતું હતું, તું જન્મજાત આંધળાં અને રક્તપિત્તિયાને મારી આજ્ઞાથી સાજા કરતો હતો, તું મડદાંને મારી આજ્ઞાથી કાઢતો હતો. પછી જ્યારે તું ઈસરાઈલના સંતાનો પાસે સ્પષ્ટ નિશાનીઓ લઈને પહોંચ્યો અને જે લોકો તેમના પૈકી સત્યનો ઈન્કાર કરનારા હતા તેમણે કહ્યું કે આ નિશાનીઓ જાદુ સિવાય બીજું કંઈ નથી,

૧૧૧. તો મેં જ તને એમનાથી બચાવ્યો અને જ્યારે મેં હવારીઓ (પયગંબરના સાથીઓ)ને ઈશારો કર્યો કે મારા પર અને મારા રસૂલ પર ઈમાન લાવો ત્યારે તેમણે કહ્યું, ''અમે ઈમાન લાવ્યા, અને સાક્ષી રહો કે અમે મુસ્લિમ (આજ્ઞાંકિત) છીએ'' –

૧૧૨. (હવારીઓ વિષે) આ કિસ્સો પણ યાદ રહે કે જ્યારે હવારીઓએ કહ્યું, ''હે મરયમના પુત્ર ઈસા ! શું તમારો રબ (પ્રભુ) અમારા ઉપર આકાશમાંથી ભોજનનો એક થાળ ઉતારી શકે છે ?'' તો ઈસાએ કહ્યું, ''અલ્લાહથી ડરો, જો તમે ઈમાનવાળા હોવ.''

૧૧૩. તેમણે કહ્યું, ''અમે માત્ર એટલું જ ચાહીએ છીએ કે તે થાળમાંથી ખાઈએ અને અમારા હૃદય સંતુષ્ટ થઈ જાય અને અમને જાણ થઈ

કે જે ખેતર અને જે ગૌચરમાં ચાહે ચરે અને જે ઘાટથી ચાહે પાણી પીએ. 'સાઇબા' તે ઊંટ કે ઊંટણીને કહેતા હતા જેને કોઈ માનતાને પૂરી થવા કે કોઈ બીમારીથી મુક્ત થવા કે કોઈ ખતરાથી બચી જવા ઉપર આભાર-પ્રદર્શનના સ્વરૂપે તેને પુણ્ય કરી દેવામાં આવ્યું હોય. તદુપરાંત કોઈ ઊંટણીએ દસ વખત બચ્ચા જણ્યા હોય અને દરેક વખતે માદા બચ્ચું જ જણ્યું હોય, તેને પણ છૂટી મૂકી દેવામાં આવતી હતી. તે જ રીતે જો બકરીનું પહેલું બચ્ચું નર હોય તો તે ખુદાઓના નામે ઝબેહ કરી દેવામાં આવતું અને જો તે પહેલી વખતે માદા જણતી તો તેને પોતાના માટે રાખી લેવામાં આવતું, પણ જો નર અને માદા એક સાથે પેદા થતા તો નરને ઝબેહ કરવાના બદલે આમ જ ખુદાઓના નામે છોડી દેવામાં આવતું અને તેનું નામ 'વસીલા' હતું. 'હામ' — જો કોઈ ઊંટનો પૌત્ર સવારી માટે લાયક થઈ જાય તો તે વૃદ્ધ ઊંટને છૂટો મૂકી દેવામાં આવતો હતો. આ ઉપરાંત જો કોઈ ઊંટના વીર્યથી દસ બચ્ચાં પેદા થઈ જાય તો તેને પણ છૂટો મૂકી દેવાતો હતો.

الربع

مِنَ الشّٰهِدِيْنَ ﴿۱۱۳﴾ قَالَ عِيْسَى ابْنُ مَرْيَمَ اللّٰهُمَّ
رَبَّنَآ اَنْزِلْ عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَآءِ تَكُوْنُ لَنَا
عِيْدًا لِّاَوَّلِنَا وَاٰخِرِنَا وَاٰيَةً مِّنْكَ ۚ وَارْزُقْنَا وَاَنْتَ
خَيْرُ الرّٰزِقِيْنَ ﴿۱۱۴﴾ قَالَ اللّٰهُ اِنِّىْ مُنَزِّلُهَا عَلَيْكُمْ ۚ
فَمَنْ يَّكْفُرْ بَعْدُ مِنْكُمْ فَاِنِّىْٓ اُعَذِّبُهٗ عَذَابًا لَّآ
ع ۱۵ / ۷ اُعَذِّبُهٗٓ اَحَدًا مِّنَ الْعٰلَمِيْنَ ﴿۱۱۵﴾ وَاِذْ قَالَ اللّٰهُ
يٰعِيْسَى ابْنَ مَرْيَمَ ءَاَنْتَ قُلْتَ لِلنَّاسِ اتَّخِذُوْنِىْ
وَاُمِّىَ اِلٰهَيْنِ مِنْ دُوْنِ اللّٰهِ ؕ قَالَ سُبْحٰنَكَ مَا يَكُوْنُ
لِىْٓ اَنْ اَقُوْلَ مَا لَيْسَ لِىْ ۗ بِحَقٍّ ؕ اِنْ كُنْتُ قُلْتُهٗ فَقَدْ
عَلِمْتَهٗ ؕ تَعْلَمُ مَا فِىْ نَفْسِىْ وَلَآ اَعْلَمُ مَا فِىْ نَفْسِكَ ؕ
اِنَّكَ اَنْتَ عَلَّامُ الْغُيُوْبِ ﴿۱۱۶﴾ مَا قُلْتُ لَهُمْ اِلَّا مَآ
اَمَرْتَنِىْ بِهٖٓ اَنِ اعْبُدُوا اللّٰهَ رَبِّىْ وَرَبَّكُمْ ۚ وَكُنْتُ
عَلَيْهِمْ شَهِيْدًا مَّا دُمْتُ فِيْهِمْ ۚ فَلَمَّا تَوَفَّيْتَنِىْ كُنْتَ
اَنْتَ الرَّقِيْبَ عَلَيْهِمْ ؕ وَاَنْتَ عَلٰى كُلِّ شَىْءٍ شَهِيْدٌ ﴿۱۱۷﴾
اِنْ تُعَذِّبْهُمْ فَاِنَّهُمْ عِبَادُكَ ۚ وَاِنْ تَغْفِرْ لَهُمْ فَاِنَّكَ
اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۱۱۸﴾ قَالَ اللّٰهُ هٰذَا يَوْمُ يَنْفَعُ
الصّٰدِقِيْنَ صِدْقُهُمْ ؕ لَهُمْ جَنّٰتٌ تَجْرِىْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ رَضِىَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا
عَنْهُ ؕ ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿۱۱۹﴾ لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَ
ع ۱۶ / ۸ الْاَرْضِ وَمَا فِيْهِنَّ ؕ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿۱۲۰﴾

وقف النبی صلی اللہ علیہ وآلہ وسلم ۱۲

منزل ۲

જાય કે તમે અમને જે કંઈ કહ્યું છે તે સાચું છે અને અમે તેના પર સાક્ષી હોઈએ."

૧૧૪. આ પ્રસંગે મરયમના પુત્ર ઈસાએ પ્રાર્થના કરી, "હે અલ્લાહ, અમારા માલિક ! અમારા પર આકાશમાંથી એક થાળ ઉતાર જે અમારા માટે અને અમારા પહેલાંના અને પછીના લોકો માટે આનંદનો પ્રસંગ ઠરે અને તારા તરફથી એક નિશાની હોય, અમને રોજી આપ અને તું સર્વશ્રેષ્ઠ રોજી આપનાર છે."

૧૧૫. અલ્લાહે જવાબ આપ્યો, "હું તેને તમારા પર ઉતારવાનો છું, પરંતુ તે પછી તમારા પૈકી જે કુફ્ર (ઇન્કાર) કરશે, તેને હું એવી સજા આપીશ જે મેં કોઈને નહીં આપી હોય." (રુકૂઅ-૧૫)

૧૧૬. ટૂંકમાં જ્યારે (આ ઉપકારો યાદ દેવડાવીને) અલ્લાહ ફરમાવશે, "હે મરયમના પુત્ર ઈસા ! શું તેં લોકોને કહ્યું હતું કે અલ્લાહ સિવાય મને અને મારી માતાને પણ ખુદા બનાવી લો ?" તો તે જવાબમાં નિવેદન કરશે, "પવિત્ર અને મહાન છે તારી હસ્તી, મારું આ કામ ન હતું કે તે વાત કહેતો જે કહેવાનો મને અધિકાર ન હતો. જો મેં આવી વાત કહી હોત તો આપને જરૂર ખબર હોત. આપ જાણો છો જે કંઈ મારા હૃદયમાં છે અને હું નથી જાણતો જે કંઈ આપના હૃદયમાં છે. આપ તો તમામ છૂપી હકીકતોના જાણનાર છો.

૧૧૭. મેં તેમને તે સિવાય કંઈ કહ્યું નહીં જેનો આપે આદેશ આપ્યો હતો, એ કે અલ્લાહની બંદગી કરો જે મારો પણ માલિક છે અને તમારો માલિક પણ. હું ત્યાં સુધી જ તેમનો નિરીક્ષક હતો જ્યાં સુધી હું તેમના વચ્ચે હતો. જ્યારે આપે મને પાછો બોલાવી લીધો તો આપ તેમના ઉપર નિરીક્ષક હતા અને આપ તો બધી જ વસ્તુઓ ઉપર નિરીક્ષક છો.

૧૧૮. હવે જો આપ તેમને સજા આપો તો તેઓ આપના બંદા છે અને જો માફ કરી દો તો આપ સૌના ઉપર પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છો."

૧૧૯. ત્યારે અલ્લાહ ફરમાવશે, "આ તે દિવસ છે જેમાં સાચા લોકોને તેમની સચ્ચાઈ ફાયદો આપે છે, તેમના માટે એવા બાગો છે જેના નીચે નહેરો વહી રહી છે, અહીં તેઓ હંમેશા રહેશે, અલ્લાહ તેમનાથી પ્રસન્ન થયો અને તેઓ અલ્લાહથી, આ જ મોટી સફળતા છે."

૧૨૦. આકાશો અને ધરતી અને જે કંઈ તેમાં છે, તેની બાદશાહી અલ્લાહ માટે જ છે અને તે દરેક વસ્તુ ઉપર વર્ચસ્વ ધરાવે છે. (રુકૂઅ-૧૬)

(૬) અલ-અન્આમ

પરિચય

નામ :

આ સૂરઃના રુકૂઅ ૧૬-૧૭ (આ. ૧૩૦-૧૪૪)માં કેટલાક 'અન્આમ' (પશુ, ઢોર)ને હરામ (અવૈધ) ઠેરવવાનો અને કેટલાકને હલાલ (વૈધ) કરવા વિશે આરબોના અંધવિશ્વાસોનું ખંડન કરવામાં આવેલ છે. આ દૃષ્ટિએ આ સૂરઃનું નામ 'અલ-અન્આમ' રાખવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

ઇબ્ને અબ્બાસ (રદિ.)નું કથન છે કે આ આખી સૂરઃ મક્કામાં એક જ સમયે અવતરિત થઈ છે. હઝરત મુઆઝ બિન જબલ (રદિ.)ની પિતરાઈ બહેન અસ્મા બિન્તે યઝીદ કહે છે, ''જ્યારે આ સૂરઃનું પયગંબર (સલ્લ.) પર અવતરણ થઈ રહ્યું હતું, તે વખતે આપ ઊંટણી ઉપર સવાર હતા. મેં તેની નાથ પકડી હતી અને બોજના કારણે ઊંટણીની દશા એ થઈ રહી હતી કે એવું લાગતું હતું કે તેના હાડકાં હમણાં જ તૂટી જશે.'' રિવાયતોમાં એનું પણ સ્પષ્ટીકરણ છે કે જે રાત્રે આ સૂરઃનું અવતરણ થયું, તે જ રાત્રે આપ (સલ્લ.)એ તેને લખાવી દીધી.

આના વિષયો ઉપર વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે કે આ સૂરઃ મક્કા કાળના અંતિમ સમયમાં અવતરિત થઈ હશે.

પશ્ચાદ્‌ભૂમિ :

જે વખતે આ પ્રવચન અવતરિત થયું છે, તે સમયે ઇસ્લામનું આમંત્રણ આપતાં અલ્લાહના પયગંબર (સલ્લ.)ને બાર વર્ષ વિતી ચૂક્યા હતા. કુરૈશે ઊભા કરેલ અવરોધો અને અત્યાચારભર્યાં કૃત્યો પોતાની અંતિમ સીમાએ પહોંચી ગયા હતા. ઈસ્લામ સ્વીકાર કરનારાઓની એક મોટી સંખ્યા તેમના અત્યાચારોથી તંગ આવીને દેશ છોડી ચૂકી હતી અને હબશામાં સ્થાયી થઈ ગઈ હતી.

વિષયો :

આ સંજોગોમાં આ પ્રવચનનું અવરતણ થયું છે અને તેના વિષયોને સાત મોટા-મોટા શીર્ષકોમાં વહેંચી શકાય છે :

૧. શિર્ક (અનેકેશ્વરવાદ)ને ખોટું ઠેરવવું અને તૌહીદ (એકેશ્વરવાદ)ની આસ્થા તરફ આમંત્રણ આપવું.

૨. આખિરત (પરલોક)ની ધારણાનો પ્રચાર.
૩. અજ્ઞાનતાના અંધવિશ્વાસોનું ખંડન.
૪. નૈતિકતાના તે મોટા-મોટા નિયમોની તાકીદ જેના પર ઇસ્લામ સમાજનું નિર્માણ કરવા ચાહે છે.
૫. પયગંબર (સલ્લ.) અને તેમના આહવાન્ વિરુધ્ધ લોકોના વાંધાઓનો જવાબ.
૬. વ્હાલા પયગંબર (સલ્લ.) અને સામાન્ય મુસ્લિમોને આશ્વાસન, અને
૭. ઈન્કાર કરનારાઓ અને વિરોધીઓને ઉપદેશ, ચેતવણી અને ધમકી.

મક્કી જીવનકાળના તબક્કાઓ :

અહીં પ્રથમ વાર પઢવાવાળાઓ સામે એક સવિસ્તાર 'મક્કી' સૂરઃ આવી રહી છે, તેથી યોગ્ય લેખાશે કે અહીં અમે મક્કામાં અવતરિત સૂરઃની ઐતિહાસિક પશ્ચાદભૂમિની એક વિસ્તૃત વ્યાખ્યા કરી દઈએ, જેથી આગળ આવતી તમામ 'મક્કી' સૂરઃઓના અને તેની વ્યાખ્યાઓ અંગેના અમારા સંદર્ભોને સમજવામાં સરળતા રહે.

જ્યાં સુધી 'મદની' સૂરઃઓનો સંબંધ છે, તો તેમાંથી લગભગ તમામ સૂરઃઓનો ઉતરાણકાળ ખબર છે અથવા થોડાંઘણા પ્રયત્નથી નિશ્ચિત કરી શકાય છે, બલ્કે આ સૂરઃઓની તો ઘણી આયતોના અવતરણના જુદાજુદા કારણો પણ વિશ્વાસપાત્ર રિવાયતોમાં મળી જાય છે, પરંતુ 'મક્કી' સૂરઃઓ વિશે આપણા પાસે જ્ઞાન મેળવવાનું એવું કોઈ માધ્યમ નથી. ઘણી ઓછી સૂરઃઓ અથવા આયતો એવી છે, જેના અવતરણનો સમય અને સંજોગો વિશે કોઈ સાચી અને પ્રમાણિત રિવાયત મળે છે. પરિણામસ્વરૂપ 'મક્કી' સૂરઃઓ વિશે આપણે ઐતિહાસિક પુરાવાઓના બદલે મહદ્અંશે તે આંતરિક પુરાવાઓ પર વિશ્વાસ રાખવો પડે છે, જે અલગ-અલગ સૂરઃઓના વિષયો, વસ્તુલક્ષી માહિતી અને શૈલીમાં તથા પોતાની પૃષ્ઠભૂમિ તરફ તેના સ્પષ્ટ કે અસ્પષ્ટ સંકેતો અને સંદર્ભો જોવા મળે છે, અને સ્પષ્ટ છે કે આ પ્રકારના પુરાવાઓની મદદ લઈને એક-એક સૂરઃ અને એક-એક આયત વિશે એ નિર્ધારિત નથી કરી શકાતું કે આ અમુક સમયે અને તે અમુક સમયે અવતરિત થઈ છે. વધુ વિશ્વાસની સાથે જે વાત કહી શકાય એમ છે, તે કેવળ એ છે કે એક તરફ આપણે 'મક્કી' સૂરઃઓના આંતરિક પુરાવાઓને અને બીજી તરફ પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)ના મક્કી જીવનના ઈતિહાસને સામ-સામે રાખીએ અને પછી બંનેની તુલના કરતાં એ મત બનાવીએ કઈ સૂરઃ કયા કાળથી સંબંધિત છે – સંશોધનની આ પધ્ધતિને મનો-મસ્તિષ્કમાં રાખીને જ્યારે આપણે પયગંબર (સલ્લ.)ના

'મક્કી' જીવન પર નજર નાખીએ છીએ તો ઇસ્લામી આહવાનૂની દૃષ્ટિએ આપણને તે ચાર મોટા-મોટા તબક્કાઓમાં વહેંચાયેલ જવા મળે છે :

પ્રથમ તબક્કો, પયગંબર બનાવ્યા પછીથી લઈને લગભગ ત્રણ વર્ષ, જેમાં ઇસ્લામનું આમંત્રણ છૂપી રીતે ખાસ-ખાસ માણસોને આપવામાં આવતું હતું અને સામાન્ય મક્કાવાસીઓને તેની જાણ ન હતી.

બીજો તબક્કો, નબૂવ્વત (ઈશદૂતત્વ)ની ઘોષણાથી લઈને અત્યાચાર અને અતિરેક અને ફિત્નાઓ (ઉપદ્રવો, Persecutions)ના આરંભ સુધી, લગભગ બે વર્ષ, જેમાં પહેલા વિરોધ શરૂ થયો, પછી તેણે રોકટોકનું રૂપ ધારણ કર્યું, પછી ઠઠ્ઠા-મશ્કરી, ચાળા પાડવા અને મજાક કરવી, આરોપો મૂકવા અને આક્ષેપો કરવા, ગાળાગાળી અને અપશબ્દો, અપપ્રચાર અને વિરોધમાં જૂથબંદી સુધી મામલો પહોંચી ગયો હતો અને છેવટે તે મુસલમાનો પર અત્યાચાર શરૂ થઈ ગયા, જે બીજાઓની સરખામણીમાં વધુ નિર્ધન, કમજોર અને નિઃસહાય હતા.

ત્રીજો તબક્કો, 'ફિત્ના'ની શરૂઆત (પાંચ નબવી સન)થી લઈને અબૂ તાલિબ અને હઝરત ખદીજા (રદિ.)ના દેહાવસાન (૧૦ નબવી સન) સુધી, લગભગ પાંચ-છ વર્ષ. આ ગાળામાં વિરોધ અત્યંત ઉગ્ર બનતો ગયો. ઘણા મુસલમાનો મક્કાના કાફિરો (શત્રુઓ)ના અત્યાચારથી તંગ આવીને હબશા (એબીસીનિયા) તરફ હિજરત કરી ગયા. પયગંબર (સલ્લ.) અને આપના પરિવારનો અને શેષ મુસલમાનોનો આર્થિક અને સામાજિક બહિષ્કાર કરવામાં આવ્યો અને આપ પોતાના સમર્થકો અને સાથીઓ સહિત 'શેઅ્બે અબૂ તાલિબ' (અબૂ તાલિબની ખીણ)માં કેદ કરી લેવામાં આવ્યા.

ચોથો તબક્કો, ૧૦ નબવીથી લઈને ૧૩ નબવી સુધી, લગભગ ત્રણ વર્ષ. આ ગાળો પયગંબર (સલ્લ.) અને આપના સાથીઓ માટે અત્યંત કઠોર અને આપત્તિઓનો જમાનો હતો. મક્કામાં આપના માટે જીવન અસંભવ બનાવી દેવામાં આવ્યું હતું. છેવટે અલ્લાહની મહેરબાનીથી અન્સારના હૃદયો ઈસ્લામ માટે ખુલી ગયા અને તેમના આમંત્રણથી આપ (સલ્લ.)એ મદીના તરફ હિજરત કરી.

આમાંથી પ્રત્યેક તબક્કામાં કુર્આન-મજીદની જે સૂરઃઓ અવતરિત થઈ છે, તેમાં તે તબક્કાની વિશેષ બાબતોનો ખૂબ જ પ્રભાવ જોવા મળે છે. આ જ નિશાનીઓ પર વિશ્વાસ રાખીને આપણે આગળ દરેક 'મક્કી' સૂરઃના આરંભમાં એ બતાવીશું કે તે મક્કાના કયા તબક્કામાં અવતરિત થઈ છે.

اٰیَاتُهَا ١٦٥ — (٦) سُوْرَةُ الْاَنْعَامِ مَكِّيَّةٌ (٥٥) — رُكُوْعَاتُهَا ٢٠

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَجَعَلَ
الظُّلُمٰتِ وَالنُّوْرَ ؕ ثُمَّ الَّذِیْنَ كَفَرُوْا بِرَبِّهِمْ یَعْدِلُوْنَ ۝١
هُوَ الَّذِیْ خَلَقَكُمْ مِّنْ طِیْنٍ ثُمَّ قَضٰۤی اَجَلًا ؕ وَ
اَجَلٌ مُّسَمًّی عِنْدَهٗ ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ ۝٢ وَهُوَ اللّٰهُ
فِی السَّمٰوٰتِ وَفِی الْاَرْضِ ؕ یَعْلَمُ سِرَّكُمْ وَجَهْرَكُمْ
وَیَعْلَمُ مَا تَكْسِبُوْنَ ۝٣ وَمَا تَاْتِیْهِمْ مِّنْ اٰیَةٍ مِّنْ
اٰیٰتِ رَبِّهِمْ اِلَّا كَانُوْا عَنْهَا مُعْرِضِیْنَ ۝٤ فَقَدْ
كَذَّبُوْا بِالْحَقِّ لَمَّا جَآءَهُمْ ؕ فَسَوْفَ یَاْتِیْهِمْ
اَنْۢبٰٓؤُا مَا كَانُوْا بِهٖ یَسْتَهْزِءُوْنَ ۝٥ اَلَمْ یَرَوْا كَمْ
اَهْلَكْنَا مِنْ قَبْلِهِمْ مِّنْ قَرْنٍ مَّكَّنّٰهُمْ فِی الْاَرْضِ
مَا لَمْ نُمَكِّنْ لَّكُمْ وَاَرْسَلْنَا السَّمَآءَ عَلَیْهِمْ مِّدْرَارًا ۠
وَّجَعَلْنَا الْاَنْهٰرَ تَجْرِیْ مِنْ تَحْتِهِمْ فَاَهْلَكْنٰهُمْ
بِذُنُوْبِهِمْ وَاَنْشَاْنَا مِنْۢ بَعْدِهِمْ قَرْنًا اٰخَرِیْنَ ۝٦
وَلَوْ نَزَّلْنَا عَلَیْكَ كِتٰبًا فِیْ قِرْطَاسٍ فَلَمَسُوْهُ
بِاَیْدِیْهِمْ لَقَالَ الَّذِیْنَ كَفَرُوْۤا اِنْ هٰذَاۤ اِلَّا سِحْرٌ
مُّبِیْنٌ ۝٧ وَقَالُوْا لَوْلَاۤ اُنْزِلَ عَلَیْهِ مَلَكٌ ؕ وَلَوْ
اَنْزَلْنَا مَلَكًا لَّقُضِیَ الْاَمْرُ ثُمَّ لَا یُنْظَرُوْنَ ۝٨ وَلَوْ جَعَلْنٰهُ

منزل ٢

(૬) સૂરઃ અલ-અન્આમ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૨૦ • આયતો : ૧૬૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. પ્રશંસા અલ્લાહ માટે છે જેણે આકાશો અને ધરતી બનાવ્યા, પ્રકાશ અને અંધકારને પેદા કર્યા, તેમ છતાં તે લોકો જેમણે સત્ય-સંદેશને માનવાનો ઈન્કાર કરી દીધો છે, બીજાઓને પોતાના રબ (માલિક અને પાલનહાર)ના સમકક્ષ ઠેરવી રહ્યા છે.

૨. તે જ છે જેણે તમને માટીમાંથી પેદા કર્યા, પછી તમારા માટે જીવનની એક મુદ્દત નિશ્ચિત કરી દીધી, અને હજુ એક બીજી મુદ્દત પણ છે જે તેના ત્યાં નિશ્ચિત છે, પણ તમે લોકો છો કે શંકામાં પડેલા છો.

૩. તે જ એક અલ્લાહ આકાશોમાં પણ છે અને ધરતીમાં પણ, તમારી જાહેર અને છૂપી બધી જ સ્થિતિ જાણે છે અને જે બૂરાઈ અથવા ભલાઈ તમે કમાવો છો તેનાથી સારી રીતે વાકેફ છે.

૪. લોકોની હાલત એવી છે કે તેમના રબની નિશાનીઓ પૈકી કોઈ નિશાની એવી નથી જે તેમના સામે આવી હોય અને તેમણે મોઢું ફેરવી ન લીધું હોય.

૫. આથી હવે જે સત્ય તેમના પાસે આવ્યું તો તેને પણ તેમણે ખોટું ઠેરવી દીધું. સારું તો, જે વસ્તુની તેઓ અત્યાર સુધી મજાક ઉડાવતા રહ્યા છે, ખૂબ જલ્દી તેના વિષે કેટલીક ખબરો તેમને પહોંચશે.

૬. આ લોકોએ જોયું નથી કે તેમના પહેલાં કેટલીય એવી કોમોને અમે નષ્ટ કરી ચૂક્યા છીએ જેમનો પોત-પોતાના યુગમાં ખૂબ દબદબો અને પ્રભાવ રહ્યો છે ? તેમને અમે ધરતી ઉપર તે વર્ચસ્વ પ્રદાન કર્યું, જે તમને પ્રદાન નથી કર્યું. તેમના ઉપર અમે આકાશમાંથી ખૂબ વરસાદ વરસાવ્યો અને તેમના નીચે નદીઓ વહેવડાવી દીધી, (પરંતુ જ્યારે તેમણે કૃતઘ્નતાથી કામ લીધું તો) અમે તેમના ગુનાઓના કારણે તેમને નષ્ટ કરી દીધા અને તેમના સ્થાને બીજા યુગની કોમોને ઉઠાવી.

૭. હે પયગંબર ! જો અમે તમારા પર કોઈ કાગળમાં લિખિત પુસ્તક પણ અવતરિત કરી દેતા અને લોકો તેને પોતાના હાથો વડે સ્પર્શ કરીને જોઈ લેતા, તો પણ જેમણે સત્યનો ઈન્કાર કર્યો છે તેઓ એમ જ કહેતા કે આ તો નર્યો જાદુ છે.

૮. કહે છે કે આ પયગંબર પર શા માટે કોઈ ફરિશ્તો ઉતારવામાં ન આવ્યો ? જો ક્યાંક અમે ફરિશ્તો ઉતારી દીધો હોત તો અત્યાર સુધી ક્યારનોય ફેંસલો થઈ ચૂક્યો હોત, પછી તેમને કોઈ મહેતલ આપવામાં ન આવતી.

مَلَكًا لَّجَعَلْنٰهُ رَجُلًا وَّ لَلَبَسْنَا عَلَيْهِمْ مَّا يَلْبِسُوْنَ ۝٩
وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّنْ قَبْلِكَ فَحَاقَ بِالَّذِيْنَ
ع سَخِرُوْا مِنْهُمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ۝١٠ قُلْ
سِيْرُوْا فِي الْاَرْضِ ثُمَّ انْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ
الْمُكَذِّبِيْنَ ۝١١ قُلْ لِّمَنْ مَّا فِي السَّمٰوٰتِ وَ الْاَرْضِ ؕ
قُلْ لِّلّٰهِ ؕ كَتَبَ عَلٰى نَفْسِهِ الرَّحْمَةَ ؕ لَيَجْمَعَنَّكُمْ اِلٰى
يَوْمِ الْقِيٰمَةِ لَا رَيْبَ فِيْهِ ؕ اَلَّذِيْنَ خَسِرُوْٓا اَنْفُسَهُمْ
فَهُمْ لَا يُؤْمِنُوْنَ ۝١٢ وَلَهٗ مَا سَكَنَ فِي الَّيْلِ وَ النَّهَارِ ؕ
وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ۝١٣ قُلْ اَغَيْرَ اللّٰهِ اَتَّخِذُ وَلِيًّا
فَاطِرِ السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَهُوَ يُطْعِمُ وَلَا يُطْعَمُ ؕ
قُلْ اِنِّيْٓ اُمِرْتُ اَنْ اَكُوْنَ اَوَّلَ مَنْ اَسْلَمَ وَلَا
تَكُوْنَنَّ مِنَ الْمُشْرِكِيْنَ ۝١٤ قُلْ اِنِّيْٓ اَخَافُ اِنْ
عَصَيْتُ رَبِّيْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ۝١٥ مَنْ يُّصْرَفْ
عَنْهُ يَوْمَئِذٍ فَقَدْ رَحِمَهٗ ؕ وَذٰلِكَ الْفَوْزُ الْمُبِيْنُ ۝١٦
وَاِنْ يَّمْسَسْكَ اللّٰهُ بِضُرٍّ فَلَا كَاشِفَ لَهٗٓ اِلَّا هُوَ ؕ
وَاِنْ يَّمْسَسْكَ بِخَيْرٍ فَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝١٧
وَهُوَ الْقَاهِرُ فَوْقَ عِبَادِهٖ ؕ وَهُوَ الْحَكِيْمُ الْخَبِيْرُ ۝١٨
قُلْ اَيُّ شَيْءٍ اَكْبَرُ شَهَادَةً ؕ قُلِ اللّٰهُ ۙ قف شَهِيْدٌۢ
منزل ٢ بَيْنِيْ وَبَيْنَكُمْ ۫ وَاُوْحِيَ اِلَيَّ هٰذَا الْقُرْاٰنُ لِاُنْذِرَكُمْ

૯. અને જો અમે ફરિશ્તાઓને ઉતારતા, તો પણ તેને મનુષ્યના સ્વરૂપમાં જ ઉતારતા અને આવી રીતે તેમને તે જ શંકામાં નાખી દેતા જેમાં અત્યારે તેઓ પડેલા છે.

૧૦. હે પયગંબર ! તમારા પહેલાં પણ ઘણા રસૂલોની મજાક ઉડાવવામાં આવી છે, પરંતુ આ મજાક ઉડાવનારાઓ પર છેવટે તે જ હકીકત છવાઈને રહી જેની તેઓ મજાક ઉડાવતા હતા. (રુકૂઅ-૧)

૧૧. તેમને કહો, જરા ધરતી ઉપર હરી-ફરીને જુઓ, ખોટું ઠેરવનારાઓનું શું પરિણામ આવ્યું છે ?

૧૨. તેમને પૂછો, આકાશો અને ધરતીમાં જે કંઈ છે તે કોનું છે ? – કહો, બધું અલ્લાહનું જ છે, તેણે દયા અને મહેરબાનીને પોતાના પર અનિવાર્ય કરી લીધાં છે (આથી જ તે અવજ્ઞાઓ અને વિદ્રોહ બદલ તમને જલ્દીથી પકડતો નથી), કયામત (પુનર્જીવન)ના દિવસે તે તમને સૌને જરૂર એકઠા કરશે, આ તદ્દન અસંદિગ્ધ હકીકત છે, પરંતુ જે લોકોએ સ્વયં પોતાને વિનાશના જોખમમાં નાખી દીધાં છે તેઓ તેને માનતા નથી.

૧૩. રાત્રિના અંધકારમાં અને દિવસના અજવાળામાં જે કંઈ સ્થિર છે બધું જ અલ્લાહનું છે અને તે બધું જ સાંભળે અને જાણે છે.

૧૪. કહો, અલ્લાહને છોડીને શું હું કોઈ બીજાને પોતાનો સંરક્ષક બનાવી લઉં ? તે અલ્લાહને છોડીને, જે ધરતી અને આકાશોનો સર્જનહાર છે અને જે રોજી આપે છે, રોજી લેતો નથી ? કહો, મને તો આ જ હુકમ આપવામાં આવ્યો છે કે સૌથી પહેલા હું તેના આગળ આજ્ઞાપાલનમાં માથું ઝુકાવી દઉં (અને તાકીદ કરવામાં આવી છે કે કોઈ શિર્ક કરતો હોય તો કરે) તું કોઈ પણ સંજોગોમાં મુશ્‌રિકો (અનેકેશ્વરવાદીઓ)માં સામેલ ન થા.

૧૫. કહો, જો હું મારા રબની અવજ્ઞા કરૂં તો ડરૂં છું કે એક મોટા (ભયંકર) દિવસે મારે સજા ભોગવવી પડશે.

૧૬. તે દિવસે જે સજાથી બચી ગયો તેના પર અલ્લાહની મોટી કૃપા થઈ અને આ જ સ્પષ્ટ સફળતા છે.

૧૭. જો અલ્લાહ તમને કોઈ પ્રકારનું નુકસાન પહોંચાડે, તો તેના સિવાય કોઈ નથી જે તમને આ નુકસાનથી બચાવી શકે, અને જો તે તમને કોઈ ભલાઈ પ્રદાન કરે તો તેને દરેક વસ્તુનું સામર્થ્ય પ્રાપ્ત છે.

૧૮. તે પોતાના બંદાઓ પર સંપૂર્ણ સત્તા ધરાવે છે, અને તત્ત્વદર્શી અને બધી ખબર રાખનારો છે.

૧૯. તેમને પૂછો, કોની સાક્ષી સૌથી ઉત્તમ છે ? – કહો, મારા અને તમારા વચ્ચે અલ્લાહ સાક્ષી છે અને આ કુર્આન મારા તરફ વહી મારફતે

بِهٖ وَمَنْۢ بَلَغَ ؕ اَئِنَّكُمْ لَتَشْهَدُوْنَ اَنَّ مَعَ اللّٰهِ
اٰلِهَةً اُخْرٰى ؕ قُلْ لَّاۤ اَشْهَدُ ۚ قُلْ اِنَّمَا هُوَ اِلٰهٌ
وَّاحِدٌ وَّاِنَّنِیْ بَرِیْٓءٌ مِّمَّا تُشْرِكُوْنَ ﴿۱۹﴾ اَلَّذِیْنَ اٰتَیْنٰهُمُ
الْكِتٰبَ یَعْرِفُوْنَهٗ كَمَا یَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ ۘ اَلَّذِیْنَ
خَسِرُوْۤا اَنْفُسَهُمْ فَهُمْ لَا یُؤْمِنُوْنَ ﴿۲۰﴾ ع وَمَنْ اَظْلَمُ
مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَوْ كَذَّبَ بِاٰیٰتِهٖ ؕ اِنَّهٗ
لَا یُفْلِحُ الظّٰلِمُوْنَ ﴿۲۱﴾ وَیَوْمَ نَحْشُرُهُمْ جَمِیْعًا ثُمَّ نَقُوْلُ
لِلَّذِیْنَ اَشْرَكُوْۤا اَیْنَ شُرَكَآؤُكُمُ الَّذِیْنَ كُنْتُمْ
تَزْعُمُوْنَ ﴿۲۲﴾ ثُمَّ لَمْ تَكُنْ فِتْنَتُهُمْ اِلَّاۤ اَنْ قَالُوْا وَاللّٰهِ
رَبِّنَا مَا كُنَّا مُشْرِكِیْنَ ﴿۲۳﴾ اُنْظُرْ كَیْفَ كَذَبُوْا عَلٰۤى
اَنْفُسِهِمْ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا یَفْتَرُوْنَ ﴿۲۴﴾ وَمِنْهُمْ
مَّنْ یَّسْتَمِعُ اِلَیْكَ ۚ وَجَعَلْنَا عَلٰى قُلُوْبِهِمْ اَكِنَّةً اَنْ
یَّفْقَهُوْهُ وَفِیْۤ اٰذَانِهِمْ وَقْرًا ؕ وَاِنْ یَّرَوْا كُلَّ اٰیَةٍ لَّا
یُؤْمِنُوْا بِهَا ؕ حَتّٰۤى اِذَا جَآءُوْكَ یُجَادِلُوْنَكَ یَقُوْلُ
الَّذِیْنَ كَفَرُوْۤا اِنْ هٰذَاۤ اِلَّاۤ اَسَاطِیْرُ الْاَوَّلِیْنَ ﴿۲۵﴾ وَهُمْ
یَنْهَوْنَ عَنْهُ وَیَنْــَٔوْنَ عَنْهُ ۚ وَاِنْ یُّهْلِكُوْنَ اِلَّاۤ
اَنْفُسَهُمْ وَمَا یَشْعُرُوْنَ ﴿۲۶﴾ وَلَوْ تَرٰۤى اِذْ وُقِفُوْا عَلَى
النَّارِ فَقَالُوْا یٰلَیْتَنَا نُرَدُّ وَلَا نُكَذِّبَ بِاٰیٰتِ رَبِّنَا
وَنَكُوْنَ مِنَ الْمُؤْمِنِیْنَ ﴿۲۷﴾ بَلْ بَدَا لَهُمْ مَّا كَانُوْا

وقف لازم باختلاف، وقف لازم ع ٣

મોકલવામાં આવ્યું છે, જેથી તમને અને જેને-જેને તે પહોંચે, સૌને સચેત કરી દઉં. શું ખરેખર તમે લોકો આ સાક્ષી આપી શકો છો કે અલ્લાહ સાથે બીજા ખુદાઓ પણ છે ? કહો, હું તો આની સાક્ષી કદાપિ આપી શકતો નથી. કહો, અલ્લાહ તો તે જ એક છે અને હું તે શિર્કથી તદ્દન વિમુખ છું જેમાં તમે પડેલા છો.

૨૦. જે લોકોને અમે ગ્રંથ આપ્યો છે તેઓ આ વાતને એવી રીતે અસંદિગ્ધ રૂપે ઓળખે છે જેવી રીતે તેઓને પોતાના પુત્રોને ઓળખવામાં કોઈ શંકા હોતી નથી, પરંતુ જેમણે સ્વયં પોતાને નુકસાનમાં નાખી દીધા છે તેઓ તેને માનતા નથી. (રુકૂઅ-૨)

૨૧. અને તે વ્યક્તિથી વધુ જાલિમ કોણ હશે જે અલ્લાહ પર જૂઠો આરોપ મૂકે, અથવા અલ્લાહની નિશાનીઓને ખોટી ઠેરવે ? નિઃશંક આવા જાલિમો ક્યારેય સફળ થઈ શકતા નથી.

૨૨. જે દિવસે અમે આ સૌને એકઠા કરીશું અને મુશ્રિકોને પૂછીશું કે હવે તે તમારા ઠેરવેલા ભાગીદારો ક્યાં છે, જેમને તમે પોતાના ઉપાસ્યો સમજતા હતા,

૨૩. તો તેઓ આ સિવાય કોઈ યુક્તિ અજમાવી શકશે નહીં કે (આ ખોટું નિવેદન આપે કે) હે અમારા માલિક ! તારા સોગંદ, અમે કદાપિ મુશ્રિક ન હતા.

૨૪. જુઓ, તે વખતે તેઓ કેવી રીતે પોતાના પર પોતે જૂઠ ઘડી કાઢશે અને ત્યાં તેમના બધા બનાવટી ઉપાસ્યો ખોવાઈ જશે.

૨૫. તેમના પૈકી કેટલાક લોકો એવા છે જેઓ કાન ધરીને તમારી વાતો સાંભળે છે, પરંતુ વાત એમ છે કે અમે તેમના હૃદયો પર આવરણ નાખી રાખ્યા છે જેના કારણે તેઓ તેને સહેજ પણ નથી સમજતા અને તેમના કાનો સૂના કરી દીધા છે (કે બધું જ સાંભળ્યા પછી પણ કંઈ નથી સાંભળતા). તેઓ ચાહે કોઈ પણ નિશાની જોઈ લે, તેના પર ઈમાન લાવશે જ નહીં. હદ તો એ છે કે જ્યારે તેઓ તમારા પાસે આવીને તમારાથી ઝઘડે છે, તો તેમનામાંથી જે લોકોએ ઈન્કારનો નિર્ણય કરી લીધો છે તેઓ (બધી વાતો સાંભળ્યા પછી) એમ જ કહે છે કે આ પ્રાચીન વાર્તાઓ સિવાય કશું નથી.

૨૬. તેઓ આ સત્ય વાતને સ્વીકારવાથી લોકોને અટકાવે છે અને પોતે પણ તેનાથી દૂર ભાગે છે. (તેઓ સમજે છે કે આવું કરીને તેઓ તમારું કંઈ બગાડી રહ્યા છે) જો કે હકીકતમાં તેઓ પોતાના જ વિનાશની સામગ્રી તૈયાર કરી રહ્યા છે, પરંતુ તેમને તેનું ભાન નથી.

૨૭. કદાચ, તમે તે વખતની હાલત જોઈ શકતા જ્યારે તેમને દોજખના કિનારે ઊભા કરવામાં આવશે. ત્યારે તેઓ કહેશે, કદાચ કોઈ રસ્તો એવો હોય કે અમને દુનિયામાં ફરી પાછા મોકલવામાં આવે અને પોતાના રબની નિશાનીઓને ખોટી ન ઠેરવીએ અને ઈમાન લાવનારાઓમાં સામેલ થઈએ.

૨૮. હકીકતમાં આ વાત તેઓ માત્ર એ કારણે કહેશે કે જે સત્ય પર તેમણે

یُخْفُوْنَ مِنْ قَبْلُ ؕ وَلَوْ رُدُّوْا لَعَادُوْا لِمَا نُهُوْا عَنْهُ وَ
اِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿۲۸﴾ وَقَالُوْۤا اِنْ هِیَ اِلَّا حَیَاتُنَا الدُّنْیَا وَمَا
نَحْنُ بِمَبْعُوْثِیْنَ ﴿۲۹﴾ وَلَوْ تَرٰۤی اِذْ وُقِفُوْا عَلٰی رَبِّهِمْ ؕ
قَالَ اَلَیْسَ هٰذَا بِالْحَقِّ ؕ قَالُوْا بَلٰی وَرَبِّنَا ؕ قَالَ فَذُوْقُوا
الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ ﴿۳۰﴾ قَدْ خَسِرَ الَّذِیْنَ كَذَّبُوْا ع
بِلِقَآءِ اللّٰهِ ؕ حَتّٰۤی اِذَا جَآءَتْهُمُ السَّاعَةُ بَغْتَةً قَالُوْا
یٰحَسْرَتَنَا عَلٰی مَا فَرَّطْنَا فِیْهَا ۙ وَهُمْ یَحْمِلُوْنَ اَوْزَارَهُمْ
عَلٰی ظُهُوْرِهِمْ ؕ اَلَا سَآءَ مَا یَزِرُوْنَ ﴿۳۱﴾ وَمَا الْحَیٰوةُ
الدُّنْیَاۤ اِلَّا لَعِبٌ وَّلَهْوٌ ؕ وَلَلدَّارُ الْاٰخِرَةُ خَیْرٌ
لِّلَّذِیْنَ یَتَّقُوْنَ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿۳۲﴾ قَدْ نَعْلَمُ اِنَّهٗ
لَیَحْزُنُكَ الَّذِیْ یَقُوْلُوْنَ فَاِنَّهُمْ لَا یُكَذِّبُوْنَكَ وَلٰكِنَّ
الظّٰلِمِیْنَ بِاٰیٰتِ اللّٰهِ یَجْحَدُوْنَ ﴿۳۳﴾ وَلَقَدْ كُذِّبَتْ رُسُلٌ
مِّنْ قَبْلِكَ فَصَبَرُوْا عَلٰی مَا كُذِّبُوْا وَاُوْذُوْا حَتّٰۤی
اَتٰىهُمْ نَصْرُنَا ۚ وَلَا مُبَدِّلَ لِكَلِمٰتِ اللّٰهِ ۚ وَلَقَدْ جَآءَكَ
مِنْ نَّبَاِی الْمُرْسَلِیْنَ ﴿۳۴﴾ وَاِنْ كَانَ كَبُرَ عَلَیْكَ
اِعْرَاضُهُمْ فَاِنِ اسْتَطَعْتَ اَنْ تَبْتَغِیَ نَفَقًا فِی الْاَرْضِ
اَوْ سُلَّمًا فِی السَّمَآءِ فَتَاْتِیَهُمْ بِاٰیَةٍ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ
لَجَمَعَهُمْ عَلَی الْهُدٰی فَلَا تَكُوْنَنَّ مِنَ الْجٰهِلِیْنَ ﴿۳۵﴾

પડદો નાખી રાખ્યો હતો, તે ત્યારે ખૂલીને તેમના સામે આવી ચૂક્યું હશે, નહીં તો જો તેમને પાછલા જીવન તરફ પરત મોકલવામાં આવે તો ફરી પાછું તે જ બધું કરે જેની તેમને મનાઈ કરવામાં આવી છે, તેઓ તો છે જ જૂઠા (તેથી પોતાની આ ઇચ્છા વ્યક્ત કરવામાં પણ જૂઠથી જ કામ લેશે).

૨૯. આજે આ લોકો કહે છે કે જીવન જે કંઈ પણ છે, બસ આ જ અમારું દુનિયા (આલોક)નું જીવન છે અને અમને મૃત્યુ પછી કદાપિ બીજીવાર ઉઠાવવામાં નહીં આવે.

૩૦. કદાચ, તે દૃશ્ય તમે જોઈ શકો જ્યારે તેઓ પોતાના રબ (માલિક)ના સામે ઊભા કરવામાં આવશે. તે વખતે તેમનો રબ તેમને પૂછશે, ''શું આ સત્ય નથી ?'' તેઓ કહેશે, ''હા, હે અમારા રબ ! આ સત્ય જ છે.'' તે કહેશે, ''સારું, તો હવે પોતાના સત્યના ઇન્કારના પરિણામરૂપે યાતનાનો સ્વાદ ચાખો.'' (રુકૂઅ-૩)

૩૧. નુકસાનમાં ગયા તે લોકો જેમણે અલ્લાહ સાથેની પોતાની મુલાકાતની ખબરને ખોટી ઠેરવી. જ્યારે અચાનક તે ક્ષણ આવી જશે તો આ જ લોકો કહેશે, ''અફસોસ ! આપણાથી આ બાબતમાં કેવી ભૂલ થઈ ?'' અને તેમની હાલત એવી હશે કે પોતાની પીઠો પર પોતાના ગુનાઓનો બોજ ઉપાડી રહ્યા હશે. જુઓ, કેવો ખરાબ બોજ છે જે આ લોકો ઉપાડી રહ્યા છે!

૩૨. દુનિયા (આલોક)નું જીવન તો એક ખેલ અને એક તમાશો છે. હકીકતમાં આખિરત (પરલોક)નું ઠેકાણું જ તે લોકો માટે સારું છે જે લોકો નુકસાનથી બચવા માગે છે. પછી શું તમે લોકો બુદ્ધિથી કામ નહી લો ?

૩૩. હે નબી ! અમને ખબર છે કે જે વાતો આ લોકો બનાવે છે તેનાથી તમને દુઃખ પહોંચે છે, પરંતુ આ લોકો તમને ખોટા નથી ઠેરવતા, બલ્કે આ અત્યાચારીઓ વાસ્તવમાં અલ્લાહની આયતોનો ઇન્કાર કરી રહ્યા છે.

૩૪. તમારા પહેલાં પણ ઘણાં રસૂલોને ખોટા ઠેરવવામાં આવી ચૂક્યા છે, પરંતુ આ જૂઠ પર અને તે પીડાઓ પર જે તેમને પહોંચાડવામાં આવી, તેમણે ધીરજ રાખી, ત્યાં સુધી કે તેમના પાસે અમારી મદદ પહોંચી ગઈ. અલ્લાહની વાતોને બદલી કાઢવાની તાકાત કોઈનામાં નથી અને અગાઉના પયગંબરો સાથે જે થયું તેના સમાચારો તમને પહોંચી જ ગયા છે.

૩૫. તે પછી પણ જો આ લોકોની ઉપેક્ષા તમારા માટે અસહ્ય હોય તો જો તમારામાં શક્તિ હોય તો ધરતીમાં કોઈ સુરંગ શોધી કાઢો અથવા આકાશમાં સીડી લગાવો અને તેમના પાસે કોઈ નિશાની લાવવાની કોશિશ કરો. જો અલ્લાહ ચાહતો તો આ સૌને માર્ગદર્શન પર એકત્ર કરી શકતો હતો, તેથી નાસમજ ન બનો.

اِنَّمَا يَسْتَجِيْبُ الَّذِيْنَ يَسْمَعُوْنَ ؔ وَالْمَوْتٰى يَبْعَثُهُمُ
اللّٰهُ ثُمَّ اِلَيْهِ يُرْجَعُوْنَ ﴿٣٦﴾ وَقَالُوْا لَوْلَا نُزِّلَ عَلَيْهِ اٰيَةٌ
مِّنْ رَّبِّهٖ ؕ قُلْ اِنَّ اللّٰهَ قَادِرٌ عَلٰٓى اَنْ يُّنَزِّلَ اٰيَةً
وَّلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٣٧﴾ وَمَا مِنْ دَآبَّةٍ فِى الْاَرْضِ
وَلَا طٰٓئِرٍ يَّطِيْرُ بِجَنَاحَيْهِ اِلَّآ اُمَمٌ اَمْثَالُكُمْ ؕ مَا فَرَّطْنَا
فِى الْكِتٰبِ مِنْ شَىْءٍ ثُمَّ اِلٰى رَبِّهِمْ يُحْشَرُوْنَ ﴿٣٨﴾ وَالَّذِيْنَ
كَذَّبُوْا بِاٰيٰتِنَا صُمٌّ وَّبُكْمٌ فِى الظُّلُمٰتِ ؕ مَنْ يَّشَاِ اللّٰهُ
يُضْلِلْهُ ؕ وَمَنْ يَّشَاْ يَجْعَلْهُ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٣٩﴾
قُلْ اَرَءَيْتَكُمْ اِنْ اَتٰىكُمْ عَذَابُ اللّٰهِ اَوْ اَتَتْكُمُ السَّاعَةُ
اَغَيْرَ اللّٰهِ تَدْعُوْنَ ۚ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٤٠﴾ بَلْ اِيَّاهُ
تَدْعُوْنَ فَيَكْشِفُ مَا تَدْعُوْنَ اِلَيْهِ اِنْ شَآءَ وَ
تَنْسَوْنَ مَا تُشْرِكُوْنَ ﴿٤١﴾ ع وَلَقَدْ اَرْسَلْنَآ اِلٰٓى اُمَمٍ
مِّنْ قَبْلِكَ فَاَخَذْنٰهُمْ بِالْبَاْسَآءِ وَالضَّرَّآءِ لَعَلَّهُمْ
يَتَضَرَّعُوْنَ ﴿٤٢﴾ فَلَوْلَآ اِذْ جَآءَهُمْ بَاْسُنَا تَضَرَّعُوْا
وَلٰكِنْ قَسَتْ قُلُوْبُهُمْ وَزَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ مَا كَانُوْا
يَعْمَلُوْنَ ﴿٤٣﴾ فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا بِهٖ فَتَحْنَا عَلَيْهِمْ
اَبْوَابَ كُلِّ شَىْءٍ ؕ حَتّٰٓى اِذَا فَرِحُوْا بِمَآ اُوْتُوْٓا اَخَذْنٰهُمْ
بَغْتَةً فَاِذَا هُمْ مُّبْلِسُوْنَ ﴿٤٤﴾ فَقُطِعَ دَابِرُ الْقَوْمِ
الَّذِيْنَ ظَلَمُوْا ؕ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿٤٥﴾ قُلْ

૩૬. સત્ય-સંદેશનો સ્વીકાર તે લોકો જ કરે છે જેઓ સાંભળવાવાળા છે. રહ્યા મડદાં, તો એમને તો અલ્લાહ બસ કબરોમાંથી જ ઉઠાવશે અને પછી તેમને (તેની અદાલતમાં રજૂ થવા માટે) પાછા લાવવામાં આવશે.
૩૭. આ લોકો કહે છે કે આ પયગંબર પર તેના રબ તરફથી કોઈ નિશાની કેમ ઉતારવામાં ન આવી? કહો, અલ્લાહ નિશાની ઉતારવા સંપૂર્ણપણે શક્તિમાન છે, પરંતુ તેમાંના ઘણાંખરા લોકો અજ્ઞાનતામાં પડેલા છે.
૩૮. ધરતી ઉપર ચાલતા કોઈ જાનવર અને હવામાં પાંખો વડે ઉડતા કોઈ પક્ષીને જોઈ લો, આ સૌ તમારા જેવી જ જાતિઓ છે, અમે તેમના ભાગ્ય-લેખમાં કોઈ કસર રાખી નથી, પછી – આ બધા પોતાના રબના તરફ સમેટી લેવામાં આવે છે.
૩૯. પરંતુ જે લોકો અમારી આયતોને ખોટી ઠેરવે છે, તેઓ બહેરા અને મૂંગા છે, અંધારામાં પડેલા છે. અલ્લાહ જેને ચાહે છે ભટકાવી દે છે અને જેને ચાહે છે સન્માર્ગ પર લગાવી દે છે
૪૦. તેમને કહો, થોડોક વિચાર કરીને બતાવો, જો ક્યારેક તમારા પર અલ્લાહ તરફથી કોઈ મોટી મુસીબત આવી જાય છે અથવા અંતિમ ઘડી આવી પહોંચે છે તો શું તે વખતે તમે અલ્લાહ સિવાય કોઈ બીજાને પોકારો છો? બોલો, જો તમે સાચા હોવ.
૪૧. તે વખતે તમે અલ્લાહને જ પોકારો છો, પછી જો તે ચાહે છે તો તે મુસીબત તમારા પરથી ટાળી દે છે. આવા સમયે તમે પોતાના ઠેરવેલા ભાગીદારોને ભૂલી જાઓ છો. (રુકૂઅ-૪)
૪૨. તમારા અગાઉ અનેક કોમો તરફ અમે રસૂલો (પયગંબરો) મોકલ્યા અને તે કોમોને મુસીબતો અને દુઃખોમાં નાખી, જેથી તેઓ વિનમ્રતાપૂર્વક અમારા સામે ઝુકી પડે.
૪૩. પછી જ્યારે અમારા તરફથી તેમના પર સંકટ આવ્યું તો શા માટે તેમણે વિનમ્રતા ન અપનાવી? પરંતુ તેમના હૃદય તો વધુ કઠોર થઈ ગયા અને શેતાને તેમને હૈયાધારણ આપી કે જે કંઈ તમે કરી રહ્યા છો, ઘણું સારું કરી રહ્યા છો.
૪૪. પછી જ્યારે તેમણે તે શિખામણ, જે તેમને આપવામાં આવી હતી, ભુલાવી દીધી તો અમે દરેક પ્રકારની સમૃદ્ધિના દ્વાર તેમના માટે ખોલી દીધા, ત્યાં સુધી કે જ્યારે તેઓ તે બક્ષિસોમાં જે તેમને પ્રદાન કરવામાં આવી હતી, ખૂબ મગ્ન થઈ ગયા તો ઓચિંતા અમે તેમને ઝડપી લીધા અને હવે સ્થિતિ એ હતી કે તેઓ દરેક ભલાઈથી નિરાશ હતા.
૪૫. આવી રીતે તે લોકોને જડમૂળથી ઉખેડી નાખવામાં આવ્યા જેમણે અત્યાચાર કર્યો હતો અને પ્રશંસા છે અલ્લાહ, સર્વ જગતોના માલિક માટે (કે તેણે તેમને જડમૂળથી ઉખાડી ફેંક્યા).

اَرَءَيْتُمْ اِنْ اَخَذَ اللّٰهُ سَمْعَكُمْ وَاَبْصَارَكُمْ وَخَتَمَ
عَلٰى قُلُوْبِكُمْ مَّنْ اِلٰهٌ غَيْرُ اللّٰهِ يَاْتِيْكُمْ بِهٖ ؕ اُنْظُرْ
كَيْفَ نُصَرِّفُ الْاٰيٰتِ ثُمَّ هُمْ يَصْدِفُوْنَ ﴿٤٦﴾ قُلْ
اَرَءَيْتَكُمْ اِنْ اَتٰىكُمْ عَذَابُ اللّٰهِ بَغْتَةً اَوْ جَهْرَةً
هَلْ يُهْلَكُ اِلَّا الْقَوْمُ الظّٰلِمُوْنَ ﴿٤٧﴾ وَمَا نُرْسِلُ
الْمُرْسَلِيْنَ اِلَّا مُبَشِّرِيْنَ وَمُنْذِرِيْنَ ۚ فَمَنْ اٰمَنَ
وَاَصْلَحَ فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٤٨﴾
وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا يَمَسُّهُمُ الْعَذَابُ بِمَا كَانُوْا
يَفْسُقُوْنَ ﴿٤٩﴾ قُلْ لَّاۤ اَقُوْلُ لَكُمْ عِنْدِيْ خَزَآئِنُ اللّٰهِ
وَلَاۤ اَعْلَمُ الْغَيْبَ وَلَاۤ اَقُوْلُ لَكُمْ اِنِّيْ مَلَكٌ ۚ اِنْ
اَتَّبِعُ اِلَّا مَا يُوْحٰۤى اِلَيَّ ؕ قُلْ هَلْ يَسْتَوِي الْاَعْمٰى
ع وَالْبَصِيْرُ ؕ اَفَلَا تَتَفَكَّرُوْنَ ﴿٥٠﴾ ع وَاَنْذِرْ بِهِ الَّذِيْنَ
يَخَافُوْنَ اَنْ يُّحْشَرُوْۤا اِلٰى رَبِّهِمْ لَيْسَ لَهُمْ مِّنْ
دُوْنِهٖ وَلِيٌّ وَّلَا شَفِيْعٌ لَّعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿٥١﴾ وَلَا
تَطْرُدِ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَالْعَشِيِّ
يُرِيْدُوْنَ وَجْهَهٗ ؕ مَا عَلَيْكَ مِنْ حِسَابِهِمْ مِّنْ
شَيْءٍ وَّمَا مِنْ حِسَابِكَ عَلَيْهِمْ مِّنْ شَيْءٍ فَتَطْرُدَهُمْ
فَتَكُوْنَ مِنَ الظّٰلِمِيْنَ ﴿٥٢﴾ وَكَذٰلِكَ فَتَنَّا بَعْضَهُمْ
منزل۲ بِبَعْضٍ لِّيَقُوْلُوْۤا اَهٰۤؤُلَآءِ مَنَّ اللّٰهُ عَلَيْهِمْ مِّنْۢ

૪૬. હે પયગંબર ! તેમને કહો, ક્યારેય તમે એ પણ વિચાર્યું કે જો અલ્લાહ તમારી દૃષ્ટિ અને શ્રવણ શક્તિ તમારાથી છીનવી લે અને તમારા હૃદયો પર મહોર મારી દે તો અલ્લાહ સિવાય બીજો કયો ખુદા છે જે આ શક્તિઓ તમને પાછી અપાવી શકતો હોય ? જુઓ, કેવી રીતે અમે વારંવાર પોતાની નિશાનીઓ તેમના સામે રજૂ કરીએ છીએ અને પછી તેઓ કેવી રીતે તેની ઉપેક્ષા કરી જાય છે.

૪૭. કહો, ''ક્યારેય તમે વિચાર્યું કે જો અલ્લાહ તરફથી ઓચિંતો અથવા ખુલ્લી રીતે તમારા ઉપર પ્રકોપ આવી જાય તો શું અત્યાચારીઓ સિવાય કોઈ બીજો માર્યો જશે ?

૪૮. અમે જે રસૂલ મોકલીએ છીએ એટલા જ માટે તો મોકલીએ છીએ કે તેઓ સદાચારી લોકોને શુભ સમાચાર આપનારા અને દુરાચારીઓને ડરાવનારા હોય. પછી જે લોકો તેમની વાત માની લે અને પોતાનું વર્તન સુધારી લે, તેમના માટે કોઈ ભય અને દુઃખનો પ્રસંગ નથી.

૪૯. અને જે લોકો અમારી આયતોને ખોટી ઠેરવે, તેઓ પોતાની અવજ્ઞાના પરિણામે સજા ભોગવીને રહેશે.

૫૦. હે પયગંબર ! તેમને કહો, ''હું તમને એમ નથી કહેતો કે મારા પાસે અલ્લાહના ખજાના છે, ન હું અદૃશ્યનું જ્ઞાન ધરાવું છું, અને ન તો એમ કહું છું કે હું ફરિશ્તો છું. હું તો માત્ર તે વહી (દિવ્ય પ્રકાશના)નું અનુસરણ કરું છું જે મારા પર અવતરિત કરવામાં આવે છે.'' પછી આમને પૂછો, ''શું આંધળો અને દેખતો બંને સમાન હોઈ શકે છે ? શું તમે વિચાર કરતા નથી ?'' (રુકૂઅ-૫)

૫૧. અને હે પયગંબર ! તમે આ (વહીના શિક્ષણ) દ્વારા તે લોકોને ઉપદેશ આપો જે તે વાતનો ભય રાખે છે કે તેમને પોતાના રબના સામે ક્યારેક એવી સ્થિતિમાં રજૂ કરવામાં આવશે કે તેના સિવાય ત્યાં કોઈ (એવો સત્તાધિકારી) નહીં હોય જે તેમનો સમર્થક અને સહાયક હોય કે તેમની ભલામણ કરે, કદાચ (આ ઉપદેશથી ચેતી જઈને) તેઓ અલ્લાહથી ડરવાનું વલણ અપનાવે.

૫૨. અને જે લોકો પોતાના રબને રાત-દિવસ પોકારતા રહે છે અને તેની પ્રસન્નતા પ્રાપ્ત કરવામાં વ્યસ્ત છે તેમને પોતાનાથી દૂર ન હડસેલો. તેમના હિસાબમાંથી કોઈ વસ્તુનો બોજ તમારા પર નથી અને તમારા હિસાબમાંથી કોઈ વસ્તુનો બોજ તેમના પર નથી. તેમ છતાં પણ જો તમે તેમને દૂર હડસેલશો તો અત્યાચારીઓમાં ગણાશો.

૫૩. હકીકતમાં અમે આવી રીતે આ લોકોમાંથી કેટલાકને કેટલાક વડે અજમાયશમાં નાખ્યા છે જેથી તેઓ તેમને જોઈને કહે, ''શું આ છે તે

بَيْنِنَا ؕ اَلَيْسَ اللّٰهُ بِاَعْلَمَ بِالشّٰكِرِيْنَ ﴿۵۳﴾ وَاِذَا جَآءَكَ
الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِاٰيٰتِنَا فَقُلْ سَلٰمٌ عَلَيْكُمْ كَتَبَ
رَبُّكُمْ عَلٰى نَفْسِهِ الرَّحْمَةَ ۙ اَنَّهٗ مَنْ عَمِلَ مِنْكُمْ
سُوْٓءًۢا بِجَهَالَةٍ ثُمَّ تَابَ مِنْۢ بَعْدِهٖ وَاَصْلَحَ فَاَنَّهٗ
غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۵۴﴾ وَكَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ وَلِتَسْتَبِيْنَ
سَبِيْلُ الْمُجْرِمِيْنَ ﴿۵۵﴾ؑ قُلْ اِنِّيْ نُهِيْتُ اَنْ اَعْبُدَ الَّذِيْنَ ع ۵/۱۴
تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ ؕ قُلْ لَّآ اَتَّبِعُ اَهْوَآءَكُمْ ۙ
قَدْ ضَلَلْتُ اِذًا وَّمَآ اَنَا مِنَ الْمُهْتَدِيْنَ ﴿۵۶﴾ قُلْ
اِنِّيْ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّيْ وَكَذَّبْتُمْ بِهٖ ؕ مَا عِنْدِيْ
مَا تَسْتَعْجِلُوْنَ بِهٖ ؕ اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ ؕ يَقُصُّ الْحَقَّ
وَهُوَ خَيْرُ الْفٰصِلِيْنَ ﴿۵۷﴾ قُلْ لَّوْ اَنَّ عِنْدِيْ مَا
تَسْتَعْجِلُوْنَ بِهٖ لَقُضِيَ الْاَمْرُ بَيْنِيْ وَبَيْنَكُمْ ؕ
وَاللّٰهُ اَعْلَمُ بِالظّٰلِمِيْنَ ﴿۵۸﴾ وَعِنْدَهٗ مَفَاتِحُ الْغَيْبِ لَا
يَعْلَمُهَآ اِلَّا هُوَ ؕ وَيَعْلَمُ مَا فِي الْبَرِّ وَالْبَحْرِ ؕ
وَمَا تَسْقُطُ مِنْ وَّرَقَةٍ اِلَّا يَعْلَمُهَا وَلَا حَبَّةٍ فِيْ
ظُلُمٰتِ الْاَرْضِ وَلَا رَطْبٍ وَّلَا يَابِسٍ اِلَّا فِيْ
كِتٰبٍ مُّبِيْنٍ ﴿۵۹﴾ وَهُوَ الَّذِيْ يَتَوَفّٰىكُمْ بِالَّيْلِ وَ
يَعْلَمُ مَا جَرَحْتُمْ بِالنَّهَارِ ثُمَّ يَبْعَثُكُمْ فِيْهِ
لِيُقْضٰٓى اَجَلٌ مُّسَمًّى ۚ ثُمَّ اِلَيْهِ مَرْجِعُكُمْ ثُمَّ منزل۲

લોકો જેમના પર આપણા વચ્ચે અલ્લાહની કૃપા થઈ છે?"—હા, શું અલ્લાહ પોતાના કૃતજ્ઞ બંદાઓને તેમના કરતાં વધુ નથી જાણતો?

૫૪. જ્યારે તમારા પાસે તે લોકો આવે, જેઓ અમારી આયતો પર ઈમાન લાવે છે, તો તેમને કહો, "તમારા પર સલામતી છે. તમારા રબે (પ્રભુએ) તમારા પર દયા કરવાનું અનિવાર્ય કરી લીધું છે. (આ તેની દયા અને મહેરબાની છે કે) જો તમારામાંથી કોઈ અજાણતામાં બૂરાઈનું આચરણ કરી બેસ્યો હોય, પછી તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) કરે અને સુધારણા કરી લે તો તે તેને માફ કરી દે છે અને નરમીથી કામ લે છે."

૫૫. અને આવી રીતે અમે પોતાની નિશાનીઓ વિગતવાર વર્ણવીએ છીએ, જેથી ગુનેગારોનો માર્ગ તદ્દન ખુલીને સામે આવી જાય. (રુકૂઅ-૬)

૫૬. હે પયગંબર! આમને કહો કે, "તમે અલ્લાહ સિવાય જે બીજાઓને પોકારો છો, તેમની બંદગી કરવાની મને મનાઈ કરવામાં આવી છે." કહો, "હું તમારી ઇચ્છાઓનું પાલન નહીં કરૂં. જો મેં આવું કર્યું તો પથભ્રષ્ટ થઈ ગયો, સીધો માર્ગ પામનારાઓ પૈકીનો ન રહ્યો."

૫૭. કહો, "હું પોતાના રબ તરફથી મળેલ સ્પષ્ટ દલીલ ઉપર કાયમ છું અને તમે તેને ખોટી ઠેરવી દીધી છે, હવે મારા અધિકારમાં તે વસ્તુ નથી જેના માટે તમે ઉતાવળા થયા છો, નિર્ણય કરવાનો સંપૂર્ણ અધિકાર અલ્લાહને છે, તે જ સત્ય હકીકત વર્ણવે છે અને તે જ સૌથી સારો નિર્ણય કરનાર છે."

૫૮. કહો, "જો ક્યાંક તે વસ્તુ મારા અધિકારમાં હોત, જેના માટે તમે ઉતાવળા થઈ રહ્યા છો, તો મારા અને તમારા વચ્ચે ક્યારનો ફેંસલો થઈ ગયો હોત. પરંતુ અલ્લાહ વધુ સારી રીતે જાણે છે કે અત્યાચારીઓ સાથે શું મામલો કરવો જોઈએ.

૫૯. તેના જ પાસે ગેબ (અદૃશ્ય)ની ચાવીઓ છે જેને તેના સિવાય કોઈ નથી જાણતું. સમુદ્ર અને ભૂમિમાં જે કંઈ છે, બધાથી તે વાકેફ છે. વૃક્ષ પરથી પડનાર કોઈ પાંદડું એવું નથી જેની જાણ તેને ન હોય. ધરતીના અંધારા પડોમાં કોઈ દાણો એવો નથી જેનાથી તે વાકેફ ન હોય. સૂકું અને લીલું બધું જ એક ખુલ્લા ગ્રંથમાં લખેલું છે.

૬૦. તે જ છે જે રાત્રે તમારી આત્માઓ ખેંચી લે છે અને દિવસે જે કંઈ તમે કરો છો તેને જાણે છે, પછી બીજા દિવસે તે તમને તે જ કારોબારની દુનિયામાં પાછા મોકલી દે છે, જેથી જીવનની નિર્ધારિત મુદ્દત પૂરી થાય. છેવટે તેના જ તરફ તમારે પાછા ફરવાનું છે, પછી તે તમને

يُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ۝٦٠ وَهُوَ الْقَاهِرُ فَوْقَ
عِبَادِهٖ وَيُرْسِلُ عَلَيْكُمْ حَفَظَةً ؕ حَتّٰٓى اِذَا جَآءَ
اَحَدَكُمُ الْمَوْتُ تَوَفَّتْهُ رُسُلُنَا وَهُمْ لَا يُفَرِّطُوْنَ ۝٦١
ثُمَّ رُدُّوْٓا اِلَى اللّٰهِ مَوْلٰىهُمُ الْحَقِّ ؕ اَلَا لَهُ الْحُكْمُ قف
وَهُوَ اَسْرَعُ الْحٰسِبِيْنَ ۝٦٢ قُلْ مَنْ يُّنَجِّيْكُمْ مِّنْ
ظُلُمٰتِ الْبَرِّ وَالْبَحْرِ تَدْعُوْنَهٗ تَضَرُّعًا وَّخُفْيَةً ج
لَئِنْ اَنْجٰىنَا مِنْ هٰذِهٖ لَنَكُوْنَنَّ مِنَ الشّٰكِرِيْنَ ۝٦٣
قُلِ اللّٰهُ يُنَجِّيْكُمْ مِّنْهَا وَمِنْ كُلِّ كَرْبٍ ثُمَّ اَنْتُمْ
تُشْرِكُوْنَ ۝٦٤ قُلْ هُوَ الْقَادِرُ عَلٰٓى اَنْ يَّبْعَثَ عَلَيْكُمْ
عَذَابًا مِّنْ فَوْقِكُمْ اَوْ مِنْ تَحْتِ اَرْجُلِكُمْ اَوْ يَلْبِسَكُمْ
شِيَعًا وَّيُذِيْقَ بَعْضَكُمْ بَاْسَ بَعْضٍ ؕ اُنْظُرْ كَيْفَ
نُصَرِّفُ الْاٰيٰتِ لَعَلَّهُمْ يَفْقَهُوْنَ ۝٦٥ وَكَذَّبَ بِهٖ
قَوْمُكَ وَهُوَ الْحَقُّ ؕ قُلْ لَّسْتُ عَلَيْكُمْ بِوَكِيْلٍ ؕ ۝٦٦
لِكُلِّ نَبَاٍ مُّسْتَقَرٌّ ز وَّسَوْفَ تَعْلَمُوْنَ ۝٦٧ وَاِذَا رَاَيْتَ
الَّذِيْنَ يَخُوْضُوْنَ فِيْٓ اٰيٰتِنَا فَاَعْرِضْ عَنْهُمْ حَتّٰى
يَخُوْضُوْا فِيْ حَدِيْثٍ غَيْرِهٖ ؕ وَاِمَّا يُنْسِيَنَّكَ
الشَّيْطٰنُ فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ۝٦٨
وَمَا عَلَى الَّذِيْنَ يَتَّقُوْنَ مِنْ حِسَابِهِمْ مِّنْ شَيْءٍ
منزل ٢ وَّلٰكِنْ ذِكْرٰى لَعَلَّهُمْ يَتَّقُوْنَ ۝٦٩ وَذَرِ الَّذِيْنَ

બતાવી દેશે કે તમે શું કરેતા રહ્યા છો. (રુકૂઅ-૭)

૬૧. પોતાના બંદાઓ ઉપર તે સંપૂર્ણ કાબૂ ધરાવે છે અને તમારા ઉપર દેખરેખ રાખનાર નિયુક્ત કરીને મોકલે છે, ત્યાં સુધી કે જ્યારે તમારામાંથી કોઈના મૃત્યુનો સમય આવી જાય છે તો તેના મોકલેલા ફરિશ્તાઓ તેના પ્રાણ કાઢી લે છે અને પોતાનું કર્તવ્ય બજાવવામાં સહેજ પણ કસર છોડતા નથી.

૬૨. પછી તમામે-તમામ તેમના સાચા માલિક અલ્લાહ તરફ પાછા લાવવામાં આવે છે. સાવધાન થઈ જાઓ, ફેંસલાના બધા અધિકારો તે જ ધરાવે છે અને તે હિસાબ લેવામાં ખૂબ ઝડપી છે.

૬૩. હે પયગંબર ! આમને પૂછો, ''રણ અને સમુદ્રના અંધકારમાં કોણ તમને જોખમોથી બચાવે છે ? કોણ છે જેના પાસે તમે (મુસીબતના સમયે) કરગરી-કરગરીને અને છાની રીતે પ્રાર્થનાઓ કરો છો ? કોનાથી કહો છો કે જો આ આપત્તિમાંથી તેણે અમને બચાવી લીધા તો અમે જરૂર કૃતજ્ઞ થઈશું ?

૬૪. — કહો, અલ્લાહ તમને આનાથી અને દરેક તકલીફથી છુટકારો આપે છે, પછી તમે બીજાઓને તેના ભાગીદાર ઠેરવો છો.

૬૫. કહો, ''તે એવું કરવા સમર્થ છે કે તમારા પર કોઈ આફત ઉપરથી ઉતારી દે અથવા તમારા પગ નીચેથી લઈ આવે અથવા તમને જૂથોમાં વહેંચીને એક જૂથને બીજા જૂથની તાકાતનો સ્વાદ ચખાડી દે.'' જુઓ, અમે કેવી રીતે વારંવાર જુદી-જુદી રીતે પોતાની નિશાનીઓ તેમના સામે રજૂ કરી રહ્યા છીએ, કદાચ તેઓ હકીકતને સમજી લે.

૬૬. તમારી કોમ તેનો ઇન્કાર કરી રહી છે, જો કે તે સત્ય છે. તેમને કહી દો કે હું તમારા ઉપર નિરીક્ષક બનાવવામાં નથી આવ્યો.

૬૭. દરેક વાતના પ્રગટ થવાનો એક સમય નિશ્ચિત છે, ટૂંક સમયમાં જ તમને પોતાને પરિણામની ખબર પડી જશે.

૬૮. અને હે પયગંબર ! જ્યારે તમે જુઓ કે લોકો અમારી આયતોમાં નુક્તેચીની (મીનમેખ) કરી રહ્યા છે તો તેમના પાસેથી ખસી જાઓ, ત્યાં સુધી કે તેઓ આ વાત છોડીને બીજી વાતોમાં લાગી જાય, અને જો ક્યારેક શેતાન તમને ભુલાવામાં નાખી દે તો જે વખતે તમને આ ભૂલનો અહેસાસ થઈ જાય, તે પછી ફરી આવા અત્યાચારી લોકો પાસે ન બેસો.

૬૯. તેમના હિસાબમાંથી કોઈ વસ્તુની જવાબદારી પરહેઝગાર (સંયમી) લોકો ઉપર નથી, અલબત્ત શિખામણ આપવું તેમનું કર્તવ્ય છે, કદાચ તેઓ ખોટા વર્તનથી બચી જાય.

اتَّخَذُوْا دِيْنَهُمْ لَعِبًا وَّ لَهْوًا وَّ غَرَّتْهُمُ الْحَيٰوةُ
الدُّنْيَا وَ ذَكِّرْ بِهٖٓ اَنْ تُبْسَلَ نَفْسٌۢ بِمَا كَسَبَتْ ۖ
لَيْسَ لَهَا مِنْ دُوْنِ اللّٰهِ وَلِيٌّ وَّلَا شَفِيْعٌ ۚ وَ اِنْ
تَعْدِلْ كُلَّ عَدْلٍ لَّا يُؤْخَذْ مِنْهَا ۗ اُولٰٓئِكَ الَّذِيْنَ
اُبْسِلُوْا بِمَا كَسَبُوْا ۚ لَهُمْ شَرَابٌ مِّنْ حَمِيْمٍ وَّ عَذَابٌ
اَلِيْمٌۢ بِمَا كَانُوْا يَكْفُرُوْنَ ۚ ﴿٧٠﴾ قُلْ اَنَدْعُوْا مِنْ دُوْنِ ع
اللّٰهِ مَا لَا يَنْفَعُنَا وَلَا يَضُرُّنَا وَنُرَدُّ عَلٰٓى اَعْقَابِنَا
بَعْدَ اِذْ هَدٰىنَا اللّٰهُ كَالَّذِى اسْتَهْوَتْهُ الشَّيٰطِيْنُ
فِى الْاَرْضِ حَيْرَانَ ۖ لَهٗٓ اَصْحٰبٌ يَّدْعُوْنَهٗٓ اِلَى
الْهُدَى ائْتِنَا ۗ قُلْ اِنَّ هُدَى اللّٰهِ هُوَ الْهُدٰى ۗ
وَ اُمِرْنَا لِنُسْلِمَ لِرَبِّ الْعٰلَمِيْنَ ﴿٧١﴾ وَ اَنْ اَقِيْمُوا
الصَّلٰوةَ وَاتَّقُوْهُ ۗ وَهُوَ الَّذِىْٓ اِلَيْهِ تُحْشَرُوْنَ ﴿٧٢﴾
وَهُوَ الَّذِىْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ ۗ
وَ يَوْمَ يَقُوْلُ كُنْ فَيَكُوْنُ ۬ قَوْلُهُ الْحَقُّ ۗ وَلَهُ
الْمُلْكُ يَوْمَ يُنْفَخُ فِى الصُّوْرِ ۗ عٰلِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ ۗ
وَهُوَ الْحَكِيْمُ الْخَبِيْرُ ﴿٧٣﴾ وَ اِذْ قَالَ اِبْرٰهِيْمُ لِاَبِيْهِ
اٰزَرَ اَتَتَّخِذُ اَصْنَامًا اٰلِهَةً ۚ اِنِّىْٓ اَرٰىكَ وَ قَوْمَكَ
فِىْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٧٤﴾ وَكَذٰلِكَ نُرِىْٓ اِبْرٰهِيْمَ
مَلَكُوْتَ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَلِيَكُوْنَ مِنَ

الثلثة
منزل ٢

૭૦. છોડો તે લોકોને જેમણે પોતાના દીન (ધર્મ)ને ખેલ અને તમાશો બનાવી રાખ્યો છે અને જેમને દુનિયાના જીવને ભ્રમમાં નાખી રાખ્યા છે. હા, પરંતુ આ કુર્આન સંભળાવીને શિખામણ અને ચેતવણી આપતા રહો કે ક્યાંક કોઈ વ્યક્તિ પોતાના કરતૂકોની આફતમાં ફસાઈ ન જાય, અને સપડાય પણ તો એવી હાલતમાં કે અલ્લાહથી બચાવનાર કોઈ હિમાયતી કે મદદગાર અને કોઈ ભલામણ કરનાર તેના માટે ન હોય, અને જો તે દરેક શક્ય વસ્તુ ફિદયા (બદલા)માં આપીને છૂટવા ચાહે તો પણ તેના પાસેથી સ્વીકારવામાં ન આવે, કારણ કે આવા લોકો તો સ્વયં પોતાની કમાણીના પરિણામે પકડાઈ જશે, એમને તો પોતાના સત્યના ઇન્કારના બદલા રૂપે પીવા માટે ઉકળતું પાણી અને પીડાકારી સજા ભોગવવા મળશે. (રુકૂઅ-૮)

૭૧. હે નબી ! તેમને પૂછો, શું અમે અલ્લાહને છોડીને તેઓને પોકારીએ જેઓ અમને ન ફાયદો પહોંચાડી શકે છે ન નુકસાન ? અને જ્યારે કે અલ્લાહ અમને સન્માર્ગ બતાવી ચૂક્યો છે, તો શું હવે અમે ઊલટા પગે પાછા ફરી જઈએ ? શું અમે અમારી હાલત તે વ્યક્તિ જેવી કરી લઈએ જેને શેતાનોએ જંગલમાં ભટકાવી દીધો હોય અને તે આકુળ-વ્યાકુળ થઈને ફરી રહ્યો હોય, જ્યારે કે તેના સાથીઓ તેને બોલાવી રહ્યા હોય કે અહીં આવ, આ સીધો માર્ગ મોજૂદ છે ? કહો, "હકીકતમાં સાચું માર્ગદર્શન તો માત્ર અલ્લાહનું જ માર્ગદર્શન છે અને તેના તરફથી અમને આ આદેશ મળ્યો છે કે સૃષ્ટિના માલિકના સામે આજ્ઞાપાલનમાં માથું ઝુકાવી દો,

૭૨. નમાઝ કાયમ કરો અને તેની અવજ્ઞાથી બચો, તેના જ સમક્ષ તમે એકઠા કરવામાં આવશો.

૭૩. તે જ છે જેણે આકાશ અને ધરતીને સત્યપૂર્વક પેદા કર્યા છે, અને જે દિવસે તે કહેશે કે હશ્ર (પ્રલય) થઈ જાય, તે જ દિવસે તે થઈ જશે. તેનું ફરમાન તદ્દન સત્ય છે, અને જે દિવસે રણશિંગું ફૂંકવામાં આવશે તે દિવસે બાદશાહી તેની જ હશે, તે અદૃશ્ય અને દૃશ્ય દરેક વસ્તુનો જાણકાર છે અને તત્ત્વદર્શી તથા બધી વસ્તુની ખબર રાખનાર છે.

૭૪. ઇબ્રાહીમનો કિસ્સો યાદ કરો જ્યારે તેણે પોતાના પિતા આઝરને કહ્યું હતું, "શું તું મૂર્તિઓને ખુદા બનાવે છે ? હું તો તને અને તારી કોમને સ્પષ્ટ પથભ્રષ્ટતામાં જોઉં છું."

૭૫. ઇબ્રાહીમને અમે આવી જ રીતે આકાશો અને ધરતીનું રાજ્ય-તંત્ર દેખાડતા હતા અને એટલા માટે દેખાડતા હતા કે તે વિશ્વાસ

الْمُوْقِنِيْنَ ﴿٧٥﴾ فَلَمَّا جَنَّ عَلَيْهِ الَّيْلُ رَاٰ كَوْكَبًا ج
قَالَ هٰذَا رَبِّيْ ج فَلَمَّآ اَفَلَ قَالَ لَآ اُحِبُّ
الْاٰفِلِيْنَ ﴿٧٦﴾ فَلَمَّا رَاَ الْقَمَرَ بَازِغًا قَالَ هٰذَا رَبِّيْ ج
فَلَمَّآ اَفَلَ قَالَ لَئِنْ لَّمْ يَهْدِنِيْ رَبِّيْ لَاَكُوْنَنَّ
مِنَ الْقَوْمِ الضَّآلِّيْنَ ﴿٧٧﴾ فَلَمَّا رَاَ الشَّمْسَ بَازِغَةً
قَالَ هٰذَا رَبِّيْ هٰذَآ اَكْبَرُ ج فَلَمَّآ اَفَلَتْ قَالَ
يٰقَوْمِ اِنِّيْ بَرِيْٓءٌ مِّمَّا تُشْرِكُوْنَ ﴿٧٨﴾ اِنِّيْ وَجَّهْتُ
وَجْهِيَ لِلَّذِيْ فَطَرَ السَّمٰوٰتِ وَ الْاَرْضَ حَنِيْفًا
وَّمَآ اَنَا مِنَ الْمُشْرِكِيْنَ ﴿٧٩﴾ ج وَحَآجَّهٗ قَوْمُهٗ ط قَالَ
اَتُحَآجُّوْٓنِّيْ فِي اللّٰهِ وَقَدْ هَدٰىنِ ط وَلَآ اَخَافُ مَا
تُشْرِكُوْنَ بِهٖٓ اِلَّآ اَنْ يَّشَآءَ رَبِّيْ شَيْئًا ط وَسِعَ رَبِّيْ
كُلَّ شَيْءٍ عِلْمًا ط اَفَلَا تَتَذَكَّرُوْنَ ﴿٨٠﴾ وَكَيْفَ
اَخَافُ مَآ اَشْرَكْتُمْ وَلَا تَخَافُوْنَ اَنَّكُمْ اَشْرَكْتُمْ
بِاللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ عَلَيْكُمْ سُلْطٰنًا ط فَاَيُّ
الْفَرِيْقَيْنِ اَحَقُّ بِالْاَمْنِ ج اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿٨١﴾ مۘ وقف لازم
اَلَّذِيْنَ اٰمَنُوْا وَلَمْ يَلْبِسُوْٓا اِيْمَانَهُمْ بِظُلْمٍ اُولٰٓئِكَ
لَهُمُ الْاَمْنُ وَهُمْ مُّهْتَدُوْنَ ﴿٨٢﴾ ع وَتِلْكَ حُجَّتُنَآ ع ۱۳/۱۵
اٰتَيْنٰهَآ اِبْرٰهِيْمَ عَلٰى قَوْمِهٖ ط نَرْفَعُ دَرَجٰتٍ مَّنْ نَّشَآءُ ط
اِنَّ رَبَّكَ حَكِيْمٌ عَلِيْمٌ ﴿٨٣﴾ وَوَهَبْنَا لَهٗٓ اِسْحٰقَ وَيَعْقُوْبَ ط منزل ٢

કરનારાઓમાંથી થઈ જાય.

૭૬. આથી જ્યારે રાત તેના પર છવાઈ તો તેણે એક તારો જોયો, કહ્યું આ મારો રબ (પ્રભુ) છે ! પરંતુ જ્યારે તે આથમી ગયો તો બોલ્યો : આથમી જનારાઓનો તો હું મોહિત નથી.

૭૭. પછી જ્યારે ચંદ્ર ચમકતો દેખાયો તો કહ્યું : આ છે મારો રબ ! પરંતુ જ્યારે તે પણ આથમી ગયો તો કહ્યું : જો મારા માલિકે મારું માર્ગદર્શન ન કર્યું હોત તો હું પણ પથભ્રષ્ટ થઈ ગયેલા લોકોમાં સામેલ થઈ ગયો હોત.

૭૮. પછી જ્યારે સૂર્યને પ્રકાશિત જોયો તો કહ્યું : આ છે મારો રબ, આ સૌથી મોટો છે ! પરંતુ જ્યારે તે પણ આથમ્યો તો ઇબ્રાહીમ પોકારી ઉઠ્યો, ''હે મારી કોમના લોકો ! હું તે બધાથી વિમુખ છું જેમને તમે અલ્લાહના ભાગીદાર ઠેરવો છો.

૭૯. મેં તો એકાગ્ર થઈને મારું મુખ તે હસ્તી તરફ કરી લીધું જેણે ધરતી અને આકાશોને પેદા કર્યા છે અને હું કદાપિ શિર્ક કરનારાઓ (અનેકેશ્વરવાદીઓ) પૈકીનો નથી.''

૮૦. તેની કોમ તેના સાથે ઝઘડો કરવા લાગી તો તેણે કોમને કહ્યું, ''શું તમે અલ્લાહની બાબતમાં મારા સાથે ઝઘડો કરો છો ? જો કે તેણે મને સન્માર્ગ બતાવી દીધો છે અને હું તમારા ઠેરવેલા ભાગીદારોથી નથી ડરતો. હા, જો મારો રબ ચાહે તો તે જરૂર બની શકે, મારા રબનું જ્ઞાન દરેક વસ્તુને આવરી લે છે. પછી શું તમે ભાનમાં નહીં આવો ?

૮૧. અને છેવટે હું તમારા ઠેરવેલા ભાગીદારોથી શા માટે ડરૂં, જ્યારે કે તમે અલ્લાહ સાથે તે વસ્તુઓને ખુદાઈ (ઈશ્વરત્વ)માં ભાગીદાર બનાવતા નથી ડરતા, જેમના માટે તેણે તમારા પર કોઈ સનંદ ઉતારી નથી ? આપણા બંને પક્ષોમાંથી કોણ વધુ નિર્ભયતા અને સંતોષનો હક્કદાર છે ? બતાવો, જો તમે કંઈ જાણતા હોવ.

૮૨. હકીકતમાં તો શાંતિ તેમના જ માટે છે અને સન્માર્ગ પર તેઓ જ છે જેઓ ઈમાન લાવ્યા અને જેમણે પોતાના ઈમાન (આસ્થા)ને જુલ્મ (અન્યાય) વડે દૂષિત કર્યું નથી.'' (રુકૂઅ-૯)

૮૩. આ હતી અમારી તે દલીલ જે અમે ઇબ્રાહીમને તેની કોમના સામે આપી. અમે જેને ઇચ્છીએ છીએ, ઉચ્ચ દરજ્જા પ્રદાન કરીએ છીએ. સત્ય એ છે કે તમારો માલિક અને પાલનહાર અત્યંત તત્ત્વદર્શી અને જાણકાર છે.

૮૪. પછી અમે ઇબ્રાહીમને ઇસ્હાક અને યાકૂબ જેવા સંતાનો આપ્યા અને

كُلًّا هَدَيْنَا ۚ وَنُوْحًا هَدَيْنَا مِنْ قَبْلُ وَمِنْ ذُرِّيَّتِهٖ دَاوٗدَ
وَسُلَيْمٰنَ وَاَيُّوْبَ وَيُوْسُفَ وَمُوْسٰى وَهٰرُوْنَ ؕ وَكَذٰلِكَ
نَجْزِي الْمُحْسِنِيْنَ ۝٨٤ وَزَكَرِيَّا وَيَحْيٰى وَعِيْسٰى وَاِلْيَاسَ ؕ
كُلٌّ مِّنَ الصّٰلِحِيْنَ ۝٨٥ وَاِسْمٰعِيْلَ وَالْيَسَعَ وَيُوْنُسَ وَ
لُوْطًا ؕ وَكُلًّا فَضَّلْنَا عَلَى الْعٰلَمِيْنَ ۝٨٦ وَمِنْ اٰبَآئِهِمْ وَ
ذُرِّيّٰتِهِمْ وَاِخْوَانِهِمْ ۚ وَاجْتَبَيْنٰهُمْ وَهَدَيْنٰهُمْ اِلٰى
صِرَاطٍ مُّسْتَقِيْمٍ ۝٨٧ ذٰلِكَ هُدَى اللّٰهِ يَهْدِيْ بِهٖ مَنْ
يَّشَآءُ مِنْ عِبَادِهٖ ؕ وَلَوْ اَشْرَكُوْا لَحَبِطَ عَنْهُمْ مَّا كَانُوْا
يَعْمَلُوْنَ ۝٨٨ اُولٰٓئِكَ الَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ وَالْحُكْمَ وَ
النُّبُوَّةَ ۚ فَاِنْ يَّكْفُرْ بِهَا هٰٓؤُلَآءِ فَقَدْ وَكَّلْنَا بِهَا قَوْمًا
لَّيْسُوْا بِهَا بِكٰفِرِيْنَ ۝٨٩ اُولٰٓئِكَ الَّذِيْنَ هَدَى اللّٰهُ فَبِهُدٰىهُمُ
اقْتَدِهْ ؕ قُلْ لَّآ اَسْئَلُكُمْ عَلَيْهِ اَجْرًا ؕ اِنْ هُوَ اِلَّا ذِكْرٰى
لِلْعٰلَمِيْنَ ۝٩٠ وَمَا قَدَرُوا اللّٰهَ حَقَّ قَدْرِهٖۤ اِذْ قَالُوْا مَآ ع ٨/١٦
اَنْزَلَ اللّٰهُ عَلٰى بَشَرٍ مِّنْ شَيْءٍ ؕ قُلْ مَنْ اَنْزَلَ الْكِتٰبَ
الَّذِيْ جَآءَ بِهٖ مُوْسٰى نُوْرًا وَّهُدًى لِّلنَّاسِ تَجْعَلُوْنَهٗ
قَرَاطِيْسَ تُبْدُوْنَهَا وَتُخْفُوْنَ كَثِيْرًا ۚ وَعُلِّمْتُمْ مَّا لَمْ
تَعْلَمُوْٓا اَنْتُمْ وَلَآ اٰبَآؤُكُمْ ؕ قُلِ اللّٰهُ ۙ ثُمَّ ذَرْهُمْ فِيْ خَوْضِهِمْ
يَلْعَبُوْنَ ۝٩١ وَهٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ مُّصَدِّقُ الَّذِيْ
بَيْنَ يَدَيْهِ وَلِتُنْذِرَ اُمَّ الْقُرٰى وَمَنْ حَوْلَهَا ؕ وَالَّذِيْنَ

દરેકને સન્માર્ગ દેખાડ્યો, (તે જ સન્માર્ગ જે) તેના પહેલાં નૂહને દેખાડ્યો હતો અને તેના જ વંશમાંથી અમે દાઊદ, સુલેમાન, ઐયૂબ, યૂસુફ, મૂસા અને હારૂનને (માર્ગદર્શન પ્રદાન કર્યું). આ રીતે અમે સત્કર્મ કરનારાઓને તેમના સત્કર્મોનો બદલો આપીએ છીએ.

૮૫. (તેના જ વંશમાંથી) ઝકરિય્યા, યાહ્યા, ઈસા અને ઇલ્યાસને (માર્ગ દેખાડ્યો). આમાંનો દરેક સદાચારી હતો.

૮૬. (તેના જ વંશમાંથી) ઇસ્માઈલ, અલ-યસઅ્ અને યૂનુસ અને લૂતને (માર્ગ દેખાડ્યો). આમાંથી દરેકને અમે દુનિયાના તમામ લોકો પર શ્રેષ્ઠતા પ્રદાન કરી.

૮૭. ઉપરાંત તેમના બાપ-દાદાઓ અને તેમના સંતાનો અને તેમના ભાઈબંધો પૈકી ઘણાને અમે નવાજ્યા, તેમને અમારી સેવા માટે ચૂંટી લીધા અને સન્માર્ગ તરફ તેમનું માર્ગદર્શન કર્યું.

૮૮. આ અલ્લાહનું માર્ગદર્શન છે, જેના વડે તે પોતાના બંદાઓ પૈકી જેનું ચાહે છે માર્ગદર્શન કરે છે. પરંતુ જો ક્યાંક તે લોકોએ શિર્ક કર્યું હોત તો તેમનું સઘળું કર્યું-કરાવ્યું નાશ પામતું.

૮૯. તે લોકો હતા, જેમને અમે ગ્રંથ અને હુકમ★ અને નબૂવ્વત (ઈશદૂતત્વ) પ્રદાન કર્યા હતા. હવે જો આ લોકો તેને માનવાનો ઈન્કાર કરે છે તો (પરવા નથી), અમે કેટલાક બીજા લોકોને આ નેઅ્મત (કૃપા) સોંપી દીધી છે જેઓ તેનો ઇન્કાર કરનારા નથી.

૯૦. હે નબી ! તે જ લોકો અલ્લાહ તરફથી માર્ગદર્શન પામેલા હતા, તેમના જ માર્ગે તમે ચાલો, અને કહી દો કે હું (આ પ્રચાર અને માર્ગદર્શનના) કાર્ય માટે તમારા પાસેથી કોઈ બદલો માગતો નથી, આ તો એક જાહેર શિખામણ છે તમામ દુનિયાવાળાઓ માટે. (રુકૂઅ-૧૦)

૯૧. આ લોકોએ અલ્લાહ વિષે ઘણો ખોટો અંદાજ બાંધ્યો, જ્યારે કહ્યું કે અલ્લાહે કોઈ મનુષ્ય પર કશું અવતરિત કર્યું નથી. તેમને પૂછો, પછી તે ગ્રંથ જે મૂસા લાવ્યો હતો, જે તમામ મનુષ્યો માટે પ્રકાશ અને માર્ગદર્શન હતો, જેને ટુકડે-ટુકડે કરી રાખો છો, કેટલુંક દેખાડો છો અને ઘણું-ખરું છૂપાવી દો છો, અને જેના વડે તમને તે જ્ઞાન આપવામાં આવ્યું, જે ન તમને પ્રાપ્ત હતું, ન તમારા બાપ-દાદાઓને, છેવટે તેનો ઉતારનાર કોણ હતો ? — બસ આટલું કહી દો કે અલ્લાહ ! પછી તેમને તેમની દલીલબાજીઓ સાથે રમવા માટે છોડી દો.

૯૨. (તે જ ગ્રંથના જેવો જ) આ એક ગ્રંથ છે જે અમે ઉતાર્યો છે, ઘણી ભલાઈ અને બરકતવાળો છે, તે વસ્તુની પુષ્ટિ કરે છે જે આના પહેલા આવી હતી અને એટલા માટે ઉતારવામાં આવ્યો છે કે તેના વડે તમે વસ્તીઓના આ

★ અર્થાત્ દિવ્ય-ગ્રંથની સાચી સમજ અને તેના નિયમોને જીવનના મામલાઓ પર લાગુ કરવાની ક્ષમતા અને જીવન-સમસ્યાઓમાં નિર્ણાયક મત બનાવવાની ઈશ્વરદત્ત યોગ્યતા.

يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ يُؤْمِنُوْنَ بِهٖ وَهُمْ عَلٰى صَلَاتِهِمْ
يُحَافِظُوْنَ ﴿٩٢﴾ وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا
اَوْ قَالَ اُوْحِيَ اِلَيَّ وَلَمْ يُوْحَ اِلَيْهِ شَيْءٌ وَّمَنْ قَالَ سَاُنْزِلُ
مِثْلَ مَآ اَنْزَلَ اللّٰهُ ط وَلَوْ تَرٰٓى اِذِ الظّٰلِمُوْنَ فِيْ غَمَرٰتِ
الْمَوْتِ وَالْمَلٰٓئِكَةُ بَاسِطُوْٓا اَيْدِيْهِمْ ج اَخْرِجُوْٓا اَنْفُسَكُمْ ط
اَلْيَوْمَ تُجْزَوْنَ عَذَابَ الْهُوْنِ بِمَا كُنْتُمْ تَقُوْلُوْنَ عَلَى
اللّٰهِ غَيْرَ الْحَقِّ وَكُنْتُمْ عَنْ اٰيٰتِهٖ تَسْتَكْبِرُوْنَ ﴿٩٣﴾ وَلَقَدْ
جِئْتُمُوْنَا فُرَادٰى كَمَا خَلَقْنٰكُمْ اَوَّلَ مَرَّةٍ وَّتَرَكْتُمْ
مَّا خَوَّلْنٰكُمْ وَرَآءَ ظُهُوْرِكُمْ ج وَمَا نَرٰى مَعَكُمْ شُفَعَآءَكُمُ
الَّذِيْنَ زَعَمْتُمْ اَنَّهُمْ فِيْكُمْ شُرَكٰٓؤُا ط لَقَدْ تَّقَطَّعَ بَيْنَكُمْ
وَضَلَّ عَنْكُمْ مَّا كُنْتُمْ تَزْعُمُوْنَ ﴿٩٤﴾ ع اِنَّ اللّٰهَ فَالِقُ الْحَبِّ ع ١١/١٧
وَالنَّوٰى ط يُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَمُخْرِجُ الْمَيِّتِ مِنَ
الْحَيِّ ط ذٰلِكُمُ اللّٰهُ فَاَنّٰى تُؤْفَكُوْنَ ﴿٩٥﴾ فَالِقُ الْاِصْبَاحِ ج وَ
جَعَلَ الَّيْلَ سَكَنًا وَّالشَّمْسَ وَالْقَمَرَ حُسْبَانًا ط ذٰلِكَ
تَقْدِيْرُ الْعَزِيْزِ الْعَلِيْمِ ﴿٩٦﴾ وَهُوَ الَّذِيْ جَعَلَ لَكُمُ النُّجُوْمَ
لِتَهْتَدُوْا بِهَا فِيْ ظُلُمٰتِ الْبَرِّ وَالْبَحْرِ ط قَدْ فَصَّلْنَا الْاٰيٰتِ
لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿٩٧﴾ وَهُوَ الَّذِيْٓ اَنْشَاَكُمْ مِّنْ نَّفْسٍ
وَّاحِدَةٍ فَمُسْتَقَرٌّ وَّمُسْتَوْدَعٌ ط قَدْ فَصَّلْنَا الْاٰيٰتِ لِقَوْمٍ
يَّفْقَهُوْنَ ﴿٩٨﴾ وَهُوَ الَّذِيْٓ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً ج فَاَخْرَجْنَا

કેન્દ્રસ્થાન (મક્કા) અને તેના આસપાસ રહેવાવાળાઓને ચેતવો. જે લોકો આખિરતમાં માને છે, તેઓ આ ગ્રંથ પર ઈમાન લાવે છે અને તેમની હાલત એ છે કે પોતાની નમાઝોની પાબંદી કરે છે.

૯૩. અને તે વ્યક્તિ કરતાં મોટો અત્યાચારી બીજો કોણ હશે જે અલ્લાહ પર જૂઠી તહોમત મૂકે અથવા કહે કે મારા પર વહી આવી છે, જો કે તેના પર કોઈ વહી ઉતારવામાં ન આવી હોય, અથવા જે અલ્લાહની અવતરિત કરેલી વસ્તુના મુકાબલામાં કહે કે હું પણ આવી વસ્તુ ઉતારીને દેખાડી દઈશ? કદાચ, તમે તે અત્યાચારીઓને એ હાલતમાં જોઈ શકો જ્યારે કે તેઓ મૃત્યુના કષ્ટમાં ડુબકીઓ ખાઈ રહ્યા હોય છે અને ફરિશ્તાઓ હાથ લંબાવી-લંબાવીને કહી રહ્યા હોય છે કે ''લાવો, કાઢો પોતાના પ્રાણ, આજે તમને તે વાતોના બદલામાં અપમાનજનક યાતના આપવામાં આવશે જે તમે અલ્લાહ પર જૂઠ ઘડીને નાહક બકતા હતા અને તેની આયતો વિરુધ્ધ વિદ્રોહ કરતા હતા.''

૯૪. (અને અલ્લાહ ફરમાવશે) ''લો, હવે તમે એવા જ એકલા અમારા સામે હાજર થઈ ગયા જેવા અમે તમને પહેલી વાર એકલા પેદા કર્યા હતા, જે કંઈ અમે દુનિયામાં તમને આપ્યું હતું તે બધું તમે પાછળ મૂકી આવ્યા છો, અને હવે અમે તમારા સાથે તમારા તે ભલામણકર્તાઓને પણ જોતા નથી જેમના વિષે તમે સમજતા હતા કે તમારા કામ પાર પાડવામાં તેમનો પણ કોઈ હિસ્સો છે, તમારા પરસ્પરના બધા સંપર્કો તૂટી ગયા અને તે સૌ તમને છોડી ગયા જેમનો તમે ભરોસો કરતા હતા.'' (રુકૂઅ-૧૧)

૯૫. દાણા અને ઠળિયાને ફાડનાર અલ્લાહ છે, તે જ સજીવને નિર્જીવમાંથી કાઢે છે અને તે જ નિર્જીવને સજીવમાંથી કાઢનાર છે. આ સર્વ કામો કરનાર તો અલ્લાહ છે, પછી તમે ક્યાં બહેકતા જઈ રહ્યા છો?

૯૬. રાત્રિના પડદાને ચીરીને તે જ પ્રભાત કાઢે છે, તેણે જ રાત્રિને શાંતિનો સમય બનાવ્યો છે. તેણે જ ચંદ્ર અને સૂર્યના ઉદય અને અસ્તનો હિસાબ નક્કી કર્યો છે. આ બધું તે જ પ્રભુત્વશાળી સમર્થ અને જાણકારની ઠરાવેલી યોજના છે.

૯૭. અને તે જ છે જેણે તમારા માટે તારાઓને ભૂમિ અને સમુદ્રના અંધારાઓમાં રસ્તો જાણવાના સાધન બનાવ્યા. જુઓ, અમે નિશાનીઓ ખોલી-ખોલીને વર્ણવી દીધી છે, તે લોકો માટે જેઓ જ્ઞાન ધરાવે છે.

૯૮. અને તે જ છે જેણે એક જીવમાંથી તમને પેદા કર્યા, પછી દરેકને માટે એક રોકાવાનું સ્થળ છે અને એક તેની સોંપણીની જગ્યા. આ નિશાનીઓ અમે સ્પષ્ટ કરી દીધી છે તે લોકો માટે જેઓ સમજબૂઝ ધરાવે છે.

૯૯. અને તે જ છે જેણે આકાશમાંથી પાણી વરસાવ્યું, પછી તેના વડે દરેક પ્રકારની વનસ્પતિ ઉગાડી, પછી તેનાથી હરિયાળા ખેતરો અને વૃક્ષો

بِهٖ نَبَاتَ كُلِّ شَيْءٍ فَاَخْرَجْنَا مِنْهُ خَضِرًا نُّخْرِجُ مِنْهُ
حَبًّا مُّتَرَاكِبًا ۚ وَمِنَ النَّخْلِ مِنْ طَلْعِهَا قِنْوَانٌ دَانِيَةٌ
وَّجَنّٰتٍ مِّنْ اَعْنَابٍ وَّالزَّيْتُوْنَ وَالرُّمَّانَ مُشْتَبِهًا
وَّغَيْرَ مُتَشَابِهٍ ؕ اُنْظُرُوْٓا اِلٰى ثَمَرِهٖٓ اِذَآ اَثْمَرَ وَيَنْعِهٖ ؕ
اِنَّ فِيْ ذٰلِكُمْ لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٩٩﴾ وَجَعَلُوْا لِلّٰهِ
شُرَكَآءَ الْجِنَّ وَخَلَقَهُمْ وَخَرَقُوْا لَهٗ بَنِيْنَ وَ بَنٰتٍۢ
بِغَيْرِ عِلْمٍ ؕ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يَصِفُوْنَ ﴿١٠٠﴾ بَدِيْعُ السَّمٰوٰتِ ع ١٢/٦ ١٨
وَالْاَرْضِ ؕ اَنّٰى يَكُوْنُ لَهٗ وَلَدٌ وَّلَمْ تَكُنْ لَّهٗ صَاحِبَةٌ ؕ
وَخَلَقَ كُلَّ شَيْءٍ ۚ وَهُوَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿١٠١﴾ ذٰلِكُمُ اللّٰهُ
رَبُّكُمْ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ خَالِقُ كُلِّ شَيْءٍ فَاعْبُدُوْهُ ۚ وَهُوَ
عَلٰى كُلِّ شَيْءٍ وَّكِيْلٌ ﴿١٠٢﴾ لَا تُدْرِكُهُ الْاَبْصَارُ ز وَهُوَ يُدْرِكُ
الْاَبْصَارَ ۚ وَهُوَ اللَّطِيْفُ الْخَبِيْرُ ﴿١٠٣﴾ قَدْ جَآءَكُمْ بَصَآئِرُ مِنْ
رَّبِّكُمْ ۚ فَمَنْ اَبْصَرَ فَلِنَفْسِهٖ ۚ وَمَنْ عَمِيَ فَعَلَيْهَا ؕ
وَمَآ اَنَا عَلَيْكُمْ بِحَفِيْظٍ ﴿١٠٤﴾ وَكَذٰلِكَ نُصَرِّفُ الْاٰيٰتِ وَ
لِيَقُوْلُوْا دَرَسْتَ وَلِنُبَيِّنَهٗ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿١٠٥﴾ اِتَّبِعْ مَآ
اُوْحِيَ اِلَيْكَ مِنْ رَّبِّكَ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ وَاَعْرِضْ عَنِ
الْمُشْرِكِيْنَ ﴿١٠٦﴾ وَلَوْ شَآءَ اللّٰهُ مَآ اَشْرَكُوْا ؕ وَمَا جَعَلْنٰكَ
عَلَيْهِمْ حَفِيْظًا ۚ وَمَآ اَنْتَ عَلَيْهِمْ بِوَكِيْلٍ ﴿١٠٧﴾ وَلَا تَسُبُّوا
الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ فَيَسُبُّوا اللّٰهَ عَدْوًاۢ بِغَيْرِ

પેદા કર્યા, પછી તેમાંથી પડ ઉપર પડ ચઢેલા દાણા કાઢ્યા અને ખજૂરની ડાળીઓમાંથી ફળોના ઝૂમખા-ને-ઝૂમખા પેદા કર્યા જે ભારથી લચી પડે છે, અને દ્રાક્ષ, જૈતૂન અને અનારના બાગ ઉગાડ્યા, જેમના ફળ એક-બીજાને મળતા પણ છે અને પાછાં દરેકના ગુણ પણ જુદા-જુદા છે. આ વૃક્ષો પર જ્યારે ફળ આવે છે તો તેમાં ફળ આવવા અને પછી તેમના પાકવાની સ્થિતિને જરા ધ્યાનપૂર્વક જુઓ, આ વસ્તુઓમાં નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ઈમાન લાવે છે.

૧૦૦. તેમ છતાં પણ લોકોએ જિન્નાતોને અલ્લાહના ભાગીદાર ઠેરવી દીધા, જો કે તે એમનો પેદા કરનાર છે, અને કંઈ પણ જાણ્યા-કર્યા વિના તેના માટે પુત્રો અને પુત્રીઓ ઉપજાવી કાઢી, જો કે તે પવિત્ર અને ઉચ્ચતર છે તે વાતોથી જે આ લોકો કહે છે. (રુકૂઅ-૧૨)

૧૦૧. તે તો આકાશો અને ધરતીનો નિર્માતા છે. તેનો કોઈ પુત્ર કેવી રીતે હોઈ શકે છે, જ્યારે કે તેનો કોઈ જીવનસાથી જ નથી ! તેણે દરેક વસ્તુને પેદા કરી છે અને તે દરેક વસ્તુનું જ્ઞાન ધરાવે છે.

૧૦૨. આ છે અલ્લાહ તમારો રબ (માલિક અને પાલનહાર), કોઈ ખુદા તેના સિવાય નથી, દરેક વસ્તુનો પેદા કરનાર, તેથી તમે તેની જ ઉપાસના કરો અને તે દરેક વસ્તુનો પોષક અને પાલક છે.

૧૦૩. દૃષ્ટિ તેને પામી શકતી નથી અને તે દૃષ્ટિઓને પામી જાય છે, તે અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિવાળો અને સુમાહિતગાર છે.

૧૦૪. જુઓ, તમારા પાસે તમારા રબ તરફથી બુદ્ધિમત્તાનો પ્રકાશ આવી ગયો છે, હવે જે સમજદારીનો ઉપયોગ કરશે તે પોતાનું જ ભલું કરશે અને જે આંધળો બનશે, પોતે જ નુકસાન ભોગવશે. હું તમારા પર કોઈ નિરીક્ષક નથી.

૧૦૫. આ રીતે અમે અમારી આયતોને વારંવાર જુદી-જુદી રીતે વર્ણવીએ છીએ અને એટલા માટે વર્ણવીએ છીએ કે આ લોકો કહે, "તમે કોઈના પાસેથી ભણીને આવ્યા છો," અને જે લોકો જ્ઞાન ધરાવે છે તેમના પર અમે હકીકતને સ્પષ્ટ કરી દઈએ.

૧૦૬. હે નબી ! તે વહીનું અનુસરણ કરતા રહો જે તમારા પર તમારા રબ (માલિક અને પાલનહાર) તરફથી અવતરિત થઈ છે, કારણ કે તે એક રબ સિવાય કોઈ અન્ય ઉપાસ્ય નથી અને આ મુશ્રિકોની પાછળ ન પડો.

૧૦૭. જો અલ્લાહની ઈચ્છા હોત તો (તે પોતે એવી વ્યવસ્થા કરી શકતો હતો કે) આ લોકો શિર્ક ન કરતા. તમને અમે તેમના ઉપર રખેવાળ નીમ્યા નથી અને ન તો તમે તેમના માટે જવાબદાર છો.

૧૦૮. અને (હે મુસલમાનો !) આ લોકો અલ્લાહ સિવાય જેમને પોકારે છે, તેમને અપશબ્દો ન કહો, ક્યાંક એવું ન થાય કે આ લોકો શિર્ક

عِلْمٍ ۗ كَذٰلِكَ زَيَّنَّا لِكُلِّ اُمَّةٍ عَمَلَهُمْ ۠ ثُمَّ اِلٰى رَبِّهِمْ
مَّرْجِعُهُمْ فَيُنَبِّئُهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٠٨﴾ وَاَقْسَمُوْا بِاللّٰهِ
جَهْدَ اَيْمَانِهِمْ لَئِنْ جَآءَتْهُمْ اٰيَةٌ لَّيُؤْمِنُنَّ بِهَا ۗ قُلْ
اِنَّمَا الْاٰيٰتُ عِنْدَ اللّٰهِ وَمَا يُشْعِرُكُمْ ۙ اَنَّهَآ اِذَا جَآءَتْ
لَا يُؤْمِنُوْنَ ﴿١٠٩﴾ وَنُقَلِّبُ اَفْـِٕدَتَهُمْ وَاَبْصَارَهُمْ كَمَا لَمْ
يُؤْمِنُوْا بِهٖۤ اَوَّلَ مَرَّةٍ وَّنَذَرُهُمْ فِيْ طُغْيَانِهِمْ يَعْمَهُوْنَ ﴿١١٠﴾ ع
وَلَوْ اَنَّنَا نَزَّلْنَآ اِلَيْهِمُ الْمَلٰٓئِكَةَ وَكَلَّمَهُمُ الْمَوْتٰى
وَحَشَرْنَا عَلَيْهِمْ كُلَّ شَيْءٍ قُبُلًا مَّا كَانُوْا لِيُؤْمِنُوْٓا
اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ وَلٰكِنَّ اَكْثَرَهُمْ يَجْهَلُوْنَ ﴿١١١﴾
وَكَذٰلِكَ جَعَلْنَا لِكُلِّ نَبِيٍّ عَدُوًّا شَيٰطِيْنَ الْاِنْسِ
وَالْجِنِّ يُوْحِيْ بَعْضُهُمْ اِلٰى بَعْضٍ زُخْرُفَ الْقَوْلِ
غُرُوْرًا ۗ وَلَوْ شَآءَ رَبُّكَ مَا فَعَلُوْهُ فَذَرْهُمْ وَمَا يَفْتَرُوْنَ ﴿١١٢﴾
وَلِتَصْغٰٓى اِلَيْهِ اَفْـِٕدَةُ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ
وَلِيَرْضَوْهُ وَلِيَقْتَرِفُوْا مَا هُمْ مُّقْتَرِفُوْنَ ﴿١١٣﴾ اَفَغَيْرَ
اللّٰهِ اَبْتَغِيْ حَكَمًا وَّهُوَ الَّذِيْٓ اَنْزَلَ اِلَيْكُمُ
الْكِتٰبَ مُفَصَّلًا ۗ وَالَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ
يَعْلَمُوْنَ اَنَّهٗ مُنَزَّلٌ مِّنْ رَّبِّكَ بِالْحَقِّ فَلَا تَكُوْنَنَّ
مِنَ الْمُمْتَرِيْنَ ﴿١١٤﴾ وَتَمَّتْ كَلِمَتُ رَبِّكَ صِدْقًا وَّ
عَدْلًا ۗ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ۚ وَهُوَ السَّمِيْعُ

(અનેકેશ્વરવાદ)થી આગળ વધીને અજ્ઞાનતાના કારણે અલ્લાહને અપશબ્દો કહેવા લાગે. અમે તો આવી જ રીતે દરેક જૂથ માટે તેના કર્મોને મોહક બનાવી દીધા છે, પછી તેમને પોતાના રબના જ તરફ પાછા ફરવાનું છે, તે વખતે તે તેમને બતાવી દેશે કે તેઓ શું કરતા રહ્યા છે.

૧૦૯. આ લોકો મોટીમોટી સોગંદો ખાઈને કહે છે કે જો કોઈ નિશાની (મો'જિઝો-ચમત્કાર) અમારા સામે આવી જાય તો અમે તેના પર ઈમાન લઈ આવીશું. હે નબી! તેમને કહો, ''નિશાનીઓ તો અલ્લાહના અખત્યારમાં છે'' અને તમને કેવી રીતે સમજાવવામાં આવે કે જો નિશાનીઓ આવી પણ જાય તો આ લોકો ઈમાન લાવવાના નથી.

૧૧૦. અમે તે જ રીતે તેમના હૃદયો અને આંખોને ફેરવી રહ્યા છીએ જેવી રીતે તેઓ પહેલી વખત આ (ગ્રંથ) પર ઈમાન લાવ્યા ન હતા. અમે તેમને તેમના વિદ્રોહમાં જ ભટકવા છોડી દઈએ છીએ. (રુકૂઅ-૧૩)

૧૧૧. જો અમે ફરિશ્તાઓ પણ તેમના પર ઉતારી દેતા અને મડદાં તેમના સાથે વાતો કરતા અને દુનિયાભરની વસ્તુઓ અમે તેમની આંખો સમક્ષ એકઠી કરી દેતા તો પણ તેઓ ઈમાન લાવવાના ન હતા, સિવાય કે અલ્લાહની ઇચ્છા એ જ હોય (કે તેઓ ઈમાન લઈ આવે) પરંતુ ઘણાંખરા લોકો નાસમજીની વાતો કરે છે.

૧૧૨. અને અમે તો આવી જ રીતે હંમેશાં શેતાન- મનુષ્યો અને શેતાન-જિન્નાતોને દરેક પયગંબરના દુશ્મન બનાવ્યા છે જેઓ આકર્ષક વાતો ધોખો આપવા અને છેતરવા માટે એકબીજાના મનમાં નાખતા રહ્યા છે. જો તમારા રબે આ જ ચાહ્યું હોત કે તેઓ આવું ન કરે તો તેઓ કદાપિ આવું ન કરતા. તો તમે તેમને તેમની હાલત પર છોડી દો જેથી તેઓ જૂઠી વાતો ઘડવાનું કામ કરતા રહે.

૧૧૩. (આ બધું અમે તેમને એટલા માટે કરવા દઈએ છીએ કે) જે લોકો આખિરત પર ઈમાન ધરાવતા નથી તેમના હૃદય આ (આકર્ષક ધોખા) તરફ વળે અને તેઓ તેનાથી ખુશ થઈ જાય અને તે બૂરાઈઓની કમાણી કરે જેની કમાણી તેઓ કરવા ચાહે છે –

૧૧૪. હવે જ્યારે આ હાલત છે તો શું હું અલ્લાહ સિવાય કોઈ બીજો નિર્ણય કરનાર શોધું, જો કે તેણે વિસ્તારપૂર્વક તમારા તરફ ગ્રંથ અવતરિત કરી દીધો છે? અને જે લોકોને અમે (તમારા પહેલાં) ગ્રંથ આપ્યો હતો, તેઓ જાણે છે કે આ ગ્રંથ તમારા રબના જ તરફથી સત્ય સાથે અવતરિત થયો છે, તેથી તમે શંકા કરનારાઓમાં સામેલ ન થાવ.

૧૧૫. તમારા રબની વાત સત્ય અને ન્યાયની દૃષ્ટિએ પૂર્ણ છે, કોઈ તેના ફરમાનોને બદલનાર નથી અને તે બધું જ સાંભળે છે અને જાણે છે.

الْعَلِيْمُ ﴿١١٥﴾ وَاِنْ تُطِعْ اَكْثَرَ مَنْ فِي الْاَرْضِ
يُضِلُّوْكَ عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ اِنْ يَّتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ
وَاِنْ هُمْ اِلَّا يَخْرُصُوْنَ ﴿١١٦﴾ اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ
مَنْ يَّضِلُّ عَنْ سَبِيْلِهٖ ۚ وَهُوَ اَعْلَمُ بِالْمُهْتَدِيْنَ ﴿١١٧﴾
فَكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ اِنْ كُنْتُمْ بِاٰيٰتِهٖ
مُؤْمِنِيْنَ ﴿١١٨﴾ وَمَا لَكُمْ اَلَّا تَاْكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ
اللّٰهِ عَلَيْهِ وَقَدْ فَصَّلَ لَكُمْ مَّا حَرَّمَ عَلَيْكُمْ اِلَّا
مَا اضْطُرِرْتُمْ اِلَيْهِ ؕ وَاِنَّ كَثِيْرًا لَّيُضِلُّوْنَ بِاَهْوَآئِهِمْ
بِغَيْرِ عِلْمٍ ؕ اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ بِالْمُعْتَدِيْنَ ﴿١١٩﴾
وَذَرُوْا ظَاهِرَ الْاِثْمِ وَبَاطِنَهٗ ؕ اِنَّ الَّذِيْنَ يَكْسِبُوْنَ
الْاِثْمَ سَيُجْزَوْنَ بِمَا كَانُوْا يَقْتَرِفُوْنَ ﴿١٢٠﴾ وَلَا تَاْكُلُوْا
مِمَّا لَمْ يُذْكَرِ اسْمُ اللّٰهِ عَلَيْهِ وَاِنَّهٗ لَفِسْقٌ ؕ وَاِنَّ
الشَّيٰطِيْنَ لَيُوْحُوْنَ اِلٰٓى اَوْلِيٰٓئِهِمْ لِيُجَادِلُوْكُمْ ۚ وَاِنْ
اَطَعْتُمُوْهُمْ اِنَّكُمْ لَمُشْرِكُوْنَ ﴿١٢١﴾ ع اَوَمَنْ كَانَ مَيْتًا ع ١٤
فَاَحْيَيْنٰهُ وَجَعَلْنَا لَهٗ نُوْرًا يَّمْشِيْ بِهٖ فِي النَّاسِ
كَمَنْ مَّثَلُهٗ فِي الظُّلُمٰتِ لَيْسَ بِخَارِجٍ مِّنْهَا ؕ
كَذٰلِكَ زُيِّنَ لِلْكٰفِرِيْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢٢﴾ وَكَذٰلِكَ
جَعَلْنَا فِيْ كُلِّ قَرْيَةٍ اَكٰبِرَ مُجْرِمِيْهَا لِيَمْكُرُوْا فِيْهَا ؕ
وَمَا يَمْكُرُوْنَ اِلَّا بِاَنْفُسِهِمْ وَمَا يَشْعُرُوْنَ ﴿١٢٣﴾ وَاِذَا منزل ٢

૧૧૬. અને હે નબી ! જો તમે તેમના બહુમતિ લોકોના કહેવા પર ચાલો જેઓ ધરતી ઉપર વસે છે, તો તેઓ તમને અલ્લાહના માર્ગથી ભટકાવી દેશે. તેઓ તો માત્ર કલ્પનાઓ પર ચાલે છે અને અટકળો કરે છે.

૧૧૭. હકીકતમાં તમારો રબ વધુ સારી રીતે જાણે છે કે કોણ તેના માર્ગથી હટી ગયેલો છે અને કોણ સીધા માર્ગ ઉપર છે.

૧૧૮. પછી જો તમે લોકો અલ્લાહની આયતો પર ઈમાન ધરાવો છો તો જે પશુ પર અલ્લાહનું નામ લેવામાં આવ્યું હોય તેનું માંસ ખાઓ.

૧૧૯. એવું તો શું કારણ છે કે તમે તે વસ્તુ ન ખાઓ જેના પર અલ્લાહનું નામ લેવામાં આવ્યું હોય ? જો કે જે વસ્તુઓનો ઉપયોગ મજબૂરીની હાલત સિવાય બીજી તમામ પરિસ્થિતિઓમાં અલ્લાહે હરામ (અવૈધ) ઠેરવી દીધો છે, તેમની વિગતો તે તમને બતાવી ચૂક્યો છે. મોટાભાગના લોકોની હાલત એ છે કે જ્ઞાન વિના માત્ર પોતાની ઈચ્છાઓના આધારે પથભ્રષ્ટ કરનારી વાતો કરે છે. આ હદથી વધી જનારાઓને તમારો રબ બરાબર જાણે છે.

૧૨૦. તમે ખુલ્લા ગુનાઓથી પણ બચો અને છૂપા ગુનાઓથી પણ, જે લોકો ગુનાઓની કમાણી કરે છે, તેઓ પોતાની આ કમાણીનો બદલો પામીને રહેશે.

૧૨૧. અને જે પશુ અલ્લાહનું નામ લઈને ઝબેહ કરવામાં આવ્યું ન હોય તેનું માંસ ન ખાઓ, આવું કરવું ફિસ્ક (અવજ્ઞા) છે. શેતાન પોતાના સાથીઓના હૃદયોમાં શંકાઓ અને વાંધાઓ નાખે છે, જેથી તેઓ તમારા સાથે ઝઘડો કરે. પરંતુ જો તમે તેમની વાત માની લીધી તો નિઃશંક તમે મુશ્રિક (અનેકેશ્વરવાદી) છો. (રુકૂઅ-૧૪)

૧૨૨. શું તે વ્યક્તિ જે પહેલાં મૃત હતી, પછી અમે તેને જીવન પ્રદાન કર્યું અને તેને આ પ્રકાશ પ્રદાન કર્યો જેના અજવાળામાં તે લોકોના વચ્ચે જીવનનો માર્ગ પસાર કરે છે, તે વ્યકિત જેવી હોઈ શકે છે જે અંધારાઓમાં પડેલી હોય અને કોઈ રીતે એમાંથી નીકળતી ન હોય ? કાફિરો (ઇન્કાર કરનારાઓ) માટે તો આવી જ રીતે તેમના કાર્યો મોહક બનાવી દેવામાં આવ્યા છે,

૧૨૩. અને આવી જ રીતે અમે દરેક વસ્તીમાં તેમના મોટા-મોટા અપરાધીઓને લગાડી દીધા છે કે ત્યાં પોતાના છળકપટની જાળ ફેલાવે. હકીકતમાં તેઓ પોતાના છળકપટની જાળમાં પોતે જ ફસાય છે, પરંતુ તેમને તેનું ભાન નથી.

جَآءَتْهُمْ اٰيَةٌ قَالُوْا لَنْ نُّؤْمِنَ حَتّٰى نُؤْتٰى مِثْلَ مَآ
وقف نبی / وقف لازم اُوْتِيَ رُسُلُ اللّٰهِ ؕۘ اَللّٰهُ اَعْلَمُ حَيْثُ يَجْعَلُ رِسَالَتَهٗ ؕ
سَيُصِيْبُ الَّذِيْنَ اَجْرَمُوْا صَغَارٌ عِنْدَ اللّٰهِ وَعَذَابٌ
شَدِيْدٌۢ بِمَا كَانُوْا يَمْكُرُوْنَ ﴿١٢٤﴾ فَمَنْ يُّرِدِ اللّٰهُ اَنْ
يَّهْدِيَهٗ يَشْرَحْ صَدْرَهٗ لِلْاِسْلَامِ ۚ وَمَنْ يُّرِدْ اَنْ
يُّضِلَّهٗ يَجْعَلْ صَدْرَهٗ ضَيِّقًا حَرَجًا كَاَنَّمَا يَصَّعَّدُ
فِي السَّمَآءِ ؕ كَذٰلِكَ يَجْعَلُ اللّٰهُ الرِّجْسَ عَلَى الَّذِيْنَ
لَا يُؤْمِنُوْنَ ﴿١٢٥﴾ وَهٰذَا صِرَاطُ رَبِّكَ مُسْتَقِيْمًا ؕ
قَدْ فَصَّلْنَا الْاٰيٰتِ لِقَوْمٍ يَّذَّكَّرُوْنَ ﴿١٢٦﴾ لَهُمْ دَارُ
السَّلٰمِ عِنْدَ رَبِّهِمْ وَهُوَ وَلِيُّهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢٧﴾
وَيَوْمَ يَحْشُرُهُمْ جَمِيْعًا ۚ يٰمَعْشَرَ الْجِنِّ قَدِ اسْتَكْثَرْتُمْ
مِّنَ الْاِنْسِ ۚ وَقَالَ اَوْلِيٰٓؤُهُمْ مِّنَ الْاِنْسِ رَبَّنَا
اسْتَمْتَعَ بَعْضُنَا بِبَعْضٍ وَّبَلَغْنَآ اَجَلَنَا الَّذِيْٓ
اَجَّلْتَ لَنَا ؕ قَالَ النَّارُ مَثْوٰىكُمْ خٰلِدِيْنَ فِيْهَآ اِلَّا
مَا شَآءَ اللّٰهُ ؕ اِنَّ رَبَّكَ حَكِيْمٌ عَلِيْمٌ ﴿١٢٨﴾ وَكَذٰلِكَ
ع ١٥ / ٨ / ٢ نُوَلِّيْ بَعْضَ الظّٰلِمِيْنَ بَعْضًۢا بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿١٢٩﴾ ع
يٰمَعْشَرَ الْجِنِّ وَالْاِنْسِ اَلَمْ يَاْتِكُمْ رُسُلٌ مِّنْكُمْ
يَقُصُّوْنَ عَلَيْكُمْ اٰيٰتِيْ وَيُنْذِرُوْنَكُمْ لِقَآءَ يَوْمِكُمْ
منزل ٢ هٰذَا ؕ قَالُوْا شَهِدْنَا عَلٰٓى اَنْفُسِنَا وَغَرَّتْهُمُ

૧૨૪. જ્યારે તેમના સામે કોઈ આયત આવે છે તો તેઓ કહે છે, ''અમે માનીશું નહીં જ્યાં સુધી તે વસ્તુ અમને પોતાને આપવામાં ન આવે જે અલ્લાહના પયગંબરોને આપવામાં આવી છે.'' અલ્લાહ વધુ સારી રીતે જાણે છે કે પોતાની પયગંબરીનું કામ કોના પાસેથી લે અને કઈ રીતે લે. નજીક છે તે સમય જ્યારે આ ગુનેગારો પોતાની ચાલબાજીઓના બદલામાં અલ્લાહને ત્યાં અપમાન અને સખત યાતના ભોગવશે.

૧૨૫. તો (આ હકીકત છે કે) જેને અલ્લાહ માર્ગદર્શન આપવાનો ઇરાદો કરે છે, તેની છાતી (હૃદય) ઇસ્લામ માટે ખોલી દે છે અને જેને પથભ્રષ્ટતામાં નાખવાનો ઇરાદો કરે છે તેની છાતીને તંગ કરી દે છે અને એવી ભીંસમાં લે છે કે (ઇસ્લામનો વિચાર કરતાં જ) તેને એવું લાગવા માંડે છે જાણે તેનો જીવ આકાશ તરફ ઊડી જઈ રહ્યો છે. આ રીતે અલ્લાહ (સત્યથી દૂર ભાગવાની અને ધૃણાની) ગંદકી તે લોકો પર થોપી દે છે જેઓ ઈમાન નથી લાવતા,

૧૨૬. જો કે આ રસ્તો તમારા રબનો સીધો રસ્તો છે અને તેની નિશાનીઓ તે લોકો માટે સ્પષ્ટ કરી દેવામાં આવી છે જેઓ શિખામણ સ્વીકારે છે.

૧૨૭. તેમના રબના પાસે તેમના માટે સલામતીનું ઘર છે અને તે તેમનો સંરક્ષક છે, તે સારા વર્તનને કારણે જે તેમણે અપનાવ્યું.

૧૨૮. જે દિવસે અલ્લાહ તે સૌ લોકોને ઘેરીને એકત્ર કરશે, તે દિવસે તે જિન્નાતો (અર્થાત્ શેતાન જિન્નાતો)ને ઉદ્દેશીને ફરમાવશે, ''હે જિન્નાતોના જૂથ ! તમે તો માનવ-જાતનું ખૂબ શોષણ કર્યું.'' મનુષ્યોમાંથી જેઓ તેમના મિત્રો હતા તેઓ કહેશે, ''પાલનહાર ! અમારામાંથી દરેકે એક-બીજાનું ખૂબ જ શોષણ કર્યું છે, અને હવે અમે તે સમય પર પહોંચી ગયા છીએ જે તે અમારા માટે ઠેરવી દીધો હતો.'' અલ્લાહ ફરમાવશે, ''સારું, હવે આગ તમારું ઠેકાણું છે, તેમાં તમે હંમેશાં રહેશો.'' તેનાથી બચશે માત્ર તે જ લોકો જેમને અલ્લાહ બચાવવા માગશે, નિઃશંક તમારો રબ તત્ત્વદર્શી અને સર્વજ્ઞ છે.

૧૨૯. જુઓ, આવી રીતે અમે (આખિરતમાં) અત્યાચારીઓને એકબીજાના સાથીદાર બનાવીશું તે કમાણીના કારણે જે તેઓ (દુનિયામાં એકબીજાના સાથે મળીને) કરતા હતા. (રુકૂઅ-૧૫)

૧૩૦. (તે વખતે અલ્લાહ તેમને એ પણ પૂછશે કે), ''હે જિન્નાતો અને મનુષ્યોના જૂથ ! શું તમારા પાસે તમારા પોતાનામાંથી એવા રસૂલ આવ્યા ન હતા, જે તમને મારી આયતો સંભળાવતા હતા અને આ દિવસના અંજામથી ડરાવતા હતા ?'' તેઓ કહેશે, ''હા, અમે અમારા વિરુધ્ધ સ્વયં સાક્ષી આપીએ છીએ.'' આજે દુનિયાની જિંદગીએ આ

الْحَيٰوةُ الدُّنْيَا وَشَهِدُوْا عَلٰٓى اَنْفُسِهِمْ اَنَّهُمْ كَانُوْا
كٰفِرِيْنَ ﴿١٣٠﴾ ذٰلِكَ اَنْ لَّمْ يَكُنْ رَّبُّكَ مُهْلِكَ الْقُرٰى
بِظُلْمٍ وَّاَهْلُهَا غٰفِلُوْنَ ﴿١٣١﴾ وَلِكُلٍّ دَرَجٰتٌ مِّمَّا
عَمِلُوْا ؕ وَمَا رَبُّكَ بِغَافِلٍ عَمَّا يَعْمَلُوْنَ ﴿١٣٢﴾ وَرَبُّكَ
الْغَنِيُّ ذُو الرَّحْمَةِ ؕ اِنْ يَّشَاْ يُذْهِبْكُمْ وَيَسْتَخْلِفْ
مِنْۢ بَعْدِكُمْ مَّا يَشَآءُ كَمَآ اَنْشَاَكُمْ مِّنْ ذُرِّيَّةِ
قَوْمٍ اٰخَرِيْنَ ﴿١٣٣﴾ اِنَّ مَا تُوْعَدُوْنَ لَاٰتٍ ۙ وَّمَآ اَنْتُمْ
بِمُعْجِزِيْنَ ﴿١٣٤﴾ قُلْ يٰقَوْمِ اعْمَلُوْا عَلٰى مَكَانَتِكُمْ اِنِّيْ
عَامِلٌ ۚ فَسَوْفَ تَعْلَمُوْنَ ۙ مَنْ تَكُوْنُ لَهٗ عَاقِبَةُ
الدَّارِ ؕ اِنَّهٗ لَا يُفْلِحُ الظّٰلِمُوْنَ ﴿١٣٥﴾ وَجَعَلُوْا لِلّٰهِ مِمَّا
ذَرَاَ مِنَ الْحَرْثِ وَالْاَنْعَامِ نَصِيْبًا فَقَالُوْا هٰذَا
لِلّٰهِ بِزَعْمِهِمْ وَهٰذَا لِشُرَكَآئِنَا ۚ فَمَا كَانَ لِشُرَكَآئِهِمْ
فَلَا يَصِلُ اِلَى اللّٰهِ ۚ وَمَا كَانَ لِلّٰهِ فَهُوَ يَصِلُ اِلٰى
شُرَكَآئِهِمْ ؕ سَآءَ مَا يَحْكُمُوْنَ ﴿١٣٦﴾ وَكَذٰلِكَ زَيَّنَ لِكَثِيْرٍ
مِّنَ الْمُشْرِكِيْنَ قَتْلَ اَوْلَادِهِمْ شُرَكَآؤُهُمْ لِيُرْدُوْهُمْ
وَلِيَلْبِسُوْا عَلَيْهِمْ دِيْنَهُمْ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ مَا فَعَلُوْهُ
فَذَرْهُمْ وَمَا يَفْتَرُوْنَ ﴿١٣٧﴾ وَقَالُوْا هٰذِهٖٓ اَنْعَامٌ
وَّحَرْثٌ حِجْرٌ ۖ لَّا يَطْعَمُهَآ اِلَّا مَنْ نَّشَآءُ بِزَعْمِهِمْ
وَاَنْعَامٌ حُرِّمَتْ ظُهُوْرُهَا وَاَنْعَامٌ لَّا يَذْكُرُوْنَ

લોકોને ધોખામાં નાખી દીધા છે, પરંતુ તે વખતે તેઓ સ્વયં પોતાના વિરુધ્ધ સાક્ષી આપશે કે તેઓ કાફિર (સત્યના ઇન્કાર કરનાર) હતા.

૧૩૧. (આ સાક્ષી તેમના પાસેથી એટલા માટે લેવામાં આવશે કે જેથી એ પુરવાર થઈ જાય કે) તમારો રબ વસ્તીઓને અત્યાચારપૂર્વક નાશ કરી દેનાર ન હતો, જ્યારે કે તેમના રહેવાસીઓ હકીકતથી અજાણ હોય.

૧૩૨. દરેક વ્યક્તિનો દરજ્જો તેના કર્મ મુજબ છે અને તમારો રબ લોકોના કર્મોથી અજાણ નથી.

૧૩૩. તમારો રબ બેનિયાઝ (નિરપેક્ષ) છે અને દયાવાન છે. જો તે ચાહે તો તમને લોકોને લઈ જાય અને તમારી જગ્યાએ બીજા જે લોકોને ચાહે લઈ આવે, જેવી રીતે તેણે તમને બીજા જ લોકોની સંતતિથી પેદા કર્યા છે.

૧૩૪. તમારા સાથે જે વસ્તુનો વાયદો કરવામાં આવી રહ્યો છે તે નિશ્ચિત રૂપે આવવાની છે અને તમે અલ્લાહને વિવશ કરી દેવાની શક્તિ ધરાવતા નથી.

૧૩૫. હે નબી ! કહી દો કે લોકો ! તમે તમારી જગ્યાએ કર્મ કરતા રહો અને હું પણ મારી જગ્યાએ કામ કરી રહ્યો છું. ખૂબ જ જલ્દી તમને ખબર પડી જશે કે પરિણામ કોના પક્ષે સારું આવે છે. જો કે આ હકીકત છે કે અત્યાચારીઓ કદાપિ સફળતા પામી શકતા નથી.

૧૩૬. આ લોકોએ અલ્લાહ માટે ખુદ તેની જ પેદા કરેલ ખેતી અને ઢોરોમાંથી એક હિસ્સો નિશ્ચિત કરી લીધો છે, અને પોતાના ખ્યાલથી કહે છે કે આ અલ્લાહ માટે છે, અને આ અમારા ઠેરવેલા ભાગીદારો માટે, પછી જે હિસ્સો તેમના ઠેરવેલા ભાગીદારો માટે છે તે તો અલ્લાહને નથી પહોંચતો, પરંતુ જે અલ્લાહ માટે છે તે તેમના ભાગીદારોને પહોંચી જાય છે. કેવા ખરાબ નિર્ણયો કરે છે આ લોકો !

૧૩૭. અને આવી જ રીતે ઘણા મુશ્રિકો માટે તેમના ઠેરવેલા ભાગીદારોએ પોતાના સંતાનોની હત્યા સુંદર બનાવી દીધી છે, જેથી તેમને બરબાદીમાં નાખી દે અને તેમના માટે તેમના દીન (ધર્મ)ને શંકાસ્પદ બનાવી દે. જો અલ્લાહ ચાહતો તો તેઓ આવું ન કરતા, તેથી તેમને છોડી દો કે જેથી પોતાના જૂઠ ઘડવામાં લાગ્યા રહે.

૧૩૮. કહે છે આ પશુઓ અને આ ખેતરો સુરક્ષિત છે, તેમને માત્ર તે જ લોકો ખાઈ શકે છે જેમને અમે ખવડાવવા માગીએ, જો કે આ પ્રતિબંધ તેમનો પોતાનો ઘડી કાઢેલો છે. પછી કેટલાક પશુઓ છે જેમના ઉપર સવારી અને ભારવહન હરામ કરી દેવામાં આવ્યું છે અને કેટલાક પશુઓ છે જેમના ઉપર તેઓ અલ્લાહનું નામ લેતા નથી અને આ

اِسْمَ اللّٰهِ عَلَيْهَا افْتِرَآءً عَلَيْهِ ؕ سَيَجْزِيْهِمْ بِمَا
كَانُوْا يَفْتَرُوْنَ ﴿۱۳۸﴾ وَقَالُوْا مَا فِيْ بُطُوْنِ هٰذِهِ
الْاَنْعَامِ خَالِصَةٌ لِّذُكُوْرِنَا وَمُحَرَّمٌ عَلٰۤى اَزْوَاجِنَا ۚ
وَاِنْ يَّكُنْ مَّيْتَةً فَهُمْ فِيْهِ شُرَكَآءُ ؕ سَيَجْزِيْهِمْ
وَصْفَهُمْ ؕ اِنَّهٗ حَكِيْمٌ عَلِيْمٌ ﴿۱۳۹﴾ قَدْ خَسِرَ الَّذِيْنَ
قَتَلُوْۤا اَوْلَادَهُمْ سَفَهًۢا بِغَيْرِ عِلْمٍ وَّ حَرَّمُوْا مَا
رَزَقَهُمُ اللّٰهُ افْتِرَآءً عَلَى اللّٰهِ ؕ قَدْ ضَلُّوْا وَمَا كَانُوْا
مُهْتَدِيْنَ ﴿۱۴۰﴾ ع وَهُوَ الَّذِيْۤ اَنْشَاَ جَنّٰتٍ مَّعْرُوْشٰتٍ (الربع ع ۱۶ ۱۱ ۲)
وَّغَيْرَ مَعْرُوْشٰتٍ وَّالنَّخْلَ وَالزَّرْعَ مُخْتَلِفًا اُكُلُهٗ
وَالزَّيْتُوْنَ وَالرُّمَّانَ مُتَشَابِهًا وَّغَيْرَ مُتَشَابِهٍ ؕ
كُلُوْا مِنْ ثَمَرِهٖۤ اِذَاۤ اَثْمَرَ وَاٰتُوْا حَقَّهٗ يَوْمَ حَصَادِهٖ ۖ
وَلَا تُسْرِفُوْا ؕ اِنَّهٗ لَا يُحِبُّ الْمُسْرِفِيْنَ ﴿۱۴۱﴾ وَمِنَ
الْاَنْعَامِ حَمُوْلَةً وَّفَرْشًا ؕ كُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ
وَلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ؕ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿۱۴۲﴾
ثَمٰنِيَةَ اَزْوَاجٍ ۚ مِنَ الضَّاْنِ اثْنَيْنِ وَمِنَ الْمَعْزِ
اثْنَيْنِ ؕ قُلْ ءٰٓالذَّكَرَيْنِ حَرَّمَ اَمِ الْاُنْثَيَيْنِ اَمَّا
اشْتَمَلَتْ عَلَيْهِ اَرْحَامُ الْاُنْثَيَيْنِ ؕ نَبِّئُوْنِيْ بِعِلْمٍ
اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۱۴۳﴾ وَمِنَ الْاِبِلِ اثْنَيْنِ وَمِنَ
الْبَقَرِ اثْنَيْنِ ؕ قُلْ ءٰٓالذَّكَرَيْنِ حَرَّمَ اَمِ الْاُنْثَيَيْنِ

બધું જ તેમણે અલ્લાહના નામે ઘડી કાઢેલું છે. જલ્દી જ અલ્લાહ તેમને આ મિથ્યારોપણનો બદલો આપશે.

૧૩૯. અને કહે છે, જે કંઈ આ પશુઓના પેટમાં છે, તે અમારા પુરુષો માટે વિશિષ્ટ છે અને અમારી સ્ત્રીઓ માટે હરામ (અવૈધ), પરંતુ જો તે મૃત હોય તો બંને તેને ખાવામાં ભાગીદાર થઈ શકે છે. આ વાતો જે તેમણે ઘડી કાઢી છે, તેમનો બદલો અલ્લાહ તેમને આપીને રહેશે. નિઃશંક તે તત્ત્વદર્શી છે અને બધી જ વાતોની તેને ખબર છે.

૧૪૦. નિશ્ચિતપણે નુકસાનમાં પડ્યા તે લોકો જેમણે પોતાના સંતાનોની અજ્ઞાનતા અને મૂર્ખતાના કારણે હત્યા કરી અને અલ્લાહે આપેલી રોજીને અલ્લાહ પર જૂઠ ઘડીને હરામ (અવૈધ) ઠેરવી દીધી. નિઃશંક તેઓ ભટકી ગયા અને કદાપિ તેઓ સન્માર્ગ પામનારાઓમાંથી ન હતા. (રુકૂઅ-૧૬)

૧૪૧. તે અલ્લાહ જ છે જેણે જાત-જાતના બાગ અને દ્રાક્ષના બગીચા અને ખજૂરના બગીચા પેદા કર્યા, ખેતરો ઉગાડ્યા જેમાંથી ભાત-ભાતની ખાદ્ય-વસ્તુઓ પ્રાપ્ત થાય છે, જૈતૂન અને અનારના વૃક્ષો પેદા કર્યા જેમના ફળ દેખાવમાં સમાન અને સ્વાદમાં જુદા હોય છે. ખાઓ તેમની પેદાશ, જ્યારે તેમને ફળ લાગે, અને અલ્લાહનો હક્ક અદા કરો જ્યારે તેમની ફસલની લણણી કરો અને હદથી આગળ ન વધો કેમ કે અલ્લાહ હદ વટાવી જનારાઓને પસંદ કરતો નથી.

૧૪૨. પછી તે જ છે જેણે ઢોરોમાંથી તે જાનવરો પણ પેદા કર્યા જેમના પાસેથી સવારી અને ભારવહનનું કામ લેવામાં આવે છે અને તે પણ જેઓ ખાવાના અને પાથરવાના કામમાં આવે છે. ખાઓ તે વસ્તુઓમાંથી, જે અલ્લાહે તમને પ્રદાન કરી છે અને શેતાનનું અનુસરણ ન કરો કારણ કે તે તમારો ખુલ્લો દુશ્મન છે.

૧૪૩. આ આઠ નર-માદા છે, બે ઘેટાંની જાતમાંથી અને બે બકરાની જાતમાંથી. હે નબી ! તેમને પૂછો કે અલ્લાહે તેમના નર હરામ (અવૈધ) ઠેરવ્યા છે કે માદા, અથવા તે બચ્ચાં જે ઘેટીઓ અને બકરીઓના પેટમાં હોય ? ચોક્કસ જ્ઞાનના આધારે મને બતાવો, જો તમે સાચા હોવ.

૧૪૪. અને આવી જ રીતે બે ઊંટની જાતમાંથી છે અને બે ગાયની જાતમાંથી. પૂછો, તેમના નર અલ્લાહે હરામ (અવૈધ) ઠેરવ્યા છે કે માદા, અથવા તે

اَمَّا اشْتَمَلَتْ عَلَيْهِ اَرْحَامُ الْاُنْثَيَيْنِ ؕ اَمْ كُنْتُمْ
شُهَدَآءَ اِذْ وَصّٰىكُمُ اللّٰهُ بِهٰذَا ۚ فَمَنْ اَظْلَمُ مِمَّنِ
افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا لِّيُضِلَّ النَّاسَ بِغَيْرِ عِلْمٍ ؕ اِنَّ
اللّٰهَ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿۱۴۴﴾ قُلْ لَّاۤ اَجِدُ فِىْ
مَاۤ اُوْحِىَ اِلَىَّ مُحَرَّمًا عَلٰى طَاعِمٍ يَّطْعَمُهٗۤ اِلَّاۤ اَنْ
يَّكُوْنَ مَيْتَةً اَوْ دَمًا مَّسْفُوْحًا اَوْ لَحْمَ خِنْزِيْرٍ فَاِنَّهٗ
رِجْسٌ اَوْ فِسْقًا اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ ۚ فَمَنِ اضْطُرَّ غَيْرَ
بَاغٍ وَّلَا عَادٍ فَاِنَّ رَبَّكَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۴۵﴾ وَعَلَى الَّذِيْنَ
هَادُوْا حَرَّمْنَا كُلَّ ذِىْ ظُفُرٍ ۚ وَمِنَ الْبَقَرِ وَالْغَنَمِ
حَرَّمْنَا عَلَيْهِمْ شُحُوْمَهُمَاۤ اِلَّا مَا حَمَلَتْ ظُهُوْرُهُمَاۤ
اَوِ الْحَوَايَاۤ اَوْ مَا اخْتَلَطَ بِعَظْمٍ ؕ ذٰلِكَ جَزَيْنٰهُمْ بِبَغْيِهِمْ ۖ ز
وَاِنَّا لَصٰدِقُوْنَ ﴿۱۴۶﴾ فَاِنْ كَذَّبُوْكَ فَقُلْ رَّبُّكُمْ ذُوْ
رَحْمَةٍ وَّاسِعَةٍ ۚ وَلَا يُرَدُّ بَاْسُهٗ عَنِ الْقَوْمِ
الْمُجْرِمِيْنَ ﴿۱۴۷﴾ سَيَقُوْلُ الَّذِيْنَ اَشْرَكُوْا لَوْ شَآءَ
اللّٰهُ مَاۤ اَشْرَكْنَا وَلَاۤ اٰبَآؤُنَا وَلَا حَرَّمْنَا مِنْ شَىْءٍ ؕ
كَذٰلِكَ كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ حَتّٰى ذَاقُوْا
بَاْسَنَا ؕ قُلْ هَلْ عِنْدَكُمْ مِّنْ عِلْمٍ فَتُخْرِجُوْهُ لَنَا ؕ
اِنْ تَتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ وَاِنْ اَنْتُمْ اِلَّا تَخْرُصُوْنَ ﴿۱۴۸﴾
قُلْ فَلِلّٰهِ الْحُجَّةُ الْبَالِغَةُ ۚ فَلَوْ شَآءَ لَهَدٰىكُمْ

બચ્ચાં જે ઊંટણી અને ગાયના પેટમાં હોય? શું તમે તે વખતે હાજર હતા, જ્યારે અલ્લાહે તેના હરામ હોવાનો આદેશ તમને આપ્યો હતો? પછી તે વ્યક્તિ કરતાં વધુ જાલિમ કોણ હશે જે અલ્લાહ તરફ જોડીને જૂઠી વાતનું આરોપણ કરે, જેથી જ્ઞાન વિના લોકોને ગેરમાર્ગે દોરે. નિઃશંક અલ્લાહ આવા અત્યાચારીઓને સન્માર્ગ દેખાડતો નથી. (રુકૂઅ-૧૭)

૧૪૫. હે નબી ! તેમને કહો કે જે વહી મારા પાસે આવી છે તેમાં હું તો કોઈ વસ્તુ એવી જોતો નથી, જે કોઈ ખાનાર માટે હરામ (અવૈધ) હોય, સિવાય એ કે તે મુડદાલ હોય અથવા વહેવડાવેલું લોહી હોય અથવા ડુક્કરનું માંસ હોય, કારણ કે તે નાપાક (અશુદ્ધ) છે; અથવા ફિસ્ક (અવજ્ઞા) હોય કે અલ્લાહ સિવાય કોઈ બીજાના નામે ઝબેહ કરવામાં આવેલ હોય, પછી જે વ્યક્તિ મજબૂરીની હાલતમાં (કોઈ વસ્તુ આમાંથી ખાઈ લે) સિવાય કે તે અવજ્ઞાનો ઇરાદો ધરાવતી હોય અને સિવાય કે તે જરૂરતની મર્યાદા ઓળંગી જાય, તો ચોક્કસ તમારો રબ માફ કરનાર અને દયાળુ છે.

૧૪૬. અને જે લોકોએ યહૂદી મત અપનાવ્યો હોય, તેમના પર અમે નખવાળા તમામ જાનવર હરામ (અવૈધ) ઠેરવી દીધા હતા, અને ગાય તથા બકરીની ચરબી પણ, સિવાય કે જે તેમની પીઠ અથવા તેમના આંતરડાઓ સાથે ચોંટેલી હોય અથવા હાડકા સાથે ચોંટેલી રહી જાય. આ સજા અમે તેમના વિદ્રોહ બદલ તેમને આપી હતી, અને આ જે કંઈ અમે કહી રહ્યા છીએ તે તદ્દન સાચું કહી રહ્યા છીએ.

૧૪૭. હવે જો તેઓ તમને ખોટા ઠેરવે તો તેમને કહી દો કે તમારા રબની કૃપા વિશાળ છે અને ગુનેગારો પરથી તેની યાતના ટાળી શકાતી નથી.

૧૪૮. આ મુશ્રિક લોકો (તમારી આ વાતોના જવાબમાં) જરૂર કહેશે કે ''અલ્લાહ ઇચ્છતો તો ન અમે શિર્ક કરતા અને ન અમારા બાપ-દાદા, અને ન અમે કોઈ વસ્તુને હરામ (અવૈધ) ઠેરવતા.'' આવી જ વાતો બનાવી-બનાવીને તેમના પહેલાંના લોકોએ પણ સત્યને ખોટું ઠેરવ્યું હતું, ત્યાં સુધી કે છેવટે અમારી યાતનાનો સ્વાદ તેમણે ચાખી લીધો. તેમને કહો, ''શું તમારા પાસે કોઈ જ્ઞાન છે જેને અમારા સમક્ષ રજૂ કરી શકો? તમે તો માત્ર કલ્પનાઓને અનુસરો છો અને તુક્કા લડાવો છો.''

૧૪૯. પછી કહો, (તમારી આ દલીલના મુકાબલામાં) હકીકત સુધી પહોંચતી દલીલ તો અલ્લાહ પાસે છે, નિઃશંક જો અલ્લાહ ચાહતો તો તમને સૌને માર્ગદર્શન આપી દેતો.''

اَجْمَعِيْنَ ﴿١٤٩﴾ قُلْ هَلُمَّ شُهَدَآءَكُمُ الَّذِيْنَ يَشْهَدُوْنَ
اَنَّ اللّٰهَ حَرَّمَ هٰذَا ۚ فَاِنْ شَهِدُوْا فَلَا تَشْهَدْ مَعَهُمْ ۚ
وَلَا تَتَّبِعْ اَهْوَآءَ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَالَّذِيْنَ لَا
ع ١٨ ٥ يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ وَهُمْ بِرَبِّهِمْ يَعْدِلُوْنَ ۧ ﴿١٥٠﴾ قُلْ
تَعَالَوْا اَتْلُ مَا حَرَّمَ رَبُّكُمْ عَلَيْكُمْ اَلَّا تُشْرِكُوْا بِهٖ
شَيْـًٔا وَّبِالْوَالِدَيْنِ اِحْسَانًا ۚ وَلَا تَقْتُلُوْٓا اَوْلَادَكُمْ
مِّنْ اِمْلَاقٍ ؕ نَحْنُ نَرْزُقُكُمْ وَاِيَّاهُمْ ۚ وَلَا تَقْرَبُوا
الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ ۚ وَلَا تَقْتُلُوا
النَّفْسَ الَّتِيْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ ؕ ذٰلِكُمْ وَصّٰىكُمْ
بِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿١٥١﴾ وَلَا تَقْرَبُوْا مَالَ الْيَتِيْمِ اِلَّا
بِالَّتِيْ هِيَ اَحْسَنُ حَتّٰى يَبْلُغَ اَشُدَّهٗ ۚ وَاَوْفُوا
الْكَيْلَ وَالْمِيْزَانَ بِالْقِسْطِ ۚ لَا نُكَلِّفُ نَفْسًا اِلَّا
وُسْعَهَا ۚ وَاِذَا قُلْتُمْ فَاعْدِلُوْا وَلَوْ كَانَ ذَا قُرْبٰى ۚ
وَبِعَهْدِ اللّٰهِ اَوْفُوْا ؕ ذٰلِكُمْ وَصّٰىكُمْ بِهٖ لَعَلَّكُمْ
تَذَكَّرُوْنَ ۙ ﴿١٥٢﴾ وَاَنَّ هٰذَا صِرَاطِيْ مُسْتَقِيْمًا
فَاتَّبِعُوْهُ ۚ وَلَا تَتَّبِعُوا السُّبُلَ فَتَفَرَّقَ بِكُمْ عَنْ
سَبِيْلِهٖ ؕ ذٰلِكُمْ وَصّٰىكُمْ بِهٖ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿١٥٣﴾ ثُمَّ
اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ تَمَامًا عَلَى الَّذِيْٓ اَحْسَنَ وَ
منزل ٢ تَفْصِيْلًا لِّكُلِّ شَيْءٍ وَّهُدًى وَّرَحْمَةً لَّعَلَّهُمْ بِلِقَآءِ

૧૫૦. એમને કહો, ''લાવો પોતાના તે સાક્ષીઓ જેઓ આ વાતની સાક્ષી આપે કે અલ્લાહે જ આ વસ્તુઓ હરામ (અવૈધ) કરી છે.'' પછી જો તેઓ સાક્ષી આપી દે તો તમે તેમના સાથે સાક્ષી ન આપજો, અને કદાપિ તે લોકોની ઇચ્છાઓ પાછળ ન ચાલજો જેમણે અમારી આયતોને ખોટી ઠેરવી છે અને જેઓ આખિરતનો ઇન્કાર કરે છે અને જેઓ બીજાઓને પોતાના રબના સમકક્ષ ઠેરવે છે. (રુકૂઅ-૧૮)

૧૫૧. હે નબી ! એમને કહો કે આવો હું તમને સંભળાવું તમારા રબે તમારા પર કયા પ્રતિબંધો મૂક્યા છે : તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવો અને માતા-પિતા સાથે ભલું વર્તન કરો, અને પોતાના સંતાનોની ગરીબીના ડરથી હત્યા ન કરો, અમે તમને પણ રોજી આપીએ છીએ અને તેમને પણ આપીશું, અને અશ્લીલ વાતોની નજીક પણ ન ફરકશો, ચાહે તે ખુલ્લી હોય કે છૂપી, અને કોઈ જીવને જેને અલ્લાહે હરામ (અવૈધ) ઠેરવ્યો છે મારો નહીં, પરંતુ હક્ક (સત્ય)ના સાથે. આ વાતો છે જેમની શીખ તેણે તમને આપી છે, કદાચ તમે બુદ્ધિથી કામ લો.

૧૫૨. અને આ પણ કે અનાથના માલના નજીક ન જાઓ, પરંતુ એવી રીતે જે ઉત્તમ હોય, ત્યાં સુધી કે તે પુખ્ત ઉંમરે (યુવાવસ્થાએ) પહોંચી જાય, અને તોલ-માપમાં પૂરેપૂરો ન્યાય કરો, અમે દરેક વ્યક્તિ પર જવાબદારીનો એટલો જ બોજ નાખીએ છીએ જેટલો તે ઉઠાવી શકે છે અને જ્યારે વાત કહો ત્યારે ન્યાયની કહો, ચાહે મામલો પોતાના સગાનો જ કેમ ન હોય, અને અલ્લાહનો કરાર પૂરો કરો. આ વાતોની શીખ અલ્લાહે તમને આપી છે, કદાચ તમે શિખામણ સ્વીકારો,

૧૫૩. ઉપરાંત, તેની શિખામણ આ પણ છે કે આ જ મારો સીધો માર્ગ છે, તેથી તમે આના જ ઉપર ચાલો અને બીજા માર્ગો ઉપર ન ચાલો કે તે તેના માર્ગ ઉપરથી હટાવીને તમને વિખેરી નાખશે. આ છે તે શિખામણ જે તમારા રબે તમને કરી છે કે કદાચ તમે પથભ્રષ્ટતાથી બચો.

૧૫૪. પછી અમે મૂસાને ગ્રંથ પ્રદાન કર્યો હતો જે ભલાઈનું વલણ અપનાવનાર મનુષ્ય માટે નેઅ્મતો (કૃપાઓ)ની પૂર્તિ કરનાર અને દરેક જરૂરી વસ્તુની વિગત અને પૂર્ણ માર્ગદર્શન અને કૃપા હતો (અને એટલા માટે ઇસરાઈલના સંતાનોને આપવામાં આવ્યો હતો કે) કદાચ

رَبِّهِمْ يُؤْمِنُوْنَ ﴿١٥٤﴾ ع وَهٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ ع ١٩
فَاتَّبِعُوْهُ وَاتَّقُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿١٥٥﴾ لا اَنْ تَقُوْلُوْٓا
اِنَّمَآ اُنْزِلَ الْكِتٰبُ عَلٰى طَآئِفَتَيْنِ مِنْ قَبْلِنَا ص
وَاِنْ كُنَّا عَنْ دِرَاسَتِهِمْ لَغٰفِلِيْنَ ﴿١٥٦﴾ لا اَوْ تَقُوْلُوْا لَوْ
اَنَّآ اُنْزِلَ عَلَيْنَا الْكِتٰبُ لَكُنَّآ اَهْدٰى مِنْهُمْ ج
فَقَدْ جَآءَكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ وَهُدًى وَّرَحْمَةٌ ج
فَمَنْ اَظْلَمُ مِمَّنْ كَذَّبَ بِاٰيٰتِ اللّٰهِ وَصَدَفَ
عَنْهَا ط سَنَجْزِى الَّذِيْنَ يَصْدِفُوْنَ عَنْ اٰيٰتِنَا
سُوْٓءَ الْعَذَابِ بِمَا كَانُوْا يَصْدِفُوْنَ ﴿١٥٧﴾ هَلْ يَنْظُرُوْنَ
اِلَّآ اَنْ تَاْتِيَهُمُ الْمَلٰٓئِكَةُ اَوْ يَاْتِىَ رَبُّكَ اَوْ يَاْتِىَ
بَعْضُ اٰيٰتِ رَبِّكَ ط يَوْمَ يَاْتِىْ بَعْضُ اٰيٰتِ رَبِّكَ
لَا يَنْفَعُ نَفْسًا اِيْمَانُهَا لَمْ تَكُنْ اٰمَنَتْ مِنْ قَبْلُ
اَوْ كَسَبَتْ فِىْٓ اِيْمَانِهَا خَيْرًا ط قُلِ انْتَظِرُوْٓا اِنَّا
مُنْتَظِرُوْنَ ﴿١٥٨﴾ اِنَّ الَّذِيْنَ فَرَّقُوْا دِيْنَهُمْ وَكَانُوْا
شِيَعًا لَّسْتَ مِنْهُمْ فِىْ شَىْءٍ ط اِنَّمَآ اَمْرُهُمْ اِلَى اللّٰهِ
ثُمَّ يُنَبِّئُهُمْ بِمَا كَانُوْا يَفْعَلُوْنَ ﴿١٥٩﴾ مَنْ جَآءَ بِالْحَسَنَةِ
فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا ج وَمَنْ جَآءَ بِالسَّيِّئَةِ فَلَا
يُجْزٰٓى اِلَّا مِثْلَهَا وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿١٦٠﴾ قُلْ اِنَّنِىْ
هَدٰىنِىْ رَبِّىْٓ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ج دِيْنًا قِيَمًا منزل ٢

લોકો પોતાના રબની મુલાકાત ઉપર ઈમાન લાવે. (રુકૂઅ-૧૯)

૧૫૫. અને આવી જ રીતે આ ગ્રંથ અમે ઉતાર્યો છે, એક બરકતવાળો ગ્રંથ ! પછી તમે આનું અનુસરણ કરો અને તકવા (ઈશભય અને સંયમ)નો માર્ગ અપનાવો. આશા છે કે તમારા પર દયા કરવામાં આવે.

૧૫૬. હવે તમે એમ કહી શકતા નથી કે ગ્રંથ તો અમારા પહેલાંના બે જૂથોને આપવામાં આવ્યો હતો, અને અમને કંઈ ખબર ન હતી કે તેઓ શું પઢતા-પઢાવતા હતા.

૧૫૭. અને હવે તમે આ બહાનું પણ નથી કરી શકતા કે જો અમારા પર ગ્રંથ અવતરિત કરવામાં આવ્યો હોત તો અમે તેમનાથી વધુ સન્માર્ગી પુરવાર થાત. તમારા પાસે તમારા રબ તરફથી એક સ્પષ્ટ દલીલ અને માર્ગદર્શન અને કૃપા આવી ગયા છે, હવે તેના કરતાં વધુ અત્યાચારી કોણ હશે જે અલ્લાહની આયતોને ખોટી ઠેરવે અને ઇન્કાર કરે અને તેનાથી વિમુખ બને. જે લોકો અમારી આયતોથી મોઢું ફેરવે છે, તેમને આ વિમુખ થવાના બદલામાં અમે સૌથી ખરાબ સજા આપીને રહીશું.

૧૫૮. શું હવે લોકો એની રાહ જોઈ રહ્યા છે કે તેમના સામે ફરિશ્તાઓ આવીને ઊભા થઈ જાય, અથવા તમારો રબ સ્વયં આવી જાય અથવા તમારા રબની કેટલીક સ્પષ્ટ નિશાનીઓ પ્રગટ થઈ જાય ? જે દિવસે તમારા રબની કેટલીક ખાસ નિશાનીઓ પ્રગટ થઈ જશે, પછી કોઈ એવી વ્યક્તિને તેનું ઈમાન કોઈ લાભ નહીં આપે જે પહેલાં ઈમાન ન લાવી હોય અથવા જેણે ઈમાનની હાલતમાં કોઈ ભલાઈ કમાવી ન હોય. હે નબી ! એમને કહી દો કે સારું, તમે રાહ જુઓ, અમે પણ રાહ જોઈએ છીએ.

૧૫૯. જે લોકોએ પોતાના દીન (ધર્મ)ના ટુકડે-ટુકડા કરી નાખ્યા અને જૂથો-જૂથો બની ગયા, નિઃશંક તેમના સાથે તમારો કોઈ સંબંધ નથી, તેમનો મામલો તો અલ્લાહના હવાલે છે, તે જ તેમને બતાવશે કે તેમણે શું કર્યું છે.

૧૬૦. જે અલ્લાહની હજૂરમાં સદ્કાર્યો લઈને આવશે તેના માટે દસ ગણું વળતર છે અને જે બૂરાઈ લઈને આવશે તેને એટલો જ બદલો મળશે જેટલો તેણે ગુનો કર્યો છે અને કોઈના સાથે અન્યાય કરવામાં નહીં આવે.

૧૬૧. હે નબી ! કહો, મારા રબે નિઃસંદેહ મને સીધો રસ્તો દેખાડી દીધો છે, તદ્દન સાચો દીન (સત્ય-ધર્મ) જેમાં કોઈ વિકૃતિ નથી, ઇબ્રાહીમનો

مِّلَّةَ اِبْرٰهِيْمَ حَنِيْفًا ۚ وَمَا كَانَ مِنَ الْمُشْرِكِيْنَ ﴿١٦١﴾
قُلْ اِنَّ صَلَاتِيْ وَنُسُكِيْ وَمَحْيَايَ وَمَمَاتِيْ لِلّٰهِ
رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٦٢﴾ لَا شَرِيْكَ لَهٗ ۚ وَبِذٰلِكَ اُمِرْتُ
وَاَنَا اَوَّلُ الْمُسْلِمِيْنَ ﴿١٦٣﴾ قُلْ اَغَيْرَ اللّٰهِ اَبْغِيْ رَبًّا
وَّهُوَ رَبُّ كُلِّ شَيْءٍ ۭ وَلَا تَكْسِبُ كُلُّ نَفْسٍ
اِلَّا عَلَيْهَا ۚ وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى ۚ ثُمَّ اِلٰى
رَبِّكُمْ مَّرْجِعُكُمْ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿١٦٤﴾
وَهُوَ الَّذِيْ جَعَلَكُمْ خَلٰٓئِفَ الْاَرْضِ وَرَفَعَ بَعْضَكُمْ
فَوْقَ بَعْضٍ دَرَجٰتٍ لِّيَبْلُوَكُمْ فِيْ مَآ اٰتٰىكُمْ ۭ اِنَّ
رَبَّكَ سَرِيْعُ الْعِقَابِ ښ وَاِنَّهٗ لَغَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٦٥﴾ ع

منزل ٢
ع النصف

માર્ગ જેને એકાગ્ર થઈને તેણે અપનાવ્યો હતો અને તે મુશ્રિકોમાંથી ન હતો.

૧૬૨. કહો, મારી નમાઝ, મારી બંદગીની તમામ વિધિઓ, મારું જીવવું અને મરવું, બધું જ અલ્લાહ રબ્બુલ્ આલમીન (સૃષ્ટિના માલિક અને પાલનહાર) માટે છે

૧૬૩. જેનો કોઈ ભાગીદાર નથી. તેનો જ મને આદેશ આપવામાં આવ્યો છે અને સૌ પ્રથમ આજ્ઞાપાલનમાં માથું ઝુકાવનાર હું છું.

૧૬૪. કહો, શું હું અલ્લાહ સિવાય કોઈ અન્ય રબ (પ્રભુ) શોધું, જયારે કે તે જ દરેક વસ્તુનો રબ છે ? દરેક વ્યકિત જે કંઈ કમાય છે, તેનો જવાબદાર સ્વયં તે છે, કોઈ બોજ ઉપાડનાર બીજાનો બોજ નથી ઉપાડતો, પછી તમને સૌને પોતાના રબના તરફ પાછા ફરવાનું છે, તે વખતે તે તમારા મતભેદોની વાસ્તવિકતા તમારા ઉપર ખોલી દેશે.

૧૬૫. તે જ છે જેણે તમને ધરતીના 'ખલીફા' (પ્રતિનિધિ, નાયબ) બનાવ્યા અને તમારામાંથી કેટલાકને કેટલાકની સરખામણીમાં વધુ ઉચ્ચ દરજજા આપ્યા, જેથી જે કંઈ તમને આપવામાં આવ્યું છે તેમાં તમારી પરીક્ષા કરે. નિઃસંદેહ તમારો રબ સજા આપવામાં પણ ઘણો ઝડપી છે અને ઘણો દરગુજર કરનાર અને દયાળુ પણ છે. (રુકૂઅ-૨૦)

(૭) અલ-આ'રાફ

પરિચય

નામ :

આ સૂરઃનું નામ 'આ'રાફ' એટલા માટે રાખવામાં આવ્યું છે કે તેની મૂળ અરબીની આયત ૪૬માં એક જગ્યાએ 'આરાફ' શબ્દ આવેલ છે. આમ, આને 'સૂરઃ આરાફ' કહેવાનો અર્થ એ છે કે ''તે સૂરઃ જેમાં 'આરાફ' (ઊંચાઈઓ, બુલંદીઓ)નો ઉલ્લેખ થયો છે.

ઉતરાણકાળ :

આ સૂરઃના વિષયો પર વિચાર કરતાં સ્પષ્ટપણે લાગે છે કે આનો ઉતરાણકાળ લગભગ તે જ છે, જે છઠ્ઠી સૂરઃ 'સૂરઃ અન્આમ'નો છે. તેથી આની ઐતિહાસિક પશ્ચાદભૂમિને સમજવા માટે તે ભૂમિકા પર એક દૃષ્ટિપાત કરી લેવો પર્યાપ્ત છે, જે અમે પાછળની સૂરઃ અન્આમ સંદર્ભે લખી છે.

વિષયો :

આ સૂરઃના પ્રવચનનો કેન્દ્રીય વિષય રસૂલ (ઈશદૂત)ના અનુસરણ તરફ બોલાવવાનો છે. સમગ્ર વિષયનો ઉદ્દેશ્ય એ છે કે સંબોધિત લોકોને અલ્લાહે મોકલેલ પયગંબરના અનુસરણ કરવા માટે તૈયાર કરવામાં આવે, પરંતુ આ આમંત્રણમાં ધમકી, ચેતવણી અને ડરાવવાનો રંગ વધુ સ્પષ્ટ રૂપે જોવા મળે છે, કેમ કે જે લોકોને સંબોધન કરવામાં આવ્યું છે (અર્થાત્ મક્કાવાસીઓને), તેમને સમજાવતા-સમજાવતા લાંબો સમય પસાર થઈ ગયો છે અને તેમનું ન સાંભળવું, હઠાગ્રહ અને વિરોધાત્મક દુરાગ્રહ એ હદે પહોંચી ગયા હતા કે ખૂબ જ જલ્દી પયગંબર (સલ્લ.)ને તેમને સંબોધન બંધ કરીને બીજા લોકોને સંબોધન કરવાનો આદેશ મળવાનો છે. તેથી સમજાવવાની શૈલીમાં રસૂલના અનુસરણને સ્વીકારવાના આમંત્રણની સાથે તેમને એ પણ બતાવવામાં આવી રહ્યું છે કે જે વલણ તમે પયગંબર સામે અપનાવી રાખ્યું છે, આવું જ વલણ તમારાથી પહેલાંની જાતિઓએ પોતાના પયગંબરો સાથે અપનાવીને ખૂબ જ ખરાબ પરિણામ જોઈ ચૂકી છે. તદુપરાંત તેમના પર વાત પુરાવા સહિત પૂરી થવાના નજીક આવી ગઈ હતી, તેથી પ્રવચનના અંતિમ ભાગમાં આહવાન્ની દિશા તેમનાથી હટીને ગ્રંથવાળાઓ (અર્થાત્ યહૂદીઓ અને ખ્રિસ્તીઓ વગેરે) તરફ ફરી ગઈ છે અને એક જગ્યાએ સમસ્ત જગતવાસીઓથી સામાન્ય સંબોધન પણ કરવામાં આવ્યું છે, જે એ વાતનું પ્રમાણ છે કે હવે હિજરત નજીક છે અને તે યુગ, જેમાં પયગંબર (સલ્લ.)નું સંબોધન પૂર્ણતઃ પોતાના નિકટવર્તી લોકોથી છે, અંતિમ ચરણમાં છે.

પ્રવચનના વચ્ચે યહૂદીઓને પણ સંબોધન કરવામાં આવેલ છે, તેથી પયગંબરના અનુસરણ તરફ આમંત્રણના પાસાને પણ સ્પષ્ટ કરવામાં આવેલ છે કે પયગંબર પર ઈમાન લાવ્યા પછી તેના સાથે મુનાફિકો (દંભીઓ) જેવું વલણ અપનાવવા તથા સાંભળવા અને તેના પર અમલ કરવાની દૃઢ પ્રતિજ્ઞા કર્યા પછી તેને તોડી નાખવા અને સત્ય-અસત્યના ભેદને જાણી લીધા પછી અસત્યમાં ડૂબ્યા રહેવાનું પરિણામ શું છે.

સૂરઃના અંતે પયગંબર (સલ્લ.) અને આપના સાથીઓ (સહાબા રદિ.)ને પ્રચાર-નીતિ સંબંધે કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્દેશ આપવામાં આવ્યા છે અને મુખ્ય રૂપે તેમને શિખામણ આપવામાં આવી છે કે વિરોધીઓની ઉત્તેજિત કરનારી વાતો તેમજ તેમના અત્યાચારના મુકાબલામાં સબ્ર (ધીરજ) અને ધૈર્યથી કામ લો અને ભાવનાઓના પ્રવાહમાં આવીને કોઈ એવું પગલું ન ભરો, જે મૂળ ઉદ્દેશ્યને હાનિ પહોંચાડનાર હોય.

اٰيَاتُهَا ٢٠٦ ﴿٧﴾ سُوْرَةُ الْاَعْرَافِ مَكِّيَّةٌ ﴿٣٩﴾ رُكُوْعَاتُهَا ٢٤

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓصٓ ۚ﴿١﴾ كِتٰبٌ اُنْزِلَ اِلَيْكَ فَلَا يَكُنْ فِيْ صَدْرِكَ
حَرَجٌ مِّنْهُ لِتُنْذِرَ بِهٖ وَذِكْرٰى لِلْمُؤْمِنِيْنَ ﴿٢﴾
اِتَّبِعُوْا مَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ وَلَا تَتَّبِعُوْا مِنْ
دُوْنِهٖٓ اَوْلِيَآءَ ؕ قَلِيْلًا مَّا تَذَكَّرُوْنَ ﴿٣﴾ وَكَمْ مِّنْ
قَرْيَةٍ اَهْلَكْنٰهَا فَجَآءَهَا بَاْسُنَا بَيَاتًا اَوْ هُمْ قَآئِلُوْنَ ﴿٤﴾
فَمَا كَانَ دَعْوٰىهُمْ اِذْ جَآءَهُمْ بَاْسُنَآ اِلَّآ اَنْ قَالُوْٓا
اِنَّا كُنَّا ظٰلِمِيْنَ ﴿٥﴾ فَلَنَسْــَٔلَنَّ الَّذِيْنَ اُرْسِلَ اِلَيْهِمْ
وَلَنَسْــَٔلَنَّ الْمُرْسَلِيْنَ ۙ﴿٦﴾ فَلَنَقُصَّنَّ عَلَيْهِمْ بِعِلْمٍ وَّمَا
كُنَّا غَآئِبِيْنَ ﴿٧﴾ وَالْوَزْنُ يَوْمَئِذِ ِۨالْحَقُّ ۚ فَمَنْ ثَقُلَتْ
مَوَازِيْنُهٗ فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿٨﴾ وَمَنْ خَفَّتْ
مَوَازِيْنُهٗ فَاُولٰٓئِكَ الَّذِيْنَ خَسِرُوْٓا اَنْفُسَهُمْ بِمَا كَانُوْا
بِاٰيٰتِنَا يَظْلِمُوْنَ ﴿٩﴾ وَلَقَدْ مَكَّنّٰكُمْ فِي الْاَرْضِ وَ
جَعَلْنَا لَكُمْ فِيْهَا مَعَايِشَ ؕ قَلِيْلًا مَّا تَشْكُرُوْنَ ﴿١٠﴾ ع ٨
وَلَقَدْ خَلَقْنٰكُمْ ثُمَّ صَوَّرْنٰكُمْ ثُمَّ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ
اسْجُدُوْا لِاٰدَمَ ۖ فَسَجَدُوْٓا اِلَّآ اِبْلِيْسَ ؕ لَمْ يَكُنْ مِّنَ
السّٰجِدِيْنَ ﴿١١﴾ قَالَ مَا مَنَعَكَ اَلَّا تَسْجُدَ اِذْ اَمَرْتُكَ ؕ
قَالَ اَنَا خَيْرٌ مِّنْهُ ۚ خَلَقْتَنِيْ مِنْ نَّارٍ وَّخَلَقْتَهٗ مِنْ

(૭) સૂરઃ અલ-આ'રાફ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨૪ ● આયતો : ૨૦૬)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલિફ-લામ-મીમ-સાદ.

૨. આ એક ગ્રંથ છે જે તમારા તરફ અવતરિત કરવામાં આવ્યો છે, પછી હે નબી ! તમારા હૃદયમાં આનાથી કોઈ ખચકાટ ન થાય. આને અવતરિત કરવાનો હેતુ એ છે કે તમે આના વડે (ઇન્કાર કરનારાઓને) ડરાવો અને ઈમાન લાવનારા લોકોને શિખામણ પ્રાપ્ત થાય.

૩. લોકો ! જે કંઈ તમારા રબ તરફથી તમારા પર ઉતારવામાં આવ્યું છે તેનું અનુસરણ કરો અને પોતાના રબ (પ્રભુ)ને છોડીને બીજા સંરક્ષકોનું અનુસરણ ન કરો, પરંતુ તમે શિખામણ ઓછી જ માનો છો.

૪. કેટલીય વસ્તીઓ છે જેમને અમે નષ્ટ કરી દીધી. તેમના ઉપર અમારી આપત્તિ ઓચિંતી રાત્રિના સમયે તૂટી પડી અથવા ધોળે દિવસે એવા સમયે આવી જયારે કે તેઓ આરામ કરી રહ્યા હતા.

૫. અને જ્યારે અમારી આપત્તિ તેમના ઉપર આવી ગઈ તો તેમની જીભ ઉપર આ સિવાય કોઈ શબ્દો ન હતા કે વાસ્તવમાં અમે અત્યાચારી હતા.

૬. પછી એ ચોક્કસ થઈને રહેવાનું છે કે અમે તે લોકોની પૂછપરછ કરીએ જેમના તરફ અમે પયગંબરો મોકલ્યા છે અને પયગંબરોથી પણ પૂછીએ (કે તેમણે સંદેશ પહોંચાડવાનું દાયિત્વ ક્યાં સુધી નિભાવ્યું અને તેમને શું જવાબ મળ્યો).

૭. પછી અમે પોતે સંપૂર્ણ જાણકારી સાથે પૂરેપૂરો અહેવાલ તેમના સામે મૂકી દઈશું, છેવટે અમે કંઈ ગાયબ તો ન હતા.

૮. અને વજન તે દિવસે તદ્દન સત્ય જ હશે. જેમના પલ્લાં ભારે હશે, તેઓ જ સફળતા પામનારા હશે

૯. અને જેમના પલ્લાં હલકાં હશે તેઓ જ પોતાને નુકસાનમાં નાખનારા હશે કેમ કે તેઓ અમારી આયતો સાથે અન્યાયપૂર્ણ વર્તન કરતા હતા.

૧૦. અમે તમને ધરતી ઉપર અધિકારો સાથે વસાવ્યા અને તમારા માટે અહીં જીવન-નિર્વાહની સામગ્રી ઉપલબ્ધ કરી, પરંતુ તમે લોકો ભાગ્યે જ આભારી થાવ છો. (રુકૂઅ-૧)

૧૧. અમે તમારા સર્જનની શરૂઆત કરી, પછી તમને રૂપ આપ્યું, પછી ફરિશ્તાઓને કહ્યું, "આદમને સિજદો કરો." આ હુકમ મળતાં સૌએ સિજદો કર્યો, પરંતુ ઇબ્લીસ સિજદો કરનારાઓમાં સામેલ ન થયો.

૧૨. પૂછ્યું, "તને કઈ વસ્તુએ સિજદો કરતા રોક્યો, જ્યારે કે મેં તને હુકમ આપ્યો હતો ?" બોલ્યો, "હું તેનાથી બહેતર છું, તેં મને આગથી

طِيْنٍ ﴿۱۲﴾ قَالَ فَاهْبِطْ مِنْهَا فَمَا يَكُوْنُ لَكَ اَنْ
تَتَكَبَّرَ فِيْهَا فَاخْرُجْ اِنَّكَ مِنَ الصّٰغِرِيْنَ ﴿۱۳﴾ قَالَ
اَنْظِرْنِيْۤ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿۱۴﴾ قَالَ اِنَّكَ مِنَ
الْمُنْظَرِيْنَ ﴿۱۵﴾ قَالَ فَبِمَاۤ اَغْوَيْتَنِيْ لَاَقْعُدَنَّ لَهُمْ
صِرَاطَكَ الْمُسْتَقِيْمَ ﴿۱۶﴾ ثُمَّ لَاٰتِيَنَّهُمْ مِّنْۢ بَيْنِ
اَيْدِيْهِمْ وَمِنْ خَلْفِهِمْ وَعَنْ اَيْمَانِهِمْ وَعَنْ
شَمَآئِلِهِمْ ؕ وَلَا تَجِدُ اَكْثَرَهُمْ شٰكِرِيْنَ ﴿۱۷﴾ قَالَ
اخْرُجْ مِنْهَا مَذْءُوْمًا مَّدْحُوْرًا ؕ لَمَنْ تَبِعَكَ
مِنْهُمْ لَاَمْلَئَنَّ جَهَنَّمَ مِنْكُمْ اَجْمَعِيْنَ ﴿۱۸﴾ وَيٰۤاٰدَمُ
اسْكُنْ اَنْتَ وَزَوْجُكَ الْجَنَّةَ فَكُلَا مِنْ حَيْثُ شِئْتُمَا
وَلَا تَقْرَبَا هٰذِهِ الشَّجَرَةَ فَتَكُوْنَا مِنَ الظّٰلِمِيْنَ ﴿۱۹﴾
فَوَسْوَسَ لَهُمَا الشَّيْطٰنُ لِيُبْدِيَ لَهُمَا مَا وٗرِيَ عَنْهُمَا
مِنْ سَوْاٰتِهِمَا وَقَالَ مَا نَهٰىكُمَا رَبُّكُمَا عَنْ
هٰذِهِ الشَّجَرَةِ اِلَّاۤ اَنْ تَكُوْنَا مَلَكَيْنِ اَوْ تَكُوْنَا
مِنَ الْخٰلِدِيْنَ ﴿۲۰﴾ وَقَاسَمَهُمَاۤ اِنِّيْ لَكُمَا لَمِنَ
النّٰصِحِيْنَ ﴿۲۱﴾ فَدَلّٰىهُمَا بِغُرُوْرٍ ۚ فَلَمَّا ذَاقَا الشَّجَرَةَ
بَدَتْ لَهُمَا سَوْاٰتُهُمَا وَطَفِقَا يَخْصِفٰنِ عَلَيْهِمَا مِنْ
وَّرَقِ الْجَنَّةِ ؕ وَنَادٰىهُمَا رَبُّهُمَاۤ اَلَمْ اَنْهَكُمَا عَنْ
تِلْكُمَا الشَّجَرَةِ وَاَقُلْ لَّكُمَاۤ اِنَّ الشَّيْطٰنَ لَكُمَا عَدُوٌّ

પેદા કર્યો છે અને તેને માટીથી."

૧૩. ફરમાવ્યું, "સારું, તું અહીંથી નીચે ઉતર. તને અધિકાર નથી કે અહીં મોટાઈનો ઘમંડ કરે. નીકળી જા, કેમ કે વાસ્તવમાં તું તે લોકોમાંથી છે જેઓ સ્વયં પોતાનું અપમાન ચાહે છે."

૧૪. બોલ્યો, "મને તે દિવસ સુધી મહેતલ આપ, જ્યારે કે આ બધાને બીજી વાર ઉઠાવવામાં આવશે."

૧૫. ફરમાવ્યું, "તને મહેતલ (આપવામાં આવે) છે."

૧૬. બોલ્યો, "સારું, તો જેવી રીતે તેં મને પથભ્રષ્ટતામાં નાખ્યો છે હું પણ હવે તારા સીધા માર્ગ ઉપર આ મનુષ્યોના લાગમાં રહીશ,

૧૭. આગળ અને પાછળ, જમણે અને ડાબે, દરેક બાજુએથી તેમને ઘેરીશ અને તું તેમનામાંથી ઘણાંખરાને કૃતજ્ઞ નહીં જુએ."

૧૮. ફરમાવ્યું, "નીકળ અહીંથી અપમાનિત અને હાંકી કઢાયેલ ! વિશ્વાસ રાખ કે આમાંથી જે તારું અનુસરણ કરશે, તારા સહિત તે બધાથી જહન્નમ (નર્ક)ને ભરી દઈશ.

૧૯. અને હે આદમ ! તું અને તારી પત્ની, બંને આ જન્નત (સ્વર્ગ)માં રહો, જ્યાં જે વસ્તુની તમને ઈચ્છા થાય તે ખાઓ, પરંતુ આ વૃક્ષના નજીક ન ફરકશો, નહીં તો અત્યાચારીઓ પૈકીના થઈ જશો."

૨૦. પછી શેતાને તેમને બહેકાવ્યા જેથી તેમની ગુહ્યેન્દ્રિયો જે એક-બીજાથી છૂપાવવામાં આવી હતી, તેમના સામે ખોલી દે. તેણે તેમને કહ્યું, "તમારા રબે તમને જે આ વૃક્ષથી રોક્યા છે, તેનું કારણ એ સિવાય કંઈ નથી કે ક્યાંક તમે ફરિશ્તા ન બની જાઓ, અથવા તમને શાશ્વત જીવન પ્રાપ્ત ન થઈ જાય."

૨૧. અને તેણે સોગંદ ખાઈને તેમને કહ્યું કે હું તમારો સાચો શુભેચ્છક છું.

૨૨. આવી રીતે ધોખો આપીને તે આં બંનેને ધીમે-ધીમે પોતાની વાતોમાં લઈ આવ્યો. છેવટે જ્યારે તેમણે તે વૃક્ષનો સ્વાદ ચાખ્યો તો તેમની ગુહ્યેન્દ્રિયો એક-બીજા સામે ખુલી ગઈ અને તેઓ પોતાના શરીરને જન્નતના પાંદડાઓ વડે ઢાંકવા લાગ્યા. ત્યારે તેમના રબે તેમને પોકાર્યા, "શું મેં તમને આ વૃક્ષથી રોક્યા ન હતા અને કહ્યું ન હતું કે શેતાન તમારો ખુલ્લો દુશ્મન છે ?"

مُّبِيْنٌ ﴿٢٢﴾ قَالَا رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا سكتة وَ اِنْ لَّمْ
تَغْفِرْ لَنَا وَ تَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ ﴿٢٣﴾ قَالَ
اهْبِطُوْا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ج وَلَكُمْ فِي الْاَرْضِ
مُسْتَقَرٌّ وَّمَتَاعٌ اِلٰى حِيْنٍ ﴿٢٤﴾ قَالَ فِيْهَا تَحْيَوْنَ وَ
فِيْهَا تَمُوْتُوْنَ وَمِنْهَا تُخْرَجُوْنَ ﴿٢٥﴾ ع يٰبَنِيْٓ اٰدَمَ ع ١٥ ٩
قَدْ اَنْزَلْنَا عَلَيْكُمْ لِبَاسًا يُّوَارِيْ سَوْاٰتِكُمْ وَ رِيْشًا ط
وَلِبَاسُ التَّقْوٰى ۙ ذٰلِكَ خَيْرٌ ط ذٰلِكَ مِنْ اٰيٰتِ اللّٰهِ
لَعَلَّهُمْ يَذَّكَّرُوْنَ ﴿٢٦﴾ يٰبَنِيْٓ اٰدَمَ لَا يَفْتِنَنَّكُمُ الشَّيْطٰنُ
كَمَآ اَخْرَجَ اَبَوَيْكُمْ مِّنَ الْجَنَّةِ يَنْزِعُ عَنْهُمَا لِبَاسَهُمَا
لِيُرِيَهُمَا سَوْاٰتِهِمَا ط اِنَّهٗ يَرٰىكُمْ هُوَ وَ قَبِيْلُهٗ مِنْ
حَيْثُ لَا تَرَوْنَهُمْ ط اِنَّا جَعَلْنَا الشَّيٰطِيْنَ اَوْلِيَآءَ
لِلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ ﴿٢٧﴾ وَاِذَا فَعَلُوْا فَاحِشَةً قَالُوْا
وَجَدْنَا عَلَيْهَآ اٰبَآءَنَا وَ اللّٰهُ اَمَرَنَا بِهَا ط قُلْ
اِنَّ اللّٰهَ لَا يَاْمُرُ بِالْفَحْشَآءِ ط اَتَقُوْلُوْنَ عَلَى اللّٰهِ
مَا لَا تَعْلَمُوْنَ ﴿٢٨﴾ قُلْ اَمَرَ رَبِّيْ بِالْقِسْطِ قف وَاَقِيْمُوْا
وُجُوْهَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ وَّادْعُوْهُ مُخْلِصِيْنَ
لَهُ الدِّيْنَ ط كَمَا بَدَاَكُمْ تَعُوْدُوْنَ ط ﴿٢٩﴾ فَرِيْقًا هَدٰى
وَ فَرِيْقًا حَقَّ عَلَيْهِمُ الضَّلٰلَةُ ط اِنَّهُمُ اتَّخَذُوا
الشَّيٰطِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ اللّٰهِ وَ يَحْسَبُوْنَ

૨૩. બંને બોલી ઊઠ્યા, "હે રબ ! અમે અમારા ઉપર અત્યાચાર કર્યો, હવે જો તેં ક્ષમા ન કરી અને દયા ન કરી તો નિઃશંક અમે બરબાદ થઈ જઈશું."

૨૪. ફરમાવ્યું, "ઉતરી જાઓ, તમે એક-બીજાના શત્રુ છો અને તમારા માટે એક ખાસ મુદ્દત સુધી ધરતી ઉપર જ રોકાવાનું ઠેકાણું અને જીવન-સામગ્રી છે."

૨૫. અને ફરમાવ્યું, "ત્યાં જ તમારે જીવવાનું અને મરવાનું છે અને તેમાંથી જ તમને છેવટે કાઢવામાં આવશે." (રુકૂઅ-૨)

૨૬. હે આદમની સંતાન ! અમે તમારા ઉપર પોશાક ઉતાર્યો છે જેથી તમારા શરીરના લજ્જાસ્પદ ભાગોને ઢાંકે અને તમારા માટે શરીરની સુરક્ષા અને શોભાનું સાધન પણ બને, અને સૌથી શ્રેષ્ઠ પોશાક તકવા (ઈશભય અને સંયમ)નો પોશાક છે. આ અલ્લાહની નિશાનીઓમાંથી એક નિશાની છે, કદાચ લોકો આમાંથી બોધપાઠ લે.

૨૭. હે આદમની સંતાન ! એવું ન બને કે શેતાન તમને ફરીથી એવી જ રીતે ફિત્ના (પ્રલોભન-પરીક્ષા)માં નાખે જેવી રીતે તેણે તમારા માતા-પિતાને જન્નત (સ્વર્ગ)માંથી કઢાવ્યા હતા અને તેમના પોશાક તેમના ઉપરથી ઉતરાવી દીધા હતા, જેથી તેમની ગુહ્યેન્દ્રિયો એક-બીજા સામે ખોલી દે. તે અને તેના સાથીદારો તમને એવી જગ્યાએથી જુએ છે જ્યાંથી તમે તેમને નથી જોઈ શકતા. આ શેતાનોને અમે તે લોકોના સંરક્ષક બનાવી દીધા છે જેઓ ઈમાન લાવતા નથી.

૨૮. આ લોકો જ્યારે કોઈ શરમજનક કૃત્ય કરે છે તો કહે છે : અમે અમારા બાપ-દાદાને આવું જ કરતાં જોયા છે અને અલ્લાહે જ અમને આવું કરવાનો આદેશ આપ્યો છે. આમને કહો, અલ્લાહ અશ્લીલતાનો આદેશ કદાપિ આપતો નથી. શું તમે અલ્લાહના નામે તે વાતો કહો છો જેના વિષે તમને ખબર નથી કે તે અલ્લાહ તરફથી છે ?

૨૯. હે નબી ! આમને કહો કે મારા રબે (પ્રભુએ) તો સચ્ચાઈ અને ઈન્સાફનો આદેશ આપ્યો છે અને તેનો આદેશ તો એ છે કે દરેક બંદગીમાં પોતાની દિશા સીધી રાખો અને તેને જ પોકારો, પોતાના દીન (ધર્મ)ને તેના માટે વિશિષ્ટ કરીને. જેવી રીતે તેણે તમને અત્યારે પેદા કર્યા છે તેવી જ રીતે તમે ફરી પેદા કરવામાં આવશો.

૩૦. એક જૂથને તો તેણે સીધો માર્ગ દેખાડી દીધો છે, પરંતુ બીજા જૂથ ઉપર પથભ્રષ્ટતા બરાબર ચોંટીને રહી ગઈ છે, કારણ કે તેણે ખુદાની જગ્યાએ શેતાનને પોતાનો સંરક્ષક બનાવી લીધો છે અને તેઓ સમજી

اَنَّهُمْ مُّهْتَدُوْنَ ۝٣٠ يٰبَنِيْٓ اٰدَمَ خُذُوْا زِيْنَتَكُمْ عِنْدَ
كُلِّ مَسْجِدٍ وَّكُلُوْا وَاشْرَبُوْا وَلَا تُسْرِفُوْا ۚ اِنَّهٗ
لَا يُحِبُّ الْمُسْرِفِيْنَ ۝٣١ قُلْ مَنْ حَرَّمَ زِيْنَةَ اللّٰهِ الَّتِيْٓ ع
اَخْرَجَ لِعِبَادِهٖ وَالطَّيِّبٰتِ مِنَ الرِّزْقِ ۭ قُلْ هِيَ
لِلَّذِيْنَ اٰمَنُوْا فِي الْحَيٰوةِ الدُّنْيَا خَالِصَةً يَّوْمَ
الْقِيٰمَةِ ۭ كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ۝٣٢
قُلْ اِنَّمَا حَرَّمَ رَبِّيَ الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا
وَمَا بَطَنَ وَالْاِثْمَ وَالْبَغْيَ بِغَيْرِ الْحَقِّ وَاَنْ تُشْرِكُوْا
بِاللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ سُلْطٰنًا وَّاَنْ تَقُوْلُوْا عَلَي
اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ۝٣٣ وَلِكُلِّ اُمَّةٍ اَجَلٌ ۚ فَاِذَا جَاۗءَ
اَجَلُهُمْ لَا يَسْتَاْخِرُوْنَ سَاعَةً وَّلَا يَسْتَقْدِمُوْنَ ۝٣٤
يٰبَنِيْٓ اٰدَمَ اِمَّا يَاْتِيَنَّكُمْ رُسُلٌ مِّنْكُمْ يَقُصُّوْنَ
عَلَيْكُمْ اٰيٰتِيْ ۙ فَمَنِ اتَّقٰى وَاَصْلَحَ فَلَا خَوْفٌ عَلَيْهِمْ
وَلَا هُمْ يَحْزَنُوْنَ ۝٣٥ وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا
وَاسْتَكْبَرُوْا عَنْهَآ اُولٰۗىِٕكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا
خٰلِدُوْنَ ۝٣٦ فَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰي عَلَي اللّٰهِ
كَذِبًا اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖ ۭ اُولٰۗىِٕكَ يَنَالُهُمْ نَصِيْبُهُمْ
مِّنَ الْكِتٰبِ ۭ حَتّٰٓي اِذَا جَاۗءَتْهُمْ رُسُلُنَا يَتَوَفَّوْنَهُمْ ۙ
قَالُوْٓا اَيْنَ مَا كُنْتُمْ تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ ۭ قَالُوْا

રહ્યા છે કે અમે સીધા માર્ગ ઉપર છીએ.

૩૧. હે આદમની સંતાન ! દરેક બંદગી (ઉપાસના) વખતે પોતાની સાજ-સજ્જા (સંપૂર્ણ સારા પોશાક)થી આભૂષિત રહો અને ખાઓ-પીઓ અને હદથી આગળ ન વધો. અલ્લાહ હદથી આગળ વધી જનારાઓને પસંદ કરતો નથી. (રુકૂઅ-૩)

૩૨. હે પયગંબર ! આમને કહો, કોણે અલ્લાહની તે સાજ-સજ્જાને હરામ (અવૈધ) કરી દીધી, જેને અલ્લાહે પોતાના બંદાઓ માટે પેદા કરી હતી અને કોણે અલ્લાહની પ્રદાન કરેલી શુદ્ધ વસ્તુઓ હરામ કરી દીધી ? કહો, આ તમામ વસ્તુઓ દુનિયાના જીવનમાં પણ ઈમાન લાવનારાઓ માટે છે અને કયામત (પુનર્જીવન)ના દિવસે તો ખાસ તેમના જ માટે હશે. આવી રીતે અમે પોતાની વાતો સ્પષ્ટપણે વર્ણવીએ છીએ તે લોકો માટે જેઓ જ્ઞાન ધરાવે છે.

૩૩. હે નબી ! એમને કહો કે મારા રબે (પ્રભુએ) જે વસ્તુઓ હરામ (અવૈધ) ઠેરવી છે તે તો આ છે – અશ્લીલતાના કૃત્યો – ચાહે જાહેર હોય કે છૂપા – અને પાપ અને સત્ય વિરુધ્ધ અતિરેક અને એ કે અલ્લાહ સાથે તમે કોઈ એવાને ભાગીદાર બનાવો, જેના માટે તેણે કોઈ સનંદ ઉતારી નથી અને એ કે અલ્લાહના નામે કોઈ એવી વાત કહો જેના વિષે તમને જ્ઞાન ન હોય (કે વાસ્તવમાં તે તેણે જ કહી છે).

૩૪. દરેક કોમ માટે મહેતલની એક મુદ્દત નિશ્ચિત છે, પછી જ્યારે કોઈ કોમની મુદ્દત પૂરી થઈ જાય છે ત્યારે એક ક્ષણ પણ મોડું કે વહેલું થતું નથી.

૩૫. (અને આ વાત અલ્લાહે સર્જનના આરંભમાં જ સ્પષ્ટપણે ફરમાવી દીધી હતી કે) હે આદમની સંતાન ! યાદ રાખો, જો તમારા પાસે સ્વયં તમારામાંથી જ એવા રસૂલો આવે જે તમને મારી આયતો સંભળાવી રહ્યા હોય, તો જે કોઈ અવજ્ઞાથી બચશે અને પોતાનું વર્તન સુધારી લેશે, તેના માટે કોઈ ભય અને દુઃખનું કારણ નથી,

૩૬. અને જે લોકો અમારી આયતોને ખોટી ઠેરવશે અને તેના સામે વિદ્રોહ કરશે, તેઓ જ દોજખી (નર્કવાસી) હશે, જ્યાં તેઓ હંમેશા રહેશે.

૩૭. છેવટે તેના કરતાં મોટો જાલિમ કોણ હશે જે તદ્દન જૂઠી વાતો ઘડી કાઢીને અલ્લાહના નામે ચઢાવે અથવા અલ્લાહની સાચી આયતોને ખોટી કહે ? આવા લોકો પોતાના ભાગ્ય-લેખ મુજબ પોતાનો હિસ્સો મેળવતા રહેશે, ત્યાં સુધી કે તે ઘડી આવી જશે જ્યારે અમારા મોકલેલા ફરિશ્તાઓ તેમના પ્રાણ લેવા માટે પહોંચશે. તે વખતે તેઓ તેમને

ضَلُّوْا عَنَّا وَشَهِدُوْا عَلٰۤى اَنْفُسِهِمْ اَنَّهُمْ كَانُوْا
كٰفِرِيْنَ ﴿٣٧﴾ قَالَ ادْخُلُوْا فِيْۤ اُمَمٍ قَدْ خَلَتْ مِنْ
قَبْلِكُمْ مِّنَ الْجِنِّ وَالْاِنْسِ فِي النَّارِؕ كُلَّمَا دَخَلَتْ
اُمَّةٌ لَّعَنَتْ اُخْتَهَاؕ حَتّٰۤى اِذَا ادَّارَكُوْا فِيْهَا جَمِيْعًا ۙ
قَالَتْ اُخْرٰىهُمْ لِاُوْلٰىهُمْ رَبَّنَا هٰۤؤُلَآءِ اَضَلُّوْنَا
فَاٰتِهِمْ عَذَابًا ضِعْفًا مِّنَ النَّارِ ۬ؕ قَالَ لِكُلٍّ
ضِعْفٌ وَّلٰكِنْ لَّا تَعْلَمُوْنَ ﴿٣٨﴾ وَقَالَتْ اُوْلٰىهُمْ
لِاُخْرٰىهُمْ فَمَا كَانَ لَكُمْ عَلَيْنَا مِنْ فَضْلٍ
ع فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْسِبُوْنَ ﴿٣٩﴾ اِنَّ
الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَاسْتَكْبَرُوْا عَنْهَا لَا تُفَتَّحُ
لَهُمْ اَبْوَابُ السَّمَآءِ وَلَا يَدْخُلُوْنَ الْجَنَّةَ حَتّٰى
يَلِجَ الْجَمَلُ فِيْ سَمِّ الْخِيَاطِؕ وَكَذٰلِكَ نَجْزِي
الْمُجْرِمِيْنَ ﴿٤٠﴾ لَهُمْ مِّنْ جَهَنَّمَ مِهَادٌ وَّمِنْ فَوْقِهِمْ
غَوَاشٍؕ وَكَذٰلِكَ نَجْزِي الظّٰلِمِيْنَ ﴿٤١﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا
وَعَمِلُوا الصّٰلِحٰتِ لَا نُكَلِّفُ نَفْسًا اِلَّا وُسْعَهَاۤ ۫
اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٤٢﴾ وَ
نَزَعْنَا مَا فِيْ صُدُوْرِهِمْ مِّنْ غِلٍّ تَجْرِيْ مِنْ
تَحْتِهِمُ الْاَنْهٰرُۚ وَقَالُوا الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ هَدٰىنَا
منزل ٢ لِهٰذَا ۫ وَمَا كُنَّا لِنَهْتَدِيَ لَوْلَاۤ اَنْ هَدٰىنَا اللّٰهُ ۚ

પૂછશે, ''બતાવો, હવે ક્યાં છે તમારા તે ઉપાસ્યો જેમને તમે અલ્લાહને છોડીને પોકારતા હતા ?'' તેઓ કહેશે, ''બધા અમને છોડીને ગુમ થઈ ગયા.'' અને તેઓ સ્વયં પોતાના વિરુધ્ધ સાક્ષી આપશે કે અમે હકીકતમાં સત્યનો ઇન્કાર કરનારા હતા.

૩૮. અલ્લાહ ફરમાવશે, ''જાઓ, તમે પણ તે જ જહન્નમ (નર્ક)માં ચાલ્યા જાઓ જેમાં તમારા પહેલાં થઈ ગયેલા જિન્નાતો અને મનુષ્યોના જૂથ જઈ ચૂક્યા છે.'' દરેક જૂથ જ્યારે જહન્નમમાં દાખલ થશે તો પોતાના આગળના જૂથ ઉપર ધિક્કાર કરતું દાખલ થશે, એટલે સુધી કે જ્યારે સૌ ત્યાં એકઠા થઈ જશે તો પ્રત્યેક પાછળવાળું જૂથ પહેલા જૂથ માટે કહેશે કે હે રબ ! આ લોકો હતા, જેમણે અમને ભટકાવ્યા, આથી તેમને આગની બમણી યાતના આપ. જવાબમાં કહેવામાં આવશે : દરેકને માટે બમણી જ યાતના છે, પરંતુ તમે જાણતા નથી.

૩૯. અને પહેલું જૂથ બીજા જૂથને કહેશે કે (જો અમે આરોપને પાત્ર હતા) તો તમને અમારા ઉપર કઈ શ્રેષ્ઠતા પ્રાપ્ત હતી, હવે પોતાની કમાણીના પરિણામરૂપે યાતનાનો સ્વાદ ચાખો. (રુકૂઅ-૪)

૪૦. વિશ્વાસ રાખો, જે લોકોએ અમારી આયતોને ખોટી ઠેરવી છે અને તેમના વિરુધ્ધ વિદ્રોહ કર્યો છે, તેમના માટે આકાશના દ્વાર કદાપિ ખોલવામાં નહીં આવે. તેમનું જન્નત (સ્વર્ગ)માં જવું એટલું જ અસંભવ છે જેટલું સોયના નાકામાંથી ઊંટનું પસાર થવું. ગુનેગારોને અમારે ત્યાં આવો જ બદલો મળે છે.

૪૧. તેમના માટે તો જહન્નમ (નર્ક)નું બિછાણું અને જહન્નમનું જ ઓઢવાનું. આ છે તે બદલો જે અમે અત્યાચારીઓને આપીએ છીએ.

૪૨. તેનાથી વિપરીત, જે લોકોએ અમારી આયતોને માની લીધી છે અને સારા કર્મો કર્યા છે – અને આ અંગે અમે દરેકને તેની શક્તિ જેટલો જ જવાબદાર ઠેરવીએ છીએ – તેઓ જન્નતવાસીઓ છે, જ્યાં તેઓ હંમેશાં રહેશે.

૪૩. તેમના હૃદયોમાં એક-બીજા માટે જે મલિનતા અને અણબનાવ હશે, તેને અમે કાઢી નાખીશું. તેમના નીચે નહેરો વહેતી હશે અને તેઓ કહેશે, ''પ્રશંસા અલ્લાહ માટે જ છે જેણે અમને આ માર્ગ દેખાડ્યો, જો અલ્લાહ અમારું માર્ગદર્શન ન કરતો તો અમે સ્વયં માર્ગ પામી

لَقَدْ جَآءَتْ رُسُلُ رَبِّنَا بِالْحَقِّ ؕ وَنُوْدُوْٓا اَنْ
تِلْكُمُ الْجَنَّةُ اُوْرِثْتُمُوْهَا بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٤٣﴾ الثلثة
وَنَادٰٓى اَصْحٰبُ الْجَنَّةِ اَصْحٰبَ النَّارِ اَنْ قَدْ
وَجَدْنَا مَا وَعَدَنَا رَبُّنَا حَقًّا فَهَلْ وَجَدْتُّمْ مَّا
وَعَدَ رَبُّكُمْ حَقًّا ؕ قَالُوْا نَعَمْ ج فَاَذَّنَ مُؤَذِّنٌۢ
بَيْنَهُمْ اَنْ لَّعْنَةُ اللّٰهِ عَلَى الظّٰلِمِيْنَ ﴿٤٤﴾ۙ الَّذِيْنَ
يَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَيَبْغُوْنَهَا عِوَجًا ج
وَهُمْ بِالْاٰخِرَةِ كٰفِرُوْنَ ﴿٤٥﴾ۘ وَبَيْنَهُمَا حِجَابٌ ج وقف لازم باختلاف
وَعَلَى الْاَعْرَافِ رِجَالٌ يَّعْرِفُوْنَ كُلًّاۢ بِسِيْمٰىهُمْ ج
وَنَادَوْا اَصْحٰبَ الْجَنَّةِ اَنْ سَلٰمٌ عَلَيْكُمْ قف لَمْ
يَدْخُلُوْهَا وَهُمْ يَطْمَعُوْنَ ﴿٤٦﴾ وَاِذَا صُرِفَتْ اَبْصَارُهُمْ
تِلْقَآءَ اَصْحٰبِ النَّارِ ۙ قَالُوْا رَبَّنَا لَا تَجْعَلْنَا مَعَ
الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٤٧﴾ وَنَادٰٓى اَصْحٰبُ الْاَعْرَافِ ع ٥ / ٨ / ١٢
رِجَالًا يَّعْرِفُوْنَهُمْ بِسِيْمٰىهُمْ قَالُوْا مَآ اَغْنٰى عَنْكُمْ
جَمْعُكُمْ وَمَا كُنْتُمْ تَسْتَكْبِرُوْنَ ﴿٤٨﴾ اَهٰٓؤُلَآءِ
الَّذِيْنَ اَقْسَمْتُمْ لَا يَنَالُهُمُ اللّٰهُ بِرَحْمَةٍ ؕ اُدْخُلُوا
الْجَنَّةَ لَا خَوْفٌ عَلَيْكُمْ وَلَآ اَنْتُمْ تَحْزَنُوْنَ ﴿٤٩﴾
وَنَادٰٓى اَصْحٰبُ النَّارِ اَصْحٰبَ الْجَنَّةِ اَنْ اَفِيْضُوْا
عَلَيْنَا مِنَ الْمَآءِ اَوْ مِمَّا رَزَقَكُمُ اللّٰهُ ؕ قَالُوْٓا اِنَّ منزل ٢

શકતા ન હતા, અમારા રબ (માલિક અને પાલનહાર)ના મોકલેલા રસૂલો (ઈશદૂતો) વાસ્તવમાં સત્ય જ લઈને આવ્યા હતા." તે વખતે અવાજ આવશે, "આ જન્નત (સ્વર્ગ), જેના તમે વારસદાર બનાવવામાં આવ્યા છો, તમને તે કર્મોના બદલામાં મળી છે જે તમે કરતા રહ્યા હતા."

૪૪. પછી આ જન્નત (સ્વર્ગ)ના લોકો દોજખ (નર્ક)ના લોકોને સાદ પાડીને કહેશે, "અમે તે તમામ વાયદાઓને સાચા જોયા જે અમારા રબે અમારા સાથે કર્યા હતા, શું તમે પણ તે વાયદાઓને સાચા જોયા જે તમારા રબે કર્યા હતા?" તેઓ જવાબ આપશે, "હા." ત્યારે એક પોકારનાર તેમના વચ્ચે પોકારશે કે "ખુદાની ફિટકાર તે અત્યાચારીઓ ઉપર,

૪૫. જેઓ અલ્લાહના માર્ગથી લોકોને રોકતા હતા અને તેમાં વિકૃતિ પેદા કરવા માગતા હતા, અને આખિરત (પરલોક)નો ઈન્કાર કરનારા હતા."

૪૬. આ બંને જૂથો વચ્ચે એક આડ હશે જેની ઊંચાઇઓ (આ'રાફ) ઉપર બીજા કેટલાક લોકો હશે. તેઓ દરેકને તેના લક્ષણોથી ઓળખશે અને જન્નતવાસીઓને સાદ પાડીને કહેશે, "સલામતી થાય તમારા પર !" આ લોકો જન્નતમાં દાખલ તો નથી થયા, પરંતુ તેના ઉમેદવાર હશે.

૪૭. અને જ્યારે તેમની નજરો દોજખીઓ તરફ ફરશે તો કહેશે, "હે રબ ! અમને આ અત્યાચારી લોકોમાં સામેલ ન કરજે. (રુકૂઅ-૫)

૪૮. પછી આ આ'રાફના લોકો દોજખની કેટલીક મોટી-મોટી વ્યક્તિઓને તેમના લક્ષણો વડે ઓળખીને પોકારશે કે, "જોઈ લીધું તમે ! આજે ન તમારા અનુયાયીઓ તમારા કોઈ કામ લાગ્યા અને ન તે સાજ-સામાન જેને તમે મોટી વસ્તુ સમજતા હતા.

૪૯. અને શું આ જન્નતવાસીઓ તે જ લોકો નથી જેમના વિષે તમે સોગંદો ખાઈને કહેતા હતા કે એમને તો અલ્લાહ પોતાની કૃપામાંથી કંઈ પણ નહીં આપે ? આજે તેમને જ કહેવામાં આવ્યું કે દાખલ થઈ જાઓ જન્નતમાં, તમારા માટે ન ભય છે, ન દુઃખ."

૫૦. અને દોજખના લોકો જન્નતવાસીઓને પોકારીને કહેશે કે થોડું ઠંડુ પાણી અમારા ઉપર નાંખી દો અથવા અલ્લાહે તમને જે રોજી આપી છે તેમાંથી જ થોડું ફેંકી દો. તેઓ જવાબ આપશે, "અલ્લાહે આ બંને

اللّٰهَ حَرَّمَهُمَا عَلَى الْكٰفِرِيْنَ ﴿٥٠﴾ الَّذِيْنَ اتَّخَذُوْا

دِيْنَهُمْ لَهْوًا وَّلَعِبًا وَّغَرَّتْهُمُ الْحَيٰوةُ الدُّنْيَا ج

فَالْيَوْمَ نَنْسٰهُمْ كَمَا نَسُوْا لِقَآءَ يَوْمِهِمْ هٰذَا ۙ وَمَا

كَانُوْا بِاٰيٰتِنَا يَجْحَدُوْنَ ﴿٥١﴾ وَلَقَدْ جِئْنٰهُمْ بِكِتٰبٍ

فَصَّلْنٰهُ عَلٰى عِلْمٍ هُدًى وَّرَحْمَةً لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٥٢﴾

هَلْ يَنْظُرُوْنَ اِلَّا تَاْوِيْلَهٗ ط يَوْمَ يَاْتِيْ تَاْوِيْلُهٗ

يَقُوْلُ الَّذِيْنَ نَسُوْهُ مِنْ قَبْلُ قَدْ جَآءَتْ رُسُلُ

رَبِّنَا بِالْحَقِّ ج فَهَلْ لَّنَا مِنْ شُفَعَآءَ فَيَشْفَعُوْا

لَنَآ اَوْ نُرَدُّ فَنَعْمَلَ غَيْرَ الَّذِيْ كُنَّا نَعْمَلُ ط قَدْ

خَسِرُوْٓا اَنْفُسَهُمْ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٥٣﴾ ع — ع ٦ ١٤

اِنَّ رَبَّكُمُ اللّٰهُ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ

فِيْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ قف يُغْشِي

الَّيْلَ النَّهَارَ يَطْلُبُهٗ حَثِيْثًا ۙ وَّالشَّمْسَ وَالْقَمَرَ

وَالنُّجُوْمَ مُسَخَّرٰتٍ بِاَمْرِهٖ ط اَلَا لَهُ الْخَلْقُ وَالْاَمْرُ ط

تَبٰرَكَ اللّٰهُ رَبُّ الْعٰلَمِيْنَ ﴿٥٤﴾ اُدْعُوْا رَبَّكُمْ

تَضَرُّعًا وَّخُفْيَةً ط اِنَّهٗ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ ﴿٥٥﴾ ج

وَلَا تُفْسِدُوْا فِي الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا وَادْعُوْهُ خَوْفًا

وَّطَمَعًا ط اِنَّ رَحْمَتَ اللّٰهِ قَرِيْبٌ مِّنَ الْمُحْسِنِيْنَ ﴿٥٦﴾

وَهُوَ الَّذِيْ يُرْسِلُ الرِّيٰحَ بُشْرًا بَيْنَ يَدَيْ — منزل ٢

વસ્તુઓ તે સત્યના ઇન્કાર કરનારાઓ માટે હરામ (નિષિદ્ધ) કરી દીધી છે,

૫૧. જેમણે પોતાના દીન (ધર્મ)ને ખેલ અને તમાશો બનાવી દીધો હતો અને જેમને દુનિયાના જીવને ભ્રમમાં નાખી રાખ્યા હતા. અલ્લાહ ફરમાવે છે કે આજે અમે પણ તેમને એવી જ રીતે ભુલાવી દઈશું જેવી રીતે તેઓ આ દિવસની મુલાકાતને ભૂલી ગયા અને અમારી આયતોનો ઇન્કાર કરતા રહ્યા."

૫૨. અમે આ લોકોના પાસે એક એવો ગ્રંથ લઈ આવ્યા છીએ જેને અમે જ્ઞાનના આધારે વિસ્તૃત અને વિગતવાર બનાવ્યો છે અને જે ઈમાન લાવનારાઓ માટે માર્ગદર્શન અને કૃપા છે.

૫૩. હવે શું આ લોકો તેના સિવાય કોઈ બીજી વાતની રાહ જુએ છે કે તે પરિણામ સામે આવી જાય જેના સમાચાર આ ગ્રંથ આપી રહ્યો છે? જે દિવસે તે પરિણામ સામે આવી જશે તો તે જ લોકો જેમણે પહેલાં આને અવગણી દીધો હતો કહેશે, "હકીકતમાં અમારા રબ (પ્રભુ)ના રસૂલો (ઈશદૂતો) સત્ય લઈને આવ્યા હતા, પછી શું હવે અમને થોડા ભલામણ કરનારા મળશે, જેઓ અમારા માટે ભલામણ કરે? અથવા અમને બીજી વાર પાછા મોકલી આપવામાં આવે, જેથી જે કંઈ અમે પહેલાં કરતા હતા તેની જગ્યાએ હવે બીજી રીતે કામ કરીને દેખાડીએ?" – તેમણે સ્વયં પોતાને નુકસાનમાં નાખી દીધા અને તે બધા જૂઠાણાં જે તેમણે ઘડી કાઢ્યા હતા, આજે તેમનાથી ગુમ થઈ ગયા. (રુકૂઅ-૬)

૫૪. હકીકતમાં તમારો રબ અલ્લાહ જ છે જેણે આકાશો અને ધરતીને છ દિવસમાં પેદા કર્યા, પછી પોતાના રાજ-સિંહાસન પર બિરાજમાન થયો, જે રાતને દિવસ ઉપર ઢાંકી દે છે અને પછી દિવસ રાતની પાછળ દોડતો આવે છે, જેણે સૂર્ય અને ચંદ્ર અને તારા પેદા કર્યા. સૌ તેના આદેશને આધીન છે. સાવધાન રહો! તેની જ સૃષ્ટિ છે અને તેની જ આજ્ઞા છે. અત્યંત બરકતવાળો છે અલ્લાહ! સમસ્ત સૃષ્ટિનો માલિક અને પાલનહાર!

૫૫. પોતાના રબને પોકારો કરગરીને અને ચુપકે-ચુપકે, નિઃશંક તે સીમાનું ઉલ્લંઘન કરનારાઓને પસંદ કરતો નથી.

૫૬. ધરતીમાં બગાડ પેદા ન કરો જ્યારે કે તેની સુધારણા થઈ ચૂકી છે અને અલ્લાહને જ પોકારો ડર અને અભિલાષા સાથે, નિઃસંદેહ અલ્લાહની કૃપા સદ્ચરિત્ર લોકોના સમીપ છે.

رَحْمَتِهٖ ؕ حَتّٰۤى اِذَاۤ اَقَلَّتْ سَحَابًا ثِقَالًا سُقْنٰهُ
لِبَلَدٍ مَّيِّتٍ فَاَنْزَلْنَا بِهِ الْمَآءَ فَاَخْرَجْنَا بِهٖ
مِنْ كُلِّ الثَّمَرٰتِ ؕ كَذٰلِكَ نُخْرِجُ الْمَوْتٰى لَعَلَّكُمْ
تَذَكَّرُوْنَ ۝٥٧ وَالْبَلَدُ الطَّيِّبُ يَخْرُجُ نَبَاتُهٗ
بِاِذْنِ رَبِّهٖ ۚ وَالَّذِيْ خَبُثَ لَا يَخْرُجُ اِلَّا نَكِدًا ؕ
كَذٰلِكَ نُصَرِّفُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّشْكُرُوْنَ ۝٥٨ ع ع ٥ ١٤
لَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖ فَقَالَ يٰقَوْمِ
اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ اِنِّيْۤ
اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ۝٥٩ قَالَ
الْمَلَاُ مِنْ قَوْمِهٖۤ اِنَّا لَنَرٰىكَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝٦٠
قَالَ يٰقَوْمِ لَيْسَ بِيْ ضَلٰلَةٌ وَّلٰكِنِّيْ رَسُوْلٌ
مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ۝٦١ اُبَلِّغُكُمْ رِسٰلٰتِ رَبِّيْ وَ
اَنْصَحُ لَكُمْ وَاَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ۝٦٢
اَوَعَجِبْتُمْ اَنْ جَآءَكُمْ ذِكْرٌ مِّنْ رَّبِّكُمْ عَلٰى
رَجُلٍ مِّنْكُمْ لِيُنْذِرَكُمْ وَلِتَتَّقُوْا وَلَعَلَّكُمْ
تُرْحَمُوْنَ ۝٦٣ فَكَذَّبُوْهُ فَاَنْجَيْنٰهُ وَالَّذِيْنَ
مَعَهٗ فِي الْفُلْكِ وَاَغْرَقْنَا الَّذِيْنَ كَذَّبُوْا
بِاٰيٰتِنَا ؕ اِنَّهُمْ كَانُوْا قَوْمًا عَمِيْنَ ۝٦٤ ع وَاِلٰى ع ٦ ٨ ١٥
عَادٍ اَخَاهُمْ هُوْدًا ؕ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ

منزل ٢

૫૭. અને તે અલ્લાહ જ છે જે હવાઓને પોતાની કૃપાના આગળ-આગળ શુભ-સૂચના લઈને મોકલે છે, પછી જ્યારે તેઓ પાણીથી ભરેલા વાદળો ઉઠાવી લે છે તો તેમને કોઈ નિર્જીવ ધરતી તરફ ગતિ આપે છે અને ત્યાં વરસાદ વરસાવીને (તે જ નિર્જીવ ધરતીમાંથી) જાત-જાતના ફળો નિપજાવે છે. જુઓ, આવી રીતે અમે મડદાંને મૃતાવસ્થામાંથી કાઢીએ છીએ, કદાચ તમે આને નિહાળીને બોધ ગ્રહણ કરો.

૫૮. જે જમીન સારી હોય છે તે પોતાના રબના આદેશથી પુષ્કળ ફળ-ફૂલ નિપજાવે છે અને જે જમીન ખરાબ હોય છે તેમાંથી ખરાબ પેદાશ સિવાય કંઈ ઉપજતું નથી. આવી જ રીતે અમે નિશાનીઓને વારંવાર રજુ કરીએ છીએ તે લોકો માટે જેઓ કૃતજ્ઞતા દર્શાવવાવાળા છે. (રુકૂઅ-૭)

૫૯. અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો. તેણે કહ્યું, ''હે મારી કોમના ભાઈઓ ! અલ્લાહની બંદગી કરો, તેના સિવાય તમારો કોઈ ઉપાસ્ય નથી. હું તમારા માટે એક ભયાનક દિવસની યાતનાથી ડરૂં છું.''

૬૦. તેની કોમના આગેવાનોએ જવાબ આપ્યો, ''અમને તો એવું દેખાય છે કે તમે સ્પષ્ટ પથભ્રષ્ટતામાં પડેલા છો.''

૬૧. નૂહે કહ્યું, ''હે મારી કોમના ભાઈઓ ! હું કોઈ પથભ્રષ્ટતામાં પડેલો નથી, પરંતુ હું સૃષ્ટિના માલિક અને પાલનહારનો રસૂલ છું,

૬૨. તમને પોતાના રબના સંદેશાઓ પહોંચાડું છું, તમારું ભલું ઈચ્છું છું અને મને અલ્લાહ તરફથી એની ખબર છે જેની તમને ખબર નથી.

૬૩. શું તમને એ વાત પર આશ્ચર્ય થયું કે તમારા પાસે સ્વયં તમારી પોતાની કોમની એક વ્યક્તિ મારફતે તમારા રબ (પ્રભુ)નું અનુસ્મરણ આવ્યું, જેથી તમને સચેત કરે અને તમે ખોટા રસ્તે જતાં બચી જાઓ અને તમારા ઉપર દયા કરવામાં આવે ?''

૬૪. પરંતુ તેમણે તેને ખોટો ઠેરવ્યો. છેવટે અમે તેને અને તેના સાથીઓને એક નૌકામાં બચાવી લીધા અને તે લોકોને ડૂબાડી દીધા જેમણે અમારી આયતોને ખોટી ઠેરવી હતી, નિઃસંદેહ તેઓ આંધળા હતા. (રુકૂઅ-૮)

૬૫. અને આદ તરફ અમે તેમના ભાઈ હૂદને મોકલ્યો. તેણે કહ્યું, ''હે મારી કોમના ભાઈઓ ! અલ્લાહની બંદગી કરો, તેના સિવાય તમારો

مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ اَفَلَا تَتَّقُوْنَ ۝٦٥ قَالَ
الْمَلَاُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖۤ اِنَّا لَنَرٰىكَ فِيْ
سَفَاهَةٍ وَّاِنَّا لَنَظُنُّكَ مِنَ الْكٰذِبِيْنَ ۝٦٦ قَالَ
يٰقَوْمِ لَيْسَ بِيْ سَفَاهَةٌ وَّلٰكِنِّيْ رَسُوْلٌ مِّنْ
رَّبِّ الْعٰلَمِيْنَ ۝٦٧ اُبَلِّغُكُمْ رِسٰلٰتِ رَبِّيْ وَاَنَا
لَكُمْ نَاصِحٌ اَمِيْنٌ ۝٦٨ اَوَعَجِبْتُمْ اَنْ جَآءَكُمْ
ذِكْرٌ مِّنْ رَّبِّكُمْ عَلٰى رَجُلٍ مِّنْكُمْ لِيُنْذِرَكُمْ ؕ
وَاذْكُرُوْۤا اِذْ جَعَلَكُمْ خُلَفَآءَ مِنْۢ بَعْدِ قَوْمِ
نُوْحٍ وَّزَادَكُمْ فِي الْخَلْقِ بَصْۜطَةً ۚ فَاذْكُرُوْۤا
اٰلَآءَ اللّٰهِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝٦٩ قَالُوْۤا اَجِئْتَنَا
لِنَعْبُدَ اللّٰهَ وَحْدَهٗ وَنَذَرَ مَا كَانَ يَعْبُدُ
اٰبَآؤُنَا ۚ فَاْتِنَا بِمَا تَعِدُنَاۤ اِنْ كُنْتَ مِنَ
الصّٰدِقِيْنَ ۝٧٠ قَالَ قَدْ وَقَعَ عَلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ
رِجْسٌ وَّغَضَبٌ ؕ اَتُجَادِلُوْنَنِيْ فِيْۤ اَسْمَآءٍ
سَمَّيْتُمُوْهَاۤ اَنْتُمْ وَاٰبَآؤُكُمْ مَّا نَزَّلَ اللّٰهُ
بِهَا مِنْ سُلْطٰنٍ ؕ فَانْتَظِرُوْۤا اِنِّيْ مَعَكُمْ مِّنَ
الْمُنْتَظِرِيْنَ ۝٧١ فَاَنْجَيْنٰهُ وَالَّذِيْنَ مَعَهٗ بِرَحْمَةٍ
مِّنَّا وَقَطَعْنَا دَابِرَ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا
وَمَا كَانُوْا مُؤْمِنِيْنَ ۝٧٢ ع وَاِلٰى ثَمُوْدَ اَخَاهُمْ

منزل ۲ — ع ۸/۱٦

કોઈ ઉપાસ્ય નથી. પછી શું તમે ખોટા રસ્તે જવાથી બચશો નહીં ?"

૬૬. તેની કોમના આગેવાનોએ, જેઓ તેની વાત માનવાનો ઇન્કાર કરી રહ્યા હતા, જવાબમાં કહ્યું, "અમે તો તમને મૂર્ખતામાં ગ્રસ્ત જોઈએ છીએ અને અમે સમજીએ છીએ છે કે તમે જૂઠા છો."

૬૭. તેણે કહ્યું, "હે મારી કોમના ભાઈઓ ! હું મૂર્ખતામાં ગ્રસ્ત નથી બલ્કે હું સમસ્ત સૃષ્ટિના માલિક અને પાલનહારનો રસૂલ છું,

૬૮. તમને પોતાના રબના સંદેશા પહોંચાડું છું અને તમારો એવો શુભેચ્છક છું જેના પર ભરોસો કરી શકાય છે.

૬૯. શું તમને એ વાત પર આશ્ચર્ય થયું કે તમારા પાસે સ્વયં તમારી પોતાની કોમની એક વ્યક્તિ મારફતે તમારા રબનું અનુસ્મરણ આવ્યું, જેથી તે તમને ચેતવે ? એ ન ભૂલો કે તમારા રબે નૂહની કોમ પછી તમને તેના ઉત્તરાધિકારી બનાવ્યા અને તમને દરેક રીતે ખૂબ સશક્ત બનાવ્યા, પછી અલ્લાહની કુદરતના ચમત્કારોને યાદ રાખો, આશા છે સફળતા પામશો."

૭૦. તેમણે જવાબ આપ્યો, "શું તું અમારા પાસે એટલા માટે આવ્યો છે કે અમે માત્ર અલ્લાહની જ બંદગી કરીએ અને તેમને છોડી દઈએ જેમની બંદગી અમારા બાપ-દાદા કરતા આવ્યા છે ? સારું, તો લઈ આવ તે યાતના જેની તું અમને ધમકી આપે છે, જો તું સાચો છે.

૭૧. તેણે કહ્યું, "તમારા રબની ફિટકાર તમારા ઉપર પડી ગઈ અને તેનો પ્રકોપ તૂટી પડ્યો. શું તમે મારા સાથે તે નામો માટે ઝઘડો છો જે તમે અને તમારા બાપ-દાદાઓએ રાખી લીધા છે, જેના માટે અલ્લાહે કોઈ સનંદ ઉતારી નથી ? ભલે તો તમે પણ રાહ જુઓ અને હું પણ તમારા સાથે રાહ જોઉં છું."

૭૨. છેવટે અમે પોતાની દયાથી હૂદ અને તેના સાથીઓને બચાવી લીધા અને તે લોકોના મૂળ કાપી નાખ્યા જેઓ અમારી આયતોને ખોટી ઠેરવી ચૂક્યા હતા અને ઈમાન લાવવાના ન હતા. (રુકૂઅ-૯)

૭૩. અને સમૂદ તરફ અમે તેમના ભાઈ સાલેહને મોકલ્યો. તેણે કહ્યું, "હે

وقف لازم

صٰلِحًا ۘ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ
اِلٰهٍ غَيْرُهٗ ؕ قَدْ جَآءَتْكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ ؕ هٰذِهٖ
نَاقَةُ اللّٰهِ لَكُمْ اٰيَةً فَذَرُوْهَا تَاْكُلْ فِيْۤ اَرْضِ
اللّٰهِ وَلَا تَمَسُّوْهَا بِسُوْٓءٍ فَيَاْخُذَكُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٧٣﴾
وَاذْكُرُوْۤا اِذْ جَعَلَكُمْ خُلَفَآءَ مِنْۢ بَعْدِ عَادٍ وَّ
بَوَّاَكُمْ فِي الْاَرْضِ تَتَّخِذُوْنَ مِنْ سُهُوْلِهَا
قُصُوْرًا وَّ تَنْحِتُوْنَ الْجِبَالَ بُيُوْتًا ۚ فَاذْكُرُوْۤا اٰلَآءَ
اللّٰهِ وَلَا تَعْثَوْا فِي الْاَرْضِ مُفْسِدِيْنَ ﴿٧٤﴾ قَالَ
الْمَلَاُ الَّذِيْنَ اسْتَكْبَرُوْا مِنْ قَوْمِهٖ لِلَّذِيْنَ
اسْتُضْعِفُوْا لِمَنْ اٰمَنَ مِنْهُمْ اَتَعْلَمُوْنَ اَنَّ
صٰلِحًا مُّرْسَلٌ مِّنْ رَّبِّهٖ ؕ قَالُوْۤا اِنَّا بِمَاۤ اُرْسِلَ
بِهٖ مُؤْمِنُوْنَ ﴿٧٥﴾ قَالَ الَّذِيْنَ اسْتَكْبَرُوْۤا اِنَّا بِالَّذِيْۤ
اٰمَنْتُمْ بِهٖ كٰفِرُوْنَ ﴿٧٦﴾ فَعَقَرُوا النَّاقَةَ وَ عَتَوْا
عَنْ اَمْرِ رَبِّهِمْ وَ قَالُوْا يٰصٰلِحُ ائْتِنَا بِمَا تَعِدُنَاۤ
اِنْ كُنْتَ مِنَ الْمُرْسَلِيْنَ ﴿٧٧﴾ فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ
فَاَصْبَحُوْا فِيْ دَارِهِمْ جٰثِمِيْنَ ﴿٧٨﴾ فَتَوَلّٰى عَنْهُمْ وَ
قَالَ يٰقَوْمِ لَقَدْ اَبْلَغْتُكُمْ رِسَالَةَ رَبِّيْ وَ نَصَحْتُ
لَكُمْ وَلٰكِنْ لَّا تُحِبُّوْنَ النّٰصِحِيْنَ ﴿٧٩﴾ وَ لُوْطًا
اِذْ قَالَ لِقَوْمِهٖۤ اَتَاْتُوْنَ الْفَاحِشَةَ مَا سَبَقَكُمْ

મારી કોમના ભાઈઓ ! અલ્લાહની બંદગી કરો, તેના સિવાય તમારો કોઈ ઉપાસ્ય નથી. તમારા પાસે તમારા રબની સ્પષ્ટ દલીલ આવી ગઈ છે. આ અલ્લાહની ઊંટણી તમારા માટે એક નિશાનીના રૂપમાં છે, આથી તેને છૂટી મૂકી દો કે અલ્લાહની ધરતી ઉપર ચરતી ફરે. તેને કોઈ બદઈરાદાથી હાથ ન લગાવતા, નહીં તો એક પીડાકારી યાતના તમને ઝડપી લેશે.

૭૪. યાદ કરો તે સમય જ્યારે અલ્લાહે આદની કોમ પછી તમને તેના ઉત્તરાધિકારી બનાવ્યા અને તમને ધરતી ઉપર આ દરજ્જો આપ્યો કે આજે તમે તેના સપાટ મેદાનોમાં ભવ્ય મહેલો બાંધો છો અને તેના પર્વતોને મકાનોના રૂપમાં કોતરી કાઢો છો. તેથી તેની કુદરતના ચમત્કારોને ભૂલી ન જાઓ અને ધરતી ઉપર બગાડ પેદા ન કરો."

૭૫. તેની કોમના આગેવાનોએ, જેઓ ઘમંડી થઈ ગયા હતા, નબળા વર્ગના તે લોકોને જેઓ ઈમાન લઈ આવ્યા હતા, કહ્યું, ''શું તમે ખરેખર આ જાણો છો કે સાલેહ પોતાના રબનો પયગંબર છે ?'' તેમણે જવાબ આપ્યો, ''ચોક્કસ, જે સંદેશ સાથે તેને મોકલવામાં આવ્યો છે તેને અમે માનીએ છીએ.''

૭૬. તે ઘમંડી લોકોએ કહ્યું, ''જે વસ્તુને તમે માની છે, અમે તેનો ઇન્કાર કરનારા છીએ.''

૭૭. પછી તેમણે તે ઊંટણીને મારી નાખી અને સંપૂર્ણ ઉદ્ધતાઈપૂર્વક પોતાના રબના આદેશનો ભંગ કરી બેઠા અને સાલેહને કહી દીધું કે, ''લઈ આવ તે અઝાબ (યાતના) જેની તું અમને ધમકી આપે છે જો તું હકીકતમાં પયગંબરોમાંથી છે.''

૭૮. છેવટે એક ધ્રુજાવી મૂકનારી આપત્તિએ તેમને ઝડપી લીધા અને તેઓ પોતાના ઘરોમાં ઊંધા પડેલા જ રહી ગયા.

૭૯. અને સાલેહ એમ કહેતો તેમની વસ્તીમાંથી નીકળી ગયો કે, ''હે મારી કોમ ! મેં પોતાના રબનો સંદેશો તને પહોંચાડી દીધો અને મેં તારું ઘણું ભલું ઇચ્છ્યું, પરંતુ હું શું કરૂં કે તને પોતાના શુભેચ્છકો પસંદ જ નથી.''

૮૦. અને લૂતને અમે પયગંબર બનાવીને મોકલ્યો. પછી યાદ કરો જ્યારે તેણે પોતાની કોમને કહ્યું, ''શું તમે એવા નિર્લજ્જ થઈ ગયા છો કે તે

بِهَا مِنْ اَحَدٍ مِّنَ الْعٰلَمِیْنَ ﴿۸۰﴾ اِنَّكُمْ لَتَاْتُوْنَ
الرِّجَالَ شَهْوَةً مِّنْ دُوْنِ النِّسَآءِ ؕ بَلْ اَنْتُمْ قَوْمٌ
مُّسْرِفُوْنَ ﴿۸۱﴾ وَمَا كَانَ جَوَابَ قَوْمِهٖۤ اِلَّاۤ اَنْ قَالُوْۤا
اَخْرِجُوْهُمْ مِّنْ قَرْیَتِكُمْ ۚ اِنَّهُمْ اُنَاسٌ یَّتَطَهَّرُوْنَ ﴿۸۲﴾
فَاَنْجَیْنٰهُ وَاَهْلَهٗۤ اِلَّا امْرَاَتَهٗ ۖؗ كَانَتْ مِنَ الْغٰبِرِیْنَ ﴿۸۳﴾
وَاَمْطَرْنَا عَلَیْهِمْ مَّطَرًا ؕ فَانْظُرْ كَیْفَ كَانَ عَاقِبَةُ
ع ١٢/١٧ الْمُجْرِمِیْنَ ﴿۸۴﴾ وَاِلٰى مَدْیَنَ اَخَاهُمْ شُعَیْبًا ؕ قَالَ
یٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَیْرُهٗ ؕ قَدْ
جَآءَتْكُمْ بَیِّنَةٌ مِّنْ رَّبِّكُمْ فَاَوْفُوا الْكَیْلَ وَ
الْمِیْزَانَ وَلَا تَبْخَسُوا النَّاسَ اَشْیَآءَهُمْ وَلَا تُفْسِدُوْا
فِی الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا ؕ ذٰلِكُمْ خَیْرٌ لَّكُمْ اِنْ
كُنْتُمْ مُّؤْمِنِیْنَ ﴿۸۵﴾ ۚ وَلَا تَقْعُدُوْا بِكُلِّ صِرَاطٍ
تُوْعِدُوْنَ وَتَصُدُّوْنَ عَنْ سَبِیْلِ اللّٰهِ مَنْ اٰمَنَ
بِهٖ وَتَبْغُوْنَهَا عِوَجًا ۚ وَاذْكُرُوْۤا اِذْ كُنْتُمْ
قَلِیْلًا فَكَثَّرَكُمْ ۖ وَانْظُرُوْا كَیْفَ كَانَ عَاقِبَةُ
الْمُفْسِدِیْنَ ﴿۸۶﴾ وَاِنْ كَانَ طَآىِٕفَةٌ مِّنْكُمْ اٰمَنُوْا بِالَّذِیْۤ
اُرْسِلْتُ بِهٖ وَطَآىِٕفَةٌ لَّمْ یُؤْمِنُوْا فَاصْبِرُوْا حَتّٰى
منزل ٢ یَحْكُمَ اللّٰهُ بَیْنَنَا ۚ وَهُوَ خَیْرُ الْحٰكِمِیْنَ ﴿۸۷﴾

શરમજનક કૃત્ય કરો છો જે તમારા પહેલાં દુનિયામાં કોઈએ નથી કર્યું ?

૮૧. તમે સ્ત્રીઓને છોડીને પુરુષો વડે પોતાની કામવાસના પૂરી કરો છો. હકીકત તો એ છે કે તમે તદ્દન હદથી વધી જનારા લોકો છો."

૮૨. પરંતુ તેની કોમનો જવાબ એ સિવાય કંઈ ન હતો કે, "કાઢી મૂકો આ લોકોને પોતાની વસ્તીઓમાંથી, ખૂબ પવિત્રાચારી બને છે આ !

૮૩. છેવટે અમે લૂત અને તેના ઘરવાળાઓને — તેની પત્નીને છોડીને, જે પાછળ રહી જનારાઓમાંથી હતી — બચાવીને કાઢી લીધા

૮૪. અને તે કોમ ઉપર વરસાવી એક વર્ષા, પછી જુઓ કે તે અપરાધીઓનું શું પરિણામ આવ્યું. (રુકૂઅ-૧૦)

૮૫. અને મદ્‌યનવાળાઓ★ તરફ અમે તેમના ભાઈ શુએબને મોકલ્યો. તેણે કહ્યું, "હે મારી કોમના ભાઈઓ ! અલ્લાહની બંદગી કરો, તેના સિવાય તમારો કોઈ ઉપાસ્ય નથી, તમારા પાસે તમારા રબનું સ્પષ્ટ માર્ગદર્શન આવી ગયું છે, આથી તોલ અને માપ પૂરેપૂરા ભરો, લોકોને તેમની વસ્તુઓ ઓછી ન આપો, અને ધરતી ઉપર બગાડ પેદા ન કરો જ્યારે કે તેની સુધારણા થઈ ચૂકી છે, આમાં જ તમારી ભલાઈ છે જો તમે હકીકતમાં ઈમાનવાળા છો.

૮૬. અને (જીવનના) દરેક રસ્તા ઉપર મુસાફરોને લૂંટનારા બનીને બેસી ન જાઓ કે લોકોને ભયભીત કરવા લાગો અને ઈમાનવાળાઓને અલ્લાહના માર્ગથી રોકવા લાગો અને સીધા માર્ગને વિકૃત કરવા પર ઊતરી આવો. યાદ કરો તે સમય જ્યારે તમે ઘણાં ઓછા હતા, પછી અલ્લાહે તમને ઘણાં કરી દીધા, અને આંખો ખોલીને જુઓ કે દુનિયામાં બગાડ પેદા કરનારાઓનું શું પરિણામ આવ્યું છે.

૮૭. જો તમારામાંથી એક જૂથ તે શિક્ષણ પર જેના સાથે મને મોકલવામાં આવ્યો છે, ઈમાન લાવે છે અને બીજું ઈમાન નથી લાવતું, તો ધૈર્યથી જોતા રહો, ત્યાં સુધી કે અલ્લાહ આપણી વચ્ચે ફેંસલો કરી નાખે, અને તે જ સૌથી સારો ફેંસલો કરનાર છે."

★ હિજાજના ઉત્તર-પશ્ચિમ અને પેલેસ્ટાઇનના દક્ષિણમાં રાતા સમુદ્ર અને અકબાની ખાડીના કિનારાનો પ્રદેશ, જે સીના દ્વીપકલ્પના પૂર્વના કિનારા સુધી તેનો કેટલોક સિલસિલો ફેલાયેલો હતો, જુના વખતમાં રાતા સમુદ્રના કિનારે-કિનારે યમનથી મક્કા તરફ જતાં વ્યાપારિક રાજમાર્ગ તેમજ યમ્બૂક થઈને સીરિયા સુધી જતાં વ્યાપારિક રાજમાર્ગ તથા ઈરાકથી ઈજીપ્ત જતાં વ્યાપારિક રાજમાર્ગના બરાબર ચોરાહા ઉપર આ સમુદાયની આબાદીઓ વસેલી હતી.

قَالَ الْمَلَاُ الَّذِيْنَ اسْتَكْبَرُوْا مِنْ قَوْمِهٖ لَنُخْرِجَنَّكَ
يٰشُعَيْبُ وَ الَّذِيْنَ اٰمَنُوْا مَعَكَ مِنْ قَرْيَتِنَاۤ اَوْ
لَتَعُوْدُنَّ فِيْ مِلَّتِنَا ؕ قَالَ اَوَلَوْ كُنَّا كٰرِهِيْنَ ۟ؕ ﴿۸۸﴾ قف
قَدِ افْتَرَيْنَا عَلَى اللّٰهِ كَذِبًا اِنْ عُدْنَا فِيْ مِلَّتِكُمْ
بَعْدَ اِذْ نَجّٰىنَا اللّٰهُ مِنْهَا ؕ وَمَا يَكُوْنُ لَنَاۤ اَنْ نَّعُوْدَ
فِيْهَاۤ اِلَّاۤ اَنْ يَّشَآءَ اللّٰهُ رَبُّنَا ؕ وَسِعَ رَبُّنَا كُلَّ
شَيْءٍ عِلْمًا ؕ عَلَى اللّٰهِ تَوَكَّلْنَا ؕ رَبَّنَا افْتَحْ بَيْنَنَا وَ
بَيْنَ قَوْمِنَا بِالْحَقِّ وَاَنْتَ خَيْرُ الْفٰتِحِيْنَ ﴿۸۹﴾ وَقَالَ
الْمَلَاُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖ لَئِنِ اتَّبَعْتُمْ شُعَيْبًا اِنَّكُمْ
اِذًا لَّخٰسِرُوْنَ ﴿۹۰﴾ فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ فَاَصْبَحُوْا
فِيْ دَارِهِمْ جٰثِمِيْنَ ۛ ﴿۹۱﴾ الَّذِيْنَ كَذَّبُوْا شُعَيْبًا
كَاَنْ لَّمْ يَغْنَوْا فِيْهَا ۛ اَلَّذِيْنَ كَذَّبُوْا شُعَيْبًا كَانُوْا
هُمُ الْخٰسِرِيْنَ ﴿۹۲﴾ فَتَوَلّٰى عَنْهُمْ وَقَالَ يٰقَوْمِ لَقَدْ
اَبْلَغْتُكُمْ رِسٰلٰتِ رَبِّيْ وَ نَصَحْتُ لَكُمْ ۚ فَكَيْفَ اٰسٰى
عَلٰى قَوْمٍ كٰفِرِيْنَ ۧ ﴿۹۳﴾ وَمَاۤ اَرْسَلْنَا فِيْ قَرْيَةٍ مِّنْ
نَّبِيٍّ اِلَّاۤ اَخَذْنَاۤ اَهْلَهَا بِالْبَاْسَآءِ وَ الضَّرَّآءِ لَعَلَّهُمْ
يَضَّرَّعُوْنَ ﴿۹۴﴾ ثُمَّ بَدَّلْنَا مَكَانَ السَّيِّئَةِ الْحَسَنَةَ حَتّٰى
عَفَوْا وَّقَالُوْا قَدْ مَسَّ اٰبَآءَنَا الضَّرَّآءُ وَ السَّرَّآءُ
فَاَخَذْنٰهُمْ بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿۹۵﴾ وَلَوْ اَنَّ

مع عند المتقدمين
ع ۹

૮૮. તેની કૌમના આગેવાનોએ, જેઓ પોતાની મોટાઈના ઘમંડમાં ગ્રસ્ત હતા, તેને કહ્યું કે ''હે શુઐબ ! અમે તને અને તે લોકોને જેઓ તારા સાથે ઈમાન લાવ્યા છે, પોતાની વસ્તીમાંથી કાઢી મૂકીશું, નહીં તો તમારે અમારા પંથમાં પાછા આવવું પડશે.'' શુઐબે જવાબ આપ્યો, ''શું બળજબરીપૂર્વક અમને ફેરવી નાખવામાં આવશે, ચાહે અમે રાજી ન હોઈએ ?

૮૯. અમે અલ્લાહ પર જૂઠ ઘડનારા હોઈશું જો તમારા પંથમાં પાછા આવીએ તો, જ્યારે કે અલ્લાહ અમને તેનાથી મુક્તિ આપી ચૂક્યો છે. અમારા માટે તો તેના તરફ પાછા ફરવાનું હવે કોઈ રીતે શક્ય નથી, સિવાય કે અમારો રબ જ આવું ચાહે. અમારા રબનું જ્ઞાન દરેક વસ્તુ ઉપર છવાયેલું છે, તેના પર જ અમે ભરોસો કરી લીધો. હે માલિક ! અમારા અને અમારી કોમ વચ્ચે સાચો ફેંસલો કરી દે અને તું સૌથી સારો ફેંસલો કરનાર છે.''

૯૦. તેની કોમના આગેવાનોએ, જેઓ તેની વાત માનવાનો ઈન્કાર કરી ચૂક્યા હતા, પરસ્પર કહ્યું, ''જો તમે શુઐબના અનુસરણનો સ્વીકાર કરી લીધો તો બરબાદ થઈ જશો.''

૯૧. પરંતુ બન્યું એવું કે એક ધ્રુજાવી દેનારી આપત્તિએ તેમને ઝડપી લીધાં અને તેઓ પોતાના ઘરોમાં ઊંધા જ પડીને રહી ગયા.

૯૨. જે લોકોએ શુઐબને ખોટો ઠેરવ્યો તેઓ એવા નષ્ટ થઈ ગયા કે જાણે તે મકાનોમાં તેઓ કદી વસ્યા જ ન હતા ! શુઐબને ખોટો ઠેરવનારા છેવટે બરબાદ થઈને રહ્યા.

૯૩. અને શુઐબ એવું કહીને તેમની વસ્તીમાંથી નીકળી ગયો કે ''હે મારી કોમના ભાઈઓ ! મેં પોતાના રબ (પ્રભુ)નો સંદેશ તમને પહોંચાડી દીધો અને તમારી ભલાઈનું ઉત્તરદાયિત્વ પૂરી રીતે નિભાવી દીધું. હવે હું તે કોમ માટે કેવી રીતે અફસોસ કરૂં જે સત્યનો સ્વીકાર કરવાનો ઈન્કાર કરે છે.'' (રુકૂઅ-૧૧)

૯૪. ક્યારેય એવું નથી બન્યું કે અમે કોઈ વસ્તીમાં પયગંબર મોકલ્યો હોય અને તે વસ્તીના લોકોને પહેલાં તંગી અને મુશ્કેલીમાં ન નાખ્યા હોય, એ વિચારથી કે કદાચ તેઓ વિનમ્રતા અપનાવે.

૯૫. પછી અમે તેમની દુર્દશાને સુખમાં બદલી દીધી, ત્યાં સુધી કે તેઓ ખૂબ ફૂલ્યા-ફાલ્યા અને કહેવા લાગ્યા કે, ''અમારા પૂર્વજો ઉપર પણ સારાં અને ખરાબ દિવસો આવતા જ રહ્યા છે.'' છેવટે અમે તેમને ઓચિંતા જ પકડી લીધા અને તેમને ખબર સુધ્ધાં ન પડી.

اَهْلَ الْقُرٰۤى اٰمَنُوْا وَاتَّقَوْا لَفَتَحْنَا عَلَيْهِمْ بَرَكٰتٍ
مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ وَلٰكِنْ كَذَّبُوْا فَاَخَذْنٰهُمْ بِمَا
كَانُوْا يَكْسِبُوْنَ ﴿٩٦﴾ اَفَاَمِنَ اَهْلُ الْقُرٰۤى اَنْ يَّاْتِيَهُمْ
بَاْسُنَا بَيَاتًا وَّهُمْ نَآئِمُوْنَ ؕ﴿٩٧﴾ اَوَاَمِنَ اَهْلُ الْقُرٰۤى
اَنْ يَّاْتِيَهُمْ بَاْسُنَا ضُحًى وَّهُمْ يَلْعَبُوْنَ ﴿٩٨﴾ اَفَاَمِنُوْا
مَكْرَ اللّٰهِ ۚ فَلَا يَاْمَنُ مَكْرَ اللّٰهِ اِلَّا الْقَوْمُ الْخٰسِرُوْنَ ﴿٩٩﴾ ع
اَوَلَمْ يَهْدِ لِلَّذِيْنَ يَرِثُوْنَ الْاَرْضَ مِنْۢ بَعْدِ
اَهْلِهَآ اَنْ لَّوْ نَشَآءُ اَصَبْنٰهُمْ بِذُنُوْبِهِمْ ۚ وَنَطْبَعُ
عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا يَسْمَعُوْنَ ﴿١٠٠﴾ تِلْكَ الْقُرٰى
نَقُصُّ عَلَيْكَ مِنْ اَنْۢبَآئِهَا ۚ وَلَقَدْ جَآءَتْهُمْ
رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ ۚ فَمَا كَانُوْا لِيُؤْمِنُوْا بِمَا كَذَّبُوْا مِنْ
قَبْلُ ؕ كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى قُلُوْبِ الْكٰفِرِيْنَ ﴿١٠١﴾ وَمَا
وَجَدْنَا لِاَكْثَرِهِمْ مِّنْ عَهْدٍ ۚ وَاِنْ وَّجَدْنَآ اَكْثَرَهُمْ
لَفٰسِقِيْنَ ﴿١٠٢﴾ ثُمَّ بَعَثْنَا مِنْۢ بَعْدِهِمْ مُّوْسٰى بِاٰيٰتِنَآ اِلٰى
فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ فَظَلَمُوْا بِهَا ۚ فَانْظُرْ كَيْفَ كَانَ
عَاقِبَةُ الْمُفْسِدِيْنَ ﴿١٠٣﴾ وَقَالَ مُوْسٰى يٰفِرْعَوْنُ اِنِّىْ
رَسُوْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ۙ﴿١٠٤﴾ حَقِيْقٌ عَلٰۤى اَنْ لَّاۤ اَقُوْلَ
عَلَى اللّٰهِ اِلَّا الْحَقَّ ؕ قَدْ جِئْتُكُمْ بِبَيِّنَةٍ مِّنْ رَّبِّكُمْ
فَاَرْسِلْ مَعِىَ بَنِىْۤ اِسْرَآءِيْلَ ؕ﴿١٠٥﴾ قَالَ اِنْ كُنْتَ جِئْتَ

૯૬. જો વસ્તીઓના લોકો ઈમાન લાવતા અને તકવા (ઈશભય)નું વલણ અપનાવતા તો અમે તેમના ઉપર આકાશ અને ધરતીમાંથી બરકતો (અવિરત વધતી સમૃદ્ધિ)ના દ્વાર ખોલી દેતા, પરંતુ તેમણે તો ખોટું ઠેરવ્યું, તેથી અમે તે ખરાબ કમાણીના હિસાબમાં તેમને પકડી લીધા જે તેઓ એકત્રિત કરી રહ્યા હતા.

૯૭. પછી શું વસ્તીઓના લોકો હવે તેનાથી નિર્ભય થઈ ગયા છે કે અમારી પકડ ક્યારેક ઓચિંતી તેમના ઉપર રાતના સમયે નહીં આવી જાય, જ્યારે તેઓ ઊંઘતા હોય ?

૯૮. અથવા તેઓ નિશ્ચિંત થઈ ગયા છે કે અમારો મજબૂત હાથ ક્યારેય તેમના ઉપર દિવસના સમયે નહીં પડે, જ્યારે તેઓ રમી રહ્યા હોય ?

૯૯. શું આ લોકો અલ્લાહની ચાલથી ડરતા નથી ? જો કે અલ્લાહની ચાલથી તે જ કોમ ડરતી નથી જે નાશ પામવાની હોય. (રુકૂઅ-૧૨)

૧૦૦. અને શું તે લોકોને, જેઓ પહેલાંના ધરતીવાસીઓ પછી ધરતીના વારસ થાય છે, આ સત્યએ કોઈ પાઠ નથી શિખવાડ્યો કે જો અમે ઇચ્છીએ તો તેમના અપરાધો માટે તેમને પકડી શકીએ છીએ ? (પરંતુ તેઓ શિક્ષાપ્રદ હકીકતો તરફ બેદરકારી દાખવે છે) અને અમે તેમના હૃદયો ઉપર મહોર મારી દઈએ છીએ, પછી તેઓ કશું જ સાંભળતા નથી.

૧૦૧. આ કોમો જેમના વૃત્તાંતો અમે તમને સંભળાવી રહ્યા છીએ (તમારા સમક્ષ દૃષ્ટાંતરૂપે મોજૂદ છે) તેમના પયગંબરો તેમના પાસે સ્પષ્ટ પ્રમાણો લઈને આવ્યા, પરંતુ જે વસ્તુને તેઓ એક વખત ખોટી ઠેરવી ચૂક્યા હતા, પછી તેને તેઓ માનવાના ન હતા. જુઓ, આવી રીતે અમે સત્યનો ઇન્કાર કરનારાઓના હૃદયો ઉપર મહોર મારી દઈએ છીએ.

૧૦૨. અમે તેમનામાંથી ઘણાંખરાને વચનનું પાલન કરતા ન જોયા, બલ્કે મોટાભાગનાઓને અવજ્ઞાકારી જ જોયા.

૧૦૩. પછી તે કોમો પશ્ચાત્ (જેમનું વર્ણન ઉપર કરવામાં આવ્યું) અમે મૂસાને પોતાની નિશાનીઓ સાથે ફિરઔન અને તેની કોમના આગેવાનો પાસે મોકલ્યો, પરંતુ તેમણે પણ અમારી નિશાનીઓ સાથે અન્યાય કર્યો, પછી જુઓ તે બગાડ પેદા કરનારાઓનું કેવું પરિણામ આવ્યું.

૧૦૪. મૂસાએ કહ્યું, "હે ફિરઔન ! હું સૃષ્ટિના રબ (માલિક) તરફથી મોકલવામાં આવ્યો છું,

૧૦૫. મારો દરજ્જો આ જ છે કે અલ્લાહનું નામ લઈ કોઈ વાત સત્ય સિવાય ન કહું, હું તમારા પાસે તમારા રબ તરફથી નિયુક્તિનું સ્પષ્ટ પ્રમાણ લઈને આવ્યો છું, તેથી તું બની ઇસરાઈલ (ઇસરાઈલની સંતાન)ને મારા સાથે મોકલી દે."

بِاٰيَةٍ فَاْتِ بِهَآ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿١٠٦﴾ فَاَلْقٰى
عَصَاهُ فَاِذَا هِيَ ثُعْبَانٌ مُّبِيْنٌ ﴿١٠٧﴾ وَّنَزَعَ يَدَهٗ فَاِذَا
هِيَ بَيْضَآءُ لِلنّٰظِرِيْنَ ﴿١٠٨﴾ قَالَ الْمَلَاُ مِنْ قَوْمِ ع ١٣
فِرْعَوْنَ اِنَّ هٰذَا لَسٰحِرٌ عَلِيْمٌ ﴿١٠٩﴾ يُّرِيْدُ اَنْ يُّخْرِجَكُمْ مِّنْ
اَرْضِكُمْ ۚ فَمَاذَا تَاْمُرُوْنَ ﴿١١٠﴾ قَالُوْٓا اَرْجِهْ وَاَخَاهُ وَ
اَرْسِلْ فِي الْمَدَآئِنِ حٰشِرِيْنَ ﴿١١١﴾ يَاْتُوْكَ بِكُلِّ سٰحِرٍ
عَلِيْمٍ ﴿١١٢﴾ وَجَآءَ السَّحَرَةُ فِرْعَوْنَ قَالُوْٓا اِنَّ لَنَا
لَاَجْرًا اِنْ كُنَّا نَحْنُ الْغٰلِبِيْنَ ﴿١١٣﴾ قَالَ نَعَمْ وَاِنَّكُمْ لَمِنَ
الْمُقَرَّبِيْنَ ﴿١١٤﴾ قَالُوْا يٰمُوْسٰٓى اِمَّآ اَنْ تُلْقِيَ وَاِمَّآ اَنْ
نَّكُوْنَ نَحْنُ الْمُلْقِيْنَ ﴿١١٥﴾ قَالَ اَلْقُوْا ۚ فَلَمَّآ اَلْقَوْا
سَحَرُوْٓا اَعْيُنَ النَّاسِ وَاسْتَرْهَبُوْهُمْ وَجَآءُوْ بِسِحْرٍ
عَظِيْمٍ ﴿١١٦﴾ وَاَوْحَيْنَآ اِلٰى مُوْسٰٓى اَنْ اَلْقِ عَصَاكَ ۚ فَاِذَا
هِيَ تَلْقَفُ مَا يَاْفِكُوْنَ ﴿١١٧﴾ فَوَقَعَ الْحَقُّ وَبَطَلَ مَا
كَانُوْا يَعْمَلُوْنَ ﴿١١٨﴾ فَغُلِبُوْا هُنَالِكَ وَانْقَلَبُوْا
صٰغِرِيْنَ ﴿١١٩﴾ وَاُلْقِيَ السَّحَرَةُ سٰجِدِيْنَ ﴿١٢٠﴾ قَالُوْٓا
اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِيْنَ ﴿١٢١﴾ رَبِّ مُوْسٰى وَهٰرُوْنَ ﴿١٢٢﴾
قَالَ فِرْعَوْنُ اٰمَنْتُمْ بِهٖ قَبْلَ اَنْ اٰذَنَ لَكُمْ ۚ اِنَّ
هٰذَا لَمَكْرٌ مَّكَرْتُمُوْهُ فِي الْمَدِيْنَةِ لِتُخْرِجُوْا
مِنْهَآ اَهْلَهَا ۚ فَسَوْفَ تَعْلَمُوْنَ ﴿١٢٣﴾ لَاُقَطِّعَنَّ اَيْدِيَكُمْ منزل ٢

૧૦૬. ફિરઔને કહ્યું, ''જો તું કોઈ પ્રમાણ લાવ્યો છે અને પોતાના દાવામાં સાચો છે તો તેને પ્રસ્તુત કર.''
૧૦૭. મૂસાએ પોતાની લાઠી ફેંકી અને જોત-જોતામાં તે એક જીવતો-જાગતો અજગર હતો.
૧૦૮. તેણે પોતાનો હાથ બહાર કાઢ્યો અને સૌ જોનારાઓની સામે તે ચળકી રહ્યો હતો. (રુકૂઅ-૧૩)
૧૦૯. આ જોઈને ફિરઔનની કોમના આગેવાનોએ એક-બીજાને કહ્યું, ''ચોક્કસ આ માણસ ખૂબ પ્રવીણ જાદુગર છે,
૧૧૦. તમને તમારી ભૂમિથી સત્તાવિહિન કરવા માગે છે, હવે બોલો, શું કહો છો?''
૧૧૧. પછી તે બધાએ ફિરઔનને સલાહ આપી કે તેને અને તેના ભાઈને પ્રતીક્ષામાં રાખીએ અને તમામ શહેરોમાં દૂતો મોકલી દો
૧૧૨. કે દરેક નિષ્ણાત અને દક્ષ જાદુગરને તમારા પાસે લઈ આવે.
૧૧૩. આમ, જાદુગરો ફિરઔન પાસે આવી ગયા. તેમણે કહ્યું, ''જો અમે જીતી ગયા તો અમને તેનું ઇનામ તો ચોક્કસ મળશે ને ?''
૧૧૪. ફિરઔને ઉત્તર આપ્યો, ''હા, તમે રાજ-દરબારમાં નિકટવર્તી વ્યક્તિઓમાં હશો.''
૧૧૫. પછી તેમણે મૂસાને કહ્યું, ''તમે ફેંકો છો કે અમે ફેંકીએ ?''
૧૧૬. મૂસાએ જવાબ આપ્યો, ''તમે જ ફેંકો.'' તેમણે જેવો પોતાનો જાદુ ફેંક્યો તો આંખોને જાદુવશ અને હૃદયોને ભયભીત કરી દીધા અને ખૂબ જ જબરજસ્ત જાદુ બનાવી લાવ્યા.
૧૧૭. અમે મૂસાને ઇશારો કર્યો કે ફેંક પોતાની લાઠી. તેનું લાઠીનું ફેંકવું હતું કે જોત-જોતામાં તે તેમના એ જૂઠા જાદુને ગળતી ગઈ.
૧૧૮. આ રીતે જે સત્ય હતું, તે સત્ય સિદ્ધ થયું અને જે કંઈ તેમણે બનાવી રાખ્યું હતું તે અસત્ય થઈને રહી ગયું.
૧૧૯. ફિરઔન અને તેના સાથીઓ મુકાબલાના મેદાનમાં પરાજિત થયા અને (વિજયી થવાને બદલે) ઊલટાના અપમાનિત થઈ ગયા.
૧૨૦. અને જાદુગરોની હાલત એવી થઈ કે જાણે કોઈ વસ્તુએ અંદરથી તેમને સિજદામાં ઢાળી દીધા.
૧૨૧. કહેવા લાગ્યા, ''અમે માની લીધો સમગ્ર સૃષ્ટિના માલિક અને પાલનહારને !
૧૨૨. તે રબને જેને મૂસા અને હારૂન માને છે.''
૧૨૩. ફિરઔને કહ્યું, ''તમે તેના ઉપર ઈમાન લઈ આવ્યા, એના પહેલાં કે હું તમને પરવાનગી આપું ? નિશ્ચિતપણે આ કોઈ ગુપ્ત કાવત્રું હતું જે તમે લોકોએ આ પાટનગરમાં કર્યું, જેથી તેના માલિકોને સત્તાથી બેદખલ કરી દો. સારું, તો આનું પરિણામ તમને હમણાં જ જણાઈ જાય છે.

وَاَرْجُلَكُمْ مِّنْ خِلَافٍ ثُمَّ لَاُصَلِّبَنَّكُمْ اَجْمَعِيْنَ ﴿١٢٤﴾
قَالُوْٓا اِنَّآ اِلٰى رَبِّنَا مُنْقَلِبُوْنَ ﴿١٢٥﴾ وَمَا تَنْقِمُ مِنَّآ
اِلَّآ اَنْ اٰمَنَّا بِاٰيٰتِ رَبِّنَا لَمَّا جَآءَتْنَا ؕ رَبَّنَآ اَفْرِغْ
ع ١٨ عَلَيْنَا صَبْرًا وَّتَوَفَّنَا مُسْلِمِيْنَ ﴿١٢٦﴾ وَقَالَ الْمَلَاُ مِنْ
قَوْمِ فِرْعَوْنَ اَتَذَرُ مُوْسٰى وَقَوْمَهٗ لِيُفْسِدُوْا فِى
الْاَرْضِ وَيَذَرَكَ وَاٰلِهَتَكَ ؕ قَالَ سَنُقَتِّلُ اَبْنَآءَهُمْ
وَنَسْتَحْىٖ نِسَآءَهُمْ ۚ وَاِنَّا فَوْقَهُمْ قٰهِرُوْنَ ﴿١٢٧﴾ قَالَ
مُوْسٰى لِقَوْمِهِ اسْتَعِيْنُوْا بِاللّٰهِ وَاصْبِرُوْا ۚ اِنَّ
الْاَرْضَ لِلّٰهِ ۙ قف يُوْرِثُهَا مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ ؕ وَ
الْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ ﴿١٢٨﴾ قَالُوْٓا اُوْذِيْنَا مِنْ قَبْلِ
اَنْ تَاْتِيَنَا وَمِنْۢ بَعْدِ مَا جِئْتَنَا ؕ قَالَ عَسٰى رَبُّكُمْ
اَنْ يُّهْلِكَ عَدُوَّكُمْ وَيَسْتَخْلِفَكُمْ فِى الْاَرْضِ فَيَنْظُرَ
ع ٥ كَيْفَ تَعْمَلُوْنَ ﴿١٢٩﴾ وَلَقَدْ اَخَذْنَآ اٰلَ فِرْعَوْنَ
بِالسِّنِيْنَ وَنَقْصٍ مِّنَ الثَّمَرٰتِ لَعَلَّهُمْ يَذَّكَّرُوْنَ ﴿١٣٠﴾
فَاِذَا جَآءَتْهُمُ الْحَسَنَةُ قَالُوْا لَنَا هٰذِهٖ ۚ وَاِنْ
تُصِبْهُمْ سَيِّئَةٌ يَّطَّيَّرُوْا بِمُوْسٰى وَمَنْ مَّعَهٗ ؕ
اَلَآ اِنَّمَا طٰٓئِرُهُمْ عِنْدَ اللّٰهِ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا
يَعْلَمُوْنَ ﴿١٣١﴾ وَقَالُوْا مَهْمَا تَاْتِنَا بِهٖ مِنْ اٰيَةٍ لِّتَسْحَرَنَا
منزل ٢ بِهَا ۙ فَمَا نَحْنُ لَكَ بِمُؤْمِنِيْنَ ﴿١٣٢﴾ فَاَرْسَلْنَا عَلَيْهِمُ

૧૨૪. હું તમારા હાથ-પગ વિરુધ્ધ દિશાએથી કપાવી નાખીશ અને એ પછી તમને સૌને શૂળીએ ચઢાવીશ."

૧૨૫. તેમણે જવાબ આપ્યો, "છેવટે અમારે પાછા ફરવાનું તો પોતાના રબના જ તરફ છે,

૧૨૬. તું જે વાત માટે અમારાથી બદલો લેવા ઇચ્છે છે, તે તેના સિવાય કંઈ નથી કે અમારા રબની નિશાનીઓ જયારે અમારા સામે આવી ગઈ તો અમે તેમને માની લીધી. હે રબ ! અમને ધૈર્ય પ્રદાન કર અને અમને દુનિયામાંથી ઉઠાવે તો એ હાલતમાં કે અમે તારા આજ્ઞાંકિત હોઈએ. (રુકૂઅ-૧૪)

૧૨૭. ફિરઔનને તેની કોમના આગેવાનોએ કહ્યું, "શું તું મૂસા અને તેની કોમને આમ જ છોડી દઈશ કે દેશમાં બગાડ ફેલાવે અને તેઓ તારા અને તારા ઉપાસ્યોની બંદગી છોડી બેસે ?" ફિરઔને જવાબ આપ્યો, "હું તેમના પુત્રોની કતલ કરાવીશ અને તેમની સ્ત્રીઓને જીવતી રહેવા દઈશ. અમારી સત્તાની પકડ તેમના ઉપર મજબૂત છે."

૧૨૮. મૂસાએ પોતાની કોમને કહ્યું, "અલ્લાહથી મદદ માગો અને ધૈર્યથી કામ લો, ધરતી અલ્લાહની છે, પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેનો વારસ બનાવી દે છે, અને અંતિમ સફળતા તેમના જ માટે છે જેઓ તેનાથી ડર રાખીને કામ કરે."

૧૨૯. તેની કોમના લોકોએ કહ્યું, "તારા આગમન પહેલાં પણ અમને સતાવવામાં આવતા હતા અને હવે તારા આગમન પછી પણ સતાવવામાં આવી રહ્યા છીએ." તેણે જવાબ આપ્યો, "નજીક છે તે સમય કે તમારો રબ તમારા શત્રુને નષ્ટ કરી નાખે અને તમને ધરતીમાં ખલીફા (નાયબ) બનાવે, પછી જુએ કે તમે કેવા કર્મ કરો છો." (રુકૂઅ-૧૫)

૧૩૦. અમે ફિરઔનના લોકોને કેટલાય વર્ષો સુધી દુષ્કાળ અને પેદાશની અછતમાં ગ્રસ્ત રાખ્યા કે કદાચ તેમને ભાન થાય.

૧૩૧. પરંતુ તેમની હાલત એ હતી કે જયારે સારા દિવસો આવતા તો કહેતા કે અમે આના જ હક્કદાર છીએ, અને જયારે ખરાબ દિવસો આવતા તો મૂસા અને તેના સાથીદારોને પોતાના માટે અપશુકન ઠેરવતા, જો કે હકીકતમાં તેમનું અપશુકન તો અલ્લાહ પાસે જ હતું, પરંતુ તેમના પૈકી મોટાભાગના જાણતા ન હતા.

૧૩૨. તેમણે મૂસાને કહ્યું, "તું અમને મંત્રમુગ્ધ કરવા માટે ચાહે જે નિશાનીઓ લઈ આવે, અમે તો તારી વાત માનવાના નથી."

الطُّوْفَانَ وَالْجَرَادَ وَالْقُمَّلَ وَالضَّفَادِعَ وَ
الدَّمَ اٰيٰتٍ مُّفَصَّلٰتٍ فَاسْتَكْبَرُوْا وَكَانُوْا قَوْمًا
مُّجْرِمِيْنَ ﴿۱۳۳﴾ وَلَمَّا وَقَعَ عَلَيْهِمُ الرِّجْزُ قَالُوْا يٰمُوْسَى
ادْعُ لَنَا رَبَّكَ بِمَا عَهِدَ عِنْدَكَ ۚ لَئِنْ كَشَفْتَ
عَنَّا الرِّجْزَ لَنُؤْمِنَنَّ لَكَ وَلَنُرْسِلَنَّ مَعَكَ بَنِيْٓ
اِسْرَآءِيْلَ ﴿۱۳۴﴾ فَلَمَّا كَشَفْنَا عَنْهُمُ الرِّجْزَ اِلٰٓى اَجَلٍ هُمْ
بٰلِغُوْهُ اِذَا هُمْ يَنْكُثُوْنَ ﴿۱۳۵﴾ فَانْتَقَمْنَا مِنْهُمْ فَاَغْرَقْنٰهُمْ
فِي الْيَمِّ بِاَنَّهُمْ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَكَانُوْا عَنْهَا
غٰفِلِيْنَ ﴿۱۳۶﴾ وَاَوْرَثْنَا الْقَوْمَ الَّذِيْنَ كَانُوْا يُسْتَضْعَفُوْنَ
مَشَارِقَ الْاَرْضِ وَمَغَارِبَهَا الَّتِيْ بٰرَكْنَا فِيْهَا ؕ
وَتَمَّتْ كَلِمَتُ رَبِّكَ الْحُسْنٰى عَلٰى بَنِيْٓ اِسْرَآءِيْلَ ۙ۵
بِمَا صَبَرُوْا ؕ وَدَمَّرْنَا مَا كَانَ يَصْنَعُ فِرْعَوْنُ وَ
الربع قَوْمُهٗ وَمَا كَانُوْا يَعْرِشُوْنَ ﴿۱۳۷﴾ وَجٰوَزْنَا بِبَنِيْٓ
اِسْرَآءِيْلَ الْبَحْرَ فَاَتَوْا عَلٰى قَوْمٍ يَّعْكُفُوْنَ عَلٰٓى
اَصْنَامٍ لَّهُمْ ۚ قَالُوْا يٰمُوْسَى اجْعَلْ لَّنَآ اِلٰهًا كَمَا
لَهُمْ اٰلِهَةٌ ؕ قَالَ اِنَّكُمْ قَوْمٌ تَجْهَلُوْنَ ﴿۱۳۸﴾ اِنَّ هٰٓؤُلَآءِ
مُتَبَّرٌ مَّا هُمْ فِيْهِ وَبٰطِلٌ مَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۳۹﴾
قَالَ اَغَيْرَ اللّٰهِ اَبْغِيْكُمْ اِلٰهًا وَّهُوَ فَضَّلَكُمْ
منزل۲ عَلَى الْعٰلَمِيْنَ ﴿۱۴۰﴾ وَاِذْ اَنْجَيْنٰكُمْ مِّنْ اٰلِ فِرْعَوْنَ

૧૩૩. છેવટે અમે તેમના ઉપર તોફાન મોકલ્યું, તીડના ટોળાં છોડ્યાં, ખૂબ જૂઓ ફેલાવી, દેડકાં કાઢ્યાં અને લોહી વરસાવ્યું. આ બધી નિશાનીઓ જુદી-જુદી કરીને દેખાડી, પરંતુ તેઓ વિદ્રોહ કરતા રહ્યા અને તેઓ ખૂબ ગુનેગાર લોકો હતા –

૧૩૪. જ્યારે પણ ક્યારેક તેમના ઉપર આફત ઊતરી આવતી તો કહેતા, ''હે મૂસા ! તને પોતાના રબ તરફથી જે હોદ્દો પ્રાપ્ત છે તેના આધારે અમારા માટે દુઆ કર. જો આ વખતે તું અમારા ઉપરથી આ આફત ટળાવી દે તો અમે તારી વાત માની લઈશું અને બની ઇસરાઈલને તારા સાથે મોકલી દઈશું.

૧૩૫. પરંતુ જ્યારે અમે તેમના ઉપરથી અમારી યાતના, એક નિશ્ચિત સમય માટે, જ્યાં તેઓ છેવટે પહોંચવાના હતા, હટાવી લેતા તો તેઓ એકાએક જ પોતાના વચનથી ફરી જતા.

૧૩૬. ત્યારે અમે તેમનાથી બદલો લીધો અને તેમને સમુદ્રમાં ગરકાવ કરી દીધા, કેમ કે તેમણે અમારી નિશાનીઓને ખોટી ઠેરવી હતી અને તેનાથી બેપરવા થઈ ગયા હતા.

૧૩૭. અને તેમની જગ્યાએ અમે તે લોકોને જેઓને કમજોર બનાવીને રાખવામાં આવ્યા હતા, તે ધરતીના પૂર્વ અને પશ્ચિમના વારસદાર બનાવી દીધા, જેને અમે બરકતો (સમૃદ્ધિ)થી માલામાલ કરેલ હતી. આ રીતે બની ઇસરાઈલ પ્રતિ તારા રબનો ભલાઈનો વાયદો પરિપૂર્ણ થયો, કેમ કે તેમણે ધૈર્ય દાખવ્યું હતું અને ફિરઔન અને તેની કોમનું તે સઘળું નષ્ટ કરી દીધું જે તેઓ બનાવતા હતા અને ચઢાવતા હતા.

૧૩૮. બની ઇસરાઈલને અમે સમુદ્રમાંથી પસાર કરી દીધા, પછી તેઓ ચાલ્યા અને રસ્તામાં એક એવી કોમ વચ્ચેથી તેઓ પસાર થયા જે પોતાની કેટલીક મૂર્તિઓની મોહિત હતી. કહેવા લાગ્યા, ''હે મૂસા ! અમારા માટે પણ કોઈ એવો ઉપાસ્ય બનાવી દે જેવા આ લોકોના ઉપાસ્યો છે.'' મૂસાએ કહ્યું, ''તમે લોકો મોટી અજ્ઞાનતાની વાત કરો છો.

૧૩૯. આ લોકો જે પદ્ધતિને અનુસરી રહ્યા છે, તે તો નાશ પામવાની છે અને જે કાર્ય તેઓ કરી રહ્યા છે, તદ્દન મિથ્યા છે.''

૧૪૦. પછી મૂસાએ કહ્યું, ''શું હું અલ્લાહ સિવાય કોઈ બીજો ઉપાસ્ય તમારા માટે શોધું ? જો કે તે અલ્લાહ જ છે જેણે તમને જગતની સર્વ કોમો ઉપર શ્રેષ્ઠતા પ્રદાન કરી છે.

૧૪૧. અને (અલ્લાહ ફરમાવે છે) તે સમય યાદ કરો જ્યારે અમે

يَسُوْمُوْنَكُمْ سُوْٓءَ الْعَذَابِ ۚ يُقَتِّلُوْنَ اَبْنَآءَكُمْ
وَيَسْتَحْيُوْنَ نِسَآءَكُمْ ؕ وَفِیْ ذٰلِكُمْ بَلَآءٌ
مِّنْ رَّبِّكُمْ عَظِیْمٌ ﴿۱۴۱﴾ ع وَوٰعَدْنَا مُوْسٰى ثَلٰثِیْنَ
لَیْلَةً وَّاَتْمَمْنٰهَا بِعَشْرٍ فَتَمَّ مِیْقَاتُ رَبِّهٖۤ اَرْبَعِیْنَ
لَیْلَةً ۚ وَقَالَ مُوْسٰى لِاَخِیْهِ هٰرُوْنَ اخْلُفْنِیْ فِیْ
قَوْمِیْ وَاَصْلِحْ وَلَا تَتَّبِعْ سَبِیْلَ الْمُفْسِدِیْنَ ﴿۱۴۲﴾
وَلَمَّا جَآءَ مُوْسٰى لِمِیْقَاتِنَا وَكَلَّمَهٗ رَبُّهٗ ۙ قَالَ
رَبِّ اَرِنِیْۤ اَنْظُرْ اِلَیْكَ ؕ قَالَ لَنْ تَرٰىنِیْ وَلٰكِنِ
انْظُرْ اِلَى الْجَبَلِ فَاِنِ اسْتَقَرَّ مَكَانَهٗ فَسَوْفَ
تَرٰىنِیْ ۚ فَلَمَّا تَجَلّٰى رَبُّهٗ لِلْجَبَلِ جَعَلَهٗ دَكًّا وَّخَرَّ
مُوْسٰى صَعِقًا ۚ فَلَمَّاۤ اَفَاقَ قَالَ سُبْحٰنَكَ تُبْتُ
اِلَیْكَ وَاَنَا اَوَّلُ الْمُؤْمِنِیْنَ ﴿۱۴۳﴾ قَالَ یٰمُوْسٰۤى اِنِّیْ
اصْطَفَیْتُكَ عَلَى النَّاسِ بِرِسٰلٰتِیْ وَبِكَلَامِیْ ۖ
فَخُذْ مَاۤ اٰتَیْتُكَ وَكُنْ مِّنَ الشّٰكِرِیْنَ ﴿۱۴۴﴾ وَكَتَبْنَا لَهٗ
فِی الْاَلْوَاحِ مِنْ كُلِّ شَیْءٍ مَّوْعِظَةً وَّتَفْصِیْلًا
لِّكُلِّ شَیْءٍ ۚ فَخُذْهَا بِقُوَّةٍ وَّاْمُرْ قَوْمَكَ یَاْخُذُوْا
بِاَحْسَنِهَا ؕ سَاُورِیْكُمْ دَارَ الْفٰسِقِیْنَ ﴿۱۴۵﴾ سَاَصْرِفُ
عَنْ اٰیٰتِیَ الَّذِیْنَ یَتَكَبَّرُوْنَ فِی الْاَرْضِ بِغَیْرِ الْحَقِّ ؕ
وَاِنْ یَّرَوْا كُلَّ اٰیَةٍ لَّا یُؤْمِنُوْا بِهَا ۚ وَاِنْ یَّرَوْا سَبِیْلَ

ع ١٢/٦

منزل ٢

ફિરઔનવાળાઓથી તમને મુક્તિ અપાવી, જેમની હાલત એ હતી કે તમને ભારે યાતનાઓમાં નાખી રાખતા હતા, તમારા પુત્રોને કતલ કરતા હતા અને તમારી સ્ત્રીઓને જીવતી રહેવા દેતા હતા અને તેમાં તમારા રબ તરફથી તમારી મોટી પરીક્ષા હતી." (રુકૂઅ-૧૬)

૧૪૨. અમે મૂસાને ત્રીસ રાત અને દિવસ માટે (સીના પર્વત ઉપર) બોલાવ્યો અને પાછળથી દસ દિવસનો બીજો વધારો કરી દીધો. આમ, તેના રબની ઠરાવેલી મુદ્દત પૂરા ચાળીસ દિવસ થઈ ગઈ. મૂસાએ જતી વખતે પોતાના ભાઈ હારૂનને કહ્યું, "મારી ગેરહાજરીમાં તમે મારી કોમમાં મારી જગ્યા સંભાળજો અને સારી રીતે કાર્ય કરતા રહેજો અને બગાડ પેદા કરનારાઓના રસ્તે ન ચાલતા."

૧૪૩. જ્યારે તે અમારા નિર્ધારિત સમયે પહોંચ્યો અને તેના રબે તેના સાથે વાર્તાલાપ કર્યો તો તેણે અરજ કરી, "હે રબ ! મને જોવાની શક્તિ આપ કે હું તને જોઉં." ફરમાવ્યું, "તું મને નથી જોઈ શકતો. હા, જરા સામેના પર્વત તરફ જો, જો તે પોતાની જગ્યાએ કાયમ રહે તો અલબત્ત તું મને જોઈ શકીશ." આથી જ્યારે પર્વત ઉપર તેના રબે પોતાના નૂરને જાહેર કર્યું તો તેના ચૂરેચૂરા કરી દીધા અને મૂસા બેભાન થઈ પડી ગયો. જ્યારે ભાનમાં આવ્યો ત્યારે બોલ્યો, "પવિત્ર અને મહાન છે તારી હસ્તી ! હું તારા સમક્ષ તૌબા કરૂં છું અને સૌથી પહેલાં ઈમાન લાવનાર હું છું."

૧૪૪. ફરમાવ્યું, "હે મૂસા ! મેં તમામ લોકો ઉપર પસંદગી આપીને તને ચૂંટ્યો છે કે મારી પયગંબરી કરે અને મારા સાથે વાર્તાલાપ કરે, તો જે કંઈ હું તને આપું, તે લેઈ લે અને કૃતજ્ઞ બન."

૧૪૫. એ પછી અમે મૂસાને જીવનના દરેક ક્ષેત્ર વિષે શિખામણ અને દરેક પાસા અંગે સ્પષ્ટ માર્ગદર્શન પાટીઓ પર લખીને આપી દીધું અને તેને કહ્યું, "આ માર્ગદર્શનને મજબૂત હાથોથી સંભાળ અને પોતાની કોમને આદેશ આપ કે તેના બહેતર અર્થનું અનુસરણ કરે, ખૂબ જલ્દી હું તમને અવજ્ઞાકારીઓના ઠેકાણાં બતાવીશ.

૧૪૬. હું પોતાની નિશાનીઓથી તે લોકોની નજરો ફેરવી દઈશ જેઓ કોઈ અધિકાર વિના ધરતી ઉપર અભિમાન કરે છે, તેઓ ચાહે કોઈ નિશાની જોઈ લે, કદી પણ તેના પર ઈમાન નહીં લાવે. જો સીધો

الرُّشْدِ لَا يَتَّخِذُوْهُ سَبِيْلًا ۚ وَاِنْ يَّرَوْا سَبِيْلَ الْغَيِّ
يَتَّخِذُوْهُ سَبِيْلًا ؕ ذٰلِكَ بِاَنَّهُمْ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَكَانُوْا
عَنْهَا غٰفِلِيْنَ ﴿۱۴۶﴾ وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَلِقَآءِ
الْاٰخِرَةِ حَبِطَتْ اَعْمَالُهُمْ ؕ هَلْ يُجْزَوْنَ اِلَّا مَا
كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۴۷﴾ وَاتَّخَذَ قَوْمُ مُوْسٰى مِنْۢ بَعْدِهٖ ع
مِنْ حُلِيِّهِمْ عِجْلًا جَسَدًا لَّهٗ خُوَارٌ ؕ اَلَمْ يَرَوْا اَنَّهٗ
لَا يُكَلِّمُهُمْ وَلَا يَهْدِيْهِمْ سَبِيْلًا ۘ اِتَّخَذُوْهُ وَكَانُوْا وقف لازم
ظٰلِمِيْنَ ﴿۱۴۸﴾ وَلَمَّا سُقِطَ فِيْۤ اَيْدِيْهِمْ وَرَاَوْا اَنَّهُمْ
قَدْ ضَلُّوْا ۙ قَالُوْا لَئِنْ لَّمْ يَرْحَمْنَا رَبُّنَا وَيَغْفِرْ لَنَا
لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ ﴿۱۴۹﴾ وَلَمَّا رَجَعَ مُوْسٰۤى اِلٰى
قَوْمِهٖ غَضْبَانَ اَسِفًا ۙ قَالَ بِئْسَمَا خَلَفْتُمُوْنِيْ
مِنْۢ بَعْدِيْ ۚ اَعَجِلْتُمْ اَمْرَ رَبِّكُمْ ۚ وَاَلْقَى الْاَلْوَاحَ
وَاَخَذَ بِرَاْسِ اَخِيْهِ يَجُرُّهٗۤ اِلَيْهِ ؕ قَالَ ابْنَ اُمَّ اِنَّ
الْقَوْمَ اسْتَضْعَفُوْنِيْ وَكَادُوْا يَقْتُلُوْنَنِيْ ۖ فَلَا
تُشْمِتْ بِيَ الْاَعْدَآءَ وَلَا تَجْعَلْنِيْ مَعَ الْقَوْمِ
الظّٰلِمِيْنَ ﴿۱۵۰﴾ قَالَ رَبِّ اغْفِرْ لِيْ وَلِاَخِيْ وَاَدْخِلْنَا
فِيْ رَحْمَتِكَ ۖ وَاَنْتَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ﴿۱۵۱﴾ اِنَّ الَّذِيْنَ ع
اتَّخَذُوا الْعِجْلَ سَيَنَالُهُمْ غَضَبٌ مِّنْ رَّبِّهِمْ وَذِلَّةٌ
فِي الْحَيٰوةِ الدُّنْيَا ؕ وَكَذٰلِكَ نَجْزِي الْمُفْتَرِيْنَ ﴿۱۵۲﴾ منزل ٢

માર્ગ તેમના સામે આવે, તો તેને નહીં અપનાવે, અને જો વાંકો રસ્તો દેખાય તો તેના ઉપર ચાલી નીકળશે, એટલા માટે કે તેમણે અમારી નિશાનીઓને ખોટી ઠેરવી અને તેના તરફ બેદરકારી દાખવતા રહ્યા.

૧૪૭. અમારી નિશાનીઓને જેણે ખોટી ઠેરવી અને આખિરત (પરલોક)ની મુલાકાતનો ઇન્કાર કર્યો તેના બધા કર્મો વ્યર્થ થઈ ગયા. શું લોકો આના સિવાય બીજો કોઈ બદલો મેળવી શકે છે કે જેવું કરે તેવું પામે ?" (રુકૂઅ-૧૭)

૧૪૮. મૂસાની ગેરહાજરીમાં તેની કોમના લોકોએ પોતાના ઘરેણાંઓમાંથી એક વાછરડાની મૂર્તિ બનાવી જેમાંથી બળદ જેવો અવાજ નીકળતો હતો. શું તેમને દેખાતું ન હતું કે તે ન તેમના સાથે બોલે છે, ન કોઈ બાબતમાં તેમનું માર્ગદર્શન કરે છે ? તેમ છતાં તેમણે તેને ઉપાસ્ય બનાવી લીધો અને તેઓ ભારે અત્યાચારી હતા.

૧૪૯. પછી જ્યારે ધોખામાં સપડાવાનો તેમનો ભ્રમ ભાંગી ગયો અને તેમણે જોઈ લીધું કે હકીકતમાં તેઓ પથભ્રષ્ટ થઈ ગયા છે તો કહેવા લાગ્યા, "જો અમારા રબે અમારા પર દયા ન કરી અને અમારાથી દરગુજર ન કરી તો અમે બરબાદ થઈ જઈશું."

૧૫૦. બીજી તરફથી મૂસા ગુસ્સા અને દુઃખથી ભરેલો પોતાની કોમ તરફ પાછો ફર્યો. આવતાં જ તેણે કહ્યું, "ઘણી ખરાબ નાયબગીરી કરી તમે લોકોએ મારી ગેરહાજરીમાં ! શું તમારાથી એટલી ધીરજ ન રખાઈ કે પોતાના રબના આદેશની પ્રતીક્ષા કરતા ?" અને પાટીઓ ફેંકી દીધી અને પોતાના ભાઈ (હારૂન)ના માથાના વાળ પકડીને તેને ખેંચ્યો. હારૂને કહ્યું, "હે મારી માતાના પુત્ર ! આ લોકોએ મને દબાવી લીધો અને મને મારી નાખવાની અણી પર હતા, તો તું દુશ્મનોને મારા ઉપર હસવાની તક ન આપ અને આ અત્યાચારી જૂથમાં મને સામેલ ન કર."

૧૫૧. ત્યારે મૂસાએ કહ્યું, "હે રબ ! મને અને મારા ભાઈને માફ કર અને અમને પોતાની દયામાં દાખલ કરી લે, તું સૌથી મોટો દયાળુ છે." (રુકૂઅ-૧૮)

૧૫૨. (જવાબમાં કહેવામાં આવ્યું કે) "જે લોકોએ વાછરડાને ઉપાસ્ય બનાવ્યો, તેઓ ચોક્કસ પોતાના રબના પ્રકોપમાં સપડાઈને રહેશે અને દુનિયાના જીવનમાં ફજેત થશે. જૂઠ ઘડનારાઓને અમે આવી જ સજા આપીએ છીએ.

وَالَّذِيْنَ عَمِلُوا السَّيِّاٰتِ ثُمَّ تَابُوْا مِنْۢ بَعْدِهَا وَاٰمَنُوْٓا ز
اِنَّ رَبَّكَ مِنْۢ بَعْدِهَا لَغَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٥٣﴾ وَلَمَّا سَكَتَ
عَنْ مُّوْسَى الْغَضَبُ اَخَذَ الْاَلْوَاحَ ۚۖ وَفِيْ نُسْخَتِهَا
هُدًى وَّرَحْمَةٌ لِّلَّذِيْنَ هُمْ لِرَبِّهِمْ يَرْهَبُوْنَ ﴿١٥٤﴾
وَاخْتَارَ مُوْسٰى قَوْمَهٗ سَبْعِيْنَ رَجُلًا لِّمِيْقَاتِنَا ۚ
فَلَمَّآ اَخَذَتْهُمُ الرَّجْفَةُ قَالَ رَبِّ لَوْ شِئْتَ
اَهْلَكْتَهُمْ مِّنْ قَبْلُ وَاِيَّايَ ؕ اَتُهْلِكُنَا بِمَا فَعَلَ
السُّفَهَآءُ مِنَّا ۚ اِنْ هِيَ اِلَّا فِتْنَتُكَ ؕ تُضِلُّ بِهَا
مَنْ تَشَآءُ وَتَهْدِيْ مَنْ تَشَآءُ ؕ اَنْتَ وَلِيُّنَا فَاغْفِرْ
لَنَا وَارْحَمْنَا وَاَنْتَ خَيْرُ الْغٰفِرِيْنَ ﴿١٥٥﴾ وَاكْتُبْ لَنَا
فِيْ هٰذِهِ الدُّنْيَا حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ اِنَّا هُدْنَآ
اِلَيْكَ ؕ قَالَ عَذَابِيْٓ اُصِيْبُ بِهٖ مَنْ اَشَآءُ ۚ وَ
رَحْمَتِيْ وَسِعَتْ كُلَّ شَيْءٍ ؕ فَسَاَكْتُبُهَا لِلَّذِيْنَ
يَتَّقُوْنَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَالَّذِيْنَ هُمْ بِاٰيٰتِنَا
يُؤْمِنُوْنَ ﴿١٥٦﴾ اَلَّذِيْنَ يَتَّبِعُوْنَ الرَّسُوْلَ النَّبِيَّ
الْاُمِّيَّ الَّذِيْ يَجِدُوْنَهٗ مَكْتُوْبًا عِنْدَهُمْ فِي
التَّوْرٰىةِ وَالْاِنْجِيْلِ ز يَاْمُرُهُمْ بِالْمَعْرُوْفِ وَيَنْهٰىهُمْ
عَنِ الْمُنْكَرِ وَيُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ وَيُحَرِّمُ عَلَيْهِمُ
الْخَبٰٓئِثَ وَيَضَعُ عَنْهُمْ اِصْرَهُمْ وَالْاَغْلٰلَ الَّتِيْ كَانَتْ

منزل ٢

૧૫૩. અને જે લોકો ખરાબ કાર્ય કરે, પછી તૌબા કરી લે અને ઈમાન લઈ આવે તો નિઃશંક આ તૌબા અને ઈમાન પછી તારો રબ માફ કરનાર અને દયા કરનાર છે.''

૧૫૪. પછી જ્યારે મૂસાનો રોષ શમ્યો, તો તેણે તે પાટીઓ ઉપાડી લીધી જેના લખાણોમાં માર્ગદર્શન અને કૃપા હતી તે લોકો માટે જેઓ પોતાના રબથી ડરે છે,

૧૫૫. અને તેણે પોતાની કોમના સિત્તેર માણસોને ચૂંટી કાઢ્યા, જેથી તેઓ (તેના સાથે) અમારા નિર્ધારિત સમયે હાજર થાય. જ્યારે તે લોકોને એક ભૂકંપે ઝડપી લીધા તો મૂસાએ અરજ કરી, ''હે મારા માલિક ! આપ ઇચ્છતા તો પહેલાં જ આમને અને મને નષ્ટ કરી શકતા હતા. શું આપ તે ગુના માટે, જે અમારા પૈકીના થોડાંક મૂર્ખ લોકોએ કર્યો હતો, અમને સૌને નષ્ટ કરી નાખશો ? આ તો આપે કરેલ એક પરીક્ષા હતી જેના દ્વારા આપ જેને ચાહો છો પથભ્રષ્ટતામાં નાખી દો છો અને જેને ચાહો છો માર્ગદર્શન પ્રદાન કરો છો. અમારા સંરક્ષક તો આપ જ છો, પછી અમને માફ કરી દો અને અમારા પર દયા કરો, આપ સૌથી વધીને માફ કરનારા છો.

૧૫૬. અને અમારા માટે આ દુનિયા (આલોક)ની ભલાઈ પણ લખી દો અને આખિરત (પરલોક)ની પણ, અમે આપના તરફ ઉન્મુખ થયા.'' જવાબમાં કહેવામાં આવ્યું, ''સજા તો હું જેને ચાહું છું આપું છું, પરંતુ મારી દયા દરેક વસ્તુ ઉપર છવાયલી છે અને તેને હું એવા લોકોના હક્કમાં લખીશ જેઓ અવજ્ઞાથી બચશે, ઝકાત આપશે અને મારી આયતો પર ઈમાન લાવશે.''

૧૫૭. (પછી આજે આ કૃપા તે લોકોનો હિસ્સો છે) જે આ પયગંબર, ઉમ્મી નબી (અર્થાત્ પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.)નું અનુસરણ અપનાવે, જેનું વર્ણન તેમને પોતાના ત્યાં તૌરાત અને ઇંજીલમાં લખેલું

عَلَيْهِمْ ؕ فَالَّذِيْنَ اٰمَنُوْا بِهٖ وَ عَزَّرُوْهُ وَ نَصَرُوْهُ
وَ اتَّبَعُوا النُّوْرَ الَّذِیْٓ اُنْزِلَ مَعَهٗٓ ۙ اُولٰٓئِكَ هُمُ
الْمُفْلِحُوْنَ ﴿۱۵۷﴾ ع قُلْ يٰٓاَيُّهَا النَّاسُ اِنِّیْ رَسُوْلُ اللّٰهِ عٓ ١٩ ٩
اِلَيْكُمْ جَمِيْعًا الَّذِیْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ
لَآ اِلٰهَ اِلَّا هُوَ يُحْیٖ وَ يُمِيْتُ ۪ فَاٰمِنُوْا بِاللّٰهِ وَ
رَسُوْلِهِ النَّبِیِّ الْاُمِّیِّ الَّذِیْ يُؤْمِنُ بِاللّٰهِ وَكَلِمٰتِهٖ
وَاتَّبِعُوْهُ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ﴿۱۵۸﴾ وَمِنْ قَوْمِ مُوْسٰٓى
اُمَّةٌ يَّهْدُوْنَ بِالْحَقِّ وَبِهٖ يَعْدِلُوْنَ ﴿۱۵۹﴾ وَ قَطَّعْنٰهُمُ
اثْنَتَیْ عَشْرَةَ اَسْبَاطًا اُمَمًا ؕ وَاَوْحَيْنَآ اِلٰى مُوْسٰٓى
اِذِ اسْتَسْقٰىهُ قَوْمُهٗٓ اَنِ اضْرِبْ بِّعَصَاكَ الْحَجَرَ ۚ
فَانْۢبَجَسَتْ مِنْهُ اثْنَتَا عَشْرَةَ عَيْنًا ؕ قَدْ عَلِمَ
كُلُّ اُنَاسٍ مَّشْرَبَهُمْ ؕ وَظَلَّلْنَا عَلَيْهِمُ الْغَمَامَ وَ
اَنْزَلْنَا عَلَيْهِمُ الْمَنَّ وَالسَّلْوٰى ؕ كُلُوْا مِنْ طَيِّبٰتِ
مَا رَزَقْنٰكُمْ ؕ وَمَا ظَلَمُوْنَا وَلٰكِنْ كَانُوْٓا اَنْفُسَهُمْ
يَظْلِمُوْنَ ﴿۱۶۰﴾ وَاِذْ قِيْلَ لَهُمُ اسْكُنُوْا هٰذِهِ الْقَرْيَةَ
وَكُلُوْا مِنْهَا حَيْثُ شِئْتُمْ وَقُوْلُوْا حِطَّةٌ وَّادْخُلُوا الْبَابَ
سُجَّدًا نَّغْفِرْ لَكُمْ خَطِيْٓئٰتِكُمْ ؕ سَنَزِيْدُ الْمُحْسِنِيْنَ ﴿۱۶۱﴾
فَبَدَّلَ الَّذِيْنَ ظَلَمُوْا مِنْهُمْ قَوْلًا غَيْرَ الَّذِیْ قِيْلَ
لَهُمْ فَاَرْسَلْنَا عَلَيْهِمْ رِجْزًا مِّنَ السَّمَآءِ بِمَا كَانُوْا

મળે છે. તે તેમને ભલાઈનો આદેશ આપે છે, બૂરાઈથી રોકે છે, તેમના માટે શુદ્ધ વસ્તુઓ હલાલ (વૈધ) અને અશુદ્ધ વસ્તુઓ હરામ (અવૈધ) કરે છે, અને તેમના ઉપરથી તે બોજ ઉતારે છે જે તેમના ઉપર લદાયેલા હતા અને તે બંધનો ખોલે છે જેમાં તેઓ જકડાયેલા હતા, એટલે જે લોકો તેના પર ઈમાન લાવે અને તેનું સમર્થન અને સહાયતા કરે અને તે પ્રકાશનું અનુસરણ કરે જે તેના સાથે અવતરિત કરવામાં આવેલ છે, તેઓ જ સફળતા પામવાના છે. (રુકૂઅ-૧૯)

૧૫૮. હે મુહમ્મદ ! કહો, "હે મનુષ્યો ! હું તમારા સૌ માટે તે અલ્લાહનો પયગંબર છું જે ધરતી અને આકાશોની બાદશાહીનો માલિક છે, તેના સિવાય કોઈ ઉપાસ્ય નથી, તે જ જીવન પ્રદાન કરે છે અને તે જ મૃત્યુ આપે છે, પછી ઈમાન લાવો અલ્લાહ પર અને તેના મોકલેલા ઉમ્મી નબી (હઝરત મુહમ્મદ સલ્લ.) પર જે અલ્લાહ અને તેના આદેશોને માને છે, અને તેનું અનુસરણ કરો, આશા છે કે તમે સીધો માર્ગ પામી લેશો."

૧૫૯. મૂસાની કોમમાં એક જૂથ એવું પણ હતું જે સત્ય અનુસાર માર્ગદર્શન આપતું હતું અને સત્ય અનુસાર જ ન્યાય કરતું હતું.

૧૬૦. અને અમે તે કોમને બાર કુળોમાં વહેંચી દઈને તેમને સ્થાયી જૂથોનું રૂપ આપી દીધું હતું. અને જયારે મૂસા પાસે તેની કોમે પાણી માગ્યું તો અમે તેને ઇશારો કર્યો કે ફલાણા ખડક પર પોતાની લાઠી મારો. આથી તે ખડકમાંથી એકાએક બાર ઝરણાં ફૂટી નીકળ્યા અને દરેક જૂથે પોતાની પાણી લેવાની જગ્યા નક્કી કરી લીધી. અમે તેમના ઉપર વાદળોનો છાંયડો કર્યો અને તેમના ઉપર 'મન્ન અને સલ્વા' (ભોજન) ઉતાર્યા — ખાઓ તે શુદ્ધ વસ્તુઓ જે અમે તમને આપી છે, પરંતુ આ પછી તેમણે જે કંઈ કર્યું, તો અમારા ઉપર જુલ્મ ન કર્યો, બલ્કે પોતાના જ ઉપર જુલ્મ કરતા રહ્યા.

૧૬૧. યાદ કરો તે સમય જયારે તેમને કહેવામાં આવ્યું હતું, "આ વસ્તીમાં વસવાટ કરો અને તેની પેદાશમાંથી પોતાની ઈચ્છા અનુસાર જીવિકા મેળવો અને 'હિત્તતુન-હિત્તતુન'★ બોલતા જાઓ અને નગરના દરવાજામાં સિજદો કરતા પ્રવેશ કરો, અમે તમારી ભૂલો માફ કરીશું અને સદ્‌વર્તન કરનારાઓને વધુ કૃપા પ્રદાન કરીશું,"

૧૬૨. પરંતુ તેમના પૈકી જે લોકો અત્યાચારી હતા, તેમણે તે વાત જે તેમને કહેવામાં આવી હતી, ફેરવી નાખી અને પરિણામ એ આવ્યું કે અમે તેમના અત્યાચારના બદલામાં તેમના ઉપર આકાશમાંથી આપત્તિ મોકલી દીધી. (રુકૂઅ-૨૦)

★ તેનાથી અભિપ્રેત સાર્વજનિક ક્ષમા અને દરગુજરની ઉદ્‌ઘોષણા છે અથવા ક્ષમાની પ્રાર્થના.

ع۵؍ يَظْلِمُوْنَ ﴿۱۶۲﴾ وَسْـَٔلْهُمْ عَنِ الْقَرْيَةِ الَّتِیْ كَانَتْ
وقف لازم حَاضِرَةَ الْبَحْرِ ۘ اِذْ يَعْدُوْنَ فِی السَّبْتِ اِذْ
تَاْتِيْهِمْ حِيْتَانُهُمْ يَوْمَ سَبْتِهِمْ شُرَّعًا وَّيَوْمَ لَا
معانقة ۲ يَسْبِتُوْنَ ۙ لَا تَاْتِيْهِمْ ۛ كَذٰلِكَ ۛ نَبْلُوْهُمْ بِمَا
النصف كَانُوْا يَفْسُقُوْنَ ﴿۱۶۳﴾ وَاِذْ قَالَتْ اُمَّةٌ مِّنْهُمْ لِمَ
تَعِظُوْنَ قَوْمًا ۙ اللّٰهُ مُهْلِكُهُمْ اَوْ مُعَذِّبُهُمْ
عَذَابًا شَدِيْدًا ؕ قَالُوْا مَعْذِرَةً اِلٰی رَبِّكُمْ وَلَعَلَّهُمْ
يَتَّقُوْنَ ﴿۱۶۴﴾ فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا بِهٖۤ اَنْجَيْنَا الَّذِيْنَ
يَنْهَوْنَ عَنِ السُّوْٓءِ وَاَخَذْنَا الَّذِيْنَ ظَلَمُوْا
بِعَذَابٍۭ بَئِيْسٍۭ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿۱۶۵﴾ فَلَمَّا
عَتَوْا عَنْ مَّا نُهُوْا عَنْهُ قُلْنَا لَهُمْ كُوْنُوْا قِرَدَةً
خٰسِـِٕيْنَ ﴿۱۶۶﴾ وَاِذْ تَاَذَّنَ رَبُّكَ لَيَبْعَثَنَّ عَلَيْهِمْ
اِلٰی يَوْمِ الْقِيٰمَةِ مَنْ يَّسُوْمُهُمْ سُوْٓءَ الْعَذَابِ ؕ
اِنَّ رَبَّكَ لَسَرِيْعُ الْعِقَابِ ۖۚ وَاِنَّهٗ لَغَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۶۷﴾
وَقَطَّعْنٰهُمْ فِی الْاَرْضِ اُمَمًا ۚ مِنْهُمُ الصّٰلِحُوْنَ وَ
مِنْهُمْ دُوْنَ ذٰلِكَ ۫ وَبَلَوْنٰهُمْ بِالْحَسَنٰتِ وَالسَّيِّاٰتِ
لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿۱۶۸﴾ فَخَلَفَ مِنْۢ بَعْدِهِمْ خَلْفٌ
وَّرِثُوا الْكِتٰبَ يَاْخُذُوْنَ عَرَضَ هٰذَا الْاَدْنٰی وَ
منزل۲ يَقُوْلُوْنَ سَيُغْفَرُ لَنَا ۚ وَاِنْ يَّاْتِهِمْ عَرَضٌ مِّثْلُهٗ

૧૬૩. અને જરા એમને તે વસ્તીનું વૃત્તાંત પણ પૂછો જે સમુદ્રના કિનારે આવેલી હતી. તેમને યાદ દેવડાવો તે ઘટના કે ત્યાંના લોકો 'સબ્ત' (શનિવાર)ના દિવસે અલ્લાહના આદેશ વિરુધ્ધ કામ કરતા હતા અને એ કે માછલીઓ સબ્તના દિવસે જ ઉભરાઈ-ઉભરાઈને સપાટી પર તેમના સામે આવતી હતી અને સબ્ત સિવાયના બાકીના દિવસોમાં આવતી ન હતી. આવું એટલા માટે થતું હતું કે અમે તેમની અવજ્ઞાઓના કારણે તેમને પરીક્ષામાં નાખી રહ્યા હતા.

૧૬૪. અને તેમને એ પણ યાદ દેવડાવો કે જ્યારે તેમના પૈકી એક જૂથે બીજા જૂથને કહ્યું હતું, ''તમે એવા લોકોને શા માટે ઉપદેશ આપો છો જેમને અલ્લાહ નષ્ટ કરવાનો છે અથવા ભારે સજા આપવાનો છે'' તો તેમણે જવાબ આપ્યો હતો, ''અમે આ બધું તમારા રબ સમક્ષ પોતાને નિર્દોષ પુરવાર કરવા માટે કરીએ છીએ અને એ આશાએ કરીએ છીએ કે કદાચ આ લોકો તેની અવજ્ઞાથી બચવા લાગે.''

૧૬૫. છેવટે જ્યારે તેઓ તે આદેશોને તદ્દન જ ભૂલી ગયા જે તેમને યાદ દેવડાવવામાં આવ્યા હતા, ત્યારે અમે તે લોકોને બચાવી લીધા જેઓ બૂરાઈઓથી રોકતા હતા અને બાકીના સૌ લોકોને, જેઓ અત્યાચારી હતા, તેમની અવજ્ઞાઓના કારણે કઠોર યાતનામાં પકડી લીધા.

૧૬૬. પછી જ્યારે તેઓ પૂરેપૂરા વિદ્રોહ સાથે તે જ કાર્ય કરતા રહ્યા જેનાથી તેમને રોકવામાં આવ્યા હતા, તો અમે કહ્યું કે વાનર થઈ જાવ હડધૂત થયેલા.

૧૬૭. અને યાદ કરો જ્યારે તમારા રબે ઘોષણા કરી દીધી કે, ''તે કયામત (પુનર્જીવન) સુધી નિરંતર એવા લોકોને બની ઈસરાઈલ ઉપર આધિપત્ય આપતો રહેશે, જેઓ તેમને સૌથી ખરાબ યાતના આપશે.'' નિશ્ચિત રૂપે તમારો રબ સજા આપવામાં ઝડપી છે અને નિઃશંક તે ક્ષમા અને દયાથી પણ કામ લેવાવાળો છે.

૧૬૮. અમે તેમને ધરતી ઉપર ટુકડે-ટુકડા કરી ઘણી કોમોમાં વહેંચી દીધા. કેટલાક લોકો તેમનામાં સદાચારી હતા અને કેટલાક એનાથી જુદા પ્રકારના અને અમે સારી અને ખરાબ પરિસ્થિતિઓથી તેમને પરીક્ષામાં નાખતા રહ્યા કે કદાચ તેઓ પાછા ફરે.

૧૬૯. ત્યારબાદ પહેલાંની પેઢીઓ પછી એવા અયોગ્ય લોકોએ તેમનું સ્થાન લીધું જેઓ અલ્લાહના ગ્રંથના ઉત્તરાધિકારી બનીને આ તુચ્છ દુનિયાના લાભો સમેટે છે અને કહી દે છે કે આશા છે કે અમને માફ કરી દેવામાં આવશે, અને જો દુનિયાની તે જ સાંસારિક સામગ્રી સામે આવે છે તો

يَاْخُذُوْهُ ؕ اَلَمْ يُؤْخَذْ عَلَيْهِمْ مِّيْثَاقُ الْكِتٰبِ
اَنْ لَّا يَقُوْلُوْا عَلَى اللّٰهِ اِلَّا الْحَقَّ وَ دَرَسُوْا مَا فِيْهِ ؕ
وَالدَّارُ الْاٰخِرَةُ خَيْرٌ لِّلَّذِيْنَ يَتَّقُوْنَ ؕ اَفَلَا
تَعْقِلُوْنَ ﴿۱۶۹﴾ وَ الَّذِيْنَ يُمَسِّكُوْنَ بِالْكِتٰبِ وَ اَقَامُوا
الصَّلٰوةَ ؕ اِنَّا لَا نُضِيْعُ اَجْرَ الْمُصْلِحِيْنَ ﴿۱۷۰﴾ وَاِذْ
نَتَقْنَا الْجَبَلَ فَوْقَهُمْ كَاَنَّهٗ ظُلَّةٌ وَّظَنُّوْٓا اَنَّهٗ
وَاقِعٌۢ بِهِمْ ۚ خُذُوْا مَآ اٰتَيْنٰكُمْ بِقُوَّةٍ وَّاذْكُرُوْا
مَا فِيْهِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿۱۷۱﴾ وَاِذْ اَخَذَ رَبُّكَ مِنْۢ
بَنِيْٓ اٰدَمَ مِنْ ظُهُوْرِهِمْ ذُرِّيَّتَهُمْ وَاَشْهَدَهُمْ عَلٰٓى
اَنْفُسِهِمْ ۚ اَلَسْتُ بِرَبِّكُمْ ؕ قَالُوْا بَلٰى ۛۚ شَهِدْنَا ۛۚ
اَنْ تَقُوْلُوْا يَوْمَ الْقِيٰمَةِ اِنَّا كُنَّا عَنْ هٰذَا غٰفِلِيْنَ ﴿۱۷۲﴾ۙ
اَوْ تَقُوْلُوْٓا اِنَّمَآ اَشْرَكَ اٰبَآؤُنَا مِنْ قَبْلُ وَكُنَّا
ذُرِّيَّةً مِّنْۢ بَعْدِهِمْ ۚ اَفَتُهْلِكُنَا بِمَا فَعَلَ
الْمُبْطِلُوْنَ ﴿۱۷۳﴾ وَكَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ وَلَعَلَّهُمْ
يَرْجِعُوْنَ ﴿۱۷۴﴾ وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ الَّذِيْٓ اٰتَيْنٰهُ
اٰيٰتِنَا فَانْسَلَخَ مِنْهَا فَاَتْبَعَهُ الشَّيْطٰنُ فَكَانَ
مِنَ الْغٰوِيْنَ ﴿۱۷۵﴾ وَلَوْ شِئْنَا لَرَفَعْنٰهُ بِهَا وَلٰكِنَّهٗٓ
اَخْلَدَ اِلَى الْاَرْضِ وَاتَّبَعَ هَوٰىهُ ۚ فَمَثَلُهٗ كَمَثَلِ
الْكَلْبِ ۚ اِنْ تَحْمِلْ عَلَيْهِ يَلْهَثْ اَوْ تَتْرُكْهُ

ع ٩
معانقة عند المتأخرين

ફરી દોડીને તેને લઈ લે છે. શું તેમના પાસેથી ગ્રંથનું વચન લઈ લેવામાં આવ્યું નથી કે અલ્લાહના નામથી તે જ વાત કહે જે સત્ય હોય? અને તેઓ પોતે જ વાંચી ચૂક્યા છે જે ગ્રંથમાં અંકિત છે. આખિરત (પરલોક)નું ઠેકાણું તો અલ્લાહથી ડરતા લોકો માટે જ ઉત્તમ છે. શું તમે આટલી વાત પણ નથી સમજતા?

૧૭૦. જે લોકો ગ્રંથની પાબંદી કરે છે અને જેમણે નમાઝ કાયમ કરી રાખી છે, નિશ્ચિત રૂપે આવા સદ્ચરિત્ર લોકોનું વળતર અમે વ્યર્થ નહીં કરીએ.

૧૭૧. તેમને તે સમય પણ કંઈ યાદ છે જ્યારે અમે પર્વતને હલાવીને તેમના ઉપર એ રીતે ઢાળી દીધો હતો જાણે કે તે છત્રી છે અને તેઓ ધારતા હતા કે તે તેમના ઉપર આવી પડશે અને તે વખતે અમે તેમને કહ્યું હતું કે જે ગ્રંથ અમે તમને આપી રહ્યા છીએ તેને દઢતાપૂર્વક પકડી રાખો અને જે કંઈ તેમાં લખ્યું છે, તેને યાદ રાખો. આશા છે કે તમે ખોટા રસ્તે ચાલવાથી બચી રહેશો. (રુકૂઅ-૨૧)

૧૭૨. અને હે નબી! લોકોને યાદ દેવડાવો તે સમય જ્યારે તમારા રબે (પ્રભુએ) આદમના પુત્રોની પીઠમાંથી તેમની સંતતિને કાઢી હતી અને તેમને સ્વયં પોતાના ઉપર સાક્ષી બનાવીને પૂછ્યું હતું, ''શું હું તમારો રબ (પ્રભુ) નથી?'' તેમણે કહ્યું, ''ચોક્કસ, આપ જ અમારા રબ (પ્રભુ) છો, અમે તેની સાક્ષી આપીએ છીએ.'' આ અમે એટલા માટે કર્યું કે કદાચ તમે કયામત (પુનર્જીવન)ના દિવસે એમ ન કહી દો કે, ''અમે તો આ વાતથી અજાણ હતા,''

૧૭૩. અથવા એમ ન કહેવા લાગો કે, ''શિર્ક (અનેકેશ્વરવાદ)ની શરૂઆત તો અમારા બાપ-દાદાઓએ અમારા પહેલાં જ કરી હતી અને અમે પછીથી તેમના વંશમાં પેદા થયા. પછી શું આપ અમને તે કસૂર માટે પકડો છો જે ખોટા કામ કરનારાઓએ કર્યો હતો?''

૧૭૪. જુઓ, આવી રીતે અમે નિશાનીઓ સ્પષ્ટપણે વર્ણવીએ છીએ અને એટલા માટે વર્ણવીએ છીએ કે આ લોકો પાછા ફરે.

૧૭૫. અને હે નબી! આમના સામે તે માણસની વાત વર્ણવો જેને અમે પોતાની આયતોનું જ્ઞાન આપ્યું હતું, પરંતુ તે તેની પાબંદીઓથી નીકળી ભાગ્યો. છેવટે શેતાન તેની પાછળ પડી ગયો, ત્યાં સુધી કે તે પથભ્રષ્ટ થનારાઓમાં સામેલ થઈને રહ્યો.

૧૭૬. જો અમે ઇચ્છ્યું હોત તો તેને તે આયતો મારફતે ઉચ્ચતા પ્રદાન કરતા, પરંતુ તે તો ધરતીની જ તરફ ઝૂકીને રહી ગયો અને પોતાની મનેચ્છાઓના જ પાછળ પડ્યો રહ્યો, આથી તેની હાલત કૂતરા જેવી થઈ ગઈ કે તમે તેના ઉપર હુમલો કરો ત્યારે પણ જીભ લટકાવી રાખે

يَلْهَثْ ؕ ذٰلِكَ مَثَلُ الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۚ
فَاقْصُصِ الْقَصَصَ لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿۱۷۶﴾ سَآءَ
مَثَلَا ۨ الْقَوْمُ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَ اَنْفُسَهُمْ
كَانُوْا يَظْلِمُوْنَ ﴿۱۷۷﴾ مَنْ يَّهْدِ اللّٰهُ فَهُوَ الْمُهْتَدِيْ ۚ
وَمَنْ يُّضْلِلْ فَاُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿۱۷۸﴾ وَلَقَدْ
ذَرَاْنَا لِجَهَنَّمَ كَثِيْرًا مِّنَ الْجِنِّ وَ الْاِنْسِ ۖۚ
لَهُمْ قُلُوْبٌ لَّا يَفْقَهُوْنَ بِهَا ز وَلَهُمْ اَعْيُنٌ
لَّا يُبْصِرُوْنَ بِهَا ز وَلَهُمْ اٰذَانٌ لَّا يَسْمَعُوْنَ بِهَا ؕ
اُولٰٓئِكَ كَالْاَنْعَامِ بَلْ هُمْ اَضَلُّ ؕ اُولٰٓئِكَ هُمُ
الْغٰفِلُوْنَ ﴿۱۷۹﴾ وَلِلّٰهِ الْاَسْمَآءُ الْحُسْنٰى فَادْعُوْهُ
بِهَا ص وَذَرُوا الَّذِيْنَ يُلْحِدُوْنَ فِيْٓ اَسْمَآئِهٖ ؕ
سَيُجْزَوْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۸۰﴾ وَمِمَّنْ خَلَقْنَآ
ع ۲۲ ۱۲ اُمَّةٌ يَّهْدُوْنَ بِالْحَقِّ وَبِهٖ يَعْدِلُوْنَ ﴿۱۸۱﴾ وَ
الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا سَنَسْتَدْرِجُهُمْ مِّنْ
حَيْثُ لَا يَعْلَمُوْنَ ﴿۱۸۲﴾ وَاُمْلِيْ لَهُمْ قف اِنَّ كَيْدِيْ
مَتِيْنٌ ﴿۱۸۳﴾ اَوَلَمْ يَتَفَكَّرُوْا سكتة مَا بِصَاحِبِهِمْ مِّنْ
جِنَّةٍ ؕ اِنْ هُوَ اِلَّا نَذِيْرٌ مُّبِيْنٌ ﴿۱۸۴﴾ اَوَلَمْ يَنْظُرُوْا فِيْ
مَلَكُوْتِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا خَلَقَ اللّٰهُ مِنْ
شَيْءٍ ۙ وَّاَنْ عَسٰٓى اَنْ يَّكُوْنَ قَدِ اقْتَرَبَ اَجَلُهُمْ ۚ

અને તેને છોડી દો તો પણ જીભ લટકાવી રાખે. આ જ ઉદાહરણ છે તે લોકોનું જેઓ અમારી આયતોને ખોટી ઠેરવે છે. તમે આ કિસ્સાઓ એમને સંભળાવતા રહો, કદાચ આ લોકો કંઈક વિચાર કરે.

૧૭૭. ઘણુંજખરાબઉદાહરણછેઆવાલોકોનું,જેમણેઅમારીઆયતોનેખોટી ઠેરવી, અનેતેઓસ્વયંપોતાનીજાતપરઅત્યાચારકરતારહ્યાછે.

૧૭૮. જેને અલ્લાહ માર્ગદર્શન પ્રદાન કરે એ જ સન્માર્ગ પામે છે અને જેને અલ્લાહ પોતાના માર્ગદર્શનથી વંચિત કરી દે, તે જ નિષ્ફળ અને નિરાશ બનીને રહે છે.

૧૭૯. અને એ સત્ય છે કે કેટલાય જિન્નાતો અને મનુષ્યો એવાં છે જેમને અમે જહન્નમ (નર્ક) માટે જ પેદા કર્યા છે. તેમના પાસે હૃદય છે, પરંતુ તેઓ તેનાથી વિચારતા નથી, તેમના પાસે આંખો છે પરંતુ તેઓ તેનાથી જોતા નથી, તેમના પાસે કાન છે પરંતુ તેઓ તેનાથી સાંભળતા નથી. તેઓ પશુઓ જેવા છે, બલ્કે તેમનાથી પણ ખૂબ ખરાબ. આ તે લોકો છે જેઓ ગફલતમાં ખોવાઈ ગયા છે.

૧૮૦. અલ્લાહ ઉત્તમ નામોનો અધિકારી છે. તેને ઉત્તમ નામોથી જ પોકારો અને તે લોકોને છોડી દો જેઓ તેના નામ રાખવામાં સીધા માર્ગથી ચલિત થઈ જાય છે. જે કંઈ તેઓ કરે છે તેનો બદલો તેઓ પામીને જ રહેશે.

૧૮૧. અમારા સર્જનોમાં એક જૂથ એવું પણ છે જે તદ્દન સત્ય અનુસાર માર્ગદર્શન કરે છે અને સત્ય અનુસાર ન્યાય કરે છે. (રુકૂઅ-૨૨)

૧૮૨. રહ્યા તે લોકો જેમણે અમારી આયતોને ખોટી ઠેરવી દીધી છે, તો તેમને અમે ધીમે-ધીમે એવી રીતે વિનાશ તરફ લઈ જઈશું કે તેમને ખબર સુધ્ધાં નહીં પડે.

૧૮૩. હું તેમને ઢીલ આપી રહ્યો છું, મારી ચાલનો કોઈ તોડ નથી.

૧૮૪. અને શું આ લોકોએ ક્યારેય વિચાર્યું નથી ? એમના સાથી ઉપર ઉન્માદનો કોઈ પ્રભાવ નથી. એ તો એક ચેતવણી આપનાર છે જે (ખરાબ પરિણામ આવે તે પહેલાં) સ્પષ્ટપણે સચેત કરી રહ્યો છે.

૧૮૫. શું આ લોકોએ આકાશો અને ધરતીના વ્યવસ્થાતંત્ર ઉપર ક્યારેય ચિંતન કર્યું નથી અને કોઈ પણ વસ્તુને જેને અલ્લાહે પેદા કરી છે, આંખો ઉઘાડીને જોઈ નથી ? અને શું આ પણ તેમણે વિચાર્યું નથી કે કદાચ તેમની જિંદગીની મુદ્દત સમાપ્ત થવાનો સમય નજીક આવી ગયો હોય ? પછી છેવટે પયગંબરની આ ચેતવણી બાદ હવે કઈ વાત

فَبِاَيِّ حَدِيْثٍۭ بَعْدَهٗ يُؤْمِنُوْنَ ﴿۱۸۵﴾ مَنْ يُّضْلِلِ
اللّٰهُ فَلَا هَادِيَ لَهٗ ؕ وَيَذَرُهُمْ فِيْ طُغْيَانِهِمْ
يَعْمَهُوْنَ ﴿۱۸۶﴾ يَسْـَٔلُوْنَكَ عَنِ السَّاعَةِ اَيَّانَ
مُرْسٰىهَا ؕ قُلْ اِنَّمَا عِلْمُهَا عِنْدَ رَبِّيْ ۚ لَا يُجَلِّيْهَا
وقف لازم / وقف منزل لِوَقْتِهَآ اِلَّا هُوَ ؕۘ ثَقُلَتْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ لَا
تَاْتِيْكُمْ اِلَّا بَغْتَةً ؕ يَسْـَٔلُوْنَكَ كَاَنَّكَ حَفِيٌّ عَنْهَا ؕ
قُلْ اِنَّمَا عِلْمُهَا عِنْدَ اللّٰهِ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا
يَعْلَمُوْنَ ﴿۱۸۷﴾ قُلْ لَّاۤ اَمْلِكُ لِنَفْسِيْ نَفْعًا وَّلَا ضَرًّا اِلَّا
مَا شَآءَ اللّٰهُ ؕ وَلَوْ كُنْتُ اَعْلَمُ الْغَيْبَ لَاسْتَكْثَرْتُ
معانقة عند المتأخرين مِنَ الْخَيْرِ ۛۚ وَمَا مَسَّنِيَ السُّوْٓءُ ۛؕ اِنْ اَنَا اِلَّا نَذِيْرٌ
ع ٢٣ وَّبَشِيْرٌ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿۱۸۸﴾ ع هُوَ الَّذِيْ خَلَقَكُمْ مِّنْ
نَّفْسٍ وَّاحِدَةٍ وَّجَعَلَ مِنْهَا زَوْجَهَا لِيَسْكُنَ
اِلَيْهَا ۚ فَلَمَّا تَغَشّٰىهَا حَمَلَتْ حَمْلًا خَفِيْفًا فَمَرَّتْ
بِهٖ ۚ فَلَمَّآ اَثْقَلَتْ دَّعَوَا اللّٰهَ رَبَّهُمَا لَئِنْ اٰتَيْتَنَا
صَالِحًا لَّنَكُوْنَنَّ مِنَ الشّٰكِرِيْنَ ﴿۱۸۹﴾ فَلَمَّآ اٰتٰىهُمَا
صَالِحًا جَعَلَا لَهٗ شُرَكَآءَ فِيْمَآ اٰتٰىهُمَا ۚ فَتَعٰلَى
اللّٰهُ عَمَّا يُشْرِكُوْنَ ﴿۱۹۰﴾ اَيُشْرِكُوْنَ مَا لَا يَخْلُقُ
شَيْـًٔا وَّهُمْ يُخْلَقُوْنَ ۫ۖ ﴿۱۹۱﴾ وَلَا يَسْتَطِيْعُوْنَ لَهُمْ نَصْرًا
وَّلَاۤ اَنْفُسَهُمْ يَنْصُرُوْنَ ﴿۱۹۲﴾ وَاِنْ تَدْعُوْهُمْ اِلَى

એવી હોઈ શકે છે જેના પર તેઓ ઈમાન લાવે ?

૧૮૬. જેને અલ્લાહ માર્ગદર્શનથી વંચિત કરી દે તેના માટે પછી કોઈ માર્ગદર્શક નથી, અને અલ્લાહ તેમને તેમના વિદ્રોહમાં જ ભટકતા છોડી દે છે.

૧૮૭. આ લોકો તમને પૂછે છે કે છેવટે તે કયામતની ઘડી કયારે આવશે ? કહો, ''તેની જાણકારી મારા રબ (પ્રભુ) પાસે જ છે. તેને તેના સમય ઉપર તે જ પ્રગટ કરશે. આકાશો અને ધરતીમાં તે ઘણો જ કપરો સમય હશે, તે તમારા ઉપર ઓચિંતો આવી જશે.'' આ લોકો તેના વિષે તમને એવી રીતે પૂછે છે, જાણે કે તમે તેની શોધમાં લાગેલા છો. કહો, ''તેની જાણકારી તો માત્ર અલ્લાહને છે પરંતુ મોટા ભાગના લોકો આ સત્યને જાણતા નથી.''

૧૮૮. હે નબી ! આ લોકોને કહો, ''હું મારી જાત માટે કોઈ ફાયદા કે નુકસાનનો અધિકાર ધરાવતો નથી, અલ્લાહ જ જે કંઈ ચાહે છે તે થાય છે અને જો મને અદૃશ્યનું જ્ઞાન હોત તો હું ઘણાં ફાયદા મારા માટે પ્રાપ્ત કરી લેતો અને મને ક્યારેય કોઈ નુકસાન ન પહોંચતું. હું તો માત્ર એક સચેત કરનાર અને ખુશખબરી સંભળાવનાર છું તે લોકો માટે જેઓ મારી વાત માને.'' (રુકૂઅ-૨૩)

૧૮૯. તે અલ્લાહ જ છે જેણે તમને એક જીવમાંથી પેદા કર્યા અને તેની જ જાતિમાંથી તેનું જોડું બનાવ્યું, જેથી તેના પાસે શાંતિ પ્રાપ્ત કરે. પછી જયારે પુરુષે સ્ત્રીને ઢાંકી દીધી તો તેને એક હળવો ગર્ભ રહી ગયો જેને લઈને તે હરતી-ફરતી રહી. પછી જયારે તે ભારે થઈ ગઈ તો બંનેએ મળીને અલ્લાહ, પોતાના રબ (પ્રભુ)ને પ્રાર્થના કરી કે : જો તેં અમને સ્વસ્થ બાળક પ્રદાન કર્યું તો અમે તારા આભારી થઈશું.

૧૯૦. પરંતુ જયારે અલ્લાહે તેમને એક સ્વસ્થ બાળક આપ્યું તો તેઓ તેની બક્ષિસ અને કૃપામાં બીજાઓને ભાગીદાર ઠેરવવા લાગ્યા. અલ્લાહ ઘણો ઉચ્ચ અને શ્રેષ્ઠ છે તે શિર્ક (અનેકેશ્વરવાદ)ની વાતોથી જે આ લોકો કરે છે.

૧૯૧. કેવા નાસમજ છે આ લોકો કે તેમને અલ્લાહના ભાગીદાર ઠેરવે છે જે કોઈ વસ્તુ પેદા નથી કરતા, બલ્કે સ્વયં પેદા કરવામાં આવે છે,

૧૯૨. જેઓ ન તેમની મદદ કરી શકે છે અને ન સ્વયં પોતાની મદદ કરવા સમર્થ છે.

૧૯૩. જો તમે તેમને સીધા માર્ગ ઉપર આવવાનું આહવાન્ કરો તો તેઓ

الْهُدٰى لَا يَتَّبِعُوْكُمْ ؕ سَوَآءٌ عَلَيْكُمْ اَدَعَوْتُمُوْهُمْ اَمْ
اَنْتُمْ صَامِتُوْنَ ﴿۱۹۳﴾ اِنَّ الَّذِيْنَ تَدْعُوْنَ مِنْ
دُوْنِ اللّٰهِ عِبَادٌ اَمْثَالُكُمْ فَادْعُوْهُمْ فَلْيَسْتَجِيْبُوْا
لَكُمْ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۱۹۴﴾ اَلَهُمْ اَرْجُلٌ يَّمْشُوْنَ
بِهَآ ز اَمْ لَهُمْ اَيْدٍ يَّبْطِشُوْنَ بِهَا ز اَمْ لَهُمْ اَعْيُنٌ
يُّبْصِرُوْنَ بِهَا ز اَمْ لَهُمْ اٰذَانٌ يَّسْمَعُوْنَ بِهَا ؕ قُلِ
ادْعُوْا شُرَكَآءَكُمْ ثُمَّ كِيْدُوْنِ فَلَا تُنْظِرُوْنِ ﴿۱۹۵﴾
اِنَّ وَلِيِّۦَ اللّٰهُ الَّذِيْ نَزَّلَ الْكِتٰبَ ز وَهُوَ يَتَوَلَّى
الصّٰلِحِيْنَ ﴿۱۹۶﴾ وَالَّذِيْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِهٖ لَا
يَسْتَطِيْعُوْنَ نَصْرَكُمْ وَلَآ اَنْفُسَهُمْ يَنْصُرُوْنَ ﴿۱۹۷﴾
وَاِنْ تَدْعُوْهُمْ اِلَى الْهُدٰى لَا يَسْمَعُوْا ؕ وَتَرٰىهُمْ
يَنْظُرُوْنَ اِلَيْكَ وَهُمْ لَا يُبْصِرُوْنَ ﴿۱۹۸﴾ خُذِ الْعَفْوَ
وَاْمُرْ بِالْعُرْفِ وَاَعْرِضْ عَنِ الْجٰهِلِيْنَ ﴿۱۹۹﴾ وَاِمَّا
يَنْزَغَنَّكَ مِنَ الشَّيْطٰنِ نَزْغٌ فَاسْتَعِذْ بِاللّٰهِ ؕ اِنَّهٗ
سَمِيْعٌ عَلِيْمٌ ﴿۲۰۰﴾ اِنَّ الَّذِيْنَ اتَّقَوْا اِذَا مَسَّهُمْ
طٰٓئِفٌ مِّنَ الشَّيْطٰنِ تَذَكَّرُوْا فَاِذَا هُمْ مُّبْصِرُوْنَ ﴿۲۰۱﴾ ج
وَاِخْوَانُهُمْ يَمُدُّوْنَهُمْ فِي الْغَيِّ ثُمَّ لَا يُقْصِرُوْنَ ﴿۲۰۲﴾
وَاِذَا لَمْ تَاْتِهِمْ بِاٰيَةٍ قَالُوْا لَوْلَا اجْتَبَيْتَهَا ؕ
قُلْ اِنَّمَآ اَتَّبِعُ مَا يُوْحٰٓى اِلَيَّ مِنْ رَّبِّيْ ج هٰذَا

તમારા પાછળ ન આવે. તમે ચાહે તેમને પોકારો કે ચુપ રહો, બંને સ્થિતિમાં તમારા માટે સમાન જ રહ્યા.

૧૯૪. તમે લોકો અલ્લાહને છોડીને જેમને પોકારો છો તેઓ તો માત્ર બંદાઓ છે, જેવા તમે બંદા છો. તેમનાથી પ્રાર્થનાઓ કરી જુઓ, તેઓ તમારી પ્રાર્થનાઓનો જવાબ આપે, જો તેમના વિષેના તમારા વિચારો સાચા છે.

૧૯૫. શું તેઓ પગ ધરાવે છે કે તેનાથી ચાલે ? શું તેઓ હાથ ધરાવે છે કે તેનાથી પકડે ? શું તેઓ આંખો ધરાવે છે કે તેનાથી જુએ ? શું તેઓ કાન ધરાવે છે કે તેનાથી સાંભળે ? હે નબી ! એમને કહો, ''બોલાવી લો પોતાના ઠેરવેલા ભાગીદારોને, કે પછી સૌ મળીને મારા વિરુધ્ધ યુક્તિઓ કરો અને મને કદાપિ મહેતલ ન આપો,

૧૯૬. મારો સમર્થક અને સહાયક તે અલ્લાહ છે જેણે આ ગ્રંથ અવતરિત કર્યો છે અને તે સદાચારીઓનું સમર્થન કરે છે.

૧૯૭. તેનાથી વિપરીત, તમે અલ્લાહને છોડીને જેમને પોકારો છો, તેઓ ન તમારી મદદ કરી શકે છે અને ન તો સ્વયં પોતાની મદદ કરવા જ સમર્થ છે,

૧૯૮. બલ્કે જો તમે તેમને સીધા માર્ગ ઉપર આવવા માટે કહો તો તેઓ તમારી વાત સાંભળી પણ શકતા નથી. જો કે તમને એવું દેખાય છે કે તેઓ તમારા તરફ જોઈ રહ્યા છે પરંતુ હકીકતમાં તેઓ કંઈ પણ નથી જોતા.''

૧૯૯. હે નબી ! નરમી અને ક્ષમાની રીત અપનાવો, ભલાઈની શીખ આપતા રહો અને અજ્ઞાનીઓની ઉપેક્ષા કરો.

૨૦૦. જો ક્યારેક શેતાન તમને ઉશ્કેરે તો અલ્લાહનું શરણ માગો, તે બધું જ સાંભળનાર અને જાણનાર છે.

૨૦૧. વાસ્તવમાં જે લોકો મુત્તકી (અલ્લાહનો ડર રાખે) છે, તેમની હાલત તો એ હોય છે કે કયારેક શેતાનની અસર હેઠળ કોઈ ખરાબ વિચાર જો તેમને સ્પર્શી પણ જાય છે તો તરત જ ચેતી જાય છે અને પછી તેમને સ્પષ્ટ દેખાવા લાગે છે કે તેમના માટે સાચી કાર્ય-પ્રણાલી કઈ છે.

૨૦૨. રહ્યા તેમના (અર્થાત્ શેતાનોના) ભાઈબંધો, તો તેઓ તેમને તેમના દુરાચારમાં ખેંચતા જાય છે અને તેમને ભટકાવવામાં કોઈ કસર બાકી નથી રાખતા.

૨૦૩. હે નબી ! જ્યારે તમે આ લોકો સામે કોઈ નિશાની (અર્થાત્ ચમત્કાર) પ્રસ્તુત નથી કરતા તો તેઓ કહે છે કે તમે પોતાના માટે કોઈ નિશાની

بَصَآئِرُ مِنْ رَّبِّكُمْ وَهُدًى وَّرَحْمَةٌ لِّقَوْمٍ
يُّؤْمِنُوْنَ ﴿۲۰۳﴾ وَاِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَ
اَنْصِتُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿۲۰۴﴾ وَاذْكُرْ رَّبَّكَ فِيْ
نَفْسِكَ تَضَرُّعًا وَّخِيْفَةً وَّدُوْنَ الْجَهْرِ مِنَ الْقَوْلِ
بِالْغُدُوِّ وَالْاٰصَالِ وَلَا تَكُنْ مِّنَ الْغٰفِلِيْنَ ﴿۲۰۵﴾
اِنَّ الَّذِيْنَ عِنْدَ رَبِّكَ لَا يَسْتَكْبِرُوْنَ عَنْ
عِبَادَتِهٖ وَيُسَبِّحُوْنَهٗ وَلَهٗ يَسْجُدُوْنَ ﴿۲۰۶﴾ السجدة ع

منزل ۲

કેમ પસંદ ન કરી લીધી ? એમને કહો, ''હું તો માત્ર તે વહી (દિવ્ય પ્રકાશના)નું અનુસરણ કરૂં છું, જે મારા રબે મારા તરફ મોકલી છે. આ બુદ્ધિમત્તાની રોશનીઓ છે, તમારા રબ તરફથી અને માર્ગદર્શન અને કૃપા છે તે લોકો માટે જેઓ તેને અપનાવે.

૨૦૪. જ્યારે કુર્આન તમારા સમક્ષ પઢવામાં આવે તો તેને ધ્યાનપૂર્વક સાંભળો અને ચુપ રહો, કદાચ તમારા પર પણ કૃપા થઈ જાય.

૨૦૫. હે નબી ! પોતાના રબ (પ્રભુ)ને સવાર અને સાંજ યાદ કર્યા કરો, મનમાં કરગરીને અને ડર સાથે અને જીભથી પણ ધીમા અવાજમાં. તમે તે લોકો પૈકીના ન થઈ જાઓ જેઓ ગફલતમાં પડેલા છે.

૨૦૬. જે ફરિશ્તાઓને તમારા રબ (માલિક અને પાલનહાર)ને ત્યાં સામીપ્યનું સ્થાન પ્રાપ્ત છે તેઓ કદાપિ પોતાની મોટાઈના ઘમંડમાં આવીને તેની બંદગીથી મોઢું નથી ફેરવતા અને તેની તસ્બીહ (મહિમાગાન) કરે છે અને તેના આગળ ઝૂકેલા રહે છે. (રુકૂઅ-૨૪)

(૮) અલ-અન્‌ફાલ

પરિચય

ઉતરાણકાળ :

આ સૂરઃ હિ.સ. ૦૨માં બદ્રના યુદ્ધ પછી ઊતરી છે અને આમાં ઈસ્લામ અને કુફ્ર વચ્ચેના આ પ્રથમ યુદ્ધની સવિસ્તાર સમીક્ષા કરવામાં આવી છે.

ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિ :

આ સૂરઃની સમીક્ષા કરતાં પહેલાં બદ્રના યુદ્ધ અને તેનાથી સંબંધિત સંજોગો પર એક ઐતિહાસિક નજર નાખી લેવી જોઈએ.

પયગંબર (સલ્લ.)નો સંદેશ (મક્કા કાળના અંત સુધીમાં) એ હેસિયતથી પોતાની દૃઢતા અને સ્થાયિત્વ પુરવાર કરી ચૂક્યો હતો કે એક તરફ તેના પાછળ એક ઉત્તમ ચરિત્રવાન, વિશાળહૃદયી અને વિવેકશીલ ધ્વજવાહક મોજૂદ હતો, જેની કાર્ય-શૈલીથી એ તથ્ય સંપૂર્ણપણે સ્પષ્ટ થઈને સામે આવી ગયું હતું કે તે આ સંદેશને અત્યંત સફળતાની મંજિલ સુધી પહોંચાડવા માટે અટલ ઈરાદો રાખે છે, બીજી તરફ આ સંદેશમાં સ્વયં એટલું આકર્ષણ હતું કે તે દરેકના મનો-મસ્તિષ્કમાં પોતાનું સ્થાન બનાવતું જતું હતું, પરંતુ તે સમયગાળા સુધી કેટલાક પાસાઓમાં આ સંદેશના પ્રચારમાં ઘણી ત્રુટિઓ જોવા મળતી હતી –

એક એ કે એ વાત હજુ સંપૂર્ણપણે સિદ્ધ થઈ ન હતી કે તેને એવા અનુયાયીઓની એક મોટી સંખ્યા મળી ગઈ છે, જે તેના માટે પોતાની દરેક વસ્તુનું બલિદાન આપવા માટે અને દુનિયાભરથી લડી લેવા માટે, ત્યાં સુધી કે પોતાના અત્યંત પ્રિય એવા સંબંધોને પણ કાપીને ફેંકી દેવા તૈયાર હોય. બીજું એ કે આ સંદેશનો પડઘો, આમ તો આખા પ્રદેશમાં પ્રસરી ગયો હતો, પરંતુ તેનો પ્રભાવ છુટોછવાયો હતો, હજુ તેને તે સામૂહિક શક્તિ પ્રાપ્ત થઈ ન હતી જે પુરાણી સ્થાયી થઈ ગયેલ અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થાથી નિર્ણાયક મુકાબલો કરવા માટે આવશ્યક હતી. ત્રીજું એ કે પ્રદેશનો કોઈ ભાગ એવો ન હતો, જ્યાં આ સંદેશ પોતાના કદમ જમાવીને પોતાના પક્ષને સુદૃઢ બનાવી શકતો અને પછી આગળ વધવાનો પ્રયત્ન કરતો. ચોથું એ કે આ સંદેશને વ્યવહારૂ જીવનના મામલાઓને પોતાના હસ્તક લઈને ચલાવવાની તક હજુ સાંપડી ન હતી, તેથી તે નૈતિક સિદ્ધાંતોનું પ્રદર્શન થઈ શક્યું ન હતું, જેના પાયા પર આ સંદેશ જીવનની આખી વ્યવસ્થાને સ્થાપિત કરવા અને ચલાવવા ચાહતો હતો.

પછીની ઘટનાઓએ એ તકોને જન્મ આપ્યો, જેનાથી આ ચારેય ત્રુટિઓ દૂર થઈ ગઈ.

મક્કા કાળના અંતિમ ત્રણ-ચાર વર્ષોથી યસરિબ (મદીના)માં ઈસ્લામના સૂર્યના કિરણો અવિરત પહોંચી રહ્યા હતા અને ત્યાંના લોકો ઘણા કારણોસર અરબસ્તાનના બીજા કબીલાઓની સરખામણીમાં વધુ સહજતાથી આ પ્રકાશને સ્વીકારતા જતા હતા. છેવટે નબૂવ્વતના બારમા વર્ષે હજ્જના અવસરે ૭૫ માણસોનું એક પ્રતિનિધ-મંડળ પયગંબર (સલ્લ.)થી રાત્રિના અંધકારમાં મળ્યું અને તેણે ન માત્ર એ કે ઈસ્લામનો સ્વીકાર કર્યો, બલ્કે આપને અને આપના અનુયાયીઓને પોતાના શહેરમાં જગ્યા આપવાની તત્પરતા બતાવી. હેતુ એ હતો કે અરબસ્તાનના વિભિન્ન કબીલાઓ અને ભાગોમાં જે મુસલમાનો વેરવિખેર હતા, તેઓ યસરિબમાં એકઠા થઈને અને યસરિબના મુસલમાનો સાથે મળીને એક સુસંગઠિત સમાજ બનાવી લે. આ રીતે યસરિબે વાસ્તવમાં પોતાને 'ઈસ્લામનું શહેર' (મદીનતુલ ઈસ્લામ)ની હેસિયતે પ્રસ્તુત કર્યું અને પયગંબર (સલ્લ.)એ તેનો સ્વીકાર કરીને અરબસ્તાનમાં પ્રથમ 'દારુલ ઈસ્લામ' (ઈસ્લામનું ઘર) ની રચના કરી લીધી.

આ પ્રસ્તાવનો અર્થ જે પણ હતો, તેનાથી મદીનાવાસીઓ અજાણ નહોતા. તેનો સ્પષ્ટ અર્થ એ હતો કે એક નાનું સરખું શહેર પોતાને આખા દેશની તલવારો અને આર્થિક-સાંસ્કૃતિક બહિષ્કારના મુકાબલામાં પ્રસ્તુત કરી રહ્યું હતું. બીજી બાજુ મક્કાવાસીઓ માટે આ મામલાનો જે અર્થ હતો, તે પણ કોઈથી છૂપો ન હતો. વાસ્તવમાં આ રીતે હઝરત મુહમ્મદ (સલ્લ.)ના નેતૃત્વમાં ઈસ્લામને માનવાવાળા અને તેના પર ચાલવાવાળા એક સુસંગઠિત જૂથના રૂપમાં એકત્ર થતા જઈ રહ્યા હતા. આ પુંરાણી વ્યવસ્થા માટે મૃત્યુનો ઘંટ હતો. તેના સાથે મદીના જેવી જગ્યાએ મુસલમાનોની આ શક્તિના એકત્ર થવાથી કુરૈશને વધારે જોખમ એ હતું કે યમનથી સીરિયા તરફ જે વેપારી રાજમાર્ગ રાતા સમુદ્રના તટ પર કિનારે-કિનારે જતો હતો; જેના સુરક્ષિત રહેવા પર કુરૈશ અને બીજા મોટા-મોટા મુશ્રિક કબીલાઓનું આર્થિક જીવન નિર્ભર હતું, તે મુસલમાનોના લક્ષ્ય પર આવી રહ્યું હતું અને તે સમયે જે પરિસ્થિતિ હતી, તેને જોતાં મુસલમાનો માટે વાસ્તવમાં તેના સિવાય કોઈ રસ્તો પણ ન હતો કે તે વેપારી રાજમાર્ગ પર પોતાનું વર્ચસ્વ મજબૂત કરે. તેથી પયગંબર (સલ્લ.)એ મદીના પહોંચ્યા પછી તરત જ આ પ્રશ્ન પર ધ્યાન કેન્દ્રીત કર્યું અને આ સંદર્ભમાં બે મહત્ત્વપૂર્ણ ઉપાયો કર્યા : એક એ કે મદીના અને રાતા સમુદ્રના તટ દરમ્યાન તે રાજમાર્ગથી લગોલગ જે કબીલાઓ આબાદ હતાતેમનાથી વાટાઘાટો આરંભ કરી દીધી, જેથી તેઓ મૈત્રીપૂર્ણ એકતા કે પછી ઓછામાં ઓછું તટસ્થ રહેવાના કરાર કરી લે. આમાં પયગંબર (સલ્લ.)ને પૂરેપૂરી સફળતા મળી. બીજો ઉપાય આપે એ કર્યો કે કુરૈશના કાફલાઓને ચેતવણી આપવા માટે તે રાજમાર્ગ પર

લગાતાર નાની-નાની ટુકડીઓ મોકલવાની શરૂ કરી અને કેટલીક ટુકડીઓ સાથે આપ સ્વયં પણ ગયા. બીજુ બાજુ મક્કાવાસીઓ પણ મદીના તરફ લૂંટફાટ કરનારી ટુકડીઓ મોકલતા રહ્યા. સંજોગો એવા બની ગયા હતા કે શાબાન હિ.સ. ૦૨ (ફેબ્રુઆરી કે માર્ચ ઇ.સ. ૬૨૩)માં કુરૈશનો એક મોટો કાફલો શામ (સીરિયા)થી મક્કા પરત આવતાં તે વિસ્તારમાં પહોંચ્યો, જે મદીનાના લક્ષ્ય પર હતો. માલસામાન વધારે હતો, રક્ષકો ઓછાં હતા અને જોખમ મોટું હતું કે ક્યાંક મુસલમાનોની કોઈ શક્તિશાળી ટુકડી તેના પર છાપો ન મારી દે, તેથી કાફલાના સરદાર અબૂ સુફિયાને તે જોખમી વિસ્તારમાં પહોંચતાં જ એક વ્યક્તિને મદદ લેવા માટે મક્કા તરફ દોડાવી દીધો. તે વ્યક્તિએ આપેલ સમાચારથી આખા મક્કામાં ખળભળાટ મચી ગયો. કુરૈશના તમામ મોટા-મોટા સરદારો લડાઈ માટે તૈયાર થઈ ગયા. આશરે એક હજાર યોદ્ધાઓ, જેમાં છસો બખ્તરધારી હતા અને એકસો ઘોડેસવાર પણ, ખૂબ ધૂમધામથી લડવા માટે નીકળી પડ્યા. તેમના સામે માત્ર એ જ કામ નહોતું કે પોતાના કાફલાને બચાવી લેવામાં આવે, બલ્કે તેઓ એ ઇરાદા સાથે નીકળ્યા હતા કે આ રોજેરોજના ખતરાને હંમેશ માટે સમાપ્ત કરી દે. હવે પયગંબર (સલ્લ.)ને, જેઓ પરિસ્થિતિથી હંમેશા સુમાહિતગાર રહેતા હતા, લાગ્યું કે નિર્ણયનો સમય આવી પહોંચ્યો છે. તે જોતાં અંદર અને બહારની અનેકાનેક મુશ્કેલીઓ છતાં આપે નિર્ણાયક પગલું લેવાનો ઇરાદો કરી લીધો. આ ઇરાદો કરીને આપે અન્સાર અને મુહાજિરોને એક જગ્યાએ એકઠા કર્યા અને તેમના સામે આખી પરિસ્થિતિ સ્પષ્ટ શબ્દોમાં મૂકી દીધી કે એક તરફ ઉત્તરમાં વેપારી કાફલો છે અને બીજી તરફ દક્ષિણમાં કુરૈશનું સૈન્ય આગળ વધતું આવી રહ્યું છે. અલ્લાહનું વચન છે કે આ બંનેમાંથી કોઈ એક તમને મળી જશે. બતાવો, તમે કોના મુકાબલા માટે ચાલવાનું કહો છો ? જવાબમાં એક મોટા જૂથ તરફથી એ ઇચ્છા વ્યક્ત કરવામાં આવી કે કાફલા પર હુમલો કરવામાં આવે. પરંતુ પયગંબર (સલ્લ.)ના સામે બીજું જ કંઈક હતું. તેથી આપે પોતાનો પ્રશ્ન દોહરાવ્યો. તેના પર મુહાજિરોમાંથી હઝરત મિકદાદ બિન ઉમરુ (રદિ.)એ અને તેના પછી, હુઝૂર અકરમ સલ્લ. દ્વારા પ્રશ્ન ફરી દોહરાવવાના કારણે અન્સારમાંથી હઝરત સઅદ બિન મુઆઝ રદિ.એ ઉત્સાહપ્રેરક વક્તવ્ય આપ્યા, જેમાં તેમણે કહ્યું કે - હે અલ્લાહના રસૂલ ! જે તરફ આપનો રબ હુકમ આપી રહ્યો છે તે જ તરફ ચાલો, અમે આપના સાથે છીએ. આ વક્તવ્યો પછી નિર્ણય લેવામાં આવ્યો કે કાફલાના બદલે કુરૈશ સૈન્યના મુકાબલા માટે જવું જોઈએ. પરંતુ આ નિર્ણય કોઈ સામાન્ય નિર્ણય ન હતો. જે લોકો આ અલ્પ સમયમાં લડાઈ માટે ઊભા થયા હતા, તેમની સંખ્યા ત્રણસોથી થોડીક વધુ હતી. યુદ્ધ-સામગ્રી પણ અપર્યાપ્ત હતી, તેથી મોટાભાગના

લોકો મનમાં ડરી રહ્યા હતા અને તેમને લાગી રહ્યું હતું કે જાણીબૂજીને મૃત્યુના મુખમાં જઈ રહ્યા હતા. તકસાધુઓ (મુનાફિકો) આ અભિયાનને પાગલપણું કહી રહ્યા હતા. પરંતુ પયગંબર (સલ્લ.) અને સાચાં મુસલમાનો એ સમજી ગયા હતા કે આ સમય જાનની બાજી લગાવી દેવાનો જ છે. તેથી અલ્લાહના ભરોસા પર તેઓ નીકળી પડ્યા અને તેમણે સીધા દક્ષિણ-પશ્ચિમનો માર્ગ પકડ્યો, જ્યાંથી કુરૈશનું સૈન્ય આવી રહ્યું હતું, જો શરુઆતમાં કાફલાને લૂંટવો અપૈક્ષિત હોત તો ઉત્તર-પશ્ચિમનો માર્ગ પસંદ કરવામાં આવતો.

૧૭ રમઝાને બદ્ર નામના સ્થળે બંને પક્ષોનો સામનો થયો, જેમાં મુસલમાનોની ઈમાની નિષ્ઠા અલ્લાહ તરફથી મદદ રૂપે પુરસ્કાર મેળવવામાં સફળ થઈ ગઈ તેમજ નિઃશસ્ત્ર વફાદારો અને જાનની બાજી લગાવી દેવા તત્પર લોકોના હસ્તે કુરૈશ પોતાની શક્તિના અભિમાન છતાં પરાજિત થયા. આ નિર્ણાયિક વિજય પછી એક પશ્ચિમી સંશોધક અનુસાર ''બદ્રના પહેલાં ઈસ્લામ માત્ર એક ધર્મ અને રાજ્ય હતો, પરંતુ બદ્ર પછી તે રાષ્ટ્ર-ધર્મ, બલ્કે સ્વયં રાષ્ટ્ર બની ગયો.''

વિષયો :

આ છે તે મહાન યુદ્ધ, જેના પર કુર્આનની આ સૂરઃમાં સમીક્ષા કરવામાં આવી છે. પરંતુ આ સમીક્ષાની શૈલી અન્ય તમામ સમીક્ષાઓ કરતાં ભિન્ન છે, જે દુનિયાના મોહિત રાજા-મહારાજાઓ કરતા હોય છે.

આમાં સૌપ્રથમ તે ત્રુટિઓ તરફ અંગૂલિનિર્દેશ કરવામાં આવ્યો છે જે નૈતિક દષ્ટિએ મુસલમાનોમાં બાકી હતી, જેથી ભવિષ્યમાં તેને સુધારવા માટે અવિરત પ્રયત્ન કરતા રહે.

તત્પશ્ચાત, તેમને બતાવવામાં આવ્યું છે કે આ વિજયમાં અલ્લાહનું સમર્થન અને સહાયતાનો હિસ્સો કેટલો મોટો હતો, જેથી તેઓ પોતાની વીરતા અને સાહસ પર ફૂલી ન જાય, બલ્કે અલ્લાહ પર ભરોસો તથા અલ્લાહ અને તેના રસૂલના આજ્ઞાપાલનનો બોધ ગ્રહણ કરે.

તે પછી તે નૈતિક ઉદ્દેશ્ય સ્પષ્ટ કરવામાં આવ્યો છે, જેના માટે મુસલમાનોને આ સત્ય-અસત્યનો સંઘર્ષ કરવાનો છે અને તે નૈતિક ગુણોને સ્પષ્ટ કરવામાં આવ્યા છે, જેનાથી આ સંઘર્ષમાં તેમને સફળતા મળી શકે છે.

ત્યારપછી મુશ્રિકો અને મુનાફિકો (દંભીઓ) અને યહૂદીઓ તથા તે લોકોને જેઓ યુદ્ધમાં કેદ પકડાઈને આવ્યા હતા, અત્યંત બોધપ્રેરક સંબોધન કરવામાં આવ્યું છે.

પછી યુદ્ધમાં મળેલ માલ-સામાન વિશે મુસલમાનોને સૂચનાઓ આપવામાં આવી.

اٰيَاتُهَا ٧٥ (٨) سُوْرَةُ الْاَنْفَالِ مَدَنِيَّةٌ (٨٨) رُكُوْعَاتُهَا ١٠

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

يَسْـَٔلُوْنَكَ عَنِ الْاَنْفَالِ ؕ قُلِ الْاَنْفَالُ لِلّٰهِ وَالرَّسُوْلِ ۚ
فَاتَّقُوا اللّٰهَ وَاَصْلِحُوْا ذَاتَ بَيْنِكُمْ ۪ وَاَطِيْعُوا اللّٰهَ
وَرَسُوْلَهٗۤ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ۝١ اِنَّمَا الْمُؤْمِنُوْنَ
الَّذِيْنَ اِذَا ذُكِرَ اللّٰهُ وَجِلَتْ قُلُوْبُهُمْ وَاِذَا تُلِيَتْ
عَلَيْهِمْ اٰيٰتُهٗ زَادَتْهُمْ اِيْمَانًا وَّعَلٰى رَبِّهِمْ
يَتَوَكَّلُوْنَ ۝٢ ۚۖ الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَمِمَّا رَزَقْنٰهُمْ
يُنْفِقُوْنَ ۝٣ ؕ اُولٰٓئِكَ هُمُ الْمُؤْمِنُوْنَ حَقًّا ؕ لَهُمْ
دَرَجٰتٌ عِنْدَ رَبِّهِمْ وَمَغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ۝٤ ۚ كَمَاۤ
اَخْرَجَكَ رَبُّكَ مِنْۢ بَيْتِكَ بِالْحَقِّ ۪ وَاِنَّ فَرِيْقًا
مِّنَ الْمُؤْمِنِيْنَ لَكٰرِهُوْنَ ۝٥ ۙ يُجَادِلُوْنَكَ فِی
الْحَقِّ بَعْدَمَا تَبَيَّنَ كَاَنَّمَا يُسَاقُوْنَ اِلَى الْمَوْتِ
وَهُمْ يَنْظُرُوْنَ ۝٦ ؕ وَاِذْ يَعِدُكُمُ اللّٰهُ اِحْدَى
الطَّآئِفَتَيْنِ اَنَّهَا لَكُمْ وَتَوَدُّوْنَ اَنَّ غَيْرَ ذَاتِ
الشَّوْكَةِ تَكُوْنُ لَكُمْ وَيُرِيْدُ اللّٰهُ اَنْ
يُّحِقَّ الْحَقَّ بِكَلِمٰتِهٖ وَيَقْطَعَ دَابِرَ الْكٰفِرِيْنَ ۝٧ ۙ
لِيُحِقَّ الْحَقَّ وَيُبْطِلَ الْبَاطِلَ وَلَوْ كَرِهَ الْمُجْرِمُوْنَ ۝٨ ۚ
اِذْ تَسْتَغِيْثُوْنَ رَبَّكُمْ فَاسْتَجَابَ لَكُمْ اَنِّیْ

منزل ٢

(૮) સૂરઃ અલ-અન્ફાલ

(મદીનામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧૦ • આયતો : ૭૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. તમને અન્ફાલ (યુદ્ધમાં પ્રાપ્ત થયેલ માલ) વિષે પૂછે છે? કહો, ''આ અન્ફાલ તો અલ્લાહ અને તેના રસૂલનો છે, તો તમે અલ્લાહથી ડરો અને પોતાના પરસ્પરના સંબંધો દુરસ્ત રાખો અને અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરો, જો તમે મોમિન (ઈમાનવાળા) છો.''

૨. સાચા ઈમાનવાળા તો તે લોકો છે જેમના હૃદય અલ્લાહનું નામ સાંભળીને ધ્રુજી ઉઠે છે અને જ્યારે અલ્લાહની આયતો તેમના સામે પઢવામાં આવે છે તો તેમનું ઈમાન વધી જાય છે અને તેઓ પોતાના રબ (માલિક) ઉપર ભરોસો રાખે છે.

૩. જેઓ નમાઝ કાયમ કરે છે અને જે કંઈ અમે તેમને આપ્યું છે તેમાંથી (અમારા માર્ગમાં) ખર્ચ કરે છે.

૪. આવા જ લોકો સાચા ઈમાનવાળા છે. તેમના માટે તેમના રબના પાસે મોટા દરજ્જાઓ છે, ભૂલોથી ક્ષમા છે અને ઉત્તમ રોજી છે.

૫. (આ યુદ્ધમાં પ્રાપ્ત થયેલ માલની બાબતમાં પણ એ જ બની રહ્યું છે જે તે વખતે બન્યુ હતું જ્યારે કે) તારો રબ તને સત્ય સાથે તારા ઘરેથી કાઢી લાવ્યો હતો અને ઈમાનવાળાઓમાંથી એક જૂથને તે પસંદ ન હતું.

૬. તેઓ તે સત્યની બાબતમાં તારા સાથે વિવાદ કરી રહ્યા હતા, જો કે તે ખુલીને સ્પષ્ટ થઈ ગયું હતું. તેમની હાલત એવી હતી કે જાણે, તેઓ દેખીતી આંખોએ મૃત્યુ તરફ હંકારવામાં આવી રહ્યા છે.

૭. યાદ કરો તે પ્રસંગ જ્યારે અલ્લાહ તમારા સાથે વાયદો કરી રહ્યો હતો કે બંને જૂથોમાંથી એક તમને મળી જશે. તમે ચાહતા હતા કે કમજોર જૂથ તમને મળે, પરંતુ અલ્લાહની મરજી એ હતી કે પોતાના કથનો વડે સત્યને સત્ય કરી દેખાડે અને કાફિરો (વિરોધીઓ)ના મૂળ કાપી નાખે

૮. જેથી સત્ય, સત્ય થઈને રહે અને અસત્ય, અસત્ય થઈને રહી જાય, ચાહે અપરાધીઓને તે ગમે તેટલું અપ્રિય હોય.

૯. અને તે પ્રસંગ જ્યારે તમે પોતાના રબને ફરિયાદ કરી રહ્યા હતા.

مُمِدُّكُمْ بِاَلْفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُرْدِفِيْنَ ﴿٩﴾ وَمَا
جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى وَلِتَطْمَئِنَّ بِهٖ قُلُوْبُكُمْ ج
وَمَا النَّصْرُ اِلَّا مِنْ عِنْدِ اللّٰهِ ط اِنَّ اللّٰهَ عَزِيْزٌ
حَكِيْمٌ ﴿١٠﴾ ع اِذْ يُغَشِّيْكُمُ النُّعَاسَ اَمَنَةً مِّنْهُ وَ ع ١٥
يُنَزِّلُ عَلَيْكُمْ مِّنَ السَّمَآءِ مَآءً لِّيُطَهِّرَكُمْ بِهٖ
وَيُذْهِبَ عَنْكُمْ رِجْزَ الشَّيْطٰنِ وَلِيَرْبِطَ عَلٰى
قُلُوْبِكُمْ وَيُثَبِّتَ بِهِ الْاَقْدَامَ ط ﴿١١﴾ اِذْ يُوْحِيْ
رَبُّكَ اِلَى الْمَلٰٓئِكَةِ اَنِّيْ مَعَكُمْ فَثَبِّتُوا الَّذِيْنَ
اٰمَنُوْا ط سَاُلْقِيْ فِيْ قُلُوْبِ الَّذِيْنَ كَفَرُوا
الرُّعْبَ فَاضْرِبُوْا فَوْقَ الْاَعْنَاقِ وَاضْرِبُوْا
مِنْهُمْ كُلَّ بَنَانٍ ط ﴿١٢﴾ ذٰلِكَ بِاَنَّهُمْ شَآقُّوا اللّٰهَ
وَرَسُوْلَهٗ ج وَمَنْ يُّشَاقِقِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَاِنَّ
اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ﴿١٣﴾ ذٰلِكُمْ فَذُوْقُوْهُ وَاَنَّ
لِلْكٰفِرِيْنَ عَذَابَ النَّارِ ﴿١٤﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوْۤا اِذَا لَقِيْتُمُ الَّذِيْنَ كَفَرُوْا زَحْفًا فَلَا
تُوَلُّوْهُمُ الْاَدْبَارَ ج ﴿١٥﴾ وَمَنْ يُّوَلِّهِمْ يَوْمَئِذٍ
دُبُرَهٗۤ اِلَّا مُتَحَرِّفًا لِّقِتَالٍ اَوْ مُتَحَيِّزًا اِلٰى فِئَةٍ
فَقَدْ بَآءَ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَمَاْوٰىهُ جَهَنَّمُ ط
وَبِئْسَ الْمَصِيْرُ ﴿١٦﴾ فَلَمْ تَقْتُلُوْهُمْ وَلٰكِنَّ

જવાબમાં તેણે ફરમાવ્યું કે હું તમારી મદદ માટે એક હજાર ફરિશ્તાઓ એક પછી એક મોકલી રહ્યો છું.

૧૦. આ વાત અલ્લાહે તમને માત્ર એટલા માટે બતાવી દીધી કે તમારા માટે શુભ-સૂચના હોય અને તમારા હૃદય તેનાથી સંતુષ્ટ થઈ જાય, નહીં તો મદદ તો જ્યારે પણ આવે છે, અલ્લાહ તરફથી જ આવે છે. નિઃસંદેહ અલ્લાહ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે. (રુકૂઅ-૧)

૧૧. અને તે સમય જ્યારે અલ્લાહ પોતાના તરફથી ઊંઘની અવસ્થાના રૂપે તમને નિશ્ચિંતતા અને નિર્ભયતાની સ્થિતિથી ઢાંકી રહ્યો હતો, અને આકાશમાંથી તમારા ઉપર પાણી વરસાવી રહ્યો હતો, જેથી તમને પાક (શુદ્ધ) કરે અને તમારા ઉપરથી શેતાને નાખેલી ગંદકી દૂર કરે અને તમારી હિંમત બંધાવે અને તેના વડે તમારા કદમ જમાવી દે.

૧૨. અને તે સમય જ્યારે તમારો રબ ફરિશ્તાઓને સંકેત કરી રહ્યો હતો, ''હું તમારા સાથે છું, તમે ઈમાનવાળાઓને જમાવી રાખો, હું હમણા જ આ કાફિરો (વિરોધીઓ)ના હૃદયોમાં ધાક બેસાડી દઉં છું, તો તમે તેમની ગરદનો પર ઘા કરો અને સાંધાઓ પર પ્રહાર કરો.''

૧૩. આ એટલા માટે કે તે લોકોએ અલ્લાહ અને તેના રસૂલ (પયગંબર)નો મુકાબલો કર્યો, અને જે અલ્લાહ અને તેના રસૂલનો મુકાબલો કરે, અલ્લાહ તેના માટે ખૂબ સખત પકડ કરવાવાળો છે –

૧૪. આ છે તમારી સજા; હવે આનો સ્વાદ ચાખો અને તમને માલૂમ થાય કે સત્યનો ઇન્કાર કરનારાઓ માટે દોજખ (નર્ક)ની યાતના છે.

૧૫. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે તમારે એક લશ્કરના રૂપમાં કાફિરો (શત્રુઓ)થી સામનો થાય તો તેમના મુકાબલામાં પીઠ ન દેખાડો.

૧૬. જેણે આવા પ્રસંગે પીઠ બતાવી – સિવાય કે યુદ્ધ-વ્યૂહ રૂપે આવું કરે અથવા કોઈ બીજા લશ્કર સાથે જોડાઈ જવા માટે – તો તે અલ્લાહના પ્રકોપમાં ઘેરાઈ જશે. તેનું ઠેકાણું જહન્નમ હશે, અને પાછા ફરવાનું તે ઘણું ખરાબ સ્થાન છે.

૧૭. તો હકીકત એ છે કે તમે તેમને કતલ નથી કર્યા, બલ્કે અલ્લાહે તેમને

اللّٰهَ قَتَلَهُمْ ۠ وَمَا رَمَيْتَ اِذْ رَمَيْتَ وَلٰكِنَّ اللّٰهَ
رَمٰى ۚ وَلِيُبْلِيَ الْمُؤْمِنِيْنَ مِنْهُ بَلَآءً حَسَنًا ۭ اِنَّ
اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ۝۱۷ ذٰلِكُمْ وَاَنَّ اللّٰهَ مُوْهِنُ
كَيْدِ الْكٰفِرِيْنَ ۝۱۸ اِنْ تَسْتَفْتِحُوْا فَقَدْ جَآءَكُمُ
الْفَتْحُ ۚ وَاِنْ تَنْتَهُوْا فَهُوَ خَيْرٌ لَّكُمْ ۚ وَاِنْ تَعُوْدُوْا
نَعُدْ ۚ وَلَنْ تُغْنِيَ عَنْكُمْ فِئَتُكُمْ شَيْـًٔا وَّ لَوْ
كَثُرَتْ ۙ وَاَنَّ اللّٰهَ مَعَ الْمُؤْمِنِيْنَ ۝۱۹ ع يٰٓاَيُّهَا ع ۹ ۱۶
الَّذِيْنَ اٰمَنُوْٓا اَطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَا
تَوَلَّوْا عَنْهُ وَاَنْتُمْ تَسْمَعُوْنَ ۝۲۰ ښ وَلَا تَكُوْنُوْا
كَالَّذِيْنَ قَالُوْا سَمِعْنَا وَهُمْ لَا يَسْمَعُوْنَ ۝۲۱ اِنَّ
شَرَّ الدَّوَآبِّ عِنْدَ اللّٰهِ الصُّمُّ الْبُكْمُ الَّذِيْنَ لَا
يَعْقِلُوْنَ ۝۲۲ وَلَوْ عَلِمَ اللّٰهُ فِيْهِمْ خَيْرًا لَّاَسْمَعَهُمْ ۭ وَلَوْ
اَسْمَعَهُمْ لَتَوَلَّوْا وَّهُمْ مُّعْرِضُوْنَ ۝۲۳ يٰٓاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ
لِمَا يُحْيِيْكُمْ ۚ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ يَحُوْلُ بَيْنَ الْمَرْءِ
وَقَلْبِهٖ وَاَنَّهٗٓ اِلَيْهِ تُحْشَرُوْنَ ۝۲۴ وَاتَّقُوْا
فِتْنَةً لَّا تُصِيْبَنَّ الَّذِيْنَ ظَلَمُوْا مِنْكُمْ خَآصَّةً ۚ
وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ۝۲۵ وَاذْكُرُوْٓا
اِذْ اَنْتُمْ قَلِيْلٌ مُّسْتَضْعَفُوْنَ فِي الْاَرْضِ منزل۲

કતલ કર્યા છે અને હે નબી ! તેં નથી ફેંક્યું, બલ્કે અલ્લાહે ફેંક્યું (અને ઈમાનવાળાઓના હાથ જે આ કાર્યમાં પ્રયુક્ત થયા) તો આ એટલા માટે હતું કે અલ્લાહ ઈમાનવાળાઓને એક ઉત્તમ પરીક્ષામાંથી સફળતાપૂર્વક પસાર કરી દે, નિઃશંક અલ્લાહ સાંભળનાર અને જાણનાર છે.

૧૮. આ મામલો તો તમારા સાથે છે અને કાફિરો સાથેનો મામલો એ છે કે અલ્લાહ તેમની ચાલોને કમજોર કરનાર છે.

૧૯. (આ કાફિરોને કહી દો,) "જો તમે ફેંસલો ચાહતા હતા તો લો, ફેંસલો તમારા સમક્ષ આવી ગયો. હવે અટકી જાવ, તમારા માટે જ સારું છે, નહીં તો ફરીથી જો આ જ મૂર્ખતાનું પુનરાવર્તન કરશો તો અમે પણ આ જ સજાનું પુનરાવર્તન કરીશું અને તમારો જથ્થો, ચાહે તે કેટલોય વધારે કેમ ન હોય, તમારા કોઈ કામ નહીં આવી શકે. અલ્લાહ ઈમાનવાળાઓના સાથે છે." (રુકૂઅ-૨)

૨૦. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરો અને આદેશ સાંભળ્યા પછી તેનાથી મોઢું ન ફેરવો.

૨૧. તે લોકો જેવા ન બની જાઓ જેમણે કહ્યું કે અમે સાંભળ્યુ, જો કે તેઓ નથી સાંભળતા.

૨૨. નિઃશંક અલ્લાહના સમીપ સૌથી ખરાબ પ્રકારના પશુ તે બહેરા-મૂંગા લોકો છે, જેઓ બુદ્ધિનો ઉપયોગ કરતા નથી.

૨૩. જો અલ્લાહને ખબર હોત કે તેમનામાં થોડી પણ ભલાઈ છે, તો તે અવશ્ય તેમને સાંભળવાની પ્રેરણા આપતો (પરંતુ ભલાઈ વિના) જો તે તેમને સંભળાવતો, તો તેઓ લાપરવાહી સાથે મોઢું ફેરવી લેતા.

૨૪. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહ અને તેના રસૂલની પોકારને તત્કાળ સ્વીકારી લો, જ્યારે રસૂલ તમને તે વસ્તુ તરફ બોલાવે જે તમને જીવન પ્રદાન કરનારી છે, અને જાણી લો કે અલ્લાહ મનુષ્ય અને તેના હૃદય વચ્ચે આડ બની જાય છે અને તેના જ તરફ તમે એકત્ર કરવામાં આવશો.

૨૫. અને બચો તે ફિત્ના (ઉપદ્રવ)થી જેની આફત માત્ર તે જ લોકો સુધી સીમિત નહીં રહે જેમણે તમારા પૈકી ગુનો કર્યો હોય, અને જાણી લો કે અલ્લાહ સખત સજા આપનાર છે.

૨૬. યાદ કરો તે સમય જ્યારે તમે થોડાક જ હતા, ધરતી ઉપર તમને નિર્બળ માનવામાં આવતા હતા, તમે ડરતા હતા કે ક્યાંક લોકો તમને નષ્ટ ન

تَخَافُوْنَ اَنْ يَّتَخَطَّفَكُمُ النَّاسُ فَاٰوٰىكُمْ وَ اَيَّدَكُمْ
بِنَصْرِهٖ وَرَزَقَكُمْ مِّنَ الطَّيِّبٰتِ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٢٦﴾
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَخُوْنُوا اللّٰهَ وَالرَّسُوْلَ وَ
تَخُوْنُوْۤا اَمٰنٰتِكُمْ وَ اَنْتُمْ تَعْلَمُوْنَ ﴿٢٧﴾ وَاعْلَمُوْۤا اَنَّمَاۤ
اَمْوَالُكُمْ وَاَوْلَادُكُمْ فِتْنَةٌ ۙ وَّ اَنَّ اللّٰهَ عِنْدَهٗۤ
ع اَجْرٌ عَظِيْمٌ ﴿٢٨﴾ ع يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنْ تَتَّقُوا
اللّٰهَ يَجْعَلْ لَّكُمْ فُرْقَانًا وَّ يُكَفِّرْ عَنْكُمْ سَيِّاٰتِكُمْ
وَيَغْفِرْ لَكُمْ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿٢٩﴾ وَاِذْ
يَمْكُرُ بِكَ الَّذِيْنَ كَفَرُوْا لِيُثْبِتُوْكَ اَوْ يَقْتُلُوْكَ اَوْ
يُخْرِجُوْكَ ؕ وَيَمْكُرُوْنَ وَيَمْكُرُ اللّٰهُ ؕ وَاللّٰهُ خَيْرُ
الْمٰكِرِيْنَ ﴿٣٠﴾ وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُنَا قَالُوْا قَدْ
سَمِعْنَا لَوْ نَشَآءُ لَقُلْنَا مِثْلَ هٰذَاۤ ۙ اِنْ هٰذَاۤ اِلَّاۤ
اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ﴿٣١﴾ وَاِذْ قَالُوا اللّٰهُمَّ اِنْ
كَانَ هٰذَا هُوَ الْحَقَّ مِنْ عِنْدِكَ فَاَمْطِرْ عَلَيْنَا
حِجَارَةً مِّنَ السَّمَآءِ اَوِ ائْتِنَا بِعَذَابٍ اَلِيْمٍ ﴿٣٢﴾
وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ ؕ وَمَا كَانَ
اللّٰهُ مُعَذِّبَهُمْ وَهُمْ يَسْتَغْفِرُوْنَ ﴿٣٣﴾ وَمَا لَهُمْ اَلَّا
يُعَذِّبَهُمُ اللّٰهُ وَهُمْ يَصُدُّوْنَ عَنِ الْمَسْجِدِ
الْحَرَامِ وَمَا كَانُوْۤا اَوْلِيَآءَهٗ ؕ اِنْ اَوْلِيَآؤُهٗۤ اِلَّا

કરી દે. પછી અલ્લાહે તમને આશ્રય-સ્થાન પૂરૂં પાડ્યું, પોતાની મદદ વડે તમારા હાથ મજબૂત કર્યા અને તમને સારી રોજી પહોંચાડી, કદાચ તમે આભારી બનો.

૨૭. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જાણી જોઈને અલ્લાહ અને તેના રસૂલ સાથે વિશ્વાસઘાત ન કરો, પોતાની અમાનતોમાં દ્રોહનું આચરણ ન કરો

૨૮. અને જાણી લો કે તમારું ધન અને તમારા સંતાનો હકીકતમાં અજમાયશના સાધનો છે અને અલ્લાહના પાસે વળતર આપવા માટે ઘણુંય છે. (રુકૂઅ-૩)

૨૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જો તમે અલ્લાહનો ડર રાખશો તો અલ્લાહ તમારા માટે કસોટી પૂરી પાડશે અને તમારી બૂરાઈઓને તમારાથી દૂર કરશે અને તમારી ભૂલો માફ કરી દેશે. અલ્લાહ મોટો કૃપાળુ છે.

૩૦. તે સમય પણ યાદ કરવાને યોગ્ય છે જ્યારે સત્યના ઈન્કાર કરનારાઓ તારા વિરુધ્ધ યુક્તિઓ ઘડી રહ્યા હતા કે તને કેદ કરી લે કે કતલ કરી નાખે અથવા દેશનિકાલ કરી દે. તેઓ પોતાની ચાલો ચાલી રહ્યા હતા અને અલ્લાહ પોતાની ચાલ ચાલી રહ્યો હતો અને અલ્લાહ સર્વશ્રેષ્ઠ ચાલ ચાલનાર છે.

૩૧. જ્યારે તેમને અમારી આયતો સંભળાવવામાં આવતી હતી તો કહેતા હતા, ''હા, સાંભળી લીધું અમે, અમે ઇચ્છીએ તો આવી જ વાતો અમે પણ બનાવી શકીએ છીએ, આ તો તે જ પુરાણી વાર્તાઓ છે જે પહેલાંથી લોકો કહેતા આવ્યા છે.''

૩૨. અને તે વાત પણ યાદ છે જે તેમણે કહી હતી, ''હે ખુદા ! જો આ વાસ્તવમાં સત્ય છે અને તારા તરફથી છે તો અમારા ઉપર આકાશમાંથી પથ્થરો વરસાવી દે અથવા કોઈ પીડાકારી આપત્તિ અમારા ઉપર લઈ આવ.''

૩૩. તે વખતે તો અલ્લાહ તેમના ઉપર આપત્તિ ઉતારવાનો ન હતો જ્યારે કે તું તેમના વચ્ચે મોજૂદ હતો અને ન તો અલ્લાહનો આ નિયમ છે કે લોકો ક્ષમાયાચના કરી રહ્યા હોય અને તે તેમને યાતના આપે.

૩૪. પરંતુ હવે તે શા માટે તેમના ઉપર આપત્તિ ન ઉતારે જ્યારે કે તેઓ મસ્જિદે હરામ (પ્રતિષ્ઠિત ઘર કા'બા)નો માર્ગ રોકી રહ્યા છે, જો કે તેઓ આ મસ્જિદના સાચાં વ્યવસ્થાપક (મુતવલ્લી) નથી. તેના સાચા

الْمُتَّقُوْنَ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٣٤﴾ وَمَا كَانَ
صَلَاتُهُمْ عِنْدَ الْبَيْتِ اِلَّا مُكَآءً وَّتَصْدِيَةً ؕ
فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ ﴿٣٥﴾ اِنَّ
الَّذِيْنَ كَفَرُوْا يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ لِيَصُدُّوْا
عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ فَسَيُنْفِقُوْنَهَا ثُمَّ تَكُوْنُ
عَلَيْهِمْ حَسْرَةً ثُمَّ يُغْلَبُوْنَ ۬ؕ وَالَّذِيْنَ كَفَرُوْٓا
اِلٰى جَهَنَّمَ يُحْشَرُوْنَ ﴿٣٦﴾ۙ لِيَمِيْزَ اللّٰهُ الْخَبِيْثَ مِنَ
الطَّيِّبِ وَيَجْعَلَ الْخَبِيْثَ بَعْضَهٗ عَلٰى بَعْضٍ
فَيَرْكُمَهٗ جَمِيْعًا فَيَجْعَلَهٗ فِيْ جَهَنَّمَ ؕ اُولٰٓئِكَ هُمُ
الْخٰسِرُوْنَ ﴿٣٧﴾ قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْٓا اِنْ يَّنْتَهُوْا يُغْفَرْ ع ٩/١٨
لَهُمْ مَّا قَدْ سَلَفَ ۚ وَاِنْ يَّعُوْدُوْا فَقَدْ مَضَتْ
سُنَّتُ الْاَوَّلِيْنَ ﴿٣٨﴾ وَقَاتِلُوْهُمْ حَتّٰى لَا تَكُوْنَ فِتْنَةٌ
وَّيَكُوْنَ الدِّيْنُ كُلُّهٗ لِلّٰهِ ۚ فَاِنِ انْتَهَوْا فَاِنَّ اللّٰهَ
بِمَا يَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٣٩﴾ وَاِنْ تَوَلَّوْا فَاعْلَمُوْٓا
اَنَّ اللّٰهَ مَوْلٰىكُمْ ؕ نِعْمَ الْمَوْلٰى وَنِعْمَ النَّصِيْرُ ﴿٤٠﴾
وَاعْلَمُوْٓا اَنَّمَا غَنِمْتُمْ مِّنْ شَيْءٍ فَاَنَّ لِلّٰهِ خُمُسَهٗ الجزء العاشر (١٠)
وَلِلرَّسُوْلِ وَلِذِي الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَ
ابْنِ السَّبِيْلِ ۙ اِنْ كُنْتُمْ اٰمَنْتُمْ بِاللّٰهِ وَمَآ اَنْزَلْنَا
عَلٰى عَبْدِنَا يَوْمَ الْفُرْقَانِ يَوْمَ الْتَقَى الْجَمْعٰنِ ؕ منزل ٢

વ્યવસ્થાપક તો માત્ર અલ્લાહથી ડરનારા લોકો જ થઈ શકે છે, પરંતુ મોટા ભાગના લોકો આ વાત જાણતા નથી.

૩૫. બયતુલ્લ્લાહ (અલ્લાહના ઘર)ના નજીક તેમની નમાઝ શું હોય છે ? બસ, સીટીઓ વગાડે છે અને તાળીઓ પાડે છે. તેથી હવે લો, આ આપત્તિનો સ્વાદ ચાખો, પોતાના તે સત્ય-ઇન્કારના બદલામાં જે તમે કરતા રહ્યા છો.

૩૬. જે લોકોએ સત્યને માનવાનો ઇન્કાર કર્યો છે તેઓ પોતાના ધન અલ્લાહના માર્ગથી રોકવા માટે ખર્ચી રહ્યા છે અને હજુ વધુ ખર્ચ કરતા રહેશે, પરંતુ છેવટે આ જ પ્રયત્નો તેમના માટે પસ્તાવાનું કારણ બનશે. પછી તેઓ પરાજિત થશે, પછી આ કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ)ને જહન્નમ (નર્ક) તરફ ઘેરીને લાવવામાં આવશે.

૩૭. જેથી અલ્લાહ ગંદકીને સ્વચ્છતાથી જુદી પાડીને અલગ કરે અને દરેક પ્રકારની ગંદકીને મેળવીને એકઠી કરે, પછી આ ઢગલાને જહન્નમ (નર્ક)માં ઝોંકી દે. આ જ લોકો અસલી દેવાળિયા છે. (રુકૂઅ-૪)

૩૮. હે નબી ! આ કાફિરોને કહો કે જો હજુ પણ અટકી જાય તો જે કંઈ પહેલાં થઈ ચૂક્યું છે તેને માફ કરી દેવામાં આવશે, પરંતુ જો તેઓ તે જ અગાઉના વલણનું પુનરાવર્તન કરશે તો પહેલાં થઈ ગયેલી કોમો સાથે જે કંઈ થઈ ચૂક્યું છે, તેની સૌને ખબર છે.

૩૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આ કાફિરો (અધર્મીઓ) સાથે યુદ્ધ કરો, ત્યાં સુધી કે ઉપદ્રવ બાકી ન રહે અને દીન (ધર્મ) સંપૂર્ણપણે અલ્લાહ માટે થઈ જાય. પછી જો તેઓ ઉપદ્રવથી રોકાઈ જાય તો તેમના કર્મોને જોવાવાળો અલ્લાહ છે

૪૦. અને જો તેઓ ન માને તો જાણી લો કે અલ્લાહ તમારો સંરક્ષક છે, અને તે સૌથી સારો સમર્થક અને સહાયક છે.

૪૧. અને તમને જાણ થાય કે જે કંઈ માલે ગનીમત (યુદ્ધમાં હાથ લાગેલો માલ) તમે પ્રાપ્ત કર્યો છે તેનો પાંચમો હિસ્સો અલ્લાહ અને તેના રસૂલ અને સગાઓ અને અનાથ તથા જરૂરતમંદ લોકો અને મુસાફરો માટે છે. જો તમે ઈમાન લાવ્યા છો અલ્લાહ પર અને તે વસ્તુ પર જે ફેંસલાના દિવસે, એટલે કે બંને સેનાઓની ટક્કરના દિવસે, અમે પોતાના બંદા ઉપર ઉતારી હતી, (તો આ હિસ્સો ખુશીથી ચૂકવો)

وَاللّٰهُ عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿٤١﴾ اِذْ اَنْتُمْ بِالْعُدْوَةِ
الدُّنْیَا وَهُمْ بِالْعُدْوَةِ الْقُصْوٰى وَالرَّكْبُ اَسْفَلَ
مِنْكُمْ ؕ وَلَوْ تَوَاعَدْتُّمْ لَاخْتَلَفْتُمْ فِی الْمِیْعٰدِ ۙ
وَلٰكِنْ لِّیَقْضِیَ اللّٰهُ اَمْرًا كَانَ مَفْعُوْلًا ۙ۬ لِّیَهْلِكَ
مَنْ هَلَكَ عَنْۢ بَیِّنَةٍ وَّیَحْیٰى مَنْ حَیَّ عَنْۢ
بَیِّنَةٍ ؕ وَاِنَّ اللّٰهَ لَسَمِیْعٌ عَلِیْمٌ ﴿٤٢﴾ اِذْ یُرِیْكَهُمُ اللّٰهُ
فِیْ مَنَامِكَ قَلِیْلًا ؕ وَلَوْ اَرٰىكَهُمْ كَثِیْرًا لَّفَشِلْتُمْ
وَلَتَنَازَعْتُمْ فِی الْاَمْرِ وَلٰكِنَّ اللّٰهَ سَلَّمَ ؕ اِنَّهٗ
عَلِیْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿٤٣﴾ وَاِذْ یُرِیْكُمُوْهُمْ اِذِ
الْتَقَیْتُمْ فِیْۤ اَعْیُنِكُمْ قَلِیْلًا وَّیُقَلِّلُكُمْ فِیْۤ اَعْیُنِهِمْ
لِیَقْضِیَ اللّٰهُ اَمْرًا كَانَ مَفْعُوْلًا ؕ وَاِلَى اللّٰهِ
تُرْجَعُ الْاُمُوْرُ ﴿٤٤﴾ یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْۤا اِذَا لَقِیْتُمْ فِئَةً ع ٧
فَاثْبُتُوْا وَاذْكُرُوا اللّٰهَ كَثِیْرًا لَّعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٤٥﴾
وَاَطِیْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَا تَنَازَعُوْا فَتَفْشَلُوْا وَ
تَذْهَبَ رِیْحُكُمْ وَاصْبِرُوْا ؕ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِیْنَ ﴿٤٦﴾
وَلَا تَكُوْنُوْا كَالَّذِیْنَ خَرَجُوْا مِنْ دِیَارِهِمْ
بَطَرًا وَّرِئَآءَ النَّاسِ وَیَصُدُّوْنَ عَنْ سَبِیْلِ
اللّٰهِ ؕ وَاللّٰهُ بِمَا یَعْمَلُوْنَ مُحِیْطٌ ﴿٤٧﴾ وَاِذْ زَیَّنَ
لَهُمُ الشَّیْطٰنُ اَعْمَالَهُمْ وَقَالَ لَا غَالِبَ لَكُمُ

અલ્લાહ દરેક વસ્તુ કરવા ઉપર શક્તિમાન છે.

૪૨. યાદ કરો તે સમય જ્યારે તમે ખીણની આ તરફ હતા અને તેમણે બીજી બાજુ પડાવ નાખ્યો હતો અને કાફલો તમારાથી નીચે (કિનારા)ની તરફ હતો. જો ક્યાંક પહેલાંથી જ તમારા અને તેમના વચ્ચે મુકાબલા અંગે નક્કી થઈ ગયું હોત તો તમે ચોક્કસ તે વખતે પોતાને બચાવી નીકળી જતા, પરંતુ જે કંઈ બન્યું, તે એટલા માટે હતું કે જે વાતનો ફેંસલો અલ્લાહ કરી ચૂક્યો હતો તેને પ્રગટ કરે, જેથી જેને વિનષ્ટ થવાનું છે તે સ્પષ્ટ પ્રમાણ સાથે વિનષ્ટ થાય અને જેને જીવંત રહેવાનું છે તે સ્પષ્ટ પ્રમાણ સાથે જીવંત રહે. નિઃશંક અલ્લાહ સાંભળનાર અને જાણનાર છે.

૪૩. અને યાદ કરો તે સમય જ્યારે હે નબી ! અલ્લાહ તેમને તમારા સ્વપ્નમાં થોડા દેખાડી રહ્યો હતો. જો ક્યાંક તે તમને તેમની સંખ્યા વધુ દેખાડી દેતો તો ચોક્કસ તમે લોકો હિંમત હારી બેસતા અને યુદ્ધની બાબતમાં ઝઘડવાનું શરૂ કરી દેતા, પરંતુ અલ્લાહે જ આનાથી તમને બચાવ્યા, નિઃશંક તે હૃદયની સ્થિતિ સુધ્ધાં જાણે છે.

૪૪. અને યાદ કરો જ્યારે મુકાબલાના સમયે અલ્લાહે તમારી નજરોમાં શત્રુઓને થોડા દેખાડ્યા અને તેમની નજરોમાં તમને ઓછા કરીને રજૂ કર્યા, જેથી જે વાત બનવાની હતી અલ્લાહ તેને પ્રકાશમાં લઈ આવે, અને છેવટે બધા જ મામલાઓ અલ્લાહ સમક્ષ રજૂ થાય છે. (રુકૂઅ-૫)

૪૫. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે તમારે કોઈ જૂથનો મુકાબલો થાય તો અડગ રહો અને અલ્લાહને પુષ્કળ પ્રમાણમાં યાદ કરો, આશા છે કે તમને સફળતા પ્રાપ્ત થશે.

૪૬. અને અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરો અને પરસ્પર ઝઘડો નહીં, નહીં તો તમારા અંદર કમજોરી આવી જશે અને તમારી હવા ઉખડી જશે. સબ્ર (ધૈર્ય)થી કામ લો, નિઃશંક અલ્લાહ ધૈર્યવાન લોકોના સાથે છે

૪૭. અને તે લોકો જેવા રંગ-ઢંગ ન અપનાવો જેઓ પોતાના ઘરોમાંથી ઘમંડ કરતા અને લોકોને પોતાની શાન દેખાડતા નીકળ્યા અને જેમનું વર્તન એ છે કે અલ્લાહના માર્ગથી રોકે છે, જે કંઈ તેઓ કરી રહ્યા છે, તે અલ્લાહની પકડની બહાર નથી.

૪૮. જરા વિચાર કરો તે સમયનો જ્યારે શેતાને આ લોકોના કરતૂકો તેમની નજરોમાં આકર્ષક બનાવીને દેખાડ્યા હતા અને તેમને કહ્યું હતું કે

الْيَوْمَ مِنَ النَّاسِ وَاِنِّيْ جَارٌ لَّكُمْ ۚ فَلَمَّا تَرَآءَتِ
الْفِئَتٰنِ نَكَصَ عَلٰى عَقِبَيْهِ وَقَالَ اِنِّيْ بَرِيْٓءٌ
مِّنْكُمْ اِنِّيْٓ اَرٰى مَا لَا تَرَوْنَ اِنِّيْٓ اَخَافُ اللّٰهَ ؕ
ع وَاللّٰهُ شَدِيْدُ الْعِقَابِ ﴿٤٨﴾ اِذْ يَقُوْلُ الْمُنٰفِقُوْنَ
وَالَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ غَرَّ هٰٓؤُلَآءِ دِيْنُهُمْ ؕ
وَمَنْ يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَاِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٤٩﴾
وَلَوْ تَرٰٓى اِذْ يَتَوَفَّى الَّذِيْنَ كَفَرُوا ۙ الْمَلٰٓئِكَةُ
يَضْرِبُوْنَ وُجُوْهَهُمْ وَاَدْبَارَهُمْ ۚ وَذُوْقُوْا
عَذَابَ الْحَرِيْقِ ﴿٥٠﴾ ذٰلِكَ بِمَا قَدَّمَتْ اَيْدِيْكُمْ
وَاَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ﴿٥١﴾ ۙ كَدَاْبِ اٰلِ
فِرْعَوْنَ ۙ وَالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ
فَاَخَذَهُمُ اللّٰهُ بِذُنُوْبِهِمْ ؕ اِنَّ اللّٰهَ قَوِيٌّ شَدِيْدُ
الْعِقَابِ ﴿٥٢﴾ ذٰلِكَ بِاَنَّ اللّٰهَ لَمْ يَكُ مُغَيِّرًا نِّعْمَةً
اَنْعَمَهَا عَلٰى قَوْمٍ حَتّٰى يُغَيِّرُوْا مَا بِاَنْفُسِهِمْ ۙ وَ
اَنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٥٣﴾ ۙ كَدَاْبِ اٰلِ فِرْعَوْنَ ۙ
وَالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ كَذَّبُوْا بِاٰيٰتِ رَبِّهِمْ
فَاَهْلَكْنٰهُمْ بِذُنُوْبِهِمْ وَاَغْرَقْنَآ اٰلَ فِرْعَوْنَ ۚ وَ
كُلٌّ كَانُوْا ظٰلِمِيْنَ ﴿٥٤﴾ اِنَّ شَرَّ الدَّوَآبِّ عِنْدَ
اللّٰهِ الَّذِيْنَ كَفَرُوْا فَهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿٥٥﴾ ۖ الَّذِيْنَ

આજે તમારા ઉપર કોઈ વિજયી થઈ શકતું નથી અને એ કે હું તમારા સાથે છું. પરંતુ જ્યારે બંને ટુકડીઓ સામસામે આવી તો તે ઊંધા પગે પાછો ફરી ગયો અને કહેવા લાગ્યો કે મારો-તમારો સંગાથ નથી. હું તે બધું જોઈ રહ્યો છું જે તમે નથી જોતા, મને અલ્લાહનો ડર લાગે છે અને અલ્લાહ ઘણી આકરી સજા આપનાર છે. (રુકૂઅ-૬)

૪૯. જ્યારે કે મુનાફિકો (દંભીઓ) અને તે સૌ લોકો જેમના હૃદયમાં રોગ લાગેલો છે, કહી રહ્યા હતા કે આ લોકોને તો તેમના દીને (ધર્મએ) પાગલ કરી દીધા છે, જો કે કોઈ અલ્લાહ પર ભરોસો કરે તો નિઃશંક અલ્લાહ ખૂબ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૫૦. કદાચ, તમે તે સ્થિતિ જોઈ શક્યા હોત જ્યારે ફરિશ્તાઓ કતલ થયેલા કાફિરો (વિરોધીઓ)ના પ્રાણ ખેંચીને કાઢી રહ્યા હતા. તેઓ તેમના મોઢાં અને કૂલાઓ ઉપર પ્રહાર કર્યે જતા હતા અને કહેતા જતા હતા, ‘‘લો હવે બળવાની સજા ભોગવો,

૫૧. આ તે બદલો છે જેનો સામાન તમારા પોતાના હાથોએ અગાઉથી તૈયાર રાખ્યો હતો, નહીં તો અલ્લાહ તો પોતાના બંદાઓ પર અત્યાચાર કરનાર નથી.’’

૫૨. આ મામલો તેમના સાથે એવી જ રીતે બન્યો જેવી રીતે ફિરઔનવાળાઓ અને તેમનાથી પહેલાં બીજા લોકો સાથે થતો રહ્યો છે કે તેમણે અલ્લાહની આયતો (નિશાનીઓ)ને માનવાનો ઇન્કાર કર્યો અને અલ્લાહે તેમના ગુનાઓ માટે તેમને પકડ્યા. અલ્લાહ અત્યંત શક્તિશાળી છે અને સખત સજા આપનાર છે.

૫૩. આ અલ્લાહના એ નિયમાનુસાર થયું કે તે કોઈ નેઅ્મત (કૃપા)ને, જે તેણે કોઈ કોમને પ્રદાન કરી હોય, તે સમય સુધી નથી બદલતો જ્યાં સુધી તે કોમ પોતે પોતાના વર્તનને બદલી નથી નાખતી. અલ્લાહ બધું જ સાંભળનાર અને જાણનાર છે.

૫૪. ફિરઔનવાળાઓ અને તેમના પહેલાંની કોમો સાથે જે કંઈ બન્યું, તે આ જ નિયમ મુજબ હતું. તેમણે પોતાના રબની આયતોને ખોટી ઠેરવી, ત્યારે અમે તેમના ગુનાઓના બદલામાં તેમને નષ્ટ કર્યા અને ફિરઔનવાળાઓને ગરકાવ કરી દીધા, આ સૌ અત્યાચારી લોકો હતા.

૫૫. નિઃસંદેહ અલ્લાહના સમીપ ધરતી ઉપર ચાલતા પ્રાણીઓમાં સૌથી ખરાબ તે લોકો છે જેમણે સત્યને માનવાનો ઇન્કાર કરી દીધો, પછી કોઈ રીતે તેઓ તેને સ્વીકારવા તૈયાર નથી.

عٰهَدْتَّ مِنْهُمْ ثُمَّ يَنْقُضُوْنَ عَهْدَهُمْ فِيْ
كُلِّ مَرَّةٍ وَّهُمْ لَا يَتَّقُوْنَ ﴿٥٦﴾ فَاِمَّا تَثْقَفَنَّهُمْ فِي
الْحَرْبِ فَشَرِّدْ بِهِمْ مَّنْ خَلْفَهُمْ لَعَلَّهُمْ يَذَّكَّرُوْنَ ﴿٥٧﴾
وَاِمَّا تَخَافَنَّ مِنْ قَوْمٍ خِيَانَةً فَانْۢبِذْ اِلَيْهِمْ
عَلٰى سَوَآءٍ ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْخَآئِنِيْنَ ﴿٥٨﴾ ع وَلَا ع ٧ ١٠ ٣
يَحْسَبَنَّ الَّذِيْنَ كَفَرُوْا سَبَقُوْا ؕ اِنَّهُمْ لَا يُعْجِزُوْنَ ﴿٥٩﴾
وَاَعِدُّوْا لَهُمْ مَّا اسْتَطَعْتُمْ مِّنْ قُوَّةٍ وَّمِنْ رِّبَاطِ
الْخَيْلِ تُرْهِبُوْنَ بِهٖ عَدُوَّ اللّٰهِ وَعَدُوَّكُمْ وَ
اٰخَرِيْنَ مِنْ دُوْنِهِمْ ۚ لَا تَعْلَمُوْنَهُمْ ۚ اَللّٰهُ
يَعْلَمُهُمْ ؕ وَمَا تُنْفِقُوْا مِنْ شَيْءٍ فِيْ سَبِيْلِ اللّٰهِ
يُوَفَّ اِلَيْكُمْ وَاَنْتُمْ لَا تُظْلَمُوْنَ ﴿٦٠﴾ وَاِنْ جَنَحُوْا
لِلسَّلْمِ فَاجْنَحْ لَهَا وَتَوَكَّلْ عَلَى اللّٰهِ ؕ اِنَّهٗ هُوَ
السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٦١﴾ وَاِنْ يُّرِيْدُوْٓا اَنْ يَّخْدَعُوْكَ
فَاِنَّ حَسْبَكَ اللّٰهُ ؕ هُوَ الَّذِيْٓ اَيَّدَكَ بِنَصْرِهٖ وَ
بِالْمُؤْمِنِيْنَ ﴿٦٢﴾ وَاَلَّفَ بَيْنَ قُلُوْبِهِمْ ؕ لَوْ اَنْفَقْتَ مَا
فِي الْاَرْضِ جَمِيْعًا مَّآ اَلَّفْتَ بَيْنَ قُلُوْبِهِمْ
وَلٰكِنَّ اللّٰهَ اَلَّفَ بَيْنَهُمْ ؕ اِنَّهٗ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٦٣﴾
يٰٓاَيُّهَا النَّبِيُّ حَسْبُكَ اللّٰهُ وَمَنِ اتَّبَعَكَ مِنَ منزل ٢
الْمُؤْمِنِيْنَ ﴿٦٤﴾ ع يٰٓاَيُّهَا النَّبِيُّ حَرِّضِ الْمُؤْمِنِيْنَ ع ٨ ٢ ٣

૫૬. (ખાસ કરીને) તેમના પૈકી તે લોકો જેમના સાથે તેં સંધિ કરી, પછી તેઓ દરેક પ્રસંગે તેને તોડે છે અને અલ્લાહથી સહેજ પણ ડરતા નથી.

૫૭. પછી જો આ લોકો તમને યુદ્ધમાં મળી જાય તો તેમની એવી ખબર લો કે તેમના પછી બીજા જે લોકો આવું વલણ અપનાવવાના હોય, તેમના હોશકોશ ઊડી જાય. આશા છે કે સંધિભંગ કરનારાઓના આ અંજામથી તેઓ પાઠ ગ્રહણ કરશે.

૫૮. અને જો ક્યારેય તમને કોઈ કોમ તરફથી વિશ્વાસઘાતનો ભય હોય તો તેની સંધિને જાહેરમાં તેના આગળ ફેંકી દો, નિઃશંક અલ્લાહ વિશ્વાસઘાતીઓને પસંદ કરતો નથી. (રુકૂઅ-૭)

૫૯. સત્યનો ઈન્કાર કરનારાઓ એવી ગેરસમજમાં ન રહે કે તેઓ બાજી લઈ ગયા, નિઃશંક તેઓ અમને હરાવી શકતા નથી.

૬૦. અને તમે લોકો, જ્યાં સુધી તમારાથી બની શકે, વધુમાં વધુ શક્તિ અને પલાણેલા ઘોડા તેમના મુકાબલા માટે તૈયાર રાખો, જેથી તેના વડે અલ્લાહના અને પોતાના શત્રુઓને અને તે બીજા શત્રુઓને ભયભીત કરી દો જેમને તમે નથી જાણતા, પણ અલ્લાહ જાણે છે. અલ્લાહના માર્ગમાં તમે જે કંઈ ખર્ચ કરશો તેનો પૂરેપૂરો બદલો તમારા તરફ વાળવામાં આવશે અને તમારા સાથે કદાપિ અન્યાય નહીં થાય.

૬૧. અને હે નબી ! જો શત્રુઓ સુલેહ-શાંતિ ચાહતા હોય તો તમે પણ તેના માટે તૈયારી દાખવો અને અલ્લાહ ઉપર ભરોસો કરો. નિઃશંક, એ જ બધું સાંભળનાર અને જાણનાર છે

૬૨. અને જો તેઓ દગાની દાનત રાખતા હોય તો તમારા માટે અલ્લાહ પૂરતો છે. તે જ તો છે જેણે પોતાની સહાયતા વડે અને ઈમાનવાળાઓ દ્વારા તમારી મદદ કરી

૬૩. અને ઈમાનવાળાઓના હૃદય એક-બીજા સાથે જોડી દીધા. તમે સમગ્ર ધરતીનું ધન પણ જો ખર્ચી નાખતા તો આ લોકોના હૃદય એક-બીજા સાથે જોડી શકતા ન હતા, પરંતુ તે અલ્લાહ છે જેણે આ લોકોના હૃદય જોડી દીધા, નિશ્ચિત રૂપે તે ખૂબ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૬૪. હે નબી ! તમારા માટે અને તમારા અનુયાયી ઈમાનવાળાઓ માટે તો માત્ર અલ્લાહ જ પૂરતો છે. (રુકૂઅ-૮)

عَلَى الْقِتَالِ ؕ اِنْ يَّكُنْ مِّنْكُمْ عِشْرُوْنَ صٰبِرُوْنَ
يَغْلِبُوْا مِائَتَيْنِ ۚ وَاِنْ يَّكُنْ مِّنْكُمْ مِّائَةٌ
يَّغْلِبُوْٓا اَلْفًا مِّنَ الَّذِيْنَ كَفَرُوْا بِاَنَّهُمْ قَوْمٌ
لَّا يَفْقَهُوْنَ ﴿٦٥﴾ اَلْـٰٔنَ خَفَّفَ اللّٰهُ عَنْكُمْ وَعَلِمَ
اَنَّ فِيْكُمْ ضَعْفًا ؕ فَاِنْ يَّكُنْ مِّنْكُمْ مِّائَةٌ صَابِرَةٌ
يَّغْلِبُوْا مِائَتَيْنِ ۚ وَاِنْ يَّكُنْ مِّنْكُمْ اَلْفٌ يَّغْلِبُوْٓا
اَلْفَيْنِ بِاِذْنِ اللّٰهِ ؕ وَاللّٰهُ مَعَ الصّٰبِرِيْنَ ﴿٦٦﴾ مَا كَانَ
لِنَبِيٍّ اَنْ يَّكُوْنَ لَهٗٓ اَسْرٰى حَتّٰى يُثْخِنَ فِى
الْاَرْضِ ؕ تُرِيْدُوْنَ عَرَضَ الدُّنْيَا ۖ وَاللّٰهُ يُرِيْدُ
الْاٰخِرَةَ ؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٦٧﴾ لَوْلَا كِتٰبٌ مِّنَ اللّٰهِ
سَبَقَ لَمَسَّكُمْ فِيْمَآ اَخَذْتُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿٦٨﴾ فَكُلُوْا
مِمَّا غَنِمْتُمْ حَلٰلًا طَيِّبًا ۖ وَّاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ
غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٦٩﴾ ۧ يٰٓاَيُّهَا النَّبِيُّ قُلْ لِّمَنْ فِىْٓ اَيْدِيْكُمْ ع ۵
مِّنَ الْاَسْرٰٓى ۙ اِنْ يَّعْلَمِ اللّٰهُ فِىْ قُلُوْبِكُمْ خَيْرًا
يُّؤْتِكُمْ خَيْرًا مِّمَّآ اُخِذَ مِنْكُمْ وَيَغْفِرْ لَكُمْ ؕ وَ
اللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٧٠﴾ وَاِنْ يُّرِيْدُوْا خِيَانَتَكَ
فَقَدْ خَانُوا اللّٰهَ مِنْ قَبْلُ فَاَمْكَنَ مِنْهُمْ ؕ
وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿٧١﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَ
هَاجَرُوْا وَجٰهَدُوْا بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ

منزل ۲

૬૫. હે નબી ! ઈમાનવાળાઓને યુદ્ધ માટે પ્રોત્સાહન આપો, જો તમારામાંથી વીસ વ્યક્તિઓ ધૈર્યવાન હોય તો તેઓ બસો ઉપર વિજયી થશે અને જો એકસો વ્યકિતઓ એવી હોય તો સત્યના ઈન્કાર કરનારાઓમાંની હજાર વ્યક્તિઓ ઉપર ભારે રહેશે, કેમ કે તે એવા લોકો છે જેઓ સમજ ધરાવતા નથી.

૬૬. સારું, હવે અલ્લાહે તમારો બોજ હળવો કર્યો અને તેને જણાયું કે હજુ તમારામાં કમજોરી છે, તો જો તમારામાંથી એકસો વ્યક્તિઓ ધૈર્યવાન હોય તો તેઓ બસો ઉપર અને હજાર વ્યકિતઓ એવી હોય તો બે હજાર ઉપર અલ્લાહના હુકમથી વિજય મેળવશે, અને અલ્લાહ તે લોકોના સાથે છે જેઓ ધૈર્યવાન છે.

૬૭. કોઈ પયગંબર માટે એ ઉચિત નથી કે તેના પાસે કેદીઓ હોય જયાં સુધી તે ધરતી ઉપર દુશ્મનોને સારી રીતે કચડી ન નાખે. તમે લોકો દુનિયાના ફાયદાઓ ચાહો છો, જો કે અલ્લાહની નજર સમક્ષ તો આખિરત (પરલોક) છે, અને અલ્લાહ વર્ચસ્વશાળી અને તત્ત્વદર્શી છે.

૬૮. જો અલ્લાહનું લખાણ અગાઉથી ન લખાઈ ગયું હોત તો જે કંઈ તમે લોકોએ લીધું છે તેના બદલામાં તમને મોટી સજા આપવામાં આવતી.

૬૯. તો જે કંઈ માલ તમે મેળવ્યો છે, તે ખાઓ કે તે હલાલ (વૈધ) અને શુદ્ધ છે અને અલ્લાહથી ડરતા રહો. નિઃશંક અલ્લાહ દરગુજર કરનાર અને દયાળુ છે. (રુકૂઅ-૯)

૭૦. હે નબી ! તમારા કબજામાં જે કેદીઓ છે તેમને કહો કે જો અલ્લાહને ખબર પડી કે તમારા હૃદયોમાં થોડી પણ ભલાઈ છે તો તે તમને તેનાથી ઘણું વધારે આપશે જે તમારા પાસેથી લઈ લેવામાં આવ્યું છે, અને તમારી ભૂલો માફ કરશે. અલ્લાહ દરગુજર કરનાર અને દયાળુ છે.

૭૧. પરંતુ જો તેઓ તારા સાથે વિશ્વાસઘાત કરવાનો ઈરાદો રાખતા હોય તો તેઓ આ પહેલાં અલ્લાહ સાથે વિશ્વાસઘાત કરી ચૂક્યા છે, તેથી તેની જ સજા અલ્લાહે તેમને આપી કે તેઓ તારા કાબૂમાં આવી ગયા. અલ્લાહ સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે.

૭૨. જે લોકોએ ઈમાન કબૂલ કર્યું અને હિજરત કરી અને અલ્લાહના માર્ગમાં પોતાની જાનની બાજી લગાવી અને પોતાના ધન ખર્ચ્યા, અને જે લોકોએ હિજરતીઓને આશ્રય આપ્યો અને તેમની મદદ કરી, તેઓ જ હકીકતમાં એક-બીજાના સંરક્ષક-મિત્રો છે. રહ્યા તે લોકો જેઓ ઈમાન તો લઈ આવ્યા પરંતુ હિજરત કરીને (દારુલ ઈસ્લામ અર્થાત્

فِىْ سَبِيْلِ اللّٰهِ وَالَّذِيْنَ اٰوَوْا وَّ نَصَرُوْٓا
اُولٰٓئِكَ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ؕ وَالَّذِيْنَ
اٰمَنُوْا وَلَمْ يُهَاجِرُوْا مَا لَكُمْ مِّنْ وَّلَايَتِهِمْ
مِّنْ شَىْءٍ حَتّٰى يُهَاجِرُوْا ۚ وَاِنِ اسْتَنْصَرُوْكُمْ
فِى الدِّيْنِ فَعَلَيْكُمُ النَّصْرُ اِلَّا عَلٰى قَوْمٍۢ بَيْنَكُمْ
وَبَيْنَهُمْ مِّيْثَاقٌ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٧٢﴾
وَالَّذِيْنَ كَفَرُوْا بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ؕ اِلَّا
تَفْعَلُوْهُ تَكُنْ فِتْنَةٌ فِى الْاَرْضِ وَفَسَادٌ كَبِيْرٌ ﴿٧٣﴾ ؕ
وَالَّذِيْنَ اٰمَنُوْا وَهَاجَرُوْا وَجٰهَدُوْا فِىْ
سَبِيْلِ اللّٰهِ وَالَّذِيْنَ اٰوَوْا وَّنَصَرُوْٓا اُولٰٓئِكَ
هُمُ الْمُؤْمِنُوْنَ حَقًّا ؕ لَهُمْ مَّغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ﴿٧٤﴾
وَالَّذِيْنَ اٰمَنُوْا مِنْۢ بَعْدُ وَهَاجَرُوْا وَجٰهَدُوْا مَعَكُمْ
فَاُولٰٓئِكَ مِنْكُمْ ؕ وَاُولُوا الْاَرْحَامِ بَعْضُهُمْ اَوْلٰى
بِبَعْضٍ فِىْ كِتٰبِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ ﴿٧٥﴾ ع

منزل ٢ الربع ع ١٠

ઇસ્લામી રાજ્યમાં) આવી ગયા નથી તો તેમના સાથે તમારો વિલાયત (સંરક્ષણ)નો કોઈ સંબંધ નથી, જ્યાં સુધી તેઓ હિજરત કરીને આવી ન જાય. હા, જો તેઓ દીન (ધર્મ)ના મામલામાં તમારાથી મદદ માગે તો તેમની મદદ કરવી તમારા પર અનિવાર્ય છે, પરંતુ કોઈ એવી કોમ વિરુધ્ધ નહીં જેના સાથે તમારો કરાર થયેલો હોય. જે કંઈ તમે કરો છો અલ્લાહ તેને જુએ છે.

૭૩. જે લોકો સત્યનો ઇન્કાર કરનારા છે, તેઓ એક-બીજાનું સમર્થન કરે છે. જો તમે આમ નહીં કરો તો ધરતી ઉપર ઉપદ્રવ અને ભારે અરાજકતા પેદા થશે.

૭૪. જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે અલ્લાહના માર્ગમાં ઘરબાર છોડ્યા અને સંઘર્ષ (જિહાદ) કર્યો અને જેમણે આશ્રય આપ્યો અને મદદ કરી, તેઓ જ સાચા ઈમાનવાળા છે. તેમના માટે ભૂલોની ક્ષમા છે અને શ્રેષ્ઠ રોજી છે,

૭૫. અને જે લોકો પાછળથી ઈમાન લાવ્યા અને હિજરત કરીને આવી ગયા અને તમારા સાથે મળીને સંઘર્ષ અને પ્રયાસ કરવા લાગ્યા, તેઓ પણ તમારામાં જ સામેલ છે, પરંતુ અલ્લાહના ગ્રંથમાં લોહીની સગાઈવાળા એક-બીજાના વધુ હક્કદાર છે. નિઃશંક અલ્લાહ દરેક વસ્તુને જાણે છે. (રુકૂઅ-૧૦)

(૯) અત્-તૌબા

પરિચય

નામ :

આ સૂરઃ બે નામોથી પ્રસિદ્ધ છે. એક અત્-તૌબહ, અને બીજું અલ-બરાઅત. 'તૌબા' એ રીતે કે આમાં એક જગ્યાએ કેટલાક ઈમાનવાળાઓની ભૂલોની ક્ષમાનો ઉલ્લેખ છે અને 'બરાઅત' એ રીતે કે આમાં શરૂઆતમાં મુશ્રિકો પ્રત્યે જવાબદારીથી મુક્તિની જાહેરાત છે.

'બિસ્મિલ્લાહ' ન લખવાનું કારણ :

આ સૂરઃના આરંભમાં 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ' લખવામાં આવતું નથી, કેમ કે પયગંબર (હઝરત મુહમ્મદ) સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે સ્વયં લખાવ્યું નહોતું.

અવતરણકાળ અને સૂરઃના ભાગો :

આ સૂરઃમાં ત્રણ પ્રવચનો સામેલ છે –

પ્રથમ પ્રવચન સૂરઃના આરંભથી આયત ૩૭ સુધી ચાલે છે. તેના અવતરણકાળનો સમય જિલ્કદ હિ.સ. ૦૯ અથવા તેના આસપાસનો છે. પયગંબર (સલ્લ.) આ વર્ષે હઝરત અબૂબક્ર (રદિ.)ને 'અમીરુલ હજ્જ' (હજ્જયાત્રાના અમીર) નિયુક્ત કરીને મક્કા મોકલી ચૂક્યા હતા કે આ પ્રવચનનું અવતરણ થયું અને પયગંબર (સલ્લ.)એ તરત જ સય્યિદિના અલી (રદિ.)ને તેમના પાછળ મોકલ્યા, જેથી હજ્જના પ્રસંગે આખા અરબસ્તાનના પ્રતિનિધિ સમંલનમાં તેને સંભળાવે અને તદનુસાર જે કાર્ય-પદ્ધતિ નિર્ધારિત કરવામાં આવી હતી, તેની જાહેરાત કરી દે.

બીજું પ્રવચન આયત ૩૮થી ૭૨ સુધી ચાલે છે અને આ રજ્જબ હિ.સ. ૦૯ અથવા તેના કેટલાક સમય પહેલાં અવતરિત થયુ, જ્યારે કે પયગંબર (સલ્લ.) તબૂકના યુદ્ધની તૈયારી કરી રહ્યા હતા. તેમાં ઈમાનવાળાઓને જિહાદ પર પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે અને (મુનાફિકો અને કમજોર ઈમાનવાળાઓની) કઠોર નિંદા કરવામાં આવી છે.

ત્રીજું પ્રવચન આયત ૭૩થી શરૂ થઈને સૂરઃની સાથે સમાપ્ત થાય છે અને આ તબૂકના યુદ્ધથી પાછા ફરતી વખતે અવતરિત થયું હતું. તેમાં મુનાફિકો (દંભીઓ)ની હરકતો પર ચેતવણી, તબૂકના યુદ્ધમાં પાછળ રહી જનારાઓને ઠપકો અને ધાકધમકી તથા તે સાચા ઈમાનવાળાઓ પર નિંદાની સાથે ક્ષમા આપવાની જાહેરાત છે, જેઓ પોતાના ઈમાનમાં સાચા તો હતા, પણ અલ્લાહના માર્ગમાં જિહાદમાં ભાગ લેવાથી રોકાઈને રહી ગયા હતા.

ઐતિહાસિક પશ્ચાદભૂમિ :

જે ઘટનાક્રમથી આ સૂરઃના વિષયોનો સંબંધ છે, તેનો આરંભ હુદૈબિયહની સંધિથી થાય છે. હુદૈબિયહ સુધી અરબસ્તાનના એક તૃતિયાંશ ભાગમાં ઈસ્લામ એક સંગઠિત સમાજનો દીન (ધર્મ) અને એક સ્વયં-સંપૂર્ણ અને પરિપૂર્ણ અધિકારયુક્ત રાજ્યનો ધર્મ બની ગયો હતો. હુદૈબિયહની જ્યારે સંધિ થઈ તો આ દીનને એ તક પણ પ્રાપ્ત થઈ ગઈ કે પોતાના પ્રભાવને કંઈક વધુ સુખ-શાંતિના વાતાવરણમાં ચોતરફ ફેલાવી શકે. તે પછીની ઘટનાઓની ગતિએ બે મોટા રસ્તાઓ અપનાવ્યા, જેનાથી આગળ ચાલીને ખૂબ મહત્ત્વપૂર્ણ પરિણામો મળ્યા. તેમાંથી એકનો સંબંધ અરબસ્તાનથી હતો અને બીજાનો રોમન સામ્રાજ્યથી હતો.

આરબ પ્રદેશ ઉપર આધિપત્ય :

અરબસ્તાનમાં હુદૈબિયહ પછી પ્રચાર-પ્રસાર અને શક્તિ સુદઢ કરવાના જે ઉપાયો કરવામાં આવ્યા, તેના કારણે બે વર્ષમાં જ ઈસ્લામનું પ્રભાવ-ક્ષેત્ર એટલું વ્યાપક થઈ ગયું કે કુરૈશના અતિ જુસ્સાવાળા તત્ત્વોથી રહેવાયું નહીં અને તેમણે હુદૈબિયહની સંધિનો ભંગ કરી નાખ્યો. તેઓ આ બંધનમાંથી મુક્ત થઈને ઈસ્લામ સાથે અંતિમ નિર્ણાયક મુકાબલો કરવા માગતા હતા, પરંતુ પયગંબર (સલ્લ.)એ તેમના આ સંધિના ભંગ પછી તેમને સ્થિર થવાની કોઈ તક ન આપી અને એકાએક મક્કા ઉપર હુમલો કરીને હિ.સ. ૦૮ના રમઝાનમાં તેના પર વિજય મેળવી લીધો. તે પછી પુરાણી અજ્ઞાનતાપૂર્ણ વ્યવસ્થાએ પોતાની અંતિમ ખતરનાક ચાલ હુનૈનના મેદાનમાં ચાલી, પરંતુ એ ચાલબાજી પણ નિષ્ફળ રહી અને હુનૈનના પરાજયના સાથે આરબ પ્રદેશનો અંતિમ ફેંસલો થઈ ગયો કે તેણે હવે 'દારુલ ઈસ્લામ' (ઈસ્લામી રાજ્ય) બનીને રહેવાનું છે. આ ઘટનાને હજુ એક વર્ષ પણ થયું ન હતું કે અરબસ્તાનનો મોટો વિસ્તાર ઈસ્લામી ક્ષેત્રમાં સામેલ થઈ ગયો.

તબૂકનું યુદ્ધ :

રોમન સામ્રાજ્ય સાથે સંઘર્ષની શરૂઆત મક્કા વિજય પહેલાં જ થઈ ચૂકી હતી. નબી (સલ્લ.)એ હુદૈબિયહ પછી ઈસ્લામના સંદેશના પ્રસાર માટે જે પ્રતિનિધિ મંડળો આરબ પ્રદેશના જુદા-જુદા ભાગોમાં મોકલ્યા હતા, તેમાંથી એક ઉત્તર તરફ સીરિયાની સરહદને અડીને આવેલા (ખ્રિસ્તી) કબીલાઓમાં (અને એક બુસરાના ખ્રિસ્તી સરદારના પાસે પણ ગયું હતું, પણ આ પ્રતિનિધિ મંડળોના મોટાભાગના માણસોની હત્યા કરી નાખવામાં આવી). આ કારણોસર નબી (સલ્લ.)એ જમાદિલ અવ્વલ હિ.સ. ૦૮માં ત્રણ હજાર મુજાહિદોનું એક સૈન્ય સીરિયાની સરહદ તરફ મોકલ્યું, જેથી ભવિષ્યમાં આ ક્ષેત્ર મુસલમાનો

માટે શાંતિપૂર્ણ બની જાય. આ નાનું-સરખું સૈન્ય મૌતા નામની જગ્યાએ શુરહબીલના એક લાખના સૈન્ય સાથે જઈ ટકરાયું. એક અને ૩૩ના મુકાબલામાં પણ શત્રુઓ મુસલમાનો પર વિજયી ન થઈ શક્યા. આ જ વસ્તુ હતી જેણે સીરિયા અને તેનાથી અડીને આવેલા ક્ષેત્રોમાં રહેનારા અર્ધ-સ્વતંત્ર આરબ કબીલાઓને, બલ્કે ઇરાક પાસે રહેતા નજદી કબીલાઓને પણ, જે કૈસરના પ્રભાવ હેઠળ હતા, ઈસ્લામ તરફ આકૃષ્ટ કરી દીધા અને તેઓ હજારોની સંખ્યામાં મુસલમાન બની ગયા. બીજા જ વર્ષે કૈસરે મુસલમાનોને મૌતાની લડાઈની સજા આપવા સીરિયાની સરહદે સૈનિક તૈયારીઓ આરંભી દીધી. નબી (સલ્લ.)(ને આના સમાચાર મળ્યા તો) રજ્જબ હિ.સ. ૦૯માં ત્રીસ હજાર મુજાહિદો સાથે સીરિયા તરફ રવાના થઈ ગયા. તબૂક પહોંચીને જાણ થઈ કે કૈસરે મુકાબલો કરવાને બદલે પોતાનું લશ્કર સરહદેથી ખસેડી લીધું છે. કૈસરના આ રીતે મેદાન છોડી જવાથી જે નૈતિક વિજય મળ્યો તેને નબી (સલ્લ.)એ આ તબક્કે પૂરતો સમજયો અને તબૂકથી આગળ વધીને સીરિયાની સીમાઓમાં પ્રવેશ કરવાને બદલે, આપે એ વાતને પસંદગી આપી કે આ વિજયથી શક્ય એટલા રાજકીય અને લશ્કરી લાભો મેળવી લે. આથી આપ (સલ્લ.)એ તબૂકમાં ૨૦ દિવસ રોકાઈને તે ઘણાં નાના-નાના રાજ્યોને, જે રોમન સામ્રાજ્ય અને 'દારુલ ઈસ્લામ' વચ્ચે આવેલા હતા અને અત્યાર સુધી રોમનોના પ્રભાવમાં હતા, સૈનિક દબાણથી ઈસ્લામી રાજયને મહેસુલ આપવાવાળા અને આધીન બનાવી લીધા. તેનાથી સૌથી મોટો ફાયદો એ થયો કે રોમન સામ્રાજય સાથે એક લાંબા સંઘર્ષમાં અટવાયા વિના ઈસ્લામને આરબ પ્રદેશ ઉપર પોતાની પકડ મજબૂત કરવાની પૂરતી તક મળી ગઈ.

સમસ્યાઓ અને ચર્ચાના વિષયો :

આ પશ્ચાદ્‌ભૂમિને નજરમાં રાખ્યા પછી આપણે સરળતાથી તે મુખ્ય-મુખ્ય સમસ્યાઓને સમજી શકીએ છીએ, જે તે વખતે હતી અને જે અંગે સૂરઃ તૌબામાં ચર્ચા કરવામાં આવી છે.

(૧) હવે જ્યારે કે આરબ પ્રદેશનો સંપૂર્ણ વહીવટ ઈમાનવાળાઓના હાથમાં આવી ગયો હતો, તેથી એ નીતિ સ્પષ્ટપણે સામે આવી જવી જોઈતી હતી જે આરબ પ્રદેશને પૂર્ણ 'દારુલ ઈસ્લામ' બનાવવા માટે અપનાવવી જરૂરી હતી. તેથી તે નિમ્નલિખિત રૂપે પ્રસ્તુત કરવામાં આવી –

– આરબ પ્રદેશમાંથી શિર્ક (અનેકેશ્વરવાદ)ને સંપૂર્ણપણે નાબૂદ કરી દેવામાં આવે, જેથી ઈસ્લામનું કેન્દ્ર હંમેશ માટે વિશુદ્ધ ઈસ્લામી કેન્દ્ર બની જાય. આ જ ઉદ્દેશ્યથી મુશ્‌રિકો (અનેકેશ્વરવાદીઓ)થી છૂટકારો અને તેમના સાથેની સંધિના અંતની જાહેરાત કરી દેવામાં આવી.

– આદેશ થયો કે ભવિષ્યમાં કા'બાની દેખરેખ પણ તૌહીદ (એકેશ્વરવાદ)ના અનુયાયીઓના કબજામાં જ રહેવી જોઈએ અને અલ્લાહના ઘરની સીમાઓમાં શિર્ક અને અજ્ઞાનતાના તમામ રીત-રિવાજો પણ બળપૂર્વક બંધ કરી દેવા જોઈએ, બલ્કે હવે મુશ્રિકો આ ઘરના સમીપ પણ ફરકે નહીં.

– આરબ પ્રદેશના સાંસ્કૃતિક જીવનમાં અજ્ઞાનતાના રીત-રિવાજોની જે નિશાનીઓ હજુ જોવા મળતી હતી, તેની નાબૂદી તરફ ધ્યાન દોરવામાં આવ્યું. 'નસી'નો નિયમ તે રિવાજોમાંથી સૌથી વધુ ખરાબ નિયમ હતો, તેથી તેના પર પ્રત્યક્ષ રૂપે પ્રહાર કરવામાં આવ્યો.

(૨) આરબ પ્રદેશમાં ઈસ્લામનું મિશન પૂરૂં થયા પછી બીજો મહત્ત્વપૂર્ણ તબક્કો જે સામે હતો, તે એ હતો કે આરબ પ્રદેશની બહાર સત્ય-ધર્મના પ્રભાવ-ક્ષેત્રને વ્યાપક બનાવવામાં આવે. તેથી આ સંદર્ભમાં મુસલમાનોને આદેશ આપવામાં આવ્યો કે આરબ પ્રદેશની બહાર જે લોકો સત્ય-ધર્મનું પાલન કરવાવાળા નથી તેમના સ્વતંત્ર પ્રભુત્વને તલવારના જોરે સમાપ્ત કરી દો, એટલે સુધી કે તેઓ ઈસ્લામી સત્તાના આધીન બનીને રહેવાનું સ્વીકારી લે. જ્યાં સુધી સત્ય-ધર્મ પર ઈમાન લાવવાનો સંબંધ છે, તેમનો અધિકાર છે કે ચાહે ઈમાન લાવે કે ન લાવે.

(૩) ત્રીજો મહત્ત્વનો પ્રશ્ન મુનાફિકો (દંભીઓ)નો હતો, જેમના સાથે અત્યાર સુધી સમયાનુરૂપ હિતોની દૃષ્ટિએ આંખ આડા કાન કરવાનો અને દરગુજરનો વ્યવહાર કરવામાં આવતો હતો. હવે આદેશ આપવામાં આવ્યો કે ભવિષ્યમાં તેમના સાથે કોઈ નરમાશ દાખવવામાં ન આવે અને તે જ કઠોર વ્યવહાર આ છૂપા સત્યનો ઇન્કાર કરનારાઓ સાથે કરવામાં આવે, જે ખુલ્લંખુલ્લા સત્યનો ઇન્કાર કરનારાઓ સાથે કરવામાં આવે છે.

(૪) સાચા ઈમાનવાળાઓમાં હજુ સુધી ઇરાદાની જે થોડીઘણી નબળાઈ દેખાતી હતી તેનો ઈલાજ પણ જરૂરી હતો. તેથી જે લોકોએ તબૂકના બનાવ વખતે આળસ અને નબળાઈ દાખવી હતી તેમની ઘોર નિંદા કરવામાં આવી અને ભવિષ્યમાં પૂર્ણ સ્પષ્ટતા સાથે એ વાત સાફ કરી દેવામાં આવી કે અલ્લાહના કલિમાને બુલંદ કરવાની કોશિશ તથા કુફ્ર અને ઇસ્લામ વચ્ચેનો સંઘર્ષ જ એ સાચી કસોટી છે, જેના પર ઈમાનવાળાઓના ઈમાનના દાવાને ચકાસવામાં આવશે.

اٰیَاتُهَا ۱۲۹ (۹) سُوۡرَۃُ التَّوۡبَۃِ مَدَنِیَّۃٌ (۱۱۳) رُکُوۡعَاتُهَا ۱۶

بَرَآءَۃٌ مِّنَ اللّٰہِ وَرَسُوۡلِہٖۤ اِلَی الَّذِیۡنَ عٰہَدۡتُّمۡ
مِّنَ الۡمُشۡرِکِیۡنَ ؕ﴿۱﴾ فَسِیۡحُوۡا فِی الۡاَرۡضِ اَرۡبَعَۃَ
اَشۡہُرٍ وَّاعۡلَمُوۡۤا اَنَّکُمۡ غَیۡرُ مُعۡجِزِی اللّٰہِ ۙ وَ اَنَّ
اللّٰہَ مُخۡزِی الۡکٰفِرِیۡنَ ﴿۲﴾ وَ اَذَانٌ مِّنَ اللّٰہِ وَ
رَسُوۡلِہٖۤ اِلَی النَّاسِ یَوۡمَ الۡحَجِّ الۡاَکۡبَرِ اَنَّ اللّٰہَ
بَرِیۡٓءٌ مِّنَ الۡمُشۡرِکِیۡنَ ۬ۙ وَ رَسُوۡلُہٗ ؕ فَاِنۡ تُبۡتُمۡ
فَہُوَ خَیۡرٌ لَّکُمۡ ۚ وَ اِنۡ تَوَلَّیۡتُمۡ فَاعۡلَمُوۡۤا اَنَّکُمۡ غَیۡرُ
مُعۡجِزِی اللّٰہِ ؕ وَ بَشِّرِ الَّذِیۡنَ کَفَرُوۡا بِعَذَابٍ
اَلِیۡمٍ ۙ﴿۳﴾ اِلَّا الَّذِیۡنَ عٰہَدۡتُّمۡ مِّنَ الۡمُشۡرِکِیۡنَ
ثُمَّ لَمۡ یَنۡقُصُوۡکُمۡ شَیۡئًا وَّ لَمۡ یُظَاہِرُوۡا عَلَیۡکُمۡ
اَحَدًا فَاَتِمُّوۡۤا اِلَیۡہِمۡ عَہۡدَہُمۡ اِلٰی مُدَّتِہِمۡ ؕ اِنَّ
اللّٰہَ یُحِبُّ الۡمُتَّقِیۡنَ ﴿۴﴾ فَاِذَا انۡسَلَخَ الۡاَشۡہُرُ
الۡحُرُمُ فَاقۡتُلُوا الۡمُشۡرِکِیۡنَ حَیۡثُ وَجَدۡتُّمُوۡہُمۡ
وَ خُذُوۡہُمۡ وَ احۡصُرُوۡہُمۡ وَ اقۡعُدُوۡا لَہُمۡ کُلَّ مَرۡصَدٍ ۚ
فَاِنۡ تَابُوۡا وَ اَقَامُوا الصَّلٰوۃَ وَ اٰتَوُا الزَّکٰوۃَ
فَخَلُّوۡا سَبِیۡلَہُمۡ ؕ اِنَّ اللّٰہَ غَفُوۡرٌ رَّحِیۡمٌ ﴿۵﴾ وَ اِنۡ
اَحَدٌ مِّنَ الۡمُشۡرِکِیۡنَ اسۡتَجَارَکَ فَاَجِرۡہُ حَتّٰی
یَسۡمَعَ کَلٰمَ اللّٰہِ ثُمَّ اَبۡلِغۡہُ مَاۡمَنَہٗ ؕ ذٰلِکَ بِاَنَّہُمۡ

(૯) સૂરઃ અત્-તૌબા

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧૬ ● આયતો : ૧૨૯)

૧. બરાઅત (સંધિની સમાપ્તિ)ની ઘોષણા છે અલ્લાહ અને તેના રસૂલ તરફથી, તે મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)ને જેમના સાથે તમે સંધિઓ કરી હતી.

૨. તો તમે લોકો દેશમાં ચાર મહિના વધુ હરી-ફરી લો અને જાણી લો કે તમે અલ્લાહને વિવશ કરી શકવાના નથી, અને એ કે અલ્લાહ સત્યનો ઈન્કાર કરનારાઓને અપમાનિત કરવાનો છે.

૩. જાહેર સૂચના છે અલ્લાહ અને તેના રસૂલ તરફથી 'હજ્જે અકબર' (મોટી હજ્જ)ના દિવસે તમામ લોકો માટે કે અલ્લાહ મુશ્રિકોથી મુક્ત છે અને તેનો રસૂલ પણ. હવે જો તમે તૌબા (ક્ષમા અને પ્રાયશ્ચિત) કરી લો તો તમારા જ માટે સારું છે અને જો મોઢું ફેરવતા હોવ તો બરાબર સમજી લો કે તમે અલ્લાહને વિવશ કરી શકવાના નથી, અને હે નબી ! ઈન્કાર કરનારાઓને સખત સજાની ખુશખબર સંભળાવી દો,

૪. તે મુશ્રિકો સિવાય, જેમના સાથે તમે સંધિઓ કરી પછી તેમણે પોતાના વચન પાળવામાં તમારા સાથે કોઈ કચાશ ન રાખી અને ન તો તમારા વિરુધ્ધ કોઈની મદદ કરી, તો આવા લોકોના સાથે તમે પણ સંધિની મુદ્દત સુધી તેનું વચન-પાલન કરો, કારણ કે અલ્લાહ ડર રાખનારા (સંયમી) લોકોને જ પસંદ કરે છે.

૫. પછી હરામ (પ્રતિષ્ઠિત) મહિનાઓ પસાર થઈ જાય તો મુશ્રિકોને કતલ કરો જ્યાં જુઓ અને તેમને પકડો અને ઘેરો અને તેમની ખબર લઈ નાખવા માટે દરેક જગ્યાએ તાકમાં બેસો. પછી જો તેઓ તૌબા કરી લે અને નમાઝ કાયમ કરે અને ઝકાત આપે તો તેમને છોડી દો. અલ્લાહ માફ કરનાર અને દયાળુ છે.

૬. અને જે મુશ્રિકોમાંથી કોઈ શરણ માંગીને તમારા પાસે આવવા ઈચ્છે (જેથી અલ્લાહની વાણી સાંભળે) તો તેને શરણ આપી દો, ત્યાં સુધી કે તે અલ્લાહની વાણી સાંભળી લે. પછી તેને તેના સલામત સ્થળ

ع قَوْمٌ لَّا يَعْلَمُوْنَ ۝٦ كَيْفَ يَكُوْنُ لِلْمُشْرِكِيْنَ
عَهْدٌ عِنْدَ اللّٰهِ وَعِنْدَ رَسُوْلِهٖٓ اِلَّا الَّذِيْنَ
عٰهَدْتُّمْ عِنْدَ الْمَسْجِدِ الْحَرَامِ ۚ فَمَا اسْتَقَامُوْا
لَكُمْ فَاسْتَقِيْمُوْا لَهُمْ ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ ۝٧
كَيْفَ وَاِنْ يَّظْهَرُوْا عَلَيْكُمْ لَا يَرْقُبُوْا فِيْكُمْ
اِلًّا وَّلَا ذِمَّةً ؕ يُرْضُوْنَكُمْ بِاَفْوَاهِهِمْ وَتَاْبٰى
قُلُوْبُهُمْ ۚ وَاَكْثَرُهُمْ فٰسِقُوْنَ ۝٨ اِشْتَرَوْا بِاٰيٰتِ
اللّٰهِ ثَمَنًا قَلِيْلًا فَصَدُّوْا عَنْ سَبِيْلِهٖ ؕ اِنَّهُمْ
سَآءَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ۝٩ لَا يَرْقُبُوْنَ فِيْ
مُؤْمِنٍ اِلًّا وَّلَا ذِمَّةً ؕ وَاُولٰٓئِكَ هُمُ الْمُعْتَدُوْنَ ۝١٠
فَاِنْ تَابُوْا وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ
فَاِخْوَانُكُمْ فِي الدِّيْنِ ؕ وَنُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ
يَّعْلَمُوْنَ ۝١١ وَاِنْ نَّكَثُوْٓا اَيْمَانَهُمْ مِّنْۢ بَعْدِ
عَهْدِهِمْ وَطَعَنُوْا فِيْ دِيْنِكُمْ فَقَاتِلُوْٓا اَئِمَّةَ
الْكُفْرِ ۙ اِنَّهُمْ لَآ اَيْمَانَ لَهُمْ لَعَلَّهُمْ يَنْتَهُوْنَ ۝١٢
اَلَا تُقَاتِلُوْنَ قَوْمًا نَّكَثُوْٓا اَيْمَانَهُمْ وَهَمُّوْا
بِاِخْرَاجِ الرَّسُوْلِ وَهُمْ بَدَءُوْكُمْ اَوَّلَ مَرَّةٍ ؕ
اَتَخْشَوْنَهُمْ ۚ فَاللّٰهُ اَحَقُّ اَنْ تَخْشَوْهُ اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ۝١٣ قَاتِلُوْهُمْ يُعَذِّبْهُمُ اللّٰهُ بِاَيْدِيْكُمْ

સુધી પહોંચાડી દો. આ એટલા માટે કરવું જોઈએ કે આ લોકો જ્ઞાન ધરાવતા નથી. (રુકૂઅ-૧)

૭. આ મુશ્‌રિકો માટે અલ્લાહ અને તેના રસૂલના નજીક કોઈ સંધિ કેવી રીતે સંભવી શકે છે ?— સિવાય તે લોકોના જેમના સાથે તમે મસ્જિદે હરામ (પ્રતિષ્ઠિત મસ્જિદ - કા'બા)ના પાસે સંધિ કરી હતી, તો જ્યાં સુધી તેઓ તમારા સાથે સીધા રહે, તમે પણ તેમના સાથે સીધા રહો, કારણ કે અલ્લાહ ડર રાખનારા (સંયમી) લોકોને પસંદ કરે છે —

૮. પરંતુ તેમના સિવાય બીજા મુશ્‌રિકો સાથે કોઈ સંધિ કેવી રીતે હોઈ શકે છે જ્યારે કે તેમની હાલત એ છે કે તમારા પર કાબૂ મેળવી લે તો તમારા મામલામાં ન કોઈ સગપણનું ધ્યાન રાખે, ન કોઈ સંધિની જવાબદારીનું ? તેઓ તેમની જબાનોથી તમને ખુશ કરવા માટે પ્રયત્ન કરે છે, પરંતુ તેમના હૃદય ઇન્કાર કરે છે અને તેમના પૈકી ઘણાંખરા અવજ્ઞાકારી છે.

૯. તેમણે અલ્લાહની આયતોના બદલામાં થોડી કિંમત સ્વીકારી લીધી પછી અલ્લાહના માર્ગમાં અવરોધ બનીને ઊભા થઈ ગયા. ખૂબ જ ખરાબ કરતૂકો હતા જે તેઓ કરતા રહ્યા.

૧૦. કોઈ પણ મોમિન (ઈમાનવાળા)ના મામલામાં આ લોકો ન સગપણની પરવા કરે છે અને ન કોઈ સંધિના દાયિત્વની, અને અતિરેક હંમેશા તેમના તરફથી જ થયો છે.

૧૧. તો જો આ લોકો તૌબા કરી લે અને નમાઝ કાયમ કરે અને ઝકાત આપે તો તમારા દીની-ભાઈ છે, અને જાણવાવાળા લોકો માટે અમે અમારા આદેશો સ્પષ્ટ કરી દઈએ છીએ.

૧૨. અને જો સંધિ કર્યા પછી ફરી આ લોકો પોતાની પ્રતિજ્ઞાઓનો ભંગ કરે અને તમારા દીન (ધર્મ) ઉપર હુમલા કરવાનું શરૂ કરી દે તો કુફ્ર (અધર્મ)ના ધ્વજવાહકો સાથે લડો, કેમ કે તેમની પ્રતિજ્ઞાઓનો કોઈ ભરોસો નથી. કદાચ (પછી તલવારના જોરે જ) તેઓ આમ કરતા અટકશે.

૧૩. શું તમે નહીં લડો એવા લોકોથી જેઓ પોતાની સંધિઓનો ભંગ કરતા રહ્યા છે અને જેમણે રસૂલને દેશમાંથી કાઢી મૂકવાનો નિર્ધાર કર્યો હતો અને અતિરેકની શરૂઆત કરનારા તેઓ જ હતા ? શું તમે તેમનાથી ડરો છો ? જો તમે મોમિન છો તો અલ્લાહ તેનો વધુ હકદાર છે કે તમે તેનાથી ડરો.

وَيُخْزِهِمْ وَيَنْصُرْكُمْ عَلَيْهِمْ وَيَشْفِ صُدُوْرَ
قَوْمٍ مُّؤْمِنِيْنَ ۝۱۴ وَيُذْهِبْ غَيْظَ قُلُوْبِهِمْ ط
وَيَتُوْبُ اللّٰهُ عَلٰى مَنْ يَّشَآءُ ط وَاللّٰهُ عَلِيْمٌ
حَكِيْمٌ ۝۱۵ اَمْ حَسِبْتُمْ اَنْ تُتْرَكُوْا وَلَمَّا يَعْلَمِ
اللّٰهُ الَّذِيْنَ جٰهَدُوْا مِنْكُمْ وَلَمْ يَتَّخِذُوْا مِنْ
دُوْنِ اللّٰهِ وَلَا رَسُوْلِهٖ وَلَا الْمُؤْمِنِيْنَ وَلِيْجَةً ط
وَاللّٰهُ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ۝۱۶ مَا كَانَ لِلْمُشْرِكِيْنَ ع ۸/۱۰
اَنْ يَّعْمُرُوْا مَسٰجِدَ اللّٰهِ شٰهِدِيْنَ عَلٰٓى اَنْفُسِهِمْ
بِالْكُفْرِ ط اُولٰٓئِكَ حَبِطَتْ اَعْمَالُهُمْ ج وَفِى النَّارِ
هُمْ خٰلِدُوْنَ ۝۱۷ اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ
بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَاَقَامَ الصَّلٰوةَ وَاٰتَى الزَّكٰوةَ
وَلَمْ يَخْشَ اِلَّا اللّٰهَ قف فَعَسٰٓى اُولٰٓئِكَ اَنْ يَّكُوْنُوْا
مِنَ الْمُهْتَدِيْنَ ۝۱۸ اَجَعَلْتُمْ سِقَايَةَ الْحَآجِّ
وَعِمَارَةَ الْمَسْجِدِ الْحَرَامِ كَمَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ
الْاٰخِرِ وَجٰهَدَ فِىْ سَبِيْلِ اللّٰهِ ط لَا يَسْتَوٗنَ عِنْدَ
اللّٰهِ ط وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ۝۱۹ اَلَّذِيْنَ وقف لازم
اٰمَنُوْا وَهَاجَرُوْا وَجٰهَدُوْا فِىْ سَبِيْلِ اللّٰهِ
بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ ۙ اَعْظَمُ دَرَجَةً عِنْدَ اللّٰهِ ط
وَاُولٰٓئِكَ هُمُ الْفَآئِزُوْنَ ۝۲۰ يُبَشِّرُهُمْ رَبُّهُمْ منزل ۲

૧૪. તેમના સાથે લડો, અલ્લાહ તમારા હાથે તેમને સજા અપાવશે અને તેમને અપમાનિત કરશે અને તેમના મુકાબલામાં તમારી મદદ કરશે અને ઘણા ઈમાનવાળાના હૃદયોને ઠંડા કરશે

૧૫. અને તેમના હૃદયોની બળતરા મટાડી દેશે, અને જેને ઇચ્છશે તૌબાની પ્રેરણા પણ આપશે. અલ્લાહ બધું જ જાણનાર અને તત્ત્વદર્શી છે.

૧૬. શું તમે લોકોએ એમ સમજી લીધું છે કે આમ જ છોડી દેવામાં આવશો, જો કે હજુ અલ્લાહે એ તો જોયું જ નથી કે તમારામાંથી કોણ તે લોકો છે, જેમણે (તેના માર્ગમાં) જાન લડાવી દીધી અને અલ્લાહ અને રસૂલ અને ઈમાનવાળાઓ સિવાય કોઈને ઘનિષ્ઠ મિત્ર ન બનાવ્યા, જે કંઈ તમે કરો છો અલ્લાહ તેની ખબર રાખે છે. (રુકૂઅ-૨)

૧૭. મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)નું આ કામ નથી કે તેઓ અલ્લાહની મસ્જિદોના મુજાવર (સંરક્ષક) અને સેવક બને જો કે પોતાના પર તેઓ સ્વયં કુફ્ર (ઇન્કાર)ની સાક્ષી આપી રહ્યા છે. તેમનું તો બધું જ કર્યું-કરાવ્યું વ્યર્થ થઈ ગયું અને જહન્નમમાં તેમને હંમેશા રહેવાનું છે.

૧૮. અલ્લાહની મસ્જિદોને આબાદ કરનાર (મુજાવર અને સેવક) તો તે જ લોકો હોઈ શકે છે જેઓ અલ્લાહ અને આખિરતના દિવસને માને અને નમાઝ કાયમ કરે, ઝકાત આપે અને અલ્લાહ સિવાય કોઈથી ન ડરે. તેમનાથી જ એ આશા છે કે સીધા માર્ગ ઉપર ચાલશે.

૧૯. શું તમે હાજીઓને પાણી પીવડાવવા અને મસ્જિદે હરામ (કા'બા)ની મુજાવરી કરવાના કામને તે માણસના કામ બરાબર ઠેરવી લીધું છે જે ઈમાન લાવ્યો અલ્લાહ પર અને આખિરતના દિવસ પર અને જેણે પ્રાણ ન્યોછાવર કર્યા અલ્લાહના માર્ગમાં ?

૨૦. અલ્લાહના નજીક તો આ બંને સમાન નથી અને અલ્લાહ જાલિમોનું માર્ગદર્શન કરતો નથી. અલ્લાહને ત્યાં તો તે જ લોકોનો દરજ્જો ઊંચો છે જેઓ ઈમાન લાવ્યા અને જેમણે તેના માર્ગમાં ઘરબાર છોડ્યા અને જાન અને માલથી જિહાદ (સંઘર્ષ) કર્યો, તેઓ જ સફળ છે.

بِرَحْمَةٍ مِّنْهُ وَرِضْوَانٍ وَّجَنّٰتٍ لَّهُمْ فِيْهَا نَعِيْمٌ
مُّقِيْمٌ ﴿٢١﴾ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ اِنَّ اللّٰهَ عِنْدَهٗٓ
اَجْرٌ عَظِيْمٌ ﴿٢٢﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْٓا
اٰبَآءَكُمْ وَاِخْوَانَكُمْ اَوْلِيَآءَ اِنِ اسْتَحَبُّوا الْكُفْرَ
عَلَى الْاِيْمَانِ ؕ وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاُولٰٓئِكَ
هُمُ الظّٰلِمُوْنَ ﴿٢٣﴾ قُلْ اِنْ كَانَ اٰبَآؤُكُمْ وَاَبْنَآؤُكُمْ
وَاِخْوَانُكُمْ وَاَزْوَاجُكُمْ وَعَشِيْرَتُكُمْ وَاَمْوَالُ ۨ
اقْتَرَفْتُمُوْهَا وَتِجَارَةٌ تَخْشَوْنَ كَسَادَهَا وَ
مَسٰكِنُ تَرْضَوْنَهَآ اَحَبَّ اِلَيْكُمْ مِّنَ اللّٰهِ وَ
رَسُوْلِهٖ وَجِهَادٍ فِيْ سَبِيْلِهٖ فَتَرَبَّصُوْا حَتّٰى يَاْتِيَ
اللّٰهُ بِاَمْرِهٖ ؕ وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الْفٰسِقِيْنَ ﴿٢٤﴾ ع ٨
لَقَدْ نَصَرَكُمُ اللّٰهُ فِيْ مَوَاطِنَ كَثِيْرَةٍ ۙ وَّيَوْمَ
حُنَيْنٍ ۙ اِذْ اَعْجَبَتْكُمْ كَثْرَتُكُمْ فَلَمْ تُغْنِ عَنْكُمْ
شَيْـًٔا وَّضَاقَتْ عَلَيْكُمُ الْاَرْضُ بِمَا رَحُبَتْ ثُمَّ
وَلَّيْتُمْ مُّدْبِرِيْنَ ﴿٢٥﴾ ثُمَّ اَنْزَلَ اللّٰهُ سَكِيْنَتَهٗ عَلٰى
رَسُوْلِهٖ وَعَلَى الْمُؤْمِنِيْنَ وَاَنْزَلَ جُنُوْدًا لَّمْ
تَرَوْهَا وَعَذَّبَ الَّذِيْنَ كَفَرُوْا ؕ وَذٰلِكَ جَزَآءُ
الْكٰفِرِيْنَ ﴿٢٦﴾ ثُمَّ يَتُوْبُ اللّٰهُ مِنْ بَعْدِ ذٰلِكَ عَلٰى
مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٧﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ منزل ٢

૨૧. તેમનો રબ તેમને પોતાની કૃપા અને પ્રસન્નતા અને એવી જન્નતોની ખુશખબર આપે છે જ્યાં તેમના માટે સ્થાયી સુખ-સુવિધાઓ છે.

૨૨. તેમાં તેઓ હંમેશાં રહેશે. નિઃશંક અલ્લાહ પાસે સેવાઓનું વળતર આપવા માટે ઘણું છે.

૨૩. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! પોતાના પિતાઓ અને ભાઈઓને પણ પોતાના મિત્ર (સાથી) ન બનાવો જો તેઓ ઈમાન પર કુફ્રને પ્રાથમિકતા આપે. તમારા પૈકી જે લોકો તેમને મિત્ર બનાવશે, તેઓ જ જાલિમ હશે.

૨૪. હે નબી ! કહી દો કે જો તમારા પિતાઓ અને તમારા પુત્રો, અને તમારા ભાઈઓ, અને તમારી પત્નીઓ, અને તમારા સગા-સંબંધીઓ, અને તમારા તે ધન-દોલત જે તમે કમાવ્યા છે, અને તમારા તે વેપાર-ધંધા જેના મંદ પડી જવાનો તમને ભય છે, અને તમારા તે ઘર જે તમને પસંદ છે, તમને અલ્લાહ અને તેના રસૂલ અને તેની રાહમાં જિહાદ (સંઘર્ષ)થી વધુ પ્રિય છે તો રાહ જુઓ જ્યાં સુધી અલ્લાહ પોતાનો નિર્ણય તમારા સામે લઈ આવે, અને અલ્લાહ અવજ્ઞાકારીઓનું માર્ગદર્શન નથી કરતો. (રુકૂઅ-૩)

૨૫. અલ્લાહ આ અગાઉ અનેક પ્રસંગોએ તમારી મદદ કરી ચૂક્યો છે. હમણાં જ હુનૈનના યુદ્ધના દિવસે (તેની મદદની શાન તમે નિહાળી ચૂક્યા છો), તે દિવસે તમને તમારા અધિક સંખ્યા-બળનું ઘમંડ હતું. પરંતુ તે તમારા કોઈ કામ ન આવ્યું અને ધરતી પોતાની વિશાળતા છતાં તમારા માટે તંગ થઈ ગઈ અને તમે પીઠ ફેરવી નાસી છૂટ્યા.

૨૬. પછી અલ્લાહે પોતાની સકીનત (પ્રશાંતિ) પોતાના રસૂલ અને ઈમાનવાળાઓ ઉપર ઉતારી અને તે સેનાઓ ઉતારી જે તમને દેખાતી ન હતી અને સત્યનો ઇન્કાર કરનારાઓને સજા આપી કે આ જ બદલો છે તે લોકો માટે જેઓ સત્યનો ઇન્કાર કરે.

૨૭. પછી (તમે એ પણ જોઈ ચૂક્યા છો કે) આવી રીતે સજા આપ્યા પછી અલ્લાહ જેને ચાહે છે તૌબાની પ્રેરણા પણ પ્રદાન કરે છે, અલ્લાહ ક્ષમા આપનાર અને દયાળુ છે.

اٰمَنُوْٓا اِنَّمَا الْمُشْرِكُوْنَ نَجَسٌ فَلَا يَقْرَبُوا الْمَسْجِدَ
الْحَرَامَ بَعْدَ عَامِهِمْ هٰذَا ۚ وَاِنْ خِفْتُمْ عَيْلَةً
فَسَوْفَ يُغْنِيْكُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖٓ اِنْ شَآءَ ؕ اِنَّ
اللّٰهَ عَلِيْمٌ حَكِيْمٌ ﴿٢٨﴾ قَاتِلُوا الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ
بِاللّٰهِ وَلَا بِالْيَوْمِ الْاٰخِرِ وَلَا يُحَرِّمُوْنَ مَا حَرَّمَ
اللّٰهُ وَرَسُوْلُهٗ وَلَا يَدِيْنُوْنَ دِيْنَ الْحَقِّ مِنَ الَّذِيْنَ
اُوْتُوا الْكِتٰبَ حَتّٰى يُعْطُوا الْجِزْيَةَ عَنْ يَّدٍ وَّهُمْ
صٰغِرُوْنَ ﴿٢٩﴾ ع وَقَالَتِ الْيَهُوْدُ عُزَيْرُ ۨ ابْنُ اللّٰهِ ع ٥
وَقَالَتِ النَّصٰرَى الْمَسِيْحُ ابْنُ اللّٰهِ ؕ ذٰلِكَ قَوْلُهُمْ
بِاَفْوَاهِهِمْ ۚ يُضَاهِـُٔوْنَ قَوْلَ الَّذِيْنَ كَفَرُوْا مِنْ
قَبْلُ ؕ قٰتَلَهُمُ اللّٰهُ ۚ ز اَنّٰى يُؤْفَكُوْنَ ﴿٣٠﴾ اِتَّخَذُوْٓا
اَحْبَارَهُمْ وَرُهْبَانَهُمْ اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ
وَالْمَسِيْحَ ابْنَ مَرْيَمَ ۚ وَمَآ اُمِرُوْٓا اِلَّا لِيَعْبُدُوْٓا
اِلٰهًا وَّاحِدًا ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ ؕ سُبْحٰنَهٗ عَمَّا يُشْرِكُوْنَ ﴿٣١﴾
يُرِيْدُوْنَ اَنْ يُّطْفِـُٔوْا نُوْرَ اللّٰهِ بِاَفْوَاهِهِمْ وَيَاْبَى
اللّٰهُ اِلَّآ اَنْ يُّتِمَّ نُوْرَهٗ وَلَوْ كَرِهَ الْكٰفِرُوْنَ ﴿٣٢﴾ هُوَ
الَّذِيْٓ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ
لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ كُلِّهٖ ۙ وَلَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ ﴿٣٣﴾ النّصف
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّ كَثِيْرًا مِّنَ الْاَحْبَارِ وَ منزل ٢

૨૮. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! મુશ્રિકો અશુદ્ધ છે, તેથી આ વર્ષ પછી આ લોકો મસ્જિદે હરામના નજીક ફરકવા ન પામે, અને જો તમને ગરીબીનો ભય છે તો અસંભવ નથી કે અલ્લાહ ચાહે તો તમને પોતાની કૃપાથી ધનવાન કરી દે. અલ્લાહ સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે.

૨૯. યુદ્ધ કરો ગ્રંથવાળાઓ પૈકી તે લોકો વિરુધ્ધ જેઓ અલ્લાહ અને આખિરતના દિવસ પર ઈમાન નથી લાવતા અને જે કંઈ અલ્લાહ અને તેના રસૂલે હરામ (અવૈધ) ઠેરવ્યું છે તેને હરામ નથી કરતા અને સત્ય દીન (ધર્મ)ને પોતાનો દીન નથી બનાવતા. (તેમનાથી લડો) ત્યાં સુધી કે તેઓ પોતાના હાથે જિઝયો (રક્ષા-કર) આપે અને આધીન બની રહે. (રુકૂઅ-૪)

૩૦. યહૂદીઓ કહે છે કે ઉઝૈર અલ્લાહનો પુત્ર છે અને ખ્રિસ્તીઓ કહે છે કે મસીહ અલ્લાહનો પુત્ર છે. આ તથ્યહીન વાતો છે જે તેઓ પોતાના મોઢેથી બોલે છે, તે લોકોના દેખાદેખી જેઓ તેમના પહેલાં કુફ્ર (અધર્મ)માં પડેલા હતા. ખુદાની ફિટકાર તેમના ઉપર, આ લોકો ક્યાંથી ધોખો ખાઈ રહ્યા છે ?

૩૧. તેમણે પોતાના વિદ્વાનો અને સંતોને અલ્લાહ સિવાય પોતાના રબ (પ્રભુ) બનાવી લીધા છે અને આ જ રીતે મરયમના બેટા મસીહને પણ,જો કે તેમને એક ઉપાસ્ય સિવાય કોઈની બંદગી કરવાનો હુકમ આપવામાં આવ્યો નહોતો, તે કે જેના સિવાય કોઈ ઉપાસનાનો અધિકારી નથી, પવિત્ર છે તે એ શિર્કયુક્ત વાતોથી જે આ લોકો કરે છે.

૩૨. આ લોકો ઇચ્છે છે કે અલ્લાહના પ્રકાશને પોતાની ફૂંકો વડે ઓલવી નાખે. પરંતુ અલ્લાહ પોતાના પ્રકાશને પરિપૂર્ણ કર્યા વિના રહેવાનો નથી, ચાહે તે કાફિરો (ઇન્કાર કરનારાઓ)ને ગમે તેટલું અપ્રિય હોય.

૩૩. તે અલ્લાહ જ છે જેણે પોતાના રસૂલને માર્ગદર્શન અને સત્ય દીન (ધર્મ) સાથે મોકલ્યો છે, જેથી તેને તમામ દીન (જીવન-પદ્ધતિઓ) પર પ્રભુત્વ આપી દે ચાહે મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)ને તે ગમે તેટલું અપ્રિય હોય.

الرُّهْبَانِ لَيَاْكُلُوْنَ اَمْوَالَ النَّاسِ بِالْبَاطِلِ وَ
يَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ وَالَّذِيْنَ يَكْنِزُوْنَ
الذَّهَبَ وَالْفِضَّةَ وَلَا يُنْفِقُوْنَهَا فِيْ سَبِيْلِ اللّٰهِ ۙ
فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ۙ﴿۳۴﴾ يَّوْمَ يُحْمٰى عَلَيْهَا
فِيْ نَارِ جَهَنَّمَ فَتُكْوٰى بِهَا جِبَاهُهُمْ وَ جُنُوْبُهُمْ
وَظُهُوْرُهُمْ ؕ هٰذَا مَا كَنَزْتُمْ لِاَنْفُسِكُمْ فَذُوْقُوْا
مَا كُنْتُمْ تَكْنِزُوْنَ ﴿۳۵﴾ اِنَّ عِدَّةَ الشُّهُوْرِ عِنْدَ
اللّٰهِ اثْنَا عَشَرَ شَهْرًا فِيْ كِتٰبِ اللّٰهِ يَوْمَ خَلَقَ
السَّمٰوٰتِ وَ الْاَرْضَ مِنْهَا اَرْبَعَةٌ حُرُمٌ ؕ ذٰلِكَ
الدِّيْنُ الْقَيِّمُ ۙ۬ فَلَا تَظْلِمُوْا فِيْهِنَّ اَنْفُسَكُمْ
وَقَاتِلُوا الْمُشْرِكِيْنَ كَآفَّةً كَمَا يُقَاتِلُوْنَكُمْ
كَآفَّةً ؕ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ مَعَ الْمُتَّقِيْنَ ﴿۳۶﴾ اِنَّمَا
النَّسِيْٓءُ زِيَادَةٌ فِي الْكُفْرِ يُضَلُّ بِهِ الَّذِيْنَ كَفَرُوْا
يُحِلُّوْنَهٗ عَامًا وَّيُحَرِّمُوْنَهٗ عَامًا لِّيُوَاطِـُٔوْا عِدَّةَ مَا
حَرَّمَ اللّٰهُ فَيُحِلُّوْا مَا حَرَّمَ اللّٰهُ ؕ زُيِّنَ لَهُمْ سُوْٓءُ
ع ٨ اَعْمَالِهِمْ ؕ وَ اللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿۳۷﴾ ع
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا مَا لَكُمْ اِذَا قِيْلَ لَكُمُ
انْفِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اثَّاقَلْتُمْ اِلَى الْاَرْضِ ؕ
منزل ٢ اَرَضِيْتُمْ بِالْحَيٰوةِ الدُّنْيَا مِنَ الْاٰخِرَةِ ۚ فَمَا مَتَاعُ

૩૪. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આ ગ્રંથવાળાઓના અધિકતર વિદ્વાનો અને સંતોની હાલત એ છે કે તેઓ લોકોનું ધન ખોટી રીતે ખાય છે અને તેમને અલ્લાહના માર્ગથી રોકે છે. પીડાકારી સજાની ખુશખબર આપો તેમને જેઓ સોનું અને ચાંદી એકઠા કરીને રાખે છે અને તેને ખુદાના માર્ગમાં ખર્ચ કરતા નથી.

૩૫. એક દિવસ આવશે કે જ્યારે આ જ સોના-ચાંદી વડે જહન્નમની આગ સળગાવવામાં આવશે અને પછી તેનાથી જ આ લોકોના કપાળો અને પડખાઓ અને પીઠો ડામવામાં આવશે – આ છે તે ખજાનો જે તમે પોતાના માટે એકઠો કર્યો હતો, લો હવે પોતાની એકઠી કરેલી દોલતનો સ્વાદ ચાખો !

૩૬. હકીકત એ છે કે મહિનાઓની સંખ્યા જ્યારથી અલ્લાહે આકાશ અને ધરતી પેદા કર્યા છે, ત્યારથી અલ્લાહના લેખમાં બાર જ છે અને તેમાંથી ચાર મહિના હરામ (પ્રતિષ્ઠિત) છે, આ જ યોગ્ય નિયમ છે. તેથી આ ચાર મહિનાઓમાં પોતાના ઉપર અત્યાચાર ન કરો, અને મુશ્રિકોથી સૌ ભેગા મળીને લડો જેવી રીતે તેઓ સહુ ભેગા મળીને તમારાથી લડે છે, અને જાણી લો કે અલ્લાહ (તેનાથી) ડરવાવાળા લોકોના જ સાથે છે.

૩૭. નસી (હરામ મહિનાઓનો ક્રમફેર) તો કુફ્ર (અધર્મ)માં એક વધારાનું કુફ્રયુક્ત કૃત્ય છે જેના વડે આ કાફિર લોકોને ગુમરાહીમાં નાખવામાં આવે છે. કોઈ વર્ષે એક મહિનાને હલાલ (વૈધ) કરી લે છે અને કોઈ વર્ષે તેને હરામ (અવૈધ) કરી દે છે, જેથી અલ્લાહના હરામ ઠેરવેલા મહિનાઓની સંખ્યા પૂરી પણ કરી દે અને અલ્લાહના હરામ ઠેરવેલાને હલાલ પણ કરી લે. તેમનાં દુષ્કર્મો તેમના માટે સુંદર બનાવી દેવામાં આવ્યા છે અને અલ્લાહ સત્યનો ઇન્કાર કરનારાઓને માર્ગદર્શન આપતો નથી. (રુકૂઅ-૫)

૩૮. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તમને શું થઈ ગયું કે જ્યારે તમને અલ્લાહના માર્ગમાં નીકળવા માટે કહેવામાં આવ્યું તો તમે જમીન સાથે ચોંટીને રહી ગયા ? શું તમે આખિરત (પરલોક)ની સરખામણીમાં દુનિયા (આલોક)નું જીવન પસંદ કરી લીધું ? જો આવું છે તો તમે જાણી

الْحَيٰوةِ الدُّنْيَا فِي الْاٰخِرَةِ اِلَّا قَلِيْلٌ ﴿٣٨﴾ اِلَّا تَنْفِرُوْا
يُعَذِّبْكُمْ عَذَابًا اَلِيْمًا ۙ وَّيَسْتَبْدِلْ قَوْمًا غَيْرَكُمْ
وَلَا تَضُرُّوْهُ شَيْـًٔا ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٣٩﴾
اِلَّا تَنْصُرُوْهُ فَقَدْ نَصَرَهُ اللّٰهُ اِذْ اَخْرَجَهُ الَّذِيْنَ
كَفَرُوْا ثَانِيَ اثْنَيْنِ اِذْ هُمَا فِي الْغَارِ اِذْ يَقُوْلُ
لِصَاحِبِهٖ لَا تَحْزَنْ اِنَّ اللّٰهَ مَعَنَا ۚ فَاَنْزَلَ اللّٰهُ
سَكِيْنَتَهٗ عَلَيْهِ وَاَيَّدَهٗ بِجُنُوْدٍ لَّمْ تَرَوْهَا وَ
جَعَلَ كَلِمَةَ الَّذِيْنَ كَفَرُوا السُّفْلٰى ؕ وَكَلِمَةُ
اللّٰهِ هِيَ الْعُلْيَا ؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٤٠﴾ اِنْفِرُوْا
خِفَافًا وَّثِقَالًا وَّجَاهِدُوْا بِاَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ
فِيْ سَبِيْلِ اللّٰهِ ؕ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ
تَعْلَمُوْنَ ﴿٤١﴾ لَوْ كَانَ عَرَضًا قَرِيْبًا وَّسَفَرًا قَاصِدًا
لَّاتَّبَعُوْكَ وَلٰكِنْ بَعُدَتْ عَلَيْهِمُ الشُّقَّةُ ؕ
وَسَيَحْلِفُوْنَ بِاللّٰهِ لَوِ اسْتَطَعْنَا لَخَرَجْنَا مَعَكُمْ ۚ
يُهْلِكُوْنَ اَنْفُسَهُمْ ۚ وَاللّٰهُ يَعْلَمُ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿٤٢﴾ ع ٥ ١٢
عَفَا اللّٰهُ عَنْكَ ۚ لِمَ اَذِنْتَ لَهُمْ حَتّٰى يَتَبَيَّنَ
لَكَ الَّذِيْنَ صَدَقُوْا وَتَعْلَمَ الْكٰذِبِيْنَ ﴿٤٣﴾ لَا
يَسْتَاْذِنُكَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ
اَنْ يُّجَاهِدُوْا بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ ۢ منزل ٢

લો કે દુનિયાના જીવનનો આ સમગ્ર સામાન આખિરતમાં બહુ થોડો નીવડશે.

૩૯. તમે નહીં ઉઠો તો અલ્લાહ તમને પીડાકારી સજા આપશે, અને તમારી જગ્યાએ કોઈ બીજું જૂથ ઉઠાવશે, અને તમે અલ્લાહનું કંઈ પણ બગાડી નહીં શકો, તે દરેક વસ્તુનું સામર્થ્ય ધરાવે છે.

૪૦. તમે જો નબી (પયગંબર)ની મદદ ન કરી તો કોઈ પરવા નથી, અલ્લાહ તેની મદદ તે વખતે કરી ચૂક્યો છે જ્યારે કાફિરોએ તેને કાઢી મૂક્યો હતો, જ્યારે તે માત્ર બેમાંનો બીજો હતો, જ્યારે તેઓ બંને ગુફામાં હતા, જ્યારે તે પોતાના સાથીને કહી રહ્યો હતો, ''દુઃખી ન થા, અલ્લાહ આપણા સાથે છે.'' તે વખતે અલ્લાહે તેના ઉપર પોતાના તરફથી હૃદયની શાંતિ ઉતારી અને તેની મદદ એવી સેનાઓ વડે કરી જે તમને દેખાતી ન હતી અને કાફિરો (શત્રુઓ)નો બોલ નીચો કરી દીધો, અને અલ્લાહનો બોલ તો ઊંચો જ છે, અલ્લાહ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૪૧. નીકળો, ચાહે હળવા હોવ કે ભારે, અને જિહાદ (સંઘર્ષ) કરો અલ્લાહના માર્ગમાં પોતાના ધન-દોલત અને પોતાના પ્રાણો વડે, આ તમારા માટે વધુ સારું છે જો તમે જાણો.

૪૨. હે નબી ! જો લાભ સરળતાપૂર્વક પ્રાપ્ત થઈ શકતો હોત અને મુસાફરી આસાન હોત તો તેઓ જરૂર તમારા પાછળ ચાલવા માટે તૈયાર થઈ જતા, પરંતુ તેમને તો આ રસ્તો ઘણો મુશ્કેલીભર્યો લાગ્યો. હવે તેઓ ખુદાના સોગંદ ખાઈ-ખાઈને કહેશે કે જો અમે આવી શકતા હોત તો ચોક્કસ તમારા સાથે આવતા. તેઓ સ્વયં પોતાને નુકસાનમાં નાખી રહ્યા છે. અલ્લાહ સારી રીતે જાણે છે કે તેઓ જૂઠા છે. (રુકૂઅ-૬)

૪૩. હે નબી ! અલ્લાહ તમને માફ કરે, તમે શા માટે તેમને પરવાનગી આપી દીધી ? (તમારે એવું કરવું જોઈતું હતું કે તમે પોતે તેમને પરવાનગી ન આપતા) જેથી તમારા ઉપર એ સ્પષ્ટ થઈ જતું કે કયા લોકો સાચા છે અને જૂઠાઓને પણ તમે જાણી લેતા.

૪૪. જે લોકો અલ્લાહ અને આખિરતના દિવસ પર ઈમાન ધરાવે છે તેઓ તો કદાપિ તમને એ વિનંતી નહીં કરે કે તેમને પોતાના પ્રાણ અને ધન-દોલત સાથે જિહાદ કરવામાંથી મુક્તિ આપવામાં આવે. અલ્લાહ સંયમી લોકોને બરાબર જાણે છે.

بِالْمُتَّقِيْنَ ﴿٤٤﴾ اِنَّمَا يَسْتَاْذِنُكَ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ
بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَارْتَابَتْ قُلُوْبُهُمْ فَهُمْ
فِيْ رَيْبِهِمْ يَتَرَدَّدُوْنَ ﴿٤٥﴾ وَلَوْ اَرَادُوا الْخُرُوْجَ
لَاَعَدُّوْا لَهٗ عُدَّةً وَّلٰكِنْ كَرِهَ اللّٰهُ انْۢبِعَاثَهُمْ
فَثَبَّطَهُمْ وَقِيْلَ اقْعُدُوْا مَعَ الْقٰعِدِيْنَ ﴿٤٦﴾ لَوْ
خَرَجُوْا فِيْكُمْ مَّا زَادُوْكُمْ اِلَّا خَبَالًا وَّلَاۡاَوْضَعُوْا
خِلٰلَكُمْ يَبْغُوْنَكُمُ الْفِتْنَةَ ۚ وَفِيْكُمْ سَمّٰعُوْنَ
لَهُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ ﴿٤٧﴾ لَقَدِ ابْتَغَوُا
الْفِتْنَةَ مِنْ قَبْلُ وَقَلَّبُوْا لَكَ الْاُمُوْرَ حَتّٰى جَآءَ
الْحَقُّ وَظَهَرَ اَمْرُ اللّٰهِ وَهُمْ كٰرِهُوْنَ ﴿٤٨﴾ وَمِنْهُمْ
مَّنْ يَّقُوْلُ ائْذَنْ لِّيْ وَلَا تَفْتِنِّيْ ؕ اَلَا فِي الْفِتْنَةِ
سَقَطُوْا ؕ وَاِنَّ جَهَنَّمَ لَمُحِيْطَةٌۢ بِالْكٰفِرِيْنَ ﴿٤٩﴾ اِنْ
تُصِبْكَ حَسَنَةٌ تَسُؤْهُمْ ۚ وَاِنْ تُصِبْكَ مُصِيْبَةٌ
يَّقُوْلُوْا قَدْ اَخَذْنَآ اَمْرَنَا مِنْ قَبْلُ وَيَتَوَلَّوْا
وَّهُمْ فَرِحُوْنَ ﴿٥٠﴾ قُلْ لَّنْ يُّصِيْبَنَآ اِلَّا مَا كَتَبَ
اللّٰهُ لَنَا ۚ هُوَ مَوْلٰىنَا ۚ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ
الْمُؤْمِنُوْنَ ﴿٥١﴾ قُلْ هَلْ تَرَبَّصُوْنَ بِنَآ اِلَّآ اِحْدَى
الْحُسْنَيَيْنِ ؕ وَنَحْنُ نَتَرَبَّصُ بِكُمْ اَنْ يُّصِيْبَكُمُ اللّٰهُ
بِعَذَابٍ مِّنْ عِنْدِهٖۤ اَوْ بِاَيْدِيْنَا ۖ فَتَرَبَّصُوْٓا

૪૫. આવી વિનંતીઓ તો માત્ર એ જ લોકો કરે છે જેઓ અલ્લાહ અને આખિરતના દિવસ પર ઈમાન નથી ધરાવતા, જેમના હૃદયોમાં શંકા છે અને તેઓ પોતાની શંકામાં જ દુવિધાગ્રસ્ત થઈ રહ્યા છે.

૪૬. જો હકીકતમાં તેમનો ઇરાદો નીકળવાનો હોત તો તેઓ તેના માટે કંઈક તૈયારી કરતા, પરંતુ અલ્લાહને તેમનું ઉઠવું પસંદ જ ન હતું તેથી તેણે તેમને સુસ્ત કરી દીધા અને કહી દેવામાં આવ્યું કે બેસ્યા રહો બેસનારાઓની સાથે.

૪૭. જો તેઓ તમારા સાથે નીકળ્યા હોત તો તમારા અંદર ખરાબી સિવાય કોઈ વસ્તુનો વંધારો ન કરતા, તેઓ તમારા અંદર ફિત્નો (ઉપદ્રવ) પેદા કરવા માટે દોડધૂપ કરતા અને તમારા જૂથની હાલત એવી છે કે હજુ તેમનામાં એવા ઘણા લોકો મોજૂદ છે જેઓ તેમની વાતો કાન દઈને સાંભળે છે, અલ્લાહ આ અત્યાચારીઓને સારી રીતે જાણે છે.

૪૮. આનાથી પહેલાં પણ આ લોકોએ ફિત્નો પેદા કરવાના પ્રયત્નો કર્યા છે અને તમને નિષ્ફળ બનાવવા માટે તેઓ દરેક પ્રકારની યુક્તિઓ અજમાવી ચૂક્યા છે, ત્યાં સુધી કે તેમની મરજી વિરુધ્ધ સત્ય આવી ગયું અને અલ્લાહનું કામ થઈને રહ્યું.

૪૯. તેમના પૈકી કોઈ છે જે કહે છે કે, ''મને રજા આપો અને મને અજમાયશમાં ન નાખશો'' – સાંભળી લો, અજમાયશમાં તો આ લોકો પડેલા છે અને જહન્નમે આ કાફિરો (અધર્મીઓ)ને ઘેરી રાખ્યા છે.

૫૦. તમારું ભલું થાય છે તો તેમને દુઃખ થાય છે અને તમારા પર કોઈ મુસીબત આવે છે તો આ લોકો મોઢું ફેરવીને હરખાતા પાછા ફરે છે અને કહેતા જાય છે કે સારું થયું અમે અગાઉથી જ પોતાનો મામલો બરાબર કરી લીધો હતો.

૫૧. તેમને કહો, ''અમને કદાપિ કોઈ (બૂરાઈ કે ભલાઈ) નથી પહોંચતી પરંતુ તે જે અલ્લાહે અમારા માટે લખી દીધી છે. અલ્લાહ જ અમારો માલિક છે, અને ઈમાનવાળાઓએ તેના જ ઉપર ભરોસો કરવો જોઈએ.''

૫૨. તેમને કહો, ''તમે અમારા મામલામાં જે વસ્તુની પ્રતીક્ષા કરી રહ્યા છો તે તેના સિવાય અન્ય શું છે કે બે ભલાઈઓમાંથી એક ભલાઈ છે ? અને અમે તમારા મામલામાં જે વસ્તુની પ્રતીક્ષા કરી રહ્યા છીએ તે એ છે કે અલ્લાહ સ્વયં તમને સજા આપે છે અથવા અમારા હાથે

إِنَّا مَعَكُمْ مُّتَرَبِّصُوْنَ ﴿٥٢﴾ قُلْ اَنْفِقُوْا طَوْعًا اَوْ
كَرْهًا لَّنْ يُّتَقَبَّلَ مِنْكُمْ ؕ اِنَّكُمْ كُنْتُمْ قَوْمًا
فٰسِقِيْنَ ﴿٥٣﴾ وَمَا مَنَعَهُمْ اَنْ تُقْبَلَ مِنْهُمْ نَفَقٰتُهُمْ
اِلَّاۤ اَنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَبِرَسُوْلِهٖ وَلَا يَاْتُوْنَ
الصَّلٰوةَ اِلَّا وَهُمْ كُسَالٰى وَلَا يُنْفِقُوْنَ اِلَّا وَهُمْ
كٰرِهُوْنَ ﴿٥٤﴾ فَلَا تُعْجِبْكَ اَمْوَالُهُمْ وَلَاۤ اَوْلَادُهُمْ ؕ
اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُعَذِّبَهُمْ بِهَا فِى الْحَيٰوةِ الدُّنْيَا
وَتَزْهَقَ اَنْفُسُهُمْ وَهُمْ كٰفِرُوْنَ ﴿٥٥﴾ وَيَحْلِفُوْنَ
بِاللّٰهِ اِنَّهُمْ لَمِنْكُمْ ؕ وَمَا هُمْ مِّنْكُمْ وَلٰكِنَّهُمْ
قَوْمٌ يَّفْرَقُوْنَ ﴿٥٦﴾ لَوْ يَجِدُوْنَ مَلْجَاً اَوْ مَغٰرٰتٍ
اَوْ مُدَّخَلًا لَّوَلَّوْا اِلَيْهِ وَهُمْ يَجْمَحُوْنَ ﴿٥٧﴾ وَمِنْهُمْ
مَّنْ يَّلْمِزُكَ فِى الصَّدَقٰتِ ۚ فَاِنْ اُعْطُوْا مِنْهَا
رَضُوْا وَاِنْ لَّمْ يُعْطَوْا مِنْهَاۤ اِذَا هُمْ يَسْخَطُوْنَ ﴿٥٨﴾
وَلَوْ اَنَّهُمْ رَضُوْا مَاۤ اٰتٰهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ ۙ
وَقَالُوْا حَسْبُنَا اللّٰهُ سَيُؤْتِيْنَا اللّٰهُ مِنْ فَضْلِهٖ
ع ١٤/٧ وَرَسُوْلُهٗۤ ۙ اِنَّاۤ اِلَى اللّٰهِ رٰغِبُوْنَ ﴿٥٩﴾ اِنَّمَا
الصَّدَقٰتُ لِلْفُقَرَآءِ وَالْمَسٰكِيْنِ وَالْعٰمِلِيْنَ عَلَيْهَا
وَالْمُؤَلَّفَةِ قُلُوْبُهُمْ وَفِى الرِّقَابِ وَالْغٰرِمِيْنَ وَ
فِىْ سَبِيْلِ اللّٰهِ وَابْنِ السَّبِيْلِ ؕ فَرِيْضَةً مِّنَ

અપાવડાવે છે ? સારું, તો હવે તમે પણ પ્રતીક્ષા કરો અને અમે પણ તમારા સાથે પ્રતીક્ષા કરી રહ્યા છીએ.

૫૩. તેમને કહો, ''તમે પોતાનું ધન ચાહે રાજી-ખુશીથી ખર્ચ કરો અથવા અનિચ્છાએ, બંને સંજોગોમાં તે સ્વીકારવામાં નહીં આવે, કેમ કે તમે ફાસિક (અવજ્ઞાકારી) લોકો છો.

૫૪. તેમનો આપેલો માલ સ્વીકાર ન થવાનું કારણ એ સિવાય કંઈ નથી કે આ લોકોએ અલ્લાહ અને તેના રસૂલનો ઈન્કાર કર્યો છે, નમાઝ માટે આવે છે તો આળસ કરતા આવે છે અને અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તો અનિચ્છાએ ખર્ચ કરે છે.

૫૫. તેમના ધન-દોલત અને તેમના સંતાનોની અધિકતા જોઈને છેતરાશો નહીં, અલ્લાહ તો એ ચાહે છે કે આ જ વસ્તુઓ વડે એમને દુનિયાના જીવનમાં પણ યાતનામાં નાખે અને તેઓ પ્રાણ પણ આપે તો પણ સત્યના ઈન્કારની જ હાલતમાં આપે.

૫૬. તેઓ અલ્લાહના સોગંદ ખાઈ-ખાઈને કહે છે કે અમે તમારામાંથી જ છીએ, જો કે કદાપિ તેઓ તમારામાંથી નથી. હકીકતમાં તો તેઓ એવા લોકો છે જેઓ તમારાથી ભયભીત છે.

૫૭. જો તેઓ કોઈ આશ્રયસ્થાન મેળવી લે, કે કોઈ ગુફા કે સંતાવાની જગ્યા, તો ભાગીને તેમાં સંતાઇ જાય.

૫૮. હે નબી ! આમાંના કેટલાક લોકો સદકા (ઝકાત)ના માલની વહેંચણીમાં તમારા સામે વાંધા ઉઠાવે છે. જો આ માલમાંથી તેમને થોડું આપી દેવામાં આવે તો રાજી થઈ જાય, અને ન આપવામાં આવે તો રોષે ભરાય છે.

૫૯. કેવું સારું થતું કે અલ્લાહ અને રસૂલે જે કંઈ પણ તેમને આપ્યું હતું તેના પર તેઓ રાજી રહ્યા હોત અને કહ્યું હોત, ''અલ્લાહ અમારા માટે પૂરતો છે, તે પોતાની કૃપાથી અમને ઘણું આપશે અને તેનો રસૂલ પણ અમારા પર મહેરબાની ફરમાવશે. અમે અલ્લાહ તરફ જ મીટ માંડીને બેઠા છીએ.'' (રુકૂઅ-૭)

૬૦. આ સદકાનો માલ તો હકીકતમાં 'ફકીરો' (ગરીબો) અને 'મિસ્કીનો' (નિર્ધનો) માટે છે અને તે લોકો માટે જેઓ સદકા (દાન)ના કામ માટે નિયુક્ત છે, અને તેમના માટે જેમના હૃદય મોહી લેવાનો આશય હોય, ઉપરાંત આ ગરદનો છોડાવવા★ અને કરજદારોની સહાય કરવામાં અને અલ્લાહના માર્ગમાં★ અને મુસાફરની મહેમાનગતિમાં★ ઉપયોગ કરવા માટે છે. આ એક અનિવાર્ય કર્તવ્ય છે અલ્લાહ તરફથી,

★ ગરદાનો છોડાવવાનો અર્થ ગુલામોને મુક્ત કરવાનો છે. ★ 'અલ્લાહના માર્ગમાં'થી અભિપ્રેત⇨

اللّٰهِ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿۶۰﴾ وَمِنْهُمُ الَّذِيْنَ
يُؤْذُوْنَ النَّبِيَّ وَيَقُوْلُوْنَ هُوَ اُذُنٌ ؕ قُلْ اُذُنُ
خَيْرٍ لَّكُمْ يُؤْمِنُ بِاللّٰهِ وَيُؤْمِنُ لِلْمُؤْمِنِيْنَ
وَرَحْمَةٌ لِّلَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ ؕ وَالَّذِيْنَ
يُؤْذُوْنَ رَسُوْلَ اللّٰهِ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۶۱﴾
يَحْلِفُوْنَ بِاللّٰهِ لَكُمْ لِيُرْضُوْكُمْ ج وَاللّٰهُ وَرَسُوْلُهٗۤ
اَحَقُّ اَنْ يُّرْضُوْهُ اِنْ كَانُوْا مُؤْمِنِيْنَ ﴿۶۲﴾ اَلَمْ
يَعْلَمُوْۤا اَنَّهٗ مَنْ يُّحَادِدِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَاَنَّ
لَهٗ نَارَ جَهَنَّمَ خَالِدًا فِيْهَا ؕ ذٰلِكَ الْخِزْيُ
الْعَظِيْمُ ﴿۶۳﴾ يَحْذَرُ الْمُنٰفِقُوْنَ اَنْ تُنَزَّلَ عَلَيْهِمْ
سُوْرَةٌ تُنَبِّئُهُمْ بِمَا فِيْ قُلُوْبِهِمْ ؕ قُلِ اسْتَهْزِءُوْا ج
اِنَّ اللّٰهَ مُخْرِجٌ مَّا تَحْذَرُوْنَ ﴿۶۴﴾ وَلَئِنْ سَاَلْتَهُمْ
لَيَقُوْلُنَّ اِنَّمَا كُنَّا نَخُوْضُ وَنَلْعَبُ ؕ قُلْ اَبِاللّٰهِ
وَاٰيٰتِهٖ وَرَسُوْلِهٖ كُنْتُمْ تَسْتَهْزِءُوْنَ ﴿۶۵﴾ لَا
تَعْتَذِرُوْا قَدْ كَفَرْتُمْ بَعْدَ اِيْمَانِكُمْ ؕ اِنْ نَّعْفُ
عَنْ طَآئِفَةٍ مِّنْكُمْ نُعَذِّبْ طَآئِفَةًۢ بِاَنَّهُمْ
كَانُوْا مُجْرِمِيْنَ ﴿۶۶﴾ ع اَلْمُنٰفِقُوْنَ وَالْمُنٰفِقٰتُ بَعْضُهُمْ
مِّنْۢ بَعْضٍ م يَاْمُرُوْنَ بِالْمُنْكَرِ وَيَنْهَوْنَ
عَنِ الْمَعْرُوْفِ وَيَقْبِضُوْنَ اَيْدِيَهُمْ ؕ نَسُوا اللّٰهَ

الثلثة

ع ٨ وقف لازم منزل ٢

અને અલ્લાહ સર્વજ્ઞ, તત્ત્વદર્શી અને જોનાર છે.

૬૧. આમાંથી કેટલાક લોકો એવા છે જેઓ પોતાની વાતોથી પયગંબરને દુઃખ આપે છે અને કહે છે કે આ વ્યક્તિ કાચા કાનની છે. કહો, ''તે તમારી ભલાઈ માટે આવું કરે છે, અલ્લાહ પર ઈમાન રાખે છે અને ઈમાનવાળાઓ પર ભરોસો કરે છે અને સંપૂર્ણપણે રહમત (દયાળુ) છે તે લોકો માટે જેઓ તમારા પૈકી ઈમાનવાળા છે, અને જે લોકો અલ્લાહના રસૂલને દુઃખ આપે છે તેમના માટે પીડાકારી સજા છે.''

૬૨. આ લોકો તમારા સામે સોગંદો ખાય છે જેથી તમને ખુશ કરે, જો કે તેઓ ઈમાનવાળા હોય તો અલ્લાહ અને રસૂલ આના વધુ હક્કદાર છે કે તેઓ તેમને ખુશ કરવાની ચિંતા કરે.

૬૩. શું તેમને ખબર નથી કે જે અલ્લાહ અને તેના રસૂલનો મુકાબલો કરે છે, તેના માટે દોજખની આગ છે જેમાં તે હંમેશાં રહેશે ? આ ભારે નામોશી છે.

૬૪. આ મુનાફિકો (દંભીઓ) ડરી રહ્યા છે કે ક્યાંક મુસલમાનો ઉપર એવી સૂરઃ ન ઊતરી આવે, જે તેમના હૃદયોના ભેદ ખોલીને મૂકી દે. હે નબી ! એમને કહો, ''હજુ મજાક ઉડાવો ! અલ્લાહ તે વસ્તુને ખોલી દેવાનો છે જેના પ્રગટ થઈ જવાથી તમે ડરો છો.''

૬૫. જો તેમને પૂછો કે તમે શું વાતો કરી રહ્યા હતા, તો તરત જ કહેશે કે અમે તો મજાક-મશ્કરી અને ઠઠ્ઠો કરી રહ્યા હતા. એમને કહો, ''શું તમારી મજાક-મશ્કરી અને ઠઠ્ઠો અલ્લાહ અને તેની આયતો અને તેના રસૂલ સાથે જ હતી ?

૬૬. હવે બહાના ન બનાવો. તમે ઈમાન લાવ્યા પછી કુફ્ર કર્યું છે. જો અમે તમારામાંથી એક જૂથને માફ કરી પણ દીધું તો બીજા જૂથને તો અમે ચોક્કસ સજા આપીશું, કારણ કે તે ગુનેગાર છે. (રુકૂઅ-૮)

૬૭. દંભી (મુનાફિકો) પુરુષો અને દંભી સ્ત્રીઓ સૌ સમાન આચાર-વિચારવાળાં છે, બૂરાઈની આજ્ઞા આપે છે અને ભલાઈથી મનાઈ કરે છે અને પોતાના હાથ ભલાઈના કામોથી રોકી રાખે છે. આ લોકો

તમામ તે ભલાઈઓના કામો જેમાં અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો આશય હોય. ★ મુસાફર ચાહે પોતાના વતન અને ઘરમાં ધનવાન હોય પણ જો તેને સફરમાં સહાયતાની આવશ્યકતા હોય તો તેને ઝકાત ભંડોળમાંથી સહાય કરવામાં આવશે.

فَنَسِيَهُمْ ؕ اِنَّ الْمُنٰفِقِيْنَ هُمُ الْفٰسِقُوْنَ ﴿۶۷﴾ وَعَدَ
اللّٰهُ الْمُنٰفِقِيْنَ وَ الْمُنٰفِقٰتِ وَ الْكُفَّارَ نَارَ
جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَا ؕ هِيَ حَسْبُهُمْ ۚ وَ لَعَنَهُمُ
اللّٰهُ ۚ وَلَهُمْ عَذَابٌ مُّقِيْمٌ ﴿۶۸﴾ ۙ كَالَّذِيْنَ مِنْ
قَبْلِكُمْ كَانُوْٓا اَشَدَّ مِنْكُمْ قُوَّةً وَّاَكْثَرَ اَمْوَالًا وَّ
اَوْلَادًا ؕ فَاسْتَمْتَعُوْا بِخَلَاقِهِمْ فَاسْتَمْتَعْتُمْ بِخَلَاقِكُمْ
كَمَا اسْتَمْتَعَ الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ بِخَلَاقِهِمْ
وَخُضْتُمْ كَالَّذِيْ خَاضُوْا ؕ اُولٰٓئِكَ حَبِطَتْ
اَعْمَالُهُمْ فِي الدُّنْيَا وَ الْاٰخِرَةِ ۚ وَ اُولٰٓئِكَ هُمُ
الْخٰسِرُوْنَ ﴿۶۹﴾ اَلَمْ يَاْتِهِمْ نَبَاُ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ
قَوْمِ نُوْحٍ وَّعَادٍ وَّثَمُوْدَ ۙ۬ وَ قَوْمِ اِبْرٰهِيْمَ
وَاَصْحٰبِ مَدْيَنَ وَالْمُؤْتَفِكٰتِ ؕ اَتَتْهُمْ رُسُلُهُمْ
بِالْبَيِّنٰتِ ۚ فَمَا كَانَ اللّٰهُ لِيَظْلِمَهُمْ وَلٰكِنْ كَانُوْٓا
اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿۷۰﴾ وَالْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنٰتُ
وقف لازم بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ۘ يَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ
وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَيُقِيْمُوْنَ الصَّلٰوةَ وَ
يُؤْتُوْنَ الزَّكٰوةَ وَ يُطِيْعُوْنَ اللّٰهَ وَ رَسُوْلَهٗ ؕ
اُولٰٓئِكَ سَيَرْحَمُهُمُ اللّٰهُ ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ
منزل۲ حَكِيْمٌ ﴿۷۱﴾ وَعَدَ اللّٰهُ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ جَنّٰتٍ

અલ્લાહને ભૂલી ગયા તો અલ્લાહે પણ તેમને ભુલાવી દીધા. નિશ્ચિત રૂપે આ દંભીઓ જ અવજ્ઞાકારી છે.

૬૮. આ દંભી પુરુષો અને સ્ત્રીઓ અને કાફિરો (ઇન્કાર કરનારાઓ) માટે અલ્લાહે દોજખ (નર્ક)ની આગનો વાયદો કર્યો છે જેમાં તેઓ હંમેશાં રહેશે, તે જ તેમના માટે યોગ્ય છે. તેમના પર અલ્લાહની ફિટકાર છે અને તેમના માટે કાયમી સજા છે. –

૬૯. તમારા રંગ-ઢંગ પણ એ જ છે જેવાં તમારા પુરોગામીઓના હતા. તેઓ તમારા કરતાં વધુ બળવાન અને તમારાથી વધુ ધન અને સંતાનોવાળા હતા. પછી તેમણે દુનિયામાં પોતાના ભાગની મજા લૂંટી લીધી અને તમે પણ પોતાના હિસ્સાની મજા એવી જ રીતે લૂંટી લીધી જેવી રીતે તેમણે લૂંટી હતી, અને એવા જ વાદ-વિવાદોમાં તમે પણ પડ્યા જેવા વાદ-વિવાદોમાં તેઓ પડ્યા હતા, તો તેનું પરિણામ એ આવ્યું કે દુનિયા અને આખિરતમાં તેમનું બધું કર્યું-કરાવ્યું વ્યર્થ થઈ ગયું અને તેઓ જ નુકસાનમાં છે.

૭૦. શું આ લોકો સુધી પોતાના પુરોગામીઓનો ઇતિહાસ નથી પહોંચ્યો ? નૂહની કોમ, આદ, સમૂદ, ઇબ્રાહીમની કોમ, મદયનના લોકો અને તે વસ્તીઓ જેમને ઊલટાવી દેવામાં આવી, તેમના રસૂલો તેમના પાસે સાફ-સાફ નિશાનીઓ લઈને આવ્યા, પછી અલ્લાહનું કામ એ ન હતું કે તેમના ઉપર અત્યાચાર કરતો, પરંતુ તેઓ પોતે જ પોતાના ઉપર અત્યાચાર કરનારા હતા.

૭૧. મોમિન (ઈમાનવાળા) પુરુષો અને મોમિન (ઈમાનવાળી) સ્ત્રીઓ સૌ એક-બીજાના મિત્રો છે. ભલાઈની આજ્ઞા આપે છે અને બૂરાઈથી રોકે છે, નમાઝ કાયમ કરે છે, ઝકાત આપે છે અને અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરે છે. આ તે લોકો છે જેમના ઉપર અલ્લાહની રહમત (કૃપા) જરૂર ઊતરીને રહેશે, નિઃશંક અલ્લાહ સૌના ઉપર વર્ચસ્વ ધરાવનાર અને તત્ત્વદર્શી છે.

૭૨. આ મોમિન પુરુષો અને સ્ત્રીઓ સાથે અલ્લાહનો વાયદો છે કે તેમને

تَجۡرِیۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ خٰلِدِیۡنَ فِیۡهَا
وَمَسٰکِنَ طَیِّبَةً فِیۡ جَنّٰتِ عَدۡنٍ ؕ وَرِضۡوَانٌ
مِّنَ اللّٰهِ اَکۡبَرُ ؕ ذٰلِكَ هُوَ الۡفَوۡزُ الۡعَظِیۡمُ ﴿۷۲﴾ ع ۱۵
یٰۤاَیُّهَا النَّبِیُّ جَاهِدِ الۡکُفَّارَ وَالۡمُنٰفِقِیۡنَ
وَاغۡلُظۡ عَلَیۡهِمۡ ؕ وَمَاۡوٰىهُمۡ جَهَنَّمُ ؕ وَبِئۡسَ
الۡمَصِیۡرُ ﴿۷۳﴾ یَحۡلِفُوۡنَ بِاللّٰهِ مَا قَالُوۡا ؕ وَلَقَدۡ
قَالُوۡا کَلِمَةَ الۡکُفۡرِ وَکَفَرُوۡا بَعۡدَ اِسۡلَامِهِمۡ وَ
هَمُّوۡا بِمَا لَمۡ یَنَالُوۡا ۚ وَمَا نَقَمُوۡۤا اِلَّاۤ اَنۡ اَغۡنٰىهُمُ
اللّٰهُ وَرَسُوۡلُهٗ مِنۡ فَضۡلِهٖ ۚ فَاِنۡ یَّتُوۡبُوۡا یَكُ
خَیۡرًا لَّهُمۡ ۚ وَاِنۡ یَّتَوَلَّوۡا یُعَذِّبۡهُمُ اللّٰهُ
عَذَابًا اَلِیۡمًا ۙ فِی الدُّنۡیَا وَالۡاٰخِرَةِ ۚ وَمَا لَهُمۡ
فِی الۡاَرۡضِ مِنۡ وَّلِیٍّ وَّلَا نَصِیۡرٍ ﴿۷۴﴾ وَمِنۡهُمۡ
مَّنۡ عٰهَدَ اللّٰهَ لَئِنۡ اٰتٰىنَا مِنۡ فَضۡلِهٖ
لَنَصَّدَّقَنَّ وَلَنَکُوۡنَنَّ مِنَ الصّٰلِحِیۡنَ ﴿۷۵﴾ فَلَمَّاۤ
اٰتٰىهُمۡ مِّنۡ فَضۡلِهٖ بَخِلُوۡا بِهٖ وَتَوَلَّوۡا وَّهُمۡ
مُّعۡرِضُوۡنَ ﴿۷۶﴾ فَاَعۡقَبَهُمۡ نِفَاقًا فِیۡ قُلُوۡبِهِمۡ
اِلٰی یَوۡمِ یَلۡقَوۡنَهٗ بِمَاۤ اَخۡلَفُوا اللّٰهَ مَا
وَعَدُوۡهُ وَبِمَا کَانُوۡا یَکۡذِبُوۡنَ ﴿۷۷﴾ اَلَمۡ یَعۡلَمُوۡۤا
اَنَّ اللّٰهَ یَعۡلَمُ سِرَّهُمۡ وَنَجۡوٰىهُمۡ وَاَنَّ اللّٰهَ منزل ۲

એવા બાગો આપશે જેમના નીચે નહેરો વહેતી હશે અને તેઓ તેમાં હંમેશાં રહેશે. આ સદાબહાર બાગોમાં તેમના માટે સ્વચ્છ રહેવાની જગ્યાઓ હશે, અને સૌથી વધીને એ કે અલ્લાહની પ્રસન્નતા તેમને પ્રાપ્ત હશે. આ જ મોટી સફળતા છે. (રુકૂઅ-૯)

૭૩. હે નબી ! કાફિરો (અધર્મીઓ) અને મુનાફિકો (દંભીઓ) બંનેનો પૂરેપૂરી તાકાતથી મુકાબલો કરો અને તેમના સાથે સખતાઈપૂર્વક વર્તો. છેવટે તેમનું ઠેકાણું જહન્નમ છે અને તે સૌથી ખરાબ ઠેકાણું છે.

૭૪. આ લોકો અલ્લાહના સોગંદ ખાઈ-ખાઈને કહે છે કે અમે તે વાત નથી કહી, જો કે તેમણે ચોક્કસ તે કુફ્ર (અધર્મ)ની વાત કહી છે. તેમણે ઈસ્લામનો સ્વીકાર કર્યા પછી કુફ્ર કર્યું અને તેમણે તે બધું કરવાનો ઈરાદો કર્યો જેને પૂરો ન કરી શક્યા. તેમનો આ બધો રોષ આ જ વાત માટે છે ને કે અલ્લાહ અને તેના રસૂલે પોતાની કૃપાથી તેમને ધનવાન બનાવી દીધા છે ! હવે જો તેઓ પોતાનું આ વર્તન બદલે તો તેમના જ માટે સારું છે, અને જો આમ કરતાં તેઓ ન અટકે તો અલ્લાહ તેમને અત્યંત પીડાકારી સજા આપશે. દુનિયા (આલોક)માં પણ અને આખિરત (પરલોક)માં પણ, અને ધરતી ઉપર કોઈ નથી જે તેમનો સમર્થક અને સહાયક હોય.

૭૫. તેમના પૈકી કેટલાક એવા પણ છે જેમણે અલ્લાહ સાથે કરાર કર્યો હતો કે જો તેણે પોતાની કૃપા વડે અમને નવાજ્યા તો અમે દાન કરીશું અને સદાચારી બનીને રહીશું.

૭૬. પરંતુ જ્યારે અલ્લાહે તેમને પોતાની કૃપાથી ધનવાન કરી દીધા તો તેઓ કંજૂસી કરવા લાગ્યા અને પોતાના કરારથી એવા ફર્યા કે તેમને આની પરવા સુધ્ધાં નથી.

૭૭. પરિણામ એ આવ્યું કે આ કરાર-ભંગના કારણે જે તેમણે અલ્લાહ સાથે કર્યો હતો, અને તે જૂઠના કારણે જે તેઓ બોલતા રહ્યા, અલ્લાહે તેમના હૃદયોમાં દંભ નાખી દીધો જે તેના સમક્ષ તેમની હાજરીના દિવસ સુધી તેમનો પીછો નહીં છોડે.

૭૮. શું આ લોકો જાણતા નથી કે અલ્લાહને તેમના છૂપા ભેદ અને તેમની છૂપી ગુસપુસ સુધ્ધાંની ખબર છે અને તે બધી અદૃશ્યની વાતોથી સંપૂર્ણપણે માહિતગાર છે ?

عَلَّامُ الْغُيُوْبِ ﴿٧٨﴾ اَلَّذِيْنَ يَلْمِزُوْنَ الْمُطَّوِّعِيْنَ
مِنَ الْمُؤْمِنِيْنَ فِي الصَّدَقٰتِ وَالَّذِيْنَ لَا يَجِدُوْنَ
اِلَّا جُهْدَهُمْ فَيَسْخَرُوْنَ مِنْهُمْ ؕ سَخِرَ اللّٰهُ
مِنْهُمْ ۫ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٧٩﴾ اِسْتَغْفِرْ لَهُمْ
اَوْ لَا تَسْتَغْفِرْ لَهُمْ ؕ اِنْ تَسْتَغْفِرْ لَهُمْ سَبْعِيْنَ
مَرَّةً فَلَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ كَفَرُوْا
بِاللّٰهِ وَرَسُوْلِهٖ ؕ وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ
ع ١٠ ٨ ١٦ الْفٰسِقِيْنَ ﴿٨٠﴾ فَرِحَ الْمُخَلَّفُوْنَ بِمَقْعَدِهِمْ خِلٰفَ
رَسُوْلِ اللّٰهِ وَكَرِهُوْٓا اَنْ يُّجَاهِدُوْا بِاَمْوَالِهِمْ
وَاَنْفُسِهِمْ فِيْ سَبِيْلِ اللّٰهِ وَقَالُوْا لَا تَنْفِرُوْا فِي
الْحَرِّ ؕ قُلْ نَارُ جَهَنَّمَ اَشَدُّ حَرًّا ؕ لَوْ كَانُوْا يَفْقَهُوْنَ ﴿٨١﴾
فَلْيَضْحَكُوْا قَلِيْلًا وَّلْيَبْكُوْا كَثِيْرًا ۚ جَزَآءًۢ بِمَا
كَانُوْا يَكْسِبُوْنَ ﴿٨٢﴾ فَاِنْ رَّجَعَكَ اللّٰهُ اِلٰى طَآئِفَةٍ
مِّنْهُمْ فَاسْتَاْذَنُوْكَ لِلْخُرُوْجِ فَقُلْ لَّنْ
تَخْرُجُوْا مَعِيَ اَبَدًا وَّلَنْ تُقَاتِلُوْا مَعِيَ عَدُوًّا ؕ
اِنَّكُمْ رَضِيْتُمْ بِالْقُعُوْدِ اَوَّلَ مَرَّةٍ فَاقْعُدُوْا مَعَ
الْخٰلِفِيْنَ ﴿٨٣﴾ وَلَا تُصَلِّ عَلٰٓى اَحَدٍ مِّنْهُمْ مَّاتَ
اَبَدًا وَّلَا تَقُمْ عَلٰى قَبْرِهٖ ؕ اِنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَ
منزل ٢ رَسُوْلِهٖ وَمَاتُوْا وَهُمْ فٰسِقُوْنَ ﴿٨٤﴾ وَلَا تُعْجِبْكَ

૭૯. (તે ખૂબ જાણે છે તે કંજૂસ ધનવાનોને) જેઓ રાજી-ખુશીથી ધન કુરબાન કરનારા ઈમાનવાળાઓને મહેણાં મારે છે અને તે લોકોની મજાક ઉડાવે છે જેમના પાસે (અલ્લાહના માર્ગમાં આપવા માટે) એ સિવાય કંઈ નથી જે તેઓ પોતાની જાત પર કષ્ટ ઉઠાવીને આપે છે. અલ્લાહ આ મજાક ઉડાવનારાઓની મજાક ઉડાવે છે અને તેમના માટે પીડાકારી સજા છે.

૮૦. હે નબી ! તમે ચાહે આવા લોકોની માફી માટે વિનંતી કરો કે ન કરો, જો તમે સિત્તેર વખત પણ તેમને માફ કરી દેવાની વિનંતી કરશો તો અલ્લાહ તેમને કદાપિ માફ નહીં કરે, કેમ કે તેમણે અલ્લાહ અને તેના રસૂલ સાથે કુફ્ર કર્યું છે અને અલ્લાહ અવજ્ઞાકારી લોકોને મુક્તિનો માર્ગ દેખાડતો નથી. (રુકૂઅ-૧૦)

૮૧. જે લોકોને પાછળ રહી જવાની પરવાનગી આપી દેવામાં આવી હતી તેઓ અલ્લાહના રસૂલનો સાથ નહીં આપવા અને ઘરમાં બેસી રહેવા માટે ખુશ થયા અને તેમને અલ્લાહના માર્ગમાં જાન અને માલથી જિહાદ કરવાનું ગમ્યું નહીં. તેમણે લોકોને કહ્યું, ''આવી સખત ગરમીમાં ન નીકળો.'' તેમને કહો કે જહન્નમ (નર્ક)ની આગ આનાથી પણ વધુ ગરમ છે, કદાચ તેમને આનું ભાન હોત.

૮૨. હવે તેમને હસવું ઓછું અને રડવું વધારે જોઈએ, કેમ કે જે બૂરાઈ તેઓ કમાતા આવ્યા છે તેનો બદલો આવો જ છે (કે તેમણે તેના ઉપર રડવું જોઈએ.)

૮૩. જો અલ્લાહ તમને તેમના વચ્ચે પાછા લઈ જાય અને હવે પછી તેમના પૈકી કોઈ જૂથ જિહાદ માટે નીકળવાની તમારા પાસે પરવાનગી માગે તો સ્પષ્ટ કહી દેજો, ''હવે તમે મારા સાથે કદાપિ આવી શકતા નથી અને ન મારા સાથે રહી કોઈ દુશ્મન સાથે લડી શકો છો, તમે પહેલાં બેસી રહેવાનું પસંદ કર્યું હતું, તો હવે ઘરે બેસનારાઓ સાથે જ બેસી રહો.''

૮૪. અને ભવિષ્યમાં તેમના પૈકી જે કોઈ મૃત્યુ પામે તેની જનાઝાની નમાઝ પણ તમે કદાપિ ન પઢતા અને ન ક્યારેય તેની કબર પાસે ઊભા રહેશો, કારણ કે તેમણે અલ્લાહ અને તેના રસૂલ સાથે કુફ્ર કર્યું છે અને તેઓ મૃત્યુ પામ્યા છે એવી હાલતમાં કે તેઓ અવજ્ઞાકારી હતા.

૮૫. તેમનું ધનિકપણું અને સંતાનોની અધિકતા તમને ધોખામાં ન નાખે.

اَمْوَالُهُمْ وَاَوْلَادُهُمْ ؕ اِنَّمَا يُرِيْدُ اللّٰهُ اَنْ يُّعَذِّبَهُمْ
بِهَا فِى الدُّنْيَا وَتَزْهَقَ اَنْفُسُهُمْ وَهُمْ كٰفِرُوْنَ ﴿۸۵﴾
وَاِذَاۤ اُنْزِلَتْ سُوْرَةٌ اَنْ اٰمِنُوْا بِاللّٰهِ وَجَاهِدُوْا مَعَ
رَسُوْلِهِ اسْتَاْذَنَكَ اُولُوا الطَّوْلِ مِنْهُمْ وَقَالُوْا
ذَرْنَا نَكُنْ مَّعَ الْقٰعِدِيْنَ ﴿۸۶﴾ رَضُوْا بِاَنْ يَّكُوْنُوْا مَعَ
الْخَوَالِفِ وَطُبِعَ عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا يَفْقَهُوْنَ ﴿۸۷﴾
لٰكِنِ الرَّسُوْلُ وَالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ جٰهَدُوْا
بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ ؕ وَاُولٰٓئِكَ لَهُمُ الْخَيْرٰتُ ز وَ
اُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿۸۸﴾ اَعَدَّ اللّٰهُ لَهُمْ جَنّٰتٍ
تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ
ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿۸۹﴾ ع وَجَآءَ الْمُعَذِّرُوْنَ مِنَ ع ۱۱
الْاَعْرَابِ لِيُؤْذَنَ لَهُمْ وَقَعَدَ الَّذِيْنَ كَذَبُوا
اللّٰهَ وَرَسُوْلَهٗ ؕ سَيُصِيْبُ الَّذِيْنَ كَفَرُوْا مِنْهُمْ
عَذَابٌ اَلِيْمٌ ﴿۹۰﴾ لَيْسَ عَلَى الضُّعَفَآءِ وَلَا عَلَى الْمَرْضٰى
وَلَا عَلَى الَّذِيْنَ لَا يَجِدُوْنَ مَا يُنْفِقُوْنَ حَرَجٌ اِذَا
نَصَحُوْا لِلّٰهِ وَرَسُوْلِهٖ ؕ مَا عَلَى الْمُحْسِنِيْنَ مِنْ
سَبِيْلٍ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۹۱﴾ وَّلَا عَلَى الَّذِيْنَ
اِذَا مَاۤ اَتَوْكَ لِتَحْمِلَهُمْ قُلْتَ لَاۤ اَجِدُ مَاۤ
اَحْمِلُكُمْ عَلَيْهِ ۪ تَوَلَّوْا وَّاَعْيُنُهُمْ تَفِيْضُ مِنَ

અલ્લાહે તો ઈરાદો કરી લીધો છે કે આ ધન-દોલત અને સંતાનો વડે તેમને આ જ દુનિયામાં સજા આપે અને તેમના પ્રાણ એવી હાલતમાં નીકળે કે તેઓ કાફિર (અધર્મી) હોય.

૮૬. જ્યારે પણ કોઈ સૂરઃ આ વિષય અંગે ઊતરી કે અલ્લાહને માનો અને તેના રસૂલ સાથે મળીને જિહાદ કરો તો તમે જોયું કે જે લોકો તેમના પૈકી સમર્થ હતા તેઓ જ તમને વિનંતી કરવા લાગ્યા કે અમને જિહાદમાં ભાગ લેવામાંથી માફ કરવામાં આવે અને તેમણે કહ્યું કે અમને છોડી દો કે અમે બેસનારાઓની સાથે રહીએ.

૮૭. આ લોકોએ ઘરમાં બેસી રહેનારીઓમાં સામેલ થવાનું પસંદ કર્યું અને તેમના હૃદયો ઉપર મહોર મારી દેવામાં આવી, આથી તેમની સમજમાં હવે કંઈ નથી આવતું.

૮૮. તેનાથી વિપરીત, રસૂલે અને તે લોકોએ જેઓ રસૂલના સાથે ઈમાન લાવ્યા હતા પોતાના જાન અને માલ વડે જિહાદ કરી અને હવે બધી જ ભલાઈઓ તેમના જ માટે છે અને તેઓ જ સફળતા પામવાના છે.

૮૯. અલ્લાહે તેમના માટે એવા બાગ તૈયાર કરી રાખ્યા છે જેની નીચે નહેરો વહી રહી છે, તેમાં તેઓ હંમેશાં રહેશે. આ છે ભવ્ય સફળતા. (રુકૂઅ-૧૧)

૯૦. બદ્દુ આરબો (અર્થાત્ મદીનાના આસપાસ ગામડાઓમાં અને રણમાં રહેતા આરબો) પૈકી પણ ઘણા લોકો આવ્યા જેમણે બહાના કર્યા જેથી તેમને પણ પાછળ રહી જવાની પરવાનગી મળી જાય. આવી રીતે બેસી રહ્યા તે લોકો જેમણે અલ્લાહ અને તેના રસૂલ સાથે ઈમાનનો જૂઠો કરાર કર્યો હતો. આ બદ્દુઓ પૈકી જે લોકોએ કુફ્રનો માર્ગ અપનાવ્યો છે ટૂંક સમયમાં જ તેઓ પીડાકારી સજા પામશે.

૯૧. વૃદ્ધ અને બીમાર લોકો અને તે લોકો જેમના પાસે જિહાદનો ખર્ચ નથી, જો પાછળ રહી જાય તો કોઈ દોષ નથી, જ્યારે તેઓ નિખાલસ હૃદયથી અલ્લાહ અને તેના રસૂલના વફાદાર હોય. આવું ભલું વર્તન કરનારા લોકોને દોષ આપવા માટે કોઈ કારણ નથી, અને અલ્લાહ દરગુજર કરનાર અને દયાળુ છે.

૯૨. આવી જ રીતે તે લોકોને પણ દોષ આપવાનું કોઈ કારણ નથી જેમણે પોતે આવીને તમને વિનંતી કરી હતી કે અમારા માટે વાહનો પૂરા પાડવામાં આવે, અને જ્યારે તમે કહ્યું હતું કે હું તમારા માટે વાહનોની વ્યવસ્થા કરી શકતો નથી તો તેઓ મજબૂર થઈને પાછા ગયા અને હાલત એ હતી કે તેમની આંખોમાંથી અશ્રુ વહી રહ્યા હતા અને તેમને

الدَّمْعِ حَزَنًا اَلَّا يَجِدُوْا مَا يُنْفِقُوْنَ ﴿٩٢﴾ اِنَّمَا
السَّبِيْلُ عَلَى الَّذِيْنَ يَسْتَاْذِنُوْنَكَ وَهُمْ
اَغْنِيَآءُ ج رَضُوْا بِاَنْ يَّكُوْنُوْا مَعَ الْخَوَالِفِ لا
وَطَبَعَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٩٣﴾
يَعْتَذِرُوْنَ اِلَيْكُمْ اِذَا رَجَعْتُمْ اِلَيْهِمْ ط قُلْ لَّا
تَعْتَذِرُوْا لَنْ نُّؤْمِنَ لَكُمْ قَدْ نَبَّاَنَا اللّٰهُ مِنْ اَخْبَارِكُمْ ط
وَسَيَرَى اللّٰهُ عَمَلَكُمْ وَرَسُوْلُهٗ ثُمَّ تُرَدُّوْنَ اِلٰى
عٰلِمِ الْغَيْبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ
تَعْمَلُوْنَ ﴿٩٤﴾ سَيَحْلِفُوْنَ بِاللّٰهِ لَكُمْ اِذَا انْقَلَبْتُمْ
اِلَيْهِمْ لِتُعْرِضُوْا عَنْهُمْ ط فَاَعْرِضُوْا عَنْهُمْ ط اِنَّهُمْ
رِجْسٌ ز وَّمَاْوٰىهُمْ جَهَنَّمُ ج جَزَآءًۢ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٩٥﴾
يَحْلِفُوْنَ لَكُمْ لِتَرْضَوْا عَنْهُمْ ج فَاِنْ تَرْضَوْا عَنْهُمْ
فَاِنَّ اللّٰهَ لَا يَرْضٰى عَنِ الْقَوْمِ الْفٰسِقِيْنَ ﴿٩٦﴾ اَلْاَعْرَابُ
اَشَدُّ كُفْرًا وَّنِفَاقًا وَّاَجْدَرُ اَلَّا يَعْلَمُوْا حُدُوْدَ مَآ
اَنْزَلَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ ط وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿٩٧﴾ وَمِنَ
الْاَعْرَابِ مَنْ يَّتَّخِذُ مَا يُنْفِقُ مَغْرَمًا وَّيَتَرَبَّصُ
بِكُمُ الدَّوَآئِرَ ط عَلَيْهِمْ دَآئِرَةُ السَّوْءِ ط وَاللّٰهُ سَمِيْعٌ
عَلِيْمٌ ﴿٩٨﴾ وَمِنَ الْاَعْرَابِ مَنْ يُّؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ
الْاٰخِرِ وَيَتَّخِذُ مَا يُنْفِقُ قُرُبٰتٍ عِنْدَ اللّٰهِ وَصَلَوٰتِ

એ વાતનું ઘણું દુઃખ હતું કે તેઓ પોતાના ખર્ચે જિહાદમાં સામેલ થવા માટે શક્તિમાન નથી.

૯૩. અલબત્ત, તે લોકોનું વર્તન વાંધાજનક છે જેઓ ધનવાન છે અને છતાં પણ તમને વિનંતી કરે છે કે તેમને જિહાદમાં સામેલ થવામાંથી મુક્તિ આપવામાં આવે. તેમણે ઘરમાં બેસનારીઓમાં સામેલ થવાનું પસંદ કર્યું અને અલ્લાહે તેમના હૃદયો ઉપર મહોર મારી દીધી, તેથી હવે આ લોકો કંઈ જાણતા નથી (કે અલ્લાહને ત્યાં તેમના આ વર્તનનું શું પરિણામ આવવાનું છે)

૯૪. તમે જ્યારે પાછા ફરીને તેમના પાસે પહોંચશો તો તે લોકો જાત-જાતના બહાના આગળ ધરશે. પરંતુ તમે સ્પષ્ટ કહી દેજો, "બહાના ન કાઢો, અમે તમારી કોઈ વાતનો વિશ્વાસ નહીં કરીએ. અલ્લાહે અમને તમારી હાલત બતાવી દીધી છે. હવે અલ્લાહ અને તેનો રસૂલ તમારા વર્તનને જોશે, પછી તમે તેના તરફ પાછા લઈ જવામાં આવશો, જે દૃશ્ય અને અદૃશ્ય સૌનો જાણનાર છે અને તે તમને બતાવી દેશે કે તમે શું-શું કરતાં રહ્યા છો."

૯૫. તમારા પાછા ફરવા ઉપર આ લોકો તમારા સામે સોગંદો ખાશે જેથી તમે તેમને જવા દો. તો નિઃસંદેહ તમે તેમને છોડી જ દો, કેમ કે આ બગાડ છે અને તેમનું અસલ ઠેકાણું તો જહન્નમ છે, જે તેમની કમાણીના બદલામાં તેમને મળશે.

૯૬. આ લોકો તમારા સામે સોગંદો ખાશે જેથી તમે તેમનાથી ખુશ થઈ જાવ, જો કે તમે તેમનાથી ખુશ થઈ પણ જાઓ, તો પણ અલ્લાહ આવા અવજ્ઞાકારી લોકોથી કદાપિ ખુશ થશે નહીં.

૯૭. આ બદ્દુ આરબો કુફ્ર (ઇન્કાર) અને નિફાક (દંભ)માં વધુ કટ્ટર છે અને તેમના મામલામાં એ વાતની સંભાવના વધુ છે કે તેઓ તે દીનની મર્યાદાઓથી અજાણ રહે, જે અલ્લાહે પોતાના રસૂલ ઉપર અવતરિત કરેલ છે. અલ્લાહ સર્વજ્ઞ છે અને તત્ત્વદર્શી છે.

૯૮. આ બદ્દુ આરબોમાં એવા-એવા લોકો મોજૂદ છે જેઓ અલ્લાહના માર્ગમાં કંઈક ખર્ચ કરે છે તો તેને પોતાના ઉપર દંડ સમજે છે અને તમારા માટે કાળચક્ર ફરે તેની રાહ જોઈ રહ્યા છે (કે તમે કોઈ મુસીબતમાં ફસાઓ તો તેઓ પોતાની ડોકમાંથી આ વ્યવસ્થાની તાબેદારીનો ગલપટો ઉતારી ફેંકે જેમાં તમે તેમને જકડી દીધા છે), જો કે બૂરાઈના ચક્કરે સ્વયં તેમને પોતાની લપેટમાં લઈ લીધા છે અને અલ્લાહ બધું જ સાંભળે અને જાણે છે.

૯૯. અને આ જ બદ્દુ આરબોમાં કેટલાક એવા પણ છે જેઓ અલ્લાહ અને આખિરતના દિવસ પર ઈમાન ધરાવે છે અને જે કંઈ ખર્ચ કરે છે તેને અલ્લાહને ત્યાં નિકટતાનું અને રસૂલ તરફથી રહમત (કૃપા)ની

الرَّسُوْلِ ؕ اَلَاۤ اِنَّهَا قُرْبَةٌ لَّهُمْ ؕ سَيُدْخِلُهُمُ اللّٰهُ
فِيْ رَحْمَتِهٖ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٩٩ وَالسّٰبِقُوْنَ ع٢
الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ وَ الَّذِيْنَ
اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍ ۙ رَّضِيَ اللّٰهُ عَنْهُمْ وَ رَضُوْا
عَنْهُ وَاَعَدَّ لَهُمْ جَنّٰتٍ تَجْرِيْ تَحْتَهَا الْاَنْهٰرُ
خٰلِدِيْنَ فِيْهَاۤ اَبَدًا ؕ ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ۝١٠٠ وَمِمَّنْ
حَوْلَكُمْ مِّنَ الْاَعْرَابِ مُنٰفِقُوْنَ ۛؕ وَمِنْ اَهْلِ الْمَدِيْنَةِ ۛؔ مع ۵ وقف منزل ١٢
مَرَدُوْا عَلَى النِّفَاقِ ۫ لَا تَعْلَمُهُمْ ؕ نَحْنُ نَعْلَمُهُمْ ؕ
سَنُعَذِّبُهُمْ مَّرَّتَيْنِ ثُمَّ يُرَدُّوْنَ اِلٰى عَذَابٍ عَظِيْمٍ ۝١٠١ ۚ
وَاٰخَرُوْنَ اعْتَرَفُوْا بِذُنُوْبِهِمْ خَلَطُوْا عَمَلًا صَالِحًا
وَّاٰخَرَ سَيِّئًا ؕ عَسَى اللّٰهُ اَنْ يَّتُوْبَ عَلَيْهِمْ ؕ اِنَّ اللّٰهَ
غَفُوْرٌ رَّحِيْمٌ ۝١٠٢ خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ
وَتُزَكِّيْهِمْ بِهَا وَصَلِّ عَلَيْهِمْ ؕ اِنَّ صَلٰوتَكَ سَكَنٌ
لَّهُمْ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ۝١٠٣ اَلَمْ يَعْلَمُوْۤا اَنَّ اللّٰهَ
هُوَ يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ وَيَاْخُذُ الصَّدَقٰتِ
وَاَنَّ اللّٰهَ هُوَ التَّوَّابُ الرَّحِيْمُ ۝١٠٤ وَقُلِ اعْمَلُوْا فَسَيَرَى
اللّٰهُ عَمَلَكُمْ وَرَسُوْلُهٗ وَالْمُؤْمِنُوْنَ ؕ وَسَتُرَدُّوْنَ
اِلٰى عٰلِمِ الْغَيْبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ
تَعْمَلُوْنَ ۝١٠٥ ۚ وَاٰخَرُوْنَ مُرْجَوْنَ لِاَمْرِ اللّٰهِ اِمَّا منزل ٢

દુઆઓ પ્રાપ્ત કરવાનું માધ્યમ બનાવે છે. હા, તે જરૂર તેમના માટે નિકટતા પ્રાપ્ત કરવાનું માધ્યમ છે અને અલ્લાહ જરૂર તેમને પોતાની રહમત (દયા)માં દાખલ કરશે, નિઃશંક અલ્લાહ દરગુજર કરનાર અને દયાળુ છે. (રુકૂઅ-૧૨)

૧૦૦. તે હિજરત કરનારાઓ અને અન્સારીઓ (સહાયકો) જેઓ સૌથી પહેલાં ઈમાનનો પોકાર પડતાં તત્કાળ તેને સ્વીકારવામાં અગ્રેસર રહ્યા, ઉપરાંત તેઓ જેઓ પછીથી પ્રમાણિકતાપૂર્વક તેમના પાછળ આવ્યા, અલ્લાહ તેમનાથી પ્રસન્ન થયો અને તેઓ અલ્લાહથી પ્રસન્ન થયા, અલ્લાહે તેમના માટે એવા બાગ તૈયાર કરી રાખ્યા છે જેની નીચે નહેરો વહેતી હશે અને તેઓ તેમાં હંમેશાં રહેશે, આ જ ભવ્ય સફળતા છે.

૧૦૧. તમારા આસપાસ જે બદ્દુ આરબો રહે છે તેમાં ઘણાંખરા દંભી છે અને આવી જ રીતે સ્વયં મદીનાના રહેવાસીઓમાં પણ દંભીઓ મોજૂદ છે જેઓ દંભમાં કટ્ટર થઈ ગયા છે. તમે તેમને નથી જાણતા, અમે તેમને જાણીએ છીએ. નજીક જ છે તે સમય, જ્યારે અમે તેમને બમણી સજા આપીશું પછી તેમને વધારે મોટી સજા માટે પાછા લાવવામાં આવશે.

૧૦૨. બીજા કેટલાક લોકો છે જેમણે પોતાના ગુના કબૂલ કરી લીધા છે. તેમના કર્મો મિશ્રિત છે, થોડાંક સારા અને થોડાંક ખરાબ. અશક્ય નથી કે અલ્લાહ તેમના ઉપર ફરીથી મહેરબાન થઈ જાય, કેમ કે તે દરગુજર કરનાર અને દયાળુ છે.

૧૦૩. હે નબી ! તમે તેમના માલમાંથી સદકો (દાન) લઈને તેમને શુદ્ધ કરો અને (ભલાઈની રાહમાં) તેમને આગળ વધારો અને તેમના માટે રહમત (દયા)ની દુઆ કરો, કેમ કે તમારી દુઆ તેમના માટે શાંતિ અને સંતોષનું કારણ બનશે, અલ્લાહ બધું જ સાંભળે અને જાણે છે.

૧૦૪. શું આ લોકોને ખબર નથી કે તે અલ્લાહ જ છે જે પોતાના બંદાઓની તૌબા (ક્ષમા અને પ્રાયશ્ચિત) કબૂલ કરે છે અને તેમના દાનને સ્વીકૃતિ આપે છે, અને એ કે અલ્લાહ ઘણો માફ કરનાર અને દયાળુ છે ?

૧૦૫. અને હે નબી ! આ લોકોને કહી દો કે તમે અમલ કર્યે જાવ, અલ્લાહ અને તેનો રસૂલ અને ઈમાનવાળાઓ સૌ જોશે કે તમારું વર્તન હવે કેવું રહે છે, પછી તમે તેના તરફ પાછા લઈ જવાશો, જે દૃશ્ય અને અદૃશ્ય બધું જ જાણે છે, અને તે તમને બતાવી દેશે કે તમે શું કરતા રહ્યા છો.

૧૦૬. કેટલાક બીજા લોકો છે જેમનો મામલો હજુ અલ્લાહનો હુકમ આવવા

يُعَذِّبُهُمْ وَاِمَّا يَتُوْبُ عَلَيْهِمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ
حَكِيْمٌ ﴿١٠٦﴾ وَالَّذِيْنَ اتَّخَذُوْا مَسْجِدًا ضِرَارًا وَّكُفْرًا
وَّتَفْرِيْقًاۢ بَيْنَ الْمُؤْمِنِيْنَ وَاِرْصَادًا لِّمَنْ حَارَبَ
اللّٰهَ وَرَسُوْلَهٗ مِنْ قَبْلُ ؕ وَلَيَحْلِفُنَّ اِنْ اَرَدْنَآ
اِلَّا الْحُسْنٰى ؕ وَاللّٰهُ يَشْهَدُ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿١٠٧﴾ لَا تَقُمْ
فِيْهِ اَبَدًا ؕ لَمَسْجِدٌ اُسِّسَ عَلَى التَّقْوٰى مِنْ اَوَّلِ
يَوْمٍ اَحَقُّ اَنْ تَقُوْمَ فِيْهِ ؕ فِيْهِ رِجَالٌ يُّحِبُّوْنَ اَنْ
يَّتَطَهَّرُوْا ؕ وَاللّٰهُ يُحِبُّ الْمُطَّهِّرِيْنَ ﴿١٠٨﴾ اَفَمَنْ اَسَّسَ
بُنْيَانَهٗ عَلٰى تَقْوٰى مِنَ اللّٰهِ وَرِضْوَانٍ خَيْرٌ اَمْ مَّنْ
اَسَّسَ بُنْيَانَهٗ عَلٰى شَفَا جُرُفٍ هَارٍ فَانْهَارَ بِهٖ
فِيْ نَارِ جَهَنَّمَ ؕ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿١٠٩﴾
لَا يَزَالُ بُنْيَانُهُمُ الَّذِيْ بَنَوْا رِيْبَةً فِيْ قُلُوْبِهِمْ اِلَّآ
ع ١٣ ٢ اَنْ تَقَطَّعَ قُلُوْبُهُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿١١٠﴾ ع اِنَّ اللّٰهَ
اشْتَرٰى مِنَ الْمُؤْمِنِيْنَ اَنْفُسَهُمْ وَاَمْوَالَهُمْ بِاَنَّ
لَهُمُ الْجَنَّةَ ؕ يُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ فَيَقْتُلُوْنَ وَ
يُقْتَلُوْنَ قف وَعْدًا عَلَيْهِ حَقًّا فِى التَّوْرٰىةِ وَالْاِنْجِيْلِ
وَالْقُرْاٰنِ ؕ وَمَنْ اَوْفٰى بِعَهْدِهٖ مِنَ اللّٰهِ فَاسْتَبْشِرُوْا
بِبَيْعِكُمُ الَّذِىْ بَايَعْتُمْ بِهٖ ؕ وَذٰلِكَ هُوَ الْفَوْزُ
الْعَظِيْمُ ﴿١١١﴾ اَلتَّآئِبُوْنَ الْعٰبِدُوْنَ الْحٰمِدُوْنَ

સુધી અનિર્ણિત છે, ચાહે તેમને સજા આપે અને ચાહે તો તેમના પર ફરીથી મહેરબાન થઈ જાય. અલ્લાહ સર્વજ્ઞ છે અને તત્ત્વદર્શી છે.

૧૦૭. કેટલાક બીજા લોકો છે જેમણે એક મસ્જિદ બનાવી, એ આશયથી કે (સત્યના સંદેશને) નુકસાન પહોંચાડે અને (ખુદાની બંદગી કરવાની જગ્યાએ) કુફ્ર કરે અને ઈમાનવાળાઓમાં ફાટફૂટ પડાવે અને (આ દેખાવ માત્રના ઉપાસના-ગૃહને) તે વ્યક્તિ માટે છાપો મારવાનું ગુપ્ત સ્થાન બનાવે જે આ અગાઉ અલ્લાહ અને તેના રસૂલ વિરુધ્ધ લડાઈ કરી ચૂક્યો છે. તેઓ જરૂર સોગંદો ખાઈ-ખાઈને કહેશે કે અમારો આશય તો ભલાઈ સિવાય કંઈ ન હતો, પરંતુ અલ્લાહ સાક્ષી છે કે તેઓ તદ્દન જૂઠાં છે.

૧૦૮. તમે કદાપિ તે ઘરમાં ઊભા ન રહેશો. જે મસ્જિદ પ્રથમ દિવસથી જ તકવા (અલ્લાહના ડર) ઉપર કાયમ કરવામાં આવી છે તે જ એ માટે વધુ યોગ્ય છે કે તમે તેમાં (બંદગી માટે) ઊભા રહો, તેમાં એવા લોકો છે જેઓ પાક (પવિત્ર અને શુદ્ધ) રહેવાનું પસંદ કરે છે અને અલ્લાહને પાક રહેનારાઓ જ પસંદ છે.

૧૦૯. પછી તમારો શું ખ્યાલ છે કે વધુ સારો માણસ એ છે જેણે પોતાની ઈમારતનો પાયો અલ્લાહના ડર અને તેની પ્રસન્નતાની પ્રાપ્તિ ઉપર રચ્યો હોય, કે એ માણસ જેણે પોતાની ઈમારત એક ખીણની જર્જરિત પોલી કાંગરી ઉપર ઊભી કરી, જે તેને લઈને સીધી જહન્નમ (નર્ક)ની આગમાં જઈ પડી ? આવા અત્યાચારી લોકોને અલ્લાહ કદાપિ સીધો માર્ગ નથી દેખાડતો.

૧૧૦. આ ઈમારત જે તેમણે બનાવી છે, હંમેશાં તેમના હૃદયોમાં શંકાનું મૂળ બની રહેશે (જેના દૂર થવાનો હવે કોઈ માર્ગ નથી) સિવાય કે તેમના હૃદયોના જ ટુકડે-ટુકડા થઈ જાય. અલ્લાહ સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે. (રુકૂઅ-૧૩)

૧૧૧. હકીકત એ છે કે અલ્લાહે ઈમાનવાળાઓ પાસેથી તેમના પ્રાણ અને તેમના ધન જન્નતના બદલામાં ખરીદી લીધા છે. તેઓ અલ્લાહના માર્ગમાં લડે છે અને મારે તથા મરે છે. તેમના સાથે (જન્નતનો વાયદો) અલ્લાહ માટે એક પાકો વાયદો છે, તૌરાત અને ઇંજીલ અને કુર્આનમાં. અને બીજો કોણ છે જે અલ્લાહથી વધીને પોતાનો વાયદો પૂરો કરનાર હોય ? પછી ખુશી મનાવો પોતાના આ સોદા પર જે તમે અલ્લાહ સાથે કરી લીધો છે, આ જ સૌથી મોટી સફળતા છે.

૧૧૨. અલ્લાહ તરફ વારંવાર પલટનારા, તેની બંદગી કરનારા, તેના

اَلسَّآئِحُوْنَ الرّٰكِعُوْنَ السّٰجِدُوْنَ الْاٰمِرُوْنَ
بِالْمَعْرُوْفِ وَالنَّاهُوْنَ عَنِ الْمُنْكَرِ وَالْحٰفِظُوْنَ
لِحُدُوْدِ اللّٰهِ ؕ وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ ﴿١١٢﴾ مَا كَانَ لِلنَّبِيِّ وَ
الَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ يَّسْتَغْفِرُوْا لِلْمُشْرِكِيْنَ وَلَوْ كَانُوْٓا
اُولِيْ قُرْبٰى مِنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُمْ اَنَّهُمْ اَصْحٰبُ
الْجَحِيْمِ ﴿١١٣﴾ وَمَا كَانَ اسْتِغْفَارُ اِبْرٰهِيْمَ لِاَبِيْهِ اِلَّا
عَنْ مَّوْعِدَةٍ وَّعَدَهَآ اِيَّاهُ ۚ فَلَمَّا تَبَيَّنَ لَهٗٓ اَنَّهٗ
عَدُوٌّ لِّلّٰهِ تَبَرَّاَ مِنْهُ ؕ اِنَّ اِبْرٰهِيْمَ لَاَوَّاهٌ حَلِيْمٌ ﴿١١٤﴾
وَمَا كَانَ اللّٰهُ لِيُضِلَّ قَوْمًاۢ بَعْدَ اِذْ هَدٰىهُمْ حَتّٰى
يُبَيِّنَ لَهُمْ مَّا يَتَّقُوْنَ ؕ اِنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿١١٥﴾ اِنَّ
اللّٰهَ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ يُحْيٖ وَيُمِيْتُ ؕ وَمَا
لَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ﴿١١٦﴾ لَقَدْ
تَّابَ اللّٰهُ عَلَى النَّبِيِّ وَالْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ الَّذِيْنَ
اتَّبَعُوْهُ فِيْ سَاعَةِ الْعُسْرَةِ مِنْۢ بَعْدِ مَا كَادَ يَزِيْغُ
قُلُوْبُ فَرِيْقٍ مِّنْهُمْ ثُمَّ تَابَ عَلَيْهِمْ ؕ اِنَّهٗ بِهِمْ رَءُوْفٌ
رَّحِيْمٌ ﴿١١٧﴾ ۙ وَّعَلَى الثَّلٰثَةِ الَّذِيْنَ خُلِّفُوْا ؕ حَتّٰٓى
اِذَا ضَاقَتْ عَلَيْهِمُ الْاَرْضُ بِمَا رَحُبَتْ وَضَاقَتْ
عَلَيْهِمْ اَنْفُسُهُمْ وَظَنُّوْٓا اَنْ لَّا مَلْجَاَ مِنَ اللّٰهِ اِلَّآ
اِلَيْهِ ؕ ثُمَّ تَابَ عَلَيْهِمْ لِيَتُوْبُوْا ؕ اِنَّ اللّٰهَ هُوَ التَّوَّابُ

ગુણગાન કરનારા, તેના માટે ધરતી ઉપર ભ્રમણ કરનારા, તેના આગળ રુકૂઅ અને સિજદો કરનારા, ભલાઈની આજ્ઞા આપનારા, બૂરાઈથી રોકનારા અને અલ્લાહની ઠરાવેલી મર્યાદાઓની રક્ષા કરનારા, (એ શાનના હોય છે તે ઈમાનવાળાઓ જેઓ અલ્લાહ સાથે આ સોદો નક્કી કરે છે) અને હે નબી ! આ ઈમાનવાળાઓને ખુશખબર આપી દો.

૧૧૩. પયગંબરને અને તે લોકોને જેઓ ઈમાન લાવ્યા છે, શોભાસ્પદ નથી કે શિર્ક કરનારાઓ માટે માફીની દુઆ કરે, ચાહે તેઓ તેમના સગાં જ કેમ ન હોય, જ્યારે કે તેમના પર આ વાત પ્રગટ થઈ ચૂકી છે કે તેઓ જહન્નમના હક્કદાર છે.

૧૧૪. ઈબ્રાહીમે પોતાના પિતા માટે ક્ષમાની જે પ્રાર્થના કરી હતી તે તો એ વાયદાના કારણે હતી જે તેણે પોતાના પિતા સાથે કર્યો હતો, પરંતુ જ્યારે તેના ઉપર આ વાત પ્રગટ થઈ ગઈ કે તેનો બાપ અલ્લાહનો દુશ્મન છે તો તે તેનાથી વિમુખ થઈ ગયો. સત્ય એ છે કે ઈબ્રાહીમ ખૂબ કોમળ હૃદયનો અને અલ્લાહથી ડરનાર અને સહનશીલ મનુષ્ય હતો.

૧૧૫. અલ્લાહની આ રીત નથી કે લોકોને માર્ગદર્શન આપ્યા પછી ફરીથી ભટકાવી દે, જ્યાં સુધી તેમને સ્પષ્ટપણે દર્શાવી ન દે કે તેમણે કઈ વસ્તુઓથી દૂર રહેવું જોઈએ. હકીકતમાં અલ્લાહ સર્વજ્ઞ છે.

૧૧૬. અને એ પણ હકીકત છે કે અલ્લાહના જ કબજામાં ધરતી અને આકાશોનું રાજ્ય છે, તેના જ અધિકારમાં જીવન અને મૃત્યુ છે, અને તમારો કોઈ સમર્થક અને સહાયક એવો નથી જે તમને તેનાથી બચાવી શકે.

૧૧૭. અલ્લાહે માફ કરી દીધા પયગંબરને અને તે હિજરત કરનારાઓને અને અન્સારો (મદીનાના સહાયકો)ને જેમણે ભારે મુસીબતના સમયે પયગંબરનો સાથ આપ્યો. જો કે તેમના પૈકી કેટલાક લોકોના હૃદય વક્રતા તરફ ઝૂકવા માંડ્યા હતા, (પરંતુ જ્યારે તેમણે આ વક્રતાનું પાલન ન કર્યું, બલ્કે પયગંબરનો સાથ આપ્યો તો) અલ્લાહે તેમને માફ કરી દીધા. નિઃશંક તેનો મામલો આ લોકો સાથે પ્રેમ અને દયાનો છે

૧૧૮. અને તે ત્રણેયને પણ માફ કર્યા જેમનો મામલો મુલત્વી રાખવામાં આવ્યો હતો. જ્યારે ધરતી પોતાની સમગ્ર વિશાળતા છતાં તેમના માટે તંગ થઈ ગઈ અને તેમના પોતાના પ્રાણ પણ તેમના ઉપર બોજારૂપ બનવા લાગ્યા અને તેમણે જાણી લીધું કે અલ્લાહથી બચવા માટે કોઈ આશ્રયસ્થાન સ્વયં અલ્લાહની દયા સિવાય કોઈ નથી, તો અલ્લાહ પોતાની મહેરબાનીથી તેમના તરફ વળ્યો, જેથી તેઓ તેના તરફ પાછા આવી જાય, નિઃશંક તે મોટો ક્ષમાશીલ અને દયાળુ છે. (રુકૂઅ-૧૪)

الرَّحِيْمُ ﴿١١٨﴾ ع يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَكُوْنُوْا ع ١٤
مَعَ الصّٰدِقِيْنَ ﴿١١٩﴾ مَا كَانَ لِاَهْلِ الْمَدِيْنَةِ وَمَنْ
حَوْلَهُمْ مِّنَ الْاَعْرَابِ اَنْ يَّتَخَلَّفُوْا عَنْ رَّسُوْلِ اللّٰهِ
وَلَا يَرْغَبُوْا بِاَنْفُسِهِمْ عَنْ نَّفْسِهٖ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ لَا
يُصِيْبُهُمْ ظَمَاٌ وَّلَا نَصَبٌ وَّلَا مَخْمَصَةٌ فِيْ سَبِيْلِ
اللّٰهِ وَلَا يَطَـُٔوْنَ مَوْطِئًا يَّغِيْظُ الْكُفَّارَ وَلَا يَنَالُوْنَ
مِنْ عَدُوٍّ نَّيْلًا اِلَّا كُتِبَ لَهُمْ بِهٖ عَمَلٌ صَالِحٌ ؕ
اِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ ﴿١٢٠﴾ ۙ وَلَا يُنْفِقُوْنَ
نَفَقَةً صَغِيْرَةً وَّلَا كَبِيْرَةً وَّلَا يَقْطَعُوْنَ وَادِيًا
اِلَّا كُتِبَ لَهُمْ لِيَجْزِيَهُمُ اللّٰهُ اَحْسَنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢١﴾
وَمَا كَانَ الْمُؤْمِنُوْنَ لِيَنْفِرُوْا كَآفَّةً ؕ فَلَوْلَا نَفَرَ مِنْ
كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوْا فِي الدِّيْنِ
وَلِيُنْذِرُوْا قَوْمَهُمْ اِذَا رَجَعُوْۤا اِلَيْهِمْ لَعَلَّهُمْ
يَحْذَرُوْنَ ﴿١٢٢﴾ ع يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا قَاتِلُوا الَّذِيْنَ ع ١٥
يَلُوْنَكُمْ مِّنَ الْكُفَّارِ وَلْيَجِدُوْا فِيْكُمْ غِلْظَةً ؕ وَاعْلَمُوْۤا
اَنَّ اللّٰهَ مَعَ الْمُتَّقِيْنَ ﴿١٢٣﴾ وَاِذَا مَاۤ اُنْزِلَتْ سُوْرَةٌ الربع
فَمِنْهُمْ مَّنْ يَّقُوْلُ اَيُّكُمْ زَادَتْهُ هٰذِهٖۤ اِيْمَانًا ۚ فَاَمَّا
الَّذِيْنَ اٰمَنُوْا فَزَادَتْهُمْ اِيْمَانًا وَّهُمْ يَسْتَبْشِرُوْنَ ﴿١٢٤﴾ وَ
اَمَّا الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ فَزَادَتْهُمْ رِجْسًا اِلَى منزل ٢

૧૧૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહથી ડરો અને સાચા લોકોનો સાથ આપો.

૧૨૦. મદીનાના રહેવાસીઓ અને આસપાસના બદ્દુ આરબોને એ સહેજ પણ શોભતું ન હતું કે અલ્લાહના રસૂલને છોડી ઘરે બેસી રહેતા અને તેના તરફથી બેપરવા થઈ પોત-પોતાની ચિંતામાં લાગી જતાં. એટલા માટે કે એવું ક્યારેય થશે નહીં કે અલ્લાહના માર્ગમાં ભૂખ-તરસ અને શારીરિક કષ્ટની કોઈ તકલીફ તેઓ સહન કરે અને સત્યનો ઈન્કાર કરનારાઓને જે રસ્તો પસંદ નથી તેના ઉપર તેઓ કોઈ કદમ ઉઠાવે અને કોઈ દુશ્મન સાથે (સત્યની અદાવતનો) કોઈ બદલો તેઓ લે અને તેના બદલામાં તેમના માટે એક સદ્કાર્ય ન લખવામાં આવે. નિઃશંક અલ્લાહને ત્યાં ભલાઈ કરનારાઓની સેવાનો બદલો વ્યર્થ કરવામાં આવતો નથી.

૧૨૧. આવી જ રીતે એવું પણ ક્યારેય નહીં થાય કે તેઓ (અલ્લાહના માર્ગમાં) થોડું કે વધારે ખર્ચ ઉઠાવે અને (જિહાદની કોશિશમાં) કોઈ ખીણ તેઓ પાર કરે અને તેમના માટે તે લખી લેવામાં ન આવે, જેથી અલ્લાહ તેમના આ સુંદર કાર્યનો બદલો તેમને આપે.

૧૨૨. અને એ કંઈ જરૂરી ન હતું કે ઈમાનવાળા બધા જ નીકળી પડતા, પરંતુ આવું શા માટે ન થયું કે તેમની આબાદીના દરેક ભાગમાંથી કેટલાક લોકો નીકળી આવ્યા હોત અને દીન (ધર્મ)ની સમજ પેદા કરી હોત અને પાછા જઈને પોતાના વિસ્તારના રહેવાસીઓને ચેતવ્યા હોત જેથી તેઓ (બિનઈસ્લામી વર્તનથી) બચ્યા હોત. (રુકૂઅ-૧૫)

૧૨૩. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! યુદ્ધ કરો તે સત્યનો ઈન્કાર કરનારાઓ સાથે જેઓ તમારા નજીક છે અને એ જરૂરી છે કે તેઓ તમારામાં સખ્તાઈ જુએ, અને જાણી લો કે અલ્લાહ (તેનાથી) ડર રાખવાવાળાઓના સાથે છે.

૧૨૪. જ્યારે કોઈ નવી સૂરઃ ઉતરે છે તો તેમના પૈકી કેટલાક લોકો (મજાકમાં મુસલમાનોને) પૂછે છે કે, ''કહો, તમારામાંથી કોના ઈમાનમાં આનાથી વધારો થયો ?'' જે લોકો ઈમાન લાવ્યા છે તેમના ઈમાનમાં તો હકીકતમાં (ઉતરનારી દરેક સૂરઃએ) અભિવૃદ્ધિ જ કરી છે અને તેઓ આનાથી ખુશ છે.

૧૨૫. અલબત્ત જે લોકોના હૃદયોને દંભનો રોગ લાગેલો હતો તેમની આગળની ગંદકીમાં (દરેક નવી સૂરઃએ) એક બીજી ગંદકીનો વધારો

رِجْسِهِمْ وَمَاتُوْا وَهُمْ كٰفِرُوْنَ ﴿١٢٥﴾ اَوَلَا يَرَوْنَ
اَنَّهُمْ يُفْتَنُوْنَ فِيْ كُلِّ عَامٍ مَّرَّةً اَوْ مَرَّتَيْنِ ثُمَّ لَا
يَتُوْبُوْنَ وَلَا هُمْ يَذَّكَّرُوْنَ ﴿١٢٦﴾ وَاِذَا مَآ اُنْزِلَتْ سُوْرَةٌ
نَّظَرَ بَعْضُهُمْ اِلٰى بَعْضٍ ؕ هَلْ يَرٰىكُمْ مِّنْ اَحَدٍ ثُمَّ
انْصَرَفُوْا ؕ صَرَفَ اللّٰهُ قُلُوْبَهُمْ بِاَنَّهُمْ قَوْمٌ لَّا
يَفْقَهُوْنَ ﴿١٢٧﴾ لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ
عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ
رَّحِيْمٌ ﴿١٢٨﴾ فَاِنْ تَوَلَّوْا فَقُلْ حَسْبِيَ اللّٰهُ ۖ لَآ اِلٰهَ اِلَّا
هُوَ ؕ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ﴿١٢٩﴾ ع

منزل ٢
ع ١٦/٥

કરી દીધો, અને તેઓ મૃત્યુપર્યંત કુફ્રમાં જ ગ્રસ્ત રહ્યા.

૧૨૬. શું આ લોકો જોતા નથી કે દર વર્ષે એક-બે વખત તેમને અજમાયશમાં નાખવામાં આવે છે ? આમ છતાં પણ તેઓ ન તૌબા કરે છે, ન કોઈ બોધ ગ્રહણ કરે છે.

૧૨૭. જ્યારે કોઈ સૂરઃ ઉતરે છે તો આ લોકો એક-બીજા સાથે આંખોના ઇશારાથી વાતો કરે છે કે ક્યાંક કોઈ તેમને જોઈ તો નથી રહ્યું, પછી ચુપકેથી સરકી જાય છે. અલ્લાહે તેમના હૃદય ફેરવી દીધા છે, કેમ કે તેઓ નાસમજ લોકો છે.

૧૨૮. જુઓ, તમારા પાસે એક રસૂલ આવ્યો છે જે સ્વયં તમારામાંથી જ છે. તમારું નુકસાનમાં પડવું તેના માટે અસહ્ય છે, તમારી સફળતા માટે તે ખૂબ જ આતુર છે, ઈમાન લાવનારાઓ માટે તે માયાળુ અને દયાળુ છે –

૧૨૯. હવે જો આ લોકો તમારાથી મોઢું ફેરવે છે તો હે નબી ! એમને કહી દો કે, ''મારા માટે અલ્લાહ પૂરતો છે, તેના સિવાય કોઈ ઉપાસ્ય નથી, તેના પર જ મેં ભરોસો કર્યો અને તે માલિક છે અર્શે-અઝીમ (મહાન સિંહાસન)નો. (રુકૂઅ-૧૬)

(૧૦) યૂનુસ

પરિચય

નામ :

આ સૂરઃનું નામ નિયમાનુસાર કેવળ પ્રતીક રૂપે આયત-૯૮માંથી લેવામાં આવ્યું છે, જેમાં સાંકેતિક રીતે પયગંબર હઝરત યૂનુસ (અલૈ.)નો ઉલ્લેખ થયો છે. સૂરઃની ચર્ચાનો વિષય હઝરત યૂનુસ (અલૈ.)નું વૃત્તાંત નથી.

ક્યાં અવતરિત થઈ ?

રિવાયતો (કથનો)થી અને વિષયવસ્તુથી એ વાતનું સમર્થન મળે છે કે આ આખી સૂરઃ મક્કામાં અવતરિત થઈ છે.

ઉતરાણકાળ :

અવતરિત થવાના સમય અંગે કોઈ રિવાયત અમને મળતી નથી, પણ વિષયથી એવું જ પ્રગટ થાય છે કે આ સૂરઃ નબી (સલ્લ.)ના મક્કા-નિવાસના અંતિમ સમયમાં ઊતરી હશે, જ્યારે ઇસ્લામી સંદેશના વિરોધીઓ પૂરી તીવ્રતાથી અવરોધો ઊભા કરી રહ્યા હતા. પરંતુ આ સૂરઃમાં હિજરત (ઘરબાર છોડવા)નો પણ કોઈ સંકેત મળતો નથી, તેથી આનો સમય તે સૂરઃઓ પહેલાંનો સમજવો જોઈએ જેમાં આપણને હિજરત અંગે કોઈને કોઈ સૂક્ષ્મ અથવા સ્પષ્ટ સંકેત મળે છે — સમયના આ નિર્ધારણ પછી ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિના ઉલ્લેખની જરૂરત રહેતી નથી, કેમ કે આ કાળની ઐતિહાસિક પશ્ચાદભૂમિનું સૂરઃ-૬ (અન્‌આમ) અને સૂરઃ-૭ (આ'રાફ)ના પરિચયમાં વર્ણન કરી દેવામાં આવ્યું છે.

વિષય :

પ્રવચનનો વિષય 'દાવત' (આહવાન), ઉપદેશ અને ચેતવણી છે. વાત આ રીતે શરૂ થાય છે કે — લોકો એક માણસના નબી (પયગંબર) હોવાના સંદેશને પ્રસ્તુત કરવાથી આશ્ચર્યચકિત છે અને તેના પર અમસ્તા જ જાદુવિદ્યાનો આક્ષેપ મૂકી રહ્યા છે. જ્યારે કે જે વસ્તુ તે પ્રસ્તુત કરી રહ્યો છે એમાં કોઈ વસ્તુ ન તો વિચિત્ર છે અને ન જાદુ અને જ્યોતિષથી સંબંધિત છે. તે તો બે મહત્ત્વપૂર્ણ તથ્યોથી તમને વાકેફ કરી રહ્યો છે. (એક તો એકેશ્વરવાદ, બીજું કયામત અને વળતર આપવાના દિવસનું આગમન.) આ બંને તથ્યો જે તે તમારા સામે પ્રસ્તુત કરી રહ્યો છે, પોતાનામાં સાચી છે, ચાહે તમે માનો કે ન માનો. તેને જો તમે માની લેશો તો તમારો પોતાનો અંજામ સારો હશે, નહિં તો સ્વયં ખરાબ પરિણામ ભોગવશો.

ચર્ચાના વિષયો :

આ ભૂમિકા પછી નીચેના વિષયો એક વિશેષ ક્રમમાં સામે આવે છે.

(૧) તે દલીલો જે રબ (માલિક અને પાલનહાર)ના એક હોવા અને

મૃત્યુ પછીના જીવન વિશે એવા લોકોની બુદ્ધિ અને અંતરાત્માને સંતુષ્ટ કરી શકે છે, જેઓ અજ્ઞાનતાપૂર્ણ વિદ્વેષમાં ગ્રસ્ત ન હોય.

(૨) તે ગેરસમજોને દૂર કરવામાં આવી અને તે નિષ્કાળજીઓ માટે ચેતવણી આપવામાં આવી, જે લોકોને તૌહીદ અને આખિરતમાં વિશ્વાસ લાવવામાં અવરોધરૂપ હતી (અને હંમેશા અવરોધરૂપ બનતી હોય છે.)

(૩) તે શંકાઓ અને વાંધાઓનો જવાબ, જે હઝરત મુહમ્મદ સલ્લ.ના રસૂલ (ઈશદૂત) હોવા અને આપના દ્વારા લાવવામાં આવેલ સંદેશ વિષે ઊભા કરવામાં આવતા હતા.

(૪) બીજા જીવનમાં જે કાંઈ બનવાનું છે તેની પૂર્વસૂચના.

(૫) એ વાત પર ચેતવણી કે આ દુનિયાનું વર્તમાન જીવન વાસ્તવમાં પરીક્ષા માટેનું જીવન છે. આ જીવનની મહેતલને જો તમે વેડફી નાખી અને નબીના માર્ગદર્શનને સ્વીકારીને પરીક્ષામાં સફળતાની તૈયારી ન કરી, તો પછી બીજી કોઈ તક તમને મળવાની નથી.

(૬) તે સ્પષ્ટ અજ્ઞાનતાઓ અને પથભ્રષ્ટતાઓ તરફ સંકેત, જે લોકોના જીવનમાં માત્ર એ કારણે જોવા મળે છે કે તેઓ અલ્લાહના માર્ગદર્શન વિના જીવી રહ્યા હતા.

આ સંદર્ભમાં પયગંબર હઝરત નૂહ (અલૈ.)નો પ્રસંગ ટૂંકમાં અને હઝરત મૂસા (અલૈ.)નો પ્રસંગ થોડાંક વિસ્તારથી વર્ણવવામાં આવ્યો છે, જેનાથી ચાર વાતો હૃદયમાં ઉતારવાની છે : એક એ કે હઝરત મુહમ્મદ (સલ્લ.) સાથે જે વર્તન તમે કરી રહ્યા છો, તે તેનાથી મળતું આવે છે જે પયગંબર નૂહ અને મૂસા (અલૈ.) સાથે તમારા પુરોગામીઓ કરી ચૂક્યા છે અને વિશ્વાસ રાખો કે આ વર્તનનું જે પરિણામ તેઓએ જોઈ લીધું છે, તે જ તમારે પણ જોવું પડશે. બીજી એ કે હઝરત મુહમ્મદ (સલ્લ.) અને તેમના સાથીઓને આજે નિઃસહાય અને નિર્બળ જોઈને એવું ન સમજી લેજો કે સ્થિતિ હંમેશા આવી જ રહેશે. તમને જાણ નથી કે આ લોકોના પાછળ તે જ અલ્લાહ છે, જે મૂસા અને હારૂન (અલૈ.)ના પાછળ હતો અને તે એવી રીતે સ્થિતિમાં પરિવર્તન લાવી દે છે કે કોઈની દૃષ્ટિ ત્યાં સુધી પહોંચી શકતી નથી. ત્રીજી એ કે સુધરવાની મહેતલ સમાપ્ત થઈ ગયા પછી (તદ્દન) અંતિમ ઘડીએ તૌબા (પશ્ચાતાપ) કરશો તો તમને માફ કરવામાં નહીં આવે. ચોથી એ કે ઈમાનવાળા, વિરોધી વાતાવરણની તીવ્રતા જોઈને નિરાશ ન થાય અને તેમને જાણ રહે કે આ સંજોગોમાં તેમને કઈ રીતે કામ કરવું જોઈએ. તે સાથે એ વાત પર પણ સચેત થઈ જાય કે જ્યારે અલ્લાહ પોતાની કૃપાથી આ સ્થિતિમાંથી ઉગારી દે તો ક્યાંક તેઓ તે માર્ગ ન અપનાવે જે બની ઈસરાઈલે મિસરથી છુટકારો મેળવ્યા પછી અપનાવ્યો.

اٰيَاتُهَا ۱۰۹ (۱۰) سُوْرَةُ يُوْنُسَ مَكِّيَّةٌ (۵۱) رُكُوْعَاتُهَا ۱۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓرٰ قف تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْحَكِيْمِ ۝۱ اَكَانَ لِلنَّاسِ
عَجَبًا اَنْ اَوْحَيْنَآ اِلٰى رَجُلٍ مِّنْهُمْ اَنْ اَنْذِرِ النَّاسَ
وَبَشِّرِ الَّذِيْنَ اٰمَنُوْٓا اَنَّ لَهُمْ قَدَمَ صِدْقٍ عِنْدَ
رَبِّهِمْ ؔ ط قَالَ الْكٰفِرُوْنَ اِنَّ هٰذَا لَسٰحِرٌ مُّبِيْنٌ ۝۲
اِنَّ رَبَّكُمُ اللّٰهُ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَ الْاَرْضَ فِيْ
سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ يُدَبِّرُ الْاَمْرَ ط مَا
مِنْ شَفِيْعٍ اِلَّا مِنْۢ بَعْدِ اِذْنِهٖ ط ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ
فَاعْبُدُوْهُ ط اَفَلَا تَذَكَّرُوْنَ ۝۳ اِلَيْهِ مَرْجِعُكُمْ جَمِيْعًا ط
وَعْدَ اللّٰهِ حَقًّا ط اِنَّهٗ يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ لِيَجْزِيَ
الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ بِالْقِسْطِ ط وَالَّذِيْنَ
كَفَرُوْا لَهُمْ شَرَابٌ مِّنْ حَمِيْمٍ وَّعَذَابٌ اَلِيْمٌۢ بِمَا كَانُوْا
يَكْفُرُوْنَ ۝۴ هُوَ الَّذِيْ جَعَلَ الشَّمْسَ ضِيَآءً وَّ الْقَمَرَ
نُوْرًا وَّ قَدَّرَهٗ مَنَازِلَ لِتَعْلَمُوْا عَدَدَ السِّنِيْنَ وَ
الْحِسَابَ ط مَا خَلَقَ اللّٰهُ ذٰلِكَ اِلَّا بِالْحَقِّ ج يُفَصِّلُ
الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ۝۵ اِنَّ فِي اخْتِلَافِ الَّيْلِ
وَالنَّهَارِ وَمَا خَلَقَ اللّٰهُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ لَاٰيٰتٍ
لِّقَوْمٍ يَّتَّقُوْنَ ۝۶ اِنَّ الَّذِيْنَ لَا يَرْجُوْنَ لِقَآءَنَا وَرَضُوْا

المنزل الثالث ۳

وقف النبي صلى الله عليه وآله وسلم ۱۲

منزل ۳

(૧૦) સૂરઃ યૂનુસ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧૧ ● આયતો : ૧૦૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલિફ-લામ-રા, આ તે ગ્રંથની આયતો છે જે તત્ત્વદર્શિતા અને વિદ્વત્તાથી ભરપૂર છે.

૨. શું લોકો માટે આ એક વિચિત્ર વાત થઈ ગઈ કે અમે ખુદ તેમનામાંથી જ એક મનુષ્ય ઉપર વહી (દિવ્ય પ્રકાશના) મોકલી કે (ગફલતમાં પડેલા) લોકોને ચેતવણી આપી દે અને જેઓ માની લે તેમને ખુશખબર આપી દે કે તેમના માટે તેમના રબ (માલિક અને પાલનહાર) પાસે સાચું માન-સન્માન છે ? (આના ઉપર) ઇન્કાર કરનારાઓએ કહ્યું કે આ માણસ તો સ્પષ્ટ જાદુગર છે.

૩. હકીકત એ છે કે તમારો રબ તે જ અલ્લાહ છે જેણે આકાશો અને ધરતીને છ દિવસમાં પેદા કર્યા, પછી રાજ-સિંહાસન ઉપર બિરાજમાન થઈને સૃષ્ટિનું તંત્ર ચલાવી રહ્યો છે. કોઈ ભલામણ કરનાર નથી, સિવાય કે તેની પરવાનગી પછી ભલામણ કરે. આ જ અલ્લાહ તમારો રબ (પ્રભુ) છે, આથી તમે તેની જ ઉપાસના કરો. પછી શું તમે ભાનમાં નહીં આવો ?

૪. તેના જ તરફ તમને સૌને પાછા ફરવાનું છે, આ અલ્લાહનો પાકો વાયદો છે. નિઃશંક સર્જનની શરૂઆત તે જ કરે છે, પછી તે જ બીજીવાર પેદા કરશે, જેથી જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે સદ્કાર્યો કર્યા તેમને ન્યાયપૂર્વક બદલો આપે, અને જેમણે કુફ્ર (ઇન્કાર)નો માર્ગ અપનાવ્યો તેઓ ઉકળતું પાણી પીએ અને પીડાકારી સજા ભોગવે સત્યના તે ઇન્કારના બદલામાં જે તેઓ કરતા રહ્યા.

૫. તે જ છે જેણે સૂર્યને તેજસ્વી બનાવ્યો અને ચંદ્રને ચમક આપી અને ચંદ્રની વધઘટની મંજિલો ચોક્કસપણે નિર્ધારિત કરી દીધી જેથી તમે તેના વડે વર્ષો અને તારીખોનો હિસાબ જાણો. અલ્લાહે આ બધું સત્યપૂર્વક જ પેદા કર્યું છે. તે પોતાની નિશાનીઓ વિસ્તારપૂર્વક દર્શાવી રહ્યો છે તે લોકો માટે જેઓ જ્ઞાન ધરાવે છે.

૬. નિઃસંદેહ રાત અને દિવસના ફેરબદલમાં અને તે દરેક વસ્તુમાં જે અલ્લાહે ધરતી અને આકાશોમાં પેદા કરી છે, નિશાનીઓ છે તે લોકો માટે જેઓ (ખોટું જોવાથી અને ખોટા માર્ગે ચાલવાથી) બચવા માગે છે.

૭. હકીકત એ છે કે જે લોકો અમારા સાથે મુલાકાતની આશા રાખતા

بِالْحَيٰوةِ الدُّنْيَا وَاطْمَاَنُّوْا بِهَا وَالَّذِيْنَ هُمْ عَنْ اٰيٰتِنَا
غٰفِلُوْنَ ۙ﴿٧﴾ اُولٰٓئِكَ مَاْوٰىهُمُ النَّارُ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٨﴾
اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ يَهْدِيْهِمْ رَبُّهُمْ
بِاِيْمَانِهِمْ ۚ تَجْرِيْ مِنْ تَحْتِهِمُ الْاَنْهٰرُ فِيْ جَنّٰتِ
النَّعِيْمِ ﴿٩﴾ دَعْوٰىهُمْ فِيْهَا سُبْحٰنَكَ اللّٰهُمَّ وَتَحِيَّتُهُمْ
فِيْهَا سَلٰمٌ ۚ وَاٰخِرُ دَعْوٰىهُمْ اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ
الْعٰلَمِيْنَ ﴿١٠﴾ وَلَوْ يُعَجِّلُ اللّٰهُ لِلنَّاسِ الشَّرَّ اسْتِعْجَالَهُمْ ع
بِالْخَيْرِ لَقُضِيَ اِلَيْهِمْ اَجَلُهُمْ ۭ فَنَذَرُ الَّذِيْنَ لَا
يَرْجُوْنَ لِقَآءَنَا فِيْ طُغْيَانِهِمْ يَعْمَهُوْنَ ﴿١١﴾ وَاِذَا مَسَّ
الْاِنْسَانَ الضُّرُّ دَعَانَا لِجَنْۢبِهٖٓ اَوْ قَاعِدًا اَوْ قَآئِمًا ۚ
فَلَمَّا كَشَفْنَا عَنْهُ ضُرَّهٗ مَرَّ كَاَنْ لَّمْ يَدْعُنَآ اِلٰى
ضُرٍّ مَّسَّهٗ ۭ كَذٰلِكَ زُيِّنَ لِلْمُسْرِفِيْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢﴾
وَلَقَدْ اَهْلَكْنَا الْقُرُوْنَ مِنْ قَبْلِكُمْ لَمَّا ظَلَمُوْا ۙ وَ
جَآءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ وَمَا كَانُوْا لِيُؤْمِنُوْا ۭ
كَذٰلِكَ نَجْزِي الْقَوْمَ الْمُجْرِمِيْنَ ﴿١٣﴾ ثُمَّ جَعَلْنٰكُمْ
خَلٰٓئِفَ فِي الْاَرْضِ مِنْۢ بَعْدِهِمْ لِنَنْظُرَ كَيْفَ
تَعْمَلُوْنَ ﴿١٤﴾ وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيَاتُنَا بَيِّنٰتٍ ۙ قَالَ
الَّذِيْنَ لَا يَرْجُوْنَ لِقَآءَنَا ائْتِ بِقُرْاٰنٍ غَيْرِ هٰذَآ
اَوْ بَدِّلْهُ ۭ قُلْ مَا يَكُوْنُ لِيْٓ اَنْ اُبَدِّلَهٗ مِنْ تِلْقَآئِ منزل ٣

નથી અને દુનિયાની જિંદગી પર જ ખુશ અને સંતુષ્ટ થઈ ગયા છે અને જે લોકો અમારી નિશાનીઓ પ્રત્યે ગાફેલ છે,

૮. તેમનું અંતિમ ઠેકાણું જહન્નમ (નર્ક) હશે, તે બૂરાઈઓના બદલા રૂપે જેની કમાણી તેઓ (પોતાની આ ખોટી માન્યતા અને ખોટી વર્તણૂકના કારણે) કરતા રહ્યા.

૯. અને તે પણ હકીકત છે કે જે લોકો ઈમાન લાવ્યા (અર્થાત્ જેમણે તે સચ્ચાઈઓનો સ્વીકાર કરી લીધો જે આ ગ્રંથમાં રજૂ કરવામાં આવી છે) અને સદ્કાર્યો કરતા રહ્યા, તેમને તેમનો રબ તેમના ઈમાનના કારણે સન્માર્ગે ચલાવશે, નેઅ્મતો (કૃપાઓ અને બક્ષિસો)થી ભરપૂર જન્નતોમાં તેમની નીચે નહેરો વહેશે,

૧૦. ત્યાં તેમનો પોકાર આ હશે કે, 'પવિત્ર છે તું હે અલ્લાહ !' તેમની પ્રાર્થના એ હશે કે 'સલામતી થાવ' અને તેમની દરેક વાતનું સમાપન આની ઉપર થશે કે, 'સર્વ પ્રશંસા અલ્લાહ રબ્બુલ આલમીન (તમામ દુનિયાઓના રબ) માટે જ છે.' (રુકૂઅ-૧)

૧૧. જો ક્યાંક અલ્લાહ લોકો સાથે ખરાબ મામલો કરવામાં પણ એટલી જ ઉતાવળ કરતો, જેટલી તેઓ દુનિયાની ભલાઈ માગવામાં કરે છે તો તેમની કર્મ કરવાની મહેતલ ક્યારનીય સમાપ્ત કરી દેવામાં આવી હોત. (પરંતુ અમારી આ રીત નથી) આથી અમે તે લોકોને જેઓ અમારી મુલાકાતની આશા રાખતા નથી તેમને વિદ્રોહમાં ભટકવા માટે છૂટ આપી દઈએ છીએ.

૧૨. મનુષ્યની હાલત એ છે કે જ્યારે તેના પર કોઈ કઠીન સમય આવે છે તો ઊભા અને બેઠા અને સૂતાં અમને પોકારે છે, જ્યારે અમે તેની મુસીબત ટાળી દઈએ છીએ તો એવી રીતે ચાલી નીકળે છે જાણે તેણે ક્યારેય પોતાના ખરાબ સમયમાં અમને પોકાર્યા જ ન હતા. આવી રીતે હદ વટાવી જનારાઓ માટે તેમના કરતૂકો સુંદર બનાવી દેવામાં આવ્યા છે.

૧૩. લોકો ! તમારા પહેલાંની કોમોને અમે નષ્ટ કરી દીધી જ્યારે તેમણે અત્યાચારનો માર્ગ અપનાવ્યો અને તેમના રસૂલો (ઈશદૂતો) તેમના પાસે તદ્દન સ્પષ્ટ નિશાનીઓ લઈને આવ્યા અને તેઓ ઈમાન લાવ્યા જ નહીં. આવી રીતે અમે ગુનેગારોને તેમના ગુનાઓનો બદલો આપીએ છીએ.

૧૪. હવે તેમના પછી અમે તમને ધરતી ઉપર તેમનું સ્થાન આપ્યું છે, જેથી જોઈએ કે તમે કેવા કાર્ય કરો છો.

૧૫. જ્યારે તેમને અમારી સ્પષ્ટ વાતો સંભળાવવામાં આવે છે તો તે લોકો જેઓ અમારી મુલાકાતની આશા રાખતા નથી, કહે છે કે ''આના બદલે કોઈ બીજું કુર્આન લઈ આવો અથવા આમાં થોડો ફેરફાર કરો.''

نَفْسِيْ ۚ اِنْ اَتَّبِعُ اِلَّا مَا يُوْحٰٓى اِلَيَّ ۚ اِنِّيْٓ اَخَافُ اِنْ
عَصَيْتُ رَبِّيْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿١٥﴾ قُلْ لَّوْ شَآءَ
اللّٰهُ مَا تَلَوْتُهٗ عَلَيْكُمْ وَلَآ اَدْرٰىكُمْ بِهٖ ۖ فَقَدْ
لَبِثْتُ فِيْكُمْ عُمُرًا مِّنْ قَبْلِهٖ ۭ اَفَلَا تَعْقِلُوْنَ ﴿١٦﴾ فَمَنْ
اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖ ۭ
اِنَّهٗ لَا يُفْلِحُ الْمُجْرِمُوْنَ ﴿١٧﴾ وَيَعْبُدُوْنَ مِنْ
دُوْنِ اللّٰهِ مَا لَا يَضُرُّهُمْ وَلَا يَنْفَعُهُمْ وَيَقُوْلُوْنَ
هٰٓؤُلَاۗءِ شُفَعَاۗؤُنَا عِنْدَ اللّٰهِ ۭ قُلْ اَتُنَبِّـــُٔوْنَ اللّٰهَ بِمَا
لَا يَعْلَمُ فِي السَّمٰوٰتِ وَلَا فِي الْاَرْضِ ۭ سُبْحٰنَهٗ وَتَعٰلٰى
عَمَّا يُشْرِكُوْنَ ﴿١٨﴾ وَمَا كَانَ النَّاسُ اِلَّآ اُمَّةً وَّاحِدَةً
فَاخْتَلَفُوْا ۭ وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَّبِّكَ لَقُضِيَ
بَيْنَهُمْ فِيْمَا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿١٩﴾ وَيَقُوْلُوْنَ لَوْلَآ
اُنْزِلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ۚ فَقُلْ اِنَّمَا الْغَيْبُ
لِلّٰهِ فَانْتَظِرُوْا ۚ اِنِّيْ مَعَكُمْ مِّنَ الْمُنْتَظِرِيْنَ ﴿٢٠﴾ ع وَاِذَآ ع ١٠/٧
اَذَقْنَا النَّاسَ رَحْمَةً مِّنْۢ بَعْدِ ضَرَّاۗءَ مَسَّتْهُمْ اِذَا
لَهُمْ مَّكْرٌ فِيْٓ اٰيَاتِنَا ۭ قُلِ اللّٰهُ اَسْرَعُ مَكْرًا ۭ
اِنَّ رُسُلَنَا يَكْتُبُوْنَ مَا تَمْكُرُوْنَ ﴿٢١﴾ هُوَ الَّذِيْ
يُسَيِّرُكُمْ فِي الْبَرِّ وَالْبَحْرِ ۭ حَتّٰٓي اِذَا كُنْتُمْ فِي
الْفُلْكِ ۚ وَجَرَيْنَ بِهِمْ بِرِيْحٍ طَيِّبَةٍ وَّفَرِحُوْا بِهَا

હે નબી ! તેમને કહો, ''મારું આ કામ નથી કે મારા તરફથી આમાં કોઈ ફેરફાર અને ફેરબદલ કરી લઉં. હું તો માત્ર તે વહીનું અનુસરણ કરનારો છું જે મારા પાસે મોકલવામાં આવે છે. જો હું મારા રબની અવજ્ઞા કરું તો મને એક મોટા ભયંકર દિવસની સજાનો ડર છે.''

૧૬. અને કહો, ''જો અલ્લાહની ઇચ્છા આ જ હોત તો હું આ કુર્આન તમને કદી ન સંભળાવતો અને અલ્લાહે તમને આની ખબર સુધ્ધાં ન આપી હોત. છેવટે આ પહેલાં હું એક આયુષ્ય તમારા વચ્ચે પસાર કરી ચૂક્યો છું, શું તમે બુદ્ધિથી કામ લેતા નથી ?

૧૭. પછી તેનાથી વધુ જાલિમ કોણ હશે જે એક જૂઠી વાત ઘડીને અલ્લાહથી જોડે અથવા અલ્લાહની સાચી આયતોને ખોટી ઠેરવે. નિઃશંક ગુનેગારો ક્યારેય સફળતા પામી શકતા નથી.''

૧૮. આ લોકો અલ્લાહ સિવાય તેમની ઉપાસના કરી રહ્યા છે જેઓ તેમને ન નુકસાન પહોંચાડી શકે છે, ન ફાયદો; અને એમ કહે છે કે અલ્લાહને ત્યાં આ અમારા ભલામણ કરનારા છે. હે નબી ! એમને કહો, ''શું તમે અલ્લાહને તે વાતની ખબર આપો છો જેના વિષે તે જાણતો નથી કે તે આકાશો અને ધરતીમાં છે ?'' પવિત્ર છે તે અને ઉચ્ચતર છે તે શિર્કથી જે આ લોકો કરે છે.

૧૯. આરંભમાં સૌ મનુષ્યો એક જ ઉમ્મત (સમુદાય) હતા, પાછળથી તેમણે અલગ-અલગ માન્યતાઓ અને પંથ બનાવી લીધા, અને જો તારા રબ તરફથી પહેલાંથી જ એક વાત નક્કી ન કરી દેવાઈ હોત તો જે વસ્તુ બાબતમાં તેઓ એક-બીજા સાથે મતભેદ કરી રહ્યા છે, તેનો નિર્ણય કરી દેવામાં આવ્યો હોત.

૨૦. અને આ જે તેઓ કહે છે કે આ પયગંબર ઉપર તેના રબ તરફથી કોઈ નિશાની શા માટે ઉતારવામાં ન આવી, તો એમને કહો, ''અદૃશ્યનો માલિક અને અધિકારી તો અલ્લાહ જ છે, હવે રાહ જુઓ, હું પણ તમારા સાથે રાહ જોઈ રહ્યો છું.'' (રુકૂઅ-૨)

૨૧. લોકોની હાલત એવી છે કે મુસીબત પછી જ્યારે અમે તેમને કૃપાનો સ્વાદ ચખાડીએ છીએ તો તરત જ તેઓ અમારી નિશાનીઓની બાબતમાં ચાલબાજીઓ શરૂ કરી દે છે. એમને કહો, ''અલ્લાહ પોતાની ચાલમાં તમારા કરતાં વધુ ઝડપી છે, તેના ફરિશ્તાઓ તમારી બધી દગાબાજીઓ નોંધી રહ્યા છે.''

૨૨. તે અલ્લાહ જ છે જે તમને જમીન અને સમુદ્રમાં ચલાવે છે. આથી જ્યારે તમે નૌકાઓમાં સવાર થઈ સાનુકૂળ પવન સાથે હરખાતા-

جَآءَتْهَا رِيْحٌ عَاصِفٌ وَّجَآءَهُمُ الْمَوْجُ مِنْ كُلِّ
مَكَانٍ وَّظَنُّوْٓا اَنَّهُمْ اُحِيْطَ بِهِمْ ۙ دَعَوُا اللّٰهَ مُخْلِصِيْنَ
لَهُ الدِّيْنَ ۚ لَئِنْ اَنْجَيْتَنَا مِنْ هٰذِهٖ لَنَكُوْنَنَّ مِنَ
الشّٰكِرِيْنَ ﴿٢٢﴾ فَلَمَّآ اَنْجٰىهُمْ اِذَا هُمْ يَبْغُوْنَ فِي الْاَرْضِ
بِغَيْرِ الْحَقِّ ؕ يٰۤاَيُّهَا النَّاسُ اِنَّمَا بَغْيُكُمْ عَلٰٓى اَنْفُسِكُمْ ۙ
مَّتَاعَ الْحَيٰوةِ الدُّنْيَا ۫ ثُمَّ اِلَيْنَا مَرْجِعُكُمْ فَنُنَبِّئُكُمْ
بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٢٣﴾ اِنَّمَا مَثَلُ الْحَيٰوةِ الدُّنْيَا
كَمَآءٍ اَنْزَلْنٰهُ مِنَ السَّمَآءِ فَاخْتَلَطَ بِهٖ نَبَاتُ
الْاَرْضِ مِمَّا يَاْكُلُ النَّاسُ وَالْاَنْعَامُ ؕ حَتّٰىٓ اِذَآ
اَخَذَتِ الْاَرْضُ زُخْرُفَهَا وَازَّيَّنَتْ وَظَنَّ اَهْلُهَآ
اَنَّهُمْ قٰدِرُوْنَ عَلَيْهَآ ۙ اَتٰىهَآ اَمْرُنَا لَيْلًا اَوْ نَهَارًا
فَجَعَلْنٰهَا حَصِيْدًا كَاَنْ لَّمْ تَغْنَ بِالْاَمْسِ ؕ كَذٰلِكَ
نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿٢٤﴾ وَاللّٰهُ يَدْعُوْٓا اِلٰى
دَارِ السَّلٰمِ ؕ وَيَهْدِيْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٢٥﴾
لِلَّذِيْنَ اَحْسَنُوا الْحُسْنٰى وَزِيَادَةٌ ؕ وَلَا يَرْهَقُ وُجُوْهَهُمْ
قَتَرٌ وَّلَا ذِلَّةٌ ؕ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ ۚ هُمْ فِيْهَا
خٰلِدُوْنَ ﴿٢٦﴾ وَالَّذِيْنَ كَسَبُوا السَّيِّاٰتِ جَزَآءُ سَيِّئَةٍ
بِمِثْلِهَا ۙ وَتَرْهَقُهُمْ ذِلَّةٌ ؕ مَا لَهُمْ مِّنَ اللّٰهِ مِنْ عَاصِمٍ ۚ
كَاَنَّمَآ اُغْشِيَتْ وُجُوْهُهُمْ قِطَعًا مِّنَ الَّيْلِ مُظْلِمًا ؕ

હરખાતા મુસાફરી કરી રહ્યા હોવ છો અને પછી અચાનક પ્રતિકૂળ પવન જોર પકડે છે અને દરેક દિશામાંથી મોજાની થપાટો વાગે છે અને મુસાફરો સમજી લે છે કે તોફાનમાં ઘેરાઈ ગયા, તે વખતે સૌ પોતાના દીન (ધર્મ)ને અલ્લાહ માટે જ વિશિષ્ટ કરીને તેના પાસે દુઆઓ માગે છે કે, ''જો તેં અમને આ આફતમાંથી ઉગારી લીધા તો અમે કૃતજ્ઞ બંદા બનીશું.''

૨૩. પરંતુ જ્યારે તે તેમને ઉગારી લે છે તો પછી તે જ લોકો સત્યથી વિચલિત થઈને ધરતી ઉપર વિદ્રોહ કરવા લાગે છે. લોકો ! તમારો આ વિદ્રોહ તમારા જ વિરુધ્ધ જઈ રહ્યો છે.

૨૪. દુનિયાના જીવનની ક્ષણિક મજા છે (લૂંટી લો), પછી અમારા તરફ તમારે પાછા ફરવાનું છે, તે વખતે અમે તમને બતાવી દઈશું કે તમે શું-શું કરતા રહ્યા છો. દુનિયાનું આ જીવન (જેમાં મદમસ્ત બનીને તમે અમારી નિશાનીઓ પ્રત્યે બેદરકારી દાખવી રહ્યા છો) તેનું ઉદાહરણ એવું છે જાણે આકાશમાંથી અમે પાણી વરસાવ્યું તો ધરતીની પેદાશ, જેને મનુષ્ય અને પશુઓ સૌ ખાય છે, ખૂબ ભરાવદાર થઈ ગઈ, પછી બરાબર એ જ સમયે જ્યારે ધરતી પુરબહારમાં હતી અને ઊભા પાકો શોભી રહ્યા હતા અને તેમના માલિકો સમજી રહ્યા હતા કે હવે અમે આનો લાભ મેળવવા માટે સમર્થ છીએ, અચાનક રાત્રે કે દિવસે અમારો આદેશ આવી ગયો અને અમે તેને એવા નષ્ટ કરી દીધા કે જાણે કાલે ત્યાં કશું હતું જ નહીં. આવી રીતે અમે નિશાનીઓ ખોલી-ખોલીને રજૂ કરીએ છીએ તે લોકો માટે જેઓ વિચારવા-સમજવાવાળા છે.

૨૫. (તમે આ નાશવંત જીવનના ભ્રમમાં પડી રહ્યા છો) અને અલ્લાહ તમને દારુસ્-સલામ (સલામતીના ઘર) તરફ બોલાવી રહ્યો છે. (માર્ગદર્શન આપવું તેના અધિકારમાં છે) જેને તે ચાહે છે, સન્માર્ગ દેખાડી દે છે.

૨૬. જે લોકોએ ભલાઈનો માર્ગ અપનાવ્યો, તેમના માટે ભલાઈ છે અને વધારામાં કૃપા. તેમના ચહેરાઓ પર અંધકાર અને નામોશી નહીં છવાય. તેઓ જન્નત (સ્વર્ગ)ના અધિકારી છે જ્યાં તેઓ હંમેશા રહેશે.

૨૭. અને જે લોકોએ બૂરાઈઓ કમાવી, તેમની બૂરાઈ જેવી છે તેવો જ બદલો તેઓ પામશે. નામોશી તેમના પર છવાયેલી હશે, અલ્લાહથી કોઈ તેમને બચાવનાર નહીં હોય, તેમના ચહેરાઓ પર એવો અંધકાર છવાયેલો હશે જાણે રાતના કાળા પડદા તેમના પર પડેલા હોય. તેઓ

أُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢٧﴾ وَيَوْمَ
نَحْشُرُهُمْ جَمِيْعًا ثُمَّ نَقُوْلُ لِلَّذِيْنَ اَشْرَكُوْا
مَكَانَكُمْ اَنْتُمْ وَشُرَكَآؤُكُمْ ۚ فَزَيَّلْنَا بَيْنَهُمْ وَقَالَ
شُرَكَآؤُهُمْ مَّا كُنْتُمْ اِيَّانَا تَعْبُدُوْنَ ﴿٢٨﴾ فَكَفٰى بِاللّٰهِ
شَهِيْدًا ۢ بَيْنَنَا وَبَيْنَكُمْ اِنْ كُنَّا عَنْ عِبَادَتِكُمْ
لَغٰفِلِيْنَ ﴿٢٩﴾ هُنَالِكَ تَبْلُوْا كُلُّ نَفْسٍ مَّآ اَسْلَفَتْ وَ
رُدُّوْٓا اِلَى اللّٰهِ مَوْلٰىهُمُ الْحَقِّ وَضَلَّ عَنْهُمْ مَّا
كَانُوْا يَفْتَرُوْنَ ﴿٣٠﴾ ع قُلْ مَنْ يَّرْزُقُكُمْ مِّنَ السَّمَآءِ وَ النصف ع ٣ ٨
الْاَرْضِ اَمَّنْ يَّمْلِكُ السَّمْعَ وَالْاَبْصَارَ وَمَنْ
يُّخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَيُخْرِجُ الْمَيِّتَ مِنَ
الْحَيِّ وَمَنْ يُّدَبِّرُ الْاَمْرَ ۭ فَسَيَقُوْلُوْنَ اللّٰهُ ۚ فَقُلْ
اَفَلَا تَتَّقُوْنَ ﴿٣١﴾ فَذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمُ الْحَقُّ ۚ فَمَاذَا بَعْدَ
الْحَقِّ اِلَّا الضَّلٰلُ ښ فَاَنّٰى تُصْرَفُوْنَ ﴿٣٢﴾ كَذٰلِكَ حَقَّتْ
كَلِمَتُ رَبِّكَ عَلَى الَّذِيْنَ فَسَقُوْٓا اَنَّهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿٣٣﴾
قُلْ هَلْ مِنْ شُرَكَآئِكُمْ مَّنْ يَّبْدَؤُا الْخَلْقَ ثُمَّ
يُعِيْدُهٗ ۭ قُلِ اللّٰهُ يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ فَاَنّٰى
تُؤْفَكُوْنَ ﴿٣٤﴾ قُلْ هَلْ مِنْ شُرَكَآئِكُمْ مَّنْ يَّهْدِيْٓ اِلَى
الْحَقِّ ۭ قُلِ اللّٰهُ يَهْدِيْ لِلْحَقِّ ۭ اَفَمَنْ يَّهْدِيْٓ اِلَى
الْحَقِّ اَحَقُّ اَنْ يُّتَّبَعَ اَمَّنْ لَّا يَهِدِّيْٓ اِلَّآ اَنْ يُّهْدٰى ۚ منزل ٣

જહન્નમ (નર્ક)ના અધિકારી છે જ્યાં તેઓ હંમેશાં રહેશે.

૨૮. જે દિવસે અમે તેમને સૌને એક સાથે (પોતાની અદાલતમાં) એકઠા કરીશું, પછી તે લોકોને જેમણે શિર્ક કર્યું છે, કહીશું કે થોભો, તમે પણ અને તમારા બનાવેલા ભાગીદારો પણ, પછી અમે તેમના વચ્ચેથી અપરિચિતતાનો પડદો હટાવી લઈશું અને તેમના (ઠેરવેલા) ભાગીદારો કહેશે, "તમે અમારી ઉપાસના તો કરતા ન હતા.

૨૯. અમારા અને તમારા વચ્ચે અલ્લાહની સાક્ષી પૂરતી છે કે (જો તમે અમારી ઉપાસના કરતા પણ હતા તો) અમે તમારી આ ઉપાસનાથી તદ્દન અજાણ હતા."

૩૦. તે વખતે દરેક મનુષ્ય પોતાની કરણીનો સ્વાદ ચાખી લેશે, સૌને પોતાના સાચા માલિકના તરફ પાછા લઈ જવામાં આવશે અને તે સર્વ જૂઠાણાં જે તેમણે ઘડી રાખ્યા હતા, ગાયબ થઈ જશે. (રુકૂઅ-૩)

૩૧. એમને પૂછો, કોણ તમને આકાશ અને ધરતીમાંથી રોજી આપે છે ? સાંભળવા અને જોવાની આ શક્તિઓ કોના અધિકારમાં છે ? કોણ નિર્જીવમાંથી સજીવને અને સજીવમાંથી નિર્જીવને કાઢે છે ? કોણ દુનિયાની આ વ્યવસ્થાનો ઉપાય કરી રહ્યો છે ? તેઓ જરૂર કહેશે કે અલ્લાહ ! કહો, પછી તમે (સત્યની વિરુધ્ધ ચાલવાથી) દૂર રહેતા નથી ?

૩૨. ત્યારે તો આ જ અલ્લાહ તમારો સાચો રબ છે. તો સત્ય પછી પથભ્રષ્ટતા સિવાય બીજું શું બાકી રહી ગયું ? છેવટે તમે ક્યાં ફેરવવામાં આવી રહ્યા છો ?

૩૩. (હે નબી ! જુઓ,) આવી રીતે અવજ્ઞા કરવાવાળાઓ માટે તમારા રબની વાત સાચી ઠરી કે તેઓ કદાપિ માનશે નહીં.

૩૪. એમને પૂછો, તમારા ઠેરવેલા ભાગીદારોમાંથી કોઈ છે જે સર્જનની શરૂઆત પણ કરતો હોય અને પછી તેનું પુનરાવર્તન પણ કરે ? કહો, "તે માત્ર અલ્લાહ જ છે જે સર્જનની શરૂઆત પણ કરે છે અને તેનું પુનરાવર્તન પણ." પછી તમે કયાં ઊંધા રસ્તા પર ચલાવવામાં આવી રહ્યા છો ?

૩૫. એમને પૂછો, તમારા ઠેરવેલા ભાગીદારોમાં કોઈ એવો પણ છે જે સત્ય તરફ માર્ગદર્શન કરતો હોય ? – કહો, તે માત્ર અલ્લાહ છે જે સત્ય તરફ માર્ગદર્શન કરે છે. પછી હવે બતાવો, જે સત્ય તરફ માર્ગદર્શન કરે છે તે આનો વધુ અધિકારી છે કે તેનું અનુસરણ કરવામાં આવે કે પછી તે જે પોતે માર્ગ પામતો નથી, સિવાય કે તેનું માર્ગદર્શન કરવામાં

فَمَا لَكُمْ ۣ كَيْفَ تَحْكُمُوْنَ ﴿۳۵﴾ وَمَا يَتَّبِعُ اَكْثَرُهُمْ اِلَّا
ظَنًّا ؕ اِنَّ الظَّنَّ لَا يُغْنِىْ مِنَ الْحَقِّ شَيْـًٔا ؕ اِنَّ اللّٰهَ
عَلِيْمٌۢ بِمَا يَفْعَلُوْنَ ﴿۳۶﴾ وَمَا كَانَ هٰذَا الْقُرْاٰنُ اَنْ
يُّفْتَرٰى مِنْ دُوْنِ اللّٰهِ وَلٰكِنْ تَصْدِيْقَ الَّذِىْ بَيْنَ
يَدَيْهِ وَتَفْصِيْلَ الْكِتٰبِ لَا رَيْبَ فِيْهِ مِنْ رَّبِّ
الْعٰلَمِيْنَ ﴿۳۷﴾ اَمْ يَقُوْلُوْنَ افْتَرٰىهُ ؕ قُلْ فَاْتُوْا بِسُوْرَةٍ
مِّثْلِهٖ وَادْعُوْا مَنِ اسْتَطَعْتُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ
كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۳۸﴾ بَلْ كَذَّبُوْا بِمَا لَمْ يُحِيْطُوْا بِعِلْمِهٖ
وَلَمَّا يَاْتِهِمْ تَاْوِيْلُهٗ ؕ كَذٰلِكَ كَذَّبَ الَّذِيْنَ مِنْ
قَبْلِهِمْ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الظّٰلِمِيْنَ ﴿۳۹﴾ وَ
مِنْهُمْ مَّنْ يُّؤْمِنُ بِهٖ وَمِنْهُمْ مَّنْ لَّا يُؤْمِنُ بِهٖ ؕ وَ
رَبُّكَ اَعْلَمُ بِالْمُفْسِدِيْنَ ﴿۴۰﴾ وَاِنْ كَذَّبُوْكَ فَقُلْ لِّىْ ع ٩
عَمَلِىْ وَلَكُمْ عَمَلُكُمْ ۚ اَنْتُمْ بَرِيْٓـُٔوْنَ مِمَّاۤ اَعْمَلُ
وَاَنَا بَرِىْٓءٌ مِّمَّا تَعْمَلُوْنَ ﴿۴۱﴾ وَمِنْهُمْ مَّنْ يَّسْتَمِعُوْنَ
اِلَيْكَ ؕ اَفَاَنْتَ تُسْمِعُ الصُّمَّ وَلَوْ كَانُوْا لَا يَعْقِلُوْنَ ﴿۴۲﴾
وَمِنْهُمْ مَّنْ يَّنْظُرُ اِلَيْكَ ؕ اَفَاَنْتَ تَهْدِى الْعُمْىَ
وَلَوْ كَانُوْا لَا يُبْصِرُوْنَ ﴿۴۳﴾ اِنَّ اللّٰهَ لَا يَظْلِمُ النَّاسَ
شَيْـًٔا وَّلٰكِنَّ النَّاسَ اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿۴۴﴾ وَيَوْمَ
يَحْشُرُهُمْ كَاَنْ لَّمْ يَلْبَثُوْۤا اِلَّا سَاعَةً مِّنَ النَّهَارِ منزل ٣

આવે ? છેવટે તમને થઈ શું ગયું છે, કેવા ઊંધા ફેંસલા કરો છો ?
૩૬. હકીકત એ છે કે તેમના પૈકી ઘણાંખરા લોકો માત્ર અનુમાન અને અટકળ પાછળ ચાલી જઈ રહ્યા છે, જો કે અટકળ સત્યની આવશ્યકતાને સહેજ પણ પૂરી કરતી નથી. જે કંઈ આ લોકો કરી રહ્યા છે, અલ્લાહ તેને સારી રીતે જાણે છે.
૩૭. અને આ કુર્આન એ વસ્તુ નથી જે અલ્લાહની વહી અને શિક્ષા વિના લખી લેવામાં આવે, બલ્કે આ તો પહેલાં જે કંઈ આવી ચૂક્યું હતું તેની પુષ્ટિ અને અલ-કિતાબ★ની વિગતવાર સ્પષ્ટતા કરે છે. એમાં કોઈ શંકા નથી કે આ સૃષ્ટિના શાસક તરફથી છે.
૩૮. શું આ લોકો કહે છે કે પયગંબરે આને પોતે ઘડી લીધું છે ? કહો, ''જો તમે પોતાના આ આરોપમાં સાચા છો તો એક સૂરઃ આના જેવી ઘડી લાવો અને એક ખુદાને છોડીને જેને-જેને બોલાવી શકતા હોવ, મદદમાં બોલાવી લો.''
૩૯. સાચું એ છે કે જે વસ્તુ તેમના જ્ઞાનની પહોંચમાં ન આવી અને જેનું પરિણામ પણ તેમના સામે નથી આવ્યું, તેને તેમણે (જાણીબૂજીને અટકળો દોડાવીને) ખોટું ઠેરવ્યું. આવી જ રીતે તો તેમના પુરોગામીઓ પણ ખોટું ઠેરવી ચૂક્યા છે, પછી જોઈ લો, તે અત્યાચારીઓનું શું પરિણામ આવ્યું.
૪૦. એમનામાંથી કેટલાક લોકો ઈમાન લાવશે અને કેટલાક નહીં લાવે અને તારો રબ આ બગાડ ફેલાવનારાઓને સારી રીતે જાણે છે. (રુકૂઅ-૪)
૪૧. જો આ તને ખોટો ઠેરવે છે તો કહી દે કે, ''મારા કર્મ મારા માટે છે અને તમારા કર્મ તમારા માટે, જે કંઈ હું કરું છું તેની જવાબદારીથી તમે મુક્ત છો અને જે કંઈ તમે કરી રહ્યા છો તેની જવાબદારીમાંથી હું મુક્ત છું.''
૪૨. તેમના પૈકી ઘણા લોકો છે જેઓ તારી વાતો સાંભળે છે, પરંતુ શું તું બહેરાઓને સંભળાવીશ ચાહે તેઓ કંઈ પણ સમજતા ન હોય ?
૪૩. તેમના પૈકી ઘણા લોકો છે જે તને જુએ છે, પરંતુ શું તું આંધળાઓને માર્ગદર્શન આપીશ ચાહે તેમને કંઈ સૂઝતું ન હોય ?
૪૪. હકીકત એ છે કે અલ્લાહ લોકો ઉપર અત્યાચાર નથી કરતો, લોકો પોતે જ પોતાના ઉપર અત્યાચાર કરે છે.
૪૫. (આજે આ લોકો દુનિયાના જીવનમાં મદમસ્ત છે) અને જે દિવસે અલ્લાહ તેમને એકઠા કરશે તો (આ જ દુનિયાનું જીવન તેમને એવું લાગશે) જાણે આ લોકો માત્ર એક ક્ષણભર એક-બીજા સાથે પરિચય

★ તાત્પર્ય એ છે કે અલ-કિતાબ અર્થાત્ આકાશી ગ્રંથોનો સાર છે, તેમાં પ્રમાણો અને સાક્ષીઓ, ઉદ્દેશ્ય, તેની સમજૂતિ અને સંપૂર્ણ વ્યાખ્યા સાથે વ્યવહારિક પરિસ્થિતિઓ ઉપર ચરિતાર્થ કરીને તે આધારભૂત શિક્ષાઓને બયાન કરવામાં આવેલ છે.)

يَتَعَارَفُوْنَ بَيْنَهُمْ ؕ قَدْ خَسِرَ الَّذِيْنَ كَذَّبُوْا بِلِقَآءِ
اللّٰهِ وَمَا كَانُوْا مُهْتَدِيْنَ ۝٤٥ وَاِمَّا نُرِيَنَّكَ بَعْضَ
الَّذِيْ نَعِدُهُمْ اَوْ نَتَوَفَّيَنَّكَ فَاِلَيْنَا مَرْجِعُهُمْ ثُمَّ
اللّٰهُ شَهِيْدٌ عَلٰى مَا يَفْعَلُوْنَ ۝٤٦ وَلِكُلِّ اُمَّةٍ
رَّسُوْلٌ ۚ فَاِذَا جَآءَ رَسُوْلُهُمْ قُضِيَ بَيْنَهُمْ بِالْقِسْطِ
وَهُمْ لَا يُظْلَمُوْنَ ۝٤٧ وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْوَعْدُ
اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ۝٤٨ قُلْ لَّآ اَمْلِكُ لِنَفْسِيْ ضَرًّا
وَّلَا نَفْعًا اِلَّا مَا شَآءَ اللّٰهُ ؕ لِكُلِّ اُمَّةٍ اَجَلٌ ؕ اِذَا جَآءَ
اَجَلُهُمْ فَلَا يَسْتَاْخِرُوْنَ سَاعَةً وَّلَا يَسْتَقْدِمُوْنَ ۝٤٩
قُلْ اَرَءَيْتُمْ اِنْ اَتٰىكُمْ عَذَابُهٗ بَيَاتًا اَوْ نَهَارًا مَّا
ذَا يَسْتَعْجِلُ مِنْهُ الْمُجْرِمُوْنَ ۝٥٠ اَثُمَّ اِذَا مَا وَقَعَ
اٰمَنْتُمْ بِهٖ ؕ آٰلْـٰٔنَ وَقَدْ كُنْتُمْ بِهٖ تَسْتَعْجِلُوْنَ ۝٥١ وقف النبی صلی اللہ علیہ وآلہ وسلم ۱۲
ثُمَّ قِيْلَ لِلَّذِيْنَ ظَلَمُوْا ذُوْقُوْا عَذَابَ الْخُلْدِ ۚ هَلْ
تُجْزَوْنَ اِلَّا بِمَا كُنْتُمْ تَكْسِبُوْنَ ۝٥٢ وَيَسْتَنْۢبِـُٔوْنَكَ
اَحَقٌّ هُوَ ؕ قُلْ اِيْ وَرَبِّيْٓ اِنَّهٗ لَحَقٌّ ؕ وَمَآ اَنْتُمْ
بِمُعْجِزِيْنَ ۝٥٣ ع وَلَوْ اَنَّ لِكُلِّ نَفْسٍ ظَلَمَتْ مَا فِي
الْاَرْضِ لَافْتَدَتْ بِهٖ ؕ وَاَسَرُّوا النَّدَامَةَ لَمَّا
رَاَوُا الْعَذَابَ ۚ وَقُضِيَ بَيْنَهُمْ بِالْقِسْطِ وَهُمْ لَا
يُظْلَمُوْنَ ۝٥٤ اَلَآ اِنَّ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ

કેળવવા માટે રોકાયા હતા. (તે વખતે પુરવાર થઈ જશે કે) હકીકતમાં ભારે નુકસાનમાં રહ્યા તે લોકો જેમણે અલ્લાહની મુલાકાતને ખોટી ઠેરવી અને કદાપિ તેઓ સન્માર્ગ ઉપર ન હતા.

૪૬. જે ખરાબ પરિણામોથી અમે આમને ડરાવી રહ્યા છીએ, તેનો કોઈ ભાગ અમે તારા જીવતાં દેખાડી દઈએ અથવા તે પહેલાં જ તને ઉઠાવી લઈએ, છેવટે આમને આવવાનું તો અમારા તરફ જ છે અને જે કંઈ આ લોકો કરી રહ્યા છે તેના પર અલ્લાહ સાક્ષી છે.

૪૭. દરેક ઉમ્મત (સમુદાય) માટે એક રસૂલ (ઈશદૂત) છે, પછી જ્યારે કોઈ ઉમ્મત પાસે તેનો રસૂલ આવી જાય છે તો તેનો ફેંસલો સંપૂર્ણ ન્યાયપૂર્વક કરી દેવામાં આવે છે અને તેના ઉપર સહેજ પણ અત્યાચાર કરવામાં આવતો નથી.

૪૮. કહે છે, જો તમારી આ ધમકી સાચી હોય તો છેવટે તે ક્યારે પૂરી થશે ?

૪૯. કહો, ''મારા અધિકારમાં તો સ્વયં મારો નફો-નુકસાન પણ નથી, બધું જ અલ્લાહની ઇચ્છા પર નિર્ભર છે. દરેક ઉમ્મત માટે મહેતલની એક મુદ્દત છે. જ્યારે આ મુદ્દત સમાપ્ત થઈ જાય છે તો ક્ષણભર માટે પણ આગળ-પાછળ થતું નથી.''

૫૦. એમને કહો, કયારેય તમે એ પણ વિચાર્યું કે અલ્લાહની યાતના ઓચિંતી રાત્રે કે દિવસે આવી જાય (તો તમે શું કરી શકો છો ?) છેવટે આ એવી કઈ વસ્તુ છે જેના માટે ગુનેગારો ઉતાવળા થાય ?

૫૧. શું જ્યારે તે તમારા ઉપર આવી પડે ત્યારે જ તમે તેને માનશો ? — હવે બચવા માગો છો ? જ્યારે કે તમે પોતે જ તેના જલ્દી આવવા માટે તકાદો કરી રહ્યા હતા.

૫૨. પછી જાલિમોને કહેવામાં આવશે કે હવે કાયમી યાતનાનો સ્વાદ ચાખો, જે કંઈ તમે કમાતા રહ્યા છો, તેના બદલા સિવાય અન્ય કયો બદલો તમને આપી શકાય છે ?

૫૩. પછી પૂછે છે, શું હકીકતમાં એ સાચું છે જે તમે કહી રહ્યા છો ? કહો, ''મારા રબના સોગંદ ! આ તદ્દન સાચું છે અને તમે એટલું સામર્થ્ય ધરાવતા નથી કે તેને પ્રગટ થતું રોકી શકો.'' (રુકૂઅ-૫)

૫૪. જો તે દરેક મનુષ્ય પાસે, જેણે જુલમ કર્યો છે, ધરતીની સમગ્ર દોલત પણ હોય તો આ સજામાંથી બચવા તે તેને ફિદયા (આર્થિક-દંડ) તરીકે આપવા માટે તૈયાર થઈ જશે. જ્યારે તેઓ તે યાતનાને જોઈ લેશે તો મનોમન પસ્તાવો કરશે, પરંતુ તેમના વચ્ચે સંપૂર્ણ ન્યાયપૂર્વક ફેંસલો કરવામાં આવશે, કોઈ અત્યાચાર તેમના ઉપર નહીં થાય.

૫૫. સાંભળો ! આકાશો અને ધરતી ઉપર જે કંઈ છે, અલ્લાહનું છે.

اَلَآ اِنَّ وَعۡدَ اللّٰهِ حَقٌّ وَّلٰـكِنَّ اَكۡثَرَهُمۡ لَا
يَعۡلَمُوۡنَ ﴿٥٥﴾ هُوَ يُحۡىٖ وَيُمِيۡتُ وَاِلَيۡهِ تُرۡجَعُوۡنَ ﴿٥٦﴾
يٰۤاَيُّهَا النَّاسُ قَدۡ جَآءَتۡكُمۡ مَّوۡعِظَةٌ مِّنۡ رَّبِّكُمۡ
وَشِفَآءٌ لِّمَا فِى الصُّدُوۡرِ ۙ وَهُدًى وَّرَحۡمَةٌ
لِّلۡمُؤۡمِنِيۡنَ ﴿٥٧﴾ قُلۡ بِفَضۡلِ اللّٰهِ وَبِرَحۡمَتِهٖ فَبِذٰلِكَ
فَلۡيَفۡرَحُوۡا ؕ هُوَ خَيۡرٌ مِّمَّا يَجۡمَعُوۡنَ ﴿٥٨﴾ قُلۡ اَرَءَيۡتُمۡ
مَّاۤ اَنۡزَلَ اللّٰهُ لَـكُمۡ مِّنۡ رِّزۡقٍ فَجَعَلۡتُمۡ مِّنۡهُ
حَرَامًا وَّحَلٰلًا ؕ قُلۡ آٰللّٰهُ اَذِنَ لَـكُمۡ اَمۡ عَلَى
اللّٰهِ تَفۡتَرُوۡنَ ﴿٥٩﴾ وَمَا ظَنُّ الَّذِيۡنَ يَفۡتَرُوۡنَ
عَلَى اللّٰهِ الۡكَذِبَ يَوۡمَ الۡقِيٰمَةِ ؕ اِنَّ اللّٰهَ لَذُوۡ
فَضۡلٍ عَلَى النَّاسِ وَلٰـكِنَّ اَكۡثَرَهُمۡ لَا يَشۡكُرُوۡنَ ﴿٦٠﴾ ع ٧/١١
وَمَا تَكُوۡنُ فِىۡ شَاۡنٍ وَّمَا تَتۡلُوۡا مِنۡهُ مِنۡ
قُرۡاٰنٍ وَّلَا تَعۡمَلُوۡنَ مِنۡ عَمَلٍ اِلَّا كُنَّا عَلَيۡكُمۡ
شُهُوۡدًا اِذۡ تُفِيۡضُوۡنَ فِيۡهِ ؕ وَمَا يَعۡزُبُ عَنۡ
رَّبِّكَ مِنۡ مِّثۡقَالِ ذَرَّةٍ فِى الۡاَرۡضِ وَلَا فِى
السَّمَآءِ وَلَاۤ اَصۡغَرَ مِنۡ ذٰلِكَ وَلَاۤ اَكۡبَرَ اِلَّا
فِىۡ كِتٰبٍ مُّبِيۡنٍ ﴿٦١﴾ اَلَاۤ اِنَّ اَوۡلِيَآءَ اللّٰهِ لَا
خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ يَحۡزَنُوۡنَ ۚ ﴿٦٢﴾ الَّذِيۡنَ اٰمَنُوۡا
وَكَانُوۡا يَتَّقُوۡنَ ؕ ﴿٦٣﴾ لَهُمُ الۡبُشۡرٰى فِى الۡحَيٰوةِ الدُّنۡيَا

સાંભળી લો ! અલ્લાહનો વાયદો સાચો છે, પરંતુ ઘણાંખરા મનુષ્યો જાણતા નથી.

૫૬. તે જ જીવન પ્રદાન કરે છે અને તે જ મૃત્યુ આપે છે અને તેના જ તરફ તમને સૌને પાછા ફરવાનું છે.

૫૭. લોકો ! તમારા પાસે તમારા રબ તરફથી બોધ આવી ગયો છે. આ તે વસ્તુ છે જે હૃદયોના રોગોનો ઇલાજ છે અને જેઓ તેને સ્વીકારી લે તેમના માટે માર્ગદર્શન અને કૃપા છે.

૫૮. હે નબી ! કહો, ''આ અલ્લાહની કૃપા અને તેની મહેરબાની છે કે આ વસ્તુ તેણે મોકલી, આ માટે તો લોકોએ ખુશી મનાવવી જોઈએ, આ તે બધી વસ્તુઓથી સારી છે જેને લોકો એકઠી કરી રહ્યા છે.''

૫૯. હે નબી ! એમને કહો, ''તમે લોકોએ ક્યારેય એ પણ વિચાર્યું છે કે જે રોજી અલ્લાહે તમારા માટે ઉતારી હતી તેમાંથી તમે પોતે જ કોઈને હરામ (અવૈધ) અને કોઈને હલાલ (વૈધ) ઠેરવી દીધી !'' એમને પૂછો, ''અલ્લાહે તમને આની પરવાનગી આપી હતી ? અથવા તમે અલ્લાહ પર જૂઠ ઘડી રહ્યા છો ? ''

૬૦. જે લોકો અલ્લાહ પર જૂઠ ઘડે છે તેમનું શું માનવું છે કે કયામત (પુનર્જીવન)ના દિવસે તેમના સાથે કેવો વ્યવહાર થશે ? અલ્લાહ તો લોકો પર દયા-દૃષ્ટિ રાખે છે, પરંતુ ઘણાંખરા મનુષ્યો એવા છે જેઓ કૃતજ્ઞ બનતા નથી. (રુકૂઅ-૬)

૬૧. હે નબી ! તમે જે સ્થિતિમાં પણ હોવ છો અને કુર્આનમાંથી જે કંઈ પણ સંભળાવો છો, અને લોકો ! તમે પણ જે કંઈ કરો છો, તે બધા સમયે અમે તમને જોતા રહીએ છીએ. કોઈ અણુ માત્ર વસ્તુ આકાશ અને ધરતીમાં એવી નથી, ન નાની કે મોટી, જે તારા રબની નજરથી છૂપાયેલ હોય અને એક સ્પષ્ટ પત્રકમાં નોંધાયેલ ન હોય.

૬૨-૬૩. સાંભળો ! જેઓ અલ્લાહના મિત્રો છે, જેઓ ઈમાન લાવ્યા અને જેમણે તકવા (સંયમ અને અલ્લાહથી ડર)નો માર્ગ અપનાવ્યો તેમના માટે કોઈ ભય અને દુઃખની શક્યતા નથી.

૬૪. દુનિયા (આલોક) અને આખિરત (પરલોક) બંને જિંદગીઓમાં તેમના

وَفِي الْاٰخِرَةِ ط لَا تَبْدِيْلَ لِكَلِمٰتِ اللّٰهِ ط ذٰلِكَ
وقف لازم
هُوَ الْفَوْزُ الْعَظِيْمُ ط ٦٤ وَلَا يَحْزُنْكَ قَوْلُهُمْ م
اِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا ط هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ٦٥
اَلَآ اِنَّ لِلّٰهِ مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي الْاَرْضِ ط
وَمَا يَتَّبِعُ الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ
شُرَكَآءَ ط اِنْ يَّتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ وَاِنْ هُمْ اِلَّا
يَخْرُصُوْنَ ٦٦ هُوَ الَّذِيْ جَعَلَ لَكُمُ الَّيْلَ لِتَسْكُنُوْا
فِيْهِ وَالنَّهَارَ مُبْصِرًا ط اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ
لِّقَوْمٍ يَّسْمَعُوْنَ ٦٧ قَالُوا اتَّخَذَ اللّٰهُ وَلَدًا سُبْحٰنَهٗ ط
هُوَ الْغَنِيُّ ط لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ط
اِنْ عِنْدَكُمْ مِّنْ سُلْطٰنٍ بِهٰذَا ط اَتَقُوْلُوْنَ عَلَى
اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ٦٨ قُلْ اِنَّ الَّذِيْنَ يَفْتَرُوْنَ
عَلَى اللّٰهِ الْكَذِبَ لَا يُفْلِحُوْنَ ط ٦٩ مَتَاعٌ فِي الدُّنْيَا
ثُمَّ اِلَيْنَا مَرْجِعُهُمْ ثُمَّ نُذِيْقُهُمُ الْعَذَابَ الشَّدِيْدَ
النصف وقف لازم
بِمَا كَانُوْا يَكْفُرُوْنَ ع ٧٠ وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ نُوْحٍ م
اِذْ قَالَ لِقَوْمِهٖ يٰقَوْمِ اِنْ كَانَ كَبُرَ عَلَيْكُمْ مَّقَامِيْ
وَتَذْكِيْرِيْ بِاٰيٰتِ اللّٰهِ فَعَلَى اللّٰهِ تَوَكَّلْتُ فَاَجْمِعُوْٓا
اَمْرَكُمْ وَشُرَكَآءَكُمْ ثُمَّ لَا يَكُنْ اَمْرُكُمْ عَلَيْكُمْ
غُمَّةً ثُمَّ اقْضُوْٓا اِلَيَّ وَلَا تُنْظِرُوْنِ ٧١ فَاِنْ

માટે ખુશખબર જ ખુશખબર છે. અલ્લાહની વાતો બદલાઈ શકતી નથી. આ જ મોટી સફળતા છે.

૬૫. હે નબી ! આ લોકો જે વાતો તારા વિરુધ્ધ બનાવે છે તે તને દુઃખી ન કરે, સન્માન અને પ્રતિષ્ઠા સંપૂર્ણપણે અલ્લાહના અધિકારમાં છે અને તે બધુ જ સાંભળે અને જાણે છે.

૬૬. જાણી લો ! આકાશોના વસનારા હોય કે ધરતીના, સૌ અલ્લાહના આધીન છે, અને જે લોકો અલ્લાહ સિવાય કેટલાક (પોતે ઘડી કાઢેલા) ભાગીદારોને પોકારી રહ્યા છે, તેઓ નરી અટકળના અનુયાયીઓ છે અને માત્ર અનુમાનથી કામ કરી રહ્યા છે.

૬૭. તે અલ્લાહ જ છે જેણે તમારા માટે રાત બનાવી કે જેથી તેમાં શાંતિ પ્રાપ્ત કરો અને દિવસને પ્રકાશિત બનાવ્યો. આમાં નિશાનીઓ છે તે લોકો માટે જેઓ (ખુલ્લા કાનથી પયગંબરના સંદેશને) સાંભળે છે.

૬૮. લોકોએ કહી દીધું કે અલ્લાહે કોઈને પુત્ર બનાવ્યો છે. સુબ્હાનલ્લાહ ! (અર્થાત્ અલ્લાહ દરેક ખામીથી પવિત્ર છે.) તે તો બેનિયાઝ (નિરપેક્ષ) છે, આકાશો અને ધરતીમાં જે કંઈ છે બધું જ તેની મિલ્કત છે. તમારા પાસે આ કથન માટે છેવટે શું પ્રમાણ છે ? શું તમે અલ્લાહ વિષે તે વાતો કહો છો જે તમારા જ્ઞાનમાં નથી ?

૬૯. હે નબી ! કહી દો કે જે લોકો અલ્લાહ પર જૂઠો આરોપ મૂકે છે તેઓ કદાપિ સફળતા પામી શકતા નથી.

૭૦. અલ્પકાલીન દુનિયાની જિંદગીમાં મજા કરી લો, પછી અમારા તરફ તેમને પાછા ફરવાનું છે, પછી અમે તે કુફ્ર (ઇન્કાર)ના બદલામાં, જેનું આચરણ તેઓ કરી રહ્યા છે, તેમને સખત યાતનાનો સ્વાદ ચખાડીશું. (રુકૂઅ-૭)

૭૧. આમને નૂહનો કિસ્સો સંભળાવો, તે સમયનો કિસ્સો જ્યારે તેણે પોતાની કોમને કહ્યું હતું, ‘‘હે મારી કોમના ભાઈઓ ! જો મારું તમારા વચ્ચે રહેવું અને અલ્લાહની આયતો સંભળાવી-સંભળાવીને તમને ગફલતમાંથી જગાવવું તમારા માટે અસહ્ય થઈ ગયું છે તો મારો ભરોસો અલ્લાહ પર છે, તમે તમારા ઠેરવેલા ભાગીદારોને સાથે લઈ એક સર્વસંમત નિર્ણય કરી લો અને જે યોજના તમે વિચારી કાઢી હોય તેને બરાબર સમજી-વિચારી લો, જેથી તેનું કોઈ પાસું તમારી નજર બહાર ન રહે, પછી મારા વિરુધ્ધ તેને અમલમાં મૂકો અને મને કદાપિ મહેતલ ન આપો.

تَوَلَّيْتُمْ فَمَا سَاَلْتُكُمْ مِّنْ اَجْرٍؕ اِنْ اَجْرِيَ اِلَّا عَلَى
اللّٰهِ ۙ وَاُمِرْتُ اَنْ اَكُوْنَ مِنَ الْمُسْلِمِيْنَ ﴿٧٢﴾ فَكَذَّبُوْهُ
فَنَجَّيْنٰهُ وَمَنْ مَّعَهٗ فِي الْفُلْكِ وَجَعَلْنٰهُمْ خَلٰٓئِفَ
وَاَغْرَقْنَا الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۚ فَانْظُرْ كَيْفَ كَانَ
عَاقِبَةُ الْمُنْذَرِيْنَ ﴿٧٣﴾ ثُمَّ بَعَثْنَا مِنْۢ بَعْدِهٖ رُسُلًا
اِلٰى قَوْمِهِمْ فَجَآءُوْهُمْ بِالْبَيِّنٰتِ فَمَا كَانُوْا لِيُؤْمِنُوْا بِمَا
كَذَّبُوْا بِهٖ مِنْ قَبْلُ ؕ كَذٰلِكَ نَطْبَعُ عَلٰى قُلُوْبِ
الْمُعْتَدِيْنَ ﴿٧٤﴾ ثُمَّ بَعَثْنَا مِنْۢ بَعْدِهِمْ مُّوْسٰى وَهٰرُوْنَ
اِلٰى فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ بِاٰيٰتِنَا فَاسْتَكْبَرُوْا وَكَانُوْا
قَوْمًا مُّجْرِمِيْنَ ﴿٧٥﴾ فَلَمَّا جَآءَهُمُ الْحَقُّ مِنْ عِنْدِنَا
قَالُوْٓا اِنَّ هٰذَا لَسِحْرٌ مُّبِيْنٌ ﴿٧٦﴾ قَالَ مُوْسٰٓى اَتَقُوْلُوْنَ
لِلْحَقِّ لَمَّا جَآءَكُمْ ؕ اَسِحْرٌ هٰذَا ؕ وَلَا يُفْلِحُ السّٰحِرُوْنَ ﴿٧٧﴾
قَالُوْٓا اَجِئْتَنَا لِتَلْفِتَنَا عَمَّا وَجَدْنَا عَلَيْهِ
اٰبَآءَنَا وَتَكُوْنَ لَكُمَا الْكِبْرِيَآءُ فِي الْاَرْضِ ؕ وَمَا
نَحْنُ لَكُمَا بِمُؤْمِنِيْنَ ﴿٧٨﴾ وَقَالَ فِرْعَوْنُ ائْتُوْنِيْ
بِكُلِّ سٰحِرٍ عَلِيْمٍ ﴿٧٩﴾ فَلَمَّا جَآءَ السَّحَرَةُ قَالَ
لَهُمْ مُّوْسٰٓى اَلْقُوْا مَآ اَنْتُمْ مُّلْقُوْنَ ﴿٨٠﴾ فَلَمَّآ اَلْقَوْا
قَالَ مُوْسٰى مَا جِئْتُمْ بِهِ ۙ السِّحْرُ ؕ اِنَّ اللّٰهَ
سَيُبْطِلُهٗ ؕ اِنَّ اللّٰهَ لَا يُصْلِحُ عَمَلَ الْمُفْسِدِيْنَ ﴿٨١﴾

૭૨. તમે મારા ઉપદેશથી મોઢું ફેરવ્યું (તો મારું શું નુકસાન કર્યું) હું તમારા પાસેથી કોઈ બદલો માગતો ન હતો, મારો બદલો તો અલ્લાહના શિરે છે, અને મને હુકમ આપવામાં આવ્યો છે કે (ચાહે કોઈ માને કે ન માને) હું પોતે મુસ્લિમ (અલ્લાહનો આજ્ઞાકારી) બનીને રહું."

૭૩. – તેમણે તેને ખોટો ઠેરવ્યો અને પરિણામ એ આવ્યું કે અમે તેને અને એ લોકોને જેઓ તેના સાથે નૌકામાં હતા, બચાવી લીધા અને તેમને જ ધરતી ઉપર ઉત્તરાધિકારી બનાવ્યા અને એ સૌને ગરકાવ કરી દીધા જેમણે અમારી આયતોને ખોટી ઠેરવી હતી. પછી જોઈ લો કે જેમને ચેતવવામાં આવ્યા હતા (અને તેમ છતાં જેઓ માન્યા નહીં) તેમનું પરિણામ શું આવ્યું ?

૭૪. ત્યારબાદ નૂહ પછી અમે જુદા-જુદા પયગંબરોને તેમની કોમો તરફ મોકલ્યા અને તેઓ તેમના પાસે સ્પષ્ટ નિશાનીઓ લઈને આવ્યા, પરંતુ જે વસ્તુને તેમણે પહેલાં ખોટી ઠેરવી હતી તેને ફરીથી માની નહીં, આવી રીતે અમે હદ વટાવી જનારાઓના હૃદયો પર મહોર મારી દઈએ છીએ.

૭૫. ત્યારબાદ તેમના પછી અમે મૂસા અને હારૂનને પોતાની નિશાનીઓ સાથે ફિરઔન અને તેના આગેવાનો તરફ મોકલ્યા, પરંતુ તેમણે પોતાની મોટાઈનો ઘમંડ કર્યો અને તેઓ ગુનેગાર લોકો હતા.

૭૬. પછી જ્યારે અમારા પાસેથી સત્ય તેમના સામે આવ્યું તો તેમણે કહી દીધું કે આ તો ખુલ્લો જાદૂ છે.

૭૭. મૂસાએ કહ્યું "તમે સત્યને આવું કહો છો જ્યારે કે તે તમારા સામે આવી ગયું ? શું આ જાદુ છે ? જો કે જાદુગરો સફળતા પામતા નથી."

૭૮. તેમણે જવાબમાં કહ્યું, "શું તું એટલા માટે આવ્યો છે કે અમને તે માર્ગથી ફેરવી દે જેના પર અમે અમારા બાપ-દાદાઓને જોયા છે, અને ભૂમિ ઉપર મોટાઈ તમારા બંનેની કાયમ થઈ જાય ? તમારી વાત તો અમે માનવાના નથી."

૭૯. અને ફિરઔને (પોતાના માણસોને) કહ્યું, "દરેક જાદુ-વિદ્યાના પ્રવીણ જાદુગરોને મારા સમક્ષ હાજર કરો."

૮૦. જ્યારે જાદુગરો આવી ગયા તો મૂસાએ તેમને કહ્યું, "તમારે જે ફેંકવું હોય, ફેંકો."

૮૧. પછી જ્યારે તેમણે પોતાની જાદુ કરેલી વસ્તુઓ ફેંકી દીધી તો મૂસાએ કહ્યું, "આ તમે જે કંઈ ફેંક્યું છે તે જાદુ છે. અલ્લાહ હમણાં જ તેને વ્યર્થ કરી દે છે. બગાડ ફેલાવનારાઓના કામ અલ્લાહ સુધરવા દેતો નથી

وَيُحِقُّ اللّٰهُ الْحَقَّ بِكَلِمٰتِهٖ وَلَوْ كَرِهَ الْمُجْرِمُوْنَ ﴿۸۲﴾ ع ۱۳
فَمَآ اٰمَنَ لِمُوْسٰٓى اِلَّا ذُرِّيَّةٌ مِّنْ قَوْمِهٖ عَلٰى خَوْفٍ
مِّنْ فِرْعَوْنَ وَمَلَا۟ئِهِمْ اَنْ يَّفْتِنَهُمْ ؕ وَاِنَّ فِرْعَوْنَ
لَعَالٍ فِى الْاَرْضِ ۚ وَاِنَّهٗ لَمِنَ الْمُسْرِفِيْنَ ﴿۸۳﴾ وَقَالَ
مُوْسٰى يٰقَوْمِ اِنْ كُنْتُمْ اٰمَنْتُمْ بِاللّٰهِ فَعَلَيْهِ تَوَكَّلُوْٓا
اِنْ كُنْتُمْ مُّسْلِمِيْنَ ﴿۸۴﴾ فَقَالُوْا عَلَى اللّٰهِ تَوَكَّلْنَا ۚ
رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ۙ﴿۸۵﴾ وَنَجِّنَا
بِرَحْمَتِكَ مِنَ الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿۸۶﴾ وَاَوْحَيْنَآ
اِلٰى مُوْسٰى وَاَخِيْهِ اَنْ تَبَوَّاٰ لِقَوْمِكُمَا بِمِصْرَ
بُيُوْتًا وَّاجْعَلُوْا بُيُوْتَكُمْ قِبْلَةً وَّاَقِيْمُوا الصَّلٰوةَ ؕ
وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ ﴿۸۷﴾ وَقَالَ مُوْسٰى رَبَّنَآ اِنَّكَ
اٰتَيْتَ فِرْعَوْنَ وَمَلَاَهٗ زِيْنَةً وَّاَمْوَالًا فِى
الْحَيٰوةِ الدُّنْيَا ۙ رَبَّنَا لِيُضِلُّوْا عَنْ سَبِيْلِكَ ۚ
رَبَّنَا اطْمِسْ عَلٰٓى اَمْوَالِهِمْ وَاشْدُدْ عَلٰى
قُلُوْبِهِمْ فَلَا يُؤْمِنُوْا حَتّٰى يَرَوُا الْعَذَابَ الْاَلِيْمَ ﴿۸۸﴾
قَالَ قَدْ اُجِيْبَتْ دَّعْوَتُكُمَا فَاسْتَقِيْمَا وَلَا
تَتَّبِعٰٓنِّ سَبِيْلَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ﴿۸۹﴾ وَجٰوَزْنَا
بِبَنِىْٓ اِسْرَآءِيْلَ الْبَحْرَ فَاَتْبَعَهُمْ فِرْعَوْنُ وَ
جُنُوْدُهٗ بَغْيًا وَّعَدْوًا ؕ حَتّٰٓى اِذَآ اَدْرَكَهُ الْغَرَقُ ۙ منزل ۳

૮૨. અને અલ્લાહ પોતાના ફરમાનો વડે સત્યને સત્ય કરી દેખાડે છે, ચાહે ગુનેગારોને તે ગમે તેટલું અપ્રિય હોય."(રુકૂઅ-૮)

૮૩. (પછી જુઓ કે) મૂસાને તેની કોમના થોડાંક નવયુવકો સિવાય કોઈએ ન માન્યો, ફિરઔનના ડરથી અને સ્વયં પોતાની કોમના આગેવાનોની બીકથી (જેમને ભય હતો કે) ફિરઔન તેમને યાતના આપશે અને હકીકત એ છે કે ફિરઔનને દેશમાં વર્ચસ્વ પ્રાપ્ત હતું અને તે એ લોકોમાંથી હતો જેઓ કોઈ મર્યાદાનું પાલન નથી કરતા.

૮૪. મૂસાએ પોતાની કોમને કહ્યું કે "લોકો ! જો તમે હકીકતમાં અલ્લાહ પર ઈમાન ધરાવતા હોવ તો તેના પર ભરોસો કરો જો તમે મુસલમાન છો."

૮૫. તેમણે જવાબ આપ્યો, "અમે અલ્લાહ પર જ ભરોસો કર્યો, હે અમારા રબ ! અમને જાલિમ લોકો માટે ફિત્નો ન બનાવ

૮૬. અને પોતાની કૃપાથી અમને કાફિરો (અધર્મીઓ)થી મુક્તિ આપ."

૮૭. અને અમે મૂસા અને તેના ભાઈને નિર્દેશ કર્યો, "મિસરમાં થોડાંક મકાન પોતાની કોમ માટે તૈયાર કરાવો અને પોતાના આ મકાનોને કિબ્લા બનાવી લો અને નમાઝ કાયમ કરો અને ઈમાનવાળાઓને ખુશખબર આપી દો."

૮૮. મૂસાએ દુઆ કરી, "હે અમારા રબ ! તેં ફિરઔન અને તેના સરદારોને દુનિયાની જિંદગીમાં વૈભવ અને ધન-દોલત વડે નવાજ્યા છે. હે રબ ! શું આ એટલા માટે છે કે તેઓ લોકોને તારા માર્ગથી ભટકાવે ? હે રબ ! તેમનું ધન નષ્ટ કરી દે અને તેમના હૃદયો પર એવી મહોર મારી દે કે ઈમાન ન લાવે જ્યાં સુધી પીડાકારી યાતના ન જોઈ લે."

૮૯. અલ્લાહે જવાબમાં ફરમાવ્યું, "તમારા બંનેની દુઆ કબૂલ કરવામાં આવી. મક્કમ રહો અને તે લોકોના માર્ગનું કદાપિ અનુસરણ ન કરો જેઓ જ્ઞાન ધરાવતા નથી."

૯૦. અને અમે બની ઈસરાઈલને સમુદ્રમાંથી પાર કરીને લઈ ગયા. પછી ફિરઔન અને તેનું લશ્કર અત્યાચાર અને અતિરેક કરવાના આશયથી તેમના પાછળ ચાલ્યું – ત્યાં સુધી કે જ્યારે ફિરઔન ડૂબવા

قَالَ اٰمَنْتُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا الَّذِيْٓ اٰمَنَتْ بِهٖ
بَنُوْٓا اِسْرَآءِيْلَ وَاَنَا مِنَ الْمُسْلِمِيْنَ ۝۹۰ آٰلْـٰٔنَ
وَقَدْ عَصَيْتَ قَبْلُ وَكُنْتَ مِنَ الْمُفْسِدِيْنَ ۝۹۱
فَالْيَوْمَ نُنَجِّيْكَ بِبَدَنِكَ لِتَكُوْنَ لِمَنْ خَلْفَكَ
اٰيَةً ط وَاِنَّ كَثِيْرًا مِّنَ النَّاسِ عَنْ اٰيٰتِنَا
ع لَغٰفِلُوْنَ ۝۹۲ وَلَقَدْ بَوَّاْنَا بَنِيْٓ اِسْرَآءِيْلَ مُبَوَّاَ
صِدْقٍ وَّرَزَقْنٰهُمْ مِّنَ الطَّيِّبٰتِ ج فَمَا اخْتَلَفُوْا
حَتّٰى جَآءَهُمُ الْعِلْمُ ط اِنَّ رَبَّكَ يَقْضِيْ بَيْنَهُمْ
يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ۝۹۳ فَاِنْ
كُنْتَ فِيْ شَكٍّ مِّمَّآ اَنْزَلْنَآ اِلَيْكَ فَسْئَلِ الَّذِيْنَ
يَقْرَءُوْنَ الْكِتٰبَ مِنْ قَبْلِكَ ج لَقَدْ جَآءَكَ
الْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُوْنَنَّ مِنَ الْمُمْتَرِيْنَ ۝۹۴ لا
وَلَا تَكُوْنَنَّ مِنَ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِ اللّٰهِ
فَتَكُوْنَ مِنَ الْخٰسِرِيْنَ ۝۹۵ اِنَّ الَّذِيْنَ حَقَّتْ
عَلَيْهِمْ كَلِمَتُ رَبِّكَ لَا يُؤْمِنُوْنَ ۝۹۶ لا وَلَوْ جَآءَتْهُمْ
كُلُّ اٰيَةٍ حَتّٰى يَرَوُا الْعَذَابَ الْاَلِيْمَ ۝۹۷ فَلَوْلَا
كَانَتْ قَرْيَةٌ اٰمَنَتْ فَنَفَعَهَآ اِيْمَانُهَآ اِلَّا قَوْمَ
يُوْنُسَ ط لَمَّآ اٰمَنُوْا كَشَفْنَا عَنْهُمْ عَذَابَ الْخِزْيِ
منزل ۳ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَمَتَّعْنٰهُمْ اِلٰى حِيْنٍ ۝۹۸ وَلَوْ

લાગ્યો તો બોલી ઉઠ્યો, ''મેં માની લીધું કે સાચો ખુદા તેના સિવાય કોઈ નથી જેના પર બની ઈસરાઈલ ઈમાન લાવ્યા, અને હું પણ આજ્ઞાપાલનમાં માથું ઝુકાવી દેનારાઓ પૈકીનો છું."

૯૧. (જવાબ આપવામાં આવ્યો) ''હવે ઈમાન લાવે છે ! જો કે આ પહેલાં તો નાફરમાની કરતો રહ્યો અને બગાડ ફેલાવનારાઓ પૈકી હતો.

૯૨. હવે તો અમે માત્ર તારા શબને જ બચાવીશું, જેથી પાછળની પેઢીઓ માટે બોધપાઠની નિશાની બને. જો કે ઘણાંખરા મનુષ્યો એવા છે જેઓ અમારી નિશાનીઓ પ્રત્યે બેદરકારી દાખવે છે." (રુકૂઅ-૯)

૯૩. અમે બની ઈસરાઈલને ઘણું સારું ઠેકાણું આપ્યું અને ઘણી ઉત્તમ જીવન-સામગ્રી તેમને પ્રદાન કરી. પછી તેમણે એક-બીજા સાથે મતભેદ ન કર્યો, પરંતુ તે વખતે જ્યારે જ્ઞાન તેમના પાસે આવી ચૂક્યું હતું. નિશ્ચિત રૂપે તારો રબ કયામતના દિવસે તેમના વચ્ચે આ વસ્તુનો નિર્ણય કરી દેશે જેમાં તેઓ મતભેદ કરતા રહ્યા છે.

૯૪. હવે જો તને તે માર્ગદર્શન બાબતમાં સહેજ પણ શંકા હોય, જે અમે તારા ઉપર અવતરિત કર્યું છે, તો એ લોકોને પૂછી લે જેઓ પહેલાંથી ગ્રંથ પઢી રહ્યા છે. હકીકતમાં આ તારા પાસે સત્ય જ આવ્યું છે તારા રબ તરફથી, આથી તું શંકા કરનારાઓ પૈકીનો ન થા

૯૫. અને તે લોકોમાં સામેલ ન થા જેમણે અલ્લાહની આયતોને ખોટી ઠેરવી છે, નહીં તો તું નુક્સાન ભોગવનારાઓમાંથી હોઈશ.

૯૬-૯૭. હકીકત એ છે કે જે લોકો ઉપર તારા રબનો બોલ સાચો ઠર્યો છે, તેમના સામે ચાહે કોઈ પણ નિશાની આવી જાય, તેઓ કદાપિ ઈમાન લાવતા નથી જ્યાં સુધી પીડાકારી યાતના સામે આવતી ન જોઈ લે.

૯૮. પછી શું આવું કોઈ ઉદાહરણ છે કે એક વસ્તી યાતના જોઈને ઈમાન લાવી હોય અને તેનું ઈમાન લાવવું તેના માટે લાભદાયક પુરવાર થયું હોય ? યૂનુસની કોમ સિવાય (આનું કોઈ ઉદાહરણ નથી), તે કોમ જ્યારે ઈમાન લઈ આવી હતી તો, અલબત્ત અમે તેના ઉપરથી દુનિયાના જીવનમાં નામોશીની યાતના ટાળી દીધી હતી અને તેને એક નિશ્ચિત સમય સુધી જીવનથી લાભાન્વિત થવાની તક આપી દીધી હતી.

شَآءَ رَبُّكَ لَاٰمَنَ مَنْ فِی الْاَرْضِ كُلُّهُمْ جَمِیْعًا ؕ
اَفَاَنْتَ تُكْرِهُ النَّاسَ حَتّٰى یَكُوْنُوْا مُؤْمِنِیْنَ ﴿۹۹﴾
وَمَا كَانَ لِنَفْسٍ اَنْ تُؤْمِنَ اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ وَ
یَجْعَلُ الرِّجْسَ عَلَى الَّذِیْنَ لَا یَعْقِلُوْنَ ﴿۱۰۰﴾
قُلِ انْظُرُوْا مَاذَا فِی السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَمَا
تُغْنِی الْاٰیٰتُ وَالنُّذُرُ عَنْ قَوْمٍ لَّا یُؤْمِنُوْنَ ﴿۱۰۱﴾
فَهَلْ یَنْتَظِرُوْنَ اِلَّا مِثْلَ اَیَّامِ الَّذِیْنَ خَلَوْا
مِنْ قَبْلِهِمْ ؕ قُلْ فَانْتَظِرُوْۤا اِنِّیْ مَعَكُمْ مِّنَ
الْمُنْتَظِرِیْنَ ﴿۱۰۲﴾ ثُمَّ نُنَجِّیْ رُسُلَنَا وَالَّذِیْنَ اٰمَنُوْا كَذٰلِكَ ۚ
حَقًّا عَلَیْنَا نُنْجِ الْمُؤْمِنِیْنَ ﴿۱۰۳﴾ ع قُلْ یٰۤاَیُّهَا النَّاسُ اِنْ ع ۱۱ ۱۵
كُنْتُمْ فِیْ شَكٍّ مِّنْ دِیْنِیْ فَلَاۤ اَعْبُدُ الَّذِیْنَ
تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ وَلٰكِنْ اَعْبُدُ اللّٰهَ الَّذِیْ
یَتَوَفّٰىكُمْ ۖۚ وَاُمِرْتُ اَنْ اَكُوْنَ مِنَ الْمُؤْمِنِیْنَ ﴿۱۰۴﴾ لا
وَاَنْ اَقِمْ وَجْهَكَ لِلدِّیْنِ حَنِیْفًا ۚ وَلَا تَكُوْنَنَّ
مِنَ الْمُشْرِكِیْنَ ﴿۱۰۵﴾ وَلَا تَدْعُ مِنْ دُوْنِ اللّٰهِ مَا
لَا یَنْفَعُكَ وَلَا یَضُرُّكَ ۚ فَاِنْ فَعَلْتَ فَاِنَّكَ اِذًا
مِّنَ الظّٰلِمِیْنَ ﴿۱۰۶﴾ وَاِنْ یَّمْسَسْكَ اللّٰهُ بِضُرٍّ فَلَا
كَاشِفَ لَهٗۤ اِلَّا هُوَ ۚ وَاِنْ یُّرِدْكَ بِخَیْرٍ فَلَا رَآدَّ
لِفَضْلِهٖ ؕ یُصِیْبُ بِهٖ مَنْ یَّشَآءُ مِنْ عِبَادِهٖ ؕ وَهُوَ منزل ۳

૯૯. જો તારા રબની ઇચ્છા આ હોત (કે ધરતીમાં બધા જ મોમિન અને આજ્ઞાંકિત જ હોય) તો બધા જ ધરતીવાસીઓ ઈમાન લાવી ચૂક્યા હોત. પછી શું તું લોકોને મજબૂર કરીશ કે તેઓ મોમિન (ઈમાનવાળા) થઈ જાય ?

૧૦૦. કોઈ મનુષ્ય અલ્લાહના હુકમ વિના ઈમાન નથી લાવી શકતો, અને અલ્લાહનો નિયમ આ છે કે જે લોકો બુદ્ધિનો ઉપયોગ નથી કરતા તે તેમના ઉપર ગંદકી નાખી દે છે.

૧૦૧. એમને કહો, ''ધરતી અને આકાશોમાં જે કંઈ છે તેને આંખો ખોલીને જુઓ.'' અને જે લોકો ઈમાન લાવવા જ નથી માગતા તેમના માટે નિશાનીઓ અને ચેતવણીઓ છેવટે શું લાભપ્રદ થઈ શકે છે ?

૧૦૨. હવે આ લોકો તેના સિવાય કઈ વસ્તુની પ્રતીક્ષા કરી રહ્યા છે કે તે જ ખરાબ દિવસો જુએ જે તેમના પહેલાં થઈ ગયેલા લોકો જોઈ ચૂક્યા છે ? એમને કહો, ''સારું રાહ જુઓ, હું પણ તમારા સાથે રાહ જોઉં છું.''

૧૦૩. પછી (જ્યારે આવો સમય આવે છે તો) અમે પોતાના રસૂલોને અને તે લોકોને બચાવી લઈએ છીએ જેઓ ઈમાન લાવ્યા હોય. અમારી આ જ રીત છે. અમારા પર આ ફરજ છે કે અમે ઈમાનવાળાઓને બચાવી લઈએ. (રુકૂઅ-૧૦)

૧૦૪. હે નબી ! કહી દો, ''લોકો ! જો તમે હજુ મારા દીન (ધર્મ)ની બાબતમાં કોઈ શંકામાં છો, તો સાંભળી લો કે તમે અલ્લાહ સિવાય જેમની બંદગી કરો છો, હું તેમની બંદગી નથી કરતો, બલ્કે માત્ર તે જ અલ્લાહની બંદગી કરું છું જેના અધિકારમાં તમારું મૃત્યુ છે. મને આદેશ આપવામાં આવ્યો છે કે હું ઈમાન લાવનારાઓ પૈકીનો હોઉં.

૧૦૫. અને મને આદેશ આપવામાં આવ્યો છે કે તું એકાગ્ર થઈને પોતાને દૃઢતાપૂર્વક આ દીન (ધર્મ) ઉપર કાયમ કરી દે, અને કદાપિ મુશ્રિકો પૈકીનો ન થા.

૧૦૬. અને અલ્લાહને છોડીને કોઈ એવી હસ્તીને ન પોકાર જે તને ન તો ફાયદો પહોંચાડી શકે છે, ન નુકસાન. જો તું આમ કરીશ તો અત્યાચારીઓ પૈકીનો હોઈશ.

૧૦૭. જો અલ્લાહ તને કોઈ આપત્તિમાં નાખે તો સ્વયં તેના સિવાય કોઈ નથી જે આ આપત્તિને ટાળી દે અને જો તે તારા હિતમાં કોઈ ભલાઈનો ઈરાદો કરે, તો તેની કૃપાને બદલનાર પણ કોઈ નથી. તે પોતાના બંદાઓ પૈકી જેને ચાહે છે પોતાની કૃપા વડે નવાજે છે

الۡغَفُوۡرُ الرَّحِيۡمُ ﴿١٠٧﴾ قُلۡ يٰۤاَيُّهَا النَّاسُ قَدۡ جَآءَكُمُ

الۡحَقُّ مِنۡ رَّبِّكُمۡ ۚ فَمَنِ اهۡتَدٰى فَاِنَّمَا يَهۡتَدِىۡ

لِنَفۡسِهٖ ۚ وَمَنۡ ضَلَّ فَاِنَّمَا يَضِلُّ عَلَيۡهَا ۚ وَمَاۤ

اَنَا عَلَيۡكُمۡ بِوَكِيۡلٍ ﴿١٠٨﴾ ؕ وَاتَّبِعۡ مَا يُوۡحٰۤى اِلَيۡكَ

وَاصۡبِرۡ حَتّٰى يَحۡكُمَ اللّٰهُ ۖۚ وَهُوَ خَيۡرُ الۡحٰكِمِيۡنَ ﴿١٠٩﴾ ع

منزل ٣ ع

અને તે ક્ષમા કરનાર અને દયાળુ છે.''

૧૦૮. હે પયગંબર ! કહી દો કે ''લોકો ! તમારા પાસે તમારા રબ તરફથી સત્ય આવી ગયું છે. હવે જે સન્માર્ગ અપનાવે, તેનું સન્માર્ગ ઉપર ચાલવું તેના જ માટે લાભદાયક છે અને જે પથભ્રષ્ટ રહે તેની પથભ્રષ્ટતા તેના જ માટે વિનાશકારી છે, અને હું તમારા પર કોઈ રખેવાળ નથી.''

૧૦૯. અને હે નબી ! તમે તે માર્ગદર્શનનું અનુસરણ કરતા રહો જે તમારા તરફ વહી મારફતે મોકલવામાં આવી રહ્યું છે અને ધૈર્ય રાખો ત્યાં સુધી કે અલ્લાહ ફેંસલો કરી દે, અને તે જ સૌથી શ્રેષ્ઠ ફેંસલો કરનાર છે. (રુકૂઅ-૧૧)

(૧૧) હૂદ

પરિચય

ઉતરાણકાળ :

આ સૂરઃના વિષય ઉપર વિચાર કરતાં એવું લાગે છે કે આ એ જ કાળમાં અવતરિત થઈ હશે જેમાં સૂરઃ યૂનુસ અવતરિત થઈ હતી. અસંભવ નથી કે તેના સાથે આગળ-પાછળ જ અવતરિત થઈ હોય, કેમ કે પ્રવચનનો વિષય એ જ છે, પણ ડરાવવાની અને ચેતવણીની શૈલી તેનાથી વધુ તીવ્ર છે. હદીસમાં આવે છે કે હઝરત અબૂબક્ર (રદિ.)એ પયગંબર (સલ્લ.)ને નિવેદન કર્યું, ''હું જોઉં છું કે આપ વૃદ્ધ થતાં જઈ રહ્યા છો. તેનું શું કારણ છે ?'' જવાબમાં નબી (સલ્લ.)એ ફરમાવ્યું, ''મને સૂરઃ હૂદ અને તેના જેવા જ વિષયવાળી સૂરઃઓએ વૃદ્ધ કરી દીધો છે.'' આનાથી અંદાજ કરી શકાય છે કે એ જમાનો પયગંબર (સલ્લ.) માટે કેટલો મુશ્કેલીભર્યો હશે જ્યારે કે એક બાજુ કુરૈશના કાફિરો (વિરોધીઓ) પોતાના તમામ શસ્ત્રો વડે સત્યના તે સંદેશને કચડી નાખવાનો પ્રયત્ન કરી રહ્યા હતા અને બીજી બાજુ અલ્લાહ તરફથી નિરંતર આ ચેતવણીઓ ઊતરી રહી હતી. આ સંજોગોમાં આપ (સલ્લ.)ને દરેક ક્ષણે એ આશંકા ક્ષીણ કરી રહી હશે કે ક્યાંક અલ્લાહે આપેલી મહેતલ સમાપ્ત ન થઈ જાય અને તે છેલ્લી ઘડી ન આવી જાય, જ્યારે કે અલ્લાહ કોઈ કોમને પ્રકોપમાં ઝડપી લેવાનો નિર્ણય કરી લે છે. હકીકત તો એ છે કે આ સૂરઃનું પઠન કરતી વખતે કંઈક એવું લાગે છે કે, જાણે એક પૂરનો બંધ તૂટવાની અણી પર છે અને તે ગફલતમાં પડેલી વસ્તી, જે આ પૂરનો ભોગ બનવાની છે, અંતિમ ચેતવણી આપવામાં આવી રહી છે.

વિષય અને ચર્ચાઓ :

પ્રવચનનો વિષય, જેમ કે ઉપર વર્ણવી દેવામાં આવ્યો છે, એ જ છે જે સૂરઃ યૂનુસનો છે, અર્થાત્ આહવાન્, સમજાવવું અને ચેતવણી. પરંતુ તફાવત એ છે કે સૂરઃ યૂનુસની સરખામણીમાં અહીં આમંત્રણ સંક્ષિપ્તમાં છે. સમજાવવાની શૈલીમાં દલીલોનું જોર ઓછું છે અને ઉપદેશ વધારે છે અને ચેતવણી વિગતવાર અને જોરદાર છે.

આહવાન્ એ છે કે પયગંબરની વાત માનો, શિર્ક (અનેકેશ્વરવાદ)ને ત્યજી દો, સૌની બંદગી છોડીને અલ્લાહના બંદા બનો અને પોતાની દુનિયાના જીવનની બધી વ્યવસ્થા આખિરતની ભાવના પર સ્થાપિત કરો.

સમજાવવામાં એ આવી રહ્યું છે કે દુનિયાના જીવનના બાહ્ય પાસાં પર ભરોસો કરીને જે જાતિઓએ અલ્લાહના પયગંબરોના આમંત્રણને ઠુકરાવેલ

છે, તે આ અગાઉ ખૂબ ખરાબ પરિણામ ભોગવી ચૂકી છે. હવે શું જરૂરી છે કે તમે પણ તે જ માર્ગે ચાલો, જેને ઇતિહાસના અવિરત અનુભવો નિશ્ચિત રૂપે વિનાશનો માર્ગ પુરવાર કરી ચૂકયા છે.

ચેતવણી એ છે કે અઝાબ (યાતના)ના આગમનમાં જે વિલંબ થઈ રહ્યો છે તે હકીકતમાં એક મહેતલ છે જે અલ્લાહ પોતાની કૃપાથી તમને આપી રહ્યો છે. આ મુદ્દત દરમ્યાન જો તમે નહીં સુધારો તો તે યાતના, જે કોઈના ટાળવાથી ટળશે નહીં અને ઈમાનવાળાઓના મુઠ્ઠીભર જૂથને છોડીને તમારી આખી કોમનું નામોનિશાન મિટાવી દેશે.

આ વિષયને સ્પષ્ટ કરવા પ્રત્યક્ષ સંબોધનને બદલે નૂહની કોમ, આદ, સમૂદ, લૂતની કોમ, મદયનના લોકો અને ફિરઔનની કોમના વૃત્તાંતોનો વધુ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ વૃત્તાંતોમાં મુખ્ય રૂપે જે વાત સ્પષ્ટ કરવામાં આવી છે, તે એ છે કે અલ્લાહ જયારે ફેંસલો કરવા પર આવી જાય છે, તો પછી નિષ્પક્ષ અને પ્રગટ નિર્ણય કરે છે. તેમાં કોઈના સાથે સહેજ પણ છૂટછાટ કરવામાં આવતી નથી. તે વખતે એ જોવામાં નથી આવતું કે કોણ કોનો પુત્ર અને કોનો સંબંધી છે. કૃપા માત્ર તેના જ ભાગ્યમાં આવે છે જે સન્માર્ગ ઉપર આવી ગયો હોય, નહીં તો અલ્લાહના પ્રકોપથી ન કોઈ પયગંબરનો પુત્ર બચે છે, ન કોઈ પયગંબરની પત્ની. એટલું જ નહીં, બલ્કે જયારે ઈમાન અને કુફ્રનો સ્પષ્ટ ફેંસલો થઈ રહ્યો હોય હોય, તો દીનનો સ્વભાવ એ ચાહે છે કે સ્વયં મોમિન પણ પિતા અને પુત્ર અને પતિ અને પત્નીના સંબંધોને ભૂલી જાય અને અલ્લાહના ન્યાયની તલવારની જેમ સંપૂર્ણ નિષ્પક્ષ બની સત્યના એક માત્ર સગપણ સિવાય દરેક સગપણને કાપી નાખે. આવા પ્રસંગે લોહી અને વંશના સગપણોનો થોડોક પણ ખ્યાલ કરવો ઈસ્લામની આત્માથી વિપરીત છે. આ જ તે શિક્ષણ હતું, જેનું પૂરેપૂરૂં પ્રદર્શન ત્રણ-ચાર વર્ષ પછી મક્કાના મુહાજિર (હિજરત કરનારા) મુસલમાનોએ બદ્રના યુદ્ધ પ્રસંગે કરીને દેખાડયું.

(آيَاتُهَا ١٢٣) (١١) سُوْرَةُ هُوْدٍ مَكِّيَّةٌ (٥٢) (رُكُوْعَاتُهَا ١٠)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓرٰ قف كِتٰبٌ اُحْكِمَتْ اٰيٰتُهٗ ثُمَّ فُصِّلَتْ مِنْ لَّدُنْ
حَكِيْمٍ خَبِيْرٍ ۙ﴿١﴾ اَلَّا تَعْبُدُوْٓا اِلَّا اللّٰهَ ؕ اِنَّنِيْ لَكُمْ
مِّنْهُ نَذِيْرٌ وَّبَشِيْرٌ ۙ﴿٢﴾ وَّاَنِ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ
تُوْبُوْٓا اِلَيْهِ يُمَتِّعْكُمْ مَّتَاعًا حَسَنًا اِلٰٓى اَجَلٍ
مُّسَمًّى وَّيُؤْتِ كُلَّ ذِيْ فَضْلٍ فَضْلَهٗ ؕ وَاِنْ
تَوَلَّوْا فَاِنِّيْٓ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ كَبِيْرٍ ﴿٣﴾
اِلَى اللّٰهِ مَرْجِعُكُمْ ۚ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٤﴾
اَلَآ اِنَّهُمْ يَثْنُوْنَ صُدُوْرَهُمْ لِيَسْتَخْفُوْا مِنْهُ ؕ اَلَا
حِيْنَ يَسْتَغْشُوْنَ ثِيَابَهُمْ ۙ يَعْلَمُ مَا يُسِرُّوْنَ
وَمَا يُعْلِنُوْنَ ۚ اِنَّهٗ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿٥﴾
وَمَا مِنْ دَآبَّةٍ فِي الْاَرْضِ اِلَّا عَلَى اللّٰهِ رِزْقُهَا وَيَعْلَمُ
مُسْتَقَرَّهَا وَمُسْتَوْدَعَهَا ؕ كُلٌّ فِيْ كِتٰبٍ مُّبِيْنٍ ﴿٦﴾
وَهُوَ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ فِيْ سِتَّةِ
اَيَّامٍ وَّكَانَ عَرْشُهٗ عَلَى الْمَآءِ لِيَبْلُوَكُمْ اَيُّكُمْ
اَحْسَنُ عَمَلًا ؕ وَلَئِنْ قُلْتَ اِنَّكُمْ مَّبْعُوْثُوْنَ مِنْۢ
بَعْدِ الْمَوْتِ لَيَقُوْلَنَّ الَّذِيْنَ كَفَرُوْٓا اِنْ هٰذَآ
اِلَّا سِحْرٌ مُّبِيْنٌ ﴿٧﴾ وَلَئِنْ اَخَّرْنَا عَنْهُمُ الْعَذَابَ اِلٰٓى

(૧૧) સૂરઃ હૂદ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧૦ ● આયતો : ૧૨૩)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે

૧. અલિફ-લામ-રા. અધ્યાદેશ છે, જેની આયતો સુદઢ અને સ્પષ્ટતાપૂર્વક વર્ણવવામાં આવી છે, એક તત્ત્વદર્શી અને માહિતગાર હસ્તી તરફથી,

૨. કે તમે બંદગી ન કરો, પરંતુ માત્ર અલ્લાહની. હું તેના તરફથી તમને ચેતવણી આપનાર પણ છું અને ખુશખબર આપનાર પણ.

૩. અને એ કે તમે પોતાના રબ (પ્રભુ) પાસે માફી માગો અને તેના તરફ પાછા ફરો તો તે એક ખાસ મુદ્દત સુધી તમને ઉત્તમ જીવન-સામગ્રી આપશે અને પ્રત્યેક શ્રેષ્ઠને તેની શ્રેષ્ઠતા પ્રદાન કરશે. પરંતુ જો તમે વિમુખ થાઓ છો તો હું તમારા માટે એક અત્યંત ભયંકર દિવસની યાતનાથી ડરું છું.

૪. તમને સૌને અલ્લાહ તરફ પાછા ફરવાનું છે અને તે બધું જ કરી શકે છે.

૫. જુઓ, આ લોકો પોતાની છાતીઓ ફેરવે છે જેથી તેનાથી છૂપાઈ જાય. ખબરદાર ! જ્યારે આ લોકો વસ્ત્રોથી સ્વયં પોતાને ઢાંકે છે, ત્યારે અલ્લાહ તેઓ જે છૂપાવે છે તેને પણ જાણે છે અને જે જાહેર કરે છે તેને પણ. તે તો તે રહસ્યોથી પણ વાકેફ છે જે છાતીઓમાં છે.

૬. ધરતી ઉપર ચાલનાર કોઈ પ્રાણી એવું નથી જેની રોજી અલ્લાહના શિરે ન હોય અને જેના વિષે તે ન જાણતો હોય કે ક્યાં તે રહે છે, અને ક્યાં તેને સોંપવામાં આવે છે, બધું જ એક સ્પષ્ટ પત્રકમાં નોંધાયેલું છે.

૭. અને તે જ છે જેણે આકાશો અને ધરતીને છ દિવસોમાં પેદા કર્યા – જ્યારે કે આ પહેલાં તેનું સિંહાસન પાણી પર હતું – જેથી તમારી પરીક્ષા કરે કે તમારામાં કોણ વધુ સારા કર્મ કરનાર છે. હવે જો હે નબી ! તમે કહો છો કે લોકો, મૃત્યુ પછી તમે બીજી વાર ઉઠાવવામાં આવશો, તો ઇન્કાર કરનારા તરત જ બોલી ઊઠે છે કે આ તો સ્પષ્ટ જાદુ છે.

૮. અને જો અમે એક નિયત સમય સુધી તેમની સજાને મોકૂફ રાખીએ

أُمَّةٍ مَّعْدُوْدَةٍ لَّيَقُوْلُنَّ مَا يَحْبِسُهٗ ؕ اَلَا يَوْمَ
يَاْتِيْهِمْ لَيْسَ مَصْرُوْفًا عَنْهُمْ وَحَاقَ بِهِمْ مَّا كَانُوْا
بِهٖ يَسْتَهْزِءُوْنَ ۟﴿٨﴾ وَلَئِنْ اَذَقْنَا الْاِنْسَانَ مِنَّا رَحْمَةً ع ٨
ثُمَّ نَزَعْنٰهَا مِنْهُ ۚ اِنَّهٗ لَيَـُٔوْسٌ كَفُوْرٌ ﴿٩﴾ وَلَئِنْ
اَذَقْنٰهُ نَعْمَآءَ بَعْدَ ضَرَّآءَ مَسَّتْهُ لَيَقُوْلَنَّ ذَهَبَ
السَّيِّاٰتُ عَنِّيْ ؕ اِنَّهٗ لَفَرِحٌ فَخُوْرٌ ۙ﴿١٠﴾ اِلَّا الَّذِيْنَ
صَبَرُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ ؕ اُولٰٓئِكَ لَهُمْ مَّغْفِرَةٌ
وَّاَجْرٌ كَبِيْرٌ ﴿١١﴾ فَلَعَلَّكَ تَارِكٌۢ بَعْضَ مَا يُوْحٰٓى
اِلَيْكَ وَضَآئِقٌۢ بِهٖ صَدْرُكَ اَنْ يَّقُوْلُوْا لَوْلَآ اُنْزِلَ
عَلَيْهِ كَنْزٌ اَوْ جَآءَ مَعَهٗ مَلَكٌ ؕ اِنَّمَآ اَنْتَ نَذِيْرٌ ؕ
وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ وَّكِيْلٌ ﴿١٢﴾ اَمْ يَقُوْلُوْنَ افْتَرٰىهُ ؕ
قُلْ فَاْتُوْا بِعَشْرِ سُوَرٍ مِّثْلِهٖ مُفْتَرَيٰتٍ وَّادْعُوْا
مَنِ اسْتَطَعْتُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿١٣﴾
فَاِلَّمْ يَسْتَجِيْبُوْا لَكُمْ فَاعْلَمُوْٓا اَنَّمَآ اُنْزِلَ بِعِلْمِ
اللّٰهِ وَاَنْ لَّآ اِلٰهَ اِلَّا هُوَ ۚ فَهَلْ اَنْتُمْ مُّسْلِمُوْنَ ﴿١٤﴾
مَنْ كَانَ يُرِيْدُ الْحَيٰوةَ الدُّنْيَا وَزِيْنَتَهَا نُوَفِّ
اِلَيْهِمْ اَعْمَالَهُمْ فِيْهَا وَهُمْ فِيْهَا لَا يُبْخَسُوْنَ ﴿١٥﴾
اُولٰٓئِكَ الَّذِيْنَ لَيْسَ لَهُمْ فِي الْاٰخِرَةِ اِلَّا النَّارُ ۖ ز
وَحَبِطَ مَا صَنَعُوْا فِيْهَا وَبٰطِلٌ مَّا كَانُوْا منزل ٣

છીએ, તો તેઓ કહેવા લાગે છે કે છેવટે કઈ વસ્તુએ તેને રોકી રાખી છે ? સાંભળો, જે દિવસે તે સજાનો સમય આવી જશે તો તેને કોઈના ટાળ્યે ટાળી શકાશે નહીં અને તે જ વસ્તુ આવીને તેમને ઘેરી લેશે જેની તેઓ મજાક ઉડાવી રહ્યા છે.(રુકૂઅ-૧)

૯. જો ક્યારેક અમે મનુષ્યને પોતાની કૃપા વડે નવાજ્યા પછી પાછો તેને તેનાથી વંચિત કરી દઈએ છીએ તો તે નિરાશ થાય છે અને અપકાર કરવા લાગે છે.

૧૦. અને જો તે આપત્તિ પછી જે તેના ઉપર આવી હતી, અમે તેને નેઅ્મત (કૃપા)નો સ્વાદ ચખાડીએ છીએ તો કહે છે કે મારી તો બધી આપત્તિઓ દૂર થઈ ગઈ, પછી તે ફુલાય છે અને ઘમંડ કરવા લાગે છે.

૧૧. આ દોષથી મુક્ત જો કોઈ છે તો માત્ર તે જ લોકો જેઓ ધૈર્યવાન અને સત્કર્મીઓ છે, અને તેઓ જ છે જેમના માટે ક્ષમા પણ છે અને મોટું વળતર પણ.

૧૨. તો હે પયગંબર ! ક્યાંક એવું ન થાય કે તમે આ વસ્તુઓમાંથી કોઈ વસ્તુને (વર્ણન કરવાથી) ચૂકી જાઓ જે તમારા તરફ વહી કરવામાં આવી રહી છે અને આ વાત ઉપર તમારૂં હૃદય દુઃખી થાય કે તેઓ કહેશે, ''આ વ્યક્તિ ઉપર કોઈ ખજાનો શા માટે ઉતારવામાં ન આવ્યો ?'' અથવા એ કે, ''આની સાથે કોઈ ફરિશ્તો કેમ ન આવ્યો ?'' તમે તો માત્ર ચેતવનારા છો, આગળ દરેક વસ્તુ અલ્લાહના હવાલે છે.

૧૩. શું આ લોકો કહે છે કે પયગંબરે આ ગ્રંથ પોતે ઘડી કાઢ્યો છે ? કહો, ''સારું, જો આ વાત છે તો આના જેવી દસ સૂરઃઓ તમે ઘડી લાવો અને અલ્લાહ સિવાય બીજા જે-જે (તમારા ઉપાસ્ય) છે તેમને મદદમાં બોલાવી શકતા હોવ તો બોલાવી લો, જો તમે (તેમને ઉપાસ્ય સમજવામાં) સાચા છો.

૧૪. હવે જો તેઓ (તમારા ઉપાસ્ય) તમારી મદદમાં નથી આવતા તો જાણી લો કે આ અલ્લાહના જ્ઞાન સાથે અવતરિત થયો છે અને એ કે અલ્લાહ સિવાય કોઈ સાચો ઉપાસ્ય નથી. પછી શું તમે (આ સાચી વાત આગળ) માથું ઝુકાવો છો ?''

૧૫. જે લોકો માત્ર આ દુનિયાનું જીવન અને તેના વૈભવના ખૂબ અભિલાષી છે, તેમના કરેલા કર્મોનું ફળ અમે અહીં જ તેમને આપી દઈએ છીએ અને તેમાં તેમના સાથે કોઈ કસર રાખવામાં આવતી નથી,

૧૬. પરંતુ આખિરતમાં આવા લોકો માટે આગ સિવાય કંઈ નથી. (ત્યાં ખબર પડી જશે કે) જે કંઈ તેમણે દુનિયામાં બનાવ્યું, તે બધું માટીમાં મળી ગયું અને હવે તેમનું બધું જ કર્યું-કરાવ્યું મિથ્યા છે.

يَعْمَلُوْنَ ﴿١٦﴾ اَفَمَنْ كَانَ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّهٖ وَيَتْلُوْهُ
شَاهِدٌ مِّنْهُ وَمِنْ قَبْلِهٖ كِتٰبُ مُوْسٰٓى اِمَامًا وَّرَحْمَةً ؕ
اُولٰٓئِكَ يُؤْمِنُوْنَ بِهٖ ؕ وَمَنْ يَّكْفُرْ بِهٖ مِنَ الْاَحْزَابِ
فَالنَّارُ مَوْعِدُهٗ ۚ فَلَا تَكُ فِىْ مِرْيَةٍ مِّنْهُ ۗ اِنَّهُ الْحَقُّ
مِنْ رَّبِّكَ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يُؤْمِنُوْنَ ﴿١٧﴾
وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا ؕ اُولٰٓئِكَ
يُعْرَضُوْنَ عَلٰى رَبِّهِمْ وَيَقُوْلُ الْاَشْهَادُ هٰٓؤُلَآءِ
الَّذِيْنَ كَذَبُوْا عَلٰى رَبِّهِمْ ۚ اَلَا لَعْنَةُ اللّٰهِ عَلَى
الظّٰلِمِيْنَ ﴿١٨﴾ الَّذِيْنَ يَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ
وَيَبْغُوْنَهَا عِوَجًا ؕ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ كٰفِرُوْنَ ﴿١٩﴾
اُولٰٓئِكَ لَمْ يَكُوْنُوْا مُعْجِزِيْنَ فِى الْاَرْضِ وَمَا
كَانَ لَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ اَوْلِيَآءَ ۘ يُضٰعَفُ وقف لازم
لَهُمُ الْعَذَابُ ؕ مَا كَانُوْا يَسْتَطِيْعُوْنَ السَّمْعَ وَمَا
كَانُوْا يُبْصِرُوْنَ ﴿٢٠﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ خَسِرُوْٓا اَنْفُسَهُمْ
وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٢١﴾ لَا جَرَمَ اَنَّهُمْ
فِى الْاٰخِرَةِ هُمُ الْاَخْسَرُوْنَ ﴿٢٢﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَ
عَمِلُوا الصّٰلِحٰتِ وَاَخْبَتُوْٓا اِلٰى رَبِّهِمْ ۙ اُولٰٓئِكَ اَصْحٰبُ
الْجَنَّةِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢٣﴾ مَثَلُ الْفَرِيْقَيْنِ
كَالْاَعْمٰى وَالْاَصَمِّ وَالْبَصِيْرِ وَالسَّمِيْعِ ؕ هَلْ يَسْتَوِيٰنِ

૧૭. પછી વળી તે મનુષ્ય, જે પોતાના રબ તરફથી એક સ્પષ્ટ સાક્ષી ધરાવતો હતો, ત્યારપછી એક સાક્ષી આપનાર પણ પાલનહાર તરફથી (તે સાક્ષીના સમર્થનમાં) આવી ગયો, અને પહેલાંથી માર્ગદર્શક અને કૃપાના સ્વરૂપમાં આવેલ મૂસાનો ગ્રંથ મોજૂદ જ હતો (શું તે પણ દુનિયાપ્રેમીઓની જેમ આનો ઇન્કાર કરી શકે છે ?) આવા લોકો તો આના પર ઈમાન જ લાવશે, અને માનવ-જૂથોમાંથી જે કોઈ આનો ઇન્કાર કરે તો તેના માટે જે જગ્યાનો વાયદો છે, તે દોજખ (નર્ક) છે. તો હે પયગંબર ! તમે આ વસ્તુ વિષે કોઈ શંકામાં ન પડશો, આ સત્ય છે તમારા રબ (પ્રભુ) તરફથી, પરંતુ મોટા ભાગના લોકો માનતા નથી.

૧૮. અને તેનાથી વધુ અત્યાચારી બીજો કોણ હશે જે અલ્લાહ પર જૂઠ ઘડે ? આવા લોકો પોતાના રબ સમક્ષ રજૂ થશે અને સાક્ષીઓ કહેશે કે આ છે તે લોકો જેમણે પોતાના રબ પર જૂઠ ઘડ્યું હતું. સાંભળો, અલ્લાહનો ધિક્કાર છે અત્યાચારીઓ પર

૧૯. — તે અત્યાચારીઓ પર જેઓ અલ્લાહના માર્ગથી લોકોને રોકે છે, તેના માર્ગને વિકૃત કરવા માગે છે અને આખિરત (પરલોક)નો ઇન્કાર કરે છે.

૨૦. — તેઓ ધરતી ઉપર અલ્લાહને વિવશ કરનારા ન હતા અને ન તો અલ્લાહના મુકાબલામાં તેમનો કોઈ મદદગાર હતો. તેમને હવે બમણી યાતના આપવામાં આવશે. તેઓ ન કોઈનું સાંભળી જ શકતા હતા અને ન તેમને પોતાને જ કંઈ સૂઝતું હતું.

૨૧. આ તે લોકો છે, જેમણે સ્વયં પોતાને નુકસાનમાં નાખ્યા અને તે બધું જ તેમનાથી ગુમ થઈ ગયું જે તેમણે ઘડી રાખ્યું હતું.

૨૨. અનિવાર્ય છે કે તેઓ જ આખિરત (પરલોક)માં સૌથી વધુ નુકસાનમાં રહે.

૨૩. રહ્યા તે લોકો જેઓ ઈમાન લાવ્યા અને જેમણે સદ્કાર્યો કર્યા અને પોતાના રબના જ થઈને રહ્યા, તો નિશ્ચિતપણે તેઓ જન્નતી લોકો છે અને જન્નતમાં તેઓ હંમેશાં રહેશે.

૨૪. આ બંને પક્ષોનું દૃષ્ટાંત એવું છે જેવી રીતે એક મનુષ્ય તો હોય આંધળો, બ્હેરો અને બીજો હોય દેખતો અને સાંભળતો, શું આ બંને સમાન હોઈ શકે છે ? શું તમે (આ દૃષ્ટાંત પરથી) કોઈ બોધ

مَثَلًا ؕ اَفَلَا تَذَكَّرُوْنَ ﴿۲۴﴾ وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى ع
قَوْمِهٖۤ ز اِنِّيْ لَكُمْ نَذِيْرٌ مُّبِيْنٌ ﴿۲۵﴾ لا اَنْ لَّا تَعْبُدُوْۤا اِلَّا
اللّٰهَ ؕ اِنِّيْۤ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ اَلِيْمٍ ﴿۲۶﴾ فَقَالَ
الْمَلَاُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖ مَا نَرٰىكَ اِلَّا
بَشَرًا مِّثْلَنَا وَمَا نَرٰىكَ اتَّبَعَكَ اِلَّا الَّذِيْنَ هُمْ
اَرَاذِلُنَا بَادِيَ الرَّاْيِ ۚ وَمَا نَرٰى لَكُمْ عَلَيْنَا مِنْ
فَضْلٍ بَلْ نَظُنُّكُمْ كٰذِبِيْنَ ﴿۲۷﴾ قَالَ يٰقَوْمِ اَرَءَيْتُمْ
اِنْ كُنْتُ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّيْ وَاٰتٰىنِيْ رَحْمَةً
مِّنْ عِنْدِهٖ فَعُمِّيَتْ عَلَيْكُمْ ؕ اَنُلْزِمُكُمُوْهَا وَاَنْتُمْ
لَهَا كٰرِهُوْنَ ﴿۲۸﴾ وَيٰقَوْمِ لَاۤ اَسْئَلُكُمْ عَلَيْهِ مَالًا ؕ
اِنْ اَجْرِيَ اِلَّا عَلَى اللّٰهِ وَمَاۤ اَنَا بِطَارِدِ الَّذِيْنَ
اٰمَنُوْا ؕ اِنَّهُمْ مُّلٰقُوْا رَبِّهِمْ وَلٰكِنِّيْۤ اَرٰىكُمْ قَوْمًا
تَجْهَلُوْنَ ﴿۲۹﴾ وَيٰقَوْمِ مَنْ يَّنْصُرُنِيْ مِنَ اللّٰهِ اِنْ
طَرَدْتُّهُمْ ؕ اَفَلَا تَذَكَّرُوْنَ ﴿۳۰﴾ وَلَاۤ اَقُوْلُ لَكُمْ عِنْدِيْ
خَزَآئِنُ اللّٰهِ وَلَاۤ اَعْلَمُ الْغَيْبَ وَلَاۤ اَقُوْلُ اِنِّيْ
مَلَكٌ وَّلَاۤ اَقُوْلُ لِلَّذِيْنَ تَزْدَرِيْۤ اَعْيُنُكُمْ لَنْ
يُّؤْتِيَهُمُ اللّٰهُ خَيْرًا ؕ اَللّٰهُ اَعْلَمُ بِمَا فِيْۤ اَنْفُسِهِمْ ۚۖ
اِنِّيْۤ اِذًا لَّمِنَ الظّٰلِمِيْنَ ﴿۳۱﴾ قَالُوْا يٰنُوْحُ قَدْ جٰدَلْتَنَا
فَاَكْثَرْتَ جِدَالَنَا فَاْتِنَا بِمَا تَعِدُنَاۤ اِنْ كُنْتَ

منزل ٣

ગ્રહણ કરતા નથી ? (રુકૂઅ-૨)

૨૫. (અને આવી જ પરિસ્થિતિ હતી જ્યારે) અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો હતો. (તેણે કહ્યું), ''હું તમને સ્પષ્ટ ચેતવણી આપું છું

૨૬. કે અલ્લાહ સિવાય કોઈની બંદગી ન કરો, નહીં તો મને ડર છે કે તમારા ઉપર એક દિવસે પીડાકારી આપત્તિ આવશે.''

૨૭. જવાબમાં તેની કોમના આગેવાનો, જેમણે તેની વાત માનવાનો ઈન્કાર કરી દીધો હતો, બોલ્યા, ''અમારી દૃષ્ટિએ તો તમે આ સિવાય કંઈ નથી કે બસ માત્ર એક મનુષ્ય છો અમારા જેવા અને અમે જોઈ રહ્યા છીએ કે અમારી કોમમાંથી માત્ર તે લોકોએ, જેઓ અમારા ત્યાં નીચ હતા, વિના વિચાર્યે તમારું અનુસરણ અપનાવી લીધું છે અને અમે કોઈ પણ વસ્તુ એવી જોતા નથી જેમાં તમે લોકો અમારાથી સહેજ પણ ચઢિયાતા હોવ, બલ્કે અમે તો તમને જૂઠા સમજીએ છીએ.''

૨૮. તેણે કહ્યું, ''હે મારી કોમના ભાઈઓ ! થોડું વિચારો તો ખરા કે જો હું પોતાના રબ તરફથી એક સ્પષ્ટ નિશાની ધરાવતો હતો અને પછી તેણે મને પોતાની વિશિષ્ટ કૃપા વડે પણ નવાજ્યો, પરંતુ તે તમને ન દેખાઈ, તો છેવટે મારા પાસે શું સાધન છે કે તમે માનવા ન ચાહો તો પણ અમે બળજબરીથી તેને તમારા માથે થોપી દઈએ ?

૨૯. અને હે મારી કોમના ભાઈઓ ! હું આ કાર્ય બદલ તમારા પાસેથી કોઈ માલ નથી માગતો, મારો બદલો તો અલ્લાહના શિરે છે અને હું તે લોકોને કાઢી મૂકવાનો પણ નથી જેમણે મારી વાત માની છે. તેઓ પોતે જ પોતાના રબ સમક્ષ જવાના છે, પરંતુ હું જોઉં છું કે તમે લોકો અજ્ઞાનતા આચરી રહ્યા છો.

૩૦. અને હે મારી કોમ ! જો હું આ લોકોને ધુત્કારી કાઢું તો અલ્લાહની પકડથી મને કોણ બચાવવા આવશે ? તમને લોકોને શું આટલી વાત પણ સમજમાં આવતી નથી ?

૩૧. અને હું તમને નથી કહેતો કે મારા પાસે અલ્લાહના ખજાના છે, ન હું એમ જ કહું છું કે હું અદૃશ્યનું જ્ઞાન ધરાવું છું, ન મારો આ દાવો છે કે હું ફરિશ્તો છું અને એ પણ હું કહી શકતો નથી કે જે લોકોને તમારી આંખો ધૃણાથી જુએ છે, તેમને અલ્લાહે કોઈ ભલાઈ નથી આપી. તેમના મનની હાલત અલ્લાહ જ વધુ સારી રીતે જાણે છે. જો હું આમ કહું તો જાલિમ હોઈશ.''

૩૨. છેવટે તે લોકોએ કહ્યું, ''હે નૂહ ! તમે અમારા સાથે ઝઘડો કર્યો અને ખૂબ કરી લીધો, હવે તો બસ તે યાતના લઈ આવો જેની તમે અમને

مِنَ الصّٰدِقِيْنَ ﴿٣٢﴾ قَالَ اِنَّمَا يَاْتِيْكُمْ بِهِ اللّٰهُ اِنْ
شَآءَ وَمَآ اَنْتُمْ بِمُعْجِزِيْنَ ﴿٣٣﴾ وَلَا يَنْفَعُكُمْ نُصْحِيْٓ
اِنْ اَرَدْتُّ اَنْ اَنْصَحَ لَكُمْ اِنْ كَانَ اللّٰهُ يُرِيْدُ
اَنْ يُّغْوِيَكُمْ ؕ هُوَ رَبُّكُمْ ۣ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٣٤﴾ؕ اَمْ
يَقُوْلُوْنَ افْتَرٰىهُ ؕ قُلْ اِنِ افْتَرَيْتُهٗ فَعَلَيَّ اِجْرَامِيْ
وَاَنَا بَرِيْٓءٌ مِّمَّا تُجْرِمُوْنَ ﴿٣٥﴾ وَاُوْحِيَ اِلٰى نُوْحٍ
اَنَّهٗ لَنْ يُّؤْمِنَ مِنْ قَوْمِكَ اِلَّا مَنْ قَدْ اٰمَنَ فَلَا
تَبْتَئِسْ بِمَا كَانُوْا يَفْعَلُوْنَ ﴿٣٦﴾ وَاصْنَعِ الْفُلْكَ
بِاَعْيُنِنَا وَوَحْيِنَا وَلَا تُخَاطِبْنِيْ فِي الَّذِيْنَ
ظَلَمُوْا ۚ اِنَّهُمْ مُّغْرَقُوْنَ ﴿٣٧﴾ وَيَصْنَعُ الْفُلْكَ ۣ وَكُلَّمَا
مَرَّ عَلَيْهِ مَلَاٌ مِّنْ قَوْمِهٖ سَخِرُوْا مِنْهُ ؕ قَالَ
اِنْ تَسْخَرُوْا مِنَّا فَاِنَّا نَسْخَرُ مِنْكُمْ كَمَا
تَسْخَرُوْنَ ﴿٣٨﴾ؕ فَسَوْفَ تَعْلَمُوْنَ ۙ مَنْ يَّاْتِيْهِ عَذَابٌ
يُّخْزِيْهِ وَيَحِلُّ عَلَيْهِ عَذَابٌ مُّقِيْمٌ ﴿٣٩﴾ حَتّٰٓى اِذَا
جَآءَ اَمْرُنَا وَفَارَ التَّنُّوْرُ ۙ قُلْنَا احْمِلْ فِيْهَا مِنْ
كُلٍّ زَوْجَيْنِ اثْنَيْنِ وَاَهْلَكَ اِلَّا مَنْ سَبَقَ عَلَيْهِ
الْقَوْلُ وَمَنْ اٰمَنَ ؕ وَمَآ اٰمَنَ مَعَهٗٓ اِلَّا قَلِيْلٌ ﴿٤٠﴾
وَقَالَ ارْكَبُوْا فِيْهَا بِسْمِ اللّٰهِ مَجْرٖىهَا وَمُرْسٰىهَا ؕ
اِنَّ رَبِّيْ لَغَفُوْرٌ رَّحِيْمٌ ﴿٤١﴾ وَهِيَ تَجْرِيْ بِهِمْ فِيْ مَوْجٍ

منزل ٣

ધમકી આપો છો, જો સાચા છો."

૩૩. નૂહે જવાબ આપ્યો, "એ તો અલ્લાહ જ લાવશે, જો ચાહશે તો, અને તમે એટલું સામર્થ્ય ધરાવતા નથી કે તેને અટકાવી દો.

૩૪. હવે જો હું તમારું થોડું ભલું કરવા પણ ચાહું તો મારી શુભેચ્છા તમને કોઈ લાભ આપી શકતી નથી, જ્યારે કે અલ્લાહે જ તમને ભટકાવી દેવાનો ઇરાદો કરી લીધો હોય. તે જ તમારો રબ છે અને તેના જ તરફ તમારે પાછા ફરવાનું છે."

૩૫. હે નબી ! શું આ લોકો કહે છે કે આ વ્યક્તિએ આ બધું પોતે ઘડી કાઢ્યું છે ? તેમને કહો, "જો મેં પોતે જ આ બધું ઘડી કાઢ્યું છે તો મારા ઉપર આ જુલ્મની જવાબદારી છે અને જે જુલ્મ તમે કરી રહ્યા છો, તેની જવાબદારીથી હું મુક્ત છું." (રુકૂઅ-૩)

૩૬. નૂહ ઉપર વહી મોકલવામાં આવી કે તમારી કોમમાંથી જે લોકો ઈમાન લાવ્યા, બસ તેઓ લાવી ચૂક્યા, હવે કોઈ માનવાવાળું નથી. તેમના કરતુકો પર દુઃખી થવાનું છોડો

૩૭. અને અમારી દેખરેખમાં અમારી વહી અનુસાર એક હોડી બનાવવાનું શરૂ કરી દો અને જુઓ, જે લોકોએ અત્યાચાર કર્યો છે, તેમના માટે મારા પાસે કોઈ ભલામણ ન કરજો. તે બધાં જ હવે ડૂબવાવાળા છે.

૩૮. નૂહ હોડી બનાવી રહ્યો હતો અને તેની કોમના આગેવાનોમાંથી જે કોઈ તેના પાસેથી પસાર થતો હતો, તે તેની મજાક ઉડાવતો હતો. તેણે કહ્યું, "જો તમે અમારા પર હસો છો તો અમે પણ તમારા પર હસી રહ્યા છીએ.

૩૯. ખૂબ જલ્દી જ તમને પોતાને જ ખબર પડી જશે કે કોના પર તે યાતના આવે છે જે તેને ફજેત કરી દેશે અને કોના પર તે આફત તૂટી પડે છે જે ટાળ્યે નહીં ટળે."

૪૦. ત્યાં સુધી કે જ્યારે અમારો હુકમ આવી ગયો અને તે તંદૂર ઉભરાઈ ગયો તો અમે કહ્યું, "દરેક પ્રકારના જાનવરોની એક-એક જોડ નૌકામાં રાખી લો, પોતાના ઘરના લોકોને પણ – સિવાય તે લોકોના જેમનો નિર્દેશ પહેલાં કરી દેવામાં આવ્યો છે – તેમાં સવાર કરાવી દો અને તે લોકોને પણ બેસાડી લો જેઓ ઈમાન લાવ્યા છે." અને થોડા જ લોકો હતા જેઓ નૂહ સાથે ઈમાન લાવ્યા હતા.

૪૧. નૂહે કહ્યું, "સવાર થઈ જાઓ આમાં, અલ્લાહના જ નામથી છે આનું ચાલવું પણ અને થોભવું પણ. મારો રબ મોટો ક્ષમા કરનાર અને દયાળુ છે."

كَالْجِبَالِ قف وَنَادٰى نُوْحُ ࣙابْنَهٗ وَكَانَ فِيْ مَعْزِلٍ
يّٰبُنَيَّ ارْكَبْ مَّعَنَا وَلَا تَكُنْ مَّعَ الْكٰفِرِيْنَ ﴿٤٢﴾
قَالَ سَاٰوِيْٓ اِلٰى جَبَلٍ يَّعْصِمُنِيْ مِنَ الْمَآءِ ؕ قَالَ
لَا عَاصِمَ الْيَوْمَ مِنْ اَمْرِ اللّٰهِ اِلَّا مَنْ رَّحِمَ ۚ وَحَالَ
بَيْنَهُمَا الْمَوْجُ فَكَانَ مِنَ الْمُغْرَقِيْنَ ﴿٤٣﴾ وَقِيْلَ يٰٓاَرْضُ
ابْلَعِيْ مَآءَكِ وَيٰسَمَآءُ اَقْلِعِيْ وَغِيْضَ الْمَآءُ وَقُضِيَ
الْاَمْرُ وَاسْتَوَتْ عَلَى الْجُوْدِيِّ وَقِيْلَ بُعْدًا لِّلْقَوْمِ
الرّبع الظّٰلِمِيْنَ ﴿٤٤﴾ وَنَادٰى نُوْحٌ رَّبَّهٗ فَقَالَ رَبِّ اِنَّ ابْنِيْ
مِنْ اَهْلِيْ وَاِنَّ وَعْدَكَ الْحَقُّ وَاَنْتَ اَحْكَمُ
الْحٰكِمِيْنَ ﴿٤٥﴾ قَالَ يٰنُوْحُ اِنَّهٗ لَيْسَ مِنْ اَهْلِكَ ۚ اِنَّهٗ
عَمَلٌ غَيْرُ صَالِحٍ ۗ فَلَا تَسْـَٔلْنِ مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ ؕ
اِنِّيْٓ اَعِظُكَ اَنْ تَكُوْنَ مِنَ الْجٰهِلِيْنَ ﴿٤٦﴾ قَالَ رَبِّ
اِنِّيْٓ اَعُوْذُ بِكَ اَنْ اَسْـَٔلَكَ مَا لَيْسَ لِيْ بِهٖ عِلْمٌ ؕ
وَاِلَّا تَغْفِرْ لِيْ وَتَرْحَمْنِيْٓ اَكُنْ مِّنَ الْخٰسِرِيْنَ ﴿٤٧﴾
قِيْلَ يٰنُوْحُ اهْبِطْ بِسَلٰمٍ مِّنَّا وَبَرَكٰتٍ عَلَيْكَ وَ
عَلٰٓى اُمَمٍ مِّمَّنْ مَّعَكَ ؕ وَاُمَمٌ سَنُمَتِّعُهُمْ ثُمَّ
منزل ٣ يَمَسُّهُمْ مِّنَّا عَذَابٌ اَلِيْمٌ ﴿٤٨﴾ تِلْكَ مِنْ اَنْۢبَآءِ
الْغَيْبِ نُوْحِيْهَآ اِلَيْكَ ۚ مَا كُنْتَ تَعْلَمُهَآ اَنْتَ
وَلَا قَوْمُكَ مِنْ قَبْلِ هٰذَا ؕۛ فَاصْبِرْ ؕۛ اِنَّ الْعَاقِبَةَ

معانقة عند المتاخرين

૪૨. નૌકા આ લોકોને લઈને ચાલતી જઈ રહી હતી અને એક-એક મોજું પર્વત સમાન ઊઠી રહ્યું હતું. નૂહનો પુત્ર દૂર અંતરે હતો. નૂહે પોકારીને કહ્યું, "બેટા ! અમારા સાથે સવાર થઈ જા, કાફિરો (ઇન્કાર કરનારાઓ) સાથે ન રહે."

૪૩. તેણે વળતો જવાબ આપ્યો, "હું હમણાં એક પર્વત ઉપર ચઢી જવાનો છું જે મને પાણીથી બચાવી લેશે." નૂહે કહ્યું, "આજે કોઈ વસ્તુ અલ્લાહના આદેશથી બચાવનારી નથી, સિવાય કે અલ્લાહ જ કોઈના ઉપર દયા કરે." એટલામાં એક મોજું બંનેના વચ્ચે આવી ગયું અને તે પણ ડૂબનારાઓમાં સામેલ થઈ ગયો.

૪૪. આદેશ થયો, "હે ધરતી ! પોતાનું સમગ્ર પાણી ગળી જા અને હે આકાશ ! થોભી જા." આમ, પાણી ધરતીમાં ઊતરી ગયું, ફેંસલો ચૂકવી દેવામાં આવ્યો, નૌકા 'જૂદી' (એક પહાડ) ઉપર થોભી ગઈ, અને કહી દેવામાં આવ્યું કે દૂર થઈ જાલિમોની કોમ !

૪૫. નૂહે પોતાના રબને પોકાર્યો. કહ્યું, "હે રબ ! મારો પુત્ર મારા ઘરવાળાઓમાંથી છે અને તારો વાયદો સાચો છે અને તું સૌ સત્તાધીશોથી મોટો અને ઉત્તમ સત્તાધીશ છે."

૪૬. જવાબમાં ફરમાવવામાં આવ્યું, "હે નૂહ ! તે તારા ઘરવાળાઓમાંથી નથી, તે તો એક બગડી ગયેલું કાર્ય છે, તેથી તું એ વાતની મને પ્રાર્થના ન કર જેની હકીકત તું નથી જાણતો. હું તને શિખામણ આપું છું કે પોતાને અજ્ઞાનીઓ જેવો ન બનાવી લે."

૪૭. નૂહે તરત જ અરજ કરી, "હે મારા રબ ! હું તારી પનાહ માગું છું, તેનાથી કે તે વસ્તુ તારા પાસે માગું જેનું મને જ્ઞાન નથી. જો તેં મને માફ ન કર્યો અને દયા ન ફરમાવી તો હું બરબાદ થઈ જઈશ."

૪૮. હુકમ થયો, "હે નૂહ ! ઊતરી જા, અમારા તરફથી સલામતી અને બરકતો છે તારા પર અને તે જૂથો પર જેઓ તારા સાથે છે, અને કેટલાક જૂથો એવાં પણ છે જેમને અમે થોડો સમય જીવન-સામગ્રી આપીશું પછી તેમને અમારા તરફથી પીડાકારી યાતના પહોંચશે."

૪૯. હે નબી ! આ અદૃશ્યની ખબરો છે જે અમે તમારા તરફ વહી કરી રહ્યા છીએ. આ અગાઉ ન તમે તેને જાણતા હતા ન તમારી કોમ. તો ધૈર્ય રાખો, અંતિમ પરિણામ તો અલ્લાહથી ડરવાવાળાઓના પક્ષમાં છે. (રુકૂઅ-૪)

ع ٤ ٤

مُعانقة عند المتأخرين الوقف على الصبر الأحسن والنبيّ

لِلْمُتَّقِيْنَ ﴿٤٩﴾ وَاِلٰى عَادٍ اَخَاهُمْ هُوْدًا ط قَالَ يٰقَوْمِ

اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ط اِنْ اَنْتُمْ اِلَّا

مُفْتَرُوْنَ ﴿٥٠﴾ يٰقَوْمِ لَآ اَسْئَلُكُمْ عَلَيْهِ اَجْرًا ط اِنْ اَجْرِيَ

اِلَّا عَلَى الَّذِيْ فَطَرَنِيْ ط اَفَلَا تَعْقِلُوْنَ ﴿٥١﴾ وَيٰقَوْمِ

اسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ يُرْسِلِ السَّمَآءَ عَلَيْكُمْ

مِّدْرَارًا وَّيَزِدْكُمْ قُوَّةً اِلٰى قُوَّتِكُمْ وَلَا تَتَوَلَّوْا

مُجْرِمِيْنَ ﴿٥٢﴾ قَالُوْا يٰهُوْدُ مَا جِئْتَنَا بِبَيِّنَةٍ وَّمَا نَحْنُ

بِتَارِكِيْٓ اٰلِهَتِنَا عَنْ قَوْلِكَ وَمَا نَحْنُ لَكَ بِمُؤْمِنِيْنَ ﴿٥٣﴾

اِنْ نَّقُوْلُ اِلَّا اعْتَرٰىكَ بَعْضُ اٰلِهَتِنَا بِسُوْٓءٍ ط

قَالَ اِنِّيْٓ اُشْهِدُ اللّٰهَ وَاشْهَدُوْٓا اَنِّيْ بَرِيْٓءٌ مِّمَّا

تُشْرِكُوْنَ ﴿٥٤﴾ مِنْ دُوْنِهٖ فَكِيْدُوْنِيْ جَمِيْعًا ثُمَّ لَا

تُنْظِرُوْنِ ﴿٥٥﴾ اِنِّيْ تَوَكَّلْتُ عَلَى اللّٰهِ رَبِّيْ وَرَبِّكُمْ ط

مَا مِنْ دَآبَّةٍ اِلَّا هُوَ اٰخِذٌ بِنَاصِيَتِهَا ط اِنَّ رَبِّيْ

عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٥٦﴾ فَاِنْ تَوَلَّوْا فَقَدْ اَبْلَغْتُكُمْ

مَّآ اُرْسِلْتُ بِهٖٓ اِلَيْكُمْ ط وَيَسْتَخْلِفُ رَبِّيْ قَوْمًا غَيْرَكُمْ ج

وَلَا تَضُرُّوْنَهٗ شَيْئًا ط اِنَّ رَبِّيْ عَلٰى كُلِّ شَيْءٍ حَفِيْظٌ ﴿٥٧﴾

وَلَمَّا جَآءَ اَمْرُنَا نَجَّيْنَا هُوْدًا وَّالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ

بِرَحْمَةٍ مِّنَّا ج وَنَجَّيْنٰهُمْ مِّنْ عَذَابٍ غَلِيْظٍ ﴿٥٨﴾

وَتِلْكَ عَادٌ قف جَحَدُوْا بِاٰيٰتِ رَبِّهِمْ وَعَصَوْا رُسُلَهٗ

૫૦. અને આદના તરફ અમે તેમના ભાઈ હૂદને મોકલ્યો. તેણે કહ્યું, "હે મારી કોમના ભાઈઓ ! અલ્લાહની બંદગી કરો, તેના સિવાય તમારો કોઈ ઉપાસ્ય નથી. તમે માત્ર જૂઠી વાતો ઘડી રાખી છે.

૫૧. હે મારી કોમના ભાઈઓ ! આ કામ માટે હું તમારા પાસેથી કોઈ બદલો ચાહતો નથી, મારો બદલો તો તેના શિરે છે જેણે મને પેદા કર્યો છે, શું તમે બુદ્ધિથી સહેજ પણ કામ લેતા નથી ?

૫૨. અને હે મારી કોમના લોકો ! પોતાના રબ પાસે માફી માગો, પછી તેના તરફ પાછા ફરો, તે તમારા ઉપર આકાશના દ્વાર ખોલી દેશે અને તમારી વર્તમાન શક્તિમાં વધુ શક્તિનો વધારો કરશે. ગુનેગાર બનીને (બંદગીથી) મોઢું ન ફેરવો."

૫૩. તેમણે જવાબ આપ્યો, "હે હૂદ ! તું અમારા પાસે કોઈ સ્પષ્ટ નિશાની લઈને આવ્યો નથી, અને તારા કહેવાથી અમે અમારા ઉપાસ્યોને છોડી શકતા નથી, અને તારા પર અમે ઈમાન લાવવાના નથી.

૫૪. અમે તો એમ સમજીએ છીએ કે તારા ઉપર અમારા ઉપાસ્યોમાંથી કોઈનો શ્રાપ લાગી ગયો છે." હૂદે કહ્યું, "હું અલ્લાહની સાક્ષી રજૂ કરું છું અને તમે સાક્ષી રહો કે આ જે અલ્લાહ સિવાય બીજાઓને તમે ખુદાઈમાં ભાગીદાર ઠેરવી રાખ્યા છે, તેમનાથી હું વિમુખ છું.

૫૫. તમે સૌ ભેગા મળીને મારા વિરુધ્ધ પોતાની કરણીમાં કચાશ ન રાખશો અને મને સહેજ પણ મહેતલ ન આપો,

૫૬. મારો ભરોસો અલ્લાહ પર છે જે મારો રબ (પ્રભુ) પણ છે અને તમારો પણ. કોઈ જીવધારી એવો નથી જેની ચોટલી તેના હાથમાં ન હોય. નિઃસંદેહ મારો રબ સીધા માર્ગ ઉપર છે.

૫૭. જો તમે મોઢું ફેરવતા હોવ તો ફેરવી લો, જે સંદેશ આપીને હું તમારા પાસે મોકલવામાં આવ્યો હતો તે હું તમને પહોંચાડી ચૂક્યો છું. હવે મારો રબ તમારા સ્થાને બીજી કોમને ઉઠાવશે અને તમે તેનું કંઈ નહીં બગાડી શકો. નિઃશંક મારો રબ દરેક વસ્તુ પર દેખરેખ રાખે છે."

૫૮. પછી જ્યારે અમારો આદેશ આવી ગયો તો અમે અમારી કૃપાથી હૂદને અને તે લોકોને જેઓ તેના સાથે ઈમાન લાવ્યા હતા, છુટકારો અપાવી દીધો અને એક ભારે યાતનામાંથી તેમને બચાવી લીધા.

૫૯. આ છે આદ ! પોતાના રબની આયતોનો તેમણે ઈન્કાર કર્યો, તેના

وَاتَّبَعُوْٓا اَمْرَ كُلِّ جَبَّارٍ عَنِيْدٍ ۝٥٩ وَاُتْبِعُوْا فِيْ هٰذِهِ
الدُّنْيَا لَعْنَةً وَّيَوْمَ الْقِيٰمَةِ ؕ اَلَآ اِنَّ عَادًا كَفَرُوْا
رَبَّهُمْ ؕ اَلَا بُعْدًا لِّعَادٍ قَوْمِ هُوْدٍ ۝٦٠ وَاِلٰى ثَمُوْدَ
اَخَاهُمْ صٰلِحًا ۘ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ
مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ هُوَ اَنْشَاَكُمْ مِّنَ الْاَرْضِ وَ
اسْتَعْمَرَكُمْ فِيْهَا فَاسْتَغْفِرُوْهُ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ ؕ
اِنَّ رَبِّيْ قَرِيْبٌ مُّجِيْبٌ ۝٦١ قَالُوْا يٰصٰلِحُ قَدْ كُنْتَ
فِيْنَا مَرْجُوًّا قَبْلَ هٰذَآ اَتَنْهٰىنَآ اَنْ نَّعْبُدَ
مَا يَعْبُدُ اٰبَآؤُنَا وَاِنَّنَا لَفِيْ شَكٍّ مِّمَّا تَدْعُوْنَآ
اِلَيْهِ مُرِيْبٍ ۝٦٢ قَالَ يٰقَوْمِ اَرَءَيْتُمْ اِنْ كُنْتُ
عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّيْ وَاٰتٰىنِيْ مِنْهُ رَحْمَةً فَمَنْ
يَّنْصُرُنِيْ مِنَ اللّٰهِ اِنْ عَصَيْتُهٗ ۫ فَمَا تَزِيْدُوْنَنِيْ
غَيْرَ تَخْسِيْرٍ ۝٦٣ وَيٰقَوْمِ هٰذِهٖ نَاقَةُ اللّٰهِ لَكُمْ
اٰيَةً فَذَرُوْهَا تَاْكُلْ فِيْٓ اَرْضِ اللّٰهِ وَلَا تَمَسُّوْهَا
بِسُوْٓءٍ فَيَاْخُذَكُمْ عَذَابٌ قَرِيْبٌ ۝٦٤ فَعَقَرُوْهَا
فَقَالَ تَمَتَّعُوْا فِيْ دَارِكُمْ ثَلٰثَةَ اَيَّامٍ ؕ ذٰلِكَ
وَعْدٌ غَيْرُ مَكْذُوْبٍ ۝٦٥ فَلَمَّا جَآءَ اَمْرُنَا نَجَّيْنَا
صٰلِحًا وَّالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ بِرَحْمَةٍ مِّنَّا وَمِنْ
خِزْيِ يَوْمِئِذٍ ؕ اِنَّ رَبَّكَ هُوَ الْقَوِيُّ الْعَزِيْزُ ۝٦٦

وقف لازم

રસૂલોની વાત ન માની અને દરેક અત્યાચારી, સત્યના દુશ્મનના પાછળ ચાલતા રહ્યા.

૬૦. છેવટે આ દુનિયામાં પણ તેમના ઉપર ફિટકાર પડી અને કયામતના દિવસે પણ. સાંભળો ! આદે પોતાના રબ સાથે કુફ્ર કર્યું. સાંભળો, દૂર ફેંકી દેવામાં આવ્યા આદ, હૂદની કોમના લોકો. (રુકૂઅ-૫)

૬૧. અને સમૂદના તરફ અમે તેમના ભાઈ સાલેહને મોકલ્યો. તેણે કહ્યું, ''હે મારી કોમના લોકો ! અલ્લાહની બંદગી કરો. તેના સિવાય તમારો બીજો કોઈ ખુદા નથી. તે જ છે જેણે તમને ધરતીમાંથી પેદા કર્યા છે અને અહીં તમને વસાવ્યા છે, આથી તમે તેનાથી માફી માગો અને તેના તરફ પાછા ફરો, નિઃશંક મારો રબ નિકટ છે અને તે પ્રાર્થનાઓનો જવાબ આપનાર છે.''

૬૨. તેમણે કહ્યું, ''હે સાલેહ ! આ અગાઉ તું અમારા દરમ્યાન એવો મનુષ્ય હતો જેનાથી ઘણી અપેક્ષાઓ રાખવામાં આવતી હતી. શું તું અમને તે ઉપાસ્યોની પૂજાથી રોકવા માગે છે જેની પૂજા અમારા બાપ-દાદાઓ કરતા હતા ? તું જે પદ્ધતિ તરફ અમને બોલાવી રહ્યો છે તેના વિષે અમને મોટી શંકા છે, જેણે અમને મૂંઝવણમાં નાખી દીધા છે.''

૬૩. સાલેહે કહ્યું, ''હે મારી કોમના ભાઈઓ ! તમે કંઈ એ વાત ઉપર પણ વિચાર કર્યો કે જો હું પોતાના રબ તરફથી એક સ્પષ્ટ પુરાવો ધરાવતો હતો, અને પછી તેણે પોતાની કૃપા પણ મને પ્રદાન કરી તો તે પછી અલ્લાહની પકડમાંથી મને કોણ બચાવશે, જો હું તેની નાફરમાની કરું ? તમે મારા શું કામ આવી શકો છો સિવાય એ કે મને વધુ નુકસાનમાં નાખી દો.

૬૪. અને હે મારી કોમના લોકો ! જુઓ, અલ્લાહની આ ઊંટણી તમારા માટે એક નિશાની છે. તેને અલ્લાહની ધરતી ઉપર ચરવા માટે છૂટી મૂકી દો. તેને સહેજ પણ ન છેડશો, નહીં તો કંઈ વધારે વાર નહીં લાગે અને તમારા ઉપર અલ્લાહની આપત્તિ આવી જશે.

૬૫. પરંતુ તેમણે ઊંટણીને મારી નાખી. તેના ઉપર સાલેહે તેમને સચેત કરી દીધા કે ''બસ હવે વધુ ત્રણ દિવસ પોતાના ઘરોમાં રહી લો અને આ એવી મુદ્દત છે જે જૂઠી સાબિત નહીં થાય.''

૬૬. અંતે જ્યારે અમારા નિર્ણયનો સમય આવી ગયો તો અમે પોતાની કૃપાથી સાલેહ અને તે લોકોને જેઓ તેના સાથે ઈમાન લાવ્યા હતા, બચાવી લીધા અને તે દિવસની ફજેતીમાંથી તેમને સુરક્ષિત રાખ્યા. નિઃશંક તારો રબ જ હકીકતમાં શક્તિશાળી અને સર્વોપરી છે.

وَاَخَذَ الَّذِيْنَ ظَلَمُوا الصَّيْحَةُ فَاَصْبَحُوْا فِيْ
دِيَارِهِمْ جٰثِمِيْنَ ﴿٦٧﴾ كَاَنْ لَّمْ يَغْنَوْا فِيْهَا ۭ اَلَآ اِنَّ
ع ٨ ثَمُوْدَا۟ كَفَرُوْا رَبَّهُمْ ۭ اَلَا بُعْدًا لِّثَمُوْدَ ﴿٦٨﴾
وَلَقَدْ جَاۗءَتْ رُسُلُنَآ اِبْرٰهِيْمَ بِالْبُشْرٰى قَالُوْا
سَلٰمًا ۭ قَالَ سَلٰمٌ فَمَا لَبِثَ اَنْ جَاۗءَ بِعِجْلٍ حَنِيْذٍ ﴿٦٩﴾
فَلَمَّا رَآٰ اَيْدِيَهُمْ لَا تَصِلُ اِلَيْهِ نَكِرَهُمْ وَاَوْجَسَ
مِنْهُمْ خِيْفَةً ۭ قَالُوْا لَا تَخَفْ اِنَّآ اُرْسِلْنَآ اِلٰى
قَوْمِ لُوْطٍ ﴿٧٠﴾ وَامْرَاَتُهٗ قَاۗىِٕمَةٌ فَضَحِكَتْ فَبَشَّرْنٰهَا
بِاِسْحٰقَ ۙ وَمِنْ وَّرَاۗءِ اِسْحٰقَ يَعْقُوْبَ ﴿٧١﴾ قَالَتْ
يٰوَيْلَتٰٓى ءَاَلِدُ وَاَنَا عَجُوْزٌ وَّهٰذَا بَعْلِيْ شَيْخًا ۭ
اِنَّ هٰذَا لَشَيْءٌ عَجِيْبٌ ﴿٧٢﴾ قَالُوْٓا اَتَعْجَبِيْنَ مِنْ اَمْرِ
اللّٰهِ رَحْمَتُ اللّٰهِ وَبَرَكٰتُهٗ عَلَيْكُمْ اَهْلَ الْبَيْتِ ۭ
اِنَّهٗ حَمِيْدٌ مَّجِيْدٌ ﴿٧٣﴾ فَلَمَّا ذَهَبَ عَنْ اِبْرٰهِيْمَ
الرَّوْعُ وَجَاۗءَتْهُ الْبُشْرٰى يُجَادِلُنَا فِيْ قَوْمِ
لُوْطٍ ﴿٧٤﴾ اِنَّ اِبْرٰهِيْمَ لَحَلِيْمٌ اَوَّاهٌ مُّنِيْبٌ ﴿٧٥﴾
يٰٓاِبْرٰهِيْمُ اَعْرِضْ عَنْ هٰذَا ۚ اِنَّهٗ قَدْ جَاۗءَ اَمْرُ
رَبِّكَ ۚ وَاِنَّهُمْ اٰتِيْهِمْ عَذَابٌ غَيْرُ مَرْدُوْدٍ ﴿٧٦﴾
وَلَمَّا جَاۗءَتْ رُسُلُنَا لُوْطًا سِيْۗءَ بِهِمْ وَضَاقَ
منزل ٣ بِهِمْ ذَرْعًا وَّقَالَ هٰذَا يَوْمٌ عَصِيْبٌ ﴿٧٧﴾ وَجَاۗءَهٗ

૬૭. રહ્યા તે લોકો જેમણે અત્યાચાર કર્યો હતો, તો એક તીવ્ર ધડાકાએ તેમને ઝડપી લીધા અને તેઓ પોતાની વસ્તીઓમાં એવા નિશ્ચેત અને નિષ્ક્રિય પડેલા રહી ગયા

૬૮. જાણે ત્યાં તેઓ ક્યારેય વસ્યા જ ન હતા. સાંભળો ! સમૂદે પોતાના રબ સાથે કુફ્ર કર્યું. સાંભળો, દૂર ફેંકી દેવામાં આવ્યા સમૂદ ! (રુકૂઅ-૬)

૬૯. અને જુઓ, ઇબ્રાહીમ પાસે અમારા ફરિશ્તાઓ ખુશખબર લઈને પહોંચ્યા. કહ્યું, ''તમારા ઉપર સલામ થાય.'' ઇબ્રાહીમે જવાબ આપ્યો કે ''તમારા ઉપર પણ સલામ થાય.'' પછી થોડીક વારમાં ઇબ્રાહીમ એક શેકેલું વાછરડું (તેમની મહેમાનગતિ કરવા માટે) લઈ આવ્યો.

૭૦. પરંતુ જ્યારે જોયું કે તેમના હાથ ભોજન તરફ નથી વધતા, તો તે તેમના વિષે શંકામાં પડી ગયો અને હૃદયમાં તેમનાથી ડર અનુભવવા લાગ્યો. તેમણે કહ્યુ, ''ડરો નહીં, અમે તો લૂતની કોમ તરફ મોકલવામાં આવ્યા છીએ.''

૭૧. ઇબ્રાહીમની પત્ની પણ ઊભી હતી. તે આ સાંભળીને હસી પડી. પછી અમે તેને ઇસ્હાકની અને ઇસ્હાક પછી યાકૂબની ખુશખબર આપી.

૭૨. તે બોલી, ''હાય મારું કમભાગ્ય ! શું હવે મારે ત્યાં સંતાન થશે જ્યારે હું ઘરડી ડોશી થઈ ગઈ અને મારો પતિ પણ વૃદ્ધ થઈ ગયો ? આ તો ઘણી વિચિત્ર વાત છે.''

૭૩. ફરિશ્તાઓએ કહ્યું, ''અલ્લાહના આદેશ પર આશ્ચર્ય કરો છો ? ઇબ્રાહીમના કુટુંબીજનો ! તમારા પર તો અલ્લાહની કૃપા અને તેની બરકતો છે અને નિઃશંક અલ્લાહ ખૂબ જ પ્રશંસાપાત્ર અને મહાન ગૌરવશાળી છે.''

૭૪. પછી જ્યારે ઇબ્રાહીમની ગભરામણ દૂર થઈ અને (સંતાનની ખુશખબરથી) તેનું હૃદય ખુશ થઈ ગયું તો તેણે લૂતની કોમ વિષે અમારા સાથે ઝઘડો શરૂ કર્યો.

૭૫. હકીકતમાં ઇબ્રાહીમ ખૂબ જ સહનશીલ અને નરમ દિલનો માણસ હતો અને દરેક હાલતમાં અમારા તરફ રજૂ થતો હતો.

૭૬. (અંતે અમારા ફરિશ્તાઓએ તેને કહ્યું), ''હે ઇબ્રાહીમ ! આવું ન કર, તમારા રબનો આદેશ થઈ ચૂક્યો છે અને હવે તે લોકો ઉપર તે યાતના આવીને રહેશે જે કોઈના ટાળવાથી ટળી શકતી નથી.''

૭૭. અને જ્યારે અમારા ફરિશ્તાઓ લૂતના પાસે પહોંચ્યા તો તેમના આગમનથી તે ખૂબ ગભરાયો અને દિલગીર થયો અને કહેવા લાગ્યો કે આજે મોટી મુસીબતનો દિવસ છે.

قَوْمُهٗ يُهْرَعُوْنَ اِلَيْهِ ؕ وَمِنْ قَبْلُ كَانُوْا يَعْمَلُوْنَ
السَّيِّاٰتِ ؕ قَالَ يٰقَوْمِ هٰٓؤُلَآءِ بَنَاتِيْ هُنَّ اَطْهَرُ
لَكُمْ فَاتَّقُوا اللّٰهَ وَلَا تُخْزُوْنِ فِيْ ضَيْفِيْ ؕ اَلَيْسَ
مِنْكُمْ رَجُلٌ رَّشِيْدٌ ﴿٧٨﴾ قَالُوْا لَقَدْ عَلِمْتَ مَا لَنَا
فِيْ بَنٰتِكَ مِنْ حَقٍّ ۚ وَاِنَّكَ لَتَعْلَمُ مَا نُرِيْدُ ﴿٧٩﴾
قَالَ لَوْ اَنَّ لِيْ بِكُمْ قُوَّةً اَوْ اٰوِيْۤ اِلٰى رُكْنٍ
شَدِيْدٍ ﴿٨٠﴾ قَالُوْا يٰلُوْطُ اِنَّا رُسُلُ رَبِّكَ لَنْ
يَّصِلُوْۤا اِلَيْكَ فَاَسْرِ بِاَهْلِكَ بِقِطْعٍ مِّنَ الَّيْلِ
وَلَا يَلْتَفِتْ مِنْكُمْ اَحَدٌ اِلَّا امْرَاَتَكَ ؕ اِنَّهٗ مُصِيْبُهَا
مَاۤ اَصَابَهُمْ ؕ اِنَّ مَوْعِدَهُمُ الصُّبْحُ ؕ اَلَيْسَ الصُّبْحُ
بِقَرِيْبٍ ﴿٨١﴾ فَلَمَّا جَآءَ اَمْرُنَا جَعَلْنَا عَالِيَهَا سَافِلَهَا
وَاَمْطَرْنَا عَلَيْهَا حِجَارَةً مِّنْ سِجِّيْلٍ ۙ مَّنْضُوْدٍ ﴿٨٢﴾ لا
مُّسَوَّمَةً عِنْدَ رَبِّكَ ؕ وَمَا هِيَ مِنَ الظّٰلِمِيْنَ
بِبَعِيْدٍ ﴿٨٣﴾ وَاِلٰى مَدْيَنَ اَخَاهُمْ شُعَيْبًا ؕ قَالَ ع ١٥ النصف
يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ وَلَا
تَنْقُصُوا الْمِكْيَالَ وَالْمِيْزَانَ اِنِّيْۤ اَرٰىكُمْ بِخَيْرٍ وَّاِنِّيْۤ
اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ مُّحِيْطٍ ﴿٨٤﴾ وَيٰقَوْمِ اَوْفُوا
الْمِكْيَالَ وَالْمِيْزَانَ بِالْقِسْطِ وَلَا تَبْخَسُوا النَّاسَ
اَشْيَآءَهُمْ وَلَا تَعْثَوْا فِي الْاَرْضِ مُفْسِدِيْنَ ﴿٨٥﴾

૭૮. (તે મહેમાનોનું આવવું હતું કે) તેની કોમના લોકો એકદમ તેના ઘર તરફ દોડી ગયા. પહેલાંથી જ તેઓ આવા કુકર્મોથી ટેવાયેલા હતા. લૂતે તેમને કહ્યું, ''ભાઈઓ ! આ મારી દીકરીઓ મોજૂદ છે, તેઓ તમારા માટે વધુ શુદ્ધ છે, જરા અલ્લાહથી ડરો અને મારા મહેમાનોના મામલામાં મને ફજેત ન કરો. શું તમારામાં કોઈ ભલો માણસ નથી ?''

૭૯. તેમણે જવાબ આપ્યો, ''તને તો ખબર જ છે કે તારી દીકરીઓમાં અમારો કોઈ હિસ્સો નથી. અને તું એ પણ જાણે છે કે અમે શું ઇચ્છીએ છીએ.''

૮૦. લૂતે કહ્યું, ''કદાચ મારા પાસે એટલી શક્તિ હોત કે તમને સીધા કરી નાખતો અથવા કોઈ મજબૂત સહારો જ હોત કે તેનું શરણ મેળવી લેતો.''

૮૧. ત્યારે ફરિશ્તાઓએ તેને કહ્યું, ''અમે તારા રબના મોકલેલા ફરિશ્તાઓ છીએ. આ લોકો તારું કંઈ બગાડી નહીં શકે. બસ, તું થોડી રાત બાકી હોય ત્યારે પોતાના બાળ-બચ્ચાં સહિત નીકળી જા અને જુઓ, તમારામાંથી કોઈ વ્યક્તિ પાછળ ફરીને ન જુએ, પરંતુ તારી પત્ની (સાથે નહીં આવે) કેમ કે તેના પર પણ એ જ વીતવાનું છે જે આ લોકો પર વીતશે. તેમના વિનાશ માટે સવારનો સમય નક્કી છે – સવાર થવામાં હવે વાર જ કેટલી છે !''

૮૨. પછી જ્યારે અમારા ફેંસલાનો સમય આવી પહોંચ્યો તો અમે તે વસ્તીને ઊલ્ટાવી દીધી અને તેના ઉપર પકવેલી માટીના પથ્થરો નિરંતર વરસાવ્યા,

૮૩. જેમાંનો દરેક પથ્થર તારા રબને ત્યાંથી નિશાનીવાળો હતો અને અત્યાચારીઓથી આ સજા સહેજ પણ દૂર નથી. (રુકૂઅ-૭)

૮૪. અને મદયનવાળાઓ તરફ અમે તેમના ભાઈ શુઐબને મોકલ્યો. તેણે કહ્યું, ''હે મારી કોમના લોકો ! અલ્લાહની બંદગી કરો, તેના સિવાય તમારો કોઈ ઉપાસ્ય નથી અને તોલ-માપમાં કમી ન કરો. આજે હું તમને સારી સ્થિતિમાં જોઈ રહ્યો છું, પરંતુ મને ડર છે કે કાલે તમારા ઉપર એવો દિવસ આવશે જેની યાતના સૌને ઘેરી વળશે.

૮૫. અને હે મારી કોમના ભાઈઓ ! સાચેસાચું ન્યાયપૂર્વક પૂરું માપો અને તોલો અને લોકોને તેમની વસ્તુઓમાં નુકસાન ન કરો અને ધરતી ઉપર બગાડ ફેલાવતા ન ફરો.

بَقِيَّتُ اللّٰهِ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ۚ
وَمَآ اَنَا عَلَيْكُمْ بِحَفِيْظٍ ۝٨٦ قَالُوْا يٰشُعَيْبُ اَصَلٰوتُكَ
تَاْمُرُكَ اَنْ نَّتْرُكَ مَا يَعْبُدُ اٰبَآؤُنَآ اَوْ اَنْ نَّفْعَلَ
فِيْٓ اَمْوَالِنَا مَا نَشٰٓؤُا ط اِنَّكَ لَاَنْتَ الْحَلِيْمُ الرَّشِيْدُ ۝٨٧
قَالَ يٰقَوْمِ اَرَءَيْتُمْ اِنْ كُنْتُ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّيْ
وَرَزَقَنِيْ مِنْهُ رِزْقًا حَسَنًا ط وَمَآ اُرِيْدُ اَنْ اُخَالِفَكُمْ
اِلٰى مَآ اَنْهٰكُمْ عَنْهُ ط اِنْ اُرِيْدُ اِلَّا الْاِصْلَاحَ مَا
اسْتَطَعْتُ ط وَمَا تَوْفِيْقِيْٓ اِلَّا بِاللّٰهِ ط عَلَيْهِ تَوَكَّلْتُ
وَاِلَيْهِ اُنِيْبُ ۝٨٨ وَيٰقَوْمِ لَا يَجْرِمَنَّكُمْ شِقَاقِيْٓ اَنْ
يُّصِيْبَكُمْ مِّثْلُ مَآ اَصَابَ قَوْمَ نُوْحٍ اَوْ قَوْمَ هُوْدٍ اَوْ
قَوْمَ صٰلِحٍ ط وَمَا قَوْمُ لُوْطٍ مِّنْكُمْ بِبَعِيْدٍ ۝٨٩ وَاسْتَغْفِرُوْا
رَبَّكُمْ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ ط اِنَّ رَبِّيْ رَحِيْمٌ وَّدُوْدٌ ۝٩٠ قَالُوْا
يٰشُعَيْبُ مَا نَفْقَهُ كَثِيْرًا مِّمَّا تَقُوْلُ وَاِنَّا لَنَرٰىكَ
فِيْنَا ضَعِيْفًا ج وَلَوْلَا رَهْطُكَ لَرَجَمْنٰكَ ز وَمَآ اَنْتَ
عَلَيْنَا بِعَزِيْزٍ ۝٩١ قَالَ يٰقَوْمِ اَرَهْطِيْٓ اَعَزُّ عَلَيْكُمْ مِّنَ
اللّٰهِ ط وَاتَّخَذْتُمُوْهُ وَرَآءَكُمْ ظِهْرِيًّا ط اِنَّ رَبِّيْ بِمَا
تَعْمَلُوْنَ مُحِيْطٌ ۝٩٢ وَيٰقَوْمِ اعْمَلُوْا عَلٰى مَكَانَتِكُمْ
اِنِّيْ عَامِلٌ ط سَوْفَ تَعْلَمُوْنَ لا مَنْ يَّاْتِيْهِ عَذَابٌ
يُّخْزِيْهِ وَمَنْ هُوَ كَاذِبٌ ط وَارْتَقِبُوْٓا اِنِّيْ مَعَكُمْ

૮૬. અલ્લાહની આપેલી બચત તમારા માટે વધુ સારી છે જો તમે ઈમાનવાળા છો, અને અંતે તો હું તમારા પર કોઈ દેખરેખ રાખનાર નથી."

૮૭. તેમણે જવાબ આપ્યો, "હે શુઐબ ! શું તારી નમાઝ તને એવું શીખવાડે છે કે અમે તે બધા ઉપાસ્યોને છોડી દઈએ જેમની પૂજા અમારા બાપ-દાદાઓ કરતા હતા ? અથવા એ કે અમને અમારા માલમાંથી અમારી ઇચ્છાનુસાર કંઈ ખર્ચ કરવાનો અધિકાર ન હોય ? બસ તું જ એકલો સહિષ્ણુ અને સત્યનિષ્ઠ માણસ રહી ગયો છે !"

૮૮. શુઐબે કહ્યું, "ભાઈઓ ! તમે પોતે જ વિચારો કે જો હું પોતાના રબ તરફથી એક સ્પષ્ટ પુરાવા ઉપર હતો અને પછી તેણે મને પોતાના પાસેથી ઉત્તમ રોજી પણ પ્રદાન કરી, (તો તે પછી હું તમારી પથભ્રષ્ટતાઓ અને હરામખોરીઓમાં તમારો સાથ કઈ રીતે આપી શકું છું ?) અને હું કદાપિ એવું નથી ઇચ્છતો કે જે વાતોથી હું તમને રોકું છું, તેનું હું પોતે જ આચરણ કરૂં. હું તો સુધારણા કરવા ચાહું છું જ્યાં સુધી મારી શક્તિ હોય, અને આ જે કંઈ હું કરવા માગું છું તે બધી વસ્તુઓ અલ્લાહના યોગદાન ઉપર નિર્ભર છે. તેના ઉપર જ મેં ભરોસો કર્યો અને દરેક મામલામાં તેના તરફ રજૂ કરૂં છું.

૮૯. અને હે મારી કોમના ભાઈઓ ! મારા વિરુધ્ધ તમારો હઠાગ્રહ તમને ક્યાંક એ સ્થિતિએ ન પહોંચાડી દે કે છેવટે તમારા ઉપર પણ એ જ યાતના આવીને રહે જે નૂહ કે હૂદ કે સાલેહની કોમ ઉપર આવી હતી, અને લૂતની કોમ તો તમારાથી કંઈ વધુ દૂર પણ નથી.

૯૦. જુઓ, પોતાના રબથી માફી માગો અને તેના તરફ પાછા ફરો, નિઃસંદેહ મારો રબ દયાળુ છે અને પોતાના પેદા કરેલા સર્જનોને પ્રેમ કરે છે.

૯૧. તેમણે જવાબ આપ્યો, "હે શુઐબ ! તારી ઘણી વાતો તો અમારી સમજમાં જ આવતી નથી, અને અમે જોઈએ છીએ કે તું અમારા વચ્ચે એક નિર્બળ વ્યક્તિ છે, તારી બિરાદરી ન હોત તો અમે ક્યારનોય તને પથ્થરો મારીને ખતમ કરી નાખ્યો હોત, તારી તાકાત તો એટલી નથી કે અમને ભારે પડે."

૯૨. શુઐબે કહ્યું, "ભાઈઓ ! શું મારી બિરાદરી તમારા માટે અલ્લાહ કરતાં વધુ બળવાન છે કે તમે (બિરાદરીનો તો ડર રાખ્યો અને) અલ્લાહને સાવ પીઠ પાછળ મૂકી દીધો ? જાણી લો કે તમે જે કંઈ કરી રહ્યા છો તે અલ્લાહની પકડથી દૂર નથી.

૯૩. હે મારી કોમના લોકો ! તમે પોતાની રીતે કામ કર્યે જાઓ અને હું મારી રીતે કામ કરતો રહીશ, ખૂબ જલ્દી જ તમને જણાઈ જશે કે કોના ઉપર અપમાનજનક યાતના આવે છે અને કોણ જૂઠો છે. તમે પણ રાહ જુઓ અને હું પણ તમારા સાથે રાહ જોઉં છું."

رَقِيْبٌ ﴿٩٣﴾ وَلَمَّا جَآءَ اَمْرُنَا نَجَّيْنَا شُعَيْبًا وَّ الَّذِيْنَ
اٰمَنُوْا مَعَهٗ بِرَحْمَةٍ مِّنَّا ج وَاَخَذَتِ الَّذِيْنَ ظَلَمُوا
الصَّيْحَةُ فَاَصْبَحُوْا فِيْ دِيَارِهِمْ جٰثِمِيْنَ ﴿٩٤﴾ لا كَاَنْ لَّمْ
يَغْنَوْا فِيْهَا ط اَلَا بُعْدًا لِّمَدْيَنَ كَمَا بَعِدَتْ ثَمُوْدُ ع ﴿٩٥﴾ ع
وَلَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰيٰتِنَا وَسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿٩٦﴾ لا
اِلٰى فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ فَاتَّبَعُوْٓا اَمْرَ فِرْعَوْنَ ج وَمَآ
اَمْرُ فِرْعَوْنَ بِرَشِيْدٍ ﴿٩٧﴾ يَقْدُمُ قَوْمَهٗ يَوْمَ الْقِيٰمَةِ
فَاَوْرَدَهُمُ النَّارَ ط وَبِئْسَ الْوِرْدُ الْمَوْرُوْدُ ﴿٩٨﴾ وَاُتْبِعُوْا
فِيْ هٰذِهٖ لَعْنَةً وَّيَوْمَ الْقِيٰمَةِ ط بِئْسَ الرِّفْدُ
الْمَرْفُوْدُ ﴿٩٩﴾ ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْقُرٰى نَقُصُّهٗ عَلَيْكَ
مِنْهَا قَآئِمٌ وَّحَصِيْدٌ ﴿١٠٠﴾ وَمَا ظَلَمْنٰهُمْ وَلٰكِنْ
ظَلَمُوْٓا اَنْفُسَهُمْ فَمَآ اَغْنَتْ عَنْهُمْ اٰلِهَتُهُمُ الَّتِيْ
يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مِنْ شَيْءٍ لَّمَّا جَآءَ اَمْرُ
رَبِّكَ ط وَمَا زَادُوْهُمْ غَيْرَ تَتْبِيْبٍ ﴿١٠١﴾ وَكَذٰلِكَ اَخْذُ
رَبِّكَ اِذَآ اَخَذَ الْقُرٰى وَهِيَ ظَالِمَةٌ ط اِنَّ اَخْذَهٗٓ
اَلِيْمٌ شَدِيْدٌ ﴿١٠٢﴾ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّمَنْ خَافَ
عَذَابَ الْاٰخِرَةِ ط ذٰلِكَ يَوْمٌ مَّجْمُوْعٌ لا لَّهُ النَّاسُ وَ
ذٰلِكَ يَوْمٌ مَّشْهُوْدٌ ﴿١٠٣﴾ وَمَا نُؤَخِّرُهٗٓ اِلَّا لِاَجَلٍ
مَّعْدُوْدٍ ﴿١٠٤﴾ ط يَوْمَ يَاْتِ لَا تَكَلَّمُ نَفْسٌ اِلَّا بِاِذْنِهٖ ج

૯૪. છેવટે જ્યારે અમારા ફેંસલાનો સમય આવી ગયો તો અમે પોતાની કૃપાથી શુએબ અને તેના સાથી ઈમાનવાળાઓને બચાવી લીધા અને જે લોકોએ અત્યાચાર કર્યો હતો તેમને એક ભારે ધડાકાએ એવા ઝડપી લીધા કે તેઓ પોતાના ઘરોમાં અચેતન અવસ્થામાં ઊંધા પડેલા રહી ગયા,

૯૫. જાણે તેઓ ક્યારેય ત્યાં વસ્યા જ ન હતા. સાંભળો, મદયનવાળા પણ દૂર ફેંકી દેવામાં આવ્યા, જેવી રીતે સમૂદ ફેંકી દેવામાં આવ્યા હતા. (રુકૂઅ-૮)

૯૬-૯૭. અને મૂસાને અમે પોતાની સ્પષ્ટ નિશાનીઓ અને નિયુક્તિની ખુલ્લી સનંદ સાથે ફિરઔન અને તેના રાજયના આગેવાનો તરફ મોકલ્યો, પરંતુ તેમણે ફિરઔનના આદેશનું પાલન કર્યું, જો કે ફિરઔનનો આદેશ સીધા માર્ગ તરફ લઈ જનાર ન હતો.

૯૮. કયામત (પુનર્જીવન)ના દિવસે તે પોતાની કોમના આગળ-આગળ હશે અને પોતાની આગેવાની હેઠળ તેમને દોજખ (નર્ક) તરફ લઈ જશે. કેવી ખરાબ પહોંચવાની જગ્યા છે આ, જયાં કોઈ પહોંચે !

૯૯. અને તે લોકો ઉપર દુનિયામાં પણ ફિટકાર પડી અને કયામતના દિવસે પણ પડશે. કેવો ખરાબ બદલો છે આ, જે કોઈને મળે !

૧૦૦. આ કેટલીક વસ્તીઓના વૃત્તાંતો છે જે અમે તમને સંભળાવી રહ્યા છીએ. તેમાંથી કેટલીક હજુ પણ ઊભી છે અને કેટલીકની ફસલ કપાઈ ચૂકી છે.

૧૦૧. અમે તેમના ઉપર અત્યાચાર નથી કર્યો, તેમણે પોતે જ પોતાના ઉપર અત્યાચાર કર્યો અને જ્યારે અલ્લાહનો આદેશ આવી ગયો તો તેમના તે ઉપાસ્યો, જેમને તેઓ અલ્લાહને છોડીને પોકારતા હતા, તેમના કોઈ કામ ન આવી શક્યા અને તેમણે વિનાશ અને બરબાદી સિવાય તેમને કોઈ ફાયદો ન પહોંચાડ્યો.

૧૦૨. અને જ્યારે તારો રબ (પ્રભુ) કોઈ અત્યાચારી વસ્તીને પકડમાં લે છે તો પછી તેની પકડ આવી જ હોય છે, સાચું તો એ છે કે તેની પકડ ઘણી સખત અને પીડાકારી હોય છે.

૧૦૩. હકીકત એ છે કે આમાં એક નિશાની છે તે દરેક વ્યક્તિ માટે જે આખિરત (પરલોક)ના અઝાબ (યાતના)થી ડરે. તે એક એવો દિવસ હશે જેમાં સૌ લોકો એકઠા થશે અને પછી જે કંઈ પણ તે દિવસે થશે સૌની આંખો સામે થશે.

૧૦૪. અમે તેના લાવવામાં કંઈ વધુ મોડું નથી કરી રહ્યા, બસ એક નિશ્ચિત સમય તેના માટે ઠરાવેલો છે.

૧૦૫. જ્યારે તે આવશે, તો કોઈને વાત કરવાની મગદૂર નહીં હોય,

فَمِنْهُمْ شَقِيٌّ وَّسَعِيْدٌ ﴿١٠٥﴾ فَاَمَّا الَّذِيْنَ شَقُوْا فَفِي
النَّارِ لَهُمْ فِيْهَا زَفِيْرٌ وَّشَهِيْقٌ ﴿١٠٦﴾ خٰلِدِيْنَ فِيْهَا مَا
دَامَتِ السَّمٰوٰتُ وَالْاَرْضُ اِلَّا مَا شَآءَ رَبُّكَ ؕ اِنَّ
رَبَّكَ فَعَّالٌ لِّمَا يُرِيْدُ ﴿١٠٧﴾ وَاَمَّا الَّذِيْنَ سُعِدُوْا
فَفِي الْجَنَّةِ خٰلِدِيْنَ فِيْهَا مَا دَامَتِ السَّمٰوٰتُ
وَالْاَرْضُ اِلَّا مَا شَآءَ رَبُّكَ ؕ عَطَآءً غَيْرَ مَجْذُوْذٍ ﴿١٠٨﴾
فَلَا تَكُ فِيْ مِرْيَةٍ مِّمَّا يَعْبُدُ هٰٓؤُلَآءِ ؕ مَا يَعْبُدُوْنَ
اِلَّا كَمَا يَعْبُدُ اٰبَآؤُهُمْ مِّنْ قَبْلُ ؕ وَاِنَّا لَمُوَفُّوْهُمْ
نَصِيْبَهُمْ غَيْرَ مَنْقُوْصٍ ﴿١٠٩﴾ وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ ع ١٤ ٩
الْكِتٰبَ فَاخْتُلِفَ فِيْهِ ؕ وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ
مِنْ رَّبِّكَ لَقُضِيَ بَيْنَهُمْ ؕ وَاِنَّهُمْ لَفِيْ شَكٍّ
مِّنْهُ مُرِيْبٍ ﴿١١٠﴾ وَاِنَّ كُلًّا لَّمَّا لَيُوَفِّيَنَّهُمْ رَبُّكَ
اَعْمَالَهُمْ ؕ اِنَّهٗ بِمَا يَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿١١١﴾ فَاسْتَقِمْ
كَمَآ اُمِرْتَ وَمَنْ تَابَ مَعَكَ وَلَا تَطْغَوْا ؕ اِنَّهٗ
بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿١١٢﴾ وَلَا تَرْكَنُوْٓا اِلَى الَّذِيْنَ
ظَلَمُوْا فَتَمَسَّكُمُ النَّارُ ۙ وَمَا لَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ
مِنْ اَوْلِيَآءَ ثُمَّ لَا تُنْصَرُوْنَ ﴿١١٣﴾ وَاَقِمِ الصَّلٰوةَ طَرَفَيِ
النَّهَارِ وَزُلَفًا مِّنَ الَّيْلِ ؕ اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ
السَّيِّاٰتِ ؕ ذٰلِكَ ذِكْرٰى لِلذّٰكِرِيْنَ ﴿١١٤﴾ وَاصْبِرْ منزل ٣

સિવાય કે અલ્લાહની પરવાનગીથી કંઈ કહે. પછી કેટલાક લોકો તે દિવસે દુર્ભાગી હશે અને કેટલાક સૌભાગ્યશાળી.

૧૦૬-૧૦૭. જેઓ દુર્ભાગી હશે તેઓ દોજખ (નર્ક)માં હશે (જ્યાં ગરમી અને તરસની તીવ્રતાથી) તેઓ હાંફશે અને ફૂંફાડા મારશે અને આ જ હાલતમાં તેઓ હંમેશાં રહેશે, જ્યાં સુધી આકાશો અને ધરતી કાયમ છે, સિવાય એ કે તારો રબ કંઈ બીજું ચાહે. નિઃશંક તારો રબ (પ્રભુ) સંપૂર્ણ અધિકાર ધરાવે છે કે ચાહે તે કરે.

૧૦૮. રહ્યા તે લોકો જેઓ સૌભાગ્યશાળી નીકળશે, તો તેઓ જન્નત (સ્વર્ગ)માં જશે અને ત્યાં હંમેશાં રહેશે, જ્યાં સુધી આકાશો અને ધરતી કાયમ છે, સિવાય એ કે તારો રબ કંઈ બીજું ચાહે. એવી બક્ષિશ તેમને મળશે જેનો ક્રમ ક્યારેય સમાપ્ત થશે નહીં.

૧૦૯. પછી હે નબી ! તું તે ઉપાસ્યો તરફથી કોઈ શંકામાં ન રહેજે જેમની આ લોકો ઉપાસના કરી રહ્યા છે. આ તો (માત્ર આંધળું અનુકરણ કરીને) એવી જ રીતે પૂજાપાઠ કરી રહ્યા છે જેવી રીતે પહેલાં તેમના બાપ-દાદાઓ કરતા હતા, અને અમે તેમનો હિસ્સો તેમને પૂરેપૂરો આપીશું કોઈ પણ જાતની કાપ-કસર વગર. (રુકૂઅ-૯)

૧૧૦. અમે આ પહેલા મૂસાને પણ ગ્રંથ આપી ચૂક્યા છીએ અને તેના વિષે પણ મતભેદ કરવામાં આવ્યો હતો, (જેવી રીતે આજે આ ગ્રંથ વિષે કરવામાં આવી રહ્યો છે જે તમને આપવામાં આવ્યો છે) જો તારા રબ તરફથી એક વાત પહેલાંથી જ નિશ્ચિત કરી દેવામાં આવી ન હોત તો તે મતભેદ કરનારાઓ વચ્ચે ક્યારનોય ફેંસલો ચૂકાવી દેવામાં આવ્યો હોત. આ હકીકત છે કે આ લોકો આ બાબતમાં શંકા અને અનિશ્ચિતતામાં પડેલા છે.

૧૧૧. અને એ પણ હકીકત છે કે તારો રબ તેમને તેમના કર્મોનો પૂરેપૂરો બદલો આપીને રહેશે, નિઃશંક તે તેમના સર્વ કરતૂકોથી વાકેફ છે.

૧૧૨. પછી હે નબી ! તમે અને તમારા તે સાથીઓ, જેઓ (કુફ્ર અને વિદ્રોહથી ઈમાન અને આજ્ઞાપાલન તરફ) પાછા આવ્યા છે, સન્માર્ગ પર મક્કમ રહો જેમ કે તમને આદેશ આપવામાં આવ્યો છે, અને બંદગીની મર્યાદાનું ઉલ્લંઘન ન કરો. જે કંઈ તમે કરી રહ્યા છો તેના પર તમારો રબ નજર રાખે છે.

૧૧૩. આ અત્યાચારીઓ તરફ સહેજ પણ ન ઝૂકશો, નહીં તો જહન્નમની લપેટમાં આવી જશો અને તમને કોઈ એવો મિત્ર અને સંરક્ષક નહીં મળે જે અલ્લાહથી તમને બચાવી શકે અને ક્યાંયથી તમને મદદ પહોંચશે નહીં.

૧૧૪. અને જુઓ, નમાઝ કાયમ કરો દિવસના બંને છેડા પર, અને થોડી રાત પસાર થયા બાદ. વાસ્તવમાં ભલાઈઓ બૂરાઈઓને દૂર કરી દે છે, આ એક અનુસ્મરણ છે તે લોકો માટે જેઓ અલ્લાહને યાદ રાખનારા છે.

فَاِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ ﴿١١٥﴾ فَلَوْلَا
كَانَ مِنَ الْقُرُوْنِ مِنْ قَبْلِكُمْ اُولُوْا بَقِيَّةٍ
يَّنْهَوْنَ عَنِ الْفَسَادِ فِي الْاَرْضِ اِلَّا قَلِيْلًا مِّمَّنْ
اَنْجَيْنَا مِنْهُمْ ۚ وَاتَّبَعَ الَّذِيْنَ ظَلَمُوْا مَآ اُتْرِفُوْا فِيْهِ
وَكَانُوْا مُجْرِمِيْنَ ﴿١١٦﴾ وَمَا كَانَ رَبُّكَ لِيُهْلِكَ
الْقُرٰى بِظُلْمٍ وَّ اَهْلُهَا مُصْلِحُوْنَ ﴿١١٧﴾ وَلَوْ شَآءَ
رَبُّكَ لَجَعَلَ النَّاسَ اُمَّةً وَّاحِدَةً وَّلَا يَزَالُوْنَ
مُخْتَلِفِيْنَ ﴿١١٨﴾ اِلَّا مَنْ رَّحِمَ رَبُّكَ ؕ وَلِذٰلِكَ خَلَقَهُمْ ؕ
وَتَمَّتْ كَلِمَةُ رَبِّكَ لَاَمْلَئَنَّ جَهَنَّمَ مِنَ الْجِنَّةِ
وَالنَّاسِ اَجْمَعِيْنَ ﴿١١٩﴾ وَكُلًّا نَّقُصُّ عَلَيْكَ مِنْ
اَنْۢبَآءِ الرُّسُلِ مَا نُثَبِّتُ بِهٖ فُؤَادَكَ ۚ وَجَآءَكَ فِيْ
هٰذِهِ الْحَقُّ وَمَوْعِظَةٌ وَّذِكْرٰى لِلْمُؤْمِنِيْنَ ﴿١٢٠﴾ وَقُلْ
لِّلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ اعْمَلُوْا عَلٰى مَكَانَتِكُمْ ؕ اِنَّا
عٰمِلُوْنَ ﴿١٢١﴾ وَانْتَظِرُوْا ۚ اِنَّا مُنْتَظِرُوْنَ ﴿١٢٢﴾ وَلِلّٰهِ غَيْبُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاِلَيْهِ يُرْجَعُ الْاَمْرُ كُلُّهٗ فَاعْبُدْهُ
وَتَوَكَّلْ عَلَيْهِ ؕ وَمَا رَبُّكَ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿١٢٣﴾ ع

منزل ٣ ع ١٠

૧૧૫. અને ધૈર્ય રાખ, અલ્લાહ સત્કર્મ કરનારાઓનો બદલો ક્યારેય વ્યર્થ જવા દેતો નથી.

૧૧૬. પછી શા માટે તે કોમોમાં, જે તમારા અગાઉ થઈ ચૂકી છે, એવા ભલા માણસો ન રહ્યા જેઓ લોકોને ધરતી ઉપર બગાડ પેદા કરવાથી અટકાવતા ? આવા લોકો નીકળ્યા તો પણ ઘણા થોડાં, જેમને અમે તે કોમોમાંથી બચાવી લીધા, જ્યારે અત્યાચારી લોકો તો એ જ મોજ-મજા પાછળ પડ્યા રહ્યા જેના સાધનો તેમને પુષ્કળ પ્રમાણમાં આપવામાં આવ્યા હતા અને તેઓ ગુનેગાર બનીને રહ્યા.

૧૧૭. તારો રબ (પ્રભુ) એવો નથી કે વસ્તીઓને અકારણ નષ્ટ કરી દે, જો કે તેના રહેવાસીઓ સુધારણા કરનારા હોય.

૧૧૮. નિઃશંક જો તારો રબ (પ્રભુ) ઇચ્છતો તો સૌ મનુષ્યોને એક જ જૂથ બનાવી શકતો હતો, પરંતુ હવે તો તેઓ જુદા-જુદા માર્ગો ઉપર જ ચાલતા રહેશે

૧૧૯. અને પથભ્રષ્ટ થવાથી માત્ર તે લોકો જ બચશે જેમના પર તારા રબ (પ્રભુ)ની કૃપા છે. આ જ (પસંદગીની અને સ્વીકારવાની સ્વતંત્રતા અને પરીક્ષા) માટે તો તેણે એમને પેદા કર્યા હતા, અને તારા રબની તે વાત પૂરી થઈ ગઈ જે તેણે કહી હતી કે હું જહન્નમ (નર્ક)ને જિન્નાતો અને મનુષ્યો બંનેથી ભરી દઈશ.

૧૨૦. અને હે નબી ! આ પયગંબરોના કિસ્સાઓ જે અમે તમને સંભળાવીએ છીએ, તે એ વસ્તુઓ છે જેમના વડે અમે તમારા હૃદય સુદૃઢ કરીએ છીએ. તેમાંથી તમને સત્યનું જ્ઞાન મળ્યું અને ઈમાન લાવનારાઓને શિખામણ અને જાગૃતિ પ્રાપ્ત થઈ.

૧૨૧. રહ્યા તે લોકો જેઓ ઈમાન નથી લાવતા, તો તેમને કહી દો કે તમે પોતાની રીતે કામ કરતા રહો અને અમે પોતાની રીતે કરતા જઈએ છીએ,

૧૨૨. પરિણામની તમે પણ રાહ જુઓ અને અમે પણ રાહ જોઈ રહ્યા છીએ.

૧૨૩. આકાશો અને ધરતીમાં જે કંઈ છૂપાયેલું છે બધું અલ્લાહના અધિકારમાં છે અને બધા મામલા તેના તરફ જ રજૂ કરવામાં આવે છે. તો હે નબી ! તું તેની બંદગી કર અને તેના પર જ ભરોસો રાખ, જે કંઈ તમે લોકો કરી રહ્યા છો તારો રબ તેનાથી અજાણ નથી. (રુકૂઅ-૧૦)

(૧૨) યૂસુફ

પરિચય

ઉતરાણકાળ અને તેનું કારણ :

આ સૂરઃના વિષયથી સ્પષ્ટ થાય છે કે આ પણ મક્કા-કાળના અંતિમ સમયમાં અવતરિત થઈ હશે, જયારે કુરૈશના લોકો એ સમસ્યા પર વિચાર કરી રહ્યા હતા કે પયગંબર (સલ્લ.)ને કતલ કરી નાખે કે દેશનિકાલ કરે કે પછી કેદ કરી લે. તે સમયે મક્કાના કેટલાક કાફિરોએ (વિધર્મીઓએ - સંભવતઃ યહૂદીઓના ઈશારે) પયગંબર (સલ્લ.)ની પરીક્ષા કરવા આપને પ્રશ્ન કર્યો કે બની ઈસરાઈલના મિસર જવાનું કારણ શું હતું ? અલ્લાહે કેવળ એટલું જ ન કર્યું કે તરત જ તે જ ક્ષણે હઝરત યૂસુફ (અલૈ.)નું પૂરેપૂરૂં વૃત્તાંત આપની જબાન પર વહેતું કરી દીધું, બલ્કે વધુમાં એ પણ કર્યું કે આ પ્રસંગને કુરૈશના તે વર્તન સાથે પણ સાંકળી દીધો જે તેઓ હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓની જેમ હઝરત મુહમ્મદ (સલ્લ.) સાથે કરી રહ્યા હતા.

અવતરિત થવાનો ઉદ્દેશ્ય :

આમ, આ કિસ્સો બે મહત્ત્વના હેતુઓ માટે ઉતારવામાં આવ્યો હતો :

એક એ કે હઝરત મુહમ્મદ (સલ્લ.)ના ઈશદૂત હોવાનું પ્રમાણ અને તે પણ વિરોધીઓનું મ્હોં-માગ્યું પ્રમાણ આપવામાં આવે.

બીજું એ કે કુરૈશના સરદારોને એ બતાવવામાં આવે કે આજે તમે પોતાના ભાઈ સાથે એવું જ વર્તન કરી રહ્યા છો, જે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ તેમના સાથે દાખવ્યું હતું, પરંતુ જેવી રીતે તેઓ અલ્લાહની મરજીથી લડવામાં સફળ ન થયા અને છેવટે તે જ ભાઈના પગમાં પડી ગયા, જેને તેમણે કયારેક અત્યંત નિર્દયતાપૂર્વક કૂવામાં ફેંકી દીધા હતા, તે જ રીતે તમારી કોશિશો પણ અલ્લાહની યુક્તિઓ સામે સફળ નહીં થઈ શકે અને એક દિવસે તમારે પણ પોતાના આ જ ભાઈથી દયા અને મહેરબાનીની ભીખ માગવી પડશે, જેને આજે તમે મિટાવી દેવા સક્રિય છો.

હકીકત તો એ છે કે હઝરત યૂસુફ (અલૈ.)ના પ્રસંગને હઝરત મુહમ્મદ (સલ્લ.) અને કુરૈશના મામલા પર લાગુ પાડીને કુર્આન-મજીદે જાણે એક સ્પષ્ટ આગાહી કરી દીધી હતી, જેને આગામી દસ વર્ષની ઘટનાઓએ એક-એક કરીને સાચી કરીને દેખાડી દીધી.

ચર્ચાઓ અને સમસ્યાઓ :

આ બે પાસા તો આ સૂરઃમાં ઉદ્દેશ્યની હેસિયત ધરાવે છે. (તદુપરાંત) કુર્આન મજીદ આ આખા પ્રસંગમાં એ વાત પણ સ્પષ્ટ કરીને દેખાડે છે કે હઝરત

ઇબ્રાહીમ અલૈ., હઝરત ઇસ્હાક અલૈ., હઝરત યાકૂબ અલૈ. અને હઝરત યૂસુફ અલૈ.ની દાવત (આમંત્રણ) પણ એ જ હતી જે આજે હઝરત મુહમ્મદ (સલ્લ.) આપી રહ્યા છે.

પછી તે એક તરફ હઝરત યાકૂબ અલૈ. અને હઝરત યૂસુફ અલૈ.ના ચરિત્ર અને બીજી તરફ તેમના ભાઈઓ, વેપારીઓના કાફલા, ઇજીપ્તના શાસક, તેની પત્ની, ઇજીપ્તના રાજાની રાણીઓ અને તેના સત્તાવાળાઓના ચરિત્ર એક-બીજાના સામે મૂકી દે છે, જેથી લોકો જોઈ લે કે અલ્લાહની બંદગી અને આખિરત (પરલોક)માં હિસાબ-કિતાબ પર વિશ્વાસથી બનતા ચરિત્રો કેવા હોય છે અને દુનિયાપરસ્તી તથા અલ્લાહ અને પરલોકથી લાપરવાહીના બીબામાં ઢળીને તૈયાર થતાં ચરિત્રોની સ્થિતિ શું હોય છે ? પછી આ પ્રસંગથી કુર્આને-હકીમ એક વધુ ઊંડી સચ્ચાઈ પણ માણસના મનમાં ઉતારે છે, અને તે એ છે કે અલ્લાહ જેને ઉચ્ચ કરવા માગે છે, આખી દુનિયા મળીને પણ તેને નીચે પાડી નથી શકતી, બલ્કે દુનિયા જે યુક્તિને તેને નીચે પાડવાની ખૂબ અકસીર અને નિશ્ચિત યુક્તિ સમજીને અપનાવે છે, અલ્લાહ તે જ યુક્તિમાંથી તેના ઉચ્ચ થવાની રીતો કાઢી આપે છે.

ઐતિહાસિક અને ભૌગોલિક પરિસ્થિતિઓ :

આ પ્રસંગને સમજવા માટે જરૂરી છે કે સંક્ષિપ્તમાં તેના વિષે કેટલીક ઐતિહાસિક અને ભૌગોલિક જાણકારી પણ વાચકોની દૃષ્ટિ સમક્ષ રહે.

બાઇબલના ઉલ્લેખ મુજબ હઝરત યાકૂબ (અલૈ.)ના બાર પુત્રો ચાર પત્નીઓથી હતા. હઝરત યૂસુફ (અલૈ.) અને તેમના નાના ભાઈ બિન યામીન એક પત્નીથી અને બાકીના દસ ભાઈઓ બીજી પત્નીઓથી હતા. ફલસ્તિન (પેલેસ્ટાઈન)માં હઝરત યાકૂબ (અલૈ.)નું રહેઠાણ હિબરૂન (આજનું અલખૈલ)ની ખીણમાં હતું, ઉપરાંત તેમની થોડીક જમીન સેકિમ (આજના નાબુલુસ)માં પણ હતી. બાઇબલના વિદ્વાનોના સંશોધનને જો સાચું માની લઈએ તો હઝરત યૂસુફ (અલૈ.)નો જન્મ ૧૯૦૬ ઈ.સ. પૂર્વેના આસપાસ થયો. સ્વપ્ન જોવાની અને પછી કૂવામાં નાખી દેવાની ઘટના (તેમની ૧૭ વર્ષની ઉંમરમાં) ઘટી. જે કૂવામાં તેમને ફેંકી દેવામાં આવ્યા તે બાઇબલ અને તલમૂદના કથનો અનુસાર સેકિમના ઉત્તરમાં દૂતન (આજના દુસાન) નજીક આવેલ હતો અને જે કાફલાએ તેમને કૂવામાંથી કાઢ્યા તે જલઆદ (જોર્ડનના પૂર્વ)થી આવી રહ્યો હતો અને ઇજીપ્ત તરફ જઈ રહ્યો હતો. — ઇજીપ્ત ઉપર તે જમાનામાં પંદરમા વંશનું શાસન હતું જે ઇજીપ્તના ઇતિહાસમાં ભરવાડ બાદશાહો (Hyksos kings)ના નામથી ઓળખવામાં આવે છે. આ લોકો આરબોના વંશમાંથી હતા અને પેલેસ્ટાઇન અને સીરિયાથી ઇજીપ્ત જઈને બે હજાર વર્ષ

ઈ.સ. પૂર્વેના આસપાસના જમાનામાં ઈજીપ્તના રાજય ઉપર કબ્જો જમાવી બેઠા હતા. આ જ કારણ બન્યું કે એમના શાસનમાં હઝરત યૂસુફ (અલૈ.)ને ઉન્નતિ પ્રાપ્ત કરવાની તક મળી અને પછી બની ઈસરાઈલને આદર-માન સાથે સ્વીકાર મળ્યો, કેમ કે તેઓ તે વિદેશી શાસકોના વંશના હતા. ઈ.સ.પૂર્વે ૧૫મી સદીના અંત સુધી આ લોકોનો ઈજીપ્ત ઉપર કબ્જો રહ્યો અને એમના જમાનામાં દેશની બધી જ સત્તા વ્યવહારિક રીતે બની ઈસરાઈલના હાથમાં રહી. તે જ જમાના તરફ સૂરઃ-૫ (માઈદહ) આયત-૨૦ માં નિર્દેશ કરવામાં આવ્યો છે કે "તેણે તમારામાં પયગંબરો પેદા કર્યા અને તમને શાસક બનાવ્યા." તે પછી હિકસુસ શાસનનો તખ્તો ઉલટાવીને એક અત્યંત ક્રૂર કિબ્તી વંશનો પરિવાર સત્તામાં આવી ગયો અને તેણે બની ઈસરાઈલ ઉપર તે અત્યાચારોનો અવિરત સિલસિલો શરૂ કર્યો, જેનો ઉલ્લેખ હઝરત મૂસા (અલૈ.)ના પ્રસંગમાં થયો છે. – આ ભરવાડ બાદશાહોએ ઈજીપ્તના દેવતાઓનો સ્વીકાર કર્યો ન હતો. આ જ કારણ છે કે કુર્આન-મજીદ હઝરત યૂસુફ (અલૈ.)ના સમકાલીન બાદશાહને 'ફિરઔન' નામથી યાદ કરતું નથી, કેમ કે 'ફિરઔન' ઈજીપ્તનો ધાર્મિક પારિભાષિક શબ્દ હતો અને આ લોકો ઈજીપ્તના ધર્મને માનવાવાળા ન હતા.

હઝરત યૂસુફ (અલૈ.) ૩૦ વર્ષની ઉંમરમાં દેશના શાસક બન્યા અને ૮૦ વર્ષ સુધી એકલા જ આખા ઈજીપ્ત પર શાસન કરતા રહ્યા. પોતાના શાસનકાળના નવમા કે દસમા વર્ષે તેમણે હઝરત યાકૂબ (અલૈ.)ને પોતાના સમગ્ર કુટુંબ સાથે પેલેસ્ટાઈનથી ઈજીપ્ત બોલાવી લીધા અને તે પ્રદેશમાં વસાવ્યા જે દિમયાત અને કાહિરા (કેરો)ના વચ્ચે આવેલું છે. બાઈબલમાં આ પ્રદેશનું નામ જુશન અથવા ગુશન દર્શાવવામાં આવ્યું છે. હઝરત મૂસા (અલૈ.)ના જમાના સુધી આ લોકો તે જ પ્રદેશમાં આબાદ રહ્યા. બાઈબલમાં ઉલ્લેખ છે કે હઝરત યૂસુફ (અલૈ.)એ ૧૧૦ વર્ષની ઉંમરે અવસાન પામ્યા અને અવસાન વખતે બની ઈસરાઈલને વસીયત કરી કે જયારે તમે આ દેશથી નીકળો તો મારા હાડકાં પોતાના સાથે લઈને જજો.

اٰيَاتُهَا ۱۱۱ — (۱۲) سُوْرَةُ يُوْسُفَ مَكِّيَّةٌ (۵۳) — رُكُوْعَاتُهَا ۱۲

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

الٓرٰ ۫ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْمُبِيْنِ ۟ ۱ اِنَّآ اَنْزَلْنٰهُ
قُرْءٰنًا عَرَبِيًّا لَّعَلَّكُمْ تَعْقِلُوْنَ ۲ نَحْنُ نَقُصُّ
عَلَيْكَ اَحْسَنَ الْقَصَصِ بِمَآ اَوْحَيْنَآ اِلَيْكَ هٰذَا
الْقُرْاٰنَ ۖۗ وَاِنْ كُنْتَ مِنْ قَبْلِهٖ لَمِنَ الْغٰفِلِيْنَ ۳
اِذْ قَالَ يُوْسُفُ لِاَبِيْهِ يٰۤاَبَتِ اِنِّيْ رَاَيْتُ اَحَدَ عَشَرَ
كَوْكَبًا وَّالشَّمْسَ وَالْقَمَرَ رَاَيْتُهُمْ لِيْ سٰجِدِيْنَ ۴
قَالَ يٰبُنَيَّ لَا تَقْصُصْ رُءْيَاكَ عَلٰۤى اِخْوَتِكَ
فَيَكِيْدُوْا لَكَ كَيْدًا ؕ اِنَّ الشَّيْطٰنَ لِلْاِنْسَانِ عَدُوٌّ
مُّبِيْنٌ ۵ وَكَذٰلِكَ يَجْتَبِيْكَ رَبُّكَ وَيُعَلِّمُكَ
مِنْ تَاْوِيْلِ الْاَحَادِيْثِ وَيُتِمُّ نِعْمَتَهٗ عَلَيْكَ
وَعَلٰۤى اٰلِ يَعْقُوْبَ كَمَاۤ اَتَمَّهَا عَلٰۤى اَبَوَيْكَ مِنْ
قَبْلُ اِبْرٰهِيْمَ وَاِسْحٰقَ ؕ اِنَّ رَبَّكَ عَلِيْمٌ حَكِيْمٌ ۶ ع ۱
لَقَدْ كَانَ فِيْ يُوْسُفَ وَاِخْوَتِهٖۤ اٰيٰتٌ لِّلسَّآئِلِيْنَ ۷
اِذْ قَالُوْا لَيُوْسُفُ وَاَخُوْهُ اَحَبُّ اِلٰۤى اَبِيْنَا مِنَّا وَ
نَحْنُ عُصْبَةٌ ؕ اِنَّ اَبَانَا لَفِيْ ضَلٰلٍ مُّبِيْنِ ۨ ۸ ۚۖ اقْتُلُوْا
يُوْسُفَ اَوِ اطْرَحُوْهُ اَرْضًا يَّخْلُ لَكُمْ وَجْهُ اَبِيْكُمْ
وَتَكُوْنُوْا مِنْ بَعْدِهٖ قَوْمًا صٰلِحِيْنَ ۹ قَالَ قَآئِلٌ منزل ۳

(૧૨) સૂરઃ યૂસુફ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧૨ • આયતો : ૧૧૧)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલિફ-લામ-રા. આ તે ગ્રંથની આયતો છે જે પોતાનો ઉદ્દેશ્ય સ્પષ્ટપણે વર્ણવે છે.

૨. અમે આને અવતરિત કર્યો છે કુર્આન* બનાવીને અરબી ભાષામાં, જેથી તમે (અરબવાસીઓ) આને સારી રીતે સમજી શકો.

૩. હે નબી ! અમે આ કુર્આન તમારા તરફ વહી કરીને શ્રેષ્ઠ શૈલીમાં ઘટનાઓ અને તથ્યો તમારા સમક્ષ વર્ણન કરીએ છીએ, નહીં તો આ પહેલાં તો (આ વસ્તુઓથી) તમે તદ્દન અજાણ હતા.

૪. આ તે સમયનું વર્ણન છે જ્યારે યૂસુફે પોતાના પિતાને કહ્યું, "પિતાજી! મેં સ્વપ્ન જોયું છે કે અગિયાર તારાઓ છે અને સૂર્ય તથા ચંદ્ર છે અને તેઓ મને સિજદો કરી રહ્યા છે."

૫. જવાબમાં તેના પિતાએ કહ્યું, "બેટા ! પોતાનું આ સ્વપ્ન પોતાના ભાઈઓને ન સંભળાવતો, નહીં તો તેઓ તને તકલીફ પહોંચાડવા માટે પાછળ પડી જશે. હકીકત એ છે કે શૈતાન મનુષ્યનો ખુલ્લો દુશ્મન છે.

૬. અને આવું જ થશે (જેવું તેં સ્વપ્નમાં જોયું છે કે) તારો રબ તને (પોતાના કામ માટે) પસંદ કરશે અને તને વાતોના મૂળ સુધી પહોંચતા શીખવાડશે અને તારા પર અને યાકૂબના સંતાનો પર પોતાની નેઅ્મતો (કૃપાઓ) એવી જ રીતે પૂરી કરશે જેવી રીતે આ પહેલાં તે તારા પૂર્વજો ઇબ્રાહીમ અને ઇસ્હાક પર કરી ચૂક્યો છે, નિઃશંક તારો રબ (પ્રભુ) સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે." (રુકૂઅ-૧)

૭. હકીકત એ છે કે યૂસુફ અને તેના ભાઈઓના કિસ્સામાં આ પ્રશ્નકર્તાઓ માટે મોટી નિશાનીઓ છે.

૮. આ કિસ્સો એમ શરૂ થાય છે કે તેના ભાઈઓએ પરસ્પર કહ્યું, "આ યૂસુફ અને તેનો ભાઈ બંને આપણા પિતાને આપણા બધા કરતાં વધુ વહાલા છે, જો કે આપણે એક આખું જૂથ છીએ. સાચી વાત તો એ છે કે આપણા પિતા તદ્દન બહેકી ગયા છે.

૯. ચાલો યૂસુફને મારી નાખો અથવા તેને ક્યાંક ફેંકી દો જેથી તમારા પિતાનું ધ્યાન માત્ર તમારા તરફ જ થઈ જાય. આ કામ કર્યા પછી સદાચારી બનીને રહેજો."

★ 'કુર્આન'નો અર્થ પઢવું-વાંચવું થાય છે, અરબી ભાષામાં જ્યારે ક્રિયા કોઈ વસ્તુના નામ તરીકે પ્રયોજાય છે, ત્યારે તેનાથી એ અર્થ નીકળે છે કે તેમાં ક્રિયાનો અર્થ તેની પૂર્ણતાએ પહોંચેલો છે. આમ, આ ગ્રંથનું નામ 'કુર્આન' (પઢવું કે વાંચવું) રાખવાનો અર્થ એ છે કે તે સામાન્ય અને વિશિષ્ટ તમામ લોકો માટે પઢવા-વાંચવા માટે છે અને એ પણ કે સૌથી વધુ પઢવા-વાંચવામાં આવતો ગ્રંથ છે.

مِّنْهُمْ لَا تَقْتُلُوْا يُوْسُفَ وَاَلْقُوْهُ فِيْ غَيٰبَتِ الْجُبِّ
يَلْتَقِطْهُ بَعْضُ السَّيَّارَةِ اِنْ كُنْتُمْ فٰعِلِيْنَ ۝١٠
قَالُوْا يٰٓاَبَانَا مَا لَكَ لَا تَاْمَنَّا عَلٰى يُوْسُفَ وَاِنَّا
لَهٗ لَنٰصِحُوْنَ ۝١١ اَرْسِلْهُ مَعَنَا غَدًا يَّرْتَعْ وَيَلْعَبْ وَ
اِنَّا لَهٗ لَحٰفِظُوْنَ ۝١٢ قَالَ اِنِّيْ لَيَحْزُنُنِيْٓ اَنْ تَذْهَبُوْا
بِهٖ وَاَخَافُ اَنْ يَّاْكُلَهُ الذِّئْبُ وَاَنْتُمْ عَنْهُ
غٰفِلُوْنَ ۝١٣ قَالُوْا لَئِنْ اَكَلَهُ الذِّئْبُ وَنَحْنُ عُصْبَةٌ اِنَّآ
اِذًا لَّخٰسِرُوْنَ ۝١٤ فَلَمَّا ذَهَبُوْا بِهٖ وَاَجْمَعُوْٓا اَنْ يَّجْعَلُوْهُ
فِيْ غَيٰبَتِ الْجُبِّ ۚ وَاَوْحَيْنَآ اِلَيْهِ لَتُنَبِّئَنَّهُمْ بِاَمْرِهِمْ
هٰذَا وَهُمْ لَا يَشْعُرُوْنَ ۝١٥ وَجَآءُوْٓ اَبَاهُمْ عِشَآءً
يَّبْكُوْنَ ۝١٦ قَالُوْا يٰٓاَبَانَآ اِنَّا ذَهَبْنَا نَسْتَبِقُ وَتَرَكْنَا
يُوْسُفَ عِنْدَ مَتَاعِنَا فَاَكَلَهُ الذِّئْبُ ۚ وَمَآ اَنْتَ بِمُؤْمِنٍ
الثلثة لَّنَا وَلَوْ كُنَّا صٰدِقِيْنَ ۝١٧ وَجَآءُوْ عَلٰى قَمِيْصِهٖ بِدَمٍ
كَذِبٍ ؕ قَالَ بَلْ سَوَّلَتْ لَكُمْ اَنْفُسُكُمْ اَمْرًا ؕ فَصَبْرٌ
جَمِيْلٌ ؕ وَاللّٰهُ الْمُسْتَعَانُ عَلٰى مَا تَصِفُوْنَ ۝١٨ وَجَآءَتْ
سَيَّارَةٌ فَاَرْسَلُوْا وَارِدَهُمْ فَاَدْلٰى دَلْوَهٗ ؕ قَالَ يٰبُشْرٰى
هٰذَا غُلٰمٌ ؕ وَاَسَرُّوْهُ بِضَاعَةً ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِمَا يَعْمَلُوْنَ ۝١٩
منزل ٣ وَشَرَوْهُ بِثَمَنٍۢ بَخْسٍ دَرَاهِمَ مَعْدُوْدَةٍ ۚ وَكَانُوْا فِيْهِ
ع مِنَ الزّٰهِدِيْنَ ۝٢٠ وَقَالَ الَّذِي اشْتَرٰىهُ مِنْ مِّصْرَ

૧૦. તેના ઉપર તેમનામાંથી એક બોલ્યો, ''યૂસુફને મારી ન નાખો, જો કંઈ કરવું જ હોય તો તેને કોઈ અવાવરા કૂવામાં નાખી દો, કોઈ પસાર થતો કાફલો તેને કાઢીને લઈ જશે.''

૧૧. આ પ્રસ્તાવ કરીને તેમણે જઈને પોતાના પિતાને કહ્યું, ''પિતાજી ! શું વાત છે કે આપ યૂસુફની બાબતમાં અમારા પર ભરોસો કરતા નથી, જો કે અમે તેના સાચા શુભેચ્છકો છીએ ? કાલે તેને અમારા સાથે મોકલી આપો, કંઈક ખાઈ-પી લેશે

૧૨. અને રમત-ગમતથી પણ દિલ બહેલાવશે. અમે તેની સંભાળ રાખવા માટે છીએ જ.''

૧૩. પિતાએ કહ્યું, ''તમારું તેને લઈ જવું મારા માટે દુઃખની વાત હોય છે અને મને ડર છે કે ક્યાંક તેને વરુ ફાડી ન ખાય જ્યારે તમે તેના તરફથી બેધ્યાન હોવ.''

૧૪. તેમણે જવાબ આપ્યો, ''જો અમારા હોવા છતાં તેને વરુ ફાડી ખાય જ્યારે કે અમે એક જથ્થો છીએ, તો અમે સાવ નકામાં હોઈશું.''

૧૫. આવી રીતે આગ્રહ કરીને જ્યારે તેઓ તેને લઈ ગયા અને તેમણે નક્કી કરી લીધું કે તેને એક અવાવરા કૂવામાં છોડી દઈએ, તો અમે યૂસુફને વહી મોકલી, ''એક સમય આવશે જ્યારે તું આ લોકોને તેમની આ હરકત યાદ અપાવીશ, આ લોકો પોતાના કાર્યના પરિણામોથી બેખબર છે.''

૧૬. સાંજે તેઓ રોતા-ધોતા પોતાના પિતા પાસે આવ્યા

૧૭. અને કહ્યું, ''પિતાજી! અમે દોડની હરીફાઈમાં લાગેલા હતા અને યૂસુફને અમે પોતાના સામાન પાસે છોડી દીધો હતો કે એટલામાં વરુ આવીને તેને ખાઈ ગયો. આપ અમારી વાતનો વિશ્વાસ નહીં કરો ચાહે અમે સાચા જ હોઈએ.''

૧૮. અને તેઓ યૂસુફના ખમીસ ઉપર ખોટે-ખોટું લોહી લગાડીને આવ્યા હતા. આ સાંભળીને તેમના પિતાએ કહ્યું, ''બલ્કે તમારા મને તમારા માટે એક મોટા કામને સરળ બનાવી દીધું. સારું, ધીરજ રાખીશ અને ખૂબ ધીરજ રાખીશ, જે વાત તમે બનાવી રહ્યા છો તેના પર અલ્લાહ પાસેથી જ મદદ માગી શકાય છે.''

૧૯. બીજી તરફ એક કાફલો આવ્યો અને તેણે પોતાના પાણી ભરવાવાળાને પાણી લાવવા માટે મોકલ્યો. પાણી ભરવાવાળાએ જેવી કૂવામાં ડોલ નાખી તો (યૂસુફને જોઈને) બોલી ઊઠયો, ''ખુશખબર છે, અહીં તો એક છોકરો છે.'' તે લોકોએ તેને વેપારનો માલ સમજીને સંતાડી દીધો, જો કે જે કંઈ તેઓ કરી રહ્યા હતા અલ્લાહ તેનાથી વાકેફ હતો.

૨૦. અંતે તેમણે થોડી જ કિંમતમાં અમુક દિરહમના બદલામાં તેને વેચી નાખ્યો અને તેઓ તેની વધારે કિંમત ઉપજે તેવી અપેક્ષા રાખતા નહોતા. (રુકૂઅ-૨)

૨૧. મિસર (ઇજીપ્ત)ના જે માણસે તેને ખરીદ્યો તેણે પોતાની પત્નીને કહ્યું,

لِامْرَاَتِهٖۤ اَكْرِمِیْ مَثْوٰىهُ عَسٰۤى اَنْ يَّنْفَعَنَاۤ اَوْ
نَتَّخِذَهٗ وَلَدًا ؕ وَكَذٰلِكَ مَكَّنَّا لِيُوْسُفَ فِى الْاَرْضِ ؗ
وَلِنُعَلِّمَهٗ مِنْ تَاْوِيْلِ الْاَحَادِيْثِ ؕ وَاللّٰهُ غَالِبٌ عَلٰۤى
اَمْرِهٖ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ۝٢١ وَلَمَّا بَلَغَ
اَشُدَّهٗۤ اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا ؕ وَكَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ۝٢٢
وَرَاوَدَتْهُ الَّتِیْ هُوَ فِیْ بَيْتِهَا عَنْ نَّفْسِهٖ وَغَلَّقَتِ
الْاَبْوَابَ وَقَالَتْ هَيْتَ لَكَ ؕ قَالَ مَعَاذَ اللّٰهِ اِنَّهٗ
رَبِّیْۤ اَحْسَنَ مَثْوَایَ ؕ اِنَّهٗ لَا يُفْلِحُ الظّٰلِمُوْنَ ۝٢٣ وَلَقَدْ
هَمَّتْ بِهٖ ۚ وَهَمَّ بِهَا لَوْلَاۤ اَنْ رَّاٰ بُرْهَانَ رَبِّهٖ ؕ
كَذٰلِكَ لِنَصْرِفَ عَنْهُ السُّوْٓءَ وَالْفَحْشَآءَ ؕ اِنَّهٗ مِنْ
عِبَادِنَا الْمُخْلَصِيْنَ ۝٢٤ وَاسْتَبَقَا الْبَابَ وَقَدَّتْ قَمِيْصَهٗ
مِنْ دُبُرٍ وَّاَلْفَيَا سَيِّدَهَا لَدَا الْبَابِ ؕ قَالَتْ مَا جَزَآءُ
مَنْ اَرَادَ بِاَهْلِكَ سُوْٓءًا اِلَّاۤ اَنْ يُّسْجَنَ اَوْ عَذَابٌ
اَلِيْمٌ ۝٢٥ قَالَ هِیَ رَاوَدَتْنِیْ عَنْ نَّفْسِیْ وَشَهِدَ شَاهِدٌ
مِّنْ اَهْلِهَا ۚ اِنْ كَانَ قَمِيْصُهٗ قُدَّ مِنْ قُبُلٍ فَصَدَقَتْ
وَهُوَ مِنَ الْكٰذِبِيْنَ ۝٢٦ وَاِنْ كَانَ قَمِيْصُهٗ قُدَّ مِنْ
دُبُرٍ فَكَذَبَتْ وَهُوَ مِنَ الصّٰدِقِيْنَ ۝٢٧ فَلَمَّا رَاٰ قَمِيْصَهٗ
قُدَّ مِنْ دُبُرٍ قَالَ اِنَّهٗ مِنْ كَيْدِكُنَّ ؕ اِنَّ كَيْدَكُنَّ
عَظِيْمٌ ۝٢٨ يُوْسُفُ اَعْرِضْ عَنْ هٰذَا ٚ وَاسْتَغْفِرِیْ

"આને સારી રીતે રાખજે, અશક્ય નથી કે આ આપણા માટે ફાયદાકારક પુરવાર થાય અથવા આપણે આને પુત્ર બનાવી લઈએ." આવી રીતે અમે યૂસુફ માટે તે ધરતી ઉપર પગ જમાવવાનો માર્ગ કાઢ્યો અને તેને મામલાઓને સમજવાની કેળવણી આપવાની વ્યવસ્થા કરી. અલ્લાહ પોતાનું કાર્ય કરીને રહે છે, પરંતુ મોટા ભાગના લોકો જાણતા નથી.

૨૨. અને જ્યારે તે પૂર્ણ યુવાવસ્થાએ પહોંચ્યો તો અમે તેને નિર્ણયશક્તિ અને જ્ઞાન પ્રદાન કર્યા, આવી રીતે અમે સદાચારીઓને બદલો આપીએ છીએ.

૨૩. જે સ્ત્રીના ઘરમાં તે હતો, તે તેના પર સ્નેહજાળ પાથરવા લાગી અને એક દિવસે દરવાજા બંધ કરીને બોલી, "આવી જા." યૂસુફે કહ્યું, "અલ્લાહની પનાહ! મારા રબે તો મને સારી પ્રતિષ્ઠા અને દરજ્જો પ્રદાન કર્યો (અને હું આ કાર્ય કરું). આવા અત્યાચારીઓ ક્યારેય સફળતા પામી શકતા નથી."

૨૪. તે તેના તરફ આગળ વધી અને યૂસુફ પણ તેના તરફ આગળ વધ્યો હોત, જો પોતાના રબની બુરહાન (પ્રમાણ) જોઈ ન લેતો. આવું થયું, જેથી અમે તેનાથી બૂરાઈ અને અશ્લીલતા દૂર કરી દઈએ. હકીકતમાં તે અમારા ચુનંદા બંદાઓ પૈકીનો હતો.

૨૫. છેવટે યૂસુફ અને તે આગળ-પાછળ દરવાજા તરફ દોડ્યા અને તેણે પાછળથી યૂસુફનું ખમીસ (ખેંચીને) ફાડી નાખ્યું. દરવાજા પર બંનેએ તેના પતિને હાજર જોયો. તેને જોતાં જ સ્ત્રી કહેવા લાગી, "શું સજા છે તે માણસની જે તારી ઘરવાળી પર દાનત બગાડે ? આ સિવાય બીજી કઈ સજા હોઈ શકે છે કે તેને કેદ કરવામાં આવે અથવા તેને ભારે યાતના આપવામાં આવે ?"

૨૬. યૂસુફે કહ્યું, "આ જ મને ફસાવવાનો પ્રયત્ન કરી રહી હતી." તે સ્ત્રીના પોતાના કુટુંબીજનોમાંથી એક વ્યક્તિએ (સમય અને સંજોગો જોઈને) સાક્ષી આપી, "જો યૂસુફનું ખમીસ આગળથી ફાટ્યું હોય તો સ્ત્રી સાચી છે અને આ જૂઠો,

૨૭. અને જો તેનું ખમીસ પાછળથી ફાટ્યું હોય તો સ્ત્રી જૂઠી છે અને આ સાચો."

૨૮. જ્યારે પતિએ જોયું કે યૂસુફનું ખમીસ પાછળથી ફાટેલું છે તો તેણે કહ્યું, "આ સ્ત્રીઓની ચાલાકીઓ છે, ખરેખર ગજબનાક હોય છે તમારી ચાલો.

૨૯. યૂસુફ ! આ મામલાને જવા દે (અર્થાત્ દરગુજર કરી દે) અને હે સ્ત્રી!

ع ٣ ١٣ لِذَنْۢبِكِ ۚۖ اِنَّكِ كُنْتِ مِنَ الْخٰطِـئِيْنَ ﴿٢٩﴾ وَقَالَ نِسْوَةٌ
فِى الْمَدِيْنَةِ امْرَاَتُ الْعَزِيْزِ تُرَاوِدُ فَتٰىهَا عَنْ نَّفْسِهٖ ۚ
قَدْ شَغَفَهَا حُبًّا ؕ اِنَّا لَنَرٰىهَا فِىْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٣٠﴾
فَلَمَّا سَمِعَتْ بِمَكْرِهِنَّ اَرْسَلَتْ اِلَيْهِنَّ وَاَعْتَدَتْ
لَهُنَّ مُتَّكَاً وَّاٰتَتْ كُلَّ وَاحِدَةٍ مِّنْهُنَّ سِكِّيْنًا وَّ
قَالَتِ اخْرُجْ عَلَيْهِنَّ ۚ فَلَمَّا رَاَيْنَهٗۤ اَكْبَرْنَهٗ وَقَطَّعْنَ
اَيْدِيَهُنَّ وَقُلْنَ حَاشَ لِلّٰهِ مَا هٰذَا بَشَرًا ؕ اِنْ هٰذَاۤ
اِلَّا مَلَكٌ كَرِيْمٌ ﴿٣١﴾ قَالَتْ فَذٰلِكُنَّ الَّذِىْ لُمْتُنَّنِىْ فِيْهِ ؕ
وَلَقَدْ رَاوَدْتُّهٗ عَنْ نَّفْسِهٖ فَاسْتَعْصَمَ ؕ وَلَئِنْ لَّمْ
يَفْعَلْ مَاۤ اٰمُرُهٗ لَيُسْجَنَنَّ وَلَيَكُوْنًا مِّنَ الصّٰغِرِيْنَ ﴿٣٢﴾
قَالَ رَبِّ السِّجْنُ اَحَبُّ اِلَىَّ مِمَّا يَدْعُوْنَنِىْۤ اِلَيْهِ ۚ
وَاِلَّا تَصْرِفْ عَنِّىْ كَيْدَهُنَّ اَصْبُ اِلَيْهِنَّ وَاَكُنْ مِّنَ
الْجٰهِلِيْنَ ﴿٣٣﴾ فَاسْتَجَابَ لَهٗ رَبُّهٗ فَصَرَفَ عَنْهُ كَيْدَهُنَّ ؕ
اِنَّهٗ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٣٤﴾ ثُمَّ بَدَا لَهُمْ مِّنْۢ بَعْدِ مَا رَاَوُا
ع ٤ ١٤ الْاٰيٰتِ لَيَسْجُنُنَّهٗ حَتّٰى حِيْنٍ ﴿٣٥﴾ وَدَخَلَ مَعَهُ السِّجْنَ
فَتَيٰنِ ؕ قَالَ اَحَدُهُمَاۤ اِنِّىْۤ اَرٰىنِىْۤ اَعْصِرُ خَمْرًا ۚ وَ
قَالَ الْاٰخَرُ اِنِّىْۤ اَرٰىنِىْۤ اَحْمِلُ فَوْقَ رَاْسِىْ خُبْزًا تَاْكُلُ
الطَّيْرُ مِنْهُ ؕ نَبِّئْنَا بِتَاْوِيْلِهٖ ۚ اِنَّا نَرٰىكَ مِنَ الْمُحْسِنِيْنَ ﴿٣٦﴾
منزل ٣ قَالَ لَا يَاْتِيْكُمَا طَعَامٌ تُرْزَقٰنِهٖۤ اِلَّا نَبَّاْتُكُمَا بِتَاْوِيْلِهٖ

તું પોતાના ગુનાની માફી માગ, તું જ હકીકતમાં ગુનેગાર હતી." (રુકૂઅ-૩)

૩૦. શહેરની સ્ત્રીઓ પરસ્પર ચર્ચા કરવા લાગી, "અઝીઝ (ઇજીપ્તમાં કોઈ પણ મોટાં સત્તાધારી માટે વપરાતો પારિભાષિક શબ્દ)ની પત્ની પોતાના નવયુવાન ગુલામની પાછળ પડેલી છે, પ્રેમે તેને બેકાબૂ કરી દીધી છે, અમારા નજીક તો તે સાવ ભૂલ કરી રહી છે."

૩૧. તેણે જ્યારે તેમની ધૂર્તતાભરી વાતો સાંભળી તો તેમને બોલાવી મંગાવી અને તેમના માટે ગાવ-તકિયાવાળી મહેફિલ સજાવી અને અતિથિ-સત્કારમાં સૌના આગળ એક-એક છરી મૂકી દીધી (પછી બરાબર એ જ સમયે જ્યારે તેઓ ફળો કાપી-કાપીને ખાઈ રહી હતી) તેણે યૂસુફને ઇશારો કર્યો કે તેમના સામે નીકળી આવ. જ્યારે તે સ્ત્રીઓની નજરો તેના પર પડી તો તેઓ દંગ રહી ગઈ અને પોતાના હાથ કાપી બેસી અને સહસા બોલી ઊઠી, "અલ્લાહની પનાહ ! આ વ્યક્તિ મનુષ્ય નથી, આ તો કોઈ બુઝુર્ગ ફરિશ્તો છે."

૩૨. અઝીઝની પત્નીએ કહ્યું, "જોઈ લીધું ! આ છે તે માણસ, જેના વિષે તમે મારા પર વાતો બનાવતી હતી. નિઃશંક મેં આને રીઝવવાનો પ્રયત્ન કર્યો હતો, પણ આ બચી નીકળ્યો, જો તે મારું કહ્યું નહીં માને તો કેદ કરવામાં આવશે અને ઘણો અપમાનિત થશે."

૩૩. યૂસુફે કહ્યું, "હે મારા રબ ! હું તે કામ કરું જે આ લોકો મારા પાસે કરાવવા માગે છે તેની સરખામણીમાં કેદ મને મંજૂર છે અને જો તેં તેમની ચાલોને મારાથી દૂર ન કરી તો હું તેમની જાળમાં ફસાઈ જઈશ અને અજ્ઞાનીઓમાં સામેલ થઈ જઈશ."

૩૪. તેના રબે તેની દુઆ કબૂલ કરી અને તે સ્ત્રીઓની ચાલો તેનાથી દૂર કરી દીધી. નિઃશંક તે જ છે જે બધું જ સાંભળે અને બધું જ જાણે છે.

૩૫. પછી તે લોકોને એવું સૂઝયું કે એક મુદ્દત સુધી તેને કેદ કરી દે. જો કે તેઓ (તેના નિષ્કલંક હોવા અંગેની અને સ્વયં તેમની સ્ત્રીઓની ખરાબ ચાલ-ચલગતની) સ્પષ્ટ નિશાનીઓ જોઈ ચૂક્યા હતા. (રુકૂઅ-૪)

૩૬. કેદખાનામાં બે ગુલામો તેના સાથે બીજા પણ દાખલ થયા. એક દિવસે તેમના પૈકી એકે કહ્યું, "મેં સ્વપ્ન જોયું છે કે હું શરાબ ગાળી રહ્યો છું." બીજાએ કહ્યું, "મેં જોયું કે મારા માથા પર રોટલાં મૂકેલા છે અને પક્ષીઓ તેને ખાઈ રહ્યા છે." બંનેએ કહ્યું, "અમને આનું સ્વપ્નફળ બતાવો, અમે જોઈએ છીએ કે તમે એક સદ્દ્પુરુષ છો."

૩૭. યૂસુફે કહ્યું, "અહીં જે ખાવાનું તમને મળે છે તે આવે તે પહેલાં હું

قَبْلَ اَنْ يَّاْتِيَكُمَا ؕ ذٰلِكُمَا مِمَّا عَلَّمَنِيْ رَبِّيْ ؕ اِنِّيْ
تَرَكْتُ مِلَّةَ قَوْمٍ لَّا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ
كٰفِرُوْنَ ﴿۳۷﴾ وَاتَّبَعْتُ مِلَّةَ اٰبَآءِيْۤ اِبْرٰهِيْمَ وَاِسْحٰقَ
وَيَعْقُوْبَ ؕ مَا كَانَ لَنَاۤ اَنْ نُّشْرِكَ بِاللّٰهِ مِنْ شَيْءٍ ؕ
ذٰلِكَ مِنْ فَضْلِ اللّٰهِ عَلَيْنَا وَعَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَ
النَّاسِ لَا يَشْكُرُوْنَ ﴿۳۸﴾ يٰصَاحِبَيِ السِّجْنِ ءَاَرْبَابٌ
مُّتَفَرِّقُوْنَ خَيْرٌ اَمِ اللّٰهُ الْوَاحِدُ الْقَهَّارُ ﴿۳۹﴾ؕ مَا تَعْبُدُوْنَ
مِنْ دُوْنِهٖۤ اِلَّاۤ اَسْمَآءً سَمَّيْتُمُوْهَاۤ اَنْتُمْ وَاٰبَآؤُكُمْ
مَّاۤ اَنْزَلَ اللّٰهُ بِهَا مِنْ سُلْطٰنٍ ؕ اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ ؕ اَمَرَ اَلَّا
تَعْبُدُوْۤا اِلَّاۤ اِيَّاهُ ؕ ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ وَلٰكِنَّ اَكْثَرَ
النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿۴۰﴾ يٰصَاحِبَيِ السِّجْنِ اَمَّاۤ اَحَدُكُمَا
فَيَسْقِيْ رَبَّهٗ خَمْرًا ۚ وَاَمَّا الْاٰخَرُ فَيُصْلَبُ فَتَاْكُلُ
الطَّيْرُ مِنْ رَّاْسِهٖ ؕ قُضِيَ الْاَمْرُ الَّذِيْ فِيْهِ تَسْتَفْتِيٰنِ ﴿۴۱﴾ؕ
وَقَالَ لِلَّذِيْ ظَنَّ اَنَّهٗ نَاجٍ مِّنْهُمَا اذْكُرْنِيْ عِنْدَ رَبِّكَ ۫
فَاَنْسٰىهُ الشَّيْطٰنُ ذِكْرَ رَبِّهٖ فَلَبِثَ فِي السِّجْنِ بِضْعَ
ع ۵ ۷ سِنِيْنَ ﴿۴۲﴾ؒ وَقَالَ الْمَلِكُ اِنِّيْۤ اَرٰى سَبْعَ بَقَرٰتٍ
سِمَانٍ يَّاْكُلُهُنَّ سَبْعٌ عِجَافٌ وَّسَبْعَ سُنْۢبُلٰتٍ خُضْرٍ
وَّاُخَرَ يٰبِسٰتٍ ؕ يٰۤاَيُّهَا الْمَلَاُ اَفْتُوْنِيْ فِيْ رُءْيَايَ اِنْ
منزل ۳ كُنْتُمْ لِلرُّءْيَا تَعْبُرُوْنَ ﴿۴۳﴾ قَالُوْۤا اَضْغَاثُ اَحْلَامٍ ۚ وَمَا

તમને આ સ્વપ્નોનું ફળ બતાવીશ. આ તે જ્ઞાનમાંથી છે જે મારા રબે મને પ્રદાન કર્યું છે. સાચું તો એ છે કે મેં તે લોકોનો માર્ગ છોડીને, જેઓ અલ્લાહ ઉપર ઈમાન લાવતા નથી અને આખિરત (પરલોક)નો ઈન્કાર કરે છે,

૩૮. પોતાના વડવાઓ ઈબ્રાહીમ, ઈસ્હાક, યાકૂબનો માર્ગ અપનાવ્યો છે. આપણું આ કામ નથી કે અલ્લાહ સાથે કોઈને ભાગીદાર ઠેરવીએ. હકીકતમાં આ અલ્લાહની કૃપા છે આપણા ઉપર અને તમામ મનુષ્યો ઉપર (કે તેણે પોતાના સિવાય કોઈના બંદા આપણને બનાવ્યા નથી) પરંતુ મોટા ભાગના લોકો આભારી થતા નથી.

૩૯. હે કેદખાનાના સાથીઓ ! તમે પોતે જ વિચારો કે ઘણાં જુદા-જુદા રબ (માલિક અને પાલનહાર) સારા છે કે તે એક અલ્લાહ, જે સૌના ઉપર વર્ચસ્વ ધરાવે છે ?

૪૦. તેને છોડીને તમે જેની બંદગી કરી રહ્યા છો, તેઓ તેના સિવાય કંઈ જ નથી કે, બસ થોડા નામો છે જે તમે અને તમારા બાપ-દાદાઓએ રાખી લીધાં છે, અલ્લાહે તેમના માટે કોઈ પ્રમાણ-પત્ર નથી ઉતાર્યું. સાર્વભૌમત્વ (શાસન-સત્તા) અલ્લાહ સિવાય કોઈના માટે નથી. તેનો આદેશ છે કે તેના સિવાય તમે કોઈની બંદગી ન કરો. આ જ સાવ સીધી જીવન-પદ્ધતિ છે, પરંતુ અધિકાંશ લોકો જાણતા નથી.

૪૧. હે જેલના સાથીઓ ! તમારા સ્વપ્નફળ આ છે કે તમારામાંથી એક તો પોતાના રબ (મિસરના રાજા)ને શરાબ પીવડાવશે, રહ્યો બીજો, તો તેને શૂળીએ ચઢાવવામાં આવશે અને પક્ષીઓ તેનું માથું ચૂંથી ખાશે. ફેંસલો થઈ ગયો તે વાતનો જે તમે પૂછી રહ્યા હતા.''

૪૨. પછી તેમનામાંથી જેના વિષે ધારણા હતી કે છૂટી જશે, તેને યૂસુફે કહ્યું, ''પોતાના રબ (મિસરના રાજા) પાસે મારો ઉલ્લેખ કરજે.'' પરંતુ શૈતાને તેને એવો ગફલતમાં નાખ્યો કે તે પોતાના રબ (મિસરના રાજા) પાસે તેનો ઉલ્લેખ કરવાનું ભૂલી ગયો અને યૂસુફ કેટલાય વર્ષ કેદખાનામાં પડ્યો રહ્યો. (રુકૂઅ-૫)

૪૩. એક દિવસ બાદશાહે કહ્યું, ''મેં સ્વપ્નમાં જોયું છે કે સાત હૃષ્ટપુષ્ટ ગાયો છે જેને સાત દૂબળી ગાયો ખાઈ રહી છે અને અનાજના સાત ડૂંડા લીલા છે અને બીજા સાત સૂકા. હે દરબારીઓ ! મને આ સ્વપ્નનું ફળ બતાવો, જો તમે સ્વપ્નોનો અર્થ સમજતા હોવ.''

૪૪. લોકોએ કહ્યું, ''આ તો ગૂંચવણભર્યા સ્વપ્નોની વાતો છે અને અમે

نَحْنُ بِتَاْوِيْلِ الْاَحْلَامِ بِعٰلِمِيْنَ ﴿٤٤﴾ وَقَالَ الَّذِيْ نَجَا
مِنْهُمَا وَادَّكَرَ بَعْدَ اُمَّةٍ اَنَا اُنَبِّئُكُمْ بِتَاْوِيْلِهٖ
فَاَرْسِلُوْنِ ﴿٤٥﴾ يُوْسُفُ اَيُّهَا الصِّدِّيْقُ اَفْتِنَا فِيْ
سَبْعِ بَقَرٰتٍ سِمَانٍ يَّاْكُلُهُنَّ سَبْعٌ عِجَافٌ وَّسَبْعِ
سُنْۢبُلٰتٍ خُضْرٍ وَّاُخَرَ يٰبِسٰتٍ ۙ لَّعَلِّيْٓ اَرْجِعُ اِلَى النَّاسِ
لَعَلَّهُمْ يَعْلَمُوْنَ ﴿٤٦﴾ قَالَ تَزْرَعُوْنَ سَبْعَ سِنِيْنَ دَاَبًا ۚ
فَمَا حَصَدْتُّمْ فَذَرُوْهُ فِيْ سُنْۢبُلِهٖٓ اِلَّا قَلِيْلًا مِّمَّا
تَاْكُلُوْنَ ﴿٤٧﴾ ثُمَّ يَاْتِيْ مِنْۢ بَعْدِ ذٰلِكَ سَبْعٌ شِدَادٌ
يَّاْكُلْنَ مَا قَدَّمْتُمْ لَهُنَّ اِلَّا قَلِيْلًا مِّمَّا تُحْصِنُوْنَ ﴿٤٨﴾
ثُمَّ يَاْتِيْ مِنْۢ بَعْدِ ذٰلِكَ عَامٌ فِيْهِ يُغَاثُ النَّاسُ وَ
فِيْهِ يَعْصِرُوْنَ ﴿٤٩﴾ ع وَقَالَ الْمَلِكُ ائْتُوْنِيْ بِهٖ ۚ فَلَمَّا ع ٧/١٦
جَآءَهُ الرَّسُوْلُ قَالَ ارْجِعْ اِلٰى رَبِّكَ فَسْئَلْهُ مَا بَالُ
النِّسْوَةِ الّٰتِيْ قَطَّعْنَ اَيْدِيَهُنَّ ؕ اِنَّ رَبِّيْ بِكَيْدِهِنَّ
عَلِيْمٌ ﴿٥٠﴾ قَالَ مَا خَطْبُكُنَّ اِذْ رَاوَدْتُّنَّ يُوْسُفَ عَنْ نَّفْسِهٖ ؕ
قُلْنَ حَاشَ لِلّٰهِ مَا عَلِمْنَا عَلَيْهِ مِنْ سُوْٓءٍ ؕ قَالَتِ امْرَاَتُ
الْعَزِيْزِ الْـٰٔنَ حَصْحَصَ الْحَقُّ ۫ اَنَا رَاوَدْتُّهٗ عَنْ نَّفْسِهٖ
وَاِنَّهٗ لَمِنَ الصّٰدِقِيْنَ ﴿٥١﴾ ذٰلِكَ لِيَعْلَمَ اَنِّيْ لَمْ اَخُنْهُ
بِالْغَيْبِ وَاَنَّ اللّٰهَ لَا يَهْدِيْ كَيْدَ الْخَآئِنِيْنَ ﴿٥٢﴾

આ પ્રકારના સ્વપ્નોનો અર્થ નથી જાણતા."

૪૫. તે બે કેદીઓમાંથી જે બચી ગયો હતો, અને તેને ઘણા લાંબા સમય પછી હવે વાત યાદ આવી, તેણે કહ્યું, "હું તમને લોકોને આ સ્વપ્નોના ફળ બતાવું છું, મને જરા (કેદખાનામાં યૂસુફ પાસે) મોકલી આપો."

૪૬. તેણે જઈને કહ્યું, "યૂસુફ, હે સાક્ષાત સત્યનિષ્ઠ ! મને આ સ્વપ્નનો અર્થ બતાવ કે સાત હૃષ્ટપુષ્ટ ગાયો છે જેને સાત દૂબળી ગાયો ખાઈ રહી છે અને સાત ડૂંડા લીલા છે અને સાત સૂકા, કદાચ હું તે લોકો પાસે પાછો જાઉં અને કદાચ તેઓ જાણી લે."

૪૭. યૂસુફે કહ્યું, "સાત વર્ષ સુધી સતત તમે ખેતી કરતા રહેશો. આ દરમ્યાન જે પાક તમે લણો તેમાંથી માત્ર થોડો જ ભાગ, જે તમારા ખોરાકમાં કામ લાગે, કાઢો અને બાકીનાને તેના ડૂંડાઓમાં જ રહેવા દો,

૪૮. પછી સાત વર્ષ ઘણા મુશ્કેલીભર્યા આવશે, તે વખતે તે બધું અનાજ ખાવામાં આવશે જે તમે તે સમય માટે એકઠું કરશો. જો કંઈ બચશે તો બસ એ જ, જે તમે સંભાળીને રાખ્યું હોય.

૪૯. એ પછી ફરી એક વર્ષ એવું આવશે જેમાં કૃપારૂપ વર્ષાથી લોકોની ફરિયાદ સાંભળવામાં આવશે અને તેઓ રસ નિચોવશે." (રુકૂઅ-૬)★

૫૦. બાદશાહે કહ્યું, "તેને મારા પાસે લાવો." પરંતુ જ્યારે બાદશાહનો દૂત યૂસુફ પાસે પહોંચ્યો તો તેણે કહ્યું, "પોતાના રબ પાસે પાછો જા અને તેને પૂછ કે તે સ્ત્રીઓનો શું મામલો છે જેમણે પોતાના હાથ કાપી નાખ્યા હતા? મારો રબ તો તેમની ચાલાકીઓથી વાકેફ જ છે."

૫૧. એટલે બાદશાહે તે સ્ત્રીઓ પાસેથી પૂછાવ્યું, "તમારો શું અનુભવ છે તે વખતનો જ્યારે તમે યૂસુફને રીઝવવાની કોશિશ કરી હતી ?" સૌએ એકી અવાજે કહ્યું, "અલ્લાહની પનાહ ! અમે તો તેનામાં બૂરાઈનો અંશ સુધ્ધાં ન જોયો." અઝીઝની પત્ની બોલી ઊઠી, "હવે સત્ય સ્પષ્ટ થઈ ગયું છે, તે હું જ હતી જેણે તેને ફોસલાવવાની કોશિશ કરી હતી, નિઃશંક તે તદ્દન સાચો છે."

૫૨. (યૂસુફે કહ્યું), "આનાથી મારો આશય એ હતો કે (અઝીઝ) આ જાણી લે કે મેં પીઠ પાછળ તેના સાથે વિશ્વાસઘાત ન હતો કર્યો અને એ કે જેઓ વિશ્વાસઘાત કરે છે તેમની ચાલોને અલ્લાહ સફળ થવા દેતો નથી.

૫૩. મારું મન બૂરાઈથી મુક્ત છે એમ હું નથી કહેતો, મન તો બૂરાઈ

★ 'રસ નિચોવશે'થી અભિપ્રેત એ છે કે હરિયાળી અને સંપન્નતાની તે સ્થિતિ, જે દુષ્કાળ પછી કૃપારૂપ વર્ષાથી પેદા થવાની હતી. જ્યારે જમીન સિંચિત થાય છે તો તેલ આપવાવાળા બીજ અને રસ આપવાવાળા ફળ-ફૂલ અને મેવાઓ ખૂબ પેદા થાય છે અને દૂધ આપનારા પશુઓ પણ ખૂબ ચારો ચરીને ખૂબ દૂધ આપે છે. આ અર્થમાં શબ્દ 'યાસિરૂન્' પ્રયોજાયો છે.

اِلَّا مَا رَحِمَ رَبِّيْ ؕ اِنَّ رَبِّيْ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٥٣﴾ وَقَالَ
الْمَلِكُ ائْتُوْنِيْ بِهٖۤ اَسْتَخْلِصْهُ لِنَفْسِيْ ۚ فَلَمَّا كَلَّمَهٗ
قَالَ اِنَّكَ الْيَوْمَ لَدَيْنَا مَكِيْنٌ اَمِيْنٌ ﴿٥٤﴾ قَالَ
اجْعَلْنِيْ عَلٰى خَزَآئِنِ الْاَرْضِ ۚ اِنِّيْ حَفِيْظٌ عَلِيْمٌ ﴿٥٥﴾
وَكَذٰلِكَ مَكَّنَّا لِيُوْسُفَ فِي الْاَرْضِ ۚ يَتَبَوَّاُ مِنْهَا
حَيْثُ يَشَآءُ ؕ نُصِيْبُ بِرَحْمَتِنَا مَنْ نَّشَآءُ وَلَا نُضِيْعُ
اَجْرَ الْمُحْسِنِيْنَ ﴿٥٦﴾ وَلَاَجْرُ الْاٰخِرَةِ خَيْرٌ لِّلَّذِيْنَ
اٰمَنُوْا وَكَانُوْا يَتَّقُوْنَ ﴿٥٧﴾ وَجَآءَ اِخْوَةُ يُوْسُفَ ع ٨
فَدَخَلُوْا عَلَيْهِ فَعَرَفَهُمْ وَهُمْ لَهٗ مُنْكِرُوْنَ ﴿٥٨﴾ وَلَمَّا
جَهَّزَهُمْ بِجَهَازِهِمْ قَالَ ائْتُوْنِيْ بِاَخٍ لَّكُمْ مِّنْ
اَبِيْكُمْ ۚ اَلَا تَرَوْنَ اَنِّيْۤ اُوْفِي الْكَيْلَ وَاَنَا خَيْرُ
الْمُنْزِلِيْنَ ﴿٥٩﴾ فَاِنْ لَّمْ تَاْتُوْنِيْ بِهٖ فَلَا كَيْلَ لَكُمْ
عِنْدِيْ وَلَا تَقْرَبُوْنِ ﴿٦٠﴾ قَالُوْا سَنُرَاوِدُ عَنْهُ
اَبَاهُ وَاِنَّا لَفٰعِلُوْنَ ﴿٦١﴾ وَقَالَ لِفِتْيٰنِهِ اجْعَلُوْا
بِضَاعَتَهُمْ فِيْ رِحَالِهِمْ لَعَلَّهُمْ يَعْرِفُوْنَهَاۤ اِذَا انْقَلَبُوْۤا
اِلٰۤى اَهْلِهِمْ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٦٢﴾ فَلَمَّا رَجَعُوْۤا
اِلٰۤى اَبِيْهِمْ قَالُوْا يٰۤاَبَانَا مُنِعَ مِنَّا الْكَيْلُ فَاَرْسِلْ
مَعَنَاۤ اَخَانَا نَكْتَلْ وَاِنَّا لَهٗ لَحٰفِظُوْنَ ﴿٦٣﴾ قَالَ هَلْ
اٰمَنُكُمْ عَلَيْهِ اِلَّا كَمَاۤ اَمِنْتُكُمْ عَلٰۤى اَخِيْهِ مِنْ قَبْلُ ؕ منزل ٣

કરવા માટે ઉશ્કેરે જ છે, સિવાય કે કોઈના પર મારા રબની કૃપા થાય, નિઃશંક મારો રબ મોટો માફ કરનાર અને દયાળુ છે."

૫૪. બાદશાહે કહ્યું, "તેમને મારા પાસે લાવો, જેથી હું તેમને મારા માટે વિશિષ્ટ કરી લઉં." જ્યારે યૂસુફે તેના સાથે વાતચીત કરી તો તેણે કહ્યું, "હવે આપ અમારે ત્યાં પ્રતિષ્ઠિત અને ઉચ્ચ દરજ્જો ધરાવો છો અને આપની પ્રમાણિકતા પર પૂરેપૂરો વિશ્વાસ છે."

૫૫. યૂસુફે કહ્યું, "દેશના ભંડારો મારા સુપ્રત કરી દો, હું રક્ષણ કરનાર પણ છું અને જ્ઞાન પણ ધરાવું છું."

૫૬. આવી રીતે અમે તે ભૂમિમાં યૂસુફ માટે સત્તાનો માર્ગ મોકળો કર્યો, તેને સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત હતો કે તેમાં જ્યાં ઇચ્છે ત્યાં પોતાનું સ્થાન બનાવે. અમે પોતાની કૃપાથી જેને ઇચ્છીએ છીએ, પ્રદાન કરીએ છીએ. સદાચારી લોકોનો બદલો અમે વ્યર્થ જવા દેતા નથી,

૫૭. અને આખિરત (પરલોક)નો બદલો તે લોકો માટે વધુ સારો છે જેઓ ઈમાન લઈ આવ્યા અને અલ્લાહથી ડરીને કામ કરતા રહ્યા. (રુકૂઅ-૭)

૫૮. યૂસુફના ભાઈઓ મિસર આવ્યા અને તેને ત્યાં હાજર થયા. તેણે તેમને ઓળખી લીધા, પરંતુ તેઓ તેને જાણતા ન હતા.

૫૯. પછી જ્યારે તેણે તેમનો સામાન તૈયાર કરાવી દીધો તો જતી વખતે તેમને કહ્યું, "તમારા ઓરમાન ભાઈને મારા પાસે લાવજો. જોતા નથી કે હું કેવી રીતે માપ ભરીને આપું છું અને કેવો સારો અતિથિ-સત્કાર કરું છું.

૬૦. જો તમે તેને નહીં લાવો તો મારા પાસે તમારા માટે કોઈ અનાજ નથી, બલ્કે તમે મારા નજીક પણ ફરકશો નહીં."

૬૧. તેમણે કહ્યું, "અમે પ્રયત્ન કરીશું કે પિતાજી તેને મોકલવા માટે રાજી થઈ જાય, અને અમે આવું જરૂર કરીશું."

૬૨. યૂસુફે પોતાના ગુલામોને ઇશારો કર્યો, "આ લોકોએ અનાજના બદલામાં જે માલ આપ્યો છે, તે ચૂપચાપ તેમના સામાનમાં જ મૂકી દો." યૂસુફે આવું એ આશાએ કર્યું કે ઘરે પહોંચીને તેઓ પોતાનો પાછો મેળવેલ માલ ઓળખી જશે (અથવા આ ઉદારતા બદલ આભારી થશે) અને અશક્ય નથી કે ફરી પાછા આવે.

૬૩. જ્યારે તેઓ પોતાના પિતાના પાસે ગયા તો કહ્યું, "પિતાજી ! હવે પછી અમને અનાજ આપવાનો ઇન્કાર કરી દેવામાં આવ્યો છે, આથી આપ અમારા ભાઈને અમારા સાથે મોકલી દો જેથી અમે અનાજ લઈને આવીએ, અને તેની સુરક્ષાના અમે જવાબદાર છીએ."

૬૪. પિતાએ જવાબ આપ્યો, "શું હું તેના મામલામાં તમારા પર એવો જ વિશ્વાસ કરું જેવો આ પહેલાં તેના ભાઈના મામલામાં કરી ચૂક્યો

فَاللّٰهُ خَيْرٌ حٰفِظًا ۪ وَّهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ﴿٦٤﴾ وَلَمَّا
فَتَحُوْا مَتَاعَهُمْ وَجَدُوْا بِضَاعَتَهُمْ رُدَّتْ اِلَيْهِمْ ؕ
قَالُوْا يٰۤاَبَانَا مَا نَبْغِيْ ؕ هٰذِهٖ بِضَاعَتُنَا رُدَّتْ اِلَيْنَا ۚ
وَنَمِيْرُ اَهْلَنَا وَنَحْفَظُ اَخَانَا وَنَزْدَادُ كَيْلَ بَعِيْرٍ ؕ
ذٰلِكَ كَيْلٌ يَّسِيْرٌ ﴿٦٥﴾ قَالَ لَنْ اُرْسِلَهٗ مَعَكُمْ حَتّٰى
تُؤْتُوْنِ مَوْثِقًا مِّنَ اللّٰهِ لَتَاْتُنَّنِيْ بِهٖۤ اِلَّاۤ اَنْ
يُّحَاطَ بِكُمْ ۚ فَلَمَّاۤ اٰتَوْهُ مَوْثِقَهُمْ قَالَ اللّٰهُ عَلٰى
مَا نَقُوْلُ وَكِيْلٌ ﴿٦٦﴾ وَقَالَ يٰبَنِيَّ لَا تَدْخُلُوْا
مِنْ بَابٍ وَّاحِدٍ وَّادْخُلُوْا مِنْ اَبْوَابٍ مُّتَفَرِّقَةٍ ؕ
وَمَاۤ اُغْنِيْ عَنْكُمْ مِّنَ اللّٰهِ مِنْ شَيْءٍ ؕ اِنِ الْحُكْمُ اِلَّا
لِلّٰهِ ؕ عَلَيْهِ تَوَكَّلْتُ ۚ وَعَلَيْهِ فَلْيَتَوَكَّلِ الْمُتَوَكِّلُوْنَ ﴿٦٧﴾
وَلَمَّا دَخَلُوْا مِنْ حَيْثُ اَمَرَهُمْ اَبُوْهُمْ ؕ مَا كَانَ
يُغْنِيْ عَنْهُمْ مِّنَ اللّٰهِ مِنْ شَيْءٍ اِلَّا حَاجَةً فِيْ
نَفْسِ يَعْقُوْبَ قَضٰىهَا ؕ وَاِنَّهٗ لَذُوْ عِلْمٍ لِّمَا عَلَّمْنٰهُ
وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٦٨﴾ وَلَمَّا دَخَلُوْا ع
عَلٰى يُوْسُفَ اٰوٰۤى اِلَيْهِ اَخَاهُ قَالَ اِنِّيْۤ اَنَا
اَخُوْكَ فَلَا تَبْتَىِٕسْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٦٩﴾
فَلَمَّا جَهَّزَهُمْ بِجَهَازِهِمْ جَعَلَ السِّقَايَةَ فِيْ
رَحْلِ اَخِيْهِ ثُمَّ اَذَّنَ مُؤَذِّنٌ اَيَّتُهَا الْعِيْرُ اِنَّكُمْ

છું ? અલ્લાહ જ સારું રક્ષણ કરવાવાળો છે અને તે સૌથી મોટો દયાળુ છે."

૬૫. પછી જ્યારે તેમણે પોતાનો સામાન ખોલ્યો તો જોયું કે તેમનો માલ પણ તેમને પાછો આપી દેવામાં આવ્યો છે. આ જોઈને તેઓ પોકારી ઊઠ્યા, "પિતાજી ! બીજું આપણને શું જોઈએ ! જુઓ, આ અમારો માલ પણ અમને પરત કરી દેવામાં આવ્યો છે. બસ હવે અમે જઈશું અને પોતાના કુટુંબીજનો માટે અનાજ લઈ આવીશું, પોતાના ભાઈની રક્ષા પણ કરીશું અને એક ઊંટ ભરીને બીજું વધારે પણ લઈ આવીશું, આટલા અનાજનો વધારો સહેલાઈથી થઈ જશે."

૬૬. તેમના પિતાએ કહ્યું, "હું કદાપિ તેને તમારા સાથે નહીં મોકલું, જ્યાં સુધી તમે અલ્લાહના નામથી મને વચન ન આપી દો કે તેને મારા પાસે જરૂર પાછો લઈને આવશો, સિવાય કે તમે ઘેરી લેવામાં આવો." જ્યારે તેમણે તેને પોત-પોતાના વચન આપી દીધા તો તેણે કહ્યું, "જુઓ, આપણી આ વાત પર અલ્લાહ દેખરેખ રાખનાર છે."

૬૭. પછી તેણે કહ્યું, "મારા દીકરાઓ ! મિસરના પાટનગરમાં એક દરવાજામાંથી દાખલ ન થજો, બલ્કે જુદા-જુદા દરવાજાઓમાંથી જજો, પરંતુ હું અલ્લાહની મરજીથી તમને નથી બચાવી શકતો. આદેશ તેના સિવાય કોઈનો ચાલતો નથી. તેના જ ઉપર મેં ભરોસો કર્યો અને જેને પણ ભરોસો કરવો હોય, તેના પર જ કરે."

૬૮. અને બન્યું પણ એવું જ કે જ્યારે તેઓ પોતાના પિતાની સલાહ મુજબ નગરમાં (જુદા-જુદા દરવાજાઓમાંથી) દાખલ થયા તો તેનું આ સાવચેતીભર્યું પગલું અલ્લાહની મરજી સામે કોઈ કામ ન આવી શક્યું. હા, બસ યાકૂબના હૃદયમાં જે એક ખટકો હતો તેને દૂર કરવા માટે તેણે પોતાનાથી બનતી કોશિશ કરી લીધી. નિઃશંક તે અમારા આપેલા જ્ઞાનના લીધે જાણકાર હતો, પરંતુ મોટા ભાગના લોકો મામલાની સચ્ચાઈને જાણતા નથી. (રુકૂઅ-૮)

૬૯. આ લોકો યૂસુફ સમક્ષ પહોંચ્યા તો તેણે પોતાના ભાઈને પોતાના પાસે અલગ બોલાવી લીધો અને તેને બતાવી દીધું કે, "હું તારો તે જ ભાઈ છું (જે ખોવાઈ ગયો હતો) હવે તું તે વાતોનું દુઃખ ન રાખ જે આ લોકો કરતા રહ્યા છે."

૭૦. જ્યારે યૂસુફ તે ભાઈઓનો સામાન ભરાવવા લાગ્યો તો તેણે પોતાના ભાઈના સામાનમાં પોતાનો વાટકો મૂકી દીધો. પછી એક પોકારનારાએ પોકારીને કહ્યું, "હે કાફલાવાળાઓ ! તમે લોકો ચોર છો."

لَسٰرِقُوْنَ ﴿٧٠﴾ قَالُوْا وَاَقْبَلُوْا عَلَيْهِمْ مَّاذَا تَفْقِدُوْنَ ﴿٧١﴾
قَالُوْا نَفْقِدُ صُوَاعَ الْمَلِكِ وَلِمَنْ جَآءَ بِهٖ حِمْلُ بَعِيْرٍ
وَّاَنَا بِهٖ زَعِيْمٌ ﴿٧٢﴾ قَالُوْا تَاللّٰهِ لَقَدْ عَلِمْتُمْ مَّا جِئْنَا
لِنُفْسِدَ فِى الْاَرْضِ وَمَا كُنَّا سٰرِقِيْنَ ﴿٧٣﴾ قَالُوْا
فَمَا جَزَآؤُهٗٓ اِنْ كُنْتُمْ كٰذِبِيْنَ ﴿٧٤﴾ قَالُوْا جَزَآؤُهٗ
مَنْ وُّجِدَ فِىْ رَحْلِهٖ فَهُوَ جَزَآؤُهٗ ؕ كَذٰلِكَ
نَجْزِى الظّٰلِمِيْنَ ﴿٧٥﴾ فَبَدَاَ بِاَوْعِيَتِهِمْ قَبْلَ وِعَآءِ
اَخِيْهِ ثُمَّ اسْتَخْرَجَهَا مِنْ وِّعَآءِ اَخِيْهِ ؕ كَذٰلِكَ
كِدْنَا لِيُوْسُفَ ؕ مَا كَانَ لِيَاْخُذَ اَخَاهُ فِىْ دِيْنِ
الْمَلِكِ اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ ؕ نَرْفَعُ دَرَجٰتٍ مَّنْ
نَّشَآءُ ؕ وَفَوْقَ كُلِّ ذِىْ عِلْمٍ عَلِيْمٌ ﴿٧٦﴾ قَالُوْٓا اِنْ يَّسْرِقْ
فَقَدْ سَرَقَ اَخٌ لَّهٗ مِنْ قَبْلُ ۚ فَاَسَرَّهَا يُوْسُفُ
فِىْ نَفْسِهٖ وَلَمْ يُبْدِهَا لَهُمْ ۚ قَالَ اَنْتُمْ شَرٌّ
مَّكَانًا ۚ وَاللّٰهُ اَعْلَمُ بِمَا تَصِفُوْنَ ﴿٧٧﴾ قَالُوْا يٰٓاَيُّهَا
الْعَزِيْزُ اِنَّ لَهٗٓ اَبًا شَيْخًا كَبِيْرًا فَخُذْ اَحَدَنَا
مَكَانَهٗ ۚ اِنَّا نَرٰىكَ مِنَ الْمُحْسِنِيْنَ ﴿٧٨﴾ قَالَ مَعَاذَ
اللّٰهِ اَنْ نَّاْخُذَ اِلَّا مَنْ وَّجَدْنَا مَتَاعَنَا عِنْدَهٗٓ ۙ
اِنَّآ اِذًا لَّظٰلِمُوْنَ ﴿٧٩﴾ ع فَلَمَّا اسْتَيْـَٔسُوْا مِنْهُ خَلَصُوْا
نَجِيًّا ؕ قَالَ كَبِيْرُهُمْ اَلَمْ تَعْلَمُوْٓا اَنَّ اَبَاكُمْ

ع ١١ ٢
منزل ٣

૭૧. તેમણે તરત જ ફરીને પૂછ્યું, ''તમારી કઈ વસ્તુ ખોવાઈ ગઈ ?''
૭૨. સરકારી નોકરોએ કહ્યું, ''બાદશાહનું માપિયું અમને મળતું નથી.'' (અને તેમના ઉપરીએ કહ્યું); ''જે વ્યક્તિ લાવીને આપશે તેના માટે એક ઊંટભાર ઈનામ છે, તેની હું ખાત્રી આપું છું.''
૭૩. તે ભાઈઓએ કહ્યું, ''અલ્લાહના સોગંદ ! તમે લોકો સારી રીતે જાણો છો કે અમે આ દેશમાં બગાડ કરવા નથી આવ્યા અને અમે ચોરીઓ કરનારા લોકો નથી.''
૭૪. તેણે કહ્યું, ''ભલે, જો તમારી વાત ખોટી નીકળી તો ચોરની શી સજા છે?''
૭૫. તેમણે કહ્યું, ''આની સજા ? જેના સામાનમાંથી વસ્તુ નીકળે તેને પોતાને જ સજા તરીકે રાખી લેવામાં આવે, અમારે ત્યાં તો આવા અત્યાચારીઓને સજા આપવાનો આ જ નિયમ છે.''
૭૬. ત્યારે યૂસુફે પોતાના ભાઈના પહેલાં તેમના થેલાંઓની તલાશી લેવાની શરૂ કરી, પછી પોતાના ભાઈના થેલામાંથી પોતાની ખોવાયેલી વસ્તુ શોધી કાઢી – આ રીતે અમે યૂસુફની મદદ પોતાની યુક્તિથી કરી. તેનું આ કામ ન હતું કે બાદશાહના દીન (અર્થાત્ મિસરના શાહી કાનૂન) હેઠળ પોતાના ભાઈને પકડતો, સિવાય એ કે અલ્લાહ જ આવું ચાહે. અમે જેના દરજ્જા ચાહીએ છીએ વધારી દઈએ છીએ, અને એક જ્ઞાન ધરાવનાર એવો છે જે દરેક જ્ઞાન ધરાવનારથી ઉચ્ચતર છે.
૭૭. તે ભાઈઓએ કહ્યું, ''આ ચોરી કરે તો કોઈ આશ્ચર્યની વાત પણ નથી, આ પહેલાં આનો ભાઈ (યૂસુફ) પણ ચોરી કરી ચૂક્યો છે.'' યૂસુફ તેમની આ વાત સાંભળી ગળી ગયો. હકીકત તેમના સામે જાહેર ન કરી, બસ (મનમાં-ને-મનમાં) આટલું કહી રહી ગયો કે, ''ઘણા જ દુષ્ટ છો તમે લોકો, (મારા મોઢા-મોઢ મારા પર) જે આરોપ તમે મૂકી રહ્યા છો તેની હકીકત અલ્લાહ સારી રીતે જાણે છે.''
૭૮. તેમણે કહ્યું, ''હે સત્તાધારી સરદાર (અઝીઝ) ! આનો પિતા ઘણો વૃદ્ધ માણસ છે, તેના બદલે આપ અમારામાંથી કોઈને રાખી લો, અમે આપને ખૂબ સજ્જન માણસ જોઈએ છીએ.''
૭૯. યૂસુફે કહ્યું, ''અલ્લાહની પનાહ ! બીજા કોઈ વ્યક્તિને અમે કેવી રીતે રાખી શકીએ ? જેના પાસે અમે અમારો માલ જોયો છે તેને છોડીને બીજાને રાખીશું તો અમે અત્યાચારી હોઈશું.'' (રુકૂઅ-૯)
૮૦. જ્યારે તેઓ યૂસુફથી નિરાશ થઈ ગયા તો એક ખૂણામાં જઈને પરસ્પર સલાહ-મસ્લત કરવા લાગ્યા. તેમનામાં જે સૌથી મોટો હતો તે બોલ્યો, ''તમે જાણતા નથી કે તમારા પિતા તમારા પાસેથી અલ્લાહના નામ

قَدْ اَخَذَ عَلَيْكُمْ مَّوْثِقًا مِّنَ اللّٰهِ وَمِنْ قَبْلُ
مَا فَرَّطْتُّمْ فِيْ يُوْسُفَ ۚ فَلَنْ اَبْرَحَ الْاَرْضَ
حَتّٰى يَاْذَنَ لِيْۤ اَبِيْۤ اَوْ يَحْكُمَ اللّٰهُ لِيْ ۚ وَهُوَ خَيْرُ
الْحٰكِمِيْنَ ۝۸۰ اِرْجِعُوْۤا اِلٰۤى اَبِيْكُمْ فَقُوْلُوْا يٰۤاَبَانَاۤ
اِنَّ ابْنَكَ سَرَقَ ۚ وَمَا شَهِدْنَاۤ اِلَّا بِمَا عَلِمْنَا
وَمَا كُنَّا لِلْغَيْبِ حٰفِظِيْنَ ۝۸۱ وَسْــَٔلِ الْقَرْيَةَ الَّتِيْ
كُنَّا فِيْهَا وَالْعِيْرَ الَّتِيْۤ اَقْبَلْنَا فِيْهَا ؕ وَاِنَّا
لَصٰدِقُوْنَ ۝۸۲ قَالَ بَلْ سَوَّلَتْ لَكُمْ اَنْفُسُكُمْ اَمْرًا ؕ
فَصَبْرٌ جَمِيْلٌ ؕ عَسَى اللّٰهُ اَنْ يَّاْتِيَنِيْ بِهِمْ جَمِيْعًا ؕ
اِنَّهٗ هُوَ الْعَلِيْمُ الْحَكِيْمُ ۝۸۳ وَتَوَلّٰى عَنْهُمْ وَقَالَ
يٰۤاَسَفٰى عَلٰى يُوْسُفَ وَابْيَضَّتْ عَيْنٰهُ مِنَ الْحُزْنِ
فَهُوَ كَظِيْمٌ ۝۸۴ قَالُوْا تَاللّٰهِ تَفْتَؤُا تَذْكُرُ يُوْسُفَ
حَتّٰى تَكُوْنَ حَرَضًا اَوْ تَكُوْنَ مِنَ الْهٰلِكِيْنَ ۝۸۵
قَالَ اِنَّمَاۤ اَشْكُوْا بَثِّيْ وَحُزْنِيْۤ اِلَى اللّٰهِ وَاَعْلَمُ مِنَ
اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ۝۸۶ يٰبَنِيَّ اذْهَبُوْا فَتَحَسَّسُوْا مِنْ
يُّوْسُفَ وَاَخِيْهِ وَلَا تَاْيْــَٔسُوْا مِنْ رَّوْحِ اللّٰهِ ؕ اِنَّهٗ
لَا يَاْيْــَٔسُ مِنْ رَّوْحِ اللّٰهِ اِلَّا الْقَوْمُ الْكٰفِرُوْنَ ۝۸۷ فَلَمَّا
دَخَلُوْا عَلَيْهِ قَالُوْا يٰۤاَيُّهَا الْعَزِيْزُ مَسَّنَا وَاَهْلَنَا
الضُّرُّ وَجِئْنَا بِبِضَاعَةٍ مُّزْجٰىةٍ فَاَوْفِ لَنَا الْكَيْلَ وَ

ઉપર પાકું વચન લઈ ચૂક્યા છે ? અને આ પહેલાં યૂસુફના મામલામાં તમે જે કરી ચૂક્યા છો તે પણ તમને ખબર છે. હવે હું તો અહીંથી કદાપિ જઈશ નહીં જ્યાં સુધી મારા પિતા મને પરવાનગી ન આપે, અથવા પછી અલ્લાહ જ મારા માટે કોઈ ફેંસલો ફરમાવી દે, કેમ કે તે સૌથી સારો ફેંસલો કરનાર છે.

૮૧. તમે જઈને પોતાના પિતાને કહો, ''પિતાજી ! આપના પુત્રએ ચોરી કરી છે. અમે તેને ચોરી કરતો જોયો નથી, જે કંઈ અમને ખબર પડી છે, બસ તે જ અમે કહી રહ્યા છીએ, અને અદૃશ્યની સંભાળ તો અમે રાખી શકતા ન હતા.

૮૨. આપ તે વસ્તીના લોકોને પૂછી જુઓ જ્યાં અમે હતા. તે કાફલાથી જાણકારી મેળવી લો જેના સાથે અમે આવ્યા છીએ. અમે અમારા નિવેદનમાં તદ્દન સાચા છીએ.''

૮૩. પિતાએ આ વાત સાંભળીને કહ્યું, ''હકીકતમાં તમારા મને તમારા માટે એક બીજી મોટી વાત સરળ બનાવી દીધી. ભલે, આના પર પણ ધીરજ રાખીશ અને સારી રીતે રાખીશ. અશક્ય નથી કે અલ્લાહ તે સૌને મારા સાથે મેળવી આપે. તે બધું જ જાણે છે અને તેના બધા કામ તત્ત્વદર્શિતા પર આધારિત છે.''

૮૪. પછી તે તેમના તરફથી મોઢું ફેરવીને બેસી ગયો અને કહેવા લાગ્યો કે, ''હાય યૂસુફ !'' – તે મનોમન ખૂબ દુઃખી થઈ રહ્યો હતો અને તેની આંખો સફેદ પડી ગઈ હતી –

૮૫. પુત્રોએ કહ્યું, ''અલ્લાહના સોગંદ ! આપ તો બસ યૂસુફને જ યાદ કર્યા કરો છો. સ્થિતિ ત્યાં પહોંચી છે કે તેના રંજમાં તમે પોતાને ઓગાળી નાખશો અથવા પોતાનો જીવ આપી દેશો.''

૮૬. તેણે કહ્યું, ''હું મારી પરેશાની અને પોતાના સંતાપની ફરિયાદ અલ્લાહ સિવાય કોઈને નથી કરતો, અને અલ્લાહને જેવો હું જાણું છું, તમે નથી જાણતા.

૮૭. મારા બાળકો ! જઈને યૂસુફ અને તેના ભાઈની શોધ કરો, અલ્લાહની કૃપાથી નિરાશ ન થાઓ, તેની કૃપાથી તો માત્ર કાફિરો (અધર્મીઓ) જ નિરાશ થતા હોય છે.''

૮૮. જ્યારે આ લોકો મિસર જઈ યૂસુફ સમક્ષ હાજર થયા તો તેમણે નિવેદન કર્યું, ''હે સત્તાધારી સરદાર ! અમે અને અમારા ઘરવાળા મોટા સંકટમાં સપડાયા છીએ અને અમે તુચ્છ જેવી મૂડી લઈને આવ્યા છીએ. આપ

تَصَدَّقْ عَلَيْنَا ؕ اِنَّ اللّٰهَ يَجْزِي الْمُتَصَدِّقِيْنَ ﴿۸۸﴾
قَالَ هَلْ عَلِمْتُمْ مَّا فَعَلْتُمْ بِيُوْسُفَ وَاَخِيْهِ اِذْ اَنْتُمْ
جٰهِلُوْنَ ﴿۸۹﴾ قَالُوْٓا ءَاِنَّكَ لَاَنْتَ يُوْسُفُ ؕ قَالَ اَنَا
يُوْسُفُ وَهٰذَآ اَخِيْ ز قَدْ مَنَّ اللّٰهُ عَلَيْنَا ؕ اِنَّهٗ مَنْ
يَّتَّقِ وَيَصْبِرْ فَاِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ ﴿۹۰﴾
قَالُوْا تَاللّٰهِ لَقَدْ اٰثَرَكَ اللّٰهُ عَلَيْنَا وَاِنْ كُنَّا لَخٰطِئِيْنَ ﴿۹۱﴾
قَالَ لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ ؕ يَغْفِرُ اللّٰهُ لَكُمْ ز
وَهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ﴿۹۲﴾ اِذْهَبُوْا بِقَمِيْصِيْ هٰذَا
فَاَلْقُوْهُ عَلٰى وَجْهِ اَبِيْ يَاْتِ بَصِيْرًا ۚ وَاْتُوْنِيْ بِاَهْلِكُمْ
اَجْمَعِيْنَ ﴿۹۳﴾ ع وَلَمَّا فَصَلَتِ الْعِيْرُ قَالَ اَبُوْهُمْ ع
اِنِّيْ لَاَجِدُ رِيْحَ يُوْسُفَ لَوْلَآ اَنْ تُفَنِّدُوْنِ ﴿۹۴﴾
قَالُوْا تَاللّٰهِ اِنَّكَ لَفِيْ ضَلٰلِكَ الْقَدِيْمِ ﴿۹۵﴾ فَلَمَّآ اَنْ الربع
جَآءَ الْبَشِيْرُ اَلْقٰىهُ عَلٰى وَجْهِهٖ فَارْتَدَّ بَصِيْرًا ۚ
قَالَ اَلَمْ اَقُلْ لَّكُمْ ۚۙ اِنِّيْٓ اَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا
تَعْلَمُوْنَ ﴿۹۶﴾ قَالُوْا يٰٓاَبَانَا اسْتَغْفِرْ لَنَا ذُنُوْبَنَآ اِنَّا كُنَّا
خٰطِئِيْنَ ﴿۹۷﴾ قَالَ سَوْفَ اَسْتَغْفِرُ لَكُمْ رَبِّيْ ؕ اِنَّهٗ هُوَ
الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿۹۸﴾ فَلَمَّا دَخَلُوْا عَلٰى يُوْسُفَ اٰوٰٓى
اِلَيْهِ اَبَوَيْهِ وَقَالَ ادْخُلُوْا مِصْرَ اِنْ شَآءَ اللّٰهُ
اٰمِنِيْنَ ﴿۹۹﴾ وَرَفَعَ اَبَوَيْهِ عَلَى الْعَرْشِ وَخَرُّوْا لَهٗ
سُجَّدًا ۚ وَقَالَ يٰٓاَبَتِ هٰذَا تَاْوِيْلُ رُءْيَايَ مِنْ منزل ٣

અમને ભરપૂર અનાજ આપો અને અમને દાન આપો. અલ્લાહ દાન આપનારાઓને બદલો આપે છે."

૮૯. (આ સાંભળીને યૂસુફથી રહેવાયું નહીં) તેણે કહ્યું, "તમને એ પણ કંઈ ખબર છે કે તમે યૂસુફ અને તેના ભાઈના સાથે શું કર્યું હતું, જ્યારે તમે મૂર્ખ હતા ?"

૯૦. તેઓ ચોંકીને બોલ્યા, "અરે ! શું તમે યૂસુફ છો ?" તેણે કહ્યું, "હા, હું યૂસુફ છું અને આ મારો ભાઈ છે. અલ્લાહે અમારા પર ઉપકાર કર્યો. સત્ય એ છે કે જો કોઈ તકવા (સંયમ અને ઈશભય) અને ધૈર્યથી કામ લે તો અલ્લાહને ત્યાં આવા સદાચારી લોકોનો બદલો વ્યર્થ જતો નથી."

૯૧. તેમણે કહ્યું, "અલ્લાહના સોગંદ ! તમને અલ્લાહે અમારા ઉપર શ્રેષ્ઠતા આપી અને ખરેખર અમે ગુનેગાર હતા."

૯૨. તેણે જવાબ આપ્યો, "આજે તમારા પર કોઈ પકડ નથી, અલ્લાહ તમને માફ કરે, તે સૌથી વધીને દયા કરવાવાળો છે.

૯૩. જાઓ, મારું આ ખમીસ લઈ જાઓ અને મારા પિતાના ચહેરા પર નાખી દો. તેમની દૃષ્ટિ પાછી આવી જશે અને પોતાના બધા ઘરવાળાઓને મારા પાસે લઈ આવો." (રુકૂઅ-૧૦)

૯૪. જ્યારે આ કાફલો (મિસરથી) રવાના થયો તો તેમના પિતાએ (કિનૂઆનમાં) કહ્યું, "હું યૂસુફની સુગંધ અનુભવી રહ્યો છું, તમે લોકો ક્યાંક એમ ન કહેવા લાગો કે ઘડપણના કારણે મારી બુદ્ધિ કમજોર થઈ ગઈ છે."

૯૫. ઘરવાળાઓ બોલ્યા, "અલ્લાહના સોગંદ ! આપ હજુ પણ પોતાની તે જ જૂની ઘેલછામાં પડેલા છો."

૯૬. પછી જ્યારે ખુશખબર લાવનાર આવ્યો તો તેણે યૂસુફનું ખમીસ યાકૂબના ચહેરા પર નાખી દીધું અને અચાનક તેની દૃષ્ટિ પાછી આવી ગઈ. ત્યારે તેણે કહ્યું, "હું તમને કહેતો નહોતો, હું અલ્લાહ તરફથી તે બધું જાણું છું જે તમે નથી જાણતા."

૯૭. બધા બોલી ઊઠ્યા, "પિતાજી ! આપ અમારા ગુનાઓની માફી માટે દુઆ કરો, સાચે જ અમે ગુનેગાર હતા."

૯૮. તેણે કહ્યું, "હું પોતાના રબ (પ્રભુ)ને તમારા માટે માફીની દુઆ કરીશ, તે મોટો માફ કરનાર અને દયાળુ છે."

૯૯. પછી જ્યારે આ લોકો યૂસુફ પાસે પહોંચ્યા તો તેણે પોતાના માતા-પિતાને પોતાના સાથે બેસાડી લીધા અને (પોતાના સૌ કુટુંબીજનોને) કહ્યું, "ચાલો, હવે નગરમાં ચાલો, અલ્લાહ ચાહશે તો સુખ-શાંતિથી રહેશો."

૧૦૦. (નગરમાં દાખલ થયા પછી) તેણે પોતાના માતા-પિતાને ઉઠાવીને પોતાના પાસે સિંહાસન ઉપર બેસાડ્યા અને બધા જ તેના આગળ

قَبْلُ ز قَدْ جَعَلَهَا رَبِّيْ حَقًّا ط وَقَدْ اَحْسَنَ بِيْٓ اِذْ
اَخْرَجَنِيْ مِنَ السِّجْنِ وَجَآءَ بِكُمْ مِّنَ الْبَدْوِ مِنْۢ
بَعْدِ اَنْ نَّزَغَ الشَّيْطٰنُ بَيْنِيْ وَبَيْنَ اِخْوَتِيْ ط اِنَّ
رَبِّيْ لَطِيْفٌ لِّمَا يَشَآءُ ط اِنَّهٗ هُوَ الْعَلِيْمُ الْحَكِيْمُ ﴿١٠٠﴾
رَبِّ قَدْ اٰتَيْتَنِيْ مِنَ الْمُلْكِ وَعَلَّمْتَنِيْ مِنْ
تَاْوِيْلِ الْاَحَادِيْثِ ج فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ قف
اَنْتَ وَلِيّٖ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ج تَوَفَّنِيْ مُسْلِمًا
وَّاَلْحِقْنِيْ بِالصّٰلِحِيْنَ ﴿١٠١﴾ ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ
نُوْحِيْهِ اِلَيْكَ ج وَمَا كُنْتَ لَدَيْهِمْ اِذْ اَجْمَعُوْٓا اَمْرَهُمْ
وَهُمْ يَمْكُرُوْنَ ﴿١٠٢﴾ وَمَآ اَكْثَرُ النَّاسِ وَلَوْ حَرَصْتَ
بِمُؤْمِنِيْنَ ﴿١٠٣﴾ وَمَا تَسْئَلُهُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ ط اِنْ
هُوَ اِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ ﴿١٠٤﴾ ع وَكَاَيِّنْ مِّنْ اٰيَةٍ فِي
السَّمٰوٰتِ وَالْاَرْضِ يَمُرُّوْنَ عَلَيْهَا وَهُمْ عَنْهَا
مُعْرِضُوْنَ ﴿١٠٥﴾ وَمَا يُؤْمِنُ اَكْثَرُهُمْ بِاللّٰهِ اِلَّا وَهُمْ
مُّشْرِكُوْنَ ﴿١٠٦﴾ اَفَاَمِنُوْٓا اَنْ تَاْتِيَهُمْ غَاشِيَةٌ مِّنْ
عَذَابِ اللّٰهِ اَوْ تَاْتِيَهُمُ السَّاعَةُ بَغْتَةً وَّهُمْ
لَا يَشْعُرُوْنَ ﴿١٠٧﴾ قُلْ هٰذِهٖ سَبِيْلِيْٓ اَدْعُوْٓا اِلَى اللّٰهِ قف
عَلٰى بَصِيْرَةٍ اَنَا وَمَنِ اتَّبَعَنِيْ ط وَسُبْحٰنَ اللّٰهِ وَمَآ
اَنَا مِنَ الْمُشْرِكِيْنَ ﴿١٠٨﴾ وَمَآ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ اِلَّا
رِجَالًا نُّوْحِيْٓ اِلَيْهِمْ مِّنْ اَهْلِ الْقُرٰى ط اَفَلَمْ يَسِيْرُوْا

وقف النبي صلى الله عليه وآله وسلم ١٢

એકદમ સિજદામાં ઝૂકી ગયા. યૂસુફે કહ્યું, ''પિતાજી ! આ સ્વપ્નફળ છે મારા તે સ્વપ્નનું, જે મેં જોયું હતું. મારા રબે તેને હકીકત બનાવી દીધું. તેનો ઉપકાર છે કે તેણે મને કેદખાનામાંથી છોડાવ્યો અને આપ લોકોને રણમાંથી લાવીને મારા સાથે મેળાપ કરાવ્યો, જો કે શૈતાન મારા અને મારા ભાઈઓ વચ્ચે બગાડ પેદા કરી ચૂક્યો હતો. હકીકત એ છે કે મારો રબ અનુભવી ન શકાય તેવી યુક્તિઓ વડે પોતાની મરજી પૂરી કરે છે, નિઃશંક તે સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે.

૧૦૧. હે મારા રબ ! તે મને રાજ્ય પ્રદાન કર્યું અને મને મામલાઓના મૂળ સુધી પહોંચવાનું શીખવાડ્યું. ધરતી અને આકાશોના સર્જક ! તું જ દુનિયા (આલોક) અને આખિરત (પરલોક)માં મારો સંરક્ષક છે, મારો અંત ઈસ્લામ ઉપર કર અને છેવટે મને સાલેહીન (સદાચારીઓ) સાથે મેળવી દે.''

૧૦૨. હે પયગંબર ! આ કિસ્સો અદૃશ્યની ખબરોમાંથી છે જે અમે તમારા ઉપર વહી કરી રહ્યા છીએ, નહીં તો તમે તે વખતે હાજર ન હતા જ્યારે યૂસુફના ભાઈઓએ એક-બીજા સાથે મળીને કાવત્રું રચ્યું હતું.

૧૦૩. પરંતુ તમે ચાહે ગમે તેટલું ઈચ્છો, તેમના પૈકી મોટા ભાગના લોકો ઈમાન લાવવાના નથી.

૧૦૪. જો કે તમે આ સેવા માટે તેમના પાસે કોઈ વળતર પણ નથી માગતા. આ તો એક ઉપદેશ છે, તમામ જગતનિવાસીઓ માટે. (રુકૂઅ-૧૧)

૧૦૫. ધરતી અને આકાશોમાં કેટલીય નિશાનીઓ છે જેના પરથી આ લોકો પસાર થતા રહે છે અને સહેજ પણ ધ્યાન આપતા નથી.

૧૦૬. તેમનામાંથી મોટા ભાગના અલ્લાહને માને છે પરંતુ એવી રીતે કે તેના સાથે બીજાઓને ભાગીદાર ઠેરવે છે ?

૧૦૭. શું તેઓ નિશ્ચિંત છે કે અલ્લાહની યાતનાની કોઈ મુસીબત તેમને ઝડપી નહીં લે અથવા બેખબરીમાં કયામત (પુનર્જીવન)ની ઘડી ઓચિંતી તેમના ઉપર આવી નહીં જાય ?

૧૦૮. તમે તેમને સ્પષ્ટ કહી દો કે, ''મારો માર્ગ તો આ છે, હું અલ્લાહ તરફ બોલાવું છું, – હું પોતે પણ સંપૂર્ણ પ્રકાશમાં પોતાનો માર્ગ જોઈ રહ્યો છું અને મારા સાથીઓ પણ, અને અલ્લાહ પવિત્ર અને ઉચ્ચ છે, અને શિર્ક કરનારાઓથી મારો કોઈ સંબંધ નથી.''

૧૦૯. હે પયગંબર ! તમારા પહેલાં અમે જે પયગંબરો મોકલ્યા હતા તેઓ બધા પણ મનુષ્ય જ હતા અને આ જ વસ્તીઓના રહેનારાઓમાંથી હતા અને તેમના જ તરફ અમે વહી મોકલતાં રહ્યા છીએ. પછી શું

فِي الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ
مِنْ قَبْلِهِمْ ؕ وَلَدَارُ الْاٰخِرَةِ خَيْرٌ لِّلَّذِيْنَ اتَّقَوْا ؕ
اَفَلَا تَعْقِلُوْنَ ﴿١٠٩﴾ حَتّٰٓى اِذَا اسْتَيْئَسَ الرُّسُلُ وَ
ظَنُّوْٓا اَنَّهُمْ قَدْ كُذِبُوْا جَآءَهُمْ نَصْرُنَا ۙ فَنُجِّيَ
مَنْ نَّشَآءُ ؕ وَلَا يُرَدُّ بَاْسُنَا عَنِ الْقَوْمِ الْمُجْرِمِيْنَ ﴿١١٠﴾
لَقَدْ كَانَ فِيْ قَصَصِهِمْ عِبْرَةٌ لِّاُولِي الْاَلْبَابِ ؕ
مَا كَانَ حَدِيْثًا يُّفْتَرٰى وَلٰكِنْ تَصْدِيْقَ الَّذِيْ
بَيْنَ يَدَيْهِ وَتَفْصِيْلَ كُلِّ شَيْءٍ وَّهُدًى وَّ
رَحْمَةً لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿١١١﴾ ع

منزل ٣ ع ١٢

આ લોકો ધરતી ઉપર હર્યા-ફર્યા નથી કે તે કોમોનો અંજામ તેમને ન દેખાયો, જે તેમના પહેલાં થઈ ગઈ છે ? ચોક્કસ જ, આખિરત (પરલોક)નું ઘર તે લોકો માટે ખૂબ વધારે સારું છે જેમણે (પયગંબરોની વાત માનીને) તકવાનો (અલ્લાહથી ડરવાનો, સંયમનો) માર્ગ અપનાવ્યો. શું હજુ પણ તમે લોકો નહીં સમજો ? (અગાઉના પયગંબરો સાથે પણ આમ જ થતું રહ્યું છે કે તેઓ મુદ્દતો સુધી શિખામણ આપતા રહ્યા અને લોકો ઈમાન ન લાવ્યા).

૧૧૦. ત્યાં સુધી કે જ્યારે પયગંબરો લોકોથી નિરાશ થઈ ગયા અને લોકોએ પણ સમજી લીધું કે તેમના સાથે જૂઠ બોલવામાં આવ્યું હતું, તો એકાએક જ અમારી મદદ પયગંબરોને પહોંચી ગઈ. પછી જ્યારે આવો વખત આવી જાય છે તો અમારો નિયમ એ છે કે જેને અમે ચાહીએ છીએ, બચાવી લઈએ છીએ અને ગુનેગારો ઉપરથી તો અમારી યાતનાને ટાળી શકાતી જ નથી.

૧૧૧. પુરોગામીઓના આ કિસ્સાઓમાં બુદ્ધિ અને ચેતના રાખવાવાળા લોકો માટે બોધપાઠ છે. આ જે કંઈ કુર્આનમાં વર્ણવવામાં આવી રહ્યું છે તે ઘડી કાઢેલી વાતો નથી, બલ્કે જે ગ્રંથો આના પહેલાં આવી ચૂક્યા છે તેમની જ પુષ્ટિ છે અને દરેક વસ્તુનું વિગતવાર વર્ણન અને ઈમાન લાવનારાઓ માટે માર્ગદર્શન અને કૃપા. (રુકૂઅ-૧૨)

(૧૩) અર્-રઅ્દ

પરિચય

નામ :

આયત ૧૩ના વાક્ય 'વ-યુસબ્બિહુર્-રઅ્દુ બિહમ્દિહી વલ્-મલાઇકતુ મિન્ ખીફતિહ'ના શબ્દ 'અર્-રઅ્દ' (વાદળની ગર્જના)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે. આ નામનો અર્થ એ નથી કે આ સૂરઃમાં વાદળની ગર્જનાના મુદ્દાની ચર્ચા કરવામાં આવી છે, બલ્કે તે પ્રતીક રૂપે સ્પષ્ટતા કરે છે કે આ તે સૂરઃ છે જેમાં 'અર્-રઅદ' શબ્દ આવ્યો છે અથવા જેમાં 'રઅદ'નો ઉલ્લેખ થયો છે.

ઉતરાણકાળ :

આયત ૨૭ થી ૩૧ અને આયત ૩૮ થી ૪૩ના વિષયો સાબિત કરે છે કે આ એ જ ગાળાની સૂરઃ છે, જેમાં સૂરઃ ૧૦ - યૂનુસ, સૂરઃ ૧૧ - હૂદ અને સૂરઃ ૭ - આ'રાફ અવતરિત થઈ છે, અર્થાત્ મક્કા-નિવાસનો અંતિમ કાળ. વર્ણન-શૈલીથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે પયગંબર (સલ્લ.)ને ઇસ્લામનું આમંત્રણ આપવાના કાર્ય કરતાં એક લાંબી મુદત વિતી ગઈ છે, વિરોધીઓ આપને પરેશાન કરવા અને આપના મિશનને નિષ્ફળ બનાવવા વિવિધ ચાલબાજીઓ કરી રહ્યા છે, ઈમાનવાળાઓ વારંવાર એ ઇચ્છાઓ કરી રહ્યા છે કે કદાચ ! ભલે કોઈ ચમત્કાર દેખાડીને પણ આ લોકોને સન્માર્ગે લાવવામાં આવે. પરંતુ અલ્લાહ મુસલમાનોને સમજાવી રહ્યો છે કે ઈમાનનો માર્ગ બતાવવાની આ રીત અમારે ત્યાં પ્રચલિત નથી અને જો સત્યના દુશ્મનોને મહેતલ આપવામાં આવી રહી છે, તો આ બાબત એવી નથી કે જેનાથી તમે ગભરાઈ જાઓ. પછી આયત ૩૧ દ્વારા એ પણ જાણવા મળે છે કે કાફિરો (વિરોધીઓ)ના હઠાગ્રહનું વારંવાર એવું પ્રદર્શન થઈ ચૂક્યું છે, જેના પછી એમ કહેવું તદ્દન ઉચિત લાગે છે કે જો કબરોમાંથી મડદાં પણ ઊઠીને આવી જાય, તો પણ આ લોકો નહીં માને, બલ્કે આ ઘટનાનું પણ કોઈ-ને-કોઈ અર્થઘટન કરી નાખશે. આ બધી બાબતો ઉપરથી એવું જ લાગે છે કે આ સૂરઃ મક્કી યુગના છેલ્લા તબક્કામાં અવતરિત થઈ હશે.

કેન્દ્રીય વિષય :

સૂરઃનો ઉદ્દેશ્ય પહેલી જ આયતમાં રજૂ કરી દેવામાં આવ્યો છે, અર્થાત્ હઝરત મુહમ્મદ (સલ્લ.) જે કંઈ પ્રસ્તુત કરી રહ્યા છે તે સત્ય જ છે, પરંતુ એ લોકોની ભૂલ છે કે તેઓ તેને નથી માનતા. આખું પ્રવચન આ જ કેન્દ્રીય વિષયના આસપાસ ફરે છે. આ અંગે વારંવાર જુદી-જુદી રીતે તૌહીદ, આખિરત અને રિસાલતનું સત્ય હોવું પુરવાર કરવામાં આવ્યું છે. તેના પર ઈમાન લાવવાના

નૈતિક અને આધ્યાત્મિક લાભોની સમજ આપવામાં આવી છે, તેમને ન માનવાનું નુકસાન બતાવવામાં આવ્યું છે અને આ વાત ગળે ઊતારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે કુફ્ર (ઇન્કાર) સંપૂર્ણપણે અજ્ઞાનતા અને મૂર્ખામી છે. પછી આ સમગ્ર વર્ણનનો હેતુ ફક્ત મગજને સંતુષ્ટ કરવાનો જ નથી, બલ્કે હૃદયોને ઈમાન તરફ આકૃષ્ટ કરવાનો પણ છે, તેથી નર્યા તાર્કિક પ્રમાણોથી કામ લેવામાં આવ્યું નથી, બલ્કે એક-એક પ્રમાણ અને એક-એક પુરાવો રજૂ કર્યા પછી થોભીને જુદી-જુદી રીતે ડરાવવામાં અને ધમકાવવામાં આવ્યા, સત્ય તરફ ઉત્પ્રેરિત કર્યા અને પ્રેમથી સમજાવવામાં આવ્યા છે, જેથી નાસમજ લોકો પોતાના અજ્ઞાનતાપૂર્ણ હઠાગ્રહને ત્યજી દે.

પ્રવચન દરમ્યાન ઠેક-ઠેકાણે વિરોધીઓના વાંધાઓનો ઉલ્લેખ કર્યા વિના તેના જવાબો આપવામાં આવ્યા છે અને તે સંદેહોનું નિવારણ કરવામાં આવ્યું છે જે પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)ના સંદેશ અંગે લોકોના મનમાં પ્રવર્તતા હતા, કે પછી વિરોધીઓ દ્વારા નાખવામાં આવતા હતા. આ ઉપરાંત ઈમાનવાળાઓને પણ, જેઓ ઘણા વર્ષોનાં લાંબા અને કઠિન સંઘર્ષનાં કારણે થાકી જઈ રહ્યા હતા અને બેચેનીપૂર્વક પરોક્ષ સહાયતાની રાહ જોઈ રહ્યા હતા, સાંત્વના આપવામાં આવી છે.

(آیاتها ٤٣) (١٣) سُوْرَةُ الرَّعْدِ مَدَنِيَّةٌ (٩٦) (رکوعاتها ٦)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓرٰ قف تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ ؕ وَالَّذِيْٓ اُنْزِلَ اِلَيْكَ
مِنْ رَّبِّكَ الْحَقُّ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يُؤْمِنُوْنَ ۝١
اَللّٰهُ الَّذِيْ رَفَعَ السَّمٰوٰتِ بِغَيْرِ عَمَدٍ تَرَوْنَهَا ثُمَّ
اسْتَوٰى عَلَى الْعَرْشِ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ؕ
كُلٌّ يَّجْرِيْ لِاَجَلٍ مُّسَمًّى ؕ يُدَبِّرُ الْاَمْرَ يُفَصِّلُ
الْاٰيٰتِ لَعَلَّكُمْ بِلِقَآءِ رَبِّكُمْ تُوْقِنُوْنَ ۝٢ وَهُوَ الَّذِيْ
مَدَّ الْاَرْضَ وَجَعَلَ فِيْهَا رَوَاسِيَ وَاَنْهٰرًا ؕ وَمِنْ
كُلِّ الثَّمَرٰتِ جَعَلَ فِيْهَا زَوْجَيْنِ اثْنَيْنِ يُغْشِي
الَّيْلَ النَّهَارَ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ۝٣
وَفِي الْاَرْضِ قِطَعٌ مُّتَجٰوِرٰتٌ وَّجَنّٰتٌ مِّنْ اَعْنَابٍ وَّ
زَرْعٌ وَّنَخِيْلٌ صِنْوَانٌ وَّغَيْرُ صِنْوَانٍ يُّسْقٰى بِمَآءٍ
وَّاحِدٍ قف وَنُفَضِّلُ بَعْضَهَا عَلٰى بَعْضٍ فِي الْاُكُلِ ؕ
اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ۝٤ وَاِنْ تَعْجَبْ
فَعَجَبٌ قَوْلُهُمْ ءَاِذَا كُنَّا تُرٰبًا ءَاِنَّا لَفِيْ خَلْقٍ
جَدِيْدٍ ۬ؕ اُولٰٓئِكَ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ ۚ وَاُولٰٓئِكَ
الْاَغْلٰلُ فِيْٓ اَعْنَاقِهِمْ ۚ وَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ
هُمْ فِيْهَا خٰلِدُوْنَ ۝٥ وَيَسْتَعْجِلُوْنَكَ بِالسَّيِّئَةِ

(૧૩) સૂરઃ અર્-રઅ્દ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૬ ● આયતો : ૪૩)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલિફ-લામ-મીમ-રા. આ અલ્લાહના ગ્રંથની આયતો છે, અને જે કંઈ તમારા રબ (પ્રભુ) તરફથી તમારા ઉપર અવતરિત કરવામાં આવ્યું છે તે તદ્દન સત્ય છે, પરંતુ (તમારી કોમના) મોટા ભાગના લોકો માની રહ્યા નથી.

૨. તે અલ્લાહ જ છે જેણે આકાશોને એવા આધારો વિના કાયમ કર્યા જે તમને દેખાતા હોય, પછી તે પોતાના રાજ-સિંહાસન પર બિરાજમાન થયો, અને તેણે સૂર્ય અને ચંદ્રને એક કાનૂનને તાબે કર્યા. આ આખી વ્યવસ્થાની પ્રત્યેક વસ્તુ એક નિર્ધારિત સમય સુધી ચાલી રહી છે, અને અલ્લાહ જ આ સમગ્ર કાર્યનું નિયમન કરી રહ્યો છે. તે નિશાનીઓ ખોલી-ખોલીને વર્ણવે છે, કદાચ તમે પોતાના રબની મુલાકાતનો વિશ્વાસ કરો.

૩. અને તે જ છે જેણે આ ધરતી ફેલાવી રાખી છે, તેમાં પર્વતોના ખૂંટા ખોસી રાખ્યા છે અને નદીઓ વહેવડાવી દીધી છે. તેણે જ દરેક પ્રકારના ફળોની જોડીઓ પેદા કરી છે અને તે જ દિવસ ઉપર રાતને ઢાંકી દે છે. આ બધી વસ્તુઓમાં મોટી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ચિંતન-મનનથી કામ લે છે.

૪. અને જુઓ, પૃથ્વી ઉપર જુદા-જુદા ભૂ-ભાગો જોવા મળે છે જે એક-બીજાથી જોડાયેલા છે, દ્રાક્ષના બગીચા છે, ખેતરો છે, ખજૂરના વૃક્ષો છે જેમાંથી કેટલાક એકવડિયા છે અને કેટલાક બેવડા. બધાને એક જ પાણી સિંચે છે, પરંતુ સ્વાદમાં અમે કોઈને સારો બનાવી લઈએ છીએ તો કોઈને ઊતરતો. આ બધી વસ્તુઓમાં અનેક નિશાનીઓ છે તે લોકો માટે જેઓ બુદ્ધિનો ઉપયોગ કરે છે.

૫. હવે જો તમારે આશ્ચર્ય પામવું હોય તો આશ્ચર્ય પામવા લાયક લોકોનું આ કથન છે કે, "જ્યારે અમે મૃત્યુ પામીને માટી થઈ જઈશું તો શું અમે નવેસરથી પેદા કરવામાં આવીશું ?" આ તે લોકો છે જેમણે પોતાના રબ સાથે કુફ્ર (ઇન્કાર) કર્યું છે. આ તે લોકો છે જેમના ગળામાં તોક (ભારે બેડીઓ) પડેલી છે. આ લોકો જહન્નમી છે અને જહન્નમમાં હંમેશા રહેશે.

૬. આ લોકો ભલાઈથી પહેલાં બૂરાઈ માટે ઉતાવળ કરી રહ્યા છે જો કે

قَبْلَ الْحَسَنَةِ وَقَدْ خَلَتْ مِنْ قَبْلِهِمُ الْمَثُلٰتُ ؕ
وَاِنَّ رَبَّكَ لَذُوْ مَغْفِرَةٍ لِّلنَّاسِ عَلٰى ظُلْمِهِمْ ۚ وَ
اِنَّ رَبَّكَ لَشَدِيْدُ الْعِقَابِ ۞ ٦ وَيَقُوْلُ الَّذِيْنَ
كَفَرُوْا لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ؕ اِنَّمَآ
اَنْتَ مُنْذِرٌ وَّلِكُلِّ قَوْمٍ هَادٍ ۞ ٧ ع اَللّٰهُ يَعْلَمُ مَا
تَحْمِلُ كُلُّ اُنْثٰى وَمَا تَغِيْضُ الْاَرْحَامُ وَمَا تَزْدَادُ ؕ
وَكُلُّ شَیْءٍ عِنْدَهٗ بِمِقْدَارٍ ۞ ٨ عٰلِمُ الْغَيْبِ وَ
الشَّهَادَةِ الْكَبِيْرُ الْمُتَعَالِ ۞ ٩ سَوَآءٌ مِّنْكُمْ مَّنْ اَسَرَّ
الْقَوْلَ وَمَنْ جَهَرَ بِهٖ وَمَنْ هُوَ مُسْتَخْفٍ بِالَّيْلِ وَ
سَارِبٌ بِالنَّهَارِ ۞ ١٠ لَهٗ مُعَقِّبٰتٌ مِّنْ بَيْنِ يَدَيْهِ وَ
مِنْ خَلْفِهٖ يَحْفَظُوْنَهٗ مِنْ اَمْرِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ
لَا يُغَيِّرُ مَا بِقَوْمٍ حَتّٰى يُغَيِّرُوْا مَا بِاَنْفُسِهِمْ ؕ وَاِذَآ
اَرَادَ اللّٰهُ بِقَوْمٍ سُوْٓءًا فَلَا مَرَدَّ لَهٗ ۚ وَمَا لَهُمْ
مِّنْ دُوْنِهٖ مِنْ وَّالٍ ۞ ١١ هُوَ الَّذِیْ يُرِيْكُمُ الْبَرْقَ خَوْفًا
وَّطَمَعًا وَّيُنْشِئُ السَّحَابَ الثِّقَالَ ۞ ١٢ وَيُسَبِّحُ الرَّعْدُ
بِحَمْدِهٖ وَالْمَلٰٓئِكَةُ مِنْ خِيْفَتِهٖ ۚ وَيُرْسِلُ
الصَّوَاعِقَ فَيُصِيْبُ بِهَا مَنْ يَّشَآءُ وَهُمْ يُجَادِلُوْنَ
فِی اللّٰهِ ۚ وَهُوَ شَدِيْدُ الْمِحَالِ ۞ ١٣ لَهٗ دَعْوَةُ الْحَقِّ ؕ
وَالَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِهٖ لَا يَسْتَجِيْبُوْنَ لَهُمْ

એમના પહેલા (જે લોકો આ રસ્તે ચાલ્યા છે તેમના ઉપર અલ્લાહના પ્રકોપના) બોધપ્રદ દૃષ્ટાંતો આવી ચૂક્યા છે. સાચું તો એ છે કે તારો રબ (પ્રભુ) લોકોના અતિરેક છતાં તેમના સાથે દરગુજરથી કામ લે છે, અને એ પણ સાચું છે કે તારો રબ (પ્રભુ) કઠોર સજા આપનાર છે.

૭. આ લોકો જેમણે તમારી વાત સાંભળવાનો ઈન્કાર કરી દીધો છે, કહે છે કે, ''આ વ્યક્તિ પર તેના રબ તરફથી કોઈ નિશાની કેમ ન ઊતરી?''– તમે તો માત્ર ચેતવણી આપનાર છો, અને દરેક કોમ માટે એક માર્ગદર્શક છે. (રુકૂઅ-૧)

૮. અલ્લાહ એક-એક ગર્ભવતીના પેટથી વાકેફ છે. જે કંઈ તેમાં બને છે, તેને પણ તે જાણે છે અને જે કંઈ તેમાં વધારો-ઘટાડો થાય છે તેની પણ તે જાણકારી રાખે છે. દરેક વસ્તુ માટે તેને ત્યાં એક પ્રમાણ નિયત છે.

૯. તે છૂપી અને જાહેર, દરેક વસ્તુને જાણે છે. તે મહાન છે અને દરેક સંજોગોમાં સર્વોપરી રહેનાર છે.

૧૦. તમારામાંથી કોઈ વ્યક્તિ ચાહે મોટેથી વાત કરે કે ધીમેથી, અને કોઈ રાતના અંધકારમાં છૂપાયેલ હોય અથવા દિવસના પ્રકાશમાં ચાલી રહી હોય, તેના માટે બધું સરખું છે.

૧૧. દરેક મનુષ્યની આગળ અને પાછળ તેના નિયુક્ત કરેલા નિરીક્ષકો લાગેલા છે, જેઓ અલ્લાહના આદેશથી તેની દેખરેખ રાખી રહ્યા છે. હકીકત એ છે કે અલ્લાહ કોઈ કોમની હાલત ત્યાં સુધી બદલતો નથી જ્યાં સુધી તે સ્વયં પોતાના લક્ષણો બદલતી નથી, અને જ્યારે અલ્લાહ કોઈ કોમની બરબાદી લાવવાનો નિર્ણય કરી લે તો પછી તે કોઈના ટાળ્યે ટાળી શકાતી નથી, ન અલ્લાહના મુકાબલામાં આવી કોમનો કોઈ સમર્થક અને સહાયક હોઈ શકે છે.

૧૨. તે જ છે જે તમારા સામે વીજળીઓ ચમકાવે છે જેને જોઈને તમને ડર પણ લાગે છે અને આશાઓ પણ બંધાય છે. તે જ છે જે પાણીથી લદાયેલા વાદળો ઉઠાવે છે,

૧૩. વાદળોની ગર્જના તેની પ્રશંસાસહ તેની પવિત્રતાનું વર્ણન કરે છે અને ફરિશ્તાઓ તેના ભયથી ધ્રુજતા-ધ્રુજતા તેની તસ્બીહ (પવિત્રતાનો જાપ) કરે છે. તે કડાકા બોલાવતી વીજળીઓને મોકલે છે અને (ક્યારેક) તેમને જેના ઉપર ચાહે છે બરાબર એ જ હાલતમાં પાડી દે છે જ્યારે લોકો અલ્લાહ વિષે ઝઘડી રહ્યા હોય છે. વાસ્તવમાં તેની ચાલ ઘણી જબરજસ્ત છે.

૧૪ તેને જ પોકારવું સત્ય છે. રહી તે બીજી હસ્તીઓ, તેને (અલ્લાહને) છોડીને જેમને આ લોકો પોકારે છે, તે તેમની પ્રાર્થનાઓનો કોઈ જવાબ

بِشَیۡءٍ اِلَّا کَبَاسِطِ کَفَّیۡہِ اِلَی الۡمَآءِ لِیَبۡلُغَ فَاہُ وَ مَا
ہُوَ بِبَالِغِہٖ ؕ وَ مَا دُعَآءُ الۡکٰفِرِیۡنَ اِلَّا فِیۡ ضَلٰلٍ ﴿۱۴﴾
وَ لِلّٰہِ یَسۡجُدُ مَنۡ فِی السَّمٰوٰتِ وَ الۡاَرۡضِ طَوۡعًا وَّ
کَرۡہًا وَّ ظِلٰلُہُمۡ بِالۡغُدُوِّ وَ الۡاٰصَالِ ﴿۱۵﴾ قُلۡ مَنۡ رَّبُّ
السَّمٰوٰتِ وَ الۡاَرۡضِ ؕ قُلِ اللّٰہُ ؕ قُلۡ اَفَاتَّخَذۡتُمۡ مِّنۡ
دُوۡنِہٖۤ اَوۡلِیَآءَ لَا یَمۡلِکُوۡنَ لِاَنۡفُسِہِمۡ نَفۡعًا وَّ لَا ضَرًّا ؕ
قُلۡ ہَلۡ یَسۡتَوِی الۡاَعۡمٰی وَ الۡبَصِیۡرُ ۬ۙ اَمۡ ہَلۡ تَسۡتَوِی
الظُّلُمٰتُ وَ النُّوۡرُ ۬ۚ اَمۡ جَعَلُوۡا لِلّٰہِ شُرَکَآءَ خَلَقُوۡا
کَخَلۡقِہٖ فَتَشَابَہَ الۡخَلۡقُ عَلَیۡہِمۡ ؕ قُلِ اللّٰہُ خَالِقُ
کُلِّ شَیۡءٍ وَّ ہُوَ الۡوَاحِدُ الۡقَہَّارُ ﴿۱۶﴾ اَنۡزَلَ مِنَ السَّمَآءِ
مَآءً فَسَالَتۡ اَوۡدِیَۃٌۢ بِقَدَرِہَا فَاحۡتَمَلَ السَّیۡلُ
زَبَدًا رَّابِیًا ؕ وَ مِمَّا یُوۡقِدُوۡنَ عَلَیۡہِ فِی النَّارِ
ابۡتِغَآءَ حِلۡیَۃٍ اَوۡ مَتَاعٍ زَبَدٌ مِّثۡلُہٗ ؕ کَذٰلِکَ یَضۡرِبُ
اللّٰہُ الۡحَقَّ وَ الۡبَاطِلَ ۬ؕ فَاَمَّا الزَّبَدُ فَیَذۡہَبُ جُفَآءً ۚ
وَ اَمَّا مَا یَنۡفَعُ النَّاسَ فَیَمۡکُثُ فِی الۡاَرۡضِ ؕ کَذٰلِکَ
یَضۡرِبُ اللّٰہُ الۡاَمۡثَالَ ﴿ؕ۱۷﴾ لِلَّذِیۡنَ اسۡتَجَابُوۡا لِرَبِّہِمُ
الۡحُسۡنٰی ؕؔ وَ الَّذِیۡنَ لَمۡ یَسۡتَجِیۡبُوۡا لَہٗ لَوۡ اَنَّ لَہُمۡ مَّا
فِی الۡاَرۡضِ جَمِیۡعًا وَّ مِثۡلَہٗ مَعَہٗ لَافۡتَدَوۡا بِہٖ ؕ
اُولٰٓئِکَ لَہُمۡ سُوۡٓءُ الۡحِسَابِ ۬ۙ وَ مَاۡوٰىہُمۡ جَہَنَّمُ ؕ وَ

السجدة ٥

وقف النبی صلی اللہ علیہ وآلہ وسلم

નથી આપી શકતી. તેમને પોકારવું તો એવું છે જેમ કે કોઈ મનુષ્ય પાણી તરફ હાથ ફેલાવીને તેને વિનંતી કરે કે તું મારા મોઢા સુધી પહોંચી જા, જો કે પાણી તેના સુધી પહોંચવાનું નથી. બસ, આ રીતે કાફિરો (અધર્મીઓ)ની પ્રાર્થનાઓ પણ કંઈ નથી પરંતુ એક તીર કોઈ લક્ષ્ય વિનાનું.

૧૫. તે તો એક અલ્લાહ જ છે જેને ધરતી અને આકાશોની પ્રત્યેક વસ્તુ ઇચ્છા-અનિચ્છાએ સિજદો કરી રહી છે અને બધી વસ્તુઓના પડછાયા સવાર-સાંજ તેના આગળ ઝૂકે છે.

૧૬. આમને પૂછો, આકાશ અને ધરતીનો રબ (માલિક અને પાલનહાર) કોણ છે ?— કહો, અલ્લાહ. પછી એમને કહો કે જ્યારે હકીકત આ છે તો શું તમે તેને છોડીને એવા ઉપાસ્યોને પોતાના કાર્યસાધક ઠેરવી લીધા જેઓ સ્વયં પોતાના માટે પણ કોઈ નફા-નુકસાનનો અધિકાર ધરાવતા નથી ? કહો, શું આંધળો અને આંખોવાળો સમાન હોય છે ? શું પ્રકાશ અને અંધકાર સરખા હોય છે ? અને જો આવું નથી તો શું તેમના ઠેરવેલા ભાગીદારોએ પણ અલ્લાહની જેમ કંઈ પેદા કર્યું છે કે તેના કારણે તેમના પર સર્જનની બાબત શંકાસ્પદ થઈ ગઈ છે ?— કહો, દરેક વસ્તુનો પેદા કરનાર માત્ર અલ્લાહ છે અને તે અદ્વિતીય છે, સૌના ઉપર વર્ચસ્વ ધરાવનાર.

૧૭. અલ્લાહે આકાશમાંથી પાણી વરસાવ્યું અને દરેક નદી-નાળું પોતાની ગુંજાશ મુજબ તેને લઈને ચાલી નીકળ્યું. પછી જ્યારે પૂર આવ્યું તો સપાટી પર ફીણ પણ આવી ગયા, અને આવા જ ફીણ તે ધાતુઓમાં પણ ઉભરાય છે જેમને ઘરેણાં અને વાસણો વગેરે બનાવવા માટે લોકો પીગળાવે છે. આ જ ઉદાહરણ વડે અલ્લાહ સત્ય અને અસત્યના મામલાને સ્પષ્ટ કરે છે. જે ફીણ છે તે ઊડી જાય છે અને જે વસ્તુ મનુષ્ય માટે ફાયદાકારક છે તે ધરતી પર રહી જાય છે. આવી રીતે અલ્લાહ ઉદાહરણો દ્વારા પોતાની વાત સમજાવે છે.

૧૮. જે લોકોએ પોતાના રબનું આમંત્રણ સ્વીકારી લીધું, તેમના માટે ભલાઈ છે અને જેમણે તેને સ્વીકાર્યું નહીં, તેઓ જો ધરતીની બધી જ દોલતના પણ માલિક હોય અને તેટલી જ બીજી મેળવી લે, તો તેઓ અલ્લાહની પકડથી બચવા માટે આ બધી ફિદયા (અર્થ-દંડ)માં આપી દેવા માટે તૈયાર થઈ જશે. આ તે લોકો છે જેમના પાસેથી ખરાબ રીતે હિસાબ લેવામાં આવશે અને તેમનું ઠેકાણું જહન્નમ (નર્ક) છે, ઘણું જ ખરાબ ઠેકાણું. (રુકૂઅ-૨)

بِئْسَ الْمِهَادُ ﴿۱۸﴾ اَفَمَنْ يَّعْلَمُ اَنَّمَآ اُنْزِلَ اِلَيْكَ ع ۲ ۱۱ ۸
مِنْ رَّبِّكَ الْحَقُّ كَمَنْ هُوَ اَعْمٰى ؕ اِنَّمَا يَتَذَكَّرُ
اُولُوا الْاَلْبَابِ ﴿۱۹﴾ الَّذِيْنَ يُوْفُوْنَ بِعَهْدِ اللّٰهِ وَلَا
يَنْقُضُوْنَ الْمِيْثَاقَ ﴿۲۰﴾ وَالَّذِيْنَ يَصِلُوْنَ مَآ اَمَرَ اللّٰهُ
بِهٖٓ اَنْ يُّوْصَلَ وَيَخْشَوْنَ رَبَّهُمْ وَيَخَافُوْنَ سُوْٓءَ
الْحِسَابِ ؕ﴿۲۱﴾ وَالَّذِيْنَ صَبَرُوا ابْتِغَآءَ وَجْهِ رَبِّهِمْ وَ
اَقَامُوا الصَّلٰوةَ وَاَنْفَقُوْا مِمَّا رَزَقْنٰهُمْ سِرًّا وَّعَلَانِيَةً
وَّيَدْرَءُوْنَ بِالْحَسَنَةِ السَّيِّئَةَ اُولٰٓئِكَ لَهُمْ عُقْبَى
الدَّارِ ﴿۲۲﴾ جَنّٰتُ عَدْنٍ يَّدْخُلُوْنَهَا وَمَنْ صَلَحَ مِنْ
اٰبَآئِهِمْ وَاَزْوَاجِهِمْ وَذُرِّيّٰتِهِمْ وَالْمَلٰٓئِكَةُ يَدْخُلُوْنَ
عَلَيْهِمْ مِّنْ كُلِّ بَابٍ ﴿۲۳﴾ سَلٰمٌ عَلَيْكُمْ بِمَا صَبَرْتُمْ فَنِعْمَ
عُقْبَى الدَّارِ ؕ﴿۲۴﴾ وَالَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَ اللّٰهِ مِنْۢ بَعْدِ
مِيْثَاقِهٖ وَيَقْطَعُوْنَ مَآ اَمَرَ اللّٰهُ بِهٖٓ اَنْ يُّوْصَلَ وَ
يُفْسِدُوْنَ فِي الْاَرْضِ ۙ اُولٰٓئِكَ لَهُمُ اللَّعْنَةُ وَلَهُمْ
سُوْٓءُ الدَّارِ ﴿۲۵﴾ اَللّٰهُ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ وَ
يَقْدِرُ ؕ وَفَرِحُوْا بِالْحَيٰوةِ الدُّنْيَا ؕ وَمَا الْحَيٰوةُ الدُّنْيَا
فِي الْاٰخِرَةِ اِلَّا مَتَاعٌ ﴿۲۶﴾ وَيَقُوْلُ الَّذِيْنَ كَفَرُوْا لَوْلَآ ع ۸ ۹
اُنْزِلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ؕ قُلْ اِنَّ اللّٰهَ يُضِلُّ مَنْ
يَّشَآءُ وَيَهْدِيْٓ اِلَيْهِ مَنْ اَنَابَ ﴿۲۷﴾ الَّذِيْنَ اٰمَنُوْا منزل ۳

૧૯. વળી એવું કઈ રીતે શક્ય છે કે તે વ્યક્તિ જે તમારા રબના આ ગ્રંથને, જે તેણે તમારા ઉપર અવતરિત કર્યો છે, સાચો માને છે અને તે વ્યક્તિ જે આ હકીકત પ્રત્યે આંધળો છે, બંને સમાન થઈ જાય ? શિખામણ તો બુદ્ધિશાળી લોકો જ સ્વીકારે છે.

૨૦. અને તેઓનું વર્તન એ હોય છે કે અલ્લાહ સાથેનું પોતાનું વચન પૂરૂં કરે છે, તેને મજબૂતીથી બાંધી લીધા પછી તોડી નથી નાખતા.

૨૧. તેમનું વર્તન એ હોય છે કે અલ્લાહે જે-જે સંબંધો જાળવી રાખવાનો હુકમ આપ્યો છે, તેને જાળવી રાખે છે, પોતાના રબથી ડરે છે અને એ વાતનો ડર રાખે છે કે ક્યાંક તેમના પાસેથી ખરાબ રીતે હિસાબ લેવામાં ન આવે.

૨૨. તેમની હાલત એ હોય છે કે પોતાના રબની પ્રસન્નતા માટે ધૈર્યથી કામ લે છે, નમાઝ કાયમ કરે છે, અમારી આપેલ રોજીમાંથી જાહેરમાં અને છૂપી રીતે ખર્ચ કરે છે અને બૂરાઈને ભલાઈથી દૂર કરે છે. આખિરત (પરલોક)નું ઘર આ જ લોકો માટે છે,

૨૩-૨૪. એટલે કે એવા બાગો જે તેમના કાયમી રહેઠાણ હશે. તેઓ પોતે પણ તેમાં દાખલ થશે અને તેમના બાપ-દાદા અને તેમની પત્નીઓ અને તેમની સંતાનમાંથી જે-જે સદાચારી છે, તેઓ પણ તેમના સાથે ત્યાં જશે. ફરિશ્તાઓ દરેક બાજુથી તેમના સ્વાગત માટે આવશે અને તેમને કહેશે, ''તમારા પર સલામતી છે, તમે દુનિયામાં જે રીતે ધૈર્યથી કામ લીધું તેના કારણે આજે તમે આના અધિકારી થયા છો.''– પછી કેવું સુંદર છે આ આખિરત (પરલોક)નું ઘર !

૨૫. રહ્યા તે લોકો જેઓ અલ્લાહ સાથેના કરારને મજબૂત બાંધી લીધા પછી તોડી નાખે છે, જેઓ તે સંબંધોને કાપી નાખે છે જેને અલ્લાહે જોડવાનો આદેશ આપ્યો છે અને જેઓ ધરતી ઉપર બગાડ ફેલાવે છે, તેઓ ધિક્કારને પાત્ર છે અને તેમના માટે આખિરત (પરલોક)માં ઘણું જ ખરાબ ઠેકાણું છે.

૨૬. અલ્લાહ જેને ચાહે છે વિપુલ રોજી આપે છે અને જેને ચાહે છે બાંધી રોજી આપે છે. આ લોકો દુનિયાના જીવનમાં મગ્ન છે, જો કે દુનિયા (આલોક)નું જીવન આખિરત (પરલોક)ના મુકાબલામાં અલ્પ સુખ-સામગ્રી સિવાય કંઈ નથી. (રુકૂઅ-૩)

૨૭. આ લોકો, જેમણે (હઝરત મુહમ્મદ સલ્લ.ની પયગંબરીને માનવાનો) ઇન્કાર કરી દીધો છે, કહે છે, ''આ વ્યક્તિ પર તેના રબ તરફથી કોઈ નિશાની કેમ ન ઊતરી.''– કહો, અલ્લાહ જેને ચાહે છે ભટકાવી દે છે અને પોતાના તરફ આવવાનો માર્ગ તેને જ દેખાડે છે જે તેના તરફ વળે.

وَتَطْمَئِنُّ قُلُوْبُهُمْ بِذِكْرِ اللّٰهِ ؕ اَلَا بِذِكْرِ اللّٰهِ
تَطْمَئِنُّ الْقُلُوْبُ ؕ﴿۲۸﴾ اَلَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
طُوْبٰى لَهُمْ وَحُسْنُ مَاٰبٍ ﴿۲۹﴾ كَذٰلِكَ اَرْسَلْنٰكَ فِيْۤ
اُمَّةٍ قَدْ خَلَتْ مِنْ قَبْلِهَاۤ اُمَمٌ لِّتَتْلُوَا۠ عَلَيْهِمُ
الَّذِيْۤ اَوْحَيْنَاۤ اِلَيْكَ وَهُمْ يَكْفُرُوْنَ بِالرَّحْمٰنِ ؕ قُلْ
هُوَ رَبِّيْ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ عَلَيْهِ تَوَكَّلْتُ وَاِلَيْهِ
مَتَابِ ﴿۳۰﴾ وَلَوْ اَنَّ قُرْاٰنًا سُيِّرَتْ بِهِ الْجِبَالُ اَوْ
قُطِّعَتْ بِهِ الْاَرْضُ اَوْ كُلِّمَ بِهِ الْمَوْتٰى ؕ بَلْ لِّلّٰهِ
الْاَمْرُ جَمِيْعًا ؕ اَفَلَمْ يَاْيْـَٔسِ الَّذِيْنَ اٰمَنُوْۤا اَنْ لَّوْ
يَشَآءُ اللّٰهُ لَهَدَى النَّاسَ جَمِيْعًا ؕ وَلَا يَزَالُ
الَّذِيْنَ كَفَرُوْا تُصِيْبُهُمْ بِمَا صَنَعُوْا قَارِعَةٌ اَوْ تَحُلُّ
قَرِيْبًا مِّنْ دَارِهِمْ حَتّٰى يَاْتِيَ وَعْدُ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ لَا
يُخْلِفُ الْمِيْعَادَ ﴿۳۱﴾ ع وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّنْ ع ٥ / ١٠
قَبْلِكَ فَاَمْلَيْتُ لِلَّذِيْنَ كَفَرُوْا ثُمَّ اَخَذْتُهُمْ ۫ فَكَيْفَ
كَانَ عِقَابِ ﴿۳۲﴾ اَفَمَنْ هُوَ قَآئِمٌ عَلٰى كُلِّ نَفْسٍۭ بِمَا
كَسَبَتْ ۚ وَجَعَلُوْا لِلّٰهِ شُرَكَآءَ ؕ قُلْ سَمُّوْهُمْ ؕ اَمْ
تُنَبِّئُوْنَهٗ بِمَا لَا يَعْلَمُ فِي الْاَرْضِ اَمْ بِظَاهِرٍ مِّنَ
الْقَوْلِ ؕ بَلْ زُيِّنَ لِلَّذِيْنَ كَفَرُوْا مَكْرُهُمْ وَصُدُّوْا
عَنِ السَّبِيْلِ ؕ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ هَادٍ ﴿۳۳﴾

૨૮. આવા જ લોકો છે તેઓ, જેમણે (આ નબીનો સંદેશ) માની લીધો છે અને તેમના હૃદયોને અલ્લાહના સ્મરણથી સંતોષ પ્રાપ્ત થાય છે. ખબરદાર રહો, અલ્લાહનું સ્મરણ જ એ વસ્તુ છે જેનાથી હૃદયોને સંતોષ પ્રાપ્ત થતો હોય છે.

૨૯. પછી જે લોકોએ સત્યનો સંદેશ માન્યો અને સત્કાર્યો કર્યા; તેઓ સદ્ભાગી છે અને તેમના માટે સારું પરિણામ છે.

૩૦. હે નબી! આવી શાનથી અમે તમને રસૂલ બનાવીને મોકલ્યા, એક એવી કોમમાં જેના પહેલાં ઘણી કોમો થઈ ચૂકી છે, જેથી તમે આ લોકોને એ સંદેશ સંભળાવો જે અમે તમારા ઉપર અવતરિત કર્યો છે, આ સ્થિતિમાં કે જ્યારે આ લોકો પોતાના અત્યંત દયાળુ અલ્લાહના ઈન્કાર કરનારા બનેલા છે. તેમને કહો કે તે જ મારો રબ છે, તેના સિવાય કોઈ ઉપાસ્ય નથી, તેના ઉપર જ મેં ભરોસો કર્યો અને તે જ મારું આશ્રય-સ્થાન છે.

૩૧. અને શું થઈ જતું જો કોઈ એવું કુર્આન અવતરિત કરી દેવામાં આવ્યું હોત જેની શક્તિથી પર્વતો ચાલવા લાગતા, અથવા ધરતી ફાટી જતી અથવા મડદાં કબરોમાંથી બહાર આવી બોલવા લાગતા? (આ પ્રકારની નિશાનીઓ દેખાડી દેવાનું સહેજ પણ મુશ્કેલ નથી) બલ્કે તમામ અધિકાર અલ્લાહના હાથમાં છે. પછી શું ઈમાનવાળા (હજુ પણ ઈન્કાર કરનારાઓની માગણીના જવાબમાં કોઈ નિશાની પ્રગટ થવાની આશામાં બેસેલા છે અને તેઓ આ જાણીને) નિરાશ નથી થઈ ગયા કે જો અલ્લાહ ચાહતો તો સૌ મનુષ્યોને માર્ગદર્શન આપી દેતો? જે લોકોએ અલ્લાહ સાથે કુફ્ર (ઇન્કાર)નું વલણ અપનાવી રાખ્યું છે તેમના પર તેમના કરતૂકોના કારણે કોઈને કોઈ આફત આવતી જ રહે છે, અથવા તેમના ઘરની નજીક ક્યાંક ઊતરી પડે છે. આ ક્રમ ચાલુ રહેશે ત્યાં સુધી કે અલ્લાહનો વાયદો પૂરો થઈ જાય. નિશ્ચિત પણે અલ્લાહ પોતાના વાયદાના વિરુધ્ધ નથી કરતો. (રુકૂઅ-૪)

૩૨. તમારા પહેલાં પણ અનેક રસૂલો (ઈશદૂતો)ની મજાક ઉડાવવામાં આવી છે, પરંતુ મેં હંમેશા ઇન્કાર કરનારાઓને ઢીલ આપી અને છેવટે તેમને પકડી લીધા, પછી જોઈ લો કે મારી સજા કેવી કઠોર હતી.

૩૩. પછી શું તે જે દરેક મનુષ્યની કમાણી પર નજર રાખે છે (તેના મુકાબલામાં આ દુઃસાહસ કરવામાં આવી રહ્યું છે કે) લોકોએ તેના કેટલાક ભાગીદારો ઠેરવ્યા છે? હે નબી! આમને કહો, (જો વાસ્તવમાં તેઓ અલ્લાહે પોતે બનાવેલા ભાગીદારો છે તો) જરા તેમના નામ આપો કે તેઓ કોણ છે? — શું તમે અલ્લાહને એક નવી વાતની ખબર આપી રહ્યા છો, જેને તે જાણતો ન હોય કે પોતાની ધરતીમાં છે? કે પછી તમે લોકો બસ, જે મોંઢામાં આવે તે બોલી નાખો છો? હકીકત એ છે કે જે લોકોએ સત્ય-સંદેશને માનવાનો ઈન્કાર કર્યો છે, તેમના માટે તેમની ચાલબાજીઓ આનંદદાયક બનાવી

لَهُمْ عَذَابٌ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَلَعَذَابُ الْاٰخِرَةِ اَشَقُّ ۚ
وَمَا لَهُمْ مِّنَ اللّٰهِ مِنْ وَّاقٍ ﴿٣٤﴾ مَثَلُ الْجَنَّةِ الَّتِيْ
وُعِدَ الْمُتَّقُوْنَ ؕ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ؕ اُكُلُهَا
دَآئِمٌ وَّظِلُّهَا ؕ تِلْكَ عُقْبَى الَّذِيْنَ اتَّقَوْا ۖۗ وَّعُقْبَى
الْكٰفِرِيْنَ النَّارُ ﴿٣٥﴾ وَالَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَفْرَحُوْنَ
بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمِنَ الْاَحْزَابِ مَنْ يُّنْكِرُ بَعْضَهٗ ؕ
قُلْ اِنَّمَآ اُمِرْتُ اَنْ اَعْبُدَ اللّٰهَ وَلَآ اُشْرِكَ بِهٖ ؕ
اِلَيْهِ اَدْعُوْا وَاِلَيْهِ مَاٰبِ ﴿٣٦﴾ وَكَذٰلِكَ اَنْزَلْنٰهُ
حُكْمًا عَرَبِيًّا ؕ وَلَئِنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ بَعْدَ مَا
جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ مَا لَكَ مِنَ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا
وَاقٍ ﴿٣٧﴾ ع وَلَقَدْ اَرْسَلْنَا رُسُلًا مِّنْ قَبْلِكَ وَجَعَلْنَا ع ٦ ١١
لَهُمْ اَزْوَاجًا وَّذُرِّيَّةً ؕ وَمَا كَانَ لِرَسُوْلٍ اَنْ
يَّاْتِيَ بِاٰيَةٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ لِكُلِّ اَجَلٍ كِتَابٌ ﴿٣٨﴾
يَمْحُوا اللّٰهُ مَا يَشَآءُ وَيُثْبِتُ ۖۚ وَعِنْدَهٗۤ اُمُّ
الْكِتٰبِ ﴿٣٩﴾ وَاِنْ مَّا نُرِيَنَّكَ بَعْضَ الَّذِيْ نَعِدُهُمْ
اَوْ نَتَوَفَّيَنَّكَ فَاِنَّمَا عَلَيْكَ الْبَلٰغُ وَعَلَيْنَا
الْحِسَابُ ﴿٤٠﴾ اَوَلَمْ يَرَوْا اَنَّا نَاْتِي الْاَرْضَ نَنْقُصُهَا
مِنْ اَطْرَافِهَا ؕ وَاللّٰهُ يَحْكُمُ لَا مُعَقِّبَ لِحُكْمِهٖ ؕ
وَهُوَ سَرِيْعُ الْحِسَابِ ﴿٤١﴾ وَقَدْ مَكَرَ الَّذِيْنَ مِنْ

દેવામાં આવી છે અને તેમને સન્માર્ગથી રોકી દેવામાં આવ્યા છે. પછી જેને અલ્લાહ પથભ્રષ્ટતામાં નાખી દે તેને કોઈ રસ્તો બતાવનાર નથી.

૩૪. આવા લોકો માટે દુનિયાના જીવનમાં જ યાતના છે, અને આખિરતની યાતના તેનાથી પણ વધુ સખત છે. કોઈ એવો નથી જે તેમને અલ્લાહથી બચાવનાર હોય.

૩૫. અલ્લાહથી ડરનાર મનુષ્યો માટે જે જન્નત (સ્વર્ગ)નો વાયદો કરવામાં આવ્યો છે, તેની શાન એ છે કે તેની નીચે નહેરો વહી રહી છે, તેના ફળો હંમેશા રહેવાવાળા છે અને તેનો છાંયડો પણ સ્થાયી. આ પરિણામ છે અલ્લાહથી ડરવાવાળા અને સંયમી લોકોનું, અને સત્યનો ઈન્કાર કરનારાઓનું પરિણામ એ છે કે તેમના માટે દોજખ (નર્ક)ની આગ છે.

૩૬. હે નબી ! જે લોકોને અમે અગાઉ ગ્રંથ આપ્યો હતો, તેઓ આ ગ્રંથથી જે અમે તમારા ઉપર અવતરિત કર્યો છે, ખુશ છે અને વિવિધ જૂથોમાં કેટલાક લોકો એવા પણ છે જેઓ તેની કેટલીક વાતોને નથી માનતા. તમે સ્પષ્ટ કહી દો, ''મને તો માત્ર અલ્લાહની બંદગીનો જ આદેશ આપવામાં આવ્યો છે અને એનાથી મનાઈ કરવામાં આવી છે કે કોઈને તેના સાથે ભાગીદાર ઠેરવું. આથી હું તેના તરફ જ આમંત્રણ આપું છું અને તેના જ તરફ મારે પાછા ફરવાનું છે.''

૩૭. આ જ શિખામણ સાથે અમે અરબીમાં આ ફરમાન તમારા પર ઉતાર્યું છે. હવે જો તમે આ જ્ઞાન છતાં જે તમારા પાસે આવી ચૂક્યું છે, લોકોની ઈચ્છાઓનું અનુસરણ કર્યું તો અલ્લાહના મુકાબલામાં ન તમારો કોઈ સમર્થક કે સહાયક છે અને ન તો કોઈ તેની પકડથી તમને બચાવી શકે છે. (રુકૂઅ-૫)

૩૮. તમારા પહેલાં પણ અમે અનેક રસૂલો (ઈશદૂતો) મોકલી ચૂક્યા છીએ અને તેમને અમે પત્ની-બાળકોવાળા જ બનાવ્યા હતા. અને કોઈ પયગંબરની એ તાકાત ન હતી કે અલ્લાહની આજ્ઞા વિના કોઈ નિશાની પોતે લાવી બતાવતો. દરેક યુગ માટે એક ગ્રંથ છે.

૩૯. અલ્લાહ જે કંઈ ઇચ્છે છે, નષ્ટ કરી દે છે અને જે વસ્તુને ઇચ્છે છે કાયમ રાખે છે. ઉમ્મુલ કિતાબ* તેના જ પાસે છે.

૪૦. અને હે નબી ! જે ખરાબ પરિણામની ધમકી અમે આ લોકોને આપી રહ્યા છીએ, તેનો કોઈ ભાગ ચાહે તમારા જીવતાં દેખાડી દઈએ અથવા તેના પ્રગટ થતાં પહેલાં અમે તમને ઉઠાવી લઈએ, દરેક સંજોગોમાં તમારું કામ માત્ર સંદેશ પહોંચાડી દેવાનું છે અને હિસાબ લેવાનું કામ અમારું છે.

૪૧. શું આ લોકો જોતા નથી કે અમે આ ભૂ-ભાગ ઉપર વધતા આવી રહ્યા છીએ અને આનું વર્તુળ દરેક બાજુથી નાનું કરતા જઈ રહ્યા છીએ ? અલ્લાહ શાસન કરી રહ્યો છે, કોઈ તેના નિર્ણયો ઉપર પુનર્વિચારણા

★ મૂળ ગ્રંથ, અર્થાત્ તે સ્રોત જેમાંથી તમામ આકાશી ગ્રંથો નીકળ્યા છે.

قَبْلِهِمْ فَلِلّٰهِ الْمَكْرُ جَمِيْعًا ؕ يَعْلَمُ مَا تَكْسِبُ كُلُّ

نَفْسٍ ؕ وَسَيَعْلَمُ الْكُفّٰرُ لِمَنْ عُقْبَى الدَّارِ ﴿٤٢﴾ وَيَقُوْلُ

الَّذِيْنَ كَفَرُوْا لَسْتَ مُرْسَلًا ؕ قُلْ كَفٰى بِاللّٰهِ شَهِيْدًاۢ

بَيْنِيْ وَبَيْنَكُمْ ۙ وَمَنْ عِنْدَهٗ عِلْمُ الْكِتٰبِ ﴿٤٣﴾ ع

કરવાવાળો નથી અને તેને હિસાબ લેતાં કંઈ વાર લાગતી નથી.

૪૨. તેમના પહેલાં જે લોકો થઈ ગયા છે, તેઓ પણ મોટી-મોટી ચાલો ચાલી ચૂક્યા છે, પરંતુ વાસ્તવિક નિર્ણાયિક ચાલ તો સંપૂર્ણપણે અલ્લાહના જ હાથમાં છે. તે જાણે છે કે કોણ શું કમાણી કરી રહ્યો છે, અને ખૂબ જલ્દીથી સત્યના આ ઇન્કાર કરનારાઓ જોઈ લેશે કે પરિણામ કોનું સારૂં આવે છે.

૪૩. આ ઇન્કાર કરનારાઓ કહે છે કે તમે અલ્લાહના મોકલેલ નથી. કહો, ''મારા અને તમારા વચ્ચે અલ્લાહની સાક્ષી પૂરતી છે અને પછી દરેક તે મનુષ્યની સાક્ષી જે આકાશી ગ્રંથનું જ્ઞાન ધરાવે છે.'' (રુકૂઅ-૬)

(૧૪) ઈબ્રાહીમ

પરિચય

નામ :

આ સૂરઃનું નામ તેની આયત ૩૫ના વાક્ય 'વઈઝ કાલ ઈબ્રાહીમુ રબ્બિજ્-અલ્ હાઝલ્ બલદ આમિના' (યાદ કરો તે સમય જ્યારે ઈબ્રાહીમે દુઆ કરી હતી, ''પાલનહાર ! આ શહેર (અર્થાત્ મક્કા)ને શાંતિનું શહેર બનાવ)થી લેવામાં આવ્યું છે. આ નામનો અર્થ એ નથી કે આ સૂરઃમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની આત્મકથાનું વર્ણન થયું છે, બલ્કે આ પણ મોટાભાગની સૂરઃઓની જેમ પ્રતીક રૂપે છે, અર્થાત્ તે સૂરઃ જેમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો ઉલ્લેખ થયો છે.

ઉતરાણકાળ :

સામાન્ય વર્ણનશૈલી મક્કી યુગના છેલ્લા તબક્કાની સૂરઃઓ જેવી છે. સૂરઃ રઅ્દ જે જમાનામાં અવતરિત થઈ છે તેની નજીકના જ જમાનામાં ઊતરેલી સૂરઃ લાગે છે. મુખ્ય રૂપે આયત ૧૩ના શબ્દો ''વ-કાલલ્લઝીન કફરૂ લિરુસુલિહિમ્ લ-નુખ્‌રિજન્નકુમ મિન્ અર્‌ઝિના અવ્ લ-તઊદુન્ન ફી મિલ્લતિના'' (ઈન્કાર કરનારાઓએ પોતાના રસૂલોને કહ્યું કે કાં તો તમારે અમારી મિલ્લત (પંથ)માં પાછા આવવું પડશે નહીં તો અમે તમને પોતાના દેશની બહાર કાઢી મૂકીશું.) સ્પષ્ટપણે એ સંકેત આપે છે કે મક્કામાં તે વખતે મુસલમાનો પર અત્યાચાર અને ત્રાસ તેની ચરમ સીમાએ પહોંચી ગયા હતા અને મક્કાવાસીઓ અગાઉની કાફિર કોમોની જેમ પોતાના ત્યાંના ઈમાનવાળાઓને શહેરમાંથી બહાર કાઢી મૂકવા કટિબદ્ધ થઈ ગયા હતા. આથી જ તેમને એ ધમકી સંભળાવવામાં આવી, જે તેમના જ જેવું વલણ અપનાવનારી અગાઉની કોમોને આપવામાં આવી હતી કે ''અમે જુલ્મીઓનો નાશ કરીને જ રહીશું'' અને ઈમાનવાળાઓને એ જ સાંત્વના આપવામાં આવી, જે તેમના પુરોગામીઓને આપવામાં આવતી રહી છે કે ''અમે આ જુલ્મીઓને ખતમ કર્યા પછી તમને જ આ ભૂમિમાં વસવાટ કરાવીશું.''

આવી જ રીતે અંતિમ આયતોની શૈલી પણ એ જ દર્શાવે છે કે આ સૂરઃ મક્કી યુગના છેલ્લા તબક્કા સાથે સંબંધિત છે.

કેન્દ્રીય વિષય અને ઉદ્દેશ્ય :

જે લોકો પયગંબર (સલ્લ.)ની રિસાલત (ઈશદૂતત્વ)ને માનવાનો ઈન્કાર કરી રહ્યા હતા અને આપ (સલ્લ.)ના સંદેશને નિષ્ફળ બનાવવા માટે દરેક પ્રકારની ખરાબમાં ખરાબ ચાલબાજીઓ કરી રહ્યા હતા, તેમને

સમજાવવામાં આવ્યા અને ચેતવણી આપવામાં આવી, પરંતુ ઉપદેશની સરખામણીમાં આ સૂરઃમાં ચેતવણી, નિંદા અને ધાક-ધમકીની શૈલી વધુ ધારદાર છે. તેનું કારણ એ છે કે સમજાવવાનો-ઉપદેશ આપવાનો હક પહેલાંની સૂરઃઓમાં સુયોગ્ય રીતે અદા કરવામાં આવી ચૂકયો હતો અને તેમ છતાં કુરૈશના કાફિરોનો હઠાગ્રહ, દુશ્મનાવટ, વિરોધ, દુષ્ટતા અને અત્યાચાર રોજ-બ-રોજ વધતાં જ જઈ રહ્યા હતા.

اٰيَاتُهَا ٥٢ (١٤) سُوْرَةُ اِبْرٰهِيْمَ مَكِّيَّةٌ (٧٢) رُكُوْعَاتُهَا ٧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓرٰ ۚ كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ لِتُخْرِجَ النَّاسَ مِنَ الظُّلُمٰتِ
اِلَى النُّوْرِ ۙ بِاِذْنِ رَبِّهِمْ اِلٰى صِرَاطِ الْعَزِيْزِ
الْحَمِيْدِ ۙ ١ اللّٰهِ الَّذِيْ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي
الْاَرْضِ ؕ وَوَيْلٌ لِّلْكٰفِرِيْنَ مِنْ عَذَابٍ شَدِيْدِ ۙ ٢
الَّذِيْنَ يَسْتَحِبُّوْنَ الْحَيٰوةَ الدُّنْيَا عَلَى الْاٰخِرَةِ
وَيَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَيَبْغُوْنَهَا عِوَجًا ؕ اُولٰٓئِكَ
فِيْ ضَلٰلٍ بَعِيْدٍ ٣ وَمَآ اَرْسَلْنَا مِنْ رَّسُوْلٍ اِلَّا
بِلِسَانِ قَوْمِهٖ لِيُبَيِّنَ لَهُمْ ؕ فَيُضِلُّ اللّٰهُ مَنْ يَّشَآءُ
وَيَهْدِيْ مَنْ يَّشَآءُ ؕ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ٤ وَلَقَدْ
اَرْسَلْنَا مُوْسٰى بِاٰيٰتِنَآ اَنْ اَخْرِجْ قَوْمَكَ مِنَ الظُّلُمٰتِ
اِلَى النُّوْرِ ۙ وَذَكِّرْهُمْ بِاَيّٰىمِ اللّٰهِ ؕ اِنَّ فِيْ ذٰلِكَ
لَاٰيٰتٍ لِّكُلِّ صَبَّارٍ شَكُوْرٍ ٥ وَاِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهِ
اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ اَنْجٰىكُمْ مِّنْ اٰلِ
فِرْعَوْنَ يَسُوْمُوْنَكُمْ سُوْٓءَ الْعَذَابِ وَيُذَبِّحُوْنَ
اَبْنَآءَكُمْ وَيَسْتَحْيُوْنَ نِسَآءَكُمْ ؕ وَفِيْ ذٰلِكُمْ بَلَآءٌ مِّنْ
رَّبِّكُمْ عَظِيْمٌ ۧ ٦ وَاِذْ تَاَذَّنَ رَبُّكُمْ لَئِنْ شَكَرْتُمْ
لَاَزِيْدَنَّكُمْ وَلَئِنْ كَفَرْتُمْ اِنَّ عَذَابِيْ لَشَدِيْدٌ ٧ وَ

(૧૪) સૂરઃ ઈબ્રાહીમ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૭ ● આયતો : ૫૨)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલિફ-લામ-રા. હે પયગંબર ! આ એક ગ્રંથ છે જેને અમે તમારા ઉપર અવતરિત કર્યો છે જેથી તમે લોકોને અંધકારમાંથી કાઢીને પ્રકાશમાં લાવો, તેમના રબ (માલિક અને પાલનહાર)ની સદ્-પ્રેરણાથી, તે અલ્લાહના માર્ગ ઉપર જે પ્રભુત્વશાળી અને સ્વયં પ્રશંસાપાત્ર છે

૨. અને ધરતી અને આકાશોની તમામ વસ્તુઓનો માલિક છે, અને કઠોર વિનાશકારી સજા છે સત્ય ગ્રહણ કરવાથી ઈન્કાર કરનારાઓ માટે

૩. જેઓ દુનિયાની જિંદગીને આખિરત (પરલોક) પર પસંદગી આપે છે, જેઓ અલ્લાહના માર્ગથી લોકોને રોકી રહ્યા છે અને ઈચ્છે છે કે આ માર્ગ (તેમની ઈચ્છાઓ અનુસાર) વાંકો થઈ જાય. આ લોકો પથભ્રષ્ટતામાં ઘણે દૂર નીકળી ગયા છે.

૪. અમે પોતાનો સંદેશ આપવા માટે જ્યારે પણ કોઈ રસૂલ મોકલ્યો છે, તેણે પોતાની કોમની ભાષામાં જ સંદેશ આપ્યો છે જેથી તે તેમને સારી રીતે સ્પષ્ટતાપૂર્વક વાત સમજાવે, પછી અલ્લાહ જેને ચાહે છે ભટકાવી દે છે અને જેને ચાહે છે માર્ગદર્શન પ્રદાન કરે છે, તે સર્વોપરી અને તત્ત્વદર્શી છે.

૫. અમે આનાથી પહેલાં મૂસાને પણ પોતાની નિશાનીઓ સાથે મોકલી ચૂક્યા છીએ. તેને પણ અમે આદેશ આપ્યો હતો કે પોતાની કોમને અંધકારમાંથી કાઢીને પ્રકાશમાં લાવો અને તેમને ઈલાહી (ઈશ્વરીય) ઈતિહાસના★ બોધપ્રદ કિસ્સાઓ સંભળાવીને શિખામણ આપો. આ કિસ્સાઓમાં મોટી નિશાનીઓ છે તે દરેક મનુષ્ય માટે જે ધૈર્ય રાખનાર અને શુક્ર કરનાર (કૃતજ્ઞ) હોય.

૬. યાદ કરો જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું, ''અલ્લાહના તે ઉપકારને યાદ રાખો જે તેણે તમારા પર કર્યો છે, તેણે તમને ફિરઔનવાળાઓથી છોડાવ્યા જે તમને સખત તકલીફો આપતા હતા, તમારા પુત્રોને મારી નાખતા હતા અને તમારી પુત્રીઓને જીવતી રહેવા દેતા હતા, તેમાં તમારા રબ તરફથી તમારી મોટી પરીક્ષા હતી. (રુકૂઅ-૧)

૭. અને યાદ રાખો, તમારા રબે ચેતવી દીધા હતા કે જો આભારી બનશો તો હું તમને હજુ ખૂબ વધારે પ્રદાન કરીશ અને જો નેઅ્મતો (કૃપાઓ)નો

★ અહીં 'અય્યામિલ્લાહ' શબ્દ પ્રયુક્ત થયો છે. 'અય્યામ' શબ્દ અરબી ભાષામાં પરિભાષાના રૂપે યાદગાર ઐતિહાસિક ઘટનાઓ માટે બોલવામાં આવે છે. 'અય્યામિલ્લાહ'થી અભિપ્રેત માનવ-ઈતિહાસના તે મહત્ત્વપૂર્ણ અધ્યાય છે જેમાં અલ્લાહે તત્કાલિન જાતિઓ, કોમો અને મોટાં-મોટાં વ્યક્તિઓને તેમના કર્મો અનુસાર બદલો કે સજા આપી છે.

معانقة عند المتقدمين

قَالَ مُوْسٰٓى اِنْ تَكْفُرُوْٓا اَنْتُمْ وَمَنْ فِى الْاَرْضِ
جَمِيْعًا ۙ فَاِنَّ اللّٰهَ لَغَنِىٌّ حَمِيْدٌ ﴿٨﴾ اَلَمْ يَاْتِكُمْ نَبَؤُا
الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ قَوْمِ نُوْحٍ وَّعَادٍ وَّثَمُوْدَ ۛ
وَالَّذِيْنَ مِنْ بَعْدِهِمْ ۛ لَا يَعْلَمُهُمْ اِلَّا اللّٰهُ ؕ
جَآءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ فَرَدُّوْٓا اَيْدِيَهُمْ فِىْٓ
اَفْوَاهِهِمْ وَقَالُوْٓا اِنَّا كَفَرْنَا بِمَآ اُرْسِلْتُمْ بِهٖ وَاِنَّا
الثلثة
لَفِىْ شَكٍّ مِّمَّا تَدْعُوْنَنَآ اِلَيْهِ مُرِيْبٍ ﴿٩﴾ قَالَتْ
رُسُلُهُمْ اَفِى اللّٰهِ شَكٌّ فَاطِرِ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ
يَدْعُوْكُمْ لِيَغْفِرَ لَكُمْ مِّنْ ذُنُوْبِكُمْ وَيُؤَخِّرَكُمْ اِلٰٓى
اَجَلٍ مُّسَمًّى ؕ قَالُوْٓا اِنْ اَنْتُمْ اِلَّا بَشَرٌ مِّثْلُنَا ؕ
تُرِيْدُوْنَ اَنْ تَصُدُّوْنَا عَمَّا كَانَ يَعْبُدُ اٰبَآؤُنَا
فَاْتُوْنَا بِسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿١٠﴾ قَالَتْ لَهُمْ رُسُلُهُمْ اِنْ
نَّحْنُ اِلَّا بَشَرٌ مِّثْلُكُمْ وَلٰكِنَّ اللّٰهَ يَمُنُّ عَلٰى مَنْ يَّشَآءُ
مِنْ عِبَادِهٖ ؕ وَمَا كَانَ لَنَآ اَنْ نَّاْتِيَكُمْ بِسُلْطٰنٍ اِلَّا
بِاِذْنِ اللّٰهِ ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿١١﴾
وَمَا لَنَآ اَلَّا نَتَوَكَّلَ عَلَى اللّٰهِ وَقَدْ هَدٰىنَا سُبُلَنَا ؕ
وَلَنَصْبِرَنَّ عَلٰى مَآ اٰذَيْتُمُوْنَا ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ
ع ١٤/٢ الْمُتَوَكِّلُوْنَ ﴿١٢﴾ ع وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لِرُسُلِهِمْ
منزل ٣ لَنُخْرِجَنَّكُمْ مِّنْ اَرْضِنَآ اَوْ لَتَعُوْدُنَّ فِىْ مِلَّتِنَا ؕ فَاَوْحٰٓى

ઈન્કાર કરશો તો મારી સજા ઘણી સખત છે."

૮. અને મૂસાએ કહ્યું, "જો તમે કુફ્ર (ઈન્કાર) કરો અને ધરતીના બધા જ રહેવાસીઓ પણ કાફિર (ઈન્કાર કરવાવાળા) થઈ જાય તો અલ્લાહ બેનિયાઝ (નિસ્પૃહ, નિરપેક્ષ છે અર્થાત્ તેને કોઈની જરૂર નથી) અને પોતાની જાતમાં સ્વયં પ્રશંસિત છે."

૯. શું તમને તે કોમોના સમાચાર નથી પહોંચ્યા જેઓ તમારા પહેલાં થઈ ચૂકી છે? નૂહની કોમ, આદ, સમૂદ અને તેમના પછી આવનારી અનેક કોમો જેમની ગણત્રી અલ્લાહને જ ખબર છે ? તેમના રસૂલો (ઈશદૂતો) જ્યારે તેમના પાસે ચોખ્ખી વાતો અને સ્પષ્ટ નિશાનીઓ લઈને આવ્યા તો તેમણે પોતાના મોંઢામાં હાથ નાખી દીધા અને કહ્યું, "જે સંદેશ સાથે તમે મોકલવામાં આવ્યા છો, અમે તેને નથી માનતા અને જે વસ્તુ તરફ તમે અમને બોલાવો છો, તેના વિષે અમે ભારે મૂંઝવનારી શંકામાં પડેલા છીએ."

૧૦. તેમના રસૂલોએ કહ્યું, "શું અલ્લાહ વિષે શંકા છે જે આકાશો અને ધરતીનો સર્જક છે ? તે તમને બોલાવી રહ્યો છે જેથી તમારી ભૂલો માફ કરે અને તમને એક નિશ્ચિત સમય સુધી મહેતલ આપે." તેમણે જવાબ આપ્યો, "તમે કંઈ જ નથી બલ્કે એવા જ મનુષ્ય જેવા અમે છીએ. તમે અમને તે હસ્તીઓની બંદગીથી રોકવા માગો છો જેમની બંદગી બાપ-દાદાના જમાનાથી થતી આવી છે. ભલે, તો લાવો કોઈ સ્પષ્ટ સનંદ."

૧૧. તેમના રસૂલોએ તેમને કહ્યું, "હકીકતમાં અમે કશું નથી બલ્કે તમારા જ જેવા મનુષ્યો. પરંતુ અલ્લાહ પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે પ્રદાન કરે છે અને આ અમારા અધિકારમાં નથી કે તમને કોઈ સનંદ લાવીને આપીએ. સનંદ તો અલ્લાહના જ આદેશથી આવી શકે છે અને ઈમાનવાળાઓએ અલ્લાહ પર જ ભરોસો કરવો જોઈએ.

૧૨. અને અમે અલ્લાહ પર કેમ ભરોસો ન કરીએ, જ્યારે કે અમારા જીવનના માર્ગોમાં તેણે અમારું માર્ગદર્શન કર્યું છે ? જે પીડાઓ તમે અમને આપી રહ્યા છો તે બદલ અમે ધૈર્ય રાખીશું, અને ભરોસો કરનારાઓનો ભરોસો અલ્લાહ પર જ હોવો જોઈએ. (રુકૂઅ-૨)

૧૩. છેવટે ઈન્કાર કરનારાઓએ પોતાના રસૂલોને કહી દીધું, "કાં તો તમારે અમારી મિલ્લત (પંથ)માં પાછા આવવું પડશે, નહીં તો અમે તમને અમારા દેશમાંથી કાઢી મૂકીશું." ત્યારે તેમના રબે તેમના ઉપર

اِلَيْهِمْ رَبُّهُمْ لَنُهْلِكَنَّ الظّٰلِمِيْنَ ﴿١٣﴾ وَلَنُسْكِنَنَّكُمُ
الْاَرْضَ مِنْ بَعْدِهِمْ ؕ ذٰلِكَ لِمَنْ خَافَ مَقَامِيْ وَ
خَافَ وَعِيْدِ ﴿١٤﴾ وَاسْتَفْتَحُوْا وَخَابَ كُلُّ جَبَّارٍ
عَنِيْدٍ ﴿١٥﴾ مِّنْ وَّرَآئِهٖ جَهَنَّمُ وَيُسْقٰى مِنْ مَّآءٍ
صَدِيْدٍ ﴿١٦﴾ يَّتَجَرَّعُهٗ وَلَا يَكَادُ يُسِيْغُهٗ وَيَاْتِيْهِ
الْمَوْتُ مِنْ كُلِّ مَكَانٍ وَّمَا هُوَ بِمَيِّتٍ ؕ وَمِنْ
وَّرَآئِهٖ عَذَابٌ غَلِيْظٌ ﴿١٧﴾ مَثَلُ الَّذِيْنَ كَفَرُوْا
بِرَبِّهِمْ اَعْمَالُهُمْ كَرَمَادِ اِۨشْتَدَّتْ بِهِ الرِّيْحُ فِيْ
يَوْمٍ عَاصِفٍ ؕ لَا يَقْدِرُوْنَ مِمَّا كَسَبُوْا عَلٰى شَيْءٍ ؕ
ذٰلِكَ هُوَ الضَّلٰلُ الْبَعِيْدُ ﴿١٨﴾ اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ خَلَقَ
السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ ؕ اِنْ يَّشَاْ يُذْهِبْكُمْ وَ
يَاْتِ بِخَلْقٍ جَدِيْدٍ ﴿١٩﴾ وَّمَا ذٰلِكَ عَلَى اللّٰهِ
بِعَزِيْزٍ ﴿٢٠﴾ وَبَرَزُوْا لِلّٰهِ جَمِيْعًا فَقَالَ الضُّعَفٰٓؤُا لِلَّذِيْنَ
اسْتَكْبَرُوْٓا اِنَّا كُنَّا لَكُمْ تَبَعًا فَهَلْ اَنْتُمْ مُّغْنُوْنَ
عَنَّا مِنْ عَذَابِ اللّٰهِ مِنْ شَيْءٍ ؕ قَالُوْا لَوْ هَدٰىنَا
اللّٰهُ لَهَدَيْنٰكُمْ ؕ سَوَآءٌ عَلَيْنَآ اَجَزِعْنَآ اَمْ صَبَرْنَا مَا
لَنَا مِنْ مَّحِيْصٍ ﴿٢١﴾ وَقَالَ الشَّيْطٰنُ لَمَّا قُضِيَ ع ٣ ٩ ١٥
الْاَمْرُ اِنَّ اللّٰهَ وَعَدَكُمْ وَعْدَ الْحَقِّ وَوَعَدْتُّكُمْ
فَاَخْلَفْتُكُمْ ؕ وَمَا كَانَ لِيَ عَلَيْكُمْ مِّنْ سُلْطٰنٍ اِلَّآ

વહી મોકલી કે, ''અમે આ અત્યાચારીઓને નષ્ટ કરી દઈશું
૧૪. અને તેમના પછી તમને ધરતીમાં આબાદ કરીશું. આ ઈનામ છે તેનું, જે મારા સામે જવાબ આપવાનો ભય રાખતો હોય અને જે મારી ધમકીથી ડરતો હોય.''
૧૫. તેમણે ફેંસલો માગ્યો હતો (તો આ રીતે તેમનો ફેંસલો થયો) અને દરેક અત્યાચારી, સત્યનો દુશ્મન પરાજિત થયો,
૧૬. ત્યાર પછી આગળ તેના માટે જહન્નમ છે. ત્યાં તેને પરુ સાથે ભળેલાં લોહી જેવું પાણી પીવા માટે આપવામાં આવશે જેને તે જબરજસ્તીથી ગળાથી ઉતારવાની કોશિશ કરશે
૧૭. અને મુશ્કેલીથી જ ઉતારી શકશે. મૃત્યુ ચોમેરથી તેના ઉપર છવાયેલું રહેશે, પરંતુ તે મરી નહીં શકે અને આગળ એક સખત યાતના તેના જીવને લાગેલી રહેશે.
૧૮. જે લોકોએ પોતાના રબ સાથે કુફ્ર (ઇન્કાર) કરેલ છે તેમના કર્મોનું ઉદાહરણ તે રાખ જેવું છે જેને એક તોફાની દિવસની આંધીએ ઉડાવી દીધી હોય. તેઓ પોતાના કરેલાં કર્મોનું કોઈ ફળ પામી શકશે નહીં. આ જ ખૂબ-પરમ્ કોટિની પથભ્રષ્ટતા છે.
૧૯. શું તમે જોતા નથી કે અલ્લાહે આકાશો અને ધરતીના સર્જનને સત્ય પર સ્થાપિત કરેલ છે ? તે ઇચ્છે તો તમને લોકોને લઈ જાય અને એક નવી સૃષ્ટિ તમારી જગ્યાએ લઈ આવે.
૨૦. આવું કરવું તેના માટે સહેજ પણ મુશ્કેલ નથી.
૨૧. અને આ લોકો જ્યારે એકઠા થઈને અલ્લાહ સમક્ષ ખુલ્લા પડશે તો તે વખતે તેમનામાંથી જેઓ દુનિયામાં નબળા હતા, તેઓ તે લોકોને જેઓ મોટા બનેલા હતા, કહેશે, ''દુનિયામાં અમે તમારા આધીન હતા, હવે શું તમે અમને અલ્લાહની યાતનાથી બચાવવા માટે પણ કંઈ કરી શકો છો ?'' તેઓ જવાબ આપશે, ''જો અલ્લાહે અમને મુક્તિનો કોઈ માર્ગ બતાવ્યો હોત તો અમે જરૂર તમને બતાવી દેતા. હવે તો સરખું છે, ચાહે અમે કલ્પાંત કરીએ કે ધૈર્ય રાખીએ, કોઈ પણ સંજોગોમાં અમારા બચવાનો કોઈ માર્ગ નથી.'' (રુકૂઅ-૩)
૨૨. અને જ્યારે ચુકાદો આપી દેવામાં આવશે ત્યારે શેતાન કહેશે, ''સાચું તો એ છે કે અલ્લાહે જે વાયદા તમારા સાથે કર્યા હતા તે બધા જ સાચા હતા અને મેં જેટલા વાયદા કર્યા, તેમાંથી કોઈ પણ પૂરો ન કર્યો. મારું તમારા પર કોઈ જોર તો હતું નહીં, મેં આના સિવાય કંઈ કર્યું

أَنْ دَعَوْتُكُمْ فَاسْتَجَبْتُمْ لِي ۚ فَلَا تَلُومُونِي وَلُومُوا
أَنفُسَكُم ۖ مَّا أَنَا بِمُصْرِخِكُمْ وَمَا أَنتُم بِمُصْرِخِيَّ ۖ إِنِّي
كَفَرْتُ بِمَا أَشْرَكْتُمُونِ مِن قَبْلُ ۗ إِنَّ الظَّالِمِينَ
لَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٢٢﴾ وَأُدْخِلَ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا
الصَّالِحَاتِ جَنَّاتٍ تَجْرِي مِن تَحْتِهَا الْأَنْهَارُ خَالِدِينَ
فِيهَا بِإِذْنِ رَبِّهِمْ ۖ تَحِيَّتُهُمْ فِيهَا سَلَامٌ ﴿٢٣﴾ أَلَمْ تَرَ
كَيْفَ ضَرَبَ اللَّهُ مَثَلًا كَلِمَةً طَيِّبَةً كَشَجَرَةٍ
طَيِّبَةٍ أَصْلُهَا ثَابِتٌ وَفَرْعُهَا فِي السَّمَاءِ ﴿٢٤﴾
تُؤْتِي أُكُلَهَا كُلَّ حِينٍ بِإِذْنِ رَبِّهَا ۗ وَيَضْرِبُ اللَّهُ
الْأَمْثَالَ لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَذَكَّرُونَ ﴿٢٥﴾ وَمَثَلُ
كَلِمَةٍ خَبِيثَةٍ كَشَجَرَةٍ خَبِيثَةٍ اجْتُثَّتْ مِن
فَوْقِ الْأَرْضِ مَا لَهَا مِن قَرَارٍ ﴿٢٦﴾ يُثَبِّتُ اللَّهُ
الَّذِينَ آمَنُوا بِالْقَوْلِ الثَّابِتِ فِي الْحَيَاةِ الدُّنْيَا وَفِي
الْآخِرَةِ ۖ وَيُضِلُّ اللَّهُ الظَّالِمِينَ ۚ وَيَفْعَلُ اللَّهُ مَا
ع ٢/١٦ يَشَاءُ ﴿٢٧﴾ أَلَمْ تَرَ إِلَى الَّذِينَ بَدَّلُوا نِعْمَتَ اللَّهِ كُفْرًا
وَأَحَلُّوا قَوْمَهُمْ دَارَ الْبَوَارِ ﴿٢٨﴾ جَهَنَّمَ يَصْلَوْنَهَا ۖ
وَبِئْسَ الْقَرَارُ ﴿٢٩﴾ وَجَعَلُوا لِلَّهِ أَندَادًا لِّيُضِلُّوا عَن
سَبِيلِهِ ۗ قُلْ تَمَتَّعُوا فَإِنَّ مَصِيرَكُمْ إِلَى النَّارِ ﴿٣٠﴾ قُل
منزل ٣ لِّعِبَادِيَ الَّذِينَ آمَنُوا يُقِيمُوا الصَّلَاةَ وَيُنفِقُوا

નથી કે પોતાના માર્ગ તરફ તમને બોલાવ્યા અને તમે મારા આમંત્રણનો સ્વીકાર કર્યો. હવે મારી નિંદા ન કરો, પોતાની જ નિંદા કરો. અહીં ન હું તમારી ફરિયાદ સાંભળી શકું છું અને ન તો તમે મારી. આના પહેલાં જે તમે મને ખુદાઈ (ઈશ્વરત્વ)માં ભાગીદાર બનાવી રાખ્યો હતો, હું તેની જવાબદારીથી મુક્ત છું, આવા અત્યાચારીઓ માટે તો પીડાકારી સજા નિશ્ચિત છે."

૨૩. આનાથી વિપરીત જે લોકો દુનિયામાં ઈમાન લાવ્યા છે અને જેમણે સદ્કાર્યો કર્યા છે, તેઓ એવા બાગોમાં દાખલ કરવામાં આવશે જેના નીચે નહેરો વહેતી હશે. ત્યાં તેઓ પોતાના રબ (પ્રભુ)ના હુકમથી હંમેશાં રહેશે અને ત્યાં તેમનું સ્વાગત 'સલામતીના અભિવાદન'થી થશે.

૨૪. શું તમે જોતા નથી કે અલ્લાહે 'કલિમએ તૈયિબહ' (પવિત્ર વાત)ને કઈ વસ્તુ સાથે સરખાવેલ છે ? આનું ઉદાહરણ એવું છે કે એક ઉચ્ચ પ્રકારનું વૃક્ષ જેના મૂળ જમીનમાં ઊંડે સુધી જામેલા છે અને શાખાઓ આકાશ સુધી પહોંચેલી છે.

૨૫. પ્રત્યેક ક્ષણે તે પોતાના રબના હુકમથી પોતાના ફળ આપી રહ્યું છે. આ ઉદાહરણો અલ્લાહ એટલા માટે આપે છે કે લોકો તેનાથી બોધ પ્રાપ્ત કરે.

૨૬. અને 'કલિમએ ખબીસા' (અપવિત્ર વાત)નું ઉદાહરણ તે ખરાબ પ્રકારના વૃક્ષ જેવું છે જે જમીનમાંથી ઉખાડીને ફેંકી દેવામાં આવે છે, તેના માટે કોઈ સ્થાયિત્વ નથી.

૨૭. અલ્લાહ પર ઈમાન લાવનારાઓને અલ્લાહ એક પાક (પવિત્ર) અને પ્રમાણિત વચનના આધારે, આલોક (દુનિયા) અને પરલોક (આખિરત) બંનેમાં દૃઢતા પ્રદાન કરે છે, અને અત્યાચારીઓને અલ્લાહ ભટકાવી દે છે. અલ્લાહને અધિકાર છે જે ચાહે કરે. (રુકૂઅ-૪)

૨૮. તમે જોયા તે લોકોને જેમણે અલ્લાહની નેઅ્મત (કૃપા) મેળવી અને તેને અપકાર વડે બદલી નાખી અને (પોતાના સાથે) પોતાની કોમને પણ વિનાશના ઘરમાં ઝોંકી દીધી –

૨૯. અર્થાત્ જહન્નમ (નર્ક), જેમાં તેઓ બાળવામાં આવશે અને તે સૌથી ખરાબ ઠેકાણું છે –

૩૦. અને અલ્લાહના કેટલાક સમોવડિયા ઘડી કાઢ્યા જેથી તેઓ તેમને અલ્લાહના માર્ગથી ભટકાવી દે ? એમને કહો : ભલે, મજા કરી લો, છેવટે તમારે પાછા ફરીને જવું તો દોજખ (નર્ક)માં જ છે.

૩૧. હે પયગંબર ! મારા જે બંદાઓ ઈમાન લાવ્યા છે તેમને કહી દો કે નમાઝ કાયમ કરે અને જે કંઈ અમે તેમને આપ્યું છે તેમાંથી જાહેર

مِمَّا رَزَقْنٰهُمْ سِرًّا وَّعَلَانِيَةً مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَ
يَوْمٌ لَّا بَيْعٌ فِيْهِ وَلَا خِلٰلٌ ﴿٣١﴾ اَللّٰهُ الَّذِيْ خَلَقَ
السَّمٰوٰتِ وَالْاَرْضَ وَاَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَخْرَجَ
بِهٖ مِنَ الثَّمَرٰتِ رِزْقًا لَّكُمْ ۚ وَسَخَّرَ لَكُمُ الْفُلْكَ
لِتَجْرِيَ فِي الْبَحْرِ بِاَمْرِهٖ ۚ وَسَخَّرَ لَكُمُ الْاَنْهٰرَ ﴿٣٢﴾
وَسَخَّرَ لَكُمُ الشَّمْسَ وَالْقَمَرَ دَآئِبَيْنِ ۚ وَسَخَّرَ لَكُمُ
الَّيْلَ وَالنَّهَارَ ﴿٣٣﴾ وَاٰتٰىكُمْ مِّنْ كُلِّ مَا سَاَلْتُمُوْهُ ۭ وَاِنْ
تَعُدُّوْا نِعْمَتَ اللّٰهِ لَا تُحْصُوْهَا ۭ اِنَّ الْاِنْسَانَ لَظَلُوْمٌ
كَفَّارٌ ﴿٣٤﴾ وَاِذْ قَالَ اِبْرٰهِيْمُ رَبِّ اجْعَلْ هٰذَا الْبَلَدَ
اٰمِنًا وَّاجْنُبْنِيْ وَبَنِيَّ اَنْ نَّعْبُدَ الْاَصْنَامَ ﴿٣٥﴾ رَبِّ
اِنَّهُنَّ اَضْلَلْنَ كَثِيْرًا مِّنَ النَّاسِ ۚ فَمَنْ تَبِعَنِيْ
فَاِنَّهٗ مِنِّيْ ۚ وَمَنْ عَصَانِيْ فَاِنَّكَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٣٦﴾
رَبَّنَآ اِنِّيْٓ اَسْكَنْتُ مِنْ ذُرِّيَّتِيْ بِوَادٍ غَيْرِ ذِيْ
زَرْعٍ عِنْدَ بَيْتِكَ الْمُحَرَّمِ ۙ رَبَّنَا لِيُقِيْمُوا الصَّلٰوةَ
فَاجْعَلْ اَفْـِٕدَةً مِّنَ النَّاسِ تَهْوِيْٓ اِلَيْهِمْ وَارْزُقْهُمْ
مِّنَ الثَّمَرٰتِ لَعَلَّهُمْ يَشْكُرُوْنَ ﴿٣٧﴾ رَبَّنَآ اِنَّكَ تَعْلَمُ مَا
نُخْفِيْ وَمَا نُعْلِنُ ۭ وَمَا يَخْفٰى عَلَي اللّٰهِ مِنْ شَيْءٍ
فِي الْاَرْضِ وَلَا فِي السَّمَآءِ ﴿٣٨﴾ اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ
وَهَبَ لِيْ عَلَي الْكِبَرِ اِسْمٰعِيْلَ وَاِسْحٰقَ ۭ اِنَّ رَبِّيْ

અને ખાનગીમાં (સન્માર્ગમાં) ખર્ચ કરે અને તે પહેલાં કે તે દિવસ આવે જેમાં ન ખરીદ-વેચાણ થશે અને ન મિત્રતા જ થઈ શકશે.

૩૨. અલ્લાહ તે જ તો છે જેણે ધરતી અને આકાશોનું સર્જન કર્યું અને આકાશમાંથી પાણી વરસાવ્યું, પછી તેના વડે તમારી આજીવિકા માટે વિવિધ પ્રકારના ફળો પેદા કર્યા, જેણે નૌકાને તમારા માટે આધીન કરી કે સમુદ્રમાં તેના આદેશથી ચાલે અને નદીઓને તમારા માટે સાધી.

૩૩. જેણે સૂર્ય અને ચંદ્રને તમારા માટે વશમાં કર્યા કે અવિરત ચાલી રહ્યા છે અને રાત અને દિવસને તમારા માટે કામે લગાડ્યા.

૩૪. જેણે તમને તે બધું જ આપ્યું જે તમે માગ્યું. જો તમે અલ્લાહની નેઅ્મતો (કૃપાઓ)ની ગણતરી કરવા ચાહો તો નથી ગણી શકતા. હકીકત તો એ છે કે મનુષ્ય મોટો અન્યાયી અને અપકારી છે. (રુકૂઅ-૫)

૩૫. યાદ કરો તે સમય જ્યારે ઇબ્રાહીમે દુઆ કરી હતી, ''પાલનહાર ! આ શહેર (અર્થાત્ મક્કા)ને શાંતિનું શહેર બનાવ અને મને તથા મારા સંતાનોને મૂર્તિપૂજાથી બચાવ.

૩૬. પાલનહાર ! આ મૂર્તિઓએ અનેકોને પથભ્રષ્ટ કર્યા છે (શક્ય છે કે મારા સંતાનોને પણ આ પથભ્રષ્ટ કરી દે, એટલા માટે તેમનામાંથી) જે મારા માર્ગ ઉપર ચાલે, તે મારો છે અને જે મારાથી વિપરીત માર્ગ અપનાવે તો નિશ્ચય જ તું માફ કરનાર અને દયાળુ છે.

૩૭. પાલનહાર ! મેં એક નિર્જળ અને બિન-ખેડાણ ખીણમાં પોતાના સંતાનોમાંથી એક હિસ્સાને તારા પ્રતિષ્ઠિત ઘર (કા'બા) પાસે લાવીને વસાવ્યા છે. પાલનહાર ! આવું મેં એટલા માટે કર્યું છે કે આ લોકો અહીં નમાઝ કાયમ કરે, તેથી તું લોકોના હૃદયોને તેમના મોહિત બનાવ અને તેમને ખાવા માટે ફળો આપ, કદાચ આ લોકો કૃતજ્ઞ બને.

૩૮. પાલનહાર ! તું જાણે છે જે કંઈ અમે છુપાવીએ છીએ અને જે કંઈ જાહેર કરીએ છીએ. — અને નિઃશંક અલ્લાહથી કંઈ પણ છુપાયેલું નથી, ન ધરતીમાં, ન આકાશોમાં —

૩૯. ખૂબ આભાર છે તે અલ્લાહનો જેણે મને આ વૃદ્ધત્વમાં ઇસ્માઈલ અને ઇસ્હાક જેવા દીકરાઓ આપ્યા, સાચું તો એ છે કે મારો રબ પ્રાર્થના જરૂર સાંભળે છે.

لَسَمِيْعُ الدُّعَآءِ ﴿٣٩﴾ رَبِّ اجْعَلْنِيْ مُقِيْمَ الصَّلٰوةِ وَمِنْ
ذُرِّيَّتِيْ ۖ رَبَّنَا وَتَقَبَّلْ دُعَآءِ ﴿٤٠﴾ رَبَّنَا اغْفِرْ لِيْ وَ
لِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِيْنَ يَوْمَ يَقُوْمُ الْحِسَابُ ﴿٤١﴾ ع وَلَا ع ۷ ١٨
تَحْسَبَنَّ اللّٰهَ غَافِلًا عَمَّا يَعْمَلُ الظّٰلِمُوْنَ ۬ ۗ اِنَّمَا
يُؤَخِّرُهُمْ لِيَوْمٍ تَشْخَصُ فِيْهِ الْاَبْصَارُ ﴿٤٢﴾ مُهْطِعِيْنَ
مُقْنِعِيْ رُءُوْسِهِمْ لَا يَرْتَدُّ اِلَيْهِمْ طَرْفُهُمْ ۚ وَ
اَفْـِٕدَتُهُمْ هَوَآءٌ ﴿٤٣﴾ وَاَنْذِرِ النَّاسَ يَوْمَ يَاْتِيْهِمُ
الْعَذَابُ فَيَقُوْلُ الَّذِيْنَ ظَلَمُوْا رَبَّنَآ اَخِّرْنَآ اِلٰۤى اَجَلٍ
قَرِيْبٍ ۙ نُّجِبْ دَعْوَتَكَ وَنَتَّبِعِ الرُّسُلَ ؕ اَوَلَمْ تَكُوْنُوْۤا
اَقْسَمْتُمْ مِّنْ قَبْلُ مَا لَكُمْ مِّنْ زَوَالٍ ﴿٤٤﴾ وَّسَكَنْتُمْ فِيْ
مَسٰكِنِ الَّذِيْنَ ظَلَمُوْۤا اَنْفُسَهُمْ وَتَبَيَّنَ لَكُمْ كَيْفَ
فَعَلْنَا بِهِمْ وَضَرَبْنَا لَكُمُ الْاَمْثَالَ ﴿٤٥﴾ وَقَدْ مَكَرُوْا
مَكْرَهُمْ وَعِنْدَ اللّٰهِ مَكْرُهُمْ ؕ وَاِنْ كَانَ مَكْرُهُمْ
لِتَزُوْلَ مِنْهُ الْجِبَالُ ﴿٤٦﴾ فَلَا تَحْسَبَنَّ اللّٰهَ مُخْلِفَ
وَعْدِهٖ رُسُلَهٗ ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ ذُو انْتِقَامٍ ﴿٤٧﴾ يَوْمَ
تُبَدَّلُ الْاَرْضُ غَيْرَ الْاَرْضِ وَالسَّمٰوٰتُ وَبَرَزُوْا
لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ ﴿٤٨﴾ وَتَرَى الْمُجْرِمِيْنَ يَوْمَىِٕذٍ
مُّقَرَّنِيْنَ فِي الْاَصْفَادِ ﴿٤٩﴾ سَرَابِيْلُهُمْ مِّنْ قَطِرَانٍ
وَّتَغْشٰى وُجُوْهَهُمُ النَّارُ ﴿٥٠﴾ لِيَجْزِيَ اللّٰهُ كُلَّ منزل ٣

૪૦. હે મારા પાલનહાર ! મને નમાઝ કાયમ કરવાવાળો બનાવ અને મારા સંતાનોમાંથી પણ (એવા લોકો ઉઠાવ, જેઓ આ કામ કરે). પાલનહાર ! મારી દુઆ કબૂલ કર.

૪૧. પાલનહાર ! મને અને મારા માતા-પિતાને અને સૌ ઈમાન લાવનારાઓને તે દિવસે માફ કરી દેજે જ્યારે હિસાબ લેવામાં આવશે." (રુકૂઅ-૬)

૪૨. હવે આ જાલિમ લોકો જે કંઈ કરી રહ્યા છે, તમે અલ્લાહને તેનાથી બેખબર ન સમજો. અલ્લાહ તો તેમને ટાળી રહ્યો છે, તે દિવસ માટે જ્યારે હાલત એ હશે કે આંખો ફાટેલી-ને-ફાટેલી રહી ગઈ છે.

૪૩. માથું ઊંચું કરી ભાગતા જઈ રહ્યા છે, નજરો ઉપર ચોંટેલી છે અને હૃદયો બેસી જઈ રહ્યા છે.

૪૪. હે પયગંબર ! તે દિવસથી તમે તેમને ડરાવી દો જ્યારે યાતના તેમને આવીને પકડશે. તે વખતે આ જાલિમો કહેશે કે, "હે અમારા રબ ! અમને થોડી વધુ મહેતલ આપી દે, અમે તારા સંદેશને સ્વીકારીશું અને રસૂલો (ઈશદૂતો)નું અનુસરણ કરીશું." (પરંતુ તેમને ચોખ્ખો જવાબ આપી દેવામાં આવશે કે) "શું તમે તે જ લોકો નથી જેઓ આ અગાઉ સોગંદ ખાઈ-ખાઈને કહેતા હતા કે અમારું પતન તો ક્યારેય થવાનું જ નથી?

૪૫. જો કે તમે તે કોમોની વસ્તીઓમાં રહી ચૂક્યા હતા જેમણે પોતાના ઉપર પોતે જ જુલ્મ કર્યો હતો અને જોઈ ચૂક્યા હતા કે અમે તેમના સાથે શું વર્તન કર્યું અને તેમના ઉદાહરણો આપી-આપીને અમે તમને સમજાવી પણ ચૂક્યા હતા.

૪૬. તેમણે તેમની બધી જ ચાલો ચાલી જોઈ, પરંતુ તેમની દરેક ચાલનો તોડ અલ્લાહ પાસે હતો, જો કે તેમની ચાલો એવી ભયંકર હતી કે પર્વતો તેમનાથી ખસી જાય."

૪૭. પછી હે પયગંબર ! તમે કદાપિ એવું ન વિચારો કે અલ્લાહ ક્યારેય પોતાના રસૂલો (ઈશદૂતો) સાથે કરેલા વાયદાઓ વિરુધ્ધ વર્તશે. અલ્લાહ અપાર શક્તિશાળી છે અને બદલો લેનાર છે.

૪૮. ડરાવો એમને તે દિવસથી જ્યારે ધરતી અને આકાશોને બદલીને કંઈના કંઈ બનાવી નાખવામાં આવશે અને બધા જ એક અને સર્વશક્તિશાળી અલ્લાહ સમક્ષ ખુલ્લા હાજર થઈ જશે.

૪૯. તે દિવસે તમે ગુનેગારોને જોશો કે સાંકળોમાં હાથ-પગ જકડાયેલા હશે,

૫૦. ડામરના વસ્ત્રો પહેરેલા હશે અને આગની જ્વાળાઓ તેમના ચહેરાઓ ઉપર છવાઈ રહી હશે.

نَفْسٍ مَّا كَسَبَتْ ؕ اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿٥١﴾

هٰذَا بَلٰغٌ لِّلنَّاسِ وَلِيُنْذَرُوْا بِهٖ وَلِيَعْلَمُوْٓا اَنَّمَا

هُوَ اِلٰهٌ وَّاحِدٌ وَّلِيَذَّكَّرَ اُولُوا الْاَلْبَابِ ﴿٥٢﴾ ع

منزل ٣ ع ١١/١٩

૫૧. આવું એટલા માટે થશે કે અલ્લાહ દરેક વ્યક્તિને તેના કર્મોનો બદલો આપે. અલ્લાહને હિસાબ લેતાં કંઈ વાર નથી લાગતી.

૫૨. આ એક સંદેશ છે સમગ્ર માનવ-જાત માટે, અને એટલા માટે આ મોકલવામાં આવેલ છે કે તેમને આના દ્વારા ચેતવી દેવામાં આવે અને તેઓ જાણી લે કે હકીકતમાં અલ્લાહ બસ એક જ છે અને જે લોકો બુદ્ધિ રાખે છે, તેઓ ભાનમાં આવી જાય. (રુકૂઅ-૭)

(૧૫) અલ-હિજ્ર

પરિચય

નામ :

આયત નં. ૮૦માં 'હિજ્ર' શબ્દ આવ્યો છે, જેના ઉપરથી જ આ સૂરઃનું નામ આપી દેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

વિષય અને વર્ણનશૈલીથી સ્પષ્ટ જણાઈ આવે છે કે આ સૂરઃનો ઉતરાણકાળ સૂરઃ ઈબ્રાહીમના ઉતરાણકાળના નજીક જ છે. તેની પશ્ચાદ્‌ભૂમિમાં બે વસ્તુઓ અત્યંત સ્પષ્ટપણે જોઈ શકાય છે : એક એ કે પયગંબર (સલ્લ.)ને સંદેશ પહોંચાડવાનું કાર્ય કરતાં એક સમય પસાર થઈ ચૂક્યો છે અને સંબોધિત કોમનો નિરંતર હઠાગ્રહ, ઠઠ્ઠા-મશ્કરી, અવરોધ અને અત્યાચાર પોતાની હદ વટાવી ચૂક્યાં છે, તેના પછી હવે સમજાવવાનો અવકાશ ઓછો અને ચેતવણી અને ધમકીનો અવકાશ વધારે છે. બીજું એ કે પોતાની કોમના કુફ્ર (ઇન્કાર), હઠાગ્રહ અને અવરોધના પહાડોને તોડતાં-તોડતાં પયગંબર (સલ્લ.) થાકતાં જઈ રહ્યા છે અને દિલ તૂટવાની સ્થિતિ વારંવાર આપના ઉપર છવાઈ જઈ રહી છે, જેને જોઈને અલ્લાહતઆલા આપને સાંત્વના આપી રહ્યો છે અને આપની હિંમત બંધાવી રહ્યો છે.

ચર્ચાઓ અને કેન્દ્રીય વિષય :

આ જ બે વિષયો આ સૂરઃમાં વર્ણવવામાં આવ્યા છે. એક એ કે ચેતવણી તે લોકોને, જેઓ નબી (સલ્લ.)ના આમંત્રણનો ઇન્કાર કરી રહ્યા હતા અને આપની ઠેકડી ઉડાવતા અને આપના કામમાં જાત-જાતના અવરોધો ઊભા કરતા હતા, અને બીજું એ કે નબી (સલ્લ.)ને સાંત્વના અને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. પરંતુ આનો અર્થ એ નથી કે આ સૂરઃ શિખામણ અને ઉપદેશથી ખાલી છે. કુર્આનમાં ક્યાંય પણ અલ્લાહતઆલાએ માત્ર ચેતવણી અથવા ધાક-ધમકીથી જ કામ નથી લીધું, કઠોરમાં કઠોર ધમકીઓ અને નિંદાઓ વચ્ચે પણ તે શિખામણ અને ઉપદેશ કરવામાં કમી નથી કરતો. આથી આ સૂરઃમાં પણ એક બાજુ તૌહીદ (એકેશ્વરવાદ)ની દલીલો તરફ સંક્ષિપ્ત સંકેતો કરવામાં આવ્યા છે અને બીજી તરફ આદમ અને ઇબ્લીસ (શૈતાન)નો કિસ્સો સંભળાવીને બોધ આપવામાં આવ્યો છે.

اٰيَاتُهَا ٩٩ — (١٥) سُوْرَةُ الْحِجْرِ مَكِّيَّةٌ (٥٤) — رُكُوْعَاتُهَا ٦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓرٰ قف تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ وَقُرْاٰنٍ مُّبِيْنٍ ۝١
رُبَمَا يَوَدُّ الَّذِيْنَ كَفَرُوْا لَوْ كَانُوْا مُسْلِمِيْنَ ۝٢
ذَرْهُمْ يَاْكُلُوْا وَيَتَمَتَّعُوْا وَيُلْهِهِمُ الْاَمَلُ فَسَوْفَ
يَعْلَمُوْنَ ۝٣ وَمَاۤ اَهْلَكْنَا مِنْ قَرْيَةٍ اِلَّا وَلَهَا
كِتَابٌ مَّعْلُوْمٌ ۝٤ مَا تَسْبِقُ مِنْ اُمَّةٍ اَجَلَهَا وَمَا
يَسْتَاْخِرُوْنَ ۝٥ وَقَالُوْا يٰۤاَيُّهَا الَّذِيْ نُزِّلَ عَلَيْهِ
الذِّكْرُ اِنَّكَ لَمَجْنُوْنٌ ۝٦ لَوْ مَا تَاْتِيْنَا بِالْمَلٰٓئِكَةِ
اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ۝٧ مَا نُنَزِّلُ الْمَلٰٓئِكَةَ
اِلَّا بِالْحَقِّ وَمَا كَانُوْۤا اِذًا مُّنْظَرِيْنَ ۝٨ اِنَّا نَحْنُ
نَزَّلْنَا الذِّكْرَ وَاِنَّا لَهٗ لَحٰفِظُوْنَ ۝٩ وَلَقَدْ اَرْسَلْنَا
مِنْ قَبْلِكَ فِيْ شِيَعِ الْاَوَّلِيْنَ ۝١٠ وَمَا يَاْتِيْهِمْ مِّنْ
رَّسُوْلٍ اِلَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ۝١١ كَذٰلِكَ نَسْلُكُهٗ
فِيْ قُلُوْبِ الْمُجْرِمِيْنَ ۝١٢ لَا يُؤْمِنُوْنَ بِهٖ وَقَدْ خَلَتْ
سُنَّةُ الْاَوَّلِيْنَ ۝١٣ وَلَوْ فَتَحْنَا عَلَيْهِمْ بَابًا مِّنَ السَّمَآءِ
فَظَلُّوْا فِيْهِ يَعْرُجُوْنَ ۝١٤ لَقَالُوْۤا اِنَّمَا سُكِّرَتْ
اَبْصَارُنَا بَلْ نَحْنُ قَوْمٌ مَّسْحُوْرُوْنَ ۝١٥ ع وَلَقَدْ
جَعَلْنَا فِي السَّمَآءِ بُرُوْجًا وَّزَيَّنّٰهَا لِلنّٰظِرِيْنَ ۝١٦ وَ

الجزء الرابع عشر (١٤)

ع ١٥ - منزل ٣

(૧૫) સૂરઃ અલ-હિજ્ર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૬ ● આયતો : ૯૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલિફ-લામ-રા. આ આયતો છે અલ્લાહના ગ્રંથ અને સ્પષ્ટ કુર્આનની.

૨. અશક્ય નથી કે એક સમય તે આવી જાય જ્યારે તે જ લોકો જેમણે આજે (ઇસ્લામના સંદેશને સ્વીકારવાનો) ઇન્કાર કરી દીધો છે, પસ્તાવો કરી-કરીને કહેશે કે કદાચ અમે આજ્ઞાપાલનમાં માથું ઝુકાવી દીધું હોત!

૩. છોડો એમને ખાય-પીએ, મજા કરે અને ગફલતમાં નાખી રાખે એમને જૂઠી આશા. ખૂબ જલ્દી જ તેમને ખબર પડી જશે.

૪. અમે આ અગાઉ જે વસ્તીને પણ નષ્ટ કરી છે તેના માટે કામ કરવાની એક ચોક્કસ મુદ્દત લખી દેવામાં આવી હતી.

૫. કોઈ કોમ ન તો પોતાના નિશ્ચિત સમય પહેલાં નષ્ટ થઈ શકે છે, ન તો તેના પછી બચી શકે છે.

૬. આ લોકો કહે છે, "હે તે મનુષ્ય, જેના ઉપર આ ઝિક્ર★ અવતરિત કર્યું છે, ચોક્કસ તું દીવાનો છે.

૭. જો તું સાચો છે તો અમારા સમક્ષ ફરિશ્તાઓ કેમ નથી લઈ આવતો ?"

૮. —અમે ફરિશ્તાઓને આમ જ નથી ઉતારી દેતા. તેઓ જ્યારે ઉતરે છે ત્યારે સત્ય સાથે ઉતરે છે, અને પછી લોકોને મહેતલ આપવામાં નથી આવતી.

૯. રહ્યું આ ઝિક્ર, તો આને અમે ઉતાર્યું છે અને અમે પોતે જ તેના રક્ષક છીએ.

૧૦. હે નબી ! અમે તમારા પહેલાં થઈ ગયેલી ઘણી કોમોમાં રસૂલ મોકલી ચૂક્યા છીએ.

૧૧. ક્યારેય આવું નથી બન્યું કે તેમના પાસે કોઈ રસૂલ આવ્યો હોય અને તેમણે તેની હાંસી ન ઉડાવી હોય.

૧૨. ગુનેગારોના હૃદયોમાં તો અમે આ ઝિક્રને આવી જ રીતે (વાંસની જેમ) પસાર કરીએ છીએ.

૧૩. તેઓ આના ઉપર ઈમાન લાવ્યા નથી કરતા. પ્રાચીન કાળથી જ આવા પ્રકારના લોકોની આ જ રીત ચાલી આવી રહી છે.

૧૪-૧૫. જો અમે તેમના ઉપર આકાશનું કોઈ દ્વાર ખોલી દેતા અને તેઓ ધોળા દિવસે તેમાં ચઢવા પણ લાગતા, તો પણ તેઓ આ જ કહેતા કે અમારી આંખોને ધોખો થઈ રહ્યો છે, બલ્કે અમારા પર જાદુ કરી દેવામાં આવ્યો છે. (રુકૂઅ-૧)

૧૬. આ અમારું જ કામ છે કે આકાશમાં અમે ઘણાં મજબૂત કિલ્લાઓ બનાવ્યા, તેને જોવાવાળાઓ માટે (તારાઓ વડે) સુશોભિત કર્યા.

★ ઝિક્ર એ કુર્આનનો પારિભાષિક શબ્દ છે, જેનો અર્થ ઈશવાણી થાય છે, જે પૂર્ણ રૂપે સદુપદેશ બનીને આવે છે. તેનો વાસ્તવિક અર્થ યાદ દેવડાવવું, ચેતવી દેવું, શિખામણ આપવી થાય છે.

حَفِظْنٰهَا مِنْ كُلِّ شَيْطٰنٍ رَّجِيْمٍ ﴿١٧﴾ اِلَّا مَنِ اسْتَرَقَ
السَّمْعَ فَاَتْبَعَهٗ شِهَابٌ مُّبِيْنٌ ﴿١٨﴾ وَالْاَرْضَ مَدَدْنٰهَا
وَاَلْقَيْنَا فِيْهَا رَوَاسِيَ وَاَنْۢبَتْنَا فِيْهَا مِنْ كُلِّ شَيْءٍ
مَّوْزُوْنٍ ﴿١٩﴾ وَجَعَلْنَا لَكُمْ فِيْهَا مَعَايِشَ وَمَنْ
لَّسْتُمْ لَهٗ بِرٰزِقِيْنَ ﴿٢٠﴾ وَاِنْ مِّنْ شَيْءٍ اِلَّا عِنْدَنَا
خَزَآئِنُهٗ وَمَا نُنَزِّلُهٗٓ اِلَّا بِقَدَرٍ مَّعْلُوْمٍ ﴿٢١﴾ وَاَرْسَلْنَا
الرِّيٰحَ لَوَاقِحَ فَاَنْزَلْنَا مِنَ السَّمَآءِ مَآءً فَاَسْقَيْنٰكُمُوْهُ
وَمَآ اَنْتُمْ لَهٗ بِخٰزِنِيْنَ ﴿٢٢﴾ وَاِنَّا لَنَحْنُ نُحْيٖ وَ
نُمِيْتُ وَنَحْنُ الْوٰرِثُوْنَ ﴿٢٣﴾ وَلَقَدْ عَلِمْنَا
الْمُسْتَقْدِمِيْنَ مِنْكُمْ وَلَقَدْ عَلِمْنَا الْمُسْتَاْخِرِيْنَ ﴿٢٤﴾
ع ١٠/٢ وَاِنَّ رَبَّكَ هُوَ يَحْشُرُهُمْ ۭ اِنَّهٗ حَكِيْمٌ عَلِيْمٌ ﴿٢٥﴾ ع وَلَقَدْ
خَلَقْنَا الْاِنْسَانَ مِنْ صَلْصَالٍ مِّنْ حَمَاٍ مَّسْنُوْنٍ ﴿٢٦﴾
وَالْجَآنَّ خَلَقْنٰهُ مِنْ قَبْلُ مِنْ نَّارِ السَّمُوْمِ ﴿٢٧﴾ وَاِذْ
قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ اِنِّيْ خَالِقٌۢ بَشَرًا مِّنْ
صَلْصَالٍ مِّنْ حَمَاٍ مَّسْنُوْنٍ ﴿٢٨﴾ فَاِذَا سَوَّيْتُهٗ وَنَفَخْتُ
فِيْهِ مِنْ رُّوْحِيْ فَقَعُوْا لَهٗ سٰجِدِيْنَ ﴿٢٩﴾ فَسَجَدَ الْمَلٰٓئِكَةُ
كُلُّهُمْ اَجْمَعُوْنَ ﴿٣٠﴾ اِلَّآ اِبْلِيْسَ ۭ اَبٰٓى اَنْ يَّكُوْنَ مَعَ
السّٰجِدِيْنَ ﴿٣١﴾ قَالَ يٰٓاِبْلِيْسُ مَا لَكَ اَلَّا تَكُوْنَ مَعَ
منزل ٣ السّٰجِدِيْنَ ﴿٣٢﴾ قَالَ لَمْ اَكُنْ لِّاَسْجُدَ لِبَشَرٍ خَلَقْتَهٗ

૧૭. અને દરેક તિરસ્કૃત શેતાનથી તેમને સુરક્ષિત કરી દીધા.

૧૮. કોઈ શેતાન તેમાં રસ્તો પામી શકતો નથી, સિવાય કે ગુપચુપ કંઈક સાંભળી લે, અને જ્યારે તે છૂપી રીતે સાંભળવાનો પ્રયત્ન કરે છે તો એક પ્રકાશિત જ્વાળા તેનો પીછો કરે છે.

૧૯-૨૦. અમે ધરતીને ફેલાવી, તેમાં પર્વતો જમાવ્યા, તેમાં દરેક પ્રકારની વનસ્પતિ દરેક રીતે યોગ્ય અને ચોક્કસ પ્રમાણમાં ઉગાડી, અને તેમાં આજીવિકાના સાધનો ઉપલબ્ધ કર્યા, તમારા માટે પણ અને તે અસંખ્ય સજીવો માટે પણ જેમને રોજી પૂરી પાડનારા તમે નથી.

૨૧. કોઈ વસ્તુ એવી નથી જેના ભંડારો અમારા પાસે ન હોય, અને જે વસ્તુને પણ અમે ઉતારીએ છીએ એક નિશ્ચિત માત્રામાં ઉતારીએ છીએ.

૨૨. ફળદાયી હવાઓને અમે જ મોકલીએ છીએ, પછી આકાશમાંથી પાણી વરસાવીએ છીએ, અને એ પાણીથી તમને સંતૃપ્ત કરીએ છીએ. આ દોલતના ભંડારી તમે નથી.

૨૩. જીવન અને મૃત્યુ અમે આપીએ છીએ અને અમે જ બધાના વારસદાર થવાના છીએ.

૨૪. પહેલાં જે લોકો તમારામાં થઇ ગયા છે, તેમને પણ અમે જાણી લીધા છે અને પછીથી આવનારાઓ પણ અમારી નજરોમાં છે.

૨૫. નિઃશંક તમારો રબ તે સૌને એકત્ર કરશે, તે તત્ત્વદર્શી પણ છે અને સર્વજ્ઞ પણ. (રુકૂઅ-૨)

૨૬. અમે મનુષ્યને કોહવાયેલી માટીના સૂકા ગારામાંથી બનાવ્યો.

૨૭. અને તેના પહેલા અમે જિન્નાતોને આગની ઝાળમાંથી પેદા કરી ચૂક્યા હતા.

૨૮. પછી યાદ કરો તે પ્રસંગને જ્યારે કે તમારા રબે ફરિશ્તાઓને કહ્યું, ''હું કોહવાયેલી માટીના સૂકા ગારામાંથી એક મનુષ્ય પેદા કરી રહ્યો છું.

૨૯. જ્યારે હું તેને સંપૂર્ણ બનાવી લઉં અને તેમાં પોતાની રૂહથી કંઇક ફૂંકી દઉં તો તમે સૌ તેના આગળ સિજદામાં પડી જજો.''

૩૦. આમ બધા જ ફરિશ્તાઓએ સિજદો કર્યો,

૩૧. સિવાય ઇબ્લીસના કે તેણે સિજદો કરનારાઓને સાથ આપવાનો ઇન્કાર કરી દીધો.

૩૨. રબે પૂછ્યું, ''હે ઇબ્લીસ ! તને શું થયું કે તેં સિજદો કરનારાઓનો સાથ ન આપ્યો ?''

૩૩. તેણે કહ્યું, '' મારું આ કામ નથી કે હું તે મનુષ્યને સિજદો કરું જેને તેં

مِنْ صَلْصَالٍ مِّنْ حَمَاٍ مَّسْنُوْنٍ ﴿٣٣﴾ قَالَ فَاخْرُجْ مِنْهَا
فَاِنَّكَ رَجِيْمٌ ﴿٣٤﴾ وَّاِنَّ عَلَيْكَ اللَّعْنَةَ اِلٰى يَوْمِ
الدِّيْنِ ﴿٣٥﴾ قَالَ رَبِّ فَاَنْظِرْنِيْٓ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿٣٦﴾
قَالَ فَاِنَّكَ مِنَ الْمُنْظَرِيْنَ ﴿٣٧﴾ اِلٰى يَوْمِ الْوَقْتِ
الْمَعْلُوْمِ ﴿٣٨﴾ قَالَ رَبِّ بِمَآ اَغْوَيْتَنِيْ لَاُزَيِّنَنَّ لَهُمْ
فِي الْاَرْضِ وَلَاُغْوِيَنَّهُمْ اَجْمَعِيْنَ ﴿٣٩﴾ اِلَّا عِبَادَكَ
مِنْهُمُ الْمُخْلَصِيْنَ ﴿٤٠﴾ قَالَ هٰذَا صِرَاطٌ عَلَيَّ مُسْتَقِيْمٌ ﴿٤١﴾
اِنَّ عِبَادِيْ لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطٰنٌ اِلَّا مَنِ
اتَّبَعَكَ مِنَ الْغٰوِيْنَ ﴿٤٢﴾ وَاِنَّ جَهَنَّمَ لَمَوْعِدُهُمْ
اَجْمَعِيْنَ ﴿٤٣﴾ لَهَا سَبْعَةُ اَبْوَابٍ ط لِكُلِّ بَابٍ مِّنْهُمْ
ع ١٩ ٣ جُزْءٌ مَّقْسُوْمٌ ﴿٤٤﴾ اِنَّ الْمُتَّقِيْنَ فِيْ جَنّٰتٍ وَّعُيُوْنٍ ﴿٤٥﴾ ط
اُدْخُلُوْهَا بِسَلٰمٍ اٰمِنِيْنَ ﴿٤٦﴾ وَنَزَعْنَا مَا فِيْ صُدُوْرِهِمْ
مِّنْ غِلٍّ اِخْوَانًا عَلٰى سُرُرٍ مُّتَقٰبِلِيْنَ ﴿٤٧﴾ لَا يَمَسُّهُمْ
فِيْهَا نَصَبٌ وَّمَا هُمْ مِّنْهَا بِمُخْرَجِيْنَ ﴿٤٨﴾ نَبِّئْ عِبَادِيْٓ
اَنِّيْٓ اَنَا الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿٤٩﴾ وَاَنَّ عَذَابِيْ هُوَ الْعَذَابُ
وقف لازم الْاَلِيْمُ ﴿٥٠﴾ وَنَبِّئْهُمْ عَنْ ضَيْفِ اِبْرٰهِيْمَ ﴿٥١﴾ اِذْ دَخَلُوْا
عَلَيْهِ فَقَالُوْا سَلٰمًا ط قَالَ اِنَّا مِنْكُمْ وَجِلُوْنَ ﴿٥٢﴾ قَالُوْا
لَا تَوْجَلْ اِنَّا نُبَشِّرُكَ بِغُلٰمٍ عَلِيْمٍ ﴿٥٣﴾ قَالَ اَبَشَّرْتُمُوْنِيْ
منزل ٣ عَلٰٓى اَنْ مَّسَّنِيَ الْكِبَرُ فَبِمَ تُبَشِّرُوْنَ ﴿٥٤﴾ قَالُوْا

કોહવાયેલી માટીના સૂકા ગારામાંથી પેદા કર્યો છે."
૩૪. રબે કહ્યું, "સારું, તું નીકળી જા અહીંથી, કેમ કે તું ધિક્કાર પામેલો છે,
૩૫. અને હવે બદલાના દિવસ સુધી તારા ઉપર ફિટકાર છે."
૩૬. તેણે કહ્યું, "મારા રબ ! આ જ વાત છે તો પછી મને તે દિવસ સુધી મહેતલ આપ, જ્યારે કે સૌ મનુષ્યો બીજીવાર ઉઠાવવામાં આવશે."
૩૭-૩૮. ફરમાવ્યું, " સારું, તને મહેતલ આપવામાં આવે છે. તે દિવસ સુધી જેનો સમય અમને ખબર છે."
૩૯-૪૦. તે બોલ્યો, "મારા રબ ! જેવી રીતે તેં મને બહેકાવ્યો તેવી જ રીતે હવે હું ધરતી ઉપર તેમના માટે પ્રલોભનો પેદા કરીને તે સૌને બહેકાવી દઇશ, સિવાય તારા તે બંદાઓને, જેમને તેં એમના પૈકી વિશિષ્ટ કરી લીધા હોય."
૪૧. ફરમાવ્યું, "આ માર્ગ છે જે સીધો મારા સુધી પહોંચે છે
૪૨-૪૩. નિઃસંદેહ જે મારા સાચા બંદા છે તેમના ઉપર તારું કંઇ ચાલશે નહીં. તારું તો માત્ર તે બહેકી ગયેલા લોકો ઉપર ચાલશે જેઓ તારું અનુસરણ કરે, અને તે સૌના માટે જહન્નમની સજાનો વાયદો છે."
૪૪. આ જહન્નમ (જેનાથી ઇબ્લીસના અનુયાયીઓને ડરાવવામાં આવ્યા છે) તેના સાત દરવાજાઓ છે, દરેક દરવાજા માટે તેમના પૈકી એક ભાગ નિશ્ચિત કરી દેવામાં આવ્યો છે.(રુકૂઅ-૩)
૪૫-૪૬. આનાથી વિપરીત અલ્લાહથી ડરનારા લોકો બાગો અને ઝરણાઓમાં હશે અને તેમને કહેવામાં આવશે કે "દાખલ થઇ જાઓ આમાં સલામતીપૂર્વક, કોઇ પણ જાતનો ભય રાખ્યા વિના."
૪૭. તેમના હૃદયોમાં જે થોડોઘણો પણ દોષ-ખામી અને કપટ હશે તેને અમે કાઢી નાખીશું. તેઓ એક-બીજાના ભાઇ-ભાઈ બનીને સામ-સામે આસનો ઉપર બિરાજશે.
૪૮. ત્યાં તેમને કોઇ પરિશ્રમ કરવાની જરૂર નહીં પડે અને ન તો તેમને ત્યાંથી કાઢવામાં આવશે.
૪૯. હે નબી ! મારા બંદાઓને ખબર આપી દો કે હું ઘણો માફ કરનાર અને દયાળુ છું.
૫૦. પરંતુ એના સાથે મારી યાતના પણ અત્યંત પીડાકારી યાતના છે.
૫૧. અને એમને જરા ઇબ્રાહીમના મહેમાનોનો કિસ્સો સંભળાવો.
૫૨. જ્યારે તેઓ આવ્યા તેને ત્યાં અને કહ્યું, " સલામતી થાઓ તમારા પર !" તો તેણે કહ્યું, "અમને તમારાથી ડર લાગે છે."
૫૩. તેમણે જવાબ આપ્યો, "ડરો નહીં, અમે તમને એક ખૂબ સમજુ દીકરાની ખુશખબર આપીએ છીએ."
૫૪. ઇબ્રાહીમે કહ્યું, "શું તમે આ વૃદ્ધત્વમાં મને સંતાનની શુભ-સૂચના આપો છો? થોડું વિચારો તો ખરા, આ કેવી શુભસૂચના તમે મને આપી રહ્યા છો?"

بَشَّرْنٰكَ بِالْحَقِّ فَلَا تَكُنْ مِّنَ الْقٰنِطِيْنَ ﴿٥٥﴾ قَالَ وَمَنْ
يَّقْنَطُ مِنْ رَّحْمَةِ رَبِّهٖٓ اِلَّا الضَّآلُّوْنَ ﴿٥٦﴾ قَالَ فَمَا
خَطْبُكُمْ اَيُّهَا الْمُرْسَلُوْنَ ﴿٥٧﴾ قَالُوْٓا اِنَّآ اُرْسِلْنَآ
اِلٰى قَوْمٍ مُّجْرِمِيْنَ ﴿٥٨﴾ اِلَّآ اٰلَ لُوْطٍ ؕ اِنَّا لَمُنَجُّوْهُمْ
اَجْمَعِيْنَ ﴿٥٩﴾ اِلَّا امْرَاَتَهٗ قَدَّرْنَآ ۙ اِنَّهَا لَمِنَ الْغٰبِرِيْنَ ﴿٦٠﴾ ع ٤
فَلَمَّا جَآءَ اٰلَ لُوْطِ ۨ الْمُرْسَلُوْنَ ﴿٦١﴾ قَالَ اِنَّكُمْ قَوْمٌ
مُّنْكَرُوْنَ ﴿٦٢﴾ قَالُوْا بَلْ جِئْنٰكَ بِمَا كَانُوْا فِيْهِ
يَمْتَرُوْنَ ﴿٦٣﴾ وَاَتَيْنٰكَ بِالْحَقِّ وَاِنَّا لَصٰدِقُوْنَ ﴿٦٤﴾
فَاَسْرِ بِاَهْلِكَ بِقِطْعٍ مِّنَ الَّيْلِ وَاتَّبِعْ اَدْبَارَهُمْ وَلَا
يَلْتَفِتْ مِنْكُمْ اَحَدٌ وَّامْضُوْا حَيْثُ تُؤْمَرُوْنَ ﴿٦٥﴾
وَقَضَيْنَآ اِلَيْهِ ذٰلِكَ الْاَمْرَ اَنَّ دَابِرَ هٰٓؤُلَآءِ
مَقْطُوْعٌ مُّصْبِحِيْنَ ﴿٦٦﴾ وَجَآءَ اَهْلُ الْمَدِيْنَةِ
يَسْتَبْشِرُوْنَ ﴿٦٧﴾ قَالَ اِنَّ هٰٓؤُلَآءِ ضَيْفِيْ فَلَا تَفْضَحُوْنِ ﴿٦٨﴾
وَاتَّقُوا اللّٰهَ وَلَا تُخْزُوْنِ ﴿٦٩﴾ قَالُوْٓا اَوَلَمْ نَنْهَكَ
عَنِ الْعٰلَمِيْنَ ﴿٧٠﴾ قَالَ هٰٓؤُلَآءِ بَنٰتِيْٓ اِنْ كُنْتُمْ
فٰعِلِيْنَ ﴿٧١﴾ لَعَمْرُكَ اِنَّهُمْ لَفِيْ سَكْرَتِهِمْ يَعْمَهُوْنَ ﴿٧٢﴾
فَاَخَذَتْهُمُ الصَّيْحَةُ مُشْرِقِيْنَ ﴿٧٣﴾ فَجَعَلْنَا عَالِيَهَا
سَافِلَهَا وَاَمْطَرْنَا عَلَيْهِمْ حِجَارَةً مِّنْ سِجِّيْلٍ ﴿٧٤﴾
اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّلْمُتَوَسِّمِيْنَ ﴿٧٥﴾ وَاِنَّهَا

૫૫. તેમણે જવાબ આપ્યો "અમે તમને સાચી શૂભ-સૂચના આપી રહ્યા છીએ, તમે નિરાશ ન થાઓ."

૫૬. ઈબ્રાહીમે કહ્યું, "પોતાના રબની કૃપાથી નિરાશ તો પથભ્રષ્ટ લોકો જ થતા હોય છે."

૫૭. પછી ઈબ્રાહીમે પૂછ્યું, "હે અલ્લાહના મોકલેલાઓ ! તે અભિયાન શું છે જેના માટે આપ લોકો અહીં પધાર્યા છો ?

૫૮. તેઓ બોલ્યા, "અમે એક ગુનેગાર કોમ તરફ મોકલવામાં આવ્યા છીએ.

૫૯-૬૦. કેવળ લૂતના કુટુંબીજનો તેમાં અપવાદ છે, તે બધાને અમે બચાવી લઈશું, સિવાય તેની પત્નીના જેના માટે (અલ્લાહ ફરમાવે છે કે) અમે નિર્મિત કરી દીધું છે કે તે પાછળ રહી જનારાઓમાં સામેલ રહેશે."(રુકૂઅ-૪)

૬૧-૬૨. પછી જ્યારે આ ફરિશ્તાઓ લૂતને ત્યાં પહોંચ્યા તો તેણે કહ્યું, "તમે લોકો અજાણ્યા લાગો છો."

૬૩. તેમણે જવાબ આપ્યો, "નહીં, બલ્કે અમે તે જ વસ્તુ લઈને આવ્યા છીએ જેના આવવા વિષે આ લોકો શંકા કરી રહ્યા હતા.

૬૪. અમે તમને સાચું કહીએ છીએ કે અમે સત્યની સાથે તમારા પાસે આવ્યા છીએ,

૬૫. આથી હવે તમે થોડી રાત બાકી હોય ત્યારે પોતાના કુટુંબીજનોને લઈને નીકળી જાઓ અને પોતે તેમના પાછળ-પાછળ ચાલો. તમારામાંથી કોઈ પાછળ ફરીને ન જુએ.

૬૬. બસ, સીધા ચાલ્યા જાઓ, જે તરફ જવાનો તમને આદેશ આપવામાં આવી રહ્યો છે." અને તેને અમે અમારો નિર્ણય પહોંચાડી દીધો કે સવાર પડતાં સુધી આ લોકોના જડમૂળ કાપી નાખવામાં આવશે.

૬૭. એવામાં શહેરના લોકો આનંદવિભોર થઈ લૂતના ઘરે ચઢી આવ્યા.

૬૮. લૂતે કહ્યું, "ભાઈઓ! આ મારા મહેમાનો છે, મારી ફજેતી ન કરો,

૬૯. અલ્લાહથી ડરો, મને અપમાનિત ન કરો."

૭૦. તેઓ બોલ્યા, " શું અમે વારંવાર તમને મનાઈ નથી કરી ચૂક્યા કે આખી દુનિયાના ઠેકેદાર ન બનો ?"

૭૧. લૂતે(વિવશ થઈને) કહ્યું, "જો તમને કંઈ કરવું જ હોય તો આ મારી પુત્રીઓ મોજૂદ છે."

૭૨. તારા પ્રાણના સોગંદ, હે નબી ! તે વખતે તેમના પર જાણે એક નશો છવાયેલો હતો જેમાં તેઓ પોતાની સીમા વટાવી રહ્યા હતા.

૭૩. છેવટે પોહ ફાટતાં જ તેમને એક ભયંકર ધડાકાએ આવી ઝડપી લીધા

૭૪. અને અમે તે વસ્તીને ઉપર-તળે કરીને મૂકી દીધી અને તેમના ઉપર પાકેલી માટીના પથ્થરોની વર્ષા વરસાવી દીધી.

૭૫. આ કિસ્સામાં મોટી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ સૂઝ-બૂઝ રાખનારા છે.

لَبِسَبِيۡلٍ مُّقِيۡمٍ ﴿٧٦﴾ اِنَّ فِيۡ ذٰلِكَ لَاٰيَةً لِّلۡمُؤۡمِنِيۡنَ ﴿٧٧﴾
وَاِنۡ كَانَ اَصۡحٰبُ الۡاَيۡكَةِ لَظٰلِمِيۡنَ ﴿٧٨﴾ فَانۡتَقَمۡنَا
مِنۡهُمۡ ۘ وَاِنَّهُمَا لَبِاِمَامٍ مُّبِيۡنٍ ﴿٧٩﴾ وَلَقَدۡ كَذَّبَ
اَصۡحٰبُ الۡحِجۡرِ الۡمُرۡسَلِيۡنَ ﴿٨٠﴾ وَاٰتَيۡنٰهُمۡ اٰيٰتِنَا
فَكَانُوۡا عَنۡهَا مُعۡرِضِيۡنَ ﴿٨١﴾ وَكَانُوۡا يَنۡحِتُوۡنَ
مِنَ الۡجِبَالِ بُيُوۡتًا اٰمِنِيۡنَ ﴿٨٢﴾ فَاَخَذَتۡهُمُ الصَّيۡحَةُ
مُصۡبِحِيۡنَ ﴿٨٣﴾ فَمَاۤ اَغۡنٰى عَنۡهُمۡ مَّا كَانُوۡا يَكۡسِبُوۡنَ ﴿٨٤﴾
وَمَا خَلَقۡنَا السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَمَا بَيۡنَهُمَاۤ اِلَّا
بِالۡحَقِّ ؕ وَاِنَّ السَّاعَةَ لَاٰتِيَةٌ فَاصۡفَحِ الصَّفۡحَ
الۡجَمِيۡلَ ﴿٨٥﴾ اِنَّ رَبَّكَ هُوَ الۡخَلّٰقُ الۡعَلِيۡمُ ﴿٨٦﴾ وَلَقَدۡ
اٰتَيۡنٰكَ سَبۡعًا مِّنَ الۡمَثَانِيۡ وَالۡقُرۡاٰنَ الۡعَظِيۡمَ ﴿٨٧﴾
لَا تَمُدَّنَّ عَيۡنَيۡكَ اِلٰى مَا مَتَّعۡنَا بِهٖۤ اَزۡوَاجًا مِّنۡهُمۡ
وَلَا تَحۡزَنۡ عَلَيۡهِمۡ وَاخۡفِضۡ جَنَاحَكَ لِلۡمُؤۡمِنِيۡنَ ﴿٨٨﴾
وَقُلۡ اِنِّيۡۤ اَنَا النَّذِيۡرُ الۡمُبِيۡنُ ﴿٨٩﴾ كَمَاۤ اَنۡزَلۡنَا
عَلَى الۡمُقۡتَسِمِيۡنَ ﴿٩٠﴾ الَّذِيۡنَ جَعَلُوا الۡقُرۡاٰنَ عِضِيۡنَ ﴿٩١﴾
فَوَرَبِّكَ لَنَسۡـَٔلَنَّهُمۡ اَجۡمَعِيۡنَ ﴿٩٢﴾ عَمَّا كَانُوۡا
يَعۡمَلُوۡنَ ﴿٩٣﴾ فَاصۡدَعۡ بِمَا تُؤۡمَرُ وَاَعۡرِضۡ عَنِ
الۡمُشۡرِكِيۡنَ ﴿٩٤﴾ اِنَّا كَفَيۡنٰكَ الۡمُسۡتَهۡزِءِيۡنَ ﴿٩٥﴾
الَّذِيۡنَ يَجۡعَلُوۡنَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ ۚ فَسَوۡفَ يَعۡلَمُوۡنَ ﴿٩٦﴾

وقف لازم ع ١٩/٥

الربع

૭૬-૭૭. અને તે વિસ્તાર (જયાં આ કિસ્સો બન્યો હતો) જાહેર રસ્તા પર મોજૂદ છે. તેમાં બોધપાઠ છે તે લોકો માટે જેઓ ઈમાનવાળા છે.
૭૮-૭૯. અને ઐકાવાળા★ અત્યાચારી હતા, તો જોઇ લો કે અમે પણ તેમનાથી બદલો લીધો અને આ બંને કોમોના ઉજ્જડ પ્રદેશો ખુલ્લા માર્ગ પર આવેલા છે. (રુકૂઅ-૫)
૮૦. હિજ્ર★ના લોકો પણ રસૂલોને ખોટા ઠેરવી ચૂક્યા છે.
૮૧. અમે અમારી આયતો તેમના પાસે મોકલી, અમારી નિશાનીઓ તેમને દેખાડી, પરંતુ તેઓ બધાની અવગણના કરતા રહ્યા.
૮૨. તેઓ પર્વતો કોતરી-કોતરીને મકાનો બનાવતા હતા અને પોતાની જગ્યાએ તદ્દન નિર્ભિક અને નિશ્ચિંત હતા.
૮૩-૮૪. છેવટે એક ભયંકર ધડાકાએ તેમને સવાર થતાં આવી ઝડપ્યા અને તેમની કમાણી તેમના કોઈ કામ ન આવી.
૮૫. અમે ધરતી અને આકાશોને અને તે બધામાં મોજૂદ સમગ્ર વસ્તુઓને સત્ય સિવાય અન્ય કોઈ આધાર પર પેદા કરેલ નથી, અને નિર્ણયની ઘડી ચોક્કસ આવવાની છે. તો હે પયગંબર! તમે (આ લોકોના અશિષ્ટતાપૂર્ણ વર્તન પર) સજ્જનતાપૂર્વક ક્ષમાથી કામ લો.
૮૬. નિઃશંક તમારો રબ સૌનો સર્જક છે અને બધું જ જાણે છે.
૮૭. અમે તમને સાત એવી આયતો આપી છે જે વારંવાર પુનરાવર્તનને લાયક છે, અને તમને મહાન કુર્આન પ્રદાન કર્યું છે.
૮૮. તમે દુનિયાની તે દોલત તરફ આંખ ઉઠાવીને પણ ન જુઓ જે અમે તેમના પૈકી જુદા જુદા પ્રકારના લોકોને આપી રાખી છે, અને ન તેમની સ્થિતિ જોઈને મનોમન દુઃખી થાઓ. તેમને છોડીને ઈમાન લાવનારાઓ તરફ ઝુકો
૮૯. અને (ન માનનારાઓને) કહી દો, ''હું તો સ્પષ્ટપણે સચેત કરનાર છું.''
૯૦-૯૧. આ તે જ પ્રકારની ચેતવણી છે જેવી અમે તે ફાટફૂટ નાખનારાઓ તરફ મોકલી હતી જેમણે પોતાના કુર્આનને ટુકડે-ટુકડા કરી નાખ્યું છે.
૯૨-૯૩. તો સોગંદ છે તારા રબના ! અમે ચોક્કસ તે સૌને પૂછીશું કે તમે શું કરતા રહ્યા છો ?
૯૪. પછી હે નબી ! જે વસ્તુનો તમને આદેશ આપવામાં આવી રહ્યો છે, તેને છડેચોક કહી દો અને મુશ્રિકોની સહેજ પણ પરવા ન કરો.
૯૫-૯૬. તમારા તરફથી અમે તે હાંસી ઉડાવનારાઓની ખબર લઈ નાખવા માટે પૂરતા છીએ જેઓ અલ્લાહ સાથે બીજાઓને પણ ખુદા ઠેરવે છે. ટૂંક સમયમાં તેમને ખબર પડી જશે.

★ પયગંબર હઝરત શુઐબ અલૈ.ની કોમના લોકો, ઐકા એક પ્રદેશ હતો, જે તબૂકનું પ્રાચીન નામ છે.
★ સમૂદ કોમનું કેન્દ્રીય નગર હતું, જેના ખંડેરો મદીના શહેરના ઉત્તર-પશ્ચિમમાં વર્તમાન નગર અલ-ઉલાથી કેટલાક માઈલના અંતરે સ્થિત છે.

وَلَقَدۡ نَعۡلَمُ اَنَّكَ يَضِيۡقُ صَدۡرُكَ بِمَا يَقُوۡلُوۡنَ ۙ‏ ﴿۹۷﴾
فَسَبِّحۡ بِحَمۡدِ رَبِّكَ وَكُنۡ مِّنَ السّٰجِدِيۡنَ ۙ‏ ﴿۹۸﴾ وَاعۡبُدۡ
رَبَّكَ حَتّٰى يَاۡتِيَكَ الۡيَقِيۡنُ ﴿۹۹﴾

منزل ۳ ع٦

૯૭. અમને ખબર છે કે જે વાતો આ લોકો તમારા માટે બનાવે છે, તેનાથી તમારા હૃદયને ભારે દુઃખ પહોંચે છે.

૯૮. (આનો ઈલાજ એ છે કે) પોતાના રબની પ્રશંસા સાથે તેની તસ્બીહ (પવિત્રતાનો જાપ) કરો, તેના આગળ સિજદો કરો,

૯૯. અને તે અંતિમ ઘડી સુધી પોતાના રબની બંદગી કરતા રહો જેનું આવવું નિશ્ચિત છે. (રુકૂઅ-૬)

(૧૬) અન્-નહ્લ

પરિચય

નામ :

આયત-૬૮ના શબ્દ ''વ-અવ્હા રબ્બુક ઇલન્-નહ્લિ'' ઉપરથી આ સૂરઃનું નામ લેવામાં આવ્યું છે. 'નહ્લ' શબ્દનો અર્થ છે – મધમાખી. આ પણ પ્રતીક માત્ર છે, ચર્ચાના વિષયનું શીર્ષક નથી.

ઉતરાણકાળ :

અસંખ્ય આંતરિક પુરાવાઓ ઉપરથી આના ઉતરાણકાળ પર પ્રકાશ પડે છે. જેમ કે આયત ૪૧ના વાક્ય ''વલ્લઝીન હાજરૂ ફિલ્લાહિ મિમ્-બઅ્દિ મા ઝુલિમૂ'' (જે લોકો અત્યાચાર સહન કર્યા પછી અલ્લાહ માટે હિજરત કરી ગયા છે)થી સ્પષ્ટપણે જણાય છે કે તે વખતે હબ્શાની હિજરતની ઘટના બની ચૂકી હતી. આયત ૧૦૬ ''મન કફર બિલ્લાહિ મિમ્-બઅ્દિ ઈમાનિહી'' (જે વ્યક્તિ ઈમાન લાવ્યા પછી કુફ્ર કરે)થી જણાય છે કે તે વખતે અત્યાચાર અને ત્રાસ અત્યંત સખત રીતે ગુજારવામાં આવી રહ્યો હતો અને તે પ્રશ્ન ઉપસ્થિત થઈ ગયો હતો કે જો કોઈ વ્યક્તિ અસહ્ય યાતનાથી વિવશ થઈને કુફ્ર (અધર્મ)ના શબ્દો બોલી દે તો તેનો શું આદેશ છે.

આયતો ૧૧૨-૧૧૪ ''વ ઝરબલ્લાહુ મસલન કર્યતન.... ઇન કુન્તુમ ઇય્યાહુ તઅ્બુદૂન''નો સંકેત સ્પષ્ટપણે તે તરફ છે કે મક્કામાં જે ભારે દુષ્કાળ પડ્યો હતો, આ સૂરઃના અવતરણ વખતે સમાપ્ત થઈ ગયો હતો. – આ સૂરઃમાં એક આયત ૧૧૫ એવી છે, જેનો હવાલો સૂરઃ અન્આમ (સૂરઃ ૬)ની આયત ૧૧૯માં આપવામાં આવ્યો છે અને બીજી આયત (૧૧૮)એવી છે, જેમાં સૂરઃ અન્આમની આયત ૧૪૬નો હવાલો આપવામાં આવ્યો છે. આ તે વાતનો પુરાવો છે કે આ બંને સૂરઃઓનો ઉતરાણકાળ નજીક-નજીક છે.

આ પુરાવાઓથી જણાય છે કે આ સૂરઃનો ઉતરાણકાળ પણ મક્કી યુગનો છેલ્લો તબક્કો જ છે.

શીર્ષક અને કેન્દ્રીય વિષય :

શિર્ક (અનેકેશ્વરવાદ)નું ખંડન, તૌહીદનું સમર્થન, પયગંબરના સંદેશ અને આમંત્રણને ન માનવાના માઠાં પરિણામો અંગે ચેતવણી અને ઉપદેશ અને સત્યના વિરોધ તથા તેના માર્ગમાં અવરોધ ઊભો કરવા બદલ ધમકી.

ચર્ચા :

સૂરઃની શરૂઆત કોઈ પૂર્વભૂમિકા વગર અચાનક એક ચેતવણીરૂપ વાક્ય સાથે થાય છે. મક્કાના કાફિરો વારંવાર કહેતા હતા કે ''જ્યારે અમે

તમને ખોટાં ઠેરવી ચૂક્યા છીએ અને ખુલ્લેઆમ તમારો વિરોધ કરી રહ્યા છીએ તો છેવટે અલ્લાહનો તે અઝાબ (આપત્તિ) શા માટે આવી જતો નથી, જેની તમે અમને ધમકીઓ આપો છો ?'' આ અંગે ફરમાવ્યું કે મૂર્ખાઓ ! અલ્લાહનો અઝાબ તો તમારા માથા ઉપર આવીને ઊભો છે. હવે તેના તૂટી પડવા માટે ઉતાવળ ન કરો, બલ્કે જે થોડીક મહેતલ બાકી છે તેનો લાભ લઈને વાતને સમજવાનો પ્રયાસ કરો. તેના પછી તરત જ સમજાવવા માટે પ્રવચન શરૂ થઈ જાય છે અને નીચેના વિષયો એક પછી એક વારંવાર આવવા લાગે છે :

(૧) હૃદયસ્પર્શી દલીલો અને સૃષ્ટિની અને માનવીની પોતાની નિશાનીઓના સ્પષ્ટ પુરાવાઓ દ્વારા સમજાવવામાં આવે છે કે શિર્ક અસત્ય છે અને તૌહીદ જ સત્ય છે.

(૨) ઇન્કાર કરનારાઓના વાંધાઓ, શંકાઓ, દુરાગ્રહ અને બહાનાઓનો એક-એક કરીને જવાબ આપવામાં આવે છે.

(૩) અસત્યનો આગ્રહ અને સત્યની સરખામણીમાં ઘમંડ વ્યક્ત કરવાના ખરાબ પરિણામોથી ડરાવવામાં આવી રહ્યા છે.

(૪) તે નૈતિક અને વ્યવહારૂ પરિવર્તનોને સંક્ષિપ્તમાં, પણ હૃદયગમ્ય શૈલીમાં વર્ણવવામાં આવે છે, જે હઝરત મુહમ્મદ (સલ્લ.) દ્વારા લાવવામાં આવેલ દીન (ધર્મ) માનવ-જીવનમાં લાવવા માગે છે.

(૫) નબી (સલ્લ.) અને આપના સાથીઓને સાંત્વના આપવામાં આવે છે અને સાથે-સાથે એ પણ બતાવવામાં આવે છે કે કાફિરોના અવરોધો અને અત્યાચારોની સરખામણીમાં તેમનું વલણ કેવું હોવું જોઈએ.

اٰیَاتُهَا ١٢٨ (١٦) سُوْرَةُ النَّحْلِ مَكِّيَّةٌ (٧٠) رُكُوْعَاتُهَا ١٦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَتٰۤى اَمْرُ اللّٰهِ فَلَا تَسْتَعْجِلُوْهُ ؕ سُبْحٰنَهٗ وَ تَعٰلٰى
عَمَّا یُشْرِكُوْنَ ۝١ یُنَزِّلُ الْمَلٰٓىِٕكَةَ بِالرُّوْحِ مِنْ
اَمْرِهٖ عَلٰى مَنْ یَّشَآءُ مِنْ عِبَادِهٖۤ اَنْ اَنْذِرُوْۤا
اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّاۤ اَنَا فَاتَّقُوْنِ ۝٢ خَلَقَ السَّمٰوٰتِ
وَ الْاَرْضَ بِالْحَقِّ ؕ تَعٰلٰى عَمَّا یُشْرِكُوْنَ ۝٣ خَلَقَ
الْاِنْسَانَ مِنْ نُّطْفَةٍ فَاِذَا هُوَ خَصِیْمٌ مُّبِیْنٌ ۝٤
وَ الْاَنْعَامَ خَلَقَهَا ۚ لَكُمْ فِیْهَا دِفْءٌ وَّ مَنَافِعُ
وَ مِنْهَا تَاْكُلُوْنَ ۝٥ۖ وَ لَكُمْ فِیْهَا جَمَالٌ حِیْنَ تُرِیْحُوْنَ
وَ حِیْنَ تَسْرَحُوْنَ ۝٦ۖ وَ تَحْمِلُ اَثْقَالَكُمْ اِلٰى بَلَدٍ
لَّمْ تَكُوْنُوْا بٰلِغِیْهِ اِلَّا بِشِقِّ الْاَنْفُسِ ؕ اِنَّ رَبَّكُمْ
لَرَءُوْفٌ رَّحِیْمٌ ۝٧ۙ وَّ الْخَیْلَ وَ الْبِغَالَ وَ الْحَمِیْرَ
لِتَرْكَبُوْهَا وَ زِیْنَةً ؕ وَ یَخْلُقُ مَا لَا تَعْلَمُوْنَ ۝٨ وَ عَلَى
اللّٰهِ قَصْدُ السَّبِیْلِ وَ مِنْهَا جَآىِٕرٌ ؕ وَ لَوْ شَآءَ
لَهَدٰىكُمْ اَجْمَعِیْنَ ۝٩ هُوَ الَّذِیْۤ اَنْزَلَ مِنَ السَّمَآءِ ع ٩/٧
مَآءً لَّكُمْ مِّنْهُ شَرَابٌ وَّ مِنْهُ شَجَرٌ فِیْهِ تُسِیْمُوْنَ ۝١٠
یُنْۢبِتُ لَكُمْ بِهِ الزَّرْعَ وَ الزَّیْتُوْنَ وَ النَّخِیْلَ وَ
الْاَعْنَابَ وَ مِنْ كُلِّ الثَّمَرٰتِ ؕ اِنَّ فِیْ ذٰلِكَ لَاٰیَةً منزل ٣

(૧૬) સૂરઃ અન્-નહ્લ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧૬ • આયતો : ૧૨૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. આવી ગયો અલ્લાહનો ફેંસલો, હવે તેના માટે ઉતાવળ ન કરો. પવિત્ર છે તે અને ઉચ્ચતર છે તે શિર્કથી જે આ લોકો કરી રહ્યા છે.

૨. તે આ રૂહ★ને પોતાના જે બંદા પર ઇચ્છે છે, પોતાના હુકમથી ફરિશ્તાઓ મારફત ઉતારી દે છે (એ માર્ગદર્શન સાથે કે લોકોને) ''ચેતવી દો, મારા સિવાય તમારો કોઈ ઉપાસ્ય નથી, તેથી તમે મારાથી જ ડરો.''

૩. તેણે આકાશો અને ધરતીને સત્યપૂર્વક પેદા કર્યાં છે, તે ઘણો જ ઉચ્ચતર છે તે શિર્કથી જે આ લોકો કરે છે.

૪. તેણે મનુષ્યને નાના ટીપામાંથી પેદા કર્યો અને જોત-જોતમાં તે સ્પષ્ટપણે ઝઘડાખોર હસ્તી બની ગયો.

૫. તેણે પશુઓ પેદા કર્યાં જેમાં તમારા માટે પોશાક પણ છે અને ખોરાક પણ, અને જાત-જાતના અન્ય ફાયદાઓ પણ.

૬. તેમાં તમારા માટે સુંદરતા છે જ્યારે કે સવારે તમે તેમને ચરવા માટે મોકલો છો અને જ્યારે સાંજે તેમને પાછા લાવો છો.

૭. તેઓ તમારા માટે ભાર વહન કરીને એવા-એવા સ્થળો સુધી લઈ જાય છે જ્યાં તમે ભારે પરિશ્રમ વિના પહોંચી શકતા નથી. સાચું તો એ છે કે તમારો રબ (પ્રભુ) ખૂબ દયાળુ અને મહેરબાન છે.

૮. તેણે ઘોડા અને ખચ્ચર અને ગધેડા પેદા કર્યાં, જેથી તમે તેમના ઉપર સવારી કરો અને તેઓ તમારા જીવનની શોભા બને. તે બીજી ઘણી વસ્તુઓ (તમારા લાભ માટે) પેદા કરે છે જેનું તમને જ્ઞાન સુધ્ધાં નથી.

૯. અને અલ્લાહના જ શિરે છે સન્માર્ગ બતાવવો જ્યારે કે અવળા માર્ગો પણ મોજૂદ છે. જો તે ચાહતો તો તમને સૌને માર્ગદર્શન આપી દેતો. (રુકૂઅ-૧)

૧૦. તે જ છે જેણે આકાશમાંથી તમારા માટે પાણી વરસાવ્યું જેનાથી તમે પોતે પણ સંતૃપ્ત થાવ છો અને તમારા પશુઓ માટે પણ ઘાસચારો પેદા થાય છે.

૧૧. તે આ પાણી વડે ખેતીઓ ઉગાડે છે અને જૈતૂન અને ખજૂર અને દ્રાક્ષ અને જાત-જાતના બીજા ફળો પેદા કરે છે. આમાં એક મોટી નિશાની

★ રૂહનો અર્થ નબુવ્વત—ઈશદૂતત્વની રૂહ અને વહ્ય—દિવ્ય પ્રકાશના છે, જેનાથી પરિપૂર્ણ થઈને પયગંબર કાર્ય કરે છે અને વાતો કરે છે.

لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ۝١١ وَسَخَّرَ لَكُمُ الَّيْلَ وَالنَّهَارَ ۙ وَ
الشَّمْسَ وَالْقَمَرَ ؕ وَالنُّجُوْمُ مُسَخَّرٰتٌۢ بِاَمْرِهٖ ؕ اِنَّ
فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ۝١٢ۙ وَمَا ذَرَاَ لَكُمْ
فِي الْاَرْضِ مُخْتَلِفًا اَلْوَانُهٗ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً
لِّقَوْمٍ يَّذَّكَّرُوْنَ ۝١٣ وَهُوَ الَّذِيْ سَخَّرَ الْبَحْرَ
لِتَاْكُلُوْا مِنْهُ لَحْمًا طَرِيًّا وَّتَسْتَخْرِجُوْا مِنْهُ
حِلْيَةً تَلْبَسُوْنَهَا ۚ وَتَرَى الْفُلْكَ مَوَاخِرَ فِيْهِ
وَلِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ ۝١٤ وَاَلْقٰى
فِي الْاَرْضِ رَوَاسِيَ اَنْ تَمِيْدَ بِكُمْ وَاَنْهٰرًا وَّسُبُلًا
لَّعَلَّكُمْ تَهْتَدُوْنَ ۝١٥ۙ وَعَلٰمٰتٍ ؕ وَبِالنَّجْمِ هُمْ
يَهْتَدُوْنَ ۝١٦ اَفَمَنْ يَّخْلُقُ كَمَنْ لَّا يَخْلُقُ ؕ اَفَلَا
تَذَكَّرُوْنَ ۝١٧ وَاِنْ تَعُدُّوْا نِعْمَةَ اللّٰهِ لَا تُحْصُوْهَا ؕ
اِنَّ اللّٰهَ لَغَفُوْرٌ رَّحِيْمٌ ۝١٨ وَاللّٰهُ يَعْلَمُ مَا تُسِرُّوْنَ
وَمَا تُعْلِنُوْنَ ۝١٩ وَالَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ
لَا يَخْلُقُوْنَ شَيْـًٔا وَّهُمْ يُخْلَقُوْنَ ۝٢٠ؕ اَمْوَاتٌ
غَيْرُ اَحْيَآءٍ ۚ وَمَا يَشْعُرُوْنَ ۙ اَيَّانَ يُبْعَثُوْنَ ۝٢١ع ع ١٢ ٨
اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ فَالَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ
قُلُوْبُهُمْ مُّنْكِرَةٌ وَّهُمْ مُّسْتَكْبِرُوْنَ ۝٢٢ لَا جَرَمَ
اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا يُسِرُّوْنَ وَمَا يُعْلِنُوْنَ ؕ اِنَّهٗ لَا منزل ٣

છે તે લોકો માટે જેઓ ચિંતન-મનન કરે છે.

૧૨. તેણે તમારી ભલાઈ માટે રાત અને દિવસને તથા સૂર્ય અને ચંદ્રને આધીન કરેલા છે અને બધા તારાઓ પણ તેના જ આદેશથી આધીન છે. આમાં ઘણી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ બુદ્ધિનો ઉપયોગ કરે છે.

૧૩. અને આ જે અનેક રંગબેરંગી વસ્તુઓ તેણે તમારા માટે ધરતીમાં પેદા કરી રાખી છે, આમાં પણ ચોક્કસ નિશાની છે તે લોકો માટે જેઓ બોધ ગ્રહણ કરનારા છે.

૧૪. તે જ છે જેણે તમારા માટે સમુદ્રને કામે લગાડેલો છે જેથી તમે તેમાંથી તાજું માંસ લઈને ખાઓ અને તેમાંથી શ્રૃંગારની તે વસ્તુઓ કાઢો જેને તમે પહેરો છે. તમે જુઓ છો કે હોડી સમુદ્રની છાતી ચીરીને ચાલે છે. આ બધું એટલા માટે છે કે તમે પોતાના રબની કૃપા શોધો અને તેના કૃતજ્ઞ બનો.

૧૫. તેણે ધરતીમાં પર્વતોના ખૂંટા ખોસી દીધા જેથી ધરતી તમને લઈને ગબડી ન પડે. તેણે નદીઓ વહેવડાવી અને કુદરતી રસ્તાઓ બનાવ્યા જેથી તમે માર્ગ પામો.

૧૬. તેણે ધરતીમાં રસ્તો બતાવનારી નિશાનીઓ મૂકી દીધી, અને તારાઓમાંથી પણ લોકો માર્ગ પામે છે.

૧૭. પછી શું તે જે પેદા કરે છે અને તેઓ જેઓ કંઈ પણ પેદા નથી કરતા, બંને સમાન છે ? શું તમે ભાનમાં આવતા નથી ?

૧૮. જો તમે અલ્લાહની કૃપાઓને ગણવા ચાહો તો ગણી નથી શકતા. હકીકત એ છે કે તે ઘણો જ ક્ષમાશીલ અને દયાળુ છે,

૧૯. જો કે તે તમારા જાહેરથી પણ વાકેફ છે અને છુપાથી પણ.

૨૦. અને તે બીજી હસ્તીઓ જેમને અલ્લાહને છોડીને લોકો પોકારે છે, તે કોઈ પણ વસ્તુની સર્જક નથી, બલ્કે પોતે જ સર્જિત છે.

૨૧. નિર્જીવ છે નહીં કે સજીવ, અને તેમને સહેજ પણ ખબર નથી કે તેમને ક્યારે (પુનઃ જીવંત કરીને) ઉઠાવવામાં આવશે. (રુકૂઅ-૨)

૨૨. તમારો ઉપાસ્ય બસ એક જ ઉપાસ્ય છે. પરંતુ જે લોકો આખિરત (પરલોક)ને માનતા નથી તેમના હૃદયોમાં ઇન્કાર વસીને રહી ગયો છે અને તેઓ અહંકારમાં પડી ગયા છે.

૨૩. અલ્લાહ નિશ્ચિતપણે તેમના સૌ કરતૂકો જાણે છે, છૂપા પણ અને જાહેર પણ. તે એ લોકોને કદાપિ પસંદ કરતો નથી જેઓ અહંકારમાં પડેલા હોય.

يُحِبُّ الْمُسْتَكْبِرِيْنَ ﴿٢٣﴾ وَاِذَا قِيْلَ لَهُمْ مَّا ذَآ
اَنْزَلَ رَبُّكُمْ ۙ قَالُوْٓا اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ﴿٢٤﴾ لِيَحْمِلُوْٓا
اَوْزَارَهُمْ كَامِلَةً يَّوْمَ الْقِيٰمَةِ ۙ وَمِنْ اَوْزَارِ
الَّذِيْنَ يُضِلُّوْنَهُمْ بِغَيْرِ عِلْمٍ ؕ اَلَا سَآءَ مَا يَزِرُوْنَ ﴿٢٥﴾
قَدْ مَكَرَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَاَتَى اللّٰهُ بُنْيَانَهُمْ
مِّنَ الْقَوَاعِدِ فَخَرَّ عَلَيْهِمُ السَّقْفُ مِنْ فَوْقِهِمْ وَ
اَتٰىهُمُ الْعَذَابُ مِنْ حَيْثُ لَا يَشْعُرُوْنَ ﴿٢٦﴾ ثُمَّ يَوْمَ
الْقِيٰمَةِ يُخْزِيْهِمْ وَيَقُوْلُ اَيْنَ شُرَكَآءِىَ الَّذِيْنَ
كُنْتُمْ تُشَآقُّوْنَ فِيْهِمْ ؕ قَالَ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ
اِنَّ الْخِزْىَ الْيَوْمَ وَالسُّوْٓءَ عَلَى الْكٰفِرِيْنَ ﴿٢٧﴾ ۙ
الَّذِيْنَ تَتَوَفّٰىهُمُ الْمَلٰٓئِكَةُ ظَالِمِىْٓ اَنْفُسِهِمْ ۖ
فَاَلْقَوُا السَّلَمَ مَا كُنَّا نَعْمَلُ مِنْ سُوْٓءٍ ؕ بَلٰٓى
اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٢٨﴾ فَادْخُلُوْٓا
اَبْوَابَ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَا ؕ فَلَبِئْسَ مَثْوَى
الْمُتَكَبِّرِيْنَ ﴿٢٩﴾ وَقِيْلَ لِلَّذِيْنَ اتَّقَوْا مَاذَآ اَنْزَلَ
رَبُّكُمْ ؕ قَالُوْا خَيْرًا ؕ لِلَّذِيْنَ اَحْسَنُوْا فِىْ هٰذِهِ الدُّنْيَا
حَسَنَةٌ ؕ وَلَدَارُ الْاٰخِرَةِ خَيْرٌ ؕ وَلَنِعْمَ دَارُ
الْمُتَّقِيْنَ ﴿٣٠﴾ ۙ جَنّٰتُ عَدْنٍ يَّدْخُلُوْنَهَا تَجْرِىْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ لَهُمْ فِيْهَا مَا يَشَآءُوْنَ ؕ كَذٰلِكَ

૨૪. અને જ્યારે કોઈ તેમને પૂછે છે કે તમારા રબે આ કઈ વસ્તુ અવતરિત કરી છે તો કહે છે, ''અરે, એ તો અગાઉના સમયની પુરાણી વાર્તાઓ છે.''

૨૫. આ વાતો તેઓ એટલા માટે કરે છે કે કયામત (પુનર્જીવન)ના દિવસે તેઓ પોતાના બોજ પણ પૂરેપૂરા ઉઠાવે અને સાથે-સાથે થોડાંક તે લોકોના બોજ પણ ઉઠાવે જેમને આ લોકો અજ્ઞાનતાના કારણે પથભ્રષ્ટ કરી રહ્યા છે. જુઓ ! કેવી ભારે જવાબદારી છે જે આ લોકો પોતાના માથે લઈ રહ્યા છે. (રુકૂઅ-૩)

૨૬. આમના પહેલાં પણ ઘણા લોકો (સત્યને નીચું દેખાડવા) આવી જ દગાબાજીઓ કરી ચૂક્યા છે, તો જોઈ લો કે અલ્લાહે તેમની દગાબાજીઓની ઇમારતને મૂળમાંથી ઉખાડી ફેંકી અને તેની છત ઉપરથી તેમના માથે આવી પડી અને એવી દિશામાંથી યાતના આવી, જે તરફથી તેના આવવાની તેમને કલ્પના સુધ્ધાં ન હતી.

૨૭. પછી કયામતના દિવસે અલ્લાહ તેમને ફજેત કરશે. અને તેમને કહેશે, ''બતાવો, હવે ક્યાં છે મારા તે ભાગીદારો જેમના માટે તમે (સત્યવાદીઓ સાથે) ઝઘડા કર્યા કરતા હતા ?''—જે લોકોને દુનિયામાં જ્ઞાન પ્રાપ્ત હતું તેઓ કહેશે, ''આજે અપમાન અને દુર્ભાગ્ય છે કાફિરો (ઇન્કાર કરનારાઓ) માટે.''

૨૮. હા, તે જ ઇન્કાર કરનારાઓ માટે જેઓ પોતાના પર જ જુલ્મ કરતાં જ્યારે ફરિશ્તાઓના હાથોમાં કેદ પકડાય છે તો (વિદ્રોહ છોડીને) તરત શરણે આવી જાય છે અને કહે છે, ''અમે તો કોઈ ગુનો કરી રહ્યા નહોતા.'' ફરિશ્તાઓ જવાબ આપે છે, ''નહોતા કેમ કરતા ! અલ્લાહ તમારા કરતૂકોને ખૂબ જાણે છે.

૨૯. હવે જાઓ, જહન્નમના દરવાજાઓમાં ઘૂસી જાઓ, ત્યાં જ તમારે હંમેશા રહેવાનું છે.'' બસ, સાચું તો એ છે કે ઘણું જ ખરાબ ઠેકાણું છે અહંકારીઓ માટે.

૩૦. બીજી તરફ જ્યારે અલ્લાહથી ડર રાખનારા બંદાઓને પૂછવામાં આવે છે કે તે કઈ વસ્તુ છે જે તમારા રબ (પ્રભુ) તરફથી અવતરિત થઈ છે ? તો તેઓ જવાબ આપે છે, ''સર્વશ્રેષ્ઠ વસ્તુ અવતરિત થઈ છે.'' આવા સદાચારીઓ માટે આ દુનિયા (આલોક)માં પણ ભલાઈ છે અને આખિરત (પરલોક)નું ઘર તો ચોક્કસ જ તેમના માટે વધુ સારું છે. ખૂબ સારું ઘર છે સંયમી લોકોનું,

૩૧. સદૈવ રહેઠાણની જન્નતો, જેમાં તેઓ દાખલ થશે, નીચે નહેરો વહી રહી હશે અને બધું જ ત્યાં તદ્દન તેમની ઇચ્છા અનુસાર હશે. આ

یَجْزِی اللّٰهُ الْمُتَّقِیْنَ ﴿۳۱﴾ الَّذِیْنَ تَتَوَفّٰىهُمُ الْمَلٰٓىِٕكَةُ
طَیِّبِیْنَ ۙ یَقُوْلُوْنَ سَلٰمٌ عَلَیْكُمُ ۙ ادْخُلُوا الْجَنَّةَ بِمَا
كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۳۲﴾ هَلْ یَنْظُرُوْنَ اِلَّاۤ اَنْ تَاْتِیَهُمُ
الْمَلٰٓىِٕكَةُ اَوْ یَاْتِیَ اَمْرُ رَبِّكَ ؕ كَذٰلِكَ فَعَلَ
الَّذِیْنَ مِنْ قَبْلِهِمْ ؕ وَ مَا ظَلَمَهُمُ اللّٰهُ وَ لٰكِنْ
كَانُوْۤا اَنْفُسَهُمْ یَظْلِمُوْنَ ﴿۳۳﴾ فَاَصَابَهُمْ سَیِّاٰتُ مَا
عَمِلُوْا وَ حَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ یَسْتَهْزِءُوْنَ ﴿۳۴﴾ ع وَ ع ۹/۱۰
قَالَ الَّذِیْنَ اَشْرَكُوْا لَوْ شَآءَ اللّٰهُ مَا عَبَدْنَا مِنْ دُوْنِهٖ
مِنْ شَیْءٍ نَّحْنُ وَ لَاۤ اٰبَآؤُنَا وَ لَا حَرَّمْنَا مِنْ دُوْنِهٖ
مِنْ شَیْءٍ ؕ كَذٰلِكَ فَعَلَ الَّذِیْنَ مِنْ قَبْلِهِمْ ۚ فَهَلْ
عَلَى الرُّسُلِ اِلَّا الْبَلٰغُ الْمُبِیْنُ ﴿۳۵﴾ وَ لَقَدْ بَعَثْنَا
فِیْ كُلِّ اُمَّةٍ رَّسُوْلًا اَنِ اعْبُدُوا اللّٰهَ وَ اجْتَنِبُوا
الطَّاغُوْتَ ۚ فَمِنْهُمْ مَّنْ هَدَى اللّٰهُ وَ مِنْهُمْ مَّنْ
حَقَّتْ عَلَیْهِ الضَّلٰلَةُ ؕ فَسِیْرُوْا فِی الْاَرْضِ
فَانْظُرُوْا كَیْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِیْنَ ﴿۳۶﴾ اِنْ
تَحْرِصْ عَلٰى هُدٰىهُمْ فَاِنَّ اللّٰهَ لَا یَهْدِیْ مَنْ یُّضِلُّ
وَ مَا لَهُمْ مِّنْ نّٰصِرِیْنَ ﴿۳۷﴾ وَ اَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ
اَیْمَانِهِمْ ۙ لَا یَبْعَثُ اللّٰهُ مَنْ یَّمُوْتُ ؕ بَلٰى وَعْدًا
عَلَیْهِ حَقًّا وَّ لٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا یَعْلَمُوْنَ ﴿۳۸﴾ منزل ۳

વળતર આપે છે અલ્લાહ સંયમી લોકોને,

૩૨. તે સંયમી લોકોને જેમની આત્માઓ પવિત્ર સ્થિતિમાં જ્યારે ફરિશ્તાઓ કાઢે છે તો કહે છે, ''સલામ થાય તમારા પર, જાઓ જન્નતમાં પોતાના કર્મોના બદલામાં.''

૩૩. હે પયગંબર ! હવે જો આ લોકો પ્રતીક્ષા કરી રહ્યા છે તો આ સિવાય હવે શું બાકી રહી ગયું છે કે ફરિશ્તાઓ જ આવી પહોંચે, અથવા તારા રબ (પ્રભુ)નો ફેંસલો જ લાગુ થઈ જાય ? આવી જ ધૃષ્ટતા આમના પહેલાંના ઘણા લોકો કરી ચૂક્યા છે. પછી જે કંઈ તેમના સાથે થયું તે તેમના ઉપર અલ્લાહનો જુલ્મ ન હતો બલ્કે તેમનો પોતાનો જુલ્મ હતો જે તેમણે સ્વયં પોતાના ઉપર કર્યો.

૩૪. તેમના કરતૂકોના માઠાં પરિણામો છેવટે તેમના માથે આવી પડ્યા અને તે જ વસ્તુ તેમના ઉપર છવાઈને રહી જેની તેઓ હાંસી ઉડાવ્યા કરતા હતા. (રુકૂઅ-૪)

૩૫. આ મુશ્‌રિકો (અનેકેશ્વરવાદીઓ) કહે છે, ''જો અલ્લાહ ઇચ્છતો તો ન અમે અને ન અમારા બાપ-દાદાઓ તેના સિવાય કોઈ બીજાની બંદગી કરતા અને ન તેના આદેશ વિના કોઈ વસ્તુ હરામ (અવૈધ) ઠેરવતા.'' આવા જ બહાનાઓ તેમના પહેલાંના લોકો પણ બનાવતા રહ્યા છે. તો શું રસૂલો (ઈશદૂતો) પર સ્પષ્ટ વાત પહોંચાડી દેવા સિવાય કોઈ અન્ય જવાબદારી પણ છે ?

૩૬. અમે દરેક ઉમ્મત (સમુદાય)માં એક રસૂલ (ઈશદૂત) મોકલી દીધો અને તેના મારફત બધાને ચેતવી દીધા કે, ''અલ્લાહની બંદગી કરો અને તાગૂત (હદ વટાવી ગયેલા)ની બંદગીથી બચો.'' ત્યારપછી તેમનામાંથી કોઈને અલ્લાહે માર્ગદર્શન પ્રદાન કર્યું અને કોઈના ઉપર પથભ્રષ્ટતા છવાઈ ગઈ. પછી જરા ધરતી ઉપર હરી-ફરીને જોઈ લો કે જૂઠ ઠેરવનારાઓનો શું અંજામ આવી ચૂક્યો છે –

૩૭. હે નબી ! તેમના માર્ગદર્શન માટે ચાહે તમે કેટલાય ઉત્સુક હોવ, પરંતુ અલ્લાહ જેને ભટકાવી દે છે પછી તેને માર્ગદર્શન નથી આપતો અને આવા લોકોની મદદ કોઈ કરી શકતું નથી.

૩૮. આ લોકો અલ્લાહના નામથી મોટી-મોટી સોગંદો ખાઈને કહે છે કે, ''અલ્લાહ કોઈ મૃત્યુ પામનારને પુનઃ જીવંત કરી નહીં ઉઠાવે.'' – કેમ નહીં ઉઠાવે ? આ તો એક વાયદો છે જેને પૂરો કરવાનો તેણે પોતાના માટે અનિવાર્ય કરી લીધું છે, પરંતુ મોટા ભાગના લોકો જાણતા નથી.

لِيُبَيِّنَ لَهُمُ الَّذِيْ يَخْتَلِفُوْنَ فِيْهِ وَلِيَعْلَمَ الَّذِيْنَ
كَفَرُوْٓا اَنَّهُمْ كَانُوْا كٰذِبِيْنَ ﴿٣٩﴾ اِنَّمَا قَوْلُنَا لِشَيْءٍ
اِذَآ اَرَدْنٰهُ اَنْ نَّقُوْلَ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٤٠﴾ وَالَّذِيْنَ ع ٥
هَاجَرُوْا فِي اللّٰهِ مِنْۢ بَعْدِ مَا ظُلِمُوْا لَنُبَوِّئَنَّهُمْ
فِي الدُّنْيَا حَسَنَةً ؕ وَلَاَجْرُ الْاٰخِرَةِ اَكْبَرُ ۘ لَوْ كَانُوْا وقف لازم
يَعْلَمُوْنَ ﴿٤١﴾ الَّذِيْنَ صَبَرُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿٤٢﴾
وَمَآ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ اِلَّا رِجَالًا نُّوْحِيْٓ اِلَيْهِمْ
فَسْــَٔلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿٤٣﴾
بِالْبَيِّنٰتِ وَالزُّبُرِ ؕ وَاَنْزَلْنَآ اِلَيْكَ الذِّكْرَ لِتُبَيِّنَ
لِلنَّاسِ مَا نُزِّلَ اِلَيْهِمْ وَلَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿٤٤﴾ النصف
اَفَاَمِنَ الَّذِيْنَ مَكَرُوا السَّيِّاٰتِ اَنْ يَّخْسِفَ اللّٰهُ
بِهِمُ الْاَرْضَ اَوْ يَاْتِيَهُمُ الْعَذَابُ مِنْ حَيْثُ لَا
يَشْعُرُوْنَ ﴿٤٥﴾ اَوْ يَاْخُذَهُمْ فِيْ تَقَلُّبِهِمْ فَمَا هُمْ
بِمُعْجِزِيْنَ ﴿٤٦﴾ اَوْ يَاْخُذَهُمْ عَلٰى تَخَوُّفٍ ؕ فَاِنَّ رَبَّكُمْ
لَرَءُوْفٌ رَّحِيْمٌ ﴿٤٧﴾ اَوَلَمْ يَرَوْا اِلٰى مَا خَلَقَ اللّٰهُ مِنْ شَيْءٍ
يَّتَفَيَّؤُا ظِلٰلُهٗ عَنِ الْيَمِيْنِ وَالشَّمَآئِلِ سُجَّدًا لِّلّٰهِ
وَهُمْ دٰخِرُوْنَ ﴿٤٨﴾ وَلِلّٰهِ يَسْجُدُ مَا فِي السَّمٰوٰتِ وَمَا منزل ٣
فِي الْاَرْضِ مِنْ دَآبَّةٍ وَّالْمَلٰٓئِكَةُ وَهُمْ لَا يَسْتَكْبِرُوْنَ ﴿٤٩﴾
يَخَافُوْنَ رَبَّهُمْ مِّنْ فَوْقِهِمْ وَيَفْعَلُوْنَ مَا يُؤْمَرُوْنَ ﴿٥٠﴾ ع السجدة

૩૯. અને આવું થવું એટલા માટે જરૂરી છે કે અલ્લાહ તેમના સામે આ હકીકતને ખોલી દે જેના વિશે આ લોકો મતભેદ કરી રહ્યા છે અને સત્યનો ઇન્કાર કરનારાઓને ખબર પડી જાય કે તેઓ જૂઠા હતા

૪૦. (રહી તેની શકયતા તો) અમને કોઈ વસ્તુને અસ્તિત્વમાં લાવવા માટે આનાથી વધુ કંઈ કરવું પડતું નથી કે તેને આજ્ઞા આપીએ કે, 'થઈ જા' અને બસ, તે થઈ જાય છે. (રુકૂઅ-૫)

૪૧. જે લોકો જુલ્મ સહન કર્યા પછી અલ્લાહ માટે હિજરત કરી ગયા છે, તેમને અમે દુનિયામાં જ સારું ઠેકાણું આપીશું અને આખિરત (પરલોક)નો બદલો તો ઘણો મોટો છે. કદાચ, જાણી લે

૪૨. તે જુલ્મ સહન કરનારાઓ જેમણે ધૈર્યથી કામ લીધું છે અને જેઓ પોતાના રબના ભરોસે કામ કરી રહ્યા છે (કે કેવું સરસ પરિણામ તેમની રાહ જોઈ રહ્યું છે).

૪૩. હે પયગંબર ! અમે તમારા પહેલાં જ્યારે પણ રસૂલો (સંદેશવાહકો) મોકલ્યા છે, ત્યારે મનુષ્યો જ મોકલ્યા છે જેમના તરફ અમે અમારા સંદેશાઓ વહી દ્વારા મોકલતા હતા. ઝિક્રવાળાઓ ★ ને પૂછી લો, જો તમે લોકો પોતે નથી જાણતા.

૪૪. પહેલાંના રસૂલોને પણ અમે સ્પષ્ટ નિશાનીઓ અને ગ્રંથો આપીને મોકલ્યા હતા અને હવે આ 'ઝિક્ર' તમારા ઉપર ઉતારવામાં આવેલ છે, જેથી તમે લોકો સમક્ષ તે શિક્ષણની સમજૂતી અને સ્પષ્ટતા કરતા જાઓ જે તેમના માટે ઉતારવામાં આવ્યું છે, અને જેથી લોકો (પોતે પણ) ચિંતન-મનન કરે.

૪૫. પછી શું તે લોકો જેઓ (પયગંબરના સંદેશના વિરોધમાં) ખરાબમાં ખરાબ ચાલો ચાલી રહ્યા છે, આ વાતથી તદ્દન નિર્ભય થઈ ગયા છે કે અલ્લાહ તેમને ધરતીમાં ખૂંપાવી દે અથવા એવા ખૂણેથી તેમના ઉપર યાતના લઈ આવે જ્યાંથી તેના આવવાની કલ્પના સુધ્ધાં ન કરી શકે,

૪૬-૪૭. અથવા અચાનક હરતા-ફરતા તેમને ઝડપી લે, અથવા એવી હાલતમાં તેમને પકડે જ્યારે તેમને પોતાને આવનારી આપત્તિનો ખટકો લાગેલો હોય અને તેઓ તેનાથી બચવાની ચિંતામાં સાવધાન હોય ? તે જે કંઈ પણ કરવા ચાહે, આ લોકો તેને વિવશ કરવાની તાકાત નથી રાખતા. હકીકત એ છે કે તમારો રબ ખૂબ જ નમ્ર અને દયાળુ છે.

૪૮. અને શું આ લોકો અલ્લાહની પેદા કરેલી કોઈ વસ્તુને પણ જોતા નથી કે તેનો પડછાયો કેવી રીતે અલ્લાહ સમક્ષ સિજદો કરતાં જમણે-ડાબે પડે છે ? બધા જ આવી રીતે વિનમ્રતા દાખવી રહ્યા છે.

૪૯. ધરતી અને આકાશોમાં જેટલા પણ સજીવો છે અને બધા જ ફરિશ્તાઓ,

★ અગાઉ જેમના ઉપર દિવ્ય ગ્રંથ અવતરિત થયા હતા તેમના વિદ્વાનો કે પછી એવા વિદ્વાનો જેઓ દિવ્ય ગ્રંથો અને પયગંબરોનું જ્ઞાન ધરાવતા હોય.

وَقَالَ اللّٰهُ لَا تَتَّخِذُوْٓا اِلٰهَيْنِ اثْنَيْنِ ۚ اِنَّمَا هُوَ اِلٰهٌ
وَّاحِدٌ ۚ فَاِيَّايَ فَارْهَبُوْنِ ﴿٥١﴾ وَلَهٗ مَا فِي السَّمٰوٰتِ وَ
الْاَرْضِ وَلَهُ الدِّيْنُ وَاصِبًا ؕ اَفَغَيْرَ اللّٰهِ تَتَّقُوْنَ ﴿٥٢﴾ وَمَا
بِكُمْ مِّنْ نِّعْمَةٍ فَمِنَ اللّٰهِ ثُمَّ اِذَا مَسَّكُمُ الضُّرُّ
فَاِلَيْهِ تَجْئَرُوْنَ ﴿٥٣﴾ ثُمَّ اِذَا كَشَفَ الضُّرَّ عَنْكُمْ اِذَا
فَرِيْقٌ مِّنْكُمْ بِرَبِّهِمْ يُشْرِكُوْنَ ﴿٥٤﴾ لِيَكْفُرُوْا بِمَآ
اٰتَيْنٰهُمْ ؕ فَتَمَتَّعُوْا ۫ فَسَوْفَ تَعْلَمُوْنَ ﴿٥٥﴾ وَيَجْعَلُوْنَ
لِمَا لَا يَعْلَمُوْنَ نَصِيْبًا مِّمَّا رَزَقْنٰهُمْ ؕ تَاللّٰهِ لَتُسْئَلُنَّ
عَمَّا كُنْتُمْ تَفْتَرُوْنَ ﴿٥٦﴾ وَيَجْعَلُوْنَ لِلّٰهِ الْبَنٰتِ
سُبْحٰنَهٗ ۙ وَلَهُمْ مَّا يَشْتَهُوْنَ ﴿٥٧﴾ وَاِذَا بُشِّرَ اَحَدُهُمْ
بِالْاُنْثٰى ظَلَّ وَجْهُهٗ مُسْوَدًّا وَّهُوَ كَظِيْمٌ ﴿٥٨﴾ ۚ
يَتَوَارٰى مِنَ الْقَوْمِ مِنْ سُوْٓءِ مَا بُشِّرَ بِهٖ ؕ اَيُمْسِكُهٗ
عَلٰى هُوْنٍ اَمْ يَدُسُّهٗ فِي التُّرَابِ ؕ اَلَا سَآءَ مَا
يَحْكُمُوْنَ ﴿٥٩﴾ لِلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ
مَثَلُ السَّوْءِ ۚ وَلِلّٰهِ الْمَثَلُ الْاَعْلٰى ؕ وَهُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿٦٠﴾ ع وَلَوْ يُؤَاخِذُ اللّٰهُ النَّاسَ بِظُلْمِهِمْ مَّا
تَرَكَ عَلَيْهَا مِنْ دَآبَّةٍ وَّلٰكِنْ يُّؤَخِّرُهُمْ
اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ۚ فَاِذَا جَآءَ اَجَلُهُمْ لَا
يَسْتَاْخِرُوْنَ سَاعَةً وَّلَا يَسْتَقْدِمُوْنَ ﴿٦١﴾ وَيَجْعَلُوْنَ

સૌ અલ્લાહના આગળ સિજદો કરે છે. તેઓ કદાપિ ઘમંડ નથી કરતા,
૫૦. પોતાના રબથી જે તેમના ઉપર છે, ડરે છે અને જે કંઈ આદેશ આપવામાં આવે છે તે અનુસાર કામ કરે છે. (રુકૂઅ-૬)
૫૧. અલ્લાહનો આદેશ છે કે, ''બે ખુદા ન બનાવી લો, ખુદા તો બસ એક જ છે, આથી તમે મારાથી જ ડરો.''
૫૨. તેનું જ છે તે બધું જે આકાશોમાં છે અને જે કંઈ ધરતીમાં છે અને વિશુદ્ધ રૂપે માત્ર તેનો જ દીન (ધર્મ, સમગ્ર સૃષ્ટિમાં) અમલમાં છે. પછી શું અલ્લાહને છોડીને તમે કોઈ બીજાનો ડર રાખશો ?
૫૩. તમને જે નેઅ્મત (કૃપા) પણ પ્રાપ્ત છે, અલ્લાહ જ તરફથી છે. પછી જ્યારે કોઈ કઠિન સમય તમારા પર આવે છે તો તમે લોકો સ્વયં પોતાની ફરિયાદો લઈને તેના જ તરફ દોડો છો.
૫૪. પરંતુ જ્યારે અલ્લાહ તે સમય ટાળી દે છે તો એકાએક તમારામાંથી એક જૂથ (આ મહેરબાની માટે કૃતજ્ઞતા દર્શાવવામાં) પોતાના રબના સાથે બીજાઓને ભાગીદાર બનાવવા લાગે છે,
૫૫. જેથી અલ્લાહના ઉપકાર પ્રત્યે કૃતઘ્નતા કરે. ભલે, મજા કરી લો, ટૂંક સમયમાં તમને ખબર પડી જશે.
૫૬. આ લોકો, જેમની વાસ્તવિકતાથી પરિચિત નથી, તેમનાં હિસ્સા અમારી આપેલી રોજીમાંથી નિશ્ચિત કરે છે.—અલ્લાહના સોગંદ! ચોક્કસ તમને પૂછવામાં આવશે કે આ જૂઠ તમે કેવી રીતે ઘડી કાઢ્યા હતા?
૫૭. આ લોકો અલ્લાહ માટે પુત્રીઓ ઠેરવે છે, સુબ્હાનલ્લાહ ! (પવિત્ર અને ખામીરહિત છે અલ્લાહ) અને તેમનાં માટે તે જે તેઓ પોતે ઇચ્છે ?
૫૮. જ્યારે તેમનામાંથી કોઈને પુત્રીના જન્મની ખુશખબર આપવામાં આવે છે તો તેના ચહેરા પર કાલિમા છવાઈ જાય છે અને તે બસ લોહીનો ઘૂંટ પીને રહી જાય છે.
૫૯. લોકોથી છુપાતો ફરે છે કે આ અશુભ સમાચાર પછી કોઈને શું મોઢું દેખાડે. વિચારે છે કે અપમાનની સાથે આ પુત્રીને રાખી લે કે માટીમાં દાટી દે?— જુઓ, કેવા ખરાબ નિર્ણયો છે જે આ લોકો અલ્લાહ વિષે લગાવે છે.
૬૦. ખરાબ ગુણોથી વિભૂષિત કરવાને લાયક તો છે તે લોકો, જેઓ આખિરતમાં વિશ્વાસ ધરાવતા નથી. રહ્યો અલ્લાહ, તો તેના માટે તો સૌથી શ્રેષ્ઠ ગુણો છે, તે જ તો સૌના ઉપર પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શિતામાં પરિપૂર્ણ છે. (રુકૂઅ-૭)
૬૧. જો અલ્લાહ લોકોને તેમના અતિરેક પર તરત જ પકડતો રહેતો હોત તો ધરતીના પટ પર કોઈ જીવધારીને ન છોડતો. પરંતુ તે સૌને એક નિશ્ચિત સમય સુધી મહેતલ આપે છે, પછી જ્યારે તે સમય આવી જાય છે તો

لِلّٰهِ مَا يَكْرَهُوْنَ وَ تَصِفُ اَلْسِنَتُهُمُ الْكَذِبَ اَنَّ
لَهُمُ الْحُسْنٰى ؕ لَا جَرَمَ اَنَّ لَهُمُ النَّارَ وَ اَنَّهُمْ
مُّفْرَطُوْنَ ۝۶۲ تَاللّٰهِ لَقَدْ اَرْسَلْنَاۤ اِلٰۤى اُمَمٍ
مِّنْ قَبْلِكَ فَزَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ فَهُوَ
وَلِيُّهُمُ الْيَوْمَ وَ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ۝۶۳ وَمَاۤ
اَنْزَلْنَا عَلَيْكَ الْكِتٰبَ اِلَّا لِتُبَيِّنَ لَهُمُ الَّذِى
اخْتَلَفُوْا فِيْهِ ۙ وَهُدًى وَّرَحْمَةً لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ۝۶۴
وَاللّٰهُ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَحْيَا بِهِ الْاَرْضَ
بَعْدَ مَوْتِهَا ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ
يَّسْمَعُوْنَ ۝۶۵ ع وَاِنَّ لَكُمْ فِى الْاَنْعَامِ لَعِبْرَةً ؕ ع ۸/۵/۱۴
نُسْقِيْكُمْ مِّمَّا فِىْ بُطُوْنِهٖ مِنْۢ بَيْنِ فَرْثٍ وَّدَمٍ
لَّبَنًا خَالِصًا سَآئِغًا لِّلشّٰرِبِيْنَ ۝۶۶ وَمِنْ ثَمَرٰتِ
النَّخِيْلِ وَالْاَعْنَابِ تَتَّخِذُوْنَ مِنْهُ سَكَرًا وَّ
رِزْقًا حَسَنًا ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ۝۶۷
وَاَوْحٰى رَبُّكَ اِلَى النَّحْلِ اَنِ اتَّخِذِىْ مِنَ
الْجِبَالِ بُيُوْتًا وَّمِنَ الشَّجَرِ وَمِمَّا يَعْرِشُوْنَ ۝۶۸ ۙ
ثُمَّ كُلِىْ مِنْ كُلِّ الثَّمَرٰتِ فَاسْلُكِىْ سُبُلَ
رَبِّكِ ذُلُلًا ؕ يَخْرُجُ مِنْۢ بُطُوْنِهَا شَرَابٌ مُّخْتَلِفٌ
اَلْوَانُهٗ فِيْهِ شِفَآءٌ لِّلنَّاسِ ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً

તેનાથી કોઈ એક ક્ષણમાત્ર પણ આગળ-પાછળ થઈ શકતો નથી.

૬૨. આજે આ લોકો તે વસ્તુઓ અલ્લાહ માટે ઠેરવી રહ્યા છે જે સ્વયં પોતાનાં માટે તેમને પસંદ નથી, અને જૂઠ બોલે છે તેમની જબાનો કે તેમના માટે તો સારું જ સારું છે. તેમના માટે તો એક જ વસ્તુ છે અને તે છે દોજખ (નર્ક)ની આગ. અવશ્ય આ લોકો સૌથી પહેલા તેમાં પહોંચાડવામાં આવશે.

૬૩. અલ્લાહના સોગંદ, હે નબી ! તમારા પહેલાં પણ ઘણી કોમોમાં અમે રસૂલો મોકલી ચૂક્યા છીએ (અને પહેલાં પણ આ જ થતું રહ્યું છે કે) શેતાને તેમના ખરાબ કરતૂકો તેમને સુંદર બનાવીને દેખાડ્યા (અને સંદેશવાહકોની વાત તેમણે માની જ નહીં). તે જ શેતાન આજે આ લોકોનો પણ સંરક્ષક બનેલો છે અને આ લોકો દુઃખદાયી સજાને પાત્ર બની રહ્યા છે.

૬૪. અમે આ ગ્રંથ તમારા પર એટલા માટે અવતરિત કર્યો છે કે તમે તે મતભેદોની સત્યતા તેમના સામે સ્પષ્ટ કરી દો જેમાં તેઓ ગ્રસ્ત છે. આ ગ્રંથ માર્ગદર્શન અને કૃપા બનીને અવતરિત થયો છે તે લોકો માટે જેઓ એને માની લે.

૬૫. (તમે દરેક વર્ષાઋતુમાં જુઓ છો કે) અલ્લાહે આકાશમાંથી પાણી વરસાવ્યું અને એકાએક નિર્જીવ પડેલી જમીનમાં તેના વડે પ્રાણ નાખી દીધા. નિશ્ચિતપણે આમાં એક નિશાની છે સાંભળનારાઓ માટે. (રુકૂઅ-૮)

૬૬. અને તમારા માટે પશુઓમાં પણ એક બોધપાઠ રહેલો છે. તેમના પેટમાંથી ગોબર અને લોહીના વચ્ચેથી એક વસ્તુ તમને પીવડાવીએ છીએ, અર્થાત્ શુદ્ધ દૂધ, જે પીનારાઓ માટે અત્યંત રુચિકર છે.

૬૭. (આવી જ રીતે) ખજૂરના વૃક્ષો અને દ્રાક્ષની વેલોમાંથી પણ એક વસ્તુ તમને પીવડાવીએ છીએ જેને તમે માદક પણ બનાવી લો છો અને શુદ્ધ રોજી પણ. નિઃશંક આમાં એક નિશાની છે બુદ્ધિથી કામ કરનારાઓ માટે.

૬૮. અને જુઓ, તમારા રબે મધમાખી પર આ વાત વહી કરી દીધી કે પર્વતોમાં અને વૃક્ષોમાં અને ટટ્ટીઓ પર ચઢાવેલ વેલાઓમાં પોતાના મધપૂડા બનાવ

૬૯. અને દરેક પ્રકારના ફૂલોનો રસ ચૂસ અને પોતાના રબે (પ્રભુએ) સુગમ કરેલ માર્ગો ઉપર ચાલ્યા કર. આ માખીના અંદરથી એક રંગબેરંગી શરબત નીકળે છે જેમાં રોગ-નિવારણ છે લોકો માટે. નિઃશંક આમાં પણ એક નિશાની છે તે લોકો માટે જેઓ ચિંતન-મનન કરે છે.

لِقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿٦٩﴾ وَاللّٰهُ خَلَقَكُمْ ثُمَّ يَتَوَفّٰىكُمْ ۣ
وَمِنْكُمْ مَّنْ يُّرَدُّ اِلٰٓى اَرْذَلِ الْعُمُرِ لِكَيْ لَا يَعْلَمَ
ع ٥ ١٥ بَعْدَ عِلْمٍ شَيْـًٔا ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌ قَدِيْرٌ ﴿٧٠﴾ ع
وَاللّٰهُ فَضَّلَ بَعْضَكُمْ عَلٰى بَعْضٍ فِى الرِّزْقِ ۚ
فَمَا الَّذِيْنَ فُضِّلُوْا بِرَآدِّىْ رِزْقِهِمْ عَلٰى مَا مَلَكَتْ
اَيْمَانُهُمْ فَهُمْ فِيْهِ سَوَآءٌ ؕ اَفَبِنِعْمَةِ اللّٰهِ
يَجْحَدُوْنَ ﴿٧١﴾ وَاللّٰهُ جَعَلَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ
اَزْوَاجًا وَّجَعَلَ لَكُمْ مِّنْ اَزْوَاجِكُمْ بَنِيْنَ وَ
حَفَدَةً وَّرَزَقَكُمْ مِّنَ الطَّيِّبٰتِ ؕ اَفَبِالْبَاطِلِ
يُؤْمِنُوْنَ وَبِنِعْمَتِ اللّٰهِ هُمْ يَكْفُرُوْنَ ﴿٧٢﴾ لا وَ
يَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَمْلِكُ لَهُمْ رِزْقًا
مِّنَ السَّمٰوٰتِ وَالْاَرْضِ شَيْـًٔا وَّلَا يَسْتَطِيْعُوْنَ ﴿٧٣﴾ ج
فَلَا تَضْرِبُوْا لِلّٰهِ الْاَمْثَالَ ؕ اِنَّ اللّٰهَ يَعْلَمُ وَ
اَنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿٧٤﴾ ضَرَبَ اللّٰهُ مَثَلًا عَبْدًا
مَّمْلُوْكًا لَّا يَقْدِرُ عَلٰى شَيْءٍ وَّمَنْ رَّزَقْنٰهُ مِنَّا
رِزْقًا حَسَنًا فَهُوَ يُنْفِقُ مِنْهُ سِرًّا وَّجَهْرًا ؕ هَلْ
يَسْتَوٗنَ ؕ اَلْحَمْدُ لِلّٰهِ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٧٥﴾
وَضَرَبَ اللّٰهُ مَثَلًا رَّجُلَيْنِ اَحَدُهُمَآ اَبْكَمُ لَا
منزل ٣ يَقْدِرُ عَلٰى شَيْءٍ وَّهُوَ كَلٌّ عَلٰى مَوْلٰىهُ ۙ اَيْنَمَا

૭૦. અને જુઓ, અલ્લાહે તમને પેદા કર્યા, પછી તે તમને મૃત્યુ આપે છે અને તમારામાંથી કોઈને સૌથી ખરાબ ઉંમરે પહોંચાડી દેવામાં આવે છે, જેથી બધું જ જાણ્યા પછી ફરી કંઈ ન જાણે. હકીકત એ છે કે અલ્લાહ જ જ્ઞાનમાં પણ પૂર્ણ છે અને સામર્થ્યમાં પણ. (રુકૂઅ-૯)

૭૧. પછી જુઓ, અલ્લાહે તમારામાંથી કેટલાકને કેટલાક ઉપર રોજીમાં શ્રેષ્ઠતા પ્રદાન કરી છે. પછી જે લોકોને આ શ્રેષ્ઠતા પ્રદાન કરવામાં આવી છે તેઓ એવા નથી કે પોતાની રોજી પોતાના સેવકોને આપી દેતા હોય, જેથી બંને આ રોજીમાં બરાબરના હિસ્સેદાર બની જાય. તો શું અલ્લાહનો જ ઉપકાર માનવાથી આ લોકોને ઇન્કાર છે ?

૭૨. અને તે અલ્લાહ જ છે જેણે તમારા માટે તમારી સહજાતીય પત્નીઓ બનાવી અને તેણે જ આ પત્નીઓથી તમને પુત્રો-પૌત્રો આપ્યા અને સારી-સારી વસ્તુઓ તમને ખાવા માટે આપી, પછી શું આ લોકો (આ બધું જોવા અને જાણવા છતાં પણ) અસત્યને માને છે અને અલ્લાહના ઉપકારનો ઇન્કાર કરે છે

૭૩. અને અલ્લાહને છોડીને તેમને પૂજે છે જેમના હાથમાં ન આકાશોમાંથી તેમને રોજી આપવાનું છે ન ધરતીમાંથી અને ન તો આ કાર્ય તેઓ કરી જ શકે છે ?

૭૪. તેથી અલ્લાહ માટે દૃષ્ટાંતો ન ઘડો. અલ્લાહ જાણે છે, તમે નથી જાણતા.

૭૫. અલ્લાહ એક દૃષ્ટાંત આપે છે. એક તો છે ગુલામ જે બીજાના આધીન છે અને પોતે કોઈ અધિકાર ધરાવતો નથી. બીજો વ્યક્તિ એ છે જેને અમે પોતાના તરફથી ઉમદા રોજી આપી છે અને તે તેમાંથી છૂપી રીતે અને જાહેરમાં ખૂબ ખર્ચ કરે છે. બતાવો, શું આ બંને સરખા છે ?— અલહમ્દુલિલ્લાહ (સર્વ પ્રશંસા અલ્લાહ માટે જ છે) ! પરંતુ મોટા ભાગે લોકો (આ સીધી-સાદી વાત) જાણતા નથી.

૭૬. અલ્લાહ એક બીજું દૃષ્ટાંત આપે છે. બે માણસો છે. એક મૂંગો-બહેરો છે, કોઈ કામ નથી કરી શકતો, પોતાના માલિક માટે બોજારૂપ છે, જ્યાં પણ તે તેને મોકલે, તેનાથી કોઈ સારું કામ બની ન શકે. બીજો

يُوَجِّهْهُّ لَا يَاْتِ بِخَيْرٍ ؕ هَلْ يَسْتَوِيْ هُوَ ۙ وَمَنْ
يَّاْمُرُ بِالْعَدْلِ ۙ وَهُوَ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۷۶﴾ ع وَلِلّٰهِ (ع ١٠ / ١٦)
غَيْبُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَمَاۤ اَمْرُ السَّاعَةِ اِلَّا
كَلَمْحِ الْبَصَرِ اَوْ هُوَ اَقْرَبُ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیْءٍ
قَدِيْرٌ ﴿۷۷﴾ وَاللّٰهُ اَخْرَجَكُمْ مِّنْۢ بُطُوْنِ اُمَّهٰتِكُمْ لَا
تَعْلَمُوْنَ شَيْــًٔا ۙ وَّجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ
وَالْاَفْـِٕدَةَ ۙ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿۷۸﴾ اَلَمْ يَرَوْا اِلَى
الطَّيْرِ مُسَخَّرٰتٍ فِيْ جَوِّ السَّمَآءِ ؕ مَا يُمْسِكُهُنَّ اِلَّا
اللّٰهُ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿۷۹﴾ وَاللّٰهُ
جَعَلَ لَكُمْ مِّنْۢ بُيُوْتِكُمْ سَكَنًا وَّجَعَلَ لَكُمْ
مِّنْ جُلُوْدِ الْاَنْعَامِ بُيُوْتًا تَسْتَخِفُّوْنَهَا يَوْمَ
ظَعْنِكُمْ وَيَوْمَ اِقَامَتِكُمْ ۙ وَمِنْ اَصْوَافِهَا وَ
اَوْبَارِهَا وَاَشْعَارِهَاۤ اَثَاثًا وَّمَتَاعًا اِلٰى حِيْنٍ ﴿۸۰﴾
وَاللّٰهُ جَعَلَ لَكُمْ مِّمَّا خَلَقَ ظِلٰلًا وَّجَعَلَ لَكُمْ
مِّنَ الْجِبَالِ اَكْنَانًا وَّجَعَلَ لَكُمْ سَرَابِيْلَ تَقِيْكُمُ
الْحَرَّ وَسَرَابِيْلَ تَقِيْكُمْ بَاْسَكُمْ ؕ كَذٰلِكَ يُتِمُّ
نِعْمَتَهٗ عَلَيْكُمْ لَعَلَّكُمْ تُسْلِمُوْنَ ﴿۸۱﴾ فَاِنْ تَوَلَّوْا
فَاِنَّمَا عَلَيْكَ الْبَلٰغُ الْمُبِيْنُ ﴿۸۲﴾ يَعْرِفُوْنَ نِعْمَتَ (منزل ٣)
اللّٰهِ ثُمَّ يُنْكِرُوْنَهَا وَاَكْثَرُهُمُ الْكٰفِرُوْنَ ﴿۸۳﴾ ع وَيَوْمَ (ع ١١ / ١٧)

માણસ એવો છે જે ન્યાયની આજ્ઞા આપે છે અને પોતે સીધા માર્ગ ઉપર કાયમ છે. બતાવો, શું આ બંને સરખા છે ? (રુકૂઅ-૧૦)

૭૭. અને ધરતી અને આકાશોની છૂપી હકીકતોનું જ્ઞાન તો અલ્લાહને જ છે, અને કયામત ઘટિત થવાનો મામલો કોઈ સમય નહીં લે પરંતુ બસ એટલો જ કે વ્યક્તિની આંખ પલકારો લઈ લે, બલ્કે આનાથી પણ કંઈક ઓછો. હકીકત આ છે કે અલ્લાહ બધું જ કરી શકે છે.

૭૮. અલ્લાહે તમને તમારી માતાઓના પેટમાંથી કાઢ્યા એવી હાલતમાં કે તમે કંઈ નહોતા જાણતા. તેણે તમને કાન આપ્યા, આંખો આપી અને વિચારનારા હૃદય આપ્યા જેથી તમે આભારી બનો.

૭૯. શું આ લોકોએ ક્યારેય પક્ષીઓને નથી જોયા કે આકાશની હવાઓમાં કેવી રીતે આજ્ઞાધીન છે ? અલ્લાહ સિવાય કોણે તેમને ટકવી રાખ્યા છે ? આમાં ઘણી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ઈમાન લાવે છે.

૮૦. અલ્લાહે તમારા ઘરોને તમારા માટે શાંતિ પ્રાપ્ત કરવાની જગ્યા બનાવી. તેણે પશુઓના ચામડામાંથી તમારા માટે એવા મકાન નિર્માણ કર્યા જેમને તમે મુસાફરી અને રોકાણ બંને પરિસ્થિતિઓમાં હળવા જુઓ છો. તેણે પશુઓની રુંવાટી અને ઊન અને વાળમાંથી તમારા માટે પહેરવાની અને વપરાશની ઘણી વસ્તુઓ પેદા કરી દીધી જે જીવનની નિશ્ચિત મુદ્દત સુધી તમારા કામ આવે છે.

૮૧. તેણે પોતાની પેદા કરેલી અનેક વસ્તુઓ વડે તમારા માટે છાંયડાની વ્યવસ્થા કરી, પર્વતોમાં તમારા માટે આશ્રય-સ્થાનો બનાવ્યા અને તમને એવા પોશાક આપ્યા જે તમને ગરમીથી બચાવે છે, અને બીજા કેટલાક પોશાક જે પરસ્પરના યુદ્ધમાં તમારું રક્ષણ કરે છે. આવી રીતે તે તમારા ઉપર પોતાની નેઅ્‌મતો (કૃપાઓ) પૂરી કરે છે જેથી કદાચ કે તમે આજ્ઞાંકિત બનો.

૮૨. હવે જો આ લોકો મોઢું ફેરવે છે તો હે નબી ! તમારા પર સ્પષ્ટતાપૂર્વક સંદેશ પહોંચાડી દેવા સિવાય બીજી કોઈ જવાબદારી નથી.

૮૩. આ લોકો અલ્લાહના ઉપકારને ઓળખે છે, પછી તેનો ઇન્કાર કરે છે, અને તેમના પૈકી મોટા ભાગના લોકો એવા છે જેઓ સત્યને માનવા માટે તૈયાર નથી. (રુકૂઅ-૧૧)

نَبْعَثُ مِنْ كُلِّ اُمَّةٍ شَهِيْدًا ثُمَّ لَا يُؤْذَنُ لِلَّذِيْنَ
كَفَرُوْا وَلَا هُمْ يُسْتَعْتَبُوْنَ ﴿۸۴﴾ وَاِذَا رَاَ الَّذِيْنَ ظَلَمُوا
الْعَذَابَ فَلَا يُخَفَّفُ عَنْهُمْ وَلَا هُمْ يُنْظَرُوْنَ ﴿۸۵﴾
وَاِذَا رَاَ الَّذِيْنَ اَشْرَكُوْا شُرَكَآءَهُمْ قَالُوْا رَبَّنَا
هٰٓؤُلَآءِ شُرَكَآؤُنَا الَّذِيْنَ كُنَّا نَدْعُوْا مِنْ دُوْنِكَ ۚ
فَاَلْقَوْا اِلَيْهِمُ الْقَوْلَ اِنَّكُمْ لَكٰذِبُوْنَ ﴿۸۶﴾ وَاَلْقَوْا
اِلَى اللّٰهِ يَوْمَئِذِ ۣالسَّلَمَ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا
يَفْتَرُوْنَ ﴿۸۷﴾ اَلَّذِيْنَ كَفَرُوْا وَصَدُّوْا عَنْ سَبِيْلِ
اللّٰهِ زِدْنٰهُمْ عَذَابًا فَوْقَ الْعَذَابِ بِمَا كَانُوْا
يُفْسِدُوْنَ ﴿۸۸﴾ وَيَوْمَ نَبْعَثُ فِيْ كُلِّ اُمَّةٍ شَهِيْدًا
عَلَيْهِمْ مِّنْ اَنْفُسِهِمْ وَجِئْنَا بِكَ شَهِيْدًا عَلٰى
هٰٓؤُلَآءِ ؕ وَنَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ تِبْيَانًا لِّكُلِّ
شَيْءٍ وَّهُدًى وَّرَحْمَةً وَّبُشْرٰى لِلْمُسْلِمِيْنَ ﴿۸۹﴾
اِنَّ اللّٰهَ يَاْمُرُ بِالْعَدْلِ وَالْاِحْسَانِ وَاِيْتَآئِ ذِي
الْقُرْبٰى وَيَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ وَالْبَغْيِ ۚ
يَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ ﴿۹۰﴾ وَاَوْفُوْا بِعَهْدِ اللّٰهِ اِذَا
عٰهَدْتُّمْ وَلَا تَنْقُضُوا الْاَيْمَانَ بَعْدَ تَوْكِيْدِهَا وَ
قَدْ جَعَلْتُمُ اللّٰهَ عَلَيْكُمْ كَفِيْلًا ؕ اِنَّ اللّٰهَ يَعْلَمُ مَا
تَفْعَلُوْنَ ﴿۹۱﴾ وَلَا تَكُوْنُوْا كَالَّتِيْ نَقَضَتْ غَزْلَهَا

الثلاثة
ع ١٢
منزل ٣

૮૪. (આમને કંઈ ભાન પણ છે કે તે દિવસે શું થશે) જ્યારે અમે દરેક ઉમ્મત (સમુદાય)માંથી એક સાક્ષી ઊભો કરીશું, પછી કાફિરો (ઇન્કાર કરનારાઓ)ને ન તો દલીલો રજૂ કરવાની તક આપવામાં આવશે, ન તેમનાથી તૌબા અને ઇસ્તિગ્ફાર (પ્રાયશ્ચિત અને માફી)ની માગણી કરવામાં આવશે.

૮૫. અત્યાચારી લોકો જ્યારે એક વાર યાતના જોઈ લેશે તો ત્યારબાદ ન તો તેમની યાતનામાં કોઈ ઘટાડો કરવામાં આવશે અને ન તેમને ક્ષણભરની મહેતલ આપવામાં આવશે.

૮૬. અને જ્યારે તે લોકો, જેમણે દુનિયામાં શિર્ક કર્યું હતું, પોતાના ઠેરવેલા ભાગીદારોને જોશે તો કહેશે, ''હે પાલનહાર ! આ જ છે અમારા તે ભાગીદારો જેમને અમે તને છોડીને પોકારતા હતા.'' આ સાંભળી તેમના તે ઉપાસ્યો તેમને ચોખ્ખો જવાબ આપશે કે, ''તમે જૂઠાં છો.''

૮૭. તે વખતે આ સૌ અલ્લાહ સમક્ષ ઝૂકી પડશે અને તેમની ઉપજાવી કાઢેલી તે બધી જૂઠી વાતો ભાગી જશે જે તેઓ દુનિયામાં કરતા રહ્યા હતા.

૮૮. જે લોકોએ પોતે કુફ્રનો માર્ગ અપનાવ્યો અને બીજાઓને અલ્લાહના માર્ગથી રોક્યા, તેમને અમે યાતના પર યાતના આપીશું તે બગાડના બદલામાં જે તેઓ દુનિયામાં પેદા કરતા રહ્યા.

૮૯. (હે નબી ! આમને તે દિવસથી ચેતવી દો) જ્યારે અમે દરેક ઉમ્મત (સમુદાય)માંથી સ્વયં તેમનામાંથી જ એક સાક્ષી ઊભો કરીશું જે તેમના સામે સાક્ષી આપશે, અને આ લોકો સામે સાક્ષી આપવા અમે તમને લાવીશું, અને (તે જ સાક્ષીની તૈયારી છે કે) અમે આ ગ્રંથ તમારા પર અવતરિત કર્યો છે જે દરેક વસ્તુની સ્પષ્ટપણે સમજૂતી આપનારો છે અને માર્ગદર્શન અને કૃપા અને ખુશખબર છે તે લોકો માટે જેમણે આજ્ઞાપાલનમાં માથું ઝૂકાવી દીધું છે. (રુકૂઅ-૧૨)

૯૦. અલ્લાહ અદ્લ (ન્યાય) અને એહસાન (ઉપકાર અને ભલાઈ) કરવા અને સગાઓ સાથે સદ્વર્તાવનો હુકમ આપે છે અને બૂરાઈ અને અશ્લીલતા અને અત્યાચાર અને અતિરેકની મનાઈ કરે છે. તે તમને શિખામણ આપે છે જેથી તમે બોધ ગ્રહણ કરો.

૯૧. અલ્લાહના કરારને પૂરો કરો જ્યારે કે તમે તેના સાથે કોઈ કરાર કર્યો હોય અને પોતાની સોગંદોને પાકી કર્યા પછી તોડી ન નાખો જ્યારે કે તમે અલ્લાહને પોતાના ઉપર સાક્ષી બનાવી ચૂક્યા છો. અલ્લાહ તમારા બધા જ કાર્યોની ખબર રાખે છે.

૯૨. તમારી હાલત તે સ્ત્રી જેવી ન થઈ જાય જેણે પોતે જ પોતાની મહેનતથી

مِنْۢ بَعْدِ قُوَّةٍ اَنْكَاثًا ؕ تَتَّخِذُوْنَ اَيْمَانَكُمْ دَخَلًاۢ
بَيْنَكُمْ اَنْ تَكُوْنَ اُمَّةٌ هِىَ اَرْبٰى مِنْ اُمَّةٍ ؕ
اِنَّمَا يَبْلُوْكُمُ اللّٰهُ بِهٖ ؕ وَلَيُبَيِّنَنَّ لَكُمْ يَوْمَ
الْقِيٰمَةِ مَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿٩٢﴾ وَلَوْ شَآءَ اللّٰهُ
لَجَعَلَكُمْ اُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ يُّضِلُّ مَنْ يَّشَآءُ وَ
يَهْدِىْ مَنْ يَّشَآءُ ؕ وَلَتُسْئَلُنَّ عَمَّا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٩٣﴾
وَلَا تَتَّخِذُوْۤا اَيْمَانَكُمْ دَخَلًاۢ بَيْنَكُمْ فَتَزِلَّ قَدَمٌۢ
بَعْدَ ثُبُوْتِهَا وَتَذُوْقُوا السُّوْٓءَ بِمَا صَدَدْتُّمْ عَنْ
سَبِيْلِ اللّٰهِ ۚ وَلَكُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿٩٤﴾ وَلَا تَشْتَرُوْا
بِعَهْدِ اللّٰهِ ثَمَنًا قَلِيْلًا ؕ اِنَّمَا عِنْدَ اللّٰهِ هُوَ خَيْرٌ
لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿٩٥﴾ مَا عِنْدَكُمْ يَنْفَدُ
وَمَا عِنْدَ اللّٰهِ بَاقٍ ؕ وَلَنَجْزِيَنَّ الَّذِيْنَ صَبَرُوْۤا
اَجْرَهُمْ بِاَحْسَنِ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٩٦﴾ مَنْ عَمِلَ
صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهٗ
حَيٰوةً طَيِّبَةً ۚ وَلَنَجْزِيَنَّهُمْ اَجْرَهُمْ بِاَحْسَنِ
مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٩٧﴾ فَاِذَا قَرَاْتَ الْقُرْاٰنَ فَاسْتَعِذْ
بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ﴿٩٨﴾ اِنَّهٗ لَيْسَ لَهٗ
سُلْطٰنٌ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿٩٩﴾
اِنَّمَا سُلْطٰنُهٗ عَلَى الَّذِيْنَ يَتَوَلَّوْنَهٗ وَالَّذِيْنَ هُمْ

સૂતર કાંત્યું અને પછી જાતે જ તેને ટુકડે-ટુકડા કરી નાખ્યું. તમે પોતાની સોગંદોને પરસ્પરના મામલાઓમાં ચાલબાજી અને ધોખાબાજીનું સાધન બનાવો છો જેથી એક કોમ બીજી કોમથી વધીને લાભો મેળવે, જો કે અલ્લાહ તે કોલ-કરાર દ્વારા તમને અજમાયશમાં નાખે છે, અને ચોક્કસપણે તે કયામત (પુનર્જીવન)ના દિવસે તમારા બધા જ મતભેદોની હકીકત તમારા ઉપર ખોલી દેશે.

૯૩. જો અલ્લાહની મરજી આ હોત (કે તમારામાં કોઈ મતભેદ ન હોય) તો તે તમને સૌને એક જ ઉમ્મત (સમુદાય) બનાવી દેતો, પરંતુ તે જેને ચાહે છે પથભ્રષ્ટતામાં નાખી દે છે અને જેને ચાહે છે સીધો માર્ગ દેખાડી દે છે, અને અવશ્ય તમારાથી તમારા કર્મોની પૂછપરછ થઈને રહેશે.

૯૪. (અને હે મુસલમાનો !) તમે પોતાની સોગંદોને એક-બીજાને છેતરવાનું સાધન ન બનાવી લેજો, ક્યાંક એવું ન થાય કે કોઈ કદમ જામ્યા પછી ઉખડી જાય, અને તમે એ અપરાધના બદલામાં કે તમે લોકોને અલ્લાહના માર્ગથી રોક્યા, ખરાબ પરિણામ જુઓ અને સજા ભોગવો.

૯૫. અલ્લાહના કરારને નજીવા લાભના બદલામાં વેચી ન નાખો, જે કંઈ અલ્લાહ પાસે છેં તે તમારા માટે વધુ સારું છે, જો તમે જાણો.

૯૬. જે કંઈ તમારા પાસે છે તે ખર્ચ થઈ જવાનું છે અને જે કંઈ અલ્લાહ પાસે છે તે જ બાકી રહેનાર છે, અને અમે ધૈર્ય રાખનારાઓને જરૂર તેમના વળતર તેમના સર્વશ્રેષ્ઠ કર્મો અનુસાર આપીશું.

૯૭. જે વ્યક્તિ પણ સદ્‌કાર્ય કરશે, ચાહે તે પુરુષ હોય કે સ્ત્રી, શરત એ છે કે તે હોય ઈમાનવાળા, તેને અમે દુનિયામાં શુદ્ધ અને પવિત્ર જીવન જીવાડીશું અને (પરલોકમાં) આવા લોકોને વળતર તેમના સર્વશ્રેષ્ઠ કર્મો મુજબ આપીશું.

૯૮. પછી જયારે તમે કુર્આન પઢવા લાગો તો ધિક્કારેલા શેતાનથી અલ્લાહનું શરણ માગતા રહો.

૯૯. તેને તે લોકો પર વર્ચસ્વ પ્રાપ્ત થતું નથી જેઓ ઈમાન લાવે અને પોતાના રબ (પ્રભુ) પર ભરોસો કરે છે.

૧૦૦. તેનું જોર તો તે જ લોકો ઉપર ચાલે છે જેઓ તેને પોતાનો સંરક્ષક બનાવે છે અને તેના બહેકાવવાથી શિર્ક કરે છે. (રુકૂઅ-૧૩)

ع ١٣/١١/١٩

بِهٖ مُشْرِكُوْنَ ﴿١٠٠﴾ وَاِذَا بَدَّلْنَآ اٰيَةً مَّكَانَ اٰيَةٍ ۙ
وَّاللّٰهُ اَعْلَمُ بِمَا يُنَزِّلُ قَالُوْٓا اِنَّمَآ اَنْتَ مُفْتَرٍ ؕ
بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿١٠١﴾ قُلْ نَزَّلَهٗ رُوْحُ
الْقُدُسِ مِنْ رَّبِّكَ بِالْحَقِّ لِيُثَبِّتَ الَّذِيْنَ اٰمَنُوْا
وَهُدًى وَّبُشْرٰى لِلْمُسْلِمِيْنَ ﴿١٠٢﴾ وَلَقَدْ نَعْلَمُ
اَنَّهُمْ يَقُوْلُوْنَ اِنَّمَا يُعَلِّمُهٗ بَشَرٌ ؕ لِسَانُ الَّذِيْ
يُلْحِدُوْنَ اِلَيْهِ اَعْجَمِيٌّ وَّهٰذَا لِسَانٌ عَرَبِيٌّ
مُّبِيْنٌ ﴿١٠٣﴾ اِنَّ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ۙ
لَا يَهْدِيْهِمُ اللّٰهُ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿١٠٤﴾
اِنَّمَا يَفْتَرِي الْكَذِبَ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ
بِاٰيٰتِ اللّٰهِ ۚ وَاُولٰٓئِكَ هُمُ الْكٰذِبُوْنَ ﴿١٠٥﴾ مَنْ
كَفَرَ بِاللّٰهِ مِنْۢ بَعْدِ اِيْمَانِهٖٓ اِلَّا مَنْ اُكْرِهَ وَ
قَلْبُهٗ مُطْمَئِنٌّۢ بِالْاِيْمَانِ وَلٰكِنْ مَّنْ شَرَحَ
بِالْكُفْرِ صَدْرًا فَعَلَيْهِمْ غَضَبٌ مِّنَ اللّٰهِ ۚ وَلَهُمْ
عَذَابٌ عَظِيْمٌ ﴿١٠٦﴾ ذٰلِكَ بِاَنَّهُمُ اسْتَحَبُّوا الْحَيٰوةَ
الدُّنْيَا عَلَى الْاٰخِرَةِ ۙ وَاَنَّ اللّٰهَ لَا يَهْدِي الْقَوْمَ
الْكٰفِرِيْنَ ﴿١٠٧﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ طَبَعَ اللّٰهُ عَلٰى
قُلُوْبِهِمْ وَسَمْعِهِمْ وَاَبْصَارِهِمْ ۚ وَاُولٰٓئِكَ هُمُ
الْغٰفِلُوْنَ ﴿١٠٨﴾ لَا جَرَمَ اَنَّهُمْ فِي الْاٰخِرَةِ هُمُ

૧૦૧. જયારે અમે એક આયતના સ્થાને બીજી આયત અવતરિત કરીએ છીએ – અને અલ્લાહ વધુ સારી રીતે જાણે છે કે તે શું અવતરિત કરે – તો આ લોકો કહે છે કે તમે આ કુર્આન પોતે ઘડી કાઢો છો. સાચી વાત એ છે કે આમાંથી મોટા ભાગના લોકો હકીકત નથી જાણતા.

૧૦૨. આમને કહો કે આને તો રૂહુલ કુદ્દુસ★એ ઠીક-ઠીક મારા રબ તરફથી ક્રમશઃ અવતરિત કરેલ છે જેથી ઈમાન લાવનારાઓના ઈમાનને સુદૃઢ કરે અને આજ્ઞાંકિતોને જિંદગીના મામલાઓમાં સન્માર્ગ દેખાડે અને તેમને સફળતા અને સૌભાગ્યની ખુશખબર આપે.

૧૦૩. અમને ખબર છે કે આ લોકો તમારા વિષે કહે છે કે આ માણસને એક વ્યક્તિ શીખાવે-ભણાવે છે, જો કે તેનો નિર્દેશ જે વ્યક્તિ તરફ છે તેની ભાષા અજમી (બિનઅરબી) છે અને આ શુદ્ધ અરબી ભાષા છે.

૧૦૪. હકીકત એ છે કે જે લોકો અલ્લાહની આયતોને નથી માનતા, અલ્લાહ તેમને ક્યારેય પણ સાચી વાત સુધી પહોંચવાની સદ્‌બુદ્ધિ નથી આપતો અને આવા લોકો માટે પીડાકારી યાતના છે.

૧૦૫. (જૂઠી વાતો પયગંબર નથી ઘડતો, બલ્કે) જૂઠ તે લોકો ઘડી રહ્યા છે જેઓ અલ્લાહની આયતોને નથી માનતા, તેઓ જ હકીકતમાં જૂઠાં છે.

૧૦૬. જે વ્યક્તિ ઈમાન લાવ્યા પછી કુફ્ર (ઇન્કાર) કરે (તેને જો) મજબૂર કરવામાં આવ્યો હોય અને તેનું હૃદય ઈમાન પર સંતુષ્ટ હોય (ત્યારે તો ઠીક), પરંતુ જેણે રાજીખુશીથી કુફ્ર (અધર્મ)નો સ્વીકાર કરી લીધો તેના પર અલ્લાહનો પ્રકોપ છે અને આવા સૌ લોકો માટે મોટી યાતના છે.

૧૦૭. આ એટલા માટે કે તેમણે આખિરત (પરલોક)ની સરખામણીમાં દુનિયા (આલોક)નું જીવન પસંદ કરી લીધું, અને અલ્લાહનો નિયમ છે કે તે એ લોકોને મુક્તિનો માર્ગ નથી દેખાડતો જેઓ તેની નેઅ્‌મત (કૃપા)ને જૂઠી ઠેરવે.

૧૦૮. આ તે લોકો છે જેમના હૃદયો અને કાનો અને આંખો પર અલ્લાહે મહોર મારી દીધી છે, આ લોકો ગફલતમાં ડૂબી ગયા છે.

૧૦૯. અનિવાર્ય છે કે આખિરત (પરલોક)માં આ જ લોકો નુકસાનમાં રહે.

★ શબ્દ 'રૂહુલ કુદ્દુસ'નો અર્થ છે, પવિત્ર આત્મા અથવા પવિત્રતાની આત્મા અને પરિભાષામાં આ ઇલકાબ ફરિશ્તા હઝરત જિબરીલ અલૈ.ને આપવામાં આવ્યો છે.

الْخٰسِرُوْنَ ﴿١٠٩﴾ ثُمَّ اِنَّ رَبَّكَ لِلَّذِيْنَ هَاجَرُوْا مِنْۢ بَعْدِ
مَا فُتِنُوْا ثُمَّ جٰهَدُوْا وَصَبَرُوْٓا ۙ اِنَّ رَبَّكَ مِنْۢ
بَعْدِهَا لَغَفُوْرٌ رَّحِيْمٌ ﴿١١٠﴾ ع يَوْمَ تَاْتِيْ كُلُّ
نَفْسٍ تُجَادِلُ عَنْ نَّفْسِهَا وَتُوَفّٰى كُلُّ نَفْسٍ
مَّا عَمِلَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿١١١﴾ وَضَرَبَ اللّٰهُ
مَثَلًا قَرْيَةً كَانَتْ اٰمِنَةً مُّطْمَئِنَّةً يَّاْتِيْهَا
رِزْقُهَا رَغَدًا مِّنْ كُلِّ مَكَانٍ فَكَفَرَتْ بِاَنْعُمِ
اللّٰهِ فَاَذَاقَهَا اللّٰهُ لِبَاسَ الْجُوْعِ وَالْخَوْفِ بِمَا
كَانُوْا يَصْنَعُوْنَ ﴿١١٢﴾ وَلَقَدْ جَآءَهُمْ رَسُوْلٌ مِّنْهُمْ
فَكَذَّبُوْهُ فَاَخَذَهُمُ الْعَذَابُ وَهُمْ ظٰلِمُوْنَ ﴿١١٣﴾
فَكُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ حَلٰلًا طَيِّبًا ۪ وَّاشْكُرُوْا
نِعْمَتَ اللّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ﴿١١٤﴾ اِنَّمَا
حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيْرِ وَمَآ
اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ ۚ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا
عَادٍ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١١٥﴾ وَلَا تَقُوْلُوْا
لِمَا تَصِفُ اَلْسِنَتُكُمُ الْكَذِبَ هٰذَا حَلٰلٌ وَّ
هٰذَا حَرَامٌ لِّتَفْتَرُوْا عَلَى اللّٰهِ الْكَذِبَ ؕ
اِنَّ الَّذِيْنَ يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ
لَا يُفْلِحُوْنَ ؕ ﴿١١٦﴾ مَتَاعٌ قَلِيْلٌ ۪ وَّلَهُمْ عَذَابٌ

૧૧૦. આનાથી વિપરીત જે લોકોની હાલત એ છે કે જ્યારે (ઈમાન લાવવાના કારણે) તેઓ સતાવવામાં આવ્યા તો તેમણે ઘરબાર છોડી દીધા, હિજરત કરી, અલ્લાહના માર્ગમાં મુશ્કેલીઓ વેઠી અને ધૈર્યથી કામ લીધું, તેમના માટે નિઃસંદેહ તારો રબ (પ્રભુ) ક્ષમાશીલ અને દયાળુ છે. (રુકૂઅ-૧૪)

૧૧૧. (આ બધાનો ફેંસલો તે દિવસે થશે) જ્યારે દરેક મનુષ્ય પોતાના જ બચાવની ચિંતામાં લાગેલો હશે અને દરેકને તેના કર્મોનો બદલો પૂરે-પૂરો આપવામાં આવશે અને કોઈના ઉપર રજભાર પણ અન્યાય થવા નહીં પામે.

૧૧૨. અલ્લાહ એક વસ્તીનું દૃષ્ટાંત આપે છે. તે શાંતિ અને સંતોષનું જીવન વિતાવી રહી હતી અને બધી બાજુએથી તેને પુષ્કળ રોજી પહોંચી રહી હતી કે તેણે અલ્લાહની નેઅ્મતો (કૃપાઓ)ની કૃતઘ્નતા (નિમકહરામી) શરૂ કરી દીધી. ત્યારે અલ્લાહે તેના રહેવાસીઓને તેમના કરતૂકોની એ મજા ચખાડી કે ભૂખ અને ભયની મુસીબતો તેમના ઉપર છવાઈ ગઈ.

૧૧૩. તેમના પાસે તેમની પોતાની કોમમાંથી એક રસૂલ (સંદેશવાહક) આવ્યો, પરંતુ તેમણે તેને ખોટો ઠેરવ્યો. છેવટે યાતનાએ તેમને ઝડપી લીધા જ્યારે કે તેઓ અત્યાચારી થઈ ગયા હતા.

૧૧૪. પછી હે લોકો ! અલ્લાહે જે કંઈ હલાલ (વૈધ) અને શુદ્ધ રોજી તમને પ્રદાન કરી છે તેને ખાઓ અને અલ્લાહના ઉપકારનો આભાર માનો જો તમે હકીકતમાં તેની જ ઉપાસના કરનારા છો.

૧૧૫. અલ્લાહે જે કંઈ તમારા માટે હરામ (અવૈધ) ઠેરવ્યું છે તે છે મુડદાલ અને લોહી અને ડુક્કરનું માંસ અને તે પશુ જેના પર અલ્લાહ સિવાય કોઈ બીજાનું નામ લેવામાં આવ્યું હોય. અલબત્ત ભૂખથી મજબૂર અને વ્યગ્ર થઈને જો કોઈ આ વસ્તુઓ ખાઈ લે, સિવાય કે તે અલ્લાહના કાનૂનનો ભંગ કરવાનો ઈરાદો ધરાવતો હોય અથવા જરૂરતની હદથી આગળ વધી જનારો હોય, તો નિઃશંક અલ્લાહ ક્ષમાશીલ અને દયાળુ છે.

૧૧૬. અને આ જે તમારી જબાનો જૂઠાં નિર્ણયો લગાવ્યા કરે છે કે આ વસ્તુ હલાલ (વૈધ) છે અને તે હરામ (અવૈધ), તો આ પ્રકારના નિર્ણયો લગાવીને અલ્લાહ પર જૂઠ ન બાંધો. જે લોકો અલ્લાહ પર જૂઠ ઘડે છે તેઓ કદાપિ સફળતા પામી શકતા નથી.

૧૧૭. દુનિયાની મોજ-મજા થોડા દિવસની છે. છેવટે તેમના માટે દુઃખદાયી

اَلِيۡمٌ ﴿١١٧﴾ وَعَلَى الَّذِيۡنَ هَادُوۡا حَرَّمۡنَا مَا
قَصَصۡنَا عَلَيۡكَ مِنۡ قَبۡلُ ۚ وَمَا ظَلَمۡنٰهُمۡ وَلٰكِنۡ
كَانُوۡۤا اَنۡفُسَهُمۡ يَظۡلِمُوۡنَ ﴿١١٨﴾ ثُمَّ اِنَّ رَبَّكَ
لِلَّذِيۡنَ عَمِلُوا السُّوۡٓءَ بِجَهَالَةٍ ثُمَّ تَابُوۡا مِنۡۢ
بَعۡدِ ذٰلِكَ وَاَصۡلَحُوۡۤا ۙ اِنَّ رَبَّكَ مِنۡۢ بَعۡدِهَا
ع ١٥ ٩ ٢١ لَغَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿١١٩﴾ اِنَّ اِبۡرٰهِيۡمَ كَانَ اُمَّةً قَانِتًا
لِّلّٰهِ حَنِيۡفًا ؕ وَلَمۡ يَكُ مِنَ الۡمُشۡرِكِيۡنَ ۙ﴿١٢٠﴾ شَاكِرًا
لِّاَنۡعُمِهٖ ؕ اِجۡتَبٰىهُ وَهَدٰىهُ اِلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ﴿١٢١﴾
وَاٰتَيۡنٰهُ فِى الدُّنۡيَا حَسَنَةً ؕ وَاِنَّهٗ فِى الۡاٰخِرَةِ
لَمِنَ الصّٰلِحِيۡنَ ؕ﴿١٢٢﴾ ثُمَّ اَوۡحَيۡنَاۤ اِلَيۡكَ اَنِ اتَّبِعۡ
مِلَّةَ اِبۡرٰهِيۡمَ حَنِيۡفًا ؕ وَمَا كَانَ مِنَ الۡمُشۡرِكِيۡنَ ﴿١٢٣﴾
اِنَّمَا جُعِلَ السَّبۡتُ عَلَى الَّذِيۡنَ اخۡتَلَفُوۡا فِيۡهِ ؕ
وَاِنَّ رَبَّكَ لَيَحۡكُمُ بَيۡنَهُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ فِيۡمَا
كَانُوۡا فِيۡهِ يَخۡتَلِفُوۡنَ ﴿١٢٤﴾ اُدۡعُ اِلٰى سَبِيۡلِ رَبِّكَ
بِالۡحِكۡمَةِ وَالۡمَوۡعِظَةِ الۡحَسَنَةِ وَجَادِلۡهُمۡ بِالَّتِىۡ
هِىَ اَحۡسَنُ ؕ اِنَّ رَبَّكَ هُوَ اَعۡلَمُ بِمَنۡ ضَلَّ عَنۡ
سَبِيۡلِهٖ وَهُوَ اَعۡلَمُ بِالۡمُهۡتَدِيۡنَ ﴿١٢٥﴾ وَاِنۡ عَاقَبۡتُمۡ
فَعَاقِبُوۡا بِمِثۡلِ مَا عُوۡقِبۡتُمۡ بِهٖ ؕ وَلَئِنۡ صَبَرۡتُمۡ
منزل ٣ لَهُوَ خَيۡرٌ لِّلصّٰبِرِيۡنَ ﴿١٢٦﴾ وَاصۡبِرۡ وَمَا صَبۡرُكَ اِلَّا

સજા છે.

૧૧૮. તે વસ્તુઓ અમે ખાસ કરીને યહૂદીઓ માટે હરામ (અવૈધ) ઠેરવી હતી જેનો ઉલ્લેખ આ પહેલાં અમે તમારા સમક્ષ કરી ગયા છીએ અને આ તેમના ઉપર અમારો જુલ્મ ન હતો, બલ્કે તેમનો પોતાનો જ જુલ્મ હતો જે તેઓ પોતાના ઉપર કરી રહ્યા હતા.

૧૧૯. અલબત્ત જે લોકોએ અજ્ઞાનતાના કારણે ખરાબ કાર્ય કર્યું અને પછી તૌબા (ક્ષમા અને પ્રાયશ્ચિત) કરીને પોતાનું વર્તન સુધારી લીધું તો નિશ્ચિત રૂપે તૌબા અને સુધારણા પછી તારો રબ તેમના માટે ક્ષમાશીલ અને દયાળુ છે. (રુકૂઅ-૧૫)

૧૨૦. હકીકત એ છે કે ઇબ્રાહીમ સ્વયં પોતાનાથી જ એક સંપૂર્ણ ઉમ્મત (સમુદાય) હતો, અલ્લાહનો આજ્ઞાંકિત અને એકાગ્ર. તે કયારેય પણ મુશ્રિક (અનેકેશ્વરવાદી) ન હતો,

૧૨૧. અલ્લાહની નેઅ્મતો (કૃપાઓ)નો આભાર વ્યક્ત કરનાર હતો. અલ્લાહે તેને પસંદ કરી લીધો અને સીધો માર્ગ દેખાડ્યો,

૧૨૨. દુનિયામાં તેને ભલાઈ આપી અને આખિરતમાં તે નિશ્ચિત રૂપે સદાચારીઓ પૈકી હશે.

૧૨૩. પછી અમે તમારા તરફ આ વહી મોકલી કે એકાગ્ર થઈને ઇબ્રાહીમના પંથ ઉપર ચાલો અને તે મુશ્રિકોમાંથી ન હતો.

૧૨૪. રહ્યો સબ્ત (શનિવાર), તો તે અમે તે લોકો ઉપર નાખ્યો હતો જેમણે તેના આદેશોમાં મતભેદ કર્યો, અને નિશ્ચિત રૂપે તારો રબ (પ્રભુ) કયામત (પુનર્જીવન))ના દિવસે આ બધી વાતો ઉપર ફેંસલો આપશે જેમાં તેઓ મતભેદ કરતા રહ્યા છે.

૧૨૫. હે નબી ! પોતાના રબ (માલિક અને પાલનહાર)ના માર્ગ તરફ બોલાવો હિકમત (વિવેક-બદ્ધિ અને તત્ત્વદર્શિતા) અને ઉત્તમ શિખામણ સાથે અને લોકો સાથે ચર્ચા અને સંવાદ કરો એવી રીતે જે શ્રેષ્ઠ હોય. તમારો રબ જ વધુ સારી રીતે જાણે છે કે કોણ તેના માર્ગથી ભટકી ગયો છે અને કોણ સન્માર્ગ ઉપર છે.

૧૨૬. અને જો તમે લોકો બદલો લો, તો બસ એટલો જ લઈ લો જેટલો તમારા ઉપર અત્યાચાર કરવામાં આવ્યો હોય, પરંતુ જો તમે ધૈર્ય રાખો તો નિઃસંદેહ આ ધૈર્ય રાખનારાઓના જ હિતમાં વધુ સારું છે.

૧૨૭. હે નબી ! ધૈર્યથી કામ કર્યે જાઓ — અને તમારું આ ધૈર્ય અલ્લાહની જ

بِاللّٰهِ وَلَا تَحْزَنْ عَلَيْهِمْ وَلَا تَكُ فِيْ ضَيْقٍ

مِّمَّا يَمْكُرُوْنَ ﴿١٢٧﴾ اِنَّ اللّٰهَ مَعَ الَّذِيْنَ اتَّقَوْا

وَّالَّذِيْنَ هُمْ مُّحْسِنُوْنَ ﴿١٢٨﴾ ع

મદદ અને તેણે અર્પેલ સદ્બુદ્ધિથી છે – આ લોકોની હરકતોથી દુઃખી
ન થાઓ અને ન તો તેમની ચાલબાજીઓથી તમારું હૃદય દુભાય.

૧૨૮. અલ્લાહ તે લોકોના સાથે છે જેઓ (તેનો) ડર રાખે છે અને જેઓ
ઉત્તમ રીતે વર્તે છે. (રુકૂઅ-૧૬)

(૧૭) બની ઈસરાઈલ

પરિચય

નામ :

આ સૂરઃની આયત ૪ના વાક્ય ''વ કઝઈના ઈલા બની ઈસરાઈલ ફિલ કિતાબિ લ-તુફસિદુન્ન''થી લેવામાં આવ્યું છે. આ નામ પણ મોટા ભાગની કુર્આનની સૂરઃઓની જેમ માત્ર પ્રતીક રૂપે રાખવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

પહેલી જ આયત એ વાતનો નિર્દેશ કરી દે છે કે આ સૂરઃ મેઅ્રાજના પ્રસંગે (અર્થાત્ મક્કી કાળના અંતિમ તબક્કામાં અવતરિત થઈ હતી.) મેઅ્રાજની ઘટના હદીસ (પયગંબર સલ્લ.ના કથનો) અને સીરત (પયગંબર સલ્લ.નું જીવન-ચરિત્ર)ની મોટા ભાગની રિવાયતો પ્રમાણે હિજરતના એક વર્ષ અગાઉ બન્યો હતો.

પશ્ચાદ્ભૂમિ :

તે વખતે પયગંબર (સલ્લ.)ને તૌહીદ (એકેશ્વરવાદ)નો પ્રચાર કરતાં ૧૨ વર્ષ વિતી ગયા હતાં. વિરોધીઓએ ઊભા કરેલ તમામ અવરોધો છતાં આપ (સલ્લ.)નો પોકાર અરબસ્તાનના ખૂણે-ખૂણે પહોંચી ગયો હતો. હવે તે સમય નજીક આવી ગયો હતો જ્યારે આપ (સલ્લ.)ને મક્કાથી મદીના પ્રસ્થાન કરવા અને છૂટાછવાયા મુસલમાનોને એકત્ર કરીને ઈસ્લામના સિદ્ધાંતો પર એક રાજ્ય સ્થાપિત કરવાની તક મળવાની હતી. આ સંજોગોમાં મેઅ્રાજનો પ્રસંગ બન્યો અને ત્યાંથી પાછા ફર્યા પછી નબી (સલ્લ.)એ આ સંદેશ વિશ્વને સંભળાવ્યો.

વિષય અને ચર્ચાઓ :

આ સૂરઃમાં ચેતવણી, શિખામણ અને શિક્ષણ, ત્રણેયને એક સંતુલિત શૈલીમાં એકત્ર કરી દેવામાં આવ્યાં છે :

ચેતવણી મક્કાના વિધર્મીઓને આપવામાં આવી છે કે બની ઈસરાઈલ અને બીજી કોમોના અંજામથી બોધપાઠ લો અને આ સંદેશને સ્વીકારી લો, નહીં તો વિનષ્ટ કરી દેવામાં આવશો. તેની સાથે જ બની ઈસરાઈલને પણ, જેમને હિજરત પછી ટૂંક સમયમાં જ વહ્ય દ્વારા સંબોધિત કરવામાં આવવાના હતા, આ ચેતવણી આપવામાં આવી છે કે અગાઉ જે સજાઓ તમને મળી ચૂકી છે તેના પરથી પદાર્થપાઠ ગ્રહણ કરો અને હવે જે તક હઝરત મુહમ્મદ (સલ્લ.)ને પયગંબર બનાવવાથી તમને મળી રહી છે તેનો લાભ લો. આ અંતિમ તક પણ

જો તમે ગુમાવી દેશો તો દુઃખદાયક પરિણામ ભોગવશો.

શિખામણની શૈલીમાં ખૂબ જ હૃદયસ્પર્શી રીતે બતાવવામાં આવ્યું છે કે મનુષ્યના સૌભાગ્ય અને દુર્ભાગ્ય તથા સફળતા અને નિષ્ફળતાનો આધાર હકીકતમાં કઈ વસ્તુઓ પર છે. તૌહીદ (એકેશ્વરવાદ), આખિરત (પરલોક), નબૂવ્વત (ઈશદૂતત્વ) અને કુર્આનના સાચા હોવાની દલીલો આપવામાં આવી છે, તે શંકાઓનું નિવારણ કરવામાં આવ્યું છે જે આ પાયાની હકીકતો વિષે મક્કાના વિરોધીઓ તરફથી પ્રસ્તુત કરવામાં આવતી હતી.

શિક્ષણની શૈલીમાં નૈતિકતા અને સભ્યતાના તે મહત્ત્વના સિદ્ધાંતો વર્ણવવામાં આવ્યા છે, જેના ઉપર જીવન-વ્યવસ્થાની સ્થાપના કરવાનો હેતુ નબી (સલ્લ.)ના આહવાન્ સમક્ષ હતો. આ જાણે ઇસ્લામનો ઘોષણા-પત્ર હતો, જે ઇસ્લામી રાજ્યની સ્થાપનાના એક વર્ષ પહેલાં આરબો સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

આ બધી વાતો સાથે પયગંબર (સલ્લ.)ને આદેશ આપવામાં આવ્યો છે કે મુશ્કેલીઓના આ તોફાનમાં દૃઢતાપૂર્વક પોતાની નીતિ પર અડગ રહો અને કુફ્ર સાથે સમાધાનનો વિચાર સુધ્ધાં ન કરો. ઉપરાંત મુસલમાનોને બતાવવામાં આવ્યું છે કે પૂરે-પૂરા ધૈર્ય અને શાંતિપૂર્વક પરિસ્થિતિનો સામનો કરતા રહો તેમજ પ્રચાર અને સુધારણાના કાર્યમાં પોતાની ભાવનાઓને કાબૂમાં રાખો. આ અંગે આત્મ-સુધારણા અને આત્માની શુદ્ધિ માટે તેમને નમાઝનો નુસ્ખો બતાવવામાં આવ્યો. રિવાયતો પરથી જણાય છે કે આ પહેલો પ્રસંગ છે જ્યારે પાંચ વખતની નમાઝ સમયની પાબંદીની સાથે મુસલમાનો પર અનિવાર્ય કરવામાં આવી.

(اٰیَاتُهَا ١١١) (١٧) سُوْرَةُ بَنِیْٓ اِسْرَآءِیْلَ مَكِّیَّةٌ (٥٠) (رُكُوْعَاتُهَا ١٢)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

سُبْحٰنَ الَّذِیْٓ اَسْرٰی بِعَبْدِهٖ لَیْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ
اِلَی الْمَسْجِدِ الْاَقْصَا الَّذِیْ بٰرَكْنَا حَوْلَهٗ لِنُرِیَهٗ مِنْ
اٰیٰتِنَا ؕ اِنَّهٗ هُوَ السَّمِیْعُ الْبَصِیْرُ ۝١ وَاٰتَیْنَا مُوْسَی الْكِتٰبَ
وَجَعَلْنٰهُ هُدًی لِّبَنِیْٓ اِسْرَآءِیْلَ اَلَّا تَتَّخِذُوْا مِنْ
دُوْنِیْ وَكِیْلًا ۝٢ ذُرِّیَّةَ مَنْ حَمَلْنَا مَعَ نُوْحٍ ؕ اِنَّهٗ كَانَ
عَبْدًا شَكُوْرًا ۝٣ وَقَضَیْنَآ اِلٰی بَنِیْٓ اِسْرَآءِیْلَ فِی
الْكِتٰبِ لَتُفْسِدُنَّ فِی الْاَرْضِ مَرَّتَیْنِ وَلَتَعْلُنَّ
عُلُوًّا كَبِیْرًا ۝٤ فَاِذَا جَآءَ وَعْدُ اُوْلٰىهُمَا بَعَثْنَا عَلَیْكُمْ
عِبَادًا لَّنَآ اُولِیْ بَاْسٍ شَدِیْدٍ فَجَاسُوْا خِلٰلَ الدِّیَارِ ؕ
وَكَانَ وَعْدًا مَّفْعُوْلًا ۝٥ ثُمَّ رَدَدْنَا لَكُمُ الْكَرَّةَ عَلَیْهِمْ
وَاَمْدَدْنٰكُمْ بِاَمْوَالٍ وَّبَنِیْنَ وَجَعَلْنٰكُمْ اَكْثَرَ نَفِیْرًا ۝٦
اِنْ اَحْسَنْتُمْ اَحْسَنْتُمْ لِاَنْفُسِكُمْ ۫ وَاِنْ اَسَاْتُمْ فَلَهَا ؕ
فَاِذَا جَآءَ وَعْدُ الْاٰخِرَةِ لِیَسُوْٓءٗا وُجُوْهَكُمْ وَلِیَدْخُلُوا
الْمَسْجِدَ كَمَا دَخَلُوْهُ اَوَّلَ مَرَّةٍ وَّلِیُتَبِّرُوْا مَا عَلَوْا
تَتْبِیْرًا ۝٧ عَسٰی رَبُّكُمْ اَنْ یَّرْحَمَكُمْ ۚ وَاِنْ عُدْتُّمْ
عُدْنَا ۘ وَجَعَلْنَا جَهَنَّمَ لِلْكٰفِرِیْنَ حَصِیْرًا ۝٨ اِنَّ هٰذَا
الْقُرْاٰنَ یَهْدِیْ لِلَّتِیْ هِیَ اَقْوَمُ وَیُبَشِّرُ الْمُؤْمِنِیْنَ

وقف لازم منزل ٤

(૧૭) સૂરઃ બની ઈસરાઈલ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧૨ • આયતો : ૧૧૧)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. પવિત્ર છે તે જે લઈ ગયો એક રાત્રે પોતાના બંદાને મસ્જિદે હરામ (પ્રતિષ્ઠિત મસ્જિદ, કા'બા)થી દૂરની તે મસ્જિદ સુધી જેના માહોલને તેણે બરકત આપી છે, જેથી તેને પોતાની કેટલીક નિશાનીઓ દેખાડે. હકીકતમાં તે જ છે બધું સાંભળવાવાળો અને જોવાવાળો.

૨. અમે આ પહેલાં મૂસાને ગ્રંથ આપ્યો હતો અને તેને બની ઈસરાઈલ (ઈસરાઈલના સંતાનો)ના માર્ગદર્શનનું માધ્યમ બનાવ્યો હતો, એ તાકીદ સાથે કે મારા સિવાય કોઈને પોતાનો વકીલ★ ન બનાવજો.

૩. તમે તે લોકોના સંતાનો છો જેમને અમે નૂહના સાથે નૌકામાં સવાર કર્યા હતા, અને નૂહ એક કૃતજ્ઞ બંદો હતા.

૪. પછી અમે પોતાના ગ્રંથમાં બની ઈસરાઈલને તે વાત પર પણ ચેતવી દીધા હતા કે તમે ધરતી પર બે વખત મોટો બગાડ પેદા કરશો અને ખૂબ વિદ્રોહ કરશો.

૫. છેવટે જ્યારે તેમાંથી પ્રથમ વિદ્રોહનો પ્રસંગ બન્યો, તો હે બની ઈસરાઈલ! અમે તમારા મુકાબલામાં પોતાના એવા બંદા ઉઠાવ્યા જેઓ ઘણા જ બળવાન હતા અને તેઓ તમારા દેશમાં ઘૂસીને દરેક જગ્યાએ ફેલાઈ ગયા. આ એક વાયદો હતો જે પૂરો થઈને જ રહેવાનો હતો.

૬. ત્યારબાદ અમે તમને તેમના પર વર્ચસ્વની તક આપી અને તમને ધન અને સંતાનો વડે મદદ કરી અને તમારી સંખ્યા પહેલાં કરતાં વધારી દીધી.

૭. જુઓ, તમે ભલાઈ કરી તો તે તમારા પોતાના માટે જ ભલાઈ હતી, અને બૂરાઈ કરી તો તે તમારી પોતાની જાત માટે બૂરાઈ નીવડી. પછી જ્યારે બીજા વાયદાનો સમય આવ્યો તો અમે બીજા દુશ્મનોને તમારા ઉપર પ્રભુત્વ આપી દીધું જેથી તેઓ તમારા ચહેરા બગાડી દે અને મસ્જિદ (બૈતુલ-મક્દિસ)માં એવી જ રીતે ઘૂસી જાય જેવી રીતે અગાઉના દુશ્મનો ઘૂસ્યા હતા અને જે વસ્તુ પર તેમનો હાથ પડે, તેનો નાશ કરીને મૂકી દે—

૮. શક્ય છે કે હવે તમારો રબ તમારા પર દયા કરે, પરંતુ જો તમે ફરીથી પોતાના પાછલાં વર્તનનું પુનરાવર્તન કર્યું તો અમે પણ ફરી પોતાની સજાનું પુનરાવર્તન કરીશું, અને નેઅ્મત (કૃપા)નો ઈન્કાર કરનારા લોકો માટે અમે જહન્નમ (નર્ક)ને કેદખાનું બનાવી રાખ્યું છે.

૯. હકીકત એ છે કે આ કુર્આન તે માર્ગ દેખાડે છે જે તદ્દન સીધો છે. જે

★ વકીલ અર્થાત્ વિશ્વાસ અને ભરોસો જેના પર કરી શકાય, જેના હવાલે પોતાના બધા મામલાઓ કરી શકાય અને જેના સમક્ષ માર્ગદર્શન અને મદદ માટે હાથ ફેલાવી શકાય.

الَّذِیْنَ یَعْمَلُوْنَ الصّٰلِحٰتِ اَنَّ لَهُمْ اَجْرًا كَبِیْرًا ۙ﴿۹﴾
وَّ اَنَّ الَّذِیْنَ لَا یُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ اَعْتَدْنَا لَهُمْ عَذَابًا
اَلِیْمًا ۠﴿۱۰﴾ وَ یَدْعُ الْاِنْسَانُ بِالشَّرِّ دُعَآءَهٗ بِالْخَیْرِ ؕ وَ ع ۱۰
كَانَ الْاِنْسَانُ عَجُوْلًا ﴿۱۱﴾ وَ جَعَلْنَا الَّیْلَ وَ النَّهَارَ اٰیَتَیْنِ
فَمَحَوْنَاۤ اٰیَةَ الَّیْلِ وَ جَعَلْنَاۤ اٰیَةَ النَّهَارِ مُبْصِرَةً
لِّتَبْتَغُوْا فَضْلًا مِّنْ رَّبِّكُمْ وَ لِتَعْلَمُوْا عَدَدَ السِّنِیْنَ وَ
الْحِسَابَ ؕ وَ كُلَّ شَیْءٍ فَصَّلْنٰهُ تَفْصِیْلًا ﴿۱۲﴾ وَ كُلَّ
اِنْسَانٍ اَلْزَمْنٰهُ طٰٓئِرَهٗ فِیْ عُنُقِهٖ ؕ وَ نُخْرِجُ لَهٗ یَوْمَ
الْقِیٰمَةِ كِتٰبًا یَّلْقٰىهُ مَنْشُوْرًا ﴿۱۳﴾ اِقْرَاْ كِتٰبَكَ ؕ كَفٰى
بِنَفْسِكَ الْیَوْمَ عَلَیْكَ حَسِیْبًا ؕ﴿۱۴﴾ مَنِ اهْتَدٰى فَاِنَّمَا
یَهْتَدِیْ لِنَفْسِهٖ ۚ وَ مَنْ ضَلَّ فَاِنَّمَا یَضِلُّ عَلَیْهَا ؕ
وَ لَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى ؕ وَ مَا كُنَّا مُعَذِّبِیْنَ
حَتّٰى نَبْعَثَ رَسُوْلًا ﴿۱۵﴾ وَ اِذَاۤ اَرَدْنَاۤ اَنْ نُّهْلِكَ قَرْیَةً
اَمَرْنَا مُتْرَفِیْهَا فَفَسَقُوْا فِیْهَا فَحَقَّ عَلَیْهَا الْقَوْلُ
فَدَمَّرْنٰهَا تَدْمِیْرًا ﴿۱۶﴾ وَ كَمْ اَهْلَكْنَا مِنَ الْقُرُوْنِ
مِنْۢ بَعْدِ نُوْحٍ ؕ وَ كَفٰى بِرَبِّكَ بِذُنُوْبِ عِبَادِهٖ خَبِیْرًۢا
بَصِیْرًا ﴿۱۷﴾ مَنْ كَانَ یُرِیْدُ الْعَاجِلَةَ عَجَّلْنَا لَهٗ
فِیْهَا مَا نَشَآءُ لِمَنْ نُّرِیْدُ ثُمَّ جَعَلْنَا لَهٗ جَهَنَّمَ ۚ
یَصْلٰىهَا مَذْمُوْمًا مَّدْحُوْرًا ﴿۱۸﴾ وَ مَنْ اَرَادَ الْاٰخِرَةَ وَ

લોકો આને માનીને સારા કાર્યો કરવા લાગે તેમને એ ખુશખબર આપે છે કે તેમના માટે મોટો બદલો છે.

૧૦. અને જે લોકો આખિરત (પરલોક)ને ન માને, તેમને આ ખબર આપે છે કે તેમના માટે અમે દુઃખદાયી યાતના તૈયાર કરી રાખી છે. (રુકૂઅ-૧)

૧૧. મનુષ્ય બૂરાઈ એવી રીતે માગે છે જેવી રીતે ભલાઈ માગવી જોઈએ. મનુષ્ય ઘણો જ ઉતાવળો પુરવાર થયો છે.

૧૨. જુઓ, અમે રાત અને દિવસને બે નિશાનીઓ બનાવી છે. રાતની નિશાનીને અમે પ્રકાશહીન બનાવી અને દિવસની નિશાનીને અમે પ્રકાશિત કરી દીધી, જેથી તમે પોતાના રબ (પ્રભુ)ની કૃપા શોધી શકો અને મહિનાઓ અને વર્ષનો હિસાબ જાણી શકો. આવી જ રીતે અમે દરેક વસ્તુને અલગ-અલગ જુદી પાડીને રાખી છે.

૧૩. દરેક મનુષ્યનો શુકન અમે તેના ગળામાં લટકાવી રાખ્યો છે અને કયામત (પુનર્જીવન)ના દિવસે અમે એક લખાણ તેના માટે કાઢીશું જેને તે ઉઘાડા પુસ્તકની જેમ જોશે –

૧૪. વાંચ પોતાની કર્મનોંધ, આજે પોતાનો હિસાબ કરવા માટે તું પોતે જ પૂરતો છે.

૧૫. જે કોઈ સન્માર્ગ અપનાવે, તેનું સન્માર્ગે ચાલવું તેના પોતાના માટે જ લાભદાયક છે, અને જે પથભ્રષ્ટ થાય તેની પથભ્રષ્ટતાનું પરિણામ તેના પર જ છે. કોઈ બોજ ઉપાડનાર બીજાનો બોજ નહીં ઉપાડે. અને અમે યાતના આપનારા નથી જ્યાં સુધી કે (લોકોને સત્ય અને અસત્યનો ભેદ સમજાવવા માટે) એક પયગંબર ન મોકલી દઈએ.

૧૬. જ્યારે અમે કોઈ વસ્તીનો નાશ કરવાનો ઇરાદો કરીએ છીએ તો તેના સુખ-સંપન્ન અને સમૃદ્ધ લોકોને આદેશ આપીએ છીએ અને તેઓ તેમાં અવજ્ઞાઓ કરવા લાગે છે, ત્યારે યાતનાનો ફેંસલો તે વસ્તીને લાગુ પડી જાય છે અને અમે તેને બરબાદ કરીને મૂકી દઈએ છીએ.

૧૭. જોઈ લો, કેટલીય પેઢીઓ છે જે નૂહ પછી અમારા આદેશથી નાશ પામી. તારો રબ પોતાના બંદાઓના ગુનાઓથી સંપૂર્ણપણે માહિતગાર છે અને બધું જ જોઈ રહ્યો છે.

૧૮. જે કોઈ (આ દુનિયામાં) તત્કાળ પ્રાપ્ત થનારા લાભો મેળવવાની ઇચ્છા રાખતો હોય, તેને અમે અહીં જ આપી દઈએ છીએ જે કંઈ પણ જેને આપવા માગીએ, પછી તેના ભાગ્યમાં જહન્નમ (નર્ક) લખી દઈએ છીએ જેને તે તાપશે તિરસ્કૃત અને દયાથી વંચિત થઈને.

૧૯. અને જે આખિરત (પરલોક)ની ઇચ્છા રાખતો હોય અને તેના માટે પ્રયત્ન

سَعْیَهَا وَهُوَ مُؤْمِنٌ فَاُولٰٓىِٕكَ كَانَ سَعْیُهُمْ
مَّشْكُوْرًا ﴿۱۹﴾ كُلًّا نُّمِدُّ هٰٓؤُلَآءِ وَهٰٓؤُلَآءِ مِنْ عَطَآءِ رَبِّكَ ؕ
وَمَا كَانَ عَطَآءُ رَبِّكَ مَحْظُوْرًا ﴿۲۰﴾ اُنْظُرْ كَیْفَ فَضَّلْنَا
بَعْضَهُمْ عَلٰى بَعْضٍ ؕ وَلَلْاٰخِرَةُ اَكْبَرُ دَرَجٰتٍ وَّاَكْبَرُ
تَفْضِیْلًا ﴿۲۱﴾ لَا تَجْعَلْ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَتَقْعُدَ مَذْمُوْمًا
مَّخْذُوْلًا ﴿۲۲﴾ ع وَقَضٰى رَبُّكَ اَلَّا تَعْبُدُوْٓا اِلَّآ اِیَّاهُ وَبِالْوَالِدَیْنِ
اِحْسَانًا ؕ اِمَّا یَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ اَحَدُهُمَآ اَوْ كِلٰهُمَا
فَلَا تَقُلْ لَّهُمَآ اُفٍّ وَّلَا تَنْهَرْهُمَا وَقُلْ لَّهُمَا قَوْلًا
كَرِیْمًا ﴿۲۳﴾ وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ
وَقُلْ رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّیٰنِیْ صَغِیْرًا ﴿۲۴﴾ؕ رَبُّكُمْ اَعْلَمُ
بِمَا فِیْ نُفُوْسِكُمْ ؕ اِنْ تَكُوْنُوْا صٰلِحِیْنَ فَاِنَّهٗ كَانَ
لِلْاَوَّابِیْنَ غَفُوْرًا ﴿۲۵﴾ وَاٰتِ ذَا الْقُرْبٰى حَقَّهٗ وَالْمِسْكِیْنَ
وَابْنَ السَّبِیْلِ وَلَا تُبَذِّرْ تَبْذِیْرًا ﴿۲۶﴾ اِنَّ الْمُبَذِّرِیْنَ
كَانُوْٓا اِخْوَانَ الشَّیٰطِیْنِ ؕ وَكَانَ الشَّیْطٰنُ لِرَبِّهٖ كَفُوْرًا ﴿۲۷﴾
وَاِمَّا تُعْرِضَنَّ عَنْهُمُ ابْتِغَآءَ رَحْمَةٍ مِّنْ رَّبِّكَ تَرْجُوْهَا
فَقُلْ لَّهُمْ قَوْلًا مَّیْسُوْرًا ﴿۲۸﴾ وَلَا تَجْعَلْ یَدَكَ مَغْلُوْلَةً
اِلٰى عُنُقِكَ وَلَا تَبْسُطْهَا كُلَّ الْبَسْطِ فَتَقْعُدَ مَلُوْمًا
مَّحْسُوْرًا ﴿۲۹﴾ اِنَّ رَبَّكَ یَبْسُطُ الرِّزْقَ لِمَنْ یَّشَآءُ وَیَقْدِرُ ؕ منزل ۴
اِنَّهٗ كَانَ بِعِبَادِهٖ خَبِیْرًۢا بَصِیْرًا ﴿۳۰﴾ ع وَلَا تَقْتُلُوْٓا اَوْلَادَكُمْ

કરે જેવો કે તેના માટે પ્રયત્ન કરવો જોઈએ, અને હોય તે ઈમાનવાળો, તો એવા દરેક મનુષ્યના પ્રયત્નોની કદર કરવામાં આવશે.

૨૦. આમને પણ અને તેમને પણ, બંને જૂથોને અમે (દુનિયામાં) જીવન-નિર્વાહ માટેની સામગ્રી આપતા જઈએ છીએ, આ તારા રબ (પ્રભુ)નું પ્રદાન છે, અને તારા રબનું પ્રદાન રોકનાર કોઈ નથી.

૨૧. પરંતુ જોઈ લો, દુનિયામાં જ અમે એક જૂથને બીજા જૂથ ઉપર કેવી શ્રેષ્ઠતા આપી રાખી છે, અને આખિરતમાં તેના દરજ્જાઓ તેનાથી પણ વધારે હશે, અને તેની શ્રેષ્ઠતા પણ એક-બીજાથી વધીને હશે.

૨૨. તું અલ્લાહ સાથે કોઈ બીજો ઉપાસ્ય ન બનાવ, નહીં તો તિરસ્કૃત અને નિઃસહાય બેસેલો રહી જઈશ. (રુકૂઅ-૨)

૨૩. તારા રબે ફેંસલો કરી દીધો છે કે તમે કોઈની ઉપાસના ન કરો, પરંતુ કેવળ તેની. માતા-પિતા સાથે સારો વ્યવહાર કરો. જો તમારા પાસે તેમાંથી કોઈ એક, અથવા બંને, વૃદ્ધ થઈને રહે તો તેમને ઊંહકારો પણ ન કહો, ન તો તેમને ધુત્કારીને જવાબ આપો, બલ્કે તેમના સાથે આદરપૂર્વક વાત કરો,

૨૪. અને નમ્રતા અને મહેરબાની સાથે તેમના સામે નમીને રહો અને આ દુઆ કર્યા કરો કે, ''પાલનહાર ! આમના ઉપર દયા કર જે રીતે તેમણે મમતા અને સ્નેહપૂર્વક મને બાળપણમાં ઉછેર્યો હતો.''

૨૫. તમારો રબ ખૂબ સારી રીતે જાણે છે કે તમારા અંતઃકરણમાં શું છે. જો તમે સદાચારી બનીને રહો તો તે એવા સૌ લોકો માટે ક્ષમા કરવાવાળો છે,

૨૬. જેઓ પોતાની ભૂલોથી સચેત થઈને બંદગીના માર્ગે પાછા ફરે. સગાને તેનો હક્ક આપે અને ગરીબ અને મુસાફરને તેનો હક્ક. ફુઝૂલ (નકામો, બિનજરૂરી) ખર્ચ ન કરે,

૨૭. ફુઝૂલખર્ચ કરનારાઓ શેતાનના ભાઈ છે, અને શેતાન પોતાના રબ (પ્રભુ)નો કૃતઘ્ન છે.

૨૮. જો તમારે તેમની (અર્થાત્ જરૂરતમંદ સગાઓ, ગરીબો અને મુસાફરોની) ઉપેક્ષા કરવી હોય, એ કારણે કે હજુ તમે અલ્લાહની તે કૃપાને જેના તમે ઉમેદવાર છો, શોધી રહ્યા છો, તો તેમને નમ્ર જવાબ આપી દો.

૨૯. ન તો પોતાનો હાથ ડોક સાથે બાંધી રાખો (અર્થાત્ કંજૂસી ન કરો) અને ન તેને તદ્દન છૂટો જ મૂકી દો કે જેથી નિંદાપાત્ર અને લાચાર બનીને રહી જાઓ.

૩૦. તારો રબ જેના માટે ચાહે છે, રોજી વિશાળ કરી દે છે અને જેના માટે ચાહે છે, તંગ કરી દે છે. તે પોતાના બંદાઓની સ્થિતિની ખબર રાખે છે અને તેને જોઈ રહ્યો છે. (રુકૂઅ-૩)

૩૧. પોતાના સંતાનની નિર્ધનતાના ભયથી હત્યા ન કરો, અમે તેમને પણ

خَشْيَةَ اِمْلَاقٍ ؕ نَحْنُ نَرْزُقُهُمْ وَاِيَّاكُمْ ؕ اِنَّ قَتْلَهُمْ
كَانَ خِطْاً كَبِيْرًا ۝٣١ وَلَا تَقْرَبُوا الزِّنٰٓى اِنَّهٗ كَانَ فَاحِشَةً ؕ
وَسَآءَ سَبِيْلًا ۝٣٢ وَلَا تَقْتُلُوا النَّفْسَ الَّتِىْ حَرَّمَ اللّٰهُ
اِلَّا بِالْحَقِّ ؕ وَمَنْ قُتِلَ مَظْلُوْمًا فَقَدْ جَعَلْنَا لِوَلِيِّهٖ
سُلْطٰنًا فَلَا يُسْرِفْ فِّى الْقَتْلِ ؕ اِنَّهٗ كَانَ مَنْصُوْرًا ۝٣٣
وَلَا تَقْرَبُوْا مَالَ الْيَتِيْمِ اِلَّا بِالَّتِىْ هِىَ اَحْسَنُ حَتّٰى
يَبْلُغَ اَشُدَّهٗ ۪ وَاَوْفُوْا بِالْعَهْدِ ۚ اِنَّ الْعَهْدَ كَانَ
مَسْـُٔوْلًا ۝٣٤ وَاَوْفُوا الْكَيْلَ اِذَا كِلْتُمْ وَزِنُوْا بِالْقِسْطَاسِ
الْمُسْتَقِيْمِ ؕ ذٰلِكَ خَيْرٌ وَّاَحْسَنُ تَاْوِيْلًا ۝٣٥ وَلَا تَقْفُ
مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ ؕ اِنَّ السَّمْعَ وَالْبَصَرَ وَالْفُؤَادَ
كُلُّ اُولٰٓئِكَ كَانَ عَنْهُ مَسْـُٔوْلًا ۝٣٦ وَلَا تَمْشِ فِى
الْاَرْضِ مَرَحًا ۚ اِنَّكَ لَنْ تَخْرِقَ الْاَرْضَ وَلَنْ تَبْلُغَ
الْجِبَالَ طُوْلًا ۝٣٧ كُلُّ ذٰلِكَ كَانَ سَيِّئُهٗ عِنْدَ رَبِّكَ
مَكْرُوْهًا ۝٣٨ ذٰلِكَ مِمَّآ اَوْحٰٓى اِلَيْكَ رَبُّكَ مِنَ الْحِكْمَةِ ؕ
وَلَا تَجْعَلْ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَتُلْقٰى فِىْ جَهَنَّمَ مَلُوْمًا
مَّدْحُوْرًا ۝٣٩ اَفَاَصْفٰىكُمْ رَبُّكُمْ بِالْبَنِيْنَ وَاتَّخَذَ مِنَ
الْمَلٰٓئِكَةِ اِنَاثًا ؕ اِنَّكُمْ لَتَقُوْلُوْنَ قَوْلًا عَظِيْمًا ۝٤٠ وَلَقَدْ ع
صَرَّفْنَا فِىْ هٰذَا الْقُرْاٰنِ لِيَذَّكَّرُوْا ؕ وَمَا يَزِيْدُهُمْ اِلَّا
نُفُوْرًا ۝٤١ قُلْ لَّوْ كَانَ مَعَهٗٓ اٰلِهَةٌ كَمَا يَقُوْلُوْنَ اِذًا

રોજી આપીશું અને તમને પણ. હકીકતમાં તેમની હત્યા એક ઘોર અપરાધ છે.

૩૨. વ્યભિચારના નજીક ન ફરકો. તે ઘણું જ ખરાબ કૃત્ય છે અને ઘણો જ ખરાબ માર્ગ.

૩૩. કોઈ જીવની હત્યા ન કરો જેને અલ્લાહે હરામ (અવૈધ) ઠેરવ્યો છે, સિવાય કે સત્યની સાથે અને જે વ્યક્તિની અન્યાયપૂર્ણ હત્યા કરવામાં આવી હોય તેના વાલીને અમે કસાસ★ની માગણી કરવાનો અધિકાર આપ્યો છે, તેથી તેણે હત્યા કરવામાં હદથી આગળ ન વધવું જોઈએ, તેની સહાય કરવામાં આવશે.

૩૪. અનાથના માલની નજીક ન ફરકો, પરંતુ ઉત્તમ રીતે, ત્યાં સુધી કે તે યુવાન વયે પહોંચી જાય. વચનનું પાલન કરો. નિઃશંક વચન વિષે તમારે જવાબ આપવો પડશે.

૩૫. માપીને આપો તો પૂરું ભરીને આપો, અને તોલો તો સાચા ત્રાજવાથી તોલો. આ સારી પદ્ધતિ છે અને પરિણામની દૃષ્ટિએ પણ આ જ વધુ સારું છે.

૩૬. કોઈ એવી વસ્તુની પાછળ ન પડો જેનું તમને જ્ઞાન ન હોય. નિઃશંક આંખ, કાન અને હૃદય બધાની પૂછતાછ થવાની છે.

૩૭. જમીનમાં છાતી કાઢીને ન ચાલો, તમે ન જમીનને ફાડી શકો છો, ન તો પર્વતોની ઊંચાઈએ પહોંચી શકો છો.

૩૮. આ કાર્યોમાંથી દરેકનું ખરાબ પાસું તારા રબના નજીક નાપસંદ છે.

૩૯. આ તે તત્ત્વદર્શિતાની વાતો છે જે તારા રબે તારા ઉપર વહી કરી છે. અને જુઓ અલ્લાહ સાથે બીજો કોઈ ઉપાસ્ય ન બનાવી બેસ, નહીં તો તને જહન્નમ (નર્ક)માં નાખી દેવામાં આવશે નિંદાપાત્ર અને દરેક ભલાઈથી વંચિત કરીને –

૪૦. કેવી વિચિત્ર વાત છે કે તમારા રબે (પ્રભુએ) તો તમને પુત્રોથી નવાજ્યા અને ખુદ પોતાના માટે ફરિશ્તાઓને પુત્રીઓ બનાવી લીધી? મોટી જૂઠી વાત છે જે તમે લોકો તમારા મોઢેથી બોલો છો. (રુકૂઅ-૪)

૪૧. અમે આ કુર્આનમાં જુદી-જુદી રીતે લોકોને સમજાવ્યા કે ભાનમાં આવે, પરંતુ તેઓ સત્યથી વધુને વધુ દૂર જ ભાગતા જઈ રહ્યા છે.

૪૨. હે પયગંબર ! આમને કહો કે જો અલ્લાહ સાથે બીજા ઉપાસ્યો પણ હોત, જેમ કે આ લોકો કહે છે, તો તેઓ અર્શ (સિંહાસન)ના માલિકના

★ કસાસ અર્થાત્ બદલો કે વળતર. ઈસ્લામી કાનૂન અનુસાર હત્યાનો મૂળ દાવેદાર સરકાર નહીં, પણ જેની હત્યા કરવામાં આવી છે તેનો વાલી છે, અને તે હત્યા કરનારને માફ કરવા અને કસાસના બદલે ખૂં-બહા (હત્યાના બદલામાં આર્થિક દંડ) લેવા પર રાજી અને તૈયાર થઈ શકે છે.

لَّابْتَغَوْا اِلٰى ذِی الْعَرْشِ سَبِیْلًا ﴿۴۲﴾ سُبْحٰنَهٗ وَ
تَعٰلٰى عَمَّا یَقُوْلُوْنَ عُلُوًّا كَبِیْرًا ﴿۴۳﴾ تُسَبِّحُ لَهُ السَّمٰوٰتُ
السَّبْعُ وَ الْاَرْضُ وَ مَنْ فِیْهِنَّ ؕ وَ اِنْ مِّنْ شَیْءٍ اِلَّا یُسَبِّحُ
بِحَمْدِهٖ وَ لٰكِنْ لَّا تَفْقَهُوْنَ تَسْبِیْحَهُمْ ؕ اِنَّهٗ كَانَ
حَلِیْمًا غَفُوْرًا ﴿۴۴﴾ وَ اِذَا قَرَاْتَ الْقُرْاٰنَ جَعَلْنَا بَیْنَكَ
وَ بَیْنَ الَّذِیْنَ لَا یُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ حِجَابًا مَّسْتُوْرًا ﴿۴۵﴾ وَّ
جَعَلْنَا عَلٰى قُلُوْبِهِمْ اَكِنَّةً اَنْ یَّفْقَهُوْهُ وَ فِیْٓ اٰذَانِهِمْ
وَقْرًا ؕ وَ اِذَا ذَكَرْتَ رَبَّكَ فِی الْقُرْاٰنِ وَحْدَهٗ وَلَّوْا عَلٰٓى
اَدْبَارِهِمْ نُفُوْرًا ﴿۴۶﴾ نَحْنُ اَعْلَمُ بِمَا یَسْتَمِعُوْنَ بِهٖٓ اِذْ
یَسْتَمِعُوْنَ اِلَیْكَ وَ اِذْ هُمْ نَجْوٰٓى اِذْ یَقُوْلُ الظّٰلِمُوْنَ
اِنْ تَتَّبِعُوْنَ اِلَّا رَجُلًا مَّسْحُوْرًا ﴿۴۷﴾ اُنْظُرْ كَیْفَ ضَرَبُوْا
لَكَ الْاَمْثَالَ فَضَلُّوْا فَلَا یَسْتَطِیْعُوْنَ سَبِیْلًا ﴿۴۸﴾ وَ الربع
قَالُوْٓا ءَاِذَا كُنَّا عِظَامًا وَّ رُفَاتًا ءَاِنَّا لَمَبْعُوْثُوْنَ
خَلْقًا جَدِیْدًا ﴿۴۹﴾ قُلْ كُوْنُوْا حِجَارَةً اَوْ حَدِیْدًا ۙ﴿۵۰﴾ اَوْ
خَلْقًا مِّمَّا یَكْبُرُ فِیْ صُدُوْرِكُمْ ۚ فَسَیَقُوْلُوْنَ مَنْ یُّعِیْدُنَا ؕ
قُلِ الَّذِیْ فَطَرَكُمْ اَوَّلَ مَرَّةٍ ۚ فَسَیُنْغِضُوْنَ اِلَیْكَ
رُءُوْسَهُمْ وَ یَقُوْلُوْنَ مَتٰى هُوَ ؕ قُلْ عَسٰۤى اَنْ یَّكُوْنَ
قَرِیْبًا ﴿۵۱﴾ یَوْمَ یَدْعُوْكُمْ فَتَسْتَجِیْبُوْنَ بِحَمْدِهٖ وَ تَظُنُّوْنَ منزل ۴
اِنْ لَّبِثْتُمْ اِلَّا قَلِیْلًا ﴿۵۲﴾ ع وَ قُلْ لِّعِبَادِیْ یَقُوْلُوا الَّتِیْ ع ۱۳/۵

સ્થાને પહોંચવાની જરૂર કોશિશ કરતા.

૪૩. પવિત્ર છે તે અને ખૂબ ઉચ્ચ છે, તે વાતોથી જે આ લોકો કહી રહ્યા છે.

૪૪. તેની પવિત્રતા તો સાતેય આકાશો અને ધરતી અને તે સર્વ વસ્તુઓ વર્ણવી રહી છે જે આકાશો અને ધરતીમાં છે. કોઈ વસ્તુ એવી નથી જે તેની પ્રશંસા સાથે તેની તસ્બીહ (પવિત્રતાનો જાપ) ન કરી રહી હોય. પરંતુ તમે તેમની તસ્બીહ સમજતા નથી. હકીકત એ છે કે તે ખૂબ મોટો સહનશીલ અને માફ કરનાર છે.

૪૫. જ્યારે તમે કુર્આન પઢો છો તો અમે તમારા અને આખિરત પર ઈમાન ન લાવનારાઓના વચ્ચે એક પડદો નાખી દઈએ છીએ

૪૬. અને તેમના હૃદયો ઉપર એવો ગલેફ ચઢાવી દઈએ છીએ કે તેઓ કશું નથી સમજતા અને તેમના કાનોમાં ડાટો મારી દઈએ છીએ, અને જ્યારે તમે કુર્આનમાં પોતાના એક જ રબ (માલિક અને પાલનહાર)નો ઉલ્લેખ કરો છો તો તેઓ ઘૃણાથી મોઢું ફેરવી લે છે.

૪૭. અમને ખબર છે કે જ્યારે તેઓ કાન દઈને તમારી વાત સાંભળે છે તો હકીકતમાં શું સાંભળે છે, અને જ્યારે બેસીને પરસ્પર ગુસપુસ કરે છે તો શું કહે છે. આ અત્યાચારીઓ પરસ્પર કહે છે કે આ તો એક જાદુની અસર પામેલો માણસ છે જેના પાછળ તમે લોકો જઈ રહ્યા છો –

૪૮. જુઓ, કેવી વાતો છે જે આ લોકો તમારા પર ટાંકે છે, આ લોકો ભટકી ગયા છે, તેમને માર્ગ જડતો નથી.

૪૯. તેઓ કહે છે, ''જ્યારે અમે કેવળ હાડકાં અને માટી બની જઈશું તો શું અમને નવેસરથી પેદા કરીને ઉઠાવવામાં આવશે ?''

૫૦. – આમને કહો, ''તમે પથ્થર કે લોખંડ પણ થઈ જાઓ,

૫૧. અથવા તેનાથી પણ વધુ કઠણ કોઈ વસ્તુ જે તમારા મતે જીવતી થવા માટે અશક્ય હોય'' (તો પણ તમે ઊઠીને રહેશો). તેઓ ચોક્કસ પૂછશે, ''કોણ છે તે જે અમને ફરીથી જીવનની તરફ પલટાવીને લાવશે ?'' જવાબમાં કહો, ''તે જ જેણે પહેલી વખત તમને પેદા કર્યા'' – તેઓ માથાં હલાવી-હલાવીને પૂછશે, ''સારું, તો આ થશે ક્યારે ?'' તમે કહો, ''એમાં શું નવાઈ કે તે સમય નજીક જ આવી પહોંચ્યો હોય.

૫૨. જે દિવસે તે તમને પોકારશે તો તમે તેની પ્રશંસા કરતાં-કરતાં તેની પોકારના જવાબમાં નીકળી આવશો અને તમારી ધારણા તે વખતે એ હશે કે બસ, થોડી વાર જ આ હાલતમાં પડી રહ્યા છીએ.'' (રુકૂઅ-૫)

૫૩. અને હે પયગંબર ! મારા બંદાઓને (અર્થાત્ ઈમાનવાળા બંદાઓને)

هِیَ اَحْسَنُ ؕ اِنَّ الشَّیْطٰنَ یَنْزَغُ بَیْنَهُمْ ؕ اِنَّ الشَّیْطٰنَ
كَانَ لِلْاِنْسَانِ عَدُوًّا مُّبِیْنًا ﴿٥٣﴾ رَبُّكُمْ اَعْلَمُ بِكُمْ ؕ
اِنْ یَّشَاْ یَرْحَمْكُمْ اَوْ اِنْ یَّشَاْ یُعَذِّبْكُمْ ؕ وَ مَاۤ اَرْسَلْنٰكَ
عَلَیْهِمْ وَكِیْلًا ﴿٥٤﴾ وَ رَبُّكَ اَعْلَمُ بِمَنْ فِی السَّمٰوٰتِ وَ
الْاَرْضِ ؕ وَ لَقَدْ فَضَّلْنَا بَعْضَ النَّبِیّٖنَ عَلٰی بَعْضٍ وَّ
اٰتَیْنَا دَاوٗدَ زَبُوْرًا ﴿٥٥﴾ قُلِ ادْعُوا الَّذِیْنَ زَعَمْتُمْ مِّنْ
دُوْنِهٖ فَلَا یَمْلِكُوْنَ كَشْفَ الضُّرِّ عَنْكُمْ وَ لَا تَحْوِیْلًا ﴿٥٦﴾
اُولٰٓىِٕكَ الَّذِیْنَ یَدْعُوْنَ یَبْتَغُوْنَ اِلٰی رَبِّهِمُ
الْوَسِیْلَةَ اَیُّهُمْ اَقْرَبُ وَ یَرْجُوْنَ رَحْمَتَهٗ وَ یَخَافُوْنَ
عَذَابَهٗ ؕ اِنَّ عَذَابَ رَبِّكَ كَانَ مَحْذُوْرًا ﴿٥٧﴾ وَ اِنْ مِّنْ
قَرْیَةٍ اِلَّا نَحْنُ مُهْلِكُوْهَا قَبْلَ یَوْمِ الْقِیٰمَةِ اَوْ مُعَذِّبُوْهَا
عَذَابًا شَدِیْدًا ؕ كَانَ ذٰلِكَ فِی الْكِتٰبِ مَسْطُوْرًا ﴿٥٨﴾
وَ مَا مَنَعَنَاۤ اَنْ نُّرْسِلَ بِالْاٰیٰتِ اِلَّاۤ اَنْ كَذَّبَ بِهَا
الْاَوَّلُوْنَ ؕ وَ اٰتَیْنَا ثَمُوْدَ النَّاقَةَ مُبْصِرَةً فَظَلَمُوْا بِهَا ؕ
وَ مَا نُرْسِلُ بِالْاٰیٰتِ اِلَّا تَخْوِیْفًا ﴿٥٩﴾ وَ اِذْ قُلْنَا لَكَ اِنَّ
رَبَّكَ اَحَاطَ بِالنَّاسِ ؕ وَ مَا جَعَلْنَا الرُّءْیَا الَّتِیْۤ اَرَیْنٰكَ
اِلَّا فِتْنَةً لِّلنَّاسِ وَ الشَّجَرَةَ الْمَلْعُوْنَةَ فِی الْقُرْاٰنِ ؕ
وَ نُخَوِّفُهُمْ ۙ فَمَا یَزِیْدُهُمْ اِلَّا طُغْیَانًا كَبِیْرًا ﴿٦٠﴾ۧ وَ اِذْ قُلْنَا
لِلْمَلٰٓىِٕكَةِ اسْجُدُوْا لِاٰدَمَ فَسَجَدُوْۤا اِلَّاۤ اِبْلِیْسَ ؕ قَالَ

منزل ٤ — ع ٦/٨

કહી દો કે જબાનથી એવી વાત કહે જે ઉત્તમ હોય. હકીકતમાં આ શેતાન છે જે મનુષ્યો વચ્ચે ઝઘડા નાખવાની કોશિશ કરે છે. હકીકત એ છે કે શેતાન મનુષ્યનો ખુલ્લો દુશ્મન છે.

૫૪. તમારો રબ તમારી હાલતને સારી રીતે જાણે છે. તે ચાહે તો તમારા ઉપર દયા કરે અને ચાહે તો તમને યાતના આપી દે અને હે પયગંબર ! અમે તમને લોકો પર રખેવાળ બનાવીને નથી મોકલ્યા.

૫૫. તારો રબ ધરતી અને આકાશોની મખલૂકો (સર્જનો)ને વધુ જાણે છે. અમે કેટલાક પયગંબરોને કેટલાકથી વધુ દરજ્જા આપ્યા અને અમે જ દાઊદને ઝબૂર આપી હતી.

૫૬. આમને કહો, પોકારી જુઓ તે ઉપાસ્યોને જેમને તમે અલ્લાહ સિવાય (પોતાના કામ પાર પાડનાર) સમજો છો, તેઓ કોઈ મુશ્કેલીને તમારાથી ન તો દૂર કરી શકે છે, ન તેને બદલી શકે છે.

૫૭. જેમને આ લોકો પોકારે છે, તેઓ તો સ્વયં પોતાના રબ (માલિક, પ્રભુ)ની હજૂરમાં પહોંચવા માટે સાધન શોધી રહ્યા છે કે કોણ તેનાથી વધુ સમીપ થઈ જાય અને તેઓ તેની કૃપાના ઉમેદવાર છે અને તેની યાતનાથી ડરે છે. હકીકત એ છે કે તારા રબની યાતના છે જ ડરવાને લાયક.

૫૮. અને કોઈ વસ્તી એવી નથી જેને અમે કયામત (પુનર્જીવન) પહેલાં નષ્ટ ન કરીએ અથવા સખત યાતના ન આપીએ, આ અલ્લાહના લેખમાં લખેલું છે.

૫૯. અને અમને નિશાનીઓ મોકલવાથી નથી રોક્યા, પરંતુ એ વાતે કે આમના પહેલાંના લોકો તેનો ઇન્કાર કરી ચૂક્યા છે. (આથી જોઈ લો) સમૂદને અમે ખુલ્લંખુલ્લા ઊંટણી લાવીને આપી અને તેમણે તેના પર જુલ્મ કર્યો. અમે નિશાનીઓ એટલા જ માટે તો મોકલીએ છીએ કે લોકો તેમને જોઈને ડરે.

૬૦. યાદ કરો હે પયગંબર ! અમે તમને કહી દીધું હતું કે તારા રબે તે લોકોને ઘેરી રાખ્યા છે, અને આ જે હમણાં અમે તમને દેખાડ્યું છે, તેને અને તે વૃક્ષને જેના પર કુર્આનમાં ફિટકાર કરવામાં આવી છે, અમે તે લોકો માટે બસ, એક પરીક્ષા બનાવીને મૂકી દીધા. અમે તેમને નિરંતર ચેતવણી આપી રહ્યા છીએ, પરંતુ દરેક ચેતવણી તેમના વિદ્રોહમાં જ વધારો કર્યે જાય છે. (રુકૂઅ-૬)

૬૧. અને યાદ કરો જ્યારે કે અમે ફરિશ્તાઓને કહ્યું કે આદમને સિજદો કરો, તો બધાએ સિજદો કર્યો, પરંતુ ઇબ્લીસે ન કર્યો. તેણે કહ્યું, ''શું

ءَاَسْجُدُ لِمَنْ خَلَقْتَ طِيْنًا ﴿٦١﴾ قَالَ اَرَءَيْتَكَ هٰذَا الَّذِيْ
كَرَّمْتَ عَلَيَّ ۡ لَئِنْ اَخَّرْتَنِ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ لَاَحْتَنِكَنَّ
ذُرِّيَّتَهٗٓ اِلَّا قَلِيْلًا ﴿٦٢﴾ قَالَ اذْهَبْ فَمَنْ تَبِعَكَ مِنْهُمْ
فَاِنَّ جَهَنَّمَ جَزَآؤُكُمْ جَزَآءً مَّوْفُوْرًا ﴿٦٣﴾ وَاسْتَفْزِزْ مَنِ
اسْتَطَعْتَ مِنْهُمْ بِصَوْتِكَ وَاَجْلِبْ عَلَيْهِمْ بِخَيْلِكَ وَ
رَجِلِكَ وَشَارِكْهُمْ فِي الْاَمْوَالِ وَالْاَوْلَادِ وَعِدْهُمْ ۭ وَمَا
يَعِدُهُمُ الشَّيْطٰنُ اِلَّا غُرُوْرًا ﴿٦٤﴾ اِنَّ عِبَادِيْ لَيْسَ لَكَ
عَلَيْهِمْ سُلْطٰنٌ ۭ وَكَفٰى بِرَبِّكَ وَكِيْلًا ﴿٦٥﴾ رَبُّكُمُ الَّذِيْ يُزْجِيْ
لَكُمُ الْفُلْكَ فِي الْبَحْرِ لِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ ۭ اِنَّهٗ كَانَ
بِكُمْ رَحِيْمًا ﴿٦٦﴾ وَاِذَا مَسَّكُمُ الضُّرُّ فِي الْبَحْرِ ضَلَّ مَنْ
تَدْعُوْنَ اِلَّآ اِيَّاهُ ۚ فَلَمَّا نَجّٰىكُمْ اِلَى الْبَرِّ اَعْرَضْتُمْ ۭ وَ
كَانَ الْاِنْسَانُ كَفُوْرًا ﴿٦٧﴾ اَفَاَمِنْتُمْ اَنْ يَّخْسِفَ بِكُمْ جَانِبَ
الْبَرِّ اَوْ يُرْسِلَ عَلَيْكُمْ حَاصِبًا ثُمَّ لَا تَجِدُوْا لَكُمْ
وَكِيْلًا ﴿٦٨﴾ اَمْ اَمِنْتُمْ اَنْ يُّعِيْدَكُمْ فِيْهِ تَارَةً اُخْرٰى
فَيُرْسِلَ عَلَيْكُمْ قَاصِفًا مِّنَ الرِّيْحِ فَيُغْرِقَكُمْ بِمَا كَفَرْتُمْ ۙ
ثُمَّ لَا تَجِدُوْا لَكُمْ عَلَيْنَا بِهٖ تَبِيْعًا ﴿٦٩﴾ وَلَقَدْ كَرَّمْنَا
بَنِيْٓ اٰدَمَ وَحَمَلْنٰهُمْ فِي الْبَرِّ وَالْبَحْرِ وَرَزَقْنٰهُمْ مِّنَ
الطَّيِّبٰتِ وَفَضَّلْنٰهُمْ عَلٰي كَثِيْرٍ مِّمَّنْ خَلَقْنَا
تَفْضِيْلًا ﴿٧٠﴾ يَوْمَ نَدْعُوْا كُلَّ اُنَاسٍۢ بِاِمَامِهِمْ ۚ فَمَنْ

منزل ٤ ع ٧

હું તેને સિજદો કરું જેને તેં માટીથી બનાવ્યો છે ?''

૬૨. પછી તે બોલ્યો, ''જુઓ તો ખરા, શું આ તે લાયક હતો કે તેં એને મારા પર શ્રેષ્ઠતા આપી ? જો તું મને કયામતના દિવસ સુધી મહેતલ આપે તો હું તેના આખા વંશને જડમૂળથી ઉખેડી નાખું, માત્ર થોડા જ લોકો મારાથી બચી શકશે.''

૬૩. અલ્લાહે ફરમાવ્યું, ''ભલે તો જા, આમાંથી જે કોઈ તારું અનુસરણ કરે, તારા સહિત તે સૌના માટે જહન્નમ (નર્ક) જ ભરપૂર બદલો છે.

૬૪. તું જેને-જેને પોતાના આમંત્રણથી લપસાવી શકે છે, લપસાવી લે, તેમના પર પોતાના સવાર અને સિપાઈઓ ચઢાવી લાવ, ધન અને સંતાનમાં તેમના સાથે ભાગીદારી કર, અને તેમને વાયદાઓની જાળમાં ફાંસી લે— અને શેતાનના વાયદા એક છેતરપિંડી સિવાય બીજું કંઈ નથી—

૬૫. નિઃશંક મારા બંદાઓ પર તને કોઈ પ્રભુત્વ પ્રાપ્ત થશે નહીં, અને ભરોસો કરવા માટે તારો રબ જ પૂરતો છે.''

૬૬. તમારો (સાચો) રબ (માલિક અને પાલનહાર) તો તે છે જે સમુદ્રોમાં તમારી નૌકા ચલાવે છે, જેથી તમે તેની મહેરબાની (આજીવિકા) શોધો. હકીકત એ છે કે તે તમારી સ્થિતિ પર ઘણો જ મહેરબાન છે.

૬૭. જ્યારે સમુદ્રમાં તમારા પર મુસીબત આવે છે તો તે એકના સિવાય બીજા જેને-જેને તમે પોકારો છો, તે બધા જ ગુમ થઈ જાય છે. પરંતુ જ્યારે તે તમને બચાવીને જમીન ઉપર પહોંચાડી દે છે તો તમે તેનાથી વિમુખ થઈ જાઓ છો. મનુષ્ય વાસ્તવમાં ઘણો જ અપકારી છે.

૬૮. સારું, તો શું તમે એ વાતથી તદ્દન ડરતા નથી કે ખુદા ક્યારેક જમીન પર જ તમને ધરતીમાં ખૂંપાવી દે અથવા તમારા ઉપર પથ્થરો વરસાવતી આંધી મોકલી દે અને તમે તેનાથી બચાવનાર કોઈ મદદગાર ન મેળવી શકો ?

૬૯. અને શું તમને આનો ભય નથી કે અલ્લાહ ફરી કોઈ સમયે સમુદ્રમાં તમને લઈ જાય અને તમારી કૃતઘ્નતાના બદલામાં તમારા ઉપર પ્રચંડ તોફાની હવા મોકલીને તમને ડૂબાડી દે અને તમને એવો કોઈ ન મળે જે તેને તમારા આ અંજામ વિષે પૂછતાછ કરી શકે ? —

૭૦. આ તો અમારી મહેરબાની છે કે અમે બની આદમ (આદમની સંતાન)ને પ્રતિષ્ઠા આપી અને તેમને જમીન અને પાણીમાં સવારીના સાધનો આપ્યા અને તેમને શુદ્ધ વસ્તુઓમાંથી રોજી આપી અને પોતાની અનેક મખ્લૂકો (પોતે સર્જેલા અનેકો) ઉપર સ્પષ્ટ શ્રેષ્ઠતા આપી. (રુકૂઅ-૭)

૭૧. પછી વિચાર કરો તે દિવસનો જ્યારે અમે પ્રત્યેક માનવ-જૂથને તેના પેશવા (આગેવાન, ગુરુ) સાથે બોલાવીશું. તે વખતે જે લોકોને તેમનું કર્મ-પત્રક સીધા હાથમાં આપવામાં આવ્યું, તેઓ પોતાનું કર્મ-પત્રક

اُوْتِيَ كِتٰبَهٗ بِيَمِيْنِهٖ فَاُولٰٓئِكَ يَقْرَءُوْنَ كِتٰبَهُمْ وَلَا
يُظْلَمُوْنَ فَتِيْلًا ﴿٧١﴾ وَمَنْ كَانَ فِيْ هٰذِهٖٓ اَعْمٰى فَهُوَ فِي
الْاٰخِرَةِ اَعْمٰى وَاَضَلُّ سَبِيْلًا ﴿٧٢﴾ وَاِنْ كَادُوْا لَيَفْتِنُوْنَكَ
عَنِ الَّذِيْٓ اَوْحَيْنَآ اِلَيْكَ لِتَفْتَرِيَ عَلَيْنَا غَيْرَهٗ ۖ
وَاِذًا لَّاتَّخَذُوْكَ خَلِيْلًا ﴿٧٣﴾ وَلَوْلَآ اَنْ ثَبَّتْنٰكَ لَقَدْ
كِدْتَّ تَرْكَنُ اِلَيْهِمْ شَيْـًٔا قَلِيْلًا ﴿٧٤﴾ اِذًا لَّاَذَقْنٰكَ ضِعْفَ
الْحَيٰوةِ وَضِعْفَ الْمَمَاتِ ثُمَّ لَا تَجِدُ لَكَ عَلَيْنَا نَصِيْرًا ﴿٧٥﴾
وَاِنْ كَادُوْا لَيَسْتَفِزُّوْنَكَ مِنَ الْاَرْضِ لِيُخْرِجُوْكَ
مِنْهَا وَاِذًا لَّا يَلْبَثُوْنَ خِلٰفَكَ اِلَّا قَلِيْلًا ﴿٧٦﴾ سُنَّةَ
مَنْ قَدْ اَرْسَلْنَا قَبْلَكَ مِنْ رُّسُلِنَا وَلَا تَجِدُ لِسُنَّتِنَا
تَحْوِيْلًا ﴿٧٧﴾ اَقِمِ الصَّلٰوةَ لِدُلُوْكِ الشَّمْسِ اِلٰى غَسَقِ الَّيْلِ ع ٨
وَقُرْاٰنَ الْفَجْرِ ؕ اِنَّ قُرْاٰنَ الْفَجْرِ كَانَ مَشْهُوْدًا ﴿٧٨﴾ وَ
مِنَ الَّيْلِ فَتَهَجَّدْ بِهٖ نَافِلَةً لَّكَ ۖ عَسٰٓى اَنْ يَّبْعَثَكَ
رَبُّكَ مَقَامًا مَّحْمُوْدًا ﴿٧٩﴾ وَقُلْ رَّبِّ اَدْخِلْنِيْ مُدْخَلَ
صِدْقٍ وَّاَخْرِجْنِيْ مُخْرَجَ صِدْقٍ وَّاجْعَلْ لِّيْ مِنْ
لَّدُنْكَ سُلْطٰنًا نَّصِيْرًا ﴿٨٠﴾ وَقُلْ جَآءَ الْحَقُّ وَزَهَقَ
الْبَاطِلُ ؕ اِنَّ الْبَاطِلَ كَانَ زَهُوْقًا ﴿٨١﴾ وَنُنَزِّلُ مِنَ
الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ ۙ وَلَا يَزِيْدُ
الظّٰلِمِيْنَ اِلَّا خَسَارًا ﴿٨٢﴾ وَاِذَآ اَنْعَمْنَا عَلَى الْاِنْسَانِ

વાંચશે અને તેમના પર રજમાત્ર પણ જુલ્મ (અન્યાય) નહીં થાય.

૭૨. અને જે આ દુનિયામાં આંધળો બનીને રહ્યો, તે આખિરતમાં પણ આંધળો જ રહેશે, બલ્કે રસ્તો શોધવામાં આંધળા કરતાંય વધુ નિષ્ફળ.

૭૩. હે પયગંબર ! આ લોકોએ આ પ્રયાસમાં કોઈ કચાશ નથી રાખી કે તમને ફિત્ના (આપત્તિ)માં નાખીને આ વહીથી ફેરવી નાખે જે અમે તમારા તરફ મોકલી છે, જેથી તમે અમારા નામે પોતાના તરફથી કોઈ વાત ઘડી કાઢો. જો તમે આવું કર્યું હોત તો તેઓ જરૂર તમને પોતાના મિત્ર બનાવી લેતા,

૭૪. અને એ અશક્ય ન હતું કે જો અમે તમને મક્કમ ન રાખતા તો તમે તેમના તરફ થોડાક ઝૂકી પણ જતા.

૭૫. પણ જો તમે આવું કર્યું હોત તો અમે તમને દુનિયામાં પણ બમણી યાતનાનો સ્વાદ ચખાડ્યો હોત અને આખિરતમાં પણ બમણી યાતનાનો, પછી અમારા મુકાબલામાં તમે કોઈ મદદગાર ન મેળવી શક્યા હોત.

૭૬. અને આ લોકો તે માટે પણ ભારે તત્પર રહ્યા છે કે તમારા કદમ આ ધરતી પરથી ઉખાડી દે અને તમને અહીંથી કાઢી મૂકે, પરંતુ જો તેઓ આવું કરશે તો તમારા પછી તેઓ સ્વયં અહીં સહેજ પણ વધુ સમય રહી શકશે નહીં.

૭૭. આ અમારી હંમેશની કાર્ય-પદ્ધતિ રહી છે જે અમે તે બધા જ રસૂલોના મામલાઓમાં અમલમાં મૂકી છે જેમને અમે તમારા પહેલાં મોકલ્યા હતા, અને અમારી કાર્ય-પદ્ધતિમાં તમે કોઈ ફેરફાર નહીં જુઓ. (રુકૂઅ-૮)

૭૮. નમાઝ કાયમ કરો, સૂર્યના ઢળવાથી લઈને રાતના અંધારા સુધી અને ફજ્ર (સવાર)માં પણ કુર્આન પઢવાનું જરૂરી બનાવી લો, કેમ કે ફજ્રનું કુર્આન મશ્હૂદ (જેના પર સાક્ષી આપવામાં આવી હોય તેવું) છે.

૭૯. અને રાત્રે તહજ્જુદ★ પઢો, આ તમારા માટે નફ્લ★ છે, અશક્ય નથી કે તમારો રબ તમને 'મકામે મહમૂદ' (પ્રશંસિત સ્થાન) પર આસનાધીન કરી દે.

૮૦. અને પ્રાર્થના કરો કે પાલનહાર ! મને જ્યાં પણ તું લઈ જાય, સત્યની સાથે લઈ જા અને જ્યાંથી પણ કાઢે, સત્યની સાથે કાઢ અને પોતાના તરફથી એક સત્તાને મારી સહાયક બનાવી દે.

૮૧. અને ઘોષણા કરી દો, ''સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું, અસત્ય તો નાશ પામવાનું જ છે.''

૮૨. અમે આ કુર્આનના ઉતરવાના ક્રમમાં તે બધું ઉતારી રહ્યા છીએ જે માનવાવાળાઓ માટે તો રોગ-નિવારણ અને દયા અને કૃપા છે, પરંતુ અત્યાચારીઓ માટે નુકસાન સિવાય બીજી કોઈ વસ્તુમાં વધારો નથી કરતું.

★ 'તહજ્જુદ' એટલે ઊંઘ તોડીને ઉઠવું, અર્થાત્ રાત્રિના એક ભાગમાં ઉઠીને નમાઝ પઢવી. ★ 'નફ્લ' એટલે ફર્જ ઉપરાંત, અર્થાત્ પાંચ વખતની નમાઝ ફર્જ (અનિવાર્ય) છે અને આ નમાઝ ફર્જ ઉપરાંતની છે.

اَعۡرَضَ وَنَاٰ بِجَانِبِهٖ ۚ وَاِذَا مَسَّهُ الشَّرُّ كَانَ يَـُٔوۡسًا ﴿۸۳﴾
قُلۡ كُلٌّ يَّعۡمَلُ عَلٰى شَاكِلَتِهٖ ؕ فَرَبُّكُمۡ اَعۡلَمُ بِمَنۡ
هُوَ اَهۡدٰى سَبِيۡلًا ﴿۸۴﴾ وَيَسۡـَٔلُوۡنَكَ عَنِ الرُّوۡحِ ؕ قُلِ ع
الرُّوۡحُ مِنۡ اَمۡرِ رَبِّىۡ وَمَاۤ اُوۡتِيۡتُمۡ مِّنَ الۡعِلۡمِ اِلَّا قَلِيۡلًا ﴿۸۵﴾
وَلَـئِنۡ شِئۡنَا لَنَذۡهَبَنَّ بِالَّذِىۡۤ اَوۡحَيۡنَاۤ اِلَيۡكَ ثُمَّ لَا
تَجِدُ لَكَ بِهٖ عَلَيۡنَا وَكِيۡلًا ۙ ﴿۸۶﴾ اِلَّا رَحۡمَةً مِّنۡ
رَّبِّكَ ؕ اِنَّ فَضۡلَهٗ كَانَ عَلَيۡكَ كَبِيۡرًا ﴿۸۷﴾ قُلۡ لَّئِنِ
اجۡتَمَعَتِ الۡاِنۡسُ وَالۡجِنُّ عَلٰٓى اَنۡ يَّاۡتُوۡا بِمِثۡلِ هٰذَا
الۡقُرۡاٰنِ لَا يَاۡتُوۡنَ بِمِثۡلِهٖ وَلَوۡ كَانَ بَعۡضُهُمۡ لِبَعۡضٍ
ظَهِيۡرًا ﴿۸۸﴾ وَلَقَدۡ صَرَّفۡنَا لِلنَّاسِ فِىۡ هٰذَا الۡقُرۡاٰنِ
مِنۡ كُلِّ مَثَلٍ فَاَبٰٓى اَكۡثَرُ النَّاسِ اِلَّا كُفُوۡرًا ﴿۸۹﴾
وَقَالُوۡا لَنۡ نُّؤۡمِنَ لَكَ حَتّٰى تَفۡجُرَ لَنَا مِنَ الۡاَرۡضِ
يَنۡۢبُوۡعًا ۙ ﴿۹۰﴾ اَوۡ تَكُوۡنَ لَكَ جَنَّةٌ مِّنۡ نَّخِيۡلٍ وَّعِنَبٍ
فَتُفَجِّرَ الۡاَنۡهٰرَ خِلٰلَهَا تَفۡجِيۡرًا ۙ ﴿۹۱﴾ اَوۡ تُسۡقِطَ السَّمَآءَ
كَمَا زَعَمۡتَ عَلَيۡنَا كِسَفًا اَوۡ تَاۡتِىَ بِاللّٰهِ وَالۡمَلٰٓـئِكَةِ
قَبِيۡلًا ۙ ﴿۹۲﴾ اَوۡ يَكُوۡنَ لَكَ بَيۡتٌ مِّنۡ زُخۡرُفٍ اَوۡ تَرۡقٰى
فِى السَّمَآءِ ؕ وَلَنۡ نُّؤۡمِنَ لِرُقِيِّكَ حَتّٰى تُنَزِّلَ عَلَيۡنَا
كِتٰبًا نَّقۡرَؤُهٗ ؕ قُلۡ سُبۡحَانَ رَبِّىۡ هَلۡ كُنۡتُ اِلَّا بَشَرًا منزل ۴
رَّسُوۡلًا ﴿۹۳﴾ وَمَا مَنَعَ النَّاسَ اَنۡ يُّؤۡمِنُوۡۤا اِذۡ جَآءَهُمُ ع

૮૩. મનુષ્યની સ્થિતિ એ છે કે જ્યારે અમે તેને નેઅ્મત (કૃપા) પ્રદાન કરીએ છીએ તો અકડાઈ કરે છે અને પીઠ ફેરવી લે છે અને જ્યારે સહેજ મુસીબતમાં પડે છે તો નિરાશ થવા લાગે છે.

૮૪. હે પયગંબર ! તે લોકોને કહી દો કે "દરેક પોતાની પદ્ધતિ પર ચાલી રહ્યો છે, હવે તે તમારો રબ (પ્રભુ) જ વધુ સારી રીતે જાણે છે કે સીધા માર્ગ ઉપર કોણ છે."(રુકૂઅ-૯)

૮૫. આ લોકો તમને રૂહ (નબૂવ્વતની રૂહ અથવા વહી-દિવ્ય પ્રકાશના) વિષે પૂછે છે. કહો, "આ રૂહ મારા રબના આદેશથી આવે છે, પરંતુ તમે લોકોએ જ્ઞાનનો થોડો જ ભાગ મેળવ્યો છે."

૮૬. અને હે પયગંબર ! અમે ઇચ્છીએ તો તે બધું જ તમારા પાસેથી છીનવી લઈએ જે અમે વહી દ્વારા તમને આપ્યું છે, પછી તમે અમારા મુકાબલામાં કોઈ મદદગાર નહીં મેળવી શકો જે તેને પાછું અપાવી શકે.

૮૭. આ તો જે કંઈ મળ્યું છે, તમારા રબની કૃપાથી મળ્યું છે, હકીકત એ છે કે તમારા ઉપર તેની મોટી કૃપા (મહેરબાની) છે.

૮૮. કહી દો કે જો મનુષ્યો અને જિન્નાતો, બધા જ મળીને આ કુર્આન જેવી કોઈ વસ્તુ લાવવાનો પ્રયત્ન કરે, તો નહીં લાવી શકે, ચાહે તેઓ બધા એક-બીજાના મદદગાર કેમ ન હોય.

૮૯. અમે આ કુર્આનમાં લોકોને જુદી-જુદી રીતે સમજાવ્યા, પરંતુ મોટા ભાગના લોકો ઈન્કાર પર જ અક્કડ રહ્યા

૯૦. અને તેમણે કહ્યું, "અમે તારી વાત નહીં માનીએ, જ્યાં સુધી તું અમારા માટે જમીનને ફાડીને એક ઝરણું ન વહેવડાવી દે

૯૧. અથવા તારા માટે ખજૂર અને દ્રાક્ષનો એક બગીચો પેદા થઈ જાય અને તું તેમાં નહેરો વહેવડાવી દે

૯૨. અથવા તું આકાશના ટુકડે-ટુકડા કરીને અમારા ઉપર પાડી દે, જેમ કે તારો દાવો છે અથવા અલ્લાહ અને ફરિશ્તાઓને રૂબરૂ અમારા સામે લઈ આવે

૯૩. અથવા તારા માટે સોનાનું એક ઘર બની જાય, અથવા તું આકાશમાં ચઢી જાય અને તારા ચઢવાનો પણ અમે વિશ્વાસ નહીં કરીએ, જ્યાં સુધી તું અમારા પર એક એવું લખાણ ન ઉતારી લાવે જે અમે વાંચીએ." – હે પયગંબર ! આમને કહો, "પવિત્ર અને મહાન છે મારો પાલનહાર, શું હું એક સંદેશો લાવનાર મનુષ્ય સિવાય બીજું પણ કંઈ છું ?" (રુકૂઅ-૧૦)

૯૪. લોકો સમક્ષ જ્યારે પણ માર્ગદર્શન આવ્યું તો તેના ઉપર ઈમાન લાવતાં

الْهُدٰٓى اِلَّآ اَنْ قَالُوْٓا اَبَعَثَ اللّٰهُ بَشَرًا رَّسُوْلًا ﴿٩٤﴾ قُلْ
لَّوْ كَانَ فِي الْاَرْضِ مَلٰٓئِكَةٌ يَّمْشُوْنَ مُطْمَئِنِّيْنَ
لَنَزَّلْنَا عَلَيْهِمْ مِّنَ السَّمَآءِ مَلَكًا رَّسُوْلًا ﴿٩٥﴾ قُلْ كَفٰى
بِاللّٰهِ شَهِيْدًاۢ بَيْنِيْ وَبَيْنَكُمْ ؕ اِنَّهٗ كَانَ بِعِبَادِهٖ
خَبِيْرًاۢ بَصِيْرًا ﴿٩٦﴾ وَمَنْ يَّهْدِ اللّٰهُ فَهُوَ الْمُهْتَدِ ۚ وَمَنْ
يُّضْلِلْ فَلَنْ تَجِدَ لَهُمْ اَوْلِيَآءَ مِنْ دُوْنِهٖ ؕ وَنَحْشُرُهُمْ
يَوْمَ الْقِيٰمَةِ عَلٰى وُجُوْهِهِمْ عُمْيًا وَّبُكْمًا وَّصُمًّا ؕ مَاْوٰىهُمْ
جَهَنَّمُ ؕ كُلَّمَا خَبَتْ زِدْنٰهُمْ سَعِيْرًا ﴿٩٧﴾ ذٰلِكَ جَزَآؤُهُمْ النصف
بِاَنَّهُمْ كَفَرُوْا بِاٰيٰتِنَا وَقَالُوْٓا ءَاِذَا كُنَّا عِظَامًا وَّرُفَاتًا
ءَاِنَّا لَمَبْعُوْثُوْنَ خَلْقًا جَدِيْدًا ﴿٩٨﴾ اَوَلَمْ يَرَوْا اَنَّ اللّٰهَ
الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ قَادِرٌ عَلٰٓى اَنْ يَّخْلُقَ
مِثْلَهُمْ وَجَعَلَ لَهُمْ اَجَلًا لَّا رَيْبَ فِيْهِ ؕ فَاَبَى الظّٰلِمُوْنَ
اِلَّا كُفُوْرًا ﴿٩٩﴾ قُلْ لَّوْ اَنْتُمْ تَمْلِكُوْنَ خَزَآئِنَ رَحْمَةِ رَبِّيْٓ
اِذًا لَّاَمْسَكْتُمْ خَشْيَةَ الْاِنْفَاقِ ؕ وَكَانَ الْاِنْسَانُ قَتُوْرًا ﴿١٠٠﴾ ع
وَلَقَدْ اٰتَيْنَا مُوْسٰى تِسْعَ اٰيٰتٍۢ بَيِّنٰتٍ فَسْئَلْ بَنِيْٓ اِسْرَآءِيْلَ
اِذْ جَآءَهُمْ فَقَالَ لَهٗ فِرْعَوْنُ اِنِّيْ لَاَظُنُّكَ يٰمُوْسٰى
مَسْحُوْرًا ﴿١٠١﴾ قَالَ لَقَدْ عَلِمْتَ مَآ اَنْزَلَ هٰٓؤُلَآءِ اِلَّا رَبُّ
السَّمٰوٰتِ وَالْاَرْضِ بَصَآئِرَ ۚ وَاِنِّيْ لَاَظُنُّكَ يٰفِرْعَوْنُ
مَثْبُوْرًا ﴿١٠٢﴾ فَاَرَادَ اَنْ يَّسْتَفِزَّهُمْ مِّنَ الْاَرْضِ فَاَغْرَقْنٰهُ وَ منزل ٤

તેમને કોઈ વસ્તુએ ન રોક્યા, પરંતુ તેમના આ જ કથને કે ''શું અલ્લાહે મનુષ્યને પયગંબર બનાવીને મોકલી દીધો ?''

૯૫. એમને કહો,'' જો ધરતી પર ફરિશ્તાઓ સંતોષથી ચાલી-ફરી રહ્યા હોત તો અમે ચોક્કસ આકાશમાંથી કોઈ ફરિશ્તાને જ તેમના માટે પયગંબર બનાવીને મોકલતા.

૯૬. હે નબી ! આમને કહી દો કે મારા અને તમારા વચ્ચે બસ એક અલ્લાહની જ સાક્ષી પૂરતી છે. તે પોતાના બંદાઓની હાલતની ખબર રાખે છે અને બધું જ જોઈ રહ્યો છે.

૯૭. જેને અલ્લાહ માર્ગદર્શન પ્રદાન કરે તે જ માર્ગદર્શન પામી શકે છે, અને જેને તે પથભ્રષ્ટતામાં નાખી દે, તો તેના સિવાય આવા લોકો માટે તું કોઈ સમર્થક અને સહાયક નથી મેળવી શકતો. તે લોકોને અમે કયામત (પુનર્જીવન)ના દિવસે ઊંધા મોઢે ખેંચી લાવીશું આંધળા, મૂંગા અને બહેરા. તેમનું ઠેકાણું જહન્નમ (નર્ક) છે. જ્યારે પણ તેની આગ મંદ પડવા લાગશે અમે તેને વધુ ભડકાવી દઈશું.

૯૮. આ બદલો છે તેમની તે કરણીનો કે તેમણે અમારી આયતોનો ઇન્કાર કર્યો અને કહ્યું, ''શું જ્યારે અમે માત્ર હાડકાં અને માટી થઈ જઈશું તો નવેસરથી અમને પેદા કરીને ઊભા કરવામાં આવશે ?''

૯૯. શું તેમને એ ન સૂઝ્યું કે જે અલ્લાહે ધરતી અને આકાશોને પેદા કર્યા છે તે તેમના જેવાઓને પેદા કરવાનું સામર્થ્ય જરૂર ધરાવે છે? તેણે તેમના હશ્ર (મહાપ્રલય) માટે એક સમય નિશ્ચિત કરી રાખ્યો છે જેનું આવવું ચોક્કસ છે, પરંતુ જાલિમોનો આગ્રહ છે કે તેઓ ઇન્કાર જ કરશે.

૧૦૦. હે પયગંબર ! આમને કહો, ''જો ક્યાંક મારા રબની કૃપાના ખજાના તમારા કબજામાં હોત તો તમે ખર્ચ થઈ જવાના ડરથી જરૂર તેમને રોકી રાખતા. વાસ્તવમાં મનુષ્ય ખૂબ સંકુચિત મનનો (અનુદાર, કંજૂસ) છે. (રુકૂઅ-૧૧)

૧૦૧. અમે મૂસાને નવ નિશાનીઓ આપી હતી જે સ્પષ્ટપણે દેખાઈ રહી હતી. હવે આ તમે સ્વયં બની ઇસરાઈલને પૂછી લો કે જ્યારે મૂસા તેમને ત્યાં આવ્યા તો ફિરઔને આ જ કહ્યું હતું ને કે, ''હે મૂસા ! હું સમજું છું કે તું જરૂર એક જાદુની અસર પામેલો મનુષ્ય છે.''

૧૦૨. મૂસાએ તેના જવાબમાં કહ્યું, ''તું સારી રીતે જાણે છે કે આ બુદ્ધિમત્તા વધારનાર નિશાનીઓ ધરતી અને આકાશોના રબ સિવાય કોઈએ ઉતારી નથી, અને મારો ખ્યાલ એ છે કે હે ફિરઔન! તું દુર્ભાગી માણસ છે.''

૧૦૩. છેવટે ફિરઔને નિશ્ચય કર્યો કે મૂસા અને બની ઇસરાઈલને ધરતીમાંથી

مَنْ مَّعَهٗ جَمِيْعًا ۝١٠٣ۙ وَّقُلْنَا مِنْۢ بَعْدِهٖ لِبَنِيْٓ اِسْرَآءِيْلَ
اسْكُنُوا الْاَرْضَ فَاِذَا جَآءَ وَعْدُ الْاٰخِرَةِ جِئْنَا بِكُمْ لَفِيْفًا ۝١٠٤ؕ
وَبِالْحَقِّ اَنْزَلْنٰهُ وَبِالْحَقِّ نَزَلَ ؕ وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا مُبَشِّرًا
وقف لازم — وَّنَذِيْرًا ۝١٠٥ۘ وَقُرْاٰنًا فَرَقْنٰهُ لِتَقْرَاَهٗ عَلَى النَّاسِ عَلٰى
مُكْثٍ وَّنَزَّلْنٰهُ تَنْزِيْلًا ۝١٠٦ قُلْ اٰمِنُوْا بِهٖٓ اَوْ لَا تُؤْمِنُوْا ؕ
اِنَّ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ مِنْ قَبْلِهٖٓ اِذَا يُتْلٰى عَلَيْهِمْ
يَخِرُّوْنَ لِلْاَذْقَانِ سُجَّدًا ۝١٠٧ۙ وَّيَقُوْلُوْنَ سُبْحٰنَ رَبِّنَآ
اِنْ كَانَ وَعْدُ رَبِّنَا لَمَفْعُوْلًا ۝١٠٨ وَيَخِرُّوْنَ لِلْاَذْقَانِ
السّجدة — يَبْكُوْنَ وَيَزِيْدُهُمْ خُشُوْعًا ۝١٠٩ السّجدة قُلِ ادْعُوا اللّٰهَ اَوِ
ادْعُوا الرَّحْمٰنَ ؕ اَيًّا مَّا تَدْعُوْا فَلَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ۚ
وَلَا تَجْهَرْ بِصَلَاتِكَ وَلَا تُخَافِتْ بِهَا وَابْتَغِ بَيْنَ
ذٰلِكَ سَبِيْلًا ۝١١٠ وَقُلِ الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَمْ يَتَّخِذْ
منزل ۴ — وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِي الْمُلْكِ وَلَمْ يَكُنْ
ع ۱۲ — لَّهٗ وَلِيٌّ مِّنَ الذُّلِّ وَكَبِّرْهُ تَكْبِيْرًا ۝١١١ ع

ઉખાડી ફેંકે, પરંતુ અમે તેને અને તેના સાથીઓને ભેગા ડૂબાડી દીધા
૧૦૪. અને ત્યાર પછી બની ઈસરાઈલને કહ્યું કે હવે તમે ધરતી પર વસવાટ કરો, પછી જ્યારે આખિરતના વાયદાનો સમય પૂરો થશે તો અમે તમને સૌને એક સાથે લાવીને હાજર કરીશું.
૧૦૫. આ કુર્આનને અમે સત્ય સાથે અવતરિત કર્યું છે અને સત્ય સાથે જ આ ઉતર્યું છે, અને હે પયગંબર ! તમને અમે આના સિવાય બીજા કોઈ કામ માટે નથી મોકલ્યા કે (જે માની લે તેને) ખુશખબર આપી દો અને (જે ન માને તેને) સચેત કરી દો.
૧૦૬. અને આ કુર્આનને અમે થોડું-થોડું કરીને અવતરિત કર્યું છે જેથી એને તમે થોભી-થોભીને લોકોને સંભળાવો, અને આને અમે (પ્રસંગોપાત) ક્રમશઃ અવતરિત કર્યું છે.
૧૦૭. હે પયગંબર ! તે લોકોને કહી દો કે તમે આને માનો કે ન માનો, જે લોકોને આ પહેલાં જ્ઞાન આપવામાં આવ્યું છે તેમને જ્યારે આ સંભળાવવામાં આવે છે તો તેઓ ઊંધા મોઢે સિજદામાં પડી જાય છે
૧૦૮. અને પોકારી ઉઠે છે, ''પવિત્ર અને ઉચ્ચ છે અમારો માલિક અને પાલનહાર ! તેનો વાયદો તો પૂરો થવાનો જ હતો.''
૧૦૯. અને તેઓ ઊંધા મોઢે રડતાં-રડતાં પડી જાય છે અને તેને સાંભળીને તેમની વિનમ્રતા ખૂબ વધી જાય છે.
૧૧૦. હે પયગંબર ! આમને કહો, ''અલ્લાહ કહીને પોકારો કે રહમાન (પરમ્ કૃપાળુ) કહીને, જે નામથી પોકારો તેના માટે બધા ઉત્તમ જ નામો છે.'' અને પોતાની નમાઝ ન બહુ ઊંચા અવાજે પઢો અને ન તો બહુ ધીમા અવાજે, આ બંને વચ્ચે મધ્યમ પ્રકારનો લહેજો (સ્વર) અપનાવો.
૧૧૧. અને કહો, ''પ્રશંસા છે તે અલ્લાહ માટે જેણે ન કોઈને પુત્ર બનાવ્યો, ન કોઈ બાદશાહીમાં તેનો ભાગીદાર છે અને ન તે વિવશ છે કે કોઈ તેનો મદદગાર હોય.'' અને તેની મહાનતા વર્ણવો, ઉચ્ચ કોટિની મહાનતા. (રુકૂઅ-૧૨)

(૧૮) અલ-કહ્ફ

પરિચય

નામ :

આ સૂરઃનું નામ તેની આયત ૯ 'અમ્ હસિબ્ત અન્ન અસ્હાબલ્ કહફિ વર્રકીમ'થી લેવામાં આવ્યું છે. આ નામનો અર્થ એ છે કે તે સૂરઃ જેમાં 'કહ્ફ' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

અહીંથી તે સૂરઃઓનો આરંભ થાય છે, જે મક્કી જીવનના ત્રીજા તબક્કામાં ઊતરી છે. આ તબક્કો લગભગ પાંચ નબવીની શરૂ થઈને લગભગ દસ નબવી સુધી ચાલે છે. આ તબક્કામાં કુરૈશીઓએ પયગંબર (સલ્લ.) અને આપના આંદોલન અને મુસલમાનોની જમાઅતને દબાવવા માટે ઠઠ્ઠા-મશ્કરી, મજાક, વાંધાઓ, આક્ષેપો, ધમકી અને અપપ્રચારથી આગળ વધીને અત્યાચાર અને દમન અને મારપીટ અને આર્થિક દબાણના હથિયારોનો પૂરી કઠોરતાથી ઉપયોગ કર્યો.

સૂરઃકહ્ફના વિષય પર વિચાર કરવાથી એમ લાગે છે કે આ ત્રીજા તબક્કાની શરૂઆતમાં ઊતરી હશે, જ્યારે કે અત્યાચાર અને વિરોધમાં તીવ્રતા તો આવી ગઈ હતી, પરંતુ હજુ હબશાની હિજરત થઈ ન હતી. તે વખતે જે મુસલમાનોને પરેશાન કરવામાં આવી રહ્યા હતા, તેમને અસ્હાબે-કહ્ફ (ગુફાવાળાઓ)નો કિસ્સો સંભળાવવામાં આવ્યો, જેથી તેમનામાં સાહસ પેદા થાય અને તેમને ખબર પડે કે ઈમાનવાળા પોતાનું ઈમાન બચાવવા માટે આનાથી પહેલાં શું-શું કરી ચૂક્યા છે.

વિષય અને ચર્ચાઓ :

આ સૂરઃ મક્કાના મુશ્રિકોના ત્રણ પ્રશ્નોના જવાબમાં ઊતરી છે, જે તેમણે પયગંબર (સલ્લ.)ની પરીક્ષા કરવા માટે અહલે કિતાબ (ગ્રંથવાળાઓ)ની સલાહ-મસ્લતથી આપની સામે રજૂ કર્યા હતા — ૧. અસ્હાબે-કહ્ફ કોણ હતા ? ૨. ખિઝરના કિસ્સાની હકીકત શું છે ? અને, ૩. ઝુલકરનૈનનો શું કિસ્સો છે ? આ ત્રણે કિસ્સાઓ યહૂદીઓ અને ખ્રિસ્તીઓના ઇતિહાસથી સંબંધિત હતા. હિજાજમાં આ અંગેની કોઈ ચર્ચા ન હતી, પણ અલ્લાહે માત્ર એટલું જ નહીં કે પોતાના પયગંબરના મોઢેથી તેમના પ્રશ્નોના પૂરેપૂરા જવાબો આપ્યા, બલ્કે તેમણે પૂછેલા ત્રણે કિસ્સાઓને તે પરિસ્થિતિ પર લાગૂ કરીને દેખાડી દીધા જે તે સમયે મક્કામાં કુફ્ર અને ઇસ્લામ વચ્ચે જોવા મળતી હતી.

(૧) અસ્હાબે-કહ્ફ (ગુફાવાળા) વિષે બતાવ્યું કે તેઓ તે જ તૌહીદ (એકેશ્વરવાદ)ને માનનારા હતા, જેનું આમંત્રણ આ કુર્આન આપી રહ્યું છે અને તેમની હાલત મક્કાના મુઠ્ઠીભર પીડિત મુસલમાનોની હાલત કરતાં અને તેમની

કોમનું વલણ કુરૈશના અધર્મી લોકોના વલણ કરતાં સહેજ પણ જૂદું ન હતું. પછી આ જ કિસ્સાથી ઈમાનવાળાઓને એ બોધ આપ્યો કે જો કાફિરો (અધર્મીઓ)નું પ્રભુત્વ ખૂબ વધારે હોય અને એક ઈમાનવાળાને અત્યાચારી સમાજમાં શ્વાસ લેવાની તકની મહેતલ આપવામાં આવતી ન હોય, તો પણ તેણે અસત્ય આગળ માથું ન નમાવવું જોઈએ (ચાહે તેના માટે તેને ઘરબાર, બાલ-બચ્ચાં બધું જ છોડી દેવું પડે.)

(૨) કહ્ફવાળાના કિસ્સાથી માર્ગ કાઢીને તે અત્યાચાર અને અન્યાયની તથા અપમાન અને અનાદરની ચર્ચા શરૂ કરી દેવામાં આવી, જે મક્કાના સરદારો મુસલમાનો પર કરી રહ્યા હતા. આ અંગે એક તરફ નબી (સલ્લ.)ને આદેશ આપવામાં આવ્યો કે ન તો આ જાલિમો સાથે કોઈ પણ જાતનું સમાધાન ન કરો અને ન પોતાના ગરીબ સાથીઓની સરખામણીમાં આ મોટા-મોટા લોકોને કોઈ મહત્ત્વ આપો. બીજી તરફ તે સરદારોને ઉપદેશ આપવામાં આવ્યો કે પોતાના કેટલાક દિવસોના જીવનના ભોગવિલાસ પર ફુલાશો નહીં, બલ્કે તે ભલાઈઓની અભિયાચના કરો, જે સ્થાયી અને સદૈવ રહેવાની છે.

(૩) આ જ વાતના અનુસંધાનમાં ખિઝર અને મૂસા (અલૈ.)નો કિસ્સો કંઈક એવી શૈલીમાં સંભળાવવામાં આવ્યો છે કે તેમાં કાફિરો (અધર્મીઓ)ના પ્રશ્નોના જવાબો પણ હતા અને ઈમાનવાળાઓ માટે સાંત્વનાની સામગ્રી પણ. આ કિસ્સામાં વાસ્તવમાં જે બોધ આપવામાં આવ્યો છે તે એ છે કે અલ્લાહની મશિય્યત (ઈશ્વરેચ્છા)નું આ કારખાનું જે પ્રકારની ઉપયોગિતા અને વ્યવહારિતા પર ચાલી રહ્યું છે તે તમારી નજરોથી છૂપું છે, તેથી તમે દરેક વાત પર હેરાન થાઓ છો કે આવું કેમ બન્યું ? આ શું થઈ ગયું ? જ્યારે કે જો પડદો ઉંચકી લેવામાં આવે તો તમને પોતાને જણાઈ જશે કે અહીં જે કંઈ બની રહ્યું છે, બરાબર બની રહ્યું છે.

(૪) આ પછી ઝુલકરનૈનનો કિસ્સો વર્ણવવામાં આવે છે અને તેમાં પ્રશ્ન પૂછનારાઓને એ બોધપાઠ આપવામાં આવે છે કે તમે તો આટલી મામૂલી-મામૂલી સરદારીઓ પર ફૂલાઈ રહ્યા છો, જ્યારે કે ઝુલકરનૈન એટલો મોટો શાસક અને એટલો જબરદસ્ત વિજેતા અને એટલા ભવ્ય સાધનોનો માલિક હોવા છતાં પોતાની હકીકતને ભૂલ્યો ન હતો અને પોતાના સર્જનહારની સામે હંમેશા માથું ઝુકાવી રાખતો હતો.

અંતમાં ફરીથી તે જ વાતો દોહરાવી દેવામાં આવી છે જે શરૂમાં કહેવામાં આવી છે, અર્થાત્ એ કે તૌહીદ અને આખિરત પૂર્ણતઃ સત્ય છે અને તમારી પોતાની ભલાઈ એમાં છે કે તેને માનો.

اٰیَاتُهَا ١١٠ (١٨) سُوْرَةُ الْكَهْفِ مَكِّیَّةٌ (٦٩) رُكُوْعَاتُهَا ١٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْٓ اَنْزَلَ عَلٰی عَبْدِهِ الْكِتٰبَ وَلَمْ
یَجْعَلْ لَّهٗ عِوَجًا ۜ ﴿۱﴾ قَیِّمًا لِّیُنْذِرَ بَاْسًا شَدِیْدًا مِّنْ
لَّدُنْهُ وَیُبَشِّرَ الْمُؤْمِنِیْنَ الَّذِیْنَ یَعْمَلُوْنَ الصّٰلِحٰتِ
اَنَّ لَهُمْ اَجْرًا حَسَنًا ۙ﴿۲﴾ مَّاكِثِیْنَ فِیْهِ اَبَدًا ۙ﴿۳﴾ وَّ
یُنْذِرَ الَّذِیْنَ قَالُوا اتَّخَذَ اللّٰهُ وَلَدًا ۗ﴿۴﴾ مَا لَهُمْ بِهٖ
مِنْ عِلْمٍ وَّلَا لِاٰبَآئِهِمْ ؕ كَبُرَتْ كَلِمَةً تَخْرُجُ مِنْ
اَفْوَاهِهِمْ ؕ اِنْ یَّقُوْلُوْنَ اِلَّا كَذِبًا ﴿۵﴾ فَلَعَلَّكَ بَاخِعٌ
نَّفْسَكَ عَلٰۤی اٰثَارِهِمْ اِنْ لَّمْ یُؤْمِنُوْا بِهٰذَا الْحَدِیْثِ
اَسَفًا ﴿۶﴾ اِنَّا جَعَلْنَا مَا عَلَی الْاَرْضِ زِیْنَةً لَّهَا
لِنَبْلُوَهُمْ اَیُّهُمْ اَحْسَنُ عَمَلًا ﴿۷﴾ وَاِنَّا لَجٰعِلُوْنَ مَا
عَلَیْهَا صَعِیْدًا جُرُزًا ؕ﴿۸﴾ اَمْ حَسِبْتَ اَنَّ اَصْحٰبَ
الْكَهْفِ وَالرَّقِیْمِ ۙ كَانُوْا مِنْ اٰیٰتِنَا عَجَبًا ﴿۹﴾ اِذْ اَوَی
الْفِتْیَةُ اِلَی الْكَهْفِ فَقَالُوْا رَبَّنَآ اٰتِنَا مِنْ لَّدُنْكَ
رَحْمَةً وَّهَیِّئْ لَنَا مِنْ اَمْرِنَا رَشَدًا ﴿۱۰﴾ فَضَرَبْنَا
عَلٰۤی اٰذَانِهِمْ فِی الْكَهْفِ سِنِیْنَ عَدَدًا ۙ﴿۱۱﴾ ثُمَّ
بَعَثْنٰهُمْ لِنَعْلَمَ اَیُّ الْحِزْبَیْنِ اَحْصٰی لِمَا لَبِثُوْۤا
اَمَدًا ﴿۱۲﴾ع نَحْنُ نَقُصُّ عَلَیْكَ نَبَاَهُمْ بِالْحَقِّ ؕ اِنَّهُمْ

منزل ٤ ع ١٣

(૧૮) સૂરઃ અલ-કહ્ફ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧૨ ● આયતો : ૧૧૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. પ્રશંસા અલ્લાહ માટે છે જેણે પોતાના બંદા પર આ ગ્રંથ અવતરિત કર્યો અને તેમાં કોઈ વિકૃતિ ન રાખી.

૨. તદ્દન સીધી વાત કહેનારો ગ્રંથ, જેથી તે લોકોને અલ્લાહની સખત યાતનાથી ચેતવી દે અને ઈમાન લાવીને સત્કર્મ કરનારાઓને શુભ-સૂચના આપી દે કે તેમના માટે સારું વળતર છે,

૩. જેમાં તેઓ હંમેશા રહેશે,

૪. અને તે લોકોને ડરાવી દે જેઓ કહે છે કે અલ્લાહે કોઈને પુત્ર બનાવ્યો છે.

૫. આ વાતનું ન તેમને કોઈ જ્ઞાન છે અને ન તેમના બાપ-દાદાને હતું. મોટી વાત છે જે તેમના મુખમાંથી નીકળે છે, તેઓ કેવળ જૂઠ બોલે છે.

૬. સારું, તો હે પયગંબર ! કદાચ તમે આમના પાછળ દુઃખના માર્યા પોતાના પ્રાણ ખોઈ બેસવાના છો, જો તેઓ આ શિક્ષા પર ઈમાન ન લાવે.

૭. હકીકત એ છે કે આ જે કંઈ સાજ-સામાન પણ ધરતી પર છે તેને અમે ધરતીની શોભા બનાવ્યો છે, જેથી આ લોકોની પરીક્ષા કરીએ કે આ લોકોમાં કોણ સારા કર્મ કરનારો છે.

૮. છેવટે આ બધાને અમે એક સપાટ મેદાન બનાવી દેવાના છીએ.

૯. શું તમે સમજો છો કે ગુફા અને શિલાલેખવાળા અમારી કોઈ મોટી અદ્દભૂત નિશાનીઓમાંથી હતા ?

૧૦. જ્યારે તે કેટલાક નવયુવાનોએ ગુફામાં આશ્રય મેળવ્યો અને તેમણે કહ્યું કે, ''હે પાલનહાર ! અમને પોતાની વિશિષ્ટ કૃપા પ્રદાન કર અને અમારો મામલો સુધારી દે.''

૧૧. તો અમે તેમને તે જ ગુફામાં થપથપાવીને વર્ષો સુધી ગાઢ નિદ્રામાં સુવડાવી દીધા

૧૨. પછી અમે તેમને ઉઠાડ્યા જેથી જોઈએ કે તેમના બે જૂથોમાંથી કોણ પોતાના રોકાણની મુદ્દતની સાચી ગણત્રી કરે છે.'' (રુકૂઅ-૧)

૧૩. અમે તેમનો અસલ કિસ્સો તમને સંભળાવીએ છીએ. તેઓ કેટલાક

فِتۡيَةٌ اٰمَنُوۡا بِرَبِّهِمۡ وَزِدۡنٰهُمۡ هُدًى ۖ ﴿١٣﴾ وَّرَبَطۡنَا
عَلٰى قُلُوۡبِهِمۡ اِذۡ قَامُوۡا فَقَالُوۡا رَبُّنَا رَبُّ السَّمٰوٰتِ
وَالۡاَرۡضِ لَنۡ نَّدۡعُوَا۟ مِنۡ دُوۡنِهٖۤ اِلٰهًا لَّقَدۡ قُلۡنَاۤ
اِذًا شَطَطًا ﴿١٤﴾ هٰٓؤُلَاۤءِ قَوۡمُنَا اتَّخَذُوۡا مِنۡ دُوۡنِهٖۤ
اٰلِهَةً ؕ لَوۡلَا يَاۡتُوۡنَ عَلَيۡهِمۡ بِسُلۡطٰنٍۢ بَيِّنٍ ؕ فَمَنۡ
اَظۡلَمُ مِمَّنِ افۡتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا ﴿١٥﴾ وَاِذِ
اعۡتَزَلۡتُمُوۡهُمۡ وَمَا يَعۡبُدُوۡنَ اِلَّا اللّٰهَ فَاۡوٗۤا اِلَى الۡكَهۡفِ
يَنۡشُرۡ لَـكُمۡ رَبُّكُمۡ مِّنۡ رَّحۡمَتِهٖ وَيُهَيِّئۡ لَـكُمۡ مِّنۡ
اَمۡرِكُمۡ مِّرۡفَقًا ﴿١٦﴾ وَتَرَى الشَّمۡسَ اِذَا طَلَعَتۡ تَّزٰوَرُ
عَنۡ كَهۡفِهِمۡ ذَاتَ الۡيَمِيۡنِ وَاِذَا غَرَبَتۡ تَّقۡرِضُهُمۡ
ذَاتَ الشِّمَالِ وَهُمۡ فِىۡ فَجۡوَةٍ مِّنۡهُ ؕ ذٰلِكَ مِنۡ
اٰيٰتِ اللّٰهِ ؕ مَنۡ يَّهۡدِ اللّٰهُ فَهُوَ الۡمُهۡتَدِ ۚ وَمَنۡ يُّضۡلِلۡ
فَلَنۡ تَجِدَ لَهٗ وَلِيًّا مُّرۡشِدًا ﴿١٧﴾ ع ٥ وَتَحۡسَبُهُمۡ اَيۡقَاظًا
وَّهُمۡ رُقُوۡدٌ ۖ وَّنُقَلِّبُهُمۡ ذَاتَ الۡيَمِيۡنِ وَذَاتَ
الشِّمَالِ ۖ وَكَلۡبُهُمۡ بَاسِطٌ ذِرَاعَيۡهِ بِالۡوَصِيۡدِ ؕ لَوِ اطَّلَعۡتَ
عَلَيۡهِمۡ لَوَلَّيۡتَ مِنۡهُمۡ فِرَارًا وَّلَمُلِئۡتَ مِنۡهُمۡ رُعۡبًا ﴿١٨﴾ وَ
كَذٰلِكَ بَعَثۡنٰهُمۡ لِيَتَسَآءَلُوۡا بَيۡنَهُمۡ ؕ قَالَ قَآٮِٕلٌ
مِّنۡهُمۡ كَمۡ لَبِثۡتُمۡ ؕ قَالُوۡا لَبِثۡنَا يَوۡمًا اَوۡ بَعۡضَ يَوۡمٍ ؕ
قَالُوۡا رَبُّكُمۡ اَعۡلَمُ بِمَا لَبِثۡتُمۡ ؕ فَابۡعَثُوۡۤا اَحَدَكُمۡ

નવયુવાનો હતા જેઓ પોતાના રબ (પ્રભુ) પર ઈમાન લઈ આવ્યા હતા અને અમે તેમને માર્ગદર્શનમાં અભિવૃદ્ધિ આપી હતી.

૧૪. અમે તેમના હૃદય તે વખતે સુદૃઢ કરી દીધા જ્યારે તેઓ ઉઠ્યા અને તેમણે ઘોષણા કરી દીધી કે, ''અમારો રબ (પ્રભુ) તો બસ તે જ છે જે આકાશો અને ધરતીનો રબ છે. અમે તેને છોડીને કોઈ બીજા ઉપાસ્યોને પોકારીશું નહીં, જો અમે આવું કરીએ તો અમે તદ્દન અનુચિત વાત કહીશું.''

૧૫. (પછી તેમણે પરસ્પર એકબીજાને કહ્યું) ''આ આપણી કોમ તો સૃષ્ટિના પાલનહારને છોડીને બીજા ઉપાસ્યો બનાવી બેસી છે. આ લોકો તેમના ઉપાસ્યો હોવા માટે કોઈ સ્પષ્ટ દલીલ કેમ નથી લાવતા ? છેવટે તે માણસથી વધુ અત્યાચારી બીજો કોણ હોઈ શકે છે જે અલ્લાહ પર જૂઠી વાતનું આરોપણ કરે ?

૧૬. હવે જ્યારે કે તમે તેમનાથી અને અલ્લાહ સિવાયના તેમના ઉપાસ્યોથી સંબંધ તોડી ચૂકયા છો તો ચાલો હવે ફલાણી ગુફામાં જઈ શરણ મેળવો. તમારો રબ તમારા પર પોતાની કૃપાનો પાલવ ફેલાવી દેશે અને તમારા કામ માટે જરૂરી સાજ-સામાન ઉપલબ્ધ કરાવી દેશે.

૧૭. તમે તેમને ગુફામાં જોયા હોત તો તમને એવું નજર આવતું કે સૂર્ય જ્યારે નીકળે છે તો તેમની ગુફાને છોડીને જમણી બાજુ ચઢી જાય છે અને જ્યારે ડૂબે છે તો તેમનાથી બચીને ડાબી બાજુ ઉતરી જાય છે અને તેઓ છે કે ગુફાની અંદર એક વિશાળ જગ્યામાં પડેલા છે. આ અલ્લાહની નિશાનીઓમાંથી એક છે, જેને અલ્લાહ માર્ગદર્શન આપે તે જ માર્ગદર્શન પામવાવાળો છે અને જેને અલ્લાહ ભટકાવી મૂકે તેના માટે તમે કોઈ માર્ગદર્શક મિત્ર મેળવી શકતા નથી. (રુકૂઅ-૨)

૧૮. તમે તેમને જોઈ એમ સમજ્યા હોત કે તેઓ જાગી રહ્યા છે, જો કે તેઓ સૂઈ રહ્યા હતા. અમે તેમને ડાબે-જમણે પાસા ફેરવતા રહેતા હતા અને તેમનો કૂતરો ગુફાના મુખ આગળ હાથ પહોળા કરીને બેઠો હતો. જો તમે ક્યાંક ડોકિયું કરીને તેમને જોતા તો પાછા પગે નાસી ગયા હોત અને તમારા પર તેમના દૃશ્યથી દહેશત છવાઈ ગઈ હોત.

૧૯. અને આ જ અદ્‌ભૂત ચમત્કારથી અમે તેમને ઊભા કરી દીધા જેથી જરા એકબીજાથી પૂછપરછ કરે. તેમના પૈકી એકે પૂછ્યું, ''કહો, કેટલા સમય સુધી આ સ્થિતિમાં રહ્યા ?'' બીજાઓએ કહ્યું, ''કદાચ આખો દિવસ અથવા તેનાથી પણ થોડું ઓછું રહ્યા હોઈશું.'' પછી તેઓ બોલ્યા, ''અલ્લાહ જ વધુ સારી રીતે જાણે છે કે આપણો કેટલો સમય આ સ્થિતિમાં પસાર થયો. ચાલો, હવે આપણામાંથી કોઈને

بِوَرِقِكُمْ هٰذِهٖۤ اِلَى الْمَدِیْنَةِ فَلْیَنْظُرْ اَیُّهَاۤ اَزْكٰى
طَعَامًا فَلْیَاْتِكُمْ بِرِزْقٍ مِّنْهُ وَلْیَتَلَطَّفْ وَلَا
یُشْعِرَنَّ بِكُمْ اَحَدًا ﴿۱۹﴾ اِنَّهُمْ اِنْ یَّظْهَرُوْا عَلَیْكُمْ
یَرْجُمُوْكُمْ اَوْ یُعِیْدُوْكُمْ فِیْ مِلَّتِهِمْ وَلَنْ تُفْلِحُوْۤا اِذًا
اَبَدًا ﴿۲۰﴾ وَكَذٰلِكَ اَعْثَرْنَا عَلَیْهِمْ لِیَعْلَمُوْۤا اَنَّ وَعْدَ
اللّٰهِ حَقٌّ وَّاَنَّ السَّاعَةَ لَا رَیْبَ فِیْهَا ۚ اِذْ یَتَنَازَعُوْنَ
بَیْنَهُمْ اَمْرَهُمْ فَقَالُوا ابْنُوْا عَلَیْهِمْ بُنْیَانًا ؕ رَبُّهُمْ
اَعْلَمُ بِهِمْ ؕ قَالَ الَّذِیْنَ غَلَبُوْا عَلٰۤى اَمْرِهِمْ لَنَتَّخِذَنَّ
عَلَیْهِمْ مَّسْجِدًا ﴿۲۱﴾ سَیَقُوْلُوْنَ ثَلٰثَةٌ رَّابِعُهُمْ
كَلْبُهُمْ ۚ وَیَقُوْلُوْنَ خَمْسَةٌ سَادِسُهُمْ كَلْبُهُمْ
رَجْمًۢا بِالْغَیْبِ ۚ وَیَقُوْلُوْنَ سَبْعَةٌ وَّثَامِنُهُمْ كَلْبُهُمْ ؕ
قُلْ رَّبِّیْۤ اَعْلَمُ بِعِدَّتِهِمْ مَّا یَعْلَمُهُمْ اِلَّا قَلِیْلٌ ۬ قف
فَلَا تُمَارِ فِیْهِمْ اِلَّا مِرَآءً ظَاهِرًا ۪ وَّلَا تَسْتَفْتِ فِیْهِمْ
مِّنْهُمْ اَحَدًا ﴿۲۲﴾ ع وَلَا تَقُوْلَنَّ لِشَایْءٍ اِنِّیْ فَاعِلٌ
ذٰلِكَ غَدًا ﴿۲۳﴾ لا اِلَّاۤ اَنْ یَّشَآءَ اللّٰهُ ز وَاذْكُرْ رَّبَّكَ
اِذَا نَسِیْتَ وَقُلْ عَسٰۤى اَنْ یَّهْدِیَنِ رَبِّیْ لِاَقْرَبَ
مِنْ هٰذَا رَشَدًا ﴿۲۴﴾ وَلَبِثُوْا فِیْ كَهْفِهِمْ ثَلٰثَ مِائَةٍ
سِنِیْنَ وَازْدَادُوْا تِسْعًا ﴿۲۵﴾ قُلِ اللّٰهُ اَعْلَمُ بِمَا
لَبِثُوْا ۚ لَهٗ غَیْبُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ اَبْصِرْ بِهٖ وَ

نصف القرآن باعتبار عدد الحروف بان التاء بعد الیاء من التلطف الاول واللام الثانیة من التلطف الاخیر ۱۲

ع ۵ ۳

منزل ۴

ચાંદીનો આ સિક્કો આપીને શહેર મોકલીએ અને તે જુએ કે સૌથી સારું ખાવાનું ક્યાં મળે છે. ત્યાંથી તે થોડું ખાવાનું લઈ આવે અને તેને જોઈએ કે જરા સાવધાનીથી કામ કરે, એવું ન થાય કે તે કોઈને આપણા અહીં હોવાની વાત જણાવી બેસે.

૨૦. જો ક્યાંક તે લોકોના હાથે પકડાઈ ગયા તો બસ સંગસાર જ કરી નાખશે (અર્થાત્ પથ્થરોથી મારી જ નાખશે), અથવા પછી બળજબરીપૂર્વક પોતાના સમુદાયમાં પાછા લઈ જશે, અને આવું થશે તો આપણે ક્યારેય સફળતા પામી શકીશું નહીં."–

૨૧. આવી રીતે અમે શહેરવાસીઓને તેમની હાલતથી અવગત કરાવી દીધા, જેથી લોકો જાણી લે કે અલ્લાહનો વાયદો સાચો છે અને એ કે કયામત (પુનર્જીવન)ની ઘડી નિઃસંદેહ આવીને રહેશે. (પરંતુ જરા વિચારો કે જ્યારે વિચારવાની મૂળ વાત આ હતી) તે વખતે તેઓ અંદરો-અંદર આ વાત માટે ઝઘડી રહ્યા હતા કે આમના (અર્થાત્ ગુફાવાળાઓ) સાથે શું કરવામાં આવે. કેટલાકે કહ્યું, "એમના ઉપર એક દીવાલ ચણી દો, આમનો રબ જ એમના મામલાને વધુ સારી રીતે જાણે છે." પરંતુ જે લોકો તેમના મામલાઓ પર પ્રભુત્વ ધરાવતા હતા, તેમણે કહ્યું, "અમે તો તેમના ઉપર એક ઈબાદતગાહ (ઉપાસના-ગૃહ) બનાવીશું."

૨૨. કેટલાક લોકો કહેશે કે તેઓ ત્રણ હતા અને ચોથો તેમનો કૂતરો હતો અને કેટલાક બીજા કહી દેશે કે તેઓ પાંચ હતા અને છઠ્ઠો તેમનો કૂતરો હતો. આ સૌ ઉટપટાંગ વાત કહે છે. કેટલાક અન્ય લોકો કહે છે કે સાત હતા અને આઠમો તેમનો કૂતરો હતો. કહો, મારો રબ જ વધુ સારી રીતે જાણે છે કે તેઓ કેટલા હતા. થોડાક જ લોકો તેમની સાચી સંખ્યા જાણે છે. તેથી ઉપરછલ્લી વાતથી વધારે તેમની સંખ્યાની બાબતમાં આ લોકો સાથે ચર્ચા ન કરો, અને ન તેમના વિષે કોઈને કંઈ પૂછો – (રુકૂઅ-૩)

૨૩. અને જુઓ, કોઈ પણ વસ્તુ વિષે ક્યારેય પણ એમ ન કહો કે હું કાલે આ કામ કરી દઈશ.

૨૪. (તમે કશું નથી કરી શકતા) સિવાય એ કે અલ્લાહ ચાહે. જો ભૂલથી આવી વાત મોઢામાંથી નીકળી જાય તો તરત પોતાના રબ (પ્રભુ)ને યાદ કરો અને કહો, "આશા છે કે મારો રબ આ મામલામાં સીધા માર્ગથી વધુ નજીકની વાત તરફ મારું માર્ગદર્શન કરી દેશે." –

૨૫. અને તેઓ પોતાની ગુફામાં ત્રણસો વર્ષ રહ્યા, અને (કેટલાક લોકો મુદ્દત ગણવામાં) નવ વર્ષ વધારે આગળ વધી ગયા છે.

૨૬. તમે કહો, અલ્લાહ તેમના રોકાણની મુદ્દત વધુ જાણે છે, આકાશો અને ધરતીના તમામ છૂપા અહેવાલોની તેને જ ખબર છે, કેવો સરસ છે તે

أَسْمِعْ ۚ مَا لَهُمْ مِّنْ دُوْنِهٖ مِنْ وَّلِيٍّ ۚ وَّلَا يُشْرِكُ
فِيْ حُكْمِهٖٓ أَحَدًا ﴿٢٦﴾ وَاتْلُ مَآ أُوْحِيَ إِلَيْكَ مِنْ
كِتَابِ رَبِّكَ ۚ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ۚ وَلَنْ تَجِدَ مِنْ
دُوْنِهٖ مُلْتَحَدًا ﴿٢٧﴾ وَاصْبِرْ نَفْسَكَ مَعَ الَّذِيْنَ
يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَالْعَشِيِّ يُرِيْدُوْنَ
وَجْهَهٗ وَلَا تَعْدُ عَيْنٰكَ عَنْهُمْ ۚ تُرِيْدُ زِيْنَةَ الْحَيٰوةِ
الدُّنْيَا ۚ وَلَا تُطِعْ مَنْ أَغْفَلْنَا قَلْبَهٗ عَنْ ذِكْرِنَا
وَاتَّبَعَ هَوٰىهُ وَكَانَ أَمْرُهٗ فُرُطًا ﴿٢٨﴾ وَقُلِ الْحَقُّ مِنْ
رَّبِّكُمْ ۚ فَمَنْ شَآءَ فَلْيُؤْمِنْ وَّمَنْ شَآءَ فَلْيَكْفُرْ ۚ
إِنَّآ أَعْتَدْنَا لِلظّٰلِمِيْنَ نَارًا ۙ أَحَاطَ بِهِمْ سُرَادِقُهَا ۚ
وَإِنْ يَّسْتَغِيْثُوْا يُغَاثُوْا بِمَآءٍ كَالْمُهْلِ يَشْوِي الْوُجُوْهَ ۚ
بِئْسَ الشَّرَابُ ۚ وَسَآءَتْ مُرْتَفَقًا ﴿٢٩﴾ إِنَّ الَّذِيْنَ
اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ إِنَّا لَا نُضِيْعُ أَجْرَ مَنْ أَحْسَنَ
عَمَلًا ﴿٣٠﴾ أُولٰٓئِكَ لَهُمْ جَنّٰتُ عَدْنٍ تَجْرِيْ مِنْ
تَحْتِهِمُ الْأَنْهٰرُ يُحَلَّوْنَ فِيْهَا مِنْ أَسَاوِرَ مِنْ ذَهَبٍ
وَّيَلْبَسُوْنَ ثِيَابًا خُضْرًا مِّنْ سُنْدُسٍ وَّإِسْتَبْرَقٍ
مُّتَّكِـِٔيْنَ فِيْهَا عَلَى الْأَرَآئِكِ ۚ نِعْمَ الثَّوَابُ ۚ وَحَسُنَتْ
مُرْتَفَقًا ﴿٣١﴾ ع وَاضْرِبْ لَهُمْ مَّثَلًا رَّجُلَيْنِ جَعَلْنَا
لِأَحَدِهِمَا جَنَّتَيْنِ مِنْ أَعْنَابٍ وَّحَفَفْنٰهُمَا بِنَخْلٍ وَّ

الثلثة

ع ٤ منزل ٤

જોવાવાળો અને સાંભળવાવાળો ! (ધરતી અને આકાશોમાં રહેલ ચીજો અને જીવોની) દેખરેખ રાખનાર તેના સિવાય કોઈ નથી, અને તે પોતાના શાસનમાં કોઈને ભાગીદાર નથી બનાવતો.

૨૭. હે નબી ! તમારા રબના ગ્રંથમાંથી જે કંઈ તમારા પર-વહી કરવામાં આવ્યું છે તેને (જેમનું તેમ જ) સંભળાવી દો, કોઈ તેના ફરમાનોને બદલવાનું સામર્થ્ય ધરાવતો નથી. (અને જો તમે કોઈના માટે આમાં ફેરફાર કરશો તો) તેનાથી બચીને ભાગવા માટે કોઈ આશ્રયસ્થાન નહીં મેળવો.

૨૮. અને પોતાના હૃદયને તે લોકોના સાન્નિધ્ય પર સંતુષ્ટ રાખો જેઓ પોતાના રબ (પ્રભુ)ની પ્રસન્નતાના ઈચ્છુક બનીને સવાર-સાંજ તેને પોકારે છે, અને તેમનાથી કદાપિ નજર ન ફેરવો. શું તમે દુનિયાની શોભા પસંદ કરો છો ? કોઈ એવા મનુષ્યનું અનુસરણ ન કરો જેના હૃદયને અમે અમારા સ્મરણથી ગાફેલ કરી દીધું છે અને જેણે પોતાના મનની ઈચ્છાઓનું અનુસરણ અપનાવી લીધું છે અને જેની કાર્ય-પદ્ધતિ અસંતુલિત છે (અર્થાત્ કામકાજમાં આઘું-પાછું કરવાની કે અહીં-તહીં કરી લેવાની જેની કાર્ય-પ્રણાલી છે.)

૨૯. સ્પષ્ટપણે કહી દો કે આ સત્ય છે તમારા રબ તરફથી, હવે જેનું મન ચાહે માની લે અને જેનું મન ચાહે ઈન્કાર કરી દે. અમે (ઈન્કાર કરનારા) જાલિમો માટે એક આગ તૈયાર કરી રાખી છે જેની જ્વાળાઓ તેમને ઘેરામાં લઈ ચૂકી છે. ત્યાં જો તેઓ પાણી માગશે તો એવા પાણી વડે તેમનું આતિથ્ય કરવામાં આવશે જે તેલના કીટા જેવું હશે અને તેમના મોઢાં બાળી નાખશે, સૌથી ખરાબ પીણું અને ઘણું જ ખરાબ આરામ-ગૃહ !

૩૦. રહ્યા તે લોકો જેઓ માની લે અને સત્કર્મો કરે, તો ચોક્કસ અમે સદાચારીઓના વળતર વ્યર્થ કરતા નથી.

૩૧. તેમના માટે સદાબહાર જન્નતો છે જેમના નીચે નહેરો વહી રહી હશે, ત્યાં તેમને સોનાના કંગનો વડે આભૂષિત કરવામાં આવશે. ઝીણા રેશમ અને અતલસ (અત્યંત કીમતી રેશમી વસ્ત્ર) અને દીબા (પાતળું રેશમી કાપડ)ના લીલા પોશાક પહેરશે, અને ઉચ્ચ આસનો ઉપર ગાવતકિયાને લગાવીને બેસશે. સૌથી શ્રેષ્ઠ બદલો અને ઉચ્ચ કક્ષાનું રહેઠાણ ! (રુકૂઅ-૪)

૩૨. હે પયગંબર ! એમની સામે એક દૃષ્ટાંત રજૂ કરો. બે માણસો હતા. તેમનામાંથી એકને અમે દ્રાક્ષના બે બગીચા આપ્યા અને તેમની ચોતરફ

جَعَلۡنَا بَیۡنَہُمَا زَرۡعًا ﴿۳۲﴾ کِلۡتَا الۡجَنَّتَیۡنِ اٰتَتۡ
اُکُلَہَا وَلَمۡ تَظۡلِمۡ مِّنۡہُ شَیۡـًٔا ۙ وَّفَجَّرۡنَا خِلٰلَہُمَا
نَہَرًا ﴿۳۳﴾ وَّکَانَ لَہٗ ثَمَرٌ ۚ فَقَالَ لِصَاحِبِہٖ وَہُوَ یُحَاوِرُہٗۤ
اَنَا اَکۡثَرُ مِنۡکَ مَالًا وَّاَعَزُّ نَفَرًا ﴿۳۴﴾ وَدَخَلَ جَنَّتَہٗ
وَہُوَ ظَالِمٌ لِّنَفۡسِہٖ ۚ قَالَ مَاۤ اَظُنُّ اَنۡ تَبِیۡدَ ہٰذِہٖۤ
اَبَدًا ﴿۳۵﴾ وَّمَاۤ اَظُنُّ السَّاعَۃَ قَآئِمَۃً ۙ وَّلَئِنۡ رُّدِدۡتُّ
اِلٰی رَبِّیۡ لَاَجِدَنَّ خَیۡرًا مِّنۡہَا مُنۡقَلَبًا ﴿۳۶﴾ قَالَ
لَہٗ صَاحِبُہٗ وَہُوَ یُحَاوِرُہٗۤ اَکَفَرۡتَ بِالَّذِیۡ
خَلَقَکَ مِنۡ تُرَابٍ ثُمَّ مِنۡ نُّطۡفَۃٍ ثُمَّ سَوّٰىکَ
رَجُلًا ﴿۳۷﴾ لٰکِنَّا۠ ہُوَ اللّٰہُ رَبِّیۡ وَلَاۤ اُشۡرِکُ بِرَبِّیۡۤ
اَحَدًا ﴿۳۸﴾ وَلَوۡلَاۤ اِذۡ دَخَلۡتَ جَنَّتَکَ قُلۡتَ مَا
شَآءَ اللّٰہُ ۙ لَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ ۚ اِنۡ تَرَنِ اَنَا اَقَلَّ
مِنۡکَ مَالًا وَّوَلَدًا ﴿۳۹﴾ فَعَسٰی رَبِّیۡۤ اَنۡ یُّؤۡتِیَنِ
خَیۡرًا مِّنۡ جَنَّتِکَ وَیُرۡسِلَ عَلَیۡہَا حُسۡبَانًا مِّنَ
السَّمَآءِ فَتُصۡبِحَ صَعِیۡدًا زَلَقًا ﴿۴۰﴾ اَوۡ یُصۡبِحَ مَآؤُہَا
غَوۡرًا فَلَنۡ تَسۡتَطِیۡعَ لَہٗ طَلَبًا ﴿۴۱﴾ وَاُحِیۡطَ بِثَمَرِہٖ
فَاَصۡبَحَ یُقَلِّبُ کَفَّیۡہِ عَلٰی مَاۤ اَنۡفَقَ فِیۡہَا وَہِیَ
خَاوِیَۃٌ عَلٰی عُرُوۡشِہَا وَیَقُوۡلُ یٰلَیۡتَنِیۡ لَمۡ اُشۡرِکۡ
بِرَبِّیۡۤ اَحَدًا ﴿۴۲﴾ وَلَمۡ تَکُنۡ لَّہٗ فِئَۃٌ یَّنۡصُرُوۡنَہٗ

منزل ٤

ખજૂરના વૃક્ષોની વાડ લગાવી અને તેમની વચ્ચે ખેતીની જમીન રાખી.

૩૩. બંને બગીચાઓ ખૂબ ફૂલ્યા-ફાલ્યા અને ફળદાર થવામાં તેમણે જરાપણ કસર ન રાખી. તે બગીચાઓમાં અમે એક નહેર વહેવડાવી દીધી

૩૪. અને તેને ખૂબ લાભ પ્રાપ્ત થયો. આ બધું મેળવીને એક દિવસે તે પોતાના પાડોશી સાથે વાત કરતાં બોલ્યો, ''હું તારાથી વધુ ધનવાન છું અને તારાથી વધુ શક્તિશાળી માનવ-બળ ધરાવું છું.''

૩૫. પછી તે પોતાના બગીચામાં દાખલ થયો અને સ્વયં પોતાના હકમાં અત્યાચારી બનીને કહેવા લાગ્યો, ''હું નથી સમજતો કે આ ધન ક્યારેય નાશ પામશે,

૩૬. અને મને આશા નથી કે કયામત (પુનર્જીવન)ની ઘડી ક્યારેય આવશે, તેમ છતાં જો ક્યારેય મને મારા રબ (પ્રભુ) તરફ પાછો લઈ જવામાં પણ આવ્યો તો ચોક્કસ આનાથી પણ વધુ ભવ્ય સ્થાન પામીશ.''

૩૭. તેના પાડોશીએ તેના સાથે વાત કરતાં તેને કહ્યું, ''શું તું કુફ્ર (કૃતઘ્નતા) કરે છે તે હસ્તી સાથે જેણે તને માટીમાંથી અને પછી વીર્યથી પેદા કર્યો અને તને એક સંપૂર્ણ મનુષ્ય બનાવીને ઊભો કર્યો ?

૩૮. રહ્યો હું, તો મારો રબ તો તે જ અલ્લાહ છે અને હું તેના સાથે કોઈને ભાગીદાર નથી બનાવતો.

૩૯. અને જ્યારે તું પોતાના બગીચામાં દાખલ થઈ રહ્યો હતો તો તે વખતે તારા મોઢામાંથી આ શબ્દો કેમ ન નીકળ્યા કે 'માશાઅલ્લાહ લાકુવ્વત ઈલ્લાબિલ્લાહ' ? (જો અલ્લાહ ચાહે, અલ્લાહ સિવાય કોઈ શક્તિ નથી) જો તું મને ધન અને સંતાનમાં પોતાનાથી નિમ્ન કોટિનો જોઈ રહ્યો હોય

૪૦. તો અસંભવ નથી કે મારો રબ મને તારા બગીચાથી વધુ સારું પ્રદાન કરે અને તારા બગીચા ઉપર આકાશમાંથી કોઈ આફત મોકલી દે જેનાથી તે સપાટ મેદાનં થઈને રહી જાય,

૪૧. અથવા તેનું પાણી જમીનમાં ઊતરી જાય અને પછી તું તેને કોઈ પણ રીતે કાઢી ન શકે.''

૪૨. અંતે થયું એમ કે તેના બધા ફળો નાશ પામ્યા અને તે પોતાના દ્રાક્ષના બગીચાને માંડવાઓ ઉપર ઊંધો પડેલો જોઈને પોતે લગાડેલી મૂડી બદલ અફસોસ કરતો રહી ગયો અને કહેવા લાગ્યો કે, ''કદાચ મેં પોતાના રબ (પ્રભુ) સાથે કોઈને ભાગીદાર ન ઠેરવ્યો હોત'' –

૪૩. ન હતું તેના પાસે કોઈ જૂથ અલ્લાહને છોડીને, જે તેની મદદ કરતું,

مِنْ دُوْنِ اللّٰهِ وَمَا كَانَ مُنْتَصِرًا ؕ ﴿٤٣﴾ هُنَالِكَ
الْوَلَايَةُ لِلّٰهِ الْحَقِّ ؕ هُوَ خَيْرٌ ثَوَابًا وَّخَيْرٌ عُقْبًا ﴿٤٤﴾ ع ١٣/٥ ١٧
وَاضْرِبْ لَهُمْ مَّثَلَ الْحَيٰوةِ الدُّنْيَا كَمَآءٍ اَنْزَلْنٰهُ
مِنَ السَّمَآءِ فَاخْتَلَطَ بِهٖ نَبَاتُ الْاَرْضِ فَاَصْبَحَ
هَشِيْمًا تَذْرُوْهُ الرِّيٰحُ ؕ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ
مُّقْتَدِرًا ﴿٤٥﴾ اَلْمَالُ وَالْبَنُوْنَ زِيْنَةُ الْحَيٰوةِ الدُّنْيَا ۚ
وَالْبٰقِيٰتُ الصّٰلِحٰتُ خَيْرٌ عِنْدَ رَبِّكَ ثَوَابًا وَّخَيْرٌ
اَمَلًا ﴿٤٦﴾ وَيَوْمَ نُسَيِّرُ الْجِبَالَ وَتَرَى الْاَرْضَ بَارِزَةً ۙ
وَّحَشَرْنٰهُمْ فَلَمْ نُغَادِرْ مِنْهُمْ اَحَدًا ۚ ﴿٤٧﴾ وَعُرِضُوْا
عَلٰى رَبِّكَ صَفًّا ؕ لَقَدْ جِئْتُمُوْنَا كَمَا خَلَقْنٰكُمْ
اَوَّلَ مَرَّةٍ ۫ بَلْ زَعَمْتُمْ اَلَّنْ نَّجْعَلَ لَكُمْ مَّوْعِدًا ﴿٤٨﴾
وَوُضِعَ الْكِتٰبُ فَتَرَى الْمُجْرِمِيْنَ مُشْفِقِيْنَ
مِمَّا فِيْهِ وَيَقُوْلُوْنَ يٰوَيْلَتَنَا مَالِ هٰذَا الْكِتٰبِ
لَا يُغَادِرُ صَغِيْرَةً وَّلَا كَبِيْرَةً اِلَّآ اَحْصٰىهَا ۚ وَ
وَجَدُوْا مَا عَمِلُوْا حَاضِرًا ؕ وَلَا يَظْلِمُ رَبُّكَ
اَحَدًا ۧ ﴿٤٩﴾ وَاِذْ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ اسْجُدُوْا لِاٰدَمَ ع ٦/٥ ١٨
فَسَجَدُوْٓا اِلَّآ اِبْلِيْسَ ؕ كَانَ مِنَ الْجِنِّ فَفَسَقَ
عَنْ اَمْرِ رَبِّهٖ ؕ اَفَتَتَّخِذُوْنَهٗ وَذُرِّيَّتَهٗٓ اَوْلِيَآءَ
مِنْ دُوْنِيْ وَهُمْ لَكُمْ عَدُوٌّ ؕ بِئْسَ لِلظّٰلِمِيْنَ منزل ٤

અને ન કરી શક્યો સ્વયં આ આફતનો મુકાબલો –

૪૪. તે વખતે ખબર પડી કે કામ બનાવવાનો બધો અધિકાર પરમ્ સત્ય અલ્લાહ માટે જ છે. ઈનામ તે જ શ્રેષ્ઠ છે, જે તે પ્રદાન કરે અને પરિણામ તે જ સારું છે, જે તે દેખાડે. (રુકૂઅ-૫)

૪૫. અને હે પયગંબર ! આમને દુનિયાના જીવનની વાસ્તવિકતા આ દૃષ્ટાંત વડે સમજાવો કે આજે અમે આકાશમાંથી પાણી વરસાવી દીધું તો ધરતીની વનસ્પતિ ખૂબ ગીચ થઈ ગઈ અને કાલે તે જ વનસ્પતિ ભૂસું બનીને રહી ગઈ જેને હવાઓ ઉડાવીને ફરે છે. અલ્લાહ દરેક વસ્તુ પર પ્રભુત્વ ધરાવે છે.

૪૬. આ ધન અને આ સંતાનો માત્ર દુનિયાના જીવનની એક હંગામી સજાવટ છે. હકીકતમાં તો બાકી રહી જનાર સદ્કાર્યો જ તારા રબના સમીપ પરિણામની દૃષ્ટિએ વધુ સારા છે અને તેનાથી જ સારી આશા રાખી શકાય છે.

૪૭. ચિંતા તે દિવસની થવી જોઈએ જ્યારે અમે પર્વતોને ચલાવીશું, અને તમે ધરતીને સાવ નગ્ન જોશો, અને અમે તમામ મનુષ્યોને એવી રીતે ઘેરીને એકત્ર કરીશું કે (અનુગામીઓ અને પુરોગામીઓ પૈકી) એક પણ બાકી નહીં રહે,

૪૮. અને બધા જ તમારા રબ (પ્રભુ)ની હજૂરમાં કતારબદ્ધ રજૂ કરવામાં આવશે – લો જોઈ લો, આવી ગયાને તમે અમારા પાસે, એવી જ રીતે જેવી રીતે અમે તમને પહેલી વખત પેદા કર્યા હતા. તમે તો એમ સમજ્યું હતું કે અમે તમારા માટે કોઈ વાયદાનો સમય નિર્ધારિત જ કર્યો નથી –

૪૯. અને કર્મપત્રાક સામે મૂકી દેવામાં આવશે. તે વખતે તમે જોશો કે અપરાધી લોકો પોતાના જીવન-પુસ્તકમાં અંકિત નોંધોથી ડરી રહ્યા હશે અને કહેતા હશે, "હાય, અમારું દુર્ભાગ્ય! આ કેવું પુસ્તક છે કે જેમાં અમારું કોઈ નાનું-મોટું કૃત્ય એવું નથી જે આમાં નોંધાઈ ન ગયું હોય." જે કાંઈ પણ તેમણે કર્યું હતું તે બધું જ પોતાના સામે જોશે અને તારો રબ કોઈના પર સહેજ પણ જુલ્મ (અન્યાય) નહીં કરે. (રુકૂઅ-૬)

૫૦. યાદ કરો, જ્યારે અમે ફરિશ્તાઓને કહ્યું કે આદમને સિજદો કરો તો તેમણે સિજદો કર્યો, પરંતુ ઇબ્લીસે ન કર્યો, તે જિન્નાતોમાંથી હતો તેથી પોતાના રબના આજ્ઞાપાલનમાંથી નીકળી ગયો. હવે શું તમે મને છોડીને તેને અને તેની સંતતિને પોતાનો સંરક્ષક બનાવો છો, જો કે તેઓ તમારા શત્રુઓ છે. ઘણો જ ખરાબ વિકલ્પ છે જેને અત્યાચારી લોકો અપનાવી રહ્યા છે.

بَدَلًا ۝٥٠ مَآ اَشْهَدْتُّهُمْ خَلْقَ السَّمٰوٰتِ وَالْاَرْضِ
وَلَا خَلْقَ اَنْفُسِهِمْ ۪ وَمَا كُنْتُ مُتَّخِذَ الْمُضِلِّيْنَ
عَضُدًا ۝٥١ وَيَوْمَ يَقُوْلُ نَادُوْا شُرَكَآءِيَ
الَّذِيْنَ زَعَمْتُمْ فَدَعَوْهُمْ فَلَمْ يَسْتَجِيْبُوْا لَهُمْ
وَجَعَلْنَا بَيْنَهُمْ مَّوْبِقًا ۝٥٢ وَرَاَ الْمُجْرِمُوْنَ النَّارَ
فَظَنُّوْٓا اَنَّهُمْ مُّوَاقِعُوْهَا وَلَمْ يَجِدُوْا عَنْهَا
ع ٤ ١٩ مَصْرِفًا ۝٥٣ع وَلَقَدْ صَرَّفْنَا فِيْ هٰذَا الْقُرْاٰنِ لِلنَّاسِ
مِنْ كُلِّ مَثَلٍ ؕ وَكَانَ الْاِنْسَانُ اَكْثَرَ شَيْءٍ
جَدَلًا ۝٥٤ وَمَا مَنَعَ النَّاسَ اَنْ يُّؤْمِنُوْٓا اِذْ جَآءَهُمُ
الْهُدٰى وَيَسْتَغْفِرُوْا رَبَّهُمْ اِلَّآ اَنْ تَاْتِيَهُمْ
سُنَّةُ الْاَوَّلِيْنَ اَوْ يَاْتِيَهُمُ الْعَذَابُ قُبُلًا ۝٥٥
وَمَا نُرْسِلُ الْمُرْسَلِيْنَ اِلَّا مُبَشِّرِيْنَ وَمُنْذِرِيْنَ ۚ
وَيُجَادِلُ الَّذِيْنَ كَفَرُوْا بِالْبَاطِلِ لِيُدْحِضُوْا
بِهِ الْحَقَّ وَاتَّخَذُوْٓا اٰيٰتِيْ وَمَآ اُنْذِرُوْا هُزُوًا ۝٥٦
وَمَنْ اَظْلَمُ مِمَّنْ ذُكِّرَ بِاٰيٰتِ رَبِّهٖ فَاَعْرَضَ
عَنْهَا وَنَسِيَ مَا قَدَّمَتْ يَدٰهُ ؕ اِنَّا جَعَلْنَا عَلٰى
قُلُوْبِهِمْ اَكِنَّةً اَنْ يَّفْقَهُوْهُ وَفِيْٓ اٰذَانِهِمْ وَقْرًا ؕ
وَاِنْ تَدْعُهُمْ اِلَى الْهُدٰى فَلَنْ يَّهْتَدُوْٓا اِذًا اَبَدًا ۝٥٧
منزل ٤ وَرَبُّكَ الْغَفُوْرُ ذُو الرَّحْمَةِ ؕ لَوْ يُؤَاخِذُهُمْ بِمَا

૫૧. મેં આકાશો અને ધરતીને પેદા કરતી વખતે તેમને બોલાવ્યા ન હતા અને ન સ્વયં તેમને જ પેદા કરતી વખતે તેમને સામેલ કર્યા હતા, મારું આ કામ નથી કે પથભ્રષ્ટ કરનારાઓને પોતાના મદદગાર બનાવું.

૫૨. પછી શું કરશે આ લોકો તે દિવસે જ્યારે તેમનો રબ તેમને કહેશે કે પોકારો હવે તે હસ્તીઓને જેમને તમે મારા ભાગીદાર સમજી બેસ્યા હતા. આ લોકો તેમને પોકારશે, પરંતુ તેઓ તેમની મદદે નહીં આવે અને અમે તેમના વચ્ચે એક જ વિનાશનો સંયુક્ત ખાડો તૈયાર કરી દઈશું.

૫૩. બધા ગુનેગારો તે દિવસે આગ જોશે અને સમજી જશે કે હવે તેમને તેમાં જ પડવાનું છે અને તેઓ તેનાથી બચવા માટે કોઈ આશ્રય-સ્થાન નહીં મેળવે. (રુકૂઅ-૭)

૫૪. અમે આ કુર્આનમાં લોકોને અલગ-અલગ રીતે સમજાવ્યા પરંતુ મનુષ્ય ઘણો જ ઝઘડાખોર પુરવાર થયો છે.

૫૫. તેમના સામે જ્યારે માર્ગદર્શન આવ્યું તો તેને માનવા અને પોતાના રબની હજૂરમાં ક્ષમાયાચના કરવાથી છેવટે તેમને કઈ વસ્તુએ રોકી દીધા ? આ સિવાય બીજું કશું નથી કે તેઓ પ્રતીક્ષા કરી રહ્યા છે કે તેમના સાથે પણ તે બધું થાય જે પુરોગામી કોમોના સાથે થઈ ચૂક્યું છે, અથવા એ કે તેઓ યાતનાને સામે આવતી જોઈ લે !

૫૬. રસૂલોને અમે આ સિવાય બીજા કોઈ ઉદ્દેશ્યથી નથી મોકલતા કે તેઓ ખુશખબર આપવાની અને ચેતવવાની સેવાઓ બજાવી દે. પરંતુ કાફિરો (ઇન્કાર કરનારાઓ)ની એ હાલત છે કે તેઓ અસત્યના હથિયાર લઈને સત્યને નીચું દેખાડવાના પ્રયાસો કરે છે અને તેમણે મારી આયતોને અને તે ચેતવણીઓને જે તેમને આપવામાં આવી મજાક બનાવી લીધી છે.

૫૭. અને તે માણસથી વધુ જાલિમ બીજો કોણ છે જેને તેના રબ (પ્રભુ)ની આયતો સંભળાવીને ઉપદેશ આપવામાં આવે અને તે તેનાથી મોઢું ફેરવે અને તે ખરાબ પરિણામને ભૂલી જાય જેની તૈયારી તેણે ખુદ પોતાના હાથે કરી છે ? (જે લોકોએ આ વલણ અપનાવ્યું છે) તેમના હૃદયો પર અમે ગલેફ ચઢાવી દીધા છે જે તેમને કુર્આનની વાત નથી સમજવા દેતા, અને તેમના કાન અમે સૂન કરી દીધા છે. તમે તેમને સન્માર્ગ તરફ ગમે તેટલા બોલાવો, તેઓ આ હાલતમાં ક્યારેય સન્માર્ગ નહીં પામે.

૫૮. તારો રબ મોટો ક્ષમા કરનાર અને દયાળુ છે. તે તેમના કરતૂકો પર

كَسَبُوْا لَعَجَّلَ لَهُمُ الْعَذَابَ ؕ بَلْ لَّهُمْ مَّوْعِدٌ
لَّنْ يَّجِدُوْا مِنْ دُوْنِهٖ مَوْىِٕلًا ﴿۵۸﴾ وَتِلْكَ الْقُرٰٓى
اَهْلَكْنٰهُمْ لَمَّا ظَلَمُوْا وَجَعَلْنَا لِمَهْلِكِهِمْ
مَّوْعِدًا ﴿۵۹﴾ ع وَاِذْ قَالَ مُوْسٰى لِفَتٰىهُ لَاۤ اَبْرَحُ حَتّٰٓى ع ۸
اَبْلُغَ مَجْمَعَ الْبَحْرَيْنِ اَوْ اَمْضِىَ حُقُبًا ﴿۶۰﴾ فَلَمَّا بَلَغَا
مَجْمَعَ بَيْنِهِمَا نَسِيَا حُوْتَهُمَا فَاتَّخَذَ سَبِيْلَهٗ
فِى الْبَحْرِ سَرَبًا ﴿۶۱﴾ فَلَمَّا جَاوَزَا قَالَ لِفَتٰىهُ اٰتِنَا
غَدَآءَنَا ؗ لَقَدْ لَقِيْنَا مِنْ سَفَرِنَا هٰذَا نَصَبًا ﴿۶۲﴾
قَالَ اَرَءَيْتَ اِذْ اَوَيْنَاۤ اِلَى الصَّخْرَةِ فَاِنِّىْ نَسِيْتُ
الْحُوْتَ ؗ وَمَاۤ اَنْسٰنِيْهُ اِلَّا الشَّيْطٰنُ اَنْ اَذْكُرَهٗ ۚ
وَاتَّخَذَ سَبِيْلَهٗ فِى الْبَحْرِ ۖۗ عَجَبًا ﴿۶۳﴾ قَالَ ذٰلِكَ
مَا كُنَّا نَبْغِ ۖۗ فَارْتَدَّا عَلٰٓى اٰثَارِهِمَا قَصَصًا ﴿۶۴﴾ ۙ
فَوَجَدَا عَبْدًا مِّنْ عِبَادِنَاۤ اٰتَيْنٰهُ رَحْمَةً مِّنْ
عِنْدِنَا وَعَلَّمْنٰهُ مِنْ لَّدُنَّا عِلْمًا ﴿۶۵﴾ قَالَ لَهٗ
مُوْسٰى هَلْ اَتَّبِعُكَ عَلٰۤى اَنْ تُعَلِّمَنِ مِمَّا
عُلِّمْتَ رُشْدًا ﴿۶۶﴾ قَالَ اِنَّكَ لَنْ تَسْتَطِيْعَ
مَعِىَ صَبْرًا ﴿۶۷﴾ وَكَيْفَ تَصْبِرُ عَلٰى مَا لَمْ تُحِطْ
بِهٖ خُبْرًا ﴿۶۸﴾ قَالَ سَتَجِدُنِىْۤ اِنْ شَآءَ اللّٰهُ صَابِرًا
وَّلَاۤ اَعْصِىْ لَكَ اَمْرًا ﴿۶۹﴾ قَالَ فَاِنِ اتَّبَعْتَنِىْ منزل ۴

તેમને પકડવા ચાહતો તો જલ્દી જ યાતના મોકલી દેતો. પરંતુ તેમના માટે વાયદાનો એક સમય નિશ્ચિત છે અને તેનાથી બચીને ભાગી નીકળવાનો કોઈ માર્ગ આ લોકો નહીં મેળવે.

૫૯. આ અઝાબ (યાતના)નો ભોગ બનેલી વસ્તીઓ તમારા સામે મોજૂદ છે. એમણે જ્યારે અત્યાચાર કર્યો તો અમે એમને નષ્ટ કરી દીધી, અને એમાંથી દરેકના વિનાશ માટે અમે સમય નિશ્ચિત કરી રાખ્યો હતો. (રુકૂઅ-૮)

૬૦. (જરા આમને તે કિસ્સો સંભળાવો જે મૂસા સાથે બન્યો હતો) જ્યારે કે મૂસાએ પોતાના સેવકને કહ્યું હતું, ''હું મારી મુસાફરી પૂરી નહીં કરૂં જ્યાં સુધી બંને નદીઓના સંગમ પર ન પહોંચી જાઉં, નહીં તો હું ઘણા લાંબા સમય સુધી ચાલતો જ રહીશ.''

૬૧. પછી જ્યારે તેઓ તેમના સંગમ પર પહોંચ્યા તો પોતાની માછલીથી ગાફેલ થઈ ગયા અને તે નીકળીને એવી રીતે નદીમાં સરકી ગઈ જાણે કે કોઈ સુરંગ બનાવેલી હોય.

૬૨. આગળ ચાલીને મૂસાએ પોતાના સેવકને કહ્યું, ''લાવો મારો નાસ્તો, આજની મુસાફરીમાં તો અમે ખરાબ રીતે થાકી ગયા છીએ.''

૬૩. સેવકે કહ્યું, ''તમે જોયું ! આ શું થયું ? જ્યારે આપણે તે ખડક પાસે રોકાયા હતા તે વખતે મને માછલીનું ધ્યાન ન રહ્યું અને શેતાને મને એવો ગફલતમાં નાખી દીધો કે હું તેનો ઉલ્લેખ (તમારાથી કરવાનું) ભૂલી ગયો. માછલી તો વિચિત્ર રીતે નીકળીને નદીમાં ચાલી ગઈ.''

૬૪. મૂસાએ કહ્યું, '' આ જ તો અમે શોધી રહ્યા હતા.'' આમ, તેઓ બંને પોતાના પગલાંના નિશાન પર પાછા ફર્યા

૬૫. અને ત્યાં તેમણે અમારા બંદાઓમાંથી એકને જોયો જેને અમે અમારી કૃપા પ્રદાન કરી હતી અને પોતાના તરફથી એક વિશિષ્ટ જ્ઞાન પ્રદાન કર્યું હતું.

૬૬. મૂસાએ તેને કહ્યું, ''શું હું તમારા સાથે રહી શકું છું જેથી તમે મને પણ તે બુદ્ધિમત્તાનું શિક્ષણ આપો જે તમને શીખવાડવામાં આવ્યું છે ?''

૬૭. તેણે જવાબ આપ્યો, ''તમે મારા સાથે ધીરજ નથી રાખી શકતા,

૬૮. અને જે વસ્તુની તમને ખબર ન હોય છેવટે તમે તેના માટે ધીરજ રાખી પણ કેવી રીતે શકો છો ?''

૬૯. મૂસાએ કહ્યું, ''ઈન્શાઅલ્લાહ (જો અલ્લાહે ચાહ્યું) ! તમે મને ધીરજવાળો જોશો અને હું કોઈ પણ મામલામાં તમારી અવજ્ઞા નહીં કરું.''

૭૦. તેણે કહ્યું, ''ભલે, જો તમે મારા સાથે આવો છો તો મને કોઈ વાત ન

فَلَا تَسْـَٔلْنِيْ عَنْ شَيْءٍ حَتّٰٓى اُحْدِثَ لَكَ مِنْهُ
ذِكْرًا ﴿٧٠﴾ فَانْطَلَقَا وقفة حَتّٰٓى اِذَا رَكِبَا فِي السَّفِيْنَةِ ع
خَرَقَهَا ط قَالَ اَخَرَقْتَهَا لِتُغْرِقَ اَهْلَهَا ج لَقَدْ
جِئْتَ شَيْـًٔا اِمْرًا ﴿٧١﴾ قَالَ اَلَمْ اَقُلْ اِنَّكَ لَنْ
تَسْتَطِيْعَ مَعِيَ صَبْرًا ﴿٧٢﴾ قَالَ لَا تُؤَاخِذْنِيْ بِمَا
نَسِيْتُ وَلَا تُرْهِقْنِيْ مِنْ اَمْرِيْ عُسْرًا ﴿٧٣﴾
فَانْطَلَقَا وقفة حَتّٰٓى اِذَا لَقِيَا غُلٰمًا فَقَتَلَهٗ لا قَالَ اَقَتَلْتَ
نَفْسًا زَكِيَّةًۢ م بِغَيْرِ نَفْسٍ ط لَقَدْ جِئْتَ شَيْـًٔا نُّكْرًا ﴿٧٤﴾
قَالَ اَلَمْ اَقُلْ لَّكَ اِنَّكَ لَنْ تَسْتَطِيْعَ مَعِيَ
صَبْرًا ﴿٧٥﴾ قَالَ اِنْ سَاَلْتُكَ عَنْ شَيْءٍۭ بَعْدَهَا فَلَا
تُصٰحِبْنِيْ ج قَدْ بَلَغْتَ مِنْ لَّدُنِّيْ عُذْرًا ﴿٧٦﴾ فَانْطَلَقَا وقفة
حَتّٰٓى اِذَآ اَتَيَآ اَهْلَ قَرْيَةِ اسْتَطْعَمَآ اَهْلَهَا فَاَبَوْا
اَنْ يُّضَيِّفُوْهُمَا فَوَجَدَا فِيْهَا جِدَارًا يُّرِيْدُ اَنْ
يَّنْقَضَّ فَاَقَامَهٗ ط قَالَ لَوْ شِئْتَ لَتَّخَذْتَ عَلَيْهِ
اَجْرًا ﴿٧٧﴾ قَالَ هٰذَا فِرَاقُ بَيْنِيْ وَبَيْنِكَ ج سَاُنَبِّئُكَ
بِتَاْوِيْلِ مَا لَمْ تَسْتَطِعْ عَّلَيْهِ صَبْرًا ﴿٧٨﴾ اَمَّا السَّفِيْنَةُ
فَكَانَتْ لِمَسٰكِيْنَ يَعْمَلُوْنَ فِي الْبَحْرِ فَاَرَدْتُّ اَنْ
اَعِيْبَهَا وَكَانَ وَرَآءَهُمْ مَّلِكٌ يَّاْخُذُ كُلَّ سَفِيْنَةٍ
غَصْبًا ﴿٧٩﴾ وَاَمَّا الْغُلٰمُ فَكَانَ اَبَوٰهُ مُؤْمِنَيْنِ

પૂછતો જ્યાં સુધી હું પોતે તેનો ઉલ્લેખ તમારા સમક્ષ ન કરું. (રુકૂઅ-૯)

૭૧. હવે તે બંને રવાના થયા, ત્યાં સુધી કે તેઓ એક હોડીમાં સવાર થઈ ગયા તો તે માણસે હોડીમાં કાણું પાડી દીધું. મૂસાએ કહ્યું, ''તમે તેમાં કાણું પાડી દીધું જેથી હોડીમાંના બધાને ડૂબાડી દો ? આ તો તમે ગંભીર કૃત્ય કરી નાખ્યું.''

૭૨. તેણે કહ્યું, ''મેં તમને નહોતું કહ્યું કે તમે મારા સાથે ધીરજ નહીં રાખી શકો ?''

૭૩. મૂસાએ કહ્યું, ''ભૂલ-ચૂક પર મારી પકડ ન કરશો. મારી બાબતમાં તમે સહેજ સખ્તાઈથી કામ ન લો.''

૭૪. પછી તે બંને ચાલ્યા, ત્યાં સુધી કે તેમને એક છોકરો મળ્યો અને તે માણસે તેને મારી નાખ્યો. મૂસાએ કહ્યું, ''તમે એક નિર્દોષનો જીવ લઈ લીધો, જો કે તેણે કોઈનું ખૂન કર્યું ન હતું ? આ કામ તો તમે ઘણું જ ખરાબ કર્યું છે.

૭૫. તેણે કહ્યું, ''મેં તમને કહ્યું ન હતું કે તમે મારા સાથે ધીરજ નથી રાખી શકતા ?''

૭૬. મૂસાએ કહ્યું, ''હવે પછી જો હું તમને કંઈ પૂછું તો તમે મને સાથે ન રાખજો. લો, હવે તો મારા તરફથી તમને બહાનું મળી ગયું.''

૭૭. પછી તેઓ આગળ ચાલ્યા, ત્યાં સુધી કે એક વસ્તીમાં પહોંચ્યા અને ત્યાંના લોકો પાસે ભોજન માગ્યું. પરંતુ તેમણે આ બંનેની મહેમાનગતિ કરવાનો ઇન્કાર કરી દીધો. ત્યાં તેમણે એક દીવાલ જોઈ જે પડવા જેવી થઈ ગઈ હતી. તે માણસે તે દીવાલ ફરીથી ઊભી કરી આપી. મૂસાએ કહ્યું, ''જો તમે ઇચ્છતા તો આ કામની મજૂરી મેળવી શકતા હતા.''

૭૮. તેણે કહ્યું, ''બસ મારો-તમારો સંગાથ પૂરો થયો. હવે હું તમને તે વાતોની હકીકત બતાવું છું જેના માટે તમે ધીરજ ન રાખી શક્યા.

૭૯. તે હોડીનો મામલો એ છે કે તે કેટલાક ગરીબ માણસોની હતી જેઓ નદીમાં મહેનત-મજૂરી કરતા હતા. મેં ઇચ્છયું કે તેને ખામીવાળી કરી દઉં, કેમ કે આગળ એક એવા બાદશાહનો વિસ્તાર હતો જે કોઈ પણ હોડી બળજબરીપૂર્વક છીનવી લેતો હતો.

૮૦. રહ્યો તે છોકરો, તો તેના માતા-પિતા મોમિન (ઈમાનવાળા) હતા,

فَخَشِيْنَآ اَنْ يُّرْهِقَهُمَا طُغْيَانًا وَّكُفْرًا ﴿٨٠﴾ فَاَرَدْنَآ
اَنْ يُّبْدِلَهُمَا رَبُّهُمَا خَيْرًا مِّنْهُ زَكٰوةً وَّاَقْرَبَ رُحْمًا ﴿٨١﴾
وَاَمَّا الْجِدَارُ فَكَانَ لِغُلٰمَيْنِ يَتِيْمَيْنِ فِي الْمَدِيْنَةِ وَكَانَ
تَحْتَهٗ كَنْزٌ لَّهُمَا وَكَانَ اَبُوْهُمَا صَالِحًا ۚ فَاَرَادَ رَبُّكَ
اَنْ يَّبْلُغَآ اَشُدَّهُمَا وَيَسْتَخْرِجَا كَنْزَهُمَا ۖ رَحْمَةً مِّنْ
رَّبِّكَ ۚ وَمَا فَعَلْتُهٗ عَنْ اَمْرِيْ ۭ ذٰلِكَ تَاْوِيْلُ مَا لَمْ
تَسْطِعْ عَّلَيْهِ صَبْرًا ۭ ﴿٨٢﴾ وَيَسْـَٔلُوْنَكَ عَنْ ذِي الْقَرْنَيْنِ ۭ
قُلْ سَاَتْلُوْا عَلَيْكُمْ مِّنْهُ ذِكْرًا ۭ ﴿٨٣﴾ اِنَّا مَكَّنَّا لَهٗ فِي
الْاَرْضِ وَاٰتَيْنٰهُ مِنْ كُلِّ شَيْءٍ سَبَبًا ۙ ﴿٨٣﴾ فَاَتْبَعَ
سَبَبًا ﴿٨٥﴾ حَتّٰٓى اِذَا بَلَغَ مَغْرِبَ الشَّمْسِ وَجَدَهَا تَغْرُبُ
فِيْ عَيْنٍ حَمِئَةٍ وَّوَجَدَ عِنْدَهَا قَوْمًا ڛ قُلْنَا يٰذَا
الْقَرْنَيْنِ اِمَّآ اَنْ تُعَذِّبَ وَاِمَّآ اَنْ تَتَّخِذَ فِيْهِمْ
حُسْنًا ﴿٨٦﴾ قَالَ اَمَّا مَنْ ظَلَمَ فَسَوْفَ نُعَذِّبُهٗ ثُمَّ يُرَدُّ
اِلٰى رَبِّهٖ فَيُعَذِّبُهٗ عَذَابًا نُّكْرًا ﴿٨٧﴾ وَاَمَّا مَنْ اٰمَنَ وَ
عَمِلَ صَالِحًا فَلَهٗ جَزَاۗءَ ۨالْحُسْنٰى ۚ وَسَنَقُوْلُ لَهٗ مِنْ
اَمْرِنَا يُسْرًا ۭ ﴿٨٨﴾ ثُمَّ اَتْبَعَ سَبَبًا ﴿٨٩﴾ حَتّٰٓى اِذَا بَلَغَ مَطْلِعَ
الشَّمْسِ وَجَدَهَا تَطْلُعُ عَلٰي قَوْمٍ لَّمْ نَجْعَلْ لَّهُمْ مِّنْ
دُوْنِهَا سِتْرًا ۙ ﴿٩٠﴾ كَذٰلِكَ ۭ وَقَدْ اَحَطْنَا بِمَا لَدَيْهِ خُبْرًا ﴿٩١﴾
ثُمَّ اَتْبَعَ سَبَبًا ﴿٩٢﴾ حَتّٰٓى اِذَا بَلَغَ بَيْنَ السَّدَّيْنِ وَجَدَ مِنْ

ع ١٢

منزل ٤

અમને એ શંકા થઈ કે આ છોકરો પોતાના વિદ્રોહ અને કુફ્રથી તેમને દુઃખ આપશે.

૮૧. તેથી અમે ઇચ્છ્યું કે તેમનો રબ તેના બદલામાં તેમને એવી સંતાન આપે જે ચારિત્ર્યમાં પણ તેનાથી વધુ સારી હોય અને જેનાથી એની પણ આશા હોય કે રિશ્તા-નાતાના હક અદા કરશે.

૮૨. અને આ દીવાલનો મામલો એ છે કે તે બે અનાથ છોકરાઓની છે જેઓ આ શહેરમાં રહે છે. આ દીવાલના નીચે આ છોકરાઓ માટે એક ખજાનો દટાયેલો છે અને તેમનો પિતા એક સદાચારી મનુષ્ય હતો. તેથી તમારા રબે ઇચ્છ્યું કે આ બંને છોકરાઓ પુખ્ત વયના થાય અને પોતાનો ખજાનો કાઢી લે. આ તમારા રબની કૃપાના કારણે કરવામાં આવ્યું છે, કંઈ મારા પોતાના અધિકારથી નથી કરી દીધું. આ છે હકીકત તે વાતોની જેના માટે તમે ધીરજ ન રાખી શક્યા." (રુકૂઅ-૧૦)

૮૩. અને હે નબી ! આ લોકો તમને ઝુલ્કરનૈન વિષે પૂછે છે. આમને કહો, હું તેની કેટલીક વાતો તમને સંભળાવું છું.

૮૪. અમે તેને ધરતીમાં સત્તા પ્રદાન કરી હતી અને તેને દરેક પ્રકારની સાધન-સામગ્રી આપી હતી.

૮૫. તેણે (પહેલા પશ્ચિમ તરફ એક કૂચની) તૈયારી કરી,

૮૬. ત્યાં સુધી કે જ્યારે તે સૂરજના અસ્ત થવાની હદ સુધી પહોંચી ગયો તો તેણે સૂર્યને એક કાળા પાણીમાં ડૂબતો જોયો અને ત્યાં તેને એક કોમ મળી. અમે કહ્યું, "હે ઝુલ્કરનૈન ! તને એ સામર્થ્ય પણ પ્રાપ્ત છે કે તેમને તકલીફ પહોંચાડે અને એ પણ કે તેમના સાથે સદ્વર્તન કરે."

૮૭. તેણે કહ્યું, "જે તેમનામાંથી જુલ્મ કરશે તેને અમે સજા આપીશું, પછી તે પોતાના રબ તરફ પાછો લાવવામાં આવશે અને તે તેને વધુ સખત યાતના આપશે

૮૮. અને જે તેમનામાંથી ઈમાન લાવશે અને સદ્કાર્ય કરશે, તેના માટે સારો બદલો છે અને અમે તેને સરળ આદેશો આપીશું."

૮૯. પછી તેણે (એક બીજી કૂચની) તૈયારી કરી,

૯૦. ત્યાં સુધી કે સૂર્યના નીકળવાની હદ સુધી પહોંચી ગયો. ત્યાં તેણે જોયું કે સૂર્ય એક એવી કોમ ઉપર નીકળી રહ્યો હતો જેના માટે તડકાથી બચવાની કોઈ વ્યવસ્થા અમે કરી નથી.

૯૧. આ દશા હતી તેમની અને ઝુલ્કરનૈન પાસે જે કંઈ હતું, તે અમે જાણતા હતા.

૯૨. ફરી તેણે (એક કૂચની) તૈયારી કરી,

૯૩. ત્યાં સુધી કે જ્યારે બે પર્વતોની વચ્ચે પહોંચ્યો તો તેને તેના પાસે એક

دُوْنِهِمَا قَوْمًا ۙ لَّا يَكَادُوْنَ يَفْقَهُوْنَ قَوْلًا ﴿۹۳﴾ قَالُوْا يٰذَا
الْقَرْنَيْنِ اِنَّ يَاْجُوْجَ وَمَاْجُوْجَ مُفْسِدُوْنَ فِي الْاَرْضِ
فَهَلْ نَجْعَلُ لَكَ خَرْجًا عَلٰۤى اَنْ تَجْعَلَ بَيْنَنَا وَبَيْنَهُمْ
سَدًّا ﴿۹۴﴾ قَالَ مَا مَكَّنِّيْ فِيْهِ رَبِّيْ خَيْرٌ فَاَعِيْنُوْنِيْ
بِقُوَّةٍ اَجْعَلْ بَيْنَكُمْ وَبَيْنَهُمْ رَدْمًا ﴿۹۵﴾ اٰتُوْنِيْ زُبَرَ الْحَدِيْدِ ؕ
حَتّٰۤى اِذَا سَاوٰى بَيْنَ الصَّدَفَيْنِ قَالَ انْفُخُوْا ؕ
حَتّٰۤى اِذَا جَعَلَهٗ نَارًا ۙ قَالَ اٰتُوْنِيْۤ اُفْرِغْ عَلَيْهِ قِطْرًا ؕ ﴿۹۶﴾
فَمَا اسْطَاعُوْۤا اَنْ يَّظْهَرُوْهُ وَمَا اسْتَطَاعُوْا لَهٗ نَقْبًا ﴿۹۷﴾
قَالَ هٰذَا رَحْمَةٌ مِّنْ رَّبِّيْ ۚ فَاِذَا جَآءَ وَعْدُ رَبِّيْ جَعَلَهٗ
دَكَّآءَ ۚ وَكَانَ وَعْدُ رَبِّيْ حَقًّا ؕ ﴿۹۸﴾ وَتَرَكْنَا بَعْضَهُمْ
يَوْمَئِذٍ يَّمُوْجُ فِيْ بَعْضٍ وَّنُفِخَ فِي الصُّوْرِ فَجَمَعْنٰهُمْ
جَمْعًا ۙ ﴿۹۹﴾ وَّعَرَضْنَا جَهَنَّمَ يَوْمَئِذٍ لِّلْكٰفِرِيْنَ عَرْضَا ۙ ﴿۱۰۰﴾
الَّذِيْنَ كَانَتْ اَعْيُنُهُمْ فِيْ غِطَآءٍ عَنْ ذِكْرِيْ وَكَانُوْا
لَا يَسْتَطِيْعُوْنَ سَمْعًا ﴿۱۰۱﴾ ع اَفَحَسِبَ الَّذِيْنَ كَفَرُوْۤا اَنْ ع ۱۹ ۲
يَّتَّخِذُوْا عِبَادِيْ مِنْ دُوْنِيْۤ اَوْلِيَآءَ ؕ اِنَّاۤ اَعْتَدْنَا جَهَنَّمَ
لِلْكٰفِرِيْنَ نُزُلًا ﴿۱۰۲﴾ قُلْ هَلْ نُنَبِّئُكُمْ بِالْاَخْسَرِيْنَ
اَعْمَالًا ؕ ﴿۱۰۳﴾ اَلَّذِيْنَ ضَلَّ سَعْيُهُمْ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَهُمْ
يَحْسَبُوْنَ اَنَّهُمْ يُحْسِنُوْنَ صُنْعًا ﴿۱۰۴﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ
كَفَرُوْا بِاٰيٰتِ رَبِّهِمْ وَلِقَآئِهٖ فَحَبِطَتْ اَعْمَالُهُمْ فَلَا منزل ٤

કોમ મળી જે ભાગ્યે જ કોઈ વાત સમજતી હતી.

૯૪. તે લોકોએ કહ્યું, ''હે ઝુલ્કરનૈન ! યાજૂજ અને માજૂજ★ આ ધરતી પર ઉપદ્રવ અને ઉત્પાત કરે છે, તો શું અમે તને કોઈ ટેક્ષ આ કામ માટે આપીએ કે તું અમારા અને તેમના વચ્ચે એક દીવાલ બાંધી આપે ?''

૯૫. તેણે કહ્યું, ''જે કંઈ મારા રબે મને આપેલું છે તે ઘણું છે. તમે બસ મહેનત દ્વારા મારી મદદ કરો, હું તમારા અને તેમના વચ્ચે એક બંધ બાંધી આપું છું.

૯૬. મને લોખંડની ચાદરો લાવી આપો.'' છેવટે જ્યારે બંને પર્વતો વચ્ચેની ખાલી જગ્યા તેણે પૂરી દીધી તો લોકોને કહ્યું કે હવે આગ સળગાવો, ત્યાં સુધી કે જ્યારે (આ લોખંડની દીવાલ) તદ્દન આગ જેવી લાલ થઈ ગઈ તો તેણે કહ્યું, ''લાવો, હવે હું તેના પર ઓગાળેલું ત્રાંબુ રેડીશ.''

૯૭. (આ બંધ એવો હતો કે) યાજૂજ-માજૂજ તેના ઉપર ચઢીને પણ આવી શકતા ન હતા અને તેમાં બાકોરું પાડવું તેમના માટે તેનાથી પણ વધુ મુશ્કેલ હતું.

૯૮. ઝુલ્કરનૈને કહ્યું, ''આ મારા રબની કૃપા છે. પરંતુ જ્યારે મારા રબના વાયદાનો સમય આવશે તો તે તેને ધૂળ ભેગી કરી દેશે, અને મારા રબનો વાયદો સાચો છે.''

૯૯. અને તે દિવસે અમે લોકોને છૂટા કરી દઈશું કે (સમુદ્રના મોજાની જેમ) એકબીજાથી બથ્થંમબથ્થા કરે અને સૂર (રણશિંગુ) ફૂંકવામાં આવશે અને અમે સૌ મનુષ્યોને એક સાથે ભેગા કરીશું

૧૦૦. અને તે દિવસ હશે જ્યારે જહન્નમને કાફિરો (ઇન્કાર કરનારાઓ) સામે લાવીશું,

૧૦૧. તે કાફિરો સામે જેઓ મારી શિખામણ તરફ આંધળા બનેલા હતા અને કશું સાંભળવા માટે તૈયાર જ ન હતા. (રુકૂઅ-૧૧)

૧૦૨. તો શું આ લોકો, જેમણે ઇન્કાર કર્યો છે, આ વિચાર રાખે છે કે મને છોડીને મારા બંદાઓને પોતાના કર્તા-હર્તા બનાવી લે ? અમે આવા કાફિરોની મહેમાનગતિ માટે જહન્નમ તૈયાર કરી રાખી છે.

૧૦૩. હે નબી ! આમને કહો, શું અમે તમને બતાવીએ કે પોતાના કર્મોમાં સૌથી વધુ નિષ્ફળ અને નિરાશ લોકો કોણ છે ?

૧૦૪. તેઓ કે દુનિયાના જીવનમાં જેમની બધી દોડધામ અને કોશિશો સીધા માર્ગથી ભટકેલી રહી અને તેઓ સમજતા રહ્યા કે તેઓ બધું જ બરાબર કરી રહ્યા છે.

૧૦૫. આ તે લોકો છે જેમણે પોતાના રબની આયતોને માનવાનો ઇન્કાર કર્યો અને તેની હજૂરમાં રજૂ થવાનો વિશ્વાસ ન કર્યો. તેથી તેમના

★ યાજૂજ-માજૂજથી તાત્પર્ય એશિયાના ઉત્તર-પૂર્વ ક્ષેત્રની તે કોમો છે, જે પ્રાચીન કાળથી સુસભ્ય દેશો ઉપર લૂંટફાટ માટે હુમલાઓ કરતી રહેતી હતી અને જે સમયાંતરે એશિયા અને યૂરોપનું રૂખ કરતી હતી.

نُقِيْمُ لَهُمْ يَوْمَ الْقِيٰمَةِ وَزْنًا ﴿١٠٥﴾ ذٰلِكَ جَزَآؤُهُمْ
جَهَنَّمُ بِمَا كَفَرُوْا وَاتَّخَذُوْٓا اٰيٰتِيْ وَرُسُلِيْ هُزُوًا ﴿١٠٦﴾
اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ كَانَتْ لَهُمْ جَنّٰتُ
الْفِرْدَوْسِ نُزُلًا ﴿١٠٧﴾ خٰلِدِيْنَ فِيْهَا لَا يَبْغُوْنَ عَنْهَا
حِوَلًا ﴿١٠٨﴾ قُلْ لَّوْ كَانَ الْبَحْرُ مِدَادًا لِّكَلِمٰتِ رَبِّيْ لَنَفِدَ
الْبَحْرُ قَبْلَ اَنْ تَنْفَدَ كَلِمٰتُ رَبِّيْ وَلَوْ جِئْنَا بِمِثْلِهٖ
مَدَدًا ﴿١٠٩﴾ قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ يُوْحٰٓى اِلَيَّ اَنَّمَا
اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ فَمَنْ كَانَ يَرْجُوْا لِقَآءَ رَبِّهٖ فَلْيَعْمَلْ
عَمَلًا صَالِحًا وَّلَا يُشْرِكْ بِعِبَادَةِ رَبِّهٖٓ اَحَدًا ﴿١١٠﴾ ع

منزل ٤ ع ١٢ ٩

બધા જ કર્મો વ્યર્થ થઈ ગયા, કયામત (પુનર્જીવન)ના દિવસે અમે તેમને કોઈ વજન નહીં આપીએ.

૧૦૬. તેમનો બદલો જહન્નમ (નર્ક) છે તે કુફ્ર (ઇન્કાર)ના બદલામાં જે તેમણે આચર્યું અને તે મજાકના બદલામાં જે તેઓ મારી આયતો અને મારા રસૂલો (ઇશદૂતો) સાથે કરતા રહ્યા.

૧૦૭. અલબત્ત, તે લોકો જેઓ ઈમાન લાવ્યા અને જેમણે સદ્કાર્યો કર્યા, તેમના આતિથ્ય માટે ફિરદૌસ★ના બાગો હશે,

૧૦૮. જેમાં તેઓ હંમેશાં રહેશે. અને ક્યારેય તે જગ્યાએથી નીકળીને કયાંય જવાનું તેમને મન નહીં થાય.

૧૦૯. હે નબી ! કહો કે જો સમુદ્ર મારા રબની વાતો લખવા માટે શાહી બની જાય તો તે સમાપ્ત થઈ જાય, પણ મારા રબની વાતો સમાપ્ત ન થાય, બલ્કે આટલી જ શાહી અમે બીજી લઈ આવીએ તો તે પણ પૂરી ન પડે.

૧૧૦. હે નબી ! કહો કે હું તો એક મનુષ્ય છું તમારા જ જેવો, મારા તરફ વહી મોકલવામાં આવે છે કે તમારો અલ્લાહ બસ એક જ અલ્લાહ છે, તેથી જે કોઈ પોતાના રબ (પ્રભુ)ની મુલાકાતનો ઉમેદવાર હોય તેણે ભલાં કાર્યો કરવા જોઈએ અને બંદગીમાં પોતાના રબ સાથે કોઈ બીજાને ભાગીદાર ન બનાવવો જોઈએ. (રુકૂઅ-૧૨)

★ 'ફિરદૌસ' એ જન્નત માટે પ્રયોજાતો પ્રચલિત શબ્દ છે, જે મહદ્અંશે તમામ માનવીય ભાષાઓમાં જોવા મળે છે. સંસ્કૃતમાં પ્રદેશા, પ્રાચીન કલદાની ભાષામાં પ્રદેસા, પ્રાચીન ઇરાની-જિંદ ભાષામાં પેરીવાઇઝા, ઇબ્રાનીમાં પરદેસ, અરમનીમાં પરદીઝ, સુરયાનીમાં ફરદેસૂ, યૂનાનીમાં પારા દાઇસૂસ, લેટિનમાં પારા ડાઇસિસ અને અરબીમાં ફિરદૌસ. આ શબ્દ આ તમામ ભાષાઓમાં એક એવા બગીચા માટે બોલવામાં આવે છે, જેના ચોતરફ દીવાલ હોય, જે ફેલાયેલ હોય, માણસના રહેઠાણની જગ્યાથી મળતી આવતી હોય અને તેમાં દરેક પ્રકારના ફળ-ફૂલ, મુખ્ય રૂપે દ્રાક્ષ હોય. કુર્આનમાં આ વિભિન્ન બગીચાઓના સમૂહ માટે 'ફિરદૌસ' શબ્દ પ્રયુક્ત થાય છે. તેનાથી એવું લાગે છે કે ફિરદૌસ એક એવી જગ્યા છે, જેમાં ઘણા બગીચાઓ અને ઉદ્યાનો અને ફૂલવાડીઓ હોય.

(૧૯) મરયમ

પરિચય

નામ :

આ સૂરઃનું નામ આયત ''વઝ્કુર ફિલ્ કિતાબિ મરયમ''થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આનો ઉતરાણકાળ હબશાની હિજરત પહેલાંનો છે. આધારભૂત કથનો ઉપરથી જણાય છે કે મુસલમાન હિજરતીઓને જ્યારે નજ્જાશીના દરબારમાં બોલાવવામાં આવ્યા હતા, ત્યારે હઝરત જાફર (રદિ.)એ આ જ સૂરઃ ભર્યા દરબારમાં તિલાવત કરી (પઢી) હતી.

ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ :

(આ સૂરઃનું તે ગાળામાં અવતરણ થયું હતું) જ્યારે કુરૈશના સરદારો ઉપહાસ કરીને, પ્રલોભનો આપીને, ડરાવી-ધમકાવીને અને જૂઠા આરોપોનો પ્રચાર કરીને ઇસ્લામી આંદોલનને દબાવવામાં નિષ્ફળ થઈને અત્યાચાર, મારપીટ અને આર્થિક દબાણનાં શસ્ત્રોનો ઉપયોગ શરૂ કરવા લાગ્યા હતા. દરેક કબીલાના લોકોએ પોત-પોતાના કબીલાના નવમુસ્લિમોને હેરાન કરવા માંડ્યા અને જુદી-જુદી રીતે પજવીને તેમને ઇસ્લામ છોડવા માટે મજબૂર કરવાનો પ્રયત્ન કર્યો. આ સંદર્ભે ખાસ કરીને ગરીબો અને તે ગુલામો અને સેવકો, જેઓ કુરૈશના આધીન બનીને રહેતા હતા, અત્યંત ખરાબ રીતે પીડિત હતા. આ સ્થિતિ જ્યારે અસહ્ય બની ગઈ, તો હાથીવાળા પ્રસંગના ૪૫મા વર્ષે રજ્જબ માસ (૫ નબવી)માં પયગંબર સલ્લ.ની પરવાનગીથી (મોટાભાગના મુસલમાનો મક્કાથી હબશા) હિજરત કરી ગયા. પહેલાં અગિયાર પુરુષો અને ચાર મહિલાઓ હબશા જવા નીકળ્યા. કુરૈશના લોકોએ સમુદ્ર-તટ સુધી તેમનો પીછો કર્યો, પણ સદ્ભાગ્યે શુઐબહના બંદર પર તેમને હબશા જવા માટે સમયસર નૌકા મળી ગઈ અને તેઓ કેદ પકડાતાં બચી ગયા. ત્યારપછી અમુક મહિનાના અંદર થોડાંક બીજા લોકોએ હિજરત કરી, ત્યાં સુધી કે ૫૩ પુરુષો, ૧૧ મહિલાઓ અને ૭ બિનકુરૈશ મુસલમાનો હબશામાં એકત્ર થઈ ગયા અને મક્કામાં નબી (સલ્લ.) સાથે માત્ર ૪૦ માણસો રહી ગયા.

આ હિજરતથી મક્કાના દરેક ઘરમાં હાહાકાર મચી ગયો હતો, કેમ કે કુરૈશના નાના-મોટા કુટુંબમાંથી કોઈ એવું ન હતું જેનાં યુવાનો આ મુહાજિરોમાં સામેલ ન હોય. તેથી જ કોઈ ઘર એવું ન હતું જે આ ઘટનાથી પ્રભાવિત ન થયું હોય. કેટલાક લોકો આના કારણે ઇસ્લામ-વિરોધમાં પહેલાં કરતાં વધુ ઉગ્ર

બની ગયા અને કેટલાકના હૃદયો ઉપર આની એવી અસર થઈ કે તેઓ છેવટે મુસલમાન બની ગયા. હઝરત ઉમર (રદિ.)ના ઈસ્લામ-વિરોધ પર પહેલ-વહેલો ઘા આ જ બનાવથી લાગ્યો હતો.

આ હિજરત પછી કુરૈશના સરદારો ભેગા થયા અને તેમણે નક્કી કર્યું કે અબ્દુલ્લાહ બિન અબી રબીઆ (અબૂ જહલની માતાનો પુત્ર) અને અમ્ર બિન આસને ઘણી કીમતી ભેટ-સોગાદો લઈને હબશા મોકલવામાં આવે અને આ લોકો ગમે તેમ કરીને નજ્જાશીને એ વાત પર રાજી કર કે તે મુહાજિરોને મક્કા પાછા મોકલી આપે. આમ, કુરૈશના આ બંને નિષ્ણાંત રાજકારણી-એલચીઓ મુસલમાનોનો પીછો કરતાં હબશા પહોંચ્યા. પ્રથમ તેમણે નજ્જાશીના દરબારીઓને ખૂબ ભેટ-સોગાદો વહેંચીને બધાને પોતાના મિશનના સમર્થન માટે રાજી કરી લીધાં, પછી નજ્જાશીને મળ્યા અને તેને કીમતી ભેટો આપીને તે મુહાજિરોને પરત મોકલવા નિવેદન કર્યું, જેનું તેના દરબારીઓએ ભરપૂર સમર્થન કર્યું. પરંતુ નજ્જાશીએ ગુસ્સે થઈને કહ્યું કે "આવી રીતે તો હું તેમને સોંપીશ નહીં. જે લોકોએ બીજા દેશને છોડીને મારા દેશ પર ભરોસો કર્યો અને અહીં શરણ લેવા માટે આવ્યા, તેમનાથી હું વિશ્વાસઘાત કરી શકતો નથી. સૌપ્રથમ હું તેમને બોલાવીને તપાસ કરીશ કે આ લોકો તેમના વિષે જે કંઈ કહે છે તેની હકીકત શું છે." આમ નજ્જાશીએ અલ્લાહના રસૂલ (સલ્લ.)ના સાથીઓને પોતાના દરબારમાં તેડાવ્યા. નજ્જાશીનો સંદેશ મળતાં મુહાજિરો એકઠા થયા અને તેમણે પરસ્પર સલાહ-મસ્લતથી એક-સાથે મળીને નિર્ણય કર્યો કે નબી (સલ્લ.)એ જે શિક્ષા આપી છે, આપણે તો તે જ કંઈ પણ વધ-ઘટ કર્યા વિના સામે મૂકી દઈશું, ભલે નજ્જાશી આપણને રાખે કે કાઢી મૂકે. તેઓ દરબારમાં પહોંચ્યા તો નજ્જાશીએ પ્રશ્ન કરતાં હઝરત જાફર બિન અબી તાલિબ (રદિ.)એ તત્કાળ એક પ્રવચન કરતાં આરબોની અજ્ઞાનતાની સ્થિતિ, હુઝૂર (સલ્લ.)ને પયગંબર બનાવવું, ઈસ્લામની શિક્ષાઓ અને મુસલમાનો પર કુરૈશના અત્યાચારોને ખોલી-ખોલીને વર્ણવ્યા. નજ્જાશીએ આ પ્રવચન સાંભળીને કહ્યું કે જરા મને તે કલામ (વાણી) સંભળાવો, જે તમે કહો છો કે અલ્લાહ તરફથી તમારા નબી ઉપર અવતરિત થયેલ છે. હઝરત જાફરે (રદિ.)એ જવાબમાં સૂરઃ મરયમનો તે આરંભિક ભાગ સંભળાવ્યો જે હઝરત યાહ્યા અને હઝરત ઈસા (અલૈ.)થી સંબંધિત છે. નજ્જાશી તેને સાંભળતો રહ્યો અને રડતો રહ્યો, ત્યાં સુધી કે તેની દાઢી ભીંજાઈ ગઈ. જ્યારે હઝરત જાફર (રદિ.)એ તિલાવત (પઠન) પૂરી કરી તો તેણે કહ્યું, "નિઃસંદેહ આ વાણી અને જે કંઈ ઈસા (અલૈ.) લાવ્યા હતા બંને એક જ સ્રોતમાંથી નીકળ્યા છે. અલ્લાહના સોગંદ ! હું તમને આ લોકોને નહીં સોંપું."

બીજા દિવસે અમ્ર બિન આસે નજ્જાશીને કહ્યું, ''આ લોકોને બોલાવીને જરા એ તો પૂછો કે મરયમના પુત્ર ઈસા વિષે તેમની આસ્થા શું છે ? આ લોકો તેમના વિષે એક મોટી (ભયાનક) વાત કહે છે.'' નજ્જાશીએ ફરીવાર મુહાજિરોને બોલાવ્યા અને જ્યારે અમ્ર બિન આસ દ્વારા કરવામાં આવેલ પ્રશ્ન તેમના સામે દોહરાવ્યો તો જાફર બિન અબી તાલિબ (રદિ.)એ ઊભા થઈને નિઃસંકોચ કહ્યું કે, ''તેઓ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે અને તેના તરફથી એક રૂહ અને એક કલિમા (નિશાની) છે જે અલ્લાહે કુંવારી મરયમ પર નાખી.'' નજ્જાશીએ સાંભળીને એક તણખલું જમીન પરથી ઉપાડ્યું અને કહ્યું, ''અલ્લાહના સોગંદ ! જે કંઈ તમે કહ્યું, ઈસા તેનાથી આ તણખલા જેટલા પણ વધારે ન હતા.'' તે પછી નજ્જાશીએ કુરૈશની મોકલેલી બધી ભેટ-સોગાદો એમ કહીને પરત કરી દીધી કે હું લાંચ લેતો નથી અને મુહાજિરોને કહ્યું કે તમે નિશ્ચિંત બનીને રહો.

વિષય અને ચર્ચાઓ :

આ ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિને દષ્ટિ સમક્ષ રાખીને જ્યારે આપણે આ સૂરઃને જોઈએ છીએ તો તેમાં પ્રથમ વાત ઉભરીને આપણા સામે એ આવે છે કે જો કે મુસલમાનો જુલ્મના ભોગ બનીને શરણાર્થી જૂથના રૂપમાં પોતાનું વતન છોડીને બીજા દેશમાં જઈ રહ્યા હતા, તેમ છતાં આ સ્થિતિમાં પણ અલ્લાહે તેમને દીન (ધર્મ)ની બાબતમાં સહેજ પણ આળપંપાળ, ખુશામત, અહંભાવ સંતોષવાની કે મિથ્યાચારની તાલીમ ન આપી, બલ્કે જતી વખતે સફરના ભાથા તરીકે આ સૂરઃ તેમની સાથે કરી, જેથી ખ્રિસ્તીઓના દેશમાં ઈસા (અલૈ.)ની તદ્દન સાચી હેસિયત પ્રસ્તુત કરે અને તેમના અલ્લાહના પુત્ર હોવાનો સ્પષ્ટપણે ઇન્કાર કરી દે.

આયત ૧ થી ૪૦ સુધી હઝરત યાહ્યા અને ઈસાના પ્રસંગો સંભળાવ્યા પછી ફરી તેનાથી આગળની આયતોમાં પ્રવર્તમાન સંજોગોના સંદર્ભમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો પ્રસંગ સંભળાવવામાં આવ્યો છે, કેમ કે આવા જ સંજોગોમાં તેઓ પણ પોતાના પિતા અને પરિવાર અને દેશવાસીઓના અત્યાચારોથી તંગ આવીને વતનથી નીકળી પડ્યા હતા. આનાથી મક્કાના કાફિરો (અધર્મીઓ)ને એ બોધ આપવામાં આવ્યો છે કે આજે હિજરત કરનારા મુસલમાનો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની સ્થિતિમાં છે અને તમે લોકો તે જાલિમોની ભૂમિકામાં છો, જેમણે તેમને ઘરથી કાઢ્યા હતા. બીજી બાજુ મુહાજિરોને એ શુભસૂચના આપવામાં આવી છે કે જે રીતે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) વતનથી નીકળીને બરબાદ ન થયા, બલ્કે વધુ ઉન્નતિ પામ્યા, એવું જ શુભ પરિણામ તમારી પ્રતીક્ષા કરી રહ્યું છે.

આ પછી બીજા નબીઓ (ઈશદૂતો)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં એ દર્શાવવું અભિપ્રેત છે કે બધા જ નબીઓ તે જ દીન (ધર્મ) લઈને આવ્યા હતા, જે હઝરત મુહમ્મદ (સલ્લ.) લાવ્યા છે. પરંતુ નબીઓના ગયા પછી તેમના સમુદાયો બગડતા રહ્યા છે અને આજે જુદા-જુદા સમુદાયોમાં જે પથભ્રષ્ટતાઓ જોવા મળે છે, તે આ જ બગાડનું પરિણામ છે.

આયત ૬૭ થી અંત સુધી મક્કાના કાફિરો (ઇસ્લામના શત્રુઓ)ની પથભ્રષ્ટતાની કઠોર નિંદા કરવામાં આવી છે અને કલામ (વાણી)નું સમાપન કરતાં ઈમાનવાળાઓને ખુશખબર આપવામાં આવી છે કે સત્યના દુશ્મનોના બધાં જ પ્રયત્નો છતાં અંતે તમે જ લોકપ્રિય બનીને રહેશો.

اٰيَاتُهَا ٩٨ (١٩) سُوْرَةُ مَرْيَمَ مَكِّيَّةٌ (٤٤) رُكُوْعَاتُهَا ٦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

كٓهٰيٰعٓصٓ ۚ ﴿١﴾ ذِكْرُ رَحْمَتِ رَبِّكَ عَبْدَهٗ زَكَرِيَّا ۚ ﴿٢﴾
اِذْ نَادٰى رَبَّهٗ نِدَآءً خَفِيًّا ﴿٣﴾ قَالَ رَبِّ اِنِّىْ وَهَنَ
الْعَظْمُ مِنِّىْ وَاشْتَعَلَ الرَّاْسُ شَيْبًا وَّلَمْ اَكُنْۢ
بِدُعَآئِكَ رَبِّ شَقِيًّا ﴿٤﴾ وَاِنِّىْ خِفْتُ الْمَوَالِىَ مِنْ
وَّرَآءِىْ وَكَانَتِ امْرَاَتِىْ عَاقِرًا فَهَبْ لِىْ مِنْ لَّدُنْكَ
وَلِيًّا ۙ ﴿٥﴾ يَّرِثُنِىْ وَيَرِثُ مِنْ اٰلِ يَعْقُوْبَ ۖ وَاجْعَلْهُ رَبِّ
رَضِيًّا ﴿٦﴾ يٰزَكَرِيَّآ اِنَّا نُبَشِّرُكَ بِغُلٰمِ ۨ اسْمُهٗ يَحْيٰى ۙ لَمْ
نَجْعَلْ لَّهٗ مِنْ قَبْلُ سَمِيًّا ﴿٧﴾ قَالَ رَبِّ اَنّٰى يَكُوْنُ
لِىْ غُلٰمٌ وَّكَانَتِ امْرَاَتِىْ عَاقِرًا وَّقَدْ بَلَغْتُ مِنَ
الْكِبَرِ عِتِيًّا ﴿٨﴾ قَالَ كَذٰلِكَ ۚ قَالَ رَبُّكَ هُوَ عَلَىَّ
هَيِّنٌ وَّقَدْ خَلَقْتُكَ مِنْ قَبْلُ وَلَمْ تَكُ شَيْـًٔا ﴿٩﴾ قَالَ
رَبِّ اجْعَلْ لِّىْۤ اٰيَةً ؕ قَالَ اٰيَتُكَ اَلَّا تُكَلِّمَ النَّاسَ
ثَلٰثَ لَيَالٍ سَوِيًّا ﴿١٠﴾ فَخَرَجَ عَلٰى قَوْمِهٖ مِنَ الْمِحْرَابِ
فَاَوْحٰۤى اِلَيْهِمْ اَنْ سَبِّحُوْا بُكْرَةً وَّعَشِيًّا ﴿١١﴾ يٰيَحْيٰى خُذِ
الْكِتٰبَ بِقُوَّةٍ ؕ وَاٰتَيْنٰهُ الْحُكْمَ صَبِيًّا ۙ ﴿١٢﴾ وَّحَنَانًا مِّنْ لَّدُنَّا
وَزَكٰوةً ؕ وَكَانَ تَقِيًّا ۙ ﴿١٣﴾ وَّبَرًّۢا بِوَالِدَيْهِ وَلَمْ يَكُنْ جَبَّارًا
عَصِيًّا ﴿١٤﴾ وَسَلٰمٌ عَلَيْهِ يَوْمَ وُلِدَ وَيَوْمَ يَمُوْتُ وَيَوْمَ

(૧૯) સૂરઃ મરયમ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૬ • આયતો : ૯૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. કાફ-હા-યા-ઐન-સાદ,

૨-૩. વર્ણન છે તે કૃપાનું જે તારા રબે (માલિક અને પાલનહારે) પોતાના બંદા ઝકરિય્યા પર કરી હતી, જ્યારે તેણે પોતાના રબને ચુપચાપ પોકાર્યો.

૪. તેણે નિવેદન કર્યું, ''હે પાલનહાર ! મારા હાડકાં સુધ્ધાં ક્ષીણ થઈ ગયાં છે અને માથું વૃદ્ધત્વથી સફેદ થઈ ગયું છે. હે પાલનહાર ! હું ક્યારેય તારા પાસે દુઆ માગીને નિરાશ નથી થયો.

૫. મને મારા પાછળ મારા ભાઈ-બંધુઓની બૂરાઈઓનો ડર છે, અને મારી પત્ની વાંઝણી છે.

૬. તું મને પોતાની વિશિષ્ટ કૃપાથી એક ઉત્તરાધિકારી પ્રદાન કરી દે, જે મારો વારસ પણ હોય અને યાકૂબના ખાનદાનનો વારસો પણ મેળવે. અને હે પાલનહાર ! તેને એક પસંદગીપાત્ર મનુષ્ય બનાવ.''

૭. (જવાબ આપવામાં આવ્યો) ''હે ઝકરિય્યા ! અમે તને એક પુત્રની ખુશખબર આપીએ છીએ જેનું નામ યાહ્યા હશે. અમે આ નામનો કોઈ માણસ આ પહેલા પેદા કર્યો નથી.''

૮. કહ્યું, ''પાલનહાર ! મારે ત્યાં કેવી રીતે પુત્ર થશે જ્યારે મારી પત્ની વાંઝણી છે અને હું વૃદ્ધ થઈને દુર્બળ થઈ ગયો છું ?''

૯. જવાબ મળ્યો, ''આવું જ થશે. તારો રબ ફરમાવે છે કે આ તો મારા માટે નાની-સરખી વાત છે. આ પહેલાં તો હું તને પેદા કરી ચૂક્યો છું જ્યારે તું કંઈ જ ન હતો.''

૧૦-૧૧. ઝકરિય્યાએ કહ્યું, ''પાલનહાર ! મારા માટે કોઈ નિશાની નિશ્ચિત કરી દે.'' ફરમાવ્યું, ''તારા માટે નિશાની એ છે કે તું સતત ત્રણ દિવસ લોકો સાથે વાત નહીં કરી શકે.'' એટલે તે મેહરાબ (ઓરડા)માંથી નીકળીને પોતાની કોમના સામે આવ્યો અને તેણે ઇશારાથી તેમને સૂચના આપી કે સવાર-સાંજ તસ્બીહ (પવિત્રતાનો જાપ) કરો.

૧૨-૧૩. ''હે યાહ્યા ! અલ્લાહના ગ્રંથને મજબૂતીપૂર્વક પકડી લે.'' અમે તેને બાળપણમાં જ 'હુકમ'થી★ નવાજ્યો, અને પોતાના તરફથી તેને નમ્રતા અને પવિત્રતા પ્રદાન કરી અને તે ખૂબ સંયમી

૧૪. અને પોતાના માતા-પિતાના હક્કોને ઓળખવાવાળો હતો, તે ઉદંડ ન હતો અને ન અવજ્ઞાકારી.

★ 'હુકમ' એટલે નિર્ણય કરવાની શક્તિ, સાચો ફેંસલો કરવાનું સામર્થ્ય, ધર્મની ઊંડી સમજ-બૂઝ, મામલાઓમાં સાચો અભિપ્રાય નિર્ધારિત કરવાની ક્ષમતા અને અલ્લાહ તરફથી મામલાઓમાં ફેંસલો આપવાનો અધિકાર.

يُبْعَثُ حَيًّا ﴿١٥﴾ وَاذْكُرْ فِي الْكِتٰبِ مَرْيَمَ ۘ اِذِ انْتَبَذَتْ وقف لازم ع ١٥
مِنْ اَهْلِهَا مَكَانًا شَرْقِيًّا ﴿١٦﴾ لا فَاتَّخَذَتْ مِنْ دُوْنِهِمْ
حِجَابًا ۫ فَاَرْسَلْنَآ اِلَيْهَا رُوْحَنَا فَتَمَثَّلَ لَهَا بَشَرًا
سَوِيًّا ﴿١٧﴾ قَالَتْ اِنِّيْٓ اَعُوْذُ بِالرَّحْمٰنِ مِنْكَ اِنْ كُنْتَ
تَقِيًّا ﴿١٨﴾ قَالَ اِنَّمَآ اَنَا رَسُوْلُ رَبِّكِ ۖ لِاَهَبَ لَكِ غُلٰمًا
زَكِيًّا ﴿١٩﴾ قَالَتْ اَنّٰى يَكُوْنُ لِيْ غُلٰمٌ وَّلَمْ يَمْسَسْنِيْ بَشَرٌ وَّلَمْ
اَكُ بَغِيًّا ﴿٢٠﴾ قَالَ كَذٰلِكِ ۚ قَالَ رَبُّكِ هُوَ عَلَيَّ هَيِّنٌ ۚ الربع
وَلِنَجْعَلَهٗٓ اٰيَةً لِّلنَّاسِ وَرَحْمَةً مِّنَّا ۚ وَكَانَ اَمْرًا
مَّقْضِيًّا ﴿٢١﴾ فَحَمَلَتْهُ فَانْتَبَذَتْ بِهٖ مَكَانًا قَصِيًّا ﴿٢٢﴾
فَاَجَآءَهَا الْمَخَاضُ اِلٰى جِذْعِ النَّخْلَةِ ۚ قَالَتْ يٰلَيْتَنِيْ
مِتُّ قَبْلَ هٰذَا وَكُنْتُ نَسْيًا مَّنْسِيًّا ﴿٢٣﴾ فَنَادٰىهَا مِنْ
تَحْتِهَآ اَلَّا تَحْزَنِيْ قَدْ جَعَلَ رَبُّكِ تَحْتَكِ سَرِيًّا ﴿٢٤﴾ وَ
هُزِّيْٓ اِلَيْكِ بِجِذْعِ النَّخْلَةِ تُسٰقِطْ عَلَيْكِ رُطَبًا
جَنِيًّا ﴿٢٥﴾ فَكُلِيْ وَاشْرَبِيْ وَقَرِّيْ عَيْنًا ۚ فَاِمَّا تَرَيِنَّ مِنَ
الْبَشَرِ اَحَدًا ۙ فَقُوْلِيْٓ اِنِّيْ نَذَرْتُ لِلرَّحْمٰنِ صَوْمًا فَلَنْ
اُكَلِّمَ الْيَوْمَ اِنْسِيًّا ﴿٢٦﴾ فَاَتَتْ بِهٖ قَوْمَهَا تَحْمِلُهٗ ؕ قَالُوْا
يٰمَرْيَمُ لَقَدْ جِئْتِ شَيْئًا فَرِيًّا ﴿٢٧﴾ يٰٓاُخْتَ هٰرُوْنَ مَا كَانَ
اَبُوْكِ امْرَاَ سَوْءٍ وَّمَا كَانَتْ اُمُّكِ بَغِيًّا ﴿٢٨﴾ فَاَشَارَتْ
اِلَيْهِ ؕ قَالُوْا كَيْفَ نُكَلِّمُ مَنْ كَانَ فِي الْمَهْدِ صَبِيًّا ﴿٢٩﴾ قَالَ منزل ٤

૧૫. સલામ તેના ઉપર જે દિવસે કે તે જન્મ્યો અને જે દિવસે તે મૃત્યુ પામે અને જે દિવસે તેને જીવતો કરીને ઉઠાવવામાં આવે. (રુકૂઅ-૧)
૧૬. અને હે નબી ! આ ગ્રંથમાં મરયમની હાલત વર્ણવો, જ્યારે તે પોતાના લોકોથી અલગ થઈને પૂર્વની તરફ ખૂણો પકડીને બેસી હતી
૧૭. અને પડદો નાખીને તેમનાથી છૂપાઈ બેસી હતી. આ હાલતમાં અમે તેના પાસે પોતાની રૂહને (અર્થાત્ ફરિશ્તાને) મોકલ્યો અને તે તેના સામે એક સંપૂર્ણ મનુષ્યના રૂપમાં પ્રગટ થઈ ગયો.
૧૮. મરયમ એકાએક બોલી ઉઠી કે, ''જો તું અલ્લાહનો ડર રાખનાર કોઈ માણસ હોય તો હું તારાથી દયાળુ અલ્લાહનું શરણ માગું છું''
૧૯. તેણે કહ્યું, ''હું તો તારા રબ (પ્રભુ)નો મોકલેલો છું અને એટલા માટે મોકલવામાં આવ્યો છું કે તને એક પવિત્ર છોકરો આપું.''
૨૦. મરયમે કહ્યું, ''મારે ત્યાં છોકરો કેવી રીતે થશે, જ્યારે કે મને કોઈ મનુષ્યએ સ્પર્શ સુધ્ધાં કર્યો નથી અને હું કોઈ કુકર્મી સ્ત્રી નથી.''
૨૧. ફરિશ્તાએ કહ્યું, ''આમ જ થશે, તારો રબ ફરમાવે છે કે મારા માટે આવું કરવું ખૂબ સરળ છે અને અમે આ એટલા માટે કરીશું કે તે છોકરાને લોકો માટે એક નિશાની બનાવીએ અને પોતાના તરફથી એક કૃપા, અને આ કામ થઈને રહેવાનું છે.''
૨૨. મરયમને તે બાળકનો ગર્ભ રહી ગયો અને તે એ ગર્ભને લઈને એક દૂરના સ્થળે ચાલી ગઈ.
૨૩. પછી પ્રસૂતિની પીડાએ તેને એક ખજૂરના વૃક્ષ નીચે પહોંચાડી દીધી. તે કહેવા લાગી, ''કદાચ, હું એ પહેલાં જ મરી જતી અને મારું નામ-નિશાન ન રહેતું.''
૨૪-૨૫. ફરિશ્તાઓએ પંગાતથી તેને પોકારીને કહ્યું, ''દુઃખી ન થા, તારા રબે તારા નીચે એક ઝરણું વહેવડાવી દીધું છે અને તું સહેજ આ વૃક્ષના થડને હલાવ, તારા ઉપર તાજી ખજૂરો ટપકી પડશે.
૨૬. પછી તું ખા અને પી અને પોતાની આંખો ઠંડી કર. પછી જો કોઈ મનુષ્ય તને દેખાય તો તેને કહી દે કે મેં રહમાન (પરમ્ કૃપાળુ અલ્લાહ) માટે રોઝા (ઉપવાસ)ની માનતા રાખી છે, આથી આજે હું કોઈના સાથે નહીં બોલું.''
૨૭. પછી તે આ બાળકને લઈને પોતાની કોમમાં આવી. લોકો કહેવા લાગ્યા, ''હે મરયમ ! આ તો તેં ઘોર પાપ કરી નાખ્યું.
૨૮. હે હારૂનની બહેન ! ન તારો બાપ કોઈ ખરાબ માણસ હતો, અને ન તારી માતા જ દુરાચારી સ્ત્રી હતી.''
૨૯. મરયમે બાળક તરફ ઈશારો કરી દીધો. લોકોએ કહ્યું, ''અમે આનાથી શું વાત કરીએ જે પારણામાં પડેલું એક બાળક છે ?''

اِنِّيْ عَبْدُ اللّٰهِ ۛ اٰتٰنِيَ الْكِتٰبَ وَجَعَلَنِيْ نَبِيًّا ﴿٣٠﴾ وَّجَعَلَنِيْ
مُبٰرَكًا اَيْنَ مَا كُنْتُ ۪ وَاَوْصٰنِيْ بِالصَّلٰوةِ وَالزَّكٰوةِ
مَا دُمْتُ حَيًّا ﴿٣١﴾ وَّبَرًّا بِوَالِدَتِيْ ۫ وَلَمْ يَجْعَلْنِيْ جَبَّارًا
شَقِيًّا ﴿٣٢﴾ وَالسَّلٰمُ عَلَيَّ يَوْمَ وُلِدْتُّ وَيَوْمَ اَمُوْتُ وَ
يَوْمَ اُبْعَثُ حَيًّا ﴿٣٣﴾ ذٰلِكَ عِيْسَى ابْنُ مَرْيَمَ ۚ قَوْلَ الْحَقِّ
الَّذِيْ فِيْهِ يَمْتَرُوْنَ ﴿٣٤﴾ مَا كَانَ لِلّٰهِ اَنْ يَّتَّخِذَ مِنْ
وَّلَدٍ ۙ سُبْحٰنَهٗ ؕ اِذَا قَضٰٓى اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ
فَيَكُوْنُ ﴿٣٥﴾ وَاِنَّ اللّٰهَ رَبِّيْ وَرَبُّكُمْ فَاعْبُدُوْهُ ؕ هٰذَا
صِرَاطٌ مُّسْتَقِيْمٌ ﴿٣٦﴾ فَاخْتَلَفَ الْاَحْزَابُ مِنْۢ بَيْنِهِمْ ۚ
فَوَيْلٌ لِّلَّذِيْنَ كَفَرُوْا مِنْ مَّشْهَدِ يَوْمٍ عَظِيْمٍ ﴿٣٧﴾ اَسْمِعْ
بِهِمْ وَاَبْصِرْ ۙ يَوْمَ يَاْتُوْنَنَا لٰكِنِ الظّٰلِمُوْنَ الْيَوْمَ فِيْ
ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٣٨﴾ وَاَنْذِرْهُمْ يَوْمَ الْحَسْرَةِ اِذْ قُضِيَ
وقف لازم الْاَمْرُ ۘ وَهُمْ فِيْ غَفْلَةٍ وَّهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿٣٩﴾ اِنَّا نَحْنُ
ع ٥ نَرِثُ الْاَرْضَ وَمَنْ عَلَيْهَا وَاِلَيْنَا يُرْجَعُوْنَ ﴿٤٠﴾ ع وَاذْكُرْ
فِي الْكِتٰبِ اِبْرٰهِيْمَ ۬ؕ اِنَّهٗ كَانَ صِدِّيْقًا نَّبِيًّا ﴿٤١﴾ اِذْ
قَالَ لِاَبِيْهِ يٰٓاَبَتِ لِمَ تَعْبُدُ مَا لَا يَسْمَعُ وَلَا يُبْصِرُ
وَلَا يُغْنِيْ عَنْكَ شَيْـًٔا ﴿٤٢﴾ يٰٓاَبَتِ اِنِّيْ قَدْ جَآءَنِيْ مِنَ
الْعِلْمِ مَا لَمْ يَاْتِكَ فَاتَّبِعْنِيْٓ اَهْدِكَ صِرَاطًا سَوِيًّا ﴿٤٣﴾
منزل ٤ يٰٓاَبَتِ لَا تَعْبُدِ الشَّيْطٰنَ ؕ اِنَّ الشَّيْطٰنَ كَانَ لِلرَّحْمٰنِ

૩૦. બાળક બોલી ઉઠ્યો, ''હું અલ્લાહનો બંદો છું. તેણે મને ગ્રંથ આપ્યો અને નબી (પયગંબર) બનાવ્યો
૩૧. અને બરકતવાળો બનાવ્યો જ્યાં પણ હું રહું, અને નમાઝ અને ઝકાતની પાબંદીનો હુકમ આપ્યો જ્યાં સુધી હું જીવતો રહું
૩૨. અને પોતાની માતાના હક્ક અદા કરનાર બનાવ્યો, અને મને ઉદ્દંડ અને દુર્ભાગી નથી બનાવ્યો.
૩૩. સલામ છે મારા પર જ્યારે કે હું જન્મ્યો અને જ્યારે કે હું મૃત્યુ પામું અને જ્યારે કે જીવતો કરીને ઉઠાડવામાં આવું.''
૩૪. આ છે મરયમનો પુત્ર ઈસા અને આ છે તેના વિષેની તે સાચી વાત જેમાં લોકો સંદેહ કરી રહ્યા છે.
૩૫. અલ્લાહનું આ કામ નથી કે કોઈને પુત્ર બનાવે. તે પવિત્ર હસ્તી છે. તે જ્યારે કોઈ વાતનો નિર્ણય કરે છે ત્યારે કહે છે કે 'થઈ જા' અને બસ, તે થઈ જાય છે.
૩૬. (અને ઈસાએ કહ્યું હતું કે) ''અલ્લાહ મારો રબ (પ્રભુ) પણ છે અને તમારો રબ પણ, તો તમે તેની જ ઉપાસના કરો, આ જ સીધો માર્ગ છે.''
૩૭. પરંતુ પછી જુદા-જુદા જૂથો પરસ્પર મતભેદ કરવા લાગ્યા, તેથી જે લોકોએ કુફ્ર (ઇન્કાર) કર્યું તેમના માટે તે સમય ભારે બરબાદીનો હશે જ્યારે તેઓ એક મોટો દિવસ જોશે.
૩૮. જ્યારે તેઓ અમારા સમક્ષ હાજર થશે, તે દિવસે તો તેમના કાન પણ બરાબર સાંભળી રહ્યા હશે અને તેમની આંખો પણ બરાબર જોતી હશે, પરંતુ આજે આ અત્યાચારીઓ ખુલ્લી પથભ્રષ્ટતામાં પડેલા છે.
૩૯. હે નબી ! આ હાલતમાં જ્યારે આ લોકો ગાફેલ છે અને ઈમાન નથી લાવી રહ્યા, એમને તે દિવસથી ડરાવી દો જ્યારે કે ફેંસલો કરી દેવામાં આવશે અને પસ્તાવા સિવાય કોઈ ઉપાય નહીં હોય.
૪૦. અંતે તો અમે જ ધરતી અને તેની સમગ્ર વસ્તુઓના વારસ થઈશું અને બધાં અમારા તરફ જ પાછા ફેરવવામાં આવશે. (રુકૂઅ-૨)
૪૧. અને આ ગ્રંથમાં ઈબ્રાહીમનો પ્રસંગ વર્ણવો, નિઃશંક તે એક સત્યનિષ્ઠ મનુષ્ય અને એક પયગંબર હતો.
૪૨. (આમને જરા તે પ્રસંગની યાદ અપાવો) જ્યારે તેણે પોતાના પિતાને કહ્યું કે, ''પિતાજી ! તમે શા માટે તે વસ્તુઓની પૂજા કરો છો જે ન સાંભળે છે, ન જુએ છે અને ન તમારું કોઈ કામ પાર પાડી શકે છે ?
૪૩. પિતાજી ! મારા પાસે એક એવું જ્ઞાન આવ્યું છે જે તમારા પાસે નથી આવ્યું, તમે મારા પાછળ ચાલો, હું આપને સીધો માર્ગ બતાવીશ.
૪૪. પિતાજી ! તમે શેતાનની ઉપાસના ન કરો. શેતાન તો રહમાન (કૃપાળુ અલ્લાહ)નો અવજ્ઞાકારી છે.

عَصِيًّا ۝٤٤ يٰۤاَبَتِ اِنِّيْۤ اَخَافُ اَنْ يَّمَسَّكَ عَذَابٌ مِّنَ
الرَّحْمٰنِ فَتَكُوْنَ لِلشَّيْطٰنِ وَلِيًّا ۝٤٥ قَالَ اَرَاغِبٌ اَنْتَ
عَنْ اٰلِهَتِيْ يٰۤاِبْرٰهِيْمُ ۚ لَئِنْ لَّمْ تَنْتَهِ لَاَرْجُمَنَّكَ
وَاهْجُرْنِيْ مَلِيًّا ۝٤٦ قَالَ سَلٰمٌ عَلَيْكَ ۚ سَاَسْتَغْفِرُ لَكَ رَبِّيْ ؕ
اِنَّهٗ كَانَ بِيْ حَفِيًّا ۝٤٧ وَاَعْتَزِلُكُمْ وَمَا تَدْعُوْنَ مِنْ دُوْنِ
اللّٰهِ وَاَدْعُوْا رَبِّيْ ۖۗ عَسٰۤى اَلَّاۤ اَكُوْنَ بِدُعَآءِ رَبِّيْ
شَقِيًّا ۝٤٨ فَلَمَّا اعْتَزَلَهُمْ وَمَا يَعْبُدُوْنَ مِنْ دُوْنِ
اللّٰهِ ۙ وَهَبْنَا لَهٗۤ اِسْحٰقَ وَيَعْقُوْبَ ؕ وَكُلًّا جَعَلْنَا نَبِيًّا ۝٤٩
وَوَهَبْنَا لَهُمْ مِّنْ رَّحْمَتِنَا وَجَعَلْنَا لَهُمْ لِسَانَ
صِدْقٍ عَلِيًّا ۝٥٠ ع وَاذْكُرْ فِي الْكِتٰبِ مُوْسٰۤى ۫ اِنَّهٗ كَانَ
مُخْلَصًا وَّكَانَ رَسُوْلًا نَّبِيًّا ۝٥١ وَنَادَيْنٰهُ مِنْ جَانِبِ
الطُّوْرِ الْاَيْمَنِ وَقَرَّبْنٰهُ نَجِيًّا ۝٥٢ وَوَهَبْنَا لَهٗ مِنْ
رَّحْمَتِنَاۤ اَخَاهُ هٰرُوْنَ نَبِيًّا ۝٥٣ وَاذْكُرْ فِي الْكِتٰبِ اِسْمٰعِيْلَ ۫
اِنَّهٗ كَانَ صَادِقَ الْوَعْدِ وَكَانَ رَسُوْلًا نَّبِيًّا ۝٥٤ ۚ وَكَانَ
يَاْمُرُ اَهْلَهٗ بِالصَّلٰوةِ وَالزَّكٰوةِ ۪ وَكَانَ عِنْدَ رَبِّهٖ
مَرْضِيًّا ۝٥٥ وَاذْكُرْ فِي الْكِتٰبِ اِدْرِيْسَ ۫ اِنَّهٗ كَانَ
صِدِّيْقًا نَّبِيًّا ۝٥٦ ۙ وَّرَفَعْنٰهُ مَكَانًا عَلِيًّا ۝٥٧ اُولٰٓئِكَ الَّذِيْنَ
اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ مِنْ ذُرِّيَّةِ اٰدَمَ ۗ وَ
مِمَّنْ حَمَلْنَا مَعَ نُوْحٍ ۫ وَّمِنْ ذُرِّيَّةِ اِبْرٰهِيْمَ وَ

૪૫. પિતાજી ! મને ડર છે કે ક્યાંક તમે રહમાનની યાતનામાં સપડાઈ ન જાઓ અને શેતાનના સાથી બનીને રહો.''

૪૬. પિતાએ કહ્યું, ''ઈબ્રાહીમ ! શું તું મારા ઉપાસ્યોથી વિમુખ થઈ ગયો છે? જો તું આમ કરવાનું નહીં છોડે તો હું તને પથ્થરોથી મારી નાખીશ.

૪૭. બસ તું હંમેશ માટે મારાથી અલગ થઈ જા.'' ઈબ્રાહીમે કહ્યું, ''સલામ તમને, હું મારા રબ (પ્રભુ)ને દુઆ કરીશ કે તમને માફ કરી દે, મારો રબ મારા ઉપર ઘણો જ મહેરબાન છે.

૪૮. હું આપ લોકોને પણ છોડું છું અને તે હસ્તીઓને પણ, જેમને તમે લોકો અલ્લાહને છોડીને પોકારો છો. હું તો પોતાના રબને જ પોકારીશ, આશા છે કે હું પોતાના રબને પોકારીને નિષ્ફળ નહીં રહું.''

૪૯. પછી જ્યારે તે એ લોકોથી અને અલ્લાહ સિવાયના ઉપાસ્યોથી અલગ થઈ ગયો તો અમે તેને ઈસ્હાક અને યાકૂબ જેવી સંતાન આપી અને દરેકને પયગંબર બનાવ્યો

૫૦. અને તેમને પોતાની કૃપા પ્રદાન કરી અને તેમને સાચી ખ્યાતિ પ્રદાન કરી. (રુકૂઅ-૩)

૫૧. અને આ ગ્રંથમાં મૂસાનું વર્ણન કરો. તે એક ચુનંદો મનુષ્ય હતો અને રસૂલ નબી★ હતો.

૫૨. અમે તેને તૂર (પહાડ)ની જમણી બાજુથી બોલાવ્યો અને રહસ્યની વાતોથી તેને સામિપ્ય પ્રદાન કર્યું.

૫૩. અને પોતાની કૃપાથી તેના ભાઈ હારૂનને નબી બનાવીને તેને (સહાયક તરીકે) આપ્યો.

૫૪. અને આ ગ્રંથમાં ઈસ્માઈલનું વર્ણન કરો. તે વચનનો સાચો હતો અને રસૂલ નબી હતો.

૫૫. તે પોતાના કુટુંબીજનોને નમાઝ અને ઝકાતની આજ્ઞા કરતો હતો અને પોતાના રબની નજીક એક પસંદગી પામેલો મનુષ્ય હતો.

૫૬. અને આ ગ્રંથમાં ઈદ્રીસનું વર્ણન કરો. તે એક સત્યનિષ્ઠ મનુષ્ય અને એક નબી હતો

૫૭. અને અમે તેને ઉચ્ચ સ્થાને ઉઠાવ્યો હતો.

૫૮. આ તે પયગંબરો છે જેમને અલ્લાહે ઈનામથી નવાજ્યા આદમની સંતાનમાંથી, અને તે લોકોના વંશમાંથી જેમને અમે નૂહના સાથે હોડીમાં સવાર કર્યા હતા, અને ઈબ્રાહીમના વંશમાંથી અને

★ ઉચ્ચ પદાધિકારી પયગંબર અથવા અલ્લાહ તરફથી ખબર આપનાર કે ઈશમાર્ગ બતાવનાર પયગંબર.

إِسْرَآءِيلَ ۫ وَمِمَّنْ هَدَيْنَا وَاجْتَبَيْنَا ؕ إِذَا تُتْلٰى
السّجدة ٥ عَلَيْهِمْ اٰيٰتُ الرَّحْمٰنِ خَرُّوْا سُجَّدًا وَّبُكِيًّا ۩ ٥٨ فَخَلَفَ
مِنْۢ بَعْدِهِمْ خَلْفٌ اَضَاعُوا الصَّلٰوةَ وَاتَّبَعُوا
الشَّهَوٰتِ فَسَوْفَ يَلْقَوْنَ غَيًّا ٥٩ ۙ اِلَّا مَنْ تَابَ وَاٰمَنَ
وَعَمِلَ صَالِحًا فَاُولٰٓئِكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ وَلَا يُظْلَمُوْنَ
شَيْـًٔا ٦٠ ۙ جَنّٰتِ عَدْنِ ِۨ الَّتِيْ وَعَدَ الرَّحْمٰنُ عِبَادَهٗ بِالْغَيْبِ ؕ
اِنَّهٗ كَانَ وَعْدُهٗ مَاْتِيًّا ٦١ لَا يَسْمَعُوْنَ فِيْهَا لَغْوًا اِلَّا
سَلٰمًا ؕ وَلَهُمْ رِزْقُهُمْ فِيْهَا بُكْرَةً وَّعَشِيًّا ٦٢ تِلْكَ
الْجَنَّةُ الَّتِيْ نُوْرِثُ مِنْ عِبَادِنَا مَنْ كَانَ تَقِيًّا ٦٣
وَمَا نَتَنَزَّلُ اِلَّا بِاَمْرِ رَبِّكَ ۚ لَهٗ مَا بَيْنَ اَيْدِيْنَا وَمَا
خَلْفَنَا وَمَا بَيْنَ ذٰلِكَ ۚ وَمَا كَانَ رَبُّكَ نَسِيًّا ٦٤ ۚ رَبُّ
السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا فَاعْبُدْهُ وَاصْطَبِرْ
ع ٥ لِعِبَادَتِهٖ ؕ هَلْ تَعْلَمُ لَهٗ سَمِيًّا ٦٥ وَيَقُوْلُ الْاِنْسَانُ
ءَاِذَا مَا مِتُّ لَسَوْفَ اُخْرَجُ حَيًّا ٦٦ اَوَلَا يَذْكُرُ الْاِنْسَانُ
اَنَّا خَلَقْنٰهُ مِنْ قَبْلُ وَلَمْ يَكُ شَيْـًٔا ٦٧ فَوَرَبِّكَ
لَنَحْشُرَنَّهُمْ وَالشَّيٰطِيْنَ ثُمَّ لَنُحْضِرَنَّهُمْ حَوْلَ جَهَنَّمَ
جِثِيًّا ٦٨ ۚ ثُمَّ لَنَنْزِعَنَّ مِنْ كُلِّ شِيْعَةٍ اَيُّهُمْ اَشَدُّ عَلَى
الرَّحْمٰنِ عِتِيًّا ٦٩ ۚ ثُمَّ لَنَحْنُ اَعْلَمُ بِالَّذِيْنَ هُمْ اَوْلٰى بِهَا
منزل ٤ صِلِيًّا ٧٠ وَاِنْ مِّنْكُمْ اِلَّا وَارِدُهَا ۚ كَانَ عَلٰى رَبِّكَ حَتْمًا

ઇસરાઈલના વંશમાંથી, અને આ તે લોકોમાંથી હતા જેમને અમે માર્ગદર્શન પ્રદાન કર્યું અને ચૂંટી લીધા. તેમની સ્થિતિ એવી હતી કે જ્યારે રહમાન (કૃપાળુ અલ્લાહ)ની આયતો તેમને સંભળાવવામાં આવતી તો રડતાં-રડતાં સિજદામાં પડી જતાં હતા.

૫૯. ત્યારબાદ તેમના પછી તે બગડેલાં અને પતિત લોકો તેમના ઉત્તરાધિકારી થયા જેમણે નમાઝને બરબાદ કરી નાખી અને મનેચ્છાઓના પાછળ ચાલ્યા, તેથી હવે નજીક છે કે તેઓ ભટકવાનું પરિણામ ભોગવે,

૬૦. અલબત્ત જેઓ તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) કરી લે અને ઈમાન લઈ આવે અને સદાચાર અપનાવે, તેઓ જન્નત (સ્વર્ગ)માં દાખલ થશે અને રજભાર પણ તેમનો હક્ક માર્યો નહીં જાય.

૬૧. તેમના માટે હંમેશા રહેનારી જન્નતો છે જેમનો રહમાને પોતાના બંદાઓ સાથે પરોક્ષ વાયદો કરેલો છે અને નિશ્ચિત રૂપે આ વાયદો પૂરો થઈને જ રહેવાનો છે.

૬૨. ત્યાં તેઓ કોઈ બેહૂદી વાત નહીં સાંભળે, જે કંઈ સાંભળશે તે સારું જ સાંભળશે અને તેમની રોજી તેમને બરાબર સવાર-સાંજ મળતી રહેશે.

૬૩. આ છે તે જન્નત જેનો વારસ અમે પોતાના બંદાઓમાંથી તેને બનાવીશું, જે સંયમી બનીને રહ્યો છે.

૬૪. હે પયગંબર ! અમે તમારા રબની આજ્ઞા વિના ઉતરતા નથી. જે કંઈ અમારા આગળ છે અને જે કંઈ પાછળ છે અને જે કંઈ તેના વચ્ચે છે, દરેક વસ્તુનો માલિક તે જ છે, અને તમારો રબ ભૂલવાવાળો નથી.

૬૫. તે રબ છે આકાશોનો અને ધરતીનો અને તે તમામ વસ્તુઓનો જે આકાશો અને ધરતીના વચ્ચે છે, તેથી તમે તેની બંદગી કરો અને તેની જ બંદગી પર દૃઢ રહો. શું છે કોઈ હસ્તી તમારી જાણમાં તેની સમોવડી? (રૂકૂઅ-૪)

૬૬. મનુષ્ય કહે છે કે શું વાસ્તવમાં જ્યારે હું મરી ગયો હોઈશ તો ફરીથી જીવતો કરીને કાઢી લાવવામાં આવીશ ?

૬૭. શું મનુષ્યને યાદ નથી આવતું કે અમે અગાઉ તેને પેદા કરી ચૂક્યા છીએ, જ્યારે તે કંઈ જ ન હતો ?

૬૮. તારા રબના સોગંદ ! અમે અવશ્ય આ બધાને અને તેમના સાથે શેતાનોને પણ ઘેરી લાવીશું, પછી જહન્નમના ફરતે તેમને ઘૂંટણીએ પાડી દઈશું.

૬૯. પછી પ્રત્યેક જૂથમાંથી દરેક તે માણસને જુદો કાઢી લઈશું જે રહમાનના સામે વધુ વિદ્રોહી બનેલો હતો.

૭૦. પછી અમે એ જાણીએ છીએ કે તેમનામાંથી કોણ જહન્નમમાં ઝોકી દેવાને સૌથી વધુ પાત્ર છે,

૭૧. તમારામાંથી કોઈ એવો નથી જેને જહન્નમ ઉપર પહોંચવાનું ન હોય. આ

مَّقْضِيًّا ﴿٧١﴾ ثُمَّ نُنَجِّي الَّذِيْنَ اتَّقَوْا وَّنَذَرُ الظّٰلِمِيْنَ
فِيْهَا جِثِيًّا ﴿٧٢﴾ وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُنَا بَيِّنٰتٍ قَالَ
الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوْٓا ۙ اَيُّ الْفَرِيْقَيْنِ خَيْرٌ
مَّقَامًا وَّاَحْسَنُ نَدِيًّا ﴿٧٣﴾ وَكَمْ اَهْلَكْنَا قَبْلَهُمْ مِّنْ قَرْنٍ
هُمْ اَحْسَنُ اَثَاثًا وَّرِءْيًا ﴿٧٤﴾ قُلْ مَنْ كَانَ فِي الضَّلٰلَةِ
فَلْيَمْدُدْ لَهُ الرَّحْمٰنُ مَدًّا ۚ حَتّٰٓى اِذَا رَاَوْا مَا يُوْعَدُوْنَ
اِمَّا الْعَذَابَ وَاِمَّا السَّاعَةَ ۭ فَسَيَعْلَمُوْنَ مَنْ هُوَ
شَرٌّ مَّكَانًا وَّاَضْعَفُ جُنْدًا ﴿٧٥﴾ وَيَزِيْدُ اللّٰهُ الَّذِيْنَ
اهْتَدَوْا هُدًى ۭ وَالْبٰقِيٰتُ الصّٰلِحٰتُ خَيْرٌ عِنْدَ
رَبِّكَ ثَوَابًا وَّخَيْرٌ مَّرَدًّا ﴿٧٦﴾ اَفَرَءَيْتَ الَّذِيْ كَفَرَ
بِاٰيٰتِنَا وَقَالَ لَاُوْتَيَنَّ مَالًا وَّوَلَدًا ﴿٧٧﴾ ۭ اَطَّلَعَ الْغَيْبَ
اَمِ اتَّخَذَ عِنْدَ الرَّحْمٰنِ عَهْدًا ﴿٧٨﴾ ۙ كَلَّا ۭ سَنَكْتُبُ مَا
يَقُوْلُ وَنَمُدُّ لَهٗ مِنَ الْعَذَابِ مَدًّا ﴿٧٩﴾ ۙ وَّنَرِثُهٗ مَا
يَقُوْلُ وَيَاْتِيْنَا فَرْدًا ﴿٨٠﴾ وَاتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ اٰلِهَةً
لِّيَكُوْنُوْا لَهُمْ عِزًّا ﴿٨١﴾ ۙ كَلَّا ۭ سَيَكْفُرُوْنَ بِعِبَادَتِهِمْ
ع وَيَكُوْنُوْنَ عَلَيْهِمْ ضِدًّا ﴿٨٢﴾ اَلَمْ تَرَ اَنَّآ اَرْسَلْنَا
الشَّيٰطِيْنَ عَلَى الْكٰفِرِيْنَ تَؤُزُّهُمْ اَزًّا ﴿٨٣﴾ ۙ فَلَا تَعْجَلْ
عَلَيْهِمْ ۭ اِنَّمَا نَعُدُّ لَهُمْ عَدًّا ﴿٨٤﴾ ۚ يَوْمَ نَحْشُرُ الْمُتَّقِيْنَ اِلَى
الرَّحْمٰنِ وَفْدًا ﴿٨٥﴾ ۙ وَّنَسُوْقُ الْمُجْرِمِيْنَ اِلٰى جَهَنَّمَ وِرْدًا ﴿٨٦﴾

منزل ۴ وقف لازم

તો એક નિર્ધારિત કરેલી વાત છે જેને પૂરી કરવી તારા રબના શિરે છે.
૭૨. પછી અમે તે લોકોને બચાવી લઈશું જેઓ (દુનિયામાં) તકવાવાળા (અલ્લાહનો ડર રાખવાવાળા અને સંયમી) હતા અને અત્યાચારીઓને તેમાં જ પડેલા છોડી દઈશું.
૭૩. આ લોકોને જ્યારે અમારી સ્પષ્ટ આયતો સંભળાવવામાં આવે છે તો ઈન્કાર કરનારાઓ ઈમાન લાવનારાઓને કહે છે, "બતાવો, આપણા બંને જૂથોમાંથી કોણ વધુ સારી સ્થિતિમાં છે અને કોની સભાઓ વધુ શાનદાર છે?"
૭૪. જો કે આમના પહેલાં અમે કેટલીય એવી કોમોને નષ્ટ કરી ચૂક્યા છીએ જેઓ આમના કરતાં વધુ સાધન-સંપન્ન હતી અને બાહ્ય ઠાઠ-માઠમાં આમનાથી ચઢિયાતી હતી.
૭૫. આમને કહો, જે માણસ પથભ્રષ્ટતામાં પડેલો હોય છે તેને રહમાન ઢીલ આપતો હોય છે, ત્યાં સુધી કે જ્યારે આવા લોકો તે વસ્તુ જોઈ લે છે જેનો વાયદો તેમનાથી કરવામાં આવ્યો છે – ચાહે તે અલ્લાહની યાતના હોય કે કયામત (પ્રલય)ની ઘડી – ત્યારે તેમને ખબર પડી જાય છે કે કોની સ્થિતિ ખરાબ છે અને કોનું જૂથ નબળું.
૭૬. આનાથી વિપરીત જે લોકો સન્માર્ગ અપનાવે છે, અલ્લાહ તેમને સન્માર્ગ પર ચાલવામાં આગળ વધારે છે અને બાકી રહેનારા સદ્‌કાર્યો જ તારા રબના સમીપ બદલા અને પરિણામની દૃષ્ટિએ ઉત્તમ છે.
૭૭. પછી તેં જોયો તે માણસને જે અમારી આયતોને માનવાનો ઈન્કાર કરે છે અને કહે છે કે મને તો સંપત્તિ અને સંતતિ આપવામાં આવતી જ રહેશે?
૭૮. શું તેને અદૃશ્યની જાણ થઈ ગઈ છે અથવા તેણે રહમાન પાસેથી કોઈ વચન લઈ રાખ્યું છે? –
૭૯. કદાપિ નહીં, જે કંઈ આ લવારો કરે છે તેને અમે લખી લઈશું અને તેના માટે સજામાં ખૂબ વધારો કરીશું.
૮૦. જે સાધન-સંપત્તિ અને લાવલશ્કરની આ વાત કરી રહ્યો છે, તે બધું અમારા પાસે રહી જશે અને આ એકલો અમારા સમક્ષ હાજર થશે.
૮૧. આ લોકોએ અલ્લાહને છોડીને પોતાના કેટલાક ઉપાસ્યો બનાવી રાખ્યા છે કે તેઓ તેમના મદદગાર થશે.
૮૨. કોઈ મદદગાર નહીં થાય, તે બધા તેમની બંદગીનો ઈન્કાર કરશે અને ઊલ્ટાના તેમના વિરોધી બની જશે. (રુકૂઅ-૫)
૮૩. શું તમે જોતા નથી કે અમે સત્યના ઈન્કાર કરનારાઓ તરફ શેતાનો છોડી રાખ્યા છે, જેઓ તેમને વધુને વધુ (સત્યના વિરોધ માટે) ઉશ્કેરી રહ્યા છે?
૮૪. સારું, તું હવે તેમના ઉપર યાતનાના આગમન માટે પરેશાન ન થા. અમે એમના દિવસ ગણી રહ્યા છીએ.

لَا يَمْلِكُوْنَ الشَّفَاعَةَ اِلَّا مَنِ اتَّخَذَ عِنْدَ الرَّحْمٰنِ
عَهْدًا ﴿٨٧﴾ وَقَالُوا اتَّخَذَ الرَّحْمٰنُ وَلَدًا ﴿٨٨﴾ لَقَدْ جِئْتُمْ
شَيْـًٔا اِدًّا ﴿٨٩﴾ تَكَادُ السَّمٰوٰتُ يَتَفَطَّرْنَ مِنْهُ وَ تَنْشَقُّ
الْاَرْضُ وَتَخِرُّ الْجِبَالُ هَدًّا ﴿٩٠﴾ اَنْ دَعَوْا لِلرَّحْمٰنِ وَلَدًا ﴿٩١﴾
وَمَا يَنْۢبَغِيْ لِلرَّحْمٰنِ اَنْ يَّتَّخِذَ وَلَدًا ﴿٩٢﴾ اِنْ كُلُّ مَنْ فِي
السَّمٰوٰتِ وَالْاَرْضِ اِلَّاۤ اٰتِي الرَّحْمٰنِ عَبْدًا ﴿٩٣﴾ لَقَدْ اَحْصٰىهُمْ
وَعَدَّهُمْ عَدًّا ﴿٩٤﴾ وَكُلُّهُمْ اٰتِيْهِ يَوْمَ الْقِيٰمَةِ فَرْدًا ﴿٩٥﴾ اِنَّ
الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ سَيَجْعَلُ لَهُمُ الرَّحْمٰنُ
وُدًّا ﴿٩٦﴾ فَاِنَّمَا يَسَّرْنٰهُ بِلِسَانِكَ لِتُبَشِّرَ بِهِ الْمُتَّقِيْنَ وَ
تُنْذِرَ بِهٖ قَوْمًا لُّدًّا ﴿٩٧﴾ وَكَمْ اَهْلَكْنَا قَبْلَهُمْ مِّنْ قَرْنٍ
هَلْ تُحِسُّ مِنْهُمْ مِّنْ اَحَدٍ اَوْ تَسْمَعُ لَهُمْ رِكْزًا ﴿٩٨﴾ ع

وقف لازم
منزل ٤
النصف ع ٦ ١٦

૮૫. તે દિવસ આવવાનો છે જયારે અલ્લાહથી ડરવાવાળા લોકોને અમે મહેમાનોની જેમ રહમાન (પરમ્ દાયળુ) સામે રજૂ કરીશું,

૮૬. અને અપરાધીઓને તરસ્યા જાનવરોની જેમ જહન્નમ (નર્ક) તરફ હંકારી જઈશું,

૮૭. તે વખતે લોકો કોઈ ભલામણ લાવવા માટે સમર્થ નહીં હોય, સિવાય તેના કે જેણે રહમાન તરફથી પરવાનગી મેળવી લીધી હોય.

૮૮. તેઓ કહે છે કે રહમાને કોઈને પુત્ર બનાવ્યો છે –

૮૯. ભારે બેહૂદી વાત છે જે તમે ઉપજાવી લાવ્યા છો.

૯૦-૯૧. નજીક છે કે આકાશ ફાટી જાય, ધરતી ચીરાઈ જાય અને પર્વતો ટુકડે-ટુકડા થઈ જાય તે વાત ઉપર કે લોકોએ રહમાન માટે સંતાન હોવાનો દાવો કર્યો.

૯૨. રહમાનની એ શાન નથી કે તે કોઈને પુત્ર બનાવે.

૯૩. આકાશો અને ધરતીના અંદર જે પણ છે તમામ તેના સમક્ષ બંદાની હેસિયતે રજૂ થવાના છે.

૯૪. બધા ઉપર તે છવાયેલો છે અને તેણે તેમને ગણી રાખ્યા છે.

૯૫. સૌ કયામત (પુનર્જીવન)ના દિવસે એક-એક કરીને તેના સમક્ષ હાજર થશે.

૯૬. નિશ્ચિતપણે જે લોકો ઈમાન લાવ્યા છે અને સદ્કાર્ય કરી રહ્યા છે, ખૂબ જલ્દી રહમાન તેમના માટે હૃદયોમાં પ્રેમ પેદા કરી દેશે.

૯૭. પછી હે પયગંબર ! આ કુર્આનને અમે સરળ બનાવીને તમારી ભાષામાં એટલા માટે ઉતાર્યું છે કે તમે પરહેજગારો (સંયમી લોકો)ને ખુશખબર આપી દો અને હઠધર્મી લોકોને ડરાવી દો.

૯૮. આમના પહેલાં કેટલીય કોમોને અમે નષ્ટ કરી ચૂક્યા છીએ, પછી આજે કયાંય તમે તેમનું ચિહ્ન જુઓ છો અથવા તેમનો ભણકારો પણ કયાંય સંભળાય છે ? (રુકૂઅ-૬)

(૨૦) તા-હા

પરિચય

ઉતરાણકાળ :

આ સૂરઃનો ઉતરાણકાળ સૂરઃ મરયમની નજીકના જમાનાનો જ છે. શક્ય છે કે આ હબશા તરફ હિજરતના સમયે કે તે પછી ઊતરી હોય. ગમે તે હોય, એ વાત ચોક્કસ છે કે હઝરત ઉમર (રદિ.)ના ઇસ્લામ સ્વીકાર પહેલાં આ સૂરઃ ઊતરી ચૂકી હતી, (કેમ કે તેમની બહેન ફાતિમા બિન્તે ખત્તાબ રદિ.ના ઘરે આ જ સૂરઃ પઢીને તેઓ મુસલમાન થયા હતા) અને આ હબશાની હિજરતના થોડા સમય પછીની જ ઘટના છે.

વિષય અને ચર્ચા :

સૂરઃની શરૂઆત આ રીતે થાય છે કે, હે મુહમ્મદ ! આ કુર્આન તમારા પર કંઈ એટલા માટે ઉતારવામાં આવ્યું નથી કે વિના કારણે તમને તકલીફમાં મૂકી દેવામાં આવે. તમારા પાસે એ માગણી પણ નથી કે હઠાગ્રહી લોકોના હૃદયમાં ઈમાન પેદા કરી દેખાડો. આ તો ફકત એક શિખામણ અને અનુસ્મરણ છે જેથી જેના હૃદયમાં અલ્લાહનો ડર છે તે સાંભળીને સુધરી જાય.

આ પૂર્વભૂમિકા પછી અચાનક હઝરત મૂસા (અલૈ.)નો પ્રસંગ શરૂ કરી દેવામાં આવ્યો છે. જે વાતાવરણમાં આ પ્રસંગ સંભળાવવામાં આવ્યો છે તે સંજોગોથી મળીને આ પ્રસંગ મક્કાવાસીઓથી કંઈક બીજી જ વાતો કરતો દેખાય છે જે તેના શબ્દોથી નહીં, બલ્કે તેના સાર-સંદર્ભથી પ્રગટ થઈ રહી છે. આ વાતોની સ્પષ્ટતા પહેલાં એ વાત સારી રીતે સમજી લો કે આરબપ્રદેશમાં યહૂદીઓની મોટી સંખ્યા અને આરબો પર યહૂદીઓની જ્ઞાનાત્મક અને માનસિક શ્રેષ્ઠતાના કારણે, તેની સાથે રોમ અને હબશા અને ખ્રિસ્તી રાજ્યોના પ્રભાવના કારણે પણ, આરબોમાં સામાન્ય રીતે હઝરત મૂસા (અલૈ.)ને અલ્લાહના નબી માનવામાં આવતા હતા. આ હકીકતને દૃષ્ટિ સમક્ષ રાખીને જુઓ કે તે કઈ વાતો છે જે આ કિસ્સાના સંદર્ભમાં મક્કાવાસીઓને બતાવવામાં આવી છે :

(૧) અલ્લાહ કોઈને નુબૂવત (કોઈ સામાન્ય ઘોષણા સાથે) પ્રદાન કરતો નથી. નુબૂવ્વત તો જેને પણ આપવામાં આવી છે, કંઈક એ રીતે ગુપ્તતાપૂર્વક આપવામાં આવી છે, જેમ કે હઝરત મૂસા (અલૈ.)ને આપવામાં આવી હતી. હવે તમને કેમ એ વાત પર આશ્ચર્ય છે કે હઝરત મુહમ્મદ (સલ્લ.) એકાએક નબી બનીને તમારા સામે આવી ગયા.

(૨) જે વાત આજે હઝરત મુહમ્મદ (સલ્લ.) પ્રસ્તુત કરી રહ્યા છે, (અર્થાત્ તૌહીદ અને આખિરત) તદ્દન એ જ વાત નુબૂવ્વતના પદે નીમતી વખતે અલ્લાહે હઝરત મૂસા (અલૈ.)ને શીખવાડી હતી.

(૩) વળી જે રીતે આજે હઝરત મુહમ્મદ (સલ્લ.)ને કોઈ સાધન-સામગ્રી અને લશ્કર વિના એકલા જ કુરૈશના સામે સત્ય-સંદેશના આમંત્રણના ધ્વજવાહક બનાવીને ઊભા કરી દેવામાં આવ્યા છે, તદ્દન તે જ રીતે હઝરત

મૂસા (અલૈ.)ને પણ એકાએક એટલા મોટા કામ માટે લગાવી દેવામાં આવ્યા હતા કે જઈને ફિરઔન જેવા વિદ્રોહી બાદશાહને વિદ્રોહથી રોકાઈ જવાનું કહે. કોઈ લશ્કર તેમના સાથે મોકલવામાં આવ્યું ન હતું.

(૪) જે વાંધાઓ, શંકાઓ અને આરોપ, છેતરપિંડી અને અત્યાચારના દાવપેચ મક્કાવાળા આજે હઝરત મુહમ્મદ (સલ્લ.)ના સામે પ્રયુક્ત કરી રહ્યા છે, તેનાથી વધારે તે જ તમામ હથિયારો ફિરઔને હઝરત મૂસા (અલૈ.)ના સામે ઉપયોગ કર્યો હતો. પછી જોઈ લો કે કઈ રીતે તે પોતાની તમામ ચાલબાજીઓમાં નિષ્ફળ રહ્યો અને અંતે કોણે વર્ચસ્વ મેળવ્યું. આ સંદર્ભમાં સ્વયં મુસલમાનોને પણ એક નિઃશબ્દ સાંત્વના આપવામાં આવી છે કે પોતાની લાચારી અને નિઃસહાયતા છતાં તમે જ વર્ચસ્વ પ્રાપ્ત કરશો. તેના સાથે મુસલમાનો સામે મિસર (ઇજીપ્ત)ના જાદુગરોનું દૃષ્ટાંત પણ પ્રસતુત કરવામાં આવ્યું છે કે જ્યારે સત્ય તેમના સામે ખુલી ગયું તો તેઓ નિડરતાથી તેના પર ઈમાન લઈ આવ્યા અને પછી ફિરઔનના બદલો લેવાનો ડર તેમને જરા પણ ઈમાનના માર્ગેથી ચલિત ન કરી શક્યો.

(૫) અંતે બની ઇસરાઈલના ઇતિહાસમાંથી એક દાખલો રજૂ કરીને એ પણ દર્શાવવામાં આવ્યું છે કે દેવતાઓ અને ઉપાસ્યો ઘડી કાઢવાની શરૂઆત કેટલી હાસ્યાસ્પદ રીતે થાય છે અને એ કે અલ્લાહના નબીઓ આ ધૃણાસ્પદ વસ્તુનું નામનિશાન સુધ્ધાં બાકી રાખવાની તરફેણમાં ક્યારેય રહ્યા નથી. તો આજે આ શિર્ક અને મૂર્તિપૂજાનો જે વિરોધ હઝરત મુહમ્મદ (સલ્લ.) કરી રહ્યા છે તે નુબૂવ્વતના ઇતિહાસમાં કોઈ પહેલો પ્રસંગ નથી.

આમ, હઝરત મૂસા (અલૈ.)નો કિસ્સો સંભળાવીને તે તમામ બાબતો સ્પષ્ટ કરી દેવામાં આવી છે જે તે વખતે તેમના અને નબી (સલ્લ.) વચ્ચેના પારસ્પારિક સંઘર્ષ સાથે સંબંધિત હતી. ત્યારપછી એક ટૂંકો ઉપદેશ આપવામાં આવ્યો છે કે છેવટે આ કુર્આન એક ઉપદેશ અને અનુસ્મરણ છે, આને ધ્યાનથી સાંભળશો તો પોતાનું જ ભલું કરશો, નહીં માનો તો તમે પોતે જ માઠાં પરિણામ ભોગવશો. ત્યારપછી હઝરત આદમ (અલૈ.)નો પ્રસંગ વર્ણવીને એ વાત સમજાવવામાં આવી છે કે જે માર્ગ પર તમે લોકો ચાલી રહ્યા છો તે વાસ્તવમાં શેતાનનું અનુસરણ છે. ભૂલ અને તેનો દુરાગ્રહ એ પોતાના પગ પર કુહાડી મારવું છે, જેનું નુકસાન વ્યક્તિએ પોતે જ ભોગવવું પડશે, કોઈ બીજાનું કશું બગડશે નહીં. અંતે નબી (સલ્લ.) અને મુસલમાનોને સમજાવવામાં આવ્યા છે કે અલ્લાહ કોઈ કોમને તેના કુફ્ર અને ઇન્કાર પર તરત જ પકડી લેતો નથી, બલ્કે સુધરવાની પૂરતી મહેતલ આપે છે. તેથી ગભરાવ નહીં, ધૈર્યપૂર્વક આ લોકોના અત્યાચારો સહન કર્યે જાઓ અને ઉપદેશ આપવાની ફરજ બજાવતા રહો. આ જ સંદર્ભમાં નમાઝની તાકીદ કરવામાં આવી છે, જેથી ઈમાનવાળાઓમાં ધૈર્ય, સહનશક્તિ, અલ્લાહ પર ભરોસો, તેના ફેંસલા પર સંતોષ અને આત્મ-નિરીક્ષણ માટેના તે ગુણો પેદા થાય, જે સત્યના આમંત્રણની સેવા માટે અપેક્ષિત છે.

اٰيَاتُهَا ١٣٥ (٢٠) سُوْرَةُ طٰهٰ مَكِّيَّةٌ (٤٥) رُكُوْعَاتُهَا ٨

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

طٰهٰ ۝١ مَآ اَنْزَلْنَا عَلَيْكَ الْقُرْاٰنَ لِتَشْقٰۤى ۝٢ اِلَّا تَذْكِرَةً
لِّمَنْ يَّخْشٰى ۝٣ تَنْزِيْلًا مِّمَّنْ خَلَقَ الْاَرْضَ وَالسَّمٰوٰتِ
الْعُلٰى ۝٤ اَلرَّحْمٰنُ عَلَى الْعَرْشِ اسْتَوٰى ۝٥ لَهٗ مَا فِى السَّمٰوٰتِ
وَمَا فِى الْاَرْضِ وَمَا بَيْنَهُمَا وَمَا تَحْتَ الثَّرٰى ۝٦ وَاِنْ
تَجْهَرْ بِالْقَوْلِ فَاِنَّهٗ يَعْلَمُ السِّرَّ وَاَخْفٰى ۝٧ اَللّٰهُ لَاۤ اِلٰهَ
اِلَّا هُوَ ؕ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ۝٨ وَهَلْ اَتٰىكَ حَدِيْثُ مُوْسٰى ۝٩ وقف لازم
اِذْ رَاٰ نَارًا فَقَالَ لِاَهْلِهِ امْكُثُوْۤا اِنِّىْۤ اٰنَسْتُ نَارًا
لَّعَلِّىْۤ اٰتِيْكُمْ مِّنْهَا بِقَبَسٍ اَوْ اَجِدُ عَلَى النَّارِ هُدًى ۝١٠
فَلَمَّاۤ اَتٰىهَا نُوْدِىَ يٰمُوْسٰى ۝١١ اِنِّىْۤ اَنَا رَبُّكَ فَاخْلَعْ
نَعْلَيْكَ ۚ اِنَّكَ بِالْوَادِ الْمُقَدَّسِ طُوًى ۝١٢ وَاَنَا اخْتَرْتُكَ
فَاسْتَمِعْ لِمَا يُوْحٰى ۝١٣ اِنَّنِىْۤ اَنَا اللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّاۤ اَنَا
فَاعْبُدْنِىْ ۙ وَاَقِمِ الصَّلٰوةَ لِذِكْرِىْ ۝١٤ اِنَّ السَّاعَةَ اٰتِيَةٌ
اَكَادُ اُخْفِيْهَا لِتُجْزٰى كُلُّ نَفْسٍ بِمَا تَسْعٰى ۝١٥ فَلَا
يَصُدَّنَّكَ عَنْهَا مَنْ لَّا يُؤْمِنُ بِهَا وَاتَّبَعَ هَوٰىهُ فَتَرْدٰى ۝١٦
وَمَا تِلْكَ بِيَمِيْنِكَ يٰمُوْسٰى ۝١٧ قَالَ هِىَ عَصَاىَ ۚ اَتَوَكَّؤُا
عَلَيْهَا وَاَهُشُّ بِهَا عَلٰى غَنَمِىْ وَلِىَ فِيْهَا مَاٰرِبُ
اُخْرٰى ۝١٨ قَالَ اَلْقِهَا يٰمُوْسٰى ۝١٩ فَاَلْقٰىهَا فَاِذَا هِىَ حَيَّةٌ

(૨૦) સૂરઃ તા-હા

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૮ ● આયતો : ૧૩૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧-૨. તા-હા ! અમે આ કુર્આન તમારા પર એટલા માટે નથી ઉતાર્યું કે તમે મુસીબતમાં મૂકાઈ જાઓ.

૩. આ તો એક અનુસ્મરણ છે પ્રત્યેક તે વ્યક્તિ માટે જે ડરે.

૪. અવતરિત કરવામાં આવ્યું છે તે હસ્તી તરફથી જેણે સર્જન કર્યું છે ધરતીનું અને ઉચ્ચ આકાશોનું.

૫. તે પરમ્ કૃપાળુ (સૃષ્ટિના) રાજ-સિંહાસન પર બિરાજમાન છે.

૬. માલિક છે તે બધી વસ્તુઓનો જે આકાશો અને ધરતીમાં છે અને જે ધરતી અને આકાશના વચ્ચે છે અને જે માટીના નીચે છે.

૭. તમે ચાહે તમારી વાતો પોકારીને કહો, તે તો ચુપકેથી કહેલી વાત, બલ્કે તેનાથી વધુ છૂપી વાત પણ જાણે છે.

૮. તે અલ્લાહ છે, તેના સિવાય કોઈ ઉપાસ્ય નથી, તેના માટે સર્વોત્તમ નામો છે.

૯. અને તમને મૂસાની કોઈ ખબર પણ પહોંચી છે ?

૧૦. જ્યારે કે તેણે એક આગ જોઈ અને પોતાના ઘરના લોકોને કહ્યું, ''સહેજ થોભો, મેં એક આગ જોઈ છે, કદાચ તમારા માટે એકાદ અંગારો લઈ આવું અથવા આ આગ વડે મને (રસ્તા વિષે) કોઈ માર્ગદર્શન મળી જાય.''

૧૧-૧૨. ત્યાં પહોંચ્યો તો પોકારવામાં આવ્યો, ''હે મૂસા ! હું જ તારો રબ (માલિક અને પાલનહાર) છું, પગરખાં ઉતારી નાખ. તું પવિત્ર ખીણ તુવામાં છે

૧૩. અને મેં તને ચૂંટી લીધો છે. સાંભળ, જે કંઈ વહી કરવામાં આવે છે.

૧૪. હું જ અલ્લાહ છું, મારા સિવાય કોઈ ઉપાસ્ય નથી, તો તું મારી જ બંદગી કર અને મારા સ્મરણ માટે નમાઝ કાયમ કર.

૧૫. કયામત (પુનર્જીવન)ની ઘડી અવશ્ય આવવાની છે. હું તેનો સમય ગુપ્ત રાખવા માગું છું, જેથી દરેક મનુષ્ય પોતાના પ્રયત્નો મુજબ બદલો મેળવે.

૧૬. તેથી કોઈ એવો માણસ જે તેના પર ઈમાન નથી લાવતો અને પોતાની મનેચ્છાઓનો બંદો બની ગયો છે, તને તે ક્ષણની ચિંતાથી ન રોકી દે, નહીં તો તું વિનાશમાં પડી જઈશ –

૧૭. અને હે મૂસા ! આ તારા હાથમાં શું છે ?''

૧૮. મૂસાએ જવાબ આપ્યો, ''આ મારી લાઠી છે, તેનો ટેકો લઈને હું ચાલું છું, આનાથી પોતાની બકરીઓ માટે પાંદડાં ખેરવું છું, બીજા પણ ઘણા કામ છે જે આનાથી લઉં છું.''

૧૯. ફરમાવ્યું, ''ફેંકી દે આને મૂસા.''

تَسْعٰى ﴿٢٠﴾ قَالَ خُذْهَا وَلَا تَخَفْ وقفة سَنُعِيْدُهَا سِيْرَتَهَا
الْاُوْلٰى ﴿٢١﴾ وَاضْمُمْ يَدَكَ اِلٰى جَنَاحِكَ تَخْرُجْ بَيْضَآءَ مِنْ
غَيْرِ سُوْٓءٍ اٰيَةً اُخْرٰى ﴿٢٢﴾ لِنُرِيَكَ مِنْ اٰيٰتِنَا الْكُبْرٰى ﴿٢٣﴾
ع اِذْهَبْ اِلٰى فِرْعَوْنَ اِنَّهٗ طَغٰى ﴿٢٤﴾ قَالَ رَبِّ اشْرَحْ لِيْ
صَدْرِيْ ﴿٢٥﴾ وَيَسِّرْ لِيْٓ اَمْرِيْ ﴿٢٦﴾ وَاحْلُلْ عُقْدَةً مِّنْ لِّسَانِيْ ﴿٢٧﴾
يَفْقَهُوْا قَوْلِيْ ﴿٢٨﴾ وَاجْعَلْ لِّيْ وَزِيْرًا مِّنْ اَهْلِيْ ﴿٢٩﴾
هٰرُوْنَ اَخِي ﴿٣٠﴾ اشْدُدْ بِهٖٓ اَزْرِيْ ﴿٣١﴾ وَاَشْرِكْهُ فِيْٓ
اَمْرِيْ ﴿٣٢﴾ كَيْ نُسَبِّحَكَ كَثِيْرًا ﴿٣٣﴾ وَّنَذْكُرَكَ كَثِيْرًا ﴿٣٤﴾ اِنَّكَ
كُنْتَ بِنَا بَصِيْرًا ﴿٣٥﴾ قَالَ قَدْ اُوْتِيْتَ سُؤْلَكَ يٰمُوْسٰى ﴿٣٦﴾
وَلَقَدْ مَنَنَّا عَلَيْكَ مَرَّةً اُخْرٰٓى ﴿٣٧﴾ اِذْ اَوْحَيْنَآ اِلٰٓى اُمِّكَ
مَا يُوْحٰٓى ﴿٣٨﴾ اَنِ اقْذِفِيْهِ فِي التَّابُوْتِ فَاقْذِفِيْهِ فِي
الْيَمِّ فَلْيُلْقِهِ الْيَمُّ بِالسَّاحِلِ يَاْخُذْهُ عَدُوٌّ لِّيْ وَ
عَدُوٌّ لَّهٗ ؕ وَاَلْقَيْتُ عَلَيْكَ مَحَبَّةً مِّنِّيْ ۚ وَلِتُصْنَعَ عَلٰى
عَيْنِيْ ﴿٣٩﴾ اِذْ تَمْشِيْٓ اُخْتُكَ فَتَقُوْلُ هَلْ اَدُلُّكُمْ عَلٰى مَنْ
وقف لازم يَّكْفُلُهٗ ؕ فَرَجَعْنٰكَ اِلٰٓى اُمِّكَ كَيْ تَقَرَّ عَيْنُهَا وَلَا
تَحْزَنَ ۬ وَقَتَلْتَ نَفْسًا فَنَجَّيْنٰكَ مِنَ الْغَمِّ وَفَتَنّٰكَ
فُتُوْنًا ۫ فَلَبِثْتَ سِنِيْنَ فِيْٓ اَهْلِ مَدْيَنَ ۬ ثُمَّ جِئْتَ
عَلٰى قَدَرٍ يّٰمُوْسٰى ﴿٤٠﴾ وَاصْطَنَعْتُكَ لِنَفْسِيْ ﴿٤١﴾ اِذْهَبْ
منزل ٤ اَنْتَ وَاَخُوْكَ بِاٰيٰتِيْ وَلَا تَنِيَا فِيْ ذِكْرِيْ ﴿٤٢﴾ اِذْهَبَآ

૨૦. તેણે ફેંકી દીધી અને એકાએક તે એક સાપ હતો જે દોડી રહ્યો હતો.

૨૧. ફરમાવ્યું, ''પકડી લે એને અને ડર નહીં, અમે એને ફરી એવી જ કરી દઈશું જેવી એ હતી.

૨૨-૨૩. અને જરા તારો હાથ બગલમાં દબાવ, ચળકતો નીકળશે, કોઈ તકલીફ વગર. આ બીજી નિશાની છે. કેમ કે અમે તને અમારી મોટી નિશાનીઓ દેખાડવાના છીએ.

૨૪. હવે તું ફિરઔન પાસે જા, તે વિદ્રોહી થઈ ગયો છે.'' (રુકૂઅ-૧)

૨૫. મૂસાએ કહ્યું, ''પાલનહાર ! મારી છાતી ખોલી દે★

૨૬. અને મારા કામને મારા માટે સરળ બનાવી દે

૨૭-૨૮. અને મારી જીભની ગાંઠ ઉકેલી દે, જેથી લોકો મારી વાત સમજી શકે,

૨૯. અને મારા માટે મારા પોતાના કુટુંબમાંથી એક વજીર નિયુક્ત કરી દે.

૩૦-૩૧. હારૂન, જે મારો ભાઈ છે, તેના વડે મારા હાથ મજબૂત કર

૩૨. અને તેને મારા કામમાં સાથીદાર બનાવી દે,

૩૩-૩૪. જેથી અમે તારી ખૂબ પવિત્રતા વર્ણવીએ અને તારી ખૂબ જ ચર્ચા કરીએ.

૩૫. તું હંમેશાં અમારા પર દેખરેખ રાખતો રહ્યો છે.''

૩૬. ફરમાવ્યું, ''આપી દેવામાં આવ્યું જે તેં માગ્યું, હે મૂસા !

૩૭. અમે ફરી એકવાર તારા પર ઉપકાર કર્યો.

૩૮. યાદ કરો તે સમય જ્યારે અમે તારી માતાને ઈશારો કર્યો,

૩૯. એવો ઈશારો કે જે વહી (ઈશ્વરીય સંકેત) દ્વારા જ કરવામાં આવે છે કે આ બાળકને સંદૂકમાં મૂકી દે અને સંદૂકને નદીમાં છોડી દે. નદી તેને કાંઠા ઉપર ફેંકી દેશે અને તેને મારો દુશ્મન અને આ બાળકનો દુશ્મન ઉઠાવી લેશે.'' ''મેં મારા તરફથી તારા ઉપર પ્રેમ નાખી દીધો અને એવો પ્રબંધ કર્યો કે તું મારી દેખરેખ હેઠળ ઉછેર પામે.

૪૦. યાદ કર જ્યારે કે તારી બહેન ચાલી રહી હતી, પછી જઈને કહે છે, હું તમને તેનું ઠેકાણું બતાવું જે આ બાળકનું પાલન-પોષણ સારી રીતે કરે? આ રીતે અમે તને ફરીથી તારી માતા પાસે પહોંચાડી દીધો જેથી તેની આંખ ઠરે અને તે દુઃખી ન થાય. અને (આપણ યાદ કરકે) તેં એક માણસની હત્યા કરી નાખી હતી, અમે તને તે મુસીબતમાંથી બહાર કાઢ્યો અને તને વિભિન્ન પરીક્ષાઓમાંથી પસાર કર્યો અને તું મદયનના લોકો વચ્ચે ઘણા વર્ષો સુધી રોકાયો. પછી હવે તું પોતાના યોગ્ય સમયે આવી ગયો છે, હે મૂસા!

૪૧. મેં તને મારા કામનો બનાવી લીધો છે.

૪૨. જા, તું અને તારો ભાઈ મારી નિશાનીઓ સાથે. અને જુઓ, તમે મારી યાદમાં સહેજપણ ગફલત ન કરજો.

★ અર્થાત્ મારા મનમાં આ મહાન પદને સંભાળવાનું સાહસ પેદા કરી દે અને મારું મનોબળ વધારી દે.

إِلٰى فِرْعَوْنَ إِنَّهٗ طَغٰى ﴿٤٣﴾ فَقُوْلَا لَهٗ قَوْلًا لَّيِّنًا لَّعَلَّهٗ
يَتَذَكَّرُ اَوْ يَخْشٰى ﴿٤٤﴾ قَالَا رَبَّنَآ اِنَّنَا نَخَافُ اَنْ يَّفْرُطَ
عَلَيْنَآ اَوْ اَنْ يَّطْغٰى ﴿٤٥﴾ قَالَ لَا تَخَافَآ اِنَّنِيْ مَعَكُمَآ
اَسْمَعُ وَاَرٰى ﴿٤٦﴾ فَاْتِيٰهُ فَقُوْلَآ اِنَّا رَسُوْلَا رَبِّكَ فَاَرْسِلْ
مَعَنَا بَنِيْٓ اِسْرَآءِيْلَ ۙ۬ وَلَا تُعَذِّبْهُمْ ؕ قَدْ جِئْنٰكَ بِاٰيَةٍ
مِّنْ رَّبِّكَ ؕ وَالسَّلٰمُ عَلٰى مَنِ اتَّبَعَ الْهُدٰى ﴿٤٧﴾ اِنَّا قَدْ
اُوْحِيَ اِلَيْنَآ اَنَّ الْعَذَابَ عَلٰى مَنْ كَذَّبَ وَتَوَلّٰى ﴿٤٨﴾ قَالَ
فَمَنْ رَّبُّكُمَا يٰمُوْسٰى ﴿٤٩﴾ قَالَ رَبُّنَا الَّذِيْٓ اَعْطٰى كُلَّ شَيْءٍ
خَلْقَهٗ ثُمَّ هَدٰى ﴿٥٠﴾ قَالَ فَمَا بَالُ الْقُرُوْنِ الْاُوْلٰى ﴿٥١﴾
قَالَ عِلْمُهَا عِنْدَ رَبِّيْ فِيْ كِتٰبٍ ۚ لَا يَضِلُّ رَبِّيْ وَلَا يَنْسَى ۫ ﴿٥٢﴾
الَّذِيْ جَعَلَ لَكُمُ الْاَرْضَ مَهْدًا وَّسَلَكَ لَكُمْ فِيْهَا
سُبُلًا وَّاَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً ؕ فَاَخْرَجْنَا بِهٖٓ اَزْوَاجًا
مِّنْ نَّبَاتٍ شَتّٰى ﴿٥٣﴾ كُلُوْا وَارْعَوْا اَنْعَامَكُمْ ؕ اِنَّ فِيْ
ذٰلِكَ لَاٰيٰتٍ لِّاُولِي النُّهٰى ﴿٥٤﴾ مِنْهَا خَلَقْنٰكُمْ وَ ع
فِيْهَا نُعِيْدُكُمْ وَمِنْهَا نُخْرِجُكُمْ تَارَةً اُخْرٰى ﴿٥٥﴾
وَلَقَدْ اَرَيْنٰهُ اٰيٰتِنَا كُلَّهَا فَكَذَّبَ وَاَبٰى ﴿٥٦﴾ قَالَ
اَجِئْتَنَا لِتُخْرِجَنَا مِنْ اَرْضِنَا بِسِحْرِكَ يٰمُوْسٰى ﴿٥٧﴾
فَلَنَاْتِيَنَّكَ بِسِحْرٍ مِّثْلِهٖ فَاجْعَلْ بَيْنَنَا وَبَيْنَكَ
مَوْعِدًا لَّا نُخْلِفُهٗ نَحْنُ وَلَآ اَنْتَ مَكَانًا سُوًى ﴿٥٨﴾

૪૩. જાઓ તમે બંને ફિરઔન પાસે કેમ કે તે વિદ્રોહી થઈ ગયો છે.

૪૪. તેના સાથે નરમાશથી વાત કરજો, કદાચ તે શિખામણ સ્વીકારે અથવા ડરી જાય."

૪૫. બંનેએ અરજ કરી, "પાલનહાર ! અમને આશંકા છે કે તે અમારા સાથે અતિરેક કરશે અથવા મારવા ઉપર ઊતરી આવશે."

૪૬. ફરમાવ્યું, "ડરો નહીં, હું તમારા સાથે છું, બધું જ સાંભળી અને જોઈ રહ્યો છું.

૪૭. જાઓ તેના પાસે અને કહો કે અમે તારા રબના મોકલેલા છીએ. બની ઈસરાઈલને અમારા સાથે આવવા માટે છોડી દે અને તેમને તકલીફ ન પહોંચાડ. અમે તારા પાસે તારા રબની નિશાની લઈને આવ્યા છીએ અને સલામતી છે તેના માટે જે સીધા માર્ગને અનુસરે.

૪૮. અમને વહી દ્વારા બતાવવામાં આવ્યું છે કે યાતના છે તેના માટે જે ઈન્કાર કરે અને મોઢું ફેરવે."

૪૯. ફિરઔને કહ્યું, "સારું, તો પછી તમારા બંનેનો રબ (પ્રભુ) કોણ છે, હે મૂસા ?"

૫૦. મૂસાએ જવાબ આપ્યો, "અમારો રબ (પ્રભુ) તે છે જેણે દરેક વસ્તુની રચના કરી, પછી તેને માર્ગ દેખાડ્યો."

૫૧. ફિરઔન બોલ્યો, "અને પહેલાં જે પેઢીઓ થઈ ચૂકી છે, પછી તેમની શું સ્થિતિ હતી ?"

૫૨. મૂસાએ કહ્યું, "તેનું જ્ઞાન મારા રબ પાસે એક લખાણમાં સુરક્ષિત છે. મારો રબ ન ચૂકે છે, ન ભૂલે છે." –

૫૩. તે જ જેણે તમારા માટે ધરતીનું પાથરણું પાથર્યું અને તેમાં તમારા ચાલવા માટે રસ્તાઓ બનાવ્યા અને ઉપરથી પાણી વરસાવ્યું, પછી તેના દ્વારા જુદા-જુદા પ્રકારની પેદાશો કાઢી.

૫૪. ખાઓ અને પોતાના પશુઓને પણ ચરાવો. નિઃશંક આમાં ઘણી નિશાનીઓ છે બુદ્ધિ રાખનારાઓ માટે. (રુકૂઅ-૨)

૫૫. આ જ ધરતીથી અમે તમારું સર્જન કર્યું છે, આમાં જ તમને પાછા લઈ જઈશું અને આમાંથી જ તમને ફરીવાર કાઢીશું.

૫૬. અમે ફિરઔનને અમારી બધી જ નિશાનીઓ દેખાડી, પરંતુ તે ખોટું ઠેરવતો ગયો અને ન માન્યો.

૫૭. કહેવા લાગ્યો, "હે મૂસા ! શું તું અમારા પાસે એટલા માટે આવ્યો છે કે પોતાના જાદુના જોરે અમને અમારા દેશમાંથી કાઢી મૂકે ?

૫૮. સારું, અમે પણ તારા મુકાબલા માટે એવો જ જાદુ લાવીએ છીએ. નક્કી કરી લે ક્યારે અને ક્યાં મુકાબલો કરવો છે. ન અમે આ પ્રસ્તાવથી ફરી જઈશું, ન તું ફરજે, ખુલ્લા મેદાનમાં સામે આવી જા."

قَالَ مَوْعِدُكُمْ يَوْمُ الزِّيْنَةِ وَاَنْ يُّحْشَرَ النَّاسُ
ضُحًى ﴿٥٩﴾ فَتَوَلّٰى فِرْعَوْنُ فَجَمَعَ كَيْدَهٗ ثُمَّ اَتٰى ﴿٦٠﴾
قَالَ لَهُمْ مُّوْسٰى وَيْلَكُمْ لَا تَفْتَرُوْا عَلَى اللّٰهِ كَذِبًا
فَيُسْحِتَكُمْ بِعَذَابٍ ۚ وَقَدْ خَابَ مَنِ افْتَرٰى ﴿٦١﴾
فَتَنَازَعُوْٓا اَمْرَهُمْ بَيْنَهُمْ وَاَسَرُّوا النَّجْوٰى ﴿٦٢﴾
قَالُوْٓا اِنْ هٰذٰنِ لَسٰحِرٰنِ يُرِيْدٰنِ اَنْ يُّخْرِجٰكُمْ
مِّنْ اَرْضِكُمْ بِسِحْرِهِمَا وَيَذْهَبَا بِطَرِيْقَتِكُمُ
الْمُثْلٰى ﴿٦٣﴾ فَاَجْمِعُوْا كَيْدَكُمْ ثُمَّ ائْتُوْا صَفًّا ۚ وَقَدْ
اَفْلَحَ الْيَوْمَ مَنِ اسْتَعْلٰى ﴿٦٤﴾ قَالُوْا يٰمُوْسٰٓى اِمَّآ اَنْ
تُلْقِيَ وَاِمَّآ اَنْ نَّكُوْنَ اَوَّلَ مَنْ اَلْقٰى ﴿٦٥﴾ قَالَ
بَلْ اَلْقُوْا ۚ فَاِذَا حِبَالُهُمْ وَعِصِيُّهُمْ يُخَيَّلُ اِلَيْهِ
مِنْ سِحْرِهِمْ اَنَّهَا تَسْعٰى ﴿٦٦﴾ فَاَوْجَسَ فِيْ نَفْسِهٖ
خِيْفَةً مُّوْسٰى ﴿٦٧﴾ قُلْنَا لَا تَخَفْ اِنَّكَ اَنْتَ
الْاَعْلٰى ﴿٦٨﴾ وَاَلْقِ مَا فِيْ يَمِيْنِكَ تَلْقَفْ مَا صَنَعُوْا ۭ
اِنَّمَا صَنَعُوْا كَيْدُ سٰحِرٍ ۭ وَلَا يُفْلِحُ السَّاحِرُ حَيْثُ اَتٰى ﴿٦٩﴾
فَاُلْقِيَ السَّحَرَةُ سُجَّدًا قَالُوْٓا اٰمَنَّا بِرَبِّ هٰرُوْنَ
وَمُوْسٰى ﴿٧٠﴾ قَالَ اٰمَنْتُمْ لَهٗ قَبْلَ اَنْ اٰذَنَ لَكُمْ ۭ اِنَّهٗ
لَكَبِيْرُكُمُ الَّذِيْ عَلَّمَكُمُ السِّحْرَ ۚ فَلَاُقَطِّعَنَّ اَيْدِيَكُمْ
وَاَرْجُلَكُمْ مِّنْ خِلَافٍ وَّلَاُوصَلِّبَنَّكُمْ فِيْ جُذُوْعِ

૫૯. મૂસાએ કહ્યું, ''ઉત્સવનો દિવસ નક્કી રહ્યો અને દિવસ ચઢતાં લોકો એકઠા થાય.''

૬૦. ફિરઔને પાછા ફરીને પોતાના બધા દાવ-પેચ એકઠા કર્યા અને મુકાબલામાં આવી ગયો.

૬૧. મૂસાએ (યોગ્ય સમયે હરીફ જૂથને સંબોધીને) કહ્યું, ''ભાગ્યના ફૂટેલાઓ ! જૂઠા આરોપો ન મૂકો અલ્લાહ પર, નહીં તો તે એક સખત યાતનાથી તમારું સત્યાનાશ વાળી દેશે. જેણે પણ જૂઠ ઘડ્યું, તે નિષ્ફળ થયો.''

૬૨. આ સાંભળી તેમના અંદર વિવાદ પડ્યો અને તેઓ ચુપકે-ચુપકે અંદરોઅંદર મસલત કરવા લાગ્યા.

૬૩. અંતમાં કેટલાક લોકોએ કહ્યું, ''આ બંને તો માત્ર જાદુગરો છે. એમનો આશય તો એ છે કે પોતાના જાદુના જોરે તમને તમારી ધરતીમાંથી બેદખલ કરી દે અને તમારી આદર્શ જીવન-પદ્ધતિને નાબૂદ કરી દે.

૬૪. પોતાની બધી યુક્તિઓ આજે ભેગી કરી લો અને એક બનીને મેદાનમાં આવો. બસ એમ સમજી લો કે આજે જેને વર્ચસ્વ મળ્યું તે જ જીતી ગયો.''

૬૫. જાદુગરો બોલ્યા, ''મૂસા ! તમે ફેંકો છે કે પહેલાં અમે ફેંકીએ ?''

૬૬. મૂસાએ કહ્યું, ''ના, તમે જ ફેંકો.'' એકાએક તેમના દોરડાં અને તેમની લાઠીઓ તેમના જાદુના જોરે મૂસાને દોડતા લાગવા માંડ્યા.

૬૭. અને મૂસા પોતાના મનમાં ડરી ગયો.

૬૮. અમે કહ્યું, ''ડર નહીં, તું જ વિજયી રહીશ.

૬૯. ફેંક, જે કંઈ તારા હાથમાં છે. હમણાં જ આમની બધી બનાવટી વસ્તુઓને ગળી જશે. આ જે કંઈ બનાવીને લાવ્યા છે તે તો જાદુગરનો ફરેબ છે, અને જાદુગર કદી સફળ થઈ શકતા નથી, ભલે તે ગમે તે શાનથી આવે.

૭૦. છેવટે આ જ થયું કે બધા જ જાદુગરોને સિજદામાં નાખી દેવામાં આવ્યા. અને પોકારી ઉઠ્યા, ''માની લીધો અમે હારૂન અને મૂસાના રબ (પ્રભુ)ને.''

૭૧. ફિરઔને કહ્યું, ''તમે તેના પર ઈમાન લઈ આવ્યા, એનાથી પહેલાં કે હું તમને તેની પરવાનગી આપતો ? ખબર પડી ગઈ કે આ તમારો ગુરુ છે, જેણે તમને જાદુ-વિદ્યા શીખવાડી હતી. સારું, હવે હું તમારા હાથ-પગ વિપરીત બાજુએથી કપાવડાવું છું અને ખજૂરીના થડો પર

النَّخْلِ وَلَتَعْلَمُنَّ اَیُّنَآ اَشَدُّ عَذَابًا وَّاَبْقٰى ﴿٧١﴾ قَالُوْا
لَنْ نُّؤْثِرَكَ عَلٰى مَا جَآءَنَا مِنَ الْبَیِّنٰتِ وَالَّذِیْ
فَطَرَنَا فَاقْضِ مَآ اَنْتَ قَاضٍ ؕ اِنَّمَا تَقْضِیْ هٰذِهِ
الْحَیٰوةَ الدُّنْیَا ﴿٧٢﴾ اِنَّآ اٰمَنَّا بِرَبِّنَا لِیَغْفِرَ لَنَا خَطٰیٰنَا
وَمَآ اَكْرَهْتَنَا عَلَیْهِ مِنَ السِّحْرِ ؕ وَاللّٰهُ خَیْرٌ وَّ
الثلثة اَبْقٰى ﴿٧٣﴾ اِنَّهٗ مَنْ یَّاْتِ رَبَّهٗ مُجْرِمًا فَاِنَّ لَهٗ
جَهَنَّمَ ؕ لَا یَمُوْتُ فِیْهَا وَلَا یَحْیٰى ﴿٧٤﴾ وَمَنْ یَّاْتِهٖ
مُؤْمِنًا قَدْ عَمِلَ الصّٰلِحٰتِ فَاُولٰٓئِكَ لَهُمُ الدَّرَجٰتُ
الْعُلٰى ﴿٧٥﴾ جَنّٰتُ عَدْنٍ تَجْرِیْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ
ع ٣٢ ١٤ خٰلِدِیْنَ فِیْهَا ؕ وَذٰلِكَ جَزٰٓؤُا مَنْ تَزَكّٰى ﴿٧٦﴾
وَلَقَدْ اَوْحَیْنَآ اِلٰى مُوْسٰٓى ۙ اَنْ اَسْرِ بِعِبَادِیْ
فَاضْرِبْ لَهُمْ طَرِیْقًا فِی الْبَحْرِ یَبَسًا ۙ لَّا تَخٰفُ
دَرَكًا وَّلَا تَخْشٰى ﴿٧٧﴾ فَاَتْبَعَهُمْ فِرْعَوْنُ بِجُنُوْدِهٖ
فَغَشِیَهُمْ مِّنَ الْیَمِّ مَا غَشِیَهُمْ ﴿٧٨﴾ وَاَضَلَّ فِرْعَوْنُ
قَوْمَهٗ وَمَا هَدٰى ﴿٧٩﴾ یٰبَنِیْٓ اِسْرَآءِیْلَ قَدْ اَنْجَیْنٰكُمْ
مِّنْ عَدُوِّكُمْ وَوٰعَدْنٰكُمْ جَانِبَ الطُّوْرِ الْاَیْمَنَ
وَنَزَّلْنَا عَلَیْكُمُ الْمَنَّ وَالسَّلْوٰى ﴿٨٠﴾ كُلُوْا مِنْ
طَیِّبٰتِ مَا رَزَقْنٰكُمْ وَلَا تَطْغَوْا فِیْهِ فَیَحِلَّ
منزل ٤ عَلَیْكُمْ غَضَبِیْ ۚ وَمَنْ یَّحْلِلْ عَلَیْهِ غَضَبِیْ فَقَدْ

તમને શૂળી આપું છું. પછી તમને જણાઈ જશે કે અમારા બંનેમાંથી કોની યાતના વધુ કઠોર અને વધુ મુદ્દત સુધી રહેનારી છે (અર્થાત્ હું તમને વધુ કઠોર સજા આપી શકું છું કે મૂસા).

૭૨. જાદુગરોએ જવાબ આપ્યો, ''સોગંદ છે તે હસ્તીના જેણે અમને પેદા કર્યા છે, આ કદાપિ નહીં થઈ શકે કે અમે સ્પષ્ટ નિશાનીઓ સામે આવી જાય પછી પણ (સત્ય પર) તને પસંદગી આપીએ. તું જે કંઈ કરવા ચાહે કરી લે. તું વધુમાં વધુ બસ આ જ દુનિયાની જિંદગીનો ફેંસલો કરી શકે છે.

૭૩. અમે તો અમારા રબ પર ઈમાન લઈ આવ્યા, જેથી તે અમારી ભૂલો માફ કરી દે અને આ જાદુ-વિદ્યાથી, જેના માટે તેં અમને મજબૂર કર્યા હતા, દરગુજર ફરમાવે. અલ્લાહ જ સારો છે અને તે જ બાકી રહેવાવાળો છે.'' –

૭૪. હકીકત એ છે કે જે ગુનેગાર બનીને પોતાના રબ સમક્ષ હાજર થશે તેના માટે જહન્નમ છે જેમાં તે ન જીવશે, ન મરશે.

૭૫. અને જે તેના સમક્ષ ઈમાનવાળાની હેસિયતે હાજર થશે, જેણે સદ્કાર્યો કર્યા હશે, એવા સૌ લોકો માટે ઉચ્ચ દરજ્જાઓ છે,

૭૬. સદાબહાર બગીચાઓ છે, જેમના નીચે નહેરો વહી રહી હશે. તેમાં તેઓ હંમેશાં રહેશે. આ બદલો છે તે માણસનો જે પવિત્રતા અપનાવે. (રુકૂઅ-૩)

૭૭. અમે મૂસા પર વહી મોકલી કે હવે રાતોરાત મારા બંદાઓને લઈને ચાલી નીકળ અને તેમના માટે સમુદ્રમાંથી સૂકો રસ્તો બનાવી લે, તને કોઈના પીછો કરવાનો સહેજ પણ ડર ન હોય અને ન તો (સમુદ્ર વચ્ચેથી પસાર થતી વખતે) ડર લાગે.

૭૮. પાછળથી ફિરઔન પોતાનું લશ્કર લઈને પહોંચ્યો અને પછી સમુદ્ર તેમના ઉપર છવાઈ ગયો જેવી રીતે છવાઈ જવાનું આવશ્યક હતું.

૭૯. ફિરઔને પોતાની કોમને પથભ્રષ્ટ જ કરી હતી, કોઈ સાચું માર્ગદર્શન કર્યું ન હતું.

૮૦. હે બની ઈસરાઈલ ! અમે તમને તમારા દુશ્મનથી મુક્તિ અપાવી અને તૂરની જમણી બાજુએ તમારા હાજર થવા માટે સમય નિશ્ચિત કર્યો અને તમારા ઉપર મન અને સલ્વા ઉતાર્યા –

૮૧. ખાઓ અમારી આપેલી શુદ્ધ અને પવિત્ર રોજી અને તેને ખાઈને વિદ્રોહી ન બનો, નહીં તો તમારા ઉપર મારો પ્રકોપ તૂટી પડશે, અને જેના ઉપર મારો પ્રકોપ તૂટી પડ્યો, તે પછી નાશ પામીને જ રહ્યો.

هَوٰى ﴿٨١﴾ وَاِنِّىْ لَغَفَّارٌ لِّمَنْ تَابَ وَاٰمَنَ وَعَمِلَ
صَالِحًا ثُمَّ اهْتَدٰى ﴿٨٢﴾ وَمَآ اَعْجَلَكَ عَنْ قَوْمِكَ
يٰمُوْسٰى ﴿٨٣﴾ قَالَ هُمْ اُولَآءِ عَلٰٓى اَثَرِىْ وَعَجِلْتُ
اِلَيْكَ رَبِّ لِتَرْضٰى ﴿٨٤﴾ قَالَ فَاِنَّا قَدْ فَتَنَّا قَوْمَكَ
مِنْۢ بَعْدِكَ وَاَضَلَّهُمُ السَّامِرِىُّ ﴿٨٥﴾ فَرَجَعَ
مُوْسٰٓى اِلٰى قَوْمِهٖ غَضْبَانَ اَسِفًا ۚ قَالَ يٰقَوْمِ
اَلَمْ يَعِدْكُمْ رَبُّكُمْ وَعْدًا حَسَنًا ۬ؕ اَفَطَالَ
عَلَيْكُمُ الْعَهْدُ اَمْ اَرَدْتُّمْ اَنْ يَّحِلَّ عَلَيْكُمْ
غَضَبٌ مِّنْ رَّبِّكُمْ فَاَخْلَفْتُمْ مَّوْعِدِىْ ﴿٨٦﴾ قَالُوْا مَآ
اَخْلَفْنَا مَوْعِدَكَ بِمَلْكِنَا وَلٰكِنَّا حُمِّلْنَآ اَوْزَارًا
مِّنْ زِيْنَةِ الْقَوْمِ فَقَذَفْنٰهَا فَكَذٰلِكَ اَلْقَى
السَّامِرِىُّ ﴿٨٧﴾ فَاَخْرَجَ لَهُمْ عِجْلًا جَسَدًا لَّهٗ خُوَارٌ
فَقَالُوْا هٰذَآ اِلٰهُكُمْ وَاِلٰهُ مُوْسٰى ۬ فَنَسِىَ ﴿٨٨﴾
اَفَلَا يَرَوْنَ اَلَّا يَرْجِعُ اِلَيْهِمْ قَوْلًا ۬ۙ وَّلَا يَمْلِكُ
لَهُمْ ضَرًّا وَّلَا نَفْعًا ﴿٨٩﴾ وَلَقَدْ قَالَ لَهُمْ هٰرُوْنُ مِنْ ع ١٣
قَبْلُ يٰقَوْمِ اِنَّمَا فُتِنْتُمْ بِهٖ ۚ وَاِنَّ رَبَّكُمُ الرَّحْمٰنُ
فَاتَّبِعُوْنِىْ وَاَطِيْعُوْٓا اَمْرِىْ ﴿٩٠﴾ قَالُوْا لَنْ نَّبْرَحَ عَلَيْهِ
عٰكِفِيْنَ حَتّٰى يَرْجِعَ اِلَيْنَا مُوْسٰى ﴿٩١﴾ قَالَ يٰهٰرُوْنُ مَا
مَنَعَكَ اِذْ رَاَيْتَهُمْ ضَلُّوْٓا ﴿٩٢﴾ اَلَّا تَتَّبِعَنِ ؕ اَفَعَصَيْتَ

૮૨. અલબત્ત, જે તૌબા કરી લે અને ઈમાન લાવે અને ભલાં કાર્યો કરે, પછી સીધો ચાલતો રહે, તેના માટે હું ઘણો દરગુજર કરવાવાળો છું.

૮૩. અને કઈ વસ્તુ તમને પોતાની કોમથી પહેલા લઈ આવી, હે મૂસા ?

૮૪. તેણે અરજ કરી, ''તેઓ બસ મારા પાછળ આવી જ રહ્યા છે. હું ઉતાવળ કરીને તારી હજૂરમાં આવી ગયો છું હે મારા રબ ! જેથી તું મારાથી પ્રસન્ન થઈ જાય.''

૮૫. ફરમાવ્યું, ''ભલે, તો સાંભળો, અમે તમારા પાછળ તમારી કોમને અજમાયશમાં મૂકી દીધી અને સામરીએ તેમને ભટકાવી દીધા ?''★

૮૬. મૂસા સખત ગુસ્સા અને દુઃખની હાલતમાં પોતાની કોમ તરફ પાછો ફર્યો. જઈને તેણે કહ્યું, ''હે મારી કોમના લોકો ! શું તમારા રબે તમારા સાથે સારાં વાયદાઓ નહોતા કર્યા ? શું તમને લાંબી મુદ્દત વીતી ગઈ છે ? કે પછી તમે પોતાના રબનો પ્રકોપ જ પોતાના પર લાવવા ચાહતા હતા કે તમે મારા સાથે વચનભંગ કર્યો ?''

૮૭. તેમણે જવાબ આપ્યો, ''અમે આપના સાથે વચન-ભંગ કંઈ અમારી મરજીથી નથી કર્યો, વાત એમ હતી કે લોકોના ઘરેણાંના બોજથી અમે લદાઈ ગયા હતા અને અમે બસ તેમને ફેંકી દીધા હતા'' – પછી આવી જ રીતે સામરીએ પણ કંઈક નાખ્યું

૮૮. અને તેમના માટે વાછરડાની એક મૂર્તિ બનાવીને કાઢી લાવ્યો, જેમાંથી બળદ જેવો અવાજ નીકળતો હતો. લોકો પોકારી ઉઠ્યા, ''આ જ છે તમારો ઉપાસ્ય અને મૂસાનો ઉપાસ્ય, મૂસા આને ભૂલી ગયો.''

૮૯. શું તેઓ જોતા ન હતા કે ન તે તેમની વાતનો જવાબ આપે છે અને ન તેમના નફા-નુકસાનનો કોઈ અધિકાર ધરાવે છે ? (રુકૂઅ-૪)

૯૦. હારૂન (મૂસાના આગમન) પહેલાં જ તેમને કહી ચૂક્યો હતો કે, ''લોકો ! તમે આના કારણે અજમાયશમાં પડી ગયા છો, તમારો રબ (પ્રભુ) તો અત્યંત કૃપાળુ છે, તેથી તમે મારું અનુસરણ કરો અને મારી વાત માનો.''

૯૧. પરંતુ તેમણે તેને કહી દીધું કે, ''અમે તો આની જ પૂજા કરતાં રહીશું જ્યાં સુધી મૂસા અમારા પાસે પાછો ન આવી જાય.''

૯૨-૯૩. મૂસા (કોમને ઠપકો આપ્યા પછી હારૂનના તરફ ફર્યો અને) બોલ્યો, ''હારૂન ! તમે જ્યારે જોયું હતું કે આ લોકો પથભ્રષ્ટ થઈ રહ્યા છે તો કઈ વસ્તુએ તમને રોક્યા હતા કે મારી પદ્ધતિ પર અમલ ન કરો ? શું

★ આ કોઈ વ્યક્તિનું નામ નથી, બલ્કે કોઈ સંબંધ કે નિસ્બત જ છે. સામરી શબ્દ અરબી ભાષામાં નિસ્બત અને સંબંધ માટે પ્રયોજાય છે. તેનાથી તાત્પર્ય ચાહે કોઈ કબીલા સાથે હોય કે વંશ સાથે કે પછી જગ્યાના સંદર્ભે હોય. ઉપરાંત કુર્આનમાં 'અસ્-સામરી' કહીને ઉલ્લેખ કરેલો છે, તેનાથી એવું પ્રતીત થાય છે કે તે વખતે સામરી કબીલા કે વંશ કે જગ્યાના લોકો મોજૂદ હતા, જેમાંથી એક વિશેષ સામરી તે માણસ હતો, જેણે બની ઈસરાઈલમાં સોનાના વાછરડાંની પૂજા પ્રચલિત કરી હતી. આ જ ખરી અજમાયશ હતી, જેનો ઉલ્લેખ અહીં કરવામાં આવ્યો છે.

اَمْرِیْ ۝٩٣ قَالَ یَبْنَؤُمَّ لَا تَاْخُذْ بِلِحْیَتِیْ وَلَا بِرَاْسِیْ ۚ
اِنِّیْ خَشِیْتُ اَنْ تَقُوْلَ فَرَّقْتَ بَیْنَ بَنِیْٓ اِسْرَآءِیْلَ
وَلَمْ تَرْقُبْ قَوْلِیْ ۝٩٤ قَالَ فَمَا خَطْبُكَ یٰسَامِرِیُّ ۝٩٥
قَالَ بَصُرْتُ بِمَا لَمْ یَبْصُرُوْا بِهٖ فَقَبَضْتُ قَبْضَةً
مِّنْ اَثَرِ الرَّسُوْلِ فَنَبَذْتُهَا وَكَذٰلِكَ سَوَّلَتْ لِیْ
نَفْسِیْ ۝٩٦ قَالَ فَاذْهَبْ فَاِنَّ لَكَ فِی الْحَیٰوةِ اَنْ
تَقُوْلَ لَا مِسَاسَ ص وَاِنَّ لَكَ مَوْعِدًا لَّنْ تُخْلَفَهٗ ۚ
وَانْظُرْ اِلٰٓی اِلٰهِكَ الَّذِیْ ظَلْتَ عَلَیْهِ عَاكِفًا ط
لَنُحَرِّقَنَّهٗ ثُمَّ لَنَنْسِفَنَّهٗ فِی الْیَمِّ نَسْفًا ۝٩٧ اِنَّمَآ اِلٰهُكُمُ
اللّٰهُ الَّذِیْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ط وَسِعَ كُلَّ شَیْءٍ عِلْمًا ۝٩٨
كَذٰلِكَ نَقُصُّ عَلَیْكَ مِنْ اَنْۢبَآءِ مَا قَدْ سَبَقَ ۚ وَقَدْ
اٰتَیْنٰكَ مِنْ لَّدُنَّا ذِكْرًا ۝٩٩ ۚۖ مَنْ اَعْرَضَ عَنْهُ فَاِنَّهٗ
یَحْمِلُ یَوْمَ الْقِیٰمَةِ وِزْرًا ۝١٠٠ لا خٰلِدِیْنَ فِیْهِ ط وَسَآءَ لَهُمْ
یَوْمَ الْقِیٰمَةِ حِمْلًا ۝١٠١ لا یَّوْمَ یُنْفَخُ فِی الصُّوْرِ وَنَحْشُرُ
الْمُجْرِمِیْنَ یَوْمَىِٕذٍ زُرْقًا ۝١٠٢ ۚۖ یَّتَخَافَتُوْنَ بَیْنَهُمْ اِنْ
لَّبِثْتُمْ اِلَّا عَشْرًا ۝١٠٣ نَحْنُ اَعْلَمُ بِمَا یَقُوْلُوْنَ اِذْ یَقُوْلُ
ع ١٥ اَمْثَلُهُمْ طَرِیْقَةً اِنْ لَّبِثْتُمْ اِلَّا یَوْمًا ۝١٠٤ ع وَیَسْــَٔلُوْنَكَ
عَنِ الْجِبَالِ فَقُلْ یَنْسِفُهَا رَبِّیْ نَسْفًا ۝١٠٥ لا فَیَذَرُهَا
قَاعًا صَفْصَفًا ۝١٠٦ لا لَّا تَرٰی فِیْهَا عِوَجًا وَّلَآ اَمْتًا ۝١٠٧ ط

તમે મારા આદેશનું ઉલ્લંઘન કર્યુ ?"
૯૪. હારૂને જવાબ આપ્યો, "હે મારા માડીજાયા! મારી દાઢી ન પકડ, ન મારા માથાના વાળ ખેંચ, મને આ વાતનો ડર હતો કે તું આવીને કહીશ કે તમે બની ઈસરાઈલમાં ફાટફૂટ પડાવી અને મારી વાતનો ખ્યાલ ન કર્યો."
૯૫. મૂસાએ કહ્યું, "અને સામરી ! તારો શું મામલો છે ?"
૯૬. તેણે જવાબ આપ્યો, "મેં તે વસ્તુ જોઈ જે આ લોકોને ન દેખાઈ, તેથી મેં રસૂલના પદ્-ચિહ્નોથી એક મુઠ્ઠી માટી ઉઠાવી લીધી અને તેને નાખી દીધી. મને મારા મને કંઈક આવું જ સુઝાડ્યું."
૯૭. મૂસાએ કહ્યું, "સારું, હવે તું જા, હવે જીવનભર તારે આ જ બોલતા રહેવાનું છે કે મને અડકશો નહીં અને તારા માટે પૂછપરછનો એક સમય નિશ્ચિત છે જે તારા ઉપરથી કયારેય નહીં ટળે અને જો, પોતાના આ ઉપાસ્યને જેના પર તું મોહિત થયેલો હતો, હવે અમે તેને બાળી મૂકીશું અને ટુકડે-ટુકડા કરીને નદીમાં વહાવી દઈશું.
૯૮. લોકો ! તમારો ઉપાસ્ય તો બસ એક જ અલ્લાહ છે જેના સિવાય કોઈ બીજો ઉપાસ્ય નથી, તેનું જ્ઞાન દરેક વસ્તુને આવરી લે છે."
૯૯. હે નબી ! આવી રીતે અમે અગાઉ વીતી ગયેલી ઘટનાઓની ખબરો તમને સંભળાવીએ છીએ, અને અમે ખાસ અમારા ત્યાંથી તમને એક "ઝિક્ર" (શિખામણનો સબક) પ્રદાન કરેલ છે.
૧૦૦. જે કોઈ તેનાથી મોઢું ફેરવશે, તે કયામત (પુનર્જીવન)ના દિવસે ગુનાનો ભારે બોજ ઉઠાવશે,
૧૦૧. અને એવા સૌ લોકો હંમેશા તેની મુસીબતમાં સપડાયેલા રહેશે અને કયામતના દિવસે તેમના માટે (આ ગુનાની જવાબદારીનો બોજ) ઘણો જ તકલીફ આપનાર બોજ હશે.
૧૦૨. તે દિવસે જ્યારે રણશિંગું ફૂંકવામાં આવશે અને અમે ગુનેગારોને એ હાલતમાં ઘેરીને લાવીશું કે તેમની આંખો (ભયના કારણે) પથરાઈ ગઈ હશે,
૧૦૩. એકબીજાને ચુપકે-ચુપકે કહેશે કે, "દુનિયામાં માંડ તમે કંઈ દસ દિવસ વિતાવ્યા હશે" –
૧૦૪. અમને બરાબર ખબર છે કે તેઓ શું વાતો કરી રહ્યા હશે. (અમે એ પણ જાણીએ છીએ કે) તે વખતે તેમનામાંથી જે વધારે સાવચેતીથી અનુમાન કરનાર હશે તે કહેશે કે નહીં, તમારું દુનિયાનું જીવન બસ, માત્ર એક દિવસનું હતું. (રુકૂઅ-૫)
૧૦૫. આ લોકો તમને પૂછે છે કે છેવટે તે દિવસે આ પર્વતો કયાં ચાલ્યા જશે ? કહો કે મારો રબ તેમને ધૂળ બનાવીને ઉડાવી દેશે.
૧૦૬. અને ધરતીને એવું સપાટ મેદાન બનાવી દેશે
૧૦૭. કે તેમાં તમે કોઈ વળ અને કરચલી નહીં જુઓ –

يَوْمَئِذٍ يَّتَّبِعُوْنَ الدَّاعِيَ لَا عِوَجَ لَهٗ ۚ وَخَشَعَتِ
الْاَصْوَاتُ لِلرَّحْمٰنِ فَلَا تَسْمَعُ اِلَّا هَمْسًا ﴿١٠٨﴾
يَوْمَئِذٍ لَّا تَنْفَعُ الشَّفَاعَةُ اِلَّا مَنْ اَذِنَ لَهُ الرَّحْمٰنُ
وَرَضِيَ لَهٗ قَوْلًا ﴿١٠٩﴾ يَعْلَمُ مَا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا
خَلْفَهُمْ وَلَا يُحِيْطُوْنَ بِهٖ عِلْمًا ﴿١١٠﴾ وَعَنَتِ الْوُجُوْهُ
لِلْحَيِّ الْقَيُّوْمِ ؕ وَقَدْ خَابَ مَنْ حَمَلَ ظُلْمًا ﴿١١١﴾ وَمَنْ
يَّعْمَلْ مِنَ الصّٰلِحٰتِ وَهُوَ مُؤْمِنٌ فَلَا يَخٰفُ
ظُلْمًا وَّلَا هَضْمًا ﴿١١٢﴾ وَكَذٰلِكَ اَنْزَلْنٰهُ قُرْاٰنًا عَرَبِيًّا
وَّصَرَّفْنَا فِيْهِ مِنَ الْوَعِيْدِ لَعَلَّهُمْ يَتَّقُوْنَ
اَوْ يُحْدِثُ لَهُمْ ذِكْرًا ﴿١١٣﴾ فَتَعٰلَى اللّٰهُ الْمَلِكُ الْحَقُّ ۚ
وَلَا تَعْجَلْ بِالْقُرْاٰنِ مِنْ قَبْلِ اَنْ يُّقْضٰۤى اِلَيْكَ
وَحْيُهٗ ۫ وَقُلْ رَّبِّ زِدْنِيْ عِلْمًا ﴿١١٤﴾ وَلَقَدْ عَهِدْنَاۤ اِلٰۤى
اٰدَمَ مِنْ قَبْلُ فَنَسِيَ وَلَمْ نَجِدْ لَهٗ عَزْمًا ﴿١١٥﴾ ع وَ ع ١١/١٥
اِذْ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ اسْجُدُوْا لِاٰدَمَ فَسَجَدُوْۤا اِلَّاۤ
اِبْلِيْسَ ؕ اَبٰى ﴿١١٦﴾ فَقُلْنَا يٰۤاٰدَمُ اِنَّ هٰذَا عَدُوٌّ لَّكَ
وَلِزَوْجِكَ فَلَا يُخْرِجَنَّكُمَا مِنَ الْجَنَّةِ فَتَشْقٰى ﴿١١٧﴾
اِنَّ لَكَ اَلَّا تَجُوْعَ فِيْهَا وَلَا تَعْرٰى ﴿١١٨﴾ لا وَاَنَّكَ
لَا تَظْمَؤُا فِيْهَا وَلَا تَضْحٰى ﴿١١٩﴾ فَوَسْوَسَ اِلَيْهِ
الشَّيْطٰنُ قَالَ يٰۤاٰدَمُ هَلْ اَدُلُّكَ عَلٰى شَجَرَةِ منزل ٤

૧૦૮. તે દિવસે સૌ લોકો પોકારનારની પોકાર સાંભળી સીધા ચાલ્યા આવશે, કોઈ સહેજ પણ અકડાઈ દાખવી શકશે નહીં, અવાજો પરમ્ કૃપાળુ સામે દબાઈ જશે, એક સરસર અવાજ સિવાય તમે કશું નહીં સાંભળો.

૧૦૯. તે દિવસે ભલામણ ઉપયોગી નહીં થાય, સિવાય કે પરમ્ કૃપાળુ આ માટે કોઈને પરવાનગી આપે અને તેની વાત સાંભળવી પસંદ કરે –

૧૧૦. તે લોકોની આગળ-પાછળની બધી જ હકીકત જાણે છે અને બીજાઓને તેનું પૂરૂં જ્ઞાન નથી –

૧૧૧. લોકોના માથાં તે જીવંત અને કાયમ રહેવાવાળા સામે ઝૂકી જશે. નિરાશ થશે, જેણે તે વખતે કોઈ અત્યાચારના ગુનાનો બોજ ઉઠાવેલો હશે

૧૧૨. અને કોઈ અન્યાય કે હક્ક માર્યા જવાનો સહેજ પણ ભય નહીં હોય તે માણસને, જે સદ્‌કાર્ય કરે અને તેના સાથે તે ઈમાનવાળો પણ હોય.

૧૧૩. અને હે નબી ! આ જ રીતે અમે આને અરબી કુર્આન બનાવીને અવતરિત કર્યું છે અને આમાં વિભિન્ન રીતે ચેતવણીઓ આપી છે, કદાચ આ લોકો અવળા રસ્તે ચાલવાથી બચે અથવા તેમનામાં કંઈક સભાનતાના લક્ષણો આના કારણે પેદા થાય.

૧૧૪. પછી સર્વોચ્ચ છે અલ્લાહ, વાસ્તવિક સમ્રાટ, અને જુઓ, કુર્આન પઢવામાં ઉતાવળ ન કરો, જ્યાં સુધી તમારા તરફ તેની વહી સંપૂર્ણ ન થઈ જાય અને દુઆ કરો કે હે પાલનહાર ! મને વધુ જ્ઞાન પ્રદાન કર.

૧૧૫. અમે આ પહેલાં આદમને એક આદેશ આપ્યો હતો, પરંતુ તે ભૂલી ગયો અને અમે તેનામાં સંકલ્પ ન જોયો. (રુકૂઅ-૬)

૧૧૬. યાદ કરો તે સમય જ્યારે અમે ફરિશ્તાઓને કહ્યું હતું કે આદમને સિજદો કરો. તેઓ બધાએ તો સિજદો કર્યો, પરંતુ એક ઈબ્લીસ હતો કે ઈન્કાર કરી બેસ્યો.

૧૧૭. આથી અમે આદમને કહ્યું, "જુઓ, આ તમારો અને તમારી પત્નીનો શત્રુ છે, એવું ન બને કે આ તમને જન્નતમાંથી કઢાવી મૂકે અને તમે મુસીબતમાં મૂકાઈ જાઓ.

૧૧૮-૧૧૯. અહીં તો તમને આ સુખ-સુવિધાઓ પ્રાપ્ત છે કે ન ભૂખ્યા રહો છો, ન તો નગ્ન, ન તરસ અને તડકો તમને સતાવે છે."

૧૨૦. પરંતુ શેતાને તેને ફોસલાવ્યો, કહેવા લાગ્યો, "આદમ ! બતાવું તમને તે વૃક્ષ જેનાથી શાશ્વત જીવન અને અવિનાશી રાજ્ય પ્રાપ્ત થાય છે ?"

الْخُلْدِ وَمُلْكٍ لَّا يَبْلٰى ﴿١٢٠﴾ فَاَكَلَا مِنْهَا فَبَدَتْ
لَهُمَا سَوْاٰتُهُمَا وَطَفِقَا يَخْصِفٰنِ عَلَيْهِمَا مِنْ
وَّرَقِ الْجَنَّةِ ز وَعَصٰۤى اٰدَمُ رَبَّهٗ فَغَوٰى ﴿١٢١﴾ ثُمَّ
اجْتَبٰهُ رَبُّهٗ فَتَابَ عَلَيْهِ وَهَدٰى ﴿١٢٢﴾ قَالَ اهْبِطَا
مِنْهَا جَمِيْعًا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ج فَاِمَّا يَاْتِيَنَّكُمْ
مِّنِّيْ هُدًى ۙ فَمَنِ اتَّبَعَ هُدَايَ فَلَا يَضِلُّ وَلَا يَشْقٰى ﴿١٢٣﴾
وَمَنْ اَعْرَضَ عَنْ ذِكْرِيْ فَاِنَّ لَهٗ مَعِيْشَةً
ضَنْكًا وَّنَحْشُرُهٗ يَوْمَ الْقِيٰمَةِ اَعْمٰى ﴿١٢٤﴾ قَالَ رَبِّ لِمَ
حَشَرْتَنِيْۤ اَعْمٰى وَقَدْ كُنْتُ بَصِيْرًا ﴿١٢٥﴾ قَالَ كَذٰلِكَ
اَتَتْكَ اٰيٰتُنَا فَنَسِيْتَهَا ج وَكَذٰلِكَ الْيَوْمَ تُنْسٰى ﴿١٢٦﴾
وَكَذٰلِكَ نَجْزِيْ مَنْ اَسْرَفَ وَلَمْ يُؤْمِنْۢ بِاٰيٰتِ رَبِّهٖ ط
وَلَعَذَابُ الْاٰخِرَةِ اَشَدُّ وَاَبْقٰى ﴿١٢٧﴾ اَفَلَمْ يَهْدِ لَهُمْ
كَمْ اَهْلَكْنَا قَبْلَهُمْ مِّنَ الْقُرُوْنِ يَمْشُوْنَ فِيْ
ع ١٣ مَسٰكِنِهِمْ ط اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّاُولِي النُّهٰى ﴿١٢٨﴾
وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَّبِّكَ لَكَانَ لِزَامًا وَّ
اَجَلٌ مُّسَمًّى ﴿١٢٩﴾ ط فَاصْبِرْ عَلٰى مَا يَقُوْلُوْنَ وَسَبِّحْ
بِحَمْدِ رَبِّكَ قَبْلَ طُلُوْعِ الشَّمْسِ وَقَبْلَ غُرُوْبِهَا ج
وَمِنْ اٰنَآئِ الَّيْلِ فَسَبِّحْ وَاَطْرَافَ النَّهَارِ لَعَلَّكَ
منزل ٤ تَرْضٰى ﴿١٣٠﴾ وَلَا تَمُدَّنَّ عَيْنَيْكَ اِلٰى مَا مَتَّعْنَا بِهٖۤ

૧૨૧. અંતે બંને (પતિ-પત્ની) તે વૃક્ષનું ફળ ખાઈ ગયા. પરિણામ એ આવ્યું કે તરત જ તેમના ગુપ્ત ભાગો એકબીજા સામે ખુલી ગયા અને બંને પોતાને જન્નતના પાંદાડાઓથી ઢાંકવા લાગ્યા. આદમે પોતાના રબની અવજ્ઞા કરી અને સીધા માર્ગથી ભટકી ગયો.

૧૨૨. પછી તેના રબે તેને ચૂંટી લીધો અને તેની તૌબા (ક્ષમા) સ્વીકારી લીધી અને તેને માર્ગદર્શન પ્રદાન કર્યું.

૧૨૩. અને ફરમાવ્યું, ''તમે બંને (પક્ષો, અર્થાત્ મનુષ્ય અને શેતાન) અહીંથી ઉતરી જાઓ. તમે એકબીજાના દુશ્મન રહેશો. હવે જો મારા તરફથી તમને કોઈ માર્ગદર્શન મળે તો જે કોઈ મારા આ માર્ગદર્શનનું અનુસરણ કરશે, તે ન ભટકશે, ન દુર્ભાગ્યનો ભોગ બનશે.

૧૨૪. અને જે મારા 'ઝિક્ર' (શિખામણના પાઠ)થી મોઢું ફેરવશે, તેના માટે દુનિયામાં જીવન તંગ હશે અને કયામત (પુનર્જીવન)ના દિવસે અમે તેને આંધળો ઉઠાવીશુ'' –

૧૨૫. તે કહેશે, ''પાલનહાર ! દુનિયામાં તો હું આંખોવાળો હતો, અહીં મને આંધળો શા માટે ઉઠાવ્યો ?''

૧૨૬. અલ્લાહ ફરમાવશે, ''હા, આવી જ રીતે તેં અમારી આયતોને, જ્યારે તે તારા પાસે આવી હતી, ભુલાવી દીધી હતી, તેવી જ રીતે આજે તું ભુલાવવામાં આવી રહ્યો છેં.'' –

૧૨૭. આવી રીતે અમે હદથી આગળ વધી જનારાઓ અને પોતાના રબની આયતોને ન માનનારાઓને (દુનિયામાં) બદલો આપીએ છીએ, અને આખિરતની યાતના વધુ સખત અને અધિક સ્થાયી છે.

૧૨૮. પછી શું આ લોકોને (ઇતિહાસના આ બોધપાઠમાંથી) કોઈ માર્ગદર્શન ન મળ્યું કે આમના પહેલાં કેટલીય કોમોને અમે નષ્ટ કરી ચૂક્યા છીએ, જેમની (વેરાન) વસ્તીઓમાં આજે આ લોકો હરેફરે છે? હકીકતમાં આમાં ઘણી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ સદ્‌બુદ્ધિ ધરાવે છે. (રુકૂઅ-૭)

૧૨૯. જો તારા રબ તરફથી અગાઉ એક વાત નિશ્ચિત કરી દેવામાં ન આવી હોત અને મહેતલ માટે એક મુદત ઠેરવી દેવામાં ન આવી હોત તો જરૂરથી તેમનો પણ ફેંસલો ચૂકાવી દેવાયો હોત.

૧૩૦. તેથી હે નબી ! જે વાતો આ લોકો બનાવે છે, તેના પર ધૈર્યથી કામ લો અને પોતાના રબની પ્રશંસા સાથે તેની તસ્બીહ (પવિત્રતાનો જાપ) કરો સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પહેલાં, અને રાતની ઘડીઓમાં પણ તસ્બીહ કરો અને દિવસના કિનારાઓ પર પણ, કદાચ તમે ખુશ થઈ જાઓ.

૧૩૧. અને આંખ ઉઠાવીને પણ ન જુઓ દુનિયાના જીવનના તે ઠાઠ-માઠને

اَزْوَاجًا مِّنْهُمْ زَهْرَةَ الْحَيٰوةِ الدُّنْيَا ۙ لِنَفْتِنَهُمْ
فِيْهِ ؕ وَرِزْقُ رَبِّكَ خَيْرٌ وَّاَبْقٰى ﴿۱۳۱﴾ وَاْمُرْ اَهْلَكَ
بِالصَّلٰوةِ وَاصْطَبِرْ عَلَيْهَا ؕ لَا نَسْـَٔلُكَ رِزْقًا ؕ نَحْنُ
نَرْزُقُكَ ؕ وَالْعَاقِبَةُ لِلتَّقْوٰى ﴿۱۳۲﴾ وَقَالُوْا لَوْلَا
يَاْتِيْنَا بِاٰيَةٍ مِّنْ رَّبِّهٖ ؕ اَوَلَمْ تَاْتِهِمْ بَيِّنَةُ مَا فِى
الصُّحُفِ الْاُوْلٰى ﴿۱۳۳﴾ وَلَوْ اَنَّاۤ اَهْلَكْنٰهُمْ بِعَذَابٍ مِّنْ
قَبْلِهٖ لَقَالُوْا رَبَّنَا لَوْلَاۤ اَرْسَلْتَ اِلَيْنَا رَسُوْلًا
فَنَتَّبِعَ اٰيٰتِكَ مِنْ قَبْلِ اَنْ نَّذِلَّ وَنَخْزٰى ﴿۱۳۴﴾
قُلْ كُلٌّ مُّتَرَبِّصٌ فَتَرَبَّصُوْا ۚ فَسَتَعْلَمُوْنَ مَنْ
اَصْحٰبُ الصِّرَاطِ السَّوِيِّ وَمَنِ اهْتَدٰى ﴿۱۳۵﴾ ع

منزل ۴ ع ٨ ١٧

જે અમે આમાંથી વિવિધ પ્રકારના લોકોને આપી રાખ્યો છે. તે તો અમે તેમની પરીક્ષા કરવા માટે આપ્યો છે, અને તારા રબની આપેલી હલાલ (વૈધ) રોજી જ વધુ સારી અને બાકી રહેનારી છે.

૧૩૨. પોતાના કુટુંબીજનોને નમાઝની તાકીદ કરો અને પોતે પણ તેના પાબંદ રહો. અમે તમારાથી કોઈ રોજી નથી ચાહતા, રોજી તો અમે જ તમને આપી રહ્યા છીએ અને પરિણામની ભલાઈ તો તકવા (ધર્મ-પરાયણતા) માટે જ છે.

૧૩૩. તેઓ કહે છે કે આ માણસ પોતાના રબ તરફથી કોઈ નિશાની (ચમત્કાર) કેમ નથી લાવતો ? અને શું તેમના પાસે અગાઉના સહીફાઓ (પુસ્તિકાઓ)ની તમામ શિક્ષાઓનું સ્પષ્ટ વર્ણન નથી આવી ગયું ?

૧૩૪. જો અમે તેના આગમન પહેલાં આમને કોઈ યાતનાથી નષ્ટ કરી દીધા હોત તો પછી આ જ લોકો કહેતા કે હે અમારા પાલનહાર ! તેં અમારા પાસે કોઈ રસૂલ (ઈશદૂત) શા માટે ન મોકલ્યો કે અપમાનિત અને તિરસ્કૃત થતાં પહેલાં જ અમે તારી આયતોનું અનુસરણ અપનાવી લેતા ?

૧૩૫. હે પયગંબર ! આમને કહો, દરેક પરિણામની રાહ જોઈ રહ્યો છે, તો હવે રાહ જુઓ, ટૂંક સમયમાં તમને જણાઈ જશે કે કોણ સીધા માર્ગ ઉપર ચાલનારા છે અને કોણ માર્ગદર્શન પામેલા છે. (રુકૂઅ-૮)

(૨૧) અલ-અંબિયા

પરિચય

નામ :

આ સૂરઃમાં ઘણા પયગંબરોનો નિરંતર ઉલ્લેખ થયો છે, તેથી આનું નામ 'અલ-અંબિયા' રાખવામાં આવ્યું. આ વિષયની દૃષ્ટિએ સૂરઃનું શીર્ષક નથી, બલ્કે ફકત સૂરઃને ઓળખવા માટેનું લક્ષણમાત્ર છે.

ઉતરાણકાળ :

વિષય અને વર્ણન-શૈલી બંનેથી એ જ જણાય છે કે આના અવતરણનો સમય મક્કાનો મધ્યવર્તી તબક્કો અર્થાત્ અમારા કાળ-વિભાજનની દૃષ્ટિએ પયગંબર (સલ્લ.)ના મક્કી જીવનનો ત્રીજો તબક્કો છે.

વિષય :

આ સૂરઃમાં તે સંઘર્ષ વિશે ચર્ચા કરવામાં આવી છે, જે પયગંબર (સલ્લ.) અને કુરૈશના સરદારો વચ્ચે ચાલી રહ્યો હતો. તેઓ વ્હાલા નબી (સલ્લ.)ના રિસાલતના દાવા અને આપના તૌહીદ (એકેશ્વરવાદ)ના આમંત્રણ અને આખિરત (પરલોક)ના સંદેશ અંગે જે સંદેહો અને આરોપો પ્રસ્તુત કરતા હતા, તેનો જવાબ આપવામાં આવ્યો છે. તેમના તરફથી આપ (સલ્લ.)ના વિરોધમાં જે ચાલબાજીઓ ચાલવામાં આવી રહી હતી, તે બદલ ધમકી આપવામાં આવી છે અને તે કૃત્યોનાં માઠાં પરિણામોથી સચેત કરવામાં આવ્યા છે અને અંતે તેમને એ ભાન કરાવવામાં આવ્યું છે કે જે વ્યક્તિને તમે પોતાના માટે સંકટ અને મુસીબત સમજી રહ્યા છો તે વાસ્તવમાં તમારા માટે કૃપા બનીને આવ્યો છે.

પ્રવચન દરમ્યાન ખાસ કરીને જે બાબતોની ચર્ચા કરવામાં આવી છે તે આ છે –

(૧) મક્કાના વિધર્મીઓની એ ખોટી ધારણા કે મનુષ્ય કદાપી પયગંબર નથી હોઈ શકતો અને તેના આધારે તેમનું હઝરત મુહમ્મદ (સલ્લ.)ને પયગંબર માનવાથી ઈન્કાર કરવું – આ કુધારણાનું વિસ્તૃત ખંડન કરવામાં આવ્યું છે.

(૨) તેમના દ્વારા આપ (સલ્લ.) પર અને કુર્આન પર વિવિધ અને વિરોધાભાસી આક્ષેપો કરવાં અને કોઈ એક વાત પર મક્કમ ન રહેવું – તેના પર સંક્ષિપ્તમાં છતાં ખૂબ જોરદાર અને અર્થસભર રીતે પકડ કરવામાં આવી છે.

(૩) તેમનો એ ખ્યાલ કે જીવન એક રમત માત્ર છે, જે થોડાંક દિવસ રમીને પછી આમ જ ખતમ થઈ જશે (તેનો કોઈ હિસાબ-કિતાબ નથી) – તેનો ખૂબ જ અસરકારક શૈલીમાં રદિયો આપવમાં આવ્યો છે.

(૪) શિર્ક (અનેકેશ્વરવાદ) પર તેમનો દુરાગ્રહ અને તૌહીદ (એકેશ્વરવાદ) વિરુધ્ધ તેમનો અજ્ઞાનતાપૂર્ણ પૂર્વગ્રહ – તેની સુધારણા માટે ટૂંકમાં છતાં મહત્ત્વપૂર્ણ અને ચિત્તાકર્ષક દલીલો આપવામાં આવી છે.

(૫) તેમનો એ ભ્રમ કે નબી (ઈશદૂત)ને વારંવાર ખોટા ઠેરવવા છતાં જ્યારે તેમના પર અઝાબ (યાતના) નથી આવતો, તો ચોક્કસપણે પયગંબર જૂઠા છે અને અલ્લાહના અઝાબની ધમકીઓ માત્ર ધમકીઓ જ છે – તેને દલીલોથી અને ઉપદેશ દ્વારા બંને રીતે દૂર કરવાની કોશિશ કરવામાં આવી છે.

ત્યારપછી પયગંબરોની જીવનચર્યાના મહત્ત્વપૂર્ણ બનાવોમાંથી કેટલાક ઉદાહરણો પ્રસ્તુત કરવામાં આવ્યા છે, જેનાથી એ સમજાવવાનો આશય છે કે તે તમામ પયગંબરો જે માનવ- ઇતિહાસમાં અલ્લાહ તરફથી આવ્યા હતા, મનુષ્ય હતા. ખુદાઈ (ઈશ્વરત્વ) અને પ્રભુતાનો તેમનામાં રજભાર પણ અંશ ન હતો. તેના સાથે આ જ ઐતિહાસિક દૃષ્ટાંતોથી બે વાતો વધારે સ્પષ્ટ કરવામાં આવી છે – એક એ કે પયગંબરો પર જાત-જાતની મુસીબતો અને સંકટો આવ્યા છે અને તેમના વિરોધીઓએ પણ તેમને બરબાદ કરવાના પ્રયત્નો કર્યા છે, પરંતુ છેવટે અલ્લાહ તરફથી અસાધારણ રીતે તેમની મદદ કરવામાં આવી છે. બીજું એ કે તમામ પયગંબરોનો દીન (ધર્મ) એક જ હતો અને તે એ જ દીન હતો, જે હઝરત મુહમ્મદ (સલ્લ.) પ્રસ્તુત કરી રહ્યા છે. માનવ-જાતનો મૂળ ધર્મ આ જ છે અને શેષ જેટલાં ધર્મો દુનિયામાં બન્યા છે, તે કેવળ પથભ્રષ્ટ મનુષ્યોએ ઊભી કરેલ ફાટફૂટ અને વિભાજનો છે.

અંતે દર્શાવવામાં આવ્યું છે કે માનવની મુક્તિનો આધાર આ જ દીનનું અનુસરણ અપનાવવા ઉપર છે (અને તેનું અવતરણ સાક્ષાત્ કૃપા છે.)

آیاتها ١١٢ — (٢١) سُوْرَةُ الْاَنْبِيَآءِ مَكِّيَّةٌ (٧٣) — رکوعاتها ٧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِقْتَرَبَ لِلنَّاسِ حِسَابُهُمْ وَهُمْ فِيْ غَفْلَةٍ مُّعْرِضُوْنَ ١
مَا يَاْتِيْهِمْ مِّنْ ذِكْرٍ مِّنْ رَّبِّهِمْ مُّحْدَثٍ اِلَّا اسْتَمَعُوْهُ
وَهُمْ يَلْعَبُوْنَ ٢ لَاهِيَةً قُلُوْبُهُمْ ۭ وَاَسَرُّوا النَّجْوَى ۖ
الَّذِيْنَ ظَلَمُوْا ۖ هَلْ هٰذَآ اِلَّا بَشَرٌ مِّثْلُكُمْ ۚ اَفَتَاْتُوْنَ
السِّحْرَ وَاَنْتُمْ تُبْصِرُوْنَ ٣ قٰلَ رَبِّيْ يَعْلَمُ الْقَوْلَ
فِي السَّمَآءِ وَالْاَرْضِ ۡ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ٤ بَلْ
قَالُوْٓا اَضْغَاثُ اَحْلَامٍۢ بَلِ افْتَرٰىهُ بَلْ هُوَ شَاعِرٌ ۚ
فَلْيَاْتِنَا بِاٰيَةٍ كَمَآ اُرْسِلَ الْاَوَّلُوْنَ ٥ مَآ اٰمَنَتْ
قَبْلَهُمْ مِّنْ قَرْيَةٍ اَهْلَكْنٰهَا ۚ اَفَهُمْ يُؤْمِنُوْنَ ٦
وَمَآ اَرْسَلْنَا قَبْلَكَ اِلَّا رِجَالًا نُّوْحِيْٓ اِلَيْهِمْ
فَسْئَلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ ٧
وَمَا جَعَلْنٰهُمْ جَسَدًا لَّا يَاْكُلُوْنَ الطَّعَامَ وَمَا
كَانُوْا خٰلِدِيْنَ ٨ ثُمَّ صَدَقْنٰهُمُ الْوَعْدَ فَاَنْجَيْنٰهُمْ
وَمَنْ نَّشَآءُ وَاَهْلَكْنَا الْمُسْرِفِيْنَ ٩ لَقَدْ اَنْزَلْنَآ
اِلَيْكُمْ كِتٰبًا فِيْهِ ذِكْرُكُمْ ۭ اَفَلَا تَعْقِلُوْنَ ١٠ وَكَمْ
قَصَمْنَا مِنْ قَرْيَةٍ كَانَتْ ظَالِمَةً وَّاَنْشَاْنَا
بَعْدَهَا قَوْمًا اٰخَرِيْنَ ١١ فَلَمَّآ اَحَسُّوْا بَاْسَنَآ اِذَا

ع ١

(૨૧) સૂરઃ અલ-અંબિયા

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૭ ● આયતો : ૧૧૨)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. નજીક આવી ગયો છે લોકોના હિસાબનો સમય અને તેઓ છે કે ગફલતમાં વિમુખ બનેલા છે.

૨. તેમના પાસે જે નવીન ઉપદેશ પણ તેમના રબ (પ્રભુ) તરફથી આવે છે તેને અનિચ્છાએ સાંભળે છે અને રમતમાં પડ્યા રહે છે,

૩. હૃદય એમના (બીજી જ ચિંતાઓમાં) ડૂબેલા છે, અને જાલિમો એકબીજા સાથે ગુસપુસ કરે છે કે "આ માણસ છેવટે તમારા જેવો એક મનુષ્ય તો છે; પછી શું તમે દેખતી આંખે જાદુના ફંદામાં ફસાઈ જશો?"

૪. રસૂલે કહ્યું, "મારો રબ તે દરેક વાતને જાણે છે જે આકાશ અને ધરતીમાં કરવામાં આવે, તે સાંભળનાર અને જાણનાર છે."

૫. તેઓ કહે છે, "બલ્કે આ અસંબદ્ધ સ્વપ્નો છે, બલ્કે આ તેનું ઉપજાવી કાઢેલું છે, બલ્કે આ માણસ કવિ છે, નહીં તો આ લાવે કોઈ નિશાની જેવી રીતે પુરાણા જમાનાના રસૂલો (સંદેશવાહકો) નિશાનીઓ સાથે મોકલવામાં આવ્યા હતા."

૬. જો કે આમનાથી પહેલાં કોઈ વસ્તી પણ, જેને અમે નષ્ટ કરી, ઈમાન ન લાવી. હવે શું આ લોકો ઈમાન લાવશે?

૭. અને હે પયગંબર! તમારા પહેલાં પણ અમે મનષ્યોને જ રસૂલ બનાવીને મોકલ્યા હતા, જેમના ઉપર અમે વહી (દિવ્ય પ્રકાશના) મોકલતા હતા. તમે લોકો જો જ્ઞાન ધરાવતા ન હોવ તો ગ્રંથવાળાઓને પૂછી લો.

૮. તે રસૂલોને અમે કોઈ એવા શરીર આપ્યા ન હતા કે તેઓ ભોજન ન લેતા હોય અને ન તેઓ હંમેશાં જીવંત રહેનારા હતા.

૯. પછી જોઈ લો કે અંતે અમે તેમના સાથે પોતાના વાયદા પૂરા કર્યા અને તેમને તથા જેને-જેને અમે ઈચ્છયું, બચાવી લીધા અને હદથી વધી જનારાઓને નષ્ટ કરી દીધા.

૧૦. લોકો! અમે તમારા તરફ એક એવો ગ્રંથ મોકલ્યો છે જેમાં તમારું જ વર્ણન છે, શું તમે સમજતા નથી? (રુકૂઅ-૧)

૧૧. કેટલીય અત્યાચારી વસ્તીઓ છે જેમને અમે બરબાદ કરી મૂકી અને તેમના પછી બીજી કોઈ કોમને ઉઠાવી.

૧૨. જ્યારે તેમને અમારી યાતનાનો અનુભવ થયો તો લાગ્યા ત્યાંથી

هُمْ مِّنْهَا يَرْكُضُوْنَ ۝١٢ؕ لَا تَرْكُضُوْا وَارْجِعُوْٓا اِلٰى مَآ
اُتْرِفْتُمْ فِيْهِ وَمَسٰكِنِكُمْ لَعَلَّكُمْ تُسْـَٔلُوْنَ ۝١٣ قَالُوْا
يٰوَيْلَنَآ اِنَّا كُنَّا ظٰلِمِيْنَ ۝١٤ فَمَا زَالَتْ تِّلْكَ
دَعْوٰىهُمْ حَتّٰى جَعَلْنٰهُمْ حَصِيْدًا خٰمِدِيْنَ ۝١٥ وَمَا
خَلَقْنَا السَّمَآءَ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا لٰعِبِيْنَ ۝١٦ لَوْ
اَرَدْنَآ اَنْ نَّتَّخِذَ لَهْوًا لَّاتَّخَذْنٰهُ مِنْ لَّدُنَّآ ۖۗ
اِنْ كُنَّا فٰعِلِيْنَ ۝١٧ بَلْ نَقْذِفُ بِالْحَقِّ عَلَى
الْبَاطِلِ فَيَدْمَغُهٗ فَاِذَا هُوَ زَاهِقٌ ؕ وَلَكُمُ الْوَيْلُ
مِمَّا تَصِفُوْنَ ۝١٨ وَلَهٗ مَنْ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ
وَمَنْ عِنْدَهٗ لَا يَسْتَكْبِرُوْنَ عَنْ عِبَادَتِهٖ
وَلَا يَسْتَحْسِرُوْنَ ۝١٩ۚ يُسَبِّحُوْنَ الَّيْلَ وَالنَّهَارَ
لَا يَفْتُرُوْنَ ۝٢٠ اَمِ اتَّخَذُوْٓا اٰلِهَةً مِّنَ الْاَرْضِ
هُمْ يُنْشِرُوْنَ ۝٢١ لَوْ كَانَ فِيْهِمَآ اٰلِهَةٌ اِلَّا اللّٰهُ
لَفَسَدَتَا ۚ فَسُبْحٰنَ اللّٰهِ رَبِّ الْعَرْشِ عَمَّا
يَصِفُوْنَ ۝٢٢ لَا يُسْـَٔلُ عَمَّا يَفْعَلُ وَهُمْ يُسْـَٔلُوْنَ ۝٢٣
اَمِ اتَّخَذُوْا مِنْ دُوْنِهٖٓ اٰلِهَةً ؕ قُلْ هَاتُوْا بُرْهَانَكُمْ ۚ
هٰذَا ذِكْرُ مَنْ مَّعِىَ وَذِكْرُ مَنْ قَبْلِىْ ؕ بَلْ اَكْثَرُهُمْ
لَا يَعْلَمُوْنَ ۙ الْحَقَّ فَهُمْ مُّعْرِضُوْنَ ۝٢٤ وَمَآ اَرْسَلْنَا
مِنْ قَبْلِكَ مِنْ رَّسُوْلٍ اِلَّا نُوْحِىْٓ اِلَيْهِ اَنَّهٗ لَآ

منزل ۴

ભાગવા.

૧૩. (કહેવામાં આવ્યું), ''ભાગો નહીં, જાઓ પોતાના તે જ ઘરો અને' વૈભવ-વિલાસના સાધનોમાં જ્યાં તમે મોજ-મજા કરી રહ્યા હતા, કદાચ તમને પૂછવામાં આવે.''

૧૪. કહેવા લાગ્યા, ''હાય અમારું દુર્ભાગ્ય ! નિઃશંક અમે દોષિત હતા.''

૧૫. અને તેઓ આ જ પોકારતા રહ્યા, ત્યાં સુધી કે અમે તેમને વાઢેલા ખેતર બનાવી દીધા, જીવનની એક ચિંગારી સુધ્ધાં તેમનામાં ન રહી.

૧૬. અમે આ આકાશ અને ધરતીને અને જે કંઈ તેમાં છે, કંઈ રમત માટે નથી બનાવ્યું.

૧૭. જો અમે કોઈ રમકડું બનાવવા ચાહતા અને માત્ર એવું જ કંઈક અમારે કરવું હોત તો પોતાના પાસેથી જ કરી લેતા.

૧૮. પરંતુ અમે તો અસત્ય પર સત્યનો ફટકો લગાવીએ છીએ જે તેનું માથું ભાંગી નાખે છે અને તે જોત-જોતામાં નાશ પામે છે અને તમારા માટે વિનાશ છે તે વાતોના કારણે જે તમે બનાવો છો.

૧૯. ધરતી અને આકાશોમાં જે કોઈ મખ્લૂક (સર્જનો) છે તે અલ્લાહની છે, અને જે (ફરિશ્તાઓ) તેના પાસે છે, તેઓ ન પોતાને મોટા સમજીને તેની બંદગીથી મોઢું ફેરવે છે અને ન ખિન્ન થાય છે.

૨૦. રાત અને દિવસ તેની તસ્બીહ (પવિત્રતાનો જાપ) કરતા રહે છે, થાકતા નથી.

૨૧. શું આ લોકોના બનાવેલા દુનિયાના ઉપાસ્યો એવા છે કે (નિર્જીવને સજીવ કરી) ઉઠાવીને ઊભો કરતા હોય ?

૨૨. જો આકાશ અને ધરતીમાં એક અલ્લાહ સિવાય બીજા ઉપાસ્યો પણ હોત તો (ધરતી અને આકાશ) બંનેનું વ્યવસ્થા-તંત્ર બગડી જતું. તો પવિત્ર અને ઉચ્ચ છે અલ્લાહ, અર્શ (રાજ-સિંહાસન)નો માલિક, તે વાતોથી જે આ લોકો બનાવી રહ્યા છે.

૨૩. તે પોતાના કાર્યો માટે (કોઈના સામે) ઉત્તરદાયી નથી અને સૌ ઉત્તરદાયી છે.

૨૪. શું તેને છોડીને આ લોકોએ બીજા ઉપાસ્યો બનાવી લીધાં છે ? હે પયગંબર ! આમને કહો કે ''લાવો પોતાની દલીલ, આ ગ્રંથ પણ મોજૂદ છે જેમાં મારા જમાનાના લોકો માટે ઉપદેશ છે અને તે ગ્રંથો પણ મોજૂદ છે જેમાં મારા પહેલાના લોકો માટે ઉપદેશ હતો.'' પરંતુ આમાંથી મોટા ભાગના લોકો વાસ્તવિકતાથી અનભિજ્ઞ છે, તેથી વિમુખ થયેલા છે.

૨૫. અમે તમારા પહેલાં જે રસૂલ (સંદેશવાહક) પણ મોકલ્યો છે, તેને આ જ વહી મોકલી છે કે મારા સિવાય કોઈ ઉપાસ્ય નથી, પછી તમે

إِلٰهَ إِلَّآ أَنَا فَاعْبُدُونِ ﴿٢٥﴾ وَقَالُوا اتَّخَذَ الرَّحْمٰنُ
وَلَدًا سُبْحٰنَهٗ ۭ بَلْ عِبَادٌ مُّكْرَمُونَ ﴿٢٦﴾ لَا يَسْبِقُونَهٗ
بِالْقَوْلِ وَهُمْ بِأَمْرِهٖ يَعْمَلُونَ ﴿٢٧﴾ يَعْلَمُ مَا
بَيْنَ أَيْدِيهِمْ وَمَا خَلْفَهُمْ وَلَا يَشْفَعُونَ إِلَّا لِمَنِ
ارْتَضٰى وَهُمْ مِّنْ خَشْيَتِهٖ مُشْفِقُونَ ﴿٢٨﴾ وَمَنْ
يَّقُلْ مِنْهُمْ إِنِّيْٓ إِلٰهٌ مِّنْ دُونِهٖ فَذٰلِكَ نَجْزِيهِ
ع ١٩ ٢ جَهَنَّمَ ۭ كَذٰلِكَ نَجْزِي الظّٰلِمِينَ ﴿٢٩﴾ أَوَلَمْ يَرَ
الَّذِينَ كَفَرُوْٓا أَنَّ السَّمٰوٰتِ وَالْأَرْضَ كَانَتَا
رَتْقًا فَفَتَقْنٰهُمَا ۭ وَجَعَلْنَا مِنَ الْمَآءِ كُلَّ شَيْءٍ
حَيٍّ ۭ أَفَلَا يُؤْمِنُونَ ﴿٣٠﴾ وَجَعَلْنَا فِي الْأَرْضِ رَوَاسِيَ
أَنْ تَمِيدَ بِهِمْ ۠ وَجَعَلْنَا فِيهَا فِجَاجًا سُبُلًا
لَّعَلَّهُمْ يَهْتَدُونَ ﴿٣١﴾ وَجَعَلْنَا السَّمَآءَ سَقْفًا
مَّحْفُوظًا ښ وَهُمْ عَنْ اٰيٰتِهَا مُعْرِضُونَ ﴿٣٢﴾ وَهُوَ
الَّذِي خَلَقَ الَّيْلَ وَالنَّهَارَ وَالشَّمْسَ وَالْقَمَرَ ۭ
كُلٌّ فِي فَلَكٍ يَّسْبَحُونَ ﴿٣٣﴾ وَمَا جَعَلْنَا لِبَشَرٍ مِّنْ
قَبْلِكَ الْخُلْدَ ۭ أَفَإِنْ مِّتَّ فَهُمُ الْخٰلِدُونَ ﴿٣٤﴾
كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ۭ وَنَبْلُوكُمْ بِالشَّرِّ
وَالْخَيْرِ فِتْنَةً ۭ وَإِلَيْنَا تُرْجَعُونَ ﴿٣٥﴾ وَإِذَا
رَاٰكَ الَّذِينَ كَفَرُوْٓا إِنْ يَّتَّخِذُونَكَ إِلَّا هُزُوًا ۭ

منزل ٤

લોકો મારી જ ઉપાસના કરો.
૨૬. આ લોકો કહે છે, ''રહમાન (પરમ્ કૃપાળુ) સંતાન ધરાવે છે.'' પવિત્ર અને ઉચ્ચ છે અલ્લાહ, તેઓ (અર્થાત્ ફરિશ્તાઓ) તો બંદાઓ છે જેમને આદર-સન્માન આપવામાં આવ્યા છે.
૨૭. તેના હજૂર આગળ વધીને બોલતા નથી અને માત્ર તેના આદેશ પર અમલ કરે છે.
૨૮. જે કંઈ તેમના સામે છે તેને પણ તે જાણે છે અને જે કંઈ તેમનાથી છૂપાયેલું છે તેની પણ તે ખબર રાખે છે. તેઓ કોઈની ભલામણ કરતા નથી સિવાય તેના, જેના માટે ભલામણ સાંભળવા માટે અલ્લાહ રાજી હોય, અને તેઓ તેના ભયથી ડરતા રહે છે.
૨૯. અને જો તેમના પૈકી કોઈ કહી દે કે અલ્લાહ ઉપરાંત હું પણ એક ઉપાસ્ય છું, તો તેને અમે જહન્નમ (નર્ક)ની સજા આપીએ, અમારે ત્યાં અત્યાચારીઓ માટે આ જ બદલો છે. (રુકૂઅ-૨)
૩૦. શું તે લોકો, જેમણે (પયગંબરની વાત માનવાનો) ઈન્કાર કરી દીધો છે, વિચાર કરતા નથી કે આ બધા આકાશો અને ધરતી એકબીજા સાથે જોડાયેલા હતા, પછી અમે તેમને અલગ કર્યા, અને પાણી વડે દરેક સજીવ વસ્તુ પેદા કરી ? શું તેઓ (અમારી આ સર્જન-શક્તિનો) સ્વીકાર કરતા નથી ?
૩૧. અને અમે ધરતીમાં પર્વતો જમાવી દીધા જેથી તે તેમને લઈને ગબડી ન પડે, અને તેમાં પહોળા રસ્તાઓ બનાવી દીધા, કદાચ લોકો પોતાનો રસ્તો જાણી લે
૩૨. અને અમે આકાશને એક સુરક્ષિત છત બનાવી દીધું, પરંતુ આ લોકો છે કે સૃષ્ટિની નિશાનીઓ તરફ ધ્યાન જ આપતા નથી.
૩૩. અને તે અલ્લાહ જ છે જેણે રાત અને દિવસ બનાવ્યા અને સૂર્ય અને ચંદ્રને પેદા કર્યા. સૌ અલગ-અલગ કક્ષામાં તરી રહ્યા છે.
૩૪. અને હે પયગંબર ! અમરત્વ તો અમે તમારા પહેલાં પણ કોઈ મનુષ્ય માટે નથી રાખ્યું. જો તમે મરી ગયા તો શું આ લોકો સદૈવ જીવતા રહેવાના છે ?
૩૫. દરેક સજીવે મૃત્યુનો સ્વાદ ચાખવાનો છે, અને અમે સારી અને ખરાબ પરિસ્થિતિઓમાં મૂકીને તમારા સૌની પરીક્ષા કરી રહ્યા છીએ. છેવટે તમારે અમારા જ તરફ પાછા ફરવાનું છે.
૩૬. આ સત્યનો ઈન્કાર કરનારાઓ જ્યારે તમને જુએ છે તો તમારી મજાક બનાવી લે છે. કહે છે, ''શું આ છે તે વ્યક્તિ જે તમારા

اَهٰذَا الَّذِیْ یَذْكُرُ اٰلِهَتَكُمْ ۚ وَهُمْ بِذِكْرِ الرَّحْمٰنِ
هُمْ كٰفِرُوْنَ ۝٣٦ خُلِقَ الْاِنْسَانُ مِنْ عَجَلٍ ؕ سَاُورِیْكُمْ
اٰیٰتِیْ فَلَا تَسْتَعْجِلُوْنِ ۝٣٧ وَیَقُوْلُوْنَ مَتٰی هٰذَا
الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ۝٣٨ لَوْ یَعْلَمُ الَّذِیْنَ
كَفَرُوْا حِیْنَ لَا یَكُفُّوْنَ عَنْ وُّجُوْهِهِمُ النَّارَ وَلَا
عَنْ ظُهُوْرِهِمْ وَلَا هُمْ یُنْصَرُوْنَ ۝٣٩ بَلْ تَاْتِیْهِمْ
بَغْتَةً فَتَبْهَتُهُمْ فَلَا یَسْتَطِیْعُوْنَ رَدَّهَا وَلَا هُمْ
یُنْظَرُوْنَ ۝٤٠ وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّنْ
قَبْلِكَ فَحَاقَ بِالَّذِیْنَ سَخِرُوْا مِنْهُمْ مَّا كَانُوْا
بِهٖ یَسْتَهْزِءُوْنَ ۝٤١ ع قُلْ مَنْ یَّكْلَؤُكُمْ بِالَّیْلِ وَ ع
النَّهَارِ مِنَ الرَّحْمٰنِ ؕ بَلْ هُمْ عَنْ ذِكْرِ رَبِّهِمْ
مُّعْرِضُوْنَ ۝٤٢ اَمْ لَهُمْ اٰلِهَةٌ تَمْنَعُهُمْ مِّنْ دُوْنِنَا ؕ
لَا یَسْتَطِیْعُوْنَ نَصْرَ اَنْفُسِهِمْ وَلَا هُمْ مِّنَّا یُصْحَبُوْنَ ۝٤٣
بَلْ مَتَّعْنَا هٰۤؤُلَآءِ وَاٰبَآءَهُمْ حَتّٰی طَالَ عَلَیْهِمُ الْعُمُرُ ؕ
اَفَلَا یَرَوْنَ اَنَّا نَاْتِی الْاَرْضَ نَنْقُصُهَا مِنْ اَطْرَافِهَا ؕ
اَفَهُمُ الْغٰلِبُوْنَ ۝٤٤ قُلْ اِنَّمَاۤ اُنْذِرُكُمْ بِالْوَحْیِ ۖ
وَلَا یَسْمَعُ الصُّمُّ الدُّعَآءَ اِذَا مَا یُنْذَرُوْنَ ۝٤٥
وَلَئِنْ مَّسَّتْهُمْ نَفْحَةٌ مِّنْ عَذَابِ رَبِّكَ لَیَقُوْلُنَّ
یٰوَیْلَنَاۤ اِنَّا كُنَّا ظٰلِمِیْنَ ۝٤٦ وَنَضَعُ الْمَوَازِیْنَ

ઉપાસ્યોની ચર્ચા કર્યા કરે છે ?" અને તેમની પોતાની દશા એ છે કે રહમાન (પરમ્ કૃપાળુ)નું નામ લેવાનો ઈન્કાર કરનારા છે.

૩૭. મનુષ્ય ઉતાવળો પેદા કરવામાં આવ્યો છે. હમણાં જ હું તમને પોતાની નિશાનીઓ દેખાડી દઉં છું, મારા-સાથે ઉતાવળ ન કરો.

૩૮. – આ લોકો કહે છે, "છેવટે આ ધમકી ક્યારે પૂરી થશે જો તમે સાચા છો ?"

૩૯. કદાચ, આ કાફિરો (ઈન્કાર કરનારાઓ)ને તે સમયનું કંઈ જ્ઞાન હોતું કે જ્યારે તેઓ ન તો પોતાના મોઢાં આગથી બચાવી શકશે, ન પોતાની પીઠો અને ન એમને ક્યાંયથી મદદ પહોંચશે.

૪૦. તે આફત અચાનક આવશે અને તેમને એવી રીતે એકાએક ઝડપી લેશે કે તેઓ એને ન તો દૂર કરી શકશે અને ન એમને ક્ષણભર મહેતલ જ મળી શકશે.

૪૧. હાંસી તો તમારા પહેલાં પણ રસૂલોની ઉડાવાઈ ચૂકી છે, પરંતુ તેમની હાંસી ઉડાવનારા તે જ વસ્તુમાં ઘેરાઈને રહ્યા જેની તેઓ હાંસી ઉડાવી રહ્યા હતા. (રુકૂઅ-૩)

૪૨. હે પયગંબર ! આમને કહો, "કોણ છે જે રાત્રે કે દિવસે તમને રહમાનથી બચાવી શકતો હોય ?" પરંતુ આ લોકો પોતાના રબની શિખામણથી મોઢું ફેરવી રહ્યા છે.

૪૩. શું આ લોકો કંઈક એવા ઉપાસ્યો ધરાવે છે જે અમારા મુકાબલામાં તેમનું સમર્થન કરે ? તેઓ તો ન પોતાની મદદ કરી શકે છે અને ન અમારું સમર્થન તેમને પ્રાપ્ત છે.

૪૪. મૂળ વાત એ છે કે આ લોકોને અને એમના બાપ-દાદાઓને અમે જીવન-સામગ્રી આપતા ગયા ત્યાં સુધી કે ઘણો લાંબો કાળ વીતી ગયો. પરંતુ શું તેમને દેખાતું નથી કે અમે ધરતીને જુદી-જુદી દિશાઓથી ઘટાડતા આવી રહ્યા છીએ ? પછી શું આ લોકો વિજયી થઈ જશે ?

૪૫. એમને કહી દો કે "હું તો વહી (દિવ્ય પ્રકાશના)ના આધારે તમને ચેતવી રહ્યો છું" – પરંતુ બહેરાઓ પોકાર સાંભળતા નથી, જ્યારે કે તેમને સાવધાન કરવામાં આવે.

૪૬. અને જો તારા રબની યાતના સહેજ પણ એમને સ્પર્શ કરી જાય તો તરત જ ચીસ પાડી ઊઠે કે હાય અમારું દુર્ભાગ્ય ! નિઃશંક અમે દોષિત હતા.

૪૭. કયામત (પુનર્જીવન)ના દિવસે અમે સાચેસાચું વજન કરનાર ત્રાજવાં

الْقِسْطَ لِيَوْمِ الْقِيٰمَةِ فَلَا تُظْلَمُ نَفْسٌ شَيْـًٔا ؕ وَاِنْ
كَانَ مِثْقَالَ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ اَتَيْنَا بِهَا ؕ وَكَفٰى
بِنَا حٰسِبِيْنَ ۝٤٧ وَلَقَدْ اٰتَيْنَا مُوْسٰى وَ هٰرُوْنَ
الْفُرْقَانَ وَ ضِيَآءً وَّ ذِكْرًا لِّلْمُتَّقِيْنَ ۝٤٨ۙ الَّذِيْنَ
يَخْشَوْنَ رَبَّهُمْ بِالْغَيْبِ وَهُمْ مِّنَ السَّاعَةِ مُشْفِقُوْنَ ۝٤٩
وَهٰذَا ذِكْرٌ مُّبٰرَكٌ اَنْزَلْنٰهُ ؕ اَفَاَنْتُمْ لَهٗ مُنْكِرُوْنَ ۝٥٠ع ع ٩ / ٤
وَلَقَدْ اٰتَيْنَآ اِبْرٰهِيْمَ رُشْدَهٗ مِنْ قَبْلُ وَكُنَّا بِهٖ
عٰلِمِيْنَ ۝٥١ۚ اِذْ قَالَ لِاَبِيْهِ وَقَوْمِهٖ مَا هٰذِهِ التَّمَاثِيْلُ
الَّتِيْٓ اَنْتُمْ لَهَا عٰكِفُوْنَ ۝٥٢ قَالُوْا وَجَدْنَآ اٰبَآءَنَا
لَهَا عٰبِدِيْنَ ۝٥٣ قَالَ لَقَدْ كُنْتُمْ اَنْتُمْ وَ اٰبَآؤُكُمْ
فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝٥٤ قَالُوْٓا اَجِئْتَنَا بِالْحَقِّ اَمْ
اَنْتَ مِنَ اللّٰعِبِيْنَ ۝٥٥ قَالَ بَلْ رَّبُّكُمْ رَبُّ
السَّمٰوٰتِ وَالْاَرْضِ الَّذِيْ فَطَرَهُنَّ ۖ وَاَنَا عَلٰى
ذٰلِكُمْ مِّنَ الشّٰهِدِيْنَ ۝٥٦ وَتَاللّٰهِ لَاَكِيْدَنَّ
اَصْنَامَكُمْ بَعْدَ اَنْ تُوَلُّوْا مُدْبِرِيْنَ ۝٥٧ فَجَعَلَهُمْ
جُذٰذًا اِلَّا كَبِيْرًا لَّهُمْ لَعَلَّهُمْ اِلَيْهِ يَرْجِعُوْنَ ۝٥٨
قَالُوْا مَنْ فَعَلَ هٰذَا بِاٰلِهَتِنَآ اِنَّهٗ لَمِنَ الظّٰلِمِيْنَ ۝٥٩
قَالُوْا سَمِعْنَا فَتًى يَّذْكُرُهُمْ يُقَالُ لَهٗٓ اِبْرٰهِيْمُ ۝٦٠ؕ قَالُوْا
فَاْتُوْا بِهٖ عَلٰٓى اَعْيُنِ النَّاسِ لَعَلَّهُمْ يَشْهَدُوْنَ ۝٦١

મૂકી દઈશું. પછી કોઈ વ્યક્તિ પર રજ બરાબર પણ અત્યાચાર નહીં થાય. જે કોઈનું રાઈના દાણા બરાબર પણ કંઈ કર્યું-કરાવ્યું હશે તેને અમે સામે લઈ આવીશું અને હિસાબ કરવા માટે અમે પૂરતા છીએ.

૪૮. પહેલાં અમે મૂસા અને હારૂનને 'ફુરકાન' (સત્યં અને અસત્યનો ભેદ દર્શાવતી કસોટી) અને 'પ્રકાશ' (સીધો માર્ગ દર્શાવનાર) અને 'ઝિક્ર' (ભૂલેલો સબક યાદ દેવડાવનાર શિખામણ) પ્રદાન કરી ચૂક્યા છીએ, તે અલ્લાહનો ડર રાખવાવાળા લોકોની ભલાઈ માટે

૪૯. જેઓ જોયા વિના પોતાના રબથી ડરે અને જેમને (હિસાબની) તે ઘડીનો ખટકો લાગેલો છે.

૫૦. અને હવે આ મુબારક 'ઝિક્ર' અમે (તમારા માટે) ઉતાર્યું છે, પછી શું તમે આનો સ્વીકાર કરવાથી ઇન્કાર કરો છો ? (રુકૂઅ-૪)

૫૧. તેના પણ પહેલાં અમે ઇબ્રાહીમને તેની વિવેકબુદ્ધિ પ્રદાન કરી હતી અને અમે તેને સારી રીતે જાણતા હતા.

૫૨. યાદ કરો તે પ્રસંગ જ્યારે તેણે પોતાના પિતા અને પોતાની કોમને કહ્યું હતું, "આ મૂર્તિઓ કેવી છે જેના તમે મોહિત થઈ રહ્યા છો ?"

૫૩. તેમણે જવાબ આપ્યો, "અમે અમારા બાપ-દાદાઓને તેમની પૂજા કરતા જોયા છે."

૫૪. તેણે કહ્યું, "તમે પણ પથભ્રષ્ટ છો અને તમારા બાપ-દાદાઓ પણ સ્પષ્ટપણે પથભ્રષ્ટ હતા."

૫૫. તેમણે કહ્યું, "શું તું અમારા સમક્ષ પોતાના અસલી વિચારો દર્શાવી રહ્યો છે કે મજાક કરે છે ?"

૫૬. તેણે જવાબ આપ્યો, "નહીં, બલ્કે વાસ્તવમાં તમારો રબ તે જ છે જે ધરતી અને આકાશોનો રબ અને તેમને પેદા કરવાવાળો છે. આના પર હું તમારા સમક્ષ સાક્ષી આપું છું.

૫૭. અને અલ્લાહના સોગંદ ! હું તમારી ગેરહાજરીમાં ચોક્કસ તમારી મૂર્તિઓને જોઈ લઈશ."

૫૮. આથી તેણે તેમના ટુકડે-ટુકડા કરી નાખ્યા અને માત્ર તેમની મોટી મૂર્તિને છોડી દીધી જેથી કદાચ તેઓ તેના સમક્ષ રજૂ થાય.

૫૯. (તેમણે આવીને મૂર્તિઓની આ દશા જોઈ તો) કહેવા લાગ્યા, "અમારા ખુદાઓની આ દશા કોણે કરી નાખી ? ખૂબ જ જાલિમ હતો તે."

૬૦. (કેટલાક લોકો) બોલ્યા, "અમે એક નવયુવાનને તેમની ચર્ચા કરતો જોયો હતો જેનું નામ ઇબ્રાહીમ છે."

૬૧. તેમણે કહ્યું, "તો પકડી લાવો તેને સૌના સામે જેથી લોકો જોઈ લે (કે તેની કેવી ખબર લેવામાં આવે છે.)"

قَالُوْٓا ءَاَنْتَ فَعَلْتَ هٰذَا بِاٰلِهَتِنَا يٰٓاِبْرٰهِيْمُ ﴿٦٢﴾
قَالَ بَلْ فَعَلَهٗ ۖ كَبِيْرُهُمْ هٰذَا فَسْـَٔلُوْهُمْ اِنْ كَانُوْا
يَنْطِقُوْنَ ﴿٦٣﴾ فَرَجَعُوْٓا اِلٰٓى اَنْفُسِهِمْ فَقَالُوْٓا اِنَّكُمْ
اَنْتُمُ الظّٰلِمُوْنَ ﴿٦٤﴾ ثُمَّ نُكِسُوْا عَلٰى رُءُوْسِهِمْ ۚ لَقَدْ
عَلِمْتَ مَا هٰٓؤُلَآءِ يَنْطِقُوْنَ ﴿٦٥﴾ قَالَ اَفَتَعْبُدُوْنَ
مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَنْفَعُكُمْ شَيْـًٔا وَّلَا يَضُرُّكُمْ ﴿٦٦﴾
اُفٍّ لَّكُمْ وَلِمَا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ ۭ اَفَلَا
تَعْقِلُوْنَ ﴿٦٧﴾ قَالُوْا حَرِّقُوْهُ وَانْصُرُوْٓا اٰلِهَتَكُمْ
اِنْ كُنْتُمْ فٰعِلِيْنَ ﴿٦٨﴾ قُلْنَا يٰنَارُ كُوْنِيْ بَرْدًا
وَّسَلٰمًا عَلٰٓى اِبْرٰهِيْمَ ﴿٦٩﴾ وَاَرَادُوْا بِهٖ كَيْدًا
فَجَعَلْنٰهُمُ الْاَخْسَرِيْنَ ﴿٧٠﴾ وَنَجَّيْنٰهُ وَلُوْطًا اِلَى
الْاَرْضِ الَّتِيْ بٰرَكْنَا فِيْهَا لِلْعٰلَمِيْنَ ﴿٧١﴾ وَوَهَبْنَا
لَهٗٓ اِسْحٰقَ ۭ وَيَعْقُوْبَ نَافِلَةً ۭ وَكُلًّا جَعَلْنَا
صٰلِحِيْنَ ﴿٧٢﴾ وَجَعَلْنٰهُمْ اَىِٕمَّةً يَّهْدُوْنَ بِاَمْرِنَا
وَاَوْحَيْنَآ اِلَيْهِمْ فِعْلَ الْخَيْرٰتِ وَاِقَامَ الصَّلٰوةِ وَ
اِيْتَآءَ الزَّكٰوةِ ۚ وَكَانُوْا لَنَا عٰبِدِيْنَ ﴿٧٣﴾ وَلُوْطًا
اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا وَّنَجَّيْنٰهُ مِنَ الْقَرْيَةِ الَّتِيْ
كَانَتْ تَّعْمَلُ الْخَبٰۗىِٕثَ ۭ اِنَّهُمْ كَانُوْا قَوْمَ سَوْءٍ
فٰسِقِيْنَ ﴿٧٤﴾ وَاَدْخَلْنٰهُ فِيْ رَحْمَتِنَا ۭ اِنَّهٗ مِنَ الصّٰلِحِيْنَ ﴿٧٥﴾

منزل ٤ ع ٥

૬૨. (ઈબ્રાહીમના આવી ગયા પછી) તેમણે પૂછ્યું, "કેમ ઈબ્રાહીમ ! તેં અમારા ખુદાઓ સાથે આ કૃત્ય કર્યું છે ?"

૬૩. તેણે જવાબ આપ્યો, "બલ્કે આ બધું તો તેમના આ સરદારે કર્યું છે, એમને જ પૂછી જુઓ જો તેઓ બોલતા હોય."

૬૪. આ સાંભળીને તેઓ પોતાની અંતરાત્મા તરફ વળ્યા અને (મનોમન) કહેવા લાગ્યા, "વાસ્તવમાં તમે પોતે જ જાલિમ છો."

૬૫. પરંતુ ફરી તેમની મતિ ફરી ગઈ અને બોલ્યા, "તું જાણે છે કે આ બોલતા નથી."

૬૬. ઈબ્રાહીમે કહ્યું, "પછી શું તમે અલ્લાહને છોડીને તે વસ્તુઓને પૂજી રહ્યા છો જે ન તમને લાભ પહોંચાડવા સમર્થ છે, ન નુકસાન ?

૬૭. ધિક્કાર છે તમારા પર અને તમારા આ ઉપાસ્યો પર જેમની તમે અલ્લાહને છોડીને પૂજા કરી રહ્યા છો. શું તમે સહેજ પણ બુદ્ધિ ધરાવતા નથી ?"

૬૮. તેમણે કહ્યું, "બાળી મૂકો આને અને મદદ કરો પોતાના આ ઉપાસ્યોની જો તમારે કંઈ કરવું હોય."

૬૯. અમે કહ્યું, "હે આગ ! ઠંડી થઈ જા અને સલામતી બની જા ઈબ્રાહીમ ઉપર."

૭૦. તેઓ ચાહતા હતા કે ઈબ્રાહીમ સાથે બૂરાઈ કરે, પરંતુ અમે તેમને ઘણી ખરાબ રીતે નિષ્ફળ બનાવી દીધા.

૭૧. અને અમે તેને અને લૂતને બચાવીને તે ભૂમિ તરફ કાઢીને લઈ ગયા જેમાં અમે જગત-નિવાસીઓ માટે બરકતો (સમૃદ્ધિ અને ઉન્નતિ) રાખી છે.

૭૨. અને અમે તેને ઈસ્હાક પ્રદાન કર્યો અને આ ઉપરાંત યાકૂબ તેના ઉપર વધારામાં, અને દરેકને સદાચારી બનાવ્યો.

૭૩. અને અમે તેમને ઈમામ (નાયક) બનાવી દીધા જેઓ અમારા આદેશો અનુસાર માર્ગદર્શન કરતા હતા, અને અમે તેમને વહી દ્વારા સદ્‌કાર્યો કરવાનો અને નમાઝ કાયમ કરવાનો અને ઝકાત આપવાનો આદેશ આપ્યો, અને તેઓ અમારી બંદગી કરનારા હતા.

૭૪. અને લૂતને અમે હુકમ★ અને ઇલ્મ★ પ્રદાન કર્યાં અને તેને તે વસ્તીમાંથી બચાવીને કાઢી લાવ્યા જે કુકર્મો કરતી હતી – હકીકતમાં તે ઘણી જ દુષ્ટ, અવજ્ઞાકારી કોમ હતી –

૭૫. અને લૂતને અમે પોતાની કૃપામાં દાખલ કર્યો, તે સદાચારી લોકો પૈકી હતો. (રુકૂઅ-૫)

★ 'હુકમ'નો અર્થ તત્ત્વદર્શિતા પણ છે, નિર્ણય કરવાની સાચી શક્તિ પણ છે અને અલ્લાહ તરફથી સત્તા પ્રાપ્ત થવી પણ છે. ★ જ્ઞાન, તેનાથી તાત્પર્ય સત્યનું તે જ્ઞાન છે, જે વહી દ્વારા પ્રદાન કરવામાં આવે.

وَ نُوْحًا اِذْ نَادٰى مِنْ قَبْلُ فَاسْتَجَبْنَا لَهٗ فَنَجَّيْنٰهُ
وَاَهْلَهٗ مِنَ الْكَرْبِ الْعَظِيْمِ ۝٧٦ وَ نَصَرْنٰهُ
مِنَ الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ؕ اِنَّهُمْ كَانُوْا
قَوْمَ سَوْءٍ فَاَغْرَقْنٰهُمْ اَجْمَعِيْنَ ۝٧٧ وَ دَاوٗدَ وَ
سُلَيْمٰنَ اِذْ يَحْكُمٰنِ فِى الْحَرْثِ اِذْ نَفَشَتْ فِيْهِ
غَنَمُ الْقَوْمِ ۚ وَكُنَّا لِحُكْمِهِمْ شٰهِدِيْنَ ۝٧٨ فَفَهَّمْنٰهَا
سُلَيْمٰنَ ۚ وَكُلًّا اٰتَيْنَا حُكْمًا وَّعِلْمًا ؗ وَّسَخَّرْنَا
مَعَ دَاوٗدَ الْجِبَالَ يُسَبِّحْنَ وَالطَّيْرَ ؕ وَكُنَّا فٰعِلِيْنَ ۝٧٩
وَعَلَّمْنٰهُ صَنْعَةَ لَبُوْسٍ لَّكُمْ لِتُحْصِنَكُمْ مِّنْۢ
بَاْسِكُمْ ۚ فَهَلْ اَنْتُمْ شٰكِرُوْنَ ۝٨٠ وَلِسُلَيْمٰنَ
الرِّيْحَ عَاصِفَةً تَجْرِيْ بِاَمْرِهٖۤ اِلَى الْاَرْضِ الَّتِيْ
بٰرَكْنَا فِيْهَا ؕ وَكُنَّا بِكُلِّ شَيْءٍ عٰلِمِيْنَ ۝٨١ وَ مِنَ
الشَّيٰطِيْنِ مَنْ يَّغُوْصُوْنَ لَهٗ وَيَعْمَلُوْنَ عَمَلًا دُوْنَ
ذٰلِكَ ۚ وَكُنَّا لَهُمْ حٰفِظِيْنَ ۝٨٢ وَ اَيُّوْبَ اِذْ
نَادٰى رَبَّهٗۤ اَنِّيْ مَسَّنِيَ الضُّرُّ وَ اَنْتَ اَرْحَمُ
الرّٰحِمِيْنَ ۝٨٣ فَاسْتَجَبْنَا لَهٗ فَكَشَفْنَا مَا بِهٖ مِنْ
ضُرٍّ وَّاٰتَيْنٰهُ اَهْلَهٗ وَمِثْلَهُمْ مَّعَهُمْ رَحْمَةً مِّنْ
عِنْدِنَا وَذِكْرٰى لِلْعٰبِدِيْنَ ۝٨٤ وَاِسْمٰعِيْلَ وَ
اِدْرِيْسَ وَ ذَا الْكِفْلِ ؕ كُلٌّ مِّنَ الصّٰبِرِيْنَ ۝٨٥

૭૬. અને આ જ કૃપા અમે નૂહને પ્રદાન કરી. યાદ કરો જ્યારે કે આ બધા પહેલાં તેણે અમને પોકાર્યા હતા. અમે તેની દુઆ કબૂલ કરી અને તેને અને તેના કુટુંબીજનોને મોટી પીડામાંથી છુટકારો અપાવ્યો

૭૭. અને તે કોમના મુકાબલામાં તેની મદદ કરી જેણે અમારી આયતોને ખોટી ઠેરવી હતી. તેઓ ઘણા દુષ્ટ લોકો હતા, તેથી અમે તેમને સૌને ડુબાડી દીધા.

૭૮. અને આ જ કૃપા વડે અમે દાઊદ અને સુલેમાનને નવાજ્યા. યાદ કરો તે પ્રસંગ જ્યારે કે તે બંને એક ખેતરના મુકદ્દમામાં ફેંસલો કરી રહ્યા હતા, જેમાં રાતના સમયે બીજા લોકોના બકરાં પેસી ગયા હતા, અને અમે તેમની અદાલત પોતે જોઈ રહ્યા હતા.

૭૯. ત્યારે અમે સાચો ફેંસલો સુલેમાનને સમજાવી દીધો, જો કે તત્ત્વદર્શિતા અને જ્ઞાન અમે બંનેને આપ્યા હતા. દાઊદના સાથે અમે પર્વતો અને પક્ષીઓને કામે લગાડી દીધા હતા જેઓ તસ્બીહ (પવિત્રતાનો જાપ) કરતા હતા. આ કામને કરવાવાળા અમે જ હતા

૮૦. અને અમે તેને તમારા ફાયદા માટે બખ્તર બનાવવાનો હુન્નર શીખવાડી દીધો હતો, જેથી તમને એકબીજાના પ્રહાર સામે રક્ષણ આપે, પછી શું તમે કૃતજ્ઞ છો ?

૮૧. અને સુલેમાન માટે અમે તેજ હવાને કામે લગાડી દીધી હતી જે તેના આદેશથી તે ભૂમિ તરફ વહેતી હતી જેમાં અમે બરકતો મૂકી છે, અમે દરેક વસ્તુનું જ્ઞાન ધરાવતા હતા.

૮૨. અને શેતાનોમાંથી અમે એવા ઘણાને તેના આધીન કરી દીધા હતા જેઓ તેના માટે ડૂબકી મારતા અને તે ઉપરાંત બીજા કાર્ય કરતા હતા. આ બધાની દેખભાળ રાખનાર અમે જ હતા.

૮૩. અને આ જ (વિવેકબુદ્ધિ તથા તત્ત્વદર્શિતા અને જ્ઞાનની કૃપા) અમે ઐયૂબને આપી હતી. યાદ કરો જ્યારે કે તેણે પોતાના રબને પોકાર્યો, ''મને બીમારી લાગુ પડી છે અને તું દયાળુઓમાં સૌથી વધીને દયાળુ છે.''

૮૪. અમે તેની દુઆ કબૂલ કરી અને તેને જે તકલીફ હતી તેને દૂર કરી દીધી, અને ન માત્ર તેના કુટુંબીજનો જ તેને આપ્યા, બલ્કે તેમના સાથે એટલાં જ બીજા પણ આપ્યા, પોતાની વિશેષ કૃપા રૂપે અને એટલા માટે કે આ એક બોધપાઠ હોય બંદગી કરનારાઓ માટે.

૮૫. અને આ જ કૃપા ઇસ્માઈલ અને ઇદરીસ અને ઝુલકિફ્લને આપી કે આ બધા ધૈર્યવાન લોકો હતા,

وَاَدْخَلْنٰهُمْ فِيْ رَحْمَتِنَا ؕ اِنَّهُمْ مِّنَ الصّٰلِحِيْنَ ﴿۸۶﴾
وَذَا النُّوْنِ اِذْ ذَّهَبَ مُغَاضِبًا فَظَنَّ اَنْ لَّنْ
نَّقْدِرَ عَلَيْهِ فَنَادٰى فِي الظُّلُمٰتِ اَنْ لَّآ اِلٰهَ
اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ ﴿۸۷﴾ ۚ
فَاسْتَجَبْنَا لَهٗ ۙ وَنَجَّيْنٰهُ مِنَ الْغَمِّ ؕ وَكَذٰلِكَ
نُـْۨجِي الْمُؤْمِنِيْنَ ﴿۸۸﴾ وَزَكَرِيَّآ اِذْ نَادٰى رَبَّهٗ
رَبِّ لَا تَذَرْنِيْ فَرْدًا وَّاَنْتَ خَيْرُ الْوٰرِثِيْنَ ﴿۸۹﴾ ۚ
فَاسْتَجَبْنَا لَهٗ ۫ وَوَهَبْنَا لَهٗ يَحْيٰى وَاَصْلَحْنَا لَهٗ
زَوْجَهٗ ؕ اِنَّهُمْ كَانُوْا يُسٰرِعُوْنَ فِي الْخَيْرٰتِ وَ
يَدْعُوْنَنَا رَغَبًا وَّرَهَبًا ؕ وَكَانُوْا لَنَا خٰشِعِيْنَ ﴿۹۰﴾
وَالَّتِيْٓ اَحْصَنَتْ فَرْجَهَا فَنَفَخْنَا فِيْهَا مِنْ رُّوْحِنَا
وَجَعَلْنٰهَا وَابْنَهَآ اٰيَةً لِّلْعٰلَمِيْنَ ﴿۹۱﴾ اِنَّ هٰذِهٖٓ
اُمَّتُكُمْ اُمَّةً وَّاحِدَةً ۖ وَّاَنَا رَبُّكُمْ فَاعْبُدُوْنِ ﴿۹۲﴾
وَتَقَطَّعُوْٓا اَمْرَهُمْ بَيْنَهُمْ ؕ كُلٌّ اِلَيْنَا رٰجِعُوْنَ ﴿۹۳﴾ ع ١٨
فَمَنْ يَّعْمَلْ مِنَ الصّٰلِحٰتِ وَهُوَ مُؤْمِنٌ فَلَا كُفْرَانَ
لِسَعْيِهٖ ۚ وَاِنَّا لَهٗ كٰتِبُوْنَ ﴿۹۴﴾ وَحَرٰمٌ عَلٰى قَرْيَةٍ
اَهْلَكْنٰهَآ اَنَّهُمْ لَا يَرْجِعُوْنَ ﴿۹۵﴾ حَتّٰٓى اِذَا فُتِحَتْ
يَاْجُوْجُ وَمَاْجُوْجُ وَهُمْ مِّنْ كُلِّ حَدَبٍ يَّنْسِلُوْنَ ﴿۹۶﴾
وَاقْتَرَبَ الْوَعْدُ الْحَقُّ فَاِذَا هِيَ شَاخِصَةٌ منزل ٤

૮૬. અને તેમને અમે પોતાની કૃપામાં દાખલ કર્યા કેમ કે તેઓ સદાચારીઓમાંથી હતા.

૮૭. અને માછલીવાળા (પયગંબર હઝરત યુનૂસ અલૈ.)ને પણ અમે પ્રતિષ્ઠા પ્રદાન કરી. યાદ કરો જ્યારે કે તે નારાજ થઈને જતો રહ્યો હતો અને સમજ્યો હતો કે અમે આ માટે તેની પકડ કરીશું નહીં. છેવટે તેણે અંધારાઓમાંથી પોકાર કર્યો, ''નથી કોઈ અલ્લાહ પણ તું, પવિત્ર અને ઉચ્ચ છે તારી હસ્તી, નિઃશંક મેં ભૂલ કરી.''

૮૮. ત્યારે અમે તેની દુઆ સ્વીકારી અને દુઃખમાંથી તેને છોડાવ્યો અને આ જ રીતે અમે ઈમાનવાળાઓને બચાવી લઈએ છીએ.

૮૯. અને ઝકરિય્યાને, જ્યારે કે તેણે પોતાના રબને પોકાર્યો કે ''હે પાલનહાર ! મને એકલો ન છોડી દે, અને ઉત્તમ વારસદાર તો તું જ છે.''

૯૦. પછી અમે તેની દુઆ સ્વીકારી અને તેને યાહ્યા પ્રદાન કર્યો અને તેની પત્નીને તેના માટે લાયક કરી દીધી. આ લોકો સદ્કાર્યોમાં દોડધામ કરતા હતા અને અમને પ્રેમ અને ડર સાથે પોકારતા હતા, અને અમારા સામે ઝૂકેલા હતા.

૯૧. અને તે મહિલા જેણે પોતાના સતીત્વની રક્ષા કરી હતી, અમે તેના ભીતર પોતાની રૂહથી ફૂંક્યું અને તેને અને તેના પુત્રને સમગ્ર દુનિયા માટે નિશાની બનાવી દીધા.

૯૨. આ તમારો સમુદાય (ઉમ્મત) હકીકતમાં એક જ સમુદાય છે અને હું તમારો રબ (પ્રભુ) છું, તો તમે મારી બંદગી કરો.

૯૩. પરંતુ (આ લોકોની ચાલાકીઓ છે કે) તેમણે પરસ્પર પોતાના દીન (ધર્મ)ને ટુકડે-ટુકડા કરી નાખ્યો – બધાને અમારા તરફ પાછા ફરવાનું છે. (રુકૂઅ-૬)

૯૪. પછી જે સદ્કાર્ય કરશે, એ સ્થિતિમાં કે તે ઈમાનવાળો હોય, તો તેના કામની ઉપેક્ષા નહીં થાય અને અમે તેને લખી રહ્યા છીએ.

૯૫. અને શક્ય નથી કે જે વસ્તીને અમે નષ્ટ કરી દીધી હોય, તે ફરી પલટી શકે.

૯૬. ત્યાં સુધી કે જ્યારે યાજૂજ અને માજૂજને ખોલી દેવામાં આવશે અને દરેક ઊંચી જગ્યાએથી તેઓ નીકળી પડશે

૯૭. અને સાચા વાયદાના પૂરા થવાનો સમય નજીક આવી પહોંચશે તો એકાએક તેમની આંખો ભયથી ફાટેલી રહી જશે જેમણે કુફ્ર કર્યું હતું.

اَبْصَارُ الَّذِيْنَ كَفَرُوْا ؕ يٰوَيْلَنَا قَدْ كُنَّا فِيْ
غَفْلَةٍ مِّنْ هٰذَا بَلْ كُنَّا ظٰلِمِيْنَ ﴿۹۷﴾ اِنَّكُمْ وَمَا
تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ حَصَبُ جَهَنَّمَ ؕ اَنْتُمْ لَهَا
وٰرِدُوْنَ ﴿۹۸﴾ لَوْ كَانَ هٰۤؤُلَآءِ اٰلِهَةً مَّا وَرَدُوْهَا ؕ
وَكُلٌّ فِيْهَا خٰلِدُوْنَ ﴿۹۹﴾ لَهُمْ فِيْهَا زَفِيْرٌ وَّهُمْ
فِيْهَا لَا يَسْمَعُوْنَ ﴿۱۰۰﴾ اِنَّ الَّذِيْنَ سَبَقَتْ لَهُمْ مِّنَّا
الْحُسْنٰۤى ۙ اُولٰٓئِكَ عَنْهَا مُبْعَدُوْنَ ﴿۱۰۱﴾ ۙ لَا يَسْمَعُوْنَ
حَسِيْسَهَا ۚ وَهُمْ فِيْ مَا اشْتَهَتْ اَنْفُسُهُمْ
خٰلِدُوْنَ ﴿۱۰۲﴾ ۚ لَا يَحْزُنُهُمُ الْفَزَعُ الْاَكْبَرُ وَتَتَلَقّٰىهُمُ
الْمَلٰٓئِكَةُ ؕ هٰذَا يَوْمُكُمُ الَّذِيْ كُنْتُمْ تُوْعَدُوْنَ ﴿۱۰۳﴾
يَوْمَ نَطْوِي السَّمَآءَ كَطَيِّ السِّجِلِّ لِلْكُتُبِ ؕ كَمَا
بَدَاْنَاۤ اَوَّلَ خَلْقٍ نُّعِيْدُهٗ ؕ وَعْدًا عَلَيْنَا ؕ اِنَّا
كُنَّا فٰعِلِيْنَ ﴿۱۰۴﴾ وَلَقَدْ كَتَبْنَا فِي الزَّبُوْرِ مِنْۢ
بَعْدِ الذِّكْرِ اَنَّ الْاَرْضَ يَرِثُهَا عِبَادِيَ الصّٰلِحُوْنَ ﴿۱۰۵﴾
اِنَّ فِيْ هٰذَا لَبَلٰغًا لِّقَوْمٍ عٰبِدِيْنَ ﴿۱۰۶﴾ ؕ وَمَاۤ اَرْسَلْنٰكَ
اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ﴿۱۰۷﴾ قُلْ اِنَّمَا يُوْحٰۤى اِلَيَّ اَنَّمَاۤ
اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ فَهَلْ اَنْتُمْ مُّسْلِمُوْنَ ﴿۱۰۸﴾
فَاِنْ تَوَلَّوْا فَقُلْ اٰذَنْتُكُمْ عَلٰى سَوَآءٍ ؕ وَاِنْ
اَدْرِيْۤ اَقَرِيْبٌ اَمْ بَعِيْدٌ مَّا تُوْعَدُوْنَ ﴿۱۰۹﴾ اِنَّهٗ

કહેશે, "રે અમારું દુર્ભાગ્ય ! અમે આ વસ્તુ તરફ બેદરકાર રહ્યા હતા, બલ્કે અમે દોષિત હતા."

૯૮. નિઃસંદેહ, તમે અને તમારા તે ઉપાસ્યો જેમને તમે અલ્લાહને છોડીને પૂજો છો, જહન્નમ (નર્ક)નું ઈંધણ છે, ત્યાં જ તમારે જવાનું છે.

૯૯. જો હકીકતમાં તેઓ ઉપાસ્ય હોત તો ત્યાં ન જતા. હવે સૌને હંમેશાં તેમાં જ રહેવાનું છે.

૧૦૦. ત્યાં તેઓ હાંફતા હશે અને પરિસ્થિતિ એ હશે કે ઘોંઘાટને કારણે કાનથી કોઈ અવાજ પણ નહીં સંભળાય.

૧૦૧. રહ્યા તે લોકો જેમના માટે અમારા તરફથી ભલાઈનો નિર્ણય પહેલાંથી જ થઈ ગયો હશે, તો ચોક્કસ તેમને તેનાથી દૂર રાખવામાં આવશે.

૧૦૨. તેનો કોઈ સર-સર અવાજ પણ નહીં સાંભળે અને તેઓ હંમેશાં-હંમેશાં મનગમતી વસ્તુઓ વચ્ચે રહેશે.

૧૦૩. તે અત્યંત ગભરાટનો સમય તેમને સહેજ પણ પરેશાન નહીં કરે અને ફરિશ્તાઓ આગળ વધીને તેમનું સ્વાગત કરશે કે "આ તમારો તે જ દિવસ છે જેનો તમારાથી વાયદો કરવામાં આવતો હતો."

૧૦૪. તે દિવસે જ્યારે કે આકાશને અમે તે રીતે લપેટીને મૂકી દઈશું જે રીતે તુમારના પાનાં લપેટી દેવામાં આવે છે. જે રીતે અમે પહેલાં સર્જનનો આરંભ કર્યો હતો, તે જ રીતે અમે ફરી તેનું પુનરાવર્તન કરીશું. આ એક વાયદો છે અમારા શિરે અને આ કામ અમારે ચોક્કસપણે કરવાનું જ છે,

૧૦૫. અને ઝબૂર (પયગંબર હઝરત દાઊદ અલૈ. ઉપર અવતરિત ઈશગ્રંથ)માં શિખામણ પછી અમે લખી ચૂક્યા છીએ કે ધરતીના ઉત્તરાધિકારી અમારા સત્કર્મી બંદાઓ હશે,

૧૦૬. આમાં એક મોટી ખબર છે બંદગી કરનારાઓ માટે.

૧૦૭. હે પયગંબર ! અમે તો તમને દુનિયાવાળાઓ માટે રહમત (દયા અને કૃપા) બનાવીને મોકલ્યા છે.

૧૦૮. એમને કહો, "મારા પાસે જે વહી આવે છે, તે એ છે કે તમારો ઉપાસ્ય (પૂજ્ય) માત્ર એક જ અલ્લાહ છે, પછી શું તમે આજ્ઞાપાલનમાં માથું ઝુકાવો છો?"

૧૦૯. જો તેઓ વિમુખ થાય તો કહી દો કે "મેં જાહેરમાં તમને ચેતવી દીધા છે. હવે આ હું નથી જાણતો કે તે વસ્તુ જેનો વાયદો તમારા સાથે કરવામાં આવી રહ્યો છે નજીક છે કે દૂર.

يَعْلَمُ الْجَهْرَ مِنَ الْقَوْلِ وَيَعْلَمُ مَا تَكْتُمُوْنَ ﴿١١٠﴾
وَاِنْ اَدْرِيْ لَعَلَّهٗ فِتْنَةٌ لَّكُمْ وَمَتَاعٌ اِلٰى
حِيْنٍ ﴿١١١﴾ قٰلَ رَبِّ احْكُمْ بِالْحَقِّ ؕ وَرَبُّنَا الرَّحْمٰنُ
الْمُسْتَعَانُ عَلٰى مَا تَصِفُوْنَ ﴿١١٢﴾ ع

منزل ۴ النّصف ع۱۹

૧૧૦. અલ્લાહ તે વાતો પણ જાણે છે જે ઊંચા અવાજથી કહેવામાં આવે છે અને તે પણ જે તમે છૂપાવીને કરો છો.

૧૧૧. હું તો એ સમજું છું કે કદાચ આ (વિલંબ) તમારા માટે એક પરીક્ષા છે અને તમને એક ખાસ મુદ્દત સુધી મોજ કરવાની તક આપવામાં આવી રહી છે."

૧૧૨. (છેવટે) રસૂલે કહ્યું કે "હે મારા રબ ! સત્યપૂર્વક ફેંસલો કરી દે, અને લોકો ! તમે જે વાતો બનાવો છો તેના મુકાબલામાં અમારો કૃપાળુ માલિક અને પાલનહાર (રબ) જ અમારા માટે મદદનો આશરો છે." (રુકૂઅ-૭)

(૨૨) અલ-હજ્જ

પરિચય

નામ :

ચોથા રુકૂઅની (૨૭મી આયત) ''વ-અઝ્ઝિન્ ફીન્નાસિ બિલ-હજ્જ'' અર્થાત્ ''અને લોકોને હજ્જ માટે જાહેર ઘોષણા કરી દો'' થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આ સૂરઃમાં મક્કા અને મદીનામાં અવતરિત થયેલ સૂરઃઓની વિશેષતાઓ મિશ્રિત જોવા મળે છે. તેથી જ વિવરણકર્તાઓમાં એ વાત પર મતભેદ પ્રવર્તે છે કે આ સૂરઃ મક્કી છે કે મદની, પરંતુ મારા મતે આના વિષયો અને વર્ણન-શૈલીનો આ રંગ એ કારણે છે કે આનો એક ભાગ મક્કી કાળના અંતે અને બીજો ભાગ મદની કાળના આરંભમાં ઊતર્યો છે. આથી બંને કાળની વિશેષતાઓ આમાં એકઠી થઈ ગઈ છે.

આરંભિક ભાગનો વિષય અને તેની વર્ણન-શૈલી સ્પષ્ટપણે દર્શાવે છે કે આ મક્કામાં અવતરિત થયેલ છે અને વધારે શક્યતા એ છે કે મક્કી જીવનના અંતિમ ભાગમાં હિજરતના થોડાંક સમય પહેલાં અવતરિત થઈ હોય. આ ભાગ આયત ૨૪ ''વ-હુદૂ ઈલત્તય્યિબિ મિનલ્ કવ્લિ વ-હુદૂ ઈલા સિરાતિલ્ હમીદ'' અર્થાત્ ''તેમને પવિત્ર વાત સ્વીકારવાનું માર્ગદર્શન પ્રદાન કરવામાં આવ્યું અને તેમને પ્રશંસનીય ગુણોથી વિભૂષિત અલ્લાહનો માર્ગ દેખાડવામાં આવ્યો.'' પર સમાપ્ત થાય છે.

ત્યારપછી ''ઈન્નલ્લઝીન કફરૂ વ-યસુદ્દુન અન્ સબીલિલ્લાહ'' અર્થાત્ ''જે લોકોએ કુફ્ર કર્યું અને જેઓ (આજે) અલ્લાહના માર્ગથી રોકી રહ્યા છે'' થી એકાએક વિષયનો રંગ બદલાઈ જાય છે અને સ્પષ્ટ જણાય છે કે અહીંથી અંત સુધીનો ભાગ મદીના-તય્યિબામાં ઊતર્યો છે. શક્ય છે કે હિજરત પછી પહેલા જ વર્ષે ઝિલહજ્જમાં અવતરિત થયો હોય, કેમ કે આયત ૨૫ થી ૪૧ સુધીનો વિષય એ જ વાતનો નિર્દેશ કરે છે અને આયત ૩૯-૪૦ ઉતરવાનું કારણ પણ તેની પુષ્ટિ કરે છે. તે વખતે મુહાજિરો હમણાં-હમણાં જ પોતાના ઘરબાર છોડીને મદીનામાં આવ્યા હતા. હજ્જના જમાનામાં તેમને પોતાના શહેર અને હજ્જના ઈજ્તિમાઅ (સંમેલન)ની યાદ આવી રહી હશે અને તે વાત ખૂબ ખૂંચતી હશે કે કુરૈશના મુશ્રિકોએ તેમના માટે મસ્જિદે-હરામ (મક્કામાં આવેલ પ્રતિષ્ઠિત મસ્જિદ) સુધ્ધાંનો માર્ગ બંધ કરી દીધો છે. તે વખતે તેઓ એ વાતની પણ પ્રતીક્ષા કરી રહ્યા હશે કે જે અત્યાચારીઓએ તેમને ઘરોમાંથી કાઢી-

મૂક્યા, મસ્જિદે-હરામની ઝિયારત (દર્શન)થી વંચિત કર્યા અને અલ્લાહનો માર્ગ અપનાવવા બદલ તેમનું જીવન સુધ્ધાં મુશ્કેલ બનાવી દીધું, તેમના વિરુધ્ધ યુદ્ધ કરવાની પરવાનગી મળી જાય. આ આયતોના ઉતરાણનો આ જ મનોવૈજ્ઞાનિક પ્રસંગ હતો. આમાં પહેલાં તો હજ્જનો ઉલ્લેખ કરીને એ બતાવવામાં આવ્યું છે કે આ મસ્જિદે-હરામનું નિર્માણ એટલા માટે કરવામાં આવ્યું હતું અને હજ્જની પ્રણાલી એટલા માટે શરૂ કરવામાં આવી હતી કે દુનિયામાં એક માત્ર અલ્લાહની બંદગી કરવામાં આવે, પરંતુ આજે ત્યાં શિર્ક થઈ રહ્યું છે અને એક અલ્લાહની બંદગી કરનારાઓ માટે તેના દ્વાર બંધ કરી દેવામાં આવ્યા છે. ત્યારપછી મુસલમાનોને છૂટ આપી દેવામાં આવી છે કે તેઓ આ અત્યાચારીઓ વિરુધ્ધ યુદ્ધ કરે અને તેમને ત્યાંથી બેદખલ કરીને દેશમાં તે કલ્યાણકારી વ્યવસ્થાની સ્થાપના કરે જેમાં બૂરાઈઓ દબાઈ જાય અને ભલાઈઓ ફેલાય. ઇબ્ને અબ્બાસ, મુજાહિદ, ઉર્વહ બિન ઝુબૈર, ઝૈદ બિન અસ્લમ, મુકાતિલ બિન હૈયાન, કતાદા અને બીજા અગ્રણી વિવરણકર્તાઓ કહે છે કે આ પ્રથમ આયત છે જેમાં મુસલમાનોને યુદ્ધની પરવાનગી આપવામાં આવી અને હદીસ (પયગંબર સલ્લ.ના કથનો) તથા સીરત (પયગંબર સલ્લ.નું જીવન-ચરિત્ર)ના પુસ્તકોથી પ્રમાણિત છે કે આ પરવાનગી પછી તરત જ કુરૈશ વિરુધ્ધ વ્યવહારૂ પગલાઓ લેવાનું શરૂ કરી દેવામાં આવ્યું અને પહેલી ચઢાઈની ટુકડી હિ.સ. ૦૨ના સફર મહિનામાં રાતા સમુદ્રના કિનારા તરફ રવાના કરવામાં આવી, જે વદ્દાનની લડાઈ અને અબવાની લડાઈના નામે પ્રખ્યાત છે.

વિષય :

આ સૂરઃમાં ત્રણ સમૂહોને સંબોધન કરવામાં આવ્યું છે — મક્કાના મુશ્‌રિકો (અનેકેશ્વરવાદીઓ), દ્વિધામાં પડેલાં મુસલમાનો અને સાચા ઈમાનવાળાઓ. મુશ્‌રિકોને સંબોધન મક્કાના આરંભમાં કરવામાં આવ્યું અને મદીનામાં તેનો ક્રમ પૂરો થયો. આ સંબોધનમાં તેમને ભારપૂર્વક સચેત કરવામાં આવ્યા છે કે તમે જીદ અને હઠધર્મી સાથે પોતાના નિરાધાર અજ્ઞાનતાપૂર્ણ વિચારોનો આગ્રહ રાખ્યો, અલ્લાહને છોડીને તે ઉપાસ્યો પર ભરોસો કર્યો જેમના પાસે કોઈ તાકાત નથી અને અલ્લાહના રસૂલ (પયગંબર)ને ખોટાં ઠેરવી દીધા. હવે તમારો અંજામ એ જ આવીને રહેશે જે આ પહેલાં આ માર્ગે ચાલનારાઓનો આવી ચૂક્યો છે. પયગંબરને ખોટા ઠેરવીને અને પોતાની કોમના સૌથી સદાચારી માણસોને અત્યાચારનું લક્ષ્ય બનાવીને તમે પોતાનું જ નુકસાન કર્યું છે. આના પરિણામે તમારા પર અલ્લાહનો જે પ્રકોપ ઊતરશે તેનાથી તમારા બનાવટી ઉપાસ્યો તમને નહીં બચાવી શકે. આ ચેતવણી અને ધમકી

સાથે શિખામણનું પાસું તદ્દન છોડી દેવામાં આવ્યું નથી. સમગ્ર સૂરઃમાં ઠેર- ઠેર અનુસ્મરણ અને ઉપદેશ પણ છે અને શિર્ક વિરુધ્ધ તથા તૌહીદ અને આખિરતની તરફેણમાં અસરકારક દલીલો પ્રસ્તુત કરવામાં આવી છે. દ્વિધા અને સંકોચમાં પડેલાં મુસલમાનો, જેમણે અલ્લાહની બંદગી તો અપનાવી લીધી હતી પણ તેના માર્ગમાં કોઈ જોખમ ઉઠાવવા તૈયાર ન હતા, તેમને સંબોધન કરતાં ભારે ઠપકો આપવામાં આવ્યો છે. તેમને કહેવામાં આવ્યું કે આ તમારું કેવું ઈમાન છે કે રાહત, ખુશી અને એશ-આરામ મળે તો અલ્લાહ તમારો માલિક અને પાલનહાર અને તમે તેના બંદા, પરંતુ જેવી અલ્લાહના માર્ગમાં મુસીબતો આવે અને મુશ્કેલીઓ સહન કરવી પડે, તો પછી ન તો અલ્લાહ તમારો માલિક અને પાલનહાર અને ન તમે તેના બંદા. જો કે તમે પોતાના આ વલણ અને વર્તનથી કોઈ એવી મુસીબત, નુકસાન કે દુઃખને ટાળી શકતા નથી, જે અલ્લાહે તમારા ભાગ્યમાં લખી દીધા હોય. ઈમાનવાળાઓને બે રીતે સંબોધવામાં આવ્યા છે. એક સંબોધન એવું છે, જેમાં તેઓ પોતે પણ સંબોધિત છે અને આરબ પ્રદેશના સામાન્ય લોકો પણ, બીજા સંબોધનમાં ઈમાનવાળા જ સંબોધિત છે.

પહેલા સંબોધનમાં મક્કાના મુશ્રિકોની તે વર્તન બદલ પકડ કરવામાં આવી છે કે તેમણે મુસલમાનો માટે મસ્જિદે-હરામ (કાબા)નો માર્ગ બંધ કરી દીધો છે, જો કે મસ્જિદે-હરામ તેમની અંગત મિલ્કત નથી અને તેમને કોઈ વ્યક્તિને હજ્જથી રોકવાનો અધિકાર નથી. આ વાંધો પોતાના સ્થાને ન માત્ર વાજબી હતો, બલ્કે રાજકીય દષ્ટિએ આ કુરૈશ વિરુધ્ધ એક બહુ મોટું શસ્ત્ર પણ હતું. આનાથી આરબોના બીજા તમામ કબીલાઓના મનમાં એ પ્રશ્ન ઊભો કરી દેવામાં આવ્યો કે કુરૈશ હરમ (પ્રતિષ્ઠિત મસ્જિદ)ના સેવક છે કે માલિક ? જો આજે પોતાના અંગત વૈમનસ્યના કારણે તેઓ એક જૂથને હજ્જથી રોકી દે અને તેને સાંખી લેવામાં આવે છે, તો અસંભવ નથી કે કાલે જેના સાથે પણ તેમના સંબંધો બગડે, તેમને તેઓ હરમની હદમાં દાખલ થવાથી રોકી લે અને તેના માટે હજ્જ અને ઉમરા બંધ કરી દે. આ જ અનુસંધાનમાં મસ્જિદે-હરામના ઈતિહાસનું વર્ણન કરીને એક તરફ એ બતાવવામાં આવ્યું છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ જ્યારે અલ્લાહના આદેશથી આનું નિમાર્ણ કર્યું હતું તો તમામ લોકોને હજ્જનું આહવાન્ કર્યું હતું અને ત્યાં પહેલાં દિવસથી સ્થાનિક નિવાસીઓ અને બહારથી આવનારાઓના હક્કો સમાન માની લેવામાં આવ્યા હતા. બીજી બાજુ એ બતાવવામાં આવ્યું છે કે આ ઘર શિર્ક માટે નહીં, બલ્કે એક અલ્લાહની બંદગી માટે બનાવવામાં આવ્યું હતું. હવે આ કેવો અત્યાચાર છે કે ત્યાં એક અલ્લાહની બંદગી પર તો પ્રતિબંધ હોય અને મૂર્તિઓની પૂજા માટે પૂરેપૂરી આઝાદી હોય !

બીજા સંબોધનમાં મુસલમાનોને કુરૈશના અત્યાચારનો જવાબ તાકાતથી આપવાની પરવાનગી આપવામાં આવી છે અને તે સાથે તેમને એ પણ બતાવવામાં આવ્યું છે કે જ્યારે તમને સત્તા પ્રાપ્ત થાય, તો તમારું વલણ કેવું હોવું જોઈએ અને પોતાના રાજ્યમાં તમારે કયા હેતુ માટે કાર્ય કરવું જોઈએ. આ વિષય સૂરઃના વચ્ચે પણ છે અને અંતે પણ. અંતે ઈમાનવાળાઓના જૂથ માટે 'મુસ્લિમ' (આજ્ઞાંકિત) નામની વિધિવત્ ઘોષણા કરીને એવું કહેવામાં આવ્યું છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના સાચા ઉત્તરાધિકારી તો તમે લોકો છો, તમને એ સેવા માટે પસંદ કરી લેવામાં આવ્યા છે કે દુનિયામાં લોકો સામે સત્યની સાક્ષી આપવાના માર્ગ પર ઊભા થઈ જાઓ. હવે તમારે નમાઝની સ્થાપના કરીને, ઝકાત અને ખૈરાત (ઐચ્છિક દાન) આપીને પોતાના જીવનને ઉત્તમ આદર્શ જીવન બનાવવું જોઈએ અને અલ્લાહના ભરોસે અલ્લાહના 'કલિમા'ને સર્વોપરી કરવા માટે જિહાદ (તનતોડ સંઘર્ષ) કરવો જોઈએ.

આ પ્રસંગે સૂરઃ બકરહ અને સૂરઃ અન્ફાલની પ્રસ્તાવનાઓ પર પણ દૃષ્ટિપાત કરી લેવામાં આવે તો સમજવામાં વધુ સરળતા રહેશે.

اٰیاتھا ۷۸ (۲۲) سُوْرَةُ الْحَجِّ مَدَنِيَّةٌ (۱۰۳) رکوعاتھا ۱۰

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰۤاَيُّهَا النَّاسُ اتَّقُوْا رَبَّكُمْ ۚ اِنَّ زَلْزَلَةَ السَّاعَةِ
شَيْءٌ عَظِيْمٌ ۝۱ يَوْمَ تَرَوْنَهَا تَذْهَلُ كُلُّ مُرْضِعَةٍ
عَمَّاۤ اَرْضَعَتْ وَتَضَعُ كُلُّ ذَاتِ حَمْلٍ حَمْلَهَا
وَتَرَى النَّاسَ سُكٰرٰى وَمَا هُمْ بِسُكٰرٰى وَلٰكِنَّ
عَذَابَ اللّٰهِ شَدِيْدٌ ۝۲ وَمِنَ النَّاسِ مَنْ يُّجَادِلُ
فِي اللّٰهِ بِغَيْرِ عِلْمٍ وَّيَتَّبِعُ كُلَّ شَيْطٰنٍ مَّرِيْدٍ ۝۳ ۙ
كُتِبَ عَلَيْهِ اَنَّهٗ مَنْ تَوَلَّاهُ فَاَنَّهٗ يُضِلُّهٗ وَ
يَهْدِيْهِ اِلٰى عَذَابِ السَّعِيْرِ ۝۴ يٰۤاَيُّهَا النَّاسُ
اِنْ كُنْتُمْ فِيْ رَيْبٍ مِّنَ الْبَعْثِ فَاِنَّا خَلَقْنٰكُمْ
مِّنْ تُرَابٍ ثُمَّ مِنْ نُّطْفَةٍ ثُمَّ مِنْ عَلَقَةٍ ثُمَّ مِنْ
مُّضْغَةٍ مُّخَلَّقَةٍ وَّغَيْرِ مُخَلَّقَةٍ لِّنُبَيِّنَ لَكُمْ ۭ
وَنُقِرُّ فِي الْاَرْحَامِ مَا نَشَاۗءُ اِلٰۤى اَجَلٍ مُّسَمًّى
ثُمَّ نُخْرِجُكُمْ طِفْلًا ثُمَّ لِتَبْلُغُوْۤا اَشُدَّكُمْ ۚ
وَمِنْكُمْ مَّنْ يُّتَوَفّٰى وَمِنْكُمْ مَّنْ يُّرَدُّ اِلٰۤى
اَرْذَلِ الْعُمُرِ لِكَيْلَا يَعْلَمَ مِنْۢ بَعْدِ عِلْمٍ شَيْـًٔا ۭ
وَتَرَى الْاَرْضَ هَامِدَةً فَاِذَاۤ اَنْزَلْنَا عَلَيْهَا
الْمَاۗءَ اهْتَزَّتْ وَرَبَتْ وَاَنْۢبَتَتْ مِنْ كُلِّ زَوْجٍۢ

منزل ۴

(૨૨) સૂરઃ અલ-હજ્જ

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧૦ ● આયતો : ૭૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે

૧. લોકો ! પોતાના માલિક અને પાલનહાર (રબ)ના પ્રકોપથી બચો. હકીકત એ છે કે કયામત (પ્રલય)નો ધરતીકંપ ખૂબ (ભયંકર) વસ્તુ છે.

૨. જે દિવસે તમે તેને જોશો, સ્થિતિ એ હશે કે દરેક દૂધ પીવડાવનારી પોતાના દૂધ પીતાં બાળકથી ગાફેલ થઈ જશે, દરેક ગર્ભવતીનો ગર્ભ પડી જશે અને લોકો તમને ઉન્મત્ત દેખાશે, જો કે તેઓ નશામાં નહીં હોય, બલ્કે અલ્લાહની યાતના (અઝાબ) જ એવી સખત હશે.

૩. કેટલાક લોકો એવા છે જેઓ જ્ઞાન વિના અલ્લાહ વિષે વાદ-વિવાદ કરે છે અને દરેક વિદ્રોહી શેતાનનું અનુસરણ કરવા લાગે છે,

૪. જો કે તેના તો ભાગ્યમાં જ આ લખેલું છે કે જે તેને મિત્ર બનાવશે તેને તે પથભ્રષ્ટ કરીને જ રહેશે અને જહન્નમ (નર્ક)ની યાતનાનો રસ્તો દેખાડશે.

૫. લોકો ! જો તમને મૃત્યુ પછીના જીવન વિષે કોઈ સંદેહ છે તો તમને જાણ થાય કે અમે તમને માટીથી પેદા કર્યા છે, પછી વીર્યબિંદુથી, પછી ગંઠાયેલા લોહીથી, પછી માંસના ટુકડાથી જે આકારવાળો પણ હોય છે અને આકારવિહીન પણ. (આ અમે એટલા માટે બતાવી રહ્યા છીએ) જેથી તમારા પર હકીકતો સ્પષ્ટ કરીએ. અમે જે (વીર્યબિંદુ)ને ઇચ્છીએ છીએ એક નિશ્ચિત સમય સુધી ગર્ભાશયોમાં રોકી રાખીએ છીએ, પછી તમને એક બાળકના સ્વરૂપમાં કાઢી લાવીએ છીએ (પછી તમારું પાલન-પોષણ કરીએ છીએ) જેથી તમે પોતાની યુવાવસ્થાએ પહોંચો, અને તમારામાંથી કોઈને પહેલાં જ પાછો બોલાવી લેવામાં આવે છે અને કોઈને સૌથી ખરાબ વય તરફ વાળી દેવામાં આવે છે, જેથી બધું જાણ્યા પછી પણ કંઈ ન જાણે, અને તમે જુઓ છો કે ધરતી સૂકાયેલી પડી છે, પછી જેવો અમે તેના ઉપર મેઘ વરસાવ્યો કે તે એકાએક ખીલી ઊઠી અને ફૂલીફાલી ગઈ અને તેણે દરેક જાતની સુંદર વનસ્પતિઓ બહાર ફેંકવાનું શરૂ કરી દીધું.

بَهِيْجٍ ۝٥ ذٰلِكَ بِاَنَّ اللّٰهَ هُوَ الْحَقُّ وَاَنَّهٗ يُحْيِ
الْمَوْتٰى وَاَنَّهٗ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝٦ وَّاَنَّ السَّاعَةَ
اٰتِيَةٌ لَّا رَيْبَ فِيْهَا ۙ وَاَنَّ اللّٰهَ يَبْعَثُ مَنْ فِي
الْقُبُوْرِ ۝٧ وَمِنَ النَّاسِ مَنْ يُّجَادِلُ فِي اللّٰهِ
بِغَيْرِ عِلْمٍ وَّلَا هُدًى وَّلَا كِتٰبٍ مُّنِيْرٍ ۝٨ ثَانِيَ
عِطْفِهٖ لِيُضِلَّ عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ لَهٗ فِي الدُّنْيَا
خِزْيٌ وَّنُذِيْقُهٗ يَوْمَ الْقِيٰمَةِ عَذَابَ الْحَرِيْقِ ۝٩
ذٰلِكَ بِمَا قَدَّمَتْ يَدٰكَ وَاَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ
لِّلْعَبِيْدِ ۝١٠ وَمِنَ النَّاسِ مَنْ يَّعْبُدُ اللّٰهَ عَلٰى ع ٨
حَرْفٍ ۚ فَاِنْ اَصَابَهٗ خَيْرُ اِۨطْمَاَنَّ بِهٖ ۚ وَاِنْ
اَصَابَتْهُ فِتْنَةُ اِۨنْقَلَبَ عَلٰى وَجْهِهٖ ۚ خَسِرَ الدُّنْيَا
وَالْاٰخِرَةَ ؕ ذٰلِكَ هُوَ الْخُسْرَانُ الْمُبِيْنُ ۝١١ يَدْعُوْا
مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَضُرُّهٗ وَمَا لَا يَنْفَعُهٗ ؕ ذٰلِكَ
هُوَ الضَّلٰلُ الْبَعِيْدُ ۝١٢ يَدْعُوْا لَمَنْ ضَرُّهٗۤ اَقْرَبُ
مِنْ نَّفْعِهٖ ؕ لَبِئْسَ الْمَوْلٰى وَلَبِئْسَ الْعَشِيْرُ ۝١٣ اِنَّ
اللّٰهَ يُدْخِلُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ
تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ؕ اِنَّ اللّٰهَ يَفْعَلُ مَا
يُرِيْدُ ۝١٤ مَنْ كَانَ يَظُنُّ اَنْ لَّنْ يَّنْصُرَهُ اللّٰهُ فِي
الدُّنْيَا وَالْاٰخِرَةِ فَلْيَمْدُدْ بِسَبَبٍ اِلَى السَّمَآءِ

૬. આ બધું એ કારણે છે કે અલ્લાહ જ સત્ય છે અને તે મડદાંઓને જીવતા કરે છે અને તેને દરેક વસ્તુનું સામર્થ્ય પ્રાપ્ત છે.

૭. અને આ (તે વાતનું પ્રમાણ છે) કે કયામત (પુનર્જીવન)ની ઘડી આવીને રહેશે. એમાં કોઈ શંકાને અવકાશ નથી, અને અલ્લાહ ચોક્કસ તે લોકોને ઉઠાવશે જેઓ કબરોમાં પહોંચી ચૂકયા છે.

૮. બીજા કેટલાક લોકો એવા છે જેઓ કોઈ જ્ઞાન અને માર્ગદર્શન અને પ્રકાશ આપનાર ગ્રંથ વિના ગરદન અક્કડ રાખીને, અલ્લાહ વિષે ઝઘડે છે,

૯. જેથી લોકોને અલ્લાહના માર્ગથી ભટકાવી મૂકે. આવા માણસ માટે દુનિયામાં બદનામી છે અને કયામતના દિવસે તેને અમે આગની યાતનાની મજા ચખાડીશું

૧૦. — આ છે તારું તે (ભવિષ્ય) જે તારા પોતાના હાથોએ તારા માટે તૈયાર કર્યું છે, નહીં તો અલ્લાહ પોતાના બંદાઓ પર અત્યાચાર કરવાવાળો નથી. (રુકૂઅ-૧)

૧૧. અને લોકોમાં કોઈ એવો છે જે કિનારા પર રહીને અલ્લાહની બંદગી કરે છે, જો ફાયદો થયો તો સંતુષ્ટ થઈ ગયો અને જો કોઈ આફત આવી ગઈ તો પાછો ફરી ગયો. તેની દુનિયા પણ ગઈ અને આખિરત પણ. આ છે ચોખ્ખું નુકસાન !

૧૨. પછી તે અલ્લાહને છોડીને તેમને પોકારે છે જેઓ ન તેને નુકસાન પહોંચાડી શકે છે અને ન લાભ. આ છે પથભ્રષ્ટતાની ચરમસીમા !

૧૩. તે તેમને પોકારે છે જેમનું નુકસાન તેમના લાભ કરતાં વધુ નજીક છે. દુષ્ટતમ છે તેનો સ્વામી અને દુષ્ટતમ છે તેનો સાથી.

૧૪. (આનાથી વિપરીત) અલ્લાહ તે લોકોને, જેઓ ઈમાન લાવ્યા અને જેમણે સદ્કાર્યો કર્યા, નિશ્ચિતપણે એવી જન્નતોમાં દાખલ કરશે જેની નીચે નહેરો વહી રહી હશે. અલ્લાહ કરે છે, જે કંઈ ઇચ્છે છે.

૧૫. જે માણસ એમ સમજતો હોય કે અલ્લાહ દુનિયા અને આખિરતમાં તેની કોઈ મદદ નહીં કરે, તે એક રસ્સા વડે આકાશ સુધી પહોંચીને

ثُمَّ لْيَقْطَعْ فَلْيَنْظُرْ هَلْ يُذْهِبَنَّ كَيْدُهٗ مَا يَغِيْظُ ﴿۱۵﴾
وَكَذٰلِكَ اَنْزَلْنٰهُ اٰيٰتٍۭ بَيِّنٰتٍ ۙ وَّاَنَّ اللّٰهَ يَهْدِيْ
مَنْ يُّرِيْدُ ﴿۱۶﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَالَّذِيْنَ هَادُوْا
وَالصّٰبِـِٕيْنَ وَالنَّصٰرٰى وَالْمَجُوْسَ وَالَّذِيْنَ اَشْرَكُوْٓا ۖۗ
اِنَّ اللّٰهَ يَفْصِلُ بَيْنَهُمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ اِنَّ اللّٰهَ عَلٰى
كُلِّ شَيْءٍ شَهِيْدٌ ﴿۱۷﴾ اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ يَسْجُدُ لَهٗ
مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي الْاَرْضِ وَالشَّمْسُ وَ
الْقَمَرُ وَالنُّجُوْمُ وَالْجِبَالُ وَالشَّجَرُ وَالدَّوَآبُّ
وَكَثِيْرٌ مِّنَ النَّاسِ ؕ وَكَثِيْرٌ حَقَّ عَلَيْهِ الْعَذَابُ ؕ وَ
مَنْ يُّهِنِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ مُّكْرِمٍ ؕ اِنَّ اللّٰهَ يَفْعَلُ
السجدة ٦ مَا يَشَآءُ ۩ ﴿۱۸﴾ هٰذٰنِ خَصْمٰنِ اخْتَصَمُوْا فِيْ رَبِّهِمْ ز
فَالَّذِيْنَ كَفَرُوْا قُطِّعَتْ لَهُمْ ثِيَابٌ مِّنْ نَّارٍ ؕ
يُصَبُّ مِنْ فَوْقِ رُءُوْسِهِمُ الْحَمِيْمُ ﴿۱۹﴾ يُصْهَرُ
بِهٖ مَا فِيْ بُطُوْنِهِمْ وَالْجُلُوْدُ ﴿۲۰﴾ وَلَهُمْ مَّقَامِعُ
مِنْ حَدِيْدٍ ﴿۲۱﴾ كُلَّمَآ اَرَادُوْٓا اَنْ يَّخْرُجُوْا مِنْهَا مِنْ
ع ١٢ غَمٍّ اُعِيْدُوْا فِيْهَا ۗ وَذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿۲۲﴾ ع
اِنَّ اللّٰهَ يُدْخِلُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ يُحَلَّوْنَ فِيْهَا
منزل ٤ مِنْ اَسَاوِرَ مِنْ ذَهَبٍ وَّلُؤْلُؤًا ؕ وَلِبَاسُهُمْ فِيْهَا

કાણું પાડે, પછી જોઈ લે કે શું તેની યુક્તિ કોઈ એવી વસ્તુને રદ કરી શકે છે જે તેને અપ્રિય છે ?

૧૬. આવી જ સ્પષ્ટ વાતો સાથે અમે આ કુર્આનને અવતરિત કર્યું છે, અને માર્ગદર્શન અલ્લાહ જેને ચાહે છે આપે છે.

૧૭. જે લોકો ઈમાન લાવ્યા, અને જેઓ યહૂદી થયા, અને સાબઈ★, અને ખ્રિસ્તી, અને મજૂસ★, અને જેમણે શિર્ક કર્યું (અનેકેશ્વરવાદીઓ), આ સૌના વચ્ચે અલ્લાહ કયામત (પુનર્જીવન)ના દિવસે ફેંસલો કરી દેશે, દરેક વસ્તુ અલ્લાહની નજરમાં છે.

૧૮. શું તમે જોતા નથી કે અલ્લાહના આગળ સિજદો કરી રહ્યા છે જેઓ આકાશોમાં છે અને જેઓ ધરતીમાં છે, સૂર્ય અને ચંદ્ર અને તારાઓ અને પર્વતો અને વૃક્ષો અને જાનવરો અને ઘણા મનુષ્યો અને ઘણા એવા લોકો પણ જેઓ અઝાબ (યાતના)ને પાત્ર થઈ ચૂક્યા છે ? અને જેને અલ્લાહ અપમાનિત અને તિરસ્કૃત કરી દે, પછી તેને પ્રતિષ્ઠા આપનાર કોઈ નથી, અલ્લાહ કરે છે જે કંઈ ચાહે છે.

૧૯-૨૦. આ બે પક્ષો છે જેમના વચ્ચે પોતાના રબ વિષે ઝઘડો છે. એમાંથી તે લોકો જેમણે ઈન્કાર (કુફ્ર) કર્યો, તેમના માટે આગના પોશાક વેતરી નાખવામાં આવ્યા છે, તેમના માથાઓ પર ઉકળતું પાણી રેડવામાં આવશે જેનાથી તેમની ચામડી જ નહીં, પેટના અંદરના ભાગો પણ ગળી જશે,

૨૧. અને તેમની ખબર લઈ નાખવા માટે લોખંડની ગદાઓ હશે.

૨૨. જ્યારે પણ તેઓ ગભરાઈને જહન્નમ (નર્ક)માંથી નીકળવાનો પ્રયત્ન કરશે, ફરી તેમાં જ ધકેલી દેવામાં આવશે કે ચાખો હવે બળવાની સજાની મજા. (રુકૂઅ-૨)

૨૩. (બીજી તરફ) જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે સદ્કાર્યો કર્યા, તેમને અલ્લાહ એવી જન્નતોમાં દાખલ કરશે જેના નીચે નહેરો વહી રહી હશે. ત્યાં તેમને સુવર્ણ કંગનો અને મોતીઓથી આભૂષિત કરવામાં આવશે, અને તેમના પોશાકો રેશમના હશે.

★ સાબઈ નામથી બે સમુદાયો હતા. એક તો પયગંબર હઝરત યાહ્યા અલૈ.ના અનુયાયીઓ હતા, જેઓ ઈરાકના ઉપરના વિસ્તારમાં સ્થિત હતા અને બીજા તારાઓની પૂજા કરતા હતા, જેઓ પોતાને હઝરત શીશ અલૈ. અને હઝરત ઈદ્રીસ અલૈ.થી સંબંધિત બતાવતા હતા અને તત્ત્વો પર ગ્રહોના અને ગ્રહો પર ફરિશ્તાઓના શાસનને સ્વીકારતા હતા. તેમનું કેન્દ્ર હર્રાન હતું અને ઈરાકના વિભિન્ન પ્રદેશોમાં તેમની આબાદીઓ હતી. જો કે અહીં તાત્પર્ય પ્રથમ સમુદાયનું છે, કેમ કે કુર્આનના ઉતરાણ વખતે બીજો સમુદાય સંભવતઃ આ નામથી પ્રચલિત ન હતો. ★ ઈરાનના અગ્નિપૂજક, જેઓ પ્રકાશ અને અંધકારના બે ઉપાસ્યો માનતા હતા.

حَرِيْرٌ ﴿٢٣﴾ وَهُدُوْٓا اِلَى الطَّيِّبِ مِنَ الْقَوْلِ ۚۖ وَهُدُوْٓا
اِلٰى صِرَاطِ الْحَمِيْدِ ﴿٢٤﴾ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا
وَيَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَالْمَسْجِدِ الْحَرَامِ
الَّذِيْ جَعَلْنٰهُ لِلنَّاسِ سَوَآءَ ۨالْعَاكِفُ فِيْهِ وَ
الْبَادِ ۭ وَمَنْ يُّرِدْ فِيْهِ بِاِلْحَادٍۢ بِظُلْمٍ نُّذِقْهُ
ع مِنْ عَذَابٍ اَلِيْمٍ ﴿٢٥﴾ وَاِذْ بَوَّاْنَا لِاِبْرٰهِيْمَ مَكَانَ
الْبَيْتِ اَنْ لَّا تُشْرِكْ بِيْ شَيْـًٔا وَّطَهِّرْ بَيْتِيَ
لِلطَّآئِفِيْنَ وَالْقَآئِمِيْنَ وَالرُّكَّعِ السُّجُوْدِ ﴿٢٦﴾
وَاَذِّنْ فِي النَّاسِ بِالْحَجِّ يَاْتُوْكَ رِجَالًا وَّعَلٰى
كُلِّ ضَامِرٍ يَّاْتِيْنَ مِنْ كُلِّ فَجٍّ عَمِيْقٍ ﴿٢٧﴾
لِّيَشْهَدُوْا مَنَافِعَ لَهُمْ وَيَذْكُرُوا اسْمَ اللّٰهِ فِيْٓ
اَيَّامٍ مَّعْلُوْمٰتٍ عَلٰى مَا رَزَقَهُمْ مِّنْۢ بَهِيْمَةِ
الْاَنْعَامِ ۚ فَكُلُوْا مِنْهَا وَاَطْعِمُوا الْبَآئِسَ الْفَقِيْرَ ﴿٢٨﴾
ثُمَّ لْيَقْضُوْا تَفَثَهُمْ وَلْيُوْفُوْا نُذُوْرَهُمْ وَلْيَطَّوَّفُوْا
بِالْبَيْتِ الْعَتِيْقِ ﴿٢٩﴾ ذٰلِكَ ۤ وَمَنْ يُّعَظِّمْ حُرُمٰتِ
اللّٰهِ فَهُوَ خَيْرٌ لَّهٗ عِنْدَ رَبِّهٖ ۭ وَاُحِلَّتْ لَكُمُ
الْاَنْعَامُ اِلَّا مَا يُتْلٰى عَلَيْكُمْ فَاجْتَنِبُوا الرِّجْسَ
مِنَ الْاَوْثَانِ وَاجْتَنِبُوْا قَوْلَ الزُّوْرِ ﴿٣٠﴾ حُنَفَآءَ
لِلّٰهِ غَيْرَ مُشْرِكِيْنَ بِهٖ ۭ وَمَنْ يُّشْرِكْ بِاللّٰهِ

૨૪. તેમને પવિત્ર વાત★ સ્વીકારવાનું માર્ગદર્શન પ્રદાન કરવામાં આવ્યું અને તેમને પ્રશંસનીય ગુણોથી વિભૂષિત અલ્લાહનો માર્ગ દેખાડવામાં આવ્યો.

૨૫. જે લોકોએ કુફ્ર કર્યું અને જેઓ (આજે) અલ્લાહના માર્ગથી રોકી રહ્યા છે અને તે પ્રતિષ્ઠિત મસ્જિદ (મસ્જિદે હરામ)ની ઝિયારત (યાત્રા અને દર્શન)માં અવરોધરૂપ છે જેને અમે સૌ લોકો માટે બનાવી છે, જેમાં સ્થાનિક નિવાસીઓ અને બહારથી આવનારાઓના અધિકારો સમાન છે, (તેમનું વર્તન નિશ્ચિતપણે સજાને પાત્ર છે). આ (મસ્જિદે હરામ)માં જે પણ સચ્ચાઈથી હટીને જુલ્મની રીત અપનાવશે તેને અમે પીડાકારી યાતનાની મજા ચખાડીશું. (રુકૂઅ-૩)

૨૬. યાદ કરો તે સમય જ્યારે અમે ઈબ્રાહીમ માટે આ ઘર (ખાનએ કા'બા)નું સ્થળ સૂચવ્યું હતું (આ આદેશ સાથે) કે મારા સાથે કોઈ વસ્તુને ભાગીદાર ન બનાવો, અને મારા ઘરને તવાફ (પરિક્રમા) કરનારાઓ અને કયામ (બંદગી માટે ઊભા રહેવું) અને રુકૂઅ (ઝૂકવું) અને સિજદો કરનારાઓ માટે પવિત્ર રાખો,

૨૭. અને લોકોને હજ્જ માટે જાહેર ઘોષણા કરી દો કે તેઓ તમારા પાસે દરેક દૂર-સુદૂરના સ્થળોએથી પગપાળા અને ઊંટો પર સવાર થઈને આવે

૨૮. જેથી તેઓ ફાયદાઓ જુએ જે અહીં તેમના માટે રાખવામાં આવ્યા છે, અને કેટલાક નિશ્ચિત દિવસોમાં તે જાનવરો પર અલ્લાહનું નામ લે જે તેણે તેમને આપ્યા છે, પોતે પણ ખાય અને ગરીબ મોહતાજને પણ આપે.

૨૯. પછી પોતાની અસ્વચ્છતાઓ અને ગંદકીને દૂર કરે અને પોતાની માનતાઓ પૂરી કરે અને આ પ્રાચીન ઘરનો તવાફ કરે.

૩૦. આ હતો (કા'બાના નિર્માણનો આશય) અને જે કોઈ અલ્લાહે નિર્ધારિત કરેલ પ્રતિબંધોનો આદર કરે, તો આ તેના રબ (માલિક)ના સમીપ સ્વયં તેના જ માટે વધુ સારું છે.

અને તમારા માટે ઢોર હલાલ (વૈધ) કરવામાં આવ્યા, એ વસ્તુઓ સિવાય જે તમને બતાવી દેવામાં આવી છે. તો મૂર્તિઓની ગંદકીથી બચો★, જૂઠી વાતોથી બચો,

૩૧. એકાગ્રચિત્ત થઈને અલ્લાહના બંદા બનો, તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવો. અને જે કોઈ અલ્લાહ સાથે કોઈને ભાગીદાર બનાવે જાણે

★ અર્થાત્ કલિમાએ તૈયિબાહ અને સાચી આસ્થા, જેને અપનાવવાને કારણે તેઓ ઈમાનવાળા બન્યા.

★ અર્થાત્ મૂર્તિઓની પૂજાથી એ રીતે બચો જે રીતે ગંદકીથી માણસ ઘૃણા અને સૂગ કરે છે અને તેનાથી દૂર ખસી જાય છે, જાણે તે ગંદકી અને અસ્વચ્છતાઓથી ભરેલ છે અને તેના નજીક જતાં જ તેનાથી અપવિત્ર અને અસ્વચ્છ થઈ જશે.

فَكَاَنَّمَا خَرَّ مِنَ السَّمَآءِ فَتَخْطَفُهُ الطَّيْرُ اَوْ
تَهْوِيْ بِهِ الرِّيْحُ فِيْ مَكَانٍ سَحِيْقٍ ﴿٣١﴾ ذٰلِكَ ق
وَمَنْ يُّعَظِّمْ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ ﴿٣٢﴾
لَكُمْ فِيْهَا مَنَافِعُ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ثُمَّ مَحِلُّهَآ
اِلَى الْبَيْتِ الْعَتِيْقِ ﴿٣٣﴾ ع وَلِكُلِّ اُمَّةٍ جَعَلْنَا مَنْسَكًا ٤ ع ٨ ١١
لِّيَذْكُرُوا اسْمَ اللّٰهِ عَلٰى مَا رَزَقَهُمْ مِّنْ بَهِيْمَةِ
الْاَنْعَامِ ط فَاِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ فَلَهٗٓ اَسْلِمُوْا ط
وَبَشِّرِ الْمُخْبِتِيْنَ ﴿٣٤﴾ لا الَّذِيْنَ اِذَا ذُكِرَ اللّٰهُ
وَجِلَتْ قُلُوْبُهُمْ وَالصّٰبِرِيْنَ عَلٰى مَآ اَصَابَهُمْ
وَالْمُقِيْمِي الصَّلٰوةِ لا وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ﴿٣٥﴾
وَالْبُدْنَ جَعَلْنٰهَا لَكُمْ مِّنْ شَعَآئِرِ اللّٰهِ لَكُمْ
فِيْهَا خَيْرٌ ق صلے فَاذْكُرُوا اسْمَ اللّٰهِ عَلَيْهَا صَوَآفَّ ج
فَاِذَا وَجَبَتْ جُنُوْبُهَا فَكُلُوْا مِنْهَا وَاَطْعِمُوا
الْقَانِعَ وَالْمُعْتَرَّ ط كَذٰلِكَ سَخَّرْنٰهَا لَكُمْ
لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٣٦﴾ لَنْ يَّنَالَ اللّٰهَ لُحُوْمُهَا
وَلَا دِمَآؤُهَا وَلٰكِنْ يَّنَالُهُ التَّقْوٰى مِنْكُمْ ط
كَذٰلِكَ سَخَّرَهَا لَكُمْ لِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا
هَدٰىكُمْ ط وَبَشِّرِ الْمُحْسِنِيْنَ ﴿٣٧﴾ اِنَّ اللّٰهَ يُدٰفِعُ
عَنِ الَّذِيْنَ اٰمَنُوْا ط اِنَّ اللّٰهَ لَا يُحِبُّ كُلَّ خَوَّانٍ منزل ٤

તે આકાશમાંથી પડી ગયો, હવે કાં તો પક્ષીઓ તેને ઉપાડી લઈ જશે અથવા હવા તેને એવી જગ્યાએ લઈ જઈને ફેંકી દેશે જ્યાં તેના ફુરચેફુરચાં ઊડી જશે.

૩૨. આ છે ખરો મામલો (આને સમજી લો), અને જે અલ્લાહે નિશ્ચિત કરેલા 'શઆઈર' (પ્રતીકો, ચિહ્નો)નો આદર કરે તો આ હૃદયોમાં રહેલ તકવા (ધર્મપરાયણતા, સંયમ)ના કારણે છે.

૩૩. તમને એક નિશ્ચિત સમય સુધી તે (કુરબાનીના જાનવરો)થી લાભ ઉઠાવવાનો હક્ક છે, પછી તેમને (કુરબાન કરવાની) જગ્યા તે જ પ્રાચીન ઘરના પાસે છે. (રુકૂઅ-૪)

૩૪. દરેક ઉમ્મત (સમુદાય) માટે અમે કુરબાનીની એક પદ્ધતિ નક્કી કરી દીધી છે, જેથી (તે ઉમ્મતના) લોકો તે પશુઓ પર અલ્લાહનું નામ લે જે તેણે તેમને આપ્યા છે. (આ જુદી-જુદી પદ્ધતિઓમાં હેતુ એક જ છે) તો પછી તમારો ઉપાસ્ય એક જ ઉપાસ્ય છે અને તેના જ તમે આજ્ઞાંકિત બનો. અને હે નબી ! ખુશખબર આપી દો વિનમ્રતા અપનાવનારાઓને,

૩૫. જેમની સ્થિતિ એ છે કે અલ્લાહનું વર્ણન સાંભળે છે તો તેમના હૃદયો ધ્રુજી ઉઠે છે, જે આપત્તિ પણ તેમના પર આવે છે તેના પર ધૈર્ય રાખે છે, નમાઝ કાયમ કરે છે અને જે કંઈ રોજી અમે તેમને આપી છે, તેમાંથી ખર્ચ કરે છે.

૩૬. અને (કુરબાનીના) ઊંટોને અમે તમારા માટે અલ્લાહના પ્રતીકોમાં સામેલ કર્યા છે, તમારા માટે તેમાં ભલાઈ છે. તેથી તેમને ઊભા રાખીને તેમના પર અલ્લાહનું નામ લો, અને જ્યારે (કુરબાની થઈ ગયા પછી) તેમના પડખાઓ જમીન પર ટેકવાઈ જાય★, તો તેમાંથી પોતે પણ ખાઓ અને તેમને પણ ખવડાવો જેઓ સંતોષ રાખી બેઠા છે અને તેમને પણ જેઓ તેની જરૂરત દર્શાવે. આ જાનવરોને અમે એ રીતે તમારા માટે વશમાં કર્યા છે, જેથી તમે આભાર દર્શાવો.

૩૭. ન તેમનું માંસ અલ્લાહને પહોંચે છે, ન લોહી, પરંતુ તેને તમારો તકવા (ઈશપરાયણતા) જ પહોંચે છે. તેણે એમને તમારા માટે એવી રીતે આધીન કર્યા છે જેથી તેણે પ્રદાન કરેલા માર્ગદર્શન માટે તમે તેની મહાનતાનું વર્ણન કરો અને હે નબી ! ખુશખબર આપી દો સદ્‌કાર્ય કરનારાઓને.

૩૮. નિઃશંક અલ્લાહ પ્રતિરક્ષા કરે છે એ લોકો તરફથી જેઓ ઈમાન લાવ્યા છે. નિઃશંક અલ્લાહ કોઈ વિશ્વાસઘાતી, કૃતઘ્નને પસંદ નથી કરતો. (રુકૂઅ-૫)

★ અર્થાત્ જમીન ઉપર પડીને હલન-ચલન અને તરફડવાનું બંધ કરી દે અને જીવ પૂરેપૂરો નીકળી જાય.

الثلث ع ٥ / ١٢ كَفُوۡرٍ ﴿۳۸﴾ اُذِنَ لِلَّذِيۡنَ يُقٰتَلُوۡنَ بِاَنَّهُمۡ ظُلِمُوۡا ؕ
وَ اِنَّ اللّٰهَ عَلٰى نَصۡرِهِمۡ لَقَدِيۡرُ ۙ ﴿۳۹﴾ الَّذِيۡنَ
اُخۡرِجُوۡا مِنۡ دِيَارِهِمۡ بِغَيۡرِ حَقٍّ اِلَّاۤ اَنۡ يَّقُوۡلُوۡا
رَبُّنَا اللّٰهُ ؕ وَلَوۡلَا دَفۡعُ اللّٰهِ النَّاسَ بَعۡضَهُمۡ
بِبَعۡضٍ لَّهُدِّمَتۡ صَوَامِعُ وَبِيَعٌ وَّصَلَوٰتٌ وَّ
مَسٰجِدُ يُذۡكَرُ فِيۡهَا اسۡمُ اللّٰهِ كَثِيۡرًا ؕ
وَلَيَنۡصُرَنَّ اللّٰهُ مَنۡ يَّنۡصُرُهٗ ؕ اِنَّ اللّٰهَ لَقَوِىٌّ
عَزِيۡزٌ ﴿۴۰﴾ اَلَّذِيۡنَ اِنۡ مَّكَّنّٰهُمۡ فِى الۡاَرۡضِ
اَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ وَاَمَرُوۡا
بِالۡمَعۡرُوۡفِ وَنَهَوۡا عَنِ الۡمُنۡكَرِ ؕ وَلِلّٰهِ عَاقِبَةُ
الۡاُمُوۡرِ ﴿۴۱﴾ وَاِنۡ يُّكَذِّبُوۡكَ فَقَدۡ كَذَّبَتۡ
قَبۡلَهُمۡ قَوۡمُ نُوۡحٍ وَّعَادٌ وَّثَمُوۡدُ ۙ ﴿۴۲﴾ وَقَوۡمُ
اِبۡرٰهِيۡمَ وَقَوۡمُ لُوۡطٍ ۙ ﴿۴۳﴾ وَّاَصۡحٰبُ مَدۡيَنَ ۚ وَكُذِّبَ
مُوۡسٰى فَاَمۡلَيۡتُ لِلۡكٰفِرِيۡنَ ثُمَّ اَخَذۡتُهُمۡ ۚ
فَكَيۡفَ كَانَ نَكِيۡرِ ﴿۴۴﴾ فَكَاَيِّنۡ مِّنۡ قَرۡيَةٍ
اَهۡلَكۡنٰهَا وَهِىَ ظَالِمَةٌ فَهِىَ خَاوِيَةٌ عَلٰى
عُرُوۡشِهَا وَبِئۡرٍ مُّعَطَّلَةٍ وَّقَصۡرٍ مَّشِيۡدٍ ﴿۴۵﴾
اَفَلَمۡ يَسِيۡرُوۡا فِى الۡاَرۡضِ فَتَكُوۡنَ لَهُمۡ قُلُوۡبٌ
يَّعۡقِلُوۡنَ بِهَاۤ اَوۡ اٰذَانٌ يَّسۡمَعُوۡنَ بِهَا ۚ فَاِنَّهَا لَا

૩૯. પરવાનગી આપી દેવામાં આવી તે લોકોને જેમના વિરુધ્ધ યુદ્ધ કરવામાં આવી રહ્યું છે, કેમ કે તેઓ મજલૂમ (ઉત્પિડીત) છે અને અલ્લાહ ચોક્કસ તેમની મદદ કરવાનું સામર્થ્ય ધરાવે છે.

૪૦. આ તે લોકો છે જેમને પોતાના ઘરોમાંથી નાહક કાઢી મૂકવામાં આવ્યા, માત્ર એ કસૂર માટે કે તેઓ કહેતા હતા, ''અમારો રબ (પ્રભુ) અલ્લાહ છે.'' જો અલ્લાહ લોકોને એકબીજા દ્વારા હટાવતો ન રહે તો ખાનકાહો-મઠો, ગિરજાઘરો અને યહૂદીઓના ઉપાસનાગૃહો અને મસ્જિદો, જેમાં અલ્લાહનું નામ પુષ્કળ લેવામાં આવે છે, તમામ ધ્વસ્ત કરી દેવામાં આવતા. અલ્લાહ અવશ્ય તે લોકોની મદદ કરશે જેઓ તેની મદદ કરશે. અલ્લાહ અત્યંત શક્તિશાળી અને પ્રભુત્વશાળી છે.

૪૧. આ તે લોકો છે જેમને જો અમે ધરતી પર સત્તા પ્રદાન કરીએ તો તેઓ નમાઝ કાયમ કરશે, ઝકાત આપશે, ભલાઈની આજ્ઞા કરશે અને બૂરાઈથી રોકશે, અને બધા મામલાઓમાં પરિણામ અલ્લાહના હાથમાં છે.

૪૨. હે નબી ! જો તેઓ (અર્થાત્ કાફિરો, અધર્મીઓ) તમને ખોટા ઠેરવે છે તો તેમના પહેલાં નૂહ અને આદ અને સમૂદની કોમો

૪૩. અને ઈબ્રાહીમની કોમ અને લૂતની કોમ

૪૪. અને મદયનના લોકો પણ ખોટા ઠેરવી ચૂક્યા છે અને મૂસા પણ ખોટા ઠેરવવામાં આવી ચૂક્યા છે. આ સૌ સત્યનો ઇન્કાર કરનારાઓને મેં પહેલાં મહેતલ આપી, પછી ઝડપી લીધા. હવે જોઈ લો કે મારી સજા કેવી હતી.

૪૫. કેટલીય ગુનેગાર વસ્તીઓ છે જે અમે નષ્ટ કરી છે અને આજે તે બધી પોતાની છતો પર ઊંધી પડી છે, કેટલાય કૂવાઓ અવાવરાં અને કેટલાય મહેલો ખંડેર બનેલા છે.

૪૬. શું આ લોકો ધરતી ઉપર હર્યાફર્યા નથી કે તેમના હૃદય સમજનારા અને તેમના કાન સાંભળનારા હોત ? હકીકત એ છે કે આંખો આંધળી

تَعْمَى الْاَبْصَارُ وَلٰكِنْ تَعْمَى الْقُلُوْبُ الَّتِيْ
فِي الصُّدُوْرِ ﴿٤٦﴾ وَيَسْتَعْجِلُوْنَكَ بِالْعَذَابِ وَ
لَنْ يُّخْلِفَ اللّٰهُ وَعْدَهٗ ؕ وَاِنَّ يَوْمًا عِنْدَ
رَبِّكَ كَاَلْفِ سَنَةٍ مِّمَّا تَعُدُّوْنَ ﴿٤٧﴾ وَكَاَيِّنْ
مِّنْ قَرْيَةٍ اَمْلَيْتُ لَهَا وَهِيَ ظَالِمَةٌ ثُمَّ
اَخَذْتُهَا ۚ وَاِلَيَّ الْمَصِيْرُ ﴿٤٨﴾ ع قُلْ يٰۤاَيُّهَا
النَّاسُ اِنَّمَاۤ اَنَا لَكُمْ نَذِيْرٌ مُّبِيْنٌ ﴿٤٩﴾ ۚ فَالَّذِيْنَ
اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمْ مَّغْفِرَةٌ وَّرِزْقٌ
كَرِيْمٌ ﴿٥٠﴾ وَالَّذِيْنَ سَعَوْا فِيْۤ اٰيٰتِنَا مُعٰجِزِيْنَ
اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ ﴿٥١﴾ وَمَاۤ اَرْسَلْنَا مِنْ
قَبْلِكَ مِنْ رَّسُوْلٍ وَّلَا نَبِيٍّ اِلَّاۤ اِذَا تَمَنّٰۤى اَلْقَى
الشَّيْطٰنُ فِيْۤ اُمْنِيَّتِهٖ ۚ فَيَنْسَخُ اللّٰهُ مَا يُلْقِي
الشَّيْطٰنُ ثُمَّ يُحْكِمُ اللّٰهُ اٰيٰتِهٖ ؕ وَاللّٰهُ عَلِيْمٌ
حَكِيْمٌ ﴿٥٢﴾ ۙ لِّيَجْعَلَ مَا يُلْقِي الشَّيْطٰنُ فِتْنَةً
لِّلَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ وَّالْقَاسِيَةِ قُلُوْبُهُمْ ؕ
وَاِنَّ الظّٰلِمِيْنَ لَفِيْ شِقَاقٍ بَعِيْدٍ ﴿٥٣﴾ ۙ وَّلِيَعْلَمَ
الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ اَنَّهُ الْحَقُّ مِنْ رَّبِّكَ
فَيُؤْمِنُوْا بِهٖ فَتُخْبِتَ لَهٗ قُلُوْبُهُمْ ؕ وَاِنَّ اللّٰهَ
لَهَادِ الَّذِيْنَ اٰمَنُوْۤا اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٥٤﴾

નથી હોતી, પરંતુ તે હૃદય આંધળા બની જાય છે જે છાતીઓમાં છે.

૪૭. આ લોકો યાતના માટે ઉતાવળ કરી રહ્યા છે. અલ્લાહ કદાપિ પોતાના વાયદા વિરુધ્ધ વર્તશે નહીં, પરંતુ તારા રબ (પ્રભુ)ના ત્યાંનો એક દિવસ તમારી ગણત્રીના હજાર વર્ષના બરાબર હોય છે.

૪૮. કેટલીય વસ્તીઓ છે જે અત્યાચારી હતી, મેં તેમને પહેલાં મહેતલ આપી, પછી ઝડપી લીધા, અને સૌને પાછા તો મારા જ પાસે આવવાનું છે. (રુકૂઅ-૬)

૪૯. હે નબી ! કહી દો કે "લોકો ! હું તો તમારા માટે માત્ર તે વ્યક્તિ છું જે (ખરાબ સમયના આગમન પહેલાં) સ્પષ્ટપણે સાવધાન કરી દેનાર હોય."

૫૦. પછી જેઓ ઈમાન લાવશે અને સદ્કાર્યો કરશે, તેમના માટે ક્ષમા છે અને પ્રતિષ્ઠિત રોજી.

૫૧. અને જેઓ અમારી આયતોને નીચું દેખાડવાનો પ્રયત્ન કરશે, તેઓ જહન્નમ (નર્ક)ના સાથી છે.

૫૨. અને હે નબી ! તમારા પહેલાં અમે ન કોઈ રસૂલ (ઈશદૂત) એવો મોકલ્યો છે, ન પયગંબર (જેના સાથે આ મામલો ન બન્યો હોય કે) જ્યારે તેણે ઇચ્છા કરી, શેતાને તેની ઇચ્છામાં ખલેલ પહોંચાડી. આ રીતે શેતાન જે અડચણો નાખે છે, અલ્લાહ તેને નષ્ટ કરી નાખે છે અને પોતાની આયતોને મજબૂત બનાવી દે છે, અલ્લાહ સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે.

૫૩. (તે એટલા માટે આવું થવા દે છે કે) જેથી શેતાને નાખેલી ખરાબીને અજમાયશ બનાવી દે તે લોકો માટે જેમના હૃદયોને (નિફ઼ાકનો અર્થાત્ દંભનો) રોગ લાગેલો છે અને જેમના હૃદય ખોટાં પડી ગયા છે — હકીકત એ છે કે આ જાલિમ લોકો શત્રુતામાં ઘણા દૂર નીકળી ગયા છે —

૫૪. અને જ્ઞાની લોકો જાણી લે કે આ સત્ય છે તારા રબ (પ્રભુ) તરફથી અને તેઓ આના ઉપર ઈમાન લઈ આવે અને તેમના હૃદય તેના આગળ ઝૂકી જાય, નિઃશંક અલ્લાહ ઈમાન લાવનારાઓને હંમેશા સન્માર્ગ દેખાડી દે છે.

وَلَا يَزَالُ الَّذِيْنَ كَفَرُوْا فِيْ مِرْيَةٍ مِّنْهُ
حَتّٰى تَاْتِيَهُمُ السَّاعَةُ بَغْتَةً اَوْ يَاْتِيَهُمْ عَذَابُ
يَوْمٍ عَقِيْمٍ ﴿٥٥﴾ اَلْمُلْكُ يَوْمَئِذٍ لِّلّٰهِ ؕ يَحْكُمُ
بَيْنَهُمْ ؕ فَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فِيْ
جَنّٰتِ النَّعِيْمِ ﴿٥٦﴾ وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَا
ع ٩ ١٤ فَاُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ﴿٥٧﴾ ع وَالَّذِيْنَ
هَاجَرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ قُتِلُوْٓا اَوْ مَاتُوْا
لَيَرْزُقَنَّهُمُ اللّٰهُ رِزْقًا حَسَنًا ؕ وَاِنَّ اللّٰهَ لَهُوَ
خَيْرُ الرّٰزِقِيْنَ ﴿٥٨﴾ لَيُدْخِلَنَّهُمْ مُّدْخَلًا يَّرْضَوْنَهٗ ؕ
وَاِنَّ اللّٰهَ لَعَلِيْمٌ حَلِيْمٌ ﴿٥٩﴾ ذٰلِكَ ۚ وَمَنْ
عَاقَبَ بِمِثْلِ مَا عُوْقِبَ بِهٖ ثُمَّ بُغِيَ عَلَيْهِ
لَيَنْصُرَنَّهُ اللّٰهُ ؕ اِنَّ اللّٰهَ لَعَفُوٌّ غَفُوْرٌ ﴿٦٠﴾ ذٰلِكَ
بِاَنَّ اللّٰهَ يُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَيُوْلِجُ النَّهَارَ
فِي الَّيْلِ وَاَنَّ اللّٰهَ سَمِيْعٌ بَصِيْرٌ ﴿٦١﴾ ذٰلِكَ بِاَنَّ
اللّٰهَ هُوَ الْحَقُّ وَاَنَّ مَا يَدْعُوْنَ مِنْ دُوْنِهٖ هُوَ
الْبَاطِلُ وَاَنَّ اللّٰهَ هُوَ الْعَلِيُّ الْكَبِيْرُ ﴿٦٢﴾ اَلَمْ
تَرَ اَنَّ اللّٰهَ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً ۡ فَتُصْبِحُ
الْاَرْضُ مُخْضَرَّةً ؕ اِنَّ اللّٰهَ لَطِيْفٌ خَبِيْرٌ ﴿٦٣﴾ لَهٗ مَا
منزل ٤ فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَاِنَّ اللّٰهَ لَهُوَ

૫૫. ઈન્કાર કરનારાઓ તો તેના તરફથી શંકામાં પડ્યા રહેશે, ત્યાં સુધી કે કાં તો તેમના પર કયામતની ઘડી અચાનક આવી જાય અથવા એક અશુભ દિવસની યાતના આવી જાય.

૫૬. તે દિવસે બાદશાહી અલ્લાહની હશે અને તે તેમના વચ્ચે ફેંસલો કરી દેશે. જેઓ ઈમાન રાખવાવાળા અને સત્કર્મો કરનારા હશે, તેઓ નેઅ્મતો (કૃપાઓ)થી ભરપૂર જન્નતોમાં જશે.

૫૭. અને જેમણે કુફ્ર (ઇન્કાર) કર્યું હશે અને અમારી આયતોને ખોટી ઠેરવી હશે, તેમના માટે અપમાનજનક યાતના હશે. (રુકૂઅ-૭)

૫૮. અને જે લોકોએ અલ્લાહની રાહમાં હિજરત કરી, પછી કતલ કરી દેવામાં આવ્યાં કે મૃત્યુ પામ્યા, અલ્લાહ તેમને સારી રોજી આપશે, અને નિઃશંક અલ્લાહ સૌથી શ્રેષ્ઠ રોજી આપનાર છે.

૫૯. તે તેમને એવી જગ્યાએ પહોંચાડશે જેનાથી તેઓ પ્રસન્ન થઈ જશે, નિઃસંદેહ અલ્લાહ સર્વજ્ઞ અને સહનશીલ છે.

૬૦. આ તો છે તેમનો અંજામ, અને જે કોઈ બદલો લે, એવી જ રીતે જેવી રીતે તેના સાથે કરવામાં આવ્યું, અને પછી તેના પર અતિરેક પણ કરવામાં આવ્યો હોય, તો અલ્લાહ તેની મદદ જરૂર કરશે. અલ્લાહ ક્ષમા કરવાવાળો અને દરગુજર કરવાવાળો છે.

૬૧. આ એટલા માટે કે રાતમાંથી દિવસ અને દિવસમાંથી રાત કાઢનાર અલ્લાહ જ છે, અને તે સાંભળનાર અને જોનાર છે.

૬૨. આ એટલા માટે કે અલ્લાહ જ સત્ય છે અને તેઓ બધા અસત્ય છે જેમને અલ્લાહને છોડીને આ લોકો પોકારે છે, અને અલ્લાહ જ સર્વોપરી અને મહાન છે.

૬૩. શું તમે જોતા નથી કે અલ્લાહ આકાશમાંથી પાણી વરસાવે છે અને તેના કારણે ધરતી લીલીછમ થઈ જાય છે ? હકીકત આ છે કે તે સૂક્ષ્મદર્શી અને ખબર રાખવાવાળો છે.

૬૪. તેનું જ છે જે કંઈ આકાશોમાં છે અને જે કંઈ ધરતીમાં છે, નિઃશંક તે નિરપેક્ષ અને પ્રશંસિત છે. (રુકૂઅ-૮)

الْغَنِيُّ الْحَمِيْدُ ۝٦٤ اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ سَخَّرَ لَكُمْ مَّا ع ٨ ٧ ١٥
فِي الْاَرْضِ وَالْفُلْكَ تَجْرِيْ فِي الْبَحْرِ بِاَمْرِهٖ ؕ
وَيُمْسِكُ السَّمَآءَ اَنْ تَقَعَ عَلَى الْاَرْضِ اِلَّا
بِاِذْنِهٖ ؕ اِنَّ اللّٰهَ بِالنَّاسِ لَرَءُوْفٌ رَّحِيْمٌ ۝٦٥ وَ
هُوَ الَّذِيْٓ اَحْيَاكُمْ ز ثُمَّ يُمِيْتُكُمْ ثُمَّ يُحْيِيْكُمْ ؕ
اِنَّ الْاِنْسَانَ لَكَفُوْرٌ ۝٦٦ لِكُلِّ اُمَّةٍ جَعَلْنَا
مَنْسَكًا هُمْ نَاسِكُوْهُ فَلَا يُنَازِعُنَّكَ فِي الْاَمْرِ
وَادْعُ اِلٰى رَبِّكَ ؕ اِنَّكَ لَعَلٰى هُدًى مُّسْتَقِيْمٍ ۝٦٧
وَاِنْ جٰدَلُوْكَ فَقُلِ اللّٰهُ اَعْلَمُ بِمَا تَعْمَلُوْنَ ۝٦٨
اَللّٰهُ يَحْكُمُ بَيْنَكُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كُنْتُمْ فِيْهِ
تَخْتَلِفُوْنَ ۝٦٩ اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا فِي
السَّمَآءِ وَالْاَرْضِ ؕ اِنَّ ذٰلِكَ فِيْ كِتٰبٍ ؕ اِنَّ
ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرٌ ۝٧٠ وَيَعْبُدُوْنَ مِنْ دُوْنِ
اللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ سُلْطٰنًا وَّمَا لَيْسَ لَهُمْ
بِهٖ عِلْمٌ ؕ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ نَّصِيْرٍ ۝٧١ وَاِذَا تُتْلٰى
عَلَيْهِمْ اٰيٰتُنَا بَيِّنٰتٍ تَعْرِفُ فِيْ وُجُوْهِ الَّذِيْنَ
كَفَرُوا الْمُنْكَرَ ؕ يَكَادُوْنَ يَسْطُوْنَ بِالَّذِيْنَ
يَتْلُوْنَ عَلَيْهِمْ اٰيٰتِنَا ؕ قُلْ اَفَاُنَبِّئُكُمْ بِشَرٍّ
مِّنْ ذٰلِكُمْ ؕ اَلنَّارُ ؕ وَعَدَهَا اللّٰهُ الَّذِيْنَ كَفَرُوْا ؕ منزل ٤

૬૫. શું તમે નથી જોતા કે તેણે તે બધું તમારા માટે આધીન કરી રાખ્યું છે જે ધરતીમાં છે, અને તેણે જ હોડીને નિયમની પાબંદ બનાવી છે કે તેના હુકમથી તે સમુદ્રમાં ચાલે છે અને તેણે જ આકાશને એવી રીતે ટેકવી રાખ્યું છે કે તે તેના હુકમ વિના ધરતી પર પડી નથી શકતું ? હકીકત એ છે કે અલ્લાહ લોકો પ્રત્યે અત્યંત માયાળુ અને દયાળુ છે.

૬૬. તે જ છે જેણે તમને જીવન પ્રદાન કર્યું છે, તે જ તમને મૃત્યુ આપે છે અને તે જ ફરીથી તમને જીવતા કરશે. હકીકત એ છે કે મનુષ્ય સત્યનો મોટો ઇન્કાર કરનાર છે.

૬૭. પ્રત્યેક સમુદાય માટે અમે બંદગી (ઉપાસના)ની એક પદ્ધતિ નક્કી કરી છે જેનું તે અનુસરણ કરે છે. પછી હે નબી ! તેઓ હવે આ બાબતમાં તમારા સાથે વિવાદ ન કરે તમે પોતાના રબ (પ્રભુ) તરફ આમંત્રણ આપો. નિઃશંક તમે સન્માર્ગ ઉપર છો.

૬૮. અને જો તેઓ તમારા સાથે વિવાદ કરે તો કહી દો કે ''જે કંઈ તમે કરી રહ્યા છો અલ્લાહને તેની પૂરેપૂરી ખબર છે,

૬૯. અલ્લાહ કયામત (પુનર્જીવન)ના દિવસે તમારા વચ્ચે તે બધી વાતોનો ફેંસલો કરી દેશે જેમાં તમે મતભેદ કરતા રહ્યા છો.''

૭૦. શું તમે નથી જાણતા કે આકાશ અને ધરતીની પ્રત્યેક વસ્તુ અલ્લાહની જાણમાં છે ? બધું જ એક પુસ્તકમાં અંકિત છે. અલ્લાહ માટે આ સહેજ પણ મુશ્કેલ નથી.

૭૧. આ લોકો અલ્લાહને છોડી તેમની ઉપાસના કરી રહ્યા છે જેમના માટે તેણે ન તો કોઈ સનંદ ઉતારી છે અને ન તો આ લોકો પોતે તેમના વિષે કોઈ જ્ઞાન ધરાવે છે. આ જાલિમો માટે કોઈ સહાયક નથી.

૭૨. અને જ્યારે એમને અમારી સ્પષ્ટ આયતો સંભળાવવામાં આવે છે તો તમે જુઓ છો કે સત્યનો ઇન્કાર કરનારાઓના મોઢાં બગડવા લાગે છે અને એવું લાગે છે કે હમણાં જ તેઓ તે લોકો પર તૂટી પડશે જેઓ તેમને અમારી આયતો સંભળાવે છે. તેમને કહો, ''હું બતાવું તમને કે આનાથી વધુ ખરાબ વસ્તુ કઈ છે ? આગ, અલ્લાહે તેનો જ વાયદો તેમના માટે કરેલો છે જેઓ સત્યને સ્વીકારવાનો ઇન્કાર કરે, અને તે ઘણું જ ખરાબ ઠેકાણું છે.'' (રુકૂઅ-૯)

وَبِئْسَ الْمَصِيْرُ ﴿٧٢﴾ يٰۤاَيُّهَا النَّاسُ ضُرِبَ مَثَلٌ ع
فَاسْتَمِعُوْا لَهٗ ؕ اِنَّ الَّذِيْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِ
اللّٰهِ لَنْ يَّخْلُقُوْا ذُبَابًا وَّلَوِ اجْتَمَعُوْا لَهٗ ؕ وَ
اِنْ يَّسْلُبْهُمُ الذُّبَابُ شَيْـًٔا لَّا يَسْتَنْقِذُوْهُ
مِنْهُ ؕ ضَعُفَ الطَّالِبُ وَالْمَطْلُوْبُ ﴿٧٣﴾ مَا قَدَرُوا
اللّٰهَ حَقَّ قَدْرِهٖ ؕ اِنَّ اللّٰهَ لَقَوِىٌّ عَزِيْزٌ ﴿٧٤﴾ اَللّٰهُ
يَصْطَفِىْ مِنَ الْمَلٰٓئِكَةِ رُسُلًا وَّمِنَ النَّاسِ ؕ
اِنَّ اللّٰهَ سَمِيْعٌۢ بَصِيْرٌ ﴿٧٥﴾ يَعْلَمُ مَا بَيْنَ اَيْدِيْهِمْ
وَمَا خَلْفَهُمْ ؕ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ ﴿٧٦﴾
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا ارْكَعُوْا وَاسْجُدُوْا وَاعْبُدُوْا
رَبَّكُمْ وَافْعَلُوا الْخَيْرَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٧٧﴾ السجدة ۩ وَجَاهِدُوْا
فِى اللّٰهِ حَقَّ جِهَادِهٖ ؕ هُوَ اجْتَبٰىكُمْ وَمَا جَعَلَ
عَلَيْكُمْ فِى الدِّيْنِ مِنْ حَرَجٍ ؕ مِلَّةَ اَبِيْكُمْ
اِبْرٰهِيْمَ ؕ هُوَ سَمّٰىكُمُ الْمُسْلِمِيْنَ ۙ مِنْ قَبْلُ
وَفِىْ هٰذَا لِيَكُوْنَ الرَّسُوْلُ شَهِيْدًا عَلَيْكُمْ
وَتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ ۚ فَاَقِيْمُوا
الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ وَاعْتَصِمُوْا بِاللّٰهِ ؕ هُوَ
مَوْلٰىكُمْ ۚ فَنِعْمَ الْمَوْلٰى وَنِعْمَ النَّصِيْرُ ﴿٧٨﴾ ع

السجدة عند الامام الشافعي رحمه الله تعالى

منزل ٤

૭૩. લોકો ! એક દૃષ્ટાંત આપવામાં આવે છે, ધ્યાનથી સાંભળો. જે ઉપાસ્યોને તમે અલ્લાહને છોડીને પોકારો છો, તેઓ સૌ ભેગા મળીને એક માખી પણ પેદા કરવા ચાહે તો નથી કરી શકતા. બલ્કે જો માખી તેમના પાસેથી કોઈ વસ્તુ ઝૂંટવીને લઈ જાય તો તેઓ તેને છોડાવી પણ નથી શકતા. મદદ માગનારા પણ નિર્બળ અને જેમનાથી મદદ માગવામાં આવે છે, તેઓ પણ નિર્બળ.

૭૪. આ લોકોએ અલ્લાહની કદર જ ન જાણી, જેવી રીતે તેને જાણવાનો હક છે. વાસ્તવિકતા એ છે કે શક્તિશાળી અને ઇજ્જતવાળો તો અલ્લાહ જ છે.

૭૫. હકીકત એ છે કે અલ્લાહ (પોતાના આદેશો પહોંચાડવા માટે) ફરિશ્તાઓમાંથી પણ સંદેશવાહકો પસંદ કરી લે છે અને મનુષ્યોમાંથી પણ. તે સાંભળનાર અને જોનાર છે.

૭૬. જે કંઈ લોકોના સામે છે તેને પણ તે જાણે છે અને જે કંઈ તેમનાથી ઓઝલ છે તેનાથી પણ તે વાકેફ છે, અને બધા જ મામલાઓ તેના જ તરફ રજૂ થાય છે.

૭૭. હે લોકો જેઓ ઈમાન લાવ્યા છો ! રુકૂઅ (ઝૂકો) અને સિજદો કરો, પોતાના રબ (પ્રભુ)ની બંદગી કરો અને સદ્‌કાર્ય કરો, એનાથી જ અપેક્ષા રાખી શકાય છે કે તમને સફળતા પ્રાપ્ત થાય.

૭૮. અલ્લાહના માર્ગમાં જિહાદ (તનતોડ પ્રયાસ) કરો, જેવી રીતે જિહાદ કરવાનો હક છે. તેણે તમને પોતાના કામ માટે ચૂંટી લીધા છે, અને દીન (ધર્મ)માં તમારા પર કોઈ તંગી નથી રાખી. કાયમ થઈ જાઓ પોતાના પિતા ઇબ્રાહીમની મિલ્લત (પંથ) પર. અલ્લાહે પહેલાં પણ તમારું નામ 'મુસ્લિમ' (આજ્ઞાંકિત) રાખ્યું હતું અને આ (કુર્આન)માં પણ (તમારું નામ આ જ છે), જેથી રસૂલ તમારા પર સાક્ષી રહે અને તમે લોકો પર સાક્ષી રહો. તો નમાઝ કાયમ કરો, ઝકાત આપો અને અલ્લાહથી જોડાઈ જાઓ. તે છે તમારો સંરક્ષક, ખૂબ જ સારો છે તે સંરક્ષક અને ખૂબ જ સારો છે તે સહાયક ! (રુકૂઅ-૧૦)

(૨૩) અલ-મુ'મિનૂન

પરિચય

નામ :

પ્રથમ આયત 'કદ્-અફ્લહલ્ મુઅ્મિનૂન' (ચોક્કસપણે સફળતા પ્રાપ્ત કરી ઈમાન લાવનારાઓએ)થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

વર્ણન-શૈલી અને વિષય, બંનેથી એ જ જણાય છે કે આ સૂરઃના અવતરણનો સમય મક્કાનો મધ્ય-કાળ છે. આયત ૭૫-૭૬થી સ્પષ્ટપણે એ જ પુરાવો મળે છે કે આ મક્કાના તે કારમા દુષ્કાળના જમાનામાં ઊતરી છે, જે પ્રમાણભૂત કથનો અનુસાર આ જ વચગાળાના સમયમાં પડ્યો હતો.

વિષય અને ચર્ચાઓ :

પયગંબર (સલ્લ.)ના અનુસરણનું આમંત્રણ આ સૂરઃનો કેન્દ્રીય વિષય છે અને સમગ્ર પ્રવચન આ જ ધરીની આસપાસ ફરે છે. વાતની શરૂઆત એ રીતે થાય છે કે જે લોકોએ આ પયગંબરની વાત માની લીધી છે, તેમનામાં આ અને આવા ગુણો પેદા થઈ રહ્યા છે અને નિશ્ચિતપણે આવા જ લોકો દુનિયા (આલોક) અને આખિરત (પરલોક)માં સફળતાના અધિકારી છે. ત્યારપછી મનુષ્યના જન્મ, આકાશ અને ધરતીનું સર્જન, વનસ્પતિ અને પશુ-પક્ષીઓનું સર્જન અને સૃષ્ટિની બીજી નિશાનીઓ (થી તૌહીદ-એકેશ્વરવાદ અને આખિરત-પરલોકના સત્ય હોવાનાં પ્રમાણો આપવામાં આવ્યા છે), પછી પયગંબરો (અલૈ.) અને તેમની ઉમ્મતો (સમુદાયો)ના વૃત્તાંતો બતાવીને કેટલીક વાતો શ્રોતાઓને સમજાવવામાં આવી છે.

એક એ કે આજે તમે હઝરત મુહમ્મદ (સલ્લ.)ના આમંત્રણ અંગે જે સંદેહો કરી રહ્યા છો અને વાંધાઓ ઉઠાવી રહ્યા છો તે કંઈ નવા નથી. અગાઉ પણ દુનિયામાં જે પયગંબરો આવ્યા હતા, તે સૌના સામે પણ તેમના જમાનાના અજ્ઞાનીઓએ આવા જ વાંધાઓ ઉઠાવ્યા હતા. હવે જોઈ લો કે ઇતિહાસનો બોધ શું દર્શાવે છે, વાંધા ઉઠાવનારાઓ સત્ય પર હતા કે પયગંબર ?

બીજી એ કે તૌહીદ અને આખિરત વિષે જે શિક્ષણ પયગંબર (સલ્લ.) આપી રહ્યા છે, એ જ શિક્ષણ દરેક યુગના પયગંબરોએ આપ્યું છે.

ત્રીજી એ કે જે જાતિઓએ પયગંબરોની વાત જ ન સાંભળી, છેવટે તેમનો નાશ થઈને રહ્યો.

ચોથી એ કે અલ્લાહ તરફથી દરેક યુગમાં એક જ દીન (ધર્મ) આવતો રહ્યો છે અને તમામ પયગંબરો એક જ સમુદાય (ઉમ્મત)ના લોકો હતા. તે એક

માત્ર ધર્મ સિવાય દુનિયામાં જે અલગ-અલગ ધર્મો તમે લોકો જોઈ રહ્યા છો, તે બધા ધર્મો લોકો દ્વારા ઘડી કાઢેલાં છે.

આ પ્રસંગો પછી લોકોને એ બતાવવામાં આવ્યું છે કે સાચી વસ્તુ જેના પર અલ્લાહને ત્યાં પ્રિય કે અપ્રિય હોવાનો મૂળ આધાર છે, તે વ્યક્તિનું ઈમાન અને તેની ઈશપરાયણતા (ખુદાતરસી) અને સત્યવાદિતા છે. આ વાતો એટલા માટે કહેવામાં આવી છે કે પયગંબર (સલ્લ.)ના આમંત્રણ સામે તે વખતે જે અવરોધો ઊભા કરવામાં આવી રહ્યા હતા, તેના તમામે-તમામ ધ્વજવાહકો મક્કાના વડીલો અને મોટા-મોટા આગેવાનો હતા. તેઓ પોતાની રીતે સ્વયં પણ એ ઘમંડ રાખતા હતા અને તેમનાથી પ્રભાવિત લોકો પણ એ ભ્રમમાં ગ્રસ્ત હતા કે નેઅ્મતો (કૃપાઓ)ની વર્ષા જેમના પર થઈ રહી છે, તેમના પર ચોક્કસ અલ્લાહ અને દેવતાઓની મહેરબાની છે. બાકી રહ્યા આ નિર્ધન લોકો, જેઓ મુહમ્મદ (સલ્લ.)ના સાથે છે, તેમની તો હાલત સ્વયં જ એ દર્શાવી રહી છે કે અલ્લાહ તેમના સાથે નથી અને દેવતાઓનો ફિટકાર જ તેમના પર પડી છે. તે પછી મક્કાવાસીઓને વિભિન્ન રીતે હઝરત મુહમ્મદ (સલ્લ.)ના પયગંબર હોવા અંગે સંતુષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પછી તેમને બતાવવામાં આવ્યું કે આ દુષ્કાળ જે તમારા પર આવી પડ્યો છે, તે એક ચેતવણી છે, સારું એ છે કે તેને જોઈને સુધરી જાઓ અને સન્માર્ગ પર આવી જાઓ. તત્પશ્ચાત તેમનું નવેસરથી તે નિશાનીઓ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે જે સૃષ્ટિ અને સ્વયં તેમના અસ્તિત્વમાં મોજૂદ છે (અને અલ્લાહની તૌહીદ અને મૃત્યુ પછી જીવનની સ્પષ્ટ ગવાહી પ્રસ્તુત કરી રહી છે.) પછી નબી (સલ્લ.)ને માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે ચાહે આ લોકો તમારા વિરુધ્ધ ગમે તેટલું ખરાબ વલણ અપનાવે, તમે ભલી રીતે જ તેનો બચાવ કરજો. શેતાન ક્યારેય તમને ઉત્તેજીત કરીને બૂરાઈનો જવાબ બૂરાઈથી આપવા તૈયાર ન કરે.

ચર્ચાના અંતે સત્યના વિરોધીઓને આખિરતની પૂછપરછથી ડરાવવામાં આવ્યા છે અને સચેત કરવામાં આવ્યા છે કે સત્યના આમંત્રણ અને તેનું અનુસરણ કરનારાઓ સાથે તમે જે કંઈ કરી રહ્યા છો તેનો સખત હિસાબ તમારા પાસેથી લેવામાં આવશે.

اٰيَاتُهَا ١١٨ (٢٣) سُوْرَةُ الْمُؤْمِنُوْنَ مَكِّيَّةٌ (٧٤) رُكُوْعَاتُهَا ٦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

قَدْ اَفْلَحَ الْمُؤْمِنُوْنَ ۝١ الَّذِيْنَ هُمْ فِيْ صَلَاتِهِمْ
خٰشِعُوْنَ ۝٢ وَالَّذِيْنَ هُمْ عَنِ اللَّغْوِ مُعْرِضُوْنَ ۝٣ وَ
الَّذِيْنَ هُمْ لِلزَّكٰوةِ فٰعِلُوْنَ ۝٤ وَالَّذِيْنَ هُمْ لِفُرُوْجِهِمْ
حٰفِظُوْنَ ۝٥ اِلَّا عَلٰۤى اَزْوَاجِهِمْ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُمْ
فَاِنَّهُمْ غَيْرُ مَلُوْمِيْنَ ۝٦ فَمَنِ ابْتَغٰى وَرَآءَ ذٰلِكَ
فَاُولٰٓئِكَ هُمُ الْعٰدُوْنَ ۝٧ وَالَّذِيْنَ هُمْ لِاَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ
رٰعُوْنَ ۝٨ وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَوٰتِهِمْ يُحَافِظُوْنَ ۝٩
اُولٰٓئِكَ هُمُ الْوٰرِثُوْنَ ۝١٠ الَّذِيْنَ يَرِثُوْنَ الْفِرْدَوْسَ ط
هُمْ فِيْهَا خٰلِدُوْنَ ۝١١ وَلَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ مِنْ
سُلٰلَةٍ مِّنْ طِيْنٍ ۝١٢ ثُمَّ جَعَلْنٰهُ نُطْفَةً فِيْ قَرَارٍ
مَّكِيْنٍ ۝١٣ ثُمَّ خَلَقْنَا النُّطْفَةَ عَلَقَةً فَخَلَقْنَا
الْعَلَقَةَ مُضْغَةً فَخَلَقْنَا الْمُضْغَةَ عِظٰمًا فَكَسَوْنَا الْعِظٰمَ
لَحْمًا ق ثُمَّ اَنْشَاْنٰهُ خَلْقًا اٰخَرَ ط فَتَبٰرَكَ اللّٰهُ اَحْسَنُ
الْخٰلِقِيْنَ ۝١٤ ثُمَّ اِنَّكُمْ بَعْدَ ذٰلِكَ لَمَيِّتُوْنَ ۝١٥ ثُمَّ اِنَّكُمْ
يَوْمَ الْقِيٰمَةِ تُبْعَثُوْنَ ۝١٦ وَلَقَدْ خَلَقْنَا فَوْقَكُمْ سَبْعَ طَرَآئِقَ ۖ
وَمَا كُنَّا عَنِ الْخَلْقِ غٰفِلِيْنَ ۝١٧ وَاَنْزَلْنَا مِنَ السَّمَآءِ مَآءًۢ
بِقَدَرٍ فَاَسْكَنّٰهُ فِي الْاَرْضِ ۖ وَاِنَّا عَلٰى ذَهَابٍۢ بِهٖ

وقف لازم

(૨૩) સૂરઃ અલ-મુ'મિનૂન

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૬ • આયતો : ૧૧૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. ચોક્કસપણે સફળતા પ્રાપ્ત કરી છે ઈમાન લાવનારાઓએ
૨. જેઓ પોતાની નમાઝમાં 'ખુશૂઅ'★ અપનાવે છે,
૩. નિરર્થક વાતોથી દૂર રહે છે,
૪. ઝકાતની પદ્ધતિ પર અમલ કરે છે,
૫-૬. પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરે છે,★ સિવાય પોતાની પત્નીઓ અને તે સ્ત્રીઓના જેઓ તેમના કબજામાં હોય,★ કેમ કે તેમના કિસ્સામાં (સુરક્ષિત ન રાખવા બદલ) તેઓ નિંદાને પાત્ર નથી.
૭. અલબત્ત જેઓ તે ઉપરાંત કંઈ વધારે ઇચ્છે, તેઓ જ હદથી વધી જનારા છે,
૮. પોતાની (પાસેની) અમાનતો અને પોતાના વાયદાઓની કાળજી રાખે છે,
૯. અને પોતાની નમાઝોની રક્ષા કરે છે.
૧૦. આ જ લોકો તે વારસદારો છે,
૧૧. જેઓ વારસામાં ફિરદૌસ (અનહદ મોજમજાનું સ્થળ–જન્નત) મેળવશે અને તેમાં હંમેશા રહેશે.
૧૨. અમે મનુષ્યને માટીના સત્ત્વમાંથી બનાવ્યો,
૧૩. પછી તેને એક સુરક્ષિત જગ્યામાં ટપકેલા બિંદુમાં પરિવર્તિત કરી દીધું,
૧૪. પછી તે બિંદુને થીજી ગયેલા લોહીનું રૂપ આપ્યું, પછી થીજેલા લોહીને માંસનો ટુકડો બનાવી દીધો, પછી માંસના ટુકડાના હાડકાં બનાવ્યા, પછી હાડકાંઓ પર માંસ ચઢાવ્યું, પછી તેને એક જુદું જ સર્જન બનાવીને ઊભો કર્યો. આમ, ઘણો જ બરકતવાળો છે અલ્લાહ, સૌ કારીગરોથી બહેતર કારીગર.
૧૫. પછી તત્પશ્ચાત તમારે ચોક્કસ મરવાનું છે,
૧૬. પછી કયામત (પુનર્જીવન)ના દિવસે નિશ્ચિતપણે તમે ઉઠાવવામાં આવશો.
૧૭. અને તમારા ઉપર અમે સાત રસ્તા બનાવ્યા, સર્જનના કાર્યથી અમે કંઈ અંજાણ ન હતા.
૧૮. અને આકાશમાંથી અમે યોગ્ય હિસાબ અનુસાર ખાસ માત્રામાં પાણી ઉતાર્યું અને તેને ધરતીમાં થોભાવી દીધું, અમે તેને જેવી રીતે ઇચ્છીએ ગાયબ કરી શકીએ છીએ.

★ ખુશૂઅ એટલે ઝૂકી જવું, વિનમ્રતા અને નરમાશ દાખવવું. આવી હાલતનો સંબંધ હૃદય સાથે પણ અને શરીરની પ્રત્યક્ષ સ્થિતિ સાથે પણ હોય છે. ★ આના બે અર્થ છે. એક એ છે કે પોતાના શરીરના ગુપ્તાંગોને છુપાવીને રાખે છે, નગ્નતાથી બચે છે અને તેને બીજાઓ સામે ખોલતા નથી. બીજો અર્થ એ છે કે પોતાની પવિત્રતાને સુરક્ષિત રાખે છે, અર્થાત્ કામ-ભાવનાઓના સંબંધે સ્વચ્છંદતા નથી આચરતા અને કામ-શક્તિના પ્રયોગમાં નિરંકુશ નથી થઈ જતાં. ★ અર્થાત્ તે દાસીઓ જે યુદ્ધમાં કેદી બનીને આવે અને યુદ્ધ-કેદીઓની અદલા-બદલી ન થવાની સ્થિતિમાં ઇસ્લામી શાસન તરફથી કોઈના કબજામાં આપી દીધી હોય.

لَقٰدِرُوْنَ ﴿١٨﴾ فَاَنْشَاْنَا لَكُمْ بِهٖ جَنّٰتٍ مِّنْ نَّخِيْلٍ وَّ
اَعْنَابٍ ۘ لَكُمْ فِيْهَا فَوَاكِهُ كَثِيْرَةٌ وَّمِنْهَا تَاْكُلُوْنَ ﴿١٩﴾ وَ وقف لازم
شَجَرَةً تَخْرُجُ مِنْ طُوْرِ سَيْنَآءَ تَنْۢبُتُ بِالدُّهْنِ وَصِبْغٍ
لِّلْاٰكِلِيْنَ ﴿٢٠﴾ وَاِنَّ لَكُمْ فِى الْاَنْعَامِ لَعِبْرَةً ؕ نُسْقِيْكُمْ مِّمَّا
فِىْ بُطُوْنِهَا وَلَكُمْ فِيْهَا مَنَافِعُ كَثِيْرَةٌ وَّمِنْهَا
تَاْكُلُوْنَ ﴿٢١﴾ وَعَلَيْهَا وَعَلَى الْفُلْكِ تُحْمَلُوْنَ ﴿٢٢﴾ وَلَقَدْ ع ٢٢
اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖ فَقَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا
لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ اَفَلَا تَتَّقُوْنَ ﴿٢٣﴾ فَقَالَ الْمَلَؤُا الَّذِيْنَ
كَفَرُوْا مِنْ قَوْمِهٖ مَا هٰذَآ اِلَّا بَشَرٌ مِّثْلُكُمْ ۙ يُرِيْدُ
اَنْ يَّتَفَضَّلَ عَلَيْكُمْ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَاَنْزَلَ مَلٰٓئِكَةً ۖۚ مَّا
سَمِعْنَا بِهٰذَا فِىْٓ اٰبَآئِنَا الْاَوَّلِيْنَ ﴿٢٤﴾ اِنْ هُوَ اِلَّا رَجُلٌۢ
بِهٖ جِنَّةٌ فَتَرَبَّصُوْا بِهٖ حَتّٰى حِيْنٍ ﴿٢٥﴾ قَالَ رَبِّ انْصُرْنِىْ
بِمَا كَذَّبُوْنِ ﴿٢٦﴾ فَاَوْحَيْنَآ اِلَيْهِ اَنِ اصْنَعِ الْفُلْكَ
بِاَعْيُنِنَا وَوَحْيِنَا فَاِذَا جَآءَ اَمْرُنَا وَفَارَ التَّنُّوْرُ ۙ فَاسْلُكْ
فِيْهَا مِنْ كُلٍّ زَوْجَيْنِ اثْنَيْنِ وَاَهْلَكَ اِلَّا مَنْ سَبَقَ
عَلَيْهِ الْقَوْلُ مِنْهُمْ ۚ وَلَا تُخَاطِبْنِىْ فِى الَّذِيْنَ ظَلَمُوْا ۚ
اِنَّهُمْ مُّغْرَقُوْنَ ﴿٢٧﴾ فَاِذَا اسْتَوَيْتَ اَنْتَ وَمَنْ مَّعَكَ
عَلَى الْفُلْكِ فَقُلِ الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ نَجّٰىنَا مِنَ الْقَوْمِ
الظّٰلِمِيْنَ ﴿٢٨﴾ وَقُلْ رَّبِّ اَنْزِلْنِىْ مُنْزَلًا مُّبٰرَكًا وَّاَنْتَ منزل ٤

૧૯. પછી તે પાણી દ્વારા અમે તમારા માટે ખજૂર અને દ્રાક્ષના બગીચાઓ પેદા કરી દીધા, તમારા માટે આ બગીચાઓમાં ઘણાં સ્વાદિષ્ટ ફળો છે અને તેમનાથી તમે રોજી મેળવો છો.

૨૦. અને તે વૃક્ષ પણ અમે પેદા કર્યું જે સીના પર્વતમાંથી નીકળે છે, તેલ પણ લઈ ઉગે છે અને ખાનારાઓ માટે શાક પણ છે.

૨૧. અને હકીકત એ છે કે તમારા માટે ઢોરોમાં પણ એક બોધપાઠ છે. તેમના પેટમાં જે કંઈ છે તેમાંથી જ એક વસ્તુ (અર્થાત્ દૂધ) અમે તમને પીવડાવીએ છીએ, અને તમારા માટે તેમાં ઘણાં બીજા ફાયદાઓ પણ છે. તેમને તમે ખાઓ છો

૨૨. અને તેમના ઉપર અને નૌકાઓ ઉપર સવાર પણ કરવામાં આવો છો. (રુકૂઅ-૧)

૨૩. અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો. તેણે કહ્યું, ''હે મારી કોમના લોકો ! અલ્લાહની બંદગી કરો, તેના સિવાય તમારા માટે કોઈ ઉપાસ્ય નથી, શું તમે ડરતા નથી ?''

૨૪. તેની કોમના જે આગેવાનોએ માનવાનો ઇન્કાર કર્યો, તેઓ કહેવા લાગ્યા કે ''આ માણસ કંઈ નથી, પરંતુ એક મનુષ્ય તમારા જ જેવો. તેનો આશય એવો છે કે તમારા પર શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે. અલ્લાહને જો મોકલવા જ હોત તો ફરિશ્તાઓ મોકલતો. આ વાત તો અમે ક્યારેય પોતાના બાપ-દાદાના જમાનામાં સાંભળી જ નથી (કે મનુષ્ય રસૂલ-ઈશદૂત બનીને આવે).

૨૫. કંઈ નહીં, બસ આ માણસને સહેજ ગાંડપણ વળગી ગયું છે. થોડોક સમય વધારે રાહ જોઈ લો (કદાચ ઠીક થઈ જાય).''

૨૬. નૂહે કહ્યું, ''પાલનહાર ! આ લોકોએ મને જે ખોટો ઠેરવ્યો છે, તેના માટે હવે તું જ મારી મદદ કર.''

૨૭. અમે તેના ઉપર વહી મોકલી કે ''અમારી દેખરેખ હેઠળ અને અમારી વહી અનુસાર નૌકા તૈયાર કર. પછી જ્યારે અમારો આદેશ આવી જાય અને તે તંદૂર ઊભરાઈ જાય તો દરેક પ્રકારના પ્રાણીઓમાંથી એક-એક જોડી લઈને તેમાં સવાર થઈ જા, અને પોતાના કુટુંબીજનોને પણ સાથે લઈ લે, સિવાય તેમના જેમના વિરુધ્ધ પહેલા ફેંસલો થઈ ચૂક્યો છે, અને અત્યાચારીઓ વિષે મને કંઈ ન કહેજે, તેઓ હવે ગરકાવ થવાના છે.

૨૮. પછી જ્યારે તું પોતાના સાથીદારો સાથે નૌકામાં સવાર થઈ જાય તો કહે, આભાર તે અલ્લાહનો જેણે અમને અત્યાચારી લોકોથી છુટકારો અપાવ્યો.

૨૯. અને કહે, પાલનહાર ! મને બરકતવાળી જગ્યા ઉપર ઉતાર અને તું

خَيْرُ الْمُنْزِلِيْنَ ﴿٢٩﴾ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ وَّاِنْ كُنَّا
لَمُبْتَلِيْنَ ﴿٣٠﴾ ثُمَّ اَنْشَاْنَا مِنْۢ بَعْدِهِمْ قَرْنًا اٰخَرِيْنَ ﴿٣١﴾ۚ
فَاَرْسَلْنَا فِيْهِمْ رَسُوْلًا مِّنْهُمْ اَنِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ
مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ اَفَلَا تَتَّقُوْنَ ﴿٣٢﴾ع وَقَالَ الْمَلَاُ مِنْ
قَوْمِهِ الَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِلِقَآءِ الْاٰخِرَةِ وَاَتْرَفْنٰهُمْ
فِي الْحَيٰوةِ الدُّنْيَا ۙ مَا هٰذَاۤ اِلَّا بَشَرٌ مِّثْلُكُمْ ۙ يَاْكُلُ
مِمَّا تَاْكُلُوْنَ مِنْهُ وَيَشْرَبُ مِمَّا تَشْرَبُوْنَ ﴿٣٣﴾ وَلَئِنْ
اَطَعْتُمْ بَشَرًا مِّثْلَكُمْ اِنَّكُمْ اِذًا لَّخٰسِرُوْنَ ﴿٣٤﴾ اَيَعِدُكُمْ
اَنَّكُمْ اِذَا مِتُّمْ وَكُنْتُمْ تُرَابًا وَّعِظَامًا اَنَّكُمْ مُّخْرَجُوْنَ ﴿٣٥﴾
هَيْهَاتَ هَيْهَاتَ لِمَا تُوْعَدُوْنَ ﴿٣٦﴾ اِنْ هِيَ اِلَّا حَيَاتُنَا
الدُّنْيَا نَمُوْتُ وَنَحْيَا وَمَا نَحْنُ بِمَبْعُوْثِيْنَ ﴿٣٧﴾ اِنْ هُوَ اِلَّا
رَجُلُ ۣ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا وَّمَا نَحْنُ لَهٗ بِمُؤْمِنِيْنَ ﴿٣٨﴾
قَالَ رَبِّ انْصُرْنِيْ بِمَا كَذَّبُوْنِ ﴿٣٩﴾ قَالَ عَمَّا قَلِيْلٍ
لَّيُصْبِحُنَّ نٰدِمِيْنَ ﴿٤٠﴾ۚ فَاَخَذَتْهُمُ الصَّيْحَةُ بِالْحَقِّ فَجَعَلْنٰهُمْ
غُثَآءً ۚ فَبُعْدًا لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٤١﴾ ثُمَّ اَنْشَاْنَا مِنْۢ
بَعْدِهِمْ قُرُوْنًا اٰخَرِيْنَ ﴿٤٢﴾ؕ مَا تَسْبِقُ مِنْ اُمَّةٍ اَجَلَهَا
وَمَا يَسْتَاْخِرُوْنَ ﴿٤٣﴾ؕ ثُمَّ اَرْسَلْنَا رُسُلَنَا تَتْرَا ؕ كُلَّمَا
جَآءَ اُمَّةً رَّسُوْلُهَا كَذَّبُوْهُ فَاَتْبَعْنَا بَعْضَهُمْ بَعْضًا
وَّجَعَلْنٰهُمْ اَحَادِيْثَ ۚ فَبُعْدًا لِّقَوْمٍ لَّا يُؤْمِنُوْنَ ﴿٤٤﴾ ثُمَّ

منزل ٤

સૌથી ઉત્તમ જગ્યા આપનાર છે."

૩૦. આ પ્રસંગમાં મોટી નિશાનીઓ છે, અને પરીક્ષા તો અમે કરીને જ રહીએ છીએ.

૩૧. તેમના પછી અમે એક બીજા યુગની કોમ ઉઠાવી.

૩૨. પછી તેમનામાં સ્વયં તેમની જ કોમનો એક રસૂલ (સંદેશવાહક) મોકલ્યો (જેણે તેમને આમંત્રણ આપ્યું) કે અલ્લાહની બંદગી કરો, તમારા માટે તેના સિવાય અન્ય કોઈ ઉપાસ્ય નથી, શું તમે ડરતા નથી? (રુકૂઅ-૨)

૩૩. તેની કોમના જે આગેવાનોએ માનવાનો ઈન્કાર કર્યો અને આખિરત (પરલોક)માં રજૂ થવાને ખોટું ઠેરવ્યું, જેમને અમે દુનિયાના જીવનમાં સુખી-સંપન્ન બનાવ્યા હતા, તેઓ કહેવા લાગ્યા, "આ માણસ કંઈ નથી પણ એક મનુષ્ય છે તમારા જ જેવો. જે કંઈ તમે ખાઓ છો, તે જ આ પણ ખાય છે અને જે કંઈ તમે પીઓ છો, તે જ આ પણ પીએ છે.

૩૪. હવે જો તમે પોતાના જ જેવા એક મનુષ્યનું અનુસરણ સ્વીકારી લીધું તો તમે નુકસાનમાં જ રહ્યા.

૩૫. આ તમને બતાવે છે કે જ્યારે તમે મરીને માટી થઈ જશો અને હાડપિંજર બનીને રહી જશો, તે વખતે તમે (કબરોમાંથી) કાઢવામાં આવશો.

૩૬. અશક્ય, તદ્દન અશકય છે આ વાયદો જે તમારા સાથે કરવામાં આવી રહ્યો છે.

૩૭. જીવન કંઈ નથી, પણ માત્ર આ દુનિયાનું જીવન. અહીં જ અમારે મરવાનું અને જીવવાનું છે અને અમે કદાપિ ઉઠાવવામાં આવીશું નહીં.

૩૮. આ માણસ અલ્લાહના નામે માત્ર જૂઠ ઘડી રહ્યો છે અને અમે કદાપિ તેને માનવાના નથી."

૩૯. રસૂલે કહ્યું, "પાલનહાર! આ લોકોએ મને જે રીતે ખોટો ઠેરવ્યો છે તેના માટે હવે તું જ મારી મદદ કર."

૪૦. જવાબમાં કહેવામાં આવ્યું, "નજીક છે તે સમય જ્યારે આ લોકો પોતાની કરણી પર પસ્તાવો કરશે."

૪૧. અંતે બરાબર સત્યપૂર્વક એક ઓચિંતા મોટા તોફાને તેમને ઝડપી લીધા અને અમે તેમને કચરો બનાવીને ફેંકી દીધા—દૂર થા અત્યાચારી કોમ!

૪૨. ત્યારબાદ અમે તેમના પછી બીજી કોમો ઉઠાવી,

૪૩. કોઈ પણ કોમ પોતાના સમય પહેલાં ન તો નાશ પામી અને ન ત્યાર પછી રહી શકી.

૪૪. પછી અમે નિરંતર પોતાના રસૂલો મોકલ્યા. જે કોમ પાસે પણ તેનો રસૂલ આવ્યો, તેણે તેને ખોટો ઠેરવ્યો અને અમે એક પછી એક કોમને નષ્ટ કરતા ગયા, ત્યાં સુધી કે તેમને માત્ર દંતકથા બનાવી મૂકયા— ફિટકાર એવા લોકો ઉપર જેઓ ઈમાન નથી લાવતા!

اَرْسَلْنَا مُوْسٰى وَاَخَاهُ هٰرُوْنَ ۙ۬ بِاٰيٰتِنَا وَسُلْطٰنٍ
مُّبِيْنٍ ﴿۴۵﴾ ۙ اِلٰى فِرْعَوْنَ وَمَلَا۠ئِهٖ فَاسْتَكْبَرُوْا وَكَانُوْا قَوْمًا
عَالِيْنَ ﴿۴۶﴾ ۚ فَقَالُوْۤا اَنُؤْمِنُ لِبَشَرَيْنِ مِثْلِنَا وَقَوْمُهُمَا لَنَا
عٰبِدُوْنَ ﴿۴۷﴾ ۚ فَكَذَّبُوْهُمَا فَكَانُوْا مِنَ الْمُهْلَكِيْنَ ﴿۴۸﴾
وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ لَعَلَّهُمْ يَهْتَدُوْنَ ﴿۴۹﴾ وَ
جَعَلْنَا ابْنَ مَرْيَمَ وَاُمَّهٗۤ اٰيَةً وَّاٰوَيْنٰهُمَاۤ اِلٰى رَبْوَةٍ
ع ۱۸ ذَاتِ قَرَارٍ وَّمَعِيْنٍ ﴿۵۰﴾ ؑ يٰۤاَيُّهَا الرُّسُلُ كُلُوْا مِنَ
الطَّيِّبٰتِ وَاعْمَلُوْا صَالِحًا ؕ اِنِّيْ بِمَا تَعْمَلُوْنَ عَلِيْمٌ ؕ ﴿۵۱﴾
وَاِنَّ هٰذِهٖۤ اُمَّتُكُمْ اُمَّةً وَّاحِدَةً وَّاَنَا رَبُّكُمْ فَاتَّقُوْنِ ﴿۵۲﴾
فَتَقَطَّعُوْۤا اَمْرَهُمْ بَيْنَهُمْ زُبُرًا ؕ كُلُّ حِزْبٍۭ بِمَا لَدَيْهِمْ
فَرِحُوْنَ ﴿۵۳﴾ فَذَرْهُمْ فِيْ غَمْرَتِهِمْ حَتّٰى حِيْنٍ ﴿۵۴﴾ اَيَحْسَبُوْنَ
اَنَّمَا نُمِدُّهُمْ بِهٖ مِنْ مَّالٍ وَّبَنِيْنَ ﴿۵۵﴾ ۙ نُسَارِعُ لَهُمْ فِي
الْخَيْرٰتِ ؕ بَلْ لَّا يَشْعُرُوْنَ ﴿۵۶﴾ اِنَّ الَّذِيْنَ هُمْ مِّنْ خَشْيَةِ
رَبِّهِمْ مُّشْفِقُوْنَ ﴿۵۷﴾ ۙ وَالَّذِيْنَ هُمْ بِاٰيٰتِ رَبِّهِمْ يُؤْمِنُوْنَ ﴿۵۸﴾ ۙ
وَالَّذِيْنَ هُمْ بِرَبِّهِمْ لَا يُشْرِكُوْنَ ﴿۵۹﴾ ۙ وَالَّذِيْنَ يُؤْتُوْنَ مَاۤ
اٰتَوْا وَّقُلُوْبُهُمْ وَجِلَةٌ اَنَّهُمْ اِلٰى رَبِّهِمْ رٰجِعُوْنَ ﴿۶۰﴾ ۙ
اُولٰٓئِكَ يُسٰرِعُوْنَ فِي الْخَيْرٰتِ وَهُمْ لَهَا سٰبِقُوْنَ ﴿۶۱﴾ وَلَا
نُكَلِّفُ نَفْسًا اِلَّا وُسْعَهَا وَلَدَيْنَا كِتٰبٌ يَّنْطِقُ
بِالْحَقِّ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿۶۲﴾ بَلْ قُلُوْبُهُمْ فِيْ غَمْرَةٍ مِّنْ

૪૫-૪૬. પછી અમે મૂસા અને તેના ભાઈ હારૂનને પોતાની નિશાનીઓ અને ખુલ્લી સનંદ સાથે ફિરઔન અને તેના રાજદરબારીઓ તરફ મોકલ્યા. પરંતુ તેમણે ઘમંડ કર્યો અને બડાશ મારી.

૪૭. કહેવા લાગ્યા, ''શું અમે પોતાના જેવા જ બે માણસો પર ઈમાન લઈ આવીએ? અને માણસો પણ તે જેમની કોમ અમારી ગુલામ છે.''

૪૮. આમ, તેમણે બંનેને ખોટા ઠેરવ્યા અને તબાહ થવાવાળાઓમાં જઈ મળ્યા.

૪૯. અને મૂસાને અમે ગ્રંથ આપ્યો, જેથી લોકો તેના દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત કરે.

૫૦. અને મરયમના પુત્ર અને તેની માતાને અમે એક નિશાની બનાવ્યા, અને તેમને એક ઊંચા સ્થળે રાખ્યા જે શાંતિપૂર્ણ સ્થળ હતું અને ઝરણાં તેમાં વહેતા હતા. (રુકૂઅ-૩)

૫૧. હે પયગંબરો ! ખાઓ પાક વસ્તુઓ અને સદ્કાર્યો કરો, તમે જે કંઈ પણ કરો છો, હું તેને સારી રીતે જાણું છું.

૫૨. અને આ તમારી ઉમ્મત (સમુદાય) એક જ ઉમ્મત છે અને હું તમારો રબ (પ્રભુ) છું, તેથી મારાથી જ તમે ડરો.

૫૩. પરંતુ પાછળથી લોકોએ પોતાના દીન (ધર્મ)ને પરસ્પર ટુકડે-ટુકડા કરી લીધો. દરેક જૂથ પાસે જે કંઈ છે તેમાં જ તે મગ્ન છે –

૫૪. ભલે, તો છોડો તેમને, ડૂબેલા રહે પોતાની ગફલતમાં એક નિશ્ચિત સમય સુધી.

૫૫. શું આ લોકો સમજે છે કે અમે જે ધન અને પુત્રો વડે તેમને મદદ આપી રહ્યા છીએ

૫૬. તો જાણે તેમને ભલાઈઓ આપવા માટે સક્રિય છીએ ? નહીં, સાચી વાતનું તેમને જ્ઞાન નથી.

૫૭. હકીકતમાં તો જે લોકો પોતાના રબથી ડરનારા હોય છે,

૫૮. જેઓ પોતાના રબની આયતો પર ઈમાન લાવે છે,

૫૯. જેઓ પોતાના રબ સાથે કોઈને ભાગીદાર બનાવતા નથી,

૬૦. અને જેમની હાલત એવી છે કે આપે છે જે કંઈ પણ આપે છે અને હૃદય તેમના તે વિચારથી ધ્રુજતા રહે છે કે અમારે પોતાના રબ પાસે પાછા ફરવાનું છે,

૬૧. તેઓ જ ભલાઈઓ તરફ દોડનારા અને એકબીજાથી આગળ વધીને તેમને પ્રાપ્ત કરનારા છે.

૬૨. અમે કોઈ વ્યક્તિને તેની શક્તિથી વધુ કષ્ટ આપતા નથી અને અમારા પાસે એક પુસ્તક છે જે (દરેકે-દરેકની સ્થિતિ) સાચેસાચી બતાવી દેનારું છે, અને કોઈ પણ સ્થિતિમાં લોકો સાથે અન્યાય કરવામાં નહીં આવે.

૬૩. પરંતુ આ લોકો આ મામલાથી બેખબર છે. અને તેમના કર્મો પણ તે

هٰذَا وَلَهُمْ اَعْمَالٌ مِّنْ دُوْنِ ذٰلِكَ هُمْ لَهَا عٰمِلُوْنَ ۝۶۳
حَتّٰۤى اِذَاۤ اَخَذْنَا مُتْرَفِيْهِمْ بِالْعَذَابِ اِذَا هُمْ يَجْـَٔرُوْنَ ۝۶۴ ط
لَا تَجْـَٔرُوا الْيَوْمَ قف اِنَّكُمْ مِّنَّا لَا تُنْصَرُوْنَ ۝۶۵ قَدْ كَانَتْ
اٰيٰتِيْ تُتْلٰى عَلَيْكُمْ فَكُنْتُمْ عَلٰۤى اَعْقَابِكُمْ تَنْكِصُوْنَ ۝۶۶ لا
مُسْتَكْبِرِيْنَ ۚۖ بِهٖ سٰمِرًا تَهْجُرُوْنَ ۝۶۷ اَفَلَمْ يَدَّبَّرُوا
الْقَوْلَ اَمْ جَآءَهُمْ مَّا لَمْ يَاْتِ اٰبَآءَهُمُ الْاَوَّلِيْنَ ۝۶۸ ز
اَمْ لَمْ يَعْرِفُوْا رَسُوْلَهُمْ فَهُمْ لَهٗ مُنْكِرُوْنَ ۝۶۹ ز اَمْ
يَقُوْلُوْنَ بِهٖ جِنَّةٌ ط بَلْ جَآءَهُمْ بِالْحَقِّ وَاَكْثَرُهُمْ
لِلْحَقِّ كٰرِهُوْنَ ۝۷۰ وَلَوِ اتَّبَعَ الْحَقُّ اَهْوَآءَهُمْ لَفَسَدَتِ
السَّمٰوٰتُ وَالْاَرْضُ وَمَنْ فِيْهِنَّ ط بَلْ اَتَيْنٰهُمْ بِذِكْرِهِمْ
فَهُمْ عَنْ ذِكْرِهِمْ مُّعْرِضُوْنَ ۝۷۱ ط اَمْ تَسْـَٔلُهُمْ خَرْجًا
فَخَرَاجُ رَبِّكَ خَيْرٌ ۖۚ وَّهُوَ خَيْرُ الرّٰزِقِيْنَ ۝۷۲ وَاِنَّكَ
لَتَدْعُوْهُمْ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ۝۷۳ وَاِنَّ الَّذِيْنَ (الربع)
لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ عَنِ الصِّرَاطِ لَنٰكِبُوْنَ ۝۷۴ وَلَوْ
رَحِمْنٰهُمْ وَكَشَفْنَا مَا بِهِمْ مِّنْ ضُرٍّ لَّلَجُّوْا فِيْ طُغْيَانِهِمْ
يَعْمَهُوْنَ ۝۷۵ وَلَقَدْ اَخَذْنٰهُمْ بِالْعَذَابِ فَمَا اسْتَكَانُوْا
لِرَبِّهِمْ وَمَا يَتَضَرَّعُوْنَ ۝۷۶ حَتّٰۤى اِذَا فَتَحْنَا عَلَيْهِمْ بَابًا ذَا
عَذَابٍ شَدِيْدٍ اِذَا هُمْ فِيْهِ مُبْلِسُوْنَ ۝۷۷ ع وَهُوَ (ع ۴ ۲۷)
الَّذِيْۤ اَنْشَاَ لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ وَالْاَفْـِٕدَةَ ط قَلِيْلًا (منزل ۴)

પદ્ધતિથી (જેનો ઉલ્લેખ ઉપર કરવામાં આવ્યો છે) જુદા-જુદા છે.
૬૪. (તેઓ પોતાના આ કરતૂકો કરતા રહેશે) ત્યાં સુધી કે છેવટે અમે જ્યારે તેમના વિલાસી લોકોને યાતનામાં ઝડપી લઈશું, તો પછી બરાડવાનું શરૂ કરી દેશે –
૬૫. હવે બંધ કરો પોતાની ફરિયાદ અને રોક્કળ, અમારા તરફથી હવે તમને કોઈ મદદ નથી મળવાની.
૬૬. મારી આયતો સંભળાવવામાં આવતી હતી ત્યારે તમે (રસૂલનો અવાજ સાંભળતાં જ) પાછા પગે ભાગી છૂટતા હતા.
૬૭. પોતાના અહંકારમાં તેને ધ્યાન પર જ લેતા ન હતા, પોતાના ચોતરાઓમાં તેના વિષે વાતો બનાવતા અને લવારો કર્યા કરતા હતા.
૬૮. તો શું આ લોકોએ ક્યારેય આ વાણી પર વિચાર નથી કર્યો? અથવા તે કોઈ એવી વાત લાવ્યો છે જે ક્યારેય તેમના પૂર્વજોના પાસે આવી ન હતી?
૬૯. અથવા આ લોકો પોતાના રસૂલથી ક્યારેય પરિચિત ન હતા કે (અજાણ્યો માણસ સમજીને) તેનાથી ભડકે છે ?
૭૦. અથવા આ લોકો એમ માને છે કે તે દીવાનો છે ? નહીં, બલ્કે તે સત્ય લાવ્યો છે અને સત્ય જ તેમની બહુમતીને પસંદ નથી –
૭૧. અને સત્ય જો ક્યાંક તેમની ઇચ્છાઓના પાછળ ચાલતું હોત તો ધરતી અને આકાશો અને તેમની બધી જ આબાદીનું વ્યવસ્થા-તંત્ર છિન્ન-ભિન્ન થઈ જતું – નહીં, બલ્કે અમે તેમનો પોતાનો જ બોધ તેમના પાસે લાવ્યા છીએ અને તેઓ પોતાના બોધથી જ મોઢું ફેરવી રહ્યા છે.
૭૨. શું તું તેમના પાસેથી કંઈ માગી રહ્યો છે ? તારા માટે તો તારા રબનું આપેલું જ વધુ સારું છે, અને તે સર્વશ્રેષ્ઠ રોજી આપનાર છે.
૭૩. તું તો તેમને સન્માર્ગ તરફ બોલાવી રહ્યો છે,
૭૪. પરંતુ જેઓ આખિરત (પરલોક)માં નથી માનતા, તેઓ સન્માર્ગથી હટીને ચાલવા માગે છે.
૭૫. જો અમે તેમના પર દયા કરીએ અને તે તકલીફ, જેમાં તેઓ અત્યારે સપડાયા છે, દૂર કરી દઈએ તો આ લોકો પોતાના વિદ્રોહમાં તદ્દન બહેકી જશે.
૭૬. તેમની દશા તો એ છે કે અમે તેમને તકલીફમાં નાખ્યા, છતાં પણ તેઓ પોતાના રબ સમક્ષ ઝૂક્યા નહીં અને ન વિનમ્રતા અપનાવે છે.
૭૭. અલબત્ત, જ્યારે મામલો ત્યાં સુધી પહોંચી જશે કે અમે તેમના ઉપર ભારે યાતનાના દ્વાર ખોલી દઈએ, તો એકાએક તમે જોશો કે આ પરિસ્થિતિમાં તેઓ દરેક વસ્તુથી હતાશ છે. (રુકૂઅ-૪)
૭૮. તે અલ્લાહ જ તો છે જેણે તમને સાંભળવા અને જોવાની શક્તિઓ આપી અને વિચારવા માટે હૃદય આપ્યા, પરંતુ તમે લોકો ભાગ્યે જ આભારી થાવ છો.

مَّا تَشْكُرُوْنَ ۝٧٨ وَهُوَ الَّذِيْ ذَرَاَكُمْ فِي الْاَرْضِ وَ
اِلَيْهِ تُحْشَرُوْنَ ۝٧٩ وَهُوَ الَّذِيْ يُحْيٖ وَيُمِيْتُ وَلَهُ
اخْتِلَافُ الَّيْلِ وَالنَّهَارِ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ۝٨٠ بَلْ قَالُوْا
مِثْلَ مَا قَالَ الْاَوَّلُوْنَ ۝٨١ قَالُوْٓا ءَاِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا
وَّعِظَامًا ءَاِنَّا لَمَبْعُوْثُوْنَ ۝٨٢ لَقَدْ وُعِدْنَا نَحْنُ وَاٰبَآؤُنَا
هٰذَا مِنْ قَبْلُ اِنْ هٰذَآ اِلَّآ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ۝٨٣ قُلْ
لِّمَنِ الْاَرْضُ وَمَنْ فِيْهَآ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ۝٨٤ سَيَقُوْلُوْنَ
لِلّٰهِ ؕ قُلْ اَفَلَا تَذَكَّرُوْنَ ۝٨٥ قُلْ مَنْ رَّبُّ السَّمٰوٰتِ السَّبْعِ
وَرَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ۝٨٦ سَيَقُوْلُوْنَ لِلّٰهِ ؕ قُلْ اَفَلَا
تَتَّقُوْنَ ۝٨٧ قُلْ مَنْۢ بِيَدِهٖ مَلَكُوْتُ كُلِّ شَيْءٍ وَّهُوَ يُجِيْرُ
وَلَا يُجَارُ عَلَيْهِ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ۝٨٨ سَيَقُوْلُوْنَ لِلّٰهِ ؕ
قُلْ فَاَنّٰى تُسْحَرُوْنَ ۝٨٩ بَلْ اَتَيْنٰهُمْ بِالْحَقِّ وَاِنَّهُمْ
لَكٰذِبُوْنَ ۝٩٠ مَا اتَّخَذَ اللّٰهُ مِنْ وَّلَدٍ وَّمَا كَانَ مَعَهٗ
مِنْ اِلٰهٍ اِذًا لَّذَهَبَ كُلُّ اِلٰهٍۢ بِمَا خَلَقَ وَلَعَلَا بَعْضُهُمْ
عَلٰى بَعْضٍ ؕ سُبْحٰنَ اللّٰهِ عَمَّا يَصِفُوْنَ ۝٩١ عٰلِمِ الْغَيْبِ وَ
ع ١٥ ٥ الشَّهَادَةِ فَتَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ ۝٩٢ قُلْ رَّبِّ اِمَّا تُرِيَنِّيْ
مَا يُوْعَدُوْنَ ۝٩٣ رَبِّ فَلَا تَجْعَلْنِيْ فِي الْقَوْمِ الظّٰلِمِيْنَ ۝٩٤
وَاِنَّا عَلٰٓى اَنْ نُّرِيَكَ مَا نَعِدُهُمْ لَقٰدِرُوْنَ ۝٩٥ اِدْفَعْ بِالَّتِيْ
هِيَ اَحْسَنُ السَّيِّئَةَ ؕ نَحْنُ اَعْلَمُ بِمَا يَصِفُوْنَ ۝٩٦ وَ

૭૯. તે જ છે જેણે તમને ધરતીમાં ફેલાવી દીધા, અને તેના જ તરફ તમે પાછા એકત્ર કરવામાં આવશો.
૮૦. તે જ જીવન પ્રદાન કરે છે અને તે જ મૃત્યુ આપે છે. રાત અને દિવસનું ભ્રમણ તેના જ કબજા અને સામર્થ્યમાં છે. શું તમારી સમજમાં આ વાત નથી આવતી ?
૮૧. પરંતુ આ લોકો તે જ બધું કહે છે જે તેમના પુરોગામીઓ કહી ચૂક્યા છે.
૮૨. તેઓ કહે છે, ''શું અમે જ્યારે મરીને માટી થઈ જઈશું અને હાડપિંજર બનીને રહી જઈશું તો ફરીથી અમને જીવતા કરીને ઉઠાવવામાં આવશે?
૮૩. અમે પણ આવા વાયદાઓ બહુ સાંભળ્યા છે અને અમારા પહેલાં અમારા બાપ-દાદા પણ સાંભળતા રહ્યા છે. આ માત્ર પુરાણી કહાણીઓ છે.''
૮૪. આ લોકોને કહો, ''બતાવો, જો તમે જાણતા હોવ કે આ ધરતી અને તેની સમસ્ત આબાદી કોની છે ?
૮૫. આ લોકો જરૂર કહેશે કે અલ્લાહની. કહો કે ''પછી તમે કેમ ભાનમાં આવતા નથી ?''
૮૬. આ લોકોને પૂછો, ''સાતેય આકાશો અને મહાન અર્શનો માલિક કોણ છે ?''
૮૭. આ લોકો જરૂર કહેશે, ''અલ્લાહ.'' કહો, ''પછી તમે કેમ ડરતા નથી?''
૮૮. આ લોકોને કહો, ''બતાવો જો તમે જાણતા હોવ કે દરેક વસ્તુ પર કોની સત્તા છે ? અને કોણ છે તે જે શરણ આપે છે અને તેના વિરુધ્ધ કોઈ શરણ આપી શકતું નથી ?''
૮૯. આ લોકો જરૂર કહેશે કે આ વાત તો અલ્લાહ જ માટે છે. કહો, ''પછી ક્યાંથી તમને ધોખો થાય છે ?''
૯૦. જે સત્ય હકીકત છે તે અમે આ લોકોની સામે લઈ આવ્યા છીએ અને કોઈ શંકા નથી કે આ લોકો જૂઠા છે.
૯૧. અલ્લાહે કોઈને પોતાની સંતાન બનાવી નથી, અને કોઈ બીજો ઉપાસ્ય તેના સાથે નથી. જો આવું હોત તો દરેક ખુદા પોતાની મખ્લૂક (સર્જન)ને લઈને અલગ થઈ જતો અને પછી તેઓ એકબીજા પર ચઢાઈ કરતા. પવિત્ર અને ઉચ્ચ છે અલ્લાહ તે તમામ વાતોથી જે આ લોકો બનાવે છે,
૯૨. ખુલ્લા અને છુપાનો જાણવાવાળો, તે ઉચ્ચતર છે તે શિર્કથી જે આ લોકો પ્રસ્તાવિત કરી રહ્યા છે. (રુકૂઅ-૫)
૯૩. હે નબી ! દુઆ કરો કે ''પાલનહાર ! જે યાતનાની આમને ધમકી આપવામાં આવી રહી છે, તે જો મારી હાજરીમાં તું લાવે,
૯૪. તો હે મારા રબ ! મને આ જાલિમ લોકોમાં સામેલ ન કરજે,''
૯૫. અને સાચું એ છે કે અમે તમારી આંખો સામે જ તે વસ્તુ લઈ આવવાનું પૂર્ણ સામર્થ્ય ધરાવીએ છીએ જેની ધમકી અમે આમને આપી રહ્યા છીએ.
૯૬. હે નબી ! બૂરાઈને એવી પદ્ધતિથી દૂર કરો જે ઉત્તમ હોય. જે કંઈ વાતો તેઓ તમારા પર બનાવે છે તેની અમને બરાબર ખબર છે.

قُلْ رَّبِّ اَعُوْذُ بِكَ مِنْ هَمَزٰتِ الشَّيٰطِيْنِ ﴿٩٧﴾ وَاَعُوْذُ
بِكَ رَبِّ اَنْ يَّحْضُرُوْنِ ﴿٩٨﴾ حَتّٰۤى اِذَا جَآءَ اَحَدَهُمُ الْمَوْتُ
قَالَ رَبِّ ارْجِعُوْنِ ﴿٩٩﴾ لَعَلِّيْۤ اَعْمَلُ صَالِحًا فِيْمَا تَرَكْتُ
كَلَّا ؕ اِنَّهَا كَلِمَةٌ هُوَ قَآئِلُهَا ؕ وَمِنْ وَّرَآئِهِمْ
بَرْزَخٌ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿١٠٠﴾ فَاِذَا نُفِخَ فِى الصُّوْرِ
فَلَآ اَنْسَابَ بَيْنَهُمْ يَوْمَئِذٍ وَّلَا يَتَسَآءَلُوْنَ ﴿١٠١﴾ فَمَنْ
ثَقُلَتْ مَوَازِيْنُهٗ فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿١٠٢﴾ وَمَنْ
خَفَّتْ مَوَازِيْنُهٗ فَاُولٰٓئِكَ الَّذِيْنَ خَسِرُوْۤا
اَنْفُسَهُمْ فِىْ جَهَنَّمَ خٰلِدُوْنَ ﴿١٠٣﴾ تَلْفَحُ وُجُوْهَهُمُ
النَّارُ وَهُمْ فِيْهَا كٰلِحُوْنَ ﴿١٠٤﴾ اَلَمْ تَكُنْ اٰيٰتِىْ تُتْلٰى
عَلَيْكُمْ فَكُنْتُمْ بِهَا تُكَذِّبُوْنَ ﴿١٠٥﴾ قَالُوْا رَبَّنَا غَلَبَتْ
عَلَيْنَا شِقْوَتُنَا وَكُنَّا قَوْمًا ضَآلِّيْنَ ﴿١٠٦﴾ رَبَّنَآ اَخْرِجْنَا
مِنْهَا فَاِنْ عُدْنَا فَاِنَّا ظٰلِمُوْنَ ﴿١٠٧﴾ قَالَ اخْسَـُٔوْا فِيْهَا
وَلَا تُكَلِّمُوْنِ ﴿١٠٨﴾ اِنَّهٗ كَانَ فَرِيْقٌ مِّنْ عِبَادِىْ
يَقُوْلُوْنَ رَبَّنَآ اٰمَنَّا فَاغْفِرْ لَنَا وَارْحَمْنَا وَاَنْتَ خَيْرُ
الرّٰحِمِيْنَ ﴿١٠٩﴾ فَاتَّخَذْتُمُوْهُمْ سِخْرِيًّا حَتّٰۤى اَنْسَوْكُمْ
ذِكْرِىْ وَكُنْتُمْ مِّنْهُمْ تَضْحَكُوْنَ ﴿١١٠﴾ اِنِّىْ جَزَيْتُهُمُ
الْيَوْمَ بِمَا صَبَرُوْۤا ۙ اَنَّهُمْ هُمُ الْفَآئِزُوْنَ ﴿١١١﴾ قٰلَ كَمْ
لَبِثْتُمْ فِى الْاَرْضِ عَدَدَ سِنِيْنَ ﴿١١٢﴾ قَالُوْا لَبِثْنَا يَوْمًا اَوْ

منزل ٤

૯૭. અને દુઆ કરો કે "પાલનહાર ! હું શેતાનની ઉશ્કેરણીઓ સામે તારું શરણ માગું છું,
૯૮. બલ્કે હે મારા રબ ! હું તો આનાથી પણ તારું શરણ માગુ છું કે તેઓ મારા નજીક આવે."
૯૯. (આ લોકો પોતાની કરણીથી અટકવાના નથી) ત્યાં સુધી કે તેમનામાંથી કોઈને મૃત્યુ આવી જશે તો કહેવાનું શરૂ કરશે કે "હે મારા રબ ! મને તે જ દુનિયામાં પાછો મોકલી દે જેને હું છોડીને આવ્યો છું,
૧૦૦. આશા છે કે હવે હું સદ્‌કાર્ય કરીશ" – કદાપિ નહીં, આ તો માત્ર એક વાત છે જે તે બકી રહ્યો છે. હવે આ સૌ (મરનારાઓ)ના પાછળ એક બરઝખ (આડ) છે બીજા જીવનના દિવસ સુધી.
૧૦૧. પછી જેવું રણશિંગું ફૂંકી દેવામાં આવશે, તેમના વચ્ચે કોઈ સંબંધ રહેશે નહીં અને ન તેઓ એકબીજાને પૂછશે.
૧૦૨. તે વખતે જેમના પલ્લાં ભારે હશે તેઓ જ સફળતા પામશે
૧૦૩. અને જેમના પલ્લાં હલકાં હશે, તે જ લોકો હશે જેમણે પોતાને નુકસાનમાં નાખી દીધા. તેઓ જહન્નમ (નર્ક)માં હંમેશા રહેશે.
૧૦૪. આગ તેમના ચહેરાની ચામડીને ચાટી જશે અને તેમના જડબા બહાર નીકળી આવશે –
૧૦૫. "શું તમે તે જ લોકો નથી કે જ્યારે મારી આયતો તમને સંભળાવવામાં આવતી હતી તો તમે તેમને ખોટી ઠેરવતા હતા ?"
૧૦૬. તેઓ કહેશે, "હે અમારા રબ ! અમારું દુર્ભાગ્ય અમારા પર છવાઈ ગયું હતું, અમે ખરેખર પથભ્રષ્ટ લોકો હતા.
૧૦૭. હે પાલનહાર ! હવે અમને અહીંથી બહાર કાઢી દે. ફરી અમે આવી ભૂલ કરીએ તો અત્યાચારી હોઈશું."
૧૦૮. અલ્લાહ જવાબ આપશે, "દૂર થઈ જા મારા સામેથી, પડ્યા રહો આમાં જ અને મારી સાથે વાત ન કરો.
૧૦૯. તમે તે જ લોકો તો છો કે મારા કેટલાક બંદા જ્યારે કહેતા હતા કે હે અમારા પાલનહાર ! અમે ઈમાન લાવ્યા, અમને માફ કરી દે, અમારા પર દયા કર, તું બધા જ દયાળુઓ કરતાં સારો દયાળુ છે
૧૧૦. તો તમે તેમની ઠેકડી ઉડાવી, ત્યાં સુધી કે તેમના વિરોધે તમને એ પણ ભુલાવી દીધું કે હું પણ કોઈ છું, અને તમે તેમના ઉપર હસતાં રહ્યા.
૧૧૧. આજે તેમના તે સબ્ર (ધૈર્ય)નું મેં આ ફળ આપ્યું છે કે તેઓ જ સફળ છે."
૧૧૨. પછી અલ્લાહ તેમને પૂછશે, "બતાવો, ધરતી ઉપર તમે કેટલા વર્ષ રહ્યા?"
૧૧૩. તેઓ કહેશે, "એક દિવસ અથવા દિવસનો પણ થોડો ભાગ અમે

بَعْضَ يَوْمٍ فَسْـَٔلِ الْعَآدِّيْنَ ﴿۱۱۳﴾ قٰلَ اِنْ لَّبِثْتُمْ اِلَّا قَلِيْلًا
لَّوْ اَنَّكُمْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿۱۱۴﴾ اَفَحَسِبْتُمْ اَنَّمَا خَلَقْنٰكُمْ
عَبَثًا وَّ اَنَّكُمْ اِلَيْنَا لَا تُرْجَعُوْنَ ﴿۱۱۵﴾ فَتَعٰلَى اللّٰهُ الْمَلِكُ
الْحَقُّ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ رَبُّ الْعَرْشِ الْكَرِيْمِ ﴿۱۱۶﴾ وَمَنْ
يَّدْعُ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ ۙ لَا بُرْهَانَ لَهٗ بِهٖ ۙ فَاِنَّمَا
حِسَابُهٗ عِنْدَ رَبِّهٖ ؕ اِنَّهٗ لَا يُفْلِحُ الْكٰفِرُوْنَ ﴿۱۱۷﴾ وَقُلْ
رَّبِّ اغْفِرْ وَارْحَمْ وَاَنْتَ خَيْرُ الرّٰحِمِيْنَ ﴿۱۱۸﴾ ع

منزل ٤ ع ٢٦

ત્યાં રહ્યા છીએ. ગણત્રી કરનારાઓને પૂછી લો."

૧૧૪. કહેવામાં આવશે, "થોડો જ સમય રોકાયા છો ને, અફસોસ ! આ તમે તે વખતે જાણ્યું હોત !

૧૧૫. શું તમે એમ સમજી લીધું હતું કે અમે તમને વ્યર્થ જ પેદા કર્યા છે અને તમારે અમારા તરફ ક્યારેય પાછા ફરવાનું જ નથી ?"

૧૧૬. તો ઉચ્ચ અને મહાન છે અલ્લાહ, સાચો સમ્રાટ, કોઈ ઉપાસ્ય નથી તેના સિવાય, માલિક છે મહાન સિંહાસનનો.

૧૧૭. અને જો કોઈ અલ્લાહ સાથે બીજા કોઈ ઉપાસ્યને પોકારે, જેના માટે તેના પાસે કોઈ દલીલ નથી, તો તેનો હિસાબ તેના રબ (પ્રભુ) પાસે છે. આવા કાફિરો (ઇનકાર કરનારાઓ) કદાપિ સફળતા પામી શકતા નથી.

૧૧૮. હે નબી ! કહો, "હે મારા પાલનહાર ! દરગુજર કર અને દયા કર, તું સૌ દયાળુઓ કરતાં શ્રેષ્ઠ દયાળુ છે. (રુકૂઅ-૬)

(૨૪) અન્-નૂર

પરિચય

નામ :

આયત ૩૫ ''અલ્લાહુ નૂરુસ્સમાવાતિ વલ્-અર્દ'' અર્થાત્ (અલ્લાહ આકાશો અને ધરતીનું નૂર છે)થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

તેના પર સૌ સહમત છે કે આ સૂરઃ બની અલ્-મુસ્તલિકની લડાઈ પછી અવતરિત થઈ છે, પરંતુ એ બાબતે મતભેદ છે કે આ લડાઈ હિ.સ. ૦૫માં અહ્ઝાબની લડાઈ પહેલાં થઈ હતી કે હિ.સ. ૦૬માં અહ્ઝાબની લડાઈ પછી. સાચી હકીકત શું છે, તેની શોધ શરીઅતની તે તત્ત્વદર્શિતા અને સ્થાપિત હિતને સમજવા માટે પણ જરૂરી છે જે પરદાના આદેશોમાં જોવા મળે છે, કેમ કે આવા આદેશો કુર્આનની બે જ સૂરઃઓમાં આવ્યા છે. એક આ સૂરઃમાં અને બીજી સૂરઃ અહ્ઝાબમાં, જે અહ્ઝાબની લડાઈ વખતે અવતરિત થઈ હતી અને તે અંગે સૌ એકમત છે. આ ઉદ્દેશ્યથી જ્યારે આપણે સંબંધિત કથનોથી શોધખોળ કરીએ છીએ તો સાચી વાત એ જ જણાય છે કે આ સૂરઃ હિ. ૦૬ના ઉત્તરાર્ધમાં સૂરઃ અહઝાબના કેટલાય મહિના પછી અવતરિત થઈ છે.

ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ :

જે સંજોગોમાં આ સૂરઃ ઉતરી છે તે સંક્ષિપ્તમાં આ પ્રમાણે છે –

બદ્રના યુદ્ધમાં વિજય પ્રાપ્ત કર્યા પછી આરબ પ્રદેશમાં ઈસ્લામી આંદોલનનું જે ઉત્થાન શરૂ થયું હતું, તે ખંદક (ખાઈ)ના યુદ્ધ સુધી પહોંચતા-પહોંચતા એટલી હદે આગળ વધી ગયું હતું કે મુશ્રિકો, યહૂદીઓ, મુનાફિકો (દંભીઓ) અને સ્થિતિ-પરિવર્તનની પ્રતીક્ષા કરતા સૌ કોઈ એવું પ્રતીત કરવા લાગ્યા હતા કે આ નવી ઉભરતી શક્તિને માત્ર હથિયાર અને લશ્કરના જોરે પરાજિત કરી શકાય તેમ નથી. (તેથી હવે તેમણે એક નવી યુક્તિ વિચારી અને પોતાની ઈસ્લામ-વિરોધી) ગતિવિધિઓની દિશા સૈનિક કાર્યવાહીઓથી હટાવીને નીચતાપૂર્ણ હુમલાઓ અને આંતરિક ષડયંત્રો તરફ ફેરવી દીધી. આ નવી યુક્તિ પ્રથમ વાર હિ.સ. ૦૫ના ઝિલકઅદમાં જોવામાં આવી, જ્યારે કે પયગંબર (સલ્લ.)એ પુત્ર દત્તક લેવા અને કુટુંબમાં તેને સગા પુત્રનું સ્થાન આપવાના અજ્ઞાનતાકાળના રિવાજને સમાપ્ત કરવા માટે સ્વયં પોતાના દત્તક પુત્ર (હઝરત ઝૈદ રદિ. બિન હારિસા)ની તલાક પામેલી પત્ની (હઝરત ઝૈનબ

રદિ. બિન્તે હજ્શ) સાથે નિકાહ કર્યા. આ પ્રસંગે મદીનાના મુનાફિકો દુષ્પ્રચારનું ભારે તોફાન લઈને ઊભા થઈ ગયા અને બહારથી યહૂદીઓ અને મુશ્રિકોએ પણ તેમના સૂરમાં સૂર પુરાવતાં આરોપો ઘડવાનું શરૂ કરી દીધું. આવા નિર્લજ્જ જૂઠ ઘડવાવાળાઓએ પણ નબી (સલ્લ.) પર તુચ્છ પ્રકારના જૂઠા નૈતિક આરોપો લગાવ્યા.

બીજો હુમલો બની મુસ્તલિકની લડાઈ પ્રસંગે કરવામાં આવ્યો. જ્યારે એક મુહાજિર અને એક અંસારી વચ્ચેના મામૂલી ઝઘડાને મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબઈએ એક ખૂબ મોટો ઉપદ્રવ બનાવવાનો પ્રયાસ કર્યો. આ ઘટનાનું વિવરણ આગળ સૂરઃ મુનાફિકૂનના પરિચયમાં આવી રહ્યું છે. આ હુમલો પ્રથમ હુમલા કરતા પણ વધારે સંગીન હતો.

આ ઘટના હજુ તાજી જ હતી કે તે જ મુસાફરીમાં તેણે એક બીજો ખતરનાક ફિત્નો (ઉપદ્રવ) ઊભો કરી દીધો. તે હઝરત આયશા રદિ. પર આરોપ મૂકવાનો ફિત્નો હતો. આ ઘટનાને સ્વયં તેમના જ મુખે સાંભળો, તેઓ કહે છે કે.–

''બની મુસ્તલિકની લડાઈના પ્રસંગે હું આપ (સલ્લ.)ના સાથે હતી. પરત આવતાં, જ્યારે અમે મદીનાના સમીપ હતા, એક મુકામે રાત્રિના સમયે અલ્લાહના રસૂલ (સલ્લ.)એ પડાવ નાખ્યો અને હજુ રાતનો કેટલોક ભાગ બાકી હતો કે કૂચની તૈયારીઓ શરૂ થઈ ગઈ. હું ઊઠીને મારી જરૂરત પૂરી કરવા નીકળી અને જ્યારે પાછી ફરવા લાગી તો પડાવના નજીક પહોંચીને મને લાગ્યું કે મારા ગળાનો હાર તૂટીને ક્યાંક પડી ગયો છે. હું તેને શોધવામાં લાગી ગઈ અને એટલામાં કાફલો રવાના થઈ ગયો.

નિયમ એ હતો કે હું કૂચના સમયે મારી પાલખીમાં બેસી જતી હતી અને ચાર માણસો તેને ઉપાડીને ઊંટ પર મૂકી દેતા હતા. અમે સ્ત્રીઓ તે જમાનામાં ખાવા-પીવાની વસ્તુઓની અછતના કારણે ખૂબ દુબળી-પાતળી હતી. મારી અંબાડી ઉપાડતી વખતે લોકોને એવું લાગ્યું જ નહીં કે હું તેમાં નથી. તેઓ અજાણતામાં ખાલી પાલખી ઊંટ પર મૂકીને રવાના થઈ ગયા.

હું જ્યારે હાર લઈને પાછી વળી તો ત્યાં કોઈ ન હતું. છેવટે પોતાની ચાદર ઓઢીને ત્યાં જ સૂઈ ગઈ અને મનમાં એવું વિચાર્યું કે આગળ જઈને જ્યારે આ લોકો મને નહીં જુએ તો તેઓ સ્વયં જ શોધતાં આવી જશે. આ જ સ્થિતિમાં મને ઊંઘ આવી ગઈ. સવારના સમયે હઝરત સફવાન બિન મુઅત્તલ સુલમી (રદિ.) તે જગ્યાએથી પસાર થયા જ્યાં હું સૂઈ રહી હતી અને મને

જોતાં જ ઓળખી ગયા, કેમ કે પરદાનો આદેશ આવ્યા પહેલાં તેઓ મને અનેકવાર જોઈ ચૂક્યા હતા. (આ સાહેબ બદ્રના યુદ્ધમાં ભાગ લેનારા સહાબીઓ પૈકી હતા. તેમને સવારમાં મોડે સુધી સૂઈ રહેવાની ટેવ હતી. તેથી તેઓ પણ લશ્કરી પડાવની જગ્યાએ ક્યાંક ઊંઘતા રહી ગયા હતા.અને હવે ઊઠીને મદીના જઈ રહ્યા હતા.)

મને જોઈને તેમણે ઊંટ થોભાવી દીધું અને સહસા તેમના મોઢેથી નીકળી ગયું, 'ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન (નિઃશંક અમે અલ્લાહના છીએ અને તેના જ તરફ અમારે પાછા ફરવાનું છે). અલ્લાહના રસૂલ (સલ્લ.)ના પત્ની અહીં જ રહી ગયા.' આ અવાજથી મારી આંખ ખુલી ગઈ અને મેં ઊઠીને તરત મારા મોઢા પર ચાદર નાખી દીધી. તેમણે મારા સાથે કોઈ વાત ન કરી, પોતાનું ઊંટ લાવીને મારા પાસે બેસાડી દીધું અને બાજુએ ઊભા રહી ગયા. હું ઊંટ પર સવાર થઈ ગઈ અને તેઓ નાથ પકડીને રવાના થઈ ગયા. બપોરના નજીકના સમયે અમે લશ્કર પાસે પહોંચી ગયા, જ્યારે કે તે હજુ હમણાં એક જગ્યાએ જઈને રોકાયું જ હતું અને લશ્કરવાળાઓને હજુ એ ખબર પડી ન હતી કે હું પાછળ રહી ગઈ છું. આમાં લાંછન લગાવનારાઓએ તો લાંછન લગાવી દીધું દીધું અને તેમાં સૌથી મોખરે અબ્દુલ્લાહ બિન ઉબઈ હતો.

પરંતુ હું તેનાથી અજાણ હતી કે મારા પર કેવી-કેવી વાતો બનાવવામાં આવી રહી છે. મદીના પહોંચીને હું બીમાર પડી ગઈ અને લગભગ એક મહિના સુધી પથારીવશ રહી. શહેરમાં આ લાંછનના સમાચારો ઉડી રહ્યા હતા. અલ્લાહના પયગંબર (સલ્લ.)ના કાને પણ વાત પહોંચી ગઈ હતી, પણ મને કંઈ જ ખબર ન હતી. અલબત્ત જે વસ્તુ મને ખૂંચતી હતી, તે એ કે અલ્લાહના રસૂલનું ધ્યાન મારા તરફ એવું નહોતું, જે બીમારી વખતે રહેતું હતું. છેવટે આપ (સલ્લ.)ની પરવાનગી લઈને હું મારી માતાના ઘરે જતી રહી, જેથી તે મારી દેખભાળ સારી રીતે કરી શકે.

એક દિવસે રાતના સમયે જરૂરત પૂરી કરવા હું મદીનાની બહાર ગઈ. ત્યાં સુધી અમારા ઘરોમાં શૌચાલય ન હતા અને અમે લોકો જંગલમાં જ જતા હતા. મારા સાથે મિસ્તહ બિન અસાસાની માતા પણ હતા તેમના મુખેથી જાણવા મળ્યું કે લાંછન લગાવનારા જૂઠા લોકો મારા વિશે કેવી-કેવી વાતો ફેલાવી રહ્યા છે ? આ દાસ્તાન સાંભળીને મારું લોહી ઊડી ગયું. તે જરૂરત પણ હું ભૂલી ગઈ, જેના માટે આવી હતી. સીધી ઘરે ગઈ અને આખી રાત રડતાં-રડતાં કાઢી.''

આગળ વાત કરતાં હઝરત આઇશા રદિ. કહે છે કે એક દિવસે

અલ્લાહના રસૂલ (સલ્લ.)એ પોતાના ખુત્બા (પ્રવચન)માં ફરમાવ્યું, ''મુસલમાનો ! કોણ છે જે તે વ્યક્તિના હુમલાઓથી મારી આબરૂ બચાવે, જેણે મારા ઘરના લોકો પર આરોપો મૂકીને મને ખૂબ દુઃખ પહોંચાડ્યું છે. અલ્લાહના સોગંદ ! મેં તો મારી પત્નીમાં કોઈ દુર્ગુણ જોયો નથી અને તે માણસમાં પણ નહીં જેના સાથે આ તહોમત મૂકવામાં આવી રહી છે. તે તો ક્યારેય મારી ગેરહાજરીમાં મારા ઘરે આવ્યો પણ નથી.''

આ સાંભળીને ઉસૈદ બિન હુઝૈર (રદિ.) ઔસના સરદાર (કેટલીક રિવાયતોમાં સઅદ બિન મુઆઝ રદિ.)એ ઊભા થઈને કહ્યું, ''હે અલ્લાહના રસૂલ ! જો તે અમારા કબીલાનો માણસ છે તો અમે તેનું ડોકું ઉડાવી દઈએ અને જો અમારા ભાઈ ખઝરજવાળાઓમાંથી છે તો આપ હુકમ કરો, અમે તેને બજાવી લાવવા તૈયાર છીએ.''

આ સાંભળતાં જ સઅદ બિન ઉબાદહ (રદિ.), ખઝરજના સરદાર ઊભા થઈ ગયા અને કહેવા લાગ્યા, ''ખોટું કહો છો, તમે હરગિજ તેને મારી નથી શકતા.'' જવાબમાં ઉસૈદ બિન હુઝૈર રદિ. કહ્યું કે, ''તમે મુનાફિક છો, એટલા માટે મુનાફિકોનો પક્ષ લો છો.'' આના પર મસ્જિદે-નબવીમાં ભારે ઉહાપોહ થઈ ગયો, જ્યારે કે અલ્લાહના રસૂલ (સલ્લ.) મિમ્બર ઉપર મોજૂદ હતા. નજીક હતું કે ઔસ અને ખઝરજ મસ્જિદમાં જ લડી પડતા, પણ અલ્લાહ રસૂલ (સલ્લ.)એ તેમને ઠંડા પાડ્યા અને પછી મિમ્બર ઉપરથી ઉતરી ગયા. (આ વિગતોથી સ્પષ્ટ થઈ જાય છે કે) અબ્દુલ્લાહ બિન ઉબઈએ આ વાહિયાત વાંત ફેલાવીને એક જ સમયે ઘણા શિકાર કરવાની કોશિશ કરી.

એક તરફ તેણે અલ્લાહના રસૂલ (સલ્લ.) અને હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ની આબરૂ પર હુમલો કર્યો. બીજી તરફ તેણે ઇસ્લામી આંદોલનની ઉચ્ચતમ્ નૈતિક પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની કોશિશ કરી. ત્રીજી તરફ તેણે આ એક એવો તણખો ફેંક્યો હતો કે જો ઇસ્લામે પોતાના અનુયાયીઓની કાયાપલટ ન કરી નાખી હોત તો મુહાજિરો, અન્સારો અને સ્વયં અન્સારના પણ બે કબીલાઓ (ઔસ અને ખઝરજ) પરસ્પર લડી મરતા.

વિષય અને ચર્ચાઓ :

આ હતા તે સંજોગો, જેમાં પ્રથમ હુમલા વખતે સૂરઃ અહ્ઝાબની આયતો ૨૮ થી ૭૩ સુધીનું અવતરણ થયું અને બીજા હુમલા વખતે આ સૂરઃ નૂર ઊતરી. આ પશ્ચાદ્ભૂમિને દૃષ્ટિ સમક્ષ રાખીને આ બંને સૂરઃઓનો ક્રમશઃ અભ્યાસ કરવામાં આવે તો તે હિકમત (તત્ત્વદર્શિતા) સારી રીતે સમજમાં

આવી જાય છે જે આ આદેશોમાં રહેલી છે. મુનાફિકો (દંભીઓ) મુસલમાનોને તે મેદાનમાં હરાવવા માગતા હતા, જે તેમની શ્રેષ્ઠતાનું અસલ મેદાન હતું. અલ્લાહ મુસલમાનોને આ હુમલાઓનો જવાબ આપવા ઉત્પ્રેરિત કરતો, તેના બદલે સંપૂર્ણ ધ્યાન એ શિક્ષા આપવામાં લગાવ્યું કે તમારા સામે નૈતિક મોરચે જયાં-જયાં પણ અવરોધો છે તેને દૂર કરો અને આ મોરચાને હજુ વધુ મજબૂત કરી લો. હઝરત ઝૈનબ રદિ.ના નિકાહના પ્રસંગે જ્યારે મુનાફિકો (દંભીઓ) અને કાફિરો (શત્રુઓ) તરફથી ઉહાપોહ થયો હતો, તે વખતે સામાજિક સુધારણા સંબંધે તે આદેશો આપવામાં આવ્યા હતાં જેનો સૂરઃ અહ્ઝાબમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પછી જયારે લાંછનની ઘટનાથી મદીનાના સમાજમાં હલચલ ઊભી થઈ તો આ સૂરઃ નૂર નૈતિકતા, સામાજિકતા અને કાયદા-કાનૂનના એવા આદેશો સાથે અવતરિત કરવામાં આવી, જેનો હેતુ એ હતો કે એક તો મુસ્લિમ સમાજને બૂરાઈઓના ઉદ્ભવ અને તેના ફેલાવાથી સુરક્ષિત રાખવામાં આવે અને જો તે પેદા થઈ જ જાય તો તેમને ભરપૂર રીતે રોકવામાં આવે.

આ આદેશો અને નિર્દેશોને તે જ ક્રમાનુસાર ધ્યાનથી વાંચો, જેના સાથે તે આ સૂરઃમાં અવતરિત થયા છે, તો ખ્યાલ આવશે કે કુર્આન બરોબર મનોવૈજ્ઞાનિક પ્રસંગે જ માનવ-જીવનની સુધારણા અને નિર્માણ માટે કેવી રીતે કાનૂની, નૈતિક અને સામાજીક ઉપાયોને એકી સાથે પ્રસ્તાવિત કરે છે. આ આદેશો અને નિર્દેશોના સાથે-સાથે મુનાફિકો (દંભીઓ) અને ઈમાનવાળાઓની તે સ્પષ્ટ નિશાનીઓ પણ વર્ણવી દેવામાં આવી, જેનાથી દરેક મુસલમાન એ જાણી શકે કે સમાજમાં નિખાલસ અને સંનિષ્ઠ ઈમાનવાળાઓ કોણ લોકો છે અને મુનાફિક (દંભી) કોણ છે? બીજી તરફ મુસલમાનોના સામુહિક અનુશાસનને વધુ ચુસ્ત બનાવી દવામાં આવ્યું. આ સમગ્ર ચર્ચામાં મુખ્ય વાત જોવાની એ છે કે આખી સૂરઃ નૂર તે કટૂતાથી ખાલી છે, જે નિર્લજ્જ અને ધૃણાસ્પદ હુમલાઓના પ્રતિકારથી જન્મતી હોય છે: આટલી અત્યંત ઉત્તેજનાપૂર્ણ પરિસ્થિતિઓમાં પણ કેટલી શાંતિથી અને ગંભીરતાથી કાયદા બનાવવામાં આવી રહ્યા છે, સુધારણાયુક્ત આદેશો આપવામાં આવી રહ્યા છે, સમજ-બૂઝવાળી અને વિવેકદર્શિતાભર્યા સૂચનો અને માર્ગદર્શનો અપાઈ રહ્યા છે તથા શિક્ષા તેમજ ઉપદેશો આપવાનો હક્ક અદા થઈ રહ્યો છે.

આનાથી માત્ર એ જ બોધ નથી મળતો કે આપણે ફિત્ના (ઉપદ્રવ અને બગાડ)ના સામે તીવ્રથી અતિ-તીવ્ર ઉત્તેજનાપૂર્ણ પ્રસંગોમાં પણ કેવી રીતે શાંતચિત્તે વિચારપૂર્ણ રીતે, ઉદારતાથી અને વિવેકથી કામ લેવું જોઈએ, બલ્કે આનાથી એ વાતનું પ્રમાણ પણ મળે છે કે આ કલામ (વાણી) હઝરત

મુહમ્મદ (સલ્લ.)નો પોતાનો ઘડેલો નથી, કોઈ એવી હસ્તીનો જ અવતરિત કરેલો છે જે ખૂબ ઉચ્ચ સ્થાનેથી માનવીય પરિસ્થિતિઓ અને મામલાઓને જોઈ રહી છે અને પોતાનામાં સ્વયં આ પરિસ્થિતિઓ અને મામલાઓથી અપ્રભાવિત રહીને વિશુદ્ધ નિર્દેશ અને માર્ગદર્શન આપવાના પદનો હક્ક અદા કરી રહી છે. જો આ હઝરત મુહમ્મદ (સલ્લ.)નું પોતાનું લખાણ હોત તો આપની અત્યંત ઉચ્ચ દૂરદર્શિતા છતાં આમાં સ્વાભાવિક કટુતાનો થોડો-ઘણો પ્રભાવ તો અવશ્ય જોવા મળતો, જે સ્વયં પોતાની પ્રતિષ્ઠા અને સન્માન પર નીચ હુમલાઓને સાંભળીને કોઈ સજ્જન માણસની ભાવનાઓમાં અનિવાર્યપણે પેદા થઈ જતી હોય છે.

اٰيَاتُهَا ٦٤ (٢٤) سُوْرَةُ النُّوْرِ مَدَنِيَّةٌ (١٠٢) رُكُوْعَاتُهَا ٩

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

سُوْرَةٌ اَنْزَلْنٰهَا وَفَرَضْنٰهَا وَاَنْزَلْنَا فِيْهَآ اٰيٰتٍۢ بَيِّنٰتٍ
لَّعَلَّكُمْ تَذَكَّرُوْنَ ﴿١﴾ اَلزَّانِيَةُ وَالزَّانِيْ فَاجْلِدُوْا كُلَّ
وَاحِدٍ مِّنْهُمَا مِائَةَ جَلْدَةٍ ۪ وَّلَا تَاْخُذْكُمْ بِهِمَا رَاْفَةٌ
فِيْ دِيْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ۚ
وَلْيَشْهَدْ عَذَابَهُمَا طَآئِفَةٌ مِّنَ الْمُؤْمِنِيْنَ ﴿٢﴾ اَلزَّانِيْ
لَا يَنْكِحُ اِلَّا زَانِيَةً اَوْ مُشْرِكَةً ۫ وَّالزَّانِيَةُ لَا يَنْكِحُهَآ
اِلَّا زَانٍ اَوْ مُشْرِكٌ ۚ وَحُرِّمَ ذٰلِكَ عَلَى الْمُؤْمِنِيْنَ ﴿٣﴾
وَالَّذِيْنَ يَرْمُوْنَ الْمُحْصَنٰتِ ثُمَّ لَمْ يَاْتُوْا بِاَرْبَعَةِ
شُهَدَآءَ فَاجْلِدُوْهُمْ ثَمٰنِيْنَ جَلْدَةً وَّلَا تَقْبَلُوْا لَهُمْ
شَهَادَةً اَبَدًا ۚ وَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ﴿٤﴾ اِلَّا الَّذِيْنَ
تَابُوْا مِنْۢ بَعْدِ ذٰلِكَ وَاَصْلَحُوْا ۚ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ
رَّحِيْمٌ ﴿٥﴾ وَالَّذِيْنَ يَرْمُوْنَ اَزْوَاجَهُمْ وَلَمْ يَكُنْ لَّهُمْ
شُهَدَآءُ اِلَّآ اَنْفُسُهُمْ فَشَهَادَةُ اَحَدِهِمْ اَرْبَعُ شَهٰدٰتٍۢ
بِاللّٰهِ ۙ اِنَّهٗ لَمِنَ الصّٰدِقِيْنَ ﴿٦﴾ وَالْخَامِسَةُ اَنَّ لَعْنَتَ
اللّٰهِ عَلَيْهِ اِنْ كَانَ مِنَ الْكٰذِبِيْنَ ﴿٧﴾ وَيَدْرَؤُا عَنْهَا
الْعَذَابَ اَنْ تَشْهَدَ اَرْبَعَ شَهٰدٰتٍۢ بِاللّٰهِ ۙ اِنَّهٗ لَمِنَ
الْكٰذِبِيْنَ ﴿٨﴾ وَالْخَامِسَةَ اَنَّ غَضَبَ اللّٰهِ عَلَيْهَآ اِنْ

(૨૪) સૂરઃ અન્-નૂર

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૯ ● આયતો : ૬૪)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. આ એક સૂરઃ છે જેને અમે અવતરિત કરી છે, અને આને અમે અનિવાર્ય કરી છે અને આમાં અમે સ્પષ્ટ આદેશો ઉતાર્યા છે, કદાચ તમે શિક્ષા ગ્રહણ કરો.

૨. વ્યભિચારી સ્ત્રી અને વ્યભિચારી પુરુષ બંનેમાંથી દરેકને એકસો કોરડા મારો અને તેમના ઉપર દયા ખાવાની લાગણી અલ્લાહના દીન (ધર્મ)ના મામલામાં તમારામાં પેદા ન થાય જો તમે અલ્લાહ અને આખિરત (પરલોક)ના દિવસ પર ઈમાન રાખો છો, અને તેમને સજા આપતી વખતે ઈમાનવાળાઓનું એક જૂથ મોજૂદ રહે.

૩. વ્યભિચારી પુરુષ નિકાહ (લગ્ન) ન કરે પરંતુ વ્યભિચારી સ્ત્રી સાથે અથવા મુશ્રિક (અનેકેશ્વરવાદી) સ્ત્રી સાથે, અને વ્યભિચારી સ્ત્રી સાથે નિકાહ ન કરે પરંતુ વ્યભિચારી પુરુષ અને મુશ્રિક અને આ ઈમાનવાળાઓ માટે હરામ (અવૈધ) કરી દેવામાં આવ્યું છે.

૪. અને જે લોકો ચારિત્ર્યશીલ સ્ત્રીઓ પર આરોપ મૂકે, પછી ચાર સાક્ષીઓ લઈને ન આવે, તેમને એંશી કોરડા મારો અને તેમની સાક્ષી કદાપિ ન સ્વીકારો, અને તેઓ પોતે જ અવજ્ઞાકારી (ફાસિક) છે,

૫. સિવાય તે લોકોના જેઓ આ કૃત્ય પછી તૌબા (ક્ષમા અને પ્રાયશ્ચિત) કરી લે અને સુધરી જાય કેમ કે અલ્લાહ જરૂર (તેમના માટે) ક્ષમાશીલ અને દયાળુ છે.

૬. અને જે લોકો પોતાની પત્નીઓ પર આરોપ મૂકે અને તેમના પાસે સ્વયં તેમના સિવાય બીજા કોઈ સાક્ષીઓ ન હોય તો તેમના પૈકી એક પુરુષની સાક્ષી (એ છે કે તે) ચાર વખત અલ્લાહના સોગંદ ખાઈને સાક્ષી આપે કે તે (પોતાના આરોપમાં) સાચો છે

૭. અને પાંચમી વખતે કહે કે તેના ઉપર અલ્લાહની ફિટકાર પડે જો તે (પોતાના આરોપમાં) જૂઠો હોય.

૮. અને સ્ત્રી પરથી સજા આ રીતે ટળી શકે છે કે તે ચાર વખત અલ્લાહના સોગંદ ખાઈને સાક્ષી આપે કે આ પુરુષ (પોતાના આરોપમાં) જૂઠો છે

૯. અને પાંચમી વખત કહે કે તેણીની ઉપર અલ્લાહનો પ્રકોપ તૂટી પડે

كَانَ مِنَ الصّٰدِقِيْنَ ۝٩ وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَ
رَحْمَتُهٗ وَاَنَّ اللّٰهَ تَوَّابٌ حَكِيْمٌ ۝١٠ اِنَّ الَّذِيْنَ جَآءُوْ ع
بِالْاِفْكِ عُصْبَةٌ مِّنْكُمْ ؕ لَا تَحْسَبُوْهُ شَرًّا لَّكُمْ ؕ بَلْ هُوَ
خَيْرٌ لَّكُمْ ؕ لِكُلِّ امْرِئٍ مِّنْهُمْ مَّا اكْتَسَبَ مِنَ الْاِثْمِ ۚ
وَالَّذِيْ تَوَلّٰى كِبْرَهٗ مِنْهُمْ لَهٗ عَذَابٌ عَظِيْمٌ ۝١١
لَوْلَآ اِذْ سَمِعْتُمُوْهُ ظَنَّ الْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنٰتُ بِاَنْفُسِهِمْ
خَيْرًا ۙ وَّقَالُوْا هٰذَآ اِفْكٌ مُّبِيْنٌ ۝١٢ لَوْلَا جَآءُوْ
عَلَيْهِ بِاَرْبَعَةِ شُهَدَآءَ ۚ فَاِذْ لَمْ يَاْتُوْا بِالشُّهَدَآءِ
فَاُولٰٓئِكَ عِنْدَ اللّٰهِ هُمُ الْكٰذِبُوْنَ ۝١٣ وَلَوْلَا فَضْلُ اللّٰهِ
عَلَيْكُمْ وَرَحْمَتُهٗ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ لَمَسَّكُمْ فِيْ مَآ
اَفَضْتُمْ فِيْهِ عَذَابٌ عَظِيْمٌ ۝١٤ اِذْ تَلَقَّوْنَهٗ بِاَلْسِنَتِكُمْ وَ
تَقُوْلُوْنَ بِاَفْوَاهِكُمْ مَّا لَيْسَ لَكُمْ بِهٖ عِلْمٌ وَّتَحْسَبُوْنَهٗ
هَيِّنًا ۖ وَّهُوَ عِنْدَ اللّٰهِ عَظِيْمٌ ۝١٥ وَلَوْلَآ اِذْ سَمِعْتُمُوْهُ
قُلْتُمْ مَّا يَكُوْنُ لَنَآ اَنْ نَّتَكَلَّمَ بِهٰذَا ۖ سُبْحٰنَكَ هٰذَا
بُهْتَانٌ عَظِيْمٌ ۝١٦ يَعِظُكُمُ اللّٰهُ اَنْ تَعُوْدُوْا لِمِثْلِهٖٓ اَبَدًا
اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ۝١٧ وَيُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ ؕ وَاللّٰهُ
عَلِيْمٌ حَكِيْمٌ ۝١٨ اِنَّ الَّذِيْنَ يُحِبُّوْنَ اَنْ تَشِيْعَ الْفَاحِشَةُ
فِي الَّذِيْنَ اٰمَنُوْا لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ۙ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ؕ
وَاللّٰهُ يَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ۝١٩ وَلَوْلَا فَضْلُ اللّٰهِ منزل ٤

જો તે (પોતાના આરોપમાં) સાચો હોય.

૧૦. તમારા ઉપર અલ્લાહની કૃપા અને તેની દયા ન હોત અને આ વાત ન હોત કે અલ્લાહ તૌબા કબૂલ કરનાર અને ડહાપણવાળો છે તો (પત્નીઓ પર આરોપનો મામલો તમને ભારે ગૂંચવણમાં નાખી દેતો). (રુકૂઅ-૧)

૧૧. જે લોકો આ આરોપ ઘડીને લાવ્યા છે તે તમારામાંનું જ એક ટોળું છે. આ ઘટનાને પોતાના હિતમાં બૂરાઈ ન સમજો, બલ્કે આ પણ તમારા માટે ભલાઈ જ છે. જેણે આમાં જેટલો ભાગ લીધો, તેણે તેટલો જ ગુનો એકત્ર કર્યો અને જે વ્યક્તિએ તેની જવાબદારીનો મોટો હિસ્સો પોતાના શિરે લીધો, તેના માટે તો મોટી યાતના છે.

૧૨. જે વખતે તમે લોકોએ તે સાંભળ્યું હતું, તે જ વખતે શા માટે ઈમાનવાળા પુરુષો અને ઈમાનવાળી સ્ત્રીઓએ પોતાની રીતે સારું અનુમાન ન કર્યું અને કેમ ન કહી દીધું કે નહીં, આ તો મિથ્યા આરોપ છે?

૧૩. તે લોકો (પોતાના આરોપના પુરાવામાં) ચાર સાક્ષીઓ કેમ ન લાવ્યા? હવે જ્યારે કે તેઓ સાક્ષી લાવ્યા નથી, અલ્લાહના નજીક તેઓ જ જૂઠા છે.

૧૪. જો તમારા પર દુનિયા અને આખિરતમાં અલ્લાહની કૃપા અને દયા ન હોત તો જે વાતોમાં તમે પડી ગયા હતા, તેના બદલામાં મોટી યાતના તમને ઝડપી લેતી.

૧૫. (સહેજ વિચાર તો કરો, તે વખતે તમે કેવી ભૂલ કરી રહ્યા હતા) જ્યારે કે તમારી એક જબાનથી બીજી જબાન આ જૂઠને આગળ ફેલાવી રહી હતી-અને તમે પોતાના મોઢેથી એવું કંઈક કહેતા જઈ રહ્યા હતા, જેના વિષે તમને કોઈ જ્ઞાન ન હતું. તમે તેને એક સામાન્ય વાત સમજી રહ્યા હતા, જો કે અલ્લાહની દૃષ્ટિમાં આ મોટી વાત હતી.

૧૬. કેમ આ સાંભળતા જ તમે કહી ન દીધું કે "અમને આવી વાત મોઢેથી કાઢવાનું શોભતું નથી, સુબ્હાનલ્લાહ! (પવિત્ર છે અલ્લાહ) આ તો એક મોટો આરોપ છે."

૧૭. અલ્લાહ તમને શિખામણ આપે છે કે આગળ ક્યારેય આવું કૃત્ય ન કરજો, જો તમે ઈમાનવાળા હોવ.

૧૮. અલ્લાહ તમને સ્પષ્ટ આદેશો આપે છે અને તે સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે.

૧૯. જે લોકો ઇચ્છે છે કે ઈમાનવાળાઓના જૂથમાં અશ્લીલતા ફેલાય, તેઓ દુનિયા (આલોક) અને આખિરત (પરલોક)માં દુઃખદાયી સજાને પાત્ર છે. અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા.

૨૦. જો અલ્લાહની કૃપા અને તેની દયા અને મહેરબાની તમારા પર ન

عَلَيْكُمْ وَرَحْمَتُهٗ وَاَنَّ اللّٰهَ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿٢٠﴾ ع يٰۤاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ؕ وَمَنْ يَّتَّبِعْ
خُطُوٰتِ الشَّيْطٰنِ فَاِنَّهٗ يَاْمُرُ بِالْفَحْشَآءِ وَالْمُنْكَرِ ؕ
وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَرَحْمَتُهٗ مَا زَكٰى مِنْكُمْ مِّنْ
اَحَدٍ اَبَدًا ۙ وَّلٰكِنَّ اللّٰهَ يُزَكِّيْ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ سَمِيْعٌ
عَلِيْمٌ ﴿٢١﴾ وَلَا يَاْتَلِ اُولُوا الْفَضْلِ مِنْكُمْ وَالسَّعَةِ اَنْ
يُّؤْتُوْۤا اُولِي الْقُرْبٰى وَالْمَسٰكِيْنَ وَالْمُهٰجِرِيْنَ فِيْ
سَبِيْلِ اللّٰهِ ۖ وَلْيَعْفُوْا وَلْيَصْفَحُوْا ؕ اَلَا تُحِبُّوْنَ اَنْ يَّغْفِرَ
اللّٰهُ لَكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٢﴾ اِنَّ الَّذِيْنَ يَرْمُوْنَ
الْمُحْصَنٰتِ الْغٰفِلٰتِ الْمُؤْمِنٰتِ لُعِنُوْا فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ
وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿٢٣﴾ يَّوْمَ تَشْهَدُ عَلَيْهِمْ اَلْسِنَتُهُمْ
وَاَيْدِيْهِمْ وَاَرْجُلُهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٢٤﴾ يَوْمَئِذٍ
يُّوَفِّيْهِمُ اللّٰهُ دِيْنَهُمُ الْحَقَّ وَيَعْلَمُوْنَ اَنَّ اللّٰهَ هُوَ
الْحَقُّ الْمُبِيْنُ ﴿٢٥﴾ اَلْخَبِيْثٰتُ لِلْخَبِيْثِيْنَ وَالْخَبِيْثُوْنَ
لِلْخَبِيْثٰتِ ۚ وَالطَّيِّبٰتُ لِلطَّيِّبِيْنَ وَالطَّيِّبُوْنَ لِلطَّيِّبٰتِ ۚ
اُولٰٓئِكَ مُبَرَّءُوْنَ مِمَّا يَقُوْلُوْنَ ؕ لَهُمْ مَّغْفِرَةٌ وَّرِزْقٌ
كَرِيْمٌ ﴿٢٦﴾ ع يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتًا غَيْرَ
بُيُوْتِكُمْ حَتّٰى تَسْتَاْنِسُوْا وَتُسَلِّمُوْا عَلٰۤى اَهْلِهَا ؕ ذٰلِكُمْ
خَيْرٌ لَّكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ ﴿٢٧﴾ فَاِنْ لَّمْ تَجِدُوْا فِيْهَاۤ

النصف ع ١٠ ٨

ع ٣ ٩

منزل ٤

હોત અને એ વાત ન હોત કે અલ્લાહ મોટો માયાળુ અને દયાળુ છે (તો આ વસ્તુ જે તમારા અંદર ફેલાવવામાં આવી હતી, ખૂબ ખરાબ પરિણામો દેખાડી દેતી.) (રુકૂઅ-૨)

૨૧. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! શેતાનના પગલે ન ચાલો. તેનું અનુસરણ જે કોઈ કરશે તો તે તેને અશ્લીલતા અને બૂરાઈનો જ આદેશ આપશે, જો અલ્લાહની કૃપા અને દયા તમારા પર ન હોત તો તમારામાંથી કોઈ વ્યક્તિ પવિત્ર ન થઈ શકતો. પરંતુ અલ્લાહ જ જેને ઇચ્છે છે, પવિત્ર કરી દે છે અને અલ્લાહ સાંભળનાર અને જાણનાર છે.

૨૨. તમારામાંથી જે લોકો કૃપાપાત્ર અને સાધન-સંપન્ન છે, તેઓ આ વાતના સોગંદ ન ખાઈ બેસે કે પોતાના સગાઓ, ગરીબો અને અલ્લાહના માર્ગમાં હિજરત કરનારા લોકોની મદદ નહીં કરે, તેમને માફ કરી દેવા જોઈએ અને દરગુજર કરવું જોઈએ. શું તમે નથી ઈચ્છતા કે અલ્લાહ તમને માફ કરે ? અને અલ્લાહનો ગુણ એ છે કે તે ક્ષમાશીલ અને દયાળુ છે.

૨૩. જે લોકો શુદ્ધ-ચરિત્ર, બેખબર★ ઈમાનવાળી સ્ત્રીઓ પર આરોપ મૂકે છે, તેમના ઉપર દુનિયા અને આખિરતમાં ફિટકાર કરવામાં આવ્યો અને તેમના માટે મોટી યાતના છે.

૨૪. તેઓ તે દિવસને ભૂલી ન જાય જ્યારે તેમની પોતાની જીભો અને તેમના પોતાના હાથ-પગ તેમના કૃત્યોની સાક્ષી આપશે.

૨૫. તે દિવસે અલ્લાહ તે બદલો તેમને ભરપૂર આપશે જેને તેઓ પાત્ર છે અને તેમને જણાઈ જશે કે અલ્લાહ જ સત્ય છે, સાચાને સાચું કરી દેખાડનાર.

૨૬. નાપાક (ચરિત્રહીન) સ્ત્રીઓ નાપાક (ચરિત્રહીન) પુરુષો માટે છે અને નાપાક પુરુષો નાપાક સ્ત્રીઓ માટે. પાક (શુદ્ધ-ચરિત્ર) સ્ત્રીઓ પાક (શુદ્ધ-ચરિત્ર) પુરુષો માટે છે અને પાક પુરુષો પાક સ્ત્રીઓ માટે. તેમના દામન પાક છે તે વાતોથી જે બનાવનારા બનાવે છે, તેમના માટે ક્ષમા છે અને પ્રતિષ્ઠિત રોજી. (રુકૂઅ-૩)

૨૭. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! પોતાના ઘર સિવાય બીજાઓના ઘરોમાં પ્રવેશ ન કરો જ્યાં સુધી ઘરવાળાઓની પરવાનગી ન મેળવી લો અને ઘરવાળાઓને સલામ ન કરી લો, આ પદ્ધતિ તમારા માટે વધુ સારી છે. આશા છે કે તમે તેનું ધ્યાન રાખશો..

★ એવી સીધી-સાદી સુશીલ સ્ત્રીઓ જે છળ-કપટ નથી જાણતી, જેમના હૃદય પવિત્ર છે, જેમને કંઈ જ ખબર નથી કે બદકારી શું હોય છે.

اَحَدًا فَلَا تَدْخُلُوْهَا حَتّٰى يُؤْذَنَ لَكُمْ ۚ وَاِنْ قِيْلَ
لَكُمُ ارْجِعُوْا فَارْجِعُوْا هُوَ اَزْكٰى لَكُمْ ۭ وَاللّٰهُ بِمَا
تَعْمَلُوْنَ عَلِيْمٌ ٢٨ لَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَنْ تَدْخُلُوْا
بُيُوْتًا غَيْرَ مَسْكُوْنَةٍ فِيْهَا مَتَاعٌ لَّكُمْ ۭ وَاللّٰهُ يَعْلَمُ مَا
تُبْدُوْنَ وَمَا تَكْتُمُوْنَ ٢٩ قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا
مِنْ اَبْصَارِهِمْ وَيَحْفَظُوْا فُرُوْجَهُمْ ۭ ذٰلِكَ اَزْكٰى
لَهُمْ ۭ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا يَصْنَعُوْنَ ٣٠ وَقُلْ لِّلْمُؤْمِنٰتِ
يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ وَيَحْفَظْنَ فُرُوْجَهُنَّ
وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا مَا ظَهَرَ مِنْهَا وَلْيَضْرِبْنَ
بِخُمُرِهِنَّ عَلٰي جُيُوْبِهِنَّ ۠ وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ
اِلَّا لِبُعُوْلَتِهِنَّ اَوْ اٰبَاۗىِٕهِنَّ اَوْ اٰبَاۗءِ بُعُوْلَتِهِنَّ اَوْ
اَبْنَاۗىِٕهِنَّ اَوْ اَبْنَاۗءِ بُعُوْلَتِهِنَّ اَوْ اِخْوَانِهِنَّ اَوْ
بَنِيْٓ اِخْوَانِهِنَّ اَوْ بَنِيْٓ اَخَوٰتِهِنَّ اَوْ نِسَاۗىِٕهِنَّ اَوْ مَا
مَلَكَتْ اَيْمَانُهُنَّ اَوِ التّٰبِعِيْنَ غَيْرِ اُولِي الْاِرْبَةِ
مِنَ الرِّجَالِ اَوِ الطِّفْلِ الَّذِيْنَ لَمْ يَظْهَرُوْا عَلٰي عَوْرٰتِ
النِّسَاۗءِ ۠ وَلَا يَضْرِبْنَ بِاَرْجُلِهِنَّ لِيُعْلَمَ مَا يُخْفِيْنَ مِنْ
زِيْنَتِهِنَّ ۭ وَتُوْبُوْٓا اِلَى اللّٰهِ جَمِيْعًا اَيُّهَ الْمُؤْمِنُوْنَ
لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ٣١ وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ
مِنْ عِبَادِكُمْ وَاِمَاۗىِٕكُمْ ۭ اِنْ يَّكُوْنُوْا فُقَرَاۗءَ يُغْنِهِمُ

૨૮. પછી જો ત્યાં કોઈને (હાજર) ન જુઓ તો પ્રવેશ ન કરો જયાં સુધી તમને પરવાનગી આપી દેવામાં ન આવે. અને જો તમને કહેવામાં આવે કે પાછા જતા રહો તો પાછા ચાલ્યા જાવ, આ તમારા માંટે વધુ શુદ્ધ રીત છે, અને જે કંઈ તમે કરો છો અલ્લાહ તેને ખૂબ જાણે છે.

૨૯. અલબત્ત તમારા માટે એમાં કોઈ દોષ નથી કે એવા ઘરોમાં પ્રવેશ કરો જે કોઈના રહેવાની જગ્યા ન હોય અને જેમાં તમારા ફાયદા (અથવા કામ)ની કોઈ વસ્તુ હોય, તમે જે કંઈ જાહેર કરો છો અને જે કંઈ છૂપાવો છો, બધાની અલ્લાહને ખબર છે.

૩૦. હે નબી ! ઈમાનવાળા પુરુષોને કહો કે નજરો બચાવીને રાખે અને પોતાના ગુપ્તાંગોની રક્ષા કરે, આ તેમના માટે વધારે પવિત્ર રીત છે. જે કંઈ તેઓ કરે છે અલ્લાહને તેની ખબર રહે છે.

૩૧. અને હે નબી ! ઈમાનવાળી સ્ત્રીઓને કહી દો કે પોતાની નજરો બચાવીને રાખે અને પોતાના ગુપ્તાંગોની રક્ષા કરે, અને પોતાના શણગાર ન દેખાડે, સિવાય તેના જે આપોઆપ પ્રગટ થઈ જાય, અને પોતાની છાતીઓ પર પોતાની ઓઢણીઓના પાલવ નાખેલાં રાખે, તેઓ પોતાનો શણગાર જાહેર ન કરે પરંતુ આ લોકોની સામે : પતિ, પિતા, પતિઓના પિતાઓ, પોતાના પુત્રો, પતિઓના પુત્રો, ભાઈ, ભાઈઓના પુત્રો, બહેનોના પુત્રો, પોતાની પરિચિત સ્ત્રીઓ, પોતાના દાસ-દાસીઓ, તે આધીન પુરુષો જેઓ કોઈ બીજા પ્રકારનો આશય ધરાવતા ન હોય, અને તે બાળકો જેઓ સ્ત્રીઓની છૂપી વાતોથી હજુ માહિતગાર ન થયા હોય, તેઓ પોતાના પગ જમીન ઉપર પછાડીને ન ચાલે કે જેથી તેમના શણગાર જે તેમણે છૂપાવી રાખ્યા હોય તેને લોકો જાણી જાય. હે ઈમાનવાળાઓ ! તમે સૌ ભેગા મળીને અલ્લાહથી તૌબા (ક્ષમાયાચના) કરો, આશા છે કે સફળતા પામશો.

૩૨. તમારામાંથી જે એકાકી કે અવિવાહિત હોય, અને તમારા દાસ-દાસીઓમાંથી જે સદાચારી હોય, તેમના નિકાહ (લગ્ન) કરી દો. જો તેઓ ગરીબ હોય તો અલ્લાહ પોતાની કૃપાથી તેમને સમૃદ્ધ કરી

اللّٰهُ مِنْ فَضْلِهٖ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿۳۲﴾ وَلْيَسْتَعْفِفِ
الَّذِيْنَ لَا يَجِدُوْنَ نِكَاحًا حَتّٰى يُغْنِيَهُمُ اللّٰهُ مِنْ
فَضْلِهٖ ؕ وَالَّذِيْنَ يَبْتَغُوْنَ الْكِتٰبَ مِمَّا مَلَكَتْ
اَيْمَانُكُمْ فَكَاتِبُوْهُمْ اِنْ عَلِمْتُمْ فِيْهِمْ خَيْرًا ۖۗ وَّاٰتُوْهُمْ
مِّنْ مَّالِ اللّٰهِ الَّذِيْۤ اٰتٰىكُمْ ؕ وَلَا تُكْرِهُوْا فَتَيٰتِكُمْ
عَلَى الْبِغَآءِ اِنْ اَرَدْنَ تَحَصُّنًا لِّتَبْتَغُوْا عَرَضَ الْحَيٰوةِ
الدُّنْيَا ؕ وَمَنْ يُّكْرِهْهُّنَّ فَاِنَّ اللّٰهَ مِنْۢ بَعْدِ اِكْرَاهِهِنَّ
غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۳۳﴾ وَلَقَدْ اَنْزَلْنَاۤ اِلَيْكُمْ اٰيٰتٍ مُّبَيِّنٰتٍ
وَّمَثَلًا مِّنَ الَّذِيْنَ خَلَوْا مِنْ قَبْلِكُمْ وَمَوْعِظَةً
ع لِّلْمُتَّقِيْنَ ﴿۳۴﴾ اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ مَثَلُ
نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ ؕ اَلْمِصْبَاحُ فِيْ زُجَاجَةٍ ؕ
اَلزُّجَاجَةُ كَاَنَّهَا كَوْكَبٌ دُرِّيٌّ يُّوْقَدُ مِنْ شَجَرَةٍ مُّبٰرَكَةٍ
زَيْتُوْنَةٍ لَّا شَرْقِيَّةٍ وَّلَا غَرْبِيَّةٍ ۙ يَّكَادُ زَيْتُهَا يُضِیْٓءُ وَلَوْ
لَمْ تَمْسَسْهُ نَارٌ ؕ نُوْرٌ عَلٰى نُوْرٍ ؕ يَهْدِى اللّٰهُ لِنُوْرِهٖ مَنْ
يَّشَآءُ ؕ وَيَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ لِلنَّاسِ ؕ وَاللّٰهُ بِكُلِّ
شَىْءٍ عَلِيْمٌ ﴿۳۵﴾ ۙ فِيْ بُيُوْتٍ اَذِنَ اللّٰهُ اَنْ تُرْفَعَ وَيُذْكَرَ
فِيْهَا اسْمُهٗ ۙ يُسَبِّحُ لَهٗ فِيْهَا بِالْغُدُوِّ وَالْاٰصَالِ ﴿۳۶﴾ ۙ
رِجَالٌ ۙ لَّا تُلْهِيْهِمْ تِجَارَةٌ وَّلَا بَيْعٌ عَنْ ذِكْرِ اللّٰهِ وَ
اِقَامِ الصَّلٰوةِ وَاِيْتَآءِ الزَّكٰوةِ ۙ يَخَافُوْنَ يَوْمًا تَتَقَلَّبُ

منزل ٤

દેશે, અલ્લાહ મોટો ઉદાર અને સર્વજ્ઞ છે.

૩૩. અને જેઓ લગ્નની તક ન મેળવી શકે તેમને સુચરિત્ર રહેવું જોઈએ, ત્યાં સુધી કે અલ્લાહ પોતાની કૃપાથી તેમને સંપન્ન કરી દે. અને જેના પર તમને સ્વામીત્વનો અધિકાર પ્રાપ્ત હોય તેમાંથી (કે તમારા દાસ-દાસીઓમાંથી) જેઓ મુકાતબત★ની વિનંતી કરે તો તેમની સાથે મુકાતબત કરી લો, જો તમને ખબર હોય કે તેમનામાં ભલાઈ છે, અને તેમને એ માલમાંથી આપો જે અલ્લાહે તમને આપેલ છે, અને પોતાની દાસીઓને પોતાની દુનિયાના ફાયદાઓ માટે વેશ્યાવૃત્તિ માટે વિવશ ન કરો, જ્યારે કે તેઓ પોતે શુદ્ધ-ચરિત્ર રહેવા માગતી હોય, અને જે કોઈ તેમને વિવશ કરે તો તે બળજબરી પછી અલ્લાહ તેમના માટે માફ કરનાર અને દયાળુ છે.

૩૪. અમે સ્પષ્ટ આદેશો આપતી આયતો તમારા પાસે મોકલી દીધી છે અને તે કોમોના પદાર્થપાઠ આપતા દૃષ્ટાંતો પણ અમે તમારા સમક્ષ પ્રસ્તુત કરી ચૂક્યા છીએ જે તમારા પહેલાં થઈ ગઈ છે અને તે ઉપદેશ અમે આપી દીધા છે જે ડરનારાઓ માટે હોય છે. (રુકૂઅ-૪)

૩૫. અલ્લાહ આકાશો અને ધરતીનું નૂર★ છે. (સૃષ્ટિમાં) તેના નૂરનું દૃષ્ટાંત એવું છે જેમ કે એક મહેરાબમાં દીવો મૂકેલો હોય, દીવો એક ફાનસમાં હોય, ફાનસની સ્થિતિ એ હોય કે જાણે મોતીની જેમ ઝગમગતો તારો, અને તે દીવો જેતૂનના મુબારક (અર્થાત્ અનેક ફાયદા ધરાવતા) વૃક્ષના તેલથી રોશન કરવામાં આવતો હોય જે ન તો પૂર્વ તરફનો હોય ન પશ્ચિમ તરફનો, જેનું તેલ આપોઆપ સળગી ઊઠતું હોય, ચાહે આગ તેને સ્પર્શે નહીં. (આવી રીતે) પ્રકાશ ઉપર પ્રકાશ (વધવાના બધા જ કારણો અને સાધનો એકત્ર થઈ ગયા હોય). અલ્લાહ પોતાના નૂર તરફ જેને ચાહે છે માર્ગદર્શન આપે છે, તે લોકોને દૃષ્ટાંતો વડે વાત સમજાવે છે, તે દરેક વસ્તુને સારી રીતે જાણે છે.

૩૬-૩૭. (તેના નૂર તરફ માર્ગદર્શન પામનારા) તે ઘરોમાં જોવા મળે છે જેમને ઉચ્ચ કરવાનો, અને જેમાં પોતાના નામનું સ્મરણ કરવાનો અલ્લાહે આદેશ આપ્યો છે. તેમાં એવા લોકો સંવાર-સાંજ તેની તસ્બીહ (ગુણગાન) કરે છે જેમને વેપાર અને ખરીદ-વેચાણ અલ્લાહના સ્મરણથી અને નમાઝ કાયમ કરવા અને ઝકાત આપવાથી ગાફેલ

★ 'મુકાતબત'નો શાબ્દિક અર્થ તો લખાપટ્ટી થાય છે, એટલે કે કશાકને લખી લઈ નક્કી કરી લેવું એવો થાય છે, પરંતુ પરિભાષામાં આ શબ્દ એ અર્થમાં બોલવામાં આવે છે કે કોઈ દાસ-દાસી પોતાની મુક્તિ માટે પોતાના માલિકને કોઈ વળતર આપવાની દરખાસ્ત કરે અને તેનો માલિક જો તેને સ્વીકારી લે તો બંને વચ્ચે શરતોની લખાપટ્ટી થઈ જાય. ઇસ્લામમાં દાસ-દાસીઓની મુક્તિ માટે જે પદ્ધતિઓ છે તેમાં આ એક પદ્ધતિ છે.

★ આકાશો અને ધરતીનો શબ્દ કુર્આનમાં સામાન્ય રીતે 'સૃષ્ટિ'ના અર્થમાં પ્રયુક્ત થાય છે. તે જોતાં બીજા શબ્દોમાં આયતનો અનુવાદ એ પણ થઈ શકે છે કે અલ્લાહ સંપૂર્ણ સૃષ્ટિનું 'નૂર' છે. 'નૂર'થી તાત્પર્ય તે વસ્તુ છે જેના કારણે ચીજો-વસ્તુઓ પ્રગટ થાય છે, અર્થાત્ જે પોતાની જાતે જ પ્રગટ થાય અને બીજી ચીજોને પણ પ્રગટ કરે. →

فِيْهِ الْقُلُوْبُ وَالْاَبْصَارُ ۝٣٧ لِيَجْزِيَهُمُ اللّٰهُ اَحْسَنَ مَا
عَمِلُوْا وَيَزِيْدَهُمْ مِّنْ فَضْلِهٖ ؕ وَاللّٰهُ يَرْزُقُ مَنْ
يَّشَآءُ بِغَيْرِ حِسَابٍ ۝٣٨ وَالَّذِيْنَ كَفَرُوْٓا اَعْمَالُهُمْ
كَسَرَابٍۭ بِقِيْعَةٍ يَّحْسَبُهُ الظَّمْاٰنُ مَآءً ؕ حَتّٰٓى اِذَا جَآءَهٗ
لَمْ يَجِدْهُ شَيْـًٔا وَّوَجَدَ اللّٰهَ عِنْدَهٗ فَوَفّٰىهُ حِسَابَهٗ ؕ
وَاللّٰهُ سَرِيْعُ الْحِسَابِ ۝٣٩ اَوْ كَظُلُمٰتٍ فِيْ بَحْرٍ لُّجِّيٍّ
يَّغْشٰىهُ مَوْجٌ مِّنْ فَوْقِهٖ مَوْجٌ مِّنْ فَوْقِهٖ سَحَابٌ ؕ
ظُلُمٰتٌۢ بَعْضُهَا فَوْقَ بَعْضٍ ؕ اِذَآ اَخْرَجَ يَدَهٗ لَمْ
يَكَدْ يَرٰىهَا ؕ وَمَنْ لَّمْ يَجْعَلِ اللّٰهُ لَهٗ نُوْرًا فَمَا لَهٗ
مِنْ نُّوْرٍ ۝٤٠ اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ يُسَبِّحُ لَهٗ مَنْ فِي السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَالطَّيْرُ صٰٓفّٰتٍ ؕ كُلٌّ قَدْ عَلِمَ صَلَاتَهٗ وَ
تَسْبِيْحَهٗ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِمَا يَفْعَلُوْنَ ۝٤١ وَلِلّٰهِ مُلْكُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَاِلَى اللّٰهِ الْمَصِيْرُ ۝٤٢ اَلَمْ تَرَ
اَنَّ اللّٰهَ يُزْجِيْ سَحَابًا ثُمَّ يُؤَلِّفُ بَيْنَهٗ ثُمَّ يَجْعَلُهٗ
رُكَامًا فَتَرَى الْوَدْقَ يَخْرُجُ مِنْ خِلٰلِهٖ ۚ وَيُنَزِّلُ مِنَ
السَّمَآءِ مِنْ جِبَالٍ فِيْهَا مِنْۢ بَرَدٍ فَيُصِيْبُ بِهٖ
مَنْ يَّشَآءُ وَيَصْرِفُهٗ عَنْ مَّنْ يَّشَآءُ ؕ يَكَادُ سَنَا بَرْقِهٖ
يَذْهَبُ بِالْاَبْصَارِ ۝٤٣ يُقَلِّبُ اللّٰهُ الَّيْلَ وَالنَّهَارَ ؕ
اِنَّ فِيْ ذٰلِكَ لَعِبْرَةً لِّاُولِي الْاَبْصَارِ ۝٤٤ وَاللّٰهُ

ع ٥ ١١

منزل ٤

કરી દેતા નથી. તેઓ તે દિવસથી ડરતા રહે છે જેમાં હૃદયો ઊંધા થઈ જવાનો અને આંખો ફાટી જવાનો સમય આવી જશે.

૩૮. (અને તેઓ આ બધું એટલા માટે કરે છે) કે જેથી અલ્લાહ તેમના ઉત્તમ કર્મોનો બદલો તેમને આપે અને વધુમાં પોતાની કૃપા પ્રદાન કરે. અલ્લાહ જેને ચાહે છે બેહિસાબ આપે છે.

૩૯. (આનાથી વિપરીત) જેમણે કુફ્ર કર્યું, તેમના કર્મોનું દૃષ્ટાંત એવું છે જેમ કે પાણી વિનાના રણમાં મૃગજળ કે તરસ્યો તેને પાણી સમજી રહ્યો હતો, પણ જ્યારે ત્યાં પહોંચ્યો તો કંઈ ન જોયું, બલ્કે ત્યાં તેણે અલ્લાહને મોજૂદ જોયો જેણે તેનો પૂરેપૂરો હિસાબ ચૂકવી આપ્યો, અને અલ્લાહને હિસાબ લેતાં વાર નથી લાગતી.

૪૦. અથવા પછી તેનું દૃષ્ટાંત એવું છે જેમ કે ઊંડા સમુદ્રમાં અંધકાર કે તેના ઉપર એક મોજું છવાયેલું છે, તેના ઉપર બીજું એક મોજું અને તેના ઉપર વાદળ, અંધકાર ઉપર અંધકાર છવાયેલો છે. માણસ પોતાનો હાથ કાઢે તો તેને પણ જોઈ ન શકે. જેને અલ્લાહ નૂર પ્રદાન ન કરે, તેના માટે પછી કોઈ નૂર નથી. (રુકૂઅ-૫)

૪૧. શું તમે જોતા નથી કે અલ્લાહની તસ્બીહ (ગુણગાન) કરી રહ્યા છે તે સૌ જે આકાશોમાં અને ધરતીમાં છે અને તે પક્ષીઓ જેઓ પાંખો ફેલાવીને ઊડી રહ્યા છે? દરેક પોતાની નમાઝ અને તસ્બીહની પદ્ધતિ જાણે છે, અને આ સૌ જે કંઈ કરે છે અલ્લાહ તેની ખબર રાખે છે.

૪૨. આકાશો અને ધરતીનું રાજ્ય અલ્લાહ માટે જ છે અને તેના જ તરફ સૌને પાછા ફરવાનું છે.

૪૩. શું તમે જોતા નથી કે અલ્લાહ વાદળને ધીમે-ધીમે ચલાવે છે, પછી તેના ટુકડાઓને એકબીજા સાથે જોડે છે, પછી તેને સમેટીને એક ઘન વાદળ બનાવી દે છે, પછી તમે જુઓ છો કે ત્યારબાદ તેના વચ્ચેથી વરસાદના ટીપાં ટપકતાં આવે છે અને તે આકાશમાંથી, તે પર્વતોના કારણે જે તેમાં ઊંચે ઊઠેલા છે, કરા વરસાવે છે, પછી જેને ચાહે છે તેનાથી નુકસાન પહોંચાડે છે અને જેને ચાહે છે તેનાથી બચાવી લે છે. તેની વીજળીની ચમક આંખોને આંજી દે છે.

૪૪. રાત અને દિવસની ઉલટ-ફેર તે જ કરી રહ્યો છે. આમાં એક બોધપાઠ છે આંખોવાળા લોકો માટે.

મનુષ્યના હૃદયમાં નૂર અને પ્રકાશનો વાસ્તવિક અર્થ આ જ છે. અલ્લાહ માટે 'નૂર'નો પ્રયોગ આ જ દૃષ્ટિથી કરવામાં આવ્યો છે ન કે —અલ્લાહની પનાહ— તે કોઈ પ્રકાશ કે કિરણ છે, જે ૧ લાખ ૮૬ હજાર માઈલ પ્રતિ સેકંડની ઝડપથી ચાલે છે અને આપણી આંખના પરદા ઉપર પડીને મગજના ચક્ષુ-કેન્દ્રને પ્રભાવિત કરે છે. અલ્લાહ માટે માનવીય ભાષાના જેટલાં શબ્દો પણ બોલવામાં આવે છે, તે તેના મૂળ અર્થની દૃષ્ટિથી બોલવામાં આવે છે, ન કે તેના ભૌતિક સ્વરૂપોની દૃષ્ટિથી. ઉદાહરણાર્થ, આપણે અલ્લાહ માટે 'તે જોનાર છે' કે 'તે જુએ છે' તેવું કહીએ છીએ, તેનો અર્થ એવો થતો નથી કે તે મનુષ્યો અને જાનવરોની જેમ આંખ નામે એક અંગના માધ્યમથી જુએ છે. તે જ રીતે 'નૂર' અંગે પણ એ વિચાર કરવો માત્ર એક સંકીર્ણ વિચાર છે કે તેનો અર્થ માત્ર પ્રકાશ કે કિરણના →

خَلَقَ كُلَّ دَآبَّةٍ مِّنْ مَّآءٍ ۚ فَمِنْهُمْ مَّنْ يَّمْشِيْ عَلٰى
بَطْنِهٖ ۚ وَمِنْهُمْ مَّنْ يَّمْشِيْ عَلٰى رِجْلَيْنِ ۚ وَمِنْهُمْ
مَّنْ يَّمْشِيْ عَلٰٓى اَرْبَعٍ ؕ يَخْلُقُ اللّٰهُ مَا يَشَآءُ ؕ اِنَّ اللّٰهَ عَلٰى
كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٤٥﴾ لَقَدْ اَنْزَلْنَآ اٰيٰتٍ مُّبَيِّنٰتٍ ؕ وَاللّٰهُ
يَهْدِيْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٤٦﴾ وَيَقُوْلُوْنَ
اٰمَنَّا بِاللّٰهِ وَبِالرَّسُوْلِ وَاَطَعْنَا ثُمَّ يَتَوَلّٰى فَرِيْقٌ
مِّنْهُمْ مِّنْ بَعْدِ ذٰلِكَ ؕ وَمَآ اُولٰٓئِكَ بِالْمُؤْمِنِيْنَ ﴿٤٧﴾ وَ
اِذَا دُعُوْٓا اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ لِيَحْكُمَ بَيْنَهُمْ اِذَا
فَرِيْقٌ مِّنْهُمْ مُّعْرِضُوْنَ ﴿٤٨﴾ وَاِنْ يَّكُنْ لَّهُمُ الْحَقُّ
يَاْتُوْٓا اِلَيْهِ مُذْعِنِيْنَ ﴿٤٩﴾ ؕ اَفِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ اَمِ
ارْتَابُوْٓا اَمْ يَخَافُوْنَ اَنْ يَّحِيْفَ اللّٰهُ عَلَيْهِمْ وَرَسُوْلُهٗ ؕ
بَلْ اُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿٥٠﴾ ع اِنَّمَا كَانَ قَوْلَ الثلثة ع ٦ ١٠ ١٢
الْمُؤْمِنِيْنَ اِذَا دُعُوْٓا اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ لِيَحْكُمَ بَيْنَهُمْ اَنْ
يَّقُوْلُوْا سَمِعْنَا وَاَطَعْنَا ؕ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿٥١﴾
وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيَخْشَ اللّٰهَ وَيَتَّقْهِ فَاُولٰٓئِكَ
هُمُ الْفَآئِزُوْنَ ﴿٥٢﴾ وَاَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ
لَئِنْ اَمَرْتَهُمْ لَيَخْرُجُنَّ ؕ قُلْ لَّا تُقْسِمُوْا ۚ طَاعَةٌ
مَّعْرُوْفَةٌ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿٥٣﴾ قُلْ
اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا منزل ٤

૪૫. અને અલ્લાહે પ્રત્યેક સજીવને એક પ્રકારના પાણીમાંથી પેદા કર્યો, કોઈ પેટથી ચાલે છે તો કોઈ બે પગ પર અને કોઈ ચાર પગ પર. જે કંઈ તે ચાહે છે પેદા કરે છે, તે દરેક વસ્તુનું સામર્થ્ય ધરાવે છે.

૪૬. અમે સ્પષ્ટ રૂપે સત્ય દર્શાવનારી આયતો ઉતારી દીધી છે. આગળ સન્માર્ગ તરફ પ્રેરણા અલ્લાહ જ જેને ચાહે છે આપે છે.

૪૭. આ લોકો કહે છે કે અમે ઈમાન લાવ્યા અલ્લાહ અને રસૂલ (ઈશદૂત) પર અને અમે આજ્ઞાપાલન સ્વીકાર્યું, પરંતુ આના પછી તેમનામાંથી એક જૂથ (આજ્ઞાપાલનથી) મોઢું ફેરવી જાય છે. આવા લોકો કદાપિ ઈમાનવાળા નથી.

૪૮. જ્યારે તેમને બોલાવવામાં આવે છે અલ્લાહ અને રસૂલ તરફ, જેથી રસૂલ તેમના પરસ્પરના મામલાઓનો ફેંસલો કરે તો તેમાંનું એક જૂથ કતરાઈ જાય છે.

૪૯. અલબત્ત જો સત્ય તેમની તરફેણમાં હોય તો રસૂલના પાસે ખૂબ આજ્ઞાંકિત બનીને આવી જાય છે.

૫૦. શું તેમના હૃદયોને (દંભ અને કપટાચારનો) રોગ લાગેલો છે ? કે તેઓ શંકામાં પડેલા છે ? કે તેમને એ ભય છે કે અલ્લાહ અને તેનો રસૂલ તેમના સાથે જુલ્મ (અન્યાય) કરશે ? સાચી વાત તો એ છે કે જાલિમ તો આ લોકો પોતે જ છે. (રુકૂઅ-૬)

૫૧. ઈમાન લાવનારાઓનું કામ તો એ છે કે જ્યારે તેમને અલ્લાહ અને રસૂલ તરફ બોલાવવામાં આવે, જેથી રસૂલ તેમના મામલાઓનો ફેંસલો કરે, તો કહે છે કે અમે સાંભળ્યું અને આજ્ઞાપાલન કર્યું.

૫૨. આવા જ લોકો સફળતા પામવાના છે, અને સફળ તેઓ જ છે, જેઓ અલ્લાહ અને રસૂલનું આજ્ઞાપાલન કરે અને અલ્લાહથી ડરે અને તેની નાફરમાનીથી બચે.

૫૩. આ (દંભીઓ) અલ્લાહના નામે મોટી-મોટી સોગંદો ખાઈને કહે છે કે ''આપ આદેશ આપો તો અમે ઘરોમાંથી નીકળી પડીએ.'' તેમને કહો, ''સોગંદો ન ખાઓ, તમારા આજ્ઞાપાલનની સ્થિતિ ખબર છે, તમારા કૃત્યોથી અલ્લાહ અજાણ નથી.''

૫૪. કહો, ''અલ્લાહના આજ્ઞાંકિત બનો અને રસૂલના આજ્ઞાંકિત બનીને

રૂપે કરવામાં આવે, જે કોઈ ચમકતાં ગ્રહથી નીકળીને આંખના પરદા ઉપર પડે. અલ્લાહ માટે આ શબ્દ આવા સીમિત અર્થમાં નથી, બલ્કે વ્યાપક અર્થમાં છે, અર્થાત્ આ સૃષ્ટિમાં તે જ એક વાસ્તવિક 'પ્રાગટ્યનું કારણ' છે, શેષ અહીં અંધકાર સિવાય કંઈ જ નથી. બીજી પ્રકાશ આપનાર ચીજ-વસ્તુઓ પણ તેના પ્રદાન કરેલા પ્રકાશથી જ પ્રકાશિત છે, નહીં તો તેમના પાસે એવું કશું જ નથી કે તે પ્રગટ થાય કે પ્રકાશ આપે. 'નૂર' શબ્દ જ્ઞાન માટે પણ પ્રયોજાય છે અને તેનાથી વિપરીત અજ્ઞાનતાને અંધકારથી સરખાવવામાં આવે છે. અલ્લાહ આ અર્થમાં પણ સૃષ્ટિનું નૂર છે કે અહીં હકીકતોનું જ્ઞાન અને સન્માર્ગનું જ્ઞાન જો મળી શકે છે તો તેનાથી જ મળી શકે છે, તેની મહેરબાની વિના અજ્ઞાનતાનો અંધકાર અને તેને પરિણામે પથભ્રષ્ટતા સિવાય બીજું કંઈ જ સંભવ નથી.

عَلَيْهِ مَا حُمِّلَ وَعَلَيْكُمْ مَّا حُمِّلْتُمْ ۭ وَاِنْ تُطِيْعُوْهُ
تَهْتَدُوْا ۭ وَمَا عَلَى الرَّسُوْلِ اِلَّا الْبَلٰغُ الْمُبِيْنُ ﴿٥٤﴾
وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَعَمِلُوا الصّٰلِحٰتِ
لَيَسْتَخْلِفَنَّهُمْ فِي الْاَرْضِ كَمَا اسْتَخْلَفَ الَّذِيْنَ مِنْ
قَبْلِهِمْ ۠ وَلَيُمَكِّنَنَّ لَهُمْ دِيْنَهُمُ الَّذِي ارْتَضٰى لَهُمْ
وَلَيُبَدِّلَنَّهُمْ مِّنْۢ بَعْدِ خَوْفِهِمْ اَمْنًا ۭ يَعْبُدُوْنَنِيْ لَا
يُشْرِكُوْنَ بِيْ شَيْـًٔا ۭ وَمَنْ كَفَرَ بَعْدَ ذٰلِكَ فَاُولٰۗىِٕكَ
هُمُ الْفٰسِقُوْنَ ﴿٥٥﴾ وَاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ
وَاَطِيْعُوا الرَّسُوْلَ لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿٥٦﴾ لَا تَحْسَبَنَّ
الَّذِيْنَ كَفَرُوْا مُعْجِزِيْنَ فِي الْاَرْضِ ۚ وَمَاْوٰىهُمُ النَّارُ ۭ
وَلَبِئْسَ الْمَصِيْرُ ﴿٥٧﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لِيَسْتَاْذِنْكُمُ ع ٧ ١٣
الَّذِيْنَ مَلَكَتْ اَيْمَانُكُمْ وَالَّذِيْنَ لَمْ يَبْلُغُوا الْحُلُمَ مِنْكُمْ
ثَلٰثَ مَرّٰتٍ ۭ مِنْ قَبْلِ صَلٰوةِ الْفَجْرِ وَحِيْنَ تَضَعُوْنَ
ثِيَابَكُمْ مِّنَ الظَّهِيْرَةِ وَمِنْۢ بَعْدِ صَلٰوةِ الْعِشَاۗءِ ڜ ثَلٰثُ
عَوْرٰتٍ لَّكُمْ ۭ لَيْسَ عَلَيْكُمْ وَلَا عَلَيْهِمْ جُنَاحٌۢ بَعْدَهُنَّ ۭ
طَوّٰفُوْنَ عَلَيْكُمْ بَعْضُكُمْ عَلٰي بَعْضٍ ۭ كَذٰلِكَ
يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ ۭ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿٥٨﴾
وَاِذَا بَلَغَ الْاَطْفَالُ مِنْكُمُ الْحُلُمَ فَلْيَسْتَاْذِنُوْا
كَمَا اسْتَاْذَنَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ۭ كَذٰلِكَ يُبَيِّنُ منزل ٤

રહો. પરંતુ જો તમે વિમુખ થાઓ છો તો બરાબર સમજી લો કે રસૂલના શિરે જે કર્તવ્યનો ભાર મૂકવામાં આવ્યો છે, તેનો જવાબદાર તે છે અને તમારા પર કર્તવ્યનો જે ભાર મૂકવામાં આવ્યો છે, તેના જવાબદાર તમે. તેનું આજ્ઞાપાલન કરશો તો તમે પોતે જ માર્ગદર્શન પામશો, નહીં તો રસૂલની જવાબદારી એનાથી વિશેષ સહેજ પણ નથી કે સ્પષ્ટપણે આદેશ પહોંચાડી દે."

૫૫. અલ્લાહે વચન આપ્યું છે તમારામાંથી તે લોકોને, જેઓ ઈમાન લાવે અને સદ્કાર્ય કરે કે તે તેમને એવી જ રીતે ધરતી ઉપર ખલીફા (નાયબ) બનાવશે જેવી રીતે તેમના અગાઉ થઈ ગયેલા લોકોને બનાવી ચૂક્યો છે. તેમના માટે તેમના તે દીન (ધર્મ)ને મજબૂત બુનિયાદો પર કાયમ કરી દેશે જેને અલ્લાહે તેમના માટે પસંદ કર્યો છે અને તેમની (વર્તમાન) ભયની સ્થિતિને શાંતિમાં બદલી નાખશે. તો તેઓ મારી બંદગી કરે અને મારા સાથે કોઈને ભાગીદાર ન બનાવે, અને જે આના પછી કુફ્ર (ઇન્કાર) કરે તો આવા જ લોકો અવજ્ઞાકારી છે.

૫૬. નમાઝ કાયમ કરો, ઝકાત આપો અને રસૂલનું આજ્ઞાપાલન કરો, આશા છે કે તમારા પર દયા કરવામાં આવશે.

૫૭. જેઓ કુફ્ર (ઇન્કાર) કરી રહ્યા છે તેમના વિષે એ ભ્રમમાં ન રહો કે તેઓ ધરતી પર અલ્લાહને વિવશ કરી દેશે. તેમનું ઠેકાણું જહન્નમ છે અને તે ઘણી જ ખરાબ જગ્યા છે. (રુકૂઅ-૭)

૫૮. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આવશ્યક છે કે તમારા દાસ-દાસીઓ અને તમારા તે બાળકો જેઓ હજુ પુખ્ત બુદ્ધિના થયા નથી, ત્રણ સમયે તમારી પરવાનગી મેળવીને તમારા પાસે આવે : સવારની નમાઝ પહેલાં અને બપોરે જ્યારે કે તમે તમારા કપડાં ઉતારીને મૂકી દો છો, અને ઈશાની નમાઝ પછી. આ ત્રણ સમય તમારા માટે પડદો કરવાના સમય છે. આ સિવાય તેઓ વિના પરવાનગીએ આવે તો ન તમારા પર કોઈ ગુનો છે, ન તેમના પર, તમારે એકબીજા પાસે વારંવાર આવવાનું જ હોય છે. આ રીતે અલ્લાહ તમારા માટે પોતાના આદેશોને ખોલી-ખોલીને સ્પષ્ટ કરે છે, અને તે સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે.

૫૯. અને જ્યારે તમારા બાળકો પુખ્ત બુદ્ધિએ પહોંચી જાય તો એ જરૂરી છે કે એવી રીતે પરવાનગી લઈને આવે જેવી રીતે તેમના મોટા પરવાનગી લેતા આવ્યા છે. આવી રીતે અલ્લાહ પોતાની આયતો

اللّٰهُ لَكُمُ اٰيٰتِهٖ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿۵۹﴾ وَالْقَوَاعِدُ
مِنَ النِّسَآءِ الّٰتِيْ لَا يَرْجُوْنَ نِكَاحًا فَلَيْسَ عَلَيْهِنَّ
جُنَاحٌ اَنْ يَّضَعْنَ ثِيَابَهُنَّ غَيْرَ مُتَبَرِّجٰتٍۭ بِزِيْنَةٍ ؕ
وَاَنْ يَّسْتَعْفِفْنَ خَيْرٌ لَّهُنَّ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۶۰﴾
لَيْسَ عَلَى الْاَعْمٰى حَرَجٌ وَّلَا عَلَى الْاَعْرَجِ حَرَجٌ
وَّلَا عَلَى الْمَرِيْضِ حَرَجٌ وَّلَا عَلٰۤى اَنْفُسِكُمْ اَنْ
تَاْكُلُوْا مِنْۢ بُيُوْتِكُمْ اَوْ بُيُوْتِ اٰبَآئِكُمْ اَوْ بُيُوْتِ
اُمَّهٰتِكُمْ اَوْ بُيُوْتِ اِخْوَانِكُمْ اَوْ بُيُوْتِ اَخَوٰتِكُمْ
اَوْ بُيُوْتِ اَعْمَامِكُمْ اَوْ بُيُوْتِ عَمّٰتِكُمْ اَوْ بُيُوْتِ
اَخْوَالِكُمْ اَوْ بُيُوْتِ خٰلٰتِكُمْ اَوْ مَا مَلَكْتُمْ مَّفَاتِحَهٗۤ
اَوْ صَدِيْقِكُمْ ؕ لَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَنْ تَاْكُلُوْا
جَمِيْعًا اَوْ اَشْتَاتًا ؕ فَاِذَا دَخَلْتُمْ بُيُوْتًا فَسَلِّمُوْا
عَلٰۤى اَنْفُسِكُمْ تَحِيَّةً مِّنْ عِنْدِ اللّٰهِ مُبٰرَكَةً
طَيِّبَةً ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ لَعَلَّكُمْ
تَعْقِلُوْنَ ﴿۶۱﴾ اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ ع
وَرَسُوْلِهٖ وَاِذَا كَانُوْا مَعَهٗ عَلٰۤى اَمْرٍ جَامِعٍ لَّمْ
يَذْهَبُوْا حَتّٰى يَسْتَاْذِنُوْهُ ؕ اِنَّ الَّذِيْنَ يَسْتَاْذِنُوْنَكَ
اُولٰٓئِكَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَرَسُوْلِهٖ ۚ فَاِذَا
اسْتَاْذَنُوْكَ لِبَعْضِ شَاْنِهِمْ فَاْذَنْ لِّمَنْ شِئْتَ

તમારા સામે સ્પષ્ટ કરે છે અને તે સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે.

૬૦. અને જે સ્ત્રીઓ યુવાવસ્થા વટાવી ગઈ હોય, નિકાહ (લગ્ન)ની આશા ન રાખતી હોય, તેઓ જો પોતાની ચાદરો ઉતારીને મૂકી દે, તો તેમના માટે કોઈ ગુનો નથી, એ શરતે કે શણગારનો દેખાવ કરવાવાળી ન હોય. આમ છતાં પણ તેઓ લજ્જાશીલતાથી વર્તે તો તેમના માટે સારું છે, અલ્લાહ બધું જ સાંભળે અને જાણે છે.

૬૧. કોઈ દોષ નથી જો કોઈ અંધ કે લંગડો કે બીમાર (કોઈના ઘરમાંથી ખાઈ લે) અને ન તમારા માટે પણ એમાં કોઈ દોષ છે કે પોતાના ઘરોમાંથી ખાઓ કે પોતાના બાપ-દાદાઓના ઘરોમાંથી, કે પોતાની માતા-નાનીના ઘરોમાંથી, કે પોતાના ભાઈઓના ઘરોમાંથી, કે પોતાની બહેનોના ઘરોમાંથી, કે પોતાના કાકાઓના ઘરોમાંથી, કે પોતાની ફોઈઓના ઘરોમાંથી, કે પોતાના મામાઓના ઘરોમાંથી, કે પોતાની માસીઓના ઘરોમાંથી, કે તે ઘરોમાંથી જેની ચાવીઓ તમારા હવાલે હોય, કે પોતાના મિત્રોના ઘરોમાંથી. આમાં પણ કોઈ દોષ નથી કે તમે લોકો ભેગા મળીને ખાઓ કે જુદા-જુદા, અલબત્ત જ્યારે ઘરોમાં પ્રવેશ કરો તો પોતાના લોકોને સલામ કરો, ભલાઈની દુઆ, અલ્લાહ તરફથી નિશ્ચિત કરવામાં આવેલી, ખૂબ બરકતવાળી અને પવિત્ર. આવી રીતે અલ્લાહ તમારા સામે આયતો વર્ણવે છે, આશા છે કે તમે સૂઝ-બૂઝથી કામ લેશો. (રુકૂઅ-૮)

૬૨. મોમિન (ઈમાનવાળા) તો હકીકતમાં તેઓ જ છે જેઓ અલ્લાહ અને તેના રસૂલને હૃદયપૂર્વક માને અને જ્યારે કોઈ સામૂહિક કામના પ્રસંગે રસૂલના સાથે હોય ત્યારે તેની રજા મેળવ્યા વિના ન જાય. હે નબી ! જે લોકો તમારા પાસે રજા માગે છે તેઓ જ અલ્લાહ અને રસૂલના માનનારા છે, પછી જ્યારે તેઓ પોતાના કોઈ કામ માટે રજા માગે તો જેને તમે ચાહો રજા આપી દો અને એવા લોકો માટે અલ્લાહ પાસે

مِنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمُ اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٦٢﴾
لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَيْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ
بَعْضًا ؕ قَدْ يَعْلَمُ اللّٰهُ الَّذِيْنَ يَتَسَلَّلُوْنَ مِنْكُمْ
لِوَاذًا ۚ فَلْيَحْذَرِ الَّذِيْنَ يُخَالِفُوْنَ عَنْ اَمْرِهٖۤ اَنْ
تُصِيْبَهُمْ فِتْنَةٌ اَوْ يُصِيْبَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٦٣﴾ اَلَاۤ
اِنَّ لِلّٰهِ مَا فِی السَّمٰوٰتِ وَ الْاَرْضِ ؕ قَدْ يَعْلَمُ مَاۤ
اَنْتُمْ عَلَيْهِ ؕ وَيَوْمَ يُرْجَعُوْنَ اِلَيْهِ فَيُنَبِّئُهُمْ بِمَا
عَمِلُوْا ؕ وَاللّٰهُ بِكُلِّ شَیْءٍ عَلِيْمٌ ﴿٦٤﴾

منزل ٤ ع ٩

માફીની દુઆ કરો, અલ્લાહ નિઃશંક માફી બક્ષનાર અને દયાળુ છે.

૬૩. મુસલમાનો ! પોતાના દરમ્યાન રસૂલના બોલાવવાને પરસ્પર જેમ તમે એકબીજાને બોલાવો છો તેમ ન સમજો. અલ્લાહ તે લોકોને સારી રીતે જાણે છે જેઓ તમારામાં એવા છે કે એકબીજાની ઓથમાં ચૂપકેથી સરકી જાય છે. રસૂલના આદેશનો ભંગ કરનારાઓએ ડરવું જોઈએ કે તેઓ કોઈ અજમાયશમાં ન સપડાઈ જાય અથવા તેમના પર દુઃખદાયી યાતના ન આવી જાય.

૬૪. સાવધાન રહો, આકાશો અને ધરતીમાં જે કંઈ છે, અલ્લાહનું છે. તમે જે આચરણ પણ કરો છો, અલ્લાહ તેને જાણે છે. જે દિવસે લોકોને તેના તરફ પાછા ફેરવવામાં આવશે, તે તેમને બતાવી દેશે કે તેઓ શું-શું કરીને આવ્યા છે. તે દરેક વસ્તુનું જ્ઞાન ધરાવે છે. (રુકૂઅ-૯)

(૨૫) અલ-ફુર્કાન

પરિચય

નામ :

પહેલી જ આયત ''તબારકલ્લઝી નઝ્ઝલલ્ ફુર્કાન'' અર્થાત્ ''અત્યંત મુબારક છે તે જેણે આ ફુરકાન પોતાના બંદા પર અવતરિત કર્યો''થી લેવામાં આવ્યું છે. આ પણ કુર્આનની મોટાભાગની સૂરઃઓના નામોની જેમ પ્રતીકરૂપે છે, ન કે વિષયના શીર્ષકના રૂપમાં. તેમ છતાં આ સૂરઃના વિષય સાથે આ નામ નજીકનો સંબંધ ધરાવે છે, જેમ કે આગળ જતાં જણાશે.

ઉતરાણકાળ :

વર્ણનશૈલી અને વિષયો ઉપર વિચાર કરવાથી સ્પષ્ટ થઈ જાય છે કે આના અવતરણનો સમય પણ એ જ છે, જે સૂરઃ મુ'મિનૂન વગેરેનો છે, અર્થાત્ મક્કાનો મધ્યકાળ.

વિષય અને ચર્ચાઓ :

આમાં તે શંકાઓ અને વાંધાઓની ચર્ચા કરવામાં આવી છે જે કુર્આન અને હઝરત મુહમ્મદ (સલ્લ.)ની નુબૂવત (ઈશદૂતત્વ) અને આપ દ્વારા પ્રસ્તુત શિક્ષણ પર મક્કાના વિધર્મીઓ તરફથી રજૂ કરવામાં આવતા હતા. તેમાંથી એક-એકનો ચોક્કસ જવાબ આપવામાં આવ્યો છે અને સાથે-સાથે સત્ય-સંદેશથી વિમુખ થવાના માઠાં પરિણામો પણ ચોખ્ખા શબ્દોમાં બતાવી દેવામાં આવ્યા છે. અંતમાં સૂરઃ મુ'મિનૂનની જેમ ઈમાનવાળાઓના નૈતિક ગુણોનું એક ચિત્ર સામાન્ય લોકો સમક્ષ મૂકી દેવામાં આવ્યું છે કે આ કસોટી પર કસીને જોઈ લો કે, કોણ ખોટું છે અને કોણ સાચું છે. એક તરફ આ ચરિત્ર અને આચરણના લોકો છે, જેઓ હઝરત મુહમ્મદ (સલ્લ.)ના શિક્ષણ દ્વારા અત્યાર સુધી તૈયાર થયા છે અને ભવિષ્યમાં તૈયાર કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. બીજી તરફ નૈતિકતાનો તે નમૂનો છે જે સાધારણ આરબોમાં જોવા મળે છે અને જેને બાકી રાખવા માટે અજ્ઞાનતાના ઝંડાધારીઓ પોતાની તમામ શક્તિ લગાવી રહ્યા છે. હવે પોતે જ નિર્ણય કરો કે આ બે નમૂનાઓમાંથી કોને પસંદ કરો છો ? આ ગર્ભિત સવાલ હતો જે આરબ પ્રદેશના દરેક રહેવાસી સામે મૂકી દેવામાં આવ્યો અને થોડાંક જ વર્ષોમાં એક નાનકડી સંખ્યાને છોડીને સમગ્ર કોમે એનો જે જવાબ આપ્યો તે સમયના પુસ્તકમાં અંકિત થઈ ચૂકયો છે.

آیاتہا ٧٧ ﴿٢٥﴾ سُوْرَةُ الْفُرْقَانِ مَكِّيَّةٌ ﴿٤٢﴾ رکوعاتہا ٦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

تَبٰرَكَ الَّذِيْ نَزَّلَ الْفُرْقَانَ عَلٰى عَبْدِهٖ لِيَكُوْنَ
لِلْعٰلَمِيْنَ نَذِيْرَا ۙ۝١ الَّذِيْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَلَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ
فِي الْمُلْكِ وَخَلَقَ كُلَّ شَيْءٍ فَقَدَّرَهٗ تَقْدِيْرًا ۝٢
وَاتَّخَذُوْا مِنْ دُوْنِهٖٓ اٰلِهَةً لَّا يَخْلُقُوْنَ شَيْـًٔا
وَّهُمْ يُخْلَقُوْنَ وَلَا يَمْلِكُوْنَ لِاَنْفُسِهِمْ ضَرًّا
وَّلَا نَفْعًا وَّلَا يَمْلِكُوْنَ مَوْتًا وَّلَا حَيٰوةً وَّلَا
نُشُوْرًا ۝٣ وَقَالَ الَّذِيْنَ كَفَرُوْٓا اِنْ هٰذَآ اِلَّآ
اِفْكُ ۨافْتَرٰىهُ وَاَعَانَهٗ عَلَيْهِ قَوْمٌ اٰخَرُوْنَ ۛۚ
فَقَدْ جَاۗءُوْ ظُلْمًا وَّزُوْرًا ۝٤ ۛ وَقَالُوْٓا اَسَاطِيْرُ
الْاَوَّلِيْنَ اكْتَتَبَهَا فَهِيَ تُمْلٰى عَلَيْهِ بُكْرَةً
وَّاَصِيْلًا ۝٥ قُلْ اَنْزَلَهُ الَّذِيْ يَعْلَمُ السِّرَّ
فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ اِنَّهٗ كَانَ غَفُوْرًا
رَّحِيْمًا ۝٦ وَقَالُوْا مَالِ هٰذَا الرَّسُوْلِ يَاْكُلُ
الطَّعَامَ وَيَمْشِيْ فِي الْاَسْوَاقِ ۭ لَوْلَآ اُنْزِلَ
اِلَيْهِ مَلَكٌ فَيَكُوْنَ مَعَهٗ نَذِيْرًا ۝٧ ۙ اَوْ يُلْقٰٓى
اِلَيْهِ كَنْزٌ اَوْ تَكُوْنُ لَهٗ جَنَّةٌ يَّاْكُلُ مِنْهَا ۭ

معانقہ: عند المتاخرین ١٢

(૨૫) સૂરઃ અલ-ફુર્કાન

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૬ • આયતો : ૭૭)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અત્યંત 'મુબારક'★ છે તે જેણે આ 'ફુરકાન'★ પોતાના બંદા પર અવતરિત કર્યો છે, જેથી સમસ્ત દુનિયાના લોકો માટે તે ચેતવણી આપનાર બની રહે –

૨. તે જે ધરતી અને આકાશોના રાજ્યનો માલિક છે, જેણે કોઈને પુત્ર બનાવ્યો નથી, જેના સાથે રાજ્યમાં કોઈ ભાગીદાર નથી, જેણે દરેક વસ્તુને પેદા કરી પછી તેનો એક અંદાજ (ભાગ્ય) નિશ્ચિત કર્યો.

૩. લોકોએ તેને છોડીને એવા ઉપાસ્યો બનાવી લીધા જેઓ કોઈ વસ્તુને પેદા કરતા નથી, બલ્કે પોતે જ પેદા કરવામાં આવે છે. જેઓ સ્વયં પોતાના માટે પણ નફા કે નુકસાનનો અધિકાર ધરાવતા નથી, જેઓ ન મારી શકે છે, ન જીવાડી શકે છે, ન મૃત્યુ પામેલાને ફરી જીવતો કરી શકે છે.

૪. જે લોકોએ નબી (પયગંબર)ની વાત માનવાનો ઇન્કાર કરી દીધો છે, તેઓ કહે છે કે "આ ફુરકાન એક ઉપજાવી કાઢેલી (કાલ્પનિક) વસ્તુ છે જેને આ માણસે પોતે જ ઘડી કાઢી છે અને કેટલાક બીજા માણસોએ આ કામમાં તેની મદદ કરી છે." ભારે જુલ્મ અને મોટું જૂઠ છે જેના પર આ લોકો ઊતરી આવ્યા છે.

૫. કહે છે, "આ પુરાણા લોકોની લખેલી વસ્તુઓ છે જેને આ માણસ નકલ કરાવે છે અને તે તેને સવાર-સાંજ સંભળાવવામાં આવે છે."

૬. હે પયગંબર ! આમને કહો, "આને તેણે અવતરિત કર્યો છે જે ધરતી અને આકાશોનો ભેદ જાણે છે." હકીકત એ છે કે તે મોટો ક્ષમાશીલ અને અત્યંત દયાળુ છે.

૭. કહે છે, "આ કેવો રસૂલ (ઈશદૂત) છે જે ભોજન લે છે અને બજારોમાં હરેફરે છે ? શા માટે તેના પાસે કોઈ ફરિશ્તો મોકલવામાં ન આવ્યો જે તેના સાથે રહેતો અને (ન માનનારાઓને) ધમકાવતો ?

૮. અથવા બીજું કંઈ નહીં તો તેના માટે કોઈ ખજાનો જ ઉતારી દેવામાં આવ્યો

★ અરબીમાં શબ્દ 'તબારક' વપરાયો છે, જેનો અર્થ સંપન્નતા અને સમૃદ્ધિ, અવિરત વધતી-ચઢતી સંપન્નતા અને સમૃદ્ધિ અને ઉચ્ચ પ્રકારની સ્થિરતા થાય છે. કોઈ વસ્તુની સંપન્નતા અને સમૃદ્ધિ માટે તેની સુદૃઢતા અને સ્થાયિત્વની સ્થિતિ સ્પષ્ટ કરવા આ શબ્દ વપરાય છે. આ શબ્દ અલ્લાહ માટે જ્યારે બોલાય છે તો તે કોઈ એક નહીં, પણ અનેક અર્થમાં પ્રયુક્ત થાય છે; જેમ કે ખૂબ જ ઉપકારી, અત્યંત ભલાઈવાળો, મહેરબાન, અતિ બુઝુર્ગ અને મહાન, અત્યંત પવિત્ર અને વિશુદ્ધ, અતિ ઉચ્ચ અને શ્રેષ્ઠ, પૂર્ણ સામર્થ્યની દૃષ્ટિએ શ્રેષ્ઠ વગેરે.

★ ફુરકાન અર્થાત્ કુર્આનમજીદ. સત્યને અસત્યથી જુદો પાડનાર ગ્રંથ, કસોટી અને નિર્ણાયક વસ્તુ અને માપદંડ. ઉપરાંત તેનો અર્થ વિભિન્ન ભાગો અને હિસ્સાઓમાં અને જુદા-જુદા સમયકાળમાં આવનાર હિસ્સાઓ પર આધારિત એવો પણ થાય છે. કુર્આનના સંદર્ભમાં આ તમામ અર્થો અપેક્ષિત છે.

وَقَالَ الظّٰلِمُوْنَ اِنْ تَتَّبِعُوْنَ اِلَّا رَجُلًا مَّسْحُوْرًا ﴿۸﴾
اُنْظُرْ كَيْفَ ضَرَبُوْا لَكَ الْاَمْثَالَ فَضَلُّوْا
فَلَا يَسْتَطِيْعُوْنَ سَبِيْلًا ﴿۹﴾ ع تَبٰرَكَ الَّذِيْٓ ع ۹/۱۲
اِنْ شَآءَ جَعَلَ لَكَ خَيْرًا مِّنْ ذٰلِكَ جَنّٰتٍ
تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۙ وَيَجْعَلْ لَّكَ
قُصُوْرًا ﴿۱۰﴾ بَلْ كَذَّبُوْا بِالسَّاعَةِ قف وَاَعْتَدْنَا
لِمَنْ كَذَّبَ بِالسَّاعَةِ سَعِيْرًا ﴿۱۱﴾ ج اِذَا رَاَتْهُمْ
مِّنْ مَّكَانٍۭ بَعِيْدٍ سَمِعُوْا لَهَا تَغَيُّظًا وَّ
زَفِيْرًا ﴿۱۲﴾ وَاِذَآ اُلْقُوْا مِنْهَا مَكَانًا ضَيِّقًا مُّقَرَّنِيْنَ
دَعَوْا هُنَالِكَ ثُبُوْرًا ﴿۱۳﴾ ط لَا تَدْعُوا الْيَوْمَ ثُبُوْرًا
وَّاحِدًا وَّادْعُوْا ثُبُوْرًا كَثِيْرًا ﴿۱۴﴾ قُلْ اَذٰلِكَ خَيْرٌ
اَمْ جَنَّةُ الْخُلْدِ الَّتِيْ وُعِدَ الْمُتَّقُوْنَ ط كَانَتْ
لَهُمْ جَزَآءً وَّ مَصِيْرًا ﴿۱۵﴾ لَهُمْ فِيْهَا مَا يَشَآءُوْنَ
خٰلِدِيْنَ ط كَانَ عَلٰى رَبِّكَ وَعْدًا مَّسْئُوْلًا ﴿۱۶﴾ وَ
يَوْمَ يَحْشُرُهُمْ وَمَا يَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ
فَيَقُوْلُ ءَاَنْتُمْ اَضْلَلْتُمْ عِبَادِيْ هٰٓؤُلَآءِ اَمْ
هُمْ ضَلُّوا السَّبِيْلَ ﴿۱۷﴾ ط قَالُوْا سُبْحٰنَكَ مَا كَانَ
يَنْۢبَغِيْ لَنَآ اَنْ نَّتَّخِذَ مِنْ دُوْنِكَ مِنْ
اَوْلِيَآءَ وَلٰكِنْ مَّتَّعْتَهُمْ وَاٰبَآءَهُمْ حَتّٰى نَسُوا

હોત અથવા તેનાં પાસે એક બાગ જ હોત જેમાંથી આ (નિશ્ચિંતતાની) રોજી પ્રાપ્ત કરતો", અને આ જાલિમો કહે છે, "તમે લોકો તો એક જાદુની અસર પામેલા માણસની પાછળ લાગી ગયા છો."

૯. જુઓ, કેવા-કેવા તર્ક આ લોકો તમારા સામે પ્રસ્તુત કરી રહ્યા છે, એવા બહેકી ગયા છે કે તેમને કોઈ સીધી વાત સૂઝતી નથી. (રુકૂઅ-૧)

૧૦. ઘણો મુબારક છે તે, જે જો ચાહે તો તેમણે સૂચવેલી વસ્તુઓ કરતાં પણ ઘણી વધારે તમને આપી શકે છે, (એક નહીં) ઘણાં બાગો, જેના નીચે નહેરો વહેતી હોય, અને મોટા-મોટા મહેલ.

૧૧. ખરી વાત એ છે કે આ લોકો 'તે ઘડીનો'★ ઇન્કાર કરી ચૂક્યા છે– અને જે તે ઘડીનો ઇન્કાર કરે તેના માટે અમે ભડકે બળતી આગ તૈયાર કરી રાખી છે.

૧૨. તે જ્યારે દૂરથી આ લોકોને જોશે, તો આ લોકો તેના પ્રકોપ અને ઉછાળા-ઊભરાના અવાજો સાંભળી લેશે.

૧૩. અને જ્યારે આમને હાથ-પગ બાંધેલી અવસ્થામાં તેમાં એક સાંકડી જગ્યામાં ઠાંસી દેવામાં આવશે તો પોતાના મૃત્યુને પોકારવા લાગશે.

૧૪. (ત્યારે તેમને કહેવામાં આવશે કે) આજે એક મૃત્યને નહીં ઘણાં મૃત્યુને પોકારો.

૧૫. આમને પૂછો, "આ પરિણામ સારું છે કે તે શાશ્વત જન્નત (સ્વર્ગ) જેનો વાયદો અલ્લાહથી ડરનાર સંયમી લોકોથી કરવામાં આવ્યો છે ? જે તેમના કર્મોનો બદલો અને તેમના સફરની અંતિમ મંજિલ હશે,

૧૬. જેમાં તેમની દરેક ઇચ્છા પૂરી થશે, જેમાં તેઓ હંમેશા રહેશે, જેનું પ્રદાન કરવું તમારા રબના શિરે એક એવો વાયદો છે, જેને પૂરો કરવો અનિવાર્ય છે.

૧૭. અને તે જ દિવસ હશે જ્યારે (તમારો રબ) આ લોકોને પણ ઘેરી લાવશે અને આ લોકોના તે ઉપાસ્યોને પણ બોલાવી લેશે જેમને આજે આ લોકો અલ્લાહને છોડીને પૂજી રહ્યા છે, પછી તે તેમને પૂછશે, "શું તમે મારા આ બંદાઓને ભટકાવ્યા હતા ? કે આ લોકો પોતે જ સન્માર્ગથી ભટકી ગયા હતા ?"

૧૮. તેઓ નિવેદન કરશે, "પવિત્ર અને ઉચ્ચ છે આપની હસ્તી, અમારી તો એટલી પણ મજાલ ન હતી કે આપના સિવાય કોઈને પોતાનો સંરક્ષક બનાવીએ. પરંતુ આપે આમને અને એમના બાપ-દાદાઓને

★ 'તે ઘડી' અર્થાત્ તે વિશેષ ક્ષણ જે આવનાર છે, જેની જાણકારી અલ્લાહ અગાઉ આપી ચૂક્યો છે. કુર્આનમજીદમાં અનેક જગ્યાએ આ પરિભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે એક વિશેષ ક્ષણ માટે છે, અર્થાત્ જ્યારે કે કયામત–પ્રલય પછી પુનર્જીવન આવશે.

الذِّكْرَ ۚ وَكَانُوا قَوْمًا بُورًا ﴿١٨﴾ فَقَدْ كَذَّبُوكُمْ
بِمَا تَقُولُونَ ۙ فَمَا تَسْتَطِيعُونَ صَرْفًا وَّلَا نَصْرًا ۚ
وَمَن يَظْلِم مِّنكُمْ نُذِقْهُ عَذَابًا كَبِيرًا ﴿١٩﴾
وَمَا أَرْسَلْنَا قَبْلَكَ مِنَ الْمُرْسَلِينَ إِلَّا
إِنَّهُمْ لَيَأْكُلُونَ الطَّعَامَ وَيَمْشُونَ فِي
الْأَسْوَاقِ ۗ وَجَعَلْنَا بَعْضَكُمْ لِبَعْضٍ فِتْنَةً ۗ
أَتَصْبِرُونَ ۗ وَكَانَ رَبُّكَ بَصِيرًا ﴿٢٠﴾ ع

وَقَالَ الَّذِينَ لَا يَرْجُونَ لِقَاءَنَا لَوْلَا أُنزِلَ عَلَيْنَا

الْمَلَائِكَةُ أَوْ نَرَىٰ رَبَّنَا ۗ لَقَدِ اسْتَكْبَرُوا فِي أَنفُسِهِمْ
وَعَتَوْ عُتُوًّا كَبِيرًا ﴿٢١﴾ يَوْمَ يَرَوْنَ الْمَلَائِكَةَ لَا بُشْرَىٰ
يَوْمَئِذٍ لِّلْمُجْرِمِينَ وَيَقُولُونَ حِجْرًا مَّحْجُورًا ﴿٢٢﴾ وَقَدِمْنَا
إِلَىٰ مَا عَمِلُوا مِنْ عَمَلٍ فَجَعَلْنَاهُ هَبَاءً مَّنثُورًا ﴿٢٣﴾ أَصْحَابُ
الْجَنَّةِ يَوْمَئِذٍ خَيْرٌ مُّسْتَقَرًّا وَأَحْسَنُ مَقِيلًا ﴿٢٤﴾ وَيَوْمَ
تَشَقَّقُ السَّمَاءُ بِالْغَمَامِ وَنُزِّلَ الْمَلَائِكَةُ تَنزِيلًا ﴿٢٥﴾
الْمُلْكُ يَوْمَئِذٍ الْحَقُّ لِلرَّحْمَٰنِ ۚ وَكَانَ يَوْمًا عَلَى
الْكَافِرِينَ عَسِيرًا ﴿٢٦﴾ وَيَوْمَ يَعَضُّ الظَّالِمُ عَلَىٰ يَدَيْهِ
يَقُولُ يَا لَيْتَنِي اتَّخَذْتُ مَعَ الرَّسُولِ سَبِيلًا ﴿٢٧﴾ يَا وَيْلَتَىٰ
لَيْتَنِي لَمْ أَتَّخِذْ فُلَانًا خَلِيلًا ﴿٢٨﴾ لَقَدْ أَضَلَّنِي عَنِ
الذِّكْرِ بَعْدَ إِذْ جَاءَنِي ۗ وَكَانَ الشَّيْطَانُ لِلْإِنسَانِ

ખૂબ જીવન-સામગ્રી આપી, છેવટે આ લોકો શિક્ષા ભૂલી ગયા અને દુર્ભાગ્યગ્રસ્ત બનીને રહ્યા."

૧૯. આમ ખોટી ઠેરવી દેશે તેઓ (તમારા ઉપાસ્યો) તમારી તે વાતોને જે આજે તમે કહી રહ્યા છો, પછી ન તમે પોતાના વિનાશને ટાળી શકશો, ન કયાંયથી મદદ મેળવી શકશો, અને જે પણ તમારામાંથી અત્યાચાર કરે તેને અમે સખત યાતનાની મજા ચખાડીશું.

૨૦. હે પયગંબર ! તમારા પહેલાં અમે જે કોઈ રસૂલો પણ મોકલ્યા હતા, તેઓ બધા પણ ભોજન લેનારા અને બજારોમાં હરતા-ફરતા લોકો જ હતા. વાસ્તવમાં અમે તમને એકબીજા માટે પરીક્ષાના સાધન બનાવી દીધા છે. શું તમે સબ્ર (ધૈર્ય) રાખો છો ? તમારો રબ (પ્રભુ) બધું જ જુએ છે. (રુકૂઅ-૨)

૨૧. જે લોકો અમારા સામે રજૂ થવાનો ભય રાખતા નથી તેઓ કહે છે, "અમારા પાસે ફરિશ્તાઓ કેમ ન મોકલવામાં આવે; અથવા પછી અમે પોતાના રબ (પ્રભુ)ને જોઈએ ? ખૂબ ઘમંડ લઈને બેઠા છે આ લોકો પોતાના મનમાં અને હદ વટાવી ગયા આ લોકો પોતાના વિદ્રોહમાં.

૨૨. જે દિવસે તેઓ ફરિશ્તાઓને જોશે, તે અપરાધીઓ માટે કોઈ શુભ-સૂચનાનો દિવસ નહીં હોય. ચીસ પાડી ઊઠશે કે ખુદાની પનાહ !

૨૩. અને જે કંઈ તેમનું કર્યું-કરાવ્યું છે તેને લઈને અમે ધૂળની જેમ ઉડાવી દઈશું.

૨૪. માત્ર તે જ લોકો જેઓ જન્નત (સ્વર્ગ)ના હક્કદાર છે તે દિવસે સારી જગ્યાએ રોકાશે અને બપોર પસાર કરવા માટે ઉત્તમ જગ્યા પામશે.

૨૫. આકાશને ચીરીને આવતું એક વાદળ તે દિવસે પ્રગટ થશે અને ફરિશ્તાઓના ધાડાં-ને-ધાડાં ઉતારી દેવામાં આવશે.

૨૬. તે દિવસે વાસ્તવિક રાજ્ય માત્ર રહમાન (પરમ્ દયાળુ)નું હશે, અને તે કાફિરો (ઇન્કાર કરનારાઓ) માટે ઘણો સખત દિવસ હશે.

૨૭. અત્યાચારી મનુષ્ય પોતાના હાથ કરડી ખાશે અને કહેશે, "અફસોસ ! મેં રસૂલ (ઈશદૂત)નો સાથ આપ્યો હોત.

૨૮. હાય રે મારું દુર્ભાગ્ય ! કદાચ મેં ફલાણા માણસને મારો મિત્ર ન બનાવ્યો હોત.

૨૯. તેના બહેકાવામાં આવી જઈને મેં તે શિખામણ ન સ્વીકારી જે મારા પાસે આવી હતી, શેતાન મુનષ્ય માટે ઘણો જ બેવફા નીવડ્યો."

خَذُوْلًا ﴿۲۹﴾ وَقَالَ الرَّسُوْلُ يٰرَبِّ اِنَّ قَوْمِي اتَّخَذُوْا
هٰذَا الْقُرْاٰنَ مَهْجُوْرًا ﴿۳۰﴾ وَكَذٰلِكَ جَعَلْنَا لِكُلِّ نَبِيٍّ
عَدُوًّا مِّنَ الْمُجْرِمِيْنَ ؕ وَكَفٰى بِرَبِّكَ هَادِيًا وَّ نَصِيْرًا ﴿۳۱﴾
وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لَوْلَا نُزِّلَ عَلَيْهِ الْقُرْاٰنُ جُمْلَةً
وَّاحِدَةً ۛ ۚ كَذٰلِكَ ۛ ۚ لِنُثَبِّتَ بِهٖ فُؤَادَكَ وَرَتَّلْنٰهُ
تَرْتِيْلًا ﴿۳۲﴾ وَلَا يَاْتُوْنَكَ بِمَثَلٍ اِلَّا جِئْنٰكَ بِالْحَقِّ وَاَحْسَنَ
تَفْسِيْرًا ﴿۳۳﴾ ؕ اَلَّذِيْنَ يُحْشَرُوْنَ عَلٰى وُجُوْهِهِمْ اِلٰى
جَهَنَّمَ ۙ اُولٰٓئِكَ شَرٌّ مَّكَانًا وَّاَضَلُّ سَبِيْلًا ﴿۳۴﴾ ع وَلَقَدْ
اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ وَجَعَلْنَا مَعَهٗٓ اَخَاهُ هٰرُوْنَ
وَزِيْرًا ﴿۳۵﴾ ۚۖ فَقُلْنَا اذْهَبَآ اِلَى الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا
بِاٰيٰتِنَا ؕ فَدَمَّرْنٰهُمْ تَدْمِيْرًا ﴿۳۶﴾ ؕ وَقَوْمَ نُوْحٍ لَّمَّا كَذَّبُوا
الرُّسُلَ اَغْرَقْنٰهُمْ وَجَعَلْنٰهُمْ لِلنَّاسِ اٰيَةً ؕ وَاَعْتَدْنَا
لِلظّٰلِمِيْنَ عَذَابًا اَلِيْمًا ﴿۳۷﴾ ۚۖ وَّعَادًا وَّثَمُوْدَا۠ وَاَصْحٰبَ
الرَّسِّ وَقُرُوْنًا بَيْنَ ذٰلِكَ كَثِيْرًا ﴿۳۸﴾ وَكُلًّا ضَرَبْنَا لَهُ
الْاَمْثَالَ وَكُلًّا تَبَّرْنَا تَتْبِيْرًا ﴿۳۹﴾ وَلَقَدْ اَتَوْا عَلَى الْقَرْيَةِ
الَّتِيْٓ اُمْطِرَتْ مَطَرَ السَّوْءِ ؕ اَفَلَمْ يَكُوْنُوْا يَرَوْنَهَا ۚ بَلْ
كَانُوْا لَا يَرْجُوْنَ نُشُوْرًا ﴿۴۰﴾ وَاِذَا رَاَوْكَ اِنْ يَّتَّخِذُوْنَكَ
اِلَّا هُزُوًا ؕ اَهٰذَا الَّذِيْ بَعَثَ اللّٰهُ رَسُوْلًا ﴿۴۱﴾ اِنْ كَادَ
لَيُضِلُّنَا عَنْ اٰلِهَتِنَا لَوْلَآ اَنْ صَبَرْنَا عَلَيْهَا ؕ وَسَوْفَ

معٓ عند المتقدمین ۱۲

ع ۳ ۱۴

منزل ۴

૩૦. અને રસૂલ કહેશે, ''હે મારા રબ ! મારી કોમના લોકોએ આ કુર્આનને મજાકનો વિષય બનાવી લીધો હતો.''

૩૧. હે નબી ! અમે તો આવી જ રીતે ગુનેગારોને દરેક નબી (પયગંબર)ના દુશ્મન બનાવ્યા છે, અને તમારા માટે તમારો રબ (પ્રભુ)જ માર્ગદર્શન અને મદદ કરવા માટે પૂરતો છે.

૩૨. ઈન્કાર કરનારાઓ કહે છે, ''આ માણસ પર આખુંય કુર્આન એક જ સમયે કેમ ઊતારી દેવામાં ન આવ્યું ? — હા, આવું એટલા માટે કરવામાં આવ્યું છે કે અમે તેને સારી રીતે તમને હૃદયસ્થ કરતા રહીએ અને (આ જ ઉદ્દેશ્યથી) અમે તેને એક ખાસ ક્રમમાં જુદા-જુદા ભાગોનું રૂપ આપ્યું છે.

૩૩. અને (આનો ફાયદો એ પણ છે) કે જ્યારે પણ તેઓ તમારા સામે કોઈ નિરાળી વાત (અથવા વિચિત્ર પ્રશ્ન) લઈને આવ્યા, તેનો સાચો જવાબ તે જ સમયે અમે તમને આપી દીધો અને ઉત્તમ રીતે વાત સ્પષ્ટ કરી દીધી.

૩૪. જે લોકો ઊંધા મોઢે જહન્નમ (નર્ક) તરફ ધકેલવામાં આવવાના છે તેમનું ઠેકાણું ખૂબ જ ખરાબ છે અને તેમનો માર્ગ તદ્દન ખોટો. (રુકૂઅ-૩)

૩૫-૩૬. અમે મૂસાને ગ્રંથ આપ્યો અને તેના સાથે તેના ભાઈ હારૂનને સહાયકના રૂપે લગાવ્યો અને તેમને કહ્યું કે જાઓ, તે કોમ તરફ જેણે અમારી આયતોનો ઈન્કાર કરી દીધો છે. છેવટે તે લોકોને અમે નષ્ટ કરી મૂકયા.

૩૭. આ જ દશા નૂહની કોમની થઈ જ્યારે તેમણે રસૂલોને ખોટા ઠેરવ્યા. અમે તેમને ગરકાવ કરી દીધાં, અને તમામ દુનિયાવાળાઓ માટે એક બોધપ્રદ નિશાની બનાવી દીધા અને તે જાલિમો માટે અમે એક દુઃખદાયી યાતના તૈયાર કરી રાખી છે.

૩૮. આવી જ રીતે આદ અને સમૂદ અને અસ્હાબુર્-રસ્સ★અને દરમ્યાનના સૈકાઓના અનેક લોકો નષ્ટ કરી દેવામાં આવ્યા.

૩૯. આમાંના દરેકને અમે (અગાઉ નાશ પામનારા લોકોના) દૃષ્ટાંતો આપી-આપીને સમજાવ્યા અને છેવટે દરેકને નષ્ટ કરી દીધા.

૪૦. અને તે વસ્તીમાંથી તો આ લોકો પસાર થઈ ચૂકેલા જ છે જેના ઉપર સૌથી ખરાબ વરસાદ વરસાવવામાં આવ્યો હતો. શું આ લોકોએ તેની દશા જોઈ નહીં હોય ? પરંતુ આ લોકો મૃત્યુ પછીના બીજા જીવનની આશા જ રાખતા નથી.

૪૧. આ લોકો જ્યારે તમને જુએ છે તો તમારી મજાક બનાવી લે છે. (કહે છે) ''શું આ માણસ છે જેને અલ્લાહે રસૂલ બનાવીને મોકલ્યો છે ?

૪૨. આણે તો અમને પથભ્રષ્ટ કરીને પોતાના ઉપાસ્યોથી વિમુખ જ કરી

★ 'રસ્સ'વાળાઓની કોમ અંગે વધુ કોઈ સંશોધન થયું નથી. વધુમાં વધુ એમ કહી શકાય કે આ એક એવી જાતિ હતી, જેણે પોતાના પયગંબરને કૂવામાં ફેંકીને કે પછી લટકાવીને મારી નાખ્યા હતા. 'રસ' અરબી ભાષામાં પુરાણા કૂવા અથવા ઘનઘોર કૂવાને કહે છે.

يَعْلَمُوْنَ حِيْنَ يَرَوْنَ الْعَذَابَ مَنْ اَضَلُّ سَبِيْلًا ﴿٤٢﴾
اَرَءَيْتَ مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰىهُ ؕ اَفَاَنْتَ تَكُوْنُ عَلَيْهِ
وَكِيْلًا ﴿٤٣﴾ اَمْ تَحْسَبُ اَنَّ اَكْثَرَهُمْ يَسْمَعُوْنَ اَوْ يَعْقِلُوْنَ ؕ
اِنْ هُمْ اِلَّا كَالْاَنْعَامِ بَلْ هُمْ اَضَلُّ سَبِيْلًا ﴿٤٤﴾ اَلَمْ تَرَ ع
اِلٰى رَبِّكَ كَيْفَ مَدَّ الظِّلَّ ۚ وَلَوْ شَآءَ لَجَعَلَهٗ سَاكِنًا ۚ
ثُمَّ جَعَلْنَا الشَّمْسَ عَلَيْهِ دَلِيْلًا ﴿٤٥﴾ ثُمَّ قَبَضْنٰهُ اِلَيْنَا
قَبْضًا يَّسِيْرًا ﴿٤٦﴾ وَهُوَ الَّذِيْ جَعَلَ لَكُمُ الَّيْلَ لِبَاسًا
وَّالنَّوْمَ سُبَاتًا وَّجَعَلَ النَّهَارَ نُشُوْرًا ﴿٤٧﴾ وَهُوَ الَّذِيْٓ
اَرْسَلَ الرِّيٰحَ بُشْرًا ۢ بَيْنَ يَدَيْ رَحْمَتِهٖ ۚ وَاَنْزَلْنَا مِنَ
السَّمَآءِ مَآءً طَهُوْرًا ﴿٤٨﴾ لِّنُحْیِۦَ بِهٖ بَلْدَةً مَّيْتًا وَّنُسْقِيَهٗ
مِمَّا خَلَقْنَآ اَنْعَامًا وَّاَنَاسِيَّ كَثِيْرًا ﴿٤٩﴾ وَلَقَدْ صَرَّفْنٰهُ
بَيْنَهُمْ لِيَذَّكَّرُوْا ۖ فَاَبٰٓى اَكْثَرُ النَّاسِ اِلَّا كُفُوْرًا ﴿٥٠﴾ وَلَوْ
شِئْنَا لَبَعَثْنَا فِيْ كُلِّ قَرْيَةٍ نَّذِيْرًا ﴿٥١﴾ فَلَا تُطِعِ الْكٰفِرِيْنَ
وَجَاهِدْهُمْ بِهٖ جِهَادًا كَبِيْرًا ﴿٥٢﴾ وَهُوَ الَّذِيْ مَرَجَ الْبَحْرَيْنِ
هٰذَا عَذْبٌ فُرَاتٌ وَّهٰذَا مِلْحٌ اُجَاجٌ ۚ وَجَعَلَ بَيْنَهُمَا
بَرْزَخًا وَّحِجْرًا مَّحْجُوْرًا ﴿٥٣﴾ وَهُوَ الَّذِيْ خَلَقَ مِنَ الْمَآءِ
بَشَرًا فَجَعَلَهٗ نَسَبًا وَّصِهْرًا ؕ وَكَانَ رَبُّكَ قَدِيْرًا ﴿٥٤﴾ وَ
يَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَنْفَعُهُمْ وَلَا يَضُرُّهُمْ ؕ وَكَانَ
الْكَافِرُ عَلٰى رَبِّهٖ ظَهِيْرًا ﴿٥٥﴾ وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا مُبَشِّرًا وَّ منزل ٤

નાખ્યા હોત જો અમે તેમની શ્રદ્ધા પર મક્કમ ન રહ્યા હોત.'' ભલે, તે સમય દૂર નથી જ્યારે યાતના જોઈને આ લોકોને આપોઆપ જણાઈ જશે કે કોણ પથભ્રષ્ટતામાં દૂર નીકળી ગયા હતા.

૪૩. ક્યારેય તમે તે માણસની હાલત પર વિચાર કર્યો છે જેણે પોતાની મનેચ્છાને પોતાનો ઉપાસ્ય બનાવી લીધો હોય ? શું તમે આવા માણસને સન્માર્ગ ઉપર લાવવાની જવાબદારી લઈ શકો છો ?

૪૪. શું તમે સમજો છો કે આમાંના મોટા ભાગના લોકો સાંભળે અને સમજે છે? આ તો પશુઓ જેવા છે, બલ્કે તેમનાથી પણ બદતર. (રુકૂઅ-૪)

૪૫. તમે જોયું નહીં કે તમારો રબ કેવી રીતે પડછાયો ફેલાવી દે છે? જો તે ચાહતો તો તેને સ્થાયી પડછાયો બનાવી દેતો. અમે સૂર્યને તેના ઉપર દલીલ બનાવ્યો,

૪૬. પછી (જેમ-જેમ સૂર્ય ઊંચે ચઢતો જાય છે) અમે તે પડછાયાને ધીમે-ધીમે પોતાના તરફ સંકેલતા જઈએ છીએ.

૪૭. અને તે અલ્લાહ જ છે જેણે રાત્રિને તમારા માટે પોશાક, અને ઊંઘને મૃત્યુની શાંતિ અને દિવસને જીવંત થઈ ઊઠવાનો સમય બનાવ્યો.

૪૮. અને તે જ છે જે પોતાની રહમત (કૃપા)ના આગળ-આગળ હવાઓને ખુશખબર બનાવીને મોકલે છે, પછી આકાશમાંથી સ્વચ્છ પાણી ઉતારે છે

૪૯. જેથી એક મૃત પ્રદેશને તેના દ્વારા જીવન પ્રદાન કરે અને પોતાના સર્જનોમાંથી ઘણાં પશુઓ અને મનુષ્યોને સંતૃપ્ત કરે.

૫૦. આ ચમત્કાર અમે વારંવાર તેમના સામે લાવીએ છીએ જેથી તેઓ કોઈ બોધપાઠ લે, પરંતુ મોટા ભાગના લોકો ઇન્કાર અને અપકાર સિવાય કોઈ બીજો માર્ગ અપનાવવાનો ઇન્કાર કરી દે છે.

૫૧. જો અમે ચાહતા તો એક-એક વસ્તીમાં એક-એક ચેતવણી આપનાર ઉઠાવતા.

૫૨. તો હે નબી ! કાફિરો (ઇન્કાર કરનારાઓ)ની વાત કદાપિ ન માનો અને આ કુર્આનને લઈને તેમના સાથે પ્રબળ અને ભારે સંઘર્ષ (જિહાદ) કરો.

૫૩. અને તે જ છે જેણે બે સમુદ્રોને જોડી રાખ્યા છે, એક સ્વાદિષ્ટ અને મીઠો, બીજો કડવો અને ખારો અને બંનેના વચ્ચે એક આવરણ છે. એક રૂકાવટ છે જેણે બંનેને એક-બીજામાં ભળી જતા અટકાવી રાખ્યા છે.

૫૪. અને તે જ છે જેણે પાણીમાંથી એક મનુષ્ય પેદા કર્યો, પછી તેનાથી વંશ અને સ્વસુર પક્ષના બે અલગ સિલસિલા ચલાવ્યા. તારો રબ અત્યંત પ્રભુત્વશાળી છે.

૫૫. તે ખુદાને છોડીને લોકો તેમને પૂજી રહ્યા છે જેઓ ન તેમને ફાયદો પહોંચાડી શકે છે ન નુકસાન, અને ઉપરથી વધુમાં એ પણ કે ઇન્કાર કરનાર પોતાના રબ સમક્ષ દરેક વિદ્રોહીનો મદદગાર બનેલો છે.

૫૬. હે નબી ! તમને તો અમે માત્ર એક ખુશખબર આપનાર અને ચેતવણી

تَذِيْرًا ﴿٥٦﴾ قُلْ مَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ اِلَّا مَنْ شَآءَ
اَنْ يَّتَّخِذَ اِلٰى رَبِّهٖ سَبِيْلًا ﴿٥٧﴾ وَتَوَكَّلْ عَلَى الْحَيِّ الَّذِيْ
لَا يَمُوْتُ وَسَبِّحْ بِحَمْدِهٖ ۭ وَكَفٰى بِهٖ بِذُنُوْبِ عِبَادِهٖ خَبِيْرًا ﴿٥٨﴾
الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا فِيْ سِتَّةِ
اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ ۚ اَلرَّحْمٰنُ فَسْـَٔلْ بِهٖ
خَبِيْرًا ﴿٥٩﴾ وَاِذَا قِيْلَ لَهُمُ اسْجُدُوْا لِلرَّحْمٰنِ قَالُوْا وَمَا
الرَّحْمٰنُ ۗ اَنَسْجُدُ لِمَا تَاْمُرُنَا وَزَادَهُمْ نُفُوْرًا ﴿٦٠﴾ السجدة تَبٰرَكَ
الَّذِيْ جَعَلَ فِي السَّمَآءِ بُرُوْجًا وَّجَعَلَ فِيْهَا سِرٰجًا وَّ
قَمَرًا مُّنِيْرًا ﴿٦١﴾ وَهُوَ الَّذِيْ جَعَلَ الَّيْلَ وَالنَّهَارَ خِلْفَةً
لِّمَنْ اَرَادَ اَنْ يَّذَّكَّرَ اَوْ اَرَادَ شُكُوْرًا ﴿٦٢﴾ وَعِبَادُ الرَّحْمٰنِ
الَّذِيْنَ يَمْشُوْنَ عَلَى الْاَرْضِ هَوْنًا وَّاِذَا خَاطَبَهُمُ
الْجٰهِلُوْنَ قَالُوْا سَلٰمًا ﴿٦٣﴾ وَالَّذِيْنَ يَبِيْتُوْنَ لِرَبِّهِمْ
سُجَّدًا وَّقِيَامًا ﴿٦٤﴾ وَالَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَا اصْرِفْ عَنَّا
عَذَابَ جَهَنَّمَ ۖ اِنَّ عَذَابَهَا كَانَ غَرَامًا ﴿٦٥﴾ اِنَّهَا سَآءَتْ
مُسْتَقَرًّا وَّمُقَامًا ﴿٦٦﴾ وَالَّذِيْنَ اِذَآ اَنْفَقُوْا لَمْ يُسْرِفُوْا
وَلَمْ يَقْتُرُوْا وَكَانَ بَيْنَ ذٰلِكَ قَوَامًا ﴿٦٧﴾ وَالَّذِيْنَ لَا
يَدْعُوْنَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ وَلَا يَقْتُلُوْنَ النَّفْسَ الَّتِيْ
حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ وَلَا يَزْنُوْنَ ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ يَلْقَ
اَثَامًا ﴿٦٨﴾ يُّضٰعَفْ لَهُ الْعَذَابُ يَوْمَ الْقِيٰمَةِ وَيَخْلُدْ

معٰ عند المتقدمین ١٢
ع ٥ ١٤ ٣
السجدة ٧
منزل ٤

આપનાર બનાવીને મોકલ્યા છે.

૫૭. આ લોકોને કહી દો કે "હું આ કામ માટે તમારા પાસે કોઈ મહેનતાણું નથી માગતો, મારું મહેનતાણું કેવળ એ જ છે કે જેની ઈચ્છા થાય તે પોતાના રબ (પ્રભુ)નો માર્ગ અપનાવી લે."

૫૮. હે નબી ! તે ખુદા પર ભરોસો રાખો, જે જીવંત છે અને કદાપિ મૃત્યુ પામનાર નથી. તેની પ્રશંસા સાથે તેની તસ્બીહ (પવિત્રતાનો જાપ) કરો. પોતાના બંદાઓના ગુનાઓથી માત્ર તેનું જ વાકેફ હોવું પૂરતું છે.

૫૯. તે, જેણે છ દિવસમાં આકાશો અને ધરતીને અને તે સમગ્ર વસ્તુઓને બનાવીને મૂકી દીધી જે આકાશ અને ધરતીના વચ્ચે છે, પછી સ્વયં અર્શ (રાજ-સિંહાસન) ઉપર બિરાજમાન થયો. રહમાન (અત્યંત કરૂણામય), તેની મહિમા, બસ કોઈ જાણકારને પૂછો.

૬૦. આ લોકોને જયારે કહેવામાં આવે છે કે આ રહમાનને સિજદો કરો તો કહે છે, "રહમાન શું છે ? શું તું જેને કહે, બસ તેને જ અમે સિજદો કરતા ફરીએ ?" આ સંદેશ તેમની ધૃણામાં ઊલ્ટાનો વધારો કરી દે છે. (રુકૂઅ-૫)

૬૧. ઘણો બરકતવાળો છે તે જેણે આકાશમાં બુરજ બનાવ્યા અને તેમાં એક દીપક અને એક ચમકતો ચંદ્ર પ્રકાશિત કર્યો.

૬૨. તે જ છે જેણે રાત અને દિવસને એકબીજાના અનુગામી બનાવ્યા; તે દરેક માણસ માટે જે બોધ ગ્રહણ કરવા ચાહે, અથવા કૃતજ્ઞ બનવા ચાહે.

૬૩. (રહમાન) અત્યંત કરુણામય અલ્લાહના (સાચા) બંદા તેઓ છે જેઓ ધરતી ઉપર નમ્રતાપૂર્વક ચાલે છે અને જાહિલ (અજ્ઞાની) તેમના મોઢે લાગે તો કહી દે છે કે તમને સલામ.

૬૪. જેઓ પોતાના રબ (પ્રભુ)ના આગળ સિજદામાં અને કયામમાં (ઊભા રહીને) રાત્રિઓ પસાર કરે છે.

૬૫. જેઓ દુઆઓ કરે છે કે "હે અમારા રબ ! જહન્નમ (નર્ક)ની યાતનામાંથી અમને બચાવી લે, તેની યાતના તો ચોંટીને રહેનારી છે,

૬૬. તે તો ઘણું જ ખરાબ ઠેકાણું અને જગ્યા છે."

૬૭. જેઓ ખર્ચ કરે છે તો ન ફિઝુલ (વ્યર્થ) ખર્ચ કરે છે ન કંજૂસી, બલ્કે તેમનો ખર્ચ બંને સીમાઓ વચ્ચે સંતુલન ઉપર સ્થિર હોય છે.

૬૮. જેઓ અલ્લાહ સિવાય કોઈ બીજા ઉપાસ્યને પોકારતા નથી, અલ્લાહે હરામ (અવૈધ) ઠરાવેલા કોઈ જીવને નાહક કતલ કરતા નથી અને ન વ્યભિચાર કરે છે.—આ કામ જે કોઈ કરે તે પોતાના ગુનાનો બદલો મેળવશે,

૬૯. કયામત (પુનર્જીવન)ના દિવસે તેને અવિરત યાતના આપવામાં આવશે અને તેમાં જ તે સદૈવ અપમાનિત દશામાં પડ્યો રહેશે.

فِيْهٖ مُهَانًا ﴿٦٩﴾ اِلَّا مَنْ تَابَ وَاٰمَنَ وَعَمِلَ عَمَلًا صَالِحًا
فَاُولٰٓئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمْ حَسَنٰتٍ ؕ وَكَانَ اللّٰهُ
غَفُوْرًا رَّحِيْمًا ﴿٧٠﴾ وَمَنْ تَابَ وَعَمِلَ صَالِحًا فَاِنَّهٗ يَتُوْبُ
اِلَى اللّٰهِ مَتَابًا ﴿٧١﴾ وَالَّذِيْنَ لَا يَشْهَدُوْنَ الزُّوْرَ ۙ وَاِذَا مَرُّوْا
بِاللَّغْوِ مَرُّوْا كِرَامًا ﴿٧٢﴾ وَالَّذِيْنَ اِذَا ذُكِّرُوْا بِاٰيٰتِ رَبِّهِمْ
لَمْ يَخِرُّوْا عَلَيْهَا صُمًّا وَّعُمْيَانًا ﴿٧٣﴾ وَالَّذِيْنَ يَقُوْلُوْنَ
رَبَّنَا هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ وَّ
اجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا ﴿٧٤﴾ اُولٰٓئِكَ يُجْزَوْنَ الْغُرْفَةَ
بِمَا صَبَرُوْا وَيُلَقَّوْنَ فِيْهَا تَحِيَّةً وَّسَلٰمًا ﴿٧٥﴾ لا خٰلِدِيْنَ
فِيْهَا ؕ حَسُنَتْ مُسْتَقَرًّا وَّمُقَامًا ﴿٧٦﴾ قُلْ مَا يَعْبَؤُا بِكُمْ رَبِّيْ
لَوْلَا دُعَآؤُكُمْ ۚ فَقَدْ كَذَّبْتُمْ فَسَوْفَ يَكُوْنُ لِزَامًا ﴿٧٧﴾

منزل ٤ ع

૭૦. સિવાય કે કોઈએ (આ ગુના કર્યા પછી) તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) કરી લીધી હોય અને ઈમાન લાવીને સદ્કાર્ય કરવા લાગ્યો હોય, આવા લોકોની બૂરાઈઓને અલ્લાહ ભલાઈઓથી બદલી નાખશે. અને તે મોટો ક્ષમાશીલ અને દયાળુ છે.

૭૧. જે વ્યક્તિ તૌબા કરીને સદ્કાર્યો કરે છે તે તો અલ્લાહ તરફ પાછો ફરે છે જેવી રીતે પાછા ફરવાનો હક છે –

૭૨. (અને રહમાનના બંદા તેઓ છે) જેઓ જૂઠના સાક્ષી બનતા નથી અને કોઈ બેહૂદી કે વ્યર્થ વસ્તુ પાસેથી તેઓને પસાર થવાનું હોય તો સજ્જનોની જેમ પસાર થઈ જાય છે.

૭૩. જેમને જો તેમના રબની આયતો સંભળાવીને શિખામણ આપવામાં આવે છે તો તેના ઉપર આંધળા અને બહેરા બની જતા નથી,

૭૪. જેઓ દુઆઓ માગ્યા કરે છે કે "હે અમારા રબ ! અમને પોતાની પત્નીઓ અને પોતાના સંતાનોથી આંખોની ઠંડક આપ અને અમને સંયમીઓના આગેવાન બનાવ." –

૭૫. આ છે તે લોકો જેઓ પોતાના સબ્ર (ધૈર્ય)નું ફળ ઉચ્ચ મંજિલના સ્વરૂપમાં મેળવશે, આદર અને અભિવાદન (સલામ) સાથે તેમનું સ્વાગત થશે.

૭૬. તેઓ હંમેશા-હંમેશા ત્યાં રહેશે. કેટલું સારું છે તે ઠેકાણું અને તે જગ્યા !

૭૭. હે નબી ! લોકોને કહો, "મારા રબ (પ્રભુ)ને તમારી શું જરૂરત પડી છે જો તમે તેને ન પોકારો. હવે જ્યારે કે તમે ઇન્કાર કરી દીધો છે, ટૂંકમાં જ એવી સજા પામશો કે તેનાથી જાન છોડાવવી અશક્ય હશે." (રુકૂઅ-૬)

(૨૬) અશ્-શુઅરા

પરિચય

નામ :

આયત-૨૨૪ ''વશ્-શુઅરાઉ યત્તબિઉહુમુલ્-ગાવૂન'' અર્થાત્ ''રહ્યા કવિઓ, તો તેમના પાછળ બહેકી ગયેલા લોકો જ ચાલતા હોય છે''થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

વિષય-વસ્તુ અને વર્ણનશૈલીથી એવું લાગે છે અને કથનો પણ તેનું સમર્થન કરે છે કે આ સૂરઃનો ઉતરાણકાળ મક્કાનો મધ્યકાળ છે.

વિષય :

પ્રવચનની પશ્ચાદ્દભૂમિ એ છે કે મક્કાના વિધર્મીઓ નબી (સલ્લ.)ના પ્રચાર અને ઉપદેશનો સામનો લગાતાર વિરોધ અને ઇન્કારથી કરી રહ્યા હતા અને આ માટે જાત-જાતના બહાના બનાવતા રહેતા હતા. નબી (સલ્લ.) આ લોકોને ઉચિત દલીલો સાથે એમની ધારણાઓની ભૂલ તથા તૌહીદ (એકેશ્વરવાદ) અને આખિરત (પરલોક)ની સચ્ચાઈ સમજાવવાનો પ્રયાસ કરતાં-કરતાં થાકી જતા હતા, પરંતુ તેઓ હઠાગ્રહના નિત-નવા રૂપ અપનાવતા નહોતા થાકતા. આ જ વસ્તુ વ્હાલા નબી (સલ્લ.) માટે સંતાપજનક બની ગઈ હતી અને આ પીડા અને વેદનામાં આપનો જીવ કપાઈ રહ્યો હતો. આ સંજોગોમાં આ સૂરઃનું અવતરણ થયું.

ચર્ચાની શરૂઆત એ રીતે થાય છે કે તમે આમની પાછળ પોતાનો જીવ શા માટે બાળો છો ? આમના ઈમાન ન લાવવાનું કારણ એ નથી કે તેમણે કોઈ નિશાની નથી જોઈ, બલ્કે તેનું કારણ એ છે કે આ લોકો હઠધર્મી છે, સમજાવવાથી માનવા નથી ઇચ્છતા.

આ પૂર્વભૂમિકા પછી આયત ૧૯૧ સુધી જે વિષય સળંગ વર્ણવવામાં આવ્યો છે તે એ છે કે સત્યવાંચ્છુઓ માટે તો અલ્લાહની ધરતી ઉપર દરેક બાજુ નિશાનીઓ-જ-નિશાનીઓ ફેલાયેલી છે, જેને જોઈને તેઓ સત્યને ઓળખી શકે છે. પરંતુ હઠધર્મીઓ ક્યારેય કોઈ વસ્તુ જોઈને પણ ઈમાન નથી લાવ્યા, ત્યાં સુધી કે અલ્લાહની આપત્તિએ આવીને તેમને ઝડપી લીધા છે. આ જ સંદર્ભમાં ઇતિહાસની સાત કોમોના અહેવાલો રજૂ કરવામાં આવ્યા છે, જેમણે તે જ હઠાધર્મીથી કામ લીધું જેનાથી મક્કાના કાફિરો (ઇન્કાર કરનારાઓ) કામ લઈ રહ્યા હતા અને આ ઐતિહાસિક વર્ણનના સંદર્ભમાં કેટલીક વાતો સમજાવવામાં આવી છે :

એક એ કે નિશાનીઓ બે પ્રકારની છે. એક પ્રકારની નિશાનીઓ તે છે જે અલ્લાહની ધરતી ઉપર ચારે બાજુ ફેલાયેલી છે, જેને જોઈને દરેક બુદ્ધિશાળી વ્યક્તિ તપાસ કરી શકે છે કે પયગંબર જે વસ્તુ તરફ બોલાવી રહ્યો છે તે સત્ય છે કે નહીં. બીજા પ્રકારની નિશાનીઓ તે છે જે (તબાહ કરી નાખવામાં આવેલ કોમો)એ જોઈ. હવે એ નિર્ણય કરવો સ્વયં ઇન્કાર કરનારાઓનું પોતાનું કામ છે કે તેઓ કયા પ્રકારની નિશાની જોવા માગે છે.

બીજું એ કે દરેક જમાનામાં કાફિરો (ઇન્કાર કરનારાઓ)નું માનસ સમાન રહ્યું છે. એમની દલીલો એક જ પ્રકારની હતી, તેમના વાંધાઓ સરખા હતા અને છેવટે તેમનો અંત પણ સરખો જ આવ્યો. આનાથી વિપરીત દરેક જમાનામાં નબીઓનું શિક્ષણ એક હતું. પોતાના વિરોધીઓ સામે તેમની દલીલો અને તર્કની શૈલી પણ એક હતી અને આ બધાની સાથે અલ્લાહની કૃપાનો મામલો એક હતો. આ બંને નમૂનાઓ ઇતિહાસમાં મોજૂદ છે. વિધર્મીઓ પોતે જોઈ શકે છે કે તેમની પોતાની છબી કયા નમૂનાથી મળતી આવે છે.

ત્રીજી વાત જે વારંવાર દોહરાવવામાં આવી છે, તે એ છે કે અલ્લાહ પ્રભુત્વશાળી, સમર્થ અને શક્તિશાળી પણ છે અને દયાળુ પણ. હવે એ વાત લોકોએ પોતે જ નક્કી કરવી જોઈએ કે તેઓ પોતાને તેની કૃપાને પાત્ર બનાવવા માગે છે કે પ્રકોપના. આયત ૧૯૨ થી અંત સુધીમાં આ ચર્ચાનું સમાપન કરતાં કહેવામાં આવ્યું છે કે તમે લોકો જો નિશાનીઓ જ જોવા માગતા હોવ તો છેવટે તે ભયાનક નિશાનીઓ જોવાનો આગ્રહ શા માટે કરો છો જે નાશ પામેલી કોમોએ જોઈ છે. આ કુર્આનને જુઓ જે તમારી પોતાની ભાષામાં છે, હઝરત મુહમ્મદ (સલ્લ.)ને જુઓ, તેમના સાથીઓને જુઓ. શું આ વાણી કોઈ શેતાન કે જિન્નાતની વાણી હોઈ શકે છે ? શું આ વાણીને રજૂ કરનાર તમને જ્યોતિષ લાગે છે ? શું હઝરત મુહમ્મદ (સલ્લ.) અને એમના સાથીઓ તમને એવા જ દેખાય છે જેવા કવિઓ અને તેમના જેવા લોકો હોય છે ? (જો આવું નથી, જેમ કે તમારા પોતાના હૃદયો સાક્ષી આપી રહ્યા હશે) તો પછી એ પણ જાણી લો કે તમે જુલ્મ કરી રહ્યા છો અને જાલિમો જેવો જ અંજામ જોઈને રહેશો.

اٰيَاتُهَا ٢٢٧ (٢٦) سُوْرَةُ الشُّعَرَآءِ مَكِّيَّةٌ (٤٧) رُكُوْعَاتُهَا ١١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

المنزل الخامس (٥)

طٰسٓمّٓ ۝١ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْمُبِيْنِ ۝٢ لَعَلَّكَ بَاخِعٌ
نَّفْسَكَ اَلَّا يَكُوْنُوْا مُؤْمِنِيْنَ ۝٣ اِنْ نَّشَاْ نُنَزِّلْ عَلَيْهِمْ
مِّنَ السَّمَآءِ اٰيَةً فَظَلَّتْ اَعْنَاقُهُمْ لَهَا خٰضِعِيْنَ ۝٤
وَمَا يَاْتِيْهِمْ مِّنْ ذِكْرٍ مِّنَ الرَّحْمٰنِ مُحْدَثٍ اِلَّا كَانُوْا عَنْهُ
مُعْرِضِيْنَ ۝٥ فَقَدْ كَذَّبُوْا فَسَيَاْتِيْهِمْ اَنْۢبٰٓؤُا مَا كَانُوْا بِهٖ
يَسْتَهْزِءُوْنَ ۝٦ اَوَلَمْ يَرَوْا اِلَى الْاَرْضِ كَمْ اَنْۢبَتْنَا
فِيْهَا مِنْ كُلِّ زَوْجٍ كَرِيْمٍ ۝٧ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً ؕ وَمَا
كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ۝٨ وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ
ع ٩/٥ الرَّحِيْمُ ۝٩ وَاِذْ نَادٰى رَبُّكَ مُوْسٰۤى اَنِ ائْتِ الْقَوْمَ
الظّٰلِمِيْنَ ۝١٠ قَوْمَ فِرْعَوْنَ ؕ اَلَا يَتَّقُوْنَ ۝١١ قَالَ رَبِّ
اِنِّيْۤ اَخَافُ اَنْ يُّكَذِّبُوْنِ ۝١٢ وَيَضِيْقُ صَدْرِيْ وَلَا
يَنْطَلِقُ لِسَانِيْ فَاَرْسِلْ اِلٰى هٰرُوْنَ ۝١٣ وَلَهُمْ عَلَيَّ
ذَنْۢبٌ فَاَخَافُ اَنْ يَّقْتُلُوْنِ ۝١٤ قَالَ كَلَّا ۚ فَاذْهَبَا
بِاٰيٰتِنَاۤ اِنَّا مَعَكُمْ مُّسْتَمِعُوْنَ ۝١٥ فَاْتِيَا فِرْعَوْنَ فَقُوْلَاۤ
اِنَّا رَسُوْلُ رَبِّ الْعٰلَمِيْنَ ۝١٦ اَنْ اَرْسِلْ مَعَنَا بَنِيْۤ
اِسْرَآءِيْلَ ۝١٧ قَالَ اَلَمْ نُرَبِّكَ فِيْنَا وَلِيْدًا وَّلَبِثْتَ
فِيْنَا مِنْ عُمُرِكَ سِنِيْنَ ۝١٨ وَفَعَلْتَ فَعْلَتَكَ الَّتِيْ

(૨૬) સૂરઃ અશ્-શૂઅ્‌રા

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧૧ • આયતો : ૨૨૭)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. તા-સીન-મીમ !
૨. આ સ્પષ્ટ ગ્રંથની આયતો છે.
૩. હે નબી ! કદાચ તમે આ પીડામાં પોતાના પ્રાણ ગુમાવી બેસશો કે આ લોકો ઈમાન લાવતા નથી.
૪. અમે ચાહીએ તો આકાશમાંથી એવી નિશાની ઊતારી શકીએ છીએ કે આમની ગરદનો તેના સામે ઝૂકી જાય.
૫. આ લોકો પાસે રહમાન (અત્યંત કરૂણામય અલ્લાહ) તરફથી જે કોઈ નવી શિખામણ આવે છે તેનાથી તેઓ મોઢું ફેરવી લે છે.
૬. હવે જ્યારે કે આ ખોટું ઠેરવી ચૂક્યા છે, ટૂંકમાં જ આમને તે વસ્તુની સત્યતા (વિવિધ રીતે) જણાઈ જશે જેની આ લોકો મજાક ઉડાવી રહ્યા છે.
૭. અને શું તેમણે ક્યારેય ધરતી ઉપર નજર નથી નાખી કે અમે કેટલા પુષ્કળ પ્રમાણમાં દરેક પ્રકારની ઉત્તમ વનસ્પતિ તેમાં પેદા કરી છે ?
૮. નિઃશંક આમાં એક નિશાની છે, પરંતુ આમાંના મોટા ભાગના માનવાના નથી.
૯. અને હકીકત એ છે કે તારો રબ (પ્રભુ) પ્રભુત્વશાળી પણ છે અને દયાળુ પણ. (રુકૂઅ-૧)
૧૦. આ લોકોને તે વખતનો પ્રસંગ સંભળાવો જ્યારે તમારા રબે મૂસાને પોકાર્યો, ''અત્યાચારી કોમના પાસે જા –
૧૧. ફિરઔનની કોમ પાસે – શું તેઓ ડરતા નથી ?''
૧૨. તેણે કહ્યું, ''હે મારા રબ! મને ડર છે કે તેઓ મને ખોટો ઠેરવી દેશે.
૧૩. મારી છાતી સંકોચાય છે (હિંમત પડતી નથી) અને મારી જીભ ઊપડતી નથી. આપ હારૂનના તરફ પયગંબરી મોકલો.
૧૪. અને મારા પર તેમને ત્યાં એક ગુનાનો આરોપ પણ છે, તેથી હું ડરું છું કે તેઓ મને મારી નાખશે.''
૧૫. ફરમાવ્યું, ''કદાપિ નહીં, તમે બંને જાઓ અમારી નિશાનીઓ લઈને, અમે તમારા સાથે બધું જ સાંભળતા રહીશું.
૧૬. ફિરઔન પાસે જાઓ અને તેને કહો, અમને દુનિયાના માલિકે એટલા માટે મોકલ્યા છે
૧૭. કે તું બની ઈસરાઈલ (ઈસરાઈલના સંતાનો)ને અમારા સાથે જવા દે.''
૧૮. ફિરઔને કહ્યું, ''શું અમે તને અમારા પાસે બાળકની જેમ ઉછેર્યો ન હતો ? તેં પોતાના આયુષ્યના ઘણાં વર્ષ અમારા પાસે વિતાવ્યા,

فَعَلْتَ وَاَنْتَ مِنَ الْكٰفِرِيْنَ ﴿١٩﴾ قَالَ فَعَلْتُهَآ اِذًا وَّاَنَا
مِنَ الضَّآلِّيْنَ ﴿٢٠﴾ؕ فَفَرَرْتُ مِنْكُمْ لَمَّا خِفْتُكُمْ فَوَهَبَ
لِيْ رَبِّيْ حُكْمًا وَّجَعَلَنِيْ مِنَ الْمُرْسَلِيْنَ ﴿٢١﴾ وَتِلْكَ
نِعْمَةٌ تَمُنُّهَا عَلَيَّ اَنْ عَبَّدْتَّ بَنِيْٓ اِسْرَآءِيْلَ ﴿٢٢﴾ؕ قَالَ
فِرْعَوْنُ وَمَا رَبُّ الْعٰلَمِيْنَ ﴿٢٣﴾ؕ قَالَ رَبُّ السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ؕ اِنْ كُنْتُمْ مُّوْقِنِيْنَ ﴿٢٤﴾ قَالَ لِمَنْ
حَوْلَهٗٓ اَلَا تَسْتَمِعُوْنَ ﴿٢٥﴾ قَالَ رَبُّكُمْ وَرَبُّ اٰبَآئِكُمُ
الْاَوَّلِيْنَ ﴿٢٦﴾ قَالَ اِنَّ رَسُوْلَكُمُ الَّذِيْٓ اُرْسِلَ اِلَيْكُمْ
لَمَجْنُوْنٌ ﴿٢٧﴾ قَالَ رَبُّ الْمَشْرِقِ وَالْمَغْرِبِ وَمَا بَيْنَهُمَا ؕ
اِنْ كُنْتُمْ تَعْقِلُوْنَ ﴿٢٨﴾ قَالَ لَئِنِ اتَّخَذْتَ اِلٰهًا غَيْرِيْ
لَاَجْعَلَنَّكَ مِنَ الْمَسْجُوْنِيْنَ ﴿٢٩﴾ قَالَ اَوَلَوْ جِئْتُكَ بِشَيْءٍ
مُّبِيْنٍ ﴿٣٠﴾ۚ قَالَ فَاْتِ بِهٖٓ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿٣١﴾
فَاَلْقٰى عَصَاهُ فَاِذَا هِيَ ثُعْبَانٌ مُّبِيْنٌ ﴿٣٢﴾ۚۖ وَّنَزَعَ يَدَهٗ
فَاِذَا هِيَ بَيْضَآءُ لِلنّٰظِرِيْنَ ﴿٣٣﴾ؑ قَالَ لِلْمَلَاِ حَوْلَهٗٓ اِنَّ
هٰذَا لَسٰحِرٌ عَلِيْمٌ ﴿٣٤﴾ۙ يُّرِيْدُ اَنْ يُّخْرِجَكُمْ مِّنْ اَرْضِكُمْ
بِسِحْرِهٖ ۖۗ فَمَاذَا تَاْمُرُوْنَ ﴿٣٥﴾ قَالُوْٓا اَرْجِهْ وَاَخَاهُ وَابْعَثْ
فِي الْمَدَآئِنِ حٰشِرِيْنَ ﴿٣٦﴾ۙ يَاْتُوْكَ بِكُلِّ سَحَّارٍ عَلِيْمٍ ﴿٣٧﴾
فَجُمِعَ السَّحَرَةُ لِمِيْقَاتِ يَوْمٍ مَّعْلُوْمٍ ﴿٣٨﴾ۙ وَّقِيْلَ
لِلنَّاسِ هَلْ اَنْتُمْ مُّجْتَمِعُوْنَ ﴿٣٩﴾ۙ لَعَلَّنَا نَتَّبِعُ السَّحَرَةَ

૧૯. અને તે પછી કરી બેઠો, જે કંઈ કર્યું. તું ભારે અપકારી માણસ છે."
૨૦. મૂસાએ ઉત્તર દીધો, "તે વખતે તે કૃત્ય મેં અજાણતાં કરી નાખ્યું હતું.
૨૧. પછી હું તમારા ડરથી ભાગી ગયો. તે પછી મારા રબે મને નિર્ણય-શક્તિ પ્રદાન કરી અને મને રસૂલો (ઈશદૂતો)માં સામેલ કરી લીધો.
૨૨. રહ્યો તારો ઉપકાર, જે તેં મારા સામે દર્શાવ્યો છે તો તેની હકીકત એ છે કે તેં બની ઈસરાઈલને ગુલામ બનાવી લીધા હતા.
૨૩. ફિરઔને કહ્યું, "અને આ 'રબ્બુલ્ આલમીન' (સમગ્ર સૃષ્ટિનો માલિક અને પાલનહાર) શું હોય છે ?"
૨૪. મૂસાએ જવાબ આપ્યો, "આકાશો અને ધરતીનો રબ અને તે બધી વસ્તુઓનો રબ જે આકાશો અને ધરતીના વચ્ચે છે, જો તમે વિશ્વાસ લાવનારા હોવ."
૨૫. ફિરઔને પોતાની આસપાસના લોકોને કહ્યું, "સાંભળો છો ?"
૨૬. મૂસાએ કહ્યું, "તમારો રબ પણ અને તમારા તે પૂર્વજોનો રબ પણ, જેઓ અગાઉ થઈ ચૂક્યા છે."
૨૭. ફિરઔને (હાજર રહેલાઓને) કહ્યું, "તમારા આ રસૂલ સાહેબ, જે તમારા તરફ મોકલવામાં આવ્યા છે, તદ્દન પાગલ જ જણાય છે."
૨૮. મૂસાએ કહ્યું, "પૂર્વ અને પશ્ચિમ અને જે કંઈ તેમના વચ્ચે છે, તે સૌનો રબ, જો તમે કંઈ અક્કલ ધરાવતા હોવ."
૨૯. ફિરઔને કહ્યું, "જો તેં મારા સિવાય કોઈ બીજાને ઉપાસ્ય માન્યો તો તને પણ તે લોકોમાં સામેલ કરી દઈશ જેઓ જેલોમાં પડીને સડી રહ્યા છે."
૩૦. મૂસાએ કહ્યું, "જો હું તારા સામે એક સ્પષ્ટ વસ્તુ લઈ આવું તો પણ?"
૩૧. ફિરઔને કહ્યું, "સારું તો લઈ આવ, જો તું સાચો છે."
૩૨. (તેના મોઢેથી આ વાત નીકળતાં જ) મૂસાએ પોતાની લાઠી ફેંકી અને જોત-જોતામાં તે એક પ્રત્યક્ષ અજગર હતો.
૩૩. પછી તેણે પોતાનો હાથ (બગલમાંથી) કાઢ્યો અને તે સૌ જોવાવાળાઓની સામે ચળકી રહ્યો હતો. (રુકૂઅ-૨)
૩૪. ફિરઔને તેના આસપાસના સરદારોને કહ્યું, "આ માણસ ચોક્કસ એક પ્રવીણ જાદૂગર છે.
૩૫. ઈચ્છે છે કે પોતાના જાદૂની તાકાતથી તમને તમારા દેશમાંથી કાઢી મૂકે. હવે બતાવો, તમે શું આદેશ આપો છો ?"
૩૬. તેમણે કહ્યું, "આને અને એના ભાઈને રોકી રાખો અને નગરોમાં સંદેશવાહકો મોકલી દો
૩૭. કે દરેક હોંશિયાર જાદૂગરને તમારા પાસે લઈ આવે."
૩૮. આમ, એક દિવસ નક્કી કરેલા સમયે જાદૂગરોને એકત્ર કરી દેવામાં આવ્યા
૩૯. અને લોકોને કહેવામાં આવ્યું, "તમે જન-સભામાં આવશો ?

اِنْ كَانُوْا هُمُ الْغٰلِبِيْنَ ﴿۴۰﴾ فَلَمَّا جَآءَ السَّحَرَةُ قَالُوْا
لِفِرْعَوْنَ اَئِنَّ لَنَا لَاَجْرًا اِنْ كُنَّا نَحْنُ الْغٰلِبِيْنَ ﴿۴۱﴾
قَالَ نَعَمْ وَاِنَّكُمْ اِذًا لَّمِنَ الْمُقَرَّبِيْنَ ﴿۴۲﴾ قَالَ لَهُمْ مُّوْسٰٓى
اَلْقُوْا مَآ اَنْتُمْ مُّلْقُوْنَ ﴿۴۳﴾ فَاَلْقَوْا حِبَالَهُمْ وَعِصِيَّهُمْ
وَقَالُوْا بِعِزَّةِ فِرْعَوْنَ اِنَّا لَنَحْنُ الْغٰلِبُوْنَ ﴿۴۴﴾ فَاَلْقٰى
مُوْسٰى عَصَاهُ فَاِذَا هِىَ تَلْقَفُ مَا يَاْفِكُوْنَ ۚ﴿۴۵﴾ فَاُلْقِىَ
السَّحَرَةُ سٰجِدِيْنَ ۙ﴿۴۶﴾ قَالُوْٓا اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِيْنَ ۙ﴿۴۷﴾
رَبِّ مُوْسٰى وَهٰرُوْنَ ﴿۴۸﴾ قَالَ اٰمَنْتُمْ لَهٗ قَبْلَ اَنْ
اٰذَنَ لَكُمْ ۚ اِنَّهٗ لَكَبِيْرُكُمُ الَّذِىْ عَلَّمَكُمُ السِّحْرَ ۚ
فَلَسَوْفَ تَعْلَمُوْنَ ؕ لَاُقَطِّعَنَّ اَيْدِيَكُمْ وَاَرْجُلَكُمْ مِّنْ
خِلَافٍ وَّلَاُوصَلِّبَنَّكُمْ اَجْمَعِيْنَ ۚ﴿۴۹﴾ قَالُوْا لَا ضَيْرَ ۫
اِنَّآ اِلٰى رَبِّنَا مُنْقَلِبُوْنَ ۚ﴿۵۰﴾ اِنَّا نَطْمَعُ اَنْ يَّغْفِرَ لَنَا
ع ۳ ۱۸ ۷ رَبُّنَا خَطٰيٰنَآ اَنْ كُنَّآ اَوَّلَ الْمُؤْمِنِيْنَ ۫﴿۵۱﴾ وَاَوْحَيْنَآ
اِلٰى مُوْسٰٓى اَنْ اَسْرِ بِعِبَادِىْٓ اِنَّكُمْ مُّتَّبَعُوْنَ ﴿۵۲﴾
فَاَرْسَلَ فِرْعَوْنُ فِى الْمَدَآئِنِ حٰشِرِيْنَ ۚ﴿۵۳﴾ اِنَّ هٰٓؤُلَآءِ
لَشِرْذِمَةٌ قَلِيْلُوْنَ ۙ﴿۵۴﴾ وَاِنَّهُمْ لَنَا لَغَآئِظُوْنَ ۙ﴿۵۵﴾ وَ
اِنَّا لَجَمِيْعٌ حٰذِرُوْنَ ؕ﴿۵۶﴾ فَاَخْرَجْنٰهُمْ مِّنْ جَنّٰتٍ وَّ
عُيُوْنٍ ۙ﴿۵۷﴾ وَّكُنُوْزٍ وَّمَقَامٍ كَرِيْمٍ ۙ﴿۵۸﴾ كَذٰلِكَ ؕ وَ
منزل ۵ اَوْرَثْنٰهَا بَنِىْٓ اِسْرَآءِيْلَ ؕ﴿۵۹﴾ فَاَتْبَعُوْهُمْ مُّشْرِقِيْنَ ﴿۶۰﴾

૪૦. કદાચ અમે જાદુગરોના દીન (ધર્મ) ઉપર જ કાયમ રહીએ જો તેઓ વિજયી રહે."

૪૧. જ્યારે જાદુગરો મેદાનમાં આવ્યા તો તેમણે ફિરઔનને કહ્યું, "અમને ઈનામ તો મળશે ને, જો અમે વિજયી થઈએ ?"

૪૨. તેણે કહ્યું, "હા, અને તમે તો તે વખતે નિકટવર્તી લોકોમાં સામેલ થઈ જશો."

૪૩. મૂસાએ કહ્યું, "ફેંકો, જે તમારે ફેંકવાનું છે."

૪૪. તેમણે તરત જ પોતાનાં દોરડાં અને લાઠીઓ ફેંકી દીધી અને બોલ્યા, "ફિરઔનના પ્રતાપથી અમે જ વિજયી રહીશું."

૪૫. પછી મૂસાએ પોતાની લાઠી ફેંકી તો એકાએક જ તે તેમના જૂઠા કરિશ્માઓ (ચમત્કારો)ને ગળતી જઈ રહી હતી.

૪૬. આ જોઈ બધા જ જાદૂગરો સહસા સિજદામાં ઝૂકી પડ્યા

૪૭. અને બોલી ઊઠયા, "માની ગયા અમે સમગ્ર સૃષ્ટિના માલિક અને પાલનહારને –

૪૮. મૂસા અને હારૂનના રબને."

૪૯. ફિરઔને કહ્યું, "તમે મૂસાની વાત માની લીધી, એના પહેલાં કે હું તમને પરવાનગી આપતો. જરૂરથી આ તમારો ગુરુ છે જેણે તમને જાદુ શીખવાડ્યું છે. ભલે, હમણાં તમને ખબર પડી જશે, હું તમારા હાથ-પગ વિપરીત દિશાએથી કપાવડાવીશ અને તમને સૌને શૂળીએ ચઢાવી દઈશ."

૫૦. તેમણે જવાબ આપ્યો, "કોઈ પરવા નથી, અમે અમારા રબની હજૂરમાં પહોંચી જઈશું

૫૧. અને અમને આશા છે કે અમારો રબ અમારા ગુના માફ કરી દેશે, કેમ કે સૌ પ્રથમ અમે ઈમાન લાવ્યા છીએ." (રુકૂઅ-૩)

૫૨. અમે મૂસાને વહી મોકલી કે, "રાતોરાત મારા બંદાઓને લઈને નીકળી જાઓ, તમારો પીછો કરવામાં આવશે."

૫૩-૫૪. આ જોઈ ફિરઔને (લશ્કર ભેગું કરવા માટે) શહેરોમાં દાંડી પીટનારા મોકલી દીધા (અને કહેણ મોકલ્યું) કે "આ મુઠ્ઠીભર લોકો છે,

૫૫. અને એમણે અમને ખૂબ જ નારાજ કર્યા છે

૫૬. અને આપણે એક એવો સમુદાય છીએ જેની નીતિ હંમેશાં સચેત રહેવાની છે.

૫૭-૫૮. અને આ રીતે અમે તેમને તેમના બાગો અને ઝરણાં અને ધનભંડારો અને તેમના શ્રેષ્ઠ રહેઠાણોમાંથી કાઢી લાવ્યા.

૫૯. આ તો થયું તેમના સાથે અને (બીજી તરફ) બની ઈસરાઈલને અમે આ બધી જ વસ્તુઓના વારસ બનાવી દીધા.

૬૦. સવાર થતાં જ આ લોકો તેમનો પીછો કરવા માટે નીકળી પડ્યા.

فَلَمَّا تَرَآءَ الْجَمْعٰنِ قَالَ اَصْحٰبُ مُوْسٰۤى اِنَّا لَمُدْرَكُوْنَ ﴿٦١﴾
قَالَ كَلَّا ۚ اِنَّ مَعِىَ رَبِّىْ سَيَهْدِيْنِ ﴿٦٢﴾ فَاَوْحَيْنَاۤ اِلٰى
مُوْسٰۤى اَنِ اضْرِبْ بِّعَصَاكَ الْبَحْرَ ؕ فَانْفَلَقَ فَكَانَ كُلُّ
فِرْقٍ كَالطَّوْدِ الْعَظِيْمِ ﴿٦٣﴾ وَاَزْلَفْنَا ثَمَّ الْاٰخَرِيْنَ ﴿٦٤﴾ وَ
اَنْجَيْنَا مُوْسٰى وَمَنْ مَّعَهٗۤ اَجْمَعِيْنَ ﴿٦٥﴾ ثُمَّ اَغْرَقْنَا
الْاٰخَرِيْنَ ﴿٦٦﴾ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً ؕ وَمَا كَانَ اَكْثَرُهُمْ
مُّؤْمِنِيْنَ ﴿٦٧﴾ وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿٦٨﴾ وَاتْلُ
عَلَيْهِمْ نَبَاَ اِبْرٰهِيْمَ ﴿٦٩﴾ اِذْ قَالَ لِاَبِيْهِ وَقَوْمِهٖ مَا تَعْبُدُوْنَ ﴿٧٠﴾
قَالُوْا نَعْبُدُ اَصْنَامًا فَنَظَلُّ لَهَا عٰكِفِيْنَ ﴿٧١﴾ قَالَ هَلْ
يَسْمَعُوْنَكُمْ اِذْ تَدْعُوْنَ ﴿٧٢﴾ اَوْ يَنْفَعُوْنَكُمْ اَوْ يَضُرُّوْنَ ﴿٧٣﴾
قَالُوْا بَلْ وَجَدْنَاۤ اٰبَآءَنَا كَذٰلِكَ يَفْعَلُوْنَ ﴿٧٤﴾ قَالَ
اَفَرَءَيْتُمْ مَّا كُنْتُمْ تَعْبُدُوْنَ ﴿٧٥﴾ اَنْتُمْ وَاٰبَآؤُكُمُ
الْاَقْدَمُوْنَ ﴿٧٦﴾ فَاِنَّهُمْ عَدُوٌّ لِّىْۤ اِلَّا رَبَّ الْعٰلَمِيْنَ ﴿٧٧﴾
الَّذِىْ خَلَقَنِىْ فَهُوَ يَهْدِيْنِ ﴿٧٨﴾ وَالَّذِىْ هُوَ يُطْعِمُنِىْ وَ
يَسْقِيْنِ ﴿٧٩﴾ وَاِذَا مَرِضْتُ فَهُوَ يَشْفِيْنِ ﴿٨٠﴾ وَالَّذِىْ
يُمِيْتُنِىْ ثُمَّ يُحْيِيْنِ ﴿٨١﴾ وَالَّذِىْۤ اَطْمَعُ اَنْ يَّغْفِرَ لِىْ
خَطِيْٓـَٔتِىْ يَوْمَ الدِّيْنِ ﴿٨٢﴾ رَبِّ هَبْ لِىْ حُكْمًا وَّاَلْحِقْنِىْ
بِالصّٰلِحِيْنَ ﴿٨٣﴾ وَاجْعَلْ لِّىْ لِسَانَ صِدْقٍ فِى
الْاٰخِرِيْنَ ﴿٨٤﴾ وَاجْعَلْنِىْ مِنْ وَّرَثَةِ جَنَّةِ النَّعِيْمِ ﴿٨٥﴾

ع ٤ ۸ وقف لازم
منزل ٥

૬૧. જ્યારે બંને જૂથોનો આમનો-સામનો થયો તો મૂસાના સાથીઓ ચીસ પાડી ઊઠ્યા કે ''આપણે તો પકડાઈ ગયા.''

૬૨. મૂસાએ કહ્યું, ''કદાપિ નહીં, મારા સાથે મારો રબ (પ્રભુ) છે. તે અવશ્ય મારું માર્ગદર્શન કરશે.''

૬૩. અમે મૂસાને વહી દ્વારા આદેશ આપ્યો કે ''માર પોતાની લાઠી સમુદ્ર ઉપર.'' એકાએક સમુદ્ર ફાટી ગયો અને તેનો દરેક ટુકડો એક મોટા પર્વતની જેમ થઈ ગયો.

૬૪. તે જ જગ્યાએ અમે બીજા જૂથને પણ નજીક લઈ આવ્યા.

૬૫. મૂસા અને તે બધા લોકોને જેઓ તેના સાથે હતા, અમે બચાવી લીધા

૬૬. અને બીજાઓને ગરકાવ કરી દીધા.

૬૭. આ પ્રસંગમાં એક નિશાની છે, પરંતુ આ લોકોમાંથી મોટા ભાગના માનવાના નથી.

૬૮. અને હકીકત એ છે કે તારો રબ પ્રભુત્વશાળી પણ છે અને દયાળુ પણ. (રુકૂઅ-૪)

૬૯. અને આ લોકોને ઇબ્રાહીમનો કિસ્સો સંભળાવો,

૭૦. જ્યારે કે તેણે પોતાના પિતા અને પોતાની કોમને પૂછ્યું હતું કે ''આ કઈ વસ્તુઓ છે જેને તમે પૂજો છો ?''

૭૧. તેમણે જવાબ આપ્યો, ''કેટલીક મૂર્તિઓ છે જેની અમે પૂજા કરીએ છીએ અને તેમની જ સેવા-ચાકરીમાં લાગેલા રહીએ છીએ.''

૭૨. તેણે પૂછ્યું, ''શું એ તમારું સાંભળે છે જ્યારે તમે એમને પોકારો છો ?

૭૩. અથવા આ તમને કોઈ ફાયદો કે નુકસાન પહોંચાડે છે ?''

૭૪. તેમણે જવાબ આપ્યો, ''નહીં, બલ્કે અમે પોતાના બાપ-દાદાઓને આવું જ કરતાં જોયા છે.''

૭૫-૭૬. આ સાંભળી ઇબ્રાહીમે કહ્યું, ''ક્યારેય તમે (આંખો ખોલીને) તે વસ્તુઓને જોઈ પણ ખરી, જેની બંદગી તમે અને તમારા પુરોગામી બાપ-દાદાઓ કરતા રહ્યા ?

૭૭-૭૮. મારા તો આ સૌ દુશ્મનો છે, એક સૃષ્ટિના માલિક અને પાલનહાર સિવાય, જેણે મને પેદા કર્યો, પછી તે જ મારું માર્ગદર્શન કરે છે.

૭૯. જે મને ખવડાવે અને પીવડાવે છે

૮૦. અને જ્યારે બીમાર પડું છું તો તે જ મને સાજો કરે છે.

૮૧. જે મને મૃત્યુ આપશે અને ફરી બીજીવાર મને જિંદગી આપશે

૮૨. અને જેનાથી હું આશા રાખું છું કે બદલો આપવાના દિવસે તે મારી ભૂલો માફ કરી દેશે.''

૮૩. (આ પછી ઇબ્રાહીમે દુઆ કરી) ''હે મારા રબ ! મને હુકમ (નિર્ણય-શક્તિ) પ્રદાન કર અને મને સદાચારીઓના સાથે મેળવી દે,

وَاغْفِرْ لِاَبِيْٓ اِنَّهٗ كَانَ مِنَ الضَّآلِّيْنَ ﴿٨٦﴾ وَلَا تُخْزِنِيْ يَوْمَ
يُبْعَثُوْنَ ﴿٨٧﴾ يَوْمَ لَا يَنْفَعُ مَالٌ وَّلَا بَنُوْنَ ﴿٨٨﴾ اِلَّا
مَنْ اَتَى اللّٰهَ بِقَلْبٍ سَلِيْمٍ ﴿٨٩﴾ وَاُزْلِفَتِ الْجَنَّةُ
لِلْمُتَّقِيْنَ ﴿٩٠﴾ وَبُرِّزَتِ الْجَحِيْمُ لِلْغٰوِيْنَ ﴿٩١﴾ وَقِيْلَ لَهُمْ
اَيْنَمَا كُنْتُمْ تَعْبُدُوْنَ ﴿٩٢﴾ مِنْ دُوْنِ اللّٰهِ ؕ هَلْ يَنْصُرُوْنَكُمْ
اَوْ يَنْتَصِرُوْنَ ﴿٩٣﴾ فَكُبْكِبُوْا فِيْهَا هُمْ وَالْغَاوٗنَ ﴿٩٤﴾ وَجُنُوْدُ
اِبْلِيْسَ اَجْمَعُوْنَ ﴿٩٥﴾ قَالُوْا وَهُمْ فِيْهَا يَخْتَصِمُوْنَ ﴿٩٦﴾
تَاللّٰهِ اِنْ كُنَّا لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٩٧﴾ اِذْ نُسَوِّيْكُمْ بِرَبِّ
الْعٰلَمِيْنَ ﴿٩٨﴾ وَمَآ اَضَلَّنَآ اِلَّا الْمُجْرِمُوْنَ ﴿٩٩﴾ فَمَا لَنَا
مِنْ شَافِعِيْنَ ﴿١٠٠﴾ وَلَا صَدِيْقٍ حَمِيْمٍ ﴿١٠١﴾ فَلَوْ اَنَّ لَنَا
كَرَّةً فَنَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿١٠٢﴾ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً ؕ
وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿١٠٣﴾ وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ
الرَّحِيْمُ ﴿١٠٤﴾ كَذَّبَتْ قَوْمُ نُوْحِ ِۨالْمُرْسَلِيْنَ ﴿١٠٥﴾ اِذْ قَالَ ع
لَهُمْ اَخُوْهُمْ نُوْحٌ اَلَا تَتَّقُوْنَ ﴿١٠٦﴾ اِنِّيْ لَكُمْ رَسُوْلٌ
اَمِيْنٌ ﴿١٠٧﴾ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿١٠٨﴾ وَمَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ
مِنْ اَجْرٍ ۚ اِنْ اَجْرِيَ اِلَّا عَلٰى رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٠٩﴾ فَاتَّقُوا
اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿١١٠﴾ قَالُوْٓا اَنُؤْمِنُ لَكَ وَاتَّبَعَكَ
الْاَرْذَلُوْنَ ﴿١١١﴾ قَالَ وَمَا عِلْمِيْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١١٢﴾
اِنْ حِسَابُهُمْ اِلَّا عَلٰى رَبِّيْ لَوْ تَشْعُرُوْنَ ﴿١١٣﴾ وَمَآ اَنَا

૮૪. અને હવે પછી આવનારાઓમાં મને સાચી કીર્તિ પ્રદાન કર,
૮૫. અને મને જન્નતે નઈમ (નેઅ્મતોવાળી જન્નત)ના વારસદારોમાં સામેલ કર
૮૬. અને મારા પિતાને ક્ષમા કરી દે કે નિઃસંદેહ તે પથભ્રષ્ટ લોકોમાંથી છે.
૮૭-૮૮. અને મને તે દિવસે ફજેત ન કરજે જ્યારે કે સૌને જીવંત કરીને ઉઠાવવામાં આવશે, જ્યારે ન કોઈ માલ ફાયદો આપશે, ન સંતાન,
૮૯. સિવાયકે કોઈ માણસ નિર્મળ હૃદય સાથે અલ્લાહ સામે ઉપસ્થિત થાય."
૯૦. (તે દિવસે) જન્નત સંયમી લોકોના સમીપ લઈ આવવામાં આવશે,
૯૧. અને દોજખ બહેકી ગયેલાઓના સામે ખુલ્લી મૂકી દેવામાં આવશે,
૯૨. અને તેમને પૂછવામાં આવશે, "હવે ક્યાં છે તેઓ જેમની તમે ખુદાને છોડીને ઉપાસના કરતા હતા ?
૯૩. શું તેઓ તમારી કોઈ મદદ કરી રહ્યા છે કે પછી સ્વયં પોતાનો બચાવ કરી શકે છે ?"
૯૪-૯૫. પછી તે ઉપાસ્યો અને આ બહેકી ગયેલા લોકો અને ઇબ્લીસ (શેતાન)ની સેનાઓ બધાને તેમાં ઉપર-નીચે ધકેલી દેવામાં આવશે.
૯૬-૯૭. ત્યાં આ બધા એક-બીજા સાથે ઝઘડશે અને આ બહેકી ગયેલા લોકો (પોતાના ઉપાસ્યોને) કહેશે કે "ખુદાના સોગંદ ! અમે તો સ્પષ્ટ પથભ્રષ્ટતામાં ગ્રસ્ત હતા
૯૮. જ્યારે તમને સૃષ્ટિના માલિકના સમકક્ષ દરજ્જો આપી રહ્યા હતા.
૯૯. અને તેઓ ગુનેગારો જ હતા જેમણે અમને આ પથભ્રષ્ટતામાં નાખ્યા.
૧૦૦-૧૦૧. હવે ન અમારો કોઈ ભલામણકર્તા છે અને ન કોઈ જિગરી દોસ્ત.
૧૦૨. કદાચ અમને એક વખત ફરી પાછા જવાની તક મળી જાય તો અમે ઈમાનવાળા થઈએ."
૧૦૩. નિઃશંક આમાં એક મોટી નિશાની છે, પરંતુ આમાંના મોટા ભાગના લોકો ઈમાન લાવવાના નથી.
૧૦૪. અને સત્ય એ છે કે તારો રબ પ્રભુત્વશાળી પણ છે અને દયાળુ પણ. (રુકૂઅ-૫)
૧૦૫. નૂહની કોમે રસૂલોને ખોટા ઠેરવ્યા.
૧૦૬. યાદ કરો જ્યારે તેમના ભાઈ નૂહે તેમને કહ્યું હતું, "શું તમે ડરતા નથી?
૧૦૭. હું તમારા માટે વિશ્વસનીય રસૂલ (ઈશદૂત) છું,
૧૦૮. આથી તમે અલ્લાહથી ડરો અને મારું આજ્ઞાપાલન કરો.
૧૦૯-૧૧૦. હું આ કાર્ય માટે તમારા પાસે કોઈ વળતર માગતો નથી. મારું વળતર તો રબના શિરે છે. તેથી તમે અલ્લાહથી ડરો અને મારૂં આજ્ઞાપાલન કરો."
૧૧૧. તેમણે જવાબ આપ્યો, "શું અમે તને માની લઈએ જો કે તારું અનુસરણ તો સાવ હલકટ લોકોએ અપનાવ્યું છે ?"
૧૧૨. નૂહે કહ્યું, "હું શું જાણું કે તેમના કર્મ કેવાં છે ?
૧૧૩. તેમનો હિસાબ તો મારા રબના શિરે છે. કદાચ, તમે થોડી સમજદારીથી વર્તો !

بِطَارِدِ الْمُؤْمِنِيْنَ ﴿١١٤﴾ اِنْ اَنَا اِلَّا نَذِيْرٌ مُّبِيْنٌ ﴿١١٥﴾ قَالُوْا
لَئِنْ لَّمْ تَنْتَهِ يٰنُوْحُ لَتَكُوْنَنَّ مِنَ الْمَرْجُوْمِيْنَ ﴿١١٦﴾
قَالَ رَبِّ اِنَّ قَوْمِيْ كَذَّبُوْنِ ﴿١١٧﴾ فَافْتَحْ بَيْنِيْ وَبَيْنَهُمْ
فَتْحًا وَّنَجِّنِيْ وَمَنْ مَّعِيَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿١١٨﴾ فَاَنْجَيْنٰهُ
وَمَنْ مَّعَهٗ فِي الْفُلْكِ الْمَشْحُوْنِ ﴿١١٩﴾ ثُمَّ اَغْرَقْنَا بَعْدُ
الْبٰقِيْنَ ﴿١٢٠﴾ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً ؕ وَمَا كَانَ اَكْثَرُهُمْ
مُّؤْمِنِيْنَ ﴿١٢١﴾ وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿١٢٢﴾ كَذَّبَتْ
عَادُ ۨالْمُرْسَلِيْنَ ﴿١٢٣﴾ اِذْ قَالَ لَهُمْ اَخُوْهُمْ هُوْدٌ اَلَا
تَتَّقُوْنَ ﴿١٢٤﴾ اِنِّيْ لَكُمْ رَسُوْلٌ اَمِيْنٌ ﴿١٢٥﴾ فَاتَّقُوا اللّٰهَ وَ
اَطِيْعُوْنِ ﴿١٢٦﴾ وَمَاۤ اَسْئَلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ ۚ اِنْ اَجْرِيَ
اِلَّا عَلٰى رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٢٧﴾ اَتَبْنُوْنَ بِكُلِّ رِيْعٍ اٰيَةً
تَعْبَثُوْنَ ﴿١٢٨﴾ وَتَتَّخِذُوْنَ مَصَانِعَ لَعَلَّكُمْ تَخْلُدُوْنَ ﴿١٢٩﴾
وَاِذَا بَطَشْتُمْ بَطَشْتُمْ جَبَّارِيْنَ ﴿١٣٠﴾ فَاتَّقُوا اللّٰهَ وَ
اَطِيْعُوْنِ ﴿١٣١﴾ وَاتَّقُوا الَّذِيْۤ اَمَدَّكُمْ بِمَا تَعْلَمُوْنَ ﴿١٣٢﴾
اَمَدَّكُمْ بِاَنْعَامٍ وَّبَنِيْنَ ﴿١٣٣﴾ وَجَنّٰتٍ وَّعُيُوْنٍ ﴿١٣٤﴾ اِنِّيْۤ
اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿١٣٥﴾ قَالُوْا سَوَآءٌ
عَلَيْنَاۤ اَوَعَظْتَ اَمْ لَمْ تَكُنْ مِّنَ الْوٰعِظِيْنَ ﴿١٣٦﴾ اِنْ هٰذَاۤ
اِلَّا خُلُقُ الْاَوَّلِيْنَ ﴿١٣٧﴾ وَمَا نَحْنُ بِمُعَذَّبِيْنَ ﴿١٣٨﴾ فَكَذَّبُوْهُ
فَاَهْلَكْنٰهُمْ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً ؕ وَمَا كَانَ اَكْثَرُهُمْ

النصف
ع ١٨ / ٧
منزل ٥

૧૧૪. મારું આ કામ નથી કે જેઓ ઈમાન લાવે તેમને હું ધુત્કારી કાઢું.
૧૧૫. હું તો માત્ર એક સ્પષ્ટ ચેતવી દેનારો માણસ છું."
૧૧૬. તેમણે કહ્યું, "હે નૂહ ! જો તું આનાથી અટકીશ નહીં તો ફિટકાર પામેલા લોકોમાં સામેલ થઈને રહીશ."
૧૧૭. નૂહે દુઆ કરી, "હે મારા રબ ! મારી કોમે મને ખોટો ઠેરવી દીધો.
૧૧૮. હવે મારા અને તેમના વચ્ચે નિર્ણાયક ફેંસલો કરી દે અને મને અને બીજા જે ઈમાનવાળાઓ મારા સાથે છે, તેમને છુટકારો આપ."
૧૧૯. છેવટેઅમેતેનેઅનેતેનાસાથીઓનેએકભરેલીનૌકામાંબચાવીલીધા.
૧૨૦. અને ત્યારબાદ બાકીના લોકોને ગરકાવ કરી દીધા.
૧૨૧. નિઃશંક આમાં એક નિશાની છે, પરંતુ આમાંના મોટા ભાગના લોકો માનવાના નથી.
૧૨૨. અને હકીકત એ છે કે તારો રબ પ્રભુત્વશાળી પણ છે અને દયાળુ પણ. (રુકૂઅ-૬)
૧૨૩. આદે પયગંબરોને ખોટા ઠેરવ્યા.
૧૨૪. યાદકરોજ્યારેતેમનાભાઈહૂદેતેમનેકહ્યુંહતું, "શુંતમેડરતાનથી?
૧૨૫. હું તમારા માટે એક વિશ્વસનીય પયગંબર છું,
૧૨૬. આથી તમે અલ્લાહથી ડરો અને મારું આજ્ઞાપાલન કરો.
૧૨૭. હું આ કામ માટે તમારા પાસે કોઈ વળતર માગતો નથી. મારું વળતર તો રબ (સૃષ્ટિના માલિક) પાસે છે.
૧૨૮. આ તમારો શું હાલ છે કે દરેક ઊંચી જગ્યાએ નિરર્થક એક યાદગાર ઈમારત બનાવી નાખો છો,
૧૨૯. અને મોટા-મોટા મહેલ બનાવી નાખો છો, જાણે તમને હંમેશાં રહેવાનું છે.
૧૩૦. અને જ્યારે પણ કોઈના ઉપર હાથ નાખો છો, તો અત્યંત નિર્દયી બનીને નાખો છો.
૧૩૧. તો તમે લોકો અલ્લાહથી ડરો અને મારું આજ્ઞાપાલન કરો..
૧૩૨. ડરો તેનાથી જેણે તે બધું જ તમને આપ્યું છે જે તમે જાણો છો.
૧૩૩. તમને ઢોર આપ્યા, સંતાન આપી,
૧૩૪. બાગ આપ્યા અને ઝરણાં આપ્યા.
૧૩૫. મને તમારા માટે એક મોટા દિવસની યાતનાનો ડર છે."
૧૩૬. તેમણે જવાબ આપ્યો, "તું શિખામણ આપ કે ન આપ, અમારા માટે બધું જ સરખું છે.
૧૩૭. આ વાતો તો આમ જ ચાલતી આવી છે.
૧૩૮. અને અમે અઝાબ (યાતના)માં નાખવામાં આવવાના નથી."
૧૩૯. છેવટેતેમણેતેનેખોટોઠેરવ્યોઅનેઅમેતેમનેનષ્ટકરીદીધાં:નિઃશંકઆમાં એકનિશાનીછે,પરંતુઆમાંનામોટાભાગનાલોકોમાનવાનાનથી.

مُّؤْمِنِيْنَ ﴿۱۳۹﴾ وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿۱۴۰﴾ ع كَذَّبَتْ ع ۱۸ / ۱۱
ثَمُوْدُ الْمُرْسَلِيْنَ ﴿۱۴۱﴾ صلے اِذْ قَالَ لَهُمْ اَخُوْهُمْ صٰلِحٌ اَلَا
تَتَّقُوْنَ ﴿۱۴۲﴾ ج اِنِّیْ لَكُمْ رَسُوْلٌ اَمِیْنٌ ﴿۱۴۳﴾ لا فَاتَّقُوا اللّٰهَ وَ
اَطِیْعُوْنِ ﴿۱۴۴﴾ ج وَمَآ اَسْئَلُكُمْ عَلَیْهِ مِنْ اَجْرٍ ج اِنْ
اَجْرِیَ اِلَّا عَلٰی رَبِّ الْعٰلَمِیْنَ ﴿۱۴۵﴾ ط اَتُتْرَكُوْنَ فِیْ مَا
هٰهُنَآ اٰمِنِیْنَ ﴿۱۴۶﴾ لا فِیْ جَنّٰتٍ وَّعُیُوْنٍ ﴿۱۴۷﴾ لا وَّزُرُوْعٍ وَّ
نَخْلٍ طَلْعُهَا هَضِیْمٌ ﴿۱۴۸﴾ ج وَتَنْحِتُوْنَ مِنَ الْجِبَالِ بُیُوْتًا
فٰرِهِیْنَ ﴿۱۴۹﴾ ج فَاتَّقُوا اللّٰهَ وَاَطِیْعُوْنِ ﴿۱۵۰﴾ ج وَلَا تُطِیْعُوْٓا اَمْرَ
الْمُسْرِفِیْنَ ﴿۱۵۱﴾ لا الَّذِیْنَ یُفْسِدُوْنَ فِی الْاَرْضِ وَلَا
یُصْلِحُوْنَ ﴿۱۵۲﴾ قَالُوْٓا اِنَّمَآ اَنْتَ مِنَ الْمُسَحَّرِیْنَ ﴿۱۵۳﴾ ج مَآ اَنْتَ
اِلَّا بَشَرٌ مِّثْلُنَا صلے فَاْتِ بِاٰیَةٍ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِیْنَ ﴿۱۵۴﴾
قَالَ هٰذِهٖ نَاقَةٌ لَّهَا شِرْبٌ وَّلَكُمْ شِرْبُ یَوْمٍ مَّعْلُوْمٍ ﴿۱۵۵﴾ ج
وَلَا تَمَسُّوْهَا بِسُوْٓءٍ فَیَاْخُذَكُمْ عَذَابُ یَوْمٍ عَظِیْمٍ ﴿۱۵۶﴾
فَعَقَرُوْهَا فَاَصْبَحُوْا نٰدِمِیْنَ ﴿۱۵۷﴾ لا فَاَخَذَهُمُ الْعَذَابُ ط
اِنَّ فِیْ ذٰلِكَ لَاٰیَةً ط وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِیْنَ ﴿۱۵۸﴾ وَ
اِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِیْزُ الرَّحِیْمُ ﴿۱۵۹﴾ ع كَذَّبَتْ قَوْمُ لُوْطِ ع ۱۹ / ۱۲
الْمُرْسَلِیْنَ ﴿۱۶۰﴾ ج صلے اِذْ قَالَ لَهُمْ اَخُوْهُمْ لُوْطٌ اَلَا تَتَّقُوْنَ ﴿۱۶۱﴾ ج
اِنِّیْ لَكُمْ رَسُوْلٌ اَمِیْنٌ ﴿۱۶۲﴾ لا فَاتَّقُوا اللّٰهَ وَاَطِیْعُوْنِ ﴿۱۶۳﴾ ج
وَمَآ اَسْئَلُكُمْ عَلَیْهِ مِنْ اَجْرٍ ج اِنْ اَجْرِیَ اِلَّا عَلٰی رَبِّ

૧૪૦. અને હકીકત એ છે કે તારો રબ પ્રભુત્વશાળી પણ છે અને દયાળુ પણ. (રુકૂઅ-૭)
૧૪૧. સમૂદે પયગંબરોને ખોટા ઠેરવ્યા.
૧૪૨. યાદ કરો જ્યારે તેમના ભાઈ સાલેહે તેમને કહ્યું, "શું તમે ડરતા નથી?
૧૪૩. હું તમારા માટે એક વિશ્વસનીય પયગંબર છું.
૧૪૪. આથી તમે અલ્લાહથી ડરો અને મારું આજ્ઞાપાલન કરો.
૧૪૫. હું આ કામ બદલ તમારા પાસેથી કોઈ વળતર માગતો નથી, મારું વળતર તો રબ (સૃષ્ટિના માલિક)ના શિરે છે.
૧૪૬. શું તમે આ બધી વસ્તુઓ વચ્ચે, જે અહીં છે, બસ આમ જ શાંતિપૂર્વક રહેવા દેવામાં આવશો ?
૧૪૭. આ બાગો અને ઝરણાંઓમાં ?
૧૪૮. આ ખેતરો અને ખજૂરીઓના વૃંદમાં કે જેના ઝૂમખાં રસ-તરબોળ છે ?
૧૪૯. તમે પર્વતોને કોતરી-કોતરીને ગર્વથી તેમાં ઇમારતો બનાવો છો.
૧૫૦. અલ્લાહથી ડરો અને મારું અનુસરણ કરો.
૧૫૧. તે નિરંકુશ લોકોનું અનુસરણ ન કરો,
૧૫૨. જેઓ ધરતી ઉપર બગાડ પેદા કરે છે અને કોઈ સુધારણા કરતા નથી."
૧૫૩. તેમણે જવાબ આપ્યો, "તું કેવળ એક જાદુની અસર પામેલો માણસ છે,
૧૫૪. તું અમારા જેવા એક મનુષ્ય સિવાય બીજું શું છે ? લાવ કોઈ નિશાની, જો તું સાચો છે."
૧૫૫. સાલેહે કહ્યું, "આ ઊંટણી છે. એક દિવસ તેના પીવા માટે છે અને એક દિવસ તમારા બધાએ પાણી લેવાનો.
૧૫૬. આને કદાપિ છેડશો નહીં, નહીં તો એક મોટા દિવસની યાતના તમને આવી ઝડપી લેશે."
૧૫૭. પરંતુ તેમણે તેના પગની ધોરી નસ કાપી નાખી અને છેવટે પસ્તાવો કરતા રહી ગયા,
૧૫૮. યાતનાએ તેમને આવી ઝડપ્યા. નિઃશંક આમાં નિશાની છે, પરંતુ આમાંના મોટા ભાગના માનવાના નથી,
૧૫૯. અને હકીકત એ છે કે તારો રબ પ્રભુત્વશાળી પણ છે અને દયાળુ પણ. (રુકૂઅ-૮)
૧૬૦. લૂતની કોમે પયગંબરોને ખોટા ઠેરવ્યા.
૧૬૧. યાદ કરો જ્યારે તેમના ભાઈ લૂતે તેમને કહ્યું હતું, "શું તમે ડરતા નથી?
૧૬૨. હું તમારા માટે એક વિશ્વસનીય રસૂલ છું.
૧૬૩. આથી તમે અલ્લાહથી ડરો અને મારું અનુસરણ કરો.
૧૬૪. હું આ કામ માટે તમારા પાસેથી કોઈ વળતર માગતો નથી, મારું વળતર તો રબ (સૃષ્ટિના માલિક)ના શિરે છે.

الْعٰلَمِيْنَ ﴿١٦٤﴾ اَتَاْتُوْنَ الذُّكْرَانَ مِنَ الْعٰلَمِيْنَ ﴿١٦٥﴾ وَ
تَذَرُوْنَ مَا خَلَقَ لَكُمْ رَبُّكُمْ مِّنْ اَزْوَاجِكُمْ ؕ بَلْ اَنْتُمْ
قَوْمٌ عٰدُوْنَ ﴿١٦٦﴾ قَالُوْا لَئِنْ لَّمْ تَنْتَهِ يٰلُوْطُ لَتَكُوْنَنَّ مِنَ
الْمُخْرَجِيْنَ ﴿١٦٧﴾ قَالَ اِنِّيْ لِعَمَلِكُمْ مِّنَ الْقَالِيْنَ ﴿١٦٨﴾ رَبِّ
نَجِّنِيْ وَاَهْلِيْ مِمَّا يَعْمَلُوْنَ ﴿١٦٩﴾ فَنَجَّيْنٰهُ وَاَهْلَهٗۤ اَجْمَعِيْنَ ﴿١٧٠﴾
اِلَّا عَجُوْزًا فِي الْغٰبِرِيْنَ ﴿١٧١﴾ ثُمَّ دَمَّرْنَا الْاٰخَرِيْنَ ﴿١٧٢﴾ وَ
اَمْطَرْنَا عَلَيْهِمْ مَّطَرًا ۚ فَسَآءَ مَطَرُ الْمُنْذَرِيْنَ ﴿١٧٣﴾ اِنَّ
فِيْ ذٰلِكَ لَاٰيَةً ؕ وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿١٧٤﴾ وَاِنَّ
رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿١٧٥﴾ كَذَّبَ اَصْحٰبُ لْـَٔيْكَةِ ع ١٦/١٣
الْمُرْسَلِيْنَ ﴿١٧٦﴾ اِذْ قَالَ لَهُمْ شُعَيْبٌ اَلَا تَتَّقُوْنَ ﴿١٧٧﴾
اِنِّيْ لَكُمْ رَسُوْلٌ اَمِيْنٌ ﴿١٧٨﴾ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿١٧٩﴾
وَمَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ ۚ اِنْ اَجْرِيَ اِلَّا عَلٰى رَبِّ
الْعٰلَمِيْنَ ﴿١٨٠﴾ اَوْفُوا الْكَيْلَ وَلَا تَكُوْنُوْا مِنَ الْمُخْسِرِيْنَ ﴿١٨١﴾
وَزِنُوْا بِالْقِسْطَاسِ الْمُسْتَقِيْمِ ﴿١٨٢﴾ وَلَا تَبْخَسُوا النَّاسَ
اَشْيَآءَهُمْ وَلَا تَعْثَوْا فِي الْاَرْضِ مُفْسِدِيْنَ ﴿١٨٣﴾ وَ
اتَّقُوا الَّذِيْ خَلَقَكُمْ وَالْجِبِلَّةَ الْاَوَّلِيْنَ ﴿١٨٤﴾ قَالُوْۤا
اِنَّمَاۤ اَنْتَ مِنَ الْمُسَحَّرِيْنَ ﴿١٨٥﴾ وَمَاۤ اَنْتَ اِلَّا بَشَرٌ مِّثْلُنَا
وَاِنْ نَّظُنُّكَ لَمِنَ الْكٰذِبِيْنَ ﴿١٨٦﴾ فَاَسْقِطْ عَلَيْنَا كِسَفًا
مِّنَ السَّمَآءِ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿١٨٧﴾ قَالَ رَبِّيْۤ منزل ٥

૧૬૫. શું તમે દુનિયાવાળાઓમાંથી પુરુષો પાસે જાઓ છો
૧૬૬. અને તમારી પત્નીઓમાં તમારા રબે તમારા માટે જે કંઈ પેદા કર્યું છે તેને છોડી દો છો ? બલ્કે તમે લોકો તો હદ જ વટાવી ગયા છો.''
૧૬૭. તેમણે કહ્યું, ''હે લૂત ! જો તું આવી વાતોથી અટકીશ નહીં તો જે લોકોને અમારી વસ્તીઓમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે, તેમાં તું પણ સામેલ થઈને રહીશ.''
૧૬૮. તેણે કહ્યું, ''તમારા કૃત્યો ઉપર જે લોકો દુઃખ અનુભવે છે, હું તેમાં સામેલ છું.
૧૬૯. હે પાલનહાર ! મને અને મારા કુટુંબીજનોને આ લોકોના કુકર્મોથી છુટકારો આપ.''
૧૭૦. છેવટે અમે તેને અને તેના સૌ કુટુંબીઓને બચાવી લીધા,
૧૭૧. તે વૃદ્ધા સિવાય જે પાછળ રહી જનારાઓ પૈકી હતી.
૧૭૨. પછી બાકીના લોકોને નષ્ટ કરી દીધા
૧૭૩. અને તેમના ઉપર વરસાવ્યો એક વરસાદ, ઘણો જ ખરાબ વરસાદ હતો, જે તે લોકો ઉપર વરસાવવામાં આવ્યો જેમને ડરાવવામાં આવ્યા હતા.
૧૭૪. નિઃશંક આમાં એક નિશાની છે, પરંતુ આમાંના મોટા ભાગના માનવાના નથી.
૧૭૫. અને હકીકત એ છે કે તારો રબ પ્રભુત્વશાળી પણ છે અને દયાળુ પણ. (રુકૂઅ-૯)
૧૭૬. 'અસ્હાબુલ ઐકા'★ એ રસૂલોને ખોટા ઠેરવ્યા.
૧૭૭. યાદ કરો જ્યારે શુઐબે તેમને કહ્યું હતું, ''શું તમે ડરતા નથી ?
૧૭૮. હું તમારા માટે એક વિશ્વસનીય રસૂલ છું.
૧૭૯. આથી તમે અલ્લાહથી ડરો અને મારું આજ્ઞાપાલન કરો.
૧૮૦. હું આ કામ માટે તમારા પાસેથી કોઈ વળતર માગતો નથી, મારું વળતર તો અલ્લાહ રબ (સૃષ્ટિના માલિક)ના શિરે છે.
૧૮૧. (તોલ-માપના) સાધનો પૂરેપૂરા ભરો, અને કોઈને ઓછું ન આપો.
૧૮૨-૧૮૩. સાચા ત્રાજવાથી તોલો અને લોકોને તેમની વસ્તુઓ ઓછી ન આપો. ધરતી ઉપર બગાડ ફેલાવતા ન ફરો
૧૮૪. અને તે હસ્તીથી ડરો જેણે તમને અને અગાઉની પેઢીઓને પેદા કર્યા છે.''
૧૮૫. તેમણે કહ્યું, ''તું માત્ર જાદુથી અસર પામેલો એક માણસ છે,
૧૮૬. અને તું કંઈ નથી પરંતુ એક મનુષ્ય અમારા જ જેવો, અને અમે તો તને તદ્દન જૂઠો સમજીએ છીએ.

★ હઝરત ઇબ્રાહીમ અલૈ.ના પત્ની કે દાસી કતૂરાથી જે સંતાન નીકળી તે આરબ અને ઇસરાઈલના ઇતિહાસમાં 'બની કતૂરા'ના નામે મશહૂર થઈ. તેમાંથી એક શાખા બની દિદાન વધુ પ્રસિદ્ધ થયાં. તેઓ ઉત્તરીય અરબસ્તાનમાં તીમા અને તબૂક તથા અલ-ઉલાના વચ્ચે આબાદ થયા અને તેમની રાજધાની તબૂક હતી જેને પ્રાચીન કાળમાં 'ઐકા' કહેવાતી હતી, તેના ઉપરથી ત્યાં વસનારા લોકો 'અસ્હાબુલ ઐકા' અર્થાત્ ઐકાવાળા કહેવાયા.

أَعْلَمُ بِمَا تَعْمَلُوْنَ ﴿١٨٨﴾ فَكَذَّبُوْهُ فَاَخَذَهُمْ عَذَابُ
يَوْمِ الظُّلَّةِ ۭ اِنَّهٗ كَانَ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿١٨٩﴾ اِنَّ
فِيْ ذٰلِكَ لَاٰيَةً ۭ وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿١٩٠﴾
ع ١٦ وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿١٩١﴾ وَاِنَّهٗ لَتَنْزِيْلُ
رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٩٢﴾ نَزَلَ بِهِ الرُّوْحُ الْاَمِيْنُ ﴿١٩٣﴾ عَلٰى
قَلْبِكَ لِتَكُوْنَ مِنَ الْمُنْذِرِيْنَ ﴿١٩٤﴾ بِلِسَانٍ عَرَبِيٍّ
مُّبِيْنٍ ﴿١٩٥﴾ وَاِنَّهٗ لَفِيْ زُبُرِ الْاَوَّلِيْنَ ﴿١٩٦﴾ اَوَلَمْ يَكُنْ
لَّهُمْ اٰيَةً اَنْ يَّعْلَمَهٗ عُلَمٰٓؤُا بَنِيْٓ اِسْرَآءِيْلَ ﴿١٩٧﴾ وَلَوْ
نَزَّلْنٰهُ عَلٰى بَعْضِ الْاَعْجَمِيْنَ ﴿١٩٨﴾ فَقَرَاَهٗ عَلَيْهِمْ مَّا
كَانُوْا بِهٖ مُؤْمِنِيْنَ ﴿١٩٩﴾ كَذٰلِكَ سَلَكْنٰهُ فِيْ قُلُوْبِ
الْمُجْرِمِيْنَ ﴿٢٠٠﴾ لَا يُؤْمِنُوْنَ بِهٖ حَتّٰى يَرَوُا الْعَذَابَ
الْاَلِيْمَ ﴿٢٠١﴾ فَيَاْتِيَهُمْ بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿٢٠٢﴾
فَيَقُوْلُوْا هَلْ نَحْنُ مُنْظَرُوْنَ ﴿٢٠٣﴾ اَفَبِعَذَابِنَا
يَسْتَعْجِلُوْنَ ﴿٢٠٤﴾ اَفَرَءَيْتَ اِنْ مَّتَّعْنٰهُمْ سِنِيْنَ ﴿٢٠٥﴾ ثُمَّ
جَآءَهُمْ مَّا كَانُوْا يُوْعَدُوْنَ ﴿٢٠٦﴾ مَآ اَغْنٰى عَنْهُمْ مَّا كَانُوْا
منزل ٥ يُمَتَّعُوْنَ ﴿٢٠٧﴾ وَمَآ اَهْلَكْنَا مِنْ قَرْيَةٍ اِلَّا لَهَا مُنْذِرُوْنَ ﴿٢٠٨﴾
مع عند المتقدمين ١٢ ذِكْرٰى قف وَمَا كُنَّا ظٰلِمِيْنَ ﴿٢٠٩﴾ وَمَا تَنَزَّلَتْ بِهِ الشَّيٰطِيْنُ ﴿٢١٠﴾
وَمَا يَنْۢبَغِيْ لَهُمْ وَمَا يَسْتَطِيْعُوْنَ ﴿٢١١﴾ اِنَّهُمْ عَنِ السَّمْعِ
لَمَعْزُوْلُوْنَ ﴿٢١٢﴾ فَلَا تَدْعُ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَتَكُوْنَ

૧૮૭. જો તું સાચો હોય તો અમારા ઉપર આકાશનો કોઈ ટુકડો પાડી દે."
૧૮૮. શુએબે કહ્યું, "મારો રબ જાણે છે, જે કંઈ તમે કરી રહ્યા છો."
૧૮૯. તેમણે તેને ખોટો ઠેરવી દીધો. છેવટે છત્રીવાળા દિવસની યાતના તેમના ઉપર આવી, અને તે ખૂબ જ ભયાનક દિવસની યાતના હતી.
૧૯૦. નિઃશંક આમાં એક નિશાની છે, પરંતુ આમાંના મોટા ભાગના માનવાના નથી.
૧૯૧. અને હકીકત એ છે કે તારો રબ પ્રભુત્વશાળી પણ છે અને દયાળુ પણ. (રુકૂઅ-૧૦)
૧૯૨. આ સૃષ્ટિના માલિક અને પાલનહારની અવતરિત કરેલી વસ્તુ છે.
૧૯૩-૧૯૪. આને લઈને તારા હૃદય ઉપર વિશ્વસનીય રૂહ (અર્થાત્ હઝરત જિબ્રઈલ અલૈ.) ઉતરી છે જેથી તું તે લોકોમાં સામેલ થઈ જાય જેઓ (અલ્લાહ તરફથી જગત-નિવાસીઓને) ચેતવનારા છે,
૧૯૫-૧૯૬. સ્પષ્ટ અરબી ભાષામાં, અને પુરોગામીઓના ગ્રંથોમાં પણ આ મોજૂદ છે.
૧૯૭. શું આ લોકો (મક્કાવાસીઓ) માટે આ એક નિશાની નથી કે આને બની ઈસરાઈલના વિદ્વાનો જાણે છે ?
૧૯૮. (પરંતુ તેમના હઠાગ્રહની હાલત તો એ છે કે) જો અમે આને કોઈ બિનઆરબ ઉપર પણ ઉતારતા
૧૯૯. અને આ (છટાદાર અરબી) લખાણ તે આ લોકોને વાંચી સંભળાવતો તો પણ આ લોકો માનતા જ નહીં.
૨૦૦. આવી જ રીતે અમે આ ('ઝિક્ર' અર્થાત્ અનુસ્મરણ)ને ગુનેગારોના હૃદયોમાંથી પસાર કર્યું છે.
૨૦૧. તેઓ આના ઉપર ઈમાન લાવતા નથી જ્યાં સુધી દુઃખદાયક યાતના ન જોઈ લે.
૨૦૨. પછી જ્યારે તે અચાનક તેમના ઉપર આવી જાય છે,
૨૦૩. તે વખતે તેઓ કહે છે, "શું હવે અમને થોડી મહેતલ મળી શકે છે ?".
૨૦૪. તો શું આ લોકો અમારી યાતના માટે ઉતાવળા થઈ રહ્યા છે ?
૨૦૫. તમે સહેજ પણ વિચાર્યું, જો અમે આ લોકોને વર્ષો સુધી મોજ-મજાની મહેતલ આપી પણ દઈએ
૨૦૬. અને ફરી તે જ વસ્તુ આ લોકો ઉપર આવી જાય જેનાથી તેમને ડરાવવામાં આવી રહ્યા છે,
૨૦૭. તો તે જીવન-સામગ્રી, જે આ લોકોને મળેલી છે, તે આ લોકોના શું ઉપયોગમાં આવશે ?
૨૦૮. (જુઓ) અમે કદી પણ કોઈ વસ્તીને તે સિવાય નષ્ટ નથી કરી કે તેના માટે સાવધાન કરવાવાળા
૨૦૯. શિખામણ આપવાના કર્તવ્યને પૂરૂં કરવા માટે મોજૂદ હતા, અને અમે જાલિમ (અત્યાચારી અને અન્યાયી) ન હતા.
૨૧૦. આ (સ્પષ્ટ ગ્રંથ)ને શેતાનો લઈને ઉતર્યા નથી,
૨૧૧. ન આ કામ તેમને શોભે છે, અને ન તેઓ આવું કરી જ શકે છે.

مِنَ الْمُعَذَّبِينَ ﴿٢١٣﴾ وَأَنذِرْ عَشِيرَتَكَ الْأَقْرَبِينَ ﴿٢١٤﴾

وَاخْفِضْ جَنَاحَكَ لِمَنِ اتَّبَعَكَ مِنَ الْمُؤْمِنِينَ ﴿٢١٥﴾

فَإِنْ عَصَوْكَ فَقُلْ إِنِّي بَرِيٓءٌ مِّمَّا تَعْمَلُونَ ﴿٢١٦﴾ وَتَوَكَّلْ

عَلَى الْعَزِيزِ الرَّحِيمِ ﴿٢١٧﴾ الَّذِي يَرَاكَ حِينَ تَقُومُ ﴿٢١٨﴾ وَ

تَقَلُّبَكَ فِي السَّاجِدِينَ ﴿٢١٩﴾ إِنَّهُ هُوَ السَّمِيعُ الْعَلِيمُ ﴿٢٢٠﴾ هَلْ

أُنَبِّئُكُمْ عَلَىٰ مَن تَنَزَّلُ الشَّيَاطِينُ ﴿٢٢١﴾ تَنَزَّلُ عَلَىٰ كُلِّ

أَفَّاكٍ أَثِيمٍ ﴿٢٢٢﴾ يُلْقُونَ السَّمْعَ وَأَكْثَرُهُمْ كَاذِبُونَ ﴿٢٢٣﴾

وَالشُّعَرَآءُ يَتَّبِعُهُمُ الْغَاوُونَ ﴿٢٢٤﴾ أَلَمْ تَرَ أَنَّهُمْ فِي كُلِّ

وَادٍ يَهِيمُونَ ﴿٢٢٥﴾ وَأَنَّهُمْ يَقُولُونَ مَا لَا يَفْعَلُونَ ﴿٢٢٦﴾

إِلَّا الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ وَذَكَرُوا اللَّهَ

كَثِيرًا وَانتَصَرُوا مِن بَعْدِ مَا ظُلِمُوا ۗ وَسَيَعْلَمُ

الَّذِينَ ظَلَمُوا أَيَّ مُنقَلَبٍ يَنقَلِبُونَ ﴿٢٢٧﴾

منزل ٥ ع ١١ ١٥

૨૧૨. તેમને તો આને સાંભળવા સુધ્ધાંથી પણ દૂર રાખવામાં આવ્યા છે.
૨૧૩. તો હે નબી ! અલ્લાહ સાથે બીજા કોઈ ઉપાસ્યને ન પોકારો, નહીં તો તમે પણ સજા પામનારાઓમાં સામેલ થઈ જશો.
૨૧૪. પોતાના સૌથી નજીકના સગાઓને ડરાવો,
૨૧૫. અને ઈમાન લાવનારાઓ પૈકી જે લોકો તમારું અનુસરણ કરે તેમની સાથે વિનમ્રતાનો વ્યવહાર કરો,
૨૧૬. પરંતુ જો તેઓ તમારી અવજ્ઞા કરે તો તેમને કહી દો કે જે કંઈ તમે કરો છો તેની કોઈ જવાબદારી મારા ઉપર નથી.
૨૧૭. અને તે પ્રભુત્વશાળી અને દયાળુ ઉપર ભરોસો રાખો
૨૧૮. જે તમને તે વખતે જોઈ રહ્યો છે, જ્યારે તમે ઊઠો છો,
૨૧૯. અને સિજદા કરનારા લોકોમાં તમારી દોડધામ ઉપર નજર રાખે છે.
૨૨૦. તે બધું જ સાંભળનાર અને જાણનાર છે.
૨૨૧. લોકો ! શું હું તમને બતાવું કે શેતાનો કોના ઉપર ઉતરતા હોય છે ?
૨૨૨. તેઓ દરેક દગાબાજ, દુરાચારી ઉપર ઉતરતા હોય છે,
૨૨૩. કાન લગાવીને સાંભળેલી વાતો કાનોમાં ફૂંકે છે અને તેમાંથી મોટા ભાગના જૂઠા હોય છે.
૨૨૪. રહ્યા કવિઓ, તો તેમના પાછળ બહેકી ગયેલા લોકો જ ચાલતા હોય છે.
૨૨૫. શું તમે જોતાં નથી કે તેઓ દરેક ખીણમાં ભટકતા ફરે છે
૨૨૬. અને એવી વાતો કહે છે જે કરતા નથી.
૨૨૭. — સિવાય તેમના જેઓ ઈમાન લાવ્યા અને જેમણે સદ્કાર્ય કર્યા અને અલ્લાહને પુષ્કળ યાદ કર્યો અને જ્યારે તેમના ઉપર અત્યાચાર કરવામાં આવ્યો તો માત્ર બદલો જ લીધો — અને અત્યાચાર કરનારાઓને ટૂંક સમયમાં જ જણાઈ જશે કે તેઓ કેવા પરિણામના ભોગ બને છે. (રુકૂઅ-૧૧)

(૨૭) અન્-નમ્લ

પરિચય

નામ :

આ સૂરઃની આયત ૧૮માં 'નમ્લ' (કીડી)નો ઉલ્લેખ આવ્યો છે. સૂરઃનું નામ આના ઉપરથી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

વિષય અને વર્ણનશૈલી મક્કાના મધ્યકાળની સૂરઃઓને સંપૂર્ણપણે મળતાં આવે છે અને આનું સમર્થન રિવાયતો (કથનો) પરથી પણ થાય છે. ઇબ્ને અબ્બાસ (રદિ.) અને હઝરત જાબિર બિન ઝૈદનું કથન છે કે ''પહેલાં સૂરઃ શુઅરાનું અવતરણ થયું, પછી સૂરઃ નમ્લ, તે પછી અલ-કસસ.''

વિષય અને ચર્ચાઓ :

આ સૂરઃ બે પ્રવચનો પર આધારિત છે. પહેલું પ્રવચન સૂરઃની શરૂઆતથી ચોથા રુકૂઅ (આયત ૫૮) સુધી છે અને બીજું પ્રવચન પાંચમા રુકૂઅ (આયત ૫૯)થી સૂરઃના અંત સુધી. પહેલા પ્રવચનમાં બતાવવામાં આવ્યું છે કે કુર્આનના માર્ગદર્શનથી માત્ર તે જ લોકો લાભ ઉઠાવી શકે છે જેઓ તે સચ્ચાઈઓને માની લે, જેને આ ગ્રંથ સૃષ્ટિની મૌલિક સચ્ચાઈઓની હેસિયતે રજૂ કરે છે અને પછી માની લીધા બાદ પોતાના વ્યવહારિક જીવનમાં પણ આજ્ઞાપાલન અને અનુસરણનું વલણ અપનાવે, પરંતુ આ માર્ગ પર આવવા અને ચાલવામાં જે વસ્તુ સૌથી મોટી અવરોધરૂપ બને છે તે આખિરત (પરલોક)નો ઈન્કાર છે.

આ પૂર્વભૂમિકા પછી ત્રણ પ્રકારના ચરિત્રોને નમૂના તરીકે પ્રસ્તુત કરવામાં આવ્યા છે –

એક નમૂનો ફિરઔન અને સમૂદની કોમના સરદારો તથા લૂત (અલૈ.)ની કોમના વિદ્રોહીઓનો છે, જેમનું ચરિત્ર આખિરતના ખ્યાલથી બેપરવાઈ અને તેના પરિણામે મનેચ્છાની બંદગીથી નિર્માણ પામ્યા હતા. આ લોકો કોઈ નિશાની જોઈને પણ ઈમાન લાવવા તૈયાર ન થયા. તેનાથી વિપરીત આ લોકો તેમના દુશ્મન બની ગયા, જેમણે તેમને ભલાઈ અને સુધારણા તરફ બોલાવ્યા.

બીજો નમૂનો હઝરત સુલૈમાન (અલૈ.)નો છે જેમને અલ્લાહે ધન, રાજ્ય અને સુખ-વૈભવ વડે મોટા પ્રમાણમાં સંપન્ન કર્યા હતા, તેમ છતાં તેઓ પોતાને અલ્લાહ સમક્ષ જવાબદાર સમજતા હતા, તેથી તેમનું માથું હંમેશા મહાન ઉપકારક (અલ્લાહ) આગળ ઝૂકેલું રહેતું હતું.

ત્રીજો નમૂનો સબાની રાણી (મલેકા)નો છે, જે અરબસ્તાનના ઇતિહાસની સુપ્રસિદ્ધ ધનવાન કોમની શાસક હતી. તેના પાસે તે તમામ વસ્તુઓ હતી જે કોઈ પણ માણસને અહંકારી બનાવી શકતી હતી. વધારામાં તેનો સંબંધ એક મુશ્રિક (અનેકેશ્વરવાદી) જાતિથી હતો. બાપ-દાદાઓના પદ્ચિહ્નો પર ચાલવાને કારણે પણ અને પોતાની જાતિમાં પોતાના નેતૃત્વને ટકાવી રાખવા માટે પણ, તેના માટે અનેકેશ્વરવાદી ધર્મનો ત્યાગ કરીને તૌહીદનો ધર્મ (એકેશ્વરવાદી ધર્મ) અપનાવવો ખૂબ મુશ્કેલ હતું. પરંતુ જ્યારે તેના સામે સત્ય સ્પષ્ટ થઈ ગયું તો કોઈ વસ્તુ તેને સત્ય સ્વીકારવાથી રોકી શકી નહીં, કેમ કે તેની પથભ્રષ્ટતા માત્ર મુશ્રિક વાતાવરણમાં પેદા થવાને કારણે હતી. મનની દાસતા અને ઇચ્છાઓની ગુલામીનો રોગ તેના પર છવાયેલો ન હતો.

બીજા પ્રવચનમાં સૌથી પહેલાં સૃષ્ટિની કેટલીક ખૂબ જ સ્પષ્ટ અને પ્રચલિત હકીકતો તરફ નિર્દેશ કરીને મક્કાના કાફિરો (વિધર્મીઓ) સામે લગાતાર પ્રશ્ન કરવામાં આવ્યો છે કે બતાવો, આ હકીકતો શિર્કની સાક્ષી આપી રહી છે કે તૌહીદની ? ત્યારપછી વિધર્મીઓના અસલ રોગ પર આંગળી મૂકવામાં આવી છે કે જે વસ્તુએ તેમને આંધળા-બહેરા બનાવી રાખ્યા છે, તે વાસ્તવમાં આખિરત (પરલોક)નો ઇન્કાર છે. આ ચર્ચાનો હેતુ ઊંઘતા લોકોને ઢંઢોળીને જગાડવાનો છે. તેથી આયત ૬૭ થી સૂરઃના અંત સુધી લગાતાર તે વાતો કહેવામાં આવી છે જે લોકોના અંદર આખિરતની ચેતના પેદા કરે. અંતે કુર્આનનો મૂળ સંદેશ, અર્થાત્ એક અલ્લાહની ઇબાદત (ઉપાસના)નું આમંત્રણ, ખૂબ જ સંક્ષિપ્તમાં પણ અત્યંત પ્રભાવશાળી શૈલીમાં પ્રસ્તુત કરીને લોકોને સચેત કરવામાં આવ્યા છે કે આનો સ્વીકાર કરવું તમારા પોતાના માટે લાભપ્રદ અને તેને રદ કરી દેવું તમારા પોતાના માટે હાનિકારક છે.

آیاتها ٩٣ — (٢٧) سُوْرَةُ النَّمْلِ مَكِّيَّةٌ (٤٨) — رکوعاتها ٧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

طٰسٓ تِلْكَ اٰيٰتُ الْقُرْاٰنِ وَ كِتَابٍ مُّبِيْنٍ ۙ﴿١﴾
هُدًى وَّبُشْرٰى لِلْمُؤْمِنِيْنَ ۙ﴿٢﴾ الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ
وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ﴿٣﴾ اِنَّ
الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ زَيَّنَّا لَهُمْ اَعْمَالَهُمْ فَهُمْ
يَعْمَهُوْنَ ﴿٤﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ لَهُمْ سُوْٓءُ الْعَذَابِ وَهُمْ
فِي الْاٰخِرَةِ هُمُ الْاَخْسَرُوْنَ ﴿٥﴾ وَاِنَّكَ لَتُلَقَّى الْقُرْاٰنَ
مِنْ لَّدُنْ حَكِيْمٍ عَلِيْمٍ ﴿٦﴾ اِذْ قَالَ مُوْسٰى لِاَهْلِهٖٓ
اِنِّيْٓ اٰنَسْتُ نَارًا ؕ سَاٰتِيْكُمْ مِّنْهَا بِخَبَرٍ اَوْ اٰتِيْكُمْ
بِشِهَابٍ قَبَسٍ لَّعَلَّكُمْ تَصْطَلُوْنَ ﴿٧﴾ فَلَمَّا جَآءَهَا
نُوْدِيَ اَنْۢ بُوْرِكَ مَنْ فِي النَّارِ وَمَنْ حَوْلَهَا ؕ وَ
سُبْحٰنَ اللّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿٨﴾ يٰمُوْسٰٓى اِنَّهٗٓ اَنَا اللّٰهُ
الْعَزِيْزُ الْحَكِيْمُ ۙ﴿٩﴾ وَاَلْقِ عَصَاكَ ؕ فَلَمَّا رَاٰهَا تَهْتَزُّ
كَاَنَّهَا جَآنٌّ وَّلّٰى مُدْبِرًا وَّلَمْ يُعَقِّبْ ؕ يٰمُوْسٰى
لَا تَخَفْ ۫ اِنِّيْ لَا يَخَافُ لَدَيَّ الْمُرْسَلُوْنَ ۖ﴿١٠﴾ اِلَّا
مَنْ ظَلَمَ ثُمَّ بَدَّلَ حُسْنًۢا بَعْدَ سُوْٓءٍ فَاِنِّيْ غَفُوْرٌ
رَّحِيْمٌ ﴿١١﴾ وَاَدْخِلْ يَدَكَ فِيْ جَيْبِكَ تَخْرُجْ بَيْضَآءَ
مِنْ غَيْرِ سُوْٓءٍ ۫ فِيْ تِسْعِ اٰيٰتٍ اِلٰى فِرْعَوْنَ وَقَوْمِهٖ ؕ

الثلاثة

(૨૭) સૂરઃ અન્-નમ્લ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૭ • આયતો : ૯૩)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. તા-સીન ! આ આયતો છે કુર્આન અને સ્પષ્ટ ગ્રંથની.

૨. માર્ગદર્શન અને ખુશખબર તે ઈમાન લાવનારાઓ માટે

૩. જેઓ નમાઝ કાયમ કરે છે અને ઝકાત (ધર્માદાન) આપે છે, અને પછી તેઓ એવા લોકો છે જેઓ આખિરત (પરલોક) ઉપર પૂરેપૂરો વિશ્વાસ ધરાવે છે.

૪. હકીકત એ છે કે જે લોકો આખિરત (પરલોક)માં માનતા નથી, તેમના માટે અમે તેમના કૃત્યોને શોભાસ્પદ બનાવી દીધા છે, આથી તેઓ ભટકતા ફરે છે.

૫. આ તે લોકો છે જેમના માટે ખરાબ સજા છે અને આખિરતમાં પણ આ જ લોકો સૌથી વધુ નુકસાનમાં રહેવાના છે.

૬. અને (હે નબી !) નિઃશંક તમે આ કુર્આન એક તત્ત્વદર્શી અને સર્વજ્ઞ હસ્તી તરફથી મેળવી રહ્યા છો.

૭. (આ લોકોને તે વખતનો પ્રસંગ સંભળાવો) જ્યારે કે મૂસાએ પોતાના કુટુંબીજનોને કહ્યું, "મને કંઈક આગ જેવું દેખાયું છે. હું હમણાં ત્યાંથી કોઈ સમાચાર લઈને આવું છું અથવા કોઈ અંગારો લઈને આવું છું, જેથી તમે લોકો તાપણી કરી શકો."

૮. જેવો તે ત્યાં પહોંચ્યો કે અવાજ આવ્યો, "મુબારક★ છે તે જે આ આગમાં છે અને જે આના વાતાવરણમાં છે. પવિત્ર છે અલ્લાહ, સૌ દુનિયાવાળાઓનો પાલનહાર !

૯. હે મૂસા ! આ હું છું અલ્લાહ, પ્રભુત્વશાળી અને સૂઝ-બૂઝવાળો,

૧૦. અને ફેંક તો જરા પોતાની લાઠી." જેવું મૂસાએ જોયું, લાઠી સાપની જેમ સળવળી રહી છે તો પીઠ ફેરવીને ભાગ્યો અને પાછા ફરીને જોયું પણ નહીં. "હે મૂસા ! ડર નહીં, મારા પાસે રસૂલો (ઈશદૂતો) ડરતા નથી,

૧૧. સિવાય કે કોઈએ કસૂર કર્યો હોય. પછી જો બૂરાઈ પછી ભલાઈ દ્વારા (પોતાના કાર્યને) બદલી નાખ્યું તો હું માફ કરનાર દયાળુ છું.

૧૨. અને જરા પોતાનો હાથ પોતાની બગલમાં નાખો, ચળકતો નીકળશે કોઈ પણ કષ્ટ વિના. આ (બે નિશાનીઓ) નવ નિશાનીઓમાંથી છે, ફિરઔન અને તેની કોમ તરફ (લઈ જવા માટે). તેઓ ભારે

★ ખૂબ જ ઉપકારી અને અત્યંત ભલાઈવાળો, મહેરબાન, અતિ બુઝુર્ગ અને મહાન, અત્યંત પવિત્ર અને વિશુદ્ધ, અતિ ઉચ્ચ અને શ્રેષ્ઠ, પૂર્ણ સામર્થ્યની દૃષ્ટિએ શ્રેષ્ઠ.

اِنَّهُمْ كَانُوْا قَوْمًا فٰسِقِيْنَ ﴿١٢﴾ فَلَمَّا جَآءَتْهُمْ اٰيٰتُنَا
مُبْصِرَةً قَالُوْا هٰذَا سِحْرٌ مُّبِيْنٌ ﴿١٣﴾ وَجَحَدُوْا بِهَا
وَاسْتَيْقَنَتْهَآ اَنْفُسُهُمْ ظُلْمًا وَّعُلُوًّا ؕ فَانْظُرْ كَيْفَ
كَانَ عَاقِبَةُ الْمُفْسِدِيْنَ ﴿١٤﴾ وَلَقَدْ اٰتَيْنَا دَاوٗدَ ع ١ ١٣ ١٦
وَسُلَيْمٰنَ عِلْمًا ۚ وَقَالَا الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ فَضَّلَنَا
عَلٰى كَثِيْرٍ مِّنْ عِبَادِهِ الْمُؤْمِنِيْنَ ﴿١٥﴾ وَوَرِثَ
سُلَيْمٰنُ دَاوٗدَ وَقَالَ يٰۤاَيُّهَا النَّاسُ عُلِّمْنَا مَنْطِقَ
الطَّيْرِ وَاُوْتِيْنَا مِنْ كُلِّ شَيْءٍ ؕ اِنَّ هٰذَا لَهُوَ الْفَضْلُ
الْمُبِيْنُ ﴿١٦﴾ وَحُشِرَ لِسُلَيْمٰنَ جُنُوْدُهٗ مِنَ الْجِنِّ وَ
الْاِنْسِ وَالطَّيْرِ فَهُمْ يُوْزَعُوْنَ ﴿١٧﴾ حَتّٰۤى اِذَآ اَتَوْا
عَلٰى وَادِ النَّمْلِ ۙ قَالَتْ نَمْلَةٌ يّٰۤاَيُّهَا النَّمْلُ
ادْخُلُوْا مَسٰكِنَكُمْ ۚ لَا يَحْطِمَنَّكُمْ سُلَيْمٰنُ وَجُنُوْدُهٗ ۙ
وَهُمْ لَا يَشْعُرُوْنَ ﴿١٨﴾ فَتَبَسَّمَ ضَاحِكًا مِّنْ قَوْلِهَا وَ
قَالَ رَبِّ اَوْزِعْنِيْۤ اَنْ اَشْكُرَ نِعْمَتَكَ الَّتِيْۤ اَنْعَمْتَ
عَلَيَّ وَعَلٰى وَالِدَيَّ وَاَنْ اَعْمَلَ صَالِحًا تَرْضٰىهُ
وَاَدْخِلْنِيْ بِرَحْمَتِكَ فِيْ عِبَادِكَ الصّٰلِحِيْنَ ﴿١٩﴾ وَ
تَفَقَّدَ الطَّيْرَ فَقَالَ مَا لِيَ لَآ اَرَى الْهُدْهُدَ ۖ اَمْ كَانَ
مِنَ الْغَآئِبِيْنَ ﴿٢٠﴾ لَاُعَذِّبَنَّهٗ عَذَابًا شَدِيْدًا اَوْ لَاَاذْبَحَنَّهٗۤ
اَوْ لَيَاْتِيَنِّيْ بِسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿٢١﴾ فَمَكَثَ غَيْرَ بَعِيْدٍ منزل ٥

દુરાચારી લોકો છે.''

૧૩. પરંતુ જ્યારે અમારી ખુલ્લી નિશાનીઓ તેમના સામે આવી તો તેમણે કહ્યું કે આ તો સ્પષ્ટ જાદુ છે.

૧૪. તેમણે સર્વથા અત્યાચાર અને ઘમંડના વર્તનથી આ નિશાનીઓનો ઈન્કાર કર્યો, જો કે હૃદય તેમને માની ગયા હતા. હવે જોઈ લો કે તે બગાડ પેદા કરનારાઓનું પરિણામ કેવું આવ્યું. (રુકૂઅ-૧)

૧૫. (બીજી બાજુએ) અમે દાઊદ અને સુલેમાનને જ્ઞાન પ્રદાન કર્યું, અને તેમણે કહ્યું, ''આભાર છે તે ખુદાનો જેણે અમને પોતાના ઘણાં ઈમાનવાળા બંદાઓ પર શ્રેષ્ઠતા આપી.''

૧૬. અને દાઊદનો વારસદાર સુલેમાન થયો અને તેણે કહ્યું, ''લોકો ! અમને પક્ષીઓની બોલીઓ શીખવાડવામાં આવી છે અને અમને દરેક પ્રકારની વસ્તુઓ આપવામાં આવી છે. નિઃસંદેહ આ (અલ્લાહની) ખુલ્લી મહેરબાની છે.''

૧૭. સુલેમાન માટે જિન્નાતો, મુનષ્યો અને પક્ષીઓનું લશ્કર જમા કરવામાં આવ્યું હતું અને તેમને સંપૂર્ણ અનુશાસનમાં રાખવામાં આવતા હતા.

૧૮. (એક વખતે તે તેમના સાથે કૂચ કરી રહ્યો હતો) ત્યાં સુધી કે આ બધા કીડીઓની ખીણમાં પહોંચ્યા તો એક કીડીએ કહ્યું, ''હે કીડીઓ ! પોતાના દરોમાં પેસી જાઓ, ક્યાંક એવું ન થાય કે સુલેમાન અને તેના લશ્કરો તમને કચડી નાંખે અને તેમને ખબર પણ ન હોય.''

૧૯. સુલેમાન તેની વાત સાંભળી સ્મિત કરતાં હસી પડ્યો અને બોલ્યો, ''હે મારા રબ ! મને કાબૂમાં રાખે કે હું તારા આ ઉપકાર બદલ આભાર વ્યક્ત કરતો રહું જે તેં મારા પર અને મારા માતા-પિતા પર કર્યો છે અને એવા સદ્કાર્યો કરું જે તને પસંદ પડે અને પોતાની કૃપા વડે મને પોતાના સદાચારી બંદાઓમાં સામેલ કર.''

૨૦. (એક બીજા પ્રસંગે) સુલેમાને પક્ષીઓનું નિરીક્ષણ કર્યું અને કહ્યું, ''શું વાત છે કે હું ફલાણા હુદહુદને જોતો નથી ? શું તે ક્યાંક અદશ્ય થઈ ગયો છે ?

૨૧. હું તેને ભારે સજા કરીશ અથવા તેને ઝબેહ કરી નાખીશ, નહીં તો તેણે મારા સમક્ષ યોગ્ય કારણ રજૂ કરવું પડશે.''

૨૨. થોડો સમય પણ પસાર થયો ન હતો કે ત્યાં તેણે આવીને કહ્યું, ''મેં

فَقَالَ اَحَطْتُّ بِمَا لَمْ تُحِطْ بِهٖ وَجِئْتُكَ مِنْ سَبَاٍۭ بِنَبَاٍ
يَّقِيْنٍ ﴿۲۲﴾ اِنِّیْ وَجَدْتُّ امْرَاَةً تَمْلِكُهُمْ وَ اُوْتِيَتْ
مِنْ كُلِّ شَیْءٍ وَّلَهَا عَرْشٌ عَظِيْمٌ ﴿۲۳﴾ وَجَدْتُّهَا وَقَوْمَهَا
يَسْجُدُوْنَ لِلشَّمْسِ مِنْ دُوْنِ اللّٰهِ وَزَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ
اَعْمَالَهُمْ فَصَدَّهُمْ عَنِ السَّبِيْلِ فَهُمْ لَا يَهْتَدُوْنَ ﴿۲۴﴾ۙ
اَلَّا يَسْجُدُوْا لِلّٰهِ الَّذِیْ يُخْرِجُ الْخَبْءَ فِی السَّمٰوٰتِ وَ
الْاَرْضِ وَيَعْلَمُ مَا تُخْفُوْنَ وَمَا تُعْلِنُوْنَ ﴿۲۵﴾ اَللّٰهُ
لَاۤ اِلٰهَ اِلَّا هُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ﴿۲۶﴾ السجدة قَالَ سَنَنْظُرُ السجدة ۸
اَصَدَقْتَ اَمْ كُنْتَ مِنَ الْكٰذِبِيْنَ ﴿۲۷﴾ اِذْهَبْ بِّكِتٰبِیْ
هٰذَا فَاَلْقِهْ اِلَيْهِمْ ثُمَّ تَوَلَّ عَنْهُمْ فَانْظُرْ مَاذَا
يَرْجِعُوْنَ ﴿۲۸﴾ قَالَتْ يٰۤاَيُّهَا الْمَلَؤُا اِنِّیْۤ اُلْقِیَ اِلَیَّ كِتٰبٌ
كَرِيْمٌ ﴿۲۹﴾ اِنَّهٗ مِنْ سُلَيْمٰنَ وَاِنَّهٗ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ
الرَّحِيْمِ ﴿۳۰﴾ۙ اَلَّا تَعْلُوْا عَلَیَّ وَاْتُوْنِیْ مُسْلِمِيْنَ ﴿۳۱﴾ ع قَالَتْ ع ۱۷/۲
يٰۤاَيُّهَا الْمَلَؤُا اَفْتُوْنِیْ فِیْۤ اَمْرِیْ ۚ مَا كُنْتُ قَاطِعَةً
اَمْرًا حَتّٰى تَشْهَدُوْنِ ﴿۳۲﴾ قَالُوْا نَحْنُ اُولُوْا قُوَّةٍ وَّاُولُوْا
بَاْسٍ شَدِيْدٍ ۙ۬ وَّالْاَمْرُ اِلَيْكِ فَانْظُرِیْ مَاذَا تَاْمُرِيْنَ ﴿۳۳﴾
قَالَتْ اِنَّ الْمُلُوْكَ اِذَا دَخَلُوْا قَرْيَةً اَفْسَدُوْهَا
وَجَعَلُوْۤا اَعِزَّةَ اَهْلِهَاۤ اَذِلَّةً ۚ وَكَذٰلِكَ يَفْعَلُوْنَ ﴿۳۴﴾
وَاِنِّیْ مُرْسِلَةٌ اِلَيْهِمْ بِهَدِيَّةٍ فَنٰظِرَةٌۢ بِمَ يَرْجِعُ منزل ۵

તે જાણકારીઓ મેળવી લીધી છે જેની આપને ખબર નથી. હું સબા વિષે ચોક્કસ ખબર લઈને આવ્યો છું.

૨૩. મેં ત્યાં એક સ્ત્રી જોઈ જે તે કોમ પર શાસન કરે છે. તેને દરેક સાધન-સામગ્રી પ્રદાન કરવામાં આવી છે અને તેનું સિંહાસન ભવ્ય છે.

૨૪-૨૫. મેં જોયું કે તે અને તેની કોમ અલ્લાહને છોડીને સૂર્યના આગળ સિજદો કરે છે" – શૈતાને તેમના કાર્યો તેમના માટે શોભાસ્પદ બનાવી દીધા અને તેમને મુખ્ય માર્ગથી રોકી દીધા, આ કારણે તેઓ સન્માર્ગ પામતા નથી કે જેથી તે ખુદાને સિજદો કરે જે આકાશો અને ધરતીની છૂપાયેલી વસ્તુઓ કાઢે છે અને તે બધું જ જાણે છે જેને તમે લોકો છૂપાવો અને જાહેર કરો છો.

૨૬. અલ્લાહ, કે જેના સિવાય કોઈ ઉપાસનાને પાત્ર નથી, જે મહાન અર્શ (રાજ-સિંહાસન)નો માલિક છે.

૨૭. સુલેમાને કહ્યું, "હમણા અમે જોઈ લઈએ છીએ કે સાચું કહ્યું છે કે તું જૂઠ બોલનારાઓમાંથી છે.

૨૮. મારો આ પત્ર લઈ જા અને તેને એ લોકો તરફ નાંખી દે, પછી અલગ રહીને જો કે તેઓ શું પ્રતિક્રિયા જાહેર કરે છે."

૨૯. રાણી બોલી, "હે દરબારીઓ ! મારા તરફ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ પત્ર નાખવામાં આવ્યો છે.

૩૦. તે સુલેમાન તરફથી છે અને અત્યંત કૃપાળુ અને દયાળુ અલ્લાહના નામથી શરૂ કરવામાં આવ્યો છે.

૩૧. વિષય આ છે કે "મારા સામે વિદ્રોહ ન કરો અને મુસ્લિમ થઈને મારા સમક્ષ હાજર થઈ જાઓ." (રુકૂઅ-૨)

૩૨. (પત્ર સંભળાવીને) રાણીએ કહ્યું, "હે કોમના સરદારો ! મારા આ મામલામાં મને સલાહ આપો, હું કોઈ પણ મામલાનો નિર્ણય તમારા વિના કરતી નથી."

૩૩. તેમણે જવાબ આપ્યો, "અમે શક્તિશાળી અને લડવાવાળા લોકો છીએ. આગળ નિર્ણય લેવો આપના હાથમાં છે. આપ પોતે જ જોઈ લો કે આપને શું આદેશ આપવો છે."

૩૪. રાણીએ કહ્યું, "બાદશાહ જ્યારે કોઈ દેશમાં ધસી આવે છે તો તેને પાયમાલ કરી મૂકે છે અને તેના આબરૂદાર લોકોને અપમાનિત કરી મૂકે છે. આવું જ કંઈક તેઓ કરતા હોય છે.

૩૫. હું તે લોકો તરફ એક ભેટ મોકલું છું, પછી જોઉં છું કે મારા એલચી શું જવાબ લઈને પાછા ફરે છે."

الْمُرْسَلُوْنَ ﴿٣٥﴾ فَلَمَّا جَآءَ سُلَيْمٰنَ قَالَ اَتُمِدُّوْنَنِ
بِمَالٍ فَمَآ اٰتٰىنِۦَ اللّٰهُ خَيْرٌ مِّمَّآ اٰتٰىكُمْ ۚ بَلْ اَنْتُمْ
بِهَدِيَّتِكُمْ تَفْرَحُوْنَ ﴿٣٦﴾ اِرْجِعْ اِلَيْهِمْ فَلَنَاْتِيَنَّهُمْ
بِجُنُوْدٍ لَّا قِبَلَ لَهُمْ بِهَا وَلَنُخْرِجَنَّهُمْ مِّنْهَآ اَذِلَّةً
وَّهُمْ صٰغِرُوْنَ ﴿٣٧﴾ قَالَ يٰٓاَيُّهَا الْمَلَؤُا اَيُّكُمْ
يَاْتِيْنِيْ بِعَرْشِهَا قَبْلَ اَنْ يَّاْتُوْنِيْ مُسْلِمِيْنَ ﴿٣٨﴾ قَالَ
عِفْرِيْتٌ مِّنَ الْجِنِّ اَنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ اَنْ تَقُوْمَ
مِنْ مَّقَامِكَ ۚ وَاِنِّيْ عَلَيْهِ لَقَوِيٌّ اَمِيْنٌ ﴿٣٩﴾ قَالَ
الَّذِيْ عِنْدَهٗ عِلْمٌ مِّنَ الْكِتٰبِ اَنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ
اَنْ يَّرْتَدَّ اِلَيْكَ طَرْفُكَ ۭ فَلَمَّا رَاٰهُ مُسْتَقِرًّا عِنْدَهٗ
قَالَ هٰذَا مِنْ فَضْلِ رَبِّيْ ۣ لِيَبْلُوَنِيْٓ ءَاَشْكُرُ اَمْ
اَكْفُرُ ۭ وَمَنْ شَكَرَ فَاِنَّمَا يَشْكُرُ لِنَفْسِهٖ ۚ وَمَنْ كَفَرَ
فَاِنَّ رَبِّيْ غَنِيٌّ كَرِيْمٌ ﴿٤٠﴾ قَالَ نَكِّرُوْا لَهَا عَرْشَهَا نَنْظُرْ
اَتَهْتَدِيْٓ اَمْ تَكُوْنُ مِنَ الَّذِيْنَ لَا يَهْتَدُوْنَ ﴿٤١﴾ فَلَمَّا
جَآءَتْ قِيْلَ اَهٰكَذَا عَرْشُكِ ۭ قَالَتْ كَاَنَّهٗ هُوَ ۚ وَ
اُوْتِيْنَا الْعِلْمَ مِنْ قَبْلِهَا وَكُنَّا مُسْلِمِيْنَ ﴿٤٢﴾ وَصَدَّهَا
مَا كَانَتْ تَّعْبُدُ مِنْ دُوْنِ اللّٰهِ ۭ اِنَّهَا كَانَتْ مِنْ قَوْمٍ
كٰفِرِيْنَ ﴿٤٣﴾ قِيْلَ لَهَا ادْخُلِي الصَّرْحَ ۚ فَلَمَّا رَاَتْهُ
حَسِبَتْهُ لُجَّةً وَّكَشَفَتْ عَنْ سَاقَيْهَا ۭ قَالَ اِنَّهٗ

منزل ٥

૩૬. જ્યારે તે (રાણીનો એલચી) સુલેમાનને ત્યાં પહોંચ્યો તો તેણે કહ્યું, ''શું તમે ધન વડે મારી મદદ કરવા માગો છો? જે કંઈ અલ્લાહે મને આપેલું છે તે તેનાથી ઘણું વધારે છે જે તમને આપ્યું છે. તમારી ભેટ તમને મુબારક:
૩૭. (હે એલચી !) પાછો જા પોતાના મોકલનારાઓ પાસે. અમે તેમના ઉપર એવા લશ્કર લઈને આવીશું જેનો મુકાબલો તેઓ નહીં કરી શકે અને અમે તેમને એવા બેઆબરૂ કરીને ત્યાંથી કાઢીશું કે તેઓ ત્યાં અપમાનિત થઈને રહી જશે.''
૩૮. સુલેમાને કહ્યું, ''હે દરબારીઓ ! તમારામાંથી કોણ તેનું સિંહાસન મારા પાસે લઈ આવે છે, તે પહેલાં કે તે લોકો આજ્ઞાંકિત બનીને મારા સમક્ષ ઉપસ્થિત થાય?
૩૯. જિન્નાતોમાંથી એક મહાકાય જિન્નાતે કહ્યું, ''હું તેને હાજર કરી દઈશ, તે પહેલાં કે આપ આપની જગ્યાએથી ઊઠો. હું આની તાકાત ધરાવું છું અને વિશ્વસનીય છું.''
૪૦. જે વ્યક્તિ પાસે ગ્રંથનું એક જ્ઞાન હતું તે બોલ્યો, ''હું આપની આંખ પલકારો મારે તે પહેલાં તેને લાવી આપું છું.'' જેવું સુલેમાને તે સિંહાસન પોતાના પાસે મૂકેલું જોયું તે પોકારી ઊઠ્યો, ''આ મારા રબની કૃપા છે જેથી તે મારી પરીક્ષા કરે કે હું કૃતજ્ઞ થાઉં છું કે કૃપાનો ઇન્કાર કરનારો બની જાઉં છું, અને જે કોઈ આભારી થાય છે તેનું આભારી થવું તેના પોતાના જ માટે લાભપ્રદ છે, નહીં તો કોઈ અપકાર કરે તો મારો રબ બેનિયાઝ (નિરપેક્ષ અને નિઃસ્પૃહ) છે અને પોતાની જાતમાં પોતે જ મહાન છે.''
૪૧. સુલેમાને કહ્યું, ''તેને ખબર પડે નહીં તેવી રીતે તેનું સિંહાસન તેના સામે મૂકી દો, જોઈએ કે તે સાચી વાત સુધી પહોંચે છે કે તે લોકોમાંથી છે જેઓ સન્માર્ગ પામતા નથી ?''
૪૨. રાણી જ્યારે હાજર થઈ તો તેને કહેવામાં આવ્યું કે ''શું તારું સિંહાસન આવું જ છે ?'' તે કહેવા લાગી, ''આ તો જાણે તે જ છે. અમે તો પહેલાંથી જ જાણી ગયા હતા અને અમે આજ્ઞાપાલનમાં માથું ઝુકાવી દીધું હતું (અથવા અમે મુસ્લિમ થઈ ગયા હતા).
૪૩. તેને (ઈમાન લાવવાથી) જે વસ્તુએ રોકી રાખી હતી તે એ ઉપાસ્યોની પૂજા હતી જેમને તે અલ્લાહને છોડીને પૂજતી હતી, કેમ કે તે એક કાફિર (વિધર્મી) કોમમાંથી હતી.
૪૪. તેને કહેવામાં આવ્યું કે મહેલમાં પ્રવેશ કરે. તેણે જોયું તો તેને લાગ્યું કે પાણીનો હોજ છે અને ઉતરવા માટે તેણે પાંયચા ઊંચા કરી લીધા. સુલેમાને કહ્યું, ''આ કાચની લીસી ફરસ છે.'' આ જોઈ તે બોલી ઊઠી,

صَرۡحٌ مُّمَرَّدٌ مِّنۡ قَوَارِيۡرَ ؕ قَالَتۡ رَبِّ اِنِّىۡ ظَلَمۡتُ
نَفۡسِىۡ وَاَسۡلَمۡتُ مَعَ سُلَيۡمٰنَ لِلّٰهِ رَبِّ الۡعٰلَمِيۡنَ ﴿٤٤﴾ ع ٣ / ١٣ / ١٨
وَلَقَدۡ اَرۡسَلۡنَاۤ اِلٰى ثَمُوۡدَ اَخَاهُمۡ صٰلِحًا اَنِ
اعۡبُدُوا اللّٰهَ فَاِذَا هُمۡ فَرِيۡقٰنِ يَخۡتَصِمُوۡنَ ﴿٤٥﴾
قَالَ يٰقَوۡمِ لِمَ تَسۡتَعۡجِلُوۡنَ بِالسَّيِّئَةِ قَبۡلَ
الۡحَسَنَةِ ۚ لَوۡلَا تَسۡتَغۡفِرُوۡنَ اللّٰهَ لَعَلَّكُمۡ تُرۡحَمُوۡنَ ﴿٤٦﴾
قَالُوا اطَّيَّرۡنَا بِكَ وَبِمَنۡ مَّعَكَ ؕ قَالَ طٰٓئِرُكُمۡ
عِنۡدَ اللّٰهِ بَلۡ اَنۡتُمۡ قَوۡمٌ تُفۡتَنُوۡنَ ﴿٤٧﴾ وَكَانَ فِى
الۡمَدِيۡنَةِ تِسۡعَةُ رَهۡطٍ يُّفۡسِدُوۡنَ فِى الۡاَرۡضِ وَلَا
يُصۡلِحُوۡنَ ﴿٤٨﴾ قَالُوۡا تَقَاسَمُوۡا بِاللّٰهِ لَنُبَيِّتَنَّهٗ وَ
اَهۡلَهٗ ثُمَّ لَنَقُوۡلَنَّ لِوَلِيِّهٖ مَا شَهِدۡنَا مَهۡلِكَ
اَهۡلِهٖ وَاِنَّا لَصٰدِقُوۡنَ ﴿٤٩﴾ وَمَكَرُوۡا مَكۡرًا وَّمَكَرۡنَا
مَكۡرًا وَّهُمۡ لَا يَشۡعُرُوۡنَ ﴿٥٠﴾ فَانۡظُرۡ كَيۡفَ كَانَ
عَاقِبَةُ مَكۡرِهِمۡ ۙ اَنَّا دَمَّرۡنٰهُمۡ وَقَوۡمَهُمۡ اَجۡمَعِيۡنَ ﴿٥١﴾
فَتِلۡكَ بُيُوۡتُهُمۡ خَاوِيَةًۢ بِمَا ظَلَمُوۡا ؕ اِنَّ فِىۡ ذٰلِكَ
لَاٰيَةً لِّقَوۡمٍ يَّعۡلَمُوۡنَ ﴿٥٢﴾ وَاَنۡجَيۡنَا الَّذِيۡنَ اٰمَنُوۡا وَ
كَانُوۡا يَتَّقُوۡنَ ﴿٥٣﴾ وَلُوۡطًا اِذۡ قَالَ لِقَوۡمِهٖۤ اَتَاۡتُوۡنَ
الۡفَاحِشَةَ وَاَنۡتُمۡ تُبۡصِرُوۡنَ ﴿٥٤﴾ اَئِنَّكُمۡ لَتَاۡتُوۡنَ الرِّجَالَ
شَهۡوَةً مِّنۡ دُوۡنِ النِّسَآءِ ؕ بَلۡ اَنۡتُمۡ قَوۡمٌ تَجۡهَلُوۡنَ ﴿٥٥﴾

"હે મારા રબ ! (આજ સુધી) હું પોતાના પર ભારે અત્યાચાર કરતી રહી, અને હવે મેં સુલેમાનની સાથે અલ્લાહ સમગ્ર સૃષ્ટિના માલિક અને પાલનહારનું આજ્ઞાપાલન સ્વીકારી લીધું." (રુકૂઅ-૩)

૪૫. અને સમૂદની તરફ અમે તેના ભાઈ સાલેહને (આ સંદેશ આપીને) મોકલ્યો કે અલ્લાહની બંદગી કરો, તો એકાએક તેઓ બે ઝઘડતા વિરોધી પક્ષો બની ગયા.

૪૬. સાલેહે કહ્યું, "હે મારી કોમના લોકો ! ભલાઈ પહેલાં બૂરાઈ માટે કેમ ઉતાવળ કરો છો ? અલ્લાહ પાસે ક્ષમા કેમ માગતા નથી ? કદાચ તમારા પર દયા કરવામાં આવે."

૪૭. તેમણે કહ્યું, "અમે તો તમને અને તમારા સાથીઓને અપશુકનના પ્રતીક જોયા છે." સાલેહે જવાબ આપ્યો, "તમારા શુકન-અપશુકનનું મૂળ તો અલ્લાહ પાસે છે. સાચી વાત એ છે કે તમારી પરીક્ષા થઈ રહી છે."

૪૮. તે શહેરમાં ટોળીઓના નવ નાયક હતા જે ધરતી ઉપર બગાડ ફેલાવતા હતા અને કોઈ સુધારણાનું કામ કરતા ન હતા.

૪૯. તેમણે એકબીજાને કહ્યું, "અલ્લાહના સોગંદ ખાઈને પ્રતિજ્ઞા કરી લો કે આપણે સાલેહ અને તેના કુટુંબ પર રાત્રે છાપો મારીશું અને પછી આપણે તેના વલી (સંરક્ષક)ને કહી દઈશું કે અમે તેના કુટુંબના વિનાશ વખતે હાજર ન હતા, અમે તદ્દન સાચું બોલીએ છીએ."

૫૦. આ ચાલ તો તેઓ ચાલ્યા અને પછી એક ચાલ અમે ચાલ્યા જેની તેમને ખબર ન હતી.

૫૧. હવે જોઈ લો કે તેમની ચાલનું શું પરિણામ આવ્યું. અમે નષ્ટ કરીને મૂકી દીધા તેમને અને તેમની સંપૂર્ણ કોમને.

૫૨. તેમના તે ઘરો વેરાન પડ્યા છે તે અત્યાચારના બદલા રૂપે જે તેઓ કરતા હતા, આમાં બોધપાઠની એક નિશાની છે તે લોકો માટે જેઓ જ્ઞાન ધરાવે છે.

૫૩. અને બચાવી લીધા અમે તે લોકોને જેઓ ઈમાન લાવ્યા હતા અને અવજ્ઞાથી બચતા હતા.

૫૪. અને લૂતને અમે મોકલ્યો. યાદ કરો તે સમય જ્યારે કે તેણે પોતાની કોમને કહ્યું, "શું તમે દેખતી આંખોએ અશ્લીલ કૃત્ય કરો છો ?

૫૫. શું તમારૂં આ જ ચલણ છે કે તમારી સ્ત્રીઓને છોડીને પુરુષો પાસે કામવાસના સંતોષવા જાઓ છો ? હકીકત આ છે કે તમે લોકો ભારે અજ્ઞાનતાનું કૃત્ય કરો છો."

فَمَا كَانَ جَوَابَ قَوْمِهٖٓ اِلَّآ اَنْ قَالُوْٓا اَخْرِجُوْٓا اٰلَ لُوْطٍ
مِّنْ قَرْيَتِكُمْ ۚ اِنَّهُمْ اُنَاسٌ يَّتَطَهَّرُوْنَ ﴿۵۶﴾ فَاَنْجَيْنٰهُ
وَاَهْلَهٗٓ اِلَّا امْرَاَتَهٗ ۫ قَدَّرْنٰهَا مِنَ الْغٰبِرِيْنَ ﴿۵۷﴾ وَ
ع ۱۴ ۱۹ اَمْطَرْنَا عَلَيْهِمْ مَّطَرًا ۚ فَسَآءَ مَطَرُ الْمُنْذَرِيْنَ ﴿۵۸﴾
قُلِ الْحَمْدُ لِلّٰهِ وَ سَلٰمٌ عَلٰى عِبَادِهِ الَّذِيْنَ
اصْطَفٰى ؕ آٰللّٰهُ خَيْرٌ اَمَّا يُشْرِكُوْنَ ﴿۵۹﴾

الجزء العشرون (۲۰)

اَمَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَاَنْزَلَ لَكُمْ مِّنَ
السَّمَآءِ مَآءً ۚ فَاَنْۢبَتْنَا بِهٖ حَدَآئِقَ ذَاتَ بَهْجَةٍ ۚ مَا كَانَ
لَكُمْ اَنْ تُنْۢبِتُوْا شَجَرَهَا ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ ؕ بَلْ هُمْ قَوْمٌ
يَّعْدِلُوْنَ ﴿۶۰﴾ اَمَّنْ جَعَلَ الْاَرْضَ قَرَارًا وَّجَعَلَ خِلٰلَهَآ
اَنْهٰرًا وَّجَعَلَ لَهَا رَوَاسِيَ وَجَعَلَ بَيْنَ الْبَحْرَيْنِ
حَاجِزًا ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿۶۱﴾ ؕ اَمَّنْ
يُّجِيْبُ الْمُضْطَرَّ اِذَا دَعَاهُ وَيَكْشِفُ السُّوْٓءَ وَيَجْعَلُكُمْ
خُلَفَآءَ الْاَرْضِ ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ ؕ قَلِيْلًا مَّا تَذَكَّرُوْنَ ﴿۶۲﴾ ؕ
اَمَّنْ يَّهْدِيْكُمْ فِيْ ظُلُمٰتِ الْبَرِّ وَالْبَحْرِ وَمَنْ
يُّرْسِلُ الرِّيٰحَ بُشْرًاۢ بَيْنَ يَدَيْ رَحْمَتِهٖ ؕ ءَاِلٰهٌ مَّعَ
اللّٰهِ ؕ تَعٰلَى اللّٰهُ عَمَّا يُشْرِكُوْنَ ﴿۶۳﴾ ؕ اَمَّنْ يَّبْدَؤُا الْخَلْقَ
ثُمَّ يُعِيْدُهٗ وَمَنْ يَّرْزُقُكُمْ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ ؕ ءَاِلٰهٌ
منزل ۵ مَّعَ اللّٰهِ ؕ قُلْ هَاتُوْا بُرْهَانَكُمْ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۶۴﴾

૫૬. પરંતુ તેની કોમનો જવાબ એ સિવાય બીજો કંઈ ન હતો કે તેમણે કહ્યું, ''કાઢી મૂકો લૂતના કુટુંબીજનોને પોતાની વસ્તીમાંથી, તેઓ મોટા ચોખલિયા બને છે.''

૫૭. છેવટે અમે બચાવી લીધા તેને અને તેના કુટુંબીજનોને, તેની પત્ની સિવાય, જેનું પાછળ રહી જવાનું અમે નક્કી કરી દીધું હતું

૫૮. અને વરસાવ્યો તેમના ઉપર એક વરસાદ, ઘણો જ ખરાબ વરસાદ હતો તે તેમના માટે, જેમને ચેતવી દેવામાં આવ્યા હતા. (રુકૂઅ-૪)

૫૯. (હે નબી !) કહો, પ્રશંસા છે અલ્લાહ માટે અને સલામતી તે બંદાઓ પર જેમને તેણે ચૂંટી લીધા. (આમને પૂછો) અલ્લાહ વધુ સારો છે કે તે ઉપાસ્યો જેમને આ લોકો તેના ભાગીદાર બનાવી રહ્યા છે ?

૬૦. તો પછી કોણ છે જેણે આકાશો અને ધરતીને પેદા કર્યા ? અને તમારા માટે આકાશમાંથી પાણી વરસાવ્યું ? પછી તેના દ્વારા તે સુંદર બાગ ઊગાડ્યા જેમના વૃક્ષોનું ઊગાડવું તમારા સામર્થ્યની વાત ન હતી. શું અલ્લાહ સાથે બીજો કોઈ ખુદા પણ (આ કામોમાં ભાગીદાર) છે ? (નહીં) બલ્કે આ જ લોકો સન્માર્ગથી હટીને ચાલી જઈ રહ્યા છે.

૬૧. અને કોણ છે જેણે ધરતીને રોકાવાની જગ્યા બનાવી અને તેમાં નદીઓ વહેવડાવી અને તેમાં (પર્વતોના) ખૂંટા ખોસી દીધાં અને પાણીના બે ભંડારો વચ્ચે આડ ઊભી કરી દીધી ? શું અલ્લાહ સાથે કોઈ બીજો ખુદા પણ (આ કામોમાં ભાગીદાર) છે ? નહીં, બલ્કે આમાંથી મોટા ભાગના લોકો નાદાન છે.

૬૨. કોણ છે જે વ્યાકુળ લોકોની દુઆ સાંભળે છે જ્યારે તેઓ તેને પોકારે, અને કોણ તેની તકલીફ દૂર કરે છે ? અને (કોણ છે જે) તમને ધરતી ઉપર ખલીફા (નાયબ, પ્રતિનિધિ) બનાવે છે ? શું અલ્લાહ સાથે કોઈ બીજો ખુદા પણ (આ કાર્ય કરનારો) છે ? તમે લોકો ભાગ્યે જ વિચારો છો.

૬૩. અને તે કોણ છે જે જમીન અને સમુદ્રના અંધકારમાં તમને માર્ગ દેખાડે છે અને કોણ પોતાની કૃપાના આગળ હવાઓને શુભ-સૂચના લઈને મોકલે છે ? શું અલ્લાહ સાથે કોઈ બીજો ખુદા પણ (આ કામ કરે) છે ? ખૂબ જ ઉચ્ચ અને શ્રેષ્ઠ છે અલ્લાહ તે શિર્કથી જે આ લોકો કરે છે.

૬૪. અને તે કોણ છે જે સર્જનની શરૂઆત કરે છે અને પછી તેનું પુનરાવર્તન કરે છે ? અને કોણ તમને આકાશ અને ધરતીમાંથી રોજી આપે છે ? શું અલ્લાહ સાથે કોઈ બીજો ખુદા પણ (આ કામોમાં ભાગીદાર) છે ? કહો કે લાવો પોતાની દલીલ જો તમે સાચા છો.

قُلْ لَّا يَعْلَمُ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ الْغَيْبَ اِلَّا
اللّٰهُ ؕ وَمَا يَشْعُرُوْنَ اَيَّانَ يُبْعَثُوْنَ ﴿۶۵﴾ بَلِ ادّٰرَكَ عِلْمُهُمْ
فِي الْاٰخِرَةِ ۫ بَلْ هُمْ فِيْ شَكٍّ مِّنْهَا ۫ بَلْ هُمْ مِّنْهَا عَمُوْنَ ﴿۶۶﴾ ع ۵ ۸
وَقَالَ الَّذِيْنَ كَفَرُوْٓا ءَاِذَا كُنَّا تُرٰبًا وَّاٰبَآؤُنَآ اَئِنَّا
لَمُخْرَجُوْنَ ﴿۶۷﴾ لَقَدْ وُعِدْنَا هٰذَا نَحْنُ وَاٰبَآؤُنَا مِنْ قَبْلُ ۙ
اِنْ هٰذَآ اِلَّآ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ﴿۶۸﴾ قُلْ سِيْرُوْا فِي الْاَرْضِ
فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُجْرِمِيْنَ ﴿۶۹﴾ وَلَا تَحْزَنْ عَلَيْهِمْ
وَلَا تَكُنْ فِيْ ضَيْقٍ مِّمَّا يَمْكُرُوْنَ ﴿۷۰﴾ وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا
الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۷۱﴾ قُلْ عَسٰٓى اَنْ يَّكُوْنَ رَدِفَ
لَكُمْ بَعْضُ الَّذِيْ تَسْتَعْجِلُوْنَ ﴿۷۲﴾ وَاِنَّ رَبَّكَ لَذُوْ فَضْلٍ
عَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَشْكُرُوْنَ ﴿۷۳﴾ وَاِنَّ رَبَّكَ
لَيَعْلَمُ مَا تُكِنُّ صُدُوْرُهُمْ وَمَا يُعْلِنُوْنَ ﴿۷۴﴾ وَمَا مِنْ غَآئِبَةٍ
فِي السَّمَآءِ وَالْاَرْضِ اِلَّا فِيْ كِتٰبٍ مُّبِيْنٍ ﴿۷۵﴾ اِنَّ هٰذَا
الْقُرْاٰنَ يَقُصُّ عَلٰى بَنِيْٓ اِسْرَآءِيْلَ اَكْثَرَ الَّذِيْ هُمْ فِيْهِ
يَخْتَلِفُوْنَ ﴿۷۶﴾ وَاِنَّهٗ لَهُدًى وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ ﴿۷۷﴾ اِنَّ
رَبَّكَ يَقْضِيْ بَيْنَهُمْ بِحُكْمِهٖ ۚ وَهُوَ الْعَزِيْزُ الْعَلِيْمُ ﴿۷۸﴾
فَتَوَكَّلْ عَلَى اللّٰهِ ؕ اِنَّكَ عَلَى الْحَقِّ الْمُبِيْنِ ﴿۷۹﴾ اِنَّكَ لَا تُسْمِعُ
الْمَوْتٰى وَلَا تُسْمِعُ الصُّمَّ الدُّعَآءَ اِذَا وَلَّوْا مُدْبِرِيْنَ ﴿۸۰﴾

૬૫. આમને કહો, અલ્લાહ સિવાય આકાશો અને ધરતીમાં કોઈ અદૃશ્યનું જ્ઞાન ધરાવતું નથી અને તે (તમારા ઉપાસ્યો તો એ પણ) નથી જાણતા કે ક્યારે તેઓ ઉઠાવવામાં આવશે ?

૬૬. બલ્કે આખિરત (પરલોક)નું તો જ્ઞાન જ આ લોકોમાંથી ગૂમ થઈ ગયું છે, બલ્કે આ લોકો તેના વિષે શંકામાં છે, બલ્કે આ લોકો તેનાથી આંધળા છે. (રુકૂઅ-૫)

૬૭. આ ઇન્કાર કરનારાઓ કહે છે, ''શું જ્યારે અમે અને અમારા બાપ-દાદા માટી થઈ ગયા હોઈશું તો અમને ખરેખર કબરોમાંથી કાઢવામાં આવશે?

૬૮. આ ખબરો અમને પણ ઘણી આપવામાં આવી છે અને અમારા પહેલાં અમારા બાપ-દાદાને પણ આપવામાં આવતી રહી છે, પરંતુ આ માત્ર વાર્તાઓ-ને-વાર્તાઓ જ છે જે જૂના વખતોથી સાંભળતા આવીએ છીએ."

૬૯. કહો, જરા ધરતી ઉપર હરી-ફરીને જુઓ કે અપરાધીઓનો શું અંજામ આવી ચૂક્યો છે.

૭૦. હે નબી ! આમની દશા પર દિલગીર ન થાવ અને આમની ચાલબાજીઓથી દિલ તંગ ન કરો –

૭૧. તેઓ કહે છે કે ''ક્યારે પૂરી થશે આ ધમકી, જો તમે સાચા છો ?''

૭૨. કહો, શું નવાઈ કે જે યાતના માટે તમે ઉતાવળ કરી રહ્યા છો તેનો એક ભાગ તમારા નિકટ આવી પહોંચ્યો હોય.

૭૩. હકીકત એ છે કે તારો રબ (પ્રભુ) તો લોકો પર ખૂબ મહેરબાની કરવાવાળો છે, પરંતુ મોટા ભાગના લોકો આભાર દર્શાવતા નથી.

૭૪. નિઃશંક તારો રબ ખૂબ સારી રીતે જાણે છે જે કંઈ તેમની છાતીઓએ પોતાના અંદર છુપાવી રાખ્યું છે અને જે કંઈ તેઓ જાહેર કરે છે.

૭૫. આકાશ અને ધરતીની કોઈ છૂપી વસ્તુ એવી નથી જે એક સ્પષ્ટ પુસ્તકમાં લખેલી ન હોય.

૭૬-૭૭. એ સાચું છે કે આ કુર્આન બની ઈસરાઈલને બહુધા તે વાતોની વાસ્તવિકતા બતાવે છે જેમાં તેઓ મતભેદ ધરાવે છે અને આ માર્ગદર્શન અને કૃપા છે ઈમાન લાવનારાઓ માટે.

૭૮. નિઃશંક (આવી જ રીતે) તારો રબ આ લોકો વચ્ચે પણ પોતાના આદેશથી ફેંસલો કરી દેશે, અને તે પ્રભુત્વશાળી અને સર્વજ્ઞ છે.

૭૯. પછી હે નબી ! અલ્લાહ પર ભરોસો રાખો, નિશ્ચિતપણે તમે તદ્દન સત્ય પર છો.

૮૦. તમે મડદાંઓને સંભળાવી શકતા નથી, ન તે બહેરાઓ સુધી પોતાની પોકાર પહોંચાડી શકો છો જે પીઠ ફેરવીને ભાગી જઈ રહ્યા હોય,

وَمَآ اَنۡتَ بِهٰدِى الۡعُمۡىِ عَنۡ ضَلٰلَتِهِمۡ ؕ اِنۡ تُسۡمِعُ اِلَّا
مَنۡ يُّؤۡمِنُ بِاٰيٰتِنَا فَهُمۡ مُّسۡلِمُوۡنَ ﴿۸۱﴾ وَ اِذَا وَقَعَ الۡقَوۡلُ
عَلَيۡهِمۡ اَخۡرَجۡنَا لَهُمۡ دَآبَّةً مِّنَ الۡاَرۡضِ تُكَلِّمُهُمۡ ۙ اَنَّ
النَّاسَ كَانُوۡا بِاٰيٰتِنَا لَا يُوۡقِنُوۡنَ ﴿۸۲﴾ وَيَوۡمَ نَحۡشُرُ مِنۡ كُلِّ
اُمَّةٍ فَوۡجًا مِّمَّنۡ يُّكَذِّبُ بِاٰيٰتِنَا فَهُمۡ يُوۡزَعُوۡنَ ﴿۸۳﴾ حَتّٰٓى
اِذَا جَآءُوۡ قَالَ اَكَذَّبۡتُمۡ بِاٰيٰتِىۡ وَلَمۡ تُحِيۡطُوۡا بِهَا عِلۡمًا
اَمَّاذَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ ﴿۸۴﴾ وَوَقَعَ الۡقَوۡلُ عَلَيۡهِمۡ بِمَا
ظَلَمُوۡا فَهُمۡ لَا يَنۡطِقُوۡنَ ﴿۸۵﴾ اَلَمۡ يَرَوۡا اَنَّا جَعَلۡنَا الَّيۡلَ
لِيَسۡكُنُوۡا فِيۡهِ وَالنَّهَارَ مُبۡصِرًا ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيٰتٍ
لِّقَوۡمٍ يُّؤۡمِنُوۡنَ ﴿۸۶﴾ وَيَوۡمَ يُنۡفَخُ فِى الصُّوۡرِ فَفَزِعَ مَنۡ
فِى السَّمٰوٰتِ وَمَنۡ فِى الۡاَرۡضِ اِلَّا مَنۡ شَآءَ اللّٰهُ ؕ
وَكُلٌّ اَتَوۡهُ دٰخِرِيۡنَ ﴿۸۷﴾ وَتَرَى الۡجِبَالَ تَحۡسَبُهَا
جَامِدَةً وَّهِىَ تَمُرُّ مَرَّ السَّحَابِ ؕ صُنۡعَ اللّٰهِ الَّذِىۡۤ اَتۡقَنَ
كُلَّ شَىۡءٍ ؕ اِنَّهٗ خَبِيۡرٌۢ بِمَا تَفۡعَلُوۡنَ ﴿۸۸﴾ مَنۡ جَآءَ بِالۡحَسَنَةِ
فَلَهٗ خَيۡرٌ مِّنۡهَا ۚ وَهُمۡ مِّنۡ فَزَعٍ يَّوۡمَئِذٍ اٰمِنُوۡنَ ﴿۸۹﴾
وَمَنۡ جَآءَ بِالسَّيِّئَةِ فَكُبَّتۡ وُجُوۡهُهُمۡ فِى النَّارِ ؕ هَلۡ
تُجۡزَوۡنَ اِلَّا مَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ ﴿۹۰﴾ اِنَّمَاۤ اُمِرۡتُ اَنۡ اَعۡبُدَ
رَبَّ هٰذِهِ الۡبَلۡدَةِ الَّذِىۡ حَرَّمَهَا وَلَهٗ كُلُّ شَىۡءٍ ۫

ع ٦/٢

૮૧. અને ન આંધળાઓને રસ્તો બતાવીને ભટકવાથી બચાવી શકો છો. તમે તો પોતાની વાત તે જ લોકોને સંભળાવી શકો છો જેઓ અમારી આયતો પર ઈમાન લાવે છે અને પછી આજ્ઞાંકિત બની જાય છે.

૮૨. અને જ્યારે અમારી વાત પૂરી થવાનો સમય તેમના ઉપર આવી પહોંચશે તો અમે તેમના માટે એક પ્રાણી ધરતીમાંથી કાઢીશું જે તેમના સાથે વાતચીત કરશે કે લોકો અમારી આયતો ઉપર વિશ્વાસ કરતા ન હતા. (રુકૂઅ-૬)

૮૩. અને જરા કલ્પના કરો તે દિવસની જ્યારે અમે દરેક સમુદાય (ઉમ્મત)માંથી તે લોકોને ટોળાબદ્ધ ઘેરીને લાવીશું જેઓ અમારી આયતોને ખોટી ઠેરવતા હતા, પછી તેમને (તેમના પ્રકાર મુજબ શ્રેણીઓમાં) ગોઠવવામાં આવશે,

૮૪. જ્યારે સૌ આવી જશે તો (તેમનો રબ તેમને) પૂછશે કે "તમે મારી આયતોને ખોટી ઠેરવી દીધી, જો કે તમને તેનું પૂરેપૂરૂં જ્ઞાન ન હતું ?" જો આ નહીં તો બીજું શું તમે કરી રહ્યા હતા ?"

૮૫. અને તેમના અત્યાચારના ફળસ્વરૂપે યાતનાનો વાયદો તેમના સાથે પૂરો થઈ જશે, ત્યારે તેઓ કંઈ પણ નહીં બોલી શકે."

૮૬. શું તેમને સૂઝતું ન હતું કે અમે રાત તેમના માટે શાંતિ મેળવવા બનાવી હતી અને દિવસને પ્રકાશિત કર્યો હતો ? આમાં ઘણી નિશાનીઓ હતી તે લોકો માટે જેઓ ઈમાન લાવતા હતા.

૮૭. અને શું વીતશે તે દિવસે જ્યારે રણશિંગુ (સૂર) ફૂંકવામાં આવશે અને હેબતાઈ જશે તે બધા જેઓ આકાશો અને ધરતીમાં છે – સિવાય તે લોકોના જેમને અલ્લાહ તે દહેશતથી બચાવવા ચાહશે – અને બધા કાન દબાવીને તેના સમક્ષ હાજર થઈ જશે.

૮૮. આજે તું પર્વતોને જુએ છે અને સમજે છે કે મજબૂત જામેલા છે, પરંતુ તે વખતે તે વાદળોની જેમ ઊડી રહ્યાં હશે. આ અલ્લાહના સામર્થ્યની કરામત હશે જેણે દરેક વસ્તુને હિકમત (તત્ત્વદર્શિતા અને વિવેક-બુદ્ધિ)થી સુદૃઢ કરી છે. તે ખૂબ સારી રીતે જાણે છે કે તમે શું કરો છો.

૮૯. જે ભલાઈ લઈને આવશે, તેને તેનાથી વધારે સારો બદલો મળશે અને આવા લોકો તે દિવસની દહેશતથી સુરક્ષિત હશે.

૯૦. અને જે બૂરાઈ લઈને આવશે, એવા બધા લોકો ઊંધા મોઢે આગમાં ફેંકવામાં આવશે. શું તમે લોકો આના સિવાય કોઈ અન્ય બદલો પામી શકો છો કે કરો તેવું પામો ?

૯૧. હે નબી ! (આમને કહો), "મને તો આ જ આદેશ આપવામાં આવ્યો છે કે આ શહેર (મક્કા)ના રબની બંદગી કરું જેણે આને હરમ

وَّاُمِرْتُ اَنْ اَكُوْنَ مِنَ الْمُسْلِمِيْنَ ۙ﴿۹۱﴾ وَاَنْ اَتْلُوَا الْقُرْاٰنَ ۚ
فَمَنِ اهْتَدٰى فَاِنَّمَا يَهْتَدِيْ لِنَفْسِهٖ ۚ وَمَنْ ضَلَّ فَقُلْ
اِنَّمَآ اَنَا مِنَ الْمُنْذِرِيْنَ ﴿۹۲﴾ وَقُلِ الْحَمْدُ لِلّٰهِ سَيُرِيْكُمْ
اٰيٰتِهٖ فَتَعْرِفُوْنَهَا ؕ وَمَا رَبُّكَ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿۹۳﴾ ع

منزل ۵

(પ્રતિષ્ઠિત) બનાવ્યું છે અને જે દરેક વસ્તુનો માલિક છે. મને આદેશ આપવામાં આવ્યો છે કે હું મુસ્લિમ બનીને રહું

૯૨. અને આ કુર્આન વાંચીને સંભળાવું." હવે જે સન્માર્ગ અપનાવશે તે પોતાના જ ભલા માટે સન્માર્ગ અપનાવશે અને જે પથભ્રષ્ટ થઈ જાય તેને કહી દો કે ''હું તો માત્ર સચેત કરનાર છું."

૯૩. આમને કહો, ''પ્રશંસા અલ્લાહ જ માટે છે, ટૂંકમાં જ તે તમને પોતાની નિશાનીઓ દેખાડી દેશે અને તમે તેમને ઓળખી લેશો, અને તારો રબ અજાણ નથી તે કામોથી જે તમે કરો છો. (રુકૂઅ-૭)

(૨૮) અલ-કસસ

પરિચય

નામ :

આયત ૨૫ના શબ્દો 'વકસ્સ અલૈહિલ્ કસસ' (પોતાની આખી કહાણી તેને સંભળાવી)માંથી લેવામાં આવ્યું છે, અર્થાત્ તે સુરઃ જેમાં 'અલ-કસસ' શબ્દ આવે છે.

ઉતરાણકાળ :

સૂરઃ નમ્લના પરિચયમાં ઇબ્ને અબ્બાસ અને હઝરત જાબિર બિન ઝૈદ (રદિ.)નું એ કથન અમે નોંધી ગયા છીએ કે સૂરઃ શુઅરા, સૂરઃ નમ્લ અને સૂરઃ કસસ એક પછી એક અવતરિત થઈ છે. ભાષા, વર્ણનશૈલી અને વિષયો પરથી પણ એવું જ લાગે છે કે આ ત્રણેય સૂરઃઓનો ઉતરાણકાળ લગભગ એક જ છે, અને એ રીતે પણ આ ત્રણેય સૂરઃઓમાં નિકટનો સંબંધ છે કે હઝરત મૂસા (અલૈ.)ના પ્રસંગના જુદા-જુદા ભાગો જે આમાં વર્ણવેલાં છે, તે પરસ્પર મળીને એક સંપૂર્ણ પ્રસંગ બની જાય છે.

વિષયો :

આનો વિષય તે શંકાઓ અને વાંધાઓને દૂર કરવાનો છે જે પયગંબર (સલ્લ.)ની રિસાલત (ઈશદૂતત્વ) અંગે કરવામાં આવતા હતા, અને તે બહાનાઓને રદ કરવાનો છે જે આપના પર ઈમાન ન લાવવા માટે પ્રસ્તુત કરવામાં આવતા હતા. આ હેતુસર સૌ પ્રથમ હઝરત મૂસા (અલૈ.)નો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે, જે ઉતરાણકાળના સંજોગો સાથે મળીને આપોઆપ કેટલીક હકીકતો શ્રોતાઓના મનમાં બેસાડી દે છે. એક એ કે અલ્લાહ જે કંઈ કરવા ચાહે છે, તેના માટે તે ખબર ન પડે એવી રીતે સાધનોની વ્યવસ્થા કરી દે છે. જે બાળકના હાથે છેવટે ફિરઔનનો તખ્તો પલટવાનો હતો, તેને અલ્લાહે સ્વયં ફિરઔનના જ ઘરમાં તેના પોતાના હાથે ઉછેરાવ્યો. બીજી એ કે નુબૂવત કોઈ વ્યક્તિને ભવ્ય સમારંભમાં અને ધરતી અને આકાશોમાં ઘોષણા કરીને આપવામાં આવતી નથી. તમને આશ્ચર્ય છે કે હઝરત મુહમ્મદ (સલ્લ.)ને ચુપકેથી આ નુબૂવત ક્યાંથી મળી ગઈ અને બેઠાં-બેઠાં આ કેવી રીતે પયગંબર બની ગયા. પરંતુ જે હઝરત મૂસા (અલૈ.)નો હવાલો તમે આપો છો કે, ''કેમ ન આપવામાં આવ્યું જે મૂસાને આપવામાં આવ્યું હતું'' (આયત ૪૮), તેમને પણ આવી જ રીતે ચાલતાં-ચાલતાં જ નુબૂવત મળી ગઈ હતી. ત્રીજી એ કે જે બંદા પાસેથી અલ્લાહ કોઈ કામ લેવા માગે છે, પ્રત્યક્ષ રૂપે કોઈ શક્તિ તેના પાસે હોતી નથી, પરંતુ મોટાં-મોટાં લાવ-લશ્કર અને સાધન-સામગ્રીવાળા છેવટે તેની સરખામણીમાં એમ-ને-એમ રહી જાય છે. જે તફાવત તમે પોતાના

અને હઝરત મુહમ્મદ (સલ્લ.) વચ્ચે જોઈ રહ્યા છો, તેનાથી અનેકગણો મોટો તફાવત હઝરત મૂસા (અલૈ.) અને ફિરઔનની તાકાત વચ્ચે હતો, પણ જોઈ લો કે છેવટે કોણ જીત્યું અને કોણ હાર્યું. ચોથી એ કે તમે લોકો વારંવાર હઝરત મૂસા (અલૈ.)નો હવાલો ટાંકો છો કે ''મુહમ્મદને તે બધું કેમ આપવામાં ન આવ્યું જે મૂસાને આપવામાં આવ્યું હતું'' અર્થાત્ (ચમત્કારી) લાઠી અને ચળકતો હાથ અને બીજા ખુલ્લા ચમત્કારો. પરંતુ તમને એ ખબર પણ છે કે જે લોકોને તે ચમત્કારો દેખાડવામાં આવ્યા હતા તેઓ તેમને જોયા પછી પણ ઈમાન ન લાવ્યા, કેમ કે તેઓ સત્ય વિરુધ્ધ હઠાગ્રહ અને વૈમનસ્યમાં પડેલા હતા. આ જ રોગમાં આજે તમે પડેલાં છો. શું તમે એવા જ ચમત્કારો જોઈને ઈમાન લઈ આવશો ? પછી તમને એ પણ ખબર છે કે જે લોકોએ તે ચમત્કારો જોઈને સત્યનો ઈન્કાર કર્યો હતો તેમનો અંજામ શું આવ્યો ? અંતે અલ્લાહે તેમને નષ્ટ કરી દીધા. હવે શું તમે પણ હઠાગ્રહની સાથે ચમત્કારોની માગણી કરીને પોતાનો વિનાશ નોતરવા માગો છો ? આ તે વાતો છે જે કોઈ પણ સ્પષ્ટતા વગર આપોઆપ દરેક તે માણસના મનમાં ઊતરી જતી હતી જે મક્કાના અધર્મપૂર્ણ માહોલમાં આ પ્રસંગને સાંભળતો હતો, કેમ કે તે વખતે હઝરત મુહમ્મદ (સલ્લ.) અને મક્કાના વિધર્મીઓ વચ્ચે એવો જ એક સંઘર્ષ ચાલતો હતો, જેવો આ અગાઉ ફિરઔન અને મૂસા (અલૈ.) વચ્ચે થઈ ચૂક્યો હતો. આ પછી આયત ૪૩થી મૂળ વિષયનું સીધું જ વર્ણન શરૂ થાય છે. પહેલા એ વાતને હઝરત મુહમ્મદ (સલ્લ.)ની નુબૂવતનો એક પુરાવો ઠેરવવામાં આવે છે કે આપ ઉમ્મી (નિરક્ષર) હોવા છતાં બે હજાર વર્ષ પહેલાં થઈ ગયેલા એક ઐતિહાસિક પ્રસંગને આટલો વિગતવાર જેમ-ને-તેમ સંભળાવી રહ્યા છે. પછી આપને પયગંબર બનાવવાને તે લોકોના હિતમાં અલ્લાહની કૃપા ઠરાવવામાં આવે છે કે તેઓ ગફલતમાં પડેલા હતા અને અલ્લાહે એમના માર્ગદર્શન માટે આ વ્યવસ્થા કરી. પછી તેમના તે વાંધાનો જવાબ આપવામાં આવે છે જે તેઓ વારંવાર રજૂ કરતા હતા કે ''આ નબી તે ચમત્કાર કેમ ન લાવ્યો જે આ અગાઉ મૂસા (અલૈ.) લાવ્યા હતા.'' એમને કહેવામાં આવે છે કે મૂસાને જ તમે ક્યાં માન્યા છે કે હવે આ પયગંબર પાસે ચમત્કારની માગણી કરો છો ? અંતે મક્કાના વિધર્મીઓના એ મૂળ બહાનાની ચર્ચા કરવામાં આવી છે જે નબી (સલ્લ.)ની વાત ન માનવા માટે તેઓ રજૂ કરતા હતા. તેમનું કહેવું એ હતું કે જો અમે આરબવાસીઓના શિર્કના ધર્મને છોડીને તૌહીદ (એકેશ્વરવાદ)ના આ નવા દીનને અપનાવી લઈએ તો તરત જ આ દેશમાંથી અમારો ધાર્મિક, રાજકીય અન આર્થિક ઇજારો સમાપ્ત થઈ જશે. કેમ કે આ જ વાત કુરૈશના સરદારોના સત્ય-વિરોધનું અસલ કારણ હતું, તેથી અલ્લાહે સૂરઃના અંત સુધી વિગતવાર ચર્ચા કરી છે.

آیاتها ۸۸ — (۲۸) سُوْرَةُ الْقَصَصِ مَكِّيَّةٌ (۴۹) — رکوعاتها ۹

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

طٰسٓمّٓ ۝۱ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْمُبِيْنِ ۝۲ نَتْلُوْا عَلَيْكَ
مِنْ نَّبَاِ مُوْسٰى وَفِرْعَوْنَ بِالْحَقِّ لِقَوْمٍ يُّؤْمِنُوْنَ ۝۳
اِنَّ فِرْعَوْنَ عَلَا فِى الْاَرْضِ وَجَعَلَ اَهْلَهَا شِيَعًا
يَّسْتَضْعِفُ طَآئِفَةً مِّنْهُمْ يُذَبِّحُ اَبْنَآءَهُمْ وَيَسْتَحْيٖ نِسَآءَهُمْ ؕ
اِنَّهٗ كَانَ مِنَ الْمُفْسِدِيْنَ ۝۴ وَنُرِيْدُ اَنْ نَّمُنَّ عَلَى
الَّذِيْنَ اسْتُضْعِفُوْا فِى الْاَرْضِ وَنَجْعَلَهُمْ اَئِمَّةً وَّنَجْعَلَهُمُ
الْوٰرِثِيْنَ ۝۵ وَنُمَكِّنَ لَهُمْ فِى الْاَرْضِ وَنُرِىَ فِرْعَوْنَ
وَهَامٰنَ وَجُنُوْدَهُمَا مِنْهُمْ مَّا كَانُوْا يَحْذَرُوْنَ ۝۶ وَ
اَوْحَيْنَآ اِلٰٓى اُمِّ مُوْسٰٓى اَنْ اَرْضِعِيْهِ ۚ فَاِذَا خِفْتِ
عَلَيْهِ فَاَلْقِيْهِ فِى الْيَمِّ وَلَا تَخَافِىْ وَلَا تَحْزَنِىْ ۚ اِنَّا
رَآدُّوْهُ اِلَيْكِ وَجَاعِلُوْهُ مِنَ الْمُرْسَلِيْنَ ۝۷ فَالْتَقَطَهٗٓ
اٰلُ فِرْعَوْنَ لِيَكُوْنَ لَهُمْ عَدُوًّا وَّحَزَنًا ؕ اِنَّ فِرْعَوْنَ
وَهَامٰنَ وَجُنُوْدَهُمَا كَانُوْا خٰطِئِيْنَ ۝۸ وَقَالَتِ امْرَاَتُ
فِرْعَوْنَ قُرَّتُ عَيْنٍ لِّىْ وَلَكَ ؕ لَا تَقْتُلُوْهُ ۖۗ عَسٰٓى اَنْ
يَّنْفَعَنَآ اَوْ نَتَّخِذَهٗ وَلَدًا وَّهُمْ لَا يَشْعُرُوْنَ ۝۹ وَاَصْبَحَ
فُؤَادُ اُمِّ مُوْسٰى فٰرِغًا ؕ اِنْ كَادَتْ لَتُبْدِىْ بِهٖ لَوْلَآ
اَنْ رَّبَطْنَا عَلٰى قَلْبِهَا لِتَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ۝۱۰ وَ

(૨૮) સૂરઃ અલ-કસસ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૯ • આયતો : ૮૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. તા-સીન-મીમ !

૨. આ સ્પષ્ટ ગ્રંથની આયતો છે.

૩. અમે મૂસા અને ફિરઔનની કેટલીક ઘટનાઓ ઠીક-ઠીક તમને સંભળાવીએ છીએ, એવા લોકોના ફાયદા માટે જેઓ ઈમાન લાવે.

૪. હકીકત એમ છે કે ફિરઔને ધરતી ઉપર માથું ઊંચક્યું અને તેના રહેવાસીઓને જૂથોમાં વહેંચી નાખ્યા. તેમાંથી એક જૂથને અપમાનિત કરતો હતો, તેના પુત્રોને કતલ કરતો અને તેની પુત્રીઓને જીવતી રહેવા દેતો હતો. વાસ્તવમાં તે બગાડ પેદા કરનારા લોકોમાંથી હતો.

૫. અને અમે આ ઈરાદો રાખતા હતા કે મહેરબાની કરીએ તે લોકો પર જેમને ધરતીમાં અપમાનિત કરીને રાખવામાં આવ્યા હતા અને તેમને પેશવા (નેતા) બનાવી દઈએ અને તેમને જ વારસ બનાવીએ

૬. અને ધરતીમાં તેમને સત્તા પ્રદાન કરીએ અને તેમના વડે ફિરઔન અને હામાન અને તેમના લશ્કરોને તે બધું જ દેખાડી દઈએ જેનો તેમને ડર હતો.

૭. અમે મૂસાની માતાને ઈશારો કર્યો કે ''આને દૂધ પીવડાવ, પછી જયારે તને આના પ્રાણનું જોખમ લાગે તો તેને નદીમાં નાખી દે અને કોઈ ભય અને દુઃખ ન રાખ, અમે તેને તારા જ પાસે લઈ આવીશું અને તેને પયગંબરોમાં સામેલ કરીશું''

૮. છેવટે ફિરઔનના કુટુંબીજનોએ તેને (નદીમાંથી) કાઢી લીધો જેથી તે તેમનો શત્રુ અને તેમના માટે દુઃખનું કારણ બને, વાસ્તવમાં ફિરઔન અને હામાન તથા તેમના લશ્કર (પોતાની યુક્તિઓમાં) મોટી ભૂલ કરી રહ્યા હતા.

૯. ફિરઔનની પત્નીએ (તેને) કહ્યું, ''આ મારા અને તારા માટે આંખોની ઠંડક છે, તેની હત્યા ન કરો, શું આશ્ચર્ય કે આ આપણા માટે ફાયદાકારક સિદ્ધ થાય, કે પછી આપણે આને પુત્ર જ બનાવી લઈએ.'' અને તેઓ (પરિણામથી) અજાણ હતા.

૧૦. બીજી તરફ મૂસાની માતાનું હૃદય અધીરું થઈ રહ્યું હતું. તે તેનું રહસ્ય ખુલ્લું પાડી દેતી, જો અમે તેને સાંત્વના ન આપી હોત, જેથી તે (અમારા વચન પર) ઈમાન લાવનારાઓ પૈકી હોય.

قَالَتْ لِاُخْتِهٖ قُصِّيْهِ ز فَبَصُرَتْ بِهٖ عَنْ جُنُبٍ وَّهُمْ
لَا يَشْعُرُوْنَ ۙ﴿۱۱﴾ وَحَرَّمْنَا عَلَيْهِ الْمَرَاضِعَ مِنْ قَبْلُ
فَقَالَتْ هَلْ اَدُلُّكُمْ عَلٰۤى اَهْلِ بَيْتٍ يَّكْفُلُوْنَهٗ لَكُمْ
وَهُمْ لَهٗ نٰصِحُوْنَ ﴿۱۲﴾ فَرَدَدْنٰهُ اِلٰۤى اُمِّهٖ كَيْ تَقَرَّ
عَيْنُهَا وَلَا تَحْزَنَ وَلِتَعْلَمَ اَنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ وَّلٰكِنَّ
الربع اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ع﴿۱۳﴾ وَلَمَّا بَلَغَ اَشُدَّهٗ وَاسْتَوٰۤى
اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا ؕ وَكَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿۱۴﴾ وَ
دَخَلَ الْمَدِيْنَةَ عَلٰى حِيْنِ غَفْلَةٍ مِّنْ اَهْلِهَا فَوَجَدَ
فِيْهَا رَجُلَيْنِ يَقْتَتِلٰنِ ۗ هٰذَا مِنْ شِيْعَتِهٖ وَهٰذَا مِنْ
عَدُوِّهٖ ۚ فَاسْتَغَاثَهُ الَّذِيْ مِنْ شِيْعَتِهٖ عَلَى الَّذِيْ مِنْ
عَدُوِّهٖ ۙ فَوَكَزَهٗ مُوْسٰى فَقَضٰى عَلَيْهِ ۖ قَالَ هٰذَا مِنْ
عَمَلِ الشَّيْطٰنِ ؕ اِنَّهٗ عَدُوٌّ مُّضِلٌّ مُّبِيْنٌ ﴿۱۵﴾ قَالَ رَبِّ
اِنِّيْ ظَلَمْتُ نَفْسِيْ فَاغْفِرْ لِيْ فَغَفَرَ لَهٗ ؕ اِنَّهٗ هُوَ
الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿۱۶﴾ قَالَ رَبِّ بِمَاۤ اَنْعَمْتَ عَلَيَّ فَلَنْ
اَكُوْنَ ظَهِيْرًا لِّلْمُجْرِمِيْنَ ﴿۱۷﴾ فَاَصْبَحَ فِي الْمَدِيْنَةِ
خَآئِفًا يَّتَرَقَّبُ فَاِذَا الَّذِي اسْتَنْصَرَهٗ بِالْاَمْسِ
يَسْتَصْرِخُهٗ ؕ قَالَ لَهٗ مُوْسٰۤى اِنَّكَ لَغَوِيٌّ مُّبِيْنٌ ﴿۱۸﴾
فَلَمَّاۤ اَنْ اَرَادَ اَنْ يَّبْطِشَ بِالَّذِيْ هُوَ عَدُوٌّ لَّهُمَا ۙ
قَالَ يٰمُوْسٰۤى اَتُرِيْدُ اَنْ تَقْتُلَنِيْ كَمَا قَتَلْتَ نَفْسًا ۗ

منزل ٥

૧૧. તેણે બાળકની બહેનને કહ્યું, તેના પાછળ-પાછળ જા. આથી તે દૂરથી તેને એવી રીતે જોતી રહી કે (દુશ્મનોને) તેની ખબર ન પડી.

૧૨. અને અમે બાળક પર અગાઉથી જ દૂધ પીડાવનારીઓની છાતીઓ હરામ (વર્જિત) કરી દીધી હતી. (આ સ્થિતિ જોઈને) તે છોકરીએ તેમને કહ્યું, ''હું તમને એવા ઘરનું ઠેકાણું બતાવું જેના લોકો તેના પાલન-પોષણની જવાબદારી ઉપાડે અને શુભેચ્છાની સાથે તેને રાખે?''

૧૩. આવી રીતે મૂસાને અમે તેની માતા પાસે પાછો લઈ આવ્યા જેથી તેની આંખો ઠંડી થાય અને તે દુઃખી ન થાય અને જાણી લે કે અલ્લાહનો વાયદો સાચો હતો, પરંતુ ઘણાંખરા લોકો આ વાત જાણતા નથી. (રુકૂઅ-૧)

૧૪. જ્યારે મૂસા પોતાની પૂર્ણ યુવાવસ્થાએ પહોંચી ગયો અને તેનો વિકાસ★ પૂર્ણ થઈ ગયો તો અમે તેને હુકમ★ અને જ્ઞાન★ પ્રદાન કર્યા. અમે ભલા માણસોને આવો જ બદલો આપીએ છીએ.

૧૫. (એક દિવસે) તે શહેરમાં એવા સમયે દાખલ થયો જ્યારે કે શહેરવાસીઓ ગાફેલ હતા.★ ત્યાં તેણે જોયું કે બે માણસો લડી રહ્યા છે. એક તેની પોતાની કોમનો હતો અને બીજો તેની દુશ્મન કોમ સાથે સંબંધ ધરાવતો હતો. તેની કોમના માણસે દુશ્મન કોમવાળા વિરુધ્ધ તેને મદદ માટે બોલાવ્યો. મૂસાએ તેને એક મુક્કો માર્યો અને તેને ખતમ કરી નાખ્યો. (આ કૃત્ય થતાં જ) મૂસાએ કહ્યું, ''આ શેતાનનું જ કામ છે, તે સખત દુશ્મન અને ખુલ્લી રીતે પથભ્રષ્ટ કરનારો છે.''

૧૬. પછી તે કહેવા લાગ્યો, ''હે મારા રબ! મેં મારા પર અત્યાચાર કરી નાખ્યો, મને ક્ષમા કરી દે.'' આથી અલ્લાહે તેને માફી પ્રદાન કરી. તે મોટો માફ કરનાર અને દયાળુ છે.

૧૭. મૂસાએ નિશ્ચય કર્યો, ''હે મારા રબ! આ ઉપકાર જે તેં મારા પર કર્યો છે, તે પછી હવે હું ક્યારેય પણ અપરાધીઓનો મદદગાર નહીં બનું.''

૧૮. બીજા દિવસે તે વહેલી સવારે ડરતો-ડરતો અને બધી બાજુએથી જોખમને પારખતો શહેરમાં જઈ રહ્યો હતો કે અચાનક શું જુએ છે કે તે જ માણસ, જેણે ગઈકાલે તેને મદદ માટે બોલાવ્યો હતો, આજે ફરી તેને પોકારી રહ્યો છે. મૂસાએ કહ્યું, ''તું તો ખૂબ જ બહેકી ગયેલો માણસ છે.''

૧૯. પછી જ્યારે મૂસાએ ઇરાદો કર્યો કે દુશ્મન કોમના માણસ પર હુમલો કરે તો તે બોલી ઊઠ્યો, ''હે મૂસા! શું આજે તું મને એવી જ રીતે કતલ

★ શારીરિક અને માનસિક વિકાસ ★ તત્ત્વદર્શિતા, સમજ-બૂઝ, વિવેક અને નિર્ણય-શક્તિ. ★ ધાર્મિક અને સાંસારિક જ્ઞાન. ★ અર્થાત્ માર્ગો સૂના હતા અને શહેરમાં સન્નાટો હતો, સંભવતઃ આ સમય પરોઢનો હોય કે પછી ઉનાળાના દિવસોમાં તાપ અને ગરમીના કારણે બધા ઘરોમાં હોય.

بِالْاَمْسِ ۖ اِنْ تُرِيْدُ اِلَّآ اَنْ تَكُوْنَ جَبَّارًا فِى
الْاَرْضِ وَمَا تُرِيْدُ اَنْ تَكُوْنَ مِنَ الْمُصْلِحِيْنَ ﴿١٩﴾ وَجَآءَ
رَجُلٌ مِّنْ اَقْصَا الْمَدِيْنَةِ يَسْعٰى ۫ قَالَ يٰمُوْسٰۤى اِنَّ
الْمَلَاَ يَاْتَمِرُوْنَ بِكَ لِيَقْتُلُوْكَ فَاخْرُجْ اِنِّىْ لَكَ مِنَ
النّٰصِحِيْنَ ﴿٢٠﴾ فَخَرَجَ مِنْهَا خَآئِفًا يَّتَرَقَّبُ ۫ قَالَ رَبِّ نَجِّنِىْ
ع ٢ ٨ ٥ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٢١﴾ وَلَمَّا تَوَجَّهَ تِلْقَآءَ مَدْيَنَ قَالَ
عَسٰى رَبِّىْۤ اَنْ يَّهْدِيَنِىْ سَوَآءَ السَّبِيْلِ ﴿٢٢﴾ وَلَمَّا وَرَدَ
مَآءَ مَدْيَنَ وَجَدَ عَلَيْهِ اُمَّةً مِّنَ النَّاسِ يَسْقُوْنَ ۫ وَ
وَجَدَ مِنْ دُوْنِهِمُ امْرَاَتَيْنِ تَذُوْدٰنِ ۚ قَالَ مَا خَطْبُكُمَا ؕ
قَالَتَا لَا نَسْقِىْ حَتّٰى يُصْدِرَ الرِّعَآءُ ٚ وَاَبُوْنَا شَيْخٌ
كَبِيْرٌ ﴿٢٣﴾ فَسَقٰى لَهُمَا ثُمَّ تَوَلّٰۤى اِلَى الظِّلِّ فَقَالَ رَبِّ
اِنِّىْ لِمَاۤ اَنْزَلْتَ اِلَىَّ مِنْ خَيْرٍ فَقِيْرٌ ﴿٢٤﴾ فَجَآءَتْهُ اِحْدٰىهُمَا
تَمْشِىْ عَلَى اسْتِحْيَآءٍ ۫ قَالَتْ اِنَّ اَبِىْ يَدْعُوْكَ لِيَجْزِيَكَ
اَجْرَ مَا سَقَيْتَ لَنَا ؕ فَلَمَّا جَآءَهٗ وَقَصَّ عَلَيْهِ
الْقَصَصَ ۙ قَالَ لَا تَخَفْ ٙ نَجَوْتَ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٢٥﴾
قَالَتْ اِحْدٰىهُمَا يٰۤاَبَتِ اسْتَاْجِرْهُ ۫ اِنَّ خَيْرَ مَنِ
اسْتَاْجَرْتَ الْقَوِىُّ الْاَمِيْنُ ﴿٢٦﴾ قَالَ اِنِّىْۤ اُرِيْدُ اَنْ اُنْكِحَكَ
اِحْدَى ابْنَتَىَّ هٰتَيْنِ عَلٰۤى اَنْ تَاْجُرَنِىْ ثَمٰنِىَ حِجَجٍ ۚ
منزل ٥ فَاِنْ اَتْمَمْتَ عَشْرًا فَمِنْ عِنْدِكَ ۚ وَمَاۤ اُرِيْدُ اَنْ

કરવા લાગ્યો જેવી રીતે ગઈકાલે એક માણસને કતલ કરી ચૂક્યો છે? તું આ દેશમાં નિર્દયી-અત્યાચારી બનીને રહેવા માગે છે, સુધારણા કરવા નથી માગતો?''

૨૦. આ પછી એક માણસ શહેરના પેલે છેડેથી દોડતો આવ્યો અને બોલ્યો, ''મૂસા ! સરદારોમાં તારી હત્યાની સલાહ-મસલત થઈ રહી છે, અહીંથી નીકળી જા, હું તારો હિતેચ્છુ છું.''

૨૧. આ ખબર સાંભળતા જ મૂસા ડરતો-ગભરાતો નીકળી પડ્યો અને તેણે દુઆ કરી કે ''હે મારા રબ ! મને અત્યાચારીઓથી બચાવ.'' (રુકૂઅ-૨)

૨૨. (મિસર—ઇજીપ્તથી નીકળીને) જ્યારે મૂસાએ મદ્‌યનની દિશા પકડી તો તેણે કહ્યું, ''આશા છે કે મારો રબ (પ્રભુ) મને સાચા રસ્તે લઈ જશે.''

૨૩. અને જ્યારે તે મદ્‌યનના કૂવા પર પહોંચ્યો તો તેણે જોયું કે ઘણાં લોકો પોતાના ઢોરોને પાણી પીવડાવી રહ્યા છે અને તેમનાથી અલગ એક તરફ બે સ્ત્રીઓ પોતાના ઢોરોને રોકી રહી છે. મૂસાએ તે સ્ત્રીઓને પૂછ્યું, ''તમને શું પરેશાની છે?'' તેમણે કહ્યું, ''અમે અમારા ઢોરોને પાણી પીવડાવી શકતા નથી, જ્યાં સુધી આ ભરવાડો પોતાના ઢોર કાઢી લઈ ન જાય, અને અમારા પિતા એક અત્યંત વૃદ્ધ માણસ છે.''

૨૪. આ સાંભળીને મૂસાએ તેમના ઢોરોને પાણી પીવડાવી દીધું, પછી છાંયડે જઈ બેઠો અને બોલ્યો, ''પાલનહાર ! જે ભલાઈ પણ તું મારા પર ઊતારે તેનો હું યાચક છું.''

૨૫. (વધારે વાર થઈ ન હતી કે) તે બંને સ્ત્રીઓમાંથી એક શરમ અને લજ્જાની સાથે ચાલતી તેના પાસે આવી અને કહેવા લાગી, ''મારા પિતાજી આપને બોલાવી રહ્યા છે એટલા માટે કે આપે અમારા માટે ઢોરોને જે પાણી પીવડાવ્યું છે તેનું વળતર આપને ચૂકવે.'' મૂસા જ્યારે તેમના પાસે પહોંચ્યો અને પોતાની આખી કહાણી તેને સંભળાવી તો તેણે કહ્યું, ''કોઈ ભય ન રાખો, હવે તમે અત્યાચારી લોકોથી બચી નીકળ્યા છો.''

૨૬. આ બંને સ્ત્રીઓમાંથી એકે પોતાના બાપને કહ્યું, ''પિતાજી ! આ માણસને નોકર તરીકે રાખી લો, સૌથી ઉત્તમ માણસ જેને તમે નોકર રાખી શકો તે એ જ હોઈ શકે જે સશક્ત અને પ્રમાણિક હોય.''

૨૭. તેના પિતાએ (મૂસાને) કહ્યું, ''મારી ઇચ્છા છે કે મારી આ બે પુત્રીઓમાંથી એકના લગ્ન (નિકાહ) તમારા સાથે કરી દઉં, એ શરતે કે તમે આઠ વર્ષ સુધી મારે ત્યાં નોકરી કરો અને જો દસ વર્ષ નોકરી કરો તો તે તમારી મરજી છે. હું તમારા પર સખ્તાઈ કરવા નથી

اَشُقَّ عَلَيْكَ ؕ سَتَجِدُنِیْۤ اِنْ شَآءَ اللّٰهُ مِنَ الصّٰلِحِیْنَ ۝۲۷
قَالَ ذٰلِكَ بَیْنِیْ وَ بَیْنَكَ ؕ اَیَّمَا الْاَجَلَیْنِ قَضَیْتُ
فَلَا عُدْوَانَ عَلَیَّ ؕ وَ اللّٰهُ عَلٰى مَا نَقُوْلُ وَكِیْلٌ ۝۲۸ ع
فَلَمَّا قَضٰى مُوْسَى الْاَجَلَ وَ سَارَ بِاَهْلِهٖۤ اٰنَسَ
مِنْ جَانِبِ الطُّوْرِ نَارًا ۚ قَالَ لِاَهْلِهِ امْكُثُوْۤا اِنِّیْۤ
اٰنَسْتُ نَارًا لَّعَلِّیْۤ اٰتِیْكُمْ مِّنْهَا بِخَبَرٍ اَوْ جَذْوَةٍ
مِّنَ النَّارِ لَعَلَّكُمْ تَصْطَلُوْنَ ۝۲۹ فَلَمَّاۤ اَتٰىهَا نُوْدِیَ مِنْ
شَاطِئِ الْوَادِ الْاَیْمَنِ فِی الْبُقْعَةِ الْمُبٰرَكَةِ مِنَ
الشَّجَرَةِ اَنْ یّٰمُوْسٰۤى اِنِّیْۤ اَنَا اللّٰهُ رَبُّ الْعٰلَمِیْنَ ۝۳۰ لا وَ
اَنْ اَلْقِ عَصَاكَ ؕ فَلَمَّا رَاٰهَا تَهْتَزُّ كَاَنَّهَا جَآنٌّ وَّلّٰى
مُدْبِرًا وَّ لَمْ یُعَقِّبْ ؕ یٰمُوْسٰۤى اَقْبِلْ وَ لَا تَخَفْ قف
اِنَّكَ مِنَ الْاٰمِنِیْنَ ۝۳۱ اُسْلُكْ یَدَكَ فِیْ جَیْبِكَ تَخْرُجْ
بَیْضَآءَ مِنْ غَیْرِ سُوْٓءٍ ز وَّ اضْمُمْ اِلَیْكَ جَنَاحَكَ مِنَ
الرَّهْبِ فَذٰنِكَ بُرْهَانٰنِ مِنْ رَّبِّكَ اِلٰى فِرْعَوْنَ وَ
مَلَا۠ىٕهٖ ؕ اِنَّهُمْ كَانُوْا قَوْمًا فٰسِقِیْنَ ۝۳۲ قَالَ رَبِّ اِنِّیْ
قَتَلْتُ مِنْهُمْ نَفْسًا فَاَخَافُ اَنْ یَّقْتُلُوْنِ ۝۳۳ وَ اَخِیْ
هٰرُوْنُ هُوَ اَفْصَحُ مِنِّیْ لِسَانًا فَاَرْسِلْهُ مَعِیَ رِدْاً
یُّصَدِّقُنِیْۤ ز اِنِّیْۤ اَخَافُ اَنْ یُّكَذِّبُوْنِ ۝۳۴ قَالَ سَنَشُدُّ
عَضُدَكَ بِاَخِیْكَ وَ نَجْعَلُ لَكُمَا سُلْطٰنًا فَلَا

માગતો. તમે ઇન્શાઅલ્લાહ (જો અલ્લાહે ચાહ્યું તો) મને ભલો માણસ જોશો.''

૨૮. મૂસાએ જવાબ આપ્યો, ''આ વાત મારા અને તમારા વચ્ચે નક્કી થઈ ગઈ. આ બંને મુદ્દતોમાંથી જે પણ હું પૂરી કરું તે પછી કોઈ અન્યાય મારા સાથે ન થાય, અને જે કંઈ કોલ-કરાર (સમજૂતી) આપણે કરી રહ્યા છીએ અલ્લાહ તેના પર સાક્ષી છે.'' (રુકૂઅ-૩)

૨૯. જ્યારે મૂસાએ મુદ્દત પૂરી કરી દીધી અને તે પોતાના કુટુંબીજનોને લઈને નીકળ્યો તો તૂરના તરફ તેને એક આગ દેખાઈ. તેણે પોતાના કુટુંબીજનોને કહ્યું, ''થોભો, મેં એક આગ જોઈ છે, કદાચ હું ત્યાંથી કોઈ માહિતી લઈ આવું અથવા તે આગમાંથી કોઈ અંગારો જ ઉઠાવી લાવું જેનાથી તમે તાપણી કરી શકો.''

૩૦. ત્યાં પહોંચ્યો તો ખીણના જમણા કિનારે મુબારક જગ્યામાં એક વૃક્ષમાંથી પોકારવામાં આવ્યો, ''હે મૂસા ! હું જ અલ્લાહ છું, સમગ્ર સૃષ્ટિનો માલિક અને પાલનહાર !''

૩૧. અને (આદેશ આપવામાં આવ્યો કે) ફેંક પોતાની લાઠી. જેવું મૂસાએ જોયું કે તે લાઠી સાપની જેમ વળ ખાઈ રહી છે તો તે પીઠ ફેરવીને ભાગ્યો અને તેણે પાછું વળીને પણ ન જોયું. (આદેશ થયો) ''મૂસા ! પાછો ફર અને ડર નહીં, તું તદ્દન સલામત છે.

૩૨. પોતાનો હાથ બગલમાં નાખ, ચળકતો નીકળશે કોઈ તકલીફ વિના અને ડરથી બચવા માટે પોતાની ભુજાઓ દબાવી લે. આ બે ખુલ્લી નિશાનીઓ છે તારા રબ તરફથી ફિરઔન અને તેના દરબારીઓ સમક્ષ રજૂ કરવા માટે, તેઓ ઘણાં અવજ્ઞાકારી લોકો છે.''

૩૩. મૂસાએ અરજ કરી, ''મારા માલિક ! હું તો તેમના એક માણસની હત્યા કરી ચૂક્યો છું, ડરું છું કે તેઓ મને મારી નાખશે

૩૪. અને મારો ભાઈ હારૂન મારા કરતાં બોલવામાં વધુ પ્રવીણ છે, તેને મારા સાથે મદદગાર તરીકે મોકલ, જેથી તે મારું સમર્થન કરે, મને ડર છે કે તેઓ મને ખોટો ઠેરવશે.''

૩૫. ફરમાવ્યું, ''અમે તારા ભાઈ વડે તારા હાથ મજબૂત કરીશું અને તમને બંનેને એવો પ્રભાવ અને તેજ પ્રદાન કરીશું કે તેઓ તમારું કશું બગાડી

معانقة ١١ عند المتأخرين ١٢

يَصِلُوْنَ اِلَيْكُمَا ۚ بِاٰيٰتِنَآ ۚ اَنْتُمَا وَمَنِ اتَّبَعَكُمَا
الْغٰلِبُوْنَ ﴿٣٥﴾ فَلَمَّا جَآءَهُمْ مُّوْسٰى بِاٰيٰتِنَا بَيِّنٰتٍ
قَالُوْا مَا هٰذَآ اِلَّا سِحْرٌ مُّفْتَرًى وَّمَا سَمِعْنَا بِهٰذَا
فِيْٓ اٰبَآئِنَا الْاَوَّلِيْنَ ﴿٣٦﴾ وَقَالَ مُوْسٰى رَبِّيْٓ اَعْلَمُ
بِمَنْ جَآءَ بِالْهُدٰى مِنْ عِنْدِهٖ وَمَنْ تَكُوْنُ لَهٗ
عَاقِبَةُ الدَّارِ ۭ اِنَّهٗ لَا يُفْلِحُ الظّٰلِمُوْنَ ﴿٣٧﴾ وَقَالَ
فِرْعَوْنُ يٰٓاَيُّهَا الْمَلَاُ مَا عَلِمْتُ لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرِيْ ۚ
فَاَوْقِدْ لِيْ يٰهَامٰنُ عَلَى الطِّيْنِ فَاجْعَلْ لِّيْ صَرْحًا
لَّعَلِّيْٓ اَطَّلِعُ اِلٰٓى اِلٰهِ مُوْسٰى ۙ وَاِنِّيْ لَاَظُنُّهٗ مِنَ
الْكٰذِبِيْنَ ﴿٣٨﴾ وَاسْتَكْبَرَ هُوَ وَجُنُوْدُهٗ فِي الْاَرْضِ
بِغَيْرِ الْحَقِّ وَظَنُّوْٓا اَنَّهُمْ اِلَيْنَا لَا يُرْجَعُوْنَ ﴿٣٩﴾
فَاَخَذْنٰهُ وَجُنُوْدَهٗ فَنَبَذْنٰهُمْ فِي الْيَمِّ ۚ فَانْظُرْ كَيْفَ
كَانَ عَاقِبَةُ الظّٰلِمِيْنَ ﴿٤٠﴾ وَجَعَلْنٰهُمْ اَئِمَّةً يَّدْعُوْنَ
اِلَى النَّارِ ۚ وَيَوْمَ الْقِيٰمَةِ لَا يُنْصَرُوْنَ ﴿٤١﴾ وَاَتْبَعْنٰهُمْ
فِيْ هٰذِهِ الدُّنْيَا لَعْنَةً ۚ وَيَوْمَ الْقِيٰمَةِ هُمْ مِّنَ
ع ٤ الْمَقْبُوْحِيْنَ ﴿٤٢﴾ وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ مِنْ بَعْدِ
مَآ اَهْلَكْنَا الْقُرُوْنَ الْاُوْلٰى بَصَآئِرَ لِلنَّاسِ وَهُدًى
وَّرَحْمَةً لَّعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿٤٣﴾ وَمَا كُنْتَ بِجَانِبِ
الْغَرْبِيِّ اِذْ قَضَيْنَآ اِلٰى مُوْسَى الْاَمْرَ وَمَا كُنْتَ مِنَ

નહીં શકે. અમારી નિશાનીઓના બળે વર્ચસ્વ તમને અને તમારા અનુયાયીઓને જ મળશે.''

૩૬. પછી જ્યારે મૂસા તે લોકો પાસે અમારી ખુલ્લી નિશાનીઓ લઈને પહોંચ્યો તો તેમણે કહ્યું, ''આ કંઈ જ નથી બલ્કે બનાવટી જાદુ, અને આ વાતો તો અમે અમારા બાપ-દાદાના જમાનામાં કયારેય સાંભળી પણ નથી.''

૩૭. મૂસાએ જવાબ આપ્યો, ''મારો રબ (પ્રભુ) તે વ્યક્તિની સ્થિતિને ખૂબ જાણે છે જે તેના તરફથી માર્ગદર્શન લઈને આવી છે અને તે જ વધારે સારી રીતે જાણે છે કે અંતિમ પરિણામ કોનું સારું આવવાનું છે, હકીકત આ છે કે અત્યાચારીઓ કદાપિ સફળતા પામતા નથી.''

૩૮. અને ફિરઔને કહ્યું, ''હે દરબારીઓ ! હું તો મારા સિવાય તમારા કોઈ ખુદાને જાણતો નથી. હામાન ! ઈંટો પકવીને મારા માટે એક ઊંચી ઇમારત તો બનાવડાવ, કદાચ તેના ઉપર ચઢીને હું મૂસાના ખુદાને જોઈ શકું, હું તો આને જૂઠો સમજું છું.''

૩૯. તેણે અને તેના લશ્કરોએ ધરતીમાં કોઈ પણ અધિકાર વિના પોતાની મોટાઈનો ઘમંડ કર્યો અને સમજ્યા કે તેમને ક્યારેય અમારા તરફ પાછા ફરવાનું જ નથી.

૪૦. છેવટે અમે તેને અને તેના લશ્કરોને પકડ્યા અને સમુદ્રમાં ફેંકી દીધા. હવે જોઈ લો કે આ અત્યાચારીઓનું કેવું પરિણામ આવ્યું.

૪૧. અમે તેમને જહન્નમ તરફ બોલાવનારા આગેવાન બનાવી દીધા, અને કયામત (પુનર્જીવન)ના દિવસે તેઓ ક્યાંયથી કોઈ મદદ નહીં મેળવી શકે.

૪૨. અને આ દુનિયામાં તેમના પાછળ ફિટકાર લગાવી દીધી અને કયામતના દિવસે તેઓ મોટી મુશ્કેલીમાં સપડાયેલા હશે. (રુકૂઅ-૪)

૪૩. અગાઉની પેઢીઓને નષ્ટ કર્યા પછી અમે મૂસાને ગ્રંથ પ્રદાન કર્યો, લોકો માટે સમજ-બૂઝની વ્યવસ્થા બનાવીને, માર્ગદર્શન અને કૃપા બનાવીને, જેથી કદાચ લોકો બોધ ગ્રહણ કરે.

૪૪. (હે નબી !) તમે તે વખતે પશ્ચિમી ખૂણામાં હાજર ન હતા જ્યારે અમે મૂસાને આ શરીઅતનો આદેશ પ્રદાન કર્યો, અને ન તમે સાક્ષીઓમાં સામેલ હતા,

الشّٰهِدِيْنَ ﴿۴۴﴾ وَلٰكِنَّآ اَنْشَاْنَا قُرُوْنًا فَتَطَاوَلَ عَلَيْهِمُ
الْعُمُرُ ۚ وَمَا كُنْتَ ثَاوِيًا فِيْٓ اَهْلِ مَدْيَنَ تَتْلُوْا
عَلَيْهِمْ اٰيٰتِنَا ۙ وَلٰكِنَّا كُنَّا مُرْسِلِيْنَ ﴿۴۵﴾ وَمَا كُنْتَ
بِجَانِبِ الطُّوْرِ اِذْ نَادَيْنَا وَلٰكِنْ رَّحْمَةً مِّنْ رَّبِّكَ
لِتُنْذِرَ قَوْمًا مَّآ اَتٰىهُمْ مِّنْ نَّذِيْرٍ مِّنْ قَبْلِكَ
لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿۴۶﴾ وَلَوْلَآ اَنْ تُصِيْبَهُمْ مُّصِيْبَةٌۢ
بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ فَيَقُوْلُوْا رَبَّنَا لَوْلَآ اَرْسَلْتَ
اِلَيْنَا رَسُوْلًا فَنَتَّبِعَ اٰيٰتِكَ وَنَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿۴۷﴾
فَلَمَّا جَآءَهُمُ الْحَقُّ مِنْ عِنْدِنَا قَالُوْا لَوْلَآ اُوْتِيَ
مِثْلَ مَآ اُوْتِيَ مُوْسٰى ؕ اَوَلَمْ يَكْفُرُوْا بِمَآ اُوْتِيَ مُوْسٰى
مِنْ قَبْلُ ۚ قَالُوْا سِحْرٰنِ تَظٰهَرَا ۚ وَقَالُوْٓا اِنَّا بِكُلٍّ
كٰفِرُوْنَ ﴿۴۸﴾ قُلْ فَاْتُوْا بِكِتٰبٍ مِّنْ عِنْدِ اللّٰهِ هُوَ
اَهْدٰى مِنْهُمَآ اَتَّبِعْهُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۴۹﴾ فَاِنْ لَّمْ
يَسْتَجِيْبُوْا لَكَ فَاعْلَمْ اَنَّمَا يَتَّبِعُوْنَ اَهْوَآءَهُمْ ؕ وَمَنْ
اَضَلُّ مِمَّنِ اتَّبَعَ هَوٰىهُ بِغَيْرِ هُدًى مِّنَ اللّٰهِ ؕ
ع ۵ / ۸ اِنَّ اللّٰهَ لَا يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿۵۰﴾ ۧ وَلَقَدْ
وَصَّلْنَا لَهُمُ الْقَوْلَ لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿۵۱﴾ ؕ اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ
النصف الْكِتٰبَ مِنْ قَبْلِهٖ هُمْ بِهٖ يُؤْمِنُوْنَ ﴿۵۲﴾ وَاِذَا يُتْلٰى
منزل ۵ عَلَيْهِمْ قَالُوْٓا اٰمَنَّا بِهٖٓ اِنَّهُ الْحَقُّ مِنْ رَّبِّنَآ اِنَّا كُنَّا

૪૫. બલ્કે તે પછી (તમારા જમાના સુધી) અમે અનેક પેઢીઓ ઉઠાવી ચૂક્યા છીએ અને તેમના ઉપર ઘણો જમાનો વિતી ચૂક્યો છે. તમે મદ્યન-વાસીઓ વચ્ચે પણ મોજૂદ ન હતા કે તેમને અમારી આયતો સંભળાવી રહ્યા હોત, પરંતુ (તે વખતની આ ખબરો) મોકલનારા અમે છીએ.

૪૬. અને તમે તૂરની તળેટીમાં પણ તે વખતે મોજૂદ ન હતા જ્યારે અમે (મૂસાને પહેલી વખતે) પોકાર્યો હતો, પરંતુ આ તમારા રબ (પ્રભુ)ની કૃપા છે (કે તમને આ જાણકારીઓ આપવામાં આવી રહી છે) જેથી તમે તે લોકોને સચેત કરી દો કે જેમના પાસે તમારા પહેલાં કોઈ સચેત કરનાર આવ્યો નથી, કદાચ કે તેઓ ભાનમાં આવે.

૪૭. (અને આ અમે એટલા માટે કર્યું કે) ક્યાંક એવું ન થાય કે તેમના પોતાના કૃત્યોના કારણે કોઈ મુસીબત જ્યારે તેમના ઉપર આવે તો તેઓ કહે, ''હે પાલનહાર! તેં કેમ અમારા તરફ કોઈ રસૂલ (ઈશદૂત) ન મોકલ્યો કે જેથી અમે તારી આયતોનું અનુસરણ કરતા અને ઈમાનવાળાઓમાંથી હોત.''

૪૮. પરંતુ જ્યારે અમારા ત્યાંથી સત્ય તેમના પાસે આવી ગયું તો તેઓ કહેવા લાગ્યા, ''કેમ ન આપવામાં આવ્યું આને તે બધું, જે મૂસાને આપવામાં આવ્યું હતું?'' શું આ લોકો તેનો ઈન્કાર નથી કરી ચૂક્યા જે આના પહેલાં મૂસાને આપવામાં આવ્યું હતું? તેમણે કહ્યું, ''બંને જાદુ છે જે એકબીજાની મદદ કરે છે.'' અને કહ્યું, ''અમે કોઈનેય માનતા નથી.''

૪૯. (હે નબી!) આ લોકોને કહો, ''તો લાવો અલ્લાહ તરફથી કોઈ ગ્રંથ જે આ બંને કરતાં વધુ માર્ગદર્શન આપનાર હોય જો તમે સાચા છો, હું તેનું જ અનુસરણ અપનાવીશ.''

૫૦. હવે જો તેઓ તમારી આ માગણી પૂરી કરતા નથી તો સમજી લો કે વાસ્તવમાં આ લોકો પોતાની ઈચ્છાઓના પાછળ ચાલનારા છે, અને તે વ્યક્તિથી વધુ પથભ્રષ્ટ કોણ હશે જે દિવ્ય માર્ગદર્શન વિના માત્ર પોતાની ઈચ્છાઓના પાછળ ચાલે? અલ્લાહ આવા અત્યાચારીઓને કદાપિ માર્ગદર્શન આપતો નથી (રુકૂઅ-૫)

૫૧. અને (શિખામણની) વાત નિરંતર અમે તેમને પહોંચાડી ચૂક્યા છીએ જેથી તેઓ ગફલતમાંથી જાગી જાય.

૫૨. જે લોકોને આ પહેલાં અમે ગ્રંથ આપ્યો હતો, તેઓ આ (કુર્આન) પર ઈમાન લાવે છે.

૫૩. અને જ્યારે આ તેમને સંભળાવવામાં આવે છે તો તેઓ કહે છે કે ''અમે આના પર ઈમાન લાવ્યા, આ હકીકતમાં સત્ય છે અમારા રબ

مِنْ قَبْلِهٖ مُسْلِمِيْنَ ﴿٥٣﴾ اُولٰٓئِكَ يُؤْتَوْنَ اَجْرَهُمْ مَّرَّتَيْنِ
بِمَا صَبَرُوْا وَيَدْرَءُوْنَ بِالْحَسَنَةِ السَّيِّئَةَ وَمِمَّا
رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ﴿٥٤﴾ وَاِذَا سَمِعُوا اللَّغْوَ اَعْرَضُوْا
عَنْهُ وَقَالُوْا لَنَآ اَعْمَالُنَا وَلَكُمْ اَعْمَالُكُمْ ز سَلٰمٌ
عَلَيْكُمْ ز لَا نَبْتَغِى الْجٰهِلِيْنَ ﴿٥٥﴾ اِنَّكَ لَا تَهْدِيْ مَنْ
اَحْبَبْتَ وَلٰكِنَّ اللّٰهَ يَهْدِيْ مَنْ يَّشَآءُ ج وَهُوَ
اَعْلَمُ بِالْمُهْتَدِيْنَ ﴿٥٦﴾ وَقَالُوْٓا اِنْ نَّتَّبِعِ الْهُدٰى مَعَكَ
نُتَخَطَّفْ مِنْ اَرْضِنَا ط اَوَلَمْ نُمَكِّنْ لَّهُمْ حَرَمًا اٰمِنًا
يُّجْبٰٓى اِلَيْهِ ثَمَرٰتُ كُلِّ شَيْءٍ رِّزْقًا مِّنْ لَّدُنَّا وَ
لٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٥٧﴾ وَكَمْ اَهْلَكْنَا مِنْ
قَرْيَةٍ ۢ بَطِرَتْ مَعِيْشَتَهَا ج فَتِلْكَ مَسٰكِنُهُمْ لَمْ تُسْكَنْ
مِّنْ ۢ بَعْدِهِمْ اِلَّا قَلِيْلًا ط وَكُنَّا نَحْنُ الْوٰرِثِيْنَ ﴿٥٨﴾
وَمَا كَانَ رَبُّكَ مُهْلِكَ الْقُرٰى حَتّٰى يَبْعَثَ فِيْٓ
اُمِّهَا رَسُوْلًا يَّتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِنَا ج وَمَا كُنَّا مُهْلِكِى
الْقُرٰٓى اِلَّا وَاَهْلُهَا ظٰلِمُوْنَ ﴿٥٩﴾ وَمَآ اُوْتِيْتُمْ مِّنْ شَيْءٍ
فَمَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا وَزِيْنَتُهَا ج وَمَا عِنْدَ اللّٰهِ
خَيْرٌ وَّاَبْقٰى ط اَفَلَا تَعْقِلُوْنَ ﴿٦٠﴾ ع اَفَمَنْ وَّعَدْنٰهُ ع ٦ ١٠
وَعْدًا حَسَنًا فَهُوَ لَاقِيْهِ كَمَنْ مَّتَّعْنٰهُ مَتَاعَ
الْحَيٰوةِ الدُّنْيَا ثُمَّ هُوَ يَوْمَ الْقِيٰمَةِ مِنَ الْمُحْضَرِيْنَ ﴿٦١﴾ منزل ٥

તરફથી, અમે તો પહેલાથી જ મુસ્લિમો છીએ."

૫૪. આ તે લોકો છે જેમને તેમનું વળતર બે વાર આપવામાં આવશે તે દૃઢતાના બદલામાં જે તેમણે દેખાડી, તેઓ બૂરાઈને ભલાઈથી દૂર કરે છે અને જે કંઈ રોજી અમે તેમને આપી છે તેમાંથી ખર્ચ કરે છે

૫૫. અને જ્યારે તેમણે બેહૂદી વાત સાંભળી તો એમ કહી તેનાથી અલગ થઈ ગયા કે "અમારા કર્મ અમારા માટે અને તમારા કર્મ તમારા માટે, તમને સલામ છે, અમે અજ્ઞાનીઓ જેવી પદ્ધતિ અપનાવવા માગતા નથી."

૫૬. હે નબી ! તમે જેને ઇચ્છો તેને માર્ગદર્શન આપી શકતા નથી, પરંતુ અલ્લાહ જેને ચાહે છે માર્ગદર્શન આપે છે, અને તે એ લોકોને સારી રીતે જાણે છે જેઓ માર્ગદર્શન સ્વીકારનારા છે.

૫૭. તેઓ કહે છે, "જો અમે તમારા સાથે આ માર્ગદર્શનનું અનુસરણ અપનાવી લઈએ તો પોતાની ધરતીમાંથી આંચકી લેવામાં આવીશું." શું આ સત્ય નથી કે અમે એક શાંતિપૂર્ણ હરમને આ લોકો માટે રોકાવાની જગ્યા બનાવી દીધી, જેના તરફ દરેક પ્રકારના ફળો ખેંચાઈ આવે છે, અમારા તરફથી રોજી તરીકે ? પરંતુ આમાંના ઘણાંખરા લોકો જાણતા નથી.

૫૮. અને કેટલીય એવી વસ્તીઓ અમે નષ્ટ કરી ચૂક્યા છીએ જેમના લોકો પોતાની આર્થિક સંપન્નતા પર મિથ્યાભિમાની થઈ ગયા હતા. તો જોઈ લો, તે તેમના રહેઠાણો પડેલા છે જેમાં તેમના પછી ભાગ્યે જ કોઈ વસ્યું છે, અંતે તો અમે જ વારસ થઈને રહ્યા.

૫૯. અને તારો રબ વસ્તીઓને નષ્ટ કરનાર ન હતો જ્યાં સુધી તેમના કેન્દ્રમાં એક રસૂલ (ઈશદૂત) ન મોકલી દેતો જે તેમને અમારી આયતો સંભળાવતો, અને અમે વસ્તીઓને નષ્ટ કરનાર ન હતા જ્યાં સુધી તેમના રહેવાસીઓ અત્યાચારી ન થઈ જતા.

૬૦. તમને લોકોને જે કંઈ આપવામાં આવ્યું છે તે માત્ર દુનિયાના જીવનની સામગ્રી છે અને તેની શોભા છે, અને જે કંઈ અલ્લાહ પાસે છે તે આનાથી વધુ સારું અને બાકી રહેનાર છે. શું તમે બુદ્ધિનો ઉપયોગ કરતા નથી ? (રુકૂઅ-૬)

૬૧. શું તે માણસ જેના સાથે અમે સારો વાયદો કર્યો હોય અને તે તેને મેળવવાનો હોય, ક્યારેય તે માણસ જેવો હોઈ શકે છે જેને અમે માત્ર દુનિયાના જીવન માટેની સામગ્રી આપી દીધી હોય અને પછી તે કયામતના દિવસે સજા માટે રજૂ થવાનો હોય ?

وَيَوْمَ يُنَادِيْهِمْ فَيَقُوْلُ اَيْنَ شُرَكَآءِيَ الَّذِيْنَ كُنْتُمْ
تَزْعُمُوْنَ ﴿۶۲﴾ قَالَ الَّذِيْنَ حَقَّ عَلَيْهِمُ الْقَوْلُ رَبَّنَا
هٰۤؤُلَآءِ الَّذِيْنَ اَغْوَيْنَا ۚ اَغْوَيْنٰهُمْ كَمَا غَوَيْنَا ۚ تَبَرَّاْنَآ
اِلَيْكَ ۫ مَا كَانُوْۤا اِيَّانَا يَعْبُدُوْنَ ﴿۶۳﴾ وَقِيْلَ ادْعُوْا
شُرَكَآءَكُمْ فَدَعَوْهُمْ فَلَمْ يَسْتَجِيْبُوْا لَهُمْ وَرَاَوُا الْعَذَابَ ۚ
لَوْ اَنَّهُمْ كَانُوْا يَهْتَدُوْنَ ﴿۶۴﴾ وَيَوْمَ يُنَادِيْهِمْ فَيَقُوْلُ
مَاذَاۤ اَجَبْتُمُ الْمُرْسَلِيْنَ ﴿۶۵﴾ فَعَمِيَتْ عَلَيْهِمُ الْاَنْۢبَآءُ
يَوْمَئِذٍ فَهُمْ لَا يَتَسَآءَلُوْنَ ﴿۶۶﴾ فَاَمَّا مَنْ تَابَ وَاٰمَنَ
وَعَمِلَ صَالِحًا فَعَسٰۤى اَنْ يَّكُوْنَ مِنَ الْمُفْلِحِيْنَ ﴿۶۷﴾
وَرَبُّكَ يَخْلُقُ مَا يَشَآءُ وَيَخْتَارُ ؕ مَا كَانَ لَهُمُ
الْخِيَرَةُ ؕ سُبْحٰنَ اللّٰهِ وَتَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ ﴿۶۸﴾
وَرَبُّكَ يَعْلَمُ مَا تُكِنُّ صُدُوْرُهُمْ وَمَا يُعْلِنُوْنَ ﴿۶۹﴾
وَهُوَ اللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ؕ لَهُ الْحَمْدُ فِى الْاُوْلٰى وَ
الْاٰخِرَةِ ۫ وَلَهُ الْحُكْمُ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿۷۰﴾ قُلْ
اَرَءَيْتُمْ اِنْ جَعَلَ اللّٰهُ عَلَيْكُمُ الَّيْلَ سَرْمَدًا اِلٰى يَوْمِ
الْقِيٰمَةِ مَنْ اِلٰهٌ غَيْرُ اللّٰهِ يَاْتِيْكُمْ بِضِيَآءٍ ؕ اَفَلَا
تَسْمَعُوْنَ ﴿۷۱﴾ قُلْ اَرَءَيْتُمْ اِنْ جَعَلَ اللّٰهُ عَلَيْكُمُ
النَّهَارَ سَرْمَدًا اِلٰى يَوْمِ الْقِيٰمَةِ مَنْ اِلٰهٌ غَيْرُ اللّٰهِ
يَاْتِيْكُمْ بِلَيْلٍ تَسْكُنُوْنَ فِيْهِ ؕ اَفَلَا تُبْصِرُوْنَ ﴿۷۲﴾

૬૨. અને (ભૂલી ન જાય આ લોકો) તે દિવસને જ્યારે તે આમને પોકારશે અને પૂછશે, ''કયાં છે મારા તે ભાગીદારો જેમના વિષે તમે ધારણા રાખતા હતા ?''

૬૩. આ વાત જેમને લાગુ પડતી હશે તેઓ કહેશે, ''હે અમારા રબ ! નિઃશંક આ જ લોકો છે જેમને અમે ભટકાવી મૂક્યા હતા. આમને અમે એવી જ રીતે ભટકાવી દીધા જેવી રીતે અમે પોતે ભટકી ગયા. અમે આપના સમક્ષ તેમની સાથે અસંબદ્ધતાની જાહેરાત કરીએ છીએ. આ લોકો અમારી તો બંદગી કરતા ન હતા.''

૬૪. પછી તેમને કહેવામાં આવશે કે પોકારો હવે તમારા ઠરાવેલા ભાગીદારોને. આ લોકો તેમને પોકારશે, પરંતુ તેઓ આમને કોઈ જવાબ નહીં આપે, અને આ લોકો યાતના જોઈ લેશે. કદાચ, આ લોકો સન્માર્ગ અપનાવનારા હોત !

૬૫. અને (ભૂલી ન જાય આ લોકો) તે દિવસ જ્યારે કે તે આમને પોકારશે અને પૂછશે કે ''જે રસૂલો મોકલવામાં આવ્યા હતા, તેમને તમે શું જવાબ આપ્યો હતો ?''

૬૬. તે વખતે આમને કોઈ જવાબ નહીં સૂઝે અને ન તેઓ પરસ્પર એક-બીજાને પૂછી જ શકશે.

૬૭. અલબત્ત, જેણે આજે તૌબા કરી લીધી અને ઈમાન લઈ આવ્યો અને સદ્કાર્ય કર્યા તે જ એ આશા રાખી શકે છે કે ત્યાં સફળતા મેળવનારાઓ પૈકી હશે.

૬૮. તારો રબ પેદા કરે છે જે કંઈ ચાહે છે. અને (તે પોતે જ પોતાના કામ માટે જેને ચાહે છે) પસંદ કરી લે છે. આ પસંદગી આ લોકોએ કરવાનું કામ નથી. અલ્લાહ પવિત્ર અને ઘણો ઉચ્ચ છે તે શિર્કથી જે આ લોકો કરી રહ્યા છે.

૬૯. તારો રબ જાણે છે જે કંઈ આ લોકોએ હૃદયોમાં છૂપાવી રાખ્યું છે અને જે કંઈ તેઓ જાહેર કરે છે.

૭૦. તે જ એક અલ્લાહ છે જેના સિવાય કોઈ ઉપાસનાને પાત્ર નથી. તેના જ માટે પ્રશંસા છે દુનિયા (આલોક)માં પણ અને આખિરત (પરલોક)માં પણ, શાસન તેનું જ છે અને તેના જ તરફ તમે સૌ પાછા લઈ જવામાં આવશો.

૭૧. હે નબી ! આમને કહો, ક્યારેય તમે વિચાર્યું કે જો અલ્લાહ કયામત સુધી તમારા ઉપર હંમેશ માટે રાતને ઢાંકી દે તો અલ્લાહ સિવાય તે કયો ઉપાસ્ય છે જે તમને પ્રકાશ લાવી આપે ? શું તમે સાંભળતા નથી ?

૭૨. આમને પૂછો, ક્યારેય તમે લોકોએ વિચાર્યું કે જો અલ્લાહ કયામત સુધી હંમેશ માટે તમારા ઉપર દિવસ જ પ્રસરાવી દે તો અલ્લાહ સિવાય તે કયો ઉપાસ્ય છે જે તમને રાત લાવી આપે જેથી તમે તેમાં શાંતિ પ્રાપ્ત કરી શકો ? શું તમને સૂઝતું નથી ?

وَمِنْ رَّحْمَتِهٖ جَعَلَ لَكُمُ الَّيْلَ وَالنَّهَارَ لِتَسْكُنُوْا
فِيْهِ وَلِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٧٣﴾
وَيَوْمَ يُنَادِيْهِمْ فَيَقُوْلُ اَيْنَ شُرَكَآءِيَ الَّذِيْنَ
كُنْتُمْ تَزْعُمُوْنَ ﴿٧٤﴾ وَنَزَعْنَا مِنْ كُلِّ اُمَّةٍ شَهِيْدًا
فَقُلْنَا هَاتُوْا بُرْهَانَكُمْ فَعَلِمُوْٓا اَنَّ الْحَقَّ لِلّٰهِ وَ
ضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٧٥﴾ ع اِنَّ قَارُوْنَ ع ۱۵ ۱۰
كَانَ مِنْ قَوْمِ مُوْسٰى فَبَغٰى عَلَيْهِمْ ص وَاٰتَيْنٰهُ
مِنَ الْكُنُوْزِ مَآ اِنَّ مَفَاتِحَهٗ لَتَنُوْٓاُ بِالْعُصْبَةِ
اُولِي الْقُوَّةِ ۚ اِذْ قَالَ لَهٗ قَوْمُهٗ لَا تَفْرَحْ اِنَّ اللّٰهَ
لَا يُحِبُّ الْفَرِحِيْنَ ﴿٧٦﴾ وَابْتَغِ فِيْمَآ اٰتٰىكَ اللّٰهُ
الدَّارَ الْاٰخِرَةَ وَلَا تَنْسَ نَصِيْبَكَ مِنَ الدُّنْيَا
وَاَحْسِنْ كَمَآ اَحْسَنَ اللّٰهُ اِلَيْكَ وَلَا تَبْغِ الْفَسَادَ
فِي الْاَرْضِ ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْمُفْسِدِيْنَ ﴿٧٧﴾ قَالَ
اِنَّمَآ اُوْتِيْتُهٗ عَلٰى عِلْمٍ عِنْدِيْ ؕ اَوَلَمْ يَعْلَمْ اَنَّ
اللّٰهَ قَدْ اَهْلَكَ مِنْ قَبْلِهٖ مِنَ الْقُرُوْنِ مَنْ هُوَ
اَشَدُّ مِنْهُ قُوَّةً وَّاَكْثَرُ جَمْعًا ؕ وَلَا يُسْئَلُ
عَنْ ذُنُوْبِهِمُ الْمُجْرِمُوْنَ ﴿٧٨﴾ فَخَرَجَ عَلٰى قَوْمِهٖ
فِيْ زِيْنَتِهٖ ؕ قَالَ الَّذِيْنَ يُرِيْدُوْنَ الْحَيٰوةَ الدُّنْيَا
يٰلَيْتَ لَنَا مِثْلَ مَآ اُوْتِيَ قَارُوْنُ ۙ اِنَّهٗ لَذُوْ حَظٍّ منزل ۵

૭૩. અને તેની જ કૃપા છે કે તેણે તમારા માટે રાત અને દિવસ બનાવ્યા જેથી તમે (રાતમાં) મનની શાંતિ મેળવો અને (દિવસ દરમ્યાન) પોતાના રબની કૃપા શોધો, કદાચ તમે કૃતજ્ઞ બનો.

૭૪. (યાદ રાખે આ લોકો) તે દિવસ જ્યારે કે તે તેમને પોકારશે, પછી પૂછશે, ''ક્યાં છે મારા તે ભાગીદારો જેમનું તમે (મારા ભાગીદાર હોવાનું) અનુમાન કરતા હતા ?''

૭૫. અને અમે દરેક ઉમ્મત (સમુદાય)માંથી એક-એક સાક્ષી લઈ આવીશું, પછી કહીશું કે ''લાવો હવે પોતાની દલીલ.'' તે વખતે તેમને જણાઈ જશે કે સત્ય અલ્લાહના પક્ષે છે અને ગુમ થઈ જશે તેમના તે બધાં જૂઠ જે આ લોકોએ ઘડી રાખ્યા હતા. (રુકૂઅ-૭)

૭૬. આ એક સત્ય છે કે કારૂન મૂસાની કોમનો એક માણસ હતો, પછી તે પોતાની કોમ વિરુધ્ધ વિદ્રોહી બની ગયો, અને અમે તેને એટલા ખજાના આપી રાખ્યા હતા કે તેની ચાવીઓ બળવાન પુરુષોની એક ટોળી મુશ્કેલીથી ઉપાડી શકતી હતી. એક વખતે તેની કોમના માણસોએ જ્યારે તેને કહ્યું, ''બહુ ફૂલી ન જાઓ, અલ્લાહ ફૂલી જનારાઓને પસંદ કરતો નથી.

૭૭. જે માલ અલ્લાહે તને આપ્યો છે તેના વડે આખિરત (પરલોક)નું ઘર બનાવવાની ચિંતા કર અને દુનિયામાંથી પણ પોતાનો હિસ્સો ન ભૂલ. ઉપકાર કર જેવી રીતે અલ્લાહે તારા પર ઉપકાર કર્યો છે અને ધરતીમાં બગાડ પેદા કરવાની કોશિશ ન કર. અલ્લાહ બગાડ પેદા કરનારાઓને પસંદ કરતો નથી.''

૭૮. તો તેણે કહ્યું, ''આ બધું તો મને તે જ્ઞાનના કારણે આપવામાં આવ્યું છે જે મને પ્રાપ્ત છે.'' – શું તેને એ ખબર ન હતી કે અલ્લાહ આ પહેલાં એવા અનેક લોકોને નષ્ટ કરી ચૂક્યો છે જે તેનાથી વધારે શક્તિ અને જૂથ ધરાવતા હતા ? અપરાધીઓને તો તેમના ગુનાઓ પૂછવામાં આવતાં નથી.

૭૯. એક દિવસ તે પોતાની કોમ સામે પોતાના ઠાઠ-માઠ સાથે નીકળ્યો. જે લોકો દુનિયાના જીવનની લાલસા રાખતા હતા તેઓ તેને જોઈને કહેવા લાગ્યા, ''કદાચ, અમને પણ તે બધું મળતું જે કારૂનને આપવામાં આવ્યું છે. આ તો મોટો ભાગ્યશાળી છે !''

عَظِيْمٍ ﴿٧٩﴾ وَقَالَ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ وَيْلَكُمْ
ثَوَابُ اللّٰهِ خَيْرٌ لِّمَنْ اٰمَنَ وَعَمِلَ صَالِحًا ۚ وَلَا
يُلَقّٰىهَآ اِلَّا الصّٰبِرُوْنَ ﴿٨٠﴾ فَخَسَفْنَا بِهٖ وَبِدَارِهِ
الْاَرْضَ ۗ فَمَا كَانَ لَهٗ مِنْ فِئَةٍ يَّنْصُرُوْنَهٗ
مِنْ دُوْنِ اللّٰهِ ۖ وَمَا كَانَ مِنَ الْمُنْتَصِرِيْنَ ﴿٨١﴾
وَاَصْبَحَ الَّذِيْنَ تَمَنَّوْا مَكَانَهٗ بِالْاَمْسِ يَقُوْلُوْنَ
وَيْكَاَنَّ اللّٰهَ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ مِنْ
عِبَادِهٖ وَيَقْدِرُ ۚ لَوْلَآ اَنْ مَّنَّ اللّٰهُ عَلَيْنَا لَخَسَفَ
بِنَا ؕ وَيْكَاَنَّهٗ لَا يُفْلِحُ الْكٰفِرُوْنَ ﴿٨٢﴾ تِلْكَ الدَّارُ ع
الْاٰخِرَةُ نَجْعَلُهَا لِلَّذِيْنَ لَا يُرِيْدُوْنَ عُلُوًّا فِي
الْاَرْضِ وَلَا فَسَادًا ؕ وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ ﴿٨٣﴾
مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ خَيْرٌ مِّنْهَا ۚ وَمَنْ
جَآءَ بِالسَّيِّئَةِ فَلَا يُجْزَى الَّذِيْنَ عَمِلُوا السَّيِّاٰتِ
اِلَّا مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٨٤﴾ اِنَّ الَّذِيْ فَرَضَ
عَلَيْكَ الْقُرْاٰنَ لَرَآدُّكَ اِلٰى مَعَادٍ ؕ قُلْ رَّبِّيْٓ
اَعْلَمُ مَنْ جَآءَ بِالْهُدٰى وَمَنْ هُوَ فِيْ ضَلٰلٍ
مُّبِيْنٍ ﴿٨٥﴾ وَمَا كُنْتَ تَرْجُوْٓا اَنْ يُّلْقٰٓى اِلَيْكَ
الْكِتٰبُ اِلَّا رَحْمَةً مِّنْ رَّبِّكَ فَلَا تَكُوْنَنَّ ظَهِيْرًا
لِّلْكٰفِرِيْنَ ﴿٨٦﴾ وَلَا يَصُدُّنَّكَ عَنْ اٰيٰتِ اللّٰهِ بَعْدَ

૮૦. પરંતુ જે લોકો જ્ઞાન ધરાવતા હતા તેઓ કહેવા લાગ્યા, ''અફસોસ તમારી હાલત પર, અલ્લાહનો બદલો વધુ સારો છે તે વ્યક્તિ માટે જે ઈમાન લાવે અને સદ્કાર્યો કરે, અને આ બદલો પ્રાપ્ત થતો નથી, બલ્કે ધૈર્યથી કામ લેનારાઓને.''

૮૧. અંતે અમે તેને અને તેના ઘરને ધરતીમાં ખૂંપાવી દીધા, પછી તેના સમર્થકોની કોઈ ટોળી નહોતી જે અલ્લાહના મુકાબલામાં તેની મદદ માટે આવતી અને ન તે પોતે જ પોતાની મદદ કરી શક્યો.

૮૨. હવે તે જ લોકો જેઓ ગઈ કાલે તેના દરજ્જાની કામના કરી રહ્યા હતા, કહેવા લાગ્યા, ''અફસોસ ! અમે ભૂલી ગયા હતા કે અલ્લાહ પોતાના બંદાઓમાંથી જેની રોજી ચાહે છે, વિશાળ બનાવી દે છે અને જેને ચાહે છે, તેને સીમિત આપે છે. જો અલ્લાહે અમારા પર ઉપકાર ન કર્યો હોત તો અમને પણ ધરતીમાં ખૂંપાવી દેતો. અફસોસ ! અમને યાદ ન રહ્યું કે કાફિરો (ઇન્કાર કરનારાઓ) સફળતા પામતા નથી.'' (રુકૂઅ-૮)

૮૩. તે આખિરત (પરલોક)નું ઘર તો અમે તે લોકો માટે વિશિષ્ટ કરી દઈશું જેઓ ધરતીમાં પોતાની મોટાઈ ચાહતા નથી અને ન બગાડ પેદા કરવા માગે છે, અને સારું પરિણામ તો સંયમી લોકો માટે જ છે.

૮૪. જે કોઈ ભલાઈ લઈને આવશે તેના માટે તેનાથી વધુ સારી ભલાઈ છે, અને જે બૂરાઈ લઈને આવે તો બૂરાઈ કરનારાઓને એવો જ બદલો મળશે જેવા કામ તેઓ કરતા હતા.

૮૫. હે નબી ! વિશ્વાસ રાખો કે જેણે આ કુર્આનની જવાબદારી તમારા પર મૂકી છે તે તમને એક શ્રેષ્ઠ પરિણામે પહોંચાડવાનો છે. આ લોકોને કહી દો કે ''મારો રબ સારી રીતે જાણે છે કે માર્ગદર્શન લઈને કોણ આવ્યું છે અને સ્પષ્ટ પથભ્રષ્ટતામાં કોણ ગ્રસ્ત છે.''

૮૬. તમે આ વાતની કદી પણ અપેક્ષા રાખતા ન હતા કે તમારા ઉપર ગ્રંથ અવતરિત કરવામાં આવશે, આ તો માત્ર તમારા રબ (પ્રભુ)ની મહેરબાનીથી (તમારા ઉપર અવતરિત થયો છે), તો તમે કાફિરો (ઇન્કાર કરનારાઓ)ના મદદગાર ન બનો.

૮૭. અને એવું ક્યારેય થવા ન પામે કે અલ્લાહની આયતો જ્યારે તમારા

إِذْ أُنْزِلَتْ إِلَيْكَ وَادْعُ إِلَىٰ رَبِّكَ وَلَا تَكُونَنَّ
مِنَ الْمُشْرِكِينَ ج ﴿٨٧﴾ وَلَا تَدْعُ مَعَ اللّٰهِ إِلٰهًا اٰخَرَ م
لَا إِلٰهَ إِلَّا هُوَ قف كُلُّ شَيْءٍ هَالِكٌ إِلَّا وَجْهَهُ ط
لَهُ الْحُكْمُ وَإِلَيْهِ تُرْجَعُونَ ع ﴿٨٨﴾

وقف لازم منزل ٥

الثلثة ع ٩ ٦ ١٢

ઉપર ઊતરે તો કાફિરો તમને તેમનાથી રોકી રાખે. પોતાના રબ (પ્રભુ) તરફ આમંત્રણ આપો અને કદાપિ મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)માં સામેલ ન થાઓ

૮૮. અને અલ્લાહ સાથે કોઈ બીજા ઉપાસ્યને ન પોકારો. તેના સિવાય કોઈ ઉપાસ્ય નથી. દરેક વસ્તુ નાશ પામવાની છે સિવાય કે તેની હસ્તી. સત્તા તેની જ છે અને તેના જ તરફ તમે સૌ પાછા લઈ જવામાં આવવાના છો. (રુકૂઅ-૯)

(૨૯) અલ-અનકબૂત

પરિચય

નામ :

આયત ૪૧માં આવેલ શબ્દો ''જે લોકોએ અલ્લાહને છોડીને બીજા સંરક્ષકો બનાવી લીધા છે, તેમનું દૃષ્ટાંત કરોળિયા (અનૂકબૂત) જેવું છે''થી લેવામાં આવ્યું છે. તેનો અર્થ એ છે કે આ તે સૂરઃ છે જેમાં 'અનૂકબૂત' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

આયત-૫૬ થી ૬૦ સુધી સ્પષ્ટ જ્ઞાત થાય છે કે આ સૂરઃ હબશાની હિજરતથી કેટલાક સમય પહેલાં ઊતરી હતી. શેષ વિષયોનો આતંરિક પુરાવો પણ આને જ સમર્થન આપે છે, કેમ કે પશ્ચાદ્ભૂમિમાં તે જ સમયના સંજોગો પ્રતિબિંબિત થાય છે.

વિષય :

સૂરઃ વાંચતાં એવું લાગે છે કે આના અવતરિત થવાનો સમય મક્કા-મુઅઝ્ઝમામાં મુસલમાનો પર ખૂબ જ મોટી મુસીબતો અને પરેશાનીઓનો સમય હતો. (તે વખતે) અલ્લાહે આ સૂરઃ એક તરફ સાચા ઈમાનવાળાઓમાં સંકલ્પ, હિંમત અને ધૈર્ય પેદા કરવા માટે અને બીજી તરફ નબળાં ઈમાનવાળા લોકોને શરમ દેવડાવવા માટે અવતરિત કરી. તેના સાથે મક્કાના કાફિરો (વિધર્મીઓ)ને પણ આમાં (સત્ય-વિરોધના પરિણામ વિશે) સખત ધમકી આપવામાં આવી છે. આ સંદર્ભમાં તે પ્રશ્નોના જવાબ પણ આપવામાં આવ્યા છે જેનો કેટલાક મુસ્લિમ નવયુવાનો તે વખતે સામનો કરી રહ્યા હતા. જેમ કે તેમના માતા-પિતા તેમના પર દબાણ કરી રહ્યા હતા કે અમારા ધર્મ (દીન) પર મક્કમ રહો. જે કુર્આન પર તમે ઈમાન લાવ્યા છો, તેમાં પણ એ જ તો લખ્યું છે કે માતા-પિતાનો હક્ક સૌથી વધુ છે, તો જે કંઈ અમે કહીએ છીએ તેને માનો, નહીં તો તમે પોતે પોતાના જ ઈમાન વિરુધ્ધ કામ કરશો. આનો જવાબ આયત ૮માં આપવામાં આવ્યો છે. તે જ રીતે કેટલાક નવમુસ્લિમોને તેમના કબીલાવાળા કહેતા હતા કે અઝાબ-સવાબ (યાતના-પુણ્ય) અમારા માથે, તમે અમારું કહ્યું માનો અને આ માણસથી અલગ થઈ જાઓ. (અલ્લાહ સમક્ષ એના ઉત્તરદાયી અમે હોઈશું.) આનો જવાબ આયત ૧૨-૧૩માં આપવામાં આવ્યો છે. જે પ્રસંગો આ સૂરઃમાં વર્ણવવામાં આવ્યા છે તેમાં પણ મોટાભાગે આ જ પાસું વધુ ઉભરેલું છે કે અગાઉના પયગંબરોને જુઓ, કેવી-કેવી સખ્તાઈઓ

તેમના ઉપર આવી અને કેટ-કેટલી મુદ્દતો સુધી તેમને સતાવવામાં આવ્યા. પછી છેવટે અલ્લાહ તરફથી તેમની મદદ કરવામાં આવી, તેથી ગભરાઓ નહીં, અલ્લાહની મદદ ચોક્કસ આવશે, પરંતુ અજમાયશનો એક વધુ તબક્કો પસાર થવો જરૂરી છે. પછી મુસલમાનોને સૂચના આપવામાં આવી કે જો અત્યાચાર અને ત્રાસ તમારા માટે અસહ્ય બની જાય તો ઈમાન છોડવાને બદલે ઘર-બાર છોડીને નીકળી જાઓ. અલ્લાહની ધરતી વિશાળ છે. જ્યાં અલ્લાહની બંદગી કરી શકો ત્યાં જતા રહો. આ બધી વાતો સાથે કાફિરો (વિધર્મીઓ)ને સમજાવવાનું પાસું પણ છોડવામાં આવ્યું નથી, બલ્કે તૌહીદ અને આખિરત બંને હકીકતોને પ્રમાણોની સાથે તેમના મનમાં ઉતારવાની કોશિશ કરવામાં આવી છે.

اٰيَاتُهَا ٦٩ (٢٩) سُوْرَةُ الْعَنْكَبُوْتِ مَكِّيَّةٌ (٨٥) رُكُوْعَاتُهَا ٧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

الٓمّٓ ۝١ اَحَسِبَ النَّاسُ اَنْ يُّتْرَكُوْٓا اَنْ يَّقُوْلُوْٓا
اٰمَنَّا وَهُمْ لَا يُفْتَنُوْنَ ۝٢ وَلَقَدْ فَتَنَّا الَّذِيْنَ مِنْ
قَبْلِهِمْ فَلَيَعْلَمَنَّ اللّٰهُ الَّذِيْنَ صَدَقُوْا وَلَيَعْلَمَنَّ
الْكٰذِبِيْنَ ۝٣ اَمْ حَسِبَ الَّذِيْنَ يَعْمَلُوْنَ السَّيِّاٰتِ اَنْ
يَّسْبِقُوْنَا ؕ سَآءَ مَا يَحْكُمُوْنَ ۝٤ مَنْ كَانَ يَرْجُوْا لِقَآءَ
اللّٰهِ فَاِنَّ اَجَلَ اللّٰهِ لَاٰتٍ ؕ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ۝٥
وَمَنْ جَاهَدَ فَاِنَّمَا يُجَاهِدُ لِنَفْسِهٖ ؕ اِنَّ اللّٰهَ لَغَنِيٌّ
عَنِ الْعٰلَمِيْنَ ۝٦ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
لَنُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّاٰتِهِمْ وَلَنَجْزِيَنَّهُمْ اَحْسَنَ الَّذِيْ
كَانُوْا يَعْمَلُوْنَ ۝٧ وَوَصَّيْنَا الْاِنْسَانَ بِوَالِدَيْهِ
حُسْنًا ؕ وَاِنْ جَاهَدٰكَ لِتُشْرِكَ بِيْ مَا لَيْسَ لَكَ
بِهٖ عِلْمٌ فَلَا تُطِعْهُمَا ؕ اِلَيَّ مَرْجِعُكُمْ فَاُنَبِّئُكُمْ بِمَا
كُنْتُمْ تَعْمَلُوْنَ ۝٨ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
لَنُدْخِلَنَّهُمْ فِي الصّٰلِحِيْنَ ۝٩ وَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ
اٰمَنَّا بِاللّٰهِ فَاِذَآ اُوْذِيَ فِي اللّٰهِ جَعَلَ فِتْنَةَ النَّاسِ
كَعَذَابِ اللّٰهِ ؕ وَلَئِنْ جَآءَ نَصْرٌ مِّنْ رَّبِّكَ لَيَقُوْلُنَّ
اِنَّا كُنَّا مَعَكُمْ ؕ اَوَلَيْسَ اللّٰهُ بِاَعْلَمَ بِمَا فِيْ صُدُوْرِ

(૨૯) સૂરઃ અલ-અન્કબૂત

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૭ ● આયતો : ૬૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલિફ-લામ-મીમ !

૨. શું લોકોએ એમ સમજી લીધું છે કે તેઓ માત્ર એટલું કહેવા બદલ છોડી દેવામાં આવશે કે 'અમે ઈમાન લાવ્યા' અને તેમને અજમાવવામાં નહીં આવે ?

૩. જો કે અમે તે સૌ લોકોની પરીક્ષા કરી ચૂક્યા છીએ જેઓ આમના પહેલાં થઈ ગયા છે. અલ્લાહને તો અવશ્ય એ જોવું જ છે કે સાચા કોણ છે અને જૂઠા કોણ.

૪. અને શું તે લોકો જેઓ ખરાબ કૃત્યો કરી રહ્યા છે એવું સમજી બેસ્યા છે કે તેઓ અમારા સામે બાજી લઈ જશે? ઘણો ખોટો ફેંસલો છે જે તેઓ કરી રહ્યા છે.

૫. જે કોઈ અલ્લાહ સાથે મુલાકાતની અપેક્ષા રાખતો હોય (તેને ખબર હોવી જોઈએ કે) અલ્લાહે નિર્ધારિત કરેલો સમય આવવાનો જ છે, અને અલ્લાહ બધું સાંભળે અને જાણે છે.

૬. જે વ્યક્તિ પણ અવિરત સંઘર્ષ (મુજાહેદા) કરશે પોતાના ભલા માટે જ કરશે. નિઃશંક અલ્લાહ દુનિયાવાળાઓથી બેનિયાઝ (નિરપેક્ષ) છે.

૭. અને જેઓ ઈમાન લાવશે અને સદ્‌કાર્યો કરશે, તેમની બૂરાઈઓ અમે તેમનાથી દૂર કરી દઈશું અને તેમને તેમના ઉત્તમ કાર્યોનો બદલો આપીશું.

૮. અમે મનુષ્યને આદેશ આપ્યો કે પોતાના માતા-પિતા સાથે સદ્‌વ્યવહાર કરે, પરંતુ જો તેઓ તારા પર દબાણ કરે કે તું મારા સાથે કોઈ એવા (ઉપાસ્ય)ને ભાગીદાર ઠેરવે જેને તું (મારા ભાગીદાર તરીકે) નથી જાણતો તો તેમનું કહ્યું ન માન. મારા જ તરફ તમને સૌને પાછા ફરીને આવવાનું છે, પછી હું તમને બતાવી દઈશ કે તમે શું કરતા રહ્યા છો.

૯. અને જે લોકો ઈમાન લાવ્યા હશે અને જેમણે સદ્‌કાર્યો કર્યા હશે તેમને અમે જરૂર સદાચારીઓમાં દાખલ કરીશું.

૧૦. લોકોના અંદર કોઈ એવો પણ છે જે કહે છે કે અમે ઈમાન લાવ્યા અલ્લાહ પર. પરંતુ જ્યારે તે અલ્લાહ માટે સતાવવામાં આવ્યો તો તેણે લોકોએ નાખેલી અજમાયશને અલ્લાહની યાતના (અઝાબ)ની જેમ સમજી લીધી. હવે જો તારા રબ તરફથી વિજય અને મદદ આવી પહોંચ્યા તો આ જ માણસ કહેશે કે ''અમે તો તમારા સાથે હતા.'' શું દુનિયાવાળાઓના હૃદયોની સ્થિતિ અલ્લાહ સારી રીતે જાણતો નથી?

الْعٰلَمِيْنَ ﴿١٠﴾ وَلَيَعْلَمَنَّ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَلَيَعْلَمَنَّ
الْمُنٰفِقِيْنَ ﴿١١﴾ وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوا
اتَّبِعُوْا سَبِيْلَنَا وَلْنَحْمِلْ خَطٰيٰكُمْ ؕ وَمَا هُمْ بِحٰمِلِيْنَ
مِنْ خَطٰيٰهُمْ مِّنْ شَيْءٍ ؕ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿١٢﴾ وَلَيَحْمِلُنَّ
اَثْقَالَهُمْ وَاَثْقَالًا مَّعَ اَثْقَالِهِمْ ۫ وَلَيُسْئَلُنَّ يَوْمَ
الْقِيٰمَةِ عَمَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿١٣﴾ وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا ع ١٣
اِلٰى قَوْمِهٖ فَلَبِثَ فِيْهِمْ اَلْفَ سَنَةٍ اِلَّا خَمْسِيْنَ عَامًا ؕ
فَاَخَذَهُمُ الطُّوْفَانُ وَهُمْ ظٰلِمُوْنَ ﴿١٤﴾ فَاَنْجَيْنٰهُ وَ
اَصْحٰبَ السَّفِيْنَةِ وَجَعَلْنٰهَاۤ اٰيَةً لِّلْعٰلَمِيْنَ ﴿١٥﴾ وَاِبْرٰهِيْمَ
اِذْ قَالَ لِقَوْمِهِ اعْبُدُوا اللّٰهَ وَاتَّقُوْهُ ؕ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ
اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿١٦﴾ اِنَّمَا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ
اَوْثَانًا وَّتَخْلُقُوْنَ اِفْكًا ؕ اِنَّ الَّذِيْنَ تَعْبُدُوْنَ مِنْ
دُوْنِ اللّٰهِ لَا يَمْلِكُوْنَ لَكُمْ رِزْقًا فَابْتَغُوْا عِنْدَ اللّٰهِ
الرِّزْقَ وَاعْبُدُوْهُ وَاشْكُرُوْا لَهٗ ؕ اِلَيْهِ تُرْجَعُوْنَ ﴿١٧﴾
وَاِنْ تُكَذِّبُوْا فَقَدْ كَذَّبَ اُمَمٌ مِّنْ قَبْلِكُمْ ؕ وَمَا عَلَى
الرَّسُوْلِ اِلَّا الْبَلٰغُ الْمُبِيْنُ ﴿١٨﴾ اَوَلَمْ يَرَوْا كَيْفَ
يُبْدِئُ اللّٰهُ الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ ؕ اِنَّ ذٰلِكَ عَلَى
اللّٰهِ يَسِيْرٌ ﴿١٩﴾ قُلْ سِيْرُوْا فِي الْاَرْضِ فَانْظُرُوْا كَيْفَ
بَدَاَ الْخَلْقَ ثُمَّ اللّٰهُ يُنْشِئُ النَّشْاَةَ الْاٰخِرَةَ ؕ اِنَّ منزل ٥

૧૧. અને અલ્લાહને તો આ જોવું જ છે કે ઈમાન લાવનારાઓ કોણ છે અને મુનાફિક (દંભીઓ, કપટાચારીઓ) કોણ ?

૧૨. આ ઈન્કાર કરનારાઓ ઈમાનવાળાઓને કહે છે કે "તમે અમારી પદ્ધતિનું અનુસરણ કરો અને તમારા ગુનાઓને અમે પોતાના ઉપર લઈ લઈશું." જો કે તેમના ગુનાઓમાંથી કંઈ પણ તેઓ પોતાના ઉપર લેવાના નથી, તેઓ તદ્દન જૂઠું બોલે છે.

૧૩. હા, તેઓ જરૂર પોતાના બોજ પણ ઉપાડશે અને પોતાના બોજ ઉપરાંત બીજા ઘણાં બોજ પણ, અને કયામત (પુનર્જીવન)ના દિવસે તે જૂઠી વાતો જે તેઓ ઘડતા રહ્યા છે તે માટે ચોક્કસ પૂછવામાં આવશે. (રુકૂઅ-૧)

૧૪. અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો અને તે હજારમાં પચાસ વર્ષ ઓછા સુધી તેમના વચ્ચે રહ્યો. છેવટે તે લોકોને તોફાને ઝડપી લીધા એ સ્થિતિમાં કે તેઓ અત્યાચારી હતા.

૧૫. પછી નૂહને અને નૌકાવાળાઓને અમે બચાવી લીધા અને તેને દુનિયાવાળાઓ માટે એક બોધ ગ્રહણ કરવા માટેની નિશાની બનાવી દીધી.

૧૬. અને ઈબ્રાહીમને મોકલ્યો, જયારે કે તેણે પોતાની કોમને કહ્યું, "અલ્લાહની બંદગી કરો અને તેનાથી ડરો. આ તમારા માટે વધુ સારું છે જો તમે જાણો.

૧૭. તમે અલ્લાહને છોડીને જેમને પૂજો છો તેઓ તો માત્ર મૂર્તિઓ છે અને તમે એક જૂઠ ઘડી રહ્યા છો. વાસ્તવમાં અલ્લાહ સિવાય તમે જેની પૂજા કરો છો તેઓ તમને કોઈ રોજી પણ આપવાનો અધિકાર ધરાવતા નથી. અલ્લાહથી રોજી માગો અને તેની જ બંદગી કરો અને તેનો જ આભાર માનો, તેના તરફ જ તમે પાછા લઈ જવામાં આવવાના છો.

૧૮. અને જો તમે ખોટું ઠેરવતા હોવ તો તમારા પહેલાં અનેક કોમો ખોટું ઠેરવી ચૂકી છે, અને પયગંબર પર સ્પષ્ટપણે સંદેશો પહોંચાડી દેવા સિવાય કોઈ જવાબદારી નથી."

૧૯. શું આ લોકોએ ક્યારેય જોયું જ નથી કે કેવી રીતે અલ્લાહ સર્જનની શરૂઆત કરે છે; અને પછી તેનું પુનરાવર્તન કરે છે ? નિઃશંક આ (પુનરાવર્તન તો) અલ્લાહ માટે વધુ સરળ છે.

૨૦. એમને કહો કે ધરતીમાં હરો-ફરો અને જુઓ કે તેણે કેવી રીતે સર્જનની શરૂઆત કરી છે, પછી અલ્લાહ બીજીવાર પણ જીવન પ્રદાન કરશે.

اللّٰهَ عَلٰی كُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿٢٠﴾ یُعَذِّبُ مَنْ یَّشَآءُ
وَیَرْحَمُ مَنْ یَّشَآءُ ۚ وَاِلَیْهِ تُقْلَبُوْنَ ﴿٢١﴾ وَمَآ اَنْتُمْ
بِمُعْجِزِیْنَ فِی الْاَرْضِ وَلَا فِی السَّمَآءِ ۫ وَمَا لَكُمْ مِّنْ
ع ٩ / ١٢ دُوْنِ اللّٰهِ مِنْ وَّلِیٍّ وَّلَا نَصِیْرٍ ﴿٢٢﴾ وَالَّذِیْنَ كَفَرُوْا
بِاٰیٰتِ اللّٰهِ وَلِقَآئِهٖٓ اُولٰٓئِكَ یَئِسُوْا مِنْ رَّحْمَتِیْ وَ
اُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ اَلِیْمٌ ﴿٢٣﴾ فَمَا كَانَ جَوَابَ قَوْمِهٖٓ
اِلَّآ اَنْ قَالُوا اقْتُلُوْهُ اَوْ حَرِّقُوْهُ فَاَنْجٰىهُ اللّٰهُ مِنَ
النَّارِ ؕ اِنَّ فِیْ ذٰلِكَ لَاٰیٰتٍ لِّقَوْمٍ یُّؤْمِنُوْنَ ﴿٢٤﴾ وَقَالَ
اِنَّمَا اتَّخَذْتُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اَوْثَانًا ۙ مَّوَدَّةَ
بَیْنِكُمْ فِی الْحَیٰوةِ الدُّنْیَا ۚ ثُمَّ یَوْمَ الْقِیٰمَةِ یَكْفُرُ
بَعْضُكُمْ بِبَعْضٍ وَّیَلْعَنُ بَعْضُكُمْ بَعْضًا ۫ وَّمَاْوٰىكُمُ
وقف لازم النَّارُ وَمَا لَكُمْ مِّنْ نّٰصِرِیْنَ ﴿٢٥﴾ فَاٰمَنَ لَهٗ لُوْطٌ ۘ
وَقَالَ اِنِّیْ مُهَاجِرٌ اِلٰی رَبِّیْ ؕ اِنَّهٗ هُوَ الْعَزِیْزُ
الْحَكِیْمُ ﴿٢٦﴾ وَوَهَبْنَا لَهٗٓ اِسْحٰقَ وَیَعْقُوْبَ وَجَعَلْنَا
فِیْ ذُرِّیَّتِهِ النُّبُوَّةَ وَالْكِتٰبَ وَاٰتَیْنٰهُ اَجْرَهٗ فِی
الدُّنْیَا ۚ وَاِنَّهٗ فِی الْاٰخِرَةِ لَمِنَ الصّٰلِحِیْنَ ﴿٢٧﴾ وَ
لُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖٓ اِنَّكُمْ لَتَاْتُوْنَ الْفَاحِشَةَ ۫
مَا سَبَقَكُمْ بِهَا مِنْ اَحَدٍ مِّنَ الْعٰلَمِیْنَ ﴿٢٨﴾ اَئِنَّكُمْ
منزل ٥ لَتَاْتُوْنَ الرِّجَالَ وَتَقْطَعُوْنَ السَّبِیْلَ ۵ وَتَاْتُوْنَ

નિઃશંક અલ્લાહ દરેક વસ્તુ કરવા માટે શક્તિમાન છે.

૨૧. જેને ચાહે સજા આપે અને જેના ઉપર ચાહે દયા કરે. તેના જ તરફ તમે પાછા લઈ જવામાં આવવાના છો.

૨૨. તમે ન ધરતીમાં વિવશ કરી શકો છો, ન આકાશમાં, અને અલ્લાહથી બચાવનાર કોઈ સંરક્ષક અને સહાયક તમારા માટે નથી. (રુકૂઅ-૨)

૨૩. જે લોકોએ અલ્લાહની આયતોનો અને તેનાથી મુલાકાતનો ઇન્કાર કર્યો છે, તેઓ મારી કૃપાથી નિરાશ થઈ ગયા છે, અને તેમના માટે દુઃખદાયી સજા છે.

૨૪. પછી ઇબ્રાહીમની કોમનો જવાબ એ સિવાય કંઈ ન હતો કે તેમણે કહ્યું, ''કતલ કરી દો આને અથવા બાળી મૂકો આને.'' અંતે અલ્લાહે તેને આગમાંથી બચાવી લીધો, નિઃસંદેહ આમાં નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ઈમાન લાવનારા છે.

૨૫. અને તેણે કહ્યું, ''તમે દુનિયાની જિંદગીમાં તો અલ્લાહને છોડીને મૂર્તિઓને પોતાના વચ્ચે પ્રેમનું માધ્યમ બનાવી લીધી છે, પરંતુ કયામત (પુનર્જીવન)ના દિવસે તમે એકબીજાનો ઇન્કાર અને એકબીજા ઉપર ફિટકાર કરશો અને આગ તમારું ઠેકાણું હશે અને કોઈ તમારો મદદગાર નહીં હોય.''

૨૬. તે વખતે લૂતે તેને માન્યો અને ઇબ્રાહીમે કહ્યું, ''હું પોતાના રબ તરફ હિજરત કરું છું, તે પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.''

૨૭. અને અમે તેને ઇસ્હાક અને યાકૂબ (જેવા સંતાનો) આપ્યા અને તેના વંશમાં નબૂવ્વત (ઈશદૂતત્વ) અને ગ્રંથ મૂકી દીધા, અને તેને દુનિયામાં તેનું વળતર આપ્યું અને આખિરત (પરલોક)માં તે નિઃશંક સદાચારીઓમાંથી હશે.

૨૮. અને અમે લૂતને મોકલ્યો ત્યારે તેણે પોતાની કોમને કહ્યું, ''તમે તો તે અશ્લીલ કૃત્ય કરો છો જે તમારા પહેલાં જગતવાસીઓમાંથી કોઈએ નથી કર્યું.

૨૯. શું તમારી સ્થિતિ એ છે કે પુરુષો પાસે જાઓ છો, વટેમાર્ગુઓને લૂટો

فِيْ نَادِيْكُمُ الْمُنْكَرَ ؕ فَمَا كَانَ جَوَابَ قَوْمِهٖۤ
اِلَّاۤ اَنْ قَالُوا ائْتِنَا بِعَذَابِ اللّٰهِ اِنْ كُنْتَ مِنَ
الصّٰدِقِيْنَ ﴿٢٩﴾ قَالَ رَبِّ انْصُرْنِيْ عَلَى الْقَوْمِ
ع ٣/٨/١٥ الْمُفْسِدِيْنَ ﴿٣٠﴾ ع وَلَمَّا جَآءَتْ رُسُلُنَاۤ اِبْرٰهِيْمَ
بِالْبُشْرٰى ۙ قَالُوْۤا اِنَّا مُهْلِكُوْۤا اَهْلِ هٰذِهِ الْقَرْيَةِ ۚ
اِنَّ اَهْلَهَا كَانُوْا ظٰلِمِيْنَ ﴿٣١﴾ قَالَ اِنَّ فِيْهَا لُوْطًا ؕ
قَالُوْا نَحْنُ اَعْلَمُ بِمَنْ فِيْهَا ٘ لَنُنَجِّيَنَّهٗ وَ اَهْلَهٗۤ
اِلَّا امْرَاَتَهٗ ٘ كَانَتْ مِنَ الْغٰبِرِيْنَ ﴿٣٢﴾ وَ لَمَّاۤ اَنْ
جَآءَتْ رُسُلُنَا لُوْطًا سِیْٓءَ بِهِمْ وَضَاقَ بِهِمْ ذَرْعًا وَّ
قَالُوْا لَا تَخَفْ وَلَا تَحْزَنْ ٝ اِنَّا مُنَجُّوْكَ وَ اَهْلَكَ
اِلَّا امْرَاَتَكَ كَانَتْ مِنَ الْغٰبِرِيْنَ ﴿٣٣﴾ اِنَّا مُنْزِلُوْنَ عَلٰۤى
اَهْلِ هٰذِهِ الْقَرْيَةِ رِجْزًا مِّنَ السَّمَآءِ بِمَا كَانُوْا
يَفْسُقُوْنَ ﴿٣٤﴾ وَلَقَدْ تَّرَكْنَا مِنْهَاۤ اٰيَةًۢ بَيِّنَةً لِّقَوْمٍ
يَّعْقِلُوْنَ ﴿٣٥﴾ وَاِلٰى مَدْيَنَ اَخَاهُمْ شُعَيْبًا ۙ
فَقَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ وَارْجُوا الْيَوْمَ الْاٰخِرَ وَلَا
تَعْثَوْا فِي الْاَرْضِ مُفْسِدِيْنَ ﴿٣٦﴾ فَكَذَّبُوْهُ فَاَخَذَتْهُمُ
الرَّجْفَةُ فَاَصْبَحُوْا فِيْ دَارِهِمْ جٰثِمِيْنَ ﴿٣٧﴾ وَعَادًا وَّثَمُوْدَاۡ
وَ قَدْ تَّبَيَّنَ لَكُمْ مِّنْ مَّسٰكِنِهِمْ ٝ وَزَيَّنَ لَهُمُ
الشَّيْطٰنُ اَعْمَالَهُمْ فَصَدَّهُمْ عَنِ السَّبِيْلِ وَ

છો અને પોતાની બેઠકોમાં બૂરાં કામ કરો છો ?" પછી કોઈ જવાબ તેની કોમ પાસે એ સિવાય ન હતો કે તેણે કહ્યું, "લઈ આવ અલ્લાહની યાતના, જો તું સાચો છે."

૩૦. લૂતે કહ્યું, "હે મારા રબ ! આ અવજ્ઞાકારી લોકોના મુકાબલામાં મારી મદદ કર."(રુકૂઅ-૩)

૩૧. અને જયારે અમારા દૂત ઇબ્રાહીમ પાસે ખુશખબર લઈને પહોંચ્યા તો તેમણે તેને કહ્યું, "અમે આ વસ્તીના લોકોનો નાશ કરવાના છીએ. આના લોકો સખત અત્યાચારી થઈ ગયા છે."

૩૨. ઇબ્રાહીમે કહ્યું, "ત્યાં તો લૂત મોજૂદ છે." તેમણે કહ્યું, "અમે સારી રીતે જાણીએ છીએ કે ત્યાં કોણ-કોણ છે. અમે, તેની પત્ની સિવાય તેને અને તેના બાકી બધા કુટુંબીજનોને બચાવી લઈશું." તેની પત્ની પાછળ રહી જનારાઓ પૈકી હતી.

૩૩. પછી જયારે અમારા દૂત લૂત પાસે પહોંચ્યા તો તેમના આગમનથી તે ભારે પરેશાન અને દિલગીર થયો. તેમણે કહ્યું, "ડરો નહીં અને દુઃખી ન થાઓ. અમે તમને અને તમારા કુટુંબીજનોને બચાવી લઈશું, તમારી પત્ની સિવાય જે પાછળ રહી જનારાઓમાંથી છે.

૩૪. અમે આ વસ્તીના લોકો ઉપર આકાશમાંથી યાતના (અઝાબ) ઊતારવાના છીએ, તે દુરાચારના કારણે જે તેઓ કરતા રહ્યા છે."

૩૫. અને અમે તે વસ્તીની એક સ્પષ્ટ નિશાની છોડી દીધી છે તે લોકો માટે જેઓ બુદ્ધિથી કામ લે છે.

૩૬. અને મદ્યન તરફ અમે તેમના ભાઈ શુઐબને મોકલ્યો. તેણે કહ્યું, "હે મારી કોમના લોકો ! અલ્લાહની બંદગી કરો અને આખિરત (પરલોક)ના દિવસના ઉમેદવાર રહો અને ધરતીમાં બગાડ પેદા કરનારા બનીને અતિરેક કરતા ન ફરો."

૩૭. પરંતુ તેમણે તેને ખોટો ઠેરવ્યો. છેવટે એક પ્રચંડ ભૂકંપે તેમને ઝડપી લીધા અને તેઓ પોતાના ઘરોમાં પડેલાને પડેલાં જ રહી ગયા.

૩૮. અને આદ અને સમૂદને અમે નષ્ટ કર્યા. તમે તે સ્થળો જોઈ ચૂક્યા છો જ્યાં તેઓ રહેતા હતા. તેમના કામોને શેતાને તેમના માટે સુંદર બનાવી દીધા અને તેમને સન્માર્ગથી હટાવી દીધા, જો કે તેઓ સૂઝ-બૂઝ ધરાવતા હતા.

كَانُوْا مُسْتَبْصِرِيْنَ ﴿٣٨﴾ وَ قَارُوْنَ وَ فِرْعَوْنَ وَ
هَامٰنَ ۫ وَلَقَدْ جَآءَهُمْ مُّوْسٰى بِالْبَيِّنٰتِ
فَاسْتَكْبَرُوْا فِي الْاَرْضِ وَمَا كَانُوْا سٰبِقِيْنَ ﴿٣٩﴾
فَكُلًّا اَخَذْنَا بِذَنْۢبِهٖ ۚ فَمِنْهُمْ مَّنْ اَرْسَلْنَا عَلَيْهِ
حَاصِبًا ۚ وَمِنْهُمْ مَّنْ اَخَذَتْهُ الصَّيْحَةُ ۚ وَمِنْهُمْ مَّنْ
خَسَفْنَا بِهِ الْاَرْضَ ۚ وَمِنْهُمْ مَّنْ اَغْرَقْنَا ۚ وَمَا
كَانَ اللّٰهُ لِيَظْلِمَهُمْ وَلٰكِنْ كَانُوْٓا اَنْفُسَهُمْ
يَظْلِمُوْنَ ﴿٤٠﴾ مَثَلُ الَّذِيْنَ اتَّخَذُوْا مِنْ دُوْنِ
اللّٰهِ اَوْلِيَآءَ كَمَثَلِ الْعَنْكَبُوْتِ ۚ اِتَّخَذَتْ بَيْتًا ؕ
وَاِنَّ اَوْهَنَ الْبُيُوْتِ لَبَيْتُ الْعَنْكَبُوْتِ ۘ لَوْ كَانُوْا (وقف لازم)
يَعْلَمُوْنَ ﴿٤١﴾ اِنَّ اللّٰهَ يَعْلَمُ مَا يَدْعُوْنَ مِنْ
دُوْنِهٖ مِنْ شَيْءٍ ؕ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٤٢﴾
وَتِلْكَ الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ ۚ وَمَا يَعْقِلُهَآ
اِلَّا الْعٰلِمُوْنَ ﴿٤٣﴾ خَلَقَ اللّٰهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ
بِالْحَقِّ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّلْمُؤْمِنِيْنَ ﴿٤٤﴾ ع

(اَلْجُزْءُ الْحَادِيْ وَالْعِشْرُوْنَ ٢١)

اُتْلُ مَآ اُوْحِيَ اِلَيْكَ مِنَ الْكِتٰبِ وَاَقِمِ الصَّلٰوةَ ؕ اِنَّ
الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ ؕ وَلَذِكْرُ اللّٰهِ
اَكْبَرُ ؕ وَاللّٰهُ يَعْلَمُ مَا تَصْنَعُوْنَ ﴿٤٥﴾ وَلَا تُجَادِلُوْٓا اَهْلَ
الْكِتٰبِ اِلَّا بِالَّتِيْ هِيَ اَحْسَنُ ۖ اِلَّا الَّذِيْنَ ظَلَمُوْا

૩૯. અને કારૂન અને ફિરઔન અને હામાનને અમે નષ્ટ કર્યા. મૂસા તેમના પાસે ખુલ્લી નિશાનીઓ લઈને આવ્યો, પરંતુ તેમણે ધરતીમાં પોતાની મોટાઈનો ઘમંડ કર્યો, જો કે તેઓ બાજી લઈ જનારા ન હતા.

૪૦. અંતમાં અમે દરેકને તેના ગુના માટે પકડ્યા, પછી એમાંથી કોઈના ઉપર પથ્થરો વરસાવતી હવા મોકલી અને કોઈને એક પ્રચંડ ધડાકાએ ઝડપી લીધા અને કોઈને અમે જમીનમાં ખૂંપાવી દીધા અને કોઈને ગરકાવ કરી દીધા. અલ્લાહ તેમના ઉપર અત્યાચાર કરનાર ન હતો, પરંતુ તેઓ પોતે જ પોતાના ઉપર અત્યાચાર કરી રહ્યા હતા.

૪૧. જે લોકોએ અલ્લાહને છોડીને બીજા સંરક્ષક બનાવી લીધા છે, તેમનું દૃષ્ટાંત કરોળિયા જેવું છે જે પોતાનું એક ઘર બનાવે છે અને સર્વ ઘરોમાં કમજોર ઘર કરોળિયાનું જ હોય છે. કદાચ આ લોકો જ્ઞાન ધરાવતા.

૪૨. આ લોકો અલ્લાહને છોડીને જે વસ્તુને પણ પોકારે છે, અલ્લાહ તેને સારી રીતે જાણે છે અને તે જ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૪૩. આ દૃષ્ટાંતો અમે લોકોને સમજાવવા માટે આપીએ છીએ, પરંતુ આમને તે જ લોકો સમજે છે જેઓ જ્ઞાન ધરાવે છે.

૪૪. અલ્લાહે આકાશો અને ધરતીને સત્યપૂર્વક પેદા કર્યા છે, હકીકતમાં આમાં એક નિશાની છે ઈમાનવાળાઓ માટે. (રુકૂઅ-૪).

૪૫. (હે નબી!) તિલાવત કરો આ ગ્રંથની (અર્થાત્ પઠન કરો આ કુર્આનનું) જે તમારા તરફ વહી દ્વારા મોકલવામાં આવ્યો છે અને નમાઝ કાયમ કરો, નિઃશંક નમાઝ નિર્લજ્જતા અને બૂરાં કામોથી રોકે છે અને અલ્લાહનું સ્મરણ આનાથી પણ મોટી વસ્તુ છે. અલ્લાહ જાણે છે જે કંઈ તમે કરો છો.

૪૬. અને અહલે કિતાબ (ગ્રંથવાળાઓ) જોડે વાદવિવાદ (debate) ન કરો, પણ ઉત્તમ રીતે — સિવાય તે લોકોના જેઓ તેમનામાંથી અત્યાચારી હોય

مِنْهُمْ وَقُوْلُوْٓا اٰمَنَّا بِالَّذِيْٓ اُنْزِلَ اِلَيْنَا وَاُنْزِلَ اِلَيْكُمْ
وَاِلٰـهُنَا وَاِلٰـهُكُمْ وَاحِدٌ وَّنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿۴۶﴾ وَ
كَذٰلِكَ اَنْزَلْنَآ اِلَيْكَ الْكِتٰبَ ۭ فَالَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ
يُؤْمِنُوْنَ بِهٖ ۚ وَمِنْ هٰٓؤُلَاۗءِ مَنْ يُّؤْمِنُ بِهٖ ۭ وَمَا يَجْحَدُ
بِاٰيٰتِنَآ اِلَّا الْكٰفِرُوْنَ ﴿۴۷﴾ وَمَا كُنْتَ تَتْلُوْا مِنْ قَبْلِهٖ
مِنْ كِتٰبٍ وَّلَا تَخُطُّهٗ بِيَمِيْنِكَ اِذًا لَّارْتَابَ الْمُبْطِلُوْنَ ﴿۴۸﴾
بَلْ هُوَ اٰيٰتٌۢ بَيِّنٰتٌ فِيْ صُدُوْرِ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ ۭ
وَمَا يَجْحَدُ بِاٰيٰتِنَآ اِلَّا الظّٰلِمُوْنَ ﴿۴۹﴾ وَقَالُوْا لَوْلَآ
اُنْزِلَ عَلَيْهِ اٰيٰتٌ مِّنْ رَّبِّهٖ ۭ قُلْ اِنَّمَا الْاٰيٰتُ
عِنْدَ اللّٰهِ ۭ وَاِنَّمَآ اَنَا نَذِيْرٌ مُّبِيْنٌ ﴿۵۰﴾ اَوَلَمْ يَكْفِهِمْ اَنَّآ
اَنْزَلْنَا عَلَيْكَ الْكِتٰبَ يُتْلٰى عَلَيْهِمْ ۭ اِنَّ فِيْ ذٰلِكَ
لَرَحْمَةً وَّذِكْرٰي لِقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿۵۱﴾ قُلْ كَفٰى بِاللّٰهِ
بَيْنِيْ وَبَيْنَكُمْ شَهِيْدًا ۚ يَعْلَمُ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ
وَالَّذِيْنَ اٰمَنُوْا بِالْبَاطِلِ وَكَفَرُوْا بِاللّٰهِ ۙ اُولٰۗىِٕكَ هُمُ
الْخٰسِرُوْنَ ﴿۵۲﴾ وَيَسْتَعْجِلُوْنَكَ بِالْعَذَابِ ۭ وَلَوْلَآ
اَجَلٌ مُّسَمًّى لَّجَاۗءَهُمُ الْعَذَابُ ۭ وَلَيَاْتِيَنَّهُمْ بَغْتَةً
وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿۵۳﴾ يَسْتَعْجِلُوْنَكَ بِالْعَذَابِ ۭ وَاِنَّ
جَهَنَّمَ لَمُحِيْطَةٌۢ بِالْكٰفِرِيْنَ ﴿۵۴﴾ يَوْمَ يَغْشٰىهُمُ الْعَذَابُ
مِنْ فَوْقِهِمْ وَمِنْ تَحْتِ اَرْجُلِهِمْ وَيَقُوْلُ ذُوْقُوْا

—અને તેમને કહો કે ''અમે ઈમાન લાવ્યા છીએ તે વસ્તુ પર પણ જે અમારા તરફ મોકલવામાં આવી છે અને તે વસ્તુ પર પણ જે તમારા તરફ મોકલવામાં આવી હતી, અમારો ખુદા (ઈશ) અને તમારો ખુદા એક જ છે અને અમે તેના જ મુસ્લિમ (આજ્ઞાંકિત) છીએ.''

૪૭. (હે નબી !) અમે આવી જ રીતે તમારા પર ગ્રંથ અવતરિત કર્યો છે. આથી તે લોકો જેમને અમે પહેલાં ગ્રથ આપ્યો હતો, તેઓ આના ઉપર ઈમાન લાવે છે, અને આ લોકોમાંથી પણ ઘણાં આના પર ઈમાન લાવી રહ્યા છે, અને અમારી આયતોનો ઈન્કાર માત્ર કાફિરો (અધર્મીઓ) જ કરે છે.

૪૮. (હે નબી !) તમે આના પેહેલાં કોઈ ગ્રંથ પઢતા ન હતા, અને ન પોતાના હાથે લખતાં હતા, જો આવું હોત તો અસત્યવાદી લોકો શંકામાં પડી શકતા હતા.

૪૯. હકીકતમાં આ સ્પષ્ટ નિશાનીઓ છે તે લોકોના હૃદયોમાં જેમને જ્ઞાન પ્રદાન કરવામાં આવ્યું છે, અને અમારી આયતોનો ઈન્કાર કરતા નથી સિવાય તે લોકો જેઓ અત્યાચારી છે.

૫૦. આ લોકો કહે છે, ''કેમ ન ઉતારવામાં આવી આ માણસ ઉપર નિશાનીઓ એના રબ (પ્રભુ) તરફથી ?'' કહો, ''નિશાનીઓ તો અલ્લાહ પાસે છે અને હું માત્ર સ્પષ્ટપણે ચેતવનાર છું.''

૫૧. અને શું આ લોકો માટે આ (નિશાની) પૂરતી નથી કે અમે તમારા ઉપર ગ્રંથ અવતરિત કર્યો જે આમને પઢીને સંભળાવવામાં આવે છે ? વાસ્તવમાં આમાં કૃપા છે અને શિખામણ તે લોકો માટે જેઓ ઈમાન લાવે છે. (રુકૂઅ-૫)

૫૨. (હે નબી !) કહો કે ''મારા અને તમારા વચ્ચે સાક્ષી માટે અલ્લાહ પૂરતો છે. તે આકાશો અને ધરતીમાં બધું જ જાણે છે. જે લોકો અસત્યને માને છે અને અલ્લાહ સાથે કુફ્ર કરે છે તેઓ જ નુકસાનમાં રહેવાના છે.''

૫૩. આ લોકો તમારા પાસે યાતના (અઝાબ) જલ્દી લાવવા માટે માગણી કરે છે. જો એક સમય નિશ્ચિત કરી દેવામાં આવ્યો ન હોત તો આમના ઉપર યાતના આવી ગઈ હોત અને ચોક્કસ (તેના સમયે) તે આવીને રહેશે, એકાએક, એવી સ્થિતિમાં કે આમને ખબર પણ નહીં હોય.

૫૪. આ તમારા પાસે યાતના જલ્દી લઈ આવવા માટે માગણી કરે છે, જો કે જહન્નમ આ કાફિરો (અધર્મીઓ)ને ઘેરામાં લઈ ચૂકી છે.

૫૫. (અને આમને ખબર પડશે) તે દિવસે જ્યારે કે યાતના આમને ઉપરથી પણ ઢાંકી લેશે અને પગ નીચેથી પણ, અને કહેશે કે હવે ચાખો મજા

مَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۵۵﴾ يٰعِبَادِيَ الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّ
اَرْضِيْ وَاسِعَةٌ فَاِيَّايَ فَاعْبُدُوْنِ ﴿۵۶﴾ كُلُّ نَفْسٍ
ذَآئِقَةُ الْمَوْتِ ۣ ثُمَّ اِلَيْنَا تُرْجَعُوْنَ ﴿۵۷﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا
وَعَمِلُوا الصّٰلِحٰتِ لَنُبَوِّئَنَّهُمْ مِّنَ الْجَنَّةِ غُرَفًا تَجْرِيْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ نِعْمَ اَجْرُ الْعٰمِلِيْنَ ﴿۵۸﴾ ۖ
الَّذِيْنَ صَبَرُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿۵۹﴾ وَكَاَيِّنْ
مِّنْ دَآبَّةٍ لَّا تَحْمِلُ رِزْقَهَا ۖ اَللّٰهُ يَرْزُقُهَا وَاِيَّاكُمْ ۖ
وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿۶۰﴾ وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ
السَّمٰوٰتِ وَالْاَرْضَ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ لَيَقُوْلُنَّ
اللّٰهُ ۚ فَاَنّٰى يُؤْفَكُوْنَ ﴿۶۱﴾ اَللّٰهُ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ
يَّشَآءُ مِنْ عِبَادِهٖ وَيَقْدِرُ لَهٗ ؕ اِنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ
عَلِيْمٌ ﴿۶۲﴾ وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ نَّزَّلَ مِنَ السَّمَآءِ مَآءً
فَاَحْيَا بِهِ الْاَرْضَ مِنْ بَعْدِ مَوْتِهَا لَيَقُوْلُنَّ اللّٰهُ ؕ
قُلِ الْحَمْدُ لِلّٰهِ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْقِلُوْنَ ﴿۶۳﴾ ع وَمَا — ع ١٣
هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا لَهْوٌ وَّلَعِبٌ ؕ وَاِنَّ الدَّارَ
الْاٰخِرَةَ لَهِيَ الْحَيَوَانُ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿۶۴﴾ — وقف لازم
فَاِذَا رَكِبُوْا فِي الْفُلْكِ دَعَوُا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ
الدِّيْنَ ۚ فَلَمَّا نَجّٰىهُمْ اِلَى الْبَرِّ اِذَا هُمْ يُشْرِكُوْنَ ﴿۶۵﴾
لِيَكْفُرُوْا بِمَآ اٰتَيْنٰهُمْ ۚۙ وَلِيَتَمَتَّعُوْا ۫ فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿۶۶﴾

તે કૃત્યોની જે તમે કરતા હતા.
૫૬. હે મારા બંદાઓ, જેઓ ઈમાન લાવ્યા છો ! મારી ધરતી વિશાળ છે, પછી તમે મારી જ બંદગી કરો.
૫૭. દરેક જીવને મૃત્યુનો સ્વાદ ચાખવાનો છે, પછી તમે સૌ અમારા તરફ જ પાછા લાવવામાં આવશો.
૫૮. જે લોકો ઈમાન લાવ્યા છે અને જેમણે સદ્‌કાર્યો કર્યા છે, તેમને અમે જન્નતની ઊંચી-ઊંચી ઈમારતોમાં રાખીશું, જેના નીચે નહેરો વહી રહી હશે, ત્યાં તેઓ હંમેશાં રહેશે, કેવું ઉત્તમ વળતર છે સદ્‌કાર્યો કરનારાઓ માટે –
૫૯. તે લોકો માટે જેમણે સબ્ર (ધૈર્ય) કર્યું છે અને જેઓ પોતાના રબ (પ્રભુ) ઉપર ભરોસો કરે છે.
૬૦. કેટલાય પ્રાણીઓ એવા છે જે પોતાની રોજી સાથે ઉપાડીને ફરતા નથી, અલ્લાહ તેમને રોજી આપે છે અને તમને રોજી આપનાર પણ તે જ છે. તે બધું જ સાંભળે અને જાણે છે.
૬૧. જો તમે આ લોકોને પૂછો કે ધરતી અને આકાશોને કોણે પેદા કર્યા છે અને સૂર્ય અને ચંદ્રને કોણે આધીન કરી રાખ્યા છે તો ચોક્કસ કહેશે કે અલ્લાહે. પછી આ લોકો ક્યાંથી છેતરાઈ રહ્યા છે ?
૬૨. અલ્લાહ જ છે જે પોતાના બંદાઓમાંથી જેની ચાહે છે રોજી વિપુલ કરી દે છે અને જેની ચાહે છે તંગ કરી દે છે. નિઃશંક અલ્લાહ દરેક વસ્તુનો જાણનાર છે.
૬૩. જો તમે આમને પૂછો કે કોણે આકાશમાંથી પાણી વરસાવ્યું અને તેના વડે નિર્જીવ પડેલી ધરતીને જીવંત કરી દીધી તો તેઓ જરૂર કહેશે કે અલ્લાહે. કહો, અલહમ્દુલિલ્લાહ ! (સર્વ પ્રશંસા અલ્લાહ માટે જ છે). પરંતુ આમાંથી ઘણાંખરા લોકો સમજતા નથી. (રુકૂઅ-૬)
૬૪. અને આ દુનિયા (આલોક)નું જીવન કંઈ નથી, બલ્કે એક ખેલ અને દિલ બહેલાવવાની વસ્તુ. અસલ જિંદગીનું ઘર તો આખિરત (પરલોક)નું ઘર છે, કદાચ, આ લોકો જાણતા હોત.
૬૫. જ્યારે આ લોકો નૌકામાં સવાર થાય છે તો પોતાના દીન (ધર્મ)ને અલ્લાહ માટે વિશુદ્ધ કરીને તેના પાસે દુઆ માગે છે, પછી જ્યારે તે તેમને બચાવીને જમીન ઉપર લઈ આવે છે તો એકાએક આ લોકો શિર્ક કરવા લાગે છે,
૬૬. જેથી અલ્લાહે આપેલી મુક્તિ બદલ તેના તરફ અપકાર દાખવે અને (દુનિયાના જીવનની) મજા માણે. ભલે, ટૂંક સમયમાં જ આમને ખબર પડી જશે.

اَوَلَمْ يَرَوْا اَنَّا جَعَلْنَا حَرَمًا اٰمِنًا وَّيُتَخَطَّفُ النَّاسُ
مِنْ حَوْلِهِمْ ؕ اَفَبِالْبَاطِلِ يُؤْمِنُوْنَ وَبِنِعْمَةِ اللّٰهِ
يَكْفُرُوْنَ ﴿۶۷﴾ وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ
كَذِبًا اَوْ كَذَّبَ بِالْحَقِّ لَمَّا جَآءَهٗ ؕ اَلَيْسَ فِيْ
جَهَنَّمَ مَثْوًى لِّلْكٰفِرِيْنَ ﴿۶۸﴾ وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا
لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا ؕ وَاِنَّ اللّٰهَ لَمَعَ الْمُحْسِنِيْنَ ﴿۶۹﴾ ع

૬૭. શું આ લોકો જોતા નથી કે અમે (મક્કાને) એક શાંતિમય હરમ (પ્રતિષ્ઠિત સ્થાન) બનાવી દીધું છે, જ્યારે કે એની આસપાસ લોકો પર અચાનક હુમલો કરવામાં આવે છે ? શું તે પછી પણ આ લોકો અસત્યને માને છે અને અલ્લાહની કૃપાનો ઇન્કાર કરે છે ?

૬૮. તે માણસથી વધુ અત્યાચારી કોણ હશે જે અલ્લાહ ઉપર જૂઠી વાત ઘડે અથવા સત્યનો ઇન્કાર કરે જ્યારે કે તે તેની સામે આવી ગયું હોય ? શું આવા કાફિર લોકો (વિધર્મીઓ)નું ઠેકાણું જહન્નમ (નર્ક) જ નથી ?

૬૯. જે લોકો અમારા માટે સંઘર્ષ કરશે, એમને અમે અમારા રસ્તા દેખાડીશું, અને નિશ્ચિતપણે અલ્લાહ સદકાર્યો કરનારાઓની જ સાથે છે. (રુકૂઅ-૭)

(૩૦) અર્-રૂમ

પરિચય

નામ :

પ્રથમ આયતના શબ્દ 'ગુલિબતિર્-રૂમ' (અર્થાત્ રોમનાવાસીઓ નજીકની ભૂમિમાં પરાજિત થઈ ગયા છે)થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આરંભમાં જ કહેવામાં આવ્યું છે કે, ''નજીકની ધરતીમાં રોમનો પરાજિત થઈ ગયા છે.'' તે જમાનામાં અરબસ્તાનને લગોલગ રોમનોના અધિકૃત ક્ષેત્રો પર ઈરાનીઓનું પ્રભુત્વ ઈ.સ. ૬૧૫માં સ્થપાઈ ચૂક્યું હતું. તેથી વિશ્વાસપૂર્વક કહી શકાય છે કે આ સૂરઃનું તે જ વર્ષમાં અવતરણ થયું હતું અને આ તે જ વર્ષ હતું, જેમાં હબશાની હિજરત થઈ હતી.

ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ :

જે ભવિષ્યવાણી આ સૂરઃના આરંભની આયતોમાં કરવામાં આવી છે તે કુર્આન-મજીદના કલામે-ઈલાહી (ઈશવાણી) હોવા અને હઝરત મુહમ્મદ (સલ્લ.)ના સાચા રસૂલ (ઈશદૂત) હોવાના સ્પષ્ટ અને ખુલ્લા પુરાવાઓમાંથી એક છે. તેને સમજવા માટે જરૂરી છે કે તે ઐતિહાસિક ઘટનાઓ પર વિસ્તૃત દૃષ્ટિપાત કરી લેવામાં આવે જે આ આયતો સાથે સંબંધ ધરાવે છે. પયગંબર (સલ્લ.)ની નુબૂવતના ૮ વર્ષ પહેલાંની ઘટના છે કે કૈસરે રોમ મોરિસ (Maurice) વિરુધ્ધ બળવો થયો અને એક માણસ ફોકાસ (Phocas)એ રાજસિંહાસન પર કબજો કરી લીધો અને કૈસરને તેના બાળ-બચ્ચાઓ સાથે કતલ કરાવી દીધો. આ બનાવથી ઈરાનના બાદશાહ ખુસરો પરવેઝને રોમ પર આક્રમણ કરવાનું ઘણું સારું નૈતિક બહાનું મળી ગયું, કેમ કે કૈસર મોરિસ તેનો ઉપકારક હતો. આમ, ઇ.સ. ૬૦૩માં તેણે રોમન સામ્રાજ્ય વિરુધ્ધ લડાઈ કરી અને થોડાંક જ વર્ષોમાં તે ફોકાસના સૈન્યને લગાતાર હરાવતો છેક અંદર સુધી ઘૂસી આવ્યો. રોમના દરબારીઓએ આ જોઈને કે ફોકાસ દેશને બચાવી શકતો નથી, આફ્રિકાના ગવર્નરની મદદ માગી. તેણે પોતાના પુત્ર હિરકલ (Heraclius)ને એક શક્તિશાળી નૌકાદળ સાથે કોન્સ્ટન્ટીનોપલ મોકલી દીધો. તેના ત્યાં પહોંચતાં જ ફોકાસને પદ ઉપરથી હટાવી દેવામાં આવ્યો અને તેની જગ્યાએ હિરકલને કૈસર બનાવવામાં આવ્યો. આ ઈ.સ. ૬૧૦નો પ્રસંગ છે અને આ તે જ વર્ષ છે જેમાં હઝરત મુહમ્મદ (સલ્લ.)ને અલ્લાહ તરફથી પયગંબર બનાવવામાં આવ્યા.

ખુસરો પરવેઝે ફોકાસના પતન અને કતલ પછી પણ લડાઈ ચાલુ રાખી, અને હવે આ લડાઈને તેણે મજૂસીઓ (અગ્નિપૂજકો) અને ઈસાઈઓ (ખ્રિસ્તીઓ)ના ધર્મ-યુદ્ધનો રંગ આપી દીધો. (તે વિજેતા બનતો આગળ વધતો રહ્યો, ત્યાં સુધી કે) ઈ.સ.૬૧૪માં બૈતુલ મક્દિસ પર કબજો કરીને તો ઈરાનીઓએ ખ્રિસ્તી જગતને ખેદાન-મેદાન કરી નાંખ્યું. આ વિજય પછી એક વર્ષમાં તો ઈરાની સેનાઓ જોર્ડન, પેલેસ્ટાઈન અને સીનાઈના દ્વીપકલ્પના આખા પ્રદેશ પર કબજો કરીને મિસર (ઇજીપ્ત)ની સરહદો સુધી પહોંચી ગઈ. આ તે જમાનો હતો જ્યારે મક્કા-મુઅઝ્ઝમામાં એક બીજી અને તેના કરતાં અનેકગણી ઐતિહાસિક મહત્ત્વવાળી લડાઈ (કુફ્ર અને ઈસ્લામની લડાઈ) ચાલી રહી હતી અને સ્થિતિ એટલી હદે પહોંચી ગઈ હતી કે ઇ.સ. ૬૧૫માં મુસલમાનોની એક મોટી સંખ્યાને પોતાનાં ઘર-બાર છોડીને હબ્શાના ખ્રિસ્તી રાજ્યમાં (જેનાથી રોમનોની સંધિ હતી) આશ્રય લેવો પડ્યો. તે વખતે ખ્રિસ્તી-રોમ પર (અગ્નિપૂજક) ઈરાનના વર્ચસ્વની વાતો લોકજીભે હતી. મક્કાના મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) એના પર ખુશીઓ મનાવી રહ્યા હતા (અને તેને મુસલમાનોના વિરુધ્ધ તેની સફળતાનું એક ઉદાહરણ અને શુકન ઠરાવી રહ્યા હતા). આ પરિસ્થિતિઓમાં કુર્આન-મજીદની આ સૂરઃનું અવતરણ થયું અને એમાં તે ભવિષ્યવાણી કરવામાં આવી જે તેની શરૂઆતની આયતોમાં વર્ણવવામાં આવી છે. આમાં એકના બદલે બે ભવિષ્યવાણીઓ હતી – એક એ કે રોમનોને પ્રભુત્વ મળશે. બીજી એ કે મુસલમાનોને પણ તે જ જમાનામાં વિજય મળશે. પ્રત્યક્ષ રીતે તો દૂર-દૂર સુધી ક્યાંય તેની નિશાનીઓ જોવા મળતી ન હતી કે આમાંથી કોઈ એક ભવિષ્યવાણી પણ અમુક વર્ષોના અંદર પૂરી થઈ જશે. તેથી કુર્આનની આ આયતો જ્યારે ઉતરી તો મક્કાના કાફિરો (વિધર્મીઓ)એ તેની ખૂબ મજાક ઉડાવી. પરંતુ સાત-આઠ વર્ષ પછી જ પરિસ્થિતિઓ પલટાઈ ગઈ. ઇ.સ. ૬૨૨માં આ તરફ પયગંબર (સલ્લ.)એ હિજરત કરીને મદીના તશરીફ લઈ ગયા અને તે તરફ કૈસર હિરકલ (ઈરાન પર જવાબી હુમલો કરવા માટે) ચૂપચાપ કોન્સ્ટનટીનોપલથી કાળા સમુદ્ર (Black Sea)ના માર્ગે તરાબઝૂન તરફ રવાના થયો અને ઇ.સ.૬૨૩માં આરમેનિયાથી (પોતાનું આક્રમણ) શરૂ કરીને બીજા વર્ષે ઇ.સ. ૬૨૪માં તેણે આઝરબાઇજાનમાં ઘૂસીને જરથુષ્ટ્રના જન્મ-સ્થળ અરમિયાહ (Clorumia)ને નષ્ટ કરી નાખ્યું અને ઈરાનીઓના સૌથી મોટા અગ્નિકુંડને પણ તહસનહસ કરી નાખ્યો. અલ્લાહની કુદરતનો કરિશ્મા જુઓ કે આ જ તે વર્ષ હતું, જેમાં મુસલમાનોને બદ્રમાં પ્રથમવાર મુશ્રિકો (મક્કાના વિધર્મીઓ)ના મુકાબલામાં નિર્ણાયક વિજય પ્રાપ્ત થયો. આ રીતે તે બંને ભવિષ્યવાણીઓ જે સૂરઃ રૂમમાં

કરવામાં આવી હતી, દસ વર્ષનો સમય પૂરો થાય તે પહેલાં એક સાથે જ પૂરી થઈ ગઈ.

વિષય અને ચર્ચાઓ :

આ સૂરઃની શરૂઆત એ વાતથી કરવામાં આવી છે કે આજે રોમનો પરાજિત થઇ ગયા છે, પણ અમુક વર્ષ પણ પસાર નહીં થાય કે પાસું પલટાઇ જશે અને જે પરાજિત છે તે વિજયી થઈ જશે. આ ભૂમિકાથી એ વાતનો ખ્યાલ આવે છે કે મનુષ્ય પોતાની બાહ્ય દૃષ્ટિના કારણે તેટલું જ જુએ છે, જે બાહ્ય રૂપે તેની આંખોના સામે હોય છે, પરંતુ આ બાહ્યના પડદા પાછળ જે કંઈ છે, તેની તેને ખબર નથી હોતી. જ્યારે દુનિયાની નાની-નાની બાબતોમાં (માણસ પોતાની ઉપરછલ્લી નજરને કારણે) ખોટા અનુમાનો લગાવી બેસે છે, તો પછી સમગ્ર જીવનની બાબતમાં દુન્યવી જીવનના પ્રત્યક્ષ પર ભરોસો કરી લેવો કેટલી મોટી ભૂલ છે. આ રીતે રોમ અને ઈરાનના મામલાથી પ્રવચનની દિશા આખિરત (પરલોક)ના વિષય તરફ વળી જાય છે અને અવિરત ૨૭ આયતો સુધી વિવિધ રીતે એ સમજાવવાની કોશિશ કરવામાં આવે છે કે આખિરત સંભવ પણ છે, બુદ્ધિસંગત પણ છે અને આવશ્યક પણ છે. આના અનુસંધાનમાં આખિરત ઉપર દલીલ કરતાં સૃષ્ટિની જે નિશાનીઓને પુરાવા તરીકે રજૂ કરવામાં આવી છે, તે બરાબર એ જ નિશાનીઓ છે જે તૌહીદ (એકેશ્વરવાદ)ને પણ પ્રમાણિત કરે છે. આથી આયત ૪૧ના આરંભથી પ્રવચનની દિશા તૌહીદ સાબિત કરવા અને શિર્ક (અનેકેશ્વરવાદ)ને ખોટું ઠરાવવા તરફ વળી જાય છે અને દર્શાવવામાં આવે છે કે શિર્ક સૃષ્ટિ અને મનુષ્યની પ્રકૃતિ વિરુધ્ધ છે. તેથી જ્યાં પણ મનુષ્યએ પથભ્રષ્ટતાને અપનાવી છે ત્યાં બગાડ ઊભો થયો છે. આ પ્રસંગે તત્પશ્ચાત તે મોટાં બગાડ તરફ, જે તે વખતે દુનિયાના બે મોટા રાજ્યો દરમ્યાન લડાઈને કારણે ઉત્પન્ન થઈ ગયો હતો, સંકેત કરવામાં આવ્યો છે અને બતાવવામાં આવ્યું છે કે આ બગાડ પણ શિર્કના પરિણામોમાંથી એક છે. અંતે દૃષ્ટાંત રૂપે લોકોને સમજાવવામાં આવ્યું છે કે જેવી રીતે મૃત પડેલ ધરતી અલ્લાહે મોકલેલ વર્ષાથી સહસા જીવંત થઈ જાય છે, તેવી જ રીતે અલ્લાહે મોકલેલ વહી (દિવ્ય વાણી) અને નુબૂવત પણ મૃત પડેલ માનવતાના હિતમાં રહમત (કૃપા)ની વર્ષા છે. આ તકનો લાભ ઉઠાવશો તો આ જ આરબ પ્રદેશની વેરાન ધરતી અલ્લાહની રહમત (કૃપા)થી લહેરાવા લાગશે. લાભ નહીં ઉઠાવો તો પોતાનું જ નુકસાન કરશો.

اٰيَاتُهَا ٦٠ | (٣٠) سُوْرَةُ الرُّوْمِ مَكِّيَّةٌ (٨٤) | رُكُوْعَاتُهَا ٦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓ ۝١ غُلِبَتِ الرُّوْمُ ۝٢ فِيْٓ اَدْنَى الْاَرْضِ وَهُمْ مِّنْۢ
بَعْدِ غَلَبِهِمْ سَيَغْلِبُوْنَ ۝٣ فِيْ بِضْعِ سِنِيْنَ ۬ لِلّٰهِ
الْاَمْرُ مِنْ قَبْلُ وَمِنْۢ بَعْدُ ؕ وَيَوْمَئِذٍ يَّفْرَحُ
الْمُؤْمِنُوْنَ ۝٤ بِنَصْرِ اللّٰهِ ؕ يَنْصُرُ مَنْ يَّشَآءُ ؕ وَهُوَ الْعَزِيْزُ
الرَّحِيْمُ ۝٥ وَعْدَ اللّٰهِ ؕ لَا يُخْلِفُ اللّٰهُ وَعْدَهٗ وَلٰكِنَّ
اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ۝٦ يَعْلَمُوْنَ ظَاهِرًا مِّنَ
الْحَيٰوةِ الدُّنْيَا ۚۖ وَهُمْ عَنِ الْاٰخِرَةِ هُمْ غٰفِلُوْنَ ۝٧ اَوَلَمْ
يَتَفَكَّرُوْا فِيْٓ اَنْفُسِهِمْ ۫ مَا خَلَقَ اللّٰهُ السَّمٰوٰتِ وَ
الْاَرْضَ وَمَا بَيْنَهُمَآ اِلَّا بِالْحَقِّ وَاَجَلٍ مُّسَمًّى ؕ وَ
اِنَّ كَثِيْرًا مِّنَ النَّاسِ بِلِقَآئِ رَبِّهِمْ لَكٰفِرُوْنَ ۝٨
اَوَلَمْ يَسِيْرُوْا فِي الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ
عَاقِبَةُ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ كَانُوْٓا اَشَدَّ مِنْهُمْ قُوَّةً
وَّاَثَارُوا الْاَرْضَ وَعَمَرُوْهَآ اَكْثَرَ مِمَّا عَمَرُوْهَا وَ
جَآءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ ؕ فَمَا كَانَ اللّٰهُ لِيَظْلِمَهُمْ
وَلٰكِنْ كَانُوْٓا اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ۝٩ ؕ ثُمَّ كَانَ عَاقِبَةَ
الَّذِيْنَ اَسَآءُوا السُّوْٓآٰى اَنْ كَذَّبُوْا بِاٰيٰتِ اللّٰهِ وَ
كَانُوْا بِهَا يَسْتَهْزِءُوْنَ ۝١٠ اَللّٰهُ يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ

منزل ٥ ع

(૩૦) સૂરઃ અર્-રૂમ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૬ • આયતો : ૬૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલિફ-લામ-મીમ !

૨-૩. રોમના વાસીઓ નજીકની ભૂમિમાં પરાજિત થઈ ગયા છે અને પોતાના આ પરાજય પછી થોડા જ વર્ષોમાં તેઓ વિજયી થઈ જશે.

૪. અલ્લાહનો જ અધિકાર છે પહેલાં પણ અને પછી પણ, અને તે દિવસ તે હશે જ્યારે અલ્લાહે પ્રદાન કરેલા વિજય પર મુસલમાનો ખુશીઓ મનાવશે.

૫. અલ્લાહ મદદ આપે છે જેને ચાહે છે, અને તે પ્રભુત્વશાળી અને દયાળુ છે.

૬. આ વાયદો અલ્લાહે કર્યો છે, અલ્લાહ કદાપિ પોતાના વાયદાનો ભંગ નથી કરતો, પરંતુ ઘણાંખરા લોકો જાણતા નથી.

૭. લોકો દુનિયાના જીવન (આલોક)ના ફક્ત બાહ્ય સ્વરૂપને જાણે છે અને આખિરત (પરલોક)થી તેઓ પોતે જ બેખબર છે.

૮. શું તેમણે ક્યારેય સ્વયં પોતાનામાં ચિંતન-મનન નથી કર્યું ? અલ્લાહે ધરતી અને આકાશો અને તે તમામ વસ્તુઓને જે તેમના વચ્ચે છે સત્ય પર અને એક નિશ્ચિત સમય માટે જ પેદા કરી છે. પરંતુ ઘણાં લોકો પોતાના રબ (પ્રભુ)ની મુલાકાતનો ઇન્કાર કરે છે.

૯. અને શું આ લોકો ક્યારેય ધરતીમાં હર્યાફર્યા નથી કે આમને તે લોકોનો અંજામ દેખાતો જે આમના પહેલાં થઈ ગયા છે ? તેઓ આમનાથી વધુ શક્તિશાળી હતા, તેમણે ધરતીને ખૂબ ખેડી હતી અને તેને એટલી આબાદ કરી હતી જેટલી આમણે કરી નથી. તેમના પાસે તેમના રસૂલો (ઈશદૂતો) નિશાનીઓ લઈને આવ્યા, તો અલ્લાહ તેમના પર અત્યાચાર કરનાર ન હતો, પરંતુ તેઓ પોતે જ પોતાના પર અત્યાચાર કરી રહ્યા હતા.

૧૦. છેવટે જે લોકોએ બૂરાઇઓ કરી હતી તેમનો અંજામ ખૂબ ખરાબ આવ્યો, કેમ કે તેમણે અલ્લાહની આયતોને ખોટી ઠેરવી હતી અને તેઓ તેમની મજાક ઉડાવતા હતા. (રુકૂઅ-૧)

૧૧. અલ્લાહ જ સર્જનની શરૂઆત કરે છે, પછી તે જ તેનું પુનરાવર્તન

ثُمَّ اِلَیْهِ تُرْجَعُوْنَ ﴿۱۱﴾ وَیَوْمَ تَقُوْمُ السَّاعَةُ یُبْلِسُ
الْمُجْرِمُوْنَ ﴿۱۲﴾ وَلَمْ یَكُنْ لَّهُمْ مِّنْ شُرَكَآىِٕهِمْ شُفَعٰٓؤُا
وَكَانُوْا بِشُرَكَآىِٕهِمْ كٰفِرِیْنَ ﴿۱۳﴾ وَیَوْمَ تَقُوْمُ السَّاعَةُ
یَوْمَىِٕذٍ یَّتَفَرَّقُوْنَ ﴿۱۴﴾ فَاَمَّا الَّذِیْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ فَهُمْ فِیْ رَوْضَةٍ یُّحْبَرُوْنَ ﴿۱۵﴾ وَاَمَّا الَّذِیْنَ
كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰیٰتِنَا وَلِقَآئِ الْاٰخِرَةِ فَاُولٰٓىِٕكَ فِی
الْعَذَابِ مُحْضَرُوْنَ ﴿۱۶﴾ فَسُبْحٰنَ اللّٰهِ حِیْنَ تُمْسُوْنَ وَ
حِیْنَ تُصْبِحُوْنَ ﴿۱۷﴾ وَلَهُ الْحَمْدُ فِی السَّمٰوٰتِ وَ
الْاَرْضِ وَعَشِیًّا وَّحِیْنَ تُظْهِرُوْنَ ﴿۱۸﴾ یُخْرِجُ الْحَیَّ
مِنَ الْمَیِّتِ وَیُخْرِجُ الْمَیِّتَ مِنَ الْحَیِّ وَیُحْیِ
ع ۹/۵ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ؕ وَكَذٰلِكَ تُخْرَجُوْنَ ﴿۱۹﴾ وَمِنْ اٰیٰتِهٖۤ
اَنْ خَلَقَكُمْ مِّنْ تُرَابٍ ثُمَّ اِذَاۤ اَنْتُمْ بَشَرٌ تَنْتَشِرُوْنَ ﴿۲۰﴾
وَمِنْ اٰیٰتِهٖۤ اَنْ خَلَقَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا
لِّتَسْكُنُوْۤا اِلَیْهَا وَجَعَلَ بَیْنَكُمْ مَّوَدَّةً وَّرَحْمَةً ؕ اِنَّ
فِیْ ذٰلِكَ لَاٰیٰتٍ لِّقَوْمٍ یَّتَفَكَّرُوْنَ ﴿۲۱﴾ وَمِنْ اٰیٰتِهٖ خَلْقُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافُ اَلْسِنَتِكُمْ وَاَلْوَانِكُمْ ؕ
اِنَّ فِیْ ذٰلِكَ لَاٰیٰتٍ لِّلْعٰلِمِیْنَ ﴿۲۲﴾ وَمِنْ اٰیٰتِهٖ مَنَامُكُمْ
بِالَّیْلِ وَالنَّهَارِ وَابْتِغَآؤُكُمْ مِّنْ فَضْلِهٖ ؕ اِنَّ فِیْ
منزل ۵ ذٰلِكَ لَاٰیٰتٍ لِّقَوْمٍ یَّسْمَعُوْنَ ﴿۲۳﴾ وَمِنْ اٰیٰتِهٖ یُرِیْكُمُ

કરશે, પછી તેના તરફ જ તમે પાછા ફેરવવામાં આવશો.
૧૨. અને જ્યારે તે ઘડી અસ્તિત્વમાં આવશે, તે દિવસે અપરાધીઓ સ્તબ્ધ થઈ જશે.
૧૩. તેમના ઠેરવેલા ભાગીદારોમાંથી કોઈ તેમનો ભલામણકર્તા નહીં થાય અને તેઓ પોતાના ભાગીદારોનો ઈન્કાર કરનારા બની જશે.
૧૪. જે દિવસે તે ઘડી અસ્તિત્વમાં આવશે તે દિવસે (સૌ મનુષ્યો) જુદા-જુદા જૂથોમાં વહેંચાઈ જશે.
૧૫. જે લોકો ઈમાન લાવ્યા છે અને જેમણે સદ્કાર્યો કર્યા છે, તેમને એક બાગમાં આનંદ અને ઉલ્લાસની સાથે રાખવામાં આવશે
૧૬. અને જેમણે કુફ્ર (ઇન્કાર) કર્યું છે અને અમારી આયતો અને આખિરત (પરલોક)ની મુલાકાતને ખોટી ઠેરવી છે તેમને યાતનામાં હાજર રાખવામાં આવશે.
૧૭. તો તસ્બીહ (પવિત્રતાનો જાપ) કરો અલ્લાહની, જ્યારે કે તમે સાંજ કરો છો અને સવાર કરો છો.
૧૮. આકાશો અને ધરતીમાં તેના જ માટે પ્રશંસા છે અને (તસ્બીહ કરો તેની) ત્રીજા પહોરમાં અને જ્યારે તમારા ઉપર ઝુહ્‌ર (મધ્યાહ્ન)નો સમય આવે છે.
૧૯. તે જીવંતને મૃતમાંથી કાઢે છે અને મૃતને જીવંતમાંથી કાઢી લાવે છે અને ધરતીને તેના મૃત્યુ પછી જીવન પ્રદાન કરે છે. આવી રીતે તમે લોકો પણ (મૃત અવસ્થામાંથી) કાઢી લાવવામાં આવશો. (રુકૂઅ-૨)
૨૦. તેની નિશાનીઓમાંથી એ છે કે તેણે તમને માટીમાંથી પેદા કર્યા, પછી તમે એકાએક મનુષ્ય છો કે (ધરતીમાં) ફેલાતા જઈ રહ્યા છો.
૨૧. અને તેની નિશાનીઓમાંથી એ છે કે તેણે તમારા માટે તમારી જ સહજાતિથી પત્નીઓ બનાવી, જેથી તમે તેમના પાસે મનની શાંતિ મેળવી શકો અને તમારા વચ્ચે પ્રેમ અને દયા પેદા કરી દીધાં. નિઃશંક આમાં ઘણી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ વિચાર કરે છે.
૨૨. અને તેની નિશાનીઓમાંથી આકાશો અને ધરતીનું સર્જન અને તમારી ભાષાઓ અને તમારા રંગોમાં ભિન્નતા છે. નિશ્ચિતપણે આમાં ઘણી નિશાનીઓ છે બુદ્ધિશાળી લોકો માટે.
૨૩. અને તેની નિશાનીઓમાંથી તમારું રાત્રે અને દિવસે ઊંઘવું અને તમારું તેની કૃપા (આજીવિકા) શોધવું છે. નિઃશંક આમાં ઘણી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ (ધ્યાનપૂર્વક) સાંભળે છે.
૨૪. અને તેની નિશાનીઓમાંથી એ છે કે તે તમને વીજળીનો ચમકારો

الْبَرْقَ خَوْفًا وَّطَمَعًا وَّيُنَزِّلُ مِنَ السَّمَآءِ مَآءً فَيُحْيٖ
بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ
لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿٢٤﴾ وَمِنْ اٰيٰتِهٖۤ اَنْ تَقُوْمَ السَّمَآءُ وَ
الْاَرْضُ بِاَمْرِهٖ ؕ ثُمَّ اِذَا دَعَاكُمْ دَعْوَةً ۖ مِّنَ
الْاَرْضِ ۖ اِذَآ اَنْتُمْ تَخْرُجُوْنَ ﴿٢٥﴾ وَلَهٗ مَنْ فِي
السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ كُلٌّ لَّهٗ قٰنِتُوْنَ ﴿٢٦﴾ وَهُوَ الَّذِيْ
يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ وَهُوَ اَهْوَنُ عَلَيْهِ ؕ وَلَهُ
الْمَثَلُ الْاَعْلٰى فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿٢٧﴾ ضَرَبَ لَكُمْ مَّثَلًا مِّنْ اَنْفُسِكُمْ ؕ هَلْ لَّكُمْ
مِّنْ مَّا مَلَكَتْ اَيْمَانُكُمْ مِّنْ شُرَكَآءَ فِيْ مَا رَزَقْنٰكُمْ
فَاَنْتُمْ فِيْهِ سَوَآءٌ تَخَافُوْنَهُمْ كَخِيْفَتِكُمْ اَنْفُسَكُمْ ؕ
كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿٢٨﴾ بَلِ اتَّبَعَ
الَّذِيْنَ ظَلَمُوْٓا اَهْوَآءَهُمْ بِغَيْرِ عِلْمٍ ۚ فَمَنْ يَّهْدِيْ مَنْ
اَضَلَّ اللّٰهُ ؕ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٢٩﴾ فَاَقِمْ وَجْهَكَ
لِلدِّيْنِ حَنِيْفًا ؕ فِطْرَتَ اللّٰهِ الَّتِيْ فَطَرَ النَّاسَ
عَلَيْهَا ؕ لَا تَبْدِيْلَ لِخَلْقِ اللّٰهِ ؕ ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ ۙ
وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٣٠﴾ مُنِيْبِيْنَ اِلَيْهِ
وَاتَّقُوْهُ وَاَقِيْمُوا الصَّلٰوةَ وَلَا تَكُوْنُوْا مِنَ الْمُشْرِكِيْنَ ﴿٣١﴾
مِنَ الَّذِيْنَ فَرَّقُوْا دِيْنَهُمْ وَكَانُوْا شِيَعًا ؕ كُلُّ حِزْبٍۢ

الربع ع ٨

منزل ٥

દેખાડે છે, ભય સાથે પણ અને આશા સાથે પણ અને આકાશમાંથી પાણી વરસાવે છે, પછી તેના વડે ધરતીને તેના મૃત્યુ પછી જીવન પ્રદાન કરે છે. નિઃશંક આમાં ઘણી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ બુદ્ધિથી કામ લે છે.

૨૫. અને તેની નિશાનીઓમાંથી એ છે કે આકાશો અને ધરતી તેના આદેશથી કાયમ છે, પછી જેવા તે તમને ધરતીમાંથી પોકારશે, બસ એક જ પોકારમાં એકાએક તમે નીકળી આવશો.

૨૬. આકાશો અને ધરતીમાં જે પણ છે, તેના બંદા (દાસ) છે. બધા તેના જ આદેશના આધીન છે.

૨૭. તે જ છે જે સર્જનનો આરંભ કરે છે, પછી તે તેનું પુનરાવર્તન કરશે અને આ તેના માટે વધારે સરળ છે. આકાશો અને ધરતીમાં તેનો જ ગુણ સૌથી શ્રેષ્ઠ છે અને તે પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે. (રુકૂઅ-૩)

૨૮. તે તમને સ્વયં તમારી પોતાની જ જાતથી એક દૃષ્ટાંત આપે છે. શું તમારા તે ગુલામોમાંથી જેઓ તમારા આધીન છે, કેટલાક ગુલામો એવા પણ છે જે અમે આપેલ ધન-દોલતમાં તમારા સાથે બરાબરના ભાગીદાર હોય અને તમે તેમનાથી એવી રીતે ડરતા હોવ જેવી રીતે પરસ્પર પોતાના સમોવડિયાઓથી ડરો છો — આવી રીતે અમે નિશાનીઓ સ્પષ્ટ કરીને રજૂ કરીએ છીએ, તે લોકો માટે જેઓ બુદ્ધિથી કામ લે છે.

૨૯. પરંતુ આ અત્યાચારીઓ જાણ્યા-સમજ્યા વિના પોતાની કલ્પનાઓની પાછળ ચાલી નીકળ્યા છે. હવે કોણ તે માણસને રસ્તો દેખાડી શકે છે જેને અલ્લાહે ભટકાવી દીધો હોય? આવા લોકોનો તો કોઈ મદદગાર નથી હોઈ શકતો.

૩૦. તો પછી (હે પયગંબર ! અને પયગંબરના અનુયાયીઓ !) એકાગ્ર થઈને પોતાનું રુખ આ દીન (ધર્મ)ની દિશામાં જમાવી દો, કાયમ થઈ જાવ તે પ્રકૃતિ પર જેના ઉપર અલ્લાહે મનુષ્યોને પેદા કર્યા છે, અલ્લાહે બનાવેલ પ્રકૃતિ બદલી શકાતી નથી. આ જ તદ્દન સીધો અને દુરસ્ત દીન (ધર્મ) છે, પરંતુ ઘણાં લોકો જાણતા નથી.

૩૧. (કાયમ થઈ જાઓ એ વાત પર) અલ્લાહના તરફ રજૂ થઈને, અને ડરો તેનાથી, અને નમાઝ કાયમ કરો, અને ન થઈ જાઓ તે મુશ્રિકોમાંથી

૩૨. જેમણે પોત-પોતાનો અલગ દીન (ધર્મ) બનાવી લીધો છે અને જૂથોમાં

بِمَا لَدَيْهِمْ فَرِحُوْنَ ۝٣٢ وَاِذَا مَسَّ النَّاسَ ضُرٌّ دَعَوْا
رَبَّهُمْ مُّنِيْبِيْنَ اِلَيْهِ ثُمَّ اِذَآ اَذَاقَهُمْ مِّنْهُ رَحْمَةً
اِذَا فَرِيْقٌ مِّنْهُمْ بِرَبِّهِمْ يُشْرِكُوْنَ ۝٣٣ لِيَكْفُرُوْا بِمَآ
اٰتَيْنٰهُمْ ۭ فَتَمَتَّعُوْا ۣ فَسَوْفَ تَعْلَمُوْنَ ۝٣٤ اَمْ اَنْزَلْنَا
عَلَيْهِمْ سُلْطٰنًا فَهُوَ يَتَكَلَّمُ بِمَا كَانُوْا بِهٖ يُشْرِكُوْنَ ۝٣٥
وَاِذَآ اَذَقْنَا النَّاسَ رَحْمَةً فَرِحُوْا بِهَا ۭ وَاِنْ تُصِبْهُمْ
سَيِّئَةٌۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ اِذَا هُمْ يَقْنَطُوْنَ ۝٣٦
اَوَلَمْ يَرَوْا اَنَّ اللّٰهَ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَاۗءُ وَيَقْدِرُ ۭ
اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ۝٣٧ فَاٰتِ
ذَا الْقُرْبٰى حَقَّهٗ وَالْمِسْكِيْنَ وَابْنَ السَّبِيْلِ ۭ ذٰلِكَ
خَيْرٌ لِّلَّذِيْنَ يُرِيْدُوْنَ وَجْهَ اللّٰهِ ۡ وَاُولٰۗىِٕكَ هُمُ
الْمُفْلِحُوْنَ ۝٣٨ وَمَآ اٰتَيْتُمْ مِّنْ رِّبًا لِّيَرْبُوَا۟ فِيْٓ اَمْوَالِ
النَّاسِ فَلَا يَرْبُوْا عِنْدَ اللّٰهِ ۚ وَمَآ اٰتَيْتُمْ مِّنْ زَكٰوةٍ
تُرِيْدُوْنَ وَجْهَ اللّٰهِ فَاُولٰۗىِٕكَ هُمُ الْمُضْعِفُوْنَ ۝٣٩ اَللّٰهُ
الَّذِيْ خَلَقَكُمْ ثُمَّ رَزَقَكُمْ ثُمَّ يُمِيْتُكُمْ ثُمَّ يُحْيِيْكُمْ ۭ
هَلْ مِنْ شُرَكَاۗىِٕكُمْ مَّنْ يَّفْعَلُ مِنْ ذٰلِكُمْ مِّنْ
شَيْءٍ ۭ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ ۝٤٠ ظَهَرَ الْفَسَادُ ع ١٣
فِي الْبَرِّ وَالْبَحْرِ بِمَا كَسَبَتْ اَيْدِي النَّاسِ لِيُذِيْقَهُمْ
بَعْضَ الَّذِيْ عَمِلُوْا لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ۝٤١ قُلْ سِيْرُوْا

વહેંચાઈ ગયા છે. દરેક જૂથ પાસે જે કંઈ છે, તેમાં જ તે મગ્ન છે.

૩૩. લોકોની હાલત એ છે કે જ્યારે તેમને કોઈ તકલીફ પહોંચે છે તો પોતાના રબ (પ્રભુ) તરફ રજૂ થઈને તેને પોકારે છે. પછી જ્યારે તે પોતાની કેટલીક કૃપાઓની મજા તેમને ચખાડી દે છે તો સહસા તેમનામાંથી કેટલાક લોકો અલ્લાહના ભાગીદાર ઠેરવવા લાગે છે,

૩૪. જેથી અમે કરેલા ઉપકાર બદલ અપકાર કરે. ભલે, માણી લો મજા, ટૂંક સમયમાં જ તમને ખબર પડી જશે.

૩૫. શું અમે કોઈ સનંદ કે દલીલ આમના ઉપર ઉતારી છે જે સાક્ષી આપતી હોય તે શિર્કની સચ્ચાઈની જે આ લોકો કરી રહ્યા છે ?

૩૬. જ્યારે અમે લોકોને કૃપાનો સ્વાદ ચખાડીએ છીએ ત્યારે તેઓ તેના પર ફૂલાઈ જાય છે અને જ્યારે તેમના પોતાના કરેલા કૃત્યોના કારણે તેમના ઉપર કોઈ મુસીબત આવે છે તો સહસા તેઓ નિરાશ થવા લાગે છે.

૩૭. શું આ લોકો જોતા નથી કે અલ્લાહ જ રોજી વિશાળ કરે છે જેની ચાહે છે અને તંગ કરે છે (જેની ચાહે છે) ? નિશ્ચિતપણે આમાં ઘણી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ઈમાન લાવે છે.

૩૮. તો (હે ઈમાનવાળા !) રિશ્તેદારને તેનો હક્ક આપ અને ગરીબ અને મુસાફરને (તેનો હક્ક). આ પદ્ધતિ વધુ સારી છે તે લોકો માટે જેઓ અલ્લાહની પ્રસન્નતા ઇચ્છતા હોય, અને તેઓ જ સફળતા પામવાના છે.

૩૯. જે વ્યાજ તમે આપો છો જેથી લોકોના ધનમાં ભળીને તે વધી જાય, અલ્લાહના નજીક તે નથી વધતું, અને જે ઝકાત (ધર્મ-દાન) તમે અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના આશયથી આપો છો, તેના જ આપનારા હકીકતમાં પોતાનું ધન વધારે છે.

૪૦. અલ્લાહ જ છે જેણે તમને પેદા કર્યા, પછી તમને રોજી આપી, પછી તે તમને મૃત્યુ આપે છે, પછી તે તમને જીવંત કરશે. શું તમારા ઠેરવેલા ભાગીદારોમાં કોઈ એવો છે જે આમાંથી કોઈ પણ કામ કરતો હોય ? પાક છે તે અને ઉચ્ચતર અને શ્રેષ્ઠ છે તે શિર્ક (ઉપાસનામાં અલ્લાહના ભાગીદાર ઠેરવવાથી)થી જે આ લોકો કરે છે. (રુકૂઅ-૪)

૪૧. જમીન અને સમુદ્રમાં બગાડ પેદા થઈ ગયો છે લોકોના પોતાના હાથોની કમાણીથી, જેથી સ્વાદ ચખાડે તેમને, તેમનાં કેટલાક કર્મોનો, કદાચ તેઓ અટકી જાય.

فِی الْاَرْضِ فَانْظُرُوْا كَیْفَ كَانَ عَاقِبَةُ الَّذِیْنَ
مِنْ قَبْلُ ؕ كَانَ اَكْثَرُهُمْ مُّشْرِكِیْنَ ﴿٤٢﴾ فَاَقِمْ وَجْهَكَ
لِلدِّیْنِ الْقَیِّمِ مِنْ قَبْلِ اَنْ یَّاْتِیَ یَوْمٌ لَّا مَرَدَّ لَهٗ
مِنَ اللّٰهِ یَوْمَىِٕذٍ یَّصَّدَّعُوْنَ ﴿٤٣﴾ مَنْ كَفَرَ فَعَلَیْهِ
كُفْرُهٗ ۚ وَمَنْ عَمِلَ صَالِحًا فَلِاَنْفُسِهِمْ یَمْهَدُوْنَ ﴿٤٤﴾
لِیَجْزِیَ الَّذِیْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ مِنْ فَضْلِهٖ ؕ
اِنَّهٗ لَا یُحِبُّ الْكٰفِرِیْنَ ﴿٤٥﴾ وَمِنْ اٰیٰتِهٖۤ اَنْ یُّرْسِلَ
الرِّیَاحَ مُبَشِّرٰتٍ وَّلِیُذِیْقَكُمْ مِّنْ رَّحْمَتِهٖ وَلِتَجْرِیَ
الْفُلْكُ بِاَمْرِهٖ وَلِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ وَلَعَلَّكُمْ
تَشْكُرُوْنَ ﴿٤٦﴾ وَلَقَدْ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ رُسُلًا اِلٰى قَوْمِهِمْ
فَجَآءُوْهُمْ بِالْبَیِّنٰتِ فَانْتَقَمْنَا مِنَ الَّذِیْنَ اَجْرَمُوْا ؕ
وَكَانَ حَقًّا عَلَیْنَا نَصْرُ الْمُؤْمِنِیْنَ ﴿٤٧﴾ اَللّٰهُ الَّذِیْ
یُرْسِلُ الرِّیٰحَ فَتُثِیْرُ سَحَابًا فَیَبْسُطُهٗ فِی السَّمَآءِ كَیْفَ
یَشَآءُ وَیَجْعَلُهٗ كِسَفًا فَتَرَى الْوَدْقَ یَخْرُجُ مِنْ
خِلٰلِهٖ ۚ فَاِذَاۤ اَصَابَ بِهٖ مَنْ یَّشَآءُ مِنْ عِبَادِهٖۤ
اِذَا هُمْ یَسْتَبْشِرُوْنَ ﴿٤٨﴾ ع وَاِنْ كَانُوْا مِنْ قَبْلِ
اَنْ یُّنَزَّلَ عَلَیْهِمْ مِّنْ قَبْلِهٖ لَمُبْلِسِیْنَ ﴿٤٩﴾ فَانْظُرْ
اِلٰۤى اٰثٰرِ رَحْمَتِ اللّٰهِ كَیْفَ یُحْیِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ؕ
اِنَّ ذٰلِكَ لَمُحْیِ الْمَوْتٰى ۚ وَهُوَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿٥٠﴾

૪૨. (હે નબી !) આમને કહો કે ધરતીમાં હરીફરીને જુઓ, અગાઉ થઈ ગયેલા લોકોનો શું અંજામ આવી ચૂક્યો છે, તેમાંના ઘણાંખરા મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) જ હતા.

૪૩. તો (હે નબી !) પોતાનું રુખ દૃઢતાની સાથે જમાવી દો આ સત્ય-ધર્મની દિશામાં, એનાથી પહેલાં કે તે દિવસ આવે જેના ટળી જવાનો કોઈ ઉપાય અલ્લાહ તરફથી નથી. તે દિવસે લોકો વિભાજિત થઈ એકબીજાથી અલગ થઈ જશે.

૪૪. જેણે ઈન્કાર (કુફ્ર) કર્યો છે તેના ઈન્કારની મુસીબત તેના ઉપર જ છે, અને જે લોકોએ સદ્કાર્યો કર્યા છે તેઓ પોતાના જ માટે (સફળતાનો માર્ગ) સ્વચ્છ કરી રહ્યા છે,

૪૫. જેથી અલ્લાહ ઈમાન લાવનારાઓને અને સદ્કાર્ય કરનારાઓને પોતાની કૃપાથી બદલો આપે. નિઃશંક તે કાફિરો (ઈન્કાર કરનારાઓ)ને પસંદ કરતો નથી.

૪૬. તેની નિશાનીઓમાંથી એ છે કે તે હવાઓ મોકલે છે શુભ-સૂચના આપવા માટે અને તમને પોતાની કૃપા આપવા માટે અને એ આશયથી કે નૌકાઓ તેના આદેશથી ચાલે અને તમે તેની કૃપા (આજીવિકા) શોધો અને તેના કૃતજ્ઞ બનો.

૪૭. અને અમે તમારા પહેલાં રસૂલોને તેમની કોમ તરફ મોકલ્યાં અને તેઓ તેમના પાસે સ્પષ્ટ નિશાનીઓ લઈને આવ્યાં. પછી જેમણે અપરાધ કર્યા તેમનાથી અમે બદલો લીધો અને અમારા પર એ કર્તવ્ય હતું કે અમે ઈમાનવાળાઓની મદદ કરીએ.

૪૮-૪૯. અલ્લાહ જ છે જે હવાઓને મોકલે છે અને તે વાદળો ઉઠાવે છે, પછી તે આ વાદળોને આકાશમાં ફેલાવે છે જેવી રીતે ચાહે છે અને તેમને ટુકડીઓમાં વહેંચી નાખે છે, પછી તું જુએ છે કે વરસાદના ટીપાં વાદળોમાંથી ટપકતાં જાય છે. આ વરસાદ જ્યારે તે પોતાના બંદાઓમાંથી જેમના ઉપર ચાહે વરસાવે છે તો એકાએક તેઓ આનંદ અને ઉલ્લાસમાં આવી જાય છે, જો કે તેના વરસતાં પહેલાં તેઓ નિરાશ થઈ રહ્યા હતા.

૫૦. જુઓ અલ્લાહની કૃપાનો પ્રભાવ કે મૃત પડેલી ધરતીને તે કેવી રીતે જીવંત કરે છે ? નિઃશંક તે મડદાંઓને જીવન પ્રદાન કરવાવાળો છે અને તેને દરેક વસ્તુનું સામર્થ્ય પ્રાપ્ત છે.

وَلَئِنْ اَرْسَلْنَا رِيْحًا فَرَاَوْهُ مُصْفَرًّا لَّظَلُّوْا مِنْۢ بَعْدِهٖ
يَكْفُرُوْنَ ﴿۵۱﴾ فَاِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتٰى وَلَا تُسْمِعُ الصُّمَّ
الدُّعَآءَ اِذَا وَلَّوْا مُدْبِرِيْنَ ﴿۵۲﴾ وَمَآ اَنْتَ بِهٰدِ الْعُمْىِ
عَنْ ضَلٰلَتِهِمْ ؕ اِنْ تُسْمِعُ اِلَّا مَنْ يُّؤْمِنُ بِاٰيٰتِنَا
ع ۵ / ۸ فَهُمْ مُّسْلِمُوْنَ ﴿۵۳﴾ ع اَللّٰهُ الَّذِىْ خَلَقَكُمْ مِّنْ ضُعْفٍ
ثُمَّ جَعَلَ مِنْۢ بَعْدِ ضُعْفٍ قُوَّةً ثُمَّ جَعَلَ مِنْۢ
بَعْدِ قُوَّةٍ ضُعْفًا وَّ شَيْبَةً ؕ يَخْلُقُ مَا يَشَآءُ ۚ وَهُوَ
الْعَلِيْمُ الْقَدِيْرُ ﴿۵۴﴾ وَيَوْمَ تَقُوْمُ السَّاعَةُ يُقْسِمُ
الْمُجْرِمُوْنَ ۙ مَا لَبِثُوْا غَيْرَ سَاعَةٍ ؕ كَذٰلِكَ كَانُوْا
يُؤْفَكُوْنَ ﴿۵۵﴾ وَقَالَ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ وَالْاِيْمَانَ لَقَدْ
لَبِثْتُمْ فِىْ كِتٰبِ اللّٰهِ اِلٰى يَوْمِ الْبَعْثِ ز فَهٰذَا يَوْمُ
الْبَعْثِ وَلٰكِنَّكُمْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿۵۶﴾ فَيَوْمَئِذٍ
لَّا يَنْفَعُ الَّذِيْنَ ظَلَمُوْا مَعْذِرَتُهُمْ وَلَا هُمْ يُسْتَعْتَبُوْنَ ﴿۵۷﴾
وَلَقَدْ ضَرَبْنَا لِلنَّاسِ فِىْ هٰذَا الْقُرْاٰنِ مِنْ كُلِّ مَثَلٍ ؕ
وَلَئِنْ جِئْتَهُمْ بِاٰيَةٍ لَّيَقُوْلَنَّ الَّذِيْنَ كَفَرُوْۤا اِنْ
اَنْتُمْ اِلَّا مُبْطِلُوْنَ ﴿۵۸﴾ كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى
قُلُوْبِ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ﴿۵۹﴾ فَاصْبِرْ اِنَّ وَعْدَ
ع ۶ / ۹ اللّٰهِ حَقٌّ وَّلَا يَسْتَخِفَّنَّكَ الَّذِيْنَ لَا يُوْقِنُوْنَ ﴿۶۰﴾ ع

منزل ۵

قرء حفص بضم الضاد وفتحها في الثلاثة لكن الضم مختار ۱۲

૫૧. અને જો અમે એક એવી હવા મોકલીએ જેના પ્રભાવથી તેઓ પોતાની ખેતીને પીળી પડેલી જુએ તો તેઓ કૃતઘ્નતા (કુફ્ર) કરતા રહી જાય છે.

૫૨-૫૩. (હે નબી !) તમે મડદાંને સંભળાવી શકતા નથી, ન તો તે બહેરાઓને પોતાનો પોકાર સંભળાવી શકો છો જેઓ પીઠ ફેરવીને ચાલી જઈ રહ્યા હોય અને ન તો તમે આંધળાઓને તેમની પથભ્રષ્ટતામાંથી કાઢીને સન્માર્ગ દેખાડી શકો છો. તમે તો માત્ર તેમને જ સંભળાવી શકો છો જેઓ અમારી આયતો પર ઈમાન લાવે અને આજ્ઞાપાલનમાં માથું ઝુકાવી દે છે. (રુકૂઅ-૫)

૫૪. અલ્લાહ જ તો છે જેણે નિર્બળતાની હાલતથી તમારા સર્જનની શરૂઆત કરી, પછી આ નિર્બળતા બાદ તમને શક્તિ પ્રદાન કરી, ત્યારબાદ આ શક્તિ પછી તમને કમજોર અને વૃદ્ધ કરી દીધા. તે જે કંઈ ચાહે છે, પેદા કરે છે અને તે બધું જ જાણનાર અને દરેક વસ્તુનું સામર્થ્ય ધરાવનાર છે.

૫૫. અને જ્યારે તે ઘડી આવીને ઘટિત થશે તો અપરાધીઓ સોગંદો ખાઈ-ખાઈને કહેશે કે અમે એક ક્ષણભરથી વધુ રોકાયા નથી. આવી જ રીતે તેઓ દુનિયાના જીવનમાં ધોખો ખાયા કરતા હતા.

૫૬. પરંતુ જેમને જ્ઞાન અને ઈમાનથી સંપન્ન કરી દેવામાં આવ્યા હતા, તેઓ કહેશે કે અલ્લાહના લખાણમાં તો તમે હશ્ર (પુનઃ જીવંત થઈ ઉઠવા)ના દિવસ સુધી પડ્યા રહ્યા છો, તો આ તે જ હશ્રનો દિવસ છે, પણ તમે જાણતા ન હતા.

૫૭. તો તે દિવસ હશે જેમાં અત્યાચારીઓને તેમનું બહાનું કોઈ ફાયદો નહીં પહોંચાડે અને ન તેમને માફી માગવા માટે કહેવામાં આવશે.

૫૮. અમે આ કુર્આનમાં લોકોને વિવિધ રીતે સમજાવ્યા છે. તમે ચાહે કોઈ પણ નિશાની લઈ આવો, જે લોકોએ માનવાનો ઇન્કાર કરી દીધો છે તેઓ એ જ કહેશે કે તમે અસત્ય પર છો.

૫૯. આવી રીતે મહોર મારી દે છે અલ્લાહ, તે લોકોના હૃદયો પર જેઓ જ્ઞાનહીન છે.

૬૦. તો (હે નબી !) સબ્ર કરો (ધૈર્ય રાખો), નિઃસંદેહ અલ્લાહનો વાયદો સાચો છે, અને કદાપિ હળવા ન સમજે તમને, તે લોકો જેઓ વિશ્વાસ કરતા નથી. (રુકૂઅ-૬)

(૩૧) લુકમાન

પરિચય

નામ :

આ સૂરઃના બીજા રુકૂઅ (આયત ૧૨ થી ૧૯ સુધી)માં તે શિખામણો વર્ણવવામાં આવી છે, જે લુકમાને પોતાના પુત્રને કરી હતી. આ જ સંબંધથી આનું નામ લુકમાન રાખવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

તેના વિષયો ઉપર વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે આ તે સમયે ઊતરી છે જ્યારે ઇસ્લામી આહવાનને કચડી નાંખવા અને રોકવા માટે દમન અને અત્યાચારની શરૂઆત થઈ ચૂકી હતી, પરંતુ હજુ વિરોધના તોફાને પૂરેપૂરી રીતે ભયાનક રૂપ અપનાવ્યું ન હતું. આનો નિર્દેશ આયત ૧૪-૧૫ પરથી મળે છે, જેમાં નવા-નવા મુસલમાન બનનારા યુવાનોને બતાવવામાં આવ્યું છે કે માતા-પિતાના હક્કો તો નિઃશંક અલ્લાહ પછી સૌથી વધુ છે, પરંતુ જો તેઓ શિર્ક (અનેકેશ્વરવાદ) તરફ પાછા ફરવા માટે મજબૂર કરે તો એમની આ વાત કદાપિ ન માનો.

વિષય :

આ સૂરઃમાં લોકોને શિર્ક (અનેકેશ્વરવાદ)ના નિરર્થક અને અનુચિત હોવાનું તથા તૌહીદ (એકેશ્વરવાદ)ના સત્ય, ઉચિત અને ઉપયોગી હોવાનું સમજાવવામાં આવ્યું છે અને તેમને આમંત્રણ આપવામાં આવ્યું છે કે બાપ-દાદાઓનું આંધળું અનુકરણ છોડી દો. ખુલ્લા મનથી તે શિક્ષણ પર વિચાર કરો જે હઝરત મુહમ્મદ (સલ્લ.) સૃષ્ટિના માલિક તરફથી પ્રસ્તુત કરી રહ્યા છે અને ખુલ્લી આંખોથી જુઓ કે દરેક બાજુએ સૃષ્ટિમાં અને સ્વયં તેમના અંદર કેવી-કેવી સ્પષ્ટ નિશાનીઓ તેના સત્ય હોવાની ગવાહી આપી રહી છે. આ સંબંધમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે આ કોઈ નવો અવાજ નથી જે દુનિયામાં અથવા સ્વયં આરબ પ્રદેશોમાં પ્રથમ વખતે જ ઉઠયો હોય. પહેલાં પણ જે લોકો જ્ઞાન અને બુદ્ધિ તથા સમજ-બૂઝ અને વિવેક રાખતા હતા, તેઓ આ જ વાતો કહેતા હતા, જે આજે હઝરત મુહમ્મદ (સલ્લ.) કહી રહ્યા છે. તમારા પોતાના જ દેશમાં લુકમાન નામનો હકીમ (સમજદાર અને વિવેકશીલ) માણસ

થઈ ચૂક્યો છે, જેની સમજ-બૂઝ અને વિવેકદર્શિતાને (તમે પોતે પણ માનો છો) હવે તમે પોતે જ જોઈ લો કે તે કઈ માન્યતા અને કઈ નીતિમત્તાનું શિક્ષણ આપતો હતો.

اٰيَاتُهَا ٣٤ (٣١) سُوْرَةُ لُقْمٰنَ مَكِّيَّةٌ (٥٧) رُكُوْعَاتُهَا ٤

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

الٓمّٓ ۝١ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْحَكِيْمِ ۝٢ هُدًى وَّ
رَحْمَةً لِّلْمُحْسِنِيْنَ ۝٣ الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ
وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ۝٤
اُولٰٓئِكَ عَلٰى هُدًى مِّنْ رَّبِّهِمْ وَاُولٰٓئِكَ هُمُ
الْمُفْلِحُوْنَ ۝٥ وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِيْ لَهْوَ
الْحَدِيْثِ لِيُضِلَّ عَنْ سَبِيْلِ اللّٰهِ بِغَيْرِ عِلْمٍ ۖ
وَّيَتَّخِذَهَا هُزُوًا ؕ اُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ۝٦
وَاِذَا تُتْلٰى عَلَيْهِ اٰيٰتُنَا وَلّٰى مُسْتَكْبِرًا كَاَنْ لَّمْ
يَسْمَعْهَا كَاَنَّ فِيْٓ اُذُنَيْهِ وَقْرًا ۚ فَبَشِّرْهُ بِعَذَابٍ
اَلِيْمٍ ۝٧ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمْ
جَنّٰتُ النَّعِيْمِ ۝٨ خٰلِدِيْنَ فِيْهَا ؕ وَعْدَ اللّٰهِ حَقًّا ؕ
وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝٩ خَلَقَ السَّمٰوٰتِ بِغَيْرِ عَمَدٍ
تَرَوْنَهَا وَاَلْقٰى فِي الْاَرْضِ رَوَاسِيَ اَنْ تَمِيْدَ بِكُمْ
وَبَثَّ فِيْهَا مِنْ كُلِّ دَآبَّةٍ ؕ وَاَنْزَلْنَا مِنَ السَّمَآءِ
مَآءً فَاَنْۢبَتْنَا فِيْهَا مِنْ كُلِّ زَوْجٍ كَرِيْمٍ ۝١٠ هٰذَا خَلْقُ
اللّٰهِ فَاَرُوْنِيْ مَاذَا خَلَقَ الَّذِيْنَ مِنْ دُوْنِهٖ ؕ بَلِ
الظّٰلِمُوْنَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝١١ وَلَقَدْ اٰتَيْنَا لُقْمٰنَ

منزل ٥ ع

(૩૧) સૂરઃ લુકમાન

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૪ • આયતો : ૩૪)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલિફ-લામ-મીમં !

૨. આ હિકમત (તત્ત્વજ્ઞાન)વાળા ગ્રંથની આયતો છે,

૩. માર્ગદર્શન અને કૃપા ઉત્તમ કાર્ય કરનારાઓ માટે,

૪. જેઓ નમાઝ કાયમ કરે છે, ઝકાત આપે છે અને આખિરત (પરલોક)માં વિશ્વાસ ધરાવે છે.

૫. આવા જ લોકો પોતાના રબ (માલિક અને પાલનહાર) તરફથી સન્માર્ગ પર છે અને આ જ લોકો સફળતા પ્રાપ્ત કરવાવાળા છે.

૬. અને મનુષ્યોમાંથી જ કોઈ એવો પણ છે જે મનમોહક વાર્તાઓ ખરીદી લાવે છે જેથી લોકોને અલ્લાહના માર્ગથી જ્ઞાન વગર પથભ્રષ્ટ કરી દે અને આ માર્ગ પર આવવાના આમંત્રણને મજાકમાં ઉડાવી દે. આવા લોકો માટે સખત અપમાનજનક યાતના છે.

૭. તેને જ્યારે અમારી આયતો સંભળાવવામાં આવે છે તો તે અત્યંત ઘમંડ સાથે એવી રીતે મોઢું ફેરવી લે છે જાણે તેણે તે સાંભળી જ નથી, જાણે કે તેના કાન બહેરા છે. સારું, ખુશખબર સંભળાવી દો તેને એક દુઃખદાયી યાતનાની.

૮-૯. અલબત્ત જે લોકો ઈમાન લઈ આવે અને સદ્કાર્ય કરે, તેમના માટે કૃપાસભર જન્નતો છે જેમાં તેઓ હંમેશા રહેશે. આ અલ્લાહનો પાકો વાયદો છે અને તે પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૧૦. તેણે આકાશોને પેદા કર્યા તમે જોઈ શકો તેવા સ્તંભો વગર. તેણે ધરતીમાં પર્વતો જમાવી દીધા જેથી તે તમને લઈને ગબડી ન પડે. તેણે દરેક પ્રકારના પ્રાણીઓ ધરતીમાં ફેલાવી દીધા અને આકાશમાંથી પાણી વરસાવ્યું અને ધરતીમાં જાત-જાતની ઉમદા વસ્તુઓ ઉગાડી દીધી.

૧૧. આ તો છે અલ્લાહનું સર્જન, હવે મને બતાવો, આ બીજાઓએ શું પેદા કર્યું છે ? — સાચી વાત એ છે કે આ અત્યાચારી લોકો સ્પષ્ટ પથભ્રષ્ટતામાં પડેલા છે. (રુકૂઅ-૧)

૧૨. અમે લુકમાનને હિકમત (તત્ત્વદર્શિતા, બુદ્ધિમતા) પ્રદાન કરી હતી

الْحِكْمَةَ اَنِ اشْكُرْ لِلّٰهِ ؕ وَمَنْ يَّشْكُرْ فَاِنَّمَا يَشْكُرُ
لِنَفْسِهٖ ۚ وَمَنْ كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِيٌّ حَمِيْدٌ ﴿۱۲﴾ وَاِذْ
قَالَ لُقْمٰنُ لِابْنِهٖ وَهُوَ يَعِظُهٗ يٰبُنَيَّ لَا تُشْرِكْ
بِاللّٰهِ ؕ اِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيْمٌ ﴿۱۳﴾ وَوَصَّيْنَا الْاِنْسَانَ
بِوَالِدَيْهِ ۚ حَمَلَتْهُ اُمُّهٗ وَهْنًا عَلٰى وَهْنٍ وَّفِصٰلُهٗ
فِيْ عَامَيْنِ اَنِ اشْكُرْ لِيْ وَلِوَالِدَيْكَ ؕ اِلَيَّ الْمَصِيْرُ ﴿۱۴﴾
وَاِنْ جَاهَدٰكَ عَلٰۤى اَنْ تُشْرِكَ بِيْ مَا لَيْسَ لَكَ
بِهٖ عِلْمٌ فَلَا تُطِعْهُمَا وَصَاحِبْهُمَا فِي الدُّنْيَا مَعْرُوْفًا ؗ
وَّاتَّبِعْ سَبِيْلَ مَنْ اَنَابَ اِلَيَّ ۚ ثُمَّ اِلَيَّ مَرْجِعُكُمْ
فَاُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۱۵﴾ يٰبُنَيَّ اِنَّهَاۤ اِنْ تَكُ
مِثْقَالَ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ فَتَكُنْ فِيْ صَخْرَةٍ اَوْ
فِي السَّمٰوٰتِ اَوْ فِي الْاَرْضِ يَاْتِ بِهَا اللّٰهُ ؕ اِنَّ
اللّٰهَ لَطِيْفٌ خَبِيْرٌ ﴿۱۶﴾ يٰبُنَيَّ اَقِمِ الصَّلٰوةَ وَاْمُرْ
بِالْمَعْرُوْفِ وَانْهَ عَنِ الْمُنْكَرِ وَاصْبِرْ عَلٰى مَاۤ
اَصَابَكَ ؕ اِنَّ ذٰلِكَ مِنْ عَزْمِ الْاُمُوْرِ ﴿۱۷﴾ وَلَا تُصَعِّرْ
خَدَّكَ لِلنَّاسِ وَلَا تَمْشِ فِي الْاَرْضِ مَرَحًا ؕ
اِنَّ اللّٰهَ لَا يُحِبُّ كُلَّ مُخْتَالٍ فَخُوْرٍ ﴿۱۸﴾ وَاقْصِدْ
فِيْ مَشْيِكَ وَاغْضُضْ مِنْ صَوْتِكَ ؕ اِنَّ اَنْكَرَ
الْاَصْوَاتِ لَصَوْتُ الْحَمِيْرِ ﴿۱۹﴾ اَلَمْ تَرَوْا اَنَّ اللّٰهَ

وقف النبی صلی اللہ علیہ وآلہ وسلم

النّصف

منزل ۵

ع

કે જેથી કૃતજ્ઞ બને: જે કોઈ કૃતજ્ઞ બને તેની કૃતજ્ઞતા તેના પોતાના જ માટે લાભપ્રદ છે અને જે ઇન્કાર કરે તો વાસ્તવમાં અલ્લાહ બેનિયાઝ (નિરપેક્ષ) છે અને તે સ્વયં પ્રશંસિત છે.

૧૩. યાદ કરો જ્યારે લુકમાન પોતાના પુત્રને શિખામણ આપી રહ્યો હતો તો તેણે કહ્યું, ''બેટા ! અલ્લાહ સાથે કોઈને ભાગીદાર બનાવીશ નહીં, સત્ય એ છે કે શિર્ક (અનેકેશ્વરવાદ) ખૂબ મોટો જુલ્મ (અત્યાચાર) છે'' –

૧૪. અને એ હકીકત છે કે અમે મનુષ્યને પોતાના માતા-પિતાના હક્ક ઓળખવાની સ્વયં તાકીદ કરી છે. તેની માતાએ કમજોરી પર કમજોરી સહન કરીને તેને પોતાના પેટમાં રાખ્યો અને બે વર્ષ તેના દૂધ છૂટવામાં લાગ્યાં. (એટલા માટે અમે તેને શિખામણ આપી કે) મારો આભાર માન અને પોતાના માતા-પિતા પ્રત્યે આભાર વ્યક્ત કર, મારા જ તરફ તને પાછા ફરવાનું છે.

૧૫. પરંતુ જો તેઓ તારા પર દબાણ કરે કે મારા સાથે તું કોઈ એવાને ભાગીદાર બનાવે જેને તું નથી જાણતો તો તેમની વાત કદાપિ ન માન. દુનિયામાં તેમના સાથે સદ્‌વર્તન કરતો રહે પરંતુ અનુસરણ તે વ્યક્તિના માર્ગનું કરજે જે મારા તરફ વળેલો છે. પછી તમને સૌને મારા તરફ જ પલટવાનું છે, તે વખતે હું તમને બતાવી દઈશ કે તમે કેવા કાર્યો કરતા રહ્યા છો.

૧૬. (અને લુકમાને કહ્યું હતું કે) ''બેટા ! કોઈ વસ્તુ રાઈના દાણા બરાબર પણ હોય અને કોઈ ખડકમાં કે આકાશોમાં કે ધરતીમાં કયાંક છૂપાયેલી હોય, અલ્લાહ તેને કાઢી લાવશે. હકીકતમાં અલ્લાહ સૂક્ષ્મ દૃષ્ટિવાળો અને સુમાહિતગાર છે.

૧૭. બેટા ! નમાઝ કાયમ કર, અને ભલાઈની આજ્ઞા આપ, અને બૂરાઈથી રોક, અને જે કષ્ટ પણ પડે તેના પર ધૈર્યથી કામ લે. આ તે વાતો છે જેની ખૂબ તાકીદ કરવામાં આવી છે.

૧૮. અને લોકોથી મોઢું ફેરવીને વાત ન કર, અને ન ધરતી પર અકડાઈને ચાલ, હકીકતમાં અલ્લાહ કોઈ સ્વચ્છંદી અને અહંકારી વ્યક્તિને પસંદ નથી કરતો.

૧૯. પોતાની ચાલમાં સંતુલન રાખ, અને પોતાનો અવાજ સહેજ ધીમો રાખ, હકીકતમાં બધા અવાજોથી ખરાબ અવાજ ગધેડાઓનો અવાજ હોય છે.'' (રુકૂઅ-૨)

૨૦. શું તમે જોતા નથી કે અલ્લાહે ધરતી અને આકાશોની તમામ વસ્તુઓને

سَخَّرَ لَكُمْ مَّا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ
وَاَسْبَغَ عَلَيْكُمْ نِعَمَهٗ ظَاهِرَةً وَّبَاطِنَةً ؕ وَمِنَ
النَّاسِ مَنْ يُّجَادِلُ فِي اللّٰهِ بِغَيْرِ عِلْمٍ وَّلَا هُدًى
وَّلَا كِتٰبٍ مُّنِيْرٍ ۝٢٠ وَاِذَا قِيْلَ لَهُمُ اتَّبِعُوْا مَآ
اَنْزَلَ اللّٰهُ قَالُوْا بَلْ نَتَّبِعُ مَا وَجَدْنَا عَلَيْهِ
اٰبَآءَنَا ؕ اَوَلَوْ كَانَ الشَّيْطٰنُ يَدْعُوْهُمْ اِلٰى عَذَابِ
السَّعِيْرِ ۝٢١ وَمَنْ يُّسْلِمْ وَجْهَهٗٓ اِلَى اللّٰهِ وَهُوَ
مُحْسِنٌ فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى ؕ وَاِلَى
اللّٰهِ عَاقِبَةُ الْاُمُوْرِ ۝٢٢ وَمَنْ كَفَرَ فَلَا يَحْزُنْكَ
كُفْرُهٗ ؕ اِلَيْنَا مَرْجِعُهُمْ فَنُنَبِّئُهُمْ بِمَا عَمِلُوْا ؕ اِنَّ اللّٰهَ
عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ۝٢٣ نُمَتِّعُهُمْ قَلِيْلًا ثُمَّ نَضْطَرُّهُمْ
اِلٰى عَذَابٍ غَلِيْظٍ ۝٢٤ وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ
السَّمٰوٰتِ وَالْاَرْضَ لَيَقُوْلُنَّ اللّٰهُ ؕ قُلِ الْحَمْدُ لِلّٰهِ ؕ
بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ۝٢٥ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَ
الْاَرْضِ ؕ اِنَّ اللّٰهَ هُوَ الْغَنِيُّ الْحَمِيْدُ ۝٢٦ وَلَوْ اَنَّ مَا
فِي الْاَرْضِ مِنْ شَجَرَةٍ اَقْلَامٌ وَّالْبَحْرُ يَمُدُّهٗ مِنْۢ
بَعْدِهٖ سَبْعَةُ اَبْحُرٍ مَّا نَفِدَتْ كَلِمٰتُ اللّٰهِ ؕ اِنَّ
اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ۝٢٧ مَا خَلْقُكُمْ وَلَا بَعْثُكُمْ اِلَّا
كَنَفْسٍ وَّاحِدَةٍ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌۢ بَصِيْرٌ ۝٢٨ اَلَمْ تَرَ اَنَّ

તમારા માટે આધીન કરી રાખી છે અને પોતાની જાહેર અને છૂપી નેઅ્મતો (કૃપાઓ) તમારા પર પૂર્ણ કરી દીધી છે ? આ સ્થિતિ હોવા છતાં મનુષ્યોમાંથી કેટલાક લોકો એવા છે જેઓ અલ્લાહ વિષે ઝઘડે છે એના વગર કે તેમના પાસે કોઈ જ્ઞાન હોય, અથવા કોઈ માર્ગદર્શન અથવા કોઈ પ્રકાશ દેખાડનાર ગ્રંથ.

૨૧. અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે અનુસરણ કરો તે વસ્તુનું જે અલ્લાહે અવતરિત કરી છે તો કહે છે કે અમે તો તે વસ્તુનું અનુસરણ કરીશું જેના ઉપર અમે અમારા બાપ-દાદાઓને જોયા છે. શું આ લોકો તેમનું જ અનુસરણ કરશે ચાહે શેતાન તેમને ભડકે બળતી આગ તરફ જ કેમ ન બોલાવતો રહ્યો હોય ?

૨૨. જે વ્યક્તિ પોતાને અલ્લાહને સમર્પિત કરી દે અને વ્યવહારમાં તે સદાચારી હોય, તેણે વાસ્તવમાં એક ભરોસાપાત્ર સહારો પકડી લીધો, અને બધા જ મામલાઓનો અંતિમ ફેંસલો અલ્લાહના જ હાથમાં છે.

૨૩. હવે જે કુફ્ર (ઈન્કાર) કરે છે તો તેમનો ઈન્કાર તમને દિલગીર ન કરે, તેમને પાછા ફરીને આવવાનું તો અમારા જ પાસે છે, પછી અમે તેમને બતાવી દઈશું કે તેઓ શું કરીને આવ્યા છે. નિશ્ચિતપણે અલ્લાહ દિલોના રહસ્યો સુધ્ધાં જાણે છે.

૨૪. અમે થોડી મુદ્દત તેમને દુનિયામાં મજા કરવાની મહેતલ આપી રહ્યા છીએ, પછી તેમને વિવશ કરીને એક સખત યાતના તરફ ખેંચીને લઈ જઈશું.

૨૫. જો તમે આમને પૂછો કે ધરતી અને આકાશોને કોણે પેદા કર્યા છે, તો તેઓ ચોક્કસ કહેશે કે અલ્લાહે. કહો, અલહમ્દુલિલ્લાહ! (સર્વ પ્રશંસા અલ્લાહ માટે જ છે) પરંતુ એમનામાંથી ઘણાંખરા લોકો જાણતા નથી.

૨૬. આકાશો અને ધરતીમાં જે કંઈ છે તે અલ્લાહનું છે. નિઃશંક અલ્લાહ બેનિયાઝ (નિરપેક્ષ) અને સ્વયં પ્રશંસિત છે.

૨૭. ધરતીમાં જેટલાં વૃક્ષો છે જો તે બધા જ કલમ બની જાય અને સમુદ્ર (શાહી બની જાય) જેને વધુ સાત સમુદ્રો શાહી ઉપલબ્ધ કરે તો પણ અલ્લાહની વાતો (લખવાથી) પૂરી નહીં થાય. નિઃશંક અલ્લાહ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૨૮. તમને સૌ મનુષ્યોને પેદા કરવા અને પુનઃ જીવંત કરી ઉઠાવવા તો (તેના માટે) બસ એવું જ છે જાણે એક જીવધારીને (પેદા કરવું અને જીવંત કરી ઉઠાવવું). હકીકત એ છે કે અલ્લાહ બધું જ સાંભળનાર અને જોનાર છે.

اللّٰہَ یُوۡلِجُ الَّیۡلَ فِی النَّہَارِ وَ یُوۡلِجُ النَّہَارَ فِی الَّیۡلِ وَ
سَخَّرَ الشَّمۡسَ وَ الۡقَمَرَ ۫ کُلٌّ یَّجۡرِیۡۤ اِلٰۤی اَجَلٍ مُّسَمًّی
وَّ اَنَّ اللّٰہَ بِمَا تَعۡمَلُوۡنَ خَبِیۡرٌ ﴿۲۹﴾ ذٰلِکَ بِاَنَّ اللّٰہَ
ہُوَ الۡحَقُّ وَ اَنَّ مَا یَدۡعُوۡنَ مِنۡ دُوۡنِہِ الۡبَاطِلُ ۙ وَ
اَنَّ اللّٰہَ ہُوَ الۡعَلِیُّ الۡکَبِیۡرُ ﴿۳۰﴾ اَلَمۡ تَرَ اَنَّ الۡفُلۡکَ
تَجۡرِیۡ فِی الۡبَحۡرِ بِنِعۡمَتِ اللّٰہِ لِیُرِیَکُمۡ مِّنۡ اٰیٰتِہٖ ؕ
اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیٰتٍ لِّکُلِّ صَبَّارٍ شَکُوۡرٍ ﴿۳۱﴾ وَ اِذَا
غَشِیَہُمۡ مَّوۡجٌ کَالظُّلَلِ دَعَوُا اللّٰہَ مُخۡلِصِیۡنَ
لَہُ الدِّیۡنَ ۬ۚ فَلَمَّا نَجّٰہُمۡ اِلَی الۡبَرِّ فَمِنۡہُمۡ مُّقۡتَصِدٌ ؕ
وَ مَا یَجۡحَدُ بِاٰیٰتِنَاۤ اِلَّا کُلُّ خَتَّارٍ کَفُوۡرٍ ﴿۳۲﴾ یٰۤاَیُّہَا
النَّاسُ اتَّقُوۡا رَبَّکُمۡ وَ اخۡشَوۡا یَوۡمًا لَّا یَجۡزِیۡ
وَالِدٌ عَنۡ وَّلَدِہٖ ۫ وَ لَا مَوۡلُوۡدٌ ہُوَ جَازٍ عَنۡ
وَّالِدِہٖ شَیۡئًا ؕ اِنَّ وَعۡدَ اللّٰہِ حَقٌّ فَلَا تَغُرَّنَّکُمُ
الۡحَیٰوۃُ الدُّنۡیَا ٝ وَ لَا یَغُرَّنَّکُمۡ بِاللّٰہِ الۡغَرُوۡرُ ﴿۳۳﴾
اِنَّ اللّٰہَ عِنۡدَہٗ عِلۡمُ السَّاعَۃِ ۚ وَ یُنَزِّلُ الۡغَیۡثَ ۚ
وَ یَعۡلَمُ مَا فِی الۡاَرۡحَامِ ؕ وَ مَا تَدۡرِیۡ نَفۡسٌ مَّا
ذَا تَکۡسِبُ غَدًا ؕ وَ مَا تَدۡرِیۡ نَفۡسٌۢ بِاَیِّ اَرۡضٍ
تَمُوۡتُ ؕ اِنَّ اللّٰہَ عَلِیۡمٌ خَبِیۡرٌ ﴿۳۴﴾

ع ۱۱ ۱۲
منزل ۵
ع ۴ ۱۳

૨૯. શું તમે જોતા નથી કે અલ્લાહ રાતને દિવસમાં પરોવીને લઈ આવે છે અને દિવસને રાતમાં ? તેણે સૂર્ય અને ચંદ્રને વશમાં કરી રાખ્યા છે, બધા જ એક નિયત સમય સુધી ચાલી જઈ રહ્યા છે અને (શું તમે નથી જાણતા) કે જે કંઈ પણ તમે કરો છો અલ્લાહ તેનાથી વાકેફ છે ?

૩૦. આ બધું એટલા માટે છે કે અલ્લાહ જ સત્ય છે અને તેને છોડીને જે બીજી વસ્તુઓને આ લોકો પોકારે છે તે બધી અસત્ય છે, અને (એટલા માટે કે) અલ્લાહ જ ઉચ્ચ અને મહાન છે.(રુકૂઅ-૩)

૩૧. શું તમે જોતા નથી કે નૌકા સમુદ્રમાં અલ્લાહની કૃપાથી ચાલે છે, જેથી તે તમને પોતાની કેટલીક નિશાનીઓ દેખાડે ? નિઃસંદેહ આમાં ઘણી નિશાનીઓ છે તે દરેક વ્યક્તિ માટે જે ધૈર્ય અને કૃતજ્ઞતા દર્શાવનાર હોય.

૩૨. અને જ્યારે (સમુદ્રમાં) આ લોકો ઉપર એક મોજું સાયબાનો (છત્ર-છાયાઓ)ની જેમ છવાઈ જાય છે તો આ લોકો અલ્લાહને પોકારે છે, પોતાના દીન (ધર્મ)ને તદ્દન તેના જ માટે વિશિષ્ટ કરીને. પછી જ્યારે તે બચાવીને તેમને જમીન સુધી પહોંચાડી દે છે તો તેમનામાંથી કોઈ મધ્યમમાર્ગ અપનાવે છે, અને અમારી નિશાનીઓનો ઇન્કાર કરતો નથી પણ દરેક તે વ્યક્તિ જે વિશ્વાસઘાત કરનારી અને અપકારી છે.

૩૩. લોકો ! બચો પોતાના રબના પ્રકોપથી અને ડરો તે દિવસથી જ્યારે કે કોઈ પિતા પોતાના પુત્ર તરફથી બદલો નહીં આપે અને ન કોઈ પુત્ર પોતાના પિતા તરફથી કંઈ બદલો આપનાર હશે. હકીકતમાં અલ્લાહનો વાયદો સાચો છે. તો તમને આ દુનિયા (આલોક)નું જીવન ધોખામાં ન નાખે, અને ન તો ધોખાબાજ (શેતાન) તમને અલ્લાહના મામલામાં ધોખો આપી જાય.

૩૪. તે ઘડીનું જ્ઞાન અલ્લાહ પાસે જ છે, તે જ વરસાદ વરસાવે છે, તે જ જાણે છે કે માતાઓની કૂખમાં શું ઊછરી રહ્યું છે, કોઈ જીવધારી નથી જાણતો કે કાલે તે શું કમાણી કરવાનો છે, અને ન કોઈ વ્યક્તિને એ ખબર છે કે કયા ભૂ-ભાગ પર તેને મોત આવવાનું છે, અલ્લાહ જ બધું જાણનાર અને માહિતગાર છે. (રુકૂઅ-૪)

(૩૨) અસ્-સજદહ

પરિચય

નામ :

આયત ૧૫માં 'સજદહ'નો ઉલ્લેખ થયો છે તેને જ આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

વર્ણનશૈલીથી એવું લાગે છે કે આનો ઉતરાણકાળ મક્કાનો મધ્યકાળ છે, અને તેનો પણ શરૂઆતનો સમય (જ્યારે કે મક્કાના કાફિરોના અત્યાચારોમાં હજુ તીવ્રતા આવી ન હતી).

વિષય અને ચર્ચાનાં વિષયો :

સૂરઃનો વિષય તૌહીદ (એકેશ્વરવાદ), આખિરત (પરલોક) અને રિસાલત (ઈશદૂતત્વ) વિષે લોકોની શંકાઓનું નિવારણ કરવું અને આ ત્રણેય સચ્ચાઈઓ પર ઈમાન લાવવાનું આમંત્રણ આપવું છે. (સત્યના આમંત્રણની આ ત્રણે પાયાની વાતો પર મક્કાના વિધર્મીઓના વાંધાઓનો જવાબ આપતાં સૌથી પહેલા તેમનાથી) એ કહેવામાં આવ્યું છે કે નિઃશંક આ અલ્લાહનો જ કલામ (વાણી) છે અને તે એટલા માટે અવતરિત કરવામાં આવ્યો છે કે નુબૂવતના લાભથી વંચિત; ગફલતમાં પડેલ એક કોમને સચેત કરી દેવામાં આવે. એને તમે જૂઠ કેવી રીતે કહી શકો છો, જ્યારે કે તેનું અલ્લાહ તરફથી અવતરિત થવું સંપૂર્ણપણે સ્પષ્ટ છે. પછી એમને કહેવામાં આવ્યું છે કે આ કુર્આન જે હકીકતો તમારા સામે પ્રસ્તુત કરે છે, બુદ્ધિનો ઉપયોગ કરીને જાતે વિચારો કે આમાં કઈ વસ્તુ આશ્ચર્યજનક છે. આકાશ અને ધરતીના તંત્રને જુઓ, સ્વયં પોતાના જન્મ અને રૂપ-સ્વરૂપ પર વિચાર કરો, શું આ બધું કુર્આનના શિક્ષણના સાચાં હોવા પર સાક્ષી નથી. ત્યારપછી આખિરત (પરલોક)ની દુનિયાનું એક દૃષ્ય પ્રસ્તુત કરવામાં આવ્યું છે-અને ઈમાનના સુખદ ફળ અને કુફ્ર (ઇન્કાર)ના કુપરિણામોનું વર્ણન કરીને એ વાત પર પ્રેરિત કરવામાં આવ્યા છે કે લોકો ખરાબ પરિણામ સામે આવી જાય તે પહેલાં કુફ્ર (ઇન્કાર) ત્યજી દે અને કુર્આનની આ શિક્ષાનો સ્વીકાર કરી લે. પછી એમને બતાવવામાં આવ્યું છે કે આ અલ્લાહની મોટી કૃપા છે કે તે મનુષ્યના ગુનાઓ બદલ અચાનક અંતિમ અને નિર્ણાયક અઝાબ (યાતના)માં તેને ઝડપી લેતો નથી, બલ્કે તે પહેલાં હળવા-હળવા ફટકા મારતો રહે છે, જેથી તે સચેત થઈ જાય અને તેની આંખો ઊઘડી

જાય. પછી કહ્યું કે દુનિયામાં ગ્રંથના અવતરણનો આ કોઈ પહેલો અને અનોખો બનાવ નથી, આનાથી પહેલાં હઝરત મૂસા (અલૈ.) ઉપર પણ ગ્રંથ આવ્યો જ હતો જેને તમે સૌ જાણો છો. વિશ્વાસ રાખો કે આ ગ્રંથ અલ્લાહ તરફથી જ આવ્યો છે અને સારી રીતે સમજી લો કે હવે ફરીથી તે જ બધું બનશે જે હઝરત મૂસા (અલૈ.)ના જમાનામાં બની ચૂક્યું છે. આગેવાની અને નેતૃત્વ હવે એમને જ ફાળે આવશે જે અલ્લાહના આ ગ્રંથને માની લેશે. આને રદ કરનારાઓની નિષ્ફળતા નિશ્ચિત છે. પછી મક્કાના કાફિરોને કહેવામાં આવ્યું છે કે પોતાના વેપારી પ્રવાસો દરમ્યાન તમે જે પુરોગામી નાશ પામેલી કોમોની વસ્તીઓ પાસેથી પસાર થાઓ છો, તેમનો અંજામ જોઈ લો. શું આ જ અંજામ તમે પોતાના માટે પસંદ કરો છો ? પ્રત્યક્ષથી ધોખો ન ખાઓ. આજે (ઈમાનવાળા જે સ્થિતિમાં છે, તેને જોઈને) તમે એવું સમજી લીધું છે કે આ ચાલી શકે (કે ટકી શકે) તેવી વાત નથી, પરંતુ આ માત્ર તમારી નજરનો ધોખો છે. શું આ તમારો રાત-દિવસનો અનુભવ નથી કે આજે એક જમીન તદ્દન સૂકી અને વેરાન પડી છે, પરંતુ કાલે એક જ વરસાદમાં તે જમીન એવી ખીલી ઊઠે છે કે તેના ખૂણે-ખૂણાંમાંથી વિકાસની શક્તિઓ ફૂટવાની શરૂ થઈ જાય છે. અંતે પયગંબર (સલ્લ.)ને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે કે આ લોકો (તમારા મોઢેથી ફેંસલાના દિવસની વાત) સાંભળીને તેની મજાક ઉડાવે છે. એમને કહો કે જ્યારે અમારા અને તમારા નિર્ણયનો સમય આવી જશે, તે વખતે માનવું તમારા માટે કંઈપણ લાભદાયક નહીં હોય. માનવું હોય તો અત્યારે જ માની લો.

آياتها ٣٠ — (٣٢) سُوْرَةُ السَّجْدَةِ مَكِّيَّةٌ (٧٥) — ركوعاتها ٣

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓ ۝١ تَنْزِيْلُ الْكِتٰبِ لَا رَيْبَ فِيْهِ مِنْ رَّبِّ
الْعٰلَمِيْنَ ۝٢ ط اَمْ يَقُوْلُوْنَ افْتَرٰىهُ ۚ بَلْ هُوَ الْحَقُّ مِنْ
رَّبِّكَ لِتُنْذِرَ قَوْمًا مَّآ اَتٰىهُمْ مِّنْ نَّذِيْرٍ مِّنْ قَبْلِكَ
لَعَلَّهُمْ يَهْتَدُوْنَ ۝٣ اَللّٰهُ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ
وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا فِيْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى
عَلَى الْعَرْشِ ط مَا لَكُمْ مِّنْ دُوْنِهٖ مِنْ وَّلِيٍّ وَّلَا
شَفِيْعٍ ط اَفَلَا تَتَذَكَّرُوْنَ ۝٤ يُدَبِّرُ الْاَمْرَ مِنَ
السَّمَآءِ اِلَى الْاَرْضِ ثُمَّ يَعْرُجُ اِلَيْهِ فِيْ يَوْمٍ
كَانَ مِقْدَارُهٗٓ اَلْفَ سَنَةٍ مِّمَّا تَعُدُّوْنَ ۝٥ ذٰلِكَ
عٰلِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ الْعَزِيْزُ الرَّحِيْمُ ۝٦ لا الَّذِيْٓ
اَحْسَنَ كُلَّ شَيْءٍ خَلَقَهٗ وَبَدَاَ خَلْقَ الْاِنْسَانِ
مِنْ طِيْنٍ ۝٧ ج ثُمَّ جَعَلَ نَسْلَهٗ مِنْ سُلٰلَةٍ مِّنْ مَّآءٍ
مَّهِيْنٍ ۝٨ ج ثُمَّ سَوّٰىهُ وَنَفَخَ فِيْهِ مِنْ رُّوْحِهٖ وَجَعَلَ
لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ وَالْاَفْـِٕدَةَ ط قَلِيْلًا مَّا تَشْكُرُوْنَ ۝٩
وَقَالُوْٓا ءَاِذَا ضَلَلْنَا فِي الْاَرْضِ ءَاِنَّا لَفِيْ خَلْقٍ
جَدِيْدٍ ۬ بَلْ هُمْ بِلِقَآئِ رَبِّهِمْ كٰفِرُوْنَ ۝١٠ قُلْ
يَتَوَفّٰىكُمْ مَّلَكُ الْمَوْتِ الَّذِيْ وُكِّلَ بِكُمْ ثُمَّ

(૩૨) સૂરઃ અસ્-સજદહ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૩ • આયતો : ૩૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલિફ-લામ-મીમ !

૨. આ ગ્રંથનું અવતરણ નિઃશંક સમગ્ર સૃષ્ટિના રબ (માલિક) તરફથી છે.

૩. શું આ લોકો કહે છે કે આ માણસે આને પોતે ઘડી કાઢ્યો છે ? નહીં, બલ્કે આ સત્ય છે તારા રબ (પ્રભુ) તરફથી જેથી તું સચેત કરે એક એવી કોમને જેના પાસે તારા પહેલાં કોઈ સચેત કરનાર નથી આવ્યો, કદાચ તેઓ સન્માર્ગ પામી જાય.

૪. તે અલ્લાહ જ છે જેણે આકાશો અને ધરતીને અને તે તમામ વસ્તુઓને જે તેમના વચ્ચે છે, છ દિવસોમાં પેદા કર્યા અને તે પછી સિંહાસન પર બિરાજમાન થયો, તેના સિવાય તમારો ન કોઈ સમર્થક અને સહાયક છે અને ન કોઈ તેના સામે ભલામણ કરનાર, પછી શું તમે ભાનમાં નહીં આવો ?

૫. તે આકાશથી ધરતી સુધીના દુનિયાના મામલાઓનું સંચાલન કરે છે અને આ સંચાલનની કાર્યવાહીનો અહેવાલ ઉપર તેના સમક્ષ જાય છે, એક એવા દિવસે જેનું પ્રમાણ તમારી ગણત્રી મુજબ એક હજાર વર્ષ છે.

૬. તે જ છે દરેક અદૃશ્ય અને દૃશ્યનો જાણનાર, પ્રભુત્વશાળી અને દયાળુ.

૭. જે વસ્તુ પણ તેણે બનાવી ઉમદા બનાવી. તેણે મનુષ્યના સર્જનની શરૂઆત ગારાથી કરી.

૮. પછી તેનો વંશ એક એવા સત્ત્વથી આગળ વધાર્યો જે તુચ્છ પાણી જેવો છે.

૯. પછી તેને નખશિખ ઠીક-ઠાક કર્યો અને તેના અંદર પોતાની રૂહ (આત્મા) ફૂંકી દીધી, અને તમને કાન આપ્યા, આંખો આપી અને હૃદય આપ્યા. તમે લોકો ભાગ્યે જ કૃતજ્ઞ થાઓ છો.

૧૦. અને આ લોકો કહે છે, ''જ્યારે અમે માટીમાં ભળી ગયા હોઈશું તો શું ફરી નવેસરથી પેદા કરવામાં આવીશું ?'' મૂળ વાત એ છે કે આ લોકો પોતાના રબ (પ્રભુ)ની મુલાકાતનો ઇન્કાર કરનારા છે.

૧૧. આમને કહો, ''મૃત્યુનો તે ફરિશ્તો જે તમારા પર નિયુક્ત કરવામાં આવ્યો છે, તમને આખાને આખા પોતાના કબજામાં લઈ લેશે અને

ع إِلَىٰ رَبِّكُمْ تُرْجَعُونَ ۝١١ وَلَوْ تَرَىٰ إِذِ الْمُجْرِمُونَ
نَاكِسُوا رُءُوسِهِمْ عِنْدَ رَبِّهِمْ ط رَبَّنَا أَبْصَرْنَا
وَسَمِعْنَا فَارْجِعْنَا نَعْمَلْ صَالِحًا إِنَّا مُوقِنُونَ ۝١٢ وَلَوْ
شِئْنَا لَآتَيْنَا كُلَّ نَفْسٍ هُدَاهَا وَلَٰكِنْ حَقَّ
الْقَوْلُ مِنِّي لَأَمْلَأَنَّ جَهَنَّمَ مِنَ الْجِنَّةِ وَالنَّاسِ
أَجْمَعِينَ ۝١٣ فَذُوقُوا بِمَا نَسِيتُمْ لِقَاءَ يَوْمِكُمْ هَٰذَا ج
إِنَّا نَسِينَاكُمْ وَذُوقُوا عَذَابَ الْخُلْدِ بِمَا كُنْتُمْ
تَعْمَلُونَ ۝١٤ إِنَّمَا يُؤْمِنُ بِآيَاتِنَا الَّذِينَ إِذَا ذُكِّرُوا
بِهَا خَرُّوا سُجَّدًا وَسَبَّحُوا بِحَمْدِ رَبِّهِمْ وَهُمْ لَا
السجدة ٩ يَسْتَكْبِرُونَ ۝١٥ السجدة تَتَجَافَىٰ جُنُوبُهُمْ عَنِ الْمَضَاجِعِ
يَدْعُونَ رَبَّهُمْ خَوْفًا وَطَمَعًا ز وَمِمَّا رَزَقْنَاهُمْ يُنْفِقُونَ ۝١٦
فَلَا تَعْلَمُ نَفْسٌ مَا أُخْفِيَ لَهُمْ مِنْ قُرَّةِ أَعْيُنٍ ج
جَزَاءً بِمَا كَانُوا يَعْمَلُونَ ۝١٧ أَفَمَنْ كَانَ مُؤْمِنًا
وقف غفران كَمَنْ كَانَ فَاسِقًا ط لَا يَسْتَوُونَ ۝١٨ أَمَّا الَّذِينَ آمَنُوا
وَعَمِلُوا الصَّالِحَاتِ فَلَهُمْ جَنَّاتُ الْمَأْوَىٰ ز نُزُلًا بِمَا
كَانُوا يَعْمَلُونَ ۝١٩ وَأَمَّا الَّذِينَ فَسَقُوا فَمَأْوَاهُمُ
النَّارُ ط كُلَّمَا أَرَادُوا أَنْ يَخْرُجُوا مِنْهَا أُعِيدُوا فِيهَا
وَقِيلَ لَهُمْ ذُوقُوا عَذَابَ النَّارِ الَّذِي كُنْتُمْ بِهِ
تُكَذِّبُونَ ۝٢٠ وَلَنُذِيقَنَّهُمْ مِنَ الْعَذَابِ الْأَدْنَىٰ

પછી તમે પોતાના રબ પાસે પાછા લાવવામાં આવશો." (રુકૂઅ-૧)

૧૨. કદાચ, તમે જુઓ તે સમય જ્યારે આ અપરાધીઓ માથું નમાવીને પોતાના રબના સામે ઊભા હશે. (તે વખતે આ લોકો કહી રહ્યા હશે કે) "હે અમારા રબ ! અમે બરાબર જોઈ લીધું અને સાંભળી લીધું. હવે અમને પાછા મોકલી આપ જેથી અમે સદ્કાર્ય કરીએ. હવે અમને વિશ્વાસ થઈ ગયો છે."

૧૩. (જવાબમાં કહેવામાં આવશે) "જો અમે ચાહતા તો પહેલાંથી જ દરેક જીવધારીને આનું માર્ગદર્શન આપી દેતા. પરંતુ મારી તે વાત પૂરી થઈ ગઈ જે મેં કહી હતી કે હું જહન્નમ (નર્ક)ને જિન્નાતો અને મનુષ્યો બધાથી ભરી દઈશ.

૧૪. તો હવે ચાખો સ્વાદ પોતાના આ કૃત્યનો કે તમે આ દિવસની મુલાકાતને ભુલાવી દીધી, અમે પણ હવે તમને ભુલાવી દીધા છે. તો હવે ચાખો હંમેશની યાતનાનો સ્વાદ પોતાના કૃત્યોના બદલામાં."

૧૫. અમારી આયતો પર તો તે લોકો ઈમાન લાવે છે, જેમને આ આયતો સંભળાવીને જ્યારે શિખામણ આપવામાં આવે છે તો સિજદામાં પડી જાય છે અને પોતાના રબ (પ્રભુ)ની પ્રશંસા સાથે તેના ગુણગાન (તસ્બીહ) કરે છે અને ઘમંડ કરતા નથી.

૧૬. તેમની પીઠો પથારીઓથી અળગી રહે છે, પોતાના રબ (પ્રભુ)ને ડર અને અભિલાષાની સાથે પોકારે છે અને જે કંઈ રોજી અમે તેમને આપી છે તેમાંથી ખર્ચ કરે છે.

૧૭. પછી જે કંઈ આંખોની ઠંડકનો સામાન તેમના કર્મોના બદલા રૂપે તેમના માટે છૂપાવી રાખવામાં આવ્યો છે તેની કોઈ જીવધારીને ખબર નથી.

૧૮. ભલા એવું કંઈ થઈ શકે છે કે જે માણસ ઈમાનવાળો (આજ્ઞાંકિત) હોય તે, એ માણસ જેવો થઈ જાય જે અવજ્ઞાકારી હોય ? આ બંને સરખા નથી હોઈ શકતા.

૧૯. જેઓ ઈમાન લાવ્યા છે અને જેમણે સદ્કાર્યો કર્યા છે તેમના માટે તો જન્નતોના રહેઠાણો છે, અતિથિ-સત્કારના સ્વરૂપે તેમના કર્મોના બદલામાં.

૨૦. અને જેમણે અવજ્ઞા અપનાવેલ છે તેમનું ઠેકાણું દોજખ (નર્ક) છે. જ્યારે પણ તેઓ તેમાંથી નીકળવા માગશે, તેમાં જ ધકેલી દેવામાં આવશે અને તેમને કહેવામાં આવશે કે ચાખો હવે તે જ આગની યાતનાનો સ્વાદ જેને તમે ખોટી ઠેરવતા હતા.

૨૧. તે મોટી યાતના પહેલાં અમે આ જ દુનિયામાં (કોઈને કોઈ નાની)

دُوْنَ الْعَذَابِ الْاَكْبَرِ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٢١﴾ وَمَنْ
اَظْلَمُ مِمَّنْ ذُكِّرَ بِاٰيٰتِ رَبِّهٖ ثُمَّ اَعْرَضَ عَنْهَا ط
ع ١١ ١٥ اِنَّا مِنَ الْمُجْرِمِيْنَ مُنْتَقِمُوْنَ ﴿٢٢﴾ ع وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى
الْكِتٰبَ فَلَا تَكُنْ فِيْ مِرْيَةٍ مِّنْ لِّقَآئِهٖ وَجَعَلْنٰهُ
هُدًى لِّبَنِيْٓ اِسْرَآءِيْلَ ج ﴿٢٣﴾ وَجَعَلْنَا مِنْهُمْ اَئِمَّةً
يَّهْدُوْنَ بِاَمْرِنَا لَمَّا صَبَرُوْا قف وَكَانُوْا بِاٰيٰتِنَا
يُوْقِنُوْنَ ﴿٢٤﴾ اِنَّ رَبَّكَ هُوَ يَفْصِلُ بَيْنَهُمْ يَوْمَ الْقِيٰمَةِ
فِيْمَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿٢٥﴾ اَوَلَمْ يَهْدِ لَهُمْ كَمْ
اَهْلَكْنَا مِنْ قَبْلِهِمْ مِّنَ الْقُرُوْنِ يَمْشُوْنَ فِيْ
مَسٰكِنِهِمْ ط اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ ط اَفَلَا يَسْمَعُوْنَ ﴿٢٦﴾
اَوَلَمْ يَرَوْا اَنَّا نَسُوْقُ الْمَآءَ اِلَى الْاَرْضِ الْجُرُزِ
فَنُخْرِجُ بِهٖ زَرْعًا تَاْكُلُ مِنْهُ اَنْعَامُهُمْ وَاَنْفُسُهُمْ ط
الثلثة اَفَلَا يُبْصِرُوْنَ ﴿٢٧﴾ وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْفَتْحُ اِنْ
كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٢٨﴾ قُلْ يَوْمَ الْفَتْحِ لَا يَنْفَعُ الَّذِيْنَ
منزل ٥ كَفَرُوْٓا اِيْمَانُهُمْ وَلَا هُمْ يُنْظَرُوْنَ ﴿٢٩﴾ فَاَعْرِضْ
ع ٣ ١٦ ٨ عَنْهُمْ وَانْتَظِرْ اِنَّهُمْ مُّنْتَظِرُوْنَ ﴿٣٠﴾ ع

યાતનાની મજા આ લોકોને ચખાડતા રહીશું, કદાચ આ લોકો (પોતાના વિદ્રોહપૂર્ણ વર્તનથી) રોકાઈ જાય.

૨૨. અને તેનાથી મોટો અત્યાચારી કોણ હશે જેને તેના રબ (પ્રભુ)ની આયતો દ્વારા શિખામણ આપવામાં આવે અને પછી તે તેનાથી મોઢું ફેરવી લે. આવા અપરાધીઓથી તો અમે બદલો લઈને રહીશું. (રુકૂઅ-૨)

૨૩. આના પહેલાં અમે મૂસાને ગ્રંથ આપી ચૂક્યા છીએ, આથી તે જ વસ્તુ મળે તો તમને કોઈ શંકા થવી ન જોઈએ. તે ગ્રંથને અમે ઈસરાઈલની સંતાન માટે માર્ગદર્શન બનાવ્યો હતો.

૨૪. અને જ્યારે તેમણે ધૈર્ય રાખ્યું અને અમારી આયતો પર વિશ્વાસ અપાવતા રહ્યા, તો તેમના અંદર અમે એવા આગેવાનો પેદા કર્યા જેઓ અમારી આજ્ઞાથી માર્ગદર્શન કરતા હતા.

૨૫. નિશ્ચિતપણે તારો રબ જ કયામત (પુનર્જીવન)ના દિવસે તે વાતોનો ફેંસલો કરશે જેમાં (બની ઈસરાઈલ) પરસ્પર મતભેદ કરતા રહ્યા છે.

૨૬. અને શું આ લોકોને (આ ઐતિહાસિક ઘટનાઓમાં) કોઈ માર્ગદર્શન ન મળ્યું કે આમના પહેલાં કેટલીય કોમોને અમે નષ્ટ કરી ચૂક્યા છીએ, જેમના રહેવાની જગ્યાઓમાં આજે આ લોકો હરેફરે છે ? આમાં મોટી નિશાનીઓ છે, શું આ લોકો સાંભળતા નથી ?

૨૭. અને શું આ લોકોએ આ દૃશ્ય ક્યારેય પણ નથી જોયું કે અમે એક સૂકી અને વેરાન ભૂમિ તરફ પાણી વહાવી લાવીએ છીએ અને પછી તે જ ભૂમિમાંથી તે પાક ઉગાડીએ છીએ, જેનાથી તેમના પશુઓને પણ ચારો મળે છે અને આ લોકો પોતે પણ ખાંય છે ? તો શું આમને કંઈ પણ નથી સૂઝતું ?

૨૮. આ લોકો કહે છે કે "આ ફેંસલો ક્યારે થશે, જો તમે સાચા છો ?"

૨૯. આમને કહો, "ફેંસલાના દિવસે ઈમાન લાવવું તે લોકો માટે સહેજ પણ લાભદાયક નહીં નીવડે, જેમણે ઈન્કાર (કુફ્ર) કર્યો છે અને પછી તેમને કોઈ મહેતલ નહીં મળે."

૩૦. ભલે, એમને એમની હાલત પર છોડી દો અને પ્રતીક્ષા કરો, આ લોકો પણ પ્રતીક્ષા કરી રહ્યા છે. (રુકૂઅ-૩)

(૩૩) અલ-અહ્ઝાબ

પરિચય

નામ :

આયત ૨૦ના વાક્ય 'યહ્સબૂનલ્ અહ્ઝાબ લમ્ યઝ્હબૂ' (આ લોકો સમજી રહ્યા છે કે આક્રમણ લઈને આવેલા જૂથો)થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

(આ સૂરઃ મદીનામાં ઊતરી છે.) આ સૂરઃના વિષયોનો સંબંધ ત્રણ મહત્ત્વપૂર્ણ બનાવોથી છે –

એક, અહ્ઝાબનું યુદ્ધ, જે શવ્વાલ હિ.સ. ૦૫માં થયું,

બીજો, બની કુરૈઝાનું યુદ્ધ, જે ઝિલ્કઅદ હિ.સ. ૦૫માં બન્યો,

ત્રીજો, હઝરત ઝૈનબ (રદિ.)થી પયગંબર (સલ્લ.)ના નિકાહ, જે આ જ વર્ષે ઝિલ્કઅદમાં થયા.

આ ઐતિહાસિક બનાવોથી સૂરઃનો ઉતરાણકાળ બરાબર નક્કી થઈ જાય છે, (અને આ જ બનાવો આ સૂરઃની ઐતિહાસિક પશ્ચાદભૂમિ પણ છે.)

સામાજિક સુધારણા :

ઉહદના અને અહઝાબના યુદ્ધના વચ્ચે બે વર્ષનો સમયગાળો, આમ તો જો કે એવી ઊથલપાથલોનો હતો, જેના કારણે પયગંબર (સલ્લ.) અને આપના સાથીઓ (રદિ.)ને એક દિવસ માટે પણ સુખ-શાંતિ પ્રાપ્ત ન થઈ. તેમ છતાં આ સમગ્ર મુદ્દત દરમ્યાન નવીન મુસ્લિમ સમાજનું નિર્માણ અને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સુધારણાનું કાર્ય નિરંતર ચાલતું રહ્યું. આ જ સમય હતો, જેમાં મુસલમાનોના નિકાહ અને તલાકના કાયદાઓ મોટાભાગે સંપન્ન થઈ ગયા. વારસાનો કાયદો બન્યો, દારૂ અને જૂગારને હરામ ઠેરવવામાં આવ્યા, (પરદાના આદેશો આવવાના શરૂ થયા) અને અર્થવ્યવસ્થા અને સમાજના બીજાં ઘણા વિભાગોમાં નવા કાયદાઓ લાગુ કરવામાં આવ્યા.

વિષય અને ચર્ચા :

આ આખી સૂરઃ એક જ પ્રવચન નથી, જે એક જ સમયે અવતરિત

થયું હોય, બલ્કે આ અસંખ્ય આદેશો, ફરમાનો અને પ્રવચનો પર આધારિત છે. તેના નિમ્નલિખિત અંશો સ્પષ્ટપણે અલગ-અલગ દેખાઈ રહ્યા છે –

(૧) આયત ૧ થી ૮ સુધીનો ભાગ અહ્ઝાબના યુદ્ધના થોડા સમય પહેલાં ઊતર્યો હોય તેવું લાગે છે, એના અવતરણ વખતે હઝરત ઝૈદ (રદિ.) હઝરત ઝૈનબ (રદિ.)ને તલાક આપી ચૂક્યા હતા. નબી (સલ્લ.) એ જરૂરિયાત અનુભવી રહ્યા હતા કે દત્તક પુત્ર વિષેના અજ્ઞાનતાકાળનાની ધારણાઓ (ને સમાપ્ત કરવા માટે હઝરત ઝૈનબ રદિ. સાથે પોતે નિકાહ કરી લે) પરંતુ તેના સાથે જ એ કારણે ખૂબ દ્વિધામાં હતા કે જો (મેં આવું) કર્યું તો ઇસ્લામ વિરુધ્ધ તોફાન જગાવવા માટે મુનાફિકો (દંભીઓ) અને યહૂદીઓ અને મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)ને એક મોટો મુદ્દો હાથ લાગી જશે.

(૨) આયત ૯ થી ૨૭ સુધીમાં અહ્ઝાબ અને બની કુરૈઝાની લડાઈઓની સમીક્ષા કરવામાં આવી છે. આ તે વાતની સ્પષ્ટ નિશાની છે કે આ આયતો આ લડાઈઓ પછી ઊતરી છે.

(૩) આયત ૨૮ના આરંભથી આયત ૩૫ સુધીનું પ્રવચન બે વિષયો પર આધારિત છે. પહેલા ભાગમાં નબી (સલ્લ.)ની પત્નીઓને, જે તે વખતે તંગી અને મુસીબતના સમયમાં ધીરજ ખોઈ રહી હતી, અલ્લાહે સચેત કરી છે કે દુનિયા અને તેની શોભા તથા અલ્લાહ અને રસૂલ અને આખિરતમાંથી કોઈ એકને પસંદ કરી લો. બીજા ભાગમાં તે સામાજિક સુધારણાના પ્રથમ પગલા રૂપે પુનિત પત્નીઓને આદેશ આપવામાં આવ્યો છે કે અજ્ઞાનતાકાળના સાજ-શણગારથી દૂર રહે, માન-મર્યાદાથી પોતાના ઘરોમાં બેસે અને અજાણ્યા પુરુષો સાથે વાતચીત કરવામાં અત્યંત સાવધાની રાખે. આ પરદાના આદેશનો આરંભ હતો.

(૪) આયત ૩૬ થી ૪૮ સુધીનો વિષય હઝરત ઝૈનબ (રદિ.)ના સાથે નબી (સલ્લ.)ના નિકાહના અનુસંધાનમાં છે. આમાં તે તમામ વાંધાઓનો જવાબ આપવામાં આવ્યો છે જે વિરોધીઓ તરફથી આ નિકાહ સામે ઊઠાવવામાં આવી રહ્યા હતા.

(૫) આયત ૪૯માં તલાકના કાનૂનની એક કલમ વર્ણવવામાં આવી છે. આ એક અલગ આયત છે જે સંભવતઃ તે જ બનાવોના અનુસંધાનમાં કોઈ પ્રસંગે ઊતરી હતી.

(૬) આયત ૫૦-૫૨ માં નબી (સલ્લ.) માટે નિકાહના ખાસ નિયમો વર્ણવવામાં આવ્યાં છે.

(૭) આયત ૫૩-૫૫ માં સામાજિક સુધારણાનું બીજું પગલું ભરવામાં આવ્યું છે. આ નીચે જણાવેલ આદેશો પર આધારીત છે –

– નબી (સલ્લ.)ના ઘરોમાં પારકા પુરુષોના આવવા-જવા પર પ્રતિબંધ. મુલાકાત અને ભોજન-આમંત્રણના નિયમો. નબી (સલ્લ.)ની પત્નીઓ વિષે એ આદેશ કે તેઓ મુસલમાનો માટે માતાની જેમ હરામ છે.

(૮) આયત ૫૬ અને ૫૭ માં તે નિરાધાર ગુસપુસ માટે કડક ચેતવણી આપવામાં આવી છે, જે નબી (સલ્લ.)ના નિકાહ અને આપના ઘરેલુ જીવન વિષે કરવામાં આવી રહી હતી.

(૯) આયત ૫૯ માં સામાજિક સુધારણાનું ત્રીજું પગલું ભરવામાં આવ્યું છે. આમાં તમામ મુસ્લિમ સ્ત્રીઓને એ આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ જ્યારે ઘરોમાંથી બહાર નીકળે તો ચાદરોથી પોતાને ઢાંકીને અને ઘુમટો તાણીને નીકળે. આના પછી સૂરઃના અંત સુધી અફવાઓ ફેલાવવાની ઝુંબેશ (Whispering Campaign)ની કડક નિંદા કરવામાં આવી છે જે મુનાફિકો, મૂર્ખ લોકો અને નીચ સ્વભાવના માણસોએ તે વખતે ચલાવી રાખી હતી.

(૩૪) સબા

પરિચય

નામ :

આયત ૧૫ ના વાક્ય 'લકદ્ કાન લિ-સબઈન્ ફી મસ્કનિહિમ આયતુન્' (સબા માટે તેમના પોતાના મકાનમાં જ એક નિશાની મોજૂદ હતી)થી લેવામાં આવ્યું છે. તાત્પર્ય એ છે કે તે સૂરઃ જેમાં સબાનો ઉલ્લેખ થયો છે.

ઉતરાણકાળ :

આના અવતરીત થવાનો સમય કોઈ આધારભૂત કથનો ઉપરથી જાણી શકાતો નથી. અલબત્ત વર્ણનશૈલી પરથી એવું લાગે છે કે કાં તો તે મક્કાનો મધ્યકાળ છે અથવા આરંભિક કાળ અને જો મધ્યકાળ છે તો સંભવતઃ તેનો શરૂઆતનો સમય છે, જયારે કે અત્યાચાર અને દમનમાં તીવ્રતા આવી ન હતી.

વિષય અને ચર્ચા :

આ સૂરઃમાં કાફિરો (વિધર્મીઓ)ના તે આક્ષેપોનો જવાબ આપવામાં આવ્યો છે, જે તેઓ પયગંબર (સલ્લ.)ના તૌહીદ (એકેશ્વરવાદ) અને આખિરત (પરલોક)ના આમંત્રણ પર અને સ્વયં આપની પયગંબરી પર મોટાભાગે વ્યંગ અને અને ઉપહાસ અને અશ્લીલ આક્ષેપોના સ્વરૂપમાં પ્રસ્તુત કરતા હતા. તે આક્ષેપોનો જવાબ ક્યાંક તો તેમને નોંધ સ્વરૂપમાં આપવામાં આવ્યો છે અને ક્યાંક પ્રવચનથી સ્વયં એ સ્પષ્ટ થઈ જાય છે કે આ કયા આક્ષેપનો જવાબ છે. જવાબો મોટાભાગે શિખામણ, યાદ અપાવવા તથા દલીલોના રૂપમાં મનમાં ઉતારવાની શૈલીમાં છે, પરંતુ ક્યાંક-ક્યાંક વિધર્મીઓને તેમના હઠાગ્રહના ખરાબ અંજામથી ડરાવવામાં પણ આવ્યા છે. આ જ અનુસંધાનમાં હઝરત દાઊદ (અલૈ.), હઝરત સુલૈમાન (અલૈ.) અને સબાની કોમના પ્રસંગો તે હેતુથી વર્ણવવામાં આવ્યા છે કે તમારા સામે ઇતિહાસના આ બંને દૃષ્ટાંતો મોજૂદ છે. આ બંને દૃષ્ટાંતોને નજર સમક્ષ રાખીને પોતે જ અભિપ્રાય બાંધી લો કે તૌહીદ અને આખિરત પર વિશ્વાસ અને નેઅ્મત (કૃપા) પ્રત્યે કૃતજ્ઞતાથી જે જીવન બને છે, તે વધુ સારું છે કે તે જીવન જે કુફ્ર અને શિર્ક તથા આખિરતના ઇન્કાર અને દુનિયાપરસ્તીના પાયા ઉપર રચાય છે.

اٰیاتھا ٧٣ — (٣٣) سُوْرَةُ الْاَحْزَابِ مَدَنِيَّةٌ (٩٠) — رکوعاتھا ٩

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰۤاَيُّهَا النَّبِيُّ اتَّقِ اللّٰهَ وَلَا تُطِعِ الْكٰفِرِيْنَ وَالْمُنٰفِقِيْنَ ؕ
اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا حَكِيْمًا ﴿١﴾ وَّاتَّبِعْ مَا يُوْحٰۤى اِلَيْكَ
مِنْ رَّبِّكَ ؕ اِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ﴿٢﴾
وَّتَوَكَّلْ عَلَى اللّٰهِ ؕ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ﴿٣﴾ مَا جَعَلَ
اللّٰهُ لِرَجُلٍ مِّنْ قَلْبَيْنِ فِيْ جَوْفِهٖ ۚ وَمَا جَعَلَ
اَزْوَاجَكُمُ الّٰٓـِٔيْ تُظٰهِرُوْنَ مِنْهُنَّ اُمَّهٰتِكُمْ ۚ وَمَا
جَعَلَ اَدْعِيَآءَكُمْ اَبْنَآءَكُمْ ؕ ذٰلِكُمْ قَوْلُكُمْ
بِاَفْوَاهِكُمْ ؕ وَاللّٰهُ يَقُوْلُ الْحَقَّ وَهُوَ يَهْدِي السَّبِيْلَ ﴿٤﴾
اُدْعُوْهُمْ لِاٰبَآئِهِمْ هُوَ اَقْسَطُ عِنْدَ اللّٰهِ ۚ فَاِنْ
لَّمْ تَعْلَمُوْۤا اٰبَآءَهُمْ فَاِخْوَانُكُمْ فِي الدِّيْنِ وَمَوَالِيْكُمْ ؕ
وَلَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ فِيْمَاۤ اَخْطَاْتُمْ بِهٖ ۙ وَلٰكِنْ
مَّا تَعَمَّدَتْ قُلُوْبُكُمْ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا
رَّحِيْمًا ﴿٥﴾ اَلنَّبِيُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ
وَاَزْوَاجُهٗۤ اُمَّهٰتُهُمْ ؕ وَاُولُوا الْاَرْحَامِ بَعْضُهُمْ اَوْلٰى
بِبَعْضٍ فِيْ كِتٰبِ اللّٰهِ مِنَ الْمُؤْمِنِيْنَ وَالْمُهٰجِرِيْنَ
اِلَّاۤ اَنْ تَفْعَلُوْۤا اِلٰۤى اَوْلِيٰٓئِكُمْ مَّعْرُوْفًا ؕ كَانَ ذٰلِكَ
فِي الْكِتٰبِ مَسْطُوْرًا ﴿٦﴾ وَاِذْ اَخَذْنَا مِنَ النَّبِيّٖنَ

(૩૩) સૂરઃ અલ-અહ્ઝાબ

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૯ ● આયતો : ૭૩)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હે પયગંબર ! અલ્લાહથી ડરો અને કાફિરો (ઇન્કાર કરનારાઓ)અને મુનાફિકો (દંભીઓ)નું અનુસરણ ન કરો. હકીકતમાં સર્વજ્ઞ અને તત્ત્વદર્શી તો અલ્લાહ જ છે.

૨. અનુસરણ કરો તે વાતનું જેનો નિર્દેશ તમારા રબ (માલિક અને પાલનહાર) તરફથી તમને કરવામાં આવી રહ્યો છે, અલ્લાહ તે દરેક વાતથી વાકેફ છે જે તમે લોકો કરો છો.

૩. અલ્લાહ પર ભરોસો રાખો, અલ્લાહ જ ભરોસા માટે પૂરતો છે.

૪. અલ્લાહે કોઈ પણ વ્યક્તિના શરીરમાં બે હૃદય નથી મૂક્યા, ન તેણે તમારા લોકોની તે પત્નીઓને જેમના સાથે તમે ઝિહાર★ કરો છો તમારી માતા બનાવી દીધી છે, અને ન તેણે તમારા પાલક-પુત્રોને તમારા સગા પુત્રો બનાવ્યા છે. આ તો તે વાતો છે જે તમે લોકો મોઢેથી બોલી નાખો છો. પણ અલ્લાહ તે વાત કહે છે જે સત્ય ઉપર આધારિત છે, અને તે જ સાચી પદ્ધતિ તરફ માર્ગદર્શન કરે છે.

૫. પાલક-પુત્રોને તેમના પિતાઓના સંબંધથી બોલાવો, આ અલ્લાહના નજીક વધુ ન્યાયોચિત વાત છે અને જો તમને ખબર ન હોય કે તેમના પિતાઓ કોણ છે તો તેઓ તમારા દીની (ધર્મના) ભાઈ અને સાથી છે. અજાણતાં જે વાત તમે કહો તેના માટે તમારી કોઈ પકડ નથી, પરંતુ તે વાત માટે અવશ્ય પકડ છે જેનો તમે દિલથી ઇરાદો કરો. અલ્લાહ દરગુજર કરનાર અને દયાળુ છે.

૬. નિઃશંક નબી (પયગંબર)ને તો ઈમાનવાળાઓ માટે તેમના પોતાના સ્વયં ઉપર પ્રાથમિકતા પ્રાપ્ત છે, અને નબીની પત્નીઓ તેમની માતાઓ છે, પરંતુ અલ્લાહના ગ્રંથ અનુસાર સામાન્ય ઈમાનવાળાઓ અને હિજરત કરનારાઓની સરખામણીમાં સગાઓ એક-બીજાના વધુ હક્કદાર છે. અલબત્ત પોતાના સાથીઓ સાથે તમે કોઈ ભલાઈ (કરવા ઇચ્છો તો) કરી શકો છો. આ આદેશ અલ્લાહના ગ્રંથમાં લખેલો છે.

૭. અને (હે નબી !) યાદ રાખો તે પ્રતિજ્ઞા અને વચનને જે અમે બધા જ

★ 'ઝિહાર' એટલે પત્નીને માતા સાથે સરખાવવી. અજ્ઞાનતા કાળમાં જ્યારે લોકો પોતાની પત્નીઓ સાથે ઝઘડતા તો એવું કહી દેતા હતા કે હવેથી તું મારા માટે મારી માતાની પીઠની જેમ હરામ—અવૈધ છે. આને 'ઝિહાર' કરવું કહેવામાં આવતું હતું.

مِيْثَاقَهُمْ وَمِنْكَ وَمِنْ نُّوْحٍ وَّاِبْرٰهِيْمَ وَمُوْسٰى
وَعِيْسَى ابْنِ مَرْيَمَ ص وَاَخَذْنَا مِنْهُمْ مِّيْثَاقًا غَلِيْظًا ۝۷ ۙ
لِّيَسْـَٔلَ الصّٰدِقِيْنَ عَنْ صِدْقِهِمْ ۚ وَاَعَدَّ لِلْكٰفِرِيْنَ
ع ۸/۱۷ عَذَابًا اَلِيْمًا ۝۸ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ
عَلَيْكُمْ اِذْ جَآءَتْكُمْ جُنُوْدٌ فَاَرْسَلْنَا عَلَيْهِمْ رِيْحًا
وَّجُنُوْدًا لَّمْ تَرَوْهَا ۭ وَكَانَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرًا ۝۹
اِذْ جَآءُوْكُمْ مِّنْ فَوْقِكُمْ وَمِنْ اَسْفَلَ مِنْكُمْ وَاِذْ
زَاغَتِ الْاَبْصَارُ وَبَلَغَتِ الْقُلُوْبُ الْحَنَاجِرَ وَتَظُنُّوْنَ
بِاللّٰهِ الظُّنُوْنَا ۝۱۰ هُنَالِكَ ابْتُلِيَ الْمُؤْمِنُوْنَ وَزُلْزِلُوْا
زِلْزَالًا شَدِيْدًا ۝۱۱ وَاِذْ يَقُوْلُ الْمُنٰفِقُوْنَ وَالَّذِيْنَ
فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ مَّا وَعَدَنَا اللّٰهُ وَرَسُوْلُهٗۤ
اِلَّا غُرُوْرًا ۝۱۲ وَاِذْ قَالَتْ طَّآئِفَةٌ مِّنْهُمْ يٰۤاَهْلَ
يَثْرِبَ لَا مُقَامَ لَكُمْ فَارْجِعُوْا ۚ وَيَسْتَاْذِنُ فَرِيْقٌ
مِّنْهُمُ النَّبِيَّ يَقُوْلُوْنَ اِنَّ بُيُوْتَنَا عَوْرَةٌ ۛ وَمَا هِيَ
مع بِعَوْرَةٍ ۚ اِنْ يُّرِيْدُوْنَ اِلَّا فِرَارًا ۝۱۳ وَلَوْ دُخِلَتْ
عَلَيْهِمْ مِّنْ اَقْطَارِهَا ثُمَّ سُىِٕلُوا الْفِتْنَةَ لَاٰتَوْهَا
وَمَا تَلَبَّثُوْا بِهَآ اِلَّا يَسِيْرًا ۝۱۴ وَلَقَدْ كَانُوْا عَاهَدُوا
اللّٰهَ مِنْ قَبْلُ لَا يُوَلُّوْنَ الْاَدْبَارَ ۭ وَكَانَ عَهْدُ اللّٰهِ
مَسْـُٔوْلًا ۝۱۵ قُلْ لَّنْ يَّنْفَعَكُمُ الْفِرَارُ اِنْ فَرَرْتُمْ مِّنَ

પયગંબરો પાસેથી લીધેલ છે. તમારાથી પણ અને નૂહ અને ઈબ્રાહીમ અને મૂસા અને મરયમના પુત્ર ઈસાથી પણ. બધાથી અમે પાકું વચન લઈ ચૂક્યા છીએ,

૮. જેથી સાચા લોકોને (તેમનો રબ) તેમની સચ્ચાઈ વિષે પૂછે, અને કાફિરો (ઇન્કાર કરનારાઓ) માટે તો તેણે દુઃખદાયી યાતના તૈયાર કરી જ રાખી છે. (રુકૂઅ-૧)

૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! યાદ કરો અલ્લાહના ઉપકારને જે (હમણાં જ) તેણે તમારા પર કર્યો છે, જ્યારે કે લશ્કરો તમારા ઉપર ચઢી આવ્યા તો અમે તેમના ઉપર એક સખત આંધી મોકલી દીધી અને એવા લશ્કર રવાના કર્યા જે તમને દેખાતા ન હતા. અલ્લાહ તે બધું જોઈ રહ્યો હતો જે તમે તે વખતે કરી રહ્યા હતા.

૧૦. જ્યારે દુશ્મન ઉપરથી અને નીચેથી તમારા પર ચઢી આવ્યા, જ્યારે ભયથી આંખો પથરાઈ ગઈ, કાળજાં મોઢે આવી ગયા, અને તમે લોકો અલ્લાહ વિષે જાત-જાતની કલ્પનાઓ કરવા લાગ્યા,

૧૧. તે વખતે ઈમાન લાવનારાઓને સખત રીતે અજમાવવામાં આવ્યા અને ખરાબ રીતે હચમચાવી નાખવામાં આવ્યા.

૧૨. યાદ કરો તે સમય જ્યારે દંભીઓ અને તે સૌ લોકો જેમના હૃદયોમાં રોગ હતો ચોખ્ખે-ચોખ્ખું કહેતા હતા કે અલ્લાહ અને તેના રસૂલે જે વાયદાઓ અમારા સાથે કર્યા હતા તે છેતરપિંડી સિવાય કંઈ ન હતા.

૧૩. જ્યારે તેમનામાંથી એક જૂથે કહ્યું, ''હે યસરિબના લોકો ! તમારા માટે હવે રોકાવાનો કોઈ પ્રસંગ નથી, પાછા ફરી જાવ.'' જ્યારે તેમનું એક જૂથ આમ કહીને પયગંબરથી પાછા જવાની રજા માગી રહ્યું હતું કે ''અમારા ઘરો જોખમમાં છે.'' જો કે તે જોખમમાં ન હતા, વાસ્તવમાં તેઓ (લડાઈના મોરચેથી) ભાગવા માગતા હતા.

૧૪. જો શહેરના આસપાસથી દુશ્મનો ઘૂસી આવ્યા હોત અને તે વખતે તેમને ઉપદ્રવ (ફિત્ના) તરફ બોલાવવામાં આવતા તો આ લોકો તેમાં જરૂર સામેલ થઈ જતા અને ઉપદ્રવમાં સામેલ થવામાં તેમને ભાગ્યે જ સંકોચ થતો.

૧૫. આ લોકોએ આ પહેલાં અલ્લાહ સાથે કરાર કર્યો હતો કે આ લોકો પીઠ નહીં દેખાડે, અને અલ્લાહ સાથે કરેલા કરારની પૂછપરછ તો થવાની જ હતી.

૧૬. હે પયગંબર ! આમને કહો, જો તમે મૃત્યુ કે કતલ થવાથી ભાગો તો

الْمَوْتِ اَوِ الْقَتْلِ وَ اِذًا لَّا تُمَتَّعُوْنَ اِلَّا قَلِیْلًا ﴿۱۶﴾
قُلْ مَنْ ذَا الَّذِیْ یَعْصِمُكُمْ مِّنَ اللّٰهِ اِنْ اَرَادَ بِكُمْ
سُوْٓءًا اَوْ اَرَادَ بِكُمْ رَحْمَةً ؕ وَ لَا یَجِدُوْنَ لَهُمْ مِّنْ
دُوْنِ اللّٰهِ وَلِیًّا وَّ لَا نَصِیْرًا ﴿۱۷﴾ قَدْ یَعْلَمُ اللّٰهُ
الْمُعَوِّقِیْنَ مِنْكُمْ وَ الْقَآىِٕلِیْنَ لِاِخْوَانِهِمْ هَلُمَّ اِلَیْنَا ۚ
وَ لَا یَاْتُوْنَ الْبَاْسَ اِلَّا قَلِیْلًا ﴿۱۸﴾ اَشِحَّةً عَلَیْكُمْ ۖۚ
فَاِذَا جَآءَ الْخَوْفُ رَاَیْتَهُمْ یَنْظُرُوْنَ اِلَیْكَ تَدُوْرُ
اَعْیُنُهُمْ كَالَّذِیْ یُغْشٰى عَلَیْهِ مِنَ الْمَوْتِ ۚ فَاِذَا
ذَهَبَ الْخَوْفُ سَلَقُوْكُمْ بِاَلْسِنَةٍ حِدَادٍ اَشِحَّةً عَلَى
الْخَیْرِ ؕ اُولٰٓىِٕكَ لَمْ یُؤْمِنُوْا فَاَحْبَطَ اللّٰهُ اَعْمَالَهُمْ ؕ
وَ كَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ یَسِیْرًا ﴿۱۹﴾ یَحْسَبُوْنَ الْاَحْزَابَ لَمْ
یَذْهَبُوْا ۚ وَ اِنْ یَّاْتِ الْاَحْزَابُ یَوَدُّوْا لَوْ اَنَّهُمْ
بَادُوْنَ فِی الْاَعْرَابِ یَسْاَلُوْنَ عَنْ اَنْۢبَآىِٕكُمْ ؕ وَ لَوْ
كَانُوْا فِیْكُمْ مَّا قٰتَلُوْۤا اِلَّا قَلِیْلًا ﴿۲۰﴾ ع لَقَدْ كَانَ لَكُمْ
فِیْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ لِّمَنْ كَانَ یَرْجُوا اللّٰهَ وَ
الْیَوْمَ الْاٰخِرَ وَ ذَكَرَ اللّٰهَ كَثِیْرًا ﴿۲۱﴾ وَ لَمَّا رَاَ الْمُؤْمِنُوْنَ
الْاَحْزَابَ ۙ قَالُوْا هٰذَا مَا وَعَدَنَا اللّٰهُ وَ رَسُوْلُهٗ وَ
صَدَقَ اللّٰهُ وَ رَسُوْلُهٗ ز وَ مَا زَادَهُمْ اِلَّاۤ اِیْمَانًا
وَّ تَسْلِیْمًا ﴿۲۲﴾ مِنَ الْمُؤْمِنِیْنَ رِجَالٌ صَدَقُوْا مَا

ع ۲ ۱۸

આ ભાગવું તમારા માટે સહેજ પણ લાભપ્રદ નહીં હોય. આ પછી જિંદગીની મજા લૂંટવાનો થોડો જ સમય તમને મળી શકશે.

૧૭. આમને કહો, કોણ છે જે તમને અલ્લાહથી બચાવી શકતો હોય, જો તે તમને નુકસાન પહોંચાડવા માગે ? અને કોણ તેની કૃપાને રોકી શકે છે જો તે તમારા ઉપર કૃપા કરવા ચાહે ? અલ્લાહ સામે તો આ લોકો કોઈ સમર્થક અને સહાયક નથી મેળવી શકતા.

૧૮ અલ્લાહ તમારામાંથી તે લોકોને સારી રીતે જાણે છે જેઓ (યુદ્ધની કામગીરીમાં) અડચણો ઊભી કરનારા છે, જેઓ પોતાના ભાઈઓને કહે છે કે "આવો અમારા તરફ." જેઓ લડાઈમાં ભાગ લે પણ છે, તો બસ નામ ગણાવવા માટે,

૧૯. જેઓ તમારો સાથ આપવામાં ખૂબ જ કંજૂસ છે. જોખમનો પ્રસંગ આવી જાય તો એવી રીતે આંખો ફેરવી-ફેરવીને તમારા તરફ જુએ છે જેમ કે મરવા પડેલ વ્યક્તિ પર બેહોશી છવાઈ રહી હોય. પરંતુ જ્યારે જોખમ ટળી જાય છે તો આ જ લોકો ફાયદાઓના લાલચુ બનીને કાતરની જેમ ચાલતી જીભો લઈને તમારા સ્વાગતં માટે આવી જાય છે. આ લોકો કદાપિ ઈમાન લાવ્યા નથી, તેથી જ અલ્લાહે તેમના બધા કર્મો વ્યર્થ કરી દીધા અને આમ કરવું અલ્લાહ માટે ખૂબ સરળ છે.

૨૦. આ લોકો સમજી રહ્યા છે કે આક્રમણ લઈને આવેલા જૂથો હજુ ગયા નથી અને તેઓ જો ફરી હુમલો લઈ આવે તો તેમનું મન ચાહે છે કે તે વખતે ક્યાંક વેરાન રણમાં બદ્દુઓ વચ્ચે જઈને બેસે અને ત્યાંથી જ તમારા સમાચાર પૂછતા રહે, તે ઉપરાંત પણ જો આ લોકો તમારા વચ્ચે રહે, તો પણ યુદ્ધમાં ઓછો જ ભાગ લેશે (રુકૂઅ-૨)

૨૧. હકીકતમાં તમારા માટે અલ્લાહના રસૂલ (ઈશદૂત)માં એક ઉત્તમ આદર્શ હતો, દરેક તે વ્યક્તિ માટે જે અલ્લાહ અને આખિરત (પરલોક)ના દિવસની અપેક્ષા રાખતો હોય અને અલ્લાહનું પુષ્કળ પ્રમાણમાં સ્મરણ કરે.

૨૨. અને સાચા ઈમાનવાળાઓ (ની હાલત તે વખતે એ હતી કે) જ્યારે તેમણે આક્રમણ લઈને આવતા લશ્કરોને જોયા તો પોકારી ઊઠ્યા કે "આ તે જ વસ્તુ છે જેનો અલ્લાહ અને તેના રસૂલે અમારા સાથે વાયદો કર્યો હતો, અલ્લાહ અને તેના રસૂલની વાત તદ્દન સાચી હતી." આ ઘટનાએ તેમના ઈમાન અને સમર્પણની ભાવનાને ઓર વધારી દીધા.

૨૩. ઈમાન લાવનારાઓમાં એવાં લોકો મોજૂદ છે જેમણે અલ્લાહ સાથે

عَاهَدُوا اللّٰهَ عَلَيْهِ ۚ فَمِنْهُمْ مَّنْ قَضٰى نَحْبَهٗ وَمِنْهُمْ
مَّنْ يَّنْتَظِرُ ۖ وَمَا بَدَّلُوْا تَبْدِيْلًا ﴿٢٣﴾ لِّيَجْزِيَ اللّٰهُ
الصّٰدِقِيْنَ بِصِدْقِهِمْ وَيُعَذِّبَ الْمُنٰفِقِيْنَ اِنْ شَآءَ
اَوْ يَتُوْبَ عَلَيْهِمْ ۗ اِنَّ اللّٰهَ كَانَ غَفُوْرًا رَّحِيْمًا ﴿٢٤﴾ ۚ
وَرَدَّ اللّٰهُ الَّذِيْنَ كَفَرُوْا بِغَيْظِهِمْ لَمْ يَنَالُوْا خَيْرًا ۗ وَ
كَفَى اللّٰهُ الْمُؤْمِنِيْنَ الْقِتَالَ ۗ وَكَانَ اللّٰهُ قَوِيًّا عَزِيْزًا ﴿٢٥﴾ ۚ
وَاَنْزَلَ الَّذِيْنَ ظَاهَرُوْهُمْ مِّنْ اَهْلِ الْكِتٰبِ مِنْ
صَيَاصِيْهِمْ وَقَذَفَ فِيْ قُلُوْبِهِمُ الرُّعْبَ فَرِيْقًا تَقْتُلُوْنَ
وَتَاْسِرُوْنَ فَرِيْقًا ﴿٢٦﴾ ۚ وَاَوْرَثَكُمْ اَرْضَهُمْ وَدِيَارَهُمْ
وَاَمْوَالَهُمْ وَاَرْضًا لَّمْ تَطَئُوْهَا ۗ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ
شَيْءٍ قَدِيْرًا ﴿٢٧﴾ يٰۤاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ اِنْ ع ٣ ٧ ١٩
كُنْتُنَّ تُرِدْنَ الْحَيٰوةَ الدُّنْيَا وَزِيْنَتَهَا فَتَعَالَيْنَ
اُمَتِّعْكُنَّ وَاُسَرِّحْكُنَّ سَرَاحًا جَمِيْلًا ﴿٢٨﴾ وَاِنْ كُنْتُنَّ
تُرِدْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ وَالدَّارَ الْاٰخِرَةَ فَاِنَّ اللّٰهَ
اَعَدَّ لِلْمُحْسِنٰتِ مِنْكُنَّ اَجْرًا عَظِيْمًا ﴿٢٩﴾ يٰنِسَآءَ النَّبِيِّ
مَنْ يَّاْتِ مِنْكُنَّ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ يُّضٰعَفْ لَهَا
الْعَذَابُ ضِعْفَيْنِ ۗ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ﴿٣٠﴾
وَمَنْ يَّقْنُتْ مِنْكُنَّ لِلّٰهِ وَرَسُوْلِهٖ وَتَعْمَلْ صَالِحًا
نُّؤْتِهَآ اَجْرَهَا مَرَّتَيْنِ ۙ وَاَعْتَدْنَا لَهَا رِزْقًا كَرِيْمًا ﴿٣١﴾

કરેલા વાયદાને સાચો કરી દેખાડ્યો છે. તેમનામાંથી કોઈ પોતાની માનતા પૂરી કરી ચૂક્યો અને કોઈ સમય આવવાની રાહ જુએ છે. તેમણે પોતાના વલણમાં કોઈ ફેરફાર કર્યો નથી.

૨૪. (આ બધું એટલા માટે થયું) જેથી અલ્લાહ સાચા લોકોને તેમની સચ્ચાઈનો બદલો આપે અને મુનાફિકો (દંભીઓ)ને ચાહે તો સજા કરે અને ચાહે તો તેમની તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ)નો સ્વીકાર કરી લે, નિઃશંક અલ્લાહ માફ કરનાર અને દયાળુ છે.

૨૫. અલ્લાહે કાફિરો (ઇન્કાર કરનારાઓ)ના મોઢાં ફેરવી દીધા, તેઓ કોઈ પણ લાભ પ્રાપ્ત કર્યા વિના જ પોતાના દિલમાં બળતરા લઈને આમ જ પાછા ફર્યા, અને ઈમાનવાળાઓ તરફથી અલ્લાહ જ લડવા માટે પૂરતો થઈ ગયો, અલ્લાહ ખૂબ શક્તિશાળી અને પ્રભુત્વશાળી છે.

૨૬. પછી ગ્રંથવાળાઓમાંથી જેમણે આ આક્રમણ કરનારાઓને સાથ આપ્યો હતો, અલ્લાહ તેમને તેમના કિલ્લાઓમાંથી ઉતારી લાવ્યો અને તેમના હૃદયોમાં તેણે એવી ધાક બેસાડી દીધી કે આજે તેમાંના એક જૂથને તમે કતલ કરી રહ્યા છો અને બીજા જૂથને કેદ કરી રહ્યા છો.

૨૭. તેણે તમને તેમની ભૂમિ અને તેમના ઘરો અને તેમના ધનના વારસદાર બનાવી દીધા અને તે પ્રદેશ તમને આપ્યો જેને તમે ક્યારેય પાયમાલ કર્યો ન હતો. અલ્લાહને દરેક વસ્તુ ઉપર સામર્થ્ય પ્રાપ્ત છે. (રુકૂઅ-૩)

૨૮. હે પયગંબર ! પોતાની પત્નીઓને કહો, જો તમે દુનિયા અને તેની શોભા ચાહો છો તો આવો, હું તમને કંઈક આપી-અપાવીને ભલી રીતે રુખસદ કરી દઉં,

૨૯. અને જો તમે અલ્લાહ અને તેના રસૂલ અને આખિરત (પરલોક)ની ઈચ્છા ધરાવતી હોવ, તો જાણી લો કે તમારામાંથી જેઓ સદાચારી છે અલ્લાહે તેમના માટે મોટું વળતર તૈયાર રાખ્યું છે.

૩૦ પયગંબરની પત્નીઓ ! તમારામાંથી જે કોઈ ખુલ્લી અશ્લીલતાનું કૃત્ય કરશે તેને બમણી યાતના આપવામાં આવશે, અલ્લાહ માટે આ ખૂબ સરળ છે.

૩૧. અને તમારામાંથી જે અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરશે અને સદ્કાર્યો કરશે તેને અમે બમણું વળતર આપીશું અને અમે તેના માટે પ્રતિષ્ઠાપૂર્ણ રોજી તૈયાર કરી રાખી છે.

يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ اِنِ اتَّقَيْتُنَّ
فَلَا تَخْضَعْنَ بِالْقَوْلِ فَيَطْمَعَ الَّذِيْ فِيْ قَلْبِهٖ
مَرَضٌ وَّقُلْنَ قَوْلًا مَّعْرُوْفًا ۚ ﴿٣٢﴾ وَقَرْنَ فِيْ بُيُوْتِكُنَّ
وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ الْاُوْلٰى وَاَقِمْنَ الصَّلٰوةَ
وَاٰتِيْنَ الزَّكٰوةَ وَاَطِعْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ ؕ اِنَّمَا يُرِيْدُ
اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ
تَطْهِيْرًا ۚ ﴿٣٣﴾ وَاذْكُرْنَ مَا يُتْلٰى فِيْ بُيُوْتِكُنَّ مِنْ
ع ٧ اٰيٰتِ اللّٰهِ وَالْحِكْمَةِ ؕ اِنَّ اللّٰهَ كَانَ لَطِيْفًا خَبِيْرًا ﴿٣٤﴾
اِنَّ الْمُسْلِمِيْنَ وَالْمُسْلِمٰتِ وَالْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنٰتِ
وَالْقٰنِتِيْنَ وَالْقٰنِتٰتِ وَالصّٰدِقِيْنَ وَالصّٰدِقٰتِ وَ
الصّٰبِرِيْنَ وَالصّٰبِرٰتِ وَالْخٰشِعِيْنَ وَ الْخٰشِعٰتِ وَ
الْمُتَصَدِّقِيْنَ وَالْمُتَصَدِّقٰتِ وَالصَّآئِمِيْنَ وَالصّٰٓئِمٰتِ وَ
الْحٰفِظِيْنَ فُرُوْجَهُمْ وَالْحٰفِظٰتِ وَالذّٰكِرِيْنَ اللّٰهَ كَثِيْرًا
وَّالذّٰكِرٰتِ ۙ اَعَدَّ اللّٰهُ لَهُمْ مَّغْفِرَةً وَّاَجْرًا عَظِيْمًا ﴿٣٥﴾
وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ اِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗٓ
اَمْرًا اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ ؕ وَمَنْ يَّعْصِ
اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلٰلًا مُّبِيْنًا ؕ ﴿٣٦﴾ وَاِذْ
تَقُوْلُ لِلَّذِيْٓ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِ وَاَنْعَمْتَ عَلَيْهِ اَمْسِكْ
عَلَيْكَ زَوْجَكَ وَاتَّقِ اللّٰهَ وَتُخْفِيْ فِيْ نَفْسِكَ مَا اللّٰهُ

૩૨. પયગંબરની પત્નીઓ ! તમે સામાન્ય સ્ત્રીઓ જેવી નથી. જો તમે અલ્લાહથી ડરવાવાળી હોવ તો દબાયેલ અવાજમાં વાત ન કરો જેથી હૃદયના વિકારમાં ગ્રસ્ત કોઈ (પુરુષ) લાલચમાં પડી જાય, બલ્કે સ્પષ્ટ સીધી વાત કરો.

૩૩. પોતાના ઘરોમાં ટકીને રહો અને અગાઉના અજ્ઞાનતાકાળની જેમ શણગારનું પ્રદર્શન કરતી ન ફરો. નમાઝ કાયમ કરો, ઝકાત આપો અને અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરો. અલ્લાહ તો એવું ઈચ્છે છે કે તમે પયગંબરના ઘરવાળાઓથી ગંદકી દૂર કરે અને તમને પૂર્ણ રૂપે વિશુદ્ધ કરી દે.

૩૪. યાદ રાખો, અલ્લાહની આયતો અને તત્ત્વદર્શિતાની તે વાતોને જે તમારા ઘરોમાં સંભળાવવામાં આવે છે. નિઃશંક અલ્લાહ સૂક્ષ્મ દૃષ્ટિવાળો અને માહિતગાર છે. (રુકૂઅ-૪)

૩૫. નિશ્ચિતપણે જે પુરુષો અને જે સ્ત્રીઓ મુસ્લિમ છે, ઈમાનવાળા છે, આજ્ઞાંકિત છે, સત્યનિષ્ઠ છે, ધૈર્યવાન છે, અલ્લાહના આગળ ઝુકનારા છે, સદકા (દાન) આપનારા છે, રોઝા રાખનારા છે, પોતાના ગુપ્તાંગોની રક્ષા કરનારા છે અને અલ્લાહને પુષ્કળ પ્રમાણમાં યાદ કરનારા છે, અલ્લાહે તેમના માટે ક્ષમા અને મોટું વળતર તૈયાર કરી રાખ્યું છે.

૩૬. કોઈ મોમિન (ઈમાનવાળા) પુરુષ અને કોઈ મોમિન (ઈમાનવાળી) સ્ત્રીને એ અધિકાર નથી પહોંચતો કે જ્યારે અલ્લાહ અને તેનો રસૂલ કોઈ મામલામાં ફેંસલો કરી દે તો પછી તેને પોતાના તે મામલામાં સ્વયં ફેંસલો કરવાનો અધિકાર પ્રાપ્ત રહે, અને જે કોઈ અલ્લાહ અને તેના રસૂલની અવજ્ઞા કરે તો તે સ્પષ્ટ પથભ્રષ્ટતામાં પડી ગયો.

૩૭. હે પયગંબર ! યાદ કરો તે પ્રસંગ જ્યારે તમે તે માણસને કહી રહ્યા હતા જેના પર અલ્લાહે અને તમે ઉપકાર કર્યો હતો કે ''પોતાની પત્નીને ન છોડ અને અલ્લાહથી ડર.'' તે વખતે તમે પોતાના હૃદયમાં તે વાત છૂપાવી રહ્યા હતા જેને અલ્લાહ ખોલી નાખવા માગતો હતો.

مُبْدِيْهِ وَتَخْشَى النَّاسَ ۚ وَاللّٰهُ اَحَقُّ اَنْ تَخْشٰهُ ؕ
فَلَمَّا قَضٰى زَيْدٌ مِّنْهَا وَطَرًا زَوَّجْنٰكَهَا لِكَىْ لَا يَكُوْنَ
عَلَى الْمُؤْمِنِيْنَ حَرَجٌ فِىْٓ اَزْوَاجِ اَدْعِيَآئِهِمْ اِذَا قَضَوْا
مِنْهُنَّ وَطَرًا ؕ وَكَانَ اَمْرُ اللّٰهِ مَفْعُوْلًا ﴿٣٧﴾ مَا كَانَ عَلَى
النَّبِىِّ مِنْ حَرَجٍ فِيْمَا فَرَضَ اللّٰهُ لَهٗ ؕ سُنَّةَ اللّٰهِ
فِى الَّذِيْنَ خَلَوْا مِنْ قَبْلُ ؕ وَكَانَ اَمْرُ اللّٰهِ قَدَرًا
مَّقْدُوْرَا ۨ ﴿٣٨﴾ الَّذِيْنَ يُبَلِّغُوْنَ رِسٰلٰتِ اللّٰهِ وَ
يَخْشَوْنَهٗ وَلَا يَخْشَوْنَ اَحَدًا اِلَّا اللّٰهَ ؕ وَكَفٰى بِاللّٰهِ
حَسِيْبًا ﴿٣٩﴾ مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ
رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ ؕ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَىْءٍ
عَلِيْمًا ﴿٤٠﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوا اللّٰهَ ذِكْرًا ع
كَثِيْرًا ﴿٤١﴾ وَّسَبِّحُوْهُ بُكْرَةً وَّ اَصِيْلًا ﴿٤٢﴾ هُوَ الَّذِىْ
يُصَلِّىْ عَلَيْكُمْ وَمَلٰٓئِكَتُهٗ لِيُخْرِجَكُمْ مِّنَ الظُّلُمٰتِ
اِلَى النُّوْرِ ؕ وَكَانَ بِالْمُؤْمِنِيْنَ رَحِيْمًا ﴿٤٣﴾ تَحِيَّتُهُمْ يَوْمَ
يَلْقَوْنَهٗ سَلٰمٌ ۚۖ وَاَعَدَّ لَهُمْ اَجْرًا كَرِيْمًا ﴿٤٤﴾ يٰٓاَيُّهَا
النَّبِىُّ اِنَّآ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا ﴿٤٥﴾ وَّ
دَاعِيًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ وَسِرَاجًا مُّنِيْرًا ﴿٤٦﴾ وَبَشِّرِ
الْمُؤْمِنِيْنَ بِاَنَّ لَهُمْ مِّنَ اللّٰهِ فَضْلًا كَبِيْرًا ﴿٤٧﴾ وَلَا
تُطِعِ الْكٰفِرِيْنَ وَالْمُنٰفِقِيْنَ وَدَعْ اَذٰىهُمْ وَتَوَكَّلْ عَلَى

તમે લોકોથી ડરી રહ્યા હતા, જો કે અલ્લાહ તેનો વધુ હક્ક ધરાવે છે કે તમે તેનાથી ડરો. પછી જ્યારે ઝૈદ તેના સાથે પોતાની જરૂરત પૂરી કરી ચૂક્યો તો અમે આ (તલાક પામેલી મહિલા)ના તમારા સાથે નિકાહ (લગ્ન) કરી દીધા જેથી ઈમાનવાળાઓ પર પોતાના દત્તક પુત્રોની પત્નીઓના મામલામાં કોઈ તંગી ન રહે, જ્યારે કે તેઓ તેમનાથી પોતાની જરૂરત પૂરી કરી ચૂક્યા હોય, અને અલ્લાહનો આદેશ તો વ્યવહારમાં આવવો જ જોઈતો હતો.

૩૮. પયગંબર પર કોઈ એવા કામમાં કોઈ રુકાવટ નથી જે અલ્લાહે તેના માટે નિશ્ચિત કરી દીધું હોય. આ જ અલ્લાહનો નિયમ તે બધા પયગંબરોના મામલામાં રહ્યો છે જેઓ પહેલાં થઈ ગયા છે અને અલ્લાહનો આદેશ એક અચળ નિશ્ચિત ફેંસલો હોય છે.

૩૯. (આ અલ્લાહનો નિયમ છે તે લોકો માટે) જેઓ અલ્લાહના સંદેશાઓ પહોંચાડે છે અને તેનાથી જ ડરે છે અને એક અલ્લાહ સિવાય કોઈથી ડરતા નથી અને હિસાબ લેવા માટે માત્ર અલ્લાહ જ પૂરતો છે.

૪૦. (લોકો !) મુહમ્મદ તમારા પુરુષોમાંથી કોઈના પિતા નથી, પરંતુ તે અલ્લાહના રસૂલ (ઈશદૂત) અને પયગંબરોના સમાપક (ખાતમન્-નબિય્યીન) છે, અને અલ્લાહને દરેક વસ્તુનું જ્ઞાન છે. (રુકૂઅ-૫)

૪૧. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહને પુષ્કળ પ્રમાણમાં યાદ કરો

૪૨. અને સવાર અને સાંજ તેની તસ્બીહ (ગુણગાન) કરતા રહો.

૪૩. તે જ છે જે તમારા પર દયાળુતા દર્શાવે છે અને તેના ફરિશ્તાઓ તમારા માટે દયાળુતાની પ્રાર્થના કરે છે જેથી તે તમને અંધકારોમાંથી પ્રકાશમાં કાઢી લાવે. તે ઈમાનવાળાઓ પર ખૂબ મહેરબાન છે.

૪૪. જે દિવસે તેઓ તેને મળશે, તેમનું સ્વાગત સલામ સાથે થશે અને તેમના માટે અલ્લાહે ખૂબ પ્રતિષ્ઠિત વળતર તૈયાર કરી રાખ્યું છે.

૪૫. હે પયગંબર ! અમે તમને મોકલ્યા છે સાક્ષી બનાવીને, ખુશખબર આપનાર બનાવીને અને ડરાવનારા બનાવીને,

૪૬. અલ્લાહની અનુમતિથી તેના તરફ આમંત્રણ આપનારા બનાવીને અને પ્રકાશિત દીપ બનાવીને.

૪૭. ખુશખબર આપી દો તે લોકોને જેઓ (તમારા પર) ઈમાન લાવ્યા છે કે તેમના માટે અલ્લાહ તરફથી મોટી કૃપા છે.

૪૮. અને કદાપિ દબાશો નહીં કાફિરો (અધર્મીઓ) અને મુનાફિકો (દંભીઓ)થી, કોઈ પરવા ન કરો તેમના કષ્ટ પહોંચાડવાની અને ભરોસો કરી લો અલ્લાહ પર, અલ્લાહ જ એના માટે પૂરતો છે કે

اللّٰهِ ؕ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ﴿۴۸﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا
نَكَحْتُمُ الْمُؤْمِنٰتِ ثُمَّ طَلَّقْتُمُوْهُنَّ مِنْ قَبْلِ اَنْ
تَمَسُّوْهُنَّ فَمَا لَكُمْ عَلَيْهِنَّ مِنْ عِدَّةٍ تَعْتَدُّوْنَهَا ۚ
فَمَتِّعُوْهُنَّ وَسَرِّحُوْهُنَّ سَرَاحًا جَمِيْلًا ﴿۴۹﴾ يٰۤاَيُّهَا النَّبِيُّ اِنَّاۤ
اَحْلَلْنَا لَكَ اَزْوَاجَكَ الّٰتِيْۤ اٰتَيْتَ اُجُوْرَهُنَّ وَمَا مَلَكَتْ
يَمِيْنُكَ مِمَّاۤ اَفَآءَ اللّٰهُ عَلَيْكَ وَبَنٰتِ عَمِّكَ وَبَنٰتِ عَمّٰتِكَ
وَبَنٰتِ خَالِكَ وَبَنٰتِ خٰلٰتِكَ الّٰتِيْ هَاجَرْنَ مَعَكَ ۫ وَ
امْرَاَةً مُّؤْمِنَةً اِنْ وَّهَبَتْ نَفْسَهَا لِلنَّبِيِّ اِنْ اَرَادَ النَّبِيُّ
اَنْ يَّسْتَنْكِحَهَا ۗ خَالِصَةً لَّكَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ؕ
قَدْ عَلِمْنَا مَا فَرَضْنَا عَلَيْهِمْ فِيْۤ اَزْوَاجِهِمْ وَمَا مَلَكَتْ
اَيْمَانُهُمْ لِكَيْلَا يَكُوْنَ عَلَيْكَ حَرَجٌ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا
رَّحِيْمًا ﴿۵۰﴾ تُرْجِيْ مَنْ تَشَآءُ مِنْهُنَّ وَتُـْٔوِيْۤ اِلَيْكَ مَنْ
تَشَآءُ ؕ وَمَنِ ابْتَغَيْتَ مِمَّنْ عَزَلْتَ فَلَا جُنَاحَ عَلَيْكَ ؕ
ذٰلِكَ اَدْنٰۤى اَنْ تَقَرَّ اَعْيُنُهُنَّ وَلَا يَحْزَنَّ وَيَرْضَيْنَ
بِمَاۤ اٰتَيْتَهُنَّ كُلُّهُنَّ ؕ وَاللّٰهُ يَعْلَمُ مَا فِيْ قُلُوْبِكُمْ ؕ
وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَلِيْمًا ﴿۵۱﴾ لَا يَحِلُّ لَكَ النِّسَآءُ مِنْ
بَعْدُ وَلَاۤ اَنْ تَبَدَّلَ بِهِنَّ مِنْ اَزْوَاجٍ وَّلَوْ اَعْجَبَكَ منزل ۵
حُسْنُهُنَّ اِلَّا مَا مَلَكَتْ يَمِيْنُكَ ؕ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ
شَيْءٍ رَّقِيْبًا ﴿۵۲﴾ ع يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتَ

માણસ પોતાના મામલાઓ તેને સુપ્રત કરી દે.

૪૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે તમે ઈમાનવાળી સ્ત્રીઓ સાથે નિકાહ (લગ્ન) કરો અને પછી તેમને હાથ લગાવ્યા પહેલાં તલાક આપી દો તો તમારા તરફથી તેમના પર કોઈ 'ઇદ્દત' અનિવાર્ય નથી જેના પૂરી થવાની તમે માગણી કરી શકો. તેથી તેમને થોડુંઘણું ધન આપો અને ભલી રીતે રુખસદ કરી દો.

૫૦. હે પયગંબર ! અમે તમારા માટે હલાલ (વૈધ) કરી દીધી તમારી તે પત્નીઓ જેમના મહેર તમે ચૂકવ્યા છે, અને તે સ્ત્રીઓ જે અલ્લાહે પ્રદાન કરેલ દાસીઓમાંથી તમારા કબજામાં આવી, અને તમારી તે કાકાની દીકરીઓ, ફોઈની દીકરીઓ અને મામાની દીકરીઓ અને માસીની દીકરીઓ જેમણે તમારા સાથે હિજરત કરી છે, અને તે ઈમાનવાળી સ્ત્રી જેણે પોતાને પયગંબરના હવાલે (હિબા) કરી હોય, જો પયગંબર તેને નિકાહ (લગ્ન-સંબંધ)માં લેવા ઇચ્છે. આ છૂટ ખાસ તમારા માટે છે, બીજા ઈમાનવાળાઓ માટે નથી. અમને ખબર છે કે સામાન્ય ઈમાનવાળાઓ પર તેમની પત્નીઓ અને દાસીઓની બાબતમાં અમે કઈ સીમાઓ નિર્ધારિત કરી છે. (તમને આ સીમાઓથી અમે એ કારણસર બાકાત રાખ્યા છે) જેથી તમારા પર કોઈ તંગી ન રહે, અને અલ્લાહ ક્ષમાશીલ અને દયાળુ છે.

૫૧. તમને અધિકાર આપવામાં આવે છે કે પોતાની પત્નીઓમાંથી જેને ચાહો પોતાનાથી અલગ રાખો, જેને ચાહો પોતાના સાથે રાખો અને જેને ચાહો અલગ રાખ્યા પછી પોતાના પાસે બોલાવી લો. આ બાબતમાં તમારા પર કોઈ દોષ નથી. આવી રીતે એ બાબતની વધુ શક્યતા છે કે તેમની આંખો ઠરશે અને તેઓ દુઃખી નહીં થાય, અને જે કંઈ તમે તેમને આપશો તેનાથી તેઓ સૌ રાજી રહેશે. અલ્લાહ જાણે છે જે કંઈ તમારા હૃદયોમાં છે, અને અલ્લાહ બધું જ જાણનાર અને સહનશીલ છે.

૫૨. આ પછી તમારા માટે બીજી સ્ત્રીઓ હલાલ (વૈધ) નથી, અને ન એની પરવાનગી છે કે આમની જગ્યાએ બીજી પત્નીઓ લઈ આવો, ચાહે તેમની સુંદરતા તમને કેટલીય પસંદ હોય. અલબત્ત દાસીઓની તમને અનુમતિ છે. અલ્લાહ દરેક વસ્તુ ઉપર દેખરેખ રાખે છે. (રુકૂઅ-૬)

૫૩. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! પયગંબરના ઘરમાં પરવાનગી

النَّبِيِّ اِلَّاۤ اَنْ يُّؤْذَنَ لَكُمْ اِلٰى طَعَامٍ غَيْرَ نٰظِرِيْنَ
اِنٰىهُ ۙ وَلٰكِنْ اِذَا دُعِيْتُمْ فَادْخُلُوْا فَاِذَا طَعِمْتُمْ
فَانْتَشِرُوْا وَلَا مُسْتَاْنِسِيْنَ لِحَدِيْثٍ ؕ اِنَّ ذٰلِكُمْ كَانَ
يُؤْذِى النَّبِىَّ فَيَسْتَحْىٖ مِنْكُمْ ۫ وَاللّٰهُ لَا يَسْتَحْىٖ مِنَ
الْحَقِّ ؕ وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَسْـَٔلُوْهُنَّ مِنْ وَّرَآءِ
حِجَابٍ ؕ ذٰلِكُمْ اَطْهَرُ لِقُلُوْبِكُمْ وَقُلُوْبِهِنَّ ؕ وَمَا كَانَ
لَكُمْ اَنْ تُؤْذُوْا رَسُوْلَ اللّٰهِ وَلَاۤ اَنْ تَنْكِحُوْۤا اَزْوَاجَهٗ
مِنْۢ بَعْدِهٖۤ اَبَدًا ؕ اِنَّ ذٰلِكُمْ كَانَ عِنْدَ اللّٰهِ عَظِيْمًا ﴿۵۳﴾
اِنْ تُبْدُوْا شَيْـًٔا اَوْ تُخْفُوْهُ فَاِنَّ اللّٰهَ كَانَ بِكُلِّ شَىْءٍ
عَلِيْمًا ﴿۵۴﴾ لَا جُنَاحَ عَلَيْهِنَّ فِىْۤ اٰبَآئِهِنَّ وَلَاۤ اَبْنَآئِهِنَّ
وَلَاۤ اِخْوَانِهِنَّ وَلَاۤ اَبْنَآءِ اِخْوَانِهِنَّ وَلَاۤ اَبْنَآءِ
اَخَوٰتِهِنَّ وَلَا نِسَآئِهِنَّ وَلَا مَا مَلَكَتْ اَيْمَانُهُنَّ ۚ
وَاتَّقِيْنَ اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ شَىْءٍ شَهِيْدًا ﴿۵۵﴾
اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِىِّ ؕ يٰۤاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا ﴿۵۶﴾ اِنَّ الَّذِيْنَ
يُؤْذُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ لَعَنَهُمُ اللّٰهُ فِى الدُّنْيَا وَ
الْاٰخِرَةِ وَاَعَدَّ لَهُمْ عَذَابًا مُّهِيْنًا ﴿۵۷﴾ وَالَّذِيْنَ
يُؤْذُوْنَ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ بِغَيْرِ مَا اكْتَسَبُوْا
فَقَدِ احْتَمَلُوْا بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا ﴿۵۸﴾ يٰۤاَيُّهَا النَّبِىُّ قُلْ

منزل ٥ ع ٤

વિના દાખલ ન થયા કરો. ન ભોજનના સમયની રાહ જોતા રહો. હા, જો તમને ભોજન માટે બોલાવવામાં આવે તો જરૂર આવો. પરંતુ જ્યારે જમી લો તો વિખેરાઈ જાવ, વાતોમાં વળગી ન રહો. તમારી આ હરકતો પયગંબરને તકલીફ પહોંચાડે છે, પરંતુ તેઓ શરમમાં કંઈ કહેતા નથી અને અલ્લાહ સાચી વાત કહેવામાં શરમાતો નથી. પયગંબરની પત્નીઓ પાસેથી જો તમારે કંઈ માગવું હોય તો પડદા પાછળથી માગો, આ તમારા અને તેમના હૃદયોની પવિત્રતા માટે વધુ યોગ્ય રીત છે, તમારા માટે આ કદાપિ વૈધ નથી કે તમે અલ્લાહના રસૂલ (ઈશદૂત)ને તકલીફ આપો, અને ન તો એ વૈધ છે કે તેમના પછી તેમની પત્નીઓ સાથે નિકાહ (લગ્ન) કરો, આ અલ્લાહના સમીપ ખૂબ મોટો ગુનો છે.

૫૪. તમે ચાહે કોઈ વાત જાહેર કરો કે છૂપાવો, અલ્લાહને દરેક વાતનું જ્ઞાન છે.

૫૫. પયગંબરની પત્નીઓ માટે એમાં કોઈ દોષ નથી કે તેમના પિતા, તેમના પુત્રો, તેમના ભાઈઓ, તેમના ભત્રીજાઓ, તેમના ભાણિયાઓ, તેમની સાથે મેળ-મિલાપની સ્ત્રીઓ અને તેમના કબજામાં હોય (દાસ-દાસીઓ) તેઓ ઘરોમાં આવે. (હે સ્ત્રીઓ !) તમારે અલ્લાહની અવજ્ઞાથી બચવું જોઈએ, અલ્લાહ દરેક વસ્તુ પર નજર રાખે છે.

૫૬. અલ્લાહ અને તેના ફરિશ્તાઓ પયગંબર ઉપર 'દરૂદ' (સલામતી અને શાંતિની પ્રાર્થના) મોકલે છે, હે લોકો જેઓ ઈમાન લાવ્યા છો ! તમે પણ તેમના ઉપર દરૂદ અને સલામ મોકલો.

૫૭. જે લોકો અલ્લાહ અને તેના રસૂલને તકલીફ આપે છે તેમના પર દુનિયા (આલોક) અને આખિરત (પરલોક)માં અલ્લાહે ફિટકાર કરી છે અને તેમના માટે અપમાનજનક યાતના તૈયાર કરી રાખી છે.

૫૮. અને જે લોકો ઈમાનવાળા પુરુષો અને ઈમાનવાળી સ્ત્રીઓને કોઈ પણ વાંક વગર તકલીફ પહોંચાડે છે તેમણે એક મોટો આક્ષેપ અને ખુલ્લા ગુનાની મુસીબત પોતાના માથે લઈ લીધી છે. (રુકૂઅ-૭)

૫૯. હે પયગંબર ! પોતાની પત્નીઓ અને પુત્રીઓ અને ઈમાનવાળી

لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ
مِنْ جَلَابِيْبِهِنَّ ؕ ذٰلِكَ اَدْنٰۤى اَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ ؕ
وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿۵۹﴾ لَئِنْ لَّمْ يَنْتَهِ الْمُنٰفِقُوْنَ وَ
الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ وَّالْمُرْجِفُوْنَ فِي الْمَدِيْنَةِ
لَنُغْرِيَنَّكَ بِهِمْ ثُمَّ لَا يُجَاوِرُوْنَكَ فِيْهَاۤ اِلَّا قَلِيْلًا ۛ﴿۶۰﴾ معانقة ١٢ عند المتأخرين
مَّلْعُوْنِيْنَ ۛۚ اَيْنَمَا ثُقِفُوْۤا اُخِذُوْا وَقُتِّلُوْا تَقْتِيْلًا ﴿۶۱﴾
سُنَّةَ اللّٰهِ فِي الَّذِيْنَ خَلَوْا مِنْ قَبْلُ ۚ وَلَنْ تَجِدَ لِسُنَّةِ
اللّٰهِ تَبْدِيْلًا ﴿۶۲﴾ يَسْـَٔلُكَ النَّاسُ عَنِ السَّاعَةِ ؕ قُلْ اِنَّمَا الربع
عِلْمُهَا عِنْدَ اللّٰهِ ؕ وَمَا يُدْرِيْكَ لَعَلَّ السَّاعَةَ تَكُوْنُ
قَرِيْبًا ﴿۶۳﴾ اِنَّ اللّٰهَ لَعَنَ الْكٰفِرِيْنَ وَاَعَدَّ لَهُمْ سَعِيْرًا ۙ﴿۶۴﴾
خٰلِدِيْنَ فِيْهَاۤ اَبَدًا ۚ لَا يَجِدُوْنَ وَلِيًّا وَّلَا نَصِيْرًا ۚ﴿۶۵﴾ يَوْمَ
تُقَلَّبُ وُجُوْهُهُمْ فِي النَّارِ يَقُوْلُوْنَ يٰلَيْتَنَاۤ اَطَعْنَا اللّٰهَ
وَاَطَعْنَا الرَّسُوْلَا ﴿۶۶﴾ وَقَالُوْا رَبَّنَاۤ اِنَّاۤ اَطَعْنَا سَادَتَنَا
وَكُبَرَآءَنَا فَاَضَلُّوْنَا السَّبِيْلَا ﴿۶۷﴾ رَبَّنَاۤ اٰتِهِمْ ضِعْفَيْنِ
مِنَ الْعَذَابِ وَالْعَنْهُمْ لَعْنًا كَبِيْرًا ﴿۶۸﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ ع ٥ / ٥
اٰمَنُوْا لَا تَكُوْنُوْا كَالَّذِيْنَ اٰذَوْا مُوْسٰى فَبَرَّاَهُ اللّٰهُ
مِمَّا قَالُوْا ؕ وَكَانَ عِنْدَ اللّٰهِ وَجِيْهًا ﴿۶۹﴾ يٰۤاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَقُوْلُوْا قَوْلًا سَدِيْدًا ۙ﴿۷۰﴾
يُّصْلِحْ لَكُمْ اَعْمَالَكُمْ وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ؕ منزل ٥

સ્ત્રીઓને કહી દો કે પોતાના ઉપર પોતાની ચાદરોના પાલવ લટકાવી રાખે. આ વધુ ઉચિત રીત છે જેથી તેઓ ઓળખી લેવામાં આવે અને સતાવવામાં ન આવે. અલ્લાહ દરગુજર કરનાર અને દયાળુ છે.

૬૦. જો મુનાફિકો (દંભીઓ), અને તે લોકો જેમના હૃદયોમાં ખરાબી છે, અને તેઓ જેઓ મદીનામાં ઉશ્કેરણીજનક અફવાઓ ફેલાવનારા છે, પોતાની કુચેષ્ટાઓ બંધ નહીં કરે તો અમે તેમના વિરુધ્ધ કાર્યવાહી કરવા માટે તમને ઊભા કરીશું, પછી તેઓ આ શહેરમાં મુશ્કેલીથી જ તમારા સાથે રહી શકશે.

૬૧. તેમના ઉપર ચારે તરફથી ફિટકારની ઝડી પડશે, જ્યાં પણ જોવા મળશે પકડી લેવાશે અને ખૂબ ખરાબ રીતે માર્યા જશે.

૬૨. આ અલ્લાહનો નિયમ છે જે આવા લોકોના મામલામાં અગાઉથી ચાલતો આવ્યો છે, અને તમે અલ્લાહના નિયમમાં સહેજ પણ ફેરફાર નહીં જુઓ.

૬૩. લોકો તમને પૂછે છે કે કયામત (પુનર્જીવન)ની ઘડી ક્યારે આવશે ? કહો, તેનું જ્ઞાન તો અલ્લાહને જ છે. તમને શું ખબર, કદાચ તે નજીક જ આવી ગઈ હોય !

૬૪. ભલે, એ વાત ચોક્કસ છે કે અલ્લાહે ઈન્કાર કરનારાઓ પર ફિટકાર કર્યો છે અને તેમના માટે ભડકે બળતી આગ તૈયાર કરી રાખી છે

૬૫. જેમાં તેઓ હંમેશા રહેશે, કોઈ સમર્થક અને સહાયક નહીં મેળવી શકે.

૬૬. જે દિવસે તેમના ચહેરા આગ પર ઊલટ-પૂલટ કરવામાં આવશે તે વખતે તેઓ કહેશે કે ''કદાચ, અમે અલ્લાહ અને રસૂલનું આજ્ઞાપાલન કર્યું હોત.''

૬૭. અને કહેશે, ''હે અમારા માલિક ! અમે અમારા આગેવાનો અને વડવાઓનું અનુસરણ કર્યું અને તેમણે અમને સન્માર્ગથી ભટકાવી દીધા.

૬૮. હે માલિક ! તેમને બમણી યાતના આપ અને તેમના પર સખત ફિટકાર કર.'' (રુકૂઅ-૮)

૬૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તે લોકો જેવા ન થઈ જાઓ જેમણે મૂસાને તકલીફો આપી હતી, પછી અલ્લાહે તેને તેમની બનાવેલી વાતોથી મુક્ત કર્યો અને તે અલ્લાહના સમીપ બહુમાન પામેલો હતો.

૭૦. હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરો અને સીધી વાત કહો.

૭૧. અલ્લાહ તમારા કર્મો દુરસ્ત કરી દેશે અને તમારા ગુનાઓને ક્ષમા

وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ فَازَ فَوْزًا عَظِيْمًا ﴿۷۱﴾
اِنَّا عَرَضْنَا الْاَمَانَةَ عَلَى السَّمٰوٰتِ وَالْاَرْضِ وَ
الْجِبَالِ فَاَبَيْنَ اَنْ يَّحْمِلْنَهَا وَاَشْفَقْنَ مِنْهَا
وَحَمَلَهَا الْاِنْسَانُ ؕ اِنَّهٗ كَانَ ظَلُوْمًا جَهُوْلًا ۙ ﴿۷۲﴾
لِّيُعَذِّبَ اللّٰهُ الْمُنٰفِقِيْنَ وَالْمُنٰفِقٰتِ وَالْمُشْرِكِيْنَ
وَالْمُشْرِكٰتِ وَيَتُوْبَ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ ؕ
وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿۷۳﴾ ع

કરશે. જે વ્યક્તિ અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરે તેણે મોટી સફળતા પ્રાપ્ત કરી.

૭૨. અમે આ 'અમાનત'★ને આકાશો અને ધરતી અને પર્વતો સામે પ્રસ્તુત કરી તો તેઓ તેને ઉઠાવવા માટે તૈયાર ન થયા અને તેનાથી ડરી ગયા, પરંતુ મનુષ્યએ તેને ઉપાડી લીધી, નિઃસંદેહ તે મોટો અત્યાચારી અને અજ્ઞાની છે.★

૭૩. (અમાનતનો ભાર ઉપાડવાનું આ અનિવાર્ય પરિણામ છે) જેથી અલ્લાહ મુનાફિક (દંભી) પુરુષો અને સ્ત્રીઓ, મુશ્‌રિક (અનેકેશ્વરવાદી) પુરુષો અને સ્ત્રીઓને સજા આપે અને મોમિન (ઈમાનવાળા) પુરુષો અને સ્ત્રીઓની તૌબા (ક્ષમાયાચના)નો સ્વીકાર કરે, અલ્લાહ ક્ષમા કરવાવાળો અને દયાળુ છે.(રુકૂઅ-૯)

★ 'અમાનત' એટલે તે જવાબદારીઓનો ભાર છે, જે અલ્લાહે પોતાની ધરતીમાં અધિકારો અને બુદ્ધિ આપીને મનુષ્ય ઉપર મૂકેલ છે. ★ અર્થાત્ આ અમાનતના ભારનો વાહક થઈને પણ પોતાના દાયિત્વને નિભાવતો નથી અને અપ્રમાણિકતા આચરીને પોતાના ઉપર અત્યાચાર કરે છે.

اٰيَاتُهَا ٥٤ ﴿٣٤﴾ سُوْرَةُ سَبَاٍ مَكِّيَّةٌ ﴿٥٨﴾ رُكُوْعَاتُهَا ٦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ وَلَهُ
الْحَمْدُ فِي الْاٰخِرَةِ ؕ وَهُوَ الْحَكِيْمُ الْخَبِيْرُ ۝١ يَعْلَمُ مَا يَلِجُ
فِي الْاَرْضِ وَمَا يَخْرُجُ مِنْهَا وَمَا يَنْزِلُ مِنَ السَّمَآءِ وَمَا
يَعْرُجُ فِيْهَا ؕ وَهُوَ الرَّحِيْمُ الْغَفُوْرُ ۝٢ وَقَالَ الَّذِيْنَ
كَفَرُوْا لَا تَاْتِيْنَا السَّاعَةُ ؕ قُلْ بَلٰى وَرَبِّيْ لَتَاْتِيَنَّكُمْ ۙ
عٰلِمِ الْغَيْبِ ۚ لَا يَعْزُبُ عَنْهُ مِثْقَالُ ذَرَّةٍ فِي السَّمٰوٰتِ
وَلَا فِي الْاَرْضِ وَلَاۤ اَصْغَرُ مِنْ ذٰلِكَ وَلَاۤ اَكْبَرُ اِلَّا فِيْ
كِتٰبٍ مُّبِيْنٍ ۝٣ۙ لِّيَجْزِيَ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ ؕ
اُولٰٓئِكَ لَهُمْ مَّغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ۝٤ وَالَّذِيْنَ سَعَوْ فِيْۤ
اٰيٰتِنَا مُعٰجِزِيْنَ اُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ مِّنْ رِّجْزٍ اَلِيْمٌ ۝٥
وَيَرَى الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ الَّذِيْۤ اُنْزِلَ اِلَيْكَ
مِنْ رَّبِّكَ هُوَ الْحَقَّ ۙ وَيَهْدِيْۤ اِلٰى صِرَاطِ الْعَزِيْزِ
الْحَمِيْدِ ۝٦ وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا هَلْ نَدُلُّكُمْ عَلٰى
رَجُلٍ يُّنَبِّئُكُمْ اِذَا مُزِّقْتُمْ كُلَّ مُمَزَّقٍ ۙ اِنَّكُمْ لَفِيْ
خَلْقٍ جَدِيْدٍ ۝٧ۚ اَفْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَمْ بِهٖ جِنَّةٌ ؕ
بَلِ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ فِي الْعَذَابِ وَالضَّلٰلِ
الْبَعِيْدِ ۝٨ اَفَلَمْ يَرَوْا اِلٰى مَا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ

(૩૪) સૂરઃ સબા

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૬ ● આયતો : ૫૪)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. પ્રશંસા તે અલ્લાહ માટે છે જે આકાશો અને ધરતીની દરેક વસ્તુનો માલિક છે અને આખિરત (પરલોક)માં પણ તેના જ માટે પ્રશંસા છે. તે તત્ત્વદર્શી અને ખબર રાખવાવાળો છે.

૨. જે કંઈ જમીનમાં જાય છે અને જે કંઈ તેમાંથી નીકળે છે અને જે કંઈ આકાશમાંથી ઊતરે છે અને જે કંઈ તેમાં ચડે છે, દરેક વસ્તુને તે જાણે છે, તે દયાળુ અને માફ કરનાર છે.

૩. ઈન્કાર કરનારાઓ કહે છે શું વાત છે કે 'કયામત' (પ્રલય) અમારા ઉપર આવતી નથી ! કહો, ''સોગંદ છે અદશ્યના જાણકાર મારા પાલનહારના ! તે તમારા ઉપર આવીને રહેશે. તેનાથી રજભાર કોઈ વસ્તુ ન આકાશોમાં છૂપાયેલી છે ન ધરતીમાં. ન રજકણથી મોટી અને ન તેનાથી નાની. બધું જ એક સ્પષ્ટ પુસ્તકમાં અંકિત છે.''

૪. અને આ 'કયામત' એટલા માટે આવશે કે વળતર આપે અલ્લાહ તે લોકોને જેઓ ઈમાન લાવ્યા છે અને સદ્કાર્યો કરતા રહ્યા છે. તેમના માટે માફી છે અને પ્રતિષ્ઠાપૂર્ણ રોજી.

૫. અને જે લોકોએ અમારી આયતોને નીચું દેખાડવા માટે જોર લગાવ્યું છે, તેમના માટે સૌથી ખરાબ પ્રકારની દુઃખદાયી યાતના છે.

૬. હે પયગંબર ! જ્ઞાન ધરાવનારા લોકો સારી રીતે જાણે છે કે જે કંઈ તમારા રબ (પ્રભુ) તરફથી તમારા ઉપર અવતરિત કરવામાં આવ્યું છે તે સંપૂર્ણપણે સત્ય છે અને પ્રભુત્વશાળી અને સ્વયં પ્રશંસિત અલ્લાહનો માર્ગ દેખાડે છે.

૭. ઈન્કાર કરનારાઓ લોકોને કહે છે કે ''અમે બતાવીએ એવો માણસ જે સમાચાર આપે છે કે જ્યારે તમારા શરીરનું કણે-કણ વિખેરાઈ ગયું હશે તે વખતે તમે નવેસરથી પેદા કરવામાં આવશો ?

૮. ખબર નહીં, આ માણસ અલ્લાહના નામે જૂઠ ઘડે છે કે તેને ઉન્માદ વળગ્યું છે.'' નહીં, બલ્કે જે લોકો પરલોક (આખિરત)ને નથી માનતા તેઓ યાતનામાં ગ્રસ્ત થવાના જ છે અને તેઓ જ તદ્દન ખરાબ રીતે બહેકેલા છે.

૯. શું આ લોકોએ ક્યારેય તે આકાશ અને ધરતીને નથી જોયા, જેણે આમને આગળ અને પાછળથી ઘેરી રાખ્યા છે ? અમે ઇચ્છીએ તો

مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ ؕ اِنْ نَّشَاْ نَخْسِفْ بِهِمُ الْاَرْضَ
اَوْ نُسْقِطْ عَلَيْهِمْ كِسَفًا مِّنَ السَّمَآءِ ؕ اِنَّ فِیْ ذٰلِكَ
لَاٰيَةً لِّكُلِّ عَبْدٍ مُّنِيْبٍ ﴿۹﴾ ع وَلَقَدْ اٰتَيْنَا دَاوٗدَ مِنَّا
فَضْلًا ؕ يٰجِبَالُ اَوِّبِیْ مَعَهٗ وَالطَّيْرَ ۚ وَاَلَنَّا لَهُ
الْحَدِيْدَ ﴿۱۰﴾ اَنِ اعْمَلْ سٰبِغٰتٍ وَّقَدِّرْ فِی السَّرْدِ وَاعْمَلُوْا
صَالِحًا ؕ اِنِّیْ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۱۱﴾ وَلِسُلَيْمٰنَ الرِّيْحَ
غُدُوُّهَا شَهْرٌ وَّرَوَاحُهَا شَهْرٌ ۚ وَاَسَلْنَا لَهٗ عَيْنَ
الْقِطْرِ ؕ وَمِنَ الْجِنِّ مَنْ يَّعْمَلُ بَيْنَ يَدَيْهِ بِاِذْنِ رَبِّهٖ ؕ
وَمَنْ يَّزِغْ مِنْهُمْ عَنْ اَمْرِنَا نُذِقْهُ مِنْ عَذَابِ السَّعِيْرِ ﴿۱۲﴾
يَعْمَلُوْنَ لَهٗ مَا يَشَآءُ مِنْ مَّحَارِيْبَ وَتَمَاثِيْلَ وَجِفَانٍ
كَالْجَوَابِ وَقُدُوْرٍ رّٰسِيٰتٍ ؕ اِعْمَلُوْٓا اٰلَ دَاوٗدَ شُكْرًا ؕ
وَقَلِيْلٌ مِّنْ عِبَادِیَ الشَّكُوْرُ ﴿۱۳﴾ فَلَمَّا قَضَيْنَا عَلَيْهِ
الْمَوْتَ مَا دَلَّهُمْ عَلٰى مَوْتِهٖٓ اِلَّا دَآبَّةُ الْاَرْضِ تَاْكُلُ
مِنْسَاَتَهٗ ۚ فَلَمَّا خَرَّ تَبَيَّنَتِ الْجِنُّ اَنْ لَّوْ كَانُوْا يَعْلَمُوْنَ
الْغَيْبَ مَا لَبِثُوْا فِی الْعَذَابِ الْمُهِيْنِ ﴿۱۴﴾ ؕ لَقَدْ كَانَ
لِسَبَاٍ فِیْ مَسْكَنِهِمْ اٰيَةٌ ۚ جَنَّتٰنِ عَنْ يَّمِيْنٍ وَّشِمَالٍ ۵
كُلُوْا مِنْ رِّزْقِ رَبِّكُمْ وَاشْكُرُوْا لَهٗ ؕ بَلْدَةٌ طَيِّبَةٌ وَّ
رَبٌّ غَفُوْرٌ ﴿۱۵﴾ فَاَعْرَضُوْا فَاَرْسَلْنَا عَلَيْهِمْ سَيْلَ الْعَرِمِ
وَبَدَّلْنٰهُمْ بِجَنَّتَيْهِمْ جَنَّتَيْنِ ذَوَاتَیْ اُكُلٍ خَمْطٍ وَّ

આમને જમીનમાં ખૂંપાવી દઈએ અથવા આકાશના કેટલાક ટુકડા આમની ઉપર પાડી દઈએ. વાસ્તવમાં આમાં એક નિશાની છે તે દરેક બંદા માટે જે અલ્લાહ તરફ રજૂ થનાર હોય. (રુકૂઅ-૧)

૧૦. અમે દાઊદને અમારા તરફથી મોટી કૃપા પ્રદાન કરી હતી. (અમે આદેશ આપ્યો કે) હે પર્વતો ! તેના સાથે સુસંવાદિતા કરો (અને આ જ આદેશ અમે) પક્ષીઓને આપ્યો. અમે લોખંડને તેના માટે નરમ કરી દીધું

૧૧. તે આદેશ સાથે કે બખતરો બનાવ અને તેની કડીઓ બરાબર માપસર રાખ. (હે દાઊદના લોકો !) સદ્‌કાર્યો કરો, જે કંઈ તમે કરો છો તેને હું જોઈ રહ્યો છું.

૧૨. અને સુલૈમાન માટે અમે હવાને આધીન કરી દીધી, સવારના સમયે તેનું ચાલવું એક મહિનાના રસ્તા સુધી અને સંધ્યા કાળે તેનું ચાલવું એક મહિનાના રસ્તા સુધી. અમે તેના માટે પીગળેલા તાંબાનું ઝરણું વહાવી દીધું અને એવા જિન્નાતો તેના આધીન કરી દીધા જેઓ પોતાના રબ (પ્રભુ)ના આદેશથી તેના આગળ કામ કરતા હતા. તેમનામાંથી જે અમારા આદેશનો અનાદર કરતો તેને અમે ભડકે બળતી આગની મજા ચખાડતા.

૧૩. તેઓ તેના માટે બનાવતા હતા જે કંઈ તે ઇચ્છતો, ઊંચી ઇમારતો, ચિત્રો, મોટા-મોટા હોજ જેમ કે મોટો થાળ અને પોતાની જગ્યાએથી ખસે નહીં તેવા ભારે દેગડા – હે દાઊદના લોકો ! કર્મ કરો કૃતજ્ઞતાના રૂપે, મારા બંદાઓમાં ઓછા જ છે જેઓ કૃતજ્ઞ છે.

૧૪. પછી જ્યારે સુલૈમાન પર અમે મૃત્યુનો નિર્ણય લાગુ કર્યો તો જિન્નાતોને તેના મૃત્યુના સમાચાર આપનાર કોઈ વસ્તુ તે (લાકડા વગેરેમાં પડતા) કીડા સિવાય ન હતી જે તેની લાઠીને ખાઈ રહ્યો હતો. આવી રીતે જ્યારે સુલૈમાન પડી ગયો તો જિન્નાતો પર તે વાત પ્રગટ થઈ ગઈ કે જો તેઓ અદૃશ્યને જાણવાવાળા હોત તો આ અપમાનજનક યાતનામાં ગ્રસ્ત ન રહેતા.

૧૫. સબા માટે તેમના પોતાના મકાનમાં જ એક નિશાની મોજૂદ હતી, બે બાગ જમણી બાજુ અને ડાબી બાજુ. ખાઓ પોતાના પાલનહારની રોજી અને આભાર માનો તેનો, દેશ છે ઉત્તમ અને સ્વચ્છ, અને પાલનહાર છે ક્ષમાશીલ !

૧૬. પરંતુ તેઓ મોઢું ફેરવી ગયા. છેવટે અમે તેમના પર બંધ તોડી નાખે તેવો જળ-પ્રલય મોકલ્યો અને તેમના પહેલાના બે બાગોની જગ્યાએ વધુ બે બાગ તેમને આપ્યા જેમાં કડવા ફળ અને ઝાઉ (એક પ્રકારની

اَثْلٍ وَّشَيْءٍ مِّنْ سِدْرٍ قَلِيْلٍ ﴿١٦﴾ ذٰلِكَ جَزَيْنٰهُمْ بِمَا كَفَرُوْا ؕ
وَهَلْ نُجٰزِيْٓ اِلَّا الْكَفُوْرَ ﴿١٧﴾ وَجَعَلْنَا بَيْنَهُمْ وَبَيْنَ
الْقُرَى الَّتِيْ بٰرَكْنَا فِيْهَا قُرًى ظَاهِرَةً وَّقَدَّرْنَا فِيْهَا
السَّيْرَ ؕ سِيْرُوْا فِيْهَا لَيَالِيَ وَاَيَّامًا اٰمِنِيْنَ ﴿١٨﴾ فَقَالُوْا
رَبَّنَا بٰعِدْ بَيْنَ اَسْفَارِنَا وَظَلَمُوْٓا اَنْفُسَهُمْ فَجَعَلْنٰهُمْ
اَحَادِيْثَ وَمَزَّقْنٰهُمْ كُلَّ مُمَزَّقٍ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ
لِّكُلِّ صَبَّارٍ شَكُوْرٍ ﴿١٩﴾ وَلَقَدْ صَدَّقَ عَلَيْهِمْ اِبْلِيْسُ
ظَنَّهٗ فَاتَّبَعُوْهُ اِلَّا فَرِيْقًا مِّنَ الْمُؤْمِنِيْنَ ﴿٢٠﴾ وَمَا كَانَ
لَهٗ عَلَيْهِمْ مِّنْ سُلْطٰنٍ اِلَّا لِنَعْلَمَ مَنْ يُّؤْمِنُ بِالْاٰخِرَةِ
مِمَّنْ هُوَ مِنْهَا فِيْ شَكٍّ ؕ وَرَبُّكَ عَلٰى كُلِّ شَيْءٍ حَفِيْظٌ ﴿٢١﴾ ع ١٢ ٨
قُلِ ادْعُوا الَّذِيْنَ زَعَمْتُمْ مِّنْ دُوْنِ اللّٰهِ ۚ لَا يَمْلِكُوْنَ
مِثْقَالَ ذَرَّةٍ فِي السَّمٰوٰتِ وَلَا فِي الْاَرْضِ وَمَا لَهُمْ
فِيْهِمَا مِنْ شِرْكٍ وَّمَا لَهٗ مِنْهُمْ مِّنْ ظَهِيْرٍ ﴿٢٢﴾ وَلَا تَنْفَعُ
الشَّفَاعَةُ عِنْدَهٗٓ اِلَّا لِمَنْ اَذِنَ لَهٗ ؕ حَتّٰٓى اِذَا فُزِّعَ عَنْ
قُلُوْبِهِمْ قَالُوْا مَاذَا ۙ قَالَ رَبُّكُمْ ؕ قَالُوا الْحَقَّ ۚ وَهُوَ الْعَلِيُّ
الْكَبِيْرُ ﴿٢٣﴾ قُلْ مَنْ يَّرْزُقُكُمْ مِّنَ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ قُلِ
اللّٰهُ ۙ وَاِنَّآ اَوْ اِيَّاكُمْ لَعَلٰى هُدًى اَوْ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٢٤﴾
قُلْ لَّا تُسْـَٔلُوْنَ عَمَّآ اَجْرَمْنَا وَلَا نُسْـَٔلُ عَمَّا تَعْمَلُوْنَ ﴿٢٥﴾
قُلْ يَجْمَعُ بَيْنَنَا رَبُّنَا ثُمَّ يَفْتَحُ بَيْنَنَا بِالْحَقِّ ؕ وَهُوَ الْفَتَّاحُ

વનસ્પતિ)ના વૃક્ષ હતા અને થોડીઘણી બોરડીઓ.

૧૭. આ હતો તેમના ઇન્કારનો બદલો જે અમે તેમને આપ્યો, અને અપકારી મનુષ્ય સિવાય આવો બદલો અમે બીજા કોઈને આપતા નથી.

૧૮. અને અમે તેમના અને તે વસ્તીઓના વચ્ચે, જેમને અમે બરકત (નિરંતર વધતી જતી સમૃદ્ધિ) આપી હતી, સ્પષ્ટ દેખાઈ આવતી વસ્તીઓ વસાવી દીધી હતી અને તેમાં મુસાફરીના અંતર ચોક્કસ અંદાજ પ્રમાણે રાખ્યા હતા. હરો-ફરો આ માર્ગો પર રાત-દિવસ, સંપૂર્ણ શાંતિથી.

૧૯. પરંતુ તેમણે કહ્યું, "હે અમારા માલિક અને પાલનહાર ! અમારી મુસાફરીના અંતર લાંબા કરી દે." તેમણે પોતાના પર પોતે અત્યાચાર કર્યો. છેવટે અમે તેમને એક કહાણી બનાવીને મૂકી દીધા અને તેમને સાવ વેરણ-છેરણ કરી નાખ્યા. નિઃશંક આમાં નિશાનીઓ છે દરેક તે વ્યક્તિ માટે જે ખૂબ જ ધૈર્યવાન અને કૃતજ્ઞ હોય.

૨૦. તેમના વિષે ઇબ્લીસ (શેતાન)ની પોતાની ધારણા સાચી નીકળી અને તેમણે તેનું જ અનુસરણ કર્યું, તે નાના જૂથ સિવાય જે ઈમાનવાળું હતું.

૨૧. ઇબ્લીસને તેમના પર સહેજ પણ સત્તા ન હતી, પણ જે કંઈ થયું તે એ કારણે થયું કે અમે તે જોવા માગતા હતા કે કોણ આખિરત (પરલોક)ને માનનારો છે અને કોણ તેની બાબતમાં શંકામાં ગ્રસ્ત છે. તારો રબ દરેક વસ્તુ પર દેખરેખ રાખવાવાળો છે. (રુકૂઅ-૨)

૨૨. (હે પયગંબર ! આ અનેકેશ્વરવાદીઓને) કહો, "પોકારી જુઓ, પોતાના તે ઉપાસ્યોને જેમને તમે અલ્લાહ સિવાય પોતાના ઉપાસ્યો સમજી બેઠા છો. તેઓ ન આકાશોમાં રજ બરાબર વસ્તુના માલિક છે ન ધરતીમાં. તેઓ આકાશ અને ધરતીની મિલ્કતમાં ભાગીદાર પણ નથી. તેમનામાંથી કોઈ અલ્લાહનો સહાયક પણ નથી.

૨૩. અને અલ્લાહ સમક્ષ કોઈ ભલામણ પણ કોઈના માટે લાભદાયક નથી થઈ શકતી, તે વ્યક્તિ સિવાય જેના માટે અલ્લાહે ભલામણ કરવાની પરવાનગી આપી હોય. ત્યાં સુધી કે જ્યારે લોકોના હૃદયોમાંથી ગભરાટ દૂર થશે તો તેઓ (ભલામણ કરનારાઓને) પૂછશે કે તમારા રબે (પ્રભુએ) શું જવાબ આપ્યો ? તેઓ કહેશે કે ઠીક જવાબ મળ્યો છે અને તે મહાન અને ઉચ્ચતર છે."

૨૪. (હે પયગંબર !) આમને પૂછો, "કોણ તમને આકાશો અને ધરતીમાંથી રોજી આપે છે ?" કહો, "અલ્લાહ. હવે અનિવાર્યપણે અમારા અને તમારામાંથી કોઈ એક જ સન્માર્ગ પર છે અથવા ખુલ્લી પથભ્રષ્ટતામાં પડેલો છે."

૨૫. આમને કહો, "જે કસૂર અમે કર્યો હોય તેના માટે તમને કંઈ પણ પૂછવામાં નહીં આવે અને જે કંઈ તમે કરી રહ્યા છો તેનો જવાબ

الْعَلِيْمُ ۝٢٦ قُلْ اَرُوْنِيَ الَّذِيْنَ اَلْحَقْتُمْ بِهٖ شُرَكَآءَ كَلَّا ؕ
بَلْ هُوَ اللّٰهُ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝٢٧ وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا كَآفَّةً
لِّلنَّاسِ بَشِيْرًا وَّنَذِيْرًا وَّلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ۝٢٨
وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ۝٢٩
قُلْ لَّكُمْ مِّيْعَادُ يَوْمٍ لَّا تَسْتَاْخِرُوْنَ عَنْهُ سَاعَةً وَّلَا
ع ٤ ٩ تَسْتَقْدِمُوْنَ ۝٣٠ وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لَنْ نُّؤْمِنَ بِهٰذَا
الْقُرْاٰنِ وَلَا بِالَّذِيْ بَيْنَ يَدَيْهِ ؕ وَلَوْ تَرٰٓى اِذِ الظّٰلِمُوْنَ
مَوْقُوْفُوْنَ عِنْدَ رَبِّهِمْ ۖۚ يَرْجِعُ بَعْضُهُمْ اِلٰى بَعْضِ
الْقَوْلَ ۚ يَقُوْلُ الَّذِيْنَ اسْتُضْعِفُوْا لِلَّذِيْنَ اسْتَكْبَرُوْا
لَوْلَآ اَنْتُمْ لَكُنَّا مُؤْمِنِيْنَ ۝٣١ قَالَ الَّذِيْنَ اسْتَكْبَرُوْا
لِلَّذِيْنَ اسْتُضْعِفُوْٓا اَنَحْنُ صَدَدْنٰكُمْ عَنِ الْهُدٰى
بَعْدَ اِذْ جَآءَكُمْ بَلْ كُنْتُمْ مُّجْرِمِيْنَ ۝٣٢ وَقَالَ الَّذِيْنَ
اسْتُضْعِفُوْا لِلَّذِيْنَ اسْتَكْبَرُوْا بَلْ مَكْرُ الَّيْلِ وَالنَّهَارِ
اِذْ تَاْمُرُوْنَنَآ اَنْ نَّكْفُرَ بِاللّٰهِ وَنَجْعَلَ لَهٗٓ اَنْدَادًا ؕ وَ
اَسَرُّوا النَّدَامَةَ لَمَّا رَاَوُا الْعَذَابَ ؕ وَجَعَلْنَا الْاَغْلٰلَ
فِيْٓ اَعْنَاقِ الَّذِيْنَ كَفَرُوْا ؕ هَلْ يُجْزَوْنَ اِلَّا مَا كَانُوْا
يَعْمَلُوْنَ ۝٣٣ وَمَآ اَرْسَلْنَا فِيْ قَرْيَةٍ مِّنْ نَّذِيْرٍ اِلَّا قَالَ
مُتْرَفُوْهَآ اِنَّا بِمَآ اُرْسِلْتُمْ بِهٖ كٰفِرُوْنَ ۝٣٤ وَقَالُوْا نَحْنُ
اَكْثَرُ اَمْوَالًا وَّاَوْلَادًا ۙ وَّمَا نَحْنُ بِمُعَذَّبِيْنَ ۝٣٥ قُلْ اِنَّ رَبِّيْ

અમારા પાસેથી માગવામાં નહીં આવે."

૨૬. કહો, આપણો રબ આપણને એકત્ર કરશે, પછી આપણા વચ્ચે યોગ્ય ફેંસલો કરી આપશે. તે એવો પ્રભુત્વશાળી હાકેમ છે જે બધું જ જાણે છે.

૨૭. આમને કહો, "જરા મને બતાવો તો ખરા, તે કઈ હસ્તીઓ છે જેમને તમે તેના સાથે ભાગીદાર બનાવેલી છે." કદાપિ નહીં, પ્રભુત્વશાળી અને સર્વજ્ઞ તો માત્ર તે અલ્લાહ જ છે.

૨૮. અને (હે પયગંબર!) અમે તમને સમગ્ર મનુષ્યો માટે ખુશખબર આપનાર અને સચેત કરનાર બનાવીને મોકલ્યા છે, પરંતુ ઘણાં લોકો જાણતા નથી.

૨૯. આ લોકો તમને કહે છે કે "તે (કયામતનો) વાયદો ક્યારે પૂરો થશે, જો તમે સાચા છો ?"

૩૦. કહો, "તમારા માટે એક એવા દિવસનો સમય નિશ્ચિત છે જેના આગમનને તમે ન એક ક્ષણ ભર વિલંબિત કરી શકો છો અને ન તો એક ક્ષણ ભર તેને વહેલો લાવી શકો છો." (રુકૂઅ-૩)

૩૧. આ કાફિરો (ઇન્કાર કરનારાઓ) કહે છે કે "અમે કદાપિ આ કુર્આનને નહીં માનીએ અને ન આનાથી પહેલાં આવેલા કોઈ ગ્રંથનો સ્વીકાર કરીશું." કદાચ, તમે જુઓ આમની હાલત તે વખતે, જ્યારે આ અત્યાચારીઓ પોતાના રબની હજૂરમાં ઊભા હશે. તે વખતે તેઓ એકબીજા પર દોષારોપણ કરશે. જે લોકોને દુનિયામાં દબાવીને રાખવામાં આવ્યા હતા તેઓ મોટા બનનારાઓને કહેશે કે "જો તમે ન હોત તો અમે ઈમાનવાળા હોત."

૩૨. તે મોટા બનનારાઓ આ દબાયેલા લોકોને જવાબ આપશે, "શું અમે તમને તે માર્ગદર્શનથી રોક્યા હતા જે તમારા પાસે આવ્યું હતું ? નહીં, બલ્કે તમે પોતે જ અપરાધી હતા."

૩૩. તે દબાયેલા લોકો તે મોટા બનનારાઓને કહેશે, "નહીં, બલ્કે રાત-દિવસની ચાલબાજીઓ હતી જ્યારે તમે અમને કહેતા હતા કે અમે અલ્લાહ સાથે ઇન્કારની નીતિ (કુફ્ર) અપનાવીએ અને બીજાઓને તેના સમકક્ષ ઠેરવીએ." છેવટે જ્યારે આ લોકો યાતના જોશે તો પોતાના મનમાં પસ્તાશે અને અમે આ ઇન્કાર કરનારાઓના ગળામાં તોક નાખી દઈશું. શું લોકોને એ સિવાય બીજો કોઈ બદલો આપી શકાય છે કે જેવા કર્મો તેમના હતા તેવો જ બદલો તેઓ પામે ?

૩૪. ક્યારેય એવું નથી બન્યું કે અમે કોઈ વસ્તીમાં એક સચેત કરનાર મોકલ્યો હોય અને તે વસ્તીના ખાતાં-પીતાં લોકોએ એવું ન કહ્યું હોય કે "જે સંદેશ તમે લઈને આવ્યા છો તેને અમે નથી માનતા."

૩૫. તેમણે હંમેશા એ જ કહ્યું કે "અમે તમારાથી વધુ ધન અને સંતાન ધરાવીએ છીએ અને અમે કદાપિ સજા પામવાના નથી."

يَبۡسُطُ الرِّزۡقَ لِمَنۡ يَّشَآءُ وَيَقۡدِرُ وَلٰكِنَّ اَكۡثَرَ النَّاسِ
ع لَا يَعۡلَمُوۡنَ ٣٦ وَمَآ اَمۡوَالُكُمۡ وَلَاۤ اَوۡلَادُكُمۡ بِالَّتِىۡ
تُقَرِّبُكُمۡ عِنۡدَنَا زُلۡفٰٓى اِلَّا مَنۡ اٰمَنَ وَعَمِلَ صَالِحًا ز فَاُولٰٓٮِٕكَ
لَهُمۡ جَزَآءُ الضِّعۡفِ بِمَا عَمِلُوۡا وَهُمۡ فِى الۡغُرُفٰتِ اٰمِنُوۡنَ ٣٧
وَالَّذِيۡنَ يَسۡعَوۡنَ فِىۡۤ اٰيٰتِنَا مُعٰجِزِيۡنَ اُولٰٓٮِٕكَ فِى الۡعَذَابِ
مُحۡضَرُوۡنَ ٣٨ قُلۡ اِنَّ رَبِّىۡ يَبۡسُطُ الرِّزۡقَ لِمَنۡ يَّشَآءُ
مِنۡ عِبَادِهٖ وَيَقۡدِرُ لَهٗ ؕ وَمَاۤ اَنۡفَقۡتُمۡ مِّنۡ شَىۡءٍ فَهُوَ
يُخۡلِفُهٗ ۚ وَهُوَ خَيۡرُ الرّٰزِقِيۡنَ ٣٩ وَيَوۡمَ يَحۡشُرُهُمۡ جَمِيۡعًا
ثُمَّ يَقُوۡلُ لِلۡمَلٰٓٮِٕكَةِ اَهٰٓؤُلَاۤءِ اِيَّاكُمۡ كَانُوۡا يَعۡبُدُوۡنَ ٤٠
قَالُوۡا سُبۡحٰنَكَ اَنۡتَ وَلِيُّنَا مِنۡ دُوۡنِهِمۡ ۚ بَلۡ كَانُوۡا
يَعۡبُدُوۡنَ الۡجِنَّ ۚ اَكۡثَرُهُمۡ بِهِمۡ مُّؤۡمِنُوۡنَ ٤١ فَالۡيَوۡمَ لَا
يَمۡلِكُ بَعۡضُكُمۡ لِبَعۡضٍ نَّفۡعًا وَّلَا ضَرًّا ؕ وَنَقُوۡلُ لِلَّذِيۡنَ
ظَلَمُوۡا ذُوۡقُوۡا عَذَابَ النَّارِ الَّتِىۡ كُنۡتُمۡ بِهَا تُكَذِّبُوۡنَ ٤٢
وَاِذَا تُتۡلٰى عَلَيۡهِمۡ اٰيٰتُنَا بَيِّنٰتٍ قَالُوۡا مَا هٰذَاۤ اِلَّا رَجُلٌ
يُّرِيۡدُ اَنۡ يَّصُدَّكُمۡ عَمَّا كَانَ يَعۡبُدُ اٰبَآؤُكُمۡ ۚ وَقَالُوۡا
مَا هٰذَاۤ اِلَّاۤ اِفۡكٌ مُّفۡتَرًى ؕ وَقَالَ الَّذِيۡنَ كَفَرُوۡا لِلۡحَقِّ
لَمَّا جَآءَهُمۡ ۙ اِنۡ هٰذَاۤ اِلَّا سِحۡرٌ مُّبِيۡنٌ ٤٣ وَمَاۤ اٰتَيۡنٰهُمۡ
مِّنۡ كُتُبٍ يَّدۡرُسُوۡنَهَا وَمَاۤ اَرۡسَلۡنَاۤ اِلَيۡهِمۡ قَبۡلَكَ مِنۡ
منزل ۵ نَّذِيۡرٍ ٤٤ ؕ وَكَذَّبَ الَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ ۙ وَمَا بَلَغُوۡا مِعۡشَارَ

૩૬. હે પયગંબર ! આમને કહો, મારો રબ જેને ચાહે છે વિપુલ રોજી આપે છે અને જેને ચાહે છે પ્રમાણસર આપે છે, પરંતુ ઘણાંખરા લોકો આ સત્યને જાણતા નથી." (રુકૂઅ-૪)

૩૭. આ તમારું ધન અને તમારા સંતાનો નથી જે તમને અમારાથી નિકટ કરતા હોય. હા, પરંતુ જેઓ ઈમાન લાવે અને સદ્કાર્યો કરે. આ જ લોકો છે જેમના માટે તેમના કર્મોનું બમણું વળતર છે, અને જેઓ ભવ્ય અને ઊંચા ભવનોમાં શાંતિપૂર્વક રહેશે.

૩૮. રહ્યા તે લોકો જેઓ અમારી આયતોને નીચું દેખાડવા માટે દોડધૂપ કરે છે, તો તેઓ યાતના-ગ્રસ્ત થશે.

૩૯. હે પયગંબર ! આમને કહો, મારો રબ પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે વિપુલ રોજી આપે છે અને જેને ચાહે છે નિયત પ્રમાણમાં આપે છે. જે કંઈ તમે ખર્ચ કરી નાખો છો તેના સ્થાને તે જ તમને વધુ આપે છે, તે બધા રોજી આપનારાઓ કરતાં શ્રેષ્ઠ રોજી આપનાર છે.

૪૦. અને જે દિવસે તે તમામ મનુષ્યોને એકત્ર કરશે અને પછી ફરિશ્તાઓને પૂછશે, "શું આ લોકો તમારી જ ઉપાસના કરતા હતા ?"

૪૧. તો તેઓ જવાબ આપશે કે "પવિત્ર છે આપની હસ્તી, અમારો સંબંધ તો આપથી છે, ન કે આ લોકોથી. વાસ્તવમાં આ લોકો અમારી નહીં પરંતુ જિન્નાતોની ઉપાસના કરતા હતા, આમાંના ઘણાંખરા તેમના પર જ ઈમાન લાવ્યા હતા."

૪૨. (તે વખતે અમે કહીશું કે) આજે તમારામાંથી કોઈ, ન તો કોઈને ફાયદો પહોંચાડી શકે છે, ન નુકસાન અને અત્યાચારીઓને અમે કહી દઈશું કે હવે ચાખો આ જહન્નમની યાતનાની મજા જેને તમે ખોટી ઠેરવતા હતા.

૪૩. આ લોકોને જ્યારે અમારી સ્પષ્ટ આયતો સંભળાવવામાં આવે છે તો આ લોકો કહે છે કે "આ માણસ તો બસ એવું ઇચ્છે છે કે તમને તે ઉપાસ્યોથી વિમુખ કરી દે જેમની ઉપાસના તમારા બાપ-દાદાઓ કરતા આવ્યા છે." અને કહે છે કે "આ (કુર્આન) માત્ર એક જૂઠ છે, ઘડી કાઢેલું." આ કાફિરો (અધર્મીઓ) સમક્ષ જ્યારે સત્ય આવ્યું તો તેમણે કહી દીધું કે "આ તો સ્પષ્ટ જાદૂ છે."

૪૪. જો કે ન અમે આ લોકોને પહેલાં કોઈ ગ્રંથ આપ્યો હતો કે આ લોકો તેને પઢતા હોય અને ન તમારાથી પહેલાં તેમના તરફ કોઈ સચેત કરનાર મોકલ્યો હતો.

૪૫. આમના પહેલાં થઈ ગયેલા લોકો ખોટું ઠેરવી ચૂક્યા છે. જે કંઈ અમે તેમને આપ્યું હતું તેના દસમા ભાગને પણ આ લોકો પહોંચ્યા નથી.

مَآ اٰتَيْنٰهُمْ فَكَذَّبُوْا رُسُلِيْ ۫ فَكَيْفَ كَانَ نَكِيْرِ ﴿٤٥﴾ قُلْ اِنَّمَآ
اَعِظُكُمْ بِوَاحِدَةٍ ۚ اَنْ تَقُوْمُوْا لِلّٰهِ مَثْنٰى وَفُرَادٰى ثُمَّ
تَتَفَكَّرُوْا ۫ مَا بِصَاحِبِكُمْ مِّنْ جِنَّةٍ ؕ اِنْ هُوَ اِلَّا نَذِيْرٌ لَّكُمْ
بَيْنَ يَدَيْ عَذَابٍ شَدِيْدٍ ﴿٤٦﴾ قُلْ مَا سَاَلْتُكُمْ مِّنْ اَجْرٍ
فَهُوَ لَكُمْ ۚ اِنْ اَجْرِيَ اِلَّا عَلَى اللّٰهِ ۚ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ
شَهِيْدٌ ﴿٤٧﴾ قُلْ اِنَّ رَبِّيْ يَقْذِفُ بِالْحَقِّ ۚ عَلَّامُ الْغُيُوْبِ ﴿٤٨﴾
قُلْ جَآءَ الْحَقُّ وَمَا يُبْدِئُ الْبَاطِلُ وَمَا يُعِيْدُ ﴿٤٩﴾ قُلْ اِنْ
ضَلَلْتُ فَاِنَّمَآ اَضِلُّ عَلٰى نَفْسِيْ ۚ وَاِنِ اهْتَدَيْتُ فَبِمَا
يُوْحِيْٓ اِلَيَّ رَبِّيْ ؕ اِنَّهٗ سَمِيْعٌ قَرِيْبٌ ﴿٥٠﴾ وَلَوْ تَرٰٓى اِذْ فَزِعُوْا
فَلَا فَوْتَ وَاُخِذُوْا مِنْ مَّكَانٍ قَرِيْبٍ ﴿٥١﴾ وَّقَالُوْٓا اٰمَنَّا
بِهٖ ۚ وَاَنّٰى لَهُمُ التَّنَاوُشُ مِنْ مَّكَانٍ بَعِيْدٍ ﴿٥٢﴾ وَّقَدْ
كَفَرُوْا بِهٖ مِنْ قَبْلُ ۚ وَيَقْذِفُوْنَ بِالْغَيْبِ مِنْ مَّكَانٍ
بَعِيْدٍ ﴿٥٣﴾ وَحِيْلَ بَيْنَهُمْ وَبَيْنَ مَا يَشْتَهُوْنَ كَمَا فُعِلَ
بِاَشْيَاعِهِمْ مِّنْ قَبْلُ ؕ اِنَّهُمْ كَانُوْا فِيْ شَكٍّ مُّرِيْبٍ ﴿٥٤﴾

ع ٥ ٩ ١١
منزل ٥
ع ٦ ٩ ١٢

પરંતુ જ્યારે તેમણે મારા પયગંબરોને ખોટા ઠેરવ્યા તો જોઈ લો કે મારી સજા કેવી કઠોર હતી. (રુકૂઅ-૫)

૪૬. હે પયગંબર ! આમને કહો કે "હું તમને માત્ર એક વાતનો ઉપદેશ આપું છું. અલ્લાહ માટે તમે એકલા-એકલા અને બે-બે મળીને મગજ લડાવો અને વિચારો, તમારા સાહેબમાં છેવટે કઈ વાત છે જે ઉન્માદની હોય ? તે તો એક કઠોર યાતનાના આગમન પહેલાં તમને સચેત કરનાર છે."

૪૭. આમને કહો, "જો મેં તમારા પાસેથી કોઈ વળતર માગ્યું હોય તો તે તમને મુબારક, મારું વળતર તો અલ્લાહના શિરે છે અને તે દરેક વસ્તુ પર સાક્ષી છે."

૪૮. આમને કહો, "મારો રબ (મારા પર) સત્યની પ્રકાશના કરે છે અને તે તમામ છૂપી હકીકતોને જાણવાવાળો છે."

૪૯. કહો, "સત્ય આવી ગયું અને હવે અસત્યના કરવાથી કંઈ થઈ શકતું નથી."

૫૦. કહો, "જો હું પથભ્રષ્ટ થઈ ગયો હોઉં તો મારી પથભ્રષ્ટતાની મુસીબત મારા પર છે, અને જો હું સન્માર્ગ પર છું તો તે વહી (દિવ્ય પ્રકાશના)ના આધારે છું જે મારો રબ મારા પર અવતરિત કરે છે, તે બધું જ સાંભળે છે અને નિકટ જ છે."

૫૧. કદાચ, તમે જુઓ આમને તે વખતે જ્યારે આ લોકો ગભરાયેલા ફરી રહ્યા હશે અને ક્યાંય બચીને નહીં જઈ શકે, બલ્કે નજીકથી જ પકડી લેવામાં આવશે.

૫૨. તે વખતે આ લોકો કહેશે કે અમે તેના પર ઈમાન લઈ આવ્યા. જો કે હવે દૂર નીકળી ચૂકેલી વસ્તુ કયાંથી હાથ આવી શકે છે.

૫૩. આ પહેલાં આ લોકો ઇન્કાર કરી ચૂક્યા હતા અને શોધખોળ કર્યા વિના મોટી-મોટી વાતો હાંકતા હતા.

૫૪. તે વખતે જે વસ્તુની આ લોકો ઝંખના કરતા હશે તેનાથી વંચિત કરી દેવામાં આવશે, જેવી રીતે તેમના પુરોગામી સહપંથીઓ વંચિત થઈ ચૂક્યા હશે. આ લોકો ખૂબ જ પથભ્રષ્ટ કરનાર શંકામાં પડેલા હતા. (રુકૂઅ-૬)

(૩૫) ફાતિર

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'ફાતિર' (સૃષ્ટા)ને આ સૂરઃનું શીર્ષક બનાવવામાં આવ્યું છે, જેનો અર્થ માત્ર એટલો જ છે કે આ તે સૂરઃ છે જેમાં 'ફાતિર' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

વર્ણનશૈલીના આંતરિક પુરાવાઓ પરથી જ્ઞાત થાય છે કે આ સૂરઃના અવતરણનો સમય સંભવતઃ મક્કા-મુઅઝ્ઝમાનો મધ્યકાળ છે અને તેનો પણ તે સમય જેમાં વિરોધમાં ખૂબ તીવ્રતા આવી ગઈ હતી.

વિષય અને ચર્ચા :

પ્રવચનનો હેતુ એ છે કે પયગંબર (સલ્લ.)ના તૌહીદ (એકેશ્વરવાદ)ના આમંત્રણ સામે જે વલણ તે વખતે મક્કાવાસીઓ અને તેમના આગેવાનોએ અપનાવી રાખ્યું હતું, તેના પર ઉપદેશના રૂપમાં તેમને ચેતવણી આપવામાં આવે અને ઠપકો પણ આપવામાં આવે અને શિક્ષાની શૈલીમાં સમજાવવામાં પણ આવે. વિષયનો સાર એ છે કે મૂર્ખ લોકો ! આ પયગંબર જે માર્ગ તરફ તમને બોલાવી રહ્યો છે, તેમાં તમારી પોતાની ભલાઈ છે. તેના તરફ તમારો ગુસ્સો અને તેને નિષ્ફળ બનાવવા માટે તમારી ચાલબાજીઓ ખરેખર તેના વિરુધ્ધ નહીં, બલ્કે તમારા પોતાના વિરુધ્ધ જઈ રહી છે. તે જે કંઈ તમને કહી રહ્યો છે, તેના પર ધ્યાન તો આપો કે તેમાં ખોટી વાત કઈ છે ? તે શિર્ક (અનેકેશ્વરવાદ)ને રદિયો આપે છે, તૌહીદનું આમંત્રણ આપે છે, તે તમને કહે છે કે આલોકના આ જીવન પશ્ચાત્ એક બીજું જીવન છે જેમાં પ્રત્યેકને પોતાના કર્મોનું પરિણામ જોવું પડશે. તમે પોતે વિચારો કે આ વાતો પર તમારા સંદેહો અને આશ્ચર્ય કેટલા પાયાવિહિન છે. હવે જો આ તદ્દન બુદ્ધિસંગત અને સત્ય પર આધારિત વાતોને તમે નથી માનતા, તો એમાં પયગંબરને શું નુકસાન છે. દુર્દશા તો તમારી પોતાની થશે. ચર્ચામાં ક્રમશઃ વારંવાર પયગંબર (સલ્લ.)ને સાંત્વના આપવામાં આવી છે કે તમે જે ઉપદેશનો હક્ક પૂરેપૂરી રીતે અદા કરી રહ્યા છો, તો પથભ્રષ્ટતા પર દુરાગ્રહ કરનારાઓ સન્માર્ગ ન સ્વીકારે તો તેની કોઈ જવાબદારી તમારા પર આવતી નથી. તેના સાથે આપને એ પણ સમજાવી

દેવામાં આવ્યું છે કે જે લોકો માનવા તૈયાર નથી, તેમના વર્તન બદલ તમે દુ:ખી ન થાઓ અને ન તો તેમને સન્માર્ગે લાવવાની ચિંતામાં પોતાનો જીવ બાળો, એના બદલે આપ પોતાનું ધ્યાન તે લોકો પર આપો, જેઓ વાત સાંભળવા તૈયાર છે. ઈમાન સ્વીકારનારાઓને પણ આ જ અનુસંધાનમાં મોટી ખુશખબરો આપવામાં આવી છે, જેથી તેમના હૃદય મજબૂત બને અને તેઓ અલ્લાહના વાયદાઓ પર ભરોસો કરીને સત્ય-માર્ગ પર અડગ રહે.

اٰيَاتُهَا ۴۵ (۳۵) سُوْرَةُ فَاطِرٍ مَّكِّيَّةٌ (۴۳) رُكُوْعَاتُهَا ۵

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

اَلْحَمْدُ لِلّٰهِ فَاطِرِ السَّمٰوٰتِ وَالْاَرْضِ جَاعِلِ الْمَلٰٓئِكَةِ
رُسُلًا اُولِيْٓ اَجْنِحَةٍ مَّثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ ؕ يَزِيْدُ فِي الْخَلْقِ
مَا يَشَآءُ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝۱ مَا يَفْتَحِ اللّٰهُ
لِلنَّاسِ مِنْ رَّحْمَةٍ فَلَا مُمْسِكَ لَهَا ۚ وَمَا يُمْسِكْ ۙ
فَلَا مُرْسِلَ لَهٗ مِنْۢ بَعْدِهٖ ؕ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝۲
يٰٓاَيُّهَا النَّاسُ اذْكُرُوْا نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ ؕ هَلْ مِنْ
خَالِقٍ غَيْرُ اللّٰهِ يَرْزُقُكُمْ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ ؕ لَآ اِلٰهَ
اِلَّا هُوَ ۫ۖ فَاَنّٰى تُؤْفَكُوْنَ ۝۳ وَاِنْ يُّكَذِّبُوْكَ فَقَدْ
كُذِّبَتْ رُسُلٌ مِّنْ قَبْلِكَ ؕ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ ۝۴
يٰٓاَيُّهَا النَّاسُ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ فَلَا تَغُرَّنَّكُمُ الْحَيٰوةُ
الدُّنْيَا ٝ وَلَا يَغُرَّنَّكُمْ بِاللّٰهِ الْغَرُوْرُ ۝۵ اِنَّ الشَّيْطٰنَ
لَكُمْ عَدُوٌّ فَاتَّخِذُوْهُ عَدُوًّا ؕ اِنَّمَا يَدْعُوْا حِزْبَهٗ لِيَكُوْنُوْا
مِنْ اَصْحٰبِ السَّعِيْرِ ۝۶ اَلَّذِيْنَ كَفَرُوْا لَهُمْ عَذَابٌ
شَدِيْدٌ ؕ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمْ مَّغْفِرَةٌ وَّ
ع ۷ ۱۳ اَجْرٌ كَبِيْرٌ ۝۷ اَفَمَنْ زُيِّنَ لَهٗ سُوْٓءُ عَمَلِهٖ فَرَاٰهُ حَسَنًا ؕ
فَاِنَّ اللّٰهَ يُضِلُّ مَنْ يَّشَآءُ وَيَهْدِيْ مَنْ يَّشَآءُ ۖ
فَلَا تَذْهَبْ نَفْسُكَ عَلَيْهِمْ حَسَرٰتٍ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ

(૩૫) સૂરઃ ફાતિર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૫ ● આયતો : ૪૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. પ્રશંસા અલ્લાહ માટે જ છે જે આકાશો અને ધરતીનો સર્જનહાર અને ફરિશ્તાઓને સંદેશ પહોંચાડવા માટે નિયુક્ત કરનાર છે, (એવા ફરિશ્તાઓ) જેમની બબ્બે અને ત્રણ-ત્રણ અને ચાર-ચાર ભુજાઓ છે. તે પોતાની મખ્લૂક (સૃષ્ટિ)ની સંરચનામાં ચાહે તેવી અભિવૃદ્ધિ કરે છે. નિઃશંક અલ્લાહ દરેક વસ્તુનું સામર્થ્ય ધરાવે છે.

૨. અલ્લાહ જે કૃપાનો દરવાજો પણ લોકો માટે ખોલી નાખે, તેને કોઈ રોકવાવાળું નથી અને જેને તે બંધ કરી દે, તેને અલ્લાહ પછી બીજો કોઈ ખોલવાવાળો નથી. તે પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૩. લોકો ! તમારા પર અલ્લાહના જે ઉપકારો છે તેને યાદ રાખો. શું અલ્લાહ સિવાય કોઈ અન્ય સર્જનહાર પણ છે જે તમને આકાશ અને ધરતીમાંથી રોજી આપતો હોય ? — કોઈ ઉપાસ્ય તેના સિવાય નથી, પછી તમે ક્યાંથી ધોખો ખાઈ રહ્યા છો ?

૪. હવે જો (હે પયગંબર !) આ લોકો તમને ખોટા ઠેરવે છે (તો આ કોઈ નવી વાત નથી), તમારા પહેલાં પણ ઘણાં પયગંબરો ખોટા ઠેરવાઈ ચૂક્યા છે, અને બધા જ મામલાઓ છેવટે તો અલ્લાહના જ પાસે લઈ જવામાં આવનાર છે.

૫. લોકો ! અલ્લાહનો વાયદો નિશ્ચિતપણે સત્ય છે, આથી દુનિયા (આલોક)નું જીવન તમને ધોખામાં ન નાખે અને ન તે મોટો ધોખાબાજ (શેતાન) તમને અલ્લાહ વિષે ધોખો આપી જાય.

૬. વાસ્તવમાં શેતાન તમારો શત્રુ છે, માટે તમે પણ તેને પોતાનો શત્રુ જ સમજો. તે તો પોતાના અનુયાયીઓને પોતાના માર્ગે એટલા માટે બોલાવી રહ્યો છે કે તેઓ દોજખમાં જનારા લોકોમાં સામેલ થઈ જાય.

૭. જે લોકો કુફ્ર (ઇન્કાર) કરશે તેમના માટે કઠોર યાતના (અઝાબ) છે અને જેઓ ઈમાન લાવશે અને સદ્કાર્યો કરશે તેમના માટે મગફિરત (ક્ષમા) અને મોટું વળતર છે. (રુકૂઅ-૧)

૮. (ભલા કોઈ ઠેકાણું છે તે માણસની પથભ્રષ્ટતાનું) જેના માટે તેનું બૂરું કાર્ય શોભાસ્પદ બનાવી દેવામાં આવ્યું હોય અને તે તેને સારું સમજી રહ્યો હોય ? હકીકત એ છે કે અલ્લાહ જેને ચાહે છે પથભ્રષ્ટતામાં નાખી દે છે અને જેને ચાહે છે સન્માર્ગ દેખાડી દે છે. તો (હે પયગંબર!) ઇચ્છા-અનિચ્છાએ તમારો જીવ આ લોકો માટે રંજ અને દુઃખમાં ન

بِمَا يَصْنَعُوْنَ ﴿٨﴾ وَاللّٰهُ الَّذِيْٓ اَرْسَلَ الرِّيٰحَ فَتُثِيْرُ
سَحَابًا فَسُقْنٰهُ اِلٰى بَلَدٍ مَّيِّتٍ فَاَحْيَيْنَا بِهِ الْاَرْضَ
بَعْدَ مَوْتِهَا ؕ كَذٰلِكَ النُّشُوْرُ ﴿٩﴾ مَنْ كَانَ يُرِيْدُ
الْعِزَّةَ فَلِلّٰهِ الْعِزَّةُ جَمِيْعًا ؕ اِلَيْهِ يَصْعَدُ الْكَلِمُ
الطَّيِّبُ وَالْعَمَلُ الصَّالِحُ يَرْفَعُهٗ ؕ وَالَّذِيْنَ يَمْكُرُوْنَ
السَّيِّاٰتِ لَهُمْ عَذَابٌ شَدِيْدٌ ؕ وَمَكْرُ اُولٰٓئِكَ هُوَ
يَبُوْرُ ﴿١٠﴾ وَاللّٰهُ خَلَقَكُمْ مِّنْ تُرَابٍ ثُمَّ مِنْ نُّطْفَةٍ ثُمَّ
جَعَلَكُمْ اَزْوَاجًا ؕ وَمَا تَحْمِلُ مِنْ اُنْثٰى وَلَا تَضَعُ اِلَّا
بِعِلْمِهٖ ؕ وَمَا يُعَمَّرُ مِنْ مُّعَمَّرٍ وَّلَا يُنْقَصُ مِنْ عُمُرِهٖٓ
اِلَّا فِيْ كِتٰبٍ ؕ اِنَّ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرٌ ﴿١١﴾ وَمَا
يَسْتَوِي الْبَحْرٰنِ ۖۗ هٰذَا عَذْبٌ فُرَاتٌ سَآئِغٌ شَرَابُهٗ
وَهٰذَا مِلْحٌ اُجَاجٌ ؕ وَمِنْ كُلٍّ تَاْكُلُوْنَ لَحْمًا طَرِيًّا وَّ
تَسْتَخْرِجُوْنَ حِلْيَةً تَلْبَسُوْنَهَا ۚ وَتَرَى الْفُلْكَ فِيْهِ
مَوَاخِرَ لِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿١٢﴾
يُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَيُوْلِجُ النَّهَارَ فِي الَّيْلِ ۙ وَ
سَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ۖ كُلٌّ يَّجْرِيْ لِاَجَلٍ مُّسَمًّى ؕ
ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ لَهُ الْمُلْكُ ؕ وَالَّذِيْنَ تَدْعُوْنَ
مِنْ دُوْنِهٖ مَا يَمْلِكُوْنَ مِنْ قِطْمِيْرٍ ﴿١٣﴾ ؕ اِنْ تَدْعُوْهُمْ
لَا يَسْمَعُوْا دُعَآءَكُمْ ۚ وَلَوْ سَمِعُوْا مَا اسْتَجَابُوْا لَكُمْ ؕ

બાળો. જે કંઈ આ લોકો કરી રહ્યા છે અલ્લાહ તેને સારી રીતે જાણે છે.

૯. તે અલ્લાહ જ તો છે જે હવાઓને મોકલે છે, પછી તે વાદળાં ઉઠાવે છે, પછી અમે તેને એક વેરાન પ્રદેશ તરફ લઈ જઈએ છીએ અને તેના વડે તે જ ભૂમિને જીવંત કરી દઈએ છીએ જે મૃત પડી હતી. મૃત્યુ પામેલા મનુષ્યોનું જીવિત થઈ ઊઠવું પણ આવી રીતે જ હશે.

૧૦. જે કોઈ પ્રતિષ્ઠા ચાહતો હોય તેને ખબર હોવી જોઈએ કે પ્રતિષ્ઠા સમગ્રપણે અલ્લાહની છે. તેને ત્યાં જે વસ્તુ ઉપર ચઢે છે તે માત્ર પવિત્ર બોલ છે, અને સદ્કાર્ય તેને ઉપર ચઢાવે છે. રહ્યા તે લોકો જેઓ બેહૂદી ચાલબાજીઓ ચાલે છે, તેમના માટે કઠોર યાતના છે અને તેમની ચાલબાજી સ્વયં જ વિનષ્ટ થવાની છે.

૧૧. અલ્લાહે માટીથી તમારું સર્જન કર્યું, પછી વીર્યથી, પછી તમારા જોડા બનાવી દીધા (અર્થાત્ પુરુષ અને સ્ત્રી). કોઈ સ્ત્રી ગર્ભવતી નથી થતી અને ન બાળક જણે છે, પરંતુ આ બધું અલ્લાહની જાણમાં હોય છે. કોઈ આયુષ્ય મેળવનાર આયુષ્ય નથી પામતો અને ન કોઈના આયુષ્યમાં કોઈ ઘટાડો થાય છે, પણ આ બધું એક પુસ્તકમાં અંકિત હોય છે. અલ્લાહ માટે આ ખૂબ સરળ કામ છે,

૧૨. અને પાણીના બંને ભંડારો સમાન નથી. એક મીઠો અને તરસ છિપાવનાર છે, પીવામાં રુચિકર, અને બીજો સાવ ખારો કે ગળું છોલી નાખે. પરંતુ બંનેમાંથી તમે તાજુંમાજું માંસ પ્રાપ્ત કરો છો, પહેરવા માટે શ્રૃંગારની વસ્તુઓ કાઢો છો, અને આ જ પાણીમાં તમે જુઓ છો કે નૌકાઓ તેની છાતી ચીરતી જઈ રહી છે જેથી તમે અલ્લાહની કૃપા (આજીવિકા) શોધો અને તેના કૃતજ્ઞ બનો.

૧૩. તે દિવસમાં રાત અને રાતમાં દિવસને પરોવીને લઈ આવે છે. ચંદ્ર અને સૂર્યને તેણે આધીન બનાવી રાખ્યા છે. આ બધું જ એક નિશ્ચિત સમય સુધી ચાલી જઈ રહ્યું છે. તે જ અલ્લાહ (જેના આ બધા જ કામ છે) તમારો માલિક અને પાલનહાર છે. રાજ્ય તેનું જ છે. તેને છોડીને બીજા જેને તમે પોકારો છો તેઓ એક તણખલાના પણ માલિક નથી.

૧૪. તેમને પોકારો તો તેઓ તમારી દુઆઓ (પ્રાર્થનાઓ) સાંભળી શકતા નથી અને સાંભળી લે તો તેનો કોઈ જવાબ તમને આપી શકતા નથી.

وَيَوْمَ الْقِيٰمَةِ يَكْفُرُوْنَ بِشِرْكِكُمْ ؕ وَلَا يُنَبِّئُكَ
مِثْلُ خَبِيْرٍ ﴿۱۴﴾ يٰۤاَيُّهَا النَّاسُ اَنْتُمُ الْفُقَرَآءُ اِلَى
اللّٰهِ ۚ وَاللّٰهُ هُوَ الْغَنِيُّ الْحَمِيْدُ ﴿۱۵﴾ اِنْ يَّشَاْ يُذْهِبْكُمْ وَ
يَاْتِ بِخَلْقٍ جَدِيْدٍ ﴿۱۶﴾ وَمَا ذٰلِكَ عَلَى اللّٰهِ بِعَزِيْزٍ ﴿۱۷﴾
وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى ؕ وَاِنْ تَدْعُ مُثْقَلَةٌ
اِلٰى حِمْلِهَا لَا يُحْمَلْ مِنْهُ شَيْءٌ وَّلَوْ كَانَ ذَا قُرْبٰى ؕ
اِنَّمَا تُنْذِرُ الَّذِيْنَ يَخْشَوْنَ رَبَّهُمْ بِالْغَيْبِ وَاَقَامُوا
الصَّلٰوةَ ؕ وَمَنْ تَزَكّٰى فَاِنَّمَا يَتَزَكّٰى لِنَفْسِهٖ ؕ وَاِلَى
اللّٰهِ الْمَصِيْرُ ﴿۱۸﴾ وَمَا يَسْتَوِي الْاَعْمٰى وَالْبَصِيْرُ ﴿۱۹﴾
وَلَا الظُّلُمٰتُ وَلَا النُّوْرُ ﴿۲۰﴾ وَلَا الظِّلُّ وَلَا الْحَرُوْرُ ﴿۲۱﴾
وَمَا يَسْتَوِي الْاَحْيَآءُ وَلَا الْاَمْوَاتُ ؕ اِنَّ اللّٰهَ يُسْمِعُ
مَنْ يَّشَآءُ ۚ وَمَآ اَنْتَ بِمُسْمِعٍ مَّنْ فِي الْقُبُوْرِ ﴿۲۲﴾ اِنْ اَنْتَ
اِلَّا نَذِيْرٌ ﴿۲۳﴾ اِنَّآ اَرْسَلْنٰكَ بِالْحَقِّ بَشِيْرًا وَّنَذِيْرًا ؕ وَاِنْ
مِّنْ اُمَّةٍ اِلَّا خَلَا فِيْهَا نَذِيْرٌ ﴿۲۴﴾ وَاِنْ يُّكَذِّبُوْكَ فَقَدْ
كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ۚ جَآءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ
وَبِالزُّبُرِ وَبِالْكِتٰبِ الْمُنِيْرِ ﴿۲۵﴾ ثُمَّ اَخَذْتُ الَّذِيْنَ
كَفَرُوْا فَكَيْفَ كَانَ نَكِيْرِ ﴿۲۶﴾ اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ اَنْزَلَ
مِنَ السَّمَآءِ مَآءً ۚ فَاَخْرَجْنَا بِهٖ ثَمَرٰتٍ مُّخْتَلِفًا
اَلْوَانُهَا ؕ وَمِنَ الْجِبَالِ جُدَدٌۢ بِيْضٌ وَّحُمْرٌ مُّخْتَلِفٌ

અને કયામત (પુનર્જીવન)ના દિવસે તેઓ તમારા શિર્ક (અનેકેશ્વરવાદી કૃત્ય)નો ઇન્કાર કરી દેશે. વસ્તુ-સ્થિતિની આવી સાચી ખબર તમને એક ખબર રાખવાવાળા સિવાય કોઈ નથી આપી શકતો. (રુકૂઅ-૨)

૧૫. લોકો ! તમે જ અલ્લાહના મોહતાજ છો અને અલ્લાહ તો ગની (અપેક્ષામુક્ત) અને તે સ્વયં પ્રશંસિત છે.

૧૬. તે ચાહે તો તમને ખસેડીને કોઈ નવું સર્જન તમારી જગ્યાએ લઈ આવે,

૧૭. આવું કરવું અલ્લાહ માટે સહેજ પણ મુશ્કેલ નથી,

૧૮. અને કોઈ બોજ ઉઠાવનાર કોઈ બીજાનો બોજ નહીં ઉઠાવે, અને જો કોઈ લદાયેલ જીવ પોતાનો બોજ ઉઠાવવા માટે પોકારશે તો તેના ભારનો એક નાનો ભાગ પણ વહેંચવા કોઈ નહીં આવે, ચાહે તે નિકટતમ સગો જ કેમ ન હોય. (હે પયગંબર !) તમે માત્ર તે જ લોકોને ચેતવી શકો છો જેઓ જોયા વગર પોતાના રબ (પ્રભુ)થી ડરે છે અને નમાઝ કાયમ કરે છે. જે વ્યક્તિ પણ પવિત્રતા અપનાવે છે પોતાની જ ભલાઈ માટે અપનાવે છે અને પાછા ફરવાનું સૌને અલ્લાહ તરફ જ છે.

૧૯. આંધળો અને આંખોવાળો સમાન નથી,

૨૦. ન અંધારાઓ અને પ્રકાશ સમાન છે,

૨૧. ન ઠંડો છાંયડો અને તડકાની ગરમી એક સમાન છે,

૨૨. અને ન જીવંત અને મૃત સરખા છે. અલ્લાહ જેને ચાહે છે સંભળાવે છે, પરંતુ (હે પયગંબર !) તમે તે લોકોને સંભળાવી શકતા નથી જેઓ કબરોમાં દફન છે.

૨૩. તમે તો માત્ર એક સાવધાન કરનારા છો.

૨૪. અમે તમને સત્ય સાથે મોકલ્યા છે, ખુશખબર આપનારા અને ડરાવનારા બનાવીને, અને કોઈ સમુદાય એવો નથી થયો જેમાં કોઈ સચેત કરનાર ન આવ્યો હોય.

૨૫. હવે જો આ લોકો તમને ખોટા ઠેરવે છે તો આમના પહેલાં થઈ ગયેલા લોકો પણ ખોટા ઠેરવી ચૂક્યા છે. તેમના પાસે તેમના પયગંબરો ખુલ્લી દલીલો અને પુસ્તિકાઓ અને સ્પષ્ટ આદેશ આપતો ગ્રંથ લઈને આવ્યા હતા.

૨૬. પછી જે લોકોએ ન માન્યું તેમને મેં ઝડપી લીધાં અને જોઈ લો મારી સજા કેવી કઠોર હતી. (રુકૂઅ-૩)

૨૭. શું તમે જોતાં નથી કે અલ્લાહ આકાશમાંથી પાણી વરસાવે છે અને પછી તેના વડે અમે જાત-જાતના ફળો કાઢી લાવીએ છીએ જેમના રંગો જુદા-જુદા હોય છે. પર્વતોમાં પણ સફેદ, લાલ અને કાળી ભમ્મર ધારીઓ જોવા મળે છે જેમના રંગ વિભિન્ન હોય છે, અને આવી જ

اَلْوَانُهَا وَغَرَابِيْبُ سُوْدٌ ۝٢٧ وَمِنَ النَّاسِ وَالدَّوَآبِّ
وَالْاَنْعَامِ مُخْتَلِفٌ اَلْوَانُهٗ كَذٰلِكَ ؕ اِنَّمَا يَخْشَى اللّٰهَ
مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ غَفُوْرٌ ۝٢٨ اِنَّ
الَّذِيْنَ يَتْلُوْنَ كِتٰبَ اللّٰهِ وَاَقَامُوا الصَّلٰوةَ وَاَنْفَقُوْا
مِمَّا رَزَقْنٰهُمْ سِرًّا وَّعَلَانِيَةً يَّرْجُوْنَ تِجَارَةً لَّنْ
تَبُوْرَ ۝٢٩ لِيُوَفِّيَهُمْ اُجُوْرَهُمْ وَيَزِيْدَهُمْ مِّنْ فَضْلِهٖ ؕ
اِنَّهٗ غَفُوْرٌ شَكُوْرٌ ۝٣٠ وَالَّذِيْٓ اَوْحَيْنَآ اِلَيْكَ مِنَ
الْكِتٰبِ هُوَ الْحَقُّ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ ؕ اِنَّ اللّٰهَ
بِعِبَادِهٖ لَخَبِيْرٌۢ بَصِيْرٌ ۝٣١ ثُمَّ اَوْرَثْنَا الْكِتٰبَ الَّذِيْنَ
اصْطَفَيْنَا مِنْ عِبَادِنَا ۚ فَمِنْهُمْ ظَالِمٌ لِّنَفْسِهٖ ۚ وَمِنْهُمْ
مُّقْتَصِدٌ ۚ وَمِنْهُمْ سَابِقٌۢ بِالْخَيْرٰتِ بِاِذْنِ اللّٰهِ ؕ ذٰلِكَ
هُوَ الْفَضْلُ الْكَبِيْرُ ۝٣٢ جَنّٰتُ عَدْنٍ يَّدْخُلُوْنَهَا
يُحَلَّوْنَ فِيْهَا مِنْ اَسَاوِرَ مِنْ ذَهَبٍ وَّلُؤْلُؤًا ۚ وَلِبَاسُهُمْ
فِيْهَا حَرِيْرٌ ۝٣٣ وَقَالُوا الْحَمْدُ لِلّٰهِ الَّذِيْٓ اَذْهَبَ عَنَّا
الْحَزَنَ ؕ اِنَّ رَبَّنَا لَغَفُوْرٌ شَكُوْرُ ۝٣٤ الَّذِيْٓ اَحَلَّنَا
دَارَ الْمُقَامَةِ مِنْ فَضْلِهٖ ۚ لَا يَمَسُّنَا فِيْهَا نَصَبٌ وَّلَا
يَمَسُّنَا فِيْهَا لُغُوْبٌ ۝٣٥ وَالَّذِيْنَ كَفَرُوْا لَهُمْ نَارُ جَهَنَّمَ ۚ
لَا يُقْضٰى عَلَيْهِمْ فَيَمُوْتُوْا وَلَا يُخَفَّفُ عَنْهُمْ مِّنْ
عَذَابِهَا ؕ كَذٰلِكَ نَجْزِيْ كُلَّ كَفُوْرٍ ۝٣٦ وَهُمْ يَصْطَرِخُوْنَ

રીતે મનુષ્યો અને પ્રાણીઓ અને ઢોરોના રંગ પણ જુદા-જુદા છે.
૨૮. સત્ય એ છે કે અલ્લાહના બંદાઓમાંથી માત્ર જ્ઞાન ધરાવનારા લોકો જ તેનાથી ડરે છે, નિઃશંક અલ્લાહ પ્રભુત્વશાળી અને ક્ષમાશીલ છે.
૨૯. જે લોકો અલ્લાહના ગ્રંથનો પાઠ કરે છે અને નમાઝ કાયમ કરે છે, અને જે કંઈ રોજી અમે તેમને આપી છે તેમાંથી જાહેરમાં અને છૂપી રીતે ખર્ચ કરે છે, ચોક્કસ તેઓ એક એવા વેપારની અપેક્ષા રાખે છે જેમાં કદાપિ ખોટ નહીં જાય.
૩૦. (આ વેપારમાં તેમણે પોતાનું સર્વસ્વ એટલા માટે લગાડી દીધું છે કે) જેથી અલ્લાહ તેમના વળતર પૂરેપૂરા તેમને આપે અને વધુમાં પોતાની કૃપાથી તેમને પ્રદાન કરે. નિઃશંક અલ્લાહ માફી બક્ષનાર અને કદરદાન છે.
૩૧. (હે પયગંબર !) જે ગ્રંથ અમે તમારા તરફ વહી દ્વારા અવતરિત કર્યો છે તે જ સત્ય છે, સમર્થન કરતો આવ્યો છે તે ગ્રંથોનું જે આના પહેલાં આવ્યા હતા. નિઃસંદેહ અલ્લાહ પોતાના બંદાઓની સ્થિતિથી વાકેફ છે અને દરેક વસ્તુ ઉપર નજર રાખવાવાળો છે.
૩૨. પછી અમે આ ગ્રંથના ઉત્તરાધિકારી બનાવી દીધા તે લોકોને જેમને અમે (આ ઉત્તરાધિકાર માટે) પોતાના બંદાઓમાંથી ચૂંટી લીધા. હવે કોઈ તો તેમનામાંથી પોતાના ઉપર અત્યાચાર કરનાર છે, અને કોઈ મધ્યમ-માર્ગીય છે, અને કોઈ અલ્લાહની મરજીથી સદકાર્યોમાં અગ્રેસર રહેનારા છે, આ જ મહાન કૃપા છે.
૩૩. સદૈવ રહેનારી જન્નતો છે જેમાં આ લોકો પ્રવેશ કરશે. ત્યાં તેમને સોનાના કંગનો અને મોતીઓથી શણગારવામાં આવશે, ત્યાં તેમનો પોશાક રેશમનો હશે,
૩૪. અને તેઓ કહેશે, ''આભાર તે અલ્લાહનો, જેણે અમારું દુઃખ દૂર કરી દીધું. નિઃશંક અમારો રબ ક્ષમાશીલ અને કદરદાન છે,
૩૫. જેણે અમને પોતાની કૃપાથી શાશ્વત નિવાસની જગ્યામાં રોકી દીધા, હવે અહીં અમને ન કોઈ શ્રમ કરવો પડે છે, ન તો થાક લાગે છે.''
૩૬. અને જે લોકોએ ઈન્કાર કર્યો છે તેમના માટે જહન્નમ (નર્ક)ની આગ છે, ન તેમનો કિસ્સો તમામ કરી નાખવામાં આવશે કે મરી જાય અને ન તેમના માટે જહન્નમ (નર્ક)ની યાતનામાં સહેજ પણ ઘટાડો કરવામાં આવશે. આ રીતે અમે બદલો આપીએ છીએ તે દરેક વ્યક્તિને જે ઈન્કાર (કુફ્ર) કરનાર છે.
૩૭. તેઓ ત્યાં ચીસો પાડી-પાડીને કહેશે કે ''હે અમારા પાલનહાર !

فِيْهَا ۚ رَبَّنَآ اَخْرِجْنَا نَعْمَلْ صَالِحًا غَيْرَ الَّذِيْ كُنَّا
نَعْمَلُ ؕ اَوَلَمْ نُعَمِّرْكُمْ مَّا يَتَذَكَّرُ فِيْهِ مَنْ تَذَكَّرَ وَ
جَآءَكُمُ النَّذِيْرُ ؕ فَذُوْقُوْا فَمَا لِلظّٰلِمِيْنَ مِنْ نَّصِيْرٍ ﴿٣٧﴾ ع ١١ ١٦
اِنَّ اللّٰهَ عٰلِمُ غَيْبِ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ اِنَّهٗ عَلِيْمٌۢ
بِذَاتِ الصُّدُوْرِ ﴿٣٨﴾ هُوَ الَّذِيْ جَعَلَكُمْ خَلٰٓئِفَ فِي
الْاَرْضِ ؕ فَمَنْ كَفَرَ فَعَلَيْهِ كُفْرُهٗ ؕ وَلَا يَزِيْدُ الْكٰفِرِيْنَ
كُفْرُهُمْ عِنْدَ رَبِّهِمْ اِلَّا مَقْتًا ۚ وَلَا يَزِيْدُ الْكٰفِرِيْنَ
كُفْرُهُمْ اِلَّا خَسَارًا ﴿٣٩﴾ قُلْ اَرَءَيْتُمْ شُرَكَآءَكُمُ الَّذِيْنَ
تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ ؕ اَرُوْنِيْ مَاذَا خَلَقُوْا مِنَ
الْاَرْضِ اَمْ لَهُمْ شِرْكٌ فِي السَّمٰوٰتِ ۚ اَمْ اٰتَيْنٰهُمْ كِتٰبًا
فَهُمْ عَلٰى بَيِّنَتٍ مِّنْهُ ۚ بَلْ اِنْ يَّعِدُ الظّٰلِمُوْنَ بَعْضُهُمْ
بَعْضًا اِلَّا غُرُوْرًا ﴿٤٠﴾ اِنَّ اللّٰهَ يُمْسِكُ السَّمٰوٰتِ وَالْاَرْضَ
اَنْ تَزُوْلَا ۚ۬ وَلَئِنْ زَالَتَآ اِنْ اَمْسَكَهُمَا مِنْ اَحَدٍ مِّنْۢ
بَعْدِهٖ ؕ اِنَّهٗ كَانَ حَلِيْمًا غَفُوْرًا ﴿٤١﴾ وَاَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ
اَيْمَانِهِمْ لَئِنْ جَآءَهُمْ نَذِيْرٌ لَّيَكُوْنُنَّ اَهْدٰى مِنْ اِحْدَى
الْاُمَمِ ۚ فَلَمَّا جَآءَهُمْ نَذِيْرٌ مَّا زَادَهُمْ اِلَّا نُفُوْرَا ۨ﴿٤٢﴾
اسْتِكْبَارًا فِي الْاَرْضِ وَمَكْرَ السَّيِّئِ ؕ وَلَا يَحِيْقُ الْمَكْرُ
السَّيِّئُ اِلَّا بِاَهْلِهٖ ؕ فَهَلْ يَنْظُرُوْنَ اِلَّا سُنَّتَ الْاَوَّلِيْنَ ۚ
فَلَنْ تَجِدَ لِسُنَّتِ اللّٰهِ تَبْدِيْلًا ۚ۬ وَلَنْ تَجِدَ لِسُنَّتِ اللّٰهِ منزل ٥

અમને અહીંથી કાઢી લે જેથી અમે સદ્કાર્યો કરીએ, તે કાર્યોથી જુદા જે પહેલાં કરતા રહ્યા હતા." (તેમને જવાબ આપવામાં આવશે), "શું અમે તમને એટલું આયુષ્ય નહોતું આપ્યું જેમાં કોઈ શિક્ષા ગ્રહણ કરવા માગતો તો શિક્ષા ગ્રહણ કરી શકતો હતો ? અને તમારા પાસે સચેત કરવાવાળો પણ આવી ચૂક્યો હતો. હવે ચાખો મજા. અત્યાચારીઓનો અહીં કોઈ મદદગાર નથી." (રુકૂઅ-૪)

૩૮. નિઃશંક અલ્લાહ આકાશો અને ધરતીની દરેક છૂપી વસ્તુથી વાકેફ છે, તે તો છાતીઓમાં છૂપાયેલાં રહસ્યો સુધ્ધાં જાણે છે.

૩૯. તે જ તો છે જેણે તમને ધરતી પર 'ખલીફા' (નાયબ, પ્રતિનિધિ) બનાવ્યા છે. હવે જે કોઈ કુફ્ર (ઇન્કાર) કરે છે તેના કુફ્રની મુસીબત તેના ઉપર જ છે, અને કાફિરો (ઇન્કાર કરનારાઓ)ને તેમનું કુફ્ર આ સિવાય કંઈ ઉન્નતિ નથી આપતું કે તેમના રબ (પ્રભુ)નો પ્રકોપ તેમના ઉપર વધુને વધુ ભભકતો જાય છે. કાફિરો માટે નુકસાનમાં વૃદ્ધિ સિવાય કોઈ ઉન્નતિ નથી.

૪૦. (હે પયગંબર !), આમને કહો, "ક્યારેય તમે જોયા પણ છે પોતાના તે ભાગીદારોને, જેમને તમે અલ્લાહને છોડીને પોકાર્યા કરો છો ? મને બતાવો, તેમણે ધરતીમાં શું પેદા કર્યું છે ? અથવા તો આકાશોમાં તેમની શું ભાગીદારી છે ?" (જો આ લોકો બતાવી શકતા નથી તો એમને પૂછો) શું અમે આમને કોઈ લખાણ કરી આપ્યું છે જેના આધારે આ લોકો (પોતાના આ અનેકેશ્વરવાદી કૃત્ય માટે) કોઈ સ્પષ્ટ સનંદ ધરાવતા હોય ? નહીં, બલ્કે આ અત્યાચારીઓ એક-બીજાને માત્ર કપટ અને ચાલાકીના દગાઓ આપ્યે જાય છે.

૪૧ હકીકત એ છે કે અલ્લાહ જ છે જેણે આકાશો અને ધરતીને ખસી જતાં રોકી રાખ્યા છે, અને જો તેઓ ખસી જાય તો અલ્લાહ પછી કોઈ બીજો પકડવાવાળો નથી. નિઃશંક અલ્લાહ અત્યંત સહનશીલ અને દરગુજર કરનાર છે.

૪૨. આ લોકો પાકી-પાકી સોગંદો ખાઈને કહ્યા કરતા હતા કે જો કોઈ સચેત કરનાર તેમને ત્યાં આવી ગયો હોત તો તેઓ દુનિયાની દરેક બીજી કોમથી વધીને સન્માર્ગ ઉપર હોત. પરંતુ જ્યારે સચેત કરનાર તેમને ત્યાં આવી ગયો તો તેના આગમને તેમના અંદર સત્યથી દૂર ભાગવા સિવાય કોઈ વસ્તુમાં વધારો ન કર્યો.

૪૩. આ લોકો ધરતીમાં વધુને વધુ વિદ્રોહ કરવા લાગ્યા અને ખરાબમાં ખરાબ ચાલો ચાલવા લાગ્યા, જો કે બૂરી ચાલો સ્વયં ચાલબાજોને જ ઝડપી લે છે. હવે શું આ લોકો એની પ્રતીક્ષા કરી રહ્યા છે કે અગાઉ થઈ ગયેલી કોમોની સાથે અલ્લાહની જે રીત રહી છે તે જ તેમના સાથે પણ અપનાવવામાં આવે ? આ જ વાત છે તો તમે અલ્લાહની રીતમાં કદાપિ કોઈ ફેરફાર નહીં જુઓ અને તમે કદી પણ નહીં જુઓ કે

تَحْوِيْلًا ﴿٤٣﴾ اَوَلَمْ يَسِيْرُوْا فِي الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ
كَانَ عَاقِبَةُ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ وَكَانُوْٓا اَشَدَّ مِنْهُمْ
قُوَّةً ۭ وَمَا كَانَ اللّٰهُ لِيُعْجِزَهٗ مِنْ شَيْءٍ فِي السَّمٰوٰتِ وَلَا
فِي الْاَرْضِ ۭ اِنَّهٗ كَانَ عَلِيْمًا قَدِيْرًا ﴿٤٤﴾ وَلَوْ يُؤَاخِذُ
اللّٰهُ النَّاسَ بِمَا كَسَبُوْا مَا تَرَكَ عَلٰي ظَهْرِهَا مِنْ
دَاۗبَّةٍ وَّلٰكِنْ يُّؤَخِّرُهُمْ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ۚ فَاِذَا
جَاۗءَ اَجَلُهُمْ فَاِنَّ اللّٰهَ كَانَ بِعِبَادِهٖ بَصِيْرًا ﴿٤٥﴾ ع

منزل ٥ ع ١٨

અલ્લાહના નિયમને તેના નિયત માર્ગથી કોઈ તાકાત ફેરવી શકે છે.

૪૪. શું આ લોકો ક્યારેય ધરતીમાં હર્યાફર્યા નથી કે આમને તે લોકોનો અંજામ દેખાતો જેઓ આમના પહેલાં થઈ ચૂક્યા છે અને આમનાથી ખૂબ જ શક્તિશાળી હતા ? અલ્લાહને કોઈ વસ્તુ વિવશ કરનાર નથી, ન આકાશોમાં ન ધરતીમાં. તે બધું જ જાણે છે અને દરેક વસ્તુ કરવા માટે શક્તિમાન છે.

૪૫. જો કયાંક તે લોકોને તેમના કરેલા કૃત્યો ઉપર પકડતો, તો ધરતીમાં કોઈ જીવધારીને જીવતો ન મૂક્યો હોત. પરંતુ તે તેમને એક નિશ્ચિત સમય સુધી મહેતલ આપી રહ્યો છે. પછી જ્યારે તેમનો સમય પૂરો થઈ જશે તો અલ્લાહ પોતાના બંદાઓને જોઈ લેશે. (રુકૂઅ-૫)

(૩૬) યા-સીન

પરિચય

નામ :

શરૂઆતના બંને અક્ષરોને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

વર્ણનશૈલી પર વિચાર કરતાં જણાય છે કે આ સૂરઃનો ઉતરાણકાળ કાં તો મક્કાના મધ્યકાળનો અંતિમ સમય છે અથવા આ (નબી સલ્લ.ના) મક્કા રોકાણના અંતિમ તબક્કામાં ઊતરેલી સૂરઃઓ પૈકી છે.

વિષય :

પ્રવચનનો હેતુ કુરૈશના કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ)ના નુબૂવત ઉપર ઈમાન ન લાવવા તથા અત્યાચાર અને ઠઠ્ઠા-મશ્કરીથી તેનો મુકાબલો કરવાના પરિણામથી ડરાવવાનો છે. એમાં ડરાવવાનું પાસું મુખ્ય અને સ્પષ્ટ છે, પરંતુ વારંવાર ડરાવવાના સાથે દલીલોથી સમજાવવામાં પણ આવ્યા છે. દલીલો ત્રણ બાબતો અંગે આપવામાં આવી છે –

તૌહીદ (એકેશ્વરવાદ) પર સૃષ્ટિમાં જોવા મળતી નિશાનીઓ અને સામાન્ય બુદ્ધિથી, આખિરત (પરલોક) પર સૃષ્ટિમાં જોવા મળતી નિશાનીઓ, સામાન્ય બુદ્ધિ અને સ્વયં મનુષ્યના પોતાના અસ્તિત્વથી, તથા હઝરત મુહમ્મદ (સલ્લ.)ની પયગંબરીની સચ્ચાઈ પર એ વાતથી કે આપ સંદેશ પહોંચાડવાની આ સઘળી મહેનત માત્ર નિઃસ્વાર્થ ભાવથી સહન કરી રહ્યા હતા, અને એ બાબતથી કે જે વાતો તરફ આપ લોકોને આમંત્રણ આપી રહ્યા હતા તે તદ્દન ઉચિત હતી. આ દલીલોના જોરે ધમકી, ઠપકો અને ચેતવણીના વિષયો ખૂબ જ જોરદાર રીતે વારંવાર પ્રસ્તુત કરવામાં આવ્યા છે, જેથી હૃદયો પર લાગેલા તાળાં તૂટે અને જેમના અંદર સત્ય-સ્વીકારની થોડી પણ યોગ્યતા બાકી હોય, તેઓ પ્રભાવિત થયા વિના ન રહી શકે. ઇમામ અહમદ, અબૂ દાઊદ, નિસાઈ, ઇબ્ને માજહ અને તબરાની (રહ.) વગેરેએ મઅ્કિલ બિન યસાર (રદિ.) પાસેથી એ કથન નોંધ્યું છે કે પયગંબર (સલ્લ.)એ ફરમાવ્યું કે આ સૂરઃ કુર્આનનું દિલ છે. આ એ જ પ્રકારનું દૃષ્ટાંત છે જેમ કે સૂરઃ ફાતિહાને 'ઉમ્મુલ્-કુર્આન'

કહેવામાં આવેલ છે. ફાતિહાને 'ઉમ્મુલ્-કુર્આન' કહેવાનું કારણ એ છે કે તેમાં કુર્આન-મજીદના સંપૂર્ણ શિક્ષણનો સાર આવી ગયો છે. સૂરઃ યા-સીનને કુર્આનનું ધબકતું હૃદય એટલા માટે કહેવામાં આવેલ છે કે તે કુર્આનના સંદેશને ખૂબ જ જોરદાર રીતે રજૂ કરે છે, જેનાથી જડતા તૂટે છે અને આત્મામાં હલચલ પેદા થાય છે. આ જ મઅ્કિલ બિન યસારથી ઈમામ અહમદ, અબૂ દાઊદ અને ઈબ્ને માજહએ આ કથન પણ નોંધ્યું છે કે પયગંબર (સલ્લ.)એ ફરમાવ્યું, "પોતાના મૃત્યુ પામી રહેલાઓ પર સૂરઃ યા-સીન પઢ્યા કરો." એનું કારણ એ છે કે મૃત્યુ સમયે મુસલમાનના મનમાં ન માત્ર એ કે ઈસ્લામના તમામ અકીદાઓ (આસ્થાઓ) તાજા થઈ જાય, બલ્કે મુખ્ય રૂપે તેના સામે આખિરત (પરલોક)નું પૂરેપૂરૂં દૃષ્ય પણ આવી જાય અને તે જાણી લે કે દુનિયાના જીવન (આલોક)ની મંજિલથી પસાર થઈને હવે આગળ કઈ મંજિલોમાં તેને પ્રવેશ કરવાનો છે. આ હેતુસર યોગ્ય એ જણાય છે કે અરબી ન જાણનાર માણસને સૂરઃ યા-સીન સંભળાવવાની સાથે તેનો અનુવાદ પણ સંભળાવી દેવામાં આવે, જેથી યાદ દેવડાવવાની ફરજ સંપૂર્ણપણે અદા થઈ જાય.

اٰیاتها ۸۳ | (۳۶) سُوْرَةُ یٰسٓ مَكِّيَّةٌ (۴۱) | رکوعاتها ۵

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

یٰسٓ ۚ ﴿۱﴾ وَالْقُرْاٰنِ الْحَكِیْمِ ۙ﴿۲﴾ اِنَّكَ لَمِنَ الْمُرْسَلِیْنَ ۙ﴿۳﴾ عَلٰی
صِرَاطٍ مُّسْتَقِیْمٍ ؕ﴿۴﴾ تَنْزِیْلَ الْعَزِیْزِ الرَّحِیْمِ ۙ﴿۵﴾ لِتُنْذِرَ قَوْمًا
مَّاۤ اُنْذِرَ اٰبَآؤُهُمْ فَهُمْ غٰفِلُوْنَ ﴿۶﴾ لَقَدْ حَقَّ الْقَوْلُ عَلٰۤی
اَكْثَرِهِمْ فَهُمْ لَا یُؤْمِنُوْنَ ﴿۷﴾ اِنَّا جَعَلْنَا فِیْۤ اَعْنَاقِهِمْ اَغْلٰلًا
فَهِیَ اِلَی الْاَذْقَانِ فَهُمْ مُّقْمَحُوْنَ ﴿۸﴾ وَجَعَلْنَا مِنْۢ بَیْنِ
اَیْدِیْهِمْ سَدًّا وَّمِنْ خَلْفِهِمْ سَدًّا فَاَغْشَیْنٰهُمْ فَهُمْ
لَا یُبْصِرُوْنَ ﴿۹﴾ وَسَوَآءٌ عَلَیْهِمْ ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ تُنْذِرْهُمْ
لَا یُؤْمِنُوْنَ ﴿۱۰﴾ اِنَّمَا تُنْذِرُ مَنِ اتَّبَعَ الذِّكْرَ وَخَشِیَ الرَّحْمٰنَ
بِالْغَیْبِ ۚ فَبَشِّرْهُ بِمَغْفِرَةٍ وَّاَجْرٍ كَرِیْمٍ ﴿۱۱﴾ اِنَّا نَحْنُ نُحْیِ
الْمَوْتٰی وَنَكْتُبُ مَا قَدَّمُوْا وَاٰثَارَهُمْ ؕ وَكُلَّ شَیْءٍ اَحْصَیْنٰهُ
فِیْۤ اِمَامٍ مُّبِیْنٍ ﴿۱۲﴾ۧ وَاضْرِبْ لَهُمْ مَّثَلًا اَصْحٰبَ الْقَرْیَةِ ۘ
اِذْ جَآءَهَا الْمُرْسَلُوْنَ ﴿۱۳﴾ۚ اِذْ اَرْسَلْنَاۤ اِلَیْهِمُ اثْنَیْنِ
فَكَذَّبُوْهُمَا فَعَزَّزْنَا بِثَالِثٍ فَقَالُوْۤا اِنَّاۤ اِلَیْكُمْ مُّرْسَلُوْنَ ﴿۱۴﴾
قَالُوْا مَاۤ اَنْتُمْ اِلَّا بَشَرٌ مِّثْلُنَا ۙ وَمَاۤ اَنْزَلَ الرَّحْمٰنُ مِنْ
شَیْءٍ ۙ اِنْ اَنْتُمْ اِلَّا تَكْذِبُوْنَ ﴿۱۵﴾ قَالُوْا رَبُّنَا یَعْلَمُ
اِنَّاۤ اِلَیْكُمْ لَمُرْسَلُوْنَ ﴿۱۶﴾ وَمَا عَلَیْنَاۤ اِلَّا الْبَلٰغُ الْمُبِیْنُ ﴿۱۷﴾
قَالُوْۤا اِنَّا تَطَیَّرْنَا بِكُمْ ۚ لَئِنْ لَّمْ تَنْتَهُوْا لَنَرْجُمَنَّكُمْ وَ

وقف لازم ۔ وقف غفران

ع ۱ ۱۲

منزل ۵

(૩૬) સૂરઃ યા-સીન

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૫ ● આયતો : ૮૩)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧-૨. યા-સીન ! સોગંદ છે કુર્આને હકીમ (તત્ત્વદર્શિતાભર્યા કુર્આન)ના !

૩-૪. કે તમે નિશ્ચિતપણે રસૂલો (ઈશદૂતો)માંથી છો, સન્માર્ગ પર છો,

૫. (અને આ કુર્આન) પ્રભુત્વશાળી અને દયાળુ હસ્તીનું અવતરિત કરેલું છે

૬-૭. જેથી તમે ચેતવો એક એવી કોમને જેમના બાપ-દાદાને ચેતવવામાં આવ્યા ન હતા અને આ કારણે તેઓ ગફલતમાં પડેલા છે. આમાંના ઘણાંખરા અઝાબના ફેંસલાને પાત્ર થઈ ચૂક્યા છે, તેથી જ તેઓ ઈમાન લાવતા નથી.

૮. અમે તેમની ગરદનોમાં તોક નાખી દીધા છે જેમાં તેઓ હડપચીઓ સુધી જકડી દેવામાં આવ્યા છે, તેથી તેઓ માથું ઊંચું રાખી ઊભા છે.

૯. અમે એક દીવાલ તેમના આગળ ઊભી કરી દીધી છે અને એક પાછળ. અમે તેમને ઢાંકી દીધા છે, તેમને હવે કંઈ સૂઝતું નથી.

૧૦. તેમના માટે સરખું છે, તમે તેમને ચેતવો કે ન ચેતવો, આ લોકો નહીં માને.

૧૧. તમે તો તે જ માણસને ચેતવી શકો છો જે શિખામણનું અનુસરણ કરે અને જોયા વિના દયાળુ રહમાન (પરમ્ દયાળુ અલ્લાહ)થી ડરે, તેને ક્ષમા અને પ્રતિષ્ઠાપૂર્ણ વળતરની શુભ-સૂચના આપી દો.

૧૨. અમે ચોક્કસ એક દિવસે મડદાંને જીવતા કરવાના છીએ. જે કંઈ કર્મો તેમણે કર્યા છે તે બધા જ અમે લખતા જઈ રહ્યા છીએ, અને જે કંઈ નિશાનીઓ તેમણે પાછળ છોડી છે તે પણ અમે નોંધી રહ્યા છીએ. દરેક વસ્તુ અમે એક ખુલ્લા પુસ્તકમાં નોંધી રાખી છે. (રુકૂઅ-૧)

૧૩. આમને દૃષ્ટાંતરૂપે તે વસ્તીના લોકોનો કિસ્સો સંભળાવો જ્યારે કે તેમાં રસૂલો (ઈશદૂતો) આવ્યા હતા.

૧૪. અમે તેમના તરફ બે રસૂલો મોકલ્યા અને તેમણે બંનેને ખોટા ઠેરવી દીધા. પછી અમે ત્રીજો મદદ માટે મોકલ્યો અને તે બધાએ કહ્યું, ''અમે તમારા તરફ રસૂલની હેસિયતથી મોકલવામાં આવ્યા છીએ.''

૧૫. વસ્તીના લોકોએ કહ્યું, ''તમે કંઈ નથી, બલ્કે અમારા જેવા કેટલાક મનુષ્યો, અને દયાળુ રહમાને કદાપિ કોઈ વસ્તુ ઊતારી નથી, તમે માત્ર જૂઠ બોલો છો.''

૧૬. રસૂલોએ કહ્યું, ''અમારો રબ (પ્રભુ) જાણે છે કે અમે જરૂર તમારા તરફ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા છીએ,

૧૭. અને અમારા ઉપર સાફ-સાફ સંદેશો પહોંચાડી દેવા સિવાય કોઈ જવાબદારી નથી.''

૧૮. વસ્તીવાળા કહેવા લાગ્યા, ''અમે તો તમને અમારા માટે અપશુકન સમજીએ છીએ. જો તમે આમ કરતા અટકશો નહીં તો અમે તમને પથ્થરોથી

لَيَمَسَّنَّكُمْ مِّنَّا عَذَابٌ اَلِيْمٌ ﴿١٨﴾ قَالُوْا طَآئِرُكُمْ مَّعَكُمْ ؕ
اَئِنْ ذُكِّرْتُمْ ؕ بَلْ اَنْتُمْ قَوْمٌ مُّسْرِفُوْنَ ﴿١٩﴾ وَجَآءَ مِنْ
اَقْصَا الْمَدِيْنَةِ رَجُلٌ يَّسْعٰى قَالَ يٰقَوْمِ اتَّبِعُوا الْمُرْسَلِيْنَ ﴿٢٠﴾ لا
اتَّبِعُوْا مَنْ لَّا يَسْـَٔلُكُمْ اَجْرًا وَّهُمْ مُّهْتَدُوْنَ ﴿٢١﴾
الجزء الثالث والعشرون (٢٣)
وَمَالِيَ لَآ اَعْبُدُ الَّذِيْ فَطَرَنِيْ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٢٢﴾
ءَاَتَّخِذُ مِنْ دُوْنِهٖٓ اٰلِهَةً اِنْ يُّرِدْنِ الرَّحْمٰنُ بِضُرٍّ لَّا
تُغْنِ عَنِّيْ شَفَاعَتُهُمْ شَيْـًٔا وَّلَا يُنْقِذُوْنِ ﴿٢٣﴾ اِنِّيْٓ اِذًا
لَّفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٢٤﴾ اِنِّيْٓ اٰمَنْتُ بِرَبِّكُمْ فَاسْمَعُوْنِ ﴿٢٥﴾ ؕ
قِيْلَ ادْخُلِ الْجَنَّةَ ؕ قَالَ يٰلَيْتَ قَوْمِيْ يَعْلَمُوْنَ ﴿٢٦﴾ لا بِمَا
غَفَرَ لِيْ رَبِّيْ وَجَعَلَنِيْ مِنَ الْمُكْرَمِيْنَ ﴿٢٧﴾ وَمَآ اَنْزَلْنَا
عَلٰى قَوْمِهٖ مِنْۢ بَعْدِهٖ مِنْ جُنْدٍ مِّنَ السَّمَآءِ وَمَا كُنَّا
وقف غفران ١٢
مُنْزِلِيْنَ ﴿٢٨﴾ اِنْ كَانَتْ اِلَّا صَيْحَةً وَّاحِدَةً فَاِذَا هُمْ
خٰمِدُوْنَ ﴿٢٩﴾ يٰحَسْرَةً عَلَى الْعِبَادِ ۚ مَا يَاْتِيْهِمْ مِّنْ
رَّسُوْلٍ اِلَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿٣٠﴾ اَلَمْ يَرَوْا كَمْ اَهْلَكْنَا
قَبْلَهُمْ مِّنَ الْقُرُوْنِ اَنَّهُمْ اِلَيْهِمْ لَا يَرْجِعُوْنَ ﴿٣١﴾ ؕ وَاِنْ
ع ٢ ٣٠
كُلٌّ لَّمَّا جَمِيْعٌ لَّدَيْنَا مُحْضَرُوْنَ ﴿٣٢﴾ ع وَاٰيَةٌ لَّهُمُ الْاَرْضُ
الْمَيْتَةُ ۖۚ اَحْيَيْنٰهَا وَاَخْرَجْنَا مِنْهَا حَبًّا فَمِنْهُ
يَاْكُلُوْنَ ﴿٣٣﴾ وَجَعَلْنَا فِيْهَا جَنّٰتٍ مِّنْ نَّخِيْلٍ وَّاَعْنَابٍ
منزل ٥
وَّفَجَّرْنَا فِيْهَا مِنَ الْعُيُوْنِ ﴿٣٤﴾ لا لِيَاْكُلُوْا مِنْ ثَمَرِهٖ لا

મારી નાખીશું અને અમારા પાસેથી તમે ખૂબ પીડાજનક સજા પામશો."
૧૯. રસૂલોએ જવાબ આપ્યો, "તમારું અપશુકન તો તમારા પોતાના સાથે વળગેલું છે. શું આ વાતો તમે એટલા માટે કરો છો કે તમને શિખામણ આપવામાં આવી? સાચી વાત એ છે કે તમે હદ વટાવી ગયેલા લોકો છો."
૨૦. એવામાં શહેરના દૂરના છેડેથી એક માણસ દોડતો આવ્યો અને બોલ્યો, "હે મારી કોમના લોકો ! રસૂલોનું અનુસરણ સ્વીકારી લો.
૨૧. અનુસરણ કરો તે લોકોનું જેઓ કોઈ બદલો નથી માગતા અને સન્માર્ગ પર છે.
૨૨. છેવટે શા માટે હું તે હસ્તીની બંદગી ન કરું જેણે મને પેદા કર્યો છે અને જેના તરફ તમને સૌને પાછા ફરવાનું છે ?
૨૩. શું હું તેને છોડીને બીજાઓને ઉપાસ્યો બનાવી લઉં ? જો કે પરમ્ દયાળુ અલ્લાહ મને કોઈ નુકસાન પહોંચાડવા ચાહે તો ન તેમની ભલામણ મારા માટે કોઈ કામ આવી શકે છે અને ન તેઓ મને છોડાવી જ શકે છે.
૨૪. જો હું આવું કરું તો હું સ્પષ્ટ પથભ્રષ્ટતામાં પડી જઈશ.
૨૫. હું તો તમારા રબ પર ઈમાન લઈ આવ્યો, તમે પણ મારી વાત માની લો."
૨૬. (છેવટે તે લોકોએ તેની હત્યા કરી નાખી અને) તે વ્યક્તિને કહી દેવામાં આવ્યું કે "દાખલ થઈ જા જન્નત (સ્વર્ગ)માં." તેણે કહ્યું, "કદાચ, મારી કોમને આ ખબર હોત
૨૭. કે મારા રબે કઈ વસ્તુના બદલે મારી ક્ષમા કરી દીધી અને પ્રતિષ્ઠિત લોકોમાં મને દાખલ કર્યો."
૨૮. ત્યાર પછી તેની કોમ ઉપર અમે આકાશમાંથી કોઈ લશ્કર નથી ઉતાર્યું. અમને લશ્કર મોકલવાની કોઈ જરૂર ન હતી.
૨૯. કેવળ એક ધડાકો થયો અને એકાએક તેઓ સૌ બુઝાઈને રહી ગયા.
૩૦. અફસોસ બંદાઓની હાલત પર ! જે રસૂલ પણ તેમના પાસે આવ્યો તેની તેઓ મજાક જ ઉડાવતા રહ્યા.
૩૧. શું તેમણે જોયું નથી કે તેમના પહેલાં કેટલીય કોમોને અમે નષ્ટ કરી ચૂકયા છીએ અને ત્યાર પછી તેઓ ફરીથી કયારેય તેમના તરફ પાછા ફરીને ન આવ્યા?
૩૨. આ સૌ એક દિવસે અમારા સામે હાજર કરવામાં આવવાના છે. (રુકૂઅ-૨)
૩૩. આ લોકો માટે નિર્જીવ ભૂમિ એક નિશાની છે. અમે તેને જીવન પ્રદાન કર્યું અને તેમાંથી અનાજ કાઢ્યું જે આ લોકો ખાય છે.
૩૪. અમે તેમાં ખજૂર અને દ્રાક્ષના બાગ પેદા કર્યા અને તેમાંથી ઝરણાં ફોડી કાઢ્યા,

وَمَا عَمِلَتْهُ اَيْدِيْهِمْ ؕ اَفَلَا يَشْكُرُوْنَ ﴿٣٥﴾ سُبْحٰنَ الَّذِيْ
خَلَقَ الْاَزْوَاجَ كُلَّهَا مِمَّا تُنْۢبِتُ الْاَرْضُ وَمِنْ اَنْفُسِهِمْ
وَمِمَّا لَا يَعْلَمُوْنَ ﴿٣٦﴾ وَاٰيَةٌ لَّهُمُ الَّيْلُ ۚۖ نَسْلَخُ مِنْهُ النَّهَارَ
فَاِذَا هُمْ مُّظْلِمُوْنَ ﴿٣٧﴾ وَالشَّمْسُ تَجْرِيْ لِمُسْتَقَرٍّ لَّهَا ؕ
ذٰلِكَ تَقْدِيْرُ الْعَزِيْزِ الْعَلِيْمِ ﴿٣٨﴾ وَالْقَمَرَ قَدَّرْنٰهُ مَنَازِلَ
حَتّٰى عَادَ كَالْعُرْجُوْنِ الْقَدِيْمِ ﴿٣٩﴾ لَا الشَّمْسُ يَنْۢبَغِيْ لَهَا
اَنْ تُدْرِكَ الْقَمَرَ وَلَا الَّيْلُ سَابِقُ النَّهَارِ ؕ وَكُلٌّ
فِيْ فَلَكٍ يَّسْبَحُوْنَ ﴿٤٠﴾ وَاٰيَةٌ لَّهُمْ اَنَّا حَمَلْنَا ذُرِّيَّتَهُمْ
فِي الْفُلْكِ الْمَشْحُوْنِ ﴿٤١﴾ وَخَلَقْنَا لَهُمْ مِّنْ مِّثْلِهٖ مَا
يَرْكَبُوْنَ ﴿٤٢﴾ وَاِنْ نَّشَاْ نُغْرِقْهُمْ فَلَا صَرِيْخَ لَهُمْ وَلَا
هُمْ يُنْقَذُوْنَ ﴿٤٣﴾ اِلَّا رَحْمَةً مِّنَّا وَمَتَاعًا اِلٰى حِيْنٍ ﴿٤٤﴾
وَاِذَا قِيْلَ لَهُمُ اتَّقُوْا مَا بَيْنَ اَيْدِيْكُمْ وَمَا خَلْفَكُمْ
لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿٤٥﴾ وَمَا تَاْتِيْهِمْ مِّنْ اٰيَةٍ مِّنْ اٰيٰتِ
رَبِّهِمْ اِلَّا كَانُوْا عَنْهَا مُعْرِضِيْنَ ﴿٤٦﴾ وَاِذَا قِيْلَ لَهُمْ
اَنْفِقُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ ۙ قَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوْٓا
اَنُطْعِمُ مَنْ لَّوْ يَشَآءُ اللّٰهُ اَطْعَمَهٗٓ ۖ اِنْ اَنْتُمْ اِلَّا فِيْ
ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٤٧﴾ وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْوَعْدُ اِنْ
كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٤٨﴾ مَا يَنْظُرُوْنَ اِلَّا صَيْحَةً وَّاحِدَةً
تَاْخُذُهُمْ وَهُمْ يَخِصِّمُوْنَ ﴿٤٩﴾ فَلَا يَسْتَطِيْعُوْنَ تَوْصِيَةً

૩૫. જેથી આ લોકો તેના ફળ ખાય. આ બધું કંઈ એમના પોતાના હાથે પેદા કરેલું નથી. પછી શું આ લોકો આભાર વ્યક્ત કરતા નથી?

૩૬. મહિમાવાન છે તે હસ્તી જેણે સર્વપ્રકારના જોડકાં પેદા કર્યા, ચાહે તેઓ ધરતીની વનસ્પતિમાંથી હોય કે સ્વયં તેમની પોતાની જાતિ (અર્થાત્ માનવજાત)માંથી અથવા તે વસ્તુઓમાંથી જેને આ લોકો જાણતા પણ નથી.

૩૭. એમના માટે એક બીજી નિશાની રાત છે. અમે તેના ઉપરથી દિવસ હટાવી દઈએ છીએ તો તેમના ઉપર અંધકાર છવાઈ જાય છે.

૩૮. અને સૂર્ય, તે પોતાના ઠેકાણાં તરફ ચાલ્યો જઈ રહ્યો છે. આ પ્રભુત્વશાળી સર્વજ્ઞ હસ્તીનો બાંધેલો હિસાબ છે.

૩૯. અને ચંદ્ર, તેના માટે અમે મંજિલો નિર્ધારિત કરી દીધી છે, ત્યાં સુધી કે તેમાંથી પસાર થતો તે પુનઃ ખજૂરની સૂકી ડાળી જેવો બનીને રહી જાય છે.

૪૦. ન સૂર્યના વશમાં છે કે તે ચંદ્રને જઈ પકડે અને ન રાત દિવસથી આગળ વધી શકે છે. સૌ એક-એક કક્ષામાં તરી રહ્યા છે.

૪૧. એમના માટે આ પણ એક નિશાની છે કે અમે એમના વંશને ભરેલી નૌકામાં સવાર કરી દીધા,

૪૨. અને પછી એમના માટે તેવી જ નૌકાઓ બીજી બનાવી જેમાં તેઓ સવાર થાય છે.

૪૩. અમે ચાહીએ તો આમને ગરકાવ કરી દઈએ, કોઈ તેમની ફરિયાદ સાંભળનાર ન હોય અને કોઈ રીતે એમને બચાવી ન શકાય.

૪૪. બસ, અમારી કૃપા જ છે જે એમને પાર ઉતારે છે અને એક નિશ્ચિત સમય સુધી જિંદગી માણવાનો મોકો આપે છે.

૪૫. આ લોકોને જ્યારે કહેવામાં આવે છે કે બચો તે અંજામથી જે તમારા આગળ આવી રહ્યો છે અને તમારા પાછળ પસાર થઈ ગયો છે, કદાચ તમારા પર દયા કરવામાં આવે (તો આ લોકો સાંભળ્યું-ન સાંભળ્યું કરી દે છે).

૪૬. એમના સામે એમના રબ (પ્રભુ)ની આયતોમાંથી જે આયત પણ આવે છે તેના તરફ આ લોકો ધ્યાન આપતા નથી.

૪૭. અને જ્યારે એમને કહેવામાં આવે છે કે અલ્લાહે જે રોજી તમને આપી છે તેમાંથી કંઈક અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો તો આ લોકો જેમણે કુફ્ર કર્યું છે ઈમાન લાવનારાઓને જવાબ આપે છે, "શું અમે તેમને ખવડાવીએ જેમને અલ્લાહ ઇચ્છતો તો પોતે ખવડાવી દેતો? તમે તો તદ્દન બહેકી ગયા છો."

૪૮. આ લોકો કહે છે કે "આ કયામતની ધમકી છેવટે ક્યારે પૂરી થશે? બતાવો, જો તમે સાચા છો."

૪૯. વાસ્તવમાં જે વસ્તુની તેઓ રાહ જોઈ રહ્યા છે તે બસ એક ધડાકો છે, જે એકાએક તેમને એવી હાલતમાં ઝડપી લેશે જ્યારે તેઓ (પોતાના દુન્યવી મામલાઓમાં) ઝઘડી રહ્યા હશે,

وَّلَآ اِلٰٓى اَهْلِهِمْ يَرْجِعُوْنَ ۝٥٠ وَنُفِخَ فِي الصُّوْرِ فَاِذَا
هُمْ مِّنَ الْاَجْدَاثِ اِلٰى رَبِّهِمْ يَنْسِلُوْنَ ۝٥١ قَالُوْا
يٰوَيْلَنَا مَنْۢ بَعَثَنَا مِنْ مَّرْقَدِنَا ۜ سکتۃ هٰذَا مَا وَعَدَ
الرَّحْمٰنُ وَصَدَقَ الْمُرْسَلُوْنَ ۝٥٢ اِنْ كَانَتْ اِلَّا
صَيْحَةً وَّاحِدَةً فَاِذَا هُمْ جَمِيْعٌ لَّدَيْنَا مُحْضَرُوْنَ ۝٥٣
فَالْيَوْمَ لَا تُظْلَمُ نَفْسٌ شَيْـًٔا وَّلَا تُجْزَوْنَ اِلَّا مَا
كُنْتُمْ تَعْمَلُوْنَ ۝٥٤ اِنَّ اَصْحٰبَ الْجَنَّةِ الْيَوْمَ فِيْ
شُغُلٍ فٰكِهُوْنَ ۝٥٥ هُمْ وَاَزْوَاجُهُمْ فِيْ ظِلٰلٍ عَلَى
الْاَرَآئِكِ مُتَّكِـُٔوْنَ ۝٥٦ لَهُمْ فِيْهَا فَاكِهَةٌ وَّلَهُمْ
مَّا يَدَّعُوْنَ ۝٥٧ سَلٰمٌ ۣ قَوْلًا مِّنْ رَّبٍّ رَّحِيْمٍ ۝٥٨ وَامْتَازُوا
الْيَوْمَ اَيُّهَا الْمُجْرِمُوْنَ ۝٥٩ اَلَمْ اَعْهَدْ اِلَيْكُمْ
يٰبَنِيْٓ اٰدَمَ اَنْ لَّا تَعْبُدُوا الشَّيْطٰنَ ۚ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ
مُّبِيْنٌ ۝٦٠ وَّاَنِ اعْبُدُوْنِيْ ۭ هٰذَا صِرَاطٌ مُّسْتَقِيْمٌ ۝٦١
وَلَقَدْ اَضَلَّ مِنْكُمْ جِبِلًّا كَثِيْرًا ۭ اَفَلَمْ تَكُوْنُوْا
تَعْقِلُوْنَ ۝٦٢ هٰذِهٖ جَهَنَّمُ الَّتِيْ كُنْتُمْ تُوْعَدُوْنَ ۝٦٣
اِصْلَوْهَا الْيَوْمَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ ۝٦٤ اَلْيَوْمَ نَخْتِمُ
عَلٰٓى اَفْوَاهِهِمْ وَتُكَلِّمُنَآ اَيْدِيْهِمْ وَتَشْهَدُ اَرْجُلُهُمْ
بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ۝٦٥ وَلَوْ نَشَآءُ لَطَمَسْنَا عَلٰٓى
اَعْيُنِهِمْ فَاسْتَبَقُوا الصِّرَاطَ فَاَنّٰى يُبْصِرُوْنَ ۝٦٦ وَلَوْ
نَشَآءُ لَمَسَخْنٰهُمْ عَلٰى مَكَانَتِهِمْ فَمَا اسْتَطَاعُوْا

وقف منزل وقف غفران
وقف لازم
وقف غفران ١٢
منزل ٥

૫૦. અને તે વખતે તેઓ વસિયત સુધ્ધાં કરી શકશે નહીં, ન પોતાના ઘરોએ પાછા ફરી શકશે. (રુકૂઅ-૩)
૫૧ પછી રણશિંગું ફૂંકવામાં આવશે, અને એકાએક આ લોકો પોતાના રબના સમક્ષ રજૂ થવા માટે પોત-પોતાની કબરોમાંથી નીકળી પડશે.
૫૨. ગભરાઈને કહેશે, "અરે ! આ કોણે અમને અમારા શયનખંડોમાંથી ઉઠાડીને ઊભા કરી દીધા ?" – "આ તે જ વસ્તુ છે જેનો પરમ્ કૃપાળુ અલ્લાહે વાયદો કર્યો હતો અને રસૂલો (ઈશદૂતો)ની વાત સાચી હતી."
૫૩. એક જ પ્રચંડ અવાજ થશે અને બધા જ અમારા સામે હાજર કરી દેવામાં આવશે.
૫૪. આજે કોઈના ઉપર રજભાર પણ અત્યાચાર કરવામાં નહીં આવે, અને તમને તેવો જ બદલો આપવામાં આવશે જેવા તમે કર્મો કરતા રહ્યા હતા –
૫૫. આજે જન્નત (સ્વર્ગ)વાળા લોકો આનંદ માણવામાં મગ્ન છે.
૫૬. તેઓ અને તેમની પત્નીઓ ઘટાદાર છાંયડાઓમાં છે, આસનો પર તકિયા લગાવીને,
૫૭. દરેક પ્રકારની લિજ્જતવાળી-સ્વાદિષ્ટ વસ્તુઓ ખાવા-પીવા માટે તેમના માટે ત્યાં હાજર છે, જે કંઈ તેઓ માગે તેમના માટે હાજર છે,
૫૮. રબ્બે રહીમ (પરમ્ કૃપાળુ પ્રભુ) તરફથી તેમને સલામ કહેવામાં આવી છે ! –
૫૯. અને હે ગુનેગારો ! આજે તમે છંટાઈને અલગ થઈ જાઓ.
૬૦. આદમની સંતાન ! શું મેં તમને આદેશ નહોતો આપ્યો કે શેતાનની ઉપાસના ન કરો, તે તમારો ખુલ્લો શત્રુ છે,
૬૧. અને મારી જ બંદગી કરો, આ સન્માર્ગ છે ?
૬૨. પરંતુ તેમ છતાં તેણે તમારા પૈકી એક મોટા જૂથને પથભ્રષ્ટ કરી નાખ્યું. શું તમે બુદ્ધિ ધરાવતા ન હતા ?
૬૩. આ તે જ જહન્નમ (નર્ક) છે જેનાથી તમને ડરાવવામાં આવતા હતા.
૬૪. જે કુફ્ર (અધર્મ) તમે દુનિયામાં કરતા રહ્યા છો તેના બદલામાં હવે આનું ઈંધણ બનો.
૬૫. આજે અમે આમના મોઢા બંધ કરી દઈએ છીએ, આમના હાથ અમારાથી બોલશે અને આમના પગ સાક્ષી આપશે કે આ લોકો દુનિયામાં શું કમાણી કરતા રહ્યા છે.
૬૬. અમે ઇચ્છીએ તો આમની આંખો બંધ કરી દઈએ, પછી આ લોકો રસ્તાની તરફ દોડીને જુએ, ક્યાંથી એમને રસ્તો સૂઝશે ?
૬૭. અમે ઇચ્છીએ તો આમને આમની જગ્યાએ જ એવી રીતે વિકૃત કરી મૂકીએ કે તેઓ ન આગળ જઈ શકે કે ન પાછા ફરી શકે. (રુકૂઅ-૪)

مُضِيًّا وَّلَا يَرْجِعُوْنَ ﴿٦٧﴾ وَمَنْ نُّعَمِّرْهُ نُنَكِّسْهُ فِي
الْخَلْقِ ؕ اَفَلَا يَعْقِلُوْنَ ﴿٦٨﴾ وَمَا عَلَّمْنٰهُ الشِّعْرَ وَمَا يَنْۢبَغِيْ
لَهٗ ؕ اِنْ هُوَ اِلَّا ذِكْرٌ وَّقُرْاٰنٌ مُّبِيْنٌ ﴿٦٩﴾ لِّيُنْذِرَ
مَنْ كَانَ حَيًّا وَّيَحِقَّ الْقَوْلُ عَلَى الْكٰفِرِيْنَ ﴿٧٠﴾ اَوَلَمْ
يَرَوْا اَنَّا خَلَقْنَا لَهُمْ مِّمَّا عَمِلَتْ اَيْدِيْنَآ اَنْعَامًا
فَهُمْ لَهَا مٰلِكُوْنَ ﴿٧١﴾ وَذَلَّلْنٰهَا لَهُمْ فَمِنْهَا رَكُوْبُهُمْ
وَمِنْهَا يَاْكُلُوْنَ ﴿٧٢﴾ وَلَهُمْ فِيْهَا مَنَافِعُ وَمَشَارِبُ ؕ
اَفَلَا يَشْكُرُوْنَ ﴿٧٣﴾ وَاتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ اٰلِهَةً
لَّعَلَّهُمْ يُنْصَرُوْنَ ﴿٧٤﴾ لَا يَسْتَطِيْعُوْنَ نَصْرَهُمْ ۙ وَهُمْ
وقف لازم لَهُمْ جُنْدٌ مُّحْضَرُوْنَ ﴿٧٥﴾ فَلَا يَحْزُنْكَ قَوْلُهُمْ ۘ اِنَّا
نَعْلَمُ مَا يُسِرُّوْنَ وَمَا يُعْلِنُوْنَ ﴿٧٦﴾ اَوَلَمْ يَرَ
الْاِنْسَانُ اَنَّا خَلَقْنٰهُ مِنْ نُّطْفَةٍ فَاِذَا هُوَ خَصِيْمٌ
مُّبِيْنٌ ﴿٧٧﴾ وَضَرَبَ لَنَا مَثَلًا وَّنَسِيَ خَلْقَهٗ ؕ قَالَ مَنْ يُّحْيِ
الْعِظَامَ وَهِيَ رَمِيْمٌ ﴿٧٨﴾ قُلْ يُحْيِيْهَا الَّذِيْٓ اَنْشَاَهَآ
اَوَّلَ مَرَّةٍ ؕ وَهُوَ بِكُلِّ خَلْقٍ عَلِيْمُ ۙ ﴿٧٩﴾ الَّذِيْ جَعَلَ لَكُمْ
منزل ٦ مِّنَ الشَّجَرِ الْاَخْضَرِ نَارًا فَاِذَآ اَنْتُمْ مِّنْهُ تُوْقِدُوْنَ ﴿٨٠﴾
اَوَلَيْسَ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِقٰدِرٍ عَلٰٓى
وقف غفران ١٢ اَنْ يَّخْلُقَ مِثْلَهُمْ ؕ بَلٰى ۗ وَهُوَ الْخَلّٰقُ الْعَلِيْمُ ﴿٨١﴾ اِنَّمَآ اَمْرُهٗٓ
اِذَآ اَرَادَ شَيْئًا اَنْ يَّقُوْلَ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٨٢﴾ فَسُبْحٰنَ
الَّذِيْ بِيَدِهٖ مَلَكُوْتُ كُلِّ شَيْءٍ وَّاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٨٣﴾

૬૮. જે વ્યક્તિને અમે દીર્ઘાયુ આપીએ છીએ તેની રચનાને અમે ઉલ્ટાવી જ નાખીએ છીએ, શું (આ હાલત જોઈને) આમને સમજ આવતી નથી ?

૬૯. અમે આ (પયગંબર)ને કવિતા શીખવાડી નથી અને ન કવિતા કરવાનું એને શોભા જ આપે છે. આ તો એક શિખામણ છે અને સ્પષ્ટપણે પઢવામાં આવતો ગ્રંથ (કુર્આન),

૭૦. જેથી તે દરેક વ્યક્તિને સચેત કરી દે જે જીવિત હોય અને ઇન્કાર કરનારાઓ પર દલીલ પૂરી થઈ જાય.

૭૧. શું આ લોકો જોતા નથી કે અમે પોતાના હસ્તે બનાવેલી વસ્તુઓમાંથી એમના માટે ઢોર પેદા કર્યા છે અને હવે આ લોકો તેમના માલિક છે.

૭૨. અમે તેમને એવી રીતે તેમના આધીન કરી દીધા છે કે તેમનામાંથી કોઈના ઉપર આ લોકો સવારી કરે છે, કોઈનું આ લોકો માંસ ખાય છે,

૭૩. અને તેમનામાં એમના માટે જાત-જાતના ફાયદા અને પીણાં છે. પછી શું આ લોકો આભારી થતા નથી ?

૭૪. આ બધું હોવા છતાં એમણે અલ્લાહ સિવાય બીજા ઇલાહ (ઉપાસ્ય) બનાવી લીધા છે અને એ આશા રાખે છે કે તેમની મદદ કરવામાં આવશે.

૭૫. તેઓ આમની કોઈ મદદ કરી શકતા નથી, બલ્કે આ લોકો ઊલ્ટાના તેમના માટે હાજર રહેવાવાળી સેના બનેલા છે.

૭૬. ભલે, જે વાતો આ લોકો બનાવી રહ્યા છે, તે તમને દિલગીર ન બનાવે, આમની છૂપી અને જાહેર બધી વાતો અમે જાણીએ છીએ.

૭૭. શું મનુષ્ય જોતો નથી કે અમે તેને વીર્યમાંથી પેદા કર્યો ? અને પછી તે સ્પષ્ટ ઝઘડાખોર બનીને ઊભો થઈ ગયો ?

૭૮. હવે તે અમારા માટે દૃષ્ટાંતો લાગુ કરે છે અને પોતાના સર્જનને ભૂલી જાય છે. કહે છે, ''કોણ આ હાડકાંને જીવતા કરશે, જ્યારે તે જર્જરિત થઈ ગયા હશે ?''

૭૯. આને કહો, ''એમને તે જ જીવતા કરશે જેણે પહેલાં એમને પેદા કર્યા હતા.'' અને તે સર્જનનું પ્રત્યેક કામ જાણે છે,

૮૦. તે જ જેણે તમારા માટે લીલાછમ વૃક્ષમાંથી આગ પેદા કરી દીધી અને તમે જેનાથી તમારા ચૂલા જલાવો છો.

૮૧. શું જેણે આકાશો અને ધરતીને પેદા કર્યા, એ સામર્થ્ય ધરાવતો નથી કે આમના જેવાઓને પેદા કરી શકે ? કેમ નહીં, જ્યારે કે તે નિપુણ સર્જક છે.

૮૨. તે તો જ્યારે કોઈ વસ્તુનો ઇરાદો કરે છે તો તેનું કામ માત્ર એ છે કે તેને આજ્ઞા કરે કે 'થઈ જા' અને તે થઈ જાય છે.

૮૩. પવિત્ર અને મહિમાવાન છે તે જેના હાથમાં દરેક વસ્તુની સંપૂર્ણ સત્તા છે, અને તેના જ તરફ તમે પાછા લઈ જવામાં આવવાના છો. (રુકૂઅ-૫)

(૩૭) અસ્-સાફ્ફાત

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'વસ્-સાફ્ફાત'થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

વિષયો અને વર્ણનશૈલી પરથી સ્પષ્ટ થાય છે કે આ સૂરઃ સંભવતઃ મક્કીકાળના મધ્યમાં, બલ્કે કદાચ આ મધ્યકાળના પણ અંતિમ સમયમાં ઊતરી છે, (જ્યારે કે વિરોધ પૂર્ણતઃ ઉગ્ર રૂપ ધારણ કરી ચૂક્યો હતો).

વિષય અને ચર્ચા :

તે વખતે પયગંબર (સલ્લ.)ના તૌહીદ (એકેશ્વરવાદ) અને આખિરત (પરલોક)ના આમંત્રણનો જવાબ જે રીતે ઉપહાસ અને ઠઠ્ઠા-મશ્કરી સાથે આપવામાં આવી રહ્યો હતો અને આપના પયગંબરીના દાવાનો જે સખ્તાઈથી ઈન્કાર કરવામાં આવી રહ્યો હતો, તે માટે મક્કાના કાફિરો (ઈસ્લામ-વિરોધીઓ)ને ખૂબ જોરદાર રીતે સચેત કરવામાં આવ્યા છે અને અંતમાં સાફ-સાફ શબ્દોમાં સાવધાન કરી દેવામાં આવ્યા છે કે ખૂબ જલ્દી આ જ પયગંબર, જેની તમે ઠેકડી ઉડાવી રહ્યા છો, તમારા જોતાં-જોતાં તમારા પર વર્ચસ્વ મેળવી લેશે અને તમે અલ્લાહના લશ્કરને તમારા પોતાના ઘર આંગણે ઉતરેલું જોશો (આયત ૧૭૧-૧૭૯). આ નોટિસ તે જમાનામાં આપવામાં આવી હતી જ્યારે પયગંબર (સલ્લ.)ની સફળતાના ચિહ્નો દૂર-દૂર સુધી ક્યાંય દેખાતા ન હતા, બલ્કે જોવાવાળા તો એમ સમજી રહ્યા હતા કે આ આંદોલન મક્કાની ખીણોમાં જ દફન થઈને રહી જશે. પરંતુ ૧૫-૧૬ વર્ષથી વધુ સમય પસાર થયો ન હતો કે મક્કા-વિજયના પ્રસંગે બરાબર તે જ બનીને રહ્યું જેનાથી કાફિરો (ઈન્કાર કરનારાઓ)ને સચેત કરવામાં આવ્યા હતા. ચેતવણીની સાથે-સાથે અલ્લાહે આ સૂરઃમાં સત્યને સારી રીતે સમજાવવા અને તેના પર પ્રેરિત કરવાનો હક્ક પણ સંપૂર્ણ રીતે અદા કરી દીધો છે. તૌહીદ (એકેશ્વરવાદ) અને આખિરત (પરલોક)ના વિશ્વાસની સચ્ચાઈ પર સંક્ષિપ્તમાં દિલમાં ઊતરી જાય તેવી દલીલો આપવામાં આવી છે. મુશ્રિકો (અનેકેશ્વરાવદીઓ)ની માન્યતાની આલોચના કરીને દર્શાવવામાં આવ્યું છે તેઓ કેવી-કેવી નકામી વાતો પર ઈમાન રાખી

બેઠાં છે, આ પથભ્રષ્ટતાઓના ખરાબ પરિણામોથી સાવધાન કર્યા છે અને એ પણ બતાવ્યું છે કે ઈમાન અને સદાચારના પરિણામો કેવા શાનદાર છે. પછી (એના જ અનુસંધાનમાં અગાઉના ઇતિહાસના દૃષ્ટાંતો આપ્યા છે). આ ઉદ્દેશ્યથી જે ઐતિહાસિક પ્રસંગોનું આ સૂરઃમાં વર્ણન કરવામાં આવ્યું છે, તેમાં સૌથી વધુ બોધપાઠ આપતો પ્રસંગ હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ના પવિત્ર જીવનની તે મહત્ત્વપૂર્ણ ઘટના છે કે તેઓ અલ્લાહનો એક ઇશારો મળતાં જ પોતાના એકના એક પુત્રને કુરબાન કરવા માટે તૈયાર થઈ ગયા હતા. આમાં માત્ર કુરૈશના તે કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ) માટે જ બોધપાઠ ન હતો જેઓ હઝરત ઇબ્રાહીમ (અલૈ.) સાથે પોતાના વંશ-પરંપરાગત સંબંધ પર ગર્વ કરતા ફરતા હતા, બલ્કે મુસલમાનો માટે પણ બોધપાઠ હતો જેઓ અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવ્યા હતા. આ ઘટના સંભળાવીને તેમને બતાવી દેવામાં આવ્યું છે કે ઇસ્લામની હકીકત અને તેનો સાચો આત્મા શું છે. સૂરઃની અંતિમ આયતો કેવળ કાફિરો (વિધર્મીઓ) માટે ચેતવણી જ ન હતી, બલ્કે તે ઈમાનવાળાઓ માટે વિજયી અને વર્ચસ્વશાળી બનવાની શુભસૂચના પણ હતી, જે પયગંબર (સલ્લ.)ના સમર્થન અને મદદમાં અત્યંત હતાશાજનક સંજોગોનો સામનો કરી રહ્યા હતા.

اٰياتها ١٨٢ — (٣٧) سُوْرَةُ الصّٰٓفّٰتِ مَكِّيَّةٌ (٥٦) — رکوعاتها ٥

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالصّٰٓفّٰتِ صَفًّا ۙ﴿١﴾ فَالزّٰجِرٰتِ زَجْرًا ۙ﴿٢﴾ فَالتّٰلِيٰتِ
ذِكْرًا ۙ﴿٣﴾ اِنَّ اِلٰهَكُمْ لَوَاحِدٌ ؕ﴿٤﴾ رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ
وَمَا بَيْنَهُمَا وَرَبُّ الْمَشَارِقِ ؕ﴿٥﴾ اِنَّا زَيَّنَّا السَّمَآءَ الدُّنْيَا
بِزِيْنَةِ ۨالْكَوَاكِبِ ۙ﴿٦﴾ وَحِفْظًا مِّنْ كُلِّ شَيْطٰنٍ مَّارِدٍ ۚ﴿٧﴾
لَا يَسَّمَّعُوْنَ اِلَى الْمَلَاِ الْاَعْلٰى وَيُقْذَفُوْنَ مِنْ كُلِّ
جَانِبٍ ۖۗ﴿٨﴾ دُحُوْرًا وَّلَهُمْ عَذَابٌ وَّاصِبٌ ۙ﴿٩﴾ اِلَّا مَنْ
خَطِفَ الْخَطْفَةَ فَاَتْبَعَهٗ شِهَابٌ ثَاقِبٌ ﴿١٠﴾ فَاسْتَفْتِهِمْ
اَهُمْ اَشَدُّ خَلْقًا اَمْ مَّنْ خَلَقْنَا ؕ اِنَّا خَلَقْنٰهُمْ مِّنْ طِيْنٍ
لَّازِبٍ ﴿١١﴾ بَلْ عَجِبْتَ وَيَسْخَرُوْنَ ۖ﴿١٢﴾ وَاِذَا ذُكِّرُوْا لَا
يَذْكُرُوْنَ ۖ﴿١٣﴾ وَاِذَا رَاَوْا اٰيَةً يَّسْتَسْخِرُوْنَ ۖ﴿١٤﴾ وَقَالُوْٓا اِنْ
هٰذَآ اِلَّا سِحْرٌ مُّبِيْنٌ ۚۖ﴿١٥﴾ ءَاِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا وَّعِظَامًا
ءَاِنَّا لَمَبْعُوْثُوْنَ ۙ﴿١٦﴾ اَوَاٰبَآؤُنَا الْاَوَّلُوْنَ ؕ﴿١٧﴾ قُلْ نَعَمْ وَاَنْتُمْ
دَاخِرُوْنَ ۚ﴿١٨﴾ فَاِنَّمَا هِىَ زَجْرَةٌ وَّاحِدَةٌ فَاِذَا هُمْ يَنْظُرُوْنَ ﴿١٩﴾
وَقَالُوْا يٰوَيْلَنَا هٰذَا يَوْمُ الدِّيْنِ ﴿٢٠﴾ هٰذَا يَوْمُ الْفَصْلِ
الَّذِىْ كُنْتُمْ بِهٖ تُكَذِّبُوْنَ ﴿٢١﴾ ع اُحْشُرُوا الَّذِيْنَ ظَلَمُوْا
وَاَزْوَاجَهُمْ وَمَا كَانُوْا يَعْبُدُوْنَ ۙ﴿٢٢﴾ مِنْ دُوْنِ اللّٰهِ
فَاهْدُوْهُمْ اِلٰى صِرَاطِ الْجَحِيْمِ ﴿٢٣﴾ وَقِفُوْهُمْ اِنَّهُمْ

المنزل السادس (٦)
ع ١ ٥
منزل ٦ الربع

(૩૭) સૂરઃ અસ્-સાફ્ફાત

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૫ ● આયતો : ૧૮૨)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. એક-પછી-એક ઘણી પંક્તિઓમાં હરોળબદ્ધ રહેનારાઓના સોગંદ !
૨. પછી તેમના સોગંદ, જેઓ ધાક-ધમકી આપનારા છે,
૩. પછી તેમના સોગંદ જેઓ બોધવચન સંભળાવનારા છે,
૪. તમારો સાચો ઉપાસ્ય કેવળ એક જ છે –
૫. તે જે ધરતી અને આકાશોનો અને તમામ તે વસ્તુઓનો માલિક છે જે ધરતી અને આકાશોના વચ્ચે છે, અને બધી પૂર્વ દિશાઓનો માલિક છે.
૬. અમે દુનિયાના આકાશને તારાઓની શોભા વડે શણગાર્યું છે,
૭. અને દરેક વિદ્રોહી શેતાનથી તેને સુરક્ષિત કરી દીધું છે.
૮. આ શેતાનો 'મલએ-અઅ્લા' (ફરિશ્તાઓ)ની વાતો સાંભળી શકતા નથી, દરેક બાજુએથી મારી–
૯. અને હાંકી કાઢવામાં આવે છે, અને તેમના માટે નિરંતર યાતના છે.
૧૦. આમ છતાં જો કોઈ તેમાંથી કંઈક લઈને ભાગે તો એક ધગધગતી જ્વાળા તેનો પીછો કરે છે.
૧૧. હવે એમને પૂછો, એમનું પેદા કરવું વધુ મુશ્કેલ છે કે તે વસ્તુઓનું જે અમે પેદા કરી રાખી છે ? એમને તો અમે ચીકણા ગારામાંથી પેદા કર્યા છે.
૧૨-૧૩. તમે (અલ્લાહના સામર્થ્યના ચમત્કારો પર) આશ્ચર્યચકિત છો અને આ લોકો તેની ઠેકડી ઉડાવી રહ્યા છે. સમજાવવામાં આવે છે તો સમજતા નથી.
૧૪. કોઈ નિશાની જુએ છે તો તેને ઠઠ્ઠા-મશ્કરીમાં ઉડાવી દે છે.
૧૫. અને કહે છે, "આ તો સ્પષ્ટ જાદૂ છે,
૧૬-૧૭. ભલા ક્યાંય એવું બની શકે છે કે જ્યારે અમે મરી ગયા હોઈએ અને માટી બની જઈએ અને હાડપિંજર રહી જાય, તે વખતે અમને ફરીથી જીવંત કરીને ઉઠાવી ઊભા કરવામાં આવે ? અને શું અમારા અગાઉના સમયમાં થઈ ગયેલા પૂર્વજોને પણ ઉઠાવવામાં આવશે ?
૧૮. એમને કહો, હા અને તમે (અલ્લાહના સામે) વિવશ છો.
૧૯. માત્ર એક જ ઝટકો હશે અને એકાએક આ લોકો પોતાની આંખોથી (જેના સમાચાર આપવામાં આવી રહ્યા છે તે બધું જ) જોઈ રહ્યા હશે.
૨૦. ત્યારે આ લોકો કહેશે, "રે, અમારું દુર્ભાગ્ય! આ તો બદલાનો દિવસ છે!"
૨૧. આ તે જ ફેંસલાનો દિવસ છે જેને તમે ખોટો ઠેરવતા હતા. (રુકૂઅ-૧)
૨૨-૨૩. (આજ્ઞા થશે) "ઘેરી લાવો, સૌ અત્યાચારીઓને અને તેમના સાથીઓને અને તે ઉપાસ્યોને, જેમની તેઓ અલ્લાહને છોડીને ઉપાસના કરતા હતા, પછી આ સૌને જહન્નમ (નર્ક)નો રસ્તો દેખાડો

مَّسْـُٔوْلُوْنَ ﴿٢٤﴾ مَا لَكُمْ لَا تَنَاصَرُوْنَ ﴿٢٥﴾ بَلْ هُمُ الْيَوْمَ
مُسْتَسْلِمُوْنَ ﴿٢٦﴾ وَاَقْبَلَ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ يَّتَسَآءَلُوْنَ ﴿٢٧﴾
قَالُوْٓا اِنَّكُمْ كُنْتُمْ تَاْتُوْنَنَا عَنِ الْيَمِيْنِ ﴿٢٨﴾ قَالُوْا بَلْ
لَّمْ تَكُوْنُوْا مُؤْمِنِيْنَ ﴿٢٩﴾ وَمَا كَانَ لَنَا عَلَيْكُمْ مِّنْ
سُلْطٰنٍ ۚ بَلْ كُنْتُمْ قَوْمًا طٰغِيْنَ ﴿٣٠﴾ فَحَقَّ عَلَيْنَا قَوْلُ
رَبِّنَآ ۖ اِنَّا لَذَآئِقُوْنَ ﴿٣١﴾ فَاَغْوَيْنٰكُمْ اِنَّا كُنَّا غٰوِيْنَ ﴿٣٢﴾
فَاِنَّهُمْ يَوْمَئِذٍ فِي الْعَذَابِ مُشْتَرِكُوْنَ ﴿٣٣﴾ اِنَّا كَذٰلِكَ
نَفْعَلُ بِالْمُجْرِمِيْنَ ﴿٣٤﴾ اِنَّهُمْ كَانُوْٓا اِذَا قِيْلَ لَهُمْ لَآ اِلٰهَ
اِلَّا اللّٰهُ ۙ يَسْتَكْبِرُوْنَ ﴿٣٥﴾ وَيَقُوْلُوْنَ اَئِنَّا لَتَارِكُوْٓا اٰلِهَتِنَا
لِشَاعِرٍ مَّجْنُوْنٍ ﴿٣٦﴾ بَلْ جَآءَ بِالْحَقِّ وَصَدَّقَ الْمُرْسَلِيْنَ ﴿٣٧﴾
اِنَّكُمْ لَذَآئِقُوا الْعَذَابِ الْاَلِيْمِ ﴿٣٨﴾ وَمَا تُجْزَوْنَ
اِلَّا مَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٣٩﴾ اِلَّا عِبَادَ اللّٰهِ الْمُخْلَصِيْنَ ﴿٤٠﴾
اُولٰٓئِكَ لَهُمْ رِزْقٌ مَّعْلُوْمٌ ﴿٤١﴾ فَوَاكِهُ ۚ وَهُمْ مُّكْرَمُوْنَ ﴿٤٢﴾
فِيْ جَنّٰتِ النَّعِيْمِ ﴿٤٣﴾ عَلٰى سُرُرٍ مُّتَقٰبِلِيْنَ ﴿٤٤﴾ يُطَافُ
عَلَيْهِمْ بِكَاْسٍ مِّنْ مَّعِيْنٍ ﴿٤٥﴾ بَيْضَآءَ لَذَّةٍ لِّلشّٰرِبِيْنَ ﴿٤٦﴾
لَا فِيْهَا غَوْلٌ وَّلَا هُمْ عَنْهَا يُنْزَفُوْنَ ﴿٤٧﴾ وَعِنْدَهُمْ
قٰصِرٰتُ الطَّرْفِ عِيْنٌ ﴿٤٨﴾ كَاَنَّهُنَّ بَيْضٌ مَّكْنُوْنٌ ﴿٤٩﴾
فَاَقْبَلَ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ يَّتَسَآءَلُوْنَ ﴿٥٠﴾ قَالَ
قَآئِلٌ مِّنْهُمْ اِنِّيْ كَانَ لِيْ قَرِيْنٌ ﴿٥١﴾ يَّقُوْلُ اَئِنَّكَ

૨૪. અને આમને જરા થોભાવો, આમને કંઈક પૂછવું છે.
૨૫. શું થઈ ગયું તમને, હવે કેમ એકબીજાની મદદ નથી કરતા ?
૨૬. અરે! આજે તો આ લોકો પોતાની (અને એકબીજાની) સોંપણી કરી રહ્યા છે!"
૨૭. આ પછી આ લોકો એકબીજા તરફ વળશે અને પરસ્પર ઝઘડો શરૂ કરી દેશે.
૨૮. (અનુયાયીઓ પોતાના આગેવાનોને) કહેશે, "તમે આમારા પાસે જમણી બાજુથી આવતા હતા."
૨૯. તેઓ જવાબ આપશે, "નહીં, બલ્કે તમે પોતે જ ઈમાન લાવનારા ન હતા,
૩૦. અમારું તમારા પર કોઈ જોર ન હતું, તમે પોતે જ વિદ્રોહી લોકો હતા.
૩૧. છેવટે અમે પોતાના રબ (પ્રભુ)ના આ આદેશને પાત્ર ઠર્યા કે અમે અઝાબ (યાતના)ની મજા ચાખવાના છીએ.
૩૨. આમ, અમે તમને બહેકાવ્યા, અમે પાતે જ બહેકેલા હતા."
૩૩. આવી રીતે તેઓ સૌ તે દિવસે અઝાબમાં ભાગીદાર હશે.
૩૪. અમે અપરાધીઓ સાથે આવું જ કરીએ છીએ.
૩૫. આ તે લોકો હતા કે જ્યારે તેમને કહેવામાં આવતું, "અલ્લાહ સિવાય કોઈ સાચો ઉપાસ્ય નથી" તો આ લોકો ઘમંડમાં આવી જતા હતા
૩૬. અને કહેતા હતા, "શું અમે એક ઉન્માદી કવિ ખાતર અમારા ઉપાસ્યોને છોડી દઈએ ?"
૩૭. જો કે તે સત્ય લઈને આવ્યો હતો અને તેણે પયગંબરોનું સમર્થન કર્યું હતું.
૩૮. (હવે આમને કહેવામાં આવશે કે) તમે અનિવાર્યપણે દુઃખદાયી સજાની મજા ચાખવાના છો.
૩૯. અને તમને જે બદલો પણ આપવામાં આવી રહ્યો છે, તે જ કર્મોનો આપવામાં આવી રહ્યો છે જે તમે કરતા રહ્યા છો.
૪૦. પરંતુ અલ્લાહના વિશિષ્ટ બંદાઓ (આ ખરાબ પરિણામથી) સુરક્ષિત હશે.
૪૧-૪૨. તેમના માટે જાણીતી રોજી છે, દરેક પ્રકારની લહેજતદાર વસ્તુઓ, અને તેમને સન્માનપૂર્વક રાખવામાં આવશે,
૪૩-૪૪. કૃપાઓથી ભરપૂર જન્નતોમાં, તખ્તો (સિંહાસનો) પર સામ-સામે બેસશે.
૪૫. શરાબના ઝરણાઓમાંથી પ્યાલા ભરી-ભરીને એમના વચ્ચે ફેરવવામાં આવશે,
૪૬. ચળકતી-ઉજ્જવળ શરાબ ! જે પીનારાઓ માટે સ્વાદિષ્ટ હશે,
૪૭. ન તેમના શરીરને તેનાથી કોઈ નુકસાન થશે અને ન તેમની બુદ્ધિ જ તેનાથી વિકૃત થશે,
૪૮-૪૯. અને તેમના પાસે નજરો બચાવીને રાખનારી, સુંદર આંખોવાળી સ્ત્રીઓ હશે, એવી નાજુક, જાણે ઈંડાની છાલની નીચે છૂપાયેલું પાતળું પડ!
૫૦. પછી તેઓ એકબીજા તરફ જોઈને સમાચાર પૂછશે.
૫૧. તેમાંથી એક કહેશે, "દુનિયામાં મારો એક સાથીદાર હતો

لَمِنَ الْمُصَدِّقِيْنَ ﴿٥٢﴾ ءَاِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا وَّعِظَامًا
ءَاِنَّا لَمَدِيْنُوْنَ ﴿٥٣﴾ قَالَ هَلْ اَنْتُمْ مُّطَّلِعُوْنَ ﴿٥٤﴾
فَاطَّلَعَ فَرَاٰهُ فِيْ سَوَآءِ الْجَحِيْمِ ﴿٥٥﴾ قَالَ تَاللّٰهِ اِنْ
كِدْتَّ لَتُرْدِيْنِ ﴿٥٦﴾ وَلَوْلَا نِعْمَةُ رَبِّيْ لَكُنْتُ مِنَ
الْمُحْضَرِيْنَ ﴿٥٧﴾ اَفَمَا نَحْنُ بِمَيِّتِيْنَ ﴿٥٨﴾ اِلَّا مَوْتَتَنَا
الْاُوْلٰى وَمَا نَحْنُ بِمُعَذَّبِيْنَ ﴿٥٩﴾ اِنَّ هٰذَا لَهُوَ الْفَوْزُ
الْعَظِيْمُ ﴿٦٠﴾ لِمِثْلِ هٰذَا فَلْيَعْمَلِ الْعٰمِلُوْنَ ﴿٦١﴾ اَذٰلِكَ
خَيْرٌ نُّزُلًا اَمْ شَجَرَةُ الزَّقُّوْمِ ﴿٦٢﴾ اِنَّا جَعَلْنٰهَا فِتْنَةً
لِّلظّٰلِمِيْنَ ﴿٦٣﴾ اِنَّهَا شَجَرَةٌ تَخْرُجُ فِيْۤ اَصْلِ الْجَحِيْمِ ﴿٦٤﴾
طَلْعُهَا كَاَنَّهٗ رُءُوْسُ الشَّيٰطِيْنِ ﴿٦٥﴾ فَاِنَّهُمْ
لَاٰكِلُوْنَ مِنْهَا فَمَالِـُٔوْنَ مِنْهَا الْبُطُوْنَ ﴿٦٦﴾ ثُمَّ اِنَّ لَهُمْ
عَلَيْهَا لَشَوْبًا مِّنْ حَمِيْمٍ ﴿٦٧﴾ ثُمَّ اِنَّ مَرْجِعَهُمْ لَاِلَى
الْجَحِيْمِ ﴿٦٨﴾ اِنَّهُمْ اَلْفَوْا اٰبَآءَهُمْ ضَآلِّيْنَ ﴿٦٩﴾ فَهُمْ
عَلٰۤى اٰثٰرِهِمْ يُهْرَعُوْنَ ﴿٧٠﴾ وَلَقَدْ ضَلَّ قَبْلَهُمْ اَكْثَرُ
الْاَوَّلِيْنَ ﴿٧١﴾ وَلَقَدْ اَرْسَلْنَا فِيْهِمْ مُّنْذِرِيْنَ ﴿٧٢﴾ فَانْظُرْ
كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُنْذَرِيْنَ ﴿٧٣﴾ اِلَّا عِبَادَ اللّٰهِ
الْمُخْلَصِيْنَ ﴿٧٤﴾ وَلَقَدْ نَادٰىنَا نُوْحٌ فَلَنِعْمَ الْمُجِيْبُوْنَ ﴿٧٥﴾ ع ٥٣
وَنَجَّيْنٰهُ وَاَهْلَهٗ مِنَ الْكَرْبِ الْعَظِيْمِ ﴿٧٦﴾ وَجَعَلْنَا
ذُرِّيَّتَهٗ هُمُ الْبٰقِيْنَ ﴿٧٧﴾ وَتَرَكْنَا عَلَيْهِ فِي الْاٰخِرِيْنَ ﴿٧٨﴾

૫૨. જે મને કહ્યા કરતો હતો, શું તમે પણ સમર્થન કરનારાઓમાંથી છો ?
૫૩. શું ખરેખર જ્યારે આપણે મરી ગયા હોઈશું અને માટી બની જઈશું અને હાડપિંજર બનીને રહી જઈશું તો આપણને જઝા (ઇનામ) અને સજા આપવામાં આવશે ?
૫૪. હવે શું તમે લોકો જોવા માગો છો કે તે સાહેબ હવે ક્યાં છે ?''
૫૫. આવું કહીને જેવો તે નમશે તો જહન્નમના ઊંડાણમાં તેને જોઈ લેશે
૫૬. અને તેને સંબોધીને કહેશે, ''અલ્લાહના સોગંદ ! તું તો મને બરબાદ જ કરી નાખવાનો હતો.
૫૭. મારા રબ (પ્રભુ)ની કૃપા મારા સાથે ન હોત તો આજે હું પણ તે લોકો પૈકી હોત જેઓ પકડાઈને આવ્યા છે.
૫૮. સારું તો શું હવે અમે મરવાના નથી ?
૫૯. મૃત્યુ, જે અમને આવવાનું હતું તે બસ પહેલાં આવી ગયું ? હવે અમને કોઈ યાતના આપવામાં નહીં આવે ?''
૬૦. નિશ્ચિતપણે આ જ ભવ્ય સફળતા છે.
૬૧. આવી જ સફળતા માટે કર્મ કરનારાઓએ કર્મ કરવું જોઈએ.
૬૨. બોલો, આ મિજબાની સારી છે કે ઝક્કૂમ (થોર)નું વૃક્ષ ?
૬૩. અમે તે વૃક્ષને અત્યાચારીઓ માટે અજમાયશ બનાવી દીધું છે.
૬૪. તે એક વૃક્ષ છે જે જહન્નમ (નર્ક)ના તળિયામાંથી ઊગે છે.
૬૫. તેની કુંપણો એવી છે જાણે શેતાનોના માથા.
૬૬. જહન્નમના લોકો તેને ખાશે અને તેનાથી જ પેટ ભરશે,
૬૭. પછી એના ઉપર પીવા માટે તેમને ઊકળતું પાણી મળશે.
૬૮. અને તે પછી તેઓનું પાછું ફરવું તે જ દોજખ (નર્ક)ની આગ તરફ હશે.
૬૯. આ તે લોકો છે જેમણે પોતાના બાપ-દાદાઓને પથભ્રષ્ટ જોયા
૭૦. અને તેમના જ પદ્ચિહ્નો પર દોડી પડ્યા,
૭૧. જો કે તેમના અગાઉ ઘણાં લોકો પથભ્રષ્ટ થઈ ચૂકયા હતા
૭૨. અને તેમના વચ્ચે અમે સચેત કરનારા રસૂલો (ઈશદૂતો) મોકલ્યા હતા.
૭૩. હવે જોઈ લો કે જેમને ચેતવવામાં આવ્યા હતા તેમનું શું પરિણામ આવ્યું.
૭૪. આ ખરાબ પરિણામથી માત્ર અલ્લાહના તે જ બંદાઓ બચ્યા છે જેમને તેણે પોતાના માટે વિશિષ્ટ કરી લીધા છે. (રુકૂઅ-૨)
૭૫. અમને (આ પહેલાં) નૂહે પોકાર્યા હતા, તો જુઓ અમે કેવા ઉત્તમ જવાબ આપનારા હતા.
૭૬. અમે તેને અને તેના કુટુંબીજનોને મોટા દુઃખ અને વેદનામાંથી ઉગારી લીધા,
૭૭. અને તેના જ વંશને બાકી રાખ્યો,
૭૮. અને અનુગામી વંશોમાં તેની પ્રશંસા અને વખાણ તેના પાછળ મૂકી દીધા.

سَلٰمٌ عَلٰى نُوۡحٍ فِى الۡعٰلَمِيۡنَ ﴿٧٩﴾ اِنَّا كَذٰلِكَ نَجۡزِى الۡمُحۡسِنِيۡنَ ﴿٨٠﴾
اِنَّهٗ مِنۡ عِبَادِنَا الۡمُؤۡمِنِيۡنَ ﴿٨١﴾ ثُمَّ اَغۡرَقۡنَا
الۡاٰخَرِيۡنَ ﴿٨٢﴾ وَاِنَّ مِنۡ شِيۡعَتِهٖ لَاِبۡرٰهِيۡمَ ﴿٨٣﴾ اِذۡ جَآءَ
رَبَّهٗ بِقَلۡبٍ سَلِيۡمٍ ﴿٨٤﴾ اِذۡ قَالَ لِاَبِيۡهِ وَقَوۡمِهٖ مَاذَا
تَعۡبُدُوۡنَ ﴿٨٥﴾ اَٮِٕفۡكًا اٰلِهَةً دُوۡنَ اللّٰهِ تُرِيۡدُوۡنَ ﴿٨٦﴾
فَمَا ظَنُّكُمۡ بِرَبِّ الۡعٰلَمِيۡنَ ﴿٨٧﴾ فَنَظَرَ نَظۡرَةً فِى النُّجُوۡمِ ﴿٨٨﴾
فَقَالَ اِنِّىۡ سَقِيۡمٌ ﴿٨٩﴾ فَتَوَلَّوۡا عَنۡهُ مُدۡبِرِيۡنَ ﴿٩٠﴾ فَرَاغَ اِلٰٓى
اٰلِهَتِهِمۡ فَقَالَ اَلَا تَاۡكُلُوۡنَ ﴿٩١﴾ مَا لَكُمۡ لَا تَنۡطِقُوۡنَ ﴿٩٢﴾
فَرَاغَ عَلَيۡهِمۡ ضَرۡبًۢا بِالۡيَمِيۡنِ ﴿٩٣﴾ فَاَقۡبَلُوۡۤا اِلَيۡهِ يَزِفُّوۡنَ ﴿٩٤﴾
قَالَ اَتَعۡبُدُوۡنَ مَا تَنۡحِتُوۡنَ ﴿٩٥﴾ وَاللّٰهُ خَلَقَكُمۡ وَمَا
تَعۡمَلُوۡنَ ﴿٩٦﴾ قَالُوا ابۡنُوۡا لَهٗ بُنۡيَانًا فَاَلۡقُوۡهُ فِى الۡجَحِيۡمِ ﴿٩٧﴾
فَاَرَادُوۡا بِهٖ كَيۡدًا فَجَعَلۡنٰهُمُ الۡاَسۡفَلِيۡنَ ﴿٩٨﴾ وَقَالَ اِنِّىۡ
ذَاهِبٌ اِلٰى رَبِّىۡ سَيَهۡدِيۡنِ ﴿٩٩﴾ رَبِّ هَبۡ لِىۡ مِنَ
الصّٰلِحِيۡنَ ﴿١٠٠﴾ فَبَشَّرۡنٰهُ بِغُلٰمٍ حَلِيۡمٍ ﴿١٠١﴾ فَلَمَّا بَلَغَ
مَعَهُ السَّعۡىَ قَالَ يٰبُنَىَّ اِنِّىۡۤ اَرٰى فِى الۡمَنَامِ اَنِّىۡۤ
اَذۡبَحُكَ فَانْظُرۡ مَاذَا تَرٰى ؕ قَالَ يٰۤاَبَتِ افۡعَلۡ مَا تُؤۡمَرُ
سَتَجِدُنِىۡۤ اِنۡ شَآءَ اللّٰهُ مِنَ الصّٰبِرِيۡنَ ﴿١٠٢﴾ فَلَمَّاۤ
اَسۡلَمَا وَتَلَّهٗ لِلۡجَبِيۡنِ ﴿١٠٣﴾ وَنَادَيۡنٰهُ اَنۡ يّٰۤاِبۡرٰهِيۡمُ ﴿١٠٤﴾ قَدۡ
صَدَّقۡتَ الرُّءۡيَا ۚ اِنَّا كَذٰلِكَ نَجۡزِى الۡمُحۡسِنِيۡنَ ﴿١٠٥﴾

وقف لازم

૭૯. સલામ છે નૂહ પર, તમામ દુનિયાવાળાઓમાં !
૮૦. અમે ભલાઈ કરનારાઓને આવો જ બદલો આપીએ છીએ.
૮૧. હકીકતમાં તે અમારા ઈમાનવાળા બંદાઓ પૈકી હતો.
૮૨. પછી બીજા જૂથને અમે ડૂબાડી દીધું.
૮૩. અને નૂહની જ પદ્ધતિ પર ચાલનાર ઈબ્રાહીમ હતો.
૮૪. જ્યારે તે પોતાના રબની હજૂરમાં સૌમ્ય અને પવિત્ર હૃદય લઈને આવ્યો.
૮૫. જ્યારે તેણે પોતાના પિતાને અને પોતાની કોમને કહ્યું, ''આ કઈ વસ્તુઓ છે જેને તમે પૂજી રહ્યા છો ?
૮૬. શું અલ્લાહને છોડીને જૂઠાં ઉપજાવી કાઢેલા ઉપાસ્યો જોઈએ છે ?
૮૭. છેવટે સમગ્ર સૃષ્ટિના માલિક અને પાલનહાર વિષે તમારી શી કલ્પનાં છે?''
૮૮. પછી તેણે તારાઓ પર એક નજર નાખી
૮૯ અને કહ્યું, ''મારી તબિયત ખરાબ છે.''
૯૦. આમ તે લોકો તેને છોડીને જતા રહ્યા.
૯૧-૯૨. તેમના પાછળ તે ચુપચાપ તેમના ઉપાસ્યોના મંદિરમાં ઘૂસી ગયો અને બોલ્યો, ''આપ કેમ ખાતા નથી? શું થઈ ગયું, તમે લોકો બોલતા પણ નથી?''
૯૩. ત્યાર પછી તે તેમના પર તૂટી પડ્યો અને જમણા હાથે ખૂબ ઘા કર્યા.
૯૪. (પાછા આવીને) તે લોકો દોડતા-દોડતા તેના પાસે આવ્યા.
૯૫. તેણે કહ્યું, ''શું તમે પોતાની જ ઘડેલી વસ્તુઓને પૂજો છો ?
૯૬. જો કે અલ્લાહે જ તમને પેદા કર્યા છે અને તે વસ્તુઓને પણ જે તમે બનાવો છો.''
૯૭. તેમણે એકબીજાને કહ્યું, ''આના માટે એક અગ્નિકુંડ તૈયાર કરો અને આને ભડકે બળતી આગમાં ફેંકી દો.''
૯૮. તેમણે તેના વિરુધ્ધ એક કાર્યવાહી કરવાનો ઈરાદો કર્યો હતો, પણ અમે તેમને જ નીચા પાડી દીધા.
૯૯. ઈબ્રાહીમે કહ્યું, ''હું મારા રબના પાસે જાઉં છું, તે જ મારું માર્ગદર્શન કરશે.
૧૦૦. હે પાલનહાર ! મને એક પુત્ર પ્રદાન કર જે સદાચારીઓમાંથી હોય.''
૧૦૧. (આ દુઆના જવાબમાં) અમે તેને એક સહનશીલ પુત્રની ખુશખબર આપી.
૧૦૨. તે બાળક જ્યારે તેના સાથે દોડધૂપ કરવાની ઉંમરે પહોંચી ગયો, તો (એક દિવસે) ઈબ્રાહીમે તેને કહ્યું, ''બેટા ! હું સ્વપ્નમાં જોઉં છું કે હું તને ઝબેહ કરી રહ્યો છું, હવે તું બતાવ, તારો શું વિચાર છે?'' તેણે કહ્યું, ''પિતાજી ! જે કંઈ આદેશ આપને આપવામાં આવી રહ્યો છે તેને કરી નાખો, અલ્લાહે ચાહ્યું તો, આપ મને ધૈર્યવાન લોકો પૈકી જોશો.''
૧૦૩-૧૦૪. છેવટે જ્યારે તે બંનેએ આજ્ઞાપાલનમાં માથું ઝુકાવી દીધું અને ઈબ્રાહીમે પુત્રને ઊંધા માથે પાડી દીધો અને અમે સાદ પાડ્યો, ''હે ઈબ્રાહીમ!
૧૦૫. તેં સ્વપ્ન સાચું કરી દેખાડ્યું. અમે ભલાઈ કરનારાઓને આવો જ

إِنَّ هٰذَا لَهُوَ الْبَلٰٓؤُا الْمُبِيْنُ ﴿١٠٦﴾ وَفَدَيْنٰهُ بِذِبْحٍ
عَظِيْمٍ ﴿١٠٧﴾ وَتَرَكْنَا عَلَيْهِ فِي الْاٰخِرِيْنَ ﴿١٠٨﴾ سَلٰمٌ عَلٰٓى
اِبْرٰهِيْمَ ﴿١٠٩﴾ كَذٰلِكَ نَجْزِي الْمُحْسِنِيْنَ ﴿١١٠﴾ اِنَّهٗ مِنْ
عِبَادِنَا الْمُؤْمِنِيْنَ ﴿١١١﴾ وَبَشَّرْنٰهُ بِاِسْحٰقَ نَبِيًّا مِّنَ
الصّٰلِحِيْنَ ﴿١١٢﴾ وَبٰرَكْنَا عَلَيْهِ وَعَلٰٓى اِسْحٰقَ ط وَمِنْ
ع ٣ ذُرِّيَّتِهِمَا مُحْسِنٌ وَّظَالِمٌ لِّنَفْسِهٖ مُبِيْنٌ ﴿١١٣﴾ وَلَقَدْ مَنَنَّا
عَلٰى مُوْسٰى وَهٰرُوْنَ ﴿١١٤﴾ وَنَجَّيْنٰهُمَا وَقَوْمَهُمَا مِنَ
الْكَرْبِ الْعَظِيْمِ ﴿١١٥﴾ وَنَصَرْنٰهُمْ فَكَانُوْا هُمُ الْغٰلِبِيْنَ ﴿١١٦﴾ وَ
اٰتَيْنٰهُمَا الْكِتٰبَ الْمُسْتَبِيْنَ ﴿١١٧﴾ وَهَدَيْنٰهُمَا الصِّرَاطَ
الْمُسْتَقِيْمَ ﴿١١٨﴾ وَتَرَكْنَا عَلَيْهِمَا فِي الْاٰخِرِيْنَ ﴿١١٩﴾ سَلٰمٌ عَلٰى
مُوْسٰى وَهٰرُوْنَ ﴿١٢٠﴾ اِنَّا كَذٰلِكَ نَجْزِي الْمُحْسِنِيْنَ ﴿١٢١﴾
اِنَّهُمَا مِنْ عِبَادِنَا الْمُؤْمِنِيْنَ ﴿١٢٢﴾ وَاِنَّ اِلْيَاسَ لَمِنَ
الْمُرْسَلِيْنَ ﴿١٢٣﴾ ط اِذْ قَالَ لِقَوْمِهٖٓ اَلَا تَتَّقُوْنَ ﴿١٢٤﴾ اَتَدْعُوْنَ
بَعْلًا وَّتَذَرُوْنَ اَحْسَنَ الْخَالِقِيْنَ ﴿١٢٥﴾ اللّٰهَ رَبَّكُمْ وَ
رَبَّ اٰبَآئِكُمُ الْاَوَّلِيْنَ ﴿١٢٦﴾ فَكَذَّبُوْهُ فَاِنَّهُمْ لَمُحْضَرُوْنَ ﴿١٢٧﴾
اِلَّا عِبَادَ اللّٰهِ الْمُخْلَصِيْنَ ﴿١٢٨﴾ وَتَرَكْنَا عَلَيْهِ فِي الْاٰخِرِيْنَ ﴿١٢٩﴾
سَلٰمٌ عَلٰٓى اِلْ يَاسِيْنَ ﴿١٣٠﴾ اِنَّا كَذٰلِكَ نَجْزِي الْمُحْسِنِيْنَ ﴿١٣١﴾
اِنَّهٗ مِنْ عِبَادِنَا الْمُؤْمِنِيْنَ ﴿١٣٢﴾ وَاِنَّ لُوْطًا لَّمِنَ
منزل ٦ الْمُرْسَلِيْنَ ﴿١٣٣﴾ اِذْ نَجَّيْنٰهُ وَاَهْلَهٗٓ اَجْمَعِيْنَ ﴿١٣٤﴾ اِلَّا عَجُوْزًا

બદલો આપીએ છીએ,

૧૦૬. નિશ્ચિતપણે આ એક સ્પષ્ટ પરીક્ષા હતી.''

૧૦૭. અને અમે એક મોટી કુરબાની ફિદયા (બદલા)માં આપીને તે બાળકને છોડાવી લીધો.

૧૦૮. અને તેની પ્રશંસા અને ગુણ આવનારી પેઢીઓમાં હંમેશ માટે બાકી મૂકી દીધા.

૧૦૯. સલામ છે ઈબ્રાહીમ ઉપર !

૧૧૦. અમે ભલાઈ કરનારાઓને આવો જ બદલો આપીએ છીએ.

૧૧૧. નિઃશંક તે અમારા ઈમાનવાળા બંદાઓ પૈકીનો હતો.

૧૧૨-૧૧૩. અને અમે તેને ઈસ્હાકની ખુશખબર આપી, એક નબી (પયગંબર), સદાચારીઓમાંથી અને તેને અને ઈસ્હાકને બરકત આપી. હવે તે બંનેની સંતતિમાંથી કોઈ ભલાઈ કરનાર છે અને કોઈ પોતાના પર ખુલ્લો અત્યાચાર કરનાર છે. (રુકૂઅ-૩)

૧૧૪. અને અમે મૂસા અને હારૂન પર ઉપકાર કર્યો,

૧૧૫. તેમને અને તેમની કોમને મોટા દુઃખ અને વેદનામાંથી ઉગાર્યા,

૧૧૬. તેમને મદદ કરી જેના કારણે તેઓ જ વિજયી રહ્યા,

૧૧૭. તેમને અત્યંત સ્પષ્ટ ગ્રંથ પ્રદાન કર્યો,

૧૧૮. તેમને સન્માર્ગ દેખાડ્યો,

૧૧૯. અને અનુગામી પેઢીઓમાં તેમનું શુભ-સ્મરણ બાકી રાખ્યું.

૧૨૦. સલામ છે મૂસા અને હારૂન પર !

૧૨૧. અમે ભલાઈ કરનારાઓને આવો જ બદલો આપીએ છીએ,

૧૨૨. હકીકતમાં તેઓ અમારા-ઈમાનવાળા બંદાઓમાંથી હતા.

૧૨૩. અને ઈલિયાસ પણ નિશ્ચિતપણે રસૂલો (ઈશદૂતો)માંથી હતો.

૧૨૪. યાદ કરો જ્યારે તેણે પોતાની કોમને કહ્યું, હતું, ''તમે ડરતા નથી ?

૧૨૫. શું તમે 'બઅ્‌લ'ને પોકારો છો? અને સર્વોત્તમ સર્જનહારને છોડી દો છો,

૧૨૬. તે અલ્લાહને જે તમારો અને તમારા પુરોગામી બાપ-દાદાઓનો રબ છે?''

૧૨૭. પરંતુ તેમણે તેને ખોટો ઠેરવ્યો, તો હવે ચોક્કસ તેઓ સજા માટે રજૂ કરવામાં આવવાના છે,

૧૨૮. સિવાય તે અલ્લાહના બંદાઓના જેમને વિશિષ્ટ કરી લેવામાં આવ્યા હતા.

૧૨૯. અને ઈલિયાસનું શુભ-સ્મરણ અમે આવનારી પેઢીઓમાં બાકી રાખી દીધું.

૧૩૦. સલામ છે ઈલિયાસ પર !

૧૩૧. અમે ભલાઈ કરનારાઓને આવો જ બદલો આપીએ છીએ.

૧૩૨. હકીકતમાં તે અમારા ઈમાનવાળા બંદાઓ પૈકી હતો.

૧૩૩. અને લૂત પણ તે જ લોકોમાંથી હતો જેઓ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા છે.

૧૩૪. યાદ કરો જ્યારે અમે તેને અને તેના સૌ કુટુંબીજનોને છોડાવ્યા,

فِي الْغٰبِرِيْنَ ﴿۱۳۵﴾ ثُمَّ دَمَّرْنَا الْاٰخَرِيْنَ ﴿۱۳۶﴾ وَاِنَّكُمْ لَتَمُرُّوْنَ
ع ٢٥/٨ عَلَيْهِمْ مُّصْبِحِيْنَ ﴿۱۳۷﴾ وَبِالَّيْلِ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿۱۳۸﴾ وَاِنَّ
يُوْنُسَ لَمِنَ الْمُرْسَلِيْنَ ﴿۱۳۹﴾ اِذْ اَبَقَ اِلَى الْفُلْكِ الْمَشْحُوْنِ ﴿۱۴۰﴾
فَسَاهَمَ فَكَانَ مِنَ الْمُدْحَضِيْنَ ﴿۱۴۱﴾ فَالْتَقَمَهُ الْحُوْتُ
وَهُوَ مُلِيْمٌ ﴿۱۴۲﴾ فَلَوْلَاۤ اَنَّهٗ كَانَ مِنَ الْمُسَبِّحِيْنَ ﴿۱۴۳﴾ لَلَبِثَ
النصف فِيْ بَطْنِهٖۤ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿۱۴۴﴾ فَنَبَذْنٰهُ بِالْعَرَآءِ وَهُوَ
سَقِيْمٌ ﴿۱۴۵﴾ وَاَنْۢبَتْنَا عَلَيْهِ شَجَرَةً مِّنْ يَّقْطِيْنٍ ﴿۱۴۶﴾ وَ
اَرْسَلْنٰهُ اِلٰى مِائَةِ اَلْفٍ اَوْ يَزِيْدُوْنَ ﴿۱۴۷﴾ فَاٰمَنُوْا
فَمَتَّعْنٰهُمْ اِلٰى حِيْنٍ ﴿۱۴۸﴾ فَاسْتَفْتِهِمْ اَلِرَبِّكَ الْبَنَاتُ
وَلَهُمُ الْبَنُوْنَ ﴿۱۴۹﴾ اَمْ خَلَقْنَا الْمَلٰٓئِكَةَ اِنَاثًا وَّهُمْ
شٰهِدُوْنَ ﴿۱۵۰﴾ اَلَاۤ اِنَّهُمْ مِّنْ اِفْكِهِمْ لَيَقُوْلُوْنَ ﴿۱۵۱﴾
وَلَدَ اللّٰهُ ۙ وَاِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿۱۵۲﴾ اَصْطَفَى الْبَنَاتِ
عَلَى الْبَنِيْنَ ﴿۱۵۳﴾ مَا لَكُمْ ٚ كَيْفَ تَحْكُمُوْنَ ﴿۱۵۴﴾ اَفَلَا تَذَكَّرُوْنَ ﴿۱۵۵﴾
اَمْ لَكُمْ سُلْطٰنٌ مُّبِيْنٌ ﴿۱۵۶﴾ فَاْتُوْا بِكِتٰبِكُمْ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۱۵۷﴾
وَجَعَلُوْا بَيْنَهٗ وَبَيْنَ الْجِنَّةِ نَسَبًا ؕ وَلَقَدْ عَلِمَتِ الْجِنَّةُ
اِنَّهُمْ لَمُحْضَرُوْنَ ﴿۱۵۸﴾ سُبْحٰنَ اللّٰهِ عَمَّا يَصِفُوْنَ ﴿۱۵۹﴾ اِلَّا عِبَادَ
اللّٰهِ الْمُخْلَصِيْنَ ﴿۱۶۰﴾ فَاِنَّكُمْ وَمَا تَعْبُدُوْنَ ﴿۱۶۱﴾ مَاۤ اَنْتُمْ
عَلَيْهِ بِفٰتِنِيْنَ ﴿۱۶۲﴾ اِلَّا مَنْ هُوَ صَالِ الْجَحِيْمِ ﴿۱۶۳﴾ وَمَا مِنَّاۤ
منزل ٦ اِلَّا لَهٗ مَقَامٌ مَّعْلُوْمٌ ﴿۱۶۴﴾ وَّاِنَّا لَنَحْنُ الصَّآفُّوْنَ ﴿۱۶۵﴾ وَاِنَّا

૧૩૫. સિવાય તે વૃદ્ધાને જે પાછળ રહી જનારાઓમાંથી હતી.
૧૩૬. પછી બાકીના સૌને ખેદાન-મેદાન કરી દીધા.
૧૩૭-૧૩૮. આજે તમે રાત-દિવસ તેમના ઉજ્જડ ઘરો પાસેથી પસાર થાવ છો. શું તમને સમજાતું નથી ? (રુકૂઅ-૪)
૧૩૯. અને ચોક્કસપણે યૂનુસ પણ રસૂલોમાંથી હતો.
૧૪૦. યાદ કરો જ્યારે તે એક ભરેલી હોડી તરફ ભાગી ગયો,
૧૪૧. પછી ચિઠ્ઠી નાખવામાં ભાગ લીધો અને તેમાં હાર્યો.
૧૪૨. છેવટે માછલીએ તેને ગળી લીધો, અને તે દોષિત હતો.
૧૪૩. હવે જો તે તસ્બીહ (પવિત્રતાનો જાપ) કરનારાઓ પૈકી ન હોત
૧૪૪. તો કયામત (પુનર્જીવન)ના દિવસ સુધી તે જ માછલીના પેટમાં રહેતો.
૧૪૫. છેવટે અમે તેને ખૂબ માંદગીની હાલતમાં એકસપાટ ભૂમિ પર ફેંકી દીધો.
૧૪૬. અને તેના ઉપર એક વેલાઓવાળું વૃક્ષ ઉગાડી દીધું.
૧૪૭. ત્યાર પછી તેને અમે એક લાખ કે તેનાથી વધુ લોકો તરફ મોકલ્યો,
૧૪૮. તેઓ ઈમાન લાવ્યા અને અમે એક નિશ્ચિત સમય સુધી તેમને બાકી રાખ્યા.
૧૪૯. પછી જરા આ લોકોને પૂછો, શું (તેમના હૃદયને એ વાત ઉચિત લાગે છે કે) તમારા રબ (પ્રભુ) માટે તો હોય પુત્રીઓ અને તેમના માટે પુત્રો ?
૧૫૦. શું હકીકતમાં અમે ફરિશ્તાઓને સ્ત્રીઓ જ બનાવી છે અને આ લોકો આંખે જોયેલી વાત કહી રહ્યા છે ?
૧૫૧. બરાબર સાંભળી લો, વાસ્તવમાં આ લોકો ઉપજાવી કાઢીને આ વાત કહે છે
૧૫૨. કે અલ્લાહ સંતાન ધરાવે છે, અને હકીકતમાં તેઓ જૂઠા છે.
૧૫૩. શું અલ્લાહે પુત્રોના બદલે પુત્રીઓ પોતાના માટે પસંદ કરી લીધી ?
૧૫૪-૧૫૫. તમને શું થઈ ગયું છે, કેવા ફેંસલા કરો છો ? શું તમે ભાનમાં આવતા નથી?
૧૫૬. કે પછી તમારા પાસે પોતાની આ વાતો માટે કોઈ સ્પષ્ટ સનંદ છે,
૧૫૭. તો લાવો તમારો તે ગ્રંથ, જો તમે સાચા હોવ.
૧૫૮. આ લોકોએ અલ્લાહ અને ફરિશ્તાઓ વચ્ચે વંશનો સંબંધ જોડી રાખ્યો છે, જો કે ફરિશ્તાઓ સારી રીતે જાણે છે કે આ લોકો અપરાધીઓની હેસિયતે રજૂ થવાના છે
૧૫૯. (અને તેઓ કહે છે કે) ''અલ્લાહ તે ગુણોથી પાક છે જે બીજા લોકો તેના નામે ચઢાવે છે,
૧૬૦. સિવાય તેના ચુનંદા બંદાઓના.
૧૬૧-૧૬૨. તો તમે અને તમારા આ ઉપાસ્યો કોઈને અલ્લાહથી વિમુખ કરી શકતા નથી
૧૬૩. પરંતુ માત્ર તેને જે દોજખ (નર્ક)ની ભડકે બળતી આગમાં બળવાનો હોય.
૧૬૪. અને અમારી સ્થિતિ તો એ છે કે અમારામાંથી દરેકનું એક સ્થાન નિશ્ચિત કરવામાં આવેલું છે,
૧૬૫. અને અમે કતારબદ્ધ સેવકો છીએ

لَنَحْنُ الْمُسَبِّحُوْنَ ﴿١٦٦﴾ وَاِنْ كَانُوْا لَيَقُوْلُوْنَ ﴿١٦٧﴾ لَوْ اَنَّ عِنْدَنَا
ذِكْرًا مِّنَ الْاَوَّلِيْنَ ﴿١٦٨﴾ لَكُنَّا عِبَادَ اللّٰهِ الْمُخْلَصِيْنَ ﴿١٦٩﴾
فَكَفَرُوْا بِهٖ فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿١٧٠﴾ وَلَقَدْ سَبَقَتْ كَلِمَتُنَا
لِعِبَادِنَا الْمُرْسَلِيْنَ ﴿١٧١﴾ اِنَّهُمْ لَهُمُ الْمَنْصُوْرُوْنَ ﴿١٧٢﴾ وَاِنَّ
جُنْدَنَا لَهُمُ الْغٰلِبُوْنَ ﴿١٧٣﴾ فَتَوَلَّ عَنْهُمْ حَتّٰى حِيْنٍ ﴿١٧٤﴾ وَّ
وقف لازم اَبْصِرْهُمْ فَسَوْفَ يُبْصِرُوْنَ ﴿١٧٥﴾ اَفَبِعَذَابِنَا يَسْتَعْجِلُوْنَ ﴿١٧٦﴾
فَاِذَا نَزَلَ بِسَاحَتِهِمْ فَسَآءَ صَبَاحُ الْمُنْذَرِيْنَ ﴿١٧٧﴾ وَتَوَلَّ
عَنْهُمْ حَتّٰى حِيْنٍ ﴿١٧٨﴾ وَّاَبْصِرْ فَسَوْفَ يُبْصِرُوْنَ ﴿١٧٩﴾
منزل ٦ سُبْحٰنَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ ﴿١٨٠﴾ وَسَلٰمٌ
ع ٥ ٣٣ عَلَى الْمُرْسَلِيْنَ ﴿١٨١﴾ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٨٢﴾

૧૬૬. અને તસ્બીહ (અલ્લાહના ગુણગાન) કરનારાઓ છીએ.''
૧૬૭. આ લોકો પહેલાં તો કહેતા હતા
૧૬૮. કે કદાચ અમારા પાસે તે ''ઝિક્ર'' હોત જે પુરોગામી કોમોને મળ્યો હતો
૧૬૯. તો અમે અલ્લાહના ચુનંદા બંદાઓ હોત.
૧૭૦. પરંતુ (જ્યારે તે આવી ગયો) તો એમણે તેનો ઈન્કાર કરી દીધો. હવે ટૂંકમાં જ આ લોકોને (આ વર્તણૂકનું પરિણામ) જણાઈ જશે.
૧૭૧. પોતાના મોકલેલા બંદાઓ સાથે અમે અગાઉથી જ વાયદો કરી ચૂક્યા છીએ
૧૭૨. કે નિઃશંક તેમની મદદ કરવામાં આવશે
૧૭૩. અને અમારું લશ્કર જ વિજય પ્રાપ્ત કરીને રહેશે.
૧૭૪. પછી હે પયગંબર! થોડા સમય સુધી આમને એમની હાલત પર છોડી દો
૧૭૫. અને જોતા રહો, ટૂંકમાં જ તેઓ પોતે જોઈ લેશે.
૧૭૬. શું આ લોકો અમારી યાતના માટે ઉતાવળ કરી રહ્યા છે ?
૧૭૭. જ્યારે તે તેમના આંગણામાં ઊતરશે, તો તે દિવસ તે લોકો માટે ઘણો ખરાબ હશે જેમને ચેતવી દેવામાં આવ્યા છે.
૧૭૮. બસ, જરા આમને થોડા સમય માટે છોડી દો
૧૭૯. અને જોતા રહો, ટૂંકમાં જ આ લોકો પોતે પણ જોઈ લેશે.
૧૮૦. પવિત્ર છે તારો રબ, પ્રતિષ્ઠા અને ગૌરવનો માલિક, તે તમામ વાતોથી જે આ લોકો બનાવી રહ્યા છે.
૧૮૧. અને સલામ છે રસૂલો પર,
૧૮૨. અને સર્વ પ્રશંસા અલ્લાહ સમગ્ર સૃષ્ટિના માલિક અને પાલનહાર (રબ્બુલ્ આલમીન) માટે જ છે. (રુકૂઅ-૫)

(૩૮) સૉદ

પરિચય

નામ :

આ સૂરઃના પ્રથમ જ શબ્દ 'સૉદ'ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

જેમ કે આગળ બતાવવામાં આવશે કે કેટલાક કથનો અનુસાર આ સૂરઃ તે વખતે ઊતરી હતી, જ્યારે પયગંબર (સલ્લ.)એ મક્કા-મુઅઝ્ઝમામાં જાહેર આમંત્રણનો આરંભ કર્યો હતો. કેટલાક અન્ય કથનો આના ઉતરાણકાળને હઝરત ઉમર (રદિ.)ના ઈમાન લાવ્યા પછીનો દર્શાવે છે. એક અન્ય રિવાયતોના ક્રમથી જણાય છે કે આના અવતરણનો સમય નુબૂવતનું દસમું કે અગિયારમું વર્ષ છે.

ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ :

ઈમામ અહમદ, નિસાઈ, તિરમિઝી વગેરેએ જે કથનો નોંધ્યા છે તેનો સારાંશ એ છે કે જ્યારે અબૂ તાલિબ બીમાર પડ્યા અને કુરૈશના આગેવાનોને લાગ્યું કે હવે આ તેમનો અંતિમ સમય છે, તો તેમણે પરસ્પર સલાહ-મસ્લત કરી કે જઈને તેમને વાત કરવી જોઈએ. તેઓ આપણો અને પોતાના ભત્રીજાના ઝઘડાનો નિકાલ કરે તો સારું. આ વાત પર બધા સંમત થઈ ગયા અને કુરૈશના લગભગ પચ્ચીસ આગેવાનો, જેમાં અબૂ જહલ, અબૂ સુફિયાન, ઉમૈયા બિન ખલ્ફ, આસ બિન વાઈલ, અસ્વદ બિન મુત્તલિબ, ઉકબા બિન અબી મુઐત, ઉત્બા અને શૈબા સામેલ હતા, અબૂ તાલિબના પાસે પહોંચ્યા. તે લોકોએ પહેલાં તો રાબેતા મુજબ પયગંબર (સલ્લ.) વિરુધ્ધ પોતાની ફરિયાદોનું વર્ણન કર્યું, પછી કહ્યું કે અમે આપના સામે એક ન્યાયી વાત મૂકવા આવ્યા છીએ. તમારો ભત્રીજો અમને અમારા ધર્મ પર છોડી દે, અમે તેને તેના ધર્મ પર છોડી દઈએ છીએ, પરંતુ તે અમારા ઉપાસ્યોનો વિરોધ અને નિંદા ન કરે. આ શરતે તમે અમારાથી તેના સાથે સુલેહ કરાવી દો. અબૂ તાલિબે પયગંબર (સલ્લ.)ને બોલાવ્યા અને આપને તે વાત બતાવી જે કુરૈશના આગેવાનોએ તેમને કહી હતી. પયગંબર (સલ્લ.)એ જવાબમાં કહ્યું, ''કાકા ! હું તો આમના સામે એક એવી વાત રજૂ કરું છું જેને જો આ લોકો માની લે તો આરબ દેશ એમના આધીન થઈ જાય અને અજમ (બિનઆરબ પ્રદેશ) એમને કર (Tax) આપવા લાગી જાય.'' તેમણે પૂછ્યું, ''તે વાત શું છે ?'' આપ (સલ્લ.)એ ફરમાવ્યું, ''લાઈલાહ ઈલ્લલ્લાહ'' (નથી કોઈ ઉપાસ્ય સિવાય અલ્લાહના). આના પર તે બધા એકીસાથે ઊભા થઈ ગયા અને તે વાતો કહેતા-કહેતા નીકળી ગયા, જે

આ સૂરઃના આરંભમાં અલ્લાહે નોંધી છે. ઇબ્ને સઅ્દની નોંધ અનુસાર આ અબૂ તાલિબના મૃત્યુ વખતની બીમારીનો નહીં, બલ્કે તે વખતનો બનાવ છે, જ્યારે નબી (સલ્લ.)એ સામાન્ય રીતે લોકોને સત્ય તરફ બોલાવવાનું શરૂ કરી દીધું હતું અને મક્કામાં સતત એ સમાચારો ફેલાવાના શરૂ થઈ ગયા હતા કે આજે ફલાણો માણસ મુસલમાન થઈ ગયો અને કાલે ફલાણો. ઝમખ્શરી, રાઝી, નીશાપૂરી અને બીજા કેટલાક વિવરણકર્તાઓ કહે છે કે આ પ્રતિનિધિમંડળ અબૂ તાલિબ પાસે તે સમયે ગયું હતું જ્યારે હઝરત ઉમર (રદિ.)ના ઈમાન લાવવાથી કુરૈશના સરદારો દિગ્મૂઢ થઈ ગયા હતા. (એવું લાગે છે કે આ હબ્શાની હિજરત પછીની ઘટના છે.)

વિષય અને ચર્ચા :

ઉપર જે બેઠકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેની સમીક્ષા કરતાં આ સૂરઃની શરૂઆત થઈ છે. કાફિરો (ઇસ્લામ વિરોધીઓ) અને નબી (સલ્લ.)ની વાતચીતને આધાર બનાવીને અલ્લાહે દર્શાવ્યું છે કે આ લોકોના ઇન્કારનું મૂળ કારણ ઈસ્લામના આમંત્રણની કોઈ ખામી નથી, બલ્કે તેમનો પોતાના ઘમંડ, ઈર્ષ્યા અને આંધળા અનુકરણ પર દુરાગ્રહ છે. તે પછી અલ્લાહે સૂરઃના શરૂના ભાગમાં પણ અને અંતિમ વાક્યોમાં પણ કાફિરોને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જે માણસની આજે તમે મજાક ઉડાવી રહ્યા છો, ખૂબ જ જલ્દી તેને વર્ચસ્વ પ્રાપ્ત થશે, અને તે સમય દૂર નથી કે જ્યારે તેના સામે તમે સૌ નતમસ્તક દેખાશો. પછી અવિરત નવ પયગંબરોનું વર્ણન કરીને, જેમાં દાઊદ (અલૈ.) અને સુલૈમાન (અલૈ.)ના પ્રસંગો વધુ વિસ્તૃત છે, અલ્લાહે એ વાત શ્રોતાઓના મનમાં બેસાડી છે કે તેના ન્યાયનો કાનૂન નિષ્પક્ષ છે. ખોટી વાત ચાહે કોઈ પણ કરે, તે તેના પર પકડ કરે છે, અને તેના ત્યાં તે જ લોકો પસંદગીપાત્ર છે જેઓ ભૂલચૂક પર હઠાગ્રહ ન કરે, બલ્કે તેને જાણતાં જ તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) કરી લે. તે પછી આજ્ઞાંકિત બંદાઓ અને વિદ્રોહી બંદાઓના તે અંજામનું દૃશ્ય પ્રસ્તુત કરવામાં આવ્યું છે, જે તેઓ આખિરત (પરલોક)માં જોવાના છે. અંતે હઝરત આદમ (અલૈ.) અને ઇબ્લીસ (શેતાન)ના કિસ્સાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને તેનાથી અભિપ્રેત કુરૈશના ઇસ્લામ વિરોધીઓને એ દર્શાવવાનો છે કે હઝરત મુહમ્મદ (સલ્લ.) સામે નમવામાં જે અહંકાર તમને આડે આવે છે, તે જ અહંકાર આદમના સામે ઝૂકવામાં ઇબ્લીસ (શેતાન)ને આડે આવ્યો હતો. આથી જે પરિણામે શેતાનનું આવવાનું છે, તે જ છેવટે તમારું પણ આવશે.

اٰیَاتُھَا ۸۸ (۳۸) سُوْرَۃُ صٓ مَکِّیَّۃٌ (۳۸) رُکُوْعَاتُھَا ۵

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

صٓ وَالْقُرْاٰنِ ذِی الذِّکْرِ ۝۱ بَلِ الَّذِیْنَ کَفَرُوْا فِیْ
عِزَّۃٍ وَّشِقَاقٍ ۝۲ کَمْ اَھْلَکْنَا مِنْ قَبْلِھِمْ مِّنْ قَرْنٍ
فَنَادَوْا وَّلَاتَ حِیْنَ مَنَاصٍ ۝۳ وَعَجِبُوْٓا اَنْ جَآءَھُمْ
مُّنْذِرٌ مِّنْھُمْ ۡ وَقَالَ الْکٰفِرُوْنَ ھٰذَا سٰحِرٌ کَذَّابٌ ۝۴
اَجَعَلَ الْاٰلِھَۃَ اِلٰھًا وَّاحِدًا ۚ اِنَّ ھٰذَا لَشَیْءٌ عُجَابٌ ۝۵
وَانْطَلَقَ الْمَلَاُ مِنْھُمْ اَنِ امْشُوْا وَاصْبِرُوْا عَلٰٓی اٰلِھَتِکُمْ ۚ
اِنَّ ھٰذَا لَشَیْءٌ یُّرَادُ ۝۶ مَا سَمِعْنَا بِھٰذَا فِی الْمِلَّۃِ
الْاٰخِرَۃِ ۚ اِنْ ھٰذَآ اِلَّا اخْتِلَاقٌ ۝۷ ءَاُنْزِلَ عَلَیْهِ الذِّکْرُ
مِنْۢ بَیْنِنَا ؕ بَلْ ھُمْ فِیْ شَکٍّ مِّنْ ذِکْرِیْ ۚ بَلْ لَّمَّا
یَذُوْقُوْا عَذَابِ ۝۸ اَمْ عِنْدَھُمْ خَزَآئِنُ رَحْمَۃِ رَبِّکَ
الْعَزِیْزِ الْوَھَّابِ ۝۹ اَمْ لَھُمْ مُّلْکُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا
بَیْنَھُمَا ۟ فَلْیَرْتَقُوْا فِی الْاَسْبَابِ ۝۱۰ جُنْدٌ مَّا ھُنَالِکَ
مَھْزُوْمٌ مِّنَ الْاَحْزَابِ ۝۱۱ کَذَّبَتْ قَبْلَھُمْ قَوْمُ نُوْحٍ وَّعَادٌ
وَّفِرْعَوْنُ ذُو الْاَوْتَادِ ۝۱۲ وَثَمُوْدُ وَقَوْمُ لُوْطٍ وَّاَصْحٰبُ
لْـَٔیْکَۃِ ؕ اُولٰٓئِکَ الْاَحْزَابُ ۝۱۳ اِنْ کُلٌّ اِلَّا کَذَّبَ
الرُّسُلَ فَحَقَّ عِقَابِ ۝۱۴ ع وَمَا یَنْظُرُ ھٰٓؤُلَآءِ اِلَّا صَیْحَۃً
وَّاحِدَۃً مَّا لَھَا مِنْ فَوَاقٍ ۝۱۵ وَقَالُوْا رَبَّنَا عَجِّلْ لَّنَا

ع ۱۴ منزل ۶

(૩૮) સૂરઃ સૉદ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૫ ● આયતો : ૮૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સૉદ ! સોગંદ છે ઉપદેશથી ભરપૂર કુર્આનના,

૨. બલ્કે આ જ લોકો, જેમણે માનવાનો ઈન્કાર કર્યો છે, ઘોર અભિમાન અને દુરાગ્રહમાં ગ્રસ્ત છે.

૩. આમના પહેલાં અમે આવી કેટલીય કોમોને નષ્ટ કરી ચૂક્યા છીએ (અને જ્યારે તેમનો ખરાબ સમય આવ્યો છે) તો તેઓ ચીસ પાડી ઉઠ્યા છે, પરંતુ તે સમય બચવાનો નથી હોતો.

૪-૫. આ લોકોને એ વાત પર ભારે આશ્ચર્ય થયું કે એક ડરાવનાર સ્વયં તેમના અંદરથી જ આવી ગયો. ઈન્કાર કરનારાઓ કહેવા લાગ્યા, ''આ જાદુગર છે, સખત જૂઠો છે, શું આણે બધા ખુદાઓની જગ્યાએ માત્ર એક જ ખુદા બનાવી નાખ્યો ? આ તો ખૂબ વિચિત્ર વાત છે.''

૬. અને કોમના આગેવાનો એમ કહેતાં-કહેતાં નીકળી ગયા કે, ''ચાલો, અને વળગી રહો પોતાના ઉપાસ્યોની બંદગીને. આ વાત તો કોઈ બીજા જ આશયથી કહેવામાં આવી રહી છે.

૭. આ વાત અમે નજીકના યુગના પંથમાં કોઈથી નથી સાંભળી. આ તો ઉપજાવી કાઢેલી વાત સિવાય બીજું કંઈ નથી.

૮. શું આપણા વચ્ચે કેવળ, આ એક જ માણસ રહી ગયો હતો જેના ઉપર અલ્લાહનો ઝિક્ર (અનુસ્મરણ) અવતરિત કરીદેવામાં આવ્યો?''હકીકત એ છે કે આ લોકો મારા 'ઝિક્ર' પર શંકા કરી રહ્યા છે, અને આ તમામ વાતો એટલા માટે કરી રહ્યા છે કે તેમણે મારી યાતનાનો સ્વાદ ચાખ્યો નથી.

૯. શું તારા દાતા અને પ્રભુત્વશાળી પાલનહારની કૃપાના ખજાના આ લોકોના કબજામાં છે ?

૧૦. શું આ લોકો આકાશો અને ધરતી અને તેમના વચ્ચેની વસ્તુઓના માલિક છે? ભલે, તો આ લોકો આલોક (જગત)ની ઊંચાઈઓ ઉપર ચઢીને જુએ !

૧૧. આ તો ઘણાં સમૂહોમાંનો એક નાનો સમૂહ છે જે આ જ સ્થળે પરાજિત થવાનો છે.

૧૨. આનાથી પહેલાં નૂહની કોમ, અને આદ અને ખૂંટાવાળો ફિરઔન,

૧૩. અને સમૂદ, અને લૂતની કોમ, અને ઐકાવાળા ખોટું ઠેરવી ચૂક્યા છે, સમૂહો તે હતા.

૧૪. તેમાંના દરેકે રસૂલો (ઈશદૂતો)ને ખોટા ઠેરવ્યા અને મારી સજાનો ફેંસલો તેના પર લાગુ થઈને રહ્યો. (રુકૂઅ-૧)

૧૫. આ લોકો પણ માત્ર એક જ ધડાકાની રાહ જોઈ રહ્યા છે, જેના પછી બીજો કોઈ ધડાકો નહીં થાય.

قِطَّنَا قَبْلَ يَوْمِ الْحِسَابِ ﴿١٦﴾ اِصْبِرْ عَلٰى مَا يَقُوْلُوْنَ
وَاذْكُرْ عَبْدَنَا دَاوٗدَ ذَا الْاَيْدِ ۚ اِنَّهٗۤ اَوَّابٌ ﴿١٧﴾ اِنَّا سَخَّرْنَا
الْجِبَالَ مَعَهٗ يُسَبِّحْنَ بِالْعَشِيِّ وَالْاِشْرَاقِ ﴿١٨﴾ ۙ وَالطَّيْرَ
مَحْشُوْرَةً ؕ كُلٌّ لَّهٗۤ اَوَّابٌ ﴿١٩﴾ وَشَدَدْنَا مُلْكَهٗ وَاٰتَيْنٰهُ
وقف لازم الْحِكْمَةَ وَفَصْلَ الْخِطَابِ ﴿٢٠﴾ وَهَلْ اَتٰىكَ نَبَؤُا الْخَصْمِ ۘ اِذْ
تَسَوَّرُوا الْمِحْرَابَ ﴿٢١﴾ ۙ اِذْ دَخَلُوْا عَلٰى دَاوٗدَ فَفَزِعَ مِنْهُمْ قَالُوْا
لَا تَخَفْ ۚ خَصْمٰنِ بَغٰى بَعْضُنَا عَلٰى بَعْضٍ فَاحْكُمْ بَيْنَنَا
بِالْحَقِّ وَلَا تُشْطِطْ وَاهْدِنَاۤ اِلٰى سَوَآءِ الصِّرَاطِ ﴿٢٢﴾ اِنَّ هٰذَاۤ
اَخِيْ ۫ لَهٗ تِسْعٌ وَّتِسْعُوْنَ نَعْجَةً وَّلِيَ نَعْجَةٌ وَّاحِدَةٌ ۫
فَقَالَ اَكْفِلْنِيْهَا وَعَزَّنِيْ فِي الْخِطَابِ ﴿٢٣﴾ قَالَ لَقَدْ ظَلَمَكَ
بِسُؤَالِ نَعْجَتِكَ اِلٰى نِعَاجِهٖ ؕ وَاِنَّ كَثِيْرًا مِّنَ الْخُلَطَآءِ
لَيَبْغِيْ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ اِلَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
وَقَلِيْلٌ مَّا هُمْ ؕ وَظَنَّ دَاوٗدُ اَنَّمَا فَتَنّٰهُ فَاسْتَغْفَرَ رَبَّهٗ
السجدة ١٠ وَخَرَّ رَاكِعًا وَّاَنَابَ ﴿٢٤﴾ السجدة فَغَفَرْنَا لَهٗ ذٰلِكَ ؕ وَاِنَّ لَهٗ
عِنْدَنَا لَزُلْفٰى وَحُسْنَ مَاٰبٍ ﴿٢٥﴾ يٰدَاوٗدُ اِنَّا جَعَلْنٰكَ
خَلِيْفَةً فِي الْاَرْضِ فَاحْكُمْ بَيْنَ النَّاسِ بِالْحَقِّ وَلَا تَتَّبِعِ
الْهَوٰى فَيُضِلَّكَ عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ اِنَّ الَّذِيْنَ يَضِلُّوْنَ
منزل ٦ عَنْ سَبِيْلِ اللّٰهِ لَهُمْ عَذَابٌ شَدِيْدٌ بِمَا نَسُوْا يَوْمَ
ع ٢/١٢ الْحِسَابِ ﴿٢٦﴾ ع وَمَا خَلَقْنَا السَّمَآءَ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا

૧૬. અને આ લોકો કહે છે કે, હે અમારા માલિક ! હિસાબના દિવસ પહેલાં જ અમારો હિસ્સો અમને જલ્દીથી આપી દે.

૧૭. હે પયગંબર ! ધીરજ રાખો, તે વાતો પર જે આ લોકો બનાવે છે, અને આ લોકોના સામે અમારા બંદા દાઊદનો કિસ્સો વર્ણવો, જે ઘણી શક્તિઓ ધરાવતો હતો. દરેક બાબતમાં અલ્લાહ તરફ રજૂ થનાર હતો.

૧૮-૧૯. અમે પર્વતોને તેના સાથે વશીભૂત કરી રાખ્યા હતા કે સવાર-સાંજ તેઓ તેના સાથે તસ્બીહ (અલ્લાહના ગુણગાન) કરતા હતા. પક્ષીઓ સમેટાઈને આવી જતા, બધા જ તેની તસ્બીહ તરફ આકર્ષિત થઈ જતા હતા.

૨૦. અમે તેનું રાજ્ય મજબૂત કરી દીધું હતું, તેને તત્ત્વદર્શિતા પ્રદાન કરી હતી અને નિર્ણાયિક વાત કહેવાની ક્ષમતા આપી હતી.

૨૧. પછી તમને કંઈ ખબર પહોંચી છે તે દાવેદારોની જેઓ દીવાલ ચઢીને તેના ઝરૂખામાં ઘૂસી આવ્યા હતા ?

૨૨. જ્યારે તેઓ દાઊદ પાસે પહોંચ્યા તો તે તેમને જોઈને ગભરાઈ ગયો. તેમણે કહ્યું, ''ડરશો નહીં, અમે દાવાના બે પક્ષકારો છીએ જેમાંથી એકે બીજા પર અતિરેક કર્યો છે. આપ અમારા વચ્ચે ઠીક-ઠીક સત્યપૂર્વક ફેંસલો કરી આપો, અન્યાય ન કરજો અને અમને સીધો રસ્તો દેખાડો.

૨૩. આ મારો ભાઈ છે, તેના પાસે નવ્વાણું મેંઢીઓ (દુંબીઓ) છે અને મારા પાસે માત્ર એક જ મેંઢી છે. આણે મને કહ્યું કે આ એક મેંઢી પણ મારા હવાલે કરી દે અને વાતચીતમાં તેણે મને દબાવી દીધો.

૨૪. દાઊદે જવાબ આપ્યો, ''આ માણસે પોતાની મેંઢીઓ સાથે તારી મેંઢી ભેળવી દેવાની માગણી કરીને ખરેખર તારા સાથે અન્યાય કર્યો, અને સત્ય એ છે કે હળી-મળીને રહેતા લોકો ઘણી વખત એકબીજા પર અતિરેક કરતા રહે છે, બસ તે જ લોકો આનાથી બચી ગયેલા છે જેઓ ઈમાનવાળા છે અને સદ્‌કાર્યો કરે છે, અને આવા લોકો થોડા જ છે.'' (આ વાત બોલતાં-બોલતાં) દાઊદ સમજી ગયો કે આ તો વાસ્તવમાં અમે તેની પરીક્ષા કરી છે, આથી તેણે પોતાના રબ (પ્રભુ)ની માફી માગી અને સિજદામાં ઝૂકી પડ્યો અને રજૂ કરી લીધું.

૨૫. ત્યારે અમે તેની તે ભૂલ માફ કરી દીધી અને નિઃશંક અમારા પાસે તેના માટે નિકટનું સ્થાન અને શ્રેષ્ઠ અંજામ છે.

૨૬. (અમે તેને કહ્યું), ''હે દાઊદ! અમે તને ધરતીમાં ખલીફા (નાયબ) બનાવ્યો છે, તેથી તું લોકો વચ્ચે સત્યપૂર્વક શાસન કર અને મનેચ્છાઓનું અનુસરણ ન કર કેમ કે તે તને અલ્લાહના માર્ગથી ભટકાવી મૂકશે. જે લોકો અલ્લાહના માર્ગથી ભટકી જાય છે, નિશ્ચિતપણે તેમના માટે કઠોર સજા છે કેમ કે તેઓ હિસાબના દિવસને ભૂલી ગયા.'' (રુકૂઅ-૨)

૨૭. અમે આ આકાશ અને ધરતીને, અને આ દુનિયાને જે તેમના વચ્ચે છે,

بَاطِلًا ۚ ذٰلِكَ ظَنُّ الَّذِيْنَ كَفَرُوْا ۚ فَوَيْلٌ لِّلَّذِيْنَ كَفَرُوْا
مِنَ النَّارِ ﴿۲۷﴾ اَمْ نَجْعَلُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
كَالْمُفْسِدِيْنَ فِي الْاَرْضِ ۫ اَمْ نَجْعَلُ الْمُتَّقِيْنَ كَالْفُجَّارِ ﴿۲۸﴾
كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ مُبٰرَكٌ لِّيَدَّبَّرُوْۤا اٰيٰتِهٖ وَلِيَتَذَكَّرَ اُولُوا
الْاَلْبَابِ ﴿۲۹﴾ وَوَهَبْنَا لِدَاوٗدَ سُلَيْمٰنَ ۭ نِعْمَ الْعَبْدُ ۭ اِنَّهٗۤ
اَوَّابٌ ﴿۳۰﴾ اِذْ عُرِضَ عَلَيْهِ بِالْعَشِيِّ الصّٰفِنٰتُ الْجِيَادُ ﴿۳۱﴾
فَقَالَ اِنِّيْۤ اَحْبَبْتُ حُبَّ الْخَيْرِ عَنْ ذِكْرِ رَبِّيْ ۚ حَتّٰى
تَوَارَتْ بِالْحِجَابِ ﴿۳۲﴾ رُدُّوْهَا عَلَيَّ ۭ فَطَفِقَ مَسْحًۢا بِالسُّوْقِ
وَالْاَعْنَاقِ ﴿۳۳﴾ وَلَقَدْ فَتَنَّا سُلَيْمٰنَ وَاَلْقَيْنَا عَلٰي كُرْسِيِّهٖ
جَسَدًا ثُمَّ اَنَابَ ﴿۳۴﴾ قَالَ رَبِّ اغْفِرْ لِيْ وَهَبْ لِيْ مُلْكًا لَّا
يَنْۢبَغِيْ لِاَحَدٍ مِّنْۢ بَعْدِيْ ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ﴿۳۵﴾ فَسَخَّرْنَا
لَهُ الرِّيْحَ تَجْرِيْ بِاَمْرِهٖ رُخَاۗءً حَيْثُ اَصَابَ ﴿۳۶﴾ وَالشَّيٰطِيْنَ
كُلَّ بَنَّاۗءٍ وَّغَوَّاصٍ ﴿۳۷﴾ وَّاٰخَرِيْنَ مُقَرَّنِيْنَ فِي الْاَصْفَادِ ﴿۳۸﴾
هٰذَا عَطَاۗؤُنَا فَامْنُنْ اَوْ اَمْسِكْ بِغَيْرِ حِسَابٍ ﴿۳۹﴾ وَاِنَّ
لَهٗ عِنْدَنَا لَزُلْفٰى وَحُسْنَ مَاٰبٍ ﴿۴۰﴾ ع وَاذْكُرْ عَبْدَنَآ اَيُّوْبَ ۘ
اِذْ نَادٰى رَبَّهٗۤ اَنِّيْ مَسَّنِيَ الشَّيْطٰنُ بِنُصْبٍ وَّعَذَابٍ ﴿۴۱﴾ ۭ
اُرْكُضْ بِرِجْلِكَ ۚ هٰذَا مُغْتَسَلٌۢ بَارِدٌ وَّشَرَابٌ ﴿۴۲﴾ وَ
وَهَبْنَا لَهٗۤ اَهْلَهٗ وَمِثْلَهُمْ مَّعَهُمْ رَحْمَةً مِّنَّا وَذِكْرٰى
لِاُولِي الْاَلْبَابِ ﴿۴۳﴾ وَخُذْ بِيَدِكَ ضِغْثًا فَاضْرِبْ بِّهٖ

وقف لازم

નિરર્થક પેદા નથી કરી દીધા. આ તો તે લોકોનું અનુમાન છે જેમણે ઈન્કાર (કુફ્ર) કર્યો છે, અને આવા કાફિરો માટે વિનાશ છે જહન્નમની આગ દ્વારા.

૨૮. શું અમે તે લોકોને જેઓ ઈમાન લાવે છે અને સદ્કાર્ય કરે છે અને તેમને જેઓ ધરતીમાં બગાડ ફેલાવે છે, સમાન કરી દઈએ ? શું અલ્લાહથી ડરનારાઓ (સંયમીઓ)ને અમે દુરાચારીઓ જેવા કરી દઈએ ?

૨૯. આ એક ઘણો બરકતવાળો ગ્રંથ છે, જે (હે પયગંબર !) અમે તમારા તરફ અવતરિત કર્યો છે જેથી આ લોકો તેની આયતો પર વિચારે અને બુદ્ધિ અને સમજ રાખવાવાળા લોકો તેનાથી બોધ ગ્રહણ કરે.

૩૦. અને દાઊદને અમે સુલૈમાન (જેવો પુત્ર) પ્રદાન કર્યો, સર્વશ્રેષ્ઠ બંદો ! પુષ્કળ પ્રમાણમાં પોતાના રબ (પ્રભુ) તરફ રજૂ થનાર.

૩૧. ઉલ્લેખનીય છે તે પ્રસંગ જ્યારે સાંજના સમયે તેના સામે ખૂબ કેળવેલા ઘોડા રજૂ કરવામાં આવ્યા

૩૨-૩૩. તો તેણે કહ્યું, ''મેં આ ધન પ્રત્યે પ્રેમ પોતાના રબની યાદના કારણે અપનાવ્યો છે.'' પછી જ્યારે તે ઘોડા દેખાતા બંધ થયા તો (તેણે આદેશ આપ્યો કે) તેમને મારા પાસે પાછા લાવો, પછી પિંડીઓ અને ડોક પર હાથ ફેરવવા લાગ્યો.

૩૪. અને (જુઓ કે) સુલૈમાનને પણ અમે અજમાયશમાં નાખ્યો અને તેના સિંહાસન ઉપર એક ધડ લાવીને નાખી દીધું. પછી તે અલ્લાહ તરફ વળ્યો

૩૫. અને કહ્યું, ''હે મારા રબ ! મને માફ કરી દે અને મને તે બાદશાહી આપ જે મારા પછી કોઈના માટે શોભાસ્પદ ન હોય, નિઃશંક તું જ સાચો દાતા છે.''

૩૬. ત્યારે અમે તેના માટે હવાને તાબે કરી દીધી જે તેના આદેશાનુસાર નરમાશથી જે તરફ તે ઇચ્છતો તે તરફ વહેતી હતી,

૩૭-૩૮. અને શેતાનોને આધીન કરી દીધા, દરેક પ્રકારના કડિયા અને ડૂબકી લગાવનારા અને બીજાઓ જેઓ બેડીઓમાં જકડાયેલા હતા.

૩૯. (અમે તેને કહ્યું), ''આ અમારી બક્ષિસ છે, તને અધિકાર છે જેને ઇચ્છે આપ અથવા જેનાથી ચાહે રોકી લે, કોઈ હિસાબ નહીં.''

૪૦. નિશ્ચિતપણે તેના માટે અમારા પાસે નિકટતાનું સ્થાન અને શ્રેષ્ઠ અંજામ છે. (રુકૂઅ-૩)

૪૧. અને અમારા બંદા ઐયૂબનું વર્ણન કરો, જ્યારે તેણે પોતાના રબને પોકાર્યો કે શેતાને મને તકલીફ અને યાતનામાં નાખી દીધો છે.

૪૨. (અમે તેને આદેશ આપ્યો) પોતાનો પગ જમીન ઉપર માર, આ છે ઠંડું પાણી સ્નાન કરવા અને પીવા માટે.

૪૩. અમે તેને તેના પરિવારજનો પાછા આપ્યા અને તેમના સાથે એટલા જ બીજા વધુ, પોતાના તરફથી કૃપા તરીકે, અને બુદ્ધિશાળી લોકો માટે બોધપાઠના રૂપે.

૪૪. (અને અમે તેને કહ્યું) સળીઓનો ઝૂડો લઈને તેને મારી દે, પોતાની

وَلَا تَحْنَثْ ؕ اِنَّا وَجَدْنٰهُ صَابِرًا ؕ نِعْمَ الْعَبْدُ ؕ اِنَّهٗۤ
اَوَّابٌ ﴿۴۴﴾ وَاذْكُرْ عِبٰدَنَاۤ اِبْرٰهِيْمَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ اُولِي
الْاَيْدِيْ وَالْاَبْصَارِ ﴿۴۵﴾ اِنَّاۤ اَخْلَصْنٰهُمْ بِخَالِصَةٍ ذِكْرَى
الدَّارِ ۚ ﴿۴۶﴾ وَاِنَّهُمْ عِنْدَنَا لَمِنَ الْمُصْطَفَيْنَ الْاَخْيَارِ ﴿۴۷﴾ ؕ
وَاذْكُرْ اِسْمٰعِيْلَ وَالْيَسَعَ وَذَا الْكِفْلِ ؕ وَكُلٌّ مِّنَ الْاَخْيَارِ ﴿۴۸﴾ ؕ
هٰذَا ذِكْرٌ ؕ وَاِنَّ لِلْمُتَّقِيْنَ لَحُسْنَ مَاٰبٍ ﴿۴۹﴾ لا جَنّٰتِ
عَدْنٍ مُّفَتَّحَةً لَّهُمُ الْاَبْوَابُ ﴿۵۰﴾ ۚ مُتَّكِـِٕيْنَ فِيْهَا يَدْعُوْنَ
فِيْهَا بِفَاكِهَةٍ كَثِيْرَةٍ وَّشَرَابٍ ﴿۵۱﴾ وَعِنْدَهُمْ قٰصِرٰتُ
الثلثة الطَّرْفِ اَتْرَابٌ ﴿۵۲﴾ هٰذَا مَا تُوْعَدُوْنَ لِيَوْمِ الْحِسَابِ ﴿۵۳﴾ اِنَّ
هٰذَا لَرِزْقُنَا مَا لَهٗ مِنْ نَّفَادٍ ﴿۵۴﴾ ۚۖ هٰذَا ؕ وَاِنَّ لِلطّٰغِيْنَ
لَشَرَّ مَاٰبٍ ﴿۵۵﴾ لا جَهَنَّمَ ۚ يَصْلَوْنَهَا ۚ فَبِئْسَ الْمِهَادُ ﴿۵۶﴾ هٰذَا لا
فَلْيَذُوْقُوْهُ حَمِيْمٌ وَّغَسَّاقٌ ﴿۵۷﴾ لا وَّاٰخَرُ مِنْ شَكْلِهٖۤ اَزْوَاجٌ ﴿۵۸﴾ ؕ
هٰذَا فَوْجٌ مُّقْتَحِمٌ مَّعَكُمْ ۚ لَا مَرْحَبًا بِهِمْ ؕ اِنَّهُمْ صَالُوا
النَّارِ ﴿۵۹﴾ قَالُوْا بَلْ اَنْتُمْ قف لَا مَرْحَبًا بِكُمْ ؕ اَنْتُمْ قَدَّمْتُمُوْهُ
لَنَا ۚ فَبِئْسَ الْقَرَارُ ﴿۶۰﴾ قَالُوْا رَبَّنَا مَنْ قَدَّمَ لَنَا هٰذَا
فَزِدْهُ عَذَابًا ضِعْفًا فِي النَّارِ ﴿۶۱﴾ وَقَالُوْا مَا لَنَا لَا نَرٰى
رِجَالًا كُنَّا نَعُدُّهُمْ مِّنَ الْاَشْرَارِ ﴿۶۲﴾ ؕ اَتَّخَذْنٰهُمْ سِخْرِيًّا
منزل ٦ اَمْ زَاغَتْ عَنْهُمُ الْاَبْصَارُ ﴿۶۳﴾ اِنَّ ذٰلِكَ لَحَقٌّ تَخَاصُمُ
ع اَهْلِ النَّارِ ﴿۶۴﴾ قُلْ اِنَّمَاۤ اَنَا مُنْذِرٌ ۖۗ وَّمَا مِنْ اِلٰهٍ اِلَّا

સોગંદ ન તોડ, અમે તેને ધૈર્યવાન જોયો, સર્વશ્રેષ્ઠ બંદો, પોતાના રબના તરફ ખૂબ પાછો વળનાર.

૪૫. અને અમારા બંદાઓ, ઈબ્રાહીમ અને ઈસ્હાક અને યાકૂબનું વર્ણન કરો. ખૂબ કાર્ય-શક્તિ ધરાવનારા અને દૃષ્ટિવાળા હતા.

૪૬. અમે તેમને એક વિશિષ્ટ ગુણના કારણે ચૂંટી લીધા હતા, અને તે આખિરત (પરલોક)ના ઘરની યાદ હતી.

૪૭. નિઃશંક અમારા પાસે આ લોકોનો સમાવેશ ચુનંદા સદાચારી પુરુષોમાં છે.

૪૮. અને ઈસ્માઈલ અને અલ્‌-યસઅ અને ઝુલકિફ્લનું વર્ણન કરો, આ સૌ સદાચારી લોકો પૈકી હતા.

૪૯. આ એક ઝિક્ર (અનુસ્મરણ) હતું, (હવે સાંભળો કે) અલ્લાહનો ડર રાખનારા લોકો માટે નિશ્ચિતપણે સર્વશ્રેષ્ઠ સ્થાન છે,

૫૦. સદૈવ રહેનારી જન્નતો, જેના દ્વાર તેમના માટે ખુલ્લા હશે.

૫૧-૫૨. તેમાં તેઓ તકિયા અઢેલીને બેઠા હશે, પુષ્કળ સ્વાદિષ્ટ ફળો અને પીણાં માગી રહ્યા હશે, અને તેમના પાસે શરમાળ સમવયસ્ક પત્નીઓ હશે.

૫૩-૫૪. આ તે વસ્તુઓ છે જે હિસાબના દિવસે આપવાનો તમારા સાથે વાયદો કરવામાં આવી રહ્યો છે. આ અમારી રોજી છે જે ક્યારેય સમાપ્ત થવાની નથી.

૫૫. આ તો છે અલ્લાહથી ડરનારા લોકોનું પરિણામ, અને વિદ્રોહીઓ માટે સૌથી ખરાબ ઠેકાણું છે,

૫૬. જહન્નમ (નર્ક), જેમાં તેમને બાળવામાં આવશે, ઘણું જ ખરાબ ઠેકાણું,

૫૭-૫૮. આ છે તેમના માટે, તો તેઓ સ્વાદ ચાખે ઊકળતા પાણી અને જખ્મોના ધોવાણનો અને આવી જ બીજી કડવી વસ્તુઓનો.

૫૯. (તેઓ જહન્નમ તરફ પોતાના અનુયાયીઓને આવતા જોઈને પરસ્પર કહેશે), ''આ એક લશ્કર તમારા તરફ ઘૂસી આવી રહ્યું છે, કોઈ સ્વાગત તેમના માટે નથી, આ લોકો આગમાં બળવાના છે.''

૬૦. તેઓ તેમને જવાબ આપશે, ''નહીં, બલ્કે તમે જ બળી રહ્યા છો, કોઈ સ્વાગત તમારા માટે નથી. તમે જ તો આ અંજામ અમારા સામે લાવ્યા છો, કેવું ખરાબ છે આ ઠેકાણું.

૬૧. પછી તેઓ કહેશે, ''હે અમારા રબ ! જેણે અમને આ અંજામે પહોંચાડવાનો બંદોબસ્ત કર્યો છે તેને દોજખની બમણી યાતના આપ.''

૬૨. અને તેઓ એકબીજાને કહેશે, ''શું વાત છે, આપણે તે લોકોને ક્યાંય જોતા નથી જેમને આપણે દુનિયામાં ખરાબ સમજતા હતા ?

૬૩. અમે આમ જ તેમને મજાક બનાવી લીધા હતા, કે તેઓ ક્યાંક નજરોથી ઓઝલ છે ?''

૬૪. નિઃશંક આ વાત તદ્દન સાચી છે, દોજખીઓ વચ્ચે આવા જ બધા ઝઘડા થવાના છે. (રુકૂઅ-૪)

اللّٰهُ الْوَاحِدُ الْقَهَّارُ ﴿٦٥﴾ رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا
بَيْنَهُمَا الْعَزِيْزُ الْغَفَّارُ ﴿٦٦﴾ قُلْ هُوَ نَبَؤٌا عَظِيْمٌ ﴿٦٧﴾ اَنْتُمْ
عَنْهُ مُعْرِضُوْنَ ﴿٦٨﴾ مَا كَانَ لِيَ مِنْ عِلْمٍۭ بِالْمَلَاِ الْاَعْلٰٓى
اِذْ يَخْتَصِمُوْنَ ﴿٦٩﴾ اِنْ يُّوْحٰٓى اِلَيَّ اِلَّآ اَنَّمَآ اَنَا نَذِيْرٌ
مُّبِيْنٌ ﴿٧٠﴾ اِذْ قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ اِنِّيْ خَالِقٌۢ بَشَرًا مِّنْ
طِيْنٍ ﴿٧١﴾ فَاِذَا سَوَّيْتُهٗ وَنَفَخْتُ فِيْهِ مِنْ رُّوْحِيْ فَقَعُوْا
لَهٗ سٰجِدِيْنَ ﴿٧٢﴾ فَسَجَدَ الْمَلٰٓئِكَةُ كُلُّهُمْ اَجْمَعُوْنَ ﴿٧٣﴾ اِلَّآ
اِبْلِيْسَ ؕ اِسْتَكْبَرَ وَكَانَ مِنَ الْكٰفِرِيْنَ ﴿٧٤﴾ قَالَ يٰٓاِبْلِيْسُ
مَا مَنَعَكَ اَنْ تَسْجُدَ لِمَا خَلَقْتُ بِيَدَيَّ ؕ اَسْتَكْبَرْتَ
اَمْ كُنْتَ مِنَ الْعَالِيْنَ ﴿٧٥﴾ قَالَ اَنَا خَيْرٌ مِّنْهُ ؕ خَلَقْتَنِيْ مِنْ
نَّارٍ وَّخَلَقْتَهٗ مِنْ طِيْنٍ ﴿٧٦﴾ قَالَ فَاخْرُجْ مِنْهَا فَاِنَّكَ
رَجِيْمٌ ﴿٧٧﴾ وَّاِنَّ عَلَيْكَ لَعْنَتِيْٓ اِلٰى يَوْمِ الدِّيْنِ ﴿٧٨﴾
قَالَ رَبِّ فَاَنْظِرْنِيْٓ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿٧٩﴾ قَالَ فَاِنَّكَ
مِنَ الْمُنْظَرِيْنَ ﴿٨٠﴾ اِلٰى يَوْمِ الْوَقْتِ الْمَعْلُوْمِ ﴿٨١﴾ قَالَ
فَبِعِزَّتِكَ لَاُغْوِيَنَّهُمْ اَجْمَعِيْنَ ﴿٨٢﴾ اِلَّا عِبَادَكَ مِنْهُمُ
الْمُخْلَصِيْنَ ﴿٨٣﴾ قَالَ فَالْحَقُّ ز وَالْحَقَّ اَقُوْلُ ﴿٨٤﴾ لَاَمْلَئَنَّ
جَهَنَّمَ مِنْكَ وَمِمَّنْ تَبِعَكَ مِنْهُمْ اَجْمَعِيْنَ ﴿٨٥﴾ قُلْ مَآ
اَسْئَلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ وَّمَآ اَنَا مِنَ الْمُتَكَلِّفِيْنَ ﴿٨٦﴾ اِنْ
هُوَ اِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ ﴿٨٧﴾ وَلَتَعْلَمُنَّ نَبَاَهٗ بَعْدَ حِيْنٍ ﴿٨٨﴾ ع

૬૫. (હે પયગંબર!) આમને કહો, "હું તો માત્ર ચેતવનાર છું. હકીકતમાં કોઈ ઉપાસ્ય નથી પરંતુ અલ્લાહ, જે અદ્વિતીય છે, સૌના ઉપર પ્રભુત્વશાળી,
૬૬. આકાશો અને ધરતીનો માલિક અને તે તમામ વસ્તુઓનો માલિક જે તેમના વચ્ચે છે, પ્રભુત્વશાળી અને ક્ષમાશીલ."
૬૭. આમને કહો, "આ એક મોટા સમાચાર છે
૬૮. જેને સાંભળીને તમે ઉપેક્ષા કરો છો."
૬૯. (આમને કહો) "મને તે વખતની કોઈ ખબર ન હતી જ્યારે 'મલએ આ'લા' (ફરિશ્તાઓના જૂથ) વચ્ચે વાદવિવાદ થઈ રહ્યો હતો.
૭૦. મને તો વહી (દિવ્ય પ્રકાશના) મારફતે આ વાતો માત્ર એટલા માટે જ બતાવવામાં આવે છે કે હું સ્પષ્ટ ચેતવણી આપનાર છું."
૭૧. જ્યારે તારા રબે ફરિશ્તાઓને કહ્યું, "હું માટીથી એક મનુષ્ય પેદા કરવાનો છું,
૭૨. પછી જ્યારે હું તેને પૂરેપૂરો બનાવી લઉં અને તેમાં પોતાની રૂહ ફૂંકી દઊં તો તમે તેની આગળ સિજદામાં પડી જાવ."
૭૩-૭૪. આ આદેશ અનુસાર બધા જ ફરિશ્તાઓએ સિજદો કર્યો, પણ ઇબ્લીસે પોતાની મોટાઈનું ઘમંડ કર્યું અને તે ઇન્કાર કરનારાઓમાંનો થઈ ગયો.
૭૫. રબે ફરમાવ્યું, "હે ઇબ્લીસ, તને કઈ વસ્તુએ તેને સિજદો કરતા રોક્યો જેને મેં પોતાના બંને હાથો વડે બનાવ્યો છે? તું મોટો થવા જાય છે કે તું છે જ ઉચ્ચ દરજ્જાની હસ્તીઓમાંથી?
૭૬. તેણે જવાબ આપ્યો, "હું તેનાથી સારો છું, તમે મને આગમાંથી બનાવ્યો છે અને આને માટીમાંથી."
૭૭. ફરમાવ્યું, "ભલે, તું અહીંથી નીકળી જા, તું હડધૂત થયેલો છે
૭૮. અને તારા પર બદલાના દિવસ (યવ્મે જઝા) સુધી મારી ફિટકાર છે."
૭૯. તે બોલ્યો, "હે મારા રબ! આ વાત છે તો પછી તે સમય સુધી મને મહેતલ આપી દે જ્યારે આ લોકો બીજીવાર ઉઠાવવામાં આવશે."
૮૦. ફરમાવ્યું, "સારું, તને તે દિવસ સુધી મહેતલ આપવામાં આવે છે
૮૧. જેના સમયની મને ખબર છે."
૮૨. તેણે કહ્યું, "તારા પ્રતાપના સોગંદ! હું આ સૌ લોકોને બહેકાવીને રહીશ,
૮૩. તારા તે બંદાઓ સિવાય જેમને તેં વિશિષ્ટ કરી લીધા છે."
૮૪. ફરમાવ્યું, "તો સત્ય આ છે, અને હું સત્ય જ કહું છું
૮૫. કે હું જહન્નમ (નર્ક)ને તારા અને તે સૌ લોકો વડે ભરી દઈશ જે આ મનુષ્યોમાંથી તારું અનુસરણ કરશે."
૮૬. (હે પયગંબર!) આમને કહી દો કે હું આ કામ માટે તમારા પાસેથી કોઈ બદલો માગતો નથી, અને ન હું બનાવટી લોકોમાંથી છું.
૮૭. આ તો એક ઉપદેશ છે તમામ જગત-નિવાસીઓ માટે.
૮૮. અને થોડો જ સમય પસાર થશે કે તમને પોતાને તેની ખબર પડી જશે. (રુકૂઅ-૫)

(૩૯) અઝ્-ઝુમર

પરિચય

નામ :

આ સૂરઃનું નામ આયતે ૭૧ અને ૭૩ ''વસીકલ્લઝીન કફરૂ ઈલા જહન્નમ ઝુમરા'' (તે લોકોને જેમણે ઈન્કાર કર્યો હતો જહન્નમ (નર્ક) તરફ ટોળેટોળાં હંકારવામાં આવશે) અને ''વસીકલ્લઝીન-ત્તકઉ રબ્બહુમ ઈલલ્-જન્નતિ ઝુમરા'' (અને જે લોકો પોતાના રબની અવજ્ઞાથી બચતા હતા તેમને ટોળેટોળાં જન્નત (સ્વર્ગ) તરફ લઈ જવામાં આવશે) થી લેવામાં આવ્યું છે. અર્થાત્ આ તે સૂરઃ છે કે જેમાં 'ઝુમર' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

આયત નંબર ૧૦ ''વઅર્ઝુલ્લાહિ વાસિઅતુન'' (અને અલ્લાહની ધરતી વિશાળ છે) થી તેના તરફ સ્પષ્ટ સંકેત મળે છે કે આ સૂરઃ હબશાની હિજરત પહેલાં ઊતરી હતી.

વિષય અને ચર્ચા :

આ આખી સૂરઃ એક ઉત્તમ અને અત્યંત પ્રભાવશાળી પ્રવચન છે, જે હબશાની હિજરતના થોડાંક સમય પહેલાં મક્કા-મુઅઝ્ઝમાના અત્યાચાર અને યાતનાથી ભરપૂર વાતાવરણમાં આપવામાં આવ્યું હતું. તેનું સંબોધન મહદ્અંશે કુરૈશના કાફિરો (ઇસ્લામ વિરોધીઓ)ને છે, જો કે ક્યાંક-ક્યાંક ઈમાનવાળાઓને પણ સંબોધન કરવામાં આવ્યું છે. આમાં હઝરત મુહમ્મદ (સલ્લ.)ના સંદેશના આમંત્રણનો મૂળ હેતુ દર્શાવવામાં આવ્યો છે અને તે એ છે કે મનુષ્ય અલ્લાહની વિશુદ્ધ બંદગી અપનાવે અને કોઈ બીજાના આજ્ઞાપાલન અને બંદગીથી પોતાની ઈશપરાયણતાને કલૂષિત ન કરે. આ પાયાની વાતને વારંવાર જુદા-જુદા ઢંગથી રજૂ કરીને ખૂબ જ પ્રભાવી રીતે તૌહીદ (એકેશ્વરવાદ)ની સચ્ચાઈ અને તેને માની લેવાના સારા પરિણામો, તથા શિર્ક (અનેકેશ્વરવાદ)ની ભૂલ અને તેના પર હઠાગ્રહના ખરાબ પરિણામો સ્પષ્ટ કરવામાં આવ્યા છે અને લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે કે તેઓ પોતાનું ખોટું વલણ ત્યજીને પોતાના રબ (પ્રભુ)ની કૃપા તરફ પાછા વળે. આ સંદર્ભમાં ઈમાનવાળાઓને આદેશ આપવામાં આવ્યો છે કે જો અલ્લાહની બંદગી માટે એક સ્થળ તંગ બની ગયું હોય તો તેની ધરતી વિશાળ છે, પોતાનો ધર્મ બચાવવા કોઈ બીજી જગ્યાએ જતા રહો, અલ્લાહ તમારા ધૈર્યનો બદલો આપશે. બીજી તરફ પયગંબર (સલ્લ.)ને કહેવામાં આવ્યું છે કે આ કાફિરોને તે અંગે તદ્દન નિરાશ કરી દો કે એમના અત્યાચાર અને દમન ક્યારેય પણ તમને આ માર્ગથી રોકી શકશે નહીં.

اٰیَاتُہَا ٧٥ | (٣٩) سُوْرَةُ الزُّمَرِ مَكِّيَّةٌ (٥٩) | رُكُوْعَاتُہَا ٨

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ۝١ اِنَّآ اَنْزَلْنَآ
اِلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ فَاعْبُدِ اللّٰهَ مُخْلِصًا لَّهُ
الدِّيْنَ ۝٢ اَلَا لِلّٰهِ الدِّيْنُ الْخَالِصُ ط وَالَّذِيْنَ اتَّخَذُوْا
مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءَ م مَا نَعْبُدُهُمْ اِلَّا لِيُقَرِّبُوْنَآ اِلَى اللّٰهِ
زُلْفٰى ط اِنَّ اللّٰهَ يَحْكُمُ بَيْنَهُمْ فِيْ مَا هُمْ فِيْهِ يَخْتَلِفُوْنَ ە
اِنَّ اللّٰهَ لَا يَهْدِيْ مَنْ هُوَ كٰذِبٌ كَفَّارٌ ۝٣ لَوْ اَرَادَ
اللّٰهُ اَنْ يَّتَّخِذَ وَلَدًا لَّاصْطَفٰى مِمَّا يَخْلُقُ مَا يَشَآءُ لا
سُبْحٰنَهٗ ط هُوَ اللّٰهُ الْوَاحِدُ الْقَهَّارُ ۝٤ خَلَقَ السَّمٰوٰتِ
وَالْاَرْضَ بِالْحَقِّ ج يُكَوِّرُ الَّيْلَ عَلَى النَّهَارِ وَيُكَوِّرُ
النَّهَارَ عَلَى الَّيْلِ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ط كُلٌّ
يَّجْرِيْ لِاَجَلٍ مُّسَمًّى ط اَلَا هُوَ الْعَزِيْزُ الْغَفَّارُ ۝٥ خَلَقَكُمْ
مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ ثُمَّ جَعَلَ مِنْهَا زَوْجَهَا وَاَنْزَلَ
لَكُمْ مِّنَ الْاَنْعَامِ ثَمٰنِيَةَ اَزْوَاجٍ ط يَخْلُقُكُمْ فِيْ بُطُوْنِ
اُمَّهٰتِكُمْ خَلْقًا مِّنْۢ بَعْدِ خَلْقٍ فِيْ ظُلُمٰتٍ ثَلٰثٍ ط
ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ لَهُ الْمُلْكُ ط لَآ اِلٰهَ اِلَّا هُوَ ج فَاَنّٰى
تُصْرَفُوْنَ ۝٦ اِنْ تَكْفُرُوْا فَاِنَّ اللّٰهَ غَنِيٌّ عَنْكُمْ قف
وَلَا يَرْضٰى لِعِبَادِهِ الْكُفْرَ ج وَاِنْ تَشْكُرُوْا يَرْضَهُ لَكُمْ ط

وقف لازم

(૩૯) સૂરઃ અઝ્-ઝુમર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૮ ● આયતો : ૭૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. આ ગ્રંથનું અવતરણ અલ્લાહ પ્રભુત્વશાળી અને સર્વજ્ઞ તરફથી છે.

૨. (હે પયગંબર !) આ ગ્રંથ અમે તમારા તરફ સત્યની સાથે અવતરિત કર્યો છે, આથી તમે અલ્લાહની જ બંદગી કરો, તેના દીન (ધર્મ)ને તેના જ માટે વિશુદ્ધ કરીને.

૩. સાવધાન ! વિશુદ્ધ દીન (ધર્મ) કેવળ અલ્લાહનો અધિકાર છે. રહ્યા તે લોકો જેમણે તેના સિવાય અન્ય વાલી બનાવી રાખ્યા છે (અને પોતાના આ કૃત્યનો ખુલાસો એમ કરે છે કે) અમે તો તેમની બંદગી માત્ર એટલા માટે કરીએ છીએ કે તેઓ અમને અલ્લાહની નજીક પહોંચાડી દે. અલ્લાહ જરૂર તેમના વચ્ચે તે તમામ વાતોનો ફેંસલો કરી દેશે જેમાં તેઓ મતભેદ ધરાવે છે. અલ્લાહ કોઈ એવી વ્યક્તિને સન્માર્ગ દેખાડતો નથી જે જૂઠી અને સચ્ચાઈનો ઇન્કાર કરનારી હોય.

૪. જો અલ્લાહ કોઈને પુત્ર બનાવવા ઇચ્છતો હોત તો પોતાના સર્જનો (મખલૂક)માંથી જેને ઇચ્છતો ચૂંટી લેતો, પવિત્ર છે તે એનાથી (કે કોઈ તેનો પુત્ર હોય), તે અલ્લાહ છે, એકલો અને સૌના ઉપર વર્ચસ્વ ધરાવનાર.

૫. તેણે આકાશો અને ધરતીને સત્યપૂર્વક પેદા કર્યા છે. તે જ દિવસ ઉપર રાત અને રાત ઉપર દિવસને લપેટે છે. તેણે જ સૂર્ય અને ચંદ્રને એ રીતે આધીન કરી રાખ્યા છે કે દરેક એક નિશ્ચિત સમય સુધી ચાલી જઈ રહ્યો છે. જાણી લો કે તે પ્રભુત્વશાળી અને ક્ષમાશીલ છે.

૬. તેણે જ તમને એક જીવથી પેદા કર્યા, પછી તે જ છે જેણે તે જીવથી તેની જોડ બનાવી. અને તેણે જ તમારા માટે ઢોરોમાંથી આઠ નર અને માદા પેદા કર્યા. તે તમારી માતાઓના પેટોમાં ત્રણ-ત્રણ અંધકારમય આવરણોના અંદર તમને એક પછી એક રૂપ આપતો જાય છે. આ જ અલ્લાહ (જેના આ કામ છે) તમારો માલિક અને પાલનહાર (રબ) છે, રાજ્ય તેનું જ છે, કોઈ ઉપાસ્ય તેના સિવાય નથી, પછી તમે ક્યાંથી ફેરવવામાં આવી રહ્યા છો ?

૭. જો તમે કુફ્ર (ઇન્કાર) કરો તો અલ્લાહ તમારાથી બેપરવા છે, પરંતુ તે પોતાના બંદાઓ માટે કુફ્ર (ઇન્કાર) પસંદ કરતો નથી, અને જો તમે કૃતજ્ઞ થાઓ તો તેને તે તમારા માટે પસંદ કરે છે. કોઈ બોજ

وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى ؕ ثُمَّ اِلٰى رَبِّكُمْ
مَّرْجِعُكُمْ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ؕ اِنَّهٗ عَلِيْمٌۢ
بِذَاتِ الصُّدُوْرِ ﴿٧﴾ وَاِذَا مَسَّ الْاِنْسَانَ ضُرٌّ
دَعَا رَبَّهٗ مُنِيْبًا اِلَيْهِ ثُمَّ اِذَا خَوَّلَهٗ نِعْمَةً مِّنْهُ
نَسِيَ مَا كَانَ يَدْعُوْۤا اِلَيْهِ مِنْ قَبْلُ وَجَعَلَ لِلّٰهِ
اَنْدَادًا لِّيُضِلَّ عَنْ سَبِيْلِهٖ ؕ قُلْ تَمَتَّعْ بِكُفْرِكَ
قَلِيْلًا ۖۗ اِنَّكَ مِنْ اَصْحٰبِ النَّارِ ﴿٨﴾ اَمَّنْ هُوَ قَانِتٌ
اٰنَآءَ الَّيْلِ سَاجِدًا وَّقَآئِمًا يَّحْذَرُ الْاٰخِرَةَ وَيَرْجُوْا
رَحْمَةَ رَبِّهٖ ؕ قُلْ هَلْ يَسْتَوِي الَّذِيْنَ يَعْلَمُوْنَ
وَالَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ؕ اِنَّمَا يَتَذَكَّرُ اُولُوا الْاَلْبَابِ ﴿٩﴾ ع ٩ ١٥
قُلْ يٰعِبَادِ الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوْا رَبَّكُمْ ؕ لِلَّذِيْنَ
اَحْسَنُوْا فِيْ هٰذِهِ الدُّنْيَا حَسَنَةٌ ؕ وَاَرْضُ اللّٰهِ
وَاسِعَةٌ ؕ اِنَّمَا يُوَفَّى الصّٰبِرُوْنَ اَجْرَهُمْ بِغَيْرِ حِسَابٍ ﴿١٠﴾
قُلْ اِنِّيْۤ اُمِرْتُ اَنْ اَعْبُدَ اللّٰهَ مُخْلِصًا لَّهُ
الدِّيْنَ ﴿١١﴾ لا وَاُمِرْتُ لِاَنْ اَكُوْنَ اَوَّلَ الْمُسْلِمِيْنَ ﴿١٢﴾
قُلْ اِنِّيْۤ اَخَافُ اِنْ عَصَيْتُ رَبِّيْ عَذَابَ يَوْمٍ
عَظِيْمٍ ﴿١٣﴾ قُلِ اللّٰهَ اَعْبُدُ مُخْلِصًا لَّهٗ دِيْنِيْ ﴿١٤﴾ لا
فَاعْبُدُوْا مَا شِئْتُمْ مِّنْ دُوْنِهٖ ؕ قُلْ اِنَّ الْخٰسِرِيْنَ
الَّذِيْنَ خَسِرُوْۤا اَنْفُسَهُمْ وَاَهْلِيْهِمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ منزل ٦

ઉઠાવનાર કોઈ બીજાનો બોજ ઉઠાવશે નહીં. છેવટે તમને સૌને પોતાના રબ તરફ પાછા ફરવાનું છે, પછી તે તમને બતાવી દેશે કે તમે શું કરતા રહ્યા છો, તે તો હૃદયોની સ્થિતિ સુધ્ધાં જાણે છે.

૮. મનુષ્ય ઉપર જ્યારે કોઈ મુસીબત આવે છે તો તે પોતાના રબ (પ્રભુ) તરફ વળીને તેને પોકારે છે. પછી જ્યારે તેનો રબ તેને પોતાની કૃપા પ્રદાન કરે છે તો તે એ મુસીબતને ભૂલી જાય છે જેના માટે તે પહેલાં પોકારી રહ્યો હતો અને બીજાઓને અલ્લાહના સમકક્ષ ઠેરવે છે જેથી તેના રસ્તેથી ભટકાવી દે. (હે પયગંબર !) તેને કહો કે થોડા દિવસ સુધી પોતાના કુફ્ર (ઈન્કાર)ની મજા માણી લે, ચોક્કસ તું દોજખ (નર્ક)માં જવાનો છે.

૯. (શું આ માણસનું વર્તન સારું છે કે તે માણસનું) જે આજ્ઞાંકિત છે, રાત્રિના પહોરમાં ઊભો રહે છે, અને સિજ્દા કરે છે, આખિરત (પરલોક) થી ડરે છે અને પોતાના રબની કૃપાની આશા રાખે છે ? આમને પૂછો, શું જેઓ જાણે છે અને જેઓ નથી જાણતા બંને ક્યારેય સમાન હોઈ શકે છે ? બોધ તો સમજદાર લોકો જ ગ્રહણ કરે છે. (રુકૂઅ-૧)

૧૦. (હે પયગંબર !) કહો કે હે મારા બંદાઓ, જેઓ ઈમાન લાવ્યા છો ! પોતાના રબથી ડરો. જે લોકોએ આ દુનિયા (આલોક)માં ભલાઈનો માર્ગ અપનાવ્યો છે તેમના માટે ભલાઈ છે અને અલ્લાહની ધરતી વિશાળ છે, ધૈર્ય રાખનારાઓને તો તેમનું વળતર બેહિસાબ આપવામાં આવશે.

૧૧. (હે નબી !) આમને કહો, મને આદેશ આપવામાં આવ્યો છે કે દીન (ધર્મ)ને અલ્લાહ માટે વિશુદ્ધ કરીને તેની બંદગી કરું,

૧૨. અને મને આદેશ આપવામાં આવ્યો છે કે સૌ પ્રથમ હું પોતે મુસ્લિમ (આજ્ઞાંકિત) બનું.

૧૩. કહો, જો હું પોતાના રબની અવજ્ઞા કરું તો મને એક મોટા દિવસની યાતનાનો ડર છે.

૧૪. કહી દો કે હું તો પોતાના દીન (ધર્મ)ને અલ્લાહ માટે વિશુદ્ધ કરીને તેની જ બંદગી કરીશ,

૧૫. તમે તેના સિવાય જેની-જેની બંદગી કરવા ચાહો, કરતા રહો. કહો, સાચા દેવાળિયા તો તે લોકો છે જેમણે કયામત (પુનર્જીવન)ના દિવસે પોતાને અને પોતાના કુટુંબીજનોને નુકસાનમાં નાખી દીધા. બરાબર

اَلَا ذٰلِكَ هُوَ الْخُسْرَانُ الْمُبِيْنُ ﴿۱۵﴾ لَهُمْ مِّنْ فَوْقِهِمْ
ظُلَلٌ مِّنَ النَّارِ وَمِنْ تَحْتِهِمْ ظُلَلٌ ؕ ذٰلِكَ يُخَوِّفُ
اللّٰهُ بِهٖ عِبَادَهٗ ؕ يٰعِبَادِ فَاتَّقُوْنِ ﴿۱۶﴾ وَالَّذِيْنَ
اجْتَنَبُوا الطَّاغُوْتَ اَنْ يَّعْبُدُوْهَا وَاَنَابُوْٓا اِلَى
اللّٰهِ لَهُمُ الْبُشْرٰى ۚ فَبَشِّرْ عِبَادِ ﴿۱۷﴾ الَّذِيْنَ
يَسْتَمِعُوْنَ الْقَوْلَ فَيَتَّبِعُوْنَ اَحْسَنَهٗ ؕ اُولٰٓئِكَ
الَّذِيْنَ هَدٰىهُمُ اللّٰهُ وَاُولٰٓئِكَ هُمْ اُولُوا الْاَلْبَابِ ﴿۱۸﴾
اَفَمَنْ حَقَّ عَلَيْهِ كَلِمَةُ الْعَذَابِ ؕ اَفَاَنْتَ تُنْقِذُ
مَنْ فِى النَّارِ ﴿۱۹﴾ لٰكِنِ الَّذِيْنَ اتَّقَوْا رَبَّهُمْ لَهُمْ غُرَفٌ
مِّنْ فَوْقِهَا غُرَفٌ مَّبْنِيَّةٌ ۙ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ؕ
وَعْدَ اللّٰهِ ؕ لَا يُخْلِفُ اللّٰهُ الْمِيْعَادَ ﴿۲۰﴾ اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ
اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَسَلَكَهٗ يَنَابِيْعَ فِى الْاَرْضِ ثُمَّ
يُخْرِجُ بِهٖ زَرْعًا مُّخْتَلِفًا اَلْوَانُهٗ ثُمَّ يَهِيْجُ فَتَرٰىهُ مُصْفَرًّا
ثُمَّ يَجْعَلُهٗ حُطَامًا ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَذِكْرٰى لِاُولِى
الْاَلْبَابِ ﴿۲۱﴾ اَفَمَنْ شَرَحَ اللّٰهُ صَدْرَهٗ لِلْاِسْلَامِ ع ۲/۱۲/۱۶
فَهُوَ عَلٰى نُوْرٍ مِّنْ رَّبِّهٖ ؕ فَوَيْلٌ لِّلْقٰسِيَةِ قُلُوْبُهُمْ
مِّنْ ذِكْرِ اللّٰهِ ؕ اُولٰٓئِكَ فِىْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۲۲﴾ اَللّٰهُ
نَزَّلَ اَحْسَنَ الْحَدِيْثِ كِتٰبًا مُّتَشَابِهًا مَّثَانِيَ ۖ تَقْشَعِرُّ
مِنْهُ جُلُوْدُ الَّذِيْنَ يَخْشَوْنَ رَبَّهُمْ ۚ ثُمَّ تَلِيْنُ جُلُوْدُهُمْ

સાંભળી લો, આ જ સ્પષ્ટ દેવાળું છે.

૧૬. તેમના ઉપર આગની છત્રીઓ ઉપરથી પણ છવાયેલી હશે અને નીચેથી પણ. આ તે અંજામ છે જેનાથી અલ્લાહ પોતાના બંદાઓને ડરાવે છે, તો હે મારા બંદાઓ ! મારા પ્રકોપથી બચો.

૧૭. આનાથી વિપરીત, જે લોકો તાગૂત (બીજાઓ પાસે પોતાની બંદગી કરાવનાર)ની બંદગીથી દૂર રહ્યા અને અલ્લાહ તરફ પાછા વળ્યા તેમના માટે ખુશખબર છે. પછી (હે પયગંબર !) શુભ-સૂચના આપી દો મારા તે બંદાઓને

૧૮. જેઓ વાત ધ્યાનપૂર્વક સાંભળે છે અને તેના સર્વશ્રેષ્ઠ પાસાને અનુસરે છે. આ તે લોકો છે જેમને અલ્લાહે માર્ગદર્શન પ્રદાન કર્યું છે અને આ લોકો જ બુદ્ધિશાળી છે.

૧૯. (હે પયગંબર !) તે માણસને કોણ બચાવી શકે છે જે સજાના ફેંસલાને પાત્ર ઠરી ચૂક્યો હોય ? શું તમે તેને બચાવી શકો છો જે આગમાં પડી ચૂક્યો હોય ?

૨૦. અલબત્ત, જે લોકો પોતાના રબથી ડરીને રહ્યા, તેમના માટે ઊંચી ઈમારતો છે, મજલા-પર-મજલાવાળી, જેમના નીચે નહેરો વહી રહી હશે. આ અલ્લાહનો વાયદો છે, અલ્લાહ ક્યારેય પોતાના વાયદાના વિપરીત નથી કરતો.

૨૧. શું તમે જોતા નથી કે અલ્લાહે આકાશોમાંથી પાણી વરસાવ્યું, પછી તેને સ્રોતો અને ઝરણાંઓ અને નદીઓના રૂપમાં જમીનના અંદર જારી કર્યું, પછી આ પાણી વડે તે જાત-જાતની ખેતીઓ ઊગાડે છે જેની જાતો વિભિન્ન છે, પછી તે ખેતીઓ પાકીને સૂકાઈ જાય છે, તમે જુઓ છો કે તે પીળી પડી ગઈ, પછી છેવટે અલ્લાહ તેમને ભૂસું બનાવી દે છે. વાસ્તવમાં આમાં એક બોધ છે બુદ્ધિમાનો માટે. (રુકૂઅ-૨)

૨૨. હવે શું તે માણસ જેની છાતી અલ્લાહે ઈસ્લામ માટે ખોલી દીધી અને જે પોતાના રબ તરફથી એક પ્રકાશ પર ચાલી રહ્યો છે (તે માણસ જેવો હોઈ શકે છે જેણે આ વાતોમાંથી કોઈ બોધ ગ્રહણ ન કર્યો ?) વિનાશ છે તે લોકો માટે જેમના હૃદય અલ્લાહની શિખામણથી વધુ સખત થઈ ગયા. તેઓ સ્પષ્ટ પથભ્રષ્ટતામાં પડેલા છે.

૨૩. અલ્લાહે સર્વોત્તમ વાણી અવતરિત કરી છે, એવો ગ્રંથ જેના તમામ ભાગો સુસંગત છે અને જેમાં વિષયો વારંવાર દોહરાવવામાં આવ્યાં છે. તેને સાંભળીને તે લોકોના રૂંવાડાં ઊભા થઈ જાય છે જેઓ પોતાના રબ (પ્રભુ)થી ડરનારા છે અને પછી તેમના શરીર અને તેમના હૃદય નરમ

وَقُلُوْبُهُمْ اِلٰى ذِكْرِ اللّٰهِ ؕ ذٰلِكَ هُدَى اللّٰهِ يَهْدِيْ بِهٖ
مَنْ يَّشَآءُ ؕ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ هَادٍ ﴿٢٣﴾
اَفَمَنْ يَّتَّقِيْ بِوَجْهِهٖ سُوْٓءَ الْعَذَابِ يَوْمَ الْقِيٰمَةِ ؕ
وَقِيْلَ لِلظّٰلِمِيْنَ ذُوْقُوْا مَا كُنْتُمْ تَكْسِبُوْنَ ﴿٢٤﴾ كَذَّبَ
الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَاَتٰىهُمُ الْعَذَابُ مِنْ حَيْثُ لَا
يَشْعُرُوْنَ ﴿٢٥﴾ فَاَذَاقَهُمُ اللّٰهُ الْخِزْيَ فِي الْحَيٰوةِ الدُّنْيَا ۚ
وقف لازم وَلَعَذَابُ الْاٰخِرَةِ اَكْبَرُ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿٢٦﴾ وَلَقَدْ
ضَرَبْنَا لِلنَّاسِ فِيْ هٰذَا الْقُرْاٰنِ مِنْ كُلِّ مَثَلٍ
لَّعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿٢٧﴾ قُرْاٰنًا عَرَبِيًّا غَيْرَ ذِيْ
عِوَجٍ لَّعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿٢٨﴾ ضَرَبَ اللّٰهُ مَثَلًا رَّجُلًا
فِيْهِ شُرَكَآءُ مُتَشٰكِسُوْنَ وَرَجُلًا سَلَمًا لِّرَجُلٍ ؕ
هَلْ يَسْتَوِيٰنِ مَثَلًا ؕ اَلْحَمْدُ لِلّٰهِ ۚ بَلْ اَكْثَرُهُمْ
لَا يَعْلَمُوْنَ ﴿٢٩﴾ اِنَّكَ مَيِّتٌ وَّاِنَّهُمْ مَّيِّتُوْنَ ﴿٣٠﴾ ثُمَّ
ع ٣ اِنَّكُمْ يَوْمَ الْقِيٰمَةِ عِنْدَ رَبِّكُمْ تَخْتَصِمُوْنَ ﴿٣١﴾ ع

الجزء الرابع والعشرون (٢٤)

فَمَنْ اَظْلَمُ مِمَّنْ كَذَبَ عَلَى اللّٰهِ وَكَذَّبَ بِالصِّدْقِ اِذْ
جَآءَهٗ ؕ اَلَيْسَ فِيْ جَهَنَّمَ مَثْوًى لِّلْكٰفِرِيْنَ ﴿٣٢﴾ وَالَّذِيْ
جَآءَ بِالصِّدْقِ وَصَدَّقَ بِهٖٓ اُولٰٓئِكَ هُمُ الْمُتَّقُوْنَ ﴿٣٣﴾
لَهُمْ مَّا يَشَآءُوْنَ عِنْدَ رَبِّهِمْ ؕ ذٰلِكَ جَزٰٓؤُا الْمُحْسِنِيْنَ ﴿٣٤﴾ صلے
لِيُكَفِّرَ اللّٰهُ عَنْهُمْ اَسْوَاَ الَّذِيْ عَمِلُوْا وَيَجْزِيَهُمْ اَجْرَهُمْ

પડીને અલ્લાહના સ્મરણ તરફ વળી જાય છે. આ અલ્લાહનું માર્ગદર્શન છે જેના દ્વારા તે સન્માર્ગ ઉપર લઈ આવે છે, જેને ચાહે છે, અને જેને અલ્લાહ જ માર્ગદર્શન ન આપે તેના માટે પછી કોઈ માર્ગદર્શક નથી.

૨૪. હવે તે માણસની દુર્દશાની તમે શું કલ્પના કરી શકો છો જે કયામત (પુનર્જીવન)ના દિવસે યાતનાની સખત માર પોતાના મોઢા પર ઝીલશે ? આવા અત્યાચારીઓને તો કહી દેવામાં આવશે કે હવે ચાખો મજા તે કમાણીની જે તમે કરતા રહ્યા હતા.

૨૫. આમના પહેલાં પણ ઘણાં લોકો આવી જ રીતે ખોટું ઠેરવી ચૂક્યા છે. છેવટે તેમના ઉપર યાતના તે તરફથી આવી જે તરફ તેમની કલ્પના પણ પહોંચી શકતી ન હતી.

૨૬. પછી અલ્લાહે તેમને દુનિયા (આલોક)ના જ જીવનમાં ફજેતીનો સ્વાદ ચખાડ્યો, અને આખિરત (પરલોક)ની સજા તો આનાથી ઘણી વધારે કઠોર છે, કદાચ આ લોકો જાણતા હોત !

૨૭. અમે આ કુર્આનમાં લોકોને વિવિધ દૃષ્ટાંતો આપ્યા છે જેથી આ લોકો ભાનમાં આવે.

૨૮. એવું કુર્આન જે અરબી ભાષામાં છે, જેમાં સહેજ પણ વિકૃતિ નથી, જેથી આ લોકો ખરાબ પરિણામથી બચે.

૨૯. અલ્લાહ એક દૃષ્ટાંત આપે છે. એક માણસ તો તે છે જેના માલિક થવામાં ઘણાં દુષ્ટ-ચરિત્ર માલિકો ભાગીદાર છે જેઓ તેને પોત-પોતાના તરફ ખેંચે છે અને બીજો માણસ સંપૂર્ણપણે એક જ માલિકનો ગુલામ છે. શું આ બંનેની સ્થિતિ સમાન હોઈ શકે છે ? — અલહમ્દુલિલ્લાહ (સર્વ પ્રશંસા અલ્લાહ માટે જ છે) ! પરંતુ ઘણાંખરા લોકો અજ્ઞાનતામાં પડેલા છે.

૩૦. (હે પયગંબર !) તમારે પણ મરવાનું છે અને આ લોકોએ પણ મરવાનું છે.

૩૧. છેવટે કયામત (પુનર્જીવન)ના દિવસે તમે સૌ પોતાના રબ સમક્ષ પોત-પોતાનો મુકદ્દમો રજૂ કરશો. (રુકૂઅ-૩)

૩૨. તો તે માણસ કરતા મોટો અત્યાચારી કોણ હશે જેણે અલ્લાહના નામે જૂઠી વાત કહી અને જ્યારે સત્ય તેના સામે આવ્યું તો તેને ખોટું ઠેરવ્યું. શું આવા લોકો માટે જહન્નમ (નર્ક)માં કોઈ ઠેકાણું નથી ?

૩૩. અને જે માણસ સત્ય લઈને આવ્યો અને જેમણે તેને સાચો માન્યો, તેઓ જ યાતનાથી બચવાના છે.

૩૪. તેમને પોતાના રબનાં ત્યાં તે બધું જ મળશે, જેની તેઓ ઇચ્છા કરશે. આ છે ભલાઈ કરનારાઓનો બદલો,

૩૫. જેથી જે સૌથી ખરાબ કર્મો તેમણે કર્યા છે તેમને અલ્લાહ તેમના

بِاَحْسَنِ الَّذِیْ كَانُوْا یَعْمَلُوْنَ ﴿٣٥﴾ اَلَیْسَ اللّٰهُ بِكَافٍ عَبْدَهٗ ؕ
وَ یُخَوِّفُوْنَكَ بِالَّذِیْنَ مِنْ دُوْنِهٖ ؕ وَ مَنْ یُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ
مِنْ هَادٍ ﴿٣٦﴾ وَ مَنْ یَّهْدِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ مُّضِلٍّ ؕ اَلَیْسَ
اللّٰهُ بِعَزِیْزٍ ذِی انْتِقَامٍ ﴿٣٧﴾ وَ لَىِٕنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ
السَّمٰوٰتِ وَ الْاَرْضَ لَیَقُوْلُنَّ اللّٰهُ ؕ قُلْ اَفَرَءَیْتُمْ مَّا تَدْعُوْنَ
مِنْ دُوْنِ اللّٰهِ اِنْ اَرَادَنِیَ اللّٰهُ بِضُرٍّ هَلْ هُنَّ كٰشِفٰتُ
ضُرِّهٖۤ اَوْ اَرَادَنِیْ بِرَحْمَةٍ هَلْ هُنَّ مُمْسِكٰتُ رَحْمَتِهٖ ؕ
قُلْ حَسْبِیَ اللّٰهُ ؕ عَلَیْهِ یَتَوَكَّلُ الْمُتَوَكِّلُوْنَ ﴿٣٨﴾ قُلْ یٰقَوْمِ
اعْمَلُوْا عَلٰى مَكَانَتِكُمْ اِنِّیْ عَامِلٌ ۚ فَسَوْفَ تَعْلَمُوْنَ ﴿٣٩﴾ مَنْ
یَّاْتِیْهِ عَذَابٌ یُّخْزِیْهِ وَ یَحِلُّ عَلَیْهِ عَذَابٌ مُّقِیْمٌ ﴿٤٠﴾ اِنَّاۤ
اَنْزَلْنَا عَلَیْكَ الْكِتٰبَ لِلنَّاسِ بِالْحَقِّ ۚ فَمَنِ اهْتَدٰى
فَلِنَفْسِهٖ ۚ وَ مَنْ ضَلَّ فَاِنَّمَا یَضِلُّ عَلَیْهَا ۚ وَ مَاۤ اَنْتَ
ع ١٠ عَلَیْهِمْ بِوَكِیْلٍ ﴿٤١﴾ اَللّٰهُ یَتَوَفَّى الْاَنْفُسَ حِیْنَ مَوْتِهَا وَ
الَّتِیْ لَمْ تَمُتْ فِیْ مَنَامِهَا ۚ فَیُمْسِكُ الَّتِیْ قَضٰى عَلَیْهَا
الْمَوْتَ وَ یُرْسِلُ الْاُخْرٰۤى اِلٰۤى اَجَلٍ مُّسَمًّى ؕ اِنَّ فِیْ ذٰلِكَ
لَاٰیٰتٍ لِّقَوْمٍ یَّتَفَكَّرُوْنَ ﴿٤٢﴾ اَمِ اتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ
شُفَعَآءَ ؕ قُلْ اَوَ لَوْ كَانُوْا لَا یَمْلِكُوْنَ شَیْـًٔا وَّ لَا یَعْقِلُوْنَ ﴿٤٣﴾
قُلْ لِّلّٰهِ الشَّفَاعَةُ جَمِیْعًا ؕ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَ الْاَرْضِ ؕ
ثُمَّ اِلَیْهِ تُرْجَعُوْنَ ﴿٤٤﴾ وَ اِذَا ذُكِرَ اللّٰهُ وَحْدَهُ اشْمَاَزَّتْ

હિસાબમાંથી દૂર કરી દે, અને જે સર્વોત્તમ કાર્યો તેઓ કરતા રહ્યા છે તે હિસાબે તેમને બદલો પ્રદાન કરે.

૩૬. (હે પયગંબર !) શું અલ્લાહ પોતાના બંદા માટે પૂરતો નથી ? આ લોકો તેના સિવાય બીજાઓથી તમને ડરાવે છે. જો કે અલ્લાહ જેને પથભ્રષ્ટ કરી દે તેને કોઈ રસ્તો સુઝાડનાર નથી

૩૭. અને જેને તે માર્ગદર્શન આપી દે તેને પથભ્રષ્ટ કરનાર પણ કોઈ નથી. શું અલ્લાહ પ્રભુત્વશાળી અને બદલો લેનાર નથી ?

૩૮. આ લોકોને જો તમે પૂછો કે ધરતી અને આકાશોને કોણે પેદા કર્યા છે, તો આ લોકો પોતે જ કહેશે કે અલ્લાહે. આમને પૂછો, જ્યારે સત્ય આ છે તો તમે શું માનો છો કે જો અલ્લાહ મને કોઈ નુકસાન પહોંચાડવા ચાહે તો શું તમારી આ દેવીઓ, જેમને તમે અલ્લાહને છોડીને પોકારો છો, મને તેના પહોંચાડેલા નુકસાનથી બચાવી લેશે ? અથવા અલ્લાહ મારા પર કોઈ કૃપા કરવા ચાહે તો શું તેઓ તેની કૃપાને રોકી શકશે ? બસ, આમને કહી દો કે મારા માટે અલ્લાહ પૂરતો છે, ભરોસો કરનારાઓ તેના જ ઉપર ભરોસો કરે છે.

૩૯. આમને સ્પષ્ટ કહી દો કે "હે મારી કોમના લોકો ! તમે પોતાના સ્થાને પોતાનું કામ કર્યે જાવ, હું પોતાનું કામ કરતો રહીશ, ટૂંક સમયમાં તમને ખબર પડી જશે

૪૦. કે કોના ઉપર અપમાનજનક યાતના આવે છે અને કોને તે સજા મળવાની છે જે ક્યારેય ટળવાની નથી."

૪૧. (હે પયગંબર !) અમે સૌ મનુષ્યો માટે આ સત્ય ગ્રંથ તમારા ઉપર અવતરિત કરી દીધો છે. હવે જે સીધો રસ્તો અપનાવશે તે પોતાના માટે અપનાવશે અને જે પથભ્રષ્ટ થશે તેના પથભ્રષ્ટ થવાની મુસીબત તેના જ ઉપર હશે, તમે તેના જવાબદાર નથી. (રુકૂઅ-૪)

૪૨. તે અલ્લાહ જ છે જે મૃત્યુના સમયે પ્રાણોને કબ્જે કરે છે અને જે હજુ મર્યો નથી તેના પ્રાણ ઊંઘમાં કબ્જે કરી લે છે, અને પછી જેના પર મૃત્યુનો નિર્ણય લાગુ પાડે છે તેને રોકી લે છે અને બીજાઓના પ્રાણ નિશ્ચિત સમય માટે પાછા મોકલી દે છે. આમાં મોટી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ચિંતન-મનન કરે છે.

૪૩. શું તે અલ્લાહને છોડીને આ લોકોએ બીજાઓને ભલામણકર્તા બનાવી રાખ્યા છે ? તેમને કહો, શું તેઓ ભલામણ કરશે ચાહે તેમના અધિકારમાં કંઈ હોય કે ન હોય ? અને તેઓ સમજતા પણ ન હોય ?

૪૪. કહો, ભલામણ સંપૂર્ણપણે અલ્લાહના અધિકારમાં છે. આકાશો અને ધરતીના રાજ્યનો તે જ માલિક છે. પછી તેના જ તરફ તમે પાછા ફેરવવામાં આવવાના છો.

૪૫. જ્યારે એકલાં અલ્લાહનું વર્ણન કરવામાં આવે છે તો આખિરત

قُلُوْبُ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ ۚ وَاِذَا ذُكِرَ الَّذِيْنَ
مِنْ دُوْنِهٖٓ اِذَا هُمْ يَسْتَبْشِرُوْنَ ﴿٤٥﴾ قُلِ اللّٰهُمَّ فَاطِرَ السَّمٰوٰتِ
وَالْاَرْضِ عٰلِمَ الْغَيْبِ وَالشَّهَادَةِ اَنْتَ تَحْكُمُ بَيْنَ
عِبَادِكَ فِيْ مَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿٤٦﴾ وَلَوْ اَنَّ لِلَّذِيْنَ
ظَلَمُوْا مَا فِي الْاَرْضِ جَمِيْعًا وَّمِثْلَهٗ مَعَهٗ لَافْتَدَوْا
بِهٖ مِنْ سُوْٓءِ الْعَذَابِ يَوْمَ الْقِيٰمَةِ ۭ وَبَدَا لَهُمْ مِّنَ
اللّٰهِ مَا لَمْ يَكُوْنُوْا يَحْتَسِبُوْنَ ﴿٤٧﴾ وَبَدَا لَهُمْ سَيِّاٰتُ مَا
كَسَبُوْا وَحَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿٤٨﴾ فَاِذَا مَسَّ
الْاِنْسَانَ ضُرٌّ دَعَانَا ۡ ثُمَّ اِذَا خَوَّلْنٰهُ نِعْمَةً مِّنَّا ۙ قَالَ
اِنَّمَآ اُوْتِيْتُهٗ عَلٰي عِلْمٍ ۭ بَلْ هِيَ فِتْنَةٌ وَّلٰكِنَّ اَكْثَرَهُمْ
لَا يَعْلَمُوْنَ ﴿٤٩﴾ قَدْ قَالَهَا الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَمَآ اَغْنٰي
عَنْهُمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٥٠﴾ فَاَصَابَهُمْ سَيِّاٰتُ مَا كَسَبُوْا ۭ
وَالَّذِيْنَ ظَلَمُوْا مِنْ هٰٓؤُلَاۗءِ سَيُصِيْبُهُمْ سَيِّاٰتُ مَا كَسَبُوْا ۙ
وَمَا هُمْ بِمُعْجِزِيْنَ ﴿٥١﴾ اَوَلَمْ يَعْلَمُوْٓا اَنَّ اللّٰهَ يَبْسُطُ الرِّزْقَ
ع ٥ ١١ ٢ لِمَنْ يَّشَاۗءُ وَيَقْدِرُ ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٥٢﴾ ع
قُلْ يٰعِبَادِيَ الَّذِيْنَ اَسْرَفُوْا عَلٰٓي اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا مِنْ
رَّحْمَةِ اللّٰهِ ۭ اِنَّ اللّٰهَ يَغْفِرُ الذُّنُوْبَ جَمِيْعًا ۭ اِنَّهٗ هُوَ
الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿٥٣﴾ وَاَنِيْبُوْٓا اِلٰى رَبِّكُمْ وَاَسْلِمُوْا لَهٗ مِنْ
قَبْلِ اَنْ يَّاْتِيَكُمُ الْعَذَابُ ثُمَّ لَا تُنْصَرُوْنَ ﴿٥٤﴾ وَاتَّبِعُوْٓا

(પરલોક)માં ન માનનારાઓના હૃદયો મનોમન ગુસ્સો કરવા લાગે છે, અને જ્યારે તેના સિવાય બીજાઓનું વર્ણન થાય છે તો સહસા તેઓ ખુશીથી ખીલી જાય છે.

૪૬. કહો, હે અલ્લાહ ! આકાશો અને ધરતીના સર્જનહાર ! અદૃશ્ય અને દૃશ્યના જાણનાર ! તું જ પોતાના બંદાઓ વચ્ચે તે વસ્તુનો ફેંસલો કરીશ જેમાં તેઓ મતભેદ કરતા રહ્યા છે.

૪૭. જો આ અત્યાચારીઓ પાસે ધરતીની સમગ્ર દોલત પણ હોય, અને તેટલી જ બીજી પણ, તો આ લોકો કયામત (પુનર્જીવન)ના દિવસની બૂરી યાતનામાંથી બચવા માટે બધું જ ફિદયા (મુક્તિ પ્રતિદાન) તરીકે આપી દેવા માટે તૈયાર થઈ જશે. ત્યાં અલ્લાહ તરફથી તેમના સામે તે બધું જ આવશે જેની તેમણે કયારેય કલ્પના પણ કરી નથી.

૪૮. ત્યાં પોતાની કમાણીના બધા ખરાબ પરિણામો તેમના સામે પ્રગટ થઈ જશે અને તે જ વસ્તુ તેમના ઉપર છવાઈ જશે જેની આ લોકો મજાક ઉડાવતા રહ્યા છે.

૪૯. આ જ મનુષ્ય જ્યારે થોડી પણ મુસીબત તેને સ્પર્શી જાય છે તો અમને પોકારે છે, અને જ્યારે અમે તેને પોતાના તરફથી કૃપા પ્રદાન કરીને સંતૃપ્ત કરી દઈએ છીએ તો કહે છે કે આ તો મને જ્ઞાનના કારણે આપવામાં આવ્યું છે. નહીં, બલ્કે આ તો પરીક્ષા છે પરંતુ આમાંના અધિકાંશ લોકો જાણતા નથી.

૫૦. આ જ વાત આમના પહેલાં થઈ ગયેલા લોકો પણ કહી ચૂક્યા છે, પરંતુ તેઓ જે કંઈ કમાતા હતા તે તેમના કોઈ કામમાં ન આવ્યું.

૫૧. પછી પોતાની કમાણીના ખરાબ પરિણામો તેમણે ભોગવ્યા, અને આ લોકોમાંથી પણ જેઓ અત્યાચારીઓ છે તેઓ ટૂંક સમયમાં જ પોતાની કમાણીના ખરાબ પરિણામો ભોગવશે, આ લોકો અમને વિવશ કરી શકવાના નથી.

૫૨. અને શું આમને ખબર નથી કે અલ્લાહ જેની ચાહે છે, રોજી વિશાળ કરી દે છે અને જેની ચાહે છે, તંગ કરી દે છે ? આમાં નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ઈમાન લાવે છે. (રુકૂઅ-૫)

૫૩. (હે પયગંબર !) કહી દો કે હે મારા બંદાઓ ! જેમણે પોતાના પર અતિરેક કર્યો છે, અલ્લાહની કૃપાથી નિરાશ ન થઈ જાઓ, નિશ્ચિતપણે અલ્લાહ બધા જ ગુના માફ કરી દે છે, તે તો અત્યંત ક્ષમાશીલ, દયાળુ છે,

૫૪. પાછા ફરો પોતાના રબ તરફ અને આજ્ઞાંકિત થઈ જાઓ તેના, તે પહેલાં કે તમારા ઉપર યાતના આવી જાય અને પછી તમને ક્યાંયથી મદદ ન મળી શકે.

اَحْسَنَ مَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَكُمُ
الْعَذَابُ بَغْتَةً وَّاَنْتُمْ لَا تَشْعُرُوْنَ ﴿٥٥﴾ اَنْ تَقُوْلَ نَفْسٌ
يّٰحَسْرَتٰى عَلٰى مَا فَرَّطْتُّ فِيْ جَنْۢبِ اللّٰهِ وَاِنْ كُنْتُ لَمِنَ
السّٰخِرِيْنَ ﴿٥٦﴾ اَوْ تَقُوْلَ لَوْ اَنَّ اللّٰهَ هَدٰىنِيْ لَكُنْتُ مِنَ
الْمُتَّقِيْنَ ﴿٥٧﴾ اَوْ تَقُوْلَ حِيْنَ تَرَى الْعَذَابَ لَوْ اَنَّ لِيْ
كَرَّةً فَاَكُوْنَ مِنَ الْمُحْسِنِيْنَ ﴿٥٨﴾ بَلٰى قَدْ جَآءَتْكَ اٰيٰتِيْ
فَكَذَّبْتَ بِهَا وَاسْتَكْبَرْتَ وَكُنْتَ مِنَ الْكٰفِرِيْنَ ﴿٥٩﴾ وَيَوْمَ
الْقِيٰمَةِ تَرَى الَّذِيْنَ كَذَبُوْا عَلَى اللّٰهِ وُجُوْهُهُمْ مُّسْوَدَّةٌ ؕ
اَلَيْسَ فِيْ جَهَنَّمَ مَثْوًى لِّلْمُتَكَبِّرِيْنَ ﴿٦٠﴾ وَيُنَجِّي اللّٰهُ الَّذِيْنَ
اتَّقَوْا بِمَفَازَتِهِمْ ۫ لَا يَمَسُّهُمُ السُّوْٓءُ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٦١﴾ اَللّٰهُ
خَالِقُ كُلِّ شَيْءٍ ۫ وَّهُوَ عَلٰى كُلِّ شَيْءٍ وَّكِيْلٌ ﴿٦٢﴾ لَهٗ مَقَالِيْدُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَالَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ اُولٰٓئِكَ
ع ٦ ١١ هُمُ الْخٰسِرُوْنَ ﴿٦٣﴾ قُلْ اَفَغَيْرَ اللّٰهِ تَاْمُرُوْٓنِّيْٓ اَعْبُدُ اَيُّهَا
الْجٰهِلُوْنَ ﴿٦٤﴾ وَلَقَدْ اُوْحِيَ اِلَيْكَ وَاِلَى الَّذِيْنَ مِنْ قَبْلِكَ ۚ
لَئِنْ اَشْرَكْتَ لَيَحْبَطَنَّ عَمَلُكَ وَلَتَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ ﴿٦٥﴾
بَلِ اللّٰهَ فَاعْبُدْ وَكُنْ مِّنَ الشّٰكِرِيْنَ ﴿٦٦﴾ وَمَا قَدَرُوا اللّٰهَ
حَقَّ قَدْرِهٖ ۖ وَالْاَرْضُ جَمِيْعًا قَبْضَتُهٗ يَوْمَ الْقِيٰمَةِ وَ
السَّمٰوٰتُ مَطْوِيّٰتٌۢ بِيَمِيْنِهٖ ؕ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ ﴿٦٧﴾
منزل ٦ وَنُفِخَ فِي الصُّوْرِ فَصَعِقَ مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي

૫૫ અને અનુસરણ કરો પોતાના રબ (પ્રભુ)ના મોકલેલા ગ્રંથના સર્વોત્તમ પાસાનું, તે પહેલાં કે તમારા ઉપર એકાએક યાતના આવી જાય અને તમને ખબર પણ ન પડે.

૫૬. એવું ન બને કે પાછળથી કોઈ વ્યક્તિ એમ કહે, ''અફસોસ ! મારી તે બેદરકારી માટે જે હું અલ્લાહ પ્રત્યે દાખવતો રહ્યો, બલ્કે હું તો ઊલ્ટાનો મજાક ઉડાવનારાઓમાં સામેલ હતો.''

૫૭ અથવા કહે, ''કદાચ ! અલ્લાહે મને માર્ગ દેખાડ્યો હોત તો હું પણ (અલ્લાહથી) ડર રાખનારાઓ (સંયમીઓ)માંથી હોત.''

૫૮. અથવા યાતના જોઈને કહે, ''કદાચ ! મને એક તક બીજી મળી જાય અને હું પણ સદ્કાર્ય કરનારાઓમાં સામેલ થઈ જાઉં.''

૫૯. (અને તે વખતે તેને આ જવાબ મળે કે) ''કેમ નહીં, મારી આયતો તારા પાસે આવી ગઈ હતી, પછી તેં તેમને ખોટી ઠેરવી અને ઘમંડ કર્યો અને તું ઈન્કાર કરનારાઓમાંથી હતો.''

૬૦ આજે જે લોકોએ અલ્લાહ ઉપર જૂઠ ઘડ્યું છે કયામતના દિવસે તમે જોશો કે તેમના મોઢાં કાળા હશે. શું જહન્નમમાં ઘમંડીઓ માટે પૂરતી જગ્યા નથી?

૬૧. આનાથી વિપરીત, જે લોકોએ અહીં અલ્લાહથી ડર રાખ્યો છે તેમની સફળતાના કારણોના લીધે અલ્લાહ તેમને મુક્તિ પ્રદાન કરશે, તેમને ન તો કોઈ કષ્ટ અને હાનિ પહોંચશે અને ન તેઓ દિલગીર થશે.

૬૨. અલ્લાહ દરેક વસ્તુનો પેદા કરનાર છે. અને તે જ દરેક વસ્તુ ઉપર દેખરેખ રાખે છે.

૬૩. ધરતી અને આકાશોના ખજાનાની ચાવીઓ તેના જ પાસે છે, અને જે લોકો અલ્લાહની આયતોનો ઈન્કાર કરે છે તેઓ જ નુકસાનમાં રહેવાવાળા છે. (રુકૂઅ-૬)

૬૪. (હે પયગંબર !) આમને કહો, ''પછી શું હે અણસમજુઓ ! તમે અલ્લાહ સિવાય કોઈ બીજાની ઉપાસના કરવાનું મને કહો છો ?''

૬૫. (આ વાત તમારે તેમને સ્પષ્ટપણે કહી દેવી જોઈએ કેમ કે) તમારા તરફ અને તમારા પહેલાં થઈ ગયેલા તમામ પયગંબરો તરફ આ વહી (દિવ્ય પ્રકાશના) મોકલી દેવામાં આવી છે કે જો તમે શિર્ક (અનેકેશ્વરવાદી કૃત્ય) કર્યું તો તમારા કર્મ વ્યર્થ થઈ જશે અને તમે નુકસાનમાં રહેશો.

૬૬. આથી (હે પયગંબર !) તમે માત્ર અલ્લાહની જ બંદગી કરો અને કૃતજ્ઞ બંદાઓમાંથી થઈ જાઓ.

૬૭. આ લોકોએ અલ્લાહની કદર જ ન કરી જેમ કે તેની કદર કરવાનો હક છે. (તેના પૂર્ણ સામર્થ્યની સ્થિતિ તો એ છે કે) કયામતના દિવસે સમગ્ર ધરતી તેની મુઠ્ઠીમાં હશે અને આકાશો તેના જમણા હાથમાં લપેટાયેલા હશે. પવિત્ર અને સર્વોચ્ચ છે તે એ શિર્કથી જે આ લોકો કરે છે.

الْاَرْضِ اِلَّا مَنْ شَآءَ اللّٰهُ ؕ ثُمَّ نُفِخَ فِيْهِ اُخْرٰى فَاِذَا هُمْ
قِيَامٌ يَّنْظُرُوْنَ ﴿۶۸﴾ وَاَشْرَقَتِ الْاَرْضُ بِنُوْرِ رَبِّهَا وَوُضِعَ
الْكِتٰبُ وَجِآئَْ بِالنَّبِيّٖنَ وَالشُّهَدَآءِ وَقُضِيَ بَيْنَهُمْ
بِالْحَقِّ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿۶۹﴾ وَوُفِّيَتْ كُلُّ نَفْسٍ مَّا عَمِلَتْ
ع ۷ وَهُوَ اَعْلَمُ بِمَا يَفْعَلُوْنَ ﴿۷۰﴾ وَسِيْقَ الَّذِيْنَ كَفَرُوْٓا اِلٰى
جَهَنَّمَ زُمَرًا ؕ حَتّٰٓى اِذَا جَآءُوْهَا فُتِحَتْ اَبْوَابُهَا وَقَالَ
لَهُمْ خَزَنَتُهَآ اَلَمْ يَاْتِكُمْ رُسُلٌ مِّنْكُمْ يَتْلُوْنَ عَلَيْكُمْ
اٰيٰتِ رَبِّكُمْ وَيُنْذِرُوْنَكُمْ لِقَآءَ يَوْمِكُمْ هٰذَا ؕ قَالُوْا
بَلٰى وَلٰكِنْ حَقَّتْ كَلِمَةُ الْعَذَابِ عَلَى الْكٰفِرِيْنَ ﴿۷۱﴾
قِيْلَ ادْخُلُوْٓا اَبْوَابَ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَا ۚ فَبِئْسَ
مَثْوَى الْمُتَكَبِّرِيْنَ ﴿۷۲﴾ وَسِيْقَ الَّذِيْنَ اتَّقَوْا رَبَّهُمْ اِلَى
الْجَنَّةِ زُمَرًا ؕ حَتّٰٓى اِذَا جَآءُوْهَا وَفُتِحَتْ اَبْوَابُهَا وَقَالَ
لَهُمْ خَزَنَتُهَا سَلٰمٌ عَلَيْكُمْ طِبْتُمْ فَادْخُلُوْهَا خٰلِدِيْنَ ﴿۷۳﴾
وَقَالُوا الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ صَدَقَنَا وَعْدَهٗ وَاَوْرَثَنَا
الْاَرْضَ نَتَبَوَّاُ مِنَ الْجَنَّةِ حَيْثُ نَشَآءُ ۚ فَنِعْمَ اَجْرُ
الْعٰمِلِيْنَ ﴿۷۴﴾ وَتَرَى الْمَلٰٓئِكَةَ حَآفِّيْنَ مِنْ حَوْلِ
منزل ٦ الْعَرْشِ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ ۚ وَقُضِيَ بَيْنَهُمْ بِالْحَقِّ
ع ۸ وَقِيْلَ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿۷۵﴾

૬૮. અને તે દિવસે રણશિંગુ ફૂંકવામાં આવશે અને તેઓ સૌ મરીને પડી જશે જેઓ આકાશો અને ધરતીમાં છે, સિવાય તે લોકોના જેમને અલ્લાહ જીવંત રાખવા ચાહે. ફરી એક બીજું રણશિંગુ ફૂંકવામાં આવશે અને સહસા સૌ ઊઠીને જોવા લાગશે.

૬૯. ધરતી પોતાના માલિકના 'નૂર' (પ્રકાશ)થી ઝગમગી ઊઠશે, કર્મપુસ્તક લાવીને મૂકી દેવામાં આવશે, પયગંબરો અને તમામ સાક્ષીઓને હાજર કરી દેવામાં આવશે, લોકો વચ્ચે ઠીકઠીક સત્યપૂર્વક ફેંસલો કરી દેવામાં આવશે, તેમના ઉપર કોઈ જુલ્મ (અન્યાય અને અત્યાચાર) કરવામાં આવશે નહીં

૭૦. અને દરેક જીવધારીને જે કંઈ પણ તેણે કર્મ કરેલ હતું તેનો પૂરેપૂરો બદલો આપી દેવામાં આવશે. લોકો જે કંઈ પણ કરે છે અલ્લાહ તેને ખૂબ સારી રીતે જાણે છે. (રુકૂઅ-૭)

૭૧. (આ ફેંસલા પછી) તે લોકોને જેમણે ઇન્કાર કર્યો હતો જહન્નમ (નર્ક) તરફ ટોળેટોળાં હંકારવામાં આવશે, ત્યાં સુધી કે જ્યારે તેઓ ત્યાં પહોંચશે તો તેના દરવાજા ખોલવામાં આવશે અને તેના કાર્યકર્તા તેમને કહેશે, "શું તમારા પાસે તમારા પોતાના જ લોકોમાંથી એવા રસૂલો (ઈશદૂતો) આવ્યા ન હતા જેમણે તમને તમારા રબ (પ્રભુ)ની આયતો સંભળાવી હોય અને તમને આ વાતથી ડરાવ્યા હોય કે એક સમયે તમારે આ દિવસ પણ જોવો પડશે?" તેઓ જવાબ આપશે, "હા, આવ્યા હતા, પરંતુ યાતનાનો નિર્ણય કાફિરો (અધર્મીઓ)ને લાગુ પડી ગયો."

૭૨. કહેવામાં આવશે, "દાખલ થઈ જાવ જહન્નમના દરવાજાઓમાં, અહીં તમારે હવે સદૈવ રહેવાનું છે, ખૂબ જ ખરાબ ઠેકાણું છે આ, અહંકારીઓ માટે."

૭૩. અને જે લોકો પોતાના રબની અવજ્ઞાથી બચતા હતા તેમને ટોળેટોળાં જન્નત (સ્વર્ગ) તરફ લઈ જવામાં આવશે. ત્યાં સુધી કે જ્યારે તેઓ ત્યાં પહોંચશે, અને તેના દરવાજા પહેલાથી જ ખોલી દેવાયા હશે, તો તેના પ્રબંધકો કહેશે કે "સલામ થાય તમારા પર ! ખૂબ સરસ રહ્યા તમે, દાખલ થઈ જાવ આમાં હંમેશા માટે."

૭૪. અને તેઓ કહેશે, "આભાર તે અલ્લાહનો, જેણે અમારા સાથેનો પોતાનો વાયદો સાચો કરી બતાવ્યો અને અમને ધરતીના વારસદાર બનાવી દીધા, હવે અમે જન્નતમાં જ્યાં ઇચ્છીએ ત્યાં પોતાની જગ્યા બનાવી શકીએ છીએ." તો સર્વશ્રેષ્ઠ બદલો છે કર્મ કરનારાઓ માટે.

૭૫. અને તમે જોશો કે ફરિશ્તાઓ અર્શ (સિંહાસન)ની ફરતે વર્તુળ બનાવીને પોતાના રબની પ્રશંસા અને તસ્બીહ કરી રહ્યા હશે, અને લોકો વચ્ચે ઠીક-ઠીક સત્યપૂર્વક ફેંસલો ચૂકાવી દેવામાં આવશે, અને ઘોષણા કરી દેવામાં આવશે કે પ્રશંસા અલ્લાહ, સમગ્ર જગતોના પાલનહાર માટે છે. (રુકૂઅ-૮)

(૪૦) અલ-મુ'મિન

પરિચય

નામ :

આયત ૨૮ના વાક્ય 'વ-કાલ રજુલુમ્-મૂ'મિનુમ્ મિન્ આલિ ફિરઅવ્ન' (ફિરઔનના લોકોમાંથી એક ઈમાન ધરાવનાર વ્યક્તિ) થી લેવામાં આવ્યું છે, અર્થાત્ તે સૂરઃ, જેમાં તે વિશેષ ઈમાનવાળા (મોમિન)નો ઉલ્લેખ થયો છે.

ઉતરાણકાળ :

ઈબ્ને અબ્બાસ અને જાબિર બિન ઝૈદ (રદિ.) કહે છે કે આ સૂરઃ, સૂરઃ ઝુમર પછી ઊતરી છે અને એનું જે સ્થાન કુર્આન-મજીદના વર્તમાન ક્રમમાં છે, તે જ ક્રમ તેના ઉતરાણનો પણ છે.

પશ્ચાદ્ભૂમિ :

જે સંજોગોમાં આ સૂરઃ ઊતરી છે તેના તરફ સ્પષ્ટ નિર્દેશ તેના વિષય-વસ્તુમાં જોવા મળે છે. મક્કાના કાફિરોએ તે વખતે પયગંબર (સલ્લ.) વિરુધ્ધ બે પ્રકારની કાર્યવાહીઓ શરૂ કરી રાખી હતી. એક એ કે દરેક બાજુ ઝઘડાઓ અને વિવાદોને છંછેડીને અને નિત-નવાં મિથ્યારોપણ દ્વારા કુર્આનની શિક્ષા અને ઈસ્લામના આમંત્રણ અને સ્વયં પયગંબર (સલ્લ.) વિષે વધુમાં વધુ શંકા-કુશંકા અને ભ્રમણાઓ લોકોના હૃદયોમાં પેદા કરી દેવામાં આવે. બીજું એ કે આપ (સલ્લ.)ની હત્યા માટે વાતાવરણ તૈયાર કરવામાં આવે. તેથી આ હેતુસર તેઓ સતત કાવત્રા ઘડતા રહેતાં હતાં.

વિષય અને ચર્ચા :

પરિસ્થિતિઓના આ બંને પાસાઓને પ્રવચનના આરંભમાં જ સ્પષ્ટ કરી દેવામાં આવ્યા છે અને પછી આગળનું આખું પ્રવચન આ જ બંનેની એક અત્યંત પ્રભાવશાળી અને બોધપ્રદ સમીક્ષા છે. હત્યાના કાવત્રાના જવાબમાં આલે-ફિરઔનમાંથી મોમિનનો કિસ્સો સંભળાવવામાં આવ્યો છે (આયત ૨૩ થી લઈને ૫૫ સુધી), અને આ કિસ્સા હેઠળ ત્રણ જૂથોને ત્રણ જુદા-જુદા બોધ આપવામાં આવ્યા છે –

(૧) કાફિરો (ઈસ્લામ વિરોધીઓ)ને બતાવવામાં આવ્યું છે કે જે કંઈ તમે હઝરત મુહમ્મદ (સલ્લ.) સાથે કરવા માગો છો, તેવું જ પોતાની તાકાતના ભરોસે ફિરઔન હઝરત મૂસા (અલૈ.) સાથે કરવા માગતો હતો, હવે શું આ હરકતો કરીને તમે પણ એ જ પરિણામ જોવા માગો છો જે પરિણામને તેણે જોવું પડ્યું હતું ?

(૨) હઝરત મુહમ્મદ (સલ્લ.) અને તેમના અનુયાયીઓને શિક્ષા આપવામાં આવી છે કે આ અત્યાચારીઓની મોટામાં મોટી ખતરનાક ધમકીના જવાબમાં માત્ર અલ્લાહનું શરણ માગી લો અને તે પછી તદ્દન નિર્ભય બનીને પોતાના કામમાં લાગી જાઓ. આ રીતે અલ્લાહના ભરોસે જોખમો અને આશંકાઓની પરવા કર્યા વિના કામ કરશો તો છેવટે તેની મદદ આવીને રહેશે અને આજના ફિરઔનો પણ તે જ બધું જોઈ લેશે જે કાલના ફિરઔનો જોઈ ચૂક્યા છે.

(૩) આ બે જૂથો ઉપરાંત એક ત્રીજું જૂથ પણ સમાજમાં હતું અને તે એ લોકોનું જૂથ હતું જેઓ મનમાં સમજી ગયા હતા કે સત્ય હઝરત મુહમ્મદ (સલ્લ.)ના જ સાથે છે. પરંતુ આ જાણી લીધાં છતાં તેઓ ચુપચાપ સત્ય-અસત્યના આ સંઘર્ષનો તમાશો જોઈ રહ્યા હતા. અલ્લાહે આ પ્રસંગે એમના અંતરાત્માને ઢંઢોળ્યો છે અને એમને બતાવ્યું છે કે જ્યારે સત્યના દુશ્મનો જાહેરમાં તમારી આંખો સામે આટલું મોટું અત્યાચારી પગલું ભરવા તૈયાર થઈ ગયા છે, તો અફસોસ છે તમારા પર, જો હજુ પણ તમે બેઠાં-બેઠાં તમાશો જ જોતા રહો. આ સ્થિતિમાં જે વ્યક્તિનો અંતરાત્મા તદ્દન મરી ચૂક્યો ન હોય, તેણે તો ઊભા થઈને તે કર્તવ્ય નિભાવવું જોઈએ જે ફિરઔનના ભર્યા-દરબારમાં તેનાં પોતાના દરબારીઓમાંથી એક સત્યવાદી માણસે તે વખતે નિભાવ્યું હતું જ્યારે ફિરઔન હઝરત મૂસા (અલૈ.)ની હત્યા કરવા માગતો હતો. હવે રહ્યો કાફિરો (ઇસ્લામ વિરોધીઓ)નો તે તર્ક-વિતર્કનો સંઘર્ષ, જે સત્યને નીચું દેખાડવા મક્કા-મુઅઝ્ઝમામાં રાત-દિવસ ચાલી રહ્યો છે, તો તેના જવાબમાં એક તરફ દલીલોથી તૌહીદ (એકેશ્વરવાદ) અને આખિરત (પરલોક)ની તે ધારણાઓનું સત્ય હોવું સાબિત કરવામાં આવ્યું છે જે હઝરત મુહમ્મદ (સલ્લ.) અને ઇસ્લામ વિરોધીઓ વચ્ચે ઝઘડાનું મૂળ હતું. બીજી તરફ તે મૂળ પ્રેરક તત્ત્વોને સ્પષ્ટ રૂપે સામે મૂકી દેવામાં આવ્યા છે જેના કારણે કુરૈશના સરદારો આટલા જોશભેર નબી (સલ્લ.) વિરુધ્ધ લડી રહ્યા હતા. તેથી આયત ૫૬ માં એ વાત કોઈ પક્ષપાત કે પૂર્વગ્રહ વિના ચોખ્ખા શબ્દોમાં કહી દેવામાં આવી છે કે તમારા ઇન્કારનું મૂળ કારણ તે દંભ છે, જે તમારા હૃદયોમાં છે. તમે સમજો છો કે જો લોકો હઝરત મુહમ્મદ (સલ્લ.)ની નુબૂવત (ઈશદૂતત્વ)નો સ્વીકાર કરી લેશે તો તમારી મોટાઈ ટકી શકશે નહીં. આ જ સંદર્ભમાં કાફિરો (વિધર્મીઓ)ને વારંવાર ચેતવણીઓ આપવામાં આવી છે કે જો અલ્લાહની આયતો સામે લડવા-ઝઘડવાથી અટકશો નહીં તો તે જ પરિણામોનો સામનો કરવો પડશો, જેનો સામનો પુરોગામી જાતિઓને કરવો પડ્યો છે.

اٰیَاتُهَا ٨٥ — (٤٠) سُوْرَةُ الْمُؤْمِنِ مَكِّيَّةٌ (٦٠) — رُكُوْعَاتُهَا ٩

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

حٰمٓ ﴿١﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْعَلِيْمِ ﴿٢﴾
غَافِرِ الذَّنْۢبِ وَقَابِلِ التَّوْبِ شَدِيْدِ الْعِقَابِ ذِي
الطَّوْلِ ؕ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ؕ اِلَيْهِ الْمَصِيْرُ ﴿٣﴾ مَا يُجَادِلُ
فِيْۤ اٰيٰتِ اللّٰهِ اِلَّا الَّذِيْنَ كَفَرُوْا فَلَا يَغْرُرْكَ تَقَلُّبُهُمْ
فِي الْبِلَادِ ﴿٤﴾ كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوْحٍ وَّالْاَحْزَابُ مِنْۢ
بَعْدِهِمْ ۪ وَهَمَّتْ كُلُّ اُمَّةٍۭ بِرَسُوْلِهِمْ لِيَاْخُذُوْهُ وَ
جٰدَلُوْا بِالْبَاطِلِ لِيُدْحِضُوْا بِهِ الْحَقَّ فَاَخَذْتُهُمْ ۫ فَكَيْفَ
كَانَ عِقَابِ ﴿٥﴾ وَكَذٰلِكَ حَقَّتْ كَلِمَتُ رَبِّكَ عَلَى
الَّذِيْنَ كَفَرُوْۤا اَنَّهُمْ اَصْحٰبُ النَّارِ ﴿٦﴾ ۘ اَلَّذِيْنَ يَحْمِلُوْنَ
الْعَرْشَ وَمَنْ حَوْلَهٗ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ وَيُؤْمِنُوْنَ
بِهٖ وَيَسْتَغْفِرُوْنَ لِلَّذِيْنَ اٰمَنُوْا ۚ رَبَّنَا وَسِعْتَ كُلَّ شَيْءٍ
رَّحْمَةً وَّعِلْمًا فَاغْفِرْ لِلَّذِيْنَ تَابُوْا وَاتَّبَعُوْا سَبِيْلَكَ
وَقِهِمْ عَذَابَ الْجَحِيْمِ ﴿٧﴾ رَبَّنَا وَاَدْخِلْهُمْ جَنّٰتِ عَدْنِ
الَّتِيْ وَعَدْتَّهُمْ وَمَنْ صَلَحَ مِنْ اٰبَآئِهِمْ وَاَزْوَاجِهِمْ وَ
ذُرِّيّٰتِهِمْ ؕ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٨﴾ وَقِهِمُ السَّيِّاٰتِ ؕ
وَمَنْ تَقِ السَّيِّاٰتِ يَوْمَئِذٍ فَقَدْ رَحِمْتَهٗ ؕ وَذٰلِكَ هُوَ
الْفَوْزُ الْعَظِيْمُ ﴿٩﴾ ع اِنَّ الَّذِيْنَ كَفَرُوْا يُنَادَوْنَ لَمَقْتُ اللّٰهِ

وقف لازم — وقف النبي صلى الله عليه وآله وسلم

منزل ٦ — ع ١

(૪૦) સૂરઃ અલ-મુ'મિન

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૯ ● આયતો : ૮૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧-૨. હા-મીમ ! આ ગ્રંથનું અવતરણ અલ્લાહ તરફથી થયું છે જે પ્રભુત્વશાળી છે, બધું જ જાણવાવાળો છે,

૩. ગુના માફ કરવાવાળો અને તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) સ્વીકારવાવાળો છે, કઠોર સજા આપવાવાળો અને મોટો મહેરબાન છે, તેના સિવાય કોઈ ઉપાસ્ય નથી, તેના જ તરફ સૌને પાછા ફરવાનું છે.

૪. અલ્લાહની આયતોમાં ઝઘડો કરતા નથી, પરંતુ માત્ર તે લોકો જેમણે ઇન્કાર (કુફ્ર) કર્યો છે. આ પછી દુનિયાના દેશોમાં તેમની ચાલાકીભરી પ્રવૃત્તિઓ તમને ધોખામાં ન નાખે.

૫. આમના પહેલાં નૂહની કોમ પણ ખોટું ઠેરવી ચૂકી છે, અને તેના પછી ઘણાં જૂથોએ પણ આ કામ કર્યું છે. દરેક કોમે પોતાના રસૂલ (સંદેશવાહક) પર હુમલો કર્યો, જેથી તેને કેદ પકડે. તેમણે બધાએ અસત્યના હથિયારો વડે સત્યને નીચું દેખાડવાનો પ્રયાસ કર્યો, પણ છેવટે મેં તેમને પકડી લીધા, પછી જોઈ લો કે મારી સજા કેવી કઠોર હતી.

૬. આવી જ રીતે તારા રબનો આ ફેંસલો પણ તે સૌ લોકો પર લાગુ થઈ ચૂક્યો છે જેમણે કુફ્ર કર્યું છે કે તેઓ જહન્નમમાં દાખલ થવાના છે.

૭. અલ્લાહનું સિંહાસન ઉપાડનારના ફરિશ્તાઓ, અને તેઓ જે સિંહાસનની ચોતરફ હાજર રહે છે, સૌ પોતાના રબની પ્રશંસાની સાથે તેની તસ્બીહ (ગુણગાન) કરી રહ્યા છે. તેઓ તેના પર ઈમાન ધરાવે છે અને ઈમાન લાવનારાઓ માટે માફીની દુઆ કરે છે. તેઓ કહે છે, ''હે અમારા રબ ! તું પોતાની દયા અને પોતાના જ્ઞાન સાથે પ્રત્યેક વસ્તુ ઉપર છવાયેલો છે, તો ક્ષમા કરી દે અને નર્કની યાતનાથી બચાવી લે, તે લોકોને જેમણે તૌબા કરી છે અને તારો માર્ગ અપનાવી લીધો છે.

૮. હે અમારા રબ ! અને દાખલ કર તેમને સદૈવ રહેનારી તે જન્નતોમાં જેનો તેં તેમના સાથે વાયદો કર્યો છે, અને તેમના માતા-પિતા અને પત્નીઓ અને સંતાનમાંથી જેઓ સદાચારી હોય (તેમને પણ ત્યાં તેમના સાથે જ પહોંચાડી દે). તું નિઃસંદેહ સર્વ શક્તિમાન અને તત્ત્વદર્શી છે.

૯. અને બચાવી લે તેમને બૂરાઈઓથી. જેને તેં કયામત (પુનર્જીવન)ના દિવસે બૂરાઈઓથી બચાવી લીધો તેના ઉપર તેં મોટી દયા કરી, આ જ મહાન સફળતા છે.'' (રુકૂઅ-૧)

૧૦. જે લોકોએ કુફ્ર કર્યું છે, કયામતના દિવસે તેમને પોકારીને કહેવામાં

أَكْبَرُ مِن مَّقْتِكُمْ أَنفُسَكُمْ إِذْ تُدْعَوْنَ إِلَى الْإِيمَانِ
فَتَكْفُرُونَ ﴿١٠﴾ قَالُوا رَبَّنَا أَمَتَّنَا اثْنَتَيْنِ وَأَحْيَيْتَنَا
اثْنَتَيْنِ فَاعْتَرَفْنَا بِذُنُوبِنَا فَهَلْ إِلَىٰ خُرُوجٍ مِّن
سَبِيلٍ ﴿١١﴾ ذَٰلِكُم بِأَنَّهُ إِذَا دُعِيَ اللَّهُ وَحْدَهُ كَفَرْتُمْ ۖ وَإِن
يُشْرَكْ بِهِ تُؤْمِنُوا ۚ فَالْحُكْمُ لِلَّهِ الْعَلِيِّ الْكَبِيرِ ﴿١٢﴾ هُوَ
الَّذِي يُرِيكُمْ آيَاتِهِ وَيُنَزِّلُ لَكُم مِّنَ السَّمَاءِ رِزْقًا ۚ
وَمَا يَتَذَكَّرُ إِلَّا مَن يُنِيبُ ﴿١٣﴾ فَادْعُوا اللَّهَ مُخْلِصِينَ
لَهُ الدِّينَ وَلَوْ كَرِهَ الْكَافِرُونَ ﴿١٤﴾ رَفِيعُ الدَّرَجَاتِ
ذُو الْعَرْشِ يُلْقِي الرُّوحَ مِنْ أَمْرِهِ عَلَىٰ مَن يَشَاءُ مِنْ
عِبَادِهِ لِيُنذِرَ يَوْمَ التَّلَاقِ ﴿١٥﴾ يَوْمَ هُم بَارِزُونَ ۖ
لَا يَخْفَىٰ عَلَى اللَّهِ مِنْهُمْ شَيْءٌ ۚ لِّمَنِ الْمُلْكُ الْيَوْمَ ۖ
لِلَّهِ الْوَاحِدِ الْقَهَّارِ ﴿١٦﴾ الْيَوْمَ تُجْزَىٰ كُلُّ نَفْسٍ بِمَا
كَسَبَتْ ۚ لَا ظُلْمَ الْيَوْمَ ۚ إِنَّ اللَّهَ سَرِيعُ الْحِسَابِ ﴿١٧﴾
وَأَنذِرْهُمْ يَوْمَ الْآزِفَةِ إِذِ الْقُلُوبُ لَدَى الْحَنَاجِرِ
كَاظِمِينَ ۚ مَا لِلظَّالِمِينَ مِنْ حَمِيمٍ وَلَا شَفِيعٍ
يُطَاعُ ﴿١٨﴾ يَعْلَمُ خَائِنَةَ الْأَعْيُنِ وَمَا تُخْفِي الصُّدُورُ ﴿١٩﴾
وَاللَّهُ يَقْضِي بِالْحَقِّ ۖ وَالَّذِينَ يَدْعُونَ مِن دُونِهِ
لَا يَقْضُونَ بِشَيْءٍ ۗ إِنَّ اللَّهَ هُوَ السَّمِيعُ الْبَصِيرُ ﴿٢٠﴾
أَوَلَمْ يَسِيرُوا فِي الْأَرْضِ فَيَنظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ

منزل ٦ ع ٢

આવશે, ''આજે તમને જેટલો સખત ગુસ્સો પોતાના પર આવે છે, અલ્લાહ તમારા પર તેનાથી વધુ ક્રોધિત તે વખતે થતો હતો જ્યારે તમને ઈમાન તરફ બોલાવવામાં આવતા હતા અને તમે ઈન્કાર કરતા હતા.''

૧૧. તેઓ કહેશે, ''હે અમારા રબ! તેં હકીકતમાં અમને બે વખત મૃત્યુ અને બે વખત જીવન આપી દીધું, હવે અમે પોતાના ગુનાઓનો સ્વીકાર કરીએ છીએ, શું હવે અહીંથી નીકળવાનો પણ કોઈ માર્ગ છે?''

૧૨. (જવાબ મળશે) ''આ સ્થિતિ જેમાં તમે ગ્રસ્ત છો, તે કારણે છે કે જ્યારે એક અલ્લાહ તરફ બોલાવવામાં આવતા હતા તો તમે માનવાનો ઈન્કાર કરી દેતા હતા અને જ્યારે તેના સાથે બીજાઓને ભેળવવામાં આવતા તો તમે માની લેતા હતા. હવે ફેંસલો અલ્લાહ, મહાન અને સર્વોચ્ચના હાથમાં છે.''

૧૩. તે જ છે જે તમને પોતાની નિશાનીઓ દેખાડે છે અને આકાશમાંથી તમારા માટે રોજી ઊતારે છે, પરંતુ (આ નિશાનીઓના નિરીક્ષણથી) શિક્ષા તે જ વ્યક્તિ ગ્રહણ કરે છે જે અલ્લાહ તરફ વળનાર હોય.

૧૪. (તો હે અલ્લાહ તરફ વળનારાઓ!) અલ્લાહને જ પોકારો, પોતાના દીન (ધર્મ)ને તેના માટે વિશિષ્ટ બનાવીને, ચાહે તમારું આ કૃત્ય કાફિરો (અધર્મીઓ)ને ગમે તેટલું અપ્રિય હોય.

૧૫. તે ઉચ્ચ દરજ્જાઓવાળો, અર્શ (સિંહાસન)નો માલિક છે. પોતાના બંદાઓમાંથી જેના ઉપર ઈચ્છે છે પોતાની આજ્ઞાથી રૂહ અવતરિત કરી દે છે જેથી તે મુલાકાતના દિવસથી સાવધાન કરી દે.

૧૬. તે દિવસે જ્યારે તમામ લોકો ખુલ્લી રીતે સામે હશે, અલ્લાહથી તેમની કોઈ વાત પણ છૂપી નહીં હોય. (તે દિવસે પોકારીને પૂછવામાં આવશે) આજે રાજ્ય કોનું છે? (આખી સૃષ્ટિ પોકારી ઊઠશે) અલ્લાહ, એકલા અને પ્રભુત્વશાળીનું.

૧૭. (કહેવામાં આવશે) આજે દરેક જીવધારીને તેની કમાણીનું વળતર ચૂકવવામાં આવશે જે તેણે કરી હતી, આજે કોઈના ઉપર કોઈ અત્યાચાર નહીં થાય અને અલ્લાહ હિસાબ લેવામાં ઘણો ઝડપી છે.

૧૮. હે નબી! ડરાવી દો આ લોકોને, તે દિવસથી જે નિકટ આવી પહોંચ્યો છે. જ્યારે કાળજાં બહાર આવી રહ્યા હશે અને લોકો ચુપચાપ દુઃખના ઘૂંટડા પી રહ્યા હશે. અત્યાચારીઓનો ન કોઈ આત્મીય મિત્ર હશે અને ન કોઈ ભલામણ કરનાર જેની વાત માનવામાં આવે.

૧૯. અલ્લાહ નજરોની ચોરી સુધ્ધાંથી વાકેફ છે અને તે રહસ્યો પણ જાણે છે જે તેમના હૃદયોએ છૂપાવી રાખ્યા છે.

૨૦. અને અલ્લાહ સત્યપૂર્વક નિષ્પક્ષ ફેંસલો કરશે. હવે તેઓ જેમને (આ બહુદેવવાદીઓ) અલ્લાહને છોડીને પોકારે છે, કોઈ વસ્તુનો પણ ફેંસલો કરવાના નથી. નિઃસંદેહ અલ્લાહ જ બધું જ સાંભળનાર અને જોનાર છે. (રુકૂઅ-૨)

૨૧. શું આ લોકો ક્યારેય ધરતીમાં હર્યા-ફર્યા નથી કે આ લોકોને તેમનો અંજામ

الَّذِیْنَ كَانُوْا مِنْ قَبْلِهِمْ ؕ كَانُوْا هُمْ اَشَدَّ مِنْهُمْ قُوَّةً وَّ
اٰثَارًا فِی الْاَرْضِ فَاَخَذَهُمُ اللّٰهُ بِذُنُوْبِهِمْ ؕ وَ مَا كَانَ
لَهُمْ مِّنَ اللّٰهِ مِنْ وَّاقٍ ۝٢١ ذٰلِكَ بِاَنَّهُمْ كَانَتْ تَّاْتِیْهِمْ
رُسُلُهُمْ بِالْبَیِّنٰتِ فَكَفَرُوْا فَاَخَذَهُمُ اللّٰهُ ؕ اِنَّهٗ قَوِیٌّ
شَدِیْدُ الْعِقَابِ ۝٢٢ وَ لَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰیٰتِنَا وَ
سُلْطٰنٍ مُّبِیْنٍ ۝٢٣ اِلٰى فِرْعَوْنَ وَ هَامٰنَ وَ قَارُوْنَ فَقَالُوْا
سٰحِرٌ كَذَّابٌ ۝٢٤ فَلَمَّا جَآءَهُمْ بِالْحَقِّ مِنْ عِنْدِنَا قَالُوا
اقْتُلُوْۤا اَبْنَآءَ الَّذِیْنَ اٰمَنُوْا مَعَهٗ وَ اسْتَحْیُوْا نِسَآءَهُمْ ؕ
وَ مَا كَیْدُ الْكٰفِرِیْنَ اِلَّا فِیْ ضَلٰلٍ ۝٢٥ وَ قَالَ فِرْعَوْنُ
ذَرُوْنِیْۤ اَقْتُلْ مُوْسٰى وَ لْیَدْعُ رَبَّهٗ ۚ اِنِّیْۤ اَخَافُ اَنْ
یُّبَدِّلَ دِیْنَكُمْ اَوْ اَنْ یُّظْهِرَ فِی الْاَرْضِ الْفَسَادَ ۝٢٦
وَ قَالَ مُوْسٰۤى اِنِّیْ عُذْتُ بِرَبِّیْ وَ رَبِّكُمْ مِّنْ كُلِّ مُتَكَبِّرٍ
لَّا یُؤْمِنُ بِیَوْمِ الْحِسَابِ ۝٢٧ وَ قَالَ رَجُلٌ مُّؤْمِنٌ ۖۗ ع ٧ ٨
مِّنْ اٰلِ فِرْعَوْنَ یَكْتُمُ اِیْمَانَهٗۤ اَتَقْتُلُوْنَ رَجُلًا اَنْ
یَّقُوْلَ رَبِّیَ اللّٰهُ وَ قَدْ جَآءَكُمْ بِالْبَیِّنٰتِ مِنْ رَّبِّكُمْ ؕ
وَ اِنْ یَّكُ كَاذِبًا فَعَلَیْهِ كَذِبُهٗ ۚ وَ اِنْ یَّكُ صَادِقًا
یُّصِبْكُمْ بَعْضُ الَّذِیْ یَعِدُكُمْ ؕ اِنَّ اللّٰهَ لَا یَهْدِیْ مَنْ
هُوَ مُسْرِفٌ كَذَّابٌ ۝٢٨ یٰقَوْمِ لَكُمُ الْمُلْكُ الْیَوْمَ
ظٰهِرِیْنَ فِی الْاَرْضِ ۫ فَمَنْ یَّنْصُرُنَا مِنْۢ بَاْسِ اللّٰهِ

દેખાયો હોત જેઓ આમની પહેલાં થઈ ચૂક્યા છે? તેઓ આમનાથી વધુ શક્તિશાળી હતા અને આમનાથી વધુ પ્રબળ નિશાનીઓ ધરતીમાં મૂકી ગયા છે. પરંતુ અલ્લાહે તેમને તેમના ગુનાઓ માટે ઝડપી લીધા અને તેમને અલ્લાહથી બચાવનાર કોઈ ન હતું.

૨૨. આવો અંજામ તેમનો એટલા માટે આવ્યો કે તેમના પાસે તેમના પયગંબરો પ્રત્યક્ષ પ્રમાણો લઈને આવ્યા અને તેમણે માનવાનો ઈન્કાર કરી દીધો. છેવટે અલ્લાહે તેમને ઝડપી લીધા. નિશ્ચિતપણે તે ખૂબ શક્તિશાળી અને સજા આપવામાં ખૂબ કઠોર છે.

૨૩. અમે મૂસાને પોતાની નિશાનીઓ અને નિમણૂકની સ્પષ્ટ સનંદ સાથે મોકલ્યો

૨૪. ફિરઔન અને હામાન અને કારૂન તરફ, પરંતુ તેમણે કહ્યું, "જાદુગર છે, જૂઠો છે."

૨૫. પછી જ્યારે તે અમારા પાસેથી સત્ય તેમના સામે લઈ આવ્યો તો તેમણે કહ્યું, "જેઓ ઈમાન લાવીને આની સાથે સામેલ થયા છે તે બધાના પુત્રોને કતલ કરી દો અને પુત્રીઓને જીવતી રહેવા દો." પરંતુ કાફિરો (અધર્મીઓ)ની ચાલ નિષ્ફળ જ ગઈ.

૨૬. એક દિવસે ફિરઔને પોતાના દરબારીઓને કહ્યું, "છોડી દો મને, હું આ મૂસાને કતલ કરી દઉં છું, અને પોકારી જુએ આ પોતાના રબ (પ્રભુ)ને. મને આશંકા છે કે આ તમારો ધર્મ બદલી નાખશે, અથવા દેશમાં બગાડ પેદા કરી દશે."

૨૭. મૂસાએ કહ્યું, "મેં તો દરેક તે અહંકારીથી જે હિસાબના દિવસ પર ઈમાન ધરાવતો નથી પોતાના રબ અને તમારા રબનું શરણ મેળવી લીધું છે." (રુકૂઅ-૩)

૨૮. આ પ્રસંગે ફિરઔનના લોકોમાંથી એક ઈમાન ધરાવનાર વ્યક્તિ જે પોતાનું ઈમાન છૂપાવી રહ્યો હતો, બોલી ઊઠ્યો, "શું તમે એક માણસને માત્ર એટલા માટે જ કતલ કરી દેશો કે તે કહે છે કે મારો રબ (માલિક અને પાલનહાર) અલ્લાહ છે? જો કે તે તમારા રબ તરફથી તમારા પાસે પ્રત્યક્ષ પ્રમાણો લઈ આવ્યો. જો તે જૂઠો છે તો તેનું જૂઠ સ્વયં તેના ઉપર પાછું આવશે. પરંતુ જો તે સાચો છે તો જે ભયંકર પરિણામોથી તે તમને ડરાવે છે તેમાંથી કેટલાક તો તમારા ઉપર ચોક્કસ આવી જશે. અલ્લાહ એવા કોઈ માણસને માર્ગદર્શન નથી આપતો જે મર્યાદાઓનું ઉલ્લંઘન કરનારો અને મોટો જૂઠો હોય.

૨૯. હે મારી કોમના લોકો! આજે તમને સત્તા પ્રાપ્ત છે અને ધરતીમાં તમે પ્રભુત્વશાળી છો, પરંતુ જો અલ્લાહની યાતના આપણા ઉપર આવી ગઈ તો પછી કોણ છે જે આપણી મદદ કરી શકશે?" ફિરઔને

اِنْ جَآءَنَا ؕ قَالَ فِرْعَوْنُ مَآ اُرِيْكُمْ اِلَّا مَآ اَرٰى وَ مَآ
اَهْدِيْكُمْ اِلَّا سَبِيْلَ الرَّشَادِ ﴿۲۹﴾ وَقَالَ الَّذِيْٓ اٰمَنَ يٰقَوْمِ
اِنِّيْٓ اَخَافُ عَلَيْكُمْ مِّثْلَ يَوْمِ الْاَحْزَابِ ﴿۳۰﴾ لا مِثْلَ دَاْبِ
قَوْمِ نُوْحٍ وَّعَادٍ وَّثَمُوْدَ وَالَّذِيْنَ مِنْۢ بَعْدِهِمْ ؕ وَمَا
اللّٰهُ يُرِيْدُ ظُلْمًا لِّلْعِبَادِ ﴿۳۱﴾ وَ يٰقَوْمِ اِنِّيْٓ اَخَافُ عَلَيْكُمْ
يَوْمَ التَّنَادِ ﴿۳۲﴾ لا يَوْمَ تُوَلُّوْنَ مُدْبِرِيْنَ ۚ مَا لَكُمْ مِّنَ اللّٰهِ
مِنْ عَاصِمٍ ۚ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ هَادٍ ﴿۳۳﴾
وَلَقَدْ جَآءَكُمْ يُوْسُفُ مِنْ قَبْلُ بِالْبَيِّنٰتِ فَمَا زِلْتُمْ
فِيْ شَكٍّ مِّمَّا جَآءَكُمْ بِهٖ ؕ حَتّٰٓى اِذَا هَلَكَ قُلْتُمْ لَنْ
يَّبْعَثَ اللّٰهُ مِنْۢ بَعْدِهٖ رَسُوْلًا ؕ كَذٰلِكَ يُضِلُّ اللّٰهُ
مَنْ هُوَ مُسْرِفٌ مُّرْتَابُ ۨ ﴿۳۴﴾ ۖ الَّذِيْنَ يُجَادِلُوْنَ فِيْٓ
اٰيٰتِ اللّٰهِ بِغَيْرِ سُلْطٰنٍ اَتٰىهُمْ ؕ كَبُرَ مَقْتًا عِنْدَ اللّٰهِ وَ
عِنْدَ الَّذِيْنَ اٰمَنُوْا ؕ كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى كُلِّ قَلْبِ
مُتَكَبِّرٍ جَبَّارٍ ﴿۳۵﴾ وَقَالَ فِرْعَوْنُ يٰهَامٰنُ ابْنِ لِيْ
صَرْحًا لَّعَلِّيْٓ اَبْلُغُ الْاَسْبَابَ ﴿۳۶﴾ لا اَسْبَابَ السَّمٰوٰتِ
فَاَطَّلِعَ اِلٰٓى اِلٰهِ مُوْسٰى وَاِنِّيْ لَاَظُنُّهٗ كَاذِبًا ؕ وَكَذٰلِكَ
زُيِّنَ لِفِرْعَوْنَ سُوْٓءُ عَمَلِهٖ وَصُدَّ عَنِ السَّبِيْلِ ؕ وَمَا
كَيْدُ فِرْعَوْنَ اِلَّا فِيْ تَبَابٍ ﴿۳۷﴾ ع وَقَالَ الَّذِيْٓ اٰمَنَ
يٰقَوْمِ اتَّبِعُوْنِ اَهْدِكُمْ سَبِيْلَ الرَّشَادِ ﴿۳۸﴾ ج يٰقَوْمِ اِنَّمَا

ع ٤ / ١٠

કહ્યું, "હું તો તમને તે જ અભિપ્રાય આપી રહ્યો છું જે મને યોગ્ય દેખાય છે અને હું તમને તે જ માર્ગ તરફ તમારી દોરવણી કરૂં છું જે સારો છે."

૩૦. તે માણસ જે ઈમાન લાવ્યો હતો તેણે કહ્યું, "હે મારી કોમના લોકો ! મને ભય છે કે ક્યાંક તમારા ઉપર પણ તે દિવસ ન આવી જાય જે આ પહેલાં ઘણા જૂથો પર આવી ચૂક્યો છે,

૩૧. જેવો દિવસ નૂહની કોમ અને આદ અને સમૂદ અને એમના પછીની કોમો ઉપર આવ્યો હતો, અને એ સત્ય છે કે અલ્લાહ પોતાના બંદાઓ ઉપર અત્યાચારનો કોઈ ઇરાદો ધરાવતો નથી.

૩૨. હે કોમ ! મને ડર છે કે ક્યાંક તમારા પર ફરિયાદ અને આર્તનાદ કરવાનો દિવસ ન આવી જાય જ્યારે તમે એકબીજાને પોકારશો

૩૩. અને ભાગ્યા-ભાગ્યા ફરશો, પરંતુ તે વખતે અલ્લાહથી બચાવનાર કોઈ નહીં હોય. સત્ય એ છે કે જેને અલ્લાહ પથભ્રષ્ટ કરી દે તેને પછી કોઈ રસ્તો બતાવનાર નથી હોતો.

૩૪. આના પહેલાં યૂસુફ તમારા પાસે સ્પષ્ટ પ્રમાણો લઈને આવ્યા હતા પરંતુ તમે તેમની લાવેલી શિક્ષા અંગે શંકામાં જ રહ્યા. પછી જ્યારે તેમનું અવસાન થઈ ગયું તો તમે કહ્યું કે હવે તેમના પછી અલ્લાહ કોઈ રસૂલ (સંદેશવાહક) કદાપિ નહીં મોકલે." — આવી જ રીતે અલ્લાહ તે સૌ લોકોને ભટકાવી મૂકે છે જેઓ હદથી વધી જનારા અને શંકાશીલ હોય છે.

૩૫. અને અલ્લાહની આયતોમાં ઝઘડા કરે છે, તેના વગર કે તેમના પાસે કોઈ સનંદ કે દલીલ આવી હોય. આ વર્તણૂંક અલ્લાહ અને ઈમાન લાવનારાઓ નજીક ખૂબ જ ધૃણાપાત્ર છે. આવી જ રીતે અલ્લાહ પ્રત્યેક અભિમાની અને અત્યાચારીનાં હૃદય ઉપર મહોર મારી દે છે.

૩૬. ફિરઔને કહ્યું, "હે હામાન ! મારા માટે એક ઊંચી ઇમારત બનાવ જેથી હું રસ્તાઓ સુધી પહોંચી શકું,

૩૭. આકાશોના રસ્તાઓ સુધી, અને મૂસાના ખુદાને ઝાંખીને જોઉં. મને તો આ મૂસા જૂઠો જ લાગે છે." — આમ ફિરઔન માટે તેના દુષ્કૃત્યો શોભાસ્પદ બનાવી દેવામાં આવ્યા અને તેને સન્માર્ગથી રોકી દેવામાં આવ્યો. ફિરઔનની આખી ચાલબાજી (તેના પોતાના) વિનાશના માર્ગમાં જ વપરાઈ. (રુકૂઅ-૪)

૩૮. તે વ્યક્તિ જે ઈમાન લાવ્યો હતો, બોલ્યો, "હે મારી કોમના લોકો ! મારી વાત માનો, હું તમને સાચો માર્ગ બતાવું છું.

هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَا مَتَاعٌ ز وَّاِنَّ الْاٰخِرَةَ هِيَ دَارُ
الْقَرَارِ ﴿٣٩﴾ مَنْ عَمِلَ سَيِّئَةً فَلَا يُجْزٰۤى اِلَّا مِثْلَهَا ج
وَمَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَ هُوَ مُؤْمِنٌ
فَاُولٰٓئِكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ يُرْزَقُوْنَ فِيْهَا بِغَيْرِ
حِسَابٍ ﴿٤٠﴾ وَيٰقَوْمِ مَا لِيْۤ اَدْعُوْكُمْ اِلَى النَّجٰوةِ وَ
النصف تَدْعُوْنَنِيْۤ اِلَى النَّارِ ﴿٤١﴾ط تَدْعُوْنَنِيْ لِاَكْفُرَ بِاللّٰهِ وَ
اُشْرِكَ بِهٖ مَا لَيْسَ لِيْ بِهٖ عِلْمٌ ز وَّاَنَا اَدْعُوْكُمْ اِلَى
الْعَزِيْزِ الْغَفَّارِ ﴿٤٢﴾ لَا جَرَمَ اَنَّمَا تَدْعُوْنَنِيْۤ اِلَيْهِ
لَيْسَ لَهٗ دَعْوَةٌ فِي الدُّنْيَا وَلَا فِي الْاٰخِرَةِ وَاَنَّ
مَرَدَّنَاۤ اِلَى اللّٰهِ وَاَنَّ الْمُسْرِفِيْنَ هُمْ اَصْحٰبُ النَّارِ ﴿٤٣﴾
فَسَتَذْكُرُوْنَ مَاۤ اَقُوْلُ لَكُمْ ط وَاُفَوِّضُ اَمْرِيْۤ اِلَى اللّٰهِ ط
اِنَّ اللّٰهَ بَصِيْرٌۢ بِالْعِبَادِ ﴿٤٤﴾ فَوَقٰىهُ اللّٰهُ سَيِّاٰتِ مَا
مَكَرُوْا وَحَاقَ بِاٰلِ فِرْعَوْنَ سُوْۤءُ الْعَذَابِ ﴿٤٥﴾ج
اَلنَّارُ يُعْرَضُوْنَ عَلَيْهَا غُدُوًّا وَّعَشِيًّا ج وَيَوْمَ تَقُوْمُ
السَّاعَةُ قف اَدْخِلُوْۤا اٰلَ فِرْعَوْنَ اَشَدَّ الْعَذَابِ ﴿٤٦﴾ وَ
اِذْ يَتَحَآجُّوْنَ فِي النَّارِ فَيَقُوْلُ الضُّعَفٰٓؤُا لِلَّذِيْنَ
اسْتَكْبَرُوْۤا اِنَّا كُنَّا لَكُمْ تَبَعًا فَهَلْ اَنْتُمْ مُّغْنُوْنَ
عَنَّا نَصِيْبًا مِّنَ النَّارِ ﴿٤٧﴾ قَالَ الَّذِيْنَ اسْتَكْبَرُوْۤا اِنَّا
منزل ٦ كُلٌّ فِيْهَاۤ اِنَّ اللّٰهَ قَدْ حَكَمَ بَيْنَ الْعِبَادِ ﴿٤٨﴾ وَقَالَ

૩૯. હે કોમ ! આલોક (દુનિયા)નું જીવન તો થોડા દિવસનું છે, હંમેશાં રહેઠાણની જગ્યા તો આખિરત (પરલોક) છે.

૪૦. જે બૂરાઈ કરશે, તેને તેટલો જ બદલો મળશે જેટલી બૂરાઈ તેણે કરી હશે અને જે સદ્કાર્ય કરશે, ચાહે તે પુરુષ હોય કે સ્ત્રી, શરત એ કે હોય તે ઈમાનવાળા, તો આવા સૌ લોકો જન્નત (સ્વર્ગ)માં દાખલ થશે, જ્યાં તેમને બેહિસાબ રોજી આપવામાં આવશે.

૪૧. હે કોમ ! છેવટે આ શું મામલો છે કે હું તો તમને મુક્તિ તરફ બોલાવું છું અને તમે મને આગ તરફ આમંત્રણ આપો છો !

૪૨. તમે મને એ વાતનું આમંત્રણ આપો છો કે હું અલ્લાહથી કુફ્ર કરું અને તેના સાથે તે હસ્તીઓને ભાગીદાર ઠેરવું જેમને હું જાણતો નથી, જો કે હું તમને તે પ્રભુત્વશાળી ક્ષમાશીલ અલ્લાહ તરફ બોલાવી રહ્યો છું.

૪૩. નહીં, સત્ય આ છે અને આનાથી વિપરીત નથી હોઈ શકતું કે જેમના તરફ તમે મને બોલાવી રહ્યાં છો તેમના માટે ન દુનિયા (આલોક)માં કોઈ આમંત્રણ છે અને ન આખિરત (પરલોક)માં, અને આપણે સૌને પાછા ફરવાનું તો અલ્લાહ તરફ જ છે, અને હદથી વધી જનારાઓ આગમાં જવાવાળા છે.

૪૪. આજે જે કંઈ હું કહી રહ્યો છું, નજીકમાં જ તે સમય આવશે જ્યારે તમે તેને યાદ કરશો, અને પોતાનો મામલો હું અલ્લાહને સુપ્રત કરું છું, તે પોતાના બંદાઓની દેખરેખ રાખનાર છે."

૪૫. છેવટે તે લોકોએ જે ખરાબમાં ખરાબ ચાલબાજીઓ, તે ઈમાનવાળા વ્યક્તિ વિરૂદ્ધ ચાલી, અલ્લાહે તે બધાથી તેને બચાવી લીધો, અને ફ઼િરઔનના સાથીઓ પોતે જ સૌથી ખરાબ યાતનાના ચક્કરમાં આવી ગયા.

૪૬. દોજખ (નર્ક)ની આગ છે, જેના સામે તેમને સવારે અને સાંજે રજૂ કરવામાં આવે છે, અને જ્યારે કયામત (પુનર્જીવન)ની ઘડી આવી જશે ત્યારે આદેશ થશે કે ફ઼િરઔનના લોકોને અત્યંત કઠોર યાતનામાં દાખલ કરો.

૪૭. પછી થોડો વિચાર કરો તે સમયનો જ્યારે આ લોકો દોજખમાં એકબીજા સાથે ઝઘડી રહ્યા હશે. દુનિયામાં જેઓ કમજોર હતા તેઓ મોટા બનનારાઓને કહેશે, "અમે તમારા આધીન હતા, હવે શું અહીં તમે જહન્નમની આગની પીડાના અમુક ભાગથી અમને બચાવી લેશો ?"

૪૮. તે મોટા બનનારાઓ જવાબ આપશે, "આપણે સૌ અહીં એક સ્થિતિમાં છીએ, અને અલ્લાહ બંદાઓ વચ્ચે ફેંસલો કરી ચૂક્યો છે."

الَّذِيْنَ فِي النَّارِ لِخَزَنَةِ جَهَنَّمَ ادْعُوْا رَبَّكُمْ يُخَفِّفْ
عَنَّا يَوْمًا مِّنَ الْعَذَابِ ﴿٤٩﴾ قَالُوْٓا اَوَلَمْ تَكُ تَاْتِيْكُمْ
رُسُلُكُمْ بِالْبَيِّنٰتِ ؕ قَالُوْا بَلٰى ؕ قَالُوْا فَادْعُوْا ۚ وَمَا
ع ٥ / ١٠ دُعٰٓؤُا الْكٰفِرِيْنَ اِلَّا فِيْ ضَلٰلٍ ﴿٥٠﴾ اِنَّا لَنَنْصُرُ رُسُلَنَا وَ
الَّذِيْنَ اٰمَنُوْا فِي الْحَيٰوةِ الدُّنْيَا وَيَوْمَ يَقُوْمُ الْاَشْهَادُ ﴿٥١﴾
يَوْمَ لَا يَنْفَعُ الظّٰلِمِيْنَ مَعْذِرَتُهُمْ وَلَهُمُ اللَّعْنَةُ
وَلَهُمْ سُوْٓءُ الدَّارِ ﴿٥٢﴾ وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْهُدٰى
وَاَوْرَثْنَا بَنِيْٓ اِسْرَآءِيْلَ الْكِتٰبَ ﴿٥٣﴾ هُدًى وَّ
ذِكْرٰى لِاُولِي الْاَلْبَابِ ﴿٥٤﴾ فَاصْبِرْ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ
وَّاسْتَغْفِرْ لِذَنْبِكَ وَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ بِالْعَشِيِّ وَ
الْاِبْكَارِ ﴿٥٥﴾ اِنَّ الَّذِيْنَ يُجَادِلُوْنَ فِيْٓ اٰيٰتِ اللّٰهِ بِغَيْرِ
سُلْطٰنٍ اَتٰىهُمْ ۙ اِنْ فِيْ صُدُوْرِهِمْ اِلَّا كِبْرٌ مَّا هُمْ
بِبَالِغِيْهِ ۚ فَاسْتَعِذْ بِاللّٰهِ ؕ اِنَّهٗ هُوَ السَّمِيْعُ الْبَصِيْرُ ﴿٥٦﴾
لَخَلْقُ السَّمٰوٰتِ وَالْاَرْضِ اَكْبَرُ مِنْ خَلْقِ النَّاسِ وَ
لٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٥٧﴾ وَمَا يَسْتَوِي الْاَعْمٰى
وَالْبَصِيْرُ ۙ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَلَا
الْمُسِيْٓءُ ؕ قَلِيْلًا مَّا تَتَذَكَّرُوْنَ ﴿٥٨﴾ اِنَّ السَّاعَةَ لَاٰتِيَةٌ
لَّا رَيْبَ فِيْهَا وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يُؤْمِنُوْنَ ﴿٥٩﴾
منزل ٦ وَقَالَ رَبُّكُمُ ادْعُوْنِيْٓ اَسْتَجِبْ لَكُمْ ؕ اِنَّ الَّذِيْنَ

૪૯. પછી આ દોજખમાં પડેલા લોકો જહન્નમના કાર્યકર્તાઓને કહેશે, ''પોતાના માલિકથી પ્રાર્થના કરો કે અમારી સજામાં માત્ર એક દિવસનો ઘટાડો કરી દે.''

૫૦. તેઓ પૂછશે, ''શું તમારા પાસે રસૂલો (ઈશદૂતો) સ્પષ્ટ નિશાનીઓ લઈને નહોતા આવતા રહેતા ?'' તેઓ કહેશે, ''હા.'' જહન્નમના કાર્યકર્તાઓ કહેશે, ''પછી તો તમે જ પ્રાર્થના કરો, અને કાફિરો (અધર્મીઓ)ની પ્રાર્થના તો નિરર્થક જ જવાની છે.'' (રુકૂઅ-૫)

૫૧. વિશ્વાસ રાખો કે અમે પોતાના રસૂલો (ઈશદૂતો) અને ઈમાન લાવનારાઓની મદદ આ દુનિયાના જીવનમાં પણ જરૂર કરીએ છીએ, અને તે દિવસે પણ કરીશું જ્યારે સાક્ષીઓ ઊભા થશે,

૫૨. જ્યારે અત્યાચારીઓને તેમનું માફી-હેતુ સફાઈ રજૂ કરવું કોઈ ફાયદો નહીં આપે અને તેમના ઉપર ફિટકાર પડશે અને સૌથી ખરાબ ઠેકાણું તેમના હિસ્સામાં આવશે.

૫૩. છેવટે જોઈ લો કે મૂસાનું અમે માર્ગદર્શન કર્યું અને ઇસરાઈલની સંતાનને તે ગ્રંથના ઉત્તરાધિકારી બનાવી દીધા

૫૪. જે બુદ્ધિશાળી લોકો માટે માર્ગદર્શન અને શિખામણ હતો.

૫૫. તો હે પયગંબર ! ધીરજ રાખો, અલ્લાહનો વાયદો તદ્દન સાચો છે, પોતાના કસૂરની માફી માગો.'' અને સવાર-સાંજ પોતાના રબની પ્રશંસાની સાથે તેની તસ્બીહ (પવિત્રતાનો જાપ) કરતા રહો.

૫૬. વાસ્તવિકતા એ છે કે જે લોકો કોઈ સનંદ કે દલીલ વિના, જે તેમના પાસે આવી હોય, અલ્લાહની આયતોમાં ઝઘડી રહ્યા છે તેમના હૃદયોમાં અહંકાર ભરેલો છે, પરંતુ તેઓ તે મોટાઈ સુધી પહોંચવાના નથી જેનું તેઓ ઘમંડ રાખે છે. કેવળ અલ્લાહનું શરણ માગી લો, તે બધું જ જુએ અને સાંભળે છે.

૫૭. આકાશો અને ધરતીનું પેદા કરવું મનુષ્યને પેદા કરવાની સરખામણીમાં ચોક્કસ વધારે મોટું કામ છે, પરંતુ મોટા ભાગના લોકો જાણતા નથી.

૫૮. અને તે થઈ શકતું નથી કે આંધળો અને આંખોવાળો સરખા થઈ જાય અને ન ઈમાનદાર સદાચારી તથા દુરાચારી સરખા ઠરે. પરંતુ તમે લોકો ભાગ્યે જ કંઈ સમજો છો.

૫૯. નિશ્ચિતપણે કયામત (પુનરુજ્જીવન)ની ઘડી આવવાની છે, તેના આવવામાં કોઈ શંકા નથી, પરંતુ ઘણાંખરા લોકો નથી માનતા.

૬૦. તમારો રબ (પ્રભુ) કહે છે, ''મને પોકારો, હું તમારી દુઆઓ (પ્રાર્થનાઓ) કબૂલ કરીશ, જેઓ અભિમાનમાં આવીને મારી

ع ٦ ١٠

يَسْتَكْبِرُوْنَ عَنْ عِبَادَتِيْ سَيَدْخُلُوْنَ جَهَنَّمَ دٰخِرِيْنَ ﴿٦٠﴾ ع
اَللّٰهُ الَّذِيْ جَعَلَ لَكُمُ الَّيْلَ لِتَسْكُنُوْا فِيْهِ وَ النَّهَارَ
مُبْصِرًا ط اِنَّ اللّٰهَ لَذُوْ فَضْلٍ عَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَ
النَّاسِ لَا يَشْكُرُوْنَ ﴿٦١﴾ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ خَالِقُ كُلِّ
وقف لازم
شَيْءٍ م لَآ اِلٰهَ اِلَّا هُوَ ز فَاَنّٰى تُؤْفَكُوْنَ ﴿٦٢﴾ كَذٰلِكَ
يُؤْفَكُ الَّذِيْنَ كَانُوْا بِاٰيٰتِ اللّٰهِ يَجْحَدُوْنَ ﴿٦٣﴾ اَللّٰهُ
الَّذِيْ جَعَلَ لَكُمُ الْاَرْضَ قَرَارًا وَّالسَّمَآءَ بِنَآءً وَّ
صَوَّرَكُمْ فَاَحْسَنَ صُوَرَكُمْ وَرَزَقَكُمْ مِّنَ الطَّيِّبٰتِ ط
ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ ج فَتَبٰرَكَ اللّٰهُ رَبُّ الْعٰلَمِيْنَ ﴿٦٤﴾ هُوَ
الْحَيُّ لَآ اِلٰهَ اِلَّا هُوَ فَادْعُوْهُ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ط
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿٦٥﴾ قُلْ اِنِّيْ نُهِيْتُ اَنْ اَعْبُدَ
الَّذِيْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ لَمَّا جَآءَنِيَ الْبَيِّنٰتُ
مِنْ رَّبِّيْ ز وَاُمِرْتُ اَنْ اُسْلِمَ لِرَبِّ الْعٰلَمِيْنَ ﴿٦٦﴾ هُوَ
الَّذِيْ خَلَقَكُمْ مِّنْ تُرَابٍ ثُمَّ مِنْ نُّطْفَةٍ ثُمَّ مِنْ
عَلَقَةٍ ثُمَّ يُخْرِجُكُمْ طِفْلًا ثُمَّ لِتَبْلُغُوْٓا اَشُدَّكُمْ
ثُمَّ لِتَكُوْنُوْا شُيُوْخًا ج وَمِنْكُمْ مَّنْ يُّتَوَفّٰى مِنْ قَبْلُ
وَلِتَبْلُغُوْٓا اَجَلًا مُّسَمًّى وَّلَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿٦٧﴾ هُوَ
منزل ٦
الَّذِيْ يُحْيٖ وَيُمِيْتُ ج فَاِذَا قَضٰٓى اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ
ع ٨ ١٢
لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٦٨﴾ ع اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ يُجَادِلُوْنَ

બંદગીથી મોઢું ફેરવે છે, ચોક્કસ તેઓ અપમાનિત અને વ્યાધિગ્રસ્ત થઈને જહન્નમ (નર્ક)માં દાખલ થશે. (રુકૂઅ-૬)

૬૧. તે અલ્લાહ તો છે જેણે તમારા માટે રાત બનાવી જેથી તમે તેમાં શાંતિ પ્રાપ્ત કરો અને દિવસને પ્રકાશિત કર્યો. હકીકત એ છે કે અલ્લાહ લોકો ઉપર મોટો કૃપાળુ છે, પરંતુ ઘણાંખરા લોકો કૃતજ્ઞ બનતા નથી.

૬૨. તે જ અલ્લાહ (જેણે તમારા માટે આ સઘળું કર્યું છે) તમારો માલિક અને પાલનહાર છે. દરેક વસ્તુનો સૃષ્ટા. તેના સિવાય કોઈ ઉપાસ્ય નથી. પછી તમે ક્યાંથી બહેકાવવામાં આવી રહ્યા છો ?

૬૩. આવી જ રીતે તે તમામ લોકો બહેકાવવામાં આવતા રહ્યા છે જેઓ અલ્લાહની આયતોનો ઈન્કાર કરતા હતા.

૬૪. તે અલ્લાહ તો છે જેણે તમારા માટે ધરતીને રોકાવાની જગ્યા બનાવી અને ઉપર આકાશનો ગુંબજ બનાવી દીધો, જેણે તમારું રૂપ બનાવ્યું અને ઘણું ઉત્તમ બનાવ્યું. જેણે તમને સારી-શુદ્ધ વસ્તુઓની રોજી આપી. તે જ અલ્લાહ (જેના આ કામો છે) તમારો રબ છે. બેહિસાબ બરકતોવાળો છે તે સૃષ્ટિનો માલિક અને પાલનહાર !

૬૫. તે જ જીવંત છે. તેના સિવાય કોઈ ઉપાસ્ય નથી. તેને જ તમે પોકારો પોતાના દીન (ધર્મ)ને તેના જ માટે વિશિષ્ટ બનાવીને. તમામ પ્રશંસા સર્વ દુનિયાઓના માલિક અલ્લાહ માટે જ છે.

૬૬. હે પયગંબર ! આ લોકોને કહી દો કે મને તો તે હસ્તીઓની ઉપાસના કરવાની મનાઈ કરવામાં આવી છે જેમને તમે અલ્લાહને છોડીને પોકારો છો. (હું આ કામ કેવી રીતે કરી શકું) જ્યારે કે મારા પાસે મારા રબ (પ્રભુ) તરફથી સ્પષ્ટ નિશાનીઓ આવી ચૂકી છે. મને આદેશ આપવામાં આવ્યો છે કે હું દુનિયાઓના માલિક અને પાલનહાર સામે આજ્ઞાપાલનમાં માથું ઝુકાવી દઉં.

૬૭. તે જ તો છે જેણે તમને માટીમાંથી પેદા કર્યા, પછી વીર્ય-બિંદુમાંથી, પછી લોહીના લોચામાંથી, પછી તે તમને બાળકના રૂપમાં કાઢે છે, પછી તમને વિકસાવે છે જેથી તમે પોતાની પૂર્ણ શક્તિએ (પ્રૌઢાવસ્થાએ) પહોંચી જાઓ, પછી વધુ વિકસાવે છે જેથી તમે વૃદ્ધાવસ્થાએ પહોંચો અને તમારામાંથી કોઈ પહેલાં જ પાછો બોલાવી લેવાય છે. આ બધું એટલા માટે કરવામાં આવે છે જેથી તમે પોતાના ઠરાવેલા સમય સુધી પહોંચી જાઓ, અને એટલા માટે કે તમે હકીકતને સમજો.

૬૮. તે જ છે જીવન પ્રદાન કરનાર, અને તે જ મૃત્યુ આપવાનો છે. તે જે વાતનો પણ ફેંસલો કરે છે, કેવળ એક આજ્ઞા આપે છે કે 'થઈ જા' અને તે થઈ જાય છે. (રુકૂઅ-૭)

૬૯. તમે જોયા તે લોકોને જેઓ અલ્લાહની આયતોમાં ઝઘડા કરે છે, તેઓ

فِيْٓ اٰيٰتِ اللّٰهِ ؕ اَنّٰى يُصْرَفُوْنَ ۛ﴿٦٩﴾ اَلَّذِيْنَ كَذَّبُوْا
بِالْكِتٰبِ وَبِمَآ اَرْسَلْنَا بِهٖ رُسُلَنَا ۛ فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿٧٠﴾ لا معانقة ١٢ عند المتاخرين ١٢
اِذِ الْاَغْلٰلُ فِيْٓ اَعْنَاقِهِمْ وَالسَّلٰسِلُ ؕ يُسْحَبُوْنَ ﴿٧١﴾ لا
فِي الْحَمِيْمِ ۙ ثُمَّ فِي النَّارِ يُسْجَرُوْنَ ﴿٧٢﴾ ج ثُمَّ قِيْلَ
لَهُمْ اَيْنَ مَا كُنْتُمْ تُشْرِكُوْنَ ﴿٧٣﴾ لا مِنْ دُوْنِ اللّٰهِ ؕ
قَالُوْا ضَلُّوْا عَنَّا بَلْ لَّمْ نَكُنْ نَّدْعُوْا مِنْ قَبْلُ شَيْئًا ؕ
كَذٰلِكَ يُضِلُّ اللّٰهُ الْكٰفِرِيْنَ ﴿٧٤﴾ ذٰلِكُمْ بِمَا كُنْتُمْ
تَفْرَحُوْنَ فِي الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ وَبِمَا كُنْتُمْ
تَمْرَحُوْنَ ﴿٧٥﴾ ج اُدْخُلُوْٓا اَبْوَابَ جَهَنَّمَ خٰلِدِيْنَ
فِيْهَا ۚ فَبِئْسَ مَثْوَى الْمُتَكَبِّرِيْنَ ﴿٧٦﴾ فَاصْبِرْ
اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ ۚ فَاِمَّا نُرِيَنَّكَ بَعْضَ الَّذِيْ
نَعِدُهُمْ اَوْ نَتَوَفَّيَنَّكَ فَاِلَيْنَا يُرْجَعُوْنَ ﴿٧٧﴾ وَ
لَقَدْ اَرْسَلْنَا رُسُلًا مِّنْ قَبْلِكَ مِنْهُمْ مَّنْ قَصَصْنَا
عَلَيْكَ وَمِنْهُمْ مَّنْ لَّمْ نَقْصُصْ عَلَيْكَ ؕ وَمَا كَانَ
لِرَسُوْلٍ اَنْ يَّاْتِيَ بِاٰيَةٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ۚ فَاِذَا جَآءَ
اَمْرُ اللّٰهِ قُضِيَ بِالْحَقِّ وَخَسِرَ هُنَالِكَ الْمُبْطِلُوْنَ ﴿٧٨﴾ ع ٨ ١٠
اَللّٰهُ الَّذِيْ جَعَلَ لَكُمُ الْاَنْعَامَ لِتَرْكَبُوْا مِنْهَا وَ
مِنْهَا تَاْكُلُوْنَ ﴿٧٩﴾ ز وَلَكُمْ فِيْهَا مَنَافِعُ وَلِتَبْلُغُوْا
عَلَيْهَا حَاجَةً فِيْ صُدُوْرِكُمْ وَعَلَيْهَا وَعَلَى الْفُلْكِ

ક્યાંથી ફેરવવામાં આવી રહ્યા છે ?

૭૦. આ લોકો જેઓ આ ગ્રંથને અને તે બધા ગ્રંથોને ખોટાં ઠેરવે છે જે અમે પોતાના રસૂલો (ઈશદૂતો)ની સાથે મોકલ્યા હતા, ટૂંકમાં જ આમને જણાઈ જશે

૭૧. જ્યારે તોક એમના ગળાઓમાં હશે, અને સાંકળો, જેમના વડે બાંધીને ખેંચવામાં આવશે

૭૨. તેમને ઊકળતા પાણી તરફ અને પછી દોજખની આગમાં ઝોકી દેવામાં આવશે.

૭૩. પછી આમને પૂછવામાં આવશે, "હવે કયાં છે અલ્લાહ સિવાયના તે બીજા ઉપાસ્યો જેમને તમે ભાગીદાર બનાવતા હતા ?"

૭૪. તેઓ જવાબ આપશે, "બધા છોડી ગયા અમને, બલ્કે અમે આ પહેલાં કોઈ વસ્તુને પોકારતા ન હતા." આવી રીતે અલ્લાહ કાફિરો (ઇન્કાર કરનારાઓ)ના પથભ્રષ્ટ હોવાને પ્રમાણિત કરી દેશે.

૭૫. તેમને કહેવામાં આવશે, "આ તમારું પરિણામ એટલા માટે આવ્યું કે તમે ધરતી ઉપર અસત્યમાં મગ્ન હતા અને વધુમાં તેના ઉપર મિથ્યાભિમાન કરતા હતા.

૭૬. હવે જાઓ, જહન્નમ (નર્ક)ના દરવાજાઓમાં દાખલ થઈ જાઓ, તમારે સદૈવ ત્યાં જ રહેવાનું છે, ઘણું જ ખરાબ ઠેકાણું છે અહંકારીઓનું."

૭૭. તો હે પયગંબર ! ધીરજ રાખો, અલ્લાહનો વાયદો તદ્દન સાચો છે. હવે ચાહે અમે તમારા સામે જ આમને તે ખરાબ પરિણામોનો કોઈ ભાગ દેખાડી દઈએ જેનાથી અમે આમને ડરાવી રહ્યા છીએ, અથવા (તે પહેલાં) તમને દુનિયામાંથી ઉઠાવી લઈએ, આમને પાછા તો અમારા જ તરફ આવવાનું છે.

૭૮. હે પયગંબર ! તમારા પહેલાં અમે ઘણાં રસૂલો (ઈશદૂતો) મોકલી ચૂક્યા છીએ જેમાંથી કેટલાકના અહેવાલ અમે તમને બતાવ્યા છે અને કેટલાકના નથી બતાવ્યા. કોઈ રસૂલની પણ એ શક્તિ ન હતી કે અલ્લાહની અનુમતિ વિના સ્વયં કોઈ નિશાની લઈ આવતો. પછી જ્યારે અલ્લાહનો આદેશ આવી ગયો તો સત્યપૂર્વક ફેંસલો કરી દેવામાં આવ્યો અને ત્યારે દુષ્કર્મી લોકો નુકસાનમાં પડી ગયા. (રુકૂઅ-૮)

૭૯. અલ્લાહે જ તમારા માટે આ પશુ બનાવ્યા છે જેથી આમાંથી કોઈના ઉપર તમે સવારી કરો અને કોઈનું માંસ ખાઓ.

૮૦. તેમના અંદર તમારા માટે બીજા પણ અનેક ફાયદાઓ છે. તેઓ એ કામમાં પણ આવે છે કે તમારા મનમાં જ્યાં જવાની જરૂર હોય ત્યાં તમે તેમના ઉપર બેસીને પહોંચી શકો. તેમના ઉપર પણ અને નૌકાઓમાં પણ તમે સવાર કરવામાં આવો છો.

تُحْمَلُوْنَ ﴿٨٠﴾ وَيُرِيْكُمْ اٰيٰتِهٖ ۖ فَاَيَّ اٰيٰتِ اللّٰهِ
تُنْكِرُوْنَ ﴿٨١﴾ اَفَلَمْ يَسِيْرُوْا فِي الْاَرْضِ فَيَنْظُرُوْا
كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ كَانُوْٓا اَكْثَرَ
مِنْهُمْ وَاَشَدَّ قُوَّةً وَّاٰثَارًا فِي الْاَرْضِ فَمَآ اَغْنٰى
عَنْهُمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٨٢﴾ فَلَمَّا جَآءَتْهُمْ
رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ فَرِحُوْا بِمَا عِنْدَهُمْ مِّنَ الْعِلْمِ وَ
حَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿٨٣﴾ فَلَمَّا رَاَوْا
بَاْسَنَا قَالُوْٓا اٰمَنَّا بِاللّٰهِ وَحْدَهٗ وَكَفَرْنَا بِمَا كُنَّا بِهٖ
مُشْرِكِيْنَ ﴿٨٤﴾ فَلَمْ يَكُ يَنْفَعُهُمْ اِيْمَانُهُمْ لَمَّا رَاَوْا
بَاْسَنَا ؕ سُنَّتَ اللّٰهِ الَّتِيْ قَدْ خَلَتْ فِيْ عِبَادِهٖ ۚ
وَخَسِرَ هُنَالِكَ الْكٰفِرُوْنَ ﴿٨٥﴾ ع

منزل ٦ ع

૮૧. અલ્લાહ પોતાની આ નિશાનીઓ તમને દેખાડી રહ્યો છે, છેવટે તમે તેની કઈ-કઈ નિશાનીઓનો ઇન્કાર કરશો.

૮૨. પછી શું આ લોકો ધરતીમાં હર્યા-ફર્યા નથી કે આમને તે લોકોનો અંજામ દેખાતો જેઓ આમના પહેલાં થઈ ગયા છે? તેઓ સંખ્યામાં આમના કરતાં અધિક હતા, આમના કરતાં વધુ શક્તિશાળી હતા, અને ધરતી ઉપર આમના કરતાં વધુ ભવ્ય અવશેષો છોડી ગયા છે. જે કંઈ કમાણી તેમણે કરી હતી, તે છેવટે તેમના શું કામમાં આવી?

૮૩. જ્યારે તેમના રસૂલ (સંદેશવાહક) તેમના પાસે સ્પષ્ટ પ્રમાણો લઈને આવ્યા તો તેઓ તે જ જ્ઞાનમાં મગ્ન રહ્યા જે સ્વયં તેમના પાસે હતું અને પછી તે જ વસ્તુનાં ચક્કરમાં આવી ગયા જેની તેઓ ઠેકડી ઉડાવતા હતા.

૮૪. જ્યારે તેમણે અમારી યાતના જોઈ લીધી તો પોકારી ઉઠ્યા કે અમે માની લીધો અલ્લાહને, જે એક છે, જેનો કોઈ ભાગીદાર નથી, અને અમે ઇન્કાર કરીએ છીએ તે સૌ ઉપાસ્યોનો જેમને અમે તેના ભાગીદાર ઠેરવતા હતા.

૮૫. પરંતુ અમારી યાતના જોઈ લીધા પછી તેમનું ઈમાન લાવવું તેમના માટે સહેજ પણ લાભદાયક થઈ શકતું ન હતું, કેમ કે આ જ અલ્લાહે નિર્ધારિત કરેલી પ્રણાલી છે જે હંમેશાં તેના બંદાઓમાં જારી રહી છે, અને તે વખતે કાફિરો (ઇન્કાર કરનારાઓ) નુકસાનમાં પડી ગયા. (રુકૂઅ-૯)

(૪૧) હા-મીમ અસ્-સજદહ

પરિચય

નામ :

આ સૂરઃનું નામ બે શબ્દોને જોડીને બનેલું છે : એક હા-મીમ અને બીજો અસ્-સજદહ. અર્થાત્ તે સૂરઃ જેનો આરંભ 'હા-મીમ'થી થાય છે અને જેમાં એક સ્થળે 'સજદહ'ની આયત આવી છે.

ઉતરાણકાળ :

આધારભૂત કથનો અનુસાર આનો અવતરણનો સમય હઝરત હમઝહ (રદિ.)ના ઈમાન લાવ્યા પછી અને હઝરત ઉમર (રદિ.)ના ઈમાન લાવ્યા પહેલાંનો છે. પ્રખ્યાત તાબઈ મુહમ્મદ બિન કઅબ અલ-કુર્ઝી રિવાયત કરે છે કે એક વખત કુરૈશના કેટલાક સરદારો મસ્જિદે-હરામ (પ્રતિષ્ઠિત મસ્જિદ-કા'બા)માં મહેફિલ જમાવીને બેઠા હતા અને મસ્જિદના એક બીજા ખૂણામાં અલ્લાહના પયગંબર (સલ્લ.) એકલા હતા. ઉત્બહ બિન રબીઆએ કુરૈશ સરદારોની મસલતથી પયગંબર સલ્લ.ના પાસે જઈને કહ્યું, ''ભત્રીજા ! આ કામ જે તમે શરૂ કર્યું છે, એનાથી જો તમારો આશય ધન મેળવવાનો છે, તો અમે બધાં મળીને તમને એટલું આપી દઈએ છીએ કે તમે અમારામાં સૌથી વધુ ધનવાન થઈ જાઓ. જો આનાથી પોતાની મોટાઈ ચાહતા હોવ તો અમે તમને અમારા સરદાર બનાવી લઈએ છીએ, જો બાદશાહી ઇચ્છતા હોવ તો અમે તમને અમારો બાદશાહ બનાવી લઈએ છીએ, અને જો તમને કોઈ જિન્નાત વળગ્યું હોય તો અમે અમારા ખર્ચે તમારો ઇલાજ કરાવીએ છીએ.'' ઉત્બહ આ વાતો કરતો રહ્યો અને પયગંબર (સલ્લ.) ચુપચાપ સાંભળતા રહ્યા. પછી આપ (સલ્લ.)એ ફરમાવ્યું, ''અબુ વલીદ ! તમને જે કંઈ કહેવું હતું, કહી ચૂક્યા ?'' તેણે કહ્યું, ''હા''. આપ (સલ્લ.)એ ફરમાવ્યું, ''સારું, હવે મારી વાત સાંભળો !'' તે પછી આપ (સલ્લ.)એ 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ' (અલ્લાહના નામથી જે પરમ્ કૃપાળુ અને પરમ્ દયાળુ છે) પઢીને આ જ સૂરઃ પઢવાનું શરૂ કર્યું અને ઉત્બહ પોતાના બંને હાથ પાછળ જમીન પર ટેકવીને ધ્યાનથી સાંભળતો રહ્યો. સિજદાની આયત (૩૮) પર પહોંચીને આપ (સલ્લ.)એ સિજદો કર્યો અને પછી સિજદામાંથી માથું ઊંચુ કરીને ફરમાવ્યું, ''હે અબુ વલીદ ! મારો જવાબ તમે સાંભળી લીધો. હવે તમે જાણો ને તમારું કામ''. ઉત્બહ ઊભો થઈને કુરૈશના સરદારો પાસે પાછો આવ્યો અને તેમને

કહ્યું, ''ખુદાના સોગંદ ! મેં એવી વાણી સાંભળી કે પહેલાં કદી સાંભળી નથી. ખુદાના સોગંદ ! ન આ કવિતા છે, ન જાદૂ છે, ન જ્યોતિષ. હે કુરૈશના સરદારો ! મારી વાત માનો અને આ માણસને તેના હાલ પર છોડી દો. મને લાગે છે કે આ વાણી કંઈક રંગ લાવીને રહેશે.'' કુરૈશ સરદારો તેની આ વાત સાંભળતાં જ બોલી ઊઠ્યા, ''વલીદના પિતા ! છેવટે તેનો જાદૂ તમારા પર પણ ચાલી ગયો.'' (ઇબ્ને હિશ્શામ, ભા-૧, પૃ. ૩૧૩-૩૧૪)

વિષય અને ચર્ચા :

ઉત્બહની આ વાતચીતના જવાબમાં જે પ્રવચન અલ્લાહ તરફથી ઊતર્યું, તેમાં તે બેહૂદી વાતો તરફ કોઈ ધ્યાન જ આપવામાં ન આવ્યું, જે તેણે પયગંબર (સલ્લ.)ને કહી હતી, અને માત્ર તે વિરોધને ચર્ચાનો વિષય બનાવવામાં આવ્યો છે જે કુર્આન-મજીદના સંદેશને નીચું દેખાડવા મક્કાના કાફિરો (વિધર્મીઓ) તરફથી તે વખતે ખૂબ જ હઠાગ્રહથી અને અશિષ્ટતાપૂર્વક કરવામાં આવી રહ્યો હતો. આ આંધળા અને બહેરા વિરોધના જવાબમાં જે કંઈ ફરમાવવામાં આવ્યું છે, તેનો સારાંશ આ છે –

(૧) આ અલ્લાહની ઉતારેલી વાણી છે અને અરબી ભાષામાં છે. અજ્ઞાની લોકો તેમાં જ્ઞાનનો કોઈ પ્રકાશ જોતાં નથી, પરંતુ સમજ-બૂઝ ધરાવનારા તે પ્રકાશને જોઈ પણ રહ્યા છે અને તેનાથી ફાયદો પણ ઉઠાવી રહ્યા છે.

(૨) તમે જો પોતાના હૃદય પર આવરણો ચઢાવી લીધા છે અને પોતાના કાન બહેરા કરી લીધા છે, તો પયગંબરના સુપ્રત એ કામ નથી કે તે બળજબરીપૂર્વક તમને પોતાની વાત સંભળાવી અને સમજાવી દે. તે તો સાંભળવા માગતા હોય તેમને જ સંભળાવી શકે છે અને સમજવા માગતા હોય તેમને જ સમજાવી શકે છે.

(૩) તમે ચાહે પોતાની આંખો અને કાન બંધ કરી લો અને પોતાના હૃદયો પર પરદો નાખી દો, પરંતુ સત્ય એ જ છે કે તમારો અલ્લાહ માત્ર એક જ છે, અને તમે કોઈ બીજાના બંદા નથી.

(૪) તમને કંઈ ભાન પણ છે કે આ શિર્ક (અનેકેશ્વરવાદ) અને કુફ્ર (ઇન્કાર)નું વલણ તમે કોના સાથે કરી રહ્યા છો ? તે અલ્લાહ સાથે જે તમારો અને સમગ્ર સૃષ્ટિનો સર્જક, સ્વામી અને આજીવિકા પ્રદાન કરવાવાળો છે. તેનો ભાગીદાર તમે તેનાં તુચ્છ સર્જનોને બનાવો છો ?

(૫) ભલે, નથી માનતા તો સાવધાન થઈ જાઓ કે તમારા પર એવા જ પ્રકારની આપત્તિ તૂટી પડવા માટે તૈયાર છે, જેવી આદ અને સમૂદ જાતિઓ ઉપર આવી હતી.

(૬) ખૂબ જ દુર્ભાગી છે તે મનુષ્ય જેના સાથે એવા જિન્નાતો અને મનુષ્યોમાંથી શેતાનો લાગી જાય, જે તેની મૂર્ખતાઓને તેના સામે સુંદર બનાવીને પ્રસ્તુત કરે. આવા મૂર્ખ લોકો આજે તો અહીં એકબીજાને પ્રોત્સાહન આપી રહ્યાં છે, પરંતુ કયામત (પુનર્જીવન)ના દિવસે આમાંથી દરેક કહેશે કે જે લોકોએ મને પથભ્રષ્ટ કર્યો હતો તેઓ મારા હાથમાં આવી જાય તો તેમને પગ નીચે કચડી નાંખું.

(૭) આ કુર્આન એક અટલ ગ્રંથ છે. આને તમે પોતાની હલકી ચાલબાજીઓ અને પોતાના જૂઠના શસ્ત્રોથી પરાસ્ત કરી શકતા નથી.

(૮) તમે કહો છો કે આ કુર્આન કોઈ અજમી (બિનઅરબી) ભાષામાં આવવું જોઈતું હતું. પરંતુ જો અજમી ભાષામાં મોકલતા તો તમે જ લોકો કહેતા કે આ પણ વિચિત્ર મજાક છે, આરબ કોમના માર્ગદર્શન માટે અજમી ભાષામાં વાર્તાલાપ કરવામાં આવી રહ્યો છે. આનો અર્થ એ છે કે તમને હકીકતમાં માર્ગદર્શન જોઈતું જ નથી.

(૯) ક્યારેય તમે એ પણ વિચાર્યું કે જો ખરેખર સત્ય આ જ સિદ્ધ થયું કે આ કુર્આન અલ્લાહ તરફથી છે તો તેનો ઈન્કાર કરીને તમે કયા અંજામે પહોંચશો ?

(૧૦) આજે તમે માની નથી રહ્યા, પરંતુ ખૂબ જ જલ્દી તમે પોતાની આંખોથી જોઈ લેશો કે આ કુર્આનનો સંદેશ આખી દુનિયા પર છવાઈ ગયો છે અને તમે પોતે તેનાથી પરાજિત થઈ ગયા છો.

વિરોધીઓને આ જવાબો આપવાની સાથે તે પ્રશ્નો તરફ પણ ધ્યાન આપવામાં આવ્યું છે, જે આ ભારે અડચણોની સ્થિતિમાં ઈમાનવાળાઓ અને સ્વયં પયગંબર (સલ્લ.) સામે હતા. ઈમાનવાળાઓને એમ કહીને હિંમત આપવામાં આવી કે તમે ખરેખર નિઃસહાય નથી, બલ્કે જે વ્યક્તિ ઈમાનના માર્ગ પર અડગ થઈ જાય છે, અલ્લાહના ફરિશ્તાઓ તેના ઉપર ઊતરે છે અને દુનિયા (આલોક)થી લઈને આખિરત (પરલોક) સુધી તેનો સાથ આપે છે. પયગંબર (સલ્લ.)ને બતાવવામાં આવ્યું કે ઇસ્લામના પ્રચારના માર્ગમાં

અવરોધરૂપ ચટ્ટાનો જોવામાં તો ખૂબ સખત દેખાય છે, પરંતુ સદાચાર અને સુશીલતાનું હથિયાર તે હથિયાર છે, જે તેમને તોડીને અને પીગળાવીને મૂકી દેશે. ધૈર્યથી તેને ઉપયોગમાં લો, અને જ્યારે પણ શેતાન ઉશ્કેરણી કરીને કોઈ અન્ય હથિયારનો ઉપયોગ કરવા માટે ઉત્તેજિત કરે તો અલ્લાહનું શરણ શોધો.

اٰيَاتُهَا ٥٤ — (٤١) سُوْرَةُ حٰمٓ السَّجْدَةِ مَكِّيَّةٌ (٦١) — رُكُوْعَاتُهَا ٦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

حٰمٓ ۚ ﴿١﴾ تَنْزِيْلٌ مِّنَ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۚ ﴿٢﴾ كِتٰبٌ

فُصِّلَتْ اٰيٰتُهٗ قُرْاٰنًا عَرَبِيًّا لِّقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿٣﴾ لا

بَشِيْرًا وَّنَذِيْرًا ۚ فَاَعْرَضَ اَكْثَرُهُمْ فَهُمْ لَا يَسْمَعُوْنَ ﴿٤﴾

وَقَالُوْا قُلُوْبُنَا فِيْٓ اَكِنَّةٍ مِّمَّا تَدْعُوْنَآ اِلَيْهِ وَ

فِيْٓ اٰذَانِنَا وَقْرٌ وَّمِنْۢ بَيْنِنَا وَبَيْنِكَ حِجَابٌ

الثلثة — فَاعْمَلْ اِنَّنَا عٰمِلُوْنَ ﴿٥﴾ قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ

يُوْحٰٓى اِلَيَّ اَنَّمَآ اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ فَاسْتَقِيْمُوْٓا

اِلَيْهِ وَاسْتَغْفِرُوْهُ ۭ وَوَيْلٌ لِّلْمُشْرِكِيْنَ ﴿٦﴾ لا

الَّذِيْنَ لَا يُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ

كٰفِرُوْنَ ﴿٧﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ

ع ٨/١٥ — لَهُمْ اَجْرٌ غَيْرُ مَمْنُوْنٍ ﴿٨﴾ ع قُلْ اَئِنَّكُمْ لَتَكْفُرُوْنَ

بِالَّذِيْ خَلَقَ الْاَرْضَ فِيْ يَوْمَيْنِ وَتَجْعَلُوْنَ لَهٗٓ

اَنْدَادًا ۭ ذٰلِكَ رَبُّ الْعٰلَمِيْنَ ﴿٩﴾ ج وَجَعَلَ فِيْهَا

رَوَاسِيَ مِنْ فَوْقِهَا وَبٰرَكَ فِيْهَا وَقَدَّرَ فِيْهَآ

اَقْوَاتَهَا فِيْٓ اَرْبَعَةِ اَيَّامٍ ۭ سَوَاۗءً لِّلسَّاۗىِٕلِيْنَ ﴿١٠﴾

ثُمَّ اسْتَوٰٓى اِلَى السَّمَاۗءِ وَهِيَ دُخَانٌ فَقَالَ

منزل ٦ — لَهَا وَلِلْاَرْضِ ائْتِيَا طَوْعًا اَوْ كَرْهًا ۭ قَالَتَآ

(૪૧) સૂરઃ હા-મીમ-અસ્સજદહ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૬ ● આયતો : ૫૪)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હા-મીમ !

૨. આ પરમ્ કૃપાળુ અને પરમ્ દયાળુ અલ્લાહ તરફથી અવતરિત કરવામાં આવેલ વસ્તુ છે,

૩. એક એવો ગ્રંથ, જેની આયતો ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક વર્ણવવામાં આવી છે, અરબી ભાષાનું કુર્આન, તે લોકો માટે જેઓ જ્ઞાન ધરાવે છે,

૪. ખુશખબર આપનાર અને ડરાવનાર. પરંતુ આમાંના ઘણાંખરાએ તેનાથી મોઢું ફેરવી લીધું અને તેઓ સાંભળવા તૈયાર નથી.

૫. કહે છે, ''જે વસ્તુ તરફ તું અમને બોલાવી રહ્યો છે તેના માટે અમારા હૃદયો પર ગલેફ ચઢેલા છે, અમારા કાન બહેરા થઈ ગયા છે, અને અમારા અને તારા વચ્ચે એક આવરણ રુકાવટ બની ગયું છે. તું તારું કામ કર, અમે અમારું કામ કર્યે જઈશું.''

૬. હે નબી ! આમને કહો, હું તો એક મનુષ્ય છું તમારા જેવો. મને વહી (દિવ્ય પ્રકાશના)ના માધ્યમથી બતાવવામાં આવે છે કે તમારો ઉપાસ્ય તો માત્ર એક જ અલ્લાહ છે, તેથી તમે સીધા તેનું જ રુખ કરો અને તેના જ પાસે ક્ષમા માગો. વિનાશ છે તે મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) માટે

૭. જેઓ ઝકાત (ધર્મ-દાન) આપતા નથી અને આખિરત (પરલોક)નો ઈન્કાર કરે છે.

૮. રહ્યા તે લોકો કે જેમણે માની લીધું અને સદ્કાર્યો કર્યા, તેમના માટે ચોક્કસ એવું વળતર છે જેનો ક્રમ ક્યારેય તૂટવાનો નથી. (રુકૂઅ-૧)

૯. હે પયગંબર ! આમને કહો, શું તમે તે અલ્લાહથી કુફ્ર (ઇન્કાર) કરો છો અને બીજાઓને તેના સમકક્ષ ઠેરવો છો જેણે ધરતીને બે દિવસમાં બનાવી? તે જ તો સમગ્ર જગતવાળાઓનો રબ (સ્વામી) છે.

૧૦. તેણે (ધરતીને અસ્તિત્વમાં લાવ્યા પછી) ઉપરથી તેના પર પર્વતો જમાવી દીધા અને તેમાં બરકતો મૂકી દીધી અને તેમાં તમામ માગવાવાળાઓ માટે દરેકની માંગ અને આવશ્યકતા અનુસાર યોગ્ય અંદાજથી ખાદ્ય-સામગ્રી ઉપલબ્ધ કરી દીધી. આ સર્વ કામ ચાર દિવસમાં થઈ ગયા.

૧૧. પછી તેણે આકાશ તરફ ધ્યાન આપ્યું જે તે વખતે માત્ર ધુમાડો હતું. તેણે આકાશ અને ધરતીને કહ્યું, ''અસ્તિત્વમાં આવી જાઓ, તમે

اَتَيْنَا طَآئِعِيْنَ ﴿١١﴾ فَقَضٰىهُنَّ سَبْعَ سَمٰوَاتٍ
فِيْ يَوْمَيْنِ وَاَوْحٰى فِيْ كُلِّ سَمَآءٍ اَمْرَهَا ؕ وَ
زَيَّنَّا السَّمَآءَ الدُّنْيَا بِمَصَابِيْحَ ۖۗ وَحِفْظًا ؕ
ذٰلِكَ تَقْدِيْرُ الْعَزِيْزِ الْعَلِيْمِ ﴿١٢﴾ فَاِنْ اَعْرَضُوْا
فَقُلْ اَنْذَرْتُكُمْ صٰعِقَةً مِّثْلَ صٰعِقَةِ عَادٍ وَّ
ثَمُوْدَ ﴿١٣﴾ؕ اِذْ جَآءَتْهُمُ الرُّسُلُ مِنْۢ بَيْنِ اَيْدِيْهِمْ
وَمِنْ خَلْفِهِمْ اَلَّا تَعْبُدُوْۤا اِلَّا اللّٰهَ ؕ قَالُوْا لَوْ شَآءَ
رَبُّنَا لَاَنْزَلَ مَلٰٓئِكَةً فَاِنَّا بِمَاۤ اُرْسِلْتُمْ بِهٖ
كٰفِرُوْنَ ﴿١٤﴾ فَاَمَّا عَادٌ فَاسْتَكْبَرُوْا فِى الْاَرْضِ بِغَيْرِ
الْحَقِّ وَقَالُوْا مَنْ اَشَدُّ مِنَّا قُوَّةً ؕ اَوَلَمْ يَرَوْا اَنَّ
اللّٰهَ الَّذِيْ خَلَقَهُمْ هُوَ اَشَدُّ مِنْهُمْ قُوَّةً ؕ وَكَانُوْا
بِاٰيٰتِنَا يَجْحَدُوْنَ ﴿١٥﴾ فَاَرْسَلْنَا عَلَيْهِمْ رِيْحًا صَرْصَرًا
فِيْۤ اَيَّامٍ نَّحِسَاتٍ لِّنُذِيْقَهُمْ عَذَابَ الْخِزْيِ
فِى الْحَيٰوةِ الدُّنْيَا ؕ وَلَعَذَابُ الْاٰخِرَةِ اَخْزٰى
وَهُمْ لَا يُنْصَرُوْنَ ﴿١٦﴾ وَاَمَّا ثَمُوْدُ فَهَدَيْنٰهُمْ فَاسْتَحَبُّوا
الْعَمٰى عَلَى الْهُدٰى فَاَخَذَتْهُمْ صٰعِقَةُ الْعَذَابِ
الْهُوْنِ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿١٧﴾ۚ وَنَجَّيْنَا الَّذِيْنَ
اٰمَنُوْا وَكَانُوْا يَتَّقُوْنَ ﴿١٨﴾ع وَيَوْمَ يُحْشَرُ اَعْدَآءُ
اللّٰهِ اِلَى النَّارِ فَهُمْ يُوْزَعُوْنَ ﴿١٩﴾ حَتّٰۤى اِذَا مَا

ع ٢ ١٦ ١٠
منزل ٦

ચાહોકેનચાહો."બંનેએકહ્યું, "અમેઆવીગયાઆજ્ઞાંકિતોનીજેમ."

૧૨. ત્યારે તેણે બે દિવસમાં સાત આકાશો બનાવી દીધા, અને દરેક આકાશમાં તેનો કાનૂન વહી (પ્રકાશના) કરી દીધો અને દુનિયાના આકાશને અમે દીપકો વડે સુશોભિત કર્યું અને તેને સંપૂર્ણપણે સુરક્ષિત કરી દીધું. આ બધું એક સર્વજ્ઞ-પ્રભુત્વશાળી હસ્તીની યોજના છે.

૧૩. હવે જો આ લોકો મોઢું ફેરવે છે, તો આમને કહી દો કે હું તમને એવા જ પ્રકારની એક અચાનક તૂટી પડનાર યાતનાથી ડરાવું છું જેવી આદ અને સમૂદ પર આવી હતી.

૧૪. જ્યારે અલ્લાહના રસૂલો (ઈશદૂતો) તેમના પાસે આગળ અને પાછળ, દરેક બાજુથી આવ્યા અને તેમને સમજાવ્યું કે અલ્લાહ સિવાય કોઈની ઉપાસના ન કરો, તો તેમણે કહ્યું, "અમારો રબ (પ્રભુ) ઇચ્છતો તો ફરિશ્તાઓ મોકલતો, તેથી અમે તે વાતને નથી માનતા જે માટે તમે મોકલવામાં આવ્યા છો."

૧૫. આદની હાલત એવી હતી કે તેઓ ધરતી પર નાહક મોટા બની બેસ્યા અને કહેવા લાગ્યા, "કોણ છે અમારાથી વધુ શક્તિશાળી?" તેમને એ ન સૂઝયું કે જે અલ્લાહે તેમને પેદા કર્યા છે તે તેમનાથી વધુ શક્તિશાળી છે. તેઓ અમારી આયતોનો ઇન્કાર જ કરતા રહ્યા.

૧૬. છેવટે અમે કેટલાક અશુભ દિવસોમાં સખત તોફાની હવા તેમના ઉપર મોકલી દીધી જેથી તેમને દુનિયાની જિંદગીમાં જ અપમાન અને ફજેતીની યાતનાની મજા ચખાડી દઈએ, અને આખિરત (પરલોક)ની યાતના તો તેનાથી પણ વધુ અપમાનજનક છે, ત્યાં કોઈ તેમની મદદ કરનાર નહીં હોય.

૧૭. રહ્યા સમૂદ, તો તેમના સામે અમે સન્માર્ગ પ્રસ્તુત કર્યો પરંતુ તેમણે માર્ગ જોવાને બદલે આંધળા રહેવાનું જ પસંદ કર્યું. છેવટે તેમના કૃત્યોના કારણે ફજેત કરનારી યાતના તેમના ઉપર તૂટી પડી

૧૮. અને અમે તે લોકોને બચાવી લીધા જેઓ ઈમાન લાવ્યા હતા અને પથભ્રષ્ટતા અને દુરાચારોથી બચતા હતા. (રુકૂઅ-૨)

૧૯. અને જરા તે વખતની કલ્પના કરો જ્યારે અલ્લાહના આ દુશ્મનોને દોજખ (નર્ક) તરફ જવા માટે ઘેરીને લાવવામાં આવશે.

૨૦. તેમના આગળનાઓને પાછળનાઓ આવી જાય ત્યાં સુધી રોકી

جَآءُوْهَا شَهِدَ عَلَيْهِمْ سَمْعُهُمْ وَاَبْصَارُهُمْ وَجُلُوْدُهُمْ
بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٢٠﴾ وَقَالُوْا لِجُلُوْدِهِمْ لِمَ شَهِدْتُّمْ
عَلَيْنَا ؕ قَالُوْٓا اَنْطَقَنَا اللّٰهُ الَّذِيْٓ اَنْطَقَ كُلَّ شَيْءٍ
وَّهُوَ خَلَقَكُمْ اَوَّلَ مَرَّةٍ وَّاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٢١﴾ وَمَا
كُنْتُمْ تَسْتَتِرُوْنَ اَنْ يَّشْهَدَ عَلَيْكُمْ سَمْعُكُمْ وَلَآ
اَبْصَارُكُمْ وَلَا جُلُوْدُكُمْ وَلٰكِنْ ظَنَنْتُمْ اَنَّ اللّٰهَ لَا
يَعْلَمُ كَثِيْرًا مِّمَّا تَعْمَلُوْنَ ﴿٢٢﴾ وَذٰلِكُمْ ظَنُّكُمُ الَّذِيْ
ظَنَنْتُمْ بِرَبِّكُمْ اَرْدٰىكُمْ فَاَصْبَحْتُمْ مِّنَ الْخٰسِرِيْنَ ﴿٢٣﴾
فَاِنْ يَّصْبِرُوْا فَالنَّارُ مَثْوًى لَّهُمْ ۚ وَاِنْ يَّسْتَعْتِبُوْا
فَمَا هُمْ مِّنَ الْمُعْتَبِيْنَ ﴿٢٤﴾ وَقَيَّضْنَا لَهُمْ قُرَنَآءَ
فَزَيَّنُوْا لَهُمْ مَّا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ وَ
حَقَّ عَلَيْهِمُ الْقَوْلُ فِيْٓ اُمَمٍ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِمْ
٣ ع ١٧ مِّنَ الْجِنِّ وَالْاِنْسِ ۚ اِنَّهُمْ كَانُوْا خٰسِرِيْنَ ﴿٢٥﴾ ع
وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لَا تَسْمَعُوْا لِهٰذَا الْقُرْاٰنِ
وَالْغَوْا فِيْهِ لَعَلَّكُمْ تَغْلِبُوْنَ ﴿٢٦﴾ فَلَنُذِيْقَنَّ الَّذِيْنَ
كَفَرُوْا عَذَابًا شَدِيْدًا ۙ وَّلَنَجْزِيَنَّهُمْ اَسْوَاَ الَّذِيْ
كَانُوْا يَعْمَلُوْنَ ﴿٢٧﴾ ذٰلِكَ جَزَآءُ اَعْدَآءِ اللّٰهِ النَّارُ ۚ
لَهُمْ فِيْهَا دَارُ الْخُلْدِ ؕ جَزَآءًۢ بِمَا كَانُوْا بِاٰيٰتِنَا
يَجْحَدُوْنَ ﴿٢٨﴾ وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا رَبَّنَآ اَرِنَا

રાખવામાં આવશે, પછી જ્યારે સૌ ત્યાં પહોંચી જશે તો તેમના કાન અને તેમની આંખો અને તેમના શરીરની ચામડી તેમના પર સાક્ષી આપશે કે તેઓ દુનિયામાં શું-શું કરતા રહ્યા છે.

૨૧. તેઓ પોતાના શરીરની ચામડીઓને કહેશે, ''તમે અમારા વિરુધ્ધ શા માટે સાક્ષી આપી ?'' તે જવાબ આપશે, ''અમને તે જ અલ્લાહે બોલવાની શક્તિ આપી છે જેણે દરેક વસ્તુને બોલતી કરી દીધી છે. તેણે જ તમને પહેલી વખત પેદા કર્યા હતા અને હવે તેના જ તરફ તમે પાછા લઈ જવામાં આવી રહ્યા છો.

૨૨. તમે દુનિયામાં ગુનાઓ કરતા સમયે જ્યારે સંતાતા હતા તો તમને એ ખ્યાલ ન હતો કે ક્યારેક તમારા પોતાના કાન અને તમારી આંખો અને તમારા શરીરની ચામડી તમારા પર સાક્ષી આપશે. બલ્કે તમે તો એવું માન્યું હતું કે તમારા ઘણાં કૃત્યોની તો અલ્લાહને પણ ખબર નથી.

૨૩. તમારું આ જ અનુમાન, જે તમે પોતાના માલિક અને પાલનહાર માટે કર્યું હતું, તમને પાયમાલ કરી ગયું અને તેના જ લીધે તમે નુકસાનમાં પડી ગયા.''

૨૪. આ હાલતમાં તેઓ ધીરજ રાખે (કે ન રાખે) આગ જ તેમનું ઠેકાણું હશે, અને જો પાછા વળીને સ્વીકારવાની તક માગતા હશે તો તેમને કોઈ તક આપવામાં નહીં આવે.

૨૫. અમે તેમના ઉપર એવા સાથીદારો લગાડી દીધા હતા જે તેમને આગળ અને પાછળ દરેક વસ્તુને શોભાસ્પદ બનાવીને દેખાડતા હતા, છેવટે એમના ઉપર પણ તે જ યાતનાનો ફેંસલો લાગુ થઈને રહ્યો જે એમના પહેલાં થઈ ગયેલા જિન્નાતો અને મનુષ્યોના જૂથોને લાગુ થઈ ચૂક્યો હતો, નિશ્ચિતપણે તેઓ નુકસાનમાં રહી જનારા હતા. (રુકૂઅ-૩)

૨૬. આ સત્યનો ઈન્કાર કરનારા લોકો કહે છે, ''આ કુર્આનને કદાપિ ન સાંભળો, અને જ્યારે તે સંભળાવવામાં આવે તો તેમાં ખલેલ નાખો, કદાચ આવી રીતે તમે વર્ચસ્વ મેળવો.''

૨૭. આ કાફિરો (અધર્મીઓ)ને અમે સખત સજાનો સ્વાદ ચખાડીને રહીશું અને જે દુષ્ટતમ પ્રવૃત્તિઓ આ લોકો કરતા રહ્યા છે તેમનો પૂરેપૂરો બદલો તેમને આપીશું.

૨૮. તે દોજખ (નર્ક) છે જે અલ્લાહના દુશ્મનોને બદલામાં મળશે. તેમાં જ સદા માટે તેમનું ઘર હશે. આ સજા છે તે ગુનાની કે તેઓ અમારી આયતોનો ઈન્કાર કરતા રહ્યા.

૨૯. ત્યાં આ કાફિરો કહેશે, ''હે અમારા રબ ! અમને જરા તે જિન્નાતો

الَّذَيْنِ اَضَلّٰنَا مِنَ الْجِنِّ وَالْاِنْسِ نَجْعَلْهُمَا تَحْتَ
اَقْدَامِنَا لِيَكُوْنَا مِنَ الْاَسْفَلِيْنَ ﴿٢٩﴾ اِنَّ الَّذِيْنَ
قَالُوْا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا تَتَنَزَّلُ عَلَيْهِمُ
الْمَلٰٓئِكَةُ اَلَّا تَخَافُوْا وَلَا تَحْزَنُوْا وَاَبْشِرُوْا بِالْجَنَّةِ
الَّتِيْ كُنْتُمْ تُوْعَدُوْنَ ﴿٣٠﴾ نَحْنُ اَوْلِيٰٓؤُكُمْ فِي الْحَيٰوةِ
الدُّنْيَا وَفِي الْاٰخِرَةِ ۚ وَلَكُمْ فِيْهَا مَا تَشْتَهِيْٓ
اَنْفُسُكُمْ وَلَكُمْ فِيْهَا مَا تَدَّعُوْنَ ؕ ﴿٣١﴾ نُزُلًا مِّنْ غَفُوْرٍ
ع ٧ ١٨ رَّحِيْمٍ ﴿٣٢﴾ وَمَنْ اَحْسَنُ قَوْلًا مِّمَّنْ دَعَآ اِلَى اللّٰهِ وَ
عَمِلَ صَالِحًا وَّقَالَ اِنَّنِيْ مِنَ الْمُسْلِمِيْنَ ﴿٣٣﴾ وَلَا تَسْتَوِي
الْحَسَنَةُ وَلَا السَّيِّئَةُ ؕ اِدْفَعْ بِالَّتِيْ هِيَ اَحْسَنُ
فَاِذَا الَّذِيْ بَيْنَكَ وَبَيْنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِيٌّ
حَمِيْمٌ ﴿٣٤﴾ وَمَا يُلَقّٰىهَآ اِلَّا الَّذِيْنَ صَبَرُوْا ۚ وَمَا
يُلَقّٰىهَآ اِلَّا ذُوْ حَظٍّ عَظِيْمٍ ﴿٣٥﴾ وَاِمَّا يَنْزَغَنَّكَ مِنَ
الشَّيْطٰنِ نَزْغٌ فَاسْتَعِذْ بِاللّٰهِ ؕ اِنَّهٗ هُوَ السَّمِيْعُ
الْعَلِيْمُ ﴿٣٦﴾ وَمِنْ اٰيٰتِهِ الَّيْلُ وَالنَّهَارُ وَالشَّمْسُ
وَالْقَمَرُ ؕ لَا تَسْجُدُوْا لِلشَّمْسِ وَلَا لِلْقَمَرِ وَاسْجُدُوْا
لِلّٰهِ الَّذِيْ خَلَقَهُنَّ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ﴿٣٧﴾
فَاِنِ اسْتَكْبَرُوْا فَالَّذِيْنَ عِنْدَ رَبِّكَ يُسَبِّحُوْنَ
لَهٗ بِالَّيْلِ وَالنَّهَارِ وَهُمْ لَا يَسْئَمُوْنَ ﴿٣٨﴾ السجدة وَمِنْ اٰيٰتِهٖٓ

અને મનુષ્યો દેખાડી દે જેમણે અમને પથભ્રષ્ટ કર્યા હતા, અમે તેમને અમારા પગતળે ચગદી નાખીશું જેથી તેઓ ખૂબ જ અપમાનિત અને દુઃખી થાય."

૩૦. જે લોકોએ કહ્યું કે અલ્લાહ અમારો માલિક અને પાલનહાર (રબ) છે અને પછી તેઓ તેના ઉપર અડગ રહ્યા, નિશ્ચિતપણે ફરિશ્તાઓ તેમના ઉપર અવતરિત થાય છે અને તેમને કહે છે, "ન ડરો, ન દુઃખી થાઓ, અને પ્રસન્ન થઈ જાઓ તે જન્નત (સ્વર્ગ)ની શુભ-સૂચનાથી જેનો તમારાથી વાયદો કરવામાં આવ્યો છે.

૩૧. અમે આ દુનિયા (આલોક)ના જીવનમાં પણ તમારા સાથી છીએ અને આખિરત (પરલોક)માં પણ. ત્યાં તમે જે કંઈ ઇચ્છશો, તમને મળશે અને દરેક વસ્તુ જેની તમે ઇચ્છા કરશો, તે તમારી હશે.

૩૨. આ છે મિજબાનીનો સામાન, તે હસ્તી તરફથી જે અત્યંત ક્ષમાશીલ અને પરમ્ દયાળુ છે." (રુકૂઅ-૪)

૩૩. અને તે માણસની વાત કરતાં વધુ સારી વાત બીજા કોની હશે જેણે અલ્લાહ તરફ આમંત્રણ આપ્યું અને સદ્કાર્યો કર્યા અને કહ્યું કે હું મુસ્લિમ (અલ્લાહનો આજ્ઞાંકિત) છું.

૩૪. અને હે પયગંબર ! ભલાઈ અને બૂરાઈ સમાન નથી. તમે બૂરાઈને તે ભલાઈથી દૂર કરો જે સર્વોત્તમ હોય. તમે જોશો કે તમારા સાથે જેની શત્રુતા હતી, તે આત્મીય મિત્ર બની ગયો છે.

૩૫. આ ગુણ પ્રાપ્ત થતો નથી, સિવાય તે લોકોને જેઓ ધૈર્યથી કામ લે છે અને આ દરજ્જો પ્રાપ્ત થતો નથી સિવાય તે લોકોને જેઓ ખૂબ ભાગ્યશાળી છે

૩૬. અને જો તમે શેતાન તરફથી કોઈ ઉશ્કેરણી અનુભવો તો અલ્લાહનું શરણ માગી લો, તે બધું જ સાંભળે અને જાણે છે.

૩૭. અલ્લાહની નિશાનીઓમાંથી છે આ રાત્રિ અને દિવસ તથા સૂર્ય અને ચંદ્ર. સૂર્ય અને ચંદ્રને સિજદો ન કરો, બલ્કે તે અલ્લાહને સિજદો કરો જેણે એમનું સર્જન કર્યું છે, જો વાસ્તવમાં તમે તેની જ ઉપાસના કરવાવાળા છો.

૩૮. પરંતુ જો આ લોકો અભિમાનમાં પોતાની જ વાત પર દુરાગ્રહી રહે તો પરવા નથી, જે ફરિશ્તાઓ તારા રબના નિકટવર્તી છે તેઓ રાત અને દિવસ તેની તસ્બીહ (ગુણગાન) કરી રહ્યા છે અને ક્યારેય થાકતા નથી.

اَنَّكَ تَرَى الْاَرْضَ خَاشِعَةً فَاِذَآ اَنْزَلْنَا عَلَیْهَا
الْمَآءَ اهْتَزَّتْ وَرَبَتْ ؕ اِنَّ الَّذِیْۤ اَحْیَاهَا لَمُحْیِ
الْمَوْتٰى ؕ اِنَّهٗ عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿٣٩﴾ اِنَّ الَّذِیْنَ
یُلْحِدُوْنَ فِیْۤ اٰیٰتِنَا لَا یَخْفَوْنَ عَلَیْنَا ؕ اَفَمَنْ
یُّلْقٰى فِی النَّارِ خَیْرٌ اَمْ مَّنْ یَّاْتِیْۤ اٰمِنًا یَّوْمَ الْقِیٰمَةِ ؕ
اِعْمَلُوْا مَا شِئْتُمْ ۙ اِنَّهٗ بِمَا تَعْمَلُوْنَ بَصِیْرٌ ﴿٤٠﴾ اِنَّ
الَّذِیْنَ كَفَرُوْا بِالذِّكْرِ لَمَّا جَآءَهُمْ ۚ وَاِنَّهٗ لَكِتٰبٌ
عَزِیْزٌ ﴿٤١﴾ ۙ لَّا یَاْتِیْهِ الْبَاطِلُ مِنْۢ بَیْنِ یَدَیْهِ وَلَا
مِنْ خَلْفِهٖ ؕ تَنْزِیْلٌ مِّنْ حَكِیْمٍ حَمِیْدٍ ﴿٤٢﴾ مَا
یُقَالُ لَكَ اِلَّا مَا قَدْ قِیْلَ لِلرُّسُلِ مِنْ قَبْلِكَ ؕ اِنَّ
رَبَّكَ لَذُوْ مَغْفِرَةٍ وَّذُوْ عِقَابٍ اَلِیْمٍ ﴿٤٣﴾ وَلَوْ جَعَلْنٰهُ
قُرْاٰنًا اَعْجَمِیًّا لَّقَالُوْا لَوْلَا فُصِّلَتْ اٰیٰتُهٗ ؕ ءَاَعْجَمِیٌّ
وَّعَرَبِیٌّ ؕ قُلْ هُوَ لِلَّذِیْنَ اٰمَنُوْا هُدًى وَّشِفَآءٌ ؕ
وَالَّذِیْنَ لَا یُؤْمِنُوْنَ فِیْۤ اٰذَانِهِمْ وَقْرٌ وَّهُوَ عَلَیْهِمْ
ع ٥ ٢ ١٩ عَمًى ؕ اُولٰٓئِكَ یُنَادَوْنَ مِنْ مَّكَانٍۭ بَعِیْدٍ ﴿٤٤﴾
وَلَقَدْ اٰتَیْنَا مُوْسَى الْكِتٰبَ فَاخْتُلِفَ فِیْهِ ؕ وَلَوْلَا
كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَّبِّكَ لَقُضِیَ بَیْنَهُمْ ؕ وَاِنَّهُمْ
لَفِیْ شَكٍّ مِّنْهُ مُرِیْبٍ ﴿٤٥﴾ مَنْ عَمِلَ صَالِحًا فَلِنَفْسِهٖ
وَمَنْ اَسَآءَ فَعَلَیْهَا ؕ وَمَا رَبُّكَ بِظَلَّامٍ لِّلْعَبِیْدِ ﴿٤٦﴾

قرء حفص بتسهیل الهمزة الثانیة ١٢

૩૯. અને અલ્લાહની નિશાનીઓમાંથી એક આ છે કે તમે જુઓ છો, ધરતી વેરાન પડેલી છે, પછી જેવું અમે તેના ઉપર પાણી વરસાવ્યું કે તરત જ તે લહેરાઈ ઉઠે છે અને ફાલે છે. નિશ્ચિતપણે જે અલ્લાહ આ મૃત ધરતીને જીવંત કરી દે છે તે મડદાંઓને પણ જીવન પ્રદાન કરનાર છે. ચોક્કસ તેને દરેક વસ્તુ ઉપર સામર્થ્ય પ્રાપ્ત છે.

૪૦. જે લોકો અમારી આયતોના ઊલ્ટા અર્થઘટન કરે છે તેઓ કંઈ અમારાથી છૂપા નથી. પોતે જ વિચારી લો કે શું તે માણસ વધુ સારો છે જે આગમાં ઝોંકવામાં આવવાનો છે અથવા જે કયામત (પુનર્જીવન)ના દિવસે શાંતિની હાલતમાં હાજર થશે ? કરતા રહો જે કંઈ તમે ચાહો, તમારા બધા જ કૃત્યોને અલ્લાહ જોઈ રહ્યો છે.

૪૧. આ તે લોકો છે જેમના સામે શિખામણ આપતી વાણી આવી તો તેમણે તેને માનવાનો ઈન્કાર કરી દીધો. પરંતુ હકીકત એ છે કે આ એક ઉત્કૃષ્ટ પ્રતાપવાળો ગ્રંથ છે,

૪૨ અસત્ય ન સામેથી આના ઉપર આવી શકે છે ન પાછળથી. આ એક તત્ત્વદર્શી અને સ્વયં-પ્રશંસિતની અવતરિત કરેલી વસ્તુ છે.

૪૩. હે પયગંબર ! તમને જે કંઈ કહેવામાં આવી રહ્યું છે તેમાંથી કોઈ વાત પણ એવી નથી જે તમારા પહેલાં થઈ ગયેલા પયગંબરોને કહેવામાં આવી ન હોય. નિઃશંક તમારો રબ (પ્રભુ) ખૂબ ક્ષમાશીલ છે અને તે સાથે ખૂબ દુઃખદાયી સજા આપનાર પણ છે.

૪૪. જો અમે આને અજમી (બિનઅરબી) ભાષામાં બનાવીને મોકલ્યું હોત તો આ લોકો કહેતા, ''કેમ આની આયતો સ્પષ્ટપણે વર્ણવવામાં ન આવી ? કેવી વિચિત્ર વાત છે કે કલામ (વાણી) અજમી છે અને સાંભળવાવાળા અરબી.'' આમને કહો કે આ કુર્આન ઈમાન લાવનારાઓ માટે તો માર્ગદર્શન અને રોગ-નિવારણ છે, પરંતુ જે લોકો ઈમાન લાવતા નથી તેમના માટે આ કાનનો દાટો અને આંખનો પાટો છે. તેમની સ્થિતિ તો એવી છે જાણે એમને દૂરથી પોકારવામાં આવી રહ્યા હોય. (રુકૂઅ-૫)

૪૫. આનાથી પહેલાં અમે મૂસાને ગ્રંથ આપ્યો હતો અને તેના મામલામાં પણ આ જ મતભેદ પડ્યો હતો. જો તારા રબે અગાઉથી જ એક વાત નિર્ધારિત કરી દીધી ન હોત તો આ મતભેદ કરનારાઓ વચ્ચે ફેંસલો ચૂકાવી દેવામાં આવ્યો હોત અને સત્ય એ છે કે આ લોકો તેના વિષે ભારે વ્યાકુળતાભરી શંકામાં પડેલા છે.

૪૬. જે કોઈ સદ્કાર્ય કરશે પોતાના માટે જ સારૂં કરશે, જે બૂરાઈ કરશે તેની આફત તેના ઉપર જ હશે, અને તારો રબ પોતાના બંદાઓ માટે અત્યાચાર કરનાર નથી.

اِلَيْهِ يُرَدُّ عِلْمُ السَّاعَةِ ۭ وَمَا تَخْرُجُ مِنْ ثَمَرٰتٍ
مِّنْ اَكْمَامِهَا وَمَا تَحْمِلُ مِنْ اُنْثٰى وَلَا تَضَعُ اِلَّا
بِعِلْمِهٖ ۭ وَيَوْمَ يُنَادِيْهِمْ اَيْنَ شُرَكَاۗءِيْ ۙ قَالُوْٓا
اٰذَنّٰكَ ۙ مَا مِنَّا مِنْ شَهِيْدٍ ۝٤٧ وَضَلَّ عَنْهُمْ مَّا
كَانُوْا يَدْعُوْنَ مِنْ قَبْلُ وَظَنُّوْا مَا لَهُمْ مِّنْ
مَّحِيْصٍ ۝٤٨ لَا يَسْـَٔمُ الْاِنْسَانُ مِنْ دُعَاۗءِ الْخَيْرِ ۡ
وَاِنْ مَّسَّهُ الشَّرُّ فَيَـُٔوْسٌ قَنُوْطٌ ۝٤٩ وَلَىِٕنْ اَذَقْنٰهُ
رَحْمَةً مِّنَّا مِنْۢ بَعْدِ ضَرَّاۗءَ مَسَّتْهُ لَيَقُوْلَنَّ هٰذَا
لِيْ ۙ وَمَآ اَظُنُّ السَّاعَةَ قَاۗىِٕمَةً ۙ وَّلَىِٕنْ رُّجِعْتُ اِلٰى
رَبِّيْٓ اِنَّ لِيْ عِنْدَهٗ لَلْحُسْنٰى ۚ فَلَنُنَبِّئَنَّ الَّذِيْنَ كَفَرُوْا
بِمَا عَمِلُوْا ۡ وَلَنُذِيْقَنَّهُمْ مِّنْ عَذَابٍ غَلِيْظٍ ۝٥٠
وَاِذَآ اَنْعَمْنَا عَلَي الْاِنْسَانِ اَعْرَضَ وَنَاٰ بِجَانِبِهٖ ۚ
وَاِذَا مَسَّهُ الشَّرُّ فَذُوْ دُعَاۗءٍ عَرِيْضٍ ۝٥١ قُلْ
اَرَءَيْتُمْ اِنْ كَانَ مِنْ عِنْدِ اللّٰهِ ثُمَّ كَفَرْتُمْ
بِهٖ مَنْ اَضَلُّ مِمَّنْ هُوَ فِيْ شِقَاقٍۢ بَعِيْدٍ ۝٥٢
سَنُرِيْهِمْ اٰيٰتِنَا فِي الْاٰفَاقِ وَفِيْٓ اَنْفُسِهِمْ حَتّٰى
يَتَبَيَّنَ لَهُمْ اَنَّهُ الْحَقُّ ۭ اَوَلَمْ يَكْفِ بِرَبِّكَ اَنَّهٗ
عَلٰي كُلِّ شَيْءٍ شَهِيْدٌ ۝٥٣ اَلَآ اِنَّهُمْ فِيْ مِرْيَةٍ
مِّنْ لِّقَاۗءِ رَبِّهِمْ ۭ اَلَآ اِنَّهٗ بِكُلِّ شَيْءٍ مُّحِيْطٌ ۝٥٤ ع

الجزء الخامس والعشرون (٢٥)
منزل ٦

૪૭. તે ક્ષણનું જ્ઞાન અલ્લાહ તરફ જ પાછું વળે છે, તે જ તો બધા ફળોને જાણે છે જે પોતાની કળીઓમાંથી નીકળે છે, તેને જ ખબર છે કે કઈ માદા ગર્ભવતી થઈ છે અને કોણે બાળક જણ્યું છે, પછી જે દિવસે તે આ લોકોને પોકારશે, ''કયાં છે મારા તે ભાગીદારો ?'' આ લોકો કહેશે, ''અમે નિવેદન કરી ચૂક્યા છીએ, આજે અમારામાંથી કોઈ આની સાક્ષી આપનારો નથી.''

૪૮. તે વખતે તે બધા ઉપાસ્યો તેમનાથી ગુમ થઈ જશે જેમને આ લોકો આનાથી પહેલાં પોકારતા હતા, અને આ લોકો સમજી જશે કે આમના માટે હવે કોઈ આશ્રયસ્થાન નથી.

૪૯. મનુષ્ય ક્યારેય ભલાઈની પ્રાર્થના કરતા થાકતો નથી, અને જ્યારે કોઈ આફત તેના પર આવી પડે છે તો નિરાશ અને નાહિમ્મત થઈ જાય છે,

૫૦. પરંતુ જેવો કે મુશ્કેલ સમય પસાર થઈ ગયા પછી અમે એને પોતાની કૃપાનો સ્વાદ ચખાડીએ છીએ, તો આ કહે છે, ''હું આનો જ હક્કદાર છું, અને હું નથી સમજતો કે કયામત (પુનર્જીવન) કયારેય પણ આવશે, પરંતુ જો ખરેખર મને મારા રબ તરફ પાછો પલટાવવામાં આવ્યો તો ત્યાં પણ મજા કરીશ.'' જો કે ઇન્કાર (કુફ્ર) કરનારાઓને અમે ચોક્કસ બતાવીને રહીશું કે તેઓ શું કરીને આવ્યા છે અને તેમને અમે ખૂબ જ ગંદી સજાનો સ્વાદ ચખાડીશું.

૫૧. મનુષ્યને અમે જ્યારે નેઅ્મત (કૃપા) પ્રદાન કરીએ છીએ ત્યારે તે મોઢું ફેરવે છે અને અકડાઈ દેખાડે છે અને જ્યારે તેને કોઈ આફત સ્પર્શ પણ કરી જાય છે તો લાંબી-લાંબી દુઆઓ (પ્રાર્થનાઓ) કરવા લાગે છે.

૫૨. હે પયગંબર ! આમને કહો, ક્યારેય તમે એ પણ વિચાર્યું કે જો હકીકતમાં આ કુર્આન અલ્લાહ જ તરફથી હોય અને તમે આનો ઇન્કાર કરતા રહ્યા તો તે માણસ કરતાં વધુ પથભ્રષ્ટ કોણ હશે જે આનો વિરોધ કરવામાં ઘણો જ દૂર નીકળી ગયો હોય ?

૫૩. ટૂંક સમયમાં જ અમે આમને અમારી નિશાનીઓ બાહ્ય જગતમાં પણ દેખાડીશું અને એમની પોતાની જાતમાં પણ, ત્યાં સુધી કે એમના પર તે વાત સ્પષ્ટ થઈ જશે કે આ કુર્આન વાસ્તવમાં સત્ય છે. શું આટલું પૂરતું નથી કે તારો રબ (પ્રભુ) દરેક વસ્તુનો સાક્ષી છે ?

૫૪. સાવધાન રહો, આ લોકો પોતાના રબની મુલાકાતમાં શંકા ધરાવે છે, સાંભળી લો, તેણે દરેક વસ્તુને પોતાના ઘેરામાં લઈ રાખી છે. (રુકૂઅ-૬)

(૪૨) અશ્-શૂરા

પરિચય

નામ :

આયત ૩૮ના વાક્યાંશ 'વ-અમ્રુહુમ શૂરા બઈનહુમ'થી લેવામાં આવ્યું છે. આ નામનો અર્થ એ છે કે તે સૂરઃ જેમાં 'શૂરા' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

આના વિષય પર વિચાર કરવાથી સ્પષ્ટ જણાય છે કે આ હા-મીમ અસ્-સજદહ પછી તરત જ ઊતરી હશે, કેમ કે આ એક રીતે તદ્દન તેનું પરિશિષ્ટ દેખાય છે. હા-મીમ અસ્-સજદહમાં કુરૈશના સરદારોના આંધળા-બહેરા વિરોધ પર ભારે પ્રહાર કરવામાં આવ્યા હતા. તે ચેતવણી પછી તરત આ સૂરઃ ઉતારવામાં આવી, જેણે સમજાવટનો અને ઉપદેશનો હક્ક અદા કરી દીધો.

વિષય અને ચર્ચા :

વાત એ રીતે શરૂ કરવામાં આવી છે કે (હઝરત મુહમ્મદ સલ્લ. ઉપર વહ્યનું અવતરણ થવું કોઈ નિરાળી વાત નથી.) આવી જ વહી આવા જ આદેશો સાથે અલ્લાહ આનાથી પહેલાં પયગંબરો (અલૈ.) ઉપર નિરંતર મોકલતો રહ્યો છે. તત્પશ્ચાત બતાવવામાં આવ્યું છે કે પયગંબર (સલ્લ.) માત્ર ગફલતમાં પડેલા લોકોને ખબરદાર કરવા અને ભટકી ગયેલાઓને માર્ગ દેખાડવા આવ્યો છે. તેને અલ્લાહના પેદા કરેલાં લોકોના ભાગ્યનો માલિક બનાવવામાં નથી આવ્યો. તેની વાત ન માનનારાઓની પકડ કરવી અને તેમને અઝાબ (યાતના) આપવો કે ન આપવો અલ્લાહનું પોતાનું કામ છે. ત્યારપછી એ રહસ્યને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે અલ્લાહે બધાં જ મનુષ્યોને જન્મ-જાત સન્માર્ગ પર ચાલવાવાળાં કેમ ન બનાવી દીધા અને આ મતભેદ કરવાની શક્તિ કેમ આપી દીધી, જેના કારણે લોકો વિચાર અને કર્મના દરેક ખરાં-ખોટા માર્ગ પર ચાલી નીકળે છે. તે પછી એ બતાવવામાં આવ્યું કે જે દીન (ધર્મ)ને હઝરત મુહમ્મદ (સલ્લ.) પ્રસ્તુત કરી રહ્યા છે તે વાસ્તવમાં છે શું ? તેનો પ્રથમ આધાર એ છે કે અલ્લાહ સૃષ્ટિ અને મનુષ્યનો સર્જનહાર, માલિક અને સાચો સંરક્ષક છે, તેથી તે જ મનુષ્યનો શાસક પણ છે, અને તેનો જ એ અધિકાર છે કે તે મનુષ્યને દીન અને શરીઅત (અર્થાત્ ધર્મ અને વિધિ-વિધાન એટલે કે ધારણા અને કર્મની પ્રણાલી) પ્રદાન કરે. બીજા શબ્દોમાં પ્રાકૃતિક પ્રભુત્વની જેમ વિધિ-વિધાન સંબંધી પ્રભુત્વ પણ અલ્લાહ માટે વિશિષ્ટ છે. આ જ આધારે અલ્લાહતઆલાએ

આદિકાળથી મનુષ્ય માટે એક ધર્મ નિર્ધારિત કર્યો છે. તે એક જ ધર્મ હતો જે દરેક યુગમાં તમામ ઈશદૂતોને આપવામાં આવતો રહ્યો. કોઈ ઈશદૂત કે પયગંબર પોતાના કોઈ અલગ ધર્મનો પ્રવર્તક કે સ્થાપક ન હતો. આ ધર્મ હંમેશા એ ઉદ્દેશ્ય માટે મોકલવામાં આવ્યો છે કે તે જ સ્થાપિત, પ્રચલિત અને લાગુ થાય. ઈશદૂત કે પયગંબર આ ધર્મના માત્ર પ્રચારક નહીં, બલ્કે તેને લાગુ કરવાના સેવા-કાર્ય પર નિયુક્ત કરવામાં આવ્યા હતા. માનવ-જાતિનો મૂળ ધર્મ આ જ હતો, પરંતુ ઈશદૂતો અને પયગંબરો પછી હંમેશાં એવું બનતું રહ્યું છે કે સ્વાર્થી લોકો તેમાં સ્વેચ્છાચાર, અહંકાર અને આત્મ-પ્રદર્શનની ભાવનાના કારણે પોતાના સ્વાર્થ માટે સાંપ્રદાયિકતા અને વિભાજન ઊભા કરીને નવાં-નવાં ધર્મો ઉપજાવતા રહ્યા. હવે હઝરત મુહમ્મદ (સલ્લ.)ને એટલા માટે મોકલવામાં આવ્યા છે કે આ કૃત્રિમ પંથો અને કૃત્રિમ ધર્મો અને માનવસર્જિત જીવન-પદ્ધતિઓની જગ્યાએ તે જ મૂળ ધર્મ (દીન) લોકોના સામે પ્રસ્તુત કરે અને (મક્કમતાની સાથે) તેને જ સ્થાપિત કરવાનો પ્રયાસ કરે. તમને લોકોને એનું ભાન નથી કે અલ્લાહના દીનને છોડીને અલ્લાહ સિવાય બીજાઓના ઘડી કાઢેલા ધર્મ અને કાનૂનને અપનાવવું અલ્લાહ સામે કેટલું મોટું દુ:સાહસ છે. અલ્લાહની નજીક આ સૌથી ખરાબ શિર્ક (અનેકેશ્વરવાદી કૃત્ય) અને સૌથી ગંભીર ગુનો છે, જેની કઠોર સજા ભોગવવી પડશે. આ રીતે દીનની એક સ્પષ્ટ ધારણા પ્રસ્તુત કર્યા પછી કહેવામાં આવ્યું છે કે તમને લોકોને સમજાવીને સન્માર્ગે લાવવા માટે જે સારામાં સારી રીત શક્ય હતી, તેનો ઉપયોગ કરી લેવામાં આવ્યો. આનાથી પણ જો તમે માર્ગ ન પામો તો પછી દુનિયામાં કોઈ વસ્તુ તમને સન્માર્ગ પર લાવી શકતી નથી. આ યથાર્થ તથ્યોના વર્ણન કરતાં વચ્ચે-વચ્ચે સંક્ષિપ્તમાં તૌહીદ (એકેશ્વરવાદ) અને આખિરત (પરલોક)ની દલીલો આપવામાં આવી છે અને દુનિયાપરસ્તી (ભૌતિકવાદ)ના પરિણામોથી સચેત કરવામાં આવ્યાં છે. ત્યારપછી ચર્ચાને સમાપ્ત કરતાં બે મહત્ત્વની વાતો કહેવામાં આવી છે. એક એ કે હઝરત મુહમ્મદ (સલ્લ.)નું પોતાના જીવનના આરંભિક ચાલીસ વર્ષમાં 'ગ્રંથ'ની ધારણાથી તદ્દન અજાણ અને ઈમાનના પ્રશ્નો અને ચર્ચાઓથી સાવ અનભિજ્ઞ રહેવું અને પછી એકાએક આ બંને વસ્તુઓ લઈને દુનિયા સમક્ષ આવી જવું, આપના ઈશદૂત હોવાનો સ્પષ્ટ પુરાવો છે. બીજું એ કે અલ્લાહે આ શિક્ષા તમામ ઈશદૂતો (પયગંબરો)ની જેમ આપ (સલ્લ.)ને પણ ત્રણ રીતે આપી છે : એક વહી (દિવ્ય-પ્રકાશના), બીજી પડદા પાછળથી અવાજ અને ત્રીજી ફરિશ્તાઓ દ્વારા સંદેશ. આ સ્પષ્ટતા એટલા માટે કરવામાં આવી કે વિરોધીઓ એ આક્ષેપ ન કરી શકે કે પયગંબર (સલ્લ.) અલ્લાહથી રૂબરૂ વાત કરવાનો દાવો કરી રહ્યા છે.

اٰيَاتُهَا ٥٣ (٤٢) سُوْرَةُ الشُّوْرٰى مَكِّيَّةٌ (٦٢) رُكُوْعَاتُهَا ٥

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

حٰمٓ ۝١ عٓسٓقٓ ۝٢ كَذٰلِكَ يُوْحِيْٓ اِلَيْكَ وَاِلَى
الَّذِيْنَ مِنْ قَبْلِكَ ۙ اللّٰهُ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝٣ لَهٗ
مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۭ وَهُوَ الْعَلِيُّ
الْعَظِيْمُ ۝٤ تَكَادُ السَّمٰوٰتُ يَتَفَطَّرْنَ مِنْ
فَوْقِهِنَّ وَالْمَلٰۗىِٕكَةُ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ
وَيَسْتَغْفِرُوْنَ لِمَنْ فِي الْاَرْضِ ۭ اَلَآ اِنَّ اللّٰهَ
هُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ۝٥ وَالَّذِيْنَ اتَّخَذُوْا مِنْ
دُوْنِهٖٓ اَوْلِيَاۗءَ اللّٰهُ حَفِيْظٌ عَلَيْهِمْ ڮ وَمَآ اَنْتَ
عَلَيْهِمْ بِوَكِيْلٍ ۝٦ وَكَذٰلِكَ اَوْحَيْنَآ اِلَيْكَ
قُرْاٰنًا عَرَبِيًّا لِّتُنْذِرَ اُمَّ الْقُرٰى وَمَنْ حَوْلَهَا
وَتُنْذِرَ يَوْمَ الْجَمْعِ لَا رَيْبَ فِيْهِ ۭ فَرِيْقٌ فِي الْجَنَّةِ
وَفَرِيْقٌ فِي السَّعِيْرِ ۝٧ وَلَوْ شَاۗءَ اللّٰهُ لَجَعَلَهُمْ اُمَّةً
وَّاحِدَةً وَّلٰكِنْ يُّدْخِلُ مَنْ يَّشَاۗءُ فِيْ رَحْمَتِهٖ ۭ
وَالظّٰلِمُوْنَ مَا لَهُمْ مِّنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ۝٨ اَمِ
اتَّخَذُوْا مِنْ دُوْنِهٖٓ اَوْلِيَاۗءَ ۚ فَاللّٰهُ هُوَ الْوَلِيُّ
وَهُوَ يُحْيِ الْمَوْتٰى ۡ وَهُوَ عَلٰي كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝٩ ع ٩/٢
وَمَا اخْتَلَفْتُمْ فِيْهِ مِنْ شَيْءٍ فَحُكْمُهٗٓ اِلَى اللّٰهِ

(૪૨) સૂરઃ અશ્-શૂરા

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૫ ● આયતો : ૫૩)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હા-મીમ

૨. ઐન-સીન-કાફ !

૩. આવી જ રીતે પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી અલ્લાહ તમારા તરફ અને તમારા પહેલાં થઈ ગયેલા (રસૂલો—ઈશદૂતો) તરફ વહી (દિવ્ય પ્રકાશના) મોકલતો રહ્યો છે.

૪. આકાશો અને ધરતીમાં જે કંઈ પણ છે તેનું જ છે, તે સર્વોચ્ચ અને મહાન છે.

૫. નિકટ છે કે આકાશ ઉપરથી ફાટી પડે. ફરિશ્તાઓ પોતાના રબ (પ્રભુ)ની પ્રશંસાની સાથે તસ્બીહ (મહિમાગાન) કરી રહ્યા છે અને ધરતીવાસીઓ માટે માફીની પ્રાર્થનાઓ કર્યે જાય છે. જાણી લો, હકીકતમાં અલ્લાહ ક્ષમાશીલ અને દયાળુ જ છે.

૬. જે લોકોએ તેને છોડીને પોતાના કેટલાક બીજા સંરક્ષક બનાવી રાખ્યા છે, અલ્લાહ જ તેમનો નિરીક્ષક-સંરક્ષક છે, તમે તેના રખેવાળ નથી.

૭. હા, આવી જ રીતે હે પયગંબર ! આ અરબી કુર્આન અમે તમારા તરફ વહી કર્યું છે જેથી તમે વસ્તીઓના કેન્દ્ર (મક્કા શહેર) અને તેના આસપાસના રહેવાસીઓને સચેત કરી દો, અને એકત્ર થવાના દિવસથી ડરાવી દો, જેના આવવામાં કોઈ શંકા નથી. એક જૂથને જન્નત (સ્વર્ગ)માં જવાનું છે અને બીજા જૂથને દોજખ (નર્ક)માં.

૮. જો અલ્લાહ ચાહતો તો આમને સૌને એક જ ઉમ્મત (સમુદાય) બનાવી દેતો, પરંતુ તે જેને ચાહે છે પોતાની કૃપામાં દાખલ કરે છે, અને અત્યાચારીઓનો ન કોઈ સંરક્ષક છે ન સહાયક.

૯. શું આ લોકો (એવા અણસમજ છે કે) તેમણે તેને છોડી બીજા વલી (સંરક્ષકો) બનાવી રાખ્યા છે ? સરંક્ષક તો અલ્લાહ જ છે, તે જ મડદાંને સજીવન કરે છે, અને તે દરેક વસ્તુ પર સામર્થ્ય ધરાવે છે. (રુકૂઅ-૧)

૧૦. તમારા વચ્ચે જે મામલામાં પણ મતભેદ હોય, તેનો ફેંસલો કરવાનું

ذٰلِكُمُ اللّٰهُ رَبِّيْ عَلَيْهِ تَوَكَّلْتُ ۖ وَاِلَيْهِ اُنِيْبُ ۝١٠
فَاطِرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ جَعَلَ لَكُمْ مِّنْ
اَنْفُسِكُمْ اَزْوَاجًا وَّمِنَ الْاَنْعَامِ اَزْوَاجًا ۚ
يَذْرَؤُكُمْ فِيْهِ ؕ لَيْسَ كَمِثْلِهٖ شَيْءٌ ۚ وَهُوَ السَّمِيْعُ
الْبَصِيْرُ ۝١١ لَهٗ مَقَالِيْدُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ يَبْسُطُ
الرِّزْقَ لِمَنْ يَّشَآءُ وَيَقْدِرُ ؕ اِنَّهٗ بِكُلِّ شَيْءٍ
عَلِيْمٌ ۝١٢ شَرَعَ لَكُمْ مِّنَ الدِّيْنِ مَا وَصّٰى بِهٖ
نُوْحًا وَّالَّذِيْٓ اَوْحَيْنَآ اِلَيْكَ وَمَا وَصَّيْنَا بِهٖٓ
اِبْرٰهِيْمَ وَمُوْسٰى وَعِيْسٰٓى اَنْ اَقِيْمُوا الدِّيْنَ
وَلَا تَتَفَرَّقُوْا فِيْهِ ؕ كَبُرَ عَلَى الْمُشْرِكِيْنَ مَا
تَدْعُوْهُمْ اِلَيْهِ ؕ اَللّٰهُ يَجْتَبِيْٓ اِلَيْهِ مَنْ يَّشَآءُ
وَيَهْدِيْٓ اِلَيْهِ مَنْ يُّنِيْبُ ۝١٣ وَمَا تَفَرَّقُوْٓا اِلَّا
مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ الْعِلْمُ بَغْيًاۢ بَيْنَهُمْ ؕ وَلَوْلَا
كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَّبِّكَ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى لَّقُضِيَ
بَيْنَهُمْ ؕ وَاِنَّ الَّذِيْنَ اُوْرِثُوا الْكِتٰبَ مِنْۢ بَعْدِهِمْ
لَفِيْ شَكٍّ مِّنْهُ مُرِيْبٍ ۝١٤ فَلِذٰلِكَ فَادْعُ ۚ
وَاسْتَقِمْ كَمَآ اُمِرْتَ ۚ وَلَا تَتَّبِعْ اَهْوَآءَهُمْ ۚ وَقُلْ
اٰمَنْتُ بِمَآ اَنْزَلَ اللّٰهُ مِنْ كِتٰبٍ ۚ وَاُمِرْتُ
لِاَعْدِلَ بَيْنَكُمْ ؕ اَللّٰهُ رَبُّنَا وَرَبُّكُمْ ؕ لَنَآ اَعْمَالُنَا

કામ અલ્લાહનું છે. તે જ અલ્લાહ મારો રબ (પ્રભુ) છે, તેના પર જ મેં ભરોસો કર્યો, અને તેના જ તરફ હું વળું છું.

૧૧. આકાશો અને ધરતીનો સર્જનહાર, જેણે તમારી પોતાની જાતિમાંથી તમારા માટે જોડીઓ પેદા કરી, અને આવી જ રીતે પશુઓમાં પણ (તેમની જ સહજાતિની) જોડીઓ બનાવી, અને આ રીતે તે તમારા વંશોને ફેલાવે છે. સૃષ્ટિની કોઈ વસ્તુ તેના સમાન નથી, તે બધું જ સાંભળનાર અને જોનાર છે.

૧૨. આકાશો અને ધરતીના ખજાનાની ચાવીઓ તેના જ પાસે છે, જેને ચાહે છે વિશાળ રોજી આપે છે અને જેને ચાહે છે પ્રમાણસર આપે છે, તેને દરેક વસ્તુનું જ્ઞાન છે.

૧૩. તેણે તમારા માટે દીન (ધર્મ)ની તે જ પદ્ધતિ નક્કી કરી છે જેનો આદેશ તેણે નૂહને આપ્યો હતો અને જેને (હે મુહમ્મદ !) હવે તમારા તરફ અમે વહી દ્વારા મોકલ્યો છે, અને જેનો આદેશ અમે ઇબ્રાહીમ અને મૂસા અને ઈસાને આપી ચૂક્યા છીએ, એ તાકીદ સાથે કે આ દીન (ધર્મ)ને સ્થાપિત કરો અને તેના મામલામાં વહેંચાઈ ન જાઓ. આ જ વાત આ મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)ને ભારે નાપસંદ પડી છે જેના તરફ (હે મુહમ્મદ !) તમે એમને આમંત્રણ આપી રહ્યા છો. અલ્લાહ જેને ચાહે છે, પોતાનો બનાવી લે છે અને તે પોતાના તરફ આવવાનો માર્ગ તેને જ દેખાડે છે, જે તેના તરફ વળે.

૧૪. લોકોમાં જે વિભાજન થયું તે એ પછી જ થયું કે તેમના પાસે જ્ઞાન આવી ગયું હતું, અને એ કારણે થયું કે તેઓ એકબીજા પર અતિરેક કરવા માગતા હતા. જો તારો રબ (પ્રભુ) પહેલાંથી જ આ ફરમાવી ચૂક્યો ન હોત કે એક નિશ્ચિત મુદ્દત સુધી નિર્ણય મુલત્વી રાખવામાં આવશે તો આમનો ફેંસલો ચુકાવી દેવામાં આવ્યો હોત, અને સત્ય એ છે કે આગળના લોકો પછી જે લોકો ગ્રંથના ઉત્તરાધિકારી બનાવવામાં આવ્યા તેઓ તેના વિષે ભારે વ્યાકુળતાભરી શંકામાં પડેલા છે.

૧૫. (આમ આ સ્થિતિ પેદા થઈ ચૂકી છે) તેથી હે મુહમ્મદ ! હવે તમે તે દીન (ધર્મ) તરફ બોલાવો, અને જેવી રીતે તમને આદેશ આપવામાં આવ્યો છે, તેના જ ઉપર દૃઢતાપૂર્વક કાયમ થઈ જાઓ, અને આ લોકોની ઈચ્છાઓનું પાલન ન કરો, અને આમને કહી દો કે, ''અલ્લાહે જે ગ્રંથો પણ અવતરિત કર્યા છે હું તેના પર ઈમાન લાવ્યો. મને આદેશ આપવામાં આવ્યો છે કે હું તમારા વચ્ચે ન્યાય કરું. અલ્લાહ જ અમારો રબ (માલિક અને પાલનહાર) પણ છે અને તમારો રબ પણ. અમારા કર્મો

وَلَكُمْ اَعْمَالُكُمْ ۭ لَا حُجَّةَ بَيْنَنَا وَبَيْنَكُمْ ۭ اَللّٰهُ
يَجْمَعُ بَيْنَنَا ۚ وَاِلَيْهِ الْمَصِيْرُ ١٥ وَالَّذِيْنَ يُحَاۗجُّوْنَ
فِي اللّٰهِ مِنْۢ بَعْدِ مَا اسْتُجِيْبَ لَهٗ حُجَّتُهُمْ
دَاحِضَةٌ عِنْدَ رَبِّهِمْ وَعَلَيْهِمْ غَضَبٌ وَّلَهُمْ عَذَابٌ
شَدِيْدٌ ١٦ اَللّٰهُ الَّذِيْٓ اَنْزَلَ الْكِتٰبَ بِالْحَقِّ
وَالْمِيْزَانَ ۭ وَمَا يُدْرِيْكَ لَعَلَّ السَّاعَةَ
قَرِيْبٌ ١٧ يَسْتَعْجِلُ بِهَا الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِهَا ۚ
وَالَّذِيْنَ اٰمَنُوْا مُشْفِقُوْنَ مِنْهَا ۙ وَيَعْلَمُوْنَ اَنَّهَا
الْحَقُّ ۭ اَلَآ اِنَّ الَّذِيْنَ يُمَارُوْنَ فِي السَّاعَةِ
لَفِيْ ضَلٰلٍۢ بَعِيْدٍ ١٨ اَللّٰهُ لَطِيْفٌۢ بِعِبَادِهٖ يَرْزُقُ
ع ٢ ١٠ مَنْ يَّشَاۗءُ ۚ وَهُوَ الْقَوِيُّ الْعَزِيْزُ ١٩ مَنْ كَانَ
يُرِيْدُ حَرْثَ الْاٰخِرَةِ نَزِدْ لَهٗ فِيْ حَرْثِهٖ ۚ وَمَنْ
كَانَ يُرِيْدُ حَرْثَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا ۙ وَمَا لَهٗ فِي
الْاٰخِرَةِ مِنْ نَّصِيْبٍ ٢٠ اَمْ لَهُمْ شُرَكٰۗؤُا شَرَعُوْا
لَهُمْ مِّنَ الدِّيْنِ مَا لَمْ يَاْذَنْۢ بِهِ اللّٰهُ ۭ وَلَوْلَا كَلِمَةُ
الْفَصْلِ لَقُضِيَ بَيْنَهُمْ ۭ وَاِنَّ الظّٰلِمِيْنَ لَهُمْ
عَذَابٌ اَلِيْمٌ ٢١ تَرَى الظّٰلِمِيْنَ مُشْفِقِيْنَ مِمَّا
كَسَبُوْا وَهُوَ وَاقِعٌۢ بِهِمْ ۭ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ فِيْ رَوْضٰتِ الْجَنّٰتِ ۚ لَهُمْ مَّا يَشَاۗءُوْنَ

અમારા માટે છે અને તમારા કર્મો તમારા માટે. આપણા વચ્ચે કોઈ તકરાર નથી. અલ્લાહ એક દિવસે આપણને સૌને એકત્ર કરશે અને તેના જ તરફ સૌને જવાનું છે."

૧૬. અલ્લાહના આમંત્રણનો સ્વીકાર કર્યા પછી જે લોકો (સ્વીકાર કરનારાઓ સાથે) અલ્લાહ વિષે ઝઘડા કરે છે, તેમનો વાદ-વિવાદ તેમના રબ નજીક ખોટો છે, અને તેમના ઉપર તેનો પ્રકોપ છે અને તેમના માટે કઠોર યાતના છે.

૧૭. તે અલ્લાહ જ છે જેણે સત્યપૂર્વક આ ગ્રંથ અને તુલા★ અવતરિત કર્યા છે અને તમને શું ખબર, કદાચ નિર્ણયની ઘડી નજીક જ આવી પહોંચી હોય.

૧૮. જે લોકો તેના આવવા પર ઈમાન ધરાવતા નથી તેઓ તો તેના માટે ઉતાવળ કરે છે, પરંતુ જે લોકો તેના પર ઈમાન ધરાવે છે તેઓ તેનાથી ડરે છે અને જાણે છે કે તે ચોક્કસ આવવાની છે. બરાબર સાંભળી લો, જે લોકો તેના આગમન વિષે શંકામાં નાખનારી ચર્ચાઓ કરે છે તેઓ પથભ્રષ્ટતામાં ઘણે દૂર નીકળી ગયા છે.

૧૯. અલ્લાહ પોતાના બંદાઓ પર ઘણો મહેરબાન છે. જેને જે કંઈ ચાહે છે, આપે છે અને તે ખૂબ જ શક્તિશાળી અને પ્રભુત્વશાળી છે. (રુકૂઅ-૨)

૨૦. જે કોઈ આખિરત (પરલોક)ની ખેતી ચાહે છે તેની ખેતીને અમે વધારીએ છીએ, અને જે દુનિયા (આલોક)ની ખેતી ચાહે છે તેને દુનિયા (આલોક)માંથી જ આપીએ છીએ પરંતુ આખિરત (પરલોક)માં તેનો કોઈ હિસ્સો નથી.

૨૧. શું આ લોકો અલ્લાહના કંઈક એવા ભાગીદાર રાખે છે જેમણે એમના માટે દીન (ધર્મ)નું સ્વરૂપ ધરાવતી એક એવી પદ્ધતિ નિર્ધારિત કરી દીધી છે જેનો અલ્લાહે આદેશ આપ્યો નથી ? જો ફેંસલાની વાત નક્કી કરી નાખવામાં આવી ન હોત તો તેમનો ઝઘડો ચૂકવી દેવામાં આવ્યો હોત. નિઃશંક આ અત્યાચારીઓ માટે દુઃખદાયી યાતના છે.

૨૨. તમે જોશો કે આ અત્યાચારીઓ તે વખતે પોતાની કરણીના અંજામથી ડરી રહ્યા હશે અને તે તેમના ઉપર આવીને રહેશે. આનાથી વિપરીત, જે લોકો ઈમાન લઈ આવ્યા છે અને જેમણે સદ્કાર્યો કર્યા છે તેઓ જન્નત (સ્વર્ગ)ના બાગોમાં હશે, જે કંઈ પણ તેઓ ઇચ્છશે પોતાનાં

★ 'તુલા' એટલે શરીઅત, અર્થાત્ ઇસ્લામી ધર્મ-વિધાન, જે સત્ય અને અસત્ય, ઉચિત અને અનુચિત, સાચું અને ખોટું તથા ન્યાય અને અન્યાય વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી દે છે.

عِنۡدَ رَبِّہِمۡ ؕ ذٰلِکَ ہُوَ الۡفَضۡلُ الۡکَبِیۡرُ ﴿۲۲﴾ ذٰلِکَ الَّذِیۡ
یُبَشِّرُ اللّٰہُ عِبَادَہُ الَّذِیۡنَ اٰمَنُوۡا وَ عَمِلُوا الصّٰلِحٰتِ ؕ
قُلۡ لَّاۤ اَسۡـَٔلُکُمۡ عَلَیۡہِ اَجۡرًا اِلَّا الۡمَوَدَّۃَ فِی الۡقُرۡبٰی ؕ
وَ مَنۡ یَّقۡتَرِفۡ حَسَنَۃً نَّزِدۡ لَہٗ فِیۡہَا حُسۡنًا ؕ اِنَّ اللّٰہَ
غَفُوۡرٌ شَکُوۡرٌ ﴿۲۳﴾ اَمۡ یَقُوۡلُوۡنَ افۡتَرٰی عَلَی اللّٰہِ کَذِبًا ۚ
فَاِنۡ یَّشَاِ اللّٰہُ یَخۡتِمۡ عَلٰی قَلۡبِکَ ؕ وَ یَمۡحُ اللّٰہُ
الۡبَاطِلَ وَ یُحِقُّ الۡحَقَّ بِکَلِمٰتِہٖ ؕ اِنَّہٗ عَلِیۡمٌۢ
بِذَاتِ الصُّدُوۡرِ ﴿۲۴﴾ وَ ہُوَ الَّذِیۡ یَقۡبَلُ التَّوۡبَۃَ
عَنۡ عِبَادِہٖ وَ یَعۡفُوۡا عَنِ السَّیِّاٰتِ وَ یَعۡلَمُ مَا
تَفۡعَلُوۡنَ ﴿ۙ۲۵﴾ وَ یَسۡتَجِیۡبُ الَّذِیۡنَ اٰمَنُوۡا وَ عَمِلُوا
الصّٰلِحٰتِ وَ یَزِیۡدُہُمۡ مِّنۡ فَضۡلِہٖ ؕ وَ الۡکٰفِرُوۡنَ لَہُمۡ
عَذَابٌ شَدِیۡدٌ ﴿۲۶﴾ وَ لَوۡ بَسَطَ اللّٰہُ الرِّزۡقَ لِعِبَادِہٖ
لَبَغَوۡا فِی الۡاَرۡضِ وَ لٰکِنۡ یُّنَزِّلُ بِقَدَرٍ مَّا یَشَآءُ ؕ
اِنَّہٗ بِعِبَادِہٖ خَبِیۡرٌۢ بَصِیۡرٌ ﴿۲۷﴾ وَ ہُوَ الَّذِیۡ یُنَزِّلُ
الۡغَیۡثَ مِنۡۢ بَعۡدِ مَا قَنَطُوۡا وَ یَنۡشُرُ رَحۡمَتَہٗ ؕ وَ ہُوَ
الۡوَلِیُّ الۡحَمِیۡدُ ﴿۲۸﴾ وَ مِنۡ اٰیٰتِہٖ خَلۡقُ السَّمٰوٰتِ وَ
الۡاَرۡضِ وَ مَا بَثَّ فِیۡہِمَا مِنۡ دَآبَّۃٍ ؕ وَ ہُوَ عَلٰی
جَمۡعِہِمۡ اِذَا یَشَآءُ قَدِیۡرٌ ﴿۲۹﴾ وَ مَاۤ اَصَابَکُمۡ مِّنۡ
مُّصِیۡبَۃٍ فَبِمَا کَسَبَتۡ اَیۡدِیۡکُمۡ وَ یَعۡفُوۡا عَنۡ کَثِیۡرٍ ﴿ؕ۳۰﴾

منزل ٦

રબ (પ્રભુ)ને ત્યાં પામશે, આ જ મોટી કૃપા છે.

૨૩. આ છે તે વસ્તુ જેની ખુશખબર અલ્લાહ પોતાના તે બંદાઓને આપે છે જેમણે માન્યું અને સદ્કાર્યો કર્યા. હે પયગંબર ! આ લોકોને કહી દો, ''હું આ કાર્ય માટે તમારા પાસેથી કોઈ બદલો ચાહતો નથી, અલબત્ત, નજીકનાઓનો પ્રેમ જરૂર ઇચ્છું છું.'' જે કોઈ ભલાઈ કમાશે અમે તેના માટે તે ભલાઈમાં ખૂબીની અભિવૃદ્ધિ કરી દઈશું. નિઃશંક અલ્લાહ મોટો દરગુજર કરનાર અને કદરદાન છે.

૨૪. શું આ લોકો કહે છે કે આ માણસે અલ્લાહ ઉપર જૂઠો આરોપ ઘડી કાઢ્યો છે ? જો અલ્લાહ ચાહે તો તમારા હૃદય પર મહોર મારી દે. તે અસત્યને નાબૂદ કરે છે અને સત્યને પોતાના ફરમાનોથી સાચું કરી દેખાડે છે. તે હૃદયોમાં છૂપાયેલાં રહસ્યો પણ જાણે છે.

૨૫. તે જ છે જે પોતાના બંદાઓની તૌબા (ક્ષમાયાચના) સ્વીકારે છે અને બૂરાઈઓથી દરગુજર ફરમાવે છે, જો કે તમારા લોકોના બધાં કાર્યોની તેને ખબર છે.

૨૬. તે ઈમાન લાવનારા અને સદ્કાર્યો કરનારાઓની પ્રાર્થનાઓ સ્વીકારે છે અને પોતાની કૃપાથી તેમને ખૂબ વધારે આપે છે. રહ્યા ઇન્કાર કરનારાઓ, તો તેમના માટે સખત સજા છે.

૨૭. જો અલ્લાહ પોતાના સૌ બંદાઓને વિશાળ રોજી આપી દે તો તેઓ ધરતી ઉપર ઉદંડતાનું તોફાન ઊભું કરી દેતા, પરંતુ તે એક પ્રમાણ મુજબ જેટલી ચાહે છે ઊતારે છે, નિઃશંક તે પોતાના બંદાઓથી પૂરેપૂરો વાકેફ છે અને તેમના ઉપર નજર રાખે છે.

૨૮. તે જ છે જે લોકોના નિરાશ થઈ ગયા બાદ વરસાદ વરસાવે છે અને પોતાની કૃપા ફેલાવી દે છે, અને તે જ પ્રશંસાપાત્ર સંરક્ષક છે.

૨૯. તેની નિશાનીઓમાંથી છે આ આકાશો અને ધરતીની સંરચના, અને આ જીવધારી સર્જનો જે તેણે બંને જગ્યાએ ફેલાવી રાખ્યા છે. તે જ્યારે ચાહે ત્યારે તેમને એકત્ર કરી શકે છે. (રુકૂઅ-૩)

૩૦. તમારા ઉપર જે મુસીબત પણ આવી છે તે તમારા પોતાના હાથોની કમાણીથી આવી છે. અને કેટલાય ગુનાઓને તો તે આમ જ દરગુજર કરી દે છે.

وَمَآ اَنْتُمْ بِمُعْجِزِيْنَ فِي الْاَرْضِ ۚۖ وَمَا لَكُمْ مِّنْ
دُوْنِ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ﴿٣١﴾ وَمِنْ اٰيٰتِهِ الْجَوَارِ
فِي الْبَحْرِ كَالْاَعْلَامِ ﴿٣٢﴾ اِنْ يَّشَاْ يُسْكِنِ الرِّيْحَ فَيَظْلَلْنَ
رَوَاكِدَ عَلٰى ظَهْرِهٖ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّكُلِّ صَبَّارٍ
شَكُوْرٍ ﴿٣٣﴾ اَوْ يُوْبِقْهُنَّ بِمَا كَسَبُوْا وَيَعْفُ عَنْ
كَثِيْرٍ ﴿٣٤﴾ وَّيَعْلَمَ الَّذِيْنَ يُجَادِلُوْنَ فِيْٓ اٰيٰتِنَا ؕ مَا
لَهُمْ مِّنْ مَّحِيْصٍ ﴿٣٥﴾ فَمَآ اُوْتِيْتُمْ مِّنْ شَيْءٍ فَمَتَاعُ
الْحَيٰوةِ الدُّنْيَا ۚ وَمَا عِنْدَ اللّٰهِ خَيْرٌ وَّاَبْقٰى لِلَّذِيْنَ
اٰمَنُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿٣٦﴾ وَالَّذِيْنَ يَجْتَنِبُوْنَ
كَبٰٓئِرَ الْاِثْمِ وَالْفَوَاحِشَ وَاِذَا مَا غَضِبُوْا هُمْ يَغْفِرُوْنَ ﴿٣٧﴾
وَالَّذِيْنَ اسْتَجَابُوْا لِرَبِّهِمْ وَاَقَامُوا الصَّلٰوةَ ۖ وَاَمْرُهُمْ
شُوْرٰى بَيْنَهُمْ ۖ وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ﴿٣٨﴾ وَالَّذِيْنَ
اِذَآ اَصَابَهُمُ الْبَغْيُ هُمْ يَنْتَصِرُوْنَ ﴿٣٩﴾ وَجَزٰٓؤُا سَيِّئَةٍ
سَيِّئَةٌ مِّثْلُهَا ۚ فَمَنْ عَفَا وَاَصْلَحَ فَاَجْرُهٗ عَلَى
اللّٰهِ ؕ اِنَّهٗ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿٤٠﴾ وَلَمَنِ انْتَصَرَ بَعْدَ
ظُلْمِهٖ فَاُولٰٓئِكَ مَا عَلَيْهِمْ مِّنْ سَبِيْلٍ ﴿٤١﴾ اِنَّمَا السَّبِيْلُ
عَلَى الَّذِيْنَ يَظْلِمُوْنَ النَّاسَ وَيَبْغُوْنَ فِي الْاَرْضِ
بِغَيْرِ الْحَقِّ ؕ اُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٤٢﴾ وَلَمَنْ صَبَرَ
وَغَفَرَ اِنَّ ذٰلِكَ لَمِنْ عَزْمِ الْاُمُوْرِ ﴿٤٣﴾ وَمَنْ يُّضْلِلِ

منزل ٦

૩૧. તમે ધરતીમાં પોતાના અલ્લાહને વિવશ કરનારા નથી, અને અલ્લાહના મુકાબલામાં તમે કોઈ સમર્થક અને સહાયક ધરાવતા નથી.

૩૨. તેની નિશાનીઓમાંથી છે આ વહાણો જે સમુદ્રમાં પર્વતો જેવા દેખાય છે.

૩૩. અલ્લાહ જ્યારે ચાહે ત્યારે હવાને થંભાવી દે અને તેઓ સમુદ્રની પીઠ પર ઊભા-ને-ઊભા રહી જાય. આમાં મોટી નિશાનીઓ છે તે દરેક વ્યક્તિ માટે જે ખૂબ જ ધૈર્યવાન અને કૃતજ્ઞ હોય

૩૪. અથવા (તેમના ઉપર સવાર થનારાઓના) ઘણાંખરા ગુનાઓને દરગુજર કરવા સાથે તેમના થોડાંક જ કૃત્યોના બદલામાં તેમને ડૂબાડી દે,

૩૫. અને તે વખતે અમારી આયતોમાં ઝઘડનારાઓને ખબર પડી જાય કે તેમના માટે કોઈ આશ્રયસ્થાન નથી.

૩૬. જે કંઈ પણ તમને આપવામાં આવ્યું છે તે માત્ર દુનિયાના અલ્પ જીવનની સાધન-સામગ્રી છે, અને જે કંઈ અલ્લાહ પાસે છે તે સારું પણ છે અને સ્થાયી પણ. તે એ લોકો માટે છે જેઓ ઈમાન લાવ્યા છે અને પોતાના રબ (માલિક અને પાલનહાર) પર ભરોસો કરે છે,

૩૭. જેઓ મોટા-મોટા ગુનાઓ અને અશ્લીલ કામોથી દૂર રહે છે અને જો ગુસ્સો ચઢે તો માફ કરી દે છે,

૩૮. જેઓ પોતાના રબનો આદેશ માને છે, નમાઝ કાયમ કરે છે, પોતાના મામલાઓ પરસ્પર સલાહ-મસલતથી ચલાવે છે, અમે જે કંઈ પણ રોજી તેમને આપી છે તેમાંથી ખર્ચ કરે છે,

૩૯. અને જ્યારે તેમના પર અતિરેક કરવામાં આવે તો તેનો મુકાબલો કરે છે.

૪૦. બૂરાઈનો બદલો તેવી જ બૂરાઈ છે, પછી જો કોઈ માફ કરી દે અને સુધરી જાય તો તેનું વળતર અલ્લાહના શિરે છે, અલ્લાહ અત્યાચારીઓને પસંદ કરતો નથી.

૪૧. અને જે લોકો (અત્યાચારનો ભોગ બન્યા) પછી બદલો લે તો તેમની નિંદા કરી શકાય નહીં,

૪૨. નિંદનીય તો તે છે જે બીજાઓ પર અત્યાચાર કરે છે અને ધરતીમાં નાહક અતિરેક કરે છે. આવા લોકો માટે પીડાકારી યાતના છે.

૪૩. અલબત્ત જે કોઈ વ્યક્તિ સબ્ર કરે (અર્થાત્ ધૈર્યથી કામ લે) અને માફ કરી દે, તો આ ભારે હિંમતપૂર્ણ કામોમાંથી છે. (રુકૂઅ-૪)

اللّٰهُ فَمَا لَهٗ مِنْ وَّلِیٍّ مِّنْۢ بَعْدِهٖ ؕ وَ تَرَى الظّٰلِمِیْنَ
لَمَّا رَاَوُا الْعَذَابَ یَقُوْلُوْنَ هَلْ اِلٰى مَرَدٍّ مِّنْ
سَبِیْلٍ ۚ ﴿٤٤﴾ وَ تَرٰىهُمْ یُعْرَضُوْنَ عَلَیْهَا خٰشِعِیْنَ مِنَ
الذُّلِّ یَنْظُرُوْنَ مِنْ طَرْفٍ خَفِیٍّ ؕ وَ قَالَ الَّذِیْنَ
اٰمَنُوْۤا اِنَّ الْخٰسِرِیْنَ الَّذِیْنَ خَسِرُوْۤا اَنْفُسَهُمْ وَ
اَهْلِیْهِمْ یَوْمَ الْقِیٰمَةِ ؕ اَلَاۤ اِنَّ الظّٰلِمِیْنَ فِیْ
عَذَابٍ مُّقِیْمٍ ﴿٤٥﴾ وَ مَا كَانَ لَهُمْ مِّنْ اَوْلِیَآءَ
یَنْصُرُوْنَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ ؕ وَ مَنْ یُّضْلِلِ اللّٰهُ
فَمَا لَهٗ مِنْ سَبِیْلٍ ؕ ﴿٤٦﴾ اِسْتَجِیْبُوْا لِرَبِّكُمْ مِّنْ
قَبْلِ اَنْ یَّاْتِیَ یَوْمٌ لَّا مَرَدَّ لَهٗ مِنَ اللّٰهِ ؕ مَا لَكُمْ
مِّنْ مَّلْجَاٍ یَّوْمَىِٕذٍ وَّ مَا لَكُمْ مِّنْ نَّكِیْرٍ ﴿٤٧﴾ فَاِنْ
اَعْرَضُوْا فَمَاۤ اَرْسَلْنٰكَ عَلَیْهِمْ حَفِیْظًا ؕ اِنْ عَلَیْكَ
اِلَّا الْبَلٰغُ ؕ وَ اِنَّاۤ اِذَاۤ اَذَقْنَا الْاِنْسَانَ مِنَّا رَحْمَةً
فَرِحَ بِهَا ۚ وَ اِنْ تُصِبْهُمْ سَیِّئَةٌۢ بِمَا قَدَّمَتْ اَیْدِیْهِمْ
فَاِنَّ الْاِنْسَانَ كَفُوْرٌ ﴿٤٨﴾ لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَ
الْاَرْضِ ؕ یَخْلُقُ مَا یَشَآءُ ؕ یَهَبُ لِمَنْ یَّشَآءُ اِنَاثًا
وَّ یَهَبُ لِمَنْ یَّشَآءُ الذُّكُوْرَ ۙ ﴿٤٩﴾ اَوْ یُزَوِّجُهُمْ ذُكْرَانًا وَّ
اِنَاثًا ۚ وَ یَجْعَلُ مَنْ یَّشَآءُ عَقِیْمًا ؕ اِنَّهٗ عَلِیْمٌ قَدِیْرٌ ﴿٥٠﴾
وَ مَا كَانَ لِبَشَرٍ اَنْ یُّكَلِّمَهُ اللّٰهُ اِلَّا وَحْیًا اَوْ مِنْ

૪૪. જેને અલ્લાહ જ પથભ્રષ્ટતામાં ફેંકી દે તેને સંભાળનાર અલ્લાહ પછી કોઈ નથી. તમે જોશો કે આ અત્યાચારીઓ જયારે સજા નિહાળશે તો કહેશે કે હવે પાછા જવાનો પણ કોઈ માર્ગ છે ?

૪૫. અને તમે જોશો કે આમને જયારે જહન્નમ (નર્ક)ના સામે લાવવામાં આવશે તો અપમાનને કારણે ઝૂકી પડતા હશે અને તેને નજરો બચાવી-બચાવીને ત્રાંસી આંખોથી જોશે. તે વખતે જેઓ ઈમાન લાવ્યા હતા, કહેશે કે હકીકતમાં સાચા નુકસાન વેઠનારા તેઓ જ છે જેમણે આજે કયામતના દિવસે પોતાને અને પોતાના સંબંધીઓને નુકસાનમાં નાખી દીધા. જાણી લો, અત્યાચારીઓ સ્થાયી યાતનામાં હશે,

૪૬. અને તેમના કોઈ સહાયક અને સંરક્ષક નહીં હોય જે અલ્લાહના મુકાબલામાં તેમની સહાય માટે આવે. જેને અલ્લાહ પથભ્રષ્ટતામાં ફેંકી દે તેના માટે બચાવનો કોઈ માર્ગ નથી.

૪૭. માની લો પોતાના રબ (પ્રભુ)ની વાત તે પહેલાં કે તે દિવસ આવે જેના ટળવાનો કોઈ માર્ગ અલ્લાહ તરફથી નથી. તે દિવસે તમારા માટે કોઈ આશ્રયસ્થાન નહીં હોય અને ન કોઈ તમારી હાલતને બદલવાનો પ્રયત્ન કરનાર હશે.

૪૮. હવે જો આ લોકો મોઢું ફેરવી જાય છે તો હે પયગંબર ! અમે તમને એમના પર રખેવાળ બનાવીને તો નથી મોકલ્યા. તમારા પર તો માત્ર વાત પહોંચાડી દેવાની જવાબદારી છે. મનુષ્યની હાલત એવી છે કે જયારે અમે તેને પોતાની કૃપાનો સ્વાદ ચખાડીએ છીએ તો તેના ઉપર ફૂલાઈ જાય છે, અને જો તેના હાથનું કરેલું કોઈક મુસીબતના રૂપમાં તેના પર પાછું ફરે છે તો મોટો અપકારી બની જાય છે.

૪૯. અલ્લાહ આકાશો અને ધરતીના રાજયનો માલિક છે, જે ચાહે છે પેદા કરે છે, જેને ચાહે છે પુત્રીઓ આપે છે, જેને ચાહે છે પુત્રો આપે છે,

૫૦. જેને ચાહે છે પુત્રો અને પુત્રીઓ ભેગાં આપે છે, અને જેને ચાહે વાંઝિયાં બનાવી દે છે. તે બધું જ જાણે છે અને દરેક વસ્તુનું સામર્થ્ય ધરાવે છે.

૫૧. કોઈ મનુષ્ય તે હેસિયત ધરાવતો નથી કે અલ્લાહ તેના સાથે રૂબરૂ વાત કરે. તેની વાત કાં તો વહી★ના રૂપમાં હોય છે, અથવા તો

★ 'વહી' એટલે સંકેત કે ઇશારો. અહીં 'વહી'નો અર્થ 'ઇલ્કા' – ઇશ્વરીય શક્તિથી અનાયાસે મનમાં કોઈ વિચાર ઉત્પન્ન થવો, 'ઇલ્હામ' – અલ્લાહ તરફથી હૃદયમાં ઉદ્‌ભવેલી વાત, કે હૃદયમાં કોઈ વાત આવવી કે સ્વપ્નમાં કંઈક બતાવી દેવાનો થાય છે.

وَّرَآئِ حِجَابٍ اَوْ يُرْسِلَ رَسُوْلًا فَيُوْحِيَ بِاِذْنِهٖ

مَا يَشَآءُ ؕ اِنَّهٗ عَلِيٌّ حَكِيْمٌ ﴿٥١﴾ وَكَذٰلِكَ اَوْحَيْنَآ

اِلَيْكَ رُوْحًا مِّنْ اَمْرِنَا ؕ مَا كُنْتَ تَدْرِيْ مَا الْكِتٰبُ

وَلَا الْاِيْمَانُ وَلٰكِنْ جَعَلْنٰهُ نُوْرًا نَّهْدِيْ بِهٖ مَنْ

نَّشَآءُ مِنْ عِبَادِنَا ؕ وَاِنَّكَ لَتَهْدِيْٓ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٥٢﴾

صِرَاطِ اللّٰهِ الَّذِيْ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي

الْاَرْضِ ؕ اَلَآ اِلَى اللّٰهِ تَصِيْرُ الْاُمُوْرُ ﴿٥٣﴾

منزل ٦ ع ٥

પડદાના પાછળથી★ અથવા પછી તે કોઈ સંદેશવાહક (ફરિશ્તો) મોકલે છે અને તે તેના આદેશથી જે કંઈ તે ચાહે છે વહી કરે છે, તે સર્વોચ્ચ અને તત્ત્વદર્શી છે.

૫૨. અને આવી જ રીતે (હે પયગંબર !) અમે પોતાના આદેશથી એક રૂહ (અર્થાત્ પ્રાણ અને સારતત્ત્વ) તમારા તરફ વહી (પ્રકાશના) કરી છે. તમને કંઈ ખબર ન હતી કે ગ્રંથ શું હોય છે અને ઈમાન શું હોય છે, પરંતુ તે રૂહને અમે એક પ્રકાશ બનાવી દીધી જેના વડે અમે માર્ગ દેખાડીએ છીએ, પોતાના બંદાઓ પૈકી જેને ઇચ્છીએ. નિઃસંદેહ તમે સન્માર્ગ તરફ માર્ગદર્શન કરી રહ્યા છો,

૫૩. તે અલ્લાહના માર્ગ તરફ જે આકાશો અને ધરતીની દરેક વસ્તુનો માલિક છે. જાણી લો, બધા જ મામલા અલ્લાહના જ તરફ રજૂ થાય છે. (રુકૂઅ-૫)

★ અર્થાત્ માણસ કોઈ અવાજ સાંભળે પણ બોલનાર તેને નજર ન આવે.

(૪૩) અઝ્-ઝુખ્રૂફ

પરિચય

નામ :

આયત ૩૫ ના શબ્દ 'વ ઝુખ્રૂફા' (ચાંદી અને સોનાના)થી લેવામાં આવ્યું છે. તેનો અર્થ એ છે કે આ તે સૂરઃ છે જેમાં 'ઝુખ્રૂફ' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

આમાં આવેલ ચર્ચાઓ પર વિચાર કરવાથી સ્પષ્ટપણે જણાય છે કે આ સૂરઃ પણ તે જ જમાનામાં ઊતરી છે જેમાં અલ-મૂ'મિન, હા-મીમ અસ્-સજદહ અને અશ્-શૂરાનું અવતરણ થયું હતું. આ તે સમય હતો, જ્યારે મક્કાના કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ) હઝરત મુહમ્મદ (સલ્લ.)ના જીવના પાછળ પડી ગયા હતા.

ચર્ચાના વિષયો :

આ સૂરઃમાં ભારપૂર્વક કુરૈશ અને આરબવાસીઓની તે અજ્ઞાનતાપૂર્ણ ધારણાઓ અને અંધશ્રદ્ધાઓની નિંદા કરવામાં આવી છે, જેનો તેઓ ખૂબ જ દુરાગ્રહ કરતા જઈ રહ્યા હતા, અને ખૂબ જ મજબૂત અને હૃદયસ્પર્શી રીતે તેને બુદ્ધિસંગત ન હોવાનું સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ચર્ચાની શરૂઆત એ રીતે કરવામાં આવી છે કે તમે લોકો પોતાની દુષ્ટતાના જોરે એવું ઇચ્છો છો કે આ ગ્રંથનું અવતરણ અટકાવી દેવામાં આવે, પરંતુ અલ્લાહે ક્યારેય દુષ્ટતાઓના કારણે પયગંબરો—ઈશદૂતોને મોકલવાનું તથા ગ્રંથોનું અવતરણ બંધ કર્યું નથી, બલ્કે તે અત્યાચારીઓને તબાહ કરી દીધા છે જે તેના માર્ગદર્શનનો માર્ગ રોકીને ઊભા હતા. આવું જ તે અત્યારે પણ કરશે. તે પછી બતાવવામાં આવ્યું છે કે તે ધર્મ શું છે, જેને આ લોકો છાતીએ વળગાડીને બેઠાં છે, અને તે દલીલો કઈ છે જેના જોરે તેઓ હઝરત મુહમ્મદ (સલ્લ.)નો મુકાબલો કરી રહ્યા છે. તેઓ પોતે માને છે કે ધરતી અને આકાશનો અને સ્વયં એમનો અને એમના ઉપાસ્યોનો સર્જનહાર પણ અને આજીવિકા પ્રદાન કરવાવાળો પણ અલ્લાહ જ છે. તેમ છતાં બીજાઓને અલ્લાહના સાથે ઈશ્વરત્વ (ખુદાઈ)માં ભાગીદાર ઠરાવવા પર હઠાગ્રહ કરતા જઈ રહ્યા છે. બંદાઓને અલ્લાહના સંતાનો કહે છે અને ફરિશ્તાઓ વિશે કહે છે કે આ અલ્લાહની પુત્રીઓ છે. તેમની ઉપાસના કરે છે. છેવટે એમને કેવી રીતે ખબર પડી કે ફરિશ્તાઓ સ્ત્રીઓ છે ? આ અજ્ઞાનતાપૂર્ણ વાતો માટે જ્યારે ટોકવામાં આવે છે તો ભાગ્યનું બહાનું કાઢે છે અને કહે છે કે જો અલ્લાહ અમારા આ કામને પસંદ કરતો ન હોત તો અમે કઈ રીતે આ મૂર્તિઓની પૂજા કરી શકતા હતા, જ્યારે કે અલ્લાહની પસંદ અને

નાપસંદ જાણવા માટેનું માધ્યમ તેના ગ્રંથો છે, નહીં કે તે કામ જે દુનિયામાં તેની મરજી (તેણે આપેલ છૂટછાટ) હેઠળ થઈ રહ્યા છે. (પોતાના શિર્ક-અનેકેશ્વરવાદી કૃત્ય માટે એક તર્ક એ પણ) આપે છે કે બાપ-દાદાઓના જમાનાથી આ કામ આમ જ થતું આવે છે. જાણે એમના માટે કોઈ ધર્મના સત્ય હોવા માટે આ પૂરતી દલીલ છે, જ્યારે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ, જેમના સંતાનો હોવા પર તેમનો બધો ગર્વ અને શ્રેષ્ઠતા નિર્ભર કરે છે, એવા આંધળા અનુસરણને રદ કરી દીધું હતું જેનો સાથ કોઈ તર્કસંગત દલીલ આપતી ન હોય. પછી જો આ લોકોને પોતાના પૂર્વજોનું અનુસરણ કરવું જ હતું, તો તેના માટે પણ પોતાના સૌથી મહાન પૂર્વજો હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)ને છોડીને એમણે પોતાના સૌથી મોટાં અજ્ઞાની પૂર્વજાને પસંદ કર્યા ! હઝરત મુહમ્મદ (સલ્લ.)ની પયગંબરીનો સ્વીકાર કરવામાં તેમને સંકોચ છે તો એ કારણે કે તેમની પાસે ધન-દોલત અને રાજ્ય અને સત્તા તો છે જ નહીં. કહે છે કે જો અલ્લાહ અમારે ત્યાં કોઈને પયગંબર બનાવવા માંગતો હોત તો અમારા બંને શહેર (મક્કા અને તાઈફ)ના મોટા માણસોમાંથી કોઈને બનાવતો. આ જ કારણે ફિરઔને પણ હઝરત મૂસા (અલૈ.)ને તુચ્છ ગણ્યા હતા અને કહ્યું હતું કે આકાશનો બાદશાહ જો મુજ ધરતીના બાદશાહ પાસે કોઈ દૂત મોકલતો તો તેને સોનાના કંગન પહેરાવીને અને ફરિશ્તાઓના એક લશ્કરને તેના પ્યાદા બનાવીને મોકલતો. આ નિર્ધન ક્યાંથી આવીને ઊભો થઈ ગયો ? અંતમાં સાફ-સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે ન તો અલ્લાહનું કોઈ સંતાન છે, ન આકાશ અને ધરતીના અલગ-અલગ પ્રભુ છે અને ન અલ્લાહને ત્યાં કોઈ એવો ભલામણકર્તા છે જે જાણી-સમજીને પથભ્રષ્ટતાનો માર્ગ અપનાવનારાઓને તેની સજાથી બચાવી શકે.

اٰيَاتُهَا ٨٩ — (٤٣) سُوۡرَةُ الزُّخۡرُفِ مَكِّيَّةٌ (٦٣) — رُكُوۡعَاتُهَا ٧

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

حٰمٓ ﴿١﴾ وَالۡكِتٰبِ الۡمُبِيۡنِ ﴿٢﴾ اِنَّا جَعَلۡنٰهُ قُرۡءٰنًا
عَرَبِيًّا لَّعَلَّكُمۡ تَعۡقِلُوۡنَ ﴿٣﴾ وَاِنَّهٗ فِيۡۤ اُمِّ الۡكِتٰبِ
لَدَيۡنَا لَعَلِيٌّ حَكِيۡمٌ ﴿٤﴾ اَفَنَضۡرِبُ عَنۡكُمُ الذِّكۡرَ صَفۡحًا
اَنۡ كُنۡتُمۡ قَوۡمًا مُّسۡرِفِيۡنَ ﴿٥﴾ وَكَمۡ اَرۡسَلۡنَا مِنۡ نَّبِيٍّ
فِى الۡاَوَّلِيۡنَ ﴿٦﴾ وَمَا يَاۡتِيۡهِمۡ مِّنۡ نَّبِيٍّ اِلَّا كَانُوۡا بِهٖ
يَسۡتَهۡزِءُوۡنَ ﴿٧﴾ فَاَهۡلَكۡنَاۤ اَشَدَّ مِنۡهُمۡ بَطۡشًا وَّمَضٰى
مَثَلُ الۡاَوَّلِيۡنَ ﴿٨﴾ وَلَـئِنۡ سَاَلۡتَهُمۡ مَّنۡ خَلَقَ السَّمٰوٰتِ
وَالۡاَرۡضَ لَيَـقُوۡلُنَّ خَلَقَهُنَّ الۡعَزِيۡزُ الۡعَلِيۡمُ ﴿٩﴾ الَّذِىۡ
جَعَلَ لَـكُمُ الۡاَرۡضَ مَهۡدًا وَّجَعَلَ لَـكُمۡ فِيۡهَا سُبُلًا
لَّعَلَّكُمۡ تَهۡتَدُوۡنَ ﴿١٠﴾ وَالَّذِىۡ نَزَّلَ مِنَ السَّمَآءِ مَآءًۢ
بِقَدَرٍ ۚ فَاَنۡشَرۡنَا بِهٖ بَلۡدَةً مَّيۡتًا ۚ كَذٰلِكَ تُخۡرَجُوۡنَ ﴿١١﴾
وَالَّذِىۡ خَلَقَ الۡاَزۡوَاجَ كُلَّهَا وَجَعَلَ لَـكُمۡ مِّنَ
الۡفُلۡكِ وَالۡاَنۡعَامِ مَا تَرۡكَبُوۡنَ ﴿١٢﴾ لِتَسۡتَوٗا عَلٰى ظُهُوۡرِهٖ
ثُمَّ تَذۡكُرُوۡا نِعۡمَةَ رَبِّكُمۡ اِذَا اسۡتَوَيۡتُمۡ عَلَيۡهِ وَ
تَقُوۡلُوۡا سُبۡحٰنَ الَّذِىۡ سَخَّرَ لَنَا هٰذَا وَمَا كُنَّا لَهٗ
مُقۡرِنِيۡنَ ﴿١٣﴾ وَاِنَّاۤ اِلٰى رَبِّنَا لَمُنۡقَلِبُوۡنَ ﴿١٤﴾ وَجَعَلُوۡا لَهٗ
مِنۡ عِبَادِهٖ جُزۡءًا ؕ اِنَّ الۡاِنۡسَانَ لَـكَفُوۡرٌ مُّبِيۡنٌ ﴿١٥﴾

منزل ٦

(૪૩) સૂરઃ અઝ્-ઝુખરુફ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૭ • આયતો : ૮૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧-૨. હા-મીમ ! સોગંદ છે આ સ્પષ્ટ ગ્રંથના

૩. કે અમે આને અરબી ભાષાનું કુર્આન બનાવ્યું છે જેથી તમે આને સમજો.

૪. અને વાસ્તવમાં આ ઉમ્મુલ કિતાબ (મૂળ ગ્રંથ)* માં અંકિત છે, અમારા પાસે ખૂબ ઉચ્ચ કોટિનો અને તત્ત્વદર્શિતાથી પરિપૂર્ણ ગ્રંથ.

૫. હવે શું અમે તમારાથી નાખુશ થઈને આ શિખામણનો પાઠ તમારા પાસે મોકલવાનું છોડી દઈએ, માત્ર એટલા જ માટે કે તમે હદ વટાવી ગયેલા લોકો છો ?

૬. પુરોગામી કોમોમાં પણ અમે વખતો-વખત પયગંબરો મોકલ્યા છે.

૭. ક્યારેય એવું બન્યું નથી કે કોઈ પયગંબર તેમનામાં આવ્યો હોય અને તેમણે તેની મજાક ન ઉડાવી હોય.

૮. પછી જે લોકો આમના કરતાં કેટલાય ગણાં વધારે શક્તિશાળી હતા તેમને અમે નષ્ટ કરી દીધા, પુરોગામી કોમોના દૃષ્ટાંતો આવી ગયા છે.

૯. જો તમે આ લોકોને પૂછો કે આકાશો અને ધરતીને કોણે પેદા કર્યા છે તો તેઓ પોતે કહેશે, ''આમને તે જ પ્રભુત્વશાળી સર્વજ્ઞ હસ્તીએ પેદા કર્યા છે.''

૧૦. તે જ ને, કે જેણે તમારા માટે આ ધરતીને પારણું બનાવી અને આમાં તમારા માટે માર્ગો બનાવી દીધા જેથી તમે પોતાની ઇષ્ટ મંજિલનો માર્ગ પામી શકો.

૧૧. જેણે વિશેષ માત્રામાં આકાશમાંથી પાણી ઉતાર્યું અને તેના દ્વારા મૃત ધરતીને જીવંત કરી દીધી, આવી જ રીતે એક દિવસે તમે ધરતીમાંથી બહાર કાઢવામાં આવશો.

૧૨. તે જ છે જેણે આ તમામ જોડીઓ પેદા કરી, અને જેણે તમારા માટે નૌકાઓ અને પશુઓને સવારીના સાધન બનાવ્યા

૧૩. જેથી તમે તેમની પીઠ પર ચઢો અને જ્યારે તેમના પર બેસો તો પોતાના રબ (પ્રભુ)નો ઉપકાર યાદ કરો અને કહો, ''પવિત્ર છે તે જેણે આ વસ્તુઓ અમારા આધીન કરી દીધી, નહીં તો અમે આમને કાબૂમાં કરવાની શક્તિ ધરાવતા ન હતા,

૧૪. અને એક દિવસે અમારે પોતાના રબ (પ્રભુ)ના તરફ પાછા ફરવાનું છે.''

૧૫. (આ બધું જાણવા અને માનવા છતાં પણ) આ લોકોએ તેના બંદાઓમાંથી કેટલાકને તેના અંશ બનાવી દીધા. હકીકત આ છે કે મનુષ્ય ખુલ્લો અપકારી છે. (રુકૂઅ-૧)

★ અર્થાત્ મૂળ ગ્રંથ, જેમાં તમામ પયગંબરો ઉપર અવતરિત થયેલ ગ્રંથો ઉદ્ધૃત છે.

أَمِ اتَّخَذَ مِمَّا يَخْلُقُ بَنٰتٍ وَّاَصْفٰىكُمْ بِالْبَنِيْنَ ﴿١٦﴾
وَاِذَا بُشِّرَ اَحَدُهُمْ بِمَا ضَرَبَ لِلرَّحْمٰنِ مَثَلًا ظَلَّ
وَجْهُهٗ مُسْوَدًّا وَّهُوَ كَظِيْمٌ ﴿١٧﴾ اَوَمَنْ يُّنَشَّؤُا فِي
الْحِلْيَةِ وَهُوَ فِي الْخِصَامِ غَيْرُ مُبِيْنٍ ﴿١٨﴾ وَجَعَلُوا
الْمَلٰٓئِكَةَ الَّذِيْنَ هُمْ عِبٰدُ الرَّحْمٰنِ اِنَاثًا ؕ اَشَهِدُوْا
خَلْقَهُمْ ؕ سَتُكْتَبُ شَهَادَتُهُمْ وَيُسْئَلُوْنَ ﴿١٩﴾ وَقَالُوْا
لَوْ شَآءَ الرَّحْمٰنُ مَا عَبَدْنٰهُمْ ؕ مَا لَهُمْ بِذٰلِكَ مِنْ عِلْمٍ ۗ
اِنْ هُمْ اِلَّا يَخْرُصُوْنَ ﴿٢٠﴾ ؕ اَمْ اٰتَيْنٰهُمْ كِتٰبًا مِّنْ قَبْلِهٖ
فَهُمْ بِهٖ مُسْتَمْسِكُوْنَ ﴿٢١﴾ بَلْ قَالُوْٓا اِنَّا وَجَدْنَآ اٰبَآءَنَا
عَلٰٓى اُمَّةٍ وَّاِنَّا عَلٰٓى اٰثٰرِهِمْ مُّهْتَدُوْنَ ﴿٢٢﴾ وَكَذٰلِكَ مَآ
اَرْسَلْنَا مِنْ قَبْلِكَ فِيْ قَرْيَةٍ مِّنْ نَّذِيْرٍ اِلَّا قَالَ
مُتْرَفُوْهَآ ۙ اِنَّا وَجَدْنَآ اٰبَآءَنَا عَلٰٓى اُمَّةٍ وَّاِنَّا عَلٰٓى
اٰثٰرِهِمْ مُّقْتَدُوْنَ ﴿٢٣﴾ قٰلَ اَوَلَوْ جِئْتُكُمْ بِاَهْدٰى مِمَّا
وَجَدْتُّمْ عَلَيْهِ اٰبَآءَكُمْ ؕ قَالُوْٓا اِنَّا بِمَآ اُرْسِلْتُمْ بِهٖ
كٰفِرُوْنَ ﴿٢٤﴾ فَانْتَقَمْنَا مِنْهُمْ فَانْظُرْ كَيْفَ كَانَ
النصف ع ١٠/٨ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ ﴿٢٥﴾ ع وَاِذْ قَالَ اِبْرٰهِيْمُ لِاَبِيْهِ
وَقَوْمِهٖٓ اِنَّنِيْ بَرَآءٌ مِّمَّا تَعْبُدُوْنَ ﴿٢٦﴾ ۙ اِلَّا الَّذِيْ فَطَرَنِيْ
فَاِنَّهٗ سَيَهْدِيْنِ ﴿٢٧﴾ وَجَعَلَهَا كَلِمَةًۢ بَاقِيَةً فِيْ
منزل ٦ عَقِبِهٖ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٢٨﴾ بَلْ مَتَّعْتُ هٰٓؤُلَآءِ وَ

૧૬. શું અલ્લાહે પોતે પેદા કરેલાઓમાંથી પોતાના માટે પુત્રીઓ ચૂંટી અને તમને પુત્રોથી નવાજ્યા ?

૧૭. અને સ્થિતિ એ છે કે જે સંતાનને આ લોકો તે કરુણામય અલ્લાહથી સંબંધિત કરે છે, તેના જન્મની શુભસૂચના જ્યારે સ્વયં તેમનામાંથી કોઈને આપવામાં આવે છે તો તેના મોઢા પર કાલિમા છવાઈ જાય છે અને તે દુઃખી થઈ જાય છે.

૧૮. શું અલ્લાહના હિસ્સામાં તે સંતાન આવી જે ઘરેણાંઓમાં ઉછેરાય છે અને વાદ-વિવાદોમાં પોતાનો અભિપ્રાય પૂર્ણરૂપે સ્પષ્ટ નથી કરી શકતી ?

૧૯. એમણે ફરિશ્તાઓને, જે કરુણામય અલ્લાહના વિશિષ્ટ બંદાઓ છે, સ્ત્રીઓ ઠેરવી દીધા. શું તેમના શરીરની રચના તેમણે જોઈ છે ? એમની સાક્ષી લખી લેવામાં આવશે અને એમણે એનો જવાબ આપવો પડશે..

૨૦. આ લોકો કહે છે, ''જો કરુણામય અલ્લાહ ઇચ્છતો (કે અમે તેમની ઉપાસના ન કરીએ) તો અમે કદાપિ તેમને ન પૂજતા.'' આ લોકો આ મામલાની વાસ્તવિકતાને તદ્દન જાણતા નથી, માત્ર અટકળો કરે છે.

૨૧. શું અમે આ પહેલાં કોઈ ગ્રંથ આમને આપ્યો હતો જેની સનંદ (પોતાની આ ફરિશ્તા-પૂજા માટે) આ લોકો પોતાના પાસે ધરાવતા હોય ?

૨૨. નહીં, બલ્કે આ લોકો કહે છે કે અમે અમારા બાપ-દાદાઓને આ પદ્ધતિ પર જોયા છે અને અમે એમનાં જ પદ્-ચિહ્નો પર ચાલી રહ્યા છીએ.

૨૩. આવી જ રીતે તમારા પહેલાં જે વસ્તીમાં પણ અમે કોઈ ડરાવનાર મોકલ્યો, તો તેના સુખ-સંપન્ન લોકોએ આવું જ કહ્યું કે અમે અમારા બાપ-દાદાઓને આ જ પદ્ધતિ પર જોયા છે અને અમે તેમના જ પદ્-ચિહ્નોનું અનુસરણ કરી રહ્યા છીએ.

૨૪. દરેક પયગંબરે તેમને પૂછ્યું, શું તમે તે જ પગદંડી પર ચાલ્યા જશો, ચાહે હું તમને એ રસ્તા કરતાં વધુ સાચો અને સારો માર્ગ બતાવું જેના પર તમે પોતાના બાપ-દાદાઓને જોયા છે ? તેમણે બધા રસૂલો (ઈશદૂતો)ને આ જ જવાબ આપ્યો કે જે દીન (ધર્મ) તરફ બોલાવવા માટે તમે મોકલવામાં આવ્યા છો અમે તેનો ઇન્કાર કરનારા છીએ.

૨૫. છેવટે અમે તેમની ખબર લઈ નાખી અને જોઈ લો, ખોટું ઠેરવનારાઓનું કેવું પરિણામ આવ્યું. (રુકૂઅ-૨)

૨૬. યાદ કરો તે સમય, જ્યારે ઇબ્રાહીમે પોતાના પિતા અને પોતાની કોમને કહ્યું હતું, ''તમે જેની ઉપાસના કરો છો તેમના સાથે મારો કોઈ સંબંધ નથી.

૨૭. મારો સંબંધ માત્ર તેના સાથે છે જેણે મને પેદા કર્યો, તે જ મારું માર્ગદર્શન કરશે.''

૨૮. અને ઇબ્રાહીમ આ જ વાત પોતાના પાછળ પોતાની સંતાનમાં મૂકી ગયો જેથી તેઓ તેના તરફ રજૂ કરે.

૨૯. (આમ છતાં જ્યારે આ લોકો બીજાઓની ઉપાસના કરવા લાગ્યા તો મેં

اٰبَآءَهُمْ حَتّٰى جَآءَهُمُ الْحَقُّ وَرَسُوْلٌ مُّبِيْنٌ ﴿٢٩﴾ وَلَمَّا
جَآءَهُمُ الْحَقُّ قَالُوْا هٰذَا سِحْرٌ وَّاِنَّا بِهٖ كٰفِرُوْنَ ﴿٣٠﴾
وَقَالُوْا لَوْلَا نُزِّلَ هٰذَا الْقُرْاٰنُ عَلٰى رَجُلٍ مِّنَ
الْقَرْيَتَيْنِ عَظِيْمٍ ﴿٣١﴾ اَهُمْ يَقْسِمُوْنَ رَحْمَتَ رَبِّكَ ؕ
نَحْنُ قَسَمْنَا بَيْنَهُمْ مَّعِيْشَتَهُمْ فِى الْحَيٰوةِ الدُّنْيَا وَ
رَفَعْنَا بَعْضَهُمْ فَوْقَ بَعْضٍ دَرَجٰتٍ لِّيَتَّخِذَ بَعْضُهُمْ
بَعْضًا سُخْرِيًّا ؕ وَرَحْمَتُ رَبِّكَ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ ﴿٣٢﴾ وَلَوْلَاۤ
اَنْ يَّكُوْنَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً لَّجَعَلْنَا لِمَنْ يَّكْفُرُ
بِالرَّحْمٰنِ لِبُيُوْتِهِمْ سُقُفًا مِّنْ فِضَّةٍ وَّمَعَارِجَ عَلَيْهَا
يَظْهَرُوْنَ ﴿٣٣﴾ ۙ وَلِبُيُوْتِهِمْ اَبْوَابًا وَّسُرُرًا عَلَيْهَا
يَتَّكِـُٔوْنَ ﴿٣٤﴾ ۙ وَزُخْرُفًا ؕ وَاِنْ كُلُّ ذٰلِكَ لَمَّا مَتَاعُ
الْحَيٰوةِ الدُّنْيَا ؕ وَالْاٰخِرَةُ عِنْدَ رَبِّكَ لِلْمُتَّقِيْنَ ﴿٣٥﴾ وَمَنْ ع
يَّعْشُ عَنْ ذِكْرِ الرَّحْمٰنِ نُقَيِّضْ لَهٗ شَيْطٰنًا فَهُوَ لَهٗ
قَرِيْنٌ ﴿٣٦﴾ وَاِنَّهُمْ لَيَصُدُّوْنَهُمْ عَنِ السَّبِيْلِ وَيَحْسَبُوْنَ
اَنَّهُمْ مُّهْتَدُوْنَ ﴿٣٧﴾ حَتّٰۤى اِذَا جَآءَنَا قَالَ يٰلَيْتَ بَيْنِىْ
وَبَيْنَكَ بُعْدَ الْمَشْرِقَيْنِ فَبِئْسَ الْقَرِيْنُ ﴿٣٨﴾ وَلَنْ
يَّنْفَعَكُمُ الْيَوْمَ اِذْ ظَّلَمْتُمْ اَنَّكُمْ فِى الْعَذَابِ
مُشْتَرِكُوْنَ ﴿٣٩﴾ اَفَاَنْتَ تُسْمِعُ الصُّمَّ اَوْ تَهْدِى الْعُمْىَ
وَمَنْ كَانَ فِىْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٤٠﴾ فَاِمَّا نَذْهَبَنَّ بِكَ

તેમનો નાશ ન કર્યો) પણ હું તેમને અને તેમના બાપ-દાદાઓને જીવન-સામગ્રી આપતો રહ્યો, ત્યાં સુધી કે તેમના પાસે સત્ય અને સાફ-સાફ વર્ણન કરનાર રસૂલ (સંદેશવાહક) આવી ગયો.

૩૦. પરંતુ તે સત્ય જ્યારે તેમના પાસે આવી ગયું તો તેમણે કહી દીધું કે આ તો જાદુ છે અને અમે તેને માનવાનો ઈન્કાર કરીએ છીએ.

૩૧. કહે છે, આ કુર્આન બંને શહેરોના મોટા માણસોમાંથી કોઈ એકના ઉપર કેમ ન અવતરિત કરવામાં આવ્યું ?

૩૨. શું તારા રબની કૃપા આ લોકો વહેંચે છે ? દુનિયાના જીવનમાં એમના ગુજરાન માટેના સાધનો તો અમે એમના વચ્ચે વહેંચ્યા છે, અને આમાંના કેટલાક લોકોને બીજા અન્ય લોકો પર અમે ઘણે દરજ્જે શ્રેષ્ઠતા આપી છે જેથી તેઓ એકબીજાથી સેવા-કાર્ય લે. અને તમારા રબની કૃપા (અર્થાત્ નુબૂવત—ઈશદૂતત્વ) તે દોલતથી વધુ કીમતી છે જે (આમના ધનવાન લોકો) એકત્ર કરી રહ્યા છે.

૩૩. જો આ આશંકા ન હોત કે સૌ મનુષ્યો એક જ પદ્ધતિના થઈ જશે, તો અમે પરમ્ દયાળુ અલ્લાહ સાથે કુફ્ર કરનારા લોકોના ઘરોની છતો, અને તેમની સીડીઓ જેના દ્વારા તેઓ પોતાના ઝરૂખાઓ પર ચઢે છે,

૩૪. અને તેમના દરવાજાઓ અને બેઠકો જેમના પર તેઓ તકિયાને અઢેલીને બેસે છે, બધું જ ચાંદી અને સોનાનું બનાવી દેતા.

૩૫. આ તો માત્ર દુનિયા (આલોક)ના જીવનનો સર-સામાન છે, અને આખિરત (પરલોક) તારા રબ (પ્રભુ)ને ત્યાં માત્ર અલ્લાહથી ડરનારાઓ માટે છે. (રુકૂઅ-૩)

૩૬. જે માણસ રહમાન (પરમ્ કૃપાળુ)ના સ્મરણની ઉપેક્ષા કરે છે, અમે તેના ઉપર એક શેતાન લગાડી દઈએ છીએ અને તે તેનો મિત્ર બની જાય છે.

૩૭. આ શેતાનો આવા લોકોને સીધા રસ્તે આવવાથી રોકે છે અને તેઓ પોતાના મનમાં એમ સમજે છે કે અમે બરાબર જઈ રહ્યા છીએ.

૩૮. છેવટે જ્યારે આ વ્યક્તિ અમારા ત્યાં પહોંચશે તો પોતાના શેતાનને કહેશે, ''કદાચ તારા અને મારા વચ્ચે પૂર્વ અને પશ્ચિમ જેટલું અંતર હોત, તું તો સૌથી ખરાબ સાથી નીકળ્યો.''

૩૯. તે વખતે આ લોકોને કહેવામાં આવશે કે હવે જ્યારે તમે અત્યાચાર કરી ચૂક્યા તો આજે આ વાત તમને કોઈ ફાયદો નહીં પહોંચાડે, કેમ કે તમે અને તમારા શેતાનો યાતનામાં સહભાગી છો.

૪૦. હવે શું હે પયગંબર, તમે બહેરાઓને સંભળાવશો ? કે આંધળા અને તદ્દન ભટકી ગયેલા લોકોને માર્ગ દેખાડશો ?

૪૧. હવે તો અમારે આમને સજા આપવી છે, ચાહે અમે તમને દુનિયામાંથી

فَاِنَّا مِنْهُمْ مُّنْتَقِمُوْنَ ۙ ﴿٤١﴾ اَوْ نُرِيَنَّكَ الَّذِيْ وَعَدْنٰهُمْ
فَاِنَّا عَلَيْهِمْ مُّقْتَدِرُوْنَ ﴿٤٢﴾ فَاسْتَمْسِكْ بِالَّذِيْٓ اُوْحِيَ
اِلَيْكَ ۚ اِنَّكَ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٤٣﴾ وَاِنَّهٗ لَذِكْرٌ لَّكَ
وَلِقَوْمِكَ ۚ وَسَوْفَ تُسْـَٔلُوْنَ ﴿٤٤﴾ وَسْـَٔلْ مَنْ اَرْسَلْنَا
مِنْ قَبْلِكَ مِنْ رُّسُلِنَآ اَجَعَلْنَا مِنْ دُوْنِ الرَّحْمٰنِ
ع اٰلِهَةً يُّعْبَدُوْنَ ﴿٤٥﴾ وَلَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰيٰتِنَآ اِلٰى
فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ فَقَالَ اِنِّيْ رَسُوْلُ رَبِّ الْعٰلَمِيْنَ ﴿٤٦﴾
فَلَمَّا جَآءَهُمْ بِاٰيٰتِنَآ اِذَا هُمْ مِّنْهَا يَضْحَكُوْنَ ﴿٤٧﴾ وَمَا نُرِيْهِمْ
مِّنْ اٰيَةٍ اِلَّا هِيَ اَكْبَرُ مِنْ اُخْتِهَا ز وَاَخَذْنٰهُمْ بِالْعَذَابِ
لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٤٨﴾ وَقَالُوْا يٰٓاَيُّهَ السّٰحِرُ ادْعُ لَنَا رَبَّكَ
بِمَا عَهِدَ عِنْدَكَ ۚ اِنَّنَا لَمُهْتَدُوْنَ ﴿٤٩﴾ فَلَمَّا كَشَفْنَا
عَنْهُمُ الْعَذَابَ اِذَا هُمْ يَنْكُثُوْنَ ﴿٥٠﴾ وَنَادٰى فِرْعَوْنُ
فِيْ قَوْمِهٖ قَالَ يٰقَوْمِ اَلَيْسَ لِيْ مُلْكُ مِصْرَ وَ هٰذِهِ
الْاَنْهٰرُ تَجْرِيْ مِنْ تَحْتِيْ ۚ اَفَلَا تُبْصِرُوْنَ ﴿٥١﴾ ط اَمْ اَنَا
خَيْرٌ مِّنْ هٰذَا الَّذِيْ هُوَ مَهِيْنٌ ۙ وَّلَا يَكَادُ يُبِيْنُ ﴿٥٢﴾
فَلَوْلَآ اُلْقِيَ عَلَيْهِ اَسْوِرَةٌ مِّنْ ذَهَبٍ اَوْ جَآءَ مَعَهُ
الْمَلٰٓئِكَةُ مُقْتَرِنِيْنَ ﴿٥٣﴾ فَاسْتَخَفَّ قَوْمَهٗ فَاَطَاعُوْهُ ط
اِنَّهُمْ كَانُوْا قَوْمًا فٰسِقِيْنَ ﴿٥٤﴾ فَلَمَّآ اٰسَفُوْنَا انْتَقَمْنَا
مِنْهُمْ فَاَغْرَقْنٰهُمْ اَجْمَعِيْنَ ﴿٥٥﴾ ۙ فَجَعَلْنٰهُمْ سَلَفًا وَّ مَثَلًا

ઉઠાવી લઈએ
૪૨. અથવા તમને નજરો-નજર આ લોકોનું તે પરિણામ દેખાડી દઈએ જેનો અમે આમને વાયદો કર્યો છે, અમે આમના પર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવીએ છીએ.
૪૩. તમે ગમે તેવા સંજોગોમાં પણ તે ગ્રંથને મજબૂતીપૂર્વક પકડી રાખો જે વહી (દિવ્ય પ્રકાશના) મારફતે તમારા પાસે મોકલવામાં આવ્યો છે, નિશ્ચિતપણે તમે સન્માર્ગ પર છો.
૪૪. હકીકત આ છે કે આ ગ્રંથ તમારા માટે અને તમારી કોમ માટે એક મોટું બહુમાન છે અને ટૂંકમાં જ તમારે આનો જવાબ આપવો પડશે.
૪૫. તમારા પહેલાં અમે જેટલા રસૂલો મોકલ્યા હતા તે સૌને પૂછી જુઓ, શું અમે દયાળુ અલ્લાહ સિવાય બીજા કોઈ ઉપાસ્યો પણ ઠરાવ્યા હતા કે તેમની ઉપાસના કરવામાં આવે ? (રુકૂઅ-૪)
૪૬. અમે મૂસાને પોતાની નિશાનીઓ સાથે ફિરઔન અને તેના રાજદરબારીઓ પાસે મોકલ્યો અને તેણે જઈને કહ્યું કે હું સમગ્ર સૃષ્ટિના માલિકનો સંદેશવાહક છું.
૪૭. પછી જ્યારે તેણે અમારી નિશાનીઓ તેમના સામે રજૂ કરી તો તેઓ તેની મજાક ઉડાવવા લાગ્યા.
૪૮. અમે એક પછી એક નિશાની તેમને દેખાડતા ગયા, જે પહેલી નિશાની કરતાં ચઢિયાતી હતી, અને અમે તેમને યાતનામાં ઝડપી લીધા જેથી તેઓ તેમ કરતાં અટકી જાય.
૪૯. દરેક યાતના વખતે તેઓ કહેતા, હે જાદુગર ! પોતાના રબ (પ્રભુ) તરફથી જે હોદ્દો તને પ્રાપ્ત છે તેના આધારે અમારા માટે તેને પ્રાર્થના કર, અમે ચોક્કસ સન્માર્ગ પર આવી જઈશું.
૫૦. પરંતુ જેવી જ તેમના ઉપરથી અમે યાતના દૂર કરી લેતા, તેઓ પોતાના વચનથી ફરી બેસતા હતા.
૫૧. એક દિવસે ફિરઔને પોતાની કોમ વચ્ચે પોકારીને કહ્યું, ''લોકો ! મિસર (ઈજીપ્ત)ની બાદશાહી મારી નથી ? અને આ નહેરો મારા નીચે નથી વહી રહી ? શું તમને દેખાતું નથી ?
૫૨. હું વધુ સારો છું કે આ માણસ જે અપમાનિત અને તુચ્છ છે અને પોતાની વાત પણ સ્પષ્ટપણે વર્ણવી શકતો નથી ?
૫૩. કેમ તેના ઉપર સોનાના કંગન ઉતારવામાં ન આવ્યા ? અથવા ફરિશ્તાઓની એક ટુકડી આના સાથે કેમ ન આવી ?''
૫૪. તેણે પોતાની કોમને હલકી સમજી અને તેમણે તેનું અનુસરણ કર્યું, હકીકતમાં તેઓ હતા જ દુરાચારી લોકો.
૫૫. છેવટે જ્યારે તેમણે અમને ક્રોધિત કરી દીધા તો અમે તેમનાથી બદલો લીધો અને તેમને એકી સાથે ડૂબાડી દીધા

لِلۡاٰخِرِیۡنَ ﴿۵۶﴾ؑ وَ لَمَّا ضُرِبَ ابۡنُ مَرۡیَمَ مَثَلًا اِذَا قَوۡمُکَ ع ٥/١١
مِنۡهُ یَصِدُّوۡنَ ﴿۵۷﴾ وَ قَالُوۡۤا ءَاٰلِهَتُنَا خَیۡرٌ اَمۡ هُوَ ؕ مَا
ضَرَبُوۡهُ لَکَ اِلَّا جَدَلًا ؕ بَلۡ هُمۡ قَوۡمٌ خَصِمُوۡنَ ﴿۵۸﴾
اِنۡ هُوَ اِلَّا عَبۡدٌ اَنۡعَمۡنَا عَلَیۡهِ وَ جَعَلۡنٰهُ مَثَلًا لِّبَنِیۡۤ
اِسۡرَآءِیۡلَ ﴿ؕ۵۹﴾ وَ لَوۡ نَشَآءُ لَجَعَلۡنَا مِنۡکُمۡ مَّلٰٓئِکَۃً فِی
الۡاَرۡضِ یَخۡلُفُوۡنَ ﴿۶۰﴾ وَ اِنَّهٗ لَعِلۡمٌ لِّلسَّاعَۃِ فَلَا تَمۡتَرُنَّ
بِهَا وَ اتَّبِعُوۡنِ ؕ هٰذَا صِرَاطٌ مُّسۡتَقِیۡمٌ ﴿۶۱﴾ وَ لَا یَصُدَّنَّکُمُ
الشَّیۡطٰنُ ۚ اِنَّهٗ لَکُمۡ عَدُوٌّ مُّبِیۡنٌ ﴿۶۲﴾ وَ لَمَّا جَآءَ عِیۡسٰی
بِالۡبَیِّنٰتِ قَالَ قَدۡ جِئۡتُکُمۡ بِالۡحِکۡمَۃِ وَ لِاُبَیِّنَ لَکُمۡ
بَعۡضَ الَّذِیۡ تَخۡتَلِفُوۡنَ فِیۡهِ ۚ فَاتَّقُوا اللّٰهَ وَ اَطِیۡعُوۡنِ ﴿۶۳﴾
اِنَّ اللّٰهَ هُوَ رَبِّیۡ وَ رَبُّکُمۡ فَاعۡبُدُوۡهُ ؕ هٰذَا صِرَاطٌ
مُّسۡتَقِیۡمٌ ﴿۶۴﴾ فَاخۡتَلَفَ الۡاَحۡزَابُ مِنۡۢ بَیۡنِهِمۡ ۚ
فَوَیۡلٌ لِّلَّذِیۡنَ ظَلَمُوۡا مِنۡ عَذَابِ یَوۡمٍ اَلِیۡمٍ ﴿۶۵﴾ هَلۡ
یَنۡظُرُوۡنَ اِلَّا السَّاعَۃَ اَنۡ تَاۡتِیَهُمۡ بَغۡتَۃً وَّ هُمۡ لَا
یَشۡعُرُوۡنَ ﴿۶۶﴾ اَلۡاَخِلَّآءُ یَوۡمَئِذٍۭ بَعۡضُهُمۡ لِبَعۡضٍ عَدُوٌّ
اِلَّا الۡمُتَّقِیۡنَ ﴿ؕ۶۷﴾ؑ یٰعِبَادِ لَا خَوۡفٌ عَلَیۡکُمُ الۡیَوۡمَ وَ لَاۤ اَنۡتُمۡ ع ٦/١٢
تَحۡزَنُوۡنَ ﴿ۚ۶۸﴾ اَلَّذِیۡنَ اٰمَنُوۡا بِاٰیٰتِنَا وَ کَانُوۡا مُسۡلِمِیۡنَ ﴿ۚ۶۹﴾
اُدۡخُلُوا الۡجَنَّۃَ اَنۡتُمۡ وَ اَزۡوَاجُکُمۡ تُحۡبَرُوۡنَ ﴿۷۰﴾ یُطَافُ
عَلَیۡهِمۡ بِصِحَافٍ مِّنۡ ذَهَبٍ وَّ اَکۡوَابٍ ۚ وَ فِیۡهَا

૫૬. અને અનુગામીઓ માટે પુરોગામી અને બોધપાઠનું દૃષ્ટાંત બનાવીને મૂકી દીધા. (રુકૂઅ-૫)

૫૭. અને જેવું કે મરયમના પુત્રનું દૃષ્ટાંત આપવામાં આવ્યું, તમારી કોમના લોકોએ એના વિષે શોર મચાવી દીધો

૫૮. અને કહેવા લાગ્યા કે અમારા ઉપાસ્યો સારા છે કે તે ? આ દૃષ્ટાંત તેઓ તમારા સામે માત્ર વાદ-વિવાદ કરવા માટે લાવ્યા છે, વાસ્તવમાં આ લોકો છે જ ઝઘડાખોર.

૫૯. મરયમનો પુત્ર તે સિવાય કંઈ ન હતો કે એક બંદો હતો, જેને અમે ઈનામથી નવાજ્યો અને ઈસરાઈલની સંતાન માટે તેને પોતાના સામર્થ્યનો એક નમૂનો બનાવી દીધો.

૬૦. અમે ઈચ્છીએ તો તમારાથી ફરિશ્તાઓ પેદા કરી દઈએ જેઓ ધરતી પર તમારા ઉત્તરાધિકારી બને.

૬૧. અને તે (અર્થાત્ મરયમનો પુત્ર) વાસ્તવમાં કયામતની એક નિશાની છે, પછી તમે તેમાં શંકા ન કરો અને મારી વાત માની લો, આ જ સન્માર્ગ છે.

૬૨. એવું ન બને કે શેતાન તમને તેનાથી રોકી દે, કેમકે તે તમારો ખુલ્લો શત્રુ છે.

૬૩. અને જ્યારે ઈસા ખુલ્લી નિશાનીઓ લઈને આવ્યો હતો તો તેણે કહ્યું હતું, ''હું તમારા પાસે 'હિકમત' (તત્ત્વદર્શિતા, વાસ્તવિક જ્ઞાન) લઈને આવ્યો છું, અને એટલા માટે આવ્યો છું કે તમારા સમક્ષ તે કેટલીક વાતોની સત્યતા સ્પષ્ટ કરી દઉં જેમાં તમે મતભેદ ધરાવો છો, આથી તમે અલ્લાહથી ડરો અને મારું અનુસરણ કરો.

૬૪. હકીકત એ છે કે અલ્લાહ જ મારો રબ (પ્રભુ) પણ છે અને તમારો રબ (પ્રભુ) પણ. તેની જ તમે ઉપાસના કરો, આ જ સન્માર્ગ છે.''

૬૫. પરંતુ (તેના આ સ્પષ્ટ શિક્ષણ છતાં) જૂથોએ પરસ્પર મતભેદ કર્યો, પછી વિનાશ છે તે લોકો માટે જેમણે અત્યાચાર કર્યો, એક દુઃખદાયી દિવસની યાતનાથી.

૬૬. શું આ લોકો હવે માત્ર એ જ વસ્તુની પ્રતીક્ષા કરી રહ્યા છે કે ઓચિંતી આમના ઉપર કયામત આવી જાય અને એમને ખબર પણ ન પડે ?

૬૭. તે દિવસ આવશે ત્યારે અલ્લાહથી ડરનારા લોકો સિવાયના બાકી સૌ મિત્રો એકબીજાના દુશ્મન થઈ જશે. (રુકૂઅ-૬)

૬૮-૬૯. તે દિવસે તે લોકોને જેઓ અમારી આયતો પર ઈમાન લાવ્યા હતા અને આજ્ઞાંકિત થઈને રહ્યા હતા, કહેવામાં આવશે કે, ''હે મારા બંદાઓ ! આજે તમારા માટે કોઈ ભય નથી અને ન તમને કોઈ દુઃખ પડવાનું છે

૭૦. દાખલ થઈ જાવ જન્નત (સ્વર્ગ)માં તમે અને તમારી પત્નીઓ, તમને ખુશ કરી દેવામાં આવશે.''

૭૧. તેમના સામે સુવર્ણથાળ અને જામ ફેરવવામાં આવશે અને દરેક મનગમતી

مَا تَشْتَهِيْهِ الْاَنْفُسُ وَتَلَذُّ الْاَعْيُنُ ۚ وَاَنْتُمْ فِيْهَا
خٰلِدُوْنَ ﴿٧١﴾ وَتِلْكَ الْجَنَّةُ الَّتِيْٓ اُوْرِثْتُمُوْهَا بِمَا كُنْتُمْ
تَعْمَلُوْنَ ﴿٧٢﴾ لَكُمْ فِيْهَا فَاكِهَةٌ كَثِيْرَةٌ مِّنْهَا تَاْكُلُوْنَ ﴿٧٣﴾
اِنَّ الْمُجْرِمِيْنَ فِيْ عَذَابِ جَهَنَّمَ خٰلِدُوْنَ ﴿٧٤﴾ لَا
يُفَتَّرُ عَنْهُمْ وَهُمْ فِيْهِ مُبْلِسُوْنَ ﴿٧٥﴾ وَمَا ظَلَمْنٰهُمْ
وَلٰكِنْ كَانُوْا هُمُ الظّٰلِمِيْنَ ﴿٧٦﴾ وَنَادَوْا يٰمٰلِكُ لِيَقْضِ
عَلَيْنَا رَبُّكَ ۭ قَالَ اِنَّكُمْ مّٰكِثُوْنَ ﴿٧٧﴾ لَقَدْ جِئْنٰكُمْ
بِالْحَقِّ وَلٰكِنَّ اَكْثَرَكُمْ لِلْحَقِّ كٰرِهُوْنَ ﴿٧٨﴾ اَمْ اَبْرَمُوْٓا
اَمْرًا فَاِنَّا مُبْرِمُوْنَ ﴿٧٩﴾ اَمْ يَحْسَبُوْنَ اَنَّا لَا نَسْمَعُ سِرَّهُمْ
وَنَجْوٰىهُمْ ۭ بَلٰى وَرُسُلُنَا لَدَيْهِمْ يَكْتُبُوْنَ ﴿٨٠﴾ قُلْ اِنْ
كَانَ لِلرَّحْمٰنِ وَلَدٌ ۖ فَاَنَا اَوَّلُ الْعٰبِدِيْنَ ﴿٨١﴾ سُبْحٰنَ
رَبِّ السَّمٰوٰتِ وَالْاَرْضِ رَبِّ الْعَرْشِ عَمَّا يَصِفُوْنَ ﴿٨٢﴾
فَذَرْهُمْ يَخُوْضُوْا وَيَلْعَبُوْا حَتّٰى يُلٰقُوْا يَوْمَهُمُ
الَّذِيْ يُوْعَدُوْنَ ﴿٨٣﴾ وَهُوَ الَّذِيْ فِي السَّمَاۗءِ اِلٰهٌ
وَّفِي الْاَرْضِ اِلٰهٌ ۭ وَهُوَ الْحَكِيْمُ الْعَلِيْمُ ﴿٨٤﴾ وَتَبٰرَكَ
الَّذِيْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ۚ
وَعِنْدَهٗ عِلْمُ السَّاعَةِ ۚ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٨٥﴾ وَلَا
يَمْلِكُ الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِهِ الشَّفَاعَةَ اِلَّا
مَنْ شَهِدَ بِالْحَقِّ وَهُمْ يَعْلَمُوْنَ ﴿٨٦﴾ وَلَىِٕنْ سَاَلْتَهُمْ

منزل ٦

અને આંખોને લિજ્જત આપતી વસ્તુ ત્યાં મોજૂદ હશે. તેમને કહેવામાં આવશે, "તમે હવે અહીં હંમેશાં રહેશો.

૭૨. તમે આ જન્નત (સ્વર્ગ)ના વારસદાર પોતાના કર્મોના કારણે થયા છો જે તમે દુનિયા (આલોક)માં કરતા રહ્યા.

૭૩. તમારા માટે અહીં પુષ્કળ ફળો હાજર છે જે તમે ખાશો,"

૭૪. રહ્યા અપરાધીઓ, તો તેઓ હંમેશાં જહન્નમની યાતનામાં પડ્યા રહેશે,

૭૫. ક્યારેય પણ તેમની યાતનામાં ઘટાડો નહીં થાય, અને તેઓ તેમાં નિરાશ પડ્યા હશે.

૭૬. તેમના પર અમે અત્યાચાર કર્યો નથી, પરંતુ તેઓ સ્વયં પોતાના પર અત્યાચાર કરતા રહ્યા.

૭૭. તેઓ પોકારશે, "હે માલિક (નર્કનો ચોકીદાર) ! તારો રબ અમને મોત આપી દે તો સારું." તે જવાંબ આપશે, "તમે આમ જ પડ્યા રહેશો,

૭૮. અમે તમારા પાસે સત્ય લઈને આવ્યા હતા, પરંતુ તમારામાંના ઘણાંખરાને સત્ય પસંદ ન હતું."

૭૯. શું આ લોકોએ કોઈ પગલું લેવાનો નિર્ણય કરી લીધો છે ? ભલે, તો અમે પણ એક નિર્ણય કરી લઈએ છીએ.

૮૦. શું આમણે એમ સમજી લીધું છે કે અમે આમની છૂપી વાતો અને આમની ગુસપુસ સાંભળતા નથી ? અમે બધું જ સાંભળી રહ્યા છીએ અને અમારા ફરિશ્તા આમની પાસે જ લખી રહ્યા છે.

૮૧. આમને કહો, "જો વાસ્તવમાં પરમ્ કૃપાળુ અલ્લાહની કોઈ સંતાન હોત તો સૌથી પહેલો ઉપાસના કરનાર હું હોત."

૮૨. પવિત્ર છે આકાશો અને ધરતીનો બાદશાહ ! સિંહાસનનો માલિક ! તે તમામ વાતોથી જે આ લોકો તેના વિષે કહે છે.

૮૩. ભલે, આમને પોતાના મિથ્યા વિચારોમાં અને ખેલમાં ડૂબેલા રહેવા દો, ત્યાં સુધી કે આ લોકો પોતાનો તે દિવસ જોઈ લે જેનાથી આમને ડરાવવામાં આવી રહ્યા છે.

૮૪. તે જ એક આકાશમાં પણ અલ્લાહ (ઈશ્વર) છે અને ધરતીમાં પણ અલ્લાહ છે, અને તે જ તત્ત્વદર્શી અને સર્વજ્ઞ છે.

૮૫. ઘણો ઉચ્ચ અને સર્વોપરી છે તે જેના અધિકારમાં આકાશો અને ધરતી તથા તે દરેક વસ્તુની બાદશાહી છે જે આકાશો અને ધરતી વચ્ચે મોજૂદ છે અને તે જ કયામત (પુનર્જીવન)ની ઘડીનું જ્ઞાન ધરાવે છે, અને તેના જ તરફ તમે સૌ પાછા લઈ જવામાં આવવાના છો.

૮૬. તેને છોડીને આ લોકો જેમને પોકારે છે તેઓ કોઈ ભલામણનો અધિકાર ધરાવતા નથી, સિવાય કે કોઈ જ્ઞાનના આધારે સત્યની સાક્ષી આપે.

مَّنۡ خَلَقَهُمۡ لَيَقُوۡلُنَّ اللّٰهُ فَاَنّٰى يُؤۡفَكُوۡنَ ﴿٨٧﴾ وَقِيۡلِهٖ
يٰرَبِّ اِنَّ هٰٓؤُلَآءِ قَوۡمٌ لَّا يُؤۡمِنُوۡنَ ﴿٨٨﴾ فَاصۡفَحۡ عَنۡهُمۡ
وَقُلۡ سَلٰمٌ ؕ فَسَوۡفَ يَعۡلَمُوۡنَ ﴿٨٩﴾ ع

منزل ٦ وقف لازم ع ٢٢/١٣

૮૭. અને જો તમે આમને પૂછો કે તેમને કોણે પેદા કર્યા છે તો તેઓ પોતે કહેશે કે અલ્લાહે. પછી તેઓ કયાંથી ધોખો ખાઈ રહ્યા છે ?

૮૮. સોગંદ છે રસૂલ (ઈશદૂત)ના તે કથનના કે હે રબ (પ્રભુ) ! આ તે લોકો છે જેઓ ઈમાન લાવતા નથી.

૮૯. ભલે હે પયગંબર ! આમને ક્ષમા કરી દો અને કહો કે તમને સલામ ! ટૂંકમાં જ આમને જણાઈ જશે. (રુકૂઅ-૭)

(૪૪) અદ્-દુખાન

પરિચય

નામ :

આયત ૧૦ ''યવ્મ તઅ્તિસ્-સમાઉ બિ-દુખાનિમ્-મુબીન'' (દિવસની જ્યારે આકાશ પ્રત્યક્ષ ધુમાડો લઈને આવશે)ના શબ્દ 'દુખાન'ને આ સૂરઃનું શીર્ષક બનાવવામાં આવ્યું છે, અર્થાત, આ તે સૂરઃ છે જેમાં 'દુખાન' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

સૂરઃના વિષયોના આંતરિક પુરાવાઓથી જણાય છે કે આ પણ તે જ વખતે ઊતરી છે, જ્યારે સૂરઃ ઝુખ્રુફ અને તેના પહેલાંની કેટલીક સૂરઃઓ ઊતરી હતી, અલબત્ત આ થોડાંક સમય પછીની છે. તેની ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ તે સખત દુષ્કાળ છે જે સમગ્ર વિસ્તારમાં પડ્યો હતો. આ દુષ્કાળની વિગત આગળ સમજૂતીમાં આવી રહી છે.

વિષય અને ચર્ચાઓ :

આ સૂરઃની ભૂમિકા કેટલીક મહત્ત્વપૂર્ણ ચર્ચાઓ પર આધારિત છે :

એક એ કે આ ગ્રંથ પોતે જ એ વાતનું સ્પષ્ટ પ્રમાણ છે કે આ કોઈ મનુષ્યનો નહીં, બલ્કે જગત-પ્રભુનો ગ્રંથ છે.

બીજું એ કે તમારા મતે આ એક વિપત્તિ છે, જે તમારા ઉપર ઉતરી છે, જ્યારે કે વાસ્તવમાં તે ક્ષણ ખૂબ જ શુભ ક્ષણ હતી, જ્યારે અલ્લાહે માત્ર પોતાની કૃપાના કારણે તમારે ત્યાં પોતાનો રસૂલ (ઈશદૂત) મોકલવાનો અને પોતાનો ગ્રંથ ઉતારવાનો નિર્ણય કર્યો.

ત્રીજી એ કે આ રસૂલને મોકલવું અને આ ગ્રંથનું અવતરણ તે વિશિષ્ટ ક્ષણમાં થયું જ્યારે અલ્લાહ ભાગ્યોના નિર્ણયો કરે છે અને અલ્લાહના નિર્ણયો પોકળ નથી હોતા કે જેનું મન ચાહે એને બદલી નાખે, ન તે કોઈ અજ્ઞાન અને નાદાની પર આધારિત હોય છે કે એમાં દોષ અને ત્રુટી જોવા મળે. તે તો તે જગતના શાસકના પુખ્ત અને અટળ ફેંસલા હોય છે જે સાંભળનાર, બધું જ જાણનાર અને તત્ત્વદર્શી છે. તેનાથી ટક્કર લેવી કોઈ રમત નથી.

ચોથી એ કે અલ્લાહને તમે પોતે પણ સૃષ્ટિની દરેક વસ્તુનો માલિક અને પાલનહાર માનો છો, પણ તે છતાં તમે બીજાઓને ઉપાસ્ય બનાવવાનો આગ્રહ રાખો છો અને તેના માટે તમારા પાસે તેના સિવાય કંઈ નથી કે બાપ-

દાદાના જમાનાથી આવું જ થતું ચાલ્યું આવે છે. જયારે કે તમારા બાપ-દાદાઓએ જો આ મૂર્ખતા કરી હતી તો કોઈ કારણ નથી કે તમે પણ આંખો મીંચીને તે જ કર્યે જાઓ.

પાંચમી એ કે અલ્લાહની પાલનહારી અને તેની કૃપાને માત્ર એ જ અપેક્ષિત નથી કે તમારું પેટ પાળે, બલ્કે એ પણ છે કે તમારા માર્ગદર્શનનો પ્રબંધ કરે. આ જ માર્ગદર્શન માટે તેણે ઈશદૂત મોકલ્યો છે અને ગ્રંથ ઉતાર્યો છે.

આ ભૂમિકા પછી તે દુષ્કાળના મામલાને લેવામાં આવ્યો છે જે તે વખતે સામે હતો (અને બતાવવામાં આવ્યું છે કે આ દુષ્કાળ રૂપે ચેતવણી પણ સત્યના આ શત્રુઓની ગફલત દૂર નહીં કરી શકે.) આ સંબંધે આગળ ફિરઔન અને તેની કોમનો દાખલો આપવામાં આવ્યો છે કે તે લોકોની પણ બરાબર આ જ રીતે પરીક્ષા લેવામાં આવી હતી, જે પરીક્ષા કુરૈશના ઇસ્લામ-વિરોધી સરદારોની લેવામાં આવી રહી છે. તેમના પાસે પણ આવો જ એક પ્રતિષ્ઠિત રસૂલ (ઈશદૂત) આવ્યો હતો. તેઓ પણ નિશાનીઓ-પર-નિશાનીઓ જોતા ગયા, પણ પોતાના દુરાગ્રહને છોડી ન શક્યા, ત્યાં સુધી કે છેવટે રસૂલનો જીવ લેવા પર આવી ગયા અને પરિણામ એ જોયું જે હંમેશ માટે બોધપ્રદ બનીને રહી ગયું.

આ પછી બીજો વિષય આખિરત (પરલોક)નો લેવામાં આવ્યો છે જેનો મક્કાના કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ) પૂર્ણતઃ ઇન્કાર કરતા હતા. આના જવાબમાં આખિરતની માન્યતા માટે બે દલીલો ટૂંકમાં આપવામાં આવી છે :

એક એ કે આ માન્યતાનો ઇન્કાર હંમેશાં નૈતિકતા માટે વિનાશકારી પુરવાર થતો આવ્યો છે.

બીજી એ કે સૃષ્ટિ કોઈ રમત કરનારનું રમકડું નથી, બલ્કે આ એક તત્ત્વદર્શિતા પર આધારિત વ્યવસ્થા છે, અને તત્ત્વદર્શીનું કોઈ કામ નિરર્થક નથી હોતું. પછી એમ કહીને વાત પૂરી કરી દેવામાં આવી છે કે તમને લોકોને સમજાવવા માટે આ કુર્આન સ્પષ્ટ-સરળ ભાષામાં અને તમારી પોતાની ભાષામાં અવતરિત કરી દેવામાં આવ્યું છે. હવે જો તમે સમજાવવાથી નથી સમજતા તો રાહ જુઓ, અમારો પયગંબર પણ રાહ જોઈ રહ્યો છે, જે કંઈ થવાનું છે તે પોતાના સમયે સામે આવી જશે.

ايَاتُهَا ٥٩ (٤٤) سُوْرَةُ الدُّخَانِ مَكِّيَّةٌ (٦٤) رُكُوْعَاتُهَا ٣

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

حٰمٓ ۚ ۝١ وَالْكِتٰبِ الْمُبِيْنِ ۝٢ اِنَّآ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةٍ (معانقة عند المتقدمين)
مُّبٰرَكَةٍ اِنَّا كُنَّا مُنْذِرِيْنَ ۝٣ فِيْهَا يُفْرَقُ
كُلُّ اَمْرٍ حَكِيْمٍ ۝٤ ۙ اَمْرًا مِّنْ عِنْدِنَا ؕ اِنَّا كُنَّا
مُرْسِلِيْنَ ۝٥ ۚ رَحْمَةً مِّنْ رَّبِّكَ ؕ اِنَّهٗ هُوَ السَّمِيْعُ
الْعَلِيْمُ ۝٦ ۙ رَبِّ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ۘ (وقف لازم)
اِنْ كُنْتُمْ مُّوْقِنِيْنَ ۝٧ لَآ اِلٰهَ اِلَّا هُوَ يُحْيٖ وَيُمِيْتُ ؕ
رَبُّكُمْ وَرَبُّ اٰبَآىِٕكُمُ الْاَوَّلِيْنَ ۝٨ بَلْ هُمْ
فِيْ شَكٍّ يَّلْعَبُوْنَ ۝٩ فَارْتَقِبْ يَوْمَ تَاْتِي السَّمَآءُ
بِدُخَانٍ مُّبِيْنٍ ۝١٠ ۙ يَّغْشَى النَّاسَ ؕ هٰذَا عَذَابٌ
اَلِيْمٌ ۝١١ رَبَّنَا اكْشِفْ عَنَّا الْعَذَابَ اِنَّا مُؤْمِنُوْنَ ۝١٢
اَنّٰى لَهُمُ الذِّكْرٰى وَقَدْ جَآءَهُمْ رَسُوْلٌ مُّبِيْنٌ ۝١٣ ۙ
ثُمَّ تَوَلَّوْا عَنْهُ وَقَالُوْا مُعَلَّمٌ مَّجْنُوْنٌ ۝١٤ ۘ اِنَّا (وقف لازم)
كَاشِفُوا الْعَذَابِ قَلِيْلًا اِنَّكُمْ عَآىِٕدُوْنَ ۝١٥ ۘ (وقف لازم)
يَوْمَ نَبْطِشُ الْبَطْشَةَ الْكُبْرٰى ۚ اِنَّا مُنْتَقِمُوْنَ ۝١٦
وَلَقَدْ فَتَنَّا قَبْلَهُمْ قَوْمَ فِرْعَوْنَ وَجَآءَهُمْ رَسُوْلٌ
كَرِيْمٌ ۝١٧ ۙ اَنْ اَدُّوْٓا اِلَيَّ عِبَادَ اللّٰهِ ؕ اِنِّيْ لَكُمْ
رَسُوْلٌ اَمِيْنٌ ۝١٨ ۙ وَّاَنْ لَّا تَعْلُوْا عَلَى اللّٰهِ ۚ اِنِّيْٓ

(૪૪) સૂરઃ અદ્-દુખાન

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૩ ● આયતો : ૫૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧-૨. હા-મીમ ! સોગંદ છે આ સ્પષ્ટ ગ્રંથના કે
૩. અમે આને એક મોટી ભલાઈ અને બરકતવાળી રાતમાં અવતરિત કર્યો છે, કેમ કે અમે લોકોને સચેત કરવાનો ઈરાદો રાખતા હતા.
૪-૫. આ તે રાત હતી જેમાં પ્રત્યેક મામલાના તત્ત્વદર્શિતાપૂર્ણ નિર્ણયો અમારા આદેશથી લાગુ કરવામાં આવે છે. અમે એક રસૂલ મોકલવાના હતા,
૬. તારા રબ (પ્રભુ)ની કૃપાના સ્વરૂપે, નિશ્ચિતપણે તે જ બધું સાંભળનાર અને જાણનાર છે,
૭. આકાશો અને ધરતીનો રબ અને તે દરેક વસ્તુનો રબ જે આકાશો અને ધરતીના વચ્ચે છે, જો તમે હકીકતમાં વિશ્વાસ ધરાવનારા છો.
૮. કોઈ ઉપાસ્ય તેના સિવાય નથી, તે જ જીવન પ્રદાન કરે છે અને તે જ મૃત્યુ આપે છે. તમારો રબ અને તમારા તે પૂર્વજોનો રબ જે પહેલાં થઈ ગયા છે.
૯. (પરંતુ હકીકતમાં આમને વિશ્વાસ નથી) બલ્કે આ લોકો પોતાના સંદેહોમાં પડીને ખેલ કરી રહ્યા છે.
૧૦. ભલે, પ્રતીક્ષા કરો તે દિવસની જયારે આકાશ પ્રત્યક્ષ ધુમાડો લઈને આવશે
૧૧. અને તે લોકો પર છવાઈ જશે, આ છે દુઃખદાયક યાતના.
૧૨. (હવે કહે છે કે) ''પાલનહાર ! અમારા ઉપરથી આ યાતના ટાળી દે, અમે ઈમાન લાવીએ છીએ.''
૧૩. આમની ગફલત ક્યાં દૂર થાય છે ? આમની હાલત તો એ છે કે આમના પાસે રસૂલે મુબીન (એવો પયગંબર જેનું પયગંબર હોવું પ્રત્યક્ષ પ્રગટ હતું) આવી ગયો
૧૪. તો પણ આ લોકોએ તેના તરફ ધ્યાન આપ્યું નહીં અને કહ્યું, ''આ તો શિખાવેલો-ભણાવેલો દીવાનો છે.''
૧૫. અમે થોડા વખત માટે યાતના હટાવી દઈએ છીએ, તમે લોકો ફરી એવું જ કરશો જેવું પહેલાં કરી રહ્યા હતા.
૧૬. જે દિવસે અમે મોટો ફટકો મારીશું તે દિવસ હશે જયારે અમે તમારાથી બદલો લઈશું.
૧૭. અમે આમના પહેલાં ફિરઔનની કોમને આ જ પરીક્ષામાં નાખી ચૂક્યા છીએ, તેમના પાસે એક અત્યંત ભલો રસૂલ આવ્યો
૧૮. અને તેણે કહ્યું, ''અલ્લાહના બંદાઓને મારા હવાલે કરો, હું તમારા માટે એક વિશ્વસનીય રસૂલ છું,
૧૯. અલ્લાહ સામે વિદ્રોહ ન કરો. હું તમારા સામે (પોતાની નિયુક્તિની)

اٰتِيْكُمْ بِسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿١٩﴾ وَاِنِّيْ عُذْتُ بِرَبِّيْ
وَرَبِّكُمْ اَنْ تَرْجُمُوْنِ ﴿٢٠﴾ وَاِنْ لَّمْ تُؤْمِنُوْا لِيْ
فَاعْتَزِلُوْنِ ﴿٢١﴾ فَدَعَا رَبَّهٗٓ اَنَّ هٰٓؤُلَآءِ قَوْمٌ
الثلثة مُّجْرِمُوْنَ ﴿٢٢﴾ فَاَسْرِ بِعِبَادِيْ لَيْلًا اِنَّكُمْ مُّتَّبَعُوْنَ ﴿٢٣﴾
وَاتْرُكِ الْبَحْرَ رَهْوًا ۭ اِنَّهُمْ جُنْدٌ مُّغْرَقُوْنَ ﴿٢٤﴾
كَمْ تَرَكُوْا مِنْ جَنّٰتٍ وَّعُيُوْنٍ ﴿٢٥﴾ وَّزُرُوْعٍ وَّ
مَقَامٍ كَرِيْمٍ ﴿٢٦﴾ وَّنَعْمَةٍ كَانُوْا فِيْهَا فٰكِهِيْنَ ﴿٢٧﴾
كَذٰلِكَ ۣ وَاَوْرَثْنٰهَا قَوْمًا اٰخَرِيْنَ ﴿٢٨﴾ فَمَا
بَكَتْ عَلَيْهِمُ السَّمَآءُ وَالْاَرْضُ وَمَا كَانُوْا
ع ٢٩ ١٤ مُنْظَرِيْنَ ﴿٢٩﴾ وَلَقَدْ نَجَّيْنَا بَنِيْٓ اِسْرَآءِيْلَ مِنَ
الْعَذَابِ الْمُهِيْنِ ﴿٣٠﴾ مِنْ فِرْعَوْنَ ۭ اِنَّهٗ كَانَ
عَالِيًا مِّنَ الْمُسْرِفِيْنَ ﴿٣١﴾ وَلَقَدِ اخْتَرْنٰهُمْ عَلٰى
عِلْمٍ عَلَى الْعٰلَمِيْنَ ﴿٣٢﴾ وَاٰتَيْنٰهُمْ مِّنَ الْاٰيٰتِ مَا
فِيْهِ بَلٰٓؤٌا مُّبِيْنٌ ﴿٣٣﴾ اِنَّ هٰٓؤُلَآءِ لَيَقُوْلُوْنَ ﴿٣٤﴾
اِنْ هِيَ اِلَّا مَوْتَتُنَا الْاُوْلٰى وَمَا نَحْنُ بِمُنْشَرِيْنَ ﴿٣٥﴾
فَاْتُوْا بِاٰبَآىِٕنَآ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٣٦﴾
اَهُمْ خَيْرٌ اَمْ قَوْمُ تُبَّعٍ ۙ وَّالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ۭ
اَهْلَكْنٰهُمْ ۡ اِنَّهُمْ كَانُوْا مُجْرِمِيْنَ ﴿٣٧﴾ وَمَا
منزل ٦ خَلَقْنَا السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا لٰعِبِيْنَ ﴿٣٨﴾

સ્પષ્ટ સનંદ રજૂ કરું છું.

૨૦. અને મેં મારા રબ અને તમારા રબનું શરણ મેળવી લીધું છે કે તમે મારા પર હુમલો કરો.

૨૧. જો તમે મારી વાત માનતા નથી તો મારા પર હાથ નાખવાથી દૂર રહો."

૨૨. છેવટે તેણે પોતાના રબને પોકાર્યો કે આ લોકો અપરાધી છે.

૨૩. (જવાબ આપવામાં આવ્યો) ભલે, તું રાતોરાત મારા બંદાઓને લઈને નીકળી જા. તમારો પીછો કરવામાં આવશે.

૨૪. સમુદ્રને તેની સ્થિતિમાં ખુલ્લો છોડી દે. આ સમગ્ર લશ્કર ગરક થવાનું છે."

૨૫-૨૬. કેટલાય બાગ અને ઝરણાં અને ખેતરો અને ભવ્ય મહેલો હતા જે તેઓ પાછળ મૂકી ગયા.

૨૭. કેટલાય મોજ-મજાના સાધનો જેમાં તેઓ મોજ માણી રહ્યા હતા, એમના પાછળ એમને-એમ પડ્યા રહી ગયા.

૨૮. આ આવ્યો તેમનો અંજામ, અને અમે બીજાઓને આમની વસ્તુઓના ઉત્તરાધિકારી બનાવી દીધા.

૨૯ પછી ન આકાશ તેમના માટે રડ્યું, ન ધરતી, અને તેમને થોડી મહેતલ પણ આપવામાં ન આવી. (રુકૂઅ-૧)

૩૦-૩૧. આવી રીતે 'બની ઇસરાઈલ' (ઇસરાઈલના સંતાનો)ને અમે ભારે અપમાનની યાતના, ફિરઔનથી મુક્તિ આપી, જે મર્યાદા વટાવી જનારાઓમાં વાસ્તવમાં ઉચ્ચ શ્રેણીનો માણસ હતો,

૩૨. અને તેમની સ્થિતિ જાણતા હોવા છતાં તેમને દુનિયાની બીજી કોમો પર શ્રેષ્ઠતા આપી,

૩૩. અને તેમને એવી નિશાનીઓ દેખાડી જેમાં સ્પષ્ટ અજમાયશ હતી.

૩૪. આ લોકો કહે છે,

૩૫. "અમારા પહેલા મૃત્યુ સિવાય બીજું કશું નથી, તે પછી અમે પુનઃ ઉઠાડવામાં આવીશું નહીં.

૩૬. જો તમે સાચા છો તો ઉઠાડી લાવો અમારા બાપદાદાઓને.

૩૭. આ લોકો વધુ સારા છે કે તુબ્બાની કોમ★ અને તેના પહેલાંના લોકો? અમે તેમને એ જ કારણસર નષ્ટ કર્યા કે તેઓ અપરાધી થઈ ગયા હતા.

૩૮. આ આકાશો અને ધરતી અને તેમના વચ્ચેની વસ્તુઓ અમે કંઈ રમતના રૂપમાં નથી બનાવી.

★ 'તુબ્બા' હિમયર બાદશાહોની ઉપાધિ હતી, આ કોમના લોકો યમનની સબા કોમની એક શાખાથી સંબંધ ધરાવતા હતા. ઇ.પૂ. ૧૧૫ માં તેમને સબાની કોમ પર પ્રભુત્વ મળ્યું અને ઇ.સ. ૩૦૦ સુધી તેઓ શાસક રહ્યા. અરબસ્તાનમાં સદીઓ સુધી તેમની મહાનતાની વાતો લોકોના મોઢે રહી.

مَا خَلَقۡنٰهُمَاۤ اِلَّا بِالۡحَقِّ وَلٰكِنَّ اَكۡثَرَهُمۡ لَا
يَعۡلَمُوۡنَ ﴿۳۹﴾ اِنَّ يَوۡمَ الۡفَصۡلِ مِيۡقَاتُهُمۡ اَجۡمَعِيۡنَ ﴿۴۰﴾
يَوۡمَ لَا يُغۡنِىۡ مَوۡلًى عَنۡ مَّوۡلًى شَيۡـًٔا وَّلَا هُمۡ
يُنۡصَرُوۡنَ ﴿۴۱﴾ اِلَّا مَنۡ رَّحِمَ اللّٰهُ ؕ اِنَّهٗ هُوَ
الۡعَزِيۡزُ الرَّحِيۡمُ ﴿۴۲﴾ اِنَّ شَجَرَتَ الزَّقُّوۡمِ ﴿۴۳﴾ طَعَامُ
الۡاَثِيۡمِ ﴿۴۴﴾ كَالۡمُهۡلِ ۚ يَغۡلِىۡ فِى الۡبُطُوۡنِ ﴿۴۵﴾ كَغَلۡىِ
الۡحَمِيۡمِ ﴿۴۶﴾ خُذُوۡهُ فَاعۡتِلُوۡهُ اِلٰى سَوَآءِ الۡجَحِيۡمِ ﴿۴۷﴾
ثُمَّ صُبُّوۡا فَوۡقَ رَاۡسِهٖ مِنۡ عَذَابِ الۡحَمِيۡمِ ؕ ﴿۴۸﴾
ذُقۡ ۚ اِنَّكَ اَنۡتَ الۡعَزِيۡزُ الۡكَرِيۡمُ ﴿۴۹﴾ اِنَّ
هٰذَا مَا كُنۡتُمۡ بِهٖ تَمۡتَرُوۡنَ ﴿۵۰﴾ اِنَّ الۡمُتَّقِيۡنَ
فِىۡ مَقَامٍ اَمِيۡنٍ ﴿۵۱﴾ فِىۡ جَنّٰتٍ وَّعُيُوۡنٍ ۚ ﴿۵۲﴾
يَّلۡبَسُوۡنَ مِنۡ سُنۡدُسٍ وَّاِسۡتَبۡرَقٍ مُّتَقٰبِلِيۡنَ ۚ ﴿۵۳﴾
كَذٰلِكَ وَزَوَّجۡنٰهُمۡ بِحُوۡرٍ عِيۡنٍ ؕ ﴿۵۴﴾ يَدۡعُوۡنَ
فِيۡهَا بِكُلِّ فَاكِهَةٍ اٰمِنِيۡنَ ﴿۵۵﴾ لَا يَذُوۡقُوۡنَ
فِيۡهَا الۡمَوۡتَ اِلَّا الۡمَوۡتَةَ الۡاُوۡلٰى ۚ وَوَقٰهُمۡ
عَذَابَ الۡجَحِيۡمِ ﴿۵۶﴾ فَضۡلًا مِّنۡ رَّبِّكَ ؕ ذٰلِكَ
هُوَ الۡفَوۡزُ الۡعَظِيۡمُ ﴿۵۷﴾ فَاِنَّمَا يَسَّرۡنٰهُ بِلِسَانِكَ
لَعَلَّهُمۡ يَتَذَكَّرُوۡنَ ﴿۵۸﴾ فَارۡتَقِبۡ اِنَّهُمۡ مُّرۡتَقِبُوۡنَ ﴿۵۹﴾ ع

معانقة ١٣ عند المتاخرين ع ٣ ٥
منزل ٦ ع ٣ ١٧ ٦

૩૯. તેમને અમે સત્યપૂર્વક પેદા કરી છે, પરંતુ આમાંના ઘણાંખરા જાણતા નથી.

૪૦. આમના સૌને ઉઠાડવા માટેનો નિર્ધારિત સમય 'ફેંસલાનો દિવસ' છે,

૪૧. તે દિવસ જ્યારે કોઈ નિકટનો સંબંધી પોતાના કોઈ નિકટના સંબંધીના કોઈ કામમાં નહીં આવે અને ન ક્યાંયથી તેમને કોઈ મદદ પહોંચશે,

૪૨. સિવાય કે અલ્લાહ જ કોઈના પર દયા કરે, તે પ્રભુત્વશાળી અને દયાળુ છે. (રુકૂઅ-૨)

૪૩. ઝક્કૂમ (થુવેર)નું વૃક્ષ

૪૪. ગુનેગારોનો ખોરાક હશે,

૪૫. તેલના કીટા જેવો, પેટમાં તે એવી રીતે ઊભરા મારશે

૪૬. જેવી રીતે ઊકળતું પાણી ઊભરા મારે છે.

૪૭. "પકડો આને અને ઘસડીને લઈ જાઓ આને જહન્નમની વચ્ચો-વચ્ચ

૪૮. અને રેડી દો આના માથા પર ઊકળતા પાણીની યાતના.

૪૯. ચાખ આની મજા, મોટો બળવાન આબરૂદાર માણસ છે તું !

૫૦. આ તે જ વસ્તુ છે જેના આવવામાં તમે લોકો સંદેહ રાખતા હતા."

૫૧. અલ્લાહથી ડરનારા લોકો શાંતિના સ્થાનમાં હશે.

૫૨. બાગો અને ઝરણાંઓમાં,

૫૩. ઝીણાં અને જડાઉ રેશમી પોશાકો પહેરીને, આમને-સામને બેઠાં હશે.

૫૪. આવું હશે તેમનું ગૌરવ ! અને અમે ગૌર-વર્ણી મૃગ-નયની સ્ત્રીઓ આમની જોડે પરણાવીશું.

૫૫. ત્યાં તેઓ શાંતિપૂર્વક દરેક પ્રકારની સ્વાદિષ્ટ વસ્તુઓ માગશે.

૫૬. ત્યાં મૃત્યુનો સ્વાદ તેઓ ક્યારેય નહીં ચાખે, કેવળ દુનિયામાં જે મૃત્યુ આવ્યું તે આવી ગયું, અને અલ્લાહ પોતાની કૃપાથી તેમને જહન્નમની યાતનાથી બચાવશે,

૫૭. આ જ મોટી સફળતા છે.

૫૮. હે પયગંબર ! અમે આ ગ્રંથને તમારી ભાષામાં સરળ બનાવી દીધો છે જેથી આ લોકો શિખામણ પ્રાપ્ત કરે.

૫૯. હવે તમે પણ રાહ જુઓ, આ લોકો પણ રાહ જોઈ રહ્યા છે. (રુકૂઅ-૩)

(૪૫) અલ-જાસિયહ

પરિચય

નામ :

આયત ૨૮ ના વાક્યાંશ 'વ-તરા કુલ્લ ઉમ્મતિન્ જાસિયહ' (તે દિવસે તમે દરેક જૂથને ઘૂંટણિયે પડેલો જોશો) થી લેવામાં આવ્યું છે. તેનો અર્થ એ છે કે આ તે સૂરઃ છે જેમાં 'જાસિયહ' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

આના વિષયો પરથી સ્પષ્ટ એવું લાગે છે કે આ સૂરઃ અદ્-દુખાન પછીના નજીકના જમાનામાં ઊતરી છે. આ બંને સૂરઃઓના વિષયોમાં એવી એકરૂપતા જોવા મળે છે જેનાથી આ બંને સૂરઃઓ જોડકું દેખાય છે.

વિષય અને ચર્ચાઓ :

આનો વિષય તૌહીદ (એકેશ્વરવાદ) અને આખિરત (પરલોક) વિષે મક્કાના ઇસ્લામ-વિરોધીઓની આશંકાઓ અને વાંધાઓનો જવાબ આપવો અને તેમના (વિરોધાત્મક) વલણ માટે તેમને ચેતવવાનો છે. ચર્ચાની શરૂઆત એકેશ્વરવાદની દલીલોથી કરવામાં આવી છે. આ સંદર્ભે મનુષ્યના પોતાના અસ્તિત્વથી લઈને ધરતી અને આકાશ સુધી દરેક બાજુ ફેલાયેલી અસંખ્ય નિશાનીઓ તરફ નિર્દેશ કરી બતાવવામાં આવ્યું છે કે તમે જે તરફ પણ નજર ઉઠાવી જુઓ, દરેક વસ્તુ તે જ તૌહીદની ગવાહી આપી રહી છે જેને માનવાનો તમે ઇન્કાર કરી રહ્યા છો. આગળ આયત ૧૨-૧૩ માં ફરી કહેવામાં આવ્યું છે કે મનુષ્ય આ દુનિયામાં જેટલી વસ્તુઓનો ઉપયોગ કરી રહ્યો છે અને જે બેહિસાબ વસ્તુઓ અને શક્તિઓ આ સૃષ્ટિમાં તેના હિતોની સેવા કરી રહી છે, (તે તમામ આ એક અલ્લાહની પ્રદાન કરેલી છે અને આધીન કરેલી છે.) કોઈ વ્યક્તિ સાચી રીતે ચિંતન-મનન કરે તો તેની પોતાની બુદ્ધિ જ પોકારી ઉઠશે કે તે જ અલ્લાહ મનુષ્યનો ઉપકારક છે અને તેનો જ આ અધિકાર છે કે મનુષ્ય તેનો કૃતજ્ઞ બને. તે પછી મક્કાના કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ)ના તે હઠાગ્રહ, ઘમંડ, ઠઠ્ઠા-મશ્કરી અને કુફ્ર (ઇન્કાર)ના દુરાગ્રહ માટે કડક નિંદા કરવામાં આવી છે, જેના વડે તેઓ કુર્આનના સંદેશનો મુકાબલો કરી રહ્યા હતા, અને તેમને ચેતવવામાં આવ્યા છે કે આ કુર્આન (એક મહાન વરદાન છે, તેને રદબાતલ ઠેરવવાનો અંજામ અત્યંત વિનાશકારી હશે.) આ જ અનુસંધાનમાં અલ્લાહના

પયગંબર (સલ્લ.)ના અનુયાયીઓને આદેશ આપવામાં આવ્યો છે કે આ અલ્લાહથી નિર્ભય લોકો તમારા સાથે જે દુર્વ્યવહાર કરી રહ્યા છે તે બદલ તેમના સાથે દરગુજર અને સહનશીલતાથી કામ લો. તમે ધૈર્યથી કામ લેશો તો અલ્લાહ પોતે આમને પહોંચી વળશે અને તમને આ ધૈર્યનું ઇનામ આપશે. તે પછી આખિરતની માન્યતા વિષે કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ)ના અજ્ઞાનતાપૂર્ણ વિચારોની સમીક્ષા કરવામાં આવી છે (અને તેમના દાવાના ખંડનમાં કે મૃત્યુ) પછી કોઈ બીજું જીવન નથી, અલ્લાહે એક પછી એક કેટલીક દલીલો આપી છે. આ દલીલો આપ્યા પછી અલ્લાહ ભારપૂર્વક ફરમાવે છે કે જેવી રીતે તમે આપોઆપ જીવતા નથી થઈ ગયા, બલ્કે અમારા જીવતા કરવાથી જીવતા થયાં છો, તેવી જ રીતે તમે આપોઆપ મૃત્યુ પામતા નથી, બલ્કે અમારા મારવાથી મૃત્યુ પામો છો, અને એક સમય ચોક્કસપણે એવો આવવાનો છે, જ્યારે તમે સૌ એક જ સમયે એકઠા કરવામાં આવશો. જ્યારે તે વખત આવી જશે તો તમે સ્વયં પોતાની આંખોથી જોઈ લેશો કે પોતાના અલ્લાહની હજૂરમાં રજૂ કરવામાં આવ્યા છો અને તમારી સંપૂર્ણ કર્મનોંધ કોઈ પણ વધારા-ઘટાડા વિના તૈયાર છે જે તમારા એકે-એક કૃત્યની ગવાહી આપી રહી છે. તે વખતે તમને જાણ થઈ જશે કે આખિરત (પરલોક)ની ધારણાનો આ ઇન્કાર અને તેની આ મજાક જે તમે ઉડાવી રહ્યા છો, તમને કેટલું મોંઘું પડી રહ્યું છે.

اٰيَاتُهَا ٣٧ — (٤٥) سُوۡرَةُ الۡجَاثِيَةِ مَكِّيَّةٌ (٦٥) — رُكُوۡعَاتُهَا ٤

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

حٰمٓ ۚ ﴿١﴾ تَنۡزِيۡلُ الۡكِتٰبِ مِنَ اللّٰهِ الۡعَزِيۡزِ الۡحَكِيۡمِ ﴿٢﴾
اِنَّ فِى السَّمٰوٰتِ وَالۡاَرۡضِ لَاٰيٰتٍ لِّلۡمُؤۡمِنِيۡنَ ؕ ﴿٣﴾
وَفِىۡ خَلۡقِكُمۡ وَمَا يَبُثُّ مِنۡ دَآبَّةٍ اٰيٰتٌ
لِّقَوۡمٍ يُّوۡقِنُوۡنَ ۙ ﴿٤﴾ وَاخۡتِلَافِ الَّيۡلِ وَالنَّهَارِ
وَمَاۤ اَنۡزَلَ اللّٰهُ مِنَ السَّمَآءِ مِنۡ رِّزۡقٍ فَاَحۡيَا
بِهِ الۡاَرۡضَ بَعۡدَ مَوۡتِهَا وَتَصۡرِيۡفِ الرِّيٰحِ
اٰيٰتٌ لِّقَوۡمٍ يَّعۡقِلُوۡنَ ﴿٥﴾ تِلۡكَ اٰيٰتُ اللّٰهِ نَتۡلُوۡهَا
عَلَيۡكَ بِالۡحَقِّ ۚ فَبِاَىِّ حَدِيۡثٍۢ بَعۡدَ اللّٰهِ وَ
اٰيٰتِهٖ يُؤۡمِنُوۡنَ ﴿٦﴾ وَيۡلٌ لِّكُلِّ اَفَّاكٍ اَثِيۡمٍ ۙ ﴿٧﴾
يَّسۡمَعُ اٰيٰتِ اللّٰهِ تُتۡلٰى عَلَيۡهِ ثُمَّ يُصِرُّ مُسۡتَكۡبِرًا
كَاَنۡ لَّمۡ يَسۡمَعۡهَا ۚ فَبَشِّرۡهُ بِعَذَابٍ اَلِيۡمٍ ﴿٨﴾
وَاِذَا عَلِمَ مِنۡ اٰيٰتِنَا شَيۡـئَا ۨاتَّخَذَهَا هُزُوًا ؕ
اُولٰٓـئِكَ لَهُمۡ عَذَابٌ مُّهِيۡنٌ ؕ ﴿٩﴾ مِنۡ وَّرَآئِهِمۡ
جَهَنَّمُ ۚ وَلَا يُغۡنِىۡ عَنۡهُمۡ مَّا كَسَبُوۡا شَيۡـئًا وَّلَا
مَا اتَّخَذُوۡا مِنۡ دُوۡنِ اللّٰهِ اَوۡلِيَآءَ ۚ وَلَهُمۡ عَذَابٌ
عَظِيۡمٌ ؕ ﴿١٠﴾ هٰذَا هُدًى ۚ وَالَّذِيۡنَ كَفَرُوۡا بِاٰيٰتِ
رَبِّهِمۡ لَهُمۡ عَذَابٌ مِّنۡ رِّجۡزٍ اَلِيۡمٌ ع ﴿١١﴾ اَللّٰهُ

منزل ٦ — ع ١٧

(૪૫) સૂરઃ અલ-જાસિયહ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૪ • આયતો : ૩૭)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧-૨. હા-મીમ ! આ ગ્રંથનું અવતરણ અલ્લાહ તરફથી થયું છે જે પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૩. વાસ્તવિકતા એ છે કે આકાશો અને ધરતીમાં અસંખ્ય નિશાનીઓ છે ઈમાન લાવનારાઓ માટે.

૪. અને તમારા પોતાના સર્જનમાં, અને તે પશુઓમાં જેમને અલ્લાહ (ધરતીમાં) ફેલાવી રહ્યો છે. ઘણી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ વિશ્વાસ કરનારા છે.

૫. અને રાત અને દિવસના અંતર અને ભેદમાં, અને તે આજીવિકામાં જે અલ્લાહ આકાશમાંથી ઊતારે છે, પછી તેનાથી મૃત ધરતીને જીવિત કરે છે, અને હવાઓના ફેરફારમાં અનેક નિશાનીઓ છે તે લોકો માટે જેઓ બુદ્ધિથી કામ લે છે.

૬. આ અલ્લાહની નિશાનીઓ છે જેમને અમે તમારા સામે સત્યપૂર્વક વર્ણવી રહ્યા છીએ. હવે છેવટે અલ્લાહ અને તેની આયતો પછી બીજી કઈ વાત છે જેના પર આ લોકો ઈમાન લાવશે.

૭. વિનાશ છે તે દરેક જૂઠા દુષ્કર્મી માટે,

૮. જેના સામે અલ્લાહની આયતો પઢવામાં આવે છે, અને તે તેમને સાંભળે છે, પછી પૂર્ણ ઘમંડમાં પોતાના ઇન્કાર પર એવી રીતે અક્કડ રહે છે કે જાણે તેણે તેમને સાંભળી જ નથી. આવા માણસને દુઃખદાયી સજાની શુભ-સૂચના આપી દો.

૯. અમારી આયતોમાંથી કોઈ વાત જયારે તેની જાણમાં આવે છે તો તે તેમની મજાક બનાવી લે છે. આવા સૌ લોકો માટે અપમાનજનક સજા છે.

૧૦. તેમના આગળ જહન્નમ (નર્ક) છે. જે કંઈ પણ તેમણે દુનિયામાં કમાવ્યું છે તેમાંથી કોઈ વસ્તુ તેમના કોઈ કામમાં નહીં આવે, ન તેમના તે સંરક્ષકો જ તેમના માટે કંઈ કરી શકશે જેમને અલ્લાહને છોડીને તેમણે પોતાના સંરક્ષક બનાવી રાખ્યા છે. તેમના માટે મોટી સજા છે.

૧૧. આ કુર્આન સર્વથા માર્ગદર્શન છે, અને તે લોકો માટે ખૂબ જ કઠોર દુઃખદાયક યાતના છે જેમણે પોતાના રબ (પ્રભુ)ની આયતોને માનવાનો ઇન્કાર કર્યો. (રુકૂઅ-૧)

اَللّٰهُ الَّذِیْ سَخَّرَ لَكُمُ الْبَحْرَ لِتَجْرِیَ الْفُلْكُ
فِیْهِ بِاَمْرِهٖ وَ لِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ وَ لَعَلَّكُمْ
تَشْكُرُوْنَ ۟ۚ﴿۱۲﴾ وَ سَخَّرَ لَكُمْ مَّا فِی السَّمٰوٰتِ وَ مَا
فِی الْاَرْضِ جَمِیْعًا مِّنْهُ ؕ اِنَّ فِیْ ذٰلِكَ لَاٰیٰتٍ
لِّقَوْمٍ یَّتَفَكَّرُوْنَ ﴿۱۳﴾ قُلْ لِّلَّذِیْنَ اٰمَنُوْا یَغْفِرُوْا
لِلَّذِیْنَ لَا یَرْجُوْنَ اَیَّامَ اللّٰهِ لِیَجْزِیَ قَوْمًۢا
بِمَا كَانُوْا یَكْسِبُوْنَ ﴿۱۴﴾ مَنْ عَمِلَ صَالِحًا
فَلِنَفْسِهٖ ۚ وَ مَنْ اَسَآءَ فَعَلَیْهَا ؗ ثُمَّ اِلٰی رَبِّكُمْ
تُرْجَعُوْنَ ﴿۱۵﴾ وَ لَقَدْ اٰتَیْنَا بَنِیْۤ اِسْرَآءِیْلَ
الْكِتٰبَ وَ الْحُكْمَ وَ النُّبُوَّةَ وَ رَزَقْنٰهُمْ مِّنَ
الطَّیِّبٰتِ وَ فَضَّلْنٰهُمْ عَلَی الْعٰلَمِیْنَ ۟ۚ﴿۱۶﴾ وَ اٰتَیْنٰهُمْ
بَیِّنٰتٍ مِّنَ الْاَمْرِ ۚ فَمَا اخْتَلَفُوْۤا اِلَّا مِنْۢ بَعْدِ
مَا جَآءَهُمُ الْعِلْمُ ۙ بَغْیًۢا بَیْنَهُمْ ؕ اِنَّ رَبَّكَ
یَقْضِیْ بَیْنَهُمْ یَوْمَ الْقِیٰمَةِ فِیْمَا كَانُوْا فِیْهِ
یَخْتَلِفُوْنَ ﴿۱۷﴾ ثُمَّ جَعَلْنٰكَ عَلٰی شَرِیْعَةٍ مِّنَ الْاَمْرِ
فَاتَّبِعْهَا وَ لَا تَتَّبِعْ اَهْوَآءَ الَّذِیْنَ لَا یَعْلَمُوْنَ ﴿۱۸﴾
اِنَّهُمْ لَنْ یُّغْنُوْا عَنْكَ مِنَ اللّٰهِ شَیْـًٔا ؕ وَ اِنَّ
الظّٰلِمِیْنَ بَعْضُهُمْ اَوْلِیَآءُ بَعْضٍ ۚ وَ اللّٰهُ وَلِیُّ
الْمُتَّقِیْنَ ﴿۱۹﴾ هٰذَا بَصَآىِٕرُ لِلنَّاسِ وَ هُدًی

منزل ٦

૧૨. તે અલ્લાહ જ તો છે જેણે તમારા માટે સમુદ્રને વશમાં કર્યો જેથી તેના આદેશથી નૌકાઓ તેમાં ચાલે અને તમે તેની કૃપા (આજીવિકા) શોધો અને કૃતજ્ઞ બનો.

૧૩. તેણે આકાશો અને ધરતીની તમામ વસ્તુઓને તમારા આધીન કરી દીધી, બધું જ પોતાના પાસેથી – આમાં ઘણી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ચિંતન-મનન કરનારા છે.

૧૪. હે પયગંબર ! ઈમાન લાવનારાઓને કહી દો કે જે લોકો અલ્લાહ તરફથી ખરાબ દિવસના આગમનની કોઈ આશંકા રાખતા નથી, તેમના કૃત્યો પર દરગુજરથી કામ લે જેથી અલ્લાહ સ્વયં એક જૂથને તેની કમાણીનો બદલો આપે.

૧૫. જે કોઈ સદ્‌કાર્ય કરશે પોતાના જ માટે કરશે, અને જે કોઈ બૂરાઈ કરશે તે સ્વયં તેનું નુકસાન ભોગવશે. પછી સૌને જવાનું તો પોતાના રબ તરફ જ છે.

૧૬. આ પહેલાં બની ઈસરાઈલને અમે ગ્રંથ અને 'હુક્મ' (સમજ-બૂઝ અને નિર્ણયશક્તિ) અને નુબૂવત (ઈશદૂતત્વ) પ્રદાન કર્યાં હતા. તેમને અમે ઉત્તમ જીવન-સામગ્રી પ્રદાન કરી, જગતના સૌ લોકો પર તેમને શ્રેષ્ઠતા આપી,

૧૭. અને દીન (ધર્મ)ના મામલામાં તેમને સ્પષ્ટ આદેશો આપી દીધા. પછી જે મતભેદ તેમના વચ્ચે પ્રગટ થયો તે (જ્ઞાનના અભાવના કારણે નહીં પરંતુ) જ્ઞાન આવી ગયા પછી થયો અને એટલા માટે થયો કે તેઓ પરસ્પર એકબીજા પર અતિરેક કરવા માગતા હતા. અલ્લાહ કયામત (પુનર્જીવન)ના દિવસે તે મામલાઓનો ફેંસલો કરી દેશે જેમાં તેઓ મતભેદ કરતા રહ્યા છે.

૧૮. આ પછી હે પયગંબર ! અમે તમને દીન (ધર્મ)ની બાબતમાં એક સ્પષ્ટ માર્ગ (શરીઅત, ધર્મવિધાન) પર સ્થાપિત કર્યા છે. આથી તમે તેના જ ઉપર ચાલો અને તે લોકોની ઈચ્છાઓનું અનુસરણ ન કરો જેઓ જ્ઞાન ધરાવતા નથી.

૧૯. અલ્લાહના મુકાબલામાં તેઓ તમારા કોઈ કામ આવી શકતા નથી. અત્યાચારીઓ એક-બીજાના સાથીદારો છે, અને અલ્લાહનો ડર રાખનારા લોકોનો સાથી અલ્લાહ છે.

૨૦. આ સૂઝ-બૂઝ અને બુદ્ધિમત્તાની રોશનીઓ છે તમામ લોકો માટે

وَّرَحۡمَةٌ لِّقَوۡمٍ يُّوۡقِنُوۡنَ ﴿۲۰﴾ اَمۡ حَسِبَ الَّذِيۡنَ
اجۡتَرَحُوا السَّيِّاٰتِ اَنۡ نَّجۡعَلَهُمۡ كَالَّذِيۡنَ
اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ ۙ سَوَآءً مَّحۡيَاهُمۡ
ع ۲ / ۱۰ / ۱۸ وَمَمَاتُهُمۡ ؕ سَآءَ مَا يَحۡكُمُوۡنَ ﴿۲۱﴾ ع وَخَلَقَ اللّٰهُ
السَّمٰوٰتِ وَالۡاَرۡضَ بِالۡحَقِّ وَلِتُجۡزٰى كُلُّ
نَفۡسٍۢ بِمَا كَسَبَتۡ وَهُمۡ لَا يُظۡلَمُوۡنَ ﴿۲۲﴾ اَفَرَءَيۡتَ
مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰٮهُ وَاَضَلَّهُ اللّٰهُ عَلٰى عِلۡمٍ
وَّخَتَمَ عَلٰى سَمۡعِهٖ وَقَلۡبِهٖ وَجَعَلَ عَلٰى بَصَرِهٖ
غِشٰوَةً ؕ فَمَنۡ يَّهۡدِيۡهِ مِنۡۢ بَعۡدِ اللّٰهِ ؕ اَفَلَا
تَذَكَّرُوۡنَ ﴿۲۳﴾ وَقَالُوۡا مَا هِىَ اِلَّا حَيَاتُنَا
الدُّنۡيَا نَمُوۡتُ وَنَحۡيَا وَمَا يُهۡلِكُنَاۤ اِلَّا الدَّهۡرُ ۚ
وَمَا لَهُمۡ بِذٰلِكَ مِنۡ عِلۡمٍ ۚ اِنۡ هُمۡ اِلَّا
يَظُنُّوۡنَ ﴿۲۴﴾ وَاِذَا تُتۡلٰى عَلَيۡهِمۡ اٰيٰتُنَا بَيِّنٰتٍ
مَّا كَانَ حُجَّتَهُمۡ اِلَّاۤ اَنۡ قَالُوا ائۡتُوۡا
بِاٰبَآئِنَاۤ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۲۵﴾ قُلِ اللّٰهُ
يُحۡيِيۡكُمۡ ثُمَّ يُمِيۡتُكُمۡ ثُمَّ يَجۡمَعُكُمۡ اِلٰى يَوۡمِ
الۡقِيٰمَةِ لَا رَيۡبَ فِيۡهِ وَلٰـكِنَّ اَكۡثَرَ النَّاسِ
ع ۳ / ۵ / ۱۹ لَا يَعۡلَمُوۡنَ ﴿۲۶﴾ ع وَلِلّٰهِ مُلۡكُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ؕ
منزل ٦ وَيَوۡمَ تَقُوۡمُ السَّاعَةُ يَوۡمَئِذٍ يَّخۡسَرُ الۡمُبۡطِلُوۡنَ ﴿۲۷﴾

અને માર્ગદર્શન અને દયા તે લોકો માટે જેઓ વિશ્વાસ કરે.

૨૧. શું તે લોકો જેમણે દુષ્કૃત્યો કર્યા છે એવું સમજી બેઠા છે કે અમે તેમને અને ઈમાન લાવનારાઓને તથા સદ્કાર્યો કરનારાઓને એક-સમાન કરી દઈશું જેથી તેમનું જીવવું અને મરવું એક-સમાન થઈ જાય ? ઘણાં ખરાબ નિર્ણયો છે જે આ લોકો કરે છે. (રુકૂઅ-૨)

૨૨. અલ્લાહે તો આકાશો અને ધરતીને સત્યપૂર્વક પેદા કર્યા છે અને એટલા માટે કર્યા છે કે દરેક જીવધારીને તેની કમાણીનો બદલો આપવામાં આવે. લોકો ઉપર અત્યાચાર કદાપિ નહીં કરવામાં આવે.

૨૩. પછી શું તમે કયારેય તે માણસની હાલત પર વિચાર કર્યો જેણે પોતાના મનની ઈચ્છાને પોતાનો ઉપાસ્ય બનાવી લીધી અને જ્ઞાન હોવા છતાં અલ્લાહે તેને પથભ્રષ્ટતામાં ફેંકી દીધો અને તેના હૃદય અને કાનો ઉપર આવરણ નાખી દીધું અને તેની આંખો ઉપર પડદો નાખી દીધો ? અલ્લાહ પછી હવે બીજું કોણ છે જે તેને માર્ગદર્શન આપે ? શું તમે લોકો કોઈ બોધપાઠ ગ્રહણ કરતા નથી ?

૨૪. આ લોકો કહે છે કે "જીવન માત્ર આ જ અમારું દુનિયા (આલોક)નું જીવન છે, અહીં જ અમારું મરવું અને જીવવું છે અને કાળચક્ર સિવાય કોઈ વસ્તુ નથી જે અમારો નાશ કરતી હોય." હકીકતમાં આ બાબતમાં આમના પાસે કોઈ જ્ઞાન નથી. આ લોકો માત્ર અટકળોના આધારે આ વાતો કરે છે.

૨૫. અને જ્યારે અમારી સ્પષ્ટ આયતો આમને સંભળાવવામાં આવે છે તો આમના પાસે કોઈ દલીલ એના સિવાય નથી હોતી કે ઉઠાવીને લઈ આવો અમારા બાપ-દાદાઓને જો તમે સાચા છો.

૨૬. હે પયગંબર ! આમને કહો, અલ્લાહ જ તમને જીવન પ્રદાન કરે છે, અને પછી તે જ તમને મૃત્યુ આપે છે, પછી તે જ તમને તે કયામત (પુનર્જીવન)ના દિવસે એકત્ર કરશે જેના આવવામાં કોઈ શંકા નથી, પરંતુ ઘણાંખરા લોકો જાણતા નથી. (રુકૂઅ-૩)

૨૭. ધરતી અને આકાશોનું રાજ્ય અલ્લાહનું જ છે, અને જે દિવસે કયામતની ઘડી આવી જશે તે દિવસે અસત્યવાદીઓ નુકસાન ઉઠાવશે.

وَتَرٰى كُلَّ اُمَّةٍ جَاثِيَةً ۫ كُلُّ اُمَّةٍ تُدۡعٰٓى
اِلٰى كِتٰبِهَا ؕ اَلۡيَوۡمَ تُجۡزَوۡنَ مَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ ﴿۲۸﴾
هٰذَا كِتٰبُنَا يَنۡطِقُ عَلَيۡكُمۡ بِالۡحَقِّ ؕ اِنَّا
كُنَّا نَسۡتَنۡسِخُ مَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ ﴿۲۹﴾ فَاَمَّا
الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُدۡخِلُهُمۡ
رَبُّهُمۡ فِىۡ رَحۡمَتِهٖ ؕ ذٰلِكَ هُوَ الۡفَوۡزُ الۡمُبِيۡنُ ﴿۳۰﴾
وَاَمَّا الَّذِيۡنَ كَفَرُوۡا ۫ اَفَلَمۡ تَكُنۡ اٰيٰتِىۡ تُتۡلٰى
عَلَيۡكُمۡ فَاسۡتَكۡبَرۡتُمۡ وَكُنۡتُمۡ قَوۡمًا مُّجۡرِمِيۡنَ ﴿۳۱﴾
وَاِذَا قِيۡلَ اِنَّ وَعۡدَ اللّٰهِ حَقٌّ وَّالسَّاعَةُ
لَا رَيۡبَ فِيۡهَا قُلۡتُمۡ مَّا نَدۡرِىۡ مَا السَّاعَةُ ۙ
اِنۡ نَّظُنُّ اِلَّا ظَنًّا وَّمَا نَحۡنُ بِمُسۡتَيۡقِنِيۡنَ ﴿۳۲﴾
وَبَدَا لَهُمۡ سَيِّاٰتُ مَا عَمِلُوۡا وَحَاقَ بِهِمۡ مَّا
كَانُوۡا بِهٖ يَسۡتَهۡزِءُوۡنَ ﴿۳۳﴾ وَقِيۡلَ الۡيَوۡمَ نَنۡسٰٮكُمۡ
كَمَا نَسِيۡتُمۡ لِقَآءَ يَوۡمِكُمۡ هٰذَا وَمَاۡوٰٮكُمُ النَّارُ
وَمَا لَكُمۡ مِّنۡ نّٰصِرِيۡنَ ﴿۳۴﴾ ذٰلِكُمۡ بِاَنَّكُمُ اتَّخَذۡتُمۡ
اٰيٰتِ اللّٰهِ هُزُوًا وَّغَرَّتۡكُمُ الۡحَيٰوةُ الدُّنۡيَا ۚ
فَالۡيَوۡمَ لَا يُخۡرَجُوۡنَ مِنۡهَا وَلَا هُمۡ يُسۡتَعۡتَبُوۡنَ ﴿۳۵﴾
فَلِلّٰهِ الۡحَمۡدُ رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ الۡاَرۡضِ رَبِّ
الۡعٰلَمِيۡنَ ﴿۳۶﴾ وَلَهُ الۡكِبۡرِيَآءُ فِى السَّمٰوٰتِ وَ
الۡاَرۡضِ ۖ وَهُوَ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ ﴿۳۷﴾ ع

منزل ٦ ع ٢

૨૮. તે દિવસે તમે દરેક જૂથને ઘૂંટણિયે પડેલો જોશો. દરેક જૂથને પોકારવામાં આવશે કે આવે અને પોતાની કર્મ-નોંધ જુએ. તેમને કહેવામાં આવશે, ''આજે તમને તે કર્મોનો બદલો આપવામાં આવશે જે તમે કરતા રહ્યા હતા,

૨૯. આ અમારી તૈયાર કરાવેલ કર્મ-નોંધ છે જે તમારા માટે સાચેસાચી સાક્ષી આપી રહી છે, જે કંઈ પણ તમે કરતા હતા અમે તેને લખાવતા જઈ રહ્યા હતા.''

૩૦. પછી જેઓ ઈમાન લાવ્યા હતા અને સદ્કાર્યો કરતા રહ્યા હતા તેમને તેમનો રબ (પ્રભુ) પોતાની કૃપામાં દાખલ કરશે અને આ જ સ્પષ્ટ સફળતા છે.

૩૧. અને જે લોકોએ કુફ્ર (ઇન્કાર) કર્યું હતું (તેમને કહેવામાં આવશે) ''શું મારી આયતો તમને સંભળાવવામાં આવતી ન હતી ? પરંતુ તમે ઘમંડ કર્યો અને ગુનેગાર બનીને રહ્યા.

૩૨. અને જ્યારે કહેવામાં આવતું હતું કે અલ્લાહનો વાયદો સત્ય છે અને કયામતના આવવામાં કોઈ શંકા નથી, તો તમે કહેતા હતા કે અમે નથી જાણતા કે કયામત શું હોય છે, અમે તો બસ એક કલ્પના માત્ર રાખીએ છીએ, વિશ્વાસ અમને નથી.''

૩૩. તે વખતે તેમના ઉપર તેમના કર્મોની બૂરાઈઓ ખૂલી જશે અને તેઓ તે જ વસ્તુના ચક્કરમાં આવી જશે જેની તેઓ મજાક ઉડાવ્યા કરતા હતા.

૩૪. અને તેમને કહી દેવામાં આવશે કે ''આજે અમે પણ તે જ રીતે તમને ભુલાવી દઈએ છીએ જે રીતે તમે આ દિવસની મુલાકાતને ભૂલી ગયા હતા. હવે તમારું ઠેકાણું નર્કાગાર (દોજખ) છે અને કોઈ તમારો સહાયક નથી.

૩૫. આ તમારું પરિણામ એટલા માટે આવ્યું કે તમે અલ્લાહની આયતોને મજાક બનાવી લીધી હતી અને તમને દુનિયાની જિંદગીએ ભ્રમમાં નાખી દીધા હતા. તેથી આજે ન આ લોકો દોજખ (નર્ક)માંથી કાઢવામાં આવશે, ન આમને કહેવામાં આવશે કે માફી માગીને પોતાના માલિક અને પાલનહારને પ્રસન્ન કરો.''

૩૬. તો પ્રશંસા અલ્લાહ જ માટે છે જે ધરતી અને આકાશોનો માલિક અને સમસ્ત જગતનો પાલનહાર છે.

૩૭. ધરતી અને આકાશોમાં મોટાઈ માત્ર તેના જ માટે છે અને તે જ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે. (રુકૂઅ-૪)

(૪૬) અલ-અહકાફ

પરિચય

નામ :

આયત ૨૧ ના વાક્ય 'ઇઝ્અન્ઝર કવ્મહૂ બિલ્-અહ્કાફ' (જ્યારે તેણે અહકાફમાં પોતાની કોમને સાવધાન કરી હતી)થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

એક ઐતિહાસિક ઘટના મુજબ જેનો ઉલ્લેખ આ. ૨૯ થી ૩૨ માં થયો છે કે આ સૂરઃ સન ૧૦ નબવીના અંતમાં અથવા સન ૧૧ નબવીના આરંભમાં ઉતરી.

ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ :

સન ૧૦ નબવી પયગંબર (સલ્લ.)ના પવિત્ર જીવનમાં ખૂબ મુશ્કેલીભર્યું વર્ષ હતું. ત્રણ વર્ષથી કુરૈશના બધા જ કબીલાઓએ મળીને બની હાશિમ અને મુસલમાનોનો સંપૂર્ણ સામાજિક બહિષ્કાર કરી દીધો હતો અને પયગંબર (સલ્લ.) પોતાના પરિવાર અને પોતાના સહાબીઓ સાથે અબૂ તાલીબની ખીણમાં ઘેરાઈને રહી ગયા હતા. કુરૈશના લોકોએ દરેક બાજુથી આ મહોલ્લાની નાકાબંદી કરી દીધી હતી, જેને ભેદીને કોઈ પણ પ્રકારનો પુરવઠો અંદર પહોંચી શકતો ન હતો. સળંગ ત્રણ વર્ષના આ સામાજિક બહિષ્કારે મુસલમાનો અને બની હાશિમની કમર તોડી નાંખી હતી અને તેમના પર એવો કઠિન સમય પસાર થઈ ગયો હતો, જેમાં મોટાભાગે ઘાસ અને પાંદડાં ખાવાનો વખત આવી જતો હતો. કોઈ રીતે આ ઘેરો આ વર્ષે તૂટ્યો જ હતો કે પયગંબર (સલ્લ.)ના કાકા અબૂ તાલિબનું, જેઓ દસ વર્ષ સુધી આપના માટે ઢાલ બની રહ્યા હતા, અવસાન થઈ ગયું અને આ ઘટનાને ઘટિત થયે હજુ એક મહિનો જ થયો હતો કે આપ (સલ્લ.)ના જીવન-સંગિની હઝરત ખદીજા (રદિ.)નું પણ અવસાન થઈ ગયું, જેઓ નુબૂવતના આરંભથી લઈને તે સમય સુધી આપ (સલ્લ.) માટે શાંતિ અને સાંત્વનાનું કારણ બની રહ્યા હતા. આ લગાતાર આઘાતો અને દુઃખોના કારણે પયગંબર (સલ્લ.)આ વર્ષને 'આમુલ હુઝ્ન' (રંજ અને દુઃખનું વર્ષ) કહ્યા કરતા હતા. હઝરત ખદીજા અને અબૂ તાલિબના અવસાન પછી મક્કાના કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ) પયગંબર (સલ્લ.)નો સામનો કરવામાં વધુ દુઃસાહસી થઈ ગયા. પહેલાં કરતાં વધુ આપ (સલ્લ.)ને તંગ કરવા લાગ્યા, ત્યાં સુધી કે આપ (સલ્લ.)નું ઘરમાંથી બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું. છેવટે આપ (સલ્લ.) એ ઈરાદાથી તાઇફ ગયા કે બની સકીફને ઈસ્લામ તરફ આમંત્રણ આપે અને જો તેઓ ઈસ્લામ ન સ્વીકારે તો પણ એમને ઓછામાં ઓછું એ વાત માટે તૈયાર કરે કે તેઓ આપ (સલ્લ.)ને પોતાના ત્યાં શાંતિથી કામ કરવાની તક આપે. પરંતુ (ત્યાંના મોટા લોકોએ) ન માત્ર કોઈ વાત ન માની, બલ્કે આપ (સલ્લ.)ને નોટિસ આપી દીધી કે તેમના શહેરથી નીકળી જાય. વિવશ થઈને આપ (સલ્લ.)ને તાઇફ છોડવું પડ્યું. જ્યારે આપ (સલ્લ.) ત્યાંથી નીકળવા લાગ્યા તો સકીફના સરદારોએ પોતાના ત્યાંના ગુંડાઓને

પાછળ લગાડી દીધા. તેઓ રસ્તાની બંને તરફ આપ (સલ્લ.) પર વ્યંગ કરતા, ગાળો બોલતા અને પથ્થર મારતા, ત્યાં સુધી કે આપ (સલ્લ.) ઝખમોથી ચૂર થઈ ગયા અને આપ (સલ્લ.)ના પગરખા લોહીથી ભરાઈ ગયાં. આ જ હાલતમાં આપ (સલ્લ.) તાઈફના બહાર એક બગીચાની વાડના છાંયડામાં બેસી ગયા અને પોતાના રબથી (દુઆ કરવામાં લાગી ગયા.) ભગ્નહૃદયે અને દુઃખી થઈને પાછા વળ્યા. જ્યારે આપ કર્નુલ-મનાઝિલ નજીક પહોંચ્યા તો એવું લાગ્યું કે આકાશમાં એક વાદળ જેવું છવાયેલું છે. નજર ઉઠાવીને જોયું તો જિબ્રઈલ (ફરિશ્તા) સામે હતા. તેમણે પોકારીને કહ્યું, ''આપની કોમે આપને જે કંઈ જવાબ આપ્યો છે અલ્લાહે તે સાંભળી લીધો, હવે આ પર્વતોના પ્રબંધક ફરિશ્તાને અલ્લાહે મોકલ્યો છે, આપ જે આજ્ઞા આપવા ચાહો, તેને આપી શકો છો.'' પછી પર્વતોના ફરિશ્તાએ આપ (સલ્લ.)ને સલામ કરીને નિવેદન કર્યું, ''આપ કહો તો બંને તરફના પર્વતોને લોકો ઉપર ઊંધા પાડી દઉં.'' આપ (સલ્લ.)એ જવાબ આપ્યો, ''નહીં, બલ્કે હું આશા રાખું છું કે અલ્લાહ એમના વંશમાંથી એવા લોકોને પેદા કરશે જેઓ એક અલ્લાહની, જેનો કોઈ ભાગીદાર નથી, બંદગી કરશે.'' (હ.બુખારી)

તે પછી આપ (સલ્લ.) થોડાક દિવસ નખ્લહ નામે જગ્યાએ જઈને રોકાઈ ગયા. આ જ દિવસોમાં એક રાત્રે આપ (સલ્લ.) નમાઝમાં કુર્આન-મજીદ પઢી રહ્યા હતા કે જિન્નાતોનું જૂથ ત્યાંથી પસાર થયું. તેમણે કુર્આન સાંભળ્યું, ઈમાન લાવ્યા, પાછા જઈને પોતાની કોમમાં ઇસ્લામનો પ્રચાર શરૂ કરી દીધો અને અલ્લાહે પોતાના પયગંબરને આ ખુશખબર આપી કે મનુષ્ય ભલે આપના સંદેશથી ભાગી રહ્યા હોય, પરંતુ ઘણાં જિન્નાત એના મોહિત થઈ ગયા છે અને તેઓ એને પોતાની જાતિમાં ફેલાવી રહ્યા છે.

વિષય અને ચર્ચા :

સૂરઃનો વિષય ઇસ્લામના વિરોધીઓને તેમની પથભ્રષ્ટતાઓના પરિણામોથી સચેત કરવાનો છે જેમાં ન માત્ર તેઓ ગ્રસ્ત હતા, બલ્કે ખૂબ જ હઠાગ્રહ અને ગર્વ અને ઘમંડ સાથે તેના પર અક્કડ હતા. એમની નજરમાં દુનિયાની હેસિયત કેવળ એક નિરુદ્દેશ્ય રમકડાં જેવી હતી અને તેમાં તેઓ પોતાને અનુત્તરદાયી જીવ સમજતા હતા. તૌહીદનો સંદેશ (એકેશ્વરવાદનું આમંત્રણ) એમના વિચારમાં અસત્ય હતો. તેઓ કુર્આન વિષે એ માનવા તૈયાર ન હતા કે તે જગત-સ્વામીની વાણી છે. એમની દૃષ્ટિમાં ઇસ્લામના સત્ય ન હોવા માટેનો એક મોટો પુરાવો એ હતો કે માત્ર કેટલાક નવયુવાનો, થોડાંક ગરીબો અને અમુક ગુલામો જ એના પર ઈમાન લાવ્યા છે. તેઓ કયામત અને મૃત્યુ પછીના જીવન અને બદલા તથા સજાની વાતોને ઉપજાવી કાઢેલી વાર્તાઓ માનતા હતા. આ સૂરઃમાં ટૂંકાણમાં આ જ ગુમરાહીઓ પૈકી એક-એકનું દલીલો સાથે ખંડન કરવામાં આવ્યું છે અને કાફિરોને સચેત કરવામાં આવ્યા છે કે જો તમે કુર્આનના આમંત્રણને રદ કરી દેશો તો પોતે જ પોતાનો અંત ખરાબ કરશો. (વધુ વિગત માટે જુઓ : સૂરઃ ઝુમર, ટિ-૧; સૂરઃ જાસિયહ, ટિ-૧; સૂરઃ સજદહ, ટિ-૧)

آياتها ٣٥ | (٤٦) سُوْرَةُ الْاَحْقَافِ مَكِّيَّةٌ (٦٦) | ركوعاتها ٤

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

حٰمٓ ﴿١﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿٢﴾
مَا خَلَقْنَا السَّمٰوٰتِ وَ الْاَرْضَ وَمَا بَيْنَهُمَآ اِلَّا
بِالْحَقِّ وَ اَجَلٍ مُّسَمًّى ؕ وَ الَّذِيْنَ كَفَرُوْا عَمَّآ
اُنْذِرُوْا مُعْرِضُوْنَ ﴿٣﴾ قُلْ اَرَءَيْتُمْ مَّا تَدْعُوْنَ
مِنْ دُوْنِ اللّٰهِ اَرُوْنِيْ مَا ذَا خَلَقُوْا مِنَ الْاَرْضِ
اَمْ لَهُمْ شِرْكٌ فِي السَّمٰوٰتِ ؕ اِيْتُوْنِيْ بِكِتٰبٍ مِّنْ
قَبْلِ هٰذَآ اَوْ اَثٰرَةٍ مِّنْ عِلْمٍ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٤﴾
وَمَنْ اَضَلُّ مِمَّنْ يَّدْعُوْا مِنْ دُوْنِ اللّٰهِ مَنْ
لَّا يَسْتَجِيْبُ لَهٗٓ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ وَهُمْ عَنْ
دُعَآئِهِمْ غٰفِلُوْنَ ﴿٥﴾ وَاِذَا حُشِرَ النَّاسُ كَانُوْا لَهُمْ
اَعْدَآءً وَّكَانُوْا بِعِبَادَتِهِمْ كٰفِرِيْنَ ﴿٦﴾ وَاِذَا تُتْلٰى
عَلَيْهِمْ اٰيٰتُنَا بَيِّنٰتٍ قَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلْحَقِّ
لَمَّا جَآءَهُمْ ۙ هٰذَا سِحْرٌ مُّبِيْنٌ ؕ ﴿٧﴾ اَمْ يَقُوْلُوْنَ
افْتَرٰىهُ ؕ قُلْ اِنِ افْتَرَيْتُهٗ فَلَا تَمْلِكُوْنَ لِيْ مِنَ
اللّٰهِ شَيْـًٔا ؕ هُوَ اَعْلَمُ بِمَا تُفِيْضُوْنَ فِيْهِ ؕ كَفٰى بِهٖ
شَهِيْدًۢا بَيْنِيْ وَبَيْنَكُمْ ؕ وَهُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿٨﴾
قُلْ مَا كُنْتُ بِدْعًا مِّنَ الرُّسُلِ وَمَآ اَدْرِيْ مَا

(૪૬) સૂરઃ અલ-અહકાફ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૪ ● આયતો : ૩૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧-૨. હા-મીમ ! આ ગ્રંથનું અવતરણ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી અલ્લાહ તરફથી થયું છે.

૩. અમે ધરતી અને આકાશોને અને તે બધી વસ્તુઓને, જે તેમના વચ્ચે છે સત્ય પર અને એક વિશેષ મુદ્દતના નિર્ધારણ સાથે પેદા કરેલ છે. પરંતુ આ ઈન્કાર કરનારા લોકોએ તે હકીકતથી મોઢું ફેરવી રાખ્યું છે જેનાથી તેમને ચેતવવામાં આવ્યા છે.

૪. હે પયગંબર ! આમને કહો, ''ક્યારેય તમે આંખો ખોલીને જોયું પણ છે કે તે હસ્તીઓ છે શું જેમને તમે અલ્લાહને છોડીને પોકારો છો ? જરા મને બતાવો તો ખરા કે ધરતીમાં તેમણે શું પેદા કર્યું છે ? અથવા આકાશોના સર્જન અને તેના પ્રબંધમાં તેમનો કોઈ હિસ્સો છે ? આનાથી પહેલાં આવેલ કોઈ ગ્રંથ કે જ્ઞાનનો કોઈ શેષ ભાગ (આ ધારણાઓના પુરાવામાં) તમારા પાસે હોય તો તે જ લઈ આવો, જો તમે સાચા છો.''

૫. છેવટે તે વ્યક્તિ કરતાં વધારે બહેકેલો મનુષ્ય બીજો કોણ હશે જે અલ્લાહને છોડીને તેમને પોકારે જેઓ કયામત (પુનર્જીવન) સુધી તેને જવાબ આપી શકતા નથી, બલ્કે તેનાથી પણ અજાણ છે કે પોકારનારા તેમને પોકારી રહ્યા છે,

૬. અને જ્યારે તમામ મનુષ્યો એકત્ર કરવામાં આવશે, તે વખતે તેઓ પોતાના પોકારનારાઓના શત્રુ અને પોતાની ઉપાસનાનો ઈન્કાર કરનારા હશે.

૭. આ લોકોને જ્યારે અમારી સ્પષ્ટ આયતો સંભળાવવામાં આવે છે અને સત્ય આમની સામે આવી જાય છે તો આ ઈન્કાર કરનારા તેના વિષે કહે છે કે આ તો સ્પષ્ટ જાદૂ છે.

૮. શું તેમનું કહેવું એ છે કે રસૂલે (ઈશદૂતે) આને પોતે જ ઘડી કાઢ્યું છે ? આમને કહો, ''જો મેં આને પોતે જ ઘડી કાઢ્યું છે તો તમે મને અલ્લાહની પકડમાંથી સહેજ પણ બચાવી નહીં શકો, જે વાતો તમે બનાવો છો અલ્લાહ તેને સારી રીતે જાણે છે, મારા અને તમારા વચ્ચે તે જ સાક્ષી આપવા માટે પૂરતો છે, અને તે મોટો ક્ષમાશીલ અને દયાળુ છે.

૯. આમને કહો, ''હું કોઈ નિરાળો રસૂલ તો નથી, હું નથી જાણતો કે કાલે

يُفْعَلُ بِيْ وَلَا بِكُمْ ؕ اِنْ اَتَّبِعُ اِلَّا مَا يُوْحٰۤى
اِلَيَّ وَمَاۤ اَنَا اِلَّا نَذِيْرٌ مُّبِيْنٌ ﴿٩﴾ قُلْ اَرَءَيْتُمْ اِنْ
كَانَ مِنْ عِنْدِ اللّٰهِ وَكَفَرْتُمْ بِهٖ وَشَهِدَ شَاهِدٌ
مِّنْۢ بَنِيْۤ اِسْرَآءِيْلَ عَلٰى مِثْلِهٖ فَاٰمَنَ وَ
اسْتَكْبَرْتُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿١٠﴾ ع ١٠
وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوْا لَوْ كَانَ خَيْرًا مَّا
سَبَقُوْنَاۤ اِلَيْهِ ؕ وَاِذْ لَمْ يَهْتَدُوْا بِهٖ فَسَيَقُوْلُوْنَ
هٰذَاۤ اِفْكٌ قَدِيْمٌ ﴿١١﴾ وَمِنْ قَبْلِهٖ كِتٰبُ مُوْسٰۤى
اِمَامًا وَّرَحْمَةً ؕ وَهٰذَا كِتٰبٌ مُّصَدِّقٌ لِّسَانًا
عَرَبِيًّا لِّيُنْذِرَ الَّذِيْنَ ظَلَمُوْا ۖۗ وَبُشْرٰى لِلْمُحْسِنِيْنَ ﴿١٢﴾
اِنَّ الَّذِيْنَ قَالُوْا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا فَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿١٣﴾ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ
خٰلِدِيْنَ فِيْهَا ۚ جَزَآءًۢ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٤﴾ وَ
وَصَّيْنَا الْاِنْسَانَ بِوَالِدَيْهِ اِحْسٰنًا ؕ حَمَلَتْهُ
اُمُّهٗ كُرْهًا وَّوَضَعَتْهُ كُرْهًا ؕ وَحَمْلُهٗ وَفِصٰلُهٗ
ثَلٰثُوْنَ شَهْرًا ؕ حَتّٰۤى اِذَا بَلَغَ اَشُدَّهٗ وَبَلَغَ اَرْبَعِيْنَ
سَنَةً ۙ قَالَ رَبِّ اَوْزِعْنِيْۤ اَنْ اَشْكُرَ نِعْمَتَكَ الَّتِيْۤ
اَنْعَمْتَ عَلَيَّ وَعَلٰى وَالِدَيَّ وَاَنْ اَعْمَلَ صَالِحًا
تَرْضٰىهُ وَاَصْلِحْ لِيْ فِيْ ذُرِّيَّتِيْ ۚ اِنِّيْ تُبْتُ

તમારા સાથે શું થવાનું છે અને મારા સાથે શું, હું તો માત્ર તે વહી (દિવ્ય પ્રકાશના)નું અનુસરણ કરું છું જે મારા પાસે મોકલવામાં આવે છે અને હું સ્પષ્ટ સાવધાન કરી દેનારથી વિશેષ બીજું કંઈ નથી.''

૧૦. હે પયગંબર ! આમને કહો, ''કયારેય તમે વિચાર્યું પણ કે જો આ વાણી અલ્લાહ તરફથી જ હોય અને તમે તેનો ઇન્કાર કરી દીધો (તો તમારું પરિણામ શું આવશે ?) અને આના જેવી જ એક વાણી પર તો બની ઈસરાઈલનો એક સાક્ષી ગવાહી પણ આપી ચૂક્યો છે. તે ઈમાન લઈ આવ્યો અને તમે પોતાના ઘમંડમાં પડી રહ્યા. આવા અત્યાચારીઓને અલ્લાહ માર્ગદર્શન આપતો નથી.''(રુકૂઅ-૧)

૧૧. જે લોકોએ માનવાનો ઇન્કાર કરી દીધો છે તેઓ ઈમાન લાવનારાઓ વિષે કહે છે કે જો આ ગ્રંથને માની લેવું કોઈ સારું કામ હોત તો આ લોકો આ મામલામાં અમારાથી અગ્રેસર રહી શકતા ન હતા. કેમ કે આમણે તેનાથી માર્ગદર્શન ન મેળવ્યું તેથી આ લોકો હવે એ જરૂર કહેશે કે આ તો પુરાણું જૂઠ છે.

૧૨. જો કે આનાથી પહેલાં મૂસાનો ગ્રંથ માર્ગદર્શક અને કૃપા બનીને આવી ચૂક્યો છે, અને આ ગ્રંથ તેની પુષ્ટિ કરનાર અરબી ભાષામાં આવ્યો છે જેથી જાલિમોને સચેત કરી દે અને ઉત્તમ નીતિ અપનાવનારાઓને ખુશખબર આપી દે.

૧૩. નિશ્ચિતપણે જે લોકોએ કહી દીધું કે અલ્લાહ જ અમારો રબ (માલિક અને પાલનહાર) છે, પછી તેના પર મક્કમ રહ્યા, તેમના માટે ન કોઈ ભય છે અને ન તેઓ દુઃખી થશે.

૧૪. આવા બધા લોકો જન્નત (સ્વર્ગ)માં જનારા છે જ્યાં તેઓ હંમેશા રહેશે, પોતાના તે કર્મોના બદલામાં જે તેઓ દુનિયામાં કરતા રહ્યા છે.

૧૫. અમે મનુષ્યને તાકીદ કરી કે તે પોતાના માતા-પિતા સાથે સદ્‌વ્યવહાર કરે. તેની માતાએ કષ્ટ ઉઠાવીને તેને પેટમાં રાખ્યો અને કષ્ટ ઉઠાવીને જ તેને જન્મ આપ્યો, અને તેના ગર્ભ અને દૂધ છોડાવવામાં ત્રીસ મહિના લાગી ગયા. ત્યાં સુધી કે જ્યારે તે પોતાની પૂર્ણ શક્તિએ પહોંચ્યો અને ચાળીસ વર્ષનો થઈ ગયો તો તેણે કહ્યું, ''હે મારા રબ! મને પ્રેરણા આપ કે હું તારી તે કૃપાઓ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવું જે તેં મને અને મારા માતા-પિતાને પ્રદાન કરી, અને એવા સદ્‌કાર્યો કરું જેનાથી તું પ્રસન્ન થાય, અને મારાં સંતાનોને પણ સદાચારી બનાવીને મને સુખ આપ, હું તારા સમક્ષ તૌબા (ક્ષમા) કરું છું અને આજ્ઞાંકિત

اِلَيْكَ وَاِنِّىْ مِنَ الْمُسْلِمِيْنَ ۝١٥ اُولٰٓئِكَ الَّذِيْنَ
نَتَقَبَّلُ عَنْهُمْ اَحْسَنَ مَا عَمِلُوْا وَنَتَجَاوَزُ عَنْ سَيِّاٰتِهِمْ
فِىْٓ اَصْحٰبِ الْجَنَّةِ ؕ وَعْدَ الصِّدْقِ الَّذِىْ كَانُوْا
يُوْعَدُوْنَ ۝١٦ وَالَّذِىْ قَالَ لِوَالِدَيْهِ اُفٍّ لَّكُمَآ
اَتَعِدٰنِنِىْٓ اَنْ اُخْرَجَ وَقَدْ خَلَتِ الْقُرُوْنُ مِنْ قَبْلِىْ ۚ
وَهُمَا يَسْتَغِيْثٰنِ اللّٰهَ وَيْلَكَ اٰمِنْ ۖ اِنَّ وَعْدَ اللّٰهِ
حَقٌّ ۚ فَيَقُوْلُ مَا هٰذَآ اِلَّآ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ۝١٧
اُولٰٓئِكَ الَّذِيْنَ حَقَّ عَلَيْهِمُ الْقَوْلُ فِىْٓ اُمَمٍ قَدْ خَلَتْ
مِنْ قَبْلِهِمْ مِّنَ الْجِنِّ وَالْاِنْسِ ؕ اِنَّهُمْ كَانُوْا
خٰسِرِيْنَ ۝١٨ وَلِكُلٍّ دَرَجٰتٌ مِّمَّا عَمِلُوْا ۚ وَلِيُوَفِّيَهُمْ
اَعْمَالَهُمْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ۝١٩ وَيَوْمَ يُعْرَضُ
الَّذِيْنَ كَفَرُوْا عَلَى النَّارِ ؕ اَذْهَبْتُمْ طَيِّبٰتِكُمْ فِىْ
حَيَاتِكُمُ الدُّنْيَا وَاسْتَمْتَعْتُمْ بِهَا ۚ فَالْيَوْمَ تُجْزَوْنَ
عَذَابَ الْهُوْنِ بِمَا كُنْتُمْ تَسْتَكْبِرُوْنَ فِى
الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ وَبِمَا كُنْتُمْ تَفْسُقُوْنَ ۝٢٠ ع وَاذْكُرْ ع ٢
اَخَا عَادٍ ؕ اِذْ اَنْذَرَ قَوْمَهٗ بِالْاَحْقَافِ وَقَدْ خَلَتِ
النُّذُرُ مِنْۢ بَيْنِ يَدَيْهِ وَمِنْ خَلْفِهٖٓ اَلَّا تَعْبُدُوْٓا
اِلَّا اللّٰهَ ؕ اِنِّىْٓ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ۝٢١
قَالُوْٓا اَجِئْتَنَا لِتَاْفِكَنَا عَنْ اٰلِهَتِنَا ۚ فَاْتِنَا بِمَا تَعِدُنَآ منزل ٦

(મુસ્લિમ) બંદાઓ પૈકી છું."

૧૬. આ પ્રકારના લોકો પાસેથી અમે તેમના સર્વોત્તમ કાર્યોનો સ્વીકાર કરીએ છીએ અને તેમની બૂરાઈઓથી દરગુજર કરી જઈએ છીએ. આ લોકો જન્નતી લોકોમાં સામેલ થશે, તે સાચા વાયદા અનુસાર જે તેમનાથી કરવામાં આવતો રહ્યો છે.

૧૭. અને જેણે પોતાના માતા-પિતાને કહ્યું, "ઉફ્ફ ! તંગ કરી નાખ્યો તમે, શું તમે મને આનાથી ડરાવો છો કે મરી ગયા પછી મને કબરમાંથી પાછો કાઢવામાં આવશે ? જો કે મારા પહેલાં ઘણીય પેઢીઓ પસાર થઈ ચૂકી છે (તેમનામાંથી તો કોઈ ઊઠીને ન આવ્યું !)". માતા અને પિતા અલ્લાહને ફરિયાદ કરીને કહે છે, "હે દુર્ભાગી ! માની જા, અલ્લાહનો વાયદો સાચો છે." પરંતુ તે કહે છે, "આ બધી અગાઉના જમાનાની પુરાણી કહાણીઓ છે."

૧૮. આ લોકો છે જેમના ઉપર યાતનાનો નિર્ણય લાગુ થઈ ગયો છે. આમના પહેલાં જિન્નાતો અને મનુષ્યોના જે ટોળાં (આ જ પ્રકારના) થઈ ગયા છે તેમાં જ આ લોકો પણ સામેલ થશે. નિઃશંક આ નુકસાનમાં રહી જનારા લોકો છે.

૧૯. બંને જૂથોમાંથી દરેકનો દરજ્જો તેમના કર્મને અનુરૂપ છે જેથી અલ્લાહ તેમના કર્મોનો પૂરેપૂરો બદલો તેમને આપે. તેમના ઉપર કદાપિ જુલ્મ (અન્યાય) કરવામાં નહીં આવે.

૨૦. પછી જ્યારે આ ઇન્કાર કરનારાઓને આગના સામે લાવીને ઊભા કરવામાં આવશે તો તેમને કહેવામાં આવશે, "તમે પોતાના હિસ્સાની કૃપાઓ પોતાના દુનિયાના જીવનમાં સમાપ્ત કરી ચૂક્યા અને તેમનાથી મજા માણી લીધી, હવે જે ઘમંડ તમે ધરતી પર કોઈ પણ અધિકાર વિના કરતા રહ્યા અને તમે જે અવજ્ઞાઓ કરી તેના બદલામાં આજે તમને અપમાનજનક યાતના આપવામાં આવશે." (રુકૂઅ-૨)

૨૧. જરા આમને આદના ભાઈ (હૂદ)ની ઘટના સંભળાવો જ્યારે તેણે અહકાફમાં પોતાની કોમને સાવધાન કરી હતી — અને આવા સાવધાન કરનારા તેના પહેલાં પણ થઈ ગયા હતા અને તેના પછી પણ આવતા રહ્યા — કે "અલ્લાહ સિવાય કોઈની ઉપાસના ન કરો, મને તમારા માટે એક મોટા ભયંકર દિવસની યાતનાનો ડર છે."

૨૨. તેમણે કહ્યું, "શું તું એ માટે આવ્યો છે કે અમને બહેકાવીને અમારા ઉપાસ્યોથી વિમુખ કરી દે ? ભલે, તો લઈ આવ પોતાની તે યાતના

إِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿٢٢﴾ قَالَ إِنَّمَا الْعِلْمُ عِنْدَ
اللّٰهِ ۖ وَاُبَلِّغُكُمْ مَّآ اُرْسِلْتُ بِهٖ وَلٰكِنِّيْٓ اَرٰىكُمْ قَوْمًا
تَجْهَلُوْنَ ﴿٢٣﴾ فَلَمَّا رَاَوْهُ عَارِضًا مُّسْتَقْبِلَ اَوْدِيَتِهِمْ ۙ
قَالُوْا هٰذَا عَارِضٌ مُّمْطِرُنَا ؕ بَلْ هُوَ مَا اسْتَعْجَلْتُمْ بِهٖ ؕ
رِيْحٌ فِيْهَا عَذَابٌ اَلِيْمٌ ﴿٢٤﴾ تُدَمِّرُ كُلَّ شَيْءٍۭ بِاَمْرِ
رَبِّهَا فَاَصْبَحُوْا لَا يُرٰٓى اِلَّا مَسٰكِنُهُمْ ؕ كَذٰلِكَ نَجْزِي
الْقَوْمَ الْمُجْرِمِيْنَ ﴿٢٥﴾ وَلَقَدْ مَكَّنّٰهُمْ فِيْمَآ اِنْ
مَّكَّنّٰكُمْ فِيْهِ وَجَعَلْنَا لَهُمْ سَمْعًا وَّاَبْصَارًا وَّ
اَفْئِدَةً ۖ فَمَآ اَغْنٰى عَنْهُمْ سَمْعُهُمْ وَلَآ اَبْصَارُهُمْ
وَلَآ اَفْئِدَتُهُمْ مِّنْ شَيْءٍ اِذْ كَانُوْا يَجْحَدُوْنَ ۙ بِاٰيٰتِ
اللّٰهِ وَحَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿٢٦﴾ وَلَقَدْ ع ٤
اَهْلَكْنَا مَا حَوْلَكُمْ مِّنَ الْقُرٰى وَصَرَّفْنَا الْاٰيٰتِ
لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٢٧﴾ فَلَوْلَا نَصَرَهُمُ الَّذِيْنَ اتَّخَذُوْا
مِنْ دُوْنِ اللّٰهِ قُرْبَانًا اٰلِهَةً ؕ بَلْ ضَلُّوْا عَنْهُمْ ۚ
وَذٰلِكَ اِفْكُهُمْ وَمَا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٢٨﴾ وَاِذْ
صَرَفْنَآ اِلَيْكَ نَفَرًا مِّنَ الْجِنِّ يَسْتَمِعُوْنَ الْقُرْاٰنَ ۚ
فَلَمَّا حَضَرُوْهُ قَالُوْٓا اَنْصِتُوْا ۚ فَلَمَّا قُضِيَ وَلَّوْا
اِلٰى قَوْمِهِمْ مُّنْذِرِيْنَ ﴿٢٩﴾ قَالُوْا يٰقَوْمَنَآ اِنَّا سَمِعْنَا
كِتٰبًا اُنْزِلَ مِنْۢ بَعْدِ مُوْسٰى مُصَدِّقًا لِّمَا بَيْنَ

જેનાથી તું અમને ડરાવે છે, જો ખરેખર તું સાચો છે."

૨૩. તેણે કહ્યું, "આનું જ્ઞાન તો અલ્લાહને છે, હું કેવળ તે સંદેશ તમને પહોંચાડી રહ્યો છું જે મને આપીને મોકલવામાં આવ્યો છે. પરંતુ હું જોઈ રહ્યો છું કે તમે લોકો અજ્ઞાનતા આચરી રહ્યા છો."

૨૪. પછી જ્યારે તેમણે તે યાતનાને તેમની ખીણો તરફ આવતી જોઈ તો કહેવા લાગ્યા, "આ વાદળ છે જે અમને સંતૃપ્ત કરી દેશે" – નહીં, બલ્કે આ તે જ વસ્તુ છે જેના માટે તમે ઉતાવળા થઈ રહ્યા હતા. આ હવાનું તોફાન છે જેમાં દુઃખદાયી યાતના આવી રહી છે,

૨૫. પોતાના રબના આદેશથી દરેક વસ્તુનો નાશ કરી નાખશે." છેવટે તેમની હાલત એ થઈ કે તેમના નિવાસ-સ્થાનો સિવાય ત્યાં કંઈ પણ દેખાતું ન હતું. આવી રીતે અમે ગુનેગારોને બદલો આપીએ છીએ.

૨૬. તેમને અમે તે બધું જ આપ્યું હતું જે તમને નથી આપ્યું. તેમને અમે કાન, આંખો અને હૃદય, બધું જ આપી રાખ્યું હતું, પરંતુ ન તે કાન તેમના કોઈ કામમાં આવ્યા, ન આંખો, ન હૃદય, કેમ કે તેઓ અલ્લાહની આયતોનો ઇન્કાર કરતા હતા, અને તે જ વસ્તુના ચક્કરમાં તેઓ આવી ગયા જેની તેઓ મજાક ઉડાવતા હતા. (રુકૂઅ-૩)

૨૭. તમારા આસપાસના વિસ્તારોમાંથી ઘણી વસ્તીઓને અમે નષ્ટ કરી ચૂક્યા છીએ. અમે પોતાની આયતો મોકલીને વારંવાર જુદી-જુદી રીતે તેમને સમજાવ્યા, કદાચ તેઓ પાછા વળે.

૨૮. પછી તે હસ્તીઓએ કેમ તેમની મદદ ન કરી, જેમને અલ્લાહને છોડીને તેમણે અલ્લાહનું સામિપ્ય પ્રાપ્ત કરવાનું માધ્યમ સમજીને ઉપાસ્યો બનાવી લીધી હતી ? બલ્કે તેઓ તો તેમનાથી ખોવાઈ ગયા, અને આ હતું તેમના જૂઠ અને તે બનાવટી ધારણાઓનું પરિણામ, જે તેમણે ઘડી રાખી હતી.

૨૯. (અને તે ઘટના પણ ઉલ્લેખનીય છે) જ્યારે અમે જિન્નાતોના એક જૂથને તમારા તરફ લઈ આવ્યા હતા, જેથી કુર્આન સાંભળે. જ્યારે તેઓ તે જગ્યાએ પહોંચ્યા (જ્યાં તમે કુર્આન પઢી રહ્યા હતા) તો તેમણે પરસ્પર કહ્યું, ચુપ થઈ જાઓ. પછી જ્યારે તે પઢી લેવામાં આવ્યું તો તેઓ સચેત કરનારા બનીને પોતાની કોમ તરફ પાછા ફર્યા,

૩૦. તેમણે જઈને કહ્યું, "હે મારી જાતિના લોકો ! અમે એક ગ્રંથ સાંભળ્યો છે જે મૂસા પછી અવતરિત કરવામાં આવ્યો છે, સમર્થન કરવાવાળો

يَدَيْهِ يَهْدِيْٓ اِلَى الْحَقِّ وَاِلٰى طَرِيْقٍ مُّسْتَقِيْمٍ ﴿٣٠﴾
يٰقَوْمَنَآ اَجِيْبُوْا دَاعِيَ اللّٰهِ وَاٰمِنُوْا بِهٖ يَغْفِرْ لَكُمْ
مِّنْ ذُنُوْبِكُمْ وَيُجِرْكُمْ مِّنْ عَذَابٍ اَلِيْمٍ ﴿٣١﴾ وَمَنْ لَّا
يُجِبْ دَاعِيَ اللّٰهِ فَلَيْسَ بِمُعْجِزٍ فِي الْاَرْضِ وَ
لَيْسَ لَهٗ مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءُ ؕ اُولٰٓئِكَ فِيْ ضَلٰلٍ
مُّبِيْنٍ ﴿٣٢﴾ اَوَلَمْ يَرَوْا اَنَّ اللّٰهَ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ
وَالْاَرْضَ وَلَمْ يَعْيَ بِخَلْقِهِنَّ بِقٰدِرٍ عَلٰٓى اَنْ
يُّحْيِۦَ الْمَوْتٰى ؕ بَلٰٓى اِنَّهٗ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٣٣﴾
وَيَوْمَ يُعْرَضُ الَّذِيْنَ كَفَرُوْا عَلَى النَّارِ ؕ اَلَيْسَ
هٰذَا بِالْحَقِّ ؕ قَالُوْا بَلٰى وَرَبِّنَا ؕ قَالَ فَذُوْقُوا
الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ ﴿٣٤﴾ فَاصْبِرْ كَمَا
صَبَرَ اُولُوا الْعَزْمِ مِنَ الرُّسُلِ وَلَا تَسْتَعْجِلْ
لَّهُمْ ؕ كَاَنَّهُمْ يَوْمَ يَرَوْنَ مَا يُوْعَدُوْنَ ۙ لَمْ
يَلْبَثُوْٓا اِلَّا سَاعَةً مِّنْ نَّهَارٍ ؕ بَلٰغٌ ۚ فَهَلْ يُهْلَكُ
اِلَّا الْقَوْمُ الْفٰسِقُوْنَ ﴿٣٥﴾

منزل ٦

છે પોતાના પહેલાં આવી ચૂકેલા ગ્રંથોનું, માર્ગદર્શન કરે છે સત્ય અને સન્માર્ગ તરફ.

૩૧. હે મારી જાતિના લોકો ! અલ્લાહ તરફ બોલાવનારાનું આમંત્રણ સ્વીકારી લો અને તેના પર ઈમાન લઈ આવો, અલ્લાહ તમારા ગુનાઓને માફ કરશે અને તમને દુઃખદાયી યાતનાથી બચાવશે."

૩૨. અને જે કોઈ અલ્લાહના આમંત્રણદાતાની વાત ન માને તે ધરતીમાં સ્વયં ન કોઈ સામર્થ્ય ધરાવે છે કે અલ્લાહને મજબૂર કરી દે અને ન તેના કોઈ સહાયક કે સંરક્ષક છે કે અલ્લાહથી તેને બચાવી લે. આવા લોકો ખુલ્લી પથભ્રષ્ટતામાં પડેલા છે.

૩૩. અને શું આ લોકોને એ સૂઝતું નથી કે જે અલ્લાહે આ ધરતી અને આકાશોને પેદા કર્યા અને તેમનું નિર્માણ કરતાં તે થાકયો નહીં, તે અવશ્ય એમ કરવાનું સામર્થ્ય ધરાવે છે કે મડદાંને જીવતાં કરે ? કેમ નહીં, ચોક્કસ તે દરેક વસ્તુ પર સામર્થ્ય ધરાવે છે.

૩૪. જે દિવસે આ કાફિરો (ઇન્કાર કરનારાઓ)ને આગની સામે લાવવામાં આવશે, તે વખતે આમને પૂછવામાં આવશે, "શું આ સત્ય નથી ?" આ લોકો કહેશે, "હા, અમારા રબ (પ્રભુ)ના સોગંદ ! (આ હકીકતમાં સત્ય છે)." અલ્લાહ ફરમાવશે, "ભલે, તો હવે યાતનાની મજા ચાખો, પોતાના તે ઇન્કારના બદલામાં જે તમે કરતા રહ્યા હતા."

૩૫. પછી હે નબી ! ધૈર્ય રાખો જેવી રીતે દૃઢનિશ્ચયી રસૂલો (ઈશદૂતો)એ ધૈર્ય રાખ્યું છે, અને આ લોકોના મામલામાં ઉતાવળ ન કરો. જે દિવસે આ લોકો તે વસ્તુને જોઈ લેશે જેનાથી આમને ડરાવવામાં આવી રહ્યા છે, તો આમને એવું લાગશે કે જાણે દુનિયામાં દિવસની એક ક્ષણથી વધુ રહ્યા ન હતા. વાત પહોંચાડી દેવામાં આવી, હવે શું અવજ્ઞાકારીઓ સિવાય બીજો કોઈ નાશ પામશે ? (રુકૂઅ-૪)

(૪૭) મુહમ્મદ

પરિચય

નામ :

આયત ૨ ના વાક્યાંશ 'વ આમનૂ બિમા નુઝ્ઝિલ અલા મુહમ્મદિન' (તે વસ્તુને માની લીધી જે મુહમ્મદ સલ્લ. ઉપર અવતરિત થઈ છે)થી લેવામાં આવ્યું છે. તાત્પર્ય એ છે કે આ તે સૂરઃ છે જેમાં 'મુહમ્મદ (સલ્લ.)'નું શુભ નામ આવ્યું છે. તદુપરાંત આનું એક બીજું પ્રખ્યાત નામ 'કિતાલ' (યુદ્ધ) પણ છે જે આયત ૨૦ ના વાક્યાંશ 'વ ઝુકિર ફીહલ્ કિતાલુ' (જેમાં યુદ્ધનો ઉલ્લેખ હતો) થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આના વિષયો એ વાતની સાક્ષી આપે છે કે આ હિજરત પછી મદીનામાં તે વખતે ઊતરી હતી, જ્યારે યુદ્ધનો આદેશ તો અપાઈ ચૂક્યો હતો, પરંતુ વ્યવહારૂ રૂપે હજુ યુદ્ધ શરૂ થયું ન હતું. તેનું વિસ્તૃત પ્રમાણ આગળ ટિપ્પણી ૮માં મળશે.

ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ :

જે તબક્કામાં આ સૂરઃ ઊતરી છે તે સમયે પરિસ્થિતિ એ હતી કે વિશેષ રૂપે મક્કા-મુઅઝ્ઝમામાં અને સામાન્યતઃ આરબ પ્રદેશમાં દરેક જગ્યાએ મુસલમાનોને અત્યાચાર અને દમનનો ભોગ બનાવવામાં આવી રહ્યા હતા અને તેમનું જીવન તંગ કરી દેવામાં આવ્યું હતું. મુસલમાનો દરેક બાજુથી સમેટાઈને મદીના-તૈયિબાના શાંતિ-ગૃહમાં એકત્ર થઈ ગયા હતા, પરંતુ કુરૈશના કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ) અહીં પણ એમને ચેનથી બેસવા દેવા તૈયાર ન હતા. મદીનાની નાનકડી વસ્તી ચારેબાજુથી શત્રુઓના ઘેરામાં હતી અને તેઓ એને મિટાવી નાખવા કટિબદ્ધ હતા. મુસલમાનો માટે આવી સ્થિતિમાં બે જ માર્ગો રહી ગયા હતા. કાં તો સત્ય-ધર્મ તરફ આમંત્રણ અને તેના પ્રચાર-પ્રસારના કામથી જ નહીં, બલ્કે તેના અનુસરણ સુધ્ધાંથી હાથ ખેંચીને અજ્ઞાનતા આગળ હથિયાર નાખી દે; અથવા તો પછી મરવા-મારવા માટે તૈયાર થઈ જાય અને જીવ સટોસટની બાજી ખેલીને હંમેશ માટે એ વાતનો ફેંસલો કરી દે કે આરબ ભૂમિમાં ઇસ્લામને રહેવાનું છે કે અજ્ઞાનતાએ. અલ્લાહે આ પ્રસંગે મુસલમાનોને તે જ દૃઢ સંકલ્પ અને સાહસનો માર્ગ દેખાડ્યો જે ઈમાનવાળાઓ માટે એક જ માર્ગ છે. તેણે પહેલાં સૂરઃ હજ્જ (આયત-૩૯)માં એમને યુદ્ધની અનુમતિ આપી, પછી સૂરઃ બકરહ (આયત-૧૯૦)માં આનો આદેશ આપી દીધો. પરંતુ તે વખતે દરેક માણસ જાણતો હતો કે આવી પરિસ્થિતિઓમાં યુદ્ધનો અર્થ શું છે. મદીનામાં ઈમાનવાળાઓનો એક નાનકડો જન-સમૂહ હતો, જે પૂરાં ૧૦૦૦ સૈનિકો ઉપલબ્ધ કરાવવાની પણ ક્ષમતા ધરાવતું ન હતું, અને તેને કહેવામાં આવી રહ્યું હતું કે સમગ્ર આરબ ભૂમિની અજ્ઞાનતા સામે ટક્કર લેવા તૈયાર થઈ જાય. પછી યુદ્ધ માટે જે સાધન-સામગ્રીની જરૂરત હતી, તે

એક એવી વસ્તી પોતાનું પેટ કાપીને પણ મુશ્કેલીથી મેળવી શકતી હતી, જેમાં સેંકડો ઘરબાર વિનાના હિજરતીઓ હજુ પૂરેપૂરી રીતે વસ્યા પણ ન હતા અને ચોતરફથી આરબોએ આર્થિક બહિષ્કાર કરીને એમની કેડ ભાંગી નાખી હતી.

વિષય અને ચર્ચા :

આનો વિષય ઈમાનવાળાઓને યુદ્ધ માટે તૈયાર કરવાનો અને તેમને આ સંબંધે પ્રાથમિક આદેશો આપવાનો છે. આના લીધે આ સૂરઃનું નામ સૂરઃ કિતાલ (યુદ્ધ) પણ રાખવામાં આવ્યું છે. આમાં નીચે મુજબની ચર્ચાઓ ક્રમશઃ પ્રસ્તુત કરવામાં આવી છે :

શરૂમાં બતાવવામાં આવ્યું છે કે અત્યારે બે જૂથો વચ્ચે મુકાબલો થવાનો છે. એક જૂથ (સત્યનો ઈન્કાર કરનારાઓનું અને અલ્લાહના દુશ્મનોનું છે. બીજું જૂથ સત્યને માનનારાઓનું છે.) હવે અલ્લાહનો ચોખ્ખો અને નિર્ણાયક ફેંસલો એ છે કે પ્રથમ જૂથના બધા જ પ્રયત્નો અને ક્રિયા-કર્મોને તેણે બેકાર બનાવી દીધા અને બીજા જૂથની સ્થિતિ સુધારી દીધી. પછી મુસલમાનોને યુદ્ધ સંબંધે આરંભિક આદેશો આપવામાં આવ્યા છે. તેમને અલ્લાહની મદદ અને માર્ગદર્શનનો ભરોસો અપાવ્યો છે. તેમને અલ્લાહના માર્ગમાં બલિદાનો આપવા માટે ઉત્તમ વળતર પ્રાપ્ત કરવાની આશા અપાવી છે. પછી કાફિરો (ઇસ્લામના શત્રુઓ) વિષે બતાવવામાં આવ્યું છે કે તેઓ અલ્લાહની મદદ અને માર્ગદર્શનથી વંચિત છે. તેમની કોઈ યુક્તિ ઈમાનવાળાઓના મુકાબલામાં સફળ થશે નહીં અને તેઓ દુનિયામાં પણ અને આખિરતમાં પણ ઘણો જ ખરાબ અંજામ જોશે. તત્પશ્ચાત ચર્ચાનું રુખ મુનાફિકો (દંભીઓ) તરફ ફરી જાય છે જે યુદ્ધના આદેશ પહેલાં તો મોટા મુસલમાન બનીને ફરતા હતા, પરંતુ આ આદેશ આવી ગયા પછી પોતાના ક્ષેમકુશળની ચિંતામાં ઇસ્લામ-વિરોધીઓ સાથે સાંઠગાંઠ કરવા લાગ્યા હતા. તેમને સ્પષ્ટપણે સચેત કરી દેવામાં આવ્યા છે કે અલ્લાહ અને તેના દીનના મામલામાં નિફાક (દંભ) અપનાવનારાઓનું કોઈપણ કર્મ અલ્લાહને ત્યાં સ્વીકાર્ય નથી. ત્યારપછી મુસલમાનોને પ્રેરિત કરવામાં આવ્યા છે કે તેઓ પોતાની અલ્પ-સંખ્યા અને સાધનહીનતા અને ઇસ્લામ-વિરોધીઓની મોટી સંખ્યા અને તેમના સાજ-સામાન જોઈને હિંમત ન હારે, તેમના સામે સુલેહની દરખાસ્ત કરીને નબળાઈ ન દાખવે જેનાથી તેમના દુઃસાહસો ઇસ્લામ અને મુસલમાનો સામે ઓર વધી જાય, બલ્કે અલ્લાહના ભરોસા પર ઊભા થઈ જાય અને કુફ્ર (અધર્મ)ના તે પહાડ સામે ટકરાઈ જાય. અલ્લાહ મુસલમાનો સાથે છે. અંતમાં મુસલમાનોને ઈશમાર્ગમાં ખર્ચ કરવાનું કહેવામાં આવ્યું છે. જો કે તે વખતે મુસલમાનોની આર્થિક સ્થિતિ ખૂબ દયનીય હતી, પરંતુ સામે સમસ્યા એ હતી કે આરબ ભૂમિમાં ઇસ્લામ અને મુસલમાનોને જીવવું છે કે નહીં. તેથી મુસલમાનોને કહેવામાં આવ્યું છે કે અત્યારે જે વ્યક્તિ પણ કંજૂસી દાખવશે તે ખરેખર અલ્લાહનું કંઈ નહીં બગાડે નહીં, બલ્કે સ્વયં પોતાને જ તબાહીના જોખમમાં નાખી દેશે.

آياتها ٣٨ — سُوْرَةُ مُحَمَّدٍ (٤٧) مَّدَنِيَّةٌ (٩٥) — ركوعاتها ٤

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلَّذِيْنَ كَفَرُوْا وَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ اَضَلَّ اَعْمَالَهُمْ ۝١
وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاٰمَنُوْا بِمَا نُزِّلَ عَلٰى
مُحَمَّدٍ وَّهُوَ الْحَقُّ مِنْ رَّبِّهِمْ ۙ كَفَّرَ عَنْهُمْ سَيِّاٰتِهِمْ
وَاَصْلَحَ بَالَهُمْ ۝٢ ذٰلِكَ بِاَنَّ الَّذِيْنَ كَفَرُوا اتَّبَعُوا
الْبَاطِلَ وَاَنَّ الَّذِيْنَ اٰمَنُوا اتَّبَعُوا الْحَقَّ مِنْ رَّبِّهِمْ ؕ
كَذٰلِكَ يَضْرِبُ اللّٰهُ لِلنَّاسِ اَمْثَالَهُمْ ۝٣ فَاِذَا
لَقِيْتُمُ الَّذِيْنَ كَفَرُوْا فَضَرْبَ الرِّقَابِ ؕ حَتّٰۤى اِذَاۤ
اَثْخَنْتُمُوْهُمْ فَشُدُّوا الْوَثَاقَ ۙ فَاِمَّا مَنًّۢا بَعْدُ وَاِمَّا
فِدَآءً حَتّٰى تَضَعَ الْحَرْبُ اَوْزَارَهَا ۛ ذٰلِكَ ۛ وَلَوْ
يَشَآءُ اللّٰهُ لَانْتَصَرَ مِنْهُمْ ۙ وَلٰكِنْ لِّيَبْلُوَا بَعْضَكُمْ
بِبَعْضٍ ؕ وَالَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ فَلَنْ
يُّضِلَّ اَعْمَالَهُمْ ۝٤ سَيَهْدِيْهِمْ وَيُصْلِحُ بَالَهُمْ ۝٥ وَ
يُدْخِلُهُمُ الْجَنَّةَ عَرَّفَهَا لَهُمْ ۝٦ يٰۤاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوْۤا اِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ وَيُثَبِّتْ اَقْدَامَكُمْ ۝٧
وَالَّذِيْنَ كَفَرُوْا فَتَعْسًا لَّهُمْ وَاَضَلَّ اَعْمَالَهُمْ ۝٨
ذٰلِكَ بِاَنَّهُمْ كَرِهُوْا مَاۤ اَنْزَلَ اللّٰهُ فَاَحْبَطَ اَعْمَالَهُمْ ۝٩
اَفَلَمْ يَسِيْرُوْا فِي الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ

وقد يبتدأ بقوله ذلك ولكن حسن اتصاله بما قبله ويوقف على ذلك ١٢ — معٓ عند المتقدمين

(૪૭) સૂરઃ મુહમ્મદ

(મદીનામાં અવતરિત થઈ • રુકૂઅ : ૪ • આયતો : ૩૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. જે લોકોએ ઈન્કાર (કુફ્ર) કર્યો અને અલ્લાહના માર્ગથી રોક્યા, અલ્લાહે તેમના કર્મો વ્યર્થ કરી દીધા.

૨. અને જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે સદ્‌કાર્યો કર્યા અને તે વસ્તુને માની લીધી જે મુહમ્મદ (સલ્લ.) ઉપર અવતરિત થઈ છે – અને છે તે સર્વથા સત્ય તેમના રબ (માલિક અને પાલનહાર) તરફથી – અલ્લાહે તેમની બૂરાઈઓ તેમનાથી દૂર કરી દીધી અને તેમની સ્થિતિ સુધારી દીધી.

૩. આ એટલા માટે કે ઈન્કાર કરનારાઓએ અસત્યનું અનુસરણ કર્યું અને ઈમાન લાવનારાઓએ તે સત્યનું અનુસરણ કર્યું જે તેમના રબ તરફથી આવ્યું છે. આ રીતે અલ્લાહ લોકોને તેમની સાચી હેસિયત જણાવી દે છે.

૪. તો જ્યારે આ કાફિરો (અધર્મીઓ) સાથે તમારી અથડામણ થાય તો પહેલું કામ તેમની ગરદનો ઉડાવી દેવાનું છે, ત્યાં સુધી કે જ્યારે તમે તેમને બરાબર કચડી નાખો ત્યારે કેદીઓને મજબૂત બાંધો, તે પછી (તમને અધિકાર છે કે) ઉપકાર કરો અથવા અર્થ-દંડ (ફિદયા)નો મામલો કરો, ત્યાં સુધી કે યુદ્ધ પોતાના હથિયાર નાખી દે. આ છે તમારે કરવાનું કામ. અલ્લાહ ઈચ્છતો તો પોતે જ તેમનાથી નિપટાવી લેતો, (પરંતુ આ રીત તેણે એટલા માટે અપનાવી છે) જેથી તમારી એકબીજા દ્વારા પરીક્ષા કરે. અને જે લોકો અલ્લાહના માર્ગમાં માર્યા જશે, અલ્લાહ તેમના કર્મોને કદાપિ વ્યર્થ નહીં કરે.

૫. તે તેમનું માર્ગદર્શન કરશે, તેમની સ્થિતિ સુધારી દેશે

૬. અને તેમને તે જન્નત (સ્વર્ગ)માં દાખલ કરશે જેનાથી તે તેમને વાકેફ કરી ચૂક્યો છે.

૭. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જો તમે અલ્લાહની મદદ કરશો તો તે તમારી મદદ કરશે અને તમારા કદમ મજબૂત જમાવી દેશે.

૮. રહ્યા તે લોકો જેમણે કુફ્ર કર્યું છે, તો તેમના માટે વિનાશ છે અને અલ્લાહે તેમના કર્મોને પથભ્રષ્ટ કરી દીધા છે.

૯. કેમ કે તેમણે તે વસ્તુને નાપસંદ કરી જે અલ્લાહે ઊતારી છે, આથી અલ્લાહે તેમના કર્મો નિરર્થક કરી દીધા.

૧૦. શું તેઓ ધરતી પર હર્યા-ફર્યા ન હતા કે જેથી તે લોકોનું પરિણામ જોતાં જે

الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ۭ دَمَّرَ اللّٰهُ عَلَيْهِمْ ۡ وَلِلْكٰفِرِيْنَ
اَمْثَالُهَا ﴿١٠﴾ ذٰلِكَ بِاَنَّ اللّٰهَ مَوْلَى الَّذِيْنَ اٰمَنُوْا وَاَنَّ
الْكٰفِرِيْنَ لَا مَوْلٰى لَهُمْ ﴿١١﴾ اِنَّ اللّٰهَ يُدْخِلُ الَّذِيْنَ ع ١ ٥
اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ ۭ وَالَّذِيْنَ كَفَرُوْا يَتَمَتَّعُوْنَ وَيَاْكُلُوْنَ كَمَا
تَاْكُلُ الْاَنْعَامُ وَالنَّارُ مَثْوًى لَّهُمْ ﴿١٢﴾ وَكَاَيِّنْ مِّنْ
قَرْيَةٍ هِيَ اَشَدُّ قُوَّةً مِّنْ قَرْيَتِكَ الَّتِيْٓ اَخْرَجَتْكَ ۚ
اَهْلَكْنٰهُمْ فَلَا نَاصِرَ لَهُمْ ﴿١٣﴾ اَفَمَنْ كَانَ عَلٰي بَيِّنَةٍ
مِّنْ رَّبِّهٖ كَمَنْ زُيِّنَ لَهٗ سُوْۗءُ عَمَلِهٖ وَاتَّبَعُوْٓا اَهْوَاۗءَهُمْ ﴿١٤﴾
مَثَلُ الْجَنَّةِ الَّتِيْ وُعِدَ الْمُتَّقُوْنَ ۭ فِيْهَآ اَنْهٰرٌ مِّنْ
مَّاۗءٍ غَيْرِ اٰسِنٍ ۚ وَاَنْهٰرٌ مِّنْ لَّبَنٍ لَّمْ يَتَغَيَّرْ طَعْمُهٗ ۚ
وَاَنْهٰرٌ مِّنْ خَمْرٍ لَّذَّةٍ لِّلشّٰرِبِيْنَ ڬ وَاَنْهٰرٌ مِّنْ
عَسَلٍ مُّصَفًّى ۭ وَلَهُمْ فِيْهَا مِنْ كُلِّ الثَّمَرٰتِ
وَمَغْفِرَةٌ مِّنْ رَّبِّهِمْ ۭ كَمَنْ هُوَ خَالِدٌ فِي النَّارِ وَ
سُقُوْا مَاۗءً حَمِيْمًا فَقَطَّعَ اَمْعَاۗءَهُمْ ﴿١٥﴾ وَمِنْهُمْ مَّنْ
يَّسْتَمِعُ اِلَيْكَ ۚ حَتّٰٓي اِذَا خَرَجُوْا مِنْ عِنْدِكَ قَالُوْا
لِلَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ مَاذَا قَالَ اٰنِفًا ۣ اُولٰۗىِٕكَ
الَّذِيْنَ طَبَعَ اللّٰهُ عَلٰي قُلُوْبِهِمْ وَاتَّبَعُوْٓا اَهْوَاۗءَهُمْ ﴿١٦﴾
وَالَّذِيْنَ اهْتَدَوْا زَادَهُمْ هُدًى وَّاٰتٰىهُمْ تَقْوٰىهُمْ ﴿١٧﴾

તેમના પહેલાં થઈ ગયા છે? અલ્લાહે તેમનું સઘળું તેમના ઉપર ઉલટાવી દીધું, અને આવા જ પરિણામો આ ઈન્કાર કરનારાઓ માટે નિર્મિત છે.

૧૧. આ એટલા માટે કે ઈમાન લાવનારાઓનો સહાયક અને સમર્થક અલ્લાહ છે અને ઈન્કાર કરનારાઓનો સહાયક અને સમર્થક કોઈ નથી. (રુકૂઅ-૧)

૧૨. ઈમાન લાવનારાઓ અને સત્કર્મ કરનારાઓને અલ્લાહ તે જન્નતોમાં દાખલ કરશે જેમના નીચે નહેરો વહી રહી છે, અને ઈન્કાર કરનારાઓ માત્ર દુનિયા (આલોક)ના થોડા દિવસની મજા લૂટી રહ્યા છે, જાનવરોની જેમ ખાઈ-પી રહ્યા છે, અને તેમનું આખરી ઠેકાણું જહન્નમ (નર્ક) છે.

૧૩. હે પયગંબર ! કેટલીય વસ્તીઓ એવી પસાર થઈ ગઈ છે જે તમારી તે વસ્તી કરતાં અધિક શક્તિશાળી હતી જેણે તમને કાઢી મૂક્યા છે. તેમને અમે એવી રીતે નષ્ટ કરી દીધા કે કોઈ તેમને બચાવનાર ન હતું.

૧૪. ભલા ક્યાંય એવું થઈ શકે છે કે જે પોતાના રબ (પ્રભુ) તરફથી સ્પષ્ટ અને પ્રત્યક્ષ માર્ગદર્શન પર હોય તે, તે લોકો જેવો થઈ જાય જેમના માટે તેમનું ખરાબ કર્મ સુંદર બનાવી દેવામા આવ્યું છે અને તેઓ પોતાની મનેચ્છાઓના અનુયાયી બની ગયા છે.

૧૫. અલ્લાહથી ડરનારા લોકો માટે જે જન્નતનો વાયદો કરવામાં આવ્યો છે તેની શાન તો એ છે કે નહેરો વહી રહી હશે નિતારેલા પાણીની, નહેરો વહી રહી હશે એવા દૂધની જેના સ્વાદમાં સહેજ પણ ફરક પડ્યો નહીં હોય, નહેરો વહી રહી હશે એવા શરાબની જે પીનારાઓ માટે સ્વાદિષ્ટ હશે, નહેરો વહી રહી હશે શુદ્ધ-સ્વચ્છ મધની. તેમાં તેમના માટે દરેક પ્રકારના ફળ હશે અને તેમના રબ તરફથી ક્ષમા. (શું તે વ્યક્તિ કે જેના હિસ્સામાં આ જન્નત આવવાની છે) તે લોકો જેવો હોઈ શકે છે જેઓ જહન્નમમાં હંમેશા રહેશે અને જેમને એવું ગરમ પાણી પીવડાવવામાં આવશે જે તેમના આંતરડાં સુધ્ધાં કાપી નાખશે ?

૧૬. આ લોકોમાંથી કેટલાક લોકો એવા પણ છે જેઓ કાન દઈને તમારી વાતો સાંભળે છે અને પછી જ્યારે તમારા પાસેથી જાય છે તો તે લોકોને કે જેમને જ્ઞાનની નેઅ્મત (કૃપા) પ્રદાન કરવામાં આવી છે પૂછે છે કે હમણાં-હમણાં આમણે શું કહ્યું હતું ? આ તે લોકો છે જેમના હૃદયો પર અલ્લાહે મહોર મારી દીધી છે અને તેઓ પોતાની મનેચ્છાઓના અનુયાયી બની ગયા છે.

૧૭. રહ્યા તે લોકો કે જેમણે માર્ગદર્શન મેળવ્યું છે, અલ્લાહ તેમને તેનાથી પણ વધુ માર્ગદર્શન આપે છે અને તેમને તેમના ભાગની પરહેઝગારી (સંયમ) પ્રદાન કરે છે.

فَهَلْ يَنْظُرُوْنَ اِلَّا السَّاعَةَ اَنْ تَاْتِيَهُمْ بَغْتَةً ۚ
فَقَدْ جَآءَ اَشْرَاطُهَا ۚ فَاَنّٰى لَهُمْ اِذَا جَآءَتْهُمْ
ذِكْرٰىهُمْ ﴿١٨﴾ فَاعْلَمْ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاسْتَغْفِرْ
لِذَنْۢبِكَ وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ ؕ وَاللّٰهُ يَعْلَمُ
ع ٢/٨ مُتَقَلَّبَكُمْ وَمَثْوٰىكُمْ ﴿١٩﴾ ع وَيَقُوْلُ الَّذِيْنَ اٰمَنُوْا لَوْلَا
نُزِّلَتْ سُوْرَةٌ ۚ فَاِذَآ اُنْزِلَتْ سُوْرَةٌ مُّحْكَمَةٌ
وَّذُكِرَ فِيْهَا الْقِتَالُ ۙ رَاَيْتَ الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ
مَّرَضٌ يَّنْظُرُوْنَ اِلَيْكَ نَظَرَ الْمَغْشِيِّ عَلَيْهِ مِنَ
الْمَوْتِ ؕ فَاَوْلٰى لَهُمْ ﴿٢٠﴾ طَاعَةٌ وَّقَوْلٌ مَّعْرُوْفٌ ۫ قف
فَاِذَا عَزَمَ الْاَمْرُ ۫ فَلَوْ صَدَقُوا اللّٰهَ لَكَانَ خَيْرًا
لَّهُمْ ﴿٢١﴾ فَهَلْ عَسَيْتُمْ اِنْ تَوَلَّيْتُمْ اَنْ تُفْسِدُوْا فِي
الْاَرْضِ وَتُقَطِّعُوْٓا اَرْحَامَكُمْ ﴿٢٢﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ
لَعَنَهُمُ اللّٰهُ فَاَصَمَّهُمْ وَاَعْمٰٓى اَبْصَارَهُمْ ﴿٢٣﴾ اَفَلَا
يَتَدَبَّرُوْنَ الْقُرْاٰنَ اَمْ عَلٰى قُلُوْبٍ اَقْفَالُهَا ﴿٢٤﴾ اِنَّ
الَّذِيْنَ ارْتَدُّوْا عَلٰٓى اَدْبَارِهِمْ مِّنْۢ بَعْدِ مَا تَبَيَّنَ
لَهُمُ الْهُدَى ۙ الشَّيْطٰنُ سَوَّلَ لَهُمْ ؕ وَاَمْلٰى لَهُمْ ﴿٢٥﴾
ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لِلَّذِيْنَ كَرِهُوْا مَا نَزَّلَ اللّٰهُ
سَنُطِيْعُكُمْ فِيْ بَعْضِ الْاَمْرِ ۚ وَاللّٰهُ يَعْلَمُ اِسْرَارَهُمْ ﴿٢٦﴾
منزل ٦ فَكَيْفَ اِذَا تَوَفَّتْهُمُ الْمَلٰٓئِكَةُ يَضْرِبُوْنَ وُجُوْهَهُمْ

૧૮. હવે શું આ લોકો કેવળ કયામતની જ પ્રતીક્ષામાં છે કે તે અચાનક તેમના ઉપર આવી જાય ? તેના ચિહ્નો તો આવી ચૂક્યા છે. જ્યારે તે સ્વયં આવી જશે ત્યારે તેમના માટે ઉપદેશ સ્વીકારવાની કઈ તક બાકી રહી જશે ?

૧૯. તો હે પયગંબર ! બરાબર જાણી લો કે અલ્લાહ સિવાય કોઈ ઉપાસનાને પાત્ર નથી, અને ક્ષમા માગો પોતાના કસૂર માટે પણ અને ઈમાનવાળા પુરુષો અને સ્રીઓ માટે પણ. અલ્લાહ તમારી પ્રવૃત્તિઓને પણ જાણે છે અને તમારા ઠેકાણાથી પણ વાકેફ છે. (રુકૂઅ-૨)

૨૦. જે લોકો ઈમાન લાવ્યા છે તેઓ કહી રહ્યા હતા કે કોઈ સૂરઃ કેમ ઉતારવામાં આવતી નથી (જેમાં યુદ્ધનો આદેશ આપવામાં આવે), પરંતુ જ્યારે એક નક્કર અને નિશ્ચિત સૂરઃ ઊતારી દેવામાં આવી જેમાં યુદ્ધનો ઉલ્લેખ હતો તો તમે જોયું કે જેમના હૃદયોમાં રોગ હતો તેઓ તમારા તરફ એવી રીતે જોઈ રહ્યા છે જાણે કોઈના ઉપર મૃત્યુ છવાઈ ગયું હોય ! અફસોસ તેમની સ્થિતિ પર !

૨૧. (તેમની જીભ પર છે) આજ્ઞાપાલનનો એકરાર અને સારી-સારી વાતો, પરંતુ જ્યારે નિર્ણાયિક આદેશ આપી દેવામાં આવ્યો તે વખતે જો તેઓ અલ્લાહ સાથેની પોતાની પ્રતિજ્ઞામાં સાચા પુરવાર થતા તો તેમના જ માટે સારું હતું.

૨૨. હવે શું તમારા પાસેથી એ સિવાય બીજી કોઈ અપેક્ષા રાખી શકાય કે જો તમે ઊંધા મોઢે ફરી જાઓ તો ધરતીમાં ફરીવાર બગાડ પેદા કરશો અને પરસ્પર એકબીજાના ગળા કાપશો ?

૨૩. આ લોકો છે જેમના પર અલ્લાહે ફિટકાર કરી અને તેમને આંધળા અને બહેરા બનાવી દીધા.

૨૪. શું આ લોકોએ કુર્આન પર વિચાર કર્યો નથી, કે તેમના હૃદયો પર તાળાં લાગેલા છે ?

૨૫. હકીકત એ છે કે જે લોકો સન્માર્ગ સ્પષ્ટ થઈ ગયા પછી તેનાથી ફરી ગયા તેમના માટે શેતાને આ વર્તન સરળ બનાવી દીધું છે અને જૂઠી આશાઓનો ક્રમ તેમના માટે લાંબો કરી દીધો છે.

૨૬. તેથી જ તેમણે અલ્લાહના અવતરિત કરેલા દીન (ધર્મ)ને નાપસંદ કરનારાઓને કહી દીધું કે કેટલીક બાબતોમાં અમે તમારું માનીશું. અલ્લાહ તેમની આ ગુપ્ત વાતો સારી રીતે જાણે છે.

૨૭. પછી તે સમયે શું હાલત થશે જ્યારે ફરિશ્તાઓ આમના પ્રાણ કાઢશે અને આમના મોઢાં અને પીઠો પર મારતા-મારતા એમને લઈ જશે ?

وَاَدْبَارَهُمْ ﴿٢٧﴾ ذٰلِكَ بِاَنَّهُمُ اتَّبَعُوْا مَآ اَسْخَطَ
اللّٰهَ وَكَرِهُوْا رِضْوَانَهٗ فَاَحْبَطَ اَعْمَالَهُمْ ﴿٢٨﴾ اَمْ ع
حَسِبَ الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ اَنْ لَّنْ يُّخْرِجَ
اللّٰهُ اَضْغَانَهُمْ ﴿٢٩﴾ وَلَوْ نَشَآءُ لَاَرَيْنٰكَهُمْ فَلَعَرَفْتَهُمْ
بِسِيْمٰهُمْ ؕ وَلَتَعْرِفَنَّهُمْ فِيْ لَحْنِ الْقَوْلِ ؕ وَاللّٰهُ يَعْلَمُ
اَعْمَالَكُمْ ﴿٣٠﴾ وَلَنَبْلُوَنَّكُمْ حَتّٰى نَعْلَمَ الْمُجٰهِدِيْنَ
مِنْكُمْ وَالصّٰبِرِيْنَ ۙ وَنَبْلُوَا۟ اَخْبَارَكُمْ ﴿٣١﴾ اِنَّ
الَّذِيْنَ كَفَرُوْا وَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ وَشَآقُّوا
الرَّسُوْلَ مِنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُمُ الْهُدٰى ۙ لَنْ
يَّضُرُّوا اللّٰهَ شَيْـًٔا ؕ وَسَيُحْبِطُ اَعْمَالَهُمْ ﴿٣٢﴾ يٰۤاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْۤا اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَلَا
تُبْطِلُوْۤا اَعْمَالَكُمْ ﴿٣٣﴾ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا وَصَدُّوْا
عَنْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ مَاتُوْا وَهُمْ كُفَّارٌ فَلَنْ يَّغْفِرَ
اللّٰهُ لَهُمْ ﴿٣٤﴾ فَلَا تَهِنُوْا وَتَدْعُوْۤا اِلَى السَّلْمِ ۖۗ وَاَنْتُمُ
الْاَعْلَوْنَ ۖۗ وَاللّٰهُ مَعَكُمْ وَلَنْ يَّتِرَكُمْ اَعْمَالَكُمْ ﴿٣٥﴾
اِنَّمَا الْحَيٰوةُ الدُّنْيَا لَعِبٌ وَّلَهْوٌ ؕ وَاِنْ تُؤْمِنُوْا وَ
تَتَّقُوْا يُؤْتِكُمْ اُجُوْرَكُمْ وَلَا يَسْـَٔلْكُمْ اَمْوَالَكُمْ ﴿٣٦﴾
اِنْ يَّسْـَٔلْكُمُوْهَا فَيُحْفِكُمْ تَبْخَلُوْا وَيُخْرِجْ اَضْغَانَكُمْ ﴿٣٧﴾
هٰۤاَنْتُمْ هٰۤؤُلَآءِ تُدْعَوْنَ لِتُنْفِقُوْا فِيْ سَبِيْلِ

૨૮. આ એટલા માટે જ તો થશે કે તેમણે તે માર્ગ અપનાવ્યો જે અલ્લાહને નારાજ કરનારો છે અને તેની પ્રસન્નતાનો માર્ગ અપનાવવાનું પસંદ ન કર્યું. આ જ કારણસર તેણે તેમના બધા જ કર્મો વ્યર્થ કરી દીધા. (રુકૂઅ-૩)

૨૯. શું તે લોકો જેમના હૃદયોમાં રોગ છે એવું સમજી બેઠા છે કે અલ્લાહ તેમના હૃદયોના દોષ પ્રગટ નહીં કરે ?

૩૦. અમે ઇચ્છીએ તો તે લોકોને તમને આંખોથી દેખાડી દઈએ અને તેમના ચહેરાઓ પરથી તમે તેમને ઓળખી લો. પરંતુ તેમની વાતચીતની રીત પરથી તો તમે તેમને ઓળખી જ લેશો. અલ્લાહ તમારા સૌના કર્મોથી પૂરેપૂરો વાકેફ છે.

૩૧. અમે ચોક્કસ તમને પરીક્ષામાં નાખીશું જેથી તમારી હાલતની તપાસ કરીએ અને જોઈ લઈએ કે તમારામાં જિહાદ (તનતોડ પ્રયાસ) કરનારા અને મક્કમતાથી અડગ રહેનારા કોણ છે.

૩૨. જે લોકોએ ઇન્કાર કર્યો અને અલ્લાહના માર્ગથી રોક્યા અને રસૂલ સાથે ઝઘડો કર્યો જો કે તેમના પર સન્માર્ગ સ્પષ્ટ થઈ ચૂકયો હતો, હકીકતમાં તેઓ અલ્લાહને કોઈપણ હાનિ પહોંચાડી શકતા નથી, બલ્કે અલ્લાહ જ તેમનું બધું કર્યું-કરાવ્યું વ્યર્થ કરી નાખશે.

૩૩. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તમે અલ્લાહનું આજ્ઞાપાલન કરો અને રસૂલનું આજ્ઞાપાલન કરો અને પોતાના કર્મોને વિનષ્ટ કરી ન નાખો.

૩૪. ઇન્કાર (કુફ્ર) કરનારાઓ અને અલ્લાહના માર્ગથી રોકનારાઓ અને મૃત્યુ પર્યંત ઇન્કાર પર મક્કમ રહેનારાઓને તો અલ્લાહ ક્યારેય પણ માફ નહીં કરે.

૩૫. તો તમે બોદાં ન બનો અને સંધિની દરખાસ્ત ન કરો. તમે જ પ્રભુત્વશાળી રહેવાના છો. અલ્લાહ તમારા સાથે છે અને તમારા કર્મોને તે કદાપિ વ્યર્થ નહીં કરે.

૩૬. આ સાંસારિક જીવન તો એક ખેલ અને તમાશો છે. જો તમે ઈમાન રાખો અને તકવા (ઈશભય અને સંયમ)ના માર્ગ પર ચાલતા રહો તો અલ્લાહ તમારા કર્મોનું ફળ તમને આપશે અને તે તમારું ધન તમારાથી નહીં માગે.

૩૭. જો ક્યાંક તે તમારું ધન તમારા પાસેથી માગી લે અને બધું જ તમારા પાસેથી માગે તો તમે કંજૂસી કરશો અને તે તમારા દોષ બહાર લાવી દેશે.

૩૮. જુઓ, તમને લોકોને આમંત્રણ આપવામાં આવી રહ્યું છે કેઅલ્લાહના માર્ગમાં ધન ખર્ચ કરો. તેમ છતાં તમારામાં કેટલાક લોકો છે જેઓ

اللّٰهِ ۚ فَمِنْكُمْ مَّنْ يَّبْخَلُ ۚ وَمَنْ يَّبْخَلْ فَاِنَّمَا

يَبْخَلُ عَنْ نَّفْسِهٖ ؕ وَاللّٰهُ الْغَنِيُّ وَاَنْتُمُ الْفُقَرَآءُ ۚ

وَاِنْ تَتَوَلَّوْا يَسْتَبْدِلْ قَوْمًا غَيْرَكُمْ ۙ ثُمَّ لَا

يَكُوْنُوْٓا اَمْثَالَكُمْ ﴿٣٨﴾ ع

કંજૂસી કરી રહ્યા છે, જો કે જે કંજૂસી કરે છે તે વાસ્તવમાં પોતાના જ સાથે કંજૂસી કરી રહ્યો છે. અલ્લાહ તો ગની (અપેક્ષા-મુક્ત) છે, તમે જ તેના મોહતાજ છો. જો તમે મોઢું ફેરવશો તો અલ્લાહ તમારા સ્થાને કોઈ બીજી કોમને લઈ આવશે અને તેઓ તમારા જેવા નહીં હોય. (રુકૂઅ-૪)

(૪૮) ફત્‌હ
પરિચય

નામ :

પ્રથમ જ આયતના વાક્યાંશ 'ઇન્ના ફતહ્‌ના લક ફત્‌હમ્‌-મુબીના' (અમે તમને ખુલ્લો વિજય પ્રદાન કરી દીધો)થી લેવામાં આવ્યું છે. આ ફક્ત આ સૂરઃનું નામ જ નથી, બલ્કે વિષયની દૃષ્ટિએ પણ તેનું શીર્ષક છે, કેમ કે આમાં તે મહાન વિજયની ચર્ચા કરવામાં આવી છે, જે હુદૈબિયહની સુલેહના રૂપમાં અલ્લાહે પયગંબર (સલ્લ.) અને મુસલમાનોને પ્રદાન કર્યો હતો.

ઉતરાણકાળ :

કથનો (હદીસના ઘણા કથનો)માં આ અંગે સહમતી જોવા મળે છે કે આ હિ.સ. ૬ના ઝિલકઅદમાં તે સમયે અવતરિત થઈ હતી, જ્યારે પયગંબર (સલ્લ.) મક્કાના કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ) સાથે હુદૈબિયહની સંધિ પછી મદીના-મુનવ્વરા તરફ પાછા ફરી રહ્યા હતા.

ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિ :

જે પ્રસંગોના અનુસંધાનમાં આ સૂરઃ ઊતરી, તેની શરૂઆત આ રીતે થાય છે કે એક દિવસે અલ્લાહના રસૂલ (સલ્લ.)એ સ્વપ્નમાં જોયું કે આપ (સલ્લ.) પોતાના સાથીઓ સાથે મક્કા-મુઅઝ્ઝમા ગયા છે અને ત્યાં ઉમરા કર્યો છે. પયગંબરનું સ્વપ્ન, વિદિત છે કે માત્ર સ્વપ્ન કે ખ્યાલ નથી હોઈ શકતો, તે તો વહી (દિવ્ય પ્રકાશના)ના પ્રકારોમાંથી એક પ્રકાર છે. આથી વાસ્તવમાં આ (સ્વપ્ન) અલ્લાહ તરફથી એક સંકેત હતો, જેનું અનુસરણ કરવું આપ (સલ્લ.) માટે અનિવાર્ય હતું. (આથી આપ સલ્લ.એ) સહેજપણ સંકોચ વિના પોતાનું સ્વપ્ન સહાબા-કિરામ (રદિ.)ને સંભળાવીને યાત્રાની તૈયારી શરૂ કરી દીધી. ૧૪૦૦ સહાબીઓ પયગંબર (સલ્લ.)ના સાથે આ જોખમી સફર પર જવા તૈયાર થઈ ગયા. ઝિલકઅદ, હિ.સ.૬ના આરંભમાં આ મુબારક કાફલો (ઉમરા માટે) મદીનાથી રવાના થયો. કુરૈશના લોકોને પયગંબર (સલ્લ.)ના આ આગમને ભારે મૂંઝવણમાં મૂકી દીધા. ઝિલકઅદનો મહીનો તે પ્રતિષ્ઠિત મહિનાઓમાંથી હતો જે સેંકડો વર્ષથી આરબ પ્રદેશમાં હજ્જ અને ઝિયારત (દર્શન) માટે મુહતરમ (આદરપાત્ર) સમજવામાં આવતો હતો. આ મહિનામાં જે કાફલો એહરામ બાંધીને હજ્જ કે ઉમરા માટે જઈ રહ્યો હોય, તેને રોકવાનો કોઈને અધિકાર ન હતો. કુરૈશના લોકો એ મૂંઝવણમાં મૂકાઈ ગયા કે જો અમે મદીનાના આ કાફલા પર હુમલો કરીને તેને મક્કા-મુઅઝ્ઝમામાં દાખલ થતો રોકીએ છીએ તો આખા પ્રદેશમાં ઊહાપોહ થઈ જશે, પરંતુ જો અમે મુહમ્મદ

(સલ્લ.)ને આવડા મોટા કાફલા સાથે સકુશળ પોતાના શહેરમાં દાખલ થવા દઈએ છીએ, તો આખા પ્રદેશમાંથી અમારી ધાક સમાપ્ત થઈ જશે અને લોકો કહેશે કે અમે મુહમ્મદથી ભયભીત થઈ ગયા. છેવટે ખૂબ વિચાર-વિમર્શ પછી એમનો અજ્ઞાનતાપૂર્ણ પક્ષપાત જ એમના પર પ્રભાવી રહ્યો અને તેમણે પોતાના નાકને ખાતર એ નિર્ણય કર્યો કે કોઈ પણ ભોગે આ કાફલાને પોતાના શહેરમાં દાખલ થવા દેવાનો નથી. જ્યારે આપ (સલ્લ.) ઉસ્ફાનના સ્થળે પહોંચ્યા તો (આપ સલ્લ.ના ગુપ્તચરે) આવીને સમાચાર આપ્યા કે કુરૈશના લોકો ભરપૂર તૈયારીઓ સાથે ઝી-તુવાની જગ્યાએ પહોંચી ગયા છે અને ખાલિદ બિન વલીદને તેમણે ૨૦૦ સવારો સાથે કુરાઉલ-ગમીમ તરફ મોકલી દીધો છે, જેથી તે આપ (સલ્લ.)નો માર્ગ રોકે. અલ્લાહના રસૂલ (સલ્લ.)એ આ ખબર મળતાં જ માર્ગ બદલી નાખ્યો અને અત્યંત મુશ્કેલ રસ્તે ખૂબ કષ્ટ વેઠીને હુદૈબિયહના સ્થળે પહોંચી ગયા, જે બરાબર હરમની હદ પર સ્થિત હતું. (હવે કુરૈશે આપ સલ્લ. પાસે દૂત મોકલીને એ વાતની કોશિશ કરી કે આપ સલ્લ. મક્કામાં દાખલ થવાના ઇરાદાને ત્યજી દે, પરંતુ તેઓ તેમના આ દૂતીય પ્રયાસમાં નિષ્ફળ રહ્યા. છેવટે પયગંબર (સલ્લ.)એ સ્વયં પોતાના તરફથી હઝરત ઉસ્માન (રદિ.)ને એલચી બનાવીને મક્કા મોકલ્યા અને તેમના દ્વારા કુરૈશના સરદારોને એ સંદેશ મોકલ્યો કે અમે યુદ્ધ માટે નહીં, બલ્કે ઝિયારત (દર્શન) માટે હદી (કુરબાની)ના જાનવર સાથે લઈને આવ્યા છીએ. તવાફ (કાબાની પરિક્રમા) અને કુરબાની કરીને પાછા જતા રહીશું. પરંતુ તે લોકો ન માન્યા અને હઝરત ઉસ્માન (રદિ.)ને મક્કામાં જ રોકી લીધા. આ દરમ્યાન એ ખબર ઊડી કે હઝરત ઉસ્માન (રદિ.)ને કતલ કરી દેવામાં આવ્યા છે અને તેમના પાછા ન આવવાના કારણે મુસલમાનોને વિશ્વાસ બેસી ગયો કે આ સમાચાર સાચા છે. હવે વધુ સહન કરવાનો કોઈ અવકાશ ન હતો. તેથી અલ્લાહના પયગંબર (સલ્લ.)એ પોતાના બધા સાથીઓને એકત્ર કર્યા અને તેમનાથી એ વાત પર બૈઅત લીધી (અર્થાત્ પ્રતિજ્ઞાબદ્ધ કર્યા) કે હવે અહીંથી આપણે મરતા દમ સુધી પાછા નહીં હટીએ. આ જ તે બૈઅત છે જે 'બૈઅતે-રિઝવાન'ના નામથી ઇસ્લામી ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. પછીથી ખબર પડી કે હઝરત ઉસ્માન (રદિ.)ના કતલના સમાચાર ખોટા હતા. હઝરત ઉસ્માન (રદિ.) પોતે પણ પાછા આવી ગયા અને કુરૈશ તરફથી સુહૈલ બિન અમ્રના નેતૃત્વમાં એક પ્રતિનિધિ-મંડળ પણ સુલેહની વાતચીત માટે પયગંબર (સલ્લ.)ના પડાવમાં પહોંચી ગયું. લાંબી વાતચીત પછી જે શરતોએ આ સંધિ લખાઈ તે આ હતી –

(૧) દસ વર્ષ સુધી બંને પક્ષકારો વચ્ચે યુદ્ધ બંધ રહેશે અને એકબીજા વિરુધ્ધ જાહેર કે છૂપી રીતે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં.

(૨) આ ગાળામાં કુરૈશનો જે માણસ પોતાના વાલીની પરવાનગી વિના ભાગીને મુહમ્મદ (સલ્લ.) પાસે જશે તેને આપ (સલ્લ.) પાછો મોકલી દેશે અને આપ (સલ્લ.)ના સાથીઓમાંથી જે માણસ કુરૈશના પાસે જતો રહેશે તેને તેઓ પાછો નહીં કરે.

(૩) આરબ કબીલાઓમાંથી જે કબીલો પણ બંને પક્ષોમાંથી કોઈ એકના સાથે પણ પ્રતિજ્ઞાબદ્ધ થઈને આ સંધિમાં સામેલ થવા માગે, તેને તેનો અધિકાર હશે.

(૪) મુહમ્મદ (સલ્લ.) આ વર્ષે પાછા જશે અને આગામી વર્ષે તેઓ ઉમરા માટે આવીને ત્રણ દિવસ મક્કામાં રોકાઈ શકે છે, એ શરત સાથે કે પટ્ટામાં માત્ર એક-એક તલવાર લઈને આવે અને યુદ્ધનો કોઈ સામાન સાથે ન લાવે. આ ત્રણ દિવસોમાં મક્કાવાસીઓ એમના માટે શહેર ખાલી કરી દેશે (જેથી કોઈ અથડામણની સંભાવના ન રહે,) પરંતુ પાછા જતી વખતે તેમને અહીંના કોઈ માણસને સાથે લઈ જવાનો અધિકાર રહેશે નહીં.

જે વખતે આ સંધિની શરતો નક્કી થઈ રહી હતી, મુસલમાનોનું આખું સૈન્ય ભારે બેચેન હતું. કોઈ માણસ પણ તે નિહિત ઉદ્દેશ્યોને સમજી શકતો ન હતો, જેમને દૃષ્ટિ સમક્ષ રાખીને પયગંબર (સલ્લ.) આ શરતોનો સ્વીકાર કરી રહ્યા હતા. કુરૈશના ઇસ્લામ-વિરોધીઓ (કાફિરો) આને પોતાની સફળતા સમજી રહ્યા હતા અને મુસલમાનો આના પર બેચેન હતા કે છેવટે દબાઈને આ અપમાનજનક શરતો કેમ સ્વીકારી લઈએ. બરાબર તે જ વખતે જ્યારે સંધિ લખાઈ રહી હતી, સુહૈલ બિન અમ્રના પોતાના (પુત્ર) અબૂ જન્દલ, જે મુસલમાન થઈ ગયા હતા અને મક્કાના કાફિરોએ એમને કેદમાં પકડી રાખ્યા હતા, ગમે તે રીતે ભાગીને આપ (સલ્લ.)ના પડાવમાં પહોંચી ગયા. તેમના પગે બેડીઓ હતી અને શરીર પર મારકૂટના નિશાન હતા. તેમણે પયગંબર (સલ્લ.)ને ફરિયાદ કરી કે મને આ અનુચિત કેદથી છુટકારો અપાવો. સહાબા-કિરામ માટે આ હાલત જોઈને પોતાને નિયંત્રિત રાખવું મુશ્કેલ બની ગયું, પરંતુ સુહૈલ બિન અમ્રએ કહ્યું કે સુલેહના સંધિનામાનું લખાણ ચાહે પૂરુ ન થયું હોય, શરતો તો અમારા અને તમારા વચ્ચે નક્કી થઈ ચૂકી છે, તેથી આ છોકરાને અમારા હવાલે કરી દેવામાં આવે. અલ્લાહના રસૂલ (સલ્લ.)એ તેની દલીલ માન્ય રાખી અને અબૂ જન્દલને જાલિમોના હવાલે કરી દેવામાં આવ્યા. (આ ઘટનાએ મુસલમાનોને વધારે બેચેન અને દુઃખી બનાવી દીધા.) સંધિ પતી ગયા પછી અલ્લાહ રસૂલ (સલ્લ.)એ સહાબાને કહ્યું કે હવે અહીં જ કુરબાની કરીને માથાં મુંડાવી નાખો અને એહરામ છોડી દો, પરંતુ કોઈ પોતાની જગ્યાએથી હલ્યું સુધ્ધાં નહીં. નબી (સલ્લ.)એ ત્રણ વખત આદેશ આપ્યો, પરંતુ સહાબા

પર તે વખતે દુઃખ અને ગ્લાનિ અને હૃદયભગ્ન થવાની હાલત એવી છવાઈ ગઈ હતી કે તેઓ પોતાની જગ્યાએથી હલ્યા સુધ્ધાં નહીં. (પછી જ્યારે ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલમા રદિ.ની સલાહ મુજબ પયગંબર સલ્લ.એ સ્વયં આગળ વધીને પોતાનું ઊંટ ઝબેહ કર્યું અને માથું મુંડાવી નાંખ્યુ તો) આપ સલ્લ.ને જોઈને લોકોએ પણ કુરબાનીઓ કરી નાખી, માથાં મુંડાવ્યા અથવા વાળ કપાવી નાખ્યા અને એહરામથી નીકળી આવ્યા. તે પછી આ કાફલો જ્યારે હુદૈબિયહની સંધિને પોતાની હાર અને અપમાન સમજતો મદીના તરફ પાછો ફરી રહ્યો હતો, તે વખતે ઝજનાનના મુકામે (અથવા કેટલાક લોકો મુજબ કુરાઉલ-ગમીમના મુકામે) આ સૂરઃ ઊતરી. આમાં મુસલમાનોને બતાવવામાં આવ્યું કે આ સંધિ જેને તેઓ પરાજય સમજી રહ્યા છે, વાસ્તવમાં મહાન વિજય છે. આના અવતરણ પછી પયગંબર (સલ્લ.)એ મુસલમાનોને એકત્ર કર્યા અને ફરમાવ્યું, ''આજે મુહમ્મદ ઉપર તે વસ્તુ ઊતરી છે જે મારા માટે દુનિયા અને દુનિયાની બધી વસ્તુઓ કરતાં વધુ કીમતી છે.'' પછી આ સૂરઃ આપ (સલ્લ.)એ પઢીને સંભળાવી અને ખાસ કરીને હઝરત ઉમર (રદિ.)ને બોલાવીને આ સંભળાવી, કેમ કે તેઓ સૌથી વધુ દુઃખી હતા. જો કે ઈમાનવાળાઓ તો અલ્લાહનું આ કથન સાંભળીને જ સંતુષ્ટ થઈ ગયા હતા, પરંતુ થોડોક સમય પણ પસાર થયો ન હતો કે આ સંધિના ફાયદા એક-એક કરીને સામે આવતા ગયા, ત્યાં સુધી કે કોઈને પણ એ વાતમાં શંકા ન રહી કે હકીકતમાં આ સંધિ એક શાનદાર વિજય હતો.

آیاتہا ٢٩ | (٤٨) سُوْرَۃُ الْفَتْحِ مَدَنِیَّۃٌ (١١١) | رکوعاتہا ٤

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اِنَّا فَتَحْنَا لَکَ فَتْحًا مُّبِیْنًا ﴿١﴾ لِّیَغْفِرَ لَکَ اللّٰہُ مَا
تَقَدَّمَ مِنْ ذَنْۢبِکَ وَمَا تَاَخَّرَ وَیُتِمَّ نِعْمَتَہٗ عَلَیْکَ
وَیَہْدِیَکَ صِرَاطًا مُّسْتَقِیْمًا ﴿٢﴾ وَّیَنْصُرَکَ اللّٰہُ
نَصْرًا عَزِیْزًا ﴿٣﴾ ہُوَ الَّذِیْۤ اَنْزَلَ السَّکِیْنَۃَ فِیْ قُلُوْبِ
الْمُؤْمِنِیْنَ لِیَزْدَادُوْۤا اِیْمَانًا مَّعَ اِیْمَانِہِمْ ؕ وَلِلّٰہِ
جُنُوْدُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَکَانَ اللّٰہُ عَلِیْمًا
حَکِیْمًا ﴿٤﴾ لِّیُدْخِلَ الْمُؤْمِنِیْنَ وَالْمُؤْمِنٰتِ جَنّٰتٍ
تَجْرِیْ مِنْ تَحْتِہَا الْاَنْہٰرُ خٰلِدِیْنَ فِیْہَا وَیُکَفِّرَ
عَنْہُمْ سَیِّاٰتِہِمْ ؕ وَکَانَ ذٰلِکَ عِنْدَ اللّٰہِ فَوْزًا
عَظِیْمًا ﴿٥﴾ وَّیُعَذِّبَ الْمُنٰفِقِیْنَ وَالْمُنٰفِقٰتِ وَ
الْمُشْرِکِیْنَ وَالْمُشْرِکٰتِ الظَّآنِّیْنَ بِاللّٰہِ ظَنَّ
السَّوْءِ ؕ عَلَیْہِمْ دَآئِرَۃُ السَّوْءِ ۚ وَغَضِبَ اللّٰہُ
عَلَیْہِمْ وَلَعَنَہُمْ وَاَعَدَّ لَہُمْ جَہَنَّمَ ؕ وَسَآءَتْ
مَصِیْرًا ﴿٦﴾ وَلِلّٰہِ جُنُوْدُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ
وَکَانَ اللّٰہُ عَزِیْزًا حَکِیْمًا ﴿٧﴾ اِنَّاۤ اَرْسَلْنٰکَ
شَاہِدًا وَّمُبَشِّرًا وَّنَذِیْرًا ﴿٨﴾ لِّتُؤْمِنُوْا بِاللّٰہِ وَ
رَسُوْلِہٖ وَتُعَزِّرُوْہُ وَتُوَقِّرُوْہُ ؕ وَتُسَبِّحُوْہُ بُکْرَۃً

منزل ٦

(૪૮) સૂરઃ અલ-ફતૂહ

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૪ ● આયતો : ૨૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હે પયગંબર ! અમે તમને ખુલ્લો વિજય પ્રદાન કરી દીધો

૨. જેથી અલ્લાહ તમારી આગળ-પાછળની દરેક ભૂલને માફ કરે અને તમારા ઉપર પોતાની કૃપા પરિપૂર્ણ કરી દે અને તમને સન્માર્ગ દેખાડે

૩. અને તમને મોટી સહાયતા પ્રદાન કરે.

૪. તે જ છે જેણે ઈમાનવાળાઓ (મોમિનો)ના હૃદયોમાં શાંતિ ઉતારી જેથી પોતાના ઈમાનના સાથે તેઓ એક ઈમાન ઓર વધારી લે. ધરતી અને આકાશોના તમામ લશ્કરો અલ્લાહના અધિકારમાં છે અને તે સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે.

૫. (તેણે આ કામ એટલા માટે કર્યું છે) જેથી ઈમાનવાળા પુરુષો અને સ્ત્રીઓને હંમેશા રહેવા માટેની એવી જન્નતોમાં દાખલ કરે જેમના નીચે નહેરો વહી રહી હશે અને તેમની બૂરાઈઓ તેમનાથી દૂર કરી દે — અલ્લાહના સમીપ આ મોટી સફળતા છે —

૬. અને તે મુનાફિક (દંભી) પુરુષો અને સ્ત્રીઓ તથા મુશ્રિક (અનેકેશ્વરવાદી) પુરુષો અને સ્ત્રીઓને સજા આપે જેઓ અલ્લાહ વિષે ખરાબ ધારણાઓ રાખે છે. બૂરાઈના ચક્કરમાં તેઓ પોતે જ આવી ગયા, અલ્લાહનો પ્રકોપ તેમના ઉપર ઉતર્યો અને તેણે તેમના ઉપર ફિટકાર કરી અને તેમના માટે જહન્નમ તૈયાર કરી દીધી જે ઘણું જ ખરાબ ઠેકાણું છે.

૭. ધરતી અને આકાશોના લશ્કર અલ્લાહના જ અધિકારમાં છે અને તે પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૮ હે પયગંબર ! અમે તમને સાક્ષી આપનાર, ખુશખબર આપનાર અને સચેત કરનાર બનાવીને મોકલ્યા છે,

૯. જેથી હે લોકો ! તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવો અને તેનો (અર્થાત્ પયગંબરનો) સાથ આપો, તેનો આદર અને સન્માન કરો અને સવાર અને સાંજ અલ્લાહની તસ્બીહ (ગુણગાન) કરતા રહો.

وَّاَصِيْلًا ۝٩ اِنَّ الَّذِيْنَ يُبَايِعُوْنَكَ اِنَّمَا يُبَايِعُوْنَ
اللّٰهَ ۭ يَدُ اللّٰهِ فَوْقَ اَيْدِيْهِمْ ۚ فَمَنْ نَّكَثَ
فَاِنَّمَا يَنْكُثُ عَلٰي نَفْسِهٖ ۚ وَمَنْ اَوْفٰى بِمَا عٰهَدَ
ع ١٠/٩ عَلَيْهُ اللّٰهَ فَسَيُؤْتِيْهِ اَجْرًا عَظِيْمًا ۝١٠ سَيَقُوْلُ
لَكَ الْمُخَلَّفُوْنَ مِنَ الْاَعْرَابِ شَغَلَتْنَآ اَمْوَالُنَا
وَاَهْلُوْنَا فَاسْتَغْفِرْ لَنَا ۚ يَقُوْلُوْنَ بِاَلْسِنَتِهِمْ
مَّا لَيْسَ فِيْ قُلُوْبِهِمْ ۭ قُلْ فَمَنْ يَّمْلِكُ لَكُمْ
مِّنَ اللّٰهِ شَيْـًٔا اِنْ اَرَادَ بِكُمْ ضَرًّا اَوْ اَرَادَ
بِكُمْ نَفْعًا ۭ بَلْ كَانَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ۝١١
بَلْ ظَنَنْتُمْ اَنْ لَّنْ يَّنْقَلِبَ الرَّسُوْلُ وَالْمُؤْمِنُوْنَ
اِلٰٓى اَهْلِيْهِمْ اَبَدًا وَّزُيِّنَ ذٰلِكَ فِيْ قُلُوْبِكُمْ
وَظَنَنْتُمْ ظَنَّ السَّوْءِ ښ وَكُنْتُمْ قَوْمًۢا بُوْرًا ۝١٢
وَمَنْ لَّمْ يُؤْمِنْۢ بِاللّٰهِ وَرَسُوْلِهٖ فَاِنَّآ اَعْتَدْنَا
لِلْكٰفِرِيْنَ سَعِيْرًا ۝١٣ وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ
يَغْفِرُ لِمَنْ يَّشَاۗءُ وَيُعَذِّبُ مَنْ يَّشَاۗءُ ۭ وَكَانَ اللّٰهُ
غَفُوْرًا رَّحِيْمًا ۝١٤ سَيَقُوْلُ الْمُخَلَّفُوْنَ اِذَا انْطَلَقْتُمْ
اِلٰى مَغَانِمَ لِتَاْخُذُوْهَا ذَرُوْنَا نَتَّبِعْكُمْ ۚ
يُرِيْدُوْنَ اَنْ يُّبَدِّلُوْا كَلٰمَ اللّٰهِ ۭ قُلْ لَّنْ تَتَّبِعُوْنَا
كَذٰلِكُمْ قَالَ اللّٰهُ مِنْ قَبْلُ ۚ فَسَيَقُوْلُوْنَ بَلْ

૧૦. હે પયગંબર ! જે લોકો તમારાથી 'બૈઅત' (પ્રતિજ્ઞા) કરી રહ્યા હતા તેઓ વાસ્તવમાં અલ્લાહ સાથે 'બૈઅત' કરી રહ્યા હતા. તેમના હાથ પર અલ્લાહનો હાથ હતો. હવે જે આ પ્રતિજ્ઞાનો ભંગ કરશે તેના પ્રતિજ્ઞા-ભંગની મુસીબત સ્વયં તેના પર જ હશે, અને જે તે પ્રતિજ્ઞાનું પાલન કરશે જે તેણે અલ્લાહથી કરી છે, અલ્લાહ ખૂબ જલ્દી જ તેને મોટું વળતર આપશે. (રુકૂઅ-૧)

૧૧. હે પયગંબર ! બદ્દુ આરબોમાંથી જેમને પાછળ છોડી દેવામાં આવ્યા હતા હવે તેઓ આવીને જરૂરથી તમને કહેશે કે ''અમને અમારા ધન-દોલત અને કુટુંબની ચિંતાએ વ્યસ્ત રાખ્યા હતા, આપ અમારા માટે ક્ષમાની પ્રાર્થના કરો.'' આ લોકો પોતાની જબાનથી તે વાતો કહે છે જે તેમના હૃદયોમાં નથી હોતી. એમને કહેજો, ''ભલે, આ જ વાત છે તો કોણ તમારા મામલામાં અલ્લાહના નિર્ણયને રોકવાનો કંઈ પણ અધિકાર ધરાવે છે, જો તે તમને કોઈ નુકસાન પહોંચાડવા માગે અથવા ફાયદો પહોંચાડવા ચાહે ? તમારા કર્મોની તો અલ્લાહ જ ખબર રાખે છે.

૧૨. (પરંતુ સાચી વાત તે નથી જે તમે કહી રહ્યા છો) બલ્કે તમે એમ સમજ્યું કે રસૂલ અને ઈમાનવાળાઓ પોતાના કુટુંબીજનોમાં કદાપિ પાછા ફરી શકશે નહીં અને આ વિચાર તમારા હૃદયોને ખૂબ સારો લાગ્યો અને તમે અત્યંત ખરાબ અનુમાન કર્યું અને તમે મોટા દુર્ભાવ રાખનારા લોકો છો.''

૧૩. અલ્લાહ અને તેના રસૂલ પર જે લોકો ઈમાન ન રાખતા હોય તેવા કાફિરો (ઇન્કાર કરનારાઓ) માટે અમે ભડકે બળતી આગ તૈયાર કરી રાખી છે.

૧૪. આકાશો અને ધરતીના રાજ્યનો માલિક અલ્લાહ જ છે, જેને ચાહે માફ કરે અને જેને ચાહે સજા આપે અને તે માફ કરવાવાળો અને દયાળુ છે.

૧૫ જ્યારે તમે 'માલે ગનીમત' (યુદ્ધમાં મળેલ માલ) મેળવવા માટે જવા લાગશો તો આ પાછળ છોડી દેવાયેલા લોકો તમને જરૂરથી કહેશે કે અમને પણ તમારા સાથે આવવા દો. આ લોકો ઇચ્છે છે કે અલ્લાહના ફરમાનને બદલી નાખે. આમને સ્પષ્ટ કહી દેજો કે ''તમે કદાપિ અમારા સાથે આવી નહીં શકો, અલ્લાહ પહેલાથી જ આ ફરમાવી ચૂક્યો છે.'' આ લોકો કહેશે કે ''નહીં બલ્કે, તમે લોકો અમારી

تَحْسُدُوْنَنَا ؕ بَلْ كَانُوْا لَا يَفْقَهُوْنَ اِلَّا قَلِيْلًا ۝١٥
قُلْ لِّلْمُخَلَّفِيْنَ مِنَ الْاَعْرَابِ سَتُدْعَوْنَ اِلٰى
قَوْمٍ اُولِىْ بَاْسٍ شَدِيْدٍ تُقَاتِلُوْنَهُمْ اَوْ يُسْلِمُوْنَ ۚ
فَاِنْ تُطِيْعُوْا يُؤْتِكُمُ اللّٰهُ اَجْرًا حَسَنًا ۚ وَاِنْ
تَتَوَلَّوْا كَمَا تَوَلَّيْتُمْ مِّنْ قَبْلُ يُعَذِّبْكُمْ عَذَابًا
اَلِيْمًا ۝١٦ لَيْسَ عَلَى الْاَعْمٰى حَرَجٌ وَّلَا عَلَى الْاَعْرَجِ
حَرَجٌ وَّلَا عَلَى الْمَرِيْضِ حَرَجٌ ؕ وَمَنْ يُّطِعِ اللّٰهَ
وَرَسُوْلَهٗ يُدْخِلْهُ جَنّٰتٍ تَجْرِىْ مِنْ تَحْتِهَا
ع ٧/١٠ الْاَنْهٰرُ ۚ وَمَنْ يَّتَوَلَّ يُعَذِّبْهُ عَذَابًا اَلِيْمًا ۝١٧ ع
لَقَدْ رَضِىَ اللّٰهُ عَنِ الْمُؤْمِنِيْنَ اِذْ يُبَايِعُوْنَكَ
تَحْتَ الشَّجَرَةِ فَعَلِمَ مَا فِىْ قُلُوْبِهِمْ فَاَنْزَلَ
السَّكِيْنَةَ عَلَيْهِمْ وَاَثَابَهُمْ فَتْحًا قَرِيْبًا ۝١٨ ۙ وَّمَغَانِمَ
كَثِيْرَةً يَّاْخُذُوْنَهَا ؕ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ۝١٩
وَعَدَكُمُ اللّٰهُ مَغَانِمَ كَثِيْرَةً تَاْخُذُوْنَهَا فَعَجَّلَ
لَكُمْ هٰذِهٖ وَكَفَّ اَيْدِىَ النَّاسِ عَنْكُمْ ۚ وَلِتَكُوْنَ
اٰيَةً لِّلْمُؤْمِنِيْنَ وَيَهْدِيَكُمْ صِرَاطًا مُّسْتَقِيْمًا ۝٢٠ ۙ
وَّاُخْرٰى لَمْ تَقْدِرُوْا عَلَيْهَا قَدْ اَحَاطَ اللّٰهُ بِهَا ؕ
وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرًا ۝٢١ وَلَوْ قٰتَلَكُمُ
الَّذِيْنَ كَفَرُوْا لَوَلَّوُا الْاَدْبَارَ ثُمَّ لَا يَجِدُوْنَ وَلِيًّا

ઈર્ષ્યા કરી રહ્યા છો.'' (જો કે વાત ઈર્ષ્યાની નથી) બલ્કે આ લોકો સાચી વાત ઓછી જ સમજે છે.

૧૬. આ પાછળ છોડી દેવાયેલા બદ્દુ આરબોને કહેજો, ''ટૂંકમાં જ તમને એવા લોકો સાથે યુદ્ધ કરવા માટે બોલાવવામાં આવશે જેઓ ખૂબ શક્તિશાળી છે. તમારે તેમના સાથે યુદ્ધ કરવું પડશે અથવા તેઓ આધીન થઈ જશે. તે વખતે જો તમે જિહાદના આદેશનું પાલન કર્યું, તો અલ્લાહ તમને સારો બદલો આપશે અને જો તમે ફરીથી તેવી જ રીતે મોઢું ફેરવી જશો, જેવી રીતે અગાઉ ફેરવી ચૂક્યા છો, તો અલ્લાહ તમને પીડાકારી યાતના આપશે.

૧૭. હા, જો કોઈ અંધ અને લંગડો અને બીમાર જિહાદ માટે ન આવે તો કોઈ દોષ નથી. જે કોઈ અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરશે, અલ્લાહ તેને તે જન્નતોમાં દાખલ કરશે જેમની નીચે નહેરો વહી રહી હશે, અને જે મોઢું ફેરવશે, તેને તે પીડાકારી યાતના આપશે.'' (રુકૂઅ-૨)

૧૮. અલ્લાહ ઈમાનવાળાઓથી પ્રસન્ન થઈ ગયો, જ્યારે તેઓ વૃક્ષની નીચે તમારાથી 'બૈઅત' (પ્રતિજ્ઞા) કરી રહ્યા હતા. તેમનાં હૃદયોની સ્થિતિની તેને ખબર હતી, તેથી તેણે તેમના પર શાંતિ ઉતારી, તેમને ઈનામમાં નજીકમાં પ્રાપ્ત થનાર વિજય પ્રદાન કર્યો,

૧૯. અને પુષ્કળ માલે-ગનીમત આપી દીધો, જે તેઓ (ટૂંક સમયમાં જ) પ્રાપ્ત કરશે. અલ્લાહ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૨૦. અલ્લાહ તમારા સાથે પુષ્કળ માલે-ગનીમતનો વાયદો કરે છે જેને તમે પ્રાપ્ત કરશો. તત્કાળ તો આ વિજય તેણે તમને પ્રદાન કરી દીધો અને લોકોના હાથ તમારા વિરુધ્ધ ઊઠતાં રોકી દીધા, જેથી આ ઈમાનવાળાઓ માટે એક નિશાની બની જાય અને અલ્લાહ સન્માર્ગ તરફ તમારું માર્ગદર્શન કરે.

૨૧. આ ઉપરાંત બીજો વધુ માલે-ગનીમતનો પણ તમને વાયદો કરે છે, જેના પર હજુ તમે કાબૂ મેળવી શક્યા નથી અને અલ્લાહે તેમને ઘેરીને રાખેલ છે, અલ્લાહને દરેક વસ્તુ પર સામર્થ્ય પ્રાપ્ત છે.

૨૨. આ કાફિર (ઈન્કાર કરનાર) લોકો જો અત્યારે તમારા સાથે લડી પડ્યા હોત તો ચોક્કસ પીઠ દેખાડી ગયા હોત અને કોઈ સમર્થક અને સહાયક ન પામ્યા હોત.

وَّلَا نَصِيْرًا ﴿٢٢﴾ سُنَّةَ اللّٰهِ الَّتِيْ قَدْ خَلَتْ مِنْ
قَبْلُ ۚۖ وَلَنْ تَجِدَ لِسُنَّةِ اللّٰهِ تَبْدِيْلًا ﴿٢٣﴾ وَهُوَ
الَّذِيْ كَفَّ اَيْدِيَهُمْ عَنْكُمْ وَاَيْدِيَكُمْ عَنْهُمْ
بِبَطْنِ مَكَّةَ مِنْ بَعْدِ اَنْ اَظْفَرَكُمْ عَلَيْهِمْ ؕ
وَكَانَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرًا ﴿٢٤﴾ هُمُ الَّذِيْنَ
كَفَرُوْا وَصَدُّوْكُمْ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ وَالْهَدْيَ
مَعْكُوْفًا اَنْ يَّبْلُغَ مَحِلَّهٗ ؕ وَلَوْلَا رِجَالٌ مُّؤْمِنُوْنَ
وَنِسَآءٌ مُّؤْمِنٰتٌ لَّمْ تَعْلَمُوْهُمْ اَنْ تَطَئُوْهُمْ
فَتُصِيْبَكُمْ مِّنْهُمْ مَّعَرَّةٌ ۢ بِغَيْرِ عِلْمٍ ۚ لِيُدْخِلَ
اللّٰهُ فِيْ رَحْمَتِهٖ مَنْ يَّشَآءُ ۚ لَوْ تَزَيَّلُوْا لَعَذَّبْنَا
الَّذِيْنَ كَفَرُوْا مِنْهُمْ عَذَابًا اَلِيْمًا ﴿٢٥﴾ اِذْ جَعَلَ
الَّذِيْنَ كَفَرُوْا فِيْ قُلُوْبِهِمُ الْحَمِيَّةَ حَمِيَّةَ
الْجَاهِلِيَّةِ فَاَنْزَلَ اللّٰهُ سَكِيْنَتَهٗ عَلٰى رَسُوْلِهٖ
وَعَلَى الْمُؤْمِنِيْنَ وَاَلْزَمَهُمْ كَلِمَةَ التَّقْوٰى وَكَانُوْٓا
اَحَقَّ بِهَا وَاَهْلَهَا ؕ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمًا ﴿٢٦﴾ ع ٣ ٩
لَقَدْ صَدَقَ اللّٰهُ رَسُوْلَهُ الرُّءْيَا بِالْحَقِّ ۚ لَتَدْخُلُنَّ
الْمَسْجِدَ الْحَرَامَ اِنْ شَآءَ اللّٰهُ اٰمِنِيْنَ ۙ مُحَلِّقِيْنَ
رُءُوْسَكُمْ وَمُقَصِّرِيْنَ ۙ لَا تَخَافُوْنَ ؕ فَعَلِمَ مَا لَمْ
تَعْلَمُوْا فَجَعَلَ مِنْ دُوْنِ ذٰلِكَ فَتْحًا قَرِيْبًا ﴿٢٧﴾

૨૩. આ અલ્લાહની રીત (સુન્નત) છે જે પહેલાંથી ચાલી આવે છે અને તમે અલ્લાહની રીતમાં કોઈ ફેરફાર નહીં જુઓ.

૨૪. તે જ છે જેણે મક્કાની ખીણમાં તેમના હાથ તમારાથી અને તમારા હાથ તેમનાથી રોકી દીધા, જો કે તે તેમના પર તમને પ્રભુત્વ આપી ચૂક્યો હતો, અને જે કંઈ તમે કરી રહ્યા હતા, અલ્લાહ તેને જોઈ રહ્યો હતો.

૨૫. તે જ લોકો તો છે જેમણે ઇન્કાર કર્યો અને તમને મસ્જિદે-હરામ (પ્રતિષ્ઠિત મસ્જિદ-કા'બા)થી રોક્યા અને કુરબાનીના ઊંટોને તેમની કુરબાનીની જગ્યાએ પહોંચવા ન દીધા. જો (મક્કામાં) એવા ઈમાનવાળા પુરુષો અને સ્ત્રીઓ મોજૂદ ન હોત જેમને તમે નથી જાણતા, અને એ આશંકા ન હોત કે અજાણતામાં તમે તેમને કચડી નાખશો અને તેનાથી તમે દોષિત ઠરશો (તો લડાઈ રોકવામાં ન આવતી. તે એટલા માટે રોકવામાં આવી) કે જેથી અલ્લાહ પોતાની કૃપામાં જેને ચાહે તેને દાખલ કરી લે. તે ઈમાનવાળાઓ અલગ થઈ ગયા હોત તો (મક્કાવાસીઓમાંથી) જેઓ ઇન્કાર કરનારાઓ (કાફિર) હતા અમે તેમને જરૂર કઠોર સજા આપતા.

૨૬. (આ જ કારણ છે કે) જ્યારે આ ઇન્કાર કરનારાઓએ પોતાના હૃદયોમાં અજ્ઞાનતાપૂર્ણ પક્ષપાત બેસાડી દીધો તો અલ્લાહે પોતાના રસૂલ અને ઈમાનવાળાઓ પર શાંતિ ઉતારી અને ઈમાનવાળાઓને પરહેઝગારી (સંયમ)ની વાત પર પાબંદ રાખ્યા, કેમ કે તેઓ તેના વધુ હક્કદાર અને તેને યોગ્ય હતા. અલ્લાહ દરેક વસ્તુનું જ્ઞાન ધરાવે છે. (રુકૂઅ-૩)

૨૭. હકીકતમાં અલ્લાહે પોતાના રસૂલ (ઈશદૂત)ને સાચું સ્વપ્ન દેખાડ્યું હતું, જે તદ્દન સત્ય અનુસાર હતું. ઇન્શાઅલ્લાહ (જો અલ્લાહે ચાહ્યું તો), તમે જરૂર મસ્જિદે-હરામ (પ્રતિષ્ઠિત મસ્જિદ-કા'બા)માં સંપૂર્ણ શાંતિની સાથે દાખલ થશો, પોતાના માથાં મુંડાવશો અને વાળ કપાવશો, અને તમને કોઈ ભય નહીં હોય. તે વાતને તે જાણતો હતો, જેને તમે જાણતા ન હતા. તેથી તે સ્વપ્ન સાચું પડે તેના પહેલાં તેણે આ નજીકનો વિજય તમને પ્રદાન કરી દીધો.

هُوَ الَّذِيْٓ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ
لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ كُلِّهٖ ؕ وَكَفٰى بِاللّٰهِ شَهِيْدًا ﴿٢٨﴾ ؕ
مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ؕ وَالَّذِيْنَ مَعَهٗٓ اَشِدَّآءُ عَلَى
الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ تَرٰىهُمْ رُكَّعًا سُجَّدًا يَّبْتَغُوْنَ
فَضْلًا مِّنَ اللّٰهِ وَرِضْوَانًا ؗ سِيْمَاهُمْ فِيْ وُجُوْهِهِمْ
مِّنْ اَثَرِ السُّجُوْدِ ؕ ذٰلِكَ مَثَلُهُمْ فِي التَّوْرٰىةِ ۖۚ وَ
مَثَلُهُمْ فِي الْاِنْجِيْلِ ۚ كَزَرْعٍ اَخْرَجَ شَطْــَٔهٗ فَاٰزَرَهٗ
فَاسْتَغْلَظَ فَاسْتَوٰى عَلٰى سُوْقِهٖ يُعْجِبُ الزُّرَّاعَ
لِيَغِيْظَ بِهِمُ الْكُفَّارَ ؕ وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَ
عَمِلُوا الصّٰلِحٰتِ مِنْهُمْ مَّغْفِرَةً وَّاَجْرًا عَظِيْمًا ﴿٢٩﴾ ع

معانقة عند المتأخرين منزل ٦

૨૮. તે અલ્લાહ જ છે જેણે પોતાના રસૂલને માર્ગદર્શન અને સત્ય-ધર્મ સાથે મોકલ્યો છે જેથી તેને પૂરે-પૂરા દીન (જીવન-પદ્ધતિઓ અને ધર્મના તમામ પ્રકારો) પર પ્રભુત્વ અપાવી દે અને આ સચ્ચાઈ પર અલ્લાહની સાક્ષી પૂરતી છે.

૨૯. મુહમ્મદ અલ્લાહના રસૂલ (ઈશદૂત) છે, અને જે લોકો તેમના સાથે છે તેઓ ઈન્કાર કરનારાઓ (કાફિરો) પર કઠોર અને પરસ્પર દયાળુ છે. તમે જ્યારે જોશો, તેમને રુકૂઅ અને સિજદા અને અલ્લાહની કૃપા અને તેની પ્રસન્નતાની અભિલાષામાં મગ્ન જોશો. સિજદાનો પ્રભાવ તેમના ચહેરા પર મોજૂદ છે જેનાથી તેઓ અલગ ઓળખી શકાય છે. આ છે તેમની વિશિષ્ટતા તૌરાતમાં, અને ઇંજીલમાં તેમનું દૃષ્ટાંત આ રીતે આપવામાં આવ્યું છે કે જાણે એક ખેતી છે જેણે પહેલાં કૂંપળ કાઢી, પછી તેને પરિપુષ્ટ કરી, પછી તે ફાલી અને પાંગરી, પછી પોતાના થડ ઉપર ઊભી થઈ ગઈ. ખેતી કરનારાઓને તે ખુશ કરે છે, જેથી કાફિરો (ઇન્કાર કરનારાઓ) તેમના ફૂલવા-ફાલવા પર બળે. આ સમૂહના લોકો જેઓ ઈમાન લાવ્યા છે અને જેમણે સત્કર્મો કર્યા છે, અલ્લાહે તેમનાથી ક્ષમા અને મોટા બદલાનો વાયદો કર્યો છે. (રુકૂઅ-૪)

(૪૯) હુજુરાત

પરિચય

નામ :

આયત ૪ના વાક્યાંશ 'ઈન્નલ્લઝી-ન યુનાદૂ-ન-ક મિંવ્-વરાઇલ હુજુરાત' (જે લોકો તમને ઓરડાના બહારથી બોલાવે છે)થી લેવામાં આવ્યું છે. તેનો અર્થ એ છે કે તે સૂરઃ જેમાં 'હુજુરાત' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

આ વાત રિવાયતો પરથી પણ જણાય છે અને સૂરઃના વિષયથી પણ એની પુષ્ટિ થાય છે કે આ સૂરઃ જુદા-જુદા સમયે ઊતરેલા આદેશો અને નિર્દેશોનો સમૂહ છે, જેને વિષયના સંબંધના કારણે એકત્ર કરી દેવામાં આવેલ છે. આ ઉપરાંત રિવાયતો પરથી એ પણ જણાય છે કે આમાંથી ઘણાંખરા આદેશો મદીના-તય્યિબાના આખરી તબક્કામાં ઊતર્યા છે.

વિષય અને ચર્ચા :

આ સૂરઃનો વિષય મુસલમાનોને તે શિષ્ટાચારોનું શિક્ષણ આપવાનો છે જે ઈમાનવાળાઓના ગૌરવને અનુકૂળ છે. શરૂઆતની પાંચ આયતોમાં તેમને તે નિયમ શિખવવામાં આવ્યો છે જેનું તેમણે અલ્લાહ અને તેના રસૂલની બાબતમાં ધ્યાન રાખવું જોઈએ. પછી એ આદેશ આપવામાં આવ્યો છે કે જો કોઈ વ્યક્તિ કે જૂથ કે કોમ વિરુધ્ધ કોઈ સમાચાર મળે તો ધ્યાનથી જોવું જોઈએ કે સમાચારનું માધ્યમ વિશ્વસનીય છે કે નહીં. વિશ્વસનીય ન હોય તો તેના પર કાર્યવાહી કરતાં પહેલાં તપાસ કરી લેવી જોઈએ કે સમાચાર સાચા છે કે નહીં. ત્યારબાદ એ બતાવવામાં આવ્યું છે કે જો કયારેક મુસલમાનોના બે જૂથો પરસ્પર ઝઘડી પડે તો આવી સ્થિતિમાં બીજા મુસલમાનોએ કેવું વલણ અપનાવવું જોઈએ.

ત્યારપછી મુસલમાનોને તે બૂરાઈઓથી બચવાનો અનુરોધ કરવામાં આવ્યો છે જે સામૂહિક જીવનમાં બગાડ પેદા કરે છે અને જેના કારણે પરસ્પર સંબંધો બગડે છે.

તત્પશ્ચાત તે કોમી (જાતીય) અને વંશીય ભેદભાવ પર પ્રહાર કરવામાં આવ્યો છે, જે દુનિયામાં વ્યાપક બગાડનું કારણ બને છે. (આ સંદર્ભમાં) મહાન અલ્લાહે એમ ફરમાવીને આ દૂષણને જડમૂળથી ઉખાડી નાખ્યું છે કે સૌ

મનુષ્યો એક જ મૂળથી પેદા થયા છે અને કોમો તથા કબીલાઓમાં તેમનું વહેંચાઈ જવું એ માત્ર પરિચય માટે છે, નહીં કે પરસ્પર ગર્વ માટે, અને એક મનુષ્ય પર બીજા મનુષ્યની શ્રેષ્ઠતા માટે નૈતિક શ્રેષ્ઠતા સિવાય બીજો કોઈ વૈધ આધાર નથી. અંતમાં લોકોને બતાવવામાં આવ્યું છે કે મૂળ વસ્તુ ઈમાનનો મૌખિક દાવો નથી, બલ્કે હૃદયપૂર્વક અલ્લાહ અને તેના રસૂલને માનવું, વ્યવહારમાં આજ્ઞાંકિત બનીને રહેવું અને નિખાલસતાથી અલ્લાહના માર્ગમાં પોતાના પ્રાણ અને ધન ખપાવી દેવું છે.

(اٰيَاتُهَا ١٨) — (٤٩) سُوْرَةُ الْحُجُرٰتِ مَدَنِيَّةٌ (١٠٦) — (رُكُوْعَاتُهَا ٢)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ
وَرَسُوْلِهٖ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ۝١
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ
صَوْتِ النَّبِيِّ وَلَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ
بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَاَنْتُمْ
لَا تَشْعُرُوْنَ ۝٢ اِنَّ الَّذِيْنَ يَغُضُّوْنَ اَصْوَاتَهُمْ
عِنْدَ رَسُوْلِ اللّٰهِ اُولٰٓئِكَ الَّذِيْنَ امْتَحَنَ اللّٰهُ
قُلُوْبَهُمْ لِلتَّقْوٰى ؕ لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ عَظِيْمٌ ۝٣
اِنَّ الَّذِيْنَ يُنَادُوْنَكَ مِنْ وَّرَآءِ الْحُجُرٰتِ اَكْثَرُهُمْ
لَا يَعْقِلُوْنَ ۝٤ وَلَوْ اَنَّهُمْ صَبَرُوْا حَتّٰى تَخْرُجَ
اِلَيْهِمْ لَكَانَ خَيْرًا لَّهُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٥
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنْ جَآءَكُمْ فَاسِقٌۢ بِنَبَاٍ
فَتَبَيَّنُوْۤا اَنْ تُصِيْبُوْا قَوْمًۢا بِجَهَالَةٍ فَتُصْبِحُوْا عَلٰى
مَا فَعَلْتُمْ نٰدِمِيْنَ ۝٦ وَاعْلَمُوْۤا اَنَّ فِيْكُمْ رَسُوْلَ
اللّٰهِ ؕ لَوْ يُطِيْعُكُمْ فِيْ كَثِيْرٍ مِّنَ الْاَمْرِ لَعَنِتُّمْ
وَلٰكِنَّ اللّٰهَ حَبَّبَ اِلَيْكُمُ الْاِيْمَانَ وَزَيَّنَهٗ فِيْ
قُلُوْبِكُمْ وَكَرَّهَ اِلَيْكُمُ الْكُفْرَ وَالْفُسُوْقَ وَالْعِصْيَانَ ؕ

(૪૯) સૂરઃ અલ-હુજુરાત

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૧૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહ અને તેના રસૂલથી આગળ ન વધો અને અલ્લાહથી ડરતા રહો, અલ્લાહ બધું જ સાંભળનાર અને જાણનાર છે.

૨. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! પોતાનો અવાજ પયગંબરના અવાજથી ઊંચો ન કરો, અને ન પયગંબર સાથે ઊંચા અવાજે વાત કરો જે રીતે તમે પરસ્પર એકબીજા સાથે કરો છો, ક્યાંક એવું ન બને કે તમારું બધું કર્યું-કરાવ્યું વિનષ્ટ થઈ જાય અને તમને ખબર પણ ન પડે.

૩. જે લોકો અલ્લાહના રસૂલના સાથે વાત કરતી વખતે પોતાનો અવાજ નીચો રાખે છે તેઓ હકીકતમાં તે જ લોકો છે જેમના હૃદયોને અલ્લાહે પરહેઝગારી (ઈશપરાયણતા) માટે પારખી લીધા છે. તેમના માટે ક્ષમા છે અને મહાન બદલો.

૪. હે પયગંબર ! જે લોકો તમને ઓરડાના બહારથી બોલાવે છે તેમનામાંથી મોટા ભાગના બુદ્ધિહીન છે.

૫. જો તેઓ તમારા બહાર આવવા સુધી ધીરજ રાખતા તો તેમના જ માટે વધારે સારું હતું, અલ્લાહ દરગુજર કરનાર અને દયાળુ છે.

૬. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જો કોઈ અવજ્ઞાકારી તમારા પાસે કોઈ સમાચાર લઈને આવે તો તપાસ કરી લેવાનું રાખો, ક્યાંક એવું ન બને કે તમે કોઈ જૂથને અજાણતામાં હાનિ પહોંચાડી બેસો અને પાછળથી પોતાના કૃત્ય પર પસ્તાવો કરો.

૭-૮. બરાબર ધ્યાનમાં રાખો કે તમારા વચ્ચે અલ્લાહનો રસૂલ મોજૂદ છે. જો તે ઘણાં એવા મામલાઓમાં તમારી વાત માની લે તો તમે પોતે જ મુશ્કેલીમાં મૂકાઈ જાઓ. પરંતુ અલ્લાહે તમને ઈમાનનો પ્રેમ આપ્યો અને તેને તમારા માટે મનપસંદ બનાવી દીધું, અને કુફ્ર (ઇન્કાર) અને ફિસ્ક (ઉલ્લંઘન) અને અવજ્ઞાથી તમને વિમુખ બનાવી દીધા.

أُولٰٓئِكَ هُمُ الرّٰشِدُوْنَ ۙ﴿۷﴾ فَضْلًا مِّنَ اللّٰهِ وَ
نِعْمَةً ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿۸﴾ وَاِنْ طَآئِفَتٰنِ
مِنَ الْمُؤْمِنِيْنَ اقْتَتَلُوْا فَاَصْلِحُوْا بَيْنَهُمَا ۚ فَاِنْۢ
بَغَتْ اِحْدٰىهُمَا عَلَى الْاُخْرٰى فَقَاتِلُوا الَّتِىْ
تَبْغِىْ حَتّٰى تَفِىْٓءَ اِلٰٓى اَمْرِ اللّٰهِ ۚ فَاِنْ فَآءَتْ
فَاَصْلِحُوْا بَيْنَهُمَا بِالْعَدْلِ وَ اَقْسِطُوْا ؕ اِنَّ
اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ ﴿۹﴾ اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ
فَاَصْلِحُوْا بَيْنَ اَخَوَيْكُمْ وَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ
ع تُرْحَمُوْنَ ﴿۱۰﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا يَسْخَرْ قَوْمٌ
مِّنْ قَوْمٍ عَسٰٓى اَنْ يَّكُوْنُوْا خَيْرًا مِّنْهُمْ وَلَا
نِسَآءٌ مِّنْ نِّسَآءٍ عَسٰٓى اَنْ يَّكُنَّ خَيْرًا مِّنْهُنَّ ۚ
وَلَا تَلْمِزُوْٓا اَنْفُسَكُمْ وَلَا تَنَابَزُوْا بِالْاَلْقَابِ ؕ
بِئْسَ الِاسْمُ الْفُسُوْقُ بَعْدَ الْاِيْمَانِ ۚ وَمَنْ
لَّمْ يَتُبْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿۱۱﴾ يٰٓاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ ۫ اِنَّ
بَعْضَ الظَّنِّ اِثْمٌ وَّلَا تَجَسَّسُوْا وَلَا يَغْتَبْ
بَّعْضُكُمْ بَعْضًا ؕ اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ
اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ ؕ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ
اللّٰهَ تَوَّابٌ رَّحِيْمٌ ﴿۱۲﴾ يٰٓاَيُّهَا النَّاسُ اِنَّا خَلَقْنٰكُمْ

આવા જ લોકો અલ્લાહની કૃપા અને ઉપકારથી સન્માર્ગ પર છે અને અલ્લાહ જાણનાર અને તત્ત્વદર્શી છે.

૯. અને જો ઈમાનવાળાઓમાંથી બે જૂથો પરસ્પર લડી પડે તો તેમના વચ્ચે સુલેહ કરાવો. પછી જો તેમાંથી એક જૂથ બીજા જૂથ પર અતિરેક કરે તો અતિરેક કરનાર સાથે ત્યાં સુધી લડો જ્યાં સુધી તે અલ્લાહના આદેશ તરફ પાછો વળી જાય. પછી જો તે પાછો વળી જાય તો તેમના વચ્ચે ન્યાયપૂર્વક સુલેહ કરાવી દો, અને ન્યાય કરો કેમ કે ન્યાયી લોકોને અલ્લાહ પસંદ કરે છે.

૧૦. ઈમાનવાળા તો એકબીજાના ભાઈ છે, તેથી પોતાના ભાઈઓ વચ્ચે સંબંધોને દુરસ્ત કરો અને અલ્લાહથી ડરો, આશા છે કે તમારા ઉપર દયા કરવામાં આવશે. (રુકૂઅ-૧)

૧૧. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! ન પુરુષો બીજા પુરુષોની હાંસી ઉડાવે, બની શકે છે કે તેઓ તેમનાથી સારા હોય, અને ન તો સ્ત્રીઓ બીજી સ્ત્રીઓની હાંસી ઉડાવે, બની શકે છે કે તેઓ તેમનાથી સારી હોય. પરસ્પર એકબીજા પર વ્યંગ ન કરો અને ન એકબીજાને ખરાબ ઇલ્કાબો (ઉપનામો)થી યાદ કરો. ઈમાન લાવ્યા પછી દુરાચારમાં નામ પેદા કરવું ઘણી ખરાબ વાત છે. જે લોકો આ વર્તનથી અટકે નહીં તેઓ જાલિમ (અત્યાચારી) છે.

૧૨. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! બહુ અનુમાન કરવાથી બચો, કેમ કે કેટલાક અનુમાનો ગુના હોય છે. ખણખોદ ન કરો અને તમારામાંથી કોઈ કોઈની પીઠ પાછળ નિંદા (ગીબત) ન કરે. શું તમારામાં કોઈ એવો છે જે પોતાના મૃત ભાઈનું માંસ ખાવાનું પસંદ કરશે ? જુઓ, તમે પોતે આનાથી સૂગ કરો છો. અલ્લાહથી ડરો, અલ્લાહ મોટો તૌબા (ક્ષમા) કબૂલ કરનાર અને દયાળુ છે.

૧૩. લોકો ! અમે તમને એક પુરુષ અને એક સ્ત્રીમાંથી પેદા કર્યા અને પછી

مِّنْ ذَكَرٍ وَّاُنْثٰى وَجَعَلْنٰكُمْ شُعُوْبًا وَّ قَبَآىِٕلَ
لِتَعَارَفُوْا ؕ اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰىكُمْ ؕ
اِنَّ اللّٰهَ عَلِيْمٌ خَبِيْرٌ ﴿۱۳﴾ قَالَتِ الْاَعْرَابُ اٰمَنَّا ؕ
قُلْ لَّمْ تُؤْمِنُوْا وَلٰكِنْ قُوْلُوْٓا اَسْلَمْنَا وَلَمَّا
يَدْخُلِ الْاِيْمَانُ فِیْ قُلُوْبِكُمْ ؕ وَاِنْ تُطِيْعُوا
اللّٰهَ وَرَسُوْلَهٗ لَا يَلِتْكُمْ مِّنْ اَعْمَالِكُمْ شَيْـًٔا ؕ
اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۴﴾ اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ
اٰمَنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ ثُمَّ لَمْ يَرْتَابُوْا وَجٰهَدُوْا
بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ فِیْ سَبِيْلِ اللّٰهِ ؕ اُولٰٓىِٕكَ
هُمُ الصّٰدِقُوْنَ ﴿۱۵﴾ قُلْ اَتُعَلِّمُوْنَ اللّٰهَ بِدِيْنِكُمْ ؕ
وَاللّٰهُ يَعْلَمُ مَا فِی السَّمٰوٰتِ وَمَا فِی الْاَرْضِ ؕ
وَاللّٰهُ بِكُلِّ شَیْءٍ عَلِيْمٌ ﴿۱۶﴾ يَمُنُّوْنَ عَلَيْكَ
اَنْ اَسْلَمُوْا ؕ قُلْ لَّا تَمُنُّوْا عَلَیَّ اِسْلَامَكُمْ ج
بَلِ اللّٰهُ يَمُنُّ عَلَيْكُمْ اَنْ هَدٰىكُمْ لِلْاِيْمَانِ
اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۱۷﴾ اِنَّ اللّٰهَ يَعْلَمُ
غَيْبَ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا
تَعْمَلُوْنَ ﴿۱۸﴾ ع

منزل ٦ ع٢ ١٤

તમારી કોમો (જાતિઓ) અને કબીલા (બિરાદરીઓ) બનાવી દીધા જેથી તમે એકબીજાને ઓળખો. હકીકતમાં અલ્લાહના નજીક તમારામાં સૌથી વધુ પ્રતિષ્ઠિત તે છે જે તમારામાં સૌથી વધુ પરહેઝગાર (અલ્લાહથી ડરનાર, સંયમી) છે. નિશ્ચિતપણે અલ્લાહ સર્વજ્ઞ અને સુમાહિતગાર છે.

૧૪. આ બદ્દુઓ કહે છે કે "અમે ઈમાન લાવ્યા." આમને કહો, "તમે ઈમાન નથી લાવ્યા બલ્કે એમ કહો કે, અમે આજ્ઞાંકિત થઈ ગયા." ઈમાન હજુ તમારા હૃદયોમાં પ્રવેશ્યું નથી. જો તમે અલ્લાહ અને તેના રસૂલ (ઈશદૂત)નું આજ્ઞાપાલન અપનાવી લો તો તે તમારા કર્મોના બદલામાં કોઈ કમી નહીં કરે, નિશ્ચિતપણે અલ્લાહ મોટો ક્ષમાશીલ અને દયાળુ છે.

૧૫. હકીકતમાં ઈમાનવાળા તો તે લોકો છે જેઓ અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવ્યા, પછી તેમણે કોઈ શંકા ન કરી અને પોતાના પ્રાણ અને ધનથી અલ્લાહના માર્ગમાં જિહાદ (તનતોડ પ્રયાસ, સંઘર્ષ) કરી, તેઓ જ સાચા લોકો છે.

૧૬. હે પયગંબર ! આ (ઈમાનના દાવેદારો)ને કહો, શું તમે અલ્લાહને પોતાના દીન (ધર્મ)ની જાણ કરી રહ્યા છો ? જો કે અલ્લાહ ધરતી અને આકાશોની દરેક વસ્તુને જાણે છે અને દરેક વસ્તુનું જ્ઞાન ધરાવે છે.

૧૭. આ લોકો તમારા પર ઉપકાર પ્રગટ કરે છે કે તેમણે ઇસ્લામનો સ્વીકાર કરી લીધો. તેમને કહો કે પોતાના ઇસ્લામનો ઉપકાર મારા પર ન પ્રગટ કરો, બલ્કે અલ્લાહે તમારા પર ઉપકાર કર્યો છે કે તેણે ઈમાન તરફ તમારું માર્ગદર્શન કર્યું જો તમે ખરેખર પોતાના (ઈમાનના દાવા)માં સાચા છો.

૧૮. અલ્લાહ ધરતી અને આકાશોની દરેક છૂપી વસ્તુનું જ્ઞાન ધરાવે છે અને તમે જે કંઈ કરો છો તે બધું તેની નજરમાં છે. (રુકૂઅ-૨)

(૫૦) કૉફ

પરિચય

નામ :

આરંભના જ અક્ષર 'કૉફ' પરથી લેવામાં આવ્યું છે. તેનો અર્થ એ છે કે આ તે સૂરઃ છે જેનો આરંભ 'કાફ' અક્ષરથી થાય છે.

ઉતરાણકાળ :

કોઈ પણ આધારભૂત રિવાયત પરથી એ જણાતું નથી કે આનું ઉતરાણ ચોક્કસ કયા સમયે થયું છે, પરંતુ વિષયો પર વિચાર કરવાથી એવું લાગે છે કે આનો ઉતરાણકાળ મક્કા-મુઅઝ્ઝમાનો બીજો તબક્કો છે, જે નુબૂવતના ત્રીજા વર્ષથી શરૂ થઈને પાંચમા વર્ષ સુધી રહ્યો. આ તબક્કાની વિશિષ્ટતાઓ અમે સૂરઃ અન્આમની પ્રસ્તાવનામાં વર્ણન કરી ગયા છીએ.

વિષય અને ચર્ચા :

આધારભૂત નોંધો પરથી જણાય છે કે અલ્લાહના રસૂલ (સલ્લ.) મોટાભાગે બંને ઈદોની નમાઝોમાં આ સૂરઃ પઢતા હતા. કેટલીક બીજી નોંધોમાં આવ્યું છે કે ફજ્રની નમાઝોમાં પણ આપ (સલ્લ.) મોટાભાગે આને ખૂબ જ પઢતા હતા. આનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે આપ (સલ્લ.)ની દૃષ્ટિમાં આ એક ખૂબ જ મહત્ત્વની સૂરઃ હતી. તેથી આપ (સલ્લ.) વધુને વધુ લોકો સુધી વારંવાર આની ચર્ચાઓને પહોંચાડવાની વ્યવસ્થા કરતા હતા. આના મહત્ત્વનું કારણ સૂરઃને ધ્યાનપૂર્વક પઢવાથી સરળતાથી સમજમાં આવી જાય છે. આખી સૂરઃનો વિષય આખિરત (પરલોક) છે. અલ્લાહના રસૂલ (સલ્લ.)એ જ્યારે મક્કા-મુઅઝ્ઝમામાં પોતાના સંદેશનો આરંભ કર્યો તો લોકોને સૌથી વધુ આશ્ચર્ય આપ (સલ્લ.)ની જે વાત માટે થયું હતું, તે એ હતી કે મૃત્યુ પછી મનુષ્યોને બીજીવાર ઉઠાવવામાં આવશે અને તેમને પોતાના કર્મોનો હિસાબ આપવો પડશે. લોકો કહેતા હતા કે આ તો તદ્દન અસંભવ વાત છે, છેવટે એ કેવી રીતે સંભવ છે કે જ્યારે આપણું કણ-કણ ધરતીમાં વેરવિખેર થઈ ચૂક્યું હોય તો આ વેરવિખેર કણોને હજારો વર્ષ વિતી ગયા પછી ફરીથી એકત્ર કરીને અમારા આ શરીરને નવેસરથી બનાવી દેવામાં આવે અને અમે જીવતા થઈને ઊભા થઈ જઈએ ? આના જવાબમાં અલ્લાહ તરફથી આ પ્રવચન અવતરિત થયું. આમાં ખૂબ જ સંક્ષિપ્તમાં નાના-નાના વાક્યોમાં એક તરફ આખિરત

(પરલોક)ની સંભાવના અને તેના ઉદ્‌ભવ માટે દલીલો આપવામાં આવી છે અને બીજી તરફ લોકોને ચેતવવામાં આવ્યા છે કે તમે ભલે આશ્ચર્ય કરો અથવા તેને બુદ્ધિથી પર સમજો કે પછી ખોટું ઠેરવો, કોઈ પણ સંજોગોમાં આ હકીકત બદલાઈ શકતી નથી.

اٰیَاتُہَا ٤٥ — (٥٠) سُوْرَۃُ قٓ مَکِّیَّۃٌ (٣٤) — رُکُوْعَاتُہَا ٣

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

قٓ ۚ وَالْقُرْاٰنِ الْمَجِیْدِ ﴿١﴾ بَلْ عَجِبُوْٓا اَنْ جَآءَهُمْ
مُّنْذِرٌ مِّنْهُمْ فَقَالَ الْكٰفِرُوْنَ هٰذَا شَیْءٌ
عَجِیْبٌ ﴿٢﴾ ءَاِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا ۚ ذٰلِكَ رَجْعٌۢ
بَعِیْدٌ ﴿٣﴾ قَدْ عَلِمْنَا مَا تَنْقُصُ الْاَرْضُ مِنْهُمْ ۚ
وَعِنْدَنَا كِتٰبٌ حَفِیْظٌ ﴿٤﴾ بَلْ كَذَّبُوْا بِالْحَقِّ
لَمَّا جَآءَهُمْ فَهُمْ فِیْٓ اَمْرٍ مَّرِیْجٍ ﴿٥﴾ اَفَلَمْ یَنْظُرُوْٓا
اِلَى السَّمَآءِ فَوْقَهُمْ كَیْفَ بَنَیْنٰهَا وَزَیَّنّٰهَا وَمَا لَهَا مِنْ
فُرُوْجٍ ﴿٦﴾ وَالْاَرْضَ مَدَدْنٰهَا وَاَلْقَیْنَا فِیْهَا
رَوَاسِیَ وَاَنْۢبَتْنَا فِیْهَا مِنْ كُلِّ زَوْجٍۢ بَهِیْجٍ ﴿٧﴾ۙ
تَبْصِرَةً وَّذِكْرٰى لِكُلِّ عَبْدٍ مُّنِیْبٍ ﴿٨﴾ وَنَزَّلْنَا
مِنَ السَّمَآءِ مَآءً مُّبٰرَكًا فَاَنْۢبَتْنَا بِهٖ جَنّٰتٍ وَّحَبَّ
الْحَصِیْدِ ﴿٩﴾ۙ وَالنَّخْلَ بٰسِقٰتٍ لَّهَا طَلْعٌ نَّضِیْدٌ ﴿١٠﴾ۙ
رِّزْقًا لِّلْعِبَادِ ۙ وَاَحْیَیْنَا بِهٖ بَلْدَةً مَّیْتًا ؕ كَذٰلِكَ
الْخُرُوْجُ ﴿١١﴾ كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوْحٍ وَّاَصْحٰبُ الرَّسِّ
وَثَمُوْدُ ﴿١٢﴾ۙ وَعَادٌ وَّفِرْعَوْنُ وَاِخْوَانُ لُوْطٍ ﴿١٣﴾ۙ وَّاَصْحٰبُ
الْاَیْكَةِ وَقَوْمُ تُبَّعٍ ؕ كُلٌّ كَذَّبَ الرُّسُلَ فَحَقَّ وَعِیْدِ ﴿١٤﴾
اَفَعَیِیْنَا بِالْخَلْقِ الْاَوَّلِ ؕ بَلْ هُمْ فِیْ لَبْسٍ مِّنْ خَلْقٍ

(૫૦) સૂરઃ કૉફ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૩ ● આયતો : ૪૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. કૉફ ! સોગંદ છે કુર્આન-મજીદ (ગૌરવશીલ અને પ્રતિષ્ઠિત કુર્આન)ના –

૨. બલ્કે આ લોકોને આશ્ચર્ય એ વાત પર થયું કે એક સચેત કરનાર સ્વયં એમનામાંથી જ એમના પાસે આવી ગયો. પછી ઈન્કાર કરનારાઓ કહેવા લાગ્યા, "આ કેવી અજબ વાત છે,

૩. શું જ્યારે અમે મરી જઈશું અને માટી થઈ જઈશું (તો બીજીવાર ઉઠાવવામાં આવીશું ?) આ પાછું ફરવું તો બુદ્ધિથી પર છે."

૪. (જો કે) ધરતી આમના શરીરમાંથી જે કંઈ ખાય છે તે બધું અમારી જાણમાં છે અને અમારા પાસે એક ગ્રંથ છે જેમાં બધું જ સુરક્ષિત છે.

૫. બલ્કે આ લોકોએ તો જ્યારે સત્ય આમના પાસે આવ્યું, તે જ વખતે તેને સ્પષ્ટ રીતે ખોટું ઠેરવી દીધું. આ જ કારણે હવે આ લોકો મૂંઝવણમાં પડી ગયા છે.

૬. ભલે, તો શું આમણે ક્યારેય પોતાના ઉપર આકાશ તરફ જોયું નથી ? કેવી રીતે અમે તેને બનાવ્યું અને શણગાર્યું, અને તેમાં ક્યાંય કોઈ વિઘ્ન કે ત્રુટિ નથી.

૭. અને ધરતીને અમે પાથરી અને તેમાં પર્વતો જમાવી દીધા અને તેમાં દરેક પ્રકારની સુંદર વનસ્પતિ ઉગાડી દીધી.

૮. આ તમામ વસ્તુઓ આંખો ખોલનારી અને બોધપાઠ આપનારી છે, તે દરેક બંદા માટે જે (સત્ય તરફ) રજૂ થનાર હોય.

૯. અને આકાશમાંથી અમે બરકતવાળું પાણી ઉતાર્યું, પછી તેના વડે બાગ અને અનાજના પાક

૧૦. અને ઊંચા-ઊંચા ખજૂરના વૃક્ષો પેદા કરી દીધા જેમના ઉપર ફળોથી લદાયેલા ઝૂમખાં એક-પર-એક લાગે છે.

૧૧. આ વ્યવસ્થા છે બંદાઓને રોજી આપવાની. આ પાણીથી અમે મૃત ભૂમિને જીવન પ્રદાન કરીએ છીએ. (મૃત મનુષ્યોનું જમીનમાંથી) નીકળવું પણ આ જ રીતે હશે.

૧૨. આમના પહેલાં નૂહની કોમ અને અસ્હાબુર્-રસ્સ (કૂવાવાળા), અને સમૂદ,

૧૩. અને આદ, અને ફિરઔન, અને લૂતના ભાઈ,

૧૪. અને ઐકાવાળા અને તુબ્બાની કોમના લોકો પણ ખોટું ઠેરવી ચૂક્યા છે, દરેકે રસૂલો (ઈશદૂતો)ને ખોટા ઠેરવ્યા અને છેવટે મારી યાતનાની ધમકી તેમના ઉપર લાગુ થઈ ગઈ.

૧૫. શું પહેલી વખત સર્જન કરવા માટે અમે અસમર્થ હતા ? પરંતુ એક નવીન સર્જન વિષે આ લોકો શંકામાં પડેલા છે ? (રુકૂઅ-૧)

جَدِيْدٍ ﴿١٥﴾ وَلَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ وَنَعْلَمُ مَا تُوَسْوِسُ ع ١٥
بِهٖ نَفْسُهٗ ۚۖ وَنَحْنُ اَقْرَبُ اِلَيْهِ مِنْ حَبْلِ الْوَرِيْدِ ﴿١٦﴾
اِذْ يَتَلَقَّى الْمُتَلَقِّيٰنِ عَنِ الْيَمِيْنِ وَعَنِ الشِّمَالِ
قَعِيْدٌ ﴿١٧﴾ مَا يَلْفِظُ مِنْ قَوْلٍ اِلَّا لَدَيْهِ رَقِيْبٌ
عَتِيْدٌ ﴿١٨﴾ وَجَآءَتْ سَكْرَةُ الْمَوْتِ بِالْحَقِّ ؕ ذٰلِكَ
مَا كُنْتَ مِنْهُ تَحِيْدُ ﴿١٩﴾ وَنُفِخَ فِى الصُّوْرِ ؕ ذٰلِكَ
يَوْمُ الْوَعِيْدِ ﴿٢٠﴾ وَجَآءَتْ كُلُّ نَفْسٍ مَّعَهَا سَآئِقٌ
وَّشَهِيْدٌ ﴿٢١﴾ لَقَدْ كُنْتَ فِىْ غَفْلَةٍ مِّنْ هٰذَا فَكَشَفْنَا
عَنْكَ غِطَآءَكَ فَبَصَرُكَ الْيَوْمَ حَدِيْدٌ ﴿٢٢﴾ وَقَالَ
قَرِيْنُهٗ هٰذَا مَا لَدَىَّ عَتِيْدٌ ؕ﴿٢٣﴾ اَلْقِيَا فِىْ جَهَنَّمَ
كُلَّ كَفَّارٍ عَنِيْدٍ ۙ﴿٢٤﴾ مَّنَّاعٍ لِّلْخَيْرِ مُعْتَدٍ مُّرِيْبِ ۣ ۙ﴿٢٥﴾
الَّذِىْ جَعَلَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَاَلْقِيٰهُ فِى الْعَذَابِ
الشَّدِيْدِ ﴿٢٦﴾ قَالَ قَرِيْنُهٗ رَبَّنَا مَآ اَطْغَيْتُهٗ وَلٰكِنْ
كَانَ فِىْ ضَلٰلٍ بَعِيْدٍ ﴿٢٧﴾ قَالَ لَا تَخْتَصِمُوْا لَدَىَّ
وَقَدْ قَدَّمْتُ اِلَيْكُمْ بِالْوَعِيْدِ ﴿٢٨﴾ مَا يُبَدَّلُ الْقَوْلُ
لَدَىَّ وَمَآ اَنَا بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ع﴿٢٩﴾ يَوْمَ نَقُوْلُ لِجَهَنَّمَ ع ١٤
هَلِ امْتَلَاْتِ وَتَقُوْلُ هَلْ مِنْ مَّزِيْدٍ ﴿٣٠﴾ وَاُزْلِفَتِ
الْجَنَّةُ لِلْمُتَّقِيْنَ غَيْرَ بَعِيْدٍ ﴿٣١﴾ هٰذَا مَا تُوْعَدُوْنَ
لِكُلِّ اَوَّابٍ حَفِيْظٍ ۚ﴿٣٢﴾ مَنْ خَشِىَ الرَّحْمٰنَ بِالْغَيْبِ منزل ٧

૧૬. અમે મનુષ્યને પેદા કર્યો છે અને તેના મનમાં ઉદ્દભવતા વસવસાઓ (ભ્રામક વિચારો) સુધ્ધાંને અમે જાણીએ છીએ. અમે તેની ગળાની ધોરી નસ કરતાં પણ વધુ તેનાથી નજીક છીએ,

૧૭. (અને અમારા આ પ્રત્યક્ષ જ્ઞાન ઉપરાંત) બે લખનારાઓ તેના જમણે અને ડાબે બેઠાં-બેઠાં દરેક વસ્તુ નોંધી રહ્યા છે.

૧૮. કોઈ શબ્દ તેમના મોઢેથી નીકળતો નથી જેને સુરક્ષિત કરી લેવા માટે એક સતત હાજર રહેનાર નિરીક્ષક મોજૂદ ન હોય.

૧૯. પછી જુઓ, તે મૃત્યુની મૂર્છા સત્ય લઈને આવી પહોંચી, આ તે જ વસ્તુ છે જેનાથી તું ભાગતો હતો.

૨૦. અને પછી 'સૂર' (રણશિંગુ) ફૂંકવામાં આવ્યું, આ છે તે દિવસ જેનાથી તું ડરાવવામાં આવતો હતો.

૨૧. દરેક વ્યક્તિ એવી સ્થિતિમાં આવી ગઈ કે તેના સાથે એક હંકારીને લાવનાર છે અને એક સાક્ષી આપનાર.

૨૨. આ વસ્તુ તરફથી તું ગાફેલ હતો, અમે તે આવરણ હટાવી દીધું જે તારા આગળ પડેલું હતું અને આજે તારી નજર ખૂબ તેજ છે.

૨૩. તેના સાથીદારે કહ્યું આ જે મારા હવાલામાં હતો, હાજર છે.

૨૪. આદેશ આપવામાં આવ્યો, ફેંકી દો જહન્નમ (નર્ક)માં દરેક કટ્ટર કાફિર (અધર્મી)ને જે સત્યથી દ્વેષ રાખતો હતો,

૨૫. ભલાઈને રોકવાવાળો અને હદ વટાવી જનાર હતો, શંકામાં પડેલો હતો

૨૬. અને અલ્લાહ સાથે કોઈ બીજાને ઉપાસ્ય બનાવી બેઠો હતો. નાખી દો, તેને સખત યાતનામાં.

૨૭. તેના સાથીદારે કહ્યું, "હે પાલનહાર ! મેં આને વિદ્રોહી નથી બનાવ્યો, બલ્કે આ પોતે જ અંતિમ કક્ષાની પથભ્રષ્ટતામાં પડેલો હતો."

૨૮. જવાબમાં કહેવામાં આવ્યું, "મારા સામે ઝઘડો ન કરો, હું તમને અગાઉથી જ દુષ્પરિણામથી ચેતવી ચૂક્યો હતો.

૨૯. મારે ત્યાં વાત બદલવામાં આવતી નથી અને હું મારા બંદાઓ પર અત્યાચાર કરનાર નથી." (રુકૂઅ-૨)

૩૦. તે દિવસે જ્યારે અમે જહન્નમને પૂછીશું કે શું તું ભરાઈ ગઈ ? અને તે કહેશે, શું હજુ બીજું કંઈ છે ?

૩૧. અને જન્નત (સ્વર્ગ) પરહેઝગાર (ઈશપરાયણ) લોકોના નજીક લઈ આવવામાં આવશે, સહેજ પણ દૂર નહીં હોય.

૩૨. કહેવામાં આવશે, "આ છે તે વસ્તુ જેનો તમારા સાથે વાયદો કરવામાં આવતો હતો, તે દરેક વ્યક્તિ માટે જે ખૂબ જ રજૂ થનાર★ અને ખૂબ જ

★ અર્થાત્ પોતાના દરેક મામલાને અલ્લાહ સમક્ષ રજૂ કરનાર.

وَجَآءَ بِقَلۡبٍ مُّنِيۡبِ ۣ ۝٣٣ ادۡخُلُوۡهَا بِسَلٰمٍ ؕ ذٰلِكَ يَوۡمُ
الۡخُلُوۡدِ ۝٣٤ لَهُمۡ مَّا يَشَآءُوۡنَ فِيۡهَا وَلَدَيۡنَا مَزِيۡدٌ ۝٣٥
وَكَمۡ اَهۡلَكۡنَا قَبۡلَهُمۡ مِّنۡ قَرۡنٍ هُمۡ اَشَدُّ مِنۡهُمۡ
بَطۡشًا فَنَقَّبُوۡا فِى الۡبِلَادِ ؕ هَلۡ مِنۡ مَّحِيۡصٍ ۝٣٦ اِنَّ
فِىۡ ذٰلِكَ لَذِكۡرٰى لِمَنۡ كَانَ لَهٗ قَلۡبٌ اَوۡ اَلۡقَى
السَّمۡعَ وَهُوَ شَهِيۡدٌ ۝٣٧ وَلَقَدۡ خَلَقۡنَا السَّمٰوٰتِ وَ
الۡاَرۡضَ وَمَا بَيۡنَهُمَا فِىۡ سِتَّةِ اَيَّامٍ ۖ وَّمَا مَسَّنَا
مِنۡ لُّغُوۡبٍ ۝٣٨ فَاصۡبِرۡ عَلٰى مَا يَقُوۡلُوۡنَ وَسَبِّحۡ بِحَمۡدِ
رَبِّكَ قَبۡلَ طُلُوۡعِ الشَّمۡسِ وَ قَبۡلَ الۡغُرُوۡبِ ۝٣٩
وَمِنَ الَّيۡلِ فَسَبِّحۡهُ وَ اَدۡبَارَ السُّجُوۡدِ ۝٤٠ وَاسۡتَمِعۡ
يَوۡمَ يُنَادِ الۡمُنَادِ مِنۡ مَّكَانٍ قَرِيۡبٍ ۝٤١ يَّوۡمَ يَسۡمَعُوۡنَ
الصَّيۡحَةَ بِالۡحَقِّ ؕ ذٰلِكَ يَوۡمُ الۡخُرُوۡجِ ۝٤٢ اِنَّا نَحۡنُ
نُحۡىٖ وَنُمِيۡتُ وَ اِلَيۡنَا الۡمَصِيۡرُ ۝٤٣ يَوۡمَ تَشَقَّقُ
الۡاَرۡضُ عَنۡهُمۡ سِرَاعًا ؕ ذٰلِكَ حَشۡرٌ عَلَيۡنَا يَسِيۡرٌ ۝٤٤
نَحۡنُ اَعۡلَمُ بِمَا يَقُوۡلُوۡنَ وَمَاۤ اَنۡتَ عَلَيۡهِمۡ بِجَبَّارٍ ۚ
فَذَكِّرۡ بِالۡقُرۡاٰنِ مَنۡ يَّخَافُ وَعِيۡدِ ۝٤٥

તકેદારી રાખવાવાળો★ હતો,
૩૩. જે જોયા વિના રહમાન (પરમ્ કૃપાળુ અલ્લાહ)થી ડરતો હતો, અને જે મોહિત હૃદય લઈને આવ્યો છે.
૩૪. દાખલ થઈ જાઓ જન્નત (સ્વર્ગ)માં સલામતીની સાથે." તે દિવસ શાશ્વત જીવનનો દિવસ હશે.
૩૫. ત્યાં તે લોકો માટે તે બધું હશે જે તેઓ ઇચ્છશે, અને અમારા પાસે તેનાથી પણ ઘણું વધારે તેમના માટે છે.
૩૬. અમે આમના પહેલાં ઘણી કોમોને નષ્ટ કરી ચૂક્યા છીએ જેઓ આમના કરતાં ઘણી વધારે શક્તિશાળી હતી અને દુનિયાના દેશો તેઓ ખૂંદી વળી હતી. તો શું તેઓ કોઈ આશ્રયસ્થાન મેળવી શક્યા ?
૩૭. આ ઈતિહાસના બોધપાઠ છે તે દરેક વ્યક્તિ માટે જે હૃદય રાખતો હોય, અથવા ધ્યાનપૂર્વક વાત સાંભળે.
૩૮. અમે ધરતી અને આકાશોને અને તેમના વચ્ચેની બધી વસ્તુઓને છ દિવસમાં પેદા કરી દીધી અને અમને સહેજ પણ થાક લાગ્યો નહીં.
૩૯. પછી હે પયગંબર ! જે વાતો આ લોકો બનાવે છે તેના પર ધૈર્યથી કામ લો, અને પોતાના રબની પ્રશંસા સાથે તેની તસ્બીહ (પવિત્રતાનો જાપ) કરતા રહો. સૂર્યોદય અને સૂર્યાસ્ત પહેલાં.
૪૦. અને રાતના સમયે ફરી તેની પવિત્રતાનો જાપ કરો અને સિજદાઓથી નિવૃત્ત થયા પછી પણ.
૪૧. અનેસાંભળો, જેદિવસે પોકારનાર (દરેકવ્યક્તિની) નજીકથી જ પોકારશે,
૪૨. જે દિવસે સૌ કયામતના કોલાહલને બરાબર સાંભળતા હશે, તે ધરતીમાંથી મડદાંનો નીકળવાનો દિવસ હશે.
૪૩. અમે જ જીવન પ્રદાન કરીએ છીએ અને અમે જ મૃત્યુ આપીએ છીએ, અને અમારા તરફ જ તે દિવસે સૌને પાછા ફરવાનું છે
૪૪. જ્યારે ધરતી ફાટશે અને લોકો તેના અંદરથી નીકળીને ઝડપથી ભાગતા જતા હશે. આ એકત્ર કરવું (હશ્ર) અમારા માટે ખૂબ સરળ છે.
૪૫. હે પયગંબર ! જે વાતો આ લોકો બનાવી રહ્યા છે તેને અમે સારી રીતે જાણીએ છીએ, અને તમારું કામ તેમના પાસે બળજબરીપૂર્વક વાત મનાવવાનું નથી. કેવળ તમે આ કુર્આન મારફતે તે દરેક વ્યક્તિને બોધ આપી દો જે મારી ચેતવણીથી ડરે. (રુકૂઅ-૩)

★ અર્થાત્ અલ્લાહે નિર્ધારિત કરેલ સીમાઓ, તેના આદેશો તથા વૈધ-અવૈધની મર્યાદાઓ અને તેણે સોંપેલ અમાનતોની રક્ષા કરનાર.

(૫૧) ઝારિયાત

પરિચય

નામ :

પહેલા જ શબ્દ 'વઝ્-ઝારિયાત' (સોગંદ છે તે હવાઓના જે ધૂળ ઉડાવનાર છે) થી લેવામાં આવ્યું છે. હેતુ એ છે કે આ તે સૂરઃ છે જેનો આરંભ 'અઝ્-ઝારિયાત' શબ્દથી થાય છે.

ઉતરાણકાળ :

વિષય અને વર્ણનશૈલીથી જણાય છે કે આ સૂરઃ પણ તે જ ગાળામાં ઊતરી હતી, જેમાં સૂરઃ કૉફ અવતરિત થઈ છે.

વિષય અને ચર્ચા :

આનો મોટો ભાગ આખિરત (પરલોક)ના વિષયને લગતો છે અને અંતમાં તૌહીદ (એકેશ્વરવાદ) તરફ આમંત્રણ આપવામાં આવ્યું છે. તેના સાથે લોકોને એ વાત પર સચેત કરવામાં આવ્યા છે કે પયગંબરો (અલૈ.)ની વાત ન માનવી અને પોતાની અજ્ઞાનતાપૂર્ણ ધારણાઓ પર આગ્રહ કરવો સ્વયં તે જ કોમો માટે વિનાશક પુરવાર થયો છે, જેમણે આ વલણ અપનાવ્યું છે. આખિરત વિષે જે વાત આ સૂરઃના નાના-નાના પરંતુ અર્થસભર વાક્યોમાં વર્ણવવામાં આવી છે, તે એ છે કે માનવ-જીવનના પરિણામો વિષે લોકોની વિભિન્ન અને પરસ્પર વિરોધાભાસી માન્યતાઓ જ એ વાતની સ્પષ્ટ દલીલ છે કે આમાંથી કોઈ પણ માન્યતા જ્ઞાન પર આધારિત નથી, બલ્કે દરેકે અટકળો કરીને પોતાની રીતે જે દૃષ્ટિકોણ બનાવી લીધો, તેને જ તે પોતાની માન્યતા બનાવી બેસી ગયો. આટલી મોટી અને મહત્ત્વપૂર્ણ સમસ્યાની બાબતમાં, જેના વિશે માણસના મતનું ખોટું સિદ્ધ થઈ જવું તેના આખા જીવનને ખોટું બનાવીને મૂકી દે છે. જ્ઞાન વિના માત્ર અટકળોના આધારે કોઈ ધારણા બનાવી લેવી વિનાશક મૂર્ખતા છે. આવી સમસ્યા વિશે સાચો મત સ્થાપિત કરવાનો માત્ર એક જ માર્ગ છે અને તે એ છે કે મનુષ્યને આખિરત વિષે જે જ્ઞાન અલ્લાહ તરફથી તેનો પયગંબર આપી રહ્યો છે, તેના પર ગંભીરતાપૂર્વક વિચાર કરે તથા ધરતી અને આકાશની વ્યવસ્થા અને સ્વયં પોતાના અસ્તિત્વ પર નજર નાખીને ખુલ્લી આંખોથી જુએ કે શું તે જ્ઞાનના સાચા હોવાની ગવાહી દરેક જગ્યાએ મોજૂદ નથી ? ત્યારપછી ખૂબ જ ટૂંકા શબ્દોમાં એકેશ્વરવાદ (તૌહીદ) તરફ આમંત્રણ આપતાં કહેવામાં આવ્યું છે કે તમારા સર્જનહારે તમને બીજાઓની બંદગી (ભક્તિ અને

આજ્ઞાપાલન) માટે નહીં, બલ્કે પોતાની બંદગી માટે પેદા કર્યાં છે. તે તમારા બનાવટી ઉપાસ્યો જેવો નથી જે તમારા પાસેથી રોજી (આજીવિકા) લે છે અને તમારી સહાયતા વિના જેમની ખુદાઈ (પ્રભુતા) ચાલી શકતી નથી. તે એવો ઉપાસ્ય છે જે સૌને રોજી આપનાર છે, કોઈના પાસેથી રોજી લેવાની તેને ગરજ નથી, અને જેનું પ્રભુત્વ સ્વયં તેની પોતાની તાકાત અને જોર પર ચાલી રહ્યું છે. આ જ અનુસંધાનમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે નબીઓ (સંદેશવાહકો) (અલૈ.)નો મુકાબલો જ્યારે પણ કરવામાં આવ્યો છે, બુદ્ધિસંગત આધાર પર નહીં, બલ્કે તે જ જક્કીપણા, હઠાગ્રહ અને અજ્ઞાનતાપૂર્ણ ઘમંડના આધારે કરવામાં આવ્યો છે, જે આજે હઝરત મુહમ્મદ (સલ્લ.) સાથે કરવામાં આવી રહ્યો છે. પછી હઝરત મુહમ્મદ (સલ્લ.)ને આદેશ આપવામાં આવ્યો છે કે આ વિદ્રોહીઓ તરફ ધ્યાન ન આપો અને પોતાના સંદેશ અને યાદ દેવડાવવાનું કામ કર્યે જાઓ, કેમ કે તે આ લોકો માટે ભલે લાભદાયક ન હોય, પરંતુ ઈમાન લાવનારાઓ માટે લાભદાયક છે.

آياتها ٦٠ | (٥١) سُوْرَةُ الذّٰرِيٰتِ مَكِّيَّةٌ (٦٧) | ركوعاتها ٣

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالذّٰرِيٰتِ ذَرْوًا ۙ﴿۱﴾ فَالْحٰمِلٰتِ وِقْرًا ۙ﴿۲﴾ فَالْجٰرِيٰتِ
يُسْرًا ۙ﴿۳﴾ فَالْمُقَسِّمٰتِ اَمْرًا ۙ﴿۴﴾ اِنَّمَا تُوْعَدُوْنَ
لَصَادِقٌ ۙ﴿۵﴾ وَّاِنَّ الدِّيْنَ لَوَاقِعٌ ؕ﴿۶﴾ وَالسَّمَآءِ ذَاتِ
الْحُبُكِ ۙ﴿۷﴾ اِنَّكُمْ لَفِيْ قَوْلٍ مُّخْتَلِفٍ ۙ﴿۸﴾ يُّؤْفَكُ عَنْهُ
مَنْ اُفِكَ ؕ﴿۹﴾ قُتِلَ الْخَرّٰصُوْنَ ۙ﴿۱۰﴾ الَّذِيْنَ هُمْ فِيْ
غَمْرَةٍ سَاهُوْنَ ۙ﴿۱۱﴾ يَسْـَٔلُوْنَ اَيَّانَ يَوْمُ الدِّيْنِ ؕ﴿۱۲﴾
يَوْمَ هُمْ عَلَى النَّارِ يُفْتَنُوْنَ ﴿۱۳﴾ ذُوْقُوْا فِتْنَتَكُمْ ؕ هٰذَا
الَّذِيْ كُنْتُمْ بِهٖ تَسْتَعْجِلُوْنَ ﴿۱۴﴾ اِنَّ الْمُتَّقِيْنَ فِيْ
جَنّٰتٍ وَّعُيُوْنٍ ۙ﴿۱۵﴾ اٰخِذِيْنَ مَاۤ اٰتٰهُمْ رَبُّهُمْ ؕ اِنَّهُمْ
كَانُوْا قَبْلَ ذٰلِكَ مُحْسِنِيْنَ ؕ﴿۱۶﴾ كَانُوْا قَلِيْلًا مِّنَ الَّيْلِ
مَا يَهْجَعُوْنَ ﴿۱۷﴾ وَبِالْاَسْحَارِ هُمْ يَسْتَغْفِرُوْنَ ﴿۱۸﴾ وَفِيْۤ
اَمْوَالِهِمْ حَقٌّ لِّلسَّآئِلِ وَالْمَحْرُوْمِ ﴿۱۹﴾ وَفِي الْاَرْضِ اٰيٰتٌ
لِّلْمُوْقِنِيْنَ ۙ﴿۲۰﴾ وَفِيْۤ اَنْفُسِكُمْ ؕ اَفَلَا تُبْصِرُوْنَ ﴿۲۱﴾ وَفِي
السَّمَآءِ رِزْقُكُمْ وَمَا تُوْعَدُوْنَ ﴿۲۲﴾ فَوَرَبِّ السَّمَآءِ
ع ٢٣/٨ وَالْاَرْضِ اِنَّهٗ لَحَقٌّ مِّثْلَ مَاۤ اَنَّكُمْ تَنْطِقُوْنَ ﴿۲۳﴾ ع هَلْ
اَتٰىكَ حَدِيْثُ ضَيْفِ اِبْرٰهِيْمَ الْمُكْرَمِيْنَ ﴿۲۴﴾ م اِذْ دَخَلُوْا
وقف لازم منزل ٧ عَلَيْهِ فَقَالُوْا سَلٰمًا ؕ قَالَ سَلٰمٌ ۚ قَوْمٌ مُّنْكَرُوْنَ ﴿۲۵﴾

(૫૧) સૂરઃ અઝ્-ઝારિયાત

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૩ ● આયતો : ૬૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે તે હવાઓના જે ધૂળ ઉડાવનાર છે !
૨. પછી પાણીથી લદાયેલા વાદળો ઉઠાવનાર છે !
૩. પછી ધીમી ગતિથી ચાલનાર છે !
૪. પછી એક મોટા કાર્ય (વર્ષા)નું વિભાજન કરનાર છે !
૫. હકીકત એ છે કે જે વસ્તુથી તમને ડરાવવામાં આવી રહ્યા છે, તે સત્ય છે
૬. અને કર્મોનું ફળ ચોક્કસ સામે આવવાનું છે.
૭. સોગંદ છે વિવિધ રૂપોવાળા આકાશના !
૮. (આખિરત અર્થાત્ પરલોક વિષે) તમારી વાત એકબીજાથી ભિન્ન છે.
૯. તેનાથી તે જ વિમુખ થાય છે જે સત્યથી ફરેલો છે.
૧૦. માર્યા ગયા અટકળો અને કલ્પનાઓ વડે નિર્ણય કરનારાઓ,
૧૧ જેઓ અજ્ઞાનતામાં ડૂબેલા અને ગફલતમાં મદમસ્ત છે.
૧૨. પૂછે છે કે છેવટે તે બદલાનો દિવસ ક્યારે આવશે ?
૧૩ તે દિવસે તે આવશે જ્યારે આ લોકો આગ ઉપર તપાવવામાં આવશે.
૧૪. (આમને કહેવામાં આવશે) હવે ચાખો સ્વાદ પોતાના ફિત્ના (ઉપદ્રવ)નો, આ તે જ વસ્તુ છે જેના માટે તમે ઉતાવળ કરી રહ્યા હતા.
૧૫. અલબત્ત પરહેજગાર (ઈશપરાયણ અને સંયમી) લોકો તે દિવસે બાગોમાં અને ઝરણાંઓમાં હશે,
૧૬. જે કંઈ તેમનો માલિક (રબ) તેમને આપશે તેને ખુશી-ખુશી લઈ રહ્યા હશે. તેઓ તે દિવસના આગમન પહેલાં સત્કર્મી હતા,
૧૭. રાતે ઓછું જ ઊંઘતા હતા,
૧૮. પછી તે જ રાત્રિના પાછલા પહોરોમાં ક્ષમા-યાચના કરતા હતા,
૧૯. અને તેમના ધન-દોલતમાં હક્ક હતો માગવાવાળાઓ અને વંચિતો માટે.
૨૦. ધરતીમાં ઘણી નિશાનીઓ છે વિશ્વાસ કરનારાઓ માટે,
૨૧. અને સ્વયં તમારા અસ્તિત્વમાં છે. શું તમને સૂઝતું નથી ?
૨૨. આકાશમાં જ છે તમારી આજીવિકા પણ અને તે વસ્તુ પણ જેનો વાયદો તમને આપવામાં આવી રહ્યો છે.
૨૩. તો સોગંદ છે આકાશ અને ધરતીના માલિકના ! આ વાત સત્ય છે, એવી જ વિશ્વસનીય જેવી રીતે તમે બોલી રહ્યા છો. (રુકૂઅ-૧)
૨૪. હે નબી! ઇબ્રાહીમના સંમાનિત અતિથિઓનો કિસ્સો પણ તમને પહોંચ્યો છે?
૨૫. જ્યારે તેઓ તેના ત્યાં આવ્યા તો કહ્યું, આપને સલામ છે. તેણે કહ્યું, ''આપ લોકોને પણ સલામ છે – કોઈક અજાણ્યા જેવા લોકો છે.''

فَرَاغَ اِلٰٓى اَهْلِهٖ فَجَآءَ بِعِجْلٍ سَمِيْنٍ ۙ﴿٢٦﴾ فَقَرَّبَهٗٓ اِلَيْهِمْ
قَالَ اَلَا تَاْكُلُوْنَ ﴿٢٧﴾ فَاَوْجَسَ مِنْهُمْ خِيْفَةً ؕ قَالُوْا لَا
تَخَفْ ؕ وَبَشَّرُوْهُ بِغُلٰمٍ عَلِيْمٍ ﴿٢٨﴾ فَاَقْبَلَتِ امْرَاَتُهٗ فِيْ
صَرَّةٍ فَصَكَّتْ وَجْهَهَا وَقَالَتْ عَجُوْزٌ عَقِيْمٌ ﴿٢٩﴾ قَالُوْا
كَذٰلِكِ ۙ قَالَ رَبُّكِ ؕ اِنَّهٗ هُوَ الْحَكِيْمُ الْعَلِيْمُ ﴿٣٠﴾
قَالَ فَمَا خَطْبُكُمْ اَيُّهَا الْمُرْسَلُوْنَ ﴿٣١﴾ قَالُوْٓا اِنَّآ
اُرْسِلْنَآ اِلٰى قَوْمٍ مُّجْرِمِيْنَ ۙ﴿٣٢﴾ لِنُرْسِلَ عَلَيْهِمْ حِجَارَةً
مِّنْ طِيْنٍ ۙ﴿٣٣﴾ مُّسَوَّمَةً عِنْدَ رَبِّكَ لِلْمُسْرِفِيْنَ ﴿٣٤﴾
فَاَخْرَجْنَا مَنْ كَانَ فِيْهَا مِنَ الْمُؤْمِنِيْنَ ۚ﴿٣٥﴾ فَمَا
وَجَدْنَا فِيْهَا غَيْرَ بَيْتٍ مِّنَ الْمُسْلِمِيْنَ ۚ﴿٣٦﴾ وَتَرَكْنَا
فِيْهَآ اٰيَةً لِّلَّذِيْنَ يَخَافُوْنَ الْعَذَابَ الْاَلِيْمَ ؕ﴿٣٧﴾
وَفِيْ مُوْسٰٓى اِذْ اَرْسَلْنٰهُ اِلٰى فِرْعَوْنَ بِسُلْطٰنٍ
مُّبِيْنٍ ﴿٣٨﴾ فَتَوَلّٰى بِرُكْنِهٖ وَقَالَ سٰحِرٌ اَوْ مَجْنُوْنٌ ﴿٣٩﴾
فَاَخَذْنٰهُ وَجُنُوْدَهٗ فَنَبَذْنٰهُمْ فِى الْيَمِّ وَهُوَ مُلِيْمٌ ؕ﴿٤٠﴾
وَفِيْ عَادٍ اِذْ اَرْسَلْنَا عَلَيْهِمُ الرِّيْحَ الْعَقِيْمَ ۚ﴿٤١﴾ مَا
تَذَرُ مِنْ شَيْءٍ اَتَتْ عَلَيْهِ اِلَّا جَعَلَتْهُ كَالرَّمِيْمِ ؕ﴿٤٢﴾
وَفِيْ ثَمُوْدَ اِذْ قِيْلَ لَهُمْ تَمَتَّعُوْا حَتّٰى حِيْنٍ ﴿٤٣﴾ فَعَتَوْا
عَنْ اَمْرِ رَبِّهِمْ فَاَخَذَتْهُمُ الصّٰعِقَةُ وَهُمْ يَنْظُرُوْنَ ﴿٤٤﴾
فَمَا اسْتَطَاعُوْا مِنْ قِيَامٍ وَّمَا كَانُوْا مُنْتَصِرِيْنَ ۙ﴿٤٥﴾

૨૬-૨૭. પછી તે ચુપચાપ પોતાના કુટુંબીજનો પાસે ગયો અને એક (શેકેલો) મોટો તાજો વાછરડો લાવીને અતિથિઓ સમક્ષ મૂક્યો. તેણે કહ્યું, આપ લોકો ખાતા નથી ?

૨૮. પછી તે મનમાં તેમનાથી ડર્યો. તેમણે કહ્યું, ડરો નહીં, અને તેને એક જ્ઞાનવાન્ પુત્રના જન્મની ખુશખબર આપી.

૨૯. આ સાંભળીને તેની પત્ની ચીસો નાખતી આગળ આવી અને તેણે પોતાનું મોઢું પીટી નાખ્યું અને બોલી, ઘરડી-વાંઝણી !

૩૦. તેમણે કહ્યું, ''આ જ કહ્યું છે તારા રબે, તે તત્ત્વદર્શી છે અને બધું જ જાણે છે.''

૩૧. ઈબ્રાહીમે કહ્યું, ''હે અલ્લાહના મોકલેલા દૂતો ! આપના સમક્ષ કયું અભિયાન છે ?''

૩૨. તેમણે કહ્યું, ''અમે એક ગુનેગાર કોમ તરફ મોકલવામાં આવ્યા છીએ

૩૩. જેથી તેના ઉપર પકવેલી માટીના પથ્થરો વરસાવી દઈએ

૩૪. જે આપના રબના ત્યાં હદથી વધી જનારાઓ માટે નિશાન કરેલા છે.''

૩૫. પછી અમે તે સૌ લોકોને કાઢી લીધા જે તે વસ્તીમાં ઈમાનવાળા હતા,

૩૬. અને ત્યાં અમે એક ઘર સિવાય મુસલમાનોનું બીજું ઘર ન જોયું,

૩૭. આ પછી અમે ત્યાં માત્ર એક નિશાની તે લોકો માટે છોડી દીધી જેઓ દુઃખદાયી યાતનાથી ડરતા હોય.

૩૮. અને (તમારા માટે નિશાની છે) મૂસાના કિસ્સામાં. જ્યારે અમે તેને સ્પષ્ટ સનંદ સાથે ફિરઔન પાસે મોકલ્યો,

૩૯. તો તેણે પોતાની તાકાત અને જોર પર અકડાઈ કરી અને બોલ્યો, આ જાદુગર છે અથવા પાગલ છે.

૪૦. છેવટે અમે તેને અને તેના લશ્કરોને ઝડપી લીધા અને સૌને સમુદ્રમાં ફેંકી દીધા અને તે નિંદનીય બનીને રહી ગયો.

૪૧. અને (તમારા માટે નિશાની છે) આદમાં, જ્યારે અમે તેમના ઉપર એવી અશુભ હવા મોકલી દીધી કે

૪૨. તે જે વસ્તુ ઉપરથી પસાર થઈ, તેને જર્જરિત કરીને મૂકી દીધી.

૪૩. અને (તમારા માટે નિશાની છે) સમૂદમાં, જ્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે એક નિશ્ચિત સમય સુધી મજા કરી લો.

૪૪. પરંતુ આ ચેતવણી પર પણ તેમણે પોતાના રબ (પ્રભુ)ના આદેશનું ઉલ્લંઘન કર્યું. છેવટે જોત-જોતામાં એક ઓચિંતી તૂટી પડનારી આફતે તેમને ઝડપી લીધા,

૪૫. પછી ન તેમનામાં ઊભા થવાની શક્તિ હતી, ન તેઓ પોતાનો બચાવ કરી શકતા હતા.

ع ٢/٣ وَقَوْمَ نُوْحٍ مِّنْ قَبْلُ ؕ اِنَّهُمْ كَانُوْا قَوْمًا فٰسِقِيْنَ ۝٤٦ ع

وَالسَّمَآءَ بَنَيْنٰهَا بِاَيْىدٍ وَّاِنَّا لَمُوْسِعُوْنَ ۝٤٧ وَالْاَرْضَ

فَرَشْنٰهَا فَنِعْمَ الْمٰهِدُوْنَ ۝٤٨ وَمِنْ كُلِّ شَیْءٍ

خَلَقْنَا زَوْجَيْنِ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ ۝٤٩ فَفِرُّوْٓا اِلَى

اللّٰهِ ؕ اِنِّیْ لَكُمْ مِّنْهُ نَذِيْرٌ مُّبِيْنٌ ۝٥٠ ۚ وَلَا تَجْعَلُوْا مَعَ

اللّٰهِ اِلٰهًا اٰخَرَ ؕ اِنِّیْ لَكُمْ مِّنْهُ نَذِيْرٌ مُّبِيْنٌ ۝٥١ كَذٰلِكَ

مَآ اَتَى الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ مِّنْ رَّسُوْلٍ اِلَّا قَالُوْا سَاحِرٌ

اَوْ مَجْنُوْنٌ ۝٥٢ ۚ اَتَوَاصَوْا بِهٖ ۚ بَلْ هُمْ قَوْمٌ طَاغُوْنَ ۝٥٣ ۚ

فَتَوَلَّ عَنْهُمْ فَمَآ اَنْتَ بِمَلُوْمٍ ۝٥٤ وَّذَكِّرْ فَاِنَّ الذِّكْرٰى

تَنْفَعُ الْمُؤْمِنِيْنَ ۝٥٥ وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا

لِيَعْبُدُوْنِ ۝٥٦ مَآ اُرِيْدُ مِنْهُمْ مِّنْ رِّزْقٍ وَّمَآ اُرِيْدُ اَنْ

يُّطْعِمُوْنِ ۝٥٧ اِنَّ اللّٰهَ هُوَ الرَّزَّاقُ ذُو الْقُوَّةِ الْمَتِيْنُ ۝٥٨

فَاِنَّ لِلَّذِيْنَ ظَلَمُوْا ذَنُوْبًا مِّثْلَ ذَنُوْبِ اَصْحٰبِهِمْ

منزل ٧ فَلَا يَسْتَعْجِلُوْنِ ۝٥٩ فَوَيْلٌ لِّلَّذِيْنَ كَفَرُوْا مِنْ

ع ٣/٣ يَّوْمِهِمُ الَّذِیْ يُوْعَدُوْنَ ۝٦٠ ع

૪૬. અને આ સૌ લોકો પહેલાં અમે નૂહની કોમને નષ્ટ કરી કેમ કે તેઓ અવજ્ઞાકારી લોકો હતા. (રુકૂઅ-૨)

૪૭. આકાશને અમે અમારા જોરથી બનાવ્યું છે અને અમે એનું સામર્થ્ય ધરાવીએ છીએ.

૪૮. ધરતીને અમે બિછાવી છે અને અમે ખૂબ જ સારા સમતળ કરનારા છીએ.

૪૯. અને દરેક વસ્તુના અમે જોડા બનાવ્યા છે, કદાચ તમે આનાથી બોધપાઠ ગ્રહણ કરો.

૫૦. તો દોડો અલ્લાહ તરફ, હું તમારા માટે તેના તરફથી સ્પષ્ટપણે સચેત કરનાર છું.

૫૧. અને અલ્લાહ સાથે કોઈ બીજો ઉપાસ્ય ન બનાવો, હું તમારા માટે તેના તરફથી સ્પષ્ટપણે સચેત કરનાર છું.

૫૨. આમ જ થતું રહ્યું છે, આમના પહેલાંની કોમો પાસે પણ કોઈ રસૂલ એવો નથી આવ્યો જેને તેમણે એમ ન કહ્યું હોય કે આ જાદુગર છે અથવા દીવાનો !

૫૩. શું આ બધાએ અંદરો-અંદર આ અંગે કોઈ સમજૂતી કરી લીધી છે ? નહીં, બલ્કે આ તમામ વિદ્રોહી લોકો છે.

૫૪. પછી હે પયગંબર ! આમનાથી મુખ ફેરવી લો, તમારા પર કોઈ દોષ નથી.

૫૫. અલબત્ત શિખામણ આપતા રહો, કેમ કે શિખામણ ઈમાન લાવનારાઓ માટે લાભદાયક છે.

૫૬. મેં જિન્નાતો અને મનુષ્યોને આના સિવાય બીજા કોઈ કામ માટે પેદા કર્યા નથી કે તેઓ મારી બંદગી (ઉપાસના) કરે.

૫૭. હું તેમનાથી કોઈ રોજી નથી ઇચ્છતો અને ન એવું ચાહું છું કે તેઓ મને ખવડાવે.

૫૮. અલ્લાહ તો પોતે જ રોજી આપનાર છે, ખૂબ શક્તિશાળી અને પ્રભુત્વશાળી.

૫૯. તો જે લોકોએ જુલ્મ કર્યો છે તેમના હિસ્સાની પણ એવી જ યાતના તૈયાર છે જેવી તેમના જેવા લોકોને તેમના હિસ્સાની મળી ચૂકી છે, તેના માટે આ લોકો મારા પાસે ઉતાવળ ન કરે.

૬૦. છેવટે તો વિનાશ છે ઇન્કાર કરનારાઓ માટે, તે દિવસે જેનાથી આમને ડરાવવામાં આવી રહ્યા છે. (રુકૂઅ-૩)

(૫૨) તૂર

પરિચય

નામ :

પહેલા જ શબ્દ 'વત્-તૂર' (સોગંદ છે તૂરના) થી લેવામાં આવ્યું છે. અહીં 'તૂર' શબ્દ એક ચોક્કસ પર્વત માટે આવ્યો છે, જેના પર હઝરત મૂસા (અલૈ.)ને પયગંબરી (ઈશદૂતત્વ) પ્રદાન કરવામાં આવી હતી.

ઉતરાણકાળ :

વિષયોના આંતરિક પુરાવાઓથી લાગે છે કે આ પણ મક્કા-મુઅઝ્ઝમાના તે જ તબક્કામાં ઊતરી છે જેમાં સૂરઃ ઝારિયાત ઊતરી હતી.

વિષય અને ચર્ચા :

આયત ૧ થી લઈને આયત ૨૮ સુધીનો વિષય આખિરત (પરલોક) છે. સૂરઃ ઝારિયાતમાં આની સંભાવના, અનિવાર્યતા અને તેના ઘટિત થવાની દલીલો આપવામાં આવી ચૂકી છે, તેથી અહીં તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું નથી, અલબત્ત આખિરતની સાક્ષી આપતાં કેટલાક તથ્યો અને લક્ષણોના સોગંદ ખાઈને ખૂબ જ ભારપૂર્વક એ કહેવામાં આવ્યું છે કે તે નિશ્ચિતપણે ઘટિત થઈને રહેશે. પછી એ બતાવવામાં આવ્યું છે કે જયારે તે સામે આવી પડશે તો તેને ખોટું ઠેરવનારાઓનો અંજામ શું આવશે અને તેને માનીને ઈશપરાયણતા અને સંયમ (તકવા)નો માર્ગ અપનાવનારાઓ કેવી રીતે અલ્લાહની મહેરબાની અને તેની કૃપાઓથી સન્માનિત થશે. ત્યારપછી આયત ૨૯ થી સૂરઃના અંત સુધી કુરૈશના સરદારોના તે વલણની નિંદા કરવામાં આવી છે જે તેમણે અલ્લાહના રસૂલ–ઈશદૂત (સલ્લ.)ના આહવાન્ સામે અપનાવેલું હતું. તેઓ આપને કયારેક જયોતિષી, કયારેક મજનૂન (ઉન્માદગ્રસ્ત) અને કયારેક શાયર કે કવિ કહેતા હતા. તેઓ આપ (સલ્લ.) પર આરોપ મૂકતા હતા કે આ કુર્આન આપ સ્વયં ઘડી-ઘડીને અલ્લાહના નામથી પ્રસ્તુત કરી રહ્યા છે. તેઓ વારંવાર વ્યંગ્ય કરતા હતા કે અલ્લાહને પયગંબરી (ઈશદૂતત્વ) માટે મળ્યા તો બસ, આ જ સાહેબ મળ્યા ! તેઓ આપના આહવાન્ અને પ્રચાર-પ્રસાર પર અત્યંત અપ્રસન્નતા અને ખિન્નતા વ્યક્ત કરતા હતા. તેઓ પરસ્પર ભેગા મળીને વિચારતા હતા કે આપના વિરુધ્ધ કઈ ચાલ એવી ચાલવામાં આવે, જેથી આપનું આ આહવાન્ સમાપ્ત થઈ જાય. અલ્લાહે તેમના આ જ વલણની નિંદા કરતાં

નિરંતર એક પછી એક કેટલાક પ્રશ્નો કર્યા છે, જેમાંથી દરેક પ્રશ્ન કાં તો એમના કોઈ આરોપનો જવાબ છે અથવા એમની કોઈ અજ્ઞાનતાની સમીક્ષા. ત્યારપછી કહ્યું છે કે આ હઠધર્મ લોકોને આપની પયગંબરીનો સ્વીકાર કરાવી લેવા માટે કોઈ ચમત્કાર દેખાડવો તદ્દન નિરર્થક છે. આયત ૨૮ પછી કેટલીક આયતોમાં અલ્લાહના રસૂલ (સલ્લ.)ને એ આદેશ આપવામાં આવ્યો છે કે આ વિરોધીઓ અને દુશ્મનોના આક્ષેપો અને વાંધાઓની પરવા કર્યા વિના પોતાના આહવાન્ અને લોકોને સચેત કરવાનું કામ નિરંતર ચાલુ રાખો, અને અંતમાં પણ આપને તાકીદ કરવામાં આવી છે કે ધૈર્યપૂર્વક આ રુકાવટોનો સામનો કર્યે જાઓ, ત્યાં સુધી કે અલ્લાહનો ફેંસલો આવી જાય. તે સાથે આપને સાંત્વના આપવામાં આવી છે કે આપના પ્રભુ-પાલનહારે આપને સત્યના દુશ્મનોના મુકાબલામાં ઊભા કરીને પોતાની હાલત પર છોડી નથી દીધા, બલ્કે તે સતત આપની દેખરેખ રાખી રહ્યો છે. જ્યાં સુધી તેના નિર્ણયની ઘડી આવે, આપ બધું જ સહન કરતાં રહો અને પોતાના રબ (પ્રભુ-પાલનહાર)ની સ્તુતિ અને તેના મહિમાગાનથી તે શક્તિ પ્રાપ્ત કરતા રહો જે આવા સંજોગોમાં અલ્લાહનું કામ કરવા માટે અપેક્ષિત હોય છે.

اٰيَاتُهَا ٤٩ (٥٢) سُوْرَةُ الطُّوْرِ مَكِّيَّةٌ (٧٦) رُكُوْعَاتُهَا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالطُّوْرِ ۙ﴿١﴾ وَكِتٰبٍ مَّسْطُوْرٍ ۙ﴿٢﴾ فِيْ رَقٍّ مَّنْشُوْرٍ ۙ﴿٣﴾
وَّالْبَيْتِ الْمَعْمُوْرِ ۙ﴿٤﴾ وَالسَّقْفِ الْمَرْفُوْعِ ۙ﴿٥﴾ وَالْبَحْرِ
الْمَسْجُوْرِ ۙ﴿٦﴾ اِنَّ عَذَابَ رَبِّكَ لَوَاقِعٌ ۙ﴿٧﴾ مَّا لَهٗ
مِنْ دَافِعٍ ۙ﴿٨﴾ يَّوْمَ تَمُوْرُ السَّمَآءُ مَوْرًا ۙ﴿٩﴾ وَّتَسِيْرُ
الْجِبَالُ سَيْرًا ؕ﴿١٠﴾ فَوَيْلٌ يَّوْمَئِذٍ لِّلْمُكَذِّبِيْنَ ۙ﴿١١﴾
وقف لازم الَّذِيْنَ هُمْ فِيْ خَوْضٍ يَّلْعَبُوْنَ ۘ﴿١٢﴾ يَوْمَ يُدَعُّوْنَ
اِلٰى نَارِ جَهَنَّمَ دَعًّا ؕ﴿١٣﴾ هٰذِهِ النَّارُ الَّتِيْ كُنْتُمْ
بِهَا تُكَذِّبُوْنَ ﴿١٤﴾ اَفَسِحْرٌ هٰذَاۤ اَمْ اَنْتُمْ لَا تُبْصِرُوْنَ ۚ﴿١٥﴾
اِصْلَوْهَا فَاصْبِرُوْۤا اَوْ لَا تَصْبِرُوْا ۚ سَوَآءٌ عَلَيْكُمْ ؕ
اِنَّمَا تُجْزَوْنَ مَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿١٦﴾ اِنَّ الْمُتَّقِيْنَ
فِيْ جَنّٰتٍ وَّنَعِيْمٍ ۙ﴿١٧﴾ فٰكِهِيْنَ بِمَاۤ اٰتٰىهُمْ رَبُّهُمْ ۚ وَوَقٰىهُمْ
رَبُّهُمْ عَذَابَ الْجَحِيْمِ ﴿١٨﴾ كُلُوْا وَاشْرَبُوْا هَنِيْٓـئًا بِمَا
كُنْتُمْ تَعْمَلُوْنَ ۙ﴿١٩﴾ مُتَّكِـِٕيْنَ عَلٰى سُرُرٍ مَّصْفُوْفَةٍ ۚ وَ
زَوَّجْنٰهُمْ بِحُوْرٍ عِيْنٍ ﴿٢٠﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا وَاتَّبَعَتْهُمْ
ذُرِّيَّتُهُمْ بِاِيْمَانٍ اَلْحَقْنَا بِهِمْ ذُرِّيَّتَهُمْ وَمَاۤ اَلَتْنٰهُمْ
مِّنْ عَمَلِهِمْ مِّنْ شَيْءٍ ؕ كُلُّ امْرِیءٍۢ بِمَا كَسَبَ رَهِيْنٌ ﴿٢١﴾
منزل ٧ وَاَمْدَدْنٰهُمْ بِفَاكِهَةٍ وَّلَحْمٍ مِّمَّا يَشْتَهُوْنَ ﴿٢٢﴾ يَتَنَازَعُوْنَ

(૫૨) સૂરઃ અત્-તૂર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૪૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે તૂરના !
૨-૩. અને એક એવા સ્પષ્ટ ગ્રંથના જે પાતળી ખાલ પર લખાયેલો છે !
૪-૫. અને આબાદ ઘરના ! અને ઊંચી છતના !
૬. અને લહેરાતા-ઉછળતા સમુદ્રના !
૭. કે તારા રબ (પ્રભુ)ની યાતના ચોક્કસ ઘટિત થવાની છે,
૮. જેને કોઈ ટાળનાર નથી.
૯. તે દિવસે તે આવશે જ્યારે આકાશ અત્યંત ખરાબ રીતે ડગમગશે
૧૦. અને પર્વતો ઉડતા ફરશે.
૧૧. વિનાશ છે તે દિવસે, તે ખોટું ઠેરવનારાઓ માટે
૧૨. જેઓ આજે ખેલ તરીકે પોતાની દલીલબાજીઓમાં પડેલા છે.
૧૩-૧૪. જે દિવસે તેમને ધક્કા મારી-મારીને જહન્નમ (નર્ક)ની આગ તરફ લઈ જવામાં આવશે ત્યારે તેમને કહેવામાં આવશે, ''આ તે જ આગ છે જેને તમે ખોટી ઠેરવતા હતા.
૧૫. હવે કહો, આ જાદૂ છે કે પછી તમને સૂઝતું નથી ?
૧૬. જાઓ, હવે બળો આમાં, તમે ચાહે ધૈર્ય રાખો કે ન રાખો તમારા માટે સરખું છે, તમને એવો જ બદલો આપવામાં આવી રહ્યો છે જેવાં તમે કર્મ કરતા હતા.''
૧૭. પરહેજગાર (ઈશપરાયણ-સંયમી) લોકો ત્યાં બાગો અને નેઅ્મતોમાં હશે,
૧૮. આનંદ લઈ રહ્યા હશે તે વસ્તુઓનો જે તેમનો રબ (પ્રભુ) તેમને આપશે, અને તેમનો રબ તેમને દોજખની યાતનાથી બચાવી લેશે.
૧૯. (તેમને કહેવામાં આવશે) ખાઓ અને પીઓ આનંદથી, પોતાના તે કર્મોના બદલામાં જે તમે કરતા રહ્યા છો.
૨૦. તેઓ સામ-સામે બિછાવેલા આસનો પર ગાવ-તકિયાને અઢેલીને બેઠાં હશે અને અમે સુંદર નયનોવાળી હૂરો (અપ્સરાઓ)નો તેમના સાથે વિવાહ કરી દઈશું.
૨૧. જે લોકો ઈમાન લાવ્યા છે અને જેમના સંતાનો પણ કેટલાક અંશે ઈમાન ઉપર તેમના પગલે ચાલ્યા છે તે સંતાનોને પણ અમે (જન્નતમાં) તેમના સાથે મેળવી દઈશું અને તેમના કર્મમાં તેમને સહેજ પણ ઘટ આપીશું નહીં. દરેક વ્યક્તિ પોતાની કમાણીના અવેજમાં ગીરવે છે.
૨૨. અમે તેમને દરેક પ્રકારના ફળ અને માંસ, જે વસ્તુ માટે પણ તેમનું મન ઇચ્છશે, પુષ્કળ પ્રમાણમાં આપ્યે જઈશું.

فِيْهَا كَاْسًا لَّا لَغْوٌ فِيْهَا وَلَا تَاْثِيْمٌ ﴿٢٣﴾ وَيَطُوْفُ
عَلَيْهِمْ غِلْمَانٌ لَّهُمْ كَاَنَّهُمْ لُؤْلُؤٌ مَّكْنُوْنٌ ﴿٢٤﴾ وَاَقْبَلَ
بَعْضُهُمْ عَلٰى بَعْضٍ يَّتَسَآءَلُوْنَ ﴿٢٥﴾ قَالُوْٓا اِنَّا كُنَّا
قَبْلُ فِيْٓ اَهْلِنَا مُشْفِقِيْنَ ﴿٢٦﴾ فَمَنَّ اللّٰهُ عَلَيْنَا
وَوَقٰىنَا عَذَابَ السَّمُوْمِ ﴿٢٧﴾ اِنَّا كُنَّا مِنْ قَبْلُ نَدْعُوْهُ ؕ
اِنَّهٗ هُوَ الْبَرُّ الرَّحِيْمُ ﴿٢٨﴾ فَذَكِّرْ فَمَآ اَنْتَ بِنِعْمَتِ ع ٢٨
رَبِّكَ بِكَاهِنٍ وَّلَا مَجْنُوْنٍ ﴿٢٩﴾ اَمْ يَقُوْلُوْنَ شَاعِرٌ
نَّتَرَبَّصُ بِهٖ رَيْبَ الْمَنُوْنِ ﴿٣٠﴾ قُلْ تَرَبَّصُوْا فَاِنِّيْ
مَعَكُمْ مِّنَ الْمُتَرَبِّصِيْنَ ﴿٣١﴾ اَمْ تَاْمُرُهُمْ اَحْلَامُهُمْ
بِهٰذَآ اَمْ هُمْ قَوْمٌ طَاغُوْنَ ﴿٣٢﴾ اَمْ يَقُوْلُوْنَ تَقَوَّلَهٗ ۚ
بَلْ لَّا يُؤْمِنُوْنَ ﴿٣٣﴾ فَلْيَاْتُوْا بِحَدِيْثٍ مِّثْلِهٖٓ اِنْ كَانُوْا
صٰدِقِيْنَ ﴿٣٤﴾ اَمْ خُلِقُوْا مِنْ غَيْرِ شَيْءٍ اَمْ هُمُ الْخٰلِقُوْنَ ﴿٣٥﴾
اَمْ خَلَقُوا السَّمٰوٰتِ وَالْاَرْضَ ۚ بَلْ لَّا يُوْقِنُوْنَ ﴿٣٦﴾
اَمْ عِنْدَهُمْ خَزَآئِنُ رَبِّكَ اَمْ هُمُ الْمُصَيْطِرُوْنَ ﴿٣٧﴾
اَمْ لَهُمْ سُلَّمٌ يَّسْتَمِعُوْنَ فِيْهِ ۚ فَلْيَاْتِ مُسْتَمِعُهُمْ
بِسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿٣٨﴾ اَمْ لَهُ الْبَنٰتُ وَلَكُمُ الْبَنُوْنَ ﴿٣٩﴾
اَمْ تَسْـَٔلُهُمْ اَجْرًا فَهُمْ مِّنْ مَّغْرَمٍ مُّثْقَلُوْنَ ﴿٤٠﴾ اَمْ
عِنْدَهُمُ الْغَيْبُ فَهُمْ يَكْتُبُوْنَ ﴿٤١﴾ اَمْ يُرِيْدُوْنَ
كَيْدًا ؕ فَالَّذِيْنَ كَفَرُوْا هُمُ الْمَكِيْدُوْنَ ﴿٤٢﴾ اَمْ لَهُمْ

૨૩. તેઓ એકબીજા પાસેથી શરાબના જામ ઉતાવળથી લઈ રહ્યા હશે, જેમાં ન બકવાદ હશે, ન દુષ્ચરિત્રતા.
૨૪. અને તેમની સેવામાં તે છોકરાઓ દોડતાં ફરતા હશે જે તેમના જ (સેવા માટે) ખાસ હશે, એવા સુંદર જાણે છુપાવીને રાખેલા મોતી.
૨૫. આ લોકો પરસ્પર એકબીજાથી (દુનિયામાં થઈ ગયેલા) વૃત્તાંતો વિષે પૂછશે.
૨૬-૨૭. આ લોકો કહેશે કે અમે પહેલાં અમારા કુટુંબીઓમાં ડરીને જીવન પસાર કરતા હતા, છેવટે અલ્લાહે અમારા પર કૃપા કરી અને અમને દઝાડી દેનારી હવાની યાતનાથી બચાવી લીધા,
૨૮. અમે પાછલા જીવનમાં તેના જ પાસે પ્રાર્થનાઓ–દુઆઓ માગતા હતા, તે ખરેખર ઘણો જ ઉપકારી અને દયાળુ છે. (રુકૂઅ-૧)
૨૯. તો હે પયગંબર ! તમે શિખામણ આપતા રહો, પોતાના રબની કૃપાથી ન તમે જ્યોતિષ છો, ન ઉન્માદગ્રસ્ત.
૩૦. શું આ લોકો એમ કહે છે કે આ વ્યક્તિ કવિ છે જેના માટે અમે કાળચક્ર ફરે તેની પ્રતીક્ષા કરી રહ્યા છીએ ?
૩૧. આમને કહો, ભલે, પ્રતીક્ષા કરો, હું પણ તમારા સાથે પ્રતીક્ષા કરું છું.
૩૨. શું આ લોકોની બુદ્ધિઓ આમને આવી જ વાતો કરવાનું કહે છે ? કે પછી હકીકત એ છે કે આ લોકો વૈમનસ્યમાં હદ વટાવી ગયેલા લોકો છે ?
૩૩. શું આ લોકો કહે છે કે આ માણસે આ કુર્આન પોતે ઘડી કાઢ્યું છે ? સાચી વાત એ છે કે આ લોકો ઈમાન લાવવા માગતા નથી.
૩૪. જો આ લોકો પોતાના આ કથનમાં સાચા છે તો આવો જ યશસ્વી–ગૌરવશાળી એક કલામ (વાણી) બનાવી લાવે.
૩૫. શું આ લોકો કોઈ સૃષ્ટા વગર સ્વયં પેદા થઈ ગયા છે ? કે આ પોતે જ પોતાના સૃષ્ટા છે ?
૩૬. કે ધરતી અને આકાશોને આમણે પેદા કર્યા છે ? વાસ્તવિકતા એ છે કે આ લોકો વિશ્વાસ ધરાવતા નથી.
૩૭. શું તારા રબ (માલિક)ના ખજાના આમના કબ્જામાં છે ? કે તેમના પર આમની જ આજ્ઞા ચાલે છે ?
૩૮. શું આમની પાસે કોઈ સીડી છે જેના ઉપર ચઢીને આ લોકો ઉપરના લોકનો ભેદ લઈ લે છે ? આ લોકોમાંથી જેણે ભેદ લઈ લીધો હોય તે લાવે કોઈ સ્પષ્ટ પ્રમાણ.
૩૯. શું અલ્લાહ માટે તો પુત્રીઓ છે અને તમારા લોકો માટે પુત્રો ?
૪૦. શું તમે આમના પાસેથી કોઈ બદલો માગો છો કે બળજબરીથી પડેલ દંડના બોજ હેઠળ દબાતા જાય છે ?
૪૧. શું આમના પાસે અદૃશ્યની હકીકતોનું જ્ઞાન છે કે જેના આધારે તેઓ આ લખી રહ્યા હોય ?

اِلٰهٌ غَيْرُ اللّٰهِ ؕ سُبْحٰنَ اللّٰهِ عَمَّا يُشْرِكُوْنَ ۝٤٣ وَاِنْ
يَّرَوْا كِسْفًا مِّنَ السَّمَآءِ سَاقِطًا يَّقُوْلُوْا سَحَابٌ
مَّرْكُوْمٌ ۝٤٤ فَذَرْهُمْ حَتّٰى يُلٰقُوْا يَوْمَهُمُ الَّذِيْ فِيْهِ
يُصْعَقُوْنَ ۝٤٥ۙ يَوْمَ لَا يُغْنِيْ عَنْهُمْ كَيْدُهُمْ شَيْئًا
وَّلَا هُمْ يُنْصَرُوْنَ ۝٤٦ؕ وَاِنَّ لِلَّذِيْنَ ظَلَمُوْا عَذَابًا
دُوْنَ ذٰلِكَ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ۝٤٧ وَاصْبِرْ
لِحُكْمِ رَبِّكَ فَاِنَّكَ بِاَعْيُنِنَا وَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ حِيْنَ
تَقُوْمُ ۝٤٨ۙ وَمِنَ الَّيْلِ فَسَبِّحْهُ وَاِدْبَارَ النُّجُوْمِ ۝٤٩ ع

منزل ٧ ع٣

૪૨. શું આ લોકો કોઈ ચાલ ચાલવા માગે છે ? જો આ વાત છે તો ઈન્કાર કરનારાઓ જ પોતાની ચાલમાં સપડાઈ જશે.

૪૩. શું અલ્લાહ સિવાય આ લોકોનો કોઈ બીજો ઉપાસ્ય છે ? અલ્લાહ પાક છે તે શિર્ક (અનેકેશ્વરવાદી કૃત્ય)થી જે આ લોકો કરી રહ્યા છે.

૪૪. તો આ લોકો આકાશના ટુકડા પણ પડતા જોઈ લે, તો કહેશે કે આ વાદળ છે જે ઘેરાતા આવી રહ્યા છે.

૪૫. તો હે પયગંબર ! આમને એમની હાલત પર છોડી દો, ત્યાં સુધી કે આ લોકો પોતાના તે દિવસે પહોંચી જાય જેમાં તેઓને મારીને પાડી દેવામાં આવશે,

૪૬. જે દિવસે ન એમની પોતાની કોઈ ચાલ એમના કોઈ કામ આવશે, ન કોઈ તેમની મદદે આવશે.

૪૭. અને તે સમયના આગમન પહેલાં પણ અત્યાચારીઓ માટે એક યાતના છે, પરંતુ આમના પૈકી ઘણાંખરા જાણતા નથી.

૪૮. હે પયગંબર ! પોતાના રબ (પ્રભુ)નો ફેંસલો આવે ત્યાં સુધી ધૈર્ય રાખો, તમે અમારી નજરમાં છો. તમે જ્યારે ઊઠો તો પોતાના રબની પ્રશંસા સાથે તેની તસ્બીહ (મહિમાગાન) કરો,

૪૯. રાત્રે પણ તેની તસ્બીહ કરો અને તારાઓ જ્યારે પાછા વળે છે તે વખતે પણ. (રુકૂઅ-૨)

(૫૩) નજ્મ

પરિચય

નામ :

પહેલા જ શબ્દ 'વન્-નજ્મ' (સોગંદ છે તારાની) થી લેવામાં આવ્યું છે અને માત્ર પ્રતીકના રૂપે આને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)નું કથન છે કે ''પહેલી સૂરઃ, જેમાં સિજદાની આયત ઊતરી, અન્-નજ્મ છે.'' તે સાથે એ કે આ કુર્આન-મજીદની તે પહેલી સૂરઃ છે જેને રસૂલુલ્લાહ—ઈશદૂત (સલ્લ.)એ કુરૈશના એક જન-સમૂહમાં (અને ઇબ્ને મરદૂયાની રિવાયત મુજબ કા'બામાં) સંભળાવી હતી. જન-સમૂહમાં કાફિર (વિરોધીઓ) અને મોમિન (ઈમાનવાળા) બધાં જ ઉપસ્થિત હતા. અંતમાં જ્યારે આપ (સલ્લ.)એ સિજદાની આયત પઢીને સિજદો કર્યો તો તમામ ઉપસ્થિત લોકો આપ (સલ્લ.)ની સાથે સિજદામાં પડી ગયા અને મુશ્‌રિકો (અનેકેશ્વરવાદીઓ)ના તે મોટા-મોટા સરદારો સુધ્ધાં, જેઓ વિરોધ કરવામાં મોખરે રહેતા હતા, સિજદો કર્યા વિના રહી ન શક્યા. ઇબ્ને સઅદ વર્ણવે છે કે આના પહેલાં રજ્જબ નબવી સન ૦૫ માં સહાબા-કિરામનો એક નાનકડો સમૂહ હબશા તરફ હિજરત કરી ચૂક્યો હતો. પછી જ્યારે તે જ વર્ષે રમઝાનમાં આ ઘટના બની તો હબશાના હિજરતીઓ સુધી આ ઘટના એ રૂપમાં પહોંચી કે મક્કાના કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ) મુસલમાન થઈ ગયા છે. આ સમાચાર સાંભળીને તેમાંથી કેટલાક લોકો શવ્વાલ નબવી સન ૦૫માં મક્કા પરત આવી ગયા, પરંતુ અહીં આવીને જાણવા મળ્યું કે અહીં તો પહેલાંની જેમ જ અત્યાચારની ચક્કી એ જ રીતે ચાલી રહી છે જે રીતે પહેલાં ચાલી રહી હતી. અંતે, હબશાની બીજી હિજરતની ઘટના બની, જેમાં પહેલી હિજરત કરતાં પણ વધુ લોકો મક્કા છોડીને જતા રહ્યા. આમ એ વાત લગભગ નિશ્ચિતરૂપે જણાઈ આવે છે કે આ સૂરઃ રમઝાન નબવી સન ૦૫ માં ઊતરી છે.

ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિ :

ઉતરાણકાળની આ વિગતો પરથી ખબર પડી જાય છે કે તે સંજોગો કેવા હતા, જેમાં આ સૂરઃનું અવતરણ થયું. (મક્કાના ઇસ્લામ-વિરોધીઓના નિરંતર

એ પ્રયત્નો રહેતા હતા કે) ઈશ-વાણીને ન પોતે સાંભળે, ન કોઈને સાંભળવા દે અને તેના વિરુધ્ધ જાત-જાતની ભ્રામક વાતો ફેલાવીને માત્ર પોતાના દુષ્પ્રચારના બળે આપ (સલ્લ.)ના આહવાનને દબાવી દે. આ જ સંજોગોમાં એક દિવસે પવિત્ર હરમ (કા'બા)માં જયારે આ ઘટના ઘટી કે પયગંબર (સલ્લ.)ની જબાનથી સૂરઃ નજ્મને સાંભળીને આપ (સલ્લ.)ના સાથે કુરૈશના ઇસ્લામ-વિરોધીઓ પણ સિજદામાં પડી ગયા, તે પછી એમને ભારે મૂંઝવણ થઈ કે આ અમારાથી કેવી નબળાઈ પ્રગટ થઈ ગઈ, અને લોકોએ પણ એ કારણે તેમને ઠપકો આપવા માંડ્યો કે બીજાઓને તો આ વાણી સાંભળવાની મનાઈ કરતા હતા, આજે પોતે તેને ન માત્ર કાન લગાડીને સાંભળી, બલ્કે મુહમ્મદ (સલ્લ.)ની સાથે સિજદામાં પણ પડી ગયા. છેવટે તેમણે એ વાત બનાવીને પોતાનો પીછો છોડાવ્યો કે ભાઈ, અમારા કાનોએ તો ''હવે જરા બતાવો તમે ક્યારેય આ 'લાત' અને 'ઉઝ્ઝા' અને ત્રીજી એક દેવી 'મનાત'ની હકીકત પર કંઈ વિચાર કર્યો છે ?'' પછી મુહમ્મદ (સલ્લ.)ની જબાનથી આ શબ્દો સાંભળ્યા હતા, ''આ ઉચ્ચ કોટિની દેવીઓ છે અને એમની ભલામણની ચોક્કસ અપેક્ષા કરી શકાય છે.'' આથી અમે માન્યું કે મુહમ્મદ (સલ્લ.) આપણી રીત પર પાછા આવી ગયા છે. જો કે કોઈ પાગલ માણસ જ આવું વિચારી શકતો હતો કે આ સમગ્ર સૂરઃના સંદર્ભમાં તે વાક્યોનું પણ કોઈ સ્થાન હોઈ શકે છે, જે અંગે તેમનો દાવો હતો કે તેમના કાનોએ સાંભળ્યા છે.

(વધુ વિગત માટે જુઓ : સૂરઃ ૨૨, અલ-હજ્જ, નોંધ ૯૬ થી ૧૦૧)

વિષય અને ચર્ચા :

પ્રવચનનો વિષય મક્કાના ઇસ્લામ-વિરોધીઓ (કાફિરો)ને તે વલણની ભૂલ માટે ચેતવવાનો છે જે તેમણે કુર્આન અને હઝરત મુહમ્મદ (સલ્લ.) વિશે અપનાવી રાખ્યું હતું. ચર્ચા આ રીતે શરૂ કરવામાં આવી છે કે હઝરત મુહમ્મદ (સલ્લ.) બહેકી ગયેલા અને ભટકેલા માણસ નથી, જેમ કે તમે એમના વિષે પ્રચાર કરતા ફરી રહ્યા છો અને ન ઇસ્લામનું આ શિક્ષણ અને આમંત્રણ તેમણે સ્વયં પોતાના મનથી ઘડી કાઢ્યું છે, જેમ કે તમે પોતાની રીતે સમજી બેઠા છો, બલ્કે જે કંઈ તેઓ પ્રસ્તુત કરી રહ્યા છે તે વિશુદ્ધ વહી (દિવ્ય પ્રકાશના) છે જે તેમના ઉપર અવતરિત કરવામાં આવે છે. જે સચ્ચાઈઓ તેઓ તમારા સામે વર્ણવી રહ્યા છે, તે તેમની પોતાની કલ્પના અને અનુમાનોની ઉપજ નથી, બલ્કે તેમણે નજરો-નજર નિહાળેલી હકીકતો છે. આ પછી ક્રમવાર ત્રણ વિષયો વર્ણવવામાં આવ્યા છે –

એક એ કે શ્રોતાઓને સમજાવવામાં આવ્યું છે કે જે ધર્મનું તમે અનુસરણ કરી રહ્યા છો તેનો પાયો માત્ર અટકળ અને મનમાની કલ્પનાઓ પર સ્થિત છે. તમે જે ધારણાઓ-માન્યતાઓ અપનાવી રાખી છે, એમાંથી કોઈ માન્યતા પણ જ્ઞાન અને દલીલ પર આધારિત નથી, બલ્કે કેટલીક ઇચ્છાઓ છે, જેના માટે તમે કેટલીક અંધશ્રદ્ધાઓને સત્ય સમજી બેસ્યા છો. આ એક ખૂબ મોટી પાયાની ભૂલ છે, જેમાં તમે લોકો ગ્રસ્ત છો. આ ભૂલમાં તમારા પડવાનું મૂળ કારણ એ છે કે તમને આખિરત (પરલોક)ની કોઈ ચિંતા નથી, બસ દુનિયા (આલોક) જ તમને જોઈએ છે, તેથી તમને સત્યના જ્ઞાનની કોઈ ઇચ્છા નથી.

બીજું એ કે લોકોને એ દર્શાવવામાં આવ્યું છે કે અલ્લાહ જ સંપૂર્ણ સૃષ્ટિનો માલિક અને સર્વાધિકારી છે. સન્માર્ગ પર તે છે જે તેના માર્ગ પર હોય અને પથભ્રષ્ટ તે છે જે આ માર્ગથી ચલિત થયેલો હોય. દરેકના કર્મને તે જાણે છે અને તેને ત્યાં અનિવાર્યપણે બૂરાઈનો બદલો બૂરો અને ભલાઈનો બદલો ભલો મળીને જ રહેવાનો છે.

ત્રીજું એ કે સત્ય-ધર્મના તે કેટલાક પાયાના તથ્યો લોકોના સામે પ્રસ્તુત કરવામાં આવ્યા છે, જે કુર્આન-મજીદના અવતરણના સેંકડો વર્ષ પહેલાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને હઝરત મૂસા (અલૈ.) પર અવતરિત ધર્મ-ગ્રંથોમાં વર્ણવવામાં આવી ચૂક્યા હતા, જેથી તેમને ખ્યાલ આવે કે આ તે આધારભૂત તથ્યો છે જે હંમેશાથી અલ્લાહના પયગંબરો વર્ણવતા આવ્યા છે.

આ ચર્ચાઓ પછી પ્રવચન એ વાત પર સમાપ્ત કરવામાં આવ્યું છે કે ફેંસલાની ઘડી નજીક આવી પહોંચી છે, જેને કોઈ ટાળનાર નથી. તે ઘડીના આગમન પહેલાં હઝરત મુહમ્મદ (સલ્લ.) અને કુર્આન-મજીદ દ્વારા તમને લોકોને એ જ રીતે ચેતવવામાં આવી રહ્યા છે જે રીતે અગાઉ લોકોને ચેતવવામાં આવ્યા હતા. હવે શું આ જ તે વાત છે જે તમને અનોખી લાગે છે, જેની તમે હાંસી ઉડાવો છો ?

اٰيَاتُهَا ٦٢ (٥٣) سُوْرَةُ النَّجْمِ مَكِّيَّةٌ (٢٣) رُكُوْعَاتُهَا ٣

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالنَّجْمِ اِذَا هَوٰى ﴿١﴾ مَا ضَلَّ صَاحِبُكُمْ وَمَا غَوٰى ﴿٢﴾
وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰى ﴿٣﴾ اِنْ هُوَ اِلَّا وَحْیٌ يُّوْحٰى ﴿٤﴾
عَلَّمَهٗ شَدِيْدُ الْقُوٰى ﴿٥﴾ ذُوْ مِرَّةٍ ؕ فَاسْتَوٰى ﴿٦﴾ وَهُوَ
بِالْاُفُقِ الْاَعْلٰى ﴿٧﴾ ثُمَّ دَنَا فَتَدَلّٰى ﴿٨﴾ فَكَانَ قَابَ
قَوْسَيْنِ اَوْ اَدْنٰى ﴿٩﴾ فَاَوْحٰۤى اِلٰى عَبْدِهٖ مَاۤ اَوْحٰى ﴿١٠﴾ مَا
كَذَبَ الْفُؤَادُ مَا رَاٰى ﴿١١﴾ اَفَتُمٰرُوْنَهٗ عَلٰى مَا يَرٰى ﴿١٢﴾
وَلَقَدْ رَاٰهُ نَزْلَةً اُخْرٰى ﴿١٣﴾ عِنْدَ سِدْرَةِ الْمُنْتَهٰى ﴿١٤﴾
عِنْدَهَا جَنَّةُ الْمَاْوٰى ﴿١٥﴾ اِذْ يَغْشَى السِّدْرَةَ مَا يَغْشٰى ﴿١٦﴾
مَا زَاغَ الْبَصَرُ وَمَا طَغٰى ﴿١٧﴾ لَقَدْ رَاٰى مِنْ اٰيٰتِ رَبِّهِ
الْكُبْرٰى ﴿١٨﴾ اَفَرَءَيْتُمُ اللّٰتَ وَالْعُزّٰى ﴿١٩﴾ وَمَنٰوةَ الثَّالِثَةَ
الْاُخْرٰى ﴿٢٠﴾ اَلَكُمُ الذَّكَرُ وَلَهُ الْاُنْثٰى ﴿٢١﴾ تِلْكَ اِذًا قِسْمَةٌ
ضِيْزٰى ﴿٢٢﴾ اِنْ هِىَ اِلَّاۤ اَسْمَآءٌ سَمَّيْتُمُوْهَاۤ اَنْتُمْ وَ
اٰبَآؤُكُمْ مَّاۤ اَنْزَلَ اللّٰهُ بِهَا مِنْ سُلْطٰنٍ ؕ اِنْ يَّتَّبِعُوْنَ
اِلَّا الظَّنَّ وَمَا تَهْوَى الْاَنْفُسُ ۚ وَلَقَدْ جَآءَهُمْ مِّنْ
رَّبِّهِمُ الْهُدٰى ﴿٢٣﴾ اَمْ لِلْاِنْسَانِ مَا تَمَنّٰى ﴿٢٤﴾ فَلِلّٰهِ
الْاٰخِرَةُ وَالْاُوْلٰى ﴿٢٥﴾ وَكَمْ مِّنْ مَّلَكٍ فِى السَّمٰوٰتِ لَا ع ٥ ٣٥
تُغْنِىْ شَفَاعَتُهُمْ شَيْـًٔا اِلَّا مِنْۢ بَعْدِ اَنْ يَّاْذَنَ اللّٰهُ

(૫૩) અન્-નજ્મ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૩ ● આયતો : ૬૨)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે તારાની, જ્યારે તે ડૂબ્યો !
૨. તમારો સાથી ન ભટક્યો છે, ન બહેક્યો છે.
૩. તે પોતાના મનની ઇચ્છાઓથી નથી બોલતો,
૪. આ તો એક વહી (દિવ્યપ્રકાશના) છે જે તેના ઉપર ઉતારવામાં આવે છે.
૫. તેને તે જબરજસ્ત શક્તિશાળીએ શિક્ષા આપી છે,
૬. જે મોટો તત્ત્વદર્શી છે. તે સામે આવીને ઊભો થઈ ગયો,
૭. જ્યારે તે ક્ષિતિજના ઉપરના કિનારે હતો,
૮. પછી નજીક આવ્યો અને ઉપર રોકાઈ ગયો,
૯. ત્યાં સુધી કે બે કમાનો જેટલું અથવા તેનાથી થોડું ઓછું અંતર રહી ગયું.
૧૦. ત્યારે તેણે અલ્લાહના બંદાને વહી (પ્રકાશના) પહોંચાડી જે પણ વહી તેણે પહોંચાડવાની હતી.
૧૧. આંખોએ જે કંઈ જોયું, હૃદયે તેમાં જૂઠ ન ભેળવ્યું.
૧૨. હવે શું તમે તે વસ્તુ માટે તેનાથી ઝઘડો છો જેને તે આંખોથી નિહાળે છે?
૧૩-૧૪. અનેએકવખતફરીથીતેણેસિદ્રતુલ્મુન્તહા★નીપાસેતેનેઊતરતોજોયો
૧૫. જ્યાં પાસે જ જન્નતુલ-માવા (સ્વર્ગ-સદૈવ રહેવાનું ઠેકાણું) છે.
૧૬. તે વખતે 'સિદરહ' (બોરડી) પર છવાઈ રહ્યો હતો જે કંઈ છવાઈ રહ્યો હતો,
૧૭. નજર ન તો અંજાઈ, ન હદથી આગળ વધી,
૧૮. અને તેણે પોતાના રબની મોટી-મોટી નિશાનીઓ જોઈ.
૧૯. હવે બતાવો તો જરા, તમે ક્યારેય આ 'લાત', અને આ 'ઉઝ્ઝા',
૨૦. અને ત્રીજી એક દેવી 'મનાત'ની હકીકત પર જરા પણ વિચાર કર્યો છે?
૨૧. શું પુત્રો તમારા માટે છે અને પુત્રીઓ અલ્લાહ માટે ?
૨૨. આ તો પછી ભારે કપટયુક્ત વહેંચણી થઈ !
૨૩. વાસ્તવમાં તે કંઈ નથી પરંતુ માત્ર કેટલાક નામો જે તમે અને તમારા બાપ-દાદાઓએ રાખી લીધા છે. અલ્લાહે આમના માટે કોઈ સનંદ નથી ઊતારી. હકીકત એ છે કે લોકો માત્ર અટકળો પાછળ ચાલી રહ્યા છે અને મનેચ્છાઓના ભક્ત બનેલા છે. જો કે તેમના રબ (પ્રભુ-પાલનહાર) તરફથી તેમના પાસે માર્ગદર્શન આવી ચૂક્યું છે.
૨૪. શું મનુષ્ય જે કંઈ ઇચ્છે તેના માટે તે જ સત્ય છે ?
૨૫. દુનિયા અને આખિરતનો માલિક તો અલ્લાહ જ છે. (રુકૂઅ-૧)

★ 'સિદ્રતુલ્ મુન્તહા' અર્થાત્ તે બોરનું વૃક્ષ જે અંતિમ કિનારા પર સ્થિત છે. અહીં આપણા માટે એ જાણવું કઠિન છે કે આ ભૌતિક જગતની આખરી સરહદ પર તે બોરનું વૃક્ષ કેવું છે અને તેનો વાસ્તવિક આકાર, પ્રકાર અને સ્થિતિ શું છે. આ ઈશ્વરીય જગતના રહસ્યો છે જેના સુધી આપણી સમજ પહોંચી➔

لِمَنْ يَّشَآءُ وَيَرْضٰى ﴿٢٦﴾ اِنَّ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ
لَيُسَمُّوْنَ الْمَلٰٓئِكَةَ تَسْمِيَةَ الْاُنْثٰى ﴿٢٧﴾ وَمَا لَهُمْ بِهٖ
مِنْ عِلْمٍ ؕ اِنْ يَّتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ ۚ وَاِنَّ الظَّنَّ لَا
يُغْنِيْ مِنَ الْحَقِّ شَيْئًا ﴿٢٨﴾ ۚ فَاَعْرِضْ عَنْ مَّنْ تَوَلّٰى ۙ ۵
عَنْ ذِكْرِنَا وَلَمْ يُرِدْ اِلَّا الْحَيٰوةَ الدُّنْيَا ﴿٢٩﴾ ؕ ذٰلِكَ
مَبْلَغُهُمْ مِّنَ الْعِلْمِ ؕ اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ بِمَنْ ضَلَّ
عَنْ سَبِيْلِهٖ ۙ وَهُوَ اَعْلَمُ بِمَنِ اهْتَدٰى ﴿٣٠﴾ وَلِلّٰهِ مَا الربع
فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۙ لِيَجْزِيَ الَّذِيْنَ
اَسَآءُوْا بِمَا عَمِلُوْا وَيَجْزِيَ الَّذِيْنَ اَحْسَنُوْا بِالْحُسْنٰى ﴿٣١﴾ ۚ
اَلَّذِيْنَ يَجْتَنِبُوْنَ كَبٰٓئِرَ الْاِثْمِ وَالْفَوَاحِشَ اِلَّا اللَّمَمَ ؕ
اِنَّ رَبَّكَ وَاسِعُ الْمَغْفِرَةِ ؕ هُوَ اَعْلَمُ بِكُمْ اِذْ اَنْشَاَكُمْ
مِّنَ الْاَرْضِ وَاِذْ اَنْتُمْ اَجِنَّةٌ فِيْ بُطُوْنِ اُمَّهٰتِكُمْ ۚ
فَلَا تُزَكُّوْٓا اَنْفُسَكُمْ ؕ هُوَ اَعْلَمُ بِمَنِ اتَّقٰى ﴿٣٢﴾ ع اَفَرَءَيْتَ ع ٧ ٢
الَّذِيْ تَوَلّٰى ﴿٣٣﴾ ۙ وَاَعْطٰى قَلِيْلًا وَّاَكْدٰى ﴿٣٤﴾ اَعِنْدَهٗ
عِلْمُ الْغَيْبِ فَهُوَ يَرٰى ﴿٣٥﴾ اَمْ لَمْ يُنَبَّاْ بِمَا فِيْ صُحُفِ
مُوْسٰى ﴿٣٦﴾ ۙ وَاِبْرٰهِيْمَ الَّذِيْ وَفّٰٓى ﴿٣٧﴾ ۙ اَلَّا تَزِرُ وَازِرَةٌ
وِّزْرَ اُخْرٰى ﴿٣٨﴾ ۙ وَاَنْ لَّيْسَ لِلْاِنْسَانِ اِلَّا مَا سَعٰى ﴿٣٩﴾ ۙ
وَاَنَّ سَعْيَهٗ سَوْفَ يُرٰى ﴿٤٠﴾ ۪ ثُمَّ يُجْزٰىهُ الْجَزَآءَ الْاَوْفٰى ﴿٤١﴾ ۙ
وَاَنَّ اِلٰى رَبِّكَ الْمُنْتَهٰى ﴿٤٢﴾ ۙ وَاَنَّهٗ هُوَ اَضْحَكَ وَاَبْكٰى ﴿٤٣﴾ ۙ منزل ٧

૨૬. આકાશોમાં કેટલાય ફરિશ્તાઓ મોજૂદ છે, તેમની ભલામણ કંઈ પણ કામ આવી શકતી નથી જ્યાં સુધી અલ્લાહ કોઈ એવા વ્યક્તિ માટે તેની પરવાનગી ન આપે જેના માટે તે કોઈ નિવેદન સાંભળવા માગે અને તેને પસંદ કરે.
૨૭. પરંતુ જે લોકો આખિરતમાં માનતા નથી તેઓ ફરિશ્તાઓને દેવીઓના નામની સંજ્ઞા આપે છે,
૨૮. જો કે આ બાબતનું કોઈ જ્ઞાન તેમને પ્રાપ્ત નથી, તેઓ માત્ર અટકળના પાછળ ચાલી રહ્યા છે, અને અટકળ સત્યની જગ્યાએ કોઈ કામ આપી શકતી નથી.
૨૯. પછી હે પયગંબર ! જે વ્યક્તિ અમારા ઝિક્રથી મુખ ફેરવે છે, અને દુનિયાના જીવન સિવાય જેને કંઈ જોઈતું નથી, તેને તેના હાલ પર છોડી દો–
૩૦. આ લોકોના જ્ઞાનની પહોંચ માત્ર અહીં સુધી જ છે, આ વાત તારો રબ જ વધુ જાણે છે કે તેના રસ્તેથી કોણ ભટકી ગયેલો છે અને કોણ સન્માર્ગ પર છે,
૩૧. અને ધરતી અને આકાશોની દરેક વસ્તુનો માલિક અલ્લાહ જ છે – જેથી અલ્લાહ બૂરાઈ કરનારાઓને તેમના કર્મનો બદલો આપે અને તે લોકોને સારું વળતર આપે જેમણે ભલાઈનો માર્ગ અપનાવ્યો છે,
૩૨. જે મોટા ગુનાઓ અને ખુલ્લંખુલ્લા અશ્લીલ કૃત્યોથી બચે છે, સિવાય કે કેટલાક કસૂર તેમનાથી થઈ જાય. નિઃશંક તારા રબની કૃપાનું દામન ખૂબ વિશાળ છે. તે તમને તે સમયથી ખૂબ સારી રીતે જાણે છે જ્યારે તેણે ધરતીથી તમને પેદા કર્યા અને જ્યારે તમે પોતાની માતાઓના પેટમાં હજુ ભ્રૂણની સ્થિતિમાં જ હતા. તો પોતાના મનની શુદ્ધતાના દાવા ન કરો, તે જ વધુ સારી રીતે જાણે છે કે હકીકતમાં અલ્લાહથી ડરવાવાળા અને સંયમી કોણ છે. (રુકૂઅ-૨)
૩૩. તો હે પયગંબર ! તમે તે માણસને પણ જોયો જે અલ્લાહના માર્ગથી ફરી ગયો
૩૪. અને થોડુંક આપીને રોકાઈ ગયો ?
૩૫. શું તેના પાસે અદૃશ્યનું જ્ઞાન છે કે તે હકીકતને જોઈ રહ્યો છે ?
૩૬. શું તેને તે વાતોના કોઈ સમાચાર પહોંચ્યા નથી જે મૂસાની પુસ્તિકાઓમાં
૩૭. અને તે ઇબ્રાહીમની પુસ્તિકાઓમાં વર્ણવવામાં આવેલ છે જેણે વફા (પ્રતિજ્ઞા અને વચન-પાલન)નો હક અદા કરી દીધો ?
૩૮. ''એ કે કોઈ બોજ ઉઠાવનાર બીજા કોઈનો બોજ નહીં ઉઠાવે,
૩૯. અને એ કે મનુષ્ય માટે આ સિવાય કશું જ નથી પરંતુ તે કે, જેના માટે તેણે પ્રયાસ કર્યો છે,
૪૦. અને એ કે તેના પ્રયાસો ટૂંક સમયમાં જ જોવામાં આવશે
૪૧. પછી તેનો પૂરેપૂરો બદલો આપવામાં આવશે,
૪૨. અને એ કે છેવટે પહોંચવાનું તારા રબના જ પાસે છે,
૪૩. અને એ કે તેણે જ હસાવ્યા, અને તેણે જ રડાવ્યા,

શકતી નથી. તે કોઈ એવી સ્થિતિ છે જેના માટે માનવીય ભાષાના શબ્દોમાં 'સિદ્રતુલ્ મુન્તહા'થી ઉચિત શબ્દ અલ્લાહની દૃષ્ટિમાં બીજો કોઈ ન હતો.

وَاَنَّهٗ هُوَ اَمَاتَ وَاَحْيَا ۝٤٤ وَاَنَّهٗ خَلَقَ الزَّوْجَيْنِ
الذَّكَرَ وَالْاُنْثٰى ۝٤٥ مِنْ نُّطْفَةٍ اِذَا تُمْنٰى ۝٤٦ وَاَنَّ عَلَيْهِ
النَّشْاَةَ الْاُخْرٰى ۝٤٧ وَاَنَّهٗ هُوَ اَغْنٰى وَاَقْنٰى ۝٤٨ وَاَنَّهٗ
هُوَ رَبُّ الشِّعْرٰى ۝٤٩ وَاَنَّهٗۤ اَهْلَكَ عَادَا ۨالْاُوْلٰى ۝٥٠
وَثَمُوْدَاۡ فَمَاۤ اَبْقٰى ۝٥١ وَقَوْمَ نُوْحٍ مِّنْ قَبْلُ ؕ اِنَّهُمْ
كَانُوْا هُمْ اَظْلَمَ وَاَطْغٰى ۝٥٢ وَالْمُؤْتَفِكَةَ اَهْوٰى ۝٥٣
فَغَشّٰىهَا مَا غَشّٰى ۝٥٤ فَبِاَيِّ اٰلَاۤءِ رَبِّكَ تَتَمَارٰى ۝٥٥
هٰذَا نَذِيْرٌ مِّنَ النُّذُرِ الْاُوْلٰى ۝٥٦ اَزِفَتِ الْاٰزِفَةُ ۝٥٧
لَيْسَ لَهَا مِنْ دُوْنِ اللّٰهِ كَاشِفَةٌ ۝٥٨ اَفَمِنْ هٰذَا
الْحَدِيْثِ تَعْجَبُوْنَ ۝٥٩ وَتَضْحَكُوْنَ وَلَا تَبْكُوْنَ ۝٦٠ وَ
اَنْتُمْ سٰمِدُوْنَ ۝٦١ فَاسْجُدُوْا لِلّٰهِ وَاعْبُدُوْا ۝٦٢ السجدة ع

منزل ٧ السجدة ١٣

૪૪. અને એ કે તેણે જ મૃત્યુ આપ્યું અને તેણે જ જીવન પ્રદાન કર્યું,
૪૫. અને એ કે તેણે જ નર અને માદાનું જોડું પેદા કર્યું
૪૬. એક ટીપાંથી, જ્યારે તેને ટપકાવવામાં આવે છે,
૪૭. અને એ કે બીજું જીવન પ્રદાન કરવાનું પણ તેના જ શિરે છે,
૪૮. અને એ કે તેણે જ ધનવાન બનાવ્યા અને સંપત્તિ પ્રદાન કરી,
૪૯. અને એ કે તે જ 'શિઅ્રા' (નામે આકાશમાં ચમકતા એક તારા) નો રબ છે,
૫૦. અને એ કે તેણે જ પહેલા આદને નષ્ટ કર્યા,
૫૧. અને સમૂદને એવા વિનષ્ટ કરી દીધા કે તેમનામાંથી કોઈને બાકી ન રહેવા દીધા,
૫૨. અને તેમના પહેલાં નૂહની કોમને નષ્ટ કરી, કેમ કે તે લોકો હતા જ ભારે અત્યાચારી અને વિદ્રોહી !
૫૩. અને ઊંધી પડનારી વસ્તીઓને ઉઠાવી ફેંકી,
૫૪. પછી આચ્છાદિત કરી દીધું તેમના ઉપર તે જે (તમે જાણો જ છો કે) શું આચ્છાદિત કરી દીધું.
૫૫ તો હે મનુષ્ય ! પોતાના રબની કઈ-કઈ કૃપાઓમાં તું શંકા કરીશ ?"
૫૬. આ એક ચેતવણી છે, અગાઉ આવેલી ચેતવણીઓમાંથી.
૫૭. આવનાર ક્ષણ નજીક આવી પહોંચી છે,
૫૮. અલ્લાહ સિવાય કોઈ તેને દૂર કરનાર નથી.
૫૯. હવે શું આ જ તે વાતો છે જેમના પર તમે આશ્ચર્ય વ્યક્ત કરો છો ?
૬૦. હસો છો, અને રડતા નથી ?
૬૧. અને ગાઈ-વગાડીને તેમને ટાળો છો ?
૬૨. ઝૂકી જાઓ અલ્લાહ સમક્ષ અને બંદગી કરો. (રુકૂઅ-૩)

(૫૪) કમર

પરિચય

નામ :

પહેલી જ આયતના વાક્યાંશ 'વન-શક્કલ કમર' (અને ચંદ્ર ફાટી ગયો) થી લેવામાં આવ્યું છે. તેનો અર્થ એ છે કે તે સૂરઃ જેમાં 'અલ-કમર' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

આ સૂરઃમાં શક્કુલ-કમર (ચંદ્રના ફાટવા)ના બનાવનો ઉલ્લેખ થયો છે, જેનાથી તેનો ઉતરાણકાળ નક્કી થઈ જાય છે. હદીસ-વેત્તાઓ અને કુર્આનના વિવરણકર્તાઓ બધાં એમાં સહમત છે કે આ બનાવ હિજરતથી લગભગ પાંચ વર્ષ પહેલાં મક્કા-મુઅઝ્ઝમામાં 'મિના' મુકામે બન્યો હતો.

વિષય અને ચર્ચા :

આમાં મક્કાના ઈસ્લામ-વિરોધીઓ (કાફિરો)ને તે હઠાગ્રહ માટે સચેત કરવામાં આવ્યા છે જે તેમણે રસૂલુલ્લાહ—ઈશદૂત (સલ્લ.)ના આમંત્રણ સામે અપનાવી રાખ્યો હતો. શક્કુલ-કમર (ચંદ્રના ફાટવા)નો આશ્ચર્યજનક બનાવ એ વાતનું સ્પષ્ટ પ્રમાણ હતું કે દુનિયાની વ્યવસ્થા ન હંમેશાથી છે, ન હંમેશા રહેશે, અને ન અમર છે. તે છિન્ન-ભિન્ન થઈ શકે છે, મોટાં-મોટાં નક્ષત્રો અને તારાઓ ફાટી શકે છે અને અને તે બધું જ બની શકે છે જેનું ચિત્રણ કયામત (મહા-પ્રલય)ના વિસ્તૃત વિવરણમાં કુર્આને કર્યું છે. એટલું જ નહીં, બલ્કે આ તે વાતની માહિતી પણ આપી રહ્યો હતો કે જગત-વ્યવસ્થાના તૂટવા-ફૂટવાનો આરંભ થઈ ચૂક્યો છે અને તે સમય નજીક છે જ્યારે કયામત આવશે. પરંતુ ઈસ્લામ-વિરોધીઓએ આને જાદુઈ ચમત્કાર બતાવ્યો અને પોતાના ઈન્કાર પર અક્કડ રહ્યા. આ જ હઠાગ્રહ પર આ સૂરઃમાં તેમની નિંદા કરવામાં આવી છે. ચર્ચાની શરૂઆત કરતાં કહેવામાં આવ્યું છે કે આ લોકો ન સમજાવવાથી માને છે, ન ઈતિહાસથી બોધપાઠ ગ્રહણ કરે છે અને ન તો આંખોથી ખુલ્લી નિશાનીઓ જોઈને ઈમાન લાવે છે. હવે તેઓ ત્યારે જ માનશે જ્યારે કયામત વાસ્તવમાં આવી જશે. તે પછી તેમના સામે નૂહ (અલૈ.)ની કોમ, આદ, સમૂદ, લૂત (અલૈ.)ની કોમ અને ફિરઔનવાળાઓના અહેવાલો ટૂંકા શબ્દોમાં વર્ણવીને બતાવવામાં આવ્યું છે કે અલ્લાહના મોકલેલા રસૂલો (ઈશદૂતો)ની ચેતવણીઓને ખોટી ઠેરવીને આ કોમો કેવી દુઃખદાયી યાતનાની ભોગ બની અને એક-એક કોમનો કિસ્સો વર્ણવ્યા પછી વારંવાર એ વાત દોહરાવવામાં

આવી છે કે આ કુર્આન શિખામણનું સહજ માધ્યમ છે, જેનાથી જો કોઈ કોમ શિક્ષા ગ્રહણ કરીને સન્માર્ગ પર આવી જાય તો તે યાતનાઓનો પ્રસંગ આવી શકતો નથી, જેમાં આ કોમો ગ્રસ્ત થઈ. તે પછી મક્કાના ઇસ્લામ-વિરોધીઓને સંબોધીને કહેવામાં આવ્યું છે કે જે વર્તણૂક માટે બીજી કોમો સજા ભોગવી ચૂકી છે, તે જ વર્તણૂક જો તમે અપનાવો, તો છેવટે શા માટે સજા નહીં પામો ? અને જો તમે તમારા જૂથબળ પર ફૂલાઈ રહ્યા છો તો, ટૂંકમાં જ તમારું આ લશ્કર પરાજિત થઈને ભાગતું દેખાશે અને આનાથી પણ વધારે કઠોર વ્યવહાર તમારા સાથે કયામતના દિવસે થશે. અંતમાં ઇસ્લામ-વિરોધીઓને બતાવવામાં આવ્યું છે કે સર્વોચ્ચ અલ્લાહને કયામત લાવવા માટે કોઈ મોટી તૈયારીની જરૂર નથી. તેની બસ એક આજ્ઞા થતાં જ આંખના પલકારામાં તે આવી જશે, પરંતુ દરેક વસ્તુની જેમ દુનિયાના વ્યવસ્થા-તંત્ર અને માનવ-જાતની પણ એક ઠરાવેલ યોજના છે. આ યોજના મુજબ જે સમય આ કામ માટે નક્કી છે, તે જ વખતે તે આવશે. એ નથી થઈ શકતું કે જ્યારે કોઈ પડકાર ફેંકે તો તેને મનાવવા માટે કયામત લઈ આવવામાં આવે.

آيَاتُهَا ٥٥ · (٥٤) سُوْرَةُ الْقَمَرِ مَكِّيَّةٌ (٣٧) · رُكُوْعَاتُهَا ٣

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِقْتَرَبَتِ السَّاعَةُ وَانْشَقَّ الْقَمَرُ (١) وَاِنْ يَّرَوْا اٰيَةً
يُّعْرِضُوْا وَيَقُوْلُوْا سِحْرٌ مُّسْتَمِرٌّ (٢) وَكَذَّبُوْا وَاتَّبَعُوْٓا
اَهْوَآءَهُمْ وَكُلُّ اَمْرٍ مُّسْتَقِرٌّ (٣) وَلَقَدْ جَآءَهُمْ مِّنَ
الْاَنْۢبَآءِ مَا فِيْهِ مُزْدَجَرٌ (٤) حِكْمَةٌۢ بَالِغَةٌ فَمَا
تُغْنِ النُّذُرُ (٥) فَتَوَلَّ عَنْهُمْ ۘ يَوْمَ يَدْعُ الدَّاعِ اِلٰى
شَیْءٍ نُّكُرٍ (٦) خُشَّعًا اَبْصَارُهُمْ يَخْرُجُوْنَ مِنَ
الْاَجْدَاثِ كَاَنَّهُمْ جَرَادٌ مُّنْتَشِرٌ (٧) مُّهْطِعِيْنَ اِلَى
الدَّاعِ ؕ يَقُوْلُ الْكٰفِرُوْنَ هٰذَا يَوْمٌ عَسِرٌ (٨) كَذَّبَتْ
قَبْلَهُمْ قَوْمُ نُوْحٍ فَكَذَّبُوْا عَبْدَنَا وَقَالُوْا مَجْنُوْنٌ
وَّازْدُجِرَ (٩) فَدَعَا رَبَّهٗٓ اَنِّیْ مَغْلُوْبٌ فَانْتَصِرْ (١٠)
فَفَتَحْنَآ اَبْوَابَ السَّمَآءِ بِمَآءٍ مُّنْهَمِرٍ (١١) وَّفَجَّرْنَا
الْاَرْضَ عُيُوْنًا فَالْتَقَى الْمَآءُ عَلٰٓى اَمْرٍ قَدْ قُدِرَ (١٢)
وَحَمَلْنٰهُ عَلٰى ذَاتِ اَلْوَاحٍ وَّدُسُرٍ (١٣) تَجْرِیْ بِاَعْيُنِنَا ۚ
جَزَآءً لِّمَنْ كَانَ كُفِرَ (١٤) وَلَقَدْ تَّرَكْنٰهَآ اٰيَةً فَهَلْ
مِنْ مُّدَّكِرٍ (١٥) فَكَيْفَ كَانَ عَذَابِیْ وَنُذُرِ (١٦) وَلَقَدْ
يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ (١٧) كَذَّبَتْ
عَادٌ فَكَيْفَ كَانَ عَذَابِیْ وَنُذُرِ (١٨) اِنَّآ اَرْسَلْنَا عَلَيْهِمْ

وقف لازم

(૫૪) સૂરઃ અલ-કમર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૩ ● આયતો : ૫૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. કયામત (પુનર્જીવન)ની ઘડી નજીક આવી ગઈ અને ચંદ્ર ફાટી ગયો.

૨. પરંતુ આ લોકોની સ્થિતિ એ છે કે ચાહે ગમે તે નિશાની જોઈ લે, મોઢું ફેરવી લે છે અને કહે છે કે આ તો ચાલ્યો આવતો જાદૂ છે.

૩. આમણે (આને પણ) ખોટો ઠેરવી દીધો અને પોતાની મનેચ્છાઓનું જ અનુસરણ કર્યું. દરેક મામલાને અંતે એક અંજામ પર પહોંચીને રહેવાનું છે.

૪. આ લોકો સામે (પુરોગામી કોમોના) તે વૃત્તાંતો આવી ચૂક્યા છે જેમાં વિદ્રોહથી દૂર રાખવા માટે પર્યાપ્ત બોધપાઠ છે

૫. અને એવી તત્ત્વદર્શિતા જે શિખામણના હેતુને પરિપૂર્ણ કરે છે. પરંતુ ચેતવણીઓ આમના પર અસર કરતી નથી.

૬-૭. તો હે પયગંબર ! આમનાથી મોઢું ફેરવી લો. જે દિવસે પોકારનાર એક ભારે અણગમતી વસ્તુ તરફ બોલાવશે, લોકો ભયભીત આંખો સાથે પોતાની કબરોમાંથી એવી રીતે નીકળશે જાણે તેઓ વિખરાયેલા તીડ છે!

૮. પોકારનારની દિશામાં દોડતા જઈ રહ્યા હશે અને તે જ ઇન્કાર કરનારાઓ (જેઓ દુનિયામાં આનો ઇન્કાર કરતા હતા) તે વખતે કહેશે કે આ દિવસ તો ખૂબ કઠિન છે.

૯. આમના પહેલાં નૂહની કોમ ખોટું ઠેરવી ચૂકી છે. તેમણે અમારા બંદાને જૂઠો ઠેરવ્યો અને કહ્યું કે આ દીવાનો છે, અને તે ખૂબ ખરાબ રીતે ઝાટકી નાખવામાં આવ્યો.

૧૦. છેવટે તેણે પોતાના રબને પોકાર્યો, "મને દબાવી દેવામાં આવ્યો છે, હવે તું આમનાથી બદલો લે."

૧૧. ત્યારે અમે મુશળધાર વરસાદથી આકાશના દ્વાર ઉઘાડી દીધા

૧૨. અને ધરતીને ફાડીને પાણીના સ્રોતોમાં ફેરવી દીધી, અને આ સઘળું પાણી તે કાર્ય પૂરું કરવામાં ભળી ગયું જે નિમિત્ત બની ગયું હતું,

૧૩-૧૪. અને નૂહને અમે એક પાટિયાં અને ખીલાવાળી (નૌકા) પર સવાર કરી દીધો જે અમારી દેખરેખ હેઠળ ચાલી રહી હતી. આ હતો બદલો તે વ્યક્તિ માટે જેની અવકૃપા કરવામાં આવી હતી.

૧૫. તે હોડીને અમે એક નિશાની બનાવીને છોડી મૂકી. પછી કોઈ છે બોધ ગ્રહણ કરનાર ?

૧૬. જોઈ લો, કેવી હતી મારી યાતના અને કેવી હતી મારી ચેતવણીઓ.

૧૭. અમે આ કુર્આનને બોધપાઠ ગ્રહણ કરવા માટે સરળ માધ્યમ બનાવી દીધું છે, તો હવે છે કોઈ બોધ ગ્રહણ કરનાર ?

رِيْحًا صَرْصَرًا فِيْ يَوْمِ نَحْسٍ مُّسْتَمِرٍّ ﴿١٩﴾ تَنْزِعُ النَّاسَ ۙ
كَاَنَّهُمْ اَعْجَازُ نَخْلٍ مُّنْقَعِرٍ ﴿٢٠﴾ فَكَيْفَ كَانَ عَذَابِيْ وَ
نُذُرِ ﴿٢١﴾ وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ
ع ٢٢ / ٨ مُّدَّكِرٍ ﴿٢٢﴾ كَذَّبَتْ ثَمُوْدُ بِالنُّذُرِ ﴿٢٣﴾ فَقَالُوْٓا اَبَشَرًا مِّنَّا
وَاحِدًا نَّتَّبِعُهٗٓ ۙ اِنَّآ اِذًا لَّفِيْ ضَلٰلٍ وَّسُعُرٍ ﴿٢٤﴾ ءَاُلْقِيَ
الذِّكْرُ عَلَيْهِ مِنْ بَيْنِنَا بَلْ هُوَ كَذَّابٌ اَشِرٌ ﴿٢٥﴾
سَيَعْلَمُوْنَ غَدًا مَّنِ الْكَذَّابُ الْاَشِرُ ﴿٢٦﴾ اِنَّا مُرْسِلُوا
النَّاقَةِ فِتْنَةً لَّهُمْ فَارْتَقِبْهُمْ وَاصْطَبِرْ ﴿٢٧﴾ وَنَبِّئْهُمْ
اَنَّ الْمَآءَ قِسْمَةٌۢ بَيْنَهُمْ ۚ كُلُّ شِرْبٍ مُّحْتَضَرٌ ﴿٢٨﴾ فَنَادَوْا
صَاحِبَهُمْ فَتَعَاطٰى فَعَقَرَ ﴿٢٩﴾ فَكَيْفَ كَانَ عَذَابِيْ وَ
نُذُرِ ﴿٣٠﴾ اِنَّآ اَرْسَلْنَا عَلَيْهِمْ صَيْحَةً وَّاحِدَةً فَكَانُوْا
كَهَشِيْمِ الْمُحْتَظِرِ ﴿٣١﴾ وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ
فَهَلْ مِنْ مُّدَّكِرٍ ﴿٣٢﴾ كَذَّبَتْ قَوْمُ لُوْطٍ بِالنُّذُرِ ﴿٣٣﴾
اِنَّآ اَرْسَلْنَا عَلَيْهِمْ حَاصِبًا اِلَّآ اٰلَ لُوْطٍ ۭ نَجَّيْنٰهُمْ
بِسَحَرٍ ﴿٣٤﴾ نِّعْمَةً مِّنْ عِنْدِنَا ۭ كَذٰلِكَ نَجْزِيْ مَنْ
شَكَرَ ﴿٣٥﴾ وَلَقَدْ اَنْذَرَهُمْ بَطْشَتَنَا فَتَمَارَوْا بِالنُّذُرِ ﴿٣٦﴾
وَلَقَدْ رَاوَدُوْهُ عَنْ ضَيْفِهٖ فَطَمَسْنَآ اَعْيُنَهُمْ فَذُوْقُوْا
عَذَابِيْ وَنُذُرِ ﴿٣٧﴾ وَلَقَدْ صَبَّحَهُمْ بُكْرَةً عَذَابٌ
مُّسْتَقِرٌّ ﴿٣٨﴾ فَذُوْقُوْا عَذَابِيْ وَنُذُرِ ﴿٣٩﴾ وَلَقَدْ يَسَّرْنَا

૧૮. આદે ખોટું ઠેરવ્યું, તો જોઈ લો કે કેવી હતી મારી યાતના અને કેવી હતી મારી ચેતવણીઓ.

૧૯. અમે એક નિરંતર અશુભ દિવસે ભારે તોફાની હવા તેમના ઉપર મોકલી દીધી

૨૦. જે લોકોને ઉપાડી-ઉપાડીને એવી રીતે ફેંકી રહી હતી, જાણે તેઓ મૂળમાંથી ઉખડી ગયેલી ખજૂરીના થડ હોય !

૨૧. તો જોઈ લો કેવી હતી મારી યાતના અને કેવી હતી મારી ચેતવણીઓ.

૨૨. અમે આ કુર્આનને બોધપાઠ ગ્રહણ કરવા માટે સરળ માધ્યમ બનાવી દીધું છે, તો હવે છે કોઈ બોધ ગ્રહણ કરનાર ? (રુકૂઅ-૧)

૨૩-૨૪. સમૂદે ચેતવણીઓને ખોટી ઠેરવી અને કહેવા લાગ્યા, "એક એકલો માણસ જે અમારામાંનો જ છે, શું હવે અમે તેનું અનુસરણ કરીએ ? તેનું અનુસરણ કરવાનું અમે સ્વીકારી લઈએ તો એનો અર્થ એ થશે કે અમે બહેકી ગયા છીએ અને અમારી બુદ્ધિ બહેર મારી ગઈ છે.

૨૫. શું અમારામાંથી માત્ર આ જ એક માણસ હતો જેના ઉપર અલ્લાહનો ઝિક્ર (અનુસ્મરણ) ઉતારવામાં આવ્યો ? નહીં, બલ્કે આ તો અંતિમ કક્ષાનો જૂઠો અને બડાઈખોર છે."

૨૬. (અમે અમારા પયગંબરને કહ્યું), "કાલે જ આમને ખબર પડી જશે કે કોણ અંતિમ કક્ષાનો જૂઠો અને બડાઈખોર છે.

૨૭. અમે ઊંટણીને આમના માટે પરીક્ષા બનાવીને મોકલી રહ્યા છીએ. હવે જરા ધીરજપૂર્વક જોતા રહો કે તેમનો શું અંજામ આવે છે.

૨૮. આમને જણાવી દે કે પાણી એમની અને ઊંટણીના વચ્ચે વહેંચવામાં આવશે અને દરેક પોતાના વારાના દિવસે પાણી પાસે આવશે."

૨૯. છેવટે તેમણે પોતાના માણસને પોકાર્યો અને તેણે આ કામ કરવાનું બીડું ઝડપ્યું અને ઊંટણીને મારી નાખી,

૩૦. પછી જોઈ લો કે કેવી હતી મારી યાતના અને કેવી હતી મારી ચેતવણીઓ.

૩૧. અમે તેમના ઉપર ફકત એક ધડાકો છોડ્યો અને તેઓ વાડાની ચગદાઈ ગયેલી વાડની જેમ ભૂસું બનીને રહી ગયા.

૩૨. અમે આ કુર્આનને બોધપાઠ ગ્રહણ કરવા માટે સરળ માધ્યમ બનાવી દીધું છે, તો હવે છે કોઈ બોધ ગ્રહણ કરનાર ?

૩૩. લૂતની કોમે ચેતવણીઓને ખોટી ઠેરવી

૩૪-૩૫. અને અમે પથ્થરો વરસાવતી હવા તેમના ઉપર મોકલી દીધી. માત્ર લૂતના કુટુંબીજનો તેનાથી સુરક્ષિત રહ્યા. તેમને અમે પોતાની કૃપા વડે રાત્રિના પાછલા પહોરમાં બચાવીને કાઢી લીધા. આ બદલો આપીએ છીએ અમે તે દરેકને જે આભારી બને છે.

الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ ﴿٤٠﴾ ع وَلَقَدْ
جَآءَ اٰلَ فِرْعَوْنَ النُّذُرُ ﴿٤١﴾ كَذَّبُوْا بِاٰيٰتِنَا كُلِّهَا
فَاَخَذْنٰهُمْ اَخْذَ عَزِيْزٍ مُّقْتَدِرٍ ﴿٤٢﴾ اَكُفَّارُكُمْ خَيْرٌ مِّنْ
اُولٰٓئِكُمْ اَمْ لَكُمْ بَرَآءَةٌ فِي الزُّبُرِ ﴿٤٣﴾ اَمْ يَقُوْلُوْنَ
نَحْنُ جَمِيْعٌ مُّنْتَصِرٌ ﴿٤٤﴾ سَيُهْزَمُ الْجَمْعُ وَيُوَلُّوْنَ الدُّبُرَ ﴿٤٥﴾
بَلِ السَّاعَةُ مَوْعِدُهُمْ وَالسَّاعَةُ اَدْهٰى وَاَمَرُّ ﴿٤٦﴾
اِنَّ الْمُجْرِمِيْنَ فِيْ ضَلٰلٍ وَّسُعُرٍ ﴿٤٧﴾ يَوْمَ يُسْحَبُوْنَ
فِي النَّارِ عَلٰى وُجُوْهِهِمْ ؕ ذُوْقُوْا مَسَّ سَقَرَ ﴿٤٨﴾ اِنَّا
كُلَّ شَيْءٍ خَلَقْنٰهُ بِقَدَرٍ ﴿٤٩﴾ وَمَآ اَمْرُنَآ اِلَّا وَاحِدَةٌ
كَلَمْحٍ بِالْبَصَرِ ﴿٥٠﴾ وَلَقَدْ اَهْلَكْنَآ اَشْيَاعَكُمْ فَهَلْ
مِنْ مُّدَّكِرٍ ﴿٥١﴾ وَكُلُّ شَيْءٍ فَعَلُوْهُ فِي الزُّبُرِ ﴿٥٢﴾ وَكُلُّ
صَغِيْرٍ وَّكَبِيْرٍ مُّسْتَطَرٌ ﴿٥٣﴾ اِنَّ الْمُتَّقِيْنَ فِيْ جَنّٰتٍ وَّ
نَهَرٍ ﴿٥٤﴾ فِيْ مَقْعَدِ صِدْقٍ عِنْدَ مَلِيْكٍ مُّقْتَدِرٍ ﴿٥٥﴾ ع

وقف لازم

منزل ٧

૩૬. લૂતે પોતાની કોમના લોકોને અમારી પકડથી સાવધાન કર્યા, પરંતુ તેઓ બધી ચેતવણીઓને શંકાસ્પદ સમજીને વાતોમાં ઉડાવતા રહ્યા.
૩૭. પછી તેમણે તેને પોતાના મહેમાનોનું રક્ષણ કરવાથી રોકવાનો પ્રયત્ન કર્યો. છેવટે અમે તેમની આંખો આંધળી કરી દીધી કે ચાખો હવે મારી યાતના અને મારી ચેતવણીઓની મજા.
૩૮. વહેલી સવારમાં જ એક અટળ યાતનાએ તેમને ઝડપી લીધા.
૩૯. ચાખો સ્વાદ હવે મારી યાતનાનો અને મારી ચેતવણીઓનો.
૪૦. અમે આ કુર્આનને બોધપાઠ ગ્રહણ કરવા માટે સરળ માધ્યમ બનાવી દીધું છે, તો હવે છે કોઈ બોધ ગ્રહણ કરનાર ? (રુકૂઅ-૨)
૪૧. અને ફિરઔનના લોકો પાસે પણ અમારી ચેતવણીઓ આવી હતી,
૪૨. પરંતુ તેમણે અમારી બધી નિશાનીઓને ખોટી ઠેરવી. છેવટે અમે તેમને પકડ્યા જેવી રીતે કોઈ મોટો સામર્થ્ય ધરાવનાર પકડે છે.
૪૩. શું તમારા કાફિરો (ઇન્કાર કરનારાઓ) તે લોકો કરતાં કંઈ વધુ સારા છે ? કે આકાશી ગ્રંથોમાં તમારા માટે કોઈ માફી લખેલી છે ?
૪૪. કે આ લોકો એમ કહે છે કે અમે એક મજબૂત જૂથ છીએ, પોતાનો બચાવ કરી લઈશું ?
૪૫. ટૂંકમાં જ આ જૂથ પરાજય પામશે અને બધા પીઠ ફેરવીને ભાગતા દેખાશે.
૪૬. બલ્કે એમનાથી નિપટવાનો અસલ વાયદાનો સમય તો કયામત છે, અને તે મોટી આપત્તિ અને ખૂબ અપ્રિય ક્ષણ છે.
૪૭. આ ગુનેગારો હકીકતમાં ભ્રમમાં પડેલા છે અને આમની અક્કલ મારી ગઈ છે.
૪૮. જે દિવસે આ લોકોને ઊંધા મોઢે આગમાં ઘસડીને લઈ જવામાં આવશે તે દિવસે આમને કહેવામાં આવશે કે હવે ચાખો જહન્નમ (નર્ક)ની જ્વાળાઓનો સ્વાદ.
૪૯. અમે દરેક વસ્તુ એક યોજના સાથે પેદા કરી છે
૫૦. અને અમારી આજ્ઞા માત્ર એક જ આજ્ઞા હોય છે અને પલકવારમાં જ તે અમલમાં આવી જાય છે.
૫૧. તમારા જેવા અનેકોને અમે નષ્ટ કરી ચૂક્યા છીએ, તો છે હવે કોઈ બોધ ગ્રહણ કરનાર ?
૫૨. જે કંઈ આમણે કર્યું છે તે બધું જ દફતરમાં નોંધાયેલું છે
૫૩. અને દરેક નાની-મોટી વાત લખેલી મોજૂદ છે.
૫૪. અવજ્ઞાથી બચવાવાળા નિશ્ચિતપણે બાગો અને નહેરોમાં હશે,
૫૫. સાચું પ્રતિષ્ઠાનું સ્થાન, ખૂબ જ પ્રભુત્વશાળી સમ્રાટના નજીક. (રુકૂઅ-૩)

(૫૫) રહ્‌માન

પરિચય

નામ :

પહેલા જ શબ્દને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે. આનો અર્થ એ છે કે આ તે સૂરઃ છે જે 'અર્-રહ્‌માન' (પરમ્ કૃપાળુ) શબ્દથી શરૂ થાય છે. આ નામ સૂરઃના વિષય સાથે પણ ગાઢ સંબંધ ધરાવે છે, કેમ કે આમાં આરંભથી અંત સુધી અલ્લાહની કૃપાશીલતાના ગુણ દર્શાવતા પ્રતીકો અને પરિણામોનું વર્ણન કરવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

વિદ્વાન વિવરણકર્તાઓ સામાન્ય રીતે આ સૂરઃને મક્કી કહે છે. જો કે કેટલીક રિવાયતો (નોંધો)માં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ; ઈકરિમા રદિ. અને કતાદા રદિ. પાસેથી એ કથન નોંધેલું છે કે આ સૂરઃ મદની છે, પરંતુ એક તો આ જ મહાનુભાવોથી કેટલીક બીજી નોંધો આનાથી વિપરીત પણ છે; બીજું, આનો વિષય મદની સૂરઃઓની તુલનામાં મક્કી સૂરઃઓને વધુ મળતો આવે છે, બલ્કે પોતાના વિષયની દૃષ્ટિએ તો આ મક્કાના પણ આરંભિક તબક્કાની જણાય છે. ઉપરાંત અનેક આધારભૂત નોંધો પરથી એનું પ્રમાણ મળે છે કે આ મક્કા-મુઅઝ્ઝમામાં જ હિજરતના ઘણાં વર્ષો પહેલાં ઊતરી હતી.

વિષય અને ચર્ચા :

કુર્આન-મજીદની એકમાત્ર આ જ સૂરઃ છે, જેમાં મનુષ્ય સાથે, ધરતીના બીજા સ્વતંત્ર પ્રાણીઓ, જિન્નોને પણ સીધું સંબોધન કરવામાં આવ્યું છે. જો કે કુર્આન-મજીદમાં અનેક સ્થળોએ એવા વિવરણો જોવા મળે છે, જેનાથી જણાય છે કે મનુષ્યોની જેમ જિન્ન પણ એક સ્વતંત્ર અને ઉત્તરદાયી પ્રજા છે અને તેમનામાં પણ મનુષ્યોના જેમ જ કાફિર (ઇન્કાર કરનાર) અને મોમિન (ઈમાનવાળો) તેમજ આજ્ઞાંકિત અને અવજ્ઞાકારી જોવા મળે છે અને તેમનામાંપણ એવા જૂથો મોજૂદ છે જે પયગંબરો અને આકાશી ગ્રંથો (ઈશગ્રંથો) પર ઈમાન લાવ્યા છે, પરંતુ આ સૂરઃ નિશ્ચિતરૂપે એ વાતને સ્પષ્ટ કરે છે કે રસૂલુલ્લાહ—ઈશદૂત (સલ્લ.) અને કુર્આનની દાવત (આહવાન્) જિન્નો અને મનુષ્યો બંને માટે છે અને પયગંબર (સલ્લ.)ની પયગંબરી માત્ર મનુષ્યો સુધી સીમિત નથી. સૂરઃની શરૂઆતમાં તો સંબોધન મનુષ્યોને જ છે, કેમ કે ધરતીમાં ખિલાફત (આધિપત્ય) તેમને જ પ્રાપ્ત છે, અલ્લાહના પયગંબર તેમનામાંથી જ આવ્યા છે અને અલ્લાહના ગ્રંથો તેમની જ ભાષાઓમાં ઉતારવામાં આવ્યા છે.

પરંતુ આગળ આયત ૧૩ થી મનુષ્ય અને જિન્ન બંનેને સમાન રૂપે સંબોધિત કરવામાં આવ્યા છે અને એક જ આમંત્રણ બંને સામે પ્રસ્તુત કરવામાં આવ્યું છે. સૂરઃની ચર્ચાઓ નાના-નાના વાક્યોમાં એક વિશિષ્ટ ક્રમમાં રજૂ કરવામાં આવી છે :

આયત-૧ થી ૪ સુધી એ વિષય વર્ણવવામાં આવ્યો છે કે આ કુર્આનની શિક્ષા અલ્લાહ તરફથી છે અને આ નિશ્ચિત રૂપે તેની રહમત (કૃપાશીલતા)નો તકાદો છે કે તે આ શિક્ષા દ્વારા તમામ મનુષ્યોને માર્ગદર્શનનો પ્રબંધ કરે. આયત ૫ અને ૬ માં બતાવવામાં આવ્યું છે કે સૃષ્ટિની સમગ્ર વ્યવસ્થા અલ્લાહના શાસન અંતર્ગત ચાલી રહી છે, અને ધરતી અને આકાશની દરેક વસ્તુ તેના આદેશને આધીન છે. આયત ૭ થી ૯ માં એક બીજી મહત્ત્વપૂર્ણ હકીકત એ દર્શાવવામાં આવી છે કે અલ્લાહે સૃષ્ટિની સંપૂર્ણ વ્યવસ્થા અને પ્રણાલીને બરાબર સંતુલનના સાથે ન્યાય પર સ્થાપી છે અને આ વ્યવસ્થાની પ્રકૃતિ એ ઇચ્છે છે કે આમાં રહેનારાઓ પોતાના અધિકારોની સીમાઓમાં પણ ન્યાય પર જ કાયમ રહે અને સંતુલન ન બગાડે. આયત ૧૦ થી ૨૫ સુધી અલ્લાહના સામર્થ્યના ચમત્કારો અને કૌશલ્યોને વર્ણવવાના સાથે તેની તે નેઅમતો (બક્ષિસો) તરફ ઈશારા કરવામાં આવ્યા છે જેનાથી મનુષ્ય અને જિન્ન લાભાન્વિત થઈ રહ્યા છે. આયત ૨૬ થી ૩૦ સુધી મનુષ્ય અને જિન્ન બંનેને એ હકીકત યાદ દેવડાવવામાં આવી છે કે આ સૃષ્ટિમાં એક અલ્લાહ સિવાય કોઈ પણ અક્ષય અને અમર નથી, અને નાનાથી મોટું કોઈ અસ્તિત્વવાન એવું નથી જે પોતાના અસ્તિત્વ અને સજીવ રહેવા માટેની જરૂરતો માટે અલ્લાહની મોહતાજ ન હોય. આયત ૩૧ થી ૩૬ સુધી આ બંને જૂથોને સચેત કરવામાં આવ્યા છે કે ટૂંકમાં જ તે સમય આવવાનો છે જ્યારે તમારી કડક પૂછપરછ કરવામાં આવશે. આ પૂછપરછથી બચીને તમે ક્યાંય નથી જઈ શકતા. આયત ૩૭ અને ૩૮ માં બતાવવામાં આવ્યું છે કે આ પૂછપરછ કયામતના દિવસે થવાની છે. આયત ૩૯ થી ૪૫ સુધી તે ગુનેગાર મનુષ્યો અને જિન્નોનો અંજામ બતાવવામાં આવ્યો છે અને આયત ૪૬ થી સૂરઃના અંત સુધી વિગતવાર તે ઈનામોનું વર્ણન કરવામાં આવ્યું છે જે આખિરત (પરલોક)માં સદ્-ચરિત્ર મનુષ્યો અને જિન્નોને પ્રદાન કરવામાં આવશે.

آيَاتُهَا ٧٨ — (٥٥) سُوۡرَةُ الرَّحۡمٰنِ مَدَنِيَّةٌ (٩٧) — رُكُوۡعَاتُهَا ٣

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَلرَّحۡمٰنُ ۙ﴿١﴾ عَلَّمَ الۡقُرۡاٰنَ ؕ﴿٢﴾ خَلَقَ الۡاِنۡسَانَ ۙ﴿٣﴾ عَلَّمَهُ
الۡبَيَانَ ﴿٤﴾ اَلشَّمۡسُ وَ الۡقَمَرُ بِحُسۡبَانٍ ۙ﴿٥﴾ وَّ النَّجۡمُ وَ
الشَّجَرُ يَسۡجُدٰنِ ﴿٦﴾ وَ السَّمَآءَ رَفَعَهَا وَ وَضَعَ الۡمِيۡزَانَ ۙ﴿٧﴾
اَلَّا تَطۡغَوۡا فِى الۡمِيۡزَانِ ﴿٨﴾ وَ اَقِيۡمُوا الۡوَزۡنَ بِالۡقِسۡطِ وَ لَا
تُخۡسِرُوا الۡمِيۡزَانَ ﴿٩﴾ وَ الۡاَرۡضَ وَضَعَهَا لِلۡاَنَامِ ۙ﴿١٠﴾
فِيۡهَا فَاكِهَةٌ ۙ وَّ النَّخۡلُ ذَاتُ الۡاَكۡمَامِ ۖ﴿١١﴾ وَ الۡحَبُّ
ذُو الۡعَصۡفِ وَ الرَّيۡحَانُ ۚ﴿١٢﴾ فَبِاَىِّ اٰلَآءِ رَبِّكُمَا
تُكَذِّبٰنِ ﴿١٣﴾ خَلَقَ الۡاِنۡسَانَ مِنۡ صَلۡصَالٍ كَالۡفَخَّارِ ۙ﴿١٤﴾
وَ خَلَقَ الۡجَآنَّ مِنۡ مَّارِجٍ مِّنۡ نَّارٍ ۚ﴿١٥﴾ فَبِاَىِّ اٰلَآءِ
رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿١٦﴾ رَبُّ الۡمَشۡرِقَيۡنِ وَ رَبُّ الۡمَغۡرِبَيۡنِ ۚ﴿١٧﴾
فَبِاَىِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿١٨﴾ مَرَجَ الۡبَحۡرَيۡنِ
يَلۡتَقِيٰنِ ۙ﴿١٩﴾ بَيۡنَهُمَا بَرۡزَخٌ لَّا يَبۡغِيٰنِ ۚ﴿٢٠﴾ فَبِاَىِّ اٰلَآءِ
رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٢١﴾ يَخۡرُجُ مِنۡهُمَا اللُّؤۡلُؤُ وَ الۡمَرۡجَانُ ۚ﴿٢٢﴾
فَبِاَىِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٢٣﴾ وَ لَهُ الۡجَوَارِ الۡمُنۡشَئٰتُ
فِى الۡبَحۡرِ كَالۡاَعۡلَامِ ۚ﴿٢٤﴾ فَبِاَىِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ع ﴿٢٥﴾ النصف ع ٢٥ ١١
كُلُّ مَنۡ عَلَيۡهَا فَانٍ ۖ﴿٢٦﴾ وَّ يَبۡقٰى وَجۡهُ رَبِّكَ
ذُو الۡجَلٰلِ وَ الۡاِكۡرَامِ ۚ﴿٢٧﴾ فَبِاَىِّ اٰلَآءِ رَبِّكُمَا منزل ٧

(૫૫) સૂરઃ અર્-રહ્‌માન

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૩ ● આયતો : ૭૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧-૨. પરમ્ કૃપાળુ (અલ્લાહે) આ કુર્આનનું શિક્ષણ આપ્યું છે.
૩-૪. તેણે જ મનુષ્યને પેદા કર્યો અને તેને બોલતાં શીખવાડ્યું.
૫-૬. સૂર્ય અને ચંદ્ર એક હિસાબના પાબંદ છે તથા તારા અને વૃક્ષો સૌ સિજદામાં છે.
૭. આકાશને તેણે ઊંચું કર્યું અને તુલા સ્થાપિત કરી દીધી.
૮. તેનો તકાદો એ છે કે તમે તુલામાં વિક્ષેપ ન નાખો,
૯. ન્યાયપૂર્વક સાચું તોલો અને ત્રાજવામાં ડાંડી ન મારો.
૧૦. ધરતીને તેણે તમામ મખ્લૂકાત (સર્જનો) માટે બનાવી.
૧૧. તેમાં દરેક પ્રકારના પુષ્કળ સ્વાદિષ્ટ ફળો છે. ખજૂરીઓ છે જેના ફળ ગલેફમાં લપેટાયેલાં છે.
૧૨. વિવિધ પ્રકારના અનાજ છે જેમાં ભૂસું પણ હોય છે અને દાણાં પણ.
૧૩. તો પછી હે જિન્નો અને મનુષ્યો ! તમે પોતાના રબ (પ્રભુ)ની કઈ-કઈ નેઅ્‌મતો (બક્ષિસો, કૃપાઓ)ને ખોટી ઠેરવશો ?
૧૪. મનુષ્યને તેણે ઠીકરા જેવા સૂકા સડેલા ગારામાંથી બનાવ્યો
૧૫. અને જિન્નને આગની જ્વાળામાંથી પેદા કર્યો,
૧૬. તો પછી હે જિન્નો અને મનુષ્યો ! તમે પોતાના રબની કુદરતના કયા-કયા ચમત્કારોને ખોટાં ઠેરવશો ?
૧૭. બંને પૂર્વ અને બંને પશ્ચિમ, સૌનો માલિક અને પાલનહાર તે જ છે,
૧૮. તો પછી હે જિન્નો અને મનુષ્યો ! તમે પોતાના રબની કઈ-કઈ શક્તિઓને ખોટી ઠેરવશો ?
૧૯. બે સમુદ્રોને તેણે છોડી દીધા કે પરસ્પર ભળી જાય,
૨૦. તેમ છતાં તેમના વચ્ચે એક પડદો મોજૂદ છે જેને તેઓ ઓળંગતા નથી.
૨૧. તો પછી હે જિન્નો અને મનુષ્યો ! તમે પોતાના રબની કુદરતના કયા-કયા ચમત્કારોને ખોટાં ઠેરવશો ?
૨૨. આ સમુદ્રોમાંથી મોતી અને પરવાળાં નીકળે છે.
૨૩. તો પછી હે જિન્નો અને મનુષ્યો ! તમે પોતાના રબની કુદરતના કયા-કયા કૌશલ્યોને ખોટાં ઠેરવશો ?
૨૪. અને આ વહાણો તેના જ છે જે સમુદ્રોમાં પર્વતોની જેમ ઊંચા ઊઠેલા છે.
૨૫. તો પછી હે જિન્નો અને મનુષ્યો ! તમે પોતાના રબના કયા-કયા ઉપકારોને ખોટાં ઠેરવશો ? (રુકૂઅ-૧)
૨૬. દરેક વસ્તુ જે આ ધરતી ઉપર છે, નાશ પામવાની છે
૨૭. અને માત્ર તારા રબની મહા-પ્રતાપી અને અત્યંત ઉદાર હસ્તી જ બાકી રહેનાર છે.

تُكَذِّبٰنِ ﴿٢٨﴾ يَسْـَٔلُهٗ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ
كُلَّ يَوْمٍ هُوَ فِيْ شَاْنٍ ﴿٢٩﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٣٠﴾
سَنَفْرُغُ لَكُمْ اَيُّهَ الثَّقَلٰنِ ﴿٣١﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا
تُكَذِّبٰنِ ﴿٣٢﴾ يٰمَعْشَرَ الْجِنِّ وَالْاِنْسِ اِنِ اسْتَطَعْتُمْ
اَنْ تَنْفُذُوْا مِنْ اَقْطَارِ السَّمٰوٰتِ وَالْاَرْضِ
فَانْفُذُوْا ؕ لَا تَنْفُذُوْنَ اِلَّا بِسُلْطٰنٍ ﴿٣٣﴾ فَبِاَيِّ اٰلَآءِ
رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٣٤﴾ يُرْسَلُ عَلَيْكُمَا شُوَاظٌ مِّنْ
نَّارٍ ۙ وَّنُحَاسٌ فَلَا تَنْتَصِرٰنِ ﴿٣٥﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا
تُكَذِّبٰنِ ﴿٣٦﴾ فَاِذَا انْشَقَّتِ السَّمَآءُ فَكَانَتْ وَرْدَةً
كَالدِّهَانِ ﴿٣٧﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٣٨﴾
فَيَوْمَئِذٍ لَّا يُسْـَٔلُ عَنْ ذَنْۢبِهٖۤ اِنْسٌ وَّلَا جَآنٌّ ﴿٣٩﴾
فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٠﴾ يُعْرَفُ الْمُجْرِمُوْنَ بِسِيْمٰهُمْ
فَيُؤْخَذُ بِالنَّوَاصِيْ وَالْاَقْدَامِ ﴿٤١﴾ فَبِاَيِّ اٰلَآءِ
رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٢﴾ هٰذِهٖ جَهَنَّمُ الَّتِيْ يُكَذِّبُ بِهَا
الْمُجْرِمُوْنَ ﴿٤٣﴾ يَطُوْفُوْنَ بَيْنَهَا وَبَيْنَ حَمِيْمٍ اٰنٍ ﴿٤٤﴾ وقف لازم
فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٥﴾ وَلِمَنْ خَافَ
مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ ﴿٤٦﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٧﴾
ذَوَاتَآ اَفْنَانٍ ﴿٤٨﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٩﴾
فِيْهِمَا عَيْنٰنِ تَجْرِيٰنِ ﴿٥٠﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا

منزل ٧

૨૮. તો પછી હે જિન્નો અને મનુષ્યો ! તમે પોતાના રબના કયા-કયા કૌશલ્યોને ખોટાં ઠેરવશો ?

૨૯. ધરતી અને આકાશોમાં જે પણ છે સૌ કોઈ પોતાની આવશ્યકતાઓની પૂર્તિની માંગ તેના જ પાસે કરી રહ્યા છે. દરેક પળે તે નવી શાનમાં છે.

૩૦. તો પછી હે જિન્નો અને મનુષ્યો ! તમે પોતાના રબના કયા-કયા પ્રશંસ્ય ગુણોને ખોટાં ઠેરવશો ?

૩૧. હે ધરતીના બોજાઓ ! ખૂબ જ જલ્દી અમે તમારી પૂછપરછ માટે નિવૃત્ત થઈ જઈએ છીએ,

૩૨. પછી (જોઈલઈશું કે) તમે પોતાના રબના કયા-કયા ઉપકારોને ખોટાં ઠેરવો છો.

૩૩. હે જિન્નો અને મનુષ્યોના જૂથ ! જો તમે ધરતી અને આકાશોની સીમાઓમાંથી નીકળીને ભાગી શકતા હોવ તો ભાગી જુઓ, નથી ભાગી શકતા. તે માટે ખૂબ તાકાત જોઈએ.

૩૪. પોતાના રબની કઈ-કઈ શક્તિઓને તમે ખોટી ઠેરવશો ?

૩૫. (ભાગવાનો પ્રયત્ન કરશો તો) તમારા ઉપર આગની જ્વાળા અને ધુમાડો છોડી દેવામાં આવશે, જેનો તમે સામનો નહીં કરી શકો.

૩૬. હે જિન્નો અને મનુષ્યો ! તમે પોતાના રબના કયા-કયા સામર્થ્યને ખોટાં ઠેરવશો ?

૩૭. પછી (શું દશા થશે ત્યારે) જ્યારે આકાશ ફાટશે અને લાલ ચામડા જેવું લાલચોળ થઈ જશે ?

૩૮. હે જિન્નો અને મનુષ્યો ! (તે વખતે) તમે પોતાના રબની કઈ-કઈ શક્તિઓને ખોટી ઠેરવશો ?

૩૯. તે દિવસે કોઈ મનુષ્ય અને કોઈ જિન્નને તેનો અપરાધ પૂછવાની જરૂર નહીં પડે,

૪૦. પછી (જોઈ લેવામાં આવશે કે) તમે બંને જૂથો પોતાના રબના કયા-કયા ઉપકારોને ખોટાં ઠેરવો છો ?

૪૧. ત્યાં અપરાધીઓને તેમના ચહેરાઓથી ઓળખી લેવામાં આવશે અને તેમને માથાના વાળ અને પગ પકડી-પકડીને ઢસડવામાં આવશે.

૪૨. (તે વખતે) તમે પોતાના રબની કઈ-કઈ શક્તિઓને ખોટી ઠેરવશો ?

૪૩. (ત્યારે કહેવામાં આવશે) આ તે જ જહન્નમ છે જેને ગુનેગારો ખોટી ઠેરવતા હતા.

૪૪. તે જ જહન્નમ અને ઉકળતા પાણીના વચ્ચે તેઓ ચક્કર કાપતા રહેશે.

૪૫. પછી પોતાના રબની કઈ-કઈ શક્તિઓને તમે ખોટી ઠેરવશો? (રુકૂઅ-૨)

૪૬. અને તે દરેક મનુષ્ય માટે જે પોતાના રબના સામે હાજર થવાનો ડર રાખતો હોય, બે બગીચાં છે.

૪૭. પોતાના રબના કયા-કયા ઈનામોને તમે ખોટાં ઠેરવશો ?

૪૮. લીલીછમ ડાળીઓથી ભરપૂર.

૪૯. પોતાના રબના કયા-કયા ઈનામોને તમે ખોટાં ઠેરવશો ?

تُكَذِّبٰنِ ﴿٥١﴾ فِيْهِمَا مِنْ كُلِّ فَاكِهَةٍ زَوْجٰنِ ﴿٥٢﴾
فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٥٣﴾ مُتَّكِـِٕيْنَ عَلٰى فُرُشٍۢ
بَطَآئِنُهَا مِنْ اِسْتَبْرَقٍ ؕ وَجَنَا الْجَنَّتَيْنِ دَانٍ ﴿٥٤﴾
فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٥٥﴾ فِيْهِنَّ قٰصِرٰتُ
الطَّرْفِ ۙ لَمْ يَطْمِثْهُنَّ اِنْسٌ قَبْلَهُمْ وَلَا جَآنٌّ ﴿٥٦﴾
فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٥٧﴾ كَاَنَّهُنَّ الْيَاقُوْتُ
وَالْمَرْجَانُ ﴿٥٨﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٥٩﴾
هَلْ جَزَآءُ الْاِحْسَانِ اِلَّا الْاِحْسَانُ ﴿٦٠﴾ فَبِاَيِّ
اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٦١﴾ وَمِنْ دُوْنِهِمَا
جَنَّتٰنِ ﴿٦٢﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٦٣﴾
مُدْهَآمَّتٰنِ ﴿٦٤﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٦٥﴾
فِيْهِمَا عَيْنٰنِ نَضَّاخَتٰنِ ﴿٦٦﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا
تُكَذِّبٰنِ ﴿٦٧﴾ فِيْهِمَا فَاكِهَةٌ وَّنَخْلٌ وَّرُمَّانٌ ﴿٦٨﴾
فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٦٩﴾ فِيْهِنَّ خَيْرٰتٌ
حِسَانٌ ﴿٧٠﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٧١﴾ حُوْرٌ
مَّقْصُوْرٰتٌ فِى الْخِيَامِ ﴿٧٢﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا
تُكَذِّبٰنِ ﴿٧٣﴾ لَمْ يَطْمِثْهُنَّ اِنْسٌ قَبْلَهُمْ وَلَا جَآنٌّ ﴿٧٤﴾
فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٧٥﴾ مُتَّكِـِٕيْنَ عَلٰى
رَفْرَفٍ خُضْرٍ وَّعَبْقَرِيٍّ حِسَانٍ ﴿٧٦﴾ فَبِاَيِّ اٰلَآءِ
رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٧٧﴾ تَبٰرَكَ اسْمُ رَبِّكَ ذِى الْجَلٰلِ
وَالْاِكْرَامِ ﴿٧٨﴾

منزل ٧ — ع ٣

૫૦. બંને બગીચાઓમાં બે ઝરણાં વહેતા હશે.
૫૧. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૫૨. બંને બાગોમાં દરેક ફળના બે પ્રકાર.
૫૩. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૫૪. જન્નતી લોકો એવા ગાલીચા પર તકિયા અઢેલીને બેસશે જેમના અસ્તર મોટાં રેશમના હશે, અને બાગોની ડાળીઓ ફળોથી લચી પડતી હશે.
૫૫. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૫૬. આ નેઅ્મતો (કૃપાઓ) વચ્ચે શરમાળ નયનોવાળીઓ હશે, જેમને આ જન્નતી લોકો પહેલાં ક્યારેય કોઈ મનુષ્ય અથવા જિન્ને સ્પર્શ નહીં કર્યો હોય.
૫૭. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૫૮. એવી સુંદર જાણે હીરા અને મોતી !
૫૯. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૬૦. ભલાઈનો બદલો ભલાઈ સિવાય બીજો શું હોઈ શકે છે ?
૬૧. પછી હે જિન્નો અને મનુષ્યો ! પોતાના રબના કયા-કયા પ્રશંસ્ય ગુણોને તમે ખોટાં ઠેરવશો ?
૬૨. અને તે બે બગીચાઓ ઉપરાંત બીજા બે બગીચાં હશે.
૬૩. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૬૪. ઘીચ લીલાછમ બગીચાં.
૬૫. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૬૬. બંને બાગોમાં બે ઝરણાં, ફુવારાઓની જેમ ખળ-ખળ કરીને બહાર નીકળતા,
૬૭. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૬૮. તેમાં પુષ્કળ પ્રમાણમાં ફળો અને ખજૂર અને દાડમ.
૬૯. પોતાના રબના કયાં-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૭૦. આ ઇનામો વચ્ચે સુચરિત્ર અને સુંદર પત્નીઓ.
૭૧. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૭૨. તંબુઓમાં રાખવામાં આવેલી હૂરો (અપ્સરાઓ, પરમ્ રૂપવાન સ્ત્રીઓ).
૭૩. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૭૪. આ જન્નતી લોકો પહેલાં ક્યારેય કોઈ મનુષ્ય કે જિન્ને તેમને સ્પર્શ કર્યો નહીં હોય.
૭૫. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૭૬. તે જન્નતી લોકો લીલા ગાલીચા અને સ્વચ્છ અને અદ્વિતીય ફરશો પર તકિયા અઢેલીને બેસશે.
૭૭. પોતાના રબના કયા-કયા ઇનામોને તમે ખોટાં ઠેરવશો ?
૭૮. ખૂબ બરકતવાળું છે તારા પ્રતાપી અને ઉદાર પ્રભુ-પાલનહાર (રબ)નું નામ. (રુકૂઅ-૩)

(૫૬) અલ-વાકિઅહ

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'અલ-વાકિઅહ' (ઘટિત થનાર ઘટના)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)એ સૂરઃઓના ઉતરાણનો જે ક્રમ વર્ણવ્યો છે, તેમાં તેઓ કહે છે કે પહેલા સૂરઃ તાહા ઊતરી, પછી અલ-વાકિઅહ અને તે પછી અશ્-શુઅરા (અલ-ઈત્કાન લિલ-સુયૂતી). આ જ ક્રમ ઈકરિમાએ પણ વર્ણવ્યો છે, (બયહકી, દલાઈલુન્નુબૂવ્વત). આની પુષ્ટિ તે ઘટનાથી પણ થાય છે જે હઝરત ઉમર (રદિ.)ના ઈમાન લાવવા વિષે ઈબ્ને હિશામે ઈબ્ને ઈસ્હાકથી નોંધી છે. એમાં એ ઉલ્લેખ છે કે જ્યારે હઝરત ઉમર (રદિ.) પોતાની બહેનના ઘરમાં પ્રવેશ્યા તો સૂરઃ તાહા પઢાઈ રહી હતી અને જ્યારે તેમણે કહ્યું હતું કે ભલે, મને તે સહીફા (લિખિત પૃષ્ઠ) બતાવો જેને તમે છૂપાવી દીધાં છે, તો બહેને કહ્યું, ''તમે પોતાના શિર્ક (અનેકેશ્વરવાદ)ના કારણે અપવિત્ર છો, આ સહીફાને માત્ર પવિત્ર અને શુદ્ધ માણસ જ સ્પર્શ કરી શકે છે.'' આથી હઝરત ઉમર (રદિ.)એ જઈને સ્નાન કર્યું અને પછી સહીફા લઈને વાંચ્યા. આના પરથી જણાયું કે તે સમયે સૂરઃ વાકિઅહ ઊતરી ચૂકી હતી, કેમ કે આમાં જ આયત ''જેને પવિત્ર લોકો સિવાય કોઈ સ્પર્શ કરી શકતું નથી'' આવી છે; અને તે ઐતિહાસિક રીતે પુરવાર થયેલું છે કે હઝરત ઉમર (રદિ.) હબશાની હિજરત પછી નબવી સન ૦૫ માં ઈમાન લાવ્યા છે.

વિષય અને ચર્ચા :

આનો વિષય આખિરત (પરલોક), તૌહીદ (એકેશ્વરવાદ) અને કુર્આન વિષે મક્કાના કાફિરો (ઈસ્લામ-વિરોધીઓ)ની શંકાઓનું ખંડન છે. સૌથી વધુ તેઓ જે વસ્તુને અવિશ્વસનીય ઠેરવતા હતા, તે (કયામત-મહાપ્રલય અને આખિરત હતી. તેમનું કહેવું) એ હતું કે આ બધી જ કાલ્પનિક વાતો છે, જેનું વાસ્તવિક લોકમાં ઘટિત થવું અસંભવ છે. આના જવાબમાં કહ્યું કે જ્યારે તે ઘટના ઘટિત થશે તે વખતે કોઈ એવું જૂઠ બોલનાર નહીં હોય કે તે ઘટિત થઈ નથી, ન કોઈમાં એ તાકાત હશે કે તેને આવતી રોકી દે અથવા ઘટનાને અસત્ય કરી દેખાડે. તે વખતે નિશ્ચિતપણે તમામ મનુષ્યો ત્રણ વર્ગોમાં વહેંચાઈ જશે. એક 'સાબેકીન' (મોખરાના લોકો), બીજા 'સાલેહીન' (સદ્કાર્યો કરનારા આમ લોકો) અને ત્રીજા તે લોકો જેઓ આખિરત (પરલોક)ના ઈન્કાર કરનારા બનીને

રહ્યા અને મૃત્યુ-પર્યંત કુફ્ર (ઇન્કાર) અને શિર્ક (અનેકેશ્વરવાદ) અને મોટાં-મોટાં પાપકૃત્યો પર જામેલા રહ્યા. આ ત્રણેય વર્ગોના લોકો સાથે જે વ્યવહાર થશે તેને આયત ૭ થી ૫૬ સુધીમાં સવિસ્તાર વર્ણવવામાં આવેલ છે. આ પછી આયત ૫૭ થી ૭૪ સુધી ઇસ્લામની તે બંને પાયાની ધારણાઓની સત્યતા વિષે નિરંતર દલીલો આપવામાં આવી છે, જેને માનવાથી વિરોધીઓ ઇન્કાર કરી રહ્યા હતા, અર્થાત્ તૌહીદ અને આખિરત. ત્યારબાદ આયત ૭૫ થી ૮૨ સુધી કુર્આન સંબંધે તેમની શંકાઓનું ખંડન કરવામાં આવ્યું છે અને કુર્આનની સત્યતા પર બે સંક્ષિપ્ત વાક્યોમાં એ અનુપમ દલીલ રજૂ કરવામાં આવી છે કે આના પર કોઈ વિચાર કરે તો એમાં તદ્દન એવી જ સુદૃઢ વ્યવસ્થા જોશે, જેવી જગતના તારાઓ અને ગ્રહોની વ્યવસ્થા સુદૃઢ છે અને આ જ વસ્તુ તે વાતની દલીલ છે કે આનો રચયિતા તે જ છે જેણે સૃષ્ટિની આ વ્યવસ્થા બનાવી છે. પછી ઇસ્લામ-વિરોધીઓને કહેવામાં આવ્યું છે કે આ ગ્રંથ તે યોજના-લેખ (નવિશ્ત-એ-તકદીર)માં અંકિત છે જે તમામ સજીવોની પહોંચથી પર છે. તમે સમજો છો કે આને હઝરત મુહમ્મદ (સલ્લ.) પાસે શેતાનો લઈને આવે છે, જો કે 'લૌહે મહફૂઝ' (સુરક્ષિત પાટી)થી હઝરત મુહમ્મદ (સલ્લ.) સુધી જે માધ્યમ દ્વારા આ પહોંચે છે, તેમાં પવિત્ર-આત્મા ફરિશ્તાઓ સિવાય કોઈને રજ બરાબર પણ હસ્તક્ષેપ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત નથી. અંતમાં મનુષ્યને બતાવવામાં આવ્યું છે કે તું પોતાની સ્વચ્છંદતાના ઘમંડમાં હકીકતો પ્રત્યે ગમે તેટલો આંધળો બની જાય, પરંતુ મૃત્યુનો સમય તારી આંખો ખોલી દેવા માટે પૂરતો છે. (તારા સગા-સંબંધીઓ) તારી આંખો સામે મૃત્યુ પામે છે અને તું જોતો જ રહી જાય છે. જો કોઈ સર્વોચ્ચ શક્તિ તારા ઉપર શાસન કરી રહી નથી અને તારો આ દંભ ઉચિત છે કે દુનિયામાં માત્ર તું જ તું છે, કોઈ અલ્લાહ નથી, તો કોઈ મરવાવાળાના જઈ રહેલા જીવને પાછો લઈ આવતો કેમ નથી ? જેવી રીતે તું આ મામલામાં લાચાર છે, તેવી જ રીતે અલ્લાહની પૂછપરછ અને તેના ઇનામ અને સજાને પણ રોકી દેવું તારા વશમાં નથી. તું ચાહે માને કે ન માને, મૃત્યુ પછી દરેક મરનાર પોતાનો અંજામ જોઈને રહેશે.

اٰيَاتُهَا ٩٦ — (٥٦) سُوْرَةُ الْوَاقِعَةِ مَكِّيَّةٌ (٤٦) — رُكُوْعَاتُهَا ٣

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

إِذَا وَقَعَتِ الْوَاقِعَةُ ﴿١﴾ لَيْسَ لِوَقْعَتِهَا كَاذِبَةٌ ﴿٢﴾ وقف لازم
خَافِضَةٌ رَّافِعَةٌ ﴿٣﴾ إِذَا رُجَّتِ الْأَرْضُ رَجًّا ﴿٤﴾
وَّبُسَّتِ الْجِبَالُ بَسًّا ﴿٥﴾ فَكَانَتْ هَبَاءً مُّنْبَثًّا ﴿٦﴾
وَّكُنْتُمْ أَزْوَاجًا ثَلٰثَةً ﴿٧﴾ فَأَصْحٰبُ الْمَيْمَنَةِ ۙ
مَا أَصْحٰبُ الْمَيْمَنَةِ ﴿٨﴾ وَأَصْحٰبُ الْمَشْئَمَةِ ۙ
مَا أَصْحٰبُ الْمَشْئَمَةِ ﴿٩﴾ وَالسّٰبِقُوْنَ السّٰبِقُوْنَ ﴿١٠﴾
أُولٰٓئِكَ الْمُقَرَّبُوْنَ ﴿١١﴾ فِيْ جَنّٰتِ النَّعِيْمِ ﴿١٢﴾
ثُلَّةٌ مِّنَ الْأَوَّلِيْنَ ﴿١٣﴾ وَقَلِيْلٌ مِّنَ الْاٰخِرِيْنَ ﴿١٤﴾
عَلٰى سُرُرٍ مَّوْضُوْنَةٍ ﴿١٥﴾ مُّتَّكِـِٔيْنَ عَلَيْهَا مُتَقٰبِلِيْنَ ﴿١٦﴾
يَطُوْفُ عَلَيْهِمْ وِلْدَانٌ مُّخَلَّدُوْنَ ﴿١٧﴾ بِأَكْوَابٍ
وَّأَبَارِيْقَ ۙ وَكَأْسٍ مِّنْ مَّعِيْنٍ ﴿١٨﴾ لَّا يُصَدَّعُوْنَ
عَنْهَا وَلَا يُنْزِفُوْنَ ﴿١٩﴾ وَفَاكِهَةٍ مِّمَّا يَتَخَيَّرُوْنَ ﴿٢٠﴾
وَلَحْمِ طَيْرٍ مِّمَّا يَشْتَهُوْنَ ﴿٢١﴾ وَحُوْرٌ عِيْنٌ ﴿٢٢﴾
كَأَمْثَالِ اللُّؤْلُؤِ الْمَكْنُوْنِ ﴿٢٣﴾ جَزَاءً بِمَا كَانُوْا
يَعْمَلُوْنَ ﴿٢٤﴾ لَا يَسْمَعُوْنَ فِيْهَا لَغْوًا وَّلَا تَأْثِيْمًا ﴿٢٥﴾
إِلَّا قِيْلًا سَلٰمًا سَلٰمًا ﴿٢٦﴾ وَأَصْحٰبُ الْيَمِيْنِ ۙ مَا
أَصْحٰبُ الْيَمِيْنِ ﴿٢٧﴾ فِيْ سِدْرٍ مَّخْضُوْدٍ ﴿٢٨﴾ وَّطَلْحٍ

(૫૬) સૂરઃ અલ-વાકિઆહ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૩ ● આયતો : ૯૬)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. જ્યારે તે ઘટિત થનાર ઘટના ઘટિત થઈ જશે
૨. તો કોઈ તેના ઘટિત થવાને ખોટું ઠેરવનાર નહીં હોય.
૩. તે ઊથલપાથલ કરી દેનારી આપત્તિ હશે,
૪. ધરતી તે વખતે એકાએક હલાવી નાખવામાં આવશે
૫-૬. અને પર્વતો એવી રીતે ચૂરે-ચૂરા કરી નાખવામાં આવશે કે વિખરાયેલ ધૂળ બનીને રહી જશે.
૭. તમે લોકો તે વખતે ત્રણ જૂથોમાં વહેંચાઈ જશો :
૮. જમણીબાજુવાળા, તો જમણીબાજુવાળાઓ (ના સૌભાગ્ય) નું શું કહેવું !
૯. અને ડાબીબાજુવાળા, તો ડાબીબાજુવાળાઓ (ના દુર્ભાગ્ય) નું શું ઠેકાણું !
૧૦. અને આગળવાળા તો પછી આગળવાળા જ છે !
૧૧. તેઓ જ તો નિકટવર્તી લોકો છે.
૧૨. નેઅ્મતોભરી (કૃપાસભર) જન્નતોમાં રહેશે.
૧૩-૧૪. આગળનાઓમાંથી ઘણાં હશે અને પાછળનાઓમાંથી ઓછા.
૧૫. રત્નજડિત અને સુશોભિત આસનો પર
૧૬. તકિયા લગાવીને આમને-સામને બેસશે.
૧૭-૧૮. તેમની મહેફિલોમાં શાશ્વત કિશોરો વહેતા ઝરણાંઓના શરાબથી ભરેલા પ્યાલાઓ અને સુરાહીઓ અને જામ લઈને દોડતા-ફરતા હશે,
૧૯. જેને પીધા પછી ન તેમનું માથું ચકરાશે, ન તેમની બુદ્ધિમાં વિકાર આવશે.
૨૦. અને તેઓ તેમના સામે જાત-જાતના સ્વાદિષ્ટ ફળો પ્રસ્તુત કરશે કે જે ચાહે તે પસંદ કરી લે,
૨૧. અને પક્ષીઓનું માંસ પ્રસ્તુત કરશે કે જે પક્ષીનો ચાહે તેનો ઉપભોગ કરે.
૨૨-૨૩. અને તેમના માટે સુંદર નયનોવાળી હૂરો (અપ્સરાઓ) હશે, એવી સુંદર જાણે છૂપાવીને રાખેલા મોતી !
૨૪. આ બધું તેમના તે કર્મોના બદલારૂપે તેમને મળશે જે તેઓ દુનિયામાં કરતા રહ્યા હતા.
૨૫-૨૬. ત્યાં તેઓ કોઈ વ્યર્થ વાત કે ગુનાની વાત નહીં સાંભળે. જે વાત પણ થશે સારી જ સારી હશે.
૨૭. અને જમણીબાજુવાળા, જમણીબાજુવાળાઓ (ના સૌભાગ્ય) નું શું કહેવું !
૨૮-૨૯. તેઓ કંટકરહિત બોરડીઓ, અને એકના ઉપર એક ગોઠવાયેલા કેળાં,

مَّنۡضُوۡدٍ ۙ﴿۲۹﴾ وَّ ظِلٍّ مَّمۡدُوۡدٍ ۙ﴿۳۰﴾ وَّ مَآءٍ مَّسۡكُوۡبٍ ۙ﴿۳۱﴾ وَّ
فَاكِهَةٍ كَثِيۡرَةٍ ۙ﴿۳۲﴾ لَّا مَقۡطُوۡعَةٍ وَّ لَا مَمۡنُوۡعَةٍ ۙ﴿۳۳﴾
وَّ فُرُشٍ مَّرۡفُوۡعَةٍ ؕ﴿۳۴﴾ اِنَّاۤ اَنۡشَاۡنٰهُنَّ اِنۡشَآءً ۙ﴿۳۵﴾
فَجَعَلۡنٰهُنَّ اَبۡكَارًا ۙ﴿۳۶﴾ عُرُبًا اَتۡرَابًا ۙ﴿۳۷﴾ لِّاَصۡحٰبِ
الۡيَمِيۡنِ ﴿۳۸﴾ؑ ثُلَّةٌ مِّنَ الۡاَوَّلِيۡنَ ۙ﴿۳۹﴾ وَ ثُلَّةٌ مِّنَ ع ۳۸/۱۴
الۡاٰخِرِيۡنَ ﴿۴۰﴾ؕ وَ اَصۡحٰبُ الشِّمَالِ ۬ۙ مَاۤ اَصۡحٰبُ
الشِّمَالِ ﴿۴۱﴾ؕ فِيۡ سَمُوۡمٍ وَّ حَمِيۡمٍ ۙ﴿۴۲﴾ وَّ ظِلٍّ مِّنۡ
يَّحۡمُوۡمٍ ۙ﴿۴۳﴾ لَّا بَارِدٍ وَّ لَا كَرِيۡمٍ ﴿۴۴﴾ اِنَّهُمۡ كَانُوۡا
قَبۡلَ ذٰلِكَ مُتۡرَفِيۡنَ ﴿۴۵﴾ۚۖ وَ كَانُوۡا يُصِرُّوۡنَ
عَلَى الۡحِنۡثِ الۡعَظِيۡمِ ﴿۴۶﴾ۚ وَ كَانُوۡا يَقُوۡلُوۡنَ ۬ۙ اَئِذَا
مِتۡنَا وَ كُنَّا تُرَابًا وَّ عِظَامًا ءَاِنَّا لَمَبۡعُوۡثُوۡنَ ۙ﴿۴۷﴾
اَوَ اٰبَآؤُنَا الۡاَوَّلُوۡنَ ﴿۴۸﴾ قُلۡ اِنَّ الۡاَوَّلِيۡنَ وَ
الۡاٰخِرِيۡنَ ۙ﴿۴۹﴾ لَمَجۡمُوۡعُوۡنَ ۬ۙ اِلٰى مِيۡقَاتِ يَوۡمٍ
مَّعۡلُوۡمٍ ﴿۵۰﴾ ثُمَّ اِنَّكُمۡ اَيُّهَا الضَّآلُّوۡنَ الۡمُكَذِّبُوۡنَ ۙ﴿۵۱﴾
لَاٰكِلُوۡنَ مِنۡ شَجَرٍ مِّنۡ زَقُّوۡمٍ ۙ﴿۵۲﴾ فَمَالِـُٔوۡنَ
مِنۡهَا الۡبُطُوۡنَ ﴿۵۳﴾ۚ فَشٰرِبُوۡنَ عَلَيۡهِ مِنَ
الۡحَمِيۡمِ ﴿۵۴﴾ۚ فَشٰرِبُوۡنَ شُرۡبَ الۡهِيۡمِ ﴿۵۵﴾ؕ هٰذَا
نُزُلُهُمۡ يَوۡمَ الدِّيۡنِ ﴿۵۶﴾ؕ نَحۡنُ خَلَقۡنٰكُمۡ فَلَوۡلَا
تُصَدِّقُوۡنَ ﴿۵۷﴾ اَفَرَءَيۡتُمۡ مَّا تُمۡنُوۡنَ ﴿۵۸﴾ؕ ءَاَنۡتُمۡ

૩૦. અને દૂર-દૂર સુધી ફેલાયેલો છાંયડો,
૩૧. અને પ્રતિક્ષણ વહેતું પાણી,
૩૨-૩૩. અને ક્યારેય સમાપ્ત ન થનાર અને કોઈ પણ રોક-ટોક વિના પ્રાપ્ત થનારા પુષ્કળ ફળો
૩૪. અને ઊંચી બેઠકોમાં હશે.
૩૫. તેમની પત્નીઓને વિશેષ રીતે નવેસરથી પેદા કરીશું
૩૬. અને તેમને કુમારિકાઓ બનાવી દઈશું,
૩૭. પોતાંના પતિઓની મોહિત અને સમવ્યસ્ક.
૩૮. આ કંઈક જમણી બાજુવાળાઓ માટે છે. (રુકૂઅ-૧)
૩૯-૪૦. તેઓ આગળનાઓમાંથી ઘણાં હશે અને પાછળનાઓમાંથી પણ ઘણાં.
૪૧. અને ડાબી બાજુવાળા, તો ડાબી બાજુવાળાઓ(ના દુર્ભાગ્ય)નું શું કહેવું!
૪૨. તેઓ ગરમ લૂની ઝાળ અને ઊકળતા પાણી
૪૩-૪૪. અને કાળા ધુમાડાના છાંયડામાં હશે, જે ન શીતળ હશે અને ન આરામદાયક.
૪૫. આ તે લોંકો હશે જેઓ આ અંજામે પહોંચતા પહેલાં સુખી-સંપન્ન હતા
૪૬. અને મોટા ગુનાઓનો આગ્રહ કરતા હતા.
૪૭. કહેતા હતા, ''શું જ્યારે અમે મરીને માટી બની જઈશું અને હાડપિંજર રહી જઈશું તો ફરી ઉઠાવીને ઊભા કરવામાં આવીશું ?
૪૮. અને શું અમારા તે બાપ-દાદાઓને પણ ઉઠાવવામાં આવશે જેઓ અગાઉ થઈ ગયા છે ?''
૪૯-૫૦. હે પયગંબર ! આ લોકોને કહો, નિઃશંક આગળના અને પાછળના સૌ એક દિવસે અવશ્ય એકત્ર કરવામાં આવનાર છે જેનો સમય નક્કી કરી દેવામાં આવ્યો છે.
૫૧-૫૨. પછી હે ભટકી ગયેલાઓ અને ખોટું ઠેરવનારાઓ ! તમે ઝક્કૂમના વૃક્ષનું ભોજન કરવાના છો.
૫૩. તેનાથી જ તમે પેટ ભરશો
૫૪-૫૫. અને ઉપરથી ઊકળતું પાણી તરસના રોગિષ્ઠ ઊંટની જેમ પીશો.
૫૬. આ છે (તે ડાબી બાજુવાળાઓના) આતિથ્ય-સત્કારની સામગ્રી બદલાના દિવસે !
૫૭. અમે તમને પેદા કર્યા છે, પછી કેમ સાચું માનતા નથી ?
૫૮. ક્યારેય તમે વિચાર્યું, આ વીર્ય જે તમે નાખો છો,

تَخْلُقُوْنَهٗٓ اَمْ نَحْنُ الْخٰلِقُوْنَ ﴿٥٩﴾ نَحْنُ قَدَّرْنَا
بَيْنَكُمُ الْمَوْتَ وَمَا نَحْنُ بِمَسْبُوْقِيْنَ ﴿٦٠﴾ عَلٰٓى اَنْ
نُّبَدِّلَ اَمْثَالَكُمْ وَنُنْشِئَكُمْ فِيْ مَا لَا تَعْلَمُوْنَ ﴿٦١﴾
وَلَقَدْ عَلِمْتُمُ النَّشْاَةَ الْاُوْلٰى فَلَوْلَا تَذَكَّرُوْنَ ﴿٦٢﴾
اَفَرَءَيْتُمْ مَّا تَحْرُثُوْنَ ﴿٦٣﴾ ءَاَنْتُمْ تَزْرَعُوْنَهٗٓ اَمْ
نَحْنُ الزّٰرِعُوْنَ ﴿٦٤﴾ لَوْ نَشَآءُ لَجَعَلْنٰهُ حُطَامًا
فَظَلْتُمْ تَفَكَّهُوْنَ ﴿٦٥﴾ اِنَّا لَمُغْرَمُوْنَ ﴿٦٦﴾ بَلْ نَحْنُ
مَحْرُوْمُوْنَ ﴿٦٧﴾ اَفَرَءَيْتُمُ الْمَآءَ الَّذِيْ تَشْرَبُوْنَ ﴿٦٨﴾
ءَاَنْتُمْ اَنْزَلْتُمُوْهُ مِنَ الْمُزْنِ اَمْ نَحْنُ الْمُنْزِلُوْنَ ﴿٦٩﴾
لَوْ نَشَآءُ جَعَلْنٰهُ اُجَاجًا فَلَوْلَا تَشْكُرُوْنَ ﴿٧٠﴾
اَفَرَءَيْتُمُ النَّارَ الَّتِيْ تُوْرُوْنَ ﴿٧١﴾ ءَاَنْتُمْ اَنْشَاْتُمْ
شَجَرَتَهَآ اَمْ نَحْنُ الْمُنْشِـُٔوْنَ ﴿٧٢﴾ نَحْنُ جَعَلْنٰهَا
تَذْكِرَةً وَّمَتَاعًا لِّلْمُقْوِيْنَ ﴿٧٣﴾ فَسَبِّحْ بِاسْمِ
رَبِّكَ الْعَظِيْمِ ﴿٧٤﴾ فَلَآ اُقْسِمُ بِمَوٰقِعِ النُّجُوْمِ ﴿٧٥﴾
وَاِنَّهٗ لَقَسَمٌ لَّوْ تَعْلَمُوْنَ عَظِيْمٌ ﴿٧٦﴾ اِنَّهٗ لَقُرْاٰنٌ
كَرِيْمٌ ﴿٧٧﴾ فِيْ كِتٰبٍ مَّكْنُوْنٍ ﴿٧٨﴾ لَّا يَمَسُّهٗٓ اِلَّا
الْمُطَهَّرُوْنَ ﴿٧٩﴾ تَنْزِيْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ﴿٨٠﴾
اَفَبِهٰذَا الْحَدِيْثِ اَنْتُمْ مُّدْهِنُوْنَ ﴿٨١﴾ وَتَجْعَلُوْنَ
رِزْقَكُمْ اَنَّكُمْ تُكَذِّبُوْنَ ﴿٨٢﴾ فَلَوْلَآ اِذَا بَلَغَتِ

૫૯. એનાથી બાળક તમે બનાવો છો કે તેના બનાવનાર અમે છીએ ?
૬૦-૬૧. અમે તમારા વચ્ચે મૃત્યુની વહેંચણી કરી છે, અને અમે તેનાથી વિવશ નથી કે તમારા રૂપ બદલી નાખીએ અને કોઈ એવા રૂપમાં પેદા કરી દઈએ જેને તમે જાણતા નથી.
૬૨. પોતાની પહેલી ઉત્પત્તિને તો તમે જાણો જ છો, પછી કેમ બોધ ગ્રહણ કરતા નથી ?
૬૩. ક્યારેય તમે વિચાર્યું, આ બીજ જે તમે વાવો છો,
૬૪. તેમાંથી ખેતી તમે ઊગાડો છો કે તેના ઊગાડનારા અમે છીએ ?
૬૫-૬૬. અમે ચાહીએ તો આ ખેતીને ભૂસું બનાવી મૂકીએ અને તમે જાત-જાતની વાતો કરતા જ રહી જાઓ કે ઊલ્ટાના અમે તો દંડાઈ ગયા,
૬૭. અમારા તો ભાગ્ય જ ફૂટેલા છે.
૬૮. ક્યારેય તમે આંખો ખોલીને જોયું, આ પાણી જે તમે પીઓ છો,
૬૯. તેને તમે વાદળોમાંથી વરસાવ્યું છે કે એના વરસાવનાર અમે છીએ ?
૭૦. અમે ઇચ્છીએ તો એને ખૂબ જ ખારું બનાવીને મૂકી દઈએ, પછી કેમ તમે આભારી થતા નથી ?
૭૧. ક્યારેય તમે વિચાર કર્યો, આ આગ જે તમે સળગાવો છો,
૭૨. એનું વૃક્ષ તમે પેદા કર્યું છે કે એને પેદા કરનારા અમે છીએ ?
૭૩. અમે તેને યાદ દેવડાવનાર સાધન અને જરૂરિયાતવાળાઓ માટે જીવન-સામગ્રી બનાવી છે.
૭૪. તો હે પયગંબર ! પોતાના મહાન રબ (પ્રભુ)ના નામની તસ્બીહ (મહિમાગાન) કરો. (રુકૂઅ-૨)
૭૫. તો નહીં, હું સોગંદ ખાઉં છું તારાઓની સ્થિતિઓના !
૭૬. અને જો તમે સમજો તો આ ખૂબ મોટા સોગંદ છે,
૭૭. કે આ એક ઉચ્ચ કોટિનું કુર્આન છે,
૭૮. એક સુરક્ષિત ગ્રંથમાં અંકિત,
૭૯. જેને પવિત્ર લોકો સિવાય કોઈ સ્પર્શ કરી શકતું નથી.
૮૦. આ સમગ્ર સૃષ્ટિના માલિકનું અવતરિત કરેલું છે.
૮૧. પછી શું આ વાણીની તમે ઉપેક્ષા કરો છો,
૮૨. અને આ કૃપામાં પોતાનો ભાગ તમે એ રાખ્યો છે કે આને ખોટું ઠેરવો છો ?

الْحُلْقُوْمَ ﴿٨٣﴾ وَاَنْتُمْ حِيْنَئِذٍ تَنْظُرُوْنَ ﴿٨٤﴾ وَنَحْنُ
اَقْرَبُ اِلَيْهِ مِنْكُمْ وَلٰكِنْ لَّا تُبْصِرُوْنَ ﴿٨٥﴾ فَلَوْلَآ
اِنْ كُنْتُمْ غَيْرَ مَدِيْنِيْنَ ﴿٨٦﴾ تَرْجِعُوْنَهَآ اِنْ كُنْتُمْ
صٰدِقِيْنَ ﴿٨٧﴾ فَاَمَّآ اِنْ كَانَ مِنَ الْمُقَرَّبِيْنَ ﴿٨٨﴾
فَرَوْحٌ وَّرَيْحَانٌ ۙ وَّجَنَّتُ نَعِيْمٍ ﴿٨٩﴾ وَاَمَّآ اِنْ
كَانَ مِنْ اَصْحٰبِ الْيَمِيْنِ ﴿٩٠﴾ فَسَلٰمٌ لَّكَ مِنْ
اَصْحٰبِ الْيَمِيْنِ ﴿٩١﴾ وَاَمَّآ اِنْ كَانَ مِنَ الْمُكَذِّبِيْنَ
الضَّآلِّيْنَ ﴿٩٢﴾ فَنُزُلٌ مِّنْ حَمِيْمٍ ﴿٩٣﴾ وَّتَصْلِيَةُ
جَحِيْمٍ ﴿٩٤﴾ اِنَّ هٰذَا لَهُوَ حَقُّ الْيَقِيْنِ ﴿٩٥﴾ فَسَبِّحْ
بِاسْمِ رَبِّكَ الْعَظِيْمِ ﴿٩٦﴾

૮૩-૮૪. જ્યારે મરનારનો જીવ ગળામાં આવી ગયો હોય છે અને તમે નજરે નિહાળો છો કે તે મરી રહ્યો છે,

૮૫. તે વખતે તમારા કરતાં અમે તેનાથી વધુ નિકટ હોઈએ છીએ પરંતુ તમને દેખાતા નથી.

૮૬. હવે જો તમે કોઈના આધીન નથી અને પોતાના આ ખ્યાલમાં સાચા છો,

૮૭. તો તે વખતે તેના નીકળતા જીવને પાછો કેમ લઈ આવતા નથી ?

૮૮. પછી જો એ મરનાર (અલ્લાહના) નિકટવર્તી લોકોમાંથી હોય

૮૯. તો તેના માટે આરામ અને ઉત્તમ રોજી અને નેઅ્મતો (બક્ષિસો)થી ભરપૂર જન્નત (સ્વર્ગ) છે

૯૦. અને જો તે જમણી બાજુવાળાઓમાંથી હોય,

૯૧. તો તેનું સ્વાગત એ રીતે થાય કે સલામ તને, તું જમણી બાજુવાળાઓ-માંથી છે,

૯૨. અને જો તે ખોટું ઠેરવનારા પથભ્રષ્ટ લોકોમાંથી હોય

૯૩. તો તેનાં સ્વાગત માટે ઊકળતું પાણી છે

૯૪. અને જહન્નમ (નર્ક)માં ઝોકાવાનું.

૯૫. આ બધું જ તદ્દન સત્ય છે,

૯૬. પછી હે પયગંબર ! પોતાના મહાન રબ (પ્રભુ)ના નામની તસ્બીહ (મહિમાગાન) કરો. (રુકૂઅ-૩)

(૫૭) અલ-હદીદ

પરિચય

નામ :

આયત-૨૫ માં આવતા શબ્દો 'વઅન્ઝલ્ નલ્-હદીદ' (અને લોખંડ ઉતાર્યું) થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આના મદની સૂરઃ હોવા અંગે તમામ વિવરણકર્તાઓ એકમત છે અને આના વિષયો પર વિચાર કરતાં એવું લાગે છે કે સંભવતઃ આ ઉહુદની લડાઈ અને હુદૈબિયહની સંધિ વચ્ચે કોઈક સમયે ઊતરી છે. આ તે સમય હતો જ્યારે ઇસ્લામને પોતાના અનુયાયીઓ પાસેથી માત્ર પ્રાણના બલિદાનની જ નહીં, બલ્કે ધનના બલિદાનની પણ આવશ્યકતા હતી, અને આ સૂરઃમાં આ જ બલિદાન માટે ભારપૂર્વક અપીલ કરવામાં આવી છે. આયત ૧૦ થી આ અનુમાનની વધારે પુષ્ટિ મળે છે.

વિષય અને ચર્ચા :

આનો વિષય અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવા પ્રેરિત કરવાનો છે. આ સૂરઃ એ ઉદ્દેશ્ય માટે ઉતારવામાં આવી હતી કે મુસલમાનોને વિશેષ રૂપે ધનની કુરબાનીઓ માટે તૈયાર કરવામાં આવે અને એ વાત તેમના મનમાં બેસાડી દેવામાં આવે કે ઈમાનનો મૂળ આત્મા અને વાસ્તવિકતા અલ્લાહ અને તેના ધર્મ (દીન) માટે નિષ્ઠાવાન બનવું છે. જે વ્યક્તિ આ આત્માથી વંચિત છે અને અલ્લાહ અને તેના ધર્મની તુલનામાં પોતાના પ્રાણ અને ધન અને પોતાના હિતને વધુ પ્રિય સમજે, તેની ઈમાનની સ્વીકૃતિ પોકળ છે. આ હેતુસર સૌપ્રથમ અલ્લાહના ગુણો વર્ણવવામાં આવ્યા છે, જેથી શ્રોતાઓને સારી રીતે એ અનુભૂતિ થઈ જાય કે આ મહાન હસ્તી તરફથી તેમને સંબોધન કરવામાં આવી રહ્યું છે. ત્યારબાદ નીચે મુજબના વિષયો એક પછી એક વર્ણવવામાં આવ્યા છે –

(૧) ઈમાનનો અનિવાર્ય તકાદો એ છે કે માણસ અલ્લાહના માર્ગમાં ધન ખર્ચવાથી ભાગે નહીં.

(૨) અલ્લાહના માર્ગમાં પ્રાણ અને ધનનું બલિદાન આમ તો દરેક સંજોગોમાં પોતાનું મૂલ્ય ધરાવે છે, પરંતુ આ બલિદાનોનું મૂલ્ય સંજોગોની ગંભીરતાના આધારે નક્કી થાય છે. જે લોકો ઇસ્લામની કમજોરીની હાલતમાં તેને ઉચ્ચ કરવા માટે પ્રાણોની બાજી લગાવે અને ધન ખર્ચ કરે, તેમના દરજ્જાને તે લોકો પહોંચી શકતા નથી જેઓ ઇસ્લામના પ્રભાવી હોવાની સ્થિતિમાં તેની વધુ ઉન્નતિ અને આગળ વધારવા માટે પ્રાણ અને ધનનું બલિદાન આપે.

(૩) સત્ય-માર્ગમાં જે ધન પણ ખર્ચ કરવામાં આવે, તે અલ્લાહના શિરે ઋણ છે, અને અલ્લાહ ન માત્ર એ કે તેને અનેકગણું વધારીને પાછું આપશે,

બલ્કે પોતાના તરફથી વધારાનો બદલો પણ પ્રદાન કરશે.

(૪) આખિરતમાં અલ્લાહનું નૂર (પ્રકાશ) તે જ ઈમાનવાળાઓને મળશે, જેમણે અલ્લાહના માર્ગમાં પોતાનું ધન ખર્ચ કર્યું હોય. રહ્યા તે મુનાફિકો (દંભીઓ) જેઓ દુનિયામાં પોતાના જ હિતોને જોતા રહ્યા, આખિરતમાં તેમને ઈમાનવાળાઓથી અલગ કરી દેવામાં આવશે. નૂરથી તેઓ વંચિત હશે અને તેમનું પરિણામ એ જ હશે જે કાફિરો (ઇન્કાર કરનારાઓ)નું હશે.

(૫) મુસલમાનોએ તે ગ્રંથવાળાઓ જેવા ન બની જવું જોઈએ, જેમના હૃદય લાંબા સમયની ગફલતના કારણે પથ્થર બની ગયા છે. તે ઈમાનવાળો જ કેવો, જેનું હૃદય અલ્લાહના સ્મરણથી ન પીગળે અને તેના ઉતારેલા સત્ય સામે ન ઝૂકે.

(૬) અલ્લાહની દૃષ્ટિમાં 'સિદ્દીક' (સત્યનિષ્ઠ) અને 'શહીદ' (સત્યના સાક્ષી) માત્ર તે ઈમાનવાળાઓ છે, જેઓ પોતાનું ધન કોઈ આડંબર વિના સાચા હૃદયથી તેના માર્ગમાં ખર્ચ કરે છે.

(૭) દુનિયા (આલોક)નું જીવન માત્ર થોડાંક દિવસની મોજમજા અને ધોખાની વસ્તુ છે. અહીંના સાજ-શણગાર અને અહીંના ધન-દોલત, જેમાં લોકો એકબીજાથી સરસાઈ લઈ જવાનો પ્રયત્ન કરે છે, બધું જ અસ્થાઈ છે. સ્થાયી જીવન વાસ્તવમાં આખિરતનું જીવન છે. તમારે એકબીજાથી આગળ વધવાની કોશિશ કરવી હોય તો આ કોશિશ જન્નત તરફ દોડવામાં કરો.

(૮) દુનિયામાં સુખ અને દુઃખ જે પણ હોય છે, અલ્લાહના પૂર્વ-લિખિત નિર્ણય અનુસાર હોય છે. ઈમાનવાળાઓનું વર્તન એ હોવું જોઈએ કે દુઃખ કે મુસીબત આવે તો હિંમત ન હારી બેસે, અને સુખ આવે તો ફૂલાઈ ન જાય.

(૯) અલ્લાહે પોતાના રસૂલો ખુલ્લી નિશાનીઓ અને ગ્રંથ અને ન્યાય-તુલા સાથે મોકલ્યા, જેથી લોકો જીવનમાં ન્યાય પર કાયમ રહે, અને તેના સાથે લોખંડ પણ ઉતાર્યું, જેથી સત્યને સ્થાપિત કરવા અને અસત્યનું માથું નીચું કરવા માટે શક્તિનો ઉપયોગ કરવામાં આવે. આ રીતે અલ્લાહ એ જોવા માગે છે કે મનુષ્યોમાં કોણ એવા છે જેઓ તેના ધર્મના સમર્થન અને તેની સહાયતા માટે ઊભા થઈ જાય અને તેના કાજે પ્રાણની બાજી ખેલે.

(૧૦) અલ્લાહ તરફથી અગાઉ પયગંબરો આવતા રહ્યા જેમના આમંત્રણથી કેટલાક લોકો સન્માર્ગ પર આવ્યા અને મોટાભાગના અવજ્ઞાકારી બની રહ્યા. પછી હઝરત ઈસા (અલૈ.) આવ્યા, જેમના શિક્ષણથી લોકોમાં ઘણાં નૈતિક ગુણો પેદા થયા, પરંતુ તેમના સમુદાયે સંન્યાસની નવી રીત અપનાવી લીધી. હવે સર્વોચ્ચ અલ્લાહે હઝરત મુહમ્મદ (સલ્લ.)ને મોકલ્યા છે. તેમના પર જે લોકો ઈમાન લાવશે, અલ્લાહ તેમને પોતાની કૃપાથી બમણો હિસ્સો આપશે અને તેમને સન્માર્ગ બતાવનાર નૂર (પ્રકાશ) પ્રદાન કરશે. ગ્રંથવાળા ચાહે પોતાને અલ્લાહની કૃપાના ઈજારેદાર સમજતા રહે, પરંતુ અલ્લાહની કૃપા તેના પોતાના જ હાથમાં છે, તેને અધિકાર છે જેને ચાહે પોતાની કૃપાથી નવાજી દે.

اٰيَاتُهَا ٢٩ (٥٧) سُوْرَةُ الْحَدِيْدِ مَدَنِيَّةٌ (٩٤) رُكُوْعَاتُهَا ٤

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

سَبَّحَ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ۝١ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ يُحْيٖ وَ
يُمِيْتُ ۚ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝٢ هُوَ الْاَوَّلُ
وَالْاٰخِرُ وَالظَّاهِرُ وَالْبَاطِنُ ۚ وَهُوَ بِكُلِّ شَيْءٍ
عَلِيْمٌ ۝٣ هُوَ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ
فِيْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ ۭ يَعْلَمُ مَا
يَلِجُ فِي الْاَرْضِ وَمَا يَخْرُجُ مِنْهَا وَمَا يَنْزِلُ
مِنَ السَّمَاۗءِ وَمَا يَعْرُجُ فِيْهَا ۭ وَهُوَ مَعَكُمْ اَيْنَ
مَا كُنْتُمْ ۭ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ۝٤ لَهٗ
مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ وَاِلَى اللّٰهِ تُرْجَعُ
الْاُمُوْرُ ۝٥ يُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَيُوْلِجُ النَّهَارَ
فِي الَّيْلِ ۭ وَهُوَ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ۝٦ اٰمِنُوْا
بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَاَنْفِقُوْا مِمَّا جَعَلَكُمْ مُّسْتَخْلَفِيْنَ
فِيْهِ ۭ فَالَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَاَنْفَقُوْا لَهُمْ اَجْرٌ
كَبِيْرٌ ۝٧ وَمَا لَكُمْ لَا تُؤْمِنُوْنَ بِاللّٰهِ ۚ وَالرَّسُوْلُ
يَدْعُوْكُمْ لِتُؤْمِنُوْا بِرَبِّكُمْ وَقَدْ اَخَذَ مِيْثَاقَكُمْ
اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ۝٨ هُوَ الَّذِيْ يُنَزِّلُ عَلٰى

(૫૭) સૂરઃ અલ-હદીદ

(મદીનામાં અવતરિત થઈ • રુકૂઅ : ૪ • આયતો : ૨૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલ્લાહની તસ્બીહ (મહિમાગાન) કરી છે તે દરેક વસ્તુએ જે ધરતી અને આકાશોમાં છે, અને તે જ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૨. ધરતી અને આકાશોના રાજ્યનો માલિક તે જ છે, જીવન પ્રદાન કરે છે અને મૃત્યુ આપે છે, અને તેને દરેક વસ્તુ પર સામર્થ્ય પ્રાપ્ત છે.

૩. તે જ પ્રથમ છે અને અંતિમ પણ, અને પ્રત્યક્ષ અને પરોક્ષ પણ, અને તે દરેક વસ્તુનું જ્ઞાન ધરાવે છે.

૪. તે જ છે જેણે આકાશો અને ધરતીને છ દિવસમાં સર્જ્યાં અને પછી સિંહાસન પર બિરાજમાન થયો. તેના જ્ઞાનમાં છે જે કંઈ ધરતીમાં જાય છે અને જે કંઈ તેમાંથી નીકળે છે અને જે કંઈ આકાશમાંથી ઊતરે છે અને જે કંઈ તેમાં ચઢે છે. તે તમારા સાથે છે જ્યાં પણ તમે છો. જે કામ પણ તમે કરો છો તેને તે જોઈ રહ્યો છે.

૫. તે જ ધરતી અને આકાશોના રાજ્યનો માલિક છે અને બધા મામલાઓ ફેંસલા માટે તેના સમક્ષ રજૂ કરવામાં આવે છે.

૬. તે જ રાતને દિવસમાં અને દિવસને રાતમાં દાખલ કરે છે, અને હૃદયોના છૂપાં રહસ્યો સુધ્ધાં જાણે છે.

૭. ઈમાન લાવો અલ્લાહ અને તેના રસૂલ (ઈશદૂત) પર અને ખર્ચ કરો તે વસ્તુઓમાંથી જેના પર તેણે તમને ખલીફા (પ્રતિનિધિ) બનાવ્યા છે. જે લોકો તમારા પૈકી ઈમાન લાવશે અને ધન ખર્ચ કરશે તેમના માટે મોટો બદલો છે.

૮. તમને શું થઈ ગયું છે કે તમે અલ્લાહ પર ઈમાન લાવતા નથી, જો કે રસૂલ તમને પોતાના રબ (પ્રભુ) પર ઈમાન લાવવા માટે બોલાવી રહ્યો છે અને તે તમારાથી વચન લઈ ચૂક્યો છે જો તમે ખરેખર માનવાવાળા છો.

૯. તે અલ્લાહ જ તો છે જે પોતાના બંદા ઉપર સ્પષ્ટ આયતો અવતરિત

عَبْدِهٖۤ اٰيٰتٍۢ بَيِّنٰتٍ لِّيُخْرِجَكُمْ مِّنَ الظُّلُمٰتِ
اِلَى النُّوْرِ ؕ وَاِنَّ اللّٰهَ بِكُمْ لَرَءُوْفٌ رَّحِيْمٌ ۝٩ وَمَا
لَكُمْ اَلَّا تُنْفِقُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ وَلِلّٰهِ مِيْرَاثُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ لَا يَسْتَوِيْ مِنْكُمْ مَّنْ اَنْفَقَ
مِنْ قَبْلِ الْفَتْحِ وَقٰتَلَ ؕ اُولٰٓئِكَ اَعْظَمُ دَرَجَةً
مِّنَ الَّذِيْنَ اَنْفَقُوْا مِنْۢ بَعْدُ وَقٰتَلُوْا ؕ وَكُلًّا
وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ۝١٠ ع ۱۰ ۱۷
مَنْ ذَا الَّذِيْ يُقْرِضُ اللّٰهَ قَرْضًا حَسَنًا فَيُضٰعِفَهٗ
لَهٗ وَلَهٗۤ اَجْرٌ كَرِيْمٌ ۝١١ يَوْمَ تَرَى الْمُؤْمِنِيْنَ وَ
الْمُؤْمِنٰتِ يَسْعٰى نُوْرُهُمْ بَيْنَ اَيْدِيْهِمْ وَبِاَيْمَانِهِمْ
بُشْرٰىكُمُ الْيَوْمَ جَنّٰتٌ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ
خٰلِدِيْنَ فِيْهَا ؕ ذٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِيْمُ ۝١٢ يَوْمَ
يَقُوْلُ الْمُنٰفِقُوْنَ وَالْمُنٰفِقٰتُ لِلَّذِيْنَ اٰمَنُوا
انْظُرُوْنَا نَقْتَبِسْ مِنْ نُّوْرِكُمْ ۚ قِيْلَ ارْجِعُوْا
وَرَآءَكُمْ فَالْتَمِسُوْا نُوْرًا ؕ فَضُرِبَ بَيْنَهُمْ بِسُوْرٍ لَّهٗ
بَابٌ ؕ بَاطِنُهٗ فِيْهِ الرَّحْمَةُ وَظَاهِرُهٗ مِنْ قِبَلِهِ
الْعَذَابُ ؕ ۝١٣ يُنَادُوْنَهُمْ اَلَمْ نَكُنْ مَّعَكُمْ ؕ قَالُوْا بَلٰى
وَلٰكِنَّكُمْ فَتَنْتُمْ اَنْفُسَكُمْ وَتَرَبَّصْتُمْ وَارْتَبْتُمْ
وَغَرَّتْكُمُ الْاَمَانِيُّ حَتّٰى جَآءَ اَمْرُ اللّٰهِ وَغَرَّكُمْ

કરી રહ્યો છે જેથી તમને અંધકારમાંથી કાઢી પ્રકાશમાં લઈ આવે, અને હકીકત આ છે કે અલ્લાહ તમારા પર ખૂબ જ કરુણામય અને મહેરબાન છે.

૧૦. છેવટે શું કારણ છે કે તમે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરતા નથી જો કે ધરતી અને આકાશોનો વારસો અલ્લાહ માટે જ છે. તમારામાંથી જે લોકો વિજય પછી ખર્ચ અને (સત્ય માટે) જિહાદ કરશે તેઓ કદાપિ તે લોકોના સમાન થઈ શકતા નથી જેમણે વિજય પહેલાં ખર્ચ અને જિહાદ કરેલ છે. તેમનો દરજ્જો પાછળથી ખર્ચ અને જિહાદ કરનારાઓ કરતાં ઊંચો છે જો કે અલ્લાહે બંનેના સાથે સારા વાયદાઓ કર્યા છે. જે કંઈ તમે કરો છો અલ્લાહ તેનાથી વાકેફ છે. (રુકૂઅ-૧)

૧૧. કોણ છે જે અલ્લાહને ઋણ આપે ? સારું ઋણ, જેથી અલ્લાહ તેને અનેકગણું વધારીને પાછું આપે અને તેના માટે શ્રેષ્ઠ વળતર છે.

૧૨. તે દિવસે જ્યારે તમે ઈમાનવાળા પુરુષો અને સ્ત્રીઓને જોશો કે તેમનું નૂર (પ્રકાશ) તેમના આગળ-આગળ અને તેમની જમણી બાજુ દોડી રહ્યું હશે. (તેમને કહેવાંમાં આવશે કે) ''આજે ખુશખબર છે તમારા માટે.'' જન્નતો હશે જેમના નીચે નહેરો વહી રહી હશે, જેમાં તેઓ હંમેશા રહેશે. આ જ છે મોટી સફળતા.

૧૩. તે દિવસે મુનાફિક (દંભી) પુરુષો અને સ્ત્રીઓની હાલત એવી હશે કે તેઓ ઈમાનવાળાઓને કહેશે, ''જરા અમારા તરફ જુઓ, જેથી અમે તમારા નૂર (પ્રકાશ)થી થોડોક ફાયદો ઉઠાવીએ.'' પરંતુ તેમને કહેવામાં આવશે, ''પાછળ હટી જાઓ, પોતાનો પ્રકાશ બીજે ક્યાંક શોધો.'' પછી તેમના વચ્ચે એક દીવાલ ઊભી કરી દેવામાં આવશે જેમાં એક દરવાજો હશે. તે દરવાજાના અંદર રહમત (કૃપા) હશે અને બહાર યાતના.

૧૪. તેઓ ઈમાનવાળાઓને પોકારી-પોકારીને કહેશે, ''શું અમે તમારા સાથે ન હતા ?'' ઈમાનવાળાઓ જવાબ આપશે, ''હા, પરંતુ તમે પોતે પોતાને મુસીબતમાં નાખ્યા, તકવાદિતાથી કામ લીધું, શંકામાં પડી રહ્યા અને ખોટી આશાઓ તમને ધોખામાં નાખતી રહી, ત્યાં સુધી કે અલ્લાહનો ફેંસલો આવી ગયો, અને છેવટ સુધી તે મોટો ધોખેબાજ (શેતાન) તમને અલ્લાહની બાબતમાં ધોખો આપતો રહ્યો.

بِاللّٰهِ الْغَرُوْرُ ﴿١٤﴾ فَالْيَوْمَ لَا يُؤْخَذُ مِنْكُمْ فِدْيَةٌ
وَّلَا مِنَ الَّذِيْنَ كَفَرُوْا ۭ مَاْوٰىكُمُ النَّارُ ۭ هِيَ
مَوْلٰىكُمْ ۭ وَبِئْسَ الْمَصِيْرُ ﴿١٥﴾ اَلَمْ يَاْنِ لِلَّذِيْنَ
اٰمَنُوْٓا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِ اللّٰهِ وَمَا نَزَلَ
مِنَ الْحَقِّ ۙ وَلَا يَكُوْنُوْا كَالَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ
مِنْ قَبْلُ فَطَالَ عَلَيْهِمُ الْاَمَدُ فَقَسَتْ قُلُوْبُهُمْ ۭ
وَكَثِيْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ ﴿١٦﴾ اِعْلَمُوْٓا اَنَّ اللّٰهَ
يُحْيِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ۭ قَدْ بَيَّنَّا لَكُمُ
الْاٰيٰتِ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿١٧﴾ اِنَّ الْمُصَّدِّقِيْنَ
وَالْمُصَّدِّقٰتِ وَاَقْرَضُوا اللّٰهَ قَرْضًا حَسَنًا يُّضٰعَفُ
لَهُمْ وَلَهُمْ اَجْرٌ كَرِيْمٌ ﴿١٨﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا
بِاللّٰهِ وَرُسُلِهٖٓ اُولٰۗىِٕكَ هُمُ الصِّدِّيْقُوْنَ ڰ وَالشُّهَدَاۗءُ
عِنْدَ رَبِّهِمْ ۭ لَهُمْ اَجْرُهُمْ وَنُوْرُهُمْ ۭ وَالَّذِيْنَ
كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰۗىِٕكَ اَصْحٰبُ
الْجَحِيْمِ ﴿١٩﴾ ع اِعْلَمُوْٓا اَنَّمَا الْحَيٰوةُ الدُّنْيَا لَعِبٌ ع ٩ ١٨
وَّلَهْوٌ وَّزِيْنَةٌ وَّتَفَاخُرٌۢ بَيْنَكُمْ وَتَكَاثُرٌ فِي
الْاَمْوَالِ وَالْاَوْلَادِ ۭ كَمَثَلِ غَيْثٍ اَعْجَبَ الْكُفَّارَ
نَبَاتُهٗ ثُمَّ يَهِيْجُ فَتَرٰىهُ مُصْفَرًّا ثُمَّ يَكُوْنُ
حُطٰمًا ۭ وَفِي الْاٰخِرَةِ عَذَابٌ شَدِيْدٌ ۙ وَّمَغْفِرَةٌ

૧૫. આથી આજે તમારા પાસેથી ન કોઈ ફિદયો (મુક્તિ પ્રતિ-દાન) સ્વીકારવામાં આવશે અને ન તે લોકો પાસેથી જેમણે ખુલ્લંખુલ્લા ઇન્કાર કર્યો હતો. તમારું ઠેકાણું જહન્નમ (નર્ક) છે, તે જ તમારી દેખરેખ રાખનાર છે, અને આ સૌથી ખરાબ પરિણામ છે.''

૧૬. શું ઈમાન લાવનારાઓ માટે હજુ તે સમય આવ્યો નથી કે તેમના હૃદય અલ્લાહના સ્મરણ (ઝિક્ર)થી પીગળે અને તેના અવતરિત કરેલા સત્ય આગળ ઝૂકે અને તેઓ તે લોકો જેવા ન થઈ જાય જેમને પહેલાં ગ્રંથ આપવામાં આવ્યો હતો, પછી લાંબો સમય પસાર થઈ ગયો તો તેમના હૃદય કઠોર થઈ ગયા અને આજે તેમાંના ઘણાંખરા અવજ્ઞાકારી બનેલા છે ?

૧૭. બરાબર જાણી લો કે અલ્લાહ ધરતીને તેના મૃત્યુ પછી પુનઃ સજીવન કરે છે, અમે તમને નિશાનીઓ સ્પષ્ટ દેખાડી દીધી છે, કદાચ તમે બુદ્ધિપૂર્વક વર્તો.

૧૮. પુરુષો અને સ્ત્રીઓમાંથી જે લોકો દાન આપનારા છે અને જેમણે અલ્લાહને સારું ઋણ આપ્યું છે, તેમને નિઃસંદેહ અનેકગણું વધારીને આપવામાં આવશે અને તેમના માટે શ્રેષ્ઠ બદલો છે.

૧૯. અને જે લોકો અલ્લાહ અને તેના રસૂલો પર ઈમાન લાવ્યા છે તેઓ જ પોતાના રબના નજીક સિદ્દીક (સત્યનિષ્ઠ) અને શહીદ (સાક્ષી) છે, તેમના માટે તેમનું વળતર અને તેમનું નૂર છે અને જે લોકોએ ઇન્કાર કર્યો છે અને અમારી આયતોને ખોટી ઠેરવી છે તેઓ દોજખી છે. (રુકૂઅ-૨)

૨૦. બરાબર જાણી લો કે આ દુનિયાનું જીવન તેના સિવાય કંઈ નથી કે એક ખેલ અને દિલ્લગી અને બાહ્ય ભપકો અને એકબીજાના સામે શેખી કરવી અને ધન અને સંતાનમાં એકબીજાથી આગળ વધી જવાની કોશિશ કરવું છે. આનું દૃષ્ટાંત એવું છે કે જાણે એક વરસાદ થઈ ગયો તો તેનાથી પેદા થનારી ખેતી જોઈને ખેડૂતો ખુશ થઈ ગયા. પછી તે જ ખેતી પાકી જાય છે અને તમે જુઓ છો કે પીળી પડી ગઈ, પછી તે ભૂસું બનીને રહી જાય છે. આનાથી વિપરીત આખિરત (પરલોક) તે જગ્યા છે જ્યાં કઠોર યાતના છે અને અલ્લાહની ક્ષમા અને તેની

مِّنَ اللّٰهِ وَرِضْوَانٌ ؕ وَمَا الْحَيٰوةُ الدُّنْيَآ
اِلَّا مَتَاعُ الْغُرُوْرِ ۝٢٠ سَابِقُوْٓا اِلٰى مَغْفِرَةٍ
مِّنْ رَّبِّكُمْ وَجَنَّةٍ عَرْضُهَا كَعَرْضِ السَّمَآءِ
وَالْاَرْضِ ۙ اُعِدَّتْ لِلَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَ
رُسُلِهٖ ؕ ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ؕ
وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ۝٢١ مَآ اَصَابَ مِنْ
مُّصِيْبَةٍ فِى الْاَرْضِ وَلَا فِىْٓ اَنْفُسِكُمْ اِلَّا
فِىْ كِتٰبٍ مِّنْ قَبْلِ اَنْ نَّبْرَاَهَا ؕ اِنَّ ذٰلِكَ
عَلَى اللّٰهِ يَسِيْرٌ ۝٢٢ لِّكَيْلَا تَاْسَوْا عَلٰى مَا
فَاتَكُمْ وَلَا تَفْرَحُوْا بِمَآ اٰتٰىكُمْ ؕ وَاللّٰهُ لَا
يُحِبُّ كُلَّ مُخْتَالٍ فَخُوْرِۙ ۝٢٣ الَّذِيْنَ يَبْخَلُوْنَ
وَيَاْمُرُوْنَ النَّاسَ بِالْبُخْلِ ؕ وَمَنْ يَّتَوَلَّ
فَاِنَّ اللّٰهَ هُوَ الْغَنِىُّ الْحَمِيْدُ ۝٢٤ لَقَدْ اَرْسَلْنَا
رُسُلَنَا بِالْبَيِّنٰتِ وَاَنْزَلْنَا مَعَهُمُ الْكِتٰبَ
وَالْمِيْزَانَ لِيَقُوْمَ النَّاسُ بِالْقِسْطِ ۚ وَاَنْزَلْنَا
الْحَدِيْدَ فِيْهِ بَاْسٌ شَدِيْدٌ وَّمَنَافِعُ لِلنَّاسِ
وَلِيَعْلَمَ اللّٰهُ مَنْ يَّنْصُرُهٗ وَرُسُلَهٗ بِالْغَيْبِ ؕ
اِنَّ اللّٰهَ قَوِىٌّ عَزِيْزٌ ۝٢٥ ع وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا وَّ
اِبْرٰهِيْمَ وَجَعَلْنَا فِىْ ذُرِّيَّتِهِمَا النُّبُوَّةَ وَالْكِتٰبَ

પ્રસન્નતા છે. દુનિયાનું જીવન ભ્રમમાં નાખવા ઊભી કરેલ માયાજાળ સિવાય કશું નથી.

૨૧. દોડો અને એકબીજાથી આગળ વધવાનો પ્રયાસ કરો, પોતાના રબની ક્ષમા અને તે જન્નત તરફ જેની વિશાળતા આકાશ અને ધરતી સમાન છે; જે તૈયાર કરવામાં આવી છે તે લોકો માટે જેઓ અલ્લાહ અને તેના રસૂલો પર ઈમાન લાવ્યા હોય. આ અલ્લાહનું કૃપા-દાન છે, જેને ચાહે છે પ્રદાન કરે છે, અને અલ્લાહ મોટો કૃપાળુ છે.

૨૨. કોઈ મુસીબત એવી નથી જે ધરતી ઉપર અથવા તમારા પોતાના ઉપર ઊતરતી હોય અને અમે તેને પેદા કરતાં પહેલાં એક પુસ્તક (અર્થાત્ ભાગ્ય-લેખ)માં લખી ન રાખી હોય. આવું કરવું અલ્લાહ માટે ખૂબ સરળ છે.

૨૩. (આ સઘળું એટલા માટે છે) જેથી જે કંઈ નુકસાન તમને થાય તે બદલ તમે હતોત્સાહ ન થાઓ અને જે કંઈ અલ્લાહ તમને આપે તેના ઉપર ફૂલાઈ ન જાઓ. અલ્લાહ એવા લોકોને પસંદ કરતો નથી જેઓ પોતાને મોટા સમજે છે અને અભિમાન કરે છે.

૨૪. જેઓ પોતે કંજૂસી કરે છે અને બીજાઓને કંજૂસી કરવા માટે પ્રોત્સાહન આપે છે. હવે જો કોઈ મોઢું ફેરવે છે તો અલ્લાહ અપેક્ષારહિત અને તે સ્વયં પ્રશંસિત છે.

૨૫. અમે પોતાના રસૂલોને સ્પષ્ટ નિશાનીઓ અને માર્ગદર્શનો સાથે મોકલ્યા અને તેમના સાથે ગ્રંથ અને તુલા ઉતાર્યા જેથી લોકો ન્યાય ઉપર કાયમ થાય, અને લોખંડ ઉતાર્યું જેમાં ઘણું બળ છે અને લોકો માટે ફાયદાઓ છે. આ એટલા માટે કરવામાં આવ્યું જેથી અલ્લાહ એ જાણી લે કે કોણ તેને જોયા વિના તેના અને તેના રસૂલોની મદદ કરે છે. નિઃશંક અલ્લાહ ખૂબ શક્તિશાળી અને પ્રભુત્વશાળી છે. (રુકૂઅ-૩)

૨૬. અમે નૂહ અને ઈબ્રાહીમને મોકલ્યા અને તે બંનેના વંશમાં પયગંબરી (ઈશદૂતત્વ) અને ગ્રંથ મૂકી દીધા. પછી તેમના વંશજોમાંથી કોઈએ

فَمِنْهُمْ مُّهْتَدٍ ۚ وَكَثِيْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ ﴿٢٦﴾ ثُمَّ
قَفَّيْنَا عَلٰٓى اٰثَارِهِمْ بِرُسُلِنَا وَ قَفَّيْنَا بِعِيْسَى
ابْنِ مَرْيَمَ وَ اٰتَيْنٰهُ الْاِنْجِيْلَ ۙ وَجَعَلْنَا فِيْ
قُلُوْبِ الَّذِيْنَ اتَّبَعُوْهُ رَاْفَةً وَّرَحْمَةً ۭ وَرَهْبَانِيَّةَ ۨ
ابْتَدَعُوْهَا مَا كَتَبْنٰهَا عَلَيْهِمْ اِلَّا ابْتِغَاۗءَ رِضْوَانِ
اللّٰهِ فَمَا رَعَوْهَا حَقَّ رِعَايَتِهَا ۚ فَاٰتَيْنَا الَّذِيْنَ
اٰمَنُوْا مِنْهُمْ اَجْرَهُمْ ۚ وَكَثِيْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ ﴿٢٧﴾
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَ اٰمِنُوْا بِرَسُوْلِهٖ
يُؤْتِكُمْ كِفْلَيْنِ مِنْ رَّحْمَتِهٖ وَيَجْعَلْ لَّكُمْ نُوْرًا
تَمْشُوْنَ بِهٖ وَيَغْفِرْ لَكُمْ ۭ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٨﴾ ۙ
لِّئَلَّا يَعْلَمَ اَهْلُ الْكِتٰبِ اَلَّا يَقْدِرُوْنَ عَلٰي شَيْءٍ
مِّنْ فَضْلِ اللّٰهِ وَاَنَّ الْفَضْلَ بِيَدِ اللّٰهِ يُؤْتِيْهِ
مَنْ يَّشَاۗءُ ۭ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿٢٩﴾ ع

منزل ٧

માર્ગદર્શન અપનાવ્યું અને ઘણાંખરા અવજ્ઞાકારી થઈ ગયા.

૨૭. તેમના પછી અમે નિરંતર પોતાના રસૂલ મોકલ્યા, અને તે સૌના પછી મરયમના પુત્ર ઈસાને મોકલ્યો અને તેને ઈંજીલ પ્રદાન કરી, અને જેમણે તેનું અનુસરણ કર્યું તેમના હૃદયોમાં અમે કરુણા અને દયા મૂકી દીધાં, અને સંસાર-ત્યાગ (સન્યાસ)ની પ્રથા તેમણે પોતે જ શોધી કાઢી. અમે તેમના પર તેને ફરજિયાત બનાવી ન હતી, પરંતુ અલ્લાહની પ્રસન્નતાની ઈચ્છાના કારણે તેમણે પોતે જ આ નવી વસ્તુ કાઢી અને પછી જેવી રીતે પાલન કરવું જોઈતું હતું, તેવી રીતે પાલન કર્યું નહીં. તેમનામાંથી જેઓ ઈમાન લાવ્યા હતા તેમનો બદલો અમે તેમને આપ્યો, પરંતુ તેમાંના ઘણાંખરા અવજ્ઞાકારી છે.

૨૮. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહથી ડરો અને તેના રસૂલ (મુહમ્મદ સલ્લ.) પર ઈમાન લાવો, અલ્લાહ તમને પોતાની કૃપાનો બમણો હિસ્સો પ્રદાન કરશે અને તમને તે પ્રકાશ પ્રદાન કરશે જેના અજવાળામાં તમે ચાલશો, અને તમારા ગુના માફ કરી દેશે, અલ્લાહ મોટો ક્ષમાશીલ અને દયાળુ છે.

૨૯. (તમારે આ માર્ગ અપનાવવો જોઈએ) જેથી ગ્રંથવાળાઓને જાણ થઈ જાય કે અલ્લાહની કૃપા ઉપર તેમનો કોઈ ઇજારો નથી, અને એ કે અલ્લાહની કૃપા તેના પોતાના જ હાથમાં છે, જેને ચાહે છે પ્રદાન કરે છે, અને તે મોટો કૃપાળુ છે. (રુકૂઅ-૪)

(૫૮) અલ-મુજાદલા

પરિચય

નામ:

આ સૂરઃનું નામ 'અલ-મુજાદલા' પણ છે અને 'અલ-મુજાદિલા' પણ. આ નામ પહેલી જ આયતના શબ્દ 'તુજાદિલુ-ક' (તમારા સાથે તકરાર કરી રહી છે) થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ:

સૂરઃ અહ્ઝાબમાં અલ્લાહે દત્તક પુત્રને સગા પુત્ર માનવાનું ખંડન કરતાં માત્ર એમ કહીને છોડી દીધું હતું કે ''અને અલ્લાહે તમારી તે પત્નીઓને જેમના સાથે તમે ઝિહાર કરો છો તમારી માતાઓ બનાવી દીધી નથી.'' (જિહારથી અભિપ્રેત છે પત્નીને માતાની ઉપમા આપવી.) પરંતુ તેમાં એ બતાવવામાં આવ્યું ન હતું કે 'ઝિહાર' કરવો કોઇ પાપ કે ગુનો છે અને ન એ બતાવવામાં આવ્યું હતું કે આ કૃત્ય વિષયક શરીઅત (ઇસ્લામી કાનૂન)નો શું આદેશ છે. આનાથી વિપરીત આ સૂરઃમાં 'ઝિહાર'નો સંપૂર્ણ કાનૂન વર્ણવી દેવામાં આવ્યો છે. આનાથી જણાય છે કે આ વિગતવાર આદેશો તે સંક્ષિપ્ત આદેશો પછી ઊતર્યા છે. આ તથ્યના અંતર્ગત આ વાત નિશ્ચિત રૂપે કહી શકાય છે કે આ સૂરઃના ઉતરવાનો સમય અહઝાબના અભિયાન (શવ્વાલ, હિ.સ. ૦૫)ના પછીનો છે.

વિષય અને ચર્ચા :

આ સૂરઃ માં મુસલમાનોને તે જુદી-જુદી સમસ્યાઓ વિષે આદેશો આપવામાં આવ્યા છે જે સમસ્યાઓ તે સમયે ઉપસ્થિત થઈ ગઈ હતી. સૂરઃની શરૂઆતથી આયત ૬ સુધી 'ઝિહાર' વિશે શરીઅતના આદેશો વર્ણવવામાં આવ્યા છે અને તેના સાથે મુસલમાનોને અત્યંત કડકપણે ચેતવવામાં આવ્યા છે કે ઈસ્લામ પછી પણ અજ્ઞાનતાકાળના રિવાજો પર કાયમ રહેવું અને અલ્લાહની ઠરાવેલી મર્યાદાઓને તોડવી નિશ્ચિત રૂપે ઈમાનથી વિપરીત કામ છે, જેની સજા દુનિયા (આલોક)માં પણ અપમાન અને ફજેતી છે અને આખિરત (પરલોક)માં પણ તેની સખત રીતે પૂછપરછ કરવામાં આવશે. આયત ૭ થી ૧૦ માં મુનાફિકો (દંભીઓ)ના એ વલણ પર પકડ કરવામાં આવી છે કે તેઓ પરસ્પર છૂપી ગુસપુસો કરીને જાત-જાતના દુષ્ટ-કામોની યોજનાઓ બનાવતા હતા અને અલ્લાહના રસૂલ (સલ્લ.)ને તેઓ યહૂદીઓની જેમ એવી રીતે સલામ કરતા હતા, જેનાથી દુઆ(પ્રાર્થના)ને બદલે બદ્દુઆ(શ્રાપ)નો અર્થ નીકળતો

હતો. આ અંગે મુસલમાનોને સાંત્વના આપવામાં આવી છે કે મુનાફિકોની આ ગુસપુસ તમારું કંઇ બગાડી શકતી નથી, તેથી તમે અલ્લાહના ભરોસે પોતાનું કામ કર્યે જાઓ, અને તેના સાથે તેમને એ નૈતિક શિક્ષા પણ આપવામાં આવી છે કે સાચા ઇમાનવાળાનું કામ પાપ અને અત્યાચાર અને અન્યાય તથા પયગંબરની અવજ્ઞા કરવા માટે ગુસપુસ કરવાનું નથી, તેઓ જો પરસ્પર બેસીને એકાંતમાં કોઇ વાત પણ કરે તો તે વાત ભલાઈ અને ધર્મપરાયણતા(તકવા)ની હોવી જોઇએ. આયત ૧૧ થી ૧૩ સુધી મુસલામાનોને સભા–મજલિસ સંબંધે કેટલાક નિયમો શીખવવામાં આવ્યા છે અને કેટલીક એવી સામાજિક ખામીઓ દૂર કરવા માટે નિર્દેશો આપવામાં આવ્યા છે જે પહેલાં પણ લોકોમાં જોવા મળતી હતી અને આજે પણ જોવા મળે છે. આંયત ૧૪ થી સૂરઃના અંત સુધી મુસ્લિમ સમાજના લોકોને, જેમાં સાચાં ઇમાનવાળા અને મુનાફિકો (દંભીઓ) અને દ્વિધાગ્રસ્ત સૌ સામેલ હતા, તદન ચોખ્ખા શબ્દોમાં બતાવવામાં આવ્યું છે કે દીન (ધર્મ)માં માણસના નિષ્ઠાવાન હોવાની કસોટી શું છે. એક પ્રકારના મુસલમાનો તે છે જેઓ ઇસ્લામના દુશ્મનો સાથે દોસ્તી રાખે છે, પોતાના હિત માટે દીન સાથે વિશ્વાસઘાત કરવામાં તેઓ કોઇ સંકોચ કરતા નથી. બીજા પ્રકારના મુસલમાનો તે છે જેઓ અલ્લાહના દીન (ઈશ-ધર્મ)ની બાબતમાં કોઇ બીજાનો ખ્યાલ કરવાનું તો દૂર, પોતાના પિતા, ભાઇ, સંતાનો અને પરિવાર સુધ્ધાંની પરવા નથી કરતા. અલ્લાહે આ આયતોમાં સ્પષ્ટપણે ફરમાવી દીધું છે કે પહેલાં પ્રકારના લોકો ચાહે ગમે તેટલી સોગંદો ખાઈ-ખાઇને પોતાના મુસલમાન હોવાના દાવાનો વિશ્વાસ અપાવે, વાસ્તવમાં તેઓ શેતાનના પક્ષના લોકો છે અને અલ્લાહના પક્ષમાં સામેલ થવાનું સૌભાગ્ય માત્ર બીજા પ્રકારના મુંસલમાનોને જ પ્રાપ્ત છે.

ایاتها ٢٢ — (٥٨) سُوْرَةُ الْمُجَادَلَةِ مَدَنِيَّةٌ (١٠٥) — رکوعاتها ٣

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

قَدْ سَمِعَ اللّٰهُ قَوْلَ الَّتِیْ تُجَادِلُكَ فِیْ زَوْجِهَا
وَ تَشْتَكِیْۤ اِلَى اللّٰهِ ۖۗ وَ اللّٰهُ یَسْمَعُ تَحَاوُرَكُمَا ؕ اِنَّ اللّٰهَ
سَمِیْعٌۢ بَصِیْرٌ ﴿۱﴾ اَلَّذِیْنَ یُظٰهِرُوْنَ مِنْكُمْ مِّنْ نِّسَآىٕهِمْ
مَّا هُنَّ اُمَّهٰتِهِمْ ؕ اِنْ اُمَّهٰتُهُمْ اِلَّا الّٰٓـِٔیْ وَلَدْنَهُمْ ؕ وَ
اِنَّهُمْ لَیَقُوْلُوْنَ مُنْكَرًا مِّنَ الْقَوْلِ وَ زُوْرًا ؕ وَ اِنَّ اللّٰهَ
لَعَفُوٌّ غَفُوْرٌ ﴿۲﴾ وَ الَّذِیْنَ یُظٰهِرُوْنَ مِنْ نِّسَآىٕهِمْ
ثُمَّ یَعُوْدُوْنَ لِمَا قَالُوْا فَتَحْرِیْرُ رَقَبَةٍ مِّنْ قَبْلِ اَنْ
یَّتَمَآسَّا ؕ ذٰلِكُمْ تُوْعَظُوْنَ بِهٖ ؕ وَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ
خَبِیْرٌ ﴿۳﴾ فَمَنْ لَّمْ یَجِدْ فَصِیَامُ شَهْرَیْنِ مُتَتَابِعَیْنِ
مِنْ قَبْلِ اَنْ یَّتَمَآسَّا ؕ فَمَنْ لَّمْ یَسْتَطِعْ فَاِطْعَامُ سِتِّیْنَ
مِسْكِیْنًا ؕ ذٰلِكَ لِتُؤْمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ ؕ وَ تِلْكَ حُدُوْدُ
اللّٰهِ ؕ وَ لِلْكٰفِرِیْنَ عَذَابٌ اَلِیْمٌ ﴿۴﴾ اِنَّ الَّذِیْنَ یُحَآدُّوْنَ
اللّٰهَ وَ رَسُوْلَهٗ كُبِتُوْا كَمَا كُبِتَ الَّذِیْنَ مِنْ قَبْلِهِمْ وَ قَدْ
اَنْزَلْنَاۤ اٰیٰتٍۭ بَیِّنٰتٍ ؕ وَ لِلْكٰفِرِیْنَ عَذَابٌ مُّهِیْنٌ ﴿۵﴾ ۚ
یَوْمَ یَبْعَثُهُمُ اللّٰهُ جَمِیْعًا فَیُنَبِّئُهُمْ بِمَا عَمِلُوْا ؕ
اَحْصٰىهُ اللّٰهُ وَ نَسُوْهُ ؕ وَ اللّٰهُ عَلٰى كُلِّ شَیْءٍ شَهِیْدٌ ﴿۶﴾ ع
اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ یَعْلَمُ مَا فِی السَّمٰوٰتِ وَ مَا فِی الْاَرْضِ ؕ

(૫૮) સૂરઃ અલ-મુજાદલા

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૩ ● આયતો : ૨૨)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલ્લાહે સાંભળી લીધી તે સ્ત્રીની વાત જે પોતાના પતિના મામલામાં તમારા સાથે તકરાર કરી રહી છે અને અલ્લાહથી ફરિયાદ કર્યે જાય છે. અલ્લાહ તમારા બંનેની વાતચીત સાંભળી રહ્યો છે, તે બધું જ સાંભળનાર અને જોનાર છે.

૨. તમારામાંથી જે લોકો પોતાની પત્નીઓ સાથે ઝિહાર★ કરે છે તેમની પત્નીઓ તેમની માતાઓ નથી, તેમની માતાઓ તો તે જ છે જેમણે તેમને જન્મ આપ્યો છે. આ લોકો ભારે અપ્રિય અને જૂઠી વાત કહે છે, અને હકીકત એ છે કે અલ્લાહ મોટો માફ કરનાર અને દરગુજર કરનાર છે.

૩. જે લોકો પોતાની પત્નીઓ સાથે 'ઝિહાર' કરે પછી પોતાની તે વાતથી પાછા ફરે જે તેમણે કહી હતી, તો એકબીજાને હાથ લગાવે તે પહેલાં તેમણે એક ગુલામ આઝાદ કરવો પડશે. આનાથી તમને શિખામણ આપવામાં આવે છે, અને તમે જે કંઈ કરો છો અલ્લાહ તેનાથી સુમાહિતગાર છે.

૪. અને જે વ્યક્તિ ગુલામ ન મેળવી શકે તે બે મહિનાના નિરંતર રોઝા (ઉપવાસ) રાખે, તે પહેલાં કે બંને એકબીજાને હાથ લગાવે, અને જે વ્યક્તિને આનું પણ સામર્થ્ય પ્રાપ્ત ન હોય તે સાઇઠ ગરીબોને ભોજન કરાવે.
આ આદેશ એટલા માટે આપવામાં આવી રહ્યો છે કે તમે અલ્લાહ અને તેના રસૂલ (ઈશદૂત) પર ઈમાન લાવો. આ અલ્લાહની નિર્ધારિત કરેલ મર્યાદાઓ છે, અને કાફિરો (ઇન્કાર કરનારાઓ) માટે પીડાકારી સજા છે.

૫. જે લોકો અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કરે છે તેઓ તેવી જ રીતે અપમાનિત અને તિરસ્કૃત કરી દેવામાં આવશે જેવી રીતે તેમના પહેલાંના લોકો અપમાનિત અને તિરસ્કૃત કરવામાં આવી ચૂક્યા છે. અમે સ્પષ્ટ આયતો ઉતારી દીધી છે, અને કાફિરો માટે અપમાનજનક યાતના છે.

૬. તે દિવસે (આ અપમાનજનક યાતના થવાની છે) જ્યારે અલ્લાહ તે સૌને ફરીથી જીવંત કરીને ઉઠાવશે અને તેમને બતાવી દેશે કે તેઓ શું કરીને આવ્યા છે. તેઓ ભૂલી ગયા છે પરંતુ અલ્લાહે તેમનું બધું કર્યું-કરાવ્યું ગણી-ગણીને સુરક્ષિત રાખ્યું છે અને અલ્લાહ એકએક વસ્તુ પર સાક્ષી છે. (રુકૂઅ-૧)

૭. શું તમને ખબર નથી કે ધરતી અને આકાશોની પ્રત્યેક વસ્તુનું

★ અરબસ્તાનમાં મહદ્અંશે એવું થતું કે પતિ અને પત્નીમાં લડાઈ-ઝઘડો થતો, ત્યારે પતિ ગુસ્સામાં આવીને કહેતો કે 'તુ મારા માટે એવી છે, જેમ કે મારી માતાની પીઠ' તેનો અર્થ એ થતો કે તારા સાથે સંભોગ કરવો મારા માટે એવું છે જેમ કે મારી માતા સાથે સંભોગ કરું. અજ્ઞાનતા કાળમાં આરબોમાં આ પ્રકારની તલાક એ પ્રચલિત તલાક કરતાં પણ વધુ કઠોર, પતિ-પત્ની વચ્ચે સંબંધ-વિચ્છેદની ઘોષણા સમજવામાં આવતી.

مَا يَكُوْنُ مِنْ نَّجْوٰى ثَلٰثَةٍ اِلَّا هُوَ رَابِعُهُمْ وَلَا خَمْسَةٍ
اِلَّا هُوَ سَادِسُهُمْ وَلَآ اَدْنٰى مِنْ ذٰلِكَ وَلَآ اَكْثَرَ اِلَّا هُوَ
مَعَهُمْ اَيْنَ مَا كَانُوْا ۚ ثُمَّ يُنَبِّئُهُمْ بِمَا عَمِلُوْا يَوْمَ الْقِيٰمَةِ ۭ
اِنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ۝٧ اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ نُهُوْا
عَنِ النَّجْوٰى ثُمَّ يَعُوْدُوْنَ لِمَا نُهُوْا عَنْهُ وَيَتَنٰجَوْنَ
بِالْاِثْمِ وَالْعُدْوَانِ وَمَعْصِيَتِ الرَّسُوْلِ وَاِذَا جَاۗءُوْكَ
حَيَّوْكَ بِمَا لَمْ يُحَيِّكَ بِهِ اللّٰهُ ۙ وَيَقُوْلُوْنَ فِيْٓ اَنْفُسِهِمْ
لَوْلَا يُعَذِّبُنَا اللّٰهُ بِمَا نَقُوْلُ ۭ حَسْبُهُمْ جَهَنَّمُ ۚ يَصْلَوْنَهَا ۚ
فَبِئْسَ الْمَصِيْرُ ۝٨ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا تَنَاجَيْتُمْ فَلَا
تَتَنَاجَوْا بِالْاِثْمِ وَالْعُدْوَانِ وَمَعْصِيَتِ الرَّسُوْلِ
وَتَنَاجَوْا بِالْبِرِّ وَالتَّقْوٰى ۭ وَاتَّقُوا اللّٰهَ الَّذِيْٓ اِلَيْهِ
تُحْشَرُوْنَ ۝٩ اِنَّمَا النَّجْوٰى مِنَ الشَّيْطٰنِ لِيَحْزُنَ
الَّذِيْنَ اٰمَنُوْا وَلَيْسَ بِضَاۗرِّهِمْ شَيْــــًٔا اِلَّا بِاِذْنِ اللّٰهِ ۭ
وَعَلَي اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ۝١٠ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا
اِذَا قِيْلَ لَكُمْ تَفَسَّحُوْا فِي الْمَجٰلِسِ فَافْسَحُوْا يَفْسَحِ
اللّٰهُ لَكُمْ ۚ وَاِذَا قِيْلَ انْشُزُوْا فَانْشُزُوْا يَرْفَعِ اللّٰهُ
الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ ۙ وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ دَرَجٰتٍ ۭ
وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ۝١١ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا
اِذَا نَاجَيْتُمُ الرَّسُوْلَ فَقَدِّمُوْا بَيْنَ يَدَيْ نَجْوٰىكُمْ

અલ્લાહને જ્ઞાન છે ? ક્યારેય એવું થતું નથી કે ત્રણ વ્યક્તિઓ વચ્ચે કોઈ ગુસપુસ થાય અને તેમના વચ્ચે ચોથો અલ્લાહ ન હોય, અથવા પાંચ વ્યક્તિઓ વચ્ચે ગુસપુસ થતી હોય અને તેમના અંદર છઠ્ઠો અલ્લાહ ન હોય. ગુપ્ત વાત કરનારા ચાહે આનાથી ઓછા હોય કે વધારે, જ્યાં પણ તેઓ હોય, અલ્લાહ તેમના સાથે હોય છે. પછી કયામત (પુનર્જીવન)ના દિવસે તે તેમને બતાવી દેશે કે તેમણે શું કર્યું છે. અલ્લાહને દરેક વસ્તુનું જ્ઞાન છે.

૮. શું તમે જોયા નહીં તે લોકોને જેમને ગુસપુસ કરવાની મનાઈ કરી દેવામાં આવી હતી છતાં પણ તેઓ તે જ કૃત્ય કરતા જઈ રહ્યા છે જેની તેમને મનાઈ કરવામાં આવી હતી ? આ લોકો છૂપાઈને પરસ્પર ગુના અને અતિરેક અને રસૂલ (ઈશદૂત)ની અવજ્ઞાની વાતો કરે છે, અને જ્યારે તમારા પાસે આવે છે ત્યારે તમને એવી રીતે સલામ કરે છે જેવી રીતે અલ્લાહે તમારા પર સલામ નથી કર્યો અને પોતાના મનમાં કહે છે કે અમારા આવા કૃત્યો બદલ અલ્લાહ અમને સજા કેમ આપતો નથી ? તેમના માટે જહન્નમ જ પૂરતી છે. તેનું જ તેઓ ઈંધણ બનશે, ઘણું જ ખરાબ પરિણામ છે તેમનું !

૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે તમે પરસ્પર ગુપ્ત વાત કરો તો ગુના અને અતિરેક અને રસૂલની અવજ્ઞાની વાતો નહીં, બલ્કે સદાચાર અને તકવા (ઈશપરાયણતા)ની વાતો કરો અને તે અલ્લાહથી ડરતા રહો જેના સામે તમે એકત્ર કરવામાં આવશો,

૧૦. ગુસપુસ તો એક શેતાની કામ છે, અને તે એટલા માટે કરવામાં આવે છે જેથી ઈમાન લાવનારા લોકો તેનાથી દુઃખી થાય, જો કે અલ્લાહની પરવાનગી વિના તે તેમને કોઈ પણ નુકસાન પહોંચાડી શકતી નથી, અને ઈમાનવાળાઓએ અલ્લાહ પર જ ભરોસો રાખવો જોઈએ.

૧૧. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે તમને કહેવામાં આવે કે પોતાની સભાઓમાં મોકળાશ પેદા કરો તો જગ્યા મોકળી કરી દો, અલ્લાહ તમને મોકળાશ પ્રદાન કરશે, અને જ્યારે તમને કહેવામાં આવે કે ઊઠી જાઓ તો ઊઠી જવાનું રાખો. તમારામાંથી જેઓ ઈમાનવાળા છે અને જેમને જ્ઞાન આપવામાં આવ્યું છે, અલ્લાહ તેમને ઉચ્ચ દરજ્જા પ્રદાન કરશે, અને તમે જે કંઈ કરો છો અલ્લાહને તેની ખબર છે.

૧૨. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે તમે રસૂલ સાથે એકાંતમાં વાત કરો તો વાત કરતા પહેલાં કંઈક સદકો (દાન) આપો, આ

صَدَقَةً ؕ ذٰلِكَ خَيْرٌ لَّكُمْ وَاَطْهَرُ ؕ فَاِنْ لَّمْ تَجِدُوْا
فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۲﴾ ءَاَشْفَقْتُمْ اَنْ تُقَدِّمُوْا بَيْنَ
يَدَىْ نَجْوٰىكُمْ صَدَقٰتٍ ؕ فَاِذْ لَمْ تَفْعَلُوْا وَتَابَ اللّٰهُ
عَلَيْكُمْ فَاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ وَاَطِيْعُوا اللّٰهَ
وَرَسُوْلَهٗ ؕ وَاللّٰهُ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿۱۳﴾ ع اَلَمْ تَرَ اِلَى ع ۲
الَّذِيْنَ تَوَلَّوْا قَوْمًا غَضِبَ اللّٰهُ عَلَيْهِمْ ؕ مَا هُمْ مِّنْكُمْ
وَلَا مِنْهُمْ ۙ وَيَحْلِفُوْنَ عَلَى الْكَذِبِ وَهُمْ يَعْلَمُوْنَ ﴿۱۴﴾ ج
اَعَدَّ اللّٰهُ لَهُمْ عَذَابًا شَدِيْدًا ؕ اِنَّهُمْ سَآءَ مَا كَانُوْا
يَعْمَلُوْنَ ﴿۱۵﴾ اِتَّخَذُوْۤا اَيْمَانَهُمْ جُنَّةً فَصَدُّوْا عَنْ
سَبِيْلِ اللّٰهِ فَلَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ﴿۱۶﴾ لَنْ تُغْنِيَ
عَنْهُمْ اَمْوَالُهُمْ وَلَاۤ اَوْلَادُهُمْ مِّنَ اللّٰهِ شَيْـًٔا ؕ
اُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ؕ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۱۷﴾ يَوْمَ
يَبْعَثُهُمُ اللّٰهُ جَمِيْعًا فَيَحْلِفُوْنَ لَهٗ كَمَا يَحْلِفُوْنَ لَكُمْ
وَيَحْسَبُوْنَ اَنَّهُمْ عَلٰى شَيْءٍ ؕ اَلَاۤ اِنَّهُمْ هُمُ الْكٰذِبُوْنَ ﴿۱۸﴾
اِسْتَحْوَذَ عَلَيْهِمُ الشَّيْطٰنُ فَاَنْسٰىهُمْ ذِكْرَ اللّٰهِ ؕ اُولٰٓئِكَ حِزْبُ
الشَّيْطٰنِ ؕ اَلَاۤ اِنَّ حِزْبَ الشَّيْطٰنِ هُمُ الْخٰسِرُوْنَ ﴿۱۹﴾ اِنَّ
الَّذِيْنَ يُحَآدُّوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗۤ اُولٰٓئِكَ فِى الْاَذَلِّيْنَ ﴿۲۰﴾
كَتَبَ اللّٰهُ لَاَغْلِبَنَّ اَنَا وَرُسُلِىْ ؕ اِنَّ اللّٰهَ قَوِىٌّ عَزِيْزٌ ﴿۲۱﴾
لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ

તમારા માટે સારું અને અધિક પવિત્ર છે, અલબત્ત જો તમે સદકો આપવા માટે કંઈ ન મેળવો તો અલ્લાહ માફ કરનાર અને દયાળુ છે.

૧૩. શું તમે ડરી ગયા એ વાતથી કે એકાંતમાં વાત કરતાં પહેલાં તમારે સદકો આપવા પડશે ? ભલે, જો તમે આવું ન કરો – અને અલ્લાહે તમને આનાથી માફ કરી દીધા – તમે નમાઝ કાયમ કરતા રહો, ઝકાત (ધર્મ-દાન) આપતા રહો અને અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરતા રહો. તમે જે કંઈ કરો છો અલ્લાહ તેનાથી સુમાહિતગાર છે.(રુકૂઅ-૨)

૧૪. શું તમે જોયા તે લોકોને જેમણે મિત્ર બનાવ્યું છે એક એવા જૂથને જેના ઉપર અલ્લાહનો પ્રકોપ છે ? તેઓ ન તમારા છે, ન તેમના અને તેઓ જાણી-સમજીને જૂઠી વાત પર સોગંદો ખાય છે.

૧૫. અલ્લાહે તેમના માટે કઠોર યાતના તૈયાર કરી રાખી છે, ખૂબ જ ખરાબ કૃત્યો છે જે તેઓ કરી રહ્યા છે.

૧૬. તેમણે પોતાની સોગંદોને ઢાલ બનાવી રાખી છે અને તેની આડમાં તેઓ અલ્લાહના માર્ગથી લોકોને રોકે છે, આના પર તેમના માટે અપમાનજનક સજા છે.

૧૭. અલ્લાહથી બચાવવા માટે ન તેમના માલ કામ લાગશે, ન તેમની સંતાન. તેઓ દોજખ (નર્ક)ના સાથી છે, તેમાં જ તેઓ હંમેશા રહેશે.

૧૮. જે દિવસે અલ્લાહ તે સૌને ઉઠાવશે, તેઓ તેના સામે પણ તેવી જ રીતે સોગંદો ખાશે જેવી રીતે તમારા સામે ખાય છે અને પોતાના નજીક એવું સમજશે કે આનાથી તેમનું કંઈક કામ બની જશે. બરાબર જાણી લો, તેઓ તદ્દન જૂઠા છે.

૧૯. શેતાન તેમના પર છવાઈ ગયો છે અને તેણે અલ્લાહની યાદને તેમના હૃદયોથી ભુલાવી દીધી છે. તેઓ શેતાનના પક્ષના લોકો છે. સાવધાન રહો, શેતાનના પક્ષવાળા જ નુકસાનમાં રહેવાના છે.

૨૦. નિશ્ચિતપણે સૌથી વધુ અપમાનિત સર્જનોમાંથી છે તે લોકો જેઓ અલ્લાહ અને તેના રસૂલ (ઈશદૂત)નો મુકાબલો કરે છે.

૨૧. અલ્લાહે લખી દીધું છે કે હું અને મારા રસૂલો જ વિજયી થઈને રહીશું. હકીકતમાં અલ્લાહ પ્રભુત્વશાળી અને શક્તિશાળી છે.

૨૨. તમે ક્યાંય એવું નહીં જુઓ કે જે લોકો અલ્લાહ અને આખિરત (પરલોક) પર ઈમાન ધરાવે છે તેઓ તે લોકોથી પ્રેમ કરતા હોય

مَنْ حَآدَّ اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ

اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ ؕ اُولٰٓئِكَ كَتَبَ فِيْ قُلُوْبِهِمُ

الْاِيْمَانَ وَاَيَّدَهُمْ بِرُوْحٍ مِّنْهُ ؕ وَيُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِيْ

مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا

عَنْهُ ؕ اُولٰٓئِكَ حِزْبُ اللّٰهِ ؕ اَلَآ اِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْمُفْلِحُوْنَ ﴿٢٢﴾ ع

منزل ۷ ع ۳

જેમણે અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કર્યો છે, ચાહે તેઓ તેમના પિતા હોય, કે તેમના પુત્રો કે તેમના ભાઈઓ કે તેમના કુટુંબીજનો. આ તે લોકો છે જેમના હૃદયોમાં અલ્લાહે ઈમાન અંકિત કરી દીધું છે અને પોતાના તરફથી એક આત્મા પ્રદાન કરીને તેમને શક્તિ આપી છે. તે તેમને એવી જન્નતોમાં દાખલ કરશે જેના નીચે નહેરો વહેતી હશે. તેમાં તેઓ હંમેશાં રહેશે. અલ્લાહ તેમનાથી પ્રસન્ન થયો અને તેઓ અલ્લાહથી પ્રસન્ન થયા. તેઓ અલ્લાહના પક્ષના લોકો છે. સાવધાન રહો, અલ્લાહના પક્ષવાળા જ સફળતા પામવાના છે. (રુકૂઅ-૩).

(૫૯) સૂરઃ અલ-હશ્ર

પરિચય

નામ :

બીજી આયતના વાક્યાંશ 'અખ્-રજલ્લઝીન કફરૂ મિન્ અહ્‌લિલ્ કિતાબિ મિન દિયારિહિમ્ લિઅવ્વલિલ્ હશ્ર' (ગ્રંથવાળા ઇન્કાર કરનારાઓને પ્રથમ જ હુમલામાં તેમના ઘરોમાંથી કાઢી મૂક્યા) થી લેવામાં આવ્યું છે. તાત્પર્ય એ કે આ તે સૂરઃ છે જેમાં 'અલ-હશ્ર' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ. ફરમાવે છે કે સૂરઃહશ્ર બની નઝીરની લડાઈ વિષે ઊતરી હતી, જેવી રીતે સૂરઃ અન્ફાલ બદ્રના યુદ્ધ વિષે ઊતરી હતી. (હદીસ : બુખારી અને મુસ્લિમ) વિશ્વસનીય નોંધો અનુસાર આ લડાઈનો સમય રબીઉલ અવ્વલ હિ.સ. ૦૪ છે.

ઐતિહાસિક પશ્ચાદભૂમિ :

આ સૂરઃની ચર્ચાઓને સારી રીતે સમજવા માટે જરૂરી છે કે મદીના - તય્યિબા અને હિજાઝના યહૂદીઓના ઇતિહાસ પર એક નજર નાખી લેવામાં આવે, કેમ કે તેના વગર માણસ બરાબર એ વાત જાણી શકતો નથી કે અલ્લાહના રસૂલ—ઈશદૂત (સલ્લ.)એ છેવટે તેમના જુદા-જુદા કબીલાઓ સાથે જે વ્યવહાર કર્યો તેના ખરેખર કારણો શું હતા. (આ ઇતિહાસ પ્રથમ સદી ઇસ્વીના અંતથી શરૂ થાય છે.) જ્યારે ઇ.સ.૭૦માં રોમનોએ પેલેસ્ટાઇનમાં યહૂદીઓની કત્લેઆમ કરી અને પછી ઇ.સ.૧૩૨માં તેમને આ પ્રદેશમાંથી કાઢી મૂક્યા, તે વખતે ઘણાં યહૂદી કબીલાઓએ નાસીને હિજાઝમાં આશ્રય મેળવ્યો હતો, કેમ કે આ વિસ્તાર પેલેસ્ટાઇનની દક્ષિણે તદ્દન અડીને આવેલો હતો. અહીં આવીને તેમણે જ્યાં-જ્યાં પાણીના સ્ત્રોત અને હરિયાળી જગ્યાઓ જોઇ, ત્યાં રોકાઈ ગયા અને પછી ધીમે-ધીમે પોતાની કપટનીતિ અને વ્યાજના કારોબાર દ્વારા તેમના પર કબજો જમાવી લીધો. ઐલા, મકના, તબૂક, તૈમા, વાદીઉલ-કુરા, ફદક અને ખૈબર પર તેમનો કબજો આ જ ગાળામાં થયો અને બની કુરૈઝા, બની નઝીર, બની બહદલ અને બની કૈનુકાએ પણ તે જ ગાળામાં આવીને યસરિબ (મદીનાનું પ્રાચીન નામ) પર કબજો જમાવ્યો. યસરિબમાં વસવાટ

કરનારા કબીલાઓમાં બની નઝીર અને બની કુરૈઝા વધુ પ્રસિદ્ધ અને પ્રભુત્વશાળી હતા, કેમ કે તેમનો સંબંધ 'કાહિનો' (જ્યોતિષો, Priests અથવા Cohens)ના વર્ગથી હતો. તેમને યહૂદીઓમાં ઊંચા કુળના માનવામાં આવતા હતા અને તેમને પોતાના સંપ્રદાયમાં ધાર્મિક નેતૃત્વ પ્રાપ્ત હતું. આ લોકો જ્યારે મદીનામાં આવીને વસ્યા તે વખતે કેટલાક બીજા આરબ કબીલાઓ અહીં રહેતા હતા, જેમને આ લોકોએ દબાવી દીધા અને વ્યવહારિક રૂપે આ હર્યાભર્યા સ્થળના માલિક બની બેઠા. આના આશરે ત્રણ શતાબ્દી પછી ઔસ અને ખઝરજ યસરિબમાં આવીને આબાદ થયા (અને તેમણે કેટલાક દિવસો પછી યહૂદીઓનું વર્ચસ્વ તોડીને યસરિબ પર સંપૂર્ણ આધિપત્ય પ્રાપ્ત કરી લીધું.) અલ્લાહના રસૂલ (સલ્લ.) પધાર્યા તે પહેલાં હિજરતની શરૂઆત સુધી, હિજાઝમાં સામાન્ય રીતે અને યસરિબમાં ખાસ કરીને યહૂદીઓની સ્થિતિનું ચિત્ર નીચે મુજબ હતું –

ભાષા, પહેરવેશ, સભ્યતા અને સંસ્કૃતિ, દરેક રીતે તેમણે પૂરેપૂરો આરબ-સંસ્કૃતિનો રંગ અપનાવી લીધો હતો. તેમના અને આરબો વચ્ચે લગ્ન-વિવાહ સુધ્ધાંના સંબંધો સ્થપાઇ ચૂક્યા હતા, પરંતુ આ તમામ બાબતો હોવા છતાં તેઓ આરબોમાં જરાય ભળ્યા ન હતા અને તેમણે ચુસ્તપણે પોતાનાં યહૂદી-પક્ષપાતને જીવિત રાખ્યો હતો. તેમનામાં કટ્ટર ઇસરાઇલી-પક્ષપાત અને વંશીય ગર્વ અને અહંકાર જોવા મળતા હતા. આરબવાસીઓને તેઓ ઉમ્મી (Gentiles) કહેતા હતા, જેનો અર્થ માત્ર અભણ નહીં, બલ્કે અસભ્ય અને ઉદ્દંડ થતો હતો. તેમની ધારણા એ હતી કે આ 'ઉમ્મીઓ'ને તે માનવ-અધિકારો પ્રાપ્ત નથી, જે ઇસરાઈલીઓ માટે છે અને તેમનો માલ દરેક ખરી-ખોટી રીતે મારી ખાવો ઇસરાઈલીઓ માટે વૈધ અને વિશુદ્ધ છે. આર્થિક દૃષ્ટિએ તેમની સ્થિતિ આરબ કબીલાઓની સરખામણીમાં વધુ મજબૂત હતી. તેઓ એવી ઘણી કળાઓ જાણતા હતા, જે આરબોમાં પ્રચલિત ન હતી અને બહારની દુનિયા સાથે એમના વેપારી સંબધો પણ હતા. તેઓ પોતાના ધંધા-વેપારમાં ખૂબ નફાખોરી કરતા હતા, પરંતુ તેમનો સૌથી મોટો ધંધો વ્યાજ લેવાનો હતો, જેની જાળમાં તેમણે પોતાના આજુબાજુની આરબ વસ્તીઓને ફસાવી રાખી હતી. પરંતુ તેનું સ્વાભાવિક પરિણામ એ પણ આવ્યું હતું કે આરબોમાં સામાન્ય રીતે તેમની વિરુધ્ધ ઊંડી ધૃણા જોવા મળતી હતી. તેમના વેપારી અને આર્થિક હિતોનો તકાદો એ હતો કે આરબોમાં કોઈના મિત્ર બનીને કોઈથી સંબંધ ન બગાડે અને ન તો તેમની પરસ્પરની લડાઈઓમાં ભાગ લે. આ ઉપરાંત પોતાના રક્ષણ માટે તેમના પ્રત્યેક કબીલાએ કોઇને કોઇ શક્તિશાળી

આરબ કબીલા સાથે મૈત્રી-સંબંધો પણ સ્થાપિત (કરી રાખ્યા હતા.) યસરિબમાં બની કુરૈઝા અને બની નઝીર આરબ કબીલાઓ ઔસના પ્રતિજ્ઞા-બધ્ધ મિત્ર હતા અને બની કૈનુકાઅ ખઝરજના. આ સંજોગો હતા જ્યારે મદીનામાં ઈસ્લામ પહોંચ્યો અને છેવટે અલ્લાહના રસૂલ (સલ્લ.)ના મદીનામાં આગમન પછી ત્યાં એક ઈસ્લામી રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. આપ (સલ્લ.)એ આ રાજ્યની સ્થાપનાની સાથે સૌપ્રથમ જે કામો કર્યા, તેમાં એક એ હતું કે ઔસ અને ખઝરજ અને હિજરતીઓને ભેગા કરીને એક બિરાદરીબનાવી, અને બીજું એ હતું કે આ મુસ્લિમ સમાજ અને યહૂદીઓ વચ્ચે સ્પષ્ટ શરતો પર એક કરાર કર્યો, જેમાં એ વાતની બાંહેધરી આપવામાં આવી હતી કે કોઈ એક પક્ષ બીજા પક્ષના અધિકારોનું હનન નહીં કરે અને બાહ્ય શત્રુઓ સામે આ સૌ ભેગા મળીને પ્રતિરક્ષા કરશે. આ કરારના કેટલાક મહત્ત્વપૂર્ણ અંશો આ પ્રમાણે છે –

"...એ કે યહૂદીઓ પોતાનું ખર્ચ ઉપાડશે અને મુસલમાનો પોતાનું ખર્ચ, અને એ કે આ કરારના પક્ષકારો આક્રમણખોરના મુકાબલામાં એકબીજાની મદદ કરવા બંધાયેલા રહેશે, અને એ કે તેઓ નિખાલસતાપૂર્વક એકબીજાનું હિત ચાહશે અને તેમના વચ્ચે પારસ્પારિક સંબંધ એ હોવો જોઈએ કે તેઓ એકબીજા સાથે ન્યાય કરશે. ગુના અને અતિરેક નહીં કરે અને એ કે કોઇ તેના સાથે અતિરેક નહીં કરે જેના સાથે તેની પ્રતિજ્ઞાબદ્ધ મૈત્રી છે, અને એ કે પીડિતની સહાયતા કરવામાં આવશે, અને એ કે જ્યાં સુધી યુદ્ધ ચાલે, યહૂદીઓ મુસલમાનો સાથે મળીને તેનો ખર્ચ ભોગવશે, અને એ કે આ કરારના પક્ષકારો માટે યસરિબમાં કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ અને અશાંતિ ઊભી કરવાની સખત મનાઈ છે, અને એ કે આ કરારના પક્ષકારો વચ્ચે જો કોઇ એવો ઝઘડો કે મતભેદ ઊભો થાય, જેમાં બગાડનું જોખમ હોય તો તેનો ફેંસલો અલ્લાહના કાનૂન મુજબ અલ્લાહના રસૂલ મુહમ્મદ (સલ્લ.) કરશે...... અને એ કે કુરૈશ અને તેનું સમર્થન કરનારાઓને આશ્રય આપવામાં નહીં આવે, અને એ કે જે યસરિબ પર આક્રમણ કરે તેના મુકાબલામાં કરારના પક્ષકારો એકબીજાની મદદ કરશે.... દરેક પક્ષકાર પોતાના તરફના વિસ્તારના રક્ષણ માટે જવાબદાર રહેશે." (ઇબ્ને હિશામ, ભા-૨, પૃ. ૧૪૭-૧૫૦)

આ એક નિશ્ચિત અને સ્પષ્ટ કરાર હતો, જેની શરતો યહૂદીઓએ પોતે કબૂલ રાખી હતી, પરંતુ ખૂબ જલ્દી તેમણે અલ્લાહના પયગંબર (સલ્લ.), ઈસ્લામ અને મુસલમાનો વિરુધ્ધ શત્રુતાભર્યા વલણનું પ્રદર્શન શરૂ કરી દીધું અને તેમની દુશ્મની રોજ-બ-રોજ વધતી જ ગઇ. તેમણે પયગંબર (સલ્લ.)ના વિરોધને પોતાનું કોમી (જાતીય) લક્ષ્ય બનાવી લીધું. આપ (સલ્લ.)ને પરાજિત

કરવા માટે કોઇ ચાલબાજી, કોઈ યુક્તિ અને કોઈ કાવત્રાનો ઉપયોગ કરવામાં તેમને સહેજ પણ સંકોચ ન હતો. કરાર વિરુધ્ધ ચોખ્ખું શત્રુતાભર્યું વલણ તો બદ્રના યુદ્ધ પહેલાંથી જ તેમણે અપનાવી રાખ્યું હતું, પરંતુ જ્યારે બદ્રમાં અલ્લાહના રસૂલ (સલ્લ.) અને મુસલમાનોને કુરૈશ પર જ્વલંત વિજય પ્રાપ્ત થયો તો તેઓ ગભરાઈ ગયા અને તેમના વેરનો અગ્નિ વધુ પ્રજ્વલિત થઈ ગયો. બની નઝીરનો સરદાર કઅબ બિન અશરફ ચીસ પાડી ઊઠ્યો કે, "ખુદાના સોગંદ ! જો મુહમ્મદે (સલ્લ.) આરબોના આ સન્માનિત માણસોને કતલ કરી નાખ્યા છે તો જમીનનું પેટ આપણા માટે તેની પીઠ કરતાં વધુ સારું છે." પછી તે મક્કા પહોંચ્યો અને બદ્રમાં કુરૈશના જે સરદારો માર્યા ગયા હતા, તેમના ખૂબ જ ઉશ્કેરણીજનક મરશિયા ગાઇ-ગાઇને મક્કાવાસીઓને બદલો લેવા માટે ઉશ્કેર્યા. યહૂદીઓનો પહેલો કબીલો, જેણે સામૂહિક રીતે બદ્રના યુદ્ધ પછી ખુલ્લંખુલ્લા પોતાનો કરાર તોડી નાખ્યો, બની કૈનુકાઅ હતો, તે પછી અલ્લાહના પયગંબર (સલ્લ.)એ શવ્વાલ (અને કેટલીક રિવાયત મુજબ ઝિલકઅદ) હિ.સ. ૦૨ ના અંતમાં તેમના મહોલ્લાને ઘેરો નાખ્યો. માત્ર પંદર દિવસ જ આ ઘેરો રહ્યો હતો કે તેમણે હથિયાર નાખી દીધા (અને અંતે તેમણે) પોતાની તમામ ધન-સંપત્તિ અને શસ્ત્રો અને ધંધાના ઓજારો છોડીને મદીનામાંથી નીકળી જવું પડ્યું.(ઇબ્ને સઅદ, ઇબ્ને હિશામ,તારીખે તબરી) ત્યારપછી જ્યારે શવ્વાલ હિ.સ. ૦૩માં કુરૈશના લોકો બદ્રના યુદ્ધનો બદલો લેવા માટે ખૂબ તૈયારીઓ સાથે મદીના પર ચઢાઇ લઇ આવ્યા તો આ યહૂદીઓએ કરારનો પહેલો અને ખુલ્લો ભંગ એ રીતે કર્યો કે મદીનાની પ્રતિરક્ષામાં આપ (સલ્લ.)ની સાથે સામેલ ન થયા, જો કે તેઓ તેના માટે પ્રતિબદ્ધ હતા. પછી જ્યારે ઉહુદના યુદ્ધમાં મુસલમાનોને મોટું નુકસાન થયું તો તેમનું સાહસ ઓર વધી ગયું. ત્યાં સુધી બની નઝીરે તો અલ્લાહના રસૂલ (સલ્લ.)ને કતલ કરવા માટે એક વ્યવસ્થિત ષડયંત્ર રચ્યું, જે ખરા વખતે જ નિષ્ફળ થઈ ગયું. (આ ઘટનાઓ પછી) હવે એમના સાથે કોઇ છૂટછાટનો સવાલ બાકી જ ન રહ્યો. પયગંબર (સલ્લ.)એ જરા પણ રાહ જોયા વિના એ ચેતવણી આપી દીધી કે તમે જે વિશ્વાસઘાત કરવા માગતા હતા, તે મારી જાણમાં આવી ગયો છે, તેથી દસ દિવસમાં મદીનાથી નીકળી જાઓ. ત્યારપછી જો તમે અહીં રોકાઈ રહ્યા તો જે વ્યક્તિ પણ તમારી વસ્તીમાં જોવા મળશે, તેનું માથું ઉડાવી દેવામાં આવશે. અબ્દુલ્લાહ બિન ઉબઈના ખોટા ભરોસે તેમણે પયગંબર (સલ્લ.)ની ચેતવણીનો એ જવાબ આપ્યો કે, 'અમે અહીંથી નહીં નીકળીએ, તમારાથી જે થઈ શકે, કરી લો.' આથી રબીઉલ અવ્વલ હિ.સ. ૪ માં અલ્લાહના રસૂલ (સલ્લ.)એ તેમનો ઘેરો ઘાલ્યો, અને માત્ર થોડા જ દિવસના ઘેરા પછી તેઓ એ શરતે મદીના છોડવા

માટે રાજી થઇ ગયા કે શસ્ત્રો સિવાય જે કંઇ પણ તેઓ પોતાના ઊંટો પર લાદીને લઇ જઇ શકતા હશે, લઇ જશે. આમ, યહૂદીઓના આ બીજા દુષ્ટ કબીલાથી પણ મદીનાની ધરતી ખાલી કરાવી લેવામાં આવી. તેમાંથી માત્ર બે માણસો મુસલમાન બનીને અહીં રોકાઇ ગયા. બાકીના સીરિયા અને ખૈબર તરફ નીકળી ગયા. આ જ ઘટના છે જેની આ સૂરઃમાં ચર્ચા કરવામાં આવી છે.

વિષય અને ચર્ચા :

સૂરઃનો વિષય, જેમ કે ઉપર વર્ણવવામાં આવ્યો છે, બની નઝીરના યુદ્ધની સમીક્ષા છે. આમાં સામૂહિક રૂપે ચાર વિષયો વર્ણવવામાં આવ્યા છે –

(૧) પ્રથમ ચાર આયતોમાં દુનિયાને તે અંજામથી બોધ ગ્રહણ કરવા જણાવવામાં આવ્યું છે જે બની નઝીરે તાજેતરમાં જ જોયો હતો. અલ્લાહે બતાવ્યું છે કે બની નઝીર દ્વારા આ દેશનિકાલ સ્વીકાર કરી લેવો એ મુસલમાનોની તાકાતનો ચમત્કાર ન હતો, બલ્કે તે વાતનું પરિણામ હતું કે તેઓ અલ્લાહ અને તેના રસૂલ સાથે લડ્યા હતા અને જે લોકો અલ્લાહની તાકાત સામે ટકરાવાનું દુ:સાહસ કરે, તેઓ આવા જ પરિણામે પહોંચે છે.

(૨) આયત-૫ માં યુદ્ધના કાનૂનનો એ નિયમ બતાવવામાં આવ્યો છે કે યુદ્ધ-સંબંધી જરૂરતો માટે દુશ્મનના વિસ્તારોમાં જે ભાંગફોડની કાર્યવાહી કરવામાં આવે તેને ધરતીમાં ઉપદ્રવ અને અશાંતિ સર્જવાનું નામ આપી શકાય નહીં.

(૩) આયત ૬ થી ૧૦ સુધી એ બતાવવામાં આવ્યું છે કે તે દેશોની જમીનો અને મિલ્કતોનો વહીવટ કેવી રીતે કરવામાં આવે, જે યુદ્ધ અથવા સંધિના પરિણામે ઇસ્લામી રાજ્યની આધીન થઈ જાય.

(૪) આયત ૧૧ થી ૧૭ સુધી મુનાફિકો (દંભીઓ)ના તે વર્તનની સમીક્ષા કરવામાં આવી છે, જે તેમણે બની નઝીરના યુદ્ધ પ્રસંગે અપનાવ્યું હતું.

(૫) આયત ૧૮ થી સૂરઃના અંત સુધી સંપૂર્ણપણે એક બોધ છે, જેનું સંબોધન તે તમામ લોકોને છે, જે ઇમાનનો દાવો કરીને મુસલમાનોના જૂથમાં સામેલ થઇ ગયા હોય, પરંતુ ઇમાનના વાસ્તવિક ભાવથી વંચિત રહ્યા. આમાં તેમને બતાવવામાં આવ્યું છે કે વાસ્તવમાં ઇમાનનો તકાદો શું છે.

آيَاتُهَا ٢٤ ﴿٥٩﴾ سُوْرَةُ الْحَشْرِ مَدَنِيَّةٌ ﴿١٠١﴾ رُكُوْعَاتُهَا ٣

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

سَبَّحَ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ج وَهُوَ
الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿١﴾ هُوَ الَّذِيْٓ اَخْرَجَ الَّذِيْنَ كَفَرُوْا مِنْ
اَهْلِ الْكِتٰبِ مِنْ دِيَارِهِمْ لِاَوَّلِ الْحَشْرِ ط مَا ظَنَنْتُمْ اَنْ
يَّخْرُجُوْا وَظَنُّوْٓا اَنَّهُمْ مَّانِعَتُهُمْ حُصُوْنُهُمْ مِّنَ اللّٰهِ فَاَتٰىهُمُ
اللّٰهُ مِنْ حَيْثُ لَمْ يَحْتَسِبُوْا وَقَذَفَ فِيْ قُلُوْبِهِمُ
الرُّعْبَ يُخْرِبُوْنَ بُيُوْتَهُمْ بِاَيْدِيْهِمْ وَاَيْدِي الْمُؤْمِنِيْنَ ق
فَاعْتَبِرُوْا يٰٓاُولِي الْاَبْصَارِ ﴿٢﴾ وَلَوْلَآ اَنْ كَتَبَ اللّٰهُ عَلَيْهِمُ
الْجَلَآءَ لَعَذَّبَهُمْ فِي الدُّنْيَا ط وَلَهُمْ فِي الْاٰخِرَةِ عَذَابُ
النَّارِ ﴿٣﴾ ذٰلِكَ بِاَنَّهُمْ شَآقُّوا اللّٰهَ وَرَسُوْلَهٗ ج وَمَنْ
يُّشَآقِّ اللّٰهَ فَاِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ﴿٤﴾ مَا قَطَعْتُمْ
مِّنْ لِّيْنَةٍ اَوْ تَرَكْتُمُوْهَا قَآئِمَةً عَلٰٓى اُصُوْلِهَا فَبِاِذْنِ
اللّٰهِ وَلِيُخْزِيَ الْفٰسِقِيْنَ ﴿٥﴾ وَمَآ اَفَآءَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ
مِنْهُمْ فَمَآ اَوْجَفْتُمْ عَلَيْهِ مِنْ خَيْلٍ وَّلَا رِكَابٍ
وَّلٰكِنَّ اللّٰهَ يُسَلِّطُ رُسُلَهٗ عَلٰى مَنْ يَّشَآءُ ط وَاللّٰهُ عَلٰى
كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٦﴾ مَآ اَفَآءَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ مِنْ اَهْلِ
الْقُرٰى فَلِلّٰهِ وَلِلرَّسُوْلِ وَلِذِي الْقُرْبٰى وَالْيَتٰمٰى وَ
الْمَسٰكِيْنِ وَابْنِ السَّبِيْلِ لا كَيْ لَا يَكُوْنَ دُوْلَةًۢ بَيْنَ

وقف النبي صلى الله عليه وآله وسلم ١٢

منزل ٧

(૫૯) સૂરઃ અલ-હશ્ર

(મદીનામાં અવતરિત થઈ • રુકૂઅ : ૩ • આયતો : ૨૪)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલ્લાહની જ તસ્બીહ (મહીમાગાન) કરી છે તે દરેક વસ્તુએ જે આકાશો અને ધરતીમાં છે, અને તે જ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૨. તે જ છે જેણે ગ્રંથવાળા કાફિરો (ઇન્કાર કરનારાઓ)ને પ્રથમ જ હુમલામાં તેમના ઘરોમાંથી કાઢી મૂક્યા. તમને ક્યારેય એ કલ્પના ન હતી કે તેઓ નીકળી જશે, અને તેઓ પણ સમજી બેઠાં હતા કે તેમના કિલ્લાઓ તેમને અલ્લાહથી બચાવી લેશે. પરંતુ અલ્લાહ તેમના ઉપર એવી દિશામાંથી આવ્યો જે તરફ તેમની કલ્પના સુધ્ધાં ગઈ ન હતી. તેણે તેમના હૃદયોમાં ધાક બેસાડી દીધી. પરિણામ એ આવ્યું કે તેઓ પોતે જ પોતાના હાથે પણ પોતાના ઘરોને બરબાદ કરી રહ્યા હતા અને ઈમાનવાળાઓના હાથે પણ બરબાદ કરાવી રહ્યા હતા. તો પછી શિક્ષા ગ્રહણ કરો, હે જોવાવાળી આંખો રાખવાવાળાઓ !

૩. જો અલ્લાહે તેમના માટે દેશનિકાલ લખી ન દીધો હોત તો દુનિયામાં જ તે તેમને સજા આપી દેતો, અને આખિરત (પરલોક)માં તો તેમના માટે દોજખ (નર્ક)ની યાતના છે જ.

૪. આ બધું એટલા માટે થયું કે તેમણે અલ્લાહ અને તેના રસૂલનો મુકાબલો કર્યો, અને જે કોઈ અલ્લાહનો મુકાબલો કરે અલ્લાહ તેને સજા આપવામાં ખૂબ જ કઠોર છે.

૫. તમે લોકોએ ખજૂરના જે વૃક્ષો કાપ્યા અથવા જેમને પોતાના મૂળિયાં પર ઊભા રહેવા દીધા, આ બધું અલ્લાહના જ આદેશથી હતું, (અને અલ્લાહે આ આદેશ એટલા માટે આપ્યો) જેથી અવજ્ઞાકારીઓને અપમાનિત અને તિરસ્કૃત કરે.

૬. અને જે ધન અલ્લાહે તેમના અધિકારમાંથી કાઢીને પોતાના રસૂલ તરફ ફેરવી દીધું, તે એવું ધન નથી જેના માટે તમે પોતાના ઊંટ અને ઘોડા દોડાવ્યા હોય, બલ્કે અલ્લાહ પોતાના રસૂલોને જેના ઉપર ચાહે પ્રભુત્વ પ્રદાન કરે છે, અને અલ્લાહ દરેક વસ્તુ પર સામર્થ્ય ધરાવે છે.

૭. જે કંઈ પણ અલ્લાહ વસ્તીઓના લોકોથી પોતાના રસૂલ તરફ ફેરવી દે તે અલ્લાહ અને તેના રસૂલ અને સગાઓ અને અનાથો અને મોહતાજો (વંચિતો) અને મુસાફરો માટે છે જેથી તે તમારા ધનવાનોના

الْاَغْنِيَآءِ مِنْكُمْ ؕ وَمَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ ۚ وَمَا
نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ شَدِيْدُ
وقف لازم
الْعِقَابِ ۘ ﴿۷﴾ لِلْفُقَرَآءِ الْمُهٰجِرِيْنَ الَّذِيْنَ اُخْرِجُوْا
مِنْ دِيَارِهِمْ وَاَمْوَالِهِمْ يَبْتَغُوْنَ فَضْلًا مِّنَ اللّٰهِ
وَرِضْوَانًا وَّيَنْصُرُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ ؕ اُولٰٓئِكَ هُمُ
الصّٰدِقُوْنَ ۚ ﴿۸﴾ وَالَّذِيْنَ تَبَوَّؤُ الدَّارَ وَالْاِيْمَانَ
مِنْ قَبْلِهِمْ يُحِبُّوْنَ مَنْ هَاجَرَ اِلَيْهِمْ وَلَا يَجِدُوْنَ
فِيْ صُدُوْرِهِمْ حَاجَةً مِّمَّآ اُوْتُوْا وَيُؤْثِرُوْنَ عَلٰٓى
اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ ؕۛ وَمَنْ يُّوْقَ شُحَّ
نَفْسِهٖ فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ۚ ﴿۹﴾ وَالَّذِيْنَ جَآءُوْ
مِنْۢ بَعْدِهِمْ يَقُوْلُوْنَ رَبَّنَا اغْفِرْ لَنَا وَلِاِخْوَانِنَا
الَّذِيْنَ سَبَقُوْنَا بِالْاِيْمَانِ وَلَا تَجْعَلْ فِيْ قُلُوْبِنَا
الربع ع ٢
غِلًّا لِّلَّذِيْنَ اٰمَنُوْا رَبَّنَآ اِنَّكَ رَءُوْفٌ رَّحِيْمٌ ۧ ﴿۱۰﴾ اَلَمْ
تَرَ اِلَى الَّذِيْنَ نَافَقُوْا يَقُوْلُوْنَ لِاِخْوَانِهِمُ الَّذِيْنَ
كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ لَئِنْ اُخْرِجْتُمْ لَنَخْرُجَنَّ
مَعَكُمْ وَلَا نُطِيْعُ فِيْكُمْ اَحَدًا اَبَدًا ۙ وَّاِنْ
قُوْتِلْتُمْ لَنَنْصُرَنَّكُمْ ؕ وَاللّٰهُ يَشْهَدُ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿۱۱﴾
لَئِنْ اُخْرِجُوْا لَا يَخْرُجُوْنَ مَعَهُمْ ۚ وَلَئِنْ قُوْتِلُوْا لَا
يَنْصُرُوْنَهُمْ ۚ وَلَئِنْ نَّصَرُوْهُمْ لَيُوَلُّنَّ الْاَدْبَارَ ۙ ثُمَّ لَا

જ વચ્ચે ફરતું ન રહે. જે કંઈ રસૂલ તમને આપે તે લઈ લો અને જે વસ્તુથી તે તમને રોકી દે તેનાથી રોકાઈ જાવ. અલ્લાહથી ડરો, અલ્લાહ સખત સજા આપનાર છે.

૮. (ઉપરાંત તે ધન) તે ગરીબ ઘરબાર છોડવાવાળાઓ (હિજરતીઓ) માટે છે જેમને પોતાના ઘરો અને સંપત્તિઓમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. આ લોકો અલ્લાહની કૃપા અને તેની પ્રસન્નતા ચાહે છે અને અલ્લાહ અને તેના રસૂલની મદદ માટે હંમેશા કટિબદ્ધ રહે છે. આ જ સત્યનિષ્ઠ લોકો છે.

૯. (અને તે એ લોકો માટે પણ છે) જેઓ આ હિજરતીઓના આગમન પહેલાં જ ઈમાન લાવીને હિજરતના સ્થળે રહેતા હતા, આ લોકો તે લોકો પ્રત્યે પ્રેમ ધરાવે છે જેઓ હિજરત કરીને તેમના પાસે આવ્યા છે અને જે કંઈ તેમને આપી દેવામાં આવે તેની અપેક્ષા સુધ્ધાં આ લોકો પોતાના હૃદયોમાં અનુભવતા નથી અને પોતાની જાત પર બીજાઓને પ્રાથમિકતા આપે છે ચાહે પોતાની જગ્યાએ સ્વયં મોહતાજ હોય. હકીકત એ છે કે જે લોકોને હૃદયની તંગીથી બચાવી લેવામાં આવ્યા તેઓ જ સફળતા પામનારા છે.

૧૦. (અને તે એ લોકો માટે પણ છે) જે આ પહેલાં આવી ગયેલાઓ પછી આવ્યા છે, જેઓ કહે છે, ''હે અમારા માલિક ! અમને અને અમારા તે સૌ ભાઈઓને ક્ષમા કરી દે જેઓ અમારા પહેલાં ઈમાન લાવ્યા છે અને અમારા હૃદયોમાં ઈમાનવાળાઓ માટે કોઈ દ્વેષ ન રાખ, હે અમારા માલિક ! તું અત્યંત મહેરબાન અને દયાળુ છે.'' (રુકૂઅ-૧)

૧૧. તમે જોયા નહીં તે લોકોને જેમણે દંભી વલણ અપનાવ્યું છે ? આ લોકો પોતાના કાફિર ગ્રંથવાળા ભાઈઓને કહે છે, ''જો તમને કાઢી મૂકવામાં આવે તો અમે તમારા સાથે નીકળીશું, અને તમારા મામલામાં અમે કોઈની વાત કદાપિ માનીશું નહીં, અને જો તમારા સાથે યુદ્ધ કરવામાં આવ્યું તો અમે તમારી મદદ કરીશું.'' પરંતુ અલ્લાહ સાક્ષી છે કે આ લોકો તદ્દન જૂઠા છે.

૧૨. જો તેઓને કાઢી મૂકવામાં આવે તો આ લોકો કદાપિ તેમના સાથે નહીં નીકળે, અને જો તેમના સાથે યુદ્ધ કરવામાં આવ્યું તો આ લોકો કદાપિ તેમની મદદ નહીં કરે, અને જો આ લોકો તેમની મદદ કરે તો પણ પીઠ ફેરવી જશે અને પછી ક્યાંયથી પણ મદદ મેળવી શકશે નહીં.

يُنْصَرُوْنَ ﴿١٢﴾ لَاَنْتُمْ اَشَدُّ رَهْبَةً فِيْ صُدُوْرِهِمْ
مِّنَ اللّٰهِ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَفْقَهُوْنَ ﴿١٣﴾ لَا
يُقَاتِلُوْنَكُمْ جَمِيْعًا اِلَّا فِيْ قُرًى مُّحَصَّنَةٍ اَوْ مِنْ
وَّرَآءِ جُدُرٍ ؕ بَاْسُهُمْ بَيْنَهُمْ شَدِيْدٌ ؕ تَحْسَبُهُمْ جَمِيْعًا
وَّ قُلُوْبُهُمْ شَتّٰى ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْقِلُوْنَ ﴿١٤﴾ ۚ
كَمَثَلِ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ قَرِيْبًا ذَاقُوْا وَبَالَ اَمْرِهِمْ ۚ
وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿١٥﴾ ۚ كَمَثَلِ الشَّيْطٰنِ اِذْ قَالَ
لِلْاِنْسَانِ اكْفُرْ ۚ فَلَمَّا كَفَرَ قَالَ اِنِّيْ بَرِيْٓءٌ مِّنْكَ اِنِّيْٓ
اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِيْنَ ﴿١٦﴾ فَكَانَ عَاقِبَتَهُمَآ اَنَّهُمَا فِي
النَّارِ خَالِدَيْنِ فِيْهَا ؕ وَذٰلِكَ جَزٰٓؤُا الظّٰلِمِيْنَ ﴿١٧﴾ ع ع ٢ ٧ ٥
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَلْتَنْظُرْ نَفْسٌ
مَّا قَدَّمَتْ لِغَدٍ ۚ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا
تَعْمَلُوْنَ ﴿١٨﴾ وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ نَسُوا اللّٰهَ فَاَنْسٰىهُمْ
اَنْفُسَهُمْ ؕ اُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ﴿١٩﴾ لَا يَسْتَوِيْٓ
اَصْحٰبُ النَّارِ وَاَصْحٰبُ الْجَنَّةِ ؕ اَصْحٰبُ الْجَنَّةِ هُمُ
الْفَآئِزُوْنَ ﴿٢٠﴾ لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ
لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا مِّنْ خَشْيَةِ اللّٰهِ ؕ
وَتِلْكَ الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ لَعَلَّهُمْ
يَتَفَكَّرُوْنَ ﴿٢١﴾ هُوَ اللّٰهُ الَّذِيْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ

૧૩. આમના હૃદયોમાં અલ્લાહથી વધીને તમારો ડર છે, એટલા માટે કે આ એવા લોકો છે જેઓ સમજ-બૂઝ ધરાવતા નથી.

૧૪. આ લોકો ક્યારેય પણ એકઠા થઈને (ખુલ્લા મેદાનમાં) તમારો મુકાબલો નહીં કરે, લડશે તો પણ કિલ્લેબંધ વસ્તીઓમાં બેસીને અથવા દીવાલો પાછળ છૂપાઈને. આ લોકો પરસ્પરના વિરોધમાં ખૂબ જ કટ્ટર છે. તમે આમને સંગઠિત સમજો છો પરંતુ એમના હૃદય એકબીજાથી ફાટેલાં છે. આમની આવી દશા એટલા માટે છે કે આ બુદ્ધિહીન લોકો છે.

૧૫. આ લોકો તેમના જેવા જ છે, જેઓ આમનાથી થોડા જ સમય અગાઉ પોતાના કૃત્યોનો સ્વાદ ચાખી ચૂક્યા છે અને આમના માટે દુઃખદાયી યાતના છે.

૧૬. આમનું દૃષ્ટાંત શેતાન જેવું છે કે પહેલાં તે મનુષ્યને કહે છે કે કુફ્ર કર, અને મનુષ્ય જ્યારે કુફ્ર આચરી બેસે છે તો તે કહે છે કે તારા સંબંધે મારી કોઈ જવાબદારી નથી, મને તો અલ્લાહ સમગ્ર સૃષ્ટિના માલિકનો ડર લાગે છે.

૧૭. પછી બંનેનું પરિણામ એ આવવાનું છે કે હંમેશ માટે જહન્નમ (નર્ક)માં જાય, અને અત્યાચારીઓનો આ જ બદલો છે. (રુકૂઅ-૨)

૧૮. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહથી ડરો, અને દરેક વ્યક્તિ એ જુએ કે તેણે કાલ માટે શું સામાન તૈયાર કર્યો છે. અલ્લાહથી ડરતા રહો, અલ્લાહને ચોક્કસપણે તમારા તે તમામ કર્મોની ખબર છે જે તમે કરો છો.

૧૯. તે લોકો જેવા ન થઈ જાઓ જેઓ અલ્લાહને ભૂલી ગયા તો અલ્લાહે તેમને તેમના પોતાના અસ્તિત્વને ભુલાવી દીધું. આ જ લોકો અવજ્ઞાકારી છે.

૨૦. દોજખ (નર્ક)માં જનારા અને જન્નત (સ્વર્ગ)માં જનારા ક્યારેય સમાન હોઈ શકે નહીં. જન્નતમાં જવાવાળા જ હકીકતમાં સફળ છે.

૨૧. જો અમે આ કુર્આન કોઈ પર્વત પર પણ ઉતારી દીધું હોત તો તમે જોયું હોત કે તે અલ્લાહના ભયથી દબાઈ જઈ રહ્યો છે અને ફાટી જઈ રહ્યો છે. આ દૃષ્ટાંતો અમે લોકો સમક્ષ એટલા માટે વર્ણવીએ છીએ કે તેઓ (પોતાની સ્થિતિ ઉપર) વિચાર કરે.

૨૨. તે અલ્લાહ જ છે જેના સિવાય કોઈ ઉપાસ્ય નથી, અદૃશ્ય અને દૃશ્ય

عٰلِمُ الْغَيْبِ وَ الشَّهَادَةِ ۚ هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿٢٢﴾
هُوَ اللّٰهُ الَّذِىْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْمَلِكُ الْقُدُّوْسُ
السَّلٰمُ الْمُؤْمِنُ الْمُهَيْمِنُ الْعَزِيْزُ الْجَبَّارُ الْمُتَكَبِّرُ ؕ
سُبْحٰنَ اللّٰهِ عَمَّا يُشْرِكُوْنَ ﴿٢٣﴾ هُوَ اللّٰهُ الْخَالِقُ الْبَارِئُ
الْمُصَوِّرُ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ؕ يُسَبِّحُ لَهٗ مَا فِى
السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٢٤﴾ ع

منزل ٧ ع ٣

દરેક વસ્તુને જાણવાવાળો, તે જ અત્યંત કૃપાળુ (રહમાન) અને અત્યંત દયાળુ છે.

૨૩. તે અલ્લાહ જ છે જેના સિવાય કોઈ ઉપાસ્ય નથી. તે સમ્રાટ છે તદ્દન પવિત્ર, સર્વથા સલામતી, શાંતિ પ્રદાન કરનાર, સંરક્ષક, સૌના ઉપર પ્રભુત્વ ધરાવનાર, પોતાનો આદેશ બળપૂર્વક લાગુ કરનાર, અને વાસ્તવમાં મોટાઈવાળો છે. પવિત્ર છે અલ્લાહ તે શિર્ક (અનેકેશ્વરવાદી કૃત્ય)થી જે આ લોકો કરી રહ્યા છે.

૨૪. તે અલ્લાહ જ છે જે સૃષ્ટિની યોજના ઘડનાર અને તેને ક્રિયાન્વિત કરનાર અને તે અનુસાર રૂપ બનાવવાવાળો છે. તેના માટે સર્વશ્રેષ્ઠ નામો છે. દરેક વસ્તુ જે આકાશો અને ધરતીમાં છે તેની તસ્બીહ (મહિમાગાન) કરી રહી છે અને તે પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે. (રુકૂઅ-૩)

(૬૦) અલ-મુમ્તહિના

પરિચય

નામ :

આ સૂરઃની આયત ૧૦ માં આદેશ આપવામાં આવ્યો છે કે જે સ્ત્રીઓ હિજરત કરીને આવે અને મુસલમાન હોવાનો દાવો કરે તેમની પરીક્ષા લેવામાં આવે. આ જ સંદર્ભમાં આ સૂરઃનું નામ 'અલ-મુમ્તહિના' રાખવામાં આવ્યું છે. આ શબ્દનો ઉચ્ચાર 'મુમ્તહના' પણ કરવામાં આવે છે અને 'મુમ્તહિના' પણ. પ્રથમ ઉચ્ચાર મુજબ અર્થ 'તે સ્ત્રી જેની પરીક્ષા લેવામાં આવે' થાય છે અને બીજા ઉચ્ચાર મુજબ 'પરીક્ષા લેનારી સૂરઃ' થાય છે.

ઉતરાણકાળ :

અહીં બે એવી બાબતો વિષે વાત કરવામાં આવી છે જેનો સમય ઐતિહાસિક રીતે જાણીતો છે. પહેલી બાબત હઝરત હાતિબ બિન અબી બલ્તઅહ (રદિ.)ની છે અને બીજી બાબત તે મુસલમાન સ્ત્રીઓની છે જે હુદૈબિયહની સંધિ પછી મક્કાથી હિજરત કરીને મદીના આવવા લાગી હતી. આ બે બાબતોના વર્ણન પરથી એ વાત નિશ્ચિત થઈ જાય છે કે આ સૂરઃ હુદૈબિયહની સંધિ અને મક્કા વિજયના વચ્ચેના ગાળામાં ઊતરી છે.

વિષય અને ચર્ચા :

આ સૂરઃના ત્રણ ભાગ છે : પહેલો ભાગ સૂરઃના આરંભથી આયત ૯ સુધી ચાલે છે અને સૂરઃના અંતે આયત ૧૩ પણ આનાથી સંબંધિત છે. આમાં હઝરત હાતિબ બિન અબી બલ્તઅહ (રદિ.)ના તે કૃત્ય બદલ સખત પકડ કરવામાં આવી છે કે તેમણે માત્ર પોતાના કુટુંબીજનોને બચાવવા માટે અલ્લાહના રસૂલ (સલ્લ.)ના એક ખૂબ જ મહત્ત્વના યુદ્ધ-સંબંધી રહસ્યથી દુશ્મનોને વાકેફ કરવાની કોશિશ કરી હતી, તેને જો સમયસર નિષ્ફળ બનાવી દેવામાં આવ્યું ન હોત તો મક્કા-વિજય પ્રસંગે ભારે ખુનામરકી થઈ હોત અને તે તમામ ફાયદાઓ પણ પ્રાપ્ત ન થતા જે મક્કા પર શાંતિમય રીતે વિજય મેળવવાના રૂપે પ્રાપ્ત થઈ શકતા હતા. હઝરત હાતિબ રદિ.ની આ ભારે ભૂલ બદલ સચેત કરતાં અલ્લાહે તમામ ઈમાનવાળાઓને એ શિક્ષણ આપ્યું છે કે કોઈ ઈમાનવાળાને કોઈપણ સંજોગોમાં અને કોઈપણ હેતુ ખાતર પણ ઈસ્લામના દુશ્મન સાથે પ્રેમ અને મૈત્રીના સંબંધ રાખવા ન જોઈએ અને કોઈ એવું કામ ન કરવું જોઈએ જે કુફ્ર અને ઈસ્લામના સંઘર્ષમાં શત્રુઓ માટે લાભપ્રદ હોય, અલબત્ત જે કાફિરો

ઈસ્લામ અને મુસલમાનો વિરુધ્ધ વ્યવહારિક રૂપે દુશ્મની ન રાખતા હોય અને તકલીફ પહોંચાડવાનું કામ કરતા ન હોય, તેમના સાથે સદ્‌વ્યવહારનું વર્તન અપનાવવામાં કોઈ વાંધો નથી. બીજો ભાગ આયત ૧૦ અને ૧૧ પર આધારિત છે. આમાં એક મહત્ત્વપૂર્ણ સામાજિક સમસ્યાનું સમાધાન કરવામાં આવ્યું છે, જે તે સમયે ખૂબ મૂંઝવણ પેદા કરી રહી હતી. મક્કામાં ઘણી મુસલમાન સ્ત્રીઓ એવી હતી, જેમના પતિ કાફિર (વિધર્મી) હતા અને તેઓ કોઈને કોઈ રીતે હિજરત કરીને મદીના પહોંચી જતી હતી. તે જ રીતે મદીનામાં ઘણાં મુસલમાન પુરુષો એવા હતા, જેમની પત્નીઓ કાફિર હતી અને તેઓ મક્કામાં જ રહી ગઈ હતી. તેમના વિષે એ સમસ્યા ઊભી થતી હતી કે તેમના વચ્ચે પતિ-પત્નીનો સંબંધ બાકી છે કે નહીં. અલ્લાહે આ બાબતનો સ્થાયી ફેંસલો કરી દીધો કે મુસલમાન સ્ત્રી માટે કાફિર પતિ હલાલ (વૈધ) નથી અને મુસલમાન પુરુષ માટે એ વૈધ નથી કે તે મુશ્‌રિક પત્ની સાથે પોતાના દાંપત્ય-સંબંધ કાયમ રાખે. ત્રીજો ભાગ આયત ૧૨ પર આધારિત છે, જેમાં અલ્લાહના રસૂલ (સલ્લ.)ને નિર્દેશ આપવામાં આવ્યો છે કે જે સ્ત્રીઓ ઈસ્લામનો સ્વીકાર કરી લે, તેમનાથી તમે મોટી-મોટી બૂરાઈઓથી બચવાની અને ભલાઈઓની તમામ રીતોના અનુસરણનું વચન લો.

اٰيَاتُهَا ١٣ ‏(٦٠) سُوْرَةُ الْمُمْتَحِنَةِ مَدَنِيَّةٌ (٩١) رُكُوْعَاتُهَا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا عَدُوِّيْ وَعَدُوَّكُمْ
اَوْلِيَآءَ تُلْقُوْنَ اِلَيْهِمْ بِالْمَوَدَّةِ وَقَدْ كَفَرُوْا بِمَا
جَآءَكُمْ مِّنَ الْحَقِّ ۚ يُخْرِجُوْنَ الرَّسُوْلَ وَاِيَّاكُمْ
اَنْ تُؤْمِنُوْا بِاللّٰهِ رَبِّكُمْ ؕ اِنْ كُنْتُمْ خَرَجْتُمْ جِهَادًا فِيْ
سَبِيْلِيْ وَابْتِغَآءَ مَرْضَاتِيْ تُسِرُّوْنَ اِلَيْهِمْ بِالْمَوَدَّةِ ۖۗ
وَاَنَا اَعْلَمُ بِمَاۤ اَخْفَيْتُمْ وَمَاۤ اَعْلَنْتُمْ ؕ وَمَنْ يَّفْعَلْهُ
مِنْكُمْ فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيْلِ ۝١ اِنْ يَّثْقَفُوْكُمْ
يَكُوْنُوْا لَكُمْ اَعْدَآءً وَّيَبْسُطُوْۤا اِلَيْكُمْ اَيْدِيَهُمْ
وَاَلْسِنَتَهُمْ بِالسُّوْٓءِ وَوَدُّوْا لَوْ تَكْفُرُوْنَ ۝٢ؕ لَنْ تَنْفَعَكُمْ
اَرْحَامُكُمْ وَلَاۤ اَوْلَادُكُمْ ۛۚ يَوْمَ الْقِيٰمَةِ ۛۚ يَفْصِلُ بَيْنَكُمْ ؕ
وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ۝٣ قَدْ كَانَتْ لَكُمْ اُسْوَةٌ
حَسَنَةٌ فِيْۤ اِبْرٰهِيْمَ وَالَّذِيْنَ مَعَهٗ ۚ اِذْ قَالُوْا
لِقَوْمِهِمْ اِنَّا بُرَءٰٓؤُا مِنْكُمْ وَمِمَّا تَعْبُدُوْنَ مِنْ
دُوْنِ اللّٰهِ ۫ كَفَرْنَا بِكُمْ وَبَدَا بَيْنَنَا وَبَيْنَكُمُ
الْعَدَاوَةُ وَالْبَغْضَآءُ اَبَدًا حَتّٰى تُؤْمِنُوْا بِاللّٰهِ وَحْدَهٗۤ
اِلَّا قَوْلَ اِبْرٰهِيْمَ لِاَبِيْهِ لَاَسْتَغْفِرَنَّ لَكَ وَمَاۤ
اَمْلِكُ لَكَ مِنَ اللّٰهِ مِنْ شَيْءٍ ؕ رَبَّنَا عَلَيْكَ تَوَكَّلْنَا

معانقة النساء الوقف على القيامة ١٢ عند المتأخرين ١٢

(૬૦) સૂરઃ અલ-મુમ્તહિના

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૧૩)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જો તમે મારા માર્ગમાં જિહાદ (તનતોડ સંઘર્ષ) કરવા અને મારી પ્રસન્નતા માટે (વતન છોડીને ઘરોથી) નીકળ્યા છો તો મારા અને પોતાના દુશ્મનોને દોસ્ત ન બનાવો. તમે તેમના સાથે મિત્રતાનો હાથ લંબાવો છો, જો કે તે સત્ય જે તમારા પાસે આવ્યું છે તેને માનવાનો તેઓ ઇન્કાર કરી ચૂક્યા છે અને તેમનું વર્તન એ છે કે રસૂલ (ઈશદૂત)ને અને સ્વયં તમને માત્ર એ દોષ ખાતર દેશનિકાલ કરે છે કે તમે પોતાના માલિક અને પાલનહાર, અલ્લાહ પર ઈમાન લાવ્યા છો. તમે છૂપાવીને તેમને મૈત્રી-સંદેશો મોકલાવો છો, જો કે જે કંઈ તમે છૂપાવીને કરો છો અને જે ખુલ્લંખુલ્લા કરો છો, દરેક વસ્તુને હું સારી રીતે જાણું છું. જે વ્યક્તિ પણ તમારામાંથી આવું કરે તે નિશ્ચિતપણે સન્માર્ગથી ભટકી ગયો.

૨. તેમનું વલણ તો એવું છે કે જો તમારા પર કાબૂ મેળવી લે તો તમારા સાથે દુશ્મનાવટ કરે અને હાથ અને જબાનથી તમને તકલીફ પહોંચાડે. તેઓ તો એવું ઇચ્છે છે કે તમે કોઈ પણ રીતે કાફિર (અધર્મી) થઈ જાઓ.

૩. કયામત (પુનર્જીવન)ના દિવસે ન તમારા સગપણ-સંબંધો કોઈ કામ લાગશે, ન તમારી સંતાન. તે દિવસે અલ્લાહ તમારા વચ્ચે જુદાઈ નાખી દેશે, અને તે જ તમારા કર્મોને જોવાવાળો છે.

૪. તમારા માટે ઇબ્રાહીમ અને તેના સાથીદારોમાં એક ઉત્તમ આદર્શ છે કે તેમણે પોતાની કોમને સ્પષ્ટ કહી દીધું, "અમે તમારાથી અને તમારા તે ઉપાસ્યોથી જેમને તમે અલ્લાહને છોડીને પૂજો છો તદ્દન વિરક્ત છીએ, અમે તમારાથી કુફ્ર કર્યું, અને અમારા અને તમારા વચ્ચે હંમેશ માટે વૈમનસ્ય થઈ ગયું અને વેર નંખાઈ ગયું જ્યાં સુધી તમે એક અલ્લાહ પર ઈમાન ન લાવો." પરંતુ ઇબ્રાહીમનું પોતાના પિતાને આવું કહેવું (આનાથી અપવાદ છે) કે, "હું તમારા માટે ક્ષમાની દરખાસ્ત અવશ્ય કરીશ, અને અલ્લાહથી તમારા માટે કંઈ પ્રાપ્ત કરી લેવું મારા વશમાં નથી." (અને ઇબ્રાહીમ અને ઇબ્રાહીમના

وَإِلَيْكَ أَنَبْنَا وَإِلَيْكَ الْمَصِيرُ ۝٤ رَبَّنَا لَا تَجْعَلْنَا
فِتْنَةً لِّلَّذِينَ كَفَرُوا وَاغْفِرْ لَنَا رَبَّنَا ج إِنَّكَ أَنتَ
الْعَزِيزُ الْحَكِيمُ ۝٥ لَقَدْ كَانَ لَكُمْ فِيهِمْ أُسْوَةٌ حَسَنَةٌ
لِّمَن كَانَ يَرْجُو اللَّهَ وَالْيَوْمَ الْآخِرَ ط وَمَن يَتَوَلَّ
فَإِنَّ اللَّهَ هُوَ الْغَنِيُّ الْحَمِيدُ ۝٦ عَسَى اللَّهُ أَن يَجْعَلَ ع
بَيْنَكُمْ وَبَيْنَ الَّذِينَ عَادَيْتُم مِّنْهُم مَّوَدَّةً ط وَاللَّهُ
قَدِيرٌ ط وَاللَّهُ غَفُورٌ رَّحِيمٌ ۝٧ لَا يَنْهَاكُمُ اللَّهُ عَنِ
الَّذِينَ لَمْ يُقَاتِلُوكُمْ فِي الدِّينِ وَلَمْ يُخْرِجُوكُم
مِّن دِيَارِكُمْ أَن تَبَرُّوهُمْ وَتُقْسِطُوا إِلَيْهِمْ ط إِنَّ
اللَّهَ يُحِبُّ الْمُقْسِطِينَ ۝٨ إِنَّمَا يَنْهَاكُمُ اللَّهُ عَنِ
الَّذِينَ قَاتَلُوكُمْ فِي الدِّينِ وَأَخْرَجُوكُم مِّن
دِيَارِكُمْ وَظَاهَرُوا عَلَىٰ إِخْرَاجِكُمْ أَن تَوَلَّوْهُمْ ج
وَمَن يَتَوَلَّهُمْ فَأُولَٰئِكَ هُمُ الظَّالِمُونَ ۝٩ يَا أَيُّهَا
الَّذِينَ آمَنُوا إِذَا جَاءَكُمُ الْمُؤْمِنَاتُ مُهَاجِرَاتٍ
فَامْتَحِنُوهُنَّ ط اللَّهُ أَعْلَمُ بِإِيمَانِهِنَّ ج فَإِنْ عَلِمْتُمُوهُنَّ
مُؤْمِنَاتٍ فَلَا تَرْجِعُوهُنَّ إِلَى الْكُفَّارِ ط لَا هُنَّ حِلٌّ
لَّهُمْ وَلَا هُمْ يَحِلُّونَ لَهُنَّ ط وَآتُوهُم مَّا أَنفَقُوا ط
وَلَا جُنَاحَ عَلَيْكُمْ أَن تَنكِحُوهُنَّ إِذَا آتَيْتُمُوهُنَّ
أُجُورَهُنَّ ط وَلَا تُمْسِكُوا بِعِصَمِ الْكَوَافِرِ وَاسْأَلُوا مَا

સાથીઓની દુઆ આ હતી કે) ''હે અમારા રબ ! તારા પર જ અમે ભરોસો કર્યો અને તારા જ તરફ અમે પાછા વળી ગયા અને તારા જ પાસે અમારે પાછા ફરવાનું છે.

૫. હે અમારા રબ ! અમને ઇન્કાર કરનારાઓ માટે અજમાયશ ન બનાવ. અને હે અમારા રબ ! અમારી ભૂલોથી ક્ષમા કરી દે, નિઃશંક તું જ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.''

૬. તે જ લોકોના વર્તનમાં તમારા માટે અને તે દરેક વ્યક્તિ માટે ઉત્તમ આદર્શ છે જે અલ્લાહ અને આખિરત (પરલોક)ના દિવસની આશા રાખતો હોય. આનાથી કોઈ વિમુખ બનતો હોય તો અલ્લાહ નિરપેક્ષ, નિસ્પૃહ છે અને પોતાનામાં જ સ્વયં પ્રશંસિત છે. (રુકૂઅ-૧)

૭. અશકય નથી કે અલ્લાહ કયારેક તમારા અને તે લોકો વચ્ચે પ્રેમ નાખી દે જેમના સાથે આજે તમે શત્રુતા વહોરી લીધી છે. અલ્લાહ ખૂબ સામર્થ્યવાળો છે અને તે મોટો ક્ષમાશીલ અને દયાળુ છે.

૮. અલ્લાહ તમને એ વાતથી નથી રોકતો કે તમે તે લોકો સાથે સદાચાર અને ન્યાયનું વર્તન કરો જેમણે દીન (ધર્મ)ના મામલામાં તમારાથી યુદ્ધ કર્યું નથી અને તમને તમારા ઘરોમાંથી કાઢ્યા નથી. અલ્લાહ ન્યાય કરનારાઓને પસંદ કરે છે.

૯. તે તમને જે વાતથી રોકે છે તે તો એ છે કે તમે તે લોકો સાથે મિત્રતા કરો જેમણે તમારાથી દીન (ધર્મ)ના મામલામાં યુદ્ધ કર્યું છે અને તમને તમારા ઘરોમાંથી કાઢ્યા છે અને તમને કાઢી મૂકવામાં એકબીજાની મદદ કરી છે. તેમના સાથે જે લોકો મિત્રતા કરે તેઓ અત્યાચારી છે.

૧૦. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જયારે ઈમાનવાળી સ્ત્રીઓ હિજરત કરીને તમારા પાસે આવે તો (તેમના ઈમાનવાળી હોવા અંગે) ચકાસણી કરી લો, અને તેમના ઈમાનની હકીકત તો અલ્લાહ જ વધુ સારી રીતે જાણે છે. પછી જયારે તમને ખબર પડી જાય કે તેઓ ઈમાનવાળી છે તો તેમને કાફિરો તરફ પરત ન કરો. ન તેઓ કાફિરો માટે હલાલ (વૈધ) છે ન કાફિરો તેમના માટે હલાલ છે. તેમના કાફિર પતિઓએ જે મહેર તેમને આપી હતી તે તેમને પાછી આપી દો. અને તેમનાથી નિકાહ (લગ્ન) કરી લેવામાં તમારા પર કોઈ ગુનો નથી જો તમે તેમની મહેર તેમને ચૂકવી આપો, અને તમે પોતે પણ કાફિર સ્ત્રીઓને પોતાના નિકાહમાં રોકી ન રાખો. જે મહેર તમે પોતાની કાફિર પત્નીઓને આપી હતી તે તેઓ પરત માગી લે અને જે મહેર

اَنْفَقْتُمْ وَلْيَسْـَٔلُوْا مَآ اَنْفَقُوْا ؕ ذٰلِكُمْ حُكْمُ اللّٰهِ ؕ
يَحْكُمُ بَيْنَكُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ۝١٠ وَاِنْ فَاتَكُمْ
شَيْءٌ مِّنْ اَزْوَاجِكُمْ اِلَى الْكُفَّارِ فَعَاقَبْتُمْ فَاٰتُوا
الَّذِيْنَ ذَهَبَتْ اَزْوَاجُهُمْ مِّثْلَ مَآ اَنْفَقُوْا ؕ وَاتَّقُوا
اللّٰهَ الَّذِيْٓ اَنْتُمْ بِهٖ مُؤْمِنُوْنَ ۝١١ يٰٓاَيُّهَا النَّبِيُّ اِذَا
جَآءَكَ الْمُؤْمِنٰتُ يُبَايِعْنَكَ عَلٰٓى اَنْ لَّا يُشْرِكْنَ
بِاللّٰهِ شَيْـًٔا وَّلَا يَسْرِقْنَ وَلَا يَزْنِيْنَ وَلَا يَقْتُلْنَ
اَوْلَادَهُنَّ وَلَا يَاْتِيْنَ بِبُهْتَانٍ يَّفْتَرِيْنَهٗ بَيْنَ اَيْدِيْهِنَّ
وَاَرْجُلِهِنَّ وَلَا يَعْصِيْنَكَ فِيْ مَعْرُوْفٍ فَبَايِعْهُنَّ وَ
اسْتَغْفِرْ لَهُنَّ اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝١٢ يٰٓاَيُّهَا
منزل ٧ الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَوَلَّوْا قَوْمًا غَضِبَ اللّٰهُ عَلَيْهِمْ قَدْ يَئِسُوْا
ع ٢ ٨ الصف مِنَ الْاٰخِرَةِ كَمَا يَئِسَ الْكُفَّارُ مِنْ اَصْحٰبِ الْقُبُوْرِ ۝١٣ ع

કાફિરોએ મુસ્લિમ પત્નીઓને આપી હતી તેને તેઓ પરત માંગી લે. આ અલ્લાહનો આદેશ છે, તે તમારા વચ્ચે ફેંસલો કરે છે અને તે બધું જ જાણનાર અને તત્ત્વદર્શી છે.

૧૧. અને જો તમારી કાફિર પત્નીઓની મહેરમાંથી કેટલીક તમને કાફિરો પાસેથી પરત ન મળે અને પછી તમારો આવો પ્રસંગ આવે તો જે લોકોની પત્નીઓ તે તરફ રહી ગઈ છે તેમને તેટલી રકમ ચૂકવી આપો જે તેમણે આપેલ મહેરોની બરાબર હોય અને તે અલ્લાહથી ડરતા રહો જેના પર તમે ઈમાન લાવ્યા છો.

૧૨. હે પયગંબર, જ્યારે તમારા પાસે ઈમાનવાળી સ્ત્રીઓ બૈઅત (પ્રતિજ્ઞા) કરવા માટે આવે અને એ વાતની પ્રતિજ્ઞા કરે કે તેઓ અલ્લાહ સાથે કોઈ વસ્તુને ભાગીદાર નહીં બનાવે, ચોરી નહીં કરે, વ્યભિચાર નહીં કરે, પોતાના સંતાનની હત્યા નહીં કરે, પોતાના હાથ-પગ વચ્ચે કોઈ આરોપ ઘડીને નહીં લાવે, અને કોઈ પણ ભલાઈના કામમાં તમારી અવજ્ઞા નહીં કરે, તો તેમનાથી 'બૈઅત' લઈ લો અને તેમના માટે ક્ષમાની પ્રાર્થના કરો, નિશ્ચિતપણે અલ્લાહ ક્ષમાશીલ અને દયાળુ છે.

૧૩. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તે લોકોને મિત્ર ન બનાવો જેમના ઉપર અલ્લાહનો પ્રકોપ થયો છે, જેઓ આખિરત (પરલોક)થી એવી જ રીતે નિરાશ છે જેવી રીતે કબરોમાં પડેલા કાફિરો નિરાશ છે. (રુકૂઅ-૨)

(૬૧) અસ્-સફ્ફ

પરિચય

નામ :

ચોથી આયતના વાક્યાંશ 'યુકાતિલૂન ફી સબીલિહી સફ્ફા' (તેના માર્ગમાં એવી રીતે કતારબદ્ધ લડે છે) થી લેવામાં આવ્યું છે. તેનાથી અભિપ્રેત એ છે કે આ તે સૂરઃ છે જેમાં 'સફ્ફ' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

આના વિષયો પર વિચાર કરવાથી એમ લાગે છે કે આ સૂરઃ સંભવતઃ ઉહુદના યુદ્ધ પછી તરતના જમાનામાં ઊતરી હશે, કારણ કે આમાં સૂક્ષ્મતઃ જે સંજોગો તરફ સંકેતનો આભાસ થાય છે તે સંજોગો એ જ તબક્કાના છે.

વિષય અને ચર્ચા :

આનો વિષય છે મુસલમાનોને ઈમાનમાં નિખાલસતા અપનાવવા અને અલ્લાહના માર્ગમાં પ્રાણ ન્યોછાવર કરવા માટે પ્રેરિત કરવાનો. આમાં ઈમાનમાં જેઓ કમજોર હતા તેવા મુસલમાનોને પણ સંબોધન કરવામાં આવ્યું છે અને તે લોકોને પણ જેઓ ઈમાનનો ખોટો દાવો કરીને ઇસ્લામમાં દાખલ થઈ ગયા હતા, અને એમને પણ જેઓ નિષ્ઠાવાન હતા. વર્ણન-શૈલીથી આપોઆપ જણાઈ આવે છે કે ક્યાં કોને સંબોધન કરવામાં આવ્યું છે. શરૂઆતમાં તમામ ઈમાનવાળાઓને સચેત કરવામાં આવ્યા છે કે અલ્લાહની નજરમાં અત્યંત તિરસ્કારપાત્ર, ઘૃણાસ્પદ અને દ્વેષી છે તે લોકો જેઓ કહે કંઈ અને કરે કંઈ; અને અત્યંત પ્રિય છે તે લોકો જેઓ સત્ય-માર્ગમાં લડવા માટે સીસું પાયેલ દીવાલની જેમ દૃઢ થઈને ઊભા હોય. ત્યારબાદ આયત ૫ થી ૭ સુધી અલ્લાહના રસૂલ (સલ્લ.)ની ઉમ્મત (સમુદાય)ના લોકોને ચેતવવામાં આવ્યા છે કે પોતાના રસૂલ અને પોતાના દીન સાથે તમારું વલણ તે ન હોવું જોઈએ, જે હઝરત મૂસા (અલૈ.) અને હઝરત ઈસા (અલૈ.) સાથે બની ઇસરાઈલે અપનાવ્યું, (અને જેનું) પરિણામ એ આવ્યું કે તે કોમના સ્વભાવનો ઢાંચો જ વિકૃત થઈને રહી ગયો અને તેમનાથી સન્માર્ગનું સૌભાગ્ય જ છીનવી લેવામાં આવ્યું. પછી આયત ૮ અને ૯ માં સંપૂર્ણ પડકાર સાથે ઘોષણા કરવામાં આવી છે કે યહૂદીઓ અને ખ્રિસ્તીઓ અને તેમના સાથે સાંઠ-ગાંઠ રાખનારા મુનાફિકો (દંભીઓ) અલ્લાહના આ પ્રકાશ (નૂર)ને બુઝાવવાના ચાહે ગમે તેટલા પ્રયત્નો કરી લે, આ સંપૂર્ણ ચમક-દમક સાથે દુનિયામાં ફેલાઈને રહેશે, અને મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)ને ચાહે ગમે તેટલું અપ્રિય હોય, સાચા ઈશદૂતનો લાવેલો

ધર્મ બીજા દરેક ધર્મો પર પ્રભાવી થઈને રહેશે. તે પછી આયત ૧૦ થી ૧૩ માં ઈમાનવાળાઓને બતાવવામાં આવ્યું છે કે દુનિયા (આલોક) અને આખિરત (પરલોક)માં સફળતાનો માર્ગ કેવળ એક જ છે, અને તે એ છે કે અલ્લાહ અને તેના રસૂલ (ઈશદૂત) પર સાચા હૃદયથી ઈમાન લાવો અને અલ્લાહના માર્ગ (ઈશમાર્ગ)માં પોતાના પ્રાણ અને ધન વડે જિહાદ (તનતોડ પ્રયાસ અને સંઘર્ષ) કરો. અંતમાં ઈમાનવાળાઓને શિખામણ આપવામાં આવી છે કે જે રીતે હઝરત ઈસા (અલૈ.)ના સાથીઓએ અલ્લાહના માર્ગમાં તેમનો સાથ આપ્યો હતો, તે જ રીતે તેઓ પણ અલ્લાહના મદદગાર બને, જેથી અસત્યવાદીઓ વિરુધ્ધ તેમને પણ એવી જ રીતે અલ્લાહનું સમર્થન પ્રાપ્ત થાય, જે રીતે પહેલાં ઈમાનવાળાઓને પ્રાપ્ત થયું હતું.

آياتها ١٤ — (٦١) سُوْرَةُ الصَّفِّ مَدَنِيَّةٌ (١٠٩) — رُكُوْعَاتُهَا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

سَبَّحَ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿١﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لِمَ تَقُوْلُوْنَ مَا لَا
تَفْعَلُوْنَ ﴿٢﴾ كَبُرَ مَقْتًا عِنْدَ اللّٰهِ اَنْ تَقُوْلُوْا مَا لَا
تَفْعَلُوْنَ ﴿٣﴾ اِنَّ اللّٰهَ يُحِبُّ الَّذِيْنَ يُقَاتِلُوْنَ فِيْ
سَبِيْلِهٖ صَفًّا كَاَنَّهُمْ بُنْيَانٌ مَّرْصُوْصٌ ﴿٤﴾ وَاِذْ
قَالَ مُوْسٰى لِقَوْمِهٖ يٰقَوْمِ لِمَ تُؤْذُوْنَنِيْ وَقَدْ تَّعْلَمُوْنَ
اَنِّيْ رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ ۭ فَلَمَّا زَاغُوْۤا اَزَاغَ اللّٰهُ
قُلُوْبَهُمْ ۭ وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الْفٰسِقِيْنَ ﴿٥﴾ وَاِذْ
قَالَ عِيْسَى ابْنُ مَرْيَمَ يٰبَنِيْۤ اِسْرَاۗءِيْلَ اِنِّيْ رَسُوْلُ
اللّٰهِ اِلَيْكُمْ مُّصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيَّ مِنَ التَّوْرٰىةِ
وَمُبَشِّرًۢا بِرَسُوْلٍ يَّاْتِيْ مِنْۢ بَعْدِي اسْمُهٗۤ اَحْمَدُ ۭ
فَلَمَّا جَاۗءَهُمْ بِالْبَيِّنٰتِ قَالُوْا هٰذَا سِحْرٌ مُّبِيْنٌ ﴿٦﴾ وَمَنْ
اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ الْكَذِبَ وَهُوَ يُدْعٰۤى
اِلَى الْاِسْلَامِ ۭ وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿٧﴾ ع
يُرِيْدُوْنَ لِيُطْفِـُٔوْا نُوْرَ اللّٰهِ بِاَفْوَاهِهِمْ ۭ وَاللّٰهُ
مُتِمُّ نُوْرِهٖ وَلَوْ كَرِهَ الْكٰفِرُوْنَ ﴿٨﴾ هُوَ الَّذِيْۤ اَرْسَلَ
رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ لِيُظْهِرَهٗ عَلَى

(૬૧) સૂરઃ અસ્-સફ્ફ

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૧૪)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલ્લાહની તસ્બીહ (મહિમાગાન) કરી છે દરેક તે વસ્તુએ જે આંકાશો અને ધરતીમાં છે, અને તે પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૨. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! તમે કેમ તે વાત કહો છો જે કરતા નથી?

૩. અલ્લાહના નજીક આ અત્યંત અપ્રિય કૃત્ય છે કે તમે કહો તે વાત જે કરતા નથી.

૪. અલ્લાહને તો પસંદ તે લોકો છે જેઓ તેના માર્ગમાં એવી રીતે કતારબદ્ધ લડે છે જાણે તેઓ એક સીસું પાયેલ દીવાલ છે.

૫. અને યાદ કરો મૂસાની તે વાત જે તેણે પોતાની કોમને કહી હતી કે ''હે મારી કોમના લોકો! તમે મને શા માટે દુઃખ આપો છો, જ્યારે કે તમે સારી રીતે જાણો છો કે હું તમારા તરફ અલ્લાહનો મોકલેલો રસૂલ (ઈશદૂત) છું?'' પછી જ્યારે તેમણે વિકૃતિ અપનાવી તો અલ્લાહે પણ તેમના હૃદય વિકૃત કરી દીધા, અલ્લાહ અવજ્ઞાકારીઓને માર્ગ દેખાડતો નથી.

૬. અને યાદ કરો મરયમના પુત્ર ઈસાની તે વાત જે તેણે કહી હતી, ''હે બની ઈસરાઈલ (ઈસરાઈલના સંતાનો)! હું તમારા તરફ અલ્લાહનો મોકલેલો રસૂલ (ઈશદૂત) છું, સમર્થન કરનાર છું તે તૌરાતનું જે મારા પહેલાં આવેલ મોજૂદ છે, અને ખુશખબર આપનાર છું એક રસૂલની જે મારા પછી આવશે જેનું નામ અહમદ હશે.''
પરંતુ જ્યારે તે તેમના પાસે સ્પષ્ટ નિશાનીઓ લઈને આવ્યો તો તેમણે કહ્યું કે આ તો સ્પષ્ટ છેતરપિંડી છે.

૭. હવે ભલા તે વ્યક્તિ કરતાં વધુ જાલિમ અન્ય કોણ હશે જે અલ્લાહ પર જૂઠા આરોપો લગાવે, જ્યારે કે તેને ઇસ્લામ (અલ્લાહ સમક્ષ આજ્ઞાપાલનમાં માથું ઝૂકાવી દેવા)નું આમંત્રણ આપવામાં આવી રહ્યું હોય? આવા જાલિમોને અલ્લાહ માર્ગદર્શન આપતો નથી.

૮. આ લોકો પોતાના મોઢાની ફૂંકો વડે અલ્લાહના પ્રકાશ (નૂર)ને ઓલવવા માગે છે, અને અલ્લાહનો નિર્ણય એ છે કે તે પોતાના પ્રકાશને સંપૂર્ણપણે ફેલાવીને રહેશે ચાહે ઇન્કાર કરનારાઓને આ કેટલુંય અપ્રિય હોય.

૯. તે જ તો છે જેણે પોતાના રસૂલને માર્ગદર્શન અને સત્ય દીન (સત્ય-ધર્મ) સાથે મોકલ્યો છે જેથી તેને પૂરેપૂરા દીન (ધર્મ) પર પ્રભુત્વ

الدِّيْنِ كُلِّهٖ وَلَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ ۝٩ يٰۤاَيُّهَا الَّذِيْنَ ع
اٰمَنُوْا هَلْ اَدُلُّكُمْ عَلٰى تِجَارَةٍ تُنْجِيْكُمْ مِّنْ عَذَابٍ
اَلِيْمٍ ۝١٠ تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَتُجَاهِدُوْنَ
فِيْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ ؕ ذٰلِكُمْ خَيْرٌ
لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ۝١١ يَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ
وَيُدْخِلْكُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ وَ
مَسٰكِنَ طَيِّبَةً فِيْ جَنّٰتِ عَدْنٍ ؕ ذٰلِكَ الْفَوْزُ
الْعَظِيْمُ ۝١٢ وَاُخْرٰى تُحِبُّوْنَهَا ؕ نَصْرٌ مِّنَ اللّٰهِ وَفَتْحٌ
قَرِيْبٌ ؕ وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ ۝١٣ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا
كُوْنُوْۤا اَنْصَارَ اللّٰهِ كَمَا قَالَ عِيْسَى ابْنُ مَرْيَمَ
لِلْحَوَارِيّٖنَ مَنْ اَنْصَارِيْۤ اِلَى اللّٰهِ ؕ قَالَ الْحَوَارِيُّوْنَ
نَحْنُ اَنْصَارُ اللّٰهِ فَاٰمَنَتْ طَّآئِفَةٌ مِّنْۢ بَنِيْۤ اِسْرَآءِيْلَ
وَكَفَرَتْ طَّآئِفَةٌ ۚ فَاَيَّدْنَا الَّذِيْنَ اٰمَنُوْا عَلٰى منزل ٧
عَدُوِّهِمْ فَاَصْبَحُوْا ظٰهِرِيْنَ ۝١٤ ع

આપી દે, ચાહે મુશ્‌રિકો (અનેકેશ્વરવાદીઓ)ને આ કેટલુંય અપ્રિય હોય. (રુકૂઅ-૧)

૧૦. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! હું બતાવું તમને તે વેપાર જે તમને દુઃખદાયક યાતનાથી બચાવી લે ?

૧૧. ઈમાન લાવો અલ્લાહ અને તેના રસૂલ પર, અને જિહાદ (તનતોડ સંઘર્ષ) કરો અલ્લાહના માર્ગમાં પોતાના માલથી અને પોતાના પ્રાણથી. આ જ તમારા માટે વધુ સારું છે જો તમે જાણો.

૧૨. અલ્લાહ તમારા ગુના માફ કરી દેશે, અને તમને એવા બાગોમાં દાખલ કરશે જેના નીચે નહેરો વહેતી હશે, અને હંમેશા રહેવાની જન્નતોમાં સર્વોત્તમ ઘર તમને પ્રદાન કરશે. આ છે મોટી સફળતા.

૧૩. અને તે બીજી વસ્તુ જે તમે ઇચ્છો છો, તે પણ તમને આપશે, અલ્લાહ તરફથી મદદ અને ટૂંકમાં જ પ્રાપ્ત થનારો વિજય. હે પયગંબર ! ઈમાનવાળાઓને આની ખુશખબર આપી દો.

૧૪. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહના મદદગાર બનો, જેવી રીતે મરયમના પુત્ર ઈસાએ હવારીઓ (પોતાના સાથીઓ)ને સંબોધીને કહ્યું હતું, ''કોણ છે અલ્લાહ તરફ (બોલાવવામાં) મારો મદદગાર ?'' અને હવારીઓએ જવાબ આપ્યો હતો : ''અમે છીએ અલ્લાહના મદદગાર.'' તે વખતે બની ઇસરાઈલનું એક જૂથ ઈમાન લાવ્યું અને બીજા જૂથે ઇન્કાર કર્યો. પછી અમે ઈમાન લાવનારાઓની તેમના દુશ્મનોના મુકાબલામાં સહાયતા કરી અને તેઓ જ પ્રભાવી થઈને રહ્યા. (રુકૂઅ-૨)

(૬૨) અલ-જુમુઆ

પરિચય

નામ :

આયત ૯ના વાક્ય 'ઇઝા નૂદિ-ય-લિસ્સલાતિ મિંય્યૌમિલ્ જુમુઅતિ' (જ્યારે પોકારવામાં આવે નમાઝ માટે જુમ્આના દિવસે) થી લેવામાં આવ્યું છે. આમ તો આ સૂરઃમાં 'જુમ્આ'ની નમાઝના આદેશો પણ વર્ણવવામાં આવ્યા છે, પરંતુ સમગ્રપણે 'જુમ્આ' તેની ચર્ચાઓનું શીર્ષક નથી, બલ્કે બીજી સૂરઃના નામોની જેમ આ નામ પણ પ્રતીકના જ રૂપમાં છે.

ઉતરાણકાળ :

આયત એક થી આઠ સુધીનો ઉતરાણકાળ હિ.સ. ૦૭ છે અને સંભવતઃ આ ખૈબરના વિજયના પ્રસંગે અથવા તેના પછીના નજીકના સમયમાં ઊતરી છે. આયત દસ થી સૂરઃના અંત સુધીની આયતો હિજરત પછી નજીકના જમાનામાં જ ઊતરી છે, કેમ કે પયગંબર (સલ્લ.)એ મદીના-તય્યિબા પહોંચતાં જ પાંચમા દિવસે 'જુમ્આ' કાયમ કરી દીધી હતી અને સૂરઃની અંતિમ આયતમાં જે પ્રસંગ તરફ સંકેત કરવામાં આવ્યો છે, તે સ્પષ્ટપણે દર્શાવી રહ્યો છે કે તે 'જુમ્આ' કાયમ થવાનો ક્રમ શરૂ થયા પછી જરૂર કોઈક એવા સમયે બન્યો હશે, જ્યારે લોકોને ધાર્મિક મિજલસો-સભાઓના શિષ્ટાચારની પૂરેપૂરી કેળવણી હજુ મળી ન હતી.

વિષય અને ચર્ચા :

જેમ કે અમે ઉપર વર્ણવી ગયા છીએ, આ સૂરઃના બે ભાગ બે જુદા-જુદા સમયે અવતરિત થયા છે, તેથી બંનેનો વિષય જુદો છે અને જેમનાથી સંબોધન છે તે પણ જુદા છે. પ્રથમ ભાગ તે વખતે અવતરિત થયો, જ્યારે યહૂદીઓની તમામ કોશિશો નિષ્ફળ નીવડી ચૂકી હતી, જે ઇસ્લામના આમંત્રણનો માર્ગ રોકવા માટે પાછલાં વર્ષો દરમ્યાન તેમણે કરી હતી. આ આયતોના અવતરણ સમયે તેમનો સૌથી મોટો ગઢ ખૈબર પણ કોઈ ખાસ તકલીફ વિના જીતાઈ ગયો. આ છેલ્લી હાર ખાધા પછી આરબ પ્રદેશમાં યહૂદીઓની તાકાત તદ્દન ખતમ થઇ ગઇ. વાદીઉલ-કુરા, ફદક, તૈમા, તબૂક તમામ એક-એક કરીને હથિયાર નાંખતા ગયા, ત્યાં સુધી કે તમામ યહૂદીઓ ઇસ્લામી રાજ્યની પ્રજા બનીને રહી ગયા. આ પ્રસંગ હતો જ્યારે અલ્લાહે આ સૂરઃમાં એકવાર ફરી તેમને સંબોધિત કર્યા અને સંભવતઃ આ અંતિમ સંબોધન હતું જે કુર્આન-મજીદમાં તેમને કરવામાં આવ્યું. આમાં તેમને સંબોધીને ત્રણ

વાતો કહેવામાં આવી છે –

(૧) તમે આ રસૂલ (ઈશદૂત)ને એટલા માટે માનવાનો ઈન્કાર કરી દીધો કે આ તે કોમમાં મોકલવામાં આવ્યો હતો, જેને તમે તુચ્છ સમજીને 'ઉમ્મી' (અસભ્ય અને નિરક્ષર) કહો છો. તમારો આ ખોટો ભ્રમ હતો કે રસૂલ અનિવાર્યપણે તમારી પોતાની કોમનો જ હોવો જોઇએ અને એ કે 'ઉમ્મીઓ'માં કદાપિ કોઈ રસૂલ આવી શકતો નથી. પરંતુ અલ્લાહે આ જ ઉમ્મીઓમાંથી એક રસૂલ ઉઠાવ્યો છે, જે તમારી આંખો સામે તેનો ગ્રંથ સંભળાવી રહ્યો છે, આત્માઓની શુદ્ધિ અને વૃદ્ધિ કરી રહ્યો છે અને તે લોકોને સત્ય-માર્ગ બતાવી રહ્યો છે જેમની પથભ્રષ્ટતાની દશા તમે પોતે પણ જાણો છો. આ અલ્લાહની ઉદાર કૃપા છે, તે જેને ચાહે તેને પ્રદાન કરે.

(૨) તમને તૌરાતના વાહક બનાવવામાં આવ્યા હતા, પરંતુ તમે તેની જવાબદારીને ન સમજ્યા, ન અદા કરી (ત્યાં સુધી કે તમે) જાણી-જોઇને અલ્લાહની આયતોને ખોટી ઠેરવવાનું પણ ચૂકતા નથી અને તેના ઉપર તમારો એ દાવો છે કે તમે અલ્લાહના પ્રિય છો અને રિસાલત (ઈશદૂતત્વ)ની કૃપા હંમેશ માટે તમારા નામે લખી દેવામાં આવી છે.

(૩) તમે જો ખરેખર અલ્લાહના માનીતા હોત અને તમને જો વિશ્વાસ હોત કે તેને ત્યાં તમારા માટે ખૂબ આદર અને માન-સન્માન અને પ્રતિષ્ઠાનું સ્થાન સુરક્ષિત છે, તો તમને મૃત્યુનો આવો ડર ન હોત કે અપમાનભર્યું જીવન કબૂલ છે, પણ મૃત્યુ કોઈ પણ ભોગે સ્વીકાર્ય નથી. તમારી આ હાલત સ્વયં જ એ વાતનો પુરાવો છે કે પોતાના કરતૂકોને તમે સ્વયં જાણો છો, અને તમારો અંતરાત્મા ખૂબ જાણે છે કે આ કરતૂકો સાથે મરશો તો અલ્લાહને ત્યાં આનાથી વધુ અપમાનિત અને ફજેત થશો, જેટલા દુનિયામાં થઈ રહ્યા છો.

બીજો ભાગ આ સૂરઃમાં એટલા માટે સામેલ કરવામાં આવ્યો છે કે અલ્લાહે યહૂદીઓના 'સબ્ત' (શનિવાર)ના સામે મુસલમાનોને 'જુમ્આ' પ્રદાન કરેલ છે અને અલ્લાહ મુસલમાનોને સચેત કરવા માગે છે કે તેઓ પોતાના 'જુમ્આ' સાથે એવું વર્તન ન કરે, જે યહૂદીઓએ 'સબ્ત' સાથે કર્યું હતું. આ ભાગ તે વખતે અવતરિત થયો હતો જ્યારે મદીનામાં એક દિવસે બરાબર 'જુમ્આ'ની નમાઝ વખતે એક વેપારી કાફલો આવ્યો અને તેના ઢોલ-નગારાનો અવાજ સાંભળીને ૧૨ માણસો સિવાય મસ્જિદે-નબવી (મદીનામાં સ્થિત પયગંબરની મસ્જિદ)માં ઉપસ્થિત લોકો કાફલા તરફ દોડી ગયા, જ્યારે કે તે વખતે અલ્લાહના રસૂલ (સલ્લ.) ખુત્બો (પ્રવચન) આપી રહ્યા હતા. આ વખતે આદેશ આપવામાં આવ્યો કે 'જુમ્આ'ની અઝાન થયા પછી દરેક જાતનું ખરીદ-વેચાણ અને બીજી દરેક પ્રવૃત્તિ હરામ (અવૈધ) છે.

اٰيَاتُهَا ١١ (٦٢) سُوْرَةُ الْجُمُعَةِ مَدَنِيَّةٌ (١١٠) رُكُوْعَاتُهَا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يُسَبِّحُ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ الْمَلِكِ
الْقُدُّوْسِ الْعَزِيْزِ الْحَكِيْمِ ۝١ هُوَ الَّذِيْ بَعَثَ فِي
الْاُمِّيّٖنَ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ
وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ ۗ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ
لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝٢ وَّاٰخَرِيْنَ مِنْهُمْ لَمَّا يَلْحَقُوْا بِهِمْ ۭ
وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝٣ ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ
مَنْ يَّشَاۗءُ ۭ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ۝٤ مَثَلُ
الَّذِيْنَ حُمِّلُوا التَّوْرٰىةَ ثُمَّ لَمْ يَحْمِلُوْهَا كَمَثَلِ الْحِمَارِ
يَحْمِلُ اَسْفَارًا ۭ بِئْسَ مَثَلُ الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا
بِاٰيٰتِ اللّٰهِ ۭ وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ۝٥ قُلْ
يٰٓاَيُّهَا الَّذِيْنَ هَادُوْٓا اِنْ زَعَمْتُمْ اَنَّكُمْ اَوْلِيَاۗءُ
لِلّٰهِ مِنْ دُوْنِ النَّاسِ فَتَمَنَّوُا الْمَوْتَ اِنْ كُنْتُمْ
صٰدِقِيْنَ ۝٦ وَلَا يَتَمَنَّوْنَهٗٓ اَبَدًاۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ ۭ
وَاللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ ۝٧ قُلْ اِنَّ الْمَوْتَ الَّذِيْ
تَفِرُّوْنَ مِنْهُ فَاِنَّهٗ مُلٰقِيْكُمْ ثُمَّ تُرَدُّوْنَ اِلٰى عٰلِمِ
الْغَيْبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ۝٨ ع
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا نُوْدِيَ لِلصَّلٰوةِ مِنْ يَّوْمِ

منزل ٧ ع ١٠

(૬૨) સૂરઃ અલ-જુમુઆ

(મદીનામાં અવતરિત થઈ • રુકૂઅ : ૨ • આયતો : ૧૧)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલ્લાહની તસ્બીહ (મહિમાગાન) કરી રહી છે દરેક તે વસ્તુ જે આકાશોમાં છે અને દરેક તે વસ્તુ જે ધરતીમાં છે – સમ્રાટ છે, અત્યંત પવિત્ર, પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી.

૨. તે જ છે જેણે ઉમ્મીઓમાં★ એક રસૂલ (ઈશદૂત) સ્વયં તેમનામાંથી જ ઉઠાવ્યો, જે તેમને તેની આયતો સંભળાવે છે, તેમના જીવન દુરસ્ત ને સુસજ્જ કરે છે, અને તેમને ગ્રંથ અને હિકમત (તત્ત્વદર્શિતા)નું શિક્ષણ આપે છે, જો કે આના પહેલાં તેઓ સ્પષ્ટ પથભ્રષ્ટતામાં પડેલા હતા.

૩. અને (આ રસૂલનું મોકલવું) તે બીજા લોકો માટે પણ છે જેઓ હજુ તેમને મળ્યા નથી, અલ્લાહ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.

૪. આ તેની કૃપા છે, જેને ચાહે છે આપે છે, અને તે મોટો કૃપા કરનાર છે.

૫. જે લોકોને તૌરાતના વાહક બનાવવામાં આવ્યા હતા, પરંતુ તેમણે તેનો ભાર ન ઉપાડ્યો, તેમનું દૃષ્ટાંત તે ગધેડા જેવું છે જેના ઉપર પુસ્તકો લાદેલા હોય. આનાથી પણ વધુ ખરાબ દૃષ્ટાંત તે લોકોનું છે જેમણે અલ્લાહની આયતોને ખોટી ઠેરવી દીધી છે. આવા અત્યાચારીઓને અલ્લાહ માર્ગદર્શન આપતો નથી.

૬. આમને કહો, ''હે લોકો, જેઓ યહૂદી થઈ ગયા છો ! જો તમને એ ઘમંડ છે કે બીજા બધા લોકોને છોડીને કેવળ તમે જ અલ્લાહના પ્રિય છો તો મૃત્યુની કામના કરો જો તમે પોતાના આ દાવામાં સાચા છો.''

૭. પરંતુ આ લોકો કદાપિ આવી કામના નહીં કરે, પોતાના તે કૃત્યોના કારણે જે આ લોકો કરી ચૂક્યા છે, અને અલ્લાહ આ અત્યાચારીઓને સારી રીતે જાણે છે.

૮. આમને કહો, ''જે મૃત્યુથી તમે ભાગો છો તે તો તમને આવીને રહેશે, પછી તમે તેના સામે રજૂ કરવામાં આવશો જે છૂપા અને જાહેરનો જાણવાવાળો છે અને તે તમને બતાવી દેશે કે તમે શું-શું કરતા રહ્યા છો.''(રુકૂઅ-૧)

૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે પોકારવામાં આવે નમાઝ માટે જુમ્આના દિવસે તો અલ્લાહના ઝિક્ર (સ્મરણ) તરફ દોડો અને

★ અહીં 'ઉમ્મી' શબ્દ યહૂદી પરિભાષાના રૂપમાં પ્રયોજાયો છે અને તેમાં એક વ્યંગ્ય સમાયેલ છે. તેનો અર્થ એ છે કે જે આરબોને યહૂદીઓ ઉપેક્ષાની સાથે 'ઉમ્મી' કહેતા હતા અને પોતાની સરખામણીમાં તેમને હીન સમજતા હતા, તેમનામાંથી જ પ્રભુત્વશાળી અને સર્વજ્ઞ અલ્લાહે એક રસૂલ ઊભો કર્યો છે.

الْجُمُعَةِ فَاسْعَوْا اِلٰى ذِكْرِ اللّٰهِ وَذَرُوا الْبَيْعَ ؕ ذٰلِكُمْ
خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿۹﴾ فَاِذَا قُضِيَتِ
الصَّلٰوةُ فَانْتَشِرُوْا فِى الْاَرْضِ وَابْتَغُوْا مِنْ فَضْلِ
اللّٰهِ وَاذْكُرُوا اللّٰهَ كَثِيْرًا لَّعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۱۰﴾ وَاِذَا
رَاَوْا تِجَارَةً اَوْ لَهْوَا ۣانْفَضُّوْۤا اِلَيْهَا وَتَرَكُوْكَ
قَآئِمًا ؕ قُلْ مَا عِنْدَ اللّٰهِ خَيْرٌ مِّنَ اللَّهْوِ وَمِنَ
التِّجَارَةِ ؕ وَاللّٰهُ خَيْرُ الرّٰزِقِيْنَ ﴿۱۱﴾ ع

منزل ۷ ع ۱۲

ખરીદ-વેચાણ છોડી દો, આ તમારા માટે વધુ સારું છે જો તમે જાણો.
૧૦. પછી જ્યારે નમાઝ પૂરી થઈ જાય તો ધરતી ઉપર ફેલાઈ જાઓ અને અલ્લાહની કૃપા (આજીવિકા) શોધો અને અલ્લાહને પુષ્કળ યાદ કરતા રહો, કદાચ તમને સફળતા પ્રાપ્ત થઈ જાય.
૧૧. અને જ્યારે તેમણે વેપાર અને ખેલ-તમાશો થતાં જોયો તો તેના તરફ દોડી પડ્યા અને તમને ઊભા-ને-ઊભા જ છોડી દીધા. તેમને કહો, જે કંઈ અલ્લાહ પાસે છે તે ખેલ-તમાશા અને વેપારથી સારું છે, અને અલ્લાહ સૌથી સારો રોજી આપનાર છે. (રુકૂઅ-૨)

(૬૩) અલ-મુનાફિકૂન

પરિચય

નામ :

પહેલી આયતના વાક્યાંશ 'ઇઝા જા-અકલ્ મુનાફિકૂન' (જ્યારે આ મુનાફિકો દંભીઓ તમારા પાસે આવે છે) થી લેવામાં આવ્યું છે. આ સુરઃનું નામ પણ આ છે અને એના વિષયનું શીર્ષક પણ, કેમ કે આમાં મુનાફિકો (દંભીઓ, કપટાચારીઓ)નાં જ વલણ ને વર્તનની સમીક્ષા કરવામાં આવી છે.

ઉતરાણકાળ :

આ સૂરઃ બની અલ-મુસ્તલિકના યુદ્ધ (જે હિ.સ.૦૬ માં થયું હતું)થી અલ્લાહના રસૂલ—ઈશદૂત (સલ્લ.)ના પરત ફરતાં અથવા તો મુસાફરી દરમ્યાન અવતરિત થઈ છે અથવા પયગંબર (સલ્લ.)ના મદીના પહોંચ્યા પછી તરત જ આનું અવતરણ થયું છે.

ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ :

જે વિશેષ ઘટના અંગે આ સૂરઃ અવતરિત થઈ છે, તેનો ઉલ્લેખ કરતાં પહેલાં એ જરૂરી છે કે મદીનાના મુનાફિકો (દંભીઓ)ના ઇતિહાસ પર એક દૃષ્ટિપાત કરી લેવામાં આવે, કેમ કે જે ઘટના તે વખતે બની હતી, તે માત્ર આકસ્મિક ઘટના ન હતી, બલ્કે તેના પાછળ ઘટનાઓની એક સળંગ શ્રૃંખલા હતી, જે છેવટે આ પરિણામ સુધી પહોંચી. મદીના-તય્યિબામાં અલ્લાહના રસૂલ (સલ્લ.)ના આગમન પહેલાં ઔસ અને ખઝરજ કબીલાઓ પરસ્પર ગૃહ-યુદ્ધોથી થાકીને ખઝરજ કબીલા ના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબઈ બિન સલૂલના નેતૃત્વ અને શ્રેષ્ઠતા પર લગભગ સહમત થઇ ગયા હતા અને એ વાતની તૈયારીઓ કરી રહ્યા હતા કે તેને પોતાનો બાદશાહ બનાવીને વિધિસર તેની તાજપોશીનો ઉત્સવ મનાવે, ત્યાં સુધી કે તેના માટે તાજ (મુગુટ) પણ બનાવી લેવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં ઇસ્લામની ચર્ચા મદીના પહોંચી અને આ બંને કબીલાના પ્રભાવશાળી માણસો મુસલમાન બનવા શરૂ થઈ ગયા. જ્યારે નબી (સલ્લ.) મદીના પહોંચ્યા તો અન્સારના દરેક કુટુંબમાં ઇસ્લામ એટલો ફેલાઇ ચૂક્યો હતો કે અબ્દુલ્લાહ બિન ઉબઈ વિવશ થઇ ગયો અને તેને પોતાની સરદારી બચાવવાનો એના સિવાય કોઇ ઉપાય ન દેખાયો કે તે પોતે પણ મુસલમાન બની જાય. જો કે તેને આ વાતનું ભારે દુઃખ હતું કે અલ્લાહના રસૂલ (સલ્લ.)ના આગમને તેની બાદશાહત છીનવી લીધી છે. ઘણાં વર્ષો સુધી તેના આ દંભી અને કપટયુક્ત ઈમાન અને પોતાની સત્તા છીનવાઇ જવાનું આ દુઃખ ભાત-ભાતના રંગ દેખાડતું રહ્યું. બદ્રના યુદ્ધ પછી જ્યારે બનુ કૈનુકાઅના

યહૂદીઓના ખુલ્લા કરારભંગ કરવા અને કોઇપણ ઉત્તેજના વિના વિદ્રોહ કરવા પર જ્યારે અલ્લાહના રસૂલ (સલ્લ.)એ તેમના ઉપર ચઢાઈ કરી તો આ માણસ તેમની મદદ માટે ઊભો થઇ ગયો. (ઇબ્ને હિશામ, ભા-૩, પૃ. ૫૧-૫૨)

ઉહુદના યુદ્ધ પ્રસંગે આ માણસે ખુલ્લેઆમ વિશ્વાસઘાત કર્યો અને અણીના સમયે પોતાના ત્રણસો સાથીઓને લઇને મેદાન છોડીને પાછો જતો રહ્યો. જે નાજુક ક્ષણે તેણે આ કૃત્ય કર્યું હતું, તેનું અનુમાન એ વાત પરથી કરી શકાય છે કે કુરૈશના લોકો ત્રણ હજારનું લશ્કર લઇને મદીના પર ચઢી આવ્યા હતા અને અલ્લાહના રસૂલ (સલ્લ.) તેમના મુકાબલા માટે માત્ર એક હજાર માણસો લઇને પ્રતિરક્ષા માટે નીકળ્યા હતા. આ એક હજારમાંથી પણ આ મુનાફિક (દંભી) ત્રણસો માણસોને તોડીને પાછા લઈ ગયો અને પયગંબર (સલ્લ.)ને માત્ર સાતસોના સંખ્યાબળ સાથે ત્રણ હજાર શત્રુઓનો મુકાબલો કરવો પડ્યો. પછી હિ.સ. ૦૪માં બની નઝીરના યુદ્ધનો પ્રસંગ આવ્યો અને આ વખતે આ માણસે અને તેના સાથીઓએ તેનાથી પણ વધુ ખુલીને ઈસ્લામ વિરુધ્ધ ઈસ્લામના શત્રુઓની મદદ કરી. આ હતી તે પશ્ચાદભૂમિ જેના સાથે તે અને તેના સાથીઓ બનૂ મુસ્તલિકના યુદ્ધમાં સામેલ થયા હતા. આ પ્રસંગે તેમણે એક સાથે બે એવા ફિત્ના (ઉપદ્રવો) ઊભા કરી દીધા, જે મુસલમાનોની એકતાને ટુકડેટુકડા કરી શકતા હતા, પરંતુ પવિત્ર કુર્આનની શિક્ષા અને અલ્લાહના રસૂલ (સલ્લ.)ના સત્સંગથી ઈમાનવાળાઓને જે ઉત્કૃષ્ટ પ્રશિક્ષણ મળ્યું હતું, તેના લીધે તે બંને ઉપદ્રવો સમયસર નેસ્તનાબૂદ થઈ ગયા અને આ મુનાફિકો ઊલ્ટાના પોતે જ અપમાનિત થઇને રહી ગયા.

આમાંનો એક ઉપદ્રવ તે હતો, જેનો ઉલ્લેખ સૂર-નૂરમાં આવી ગયો છે અને બીજા ફિત્નો આ છે જેનો આ સૂરઃમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઘટનાનું (સંક્ષિપ્ત વિવરણ એ છે કે) બનૂ મુસ્તલિકને હરાવ્યા પછી હજુ ઈસ્લામી લશ્કર તે વસ્તીમાં રોકાયેલું હતું જે મુરૈસીઅ નામના કૂવા પર આબાદ હતી કે અચાનક પાણી માટે બે માણસો વચ્ચે ઝઘડો થઇ ગયો. તેમાંથી એકનું નામ જહ્જાહ બિન મસઊદ ગિફારી હતું જે હઝરત ઉમર (રદિ.)ના સેવક હતા અને તેમના ઘોડાની દેખભાળનું કામ કરતા હતા અને બીજા માણસ સિનાન બિન દબર અલ-જુહની હતા જેમનો કબીલો ખઝરજના એક કબીલાનો કરારબદ્ધ મિત્ર હતો. જીભા-જોડીથી આગળ વધીને વાત મારામારી સુધી પહોંચી અને જહ્જાહે સિનાનને એક લાત મારી દીધી, જેને પોતાના પ્રાચીન યમની રિવાજ મુજબ અન્સાર પોતાનું ભારે અપમાન સમજતા હતા. તેના પર સિનાને અન્સારોને મદદ માટે પોકાર્યા અને જહ્જાહે હિજરતીઓ (મુહાજિરો)ને બૂમ પાડી. ઇબ્ને ઉબઈએ આ ઝઘડાની ખબર સાંભળતાં જ ઔસ અને ખઝરજના

લોકોને ઉશ્કેરવાનું અને બૂમાબૂમ કરવાનું શરૂ કરી દીધું કે દોડો અને પોતાના મિત્ર કબીલાની મદદ કરો. તે તરફથી કેટલાક હિજરતીઓ પણ નીકળી આવ્યા. હમણાં વાત વધી જશે તેવું હતું અને એ જ જગ્યાએ અન્સાર અને હિજરતીઓ લડી પડતા, જ્યાં હમણાં-હમણાં તેઓ સાથે મળીને એક દુશ્મન કબીલા સાથે લડ્યા હતા અને તેને હરાવીને હમણાં તેના જ વિસ્તારમાં રોકાયેલા હતા, પરંતુ આ શોરબકોર સાંભળીને અલ્લાહના રસૂલ (સલ્લ.) નીકળી આવ્યા અને આપ (સલ્લ.)એ ફરમાવ્યું, "આ અજ્ઞાનતાકાળના પોકારો કેવા છે ? તમે લોકો ક્યાં અને આ અજ્ઞાનતાકાળના પોકારો ક્યાં ? આને છોડી દો, આ ખૂબ ગંદી વસ્તુ છે:" આ સાંભળીને બંને પક્ષોના સારા માણસોએ આગળ આવીને મામલો પતાવી દીધો અને સિનાને જહ્જાહને માફ કરીને સુલેહ કરી લીધી. આ પછી દરેક તે વ્યકિત જેના હૃદયમાં નિફાક (દંભ) હતો, અબ્દુલ્લાહ બિન ઉબઈ પાસે પહોંચી અને આ લોકોએ એકઠાં થઈને તેને કહ્યું કે "અત્યાર સુધી તો અમને તમારાથી અપેક્ષાઓ હતી અને તમે બચાવ કરી રહ્યા હતા, પરંતુ હવે ખ્યાલ આવે છે કે તમે અમારી તુલનામાં આ કંગાળોના મદદગાર બની ગયા છો." ઈબ્ને ઉબઈ પહેલાંથી જ ઊકળી રહ્યો હતો, આ વાતોથી તે વધારે ભડકી ઊઠ્યો, કહેવા લાગ્યો, "આ બધું તમારું જ કર્યુ-કરાવ્યું છે, તમે આ લોકોને પોતાના દેશમાં જગ્યા આપી, એમને પોતાના માલ વહેંચ્યા, ત્યાં સુધી કે હવે આ લોકો ફૂલી-ફાલીને સ્વયં આપણા જ પ્રતિદ્વંદ્વી બની ગયા. આપણી અને કુરૈશના કંગાળો (અથવા મુહમ્મદના સાથીઓ)ની હાલત પર આ કહેવત બરાબર લાગુ પડે છે કે પોતાના કૂતરાને ખવડાવી-પીવડાવીને તગડો કર જેથી તને જ ફાડી ખાય. તમે આમનાથી હાથ રોકી લો તો આ લોકો ચાલતા-ફરતા દેખાશે. ખુદાના સોગંદ ! મદીના પાછા જઈને આપણામાં જે પ્રતિષ્ઠિત છે તે હીન અને ધિક્કારપાત્રને કાઢી મૂકશે." નબી (સલ્લ.)ને જયારે આ વાતની જાણ થઈ તો આપે તરત જ કૂચનો આદેશ આપી દીધો, જયારે કે પયગંબર (સલ્લ.)ના સામાન્ય નિયમ મુજબ તે કૂચનો સમય ન હતો. લગાતાર ત્રીસ કલાક ચાલતા રહ્યા, ત્યાં સુધી કે લોકો થાકીને લોથ-પોથ થઈ ગયા. પછી આપે એક જગ્યાએ પડાવ નાખ્યો અને થાકેલા લોકો જમીન પર આડા પડતાં જ સૂઈ ગયા. આવું આપે એટલા માટે કર્યું કે જે કંઈ મુરૈસીઅના કૂવા પર બન્યુ હતું, તેની અસરો લોકોના મન પરથી ભૂંસાઈ જાય. પરંતુ ધીમે-ધીમે આ વાત તમામ અન્સારોમાં ફેલાઇ ગઇ અને તેમનામાં ઈબ્ને ઉબઈ વિરુધ્ધ અત્યંત રોષ ઉત્પન્ન થઇ ગયો. લોકોએ ઈબ્ને ઉબઈને કહ્યું કે જઇને અલ્લાહના રસૂલ (સલ્લ.)થી માફી માંગો. પરંતુ તેણે તડકીને જવાબ આપ્યો, "તમે કહ્યું કે તેના પર ઈમાન લાવો, હું ઈમાન લઈ આવ્યો; તમે કહ્યું કે પોતાના ધનની ઝકાત

આપો, મેં ઝકાત પણ આપી દીધી. હવે શું આટલી જ કસર બાકી રહી ગઈ છે કે હું મુહમ્મદને સિજદો કરું." આ વાતોથી તેના વિરુધ્ધ અન્સાર મુસલમાનોનો ક્રોધ ખૂબ વધી ગયો અને દરેક બાજુથી તેના પર ધિક્કાર થવા લાગ્યો. જ્યારે આ કાફલો મદીના-તય્યિબામાં દાખલ થવા લાગ્યો તો અબ્દુલ્લાહ બિન ઉબઈના પુત્ર જેમનું નામ પણ અબ્દુલ્લાહ જ હતું, તલવાર કાઢીને પિતાની સામે ઊભા થઈ ગયા અને બોલ્યા, "તમે કહ્યું હતું કે મદીના પાછા જઈને જે પ્રતિષ્ઠિત હશે તે હીન અને ધિક્કારપાત્ર વ્યક્તિને કાઢી મૂકશે. હવે તમને ખબર પડી જશે કે ઈજ્જત (પ્રતિષ્ઠા) તમારી છે કે અલ્લાહ અને તેના રસૂલ (સલ્લ.)ની. ખુદાના સોગંદ ! તમે મદીનામાં દાખલ થઈ શકતા નથી જ્યાં સુધી અલ્લાહના રસૂલ (સલ્લ.) તમને પરવાનગી ન આપે." આ સાંભળીને અબ્દુલ્લાહ બિન ઉબઈ ચીસ પાડી ઊઠ્યો, "ખઝરજના લોકો ! જરા જુઓ, મારો પુત્ર જ મને મદીનામાં દાખલ થવાથી રોકી રહ્યો છે." લોકોએ આ ખબર નબી (સલ્લ.) સુધી પહોંચાડી અને આપે ફરમાવ્યું, "અબ્દુલ્લાહને કહો કે પોતાના પિતાને ઘરે આવવા દે." અબ્દુલ્લાહ (રદિ.)એ કહ્યું, "તેમનો આદેશ છે તો હવે તમે દાખલ થઈ શકો છો."

આ હતા તે સંજોગો જેમાં આ સૂરઃ, પ્રબળ સંભાવના એ છે કે નબી (સલ્લ.)ના મદીના પહોંચ્યા પછી, ઊતરી.

اٰيَاتُهَا ١١ (٦٣) سُوْرَةُ الْمُنٰفِقُوْنَ مَدَنِيَّةٌ (١٠٤) رُكُوْعَاتُهَا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا جَآءَكَ الْمُنٰفِقُوْنَ قَالُوْا نَشْهَدُ اِنَّكَ لَرَسُوْلُ اللّٰهِ ۘ وقف لازم
وَ اللّٰهُ يَعْلَمُ اِنَّكَ لَرَسُوْلُهٗ ؕ وَ اللّٰهُ يَشْهَدُ اِنَّ
الْمُنٰفِقِيْنَ لَكٰذِبُوْنَ ۚ﴿۱﴾ اِتَّخَذُوْۤا اَيْمَانَهُمْ جُنَّةً
فَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ اِنَّهُمْ سَآءَ مَا كَانُوْا
يَعْمَلُوْنَ ﴿۲﴾ ذٰلِكَ بِاَنَّهُمْ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا فَطُبِعَ عَلٰى
قُلُوْبِهِمْ فَهُمْ لَا يَفْقَهُوْنَ ﴿۳﴾ وَاِذَا رَاَيْتَهُمْ تُعْجِبُكَ
اَجْسَامُهُمْ ؕ وَاِنْ يَّقُوْلُوْا تَسْمَعْ لِقَوْلِهِمْ ؕ كَاَنَّهُمْ
خُشُبٌ مُّسَنَّدَةٌ ؕ يَحْسَبُوْنَ كُلَّ صَيْحَةٍ عَلَيْهِمْ ؕ هُمُ
الْعَدُوُّ فَاحْذَرْهُمْ ؕ قٰتَلَهُمُ اللّٰهُ ۚ اَنّٰى يُؤْفَكُوْنَ ﴿۴﴾ وَ
اِذَا قِيْلَ لَهُمْ تَعَالَوْا يَسْتَغْفِرْ لَكُمْ رَسُوْلُ اللّٰهِ
لَوَّوْا رُءُوْسَهُمْ وَرَاَيْتَهُمْ يَصُدُّوْنَ وَهُمْ مُّسْتَكْبِرُوْنَ ﴿۵﴾
سَوَآءٌ عَلَيْهِمْ اَسْتَغْفَرْتَ لَهُمْ اَمْ لَمْ تَسْتَغْفِرْ
لَهُمْ ؕ لَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِي
الْقَوْمَ الْفٰسِقِيْنَ ﴿۶﴾ هُمُ الَّذِيْنَ يَقُوْلُوْنَ لَا تُنْفِقُوْا
عَلٰى مَنْ عِنْدَ رَسُوْلِ اللّٰهِ حَتّٰى يَنْفَضُّوْا ؕ وَ لِلّٰهِ
خَزَآئِنُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ لَا
يَفْقَهُوْنَ ﴿۷﴾ يَقُوْلُوْنَ لَئِنْ رَّجَعْنَاۤ اِلَى الْمَدِيْنَةِ منزل ٧

(૬૩) સૂરઃ અલ-મુનાફિકૂન

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૧૧)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હે પયગંબર ! જ્યારે આ મુનાફિકો (દંભીઓ) તમારા પાસે આવે છે તો કહે છે, ''અમે સાક્ષી આપીએ છીએ કે નિશ્ચિતપણે આપ અલ્લાહના રસૂલ (ઈશદૂત) છો.'' હા, અલ્લાહ જાણે છે કે તમે જરૂર તેના રસૂલ છો, પરંતુ અલ્લાહ સાક્ષી આપે છે કે આ દંભીઓ સાવ જૂઠા છે.

૨. આમણે પોતાની સોગંદોને ઢાલ બનાવી રાખી છે અને આ રીતે આ લોકો અલ્લાહના માર્ગથી સ્વયં રોકાય છે અને દુનિયાને રોકે છે. કેવા દુષ્કૃત્યો છે જે આ લોકો કરી રહ્યા છે !

૩. આ બધું એ કારણે છે કે આ લોકોએ ઈમાન લાવીને ફરી કુફ્ર (ઇન્કાર) કર્યું, તેથી આમના હૃદયો પર મહોર મારી દેવામાં આવી, હવે આ લોકો કંઈ સમજતા નથી.

૪. આમને જુઓ તો આમની કાયા તમને ખૂબ જ શાનદાર દેખાય. બોલે તો આમની વાતો તમે સાંભળતા રહી જાઓ. પરંતુ વાસ્તવમાં આ લોકો જાણે લાકડાના ઢીમચા છે જે દીવાલની સાથે ચણીને મૂકી દેવામાં આવ્યા હોય. દરેક વજનદાર અવાજને આ લોકો પોતાના વિરુધ્ધ સમજે છે. આ કટ્ટર દુશ્મનો છે, આમનાથી બચીને રહો, અલ્લાહની માર આમના ઉપર, આ લોકો કયાં અવળા ફેરવવામાં આવી રહ્યા છે ?

૫. અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે આવો, જેથી અલ્લાહનો રસૂલ તમારા માટે ક્ષમાની પ્રાર્થના કરે, તો માથું ઝાટકે છે અને તમે જુઓ છો કે તેઓ ખૂબ ઘમંડના સાથે આવતાં અટકે છે.

૬. હે પયગંબર ! તમે ચાહે તેમના માટે ક્ષમાની પ્રાર્થના કરો કે ન કરો, તેમના માટે સરખું છે, અલ્લાહ તેમને કદાપિ માફ નહીં કરે, અલ્લાહ અવજ્ઞાકારીઓને કદાપિ માર્ગદર્શન આપતો નથી.

૭. આ તે જ લોકો છે જેઓ કહે છે કે રસૂલના સાથીદારો પર ખર્ચ કરવાનું બંધ કરી દો જેથી તેઓ વિખેરાઈ જાય. જો કે ધરતી અને આકાશોના ખજાનાઓનો માલિક અલ્લાહ છે, પરંતુ આ મુનાફિકો (દંભીઓ) સમજતા નથી.

૮. આ લોકો કહે છે કે અમે મદીના પરત જઈએ તો જે પ્રતિષ્ઠિત છે તે

لَيُخْرِجَنَّ الْاَعَزُّ مِنْهَا الْاَذَلَّ ؕ وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ
وَلِلْمُؤْمِنِيْنَ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ لَا يَعْلَمُوْنَ ع ﴿٨﴾ يٰۤاَيُّهَا ع ٨ ١٣
الَّذِيْنَ اٰمَنُوْا لَا تُلْهِكُمْ اَمْوَالُكُمْ وَلَاۤ اَوْلَادُكُمْ
عَنْ ذِكْرِ اللّٰهِ ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَاُولٰٓئِكَ
هُمُ الْخٰسِرُوْنَ ﴿٩﴾ وَاَنْفِقُوْا مِنْ مَّا رَزَقْنٰكُمْ مِّنْ
قَبْلِ اَنْ يَّاْتِيَ اَحَدَكُمُ الْمَوْتُ فَيَقُوْلَ رَبِّ لَوْلَاۤ
اَخَّرْتَنِيْۤ اِلٰۤى اَجَلٍ قَرِيْبٍ ۙ فَاَصَّدَّقَ وَاَكُنْ مِّنَ
الصّٰلِحِيْنَ ﴿١٠﴾ وَلَنْ يُّؤَخِّرَ اللّٰهُ نَفْسًا اِذَا جَآءَ اَجَلُهَا ؕ منزل ٧
وَاللّٰهُ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿١١﴾ ع ع ٢ ١٤

ધિક્કારપાત્રને ત્યાંથી બહાર કાઢી મૂકશે. જો કે પ્રતિષ્ઠા તો અલ્લાહ અને તેના રસૂલ અને ઈમાનવાળાઓ માટે છે, પરંતુ આ દંભીઓ જાણતા નથી. (રુકૂઅ-૧)

૯. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છે ! તમારું ધન અને તમારા સંતાનો તમને અલ્લાહના સ્મરણથી ગાફેલ ન કરી દે. જે લોકો આવું કરે તેઓ જ નુકસાનમાં રહેવાના છે.

૧૦. જે રોજી અમે તમને આપી છે તેમાંથી ખર્ચ કરો તે પહેલાં કે તમારામાંથી કોઈના મૃત્યુનો સમય આવી જાય અને તે વખતે તે કહે કે "હે મારા રબ ! શા માટે તેં મને થોડી મહેતલ ન આપી કે જેથી હું દાન કરતો અને સદાચારી લોકોમાં સામેલ થઈ જતો."

૧૧. જો કે જ્યારે કોઈની કામ કરવાની મહેતલ પૂરી થવાનો સમય આવી જાય છે તો અલ્લાહ કોઈ વ્યક્તિને કદાપિ વધુ મહેતલ નથી આપતો, અને જે કંઈ તમે કરો છો, અલ્લાહ તેનાથી માહિતગાર છે. (રુકૂઅ-૨)

(૬૪) અત્-તગાબુન

પરિચય

નામ :

આ જ સૂરઃના આયત ૯ ના વાક્યાંશ 'ઝાલિ-ક યૌમુત્-તગાબુન' (તે દિવસ હશે એકબીજાના મુકાબલામાં લોકોની હાર-જીતનો) થી લેવામાં આવ્યું છે. અર્થાત્ તે સૂરઃ જેમાં 'તગાબુન' શબ્દ આવ્યો છે.

ઉતરાણકાળ :

મુકાતિલ અને કલ્બી કહે છે કે આનો અમુક ભાગ મક્કી છે અને અમુક મદની. પરંતુ મોટાભાગના વિવરણકર્તાઓ આખી સૂરઃને મદની ઠેરવે છે, પરંતુ ચર્ચાના વિષય પર વિચાર કરવાથી એવું લાગે છે કે સંભવતઃ આ મદીના-તય્યિબાના આરંભિક કાળમાં અવતરિત થઈ હશે. આ જ કારણ છે કે આમાં કેટલોક રંગ મક્કી સૂરઃઓનો અને કેટલોક મદની સૂરઃઓનો જોવા મળે છે.

વિષય અને ચર્ચા :

આ સૂરઃનો વિષય ઈમાન અને આજ્ઞાપાલનનું આમંત્રણ અને સદાચારની શિક્ષા છે. ચર્ચાનો ક્રમ એ છે કે પ્રથમ ચાર આયતોમાં સંબોધન તમામ મનુષ્યોને છે. પછી આયત ૫ થી ૧૦ સુધી તે લોકોને સંબોધિત કરવામાં આવ્યા છે જેઓ કુર્આનના આમંત્રણનો સ્વીકાર કરતા નથી અને તે પછી આયત ૧૧ થી અંત સુધીની આયતોની ચર્ચાનું રૂખ તે લોકો તરફ છે જેઓ આ આમંત્રણને સ્વીકારે છે. તમામ મનુષ્યોને સંબોધિત કરીને થોડાંક ટૂંકા વાક્યોમાં તેમને ચાર મૌલિક સચ્ચાઈઓથી વાકેફ કરવામાં આવ્યા છે –

એક એ કે આ જગતનો સૃષ્ટા, સ્વામી અને શાસક એક એવો સર્વશક્તિશાળી ઈશ્વર છે જેના પરિપૂર્ણ અને દોષમુક્ત હોવાની સાક્ષી આ સૃષ્ટિની દરેક વસ્તુ આપી રહી છે. બીજી એ કે આ સૃષ્ટિ નિરુદ્દેશ્ય અને તત્ત્વદર્શિતાથી રિક્ત નથી, બલ્કે તેના સૃષ્ટાએ સર્વથા સત્ય અને ઔચિત્યના આધાર પર એની રચના કરી છે. અહીં એ ભ્રમમાં ન રહો કે આ વ્યર્થ તમાશો છે જે નિરર્થક શરૂ થયો અને નિરર્થક જ સમાપ્ત થઈ જશે. ત્રીજી એ કે તમને જે સુંદરતમ્ રૂપના સાથે અલ્લાહે પેદા કર્યા છે અને પછી જે રીતે કુફ્ર (ઇન્કાર) અને ઈમાનનો અધિકાર તમારા પર છોડી દીધો છે, આ કોઈ પરિણામવિહીન અને નિરર્થક કામ નથી. વાસ્તવમાં અલ્લાહ તે જોઈ રહ્યો છે કે તમે પોતાની સ્વતંત્રતાનો કેવી રીતે ઉપયોગ કરો છો. ચોથી એ કે તમે દાયિત્વ-મુક્ત અને અનુત્તરદાયી નથી. છેવટે તમને પોતાના સૃષ્ટા તરફ પાછા ફરીને જવાનું છે, જેના સામે મનમાં છૂપાયેલાં વિચારો સુધ્ધાં પ્રગટ છે.

તે પછી વાણીની દિશા તે લોકો તરફ વળે છે, જેમણે કુફ્ર (ઇન્કાર)નો માર્ગ અપનાવ્યો છે અને તેમને (અગાઉની વિનષ્ટ જાતિઓના ઇતિહાસ તરફ ધ્યાન દોરીને બતાવવામાં આવે છે કે તેમના) વિનાશના મૂળ કારણો માત્ર બે હતા, એક એ કે તેણે (અલ્લાહે) જે રસૂલોને તેમના માર્ગદર્શન માટે મોકલ્યા હતા, તેમની વાત માનવાનો તેમણે ઇન્કાર કર્યો. બીજું એ કે તેમણે આખિરત (પરલોક)ની ધારણાને પણ રદ કરી દીધી અને પોતાના અહંકારમાં એ સમજી લીધું કે જે કંઈ છે, બસ આ દુનિયા (આલોક)નું જ જીવન છે. માનવ-ઇતિહાસના આ બે બોધપ્રદ તથ્યો વર્ણવીને સત્યને ન માનનારાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે કે તેઓ ભાનમાં આવે અને જો પુરોગામી જાતિઓ જેવાં પરિણામ ન જોવા માગતા હોય તો અલ્લાહ અને તેના રસૂલ અને માર્ગદર્શનના તે પ્રકાશ પર ઈમાન લઈ આવે જે અલ્લાહે કુર્આન-મજીદના રૂપમાં અવતરિત કરેલ છે. તેના સાથે તેમને સચેત કરવામાં આવે છે કે છેવટે તે દિવસ આવવાનો છે જ્યારે અનુગામી અને પુરોગામી સૌને એક સ્થળે એકત્ર કરવામાં આવશે અને તમારામાંથી દરેકની બેઈમાની, કપટ, ઉચાપત સૌના સામે ખુલી જશે. પછી સદૈવ માટે સૌ મનુષ્યોના ભાગ્યનો નિર્ણય (તેમના ઈમાન અને કર્મના આધાર પર કરી દેવામાં આવશે.) આના પછી ઈમાનનો માર્ગ અપનાવનારાઓને સંબોધિત કરીને કેટલાક મહત્ત્વપૂર્ણ આદેશો તેમને આપવામાં આવે છે –

એક એ કે દુનિયામાં જે મુસીબત પણ આવે છે, અલ્લાહની મરજીથી આવે છે. આવા સંજોગોમાં જે ઈમાન ઉપર ટકી રહે, અલ્લાહ તેના હૃદયને માર્ગદર્શન પ્રદાન કરે છે, અન્યથા ગભરાઈને કે ધૂંધવાઈને જે વ્યક્તિ ઈમાનના માર્ગથી ચલિત થઈ જાય તેનું હૃદય અલ્લાહના માર્ગદર્શનથી વંચિત થઇ જાય છે.

બીજું એ કે ઈમાનવાળા વ્યક્તિનું કર્તવ્ય માત્ર ઈમાન લઇ આવવું જ નથી, બલ્કે ઈમાન લાવ્યા પછી તેને વ્યવહારતઃ અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરવું જોઇએ.

ત્રીજું એ કે ઈમાનવાળા વ્યક્તિનો ભરોસો પોતાની શક્તિ કે દુનિયાની કોઇ તાકાત પર નહીં, બલ્કે માત્ર અલ્લાહ પર હોવો જોઇએ.

ચોથું એ છે કે ઈમાનવાળા વ્યક્તિ માટે તેનું ધન અને તેના બાળકો-પરિવાર એક ખૂબ મોટી પરીક્ષા છે, કેમ કે મહદ્અંશે એમનો જ પ્રેમ મનુષ્યને ઈમાન અને આજ્ઞાપાલનથી ચલિત કરે છે. તેથી ઇમાનવાળાઓએ (તેમના મામલામાં ખૂબ) સાવધ રહેવું જોઈએ.

પાંચમું એ કે દરેક મનુષ્ય પર તેના સામર્થ્ય અનુસાર દાયિત્વનો બોજ નાખવામાં આવ્યો છે. અલ્લાહને એ અપેક્ષિત નથી કે મનુષ્ય પોતાના સામર્થ્યથી વધીને કામ કરે. અલબત્ત ઈમાનવાળા વ્યક્તિએ જેની કોશિશ કરવી જોઈએ તે એ છે કે યથાશક્તિ અલ્લાહથી ડરીને જીવન વિતાવવામાં કોઈ કચાશ ન રાખે.

اٰيَاتُهَا ١٨ (٦٤) سُوْرَةُ التَّغَابُنِ مَدَنِيَّةٌ (١٠٨) رُكُوْعَاتُهَا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يُسَبِّحُ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۚ لَهُ
الْمُلْكُ وَلَهُ الْحَمْدُ ۡ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝١
هُوَ الَّذِيْ خَلَقَكُمْ فَمِنْكُمْ كَافِرٌ وَّمِنْكُمْ مُّؤْمِنٌ ۭ
وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ۝٢ خَلَقَ السَّمٰوٰتِ وَ
الْاَرْضَ بِالْحَقِّ وَصَوَّرَكُمْ فَاَحْسَنَ صُوَرَكُمْ ۚ
وَاِلَيْهِ الْمَصِيْرُ ۝٣ يَعْلَمُ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ
وَيَعْلَمُ مَا تُسِرُّوْنَ وَمَا تُعْلِنُوْنَ ۭ وَاللّٰهُ عَلِيْمٌۢ
بِذَاتِ الصُّدُوْرِ ۝٤ اَلَمْ يَاْتِكُمْ نَبَؤُا الَّذِيْنَ كَفَرُوْا
مِنْ قَبْلُ ۡ فَذَاقُوْا وَبَالَ اَمْرِهِمْ وَلَهُمْ عَذَابٌ
اَلِيْمٌ ۝٥ ذٰلِكَ بِاَنَّهٗ كَانَتْ تَّاْتِيْهِمْ رُسُلُهُمْ
بِالْبَيِّنٰتِ فَقَالُوْٓا اَبَشَرٌ يَّهْدُوْنَنَا ۡ فَكَفَرُوْا وَ
تَوَلَّوْا وَّاسْتَغْنَى اللّٰهُ ۭ وَاللّٰهُ غَنِيٌّ حَمِيْدٌ ۝٦ زَعَمَ
الَّذِيْنَ كَفَرُوْٓا اَنْ لَّنْ يُّبْعَثُوْا ۭ قُلْ بَلٰى وَرَبِّيْ
لَتُبْعَثُنَّ ثُمَّ لَتُنَبَّؤُنَّ بِمَا عَمِلْتُمْ ۭ وَذٰلِكَ عَلَى
اللّٰهِ يَسِيْرٌ ۝٧ فَاٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَالنُّوْرِ الَّذِيْٓ
اَنْزَلْنَا ۭ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ۝٨ يَوْمَ يَجْمَعُكُمْ
لِيَوْمِ الْجَمْعِ ذٰلِكَ يَوْمُ التَّغَابُنِ ۭ وَمَنْ يُّؤْمِنْۢ

(૬૪) સૂરઃ અત્‌-તગાબુન

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૧૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અલ્લાહની તસ્બીહ (મહિમાગાન) કરી રહી છે દરેક તે વસ્તુ જે આકાશોમાં છે અને દરેક તે વસ્તુ જે ધરતીમાં છે. તેનું જ રાજ્ય છે અને તેના માટે જ પ્રશંસા છે અને તેને દરેક વસ્તુનું સામર્થ્ય પ્રાપ્ત છે.

૨. તે જ છે જેણે તમને પેદા કર્યા, પછી તમારામાંથી કોઈ ઇન્કાર કરનાર (કાફિર) છે અને કોઈ ઈમાન લાવવાવાળો, અને અલ્લાહ તે બધું જ જોઈ રહ્યો છે જે તમે કરો છો.

૩. તેણે ધરતી અને આકાશોને સત્યપૂર્વક પેદા કર્યાં છે, અને તમારું રૂપ બનાવ્યું અને ખૂબ સારું બનાવ્યું છે, અને તેના જ તરફ છેવટે તમારે પાછા જવાનું છે.

૪. ધરતી અને આકાશોની દરેક વસ્તુનું તેને જ્ઞાન છે, જે કંઈ તમે છૂપાવો છો અને જે કંઈ તમે જાહેર કરો છો બધું જ તે જાણે છે અને તે હૃદયોની સ્થિતિ સુધ્ધાં જાણે છે.

૫. શું તમને તે લોકોની કોઈ ખબર પહોંચી નથી જેમણે આનાથી પહેલાં ઈન્કાર કર્યો અને પછી પોતાની કરણીના માઠાં પરિણામોની મજા ચાખી લીધી ? અને આગળ તેમના માટે એક દુઃખદાયી યાતના છે.

૬. આ પરિણામને પાત્ર તેઓ એટલા માટે થયા કે તેમના પાસે તેમના રસૂલો (ઈશદૂતો) સ્પષ્ટ દલીલો અને નિશાનીઓ લઈને આવતા રહ્યા, પરંતુ તેમણે કહ્યું, ''શું મનુષ્યો અમને સન્માર્ગ બતાવશે ?'' આમ તેમણે માનવાનો ઈન્કાર કરી દીધો અને મોઢું ફેરવી લીધું, ત્યારે અલ્લાહ પણ તેમનાથી બેપરવા થઈ ગયો અને અલ્લાહ તો છે જ નિરપેક્ષ-નિસ્પૃહ અને સ્વયં પ્રશંસિત.

૭. ઈન્કાર કરનારાઓએ મોટા દાવા સાથે કહ્યું છે કે તેઓ મૃત્યુ પછી કદાપિ બીજીવાર ઉઠાવવામાં આવશે નહીં. તેમને કહો, ''નહીં, મારા રબ (પ્રભુ)ના સોગંદ ! તમે જરૂર ઉઠાવવામાં આવશો, પછી ચોક્કસ તમને બતાવવામાં આવશે કે તમે (દુનિયામાં) શું-શું કર્યું છે, અને આમ કરવું અલ્લાહ માટે ખૂબ જ સરળ છે.''

૮. તો ઈમાન લાવો અલ્લાહ પર અને તેના રસૂલ પર અને તે પ્રકાશ પર જે અમે ઉતાર્યો છે. જે કંઈ તમે કરો છો અલ્લાહ તેની ખબર રાખે છે.

૯. (આની જાણ તમને તે દિવસે થઈ જશે) જ્યારે એકત્ર થવાના દિવસે તે તમને સૌને એકત્ર કરશે. તે દિવસ હશે એકબીજાના મુકાબલામાં લોકોની

بِاللّٰهِ وَيَعْمَلْ صَالِحًا يُّكَفِّرْ عَنْهُ سَيِّاٰتِهٖ
وَيُدْخِلْهُ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ
خٰلِدِيْنَ فِيْهَاۤ اَبَدًا ؕ ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿٩﴾ وَ
الَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَاۤ اُولٰٓئِكَ اَصْحٰبُ
النَّارِ خٰلِدِيْنَ فِيْهَا ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿١٠﴾ مَاۤ اَصَابَ
مِنْ مُّصِيْبَةٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ وَمَنْ يُّؤْمِنْ بِاللّٰهِ
يَهْدِ قَلْبَهٗ ؕ وَاللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿١١﴾ وَاَطِيْعُوا
اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّيْتُمْ فَاِنَّمَا
عَلٰى رَسُوْلِنَا الْبَلٰغُ الْمُبِيْنُ ﴿١٢﴾ اَللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ؕ
وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿١٣﴾ يٰۤاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْۤا اِنَّ مِنْ اَزْوَاجِكُمْ وَاَوْلَادِكُمْ عَدُوًّا
لَّكُمْ فَاحْذَرُوْهُمْ ۚ وَاِنْ تَعْفُوْا وَتَصْفَحُوْا وَتَغْفِرُوْا
فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٤﴾ اِنَّمَاۤ اَمْوَالُكُمْ وَ
اَوْلَادُكُمْ فِتْنَةٌ ؕ وَاللّٰهُ عِنْدَهٗۤ اَجْرٌ عَظِيْمٌ ﴿١٥﴾
فَاتَّقُوا اللّٰهَ مَا اسْتَطَعْتُمْ وَاسْمَعُوْا وَاَطِيْعُوْا
وَاَنْفِقُوْا خَيْرًا لِّاَنْفُسِكُمْ ؕ وَمَنْ يُّوْقَ شُحَّ
نَفْسِهٖ فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿١٦﴾ اِنْ تُقْرِضُوا
اللّٰهَ قَرْضًا حَسَنًا يُّضٰعِفْهُ لَكُمْ وَيَغْفِرْ لَكُمْ ؕ
وَاللّٰهُ شَكُوْرٌ حَلِيْمٌ ﴿١٧﴾ عٰلِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ
الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿١٨﴾

હાર-જીતનો. જે અલ્લાહ પર ઈમાન લાવ્યો છે અને સદ્કાર્યો કરે છે, અલ્લાહ તેના ગુનાઓ ખંખેરી નાખશે અને તેને એવી જન્નતોમાં દાખલ કરશે જેના નીચે નહેરો વહેતી હશે. આ લોકો હંમેશા-હંમેશા તેમાં રહેશે. આ જ મોટી સફળતા છે.

૧૦. અને જે લોકોએ ઈન્કાર (કુફ્ર) કર્યો છે અને અમારી આયતોને ખોટી ઠેરવી છે તેઓ દોજખ (નર્ક)ના રહેવાસી હશે જ્યાં તેઓ હંમેશા રહેશે અને તે સૌથી ખરાબ ઠેકાણું છે. (રુકૂઅ-૧)

૧૧. કોઈ મુસીબત ક્યારેય આવતી નથી પરંતુ અલ્લાહની આજ્ઞાથી જ આવે છે. જે વ્યક્તિ અલ્લાહ પર ઈમાન રાખતો હોય, અલ્લાહ તેના હૃદયને માર્ગદર્શન પ્રદાન કરે છે, અલ્લાહને દરેક વસ્તુનું જ્ઞાન છે.

૧૨. અલ્લાહનું આજ્ઞાપાલન કરો અને રસૂલનું આજ્ઞાપાલન કરો. પરંતુ જો તમે આજ્ઞાપાલનથી મોઢું ફેરવો છો તો અમારા રસૂલ પર સ્પષ્ટ સત્ય પહોંચાડી દેવા સિવાય કોઈ જવાબદારી નથી.

૧૩. અલ્લાહ તે છે જેના સિવાય કોઈ ઉપાસ્ય નથી, આથી ઈમાન લાવનારાઓએ અલ્લાહ પર જ ભરોસો રાખવો જોઈએ.

૧૪. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તમારી પત્નીઓ અને તમારા સંતાનોમાંથી કેટલાક તમારા શત્રુ છે, તેમનાથી સાવધાન રહો; અને જો તમે માફ કરો અને જવા દો અને દરગુજરથી કામ લો તો અલ્લાહ અત્યંત ક્ષમાશીલ અને દયાળુ છે.

૧૫. તમારું ધન અને તમારાં સંતાનો તો એક પરીક્ષા છે અને અલ્લાહ જ છે જેના પાસે મોટું વળતર છે.

૧૬. તેથી યથાશક્તિ અલ્લાહથી ડરતા રહો, અને સાંભળો અને આજ્ઞાનું પાલન કરો, અને પોતાનું ધન ખર્ચ કરો, આ તમારા જ માટે સારું છે. જેઓ પોતાના હૃદયની સંકુચિતતાથી સુરક્ષિત રહી ગયા, માત્ર તેઓ જ સફળતા પામવાવાળા છે.

૧૭. જો તમે અલ્લાહને ઉત્તમ ઋણ આપો તો તે તમને અનેકગણું વધારીને આપશે અને તમારા કસૂરોને માફ કરશે, અલ્લાહ મોટો ગુણગ્રાહી અને સહનશીલ છે.

૧૮. પ્રત્યક્ષ અને પરોક્ષ દરેક વસ્તુને જાણે છે, પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે. (રુકૂઅ-૨)

(૬૫) અત્-તલાક

પરિચય

નામ :

આ સૂરઃ નું નામ જ 'અત્-તલાક' નથી, બલ્કે આ તેના વિષયનું શીર્ષક પણ છે, કારણ કે આમાં તલાકના જ આદેશોનું વર્ણન કરવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)એ સ્પષ્ટતાપૂર્વક કહ્યું છે અને સૂરઃના વિષયનો આંતરિક પુરાવાથી પણ એ જ સ્પષ્ટ થાય છે કે આ અનિવાર્યપણે સૂરઃ બકરહની તે આયતો પછી ઊતરી છે, જેમાં તલાકના આદેશો પ્રથમવાર આપવામાં આવ્યા હતા. રિવાયતો (નોંધો)થી જાણકારી મળે છે કે જ્યારે સૂરઃ બકરહના આદેશો સમજવામાં લોકો ભૂલ કરવા લાગ્યા અને વ્યવહારમાં પણ તેઓથી ભૂલો થવા લાગી, ત્યારે અલ્લાહે તેમની સુધારણા માટે આ આદેશો અવતરિત કર્યા.

વિષય અને ચર્ચા :

આ સૂરઃના આદેશો અને નિર્દેશોને સમજવા માટે આવશ્યક છે કે તે નિર્દેશોને પુનઃ મનમાં તાજા કરી લેવામાં આવે જેનું વર્ણન તલાક અને ઇદ્દતના સંબંધે આનાથી પહેલાં સૂરઃ બકરહ, આયત ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૪; સૂરઃ અહઝાબ, આયાત ૪૯ માં થઈ ચૂક્યું છે. આ આયતોમાં જે નિયમો નિર્ધારિત કરવામાં આવ્યા હતા, તે આ પ્રમાણે હતા –

(૧) એક પુરુષ પોતાની પત્નીને વધુમાં વધુ ત્રણ તલાક આપી શકે છે.

(૨) એક કે બે તલાક આપવામાં આવી હોય તેવી સ્થિતિમાં ઇદ્દત દરમ્યાન પતિને રુજૂઅનો (અર્થાત્ નિકાહ વિના પુનઃ દાંપત્ય-સંબંધ સ્થાપિત કરવાનો) અધિકાર હોય છે અને ઇદ્દતની મુદ્દત સમાપ્ત થઈ ગયા પછી તે જ પુરુષ અને સ્ત્રી પુનઃ નિકાહ કરવા ઇચ્છે તો કરી શકે છે; તેના માટે હલાલાની કોઇ શરત નથી. પરંતુ જો પુરુષ ત્રણ તલાક આપી દે તો ઇદ્દત દરમ્યાન રુજૂઅ કરવાનો અધિકાર સમાપ્ત થઈ જાય છે અને પુનઃ નિકાહ પણ ત્યાં સુધી નથી થઈ શકતા, જ્યાં સુધી સ્ત્રીના નિકાહ બીજા કોઇ પુરુષ સાથે ન થઇ જાય અને તે (પુરુષ) પોતાની મરજીથી તેને તલાક ન આપી દે.

(૩) તે સ્ત્રી જેનો પતિ સાથે શારીરિક સંબંધ સ્થાપિત થઈ ચૂક્યો

હોય અને જે રજસ્વલા હોય તેની ઇદ્દત એ છે કે તેને તલાક પછી ત્રણ વખત હૈઝ (માસિક-ધર્મ) આવી જાય. એક તલાક કે બે તલાકની સ્થિતિમાં આ ઇદ્દતનો અર્થ એ છે કે સ્ત્રીનો હજુ સુધી તે વ્યક્તિ (પતિ)થી પત્નીત્વનો સંબંધ પૂર્ણતઃ સમાપ્ત થયો નથી અને તે ઇદ્દત દરમ્યાન તેનાથી રુજૂઅ કરી શકે છે. પરંતુ જો પુરુષ ત્રણ તલાક આપી ચૂક્યો હોય તો આ ઇદ્દત રુજૂઅની કોઈ શક્યતા માટે નથી, બલ્કે ફક્ત એટલા માટે છે કે તેના સમાપ્ત થતાં પહેલાં સ્ત્રી કોઇ બીજા પુરુષ સાથે નિકાહ કરી શકતી નથી.

(૪) તે સ્ત્રી જેનો પતિથી શારીરિક સંબંધ સ્થાપિત ન થયો હોય, જેને હાથ લગાવ્યા પહેલાં જ તલાક આપી દેવામાં આવે, તેના માટે કોઇ ઇદ્દત નથી. તે જો ચાહે તો તલાક પછી તરત જ નિકાહ કરી શકે છે.

(૫) જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામે તેની ઇદ્દત ૪ મહિના દસ દિવસ છે.

(૬) જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામે અને તે વખતે તે ગર્ભવતી હોય તો તેની ઇદ્દતની હદ પ્રસૂતિ થઈ જાય ત્યાં સુધીની છે.

હવે એ વાત સારી રીતે સમજી લેવી જોઇએ કે સૂરઃ તલાક આ નિયમો પૈકી કોઇ નિયમને રદબાતલ કરવા કે તેમાં સંશોધન કરવા માટે નથી ઊતરી, બલ્કે બે હેતુઓ માટે ઊતરી છે. એક એ કે પુરુષને તલાકનો જે અધિકાર આપવામાં આવ્યો છે તેના ઉપયોગની એવી બુદ્ધિમત્તાપૂર્ણ રીતો બતાવવામાં આવે જેના પરિણામે યથાસંભવ લગ્ન-વિચ્છેદનો પ્રસંગ ઊભો ન થાય, બીજું એ કે ઈશ્વરીય ધર્મ-વિધાન (અલ્લાહની શરીઅત)માં તલાકનો અવકાશ માત્ર એક અનિવાર્ય આવશ્યકતાના રૂપે મૂકવામાં આવી છે, અન્યથા અલ્લાહને એ વાત અત્યંત અપ્રિય છે કે એક સ્ત્રી અને એક પુરુષ વચ્ચે દાંપત્ય-સંબંધ સ્થાપિત થઈ ચૂક્યા છે, તે ફરી ક્યારેક તૂટી જાય. નબી (સલ્લ.)નું કથન છે કે "અલ્લાહે કોઇ એવી વસ્તુને હલાલ (વૈધ) નથી કરી જે તલાક કરતાં વધુ તેને અપ્રિય હોય." (હદીસ : અબૂ દાઊદ) બીજો હેતુ એ છે કે સૂરઃ બકરહના આદેશો અને નિર્દેશો પછી આ સંબંધે જે પ્રશ્નો એવા રહી ગયા હતા જેના જવાબો આપવામાં આવ્યા ન હતા, તેમના જવાબો આપીને ઇસ્લામના પારિવારિક કાયદાઓનાં આ વિભાગને પરિપૂર્ણ કરી દેવામાં આવે.

اٰیاتھا ۱۲ — (٦٥) سُوْرَةُ الطَّلَاقِ مَدَنِيَّةٌ (٩٩) — رکوعاتھا ۲

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰۤاَيُّهَا النَّبِيُّ اِذَا طَلَّقْتُمُ النِّسَآءَ فَطَلِّقُوْهُنَّ
لِعِدَّتِهِنَّ وَاَحْصُوا الْعِدَّةَ ۚ وَاتَّقُوا اللّٰهَ رَبَّكُمْ ۚ
لَا تُخْرِجُوْهُنَّ مِنْۢ بُيُوْتِهِنَّ وَلَا يَخْرُجْنَ
اِلَّاۤ اَنْ يَّاْتِيْنَ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ ؕ وَتِلْكَ
حُدُوْدُ اللّٰهِ ؕ وَمَنْ يَّتَعَدَّ حُدُوْدَ اللّٰهِ فَقَدْ
ظَلَمَ نَفْسَهٗ ؕ لَا تَدْرِيْ لَعَلَّ اللّٰهَ يُحْدِثُ
بَعْدَ ذٰلِكَ اَمْرًا ۝١ فَاِذَا بَلَغْنَ اَجَلَهُنَّ
فَاَمْسِكُوْهُنَّ بِمَعْرُوْفٍ اَوْ فَارِقُوْهُنَّ بِمَعْرُوْفٍ
وَّاَشْهِدُوْا ذَوَيْ عَدْلٍ مِّنْكُمْ وَاَقِيْمُوا
الشَّهَادَةَ لِلّٰهِ ؕ ذٰلِكُمْ يُوْعَظُ بِهٖ مَنْ كَانَ
يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ۬ وَمَنْ يَّتَّقِ اللّٰهَ
يَجْعَلْ لَّهٗ مَخْرَجًا ۝٢ۙ وَّيَرْزُقْهُ مِنْ حَيْثُ لَا
يَحْتَسِبُ ؕ وَمَنْ يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗ ؕ
اِنَّ اللّٰهَ بَالِغُ اَمْرِهٖ ؕ قَدْ جَعَلَ اللّٰهُ لِكُلِّ شَيْءٍ
قَدْرًا ۝٣ وَالّٰٓـِٔيْ يَئِسْنَ مِنَ الْمَحِيْضِ مِنْ نِّسَآىِٕكُمْ
اِنِ ارْتَبْتُمْ فَعِدَّتُهُنَّ ثَلٰثَةُ اَشْهُرٍ ۙ وَّالّٰٓـِٔيْ لَمْ
يَحِضْنَ ؕ وَاُولَاتُ الْاَحْمَالِ اَجَلُهُنَّ اَنْ

(૬૫) સૂરઃ અત્-તલાક

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૧૨)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હે પયગંબર ! જ્યારે તમે લોકો સ્ત્રીઓને તલાક આપો તો તેમને તેમની ઇદ્દત માટે તલાક આપવાનું રાખો અને ઇદ્દતના સમયની બરાબર ગણત્રી કરો, અને અલ્લાહથી ડરો જે તમારો રબ (પ્રભુ-પાલનહાર) છે. (ઇદ્દતના સમયમાં) ન તમે તેમને તેમના ઘરોમાંથી કાઢી મૂકો, અને ન તેઓ પોતે નીકળે, સિવાય કે તેઓ કોઈ સ્પષ્ટ બૂરાઈનું આચરણ કરી બેસે. આ અલ્લાહે નિર્ધારિત કરેલી સીમાઓ છે અને જે કોઈ અલ્લાહની સીમાઓનું ઉલ્લંઘન કરશે તે સ્વયં પોતાના પર અત્યાચાર કરશે. તમે જાણતા નથી, કદાચ આ પછી અલ્લાહ (મેળ-મેળાપની) કોઈ સ્થિતિ પેદા કરી દે.

૨. પછી જ્યારે તેઓ પોતાની (ઇદ્દતની) સમય-મર્યાદાના અંતમાં પહોંચે તો તેમને સારી રીતે (પોતાના નિકાહ-સંબંધમાં) રોકી રાખો અથવા સારી રીતે તેમનાથી અલગ થઈ જાઓ અને એવા બે માણસોને સાક્ષી બનાવી લો જે તમારામાંથી ન્યાય કરવાવાળા હોય અને (હે સાક્ષી બનનારાઓ !) અલ્લાહ માટે સાક્ષી બરાબર આપો.

આ વાતો છે જેમની તમને લોકોને શિખામણ આપવામાં આવે છે, તે દરેક વ્યક્તિને જે અલ્લાહ અને આખિરત (પરલોક)ના દિવસ પર ઈમાન રાખતી હોય. જે કોઈ વ્યક્તિ અલ્લાહનો ડર રાખીને કામ કરશે, અલ્લાહ તેના માટે મુશ્કેલીમાંથી નીકળવાનો કોઈ માર્ગ પેદા કરી દેશે

૩. અને તેને એવા-એવા માર્ગેથી રોજી આપશે જેના તરફ તેની કલ્પના પણ નહીં જતી હોય. જે અલ્લાહ પર ભરોસો કરે તેના માટે તે પૂરતો છે. અલ્લાહ પોતાનું કામ પૂરું કરીને જ રહે છે. અલ્લાહે દરેક વસ્તુ માટે એક તકદીર (યોજના) નિર્ધારિત કરી રાખી છે.

૪. અને તમારી સ્ત્રીઓમાંથી જે રજસ્વલા (માસિક-ધર્મ)થી નિરાશ થઈ ચૂકી હોય તેમના મામલામાં જો તમને કોઈ શંકા હોય તો (તમને જાણ થાય કે) તેમની ઇદ્દત ત્રણ મહિના છે, અને આ જ આદેશ તેમને છે

يَّضَعْنَ حَمْلَهُنَّ ؕ وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ
مِنْ اَمْرِهٖ يُسْرًا ﴿۴﴾ ذٰلِكَ اَمْرُ اللّٰهِ اَنْزَلَهٗۤ
اِلَيْكُمْ ؕ وَمَنْ يَّتَّقِ اللّٰهَ يُكَفِّرْ عَنْهُ سَيِّاٰتِهٖ
وَيُعْظِمْ لَهٗۤ اَجْرًا ﴿۵﴾ اَسْكِنُوْهُنَّ مِنْ حَيْثُ
سَكَنْتُمْ مِّنْ وُّجْدِكُمْ وَلَا تُضَآرُّوْهُنَّ لِتُضَيِّقُوْا
عَلَيْهِنَّ ؕ وَاِنْ كُنَّ اُولَاتِ حَمْلٍ فَاَنْفِقُوْا عَلَيْهِنَّ
حَتّٰى يَضَعْنَ حَمْلَهُنَّ ۚ فَاِنْ اَرْضَعْنَ لَكُمْ فَاٰتُوْهُنَّ
اُجُوْرَهُنَّ ۚ وَاْتَمِرُوْا بَيْنَكُمْ بِمَعْرُوْفٍ ۚ وَاِنْ
تَعَاسَرْتُمْ فَسَتُرْضِعُ لَهٗۤ اُخْرٰى ﴿۶﴾ لِيُنْفِقْ ذُوْ سَعَةٍ
مِّنْ سَعَتِهٖ ؕ وَمَنْ قُدِرَ عَلَيْهِ رِزْقُهٗ فَلْيُنْفِقْ
مِمَّاۤ اٰتٰىهُ اللّٰهُ ؕ لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا مَاۤ اٰتٰىهَا ؕ
سَيَجْعَلُ اللّٰهُ بَعْدَ عُسْرٍ يُّسْرًا ﴿۷﴾ وَكَاَيِّنْ مِّنْ قَرْيَةٍ ع ۱۷
عَتَتْ عَنْ اَمْرِ رَبِّهَا وَرُسُلِهٖ فَحَاسَبْنٰهَا حِسَابًا
شَدِيْدًا ۙ وَّعَذَّبْنٰهَا عَذَابًا نُّكْرًا ﴿۸﴾ فَذَاقَتْ
وَبَالَ اَمْرِهَا وَكَانَ عَاقِبَةُ اَمْرِهَا خُسْرًا ﴿۹﴾
اَعَدَّ اللّٰهُ لَهُمْ عَذَابًا شَدِيْدًا ۙ فَاتَّقُوا
اللّٰهَ يٰۤاُولِى الْاَلْبَابِ ۛۚ الَّذِيْنَ اٰمَنُوْا ۛۚ مع
قَدْ اَنْزَلَ اللّٰهُ اِلَيْكُمْ ذِكْرًا ﴿۱۰﴾ رَّسُوْلًا يَّتْلُوْا
عَلَيْكُمْ اٰيٰتِ اللّٰهِ مُبَيِّنٰتٍ لِّيُخْرِجَ الَّذِيْنَ منزل ۷

જે હજુ રજસ્વલા ન થઈ હોય. ગર્ભવતી સ્ત્રીઓની ઇદ્દતની હદ પ્રસૂતિ થઈ જાય ત્યાં સુધી છે. જે વ્યક્તિ અલ્લાહથી ડરે તેના મામલામાં તે સુવિધા પેદા કરી દે છે,

૫. આ અલ્લાહનો આદેશ છે જે તેણે તમારા તરફ ઉતાર્યો છે. જે અલ્લાહથી ડરશે, અલ્લાહ તેની બૂરાઈઓને તેનાથી દૂર કરી દેશે અને તેને મોટો બદલો આપશે.

૬. તેમને (ઇદ્દતના સમયમાં) તે જ જગ્યાએ રાખો જ્યાં તમે રહો છો, જેવી પણ જગ્યા તમને ઉપલબ્ધ હોય, અને તેમને તંગ કરવા માટે તેમને સતાવો નહીં.

અને જો તેઓ ગર્ભવતી હોય તો તેમના પર ત્યાં સુધી ખર્ચ કરતા રહો જ્યાં સુધી તેમની પ્રસૂતિ ન થઈ જાય. પછી જો તેઓ તમારા માટે (બાળકને) દૂધ પીવડાવે તો તેમનું વળતર તેમને આપો, અને સારી રીતે (વળતરનો મામલો) પરસ્પર વાતચીત દ્વારા નક્કી કરી લો. પરંતુ જો તમે (વળતર નક્કી કરવામાં) એકબીજાને તંગ કર્યા તો બાળકને કોઈ બીજી સ્ત્રી દૂધ પીવડાવી લેશે.

૭. સુખ-સંપન્ન માણસ પોતાની હેસિયત મુજબ ખાધા-ખોરાકી આપે, અને જેને રોજી ઓછી આપવામાં આવી હોય તે તે જ માલમાંથી ખર્ચ કરે જે અલ્લાહે તેને આપ્યો છે. અલ્લાહે જેને જેટલું પણ આપ્યું છે તેનાથી વધુ માટે તે તેના ઉપર જવાબદારીનો બોજ નાખતો નથી. અશક્ય નથી કે અલ્લાહ તંગી પછી મોકળાશ કરી દે. (રુકૂઅ-૧)

૮. કેટલીય વસ્તીઓ છે જેમણે પોતાના રબ (પ્રભુ) અને તેના રસૂલો (સંદેશવાહકો)ના આદેશનો અનાદર કર્યો તો અમે તેમના પાસેથી સખત હિસાબ લીધો અને તેમને ઘણી ખરાબ રીતે સજા આપી.

૯. તેમણે પોતાની કરણીનો સ્વાદ ચાખી લીધો અને તેમનું પરિણામ તો નુકસાન જ નુકસાન છે.

૧૦. અલ્લાહે (આખિરતમાં) તેમના માટે સખત યાતના તૈયાર કરી રાખી છે. તો અલ્લાહથી ડરો, હે બુદ્ધિમાન લોકો ! જેઓ ઈમાન લાવ્યા છો, અલ્લાહે તમારા તરફ એક શિખામણ ઊતારી દીધી છે,

૧૧. એક એવો રસૂલ જે તમને અલ્લાહની સ્પષ્ટ શિખામણ આપતી આયતો

اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ مِنَ الظُّلُمٰتِ
اِلَى النُّوْرِ ؕ وَ مَنْ یُّؤْمِنْۢ بِاللّٰهِ وَ یَعْمَلْ
صَالِحًا یُّدْخِلْهُ جَنّٰتٍ تَجْرِیْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ خٰلِدِیْنَ فِیْهَاۤ اَبَدًا ؕ قَدْ اَحْسَنَ
اللّٰهُ لَهٗ رِزْقًا ۝١١ اَللّٰهُ الَّذِیْ خَلَقَ سَبْعَ
سَمٰوٰتٍ وَّ مِنَ الْاَرْضِ مِثْلَهُنَّ ؕ یَتَنَزَّلُ
الْاَمْرُ بَیْنَهُنَّ لِتَعْلَمُوْۤا اَنَّ اللّٰهَ عَلٰی كُلِّ
شَیْءٍ قَدِیْرٌ ۙ۬ وَّ اَنَّ اللّٰهَ قَدْ اَحَاطَ بِكُلِّ
شَیْءٍ عِلْمًا ۝١٢ ع

સંભળાવે છે જેથી ઈમાન લાવનારાઓ અને સત્કર્મીઓને અંધારાઓમાંથી કાઢીને પ્રકાશમાં લઈ આવે. જે વ્યક્તિ અલ્લાહ પર ઈમાન લાવે અને સદ્‌કાર્યો કરે, અલ્લાહ તેને એવી જન્નતોમાં દાખલ કરશે જેના નીચે નહેરો વહેતી હશે. આ લોકો તેમાં સદૈવ રહેશે. અલ્લાહે આવી વ્યક્તિ માટે સર્વોત્તમ રોજી રાખી છે.

૧૨. અલ્લાહ તે છે જેણે સાત આકાશો સર્જ્યા અને ધરતી પણ તેમના જેવી જ. તેમના વચ્ચે આદેશ ઉતારતો રહે છે. (આ વાત તમને એટલા માટે બતાવવામાં આવી રહી છે) જેથી તમે જાણી લો કે અલ્લાહને દરેક વસ્તુનું સામર્થ્ય પ્રાપ્ત છે, અને એ કે અલ્લાહનું જ્ઞાન દરેક વસ્તુને આવરી લે છે. (રુકૂઅ-૨)

(૬૬) અત્-તહ્‌રીમ

પરિચય

નામ :

પહેલી આયતના શબ્દો 'લિમા તુહર્રિમુ' (શા માટે તે વસ્તુને હરામ કરો છો) થી લેવામાં આવ્યું છે. આ શીર્ષકથી અભિપ્રેત એ છે કે આ તે સૂરઃ છે જેમાં 'તહ્‌રીમ' (કોઈ વસ્તુને અવૈધ ઠરાવવા)ના બનાવનો ઉલ્લેખ થયો છે.

ઉતરાણકાળ :

આમાં દર્શાવેલ અવૈધ ઠરાવવામાં આવેલ (તહ્‌રીમના) જે બનાવનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, તેના સંબંધે હદીસોની નોંધોમાં બે મહિલાઓની ચર્ચા કરવામાં આવી છે, જે તે વખતે પયગંબર (સલ્લ.)ની પત્નીઓમાંથી હતી. એક હઝરત સફિયા (રદિ.), બીજા હઝરત મારિયા કિબ્તિયા (રદિ.), (અને આ બંનેય પયગંબર સલ્લ.ના ઘરમાં હિ.સ. ૦૭માં આવ્યા હતા. આનાથી) એ વાત તદ્દન નિશ્ચિત થઈ જાય છે કે આ સૂરઃનું અવતરણ હિ.સ.૦૭ કે હિ.સ.૦૮ દરમ્યાન કોઈક સમયે થયું હતું.

વિષય અને ચર્ચા :

આ સૂરઃમાં અલ્લાહના પયગંબર (સલ્લ.)ની પુનિત પત્નીઓ સંબંધે કેટલીક ઘટનાઓ તરફ સંકેત કરતાં કેટલીક ગંભીર સમસ્યાઓ પર પ્રકાશ નાખવામાં આવ્યો છે –

એક એ કે હલાલ (વૈધ) અને હરામ (અવૈધ) તેમજ જાઇઝ (વર્જ્ય) અને નાજાઇઝ (અવર્જ્ય)ની મર્યાદા નક્કી કરવાના અધિકારો નિશ્ચિતરૂપે સર્વોચ્ચ અલ્લાહના હાથમાં છે અને સામાન્ય લોકો તો દૂર, પયગંબરને પણ પોતાની રીતે અલ્લાહની જાઇઝ ઠરાવેલ કોઈ વસ્તુને હરામ (અવૈધ) કરી લેવાનો અધિકાર નથી.

બીજું એ કે માનવ-સમાજમાં પયગંબર (સલ્લ.)નું સ્થાન ખૂબ જ નાજુક સ્થાન છે. એક સાધારણ વાત પણ જો કોઇ બીજા મનુષ્યના જીવનમાં બને તો કંઈ વધુ મહત્ત્વ ધરાવતી નથી, પરંતુ પયગંબર (સલ્લ.)ના જીવનમાં બને તો તેની હેસિયત કાનૂનની થઈ જાય છે. તેથી અલ્લાહ તરફથી પયગંબરોના જીવન પર એવી ચાંપતી નજર રાખવામાં આવી છે કે એમનું કોઇ નાનામાં નાનું પગલું ઉઠાવવું પણ અલ્લાહની ઈચ્છાથી હટીને ન હોય, જેથી ઈસ્લામી કાનૂન અને તેના સિદ્ધાંતો પોતાના મૂળ સ્વરૂપમાં અલ્લાહના બંદાઓ સુધી પહોંચી જાય.

ત્રીજી વાત એ છે કે નાની-સરખી વાત પર જ્યારે નબી (સલ્લ.)ને

ટોકી દેવામાં આવ્યા અને ન માત્ર તેની સુધારણા કરવામાં આવી, બલ્કે તેની નોંધ પણ લેવામાં આવી, તો એ વસ્તુ નિશ્ચિતરૂપે આપણા દિલમાં એ સંતોષ પેદા કરી દે છે કે નબી (સલ્લ.)ના પવિત્ર જીવનમાંથી જે કાર્યો અને જે આદેશો પણ આપણને હાલ મળે છે, અને જે અંગે અલ્લાહ તરફથી કોઇ પકડ કે સંશોધન રેકર્ડમાં નથી, તે સંપૂર્ણપણે વિશુદ્ધ અને બરાબર છે અને પૂર્ણ રૂપે અલ્લાહની ઇચ્છા સાથે સુસંગત છે.

ચોથી વસ્તુ એ કે અલ્લાહે ન માત્ર પોતાના પયગંબર સલ્લ.ને એક મામૂલી વાત પર ટોકી દીધા અને ઈમાનવાળાઓની માતાઓને અર્થાત્ પયગંબર સલ્લ.ની પુનિત પત્નિઓને તેમની કેટલીક ભૂલો પર કડકાઈથી સચેત કર્યા, બલ્કે આ પકડ અને ચેતવણીને પોતાના ગ્રંથ અર્થાત્ કુર્આનમાં હંમેશ માટે અંકિત કરી દીધા. તેમાં નિહિત હેતુ એ સિવાય બીજો શું હોઇ શકે છે કે અલ્લાહ આ રીતે ઈમાનવાળાઓને પોતાના મહાપુરુષોના આદર-સન્માનની સાચી મર્યાદાઓ અને સીમાઓથી પરિચિત કરવા માગે છે. નબી એ નબી છે, ખુદા નથી કે તેમનાથી ભૂલ-ચૂક થવી અસંભવ છે, બલ્કે તેઓ આદરણીય એટલા માટે છે કે તેઓ ઈશ્વરેચ્છા (અલ્લાહની ઇચ્છા)ના પૂર્ણ પ્રતિનિધિ છે અને તેમની નાની-સરખી ભૂલને પણ અલ્લાહે સુધાર્યા વિના છોડી નથી. આવી જ રીતે આદરણીય સહાબા હોય કે નબી (સલ્લ.)ની પુનિત પત્નિઓ, આ સૌ મનુષ્યો હતા, ફરિશ્તા કે અતિમાનવ (Superman) ન હતા. તેમનાથી ભૂલ-ચૂક થઇ શકતી હતી. તેમને જે ઉચ્ચ પદ પ્રાપ્ત થયું, એટલા માટે થયું કે અલ્લાહના માર્ગદર્શન અને અલ્લાહના રસૂલ (સલ્લ.)ના પ્રશિક્ષણે તેમને માનવતાના ઉત્તમ આદર્શ બનાવી દીધા હતા. તેમનું જે કંઇ પણ આદર-માન છે, એટલા જ માટે છે, ન કે એ પરિકલ્પનાના આધારે કે તેઓ કંઈક એવી હસ્તીઓ હતી જે ભૂલોથી તદ્દન ઉપરવટ હતી. આ જ કારણસર નબી (સલ્લ.)ના શુભ સમયમાં સહાબા કે આપ (સલ્લ.)ની પુનિત પત્નીઓ દ્વારા મનુષ્ય હોવાના કારણે જ્યારે પણ કોઇ ભૂલ-ચૂક થઇ તેના પર તેમને ટોકવામાં આવ્યા. તેમની કેટલીક ભૂલોની સુધારણા નબી (સલ્લ.)એ કરી, જેનો ઉલ્લેખ હદીસોમાં ઘણી જગ્યાએ આવ્યો છે અને કેટલીક ભૂલોનું વર્ણન કુર્આન-મજીદમાં કરીને અલ્લાહે પોતે તેમની સુધારણા કરી, જેથી મુસલમાનો ક્યારેય મહાપુરુષોના આદરની કોઇ અતિશયોક્તિપૂર્ણ ધારણા ન બનાવી લે.

પાંચમી વાત એ છે કે અલ્લાહનો દીન (ધર્મ) તદ્દન નિષ્પક્ષ છે, તેમાં દરેક વ્યક્તિ માટે માત્ર એ જ બધું છે જેનો તે પોતાના ઈમાન અને કર્મો અનુસાર હક્કદાર હોય. આ બાબતમાં ખાસ કરીને નબી (સલ્લ.)ની પુનિત પત્નીઓ સામે ત્રણ પ્રકારની સ્ત્રીઓને ઉદાહરણ રૂપે પ્રસ્તુત કરવામાં આવી છે. એક

ઉદાહરણ હઝરત નૂહ (અલૈ.) અને હઝરત લૂત (અલૈ.)ની વિધર્મી (કાફિર) પત્નીઓનું છે, જેમના માટે નબીઓની પત્નીઓ હોવું કંઈ કામ ન આવ્યું. બીજુ ઉદાહરણ ફિરઔનની પત્નીનું છે. કેમ કે તેઓ ઈમાન લઈ આવ્યા તેથી ફિરઔન જેવા સૌથી મોટાં વિધર્મી (કાફિર)ની પત્ની હોવું પણ તેમના માટે કોઈ નુકસાનનું કારણ ન બની શક્યું. ત્રીજું ઉદાહરણ હઝરત મરયમ (અલૈ.)નું છે, જેમને મહાન દરજ્જો એટલા માટે મળ્યો કે અલ્લાહે જે કઠિન પરીક્ષામાં તેમને નાખવાનો નિર્ણય કર્યો હતો, તેના માટે તેઓ નતમસ્તક થઈ ગયા.

આ વાતો ઉપરાંત એક બીજી મહત્ત્વની હકીકત જે આ સૂરઃની આયત ૩ થી આપણને જણાય છે તે એ છે કે સર્વોચ્ચ અલ્લાહ તરફથી નબી (સલ્લ.) પાસે માત્ર એ જ જ્ઞાન પ્રદાન કરવામાં નહોતું આવતું જે કુર્આનમાં અંકિત કરવામાં આવ્યું છે, બલ્કે આપ (સલ્લ.)ને વહી દ્વારા બીજી બાબતોનું જ્ઞાન પણ આપવામાં આવતું હતું જે કુર્આનમાં અંકિત કરવામાં આવ્યું નથી.

اٰیاتھا ١٢ (٦٦) سُوْرَةُ التَّحْرِيْمِ مَدَنِيَّةٌ (١٠٧) رکوعاتھا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰۤاَيُّهَا النَّبِيُّ لِمَ تُحَرِّمُ مَاۤ اَحَلَّ اللّٰهُ لَكَ ۚ
تَبْتَغِيْ مَرْضَاتَ اَزْوَاجِكَ ؕ وَ اللّٰهُ غَفُوْرٌ
رَّحِيْمٌ ۝١ قَدْ فَرَضَ اللّٰهُ لَكُمْ تَحِلَّةَ اَيْمَانِكُمْ ۚ
وَ اللّٰهُ مَوْلٰىكُمْ ۚ وَ هُوَ الْعَلِيْمُ الْحَكِيْمُ ۝٢ وَ
اِذْ اَسَرَّ النَّبِيُّ اِلٰى بَعْضِ اَزْوَاجِهٖ حَدِيْثًا ۚ
فَلَمَّا نَبَّاَتْ بِهٖ وَ اَظْهَرَهُ اللّٰهُ عَلَيْهِ عَرَّفَ
بَعْضَهٗ وَ اَعْرَضَ عَنْۢ بَعْضٍ ۚ فَلَمَّا نَبَّاَهَا بِهٖ
قَالَتْ مَنْ اَنْۢبَاَكَ هٰذَا ؕ قَالَ نَبَّاَنِيَ الْعَلِيْمُ
الْخَبِيْرُ ۝٣ اِنْ تَتُوْبَاۤ اِلَى اللّٰهِ فَقَدْ صَغَتْ
قُلُوْبُكُمَا ۚ وَ اِنْ تَظٰهَرَا عَلَيْهِ فَاِنَّ اللّٰهَ هُوَ
مَوْلٰىهُ وَ جِبْرِيْلُ وَ صَالِحُ الْمُؤْمِنِيْنَ ۚ وَ الْمَلٰٓئِكَةُ
بَعْدَ ذٰلِكَ ظَهِيْرٌ ۝٤ عَسٰى رَبُّهٗۤ اِنْ طَلَّقَكُنَّ
اَنْ يُّبْدِلَهٗۤ اَزْوَاجًا خَيْرًا مِّنْكُنَّ مُسْلِمٰتٍ
مُّؤْمِنٰتٍ قٰنِتٰتٍ تٰٓئِبٰتٍ عٰبِدٰتٍ سٰٓئِحٰتٍ
ثَيِّبٰتٍ وَّ اَبْكَارًا ۝٥ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا
قُوْۤا اَنْفُسَكُمْ وَ اَهْلِيْكُمْ نَارًا وَّقُوْدُهَا النَّاسُ
وَ الْحِجَارَةُ عَلَيْهَا مَلٰٓئِكَةٌ غِلَاظٌ شِدَادٌ

(૬૬) સૂરઃ અત્‌-તહ્‌રીમ

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૧૨)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હે પયગંબર ! તમે શા માટે તે વસ્તુને હરામ (અવૈધ) કરો છો જેને અલ્લાહે તમારા માટે હલાલ (વૈધ) કરી છે ? (શું એટલા માટે કે) તમે પોતાની પત્નીઓની પ્રસન્નતા ચાહો છો ? - અલ્લાહ ક્ષમા કરવાવાળો અને દયાળુ છે.

૨. અલ્લાહે તમારા માટે પોતાની સોગંદોની પાબંદીમાંથી નીકળવાની પદ્ધતિ નિર્ધારિત કરી દીધી છે. અલ્લાહ તમારો સંરક્ષક છે અને તે જ સર્વજ્ઞ અને તત્ત્વદર્શી છે.

૩. (અને આ મામલો પણ ધ્યાન આપવા યોગ્ય છે કે) પયગંબરે એક વાત પોતાની એક પત્નીને ખાનગીમાં કહી હતી. પછી જ્યારે તે પત્નીએ (કોઈ બીજા સામે) તે ખાનગી વાત પ્રગટ કરી દીધી, અને અલ્લાહે પયગંબરને (આ ખાનગી વાત જાહેર થઈ જવાની) જાણકારી આપી દીધી, તો પયગંબરે કેટલીક હદ સુધી (તે પત્નીને) જણાવી અને કેટલીક હદ સુધી ટાળી દીધી. પછી જ્યારે પયગંબરે તેને (ખાનગી વાત જાહેર થઈ જવાની) આ વાત બતાવી તો તેણે પૂછયું, ''આપને આની જાણકારી કોણે આપી ?'' પયગંબરે કહ્યું, ''મને તેણે જાણકારી આપી જે બધું જ જાણે છે અને સારી રીતે ખબર રાખવાવાળો છે.''

૪. જો તમે બંને અલ્લાહ સામે તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) કરો છો (તો આ તમારા માટે વધુ સારું છે) કેમ કે તમારા હૃદય સન્માર્ગથી ખસી ગયા છે, અને જો પયગંબર વિરુધ્ધ તમે જૂથબંધી કરી તો જાણી લો કે અલ્લાહ તેનો સંરક્ષક છે અને તે પછી જિબ્રઈલ અને તમામ સત્કર્મી ઈમાનવાળાઓ અને બધા ફરિશ્તાઓ તેના સાથી અને સહાયક છે.

૫. તે અસંભવ નથી કે જો પયગંબર તમને બધી પત્નીઓને તલાક આપી દે તો અલ્લાહ તેને એવી પત્નીઓ તમારા બદલામાં પ્રદાન કરી દે જે તમારાથી સારી હોય, સાચી મુસલમાન, ઈમાનવાળીઓ, આજ્ઞાંકિત, તૌબા કરનારીઓ, બંદગી કરનારીઓ અને રોઝા રાખનારીઓ, ચાહે પહેલા તેમના વિવાહ થયા હોય કે કુમારિકાઓ.

૬. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! બચાવો પોતાને અને પોતાના કુટુંબીજનોને તે આગથી જેનું ઈંધણ મનુષ્ય અને પથ્થર હશે, જેના ઉપર તીવ્ર સ્વભાવના અને કડક ફરિશ્તાઓ મૂકાયેલા હશે, જેઓ

لَا يَعْصُوْنَ اللّٰهَ مَآ اَمَرَهُمْ وَ يَفْعَلُوْنَ مَا
يُؤْمَرُوْنَ ۝٦ يٰۤاَيُّهَا الَّذِيْنَ كَفَرُوْا لَا تَعْتَذِرُوا
الْيَوْمَ ؕ اِنَّمَا تُجْزَوْنَ مَا كُنْتُمْ تَعْمَلُوْنَ ۝٧ ع ٢
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا تُوْبُوْۤا اِلَى اللّٰهِ تَوْبَةً
نَّصُوْحًا ؕ عَسٰى رَبُّكُمْ اَنْ يُّكَفِّرَ عَنْكُمْ
سَيِّاٰتِكُمْ وَيُدْخِلَكُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ ۙ يَوْمَ لَا يُخْزِي اللّٰهُ النَّبِيَّ
وَ الَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ ۚ نُوْرُهُمْ يَسْعٰى بَيْنَ
اَيْدِيْهِمْ وَ بِاَيْمَانِهِمْ يَقُوْلُوْنَ رَبَّنَاۤ اَتْمِمْ لَنَا
نُوْرَنَا وَاغْفِرْ لَنَا ۚ اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝٨
يٰۤاَيُّهَا النَّبِيُّ جَاهِدِ الْكُفَّارَ وَ الْمُنٰفِقِيْنَ
وَاغْلُظْ عَلَيْهِمْ ؕ وَمَاْوٰىهُمْ جَهَنَّمُ ؕ وَبِئْسَ
الْمَصِيْرُ ۝٩ ضَرَبَ اللّٰهُ مَثَلًا لِّلَّذِيْنَ كَفَرُوا امْرَاَتَ
نُوْحٍ وَّ امْرَاَتَ لُوْطٍ ؕ كَانَتَا تَحْتَ عَبْدَيْنِ مِنْ
عِبَادِنَا صَالِحَيْنِ فَخَانَتٰهُمَا فَلَمْ يُغْنِيَا
عَنْهُمَا مِنَ اللّٰهِ شَيْئًا وَّقِيْلَ ادْخُلَا النَّارَ
مَعَ الدّٰخِلِيْنَ ۝١٠ وَضَرَبَ اللّٰهُ مَثَلًا لِّلَّذِيْنَ
اٰمَنُوا امْرَاَتَ فِرْعَوْنَ ۘ اِذْ قَالَتْ رَبِّ ابْنِ
لِيْ عِنْدَكَ بَيْتًا فِي الْجَنَّةِ وَنَجِّنِيْ مِنْ

وقف لازم منزل ٧

ક્યારેય અલ્લાહના આદેશનો ભંગ કરતા નથી અને જે આદેશ પણ તેમને આપવામાં આવે છે તેનું ચુસ્તપણે પાલન કરે છે.

૭. (તે વખતે કહેવામાં આવશે કે) હે કાફિરો ! આજે બહાના રજૂ ન કરો, તમને તો એવો જ બદલો આપવામાં આવી રહ્યો છે જેવા તમે કર્મ કરતા હતા.(રુકૂઅ-૧)

૮. હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહ સમક્ષ તૌબા કરો, વિશુદ્ધ તૌબા, અશકય નથી કે અલ્લાહ તમારી બૂરાઈઓ દૂર કરી દે અને તમને એવી જન્નતોમાં દાખલ કરે જેના નીચે નહેરો વહેતી હશે. આ તે દિવસ હશે જ્યારે અલ્લાહ પોતાના પયગંબરને અને તે લોકોને જેઓ તેના સાથે ઈમાન લાવ્યા છે નિંદિત નહીં કરે. તેમનું નૂર (પ્રકાશ) તેમના આગળ-આગળ અને તેમની જમણી બાજુ દોડી રહ્યું હશે અને તેઓ કહી રહ્યા હશે કે હે અમારા રબ ! અમારું નૂર અમારા માટે પરિપૂર્ણ કરી દે, અમને ક્ષમા કરી દે, તને દરેક વસ્તુ પર સામર્થ્ય પ્રાપ્ત છે.

૯. હે પયગંબર ! કાફિરો (અધર્મીઓ) અને મુનાફિકો (દંભીઓ)થી સંઘર્ષ કરો, અને તેમના સાથે કઠોરતાથી વર્તો. તેમનું ઠેકાણું જહન્નમ (નર્ક) છે અને તે ઘણું જ ખરાબ ઠેકાણું છે.

૧૦. અલ્લાહ કાફિરોના મામલામાં નૂહ અને લૂતની પત્નીઓને ઉદાહરણ રૂપે પ્રસ્તુત કરે છે. તેઓ અમારા બે સદાચારી બંદાઓના નિકાહમાં હતી, પરંતુ તેમણે પોતાના પતિઓ સાથે વિશ્વાસઘાત કર્યો અને તેઓ અલ્લાહ સામે તેમના સહેજ પણ કામમાં આવી ન શક્યા. બંનેને કહી દેવામાં આવ્યું કે જાઓ, આગમાં જનારાઓની સાથે તમે પણ ચાલી જાઓ.

૧૧. અને ઈમાનવાળાઓના મામલામાં અલ્લાહ ફિરઔનની પત્નીનું ઉદાહરણ પ્રસ્તુત કરે છે, જ્યારે તેણીએ પ્રાર્થના કરી કે ''હે મારા રબ ! મારા માટે પોતાને ત્યાં જન્નત (સ્વર્ગ)માં એક ઘર બનાવી દે

فِرْعَوْنَ وَعَمَلِهٖ وَنَجِّنِیْ مِنَ الْقَوْمِ الظّٰلِمِیْنَ ﴿۱۱﴾

وَمَرْیَمَ ابْنَتَ عِمْرٰنَ الَّتِیْٓ اَحْصَنَتْ فَرْجَهَا

فَنَفَخْنَا فِیْهِ مِنْ رُّوْحِنَا وَصَدَّقَتْ بِكَلِمٰتِ

رَبِّهَا وَكُتُبِهٖ وَكَانَتْ مِنَ الْقٰنِتِیْنَ ﴿۱۲﴾

અને મને ફિરઔન અને તેના કૃત્યથી બચાવી લે અને અત્યાચારી કોમથી મને મુક્તિ આપ."

૧૨. અને ઈમરાનની પુત્રી મરયમનું ઉદાહરણ આપે છે જેણે પોતાના શિયળની રક્ષા કરી હતી, પછી અમે તેનામાં પોતાના તરફથી રૂહ (આત્મા) ફૂંકી દીધી, અને તેણીએ પોતાના રબ (પ્રભુ-પાલનહાર)ના આદેશો અને તેના ગ્રંથોની પુષ્ટિ આપી અને તે આજ્ઞાંકિત લોકોમાંથી હતી. (રૂકુઅ-૨)

(૬૭) અલ-મુલ્ક

પરિચય

નામ :

પહેલા વાક્યાંશ 'તબા-ર-કલ્લઝી બિયદિહિલ્ મુલ્ક'' અર્થાત્ ''અત્યંત મહાન અને ઉચ્ચ છે તે જેના હાથમાં (સૃષ્ટિનું) રાજ્ય (અલ-મુલ્ક) છે''ના શબ્દ 'અલ-મુલ્ક'ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

વિષયો અને વર્ણનશૈલી પરથી સ્પષ્ટપણે જણાય છે કે આ મક્કા-મુઅઝ્ઝમાના આરંભિક તબક્કામાં અવતરિત સૂરઃઓ પૈકી છે.

વિષયો :

આમાં એક તરફ ટૂંકમાં ઇસ્લામની શિક્ષાઓનો પરિચય કરાવવામાં આવ્યો છે અને બીજી તરફ ખૂબ અસરકારક રીતે તે લોકોને ચોંકાવી દેવામાં આવ્યા છે જેઓ ગફલતમાં ડૂબેલા હતા. પ્રથમ પાંચ આયતોમાં મનુષ્યને અનુભૂતિ કરાવવામાં આવી છે કે તે જે સૃષ્ટિમાં રહે છે, તે એક અત્યંત વ્યવસ્થિત અને સુદૃઢ રાજ્ય છે. આ રાજ્યને અનસ્તિત્વમાંથી અસ્તિત્વ પણ અલ્લાહે જ પ્રદાન કર્યું છે અને તેનો પ્રબંધ અને વ્યવસ્થા અને શાસનના તમામ અધિકારો પણ સંપૂર્ણપણે અલ્લાહના જ હાથમાં છે. તે સાથે મનુષ્યને એ પણ બતાવવામાં આવ્યું છે કે આ અત્યંત તત્ત્વદર્શિતા પર આધારિત તંત્રમાં તેને નિરુદ્દેશ્ય પેદા કરી દેવામાં નથી આવ્યો, બલ્કે તેને અહીં પરીક્ષા માટે મોકલવામાં આવ્યો છે, અને આ પરીક્ષામાં તે પોતાના સત્કર્મો દ્વારા જ સફળ થઈ શકે છે. આયત ૬ થી ૧૧ સુધી કુફ્ર (ઇન્કાર)ના તે ભયાનક પરિણામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે આખિરત (પરલોક)માં આવવાના છે. આયત ૧૨ થી ૧૪ સુધી એ હકીકતને મનમાં બેસાડવામાં આવી છે કે સૃષ્ટા પોતાના સર્જનોથી બેખબર નથી હોઈ શકતો. તે તમારી પ્રત્યેક દૃશ્ય અને અદૃશ્ય વાત, ત્યાં સુધી કે તમારા હૃદયના વિચારો સુધ્ધાંથી વાકેફ છે. આથી નૈતિકતાનો વાસ્તવિક આધાર એ છે કે મનુષ્ય તે વણજોયા ઈશ્વરની પૂછપરછથી ડરીને બૂરાઈથી બચે. આ વર્તન જે લોકો અપનાવશે તેઓ જ આખિરતમાં કૃપા અને મહાન વળતરના અધિકારી ઠરશે. આયત ૧૫ થી ૨૩ સુધી લોકોના સન્મુખ તે સાધારણ હકીકતો તરફ, જેમને મનુષ્ય દુનિયાની રાબેતા મુજબની વસ્તુઓ સમજીને તેને ધ્યાન આપવા યોગ્ય ગણતો નથી, એક પછી એક સંકેત કરીને તેમના પર વિચાર કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે, અને લોકોની તે વાત પર નિંદા કરવામાં આવી છે કે આ બધી વસ્તુઓ તમને સત્યથી જ્ઞાત કરવા માટે મોજૂદ છે, પરંતુ તેને

તમે પશુઓની જેમ જુઓ છો અને સાંભળવા અને જોવાની તે શક્તિઓ તથા વિચારવા-સમજવાવાળા મસ્તિષ્કથી કામ લેતા નથી, જે મનુષ્ય હોવાની હેસિયતે ઈશ્વરે તમને આપ્યા છે. આ જ કારણે સન્માર્ગ તમને દેખાતો નથી. આયત ૨૪ થી ૨૭ માં બતાવવામાં આવ્યું છે કે છેવટે તમારે અનિવાર્યપણે પોતાના અલ્લાહ સમક્ષ ઉપસ્થિત થવાનું છે. પયગંબરનું કામ એ નથી કે તમને તેના (કયામતના) આગમનનો સમય અને તારીખ બતાવે, જેમ કે તેની માંગણી તમે કરી રહ્યા છો. તેનું કર્તવ્ય માત્ર એટલું છે કે તમને તે આવનારા સમયથી પહેલાં સચેત કરી દે. આયત ૨૮ અને ૨૯ માં મક્કાના તે સત્ય-વિરોધીઓની તે વાતોનો જવાબ આપવામાં આવ્યો છે જે તેઓ પયગંબર (સલ્લ.) અને આપના સાથીઓ વિરુધ્ધ કરતા હતા. તેઓ નબી (સલ્લ.)ને ભાંડતા હતા અને આપના માટે અને ઈમાનવાળાઓ માટે વિનાશની પ્રાર્થનાઓ કરતા હતા. તેના પર કહેવામાં આવ્યું છે કે તમને સન્માર્ગ તરફ બોલાવનારાઓ ચાહે નાશ પામે કે અલ્લાહ તેમના પર કૃપા કરે, આનાથી તમારું ભાગ્ય કેવી રીતે બદલાઈ જશે ? તમે પોતાની ચિંતા કરો. તમે ઈમાનવાળાઓને પથભ્રષ્ટ સમજી રહ્યા છો, એક સમય આવશે જ્યારે એ વાત ખુલી જશે કે વાસ્તવમાં પથભ્રષ્ટ કોણ હતું ? અંતમાં લોકો સામે એ પ્રશ્ન મૂકી દેવામાં આવ્યો છે કે અરબસ્તાનના રણ-પ્રદેશોમાં અને પહાડી વિસ્તારોમાં, જ્યાં તમારું જીવન પૂર્ણ રૂપે તે પાણી પર નિર્ભર કરે છે જે કોઈ જગ્યાએ ધરતીમાંથી નીકળી આવ્યું છે, ત્યાં જો આ પાણી ધરતીમાં ઊતરીને વિલુપ્ત થઈ જાય તો અલ્લાહ સિવાય કોણ તમને આ અમૃત-જળ લાવીને આપી શકે છે ?

(ایاتہا ٣٠) (٦٧) سُوْرَۃُ الْمُلْكِ مَكِّيَّةٌ (٧٧) (رکوعاتہا ٢)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

تَبٰرَكَ الَّذِیْ بِيَدِهِ الْمُلْكُ ۡ وَهُوَ عَلٰى كُلِّ شَیْءٍ
قَدِيْرُ ۨ ۙ﴿١﴾ الَّذِیْ خَلَقَ الْمَوْتَ وَالْحَيٰوةَ لِيَبْلُوَكُمْ
اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا ؕ وَهُوَ الْعَزِيْزُ الْغَفُوْرُ ۙ﴿٢﴾ الَّذِیْ
خَلَقَ سَبْعَ سَمٰوٰتٍ طِبَاقًا ؕ مَا تَرٰى فِیْ خَلْقِ الرَّحْمٰنِ
مِنْ تَفٰوُتٍ ؕ فَارْجِعِ الْبَصَرَ ۙ هَلْ تَرٰى مِنْ فُطُوْرٍ ﴿٣﴾
ثُمَّ ارْجِعِ الْبَصَرَ كَرَّتَيْنِ يَنْقَلِبْ اِلَيْكَ الْبَصَرُ
خَاسِئًا وَّهُوَ حَسِيْرٌ ﴿٤﴾ وَلَقَدْ زَيَّنَّا السَّمَآءَ الدُّنْيَا
بِمَصَابِيْحَ وَجَعَلْنٰهَا رُجُوْمًا لِّلشَّيٰطِيْنِ وَاَعْتَدْنَا لَهُمْ
عَذَابَ السَّعِيْرِ ﴿٥﴾ وَلِلَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ عَذَابُ
جَهَنَّمَ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿٦﴾ اِذَآ اُلْقُوْا فِيْهَا سَمِعُوْا
لَهَا شَهِيْقًا وَّهِیَ تَفُوْرُ ۙ﴿٧﴾ تَكَادُ تَمَيَّزُ مِنَ الْغَيْظِ ؕ
كُلَّمَآ اُلْقِیَ فِيْهَا فَوْجٌ سَاَلَهُمْ خَزَنَتُهَآ اَلَمْ يَاْتِكُمْ
نَذِيْرٌ ﴿٨﴾ قَالُوْا بَلٰى قَدْ جَآءَنَا نَذِيْرٌ ۙ۬ فَكَذَّبْنَا
وَقُلْنَا مَا نَزَّلَ اللّٰهُ مِنْ شَیْءٍ ۚۖ اِنْ اَنْتُمْ اِلَّا فِیْ
ضَلٰلٍ كَبِيْرٍ ﴿٩﴾ وَقَالُوْا لَوْ كُنَّا نَسْمَعُ اَوْ نَعْقِلُ مَا
كُنَّا فِیْٓ اَصْحٰبِ السَّعِيْرِ ﴿١٠﴾ فَاعْتَرَفُوْا بِذَنْۢبِهِمْ ۚ
فَسُحْقًا لِّاَصْحٰبِ السَّعِيْرِ ﴿١١﴾ اِنَّ الَّذِيْنَ يَخْشَوْنَ

(૬૭) સૂરઃ અલ-મુલ્ક

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૩૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અત્યંત મહાન અને ઉચ્ચ છે તે જેના હાથમાં (સૃષ્ટિનું) રાજ્ય છે, અને તેને દરેક વસ્તુનું સામર્થ્ય પ્રાપ્ત છે.

૨. જેણે મૃત્યુ અને જીવનનો આવિષ્કાર કર્યો જેથી તમને લોકોને અજમાવીને જુએ કે તમારામાંથી કોણ સારાં કર્મ કરનાર છે, અને તે પ્રભુત્વશાળી પણ છે અને ક્ષમા કરવાવાળો પણ.

૩. જેણે એક-પર-એક સાત આકાશો બનાવ્યા. તમે રહમાન (પરમ કૃપાળુ અલ્લાહ)ના સર્જનમાં કોઈ પણ જાતની અસંબદ્ધતા નહીં જુઓ. ફરીથી વળીને જુઓ, ક્યાંય તમને કોઈ વિઘ્ન દેખાય છે ?

૪. ફરી-ફરીને નજર દોડાવો, તમારી નજર થાકીને નિરાશ પાછી ફરશે.

૫. અમે તમારા નિકટવર્તી આકાશને ભવ્ય દીપકો વડે સુશોભિત કર્યું છે અને તેમને શેતાનોને મારી ભગાડવાના સાધન બનાવી દીધા છે. આ શેતાનો માટે ભડકે બળતી આગ અમે તૈયાર કરી રાખી છે.

૬. જે લોકોએ પોતાના રબ (પ્રભુ)ના સાથે ઇન્કાર (કુફ્ર)કર્યો છે તેમના માટે જહન્નમ (નર્ક)ની યાતના છે અને તે ખૂબ જ ખરાબ ઠેકાણું છે.

૭. જ્યારે તેઓને તેમાં ફેંકવામાં આવશે તો તેની ગર્જનાનો ભયંકર અવાજ સાંભળશે અને તે જુસ્સાથી ઉછાળા મારી રહી હશે,

૮. પ્રકોપની ભીષણતાથી ફાટી જતી હશે. દરેક વખતે જ્યારે કોઈ જૂથ તેમાં નાખવામાં આવશે, તેના કાર્યકર્તાઓ તે લોકોને પૂછશે, ‘‘શું તમારા પાસે કોઈ સાવધાન કરનાર આવ્યો ન હતો ?’’

૯. તેઓ જવાબ આપશે, ‘‘હા, સાવધાન કરનાર અમારા પાસે આવ્યો હતો, પણ અમે તેને ખોટો ઠેરવી દીધો અને કહ્યું અલ્લાહે કશું જ અવતરિત કર્યું નથી, તમે મોટી પથભ્રષ્ટતામાં પડેલા છો.’’

૧૦. અને તેઓ કહેશે, ‘‘કદાચ, અમે સાંભળતા કે સમજતા તો આજે આ ભડકે બળતી આગની સજા પામેલાઓ સાથે ન હોત.’’

૧૧. આવી રીતે તેઓ પોતાના ગુનાઓની પોતે જ કબૂલાત કરી લેશે, ધિક્કાર છે આ દોજખીઓ (નર્કવાસીઓ) પર.

૧૨. જે લોકો જોયા વગર પોતાના રબ (પ્રભુ-પાલનહાર)થી ડરે છે, ચોક્કસ

رَبَّهُمْ بِالْغَيْبِ لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ كَبِيْرٌ ﴿۱۲﴾ وَاَسِرُّوْا
قَوْلَكُمْ اَوِ اجْهَرُوْا بِهٖ ؕ اِنَّهٗ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿۱۳﴾
اَلَا يَعْلَمُ مَنْ خَلَقَ ؕ وَهُوَ اللَّطِيْفُ الْخَبِيْرُ ﴿۱۴﴾ هُوَ
الَّذِيْ جَعَلَ لَكُمُ الْاَرْضَ ذَلُوْلًا فَامْشُوْا فِيْ مَنَاكِبِهَا
وَكُلُوْا مِنْ رِّزْقِهٖ ؕ وَاِلَيْهِ النُّشُوْرُ ﴿۱۵﴾ ءَاَمِنْتُمْ مَّنْ
فِي السَّمَآءِ اَنْ يَّخْسِفَ بِكُمُ الْاَرْضَ فَاِذَا هِيَ
تَمُوْرُ ﴿۱۶﴾ اَمْ اَمِنْتُمْ مَّنْ فِي السَّمَآءِ اَنْ يُّرْسِلَ عَلَيْكُمْ
حَاصِبًا ؕ فَسَتَعْلَمُوْنَ كَيْفَ نَذِيْرِ ﴿۱۷﴾ وَلَقَدْ كَذَّبَ
الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَكَيْفَ كَانَ نَكِيْرِ ﴿۱۸﴾ اَوَلَمْ يَرَوْا
اِلَى الطَّيْرِ فَوْقَهُمْ صٰٓفّٰتٍ وَّيَقْبِضْنَ ؔۘ مَا يُمْسِكُهُنَّ
اِلَّا الرَّحْمٰنُ ؕ اِنَّهٗ بِكُلِّ شَيْءٍۭ بَصِيْرٌ ﴿۱۹﴾ اَمَّنْ هٰذَا
الَّذِيْ هُوَ جُنْدٌ لَّكُمْ يَنْصُرُكُمْ مِّنْ دُوْنِ الرَّحْمٰنِ ؕ
اِنِ الْكٰفِرُوْنَ اِلَّا فِيْ غُرُوْرٍ ﴿۲۰﴾ اَمَّنْ هٰذَا الَّذِيْ
يَرْزُقُكُمْ اِنْ اَمْسَكَ رِزْقَهٗ ۚ بَلْ لَّجُّوْا فِيْ عُتُوٍّ وَّ
نُفُوْرٍ ﴿۲۱﴾ اَفَمَنْ يَّمْشِيْ مُكِبًّا عَلٰى وَجْهِهٖٓ اَهْدٰٓى
اَمَّنْ يَّمْشِيْ سَوِيًّا عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۲۲﴾ قُلْ هُوَ
الَّذِيْٓ اَنْشَاَكُمْ وَجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ
وَالْاَفْـِٕدَةَ ؕ قَلِيْلًا مَّا تَشْكُرُوْنَ ﴿۲۳﴾ قُلْ هُوَ الَّذِيْ
ذَرَاَكُمْ فِي الْاَرْضِ وَاِلَيْهِ تُحْشَرُوْنَ ﴿۲۴﴾ وَيَقُوْلُوْنَ

ع

وقف منزل وقف غفران
وقف لازم اختلافی

તેમના માટે ક્ષમા છે અને મોટો બદલો.

૧૩. તમે ચાહે ચુપકેથી વાત કરો કે ઊંચા અવાજથી (અલ્લાહ માટે સરખું છે) તે તો હૃદયોની સ્થિતિ સુધ્ધાં જાણે છે.

૧૪. શું તે જ નહીં જાણે જેણે પેદા કર્યા? જો કે તે સૂક્ષ્મદષ્ટા અને ખબર રાખવાવાળો છે. (રુકૂઅ-૧)

૧૫. તે જ તો છે જેણે તમારા માટે ધરતીને આધીન કરી રાખી છે, ચાલો તેની છાતી પર અને ખાઓ અલ્લાહની રોજી, તેના જ સમક્ષ તમારે બીજી વખત જીવંત થઈને જવાનું છે.

૧૬. શું તમે એનાથી નિશ્ચિંત છો કે તે જે આકાશમાં છે તમને ધરતીમાં ખૂંપાવી દે અને એકાએક આ ધરતી ઝાટકા ખાવા લાગે ?

૧૭. શું તમે એનાથી નિશ્ચિંત છો કે તે જે આકાશમાં છે તમારા ઉપર પથ્થરો વરસાવતી હવા મોકલી દે ? પછી તમને જણાઈ જશે કે મારી ચેતવણી કેવી હોય છે ?

૧૮. આમના પહેલાં થઈ ગયેલા લોકો ખોટું ઠેરવી ચૂકયા છે. પછી જોઈ લો કે મારી પકડ કેવી સખત હતી ?

૧૯. શું આ લોકો પોતાના ઉપર ઊડતાં પક્ષીઓને પાંખો ફેલાવતા અને સંકેલી લેતા નથી જોતાં ? રહમાન (પરમ્ કૃપાળુ અલ્લાહ) સિવાય કોઈ નથી જેણે તેમને ટેકવી રાખ્યા હોય. તે જ દરેક વસ્તુની દેખરેખ રાખનાર છે.

૨૦. બતાવો, છેવટે તે કયું લશ્કર છે તમારા પાસે જે પરમ્ કૃપાળુ (અલ્લાહ)ના વિરુધ્ધ તમારી મદદ કરી શકે છે ? સત્ય એ છે કે આ ઈન્કાર કરનારાઓ ધોખામાં પડેલા છે.

૨૧. કે પછી બતાવો, કોણ છે જે તમને રોજી આપી શકે છે જો પરમ્ કૃપાળુ (અલ્લાહ) પોતાની રોજી રોકી દે ? વાસ્તવમાં આ લોકો વિદ્રોહ અને સત્યથી વિમુખતા પર હઠે ચઢેલા છે.

૨૨. થોડું વિચારો, જે માણસ ઊંધું ઘાલીને ચાલી રહ્યો હોય તે સન્માર્ગ પામનાર છે કે તે જે માથું ઊંચું રાખીને એક સીધા સમતળ માર્ગ પર ચાલી રહ્યો હોય ?

૨૩. આમને કહો, અલ્લાહ જ છે જેણે તમને પેદા કર્યા, તમને સાંભળવા અને જોવાની શક્તિઓ આપી અને વિચારવા-સમજવાવાળા હૃદય આપ્યા, પરંતુ તમે ઓછી જ કૃતજ્ઞતા દર્શાવો છો.

૨૪. આમને કહો, અલ્લાહ જ છે જેણે તમને ધરતીમાં ફેલાવ્યા છે અને તેના જ તરફ તમે સમેટવામાં આવશો.

مَتٰى هٰذَا الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ۝٢٥ قُلْ
اِنَّمَا الْعِلْمُ عِنْدَ اللّٰهِ ۪ وَاِنَّمَاۤ اَنَا نَذِيْرٌ مُّبِيْنٌ ۝٢٦
فَلَمَّا رَاَوْهُ زُلْفَةً سِيْٓـَٔتْ وُجُوْهُ الَّذِيْنَ كَفَرُوْا
وَقِيْلَ هٰذَا الَّذِىْ كُنْتُمْ بِهٖ تَدَّعُوْنَ ۝٢٧ قُلْ
اَرَءَيْتُمْ اِنْ اَهْلَكَنِىَ اللّٰهُ وَمَنْ مَّعِىَ اَوْ رَحِمَنَا ۙ
فَمَنْ يُّجِيْرُ الْكٰفِرِيْنَ مِنْ عَذَابٍ اَلِيْمٍ ۝٢٨ قُلْ هُوَ
الرَّحْمٰنُ اٰمَنَّا بِهٖ وَعَلَيْهِ تَوَكَّلْنَا ۚ فَسَتَعْلَمُوْنَ
مَنْ هُوَ فِىْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝٢٩ قُلْ اَرَءَيْتُمْ اِنْ
اَصْبَحَ مَآؤُكُمْ غَوْرًا فَمَنْ يَّاْتِيْكُمْ بِمَآءٍ مَّعِيْنٍ ۝٣٠ ع ٢

منزل ٧

૨૫. આ લોકો કહે છે, ''જો તમે સાચા છો તો બતાવો આ વાયદો કયારે પૂરો થશે ?''

૨૬. કહો, ''આનું જ્ઞાન તો અલ્લાહ પાસે છે, હું તો માત્ર સ્પષ્ટપણે સચેત કરી દેનારો છું.''

૨૭. પછી જ્યારે આ લોકો તે વસ્તુને નજીક જોઈ લેશે તો તે સૌ લોકોના ચહેરા બગડી જશે જેમણે ઇન્કાર કર્યો છે અને તે વખતે તેમને કહેવામાં આવશે કે આ જ છે તે વસ્તુ, જેની તમે માંગ કરી રહ્યા હતા.

૨૮. આમને કહો, કયારેય તમે એ પણ વિચાર્યું કે અલ્લાહ ચાહે મને અને મારા સાથીઓને નષ્ટ કરી નાખે કે અમારા ઉપર દયા દાખવે, કાફિરો (ઇન્કાર કરનારાઓ)ને દુઃખદાયી યાતનામાંથી કોણ બચાવી લેશે ?

૨૯. આમને કહો, તે મોટો દયાળુ છે, તેના જ ઉપર અમે ઈમાન લાવ્યા છીએ, અને તેના ઉપર જ અમારો ભરોસો છે, ટૂંક સમયમાં જ તમને ખબર પડી જશે કે સ્પષ્ટ પથભ્રષ્ટતામાં કોણ પડેલું છે.

૩૦. આમને કહો, કયારેય તમે એ પણ વિચાર્યું કે જો તમારા કૂવાઓનું પાણી જમીનમાં ઊતરી જાય તો કોણ છે જે આ પાણીના વહેતા સ્રોતોને કાઢીને તમને લાવી આપશે. (રુકૂઅ-૨)

(૬૮) અલ-કલમ

પરિચય

નામ :

આ સૂરઃનું નામ 'નૂન' પણ છે અને 'અલ-કલમ' પણ. બંને શબ્દો સૂરઃના આરંભમાં જ આવે છે.

ઉતરાણકાળ :

આ મક્કા-મુઅઝ્ઝમાના આરંભિક તબક્કા(માં તે વખતે) ઊતરી હતી જ્યારે અલ્લાહના રસૂલ (સલ્લ.)નો વિરોધ મહદ્અંશે ઉગ્ર રૂપ ધારણ કરી ચૂક્યો હતો.

વિષય અને ચર્ચા :

અહીં ત્રણ વિષયો વર્ણવવામાં આવ્યા છે : (૧) વિરોધીઓના વાંધાઓના જવાબો, (૨) તેમને ચેતવણી અને ઉપદેશ અને (૩) અલ્લાહના પયગંબર (સલ્લ.)ને ધૈર્ય અને પોતાની જગ્યાએ અડગ રહેવાની શીખ.

વાણીની શરૂઆતમાં અલ્લાહના રસૂલ—ઈશદૂત (સલ્લ.)ને કહેવામાં આવ્યું છે કે આ ઇસ્લામ-વિરોધીઓ તમને ઉન્માદી કહે છે, જ્યારે કે જે ગ્રંથ તમે પ્રસ્તુત કરી રહ્યા છો અને નૈતિકતાના જે ઉચ્ચ પદ ઉપર તમે બિરાજમાન છો, તે જ તેમના આ જૂઠનું ખંડન કરવા માટે પર્યાપ્ત છે. ટૂંકમાં જ તે સમય આવવાનો છે જ્યારે બધા જ જોઈ લેશે કે ઉન્માદી અને દીવાનો કોણ હતો અને બુદ્ધિશાળી કોણ. તેથી વિરોધનો જે વંટોળ તમારા વિરુધ્ધ ઉઠાવવામાં આવી રહ્યો છે, તેના દબાણમાં કદાપિ ન આવજો. ત્યારબાદ લોકોની આંખો ખોલવા માટે નામ લીધા વિના વિરોધીઓ પૈકી એક અગ્રણી વ્યક્તિનું ચરિત્ર રજૂ કરવામાં આવ્યું છે, જેથી લોકો જોઈ લે કે અલ્લાહના રસૂલ (સલ્લ.) કેવા શુદ્ધ અને નિર્મળ ચરિત્રના માલિક છે અને આપના વિરોધમાં મક્કાના જે સરદારો મોખરે છે તેમાં કેવા ચરિત્રના લોકો સામેલ છે. તત્પશ્ચાત આયત ૧૭ થી ૩૩ સુધી બગીચાવાળાઓનું એક દૃષ્ટાંત પ્રસ્તુત કરવામાં આવ્યું છે, જેઓ અલ્લાહથી કૃપા મેળવીને તેના પ્રત્યે અકૃતજ્ઞ રહ્યા અને તેમનામાં જે વ્યક્તિ સૌથી સારો હતો, સમયસર તેની શિખામણ ન માની. છેવટે તેઓ તે કૃપાથી વંચિત થઈને રહી ગયા. આ દૃષ્ટાંત પ્રસ્તુત કરીને મક્કાવાસીઓને ચેતવવામાં આવ્યા છે કે જો તમે અલ્લાહના પયગંબર (સલ્લ.)ની વાત નહીં માનો તો તમને પણ એ જ રીતે વિનાશનો સામનો કરવો પડશે. પછી આયત ૩૪ થી ૪૭ સુધી કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ)ને નિરંતર શિખામણ આપવામાં આવી છે, જેમાં ક્યાંક તો સંબોધન પ્રત્યક્ષ રૂપે તેમને છે અને ક્યાંક અલ્લાહના રસૂલ (સલ્લ.)ને

સંબોધિત કરીને ખરેખર તેમને જ સચેત કરવામાં આવ્યા છે. અંતમાં અલ્લાહના રસૂલ (સલ્લ.)ને આદેશ આપવામાં આવ્યો છે કે અલ્લાહનો ફેંસલો આવે ત્યાં સુધી જે મુશ્કેલીઓ પણ દીન (ધર્મ)ના પ્રચાર-પ્રસારના માર્ગમાં સામે આવે, તેને ધૈર્યથી સહન કરતા જાઓ અને તે અધીરાઈથી બચો જે પયગંબર હઝરત યૂનુસ (અલૈ.) માટે અજમાયશનું કારણ બની હતી.

اٰیاتھا ٥٢ (٦٨) سُوْرَةُ الْقَلَمِ مَكِّيَّةٌ (٢) رکوعاتھا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نٓ وَ الْقَلَمِ وَمَا يَسْطُرُوْنَ ۝١ۙ مَآ اَنْتَ بِنِعْمَةِ رَبِّكَ
بِمَجْنُوْنٍ ۝٢ۚ وَاِنَّ لَكَ لَاَجْرًا غَيْرَ مَمْنُوْنٍ ۝٣ۚ وَ
اِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ ۝٤ فَسَتُبْصِرُ وَيُبْصِرُوْنَ ۝٥ۙ
بِاَيِّكُمُ الْمَفْتُوْنُ ۝٦ اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ بِمَنْ ضَلَّ
عَنْ سَبِيْلِهٖ ۠ وَهُوَ اَعْلَمُ بِالْمُهْتَدِيْنَ ۝٧ فَلَا تُطِعِ
الْمُكَذِّبِيْنَ ۝٨ وَدُّوْا لَوْ تُدْهِنُ فَيُدْهِنُوْنَ ۝٩ وَلَا
تُطِعْ كُلَّ حَلَّافٍ مَّهِيْنٍ ۝١٠ۙ هَمَّازٍ مَّشَّآءٍۭ بِنَمِيْمٍ ۝١١ۙ
مَّنَّاعٍ لِّلْخَيْرِ مُعْتَدٍ اَثِيْمٍ ۝١٢ۙ عُتُلٍّۭ بَعْدَ ذٰلِكَ
زَنِيْمٍ ۝١٣ۙ اَنْ كَانَ ذَا مَالٍ وَّبَنِيْنَ ۝١٤ؕ اِذَا تُتْلٰى عَلَيْهِ
اٰيٰتُنَا قَالَ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ۝١٥ سَنَسِمُهٗ عَلَى
الْخُرْطُوْمِ ۝١٦ اِنَّا بَلَوْنٰهُمْ كَمَا بَلَوْنَآ اَصْحٰبَ الْجَنَّةِ ۚ
اِذْ اَقْسَمُوْا لَيَصْرِمُنَّهَا مُصْبِحِيْنَ ۝١٧ۙ وَلَا يَسْتَثْنُوْنَ ۝١٨
فَطَافَ عَلَيْهَا طَآئِفٌ مِّنْ رَّبِّكَ وَهُمْ نَآئِمُوْنَ ۝١٩
فَاَصْبَحَتْ كَالصَّرِيْمِ ۝٢٠ۙ فَتَنَادَوْا مُصْبِحِيْنَ ۝٢١ۙ
اَنِ اغْدُوْا عَلٰى حَرْثِكُمْ اِنْ كُنْتُمْ صٰرِمِيْنَ ۝٢٢
فَانْطَلَقُوْا وَهُمْ يَتَخَافَتُوْنَ ۝٢٣ۙ اَنْ لَّا يَدْخُلَنَّهَا
الْيَوْمَ عَلَيْكُمْ مِّسْكِيْنٌ ۝٢٤ۙ وَّغَدَوْا عَلٰى حَرْدٍ قٰدِرِيْنَ ۝٢٥

(૬૮) સૂરઃ અલ-કલમ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૫૨)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. નૂન ! સોગંદ છે કલમના અને તે વસ્તુના જેને લખનારા લખી રહ્યા છે,
૨. તમે પોતાના રબ (પ્રભુ)ની કૃપાથી ઉન્માદી નથી.
૩. અને હકીકતમાં તમારા માટે એવો બદલો છે જેનો ક્રમ કદી સમાપ્ત થવાનો નથી.
૪. અને નિઃશંક તમે નૈતિકતાના ઉચ્ચ દરજ્જા પર છો.
૫-૬. ટૂંક સમયમાં જ તમે જોઈ લેશો અને તેઓ પણ જોઈ લેશે કે તમારામાંથી કોણ ઉન્માદગ્રસ્ત છે.
૭. તમારો રબ તે લોકોને પણ સારી રીતે જાણે છે જેઓ તેના માર્ગથી ભટકેલા છે, અને તે જ તેમને પણ સારી રીતે જાણે છે જેઓ સન્માર્ગ પર છે.
૮. તેથી તમે આ ખોટું ઠેરવનારાઓના દબાણમાં કદાપિ ન આવો.
૯. આ લોકો તો ઇચ્છે છે કે થોડાં તમે નરમ પડો તો તેઓ પણ નરમ પડે.
૧૦. કદાપિ ન દબાશો કોઈ એવી વ્યક્તિથી જે ખૂબ સોગંદો ખાનાર હીન માણસ છે,
૧૧. મહેણાં મારે છે; ચાડી ખાતો ફરે છે,
૧૨. ભલાઈથી રોકે છે, અત્યાચાર અને અતિરેકમાં હદ ઓળંગી જનારો છે, મોટો દુરાચારી છે,
૧૩. ક્રૂર છે, અને બધા દુર્ગુણોની સાથે નીચ છે,
૧૪. તે કારણે કે તે ખૂબ ધન-સંપત્તિ અને સંતાનો ધરાવે છે.
૧૫. જ્યારે અમારી આયતો તેને સંભળાવવામાં આવે છે તો કહે છે આ તો જૂના જમાનાની વાર્તાઓ છે.
૧૬. ટૂંક સમયમાં અમે તેની સૂંઢ પર ડામ આપીશું.
૧૭. અમે આમને (મક્કાવાસીઓને) તે જ રીતે પરીક્ષામાં નાખ્યા છે જે રીતે એક બગીચાના માલિકોને પરીક્ષામાં નાખ્યા હતા, જ્યારે તેમણે સોગંદ ખાધા કે વહેલી પરોઢે અવશ્ય તેઓ પોતાના બગીચાના ફળ તોડશે
૧૮. અને તેઓ આવું ન થવાની કોઈ આશા કરી રહ્યા ન હતા.
૧૯. રાત્રે જ્યારે તેઓ સૂતા પડ્યા હતા કે તમારા રબ તરફથી એક આફત તે બગીચા પર ફરી વળી
૨૦. અને તેની દશા એવી થઈ ગઈ જાણે વાઢેલી ફસલ હોય.
૨૧. સવારે તે લોકોએ એકબીજાને પોકાર્યા
૨૨. કે જો ફળ તોડવા હોય તો સવારે જ પોતાની ખેતી તરફ નીકળી પડો.
૨૩. આમ, તેઓ ચાલી નીકળ્યા અને પરસ્પર ચુપકે-ચુપકે કહેતા જતા હતા
૨૪. કે આજે કોઈ ગરીબ-વંચિત તમારા બગીચામાં આવી ન જાય.
૨૫. તેઓ કંઈ પણ ન આપવાનો નિર્ણય કરીને સવારે જલ્દી-જલ્દી ત્યાં એવી

فَلَمَّا رَاَوْهَا قَالُوْۤا اِنَّا لَضَآلُّوْنَ ۙ۝۲۶ بَلْ نَحْنُ
مَحْرُوْمُوْنَ ۝۲۷ قَالَ اَوْسَطُهُمْ اَلَمْ اَقُلْ لَّكُمْ لَوْلَا
تُسَبِّحُوْنَ ۝۲۸ قَالُوْا سُبْحٰنَ رَبِّنَاۤ اِنَّا كُنَّا ظٰلِمِيْنَ ۝۲۹
فَاَقْبَلَ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ يَّتَلَاوَمُوْنَ ۝۳۰ قَالُوْا
يٰوَيْلَنَاۤ اِنَّا كُنَّا طٰغِيْنَ ۝۳۱ عَسٰى رَبُّنَاۤ اَنْ يُّبْدِلَنَا
خَيْرًا مِّنْهَاۤ اِنَّاۤ اِلٰى رَبِّنَا رٰغِبُوْنَ ۝۳۲ كَذٰلِكَ
الْعَذَابُ ؕ وَلَعَذَابُ الْاٰخِرَةِ اَكْبَرُ ۘ لَوْ كَانُوْا
يَعْلَمُوْنَ ۝۳۳ ع اِنَّ لِلْمُتَّقِيْنَ عِنْدَ رَبِّهِمْ جَنّٰتِ
النَّعِيْمِ ۝۳۴ اَفَنَجْعَلُ الْمُسْلِمِيْنَ كَالْمُجْرِمِيْنَ ؕ۝۳۵
مَا لَكُمْ ٚ كَيْفَ تَحْكُمُوْنَ ۚ۝۳۶ اَمْ لَكُمْ كِتٰبٌ فِيْهِ
تَدْرُسُوْنَ ۙ۝۳۷ اِنَّ لَكُمْ فِيْهِ لَمَا تَخَيَّرُوْنَ ۚ۝۳۸ اَمْ لَكُمْ
اَيْمَانٌ عَلَيْنَا بَالِغَةٌ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ۙ اِنَّ لَكُمْ
لَمَا تَحْكُمُوْنَ ۚ۝۳۹ سَلْهُمْ اَيُّهُمْ بِذٰلِكَ زَعِيْمٌ ۚ۝۴۰
اَمْ لَهُمْ شُرَكَآءُ ۚ فَلْيَاْتُوْا بِشُرَكَآىِٕهِمْ اِنْ كَانُوْا
صٰدِقِيْنَ ۝۴۱ يَوْمَ يُكْشَفُ عَنْ سَاقٍ وَّيُدْعَوْنَ
اِلَى السُّجُوْدِ فَلَا يَسْتَطِيْعُوْنَ ۙ۝۴۲ خَاشِعَةً اَبْصَارُهُمْ
تَرْهَقُهُمْ ذِلَّةٌ ؕ وَقَدْ كَانُوْا يُدْعَوْنَ اِلَى السُّجُوْدِ
وَهُمْ سٰلِمُوْنَ ۝۴۳ فَذَرْنِيْ وَمَنْ يُّكَذِّبُ بِهٰذَا
الْحَدِيْثِ ؕ سَنَسْتَدْرِجُهُمْ مِّنْ حَيْثُ لَا يَعْلَمُوْنَ ۙ۝۴۴

وقف لازم

રીતે ગયા જાણે કે તેઓ (ફળ તોડવા માટે) સમર્થ છે.

૨૬. પરંતુ જ્યારે બગીચાને જોયો તો કહેવા લાગ્યા, ''અમે રસ્તો ભૂલી ગયા છીએ,

૨૭. – નહીં, બલ્કે અમે વંચિત રહી ગયા.''

૨૮. તેમનામાંથી જે સૌથી સારો માણસ હતો તેણે કહ્યું, ''મેં તમને કહ્યું ન હતું કે તમે તસ્બીહ (મહિમાગાન) કેમ કરતા નથી ?''

૨૯. તેઓ બોલી ઊઠ્યા, ''પવિત્ર છે અમારો રબ (પ્રભુ-પાલનહાર) ! વાસ્તવમાં અમે ગુનેગાર હતા.''

૩૦. પછી તેમનામાંથી પ્રત્યેક બીજાને દોષ દેવા લાગ્યો.

૩૧. છેવટે તેમણે કહ્યું, અફસોસ છે અમારી હાલત પર ! નિઃશંક અમે વિદ્રોહી થઈ ગયા હતા.

૩૨. શક્ય છે કે અમારો રબ અમને બદલામાં આનાથી વધુ સારા બગીચા પ્રદાન કરે, અમે અમારા રબ સામે રજૂ થઈએ છીએ.''

૩૩. આવી હોય છે યાતના ! અને આખિરત (પરલોક)ની યાતના આનાથી પણ મોટી છે, કદાચ આ લોકો જાણતા હોત. (રુકૂઅ-૧)

૩૪. નિશ્ચિતપણે અલ્લાહથી ડરનારા લોકો માટે તેમના રબ પાસે નેઅ્મતો (બક્ષિસો)થી ભરેલી જન્નતો છે.

૩૫. શું અમે આજ્ઞાંકિતોની હાલત ગુનેગારો જેવી કરી દઈએ ?

૩૬. તમને શું થઈ ગયું છે, તમે કેવા નિર્ણયો કરો છો ?

૩૭. શું તમારા પાસે કોઈ પુસ્તક છે જેમાં તમે આ વાંચતા હોવ

૩૮. કે તમારા માટે અવશ્ય ત્યાં તે જ બધું છે જે તમે પોતાના માટે પસંદ કરો છો?

૩૯. કે પછી શું તમારા માટે કયામતના દિવસ સુધી અમારા પર કેટલાક કરારો કે પ્રતિજ્ઞાઓની કોઈ સાબિતી છે કે તમને તે જ બધું મળશે જેનો તમે નિર્ણય કરો ?

૪૦. આમને પૂછો, તમારામાંથી કોણ આની બાંહેધરી લે છે ?

૪૧. કે પછી એમના ઠરાવેલા કેટલાક ભાગીદારો છે (જેમણે આની જવાબદારી લીધી હોય ?) આ વાત છે તો લાવે પોતાના તે ઠરાવેલા ભાગીદારોને, જો આ લોકો સાચા છે.

૪૨. જે દિવસે કઠિન સમય આવી પડશે અને લોકોને સિજદો કરવા માટે બોલાવવામાં આવશે તો આ લોકો સિજદો કરી શકશે નહીં,

૪૩. આમની નજરો નીચી હશે, અપમાન તેમના ઉપર છવાઈ રહ્યું હશે. આ લોકો જ્યારે સ્વસ્થ અને તંદુરસ્ત હતા તે વખતે આમને સિજદા માટે બોલાવવામાં આવતા હતા (અને આ લોકો ઇન્કાર કરતા હતા).

૪૪. તો હે પયગંબર ! તમે આ વાણીનો ઇન્કાર કરનારાઓનો મામલો મારા પર છોડી દો. અમે એવી રીતે એમને ક્રમશઃ વિનાશ તરફ લઈ જઈશું કે

وَ اُمۡلِیۡ لَهُمۡ ؕ اِنَّ كَیۡدِیۡ مَتِیۡنٌ ﴿۴۵﴾ اَمۡ تَسۡـَٔلُهُمۡ اَجۡرًا
فَهُمۡ مِّنۡ مَّغۡرَمٍ مُّثۡقَلُوۡنَ ﴿ؕ۴۶﴾ اَمۡ عِنۡدَهُمُ الۡغَیۡبُ
فَهُمۡ یَكۡتُبُوۡنَ ﴿۴۷﴾ فَاصۡبِرۡ لِحُكۡمِ رَبِّكَ وَلَا تَكُنۡ
كَصَاحِبِ الۡحُوۡتِ ۘ اِذۡ نَادٰی وَهُوَ مَكۡظُوۡمٌ ﴿ؕ۴۸﴾ لَوۡلَاۤ
اَنۡ تَدٰرَكَهٗ نِعۡمَةٌ مِّنۡ رَّبِّهٖ لَنُبِذَ بِالۡعَرَآءِ وَهُوَ
مَذۡمُوۡمٌ ﴿۴۹﴾ فَاجۡتَبٰهُ رَبُّهٗ فَجَعَلَهٗ مِنَ الصّٰلِحِیۡنَ ﴿۵۰﴾
وَاِنۡ یَّكَادُ الَّذِیۡنَ كَفَرُوۡا لَیُزۡلِقُوۡنَكَ بِاَبۡصَارِهِمۡ
لَمَّا سَمِعُوا الذِّكۡرَ وَیَقُوۡلُوۡنَ اِنَّهٗ لَمَجۡنُوۡنٌ ﴿ۘ۵۱﴾
وَمَا هُوَ اِلَّا ذِكۡرٌ لِّلۡعٰلَمِیۡنَ ﴿ع۵۲﴾

وقف لازم
منزل ۷ وقف لازم
الربع ۱۹

એમને ખબર પણ નહીં પડે.

૪૫. હું આમને ઢીલ આપી રહ્યો છું, મારી ચાલ ખૂબ જબરજસ્ત છે.

૪૬. શું તમે આમનાથી કોઈ બદલો માગી રહ્યા છો કે આ લોકો આ દંડના બોજ હેઠળ દબાઈ રહ્યા છે ?

૪૭. શું આમના પાસે અદૃશ્યનું જ્ઞાન છે જેને આ લોકો લખી રહ્યા હોય ?

૪૮. ભલે, પોતાના રબનો ફેંસલો આવે ત્યાં સુધી ધૈર્યથી કામ લો અને માછલીવાળા (યૂનુસ અલૈ.) જેવા ન થઈ જાઓ, જ્યારે તેણે પોકાર કરી હતી અને તે શોકાતુર હતો.

૪૯. જો તેના રબની કૃપા તેના સાથે ન હોત તો તે નિંદિત ઠરીને સપાટ મેદાનમાં ફેંકી દેવામાં આવ્યો હોત.

૫૦. અંતે, તેના રબે તેને પસંદ કરી લીધો અને તેને સદાચારી બંદાઓમાં સામેલ કરી લીધો.

૫૧. જ્યારે આ ઇન્કાર કરનારાઓ બોધ-વાણી (કુર્આન) સાંભળે છે તો તમને એવી નજરોથી જુએ છે જાણે તમારા કદમ ઉખાડી દેશે અને કહે છે કે આ ચોક્કસ દીવાનો (ઉન્માદી) છે,

૫૨. જો કે આ તો સમગ્ર જગતવાસીઓ માટે શિખામણ છે. (રુકૂઅ-૨)

(૬૯) અલ-હાક્કા

પરિચય

નામ :

સૂરઃના પહેલા જ શબ્દ 'અલ-હાક્કા' (ઘટિત થઈને રહેવાવાળી)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આ સૂરઃના વિષયો પરથી જણાય છે કે આ (મક્કાના આરંભિક કાળમાં) તે વખતે અવતરિત થઈ હતી જ્યારે અલ્લાહના પયગંબર (સલ્લ.) પ્રત્યે વિરોધે હજુ ઉગ્ર રૂપ ધારણ કર્યું ન હતું.

વિષય અને ચર્ચા :

આયાત ૧ થી ૩૮ સુધી આખિરત (પરલોક)નું વર્ણન છે અને આગળ સૂરઃના અંત સુધી કુર્આનના અલ્લાહ તરફથી અવતરિત થયા હોવા અંગે અને હઝરત મુહમ્મદ (સલ્લ.)ના સાચા રસૂલ–ઈશદૂત હોવાનો ઉલ્લેખ છે. સૂરઃના પ્રથમ ભાગ (રુકૂઅ)નો આરંભ એ વાતથી થાય છે કે કયામત (પુનર્જીવન)નું આવવું અને આખિરત (પરલોક)નું ઘટિત થવું એક એવી વાસ્તવિકતા છે, જે જરૂર સામે આવીને રહેશે. પછી આયત ૪ થી ૧૨ સુધીમાં એ દર્શાવવામાં આવ્યું છે કે અગાઉ જે જાતિઓએ પણ આખિરતનો ઈન્કાર કર્યો છે તે છેવટે અલ્લાહની યાતનામાં ગ્રસ્ત થઈને જ રહી છે. તે પછી આયત ૧૭ સુધી પ્રલય (કયામત)નું ચિત્ર પ્રસ્તુત કરવામાં આવ્યું છે કે તે કેવી રીતે ઘટિત થશે. પછી આયત ૧૮ થી ૩૭ સુધી એ બતાવવામાં આવ્યું છે કે તે દિવસે તમામ મનુષ્યો પોતાના માલિક અને પાલનહારની અદાલતમાં ઉપસ્થિત થશે, જ્યાં તેમનું કોઈ રહસ્ય કે ભેદ છૂપો રહેશે નહીં. દરેકની કર્મનોંધ તેના હાથમાં આપી દેવામાં આવશે. (સદ્‌ચરિત્ર) લોકો પોતાનો હિસાબ ચોખ્ખો-દોષરહિત જોઈને ખુશ થઈ જશે અને તેમના હિસ્સામાં જન્નતનું શાશ્વત સુખ અને આનંદ આવશે. આનાથી વિપરીત જે લોકોએ ન અલ્લાહના અધિકારોને માન્યા અને ન તેના બંદાઓના હક્ક અદા કર્યા, તેમને અલ્લાહની પકડથી બચાવનાર કોઈ નહીં હોય અને તેઓ જહન્નમ (નર્ક)ની યાતનામાં ગ્રસ્ત થઈ જશે. સૂરઃના બીજા ભાગ (આયત ૩૮ થી સૂરઃના અંત સુધી)માં મક્કાના કાફિરો (ઈસ્લામ-વિરોધીઓ)ને ઉદ્દેશીને ફરમાવવામાં આવ્યું છે કે તમે આ કુર્આનને એક કવિ અને જ્યોતિષના બોલ કહો છો, જ્યારે કે આ અલ્લાહે અવતરિત કરેલી વાણી

છે, જે એક પ્રતિષ્ઠિત સંદેશવાહક (રસૂલ)ના મુખેથી ઉચ્ચારિત થઈ રહી છે. રસૂલ (સંદેશવાહક)ને આ વાણીમાં પોતાના તરફથી એક શબ્દ વધારવાનો કે ઘટાડવાનો અધિકાર નથી. જો તે આમાં પોતાના મનથી ઘડી કાઢેલી કોઈ વસ્તુ સામેલ કરી દે તો અમે તેની ગળાની નસ કાપી નાખીએ.

آیاتها ٥٢ (٦٩) سورة الحاقة مكية (٧٨) رکوعاتها ٢

بسم الله الرحمٰن الرحيم

اَلْحَآقَّةُ ﴿١﴾ مَا الْحَآقَّةُ ﴿٢﴾ وَمَآ اَدْرٰىكَ مَا الْحَآقَّةُ ﴿٣﴾
كَذَّبَتْ ثَمُوْدُ وَعَادٌۢ بِالْقَارِعَةِ ﴿٤﴾ فَاَمَّا ثَمُوْدُ
فَاُهْلِكُوْا بِالطَّاغِيَةِ ﴿٥﴾ وَاَمَّا عَادٌ فَاُهْلِكُوْا بِرِيْحٍ
صَرْصَرٍ عَاتِيَةٍ ﴿٦﴾ سَخَّرَهَا عَلَيْهِمْ سَبْعَ لَيَالٍ وَّثَمٰنِيَةَ
اَيَّامٍ حُسُوْمًا فَتَرَى الْقَوْمَ فِيْهَا صَرْعٰى كَاَنَّهُمْ
اَعْجَازُ نَخْلٍ خَاوِيَةٍ ﴿٧﴾ فَهَلْ تَرٰى لَهُمْ مِّنْ
بَاقِيَةٍ ﴿٨﴾ وَجَآءَ فِرْعَوْنُ وَمَنْ قَبْلَهٗ وَالْمُؤْتَفِكٰتُ
بِالْخَاطِئَةِ ﴿٩﴾ فَعَصَوْا رَسُوْلَ رَبِّهِمْ فَاَخَذَهُمْ اَخْذَةً
رَّابِيَةً ﴿١٠﴾ اِنَّا لَمَّا طَغَا الْمَآءُ حَمَلْنٰكُمْ فِى الْجَارِيَةِ ﴿١١﴾
لِنَجْعَلَهَا لَكُمْ تَذْكِرَةً وَّتَعِيَهَآ اُذُنٌ وَّاعِيَةٌ ﴿١٢﴾
فَاِذَا نُفِخَ فِى الصُّوْرِ نَفْخَةٌ وَّاحِدَةٌ ﴿١٣﴾ وَّحُمِلَتِ
الْاَرْضُ وَالْجِبَالُ فَدُكَّتَا دَكَّةً وَّاحِدَةً ﴿١٤﴾
فَيَوْمَئِذٍ وَّقَعَتِ الْوَاقِعَةُ ﴿١٥﴾ وَانْشَقَّتِ السَّمَآءُ فَهِىَ
يَوْمَئِذٍ وَّاهِيَةٌ ﴿١٦﴾ وَّالْمَلَكُ عَلٰٓى اَرْجَآئِهَا ؕ وَيَحْمِلُ
عَرْشَ رَبِّكَ فَوْقَهُمْ يَوْمَئِذٍ ثَمٰنِيَةٌ ﴿١٧﴾ يَوْمَئِذٍ
تُعْرَضُوْنَ لَا تَخْفٰى مِنْكُمْ خَافِيَةٌ ﴿١٨﴾ فَاَمَّا مَنْ اُوْتِىَ
كِتٰبَهٗ بِيَمِيْنِهٖ فَيَقُوْلُ هَآؤُمُ اقْرَءُوْا كِتٰبِيَهْ ﴿١٩﴾

(૬૯) સૂરઃ અલ-હાક્કા

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૫૨)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. ઘટિત થઈને રહેવાવાળી !

૨. શું છે તે ઘટિત થઈને રહેવાવાળી ?

૩. અને તમે શું જાણો કે તે શું છે ઘટિત થઈને રહેવાવાળી ?

૪. સમૂદ અને આદે તે એકાએક તૂટી પડનારી આપત્તિને જૂઠી ઠેરવી.

૫. તો સમૂદને એક ભીષણ દુર્ઘટનાથી નષ્ટ કરવામાં આવ્યા.

૬. અને આદને એક ખૂબ જ તીવ્ર તોફાની આંધીથી નષ્ટ કરવામાં આવ્યા.

૭. અલ્લાહે તેને લગાતાર સાત રાત્રિઓ અને આઠ દિવસો તેમના ઉપર છવાયેલી રાખી. (તમે ત્યાં હોત તો) જોયું હોત કે તેઓ ત્યાં એવી રીતે પટકાયેલા પડ્યા છે જાણે તેઓ ખજૂરીઓના ક્ષીણ થડ હોય.

૮. હવે શું તેમનામાંથી કોઈ તમને બાકી બચેલો દેખાય છે ?

૯. અને આ જ મોટા ગુનાનું આચરણ ફિરઔન અને તેના પહેલાંના લોકોએ અને ઊલટ-પૂલટ થઈ જનારી વસ્તીઓએ કર્યું.

૧૦. આ બધાએ પોતાના રબ (પ્રભુ-પાલનહાર)ના રસૂલ (સંદેશવાહક)ની વાત ન માની તો તેણે તેમને ખૂબ જ સખતાઈથી પકડ્યા.

૧૧. જ્યારે પાણીનું તોફાન હદ વટાવી ગયું તો અમે તમને નૌકામાં સવાર કરી દીધા હતા

૧૨. જેથી આ ઘટનાને તમારા માટે બોધપ્રદ યાદગાર બનાવી દઈએ અને યાદ રાખવાવાળા કાન તેની યાદ સુરક્ષિત રાખે.

૧૩. પછી જ્યારે એક વખત રણશિંગામાં ફૂંક મારી દેવામાં આવશે

૧૪. અને ધરતી અને પર્વતોને ઉઠાવીને એક જ પ્રહારે ચૂરેચૂરા કરી નાખવામાં આવશે,

૧૫. તે દિવસે તે ઘટિત થનાર ઘટના સામે આવી જશે.

૧૬. તે દિવસે આકાશ ફાટશે અને તેનું બંધન ઢીલું પડી જશે,

૧૭. ફરિશ્તાઓ તેના આજુબાજુ હશે અને આઠ ફરિશ્તાઓએ તે દિવસે તારા રબનું સિંહાસન (અર્શ) પોતાના ઉપર ઉઠાવીને રાખ્યું હશે.

૧૮. તે દિવસ હશે જ્યારે તમને લોકોને રજૂ કરવામાં આવશે, તમારું કોઈ રહસ્ય પણ છૂપું રહી જશે નહીં.

૧૯. તે દિવસે જેની કર્મનોંધ તેના જમણા હાથમાં આપવામાં આવશે, તે કહેશે, ''લો જુઓ, વાંચો મારી કર્મનોંધ,

إِنِّيْ ظَنَنْتُ اَنِّيْ مُلٰقٍ حِسَابِيَهْ ﴿٢٠﴾ فَهُوَ فِيْ عِيْشَةٍ
رَّاضِيَةٍ ﴿٢١﴾ فِيْ جَنَّةٍ عَالِيَةٍ ﴿٢٢﴾ قُطُوْفُهَا دَانِيَةٌ ﴿٢٣﴾
كُلُوْا وَاشْرَبُوْا هَنِيْٓئًا بِمَآ اَسْلَفْتُمْ فِي الْاَيَّامِ
الْخَالِيَةِ ﴿٢٤﴾ وَاَمَّا مَنْ اُوْتِيَ كِتٰبَهٗ بِشِمَالِهٖ ۙ
فَيَقُوْلُ يٰلَيْتَنِيْ لَمْ اُوْتَ كِتٰبِيَهْ ﴿٢٥﴾ وَلَمْ اَدْرِ مَا
حِسَابِيَهْ ﴿٢٦﴾ يٰلَيْتَهَا كَانَتِ الْقَاضِيَةَ ﴿٢٧﴾ مَآ
اَغْنٰى عَنِّيْ مَالِيَهْ ﴿٢٨﴾ هَلَكَ عَنِّيْ سُلْطٰنِيَهْ ﴿٢٩﴾
خُذُوْهُ فَغُلُّوْهُ ﴿٣٠﴾ ثُمَّ الْجَحِيْمَ صَلُّوْهُ ﴿٣١﴾ ثُمَّ فِيْ
سِلْسِلَةٍ ذَرْعُهَا سَبْعُوْنَ ذِرَاعًا فَاسْلُكُوْهُ ﴿٣٢﴾
اِنَّهٗ كَانَ لَا يُؤْمِنُ بِاللّٰهِ الْعَظِيْمِ ﴿٣٣﴾ وَلَا يَحُضُّ
عَلٰى طَعَامِ الْمِسْكِيْنِ ﴿٣٤﴾ فَلَيْسَ لَهُ الْيَوْمَ هٰهُنَا
حَمِيْمٌ ﴿٣٥﴾ وَّلَا طَعَامٌ اِلَّا مِنْ غِسْلِيْنٍ ﴿٣٦﴾ لَّا يَاْكُلُهٗٓ اِلَّا
الْخَاطِـُٔوْنَ ﴿٣٧﴾ فَلَآ اُقْسِمُ بِمَا تُبْصِرُوْنَ ﴿٣٨﴾ وَمَا لَا ع ٣٧ ۵
تُبْصِرُوْنَ ﴿٣٩﴾ اِنَّهٗ لَقَوْلُ رَسُوْلٍ كَرِيْمٍ ﴿٤٠﴾ وَّمَا هُوَ
بِقَوْلِ شَاعِرٍ ؕ قَلِيْلًا مَّا تُؤْمِنُوْنَ ﴿٤١﴾ وَلَا بِقَوْلِ
كَاهِنٍ ؕ قَلِيْلًا مَّا تَذَكَّرُوْنَ ﴿٤٢﴾ تَنْزِيْلٌ
مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ﴿٤٣﴾ وَلَوْ تَقَوَّلَ عَلَيْنَا بَعْضَ
الْاَقَاوِيْلِ ﴿٤٤﴾ لَاَخَذْنَا مِنْهُ بِالْيَمِيْنِ ﴿٤٥﴾ ثُمَّ
لَقَطَعْنَا مِنْهُ الْوَتِيْنَ ﴿٤٦﴾ فَمَا مِنْكُمْ مِّنْ اَحَدٍ منزل ٧

૨૦. હું સમજતો હતો કે મને અવશ્ય મારો હિસાબ મળવાનો છે."
૨૧. પછી તે મનગમતા આનંદમાં હશે,
૨૨. ઉચ્ચ દરજ્જાની જન્નત (સ્વર્ગ)માં,
૨૩. જેના ફળોના ઝૂમખાં લચી પડતાં હશે.
૨૪. (આવા લોકોને કહેવામાં આવશે) આનંદથી ખાઓ અને પીઓ, તમારા તે કર્મોના બદલામાં જે તમે વિતી ગયેલા દિવસો દરમ્યાન કર્યા છે.
૨૫. અને જેની કર્મનોંધ તેના ડાબા હાથમાં આપવામાં આવશે, તે કહેશે, "કદાચ, મારી કર્મનોંધ મને આપવામાં આવી ન હોત
૨૬. અને હું ન જાણતો કે મારો હિસાબ શું છે !
૨૭. કદાચ મારું તે જ મૃત્યુ (જે દુનિયામાં આવ્યું હતું) નિર્ણાયક હોત !
૨૮. આજે મારું ધન, મારા કોઈ કામમાં ન આવ્યું.
૨૯. મારું બધું જ પ્રભુત્વ સમાપ્ત થઈ ગયું."
૩૦. આદેશ થશે, પકડો આને અને તેના ગળામાં તોક નાખી દો,
૩૧. પછી આને જહન્નમ (નર્ક)માં નાખી દો,
૩૨. પછી આને સિત્તેર હાથ લાંબી સાંકળમાં જકડી દો,
૩૩. આ મહિમાવાન અલ્લાહ પર ન ઈમાન લાવતો હતો
૩૪. અને ન તો ગરીબોને ભોજન માટે પ્રોત્સાહિત કરતો હતો.
૩૫. તેથી આજે અહીં તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનાર ન કોઈ મિત્ર છે,
૩૬. અને ન જખ્મોના ધોવાણ સિવાય તેના માટે કોઈ ભોજન,
૩૭. જેને ગુનેગારો સિવાય કોઈ નથી ખાતું. (રુકૂઅ-૧)
૩૮. તો નહીં, હું સોગંદ ખાઉં છું, તે વસ્તુઓના જે તમે જુઓ છો
૩૯. અને તે વસ્તુઓના પણ જે તમે જોતા નથી,
૪૦. આ એક પ્રતિષ્ઠિત ઈશદૂત (રસૂલ)નું કથન છે,
૪૧. કોઈ કવિનું કથન નથી, તમે લોકો ભાગ્યે જ ઈમાન લાવો છો,
૪૨. અને ન આ કોઈ જ્યોતિષનું કથન છે, તમે લોકો ભાગ્યે જ વિચાર કરો છો.
૪૩. આ સમગ્ર સૃષ્ટિના રબ (પ્રભુ-પાલનહાર) તરફથી અવતરિત થયું છે.
૪૪. અને જો આણે (પયગંબરે) પોતે ઘડીને કોઈ વાત અમારાથી સંબંધિત કરી દીધી હોત
૪૫. તો અમે એનો જમણો હાથ પકડી લતા
૪૬. અને એના ગળાની ધોરી નસ કાપી નાખતા,
૪૭. પછી તમારામાંથી કોઈ (અમને) આ કામથી રોકવાવાળું ન હોત.

عَنْهُ حٰجِزِيْنَ ۝٤٧ وَاِنَّهٗ لَتَذْكِرَةٌ لِّلْمُتَّقِيْنَ ۝٤٨
وَاِنَّا لَنَعْلَمُ اَنَّ مِنْكُمْ مُّكَذِّبِيْنَ ۝٤٩ وَاِنَّهٗ
لَحَسْرَةٌ عَلَى الْكٰفِرِيْنَ ۝٥٠ وَاِنَّهٗ لَحَقُّ الْيَقِيْنِ ۝٥١
فَسَبِّحْ بِاسْمِ رَبِّكَ الْعَظِيْمِ ۝٥٢ ع

منزل ٧ ع ١٥

૪૮. હકીકતમાં આ અલ્લાહનો ડર રાખનારાઓ માટે એક બોધ છે.

૪૯. અનેઅમેજાણીએછીએકેતમારામાંથીકેટલાકલોકોખોટુંઠેરવનારાછે.

૫૦. આવા ઈન્કાર કરનારાઓ માટે આ નિશ્ચિતપણે પસ્તાવાનું કારણ છે.

૫૧. અને આ તદ્દન વિશ્વસનીય સત્ય છે.

૫૨. તો હે પયગંબર ! પોતાના મહાન રબ (પ્રભુ)ના નામની તસ્બીહ (મહિમાગાન) કરો. (રુકૂઅ-૨)

(૭૦) અલ-મઆરિજ

પરિચય

નામ :

ત્રીજી આયતના શબ્દ 'ઝિલ્-મઆરિજ' (બુલંદીઓની સીડીઓનો માલિક) થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આના વિષયો તેની સાક્ષી છે કે આનું અવતરણ પણ લગભગ તે જ સંજોગોમાં થયું છે, જેમાં સૂરઃ અલ-હાક્કા અવતરિત થઈ હતી.

વિષય અને ચર્ચા :

આમાં તે કાફિરો (સત્યના ઇન્કાર કરનારાઓ)ને ચેતવણી અને શિખામણ આપવામાં આવી છે, જે કયામત અને આખિરત (પ્રલય અને પરલોક)ના સમાચારની મજાક ઉડાવતા હતા અને અલ્લાહના રસૂલ–ઈશદૂત (સલ્લ.)ને પડકાર કરી રહ્યા હતા કે જો તમે સાચા છો તો તે કયામત લઈ આવો જેનાથી તમે અમને ડરાવો છો. આ સૂરઃનું સમગ્ર પ્રવચન આ જ પડકારના જવાબમાં છે. શરૂઆતમાં કહેવામાં આવ્યું છે કે માગવાવાળો યાતના માગે છે. તે યાતના ઇન્કાર કરનારાઓ પર જરૂર આવીને રહેશે. પરંતુ તે પોતાના સમય પર આવશે. તેથી આમના મજાક ઉડાવવા પર ધૈર્યથી કામ લો. આ લોકો તેને દૂર જુએ છે અને અમે તેને નજીક જોઈ રહ્યા છીએ. પછી બતાવવામાં આવ્યું છે કે કયામત, જેના વહેલાં આવવાની માગણી આ લોકો મજાક અને રમત સમજીને કરી રહ્યા છે, કેવી કષ્ટદાયક વસ્તુ છે અને જ્યારે તે આવશે તો આ ગુનેગારોની કેવી બૂરી હાલત થશે. આ પછી લોકોને સાવધાન કરવામાં આવ્યા છે કે તે દિવસે મનુષ્યોના ભાગ્યનો ફેંસલો સંપૂર્ણપણે તેમની ધારણા અને નૈતિક સ્વભાવ અને કર્મના આધારે કરવામાં આવશે. જે લોકોએ દુનિયામાં સત્યથી મોઢું ફેરવી લીધું છે તેઓ જહન્નમને પાત્ર ઠરશે અને જેમણે અહીં અલ્લાહની યાતનાનો ડર રાખ્યો છે, આખિરત (પરલોક)ને માની છે (સારાં-કર્મ અને સારાં નૈતિક સ્વભાવથી પોતાને સુસજ્જ કરી રાખ્યા છે) તેઓનું જન્નત (સ્વર્ગ)માં પ્રતિષ્ઠિત સ્થાન હશે. અંતમાં મક્કાના તે કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ)ને, જેઓ અલ્લાહના રસૂલ (સલ્લ.)ને જોઈને આપની મજાક ઉડાવવા માટે ચારેબાજુથી તૂટી પડતા હતા, ચેતવવામાં આવ્યા છે કે જો તમે નહીં માનો તો સર્વોચ્ચ

અલ્લાહ તમારા સ્થાને બીજા લોકોને લઈ આવશે અને અલ્લાહના રસૂલ (સલ્લ.)ને શિખામણ આપવામાં આવી છે કે આમની ઠઠ્ઠા-મશ્કરીની પરવા ન કરો. આ લોકો જો કયામતની ફજેતી જોવાનો દુરાગ્રહ રાખે છે, તો એમને પોતાની બેહૂદી પ્રવૃત્તિઓમાં મગ્ન રહેવા દો, પોતાનું બૂરૂં પરિણામ તેઓ સ્વયં જોઈ લેશે.

ایاتها ۴۴ (٧٠) سورة المعارج مكية (٧٩) رکوعاتها ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

سَاَلَ سَآئِلٌۢ بِعَذَابٍ وَّاقِعٍۙ ﴿۱﴾ لِّلْكٰفِرِيْنَ لَيْسَ
لَهٗ دَافِعٌۙ ﴿۲﴾ مِّنَ اللّٰهِ ذِى الْمَعَارِجِؕ ﴿۳﴾ تَعْرُجُ
الْمَلٰٓئِكَةُ وَالرُّوْحُ اِلَيْهِ فِىْ يَوْمٍ كَانَ مِقْدَارُهٗ
خَمْسِيْنَ اَلْفَ سَنَةٍۚ ﴿۴﴾ فَاصْبِرْ صَبْرًا جَمِيْلًا ﴿۵﴾
اِنَّهُمْ يَرَوْنَهٗ بَعِيْدًاۙ ﴿۶﴾ وَّنَرٰىهُ قَرِيْبًاؕ ﴿۷﴾ يَوْمَ
تَكُوْنُ السَّمَآءُ كَالْمُهْلِۙ ﴿۸﴾ وَتَكُوْنُ الْجِبَالُ كَالْعِهْنِۙ ﴿۹﴾
وَلَا يَسْـَٔلُ حَمِيْمٌ حَمِيْمًاۚۖ ﴿۱۰﴾ يُّبَصَّرُوْنَهُمْؕ يَوَدُّ
الْمُجْرِمُ لَوْ يَفْتَدِىْ مِنْ عَذَابِ يَوْمِئِذٍۭ بِبَنِيْهِۙ ﴿۱۱﴾
وَصَاحِبَتِهٖ وَاَخِيْهِۙ ﴿۱۲﴾ وَفَصِيْلَتِهِ الَّتِىْ تُـْٔوِيْهِۙ ﴿۱۳﴾
وَمَنْ فِى الْاَرْضِ جَمِيْعًاۙ ثُمَّ يُنْجِيْهِۙ ﴿۱۴﴾ كَلَّاؕ
اِنَّهَا لَظٰىۙ ﴿۱۵﴾ نَزَّاعَةً لِّلشَّوٰىۚۖ ﴿۱۶﴾ تَدْعُوْا مَنْ اَدْبَرَ
وَتَوَلّٰىۙ ﴿۱۷﴾ وَجَمَعَ فَاَوْعٰى ﴿۱۸﴾ اِنَّ الْاِنْسَانَ خُلِقَ
هَلُوْعًا ﴿۱۹﴾ اِذَا مَسَّهُ الشَّرُّ جَزُوْعًاۙ ﴿۲۰﴾ وَّاِذَا مَسَّهُ
الْخَيْرُ مَنُوْعًا ﴿۲۱﴾ اِلَّا الْمُصَلِّيْنَۙ ﴿۲۲﴾ الَّذِيْنَ هُمْ عَلٰى
صَلَاتِهِمْ دَآئِمُوْنَۖ ﴿۲۳﴾ وَالَّذِيْنَ فِىْٓ اَمْوَالِهِمْ حَقٌّ
مَّعْلُوْمٌۖ ﴿۲۴﴾ لِّلسَّآئِلِ وَالْمَحْرُوْمِۖ ﴿۲۵﴾ وَالَّذِيْنَ يُصَدِّقُوْنَ
بِيَوْمِ الدِّيْنِۖ ﴿۲۶﴾ وَالَّذِيْنَ هُمْ مِّنْ عَذَابِ رَبِّهِمْ

(૭૦) સૂરઃ અલ-મઆરિજ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ.: ૨ ● આયતો : ૪૪)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. માગવાવાળાએ યાતના (અઝાબ) માગી છે, (તે યાતના) જે અવશ્ય ઘટિત થવાની છે,
૨. ઈન્કાર કરનારાઓ માટે છે, કોઈ તેને ટાળનાર નથી,
૩. તે અલ્લાહ તરફથી જે બુલંદીઓની સીડીઓનો માલિક છે.
૪. ફરિશ્તાઓ અને રૂહ (ફરિશ્તા હઝરત જિબ્રઈલ અલૈ.) તેના પાસે ચઢીને જાય છે એક એવા દિવસે જેનું પ્રમાણ પચાસ હજાર વર્ષ છે.
૫. તો હે પયગંબર ! ધૈર્ય રાખો, શિષ્ટ ધૈર્ય.
૬-૭. આ લોકો તેને દૂર સમજે છે અને અમે આને નજીક જોઈ રહ્યા છીએ.
૮. (આ યાતના તે દિવસે આવશે) જે દિવસે આકાશ પીગળેલી ચાંદી જેવું થઈ જશે
૯. અને પર્વતો રંગબેરંગી પિંજેલા ઊન જેવા થઈ જશે.
૧૦. અને કોઈ ઘનિષ્ટ મિત્ર પોતાના ઘનિષ્ટ મિત્રને નહીં પૂછે
૧૧. જ્યારે કે તેઓ એકબીજાને બતાવવામાં આવશે: અપરાધી ઇચ્છશે કે ફિદયા (મુક્તિ-પ્રતિદાન)માં આપી દે તે દિવસની યાતનાથી બચવા માટે પોતાની સંતાનને,
૧૨. પોતાની પત્નીને, પોતાના ભાઈને,
૧૩. પોતાના નિકટતમ પરિવારને જે તેને શરણ આપનાર હતો,
૧૪. અને ધરતી પરના સૌ લોકોને, અને આ ઉપાય તેને મુક્તિ અપાવી દે.
૧૫. કદાપિ નહીં. તે તો ભડકે બળતી આગની ઝાળ હશે
૧૬. જે માંસ-ચામડાંને ચાટી જશે,
૧૭. પોકારી-પોકારીને પોતાનાં તરફ બોલાવશે તે દરેક વ્યક્તિને જેણે સત્યથી મોઢું ફેરવ્યું અને પીઠ ફેરવી
૧૮. અને ધન એકઠું કર્યું અને સંભાળી-સંભાળીને રાખ્યું.
૧૯. મનુષ્ય કાચા મનનો બનેલો છે,
૨૦. જ્યારે તેના પર મુસીબત આવે છે ત્યારે ગભરાઈ જાય છે
૨૧. અને જ્યારે તેને સુખ-સંપન્નતા પ્રાપ્ત થાય છે ત્યારે કંજૂસી કરવા લાગે છે.
૨૨. પરંતુ તે લોકો (આ દોષથી બચેલા છે) જેઓ નમાઝ પઢવાવાળા છે,
૨૩. જેઓ પોતાની નમાઝોની હંમેશા પાબંદી કરે છે,
૨૪-૨૫. જેમના ધનમાં માગવાવાળા અને વંચિતોનો એક નિશ્ચિત હક્ક છે.
૨૬. જેઓ બદલાના દિવસને સત્ય માને છે,
૨૭. જેઓ પોતાના રબની યાતનાથી ડરે છે

مُّشْفِقُوْنَ ۝۲۷ اِنَّ عَذَابَ رَبِّهِمْ غَيْرُ مَاْمُوْنٍ ۝۲۸
وَالَّذِيْنَ هُمْ لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ ۝۲۹ اِلَّا عَلٰٓى
اَزْوَاجِهِمْ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُمْ فَاِنَّهُمْ غَيْرُ
مَلُوْمِيْنَ ۝۳۰ فَمَنِ ابْتَغٰى وَرَآءَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ
الْعٰدُوْنَ ۝۳۱ وَالَّذِيْنَ هُمْ لِاَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ
رٰعُوْنَ ۝۳۲ وَالَّذِيْنَ هُمْ بِشَهٰدٰتِهِمْ قَآئِمُوْنَ ۝۳۳ وَ
الَّذِيْنَ هُمْ عَلٰى صَلَاتِهِمْ يُحَافِظُوْنَ ۝۳۴ اُولٰٓئِكَ
۳۵ فِیْ جَنّٰتٍ مُّكْرَمُوْنَ ۝۳۵ فَمَالِ الَّذِيْنَ كَفَرُوْا
قِبَلَكَ مُهْطِعِيْنَ ۝۳۶ عَنِ الْيَمِيْنِ وَعَنِ الشِّمَالِ
عِزِيْنَ ۝۳۷ اَيَطْمَعُ كُلُّ امْرِئٍ مِّنْهُمْ اَنْ يُّدْخَلَ جَنَّةَ
نَعِيْمٍ ۝۳۸ كَلَّا ؕ اِنَّا خَلَقْنٰهُمْ مِّمَّا يَعْلَمُوْنَ ۝۳۹ فَلَآ
اُقْسِمُ بِرَبِّ الْمَشٰرِقِ وَالْمَغٰرِبِ اِنَّا لَقٰدِرُوْنَ ۝۴۰ عَلٰٓى
اَنْ نُّبَدِّلَ خَيْرًا مِّنْهُمْ ۙ وَمَا نَحْنُ بِمَسْبُوْقِيْنَ ۝۴۱
فَذَرْهُمْ يَخُوْضُوْا وَيَلْعَبُوْا حَتّٰى يُلٰقُوْا يَوْمَهُمُ
الَّذِىْ يُوْعَدُوْنَ ۝۴۲ يَوْمَ يَخْرُجُوْنَ مِنَ الْاَجْدَاثِ
سِرَاعًا كَاَنَّهُمْ اِلٰى نُصُبٍ يُّوْفِضُوْنَ ۝۴۳ خَاشِعَةً
اَبْصَارُهُمْ تَرْهَقُهُمْ ذِلَّةٌ ؕ ذٰلِكَ الْيَوْمُ الَّذِىْ
كَانُوْا يُوْعَدُوْنَ ۝۴۴

૨૮. કેમ કે તેમના રબની યાતના એવી વસ્તુ નથી જેનાથી કોઈ નિર્ભય હોય,

૨૯. જેઓ પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરે છે –

૩૦. સિવાય કે પોતાની પત્નીઓ અથવા પોતાની અધિકૃત સ્ત્રીઓના જેમનાથી સુરક્ષિત ન રાખવામાં તેમના પર કોઈ દોષ નથી,

૩૧. અલબત્ત જેઓ આ ઉપરાંત બીજું કંઈ ઇચ્છે તેઓ જ હદ વટાવી જનારા છે –

૩૨. જેઓ પોતાની અમાનતોની રક્ષા કરે છે અને પોતાના વચનો અને વાયદાઓનું ધ્યાન રાખે છે,

૩૩. જેઓ પોતાની સાક્ષીઓમાં સચ્ચાઈ પર મક્કમ રહે છે

૩૪. અને જેઓ પોતાની નમાઝની રક્ષા કરે છે.

૩૫. આ લોકો સન્માનપૂર્વક જન્નત (સ્વર્ગ)ના બાગોમાં રહેશે. (રુકૂઅ-૧)

૩૬-૩૭. તો હે પયગંબર ! શું વાત છે કે આ ઇન્કાર કરનારાઓ જમણી અને ડાબી બાજુથી ટોળેટોળાં તમારા તરફ દોડતા આવી રહ્યા છે ?

૩૮. શું આમાંથી પ્રત્યેક એ લાલચ રાખે છે કે તેને બક્ષિસોથી ભરપૂર જન્નતોમાં દાખલ કરી દેવામાં આવશે ?

૩૯. કદાપિ નહીં. અમે જે વસ્તુથી આમને પેદા કર્યા છે તેને આ પોતે જાણે છે.

૪૦. તો નહીં, હું સોગંદ ખાઉં છું પૂર્વ દિશાઓ અને પશ્ચિમ દિશાઓના માલિકના ! અમને આનું સામર્થ્ય પ્રાપ્ત છે

૪૧. કે આમની જગ્યાએ આમનાથી સારા લોકો લઈ આવીએ અને કોઈ અમારા સામે બાજી લઈ જનાર નથી.

૪૨. તેથી આમને પોતાની બેહૂદી વાતો અને પોતાના ખેલકૂદમાં પડ્યા રહેવા દો ત્યાં સુધી કે આ લોકો પોતાના તે દિવસને પહોંચી જાય જેનો આમને વાયદો કરવામાં આવી રહ્યો છે,

૪૩. જ્યારે આ લોકો પોતાની કબરોમાંથી નીકળીને એવી રીતે દોડતા જઈ રહ્યા હશે, જાણે પોતાના દેવોની વેદીઓ તરફ દોડી રહ્યા હોય,

૪૪. આમની આંખો ઝૂકેલી હશે, અપમાન તેમના ઉપર છવાયેલું હશે. આ તે દિવસ છે જેનો આમને વાયદો કરવામાં આવી રહ્યો છે. (રુકૂઅ-૨)

(૭૧) નૂહ

પરિચય

નામ :

'નૂહ' આ સૂરઃનું નામ પણ છે અને તેના વિષયનું શીર્ષક પણ, કેમ કે આમાં આરંભથી અંત સુધી પયગંબર હઝરત નૂહ (અલૈ.)નો જ પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે.

ઉતરાણકાળ :

આ પણ મક્કા-મુઅઝ્ઝમાના પ્રારંભિક તબક્કામાં અવતરિત સૂરઃઓ પૈકી છે, જ્યારે અલ્લાહના રસૂલ—ઈશદૂત (સલ્લ.)ના આહવાન્ અને પ્રચાર સામે મક્કાના કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ)નો વિરોધ મોટાભાગે ઉગ્ર રૂપ ધારણ કરી લીધું હતું.

વિષય અને ચર્ચા :

આમાં હઝરત નૂહ (અલૈ.)નો પ્રસંગ માત્ર વાર્તા સંભળાવવા ખાતર વર્ણવવામાં આવ્યો નથી, બલ્કે આનો ઉદ્દેશ્ય મક્કાના ઇસ્લામ-વિરોધીઓને ચેતવવાનો છે કે તમે હઝરત મુહમ્મદ (સલ્લ.) સાથે તે જ વલણ અપનાવી રહ્યા છો જે હઝરત નૂહ (અલૈ.) સાથે તેમની જાતિના લોકોએ અપનાવ્યું હતું. આ વલણનો જો તમે ત્યાગ નહીં કરો તો તમારે પણ તે જ પરિણામ જોવું પડશે, જે તે લોકોએ જોયું હતું. પ્રથમ આયતમાં બતાવવામાં આવ્યું છે કે હઝરત નૂહ (અલૈ.)ને જ્યારે અલ્લાહે રિસાલત (ઈશદૂતત્વ)ના પદ ઉપર નિયુક્ત કર્યા હતા, તે વખતે કઈ સેવા એમને સોંપવામાં આવી હતી. આયત ૨ થી ૪ માં ટૂંકમાં એ બતાવવામાં આવ્યું છે કે તેમણે પોતાના આહવાન્‌ની શરૂઆત કઈ રીતે કરી અને પોતાની જાતિના લોકો સામે કઈ વાત પ્રસ્તુત કરી. તે પછી ઘણાં લાંબા સમય સુધી આહવાન્ અને પ્રચારનાં કષ્ટ ઉઠાવ્યા પછી જે અહેવાલ હઝરત નૂહ (અલૈ.)એ પોતાના પ્રભુ અને પાલનહારની સેવામાં રજૂ કર્યો, તે આયત ૫ થી ૨૦ સુધીમાં વર્ણવવામાં આવ્યો છે. ત્યારપછી હઝરત નૂહ (અલૈ.)નું છેલ્લું નિવેદન આયત ૨૧ થી ૨૪માં નોંધવામાં આવ્યું છે, જેમાં તેઓ પોતાના પ્રભુ-પાલનહારને અરજ કરે છે કે આ જાતિ મારી વાત નિશ્ચિતરૂપે રદ કરી ચૂકી છે. હવે સમય આવી ગયો છે કે આ લોકોને સન્માર્ગ પ્રાપ્ત કરવાના અવસરથી વંચિત કરી દેવામાં આવે. આ હઝરત નૂહ (અલૈ.) તરફથી કોઈ અધૈર્યનું પ્રદર્શન ન હતું, બલ્કે સૈકાઓ સુધી અત્યંત કઠિન પરિસ્થિતિઓમાં સત્યના પ્રચારનું કર્તવ્ય બજાવ્યા પછી જ્યારે તેઓ પોતાની જાતિના લોકોથી પૂર્ણતઃ નિરાશ થઈ ગયા તો તેમણે પોતાની ધારણા એ બાંધી કે હવે આ જાતિને

સન્માર્ગે આવવાની કોઈ શકયતા બાકી રહી નથી. આ મત સર્વોચ્ચ અલ્લાહના પોતાના ફેંસલાને બરાબર અનુરૂપ હતો. તેથી તેના પછી તરત જ આયત ૨૫ માં કહેવામાં આવ્યું છે કે તે જાતિ પર તેના કરતૂકોના કારણે અલ્લાહની યાતના અવતરીત થઈ. અંતિમ આયતોમાં હઝરત નૂહ (અલૈ.)ની તે દુઆ—પ્રાર્થના પ્રસ્તુત કરવામાં આવી છે, જે તેમણે બરાબર યાતનાના ઊતરવાના સમયે પોતાના રબ (પ્રભુ)થી કરી હતી. આમાં તેઓ પોતાના માટે અને બધા જ ઈમાનવાળાઓ માટે મુક્તિની પ્રાર્થના કરે છે અને પોતાની જાતિના સત્ય-વિરોધીઓ વિષે અલ્લાહને નિવેદન કરે છે કે તેમનામાંથી કોઈને ધરતી પર વસવા માટે જીવિત છોડવામાં ન આવે, કેમ કે તેમનામાં હવે કોઈ ભલાઈ બાકી રહી નથી. તેમના વંશમાંથી જે પણ ઊઠશે, કાફિર (વિધર્મી) અને દુરાચારી જ ઊઠશે. આ સૂરઃનું અધ્યયન કરતી વખતે હઝરત નૂહ (અલૈ.)ના પ્રસંગની તે વિગતો દૃષ્ટિસમક્ષ રહેવી જોઈએ, જે આના પહેલાં કુર્આન-મજીદમાં વર્ણવવામાં આવી ચૂકી છે. (જુઓ : અલ-આ'રાફ આ.૫૯-૬૪, યૂનુસ આ.૭૧-૭૩, હૂદ આ.૨૫-૪૯, અલ-મુઅમિનૂન આ.૨૩-૩૧, અશ્-શૂરા આ.૧૦૫-૧૨૨, અલ-અન્કબૂત આ.૧૪-૧૫, અસ્-સાફ્ફાત આ.૭૫-૮૨, અલ-કમર આ.૯-૧૬)

آیاتها ٢٨ (٧١) سُوْرَۃُ نُوْحٍ مَّكِّيَّةٌ (٧١) رکوعاتها ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنَّاۤ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖۤ اَنْ اَنْذِرْ قَوْمَكَ مِنْ
قَبْلِ اَنْ يَّاْتِيَهُمْ عَذَابٌ اَلِيْمٌ ١ قَالَ يٰقَوْمِ
اِنِّیْ لَكُمْ نَذِيْرٌ مُّبِيْنٌ ٢ اَنِ اعْبُدُوا اللّٰهَ وَاتَّقُوْهُ
وَاَطِيْعُوْنِ ٣ يَغْفِرْ لَكُمْ مِّنْ ذُنُوْبِكُمْ وَيُؤَخِّرْكُمْ اِلٰۤى
اَجَلٍ مُّسَمًّى ؕ اِنَّ اَجَلَ اللّٰهِ اِذَا جَآءَ لَا يُؤَخَّرُ ۘ
لَوْ كُنْتُمْ تَعْلَمُوْنَ ٤ قَالَ رَبِّ اِنِّیْ دَعَوْتُ قَوْمِیْ
لَيْلًا وَّنَهَارًا ٥ فَلَمْ يَزِدْهُمْ دُعَآءِیْۤ اِلَّا فِرَارًا ٦
وَاِنِّیْ كُلَّمَا دَعَوْتُهُمْ لِتَغْفِرَ لَهُمْ جَعَلُوْۤا اَصَابِعَهُمْ
فِیْۤ اٰذَانِهِمْ وَاسْتَغْشَوْا ثِيَابَهُمْ وَاَصَرُّوْا وَاسْتَكْبَرُوا
اسْتِكْبَارًا ٧ ثُمَّ اِنِّیْ دَعَوْتُهُمْ جِهَارًا ٨ ثُمَّ اِنِّیْۤ
اَعْلَنْتُ لَهُمْ وَاَسْرَرْتُ لَهُمْ اِسْرَارًا ٩ فَقُلْتُ
اسْتَغْفِرُوْا رَبَّكُمْ ؕ اِنَّهٗ كَانَ غَفَّارًا ١٠ يُّرْسِلِ السَّمَآءَ
عَلَيْكُمْ مِّدْرَارًا ١١ وَّيُمْدِدْكُمْ بِاَمْوَالٍ وَّبَنِيْنَ وَ
يَجْعَلْ لَّكُمْ جَنّٰتٍ وَّيَجْعَلْ لَّكُمْ اَنْهٰرًا ١٢ مَا لَكُمْ
لَا تَرْجُوْنَ لِلّٰهِ وَقَارًا ١٣ وَقَدْ خَلَقَكُمْ اَطْوَارًا ١٤
اَلَمْ تَرَوْا كَيْفَ خَلَقَ اللّٰهُ سَبْعَ سَمٰوٰتٍ طِبَاقًا ١٥
وَّجَعَلَ الْقَمَرَ فِيْهِنَّ نُوْرًا وَّجَعَلَ الشَّمْسَ سِرَاجًا ١٦

وقف لازم

(૭૧) સૂરઃ નૂહ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૨૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો (એ આદેશ સાથે) કે પોતાની કોમના લોકોને સચેત કરી દે તે પહેલાં કે તેમના ઉપર એક દુઃખદાયી યાતના આવી જાય.

૨. તેણે કહ્યું, ''હે મારી કોમના લોકો ! હું તમારા માટે એક સ્પષ્ટ ચેતવણી આપનાર (પયગંબર) છું.

૩. (તમને બતાવું છું) કે અલ્લાહની બંદગી કરો અને તેનાથી ડરો અને મારી આજ્ઞાનું પાલન કરો,

૪. અલ્લાહ તમારા ગુનાઓને માફ કરી દેશે અને તમને એક નિશ્ચિત સમય સુધી બાકી રાખશે. હકીકત એ છે કે અલ્લાહનો નિયત કરેલ સમય જયારે આવી જાય છે તો પછી ટાળી શકાતો નથી. કદાચ, તમને આનું જ્ઞાન હોય.''

૫. તેણે કહ્યું, ''હે મારા રબ ! મેં મારી કોમના લોકોને રાત અને દિવસ પોકાર્યા,

૬. પરંતુ મારા આ પોકારે તો તેમના પલાયનમાં જ વધારો કર્યો.

૭. અને જ્યારે પણ મેં તેમને બોલાવ્યા જેથી તું તેમને ક્ષમા કરી દે, તેમણે કાનોમાં આંગળા ખોસી દીધા (કોઈ વાત સાંભળવા તૈયાર જ ન થયા) અને પોતાના કપડાંથી મોઢાં ઢાંકી લીધા (વાત સાંભળવાનું તો દૂર, મોઢું જોવા પણ તૈયાર ન થયા) અને પોતાના વર્તન પર દુરાગ્રહી બની ગયા અને મોટો ઘમંડ કર્યો.

૮. પછી મેં તેમને હાંક-પોકાર કરીને બોલાવ્યા.

૯. પછી મેં તેમને જાહેરમાં પણ સંદેશ પહોંચાડ્યો અને ચુપકે-ચુપકે પણ સમજાવ્યા.

૧૦. મેં કહ્યું, ''પોતાના રબથી માફી માગો, નિઃશંક તે મોટો ક્ષમાશીલ છે.

૧૧. તે તમારા ઉપર આકાશમાંથી ખૂબ વરસાદ વરસાવશે,

૧૨. તમને ધન અને સંતાન આપી નવાજશે, તમારા માટે બાગ પેદા કરશે અને તમારા માટે નહેરો વહેવડાવી દેશે.

૧૩. તમને શું થઈ ગયું છે કે અલ્લાહ માટે તમે કોઈ ગૌરવની આશા નથી રાખતા?

૧૪. જો કે તેણે વિભિન્ન રીતે તમને બનાવ્યા છે.

૧૫. શું તમે જોતા નથી કે અલ્લાહે કેવી રીતે સાત આકાશો એક-પર-એક બનાવ્યા

૧૬. અને તેમાં ચંદ્રને પ્રકાશ અને સૂર્યને દીપક બનાવ્યો ?

وَاللّٰهُ اَنْۢبَتَكُمْ مِّنَ الْاَرْضِ نَبَاتًا ﴿١٧﴾ ثُمَّ يُعِيْدُكُمْ
فِيْهَا وَيُخْرِجُكُمْ اِخْرَاجًا ﴿١٨﴾ وَاللّٰهُ جَعَلَ لَكُمُ
الْاَرْضَ بِسَاطًا ﴿١٩﴾ لِّتَسْلُكُوْا مِنْهَا سُبُلًا فِجَاجًا ﴿٢٠﴾ ع ٢٠
قَالَ نُوْحٌ رَّبِّ اِنَّهُمْ عَصَوْنِيْ وَاتَّبَعُوْا مَنْ لَّمْ
يَزِدْهُ مَالُهٗ وَوَلَدُهٗۤ اِلَّا خَسَارًا ﴿٢١﴾ وَمَكَرُوْا
مَكْرًا كُبَّارًا ﴿٢٢﴾ وَقَالُوْا لَا تَذَرُنَّ اٰلِهَتَكُمْ وَلَا
تَذَرُنَّ وَدًّا وَّلَا سُوَاعًا ۙ وَّلَا يَغُوْثَ وَيَعُوْقَ
وَنَسْرًا ﴿٢٣﴾ وَقَدْ اَضَلُّوْا كَثِيْرًا ۚ وَلَا تَزِدِ
الظّٰلِمِيْنَ اِلَّا ضَلٰلًا ﴿٢٤﴾ مِمَّا خَطِيْٓـٰٔتِهِمْ اُغْرِقُوْا
فَاُدْخِلُوْا نَارًا ۙ فَلَمْ يَجِدُوْا لَهُمْ مِّنْ دُوْنِ
اللّٰهِ اَنْصَارًا ﴿٢٥﴾ وَقَالَ نُوْحٌ رَّبِّ لَا تَذَرْ عَلَى
الْاَرْضِ مِنَ الْكٰفِرِيْنَ دَيَّارًا ﴿٢٦﴾ اِنَّكَ اِنْ
تَذَرْهُمْ يُضِلُّوْا عِبَادَكَ وَلَا يَلِدُوْۤا اِلَّا فَاجِرًا
كَفَّارًا ﴿٢٧﴾ رَبِّ اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِمَنْ دَخَلَ
بَيْتِيَ مُؤْمِنًا وَّلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ ۗ وَلَا تَزِدِ
الظّٰلِمِيْنَ اِلَّا تَبَارًا ﴿٢٨﴾ ع

منزل ٧ — النصف ع ١٨ ٢

૧૭. અને અલ્લાહે તમને જમીનમાંથી અદ્‌ભૂત રીતે ઉગાડ્યા,

૧૮. પછી તે તમને આ જ જમીનમાં પરત લઈ જશે અને આમાંથી એકાએક તમને કાઢીને ઊભા કરશે.

૧૯. અને અલ્લાહે ધરતીને તમારા માટે ફરસની જેમ પાથરી દીધી

૨૦. જેથી તમે તેના અંદર ખુલ્લા માર્ગોમાં ચાલો.''(રુકૂઅ-૧)

૨૧. નૂહે કહ્યું, ''મારા રબ ! તેમણે મારી વાત રદ કરી દીધી અને તે (ધનવાનો)નું અનુસરણ કર્યું જેઓ ધન અને સંતાન મેળવીને વધુ નિરાશ થઈ ગયા છે,

૨૨. આ લોકોએ ભારે છળકપટની જાળ ફેલાવી રાખી છે.

૨૩. આમણે કહ્યું, ''કદાપિ ન છોડો પોતાના ઉપાસ્યોને, અને ન છોડો 'વદ્દ' અને 'સુવાઅ'ને અને 'યગૂસ' અને 'યઊક'ને અને 'નસ્ર'ને.

૨૪. આ લોકોએ ઘણાં લોકોને પથભ્રષ્ટ કર્યા છે અને તું પણ આ અત્યાચારીઓને પથભ્રષ્ટતા સિવાય કોઈ વસ્તુમાં ઉન્નતિ ન આપ.''

૨૫. પોતાના ગુનાઓના કારણે જ તેઓને ગરકાવ કરી દેવામાં આવ્યા અને આગમાં ઝોંકી દેવામાં આવ્યા, પછી તેમણે પોતાના માટે અલ્લાહથી બચાવનાર કોઈ મદદગાર ન જોયો.

૨૬. અને નૂહે કહ્યું, ''મારા રબ ! આ કાફિરો (અધર્મીઓ)માંથી ધરતી પર વસવાટ કરનાર બાકી ન છોડ.

૨૭. જો તે આમને છોડી દીધા તો આ લોકો તારા બંદાઓને પથભ્રષ્ટ કરશે અને આમના વંશમાં જે પણ પેદા થશે તે દુરાચારી અને સખત ઈન્કાર કરનાર જ હશે.

૨૮. મારા રબ ! મને અને મારા માતા-પિતાને, અને તે દરેક વ્યક્તિને જે મારા ઘરમાં ઈમાનવાળાની હેસિયતથી દાખલ થઈ છે, અને સૌ ઈમાનવાળા પુરુષો અને સ્ત્રીઓને માફ કરી દે, અને અત્યાચારીઓ માટે વિનાશ સિવાય કોઈ વસ્તુમાં વધારો ન કર.''(રુકૂઅ-૨)

(૭૨) અલ-જિન્ન

પરિચય

નામ :

'અલ-જિન્ન' સૂરઃનું નામ પણ છે અને તેના વિષયની દૃષ્ટિએ શીર્ષક પણ, કેમ કે આમાં જિન્નો દ્વારા કુર્આન સાંભળીને જવાનો તેમજ પોતાની જાતિમાં ઈસ્લામનો પ્રચાર કરવાનો પ્રસંગ વિગતવાર વર્ણવવામાં આવ્યો છે.

ઉતરાણકાળ :

બુખારી અને મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)નું કથન છે કે અલ્લાહના રસૂલ (સલ્લ.) પોતાના થોડાક સહાબા સાથે ઉકાઝના બજારમાં જઈ રહ્યા હતા. રસ્તામાં નખ્લા નામના સ્થળે આપ (સલ્લ.)એ ફજ્ર (પરોઢ)ની નમાઝ પઢાવી. તે વખતે જિન્નોનું એક જૂથ ત્યાંથી પસાર થઈ રહ્યું હતું. કુર્આન-પઠનનો અવાજ સાંભળીને તે થોભી ગયું અને ધ્યાનથી કુર્આન સાંભળતું રહ્યું. આ જ પ્રસંગનું વર્ણન આ સૂરઃમાં કરવામાં આવ્યું છે. મોટાભાગના વિવરણ-કર્તાઓએ આ રિવાયતના આધારે એ સમજી લીધું છે કે આ નબી (સલ્લ.)ના તાઈફ-પ્રવાસની પ્રસિદ્ધ ઘટના છે. પરંતુ આ અનુમાન ઘણાં કારણોથી સાચું નથી. તાઈફના તે પ્રવાસમાં જિન્નો દ્વારા કુર્આન સાંભળવાની જે ઘટના બની હતી તે ઘટના સૂરઃ અહકાફ આયાત-૨૯ થી ૩૨માં વર્ણવવામાં આવી છે. તે આયતો પર એક દૃષ્ટિ નાખવાથી જણાઈ જાય છે કે તે વખતે જે જિન્નો કુર્આન સાંભળીને ઈમાન લાવ્યા હતા, તેઓ પહેલાંથી હઝરત મૂસા (અલૈ.) અને પહેલાંના આકાશી ગ્રંથો પર ઈમાન રાખતા હતા. તેનાથી વિપરીત આ સૂરઃની આયાત ૨-૭માં સ્પષ્ટ જાહેર થાય છે કે આ પ્રસંગે કુર્આન સાંભળનારા જિન્નો અનેકેશ્વરવાદીઓ અને આખિરત અને રિસાલતનો ઈન્કાર કરનારાઓમાંથી હતા. એટલે ખરી વાત એ છે કે સૂરઃ અહકાફ અને સૂરઃજિન્નમાં એક જ ઘટનાનો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો, બલ્કે આ બંને જુદી-જુદી ઘટનાઓ છે. સૂરઃ અહકાફમાં જે ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ૧૦ નબવીમાં તાઈફ-પ્રવાસમાં બની હતી અને આ સૂરઃની આયાતો ૮-૧૦ પર વિચાર કરવાથી એવું લાગે છે કે આ (બીજો બનાવ) નુબૂવતના આરંભિક-કાળનો જ હોઈ શકે છે.

જિન્નની વાસ્તવિકતા :

જ્યાં સુધી કુર્આનનો સંબંધ છે, તેમાં એક જગ્યાએ નહીં, ઘણી જગ્યાએ જિન્ન અને મનુષ્યનો ઉલ્લેખ એ રીતે કરવામાં આવ્યો છે કે આ બે ભિન્ન પ્રકારના મખ્લૂકો (સર્જનો) છે. ઉદાહરણાર્થ જૂઓ, અલ-અઅ્રાફ આ. ૩૮, હૂદ આ.૧૧૯, હા-મીમ સજદહ આ.૨૫ અને ૨૯, અહ્કાફ આ.૧૮, ઝારિયાત આ.૫૬, નાસ આ.૬ અને આખી સૂરઃ રહ્માન, અલ-આરાફ આ.૧૨ અને

અલ-હિજ્ર આ.૨૬-૨૭માં સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું છે કે મનુષ્યનું સર્જન જે તત્ત્વથી થયું છે તે માટી છે અને જિન્નોનું સર્જન જે તત્ત્વથી થયું છે તે છે આગ. સૂરઃ અલ-હિજ્ર આ.૨૭માં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જિન્ન મનુષ્યથી પહેલાં પેદા કરવામાં આવ્યા હતા. સૂરઃ અલ-આરાફ આ.૨૭માં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે જિન્ન મનુષ્યોને જોઈ શકે છે, પરંતુ મનુષ્યો તેમને નથી જોતા. અલ-હિજ્રની આ.૧૬-૧૮, અસ્-સાફ્ફાત આ.૬-૧૦ અને અલ-મુલ્ક આ.૫ માં બતાવવામાં આવ્યું છે કે જિન્ન આમ તો ઉપરી-લોક તરફ ઉડ્ડયન કરી શકે છે, પણ એક સીમાથી આગળ જઈ શકતા નથી. અલ-બકરહ આ.૩૦-૩૪ અને સૂરઃ કહ્ફ આ.૫૦ થી જણાય છે કે ધરતીની ખિલાફત (શાસનાધિકાર) અલ્લાહે મનુષ્યને આપેલ છે અને મનુષ્ય જિન્નો કરતાં શ્રેષ્ઠ સર્જન છે. કુર્આન એ પણ બતાવે છે કે જિન્ન મનુષ્યની જેમ સ્વતંત્ર અધિકાર-પ્રાપ્ત સર્જન છે અને જિન્નોને આજ્ઞાપાલન અને અવજ્ઞા તથા કુફ્ર અને ઈમાનનો એવો જ અધિકાર આપવામાં આવ્યો છે, જેવો મનુષ્યને આપવામાં આવ્યો છે. કુર્આન-મજીદમાં આ પ્રકારની બીજી ઘણી વાતો જિન્નો વિશે વર્ણવવામાં આવેલ છે. તેના તે તમામ વર્ણનોથી એ વાત તદ્દન સ્પષ્ટ થઈ જાય છે કે જિન્નનું પોતાનું એક કાયમી-બાહ્ય અસ્તિત્વ છે અને તે મનુષ્યથી અલગ એક બીજી જ જાતની અદૃશ્ય મખલૂક છે.

વિષય અને ચર્ચા :

આ સૂરઃમાં પ્રથમ આયતથી લઈને આયત ૧૫ સુધી એ બતાવવામાં આવ્યું છે કે જિન્નોના એક જૂથ પર કુર્આન-મજીદ સાંભળીને શું પ્રભાવ પડ્યો અને પછી પાછા જઈને પોતાની જાતિના બીજા જિન્નોને શું-શું વાતો કહી. આ અંગેની અલ્લાહે બધી જ વાતો નોંધી નથી, બલ્કે માત્ર તે ખાસ-ખાસ વાતો નોંધી છે જે ઉલ્લેખનીય હતી. તે પછી આયત ૧૬ થી ૧૮માં લોકોને શિખામણ આપવામાં આવી છે કે તેઓ શિર્ક (અનેકેશ્વરવાદ) છોડી દે અને સન્માર્ગે અડગતાથી ચાલે તો તેમના ઉપર કૃપાઓની વર્ષા થશે, નહીં તો અલ્લાહની મોકલેલ શિખામણથી વિમુખ થવાનું પરિણામ એ હશે કે તેમને સખત યાતનાનો સામનો કરવો પડશે. પછી આયત ૧૯ થી ૨૩ સુધી મક્કાના કાફિરોની એ વાત પર નિંદા કરવામાં આવી છે કે જ્યારે અલ્લાહના રસૂલ અલ્લાહ તરફ આમંત્રિત કરવા અવાજ બુલંદ કરે છે તો તેઓ તેમના ઉપર તૂટી પડવા તત્પર બની જાય છે. પછી આયત ૨૪ થી ૨૫ માં કાફિરોને સચેત કરવામાં આવ્યા છે કે આજે તેઓ રસૂલને નિઃસહાય જોઈને તેને દબાવવાની કોશિશ કરી રહ્યા છે, પરંતુ એક સમય આવશે જ્યારે તેમને જણાઈ જશે કે વાસ્તવમાં નિઃસહાય કોણ છે.

અંતે લોકોને બતાવવામાં આવ્યું છે કે 'પરોક્ષનો જ્ઞાતા માત્ર અલ્લાહ છે. રસૂલ (સલ્લ.)ને માત્ર તે જ જ્ઞાન પ્રાપ્ત હોય છે, જે અલ્લાહ તેને આપવા ચાહે છે.

اٰيَاتُهَا ٢٨ (٧٢) سُوْرَةُ الْجِنِّ مَكِّيَّةٌ (٤٠) رُكُوْعَاتُهَا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اُوْحِيَ اِلَيَّ اَنَّهُ اسْتَمَعَ نَفَرٌ مِّنَ الْجِنِّ فَقَالُوْٓا
اِنَّا سَمِعْنَا قُرْاٰنًا عَجَبًا ۙ﴿١﴾ يَّهْدِيْٓ اِلَى الرُّشْدِ
فَاٰمَنَّا بِهٖ ؕ وَلَنْ نُّشْرِكَ بِرَبِّنَآ اَحَدًا ۙ﴿٢﴾ وَّاَنَّهٗ
تَعٰلٰى جَدُّ رَبِّنَا مَا اتَّخَذَ صَاحِبَةً وَّلَا وَلَدًا ۙ﴿٣﴾
وَّاَنَّهٗ كَانَ يَقُوْلُ سَفِيْهُنَا عَلَى اللّٰهِ شَطَطًا ۙ﴿٤﴾
وَّاَنَّا ظَنَنَّآ اَنْ لَّنْ تَقُوْلَ الْاِنْسُ وَالْجِنُّ عَلَى اللّٰهِ
كَذِبًا ۙ﴿٥﴾ وَّاَنَّهٗ كَانَ رِجَالٌ مِّنَ الْاِنْسِ يَعُوْذُوْنَ
بِرِجَالٍ مِّنَ الْجِنِّ فَزَادُوْهُمْ رَهَقًا ۙ﴿٦﴾ وَّاَنَّهُمْ ظَنُّوْا
كَمَا ظَنَنْتُمْ اَنْ لَّنْ يَّبْعَثَ اللّٰهُ اَحَدًا ۙ﴿٧﴾ وَّاَنَّا لَمَسْنَا
السَّمَآءَ فَوَجَدْنٰهَا مُلِئَتْ حَرَسًا شَدِيْدًا وَّشُهُبًا ۙ﴿٨﴾
وَّاَنَّا كُنَّا نَقْعُدُ مِنْهَا مَقَاعِدَ لِلسَّمْعِ ؕ فَمَنْ
يَّسْتَمِعِ الْاٰنَ يَجِدْ لَهٗ شِهَابًا رَّصَدًا ۙ﴿٩﴾ وَّاَنَّا لَا
نَدْرِيْٓ اَشَرٌّ اُرِيْدَ بِمَنْ فِي الْاَرْضِ اَمْ اَرَادَ بِهِمْ
رَبُّهُمْ رَشَدًا ۙ﴿١٠﴾ وَّاَنَّا مِنَّا الصّٰلِحُوْنَ وَمِنَّا دُوْنَ
ذٰلِكَ ؕ كُنَّا طَرَآئِقَ قِدَدًا ۙ﴿١١﴾ وَّاَنَّا ظَنَنَّآ اَنْ لَّنْ
نُّعْجِزَ اللّٰهَ فِي الْاَرْضِ وَلَنْ نُّعْجِزَهٗ هَرَبًا ۙ﴿١٢﴾ وَّاَنَّا
لَمَّا سَمِعْنَا الْهُدٰٓى اٰمَنَّا بِهٖ ؕ فَمَنْ يُّؤْمِنْ ۢ بِرَبِّهٖ

(૭૨) સૂરઃ અલ-જિન્ન

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૨૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હે પયગંબર ! કહો, મારા તરફ વહી (પ્રકાશના) મોકલવામાં આવી છે કે જિન્નોના એક જૂથે ધ્યાનથી સાંભળ્યું પછી (જઈને પોતાની કોમના લોકોને) કહ્યું : ''અમે એક ખૂબ જ અદ્‌ભૂત કુર્આન સાંભળ્યું છે

૨. જે સન્માર્ગ તરફ માર્ગદર્શન કરે છે તેથી અમે તેના પર ઈમાન લઈ આવ્યા છીએ અને હવે અમે કદાપિ પોતાના રબ (પ્રભુ) સાથે કોઈને પણ ભાગીદાર બનાવીશું નહીં.''

૩. અને એ કે ''અમારા રબની શાન (ગૌરવ) ખૂબ જ ઉચ્ચ અને મહાન છે, તેણે કોઈને પત્ની કે પુત્ર બનાવ્યા નથી.''

૪. અને એ કે ''આપણા મૂર્ખ લોકો અલ્લાહ વિષે અત્યંત સત્યથી વિરુધ્ધ વાતો કહેતા રહ્યા છે.''

૫. અને એ કે ''અમે સમજ્યા હતા કે મનુષ્ય અને જિન્ન કદાપિ અલ્લાહ વિષે જૂઠ બોલી શકતા નથી.''

૬. અને એ કે ''મનુષ્યોમાંથી કેટલાક લોકો જિન્નોમાંના કેટલાક લોકોનું શરણ માગ્યા કરતા હતા, આવી રીતે તેમણે જિન્નોનો ઘમંડ ખૂબ વધારી દીધો.''

૭. અને એ કે ''મનુષ્યોએ પણ તે જ અનુમાન કર્યું જેવું તમારું અનુમાન હતું કે અલ્લાહ કોઈને રસૂલ બનાવીને નહીં મોકલે.''

૮. અને એ કે ''અમે આકાશને સ્પર્શ કરીને તપાસ્યું તો જણાયું કે તે ચોકીદારોથી છવાયેલું છે અને ઉલ્કાઓની વર્ષા થઈ રહી છે.''

૯. અને એ કે ''પહેલાં અમે બાતમી લેવા માટે આકાશમાં બેસવાની જગ્યા મેળવી લેતા હતા, પરંતુ હવે જે ચોરીછૂપીથી સાંભળવાનો પ્રયાસ કરે છે તે એક ઉલ્કાને પોતાના માટે લાગમાં બેસેલ જુએ છે.''

૧૦. અને એ કે ''અમારી સમજમાં આવતું ન હતું કે શું ધરતીવાળાઓ સાથે કોઈ ખરાબ મામલો કરવાનો ઈરાદો કરવામાં આવ્યો છે કે પછી તેમનો રબ તેમને સન્માર્ગ દેખાડવા ઈચ્છે છે.''

૧૧. અને એ કે ''આપણામાંના કેટલાક લોકો સદાચારી છે અને કેટલાક લોકો એનાથી નિમ્નતર છે, આપણે વિવિધ પંથોમાં વહેંચાયેલા છીએ.''

૧૨. અને એ કે ''અમે સમજતા હતા કે ન ધરતી પર આપણે અલ્લાહને વિવશ કરી શકીએ છીએ અને ન ભાગીને તેને હરાવી શકીએ છીએ.''

૧૩. અને એ કે ''અમે જ્યારે માર્ગદર્શનની વાત સાંભળી તો અમે તેના પર ઈમાન લઈ આવ્યા. હવે જે કોઈપણ પોતાના રબ પર ઈમાન લઈ આવશે તેને કોઈ

فَلَا يَخَافُ بَخْسًا وَّلَا رَهَقًا ﴿١٣﴾ وَّاَنَّا مِنَّا الْمُسْلِمُوْنَ
وَمِنَّا الْقٰسِطُوْنَ ؕ فَمَنْ اَسْلَمَ فَاُولٰٓئِكَ تَحَرَّوْا
رَشَدًا ﴿١٤﴾ وَاَمَّا الْقٰسِطُوْنَ فَكَانُوْا لِجَهَنَّمَ حَطَبًا ﴿١٥﴾
وَّاَنْ لَّوِ اسْتَقَامُوْا عَلَى الطَّرِيْقَةِ لَاَسْقَيْنٰهُمْ مَّآءً
غَدَقًا ﴿١٦﴾ لِّنَفْتِنَهُمْ فِيْهِ ؕ وَمَنْ يُّعْرِضْ عَنْ ذِكْرِ رَبِّهٖ
يَسْلُكْهُ عَذَابًا صَعَدًا ﴿١٧﴾ وَّاَنَّ الْمَسٰجِدَ لِلّٰهِ فَلَا
تَدْعُوْا مَعَ اللّٰهِ اَحَدًا ﴿١٨﴾ وَّاَنَّهٗ لَمَّا قَامَ عَبْدُ اللّٰهِ
يَدْعُوْهُ كَادُوْا يَكُوْنُوْنَ عَلَيْهِ لِبَدًا ﴿١٩﴾ قُلْ اِنَّمَآ ع ١٩ ١١
اَدْعُوْا رَبِّيْ وَلَآ اُشْرِكُ بِهٖٓ اَحَدًا ﴿٢٠﴾ قُلْ اِنِّيْ
لَآ اَمْلِكُ لَكُمْ ضَرًّا وَّلَا رَشَدًا ﴿٢١﴾ قُلْ اِنِّيْ لَنْ
يُّجِيْرَنِيْ مِنَ اللّٰهِ اَحَدٌ ۙ وَّلَنْ اَجِدَ مِنْ دُوْنِهٖ
مُلْتَحَدًا ﴿٢٢﴾ اِلَّا بَلٰغًا مِّنَ اللّٰهِ وَرِسٰلٰتِهٖ ؕ وَمَنْ
يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَاِنَّ لَهٗ نَارَ جَهَنَّمَ خٰلِدِيْنَ
فِيْهَآ اَبَدًا ﴿٢٣﴾ حَتّٰٓى اِذَا رَاَوْا مَا يُوْعَدُوْنَ فَسَيَعْلَمُوْنَ
مَنْ اَضْعَفُ نَاصِرًا وَّاَقَلُّ عَدَدًا ﴿٢٤﴾ قُلْ اِنْ
اَدْرِيْٓ اَقَرِيْبٌ مَّا تُوْعَدُوْنَ اَمْ يَجْعَلُ لَهٗ
رَبِّيْٓ اَمَدًا ﴿٢٥﴾ عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖٓ
اَحَدًا ﴿٢٦﴾ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ فَاِنَّهٗ
يَسْلُكُ مِنْ بَيْنِ يَدَيْهِ وَمِنْ خَلْفِهٖ رَصَدًا ﴿٢٧﴾
لِّيَعْلَمَ اَنْ قَدْ اَبْلَغُوْا رِسٰلٰتِ رَبِّهِمْ وَاَحَاطَ منزل ٧
بِمَا لَدَيْهِمْ وَاَحْصٰى كُلَّ شَيْءٍ عَدَدًا ﴿٢٨﴾ ع ٢ ٩ ١٢

હક્ક માર્યા જવાનો અને અત્યાચારનો ભય નહીં રહે.''
૧૪. અને એ કે ''આપણામાંથી કેટલાક મુસ્લિમો (અલ્લાહના આજ્ઞાંકિત) છીએ અને કેટલાક સત્યથી ચલિત થઈ ગયેલા. તો જેમણે ઇસ્લામ (આજ્ઞાપાલનનો માર્ગ) અપનાવી લીધો તેમણે મુક્તિનો માર્ગ શોધી લીધો,
૧૫. અને જેઓ સત્યથી ચલિત થયેલા છે તેઓ જહન્નમનું ઈંધણ બનવાના છે.''
૧૬. અને (હે પયગંબર! કહો, મારા ઉપર આ વહી પણ મોકલવામાં આવી છે કે) લોકો જો સત્યમાર્ગ પર દૃઢતાપૂર્વક ચાલ્યા હોત તો અમે તેમને ખૂબ સંતૃપ્ત કરતા
૧૭. જેથી આ કૃપા વડે તેમની પરીક્ષા કરીએ, અને જે પોતાના રબના ઝિક્ર (સ્મરણ)થી વિમુખ બનશે તેનો રબ તેને કઠોર યાતનામાં ગ્રસ્ત કરી દેશે.
૧૮. અને એ કે મસ્જિદો અલ્લાહ માટે છે, તેથી તેમાં અલ્લાહના સાથે કોઈ બીજાને ન પોકારો.
૧૯. અને એ કે જયારે અલ્લાહનો બંદો તેને પોકારવા માટે ઊભો થયો તો લોકો તેના પર તૂટી પડવા માટે તૈયાર થઈ ગયા. (રુકૂઅ-૧)
૨૦. હે પયગંબર ! કહો કે, ''હું તો પોતાના રબને પોકારું છું અને તેના સાથે કોઈને ભાગીદાર નથી બનાવતો.''
૨૧. કહો, ''હું તમારા માટે ન કોઈ નુકસાનનો અધિકાર ધરાવું છું, ન કોઈ ભલાઈનો.''
૨૨. કહો, ''મને અલ્લાહની પકડમાંથી કોઈ બચાવી શકતું નથી અને ન હું તેના દામન સિવાય કોઈ આશ્રયસ્થાન મેળવી શકું છું.
૨૩. મારું કામ એના સિવાય કંઈ નથી કે અલ્લાહની વાત અને તેના સંદેશા પહોંચાડી દઉં. હવે જે પણ અલ્લાહ અને તેના રસૂલ (ઈશદૂત)ની વાત નહીં માને તેના માટે જહન્નમની આગ છે અને એવા લોકો તેમાં સદૈવ રહેશે.''
૨૪. (આ લોકો પોતાનું આ વર્તન છોડશે નહીં) જ્યાં સુધી કે તે વસ્તુને જોઈ લેશે, જેનો આમની સાથે વાયદો કરવામાં આવી રહ્યો છે, તો તેમને જાણ થઈ જશે કે કોના મદદગાર નિર્બળ છે અને કોનું જૂથ સંખ્યામાં નાનું છે.
૨૫. કહો, ''હું નથી જાણતો કે જે વસ્તુનો વાયદો તમારાથી કરવામાં આવી રહ્યો છે તે નજીક છે અથવા મારો રબ આના માટે કોઈ લાંબી મુદ્દત નિયત કરે છે.
૨૬. તે પરોક્ષનો જ્ઞાતા છે, પોતાના પરોક્ષને કોઈના ઉપર પ્રગટ કરતો નથી,
૨૭. સિવાય તે પયગંબરના જેણે તેને (પરોક્ષનું જ્ઞાન આપવા માટે) પસંદ કરી લીધો હોય, તો તેના આગળ અને પાછળ તે રક્ષકો લગાવી દે છે
૨૮. જેથી તે જાણી લે કે તેમણે પોતાના રબના સંદેશાઓ પહોંચાડી દીધા, અને તેણે તેમના સંપૂર્ણ વાતાવરણને ઘેરામાં લઈ રાખ્યું છે અને એક-એક વસ્તુ તેણે ગણી રાખી છે.'' (રુકૂઅ-૨)

(૭૩) અલ-મુઝ્ઝમ્મિલ

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'અલ-મુઝ્ઝમ્મિલ'(ઓઢી-લપેટીને સૂવાવાળા)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે. આ માત્ર નામ છે, આના વિષયનું શીર્ષક નથી.

ઉતરાણકાળ :

આ સૂરઃ ના બે ભાગ (રુકૂઅ) બે ભિન્ન-ભિન્ન જમાનામાં ઊતર્યા છે. પ્રથમ રુકૂઅ સર્વસ્વીકૃત મક્કી છે. રહ્યો એ પ્રશ્ન કે તે મક્કી જીવનના કયા તબક્કામાં અવતરિત થયેલ છે, તો આ રુકૂઅના વિષયોમાં રહેલ આંતરિક પુરાવાથી જણાય છે કે પહેલી વાત એ કે આ નબી (સલ્લ.)ની નુબૂવતના આરંભિક કાળમાં અવતરીત થયેલ હશે, જ્યારે કે અલ્લાહ તરફથી આ પદ માટે આપને પ્રશિક્ષિત કરવામાં આવી રહ્યા હતા. બીજી વાત એ કે તે વખતે કુર્આન-મજીદનો ઓછામાં ઓછો એટલો હિસ્સો અવતરિત થઈ ગયો હતો કે તેની તિલાવત (પાઠ) કરવામાં સારો-એવો સમય લાગી શકે. ત્રીજી વાત એ તે સમયે અલ્લાહના રસૂલ (સલ્લ.) ઇસ્લામનો જાહેરમાં પ્રચાર શરૂ કરી ચૂક્યા હતા અને મક્કામાં આપ (સલ્લ.)નો વિરોધ જોરશોરથી થવા લાગ્યો હતો. બીજા રુકૂઅ અંગે આમ તો ઘણાં વિવરણકર્તાઓએ એ વિચાર દર્શાવ્યો છે કે તે પણ મક્કામાં જ અવતરિત થયો છે, પરંતુ કેટલાક બીજા વિવરણ-કર્તાઓએ તેને મદની ઠેરવ્યો છે અને આમાં અલ્લાહના માર્ગમાં યુદ્ધનું વર્ણન અને ઝકાત ફર્ઝ હોવાના આદેશની ઉપસ્થિતિથી આ જ વિચારને સમર્થન મળે છે.

વિષયવસ્તુ :

પ્રથમ ૭ આયતોમાં અલ્લાહના રસૂલ (સલ્લ.)ને આદેશ આપવામાં આવ્યો છે કે જે મહાન કાર્યનો બોજ આપના ઉપર નાખવામાં આવ્યો છે, તેનું દાયિત્વ નિભાવવા માટે આપ સ્વયંને તૈયાર કરે અને તેનું વ્યવહારિક સ્વરૂપ એ બતાવવામાં આવ્યું છે કે રાતોમાં ઊઠીને આપ અડધી-અડધી રાત અથવા તેનાથી થોડી ઓછી કે વધુ નમાઝ પઢ્યા કરો. આયત ૮ થી ૧૪ સુધી નબી (સલ્લ.)ને એ શિખામણ આપવામાં આવી છે કે બધાથી કપાઈને તે અલ્લાહના બનીને રહો, જે સમગ્ર સૃષ્ટિનો માલિક છે. પોતાની બધી જ બાબતો તેના જ હવાલે કરીને નિશ્ચિંત થઈ જાઓ. વિરોધીઓ જે વાતો આપના વિરુધ્ધ બનાવી રહ્યા છે તેના પર ધૈર્ય રાખો, તેમના મોઢે ન લાગો અને તેમનો મામલો અલ્લાહ પર છોડી દો કે તે જ તેમના સાથે નિપટારો કરશે. આ પછી આયત ૧૫ થી ૧૯

સુધી મક્કાના તે લોકોને, જેઓ અલ્લાહના રસૂલ (સલ્લ.)નો વિરોધ કરી રહ્યા હતા, સાવધાન કરવામાં આવ્યા છે કે અમે એવી જ રીતે તમારા તરફ એક રસૂલ મોકલ્યો છે જેવી રીતે ફિરઔન તરફ મોકલ્યો હતો. પછી જોઈ લો કે જ્યારે ફિરઔને અલ્લાહના રસૂલની વાત ન માની તો તેનું શું પરિણામ આવ્યું. માંની લો કે દુનિયામાં તમારા ઉપર કોઈ યાતના નથી આવી તો કયામતના દિવસે તમે કુફ્ર (ઇન્કાર)ની સજાથી કેવી રીતે બચી નીકળશો ? આ પ્રથમ રુકૂઅ (ભાગ)ની ચર્ચા છે.

બીજા રુકૂઅમાં તહજ્જુદની નમાઝ (અનિવાર્ય નમાઝો ઉપરાંત રાત્રિએ પઢવામાં આવતી નમાઝ, જે અનિવાર્ય તો નથી, પરંતુ ઈમાનવાળાઓના જીવનમાં તેનું મહત્ત્વ ઓછું નથી) અંગે તે આરંભિક આદેશમાં થોડીક છૂટછાટ આપી દેવામાં આવી જે પહેલા રુકૂઅની શરૂઆતમાં આપવામાં આવ્યો હતો. હવે એ આદેશ આપવામાં આવ્યો કે જ્યાં સુધી તહજ્જુદની નમાઝનો સંબંધ છે, તે તો જેટલી સરળતાથી પઢી શકાતી હોય પઢી લો, પરંતુ મુસલમાનોએ ખરું આયોજન જે વસ્તુનું કરવું જોઈએ તે એ છે કે પાંચ વખતની ફર્ઝ (અનિવાર્ય) નમાઝો પૂરેપૂરી પાબંદી સાથે કાયમ કરી રાખે, ઝકાત (ધર્મ-દાન)ના અનિવાર્ય કર્તવ્યનું બરાબર પાલન કરતા રહે અને અલ્લાહના માર્ગમાં પોતાનું ધન સહૃદય ખર્ચ કરે. અંતે મુસલમાનોને એ શિખામણ આપવામાં આવી છે કે જે ભલાઈના કામો તમે દુનિયામાં કરશો તે વ્યર્થ જશે નહીં, બલ્કે અલ્લાહને ત્યાં તમને તેનું ઘણું મોટું વળતર મળશે.

اٰيَاتُهَا ٢٠ — (٧٣) سُوْرَةُ الْمُزَّمِّلِ مَكِّيَّةٌ (٣) — رُكُوْعَاتُهَا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰٓاَيُّهَا الْمُزَّمِّلُ ۙ﴿١﴾ قُمِ الَّيْلَ اِلَّا قَلِيْلًا ۙ﴿٢﴾ نِّصْفَهٗٓ
اَوِ انْقُصْ مِنْهُ قَلِيْلًا ۙ﴿٣﴾ اَوْ زِدْ عَلَيْهِ وَرَتِّلِ
الْقُرْاٰنَ تَرْتِيْلًا ؕ﴿٤﴾ اِنَّا سَنُلْقِيْ عَلَيْكَ قَوْلًا ثَقِيْلًا ﴿٥﴾
اِنَّ نَاشِئَةَ الَّيْلِ هِيَ اَشَدُّ وَطْاً وَّاَقْوَمُ قِيْلًا ؕ﴿٦﴾
اِنَّ لَكَ فِي النَّهَارِ سَبْحًا طَوِيْلًا ؕ﴿٧﴾ وَاذْكُرِ اسْمَ رَبِّكَ
وَتَبَتَّلْ اِلَيْهِ تَبْتِيْلًا ؕ﴿٨﴾ رَبُّ الْمَشْرِقِ وَالْمَغْرِبِ
لَآ اِلٰهَ اِلَّا هُوَ فَاتَّخِذْهُ وَكِيْلًا ﴿٩﴾ وَاصْبِرْ عَلٰى مَا
يَقُوْلُوْنَ وَاهْجُرْهُمْ هَجْرًا جَمِيْلًا ﴿١٠﴾ وَذَرْنِيْ وَ
الْمُكَذِّبِيْنَ اُولِي النَّعْمَةِ وَمَهِّلْهُمْ قَلِيْلًا ﴿١١﴾ اِنَّ لَدَيْنَآ
اَنْكَالًا وَّجَحِيْمًا ۙ﴿١٢﴾ وَّطَعَامًا ذَا غُصَّةٍ وَّعَذَابًا
اَلِيْمًا ۗ﴿١٣﴾ يَوْمَ تَرْجُفُ الْاَرْضُ وَالْجِبَالُ وَكَانَتِ
الْجِبَالُ كَثِيْبًا مَّهِيْلًا ﴿١٤﴾ اِنَّآ اَرْسَلْنَآ اِلَيْكُمْ
رَسُوْلًا ۙ شَاهِدًا عَلَيْكُمْ كَمَآ اَرْسَلْنَآ اِلٰى فِرْعَوْنَ
رَسُوْلًا ؕ﴿١٥﴾ فَعَصٰى فِرْعَوْنُ الرَّسُوْلَ فَاَخَذْنٰهُ اَخْذًا
وَّبِيْلًا ﴿١٦﴾ فَكَيْفَ تَتَّقُوْنَ اِنْ كَفَرْتُمْ يَوْمًا
يَّجْعَلُ الْوِلْدَانَ شِيْبًا ۖ﴿١٧﴾ السَّمَآءُ مُنْفَطِرٌۢ بِهٖ ؕ
كَانَ وَعْدُهٗ مَفْعُوْلًا ﴿١٨﴾ اِنَّ هٰذِهٖ تَذْكِرَةٌ ۚ فَمَنْ

(૭૩) સૂરઃ અલ-મુઝ્ઝમ્મિલ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૨ • આયતો : ૨૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હે ઓઢી-લપેટીને સૂવાવાળા !
૨. રાત્રે નમાઝમાં ઊભા રહેવાનું રાખો પરંતુ ઓછું,
૩. અડધી રાત અથવા તેનાથી થોડુંક ઓછું કરી લો,
૪. અથવા તેનાથી થોડુંક વધારી લો, અને કુર્આનને ખૂબ થોભી-થોભીને પઢો.
૫. અમે તમારા પર એક ભારે વાણી અવતરિત કરવાના છીએ.
૬. હકીકતમાં રાત્રે ઊઠવું મન પર કાબૂ મેળવવા માટે ખૂબ જ અસરકારક અને કુર્આન ખરું પઢવા માટે વધુ યોગ્ય છે.
૭. દિવસના સમયમાં તો તમારા માટે ખૂબ જ વ્યસ્તતાઓ છે.
૮. પોતાના રબના નામનું સ્મરણ કરતા રહો અને બધાથી કપાઈને તેના જ બનીને રહો.
૯. તે પૂર્વ અને પશ્ચિમનો માલિક છે, તેના સિવાય કોઈ ઉપાસ્ય નથી, આથી તેને જ તમારો વકીલ (કર્તાહર્તા) બનાવી લો.
૧૦. અને જે વાતો આ લોકો બનાવી રહ્યા છે તેના પર ધૈર્ય રાખો અને સજ્જનતાપૂર્વક તેમનાથી અલગ થઈ જઓ.
૧૧. આ ખોટું ઠેરવનારા સુખ-સંપન્ન લોકોથી નિપટવાનું કામ તમે મારા પર છોડી દો અને તેમને થોડી વાર માટે આ જ સ્થિતિમાં રહેવા દો.
૧૨. અમારા પાસે (આમના માટે) ભારે બેડીઓ છે અને ભડકે બળતી આગ
૧૩. અને ગળામાં ફસાઈ જાય તેવો ખોરાક અને પીડાકારી યાતના.
૧૪. આ બધું તે દિવસે થશે જ્યારે ધરતી અને પર્વતો ધ્રુજી ઉઠશે અને પર્વતોની હાલત એવી થઈ જશે જાણે રેતીના ઢગલા છે જે વિખેરાતા જઈ રહ્યા છે.
૧૫. તમારા તરફ અમે તેવી જ રીતે એક પયગંબર તમારા પર સાક્ષી બનાવીને મોકલ્યો છે જેવી રીતે અમે ફિરઔન તરફ એક પયગંબર મોકલ્યો હતો.
૧૬. (પછી જોઈ લો જ્યારે) ફિરઔને તે પયગંબરની વાત ન માની તો અમે તેને ખૂબ જ સખતાઈથી પકડી લીધો.
૧૭. જો તમે માનવાનો ઇન્કાર કરશો તો તે દિવસે કેવી રીતે બચશો જે બાળકોને વૃદ્ધ કરી દેશે,
૧૮. અને જેની સખતાઈથી આકાશ ફાટી જતું હશે ? અલ્લાહનો વાયદો તો પૂરો થઈને જ રહેવાનો છે.

ع ۱۹ / ۱۳
شَآءَ اتَّخَذَ اِلٰى رَبِّهٖ سَبِيْلًا ﴿۱۹﴾ ع اِنَّ رَبَّكَ يَعْلَمُ اَنَّكَ
تَقُوْمُ اَدْنٰى مِنْ ثُلُثَيِ الَّيْلِ وَنِصْفَهٗ وَثُلُثَهٗ وَ
طَآئِفَةٌ مِّنَ الَّذِيْنَ مَعَكَ ؕ وَاللّٰهُ يُقَدِّرُ الَّيْلَ وَ
النَّهَارَ ؕ عَلِمَ اَنْ لَّنْ تُحْصُوْهُ فَتَابَ عَلَيْكُمْ
فَاقْرَءُوْا مَا تَيَسَّرَ مِنَ الْقُرْاٰنِ ؕ عَلِمَ اَنْ سَيَكُوْنُ
مِنْكُمْ مَّرْضٰى ۙ وَاٰخَرُوْنَ يَضْرِبُوْنَ فِي الْاَرْضِ
يَبْتَغُوْنَ مِنْ فَضْلِ اللّٰهِ ۙ وَاٰخَرُوْنَ يُقَاتِلُوْنَ
فِيْ سَبِيْلِ اللّٰهِ ۫ۖ فَاقْرَءُوْا مَا تَيَسَّرَ مِنْهُ ۙ وَاَقِيْمُوا
الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ وَاَقْرِضُوا اللّٰهَ قَرْضًا حَسَنًا ؕ
وَمَا تُقَدِّمُوْا لِاَنْفُسِكُمْ مِّنْ خَيْرٍ تَجِدُوْهُ عِنْدَ
منزل ۷ — اللّٰهِ هُوَ خَيْرًا وَّاَعْظَمَ اَجْرًا ؕ وَاسْتَغْفِرُوا اللّٰهَ ؕ
ع ۲ / ۱۴
اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۲۰﴾ ع

૧૯. આ એક બોધ છે, હવે જેનું મન ચાહે પોતાના રબ તરફ જવાનો માર્ગ અપનાવી લે. (રુકૂઅ-૧)

૨૦. હે પયગંબર ! તમારો રબ (પ્રભુ) જાણે છે કે તમે કયારેક બે-તૃતિયાંશ રાત જેટલું અને કયારેક અડધી રાત અને કયારેક એક-તૃતિયાંશ રાત બંદગીમાં ઊભા રહો છો અને તમારા સાથીઓમાંથી પણ એક જૂથ આવું કરે છે. અલ્લાહ જ રાત અને દિવસના સમયનો હિસાબ રાખે છે, તેને ખબર છે કે તમે સમયની બરાબર ગણત્રી કરી શકતા નથી, આથી તેણે તમારા પર મહેરબાની કરી, હવે જેટલું કુર્આન સરળતાથી પઢી શકો તેટલું પઢવાનું રાખો. તેને ખબર છે કે તમારામાંથી કેટલાક બીમાર હશે, કેટલાક બીજા લોકો અલ્લાહની કૃપા (આજીવિકા)ની શોધમાં મુસાફરી કરે છે, અને કેટલાક અન્ય લોકો અલ્લાહના માર્ગમાં યુદ્ધ કરે છે. તો જેટલું કુર્આન સરળતાથી પઢી શકાય તેટલું પઢી લેવાનું રાખો, નમાઝ કાયમ કરો, ઝકાત આપો, અને અલ્લાહને સારું ઋણ આપતા રહો. જે કંઈ ભલાઈ તમે પોતાના માટે આગળ મોકલશો તેને અલ્લાહને ત્યાં મોજૂદ જોશો, તે જ વધુ સારું છે અને તેનો બદલો ઘણો મોટો છે. અલ્લાહ પાસે ક્ષમાયાચના કરતા રહો, નિઃશંક અલ્લાહ મોટો ક્ષમાશીલ અને દયાળુ છે. (રુકૂઅ-૨)

(૭૪) અલ-મુદ્દસ્સિર

પરિચય

નામ :

પહેલી જે આયતના શબ્દ 'અલ-મુદ્દસ્સિર' (ઓઢી-લપેટીને લેટનારા)ને આ સૂરઃનું નામ ઠેરવવામાં આવ્યું છે. આ પણ માત્ર નામ છે, વિષયોનું શીર્ષક નથી.

ઉતરાણકાળ :

આની પહેલી સાત આયતો મક્કા-મુઅઝ્ઝમાના તદ્દન શરૂના તબક્કામાં અવતરિત થઈ છે. પ્રથમ વહી જે પયગંબર (સલ્લ.) પર અવતરિત થઈ તે 'ઇકરા બિસ્મિ રબ્બિકલ્લઝી ખલક'થી 'માલમ યઅ્લમ' સુધી છે. આ પ્રથમ વહી પછી થોડા સમય સુધી નબી (સલ્લ.) પર કોઈ વહી અવતરિત ન થઈ. (આ) વહીના અંતરાળનો ઉલ્લેખ કરતાં (નબી સલ્લ.એ પોતે કહ્યું છે કે,) ''એક દિવસે હું રસ્તામાંથી પસાર થઈ રહ્યો હતો. એકાએક આકાશમાંથી મેં એક અવાજ સાંભળ્યો. માથું ઊંચું કર્યું તો જોયું કે તે જ ફરિશ્તો જે હિરાની ગુફામાં મારા પાસે આવ્યો હતો, આકાશ અને ધરતીની વચ્ચે એક ખુરશી પર બેસેલો છે. હું આ જોઈને ખૂબ જ ભયભીત થઈ ગયો અને ઘરે પહોંચીને મેં કહ્યું મને ઓઢાડો, મને ઓઢાડો. આથી ઘરવાળાઓએ મારા ઉપર ધાબળો ઓઢાડી દીધો. તે વખતે અલ્લાહે વહી અવતરિત કરી 'હે ઓઢી-લપેટીને સૂઈ જનારા...' પછી નિરંતર મારા પર વહી અવતરિત થવાનું શરૂ થઈ ગયું.'' હદીસ : બુખારી, મુસ્લિમ, મુસ્નદે અહમદ, ઇબ્ને જરીર). સૂરઃનો શેષ ભાગ આયત ૮ થી અંત સુધી તે વખતે અવતરિત થયો જ્યારે ઇસ્લામનો જાહેરમાં પ્રચાર શરૂ થઈ ગયા પછી મક્કામાં પહેલી વખત હજ્જનો પ્રસંગ આવ્યો.

વિષય અને ચર્ચા :

પ્રથમ વહીમાં, જે સૂરઃ અલકની આરંભિક પાંચ આયતો પર આધારિત હતી, આપ (સલ્લ.)ને એ બતાવવામાં આવ્યું ન હતું કે આપ (સલ્લ.) કયા મહાન કાર્ય પર નિયુક્ત થયા છે અને આગળ આપ (સલ્લ.)ને શું-શું કરવાનું છે, બલ્કે માત્ર એક પ્રારંભિક પરિચય કરાવીને આપ (સલ્લ.)ને થોડાંક સમય માટે છોડી દેવામાં આવ્યા હતા જેથી આપના મન પર જે ભારે બોજ આ પ્રથમ અનુભવથી પડ્યો છે, તેની અસર દૂર થઈ જાય અને આપ માનસિક રૂપે આગળ વહી ગ્રહણ કરવા અને નુબૂવતના કર્તવ્યો સંભાળવા તૈયાર થઈ જાય. આ અંતરાળ પછી જ્યારે પુનઃ વહીના અવતરણનો ક્રમ શરૂ થયો તો આ સૂરઃની આરંભિક ૭ આયતો અવતરિત કરવામાં આવી અને એમાં પ્રથમ વખત આપ (સલ્લ.)ને એ આદેશ આપવામાં આવ્યો કે આપ ઊઠે અને અલ્લાહે પેદા કરેલ લોકોને તે વર્તનના પરિણામથી ડરાવે, જેના પર તેઓ ચાલી રહ્યા છે અને આ દુનિયામાં અલ્લાહની મહાનતાની ઉદ્‌ઘોષણા કરે. તે સાથે આપ (સલ્લ.)ને આદેશ આપવામાં આવ્યો છે કે હવે જે કાર્ય આપ (સલ્લ.)ને કરવાનું છે, તેનો તકાદો એ છે કે આપનું જીવન દરેક રીતે અત્યંત પવિત્ર, પૂર્ણ નિષ્ઠા અને પૂર્ણ ધૈર્ય અને ઈશ્વરીય નિર્ણય

પર રાજી રહેવાનો નમૂનો હોય. આ ઈશ્વરીય આદેશના અનુપાલનમાં જ્યારે અલ્લાહના રસૂલ (સલ્લ.)એ ઇસ્લામના પ્રચારનો આરંભ કર્યો તો મક્કામાં ખળભળાટ મચી ગયો અને વિરોધોનું એક તોફાન ચઢી આવ્યું. થોડાંક મહિનાઓ આ જ હાલતમાં વ્યતીત થયા હતાં કે હજ્જનો સમય આવી ગયો. કુરૈશના સરદારોએ એ ભયથી કે ક્યાંક બહારથી આવનારા હાજીઓ ઇસ્લામના પ્રચારથી પ્રભાવિત ન થઈ જાય એક સભાનું આયોજન કર્યું, જેમાં એ નક્કી કર્યું કે હાજીઓના આવતાં જ તેમનામાં અલ્લાહના રસૂલ (સલ્લ.) વિરુધ્ધ પ્રોપેગન્ડા શરૂ કરી દેવામાં આવે. તેના પર સહમતી થઈ ગયા પછી વલીદ બિન મુગીરાએ ઉપસ્થિત લોકોને કહ્યું કે જો તમે લોકોએ મુહમ્મદ (સલ્લ.) વિષે જુદી-જુદી વાતો લોકોને કહી તો આપણા સૌનો વિશ્વાસ ઊઠી જશે. તેથી કોઈ એક વાત નક્કી કરી લો જેને સૌ એકમત બનીને કહે. આના પર કોઈએ આપ સલ્લ.ને જ્યોતિષ, કોઈએ ઉન્માદી અને પાગલ, કોઈએ કવિ અને કોઈએ જાદુગર કહેવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ વલીદ આમાંથી દરેક પ્રસ્તાવને રદ કરતો ગયો. પછી તેણે કહ્યું કે આ વાતોમાંથી જે વાત પણ તમે કરશો, લોકો તેને અનુચિત આરોપ સમજશે. ખુદાના સોગંદ ! તે વાણીમાં ખૂબ માધુર્ય છે, તેના મૂળ ખૂબ ઊંડા અને તેની ડાળો ખૂબ ફળાઉ છે. અંતે (અબુ જહલના આગ્રહથી તે સ્વયં) વિચારીને બોલ્યો, ''સૌથી અનુકૂળ વાત જે કહી શકાય તેમ છે તે એ છે કે તમે આરબોને કહો કે આ માણસ જાદુગર છે, આ એવી વાણી પ્રસ્તુત કરી રહ્યો છે જે માણસને તેના પિતા, ભાઈ, પત્ની, બાળકો અને આખા કુટુંબથી અલગ કરી નાખે છે.'' વલીદની આ વાતને સૌએ સ્વીકારી લીધી, અને હજ્જ વખતે તે પ્રમાણે ભરપૂર દુષ્પ્રચાર કરવામાં આવ્યો. પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે કુરૈશે પયગંબર (સલ્લ.)નું નામ સ્વયં જ આખા અરબસ્તાનમાં ખૂબ પ્રસિદ્ધ કરી દીધું. (સીરત ઇબ્ને હિશામ, ભા-૧, પૃ. ૨૮૮-૨૮૯) આ જ પ્રસંગ છે જેની આ સૂરઃના બીજા ભાગમાં સમીક્ષા કરવામાં આવી છે. તેના વિષયોનો ક્રમ આ છે –

આ.૮ થી ૧૦ સુધી સત્યનો ઇન્કાર કરનારાઓને (તેમના ખરાબ અંજામથી) ચેતવવામાં આવ્યા છે. આ.૧૧ થી ૨૬ સુધી વલીદ બિન મુગીરાનું નામ લીધા વિના એ બતાવવામાં આવ્યું છે કે અલ્લાહે આ માણસને કેટલી કૃપાઓ પ્રદાન કરી હતી અને તેનો જવાબ તેણે સત્યના વિરોધના રૂપમાં આપ્યો છે. પોતાના આ કરતૂકો પછી પણ આ માણસ ઇચ્છે છે કે તેને ઇનામ આપવામાં આવે, જ્યારે કે હવે આ ઇનામને નહીં, બલ્કે નર્કને પાત્ર બની ચૂક્યો છે. તે પછી આ.૨૭ થી ૪૮ સુધી નર્કની ભયાનકતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને એ બતાવવામાં આવ્યું છે કે કેવા નૈતિક આધાર અને ચરિત્રના લોકો તેના હક્કદાર છે. પછી આ.૪૯ થી ૫૩માં કાફિરોના રોષનું ખરું મૂળ બતાવી દેવામાં આવ્યું છે કે તેઓ પરલોકથી નિર્ભય છે તેથી તેઓ કુર્આનથી ભાગે છે અને ઈમાન માટે જાત-જાતની અનુચિત શરતો મૂકે છે. અંતે સ્પષ્ટપણે કહી દેવામાં આવ્યું છે કે અલ્લાહને કોઈના ઈમાનની કોઈ જરૂર નથી પડી ગઈ કે તે તેની શરતો પૂરી કરતો રહે. કુર્આન સામાન્ય લોકો માટે એક ઉપદેશ છે જે સૌના સામે પ્રસ્તુત કરી દેવામાં આવ્યો છે. હવે જેનું મન ચાહે તેને સ્વીકારી લે.

اٰیاتہا ۵۶ ﴿۷۴﴾ سُوْرَۃُ الْمُدَّثِّرِ مَکِّیَّۃٌ ﴿۴﴾ رکوعاتہا ۲

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰٓاَيُّهَا الْمُدَّثِّرُ ۝۱ قُمْ فَاَنْذِرْ ۝۲ وَرَبَّكَ فَكَبِّرْ ۝۳
وَثِيَابَكَ فَطَهِّرْ ۝۴ وَالرُّجْزَ فَاهْجُرْ ۝۵ وَلَا تَمْنُنْ
تَسْتَكْثِرُ ۝۶ وَلِرَبِّكَ فَاصْبِرْ ۝۷ فَاِذَا نُقِرَ فِي النَّاقُوْرِ ۝۸
فَذٰلِكَ يَوْمَئِذٍ يَّوْمٌ عَسِيْرٌ ۝۹ عَلَى الْكٰفِرِيْنَ غَيْرُ
يَسِيْرٍ ۝۱۰ ذَرْنِيْ وَمَنْ خَلَقْتُ وَحِيْدًا ۝۱۱ وَّجَعَلْتُ
لَهٗ مَالًا مَّمْدُوْدًا ۝۱۲ وَّبَنِيْنَ شُهُوْدًا ۝۱۳ وَّمَهَّدْتُّ لَهٗ
تَمْهِيْدًا ۝۱۴ ثُمَّ يَطْمَعُ اَنْ اَزِيْدَ ۝۱۵ كَلَّا ؕ اِنَّهٗ
كَانَ لِاٰيٰتِنَا عَنِيْدًا ۝۱۶ سَاُرْهِقُهٗ صَعُوْدًا ۝۱۷ اِنَّهٗ
فَكَّرَ وَقَدَّرَ ۝۱۸ فَقُتِلَ كَيْفَ قَدَّرَ ۝۱۹ ثُمَّ قُتِلَ كَيْفَ
قَدَّرَ ۝۲۰ ثُمَّ نَظَرَ ۝۲۱ ثُمَّ عَبَسَ وَبَسَرَ ۝۲۲ ثُمَّ اَدْبَرَ وَ
اسْتَكْبَرَ ۝۲۳ فَقَالَ اِنْ هٰذَآ اِلَّا سِحْرٌ يُّؤْثَرُ ۝۲۴ اِنْ
هٰذَآ اِلَّا قَوْلُ الْبَشَرِ ۝۲۵ سَاُصْلِيْهِ سَقَرَ ۝۲۶ وَمَآ
اَدْرٰىكَ مَا سَقَرُ ۝۲۷ لَا تُبْقِيْ وَلَا تَذَرُ ۝۲۸ لَوَّاحَةٌ
لِّلْبَشَرِ ۝۲۹ عَلَيْهَا تِسْعَةَ عَشَرَ ۝۳۰ وَمَا جَعَلْنَآ اَصْحٰبَ
النَّارِ اِلَّا مَلٰٓئِكَةً ۙ وَّمَا جَعَلْنَا عِدَّتَهُمْ اِلَّا
فِتْنَةً لِّلَّذِيْنَ كَفَرُوْا ۙ لِيَسْتَيْقِنَ الَّذِيْنَ اُوْتُوا
الْكِتٰبَ وَيَزْدَادَ الَّذِيْنَ اٰمَنُوْٓا اِيْمَانًا وَّلَا يَرْتَابَ

(૭૪) સૂરઃ અલ-મુદસ્સિર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૫૬)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. હે ઓઢી-લપેટીને સૂઈ જનારા !
૨-૩. ઊઠો અને સચેત કરો ! અને પોતાના રબની મહાનતાની ઘોષણા કરો.
૪-૫. અને પોતાના કપડાં સ્વચ્છ રાખો, અને ગંદકીથી દૂર રહો
૬. અને ઉપકાર ન કરો વધુ પ્રાપ્ત કરવા માટે.
૭. અને પોતાના રબ (પ્રભુ) કાજે ધૈર્ય રાખો.
૮. ભલે, જ્યારે રણશિંગામાં ફૂંક મારવામાં આવશે,
૯. તે દિવસ ખૂબ જ ભારે દિવસ હશે,
૧૦. ઈન્કાર કરનારાઓ માટે હળવો નહીં હોય.
૧૧. છોડી દો મને અને તે વ્યક્તિને જેને મેં એકલો જ પેદા કર્યો,
૧૨-૧૩. ખૂબ ધન તેને આપ્યું, તેના સાથે હાજર રહેનાર પુત્રો આપ્યા,
૧૪. અને તેના માટે સત્તાનો માર્ગ અનુકૂળ કર્યો,
૧૫. પછી તે લાલચ રાખે છે કે હું તેને હજુ વધારે આપું.
૧૬. કદાપિ નહીં, તે અમારી આયતો સાથે વેર રાખે છે.
૧૭. હું તો તેને ટૂંક સમયમાં જ એક કઠણ ચઢાણ ચઢાવીશ.
૧૮. તેણે વિચાર્યું અને કંઈક વાત બનાવવાની કોશિશ કરી.
૧૯. તો અલ્લાહની માર તેના પર ! કેવી વાત બનાવવાની કોશિશ કરી.
૨૦. હા, અલ્લાહની માર, તેના પર ! કેવી વાત બનાવવાની કોશિશ કરી.
૨૧. પછી (લોકો તરફ) જોયું.
૨૨. પછી કપાળ પર વળ ચઢાવ્યા અને મોઢું બગાડ્યું.
૨૩. પછી પાછો ફર્યો અને ઘમંડમાં પડી ગયો.
૨૪. છેવટે બોલ્યો કે આ કંઈ નથી, પરંતુ એક જાદુ, જે પહેલાંથી ચાલ્યો આવે છે,
૨૫. આ તો એક મનુષ્યની વાણી છે.
૨૬. ટૂંક સમયમાં જ હું તેને દોજખ (નર્ક)માં ઝોંકી દઈશ.
૨૭. અને તમે શું જાણો કે શું છે તે દોજખ ?
૨૮. ન બાકી રાખે, ન છોડે.
૨૯. ચામડી બાળી મૂકનારી.
૩૦. ઓગણીસ કાર્યકર્તાઓ તેના પર નિયુક્ત છે —
૩૧. અમે દોજખના આ કાર્યકર્તાઓ ફરિશ્તાઓને બનાવ્યા છે અને તેમની સંખ્યા ઈન્કાર કરનારાઓ માટે અજમાયશ બનાવી દીધી છે, જેથી ગ્રંથવાળાઓને વિશ્વાસ આવી જાય અને ઈમાન લાવનારાઓના ઈમાનમાં વૃદ્ધિ થાય, અને

الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ وَالْمُؤْمِنُوْنَ ۙ وَلِيَقُوْلَ الَّذِيْنَ
فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ وَّالْكٰفِرُوْنَ مَاذَآ اَرَادَ اللّٰهُ
بِهٰذَا مَثَلًا ؕ كَذٰلِكَ يُضِلُّ اللّٰهُ مَنْ يَّشَآءُ وَ
يَهْدِيْ مَنْ يَّشَآءُ ؕ وَمَا يَعْلَمُ جُنُوْدَ رَبِّكَ اِلَّا
ع ۱۵ هُوَ ؕ وَمَا هِيَ اِلَّا ذِكْرٰى لِلْبَشَرِ ﴿۳۱﴾ كَلَّا وَالْقَمَرِ ﴿۳۲﴾
وَالَّيْلِ اِذْ اَدْبَرَ ﴿۳۳﴾ وَالصُّبْحِ اِذَآ اَسْفَرَ ﴿۳۴﴾ اِنَّهَا لَاِحْدَى
الْكُبَرِ ﴿۳۵﴾ نَذِيْرًا لِّلْبَشَرِ ﴿۳۶﴾ لِمَنْ شَآءَ مِنْكُمْ اَنْ
يَّتَقَدَّمَ اَوْ يَتَاَخَّرَ ﴿۳۷﴾ كُلُّ نَفْسٍۢ بِمَا كَسَبَتْ رَهِيْنَةٌ ﴿۳۸﴾
معٰ عند المتقدمین ۱۱ اِلَّآ اَصْحٰبَ الْيَمِيْنِ ﴿۳۹﴾ فِيْ جَنّٰتٍ ۛ يَتَسَآءَلُوْنَ ﴿۴۰﴾ عَنِ
الْمُجْرِمِيْنَ ﴿۴۱﴾ مَا سَلَكَكُمْ فِيْ سَقَرَ ﴿۴۲﴾ قَالُوْا لَمْ
نَكُ مِنَ الْمُصَلِّيْنَ ﴿۴۳﴾ وَلَمْ نَكُ نُطْعِمُ الْمِسْكِيْنَ ﴿۴۴﴾
وَكُنَّا نَخُوْضُ مَعَ الْخَآئِضِيْنَ ﴿۴۵﴾ وَكُنَّا نُكَذِّبُ
بِيَوْمِ الدِّيْنِ ﴿۴۶﴾ حَتّٰىٓ اَتٰىنَا الْيَقِيْنُ ﴿۴۷﴾ فَمَا
تَنْفَعُهُمْ شَفَاعَةُ الشّٰفِعِيْنَ ﴿۴۸﴾ فَمَا لَهُمْ عَنِ
التَّذْكِرَةِ مُعْرِضِيْنَ ﴿۴۹﴾ كَاَنَّهُمْ حُمُرٌ مُّسْتَنْفِرَةٌ ﴿۵۰﴾ فَرَّتْ
مِنْ قَسْوَرَةٍ ﴿۵۱﴾ بَلْ يُرِيْدُ كُلُّ امْرِئٍ مِّنْهُمْ اَنْ
يُّؤْتٰى صُحُفًا مُّنَشَّرَةً ﴿۵۲﴾ كَلَّا ؕ بَلْ لَّا يَخَافُوْنَ
الْاٰخِرَةَ ﴿۵۳﴾ كَلَّآ اِنَّهٗ تَذْكِرَةٌ ﴿۵۴﴾ فَمَنْ شَآءَ ذَكَرَهٗ ﴿۵۵﴾
منزل ۷ وَمَا يَذْكُرُوْنَ اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ ؕ هُوَ اَهْلُ التَّقْوٰى
وَاَهْلُ الْمَغْفِرَةِ ﴿۵۶﴾

ગ્રંથવાળા તથા ઈમાનવાળાઓ કોઈ શંકામાં ન રહે, અને હૃદયના રોગીઓ અને ઈન્કાર કરનારાઓ એમ કહે કે અલ્લાહનો આ અજબ વાતથી શું આશય હોઈ શકે છે. આમ, અલ્લાહ જેને ચાહે છે પથભ્રષ્ટ કરી દે છે અને જેને ચાહે છે સન્માર્ગ દેખાડી દે છે અને તારા રબના લશ્કરોને સ્વયં તેના સિવાય કોઈ જાણતું નથી- અને આ દોજખનો ઉલ્લેખ એ સિવાય બીજા કોઈ હેતુથી કરવામાં આવ્યો નથી કે લોકોને એનાથી બોધ મળે. (રકૂઅ-૧)

૩૨-૩૩. કદાપિ નહીં, સોગંદ છે ચંદ્રના ! અને રાત્રિના, જ્યારે તે પાછી ફરે છે

૩૪. અને પ્રભાતના, જ્યારે તે પ્રકાશિત થાય છે,

૩૫. આ દોજખ પણ મોટી વસ્તુઓમાંથી એક છે,

૩૬. મનુષ્યો માટે ચેતવણી, તમારામાંથી તે દરેકને માટે ચેતવણી

૩૭. જે આગળ વધવા ચાહે અથવા પાછળ રહી જવા માગે.

૩૮. દરેક વ્યક્તિ પોતાની કમાણી સામે ગીરો છે.

૩૯. જમણી બાજુવાળાઓ સિવાય

૪૦-૪૧. જેઓ જન્નતોમાં હશે. તેઓ અપરાધીઓને પૂછશે

૪૨. ''તમને કઈ વસ્તુ દોજખમાં લઈ ગઈ ?''

૪૩. તેઓ કહેશે, ''અમે નમાઝ પઢનારાઓમાંથી ન હતા,

૪૪. અને ગરીબોને ભોજન કરાવતા ન હતા,

૪૫. અને સત્યના વિરુધ્ધ વાતો બનાવનારાઓના સાથે મળીને અમે પણ વાતો બનાવવા લાગતા હતા,

૪૬. અને બદલાના દિવસને ખોટું ઠેરવતા હતા,

૪૭. ત્યાં સુધી કે તે નિશ્ચિત વસ્તુનો અમારે સામનો કરવો પડ્યો.''

૪૮. તે વખતે ભલામણ કરનારાઓની કોઈ ભલામણ તેમના કોઈ કામમાં નહીં આવે.

૪૯. છેવટે આ લોકોને થઈ શું ગયું છે કે તેઓ આ ઉપદેશથી મોઢું ફેરવી રહ્યા છે,

૫૦-૫૧. જાણે આ લોકો જંગલી ગધેડાં છે ! જે સિંહથી ડરીને ભાગી નીકળ્યા છે.

૫૨. બલ્કે આમનામાંથી દરેક એવું ઇચ્છે છે કે તેના નામે ખુલ્લા પત્રો મોકલવામાં આવે.

૫૩. કદાપિ નહીં, ખરી વાત એ છે કે આ લોકો આખિરત (પરલોક)નો ભય રાખતા નથી.

૫૪. કદાપિ નહીં, આ તો એક ઉપદેશ છે,

૫૫. હવે જેનું મન ચાહે એનાથી બોધ પ્રાપ્ત કરી લે.

૫૬. અને આ લોકો કોઈ બોધ પ્રાપ્ત કરશે નહીં સિવાય કે અલ્લાહ જ આવું ચાહે. તે આનો હકદાર છે કે તેનો ડર રાખવામાં આવે અને તે એને યોગ્ય છે કે (ડરવાવાળાઓને) ક્ષમા કરી દે. (રુકૂઅ-૨)

(૭૫) અલ-કિયામહ

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'અલ-કિયામહ'ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે અને આ માત્ર નામ જ નથી, બલ્કે આ સૂરઃનું શીર્ષક પણ છે, કેમ કે આમાં કયામત (મહાપ્રલય પછી પુનર્જીવન) અંગે જ ચર્ચા કરવામાં આવી છે.

ઉતરાણકાળ :

આના વિષયમાં એક આંતરિક પુરાવો એવો મોજૂદ છે જેના પરથી જણાય છે કે આ તદ્દન આરંભિક તબક્કામાં ઊતરેલી સૂરઃઓ પૈકી છે. આયત ૧૫ પછી એકાએક વાતનો ક્રમ તોડીને અલ્લાહના રસૂલ સલ્લ.ને વહી ગ્રહણ કરવા વિશે કેટલાક આદેશો આપવામાં આવ્યા છે. આયત ૧૬ થી લઈને આયત ૧૯ સુધીનું આ વધારાનું પ્રયોજિત વાક્ય પોતાના સંદર્ભ અને પ્રસંગની દૃષ્ટિએ પણ અને રિવાયતો અનુસાર પણ એ કારણસર વાતના વચ્ચે આવ્યું છે કે જે વખતે હઝરત જિબ્રઈલ (અલૈ.) આ સૂરઃ નબી (સલ્લ.)ને સંભળાવી રહ્યા હતા, તે વખતે આપ એ આશંકાથી કે ક્યાંક પછીથી ભૂલી ન જાય, તેના શબ્દો પોતાની મુબારક (શુભ) જબાનથી દોહરાવતા જઈ રહ્યા હતા. તેનાથી એવું જણાય છે કે આ પ્રસંગ તે સમયનો છે જ્યારે આપ (સલ્લ.)ને વહીના અવતરણનો નવો-નવો અનુભવ થઈ રહ્યો હતો અને હજુ આપ (સલ્લ.)ને વહી ગ્રહણ કરવાની ટેવ સારી રીતે પડી ન હતી. કુર્આન-મજીદમાં આના બે દૃષ્ટાંતો બીજા પણ મળે છે. એક, સૂરઃ તાહા (આ.૧૧૪)માં, અને બીજું સૂરઃ આ'લા (આ.૬)માં. પછી જ્યારે નબી (સલ્લ.)ને વહી ગ્રહણ કરવાનો સારો મહાવરો પડી ગયો તો આ પ્રકારના આદેશો આપવાની કોઈ આવશ્યકતા રહી નહીં. તેથી જ કુર્આનમાં આ ત્રણ જગ્યાઓ સિવાય આનું બીજું કોઈ દૃષ્ટાંત મળતું નથી.

વિષય અને ચર્ચા :

અહીંથી કુર્આનના અંત સુધી જે સૂરઃઓ જોવા મળે છે, તેમાંથી મોટાભાગની પોતાના વિષય અને વર્ણન-શૈલીથી તે જમાનામાં અવતરિત થયેલી જણાય છે, જ્યારે સૂરઃ અલ-મુદ્દસ્સિરની શરૂઆતની આયતો પછી કુર્આનના અવતરણનો ક્રમ વર્ષાની જેમ શરૂ થઈ ગયો હતો. આ સૂરઃમાં આખિરત (પરલોક)ના ઇન્કાર કરનારાઓને સંબોધીને તેમના એક-એક વાંધા અને એક-એક સંદેહનો જવાબ આપવામાં આવ્યો છે. ખૂબ મજબૂત દલીલો

સાથે કયામત અને આખિરતની સંભાવના, તેના અનિવાર્યતઃ ઘટિત થવાના પુરાવાઓ આપવામાં આવ્યા છે અને એ પણ સ્પષ્ટપણે બતાવી દેવામાં આવ્યું છે કે જે લોકો આખિરતનો ઈન્કાર કરે છે, તેમના ઈન્કારનું મૂળ કારણ એ નથી કે તેમની બુદ્ધિ તેને અસંભવ સમજે છે, બલ્કે તેનું અસલ પ્રેરક એ છે કે તેમની મનેચ્છાઓ તેને માનવા નથી માગતી. તે સાથે લોકોને સાવધાન કરી દેવામાં આવ્યા છે કે જે સમયના આવવાનો તમે ઈન્કાર કરી રહ્યા છો, તે આવીને રહેશે, તમારું બધું કર્યું-કરાવ્યું તમારા સામે લાવીને મૂકી દેવામાં આવશે અને વાસ્તવમાં તો પોતાની કર્મનોંધ જોયા પહેલાં તમારામાંથી દરેક માણસને સ્વયં ખબર હશે કે તે દુનિયામાં શું કરીને આવ્યો છે.

اٰیَاتُهَا ٤٠ — (٧٥) سُوْرَةُ الْقِيٰمَةِ مَكِّيَّةٌ (٣١) — رُكُوْعَاتُهَا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

لَآ اُقْسِمُ بِيَوْمِ الْقِيٰمَةِ ۝١ وَلَآ اُقْسِمُ بِالنَّفْسِ
اللَّوَّامَةِ ۝٢ اَيَحْسَبُ الْاِنْسَانُ اَلَّنْ نَّجْمَعَ عِظَامَهٗ ۝٣
بَلٰى قٰدِرِيْنَ عَلٰٓى اَنْ نُّسَوِّيَ بَنَانَهٗ ۝٤ بَلْ يُرِيْدُ
الْاِنْسَانُ لِيَفْجُرَ اَمَامَهٗ ۝٥ يَسْئَلُ اَيَّانَ يَوْمُ الْقِيٰمَةِ ۝٦
فَاِذَا بَرِقَ الْبَصَرُ ۝٧ وَخَسَفَ الْقَمَرُ ۝٨ وَجُمِعَ الشَّمْسُ
وَالْقَمَرُ ۝٩ يَقُوْلُ الْاِنْسَانُ يَوْمَئِذٍ اَيْنَ الْمَفَرُّ ۝١٠
كَلَّا لَا وَزَرَ ۝١١ اِلٰى رَبِّكَ يَوْمَئِذِ ِالْمُسْتَقَرُّ ۝١٢
يُنَبَّؤُا الْاِنْسَانُ يَوْمَئِذٍۭ بِمَا قَدَّمَ وَاَخَّرَ ۝١٣ بَلِ
الْاِنْسَانُ عَلٰى نَفْسِهٖ بَصِيْرَةٌ ۝١٤ وَّلَوْ اَلْقٰى مَعَاذِيْرَهٗ ۝١٥
لَا تُحَرِّكْ بِهٖ لِسَانَكَ لِتَعْجَلَ بِهٖ ۝١٦ اِنَّ عَلَيْنَا جَمْعَهٗ
وَقُرْاٰنَهٗ ۝١٧ فَاِذَا قَرَاْنٰهُ فَاتَّبِعْ قُرْاٰنَهٗ ۝١٨ ثُمَّ اِنَّ
عَلَيْنَا بَيَانَهٗ ۝١٩ كَلَّا بَلْ تُحِبُّوْنَ الْعَاجِلَةَ ۝٢٠ وَتَذَرُوْنَ
الْاٰخِرَةَ ۝٢١ وُجُوْهٌ يَّوْمَئِذٍ نَّاضِرَةٌ ۝٢٢ اِلٰى رَبِّهَا
نَاظِرَةٌ ۝٢٣ وَوُجُوْهٌ يَّوْمَئِذٍۭ بَاسِرَةٌ ۝٢٤ تَظُنُّ اَنْ
يُّفْعَلَ بِهَا فَاقِرَةٌ ۝٢٥ كَلَّآ اِذَا بَلَغَتِ التَّرَاقِيَ ۝٢٦

(૭૫) સૂરઃ અલ-કિયામહ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૪૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. નહીં, હું સોગંદ ખાઉં છું કયામતના દિવસના !

૨. અને નહીં, હું સોગંદ ખાઉં છું ઠપકો આપનાર અંતરાત્માના !

૩. શું મનુષ્ય એમ સમજે છે કે અમે તેના હાડકાંને એકત્રિત કરી નહીં શકીએ?

૪. શા માટે નહીં ? અમે તો તેના આંગળાના ટેરવા સુધ્ધાં બરાબર બનાવી દેવાનું સામર્થ્ય ધરાવીએ છીએ.

૫. પરંતુ મનુષ્ય એમ ઇચ્છે છે કે આગળ પણ દુરાચાર કરતો રહે.

૬. પૂછે છે, ''છેવટે કયારે આવવાનો છે તે કયામતનો દિવસ ?''

૭-૮. પછી જ્યારે આંખો પથરાઈ જશે અને ચંદ્ર પ્રકાશહીન થઈ જશે

૯. અને સૂર્ય અને ચંદ્રને મેળવીને એક કરી દેવામાં આવશે

૧૦. તે વખતે આ જ મનુષ્ય કહેશે, ''કયાં ભાગીને જાઉં ?''

૧૧. કદાપિ નહીં, ત્યાં કોઈ શરણ લેવાનું સ્થાન નહીં હોય,

૧૨. તે દિવસે તારા રબ (પ્રભુ)ના જ સામે જઈને થોભવું પડશે.

૧૩. તે દિવસે મનુષ્યને તેનું સઘળું આગળ-પાછળનું કર્યું-કરાવ્યું બતાવી દેવામાં આવશે.

૧૪. બલ્કે મનુષ્ય સ્વયં જ પોતાની જાતને સારી રીતે જાણે છે,

૧૫. ભલે તે ગમે તેટલા બહાના રજૂ કરે –

૧૬. હે પયગંબર ! આ વહી (દિવ્ય પ્રકાશના)ને જલ્દી-જલ્દી યાદ કરી લેવા માટે પોતાની જીભ હલાવો નહીં,

૧૭. આને યાદ કરાવી દેવું અને પઢાવી દેવું અમારા શિરે છે,

૧૮. તેથી જ્યારે અમે આને પઢી રહ્યા હોઈએ ત્યારે આના પઢવાને ધ્યાનપૂર્વક સાંભળતા રહો,

૧૯. પછી આનો અર્થ સમજાવી દેવો પણ અમારા શિરે છે –

૨૦. કદાપિ નહીં, મૂળ વાત એ છે કે તમે લોકો તત્કાળ પ્રાપ્ત થનારી વસ્તુ (અર્થાત્ દુનિયા–આલોક)થી પ્રેમ રાખો છો

૨૧. અને આખિરત (પરલોક)ને ત્યજી દો છો.

૨૨. તે દિવસે કેટલાક ચહેરા તાજગીભર્યા અને પ્રફુલ્લિત હશે,

૨૩. પોતાના રબ તરફ જોઈ રહ્યા હશે.

૨૪. અને કેટલાક ચહેરા ઉદાસ હશે

૨૫. અને સમજી રહ્યા હશે કે તેમના સાથે કેડ ભાંગી નાખે તેવું વર્તન થવાનું છે.

૨૬. કદાપિ નહીં, જ્યારે જીવ ગળા સુધી પહોંચી જશે,

وَ قِيْلَ مَنْ ٜ رَاقٍ ﴿۲۷﴾ۙ وَّ ظَنَّ اَنَّهُ الْفِرَاقُ ﴿۲۸﴾ۙ وَ
الْتَفَّتِ السَّاقُ بِالسَّاقِ ﴿۲۹﴾ۙ اِلٰى رَبِّكَ يَوْمَئِذِ ِۨ
الْمَسَاقُ ﴿۳۰﴾ؕ۬ فَلَا صَدَّقَ وَ لَا صَلّٰى ﴿۳۱﴾ۙ وَ لٰكِنْ كَذَّبَ وَ تَوَلّٰى ﴿۳۲﴾ۙ
ثُمَّ ذَهَبَ اِلٰۤى اَهْلِهٖ يَتَمَطّٰى ﴿۳۳﴾ؕ اَوْلٰى لَكَ فَاَوْلٰى ﴿۳۴﴾ۙ ثُمَّ اَوْلٰى
لَكَ فَاَوْلٰى ﴿۳۵﴾ؕ اَيَحْسَبُ الْاِنْسَانُ اَنْ يُّتْرَكَ سُدًى ﴿۳۶﴾ؕ
اَلَمْ يَكُ نُطْفَةً مِّنْ مَّنِيٍّ يُّمْنٰى ﴿۳۷﴾ۙ ثُمَّ كَانَ عَلَقَةً
فَخَلَقَ فَسَوّٰى ﴿۳۸﴾ۙ فَجَعَلَ مِنْهُ الزَّوْجَيْنِ الذَّكَرَ وَ
الْاُنْثٰى ﴿۳۹﴾ؕ اَلَيْسَ ذٰلِكَ بِقٰدِرٍ عَلٰۤى اَنْ يُّحْيِۦَ الْمَوْتٰى ﴿۴۰﴾ع

منزل ۷

૨૭. અને કહેવામાં આવશે કે છે કોઈ મંત્ર-તંત્ર કરવાવાળો,
૨૮. અને માણસ સમજી લેશે કે આ દુનિયાથી જુદાઈનો સમય છે,
૨૯. અને પિંડી સાથે પિંડી જોડાઈ જશે,
૩૦. તે દિવસ હશે તારા રબ તરફ પ્રસ્થાનનો. (રુકૂઅ-૧)
૩૧. પરંતુ તેણે ન સાચું માન્યું, ન નમાઝ પઢી,
૩૨. બલ્કે ખોટું ઠેરવ્યું અને મોઢું ફેરવી ગયો,
૩૩. પછી અકડાઈ કરતો પોતાના કુટુંબીજનો તરફ ચાલી નીકળ્યો.
૩૪. આ વર્તણૂક તારા જ માટે યોગ્ય છે, અને તને જ શોભે છે.
૩૫. હા, આ વર્તણૂક તારા જ માટે યોગ્ય છે, અને તને જ શોભે છે.
૩૬. શું મનુષ્યએ એમ સમજી લીધું છે કે તેને આમ જ નિરર્થક છોડી દેવામાં આવશે ?
૩૭. શું તે એક તુચ્છ પાણીનું વીર્ય ન હતો જે (માતાના ગર્ભાશયમાં) ટપકાવવામાં આવે છે ?
૩૮. પછી તે એક માંસનો લોચો બન્યો, પછી અલ્લાહે તેનું શરીર બનાવ્યું અને તેના અંગો સપ્રમાણ કર્યાં,
૩૯. પછી તેના વડે પુરુષ અને સ્ત્રીની બે જાતો બનાવી.
૪૦. શું તે એવું કરવા માટે સમર્થ નથી કે મૃત્યુ પામેલાઓને પુનઃ સજીવન કરી દે ? (રુકૂઅ-૨)

(૭૬) અદ્-દહ્ર

પરિચય

નામ :

આ સૂરઃનું નામ 'અદ્-દહ્ર' (કાળ) પણ છે અને 'અલ-ઈન્સાન' (મનુષ્ય) પણ. બંને નામ પ્રથમ આયતના શબ્દો 'હલ અતા અલલ્ ઇન્સાનિ' અને 'હીનુમ્ -મિનદ્ દહ્ર' થી લેવામાં આવ્યા છે.

ઉતરાણકાળ :

મોટાભાગના વિવરણકર્તાઓ આને મક્કી ગણે છે. પરંતુ કેટલાક વિવરણકર્તાઓ સમગ્ર સૂરઃને મદની કહે છે અને કેટલાકનું કથન એ છે કે આ સૂરઃ છે તો મક્કી, પરંતુ આ. ૮ થી ૧૦ મદીનામાં અવતરિત થઈ છે. જ્યાં સુધી આ સૂરઃના વિષયો અને વર્ણન-શૈલીનો સંબંધ છે, તે મદની સૂરઃના વિષયો અને વર્ણન-શૈલીથી ખૂબ ભિન્ન છે, બલ્કે તેના પર વિચારતાં તો સ્પષ્ટ જણાય છે કે આ સૂરઃ ન માત્ર મક્કી છે, બલ્કે મક્કાના પણ તે તબક્કામાં ઊતરી છે જે સૂરઃ મુદસ્સિરની શરૂની સાત આયતો પછી શરૂ થયો હતો.

વિષય અને ચર્ચા :

આ સૂરઃનો વિષય મનુષ્યને દુનિયામાં તેની સાચી હેસિયતથી માહિતગાર કરવાનો છે અને એ બતાવવાનો છે કે જો તે પોતાની આ સ્થિતિને બરાબર સમજીને કૃતજ્ઞતા (શુક્ર)નું વલણ અપનાવે તો તેનું પરિણામ શું હશે અને કુફ્ર (ઇન્કાર)ના માર્ગ પર ચાલે તો તેને કેવું પરિણામ ભોગવવું પડશે. આમાં સૌપ્રથમ મનુષ્યને યાદ દેવડાવવામાં આવ્યું છે કે એક સમય એવો હતો જ્યારે તે કંઈ ન હતો, પછી એક મિશ્રિત વીર્યથી તેની એવી તુચ્છ શરૂઆત કરવામાં આવી, જે આગળ જઈને આ ધરતી ઉપર 'સર્વશ્રેષ્ઠ સર્જન' બન્યો. તે પછી મનુષ્યને સાવધાન કરવામાં આવ્યો છે કે અમે (તને) દુનિયામાં મોકલીને તારી પરીક્ષા લેવા ઇચ્છીએ છીએ. તેથી અન્ય સર્જનોથી વિપરીત તને સમજ-બૂઝ રાખવાવાળો બનાવવામાં આવ્યો અને તારા સામે શુક્ર (કૃતજ્ઞતા) અને કુફ્ર (ઇન્કાર, અપકાર)ના બંને માર્ગો ખોલીને મૂકી દેવામાં આવ્યા. જેથી અહીં કામ કરવાનો જે સમય તને આપવામાં આવ્યો છે તેમાં તું દર્શાવી દે કે આ પરીક્ષાથી તું શુક્રગુજાર (કૃતજ્ઞ) બંદો બનીને બહાર નીકળીશ કે કાફિર (કૃતઘ્ન, અપકારી) બનીને. પછી માત્ર એક આયતમાં સ્પષ્ટ રૂપે બતાવી દેવામાં આવ્યું છે કે જે લોકો આ પરીક્ષામાં કાફિર (કૃતઘ્ન અને અપકારી) બનીને નીકળશે તેમને આખિરત (પરલોક)માં શું પરિણામ જોવું પડશે. તે પછી આયત ૫ થી ૨૨ સુધી સળંગ તે ઇનામોનું વિવરણ આપવામાં આવ્યું છે જેને તે લોકો પોતાના

રબ (માલિક)ને ત્યાં મેળવશે જેમણે અહીં બંદગીનો હક અદા કર્યો છે. આ આયતોમાં માત્ર તેમનાં શ્રેષ્ઠ વળતરને જ દર્શાવવા પર જ સંતોષ માનવામાં આવ્યો નથી, બલ્કે ટૂંકમાં એ પણ બતાવવામાં આવ્યું છે કે તેમના તે કયા કર્મો છે જેના કારણે તેઓ આ બદલાના હક્કદાર બનશે. આ પછી આયત ૨૩ થી સૂરઃના અંત સુધી અલ્લાહના રસૂલ (સલ્લ.)ને ઉદ્દેશીને ત્રણ વાતો કહેવામાં આવી છે. એક એ કે વાસ્તવમાં તે અમે જ છીએ, જે આ કુર્આનને થોડું-થોડું કરીને તમારા ઉપર ઉતારી રહ્યા છીએ અને તેનો હેતુ આપ (સલ્લ.)ને નહીં, પરંતુ કાફિરો (ઇન્કાર કરનારાઓ)ને સચેત કરવાનો છે કે આ કુર્આન મુહમ્મદ (સલ્લ.) પોતે પોતાના મનથી ઘડી રહ્યા નથી, બલ્કે તેને ઉતારનાર 'અમે' છીએ અને અમારી તત્ત્વદર્શિતા જ તેનો તકાદો કરે છે કે એને એકી સાથે નહીં, બલ્કે થોડું-થોડું કરીને ઉતારીએ. બીજી વાત એ કે ધૈર્ય સાથે પોતાનો સંદેશ પહોંચાડવાનું કર્તવ્ય નિભાવ્યે જાઓ અને કદી તે દુરાચારી અને સત્યનો ઇન્કાર કરનારા લોકોમાંથી કોઈના દબાણમાં ન આવો. ત્રીજી એ કે રાત-દિવસ અલ્લાહનું સ્મરણ કરો, નમાઝ પઢો અને રાત્રિઓ અલ્લાહની બંદગીમાં વિતાવો, કેમ કે આ જ તે વસ્તુ છે જેનાથી કુફ્ર (અધર્મ)ના અતિક્રમણના સામે અલ્લાહ તરફ બોલાવનારાઓને સ્થિરતા અને મક્કમતા પ્રાપ્ત થાય છે. પછી એક વાક્યમાં ઇસ્લામ-વિરોધીઓના ખોટા વલણનું મૂળ કારણ બતાવવામાં આવ્યું છે કે તેઓ આખિરત (પરલોક)ને ભૂલીને દુનિયા (આલોક) પર મોહી પડ્યા છે અને બીજા વાક્યમાં તેમને ચેતવવામાં આવ્યા છે કે તમે સ્વયં બની ગયા નથી, અમે તમને બનાવ્યા છે અને એ વાત કે હર-હંમેશ અમારા સામર્થ્યમાં છે કે જે કંઈ અમે તમારા સાથે કરવા માગીએ, કરી શકીએ છીએ. અંતમાં સંબોધન તે વાત પર સમાપ્ત કરવામાં આવ્યું છે કે આ એક ઉપદેશની વાત છે, હવે જેનું મન ચાહે તેને સ્વીકારીને પોતાના રબ (પ્રભુ)નો માર્ગ અપનાવી લે. પરંતુ દુનિયામાં મનુષ્યની ઇચ્છા પૂરી થઈ શકતી નથી જ્યાં સુધી અલ્લાહ ન ચાહે અને અલ્લાહની ઇચ્છા અંધાધૂંધ નથી. તે જે કંઈ પણ ચાહે છે, પોતાના જ્ઞાન અને પોતાની તત્ત્વદર્શિતાના આધારે ચાહે છે. આ જ્ઞાન અને તત્ત્વદર્શિતાના આધારે જેને તે પોતાની કૃપાનો હક્કદાર સમજે છે, તેને પોતાની કૃપામાં દાખલ કરી લે છે અને જેને તે અત્યાચારી જુએ છે તેના માટે પીડાકારી યાતનાની વ્યવસ્થા તેણે કરી રાખી છે.

اٰياتها ٣١ — (٧٦) سُوْرَةُ الدَّهْرِ مَدَنِيَّةٌ (٩٨) — رکوعاتها ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

هَلْ اَتٰى عَلَى الْاِنْسَانِ حِيْنٌ مِّنَ الدَّهْرِ لَمْ يَكُنْ
شَيْـًٔا مَّذْكُوْرًا (١) اِنَّا خَلَقْنَا الْاِنْسَانَ مِنْ نُّطْفَةٍ
اَمْشَاجٍ ۖۗ نَّبْتَلِيْهِ فَجَعَلْنٰهُ سَمِيْعًا بَصِيْرًا (٢) اِنَّا هَدَيْنٰهُ
السَّبِيْلَ اِمَّا شَاكِرًا وَّاِمَّا كَفُوْرًا (٣) اِنَّآ اَعْتَدْنَا
لِلْكٰفِرِيْنَ سَلٰسِلَا۟ وَاَغْلٰلًا وَّسَعِيْرًا (٤) اِنَّ الْاَبْرَارَ
يَشْرَبُوْنَ مِنْ كَاْسٍ كَانَ مِزَاجُهَا كَافُوْرًا (٥) ۚ عَيْنًا يَّشْرَبُ
بِهَا عِبَادُ اللّٰهِ يُفَجِّرُوْنَهَا تَفْجِيْرًا (٦) يُوْفُوْنَ
بِالنَّذْرِ وَيَخَافُوْنَ يَوْمًا كَانَ شَرُّهٗ مُسْتَطِيْرًا (٧) وَ
يُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا وَّيَتِيْمًا
وَّاَسِيْرًا (٨) اِنَّمَا نُطْعِمُكُمْ لِوَجْهِ اللّٰهِ لَا نُرِيْدُ مِنْكُمْ
جَزَآءً وَّلَا شُكُوْرًا (٩) اِنَّا نَخَافُ مِنْ رَّبِّنَا يَوْمًا
عَبُوْسًا قَمْطَرِيْرًا (١٠) فَوَقٰىهُمُ اللّٰهُ شَرَّ ذٰلِكَ الْيَوْمِ
وَلَقّٰىهُمْ نَضْرَةً وَّسُرُوْرًا (١١) ۚ وَجَزٰىهُمْ بِمَا صَبَرُوْا
جَنَّةً وَّحَرِيْرًا (١٢) ۙ مُّتَّكِـِٕيْنَ فِيْهَا عَلَى الْاَرَآئِكِ ۚ لَا
يَرَوْنَ فِيْهَا شَمْسًا وَّلَا زَمْهَرِيْرًا (١٣) ۚ وَدَانِيَةً
عَلَيْهِمْ ظِلٰلُهَا وَذُلِّلَتْ قُطُوْفُهَا تَذْلِيْلًا (١٤) وَ
يُطَافُ عَلَيْهِمْ بِاٰنِيَةٍ مِّنْ فِضَّةٍ وَّاَكْوَابٍ
كَانَتْ قَوَارِيْرَا۠ (١٥) ۙ قَوَارِيْرَا۠ مِنْ فِضَّةٍ قَدَّرُوْهَا

منزل ٧

قرء حفص بغير الالف في الوصل فيهما ووقف على الاول بالالف وعلى الثاني بغير الالف ١٢

(૭૬) સૂરઃ અદ્-દહ્ર

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૩૧)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. શું મનુષ્ય પર અનંતકાળનો એક સમય એવો પણ વિત્યો છે જ્યારે તે કોઈ ઉલ્લેખનીય વસ્તુ ન હતો ?

૨. અમે મનુષ્યને એક મિશ્રિત વીર્યના ટીપામાંથી પેદા કર્યો જેથી તેની પરીક્ષા લઈએ અને આ હેતુ માટે અમે તેને સાંભળવાવાળો અને જોવાવાળો બનાવ્યો.

૩. અમે તેને માર્ગ દેખાડી દીધો, પછી ચાહે કૃતજ્ઞતા દર્શાવનારો (શુક્ર કરનારો) બને કે ઇન્કાર (કુફ્ર) કરવાવાળો.

૪. ઇન્કાર કરનારાઓ માટે અમે બેડીઓ અને તોક અને ભડકે બળતી આગ તૈયાર કરી રાખ્યા છે.

૫. સદાચારી લોકો (જન્નતમાં) શરાબના એવા પ્યાલા પીશે જેમાં કપૂર-જળ ભેળવવામાં આવ્યું હશે,

૬. આ એક વહેતું ઝરણું હશે જેનાં પાણીની સાથે અલ્લાહના બંદાઓ શરાબ પીશે અને જ્યાં ચાહશે ત્યાં સરળતાથી તેની શાખાઓ કાઢી લેશે.

૭. આ તે લોકો હશે જેઓ (દુનિયામાં) નઝર★ પૂરી કરે છે, અને તે દિવસથી ડરે છે જેની આપત્તિ સર્વવ્યાપી હશે,

૮. અને અલ્લાહના પ્રેમમાં ગરીબો, અનાથો અને કેદીઓને ભોજન કરાવે છે

૯. (અને તેમને કહે છે કે) ''અમે તમને માત્ર અલ્લાહ માટે જ ભોજન કરાવી રહ્યા છીએ, અમે તમારા પાસે ન કોઈ બદલો માગીએ છીએ, ન આભાર-પ્રદર્શન,

૧૦. અમને તો પોતાના રબ (પ્રભુ)ની તે દિવસની યાતનાનો ડર લાગે છે જે સખત મુસીબતનો અત્યંત લાંબો દિવસ હશે.''

૧૧-૧૨. તો અલ્લાહ તેમને તે દિવસની મુસીબતથી બચાવી લેશે અને તેમને પ્રફુલ્લતા અને આનંદ પ્રદાન કરશે. અને તેમના સબ્ર (અલ્લાહના આજ્ઞા-પાલનમાં દૃઢતા)ના બદલામાં તેમને જન્નત અને રેશમી પોશાક પ્રદાન કરશે.

૧૩. ત્યાં તેઓ ઊંચી બેઠકો પર ગાવ-તકિયાને અઢેલીને બેસ્યા હશે. ન તેમને તડકાની ગરમી સતાવશે, ન શરદીની ટાઢ.

૧૪. જન્નતની છાયા તેમના ઉપર ઝૂકીને છાંયડો કરી રહી હશે, અને તેના ફળ હંમેશા તેમના વશમાં હશે (કે જે રીતે ઇચ્છે તેને તોડી લે.)

૧૫. તેમના આગળ ચાંદીના વાસણ અને કાચના પ્યાલા ફેરવવામાં આવી રહ્યા હશે,

૧૬. 'કાચ' પણ એવા, જે ચાંદીના પ્રકારના હશે, અને તેમને (જન્નતના

★'નઝર' અર્થાત્ માનતા, તેનો અર્થ એ છે કે અલ્લાહથી એ પ્રતિજ્ઞા કરવી કે માણસ તેની પ્રસન્નતા માટે અનિવાર્ય કામ ઉપરાંત કોઈ સારું કામ કરશે.

تَقْدِيْرًا ﴿١٦﴾ وَيُسْقَوْنَ فِيْهَا كَاْسًا كَانَ مِزَاجُهَا
زَنْجَبِيْلًا ﴿١٧﴾ عَيْنًا فِيْهَا تُسَمّٰى سَلْسَبِيْلًا ﴿١٨﴾ وَ
يَطُوْفُ عَلَيْهِمْ وِلْدَانٌ مُّخَلَّدُوْنَ ۚ اِذَا رَاَيْتَهُمْ
حَسِبْتَهُمْ لُؤْلُؤًا مَّنْثُوْرًا ﴿١٩﴾ وَاِذَا رَاَيْتَ ثَمَّ رَاَيْتَ
نَعِيْمًا وَّمُلْكًا كَبِيْرًا ﴿٢٠﴾ عٰلِيَهُمْ ثِيَابُ سُنْدُسٍ
خُضْرٌ وَّاِسْتَبْرَقٌ ۫ وَّحُلُّوْٓا اَسَاوِرَ مِنْ فِضَّةٍ ۚ وَسَقٰهُمْ
رَبُّهُمْ شَرَابًا طَهُوْرًا ﴿٢١﴾ اِنَّ هٰذَا كَانَ لَكُمْ جَزَآءً وَّ
ع ٢٢/١٩ كَانَ سَعْيُكُمْ مَّشْكُوْرًا ﴿٢٢﴾ اِنَّا نَحْنُ نَزَّلْنَا عَلَيْكَ
الْقُرْاٰنَ تَنْزِيْلًا ﴿٢٣﴾ فَاصْبِرْ لِحُكْمِ رَبِّكَ وَلَا تُطِعْ
مِنْهُمْ اٰثِمًا اَوْ كَفُوْرًا ﴿٢٤﴾ وَاذْكُرِ اسْمَ رَبِّكَ بُكْرَةً
وَّاَصِيْلًا ﴿٢٥﴾ وَمِنَ الَّيْلِ فَاسْجُدْ لَهٗ وَ سَبِّحْهُ
لَيْلًا طَوِيْلًا ﴿٢٦﴾ اِنَّ هٰٓؤُلَآءِ يُحِبُّوْنَ الْعَاجِلَةَ وَ
يَذَرُوْنَ وَرَآءَهُمْ يَوْمًا ثَقِيْلًا ﴿٢٧﴾ نَحْنُ خَلَقْنٰهُمْ
وَشَدَدْنَآ اَسْرَهُمْ ۚ وَاِذَا شِئْنَا بَدَّلْنَآ اَمْثَالَهُمْ
تَبْدِيْلًا ﴿٢٨﴾ اِنَّ هٰذِهٖ تَذْكِرَةٌ ۚ فَمَنْ شَآءَ
اتَّخَذَ اِلٰى رَبِّهٖ سَبِيْلًا ﴿٢٩﴾ وَمَا تَشَآءُوْنَ اِلَّآ
اَنْ يَّشَآءَ اللّٰهُ ۭ اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا حَكِيْمًا ﴿٣٠﴾
منزل ٧ يُّدْخِلُ مَنْ يَّشَآءُ فِيْ رَحْمَتِهٖ ۭ وَالظّٰلِمِيْنَ
ع ٦٩ اَعَدَّ لَهُمْ عَذَابًا اَلِيْمًا ﴿٣١﴾

વ્યવસ્થાપકોએ) યોગ્ય પ્રમાણમાં ભર્યા હશે.
૧૭. તેમને ત્યાં એવી શરાબના જામ પીવડાવવામાં આવશે જેમાં સૂંઠનું મિશ્રણ હશે,
૧૮. આ જન્નતનું એક ઝરણું હશે જેને 'સલ્-સબીલ' કહેવામાં આવે છે.
૧૯. તેમની સેવામાં એવા કિશોરો દોડતા ફરતા હશે જે હંમેશા કિશોરો જ રહેશે. તમે તેમને જુઓ તો લાગે કે જાણે મોતી છે જે વિખેરી દેવામાં આવ્યા છે !
૨૦. તમે જ્યાં પણ નજર નાખશો નેઅમતો જ નેઅમતો (કૃપાઓ જ કૃપાઓ) અને એક મોટી સલ્તનતની સામગ્રી તમને દેખાશે.
૨૧. તેમના શરીર પર ઝીણાં રેશમના લીલા પોશાક અને અતલસ તથા જરીબુટ્ટીદાર કપડાં હશે, તેમને ચાંદીના કંગન પહેરાવવામાં આવશે, અને તેમનો રબ તેમને અત્યંત શુદ્ધ શરાબ પીવડાવશે.
૨૨. આ છે તમારો બદલો અને તમારી કામગીરી કદરને પાત્ર ઠરી છે. (રુકૂઅ-૧)
૨૩. હે પયગંબર ! અમે જ તમારા ઉપર આ કુર્આન થોડું-થોડું કરીને અવતરિત કર્યું છે,
૨૪. તેથી તમે પોતાના રબના આદેશ પર ધૈર્ય રાખો, અને આમાંથી કોઈ દુરાચારી અથવા સત્યના ઇન્કાર કરનારાની વાત ન માનો.
૨૫. પોતાના રબ (માલિક અને પાલનહાર)ના નામનું સવાર અને સાંજ સ્મરણ કરો,
૨૬. રાત્રે પણ તેના સમક્ષ સિજદો કરતા રહો, અને રાત્રિના દીર્ઘ સમયોમાં તેની તસ્બીહ (મહિમાગાન) કરતા રહો.
૨૭. આ લોકો તો તત્કાળ પ્રાપ્ત થનારી વસ્તુ (દુનિયા—આલોક)ને પ્રેમ કરે છે અને આગળ જે ભારે દિવસ આવવાનો છે તેની ઉપેક્ષા કરે છે.
૨૮. અમે જ આમને પેદા કર્યા છે અને આમના સાંધા-બંધનો મજબૂત કર્યા છે, અને અમે જ્યારે ચાહીએ ત્યારે આમના રૂપ-રંગ બદલી નાખીએ.
૨૯. આ એક ઉપદેશ છે, હવે જેનું મન ચાહે પોતાના રબ (પ્રભુ) તરફ જવાનો માર્ગ અપનાવી લે.
૩૦. અને તમારા ઇચ્છવાથી કંઈ થતું નથી, જ્યાં સુધી અલ્લાહ ન ચાહે. નિઃશંક અલ્લાહ મોટો જ્ઞાતા અને તત્ત્વદર્શી છે,
૩૧. પોતાની કૃપામાં જેને ચાહે છે, તેને દાખલ કરે છે અને અત્યાચારીઓ માટે તેણે દુઃખદાયી યાતના તૈયાર કરી રાખી છે. (રુકૂઅ-૨)

(૭૭) અલ-મુરસલાત

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'વલ-મુરસલાત' (સોગંદ છે તેના, જે લાગલગાટ મોકલવામાં આવે છે)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આ સૂરઃનો આખો વિષય સ્પષ્ટ કરે છે કે આ મક્કી જીવનના આરંભિક તબક્કામાં ઊતરી છે.

વિષય અને ચર્ચા :

આનો વિષય કયામત (મહાપ્રલય પછી પુનર્જીવન) અને આખિરત (પરલોક)નો સ્વીકાર અને તેના પરિણામોથી લોકોને ચેતવવાનો છે, જે આ હકીકતોને ન માનવા અને માનવાથી છેવટે નીપજશે. પહેલી સાત આયતોમાં હવાઓની (આશ્ચર્યજનક અને તત્ત્વદર્શિતાભરી) વ્યવસ્થા એ હકીકત માટે પુરાવા તરીકે રજૂ કરવામાં આવી છે કે કુર્આન અને હઝરત મુહમ્મદ (સલ્લ.) જે કયામતના આવવાના સમાચાર આપી રહ્યા છે તે જરૂર આવીને રહેશે. મક્કાવાસીઓ વારંવાર કહેતા હતા કે જે કયામતથી તમે અમને ડરાવી રહ્યા છો તે લાવીને બતાવો ત્યારે અમે તેને માનીશું. આયત ૮ થી ૧૫ સુધી તેમની આ માગણીનો ઉલ્લેખ કર્યા વિના તેનો જવાબ આપવામાં આવ્યો છે કે તે કોઈ ખેલ કે તમાશો તો છે નહીં કે જ્યારે કોઈ વિદૂષક તે દેખાડવાની માગણી કરે તો તે જ વખતે તેને દેખાડી દેવામાં આવે. તે તો તમામ માનવ-સમુદાય અને તેની એકે-એક વ્યક્તિના મુકદ્દમાના ફેંસલાનો દિવસ છે. તે માટે અલ્લાહે એક ચોક્કસ સમય નક્કી કરી રાખ્યો છે. તે વખતે તે આવશે અને જ્યારે આવશે ત્યારે આ ઇન્કાર કરનારાઓ માટે વિનાશનો સંદેશ સિદ્ધ થશે. આયત ૧૬ થી ૨૮ સુધી કયામત અને આખિરતના ઉદ્દ્ભવ અને તેના કારણોની સતત દલીલો આપવામાં આવી છે. એમાં બતાવવામાં આવ્યું છે કે માનવીનો પોતાનો ઇતિહાસ, તેનો પોતાનો જન્મ અને જે ધરતી પર તે જીવન ગુજારી રહ્યો છે તેની રચના એ વાતની સાક્ષી આપી રહ્યા છે કે કયામતનું આવવું અને આખિરતનું અસ્તિત્વમાં આવવું શક્ય પણ છે અને અલ્લાહની હિકમત (તત્ત્વદર્શિતા)નો તકાદો પણ. તે પછી આયત ૨૮ થી ૪૦ સુધી આખિરતનો ઇન્કાર કરનારાઓના અને ૪૧ થી ૪૫ સુધી તે લોકોના પરિણામનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમણે તેના પર ઈમાન લાવીને આલોકમાં પોતાની પરલોક (આખિરત) શણગારવાની કોશિશ કરી છે. અંતમાં આખિરતનો ઇન્કાર કરનારાઓ અને અલ્લાહની બંદગીથી

વિમુખ થનારાઓને ચેતવવામાં આવ્યા છે કે દુનિયાના અલ્પ જીવનમાં જે કંઈ મોજમજા કરવી હોય કરી લો, છેવટે તમારું પરિણામ અત્યંત વિનાશકારી હશે અને વાત એના પર સમાપ્ત કરવામાં આવી છે કે આ કુર્આનથી પણ જે વ્યક્તિ સન્માર્ગ ન પામે, તેને ત્યારપછી દુનિયામાં કોઈ વસ્તુ સન્માર્ગ દેખાડી શકતી નથી.

اٰیاتها ٥٠ (٧٧) سُوْرَةُ الْمُرْسَلٰتِ مَكِّيَّةٌ (٣٣) رکوعاتها ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

وَالْمُرْسَلٰتِ عُرْفًا ۙ﴿۱﴾ فَالْعٰصِفٰتِ عَصْفًا ۙ﴿۲﴾
وَّالنّٰشِرٰتِ نَشْرًا ۙ﴿۳﴾ فَالْفٰرِقٰتِ فَرْقًا ۙ﴿۴﴾
فَالْمُلْقِیٰتِ ذِكْرًا ۙ﴿۵﴾ عُذْرًا اَوْ نُذْرًا ۙ﴿۶﴾
اِنَّمَا تُوْعَدُوْنَ لَوَاقِعٌ ؕ﴿۷﴾ فَاِذَا النُّجُوْمُ طُمِسَتْ ۙ﴿۸﴾
وَاِذَا السَّمَآءُ فُرِجَتْ ۙ﴿۹﴾ وَاِذَا الْجِبَالُ نُسِفَتْ ۙ﴿۱۰﴾
وَاِذَا الرُّسُلُ اُقِّتَتْ ؕ﴿۱۱﴾ لِاَیِّ یَوْمٍ اُجِّلَتْ ؕ﴿۱۲﴾
لِیَوْمِ الْفَصْلِ ۚ﴿۱۳﴾ وَمَاۤ اَدْرٰىكَ مَا یَوْمُ الْفَصْلِ ؕ﴿۱۴﴾
وَیْلٌ یَّوْمَىٕذٍ لِّلْمُكَذِّبِیْنَ ﴿۱۵﴾ اَلَمْ نُهْلِكِ الْاَوَّلِیْنَ ؕ﴿۱۶﴾
ثُمَّ نُتْبِعُهُمُ الْاٰخِرِیْنَ ﴿۱۷﴾ كَذٰلِكَ نَفْعَلُ
بِالْمُجْرِمِیْنَ ﴿۱۸﴾ وَیْلٌ یَّوْمَىٕذٍ لِّلْمُكَذِّبِیْنَ ﴿۱۹﴾ اَلَمْ
نَخْلُقْكُّمْ مِّنْ مَّآءٍ مَّهِیْنٍ ۙ﴿۲۰﴾ فَجَعَلْنٰهُ فِیْ قَرَارٍ
مَّكِیْنٍ ۙ﴿۲۱﴾ اِلٰى قَدَرٍ مَّعْلُوْمٍ ۙ﴿۲۲﴾ فَقَدَرْنَا ۖۗ فَنِعْمَ
الْقٰدِرُوْنَ ﴿۲۳﴾ وَیْلٌ یَّوْمَىٕذٍ لِّلْمُكَذِّبِیْنَ ﴿۲۴﴾ اَلَمْ
نَجْعَلِ الْاَرْضَ كِفَاتًا ۙ﴿۲۵﴾ اَحْیَآءً وَّ اَمْوَاتًا ۙ﴿۲۶﴾
وَّجَعَلْنَا فِیْهَا رَوَاسِیَ شٰمِخٰتٍ وَّاَسْقَیْنٰكُمْ مَّآءً
فُرَاتًا ؕ﴿۲۷﴾ وَیْلٌ یَّوْمَىٕذٍ لِّلْمُكَذِّبِیْنَ ﴿۲۸﴾ اِنْطَلِقُوْۤا
اِلٰى مَا كُنْتُمْ بِهٖ تُكَذِّبُوْنَ ۚ﴿۲۹﴾ اِنْطَلِقُوْۤا اِلٰى

(૭૭) સૂરઃ અલ-મુરસલાત

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૫૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે તે (હવાઓ)ના, જે લાગલગાટ મોકલવામાં આવે છે,
૨-૩. પછી તોફાની ઝડપથી ચાલે છે અને (વાદળોને) ઉઠાવીને ફેલાવે છે.
૪. પછી (તેમને) ફાડીને અલગ કરે છે,
૫. પછી (હૃદયોમાં અલ્લાહનું) સ્મરણ નાખે છે
૬. કારણના સ્વરૂપે અથવા ચેતવણીના સ્વરૂપે,
૭. જે વસ્તુનો તમારાથી વાયદો કરવામાં આવી રહ્યો છે તે અવશ્ય ઘટિત થવાની છે.
૮. તો જ્યારે તારાઓ ઝાંખા પડી જશે,
૯. અને આકાશને ફાડી નાખવામાં આવશે,
૧૦. અને પર્વતોને પીંજી નાખવામાં આવશે,
૧૧. અને પયગંબરોના હાજર થવાનો સમય આવી પહોંચશે (તે દિવસે તે વસ્તુ ઘટિત થઈ જશે).
૧૨. કયા દિવસ માટે આ કામ બાકી રાખવામાં આવ્યું છે ?
૧૩. ફેંસલાના દિવસ માટે
૧૪. અને તમને શું ખબર કે તે ફેંસલાનો દિવસ શું છે ?
૧૫. વિનાશ છે તે દિવસે ખોટું ઠેરવનારાઓ માટે.
૧૬. શું અમે પહેલાના લોકોને નષ્ટ નથી કર્યા ?
૧૭. પછી તેમના જ પાછળ અમે પછીથી આવનારાઓને રવાના કરીશું.
૧૮. અપરાધીઓ સાથે અમે આવું જ કરીએ છીએ.
૧૯. વિનાશ છે તે દિવસે ખોટું ઠેરવનારાઓ માટે.
૨૦. શું અમે એક તુચ્છ પાણીમાંથી તમને પેદા નથી કર્યા
૨૧-૨૨. અને એક નિશ્ચિત સમય સુધી તેને એક સુરક્ષિત જગ્યાએ રાખી મૂક્યું?
૨૩. તો જુઓ, અમે આના પર સમર્થ હતા, તો અમે ખૂબ સારું સામર્થ્ય ધરાવીએ છીએ.
૨૪. વિનાશ છે તે દિવસે ખોટું ઠેરવનારાઓ માટે.
૨૫. શું અમે ધરતીને એકઠા કરી રાખનાર નથી બનાવી,
૨૬. જીવતા માટે પણ અને મડદાઓ માટે પણ,
૨૭. અને તેમાં ઊંચા-ઊંચા પર્વતો જમાવ્યા, અને તમને મીઠું પાણી પીવડાવ્યું ?
૨૮. વિનાશ છે તે દિવસે ખોટું ઠેરવનારાઓ માટે.
૨૯. ચાલો હવે તે જ વસ્તુ તરફ જેને તમે ખોટી ઠેરવતા હતા.

ظِلٍّ ذِيْ ثَلٰثِ شُعَبٍ ﴿٣٠﴾ لَّا ظَلِيْلٍ وَّلَا يُغْنِيْ
مِنَ اللَّهَبِ ﴿٣١﴾ اِنَّهَا تَرْمِيْ بِشَرَرٍ كَالْقَصْرِ ﴿٣٢﴾
كَاَنَّهٗ جِمٰلَتٌ صُفْرٌ ﴿٣٣﴾ وَيْلٌ يَّوْمَئِذٍ لِّلْمُكَذِّبِيْنَ ﴿٣٤﴾
هٰذَا يَوْمُ لَا يَنْطِقُوْنَ ﴿٣٥﴾ وَلَا يُؤْذَنُ لَهُمْ فَيَعْتَذِرُوْنَ ﴿٣٦﴾
وَيْلٌ يَّوْمَئِذٍ لِّلْمُكَذِّبِيْنَ ﴿٣٧﴾ هٰذَا يَوْمُ الْفَصْلِ ج
جَمَعْنٰكُمْ وَالْاَوَّلِيْنَ ﴿٣٨﴾ فَاِنْ كَانَ لَكُمْ كَيْدٌ
فَكِيْدُوْنِ ﴿٣٩﴾ وَيْلٌ يَّوْمَئِذٍ لِّلْمُكَذِّبِيْنَ ﴿٤٠﴾ اِنَّ ع ١ ٢١
الْمُتَّقِيْنَ فِيْ ظِلٰلٍ وَّعُيُوْنٍ ﴿٤١﴾ وَّفَوَاكِهَ مِمَّا
يَشْتَهُوْنَ ﴿٤٢﴾ كُلُوْا وَاشْرَبُوْا هَنِيْٓـًٔا بِمَا كُنْتُمْ
تَعْمَلُوْنَ ﴿٤٣﴾ اِنَّا كَذٰلِكَ نَجْزِي الْمُحْسِنِيْنَ ﴿٤٤﴾
وَيْلٌ يَّوْمَئِذٍ لِّلْمُكَذِّبِيْنَ ﴿٤٥﴾ كُلُوْا وَتَمَتَّعُوْا
قَلِيْلًا اِنَّكُمْ مُّجْرِمُوْنَ ﴿٤٦﴾ وَيْلٌ يَّوْمَئِذٍ
لِّلْمُكَذِّبِيْنَ ﴿٤٧﴾ وَاِذَا قِيْلَ لَهُمُ ارْكَعُوْا لَا
يَرْكَعُوْنَ ﴿٤٨﴾ وَيْلٌ يَّوْمَئِذٍ لِّلْمُكَذِّبِيْنَ ﴿٤٩﴾ فَبِاَيِّ منزل ٧
حَدِيْثٍ بَعْدَهٗ يُؤْمِنُوْنَ ﴿٥٠﴾ ع ١٠ ٢٢

૩૦. ચાલો તે છાંયડા તરફ, જે ત્રણ શાખાઓવાળો છે.
૩૧. ન ઠંડક પહોંચાડનારો અને ન આગની ઝાળથી બચાવનારો.
૩૨. તે આગ મહેલ જેટલી મોટી-મોટી ચિંગારીઓ ફેંકશે
૩૩. (જે ઉછળતી એવી લાગશે) જાણે તે પીળા ઊંટો છે.
૩૪. વિનાશ છે તે દિવસે ખોટું ઠેરવનારાઓ માટે.
૩૫. આ તે દિવસ છે જેમાં તેઓ ન કંઈ બોલશે
૩૬. અને ન તેમને કોઈ તક આપવામાં આવશે કે કોઈ બહાનું આગળ ધરે.
૩૭. વિનાશ છે તે દિવસે ખોટું ઠેરવનારાઓ માટે.
૩૮. આ ફેંસલાનો દિવસ છે. અમે તમને અને તમારા પહેલાના લોકોને એકઠા કરી દીધા છે.
૩૯. હવે જો કોઈ ચાલ તમે ચાલી શકતા હોવ તો મારા સામે ચાલી જુઓ.
૪૦. વિનાશ છે તે દિવસે ખોટું ઠેરવનારાઓ માટે. (રુકૂઅ-૧)
૪૧. અલ્લાહથી ડરનારા લોકો આજે છાંયડામાં અને ઝરણાંઓમાં છે
૪૨. અને જે ફળ તેઓ ઇચ્છે (તેમના માટે હાજર છે.)
૪૩. ખાઓ અને પીઓ મજાથી, પોતાના તે કર્મોના બદલામાં જે તમે કરતા રહ્યા છો,
૪૪. અમે સત્કર્મી લોકોને આવો જ બદલો આપીએ છીએ.
૪૫. વિનાશ છે તે દિવસે ખોટું ઠેરવનારાઓ માટે.
૪૬. ખાઈ લો અને મજા કરી લો થોડા દિવસ ! હકીકતમાં તમે લોકો ગુનેગાર છો.
૪૭. વિનાશ છે તે દિવસે ખોટું ઠેરવનારાઓ માટે.
૪૮. જ્યારે તેમને કહેવામાં આવે છે કે (અલ્લાહ સમક્ષ) ઝૂકો તો નથી ઝૂકતા.
૪૯. વિનાશ છે તે દિવસે ખોટું ઠેરવનારાઓ માટે.
૫૦. હવે આ (કુર્આન) પછી અન્ય કઈ વાણી એવી હોઈ શકે છે જેના પર આ લોકો ઈમાન લાવે ? (રુકૂઅ-૨)

(૭૮) અન્-નબા

પરિચય

નામ :

બીજી આયતના વાક્યાંશ 'અનિન્-નબઈલ અઝીમ'ના શબ્દ 'અન-નબા' (સમાચાર) ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે, અને આ માત્ર નામ જ નથી, બલ્કે આ સૂરઃના વિષયોનું શીર્ષક પણ છે, કેમ કે 'નબા'થી અભિપ્રેત કયામત (મહાપ્રલય પછી પુનર્જીવન) અને આખિરત (પરલોક)ના સમાચાર છે અને સૂરઃમાં સમગ્ર ચર્ચા આ વાત પર જ કરવામાં આવી છે.

ઉતરાણકાળ :

સૂરઃ કિયામહથી સૂરઃ નાઝિઆત સુધી સૌનો વિષય એકબીજાને મળતો છે અને આ બધી મક્કા-મુઅઝ્ઝમાના આરંભિક કાળમાં ઊતરેલી જણાય છે.

વિષય અને ચર્ચા :

આનો વિષય કયામત અને આખિરતનું સમર્થન અને તેના માનવા કે ન માનવાના પરિણામોથી લોકોને સચેત કરવાનો છે. મક્કા-મુઅઝ્ઝમામાં જ્યારે શરૂ-શરૂમાં અલ્લાહના રસૂલ (સલ્લ.)એ ઈસ્લામના પ્રચારનો આરંભ કર્યો તો તેનો આધાર ત્રણ વાતો હતી : તૌહીદ (એકેશ્વરવાદ), હઝરત મુહમ્મદ સલ્લ.ની રિસાલત (પયગંબરી) અને આખિરત. આ ત્રણેય વાતોમાંથી પ્રથમ બે વાતો પણ આમ તો મક્કાવાસીઓને અત્યંત અપ્રિય અને અસ્વીકાર્ય હતી, તેમ છતાં સ્પષ્ટ કારણોસર આ તેમના માટે વધારે મૂંઝવણનું કારણ ન હતી, જેટલી ત્રીજી વાત હતી. તેને જ્યારે તેમના સામે પ્રસ્તુત કરવામાં આવી તો તેમણે સૌથી વધુ તેની જ હાંસી ઉડાવી, પરંતુ ઈસ્લામના માર્ગે તેમને લાવવા તે નિશ્ચિતરૂપે જરૂરી હતું કે આખિરતની આસ્થા તેમના મનો-મસ્તિષ્કમાં ઉતારવામાં આવે, કેમ કે આ આસ્થાને માન્યા વિના તે શક્ય જ ન હતું કે સત્ય અને અસત્ય વિષે તેમનો વિચાર ગંભીર બની શકતો. આ જ કારણ છે કે મક્કા-મુઅઝ્ઝમાના આરંભિક કાળની સૂરઃઓમાં વધુ ભાર આખિરતની આસ્થાને હૃદયોમાં ઉતારવા પર મૂકવામાં આવ્યો છે. આ સમયગાળાની સૂરઃઓમાં આખિરતના વિષયને વારંવાર દોહરાવવાનું કારણ સારી રીતે સમજી લીધા પછી હવે આ સૂરઃના વિષયો પર એક નજર નાખી લો.

આમાં સૌપ્રથમ તે ચર્ચાઓ અને ગુસપુસ તરફ નિર્દેશ કરવામાં આવ્યો છે જે કયામતના સમાચાર સાંભળીને મક્કાની દરેક શેરી, બજાર અને મક્કાવાસીઓની દરેક સભામાં થઈ રહી હતી. તે પછી ઈન્કાર કરનારાઓને પૂછવામાં આવ્યું છે કે શું તમને ધરતીથી લઈને આકાશ સુધીના પ્રકૃતિનું કારખાનું

અને તેમાં દેખાતી તત્ત્વદર્શિતાઓ અને ઉદ્દેશ્ય દેખાતા નથી ? તેની આ તમામ વસ્તુઓ શું તમને એ જ બતાવી રહી છે કે જે સમર્થ હસ્તીએ તેને પેદા કરી છે, તેનું સામર્થ્ય કયામત લાવવા અને આખિરત ઊભી કરવામાં વિવશ છે ? અને આ આખા કારખાનામાં જે શ્રેષ્ઠ પ્રકારની તત્ત્વદર્શિતા અને બુદ્ધિમત્તા સ્પષ્ટ રૂપે કાર્યરત છે, શું તેને જોઈને તમારી સમજમાં એ આવે છે કે આ કારખાનાનો એક-એક અંશ અને એક-એક કામ તો ઉદ્દેશ્યપૂર્ણ છે, પરંતુ સ્વયં સમગ્ર કારખાનું નિરુદ્દેશ્ય છે ? છેવટે આનાથી વધુ નિમ્ન અને નિરર્થક વાત શું હોઈ શકે છે કે આ કારખાનામાં મનુષ્યને Foremanના પદ પર નિયુક્ત કરીને તેને અહીં ખૂબ વ્યાપક અધિકારો તો આપી દેવામાં આવે, પરંતુ જ્યારે તે પોતાનું કામ પૂરું કરીને અહીંથી રુખસદ થાય તો તેને એમ જ છોડી દેવામાં આવે ? ન કામ બનાવવા માટે પેન્શન અને ઈનામ, ન બગાડવા માટે પૂછપરછ અને સજા ? આ દલીલો આપ્યા પછી ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે ફેંસલાનો દિવસ ચોક્કસ પોતાના નિર્ધારિત સમયે આવીને રહેશે. તમારો ઈન્કાર આ ઘટનાને ઘટિત થવાથી રોકી શકશે નહીં. તે પછી આયત ૨૧ થી ૩૦ સુધી બતાવવામાં આવ્યું છે કે જે લોકો હિસાબ-કિતાબની આશા નથી રાખતા અને જેમણે અમારી આયતોને ખોટી ઠેરવી છે, તેમના એક-એક કરતૂક ગણી-ગણીને અમારા પાસે લખેલાં છે અને તેમની ખબર લઈ નાખવા માટે જહન્નમ ફાંસલો તૈયાર કરીને તૈયાર બેસી છે. પછી આયત ૩૧ થી ૩૬ સુધી તે લોકોના શ્રેષ્ઠ વળતરનું વર્ણન છે, જેમણે પોતાને જવાબદાર અને ઉત્તરદાયી સમજીને દુનિયામાં જ પોતાની આખિરત સુધારવાની ચિંતા અગાઉથી જ કરી લીધી છે. અંતમાં અલ્લાહની અદાલતનું દૃષ્ય પ્રસ્તુત કરવામાં આવ્યું છે કે ત્યાં કોઈનું જીદ પર બેસી જવાનું અને પોતાના લોકોને માફ કરાવીને છોડાવી દેવાનો તો શું પ્રશ્ન, ત્યાં તો પરવાનગી વગર કોઈ મોઢું પણ નહીં ખોલી શકે, અને પરવાનગી પણ તે શરતે મળશે કે જેના પક્ષમાં ભલામણની પરવાનગી હોય, માત્ર તેના જ માટે ભલામણ કરે અને ભલામણમાં કોઈ અનુચિત વાત ન કહે. તે સાથે ભલામણની પરવાનગી માત્ર તે લોકો માટે આપવામાં આવશે જેઓ દુનિયામાં સત્ય-સંદેશને સ્વીકારનારા રહ્યા છે અને માત્ર ગુનેગારો છે. અલ્લાહના વિદ્રોહી અને સત્યનો ઈન્કાર કરનારાઓ કોઈ પણ ભલામણના હકદાર નહીં હોય. પછી વાત તે ચેતવણી પર સમાપ્ત કરવામાં આવી છે કે જે દિવસના આવવાના સમાચાર આપવામાં આવી રહ્યા છે, તેનું આવવું સત્ય છે, તેને દૂર ન સમજો, તે ખૂબ નજીક આવી પહોંચ્યો છે. (જે આજે આના ઈન્કાર પર દુરાગ્રહી છે, કાલે) પસ્તાઈ-પસ્તાઈને કહેશે કે, કદાચ ! હું દુનિયામાં પેદા જ ન થયો હોત ! તે વખતે તેનો આ અહેસાસ તે જ દુનિયા વિશે હશે, જેના પર તે આજે મોહિત થઈ રહ્યો છે.

اٰيَاتُهَا ٤٠ (٧٨) سُوْرَةُ النَّبَاِ مَكِّيَّةٌ (٨٠) رُكُوْعَاتُهَا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

عَمَّ يَتَسَآءَلُوْنَ ۝١ عَنِ النَّبَاِ الْعَظِيْمِ ۝٢ الَّذِيْ هُمْ فِيْهِ
مُخْتَلِفُوْنَ ۝٣ كَلَّا سَيَعْلَمُوْنَ ۝٤ ثُمَّ كَلَّا سَيَعْلَمُوْنَ ۝٥ اَلَمْ نَجْعَلِ
الْاَرْضَ مِهٰدًا ۝٦ وَّالْجِبَالَ اَوْتَادًا ۝٧ وَّخَلَقْنٰكُمْ اَزْوَاجًا ۝٨
وَّجَعَلْنَا نَوْمَكُمْ سُبَاتًا ۝٩ وَّجَعَلْنَا الَّيْلَ لِبَاسًا ۝١٠ وَّجَعَلْنَا
النَّهَارَ مَعَاشًا ۝١١ وَّبَنَيْنَا فَوْقَكُمْ سَبْعًا شِدَادًا ۝١٢ وَّجَعَلْنَا
سِرَاجًا وَّهَّاجًا ۝١٣ وَّاَنْزَلْنَا مِنَ الْمُعْصِرٰتِ مَآءً ثَجَّاجًا ۝١٤
لِّنُخْرِجَ بِهٖ حَبًّا وَّنَبَاتًا ۝١٥ وَّجَنّٰتٍ اَلْفَافًا ۝١٦ اِنَّ يَوْمَ الْفَصْلِ
كَانَ مِيْقَاتًا ۝١٧ يَّوْمَ يُنْفَخُ فِي الصُّوْرِ فَتَاْتُوْنَ اَفْوَاجًا ۝١٨ وَّ
فُتِحَتِ السَّمَآءُ فَكَانَتْ اَبْوَابًا ۝١٩ وَّسُيِّرَتِ الْجِبَالُ فَكَانَتْ
سَرَابًا ۝٢٠ اِنَّ جَهَنَّمَ كَانَتْ مِرْصَادًا ۝٢١ لِّلطّٰغِيْنَ مَاٰبًا ۝٢٢
لّٰبِثِيْنَ فِيْهَآ اَحْقَابًا ۝٢٣ لَا يَذُوْقُوْنَ فِيْهَا بَرْدًا وَّلَا شَرَابًا ۝٢٤
اِلَّا حَمِيْمًا وَّغَسَّاقًا ۝٢٥ جَزَآءً وِّفَاقًا ۝٢٦ اِنَّهُمْ كَانُوْا لَا يَرْجُوْنَ
حِسَابًا ۝٢٧ وَّكَذَّبُوْا بِاٰيٰتِنَا كِذَّابًا ۝٢٨ وَكُلَّ شَيْءٍ اَحْصَيْنٰهُ
كِتٰبًا ۝٢٩ فَذُوْقُوْا فَلَنْ نَّزِيْدَكُمْ اِلَّا عَذَابًا ۝٣٠ اِنَّ لِلْمُتَّقِيْنَ
مَفَازًا ۝٣١ حَدَآئِقَ وَاَعْنَابًا ۝٣٢ وَّكَوَاعِبَ اَتْرَابًا ۝٣٣ وَّكَاْسًا

(૭૮) સૂરઃ અન્-નબા

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૪૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. આ લોકો કઈ વસ્તુ અંગે પૂછપરછ કરી રહ્યા છે ?
૨. શું તે મોટા સમાચાર અંગે
૩. જેના વિશે તેઓ જાત-જાતની વાતો કરવામાં લાગેલાં છે ?
૪. કદાપિ નહીં, ખૂબ જલ્દી આમને ખબર પડી જશે.
૫. હા, કદાપિ નહીં, ખૂબ જલ્દી આમને ખબર પડી જશે.
૬. શું એ સત્ય નથી કે અમે ધરતીને પાથરણું બનાવી
૭. અને પર્વતોને ખૂંટાઓની જેમ ખોસી દીધાં,
૮. અને તમને (પુરુષો અને સ્ત્રીઓની) જોડીઓના રૂપમાં પેદા કર્યા,
૯. અને તમારી નિદ્રાને શાંતિનું સાધન બનાવી,
૧૦-૧૧. અને રાત્રિને ઢાંકનાર અને દિવસને આજીવિકાનો સમય બનાવ્યો,
૧૨. અને તમારા ઉપર સાત મજબૂત આકાશો સ્થાપિત કર્યા,
૧૩. અને એક અત્યંત પ્રકાશિત અને ગરમ દીપ પેદા કર્યો,
૧૪. અને વાદળોમાંથી નિરંતર વરસાદ વરસાવ્યો
૧૫-૧૬. જેથી તેના દ્વારા અનાજ, વનસ્પતિ અને ઘીચ બાગ-બગીચા ઊગાડો?
૧૭. નિઃશંક ન્યાયનો દિવસ એક નિર્ધારિત સમય છે.
૧૮. જે દિવસે રણશિંગામાં ફૂંક મારી દેવામાં આવશે, તમે ટોળાબદ્ધ નીકળી આવશો.
૧૯. અને આકાશ ખોલી દેવામાં આવશે ત્યાં સુધી કે તે દરવાજા જ દરવાજા બનીને રહી જશે,
૨૦. અને પર્વતો ચલાવવામાં આવશે, ત્યાં સુધી કે તે મૃગજળ બની જશે.
૨૧. હકીકતમાં જહન્નમ (નર્ક) એક ફાંસલો છે,
૨૨-૨૩. વિદ્રોહીઓનું સ્થાન ! જેમાં તેઓ યુગો સુધી પડ્યા રહેશે.
૨૪. તેમાં કોઈ ઠંડક અને પીવા લાયક કોઈ વસ્તુનો સ્વાદ તેઓ નહીં ચાખે,
૨૫. કંઈ મળશે તો માત્ર ગરમ પાણી અને જખમોનું ધોવાણ,
૨૬. (તેમના કૃત્યોનો) પૂરેપૂરો બદલો.
૨૭. તેઓ કોઈ હિસાબની અપેક્ષા રાખતા ન હતા
૨૮. અને અમારી આયતોને તેમણે તદ્દન ખોટી ઠેરવી દીધી હતી,
૨૯. અને સ્થિતિ એ હતી કે અમે દરેક વસ્તુ ગણી-ગણીને લખી રાખી હતી.
૩૦. હવે ચાખો મજા ! અમે તમારા માટે યાતના સિવાય કોઈ વસ્તુમાં કદાપિ વધારો નહીં કરીએ. (રુકૂઅ-૧)
૩૧. નિઃશંક મુત્તકીઓ (સંયમી—ઈશપરાયણ લોકો) માટે સફળતાનું એક સ્થાન છે,

دِهَاقًا ﴿٣٤﴾ لَا يَسْمَعُوْنَ فِيْهَا لَغْوًا وَّلَا كِذّٰبًا ﴿٣٥﴾ جَزَآءً مِّنْ رَّبِّكَ عَطَآءً
حِسَابًا ﴿٣٦﴾ رَّبِّ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا الرَّحْمٰنِ لَا يَمْلِكُوْنَ
مِنْهُ خِطَابًا ﴿٣٧﴾ يَوْمَ يَقُوْمُ الرُّوْحُ وَالْمَلٰٓئِكَةُ صَفًّا ۙ لَّا يَتَكَلَّمُوْنَ
اِلَّا مَنْ اَذِنَ لَهُ الرَّحْمٰنُ وَقَالَ صَوَابًا ﴿٣٨﴾ ذٰلِكَ الْيَوْمُ الْحَقُّ ۚ فَمَنْ
شَآءَ اتَّخَذَ اِلٰى رَبِّهٖ مَاٰبًا ﴿٣٩﴾ اِنَّآ اَنْذَرْنٰكُمْ عَذَابًا قَرِيْبًا ۚ يَّوْمَ يَنْظُرُ
الْمَرْءُ مَا قَدَّمَتْ يَدٰهُ وَيَقُوْلُ الْكٰفِرُ يٰلَيْتَنِيْ كُنْتُ تُرٰبًا ﴿٤٠﴾

منزل ٧ ع ٢

૩૨. બાગ અને દ્રાક્ષ,
૩૩. અને નવયુવાન સમવયસ્ક કુમારિકાઓ,
૩૪. અને છલકાતા જામ.
૩૫. ત્યાં કોઈ બેહૂદી અને જૂઠી વાત તેઓ નહીં સાંભળે.
૩૬. બદલો અને પર્યાપ્ત ઈનામ તમારા રબ (પ્રભુ) તરફથી,
૩૭. તે અત્યંત કૃપાળુ અલ્લાહ તરફથી જે ધરતી અને આકાશો તથા તેમના વચ્ચેની દરેક વસ્તુનો માલિક છે, જેના સામે કોઈને પણ બોલવાની હિંમત નથી.
૩૮. જે દિવસે રૂહ (ફરિશ્તા હઝરત જિબ્રઈલ અલૈ.) અને ફરિશ્તાઓ કતારબદ્ધ ઊભા હશે, કોઈ બોલશે નહીં સિવાય તેના જેને પરમ્ કૃપાળુ પરવાનગી આપે અને જે યોગ્ય વાત કહે. તે દિવસ સત્ય છે,
૩૯. હવે જેની ઈચ્છા થાય તે પોતાના રબ તરફ પાછા ફરવાનો માર્ગ અપનાવી લે.
૪૦. અમે તમને તે યાતનાથી ડરાવી દીધા છે જે નજીક આવી પહોંચી છે. જે દિવસે મનુષ્ય તે બધું જોઈ લેશે જે તેના હાથોએ આગળ મોકલ્યું છે, અને કાફિર (ઇન્કાર કરનાર) પોકારી ઊઠશે કે કદાચ હું માટી હોત ! (રુકૂઅ-૨)

(૭૯) અન્-નાઝિઆત

પરિચય

નામ :

પ્રથમ જ આયતના શબ્દ 'વન્-નાઝિઆત' (અર્થાત્ સોગંદ છે તેના જેઓ ડૂબીને ખેંચે છે)થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) કહે છે કે આ સૂરઃનું અવતરણ સૂરઃ નબા પછી થયું છે. આનો વિષય પણ એ જ બતાવી રહ્યો છે કે આ આરંભિક કાળમાં ઊતરેલી સૂરઃઓ પૈકી છે.

વિષય અને ચર્ચા :

આનો વિષય કયામત અને મૃત્યુ પછીના જીવનની પુષ્ટિ છે અને તે સાથે એ વાતની ચેતવણી પણ કે અલ્લાહના રસૂલ (ઈશદૂત)ને ખોટા ઠેરવવાનું પરિણામ શું આવે છે. વાણીના આરંભમાં જ મૃત્યુ સમયે જીવ કાઢનાર અને અલ્લાહના આદેશોનું વિના વિલંબે પાલન કરનાર અને અલ્લાહના આદેશાનુસાર સમગ્ર સૃષ્ટિની વ્યવસ્થા કરનાર ફરિશ્તાઓના સોગંદ ખાઈને એ વિશ્વાસ આપવામાં આવ્યો છે કે કયામત જરૂર આવશે અને મૃત્યુ પછી બીજું જીવન ચોક્કસ આવીને રહેશે, કેમ કે જે ફરિશ્તાઓ દ્વારા આજે જીવ કાઢવામાં આવે છે, તેમના જ દ્વારા બીજી વાર જીવ નાખી પણ શકાય છે અને જે ફરિશ્તાઓ આજે અલ્લાહના આદેશોનો અમલ વિના વિલંબે કરે છે અને સૃષ્ટિનો પ્રબંધ કરે છે, તે જ ફરિશ્તાઓ કાલે તે જ અલ્લાહના આદેશથી સૃષ્ટિની આ વ્યવસ્થાને છિન્ન-ભિન્ન પણ કરી શકે છે અને એક બીજી વ્યવસ્થા સ્થાપી પણ શકે છે. તે પછી લોકોને બતાવવામાં આવ્યું છે કે આ કામ જેને તમે તદ્દન અશક્ય સમજો છો, અલ્લાહ માટે મૂળેથી કોઈ મુશ્કેલ કામ જ નથી કે જેના માટે કોઈ મોટી તૈયારીની જરૂર હોય, બસ એક ઝાટકો દુનિયાની આ વ્યવસ્થાને છિન્ન-ભિન્ન કરી નાખશે અને એક બીજો ઝાટકો તેના માટે પૂરતો હશે કે તમે એકાએક પોતાને બીજી દુનિયામાં જીવતા હાજર જુઓ.

પછી હઝરત મૂસા (અલૈ.) અને ફિરઔનનો કિસ્સો ટૂંકમાં વર્ણવીને લોકોને સચેત કરવામાં આવ્યા છે કે પયગંબરને ખોટા ઠેરવવા અને છળ-કપટ દ્વારા તેને પરાસ્ત કરવાના પ્રયત્નોનો કેવો અંજામ ફિરઔન જોઈ ચૂક્યો છે. તેનાથી બોધપાઠ મેળવીને આ વલણથી રોકાશો નહીં તો તે જ પરિણામ તમારે પણ ભોગવવું પડશે. તે પછી આયત ૨૭ થી ૩૩ સુધી આખિરત (પરલોક) અને મૃત્યુ પછીના જીવન અંગેની દલીલો આપવામાં આવી છે. આયત ૩૪ થી

૪૧માં બતાવવામાં આવ્યું છે કે જ્યારે આખિરત થશે, ત્યારે માનવીના સ્થાયી અને શાશ્વત ભાવિનો ફેંસલો એ આધારે થશે કે કોણે દુનિયામાં બંદગીની સીમાઓનું ઉલ્લંઘન કરીને પોતાના રબ (પ્રભુ-પાલનહાર) સામે વિદ્રોહ કર્યો અને દુનિયાના લાભો અને લિજ્જતોને લક્ષ્યાંક બનાવી લીધા અને કોણે પોતાના રબના સામે ઊભા થવાનો ભય રાખ્યો અને કોણ મનની અવૈધ ઇચ્છાઓને પૂરી કરવાથી બચીને રહ્યો. અંતમાં મક્કાના ઇસ્લામ-વિરોધીઓના તે પ્રશ્નનો ઉત્તર આપવામાં આવ્યો છે કે તે કયામત આવશે ક્યારે ? જવાબમાં કહેવામાં આવ્યું છે કે તેના સમયનું જ્ઞાન અલ્લાહ સિવાય અન્ય કોઈને નથી. રસૂલનું કામ માત્ર સચેત કરી દેવાનું છે કે તે સમય આવશે ચોક્કસ. હવે જેનું મન ચાહે તે તેના આગમનનો ભય રાખીને પોતાનું વલણ સુધારી લે અને જેનું મન ચાહે નિર્ભય બનીને નિરંકુશ ઊંટના જેમ ફરતો ફરે. જ્યારે તે સમય આવી જશે ત્યારે તે જ લોકો જેઓ આ દુનિયાના જીવન પર મરી ફીટતા હતા અને એને જ સર્વસ્વ સમજતા હતા, એવું અનુભવશે કે દુનિયામાં તેઓ ફક્ત ક્ષણવાર જ રોકાયા હતા. તે વખતે તેમને જણાશે કે આ અલ્પ જીવન માટે તેમણે કેવી રીતે કાયમ માટે પોતાનું ભવિષ્ય બરબાદ કરી નાખ્યું.

ايَاتُهَا ٤٦ (٧٩) سُوْرَةُ النّٰزِعٰتِ مَكِّيَّةٌ (٨١) رُكُوْعَاتُهَا ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالنّٰزِعٰتِ غَرْقًا ۝١ وَّالنّٰشِطٰتِ نَشْطًا ۝٢ وَّالسّٰبِحٰتِ
سَبْحًا ۝٣ فَالسّٰبِقٰتِ سَبْقًا ۝٤ فَالْمُدَبِّرٰتِ اَمْرًا ۝٥ يَوْمَ — وقف لازم
تَرْجُفُ الرَّاجِفَةُ ۝٦ تَتْبَعُهَا الرَّادِفَةُ ۝٧ قُلُوْبٌ
يَّوْمَىِٕذٍ وَّاجِفَةٌ ۝٨ اَبْصَارُهَا خَاشِعَةٌ ۝٩ يَقُوْلُوْنَ — وقف لازم
ءَاِنَّا لَمَرْدُوْدُوْنَ فِى الْحَافِرَةِ ۝١٠ ءَاِذَا كُنَّا عِظَامًا نَّخِرَةً ۝١١
قَالُوْا تِلْكَ اِذًا كَرَّةٌ خَاسِرَةٌ ۝١٢ فَاِنَّمَا هِىَ زَجْرَةٌ وَّاحِدَةٌ ۝١٣ — وقف لازم
فَاِذَا هُمْ بِالسَّاهِرَةِ ۝١٤ هَلْ اَتٰىكَ حَدِيْثُ مُوْسٰى ۝١٥ — وقف لازم
اِذْ نَادٰىهُ رَبُّهٗ بِالْوَادِ الْمُقَدَّسِ طُوًى ۝١٦ اِذْهَبْ اِلٰى
فِرْعَوْنَ اِنَّهٗ طَغٰى ۝١٧ فَقُلْ هَلْ لَّكَ اِلٰٓى اَنْ تَزَكّٰى ۝١٨ وَ
اَهْدِيَكَ اِلٰى رَبِّكَ فَتَخْشٰى ۝١٩ فَاَرٰىهُ الْاٰيَةَ الْكُبْرٰى ۝٢٠
فَكَذَّبَ وَعَصٰى ۝٢١ ثُمَّ اَدْبَرَ يَسْعٰى ۝٢٢ فَحَشَرَ فَنَادٰى ۝٢٣
فَقَالَ اَنَا رَبُّكُمُ الْاَعْلٰى ۝٢٤ فَاَخَذَهُ اللّٰهُ نَكَالَ الْاٰخِرَةِ
وَالْاُوْلٰى ۝٢٥ اِنَّ فِىْ ذٰلِكَ لَعِبْرَةً لِّمَنْ يَّخْشٰى ۝٢٦ ع
ءَاَنْتُمْ اَشَدُّ خَلْقًا اَمِ السَّمَآءُ ؕ بَنٰىهَا ۝٢٧ رَفَعَ سَمْكَهَا
فَسَوّٰىهَا ۝٢٨ وَاَغْطَشَ لَيْلَهَا وَاَخْرَجَ ضُحٰىهَا ۝٢٩ وَالْاَرْضَ بَعْدَ — منزل ٧

(૭૯) સૂરઃ અન્-નાઝિઆત

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૨ ● આયતો : ૪૬)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે તે (ફરિશ્તાઓ)ના જેઓ ડૂબીને ખેંચે છે,
૨. અને ધીરેથી કાઢીને લઈ જાય છે.
૩. અને (તે ફરિશ્તાઓના જેઓ સૃષ્ટિમાં) ઝડપથી તરતા ફરે છે,
૪. પછી (આદેશ-પાલનમાં) એકબીજાથી આગળ વધે છે,
૫. પછી (અલ્લાહના આદેશાનુસાર) મામલાઓનો વહીવટ કરે છે.
૬. જે દિવસે હચમચાવી નાખશે ધરતીકંપનો આંચકો
૭. અને તેના પાછળ એક વધુ આંચકો લાગશે,
૮. કેટલાક હૃદય હશે જે તે દિવસે ભયથી ધ્રુજી રહ્યા હશે,
૯. નજરો તેમની ભયભીત હશે.
૧૦. આ લોકો કહે છે, ''શું ખરેખર અમને પલટાવીને ફરી પાછા લાવવામાં આવશે?
૧૧. શું જ્યારે અમે પોલા જીર્ણ હાડકાં બની ગયા હોઈશું ?''
૧૨. કહેવા લાગ્યા, ''આ પાછું આવવું તો ખૂબ નુકસાન પહોંચાડનારું હશે !''
૧૩. જો કે આ માત્ર એટલું જ કામ છે કે એક જોરદાર ધમકી અપાશે
૧૪. અને આ લોકો અચાનક ખુલ્લા મેદાનમાં ઉપસ્થિત હશે.
૧૫. શું તમને મૂસાની ઘટનાની જાણ થઈ છે ?
૧૬. જ્યારે તેના રબે તેને તુવાની પવિત્ર ખીણમાં પોકાર્યો હતો કે
૧૭. ''ફિરઔન પાસે જાઓ, તે વિદ્રોહી બની ગયો છે,
૧૮. અને તેને કહો કે શું તું એ માટે તૈયાર છે કે પવિત્રતા અપનાવે
૧૯. અને હું તારા રબ (પ્રભુ) તરફ તારું માર્ગદર્શન કરું તો (તેનો) ભય તારા અંદર પેદા થાય ?''
૨૦. પછી મૂસાએ (ફિરઔન પાસે જઈને) તેને મોટી નિશાની બતાવી,
૨૧. પરંતુ તેણે ખોટું ઠેરવી દીધું અને ન માન્યું,
૨૨. પછી ચાલબાજીઓ કરવા માટે પાછો ફર્યો
૨૩-૨૪. અને લોકોને એકઠા કરીને તેણે પોકારીને કહ્યું, ''હું તમારો સૌથી મોટો રબ છું.''
૨૫. છેવટે અલ્લાહે તેને આખિરત અને દુનિયાની યાતનામાં ઝડપી લીધો.
૨૬. હકીકતમાં આમાં મોટો બોધપાઠ છે દરેક તે વ્યક્તિ માટે જે ડરે. (રુકૂઅ-૧)
૨૭. શું તમારા લોકોનું સર્જન વધુ મુશ્કેલ કામ છે કે આકાશનું ? અલ્લાહે તેનું સર્જન કર્યું,
૨૮. તેની છત અત્યંત ઊંચી ઉઠાવી, પછી તેનું સંતુલન સ્થાપિત કર્યું,
૨૯. અને તેની રાત ઢાંકી અને તેનો દિવસ કાઢ્યો.

ذٰلِكَ دَحٰىهَا ۝٣٠ اَخْرَجَ مِنْهَا مَآءَهَا وَمَرْعٰىهَا ۝٣١ وَالْجِبَالَ
اَرْسٰىهَا ۝٣٢ مَتَاعًا لَّكُمْ وَلِاَنْعَامِكُمْ ۝٣٣ فَاِذَا جَآءَتِ الطَّآمَّةُ
الْكُبْرٰى ۝٣٤ يَوْمَ يَتَذَكَّرُ الْاِنْسَانُ مَا سَعٰى ۝٣٥ وَبُرِّزَتِ الْجَحِيْمُ
لِمَنْ يَّرٰى ۝٣٦ فَاَمَّا مَنْ طَغٰى ۝٣٧ وَاٰثَرَ الْحَيٰوةَ الدُّنْيَا ۝٣٨ فَاِنَّ
الْجَحِيْمَ هِيَ الْمَاْوٰى ۝٣٩ وَاَمَّا مَنْ خَافَ مَقَامَ رَبِّهٖ وَنَهَى
النَّفْسَ عَنِ الْهَوٰى ۝٤٠ فَاِنَّ الْجَنَّةَ هِيَ الْمَاْوٰى ۝٤١ يَسْـَٔلُوْنَكَ
عَنِ السَّاعَةِ اَيَّانَ مُرْسٰىهَا ۝٤٢ فِيْمَ اَنْتَ مِنْ ذِكْرٰىهَا ۝٤٣
اِلٰى رَبِّكَ مُنْتَهٰىهَا ۝٤٤ اِنَّمَآ اَنْتَ مُنْذِرُ مَنْ يَّخْشٰىهَا ۝٤٥
كَاَنَّهُمْ يَوْمَ يَرَوْنَهَا لَمْ يَلْبَثُوْٓا اِلَّا عَشِيَّةً اَوْ ضُحٰىهَا ۝٤٦

૩૦. એના પછી ધરતીને તેણે પાથરી,
૩૧. તેમાંથી તેનું પાણી અને ઘાસચારો કાઢ્યા,
૩૨. અને તેમાં પર્વતો ખોસી દીધા,
૩૩. જીવન-નિર્વાહના સાધન તરીકે તમારા માટે અને તમારા ઢોરો માટે.
૩૪. પછી જ્યારે તે મોટી આફત આવશે,
૩૫. જે દિવસે માનવી પોતાનું બધું કર્યુ-કરાવ્યું યાદ કરશે,
૩૬. અને દરેક જોવાવાળાના સામે જહન્નમ (નર્ક)ને ખોલીને મૂકી દેવામાં આવશે,
૩૭. તો જેણે વિદ્રોહ કર્યો હતો
૩૮. અને દુનિયાના જીવનને પ્રાથમિકતા આપી હતી,
૩૯. જહન્નમ (નર્ક) જ તેનું ઠેકાણું હશે.
૪૦. અને જેણે પોતાના રબ સમક્ષ ઊભા થવાનો ભય રાખ્યો હતો અને મનને ખરાબ ઇચ્છાઓથી દૂર રાખ્યું હતું,
૪૧. જન્નત (સ્વર્ગ) તેનું ઠેકાણું હશે.
૪૨. આ લોકો તમને પૂછે છે, ''છેવટે તે ઘડી ક્યારે આવી પહોંચશે ?''
૪૩. તમારું શું કામ કે તેનો સમય બતાવો.
૪૪. તેનું જ્ઞાન તો અલ્લાહ પર સમાપ્ત છે.
૪૫. તમે માત્ર સચેત કરનારા છો તે દરેક વ્યક્તિને જે તેનો ભય રાખે,
૪૬. જે દિવસે આ લોકો તેને જોઈ લેશે તો આમને એવું લાગશે કે (દુનિયામાં અથવા મૃત-અવસ્થામાં આ લોકો) માત્ર એક દિવસના આગળના કે પાછળના પહોર સુધી રોકાયા છે. (રુકૂઅ-૨)

(૮૦) અબસ

પરિચય

નામ :

પ્રથમ જ શબ્દ 'અ-બ-સ' (ભવાં ચઢાવ્યા)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

વિવરણકર્તાઓ અને હદીસવેત્તાઓએ સર્વાનુમતે આ સૂરઃના અવતરણનું કારણ એ બતાવ્યું છે કે એક વખતે અલ્લાહના રસૂલ (સલ્લ.)ની સભામાં મક્કા-મુઅઝ્ઝમાના કેટલાક મોટા સરદારો બેઠાં હતા અને નબી (સલ્લ.) તેઓ ઈસ્લામ સ્વીકારવા તૈયાર થાય તે માટે પ્રયત્નો કરી રહ્યા હતા. એટલામાં ઇબ્ને ઉમ્મે મકતૂમ (રદિ.) નામના એક અંધ વ્યક્તિ આપ (સલ્લ.)ની સેવામાં ઉપસ્થિત થયા અને તેમણે આપને ઈસ્લામ વિષે કંઈક પૂછવાની ઇચ્છા દર્શાવી. આપ (સલ્લ.)ને તેમનો આ હસ્તક્ષેપ પસંદ ન પડ્યો અને આપ (સલ્લ.)એ તેમના તરફ ધ્યાન ન આપ્યું. આ પ્રસંગે અલ્લાહ તરફથી આ સૂરઃનું અવતરણ થયું. આ ઐતિહાસિક પ્રસંગથી આ સૂરઃનો ઉતરાણકાળ સરળતાથી નક્કી થઈ જાય છે. એક તો એ વાત સિદ્ધ છે કે હઝરત ઇબ્ને ઉમ્મે મકતૂમ (રદિ.) તદ્દન આરંભિક કાળમાં ઈસ્લામ અંગીકાર કરનારાઓમાંથી છે. બીજું એ કે હદીસની જે નોંધોમાં આ પ્રસંગનું વર્ણન કરવામાં આવ્યું છે, તેમાંથી કેટલીક નોંધોથી લાગે છે કે તે વખતે તેઓ ઈસ્લામ સ્વીકારી ચૂક્યા હતા અને કેટલીકથી જણાય છે કે તેઓ ઈસ્લામ સ્વીકારવા તરફ આગળ વધી ચૂક્યા હતા અને સત્યની શોધમાં આપ (સલ્લ.) પાસે આવ્યા હતા. ત્રીજું એ કે અલ્લાહના રસૂલ (સલ્લ.)ની સભામાં જે લોકો તે વખતે બેઠા હતા, તેમના નામોનો ઉલ્લેખ વિભિન્ન નોંધોમાં કરવામાં આવ્યો છે. આ યાદીમાં આપણને ઉત્બા, શૈબા, અબૂ જહલ, ઉમૈયા બિન ખલફ અને ઉબઈ બિન ખલફ જેવા ઈસ્લામના સૌથી કટ્ટર વિરોધીઓના નામો મળે છે. તેનાથી જણાય છે કે આ પ્રસંગ તે વખતે બન્યો હતો જયારે અલ્લાહના રસૂલ (સલ્લ.) સાથે આ લોકોનો મેળ-મેળાપ હજુ બાકી હતો અને સંઘર્ષ એટલો ઉગ્ર બન્યો ન હતો કે આપ (સલ્લ.)ને ત્યાં તેમની આવ-જા અને આપ (સલ્લ.) સાથે તેમની મુલાકાતનો ક્રમ બંધ થઈ ગયો હોય. આ બધી વાતો એનું પ્રમાણ છે કે આ સૂરઃ તદ્દન આરંભિક કાળમાં ઊતરેલી સૂરઃઓ પૈકી છે.

વિષય અને ચર્ચા :

પ્રત્યક્ષ રૂપે આ સૂરઃમાં નબી (સલ્લ.) પર રોષ વ્યક્ત કરવામાં આવ્યો

છે, પરંતુ આખી સૂરઃ પર સમગ્રતયા વિચાર કરવામાં આવે તો જણાય છે કે વાસ્તવમાં રોષ કુરૈશના તે સરદારો પર વ્યક્ત કરવામાં આવ્યો છે જેઓ પોતાના ઘમંડ, હઠાગ્રહ અને સત્ય-વિમુખતાને કારણે અલ્લાહના રસૂલ (સલ્લ.)ના સત્ય-પ્રચારનું તુચ્છતાની સાથે ખંડન કરી રહ્યા હતા અને (જ્યાં સુધી નબી સલ્લ.નો સંબંધ છે, આપને કેવળ પ્રચારની સાચી રીત બતાવવામાં આવી છે. આપ સલ્લ.એ એક અંધ પ્રત્યે દુર્લક્ષ સેવવાનું અને કુરૈશના સરદારો પ્રત્યે ધ્યાન આપવાનું જે વલણ તે વખતે અપનાવ્યું હતું, તેનું) પ્રેરક સંપૂર્ણપણે નિષ્ઠા અને સત્ય-સંદેશને આગળ વધાવવાની ભાવના હતી, ન કે મોટા માણસોના સન્માન અને નાના માણસોના અપમાનનો વિચાર. પરંતુ અલ્લાહે આપને સમજાવ્યું કે ઇસ્લામી આહવાનની ખરી રીત આ નથી, બલ્કે આ આહવાનના દૃષ્ટિબિંદુથી આપના તરફથી ધ્યાન આપવાના ખરા હકદાર તે લોકો છે જેમનામાં સત્ય અપનાવવાની તત્પરતા હોય અને આપ અને આપના ઉચ્ચ સતરીય આહવાનના પદથી એ વાત અત્યંત નિમ્ન છે કે આપ તેને તે ઘમંડી લોકો સામે મૂકો જેઓ પોતાની મોટાઈના ઘમંડમાં એવું સમજતા હોય કે તેમને આપની નહીં, બલ્કે આપને તેમની જરૂર છે. આ વિષય સૂરઃના આરંભથી આયત ૧૬ સુધીનો છે. તે પછી આયત ૧૭થી રોષની દિશા સીધે-સીધી સત્યના તે કાફિરો (ઇન્કાર કરનારાઓ) તરફ ફરી જાય છે જેઓ અલ્લાહના રસૂલ (સલ્લ.)ના સંદેશને રદ કરી રહ્યા હતા.

اٰیَاتُهَا ۴۲ (۸۰) سُوْرَةُ عَبَسَ مَكِّيَّةٌ (۲۴) رُكُوْعُهَا ۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

عَبَسَ وَتَوَلّٰۤى ۙ﴿۱﴾ اَنْ جَآءَهُ الْاَعْمٰى ؕ﴿۲﴾ وَمَا يُدْرِيْكَ لَعَلَّهٗ
يَزَّكّٰۤى ۙ﴿۳﴾ اَوْ يَذَّكَّرُ فَتَنْفَعَهُ الذِّكْرٰى ؕ﴿۴﴾ اَمَّا مَنِ اسْتَغْنٰى ۙ﴿۵﴾
فَاَنْتَ لَهٗ تَصَدّٰى ؕ﴿۶﴾ وَمَا عَلَيْكَ اَلَّا يَزَّكّٰى ؕ﴿۷﴾ وَاَمَّا مَنْ جَآءَكَ
يَسْعٰى ۙ﴿۸﴾ وَهُوَ يَخْشٰى ۙ﴿۹﴾ فَاَنْتَ عَنْهُ تَلَهّٰى ۚ﴿۱۰﴾ كَلَّاۤ اِنَّهَا
تَذْكِرَةٌ ۚ﴿۱۱﴾ فَمَنْ شَآءَ ذَكَرَهٗ ۘ﴿۱۲﴾ فِىْ صُحُفٍ مُّكَرَّمَةٍ ۙ﴿۱۳﴾ مَّرْفُوْعَةٍ
مُّطَهَّرَةٍۭ ۙ﴿۱۴﴾ بِاَيْدِىْ سَفَرَةٍ ۙ﴿۱۵﴾ كِرَامٍۭ بَرَرَةٍ ؕ﴿۱۶﴾ قُتِلَ الْاِنْسَانُ
مَاۤ اَكْفَرَهٗ ؕ﴿۱۷﴾ مِنْ اَىِّ شَىْءٍ خَلَقَهٗ ؕ﴿۱۸﴾ مِنْ نُّطْفَةٍ ؕ
خَلَقَهٗ فَقَدَّرَهٗ ۙ﴿۱۹﴾ ثُمَّ السَّبِيْلَ يَسَّرَهٗ ۙ﴿۲۰﴾ ثُمَّ اَمَاتَهٗ فَاَقْبَرَهٗ ۙ﴿۲۱﴾
ثُمَّ اِذَا شَآءَ اَنْشَرَهٗ ؕ﴿۲۲﴾ كَلَّا لَمَّا يَقْضِ مَاۤ اَمَرَهٗ ؕ﴿۲۳﴾ فَلْيَنْظُرِ
الْاِنْسَانُ اِلٰى طَعَامِهٖۤ ۙ﴿۲۴﴾ اَنَّا صَبَبْنَا الْمَآءَ صَبًّا ۙ﴿۲۵﴾ ثُمَّ شَقَقْنَا
الْاَرْضَ شَقًّا ۙ﴿۲۶﴾ فَاَنْۢبَتْنَا فِيْهَا حَبًّا ۙ﴿۲۷﴾ وَّعِنَبًا وَّقَضْبًا ۙ﴿۲۸﴾
وَّزَيْتُوْنًا وَّنَخْلًا ۙ﴿۲۹﴾ وَّحَدَآئِقَ غُلْبًا ۙ﴿۳۰﴾ وَّفَاكِهَةً وَّاَبًّا ۙ﴿۳۱﴾
مَّتَاعًا لَّكُمْ وَلِاَنْعَامِكُمْ ؕ﴿۳۲﴾ فَاِذَا جَآءَتِ الصَّآخَّةُ ۫﴿۳۳﴾
يَوْمَ يَفِرُّ الْمَرْءُ مِنْ اَخِيْهِ ۙ﴿۳۴﴾ وَاُمِّهٖ وَاَبِيْهِ ۙ﴿۳۵﴾ وَصَاحِبَتِهٖ
وَبَنِيْهِ ؕ﴿۳۶﴾ لِكُلِّ امْرِئٍ مِّنْهُمْ يَوْمَئِذٍ شَاْنٌ يُّغْنِيْهِ ؕ﴿۳۷﴾

وقف لازم

منزل ۷

(૮૦) સૂરઃ અબસ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૪૨)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧-૨. ભવાં ચઢાવ્યા અને ઉપેક્ષા કરી એ વાત પર કે તે અંધ તેના પાસે આવી ગયો.
૩. તમને શું ખબર, કદાચ તે સુધરી જાય
૪. અથવા શિખામણ પર ધ્યાન આપે અને શિખામણ આપવી તેના માટે લાભદાયક હોય ?
૫-૬. જે વ્યક્તિ બેપરવાઈ કરે છે તેના તરફ તો તમે ધ્યાન આપો છો,
૭. જો કે તે ન સુધરે તો તમારા પર તેની શું જવાબદારી છે ?
૮-૯. અને જે સ્વયં તમારા પાસે દોડતો આવે છે અને ડરી રહ્યો હોય છે
૧૦. તેની તમે ઉપેક્ષા કરો છો.
૧૧-૧૨. કદાપિ નહીં, આ તો એક ઉપદેશ છે, જેનું દિલ ચાહે આને સ્વીકારે.
૧૩. આ એવી પુસ્તિકાઓમાં લિખિત છે જે આદરણીય છે,
૧૪. ઉચ્ચ કોટિની છે, પવિત્ર છે,
૧૫-૧૬. પ્રતિષ્ઠિત અને પ્રમાણિક લખનારાઓના હાથોમાં રહે છે.
૧૭. ફિટકાર પડે મનુષ્ય પર! સત્યનો કેવો કટ્ટર ઇન્કાર કરનારો છે આ!
૧૮. કઈ વસ્તુમાંથી અલ્લાહે એને પેદા કર્યો છે ?
૧૯-૨૦. વીર્યના એક ટીપામાંથી. અલ્લાહે એને પેદા કર્યો, પછી એનું ભાગ્ય નિશ્ચિત કર્યું, પછી એના માટે જીવનનો માર્ગ સરળ બનાવ્યો,
૨૧. પછી એને મૃત્યુ આપ્યું અને કબરમાં પહોંચાડ્યો.
૨૨. પછી જ્યારે ઇચ્છે ત્યારે તે એને બીજીવાર ઉઠાવી ઊભો કરી દે.
૨૩. કદાપિ નહીં, એણે તે કર્તવ્ય નિભાવ્યું નથી જેનો અલ્લાહે એને આદેશ આપ્યો હતો.
૨૪. પછી જરા માનવી પોતાના ભોજનને જુએ.
૨૫-૨૬. અમે પુષ્કળ પાણી રેડ્યું, પછી ધરતીને અદ્‌ભૂત રીતે ફાડી,
૨૭-૨૮. પછી તેમાં ઉગાડ્યા અનાજ અને દ્રાક્ષ અને શાકભાજીઓ
૨૯-૩૦. અને જૈતૂન અને ખજૂરો અને ઘીચ બગીચા
૩૧. અને જાત-જાતના ફળો અને ઘાસચારો,
૩૨. તમારા માટે અને તમારા ઢોરો માટે જીવન-સામગ્રી તરીકે.
૩૩. છેવટે જ્યારે તે કાન બહેરા કરી નાખે તેવો અવાજ બુલંદ થશે –
૩૪. તે દિવસે મનુષ્ય (દૂર) ભાગશે પોતાના ભાઈ
૩૫. અને પોતાની માતા અને પોતાના પિતા
૩૬. અને પોતાની પત્ની અને પોતાના સંતાનોથી.
૩૭. તેમાંથી દરેક વ્યક્તિ પર તે દિવસે એવો સમય આવી પડશે કે તેને પોતાના સિવાય કોઈનું ભાન નહીં હોય.

وُجُوۡهٌ يَّوۡمَئِذٍ مُّسۡفِرَةٌ ۙ﴿۳۸﴾ ضَاحِكَةٌ مُّسۡتَبۡشِرَةٌ ۚ﴿۳۹﴾

وَوُجُوۡهٌ يَّوۡمَئِذٍ عَلَيۡهَا غَبَرَةٌ ۙ﴿۴۰﴾ تَرۡهَقُهَا قَتَرَةٌ ؕ﴿۴۱﴾

اُولٰٓئِكَ هُمُ الۡكَفَرَةُ الۡفَجَرَةُ ﴿۴۲﴾ ع

૩૮. કેટલાક ચહેરા તે દિવસે ઝળહળી રહ્યા હશે,
૩૯. પ્રસન્ન-ને-પ્રફુલ્લિત અને આનંદિત હશે.
૪૦. અને કેટલાક ચહેરાઓ પર તે દિવસે ધૂળ ઉડી રહી હશે
૪૧. અને કાલિમા છવાયેલી હશે.
૪૨. આ જ કાફિર (ઇન્કાર કરનાર) અને દુરાચારી લોકો હશે. (રુકૂઅ-૧)

(૮૧) અત્-તકવીર

પરિચય

નામ :

પ્રથમ જ આયતના શબ્દ 'કુવ્વિરત' થી લેવામાં આવ્યું છે. 'કુવ્વિરત' એ 'તકવીર'નું ભૂતકાળનું અકર્મક વાક્ય છે, જેનો અર્થ થાય છે લપેટી લેવામાં આવી. આ નામનો અર્થ એ છે કે તે સૂરઃ જેમાં લપેટી લેવાનું વર્ણન છે.

ઉતરાણકાળઃ

વિષય અને વર્ણનશૈલીથી સ્પષ્ટ જણાય છે કે આ મક્કાના આરંભિક કાળમાં અવતરિત સૂરઃઓમાંથી છે.

વિષય અને ચર્ચા :

આના બે વિષયો છે : એક આખિરત (પરલોક), બીજો રિસાલત (ઇશદૂતત્વ). પ્રથમ ૬ આયતોમાં કયામતના પ્રથમ ચરણનું વર્ણન કરવામાં આવ્યું છે, પછી સાત આયતોમાં બીજા ચરણનું વર્ણન છે. આખિરતનું આ સંપૂર્ણ ચિત્રાણ કર્યા પછી એમ કહીને મનુષ્યને વિચાર કરવા છોડી મૂકવામાં આવ્યો છે કે તે સમયે દરેક મનુષ્યને સ્વયં ખબર પડી જશે કે તે શું લઈને આવ્યો છે. તે પછી રિસાલતનો વિષય લેવામાં આવ્યો છે. એમાં મક્કાવાસીઓને કહેવામાં આવ્યું છે કે હઝરત મુહમ્મદ (સલ્લ.) જે કંઈ તમારા સમક્ષ પ્રસ્તુત કરી રહ્યા છે, તે ન કોઈ પાગલની બકવાસ છે, ન કોઈ શેતાન-પ્રેરિત વસવસો (ખરાબ વિચાર), બલ્કે અલ્લાહે મોકલેલા એક મહાન, પ્રતિષ્ઠિત અને વિશ્વસનીય સંદેશવાહકનું નિવેદન છે જેને હઝરત મુહમ્મદ (સલ્લ.)એ ખુલ્લા આકાશના ઉચ્ચ ક્ષિતિજ પર દિવસના પ્રકાશમાં પોતાની આંખે નિહાળ્યા છે. આ શિક્ષણથી વિમુખતા દેખાડીને છેવટે તમે ક્યાં ચાલી જઈ રહ્યા છો ?

(૮૨) અલ-ઇન્ફિતાર

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'ઇન્ ફ-ત-ર-ત' થી લેવામાં આવ્યું છે. 'ઇન્ફિતાર' ક્રિયાત્મક મૂળ સંજ્ઞા છે, જેનો અર્થ છે – ફાટી જવું. આ નામનો અર્થ એ છે કે આ તે સૂરઃ છે જેમાં આકાશના ફાટી જવાનું વર્ણન કરવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આનો તથા સૂરઃ તકવીરનો વિષય એકબીજાને ખૂબ જ મળતો છે. તેનાથી જણાય છે કે બંને સૂરઃઓ લગભગ એક જ સમયે અવતરિત થઈ છે.

વિષય અને ચર્ચા :

આનો વિષય આખિરત (પરલોક) છે. અલ્લાહના રસૂલ (સલ્લ.) ફરમાવે છે કે, ''જે વ્યક્તિ ઇચ્છતો હોય કે કયામતના દિવસને એવી રીતે જોઈ લે, જેવી રીતે આંખોથી જોવામાં આવે છે, તો તે સૂરઃ તક્વીર, સૂરઃ ઇન્ફિતાર અને સૂરઃ ઇન્શિકાક વાંચી જાય.'' (હદીસ : મુસ્નદે અહમદ, તિરમિઝી)

આમાં સૌપ્રથમ કયામતના દિવસનું ચિત્રણ કરવામાં આવ્યું છે અને એ બતાવવામાં આવ્યું છે કે જ્યારે તે સામે આવશે તો દરેક વ્યક્તિના સામે તેનું કર્યું-કરાવ્યું બધું આવી જશે. તે પછી મનુષ્યને ભાન કરાવવામાં આવ્યું છે કે જે રબે (પ્રભુ-પાલનહારે) તેને જીવન પ્રદાન કર્યું અને જેની કૃપા અને દયાના કારણે આજે તું બીજા તમામ જીવધારીઓ કરતાં સારું શરીર અને અંગો લઈને ફરી રહ્યો છે, તેના વિષે તને એ ધોખો કયાંથી લાગુ થઈ ગયો કે તે ફક્ત કૃપા જ કરવાવાળો છે, ન્યાય કરવાવાળો નથી ? પછી માનવીને સચેત કરી દેવામાં આવ્યો છે કે તું કોઈ ભ્રમમાં ન પડ્યો રહેજે, તારી સંપૂર્ણ કર્મનોંધ તૈયાર કરવામાં આવી રહી છે. અંતે ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે ન્યાયનો દિવસ ચોક્કસ આવવાનો છે, જેમાં સત્કર્મીઓને જન્નત (સ્વર્ગ)નું સુખ અને આનંદ પ્રાપ્ત થશે અને દુષ્કર્મીઓને જહન્નમ (નર્ક)ની યાતના મળશે.

اٰیاتھا ٢٩ — (٨١) سُوْرَةُ التَّكْوِيْرِ مَكِّيَّةٌ (٧) — رکوعھا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

إِذَا الشَّمْسُ كُوِّرَتْ ۝١ وَإِذَا النُّجُوْمُ انْكَدَرَتْ ۝٢ وَإِذَا الْجِبَالُ
سُيِّرَتْ ۝٣ وَإِذَا الْعِشَارُ عُطِّلَتْ ۝٤ وَإِذَا الْوُحُوْشُ حُشِرَتْ ۝٥
وَإِذَا الْبِحَارُ سُجِّرَتْ ۝٦ وَإِذَا النُّفُوْسُ زُوِّجَتْ ۝٧ وَإِذَا
الْمَوْءٗدَةُ سُئِلَتْ ۝٨ بِأَيِّ ذَنْۢبٍ قُتِلَتْ ۝٩ وَإِذَا الصُّحُفُ
نُشِرَتْ ۝١٠ وَإِذَا السَّمَاءُ كُشِطَتْ ۝١١ وَإِذَا الْجَحِيْمُ سُعِّرَتْ ۝١٢
وَإِذَا الْجَنَّةُ أُزْلِفَتْ ۝١٣ عَلِمَتْ نَفْسٌ مَّا أَحْضَرَتْ ۝١٤ فَلَا
أُقْسِمُ بِالْخُنَّسِ ۝١٥ الْجَوَارِ الْكُنَّسِ ۝١٦ وَاللَّيْلِ إِذَا عَسْعَسَ ۝١٧
وَالصُّبْحِ إِذَا تَنَفَّسَ ۝١٨ إِنَّهٗ لَقَوْلُ رَسُوْلٍ كَرِيْمٍ ۝١٩ ذِيْ
قُوَّةٍ عِنْدَ ذِي الْعَرْشِ مَكِيْنٍ ۝٢٠ مُطَاعٍ ثَمَّ أَمِيْنٍ ۝٢١
وَمَا صَاحِبُكُمْ بِمَجْنُوْنٍ ۝٢٢ وَلَقَدْ رَاٰهُ بِالْأُفُقِ الْمُبِيْنِ ۝٢٣
وَمَا هُوَ عَلَى الْغَيْبِ بِضَنِيْنٍ ۝٢٤ وَمَا هُوَ بِقَوْلِ شَيْطٰنٍ
رَّجِيْمٍ ۝٢٥ فَأَيْنَ تَذْهَبُوْنَ ۝٢٦ إِنْ هُوَ إِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ ۝٢٧
لِمَنْ شَاءَ مِنْكُمْ أَنْ يَّسْتَقِيْمَ ۝٢٨ وَمَا تَشَاءُوْنَ إِلَّا
أَنْ يَّشَاءَ اللّٰهُ رَبُّ الْعٰلَمِيْنَ ۝٢٩

منزل ٧ — ع ١ / ٢٩

(૮૧) સૂરઃ અત્-તકવીર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૨૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. જ્યારે સૂર્ય લપેટી દેવામાં આવશે,
૨. અને જ્યારે તારાઓ વિખેરાઈ જશે,
૩. અને જ્યારે પર્વતો ચલાવવામાં આવશે,
૪. અને જ્યારે દસ મહિનાની ગાભણી ઊંટણીઓ પોતાના હાલ પર છોડી દેવામાં આવશે,
૫. અને જ્યારે જંગલી પશુઓ સમેટીને એકત્ર કરી દેવામાં આવશે,
૬. અને જ્યારે સમુદ્રો સળગાવી દેવામાં આવશે,
૭. અને જ્યારે આત્માઓ (શરીરોથી) જોડી દેવામાં આવશે,
૮. અને જ્યારે જીવતી દાટવામાં આવેલી બાળકીને પૂછવામાં આવશે
૯. કે તે કયા અપરાધ માટે મારી નાખવામાં આવી ?
૧૦. અને જ્યારે કર્મનોંધો ખોલવામાં આવશે,
૧૧. અને જ્યારે આકાશનું આવરણ હટાવી દેવામાં આવશે,
૧૨. અને જ્યારે જહન્નમ (નર્ક) ધગધગાવવામાં આવશે,
૧૩. અને જન્નત (સ્વર્ગ) નજીક લઈ આવવામાં આવશે,
૧૪. તે સમયે દરેક મનુષ્યને ખબર પડી જશે કે તે શું લઈને આવ્યો છે.
૧૫-૧૬. તો નહીં, હું સોગંદ ખાઉં છું પલટનારા અને છૂપાઈ જનારા તારાઓના!
૧૭. અને રાત્રિના જ્યારે કે તે વિદાય થઈ
૧૮. અને પ્રભાતના જ્યારે તેણે શ્વાસ લીધો,
૧૯. વાસ્તવમાં આ એક પ્રતિષ્ઠિત સંદેશવાહકના બોલ છે
૨૦. જે ખૂબ શક્તિશાળી છે, અર્શવાળા (સિંહાસનના માલિક)ના ત્યાં ઉચ્ચ પદવાળો છે,
૨૧. ત્યાં તેની આજ્ઞાને માનવામાં આવે છે, તે ભરોસાપાત્ર છે.
૨૨. અને (હે મક્કાવાસીઓ !) તમારો સાથી ઉન્માદી નથી,
૨૩. તેણે તે સંદેશવાહકને સ્પષ્ટ અને સાફ ક્ષિતિજ પર જોયો છે.
૨૪. અને તે પરોક્ષ (ના આજ્ઞાનને લોકો સુધી પહોંચાડવા)ની બાબતમાં કંજૂસ નથી.
૨૫. અને આ કોઈ હડધૂત શેતાનના બોલ નથી.
૨૬. પછી તમે લોકો કઈ તરફ જઈ રહ્યા છો ?
૨૭ આ તો સમસ્ત જગતવાસીઓ માટે એક ઉપદેશ છે,
૨૮. તમારામાંથી તે દરેક વ્યક્તિ માટે જે સન્માર્ગ પર ચાલવા ઇચ્છતો હોય.
૨૯. અને તમારા ઇચ્છવાથી કંઈ થતું નથી જ્યાં સુધી સમગ્ર સૃષ્ટિનો રબ (માલિક અને પાલનહાર) અલ્લાહ ન ઇચ્છે. (રુકૂઅ-૧)

اٰیاتُھَا ١٩ — (٨٢) سُوْرَةُ الْاِنْفِطَارِ مَكِّيَّةٌ (٨٢) — رُكُوْعُھَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا السَّمَآءُ انْفَطَرَتْ ۙ﴿۱﴾ وَاِذَا الْكَوَاكِبُ انْتَثَرَتْ ۙ﴿۲﴾ وَاِذَا الْبِحَارُ
فُجِّرَتْ ۙ﴿۳﴾ وَاِذَا الْقُبُوْرُ بُعْثِرَتْ ۙ﴿۴﴾ عَلِمَتْ نَفْسٌ مَّا قَدَّمَتْ
وَاَخَّرَتْ ؕ﴿۵﴾ يٰۤاَيُّهَا الْاِنْسَانُ مَا غَرَّكَ بِرَبِّكَ الْكَرِيْمِ ۙ﴿۶﴾
الَّذِيْ خَلَقَكَ فَسَوّٰىكَ فَعَدَلَكَ ۙ﴿۷﴾ فِيْۤ اَيِّ صُوْرَةٍ مَّا شَآءَ
رَكَّبَكَ ؕ﴿۸﴾ كَلَّا بَلْ تُكَذِّبُوْنَ بِالدِّيْنِ ۙ﴿۹﴾ وَاِنَّ عَلَيْكُمْ
لَحٰفِظِيْنَ ۙ﴿۱۰﴾ كِرَامًا كَاتِبِيْنَ ۙ﴿۱۱﴾ يَعْلَمُوْنَ مَا تَفْعَلُوْنَ ﴿۱۲﴾
اِنَّ الْاَبْرَارَ لَفِيْ نَعِيْمٍ ۙ﴿۱۳﴾ وَّاِنَّ الْفُجَّارَ لَفِيْ جَحِيْمٍ ۚۖ﴿۱۴﴾
يَّصْلَوْنَهَا يَوْمَ الدِّيْنِ ﴿۱۵﴾ وَمَا هُمْ عَنْهَا بِغَآئِبِيْنَ ؕ﴿۱۶﴾ وَمَاۤ
اَدْرٰىكَ مَا يَوْمُ الدِّيْنِ ۙ﴿۱۷﴾ ثُمَّ مَاۤ اَدْرٰىكَ مَا يَوْمُ الدِّيْنِ ؕ﴿۱۸﴾
يَوْمَ لَا تَمْلِكُ نَفْسٌ لِّنَفْسٍ شَيْـًٔا ؕ وَالْاَمْرُ يَوْمَئِذٍ لِّلّٰهِ ۧ﴿۱۹﴾

منزل ٧ — الربع ١٩ ع

(૮૨) સૂરઃ અલ-ઈન્ફિતાર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૧૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. જ્યારે આકાશ ફાટી જશે,

૨. અને જ્યારે તારા વિખેરાઈ જશે,

૩. અને જ્યારે સમુદ્રો ફાડી નાખવામાં આવશે,

૪. અને જ્યારે કબરો ખોલી દેવામાં આવશે,

૫. ત્યારે દરેક વ્યક્તિને તેનું આગળ-પાછળનું બધું કર્યું-કરાવ્યું જણાઈ જશે.

૬. હે મનુષ્ય ! કઈ વસ્તુએ તને પોતાના તે કૃપાળુ રબ (પ્રભુ-પાલનહાર) વિષે ધોખામાં નાખી દીધો

૭. જેણે તને પેદા કર્યો, તને નખશિખથી દુરસ્ત બનાવ્યો, તને એક સંતુલન સાથે બનાવ્યો,

૮. અને જે રૂપમાં ઈચ્છ્યો તને જોડીને તૈયાર કર્યો ?

૯. કદાપિ નહીં, પરંતુ (સાચી વાત એ છે કે) તમે લોકો જઝા (ઈનામ) તથા સજાને ખોટા ઠેરવો છો,

૧૦. જો કે તમારા પર નિરીક્ષકો નિયુક્ત કરવામાં આવેલા છે,

૧૧. એવા પ્રતિષ્ઠિત લખનારાઓ

૧૨. જે તમારા પ્રત્યેક કાર્યને જાણે છે.

૧૩. નિશ્ચિતપણે સદાચારી લોકો આનંદમાં હશે

૧૪. અને દુરાચારી લોકો જહન્નમ (નર્ક)માં જશે.

૧૫. બદલાના દિવસે તેઓ તેમાં પ્રવેશ કરશે

૧૬. અને તેનાથી કદાપિ અદૃષ્ય નહીં થઈ શકે.

૧૭. અને તમે શું જાણો કે તે બદલાનો દિવસ શું છે ?

૧૮. હા, તમને શું ખબર કે તે બદલાનો દિવસ શું છે ?

૧૯. આ તે દિવસ છે જ્યારે કોઈ વ્યક્તિ માટે કંઈ કરવું કોઈના અધિકારમાં નહીં હોય, નિર્ણય તે દિવસે સંપૂર્ણપણે અલ્લાહના અધિકારમાં હશે. (રુકૂઅ-૧)

(૮૩) અલ-મુતફ્ફિફીન

પરિચય

નામ :

પહેલી જ આયત 'વૈલુલ્ લિલ્-મુતફ્ફિફીન' (વિનાશ છે તોલ-માપમાં હાથચાલાકી કરનારાઓ માટે)થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આની વર્ણનશૈલી અને વિષયોથી સ્પષ્ટ જણાઈ આવે છે કે આ મક્કાના આરંભિક કાળમાં ઊતરી છે, જ્યારે મક્કાવાસીઓના મનમાં આખિરત (પરલોક)ની આસ્થા બેસાડવા માટે નિરંતર સૂરઃઓ અવતરિત થઈ રહી હતી, અને આનું અવતરણ તે સમયે થયું છે જ્યારે મક્કાવાસીઓએ રસ્તાઓ પર, બજારોમાં અને સભાઓમાં મુસલમાનોને મહેણાં મારવાનું અને તેમનું અપમાન કરવાનું શરૂ કરી દીધું હતું, પરંતુ અન્યાય, અત્યાચાર અને મારપીટનો ક્રમ હજુ શરૂ થયો ન હતો.

વિષય અને ચર્ચા :

આનો વિષય પણ આખિરત છે. પ્રથમ છ આયતોમાં તે પ્રચલિત ભ્રષ્ટાચાર પર પકડ કરવામાં આવી છે, જે વેપારીઓમાં ખૂબ જ વ્યાપક રીતે ફેલાયેલી હતી. સમાજના અનેક દૂષણોમાંથી આ એક દૂષણને, જેના ખરાબ હોવા વિષે કોઈ ઇન્કાર કરી શકતું ન હતું, ઉદાહરણ રૂપે લઈને એ બતાવવામાં આવ્યું છે કે આ આખિરતથી ગફ્લતનું અનિવાર્ય પરિણામ છે. જ્યાં સુધી લોકોને એ વાતનું ભાન ન હોય કે એક દિવસ અલ્લાહ સમક્ષ રજૂ થવાનું છે અને પાઈ-પાઈનો હિસાબ આપવાનો છે, ત્યાં સુધી એ શક્ય નથી કે તેઓ પોતાના વ્યવહાર-વર્તનમાં સંપૂર્ણ પ્રમાણિકતા અપનાવી શકે. આમ, નૈતિકતાના સાથે આખિરત (પરલોક) પર આસ્થાનો સંબંધ ખૂબ જ પ્રભાવશાળી અને હૃદયગમ્ય રીતે સ્પષ્ટ કર્યા પછી આયત ૭ થી ૧૭ સુધી બતાવવામાં આવ્યું છે કે દુરાચારી લોકોને આખિરતમાં સખત વિનાશનો સામનો કરવો પડશે. ત્યારબાદ આયત ૧૮ થી ૨૮ સુધી સદાચારી લોકોના ઉત્તમ પરિણામનું વર્ણન કરવામાં આવ્યું છે.

અંતમાં, ઈમાનવાળાઓને સાંત્વના આપવામાં આવી છે અને તે સાથે સત્યના વિરોધીઓને સચેત પણ કરવામાં આવ્યા છે કે આજે જે લોકો ઈમાન લાવનારાઓને અપમાનિત કરી રહ્યા છે, કયામતના દિવસે આ જ અપરાધી લોકો પોતાના વલણનું ખૂબ માઠું પરિણામ જોશે અને આ જ ઈમાનવાળાઓ આ અપરાધીઓના બૂરા પરિણામો જોઈને પોતાની આંખો ઠંડી કરશે.

اٰيَاتُهَا ٣٦ | (٨٣) سُوْرَةُ الْمُطَفِّفِيْنَ مَكِّيَّةٌ (٨٦) | رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَيْلٌ لِّلْمُطَفِّفِيْنَ ۙ﴿١﴾ الَّذِيْنَ اِذَا اكْتَالُوْا عَلَى النَّاسِ
يَسْتَوْفُوْنَ ۖ﴿٢﴾ وَاِذَا كَالُوْهُمْ اَوْ وَّزَنُوْهُمْ يُخْسِرُوْنَ ﴿٣﴾ؕ
اَلَا يَظُنُّ اُولٰٓئِكَ اَنَّهُمْ مَّبْعُوْثُوْنَ ۙ﴿٤﴾ لِيَوْمٍ عَظِيْمٍ ۙ﴿٥﴾
يَّوْمَ يَقُوْمُ النَّاسُ لِرَبِّ الْعٰلَمِيْنَ ؕ﴿٦﴾ كَلَّآ اِنَّ كِتٰبَ
الْفُجَّارِ لَفِيْ سِجِّيْنٍ ؕ﴿٧﴾ وَمَآ اَدْرٰىكَ مَا سِجِّيْنٌ ؕ﴿٨﴾ كِتٰبٌ
مَّرْقُوْمٌ ؕ﴿٩﴾ وَيْلٌ يَّوْمَئِذٍ لِّلْمُكَذِّبِيْنَ ۙ﴿١٠﴾ الَّذِيْنَ يُكَذِّبُوْنَ بِيَوْمِ
الدِّيْنِ ؕ﴿١١﴾ وَمَا يُكَذِّبُ بِهٖۤ اِلَّا كُلُّ مُعْتَدٍ اَثِيْمٍ ۙ﴿١٢﴾ اِذَا تُتْلٰى
عَلَيْهِ اٰيٰتُنَا قَالَ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ؕ﴿١٣﴾ كَلَّا بَلْ ۜ رَانَ
عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ ﴿١٤﴾ كَلَّآ اِنَّهُمْ عَنْ رَّبِّهِمْ
يَوْمَئِذٍ لَّمَحْجُوْبُوْنَ ؕ﴿١٥﴾ ثُمَّ اِنَّهُمْ لَصَالُوا الْجَحِيْمِ ؕ﴿١٦﴾ ثُمَّ
يُقَالُ هٰذَا الَّذِيْ كُنْتُمْ بِهٖ تُكَذِّبُوْنَ ؕ﴿١٧﴾ كَلَّآ اِنَّ كِتٰبَ
الْاَبْرَارِ لَفِيْ عِلِّيِّيْنَ ؕ﴿١٨﴾ وَمَآ اَدْرٰىكَ مَا عِلِّيُّوْنَ ؕ﴿١٩﴾ كِتٰبٌ
مَّرْقُوْمٌ ۙ﴿٢٠﴾ يَّشْهَدُهُ الْمُقَرَّبُوْنَ ؕ﴿٢١﴾ اِنَّ الْاَبْرَارَ لَفِيْ نَعِيْمٍ ۙ﴿٢٢﴾
عَلَى الْاَرَآئِكِ يَنْظُرُوْنَ ۙ﴿٢٣﴾ تَعْرِفُ فِيْ وُجُوْهِهِمْ نَضْرَةَ
النَّعِيْمِ ﴿٢٤﴾ يُسْقَوْنَ مِنْ رَّحِيْقٍ مَّخْتُوْمٍ ۙ﴿٢٥﴾ خِتٰمُهٗ مِسْكٌ ؕ وَفِيْ
ذٰلِكَ فَلْيَتَنَافَسِ الْمُتَنَافِسُوْنَ ؕ﴿٢٦﴾ وَمِزَاجُهٗ مِنْ تَسْنِيْمٍ ۙ﴿٢٧﴾

منزل ٧

(૮૩) સૂરઃ અલ-મુતફ્ફિફીન

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૩૬)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. વિનાશ છે તોલ-માપમાં હાથચાલાકી કરનારાઓ માટે
૨. જેમની સ્થિતિ એવી છે કે જ્યારે લોકો પાસેથી લે છે, તો પૂરેપૂરું લે છે
૩. અને જ્યારે તેમને માપીને કે તોલીને આપે છે, ત્યારે તેમને ઓછું આપે છે.
૪-૫. શું આ લોકો નથી સમજતા કે એક મોટા દિવસે એમને ઉઠાવીને લાવવામાં આવવાના છે ?
૬. તે દિવસે જ્યારે સૌ લોકો સમગ્ર સૃષ્ટિના રબ (માલિક) સામે ઊભા હશે.
૭. કદાપિ નહીં, ચોક્કસપણે દુરાચારીઓની કર્મનોંધ કારાવાસના દફતરમાં છે.
૮. અને તમે શું જાણો કે શું છે તે કારાવાસનું દફતર ?
૯. તે એક ગ્રંથ છે, લેખિત.
૧૦. વિનાશ છે તે દિવસે ખોટું ઠેરવનારાઓ માટે !
૧૧. જેઓ બદલાના દિવસને ખોટું ઠેરવે છે.
૧૨. અને તેને ખોટું નથી ઠેરવતો પણ દરેક તે મનુષ્ય જે હદથી વધી જનાર દુરાચારી છે.
૧૩. તેને જ્યારે અમારી આયતો સંભળાવવામાં આવે છે તો કહે છે, ''આ તો જૂના જમાનાની વાર્તાઓ છે.''
૧૪. કદાપિ નહીં, બલ્કે વાસ્તવમાં તેમના હૃદયો પર તેમના દુરાચારોનો કાટ ચઢી ગયો છે.
૧૫-૧૬. કદાપિ નહીં, નિશ્ચિતપણે તે દિવસે આ લોકો પોતાના રબના દર્શનથી વંચિત રાખવામાં આવશે, પછી આ લોકો જહન્નમમાં જઈ પડશે,
૧૭. પછી તેમને કહેવામાં આવશે કે આ તે જ વસ્તુ છે જેને તમે ખોટી ઠેરવતા હતા.
૧૮. કદાપિ નહીં, નિઃશંક સદાચારીઓની કર્મનોંધ ઉચ્ચ શ્રેણીના લોકોના દફતરમાં છે.
૧૯. અને તમને શું ખબર કે શું છે તે ઉચ્ચ શ્રેણીના લોકોનું દફતર ?
૨૦-૨૧. એક લેખિત ગ્રંથ, જેની દેખરેખ નિકટવર્તી ફરિશ્તાઓ કરે છે.
૨૨. નિઃશંક સદાચારી લોકો ખૂબ આનંદમાં હશે,
૨૩. ઊંચી બેઠકો પર બિરાજીને નિહાળી રહ્યા હશે,
૨૪. તેમના મુખ પર તમને સુખ-સમૃદ્ધિની તેજસ્વિતા જણાશે.
૨૫. તેમને સર્વોત્તમ અને વિશુદ્ધ સીલબંધ શરાબ પીવડાવવામાં આવશે
૨૬. જેના પર કસ્તુરીની મહોર લાગેલી હશે. જે લોકો બીજાઓથી આગળ વધી જવા માગતા હોય તેઓ આ વસ્તુ પ્રાપ્ત કરવામાં આગળ વધવાનો પ્રયત્ન કરે.
૨૭. તે શરાબમાં તસ્નીમ (બુલંદીથી વહેતા ઝરણાં)નું મિશ્રણ હશે,

عَيْنًا يَّشْرَبُ بِهَا الْمُقَرَّبُوْنَ ﴿٢٨﴾ اِنَّ الَّذِيْنَ اَجْرَمُوْا كَانُوْا مِنَ
الَّذِيْنَ اٰمَنُوْا يَضْحَكُوْنَ ﴿٢٩﴾ وَاِذَا مَرُّوْا بِهِمْ يَتَغَامَزُوْنَ ﴿٣٠﴾
وَاِذَا انْقَلَبُوْٓا اِلٰٓى اَهْلِهِمُ انْقَلَبُوْا فَكِهِيْنَ ﴿٣١﴾ وَاِذَا رَاَوْهُمْ قَالُوْٓا
اِنَّ هٰٓؤُلَآءِ لَضَآلُّوْنَ ﴿٣٢﴾ وَمَآ اُرْسِلُوْا عَلَيْهِمْ حٰفِظِيْنَ ﴿٣٣﴾ فَالْيَوْمَ
الَّذِيْنَ اٰمَنُوْا مِنَ الْكُفَّارِ يَضْحَكُوْنَ ﴿٣٤﴾ عَلَى الْاَرَآئِكِ
يَنْظُرُوْنَ ﴿٣٥﴾ هَلْ ثُوِّبَ الْكُفَّارُ مَا كَانُوْا يَفْعَلُوْنَ ﴿٣٦﴾

૨૮. આ એક ઝરણું છે જેના પાણી સાથે નિકટવર્તી લોકો મદિરાપાન કરશે.

૨૯. અપરાધી લોકો દુનિયામાં ઈમાન લાવનારાઓની હાંસી ઉડાવતા હતા,

૩૦. જયારે તેમના પાસેથી પસાર થતા તો આંખો મિચકારીને તેમના તરફ ઈશારા કરતા હતા,

૩૧. પોતાના કુટુંબીજનો તરફ પાછા ફરતા ત્યારે ખૂબ મજા લેતા પાછા ફરતા હતા,

૩૨. અને જયારે તેમને જોતા તો કહેતા હતા કે આ બહેકી ગયેલા લોકો છે,

૩૩. જો કે તેઓ તેમના પર દેખરેખ રાખનાર બનાવીને મોકલવામાં આવ્યા ન હતા.

૩૪. આજે ઈમાન લાવનારાઓ કાફિરો (ઇન્કારકરનારાઓ) પર હસી રહ્યા છે,

૩૫ આસનો પર બિરાજીને તેમની દશા જોઈ રહ્યા છે,

૩૬. મળી ગયું ને કાફિરોને તેમના તે કૃત્યોનું પુણ્ય જે તેઓ કર્યા કરતા હતા ! (રુકૂઅ-૧)

(૮૪) અલ-ઈન્શિકાક

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'ઈન્-શક્કત' (ફાટી જશે)થી લેવામાં આવ્યું છે. 'ઈન્શિકાક' ક્રિયાત્મક મૂળ સંજ્ઞા છે, જેનો અર્થ થાય છે 'ફાટી જવું' અને આ નામનો અર્થ એ છે કે આ તે સૂરઃ છે, જેમાં આકાશના ફાટવાનું વર્ણન છે.

ઉતરાણકાળ :

આ પણ મક્કાના આરંભિક કાળમાં અવતરિત સૂરઃઓમાંથી છે. તેની ચર્ચાનો આંતરિક પુરાવો એ બતાવી રહ્યો છે કે હજુ અન્યાય અને અત્યાચારનો ક્રમ શરૂ થયો ન હતો, જો કે કુર્આનના સંદેશને મક્કામાં ખુલ્લેઆમ ખોટો ઠેરવવામાં આવી રહ્યો હતો અને લોકો તે માનવાનો ઈન્કાર કરી રહ્યા હતા કે એક દિવસ કયામત આવશે અને તેમને પોતાના ઈશ્વર સમક્ષ જવાબ આપવા માટે હાજર થવું પડશે.

વિષય અને ચર્ચા :

આનો વિષય કયામત અને આખિરત (પ્રલય અને પરલોક) છે. પ્રથમ પાંચ આયતોમાં ન માત્ર કયામતના સ્વરૂપનું વર્ણન છે, બલ્કે તેના સત્ય હોવાની દલીલ પણ આપી દેવામાં આવી છે.

તે પછી આયત ૬ થી ૧૯ સુધી બતાવવામાં આવ્યું છે કે માણસને ચાહે તેની ખબર હોય કે ન હોય, પ્રત્યેક સ્થિતિમાં તે એ મંજિલ તરફ ઈચ્છા-અનિચ્છાએ ચાલી જઈ રહ્યો છે જયાં તેને પોતાના રબ સામે ઉપસ્થિત થવાનું છે. પછી તમામ મનુષ્યો બે વર્ગોમાં વહેંચાઈ જશે. એક તેઓ જેમની કાર્મનોંધ તેમના સીધા (જમણા) હાથમાં આપવામાં આવશે, તેમને વધુ હિસાબ-કિતાબ વગર ક્ષમા કરી દેવામાં આવશે. બીજા તેઓ જેમની કાર્મનોંધ તેમની પીઠ પાછળથી આપવામાં આવશે. તેઓ ઈચ્છશે કે કોઈપણ રીતે તેમને મૃત્યુ આવી જાય, પરંતુ મરવાને બદલે તેમને જહન્નમ (નર્ક)માં ફેંકી દેવામાં આવશે. તેમનો આ અંજામ એટલા માટે હશે કે તેઓ દુનિયામાં એ ભ્રમમાં રાચતા રહ્યા કે કદી અલ્લાહ સમક્ષ જવાબ આપવા માટે હાજર થવાનું નથી, જયારે કે વાસ્તવિકતા એ છે કે તેમનું દુનિયા (આલોક)ના જીવનથી આખિરત (પરલોક)ના ઈનામ અને સજા સુધી તબક્કાવાર પહોંચવું એટલું જ નિશ્ચિત છે, જેટલું સૂર્યના આથમ્યા

પછી સંધ્યાની લાલિમાનું દેખા દેવું અને દિવસ પછી રાતનું આવવું અને તેમાં મનુષ્યો અને પશુઓનું પોત-પોતાના રહેઠાણો તરફ પાછા ફરવું અને ચંદ્રનું બીજના ચંદ્રથી વધતાં-વધતાં પૂર્ણિમાના ચંદ્ર બની જવું નિશ્ચિત છે.

અંતમાં તે કાફિરો (સત્યનો ઇન્કાર કરનારાઓ)ને દુઃખદાયી સજાના સમાચાર આપી દેવામાં આવ્યા છે જેઓ કુર્આનને સાંભળ્યા પછી અલ્લાહ સામે ઝૂકી જવાને બદલે ઊલટા ખોટું ઠેરવે છે, અને તે લોકોને અસીમ વળતરની ખુશખબર આપવામાં આવી છે જેઓ ઈમાન લાવીને સદ્કાર્યો કરે છે.

(٨٤) سُوْرَةُ الْاِنْشِقَاقِ مَكِّيَّةٌ (٨٣) — اٰيَاتُهَا ٢٥ — رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا السَّمَآءُ انْشَقَّتْ ۟ۙ وَاَذِنَتْ لِرَبِّهَا وَحُقَّتْ ۟ۙ وَاِذَا
الْاَرْضُ مُدَّتْ ۟ؕ وَاَلْقَتْ مَا فِيْهَا وَتَخَلَّتْ ۟ۙ وَاَذِنَتْ
لِرَبِّهَا وَحُقَّتْ ۟ؕ يٰۤاَيُّهَا الْاِنْسَانُ اِنَّكَ كَادِحٌ اِلٰى رَبِّكَ
كَدْحًا فَمُلٰقِيْهِ ۟ۚ فَاَمَّا مَنْ اُوْتِيَ كِتٰبَهٗ بِيَمِيْنِهٖ ۟ۙ
فَسَوْفَ يُحَاسَبُ حِسَابًا يَّسِيْرًا ۟ۙ وَّيَنْقَلِبُ اِلٰۤى اَهْلِهٖ
مَسْرُوْرًا ۟ؕ وَاَمَّا مَنْ اُوْتِيَ كِتٰبَهٗ وَرَآءَ ظَهْرِهٖ ۟ۙ فَسَوْفَ
يَدْعُوْا ثُبُوْرًا ۟ۙ وَّيَصْلٰى سَعِيْرًا ۟ؕ اِنَّهٗ كَانَ فِيْۤ اَهْلِهٖ
مَسْرُوْرًا ۟ؕ اِنَّهٗ ظَنَّ اَنْ لَّنْ يَّحُوْرَ ۟ۚۛ بَلٰۤى ۛۚ اِنَّ رَبَّهٗ كَانَ
بِهٖ بَصِيْرًا ۟ؕ فَلَاۤ اُقْسِمُ بِالشَّفَقِ ۟ۙ وَالَّيْلِ وَمَا
وَسَقَ ۟ۙ وَالْقَمَرِ اِذَا اتَّسَقَ ۟ۙ لَتَرْكَبُنَّ طَبَقًا عَنْ طَبَقٍ ۟ؕ
فَمَا لَهُمْ لَا يُؤْمِنُوْنَ ۟ۙ وَاِذَا قُرِئَ عَلَيْهِمُ الْقُرْاٰنُ
لَا يَسْجُدُوْنَ ۟ؕ بَلِ الَّذِيْنَ كَفَرُوْا يُكَذِّبُوْنَ ۟ۖؗ وَاللّٰهُ
اَعْلَمُ بِمَا يُوْعُوْنَ ۟ۖؗ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ۟ۙ اِلَّا
الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمْ اَجْرٌ غَيْرُ مَمْنُوْنٍ ۟۠

معانقة ١٢ عند المتأخرين ١٢
السجدة ١٣ منزل ٧ ع ٩ ٢٥

(૮૪) સૂરઃ અલ-ઈન્શિકાક

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૨૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. જ્યારે આકાશ ફાટી જશે,

૨. અને પોતાના રબ (પ્રભુ)ના આદેશનું પાલન કરશે અને તેના માટે સાચું એ જ છે (કે પોતાના રબના આદેશને માને),

૩. અને જ્યારે ધરતી ફેલાવી દેવામાં આવશે, અને જે કંઈ તેના અંદર છે તેને બહાર ફેંકીને ખાલી થઈ જશે

૪. અને પોતાના રબના આદેશનું પાલન કરશે

૫. અને તેના માટે સાચું એ જ છે (કે તેના આદેશનું પાલન કરે).

૬. હે મનુષ્ય ! તું અનિવાર્યપણે ખેંચાતો-તણાતો પોતાના રબના તરફ જઈ રહ્યો છે, અને તેને મળવાનો છે.

૭. પછી જેની કર્મનોંધ તેના સીધા (જમણા) હાથમાં આપી દેવામાં આવી

૮. તેના પાસેથી હળવો હિસાબ લેવાશે

૯. અને તે સ્વજનો તરફ ખુશી-ખુશી પાછો ફરશે.

૧૦. રહી તે વ્યક્તિ જેની કર્મનોંધ તેની પીઠ પાછળ આપવામાં આવશે

૧૧-૧૨. તો તે મૃત્યુને પોકારશે અને ભડકે બળતી આગમાં જઈ પડશે.

૧૩. તે પોતાના કુટુંબીઓમાં મગ્ન હતો.

૧૪. તેણે સમજ્યું હતું કે તેને કયારેય પાછા ફરવાનું નથી.

૧૫. પાછા ફરવાનું કેવી રીતે ન હતું, તેનો રબ તેના કરતૂક જોઈ રહ્યો હતો.

૧૬. તો નહીં, હું સોગંદ ખાઉં છું સંધ્યાની લાલિમાના,

૧૭. અને રાત્રિના અને જે કંઈ તે સંકેલી લે છે,

૧૮. અને ચંદ્રના જ્યારે તે પૂર્ણિમાનો ચંદ્ર થઈ જાય છે,

૧૯. તમને ચોક્કસપણે તબક્કાવાર અને એક સ્થિતિથી બીજી સ્થિતિ તરફ પસાર થતા ચાલ્યા જવાનું છે.

૨૦. પછી આ લોકોને શું થઈ ગયું છે કે આ ઈમાન નથી લાવતા

૨૧. અને જ્યારે કુર્આન એમના સામે પઢવામાં આવે છે ત્યારે સિજદો નથી કરતા ?

૨૨. બલ્કે આ ઇન્કાર કરનારાઓ તો ઊલ્ટાનું ખોટું ઠેરવે છે,

૨૩. જો કે જે કંઈ આ લોકો (પોતાની કર્મનોંધમાં) એકત્રિત કરી રહ્યા છે અલ્લાહ તેને ખૂબ સારી રીતે જાણે છે.

૨૪. તેથી આમને દુઃખદાયક યાતનાની શુભસૂચના આપી દો.

૨૫. અલબત્ત જે લોકો ઈમાન લઈ આવ્યા છે અને જેમણે સત્કાર્યો કર્યા છે તેમના માટે કદી સમાપ્ત ન થનાર બદલો છે. (રુકૂઅ-૧)

(૮૫) અલ-બુરૂજ

પરિચય

નામ :

પહેલી આયતના શબ્દ 'અલ-બુરૂજ' (મજબૂત કિલ્લા) થી આનું નામ નક્કી કરવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આનો વિષય સ્વયં એ બતાવી રહ્યો છે કે આ સૂરઃ મક્કા-મુઅઝ્ઝમાના તે કાળમાં ઊતરી છે જ્યારે જુલ્મ અને અત્યાચાર ઉગ્ર રૂપ ધારણ કરી ચૂક્યા હતા અને મક્કાના કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ) મુસલમાનોને ભારેમાં ભારે તકલીફો પહોંચાડીને ઈમાનથી ફેરવી દેવાના પ્રયત્નો કરી રહ્યા હતા.

વિષય અને ચર્ચા :

આનો વિષય ઇસ્લામ-વિરોધીઓને તે અન્યાય અને અત્યાચારના માઠાં પરિણામોથી ચેતવવાનો છે જે તેઓ ઈમાન લાવનારાઓ પર કરી રહ્યા હતા, અને ઈમાનવાળાઓને એ સાંત્વના આપવાનો છે કે જો તેઓ અત્યાચારોના મુકાબલામાં કદમ જમાવી રાખશે તો તેમને તેનું શ્રેષ્ઠ વળતર મળશે અને અલ્લાહતઆલા અત્યાચારીઓથી બદલો લેશે.

આ સંદર્ભમાં સૌપ્રથમ 'અસ્હાબુલ્ ઉખ્દૂદ' (ખાડાવાળા)નો પ્રસંગ સંભળાવવામાં આવ્યો છે જેમણે ઈમાન લાવનારાઓને આગથી ભરેલા ખાડામાં ફેંકી-ફેંકીને બાળી નાખ્યા હતા. આ પ્રસંગ દ્વારા કેટલીક વાતો મુસલમાનો અને ઇન્કાર કરનારાઓના મનમાં ઉતારવામાં આવી છે –

એક એ કે જેવી રીતે 'અસ્હાબુલ્ ઉખ્દૂદ' (ખાડાવાળા) અલ્લાહના ધિક્કાર અને ફિટકારને લાયક ઠર્યા, એવી જ રીતે મક્કાના સરદારો પણ તેના લાયક બની રહ્યા છે.

બીજી એ કે જેવી રીતે ઈમાન લાવનારાઓએ તે વખતે આગના ખાડાઓમાં પડીને પ્રાણ આપી દેવાનું સ્વીકાર કરી લીધું હતું, પરંતુ ઈમાનથી ફરી જવાનું સ્વીકાર્યું ન હતું, તેવી જ રીતે અત્યારે પણ જરૂર છે કે ઈમાનવાળા લોકો દરેક કઠોરથી અતિકઠોર યાતનાઓ સહન કરી લે, પરંતુ ઈમાનનો માર્ગ ન છોડે.

ત્રીજી એ કે જે અલ્લાહને માનવા બદલ ઇસ્લામ-વિરોધીઓ ગુસ્સે થાય છે અને ઈમાનવાળા આગ્રહ રાખે છે, તે અલ્લાહ સૌના ઉપર પ્રભુત્વ ધરાવે છે, ધરતી અને આકાશના સામ્રાજ્યનો માલિક છે, તે સ્વયં પ્રશંસાપાત્ર છે, અને તે બંને જૂથોની સ્થિતિ પર નજર રાખી રહ્યો છે, એટલા માટે એ

વાત નિશ્ચિત છે કે આમાંથી પ્રત્યેક પોતાના કર્મોનું ફળ મેળવીને રહે. એ પછી સત્યનો ઇન્કાર કરનારાઓને ચેતવવામાં આવ્યા છે કે અલ્લાહની પકડ ઘણી સખત છે. જો તમે તમારા જૂથની શક્તિના ઘમંડમાં ચૂર હોવ, તમારા કરતાં પણ મોટાં જૂથો ફિરઔન અને સમૂદ પાસે હતા. તેમના લશ્કરોનું જે પરિણામ આવ્યું છે તેનાથી શિક્ષા ગ્રહણ કરો. અલ્લાહની શક્તિએ તમને એવી રીતે પોતાના ઘેરાવામાં લઈ રાખ્યા છે કે તે ઘેરાવામાંથી તમે નીકળી શકતા નથી, અને આ કુર્આન જેને ખોટું ઠેરવવા તમે પ્રવૃત્ત છો, તેની એકે-એક વાત અટલ છે. તે એ 'લૌહે મહ્‌ફૂઝ' (સુરક્ષિત પાટી)માં અંકિત છે, જેનું લખાણ કોઈના બદલવાથી બદલી શકાતું નથી.

اٰیَاتُهَا ٢٢ (٨٥) سُوْرَةُ الْبُرُوْجِ مَكِّيَّةٌ (٢٧) رُکُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالسَّمَآءِ ذَاتِ الْبُرُوْجِ ۙ﴿١﴾ وَالْيَوْمِ الْمَوْعُوْدِ ۙ﴿٢﴾ وَشَاهِدٍ
وَّمَشْهُوْدٍ ؕ﴿٣﴾ قُتِلَ اَصْحٰبُ الْاُخْدُوْدِ ۙ﴿٤﴾ النَّارِ ذَاتِ
الْوَقُوْدِ ۙ﴿٥﴾ اِذْ هُمْ عَلَيْهَا قُعُوْدٌ ۙ﴿٦﴾ وَّهُمْ عَلٰى مَا يَفْعَلُوْنَ
بِالْمُؤْمِنِيْنَ شُهُوْدٌ ؕ﴿٧﴾ وَمَا نَقَمُوْا مِنْهُمْ اِلَّاۤ اَنْ يُّؤْمِنُوْا
بِاللّٰهِ الْعَزِيْزِ الْحَمِيْدِ ۙ﴿٨﴾ الَّذِيْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ
وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ شَهِيْدٌ ؕ﴿٩﴾ اِنَّ الَّذِيْنَ فَتَنُوا الْمُؤْمِنِيْنَ
وَالْمُؤْمِنٰتِ ثُمَّ لَمْ يَتُوْبُوْا فَلَهُمْ عَذَابُ جَهَنَّمَ وَلَهُمْ عَذَابُ
الْحَرِيْقِ ؕ﴿١٠﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمْ جَنّٰتٌ
تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ؕ۬ ذٰلِكَ الْفَوْزُ الْكَبِيْرُ ؕ﴿١١﴾ اِنَّ
بَطْشَ رَبِّكَ لَشَدِيْدٌ ؕ﴿١٢﴾ اِنَّهٗ هُوَ يُبْدِئُ وَيُعِيْدُ ۚ﴿١٣﴾ وَهُوَ
الْغَفُوْرُ الْوَدُوْدُ ۙ﴿١٤﴾ ذُو الْعَرْشِ الْمَجِيْدُ ۙ﴿١٥﴾ فَعَّالٌ لِّمَا
يُرِيْدُ ؕ﴿١٦﴾ هَلْ اَتٰىكَ حَدِيْثُ الْجُنُوْدِ ۙ﴿١٧﴾ فِرْعَوْنَ وَثَمُوْدَ ؕ﴿١٨﴾
بَلِ الَّذِيْنَ كَفَرُوْا فِيْ تَكْذِيْبٍ ۙ﴿١٩﴾ وَّاللّٰهُ مِنْ وَّرَآئِهِمْ
مُّحِيْطٌ ۚ﴿٢٠﴾ بَلْ هُوَ قُرْاٰنٌ مَّجِيْدٌ ۙ﴿٢١﴾ فِيْ لَوْحٍ مَّحْفُوْظٍ ۠﴿٢٢﴾

منزل ٧

(૮૫) સૂરઃ અલ-બુરૂજ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૨૨)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે મજબૂત કિલ્લાવાળા આકાશના,

૨. અને તે દિવસના જેનો વાયદો કરવામાં આવ્યો છે,

૩. અને જોવાવાળાના અને જોવામાં આવનારી વસ્તુના

૪. કે માર્યા ગયા ખાડાવાળા.

૫. (તે ખાડાવાળા) જેમાં ખૂબ તેજ સળગતા ઈંધણની આગ હતી.

૬. જયારે કે તેઓ તે ખાડાના કિનારે બેસેલા હતા

૭. અને જે કંઈ તેઓ ઈમાન લાવનારાઓ સાથે કરી રહ્યા હતા તેને જોઈ રહ્યા હતા.

૮. અને તે ઈમાનવાળાઓથી તેમની દુશ્મની તે સિવાય કોઈ કારણે ન હતી કે તેઓ તે અલ્લાહ પર ઈમાન લાવ્યા હતા જે સર્વશક્તિમાન અને પોતાનામાં સ્વયં પ્રશંસિત છે,

૯. જે આકાશો અને ધરતીના રાજયનો માલિક છે, અને તે અલ્લાહ બધું જ જોઈ રહ્યો છે.

૧૦. જે લોકોએ ઈમાનવાળા પુરુષો અને સ્ત્રીઓ પર અત્યાચાર કર્યો અને પછી તેનાથી તૌબા (ક્ષમા અને પશ્ચાતાપ) ન કરી નિશ્ચિતપણે તેમના માટે જહન્નમ (નર્ક)ની યાતના છે અને તેમના માટે બળવાની સજા છે.

૧૧. જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે સત્કર્મો કર્યા, નિશ્ચિતપણે તેમના માટે જન્નતના બાગ છે જેના નીચે નહેરો વહેતી હશે, આ છે ભવ્ય સફળતા!

૧૨. હકીકતમાં તમારા રબ (પ્રભુ)ની પકડ ખૂબ જ સખત છે.

૧૩. તે જ પહેલી વાર પેદા કરે છે અને તે જ ફરી વાર પેદા કરશે.

૧૪. તે ક્ષમા આપનાર છે, પ્રેમ કરનાર છે,

૧૫. અર્શ (સિંહાસન)નો માલિક છે, પ્રતિષ્ઠિત અને ઉચ્ચ છે.

૧૬. અને જે કંઈ ઇચ્છે કરી નાખનાર છે.

૧૭. શું તમને લશ્કરોના સમાચાર પહોંચ્યા છે ?

૧૮. ફિરઔન અને સમૂદ (નાં લશ્કરો)ના ?

૧૯. પરંતુ જેમણે ઇન્કાર (કુફ્ર) કર્યો છે તેઓ ખોટું ઠેરવવામાં લાગેલા છે,

૨૦. જો કે અલ્લાહે તેમને ઘેરાવામાં લઈ રાખ્યા છે

૨૧. (તેમના ખોટા ઠેરવવાથી આ કુર્આનનું કાંઈ નથી બગડતું) બલ્કે આ કુર્આન ઉચ્ચ કોટિનું છે,

૨૨. તે લોહ (પાટી)માં (અંકિત છે) જે સુરક્ષિત છે. (રુકૂઅ-૧)

(૮૬) અત્-તારિક

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'અત્-તારિક' (રાત્રે પ્રગટ થનાર)ને આનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આના વિષયની વર્ણન-શૈલી મક્કા-મુઅઝ્ઝમાની આરંભિક સૂરઃઓને મળતી આવે છે, પરંતુ આ તે સમયે અવતરિત સૂરઃ છે જ્યારે મક્કાના કાફિરો (ઇસ્લામ-વિરોધીઓ) કુર્આન અને હઝરત મુહમ્મદ (સલ્લ.)ના આહવાનને નુકસાન પહોંચાડવા માટે દરેક પ્રકારની ચાલબાજીઓ કરી રહ્યા હતા.

વિષય અને ચર્ચા :

આમાં બે વિષયો વર્ણવવામાં આવ્યા છે :

એક એ કે માણસે મૃત્યુ પછી અલ્લાહના સામે હાજર થવાનું છે.

બીજું એ કે કુર્આન એક 'કૌલે-ફૈસલ' (નિર્ણાયક વાણી) છે, જેને વિરોધીઓની કોઈ ચાલ કે યુક્તિ હાનિ પહોંચાડી શકતી નથી.

સૌપ્રથમ આકાશના તારાઓને તે વાતની સાક્ષીમાં રજૂ કરવામાં આવ્યા છે કે સૃષ્ટિની કોઈ વસ્તુ પણ એવી નથી જે એક હસ્તીની દેખભાળ વિના પોતાના સ્થાને સ્થિર અને બાકી રહી શકતી હોય. પછી માણસનું ધ્યાન સ્વયં તેની જાત તરફ આકૃષ્ટ કરાવવામાં આવ્યું છે કે કેવી રીતે વીર્યના એક ટીપામાંથી તેને અસ્તિત્વમાં લાવવામાં આવ્યો અને જીવતો-જાગતો મનુષ્ય બનાવી દીધો. તે પછી કહેવામાં આવ્યું છે કે જે અલ્લાહ આવી રીતે તેને અસ્તિત્વમાં લાવ્યો છે, તે નિશ્ચિતપણે તેને ફરીથી પેદા કરવાનું સામર્થ્ય ધરાવે છે અને બીજી વારનો જન્મ તે હેતુ માટે હશે કે માનવીના તે તમામ રહસ્યોની તપાસ કરવામાં આવે જેના પર દુનિયામાં પરદો નાંખી દેવામાં આવ્યો હતો.

અંતમાં કહેવામાં આવ્યું છે કે જેવી રીતે આકાશમાંથી વરસાદનું વરસવું અને ધરતીમાંથી વૃક્ષો અને પાકનું ઊગવું કોઈ રમત નથી, પરંતુ એક ગંભીર કાર્ય છે, તે જ રીતે કુર્આનમાં જે હકીકતોનું વર્ણન થયું છે તે પણ કંઈ ઠઠ્ઠા-મશ્કરી નથી, પરંતુ સુદૃઢ અને અટળ વાતો છે. વિરોધીઓ એ ગેરસમજમાં છે કે તેમની ચાલબાજીઓ આ કુર્આનના આહવાનને હાનિ પહોંચાડશે, પરંતુ તેમને ખબર નથી કે અલ્લાહ પણ એક યુક્તિમાં લાગેલો છે અને તે યુક્તિ સામે વિરોધીઓની બધી ચાલબાજીઓ જેમની તેમ રહી જશે. પછી એક વાક્યમાં

અલ્લાહના રસૂલ (સલ્લ.)ને એ સાંત્વના અને પરોક્ષ રીતે વિરોધીઓને એ ધમકી આપીને વાતનું સમાપન કરવામાં આવ્યું છે કે આપ (સલ્લ.) થોડાંક ધૈર્યથી કામ લે અને થોડા સમય સુધી વિરોધીઓને મન-માન્યું કરી લેવા દે, પછી વધુ વાર નહીં લાગે કે તેમને સ્વયં ખબર પડી જશે કે તેમનું પરિણામ શું આવે છે.

آیاتها ١٧ | (٨٦) سُوْرَةُ الطَّارِقِ مَكِّيَّةٌ (٣٦) | رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالسَّمَآءِ وَالطَّارِقِ ۙ﴿١﴾ وَمَآ اَدْرٰىكَ مَا الطَّارِقُ ۙ﴿٢﴾ النَّجْمُ
الثَّاقِبُ ۙ﴿٣﴾ اِنْ كُلُّ نَفْسٍ لَّمَّا عَلَيْهَا حَافِظٌ ؕ﴿٤﴾ فَلْيَنْظُرِ
الْاِنْسَانُ مِمَّ خُلِقَ ؕ﴿٥﴾ خُلِقَ مِنْ مَّآءٍ دَافِقٍ ۙ﴿٦﴾ يَّخْرُجُ مِنْ
بَيْنِ الصُّلْبِ وَالتَّرَآئِبِ ؕ﴿٧﴾ اِنَّهٗ عَلٰى رَجْعِهٖ لَقَادِرٌ ؕ﴿٨﴾
يَوْمَ تُبْلَى السَّرَآئِرُ ۙ﴿٩﴾ فَمَا لَهٗ مِنْ قُوَّةٍ وَّلَا نَاصِرٍ ؕ﴿١٠﴾ وَالسَّمَآءِ
ذَاتِ الرَّجْعِ ۙ﴿١١﴾ وَالْاَرْضِ ذَاتِ الصَّدْعِ ۙ﴿١٢﴾ اِنَّهٗ لَقَوْلٌ
فَصْلٌ ۙ﴿١٣﴾ وَّمَا هُوَ بِالْهَزْلِ ؕ﴿١٤﴾ اِنَّهُمْ يَكِيْدُوْنَ كَيْدًا ۙ﴿١٥﴾
وَّاَكِيْدُ كَيْدًا ۚ﴿١٦﴾ فَمَهِّلِ الْكٰفِرِيْنَ اَمْهِلْهُمْ رُوَيْدًا ﴿١٧﴾

منزل ٧

ع ١٧

(૮૬) સૂરઃ અત્-તારિક

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૧૭)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે આકાશના અને રાત્રે પ્રગટ થનારના !
૨. અને તમે શું જાણો કે તે રાત્રે પ્રગટ થનાર શું છે ?
૩. ચમકતો તારો !
૪. કોઈ જીવ એવો નથી જેના ઉપર કોઈ દેખરેખ રાખનાર ન હોય.
૫. પછી જરા મનુષ્ય એ જ જોઈ લે કે તે કઈ વસ્તુથી પેદા કરવામાં આવ્યો છે.
૬. એક ઊછળતા પાણીથી પેદા કરવામાં આવ્યો છે
૭. જે પીઠ અને છાતીના હાડકાઓના વચ્ચેથી નીકળે છે.
૮. ચોક્કસપણે તે (સૃષ્ટા) તેને ફરી વાર પેદા કરવા સમર્થ છે.
૯. જે દિવસે છૂપા રહસ્યોની તપાસ થશે
૧૦. તે વખતે મનુષ્ય પાસે ન પોતાની કોઈ શક્તિ હશે અને ન કોઈ મદદ કરનાર હશે.
૧૧. સોગંદ છે વરસાદ વરસાવનાર આકાશના
૧૨. અને (વનસ્પતિ ઊગતી વખતે) ફાટી જનાર જમીનના,
૧૩. આ એક સટીક અને ખરી વાત છે,
૧૪. ઠઠ્ઠા-મશ્કરી નથી.
૧૫. આ લોકો (અર્થાત્ મક્કાના કાફિરો) કેટલીક ચાલો ચાલી રહ્યા છે
૧૬. અને હું પણ એક ચાલ ચાલી રહ્યો છું.
૧૭. તો છોડી દો, હે પયગંબર ! આ ઇન્કાર કરનારાઓને થોડાંક સમય માટે, એમના હાલ પર છોડી દો. (રુકૂઅ-૧)

(૮૭) અલ-આ'લા

પરિચય

નામ :

પ્રથમ જ આયત 'સબ્બિહિસ્-મ રબ્બિકલ્ આલા' (પોતાના સર્વોચ્ચ રબના નામની તસ્બીહ કરો)ના શબ્દ 'અલ-આલા'ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આ સૂરઃના વિષયથી પણ એમ જણાય છે કે આ તદ્દન આરંભિક કાળમાં ઊતરેલી સૂરઃઓ પૈકી છે. અને આયત ૬ના એ શબ્દો પણ કે 'અમે તમને પઢાવી દઈશું, ત્યારપછી તમે નહીં ભૂલો' બતાવે છે કે આ સૂરઃ તે વખતે ઊતરી હતી જ્યારે અલ્લાહના રસૂલ (સલ્લ.)ને હજુ વહી (દિવ્ય પ્રકાશના) ગ્રહણ કરવાનો સારી રીતે મહાવરો થયો ન હતો અને વહીના અવતરણ સમયે આપને એવી આશંકા રહેતી હતી કે ક્યાંક હું તેના શબ્દો ન ભૂલી જાઉં.

વિષય અને ચર્ચા :

આ નાનકડી સૂરઃના ત્રણ વિષયો છે –

(૧) તૌહીદ–એકેશ્વરવાદ

(૨) નબી સલ્લ.ને આદેશો, અને

(૩) આખિરત (પરલોક).

પ્રથમ આયતમાં તૌહીદની શિક્ષાને એક વાક્યમાં સમેટી લેવામાં આવી છે કે અલ્લાહના નામની 'તસ્બીહ' (ગુણગાન) કરવામાં આવે, અર્થાત્ તેને કોઈ એવા નામથી યાદ કરવામાં ન આવે જે પોતાનામાં કોઈક પ્રકારની ખામી, કમજોરી, દોષ કે સૃષ્ટ-પ્રાણીઓના સમરૂપ હોવાનું કોઈ પાસું ધરાવતા હોય, કારણ કે દુનિયામાં જેટલી પણ ખોટી બગાડ ફેલાવનારી આસ્થાઓ પેદા થઈ છે, તે સૌના મૂળમાં અલ્લાહ વિષે કોઈ-ને-કોઈ ખોટી ધારણા હોય છે, જેણે તે પવિત્ર હસ્તી માટે કોઈ ખોટા નામનું રૂપ લઈ લીધું છે. તેથી આસ્થાની શુદ્ધિ માટે સૌપ્રથમ જરૂરી એ છે કે પ્રતાપવાન અલ્લાહને ફક્ત તે સારા નામોથી જ યાદ કરવામાં આવે, જે તેના માટે ઉચિત અને ઉપયુક્ત હોય.

તે પછી ત્રણ આયતોમાં બતાવવામાં આવ્યું છે કે તમારો રબ જેના નામની તસ્બીહનો આદેશ આપવામાં આવી રહ્યો છે, તે એ છે જેણે સૃષ્ટિની તમામ વસ્તુઓનું સર્જન કર્યું, તેનું સંતુલન સ્થાપિત કર્યું, તેનું ભાગ્ય બનાવ્યું, તેને તે કાર્ય પુરું કરવાનો માર્ગ બતાવ્યો જેના માટે તે સર્જવામાં આવી છે.

ત્યારપછી બે આયતોમાં અલ્લાહના રસૂલ (સલ્લ.)ને આદેશ આપવામાં આવ્યો છે કે આપ તે ચિંતા ન કરો કે આ કુર્આન શબ્દશઃ આપને યાદ કેવી રીતે રહેશે. તેને આપની સ્મૃતિમાં સુરક્ષિત કરી દેવાનું કામ અમારું છે અને તેનું સુરક્ષિત રહેવું એ આપની કોઈ વ્યક્તિગત યોગ્યતાનું પરિણામ નથી, બલ્કે અમારી કૃપાનું પરિણામ છે, નહીં તો અમે ઇચ્છીએ તો તેને ભુલાવી દઈએ.

તે પછી અલ્લાહના રસૂલ (સલ્લ.)ને કહેવામાં આવ્યું છે કે દરેકને સન્માર્ગે લઈ આવવાનું કામ આપને સુપ્રત કરવામાં આવ્યું નથી, બલ્કે આપનું કામ માત્ર સત્યનો પ્રચાર કરી દેવાનું છે, અને પ્રચારની સીધી-સાદી રીત એ છે કે જે શિખામણ સાંભળવા અને અપનાવવા માટે તૈયાર હોય તેને શિખામણ આપવામાં આવે, જે તેના માટે તૈયાર ન હોય તેના પાછળ પડવામાં ન આવે.

અંતે ચર્ચાને એ વાત પર પૂરી કરવામાં આવી છે કે સફળતા માત્ર તેમના માટે છે જેઓ આસ્થા, નીતિમત્તા અને આચરણમાં પવિત્રતા અપનાવે અને પોતાના રબનું નામ લઈને નમાઝ પઢે. પરંતુ લોકોની હાલત એ છે કે તેમને બધી ચિંતા માત્ર આ જ દુનિયા (આલોક)ની છે, જ્યારે કે ખરી ચિંતા આખિરત (પરલોક)ની હોવી જોઈએ.

اٰيَاتُهَا ١٩ | (٨٧) سُوْرَةُ الْاَعْلٰى مَكِّيَّةٌ (٨) | رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

سَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلَى ۙ﴿١﴾ الَّذِىْ خَلَقَ فَسَوّٰى ۙ﴿٢﴾ وَالَّذِىْ
قَدَّرَ فَهَدٰى ۙ﴿٣﴾ وَالَّذِىْٓ اَخْرَجَ الْمَرْعٰى ۙ﴿٤﴾ فَجَعَلَهٗ غُثَآءً
اَحْوٰى ؕ﴿٥﴾ سَنُقْرِئُكَ فَلَا تَنْسٰٓى ۙ﴿٦﴾ اِلَّا مَا شَآءَ اللّٰهُ ؕ اِنَّهٗ
يَعْلَمُ الْجَهْرَ وَمَا يَخْفٰى ؕ﴿٧﴾ وَنُيَسِّرُكَ لِلْيُسْرٰى ۚۖ﴿٨﴾ فَذَكِّرْ
اِنْ نَّفَعَتِ الذِّكْرٰى ؕ﴿٩﴾ سَيَذَّكَّرُ مَنْ يَّخْشٰى ۙ﴿١٠﴾ وَ
يَتَجَنَّبُهَا الْاَشْقَى ۙ﴿١١﴾ الَّذِىْ يَصْلَى النَّارَ الْكُبْرٰى ۚ﴿١٢﴾ ثُمَّ
لَا يَمُوْتُ فِيْهَا وَلَا يَحْيٰى ؕ﴿١٣﴾ قَدْ اَفْلَحَ مَنْ تَزَكّٰى ۙ﴿١٤﴾ وَ
ذَكَرَ اسْمَ رَبِّهٖ فَصَلّٰى ؕ﴿١٥﴾ بَلْ تُؤْثِرُوْنَ الْحَيٰوةَ الدُّنْيَا ۫﴿١٦﴾
وَالْاٰخِرَةُ خَيْرٌ وَّاَبْقٰى ؕ﴿١٧﴾ اِنَّ هٰذَا لَفِى الصُّحُفِ الْاُوْلٰى ۙ﴿١٨﴾
صُحُفِ اِبْرٰهِيْمَ وَمُوْسٰى ع﴿١٩﴾

منزل ٧ — ع ١٩ / ١٢

(૮૭) સૂરઃ અલ-આ'લા

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૧૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. (હે પયગંબર !) પોતાના સર્વોચ્ચ રબ (પ્રભુ-પાલનહાર)ના નામની તસ્બીહ (ગુણગાન) કરો
૨. જેણે પેદા કર્યા અને તનાસુબ (સંતુલન, પ્રમાણ) સ્થાપ્યું,
૩. જેણે ભાગ્ય બનાવ્યું, પછી માર્ગ દેખાડ્યો,
૪. જેણે વનસ્પતિઓ ઉગાડી
૫. પછી તેને કાળો કચરો બનાવી દીધી.
૬. અમે તમને પઢાવી દઈશું, પછી તમે ભૂલશો નહીં
૭. સિવાય તેના જે અલ્લાહ ઇચ્છે, તે જાહેરને પણ જાણે છે અને જે કંઈ છૂપાયેલું છે તેને પણ.
૮. અને અમે તમને સરળ પદ્ધતિની સુવિધા આપીએ છીએ,
૯. તેથી તમે ઉપદેશ આપો જો ઉપદેશ લાભદાયક હોય.
૧૦. જે વ્યક્તિ ડરે છે તે ઉપદેશ સ્વીકારી લેશે,
૧૧. અને તેનાથી બચશે તે અત્યંત દુર્ભાગી
૧૨. જે મોટા અગ્નિમાં જશે,
૧૩. પછી ન તેમાં મરશે, ન જીવશે.
૧૪. સફળ થઈ ગયો તે જેણે પવિત્રતા અપનાવી
૧૫. અને પોતાના રબ (પ્રભુ)નું નામ યાદ કર્યું, પછી નમાઝ પઢી.
૧૬. પરંતુ તમે લોકો દુનિયા (આલોક)ના જીવનને પ્રાથમિકતા આપો છો,
૧૭. જો કે આખિરત (પરલોક) વધુ સારી છે અને બાકી રહેનારી છે.
૧૮. આ જ વાત અગાઉ આવેલ પુસ્તિકાઓમાં પણ કહેવામાં આવી હતી,
૧૯. ઇબ્રાહીમ અને મૂસાની પુસ્તિકાઓમાં. (રુકૂઅ-૧)

(૮૮) અલ-ગાશિયહ

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'અલ-ગાશિયહ' (અર્થાત્ છવાઈ જનારી)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

સૂરઃનો સમગ્ર વિષય એ વાતનું પ્રમાણ છે કે આ પણ આરંભિક કાળમાં ઊતરેલી સૂરઃઓમાંથી જ છે, પરંતુ આ તે સમય હતો જયારે નબી (સલ્લ.) સામાન્ય રૂપે પ્રચાર-પ્રસાર શરૂ કરી ચૂક્યા હતા અને મક્કાના લોકો મોટાભાગે સાંભળી-સાંભળીને તેની અવગણના કરી રહ્યા હતા.

વિષય અને ચર્ચા :

આમાં સૌપ્રથમ ગફલતમાં પડેલા લોકોને ચોંકાવવા માટે અચાનક તેમના સામે એ પ્રશ્ન મૂકવામાં આવ્યો છે કે તમને તે સમયની પણ કંઈ ખબર છે જ્યારે સમગ્ર દુનિયા પર છવાઈ જનારી એક આફત ઊતરશે ? તે પછી તરત જ એ વિવરણ આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે કે તે સમયે બધા મનુષ્યો બે જૂથોમાં વહેંચાઈને બે જુદાં-જુદાં પરિણામો નિહાળશે. એક તે જે જહન્નમ (નર્ક)માં જશે, બીજું તે જે ઉચ્ચ કોટિનું સ્થાન જન્નત (સ્વર્ગ)માં જશે. આવી રીતે લોકોને ચોંકાવ્યા પછી એકાએક વિષય બદલાય છે અને પ્રશ્ન કરવામાં આવે છે કે શું તે લોકો જેઓ કુર્આનની તૌહીદ (એકેશ્વરવાદ)ની શિક્ષા અને આખિરત (પરલોક)ના સમાચારને સાંભળીને મોઢું વાંકુ કરી રહ્યા છે, પોતાના સામેની તે વસ્તુઓને નથી જોતાં જે દરેક ક્ષણે તેમના સામે આવતી રહે છે ? આરબ પ્રદેશના રણમાં જે ઊંટો પર તેમના સમગ્ર જીવનનો આધાર છે, ક્યારેય આ લોકો વિચારતા નથી કે આ કેવી રીતે બરાબર તે જ ખાસિયતો પ્રમાણે બની ગયા જેવી ખાસિયતોના પશુની જરૂરિયાત તેમના રણ-જીવન માટે હતી ? પોતાના પ્રવાસોમાં તેઓ જયારે જતાં હોય છે, ત્યારે તેમને કાં તો આકાશ દેખાતું હોય છે અથવા પર્વતો અથવા જમીન. આ જ ત્રણ વસ્તુઓ પર આ લોકો વિચાર કરે. ઉપર આ આકાશ કેવી રીતે છવાઈ ગયું ? સામે આ પર્વતો કેવી રીતે ઊભા થઈ ગયા ? નીચે આ ધરતી કેવી રીતે પથરાઈ ગઈ ? શું આ બધું કોઈ સમર્થ અને તત્ત્વદર્શી રચયિતાની કારીગરી વિના જ થઈ ગયું છે ? જો તેઓ માને છે કે તે અલ્લાહ આ બધું પેદા કરવાનું સામર્થ્ય ધરાવતો હતો, તો પછી કયા ઉચિત તર્કને લઈને એ માનવાથી તેમને સંકોચ છે કે તે જ અલ્લાહ

કયામત લાવવાનું પણ સામર્થ્ય ધરાવતો હતો ? તે મનુષ્યોને બીજીવાર પેદા કરવાનું પણ સામર્થ્ય ધરાવે છે ? જન્નત અને દોજખ બનાવવાનું પણ સામર્થ્ય ધરાવે છે ? તે પછી નબી (સલ્લ.)ને સંબોધવામાં આવે છે અને આપને કહેવામાં આવે છે કે આ લોકો નથી માનતા તો ભલે ન માને, આપનું કામ સંદેશ પહોંચાડવાનું છે, તેથી આપ સંદેશ પહોંચાડતા રહો. છેવટે તો એમને આવવાનું તો અમારા પાસે જ છે. તે વખતે અમે તેમનાથી પૂરેપૂરો હિસાબ લઈ લઈશું.

آياتها ٢٦ (٨٨) سُوْرَةُ الْغَاشِيَةِ مَكِّيَّةٌ (٦٨) ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

هَلْ اَتٰىكَ حَدِيْثُ الْغَاشِيَةِ ۝١ وُجُوْهٌ يَّوْمَئِذٍ خَاشِعَةٌ ۝٢
عَامِلَةٌ نَّاصِبَةٌ ۝٣ تَصْلٰى نَارًا حَامِيَةً ۝٤ تُسْقٰى مِنْ
عَيْنٍ اٰنِيَةٍ ۝٥ لَيْسَ لَهُمْ طَعَامٌ اِلَّا مِنْ ضَرِيْعٍ ۝٦ لَّا يُسْمِنُ
وَلَا يُغْنِيْ مِنْ جُوْعٍ ۝٧ وُجُوْهٌ يَّوْمَئِذٍ نَّاعِمَةٌ ۝٨
لِّسَعْيِهَا رَاضِيَةٌ ۝٩ فِيْ جَنَّةٍ عَالِيَةٍ ۝١٠ لَّا تَسْمَعُ فِيْهَا
لَاغِيَةً ۝١١ فِيْهَا عَيْنٌ جَارِيَةٌ ۝١٢ فِيْهَا سُرُرٌ مَّرْفُوْعَةٌ ۝١٣
وَّاَكْوَابٌ مَّوْضُوْعَةٌ ۝١٤ وَّنَمَارِقُ مَصْفُوْفَةٌ ۝١٥ وَّزَرَابِيُّ
مَبْثُوْثَةٌ ۝١٦ اَفَلَا يَنْظُرُوْنَ اِلَى الْاِبِلِ كَيْفَ خُلِقَتْ ۝١٧ وقفة
وَاِلَى السَّمَآءِ كَيْفَ رُفِعَتْ ۝١٨ وقفة وَاِلَى الْجِبَالِ كَيْفَ
نُصِبَتْ ۝١٩ وقفة وَاِلَى الْاَرْضِ كَيْفَ سُطِحَتْ ۝٢٠ وقفة فَذَكِّرْ قف اِنَّمَآ
اَنْتَ مُذَكِّرٌ ۝٢١ لَسْتَ عَلَيْهِمْ بِمُصَيْطِرٍ ۝٢٢ اِلَّا مَنْ
تَوَلّٰى وَكَفَرَ ۝٢٣ فَيُعَذِّبُهُ اللّٰهُ الْعَذَابَ الْاَكْبَرَ ۝٢٤ اِنَّ
اِلَيْنَآ اِيَابَهُمْ ۝٢٥ ثُمَّ اِنَّ عَلَيْنَا حِسَابَهُمْ ۝٢٦ ع

وقف لازم
منزل ٧
النصف ع ٢١

(૮૮) સૂરઃ અલ-ગાશિયાહ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૨૬)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. શું તમને તે છવાઈ જનારી આફત (અર્થાત્ કયામત)ના સમાચાર પહોંચ્યા છે ?
૨. કેટલાક ચહેરા તે દિવસે ભયભીત હશે,
૩. સખત પરિશ્રમ કરી રહ્યા હશે, થાકી જતા હશે,
૪. ધીખતી આગમાં દાઝી રહ્યા હશે,
૫. ઉકળી રહેલા ઝરણાનું પાણી તેમને પીવા માટે આપવામાં આવશે,
૬. કાંટાળી સૂકી ઘાસ સિવાય કોઈ ભોજન તેમના માટે નહીં હોય
૭. જે ન હૃષ્ટપુષ્ટ કરે, ન ભૂખ મટાડે.
૮. કેટલાક ચહેરા તે દિવસે તેજસ્વી હશે,
૯. પોતાની કામગીરી પર ખુશ હશે,
૧૦. ઉત્તમ શ્રેણીની જન્નતમાં હશે,
૧૧. કોઈ વ્યર્થ અને અશિષ્ટ વાત તેઓ ત્યાં નહીં સાંભળે,
૧૨. તેમાં ઝરણાં વહેતાં હશે,
૧૩. તેમાં ઉચ્ચ આસનો હશે,
૧૪. જામ મૂકેલા હશે,
૧૫. ગાવ-તકિયાની કતારો લાગેલી હશે
૧૬. અને ઉત્તમ અને કીમતી જાજમો પાથરેલી હશે.
૧૭. (આ લોકો નથી માનતા) તો શું આ લોકો ઊંટોને નથી જોતા કે કેવા બનાવવામાં આવ્યા ?
૧૮. આકાશને નથી જોતા કે કેવું ઊંચું ઉઠાવવામાં આવ્યું ?
૧૯. પર્વતોને નથી જોતા કે કેવા જમાવવામાં આવ્યા ?
૨૦. અને ધરતીને નથી જોતા કે કેવી પાથરવામાં આવી ?
૨૧. ભલે તો (હે પયગંબર !), ઉપદેશ આપતા રહો, તમે માત્ર ઉપદેશ જ આપવાવાળા છો,
૨૨. કંઈ એમના પર બળજબરી કરવાવાળા નથી.
૨૩. અલબત્ત, જે વ્યક્તિ મોઢું ફેરવશે અને ઇન્કાર કરશે
૨૪. તો અલ્લાહ તેને ભારે સજા આપશે.
૨૫. આ લોકોએ પાછા ફરવાનું અમારા તરફ જ છે,
૨૬. પછી એમનો હિસાબ લેવો અમારા જ શિરે છે. (રુકૂઅ-૧)

(૮૯) અલ-ફજ્ર

પરિચય

નામ :

પહેલા જ શબ્દ 'વલ્ ફજ્ર' (સોગંદ છે ફજ્ર અર્થાત્ વહેલી પરોઢના)ને આનું નામ આપ્યું છે.

ઉતરાણકાળ :

આની ચર્ચાઓથી સ્પષ્ટ થાય છે કે આ તે કાળમાં ઊતરી હતી જ્યારે મક્કામાં ઈસ્લામ સ્વીકાર કરનારાઓ વિરુધ્ધ અત્યાચારની ચક્કી ચાલવાની શરૂ થઈ ચૂકી હતી. આ જ કારણસર મક્કાવાસીઓને આદ અને સમૂદ અને ફિરઔનના અંજામથી ચેતવવામાં આવ્યા છે.

વિષય અને ચર્ચા :

આનો વિષય આખિરત (પરલોક)ના ઈનામ અને સજાને સાબિત કરવાનો છે, જેનો ઇન્કાર મક્કાવાસીઓ કરી રહ્યા હતા. આ ઉદ્દેશ્ય માટે સૌપ્રથમ ફજ્ર (પરોઢ) અને દસ રાત્રિઓ અને યુગ્મ (એકી, Even) અને વિષમ (બેકી, Odd) અને વિદાય લેતી રાત્રિના સોગંદ ખાઈને શ્રોતાઓને પ્રશ્ન કરવામાં આવ્યો છે કે જે વાતનો તમે ઇન્કાર કરી રહ્યા છો, તેના સત્ય હોવાના પુરાવો આપવા માટે શું આ વસ્તુઓ પૂરતી નથી ?

તે પછી માનવ-ઈતિહાસમાંથી દલીલ રજૂ કરતાં ઉદાહરણ રૂપે આદ અને સમૂદ અને ફિરઔનના અંજામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જ્યારે તેઓ મર્યાદા ઓળંગી ગયા તો અલ્લાહના પ્રકોપનો કોરડો તેમના પર વીંઝાયો. તેનાથી ખ્યાલ આવે છે કે સૃષ્ટિની વ્યવસ્થા કોઈ આંધળી-બહેરી શક્તિઓ ચલાવી રહી નથી, બલ્કે એક તત્ત્વદર્શી અને સર્વજ્ઞ શાસક આના પર શાસન કરી રહ્યો છે, જેની તત્ત્વદર્શિતા અને ન્યાયનો આ તકાદો સ્વયં આ દુનિયામાં અને માનવ-ઈતિહાસમાં અવિરત જોવા મળે છે કે બુદ્ધિ અને નૈતિક ચેતના આપીને જે જીવને તેણે અહીં ઉપભોગના અધિકારો આપ્યા છે, તેનો હિસાબ-કિતાબ લે અને તેને ઈનામ કે સજા આપે.

તે પછી માનવ-સમાજની સામાન્ય નૈતિક સ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે અને મુખ્ય રૂપે તેના બે પાસાઓની આલોચના કરવામાં આવી છે. એક, લોકોનો ભૌતિકવાદી દૃષ્ટિકોણ, જેના કારણે તેઓ નૈતિકતાની ભલાઈ અને બૂરાઈને અવગણીને માત્ર ધન અને સત્તાને પામવા અને ખોઈ નાખવાને આદર-અનાદરના માપદંડ ઠેરવી બેસ્યા હતા અને એ વાત ભૂલી ગયા હતા કે

ન ધનનું હોવું કોઈ ઇનામ છે, ન રોજીની તંગી કોઈ સજા, બલ્કે અલ્લાહ આ બંને સ્થિતિઓમાં માણસની કસોટી કરી રહ્યો છે. બીજું, લોકોની એ વર્તણૂક જેનું જોર ચાલે તે મૃતકોનો બધો વારસો સમેટીને બેસી જાય છે અને નિર્બળ હકદારોને ઉડાઉ જવાબ આપીને હાંકી કાઢે છે. આ આલોચનાનો હેતુ લોકોને તે વાત ગળે ઉતારવાનો છે કે દુનિયાના જીવનમાં જે માણસોની વર્તણૂક આવી છે, તેમની પૂછપરછ છેવટે શા માટે ન થાય ?

પછી ચર્ચાને એ વાત પર સમાપ્ત કરવામાં આવી છે કે હિસાબ-કિતાબ થશે અને ચોક્કસ થશે. તે દિવસે ઇનામ અને સજાનો ઇન્કાર કરનાર મનુષ્ય હાથ મસળતો રહી જશે કે કદાચ મેં દુનિયામાં આ દિવસ માટે કોઈ પ્રબંધ કર્યો હોત ! પરંતુ તેનો આ પશ્ચાતાપ તેને અલ્લાહની સજામાંથી બચાવી શકશે નહીં, અલબત્ત જે લોકોએ દુનિયામાં હૃદયના પૂર્ણ સંતોષથી સત્યને સ્વીકારી લીધું હશે, અલ્લાહ તેમનાથી રાજી હશે અને તેઓ અલ્લાહે આપેલ વળતરથી રાજી હશે. તેમને આમંત્રણ અપાશે કે તેઓ પોતાના રબના માનીતા બંદાઓમાં સામેલ થઈ જાય અને જન્નત (સ્વર્ગ)માં દાખલ થઈ જાય.

ایاتها ٣٠ — سُوْرَةُ الْفَجْرِ مَكِّيَّةٌ (٨٩) (١٠) — رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالْفَجْرِ ۝١ وَلَيَالٍ عَشْرٍ ۝٢ وَّالشَّفْعِ وَالْوَتْرِ ۝٣ وَالَّيْلِ اِذَا
يَسْرِ ۝٤ هَلْ فِيْ ذٰلِكَ قَسَمٌ لِّذِيْ حِجْرٍ ۝٥ اَلَمْ تَرَ كَيْفَ
فَعَلَ رَبُّكَ بِعَادٍ ۝٦ اِرَمَ ذَاتِ الْعِمَادِ ۝٧ الَّتِيْ لَمْ يُخْلَقْ
مِثْلُهَا فِي الْبِلَادِ ۝٨ وَثَمُوْدَ الَّذِيْنَ جَابُوا الصَّخْرَ بِالْوَادِ ۝٩
وَفِرْعَوْنَ ذِي الْاَوْتَادِ ۝١٠ الَّذِيْنَ طَغَوْا فِي الْبِلَادِ ۝١١
فَاَكْثَرُوْا فِيْهَا الْفَسَادَ ۝١٢ فَصَبَّ عَلَيْهِمْ رَبُّكَ سَوْطَ
عَذَابٍ ۝١٣ اِنَّ رَبَّكَ لَبِالْمِرْصَادِ ۝١٤ فَاَمَّا الْاِنْسَانُ اِذَا
مَا ابْتَلٰىهُ رَبُّهٗ فَاَكْرَمَهٗ وَنَعَّمَهٗ ۙ فَيَقُوْلُ رَبِّيْٓ اَكْرَمَنِ ۝١٥
وَاَمَّآ اِذَا مَا ابْتَلٰىهُ فَقَدَرَ عَلَيْهِ رِزْقَهٗ ۙ فَيَقُوْلُ رَبِّيْٓ
اَهَانَنِ ۝١٦ كَلَّا بَلْ لَّا تُكْرِمُوْنَ الْيَتِيْمَ ۝١٧ وَلَا تَحٰٓضُّوْنَ
عَلٰى طَعَامِ الْمِسْكِيْنِ ۝١٨ وَتَاْكُلُوْنَ التُّرَاثَ اَكْلًا لَّمًّا ۝١٩
وَّتُحِبُّوْنَ الْمَالَ حُبًّا جَمًّا ۝٢٠ كَلَّآ اِذَا دُكَّتِ الْاَرْضُ دَكًّا
دَكًّا ۝٢١ وَّجَآءَ رَبُّكَ وَالْمَلَكُ صَفًّا صَفًّا ۝٢٢ وَجِايْٓءَ يَوْمَئِذٍۢ
بِجَهَنَّمَ ۙ يَوْمَئِذٍ يَّتَذَكَّرُ الْاِنْسَانُ وَاَنّٰى لَهُ الذِّكْرٰى ۝٢٣
يَقُوْلُ يٰلَيْتَنِيْ قَدَّمْتُ لِحَيَاتِيْ ۝٢٤ فَيَوْمَئِذٍ لَّا يُعَذِّبُ

(૮૯) સૂરઃ અલ-ફજ્ર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૩૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે વહેલી પરોઢના !
૨. અને દસ રાત્રિઓના !
૩. અને યુગ્મ (બેકી) અને વિષમ (એકી)ના,
૪. અને રાત્રિના જ્યારે તે વિદાય થઈ રહી હોય.
૫. શું આમાં કોઈ બુદ્ધિશાળી માટે કોઈ સોગંદ છે ?
૬-૭. તમે જોયું નહીં કે તમારા રબે (પ્રભુએ) શું વ્યવહાર કર્યો ઊંચા સ્તંભોવાળા આદે-ઈરમ સાથે
૮. જેમના સમાન કોઈ જાતિ દુનિયાના દેશોમાં પેદા કરવામાં આવી ન હતી?
૯. અને સમૂદ સાથે, જેમણે ખીણમાં ખડકો કોતર્યા હતા ?
૧૦. અને ખૂંટાવાળા ફિરઔન સાથે ?
૧૧. આ તે લોકો હતા જેઓએ દુનિયાના દેશોમાં ખૂબ વિદ્રોહ કર્યો હતો
૧૨. અને તેમાં ખૂબ બગાડ ફેલાવ્યો હતો.
૧૩. છેવટે તમારા રબે તેમના પર યાતનાનો કોરડો વરસાવી દીધો.
૧૪. હકીકત એ છે કે તમારો રબ ફાંસલો તૈયાર કરી બેઠો છે.
૧૫. પરંતુ મનુષ્યની સ્થિતિ એ છે કે તેનો રબ (પ્રભુ) જ્યારે તેને અજમાયશમાં નાખે છે અને તેને પ્રતિષ્ઠા અને કૃપાઓ આપે છે ત્યારે તે કહે છે કે મારા રબે (પ્રભુએ) મને પ્રતિષ્ઠિત બનાવી દીધો.
૧૬. અને જ્યારે તેને અજમાયશમાં નાખે છે અને તેની રોજી તેના પર તંગ કરી દે છે તો તે કહે છે કે મારા રબે (પ્રભુએ) મને અપમાનિત કરી દીધો.
૧૭. કદાપિ નહીં, પરંતુ તમે અનાથ સાથે સન્માનભર્યું વર્તન કરતા નથી,
૧૮. અને ગરીબને ભોજન કરાવવા માટે એકબીજાને પ્રેરિત કરતા નથી,
૧૯. અને વારસાની બધી સંપત્તિ સમેટીને ખાઈ જાઓ છો,
૨૦. અને ધનના પ્રેમમાં ખૂબ ખરાબ રીતે ગ્રસ્ત છો.
૨૧. કદાપિ નહીં, જ્યારે ધરતીને સતત કૂટી-કૂટીને રેતાળ મેદાન બનાવી દેવામાં આવશે,
૨૨. અને તમારો રબ વિદ્યમાન થશે એ સ્થિતિમાં કે ફરિશ્તાઓ કતારબદ્ધ ઊભા હશે,
૨૩. અને જહન્નમ (નર્ક) તે દિવસે સામે લઈ આવવામાં આવશે, તે દિવસે મનુષ્યને સમજ આવશે અને તે વખતે તેના સમજવાથી શું લાભ ?
૨૪. તે કહેશે કે કદાચ, મેં મારા આ જીવન માટે અગાઉથી કંઈ તૈયારી કરી હોત!
૨૫. તો તે દિવસે અલ્લાહ જે યાતના આપશે તેવી યાતના આપનાર કોઈ નથી,

عَذَابَهٗۤ اَحَدٌ ﴿۲۵﴾ وَّلَا یُوۡثِقُ وَثَاقَهٗۤ اَحَدٌ ﴿۲۶﴾ یٰۤاَیَّتُهَا

النَّفۡسُ الۡمُطۡمَئِنَّةُ ﴿۲۷﴾ ارۡجِعِیۡۤ اِلٰی رَبِّكِ رَاضِیَةً مَّرۡضِیَّةً ﴿۲۸﴾

فَادۡخُلِیۡ فِیۡ عِبٰدِیۡ ﴿۲۹﴾ وَادۡخُلِیۡ جَنَّتِیۡ ﴿۳۰﴾

૨૬. અને અલ્લાહ જેવી રીતે બાંધશે તેવો બાંધનાર કોઈ નથી.
૨૭. (બીજી તરફ કહેવામાં આવશે) હે શાંત અને સંતુષ્ટ આત્મા !
૨૮. ચાલ પોતાના રબ (પ્રભુ) તરફ એ સ્થિતિમાં કે તું (પોતાના ઉત્તમ પરિણામથી) ખુશ અને (પોતાના રબના સમીપ) પ્રિય છે.
૨૯. સામેલ થઈ જા મારા (નેક, સદાચારી) બંદાઓમાં
૩૦. અને દાખલ થઈ જા મારી જન્નતમાં. (રુકૂઅ-૧)

(૯૦) અલ-બલદ

પરિચય

નામ :

પહેલી જ આયત 'લા ઉકસિમુ બિહાઝલ્ બ-લદ' (નહીં, હું સોગંદ ખાઉં છું આ શહેર અર્થાત્ મક્કાના)ના શબ્દ 'અલ-બલદ'ને આનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આનો વિષય અને વર્ણન-શૈલી મક્કાના આરંભિક કાળમાં ઊતરેલી સૂરઃઓ જેવા છે, પરંતુ આમાં એક એવો સંકેત છે જે બતાવે છે કે તેના અવતરણનો સમય તે હતો, જ્યારે મક્કાના કાફિરો (વિધર્મીઓ) અલ્લાહના રસૂલ (સલ્લ.)ની દુશ્મની પર ઉતરી આવ્યા હતા અને આપના વિરુધ્ધ દરેક જુલમ અને અત્યાચારને તેમણે પોતાના માટે વૈધ કરી લીધા હતા.

વિષય અને ચર્ચા :

આ સૂરઃનો વિષય દુનિયામાં માનવીની, અને માનવી માટે દુનિયાની સાચી હેસિયત સમજાવવી અને એ બતાવવાનો છે કે અલ્લાહે માણસ માટે સૌભાગ્ય અને દુર્ભાગ્યના બંને માર્ગો ખોલીને મૂકી દીધા છે. તેમને જોવા અને તેમના ઉપર ચાલવા માટેના સાધનો પણ તેને ઉપલબ્ધ કરી દીધા છે, અને હવે તે માણસની પોતાની કોશિશ અને મહેનત પર છે કે તે સૌભાગ્યના માર્ગે ચાલીને શુભ પરિણામે પહોંચે છે અથવા દુર્ભાગ્યનો માર્ગ અપનાવીને અશુભ પરિણામ ભોગવે છે.

સૌથી પહેલા મક્કા શહેર અને તેમાં અલ્લાહના રસૂલ (સલ્લ.) પર આવનારી મુસીબતો અને આદમના સમગ્ર સંતાનોની સ્થિતિને એ હકીકતના સાક્ષી રૂપે રજૂ કરવામાં આવ્યા છે કે આ દુનિયા માણસ માટે વિશ્રામગૃહ નથી, બલ્કે અહીં તેનો જન્મ જ પરિશ્રમની હાલતમાં થયો છે. આ વિષયને જો સૂરઃ નજ્મની આયત-૩૯ 'લૈસ લિલ્ઇન્સાનુ ઇલ્લા માસઆ' (અર્થાત્ એ કે મનુષ્ય માટે આ સિવાય કશું જ નથી, પરંતુ તે જેના માટે તેણે પ્રયાસ કર્યો છે) સાથે મેળવીને જોવામાં આવે તો વાત તદ્દન સ્પષ્ટ થઈ જાય છે કે આ દુનિયાના આ કારખાનામાં મનુષ્યના ભાવિ તેના પ્રયત્નો અને મહેનત પર નિર્ભર છે.

તે પછી મનુષ્યની તે ગેરસમજ દૂર કરી દેવામાં આવી છે કે ઉપર કોઈ સર્વોચ્ચ સત્તા નથી જે તેના કામની દેખરેખ રાખનારી અને તેની પકડ કરનારી હોય. પછી બતાવવામાં આવ્યું છે કે દુનિયામાં માણસે માન-સન્માન અને મહાનતાના કેવા ખોટા માપદંડો બનાવી રાખ્યા છે. જે માણસ પોતાની મોટાઈનો

દેખાડો કરવા માટે ધનના ઢગલા લૂંટાવે છે, લોકો તેની ખૂબ પ્રશંસા કરે છે, જો કે જે હસ્તી તેના કાર્યોનું નિરીક્ષણ કર રહી છે, તે એ જુએ છે કે તેણે આ ધન કેવી રીતે પ્રાપ્ત કર્યું અને કયા માર્ગોમાં કયા ઇરાદા અને કયા હેતુઓ માટે ખર્ચ કર્યું. તે પછી અલ્લાહ ફરમાવે છે કે અમે માનવીને જ્ઞાનના સાધનો અને વિચારવા-સમજવાની ક્ષમતાઓ આપીને તેના સામે ભલાઈ અને બૂરાઈના બંને રસ્તાઓ ખોલીને મૂકી દીધા છે. એક રસ્તો તે છે જે નૈતિક પતન તરફ જાય છે, અને તેના પર જવા માટે કોઈ કષ્ટ ઉઠાવવું પડતું નથી, બલ્કે મનને ખૂબ મજા આવે છે. બીજો રસ્તો નૈતિક ઉન્નતિ તરફ જાય છે જે એક દુર્ગમ ખીણ જેવો છે. તેના પર ચાલવા માટે માણસને પોતાની ઇન્દ્રિયોનું દમન કરવું પડે છે. પછી અલ્લાહે બતાવ્યું છે કે તે ખીણ શું છે, જેમાંથી પસાર થઈને માણસ ઉન્નતિ તરફ જઈ શકે છે. આ રસ્તા પર ચાલનારાઓનું પરિણામ એ છે કે માણસ અલ્લાહની કૃપાઓનો હકદાર બને, અને આનાથી વિપરીત બીજો રસ્તો અપનાવનારાઓનો અંજામ દોજખ (નર્ક)ની આગ છે જેમાંથી નીકળવાના બધા જ દરવાજાઓ બંધ છે.

﴿اٰیَاتُهَا ۲۰﴾ (۹۰) سُوْرَةُ الْبَلَدِ مَكِّیَّةٌ (۳۵) ﴿رُكُوْعُهَا ۱﴾

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

لَآ اُقْسِمُ بِهٰذَا الْبَلَدِ ۙ﴿۱﴾ وَ اَنْتَ حِلٌّۢ بِهٰذَا الْبَلَدِ ۙ﴿۲﴾ وَ
وَالِدٍ وَّ مَا وَلَدَ ۙ﴿۳﴾ لَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ فِیْ كَبَدٍ ؕ﴿۴﴾
وقف لازم اَیَحْسَبُ اَنْ لَّنْ یَّقْدِرَ عَلَیْهِ اَحَدٌ ۘ﴿۵﴾ یَقُوْلُ اَهْلَكْتُ مَالًا
لُّبَدًا ؕ﴿۶﴾ اَیَحْسَبُ اَنْ لَّمْ یَرَهٗۤ اَحَدٌ ؕ﴿۷﴾ اَلَمْ نَجْعَلْ لَّهٗ
عَیْنَیْنِ ۙ﴿۸﴾ وَ لِسَانًا وَّ شَفَتَیْنِ ۙ﴿۹﴾ وَ هَدَیْنٰهُ النَّجْدَیْنِ ۚ﴿۱۰﴾
فَلَا اقْتَحَمَ الْعَقَبَةَ ۖ﴿۱۱﴾ وَ مَاۤ اَدْرٰىكَ مَا الْعَقَبَةُ ؕ﴿۱۲﴾
فَكُّ رَقَبَةٍ ۙ﴿۱۳﴾ اَوْ اِطْعٰمٌ فِیْ یَوْمٍ ذِیْ مَسْغَبَةٍ ۙ﴿۱۴﴾ یَّتِیْمًا
ذَا مَقْرَبَةٍ ۙ﴿۱۵﴾ اَوْ مِسْكِیْنًا ذَا مَتْرَبَةٍ ؕ﴿۱۶﴾ ثُمَّ كَانَ مِنَ
الَّذِیْنَ اٰمَنُوْا وَ تَوَاصَوْا بِالصَّبْرِ وَ تَوَاصَوْا بِالْمَرْحَمَةِ ؕ﴿۱۷﴾
منزل ٧ اُولٰٓىِٕكَ اَصْحٰبُ الْمَیْمَنَةِ ؕ﴿۱۸﴾ وَ الَّذِیْنَ كَفَرُوْا بِاٰیٰتِنَا
ع ١٥ هُمْ اَصْحٰبُ الْمَشْـَٔمَةِ ؕ﴿۱۹﴾ عَلَیْهِمْ نَارٌ مُّؤْصَدَةٌ ؑ﴿۲۰﴾

(૯૦) સૂરઃ અલ-બલદ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧ • આયતો : ૨૦)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. નહીં, હું સોગંદ ખાઉં છું આ શહેર (અર્થાત્ મક્કા)ના,

૨. અને સ્થિતિ એ છે કે (હે પયગંબર !) આ શહેરમાં તમને હલાલ (વૈધ) કરી લેવામાં આવ્યા છે,

૩. અને સોગંદ ખાઉં છું પિતા (અર્થાત્ આદમ અલૈ.)ના અને તે સંતતિના જે તેનાથી જન્મી,

૪. હકીકતમાં અમે મનુષ્યને કષ્ટમાં પેદા કર્યો છે.

૫. શું તેણે એમ સમજી લીધું છે કે તેના પર કોઈ કાબૂ નહીં મેળવી શકે ?

૬. કહે છે કે મેં પુષ્કળ ધન ઉડાવી નાખ્યું.

૭. શું તે સમજે છે કે કોઈએ તેને નથી જોયો ?

૮-૯. શું અમે તેને બે આંખો અને એક જીભ અને બે હોઠ નથી આપ્યા ?

૧૦. અને (ભલાઈ અને બૂરાઈના) બંને સ્પષ્ટ માર્ગો તેને (નથી) બતાવી દીધા?

૧૧. પરંતુ તેણે દુર્ગમ ખીણમાંથી પસાર થવાની હિંમત ન કરી.

૧૨. અને તમે શું જાણો કે શું છે તે દુર્ગમ ખીણ ?

૧૩. કોઈ ગળાને ગુલામી (દાસતા)માંથી મુક્ત કરાવવું,

૧૪-૧૬. અથવા ફાકા (નિરાહાર)ના દિવસે કોઈ નજીકના અનાથ અથવા ધૂળમાં રગદોળાતા કોઈ ગરીબને ભોજન કરાવવું.

૧૭. પછી (એના સાથે એ કે) મનુષ્ય તે લોકોમાં સામેલ હોય, જેઓ ઈમાન લાવ્યા અને જેમણે એકબીજાને ધૈર્ય અને (અલ્લાહના સર્જનો પર) દયાની તાકીદ કરી.

૧૮. આ છે જમણી બાજુવાળા.

૧૯. અને જેમણે અમારી આયતોને માનવાનો ઈન્કાર કર્યો, તેઓ ડાબી બાજુવાળા છે,

૨૦. તેમના પર આગ છવાયેલી હશે. (રુકૂઅ-૧)

(૯૧) અશ્-શમ્સ

પરિચય

નામ :

પહેલા જ શબ્દ 'અશ્-શમ્સ' (સૂર્ય)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

વિષય અને વર્ણન-શૈલીથી જણાય છે કે આ સૂરઃ પણ મક્કાના આરંભિક કાળમાં તે વખતે ઊતરી છે જ્યારે અલ્લાહના રસૂલ (સલ્લ.)નો વિરોધ ખૂબ જોર પકડી ચૂક્યો હતો.

વિષય અને ચર્ચા :

આનો વિષય ભલાઈ અને બૂરાઈ વચ્ચેનો ભેદ સમજાવવાનો અને તે લોકોને ખરાબ અંજામથી ડરાવવાનો છે જેઓ આ ભેદને સમજવાથી ઈન્કાર અને બૂરાઈના માર્ગ પર ચાલવાનો આગ્રહ રાખે છે. વિષયની દૃષ્ટિએ આ સૂરઃના બે ભાગ છે.

પ્રથમ ભાગ સૂરઃના આરંભથી લઈને આયત ૧૦ પર સમાપ્ત થાય છે, અને બીજો ભાગ આયત ૧૧ થી અંત સુધી ચાલે છે. પહેલા ભાગમાં ત્રણ વાતો સમજાવવામાં આવી છે.

એક એ કે ભલાઈ અને બૂરાઈ એકબીજાથી ભિન્ન અને પોતાના પ્રભાવ અને પરિણામોમાં પરસ્પર વિરોધી છે.

બીજું એ કે અલ્લાહે મનુષ્યને શરીર, ઇન્દ્રિયો અને બૌદ્ધિક શક્તિઓ આપીને દુનિયામાં તદ્દન અજાણ નથી છોડી દીધો, બલ્કે એક પ્રાકૃતિક પ્રેરણા (ઇલહામ) વડે તેના અચેતનમાં ભલાઈ અને બૂરાઈનો ભેદ, સારા-નરસાની ઓળખ તથા ભલાઈના ભલાઈ અને બૂરાઈના બૂરાઈ હોવા વિષેનું ભાન ઉતારી દેવામાં આવ્યું છે.

ત્રીજું એ કે માણસનું સારું કે ખરાબ ભવિષ્ય એ વાત પર નિર્ભર કરે છે કે તેનામાં સમજ-બૂઝ, ઇરાદા અને નિર્ણયની જે શક્તિઓ અલ્લાહે મૂકી દીધી છે, તેનો ઉપયોગ કરીને તે પોતાના મનના સારા અને ખરાબ વલણોમાંથી કોને પ્રોત્સાહિત કરે છે અને કોને દબાવે છે.

બીજા ભાગમાં સમૂદ જાતિનું ઐતિહાસિક દૃષ્ટાંત આપીને રિસાલત (ઈશદૂતત્વ)ના મહત્ત્વને સમજાવવામાં આવ્યું છે. પયગંબર દુનિયામાં એટલા માટે મોકલવામાં આવે છે કે ભલાઈ અને બૂરાઈનું જે 'ઇલહામી' જ્ઞાન અલ્લાહે માનવીની પ્રકૃતિમાં મૂકી દીધું છે, તે પોતાનામાં મનુષ્યના માર્ગદર્શન માટે

પૂરતું નથી. આ કારણસર અલ્લાહે તે પ્રાકૃતિક જ્ઞાનની સહાયતા માટે પયગંબરો પર સ્પષ્ટ અને સાફ-સાફ વહી ઊતારી, જેથી તેઓ લોકોને ખોલીને બતાવે કે ભલાઈ શું છે અને બૂરાઈ શું ? આવા જ એક પયગંબર હઝરત સાલેહ (અલૈ.) સમૂદ જાતિ તરફ મોકલવામાં આવ્યા હતા, પરંતુ તે જાતિ પોતાના મનની બૂરાઈમાં ડૂબી જઈને એવી વિદ્રોહી બની ગઈ હતી કે તેણે તેમને ખોટા ઠેરવી દીધા. તેનું પરિણામ છેવટે એ આવ્યું કે આખી કોમને વિનષ્ટ કરી દેવામાં આવી. સમૂદનો આ પ્રસંગ જે વખતે સંભળાવવામાં આવ્યો હતો, મક્કામાં તે વખતે પરિસ્થિતિ એવી જ હતી, જે હઝરત સાલેહ (અલૈ.)ના મુકાબલામાં સમૂદ જાતિના દુષ્ટોએ ઊભી કરી રાખી હતી. તેથી તે પરિસ્થિતિમાં આ પ્રસંગ સંભળાવી દેવો પોતાનામાં જ મક્કાવાસીઓને એ સમજાવવા માટે પૂરતું હતું કે સમૂદનું આ ઐતિહાસિક દૃષ્ટાંત તેમને કેવી રીતે લાગુ પડી રહ્યું છે.

اٰیَاتُهَا ١٥ (٩١) سُوْرَةُ الشَّمْسِ مَكِّيَّةٌ (٢٦) رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالشَّمْسِ وَضُحٰىهَا ۝١ وَالْقَمَرِ اِذَا تَلٰىهَا ۝٢ وَالنَّهَارِ
اِذَا جَلّٰىهَا ۝٣ وَالَّيْلِ اِذَا يَغْشٰىهَا ۝٤ وَالسَّمَآءِ وَمَا
بَنٰىهَا ۝٥ وَالْاَرْضِ وَمَا طَحٰىهَا ۝٦ وَنَفْسٍ وَّمَا سَوّٰىهَا ۝٧
فَاَلْهَمَهَا فُجُوْرَهَا وَتَقْوٰىهَا ۝٨ قَدْ اَفْلَحَ مَنْ زَكّٰىهَا ۝٩
وَقَدْ خَابَ مَنْ دَسّٰىهَا ۝١٠ كَذَّبَتْ ثَمُوْدُ بِطَغْوٰىهَا ۝١١
اِذِ انْۢبَعَثَ اَشْقٰىهَا ۝١٢ فَقَالَ لَهُمْ رَسُوْلُ اللّٰهِ نَاقَةَ
اللّٰهِ وَسُقْيٰهَا ۝١٣ فَكَذَّبُوْهُ فَعَقَرُوْهَا ۙ۬ فَدَمْدَمَ
عَلَيْهِمْ رَبُّهُمْ بِذَنْۢبِهِمْ فَسَوّٰىهَا ۝١٤ وَلَا يَخَافُ
عُقْبٰهَا ۝١٥

(૯૧) સૂરઃ અશ્-શમ્સ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૧૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સૂર્ય અને તેના તડકાના સોગંદ,
૨. અને ચંદ્રના સોગંદ જ્યારે તે તેના પાછળ આવે છે,
૩. અને દિવસના સોગંદ જ્યારે તે (સૂર્યને) સ્પષ્ટ કરી દે છે,
૪. અને રાત્રિના સોગંદ જ્યારે તે (સૂર્યને) ઢાંકી લે છે,
૫. અને આકાશના અને તે હસ્તીના સોગંદ જેણે તેને સ્થાપિત કર્યો,
૬. અને ધરતીના અને તે હસ્તીના સોગંદ જેણે તેને પાથરી,
૭. અને મનુષ્યની આત્માના અને તે હસ્તીના સોગંદ જેણે તેને ઠીકઠાક કરી
૮. પછી તેની બૂરાઈ અને તેની પરહેજગારી (સંયમ) તેના હૃદયમાં નાખી દીધી,
૯. ખરેખર સફળ થઈ ગયો તે જેણે આત્માને વિશુદ્ધ અને વિકસિત કર્યો,
૧૦. અને નિષ્ફળ થયો તે જેણે તેને દબાવી દીધો.
૧૧. સમૂદે પોતાના વિદ્રોહના જ કારણે ખોટું ઠેરવ્યું.
૧૨. જ્યારે તે જાતિનો સૌથી વધુ દુર્ભાગી માણસ વીફરીને ઊભો થયો
૧૩. તો અલ્લાહના રસૂલે તે લોકોને કહ્યું કે સાવધાન ! અલ્લાહની ઊંટણીને (હાથ ન લગાવતા) અને તેના પાણી પીવામાં (અડચણ ન બનતા).
૧૪. પરંતુ તેમણે તેની વાત ખોટી ઠેરવી અને ઊંટણીને મારી નાખી. અંતે તેમના અપરાધની સજામાં તેમના રબે (પ્રભુએ) તેમના પર એવી આફત મોકલી કે એકી સાથે સૌને માટીમાં ભેળવી દીધા,
૧૫. અને તેને (પોતાના આ કાર્યના) કોઈ ખરાબ પરિણામનો ભય નથી. (રુકૂઅ-૧)

(૯૨) અલ-લૈલ

પરિચય

નામ :

પહેલા જ શબ્દ 'વલ્લૈલ' (સોગંદ છે રાત્રિના)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આ સૂરઃનો વિષય સૂરઃ અશ્-શમ્સથી એટલો બધો મળતો આવે છે કે બંને સૂરઃ એકબીજાની વ્યાખ્યા લાગે છે. એક જ વાત છે જેને સૂરઃ અશ્-શમ્સમાં એક રીતે સમજાવવામાં આવી છે અને આ સૂરઃમાં બીજી રીતે. એનાથી એવું લાગે છે કે આ બંને સૂરઃ લગભગ એક જ સમયે ઊતરી છે.

વિષય અને ચર્ચા :

આનો વિષય જીવનના બે ભિન્ન માર્ગોનો ભેદ અને તેમનો અંજામ અને પરિણામો જુદા-જુદા હોવાનું વર્ણવવાનો છે. વિષયાનુસાર આ સૂરઃના બે ભાગ છે. પ્રથમ ભાગ આરંભથી આયત ૧૧ સુધી છે અને બીજો ભાગ આયત ૧૨ થી અંત સુધી.

પહેલા ભાગમાં સૌથી પહેલા એ બતાવવામાં આવ્યું છે કે માનવ-જાતિના બધા લોકો, જાતિઓ અને સમૂહો દુનિયામાં જે પણ કોશિશો અને કામ કરી રહ્યા છે, તેઓ અનિવાર્યપણે પોતાના નૈતિક સ્વરૂપની દૃષ્ટિએ એવી જ રીતે ભિન્ન છે, જેવી રીતે દિવસ રાતથી અને નર માદાથી ભિન્ન છે. તે પછી કુર્આનની નાની સૂરઃની સામાન્ય વર્ણન-શૈલી અનુસાર ત્રણ નૈતિક ગુણો એક પ્રકારની અને ત્રણ નૈતિક ગુણો બીજા પ્રકારની કોશિશો અને કાર્યોના એક મોટા ભાગમાંથી લઈને ઉદાહરણ રૂપે પ્રસ્તુત કરવામાં આવ્યા છે.પહેલા પ્રકારની વિશેષતાઓ એ છે કે માણસ ભલાઈના કામોમાં ધન આપે, અલ્લાહનો ડર અને સંયમ અપનાવે અને ભલાઈને ભલાઈ માને. બીજા પ્રકારની વિશેષતાઓ એ છે કે તે કંજૂસી કરે, અલ્લાહની પ્રસન્નતા અને નારાજગીની કોઈ પરવા ન કરે અને સાચી વાતને જૂઠી ઠેરવે. પછી બતાવવામાં આવ્યું છે કે આ બંને વલણો જે દેખીતી રીતે જ એકબીજાથી ભિન્ન છે, પોતાના પરિણામોની દૃષ્ટિએ કદાપિ સમાન નથી, બલ્કે જેટલા પ્રમાણમાં સ્વરૂપ અને પ્રકારની દૃષ્ટિએ એકબીજાથી વિપરીત છે, તેટલાં જ એમના પરિણામો પણ એકબીજાથી વિપરીત છે. પહેલી રીતને જે માણસ અથવા સમૂહ અપનાવશે, અલ્લાહ તેના માટે જીવનનો સ્પષ્ટ અને સીધો માર્ગ સરળ બનાવી દેશે, ત્યાં સુધી કે તેના માટે ભલાઈ કરવી સરળ કરી દેશે અને બૂરાઈ કરવી મુશ્કેલ થઈ જશે; અને બીજા

વલણને જે પણ અપનાવશે, અલ્લાહ તેના માટે જીવનના વિકટ અને મુશ્કેલ રસતાને સરળ કરી દેશે, ત્યાં સુધી કે તેના માટે બૂરાઈ કરવી સરળ અને ભલાઈ કરવી મુશ્કેલ થઈ જશે.

બીજા ભાગમાં પણ આ જ રીતે ટૂંકમાં ત્રણ હકીકતો વર્ણવવામાં આવી છે. એક એ કે અલ્લાહે આ દુનિયાના આ પરીક્ષા-સ્થળમાં માણસને અજાણ છોડી મૂક્યો નથી, બલ્કે તેણે એ બતાવી દેવાનું પોતાના શિરે લીધું છે કે જીવનના વિવિધ માર્ગોમાંથી સીધો માર્ગ કયો છે. બીજી હકીકત એ વર્ણવવામાં આવી છે કે દુનિયા (આલોક) અને આખિરત (પરલોક) બંનેનો માલિક અલ્લાહ જ છે. દુનિયા માગશો તો તે પણ તેના પાસેથી જ મળશે અને આખિરત માગશો તો તેનો આપનાર પણ તે જ છે. હવે એ નિર્ણય તમારે કરવાનો છે કે તમે તેના પાસે શું માગો છો ? ત્રીજી હકીકત એ વર્ણવવામાં આવી છે કે જે દુર્ભાગી તે ભલાઈને ખોટી ઠરાવશે, જે પયગંબર અને (અલ્લાહના) ગ્રંથ મારફત રજૂ કરવામાં આવી રહી છે, તેના માટે ધગધગતી આગ તૈયાર છે, અને જે અલ્લાહથી ડરવાવાળો માણસ પૂરેપૂરી નિખાલસતા સાથે માત્ર પોતાના રબની પ્રસંન્નતા પ્રાપ્ત કરવા માટે પોતાનું ધન ભલાઈના માર્ગમાં લગાવશે, તેનો રબ તેનાથી પ્રસન્ન થશે અને તેને એટલું બધું આપશે કે તે ખુશ થઈ જશે.

اٰيَاتُهَا ٢١ ﴿ (٩٢) سُوۡرَةُ الَّيۡلِ مَكِّيَّةٌ (٩) ﴾ رُكُوۡعُهَا ١

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

وَالَّيۡلِ اِذَا يَغۡشٰى ۝١ وَالنَّهَارِ اِذَا تَجَلّٰى ۝٢ وَمَا خَلَقَ
الذَّكَرَ وَالۡاُنۡثٰٓى ۝٣ اِنَّ سَعۡيَكُمۡ لَشَتّٰى ۝٤ فَاَمَّا مَنۡ اَعۡطٰى
وَاتَّقٰى ۝٥ وَصَدَّقَ بِالۡحُسۡنٰى ۝٦ فَسَنُيَسِّرُهٗ لِلۡيُسۡرٰى ۝٧ وَ
اَمَّا مَنۡۢ بَخِلَ وَاسۡتَغۡنٰى ۝٨ وَكَذَّبَ بِالۡحُسۡنٰى ۝٩ فَسَنُيَسِّرُهٗ
لِلۡعُسۡرٰى ۝١٠ وَمَا يُغۡنِىۡ عَنۡهُ مَالُهٗۤ اِذَا تَرَدّٰى ۝١١
اِنَّ عَلَيۡنَا لَلۡهُدٰى ۝١٢ وَاِنَّ لَنَا لَلۡاٰخِرَةَ وَالۡاُوۡلٰى ۝١٣
فَاَنۡذَرۡتُكُمۡ نَارًا تَلَظّٰى ۝١٤ لَا يَصۡلٰٮهَاۤ اِلَّا الۡاَشۡقَى ۝١٥
الَّذِىۡ كَذَّبَ وَتَوَلّٰى ۝١٦ وَسَيُجَنَّبُهَا الۡاَتۡقَى ۝١٧ الَّذِىۡ
يُؤۡتِىۡ مَالَهٗ يَتَزَكّٰى ۝١٨ وَمَا لِاَحَدٍ عِنۡدَهٗ مِنۡ
نِّعۡمَةٍ تُجۡزٰٓى ۝١٩ اِلَّا ابۡتِغَآءَ وَجۡهِ رَبِّهِ الۡاَعۡلٰى ۝٢٠
وَلَسَوۡفَ يَرۡضٰى ۝٢١

منزل ٧

(૯૨) સૂરઃ અલ-લૈલ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૨૧)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે રાત્રિના જ્યારે કે તે છવાઈ જાય,
૨. અને દિવસના જ્યારે કે તે પ્રકાશિત હોય,
૩. અને તે હસ્તીના જેણે નર અને માદાને પેદા કર્યા,
૪. હકીકતમાં તમારી કોશિશો ભિન્ન-ભિન્ન પ્રકારની છે.
૫. તો જેણે (અલ્લાહના માર્ગમાં) ધન આપ્યું અને જે (અલ્લાહની અવજ્ઞાથી) બચ્યો,
૬. અને ભલાઈને સાચી માની,
૭. તેને અમે સરળ માર્ગની સુવિધા આપીશું.
૮. અને જેણે કંજૂસી કરી અને (પોતાના અલ્લાહ પ્રત્યે) બેપરવાઈ દાખવી
૯. અને ભલાઈને ખોટી ઠેરવી,
૧૦. તેને અમે મુશ્કેલ માર્ગ માટે સુવિધા આપીશું.
૧૧. અને તેનું ધન છેવટે તેને શું કામ આવશે જ્યારે કે તે નષ્ટ થઈ જાય?
૧૨. નિઃશંક માર્ગ બતાવવો અમારે શિરે છે,
૧૩. અને વાસ્તવમાં આખિરત (પરલોક) અને દુનિયા (આલોક) બંનેના અમે જ માલિક છીએ.
૧૪. તો મેં તમને સચેત કરી દીધા છે ભડકે બળતી આગથી.
૧૫. તેમાં નહીં દાઝે પરંતુ તે અત્યંત દુર્ભાગી
૧૬. જેણે ખોટું ઠેરવ્યું અને મોઢું ફેરવી લીધું.
૧૭. અને તેનાથી દૂર રાખવામાં આવશે તે અત્યંત પરહેજગાર (સંયમી)
૧૮. જે પવિત્ર થવા માટે પોતાનું ધન આપે છે.
૧૯. તેના પર કોઈનો કંઈ ઉપકાર નથી જેનો બદલો તેને આપવાનો હોય.
૨૦. તે તો માત્ર પોતાના મહાન રબની પ્રસન્નતા પ્રાપ્ત કરવા આ કામ કરે છે.
૨૧. અને અવશ્ય તે (તેનાથી) પ્રસન્ન થશે. (રુકૂઅ-૧)

(૯૩) અઝ્-ઝુહા
પરિચય

નામ :

પહેલા જ શબ્દ 'વઝ્-ઝુહા' (સોગંદ છે પ્રકાશિત દિવસના)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આનો વિષય સ્પષ્ટપણે દર્શાવે છે કે આ મક્કાના તદ્દન આરંભિક કાળમાં ઊતરી છે. હદીસની નોંધોથી પણ એવું જણાય છે કે થોડાંક સમય માટે વહી આવવાનો ક્રમ બંધ રહ્યો હતો, જેનાથી પયગંબર (સલ્લ.) ઘણાં પરેશાન થઈ ગયા હતા અને વારંવાર આપને એવો ભય લાગતો હતો કે ક્યાંક મારાથી કોઈ ભૂલ એવી તો નથી થઈ ગઈ જેના કારણે મારો રબ મારાથી રિસાઈ ગયો હોય અને તેણે મને છોડી દીધો હોય. આના પર આપને વિશ્વાસ આપવામાં આવ્યો કે વહીના અવતરણનો ક્રમ કોઈ નારાજગીના કારણે રોકવામાં નથી આવ્યો, બલ્કે આમાં તે જ નીતિ કામ કરી રહી હતી, જે પ્રકાશિત દિવસ પછી રાત્રિની શાંતિ છવાઈ જવામાં કામ કરી રહી હોય છે, અર્થાત્ વહીનો તીવ્ર પ્રકાશ આપ (સલ્લ.) પર સતત પડતો રહ્યો હોત તો આપ (સલ્લ.)ના જ્ઞાન-તંતુઓ તેને સહન કરી શક્યા ન હોત. એટલા માટે વચ્ચે વિરામ આપવામાં આવ્યો, જેથી આપ (સલ્લ.)ને શાંતિ પ્રાપ્ત થાય. આ સ્થિતિ હુઝૂર (સલ્લ.)ની નુબૂવતના આરંભિક કાળમાં પેદા થતી હતી જ્યારે કે હજુ આપ (સલ્લ.)ને વહીના અવતરણની તીવ્રતા સહેવાની આદત પડી ન હતી. આ કારણસર વચ્ચે-વચ્ચે વિરામની જરૂરત પડતી હતી. પછીથી જ્યારે નબી (સલ્લ.)માં આ ભારને સહેવાની શક્તિ પેદા થઈ ગઈ તો લાંબો વિરામ આપવાની જરૂર રહી નહીં.

વિષય અને ચર્ચા :

આનો વિષય આપ (સલ્લ.)ને સાંત્વના આપવાનો છે અને ઉદ્દેશ્ય તે પરેશાનીને દૂર કરવાનો છે, જે વહીના અવંરતણનો ક્રમ રોકાઈ જવાથી આપ (સલ્લ.)ને થઈ રહી હતી. સૌપ્રથમ પ્રકાશિત દિવસ અને રાત્રિની શાંતિના સોગંદ ખાઈને આપને સાંત્વના આપવામાં આવી છે કે આપના રબે આપને કદાપિ છોડી દીધા નથી અને ન તો તે આપથી નારાજ થયો છે. તે પછી આપને શુભસૂચના આપવામાં આવી છે કે ઈસ્લામી આહ્વાન્ના શરૂઆતના સમયમાં આપને જે સખત મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, તે થોડાંક દિવસોની

વાત છે. આપના માટે દરેક પછીનો સમય પહેલાંના સમય કરતાં વધુ સારો થતો જશે અને કંઈ વધુ વાર નહીં લાગે કે અલ્લાહ આપ ઉપર કૃપાઓ અને બક્ષિસોની એવી વર્ષા કરશે જેનાથી આપ ખુશ થઈ જશો. આ કુર્આનની તે સ્પષ્ટ ભવિષ્યવાણીઓમાંથી એક છે જે પાછળથી અક્ષરશઃ સાચી પડી.

તે પછી અલ્લાહે પોતાના પ્રિય મિત્ર હઝરત મુહમ્મદ (સલ્લ.)ને કહ્યું છે કે તમને એ ચિંતા કેવી રીતે થવા લાગી કે અમે તમને છોડી દીધા છે અને અમે તમારાથી નારાજ થઈ ગયા છીએ. અમે તો તમે જન્મ્યા તે દિવસથી જ તમારા પર નિરંતર મહેરબાનીઓ કરતા આવ્યા છીએ. તમે અનાથ જન્મ્યા હતા, અમે તમારા પાલન-પોષણ અને દેખરેખની ઉત્તમ વ્યવસ્થા કરી દીધી. તમે માર્ગથી અજાણ હતા, અમે તમારું માર્ગદર્શન કર્યું. તમે નિર્ધન હતા, અમે તમને ધનવાન બનાવ્યા. આ બધી વાતો સ્પષ્ટપણે કહી રહી છે કે તમે આરંભથી જ અમારા પ્રિય છો અને અમારી કૃપા અને દયા સ્થાઈ રૂપે તમારા સાથે છે.

અંતમાં, અલ્લાહે નબી (સલ્લ.)ને બતાવ્યું છે કે જે ઉપકારો અમે તમારા ઉપર કર્યા છે, તેના ઉત્તરમાં અલ્લાહના બંદાઓ સાથે તમારો વ્યવહાર કેવો હોવો જોઈએ અને અમારી નેઅ્મતો (કૃપાઓ) પ્રત્યે આભાર તમારે કેવી રીતે વ્યક્ત કરવો જોઈએ.

(૯૪) અલમ્ નશ્‌રહ

પરિચય

નામ :

સૂરઃની પહેલી આયતના વાક્ય 'અલમ્ નશ્‌રહ' (અર્થાત્ શું અમે ખોલી ન દીધી)ને આ સૂરઃનું નામ ઠેરવવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આનો વિષય સૂરઃ ઝુહા સાથે એટલો બધો મળતો આવે છે કે આ બંને સૂરઃઓ લગભગ એક જ સમયે અને એક-સમાન પરિસ્થિતિઓમાં ઊતરેલી જણાય છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) કહે છે કે આ સૂરઃ મક્કામાં 'વઝ્-ઝુહા' પછી ઊતરી છે.

વિષય અને ચર્ચા :

આનો ઉદ્દેશ્ય અને આશય પણ અલ્લાહના રસૂલ (સલ્લ.)ને સાંત્વના આપવાનો છે. ઈસ્લામના પ્રચારનો આરંભ કરતાં જ અચાનક આપને (જે પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો, તેનું) કોઈ અનુમાન આપને નુબૂવતથી પહેલાંના જીવનમાં ન હતું. આપ (સલ્લ.)એ ઈસ્લામના પ્રચારનો આરંભ શું કર્યો કે જોત-જોતામાં તે જ સમાજ આપનો શત્રુ બની ગયો, જેમાં આપ પહેલાં ખૂબ જ આદરપૂર્વક જોવામાં આવતા હતા. જો કે ધીરે-ધીરે આપને આ પરિસ્થિતિનો સામનો કરવાની ટેવ પડી ગઈ, પરંતુ શરૂઆતનો સમય આપના માટે ખૂબ જ હૃદયવિદારક હતો. તેથી જ આપને સાંત્વના આપવા માટે સૌપ્રથમ સૂરઃ ઝુહા ઉતારવામાં આવી અને પછી આ સૂરઃનું અવતરણ થયું. આમાં સૌપ્રથમ અલ્લાહે આપને જણાવ્યું કે અમે આપને ત્રણ ખૂબ મોટી નેઅ્‌મતો (કૃપાઓ) પ્રદાન કરી છે જેમની ઉપસ્થિતિમાં કોઈ કારણ નથી કે આપ દુઃખી અને નિરાશ થાઓ.

એક 'શર્‌હે-સદ્‌ર' (સત્ય માટે હૃદય ખુલી જવા અને સત્ય પર હૃદયને સંતોષ થઈ જવા)ની કૃપા. બીજી એ કૃપા કે આપના ઉપરથી અમે તે ભારે બોજ ઉતારી દીધો, જે નુબૂવત પહેલાં આપની કેડ ભાંગી રહ્યો હતો. ત્રીજી એ કૃપા કે આપની શુભ-ચર્ચા ચોતરફ ખૂબ જ થવા લાગી.

તે પછી સૃષ્ટિના માલિક અને પાલનહારે પોતાના બંદા અને રસૂલ (સલ્લ.)ને એ સાંત્વના આપી છે કે તકલીફોનો આ સમય, જેનો આપ સામનો કરી રહ્યા છો, કાંઈ બહુ લાંબો સમય નથી, બલ્કે આ તંગીના સાથોસાથ સમૃદ્ધિનો જમાનો પણ લગોલગ આવી રહ્યો છે. આ તે જ વાત છે જે સૂરઃ ઝુહા (ની

ચોથી અને પાંચમી આયતોમાં ફરમાવવામાં આવી હતી.)

અંતમાં, નબી (સલ્લ.)ને નિર્દેશ કરવામાં આવ્યો છે કે શરૂઆતના સમયની આ મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ આપના અંદર એક જ વસ્તુથી પેદા થશે અને તે એ છે કે જયારે આપ પોતાના કામકાજથી નિવૃત્ત થાઓ તો ઈબાદતની મહેનત અને રિયાજ (અભ્યાસ, તપ)માં લાગી જાઓ અને દરેક વસ્તુથી બેપરવા થઈને માત્ર પોતાના રબની ભક્તિ માટે એકધ્યાન થઈ જાઓ.

آياتها ١١ — (٩٣) سُوْرَةُ الضُّحٰى مَكِّيَّةٌ (١١) — رُكُوعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالضُّحٰى ۝١ وَالَّيْلِ اِذَا سَجٰى ۝٢ مَا وَدَّعَكَ رَبُّكَ وَمَا قَلٰى ۝٣ وَ
لَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى ۝٤ وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ
فَتَرْضٰى ۝٥ اَلَمْ يَجِدْكَ يَتِيْمًا فَاٰوٰى ۝٦ وَوَجَدَكَ ضَآلًّا
فَهَدٰى ۝٧ وَوَجَدَكَ عَآئِلًا فَاَغْنٰى ۝٨ فَاَمَّا الْيَتِيْمَ فَلَا
تَقْهَرْ ۝٩ وَاَمَّا السَّآئِلَ فَلَا تَنْهَرْ ۝١٠ وَاَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّثْ ۝١١ ع ١١ ١٨

آياتها ٨ — (٩٤) سُوْرَةُ اَلَمْ نَشْرَحْ مَكِّيَّةٌ (١٢) — رُكُوعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلَمْ نَشْرَحْ لَكَ صَدْرَكَ ۝١ وَوَضَعْنَا عَنْكَ وِزْرَكَ ۝٢
الَّذِيْٓ اَنْقَضَ ظَهْرَكَ ۝٣ وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ ۝٤ فَاِنَّ
مَعَ الْعُسْرِ يُسْرًا ۝٥ اِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا ۝٦ فَاِذَا منزل ٧
فَرَغْتَ فَانْصَبْ ۝٧ وَاِلٰى رَبِّكَ فَارْغَبْ ۝٨ ع ٨ ١٩

(૯૩) સૂરઃ અઝ્-ઝુહા

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૧૧)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે પ્રકાશિત દિવસના
૨. અને રાત્રિના, જ્યારે તે શાંતિની સાથે છવાઈ જાય,
૩. (હે પયગંબર !) તમારા રબે તમને કદાપિ નથી છોડ્યા અને ન તે નારાજ થયો.
૪. અને નિશ્ચિતપણે તમારા માટે પછીનો સમય પહેલાંના સમય કરતાં વધુ સારો છે,
૫. અને ટૂંક સમયમાં તમારો રબ તમને એટલું આપશે કે તમે ખુશ થઈ જશો.
૬. શું તેણે તમને અનાથ ન જોયા અને પછી ઠેકાણું ઉપલબ્ધ કર્યું ?
૭. અને તમને માર્ગથી અજાણ જોયા અને પછી માર્ગ દેખાડ્યો.
૮. અને તમને નિર્ધન જોયા અને પછી ધનવાન બનાવી દીધા.
૯. તેથી તમે અનાથ સાથે કઠોર વ્યવહાર ન કરો,
૧૦. અને માગવાવાળાને ન ધુત્કારો,
૧૧. અને પોતાના રબ (પ્રભુ)ની કૃપાને પ્રગટ કરો. (રુકૂઅ-૧)

(૯૪) સૂરઃ અલમ નશ્રહ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. (હે પયગંબર !) શું અમે તમારી છાતી તમારા માટે ખોલી ન દીધી ?
૨. અને તમારા પરથી તે ભારે બોજ ઉતારી દીધો
૩. જે તમારી કેડ ભાંગી રહ્યો હતો.
૪. અને તમારા માટે તમારી ચર્ચાની ખ્યાતિ ઉચ્ચ કરી દીધી.
૫. તો હકીકત એ છે કે તંગીની સાથે વિપુલતા અને સમૃદ્ધિ પણ છે.
૬. નિઃસંદેહ તંગીની સાથે વિપુલતા અને સમૃદ્ધિ પણ છે.
૭. તેથી જ્યારે તમે નિવૃત્ત થાઓ ત્યારે બંદગીના શ્રમમાં લાગી જાઓ
૮. અને પોતાના રબ (પ્રભુ)ની જ ભક્તિ માટે એકાગ્રચિત્ત થઈ જાઓ. (રુકૂઅ-૧)

(૯૫) અત્-તીન
પરિચય

નામ :

આયતના પહેલા જ શબ્દ 'અત્-તીન' (અંજીર) ને આ સૂર:નું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

કતાદા (રહ.) કહે છે કે આ સૂરઃ મદની છે. ઇબ્ને અબ્બાસ (રદિ.)થી બે કથનો ઉલ્લેખિત છે. એક એ કે આ મક્કી છે અને બીજું એ કે મદની છે, પરંતુ મોટાભાગના આલિમો (ઇસ્લામી વિદ્વાનો) આને મક્કી જ કહે છે અને તેના મક્કી હોવાની સ્પષ્ટ નિશાની એ છે કે આમાં મક્કા નગર માટે 'હાઝલ્ બલદિલ્ અમીન' (આ શાંતિમય શહેર)ના શબ્દો પ્રયુક્ત થયા છે. સ્પષ્ટ છે કે જો આ મદીનામાં અવતરિત થઈ હોત તો મક્કા માટે 'આ શહેર' કહવું સાચું હોઈ શકતું ન હતું. તદુપરાંત, સૂરઃના વિષયો પર વિચાર કરવાથી એવું લાગે છે કે આ મક્કાના પણ આરંભિક કાળમાં ઊતરેલી સૂરઃઓમાંથી છે.

વિષય અને ચર્ચા :

આનો વિષય છે ઇનામ અને સજાનું સમર્થન. આ હેતુ માટે સૌપ્રથમ મહાન પયગંબરોની નિયુક્તિ-સ્થળોના સોગંદ લઈને ફરમાવવામાં આવ્યું છે કે અલ્લાહે મનુષ્યને ઉત્કૃષ્ટ બંધારણ પર પેદા કર્યો છે. જો કે આ હકીકતને કુર્આન-મજીદમાં બીજા સ્થળોએ વિવિધ રીતે વર્ણવવામાં આવી છે. જેમ કે ક્યાંક કહ્યું કે મનુષ્યને અલ્લાહે ધરતી પર પોતાનો 'ખલીફા' (નાયબ, પ્રતિનિધિ) બનાવ્યો અને ફરિશ્તાઓને તેના આગળ સિજદો કરવાનો આદેશ કર્યો. (સૂરઃ બકરહ આ.૩૦-૩૪, સૂરઃ અન્આમ આ.૧૬૨, સૂરઃ આ'રાફ આ.૧૧, સૂરઃ હિજ્ર આ.૨૮-૨૯, સૂરઃ નમ્લ આ.૬૨, સૂરઃ સૉદ આ.૭૧-૭૩). ક્યાંક કહ્યું કે મનુષ્ય તે ઈશ્વરીય અમાનતનો વાહક થયો છે, જેને ઉપાડવાની શક્તિ ધરતી, આકાશ અને પર્વતોમાં પણ ન હતી. (સૂરઃ અહ્ઝાબ આ.૭૨). ક્યાંક ફરમાવ્યું કે અમે આદમના સંતાનોને પ્રતિષ્ઠા આપી અને પોતાની બીજી ઘણી મખલૂક (સર્જનો) પર શ્રેષ્ઠતા પ્રદાન કરી. (સૂરઃ બની ઇસરાઈલ આ.૭૦) પરંતુ અહીં વિશેષ રૂપે પયગંબરોના નિયુક્તિ-સ્થળોના સોગંદ ખાઈને એમ ફરમાવવું કે માણસને સૌથી શ્રેષ્ઠ બંધારણ પર પેદા કરવામાં આવ્યો છે, એ અર્થ ધરાવે છે કે માનવ-જાતને એટલું ઉત્કૃષ્ટ બંધારણ આપવામાં આવ્યું છે કે તેનામાં નુબૂવત (ઇશદૂતત્વ) જેવા ઉચ્ચતમ્ પદનું ભાર-વહન કરનારા લોકો

પેદા થયા, જેનાથી ઉચ્ચ પદ અલ્લાહની કોઈ બીજી મખલૂક (સર્જન)ને નથી મળ્યું. તે પછી એ બતાવવામાં આવ્યું છે કે મનુષ્યોમાં બે પ્રકારના લોકો જોવા મળે છે.

એક તે જેઓ આ સર્વોત્તમ બંધારણ સાથે પેદા થયા પછી બૂરાઈ તરફ વળી જાય છે અને નૈતિક પતનમાં ગબડતા-ગબડતા તે અધોબિંદુએ પહોંચી જાય છે, જ્યાં તેનાથી વધુ નીચ બીજી કોઈ મખલૂક નથી હોતી. બીજો એ જેઓ ઈમાન અને સદાચરણનો માર્ગ અપનાવીને આ પતનથી બચી જાય છે અને તે ઉચ્ચ સ્થાને કાયમ રહે છે જે તેમના સર્વોત્તમ બંધારણ સાથે પેદા થવાનો અનિવાર્ય તકાદો છે.

અંતમાં આ વાસ્તવિકતાના આધારે એ સાબિત કરવામાં આવ્યું છે કે જ્યારે મનુષ્યોમાં બે જુદા-જુદા અને એકબીજાથી તદ્દન ભિન્ન પ્રકારો જોવા મળે છે, તો પછી કર્મોના ફળનો કેવી રીતે ઇન્કાર કરી શકાય છે. પરિણામસ્વરૂપ બંને (પ્રકારના મનુષ્યો)નું ફળ એક જેવું હોય તો તેનો અર્થ એ છે કે અલ્લાહને ત્યાં કોઈ ન્યાય નથી, જો કે માનવ-પ્રકૃતિ અને માણસની સામાન્ય બુદ્ધિ એ તકાદો કરે છે કે જે વ્યક્તિ પણ શાસક હોય, તે ન્યાય કરે. તો પછી એ કેવી રીતે વિચારી શકાય કે અલ્લાહ, જે બધા શાસકોથી મોટો શાસક છે, ન્યાય નહીં કરે.

اٰيَاتُهَا ٨ (٩٥) سُوْرَةُ التِّيْنِ مَكِّيَّةٌ (٢٨) رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالتِّيْنِ وَالزَّيْتُوْنِ ۙ﴿۱﴾ وَطُوْرِ سِيْنِيْنَ ۙ﴿۲﴾ وَهٰذَا الْبَلَدِ
الْاَمِيْنِ ۙ﴿۳﴾ لَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ فِيْٓ اَحْسَنِ
تَقْوِيْمٍ ۫﴿۴﴾ ثُمَّ رَدَدْنٰهُ اَسْفَلَ سٰفِلِيْنَ ۙ﴿۵﴾ اِلَّا الَّذِيْنَ
اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَلَهُمْ اَجْرٌ غَيْرُ مَمْنُوْنٍ ۭ﴿۶﴾ فَمَا
يُكَذِّبُكَ بَعْدُ بِالدِّيْنِ ۭ﴿۷﴾ اَلَيْسَ اللّٰهُ بِاَحْكَمِ الْحٰكِمِيْنَ ﴿۸﴾ ع

منزل ٧ ع ٨

(૯૫) સૂરઃ અત્-તીન

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે અંજીર અને જેતૂનના
૨. અને તૂરે-સીના (સીના પર્વત)ના
૩. અને આ શાંતિપૂર્ણ શહેર (મક્કા)ના,
૪. અમે મનુષ્યને સર્વોત્તમ બંધારણ પર પેદા કર્યો,
૫. પછી અમે તેને પાછો ફેરવીને સૌ અધમોથી અધમ બનાવી દીધો,
૬. સિવાય તે લોકોના જેઓ ઈમાન લાવ્યા અને સત્કર્મો કરતા રહ્યા કે તેમના માટે કદી સમાપ્ત ન થવાવાળો બદલો છે.
૭. તો (હે પયગંબર !) આના પછી કોણ ઈનામ અને સજા વિષે તમને ખોટા ઠેરવી શકે છે ?
૮. શું અલ્લાહ સૌ શાસકોથી મોટો શાસક નથી ? (રુકૂઅ-૧)

(૯૬) અલ-અલક

પરિચય

નામ :

બીજી આયતના શબ્દ 'અલક' (થીજેલા લોહીના એક લોચા)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આ સૂરઃના બે ભાગ છે : પહેલો ભાગ શરૂથી લઈને પાંચમી આયતના વાક્ય 'માલમ યઅ્લમ' (જે તે જાણતો ન હતો) પર સમાપ્ત થાય છે, અને બીજો ભાગ 'કલ્લા ઇન્નલ્ ઇન્સાન લ-યત્ગા' (આયત ૬, અર્થાત્ કદાપિ નહીં, મનુષ્ય વિદ્રોહ કરે છે)થી શરૂ થઈને સૂરઃના અંત સુધી ચાલે છે. પહેલા ભાગ વિષે મુસ્લિમ સમુદાય (ઉમ્મત)ના વિદ્વાનોનો એક મોટો વર્ગ તે વાતથી સહમત છે કે આ સૌથી પહેલી વહી છે, જે અલ્લાહના રસૂલ (સલ્લ.) પર અવતરિત થઈ. બીજો ભાગ પછીથી તે વખતે અવતરિત થયો, જ્યારે અલ્લાહના રસૂલ (સલ્લ.)એ હરમ (કા'બા)માં નમાઝ પઢવી શરૂ કરી અને અબૂ જહલે આપને ધાકધમકી આપીને તેનાથી રોકવાની કોશિશ કરી.

'વહી' (દિવ્ય પ્રકાશના)નો આરંભ :

હઝરત આઇશા (રદિ.) ફરમાવે છે કે હુઝૂર (સલ્લ.) પર વહીનો આરંભ સાચા (અને કેટલીક નોંધોમાં છે સારા) સ્વપ્નોના રૂપમાં થયો. આપ જે સ્વપ્ન જોતાં, તે એવું હોતું જાણે આપ દિવસના પ્રકાશમાં જોઈ રહ્યા છે. પછી આપ એકાંતપ્રિય બની ગયા અને કેટ-કેટલાય દિવસો અને રાત્રિઓ સુધી હિરાની ગુફામાં રહીને ઇબાદત (આરાધના) કરવા લાગ્યા. હઝરત આઇશા (રદિ.)એ 'તહન્નુસ' શબ્દનો પ્રયોગ કર્યો છે જેની સમજૂતી ઇમામ ઝુહ્‌રીએ 'તઅબ્બુદ' (ઇબાદત કરવી) કરી છે. આ કોઈક પ્રકારની ઇબાદત હતી જે આપ કરતા હતા, કેમ કે તે સમય સુધી અલ્લાહ તરફથી આપને ઇબાદતની પદ્ધતિ બતાવવામાં આવી ન હતી. એક દિવસ જ્યારે કે આપ હિરાની ગુફામાં હતા, અચાનક આપ ઉપર વહી ઊતરી અને ફરિશ્તાએ આવીને આપને કહ્યું, 'પઢો'. તે પછી હઝરત આઇશા (રદિ.) સ્વયં અલ્લાહના રસૂલ (સલ્લ.)નું કથન નોંધે છે, ''મેં કહ્યું, હું તો ભણેલો નથી. તે વાત પર ફરિશ્તાએ મને પકડીને ભીંસી દીધો, ત્યાં સુધી કે મારી સહનશક્તિ સમાપ્ત થવા માંડી, પછી તેણે મને છોડી દીધો. (આવું ત્રણ વાર થયું.) ત્રીજીવાર જ્યારે ફરિશ્તાએ મને છોડ્યો તો કહ્યું, 'ઇકરા બિસ્મિ રબ્બિકલ્-લઝી ખ-લ-ક' (પઢો પોતાના રબના નામ સાથે જેણે સર્જન કર્યું) ત્યાં સુધી છેક 'માલમ્ યઅ્લમ' (જેને તે જાણતો ન હતો) સુધી

પહોંચી ગયો." હઝરત આઇશા (રદિ.) ફરમાવે છે કે તે પછી અલ્લાહના રસૂલ (સલ્લ.) ધ્રુજતા-ધ્રુજતા ત્યાંથી પાછા ફર્યા અને હઝરત ખદીજા (રદિ.) પાસે જઈને કહ્યું, "મને ઓઢાડો, મને ઓઢાડો." તેથી આપને ઓઢાડી દીધું. જ્યારે આપ પરથી ભયની હાલત સમાપ્ત થઈ તો આપએ ફરમાવ્યું, "હે ખદીજા ! આ મને શું થઈ ગયું છે ?" પછી આખી વાત આપએ તેમને સંભળાવી અને કહ્યું, "મને મારા જીવનું જોખમ લાગે છે." તેમણે કહ્યું, "કદાપિ નહીં, આપ ખુશ થઈ જાઓ, અલ્લાહના સોગંદ ! આપને અલ્લાહ કદી નિરાશ નહીં કરે, આપ સગા-સંબંધીઓ સાથે સદ્‌વર્તન કરો છો, સાચું બોલો છો, (એક કથનમાં એ ઉમેરો છે કે અમાનતો ચૂકવી આપો છો), નિઃસહાય લોકોનો બોજ ઉપાડો છો, ગરીબોને કમાઈને આપો છો, અતિથિ-સત્કાર કરો છો અને સારા કામોમાં મદદ કરો છો." પછી તેઓ નબી (સલ્લ.)ને સાથે લઈને વરકા બિન નૌફલ પાસે ગયા જે તેમના પિતરાઈ ભાઈ હતા. અજ્ઞાનતા-કાળમાં ખ્રિસ્તી બની ગયા હતા, અરબી અને હિબ્રુ ભાષામાં ઇંજીલ લખતા હતા, ખૂબ વૃદ્ધ અને અંધ થઈ ગયા હતા. હઝરત ખદીજા (રદિ.)એ તેમને કહ્યું, "ભાઈ, જરા તમારા ભત્રીજાની વાત સાંભળો." વરકાએ નબી (સલ્લ.)ને કહ્યું, "ભત્રીજા ! તમને શું દેખાયું ?" અલ્લાહના રસૂલ (સલ્લ.)એ જે કંઈ જોયું હતું, તેનું વર્ણન કર્યું. વરકાએ કહ્યું, "આ તે જ નામૂસ (વહી લાવનાર ફરિશ્તો) છે જેને અલ્લાહે મૂસાના પાસે મોકલ્યો હતો. કદાચ, હું આપના નુબૂવતના સમયે સશક્ત યુવાન હોત. કદાચ, હું તે સમય સુધી જીવતો રહું જ્યારે આપની કોમ આપને કાઢી મૂકશે !" અલ્લાહના રસૂલ (સલ્લ.)એ ફરમાવ્યું, "શું આ લોકો મને કાઢી મૂકશે ?" વરકાએ કહ્યું, "હા, કદી એવું નથી બન્યું કે કોઈ માણસ તે વસ્તુ લઈને આવ્યો હોય જે આપ લાવ્યા છો અને તેનાથી દુશ્મની કરવામાં ન આવી હોય. જો હું તે સમય સુધી રહીશ તો હું આપને ભરપૂર મદદ કરીશ." પરંતુ વધુ સમય વીત્યો ન હતો કે વરકાનું અવસાન થઈ ગયું.

આ પ્રસંગ સ્વયં બતાવી રહ્યો છે કે ફરિશ્તાના આગમનના એક ક્ષણ પહેલાં સુધી અલ્લાહના રસૂલ (સલ્લ.)ના મનમાં એ વાત ન હતી કે આપને નબી (પયગંબર) બનાવવામાં આવનાર છે. આ વસ્તુની ઇચ્છા રાખવી કે તેની અપેક્ષા રાખવી તો દૂર રહ્યું, આપની કલ્પનામાં પણ એ વાત ન હતી કે આવો કોઈ મામલો આપના સાથે બનશે. વહીનું અવતરણ અને ફરિશ્તાનું આવી રીતે સામે આવવું આપના માટે અચાનક એક ઘટના હતી જેની પહેલી અસર આપ ઉપર એ જ થઈ, જે એક અજાણ્યા માણસ સાથે આવી મોટી એક ઘટનાના ઘટિત થયા પછી સ્વાભાવિક રીતે થઈ શકે છે. આ જ કારણ છે કે જ્યારે આપ ઇસ્લામના આમંત્રણ અને પ્રચાર સાથે ઊભા થયા તો મક્કાના

લોકોએ આપ ઉપર જાત-જાતના વાંધાઓ ઊભા કર્યા, પરંતુ તેમનામાંથી કોઈ એમ કહેવાવાળું ન હતું કે અમને તો પહેલાથી જ એ ભય હતો કે આપ કોઈ દાવો કરવાના છો, કેમ કે આપ ઘણાં સમયથી નબી બનવા માટેની તૈયારીઓ કરી રહ્યા હતા.

આ પ્રસંગથી એક વાત એ પણ જાણવા મળે છે કે નુબૂવતથી પહેલાં આપનું જીવન કેટલું પવિત્ર હતું અને આપનું ચરિત્ર કેટલું શ્રેષ્ઠ હતું. હઝરત ખદીજા (રદિ.) એ પોતાના લાંબાં દાંપત્ય-જીવનમાં આપને એટલાં ઉત્તમ શ્રેણીના વ્યક્તિ તરીકે જોયાં હતા કે જ્યારે નબી (સલ્લ.)એ તેમને હિરાની ગુફામાં બનેલ ઘટના સંભળાવી તો કોઈપણ સંકોચ વિના તેમણે માની લીધું કે વાસ્તવમાં અલ્લાહનો ફરિશ્તો જ આપના પાસે વહી લઈને આવ્યો હતો. એ જ પ્રમાણે વરકા બિન નૌફલે પણ જ્યારે આ ઘટના સાંભળી તો તેને કોઈ ભ્રમ ન સમજ્યો, બલ્કે સાંભળતાં જ કહી દીધું કે આ તે જ નામૂસ (ફરિશ્તો) છે જે હઝરત મૂસા (અલૈ.) પાસે આવ્યો હતો. તેનો અર્થ એ છે કે તેમના નજીક પણ આપ એટલા ઉચ્ચ શ્રેણીના વ્યક્તિ હતા કે આપનું નુબૂવતના પદ પર બિરાજમાન થવું કોઈ આશ્ચર્યની વાત ન હતી.

બીજા ભાગનું ઉતરાણ :

આ સૂરઃનો બીજો ભાગ તે સમયે અવતર્યો, જ્યારે અલ્લાહના રસૂલ (સલ્લ.)એ હરમ (કા'બા)માં ઈસ્લામી પદ્ધતિ અનુસાર નમાઝ પઢવી શરૂ કરી અને અબૂ જહલે આપ (સલ્લ.)ને ડરાવી-ધમકાવીને તેનાથી રોકવાની કોશિશ કરી. આ જોતાં આ સંબંધમાં અનેક હદીસો હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) અને હઝરત અબૂ હુરૈરહ (રદિ.)ના હવાલાથી નોંધવામાં આવી છે, જેમાં અબૂ જહલની આ અશિષ્ટતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. હઝરત અબૂ હુરૈરહ (રદિ.) નું કથન છે કે અબૂ જહલે કુરૈશના લોકોને પૂછ્યું, "શું મુહમ્મદ (સલ્લ.) તમારા સામે જમીન પર પોતાનું મોઢું ટેકવે છે ?" લોકોએ કહ્યું, "હા." તેણે કહ્યું, "લાત અને ઉઝ્ઝાના સોગંદ ! જો મેં તેમને આવી રીતે નમાઝ પઢતા જોઈ લીધા તો તેમની ડોક પર પગ મૂકી દઈશ અને તેમનો ચહેરો જમીન પર રગદોળી નાખીશ." પછી બન્યું એવું કે આપ (સલ્લ.)ને નમાઝ પઢતા જોઈને તે આગળ વધ્યો, જેથી આપ (સલ્લ.)ની ડોક પર પગ મૂકે, પરંતુ અચાનક લોકોએ જોયું કે તે પાછળ ખસી રહ્યો છે અને પોતાનો ચહેરો કોઈ વસ્તુથી બચાવવાનો પ્રયત્ન કરી રહ્યો છે. તેને પૂછવામાં આવ્યું કે, "આ તને શું થઈ ગયું ?" તેણે કહ્યું, "મારા અને તેમના વચ્ચે એક અગ્નિકુંડ અને એક ભયાનક વસ્તુ હતી અને કેટલીક પાંખો હતી." અલ્લાહના રસૂલ (સલ્લ.)એ ફરમાવ્યું, "જો તે મારા પાસે આવતો તો ફરિશ્તાઓ તેનાં ચીંથરા

ઉડાવી દેતા. (અહમદ, મુસ્લિમ, નસઈ).

ઇબ્ને અબ્બાસ (રદિ.)નું એક બીજું કથન છે કે અલ્લાહના રસૂલ (સલ્લ.) મકામે ઇબ્રાહીમ (કા'બામાં તે સ્થળ જયાં હઝરત ઇબ્રાહીમ અલૈ. નમાઝ પઢતા હતા) પર નમાઝ પઢી રહ્યા હતા. અબૂ જહલ ત્યાંથી પસાર થયો તો તેણે કહ્યું, ''હે મુહમ્મદ ! મેં તમને આનાથી મનાઈ કરી ન હતી ?'' અને તેણે આપ (સલ્લ.)ને ધમકીઓ આપવા માંડી. જવાબમાં અલ્લાહના રસૂલ (સલ્લ.)એ તેને સખત રીતે ધુત્કારી કાઢ્યો. એટલે તેણે કહ્યું, ''હે મુહમ્મદ ! તમે કયા જોરે મને બીવડાવો છો ? અલ્લાહના સોગંદ ! આ ખીણમાં મારા ટેકેદારો સૌથી વધુ છે.'' (અહમદ, તિરમિઝી, નસઈ).

આ જ પ્રસંગો પર જ આ સૂરઃનો તે ભાગ ઊતર્યો જે 'કલ્લા ઇન્નલ્ ઇન્સાન લ-યત્ગા' (કદાપિ નહીં, મનુષ્ય વિદ્રોહથી કામ લે છે)થી શરૂ થાય છે. સ્વાભાવિક રીતે જ આ ભાગને કુર્આનમાં એ જ જગ્યાએ મૂકવો જોઈતો હતો કે જયાં આ સૂરઃમાં મૂકવામાં આવ્યો છે, કારણ કે પ્રથમ વહી ઊતર્યા પછી ઇસ્લામની પ્રથમ અભિવ્યક્તિની શરૂઆત નબી (સલ્લ.)એ નમાઝ વડે જ કરી હતી, અને કાફિરો (સત્યના વિરોધીઓ) સાથે આપના ટકરાવનો આરંભ પણ આ જ બનાવથી થયો હતો.

(اٰیَاتُهَا ١٩) (٩٦) سُوْرَةُ الْعَلَقِ مَكِّيَّةٌ (١) (رُكُوْعُهَا ١)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِیْ خَلَقَ ۚ﴿۱﴾ خَلَقَ الْاِنْسَانَ مِنْ
عَلَقٍ ۚ﴿۲﴾ اِقْرَاْ وَرَبُّكَ الْاَكْرَمُ ۙ﴿۳﴾ الَّذِیْ عَلَّمَ بِالْقَلَمِ ۙ﴿۴﴾
عَلَّمَ الْاِنْسَانَ مَا لَمْ يَعْلَمْ ؕ﴿۵﴾ كَلَّاۤ اِنَّ الْاِنْسَانَ لَيَطْغٰۤى ۙ﴿۶﴾
اَنْ رَّاٰهُ اسْتَغْنٰى ؕ﴿۷﴾ اِنَّ اِلٰى رَبِّكَ الرُّجْعٰى ؕ﴿۸﴾ اَرَءَيْتَ الَّذِیْ
يَنْهٰى ۙ﴿۹﴾ عَبْدًا اِذَا صَلّٰى ؕ﴿۱۰﴾ اَرَءَيْتَ اِنْ كَانَ عَلَى
الْهُدٰۤى ۙ﴿۱۱﴾ اَوْ اَمَرَ بِالتَّقْوٰى ؕ﴿۱۲﴾ اَرَءَيْتَ اِنْ كَذَّبَ وَتَوَلّٰى ؕ﴿۱۳﴾
اَلَمْ يَعْلَمْ بِاَنَّ اللّٰهَ يَرٰى ؕ﴿۱۴﴾ كَلَّا لَئِنْ لَّمْ يَنْتَهِ ۙ۬ لَنَسْفَعًۢا
بِالنَّاصِيَةِ ۙ﴿۱۵﴾ نَاصِيَةٍ كَاذِبَةٍ خَاطِئَةٍ ۚ﴿۱۶﴾ فَلْيَدْعُ نَادِيَهٗ ۙ﴿۱۷﴾
سَنَدْعُ الزَّبَانِيَةَ ۙ﴿۱۸﴾ كَلَّا ؕ لَا تُطِعْهُ وَاسْجُدْ وَاقْتَرِبْ ۩﴿۱۹﴾ ع

منزل ٧ السجدة ع ١٩/٢١ ١٤ ١

(૯૬) સૂરઃ અલ-અલક

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧ • આયતો : ૧૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. પઢો (હે પયગંબર !) પોતાના રબ (પ્રભુ)ના નામ સાથે જેણે સર્જન કર્યું,
૨. થીજેલા લોહીના એક લોચાથી મનુષ્યનું સર્જન કર્યું.
૩. પઢો, અને તમારો રબ અત્યંત ઉદાર છે
૪. જેણે કલમ વડે જ્ઞાન શીખવાડ્યું,
૫. મનુષ્યને તે જ્ઞાન આપ્યું જેને તે જાણતો ન હતો.
૬. કદાપિ નહીં, મનુષ્ય વિદ્રોહ કરે છે
૭. એ કારણે કે પોતાને નિરપેક્ષ-નિસ્પૃહ જુએ છે
૮. (જો કે) ચોક્કસપણે પાછા તો તારા રબ તરફ જ ફરવાનું છે.
૯. તમે જોઈ તે વ્યક્તિને જે એક બંદાને રોકે છે
૧૦. જ્યારે કે તે નમાઝ પઢતો હોય ?
૧૧. તમારો શું ખ્યાલ છે જો (તે બંદો) સન્માર્ગ પર હોય
૧૨. કે પરહેજગારી (સંયમ)નો સદુપદેશ આપતો હોય ?
૧૩. તમારો શું ખ્યાલ છે જો (આ રોકનાર વ્યક્તિ સત્યને) ખોટું ઠેરવતો અને મોઢું ફેરવતો હોય ?
૧૪. શું તે નથી જાણતો કે અલ્લાહ જોઈ રહ્યો છે ?
૧૫. કદાપિ નહીં, જો તે અટકશે નહીં તો અમે તેના કપાળના વાળ પકડીને ખેંચીશું,
૧૬. તે કપાળને જે જૂઠું અને અત્યંત દોષી છે.
૧૭. તે બોલાવી લે પોતાના ટેકેદારોની ટોળીને,
૧૮. અમે પણ યાતનાના ફરિશ્તાઓને બોલાવી-લઈશું.
૧૯. કદાપિ નહીં, તેની વાત ન માનો અને સિજદો કરો અને (પોતાના રબનું) સામીપ્ય પ્રાપ્ત કરો. (રુકૂઅ-૧)

(૯૭) અલ-કદ્ર

પરિચય

નામ :

પ્રથમ આયતના શબ્દ 'અલ-કદ્ર'ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આના મક્કી કે મદની હોવા અંગે મતભેદ છે, પરંતુ સૂરઃના વિષય પર વિચાર કરવાથી એમ જ લાગે છે કે આ મક્કી જ હોવી જોઈએ.

વિષય અને ચર્ચા :

આનો વિષય લોકોને કુર્આનના મૂલ્ય અને મહત્ત્વથી વાકેફ કરાવવાનો છે. કુર્આન-મજીદની સૂરઃઓના ક્રમમાં આને સૂરઃ અલક પછી રાખવાથી સ્વયં એ સ્પષ્ટ થાય છે કે જે પવિત્ર ગ્રંથના અવતરણનો આરંભ સૂરઃ અલકની શરૂઆતની પાંચ આયતોથી થયો હતો, તેના જ વિષે લોકોને આ સૂરઃમાં બતાવવામાં આવ્યું છે કે તે કઈ ભાગ્ય ઘડનારી રાત્રિમાં ઊતર્યું છે, કેવો પ્રતિષ્ઠિત-મૂલ્યવાન ગ્રંથ છે અને તેનું અવતરણ શું અર્થ ધરાવે છે. સૌપ્રથમ આમાં અલ્લાહે ફરમાવ્યું છે કે અમે આને અવતરિત કર્યો છે. અર્થાત્ આ મુહમ્મદ (સલ્લ.)ની પોતાની રચના નથી, પણ તેને અવતરિત કરવાવાળા અમે છીએ.

એ પછી ફરમાવવામાં આવ્યું કે આનું અવતરણ અમારા તરફથી 'શબે-કદ્ર' (કદ્રની રાત્રિ)માં થયું છે. 'શબે-કદ્ર'ના બે અર્થ છે અને બંને અહીં અભિપ્રેત છે. એક એ કે આ તે રાત્રિ છે જેમાં તકદીરો (ભાગ્ય)નો નિર્ણય કરી દેવામાં આવે છે. બીજા શબ્દોમાં આ ગ્રંથનું અવતરણ માત્ર એક ગ્રંથનું અવતરણ નથી, બલ્કે આ તે કામ છે જે ન માત્ર કુરૈશનું, ન માત્ર આરબ પ્રદેશનું, બલ્કે દુનિયાનું ભાગ્ય બદલીને મૂકી દેશે. આ જ વાત સૂરઃ દુખાનમાં ફરમાવવામાં આવી છે. (જૂઓ સૂરઃ દુખાનનો પરિચય અને ટિ-૩). બીજો અર્થ એ છે કે આ ખૂબ ગરિમામય, મહાનતા અને મહત્તા ધરાવનારી રાત્રિ છે; અને આગળ તેની વ્યાખ્યા એ કરવામાં આવી છે કે આ હજાર મહિનાઓથી વધુ ઉત્તમ છે. આના દ્વારા મક્કાના કાફિરો (ઈન્કાર કરનારાઓ)ને જાણે ચેતવણી આપવામાં આવી છે કે તમે તમારી મૂર્ખતાથી આ ગ્રંથને પોતાના માટે મુસીબત સમજી રહ્યા છો, જે રાતે આના અવતરણનો નિર્ણય કરવામાં આવ્યો, તે એટલી ભલાઈઓ અને બરકતોવાળી રાત્રિ હતી કે કયારેય પણ માનવ-ઈતિહાસના હજાર મહિનાઓમાં પણ મનુષ્યની ભલાઈ માટે તે કામ થયું ન હતું જે આ રાત્રિમાં

કરી દેવામાં આવ્યું. આ વાત પણ સૂરઃ દુખાન આયત ૩માં એક બીજી રીતે વર્ણવવામાં આવી છે.

અંતમાં બતાવવામાં આવ્યું છે કે આ રાત્રિમાં ફરિશ્તાઓ અને જિબ્રઈલ (અલૈ.) પોતાના રબ (માલિક અને પાલનહાર)ની આજ્ઞાથી દરેક હુકમ લઈને ઊતરે છે, (જેને સૂરઃ દુખાન આ.૪ માં 'અમ્રે-હકીમ' – તત્ત્વદર્શિતાપૂર્ણ આદેશ કહેવામાં આવ્યું છે) અને તે સાંજથી સવાર સુધી સદંતર સલામતીની રાત્રિ હોય છે, અર્થાત્ તેમાં કોઈ બૂરાઈની દખલ હોતી નથી, કેમ કે અલ્લાહના તમામ નિર્ણયો છેવટે ભલાઈ માટે જ હોય છે, ત્યાં સુધી કે કોઈ જાતિને વિનષ્ટ કરવાનો નિર્ણય પણ હોય છે તો તે પણ ભલાઈ માટે જ હોય છે, ન કે બૂરાઈ માટે.

(٩٧) سُوْرَةُ الْقَدْرِ مَكِّيَّةٌ (٢٥)

اٰيَاتُهَا ٥ رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنَّاۤ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةِ الْقَدْرِ ۚۖ ﴿١﴾ وَمَاۤ اَدْرٰىكَ مَا لَيْلَةُ الْقَدْرِ ؕ ﴿٢﴾

لَيْلَةُ الْقَدْرِ ۙ۬ خَيْرٌ مِّنْ اَلْفِ شَهْرٍ ؕ ﴿٣﴾ تَنَزَّلُ الْمَلٰٓئِكَةُ وَالرُّوْحُ

فِيْهَا بِاِذْنِ رَبِّهِمْ ۚ مِّنْ كُلِّ اَمْرٍ ۛ ﴿٤﴾ سَلٰمٌ ۛ هِيَ حَتّٰى مَطْلَعِ الْفَجْرِ ﴿٥﴾ ع

منزل ٧ — الْقَدْرِ ع ٥ ٢٢

(૯૭) સૂરઃ અલ-કદ્ર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અમે આ (કુર્આન)ને શબે-કદ્ર (કદ્રની રાત્રિ)માં અવતરિત કર્યું છે.

૨. અને તમે શું જાણો કે શબે-કદ્ર શું છે ?

૩ શબે-કદ્ર હજાર મહિનાઓથી વધુ સારી છે.

૪. ફરિશ્તાઓ અને રૂહ તેમાં પોતાના રબ (પ્રભુ)ની પરવાનગીથી પ્રત્યેક આદેશ લઈને ઉતરે છે.

૫. તે રાત્રિ પૂર્ણતઃ સલામતી છે ફજ્રના નીકળવા (સૂર્યોદય) સુધી. (રુકૂઅ-૧)

૯૮. અલ-બૈયિનહ

પરિચય

નામ :

પહેલી આયતના શબ્દ 'અલ બૈયિનહ' (સ્પષ્ટ પ્રમાણ)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આમાં પણ મક્કી અને મદની હોવા અંગે મતભેદ છે. કેટલાક વિવરણકર્તાઓ કહે છે કે બહુમતિ આલિમો (ઇસ્લામના વિદ્વાનો)ના મતે આ મક્કી છે અને બીજા કેટલાક વિવરણકર્તાઓ કહે છે કે મોટાભાગના વિદ્વાનોના મતે મદની છે. ઇબ્ને ઝુબૈર અને અતા બિન યસારનું કથન છે કે આ મદની છે. ઇબ્ને અબ્બાસ અને કતાદાના બે કથન નોંધવામાં આવ્યા છે – એક એ કે આ મક્કી છે, બીજું એ કે આ મદની છે. હઝરત આઇશા (રદિ.) આને મક્કી ગણાવે છે. 'બહરુલ-મુહીત'ના લેખક અબૂ હૈયાન અને 'અહકામુલ કુર્આન'ના લેખક અબ્દુલ મુન્ઇમ ઇબ્નુલ ફરસ આના મક્કી હોવાને પ્રાથમિકતા આપે છે. જ્યાં સુધી આના વિષયનો સંબંધ છે, તેમાં એવી કોઈ નિશાની જોવા મળતી નથી, જે તેના મક્કી કે મદની હોવા તરફ નિર્દેશ કરતી હોય.

વિષય અને ચર્ચા :

કુર્આન-મજીદના સંકલન-ક્રમમાં આને સૂરઃ અલક અને સૂરઃ કદ્ર પછી રાખવી ખૂબ જ અર્થસભર છે. સૂરઃ અલકમાં પ્રથમ વહી નોંધવામાં આવી છે. સૂરઃ કદ્રમાં બતાવવામાં આવ્યું છે કે તે ક્યારે ઊતરી, અને આ સૂરઃમાં બતાવવામાં આવ્યું છે કે આ પવિત્ર ગ્રંથ સાથે એક રસૂલ (ઈશદૂત)નું મોકલવું શા માટે આવશ્યક હતું.

સૌપ્રથમ રસૂલ મોકલવાની જરૂરિયાત વર્ણવવામાં આવી છે અને તે એ છે કે દુનિયાના લોકો, ભલે પછી તેઓ અહલે કિતાબ (અન્ય અવકાશી ગ્રંથો ધરાવનારાઓ)માંથી હોય કે મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)માંથી, જે કુફ્રની હાલતમાં ગ્રસ્ત હતા, તેમાંથી તેમનું નીકળવું તે વિના શક્ય ન હતું કે એક રસૂલ મોકલવામાં આવે, જેનું અસ્તિત્વ પોતાની રિસાલત (ઈશદૂતત્વ) પર સ્પષ્ટ દલીલ હોય અને તે લોકો સમક્ષ અલ્લાહના ગ્રંથને તેના મૂળ અને સાચા સ્વરૂપમાં પ્રસ્તુત કરે જે અસત્યની તે તમામ ભેળસેળથી મુક્ત હોય જે અગાઉના આકાશી ગ્રંથોમાં ભેળવી દેવામાં આવી છે અને તદ્દન સાચા અને ખરા શિક્ષણ પર આધારિત હોય.

આ પછી અહલે કિતાબની પથભ્રષ્ટતાઓ વિષે સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે તેમનું તે વિભિન્ન માર્ગોમાં ભટકી જવાનું કારણ એ ન હતું કે અલ્લાહે તેમનું કોઈ માર્ગદર્શન કર્યું ન હતું, બલ્કે તેઓ તે પછી ભટક્યા જયારે કે સન્માર્ગનું સ્પષ્ટ વર્ણન તેમના પાસે આવી ગયું હતું. આનાથી આપોઆપ એ તારણ નીકળે છે કે પોતાની પથભ્રષ્ટતાઓ માટે તેઓ પોતે જ જવાબદાર છે, અને હવે ફરીથી અલ્લાહના રસૂલ દ્વારા સ્પષ્ટ વર્ણન આવી ગયા પછી પણ જો તેઓ ભટકતા જ રહેશે તો તેમની જવાબદારી ઓર વધી જશે. આ સંદર્ભમાં એ બતાવવામાં આવ્યું છે કે અલ્લાહ તરફથી જે પયગંબરો પણ આવ્યા હતા, તેમણે એ સિવાય બીજો કોઈ આદેશ આપ્યો ન હતો કે બધા માર્ગો ત્યજીને માત્ર અલ્લાહની બંદગીનો માર્ગ અપનાવવામાં આવે. કોઈ બીજાની ઈબાદત અને બંદગી, આજ્ઞાપાલન અને આરાધનાને તેના સાથે સામેલ કરવામાં ન આવે, નમાઝ કાયમ કરવામાં આવે અને ઝકાત આપવામાં આવે. આ જ હંમેશાથી એક સાચો ધર્મ રહ્યો છે. આથી પણ આપોઆપ એ તારણ નીકળે છે કે અહલે કિતાબે આ મૂળ દીનથી ચલિત થઈને પોતાના ધર્મોમાં જે નવી-નવી વાતોનો વધારો કર્યો છે, તે તમામ અસત્ય છે અને અલ્લાહનો આ રસૂલ જે હવે આવ્યો છે, તે જ મૂળ દીન તરફ પાછા વળવાનું આમંત્રણ આપી રહ્યો છે.

અંતમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે જે અહલે કિતાબ અને મુશ્રિકો આ રસૂલને માનવાનો ઈન્કાર કરશે, તેઓ સૌથી બૂરા લોકો છે. તેમની સજા સ્થાયી દોજખ (નર્ક) છે અને જે લોકો ઈમાન લાવીને સત્કર્મોનો રસ્તો અપનાવી લેશે અને દુનિયામાં અલ્લાહનો ભય રાખીને જીવન વિતાવશે, તેઓ સૌથી શ્રેષ્ઠ લોકો છે. તેમનું વળતર એ છે કે તેઓ સદૈવ જન્નત (સ્વર્ગ)માં રહેશે, અલ્લાહ તેમનાથી પ્રસન્ન થયો અને તેઓ અલ્લાહથી ખુશ થઈ ગયા.

آيَاتُهَا ٨ (٩٨) سُوْرَةُ الْبَيِّنَةِ مَدَنِيَّةٌ (١٠٠) رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

لَمْ يَكُنِ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ وَالْمُشْرِكِيْنَ مُنْفَكِّيْنَ
حَتّٰى تَاْتِيَهُمُ الْبَيِّنَةُ ۝١ رَسُوْلٌ مِّنَ اللّٰهِ يَتْلُوْا صُحُفًا مُّطَهَّرَةً ۝٢
فِيْهَا كُتُبٌ قَيِّمَةٌ ۝٣ وَمَا تَفَرَّقَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ
اِلَّا مِنْۢ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنَةُ ۝٤ وَمَآ اُمِرُوْٓا اِلَّا
لِيَعْبُدُوا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۙ حُنَفَآءَ وَيُقِيْمُوا
الصَّلٰوةَ وَيُؤْتُوا الزَّكٰوةَ وَذٰلِكَ دِيْنُ الْقَيِّمَةِ ۝٥ اِنَّ الَّذِيْنَ
كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ وَالْمُشْرِكِيْنَ فِيْ نَارِ جَهَنَّمَ خٰلِدِيْنَ
فِيْهَا ۭ اُولٰۗىِٕكَ هُمْ شَرُّ الْبَرِيَّةِ ۝٦ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ ۙ اُولٰۗىِٕكَ هُمْ خَيْرُ الْبَرِيَّةِ ۝٧ جَزَاۗؤُهُمْ عِنْدَ رَبِّهِمْ
جَنّٰتُ عَدْنٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ۭ
رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ ۭ ذٰلِكَ لِمَنْ خَشِيَ رَبَّهٗ ۝٨

(૯૮) સૂરઃ અલ-બૈયિનહ

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. અહલે-કિતાબ (ગ્રંથવાળાઓ) અને મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)માંથી જે લોકો કુફ્ર (ઇન્કાર) કરનારા હતા (તેઓ પોતાના કુફ્રથી) રોકાવાના ન હતા જ્યાં સુધી તેમના પાસે સ્પષ્ટ પ્રમાણ ન આવી જાય,

૨. (અર્થાત્) અલ્લાહ તરફથી એક રસૂલ, જે પવિત્ર પુસ્તિકાઓ વાંચી સંભળાવે,

૩. જેમાં તદ્દન સીધી અને સાચી વાતો અંકિત હોય.

૪. અગાઉ જે લોકોને ગ્રંથ આપવામાં આવ્યો હતો તેમનામાં ફાટફૂટ ન પડી, પરંતુ ત્યારપછી કે તેમના પાસે (સન્માર્ગનું) સ્પષ્ટ વર્ણન આવી ચૂક્યું હતું.

૫. અને તેમને એના સિવાય કોઈ આદેશ આપવામાં આવ્યો ન હતો કે અલ્લાહની બંદગી કરે પોતાના દીન (ધર્મ)ને તેના માટે વિશુદ્ધ કરીને, તદ્દન એકાગ્ર થઈને, અને નમાઝ કાયમ કરે અને ઝકાત આપે. આ જ તદ્દન સાચો અને દુરસ્ત દીન (ધર્મ) છે.

૬. અહલે-કિતાબ અને મુશ્રિકોમાંથી જે લોકોએ કુફ્ર (ઇન્કાર) કર્યું છે તેઓ નિશ્ચિતપણે જહન્નમ (નર્ક)ની આગમાં જશે અને હંમેશા તેમાં રહેશે, આ લોકો તમામ સૃષ્ટિમાં અત્યંત બૂરા છે.

૭. જે લોકો ઈમાન લઈ આવ્યા અને જેમણે સત્કર્મો કર્યા, તેઓ નિશ્ચિતપણે સૃષ્ટિમાં સૌથી શ્રેષ્ઠ લોકો છે.

૮. તેમનો બદલો તેમના રબને ત્યાં હંમેશ માટે રહેવાની જન્નતો છે જેમના નીચે નહેરો વહી રહી હશે, તેઓ તેમાં હંમેશા-હંમેશા રહેશે. અલ્લાહ તેમનાથી પ્રસન્ન થયો અને તેઓ અલ્લાહથી પ્રસન્ન થયા. આ બધું છે તે મનુષ્ય માટે જેણે પોતાના રબનો ભય રાખ્યો હોય. (રુકૂઅ-૧)

(૯૯) અઝ્-ઝિલઝાલ

પરિચય

નામ :

પહેલી આયતના શબ્દ 'ઝિલ્-ઝાલહા' (સંપૂર્ણ તીવ્રતાથી હલાવી નાખવામાં આવશે) થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આના મક્કી કે મદની હોવા અંગે મતભેદ છે, પરંતુ કુર્આનને સમજીને વાંચનાર દરેક માણસ એ જ અનુભવશે કે આ મક્કી સૂરઃ છે, બલ્કે તેના વિષય અને વર્ણનશૈલીથી તો તેને એમ લાગશે કે આ મક્કાના પણ તે આરંભિક-કાળમાં ઊતરી હશે, જ્યારે અત્યંત સંક્ષિપ્ત અને અત્યંત હૃદયસ્પર્શી શૈલીમાં ઈસ્લામની મૌલિક ધારણાઓ અને આસ્થાઓ લોકો સામે પ્રસ્તુત કરવામાં આવી રહી હતી.

વિષય અને ચર્ચા :

આનો વિષય છે મૃત્યુ પછી બીજું જીવન અને તેમાં તે બધાં જ કર્મોનો પૂરેપૂરો અહેવાલ મનુષ્ય સામે આવી જવો, જે તેણે દુનિયામાં કર્યા હતા. સૌપ્રથમ ત્રણ ટૂંકા વાક્યોમાં એ બતાવવામાં આવ્યું છે કે મૃત્યુ પછીનું બીજું જીવન કેવી રીતે અસ્તિત્વમાં આવશે અને તે મનુષ્ય માટે કેટલું આશ્ચર્યજનક હશે. પછી બે વાક્યોમાં બતાવવામાં આવ્યું છે કે આ જ ધરતી જેના ઉપર રહીને માણસે નિશ્ચિંત બનીને દરેક પ્રકારના કર્મ કર્યા છે, તે દિવસે અલ્લાહના આદેશથી બોલવા લાગશે અને એક-એક વ્યક્તિ વિશે તે નિવેદન કરશે કે ક્યારે અને ક્યાં તેણે શું-શું કાર્યો કર્યા હતા. આ પછી કહેવામાં આવ્યું છે કે તે દિવસે ધરતીના ખૂણે-ખૂણેથી માણસો ટોળાબદ્ધ પોતાની કબરોમાંથી નીકળી-નીકળીને આવશે, જેથી તેમના કર્મો તેમને દેખાડવામાં આવે, અને કર્મોની આ રજૂઆત એટલી સંપૂર્ણ અને વિગતવાર હશે કે એક કણ માત્ર સદાચાર કે દુરાચાર પણ એવો રહી નહીં જાય જે તેના સામે ન આવી જાય.

(૧૦૦) અલ-આદિયાત

પરિચય

નામ :

પહેલાં જ શબ્દ 'અલ-આદિયાત' (ફૂંફાડા મારતા દોડનાર)ને આનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આના મક્કી કે મદની હોવા અંગે મતભેદ છે. અબ્દુલ્લાહ બિન મસઊદ, જાબિર, હસન બસરી, ઈક્રિમા અને અતા કહે છે કે આ મક્કી છે. હઝરત અનસ બિન માલિક અને કતાદા કહે છે કે આ મદની છે. હઝરત ઈબ્ને અબ્બાસથી બે કથનો નોંધવામાં આવ્યા છે, એક એ કે આ સૂરઃ મક્કી છે અને બીજુ એ કે મદની છે. પરંતુ સૂરઃનો વિષય અને વર્ણન-શૈલી સ્પષ્ટ દર્શાવી રહી છે કે આ ન માત્ર મક્કી છે, બલ્કે મક્કાના પણ આરંભિક કાળમાં ઊતરી છે.

વિષય અને ચર્ચા :

આનો હેતુ લોકોને એ સમજાવવાનો છે કે મનુષ્ય આખિરત (પરલોક)નો ઈન્કાર કરનાર કે તેનાથી બેદરકાર રહીને કેવા નૈતિક પતનની ખાઈમાં પડી જાય છે, અને સાથે-સાથે લોકોને એ વાતથી ચેતવવાનો પણ છે કે આખિરતમાં ફક્ત તેમના બાહ્ય કર્મોની જ નહીં, બલ્કે તેમના હૃદયોમાં છૂપાયેલા રહસ્યો સુધ્ધાંની તપાસ થશે. આ હેતુ માટે આરબ પ્રદેશમાં ફેલાયલી તે સામાન્ય અશાંતિને દલીલ રૂપે પ્રસ્તુત કરવામાં આવી છે, જેનાથી આખો દેશ તંગ આવી ગયો હતો. ચારે બાજુ ખુનામરકી ચાલી રહી હતી, લૂંટફાટનું બજાર ગરમ હતું, કબીલાઓ પર બીજા કબીલાઓ છાપા મારી રહ્યા હતા અને કોઈ પણ માણસ ચેનથી રાત્રિ પસાર કરી શકતો ન હતો, કેમ કે હર પળ તેને એ ખટકો લાગેલો રહેતો હતો કે ક્યારે કોઈ દુશ્મન સવાર-સવારમાં તેની આબાદી પર તૂટી પડશે. આ એક એવી દશા હતી કે જેને આરબ-પ્રદેશના બધા લોકો જાણતા હતા અને તેની બૂરાઈ (દુષ્પ્રભાવો)ને અનુભવતા હતા. લૂંટાઈ જવાવાળો તેના પર માતમ કરતો હતો, જ્યારે કે લૂંટવાવાળો આના પર ખુશ થતો હતો, પરંતુ જ્યારે કોઈક વખતે લૂંટવાવાળાની પોતાની દુર્દશા થતી હતી તો તેને પણ એ અહેસાસ થવા લાગતો હતો કે આ કેવી ખરાબ હાલત છે જેમાં અમે બધા ફસાયેલા છીએ. આ સ્થિતિ તરફ નિર્દેશ કરીને બતાવવામાં આવ્યું છે કે મૃત્યુ પછીના બીજા જીવન અને તેમાં અલ્લાહ સમક્ષ ઉત્તરદાયિત્વથી અનભિજ્ઞ બનીને મનુષ્ય પોતાના રબનો કૃતઘ્ન થઈ ગયો છે. તે અલ્લાહની આપેલી

શક્તિઓનો ઉપયોગ જુલ્મ ને અત્યાચાર અને લૂંટફાટ અને તબાહી માટે કરી રહ્યો છે. તે ધન-દોલતના પ્રેમમાં આંધળો બનીને ગમે તે રીતે તેને પ્રાપ્ત કરવાની કોશિશ કરે છે, ચાહે તે ગમે તેટલી ખરાબ અને ધૃણાસ્પદ રીત હોય, અને તેની સ્થિતિ સ્વયં એ વાતની સાક્ષી આપી રહી છે કે તે પોતાના રબની આપેલી શક્તિઓનો દુરૂપયોગ કરીને તેનો અપકારી બની રહ્યો છે. તેની આ વર્તણૂક કદાપિ આવી ન હોત, જો તે એ સમયને જાણતો હોત જ્યારે કબરમાંથી જીવતા થઈને ઊઠવું પડશે અને જ્યારે તે ઇરાદાઓ અને હેતુઓ સુધ્ધાં હૃદયોમાંથી કાઢીને સામે મૂકી દેવામાં આવશે જેની પ્રેરણાથી તેણે દુનિયામાં જાત-જાતના કાર્યો કર્યા હતા. તે વખતે મનુષ્યોના રબને ખૂબ સારી રીતે ખબર હશે કે કોણ શું કરીને આવ્યો છે અને કોના સાથે કેવું વર્તન કરવું જોઈએ.

اٰيَاتُهَا ۸ (۹۹) سُوْرَةُ الزِّلْزَالِ مَدَنِيَّةٌ (۹۳) رُكُوْعُهَا ۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا زُلْزِلَتِ الْاَرْضُ زِلْزَالَهَا ۙ﴿۱﴾ وَاَخْرَجَتِ الْاَرْضُ
اَثْقَالَهَا ۙ﴿۲﴾ وَقَالَ الْاِنْسَانُ مَا لَهَا ۚ﴿۳﴾ يَوْمَئِذٍ تُحَدِّثُ
اَخْبَارَهَا ۙ﴿۴﴾ بِاَنَّ رَبَّكَ اَوْحٰى لَهَا ۙ﴿۵﴾ يَوْمَئِذٍ يَّصْدُرُ النَّاسُ
اَشْتَاتًا ۙ لِّيُرَوْا اَعْمَالَهُمْ ۙ﴿۶﴾ فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ
خَيْرًا يَّرَهٗ ۙ﴿۷﴾ وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ ﴿۸﴾ ع ۸/۲۴

اٰيَاتُهَا ۱۱ (۱۰۰) سُوْرَةُ الْعٰدِيٰتِ مَكِّيَّةٌ (۱۴) رُكُوْعُهَا ۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالْعٰدِيٰتِ ضَبْحًا ۙ﴿۱﴾ فَالْمُوْرِيٰتِ قَدْحًا ۙ﴿۲﴾ فَالْمُغِيْرٰتِ
صُبْحًا ۙ﴿۳﴾ فَاَثَرْنَ بِهٖ نَقْعًا ۙ﴿۴﴾ فَوَسَطْنَ بِهٖ جَمْعًا ۙ﴿۵﴾
اِنَّ الْاِنْسَانَ لِرَبِّهٖ لَكَنُوْدٌ ۚ﴿۶﴾ وَاِنَّهٗ عَلٰى
ذٰلِكَ لَشَهِيْدٌ ۚ﴿۷﴾ وَاِنَّهٗ لِحُبِّ الْخَيْرِ لَشَدِيْدٌ ۭ﴿۸﴾
اَفَلَا يَعْلَمُ اِذَا بُعْثِرَ مَا فِى الْقُبُوْرِ ۙ﴿۹﴾ وَحُصِّلَ
مَا فِى الصُّدُوْرِ ۙ﴿۱۰﴾ اِنَّ رَبَّهُمْ بِهِمْ يَوْمَئِذٍ
لَّخَبِيْرٌ ﴿۱۱﴾ ع ۱۱/۲۵

منزل ۷

(૯૯) સૂરઃ અઝ્-ઝિલઝાલ

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. જ્યારે ધરતી પોતાની પૂરી તીવ્રતાથી હલાવી નાખવામાં આવશે,
૨. અને ધરતી પોતાની ભીતરના બધા બોજ કાઢીને બહાર નાખી દેશે,
૩. અને મનુષ્ય કહેશે કે તેને આ શું થઈ રહ્યું છે ?
૪. તે દિવસે તે પોતાના (પર વીતેલા) સંજોગોનું વર્ણન કરશે,
૫. કેમ કે તારા રબે (પ્રભુએ) તેને (આવું કરવાનો) આદેશ આપ્યો હશે.
૬. તે દિવસે લોકો જુદી-જુદી દશામાં પાછા ફરશે જેથી તેમને તેમના કર્મો બતાવવામાં આવે.
૭. પછી જેણે રજભાર ભલાઈ કરી હશે તે તેને જોઈ લેશે,
૮. અને જેણે રજભાર બૂરાઈ કરી હશે તે તેને જોઈ લેશે. (રુકૂઅ-૧)

(૧૦૦) સૂરઃ અલ-આદિયાત

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૧૧)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. સોગંદ છે તે (ઘોડાઓ)નાં જે ફૂંફાડા મારતા દોડે છે,
૨. (પછી પોતાની ટાપોથી) ચિંગારીઓ ખેરવે છે,
૩. પછી વહેલી સવારે છાપો મારે છે,
૪. પછી તે વખતે ધૂળ અને માટી ઉડાવે છે,
૫. પછી આ જ સ્થિતિમાં કોઈક ટોળામાં જઈ ઘૂસે છે.
૬. હકીકત તો એ છે કે મનુષ્ય પોતાના રબ (પ્રભુ)નો ખૂબ કૃતઘ્ન છે,
૭. અને તે સ્વયં આના પર સાક્ષી છે,
૮. અને તે ધન-દોલતના પ્રેમમાં ખરાબ રીતે ગ્રસ્ત થઈ ગયો છે.
૯. તો શું તે સમયને તે નથી જાણતો જ્યારે કબરોમાં જે કંઈ (દટાયેલું) છે તેને કાઢી લેવામાં આવશે,
૧૦. અને હૃદયોમાં જે કંઈ (છૂપાયેલું) છે તેને બહાર કાઢીને તેની તપાસ કરવામાં આવશે ?
૧૧. ચોક્કસપણે તેમનો રબ તે દિવસે તેમની પૂરી માહિતી રાખતો હશે. (રુકૂઅ-૧)

(૧૦૧) અલ-કારિઅહ

પરિચય

નામ :

સૂરઃના પહેલા જ શબ્દ 'અલ-કારિઆ' (મહાન ઘટના)ને આ સૂરઃનું નામ અપાયું છે. આ ફક્ત નામ જ નથી, પરંતુ સૂરઃના વિષયનું શીર્ષક પણ છે, કેમ કે અહીં બધું વર્ણન કયામત (મહાપ્રલય)નું જ છે.

ઉતરાણકાળ :

આના મક્કી હોવા અંગે કોઈ મતભેદ નથી, બલ્કે તેના વિષયથી સ્પષ્ટ થાય છે કે આ પણ મક્કાના આરંભિક કાળમાં ઊતરેલી સૂરઃઓમાંથી છે.

વિષય અને ચર્ચા :

આનો વિષય છે કયામત અને આખિરત (પરલોક). સૌપ્રથમ લોકોને એમ કહી ચોંકાવવામાં આવ્યા છે કે 'મહાન ઘટના ! શું છે તે મહાન ઘટના ? તમે શું જાણો કે તે મહાન ઘટના શું છે ?' આવી રીતે શ્રોતાઓને કોઈ ભયંકર ઘટનાના ઘટિત થવાના સમાચાર સાંભળવા માટે તૈયાર કરી દીધા પછી બે વાક્યોમાં તેમના સામે કયામતનું ચિત્ર રજૂ કરી દેવામાં આવ્યું છે કે તે દિવસે લોકો ગભરાટની સ્થિતિમાં એવી રીતે દરેક બાજુ ભાગ્યા-ભાગ્યા ફરતા હશે કે જાણે પ્રકાશ પાસે આવતા પતંગિયા વિખરાયેલા હોય છે, અને પર્વતોની હાલત એવી હશે કે તેઓ પોતાની જગ્યાથી ઉખડી જશે, તેમના બંધનો સમાપ્ત થઈ જશે અને તેઓ પીંજાયેલા ઊનની જેમ બનીને રહી જશે. પછી બતાવવામાં આવ્યું છે કે આખિરતમાં ફેંસલો એ આધારે થશે કે કયા મનુષ્યના સત્કર્મો તેના દુષ્કર્મો કરતાં વધુ વજનદાર છે, અને કોના સત્કર્મોનું વજન તેના દુષ્કર્મોના વજનના પ્રમાણમાં ઓછું છે. પહેલા પ્રકારના લોકોને તે સુખદ જીવન મળશે, જેનાથી તેઓ ખુશ થઈ જશે અને બીજા પ્રકારના લોકોને તે ઊંડી ખાઈમાં ફેંકી દેવામાં આવશે, જે આગથી ભરેલી હશે.

(૧૦૨) અત્-તકાસુર
પરિચય

નામ :

આ સૂરઃની પહેલી આયતના શબ્દ 'અત્-તકાસુર' (વધુને વધુ અને એકબીજાથી વધી)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

અબૂ હૈયાન અને શૌકાની કહે છે કે આ સૂરઃ તમામ વિવરણકર્તાઓ નજીક મક્કી છે અને ઇમામ સુયૂતીનું કથન છે કે સૌથી પ્રસિધ્ધ વાત એ છે કે આ મક્કી છે, પરંતુ કેટલીક રિવાયતો એવી પણ છે જેના આધારે આને મદની કહેવામાં આવી છે. અમારા નજીક માત્ર એટલું જ નહીં કે આ મક્કી સૂરઃ છે, બલ્કે તેના વિષય અને વર્ણનશૈલી દર્શાવી રહ્યા છે કે આ મક્કાના આરંભિક કાળમાં ઊતરેલી સૂરઃઓમાંથી છે.

વિષય અને ચર્ચા :

આમાં લોકોને દુનિયાપરસ્તી (ભૌતિકવાદ)ના તે ખરાબ પરિણામોથી સચેત કરવામાં આવ્યા છે, જેના કારણે તેઓ છેલ્લા શ્વાસ સુધી વધુને વધુ ધન-દોલત, દુન્યવી લાભો અને સુખ-વૈભવ તથા પ્રતિષ્ઠા અને સત્તા મેળવવા અને તેમાં એકબીજાથી આગળ વધી જવા અને આ જ વસ્તુઓની પ્રાપ્તિ પર ગર્વ કરવામાં લાગેલા રહે છે; અને આ એક ચિંતાએ તેમને એટલી હદે ગ્રસ્ત કરી રાખ્યા છે કે તેમને આનાથી વધુ ઉત્તમ કોઈ વસ્તુ તરફ ધ્યાન આપવાના હોશકોશ જ નથી. આના દુષ્પરિણામથી સાવધાન કર્યા પછી લોકોને એ બતાવવામાં આવ્યું છે કે આ નેઅ્મતો—કૃપાઓ, જેમને તમે અહીં નચિંત બનીને સમેટી રહ્યા છો, તે કેવળ નેઅ્મતો જ નથી, પરંતુ તમારી પરીક્ષા માટેની સામગ્રી પણ છે. આમાંથી દરેક નેઅ્મત વિષે તમને આખિરત (પરલોક)માં જવાબ આપવો પડશે.

اٰیاتها ١١ (١٠١) سُوْرَةُ الْقَارِعَةِ مَكِّيَّةٌ (٣٠) رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْقَارِعَةُ ۙ﴿١﴾ مَا الْقَارِعَةُ ۚ﴿٢﴾ وَمَآ اَدْرٰىكَ مَا الْقَارِعَةُ ؕ﴿٣﴾
يَوْمَ يَكُوْنُ النَّاسُ كَالْفَرَاشِ الْمَبْثُوْثِ ۙ﴿٤﴾ وَتَكُوْنُ
الْجِبَالُ كَالْعِهْنِ الْمَنْفُوْشِ ؕ﴿٥﴾ فَاَمَّا مَنْ ثَقُلَتْ مَوَازِيْنُهٗ ۙ﴿٦﴾
فَهُوَ فِيْ عِيْشَةٍ رَّاضِيَةٍ ؕ﴿٧﴾ وَاَمَّا مَنْ خَفَّتْ مَوَازِيْنُهٗ ۙ﴿٨﴾
ع ١١ ٢٦ فَاُمُّهٗ هَاوِيَةٌ ؕ﴿٩﴾ وَمَآ اَدْرٰىكَ مَا هِيَهْ ؕ﴿١٠﴾ نَارٌ حَامِيَةٌ ۧ﴿١١﴾

اٰیاتها ٨ (١٠٢) سُوْرَةُ التَّكَاثُرِ مَكِّيَّةٌ (١٦) رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْهٰىكُمُ التَّكَاثُرُ ۙ﴿١﴾ حَتّٰى زُرْتُمُ الْمَقَابِرَ ؕ﴿٢﴾ كَلَّا سَوْفَ
تَعْلَمُوْنَ ۙ﴿٣﴾ ثُمَّ كَلَّا سَوْفَ تَعْلَمُوْنَ ؕ﴿٤﴾ كَلَّا لَوْ تَعْلَمُوْنَ
منزل ٧ عِلْمَ الْيَقِيْنِ ؕ﴿٥﴾ لَتَرَوُنَّ الْجَحِيْمَ ۙ﴿٦﴾ ثُمَّ لَتَرَوُنَّهَا
ع ٨ ٢٧ عَيْنَ الْيَقِيْنِ ۙ﴿٧﴾ ثُمَّ لَتُسْـَٔلُنَّ يَوْمَئِذٍ عَنِ النَّعِيْمِ ۧ﴿٨﴾

(૧૦૧) સૂરઃ અલ-કારિઅહ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૧૧)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. મહાન ઘટના !

૨. શું છે તે મહાન ઘટના ?

૩. તમે શું જાણો કે તે મહાન ઘટના શું છે ?

૪. તે દિવસ જ્યારે લોકો વિખરાયેલા પતંગિયા જેવા

૫. અને પર્વતો પીંજાયેલા રંગબેરંગી ઊન જેવા હશે.

૬. પછી જેના પલ્લાં ભારે હશે

૭. તે મનપસંદ એશઆરામમાં હશે,

૮. અને જેના પલ્લાં હલકાં હશે

૯. તેનું ઠેકાણું ઊંડી ખાઈ હશે.

૧૦. અને તમને શું ખબર કે તે શું વસ્તુ છે ?

૧૧. ભડકે બળતી આગ ! (રુકૂઅ-૧)

(૧૦૨) સૂરઃ અત્-તકાસુર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૮)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. તમને લોકોને વધુને વધુ અને એકબીજાથી વધીને દુનિયા પ્રાપ્ત કરવાની ધુને ગફલતમાં નાખી રાખ્યા છે,

૨. ત્યાં સુધી કે (આ જ ચિંતામાં) તમે કબરોના કિનારા સુધી પહોંચી જાઓ છો.

૩. કદાપિ નહીં, ટૂંક સમયમાં તમને ખબર પડી જશે.

૪. પછી (સાંભળી લો કે) કદાપિ નહીં, ટૂંક સમયમાં તમને ખબર પડી જશે.

૫. કદાપિ નહીં, જો તમે વિશ્વસનીય જ્ઞાનના રૂપે (આ વર્તનના અંજામને) જાણતા હોત (તો તમારું આ વર્તન ન હોત).

૬. તમે જહન્નમ (નર્ક) જોઈને રહેશો,

૭. પછી (સાંભળી લો કે) તમે વિશ્વાસની સાથે તેને જોઈ લેશો.

૮. પછી જરૂર તે દિવસે તમારા પાસેથી આ કૃપાઓ વિષે જવાબ માગવામાં આવશે. (રુકૂઅ-૧)

(૧૦૩) અલ-અસ્ર

પરિચય

નામ :

આ સૂરઃની પહેલી જ આયતના શબ્દ 'અલ્ અસ્ર' (કાળ, જમાનો)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

જો કે મુજાહિદ, કતાદા અને મુકાતિલે આને મદની કહી છે, પરંતુ વિવરણકર્તાઓની એક મોટી સંખ્યા આ સૂરઃને મક્કી ઠેરવે છે અને આ સૂરઃનો વિષય પણ એ પુરવાર કરે છે કે આ મક્કાના આરંભિક કાળમાં ઊતરી હશે, જ્યારે ઇસ્લામની શિક્ષાને ખૂબ ટૂંકા અને સરળતાથી સમજમાં આવે તેવા વાક્યોમાં વર્ણિત કરવામાં આવતી હતી, જેથી તે આપોઆપ લોકોની જીભે ચઢી જાય.

વિષય અને ચર્ચા :

આ સૂરઃ વ્યાપક અને સંક્ષિપ્ત વાણીનું એક અનુપમ ઉદાહરણ છે. આમાં તદ્દન ચોખ્ખા શબ્દોમાં બતાવી દેવામાં આવ્યું છે કે મનુષ્યની સફળતાનો માર્ગ કયો છે અને તેના વિનાશ અને બરબાદીનો માર્ગ કયો. ઇમામ શાફઈએ તદ્દન સાચું કહ્યું છે કે જો લોકો આ સૂરઃ પર વિચાર કરે તો આ જ તેમના માર્ગદર્શન માટે પૂરતી છે. સહાબ કિરામ (રદિ.) સમક્ષ આ સૂરઃનું મહત્ત્વ શું હતું, તેનો અંદાજ એ વાત પરથી કરી શકાય છે કે હઝરત અબ્દુલ્લાહ બિન હિસ્નુદ્-દારિમી અબૂ મદીનાની નોંધ અનુસાર અલ્લાહના રસૂલ (સલ્લ.)ના સાથીઓમાંથી જયારે બે જણા એકબીજાને મળતા તો ત્યાં સુધી વિખૂટા પડતા ન હતા, જ્યાં સુધી એકબીજાને આ 'સૂરઃ અસ્ર' ન સંભળાવી લે.

(હદીસ : તબરાની)

(૧૦૪) અલ-હુમઝહ

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'હુમઝહ' (મહેણાં મારવા)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આના મક્કી હોવા અંગે તમામ વિવરણકર્તાઓ સંમત છે અને આના વિષય અને વર્ણનશૈલી પર વિચાર કરતાં લાગે છે કે આ પણ મક્કાના આરંભિક કાળમાં ઊતરેલી સૂરઃઓમાંથી છે.

વિષય અને ચર્ચા :

આમાં કેટલીક એવી નૈતિક બૂરાઈઓની નિંદા કરવામાં આવી છે; જે અજ્ઞાનતાકાળમાં ધનના લોભી માલદારોમાં જોવા મળતી હતી. આ ધૃણાસ્પદ ચરિત્રને પ્રસ્તુત કર્યા પછી બતાવવામાં આવ્યું છે કે આખિરત (પરલોક)માં તે લોકોનો શું અંજામ હશે જેમનું આવું આચરણ છે. આ બંને વાતો એવી શૈલીમાં વર્ણવવામાં આવી છે જેનાથી શ્રોતાનું મનો-મસ્તિષ્ક આપોઆપ એ પરિણામ પર પહોંચી જાય કે આ પ્રકારના આચરણનો આ જ અંત હોવો જોઈએ, અને આમ તો દુનિયામાં આ પ્રકારનું આચરણ કરતા લોકોને કોઈ સજા થતી નથી, બલ્કે તેઓ ફૂલતા-ફાલતા જ જોવા મળે છે, તેથી આખિરતનું અસ્તિત્વમાં આવવું તદ્દન અનિવાર્ય છે.

આ સૂરઃને જો તે સૂરઃઓ સાથે સાંકળીને જોવામાં આવે, જે સૂરઃ ઝિલ્ઝાલથી અહીં સુધી આવે છે, તો માણસ ખૂબ સારી રીતે સમજી શકે છે કે મક્કા-મુઅઝ્ઝમાના આરંભિક કાળમાં કેવી રીતે ઇસ્લામની ધારણાઓ અને તેની નૈતિક શિક્ષાઓને લોકોના મનમાં ઊતારવામાં આવી હતી.

(૧૦૫) અલ-ફીલ

પરિચય

નામ :

પહેલી જ આયતના શબ્દ 'અસ્હાબિલ ફીલ' થી લેવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

એ વાત પર બધા વિવરણકૃતાઓ સહમત છે કે આ સૂરઃ મક્કી છે અને તેની ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિ દૃષ્ટિ સમક્ષ રાખીને જોવામાં આવે તો એવું લાગે છે કે આ સૂરઃ મક્કા-મુઅઝ્ઝમાના આરંભિક કાળમાં ઊતરી હશે.

ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિ :

આ અગાઉ સૂરઃ અલ-બુરૂજના હાંસિયા ૪ માં અમે વર્ણવી ગયા છીએ કે નજરાનમાં યમનના યહૂદી શાસક ઝૂનુવાસે હઝરત ઈસા (અલૈ.)ના અનુયાયીઓ પર જે અત્યાચાર ગુજાર્યો હતા, તેનો બદલો લેવા હબ્શાના ખ્રિસ્તી રાજ્યએ યમન ઉપર હુમલો કરીને હિમૈરી શાસનને સમામ કરી દીધું હતું અને ઈ.સ. પર૫ માં આ સમગ્ર વિસ્તાર ઉપર હબ્શાનું (ઇથોપીયન શાસન) શાસન સ્થાપિત થઈ ચૂક્યું હતું. આ સમગ્ર કાર્યવાહી વાસ્તવમાં કોન્સટન્ટીનોપલના રોમન શાસન અને હબ્શાના શાસનના પરસ્પરના સહકારથી થઈ હતી. આ બધું માત્ર ધાર્મિક ભાવનાથી થયું ન હતું, બલ્કે તેના પાછળ આર્થિક અને રાજકીય હિતો પણ કામ કરી રહ્યા હતા, બલ્કે સંભવતઃ આ જ તેના મૂળ પ્રેરક હતા અને ખ્રિસ્તી પીડિતોના લોહીનો બદલો એક બહાનાથી વધુ કંઈ ન હતું. રોમન શાસને જ્યારથી ઇજીપ્ત અને સીરિયા ઉપર કબ્જો કર્યો હતો, ત્યારથી જ તેની એ કોશિશ હતી કે પૂર્વ આફ્રિકા, ભારત, ઇન્ડોનેશિયા વગેરે દેશો અને રોમન કબ્જા હેઠળના પ્રદેશો વચ્ચે જે વેપાર ઉપર આરબોએ સદીઓથી કબ્જો જમાવી રાખ્યો હતો, તેને આરબોના કબ્જામાંથી મુક્ત કરાવીને તેઓ સ્વયં તેના ઉપર કબ્જો કરી લે. આ હેતુસર ઈ.સ.પૂ. ૨૪ કે ૨૫ માં કૈસર ઑગસ્ટસે એક મોટું સૈન્ય રોમન જનરલ એલિયસ ગાલૂસ (Aelius Gallus)ના નેતૃત્વમાં આરબ પ્રદેશના પશ્ચિમી તટ ઉપર ઉતારી દીધું હતું, જેથી તે સમુદ્રી માર્ગ ઉપર તે કબ્જો મેળવી લે જે દક્ષિણ આરબ પ્રદેશથી સીરિયા તરફ જતો હતો. પરંતુ આરબ પ્રદેશના કઠિન ભૌગોલિક સંજોગોએ આ આક્રમણને નિષ્ફળ બનાવી દીધું. તે પછી રોમનો પોતાનું નૌકાદળ રાતા સમુદ્રમાં લઈ આવ્યા અને તેમણે આરબોનો તે વેપાર ખતમ કરી નાખ્યો જે તેઓ સમુદ્રી માર્ગે કરતા હતા, અને હવે માત્ર જમીન માર્ગ જ તેમના માટે બાકી રહી ગયો. આ જ જમીન માર્ગ ઉપર કબ્જો મેળવવા માટે તેમણે હબ્શાના ખ્રિસ્તી શાસન સાથે ગઠબંધન કર્યું

અને નૌકાદળથી તેની મદદ કરીને તેને યમન ઉપર કબ્જો અપાવી દીધો. (જ્યાં હબ્શાના બાદશાહ તરફથી અબર્‌હા નામનો એક માણસ વાઈસરોય–ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત થયો.) યમનમાં સંપૂર્ણપણે પોતાની સત્તા મજબૂત કર્યા પછી અબ્‌રહાએ તે ઉદ્દેશ્ય માટે કામ શરૂ કરી દીધું જે આ આક્રમણના આરંભથી રોમન સામ્રાજ્ય અને તેના મિત્ર હબશાના ખ્રિસ્તીઓની નજરમાં હતો. અબ્‌રહાએ આ હેતુસર યમનના પાટનગર સન્‌આમાં એક ભવ્ય ચર્ચનું નિર્માણ કર્યું જેનો ઉલ્લેખ આરબ ઇતિહાસકારોએ અલ-કલીસ અથવા અલ-કુલૈસ અથવા અલ-કુલય્યસ નામથી કર્યો છે. (આ યૂનાની શબ્દ Ekklesiaનું અરબી રૂપ છે અને ઉર્દૂનો શબ્દ કલીસા અર્થાત્ ચર્ચ પણ આના ઉપરથી જ બન્યો છે.) મુહમ્મદ બિન ઇસ્હાકની નોંધ છે કે આ કામને પૂરું કર્યા પછી તેણે હબ્શાના બાદશાહને લખ્યું કે હું આરબોની હજ્જ-યાત્રાને કાબાથી આ ચર્ચ તરફ ફેરવ્યા વગર નહીં રહું. ઇબ્ને-કસીરે લખ્યું છે કે તેણે યમનમાં છડેચોક પોતાનો આ ઇરાદો જાહેર કર્યો અને તે માટે જાહેર ઢંઢેરો પણ કરાવી દીધો. તેના આ કૃત્યનો હેતુ અમારા મતે એ હતો કે આમ કરીને તે આરબોને ઉશ્કેરે, જેથી તેઓ કોઈ એવું કૃત્ય કરે જેનાથી તેને મક્કા ઉપર હુમલો કરવા અને કાબાને ધ્વસ્ત કરવાનું બહાનું મળી જાય.

મુહમ્મદ બિન ઇસ્હાકનું કથન છે કે તેની આ ઘોષણાથી ક્રોધિત થઈને એક આરબે યેનકેન પ્રકારે ચર્ચમાં ઘૂસીને જાજરૂ-પેશાબ કરી દીધા, અને મુકાતિલ બિન સુલૈમાનની નોંધ છે કે કુરૈશના કેટલાક નવયુવાનોએ જઈને તે કલીસામાં આગ લગાડી દીધી હતી. તેમાંથી કોઈ ઘટના પણ જો બની હોય તો આશ્ચર્યની કોઈ વાત નથી, પરંતુ એ પણ કંઈ અસંભવ નથી કે અબ્‌રહાએ પોતે પોતાના કોઈ માણસથી છૂપી રીતે આવું કોઈ ખોટું કૃત્ય કરાવ્યું હોય જેથી તેને મક્કા ઉપર ચઢાઈ કરવાનું બહાનું મળી જાય, અને એ રીતે તે કુરૈશીઓને બરબાદ અને તમામ આરબોને ભયભીત કરીને પોતાના બંને હેતુ સિદ્ધ કરી લે. ગમે તેમ, આ બંનેમાંથી જે પણ સ્થિતિ હોય, જ્યારે અબ્‌રહા પાસે આ અહેવાલ પહોંચ્યો કે કાબાને માનનારાંઓએ તેના ચર્ચનું આ અપમાન કર્યું છે તો તેણે પ્રણ લીધા કે હું ત્યાં સુધી ચેન નહીં લઉં જ્યાં સુધી કાબાને ધ્વસ્ત ન કરી નાખું. ત્યારબાદ તે ઈ.સ. ૫૭૦ કે ૫૭૧ માં ૬૦ હજારનું સૈન્ય અને ૧૩ હાથીઓ (કેટલીક નોંધો અનુસાર ૯ હાથી) લઈને મક્કા તરફ રવાના થયો. રસ્તામાં પહેલાં યમનના એક સરદાર ઝૂનફ્રે આરબોનું એક લશ્કર ભેગું કરીને તેમાં અડચણ ઊભી કરી, પરંતુ તે પરાજિત થઈને કેદ થઈ ગયો. પછી ખસઅમના પ્રદેશમાં એક આરબ સરદાર નુફૈલ બિન હબીબ ખસઅમી પોતાના કબીલાને લઈને મુકાબલા માટે આવ્યો, પરંતુ તે પણ હારીને કેદ પકડાયો અને તેણે પોતાનો

જીવ બચાવવા માટે ભોમિયાની સેવા આપવાનું કબૂલ કરી લીધું. તાઈફના નજીક પહોંચ્યો તો બની સકીફે પણ (પોતાનામાં સામનો કરવાની હિંમત ન જોઈને તેનાથી) કહ્યું, અમે મક્કાનો માર્ગ દેખાડવા માટે આપને માર્ગદર્શકનો પ્રબંધ કરી આપીએ છીએ. અબ્રહાએ આ વાત માની લીધી અને બની સકીફે અબૂ રિગાલ નામે એક માણસને તેના સાથે કરી દીધો. જ્યારે મક્કા ૩ કોસ (અંદાજે ૬ માઈલ) દૂર રહી ગયું તો અલ મુગમ્મસ (કે અલ મુગમ્મિસ) નામના સ્થળે પહોંચીને અબૂ રિગાલ મરી ગયો અને આરબો લાંબા સમય સુધી તેની કબર પર પથ્થરો મારતા રહ્યા.

મુહમ્મદ બિન ઈસ્હાકની નોંધ છે કે અલ મુગમ્મસથી અબ્રહાએ પોતાની સેનાની અગ્રહરોળને આગળ વધારી અને તે અહલે-તિહામા અને કુરૈશના ઘણાં ઢોર લૂંટીને લઈ ગયો, જેમાં અલ્લાહના રસૂલ (સલ્લ.)ના દાદા અબ્દુલ મુત્તલિબના પણ ૨૦૦ ઊંટ હતા. તે પછી તેણે પોતાના એક દૂતને મક્કા મોકલ્યો અને તેના દ્વારા મક્કાવાસીઓને એ સંદેશો પહોંચાડ્યો કે હું તમારા સાથે યુદ્ધ કરવા નથી આવ્યો, પણ આ ઘર (કા'બા)ને ધ્વસ્ત કરવા આવ્યો છું. જો તમે યુદ્ધ નહીં કરો તો હું તમારા જાન-માલને કોઈ હાનિ નહીં પહોંચાડું. તે સાથે તેણે પોતાના દૂતને એવો આદેશ આપ્યો કે મક્કાવાસીઓ જો વાતચીત કરવા ઈચ્છે તો તેમના સરદારને મારા પાસે લઈ આવજે. મક્કાના સૌથી મોટા સરદાર તે વખતે અબ્દુલ મુત્તલિબ હતા. દૂતે તેમને મળીને અબ્રહાનો સંદેશો આપ્યો. તેમણે કહ્યું કે અમારામાં અબ્રહાથી લડવાની શક્તિ નથી. આ અલ્લાહનું ઘર છે, તે ઈચ્છશે તો પોતાના ઘરને બચાવી લેશે. દૂતે કહ્યું કે તમે મારા સાથે અબ્રહા પાસે ચાલો. તેઓ એ માટે રાજી થઈ ગયા અને તેના સાથે ચાલી નીકળ્યા. તેઓ એટલા તો દબદબાવાળા અને રૂઆબદાર માણસ હતા કે તેમને જોઈને અબ્રહા ખૂબ પ્રભાવિત થયો અને પોતાના સિંહાસન પરથી ઊતરીને તેમના પાસે આવીને બેસી ગયો. પછી પૂછયું કે તમે શું ઈચ્છો છો ? તેમણે કહ્યું કે મારા જે ઊંટ પકડી લઈ જવામાં આવ્યા છે, તે મને પરત આપી દેવામાં આવે. અબ્રહાએ કહ્યું કે તમને જોઈને તો હું ખૂબ પ્રભાવિત થયો હતો, પણ તમારી આ વાતે તમને મારી નજરમાંથી ઊતારી દીધા કે તમે તમારા ઊંટોની માગણી કરી રહ્યા છો અને આ ઘર જે તમારા અને તમારા પૂર્વજોના ધર્મનું કેન્દ્ર છે, તેના વિષે તમે કંઈ કહેતા નથી. તેમણે કહ્યું, હું તો માત્ર મારા ઊંટોનો માલિક છું અને તેના વિશે જ હું દરખાસ્ત કરી રહ્યો છું. રહ્યું આ ઘર, તો તેનો એક રબ (માલિક) છે, તે એનું રક્ષણ સ્વયં કરશે. અબ્રહાએ જવાબ આપ્યો કે તે એને મારાથી બચાવી નહીં શકે. અબ્દુલ મુત્તલિબે કહ્યું, તમે જાણો અને તે જાણે. એટલું કહીને તેઓ અબ્રહા પાસેથી ઊઠીને આવી

ગયા અને તેણે તેમના ઊંટ પાછા આપી દીધા.

ઇબ્ને અબ્બાસ (રદિ.)નું કથન આનાથી ભિન્ન છે. તેમાં ઊંટોની માગણીનો કોઈ ઉલ્લેખ નથી. (આ કથન અનુસાર) અબ્દુલ મુત્તલિબ સ્વયં તેના પાસે ગયા અને તેને કહ્યું કે તમને અહીં સુધી આવવાની શું જરૂર હતી ? તમને જો કોઈ વસ્તુની જરૂર હતી તો અમને કહેવડાવી દીધું હોત, અમે પોતે લઈને તમારા સમક્ષ ઉપસ્થિત થઈ જતા. તેણે કહ્યું, મેં સાંભળ્યું છે કે આ ઘર શાંતિનું ઘર છે, હું એની શાંતિ સમાપ્ત કરવા આવ્યો છું. અબ્દુલ મુત્તલિબે કહ્યું કે આ અલ્લાહનું ઘર છે, આજ સુધી તેણે કોઈને આના પર કબ્જો કરવા દીધો નથી. અબ્રહાએ કહ્યું કે અમે તેને ધ્વંસ કર્યા વિના પાછા નહીં જઈએ. અબ્દુલ મુત્તલિબે કહ્યું, તમને જે જોઈએ તે અમારાથી લઈ લો અને પાછા જતા રહો. પણ અબ્રહાએ ઇન્કાર કરી દીધો અને અબ્દુલ મુત્તલિબને પાછળ મૂકીને પોતાના સૈન્યને આગળ વધવાનો આદેશ આપ્યો.

બંને નોંધોના આ મતભેદને આપણે તેના સ્થાને જ રહેવા દઈએ અને કોઈને કોઈના ઉપર પ્રાથમિકતા ન આપીએ, તો આમાંથી કોઈપણ સ્થિતિ ઊભી થઈ હોય, તેમ છતાં પણ એ વાત તદ્દન સ્પષ્ટ છે કે મક્કા અને તેની આસપાસના કબીલાઓ આવા મોટાં સૈન્ય સામે યુદ્ધ કરીને કાબાને બચાવવાની શક્તિ ધરાવતા ન હતા. તેથી એ સમજમાં આવે તેવી વાત છે કે કુરૈશે તેનો સામનો કરવાનો કોઈ પ્રયત્ન ન કર્યો. કુરૈશના લોકો તો અહ્ઝાબની લડાઈ વખતે મુશ્રિક અને યહૂદી કબીલાઓને સાથે લઈને વધુમાં વધુ ૧૦ થી ૧૨ હજાર માણસો એકત્ર કરી શકતા હતા. તેઓ ૬૦ હજારના સૈન્યનો મુકાબલો કેવી રીતે કરી શકતા હતા.

મુહમ્મદ બિન ઇસ્હાક વર્ણવે છે કે અબ્રહાના સૈન્યના પડાવ પરથી પાછા આવીને અબ્દુલ મુત્તલિબે કુરૈશીઓને કહ્યું કે પોતપોતાના કુટુંબોને લઈને પહાડોમાં ચાલ્યા જાઓ જેથી તેમની કત્લેઆમ ન થાય. પછી તેઓ અને કુરૈશના કેટલાક સરદારો હરમમાં ઉપસ્થિત થયા અને કાબાના દરવાજાની સાંકળ પકડીને તેમણે અલ્લાહથી પ્રાર્થનાઓ કરી કે તે પોતાના ઘર અને તેના સેવકોની રક્ષા કરે. તે વખતે ખાન-એ-કાબામાં ૩૬૦ મૂર્તિઓ હતી, પરંતુ આ લોકો તે કટોકટીભરી પળે તે સૌને ભૂલી ગયા અને તેમણે માત્ર અલ્લાહ સામે મદદ માટે હાથ લંબાવ્યો. તેમની જે પ્રાર્થનાઓ ઇતિહાસમાં નોંધાઈ છે, તેમાં એક અલ્લાહ સિવાય બીજા કોઈનું નામ સુધ્ધાં જોવા મળતું નથી. ઇબ્ને હિશામે સીરત (પયગંબરના જીવન-ચરિત્ર)માં અબ્દુલ મુત્તલિબની ઘણી દુઆઓની નોંધ કરી છે. દુઆઓ માગીને અબ્દુલ મુત્તલિબ અને તેમના સાથીઓ પણ પહાડોમાં જતા રહ્યા અને બીજા દિવસે અબ્રહા મક્કામાં દાખલ થવા આગળ વધ્યો,

પરંતુ તેનો ખાસ હાથી 'મહમૂદ' જે આગળ-આગળ હતો, એકાએક બેસી ગયો. તેને ઘણી ફરશીઓ મારી, અંકુશ ભોંકવામાં આવ્યા, ત્યાં સુધી કે તેને ઘાયલ કરી નાંખવામાં આવ્યો, પણ તે ન ખસ્યો. તેને દક્ષિણ, ઉત્તર અને પૂર્વ તરફ વાળીને ચલાવવાનો પ્રયત્ન કરવામાં આવતો તો તે દોડવા માંડતો, પણ મક્કા તરફ તેને વાળવામાં આવતો તો તે તરત બેસી જતો અને કોઈ પણ યત્ને આગળ વધવા તૈયાર ન થતો. એવામાં જ પક્ષીઓના ટોળે-ટોળાં પોતાની ચાંચો અને પંજાઓમાં કાંકરીઓ લઈને આવ્યા અને તેમણે આ સૈન્ય ઉપર તે કાંકરીઓની વર્ષા કરી નાખી. જેના પર પણ આ કાંકરીઓ પડતી, તેનું શરીર ગળવા લાગી જતું.

મુહમ્મદ બિન ઈસ્હાક અને ઈકરિમાનું કથન છે કે આ શીતળાનો રોગ હતો. ઈબ્ને અબ્બાસ (રદિ.)ની નોંધ છે કે જેના પર કોઈ કાંકરી પડતી, તેને ખૂબ ખંજવાળ ઉપડતી અને ખંજવાળતાં જ ચામડી ફાટી જતી અને માંસ ખરવા માંડતું. ઈબ્ને અબ્બાસ (રદિ.)ની બીજી નોંધ એ છે કે માંસ અને લોહી પાણીની જેમ વહેતા લાગતું અને હાડકાં નીકળી આવતા હતા. સ્વયં અબ્રહાના સાથે પણ આવું જ થયું. તેનું શરીર ટુકડે-ટુકડા થઈને ખરી રહ્યું હતું અને જ્યાંથી કોઈ ટુકડો ખરતો ત્યાંથી પરુ અને લોહી વહેવા લાગતા. ધાંધલ-ધમાલમાં આ લોકોએ યમન તરફ નાસવાનું શરૂ કર્યું. નુફૈલ બિન હબીબ ખસઅમીને, જેને આ લોકો માર્ગદર્શક બનાવીને ખસઅમ નગરમાંથી પકડી લાવ્યા હતા, શોધીને તેમણે પૂછયું કે પાછા જવાનો રસ્તો બતાવો, પણ તેણે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો અને કહ્યું – "હવે ભાગવાની જગ્યા કયાં છે, જયારે કે અલ્લાહ પીછો કરી રહ્યો છે અને નકટો (અબ્રહા) પરાજિત છે, જીત્યો નથી."

આ નાસ-ભાગમાં ઠેર-ઠેર આ લોકો પડી-પડીને મરતા રહ્યા. અતા બિન-યસારનું કથન છે કે બધાં તે વખતે જ માર્યા ન ગયા, પણ કેટલાક તો ત્યાં જ મરી ગયા અને કેટલાક નાસતી વખતે રસ્તામાં પડતા ગયા. અબ્રહા પણ ખસઅમ નગરમાં જઈને મર્યો; આ બનાવ મુઝ્દલિફા અને મિના વચ્ચે આવેલ મુહસ્સબ ઘાટી નજીક મુહસ્સિર મુકામે બન્યો હતો. આ એટલી મોટી ઘટના હતી કે જે આખા આરબ પ્રદેશમાં પ્રસિદ્ધ થઈ ગઈ અને આના ઉપર કેટલાય કવિઓએ કવિતાઓ લખી. આ કવિતાઓમાં એ વાત તદ્દન સ્પષ્ટ છે કે સૌએ તેને અલ્લાહની શક્તિનો ચમત્કાર કહ્યો અને ક્યાંય આડકતરી રીતે પણ એમ નથી કહ્યું કે આમાં તે મૂર્તિઓની પણ કોઈ દખલ હતી જે કાબામાં પૂજવામાં આવતી હતી. એટલું જ નહીં, બલ્કે હઝરત ઉમ્મે-હાની અને હઝરત ઝુબૈર બિન અવ્વામ (રદિ.) નું કથન છે કે અલ્લાહના પયગંબર (સલ્લ.) એ કહ્યું કે કુરૈશે દસ વર્ષ (અને કેટલીક નોંધો મુજબ સાત વર્ષ) સુધી એક અલ્લાહ સિવાય

કોઈની ઈબાદત ન કરી. જે વર્ષે આ ઘટના ઘટી, તે વર્ષને આરબવાસીઓ 'આમુલ્ ફીલ' (હાથીઓનું વર્ષ) કહે છે અને તે જ વર્ષે વ્હાલા પયગંબર (સલ્લ.)નો મુબારક જન્મ થયો. હદીસવેત્તાઓ અને ઈતિહાસકારો એ વાત પર લગભગ સંમત છે કે હાથીવાળાઓનો પ્રસંગ મુહર્રમના મહિનામાં બન્યો હતો અને પયગંબર (સલ્લ.)નો જન્મ રબીઉલ અવ્વલ મહિનામાં થયો. મોટાભાગના લોકોનું કહેવું છે કે આપનો જન્મ હાથીવાળાઓના પ્રસંગના ૫૦ દિવસ પછી થયો.

વાણીનો ઉદ્દેશ્ય :

જે ઐતિહાસિક વિગતોનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેને નજર સમક્ષ રાખીને સૂરઃ અલ-ફીલ ઉપર વિચાર કરવામાં આવે તો એ વાત સારી રીતે સમજમાં આવી જાય છે કે આ સૂરઃમાં આટલા ટૂંકા શબ્દોમાં માત્ર હાથીવાળાઓ પર અલ્લાહના પ્રકોપનો ઉલ્લેખ કરી દેવાને જ કેમ પર્યાપ્ત સમજવામાં આવ્યું છે. ઘટના કંઈ વધારે જૂની ન હતી. મક્કાનું એક-એક બાળક સુધ્ધાં તેને જાણતું હતું. આરબ પ્રદેશના લોકો સામાન્ય રીતે એનાથી વાકેફ હતા. તમામ આરબો એ વાતને સ્વીકારતા હતા કે અબ્રહાના આક્રમણ સામે કાબાની રક્ષા કોઈ દેવી-દેવતાએ નહીં, બલ્કે અલ્લાહે કરી હતી. અલ્લાહથી જ કુરૈશના સરદારોએ મદદ માટે દુઆઓ માગી હતી અને કેટલાક વર્ષો સુધી તો કુરૈશના લોકો આ ઘટનાથી એટલી હદે પ્રભાવિત રહ્યા હતા કે તેમણે અલ્લાહ સિવાય કોઈની બંદગી કરી ન હતી. એટલા માટે સૂરઃ ફીલમાં આ બધી વિગતોની જરૂર ન હતી, બલ્કે માત્ર આ બનાવને યાદ કરાવી દેવું પૂરતું હતું, જેથી વિશેષતઃ કુરૈશના લોકો અને સામાન્ય રીતે આરબવાસીઓ હૃદયપૂર્વક એ વાતનો વિચાર કરે કે હઝરત મુહમ્મદ (સલ્લ.) જે વસ્તુ તરફ બોલાવી રહ્યા છે, તે છેવટે એ સિવાય બીજું છે શું કે બધા ઉપાસ્યોને છોડીને માત્ર એક અલ્લાહની ઈબાદત કરવામાં આવે. તે સાથે તેઓ એ પણ વિચાર કરી લે કે જો સત્યના આ આમંત્રણને દબાવવા માટે તેમણે જોર-જબરજસ્તીથી કામ લીધું તો જે અલ્લાહે હાથીવાળાઓને ખેદાન-મેદાન કરી દીધા હતા, તેના જ પ્રકોપમાં તેઓ પણ સપડાઈ જશે.

اٰیاتها ٣ (١٠٣) سُوْرَةُ الْعَصْرِ مَكِّيَّةٌ (١٣) رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

وَالْعَصْرِ ۝١ اِنَّ الْاِنْسَانَ لَفِیْ خُسْرٍ ۝٢ اِلَّا الَّذِیْنَ اٰمَنُوْا
ع ٣ ٢٨ وَعَمِلُوا الصّٰلِحٰتِ وَتَوَاصَوْا بِالْحَقِّ ۙ۬ وَتَوَاصَوْا بِالصَّبْرِ ۝٣

اٰیاتها ٩ (١٠٤) سُوْرَةُ الْهُمَزَةِ مَكِّيَّةٌ (٣٢) رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

وَیْلٌ لِّكُلِّ هُمَزَةٍ لُّمَزَةِ ۝١ الَّذِیْ جَمَعَ مَالًا وَّعَدَّدَهٗ ۝٢ یَحْسَبُ
اَنَّ مَالَهٗۤ اَخْلَدَهٗ ۝٣ كَلَّا لَیُنْۢبَذَنَّ فِی الْحُطَمَةِ ۝٤ وَمَاۤ
منزل ٧ اَدْرٰىكَ مَا الْحُطَمَةُ ۝٥ نَارُ اللّٰهِ الْمُوْقَدَةُ ۝٦ الَّتِیْ تَطَّلِعُ
ع ٩ ٢٩ عَلَی الْاَفْـِٕدَةِ ۝٧ اِنَّهَا عَلَیْهِمْ مُّؤْصَدَةٌ ۝٨ فِیْ عَمَدٍ مُّمَدَّدَةٍ ۝٩

اٰیاتها ٥ (١٠٥) سُوْرَةُ الْفِیْلِ مَكِّیَّةٌ (١٩) رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَلَمْ تَرَ كَیْفَ فَعَلَ رَبُّكَ بِاَصْحٰبِ الْفِیْلِ ۝١ اَلَمْ یَجْعَلْ
كَیْدَهُمْ فِیْ تَضْلِیْلٍ ۝٢ وَّاَرْسَلَ عَلَیْهِمْ طَیْرًا اَبَابِیْلَ ۝٣
ع ١ ٣٠ تَرْمِیْهِمْ بِحِجَارَةٍ مِّنْ سِجِّیْلٍ ۝٤ فَجَعَلَهُمْ كَعَصْفٍ مَّاْكُوْلٍ ۝٥

(૧૦૩) સૂરઃ અલ-અસ્ર

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧ • આયતો : ૩)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. કાળના સોગંદ !

૨. મનુષ્ય હકીકતમાં ખોટમાં છે,

૩. સિવાય તે લોકોના જેઓ ઈમાન લાવ્યા, અને સદ્કાર્યો કરતા રહ્યા, અને એકબીજાને સત્યની શિખામણ અને ધૈર્યની તાકીદ કરતા રહ્યા. (રુકૂઅ-૧)

(૧૦૪) સૂરઃ અલ-હુમઝહ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧ • આયતો : ૯)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. વિનાશ છે દરેક તે વ્યક્તિ માટે જે (મોઢામોઢ) લોકોને મહેણાં મારવા અને (પીઠ પાછળ) બૂરાઈઓ કરવા ટેવાયેલ છે,

૨. જેણે ધન એકઠું કર્યું અને તેને ગણી-ગણીને રાખ્યું.

૩. તે સમજે છે કે તેનું ધન હંમેશા તેના પાસે રહેશે.

૪. કદાપિ નહીં, તે વ્યક્તિ તો ભાંગીને ભુક્કો કરી દેનારી જગ્યામાં ફેંકી દેવામાં આવશે.

૫. અને તમે શું જાણો કે શું છે તે ભાંગીને ભુક્કો કરી દેનારી જગ્યા ?

૬. અલ્લાહની આગ ! ખૂબ ધગધગાવેલી,

૭. જે હૃદયો સુધી પહોંચશે.

૮. તે તેમના ઉપર ઢાંકીને બંધ કરી દેવામાં આવશે

૯. (એ સ્થિતિમાં કે તેઓ) ઊંચા-ઊંચા સ્તંભોમાં (ઘેરાયેલા હશે). (રુકૂઅ-૧)

(૧૦૫) સૂરઃ અલ-ફીલ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧ • આયતો : ૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. તમે જોયું નહીં કે તમારા રબે હાથીવાળાઓ સાથે શું કર્યું ?

૨. શું તેણે તેમની યુક્તિ નિષ્ફળ ન બનાવી દીધી ?

૩ અને તેમના ઉપર પક્ષીઓના ટોળે-ટોળાં મોકલી દીધા

૪. જે તેમના ઉપર પકવેલી માટીના પથ્થર ફેંકી રહ્યા હતા,

૫. પછી તેમની દશા એવી કરી દીધી જાણે પશુઓએ ખાધેલું ભૂસું ! (રુકૂઅ-૧)

૧૦૬. અલ-કુરૈશ

પરિચય

નામ :

આ સૂરઃની પહેલી જ આયતના શબ્દ 'કુરૈશ'ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

કુર્આનના મોટાભાગના સમજૂતીકારો આ સૂરઃના મક્કી હોવા અંગે સંમત છે, અને આના મક્કી હોવાનો પુરાવો સ્વયં આ સૂરઃના શબ્દો 'રબ્બ હાઝલ બૈતિ' (આ ઘરના રબ)માં જ છે. જો આ મદીનામાં ઊતરી હોત તો ખાન-એ-કા'બા માટે 'આ ઘર'ના શબ્દો કેવી રીતે યોગ્ય હોઈ શકતા હતા, બલકે આના વિષયનો સૂરઃ ફીલના વિષય સાથે એટલો ગાઢ સંબંધ છે કે સંભવતઃ આનું અવતરણ તેના પછી તરત જ થયું હશે.

ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિ :

આ સૂરઃને સારી રીતે સમજવા માટે જરૂરી છે કે તે ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિને દૃષ્ટિ સમક્ષ રાખવામાં આવે, જેનાથી આના વિષય અને સૂરઃ ફીલના વિષયનો ગાઢ સંબંધ છે. કુરૈશનો કબીલો નબી (સલ્લ.)ના પરદાદા કુસઈ બિન કિલાબના સમય સુધી હિજાઝમાં વિખરાયેલો પડ્યો હતો. સૌથી પહેલા કુસઈએ તેમને મક્કામાં એકત્રિત કર્યા અને બૈતુલ્લાહ (અલ્લાહના ઘર-કાબા)ની સમગ્ર વ્યવસ્થા આ કબીલાના હાથમાં આવી ગઈ. આ જ કારણે કુસઈને 'મુજમ્મેઅ' (એકત્ર કરનાર)નો ઇલ્કાબ આપવામાં આવ્યો. કુસઈ પછી તેમના પુત્રો અબ્દે મનાફ અને અબ્દુદ્દાર વચ્ચે મક્કા રાજ્યના હોદ્દાઓ વહેંચી દેવામાં આવ્યા. અબ્દે મનાફના ચાર પુત્રો હતા – હાશિમ, અબ્દે શમ્સ, મુત્તલિબ અને નૌફલ. આમાંથી હાશિમ—અબ્દુલ મુત્તલિબના પિતા, અલ્લાહના રસૂલ (સલ્લ.)ના પરદાદા—ના મનમાં ને સૌપ્રથમ એ વિચાર આવ્યો કે આંતરરાષ્ટ્રીય વેપારમાં ઝંપલાવવું જોઈએ, જે આરબ પ્રદેશના રસ્તેથી પૂર્વના દેશો અને સીરિયા તથા ઇજિપ્ત વચ્ચે થતો હતો અને સાથે-સાથે આરબોની જરૂરતનો માલસામાન પણ ખરીદીને લાવવામાં આવે, જેથી રસ્તામાં આવતા કબીલાઓ તેમનાથી માલસામાન ખરીદે અને મક્કાના બજારમાં દેશના અંદરના વેપારીઓ પણ ખરીદી માટે આવવા લાગે. બીજા આરબ કાફલાઓની તુલનામાં કુરૈશને એ સુવિધા પ્રાપ્ત હતી કે માર્ગમાં આવતા બધા જ કબીલાઓ બૈતુલ્લાહ (કાબા)ના સેવકો હોવાની હેસિયતથી તેમનો આદર કરતા હતા. તેમને એ વાતનું જરાય જોખમ ન હતું કે રસ્તામાં ક્યાંક તેમના કાફલાઓને લૂંટી લેવામાં

આવશે. માર્ગમાં આવતા કબીલાઓ તેમના પાસેથી તે ભારે કર પણ વસૂલ કરી શકતા ન હતા, જે બીજા કાફલાઓ પાસેથી લેવામાં આવતો હતા. હાશિમે આ જ તમામ પાસાઓ પર વિચાર કરીને જ વેપારની યોજના ઘડી અને પોતાની આ યોજનામાં પોતાના બાકી ત્રણેય ભાઈઓને સાથે લીધા. સીરિયાના ગસ્સાની બાદશાહ પાસેથી હાશિમે, હબ્શાના બાદશાહ પાસેથી અબ્દે શમ્સે, યમનના ઉમરાવો પાસેથી મુત્તલિબે તથા ઈરાન અને ઇરાકના શાસકો પાસેથી નૌફલે વેપારની છૂટછાટો મેળવી. આ રીતે આ લોકોનો વેપાર ખૂબ ઝડપથી વિકસતો ગયો અને આ જ કારણે આ ચારે ભાઈઓ 'મુત્તજરીન' (વેપારીઓ)ના નામથી પ્રખ્યાત થઈ ગયા અને જે સંપર્કો તેમણે આસપાસના કબીલાઓ અને રાજ્યોથી સ્થાપ્યા હતા, તેના આધારે તેમને 'અસ્હાબુલ ઈલાફ' પણ કહેવામાં આવતા હતા, જેનો શબ્દાર્થ 'પ્રેમ પેદા કરનારા' થાય છે. આ વેપારના કારણે કુરૈશના લોકોને સીરિયા, ઇજિપ્ત, ઇરાક, ઈરાન, યમન અને હબ્શાના દેશો સાથે સંબંધો કેળવવાની તે તકો મળી, અને વિવિધ દેશોની સભ્યતા અને સંસ્કૃતિ સાથે સીધા સંપર્કમાં આવવાને કારણે તેમનું વિચારવા-સમજવાનું માપદંડ એટલું ઊંચું થઈ ગયું કે આરબોનો કોઈ બીજો કબીલો તેમની ટક્કરમાં આવે તેવો ન રહ્યો. ધન-સંપત્તિની દૃષ્ટિએ પણ તેઓ આરબ પ્રદેશમાં બધાથી ચઢિયાતા થઈ ગયા અને મક્કા આરબ દ્વીપકલ્પનું સૌથી અગત્યનું વેપાર-કેન્દ્ર બની ગયું. આ આંતરરાષ્ટ્રીય સંપર્કોનો એક મોટો લાભ એ પણ થયો કે ઇરાકમાંથી આ લોકો તે લિપિ લઈને આવ્યા જે પાછળથી કુર્આન-મજીદ લખવા માટે ઉપયોગમાં આવી. આરબોના કોઈ બીજા કબીલામાં આટલા ભણેલા-ગણેલા માણસો ન હતા, જેટલા કુરૈશમાં હતા. આ જ કારણોસર નબી (સલ્લ.)એ કહ્યું હતું કે, 'કુરૈશ લોકોના નેતા છે.' (મુસ્નદે અહમદ, અમ્ર બિન આસની રિવાયતો).

કુરૈશ આવી રીતે ઝડપથી પ્રગતિ કરી રહ્યા હતા કે એવામાં મક્કા ઉપર અબ્રહાના આક્રમણનો બનાવ બન્યો. જો તે વખતે અબ્રહા આ પવિત્ર શહેરને જીતવા અને કાબાને ધ્વસ્ત કરવામાં સફળ થઈ ગયો હોત તો આરબ પ્રદેશમાં માત્ર કુરૈશની જ નહીં, બલ્કે સ્વયં કાબાની ધાક પણ સમાપ્ત થઈ જતી, પરંતુ જ્યારે અલ્લાહે પોતાની શક્તિનો એવો ચમત્કાર બતાવ્યો કે પક્ષીઓના લશ્કરે કાંકરીઓ મારી-મારીને અબ્રહાના ૬૦ હજારના સૈન્યને વિનષ્ટ કરી દીધું, તો કાબાના 'બૈતુલ્લાહ' (અલ્લાહનું ઘર) હોવા અંગેનો તમામ આરબોનો વિશ્વાસ પહેલાંથી કેટલોય વધારે મજબૂત બની ગયો અને તેના સાથે કુરૈશની ધાક પણ દેશભરમાં પહેલાં કરતાં વધુ સ્થાપિત થઈ ગઈ.

વાણીનો ઉદ્દેશ્ય :

નબી (સલ્લ.)ના સમયમાં આ બનાવોથી સૌ વાકેફ હતા, એટલા

૧૦૭. અલ-માઊન

પરિચય

નામ :

આ જ સૂરઃની અંતિમ આયતના અંતિમ શબ્દ 'અલ-માઊન' (સામાન્ય જરૂરિયાતની વસ્તુઓ)ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

ઈબ્ને મરદૂયાએ ઈબ્ને અબ્બાસ અને ઈબ્ને ઝુબૈર (રદિ.)ના કથનનો ઉલ્લેખ કર્યો છે કે આ સૂરઃ મક્કી છે અને આ જ કથન અતા અને જાબિરનું પણ છે. પણ અબૂ હૈયાને 'અલ બહરૂલ મુહીત'માં ઈબ્ને અબ્બાસ, કતાદા અને ઝહ્હાકનું આ કથન નોંધ્યું છે કે આ સૂરઃ મદીનામાં ઊતરી છે. અમારા મતે સ્વયં આ સૂરઃમાં જ એક આંતરિક પુરાવો મોજૂદ છે જે આ સૂરઃના મદની હોવાની દલીલ બને છે અને તે એ છે કે આમાં તે નમાઝ પઢનારાઓને તબાહીની ચેતવણી આપવામાં આવી છે જેઓ પોતાની નમાઝમાં ગફલત કરે છે અને દેખાવ માટે નમાઝ પઢે છે. આ પ્રકારના મુનાફિકો (દંભીઓ) મદીનામાં જ જોવા મળતા હતા, મક્કામાં નહીં.

વિષય અને ચર્ચા :

આનો વિષય એ બતાવે છે કે આખિરત પર ઈમાન ન લાવવું મનુષ્યમાં કેવા પ્રકારનું ચરિત્ર પેદા કરે છે. આયત ૨ અને ૩ માં એ કાફિરો (વિધર્મીઓ)ની હાલત વર્ણવવામાં આવી છે જે આખિરતને ખુલ્લેઆમ ખોટી ઠેરવે છે, અને અંતિમ ચાર આયતોમાં એ મુનાફિકોની હાલત વર્ણવવામાં આવી છે જેઓ જોવામાં તો મુસલમાન છે, પણ મનમાં આખિરત અને તેના બદલા અને સજા તથા તેના પુણ્ય અને પ્રકોપ વિષે કોઈ કલ્પના જ નથી રાખતા. એક સાથે બંને પ્રકારના જૂથોની વર્તણૂક બતાવવાનો હેતુ એ હકીકત લોકોના મનમાં ઉતારવાનો છે કે મનુષ્યની અંદર એક મજબૂત અને સુદૃઢ પવિત્ર ચરિત્ર આખિરતની માન્યતા વિના પેદા થઈ શકતું નથી.

૧૦૮. અલ-કૌસર

પરિચય

નામ :

'ઈન્ના અઅ્તૈના કલ્ કૌસર' (અમે તમને કૌસર પ્રદાન કરી દીધું)ના શબ્દ 'અલ-કૌસર'ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

ઈબ્ને મરદૂયાએ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.), હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર (રદિ.) અને હઝરત આઈશા સિદ્દીકા (રદિ.)ના હવાલાથી નોંધ્યું છે કે આ સૂરઃ મક્કી છે અને સામાન્ય રીતે બધા વિવેચકોનું કથન પણ આવું જ છે. પરંતુ હઝરત હસન બસરી, ઈકરિમા, મુજાહિદ અને કતાદા (રહ.) આને મદની કહે છે. ઈમામ સુયૂતી (રહ.)એ 'ઈત્કાન'માં આ જ કથનને સાચું ઠેરવ્યું છે અને ઈમામ નવ્વીએ શર્હ મુસ્લિમમાં આને જ પ્રાથમિકતા આપી છે. આનું કારણ તે નોંધ છે જે ઈમામ અહમદ, મુસ્લિમ અને બયહકી વગેરે હદીસવેત્તાઓએ હઝરત અનસ બિન માલિક (રદિ.)થી નોંધી છે. (પરંતુ આ કોઈ મજબૂત દલીલ નથી. સાચું એ છે કે) હઝરત અનસ (રદિ.)ની આ રિવાયત જો શંકા ઉત્પન્ન કરવાનું કારણ ન હોય તો સૂરઃ કૌસરની સમગ્ર ચર્ચા પોતે એ વાતની સાક્ષી આપે છે કે આ આયત મક્કા-મુઅઝ્ઝમામાં ઊતરી છે અને એ સમયે ઊતરી જ્યારે હુઝૂર (સલ્લ.) ખૂબ જ હતાશાજનક સંજોગોનો સામનો કરી રહ્યા હતા.

ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિ :

આ અગાઉ સૂરઃ ઝુહા અને સૂરઃ અલમ નશ્રહમાં તમે જોઈ ગયા છો કે નુબૂવતના આરંભિક કાળમાં જ્યારે અલ્લાહના પયગંબર (સલ્લ.) ભારે મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યા હતા દૂર સુધી ક્યાંય સફળતાના કોઈ ચિહ્નો દેખાતા ન હતા, તે વખતે આપને સાંત્વના આપવા અને આપની હિંમત વધારવા અલ્લાહે અનેક આયતો ઊતારી. આવા જ સંજોગો હતા જેમાં સૂરઃ કૌસર ઊતારીને અલ્લાહતઆલાએ નબી (સલ્લ.)ને સાંત્વના પણ આપી અને આપના વિરોધીઓના વિનાશની આગાહી પણ કરી. કુરૈશના કાફિરો (ઈસ્લામ-વિરોધીઓ) કહેતા હતા કે મુહમ્મદ (સલ્લ.) આખી જાતિથી કપાઈ ગયા છે અને તેમની હાલત એક એકલા અને નિરાધાર માણસ જેવી થઈ ગઈ છે. ઈકરિમા (રદિ.)ની નોંધ છે કે જ્યારે હઝરત મુહમ્મદ (સલ્લ.)ને નબી બનાવવામાં આવ્યા અને આપ (સલ્લ.)એ કુરૈશને ઈસ્લામ તરફ બોલાવવાનું શરૂ કર્યું તો કુરૈશ કહેવા લાગ્યા કે 'બતિ-ર મુહમ્મદુન્ મિન્ના' (ઈબ્ને જરીર),

અર્થાત્ મુહમ્મદ પોતાની જાતિથી કપાઈને એવા થઈ ગયા છે જાણે કોઈ વૃક્ષ પોતાના મૂળથી કપાઈ ગયું હોય અને સંભાવના એવી હોય કે થોડા સમય પછી તે સૂકાઈને ધૂળમાં ભળી જશે. મુહમ્મદ બિન ઇસ્હાક કહે છે કે મક્કાના સરદાર આસ બિન વાઇલ સહમીના સામે જ્યારે અલ્લાહના પયગંબર (સલ્લ.)ની વાત કરવામાં આવતી તો તે કહેતો – ''અરે ! છોડો એમને, તે તો એક 'અબ્તર' (મૂળથી કપાયેલો) માણસ છે, તેમને કોઈ નર સંતાન નથી, મરી જશે તો કોઈ તેમનું નામ લેનાર પણ નહીં હોય." શિમર બિન અતીયાનું કથન છે કે ઉકબા બિન અબી મુઇત પણ આવી જ વાતો નબી (સલ્લ.) વિષે કહ્યા કરતો હતો. (ઇબને જરીર) અતા કહે છે કે જ્યારે નબી (સલ્લ.)ના બીજા પુત્રનું અવસાન થયું તો નબી (સલ્લ.)નો સગો કાકો અબૂ લહબ (જેનું મકાન નબી સલ્લ.ના ઘરને તદ્દન જોડાજોડ હતું) દોડીને મુશ્રિકો પાસે ગયો અને તેમને આ 'શુભ સમાચાર' આપ્યા કે ''આજે રાત્રે મુહમ્મદ (સલ્લ.) નિઃસંતાન થઈ ગયા અથવા તેમનું મૂળ કપાઈ ગયું." (આ જ હાલત આસ બિન વાઇલ અને અબૂ જહલ વગેરે જાતિના બીજા સરદારોની પણ હતી.) આ હતા તે અત્યંત હતોત્સાહ કરી નાખતા સંજોગો જેમાં સૂરઃ કૌસર નબી (સલ્લ.) પર ઉતારવામાં આવી અને અલ્લાહતઆલાએ આપને આ અત્યંત ટૂંકી સૂરઃના એક વાક્યમાં તે ખુશખબર આપી જેનાથી મોટી ખુશખબર દુનિયાના કોઈ માણસને પણ ક્યારેય આપવામાં આવી નથી, અને સાથે-સાથે તે નિર્ણય પણ સંભળાવી દીધો કે આપનો વિરોધ કરનારાઓના જ મૂળિયાં કપાઈ જશે.

اٰیاتُھَا ٤ (١٠٦) سُوْرَةُ قُرَیْشٍ مَّكِّیَّةٌ (٢٩) رُكُوْعُھَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

لِاِیْلٰفِ قُرَیْشٍۙ ﴿١﴾ اٖلٰفِهِمْ رِحْلَةَ الشِّتَآءِ وَالصَّیْفِۚ ﴿٢﴾
فَلْیَعْبُدُوْا رَبَّ هٰذَا الْبَیْتِۙ ﴿٣﴾ الَّذِیْۤ اَطْعَمَهُمْ مِّنْ
جُوْعٍ ۙ۬ وَّاٰمَنَهُمْ مِّنْ خَوْفٍ ﴿٤﴾ ع

ع ٤ ٣١

اٰیاتُھَا ٧ (١٠٧) سُوْرَةُ الْمَاعُوْنِ مَكِّیَّةٌ (١٧) رُكُوْعُھَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَرَءَیْتَ الَّذِیْ یُكَذِّبُ بِالدِّیْنِؕ ﴿١﴾ فَذٰلِكَ الَّذِیْ یَدُعُّ
الْیَتِیْمَۙ ﴿٢﴾ وَلَا یَحُضُّ عَلٰى طَعَامِ الْمِسْكِیْنِؕ ﴿٣﴾ فَوَیْلٌ
لِّلْمُصَلِّیْنَۙ ﴿٤﴾ الَّذِیْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَۙ ﴿٥﴾
الَّذِیْنَ هُمْ یُرَآءُوْنَۙ ﴿٦﴾ وَیَمْنَعُوْنَ الْمَاعُوْنَ ﴿٧﴾ ع

ع ٧ ٣٢

اٰیاتُھَا ٣ (١٠٨) سُوْرَةُ الْكَوْثَرِ مَكِّیَّةٌ (١٥) رُكُوْعُھَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اِنَّاۤ اَعْطَیْنٰكَ الْكَوْثَرَؕ ﴿١﴾ فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْؕ ﴿٢﴾
اِنَّ شَانِئَكَ هُوَ الْاَبْتَرُ ﴿٣﴾ ع

ع ٣ ٣٣

(૧૦૬) સૂરઃ અલ-કુરૈશ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૪)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. કેમ કે કુરૈશ ટેવાઈ ગયા
૨. (અર્થાત્) શિયાળા અને ઉનાળાની મુસાફરીથી ટેવાઈ ગયા,
૩. તેથી તેમને જોઈએ કે આ ઘરના રબની બંદગી કરે,
૪. જેણે તેમને ભૂખથી બચાવીને ભોજન આપ્યું અને ભયથી બચાવી શાંતિ પ્રદાન કરી. (રુકૂઅ-૧)

(૧૦૭) સૂરઃ અલ-માઊન

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૭)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. તમે જોયો તે માણસને જે પરલોક (આખિરત)ના ઈનામ અને સજાને ખોટાં ઠેરવે છે ?
૨. તે જ તો છે જે અનાથને ધક્કા મારે છે,
૩. અને ગરીબને ભોજન આપવા માટે પ્રેરિત કરતો નથી.
૪. પછી વિનાશ છે તે નમાઝ પઢનારાઓ માટે
૫. જેઓ પોતાની નમાઝથી બેદરકારી દાખવે છે,
૬. જેઓ દેખાડો કરે છે
૭. અને સામાન્ય જરૂરિયાતની વસ્તુઓ (લોકોને) આપવાથી બચે છે. (રુકૂઅ-૧)

(૧૦૮) સૂરઃ અલ-કૌસર

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૩)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. (હે પયગંબર !) અમે તમને કૌસર* પ્રદાન કરી દીધું.
૨. તો તમે પોતાના રબ માટે જ નમાઝ પઢો અને કુરબાની કરો.
૩. તમારો શત્રુ જ મૂળ કપાયેલો છે. (રુકૂઅ-૧)

★ 'કૌસર' અર્થાત્ દુનિયા અને આખિરતની અગણિત કૃપાઓ અને બક્ષિસો, જેમાં કયામતના દિવસની કૌસર નામની હોજ અને જન્નતની નહેર કૌસર પણ સામેલ છે.

(૧૦૯) અલ-કાફિરૂન

પરિચય

નામ :

પહેલી જ આયત 'કુલ યા ઐયુહલ કાફિરૂન' (કહી દો કે હે કાફિરો)ના શબ્દ 'અલ કાફિરૂન'ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.) વગેરે કહે છે કે આ સૂરઃ મક્કી છે. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર (રદિ.) કહે છે કે આ મદની છે. પરંતુ સામાન્ય રીતે બધા વિવેચકોના મતે આ મક્કી સૂરઃ છે અને આનો વિષય સ્વયં તેના મક્કી હોવાને પુરવાર કરે છે.

ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિ :

મક્કા-મુઅઝ્ઝમામાં એક જમાનો વિત્યો છે, જ્યારે નબી (સલ્લ.)ના ઈસ્લામી આહવાન્ વિરુધ્ધ કુરૈશના મુશ્રિક (અનેકેશ્વરવાદી) સમાજમાં વિરોધનો વંટોળ તો ઊઠી ચૂક્યો હતો, પરંતુ હજુ કુરૈશના સરદારો તે વાતથી સદંતર નિરાશ થયા ન હતા કે તેઓ નબી (સલ્લ.)ને કોઈને કોઈ રીતે સમાધાન માટે તૈયાર કરી શકાશે. આથી તેઓ ક્યારેક-ક્યારેક આપ (સલ્લ.) પાસે સમાધાનના વિવિધ પ્રસ્તાવો લઈને આવતા રહેતા હતા, જેથી આપ તેમાંથી કોઈને સ્વીકારી લે અને તે ઝઘડો સમાપ્ત થઈ જાય જે આપના અને તેમના વચ્ચે ઊભો થઈ ગયો હતો. આ સંબંધમાં ઘણાં કથનો હદીસોમાં નોંધવામાં આવ્યા છે.

(કોઈક રિવાયતમાં કુરૈશના એ પ્રસ્તાવનો ઉલ્લેખ છે કે) ''અમે આપને એટલું ધન આપી દઈએ છીએ કે આપ મક્કાના સૌથી વધુ ધનવાન બની જાઓ. આપ જે સ્ત્રીને પસંદ કરો, તેનાથી આપના લગ્ન કરાવી દઈએ છીએ. અમે આપના પાછળ ચાલવા તૈયાર છીએ, આપ માત્ર અમારી આ વાત સ્વીકારી લો કે અમારા ઉપાસ્યોની બૂરાઈ કરતા અટકી જાઓ.'' (કોઈકમાં તેમનો આ પ્રસ્તાવનો ઉલ્લેખ છે કે) એક વર્ષ આપ અમારા ઉપાસ્યો – લાત અને ઉઝ્ઝાની બંદગી કરો અને એક વર્ષ અમે તમારા ઉપાસ્યની પૂજા કરીશું. આના પર આ સૂરઃનું અવતરણ થયું.

વિષય અને ચર્ચા :

આ પશ્ચાદ્‌ભૂમિને નજર સમક્ષ રાખીને જોવામાં આવે તો આ સૂરઃ ધાર્મિક સહિષ્ણુતાની શિખામણ આપવા માટે ઊતરી ન હતી, (અર્થાત્ એટલા માટે ન હતી ઊતરી કે પ્રચલિત તમામ ધર્મોને એ વાતનું પ્રમાણપત્ર આપી દેવામાં આવે કે તેઓ પોત-પોતાની જગ્યાએ સત્ય છે.) જેમ કે આજકાલ

કેટલાક લોકો સમજી રહ્યા છે, પરંતુ આ સૂરઃ એટલા માટે ઊતરી હતી કે કાફિરોના ધર્મ અને તેમના પૂજાપાઠ અને તેમના ઉપાસ્યોથી સંપૂર્ણ છૂટકારો, વિમુખતા અને અસંબંધની જાહેરાત કરી દેવામાં આવે અને તેમને બતાવી દેવામાં આવે કે કુફ્ર અને દીને-ઇસ્લામ એકબીજાથી તદ્દન અલગ દીન (ધર્મ) છે. તેમનું પરસ્પર મળી જવાનો મૂળથી જ કોઈ પ્રશ્ન ઉદ્દ્ભવતો નથી. આ વાત જો કે શરૂઆતમાં કુરૈશના કાફિરોને સંબોધીને સમાધાન માટેના પ્રસ્તાવોના જવાબમાં કહેવામાં આવી હતી, પરંતુ આ તેમના સુધી જ સીમિત નથી, બલ્કે આને કુર્આનમાં અંકિત કરીને તમામ મુસલમાનોને કયામત સુધી એ શિક્ષા આપી દેવામાં આવી છે કે કુફ્ર જ્યાં જે સ્વરૂપમાં પણ છે, તેમને વાણી અને વર્તન દ્વારા તેની સાથે કોઈ નિસ્બત ન હોવાની જાહેરાત કરવી જોઈએ.

અલ્લાહના રસૂલ (સલ્લ.)ની નજરમાં આ સૂરઃનું શું મહત્ત્વ હતું, તેનું અનુમાન નીચેની કેટલીક હદીસોથી કરી શકાય છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)નું કથન છે કે મેં ઘણી વખત નબી (સલ્લ.)ને ફજ્રની નમાઝ પહેલાં અને મગ્રિબની નમાઝ પછીની બે રકઅ્તોમાં 'સૂરઃ કાફિરૂન' અને 'સૂરઃ ઇખ્લાસ' પઢતા જોયા છે. હઝરત ખબ્બાબ (રદિ.) કહે છે કે નબી (સલ્લ.)એ મને કહ્યું કે જ્યારે તમે સૂવા માટે તમારી પથારીમાં જાઓ તો 'સૂરઃ કાફિરૂન' પઢવાનું રાખો, અને નબી (સલ્લ.)ની પણ એ રીત હતી કે જ્યારે આપ સૂવા માટે આડા પડતા તો આ સૂરઃ પઢી લેતા હતા. (હદીસ : બઝ્ઝાર, તબરાની, ઇબ્ને મરદૂયા)

(૧૧૦) અન્-નસ્ર

પરિચય

નામ :

પહેલી આયત 'ઇઝા જા-અ નસ્રૂલ્લાહ' (જ્યારે અલ્લાહની મદદ આવી જાય)ના શબ્દ 'નસ્ર'ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)નું કથન છે કે આ કુર્આન-મજીદની અંતિમ સૂરઃ છે, એટલે કે આ પછી કેટલીક આયતો તો ઊતરી, પણ કોઈ આખી સૂરઃ નબી (સલ્લ.) પર ઊતરી નથી. (હદીસ : મુસ્લિમ, નસઈ, તબરાની, ઇબ્ને અબી શૈબા, ઇબ્ને મરદૂયા). હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)ની રિવાયત છે કે આ સૂરઃ હિજ્જતુલ-વિદાઅ (નબી સલ્લ.ના અંતિમ હજ્જ) પ્રસંગે ઐયામે-તશ્રીક (કુરબાનીના ત્રણ દિવસ)ના મધ્યમાં મિના નામના સ્થળે ઊતરી અને તેના પછી નબી (સલ્લ.)એ પોતાની ઊંટણી પર સવાર થઈને પોતાનું પ્રખ્યાત સંભાષણ આપ્યું. (હદીસ : તિર્મિઝી, બઝ્ઝાર, બયહકી) (આ પ્રવચનમાં લોકોને એ યાદ દેવડાવ્યા પછી કે) આ અય્યામે-તશરીકના વચ્ચેનો દિવસ છે અને આ મશઅરે-હરામ (વિશિષ્ટ સ્થળ) છે. નબી (સલ્લ.)એ ફરમાવ્યું, ''હું નથી જાણતો, કદાચ આ પછી હું તમને ન મળી શકું. સાવધાન રહો, તમારું લોહી, તમારી ઇજ્જત એકબીજા ઉપર એવી જ રીતે હરામ (પ્રતિષ્ઠિત) છે જેવી રીતે આ દિવસ અને આ જગ્યા હરામ છે, ત્યાં સુધી કે તમે પોતાના રબ સમક્ષ હાજર થાઓ અને તે તમને તમારા કર્મો વિષે પૂછપરછ કરે. સાંભળો ! આ વાત તમારામાંથી નજીકવાળો દૂરવાળા સુધી પહોંચાડી દે. સાંભળો ! શું મેં તમને પહોંચાડી દીધું ?'' આના પછી જ્યારે અમે લોકો મદીના પાછા આવ્યા તો કંઈ વધારે દિવસો વિત્યા ન હતા કે હુઝૂર (સલ્લ.)નું દેહાવસાન થઈ ગયું. આ બંને નોંધોને મેળવીને જોવામાં આવે તો જણાય છે કે સૂરઃ નસ્રના અવતરણ અને અલ્લાહના રસૂલ (સલ્લ.)ના દેહાવસાન વચ્ચે ત્રણ માસ અને કેટલાક દિવસોનો ગાળો હતો, કારણ કે ઇતિહાસ અનુસાર હિજ્જતુલ-વિદાઅ અને નબી (સલ્લ.)ના દેહાવસાન વચ્ચે આટલો જ સમય પસાર થયો હતો. ઇબ્ને અબ્બાસ (રદિ.)નું કથન છે કે જ્યારે આ સૂરઃ ઊતરી તો નબી (સલ્લ.)એ ફરમાવ્યું કે મને મારા મૃત્યુના સમાચાર આપી દેવામાં આવ્યા છે અને મારો સમય પૂરો થઈ ગયો છે. (હદીસ : મુસ્નદ અહમદ, ઇબ્ને જરીર, ઇબ્નુલ મુંઝિર, ઇબ્ને મરદૂયા). બીજી રિવાયતો, જે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ

(રદિ.)થી નોંધવામાં આવી છે તેમાં વર્ણવવામાં આવ્યું છે કે આ સૂરઃના અવતરણથી નબી (સલ્લ.)એ એમ સમજી લીધું હતું કે આપને દુનિયાથી વિદાય થવાના સમાચાર આપી દેવામાં આવ્યા છે. (હદીસ : મુસ્નદ અહમદ, ઈબ્ને જરીર, તબરાની, નસઈ).

વિષય અને ચર્ચા :

જેમ કે ઉપરની રિવાયતોથી જણાય છે, આ સૂરઃમાં અલ્લાહે પોતાના પયગંબર (સલ્લ.)ને એ બતાવ્યું હતું કે જ્યારે આરબ પ્રદેશમાં ઈસ્લામનો વિજય પૂરો થઈ જાય અને લોકો અલ્લાહના દીનમાં ટોળે-ટોળાં પ્રવેશવા માંડે તો એનો અર્થ એ છે કે તે કામ પૂરું થઈ ગયું જેના માટે આપ દુનિયામાં મોકલવામાં આવ્યા હતા. આના પછી આપને આદેશ આપવામાં આવ્યો કે આપ અલ્લાહની સ્તુતિ અને મહિમાગાનમાં લાગી જાઓ કે તેની કૃપાથી આપ આટલું મોટું કામ પૂરું કરવામાં સફળ થયા અને તેનાથી દુઆ કરો કે આ કામને પૂરું કરવામાં જે ભૂલ-ચૂક કે કમી પણ આપથી થઈ હોય, તેને તે ક્ષમા કરી દે. હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે કે અલ્લાહના રસૂલ (સલ્લ.) પોતાના દેહાંતથી પહેલા 'સુબ્હા-ન-કલ્લહુમ્મ વ બિહમ્દિ-ક અસ્તગફિરુ-ક વ અતૂબુ ઈલઈ-ક' અર્થાત્ તારી પ્રશંસા થાય, હે અલ્લાહ ! હું તારાથી ક્ષમાયાચના કરું છું અને તારા તરફ રજૂ થાઉં છું. (કેટલીક નોંધોમાં આ શબ્દો છે – 'સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહિ અસ્તગફિરુલ્લાહિ વ અતૂબુ ઈલઈહિ) પુષ્કળ પ્રમાણમાં પઢ્યા કરતા હતા. મેં વિનંતીપૂર્વક કહ્યું, ''હે અલ્લાહના રસૂલ (સલ્લ.) ! આ કેવા શબ્દો છે, જે આપે હવે પઢવાના શરૂ કરી દીધાં છે ?'' ફરમાવ્યું, ''મારા માટે એક નિશાની નક્કી કરી દેવામાં આવી છે કે જ્યારે હું તેને જોઉં ત્યારે આ શબ્દો બોલ્યા કરું અને તે છે 'ઈઝા જા-અ નસ્રુલ્લાહિ વલ ફત્હ' (જ્યારે અલ્લાહની મદદ આવી જાય અને વિજય પ્રાપ્ત થઈ જાય)'' (હદી સ : મુસ્નદ અહમદ, મુસ્લિમ, ઈબ્ને જરીર). (આ ઉપરાંત કેટલીક બીજી દુઆઓના શબ્દો પણ હદીસોમાં ઉલ્લેખિત છે જે નબી સલ્લ. પોતાના જીવનના અંતિમ દિવસોમાં ખૂબ વધારે પઢ્યા કરતા હતા.) ઈબ્ને અબ્બાસ (રદિ.)નું કથન છે કે આ આખી સૂરઃના અવતરણ પછી અલ્લાહના રસૂલ (સલ્લ.) આખિરત માટે પરિશ્રમ કરવામાં એટલા લાગી ગયા હતા કે આ પહેલાં કદી લાગ્યા ન હતા. (હદીસ : નસઈ, તબરાની, ઈબ્ને અબી હાતિમ, ઈબ્ને મરદૂયા).

(૧૧૧) અલ-લહબ

પરિચય

નામ :

પહેલી આયતના શબ્દ 'લહબ'ને આ સૂરઃનું નામ આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આના મક્કી હોવા અંગે તો વિવેચકો વચ્ચે કોઈ મતભેદ નથી, પરંતુ ચોક્કસપણે તે નક્કી કરવું મુશ્કેલ છે કે મક્કાકાળમાં ક્યા સમયે આ ઊતરી હતી. અલબત્ત, અબૂ લહબનું જે આચરણ અલ્લાહના રસૂલ (સલ્લ.) અને આપના સત્ય-સંદેશ વિરુધ્ધ હતું, તેને જોઈને અનુમાન કરી શકાય છે કે આ સૂરઃનું અવતરણ તે વખતે થયું હશે, જ્યારે તે નબી (સલ્લ.)ની શત્રુતામાં હદ વટાવી ગયો હતો અને તેનું વલણ ઈસ્લામના માર્ગમાં એક મોટી અડચણ બની રહ્યું હતું.

પશ્ચાદભૂમિ :

કુર્આન-મજીદમાં આ એક-માત્ર એવી જગ્યા છે, જ્યાં ઈસ્લામના શત્રુઓ પૈકી કોઈ માણસનું નામ લઈને તેની નિંદા કરવામાં આવી હોય, જ્યારે કે મક્કામાં પણ અને હિજરત પછી મદીનામાં પણ ઘણાં એવા લોકો હતા, જેઓ ઈસ્લામ અને હઝરત મુહમ્મદ (સલ્લ.)ની દુશ્મનીમાં અબૂ લહબથી કોઈપણ રીતે ઊતરતા ન હતા. (તેનું કારણ અબૂ લહબનું તે દુરાચરણ છે જે નબી સલ્લ.ના વિરુધ્ધ અપનાવી રાખ્યું હતું.) આરબ સમાજના નૈતિક મૂલ્યોમાં 'સિલારહ્મી' (અર્થાત્ સગા-સંબંધીઓ સાથે સદ્વર્તન)નું ખૂબ જ મહત્ત્વ હતું અને રિશ્તાઓને તોડવાના કૃત્યને ખૂબ મોટું પાપ સમજવામાં આવતું હતું. આરબ પ્રદેશની આ જ પરંપરાઓનો એ પ્રભાવ હતો કે અલ્લાહના રસુલ (સલ્લ.) જ્યારે ઈસ્લામનું આહવાન્ લઈને ઊઠ્યા ત્યારે કુરૈશના બીજા કુટુંબો અને તેમના સરદારોએ તો નબી (સલ્લ.)નો સખત વિરોધ કર્યો, પરંતુ બની હાશિમ અને બની મુત્તલિબે (હાશિમના ભાઇ મુત્તલિબના સંતાનોએ) ન એ કે આપનો વિરોધ ન કર્યો; બલ્કે તેઓ જાહેરમાં આપનું સમર્થન કરતા રહ્યા, જ્યારે કે આમાંથી મોટાભાગના લોકો આપની નુબૂવત પર ઈમાન લાવ્યા ન હતા. કુરૈશના બીજા કુટુંબો પોતે પણ હુઝૂર (સલ્લ.)ના આ લોહીની સગાઈવાળા સંબંધીઓની મદદને આરબોની નૈતિક પરંપરાઓને તદ્દન અનુરૂપ જ સમજતા હતા. આ નૈતિક નિયમને, જેને અજ્ઞાનતાકાળમાં આરબો માન-સનમાનને

યોગ્ય સમજતા હતા, માત્ર એક માણસે ઈસ્લામની શત્રુતામાં તોડી નાખ્યો, અને તે હતો અબ્દુલ મુત્તલિબનો પુત્ર અબૂ લહબ. તે નબી(સલ્લ.)નો કાકો હતો. ઈબ્ને અબ્બાસ (રદિ.)થી કેટલાય પ્રમાણો સહિત એ રિવાયત હદીસના વિદ્વાનોએ નોંધી છે કે જ્યારે અલ્લાહના રસૂલ (સલ્લ.)ને જાહેર આમંત્રણ આપવાનો આદેશ આપવામાં આવ્યો અને કુર્આન-મજીદમાં એ નિર્દેશ આવ્યો કે આપ પોતાના નિકટતમ સગાઓને સૌથી પહેલાં અલ્લાહના પ્રકોપથી ડરાવો, તો આપ (સલ્લ.)એ પરોઢિયે સફાની ટેકરી ઉપર ચઢીને પોકાર કર્યો, "યા સબ્બાહાહ" (હાય સવારની આફત). જ્યારે સૌ એકઠા થઇ ગયા તો આપ (સલ્લ.)એ કુરૈશના એક-એક કુટુંબનું નામ લઇ-લઇને પોકારીને કહ્યું, "હે બની હાશિમ ! હે બની અબ્દુલ મુત્તલિબ ! હે બની ફિહ્ર ! હે બની ફલાણા ! હે બની ફલાણા ! જો હું તમને એ બતાવું કે આ ટેકરી પાછળ એક સેના તમારા પર હુમલો કરવા તૈયાર છે, તો તમે મારી વાત સાચી માનશો ?" લોકોએ કહ્યું, "હા, અમે કદી તમારાથી જૂઠ સાંભળ્યું નથી." આપ (સલ્લ.)એ ફરમાવ્યું, "તો હું તમને ચેતવું છું કે આગળ ભયંકર પ્રકોપ આવી રહ્યો છે." આ સાંભળી કોઇ બોલે તે પહેલા જ નબી (સલ્લ.)ના પોતાના કાકા અબૂ લહબે કહ્યું : તારો નાંશ થાય, શું આ માટે તેં અમને એકઠા કર્યા હતા ?" એક નોંધમાં એ પણ છે કે તેણે પથ્થર ઉઠાવ્યો જેથી અલ્લાહના રસૂલ (સલ્લ.) પર ફેંકે. (હદીસ : મુસ્નદ અહમદ, બુખારી, મુસ્લિમ, તિર્મિઝી; ઈબ્ને જરીર વગેરે) મક્કામાં અબૂ લહબ નબી (સલ્લ.)નો તદ્દન નિકટનો પાડોશી હતો. ઉપરાંત હકમ બિન આસ (મરવાનના પિતા), ઉકબા બિન અબી મુઐત, અદી બિન હમ્રા અને ઈબ્નુલ અસદાઇલ-હુઝલી પણ આપના પાડોશીઓ હતા. આ લોકો નબી (સલ્લ.)ને ઘરમાં પણ ચેન લેવા દેતા ન હતા. આપ (સલ્લ.) ક્યારેક નમાઝ પઢી રહ્યા હોય તો આ લોકો ઉપરથી બકરાની હોજરી આપ ઉપર ફેંકતા. ક્યારેક આંગણામાં રંધાતું હોય તો હાંડલી પર ગંદકી ફેંકતા. નબી (સલ્લ.) બહાર આવીને આ લોકોને કહેતા, "હે બની અબ્દે મનાફ ! આ કઇ જાતનું પાડોશીપણું છે ?" અબૂ લહબની પત્ની ઉમ્મે જમીલે (અબૂ સુફિયાનની બહેને) તો નિત્યક્રમ બનાવી લીધો હતો કે રાત્રે આપ (સલ્લ.)ના ઘરના દરવાજા આગળ કાંટાળા વૃક્ષની ડાળો લાવીને નાખી દેતી, જેથી સવારમાં જ્યારે આપ કે આપના બાળકો બહાર નીકળે તો પગમાં કાંટા વાગે. (હદીસ : બયહકી, ઈબ્ને અબી હાતિમ, ઈબ્ને જરીર, ઈબ્ને અસાકિર, ઈબ્ને હિશામ). અલ્લાહના રસૂલ (સલ્લ.) જ્યાં-જ્યાં ઈસ્લામનું આમંત્રણ આપવા માટે જતા, ત્યાં આ તેમની પાછળ-પાછળ જતો અને લોકોને આપ (સલ્લ.)ની વાતો સાંભળવાથી રોકતો. તારિક બિન અબ્દુલ્લાહ અલ મહારિબી કહે છે, મેં ઝુલ

મઝાજના બજારમાં જોયું કે અલ્લાહના રસૂલ (સલ્લ.) લોકોને કહેતા જાય છે કે 'લોકો! લા ઈલાહ ઈલ્લલ્લાહ (અલ્લાહના સિવાય કોઈ પૂજ્ય નથી) કહો, સફળ થઈ જશો.' અને પાછળ એક માણસ છે જે આપને પથ્થર મારી રહ્યો છે, ત્યાં સુધી કે આપની એડીઓ રક્તમાં ભીંજાઇ ગઇ છે, અને તે કહેતો જાય છે કે આ જૂઠો છે, આની વાત ન માનો. મેં લોકોને પૂછ્યું, આ કોણ છે ? લોકોએ કહ્યું, આ તેમનો કાકો અબૂ લહબ છે. (હદીસ : તિર્મિઝી)

નુબૂવતના સાતમા વર્ષે કુરૈશના તમામ કુટુંબોએ બની હાશિમ અને બની અલ મુત્તલિબનો સામાજિક અને આર્થિક બહિષ્કાર કર્યો અને આ બંને કુટુંબોને અલ્લાહના રસૂલ (સલ્લ.)ના સમર્થનમાં અડગ રહીને અબૂ તાલિબની ઘાટીમાં કેદ કરી લેવામાં આવ્યા ત્યારે આ એક અબૂ લહબ જ હતો, જેણે પોતાના કુટુંબને સાથ આપવાને બદલે કુરૈશના ઇસ્લામ-વિરોધીઓને સાથ આપ્યો. આ તે માણસના કૃત્યો હતા, જેના કારણે આ સૂરઃમાં તેનું નામ લઈને નિંદા કરવામાં આવી. ખાસ કરીને આની જરૂરિયાત એટલા માટે હતી કે મક્કાના બહારથી આવનારાઓ પર તેનું ચરિત્ર સ્પષ્ટ થઈ જાય અને તેઓ એ વિચાર કરીને કે કોઈ કાકો પોતાના ભત્રીજાને વિનાકારણ પથ્થર નથી મારી શકતો, ન તેને ખરું-ખોટું કહી શકે છે, નબી સલ્લ. વિશે સંદેહમાં ન પડી જાય. આ ઉપરાંત નામ લઇને જ્યારે આપના કાકાની નિંદા કરવામાં આવી તો લોકોની એ આશા હંમેશ માટે સમાપ્ત થઈ ગઇ કે અલ્લાહના રસૂલ (સલ્લ.) દીનના મામલામાં કોઈનો ખ્યાલ કરીને કોઈપણ પ્રકારની ઢીલાશ મૂકી શકે છે. જ્યારે ખુલ્લંખુલ્લા પયગંબરના પોતાના કાકાની ખબર લઇ નાખવામાં આવી તો લોકો સમજી ગયા કે અહીં કોઇના માટે શેહ-શરમનો અવકાશ નથી. પારકો પોતાનો બની શકે છે, જો તે ઈમાન લાવે અને પોતાનો પારકો બની શકે છે, જો તે કુફ્ર કરે. આ મામલામાં લોહીનો સંબંધ કોઈ મહત્ત્વ ધરાવતો નથી.

اٰیاتها ٦ — (١٠٩) سُوْرَةُ الْكٰفِرُوْنَ مَكِّيَّةٌ (١٨) — رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ يٰٓاَيُّهَا الْكٰفِرُوْنَ ۙ﴿۱﴾ لَآ اَعْبُدُ مَا تَعْبُدُوْنَ ۙ﴿۲﴾ وَلَآ
اَنْتُمْ عٰبِدُوْنَ مَآ اَعْبُدُ ۚ﴿۳﴾ وَلَآ اَنَا عَابِدٌ مَّا عَبَدْتُّمْ ۙ﴿۴﴾ وَلَآ
اَنْتُمْ عٰبِدُوْنَ مَآ اَعْبُدُ ؕ﴿۵﴾ لَكُمْ دِيْنُكُمْ وَلِيَ دِيْنِ ۧ﴿۶﴾

اٰیاتها ٣ — (١١٠) سُوْرَةُ النَّصْرِ مَدَنِيَّةٌ (١١٤) — رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا جَآءَ نَصْرُ اللّٰهِ وَالْفَتْحُ ۙ﴿۱﴾ وَرَاَيْتَ النَّاسَ
يَدْخُلُوْنَ فِيْ دِيْنِ اللّٰهِ اَفْوَاجًا ۙ﴿۲﴾ فَسَبِّحْ بِحَمْدِ
رَبِّكَ وَاسْتَغْفِرْهُ ؕ اِنَّهٗ كَانَ تَوَّابًا ۧ﴿۳﴾

اٰیاتها ٥ — (١١١) سُوْرَةُ اللَّهَبِ مَكِّيَّةٌ (٦) — رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

تَبَّتْ يَدَآ اَبِيْ لَهَبٍ وَّتَبَّ ؕ﴿۱﴾ مَآ اَغْنٰى عَنْهُ مَالُهٗ وَمَا
كَسَبَ ؕ﴿۲﴾ سَيَصْلٰى نَارًا ذَاتَ لَهَبٍ ۚۖ﴿۳﴾ وَّامْرَاَتُهٗ ؕ
حَمَّالَةَ الْحَطَبِ ۚ﴿۴﴾ فِيْ جِيْدِهَا حَبْلٌ مِّنْ مَّسَدٍ ۧ﴿۵﴾

ع ٦ ٣٣

ع ٣ ٦٥ وقف النبي صلى الله عليه وآله وسلم ١٢

ع ٥ ٦٦ منزل ٧

(૧૦૯) સૂરઃ અલ-કાફિરૂન

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૬)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. કહી દો કે હે કાફિરો (ઇન્કાર કરનારાઓ) !

૨. હું તેમની બંદગી નથી કરતો જેમની બંદગી તમે કરો છો,

૩. અને ન તમે તેની બંદગી કરવાના છો જેની બંદગી હું કરું છું.

૪. અને ન હું તેમની બંદગી કરવાનો છું જેમની બંદગી તમે કરી છે;

૫. અને ન તમે તેની બંદગી કરવાના છો જેની બંદગી હું કરું છું.

૬. તમારા માટે તમારો દીન (ધર્મ) છે અને મારા માટે મારો દીન (ધર્મ). (રુકૂઅ-૧)

(૧૧૦) સૂરઃ અન્-નસ્ર

(મદીનામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૩)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. જ્યારે અલ્લાહની મદદ આવી જાય અને વિજય પ્રાપ્ત થઈ જાય

૨. અને (હે પયગંબર !) તમે જોઈ લો કે લોકો ટોળે-ટોળાં અલ્લાહના દીન (ઈશ્વરીય ધર્મ)માં દાખલ થઈ રહ્યા છે

૩. તો પોતાના રબ (પ્રભુ)ની પ્રશંસા સાથે તેની 'તસ્બીહ' (મહિમાગાન) કરો, અને તેનાથી મગફિરત (ક્ષમા)ની દુઆ કરો. નિઃશંક તે મોટો તૌબા (ક્ષમા) સ્વીકારનારો છે. (રુકૂઅ-૧)

(૧૧૧) સૂરઃ અલ-લહબ

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. તૂટી ગયા અબૂ લહબના હાથ અને નિષ્ફળ થઈ ગયો તે.

૨. તેનું ધન અને જે કંઈ તેણે કમાવ્યું તે તેના કોઈ કામ ન આવ્યું.

૩. ચોક્કસ તેને ભડકે બળતી આગમાં નાખવામાં આવશે

૪. અને (તેના સાથે) તેની પત્ની પણ, લાકડા લડાવનાર,★

૫. તેના ગળામાં મુંજનું દોરડું★ હશે. (રુકૂઅ-૧)

★ 'લાકડાં લડાવનાર' અર્થાત્ સાચાં-જૂઠાં કરીને ટંટો-ફિસાદ કરવવો. ★ તેના ગળા માટે 'જીદ' શબ્દ પ્રયુક્ત થયો છે જે અરબીમાં એવા ગળા માટે બોલવામાં આવે છે જેમાં ઘરેણું પહેર્યું હોય. અબૂ લહબની પત્ની એક ખૂબ કીમતી હાર ગળામાં પહેરતી હતી અને કહેતી હતી કે હું મારો આ હાર વેચીને તેના પૈસા મુહમ્મદ (સલ્લ.)ની દુશ્મનીમાં ખર્ચ કરીશ. આ સંદર્ભમાં 'જીદ'નો અર્થ અહીં વ્યંગ રૂપે વપરાયો છે કે તેના જે સુશોભિત ગળામાં રહેલા હાર પર તે ઘમંડ કરે છે, નર્કમાં રસ્સી પડી હશે.

૧૧૨. અલ-ઈખ્લાસ

પરિચય

નામ :

'અલ-ઈખ્લાસ' આ સૂરઃનું માત્ર નામ જ નથી, બલ્કે આના વિષયનું શીર્ષક પણ છે, કારણ કે આમાં વિશુદ્ધ 'તૌહીદ' (એકેશ્વરવાદ)નું વર્ણન કરવામાં આવ્યું છે. કુર્આન-મજીદની બીજી સૂરઃઓમાં સામાન્યતઃ કોઈક એવા શબ્દોને તેના નામ ઠેરવવામાં આવ્યાં છે જે તેમાં આવેલાં હોય, પરંતુ આ સૂરઃમાં 'ઈખ્લાસ' શબ્દ ક્યાંય આવતો નથી. આને આ નામ તેના અર્થ પરથી આપવામાં આવ્યું છે.

ઉતરાણકાળ :

આના મક્કી અને મદની હોવા અંગે મતભેદ છે, અને આ મતભેદ તે નોંધોના આધારે છે જે આ સૂરઃના અવતરણના કારણ અંગે નોંધવામાં આવી છે. જેમ કે અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)નું કથન છે કે કુરૈશના લોકોએ અલ્લાહના રસૂલ (સલ્લ.)ને કહ્યું કે પોતાના રબનો વંશ બતાવો. આના પર આ સૂરઃનું અવતરણ થયું. (હદીસ : તબરાની) (આ જ વિષયની રિવાયતો ઉબઈ બિન કાબથી મુસ્નદ અહમદ અને તિરમિઝી વગેરેમાં અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહથી તબરાની અને બયહકી વગેરેમાં ઉલ્લેખ થયો છે. પાછળથી કુરૈશના લોકોની જેમ યહુદીઓ અને ખ્રિસ્તીઓએ પણ નબી (સલ્લ.)થી આ જ પ્રકારના પ્રશ્નો કર્યા હતા.) ઈકરિમાએ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કરી છે કે યહૂદીઓનું એક જૂથ અલ્લાહના રસૂલ (સલ્લ.)ની સેવામાં ઉપસ્થિત થયું અને તેમણે કહ્યું, "હે મુહમ્મદ ! અમને બતાવો કે આપનો તે રબ કેવો છે જેણે આપને મોકલ્યા છે." આ વાત પર અલ્લાહે આ સૂરઃ ઊતારી. (હદીસ : ઈબ્ને અબી હાતિમ, ઈબ્ને અદી, બયહકી)

ઝહ્હાક, કતાદા અને મુકાતિલ કહે છે કે યહૂદીઓના કેટલાક વિદ્વાનો નબી (સલ્લ.) પાસે આવ્યા અને તેમણે કહ્યું, "હે મુહમ્મદ (સલ્લ.) ! પોતાના રબનું સ્વરૂપ અમને બતાવો, કદાચ અમે આપ પર ઈમાન લઈ આવીએ. અલ્લાહે પોતાની વિશેષતાઓ તૌરાતમાં ઊતારી છે. આપ બતાવો કે તે કઈ વસ્તુથી બનેલો છે ? કઈ જાતિનો છે ? સોનામાંથી બન્યો છે કે તાંબામાંથી કે પિત્તળમાંથી કે લોખંડમાંથી કે ચાંદીમાંથી ? અને શું તે ખાય છે અને પીએ છે ? અને કોના પાસેથી તેણે સૃષ્ટિનો આ વારસો મેળવ્યો છે અને તેના પછી કોણ તેનો વારસદાર હશે ?" આના પર અલ્લાહે આ સૂરઃ ઊતારી. (તફસીર સૂરઃ

ઇખ્લાસ, ઇબ્ને તૈમિયા) ઇબ્ને અબ્બાસ (રદિ.)નું એક કથન છે કે નજરાનના ખ્રિસ્તીઓનું એક પ્રતિનિધિ-મંડળ સાત પાદરીઓ સાથે નબી (સલ્લ.)ની સેવામાં ઉપસ્થિત થયું અને તેણે હુઝૂર (સલ્લ.)ને પૂછયું, ''અમને બતાવો, આપનો રબ કેવો છે ? કઇ વસ્તુમાંથી બનેલો છે ?'' આપ (સલ્લ.)એ ફરમાવ્યું, ''મારો રબ કોઇ વસ્તુમાંથી બનેલો નથી. તે તમામ વસ્તુઓથી અલગ છે.'' આ વાત પર અલ્લાહે આ સૂરઃ ઊતારી.

આ રિવાયતો પરથી જણાય છે કે જુદા-જુદા પ્રસંગોએ જુદા-જુદા લોકોએ અલ્લાહના રસૂલ (સલ્લ.)થી તે ઉપાસ્યના સ્વરૂપ અને રૂપરંગ વિશે પૂછ્યું હતું જેની બંદગી અને ઇબાદત તરફ આપ લોકોને બોલાવી રહ્યા હતા, અને દરેક પ્રસંગે આપે અલ્લાહના આદેશથી તેમને જવાબમાં આ જ સૂરઃ સંભળાવી હતી. સૌથી પહેલાં આ પ્રશ્ન મક્કામાં કુરૈશના સરદારો (અનેકેશ્વરવાદીઓ)એ આપથી કર્યો હતો અને તેના ઉત્તરમાં આ સૂરઃ ઊતરી. તે પછી મદીના-તય્યિબામાં ક્યારેક યહૂદીઓએ, ક્યારેક ખ્રિસ્તીઓએ અને કયારેક આરબ પ્રદેશના બીજા લોકોએ પયગંબર (સલ્લ.)ને આ જ પ્રકારના પ્રશ્નો પૂછ્યા અને દરેક વખતે અલ્લાહ તરફથી સંકેત થયો કે ઉત્તરમાં આ જ સૂરઃ તેમને સંભળાવી દો. (જેનું રિવાયત કરનારાઓએ એ રીતે વર્ણન કર્યું છે કે આના પર અલ્લાહતઆલાએ આ સૂરઃ ઊતારી અને આ તેમના વર્ણનની સામાન્યતઃ રીત હતી.) તેથી સાચી વાત એ છે કે આ સૂરઃ હકીકતમાં મક્કી છે, બલ્કે આના વિષય પર વિચાર કરવાથી એમ જણાય છે કે આ મક્કાના પણ આરંભિક કાળમાં ઊતરી છે જ્યારે અલ્લાહતઆલાની જાત અને ગુણોના વર્ણનમાં કુર્આનની વિસ્તૃત આયતો હજુ ઊતરી ન હતી.

વિષય અને ચર્ચા :

અવતરણના કારણો અંગે જે કથનો ઉપર નોંધવામાં આવ્યા છે તેના પર નજર કરવાથી જણાઇ આવે છે કે જ્યારે અલ્લાહના રસૂલ (સલ્લ.) તૌહીદનું આમંત્રણ લઇને ઊભા થયા હતા, તે વખતે દુનિયાના ધાર્મિક વિચારો શું હતા. મૂર્તિપૂજક મુશ્રિકો (બહુદેવવાદીઓ) તે ઉપાસ્યોની પૂજા કરી રહ્યા હતા જે લાકડાં, પથ્થર, સોનું, ચાંદી વગેરે જુદી-જુદી વસ્તુઓના બનેલા હતા, રૂપરંગ અને શરીર ધરાવતા હતા. દેવીઓ અને દેવતાઓના વિધિસર વંશ ચાલતા હતા. કોઇ દેવી પતિ વગરની ન હતી અને કોઇ દેવ પત્ની વગરનો ન હતો. મુશ્રિકોનો એક મોટો વર્ગ એ વાતને માનતો હતો કે ખુદા માનવ-રૂપમાં પ્રગટ થાય છે અને કેટલાક લોકો તેના અવતાર હોય છે. ખ્રિસ્તીઓ આમ તો એક ખુદાના દાવેદાર હતા, પરંતુ તેમનો ખુદા પણ ઓછામાં ઓછો એક પુત્ર તો રાખતો જ હતો, અને પિતા-પુત્ર સાથે ખુદાઈમાં રૂહુલ કુદુસ (પવિત્ર આત્મા)ને

પણ ભાગીદાર હોવાનું શ્રેય પ્રાપ્ત હતું, ત્યાં સુધી કે ખુદાને માતા પણ હતી અને તેની સાસુ પણ. યહૂદીઓ પણ એક ખુદાને માનવાનો દાવો કરતા હતા, પરંતુ તેમનો ખુદા પણ ભૌતિક શારીરિકતા અને બીજા માનવીયો ગુણોથી ખાલી ન હતો. તે હરતો-ફરતો હતો. માનવ-રૂપમાં પ્રગટ થતો હતો. પોતાના કોઇ બંદા સાથે કુસ્તી પણ કરી લેતો હતો અને એક પુત્ર (ઉઝૈર)નો પિતા પણ હતો. આ ધાર્મિક જૂથો ઉપરાંત મજૂસીઓ અગ્નિપૂજક હતા અને અને સાબઈ (Sabaeans) તારાઓને પૂજતા હતા. આ પરિસ્થિતિમાં જ્યારે એક ઈશ્વર–જેનો કોઈ ભાગીદાર નથી–ને માનવાનું આમંત્રણ લોકોને આપવામાં આવ્યું તો તેમના મનમાં આ પ્રશ્નનું ઉત્પન્ન થવું એક આવશ્યક વાત હતી કે તે રબ છે કેવો જેને બધા જ રબો (પ્રભુઓ) અને ઉપાસ્યોને છોડીને એકલો એક જ રબ અને ઉપાસ્યને માની લેવાનું આમંત્રણ આપવામાં આવી રહ્યું છે.

મહિમા અને મહત્વ :

આ જ કારણ છે કે જેના માટે અલ્લાહના રસૂલ (સલ્લ.)ની દૃષ્ટિમાં આ સૂરઃનો ખૂબ મહિમા અને મહત્ત્વ હતું. આપ જુદી-જુદી રીતે મુસલમાનોને આનું મહત્ત્વ સમજાવતા હતા, જેથી તેઓ વારંવાર તેને પઢે અને સામાન્ય લોકોમાં તેને ફેલાવે, કારણ કે આ ઈસ્લામની પ્રથમ મૌલિક આસ્થા (તૌહીદ)ને ચાર એવા નાના-નાના વાક્યોમાં વર્ણવી દે છે, જે તરત જ માણસના મગજમાં ઊતરી જાય છે અને સરળતાથી કંઠસ્થ થઇ જાય છે. હદીસોમાં ખૂબ વધારે એ કથનો વર્ણવવામાં આવ્યા છે કે નબી (સલ્લ.)એ જુદા-જુદા પ્રસંગોએ જુદી-જુદી રીતે લોકોને બતાવ્યું કે આ સૂરઃ એક-તૃતિયાંશ કુર્આનના બરાબર છે. (હદીસ : બુખારી, મુસ્લિમ, અબૂ દાઊદ, નસઈ, તિર્મિઝી) વિવેચકોએ નબી (સલ્લ.)ના આ કથનના ઘણાં કારણો આપ્યા છે, પણ અમારા મતે તો સીધી અને સાફ વાત એ છે કે કુર્આન-મજીદ જે દીન (ધર્મ)ને પ્રસ્તુત કરે છે, તેનો પાયો ત્રણ ધારણાઓ છે : એક તૌહીદ (એકેશ્વરવાદ), બીજી રિસાલત (ઈશદૂતત્વ) અને ત્રીજી આખિરત (પરલોક). આ સૂરઃ વિશુદ્ધ તૌહીદનું વર્ણન કરે છે, એટલા માટે અલ્લાહના રસૂલ (સલ્લ.)એ આને એક-તૃતિયાંશ કુર્આનના બરાબર ઠેરવી છે.

મુઅવ્વિઝતૈન

૧૧૩. અલ-ફલક

૧૧૪. અન્-નાસ

પરિચય

નામ :

આમ તો કુર્આન-મજીદની આ અંતિમ બે સૂરઃઓ પોતાનામાં અલગ-અલગ છે અને કુર્આનમાં અલગ નામોથી લખેલી છે, પરંતુ તેમના વચ્ચે પરસ્પર એવો ગાઢ સંબંધ છે અને તેમનાં વિષયો એકબીજા સાથે એટલી ઊંડી સુસંગતતા રાખે છે કે તેમનું એક (સંયુક્ત) નામ 'મુઅવ્વિઝતૈન' (પનાહ માંગવાવાળી બે સૂરઃઓ) રાખવામાં આવ્યું છે. ઇમામ બયહકીએ 'દલાઇલે નુબૂવત'માં લખ્યું છે કે આ બંને સૂરઃઓ ઊતરી પણ છે એક સાથે. તેથી જ બંનેનું સંયુક્ત નામ 'મુઅવ્વિઝતૈન' રાખી દેવામાં આવ્યું છે. અમે અહીં બંનેની પ્રસ્તાવના લખી રહ્યા છીએ, કેમ કે તેમનાથી સંબંધિત વિષયો અને ચર્ચાઓ તદ્દન એકસરખી છે. અલબત્ત આગળ તેનો અનુવાદ અને વ્યાખ્યા જુદી-જુદી છે.

ઉતરાણકાળ :

હઝરત હસન બસરી, ઇકરિમા, અતા અને જાબિર બિન ઝૈદ (રદિ.) કહે છે કે આ સૂરઃઓ મક્કી છે. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર (રદિ.) અને (કતાદા રહ. કહે છે કે આ મદની છે પણ) આમનો વિષય સ્પષ્ટપણે બતાવી રહ્યો છે કે આ આરંભમાં મક્કામાં તે વખતે ઊતરી હશે જયારે નબી (સલ્લ.)નો વિરોધ ખૂબ જોર પકડી ચૂક્યો હતો.

વિષય અને ચર્ચા :

મક્કામાં આ બંને સૂરઃઓ જે સંજોગોમાં ઊતરી હતી તે એ હતા કે ઇસ્લામના આહવાન્નો આરંભ થતાં જ એવું લાગવા માંડ્યુ હતું કે અલ્લાહના પયગંબર (સલ્લ.)એ જાણે મધપૂડામાં હાથ નાખી દીધો છે. જેમ-જેમ આપનો સંદેશ ફેલાતો ગયો, કુરૈશના ઇસ્લામ-વિરોધીઓનો વિરોધ પણ તીવ્ર બનતો ગયો. જયાં સુધી તેમને એ આશા રહી કે કદાચ તેઓ કોઇ પણ પ્રકારની સોદાબાજી કરીને કે સમજાવી-ફોસલાવીને આપને આ કામથી રોકી લેશે, ત્યાં સુધી તો દુશ્મનીની તીવ્રતા થોડીક ઓછી રહી, પરંતુ જયારે નબી (સલ્લ.)એ તેમને આ વિશે તદ્દન નિરાશ કરી દીધા તો દુશ્મનોની દુશ્મની ચરમસીમાએ પહોંચી ગઇ. ખાસ કરીને જે કુટુંબોના લોકોએ (પુરુષો કે સ્ત્રીઓએ, છોકરા કે છોકરીઓએ) ઇસ્લામ અપનાવી લીધો હતો, તે કુટુંબોના હૃદયોમાં તો નબી (સલ્લ.) વિરુધ્ધ હંમેશા ગુસ્સાની ભઠ્ઠી સળગતી રહેતી હતી, ઘરે-ઘર આપને

આપને ભાંડવામાં આવી રહ્યા હતા, ગુપ્ત મંત્રણાઓ કરવામાં આવી રહી હતી કે કોઇ વખતે રાત્રે સંતાઇને આપની હત્યા કરી નાખવામાં આવે. આપના વિરુધ્ધ જાદુટોણાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો, જેથી આપનો કાં તો દેહાંત થઈ જાય અથવા આપ સખત બીમાર પડી જાય કે માનસિક રોગી થઇ જાય. જિન્ન અને મનુષ્ય બંને પ્રકારના શેતાનો ચારે બાજુ ફેલાઇ ગયા હતા, જેથી સામાન્ય લોકોના દિલોમાં આપના વિરુધ્ધ અને આપના દ્વારા લાવવામાં આવેલા ધર્મ અને કુર્આન વિરુધ્ધ કોઈને કોઇ વસવસો (ભ્રમ, શંકા-કુશંકા) નાખી દે, જેથી લોકો શંકાશીલ થઈને આપથી દૂર ભાગવા લાગે. ઘણાં લોકોના હૃદયોમાં ઈર્ષ્યાની આગ પણ સળગી રહી હતી, કારણ કે તેઓ પોતાના સિવાય કે પોતાના કબીલાના કોઇ માણસ સિવાય બીજા કોઇ માણસનો દીપક સળગતો જોઈ શકતા ન હતા.

આ સંજોગોમાં હુઝૂર (સલ્લ.)ને (અલ્લાહનું શરણ માંગવાનું કહેવામાં આવ્યું છે, જેનો ઉલ્લેખ આ બંને સૂરઃમાં છે.) આ તે જ પ્રકારની વાત છે જેવી હઝરત મૂસા (અલૈ.)એ તે વખતે કહી હતી જ્યારે ફિરઔને ભર દરબારમાં તેમના કતલનો ઈરાદો જાહેર કર્યો હતો કે –

''મેં તો દરેક તે અહંકારીથી જે હિસાબના દિવસ પર ઈમાન ધરાવતો નથી પોતાના રબ અને તમારા રબનું શરણ મેળવી લીધું છે.''

(સૂરઃ મોમિન, આ. ૨૭)

''અને મેં મારા રબ અને તમારા રબનું શરણ મેળવી લીધું છે કે તમે મારા પર હુમલો કરો.'' (સૂરઃ દુખાન, આ.૨૦)

બંને પ્રસંગોએ અલ્લાહના આ મહાન પયગંબરોનો મુકાબલો તદ્દન નિઃસહાય સ્થિતિમાં પુષ્કળ સર-સામાન અને સાધનોના માલિક અને તાકાત અને શાન ધરાવતા લોકો સાથે હતો. બંને પ્રસંગોએ તેઓ શક્તિશાળી દુશ્મનો સામે પોતાના સત્ય-સંદેશ પર અડગ બની ગયા. તેમણે શત્રુઓની ધમકીઓ, ખતરનાક યુક્તિઓ અને વૈમનસ્યભરી ચાલબાજીઓને એમ કહીને અવગણી દીધી કે તમારા મુકાબલા માટે અમે સૃષ્ટિના રબનું શરણ મેળવી લીધું છે.

સૂરઃ ફાતિહા અને આ સૂરઃ વચ્ચેની સુસંગતતાઃ

છેલ્લી વસ્તુ જે આ બંને સૂરઃ વિષે ધ્યાન માંગી લે છે તે કુર્આનના આરંભ અને અંતની સુસંગતતા છે. કુર્આનનો આરંભ સૂરઃ ફાતિહાથી થાય છે અને અંત મુઅવ્વિઝતૈન પર. હવે જરા બંને પર એક નજર નાખો. આરંભમાં અલ્લાહ રબ્બુલ આલમીન, રહમાન અને રહીમ તથા માલિકિ યવ્મિદ્દીનનો મહિમાગાન કરીને બંદો પ્રાર્થના કરે છે કે આપની જ હું બંદગી કરું છું અને આપથી જ મદદ ચાહું છું, અને સૌથી મોટી મદદ મને જે જોઈએ તે એ છે કે મને સન્માર્ગ બતાવો. ઉત્તરમાં અલ્લાહ તરફથી સન્માર્ગ બતાવવા માટે તેને સંપૂર્ણ

કુર્આન આપવામાં આવે છે અને તેનું સમાપન એ વાત પર કરવામાં આવે છે કે બંદો અલ્લાહતઆલાથી, જે પરોઢનો રબ, મનુષ્યોનો રબ, મનુષ્યોનો સમ્રાટ અને લોકોનો ઉપાસ્ય છે – પ્રાર્થના કરે છે કે હું દરેક મખલૂકના દરેક ઉપદ્રવ અને બૂરાઈથી બચવા માટે આપનું જ શરણ લઉં છું, અને ખાસ કરીને શૈતાનોના વસવસા (બૂરા વિચારો)થી ચાહે તે જિન્ન હોય કે મનુષ્ય આપનું શરણ લઉં છું, કારણ કે સન્માર્ગના અનુપાલનમાં તેઓ જ સૌથી વધુ રુકાવટ બને છે. તે આરંભ સાથે આ સમાપન જે સુસંગતતા ધરાવે છે તે કોઈ દૃષ્ટિવાનથી છૂપી રહી શકતી નથી.

اٰیَاتُهَا ٤ (١١٢) سُوْرَةُ الْاِخْلَاصِ مَكِّيَّةٌ (٢٢) رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۝١ اَللّٰهُ الصَّمَدُ ۝٢ لَمْ یَلِدْ ۵ۙ وَ لَمْ
ع ٤ ٢٦ یُوْلَدْ ۝٣ۙ وَ لَمْ یَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۝٤

اٰیَاتُهَا ٥ (١١٣) سُوْرَةُ الْفَلَقِ مَكِّيَّةٌ (٢٠) رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ ۝١ۙ مِنْ شَرِّ مَا خَلَقَ ۝٢ۙ وَ
مِنْ شَرِّ غَاسِقٍ اِذَا وَقَبَ ۝٣ۙ وَ مِنْ شَرِّ النَّفّٰثٰتِ فِی
ع ٥ ٣٨ الْعُقَدِ ۝٤ۙ وَ مِنْ شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ ۝٥

اٰیَاتُهَا ٦ (١١٤) سُوْرَةُ النَّاسِ مَكِّيَّةٌ (٢١) رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ۝١ۙ مَلِكِ النَّاسِ ۝٢ۙ اِلٰهِ
منزل ٧ النَّاسِ ۝٣ۙ مِنْ شَرِّ الْوَسْوَاسِ ۵ۙ الْخَنَّاسِ ۝٤ۙ الَّذِیْ
ع ٦ ٣٩ یُوَسْوِسُ فِیْ صُدُوْرِ النَّاسِ ۝٥ۙ مِنَ الْجِنَّةِ وَ النَّاسِ ۝٦

(૧૧૨) સૂરઃ અલ-ઈખ્લાસ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧ • આયતો : ૪)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. કહો, તે અલ્લાહ છે, ફક્ત એક જ અને અદ્વિતીય.

૨. અલ્લાહ સૌથી બેનિયાઝ (નિરપેક્ષ, નિસ્પૃહ) છે અને સૌ તેના મોહતાજ છે.

૩. ન તેની કોઈ સંતાન છે અને ન તે કોઈનું સંતાન

૪. અને કોઈ તેના સમાન અને બરોબરિયો નથી. (રુકૂઅ-૧)

(૧૧૩) સૂરઃ અલ-ફલક

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧ • આયતો : ૫)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. કહો, હું શરણ માગું છું, પરોઢના રબનું,

૨. દરેક તે વસ્તુની બૂરાઈથી જે તેણે પેદા કરી છે,

૩. અને રાત્રિના અંધકારની બૂરાઈથી જ્યારે કે તે છવાઈ જાય,

૪. અને ગાંઠોમાં ફૂંકનારાઓ (અથવા ફૂંકનારીઓ)ની બૂરાઈથી,

૫. અને ઈર્ષા કરનારાની બૂરાઈથી જ્યારે તે ઈર્ષ્યા કરે. (રુકૂઅ-૧)

(૧૧૪) સૂરઃ અન્-નાસ

(મક્કામાં અવતરિત થઈ • રુકૂઅ : ૧ • આયતો : ૬)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

૧. કહો, હું શરણ માગું છું મનુષ્યોના રબ (પ્રભુ-પાલનહાર)નું,

૨. મનુષ્યોના સમ્રાટનું,

૩. મનુષ્યોના સાચા ઉપાસ્ય (મઅ્બૂદ)નું,

૪. તે વસ્વસા (ભ્રમ, શંકા-કુશંકાઓ) નાખનારની બૂરાઈથી જે વારંવાર પાછો આવે છે,

૫. જે લોકોના હૃદયોમાં વસ્વસા નાખે છે,

૬. ચાહે તે જિન્નાતોમાંથી હોય કે મનુષ્યોમાંથી. (રુકૂઅ-૧)

تمّت بالخیر

دعاءِ ختم القرآن

اَللّٰهُمَّ اٰنِسْ وَحْشَتِیْ فِیْ قَبْرِیْ اَللّٰهُمَّ ارْحَمْنِیْ بِالْقُرْاٰنِ الْعَظِیْمِ وَاجْعَلْهُ لِیْ اِمَامًا وَّنُوْرًا وَّ
هُدًی وَّرَحْمَةً اَللّٰهُمَّ ذَكِّرْنِیْ مِنْهُ مَا نَسِیْتُ وَعَلِّمْنِیْ مِنْهُ مَا جَهِلْتُ وَارْزُقْنِیْ تِلَاوَتَهٗ اٰنَآءَ
الَّیْلِ وَاٰنَآءَ النَّهَارِ وَاجْعَلْهُ لِیْ حُجَّةً یَّا رَبَّ الْعٰلَمِیْنَ۝

અલ્લાહુમ્મ આનિસ્ વહ્શતિ ફી કબ્રી અલ્લાહુમ્મર્-હમની બિલ્-કુર્આનિલ્-અઝીમિ વ-જ્અલ્હૂ-લી ઇમામઁવ્-વ નૂરઁવ્-વ હુદઁવ્-વ રહ્માહ. અલ્લાહુમ્મ ઝક્કિર્ની મિન્હુ મા-નસીતુ વ-અલ્લિમ્ની મિન્હુ મા-જહિલ્તુ વ-ર્ઝુક્ની તિલાવતહૂ આના અલ્-લૈલિ વ-આના અન્-નહારિ વ જ્અલ્હૂ-લી હુજ્જતંઇ યા રબ્બલ્ આલમીન.

હે અલ્લાહ મારી કબરના ગભરાટને પ્રેમમાં બદલી નાખ. હે અલ્લાહ ! મારા પર મહાન કુર્આન દ્વારા દયા કર અને તેને મારો નાયક, પ્રકાશ, માર્ગદર્શક અને કૃપા બનાવ. હે અલ્લાહ ! તેમાંથી હું જે ભૂલી ગયો છું મને યાદ દેવડાવી દે, જે નથી જાણતો મને શીખવી દે, અને રાત અને દિવસની ક્ષણોમાં મને તેને પઢવાનું સૌભાગ્ય પ્રદાન કર. હે અલ્લાહ ! સમસ્ત સૃષ્ટિના માલિક અને પાલનહાર ! તેને મારા માટે દલીલ બનાવ.

કુર્આનના પારિભાષિક શબ્દોની ટૂંક-સમજૂતી

અલ્લાહ – ઈશ્વર, ખુદા. 'અલ્લાહ' શબ્દ વાસ્તવમાં 'અલ-ઈલાહ' હતો જે સામાન્ય પરિવર્તન પછી 'અલ્લાહ' બની ગયો. જે રીતે અંગ્રેજી ભાષામાં કોઈ શબ્દ પહેલાં The શબ્દ લગાવીને તેને વિશિષ્ટતા પ્રદાન કરી દેવામાં આવે છે તે જ રીતે અરબી ભાષામાં 'અલ' શબ્દ પ્રયુક્ત થાય છે. આ પ્રમાણે 'અલ્લાહ'થી અભિપ્રેત એક પ્રમુખ અને વિશિષ્ટ ઈલાહ (પૂજ્ય, ઉપાસ્ય) થયો. 'અલ્લાહ' આરંભથી જ તે સત્તાનું નામ રહ્યું છે જે સંપૂર્ણ સદ્‌ગુણોથી યુક્ત, સૃષ્ટિનો રચયિતા અને સૌનો સ્વામી અને પાલનહાર છે; જે સર્વોચ્ચ અને રહસ્યમય હોય, આપણી આંખો જેને જોવામાં અસફળ રહે, જે મનુષ્યનો શરણદાતા હોય, જેના તરફ પૂર્ણ અભિલાષાથી વળી શકાય, જેને સંકટ સમયે પોકારી શકાય, જે શાંતિ પ્રદાન કરી શકે, જે પોતાના બંદાઓ તરફ પ્રેમપૂર્વક વધતો હોય અને જેના તરફ બંદાઓ પણ પ્રેમપૂર્વક વધે, જે મનુષ્યનો પ્રિય અને અભીષ્ટ હોય, જેને મનુષ્ય પોતાનો આરાધ્ય અને પૂજ્ય બનાવી શકે. તેના સમાન કે સમકક્ષ અને તેનો ભાગીદાર કોઈ નથી. આ તમામ વિશેષતાઓ કેવળ અલ્લાહમાં જ હોય છે.

ઈલાહ – પૂજ્ય, ઉપાસ્ય, આરાધ્ય, પ્રભુ, ઈશ્વર. (જૂઓ : અલ્લાહ)

અઝાબ – યાતના, સજા, દંડ, કષ્ટ, દુ:ખ વગેરે. અલ્લાહ તે લોકોને જેઓ તેની નિર્ધારિત સીમાઓ-મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે અને અલ્લાહની આજ્ઞાઓને માનતા નથી, આલોક (દુનિયા) અને પરલોક (આખિરત)ના જીવનમાં અઝાબ આપે છે.

અન્સાર – 'નાસિર' શબ્દનું બહુવચન છે. નાસિરનો શાબ્દિક અર્થથાય છે – મદદ કરવાવાળો, સહાય કરવાવાળો. આમ, અન્સારનો અર્થ થયો સહાયતા કરવાવાળા, મદદ કરવાવાળા. ઈસ્લામમાં 'અન્સાર' તે મદીનાવાસી મુસલમાનોને કહેવામાં આવ્યા છે, જેમણે પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.ને અને આપના મક્કાના સાથીઓને મક્કા શહેરથી હિજરત કરીને મદીના પહોંચ્યા પછી પોતાના ઘરોમાં રહેવાની વ્યવસ્થા કરી આપી હતી અને તેમની દરેક પ્રકારની સહાયતા કરી હતી.

અંતિમ દિવસ – તેનાથી અભિપ્રેત તે દિવસ છે જ્યારે કે અલ્લાહ લોકોના કર્મોનો હિસાબ-કીતાબ કરશે અને તેમને તેમના કર્મો અનુસાર ઈનામ કે સજા આપશે. કુર્આનમાં તેના માટે – 'યવમુલ્ આખિર, યવમુલ જઝા, યવમુલ કિયામહ, યવમુદ્દીન' વગેરે શબ્દો પ્રયુક્ત થયા છે. આ દિવસની સૂચના દરેક પયગંબરે–ઈશદૂતે આપી છે અને જેનો ઉલ્લેખ તમામ આકાશી ગ્રંથોમાં થયો છે.

અર્ -રસ્સવાળા – એક પ્રાચીન જાતિનું નામ છે. આ જાતિના લોકોને કુર્આનમાં અર્-રસ્સવાળા કહેવામાં આવ્યા છે. આ જાતિનો ઉલ્લેખ કુર્આનમાં

'આદ' અને 'સમૂદ' જાતિઓના સાથે થયો છે. એક સ્થળે 'અર્-રસ્સવાળા'ના સાથે પયગંબર હઝરત નૂહ (અલૈ.)ની જાતિનો ઉલ્લેખ થયો છે. કેટલાક વિદ્વાનોના મતાનુસાર 'અર્-રસ' કોઈક સ્થળ-વિશેષનું નામ છે. આમ તો અરબી ભાષામાં 'અર્-રસ' પુરાણા કૂવા કે અંધારિયા કૂવાને કહે છે.

અરફાત – આનું સાચું નામ 'અર્ફા' છે, પરંતુ 'અરફાત'ના નામથી પ્રસિદ્ધ છે. આ મક્કા શહેરથી પૂર્વ દિશા તરફ તાઈફના માર્ગમાં સ્થિત એક વિશાળ મેદાન છે. તેનું અંતર મક્કા શહેરથી ૧૩ માઈલ અને મિનાથી ૯ માઈલ છે. આ મેદાનની પહોળાઈ ૪ માઈલ (આશરે ૬.૪ કિ.મી.) અને લંબાઈ ૮ માઈલ (આશરે ૧૨.૮ કિ.મી.) છે. આ ઉત્તરની દિશાથી આ જ નામના એક પહાડથી ઘેરાયેલ છે. આ જ તે મેદાન છે જ્યાં હજ્જ કરનારાઓએ અરબી મહિના 'ઝિલહિજ્જા'ની ૯મી તારીખે સૂર્ય ઢળવાથી (મધ્યાહ્ન)થી લઈને સાંજે સૂર્યાસ્ત સુધી રોકાણ કરવું અનિવાર્ય છે. કોઈ વ્યક્તિ જે હજ્જ-યાત્રા માટે ગયો હોય છે, ઉપરોક્ત અવધિમાં આ મેદાનમાં ન પહોંચી શક્યો તો તેની હજ્જ નહીં થાય. આ જ કારણ છે કે ઇસ્લામના કેટલાક વિદ્વાનોનો મત છે કે હજ્જ વાસ્તવમાં ઉપરોક્ત અવધિમાં આ મેદાનમાં ઉપસ્થિત થવાનું નામ છે.

અર્શ – અર્શ એટલે રાજ-સિંહાસન કે તખ્ત. કુર્આનમાં આનાથી અભિપ્રેત ઈશ્વરનું સિંહાસન છે. અલ્લાહના રાજ-સિંહાસન પર બિરાજમાન થવાનો એક સ્પષ્ટ અર્થ એ પણ થઈ શકે છે કે અલ્લાહ ન માત્ર સંપૂર્ણ સૃષ્ટિનો નિર્માતા છે, બલ્કે સંપૂર્ણ સૃષ્ટિ તેના જ આધીન છે, તે જ તેને ચલાવી રહ્યો છે. તે સૃષ્ટિની રચના કરીને તેનાથી અલિપ્ત કે અલગ થઈ ગયો નથી. વિશ્વ અને તે સાથે સમગ્ર સૃષ્ટિની વ્યવસ્થા અને શાસનની ધૂરા તેના હાથમાં જ છે. તાત્પર્ય એ છે કે મનુષ્ય પોતાની સમજ-શક્તિની મર્યાદામાં રહીને સમજી શકે તે પ્રકારનો શબ્દ અહીં પ્રયુક્ત કરવામાં આવ્યો છે.

અલ-આ'રાફ – 'આ'રાફ' વિશિષ્ટ ઊંચા સ્થાનને કહે છે, જેના ઉપર અલ્લાહના વિશિષ્ટ પ્રિય બંદાઓ બિરાજશે.

અલ-હિજ્ર – આ 'સમૂદ' જાતિનું કેન્દ્રીય નગર હતું. મદીનાથી તબૂક જતા માર્ગમાં આ સ્થળ આવેલું છે. આ નગરના ખંડેરો આજે પણ જોવા મળે છે.

અસ્ર – (૧) દિવસનો ચોથો પહોર. તેથી તે નમાઝ જે થોડો દિવસ રહી જાય ત્યારે પઢવામાં આવે છે તેને અસ્રની નમાઝ કહે છે. આનો સમય દિવસ આથમે ત્યાં સુધી રહે છે. અરબી ભાષામાં 'અસ્ર' વાસ્તવમાં 'કાળ'ને કહે છે. તેમાં કાળના તીવ્ર ગતિથી વિતી જવાનો સંકેત હોય છે. આ શબ્દ પહેલાં વિતી ગયેલ સમય, યુગ માટે પણ પ્રયોજાય છે. તેથી દિવસના અંતિમ હિસ્સાને, જ્યારે દિવસ વિતીને જાણે પૂર્ણપણે નિચોવાઈ ગયો હોય, 'અસ્ર' કહેવામાં આવે છે.

આદ – અરબસ્તાનની એક પ્રાચીન જાતિનું નામ છે. અરબી ભાષાના પ્રાચીન કાવ્યોમાં આ જાતિનો વધુ ઉલ્લેખ મળે છે. જે રીતે તેની પ્રતિષ્ઠા વધી હતી, તે રીતે ધરતી પરથી તેનું વિનષ્ટ થઈ જવું પણ લોકોક્તિ બનીને રહી ગયું. આ જાતિ 'અહકાફ' નામના ક્ષેત્રમાં વસતી હતી જે હિજાજ, યમન અને યમામાના વચ્ચે પડે છે. હાલ તે વેરાન છે. તેને જોઈને કોઈ એવું કહી શકતું નથી કે અહીં ક્યારેક કોઈ શક્તિશાળી અને વૈભવશાળી લોકો આબાદ હતા. આજે તે એવી મરુભૂમિ છે જ્યાં જવાનું કોઈ સાહસ કરતું નથી. પયગંબર હઝરત નૂહ (અલૈ.)ની જાતિના વિનષ્ટ થઈ ગયા પછી આ જ જાતિ દરેક રીતે તેની ઉત્તરાધિકારી હતી. આ જાતિના લોકો ઊંચા-ઊંચા સ્તંભોવાળા ભવનો, મહેલોનું નિર્માણ કરતા હતા. તેમના ત્યાં હઝરત હૂદ (અલૈ.)ને પયગંબર બનાવીને મોકલવામાં આવ્યા, પરંતુ દુર્ભાગ્યવશ આ જાતિ સન્માર્ગ ઉપર આવી ન શકી અને અનેકેશ્વરવાદમાં ગ્રસ્ત થઈ ગઈ, છેવટે તેનો નાશ થઈને રહ્યો. ઈ.સ. ૧૮૩૭માં એક અંગ્રેજને એક પ્રાચીન શિલાલેખ મળ્યો હતો, જેમાં હઝરત હૂદ (અલૈ.)નો ઉલ્લેખ હતો. આ લેખથી જ્ઞાત થાય છે કે આ તે લોકોનો લેખ છે, જે આ પયગંબરના અનુયાયી હતા.

આખિરત – પરલોક, પારલૌકિક જીવન, Hereafter. કુર્આન અનુસાર વર્તમાન લોકની મુદ્દત સીમિત અને નિશ્ચિત છે. એક સમય આવશે કે આ સૃષ્ટિની વ્યવસ્થા છિન્ન-ભિન્ન થઈ જશે. પછી અલ્લાહ એક નવીન લોકનું નિર્માણ કરશે, જેના નિયમો વર્તમાન લોકથી તદ્દન ભિન્ન હશે. જે કંઈ આજે છૂપાયેલ છે, આંખોથી ઓઝલ છે તે તે લોકમાં પ્રત્યક્ષ અને પ્રગટ થઈ જશે.આલોકમાં કે દુનિયાના જીવનમાં લોકોએ જે કંઈ સારું-ખરાબ કે સાચું-ખોટું કર્યું-કરાવ્યું હશે, તે તેમના સામે આવી જશે. અલ્લાહના આજ્ઞાંકિત લોકોનું ઠેકાણું જન્નત (સ્વર્ગ) હશે અને અલ્લાહના અવજ્ઞાકારી અને વિદ્રોહી લોકોને જહન્નમ (નર્ક)માં ઝોંકી દેવામાં આવશે.

આયત – નિશાની, ચિહ્‌ન, સંકેત, Sign વગેરે. 'આયત'થી કોઈ વસ્તુને આપણે પ્રમાણિત રૂપ આપીએ છીએ, તેનાથી પ્રમાણ તરફ સંકેત મળે છે. કુર્આનમાં 'આયત' શબ્દ ત્રણ અર્થોમાં પ્રયોજાયો છે. (૧) પ્રાકૃતિક લક્ષણો, તથ્યો અને ઐતિહાસિક ઘટનાઓને પણ 'આયત' કહેવામાં આવ્યા છે. એટલા માટે કે તેનાથી આપણને તે સચ્ચાઈઓની જાણકારી મળે છે જે આ ભૌતિક જગતમાં ક્રિયાશીલ છે. (૨) તે ચમત્કારોને પણ આયત કહેવામાં આવ્યા છે, જેને અલ્લાહના પયગંબરો પોતાના પયગંબર હોવાના પ્રમાણ સ્વરૂપે બતાવતા હતા. (૩) કુર્આનના વાક્યાંશ કે વાક્યને પણ 'આયત' કહેવામાં આવે છે. કુર્આનના વાક્યોમાં જે વિલક્ષણતા અને વિશેષતા જોવા મળે છે તે એ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ છે કે કુર્આનનું અવતરણ અલ્લાહ તરફથી થયું છે અને તે ઈશવાણી છે. 'આયત' અને દલીલ કે પ્રમાણમાં ભેદ છે. દલીલ કે પ્રમાણ વાસ્તવમાં 'આયત' પર જ નિર્ભર છે.

ઇંજીલ – આ યુનાની શબ્દ છે. તેનો શબ્દાર્થ છે 'શુભ-સૂચના'. હઝરત ઈસા મસીહ (અલૈ.) આકાશી શાસન કે અલ્લાહના શાસન (બાદશાહત)ની શુભ-સૂચના આપતા હતા. ઈસાઇઓના મતાનુસાર તેથી જ ઈસા (અલૈ.) પર અવતરિત ગ્રંથને ઇંજીલ કહેવામાં આવે છે. પરંતુ મુસલમાનોના માનવા પ્રમાણે ઇંજીલ એટલા માટે શુભ-સૂચના છે કે તેમાં પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)ના આગમનની સૂચના આપવામાં આવી છે અને અલ્લાહના શાસનનો સંબંધ પણ વાસ્તવમાં તેમના આગમનથી જ છે.

ઇંજીલ વાસ્તવમાં પયગંબર હઝરત ઈસા મસીહ (અલૈ.)ના અંતિમ સમયના અઢી-ત્રણ વર્ષના તે કથનો અને પ્રવચનોનો સંગ્રહ છે જે તેમણે અલ્લાહ તરફથી આપ્યા હતા. આપના જીવન-કાળ દરમ્યાન તેને લિપિબદ્ધ કરી શકાયા કે નહીં, તે અંગે કંઈ કહી શકાય તેમ નથી. કેટલીક મુદ્દત પશ્ચાત આપના જીવન-ચરિત્ર પર વિભિન્ન પુસ્તકો લખવામાં આવ્યા, તો તેમાં આપના તે પ્રવચનો અને વચનોને પણ વિભિન્ન જગ્યાએ અંકિત કરી દેવામાં આવ્યા, જે તે પુસ્તકોના લેખકો સુધી જન-શ્રુતિઓ કે સ્મૃતિ-પત્રો દ્વારા પહોંચ્યા હતા. આજે જે ઇંજીલો મત્તા, મરકુસ, લૂકા અને યૂહન્નાના નામથી જોવા મળે છે તે વાસ્તવમાં ઇંજીલ નથી.

ઇદ્દત – અર્થાત્ ગણત્રી. ઇસ્લામી પરિભાષામાં 'ઇદ્દત' તે સમયાવધિને કહે છે જેના પૂરો થયા પહેલાં વિધવા કે તલાક પામેલ સ્ત્રીઓ બીજા લગ્ન કરી શકતી નથી. પતિના અવસાન પછી ઇદ્દતની મુદ્દત ૪ મહિના ૧૦ દિવસ છે અને તલાક પામેલ સ્ત્રીઓની ઇદ્દત ત્રણ વખતના રજસ્રાવ સુધી છે. ત્રણ મહિનાની ઇદ્દત તે વૃદ્ધ સ્ત્રીઓની છે જે રજસ્રાવથી નિરાશ થઈ ચૂકી હોય. તે યુવતીઓની ઇદ્દત પણ ત્રણ મહિના રાખવામાં આવી છે જે હજુ રજસ્વલા થઈ નથી. ગર્ભવતી સ્ત્રીઓની ઇદ્દત બાળક જન્મવા સુધી છે. તલાક પામેલ સ્ત્રીની ઇદ્દત સાથે તે પણ આદેશ આપવામાં આવ્યો છે કે આ મુદ્દતમાં તે સ્ત્રીને તેના માતૃગૃહે મોકલવામાં ન આવે, ન તે ત્યાં જાય, બલ્કે તે પતિના ઘરમાં જ રહે, એટલા માટે કે સાથે રહેવાથી સંભવ છે કે ફરી પતિ-પત્ની વચ્ચે મેળ-મેળાપ થઈ જાય.

ઇબલીસ – અર્થાત્ અત્યંત નિરાશ, શોકગ્રસ્ત, ઇન્કાર કરનાર. આ તે જિન્નનું ઉપનામ છે જેણે અલ્લાહના આદેશની અવહેલના કરીને હઝરત આદમ (અલૈ.) આગળ ઝૂકવાથી ઇન્કાર કરી દીધો હતો અને પછી એ નિશ્ચય કર્યો હતો કે તે આદમની સંતાનને સત્ય-માર્ગથી વિચલિત કરવાનો પ્રયાસ કરતો રહેશે.

ઇબાદત – અર્થાત્ દાસ્યભાવ, વિનમ્રતા, વિનીતભાવ, કોઈકના સામે આજીજીપૂર્વક પૂર્ણપણે ઝૂકી જવું. 'ઇબાદત'માં પ્રેમ, તીવ્ર આકર્ષણ, લગાવ અને ઊંડી રુચિનો અર્થ પણ સામેલ છે. ઇબાદતનો સંબંધ મનુષ્યના સંપૂર્ણ જીવન સાથે છે. તેથી ઇબાદતનો અર્થ જ્યાં પૂજા, ઉપાસના (Worship) થાય છે ત્યાં આ શબ્દ બંદગી, દાસતા, આજ્ઞાપાલન અને આચરણના અર્થમાં પણ પ્રયુક્ત થાય છે.

ઈશા – રાત્રિનો પ્રથમ પહોર કે રાત્રિનો અંધકાર. તેથી તે નમાઝ જે સૂર્યાસ્ત પછી પશ્ચિમ દિશાની લાલિમા સમાપ્ત થઈ ગયા પછી પઢવામાં આવે છે તેને ઈશાની નમાઝ કહેવામાં આવે છે. તેનો સમય પ્રાતઃકાળનું પરોઢ નીકળે તે પહેલાં સુધી રહે છે, પરંતુ ઉત્તમ એ છે કે આ નમાઝ રાત્રિના પહેલા પહોરમાં પઢી લેવામાં આવે.

ઈસ્લામ – વિનમ્રતા, વિનીત, આજ્ઞાપાલન, આત્મસમર્પણ, પૂર્ણરૂપે કોઈ બીજાના થઈ જવું (Complete Submission), સ્વેચ્છાએ આધીનતાનો સ્વીકાર કરવો. અલ્લાહ સમક્ષ સ્વયંને સમર્પિત કરી દેવું અને તેની આજ્ઞાનું પાલન કરવાનું જ બીજું નામ ઈસ્લામ છે. ઈસ્લામનો બીજો પ્રચલિત અર્થ છે સુલેહ, શાંતિ, કુશળતા, સંરક્ષણ, શરણ વગેરે. પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)એ કહ્યું છે : ''ઈસ્લામ ગ્રહણ કરો, (બરબાદી અને વિનાશથી) બચી જશો.'' આપ (સલ્લ.)એ એવું પણ કહ્યું કે : ''જે વ્યક્તિ પણ આમાં (ઈસ્લામમાં) આવી ગઈ સલામત (સુરક્ષિત) રહી.''

ઈહરામ – હજ્જ કે ઉમરા કરવાવાળા લોકો મક્કા શહેર પહોંચ્યા પહેલાં એક નિશ્ચિત સ્થળે સ્નાન (ગુસ્લ) કરીને એક વિશેષ પ્રકારનું ફકીરી વસ્ત્ર ધારણ કરે છે અને 'તલ્બિયા' (એક વિશેષ દુઆ-પ્રાર્થના) કહે છે – આ જ ઈહરામ છે. આ વસ્ત્રમાં માત્ર એક સિવ્યા વગરની લુંગી (વસ્ત્ર) અને એક ચાદર હોય છે, જેને ઉપરથી ઓઢી લેવામાં આવે છે. મહિલાઓ માટે ઈહરામ સીવેલાં વસ્ત્રો જ હોય છે. આ વસ્ત્રો ધારણ કર્યા પછી ઘણી ચીજ-વસ્તુઓ માણસ પર હરામ (અવૈધ) થઈ જાય છે જે સામાન્ય સ્થિતિમાં હરામ નથી હોતી. જેમ કે સુગંધનો પ્રયોગ, વાળ કપાવવા, સાજ-શણગાર અને પતિ-પત્ની વચ્ચે જાતીય-સંબંધ વગેરે. આવી વસ્તુઓના હરામ હોવાના કારણે જ આ વસ્ત્રને ઈહરામ કહે છે. ઈહરામની સ્થિતિમાં કોઈ જીવની હત્યા કરવાની, કોઈ જાનવરનો શિકાર કરવાની કે કોઈ શિકારીને શિકારનું ઠેકાણું બતાવવાની પણ મનાઈ છે.

ઈમાન – આસ્થા, વિશ્વાસ, શ્રદ્ધા, માનવું. ઈમાન વાસ્તવમાં પુષ્ટિ કરવા અને માનવાને કહે છે. તેનો વિરોધાર્થી છે કુફ્ર જેનો અર્થ છે ઇન્કાર, ખોટું ઠેરવવું, અસ્વીકાર કરવો, અવમાનના. વિશ્વાસનો વિરોધાર્થી છે શંકા, સંદેહ, અવિશ્વાસ. ઈમાન તે વિશ્વાસને કહે છે જેના સાથે શ્રદ્ધા પણ હોય, વિનમ્રતા અને ભય પણ હોય અને તે સાથે આસ્થા અને ભરોસો પણ હોય. ઈસ્લામમાં ઈમાન એક વિસ્તૃત અને વ્યાપક અર્થ રાખે છે.

ઈમાન લાવવું – માનવું, વિશ્વાસ કરવો, સ્વીકાર કરવો. ઈસ્લામી પરિભાષામાં તે વાતોને પૂર્ણ વિશ્વાસથી માનવી જે ઈસ્લામે પ્રસ્તુત કરી છે. જેમ કે અલ્લાહ પર ઈમાન, તેના રસૂલો–ઈશદૂતો પર ઈમાન, આખિરત (પરલોક) પર ઈમાન, અંતિમ આકાશી ગ્રંથ કુર્આન અને અન્ય આકાશી ગ્રંથો પર ઈમાન વગેરે.

ઈમાનવાળા – તે વ્યક્તિ જે ઈમાન લાવે, તે વાતો પર જેની શિક્ષા ઈસ્લામે આપી છે.

ઈસાઈ – પયગંબર હઝરત ઈસા મસીહ (અલૈ.)ના અનુયાયી હોવાનો દાવો કરનાર, ખ્રિસ્તી.

ઉમરા – નિર્માણ, શોભા, આબાદી. ઈસ્લામી પરિભાષામાં 'ઉમરા' પણ હજ્જની જેમ એક ઈબાદત છે જે કા'બાની ઝિયારત (દર્શન)ના રૂપે કરવામાં આવે છે. હજ્જ અને ઉમરામાં ભેદ છે. હજ્જ સામર્થ્યવાન માટે અનિવાર્ય છે, પરંતુ ઉમરા અનિવાર્ય નથી. હજ્જનો સમય નિશ્ચિત છે, પરંતુ ઉમરા કોઈ પણ સમયે કરી શકાય છે. હજ્જ સામૂહિક રૂપે કરવાની હોય છે, ઉમરા એકલા પણ અદા કરી શકાય છે. ઉમરામાં હજ્જની અમુક જ રીતિઓનું પાલન કરવાનું હોય છે.

ઉમ્મી – એ વ્યક્તિ કે જાતિને કહે છે જે નિરક્ષર હોય કે જેની પાસે અક્ષરજ્ઞાન ન હોય અથવા જેના પાસે કોઈ આકાશી ગ્રંથ કે પુસ્તિકાઓ ન હોય.

એ'તિકાફ – શાબ્દિક અર્થ સ્વયંને કોઈ વસ્તુથી સંબદ્ધ કરી રાખવાનો છે. પરંતુ ઈસ્લામી શરીઅતમાં એતિકાફ નિયતની સાથે મસ્જિદમાં રોકાઈ રહેવા અને બધાથી કપાઈને રહેવાને કહે છે. તેનો ભાવાર્થ 'એકાંતવાસ' પણ લઈ શકાય છે, પરંતુ તેમાં અલ્લાહના સ્મરણનું હોવું અનિવાર્ય છે. રમઝાનના અંતિમ દસ દિવસો એકવીસમી રાત્રિથી લઈને ચાંદ દેખાવા સુધી એતિકાફ કરવું 'સુન્નતે મુહક્કદા કિફાયા' છે. અર્થાત્ કોઈ વસ્તી કે મહોલ્લામાં મસ્જિદ અને મુસલમાનો હોય અને આ એતિકાફ ન કરવામાં આવે તો તમામ મુસલમાનો ગુનેગાર હશે અને જો એક વ્યક્તિએ પણ એતિકાફ કરી લીધો તો બધા તરફથી તે અદા થઈ જશે. એ'તિકાફની સ્થિતિમાં કેવળ વ્યક્તિ માટે એતિકાફની જગ્યા (જેમ કે મસ્જિદ અથવા ઘર)થી કોઈ આવશ્યક કામ વિના બહાર નીકળવું અવૈધ છે. જો તે જગ્યાએ પેશાબ-જાજરૂની વ્યવસ્થા ન હોય તો બહાર નીકળી શકાય છે, પણ તેનાથી નિવૃત્ત થઈને તરત જ પાછા આવવું શરત છે. તે જ રીતે જો તે કોઈ એવી મસ્જિદમાં છે તો જુમ્આની નમાઝ માટે પણ તે જુમ્આ મસ્જિદ જઈ શકે છે. જો ભોજનનો પ્રબંધ મસ્જિદમાં ન થઈ શકે તો ભોજન માટે પણ તે બહાર નીકળી શકે છે. એતિકાફની સ્થિતિમાં પ્રત્યેક ક્ષણ ઈબાદત અને અલ્લાહના સ્મરણ મગ્ન રહેવું ઉત્તમ ગણવામાં આવે છે અને તેનાથી સહેજ પણ બેદરકારી અપ્રિય છે. પતિ-પત્ની વચ્ચે શારીરિક સંબંધ, ચાહે વાસનાના આવેગ હેઠળ હોય કે ઈચ્છાપૂર્વક, અવૈધ છે. આ જ પ્રમાણે અશ્લીલ વિચારોનું મનમાં લાવવું અને તે પ્રકારની વાતો કરવી પણ અવૈધ છે.

ઐકાવાળા – ઐકા તબૂકનું પ્રાચીન નામ છે. ઐકાનો શાબ્દિક અર્થ ઘનઘોર જંગલ થાય છે. મદયનવાળા અને ઐકાવાળા એક જ વંશના બે કબીલા હતા. તેમના વિસ્તારો એકબીજાથી મળેલા હતા. વેપાર તેમનો વ્યવસાય હતો.

બંને કબીલાઓના માર્ગદર્શન માટે હઝરત શુઐબ (અલૈ.)ને અલ્લાહે પયગંબર બનાવીને મોકલ્યા હતા.

કફ્ફારા – પ્રાયશ્ચિત (Expiation). કોઈ ગુના કે પાપના દોષથી મુક્ત થવા માટે કરવામાં આવતો ઉપાય અથવા ધાર્મિક કાર્ય 'કફ્ફારા' કહેવાય છે. તેનો શાબ્દિક અર્થ છે, છૂપાવવાવાળી વસ્તુ. સદ્કાર્ય કે નેક કાર્ય ગુના કે પાપને ઢાંકી લે છે અને તેની અસરને દૂર કરી દે છે. આજ દૃષ્ટિથી તે કાર્યોને 'કફ્ફારા' કહેવામાં આવ્યા છે જે દોષ-મુક્ત થવા માટે કરવામાં આવે છે. વિભિન્ન ગુના કે પાપનો કફ્ફારો કુર્આનમાં નિશ્ચિત કરી દેવામાં આવેલ છે.

કાફિર – કુફ્ર કરનાર, ઈન્કાર કરનાર, ધર્મવિરોધી, સત્યને છૂપાવનાર, અકૃતજ્ઞ, અપકારી. તે લોકો જેઓ તે સચ્ચાઈઓને માનવા અને સ્વીકારવાનો ઈન્કાર કરે છે જેની શિક્ષા અલ્લાહ અને તેના પયગંબરે આપી છે. આ શબ્દ કુર્આનમાં જુદાજુદા અર્થમાં વિષયાનુરૂપ પ્રયુક્ત થયો છે.

કાબા – મક્કા શહેરમાં આવેલ તે પ્રતિષ્ઠિત અને પવિત્ર ઘર જે વિશુદ્ધ એકેશ્વરવાદનું પ્રતીક છે, જેની દીવાલો અલ્લાહની આજ્ઞાથી પયગંબરો હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)એ ઊભી કરી હતી. આ ઘરને અલ્લાહે સંપૂર્ણ માનવ-જાત માટે ધર્મ-કેન્દ્ર નિયત કર્યું છે. તેના જ તરફ મોઢું કરીને નમાઝ પઢવામાં આવે છે.

કિતાબ – આ શબ્દ કુર્આનમાં ઘણા અર્થોમાં વપરાયો છે.

(૧) અલ્લાહનો કલામ (વાણી) જે તેણે ઈશદૂતો પર અવતરિત કર્યો. આખા પુસ્તક કે ગ્રંથને પણ 'કિતાબ' કહે છે, તેના કોઈ ભાગ કે ખંડને પણ 'કિતાબ' કહે છે. (૨) આદેશ, હુકમ, અનિવાર્ય ધર્મવિધાન, કાનૂન, શરીઅત. (૩) અલ્લાહનો તે અભિલેખ, દસ્તાવેજ (Record) જેમાં દરેક વસ્તુ અંકિત છે. (૪) તે પુસ્તક જેમાં ફેંસલાઓ-નિર્ણયો અંકિત છે. (૫) પત્રના અર્થમાં પણ તેનો પ્રયોગ થયો છે. (૬) તે કર્મપત્રક જેમાં મનુષ્યના પોતાના સારાં-ખરાબ કાર્યોનું વિવરણ આપવામાં આવ્યું હશે. સારા લોકોને તેમનું કર્મપત્રક તેમના જમણા હાથમાં અને ખરાબ લોકોને તેમનું કર્મપત્રક તેમના ડાબા હાથમાં આપવામાં આવશે. (૭) ભાગ્ય, નિયતિ, તકદીર, પૂર્વ નિર્ધારિત વાત.

કિતાબવાળા (અહલે કિતાબ) – કુર્આનમાં કિતાબવાળા કે અહલે-કિતાબ તે લોકોને કહેવામાં આવ્યા છે જેમને અલ્લાહ તરફથી કિતાબ-ગ્રંથ પ્રદાન થયો હતો. આ સંકેત છે યહૂદીઓ અને ઈસાઈઓ તરફ જેમને અલ્લાહે 'તૌરાત' અને 'ઈંજીલ' નામે ગ્રંથો પ્રદાન કર્યા હતા. પરંતુ અફસોસ કે કાળાંતરે તેમના અનુયાયીઓએ તેમને વિકૃત કરી નાખ્યા.

કિબલા – તે વસ્તુ જે માણસના સન્મુખ રહે અને જેના તરફ તેનું

ધ્યાન આકૃષ્ટ હોય. ઇસ્લામી પરિભાષામાં તેનાથી અભિપ્રેત તે દિશા છે જેના તરફ મોઢું કરીને નમાઝ પઢવામાં આવે છે, અર્થાત્ કાબા.

કિબ્તી – મિસર (ઇજીપ્ત)ના પ્રાચીન નિવાસી. આ અનેકેશ્વરવાદી હતા. મૂર્તિઓની પૂજા કરતા હતા. મિસરમાં ઇસરાઈલની સંતાન જ્યારે ગુલામીનું જીવન વિતાવી રહી હતી, તે વખતે જે જૂથનું દેશમાં શાસન હતું તેનો સંબંધ આ જ 'કિબ્તી' જાતિથી હતો.

કિબ્લ-એ-ઊલા – પહેલાં મુસલમાનો પેલેસ્ટાઈનની મસ્જિદ બૈતુલ-મકદિસ તરફ ચહેરો કરીને નમાઝ પઢતા હતા, તેથી બૈતુલ-મકદિસને કિબ્લ-એ-ઊલા કહે છે. (જૂઓ : કિબ્લા)

કયામત – પુનરુત્થાન અથવા મહાપ્રલય. આનાથી અભિપ્રેત એક એવો દિવસ છે જ્યારે વર્તમાન લોક અર્થાત્ સૃષ્ટિની વ્યવસ્થા છિન્ન-ભિન્ન થઈ જશે અને તમામ જીવધારી મરી જશે. તેના પછી અલ્લાહ એક બીજી સૃષ્ટિની રચના કરશે. તમામ લોકોને પુનઃ જીવિત કરીને ઉઠાવવામાં આવશે અને તેમને તેમના પોતાના કર્મોનો બદલો આપવામાં આવશે. આ જ દિવસ કયામત કે કિયામતનો દિવસ હશે.

કિસાસ કે કસાસ – હત્યાદંડ (Retaliation). ઇસ્લામી ધર્મ-વિધાન (શરીઅત)માં હત્યા કરનાર હત્યારાને હત્યાદંડ સ્વરૂપે કતલ કરી નાખવામાં આવશે અથવા ક્ષમાદાનની સ્થિતિમાં મારી નાખવામાં આવેલ વ્યક્તિના વારસોને કંઈક માલ-ધન અપાવવામાં આવશે, આને 'કિસાસ' કે 'કસાસ' કહે છે. ક્ષમા કરવાનો અધિકાર મારી નાખવામાં આવેલ વ્યક્તિના વારસોને પ્રાપ્ત હોય છે. કિસાસને લાગુ ન કરવું આખા સમાજ માટે જોખમની વાત છે. કોઈ પણ સમાજમાં એ સૌથી મોટી આવશ્યકતા છે કે મનુષ્યના પ્રાણોની રક્ષા કરવામાં આવે. જો કોઈ વ્યક્તિ અકારણ કે નાહક રીતે કોઈની હત્યા કરી નાખે છે તો તેનો અર્થ એ છે કે તે વ્યક્તિ સમાજની તે મર્યાદાનું ઉલ્લંઘન કરી રહ્યો છે જેનાથી માનવ-પ્રાણની સુરક્ષા થાય છે. તેથી કુર્આનમાં છે કે, 'કિસાસમાં તમારા માટે જીવન છે.'

કુફ્ર – અધર્મ, ઇન્કાર, અકૃતજ્ઞતા. કુફ્રનો શાબ્દિક અર્થ થાય છે ઢાંકવું, છૂપાવવું, આવરણ નાખવું. તેનું નામવાચક 'કાફિર' થાય છે, જેનો અર્થ થાય છે – છૂપાવનાર, ઢાંકનાર, પરદો નાખનાર. ઇસ્લામ મનુષ્યનો સ્વભાવિક ધર્મ છે અને તેની પ્રકૃતિની અપેક્ષા છે. ઇસ્લામનો ઇન્કાર કરનાર વાસ્તવમાં પોતાની સહજ અને નિર્મળ પ્રકૃતિ અને સ્વભાવ પર અજ્ઞાનતાનો પડદો નાખે છે, જેને લઈને તે જન્મ્યો છે અને તેનાથી અન્ય માર્ગ પર ચાલતો રહે છે, તેથી આવા માણસને કાફિર કહેવામાં આવે છે.

કુર્આન – અલ્લાહના અંતિમ ગ્રંથનું નામ જે પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.) પર અવતરિત થયો છે. તેનો શાબ્દિક અર્થ થાય છે – પઢવું, વાંચવું.

આમ, આ ગ્રંથનું નામ જ એ દર્શાવે છે કે આ ગ્રંથ એટલા માટે અવતરિત થયો છે કે તેનો વધુમાં વધુ પાઠ કરવામાં આવે અને જગતના સૌ લોકો તેનો પાઠ કરીને પોતાના જીવનના માર્ગ નિશ્ચિત કરે. આ ગ્રંથને કુર્આન કહેવું એવું જ છે જેમ કે કોઈક અત્યંત સુંદર વ્યક્તિને 'સૌંદર્ય'નો ઇલ્કાબ પ્રદાન કરી દેવામાં આવે.

કુરબાની – બલિદાન. જાનવર કે ચોપાયાને અલ્લાહના નામે કુરબાન કરવાની ક્રિયાને પણ કુરબાની કહેવામાં આવે છે. એવી વસ્તુ જેના દ્વારા અલ્લાહનું સામીપ્ય પ્રાપ્ત કરી શકાય, અલ્લાહની પ્રદાન કરેલ વસ્તુને કૃતજ્ઞતાપૂર્વક તેને અર્પિત કરવું પણ કુરબાની કહેવાય છે. કુરબાનીની ક્રિયા વાસ્તવમાં પોતાની દરેક વસ્તુ, ત્યાં સુધી કે પોતાના પ્રાણને પણ અલ્લાહને અર્પણ કરવાનું બાહ્ય પ્રદર્શન છે. જાનવરનું લોહી વહાવીને વાસ્તવમાં એ પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે જો અલ્લાહ કાજે અમને પોતાના પ્રાણ ન્યોછાવર કરવા પડે તો તેમાં કદાપિ કોઈ સંકોચ નહીં થાય. કુરબાની આત્માને શુદ્ધ કરવાનો એક ઉપાય પણ છે. તેથી કુરબાનીની પ્રથા કે પ્રણાલિકા સમસ્ત પ્રાચીન જાતિઓમાં પણ રહી છે અને તેને અલ્લાહને પ્રસન્ન કરવાનું એક માધ્યમ પણ સમજવામાં આવ્યું છે. કુરબાની હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ની યાદગાર છે. હઝરત ઇબ્રાહીમ (અલૈ.)એ પોતાના પુત્રને અલ્લાહ માટે કુરબાન કરવાની ઇચ્છા કરી તો આ કુરબાની બીજા સ્વરૂપે સ્વીકાર કરવામાં આવી. જાનવરની કુરબાનીની હેસિયત એક 'ફિદયા'ની પણ છે. જાનવરની કુરબાની આપીને આપણે આપણા પ્રાણોને મુક્ત કરાવી લઈએ છીએ, જો કે આપણા પ્રાણો આપણને પરત આપવામાં આવતા નથી, બલ્કે આપણી અમાનતમાં તેમને સોંપી દેવામાં આવે છે જેથી જ્યારે પણ જરૂર પડે, આપણે તેમને અલ્લાહ માટે ન્યોછાવર કરી દઈએ. ઇસ્લામની હકીકત પણ વાસ્તવમાં કુરબાનીની જ છે. તેમાં વ્યક્તિ સ્વયંને અર્પણ કરી દે છે. (જુઓ : ઇસ્લામ) .

કુરૈશ – હઝરત ઇસ્માઈલ (અલૈ.)ની સંતતિમાં નજ્ર બિન કનાનાના વંશથી સંબંધ રાખવાવાળો એક પ્રતિષ્ઠિત કબીલો. પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.) આ જ કબીલામાં જન્મ્યા હતા.

ખલીફા – પ્રતિનિધિ, નાયક, નાયબ, કોઈના પછી આવનાર ઉત્તરાધિકારી. પ્રતિનિધિના અર્થમાં ખલીફા તે વ્યક્તિ હોય છે જે માલિકે પ્રદાન કરેલ સત્તા અને અધિકારોનો પ્રયોગ તેના આદેશાનુસાર જ કરે છે. તે પોતાને સ્વામી અને માલિક નથી સમજતો અને વાસ્તવિકતા એ છે કે મનુષ્યને ધરતીમાં જે અધિકારો મળ્યા છે તેનો ઉપયોગ પણ અલ્લાહના આદેશાનુસાર જ થવો જોઈએ.

ખુલા (ખુલ્અ) – છૂટકારો લેવો, મુક્ત થવું. ઇસ્લામે જો પુરુષોને તલાકનો અધિકાર આપ્યો છે તો સ્ત્રીઓને 'ખુલા'નો. સ્ત્રી જો સમજે છે કે તેનું ગુજરાન કે નિભાવ વર્તમાન પતિ સાથે નથી થઈ શકતો તો તે 'ખુલા' મેળવી શકે છે. સ્ત્રી જો ખુલા મેળવવા માગતી હોય તો તેણીએ તે ધન કે માલ કે તેનો ભાગ

પુરુષને પરત કરવો પડશે જે તેને નિકાહ વખતે 'મહ્ર'ના રૂપે મળ્યો હતો. સ્ત્રી જો પતિના અન્યાય અને અત્યાચારોના કારણે ખુલા મેળવવા ચાહતી હોય તો પુરુષે તેણીને આપેલ ધન કે માલ લેવું જ ઉચિત નહી હોય.

ગનીમત – શત્રુધન. સત્ય કાજે કરવામાં આવતા યુદ્ધમાં ધર્મ-વિરોધીઓનું જે ધન અને માલ ઇસ્લામી સૈન્યના કબજામાં આવે છે તેને 'ગનીમત' કહે છે. ઇસ્લામ માત્ર તે જ માલને ગનીમત કહે છે જે યુદ્ધ-ભૂમિમાં વિજય મેળવનારના હાથ લાગે છે. ગનીમતના માલમાં ગરીબો, વંચિતો, નિર્ધનો, અસહાય અને સામાન્ય જનતાની ભલાઈ અને કલ્યાણ માટે પાંચમો ભાગ નિર્ધારિત છે.

ગૈબ – પરોક્ષ, અદૃશ્ય, છૂપાયેલ, જેને જાણવાનું આપણા પાસે કોઈ સાધન ન હોય. ગૈબ શબ્દ રહસ્ય માટે પણ પ્રયુક્ત થયો છે. ગૈબ વાસ્તવમાં તે વસ્તુઓને કહેવામાં આવેલ છે જેના સુધી આપણી જ્ઞાનેન્દ્રિયો અને આપણી અનુભવ-શક્તિની પહોંચ ન હોય. જેમ કે અલ્લાહનું અસ્તિત્વ, ફરિશ્તાઓ, જન્નત, જહન્નમ, આખિરત વગેરે. ગૈબ કે પરોક્ષના વિષયે સમ્યક્ જ્ઞાન વિના માનવ-જીવનની વ્યાખ્યા નથી કરી શકાતી. પરોક્ષ પ્રત્યે સાચું જ્ઞાન આપણી એક મહત્ત્વની આવશ્યકતા છે. પરોક્ષ વિષે સાચી અને ખરી જાણકારી નબીઓ, ઈશદૂતો દ્વારા લાવવામાં આવેલ ઈશ-સંદેશથી જ પ્રાપ્ત થાય છે.

ઝકાત – વધવું, વિકસિત થવું, શુદ્ધ થવું. પરિભાષામાં ઝકાત એક નિશ્ચિત ધનને કહે છે. તેને પોતાની કમાણી અને પોતાના માલ-સંપત્તિથી કાઢીને અલ્લાહના દર્શાવેલ શુભ, સાચાં કામોમાં ખર્ચ કરવું અનિવાર્ય ઠરાવવામાં આવ્યું છે. જેમ કે ગરીબો, મુસાફરો, વંચિતોની સેવા કરવી, ઋણ કે કરજના બોજથી કોઈને મુક્તિ અપાવવી, સત્ય-ધર્મ કાજે કરવામાં આવતા કાર્યોમાં ખર્ચ કરવું વગેરે. ઝકાતનું સ્થાન કોઈ ટેક્ષ કે કરનું નથી, બલ્કે આ એક પ્રકારની ઇબાદત છે. ઝકાત આપીને બંદો અલ્લાહનો આભાર વ્યક્ત કરે છે અને આ રીતે તે પોતાના આત્માને પણ વિશુદ્ધ અને વિકસિત કરે છે. સ્વયં ઝકાત શબ્દથી પણ આ તથ્ય તરફ સંકેત મળે છે.

જન્નત – બાગ, સ્વર્ગ, સુખ અને આનંદનું તે સ્થાન જ્યાં આખિરતમાં અલ્લાહના આજ્ઞાંકિત અને સત્કર્મી બંદાઓ રહેશે.

ઝબૂર – પાટી, પર્ણ, પત્ર, ગ્રંથ. તે ગ્રંથ જે પયગંબર હઝરત દાઊદ અલૈ. પર અવતરિત થયો. ઝબૂરમાં હઝરત દાઊદ (અલૈ.)ની પ્રાર્થનાઓ પણ આવી ગઈ છે, તેથી તેને ઝબૂર (Psalms) કહે છે.

જહન્નમ – નર્ક, દોઝખ (Hell). આખિરતમાં જ્યાં ખરાબ કાર્યો કરનારાઓ, વિદ્રોહીઓ અને અવજ્ઞાકારીઓ લોકોને રાખવામાં આવશે તેને જહન્નમ કહેવામાં આવે છે. ત્યાં તેઓ યાતનાગ્રસ્ત હશે અને અગ્નિમાં બળશે. આગની યાતના ઉપરાંત ત્યાં બીજી અનેક પ્રકારની યાતનાઓ હશે.

ઝિક્ર — સ્મરણ, યાદ, સ્મૃતિ, યાદગીરી, શિખામણ, ઉપદેશ, ઇતિહાસ, દરેક તે વસ્તુ જે કોઈનું સ્મરણ કરાવે. કુર્આન અને અન્ય આકાશી ગ્રંથોને પણ 'ઝિક્ર' કહેવામાં આવેલ છે.

જિઝયા — અર્થાત્ રક્ષાકર. ઇસ્લામી રાજ્યમાં રહેનારા બિનમુસ્લિમ નાગરિકોથી તેમના પ્રાણ, ધન-સંપત્તિ અને ઇજ્જત-આબરૂની રક્ષાના બદલામાં લેવામાં આવતો કર (Tax) જિઝયા કહેવાય છે. આ કરનું ભંડોળ રાજ્ય-વ્યવસ્થાના તે કામોમાં ખર્ચાય છે જે બિન-મુસ્લિમોની રક્ષાથી સંબંધિત હોય છે અથવા તેમના માટે અપેક્ષિત હોય છે. આ કર માત્ર ધનવાન બિનમુસ્લિમોથી જ લેવામાં આવે છે, વંચિત, ગરીબ અને વિવશ બિનમુસ્લિમો પર ન લાગુ થાય છે અને ન તો લેવામાં આવે છે, બલ્કે શાસન સ્વયં તેમની જરૂરતો પૂરી કરવા અંગે જવાબદાર છે.

જિન્ન — જિન્ન શબ્દમાં ગુપ્ત અને છૂપું હોવાનો અર્થ મળે છે. જિન્ન મનુષ્યોથી ભિન્ન એક પ્રકારનું સર્જન-મખલૂક છે. જિન્ન આંખોથી દેખાતા નથી, તેથી તેમને જિન્ન કહેવામાં આવે છે.

જિબરીલ કે જિબ્રઈલ — આ ઇબ્રાની ભાષાનો શબ્દ છે, જેનો અર્થ થાય છે અલ્લાહનો બંદો. જિબરીલ અલ્લાહના એક મુખ્ય ફરિશ્તાનું નામ છે. હઝરત જિબરીલ (અલૈ.)નું વિશેષ કામ એ રહ્યું છે કે તેઓ અલ્લાહની વાણી-કલામ અને આદેશ ઈશદૂતો સુધી પહોંચાડતા રહ્યા છે. તેમના માટે કુર્આનમાં ક્યાંક-ક્યાંક 'રૂહ' શબ્દ પણ પ્રયોજાયો છે.

જિહાદ — તનતોડ કોશિશ, ધ્યેયની સિદ્ધિ કાજે સંપૂર્ણ શક્તિ લગાવી દેવી. જિહાદનો અર્થ વિશુદ્ધ રૂપે યુદ્ધ નથી. યુદ્ધ માટે કુર્આનમાં 'કિતાલ' શબ્દ પ્રયુક્ત થયો છે. જિહાદનો અર્થ કિતાલના અર્થથી ખૂબ વિસ્તૃત છે. જે વ્યક્તિ સત્ય-ધર્મ માટે પોતાના ધન, પોતાની કલમ, પોતાની વાણી વગેરેથી પ્રયત્નશીલ હોય અને તેના માટે પોતાની જાત થકવી નાખતો હોય તે જિહાદ જ કરી રહ્યો છે. ધર્મ માટે યુદ્ધ પણ કરવું પડે અને તેના માટે પોતાના પ્રાણનું પણ બલિદાન આપવું પડે. આ પણ જિહાદનો એક ભાગ છે. જિહાદને તે જ સમયે ઇસ્લામી જિહાદ કહી શકાશે જ્યારે કે તે અલ્લાહ માટે હોય, ઈશ-માર્ગમાં હોય. અલ્લાહના નામે અને તેના દીન અર્થાત્ ધર્મની પ્રતિષ્ઠા માટે હોય, ન કે ધન-દોલતની પ્રાપ્તિ અને જમીનોના કબજા માટે. જિહાદનો મુખ્ય ઉદ્દેશ્ય છે સત્ય-માર્ગના અવરોધોને દૂર કરવા, જગતને અલ્લાહ સિવાય અન્યોની દાસતા-ગુલામીથી મુક્ત કરાવવું, ધર્મના પાલનમાં જે અડચણો અને રુકાવટો હોય તેને દૂર કરવી.

ઝુહ્ર — ત્રીજો પહોર, દિવસ ઢળવાનો સમય. એટલા માટે જે નમાઝ સૂર્ય ઢળ્યા પછી પઢવામાં આવે છે તેને ઝુહ્રની નમાઝ કહે છે. આ નમાઝનો સમય અસ્રની નમાઝ સુધી રહે છે.

તકવા—ડર રાખવો, સંયમ, ધર્મપરાયણતા, પરહેજગારી, અનન્યભાવ, ભક્તિભાવ (Devotion). તકવાનો શાબ્દિક અર્થ છે બચવું. કોઈ વસ્તુથી પહોંચનાર હાનિ કે નુકસાનથી સ્વયંને બચાવવું, કોઈ આફતથી પોતાને બચાવવું, અલ્લાહની અવજ્ઞાથી બચવું અને તેની અપ્રસન્નતા કે નારાજગીથી બચવું. તકવા વાસ્તવમાં તે અહેસાસ, મનોભાવ અને ચેતના છે જે ઈશભયથી મનમાં જન્મે લે છે, અને પછી મનુષ્ય અલ્લાહના આજ્ઞાપાલનમાં લાગી જાય છે અને તેની અવજ્ઞાથી બચવાનો પ્રયત્ન કરે છે. સુંદર પોશાકની જેમ તકવા પણ મનુષ્યના આત્મિક સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરે છે. તેનાથી અનિવાર્યતઃ તેના જીવનમાં સુંદરતા અને પવિત્રતા આવી જાય છે.

તયમ્મુમ – પાણી ન મળવાને કારણે સ્નાન અને વુઝૂના બદલે તયમ્મુમથી કામ લેવામાં આવે છે, અર્થાત્ શુદ્ધ અને પવિત્ર માટી પર હાથ મારીને કે લગાવીને પોતાના ચહેરા અને હાથો પર હાથ ફેરવી લેવામાં આવે છે. આ રીત એટલા માટે અપનાવવામાં આવી છે જેથી શુદ્ધતા અને પવિત્રતા (પાકી)નો વિચાર સદૈવ બનેલો રહે અને માણસ ક્યારેય પણ તેનાથી બેદરકાર ન રહે.

તલાક – છૂટકારો, છૂટાછેડા (Divorce), પતિ દ્વારા પત્નીનો પરિત્યાગ, લગ્ન-વિચ્છેદ. ઇસ્લામે તલાકને પસંદ કરી નથી. ઇસ્લામ અનુસાર તલાક ત્યારે જ આપવી જોઈએ જ્યારે પતિ-પત્ની દરમ્યાન નિભાવ કોઈ પણ સંજોગોમાં સંભવ ન રહે. તેની શિક્ષાનુસાર પત્ની સાથે નિર્વાહ અસંભવ જ બની જાય તો તેને એકદમ ત્યજી દેવું પણ સારું નથી, બલ્કે એક-એક મહિનાના અંતરે તલાક આપો, જેથી ત્રીજા મહિનાના અંત સુધી વિચારવા-સમજવાની તક બાકી રહે. શક્ય છે કે કોઈ ઉપાય મેળ-મેળાપનો નીકળી આવે.

તસ્બીહ – અલ્લાહની મહાનતાનું વર્ણન (Glorification), તેના ગુણગાન કરવા, તેની પવિત્રતાનો જાપ કરવો, તેનો મહિમાગાન કરવો. તસ્બીહનો અર્થ છે ચહેરા સુધી સ્વયંને બિછાવી દેવું. નમાઝને પણ તસ્બીહ કહેવામાં આવેલ છે, એટલા માટે કે નમાઝમાં પણ નમાઝ પઢનાર અલ્લાહ સમક્ષ સિજદામાં ચહેરા સુધ્ધાંને બિછાવી દે છે અને તેની મહાનતાનું વર્ણન કરે છે. જગતની તમામ વસ્તુઓ અલ્લાહની મહાનતાની સાક્ષી છે અને અલ્લાહની મોટાઈ અને તેની આજ્ઞા સામે ઝૂકેલી છે. તેથી કુર્આનમાં કહ્યું છે કે સૃષ્ટિની તમામ ચીજ-વસ્તુઓ અલ્લાહની તસ્બીહ કરી રહી છે.

તવાફ – પરિક્રમા, ચક્કર લગાવવું. હજ્જ કે ઉમરા કરવાવાળા અલ્લાહના ઘર—કાબાની ચોતરફ સાત ચક્કર લગાવે છે. તેને તવાફ કહે છે.

તહજ્જુદ – નિદ્રા કે ઊંઘ તોડીને ઉઠવું. તેનાથી તાત્પર્ય તે નમાઝ છે જે રાત્રિના એક ભાગમાં સૂઈ લીધા પછી ઉઠીને પઢવામાં આવે છે. ઊંઘ્યા પહેલાં પણ

આ નમાઝ પઢી શકાય છે. આ નમાઝનું ચરિત્ર-નિર્માણ અને આત્મિક વિકાસમાં ખૂબ મહત્ત્વ છે.

તાગૂત – આ શબ્દ 'તુગ્યાન્'થી નીકળ્યો છે. 'તુગ્યાન્'નો અર્થ છે સીમાથી આગળ વધવું, હદ પાર કરી જવું, નિરંકુશ બની જવું, ઉદંડ બની જવું. આમ, દરેક તે વસ્તુને તાગૂત કહેવાશે જેમાં અલ્લાહના સામે ઉદંડતા-વિદ્રોહ જોવા મળે અને જે ઉદંડતા-વિદ્રોહ માટે લોકોને ઉત્પ્રેરિત કરે, ચાહે તે માણસની પોતાની ઇચ્છા હોય કે સમાજનો કોઈ પણ વ્યક્તિ હોય, અથવા કોઈ સત્તા, શાસન કે સરકાર કે સંસ્થા હોય, કે પછી સ્વયં શેતાન હોય કે ઇબ્લીસ હોય.

તૂર – એક વિશેષ પહાડનું નામ. આ સીના પર્વત અને મૂસા પર્વતના નામથી પણ ઓળખાય છે. આ કુર્આનના અવતરણ કાળમાં 'તૂર'ના નામથી વિખ્યાત હતો. આ પર્વત દ્વીપકલ્પ સીનાના દક્ષિણમાં આવેલ છે. તેની ઊંચાઈ ૭૩૫૯ ફૂટ છે.

તૌબા – પશ્ચાતાપ (Repentance), ક્ષમા-યાચના, પાછા ફરવું, પલટવું, ઉન્મુખ થવું વગેરે. મનુષ્ય તરફથી તૌબાનો અર્થ એ થાય છે કે તે ગુના (પાપ) અને બૂરાઈને ત્યજીને અલ્લાહની પ્રસન્નતા તરફ પલટે છે, અને અલ્લાહ તરફથી તૌબાનો અર્થ એ થાય છે કે તે પોતાના બંદા તરફ, જે પોતાના ગુનાઓથી લજ્જિત છે અને પશ્ચાતાપ કરી રહ્યો છે ફરી દયા-દૃષ્ટિથી જુએ અને તેના ગુના કે પાપોને ક્ષમા કરી દે અને પોતાની નારાજગી સમાપ્ત કરીને તેના તરફ કૃપા અને કરુણાની સાથે પલટે.

તૌરાત – તૌરાત ઇબ્રાની ભાષાનો શબ્દ છે, જેનો અર્થ થાય છે 'આદેશ અને કાનૂન'. તૌરાત તે ગ્રંથ છે જે પયગંબર હઝરત મૂસા (અલૈ.) ઉપર અવતરિત કરવામાં આવ્યો, જે પયગંબરી મળ્યાથી ૪૦ વર્ષ સુધી ઉતરેલા આદેશોનો સંગ્રહ છે, તેને જ કુર્આન 'તૌરાત' કહે છે. તેમાં દસ આદેશો તે હતા જે પાટીઓમાં અંકિત કરીને તેમને આપવામાં આવ્યા હતા. 'તૌરાત' પુસ્તક રૂપે 'બૈતુલ મકદિસ'ની પ્રથમ તબાહી સુધી મોજૂદ હતો. તેની તબાહીમાં તૌરાતની પ્રતો હંમેશ માટે લુપ્ત થઈ ગઈ.

તૌહીદ – એકેશ્વરવાદ - Devine Unity. અલ્લાહને એક માનવું અને કોઈને પણ તેનો ભાગીદાર અને સમકક્ષ ન ઠરાવવું. આ જ તૌહીદ તમામ પયગંબરોની શિક્ષાઓની આધારશિલા રહી છે. તૌહીદ માત્ર એક ધારણા જ નહીં, બલ્કે આપણા સંપૂર્ણ જીવન પર તેનો પ્રભાવ પડે છે. અલ્લાહને એક માનવાનો અર્થ છે કે બંદો પોતાને તદ્દન અલ્લાહને સમર્પિત કરી દે. તેને જ પોતાનો સૃષ્ટા, સ્વામી, શાસક અને બધું જ સમજે. તેની જ બંદગી અને ઇબાદતને પોતાનું કર્તવ્ય જાણે. તેના આદેશોનું પાલન કરે. તેના પર જ ભરોસો કરે. તેને જ મદદ માટે પોકારે. મુસીબતમાં તેનાથી જ ફરિયાદ કરે. દરેક સ્થિતિમાં તેના જ તરફ ધ્યાન

કરે. સાચા હૃદયથી તેને પ્રેમ કરે. તેના અસ્તિત્વ અને તેના ગુણોમાં કોઈને ભાગીદાર ન સમજે. જે અધિકારો અલ્લાહના છે તેમાં કોઈને સામેલ ન કરે. 'તૌહીદ' ધર્મનો માત્ર એક અંશ નથી, બલ્કે તેણે સંપૂર્ણ ધર્મને ઘેરામાં લઈ રાખેલ છે. તૌહીદથી અલગ થઈને સત્ય-ધર્મની કલ્પના પણ કરી શકાતી નથી.

દીન – ધર્મ, જીવનપ્રણાલી, જીવનવ્યવસ્થા. તે કાનૂન અને નિયમો કે વિધાન જેના પર મનુષ્યની વિચારધારા અને કાર્ય-પ્રણાલી વગેરે બધું જ અવલંબિત છે. 'દીન' શબ્દના મૌલિક અર્થમાં આધીનતા અને વિનમ્રતાનો ભાવ સમાયેલો છે. વળી તેમાં ચાર અર્થોનો આવિર્ભાવ થયો છે – (૧) પ્રભુત્વ, (૨) આજ્ઞાપાલન, આધીનતા અને બંદગી, (૩) વિધિ-વિધાન, નિયમ, પ્રણાલી જેનું પાલન કરવામાં આવે અને (૪) તપાસ, ફેંસલો, સારા-ખરાબ કર્મોનો બદલો. કુર્આનમાં 'દીન' શબ્દ આ બધા અર્થોમાં પ્રયોજાયો છે.

નજ્ર, નઝર – ભેટ, પ્રતિજ્ઞા, મન્નત, માનતા. માત્ર અલ્લાહ માટે જ નજ્ર પ્રસ્તુત કરી શકાય છે. કોઈ અન્યના આગળ નજ્ર પૂરી કરવી જાયઝ-માન્ય નથી. આપણે પ્રેમ-ભાવથી જો કોઈકને કોઈ વસ્તુ આપીએ છીએ તેને હદ્યો કે ઉપહાર કે ભેટ કહીશું, નજ્ર નહીં. નજ્ર માત્ર અલ્લાહ માટે વિશિષ્ટ છે.

ફર્ઝ – અલ્લાહના તે આદેશો જેનું અનુપાલન પ્રત્યેક ઈમાનવાળા પર અનિવાર્ય છે. જેમ કે નમાઝ, ઝકાત, રોઝા, હજ્જ, લોકોને ઈશ્વર તરફ બોલાવવું.

મુબાહ – જાયઝ, હલાલ, પવિત્ર, શુદ્ધ

વાજિબ – અતિ જરૂરી, અતિ આવશ્યક, બરાબર, સંતુલિત, જેના વિના ચાલે નહીં, જેને ટાળી ન શકાય. ઈસ્લામી કાનૂનમાં તે કાર્ય જેને ન કરવાથી ગુનો થાય છે, સિવાય તેના કે તેના ન કરવાની કોઈ મજબૂરી હોય.

નફ્લ, નફિલ – (બહુવચન અન્ફાલ) વધારવું કે વિસ્તારવું, ઉન્નત કરવું. કોઈ વસ્તુ કોઈને તેના હકથી વધારે આપવામાં આવે તો જેટલી વધારે આપવામાં આવે તે 'નફિલ' કહેવાશે. જો કોઈ ઈબાદત ફર્ઝ (અનિવાર્ય)થી વધારે કરવામાં આવે તો તે 'નફિલ' કહેવાશે. આ જ પ્રમાણે પોતાના ધનમાંથી લોકોને તેમના હકથી વધારે આપવાને 'નફિલ' કહેવાશે. આ જ પ્રમાણે કોઈ કામના બદલામાં તે કામના વળતરથી વધારે મળી જવું 'નફિલ' કહેવાય છે. જેમ કે યુદ્ધમાં મળેલ માલ 'નફિલ' છે, કેમ કે અલ્લાહ તરફથી સત્યના વિરોધીઓના મુકાબલામાં લડવાનું જે પુણ્ય છે તે, તે માલ નથી જેને દુશ્મન છોડીને ભાગી જાય છે.

નબવી સન – તે ચંદ્ર પર આધારિત વર્ષ જે પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)ના નબી-પયગંબર બનાવવાની તારીખથી શરૂ થાય છે.

નબી – પયગંબર, ઈશદૂત, જે નુબૂવત-પયગંબરીના પદ પર નિયુક્ત કરવામાં આવેલ હોય, સંદેશવાહક. નબી પર અલ્લાહની વાણી-કલામ અવતરિત થાય છે. અલ્લાહ તેને પોતાના આદેશથી અવગત કરાવે છે. પછી નબીનું કર્તવ્ય

એ હોય છે કે તે લોકો સુધી અલ્લાહનો સંદેશ પહોંચાડે. જગતમાં ઘણા નબીઓ થઈ ગયા. સૌથી અંતિમ નબી હઝરત મુહમ્મદ (સલ્લ.) છે.

નમાઝ – કુર્આનમાં નમાઝ માટે 'સલાત' શબ્દ વપરાયો છે. સલાતનો અર્થ થાય છે કોઈ વસ્તુ તરફ આગળ વધવું અને તેમાં પ્રવેશ કરી જવું, કોઈ વસ્તુ તરફ ધ્યાન કરવું કે આપવું. અહીંથી જ આ શબ્દ ઝૂકવા અને પ્રાર્થનાના અર્થમાં પ્રયુક્ત થવા લાગ્યો. પૂજા અને ઉપાસના કે ઇબાદત માટે આ શબ્દનો પ્રયોગ અત્યંત પ્રાચીન છે. 'સલાત' બંદાને તેના પોતાના રબ-પ્રભુથી મળાવે છે અને તેનાથી જોડે છે. નમાઝ માટે 'સલાત' શબ્દ અત્યંત અર્થપૂર્ણ છે. નમાઝ દિવસમાં પાંચ વખત અદા કરવી અનિવાર્ય છે. નમાઝનો મૂળ ઉદ્દેશ્ય અલ્લાહનું સ્મરણ અને તેની યાદ છે.

નમાઝ કાયમ કરવી – નમાઝને સારી રીતે તેના બધા જ નીતિ-નિયમોના સાથે અદા કરવી, અને સામૂહિક રીતે નમાઝ પઢવું પણ 'નમાઝ કાયમ કરવા'માં સામેલ છે.

નસારા – ઈસાઈ. 'નસારા' નસરાનનું બહુવચન છે. કુર્આનમાં ઈસા મસીહના અનુયાયીઓને 'નસારા' શબ્દથી સંબોધિત કરવામાં આવ્યા છે. આરંભમાં ઈસા મસીહના અનુયાયીઓને 'નસારા' શબ્દથી જ સંબોધિત કરવામાં આવતા હતા. આ શબ્દના સંબંધે અનેક વાતો પ્રચલિત છે, તેમાં મુખ્ય બે છે –

(૧) ફલસ્તિનમાં એક વસ્તી નાસિરા છે. ઈસા મસીહે પોતાનું બાળપણ અહીં જ વિતાવ્યું હતું. તેથી તેમને મસીહ નાસિરી કહેવામાં આવતા હતા અને તેથી તેમના માનવાવાળાઓને નસારા કહેવામાં આવ્યા. (૨) નસારા શબ્દ 'નુસરત' ધાતુથી બન્યો છે. નુસરતનો શાબ્દિક અર્થ – સહાયતા કરવી કે મદદ કરવી થાય છે.

ઈસા (અલૈ.)એ જ્યારે પોતાના નબી હોવાની ઉદ્‌ઘોષણા કરી અને સત્યના પ્રચારનો આરંભ કર્યો તો કેટલાક લોકોએ તેમનો વિરોધ કર્યો, કેટલાકે તેમની સહાયતા અને મદદ કરી. સહાયતા કરનારાઓને 'નસારા' કહેવામાં આવ્યા. કેટલાક ઐતિહાસિક ગ્રંથોના અભ્યાસથી જ્ઞાત થાય છે કે મસીહ (અલૈ.)એ સ્વયં પોતાના અનુયાયીઓ અને સાથીઓને 'નસારા' કહીને સંબોધિત કર્યા હતા. પરંતુ કાળાંતરે ઈસા મસીહના અનુયાયીઓએ જે રીતે ઈશ્વરીય ધર્મ-વિધાનમાં પરિવર્તન કર્યું, પોતાનું નામ પણ બદલીને 'ઈસાઈ' રાખી લીધું.

નિફાક – છળ-કપટ, દંભ, આંતરિક વૈમનસ્ય, કપટાચાર. નિફાક કે કપટાચાર એ છે કે કોઈ એક દરવાજાથી તો ધર્મમાં પ્રવેશ કરે, પરંતુ બીજા દરવાજાથી બહાર નીકળી જાય. બાહ્ય રૂપે તો પોતાને મુસલમાનોમાં સામેલ રાખે, પરંતુ વાસ્તવમાં તેમનો ઇસ્લામથી કોઈ સંબંધ ન હોય. નિફાકના ઘણા પ્રકાર છે. (વિવરણ માટે જૂઓ : મુનાફિક).

નુબૂવત – પયગંબરી, ઈશદૂતત્વ, નબી હોવાનો ભાવ. (જૂઓ 'નબી').

નૂહની જાતિવાળા – તે લોકો જેમના દરમ્યાન પયગંબર હઝરત નૂહ (અલૈ.)ને ઈશદૂત બનાવીને મોકલવામાં આવ્યા અને તેમણે ઈશ-ધર્મનો પ્રચાર કર્યો. કુર્આન અને બાઇબલથી એ જ્ઞાત થાય છે કે નૂહની જાતિવાળાઓ તે પ્રદેશમાં રહેતા હતા જેને આજે ઈરાક કહે છે. તેની પુષ્ટિ એવા શિલાલેખોથી થાય છે જે બાઇબલથી પણ વધુ પ્રાચીન છે. આ શિલાલેખોમાં તે જળ-પ્રલયનો ઉલ્લેખ છે જેનું વર્ણન કુર્આન અને બાઇબલમાં જોવા મળે છે. આ જળ-પ્રલયથી મળતી કથાઓ યૂનાન, ઇજીપ્ત, ભારત અને ચીનના સાહિત્યમાં પણ મળે છે, બલ્કે બર્મા, મલેશિયા, ઑસ્ટ્રલિયા, ન્યૂગિની, અમેરિકા અને યૂરોપના વિભિન્ન ભાગોમાં પણ આવી જ લોકવાયકાઓ પ્રાચીન કાળથી ચાલી આવી છે. તેનાથી અનુમાન કરી શકાય છે કે જળ-પ્રલયની ઘટના તે સમયની છે જ્યારે સંપૂર્ણ માનવ-જાતિ કોઈ એક ભૂ-ભાગમાં વસતી હતી, પછી ત્યાંથી નીકળીને તે દુનિયાના જુદા-જુદા ભાગોમાં ફેલાઈ. જળ-પ્રલય વખતે અલ્લાહના આદેશથી હઝરત નૂહ (અલૈ.) અને તેમના સાથીઓ જે નૌકામાં સવાર થઈ ગયા હતા, તે નૌકાનો ઢાંચો હજુ હમણાં જ જૂદી પર્વત ઉપર શોધી કાઢવામાં આવ્યો છે. આ શોધ એક અમેરિકી વૈજ્ઞાનિક Vendyl Jonesના પ્રયાસોનું પરિણામ છે. (વિસ્તૃત જાણકારી માટે જૂઓ 'The Mail on Sunday, London, January 30, 1994')

નેઅમત – અલભ્ય પદાર્થ, સુખ-સામગ્રી, કૃપા, ઉપકાર, અહેસાન.

પારા – ખંડ (Part). કુર્આનના ૩૦ પારા અર્થાત્ ૩૦ ખંડોમાં વહેંચી નાખવામાં આવ્યું છે.

પયગંબર – નબી, રસૂલ, મનુષ્ય પાસે અલ્લાહનો સંદેશ લઈને આવનાર સંદેશવાહક. પયગંબરીના પદ પર નિયુક્ત વ્યક્તિ. (જૂઓ : નબી)

ફજ્ર – ઉષાકાળ, પ્રાતઃકાળ, પરોઢ નીકળવી. તેથી તે નમાઝ જે પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં પરોઢ નીકળ્યા પછી પઢવામાં આવે છે તેને ફજ્રની નમાઝ કહે છે.

ફસાદ – બગાડ. માનવ-સમાજની વ્યવસ્થા અને ધરતીનો પ્રબંધ જો અલ્લાહની આજ્ઞા અને તેના આદેશાનુસાર ન હોય અને મનુષ્ય પોતાની તુચ્છ મનેચ્છાઓનો દાસ બની જાય તો આ ખૂબ મોટા બગાડની વાત છે. જ્યારે મનુષ્ય અલ્લાહના આદેશો અને તેણે અર્પેલ કાનૂન અને નિયમોનો ત્યાગ કરે છે તો તેના પરિણામસ્વરૂપ ધરતી બૂરાઈઓથી ભરાઈ જાય છે. ધરતીમાં ન્યાય અને શાંતિની સ્થાપના સંભવ નથી, જ્યાં સુધી મનુષ્ય અલ્લાહનો પૂર્ણરૂપે આજ્ઞાંકિત ન બની જાય અને જીવનના પ્રત્યેક વિભાગમાં તેના આદેશોનું પાલન ન કરવા લાગે.

ફિત્ના – ઉપદ્રવ, ત્રાસ, સતામણી, જુલમ (Persecution). 'ફિત્ના'થી તાત્પર્ય એ છે કે કોઈ વ્યક્તિ કે જૂથ ઉપર માત્ર એટલા માટે અત્યાચાર

અને અતિરેક કરવામાં આવે કે તેણે સમાજમાં પ્રચલિત ભાવનાઓ અને ધારણાઓથી વિપરીત કેટલીક બીજી ભાવનાઓ અને ધારણાઓને સત્ય સમજીને અપનાવી લીધી છે; અને તે પોતાના વિચારોનો પ્રચાર અને ખોટા વિચારો અને ધારણાઓનું ખંડન કરે છે.; જેથી સમાજનું ભલું અને કલ્યાણ થાય અને લોકો જીવનના વાસ્તવિક ઉદ્દેશ્યને મેળવી લે. કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે સામાન્ય સંજોગોમાં હત્યા ચોક્કસ અત્યંત ખરાબ છે, પણ 'ફિત્નો' એ હત્યાથી પણ વધુ મોટું પાપ છે.

ફિદ્‌યા – મુક્તિ-પ્રતિદાન, અર્થ-દંડ. તે ધન જેના બદલામાં કોઈ અપરાધીને છોડાવી શકાય અથવા પ્રાણ-દંડથી મુક્ત કરાવી શકાય. તે માલ જે વ્યક્તિ પોતાની ભૂલ અને કચાશના બદલામાં વંચિતો-જરૂરતમંદો પર ખર્ચ કરે.

ફિરદૌસ – જન્નત, વૈકુંઠ, સ્વર્ગ (Paradise). ફિરદૌસ શબ્દ સંસ્કૃત, ઇબ્રાની, ઈરાની, યૂનાની, અરબી વગેરે લગભગ તમામ ભાષાઓમાં જોવા મળે છે. આ શબ્દ બધી ભાષાઓમાં એવા બાગો માટે પ્રયુક્ત થયો છે જે વિશાળ હોય અને તેના ચોતરફ કોટ હોય અને માણસના રહેઠાણથી મળેલો હોય અને તેમાં દરેક પ્રકારના ફળો વિશેષતઃ દ્રાક્ષ હોય.

ફરિશ્તા – ફિરસ્તો, Angel. કુર્આનમાં એના માટે 'મલક' શબ્દ આવ્યો છે. મલકનો અર્થ થાય છે સંદેશ લાવવાવાળો. ફરિશ્તામાં એની ક્ષમતા હોય છે કે તે ઈશ-લોકથી પોતાનો સંપર્ક સ્થાપી શકે અને માનવ-જગતથી પણ પોતાનો સંબંધ જોડી શકે. તેથી તેઓ અલ્લાહના સંદેશને પયગંબરો સુધી પહોંચાડવા માટે નિયુક્ત થઈ શક્યા છે. ફરિશ્તાઓ અલ્લાહે પેદા કરેલ તેના બંદાઓ છે. તેઓ તે જ કામ કરે છે જેનો તેમને આદેશ આપવામાં આવે છે. તેઓ હંમેશા અલ્લાહનો મહિમાગાન કરતા રહે છે. અલ્લાહે ઘણા ફરિશ્તાઓને પોતાના મહાન કાર્યના પ્રબંધમાં લગાવી રાખ્યા છે. ફરિશ્તાઓ જરૂર પડે તો જે રૂપ ચાહે ધારણ કરી શકે છે. પથભ્રષ્ટ લોકો તેમને પોતાના આરાધ્ય બનાવીને પૂજવા લાગ્યા. તેમને ભલામણકર્તા અને કષ્ટ-નિવારક પણ સમજી લેવામાં આવ્યા અને તેમનાથી પ્રાર્થનાઓ પણ થવા લાગી. કુર્આને ફરિશ્તાઓની હેસિયત સ્પષ્ટ કરી દીધી છે, જેથી અનેકેશ્વરવાદનો દરવાજો બંધ થઈ શકે.

બૈઅત – (Taking oath of allegiance), વચનબદ્ધ થવું, વચન આપવું, આજ્ઞાપાલનની પ્રતિજ્ઞા કરવી વગેરે.

બૈઅતે-રિઝવાન – હુદૈબિયાના મેદાનમાં પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)નું મુસલમાનોથી જીવસટોસટની બાજી લગાવી દેવાનું પ્રણ લેવું. પયગંબર (સલ્લ.)એ મદીનામાં રહેતાં એક સ્વપ્ન જોયું કે આપે પોતાના સાથીઓ સહિત મસ્જિદે-હરામ (કાબા)માં પ્રવેશ કર્યો અને માથાના વાળ મુંડાવ્યા. આ સ્વપ્નને આપ (સલ્લ.)એ ઈશ્વરનો એ સંકેત સમજ્યા કે આપ પોતાના સાથીઓ સાથે ઉમરા કરશે. તેથી આપ ઝિલકદના મહિનામાં લગભગ પંદરસો સાથીઓ સાથે

ઉમરા માટે નીકળ્યા. પોતાના સાથે કુરબાનીના જાનવરો લીધા, જે એ વાતનું પ્રતીક હતા કે આ જૂથનો ઈરાદો ધર્મ-યાત્રાનો છે, લડાઈનો નહીં. તે સાથે નિર્ધારિત સમયે બધાએ ઉમરાનું વિશેષ વસ્ત્ર 'ઇહરામ' ધારણ કર્યું અને હુદૈબિયાના સ્થળે પડાવ નાખ્યો. મક્કાના લોકોને જ્યારે આની ખબર પડી કે મુસલમાનો આટલી મોટી સંખ્યામાં મક્કા તરફ આવી રહ્યા છે તો તેઓએ મુસલમાનોના માર્ગમાં અવરોધ ઊભો કર્યો. તેઓ નહોતા ઇચ્છતા કે જે લોકોને થોડાંક દિવસો પહેલાં મક્કાથી નીકળવા મજબૂર કરી દીધા હતા તેઓ ફરી મક્કામાં પ્રવેશ કરે. મુસલમાનો તરફથી વારંવાર એ ભરોસો આપવામાં આવ્યો કે તેઓ લડવા નહીં, બલ્કે ઉમરા માટે આવ્યા છે, પણ તેઓ ન માન્યા અને મુસલમાનોને ડરાવવા-ધમકાવવા લાગ્યા. અંતે હઝરત મુહમ્મદ (સલ્લ.)એ પોતાના એક સાથી હઝરત ઉસ્માન (રદિ.)ને મક્કાના લોકો સાથે શાંતિ-વાર્તા કરવા મોકલ્યા. પરંતુ મક્કાના લોકો અકારણ વાતનું વતેસર કરતા રહ્યા અને સાથે-સાથે મુસલમાનોને ભયભીત કરવા એ ખોટી અફવા ફેલાવી દીધી કે હઝરત ઉસ્માન (રદિ.)ને કતલ કરી દેવામાં આવ્યા છે. મુસલમાનો પર આ સમાચાર વીજળી બનીને ત્રાટક્યા. તમામ મુસલમાનો હઝરત ઉસ્માન (રદિ.)ની હત્યાનો બદલો લેવા તત્પર બની ગયા અને પોતાની જાનની બાજી લગાવી દેવા તૈયાર થઈ ગયા. નબી (સલ્લ.) એક વૃક્ષના નીચે બેસી ગયા અને મુસલમાનોથી હઝરત ઉસ્માન (રદિ.)ની હત્યાનો બદલો લેવાની 'બૈઅત' કરી. આ જ બૈઅત 'બૈઅતે-રિઝવાન' તરીકે ઓળખાય છે. પછીથી હઝરત ઉસ્માન (રદિ.) પાછા આવી જતાં આ લોહિયાળ સંઘર્ષ ટળી ગયો.

બની ઈસ્માઈલ – પયગંબર હઝરત ઈસ્માઈલ (અલૈ.)ના વંશના લોકો. હઝરત ઈસ્માઈલ (અલૈ.) પયગંબર હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ના મોટા પુત્ર હતા. અલ્લાહના અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)નો જન્મ બની ઈસ્માઈલના વંશજોમાં થયો હતો.

બની ઈસરાઈલ – ઇસરાઈલના સંતાનો, યહૂદી, Israelites. ઈસરાઈલ પયગંબર હઝરત યાકૂબ (અલૈ.)નું બીજું નામ હતું. હઝરત યાકૂબ (અલૈ.) પયગંબર હઝરત ઇસ્હાક (અલૈ.)ના પુત્ર અને હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ના પૌત્ર હતા. યહૂદીઓ એમના જ વંશજ હતા, તેથી તેમને બની ઈસરાઈલ કહીને પોકારવામાં આવ્યા છે. હઝરત નૂહ (અલૈ.) પછી હઝરત ઇબ્રાહીમ (અલૈ.) પ્રથમ નબી હતા, જેમને અલ્લાહે ઇસ્લામના સાર્વભૌમિક નિમંત્રણ માટે પસંદ કર્યા. આ પવિત્ર કાર્યમાં હઝરત ઇબ્રાહીમ (અલૈ.)એ પોતાનું સમગ્ર જીવન ખપાવી દીધું. આપના પછી આ પ્રતિષ્ઠા આપની સંતાનની તે શાખાને પ્રાપ્ત થઈ, જે હઝરત ઇસ્હાક અને હઝરત યાકૂબ (અલૈ.)થી ચાલે છે, અર્થાત્ બની ઇસરાઈલ. આ શાખમાં અલ્લાહે ઘણા નબીઓ પેદા કર્યા. બની ઇસરાઈલને જે પદ પ્રાપ્ત હતું, તે સૌથી મોટી શ્રેષ્ઠતા અને અલ્લાહની મહત્ત્વની કૃપા હતી, તે સંદર્ભમાં જ

કુર્આનમાં વારંવાર ‘બની ઇસરાઈલ’ કહીને તેની યાદ અપાવવામાં આવેલ છે.

બનૂ નઝીર – આ યહૂદીઓના એક કબીલાનું નામ છે, જે યસરિબ અર્થાત્ મદીનામાં શતાબ્દીઓથી આબાદ હતો.

બંદગી – દાસતા, ગુલામી, ઇબાદત, ઉપાસના. (જુઓ : ઇબાદત)

બૈતુલ મકદિસ – મસ્જિદે અક્સા. અલ્લાહનું તે પવિત્ર ઘર જે યરૂશલમમાં છે, જેના નિર્માણનો સંકલ્પ પયગંબર હઝરત દાઊદ (અલૈ.)એ કર્યો હતો અને આ કામ તેમના પુત્ર પયગંબર હઝરત સુલેમાન (અલૈ.)ના હસ્તે પૂરું થયું. જ્યાં સુધી બની ઇસરાઈલ નેતૃત્વના પદ ઉપર રહ્યા ત્યાં સુધી બૈતુલ મકદિસ જ સત્યવાદીઓનું કેન્દ્ર અને કિબ્લા રહ્યું. હઝરત મુહમ્મદ સલ્લ. અને આપના સાથીઓએ પણ આરંભમાં તેને જ પોતાનો કિબ્લા બનાવી રાખ્યો હતો, જ્યાં સુધી બની ઇસરાઈલને વિધિપૂર્વક નેતૃત્વના પદ ઉપરથી દૂર કરવામાં આવ્યા ન હતા.

મકરૂહ – ઘૃણિત, ભદ્દું, જેને જોઈને ચીડ ચડે, નાપસંદ. ઇસ્લામમાં તે કામ જેને કરવું સારું પણ ન હોય અને હરામ અર્થાત્ અવૈધ પણ ન હોય.

મજૂસ – આ એક સંપ્રદાય છે, જે અગ્નિની પૂજા કરે છે. આમના ધર્મને ‘અલ-મજૂસિયા’ કહે છે. આ લોકો જરથુસ્ટ્રની શિક્ષા પર ચાલે છે. અરબી સાહિત્યમાં આ શબ્દ ઉત્તરી યુરોપવાસીઓ માટે પણ પ્રયુક્ત થયો છે. કુર્આન (૨૨:૧૭)માં આ શબ્દ માત્ર એક વખત જ આવ્યો છે અને એક વિશેષ જાતિ માટે પ્રયોજાયો છે. ઇસ્લામી ધર્મશાસ્ત્રના અભ્યાસથી જ્ઞાત થાય છે કે આ જાતિ અહલે-કિતાબ (અર્થાત્ યહૂદીઓ અને નસારા)ની જેમ એક જાતિ છે, પરંતુ સ્વયં અહલે-કિતાબ નથી. ઇસ્લામના આરંભિક કાળમાં આ જાતિ ઇરાક, ફારસ, કિરમાન, બહિસ્તાન, ખુરાસાન, તબરિસ્તાન અલ્જિબાલ, આઝરબૈજાન અને ઈરાનમાં મોટી સંખ્યામાં જોવા મળતી હતી. પરંતુ સમયની સાથે મોટાભાગના ઇસ્લામના અનુયાયી બની ગયા. હાલ આમની સંખ્યા જગતમાં ખૂબ ઓછી જોવા મળે છે.

મતાફ – તવાફ કરવાવાળા. – તવાફ કરવાની વર્તુળાકાર જગ્યા

મદયનવાળા – અરબસ્તાનની એક પુરાણી જાતિ. આ જાતિની વસ્તી હિજાજથી ફલસ્તિન (પેલેસ્ટાઇન)ના દક્ષિણ સુધી અને ત્યાંથી સીના દ્વીપકલ્પના અંતિમ છેડા સુધી, રાતા સમુદ્ર અને અકબાની ખાડી સુધી ફેલાયેલ હતી. તેનું કેન્દ્ર મદયન નગર હતું. મદયનવાળાનો મૂળ વ્યવસાય વેપાર હતો. મદયનવાળા હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ના પુત્ર મિદયાનના વંશજો બતાવવામાં આવે છે. આ જાતિના માર્ગદર્શન માટે અલ્લાહે હઝરત શુઐબ (અલૈ.)ને પયગંબર બનાવીને મોકલ્યા. આ જાતિમાં અનેકેશ્વરવાદ જ નહિં, બલ્કે તે ઉપરાંત બીજી ઘણી બૂરાઈઓએ જન્મ લઈ લીધો હતો. આ લોકો વટેમાર્ગુઓને લૂટતા હતા અને લેણ-દેણમાં પણ અપ્રમાણિકતા આચરતા હતા. જ્યારે આ જાતિના લોકોએ પયગંબરની વાત ન માની તો અલ્લાહે યાતના-ગ્રસ્ત કરી દીધા. કુર્આન તે અંગે કહે છે કે આ જાતિના

લોકો ઉપર હચમચાવી નાખે તેવી આફત ઉતરી અને તેઓ પોતાના ઘરોમાં ઊંધા મોઢે પડેલા રહી ગયા. પ્રાચીન કાળમાં વેપારનો જે મુખ્ય માર્ગ રાતા સમુદ્રના કિનારે-કિનારે યમનથી મક્કા અને યંબૂઅ થઈને સીરિયા સુધી જતો હતો અને બીજો માર્ગ જે ઈરાકથી મિસર (ઇજીપ્ત) તરફ જતો હતો તેના ચોરાહા પર મદયનવાળાની વસ્તીઓના ખંડેરો જોવા મળે છે. તેથી જ અરબસ્તાનના બધા લોકો આ જાતિથી સારી રીતે પરિચિત હતા. મદયનવાળા અને ઐકાવાળા એક જ નસલના બે કબીલા હતા અને બંનેની સુધારણા માટે અલ્લાહે એક જ નબીને મોકલ્યા.

મન્ન અને સલવા – ખાદ્ય-પદાર્થ હતા, જે બની ઇસરાઈલને ૪૦ વર્ષ સુધી નિરાશ્રિત હોવાની સ્થિતિમાં મળતા હતા. આ અલ્લાહનો તેમના ઉપર વિશેષ ઉપકાર હતો. 'મન્ન'ને તેઓ એક પ્રકારના મીઠા અને સ્વાદિષ્ટ મધના રૂપે પ્રયોગ કરતા હતા, જે ઝાકળની જેમ પડતું હતું અને ઠરી જતું હતું. 'સલવા' બટેર પ્રકારના પક્ષીઓ હતા, જેને તેઓ ખાતા હતા. 'મન્ન' અને 'સલવા'નો ઉલ્લેખ બાઇબલમાં પણ મળે છે.

મસ્જિદે હરામ – પ્રતિષ્ઠિત મસ્જિદ. અલ્લાહનું પ્રતિષ્ઠિત ઘર. તેનાથી તાત્પર્ય મક્કામાં આવેલ તે મસ્જિદ છે, જેના વચ્ચે કા'બા સ્થિત છે.

મહ્ર – તે રકમ કે ધન-સંપત્તિ જે લગ્ન (નિકાહ)ના સંબંધથી પતિ પોતાની પત્નીને આપે છે. કુર્આનમાં તેના માટે 'સદકાત' શબ્દ પ્રયોજાયો છે, જે 'સદકા'નું બહુવચન છે. 'સદકા' શબ્દની ઉત્પત્તિ 'સિદ્ક'થી થઈ છે. સચ્ચાઈ, મિત્રતા, દુરસ્ત કરવું, વ્યવસ્થિત કરવું વગેરે તેના ઘણા અર્થો થાય છે. આમ, 'મહ્ર' વાસ્તવમાં સ્ત્રી-પુરુષના સંબંધો અને તેમના પ્રેમ-ભાવ, મિત્ર-ભાવ અને પારસ્પરિક સંબંધોના દુરસ્ત અને યથા-યોગ્ય રહેવાનું એક પ્રતીક કે ચિહ્ન છે.

માલે-ગનીમત – જૂઓ : ગનીમત.

મીકાઈલ – એક પ્રતિષ્ઠિત અને પવિત્ર ફરિશ્તાનું નામ. મીકાઈલ 'મીકા' અને 'ઈલ' શબ્દથી બન્યો છે. આ શબ્દ મૂળ ઇબ્રાની ભાષાનો છે, જેને અરબી ભાષામાં તત્સમ રૂપે લઈ લેવામાં આવ્યો છે. 'મીકા'નો અર્થ થાય છે – બંદો, દાસ કે સેવક અને 'ઈલ'નો અર્થ છે – ઈશ્વર, ખુદા. આમ, 'મીકાઈલ'નો શાબ્દિક અર્થ થયો – ખુદાનો બંદો કે ઈશ્વરનો દાસ. યહૂદીઓ આ ફરિશ્તા પ્રત્યે અન્ય ફરિશ્તાઓની તુલનામાં વધુ શ્રધ્ધા રાખે છે, તેઓ તેને પોતાનો રક્ષક, સુખ-સંપન્નતા અને મુક્તિનો ફરિશ્તો માને છે; જ્યારે કે મુસલમાનો તમામ ફરિશ્તાઓ પ્રત્યે સમાન આદર-ભાવ રાખે છે. અને ઇસ્લામ ધર્મની શિક્ષા અનુસાર મીકાઈલ તમામ જીવધારીઓ સુધી તેમની આજીવિકા પહોંચાડનારા અને વરસાદના પ્રબંધક ફરિશ્તા માને છે. આ ફરિશ્તાનું નામ કુર્આનમાં માત્ર એક વાર (સૂરઃ બકરહ,

આ-૯૮)માં આવ્યું છે.

મુત્તકી – પરહેજગાર, સંયમી, ઈશપરાયણ, ધર્મપરાયણ, ઈશભય રાખનાર. (જૂઓ : તકવા)

મુનાફિક – કપટાચારી, કપટી, છળ કરનાર, નિફાક રાખનાર, Hypocrite. એવો વ્યક્તિ જે પોતાને મુસલમાન કહેતો હોય, પરંતુ ઈસ્લામથી તેનો સાચો સંબંધ ન હોય. મુનાફિક ઘણા પ્રકારના હોઈ શકે છે – (૧) તે લોકો જેઓ એટલા માટે મુસલમાનોમાં ઘૂસી આવ્યા હોય અને પોતાને મુસલમાન કહેતા હોય, જેથી તેઓ ઈસ્લામને વધુમાં વધુ હાનિ પહોંચાડી શકે. (૨) તે લોકો જેમનો ઉદ્દેશ્ય ઈસ્લામને નુકસાન પહોંચાડવાનો ન હોય, અલબત્ત મુસલમાન માત્ર એટલા માટે બની ગયા હોય કે મુસલમાનોથી ભૌતિક અને દુન્યવી-સાંસારિક લાભો મેળવી શકે. ન તેમનો ઈસ્લામથી કોઈ સંબંધ હોય, ન તેની ચાહના તેમના હૃદયમાં હોય. (૩) તે લોકો જેઓ સામેલ તો હોય મુસલમાનોના જ સમૂહમાં, પરંતુ તેમનું ઈમાન ખૂબ કમજોર હોય. જ્યારે પણ અજમાયશ કે પરીક્ષાની ક્ષણ આવે તેમનામાં કમજોરી દેખાઈ આવે.

મુશ્રિક – બહુદેવવાદી, અનેકેશ્વરવાદી, શિર્ક કરનાર, કોઈ અન્યને ઈશ્વરના સમકક્ષ કે ભાગીદાર ઠેરવનાર. 'મુશ્રિક' તે વ્યક્તિ છે જે અલ્લાહના અસ્તિત્વ કે તેના ગુણો કે તેના અધિકારોમાં બીજાઓને ભાગીદાર બનાવે કે તેમને તેના સમકક્ષ ઠેરવે. અસ્તિત્વમાં ભાગીદાર ઠરાવવાનો અર્થ એ છે કે 'કોઈથી તેના જન્મ કે ઉત્પત્તિ' કે 'તેનાથી કોઈના જન્મ કે ઉત્પત્તિ'ની ધારણા રાખવામાં આવે, જેમ કે કોઈને તેનો પિતા કે તેની સંતાન સમજવામાં આવે. ગુણોમાં બીજાઓને અલ્લાહના ભાગીદાર ઠરાવવાનો અર્થ એ થાય છે કે અલ્લાહના વિશેષ ગુણોનો સંબંધ બીજાઓથી પણ જોડવામાં આવે. ઉદાહરણાર્થ – કોઈ એવું સમજવા લાગે કે સૃષ્ટિની કે તેના કોઈ ભાગની રચનામાં કોઈ અન્ય દેવી-દેવતાનો પણ હાથ છે અથવા કોઈ એવું માનવા લાગે કે કેટલીક એવી હસ્તીઓ પણ છે જેઓ સ્વતંત્ર અધિકાર ધરાવે છે કે જે ચાહે કરે, જેનું ઇચ્છે તેનું કામ બનાવી દે અને જેનું ઇચ્છે બગાડી નાખે. હક અને અધિકારમાં અલ્લાહના ભાગીદાર ઠરાવવાથી તાત્પર્ય એ છે કે જે હક અને અધિકાર અલ્લાહનો હોય છે, તેમાં તે બીજાઓને પણ ભાગીદાર સમજવા લાગે. જેમ કે – સૃષ્ટિનો સ્વામી અને સૃષ્ટા અલ્લાહ છે તો ઉપાસના પણ તેની થવી જોઈએ. હવે જો કોઈ અલ્લાહથી હટીને કોઈ બીજાની બંદગી અને પૂજા કરે છે તો આ અલ્લાહના અધિકારમાં બીજાને ભાગીદાર ઠરાવવું થશે, અને આવું કરનાર 'મુશ્રિક' કહેવાશે.

મુસલમાન – મુસ્લિમ શબ્દનું બહુવચન, પણ વ્યવહારમાં તેનો પ્રયોગ એકવચનના રૂપે પણ થવા લાગ્યો છે. ઈસ્લામનો અનુયાયી. (જૂઓ : મુસ્લિમ)

મુસ્લિમ – આજ્ઞાંકિત, ઈસ્લામનો અનુયાયી, માત્ર એક અલ્લાહને

પોતાનો રબ, સ્વામી, શાસક અને આરાધ્ય બધું જ માનવાવાળો અને સ્વયંને તેના સમક્ષ સમર્પિત કરી દેનાર. તેના જ આદેશાનુસાર જીવન વ્યતીત કરનાર, સૃષ્ટિની તમામ વસ્તુઓ – સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો, હવા વગેરે બધી જ – વાસ્તવમાં 'મુસ્લિમ' છે કેમ કે આ તમામ અલ્લાહની આજ્ઞાના પાલનમાં લાગેલી છે.

મુહાજિર – હિજરત કરનાર, અલ્લાહ કાજે પોતાના ઘરબાર છોડનાર. પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)ના સાથીઓ જેઓ અલ્લાહ કાજે પોતાનું વતન – મક્કા છોડીને મદીના પ્રસ્થાન કરી ગયા હતા.

મોમિન – ઈમાનવાળો, તે વ્યક્તિ જે અલ્લાહ પર, તેના પયગંબરો પર, તેના ગ્રંથો પર અને તે સચ્ચાઈઓ પર પૂર્ણ વિશ્વાસ રાખતો હોય અને તેને હૃદયથી માનતો હોય જેની શિક્ષા પયગંબરોએ આપી છે. (જૂઓ : ઈમાન)

મેઅરાજ કે મેરાજ – ઉપર ચઢવું, દરજ્જો કે મરતબો બુલંદ કરવો, ઈશ્વરના સમીપ પહોંચવું. પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)નું અરબી મહિના રજ્જબની તારીખ સત્તાવીસની રાત્રે અલ્લાહ દ્વારા આકાશોની સહેલગાહ કરાવવી અને પોતાના પાસે બોલાવીને તેમનું માર્ગદર્શન કર્વું.

યહૂદ – યહૂદીનું બહુવચન, અર્થાત્ યહૂદી લોકો. (જૂઓ : યહૂદી)

યતીમ – અનાથ, તે બાળક જેના પિતાનું અવસાન થઈ ગયું હોય.

યહૂદી – તે લોકો જેઓ પોતાનો સંબંધ પયગંબર હઝરત મૂસા (અલૈ.)થી જોડે છે. એક વિશેષ કબીલાથી 'યહૂદી' મતનો આવિર્ભાવ થયો, તે કબીલાનું નામ 'યહૂદાહ' (Judah) હતું. યહૂદાહ શબ્દ 'હૂદ'થી નીકળ્યો છે. હૂદનો અર્થ થાય છે પરત ફરવું, તૌબા કરવું, પશ્ચાતાપ કરવું.

રબ – (Preserver, Lord, Providence) – 'રબ'નો મૌલિક અર્થ છે પાલનહાર, પછી સ્વાભાવિક જ એમાં ઘણા અર્થોનો આવિર્ભાવ થયો. કુર્આનમાં 'રબ' શબ્દ ત્રણ અર્થોમાં પ્રયુક્ત થયો છે જેમાં પરસ્પર ઊંડો સંબંધ જોવા મળે છે : (૧) પાલનહાર, સંરક્ષક. (૨) સ્વામી, માલિક, પ્રભુ. (૩) શાસક, હાકેમ, વિધાતા, પ્રબંધક-વ્યવસ્થાપક, સંચાલક. અલ્લાહ આ તમામ અર્થોમાં સૃષ્ટિનો 'રબ' છે.

રબ્બાની – ધર્માધિકારી. યહૂદના ત્યાં જે લોકો ધાર્મિક પદો પર નિયુક્ત થતા હતા અને ધાર્મિક વિષયોમાં માર્ગદર્શન કરવું તેમનું કર્તવ્ય હતું તેમને 'રબ્બાની' કહેવામાં આવતા હતા. યહૂદી લોકોની ઉપાસના-વ્યવસ્થાની દેખરેખ પણ તેમની જવાબદારી હતી. તેનો સંકેત કુર્આનમાં પણ છે. (જૂઓ કુર્આન ૫ : ૬૩)

રમઝાન – હિજરી વર્ષનો નવમો મહિનો. 'રમઝાન' શબ્દ 'રમ્ઝ' મૂળથી બન્યો છે, જેનો અર્થ છે – ગરમી. વિદ્વાનોનું અનુમાન છે કે જ્યારે આરંભમાં મહિનાઓના નામ નિશ્ચિત કરવામાં આવ્યા હશે તો આ મહિનો સખત ગરમીના મોસમમાં આવ્યો હશે. આ મહિનામાં તમામ મુસલમાનો પર આખા મહિનાના

રોઝા રાખવા અનિવાર્ય અને ફર્ઝ છે. આ મહિનાનો ઉલ્લેખ કુર્આનમાં ઘણી જગ્યાએ છે. આ મહિનાની મહિમાનું વર્ણન કરતાં કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે આ તે મહિનો છે જેમાં કુર્આનનું અવતરણ થયું છે અને જેમાં એક એવી રાત્રિ આવે છે જે હજાર રાત્રિઓ કરતાં ઉત્તમ અને શ્રેષ્ઠ છે.

રસૂલ – પયગંબર, દૂત. તે વ્યક્તિ જે રિસાલત-ઈશદૂતત્વના પદ પર નિયુક્ત હોય. એવો વ્યક્તિ જેના દ્વારા અલ્લાહ લોકોને પોતાનો માર્ગ બતાવે અને તેમના સુધી પોતાનો સંદેશ પહોંચાડે છે, તેને રસૂલ કે નબી કહે છે.

'રસૂલ' અને 'નબી'માં થોડો ભેદ છે. રસૂલ તે પયગંબર હોય છે જેને અલ્લાહ તરફથી નવીન શરીઅત (ધર્મ-વિધાન) અને ગ્રંથ મળેલ હોય. નબી દરેક તે પયગંબરને કહે છે, ચાહે તેને નવીન શરીઅત અને ગ્રંથ મળેલ હોય કે પછી તેને કેવળ પહેલાંના ગ્રંથ અને શરીઅત પર લોકોને ચલાવવાનો કાર્યભાર સોંપવામાં આવ્યો હોય. અલ્લાહના પયગંબર કે નબી દુનિયાના વિભિન્ન ભાગોમાં આવ્યા છે, તેમની એક મોટી સંખ્યા છે, જેમાંથી આપણે અમુક જ નબીઓના નામથી પરિચિત છીએ. નબીઓની મૌલિક શિક્ષાઓ એક જ રહી છે. દરેક મુસ્લિમ માટે અનિવાર્ય કરવામાં આવ્યું છે કે તે તમામ નબીઓ પર ઈમાન લાવે અને તેમના પ્રત્યે પોતાના હૃદયમાં શ્રદ્ધા અને પ્રેમ રાખે, ભલે તે નબીઓમાંથી કોઈના સમુદાયના કે ઘણા નબીઓના સમુદાયના લોકો તેના શત્રુ જ કેમ ન હોય, અને શત્રુતામાં તેઓ ગમે તેટલા આગળ જ કેમ ન વધી ગયા હોય. જેમ કે – મુસલમાનો માટે અનિવાર્ય છે કે તે હઝરત મૂસા (અલૈ.)ને પયગંબર સ્વીકારે અને તેમના પ્રત્યે આદરભાવ રાખે, જો કે હઝરત મૂસા (અલૈ.)ને માનવાવાળા યહૂદીઓની ઇસ્લામ અને મુસલમાનથી શત્રુતા કોઈ છૂપાયેલ વસ્તુ નથી.

રહમાન – અત્યંત કૃપાળુ ઈશ્વર, તે સત્તા જેની દયા મંદ અને મોળી ન હોય, અલ્લાહનું એક વિશિષ્ટ નામ.

રિબ્બી – Devoted Man, અલ્લાહવાળા, ઈશભક્ત.

રિસાલત–ઈશદૂતત્વ, પયગંબરી, રસૂલ હોવાનો ભાવ. (જૂઓ : રસૂલ)

રુકૂ, રુકૂઅ – માથું નમાવવું, નમાઝનું એક અંગ જેમાં વ્યક્તિ અલ્લાહની મહાનતાનું ધ્યાન કરીને તેના આગળ નતમસ્તક થાય છે.

રૂહુલ કુદુસ – પવિત આત્મા, The holy Spirit. તેનાથી તાત્પર્ય વહી–દિવ્ય પ્રકાશનાનું તે જ્ઞાન પણ છે જે હઝરત ઈસા (અલૈ.)ને આપવામાં આવ્યું હતું અને તેનાથી અભિપ્રેત ફરિશ્તા હઝરત જિબ્રઈલ (અલૈ.) પણ છે જેઓ અલ્લાહની વાણી પયગંબરો સુધી પહોંચાડતા હતા અને તેનાથી અભિપ્રેત હઝરત ઈસા (અલૈ.)ની પોતાની પવિત્ર આત્મા પણ છે.

રોઝા – Fast, વિશિષ્ટ વ્રત, ઉપવાસ. કુર્આનમાં તેના માટે 'સિયામ' શબ્દ આવ્યો છે. સિયામનો મૌલિક અર્થ છે રોકાઈ જવું. રોઝામાં માણસ સવારે

પરોઢ નીકળવાથી લઈને સૂર્યાસ્ત સુધી ખાવા-પીવા અને કામ-વાસનાની પૂર્તિથી રોકાઈ રહે છે. આત્માની શુદ્ધિ અને વિકાસ તથા ચરિત્ર-ઘડતર અને નૈતિકતા માટે રોઝા રાખવા જરૂરી છે. રોઝાથી માણસમાં સંયમની વૃત્તિ પેદા થાય છે અને તે ઈશપરાયણ બને છે. અર્થાત્ તે અલ્લાહનો ડર રાખવાવાળો અને તેની અવજ્ઞાથી બચવાવાળો વ્યક્તિ બની જાય છે અને તેના મનમાં એ ભાવ જાગૃત થાય છે કે જીવનમાં ખાવા-પીવા અને ભૌતિક પદાર્થોના ભોગ ઉપરાંત પણ બીજું કંઈક છે, જેને પ્રાપ્ત કર્યા વિના મનુષ્ય પાશવિક સ્તરથી ઉપર ઉઠી શકતો નથી. મુસલમાનો માટે રમઝાન માસના રોઝા અનિવાર્ય ઠેરવવામાં આવ્યા છે.

હ. લૂત (અલૈ.)ની જાતિવાળા – હઝરત લૂત (અલૈ.) અલ્લાહના એક અત્યંત પ્રતિષ્ઠિત પયગંબર હતા, જેમને પૂર્વ જોર્ડનના સદૂરા અને આમૂરા નામના ક્ષેત્રમાં અલ્લાહના ધર્મના પ્રચાર-પ્રસાર માટે મોકલવામાં આવ્યા હતા. આ હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ના ભત્રીજા અને હારાન બિન આઝરના પુત્ર હતા. તેઓ દક્ષિણ ઈરાકના પુરાણા શહેર ઉરમાં જન્મ્યા હતા. ઉર શહેર ફરાત નદીના કિનારે બાબિલ અને નૈનવાથી પણ પહેલાં આબાદ હતું. આ જ તે પયગંબર હતા જેમને એક એવી જાતિમાં મોકલવામાં આવ્યા હતા, જે અત્યંત ચરિત્રહીન, પથભ્રષ્ટ અને નિર્લજ્જ હતી. આ જાતિને 'લૂતની જાતિવાળા' કે 'અહલે લૂત' કહેવામાં આવે છે. આ જાતિમાં કેટલીય બૂરાઈઓ ફેલાયેલી હતી, પરંતુ સૌથી મોટી અને ધૃણાસ્પદ બૂરાઈ તેમના ત્યાં જે પેદા થઈ ગઈ હતી તે એ હતી કે તેઓ સ્ત્રીઓની અપેક્ષા પોતાની કામવાસના પુરુષોથી સંતોષતા હતા અને તેને તેઓ કોઈ બૂરાઈ સમજતા ન હતા. હઝરત લૂત (અલૈ.)એ ખૂબ ધૈર્ય અને નરમીથી તેમને સન્માર્ગ પર લાવવાનો પ્રયાસ કર્યો, પણ કોમનું દુર્ભાગ્ય હતું કે તેણે તેમની વાતને સાંભળ્યું-ન સાંભળ્યું કરી દીધું અને વધુને વધુ અત્યાચાર પર ઊતરી આવી અને સ્વયં પયગંબર પર પણ જુલમ કરવા માંડી. અંતે અલ્લાહે તેમની વસ્તીને જ ઉપર-તળે કરી નાખી અને આ હરિયાળી અને આબાદ ભૂમિને લગભગ ચારસો મીટર સમુદ્રથી નીચે કરી દીધી. પહેલાં મૃત-સાગર માત્ર દ્વીપકલ્પ અલ્-લિસાન (Ellison) સુધી જ ફેલાયેલો હતો, તેના નીચેનો હિસ્સો જે હાલ પાણીમાં ડૂબી ગયો છે, પહેલાં હરિયાળો પ્રદેશ હતો જેમાં આ જાતિવાળાઓના મોટા-મોટા નગરો વસેલા હતા. ઈસ્વીસન બે હજાર વર્ષ પૂર્વે એક ભયાનક ભૂકંપના કારણે આ ભૂ-ભાગ ફાટીને દબાઈ ગયો અને મૃત-સાગરનું પાણી તેના ઉપર ચઢી ગયું. આ હિસ્સામાં ગેસ અને પેટ્રોલ મળી આવેલ છે. અનુમાન એવું કરવામાં આવી રહ્યું છે કે ભૂકંપ સમયે ગેસ અને પેટ્રોલ પેટાળમાંથી નીકળીને ભડકી ઉઠ્યા હશે. મોટા-મોટા નગરો, જ્યાં બગીચા જ બગીચા જોવા મળતા હતા અને જ્યાં સૌંદર્યનું સામ્રાજ્ય હતું, આજે તે જાતિનું નામોનિશાન નથી અને બધું જ નષ્ટ થઈને રહી ગયું છે. માત્ર એક મૃત-સાગર (Dead Sea) રહી ગયો છે જેને 'લૂત-સાગર' પણ કહેવામાં આવે

છે. પ્રાચીન કાળમાં મૃત-સાગર આટલો ફેલાયેલો ન હતો જેટલો આજે છે.

લોંડી – તેનાથી તાત્પર્ય તે સ્ત્રીઓ છે જે ઇસ્લામી યુદ્ધમાં કેદ પકડાય. આ સ્ત્રીઓ સંબંધે ઇસ્લામી કાનૂન એ છે કે પહેલાં તેમને શાસનના હવાલે કરવામાં આવશે, પછી શાસનને એ અધિકાર છે કે તે તેમને મુક્ત કરી દે અથવા મુક્તિના બદલામાં ફિદ્‌યો લે, અથવા તેમને તે મુસલમાન યુદ્ધ-કેદીઓની મુક્તિના બદલામાં છોડી દે જે દુશ્મનના કબજામાં હોય. શાસન તરફથી નિયમાનુસાર લોંડીને કોઈ વ્યક્તિની માલિકીમાં આપી દઈ શકાય છે. આ કાર્ય બરાબર તે જ રીતે ધર્મસંગત બાબત છે જે રીતે લગ્ન એક ધર્મસંગત કાર્ય છે. લોંડીથી જે સંતાન જન્મ લેશે તે માન્ય અને જાયઝ સંતાન માનવામાં આવશે અને તે સંતાનને તે જ અધિકારો પ્રાપ્ત હશે જે પોતાની પત્નીથી જન્મેલ સંતાનને પ્રાપ્ત છે. બાળક જન્મ્યા પછી લોંડીનું વેચાણ કરી શકાતું નથી. પોતાના માલિકના અવસાન પછી તે સ્વતંત્ર થઈ જશે. ઇસ્લામમાં તેને ઉત્તમ કાર્ય ગણવામાં આવ્યું છે કે લોંડીઓને સ્વતંત્ર કરીને તેમનાથી સ્વયં લગ્ન કરી લેવામાં આવે અથવા સુયોગ્ય વ્યક્તિઓથી તેમના લગ્ન કરી દેવામાં આવે. યુદ્ધમાં કેદ પકડાયેલ સ્ત્રીઓ કોઈ પણ સમાજ માટે એક સમસ્યા હોય છે. ઇસ્લામે એનો જે ઉકેલ દર્શાવ્યો છે તે સ્વાભાવિક અને મર્યાદાનુકૂળ છે.

વુઝૂ – નમાઝ પઢતાં પહેલાં શુદ્ધતા અને પવિત્રતા માટે હાથ, ચહેરો અને પગને ધોવું અને માથા ઉપર પલળેલો હાથ ફેરવવો.

વહી – વહ્ય, દિવ્ય પ્રકાશના, Revelation, પ્રકાશના, ઈશ્વરીય સંકેત. વહીનો શાબ્દિક અર્થ થાય છે તીવ્ર સંકેત, ગુપ્ત સંકેત. અર્થાત્ એવો સંકેત જે તીવ્ર ઝડપથી એ રીતે કરવામાં આવે જેને તે જ જાણી શકે જેને સંકેત કરવામાં આવ્યો હોય. ઇસ્લામી પરિભાષામાં એનાથી તાત્પર્ય તે વિશેષ 'વહી' છે જેના દ્વારા અલ્લાહ પોતાના નબીઓ-ઈશદૂતોને પોતાની ઇચ્છા, મરજી અને આદેશોથી માહિતગાર કરાવે છે. કુર્આન અને બીજા ધર્મ-ગ્રંથોનું અવતરણ વહ્ય દ્વારા જ થયું છે.

શરીઅત – કાનૂન, વિશેષતઃ ધાર્મિક કાનૂન, ઇસ્લામી ધર્મવિધાન.

શહીદ – સાક્ષી, ગવાહ, હાજર, મોજૂદ, ઉપસ્થિત, વીરગતિને પ્રાપ્ત. આ શબ્દના ઘણા અર્થ થાય છે. ૧. જે વ્યક્તિ કોઈ જાતિ તરફથી જાતિના પ્રતિનિધિ રૂપે કોઈ મામલાની ગવાહી આપે. (કુર્આન, ૨૮:૭૫) ૨. બાદશાહ કે રાજાના ત્યાં જેની હેસિયત સામાન્ય જનતાના પ્રતિનિધિ કે ભલામણકર્તાની હોય. ૩. જે વસ્તુની ગવાહી આપવામાં આવી રહી હોય, અર્થાત્ જેની સૂચના કે જાણકારી લોકોને આપવામાં આવી રહી હોય તે વસ્તુ અને લોકોના વચ્ચે જે વ્યક્તિ માધ્યમ કે મધ્યસ્થી બની રહ્યો હોય. (કુર્આન, ૨ : ૧૪૩) ૪. જે વ્યક્તિ કોઈ મોટા મામલાની ગવાહી સપ્રમાણ આપે. જે પોતાના સંપૂર્ણ જીવન અને ચરિત્રથી એ વાતની સાક્ષી આપે કે તે જીવનના જે તથ્યો અને મૂલ્યો પર વિશ્વાસ રાખે છે તે સત્ય છે. અલ્લાહના માર્ગમાં પ્રાણ ન્યોછાવર કરનાર કે મારી નાખવામાં આવનારને

એટલા માટે 'શહીદ' કહેવામાં આવે છે કે તે પોતાના પ્રાણ આપીને એ વાતની સાક્ષી આપે છે કે જે વસ્તુ પર તેનો ઈમાન લાવવાનો દાવો હતો, તેના પર તેણે પોતે ન્યોછાવર થઈ ગયો. (૫) તે વ્યક્તિ જે કોઈ વસ્તુને પૂરેપૂરી રીતે જાણતો હોય અને આ સંબંધે તે જ સાક્ષી અને સનદ કે પ્રમાણ હોય. (કુર્આન, ૨૯ : ૫૨)

શિર્ક – અનેકેશ્વરવાદ. કોઈને અલ્લાહનો ભાગદાર કે હિસ્સેદાર સમજવો. અલ્લાહની સત્તા, તેના ગુણો અને તેના અધિકારોમાં કોઈને ભાગીદાર સમજવો. (જૂઓ : મુશ્રિક)

શેતાન, શૈતાન – શાબ્દિક અર્થ છે ઉતાવળિયો, અગ્નિ સ્વભાવવાળો, અશાંત. તે પછી તેમાં વિદ્રોહ અને ક્રૂરતાનો અર્થ પણ સામેલ થઈ જાય છે. શૈતાનના આ દુર્ગુણો કોઈ જિન્નમાં પણ જોવા મળી શકે છે અને કોઈ મનુષ્યમાં પણ. કુર્આનમાં આ શબ્દનો પ્રયોગ મનુષ્ય અને જિન્ન બંને માટે થયો છે.

સજદા, સિજદા – ઝૂકવું, સાષ્ટાંગ પ્રણામ, દંડવત્, માથું જમીન પર ટેકવી દેવું, આજીજીપૂર્વક ચહેરા સુધ્ધાંને જમીન પર બિછાવી દેવું, નમાઝનું એક વિશિષ્ટ અંગ.

સદકા – દાન, ખૈરાત, અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવું. કુર્આનમાં ઝકાત અને ખૈરાત બંને માટે આ શબ્દ પ્રયુક્ત થયો છે. સદકા શબ્દની ઉત્પત્તિ 'સિદ્ક'થી થઈ છે જેનો અર્થ થાય છે સચ્ચાઈ અને નિષ્ઠા.

સબ્ર – ધૈર્ય, દઢતા, અવિચળતા, સ્થિરતા, મક્કમતા. 'સબ્ર'નો શાબ્દિક અર્થ છે રોકવું, બાંધવું. સબ્રના અર્થમાં ખૂબ વ્યાપકતા જોવા મળે છે. સબ્ર સંકલ્પની તે દઢતા અને મનની તે અવિચળતા છે જેના કારણે માણસ પોતાના પસંદ કરેલા માર્ગ પર આગળ વધતો ચાલ્યો જાય છે, કોઈ નુકસાનનો ડર તેને ડગાવી કે હટાવી શકતો નથી અને ન તો મનની કોઈ ઇચ્છા તેને વિચલિત કરી શકે છે.

સમૂદ – અરબસ્તાનની પ્રાચીન જાતિઓમાંથી એક પ્રખ્યાત જાતિ. આ જાતિનો ઉલ્લેખ અસીરિયાના શિલાલેખોમાં પણ મળે છે. યૂનાન, સ્કંદરિયા અને રોમના ઇતિહાસકારો અને ભૂગોળના લેખકોએ પણ આ જાતિનો ઉલ્લેખ કર્યો છે. આ જાતિ અરબસ્તાનના ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રમાં આબાદ હતી. આજે આ ક્ષેત્રને 'અલ-હિજ્ર' કહે છે. મદીના અને તબૂકના વચ્ચે એક સ્થળ 'મદાયને-સાલેહ' આવે છે. પ્રાચીન કાળમાં એને હિજ્ર કહેવામાં આવતું હતું અને આ જ સમૂદની રાજધાની હતી. હજારો એકરના વિસ્તારમાં આજે પણ એવા ભવનો મોજૂદ છે, જેનું નિર્માણ સમૂદે પહાડોને કોતરી-કોતરીને કર્યું હતું. સમૂદને સન્માર્ગ પર લાવવા અલ્લાહે હઝરત સાલેહ (અલૈ.)ને પયગંબર બનાવીને મોકલ્યા. અન્ય જાતિઓના જેમ આ જાતિમાં પણ અનેક પ્રકારની બૂરાઈઓ અને અનૈતિકતાઓ ફેલાઈ ગઈ હતી. શિર્ક (અનેકેશ્વરવાદ)ની ગંદકીમાં લોકો ગળાડૂબ હતા. પયગંબરે તેઓને સમજાવ્યા, ખૂબ સમજાવ્યા, પરંતુ તેણે તેમની વાત ન માની અને અલ્લાહે તેમને

વિનષ્ટ કરી દીધા.

સહાબા – સાથી, પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)ના સાથીઓ, જેમને આપ (સલ્લ.)ને જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આ શબ્દ 'સહાબી'નું બહુવચન છે. તેનું એક બહુવચન 'અસહાબ' પણ થાય છે. વસ્તુતઃ તેનું એકવચન 'સાહેબ' કે 'સહાબી' છે.

સહીફા – લિખિત પાનાં. કુર્આનમાં આ શબ્દ બહુવચનના રૂપે 'સુહુફ' પ્રયુક્ત થયો છે, જેનાથી અભિપ્રેત ગ્રંથ કે પુસ્તક છે. પુસ્તક પાનાંઓનો જ સમૂહ હોય છે.

સાબઈ – આ નામના બે સમુદાયો પ્રાચીન કાળમાં હતા. એક સમુદાય હઝરત યાહ્યા (અલૈ.)નો અનુયાયી હતો. તેના લોકો 'અલ-જઝીરા'ના ભૂભાગમાં વધુ જોવા મળતા હતા. બીજો સમુદાય તે નક્ષત્ર-પૂજકોનો હતો જેઓ પોતાના ધર્મનો સંબંધ હઝરત શીશ (અલૈ.) અને હઝરત ઇદરીસ (અલૈ.)થી જોડતા હતા. આ લોકોનું કેન્દ્ર 'હર્રાન' હતું. ઇરાકના વિભિન્ન ભાગોમાં આ લોકો ફેલાયેલા હતા. અનુમાન છે કે કુર્આનમાં સાબઈથી તાત્પર્ય પ્રથમ સમુદાય જ છે, કેમ કે કુર્આનના અવતરણકાળમાં બીજો સમુદાય આ નામથી પ્રચલિત ન હતો.

સિદ્દીક – અત્યંત સાચો, સત્યનિષ્ઠ, નિષ્ઠાવાન, સત્યવાદી, જેમાં સત્ય-પ્રિયતા અને સત્યવાદિતા ઉપરાંત કોઈ અન્ય ભાવના ન જોવા મળે. જે સત્ય અને ન્યાયનો સાથ હર-હંમેશ દરેક સ્થિતિમાં આપી શકે. જે ચરિત્રમાં મહાન હોય અને સ્વાર્થથી ખૂબ દૂર હોય, બલ્કે તેની કલ્પના પણ ન કરે. આ ઇલ્કાબ હઝરત અબૂ બક્ર રદિ.ને પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)એ આપ્યો હતો.

સૂર – Trumpet, રણશિંગુ, બ્યૂગલ કે નરસિંઘાને કહે છે. કુર્આનમાં જે 'સૂર'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેની વાસ્તવિકતાનું સાચું જ્ઞાન અલ્લાહને જ છે. કયામત (મહાપ્રલય) વખતે સૂર ત્રણ વખત ફૂંકવામાં આવશે. પ્રથમ વખતે જયારે તે ફૂંકવામાં આવશે તો લોકો ગભરાઈ ઉઠશે, સૌના ઉપર ભય છવાઈ જશે. બીજી વખત સૂર ફૂંકવામાં આવશે તો તમામ લોકો મૃત્યુ પામશે, તે પછી ત્રીજી વખતે સૂર ફૂંકવામાં આવશે તો બધા લોકો ફરી જીવિત થઈ ઉઠશે અને પોતાના રબ સમક્ષ હાજર થવા નીકળી પડશે.

સૂરઃ, સૂરહ – કુર્આન નાના-મોટા ૧૧૪ અધ્યાયો-પ્રકરણોમાં વહેંચાયેલ છે, જેમાંથી પ્રત્યેક અધ્યાયને સૂરઃ કે સૂરહ કહે છે. પ્રત્યેક સૂરઃ પોતાના સ્થાને પૂર્ણ હોય છે. પરંતુ તેના સાથે તેનો પોતાની આગળ-પાછળની સૂરઃઓ સાથે ઊંડો સંબંધ અને સંપર્ક પણ હોય છે. સૂરઃ શબ્દ 'સૂર'થી નીકળ્યો છે જેનો અર્થ છે – કોટ, કિલ્લો, નગરકોટ.

સુલેહ-હુદૈબિયા – મક્કાના ઇસ્લામ-વિરોધીઓ અને પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.) વચ્ચે હુદૈબિયા મુકામે થયેલ સંધિ. બૈઅતે રિઝવાન (જૂઓ :

બૈઅતે રિઝવાન) પછી જ્યારે મક્કાના લોકોને જાણ થઈ કે મુસલમાનો પોતાની જીવસટોસટની બાજી લગાવવા તત્પર છે તો તેમણે પોતાની નીતિ બદલી અને સૌથી પહેલાં તો હઝરત ઉસ્માન (રદિ.)ને મુસલમાનોની છાવણીમાં પાછા મોકલ્યા અને તે સાથે પોતાના તરફથી સુહૈલ બિન અમ્રને હઝરત મુહમ્મદ (સલ્લ.) પાસે વાતચીત માટે મોકલ્યો. સુહૈલ બિન અમ્ર અને હઝરત મુહમ્મદ (સલ્લ.) વચ્ચે એક સંધિ થઈ જેને સુલેહ-હુદૈબિયાના નામથી ઓળખાય છે.

હક – 'હક' મોજૂદ કે હાજર કે કાયમને કહે છે. પછી તેમાં ઘણા અર્થોનો સમાવેશ થઈ જાય છે – ૧. જેનું હોવું સત્ય હોય. (કુર્આન, ૩૮ : ૬૪) ૨. નૈતિક દૃષ્ટિએ જે અપેક્ષિત હોય. (કુર્આન, ૫૧:૧૯) ૩. જે સ્પષ્ટ અને બુદ્ધિસંગત હોય. (કુર્આન, ૨:૭૧, ૬:૬૨)

અલ્લાહ અને કયામત પહેલાં અને ત્રીજા અર્થ અનુસાર 'હક' છે. ન્યાય અને ઈન્સાફને બીજા અર્થમાં 'હક' કહેવાશે. ત્રીજા અર્થ પ્રમાણે હિકમત અને તત્ત્વદર્શિતા (Wisdom)ને હક કહેવાશે.

હમ્દ – ગુણગાન, પ્રશંસા, ઈશ-પ્રશંસા. કોઈના સદ્‌ગુણો અને ખૂબીઓનું પ્રેમપૂર્વક વર્ણન. 'હમ્દ' અલ્લાહ સમક્ષ કૃતજ્ઞતા પ્રગટ કરવાની એક ઉત્તમ રીત છે. તેથી 'હમ્દ'ને 'શુક્ર'થી અભિવ્યક્ત કરવામાં આવે છે.

હજ, હજ્જ – તેનો અર્થ થાય છે ઇરાદો કરવો, દર્શન, ઝિયારત. પરિભાષામાં હજ્જ એ ઇબાદત છે જેમાં માણસ કાબાના દર્શનનો ઇરાદો કરે છે અને મક્કા પહોંચીને તે વિધિઓ-કૃતિઓ કે કાર્યોને અદા કરે છે જેનો આદેશ આપવામાં આવ્યો છે. હજ્જ વાસ્તવમાં એ વાતની ઘોષણા છે કે આપણો પ્રેમ, શ્રદ્ધા, પૂજા અને બંદગી બધું જ અલ્લાહ માટે જ છે. હજ્જ કરવાથી માનવ-હૃદય પર અલ્લાહની મહાનતા અને તેના પ્રેમનો પ્રભાવ સ્થાયી રૂપે પડી જાય છે.

હરમ – સન્માનનીય, પ્રતિષ્ઠિત, આદરણીય. ઈસ્લામી પરિભાષામાં મક્કા, મદીના અને તેના આસપાસના કેટલાક માઈલ સુધીના ક્ષેત્રને 'હરમ' કહે છે. આ બંને શહેરો અને તેમના આસપાસના ક્ષેત્રને એકીસાથે બોલવા પર હરમનું દ્વિવચન 'હરમૈન' પ્રયુક્ત થાય છે. આમને 'હરમ' કહેવાનું કારણ એ છે કે અલ્લાહત્આલાએ આમને સન્માનિત અને પ્રતિષ્ઠિત કર્યા છે અને આ સ્થળોએ કેટલાક કાર્યો અને ક્રિયાઓની સખત મનાઈ છે. 'હરમ'ની સીમામાં ઘણી બાબતો, જે 'હરમ'ની પ્રતિષ્ઠાના પ્રતિકૂળ છે, પ્રતિબંધિત છે. જેમ કે વૃક્ષ કાપવું, જાનવર કે પશુનો શિકાર, ઉત્પાત કે ઉપદ્રવ, મારામારી અને હત્યા, સશસ્ત્ર થઈને ચાલવું વગેરે. આ વિસ્તારમાં પ્રવેશ કરનાર વ્યક્તિ સુરક્ષિત થઈ જાય છે, પરંતુ એ પણ છે કે જો કોઈ અપરાધી અને હત્યારો અહીં આવીને શરણ લે તો તેને સજા હેતુ અધિકારીના હવાલે કરવામાં આવે છે.

હરામ – અવૈધ, Forbidden, નિષિદ્ધ, વર્જિત. ઈસ્લામે જેનો નિષેધ

કર્યો છે, જેમ કે દારૂ પીવું, જુગાર રમવું, વ્યાજ ખાવું, વ્યભિચાર કરવો, માતા-પિતાની અવજ્ઞા વગેરે. જે બાબત કે વસ્તુને અલ્લાહે 'હરામ' કે અવૈધ નિર્ધારિત કરી દીધી હોય તેને 'હલાલ' કે વૈધ કરવાનો અધિકાર કોઈને નથી.

હલાલ – વૈધ, અવર્જિત, Lawful, ગ્રાહ્ય, જાયઝ, ધર્મ-સંગત, જે ઈસ્લામી ધર્મશાસ્ત્રને અનુકૂળ હોય. જે બાબત કે વસ્તુને અલ્લાહે 'હલાલ' (વૈધ) નિર્ધારિત કરી દીધી હોય તેને 'હરામ' કે અવૈધ કરવાનો અધિકાર કોઈને નથી.

હવારી – સાચો સાથી, સહયોગી, સહાયક. હઝરત ઈસા (અલૈ.)ના સાથીઓની ઉપાધિ. ઉર્દૂ બાઇબલમાં તેના માટે 'શાગિર્દ' શબ્દ પ્રયોજાયો છે. પછીથી તેમના માટે 'રસૂલ' (Apostles)ની ઉપાધિ પ્રચલિત બની ગઈ. કેમ કે હઝરત ઈસા મસીહ (અલૈ.) ધર્મ-પ્રચાર હેતુ તેમને વિભિન્ન જગ્યાઓએ મોકલતા હતા. કુર્આને એમને 'હવારી' કહ્યા છે. હવારી 'હૌર'થી બનેલ છે. 'હૌર'નો અર્થ થાય છે સફેદી. ધોબીને હવારી એટલા માટે કહેવામાં આવે છે કે તે કપડાંને ધોઈને સફેદ બનાવી દે છે. વિશુદ્ધ અને ચોખ્ખી વસ્તુને પણ હવારી કહે છે. આ રીતે નિખાલસ મિત્ર અને નિઃસ્વાર્થ દોસ્તને પણ હવારી કહે છે.

હિકમત – તત્ત્વજ્ઞાન, વિવેક, તત્ત્વદર્શિતા, Wisdom. હિકમતનો મૂળ અર્થ છે ફેંસલો કરવો, પછી સૂઝ-બૂઝની તે શક્તિને પણ હિકમત કહે છે જેના વડે માણસ ફેંસલો કરે છે. તે શક્તિને પણ હિકમતથી અભિવ્યક્ત કરવામાં આવે છે જે સત્યાનુકૂળ નિર્ણયોનો સ્રોત છે. તે ઉપરાંત ચરિત્રની પવિત્રતાને પણ હિકમતના લક્ષણો કે ગુણોમાંથી ગણવામાં આવે છે.

હિજરત – સ્વદેશ-ત્યાગ, વતન-ત્યાગ, અલ્લાહના માર્ગમાં ઘરબાર છોડવાં, પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ. અને આપના સાથીઓનું મક્કા છોડીને મદીના પ્રસ્થાન કરવું.

હિજરી સન – તે ચંદ્ર પર આધારિત વર્ષ જે પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)ના મક્કાથી મદીના હિજરત કરવાની તારીખથી શરૂ થાય છે.

હિદાયત – માર્ગદર્શન, Guidance, રસ્તો બતાવવો, સન્માર્ગ પર લાવવું, સીધા રસ્તા પર ચલાવવું. જીવન જીવવાની તે પદ્ધતિ જેના પર ચાલીને માણસ પોતાના લોક-પરલોકનું કલ્યાણ કરી શકે. કુર્આનમાં એના માટે 'હુદા' શબ્દ પ્રયુક્ત થયો છે, જેના ઘણા અર્થ છે, પરંતુ તેમાં પરસ્પર ઊંડો સંબંધ જોવા મળે છે. ૧. હૃદય-જ્યોતિ, અંતર્દૃષ્ટિ (કુર્આન, ૩૨:૧૩, ૪૭:૧૭) ૨. નિશાની, પ્રમાણ, સ્પષ્ટ દલીલ, તે વસ્તુ જેના દ્વારા માર્ગ મળી શકે (કુર્આન, ૨:૧૮૫, ૨૦:૧૦, ૨૨:૮) ૩. સ્પષ્ટ માર્ગ, અભીષ્ટ સ્થાન અર્થાત્ મંજિલ સુધી પહોંચવાનો રસ્તો. (કુર્આન, ૨૨:૬૭) અહીંથી આ શબ્દ શરીઅત (ધર્મ-વિધાન) અને પ્રથા અને પ્રણાલી માટે પણ વપરાવા લાગ્યો. (કુર્આન, ૩:૭૩, ૬:૯૦) ૪. ક્રિયાની

સંજ્ઞાનું રૂપ. આરબો કોઈ વસ્તુના સ્પષ્ટ ગુણથી જ તેનું નામકરણ કરી દે છે. આ જ નિયમાનુસાર કુર્આનને 'અલ્-હુદા' કહેવામાં આવેલ છે. (કુર્આન, ૭૨:૧૩)

હુક્મ – નિર્ણય-શક્તિ, ધર્મમાં સૂઝ-બૂઝ, મામલાઓમાં સાચો અભિપ્રાય સ્થાપિત કરવાની ક્ષમતા. મામલાઓનો ફેંસલો કરવાનો અલ્લાહ તરફથી અધિકાર. 'હુક્મ'માં પ્રભુત્વનો અર્થ પણ મળે છે. કુર્આન આ શબ્દ અને જ્ઞાન બંને સામાન્યપણે નુબુવત (ઈશદૂતત્વ) માટે પ્રયુક્ત થયા છે. 'હુક્મ' વાસ્તવમાં સૂઝ-બૂઝ અને વિવેકનું નામ છે.આ જ હિકમતનો સ્રોત પણ છે. જ્યારે વિવેક પૂર્ણ થઈને પ્રતિભા અને વિચક્ષણતાનું રૂપ ધારણ કરી લે છે તો તેને હિકમત કહેવામાં આવે છે.

હુરૂફ-મુકત્તઆત – 'હુરૂફ' 'હર્ફ' (અક્ષર)નું બહુવચન છે. 'મુકત્તઆત'નો અર્થ છે કપાયેલ, અલગ-અલગ કરેલ. કુર્આન-મજીદની ઘણી સૂરઃઓનો આરંભ અરબી ભાષાના કેટલાક અક્ષરોથી થયો છે. આ અક્ષરો અલગ-અલગ પઢવામાં આવે છે. એને મેળવીને શબ્દના રૂપે પઢવામાં નથી આવતા. આ જ અક્ષરોને 'હુરૂફ-મુકત્તઆત' કહેવામાં છે. કુર્આનનું સમજવું કંઈ આ અક્ષરોના જ્ઞાન ઉપર સહેજ પણ નિર્ભર નથી.

تمت بالخير

دعاء ختم القرآن

اللّٰهُمَّ اٰنِسْ وَحْشَتِيْ فِيْ قَبْرِيْ اَللّٰهُمَّ ارْحَمْنِيْ بِالْقُرْاٰنِ الْعَظِيْمِ وَاجْعَلْهُ لِيْ اِمَامًا وَّنُوْرًا وَّ هُدًى وَّرَحْمَةً اَللّٰهُمَّ ذَكِّرْنِيْ مِنْهُ مَا نَسِيْتُ وَعَلِّمْنِيْ مِنْهُ مَا جَهِلْتُ وَارْزُقْنِيْ تِلَاوَتَهٗ اٰنَاءَ الَّيْلِ وَاٰنَاءَ النَّهَارِ وَاجْعَلْهُ لِيْ حُجَّةً يَّا رَبَّ الْعٰلَمِيْنَ ○

અલ્લાહુમ્મ આનિસ્ વહ્શતિ ફી કબ્રી અલ્લાહુમ્મરહ્મની બિલ્ કુર્આનિલ્ અઝીમિ વજ્અલ્હુ લી ઈમામઁવ-વનૂરઁવ્-હુદઁવ્-વરહમતન અલ્લાહુમ્મ ઝક્કિર્ની મિન્હુ મા નસીતુ વ અલ્લિમ્ની મિન્હુ મા જહિલ્તુ વર્ઝુક્ની તિલવાતહૂ આના-અલ્-લૈલિ વ આના-અન્-નહારિ વજ્અલ્હુ લી હુજ્જતૈં યા રબ્બલ્ આલમીન.

હે અલ્લાહ ! મારી કબરના ગભરાટને પ્રેમમાં બદલી નાખ. હે અલ્લાહ ! મારા ઉપર મહાન કુર્આન દ્વારા દયા કર અને તેને મારો નાયક, પ્રકાશ, માર્ગદર્શક અને કૃપા બનાવ. હે અલ્લાહ ! તેમાંથી હું જે ભૂલી ગયો છું મને યાદ દેવડાવી દે, જે નથી જાણતો મને શીખવી દે, અને રાત અને દિવસની ક્ષણોમાં મને તેને પઢવાનું સૌભાગ્ય પ્રદાન કર. હે અલ્લાહ ! સમસ્ત સૃષ્ટિના પાલનહાર માલિક ! તેને મારા માટે દલીલ બનાવ.